श्रीआर्यभिषक्

अथवा

हिंदुस्थाननो वैद्यराज

सद्गत आ० म० शास्त्री शंकर दाजी पदे, एमणे
काशीनिवासी व्यास हरिकृष्ण भगवानलाल पासे
पोताना मराठी ग्रंथनुं करावेलुं भाषान्तर

सस्तु साहित्य वर्धक कार्यालय
तरफथी श्रीयुत प्रागजी डोसजी कानाबार पासे
सुधारोवधारो करावी प्रकाशकः भिक्षु—अखंडानंद
અમદાવાદ અને કાલબાદેવી—મુંબઈ

આવૃત્તિ સાતમી, સં.૧૯૮૭, પૃષ્ઠ ૮૩૨, પ્રત ૮૦૦૦, કુલપ્રત ૨૧૨૦૦
અમદાવાદમાં રૂ. ત્રણ બહારવાળા ૦।। વધુ લેશે.

स्मृतिमान् युक्तिहेतुज्ञो जितात्मा प्रतिपत्तिमान् ॥
भिषगौषधसंयोगैश्चिकित्सां कर्तुमर्हति ॥ "श्री चरकाचार्य"

અર્થાત્—સ્મરણશક્તિવાળો, યુક્તિ તથા હેતુને જાણનારો, જિતાત્મા અને સારી પરીક્ષા કરી જાણનારો વૈદ્યજ ઔષધ વડે રોગીની ચિકિત્સા કરે.

અમદાવાદમાં "શ્રી સસ્તુ સાહિત્ય મુદ્રણાલય"માં
ભિક્ષુ—અખંડાનંદના પ્રબંધથી મુદ્રિત.

आगली आवृत्तिओ विषे थयेलक अभिप्राय

"વૈદ્યકની સર્વસુલભ અનેક બાબતોની માહિતીથી ભરપૂર આ ગ્રંથ છે. સાધારણ વ્યાધિ થયે ઔષધિ ઘરમાં છતાં તેનો ઉપયોગ ન સમજવાથી વૈદ્યને ત્યાં દોડવાનું થાય છે. તેમ કરવાની આવા પુસ્તકના યોગથી જરૂર પડતી નથી; એટલુંજ નહિ પણ જેઓ વૈદ્યનો ધંધો કરે છે તેમને તો આ પુસ્તકમાંની માહિતી અમૂલ્ય થઇ પડશે." **કેળવણી**–સપ્ટેમ્બર ૧૯૧૫.

"યહ ઐસા સુંદર ઔર સુસંસ્કૃત ગ્રંથ હૈ કિ એક ઇસીકે પાસ રહને સે ફિર ઔર કિસી ભી ગ્રંથ કે રખને કી આવશ્યકતા નહીં પડતી. એક યહી ગ્રંથ મનુષ્ય કો પૂર્ણ વૈદ્યરાજ બનાને મેં સમર્થ હૈ." **સુધાનિધિ**–જાન્યુઆરી ૧૯૧૭.

"આ પુસ્તક 'ગૃહવૈદ્યક' અથવા 'ફેમીલી મેડીસીન'ની પેઠે દરેક ઘરમાં આદરણીય છે. આપણી સ્ત્રીઓને પોતાનાં બાળકોની સહેજ માંદગીમાં તેમજ પોતાને તથા પોતાના કુટુંબમાં કંઇ પણ વ્યાધિ થતાં આરોગ્યના સંબંધમાં ડૉકટર સાહેબોને ઘેર જવું પડે છે; પણ તેઓ આવાં પુસ્તકો વાંચી ઘરગતુ દવાઓના ગુણદોષ તથા સામાન્ય રોગની ચિકિત્સા વગેરે જાણે તો તેથી તેમને ઘણો લાભ થાય." **નવજીવન અને સત્ય**–જાન્યુઆરી ૧૯૧૭.

"સ્વ૦ વૈદ્યશાસ્ત્રી શંકર દાજીની બાહોશ કલમથી રચાયલા આ ગ્રંથના ઉપયોગીપણા વિષે બે મત હોઇ શકેજ નહિ. એ વિખ્યાત વૈદ્યશાસ્ત્રીએ આ ગ્રંથનો સંગ્રહ જૂના ગત કાળના સંસ્કૃત અને પ્રાકૃત વૈદ્યક સાહિત્યના અભ્યાસ અને પોતાના બહોળા અનુભવ પરથી ઉપજાવી કાઢેલો છે.

આ સંગ્રહની રચના અને દરેક પ્રકરણમાં નજરે પડતી કાબેલ અને અચૂક વર્ણનશક્તિ ખરેખર પ્રશંસાપાત્ર છે. આવા શાસ્ત્રીય ગ્રંથો જોઇને આપણે ગર્વ લઇ શકીએ કે, પશ્ચિમ તરફના મુલકોના શાસ્ત્રકારોની સાથે હરિફાઇમાં આપણે ખાંડયા જઇએ એમ નથી.

આ ગ્રંથની શરૂઆતમાં સ્વ. પં. શંકર દાજી શાસ્ત્રીનું જીવન આપવામાં આવેલું છે તે યથાયોગ્ય છે. આવા પરાક્રમી પુરુષોના જીવનનું વૃત્તાંત વાંચીને આ જમાનાના સહેલાણી સજ્જનોમાં અનુકરણીય ઉત્સાહ ઉદ્દભવે એમ આશા રાખી શકીએ.

આ ગ્રંથના અંગમાં કાંઈ ચંચુપાત કરીએ તો કંઇ અવનવા ગુણો દૃષ્ટિગોચર થાય છે. દોષની તો ખામીજ છે. પ્રથમમાં વનૌષધિના ગુણોનું આદર્શન કર્યું છે અને તે એવી તો બાહોશીથી કરેલું છે કે મનને આહ્લાદ આપે છે. વર્ણન કરવામાં ઠેકઠેકાણે કંઇ કંઈ રસીલો હેવાલ વર્ણવીને શાસ્ત્રીય ગ્રંથોના વાંચનારને કંટાળો ન ઉપજે તે માટે પ્રયાસ કીધો છે. બીજા ભાગમાં રોગને અનુકૂળ પડે એવી દવાઓનું ધ્યાન કીધું છે અને અટપટા નામવાળી અને અશકય દવાઓને ઠેકાણે ઘરગથુ અને લોકપ્રિય દવાઓનાં મિશ્રણ દર્શાવીને રોગી પ્રજાને આભારના બોજા નીચે મૂકે છે. વળી પાંચમા ભાગમાં રસવૈદ્યનું વર્ણન કરીને જુદા જુદા ખારોને બનાવવાની રીતો જે ઘણી કઠણ અને ગુપ્ત બાબતોમાં ગણાય છે, તે પૂરતી વિગતો સાથે જાહેરમાં જણાવી છે; પણ આ ગ્રંથના ગુણો અગણિત છે ને તેનું વર્ણન કરવું તે સોના પર ઢોળ ચઢાવવા જેવું છે."

દેશી વેપારી ચેમ્બરનું માસિક–જૂન ૧૯૧૫.

"વૈદ્યકના ઘણા ગ્રંથો પ્રકટ થયેલા છે, છતાં અમારે કહેવુંજ જોઇએ કે, તે દરેક ગ્રંથમાં આ ગ્રંથને અગ્રપદ આપીશું તો તે કોઇ પણ પ્રકારે ખામીવાળું નહિજ ગણાય. આ ગ્રંથમાં ભારતવર્ષની ઉત્તમ વનસ્પતિઓનો ઉપયોગ કેમ કરવો તે સંબંધી તથા બીજું વૈદકના ધંધાને સહાય થઈ પડે તેવું દિગ્દર્શન કરાવવામાં આવ્યું છે. પરમ કૃપાળુ પરમાત્માએ ભારત પર અનેક ઉપયોગી વનસ્પતિઓ ઉત્પન્ન કરી જે ઉપકારો કર્યા છે, તે ખરેખર મહાન છે; પણ તેઓના ગુણદોષ નહિ જાણવાથી તેવી અનેક ઉપયોગી વનસ્પતિ નકામી જાય છે. તે માટે આ પુસ્તક

ઘણુંજ ઉપયોગી છે. નાનાં નાનાં શહેરો અને ગામો કે જ્યાં વૈદ્ય ડૉક્ટરોનો અભાવ હોય છે તેવી દરેક જગ્યાએ આ પુસ્તક હોય તો ઘણુંજ ઉપયોગી થઇ પડયા સિવાય રહેશે નહિ અને ભારતની ગરીબડી પ્રજા વૈદ્ય-ડૉક્ટરોનાં ભારે પડતાં બીલ ચૂકવવાથી મુક્ત થશે."

વિવેચક—ઑગસ્ટ ૧૯૧૪.

"પશ્ચિમનું સઘળું સ્વીકારવાની દોડધામમાં આપણે જુદી જુદી જાતની વનસ્પતિઓના ઉપયોગ ત્યજી દેવાથી ઘણુંજ ગુમાવ્યું છે. અલબત્ત, વિલાયતી દવાઓ તાત્કાલિક અસર જલદીથી કરે છે, પણ દર્દનાં ઉંડાં મૂળ કાઢવાની તેની શક્તિ વિષે શંકા રાખી શકાય. આ ગ્રંથમાં જુદી જુદી દરેક જાતની વનસ્પતિઓના ઔષધ તથા પાકતરીકેના ઉપયોગ વગેરેની તમામ હકીકત આવી જાય છે. તેમનું કેવા પ્રમાણમાં ને કેવી રીતે મિશ્રણ કરવું તે પણ આપેલું છે. એકંદરે આ ગ્રંથ ગૃહવૈદ્યતરીકે ખાસ કરીને કામ લાગે તેવો છે, તેથી દરેક કુટુંબમાં તે રાખવા લાયક છે."

ગુલશન—માર્ચ ૧૯૧૫.

"આયુર્વેદિક ઔષધનો આ એક અતિ ઉપયોગી ગ્રંથ છે. આ પુસ્તક જ્યારે પ્રથમ બહાર પડયું, ત્યારે તેની કિંમત રૂ. દશ હતી; પણ આ સંસ્થાએ તેની લગભગ દશ ટકા જેટલીજ કિંમત કરી નાખી છે. તેના કદના પ્રમાણની કદર પ્રથમ દૃષ્ટિપાતેજ થાય તેવી છે અને અમારૂં માનવું છે કે, કોઇ પણ વૈદ્યે તેની અંદરની હકીકતથી અજાણ રહેવું ન જોઇએ."

મૉડર્ન રીવ્યુ—જુલાઇ ૧૯૧૪.

"આ પુસ્તકને સુધારીને ફરી છપાવવાની જરૂર હતી અને સુભાગ્યે એ કાર્ય સસ્તા સાહિત્યના હાથમાં આવ્યું તેથી અમો ઘણા ખુશી થયા છીએ." **વૈદ્યકલ્પતરુ**—નવે૦-ડીસેમ્બર ૧૯૧૪.

"ઉક્ત પુસ્તકના લેખક સુપ્રસિદ્ધ કુશળ વૈદ્યરાજ સ્વ૦ શ્રીયુત શંકર દાજી શાસ્ત્રી પદે હતા. તેઓ આયુર્વેદમાં અતિ નિપુણ અને મહાવિદ્વાન હતા. તેમણે મનુષ્યોને લાગુ પડતા તમામ રોગોની ચિકિત્સા અને તેની દેશી ઔષધિનો મોટો સંગ્રહ એકત્ર કરી જનહિતાર્થે પ્રસિદ્ધ કર્યો હતો તેની આ ત્રીજી આવૃત્તિ છે. ગામડામાં ઉંટવૈદુ કરી લોકોને કમોતે મારી નાખનાર વૈદ્યોએ તથા દરેક ગૃહસ્થાશ્રમીએ ઉક્ત ગ્રંથ અવશ્ય ખરીદવા જેવો છે." **બ્રહ્મભટ્ટમિત્ર**—જુલાઇ ૧૯૧૫.

"આ લોકપ્રિય પુસ્તકની પાંચમી આવૃત્તિ આ કાર્યાલય તરફથી હાલ પ્રસિદ્ધ થઈ છે. આર્યભિષક્‌નું પુસ્તક ગુજરાતી પ્રજામાં એટલું જાણીતું છે કે તેના સંબંધમાં જે લખીએ તે ઓછું છે. હાલ અસહકારનો યુગ ચાલતો હોઇ બહિષ્કારની વાતો થાય છે, તેમાં જો લાખો રૂપીઆની પરદેશી દવાઓ વપરાય છે તેને સ્થાને આપણી દેશી દવાઓ વપરાય તો ઘણોજ ફાયદો થાય તેમ છે. વનસ્પતિના ગુણદોષ, ઔષધોની બનાવટ, રોગોની ચિકિત્સા વગેરે તમામ વૈદકને લગતા વિષયો આ પુસ્તકમાં સમાવ્યા છે."

વિશ્વજ્યોતિ—કાર્તિક ૧૯૭૯.

"આ પુસ્તકની પાંચમી આવૃત્તિ પણ અમોને ઉપરોક્ત સંસ્થા તરફથી ભેટ મળેલી છે. આર્યભિષક્ વિષે વધારે ઉહાપોહ ન કરતાં ટુંક મુદતમાંજ પાંચ આવૃત્તિમાં ૯૯૦૦ પ્રતોનો ઉઠાવ થઇ ગયો તેજ તેની ઉપયોગિતાનો પુરાવો છે."

વૈદ્યકલ્પતરુ

"હમણાં પાશ્ચાત્ય વૈદ્યકીય વિદ્યાએ એક વેળા આગળ વધેલા આપણા આયુર્વેદશાસ્ત્રને પછવાડે નાખ્યું છે એ ખરૂં; પરંતુ જો એ શાસ્ત્રને પુનર્જીવન આપી વિકસાવવામાં આવે તો આપણે પાશ્ચાત્ય ખર્ચાળ પદ્ધતિથી બચી જઇએ. આ ઉપયોગી ગ્રંથની લાંબા વખતથી માંગ બહુજ હતી એટલે એ કાર્યાલયે એ મોટી ખોટ પૂરી પાડી છે. એમાં દેશી વનસ્પતિઓના ગુણદોષ વર્ણવવામાં આવ્યા છે, રોગોનાં લક્ષણ અને ઉપચારો અપાયા છે. એટલે દરેક કુટુંબને સાધારણ સાધારણ બાબતમાં ડૉક્ટરની મદદ લેવાને બદલે આવા એકાદ પુસ્તકનો સહવાસ વધારે લાભદાયી થવા સંભવ છે."

"હિંદુસ્થાન" (દૈનિક) તા. ૭-૯-૧૯૨૨

प्रकाशक निवेदन

'આર્યભિષક્'ની પહેલી આવૃત્તિ (પ્રત ૧૦૦૦) સંવત ૧૯૫૦ માં ગ્રંથકારે પોતે છપાવી હતી. બીજી આવૃત્તિ (પ્રત ૧૦૦૦) તેમની પરવાનગીથી 'રામ કંપની–સુરત' દ્વારા નીકળી હતી. એ પછી આ સંસ્થા તરફથી ત્રીજી આવૃત્તિ (પ્રત ૨૩૦૦) સં. ૧૯૭૦ માં; ચોથી આવૃત્તિ (પ્રત ૨૩૦૦) ૧૯૭૨ માં; પાંચમી આવૃત્તિ (પ્રત ૩૩૦૦) ૧૯૭૮ માં અને છઠ્ઠી આવૃત્તિ (પ્રત ૩૩૦૦) ૧૯૮૨માં પ્રસિદ્ધ થઇ હતી. એ આવૃત્તિ બે વર્ષથી મળતી નહિ તેથી ખાસ જરૂર પડે તેમને તે બમણી કિંમતે પણ ક્યાંકથી લેવી પડતી. આવું છતાં આ સાતમી આવૃત્તિ સત્વર નહિ નીકળવાનું કારણ, એક ત્યાગી સાથેની વાતચીત અને તેમની તત્પરતાના પરિણામે એમાં પુષ્કળ સુધારો વધારો કરવાનું ઠર્યું હતું.

મૂળ મરાઠી ગ્રંથ પાછળથી કેટલાક સંશોધન સાથે છપાયો હતો. મુખ્યત્વે તેને અનુસરીને આ સાતમી આવૃત્તિમાં ઉપયોગી સુધારો વધારો એ સજ્જનના નિષ્કામ પરિશ્રમથી તથા આગલા સંશોધક શ્રી. પ્રાગજી ડોસજી કાનાબાર અને અન્ય એક કાર્યકર્તાના પરિશ્રમથી થયો છે. ઉપરાંત પરિશિષ્ટરૂપે પણ થોડા લેખ ઉમેરાયા છે અને તેથી એકંદરે આમાં ૧૧૨ પૃષ્ઠ વધ્યાં છે.

આ પછીનાં પૃષ્ઠોમાં આગલી આવૃત્તિઓનાં નિવેદન વગેરેનો સારાંશ આપ્યો છે તે ઉપરથી આ ગ્રંથની મૂળ યોજના તથા તેમાં આગલી ચોથી આવૃત્તિ વખતે થયેલા સુધારાવધારા વગેરેની માહિતી મળશે અને ગ્રંથની શરૂમાં આપેલા ગ્રંથકર્તાના ચરિત્ર ઉપરથી તેમના વિષે માહિતી મળશે.

ગ્રંથ છપાયા પછીનું જે જરૂરી શુદ્ધિપત્ર પ્રાગજીભાઇ તરફથી મળ્યું તે પણ આ ગ્રંથ સાથે આપ્યું છે. વિષય વૈદ્યકનો હોવાથી એ શુદ્ધિપત્ર મુજબ સુધારી લીધા પછીજ આ ગ્રંથ વાંચવો જોઇએ; નહિ તો કોઇ કોઇ ઠેકાણે ગેરસમજ થાય તેવું છે. છાપવામાં કોઇ કોઇ સ્થળે કાનો, માત્રા, રેફ, અનુસ્વાર, સ્વ, દીર્ઘ વગેરે ઉડી જવાથી 'દેશ'ને બદલે 'દશ' 'ઉત્પત્તિ' ને બદલે 'ઉત્પાત્ત' 'તેલ' ને બદલે 'તલ' વગેરે બની જાય તેવી અશુદ્ધિઓ પણ બની તેટલી શુદ્ધિપત્રમાં આપી છે. પરંતુ આવી અશુદ્ધિઓ સર્વ પ્રતોમાં એકસરખી હોતી નથી; માટે જરૂર જણાય ત્યાં વાંચનારે પોતાની કાળજીથી પણ સુધારી લેવું જોઇએ.

આ પુસ્તક બાંધવા આપ્યા પછી કોઇ અગત્યની બાબત નીકળી આવશે તો તે છૂટા પાનિયારૂપે અપાશે, જે દરેક વાંચનાર આ પુસ્તકમાં ચોઢી લે એવી ભલામણ છે.

આ આવૃત્તિના ખાસ ઓછા મૂલ્યનું કારણ—વહિવટી ખર્ચ સાથે આગલી આવૃત્તિના રૂ. ૪) હતા. કદ વધવાથી આ આવૃત્તિને અંગે પણ લગભગ એ આવૃત્તિ જેવોજ ખર્ચ હોવા છતાં વહિવટી ખર્ચ ઘણો ખરો બીજી રીતે નિવેડવાનું રાખી આ આવૃત્તિના રૂ. ત્રણ (મુંબઈમાં ૩ા) રખાયા છે; તથા ચાલુ ૧૯૮૭ની આખર સુધી જે એથી અર્ધુંજ મૂલ્ય (અમદાવાદમાં ૧ાા અને મુંબઇમાં ૧ાાા) રખાયું છે; તે ખાડો પણ ઇશ્વરેચ્છાથી બીજી રીતે નિવેડાશે.

આશા છે કે આ આવૃત્તિમાં જે અગત્યનો સુધારો વધારો થઇ આ ગ્રંથ વધારે ઉપયોગી થયો છે; તથા ઉપર મુજબ તરતને માટે માત્ર અર્ધું મૂલ્ય રખાયું છે તે તરફ ધ્યાન આપીને (જેમણે આગલી આવૃત્તિ લીધી હશે તેઓ પણ) આ આવૃત્તિ જરૂર લેશે. એ કિફાયતથી માત્ર એકેક પ્રતજ અપાશે. સર્વેશ્વરના સ્મરણપૂર્વક ૐ તત્સત્

બીજો અષાઢ-૧૯૮૭ ભિક્ષુ-અખંડાનંદ

पहेली आवृत्तिनी सद्गत पदेजीनी प्रस्तावनानो सारांश

હિંદુસ્તાનમાં કોઇ પણ વિષયના ગ્રંથો પ્રાચીન વખતે એટલા થઈ ગયેલા છે કે હાલ તેના નામની ટીપ પણ અમે જાણવાને અશક્ત થઇ બેઠેલા છીએ. અંગ્રેજી રાજ્ય થઈ તેમની વિદ્યા રાજપ્રયત્નથી ઉન્નત થવા પામી; તેથી તો અમારા પૂર્વના કેટલાક ગ્રંથો તથા તેમાંની જુદી જુદી વિદ્યાઓ નાબુદ થઇ જાય છે. **कष्टं शिष्टक्षतिकृतिकलौ कार्श्यमृच्छान्ति विद्याः** આવું આ બાબત ઉદ્વેગજનક વાક્ય ઘણાક લોકના મોંમાંથી નીકળે છે એનું કારણ એજ છે. માટે જે અમારો સુશિક્ષિત વર્ગ છે; જેની બુદ્ધિ વિશાળ થઇ છે; જે ખ્યાતિને પામેલા છે અથવા ઈશ્વરે જેને અનુકૂળતા આપેલી છે; એવા સદ્‌ગૃહસ્થોએ આ ઉદ્વેગજનક બનાવનો નાશ થવા માટે પ્રયત્ન કરવાની ઘણી અગત્ય છે.

મારાં તન, મન અને ધન એની અલ્પ સહાય વડે જે પ્રયત્ન કેટલાંક વરસથી ચાલેલો છે; અને તેમાં મેં આર્ય વૈદ્યકનો ઉત્કર્ષ થવા માટે જે થોડું ઘણું કર્યું છે; તેમાં 'આર્યભિષક્' નામના માસિક પુસ્તક દ્વારા મરાઠી ભાષામાં વૈદ્યકના ગ્રંથો બહાર પાડવાનું એક મોટું કામ છે. મારા ગુજરાતી બંધુઓ માટે મારા વિદ્વાન ગુર્જરબંધુ અને હાલ શ્રીકાશીનિવાસી, સત્પુરુષ **હરિકૃષ્ણ ભગવાનલાલ વ્યાસે** ભાષાંતર કરી આપ્યાથી આ ગુજરાતીમાં બહાર પાડવાનું કામ હું કરી શક્યો; એમ જણાવતાં મને બહુ ખુશાલી ઉપજે છે.

આ પુસ્તક તૈયાર કરવા માટે મને કેટલી મહેનત પડી હશે તથા મારા મિત્રો કેટલી મહેનતમાં પડયા હશે; એનો વિચાર કરી મારા સ્વદેશબંધુઓ આ ગ્રંથનો આદર કરશે અને મારાથી આમાં જે ભૂલચૂકો થઇ ગઇ હશે તે સુધારવા માટે પ્રેમાળ મનથી મને સૂચના કરશે તથા મારૂં આ કામ નિર્દોષ બનાવશે; એવી હું ઘણી આશા રાખું છું.

હું જાત્યા મહારાષ્ટ્રનો હોવાથી ગુર્જર ભાષાતરીકે મારી ભૂલચૂકો થઈ હશે તે બાબત ક્ષમા કરીને મારી ઉપલી વિનતિને મારા વિદ્વાન બંધુઓ માન આપી મારા પ્રયત્નમાં સહાયભૂત થશે એવી હું વિનયપૂર્વક યાચના કરૂં છું.

આર્ય વૈદ્યકમાં વૈદ્યક બાબતનું સઘળી રીતે વિવેચન કરેલું છે; પણ તે બધા વિષયો વાચકની આગળ આ પુસ્તકમાં મૂકવા એ બનવા જેવું નથી; માટે તેમાંની કંઇએક બાબતો સંક્ષેપમાં મેં ગોઠવેલી છે. વનસ્પતિ-આ એક આર્ય વૈદ્યકમાં મોટી મહત્ત્વની બાબત છે અને તે માટે વનૌષધિ-ગુણાદર્શનું આ આર્યભિષક્‌ના પહેલા ભાગમાં બનતાં સુધી સવિસ્તર વિવેચન કરેલું છે; તેમજ રોગનાં નિદાન, લક્ષણ, ઉપચાર, પથ્યાપથ્ય વગેરે બાબતનું અનુક્રમવાર વિવેચન 'સુબોધ વૈદ્યક'માં કરેલું છે. રસાયન અને ખનીજ પદાર્થોની બાબતમાં રોગના ઉપચારસહિત અનુક્રમવાર વિવેચન 'રસવૈદ્ય' નામે સ્વતંત્ર પ્રકરણમાં આપેલું છે; તેમજ અનેક જાતના પાક, અવલેહ, મુરબ્બા, શિરકા વગેરે બાબતનું ખુલ્લું વિવેચન 'બૃહત્પાકસંગ્રહ' નામે જુદુંજ પ્રકરણ પાડીને તેમાં કરેલું છે. તેમજ 'ગોવૈદ્યક' 'પ્રાણીજ ઔષધિ' 'અશ્વરોગપરિજ્ઞાન' આ ત્રણ વિષયોનાં પણ જુદાં જુદાં પ્રકરણો છે.

તે સિવાય કઠિન શબ્દનું જ્ઞાન થવા માટે કોશ અને વૈદ્યકની પરિભાષા, આઠ જાતની નાડીપરીક્ષા વગેરેને લગતું સ્ફુટ વિવેચન કરી આ ગ્રંથ સંપૂર્ણ રીતે સુગમ થાય એવી ગોઠવણ કરેલી છે.

તે છતાં પણ એમાં કરવા જેવું ઘણુંજ છે એમ મને લાગે છે; પણ તે થવું એ કેવળ મારા દેશબંધુઓના આશ્રય ઉપર રહેલું છે. માટે તે આશ્રય જેમ જેમ મળી જશે, તેમ તેમ મારો આગળનો પ્રયત્ન સફળ થશે એમ કહી તેની રાહ જોઉં છું. (ઇ. સ. ૧૮૯૪—સંવત ૧૯૫૦)

બીજી આવૃત્તિ છપાવનાર 'રામ કંપની-સુરત'ની પ્રસ્તાવનાનો સાર

પુસ્તકના વિષયોનું વર્ણન પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં આપેલું છે. તે ઉપરાંત મજકુર પુસ્તકમાં જુદી જુદી ભાષાઓમાં વનસ્પતિઓનાં નામ તથા મારી યથામતિ ગુર્જર ભાષામાં સુધારણા કરી છે; છતાં તેમાં દૃષ્ટિદોષ અથવા હસ્તદોષ આવેલો હોય તેની સુજ્ઞ વાચકવર્ગ ક્ષમા કરશે. આ પુસ્તક મારી સ્થિતિ ઉપર વિચાર કરી આ. મ. શંકર દાજી શાસ્ત્રી પદેએ મને દ્વિતીયાવૃત્તિ છપાવવા આપી ઉપકૃત કર્યો છે. તેથી તેઓના દેશોત્કર્ષી કાર્યમાં જગન્નિયંતા પ્રભુ યશ આપે એવી નમ્ર પ્રાર્થના કરી વાચકવર્ગની રજા લઉં છું. અસ્તુ ! (ઈ. સ. ૧૯૦૮—સંવત ૧૯૬૪)

अगलो आवृत्तिओनां प्रकाशकनां निवेदनोनो सारांश

ત્રીજી આવૃત્તિના નિવેદનમાંથી

આ ગ્રંથને મૂળ મરાઠીમાં રચી પ્રસિદ્ધ કરનાર સદ્‌ગત શાસ્ત્રી શંકર દાજી પદે એક વિખ્યાત, ઉત્સાહી તથા કુશળ વૈદ્ય અને દેશભક્ત હતા. આ પુસ્તકનું ગુજરાતીમાં ભાષાંતર કરાવનાર તેમજ પહેલી આવૃત્તિ છપાવી પ્રકટ કરનાર પણ તેઓજ હતા. તેમની માતૃભાષા ગુજરાતી ન હોવાથી આમાં ભાષા, શૈલી અને જોડણી જોઇએ તેવી સરળ, સ્પષ્ટ અને શુદ્ધ જણાશે નહિ; છતાં ગુર્જર વાચકો સમજી શકે નહિ એવી પણ તે નથી એટલુંજ નહિ પણ ગુજરાતી પ્રથમાવૃત્તિનું મૂલ્ય રૂ. ૧૦) હોવા છતાં પણ તે ખપી જઈ તેની બીજી આવૃત્તિ નીકળવી અને તે પછી આ ત્રીજી આવૃત્તિનો પ્રસંગ આવવો, એ વાત ગુર્જર વાચકવર્ગમાં આ પુસ્તક કેટલું ઉપયોગી અને આદરપાત્ર થયું છે એના પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે.

ઉપર જણાવેલી બીજી આવૃત્તિ ઇ. સ. ૧૯૦૮માં રામ કંપની–સુરત, તરફથી રૂ. ૫)માં નીકળી હતી; પરંતુ પછી તેના પ્રચારની વ્યવસ્થા આ સંસ્થાએ રૂ. ૧॥ કિંમત રખાવીને સ્વીકારી હતી.

આ પુસ્તક પ્રકટ કરવાની સંમતિ સદ્‌ગત વૈદ્યશાસ્ત્રી શંકર દાજીના બંધુ મુંબઇનિવાસી શ્રીયુત રામકૃષ્ણ દાજી જોશી પદે, એમણે પૂર્ણ નિષ્કામતાથી આપવા બદલ ગુર્જર વાચકવર્ગ તરફથી તેમનો અત્યંત આભાર માનવામાં આવે છે. શાસ્ત્રીજીનું હિંદીમાં પ્રકટ થયેલું ચરિત્ર આ પુસ્તકમાં આપવાનો સુયોગ આપીને, દારાગંજ–પ્રયાગ–નિવાસી શ્રીયુત જગન્નાથપ્રસાદ શુક્લે કરેલા ઉપકારનું પણ આ સ્થળે સ્મરણ કરવું જોઇએ.

વ્યાધિ થયા પછી ઉપાય કરવા કરતાં વ્યાધિ ન થાય એવું જ્ઞાન અને જાળવણીજ શ્રેષ્ઠ છે; તેમજ ખાવાની ઔષધિઓ કરતાં અન્ન, જળ, સ્થળ અને વાયુની યોગ્ય ફેરબદલી, ઉપવાસ, પવિત્રતા, સ્વચ્છતા, મૃત્તિકા, સૂર્યપ્રકાશ, રંગ, વ્યાયામ, સ્નેહન, સ્વેદન, વમન, બસ્તી, આનંદ, શાંતિ, સદ્‌વિચાર, સત્સંગ, સદ્‌ગ્રંથ ઇત્યાદિ પથ્ય પ્રકારો અને પદાર્થોનું સેવન તેમજ કુપથ્ય આહારવિહારનો ત્યાગ; આ બાબતોનેજ અધિક સરળ, સ્વાભાવિક અને ઉપકારક સમજીને દરેક દરદીએ તેવા કુદરતી ઉપચારોનુંજ સેવન કરવું જોઇએ. વૈદ્યો તેમજ ડૉકટરોએ પણ એવી બાબતોનેજ ખરેખરી ઉપકારક સમજીને તેનો પૂર્ણ અભ્યાસ કરવો જોઇએ; અને તેવા ઉપચારોનો દરદીઓને લાભ આપી આ નવીન જેવા દેખાતા માર્ગમાં, શરૂઆતમાં લોકો ન સમજે તો ધૈર્ય રાખી કાંઇક ખમીને પણ ચલાવી લેવું જોઇએ. આમ કરવાથીજ પરિણામ ધીમે ધીમે તેમના પક્ષમાં વળતું જશે અને છેવટે અર્થપ્રાપ્તિ પણ એ ઉત્તમ રસ્તે અધિક થયા વિના રહેશે નહિ. દરદીઓએ પણ આ કુદરતી ઉપચારોનું મહત્ત્વ ધ્યાનમાં લઇને તેના અનુભવવાળા ઉપચારકોનીજ સલાહ અને આશ્રય લેવાં જોઇએ. એ ઉપચારો એવા તો સરળ અને સ્વાભાવિક હોય છે કે, જો તેને લગતાં પુસ્તકો અવલોકવાનું રાખ્યું હોય અને તેને અનુસરીને યથાસાધ્ય સામાન્ય જાળવણી પણ રાખી હોય તો વ્યાધિઓ થવાના ઘણાખરા સંભવો અર્ધે રસ્તેથીજ નષ્ટ થઈ જાય; તેમજ ઉપજી ચૂકેલા વ્યાધિઓ પણ એવા એકાદ બેજ સાદા પ્રકારોના સેવન વડે સહેલાઇથી નિવૃત્ત થઇ જાય.

ખરૂં જોતાં એવા કુદરતી ઉપચારોને લગતા પુસ્તકની, તેમજ વ્યાધિ થવાનો પ્રસંગજ ન આવે એવા આહારવિહારો અને રીતિરિવાજોનું જ્ઞાન આપનારા ગ્રંથોનીજ જનસમાજ માટે ઘણી આવશ્યકતા છે. યુરોપ–અમેરિકામાં તો એવા ગ્રંથો પુષ્કળ નીકળી ચૂક્યા છે; તેમજ એવા ઉપચારકો પણ હવે જ્યાં ત્યાં મળી આવે છે. આપણા દેશમાં એવા ઉપચારકો તેમજ પુસ્તકો હજી નહિ જેવાંજ છે.

સર્વના પરમ સુહૃદ્ "**वैद्यो नारायणो हरिः**" ના પરમ કલ્યાણકારી શરણને સર્વ કોઇ ઇચ્છે, મેળવે અને આધિવ્યાધિ તથા ઉપાધિમાત્રથી સદાને માટે મુક્ત થાય; એ ભાવનાસહિત ॐ તત્સત્

ચૈત્રી પૂર્ણિમા—સંવત ૧૯૭૦, એપ્રિલ ૧૯૧૪   ભિક્ષુ–અખંડાનંદ

ચોથી આવૃત્તિના નિવેદનમાંથી

ત્રીજી આવૃત્તિના સમયથીજ શ્રીયુત પ્રાગજી ડોસજી કાનાબારની ઈચ્છા હતી કે, આ ગ્રંથને મૂળ મરાઠી ગ્રંથ સાથે મેળવીને તેમાં રહી ગયેલી બાબતો વધારી તથા ભૂલો સુધારીને, તેમજ મૂળ ગ્રંથની નવી આવૃત્તિઓમાં ગ્રંથકર્તાએ કરેલા સુધારાવધારા ઉમેરી લઇને તેને શોધિતવર્ધિત કરી આપવો. તેમના શ્રમથી ત્રીજી આવૃત્તિને એવો કેટલોક લાભ, ઉપચારોની વ્યાધિવાર ખતવણી તેમજ પારિભાષિક શબ્દાર્થનાં પરિશિષ્ટો ઈત્યાદિરૂપે મળ્યો પણ હતો. ચોથી આવૃત્તિ માટે આ કાર્ય તેઓ સારી રીતે બજાવી શકે તેટલા માટે તે સવેળાથીજ તેમને સોંપાયું હતું. પરિણામે તેમના દ્વારા આ આવૃત્તિમાં નીચલાં પ્રકરણોમાં નીચે પ્રમાણે સુધારોવધારો થયો છેઃ—

વનૌષધિગુણાદર્શ:—આ પ્રકરણની પૂરવણીરૂપે સદ્દગત પદેજીએ મરાઠીમાં પાછળથી પ્રસિદ્ધ કરેલા એક નવીન ભાગમાં ૨૯ ઔષાધિઓનાં વર્ણનમાં કેટલોક ઉમેરો કરેલો, તે આમાં તે તે વનસ્પતિના પ્રકરણમાં જોડી લેવાયો છે. દાખલાતરીકે જુઓ અગર, ખસખસ, કપૂર ઈ૦. આ સિવાય તેમાં ત્રણ ઔષધિઓનું વર્ણન નવું ઉમેરાયેલું તે પણ આમાં યથાસ્થાને દાખલ થયું છે. મરાઠી ઉપરથી પહેલી આવૃત્તિ છપાવામાં વીસેક ઔષધિઓનું વર્ણન રહી ગયેલું અથવા પડયું મુકાયેલું, તે પણ આમાં દાખલ થયું છે. એમાંની કેટલીક ઔષધિઓ તો બહુ ઉપયોગી છે. જેમકે કરીઆતું, બોળ ઈ૦. વળી શરૂઆતની બંને આવૃત્તિઓમાં ઔષધિઓનાં તેમજ વ્યાધિઓનાં મુખ્ય નામ અનેક સ્થળે ગુજરાતીને બદલે મરાઠી રહી ગયેલાં, તે પણ આમાં ફેરવાઇને ઘણે ભાગે સાદાં ગુજરાતી નામ દાખલ થયાં છે. આમાં મુખ્ય આધાર સ્વ૦ પદેજીના નિઘંટનોજ લેવાયો છે. આ ફેરફારથી કોઇ કોઈ ઠેકાણે અકારાદિ ક્રમ પણ ફેરવાયલો જણાશે.

સુબોધ વૈદ્યક:—આમાં સ્વરભેદનો વિષય ન હતો, તે મૂળ મરાઠી ગ્રંથ પરથી ઉમેરાયો છે. વળી આ પ્રકરણમાં કેટલેક સ્થળે એકજ વિષયની પેટાબાબતો જુદી બાબતોતરીકે આપેલી તે આમાં યથાસ્થાને ગોઠવવામાં આવી છે. આ કારણથી આમાં વ્યાધિઓના નંબર આગલી આવૃત્તિ કરતાં થોડાક ઘટેલા જણાશે; પરંતુ હકીકતમાં તો ઉલટો વધારો અને સુધારોજ થયો છે.

"વનૌષધિગુણાદર્શ"માં ઔષધિઓને જુદા જુદા વ્યાધિઓ પર વાપરવાના દર્શાવેલા પ્રયોગોની વ્યાધિવાર ખતવણી ગઇ આવૃત્તિમાં શ્રીયુત કાનાબારને હસ્તે પરિશિષ્ટરૂપે ઉમેરાયલી, તે આમાં પાઠકોની વિશેષ સુગમતા અર્થે **સુબોધ** વૈદ્યકમાં આવેલા તે તે વ્યાધિઓના પ્રકરણમાં "વિશેષ ઉપચાર" એવા મથાળા નીચે જોડી દેવાઈ છે.

બૃહત્પાક સંગ્રહ:—મૂળ ગ્રંથના "સુબોધ વૈદ્યક" ભાગમાં પાછળથી પરિશિષ્ટરૂપે કેટલાક પાકો વગેરેની બનાવટો ઉમેરાયલી તે આ આવૃત્તિમાં ઉમેરી લેવાઇ છે.

ઔષધિક્રિયા:—આ નામનો આ ગ્રંથનો એક ભાગ ગ્રંથકર્તાએ પાછળથી મરાઠીમાં પ્રસિદ્ધ કરી તેમાં કેટલાંક રસાયન, ચૂર્ણ, ગુટિ ઈત્યાદિ પ્રયોગોનો સમાવેશ કર્યો હતો; તે ભાગ અનુવાદરૂપે આમાં નવીન ઉમેરાયો છે; અને તેથી આ ગ્રંથ સાતને બદલે આઠ ભાગનો બન્યો છે. મૂળ મરાઠી ગ્રંથના રસવૈદ્ય પ્રકરણમાં પરિશિષ્ટરૂપે યંત્રવિચાર તેમજ કેટલાંક રસાયન વગેરે ઉમેરાયલાં, તેનો પણ આ ઔષધક્રિયાના પ્રકરણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

વૈદ્યકની પરિભાષા:—આ નામનું જે પ્રકરણ આ ગ્રંથ શરૂ થવા પૂર્વે યોજાયલું છે, તેમાં "ઔષધિઓના ગુણદોષદર્શક શબ્દો વિષે સમજૂત" વાળી બાબત નવી ઉમેરાઇ છે. વળી 'પારિભાષિક શબ્દાર્થ'વાળો વિષય પણ આમાં "ઔષધિઓના સમૂહનાં નામ" એવા વધારે બંધબેસતા નામ સાથે આ **વૈદ્યક પરિભાષા**ના પેટામાં અપાયો છે.

આગલી આવૃત્તિઓમાં ઔષધિયુક્તાયુક્તવિચાર, કઠિન શબ્દનો કોષ, ઔષધિપ્રતિનિધિ ઇત્યાદિ પ્રકીર્ણ વિષયો જુદે જુદે સ્થળે આવેલા તે, તેમજ એવા જે જે વિષયો આ આવૃત્તિમાં ઉમેરાયલા છે તે સર્વ પણ પાઠકવર્ગની સુગમતા માટે આ આવૃત્તિમાંના આ **વૈદ્યક પરિભાષા**વાળા પ્રકરણના પેટામાં એકત્ર કરવામાં આવ્યા છે. એ વિષયો આ પ્રમાણે છેઃ—૧-ઔષધિયુક્તાયુક્તવિચાર. ૨-ઔષધિ લાવવાનો પ્રકાર. ૩-સ્વરસાદિ પાંચ પ્રકારના કાઢા. ૪-કાઢાનો પ્રકાર. ૫-ચૂર્ણ.

૬–વટિકા (ગોળીઓ). ૭–ઉકાળો (ફાંટ) કરવાનો પ્રકાર. ૮–હિમ કરવાનો પ્રકાર. ૯–કલ્કનો પ્રકાર. ૧૦–ઔષધસેવનકાળ. ૧૧–સર્વસાધારણ અનુપાનો. ૧૨–વનૌષધિગુણાદર્શમાં આપેલાં નામો વિષે ખુલાસો. ૧૩–ઔષધિપ્રતિનિધિ. ૧૪–ઔષધિઓના ગુણદોષદર્શક શબ્દો વિષે સમજૂત. ૧૫–ઔષધિઓના સમૂહનાં નામો. ૧૬–કઠિન શબ્દોનો કોશ.

પરીક્ષા પ્રકરણ:—આ પ્રકરણ ઉપલા વિષય પછી તરતમાં આવે છે. આ પ્રકરણમાં આવતા "નાડીપરીક્ષા"વાળા વિષયની છેવટે "નાડીપરીક્ષાનું મહત્ત્વ" એ નામના એક ઉપયોગી નિબંધનું ભાષાંતર ઉમેરાયલું જણાશે. આ મૂળ (મરાઠી) નિબંધ મુંબઇની વૈદ્યસભાએ ઇનામ માટે પસંદ કરેલો હોઇને સદ્ગત પદેજીએ પ્રસિદ્ધ કર્યો હતો.

આ પ્રમાણે આ ગ્રંથમાં જે કાંઇ વધારો થયો છે, તે મૂળ ગ્રંથકાર તરફથી છપાયલાં પરિશિષ્ટ વગેરે ઉપરથી અને તેમાંના વિષયો આ ગ્રંથના અંગના હોવાથીજ થયેલો જણાશે.

ઉપલી બાબતો ઉપરાંત આ ગ્રંથમાં ઔષધિઓના પ્રકાર, પરીક્ષા તથા ઉપયોગની બાબતમાં તેમજ વ્યાધિઓનાં નિદાન તથા ઉપચાર ઇત્યાદિ બાબતમાં રા. કાનાબારને જ્યાં જ્યાં સ્પષ્ટતા, ખુલાસો, ઉમેરો કે સૂચના કરવાનું ઘટિત જણાયું; ત્યાં ત્યાં તેમણે હસ્તલિખિત જૈન યતિઓના તેમજ બીજા જૂના ગ્રંથોના આધારથી તથા પ્રસિદ્ધ આર્ય, યુનાની અને અંગ્રેજી વૈદ્યક ગ્રંથોના આધારથી અને જાતિઅનુભવ ઉપરથી તે તે મુજબ કર્યું છે. એવા ઉમેરા ગ્રંથથી જુદા જણાઇ આવે તેટલા માટે તે ટિપ્પણરૂપેજ અપાયા છે. આ ગ્રંથમાંનાં આવાં સર્વ ટિપ્પણ ઉક્ત ગૃહસ્થ તરફનાંજ હોવાને લીધે તે પ્રત્યેકની નીચે તેમનું નામ આપવા જરૂર જોઇ નથી. આવાં સેંકડો ટિપ્પણોને લીધે પણ આ આવૃત્તિમાં અનેક ઉપચારો તેમજ બીજી ઉપયોગી માહિતીનો વધારો થયો છે.

સદ્ગત પદેજી તરફની આ ગ્રંથની બે આવૃત્તિઓ પછી આ સંસ્થા દ્વારા નીકળેલી ત્રીજી તથા આ ચોથી આવૃત્તિમાં થઇને આ પ્રમાણે આ ગ્રંથની હકીકતમાં લગભગ ૫૦ ટકા વધારો થયો છે.

આ પ્રમાણે સુધારાવધારા કરીને આ ગ્રંથને વિશેષ ઉપયોગી બનાવવા પાછળ જે શ્રમ શ્રીયુત પ્રા૦ ડૉ૦ કાનાબારે લીધો છે, તે બદલ તેઓને સપ્રેમ ધન્યવાદ આપવામાં આવે છે. પોતા તરફના શોધનવર્ધનની હકીકત લખી મોકલતાં છેવટે તેઓ જણાવે છે કે:–"આમ એકંદર રીતે અમારા હાથથી થવા પામેલા કામ પૈકી કેટલુંક તો વાચકવર્ગને તુરતજ નજરે આવી શકે તેવું છે; પરંતુ ખાસ જરૂરજોગી ભૂલો તો (રૂ. ૧૦ વાળી) પહેલી આવૃત્તિ × × × × સાથે મેળવી જોવાથી અમારી મહેનતનું અનુમાન બાંધી શકાશે. તોપણ અમે ખરા અંતઃકરણથી કહીએ છીએ કે, હજી પણ અમારાથી કેટલેક જોઇતો સુધારો બની શક્યો નથી અથવા અમારાથી અમારી સમજભેદથીજ નવીન ભૂલ થવા પામી છે એમ દેખાશે; પરંતુ **नमः पतन्त्यात्मसमं पतत्रिण:**—આકાશનો પાર નથી, પણ પક્ષીઓ પોતાની શક્તિ પ્રમાણેજ ઉડે છે; એ ન્યાયથી અમે અમારાથી બની તેટલી સેવા બજાવી છે અને વિશેષ જેમની ઇચ્છા હોય તેમને અમારો પ્રતિબંધ નથી પણ ખાસ આગ્રહ છે. અમે એના માટે આભાર માનીશું."

ઉપર્યુક્ત શોધનવર્ધન કરવામાં શ્રીયુત કાનાબારને મરાઠી જેવી પરભાષાના મૂળ ગ્રંથ ઉપર મુખ્ય આધાર રાખવાનો હોવાથી તેમજ "બાર ગાઉએ બોલી બદલાય" એ કહેવત પ્રમાણે આ તરફ પ્રચલિત ન હોય એવાં ઉત્તર ગુજરાત તરફનાં કેટલાંક નામો તથા શબ્દો તેમના લખાણમાં આવે, એ સ્વાભાવિકજ છે; જેથી એમાં ઠીકઠાક કરવાનું, તેમજ તેઓ તરફથી થઈ આવેલા સુધારાવધારામાંથી લેવા યોગ્ય અંશનો નિર્ણય કરવાનું, તેમજ વાક્યરચના ન સમજાય તેવી હોય ત્યાં તેને સુધારી લેવાનું કાર્ય (છાપવા આપવા અગાઉ) આ લખનારને કરવાનું હતું. સંસ્થાની બીજી રોકાણો તેમજ શરીર પર આવી પડેલા એક અકસ્માતની પીડાને લીધે એ કાર્ય તેનાથી પૂરેપૂરૂં નહિ બની શકવાથી બાકીનું કાર્ય છેવટનાં પ્રૂફ જોવા સમયે સંસ્થાના વ્યવસ્થાપકને બજાવવું પડયું હતું; અને એમાં પણ જે કાંઇ ભૂલચૂક રહી જાય અથવા નવી થઇ જાય, પ્રૂફરીડર અથવા પ્રેસનો દોષ આવી જાય, તેમજ કોઇ શબ્દ ન સમજાય તેવા હોય, તે સર્વનો સુધારો શુદ્ધિપત્રરૂપે તૈયાર કરવાનું છેવટનું કાર્ય પાછું શ્રીયુત કાનાબારને સોંપાયું હતું. આ

પ્રમાણે સંશોધક, વ્યવસ્થાપક તેમજ સંપાદક ઉપર આવેલાં કાર્ય તેમણે યથાવકાશ અને યથા-શક્તિ—શક્તિ બજાવવા યત્ન કર્યો છે; છતાં એમાંના કોઇનો પણ દાવો નથી કે, આ આવૃત્તિમાં કશી ભૂલચૂક કે ન્યૂનતા નથીજ રહી. મૂળ મરાઠી આર્યભિષક્‌ના કર્તા શ્રીયુત શંકર દાજી પદેએ પોતાની હયાતીમાં છપાવીને બે વાર પ્રસિદ્ધ કરેલું આ ભાષાન્તર ભાષા તેમજ શબ્દોની બાબત-માં સ્થળે સ્થળે મરાઠીની છાયાવાળું અને સરળતાથી નહિ સમજાય તેવું હોવાથી પૂરેપુરી શુદ્ધિ તો કોઇ પાકા અનુભવીને હાથે નવીન ભાષાન્તર થાય ત્યારેજ આવી શકે તેમ છે.

આશા છે કે, ગ્રંથમાં હજીએ જે કાંઈ સુધારવા યોગ્ય દોષો ઇ૦ જણાય, તે સુધારી મોકલી-ને સુજ્ઞ અનુભવી જનો ભાવી આવૃત્તિને અધિક ઉત્તમ બનાવવાનો યોગ આપશે.

શ્રાવણી પૂર્ણિમા–સં ૧૯૭૨ ભિક્ષુ–અખંડાનંદ

પાંચમી આવૃત્તિને લગતા બે બોલમાંથી

આર્યભિષક્‌ની સં. ૧૯૭૨ માં બહાર પડેલી ચોથી આવૃત્તિ ખલાસ થતાં તેની પ્રતો (કોઈ કોઈ વેપારીએ સંઘરી રાખેલી તે) બેને બદલે સોળ સુધીની કિંમતે વેચાઈ હતી અને કેટલાકોને તો તે મૂલ્યે પણ મળી ન હતી.

શ્રીયુત પ્રાગજી ડોસજી કાનાબાર તરફથી આગલી આવૃત્તિ વખતે થયેલા શોધનવર્ધન ઉપરાંત આ આવૃત્તિમાં પણ પુષ્કળ પૃષ્ઠોમાં તેમને હાથે–છેવટે એકાદ શબ્દને સુધારવાજોગું પણ કાંઇ ને કાંઇ ઉચિત સંશોધન થયું છેજ. વળી આ આવૃત્તિમાં આ પછીનાં પૃષ્ઠોમાં શ્રીયુત પદેજીએ તૈયાર કરેલી સંસ્કૃત વૈદ્યક ગ્રંથોની નામાવલી ઉમેરાઇ છે; અનેક સ્થળે ટિપ્પણરૂપે અનુભૂત ઉપાયો ઉમેરાયા છે; વ્યાધિઓનાં પ્રકરણોમાં તે અનુભૂત ઉપાયોની તથા "ગોવૈદ્યક" અને "પ્રાણીજ ઔષધ"માં આવતા ઉપાયોની ખતવણી× ઉમેરાઈ છે તથા પુસ્તકની છેવટના ભાગમાં શુદ્ધિપત્ર અપાયું છે; તે સર્વ એમનેજ હાથે થયેલું હોઇને અત્ર તરફથી તો તેમાં યથાશક્તિ ઠીકઠાક થએલું એજ.

આ પછીનાં પૃષ્ઠોમાં અપાયલી શ્રીમાન પદેજીકૃત "સંસ્કૃત વૈદ્યક ગ્રંથોની નામાવલી" માત્ર પ્રાથમિક હોવા છતાં પણ તેમાં જે સાતસો ઉપરાંત નામો અપાયાં છે; તે જોતાં પ્રાપ્ત, અપ્રાપ્ત અને લુપ્ત થયેલા ગ્રંથો મળીને આર્યોનો વૈદ્યક ગ્રંથસમૂહ હજારોનો હશે, એમ નિઃશંકપણે સમજાય છે. હવે જ્યારે એક વિષયનોજ ગ્રંથસંગ્રહ આટલો મોટો હોય, ત્યારે વ્યવહાર તથા પરમાર્થના પ્રત્યેક વિષયમાં ઠેઠ તળિયાસુધી ફરી વળેલી પ્રાચીન આર્યોની જ્ઞાનદૃષ્ટિ તથા અનુભવદૃષ્ટિ તરફ જોતાં આર્યાવર્તની એકંદરે પ્રાચીન ગ્રંથસંપત્તિ લાખોની સંખ્યામાં હોય એમાં આશ્ચર્ય નથી. ભારતવાસીઓ પોતાના મહાન પૂર્વજોની આવી અનેકવિધ જાહોજલાલી અને સત્સંપત્તિની શોધ, અધ્યયન તથા અનુસરણ કરવા તરફ વળશે; ત્યારે આર્યાવર્તની સુદશાનો સૂર્ય પૂર્ણપણે પ્રકાશી ઉઠી તેના આગળ તેમનો પશ્ચિમનો ભૌતિક ભપકો ક્ષુદ્ર તારકવત્ અને ભ્રામક લાગ્યા વિના રહેશે નહિ. સર્વ કોઇ એવા સત્ય ઉન્નતિના સૂર્યને સર્વત્ર ઉદિત થયેલો જોવા ઝંખો, મથો અને સફળ થાઓ, એ ભાવપૂર્વક ૐ તત્સત સંવત ૧૯૭૮ બળેવ. ભિક્ષુ–અખંડાનંદ

× "રસવૈદ્ય" ના પ્રકરણમાં આવતા ઉપાયોની ખતવણી તેમણે એટલા માટે નથી કરી કે, તે વિષય રસાયણને લગતો હોઇને દરેકે તેમાં ઉતરવા જેવું નથી. રસાયણની બનાવટોને માટે તો બનાવવાવાળો પણ અનુભવી વૈદ્ય જોઇએ; તેમ પ્રકૃતિ, દોષ, દેશકાળ ઇ૦ નો વિચાર કરીને અનુપાન તથા માત્રા વગેરેનો યોજનાર પણ કુશળ વૈદ્યજ જોઇએ. "જે ખાય રસાણ તે જાય મસાણ" એ કહેવત તો ઉંટવૈદું કરનારાઓનાજ પ્રતાપે ચાલેલી છે; છતાં આટલું તો ખરૂંજ કે પરેજી, સ્નેહન, સ્વેદન, લંઘન વગેરે જે બહુજ ફાયદો કરનારા–છતાં સાવ સાદા અને કુદરતી ઉપાયો કહેલા છે; તે ઉપાયોથી પૂરો આરામ ન થાય તોજ કાષ્ટ ઔષધિના ઉપાય કરવા; અને તે ઉપાયોથી પણ ફાયદો ન થાય તોજ પછી અનુભવીને હાથે શોધન–મારણાદિ સંસ્કાર પામેલી પરિપક્વ રસાયણી બનાવટો, ભસ્મો કે ઝેરી વસ્તુઓનો ઉપયોગ માત્રા, અનુપાન, પથ્ય તથા પરેજીના ઉચિત સેવનપૂર્વક કરવો જોઇએ. આપણા પ્રાચીન અને મહાઅનુભવી ભિષગાચાર્યોએ ખાસ ભાર દઇને આ વાત કહેલી છે.

શુદ્ધિપત્ર

(તૈયાર કરી મોકલનાર શ્રીયુત પ્રાગજી ડોસજી કાનાબાર મુ. હારીજ–ઉત્તર ગુજરાત)

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૦	૩૮	કેટલી	કેટલીક
૪૧	૨૪	સર	રસ
૪૨	૩૩	મધ	મદ્ય
૪૪	૪૦	શીતળ	શીતળ,
૪૫	૫	શુકને	શુક્રને
૪૬	૮	તલસાર	તલસરા
૪૬	૧૮	ચતુજાત	ચાતુર્જાત
૪૭	૧૨	કુંપળો.	કુંપળો. પંચવલ્કલવાળાં ઝાડોનાં પાંદડાંને પણ પંચપલ્લવ કહે છે.
૪૮	૧૨ વિ૦	ટંકણખાર.	ટંકણખાર. એની સાથે કોઈપણ ધાતુની ભસ્મ મેળવી સંપુટમાં આંચ આપવાથી તે કાચી હોય તો તે મૂળ રૂપમાં આવે છે.
૪૯	૨ ૨૬	ઉગ્રગંધ	ઉગ્રગંધ
૪૯	૩ ૨૭	અપાવો	આપવો
૫૦	૧ ૨૯	ગલ	ગાલ
૫૪	૨૧	સાવા	સવા
૬૭	૧૯	શ્રાદ્ધા	શ્રાદ્ધ
૭૨	૨૮	નાશ કરે છે.	નાશ
૭૩	૨૪	સોમનાથની	સોમનાથી
૭૬	૧૮	(ગોઠવણુના)	(ગોઠણુના)
૭૭	૩૬	અને	એને
૭૯	૨૮	મસાપર્યંત	માસાપર્યંત
૮૧	૩૭	તુલુસીને	તુલસીને
૯૪	૧૧	ભુરૂં)	(ભુરૂં)
૯૫	૨૨	અને માથા ઉપર	તેમજ તે માથા ઉપર અને
૯૭	૨૦	ઘઉંની	ઘઉંની પણ
૯૮	૩૦	શરીના	શરીરના
૯૯	૬	ઘુંટણુ	**વાયુનો સોજો અને ઘુંટણુ**
૯૯	૧૧	ગુડધી	ગુડધી (ઢીંચણુના સોજા)
૧૦૩	૨૫	ગળ	ગાળી
૧૦૪	૩૮	મને	મને (આ ટીપણી લખનાર પ્રા૦ ડો૦ કાનાબારને)
૧૦૭	૨	આસ્કંદનું	આસુંદનું
૧૧૪	૯	રતનરોગ	સ્તનરોગ
૧૧૬	૪	મૂળ વ્યાધિનું	મૂળવ્યાધિનું
૧૧૭	૪	મરી	મરી,
૧૧૭	૨૦	તેથી તથા	તથા તેથી
૧૨૨	૧૫	બાજ	ખાજ
૧૨૯	૧૯	યેડ	ઇયેળ
૧૩૧	૩	બાળેકોને	બાળકોને
૧૩૬	૪૧	पक्कफल	पक्वफल
૧૪૧	૧૧–૧૨	કલાપખંજ	કલાયખંજ
૧૪૨	૨૫	ઓછા	ઓછામાં
૧૪૩	૭	તેલ	તેલ×
૧૪૪ મા પાનની ટીકા ૧૪૩ મા પાનમાં છેલ્લે વાંચવી.			
૧૪૬	૨૨	અ૦	અ૦ સુમુલ,હિમારદકલી.
૧૪૬	૩૨	પીળી,	પીળી અને
૧૫૦	૪૨	માનેલ છે.	માનેલ છે, એ તેમની ભૂલ છે.
૧૫૧	૨૬	ગ્રહિણી	ગ્રાહિણી
૧૫૧	૩૦	(બહ)	(વાયુનો સોજો)
૧૫૨	૨૯	થાય	થાય (પગ ફાટે)

પૃષ્ઠ ૧૫૩ માંની ટીપણી છેકી નીચે પ્રમાણે લખવીઃ—

શ્રીમાન્ પદેજીએ પોતાના બૃહન્નિઘંટમાં નં. ૪૯ ની ટીપણીમાં લખેલું છે કેઃ–"કાનફોડીનાં ફળ ફૂગના જેવાં થાય છે. એ બાળકો કપાળમાં મારે છે એટલે ફટ અવાજ થાય છે. ભીંત પર ચિત્રકાર વેલ કાઢે છે તે પ્રમાણે કાનફોડીનાં પાન કાત્રાદાર અને ત્રણ ત્રણ સાથે હોય છે." આ તરફ જોતાં ઉપરોક્ત વર્ણન કાનફોડીનું નથી પરંતુ તલવણ જેને સં૦ અજગંધા કહે છે તેનું છે. કાનફોડીનાં પાન ત્રણ ઇંચ મોટાં અને બીજ કાળા રંગનાં અડદ જેવડાં હોય છે. જ્યારે

આ તલવણુનાં બીજ રાઇ જેવડાં હોય છે. કોઈ એને કુકરભાંગરો, કોઇ તિલવણુ, હાડિયા કરસણુ અને તનમની વગેરે નામથી ઓળખે છે. હિં૦ માં હુરહુર, હુલહુલ; લા૦ જિને ડ્રૅાટસીસ પેંટાફિલા કહે છે. એને પાંચ પાંદડાંનો ઝૂમખો ને પીળા રંગનાં ફૂલોનો ઝૂમખો થાય છે. એ બુટી ચોમાસા-માં ઘણી થાય છે. એનાં પાંદડાં પંઝા જેવાં આવે છે અને તે ઉંચાઇમાં ઘણું કરીને જમીનથી એક હાથના આશરે વધે છે. એને મગની ફળીઓ જેવી પણ જરા લાંબી શિંગો આવે છે. વાસ મછલાંદી આવે છે. અને તે ઉકરડાની કે બીજી ખાતરવાળી જગ્યામાં થાય છે. કોઇ કોઇ વખતે તો તે પડેલાં મકાનો, કબરસ્તાન અને ખેતરોની આજુબાજુમાં પણ જણાય છે. એને હિંદીઓ અને મારવાડીઓ "કાંગલાના ખેત" કહે છે. એટલે આ વનસ્પતિના વર્ણનમાં આપેલ **કાનફોડી** સં૦ કર્ણસ્ફેટા, મ૦ કાનફોડા કપાળફોડી વગેરે નામો આ વનસ્પતિનાં નથી. આ ભૂલ મૂળ મરાઠી **વનૌષધિ ગુણાદર્શ** ભાગ ૪થા ના પૃષ્ઠ ૧ લીટી ૧૩ માં (કાનફોડી) (સં૦ કર્ણસ્ફોટા) છપાવાથી થવા પામી છે. એનાં ખરાં નામો તો આ પ્રમાણે છેઃ—

તલવણુ (હાડીયા કરસણુ) સં૦ અજગંધા. મ૦ તિલવણુ, પાંઢરી તિલવણુ. હિં૦ તિલવન, હુરહુર, હુલહુલ, કાંગલાંના ખેત. ક૦ બિલિયગિડુ, માબજ્ળિ, નાબજ્ળિ, કિરિકાળા, તિલોણિગિડુ. તૈ૦ વામિંટા, અજગંધિ. તા૦ વાળે. મલા૦ કારવેળા, પાવક્કા. ગોમં૦ કિરકાળી. લા૦ જિનેડ્રૉપ્સિસ્ પેંટાફિલા. એની બે જાતો રાજનિઘંટકારે જણાવી છે. એ ફૂલના જુદા જુદા રંગ પરથી ઓળખાય છે. એકનાં ફૂલ સફેદ અને બીજીનાં પીળાં હોય છે.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૬૧	૪૦	અહીં	એક સાધુએ મને
૧૬૧	૪૧	કાંટારીસરીઓ	કાંટાસરીઓ
૧૬૩	૧૬	ખાય જાય	ખાય
૧૬૬	૪૦	છે.	છે. એમાં કુબો અને કુબી એવી બે જાત છે.
૧૬૭	૭	પવાડ	પવાડ,
૧૭૦	૩	મજબૂત હોય છે. કેતકીનાં પાંદડાં પલાળી રાખી તેનાં દોરડાં વણે છે, તે મજબૂત હોય છે.	મજબૂત હોય છે.
૧૭૦	૩૮	કાથની	કાથાની
૧૭૧	૪૨	પ્રતિનિધ	પ્રતિનિધિ
૧૭૯	૨૧	ધાપ્યા ચા	ધાપ્યાચા
૧૮૪	૯	સં૦ ખરખ	સં૦
૧૮૪	૧૫	આવે છે.	આવે છે
૧૮૪	૧૫	પોસ્ત	પોસ્ત,
૧૮૪	૨૬	મદ્યાંક	મદ્યાર્ક
૧૮૯	૨૦	(ઝીણી	(શીતળાના ભેદની ઝીણી
૧૯૬	૩૫	દરદ નાશનો	દરદનો નાશ
૧૯૭	૩૦	આવળીનાં	આવળનાં
૧૯૯	૩૧	નખી	નાખી
૨૦૭	૧૪	કણુ, ગુગળ	કણુગુગળ
૨૦૭	૨૫	રેણુકબીજ	રેણુકબીજ(નગોડનાં બીજ)
૨૧૬	૩૧	(ગિલોડી–ટિંડોરાં)	(ગિલોડી)
૨૨૮	૩	જાળજાંબવો	જળજાંબવો
૨૪૪	૧૩	ગાંઠી તગરનાં	ગાંઠીતગર (તગર ગંઠોડા)નાં
૨૪૪	૨૧	મૂતબાધાનો	મૂતબાધાનો
૨૫૬	૧૧	ગોળ હોય છે.	ગોળ હોય છે. (માત્ર કાંટા અને પાંદડાં ચાર હારોમાં હોવાથી એ નામ આપે છે.)
૨૫૭	૭	ગરમી	શરદી
૨૫૮	૩૬	બાંધણુ	બંધારણુ
૨૬૩	૨૬	ચીત્રામૂળ	કંઢાળમૂળ (નાની ઇંદ્રામણુનાં મૂળ)
૨૬૫	૨૫	ધસાસાનું	ધમાસાનું
૨૭૯	૧૯	પણી	પાણી
૨૭૯	૩૯	કોપરામાં	કોપરાના
૨૮૦	૨૩	જવા	જીવ
૨૮૬	૨૮–૨૯	અહીં આપેલાં પાટલીનાં બાકીનાં નામો તેનાં નહિ પણ ધોળી ફળીનાં હોવાથી તે અહીંથી છેકી નાખવાં.	
૨૯૩	૩૨	લોહાર	લોહર
૨૯૭	૩૭	ચમચારભ	ચમચાભર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૯૭	૩૮	એક શેર	એક
૩૦૩	૭	બલા.	બલા. કાઠી૦ લાડુડી, મામાસુખડી.
૩૧૪	૨૭	કાક ચાસણી	કડક ચાસણી
૩૧૮	૪૧	ચીજોની ગોળી	ચીજોની
૩૧૮	૪૧	ગોળી	ગોળી ૧૪
૩૨૪	૪૦	કોઈપણ કારણથી	હરસના રોગમાં
૩૨૭	૩૩	પરંતુ	પરંતુ સુગંધ એનાથી જુદી છે અને
૩૩૮	૪	ફલકટા. એનો વેલો હોય છે.	ફલકટા.
૩૩૮	૫	એનાં	મેંઢાશિંગીનો વેલો હોય છે. એનાં
૩૩૮	૧૦	(સં૦ મેષશૃંગી	સં૦ મેષશૃંગી
૩૪૦	૧૯	અને અને	અને
૩૫૧	૨૧	ગ્રહબાહા	ગ્રહબાધા
૩૫૭	૧૨	સમાન	સમાન ખેરસાર કે
૩૬૦	૩૪	નથી. સામાં	નથી.
૩૬૦	૪૧	ચનાકે	ચનેકે
૩૬૫	૭	નવેલા અને પેશ	નવેલા (નખનું પાકવું) અને પેરા (આંગળીના વેઢાનું પાકવું.)
૩૭૦	૪૩	નાખી	નાખી થોડી માત્રામાં લોદર
૩૭૨	૭	ઊગતનાં	ઊગતાં
૩૭૯	૨૦	વાળોળ	વાલોળ
૩૭૯	૨૫	વાલોળ	વાલોળ આના
૩૮૦	૩૦	દર્દનીનાશક	દર્દનાશક
૩૮૦	૪૧	ઝાડના	ઝાડાના
૩૮૧	૧૨	તેમાં તેમાં	તેમાં
૪૦૪	૧૭	શરીરીમાંના	શરીરમાંના
૪૦૫	૨૩	ફલ	ફૂલ
૪૨૦	૩૭	આદુના	કદળીના
૪૨૦	૩૭	આદુના	કદળીના
૪૨૯	૩	(હીંગોત્રી)–૪,	(હિંગોત્રી)–૪, મીંઢી આવળની બીજી ટીપમાં,
૪૨૯	૧૯	એનો	એને
૪૩૨	૩૯	આમાવતમાં	આમવાતમાં
૪૪૩	૨૯	નાગોડનાં	નગોડનાં
૪૪૭	૧૩	ગોમૂત્ર–૩,૫.	ગોમૂત્ર–૩, ૫; અને ૭ ની ટીપમાં નં. ૩
૪૫૧	૧૦	જેઠીમધ–૧૦,૧૩,	જેઠીમધ ૧૦, ૧૩, ૨૩;
૪૫૧	૧૩	લીંડી–	લાણોની ટીપમાં નં. ૧,૨, લીંડી–
૪૫૪	૩૦	દુધ	દૂર
૪૫૮	૩	નં. ૧૯.	નં. ૧૯. જુઓ ગો૦ વૈ૦માં છાણાંની રાખની ટીપમાં નં. ૧
૪૬૪	૩૨	છે. તે	છે.
૪૬૭	૨૫	મજીઠ–૬,	મજીઠ–૬, માલકાંગણી–૭ ની ટીપમાં,
૪૬૭	૧૪	કરંજ	કરંજ,
૪૭૫	૭	આકડો ૭,	૧૬, આકડો ૭,
૪૭૫	૯	શંખાવળી ૧,	શંખાવળી ૧, હળદર ૨૨ની ટીપમાં નં. ૨
૪૭૫	૧૨	મૂત્રવર્ગ ૨,	મૂત્રવર્ગ ૨, અસ્થિ (હાડકાં) ૧૨ની ટીપમાં નં. ૨
૪૭૬	૫	વસુ ૨,	વછનાગ ૭ની ટીપમાં નં. ૪, વસુ ૨,
૪૮૦	૫	દાડમ ૧૫,	દાડમ ૧૫, દારૂડી ૪,
૪૮૨	૧૮	ધંતુરો ૧૦,	ધંતુરો ૧૦; ૨૦ ની ટીકામાં નં. ૨,
૪૮૨	૧૮	બ્રાહ્મી ૧,	બ્રાહ્મી ૧, ૩ની ટીપમાં બ્રાહ્મી કવાથ,
૪૮૫	૩	ચણુકબોખા ૫,	ચણુકબોખા ૫, ચિત્રક ૨૦ની ટીપમાં નં.૪
૪૮૮	૨૩	ને છેડે આ પ્રમાણે ઉમેરવું:– **(આમ ઉપર)** કાંચકી–૮; કોથમીર–૩, ઝેરકોચલાં–૯, બીવલો–૧, મેથી–૨, હરડે–૩. **(આમરક્ત ઉપર)** બીલી–૧૩, લસણ–૬. **(આમાંશ ઉપર)** આદુ–૪૫, ઓથમીજીરૂં–૭, ખસખસ ક (અફીણ)–૪, નાગકેસર–૩, માયફળ (માયાં)–૭. **(રક્તયુક્ત આમાંશ ઉપર)** કોકમ–૨. **(રાતા આમાંશ ઉપર)** રાનતુલસી–૧.	
૪૯૮	૩૬	આથવા	અથવા

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૦૧	૩	ફુરા-૧.	ફુરા-૧, જુઓ ગોવૈદ્યકમાં ગાયનું દહીં નં. ૬ ની ટીપમાં નં. ૧.
૫૦૫	૧૯	ઝેરકોચલાં ૨,	ઝેરકોચલાં ૨, ૧૨,
૫૦૬	૧૮	ચિત્રક ૪,	ચિત્રક ૪; ૨૦ ની ટીપમાં ૩.
૫૦૭	૫	હરડે ૪૬.	લાણોની ટીપમાં નં. ૬, હરડે ૪૬.
૫૧૦	૧૯	જવ ૧,	ધાસપિત્તપાપડો ૫, જવ ૧,
૫૧૭	૩૧	દૂધ-૯.	દૂધ-૯, ગોમૂત્ર-૭ ની ટીપમાં ૨.
૫૧૮	૨૮	ઘીવાળો	ઘીવાળો હાથ
૫૧૯	૩૧	ઝેરકોચલાં ૭,૯;	ઝેરકોચલાં ૭, ૯; દારુણી ૬;
૫૧૯	૩૨	શતાવરી ૩,	શતાવરી ૩, સાટોડી ૨૩ની ટીપમાં નં. ૨.
૫૨૧	૨૧	કર્ણસન્નિપાત	કર્ણક સન્નિપાત
૫૨૬	૨૨	જેઠીમધ ૧૪,	જેઠીમધ ૧૪, બ્રાહ્મી ૩ની ટીપમાં બ્રાહ્મી ક્વાથ,
૫૩૦	૭	પારસપીંપળો ૩,	ધંતુરો ૨૦ની ટીપમાં નં. ૧; પારસપીંપળો ૩,
૫૩૦	૮	રાસ્ના ૬,	રાસ્ના ૬, લાણોની ટીપમાં નં. ૩.
૫૩૦	૯	જુઓ પ્રા૦ ઔ૦ માં:-	જુઓ પ્રા૦ ઔ૦ માં:- કસ્તૂરી ૯ ટીપમાં નં.૪
૫૩૦	૧૦	સાબરશિંગ ૭,	સાબરશિંગ ૭,સાબરશિંગની ટીપમાં નં.૧
૫૩૨	૨૫	ફુદીનો ૪,	ફુદીનો ૪, ભાંગરો ૧૪ ની ટીપમાં ભૃંગરાજ તેલ.
૫૩૬	૪	ઓથમીજીરું ૬,	ઓથમીજીરું ૬, કણેર ૧૦,
૫૩૬	૧૨	સાલમ ૧,	સાલમ ૧. જુઓ પ્રા૦ ઔ૦માં સાબરશિંગની ટીપમાં નં. ૪
૫૪૦	૪	લાલમેહ	લાલામેહ
૫૪૨	૨૨	લવંગ ૩૦,	લવંગ ૩૦, લાણોની ટીપમાં નં. ૮
૫૪૫	૭	ગોમૂત્ર ૬,	ગોમૂત્ર ૬,૭ ની ટીપમાં નં. ૨.
૫૪૮	૩૦	હળદર ૮,૧૦	હળદર ૮, ૧૦. જુઓ પ્રા૦ ઔ૦ માં કસ્તૂરી ૯ ની ટીપમાં નં. ૧
૫૫૦	૨૪	કારિવણા ૭,	કારીવણા ૭, કેસર ૧૩,
૫૫૫	૩	પીંપળો ૭.	પીંપળો ૭. જુઓ પ્રા૦ઔ૦માં દૂધ ૪ની ટીપમાં.
૫૫૭	૨૬	અને	અતિ
૫૬૪	૨૨	ધારે	ધાર
૫૬૫	૨૪	અળશી-૯.	અળશી-૯. જુઓ ગોવૈદ્યકમાં ગોમૂત્ર ૭ની ટીપમાં નં. ૪
૫૬૮	૧૭	સાટોડી-૧૨.	સાટોડી-૧૨. જુઓ ગોવૈદ્યકમાં છાણાની રાખ ૩ ની ટીપમાં નં. ૨.
૫૯૪	૯	તે	કે
૫૯૪	૧૯	મરવે	મરવો
૬૧૨	૨૧	તેલો	તોલો
૬૧૫	૩૪	શિવલિંગનું	શિવલિંગીનું
૬૨૫	૯	સપ્તાધાતુ	સપ્તધાતુ
૬૨૬	૩	ચણોઠીભર	ચણોઠીભાર
૬૨૮	૪૦	દરદ)	દરદ, રાફડો)
૬૩૧	૨૯	તથા કુનખ	,આંગળીના વેઢા
૬૩૨	૧૬	કવર	કવટ
૬૩૩	૧૦	અસોદરો	આસોદરો
૬૪૦	૪૩	અને અને	અને
૬૪૫	૧૮	કુકડીથી	કુકડીની
૬૫૫	૨૫	કેટલો	કેટલોક
૬૫૬	૧૪	રસમાં	તંત્રમાં
૬૫૬	૧૬	દશાથી	દશથી
૬૬૧	૨	કલાઈ	આમ શોધતાં કલાઈ
૬૬૪	૧૨	નિમળ	નિર્મળ
૬૭૨	૩૮	જલદી	જલદી રૂઝાય
૬૭૩	૩૪	છે.)	છે. કારણ
૬૭૩	૩૫	**(નં. ૧માં**	**નં. ૧ માં**
૬૭૩	૩૫	**વધારે**	**પણ વધારે**
૬૭૪	૪૦	સમુચ્ચય	સમુચ્ચયમાં
૬૮૫	૨૯	કાવળી	કાકોલી

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૮૭	૩૫	(સોરો સુરેખાર)સોરો	(સુરોખાર)
૬૮૯	૩૩	ગોળાવાળો	ગોળાવાળો ડબો
૬૯૦	૩૯	જગપુટ	ગજપુટ
૬૯૪	૧૩	ચિહ્નિત	ચિહ્નિત
૬૯૬	૪૧	બાંધી પાણી	બાંધી
૭૦૫	૧૫	ઔભ્દિદ	ઔદ્ભિદ
૭૦૫	૧૯	સુરોખરાને	સુરાખારનો
૭૦૯	૯	સમલ	સોમલ
૭૧૧	૩	લેપ તેનો	તેનો લેપ
૭૧૫	૭	નોખવેલ	નોળવેલ
૭૧૫	૨૯	થાય	જાય
૭૧૯	૨૯	આઢાથી	આટાથી
૭૨૬	૨૨	માાટીનાં	માટીનાં

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૭૩૪	૯	પણ છીકણી	છીંકણી
૭૩૪	૯	પીળા	પણ પીળા
૭૪૬	૪૦	ઘીની	ઘીની
૭૪૭	૬	તેની	તેને
૭૫૩	૭	૧૦૦૦	૧૦૦
૭૫૩	૩૩	પદેજીએ	પદેજીએ મરાઠી ગ્રંથમાં
૭૫૩	૩૩	તેમાં	તેમાં ટાઇપદોષથી
૭૫૩	૩૩	હોવાથી	જણાયાથી
૭૫૭	૨	તેનાં	તેમાં
૭૭૦	૧૯	૭૪	૬૪
૭૭૩	૬	બોર આમળાં	બોર, આમળાં
૭૭૩	૧૭	ધાણાજીરૂં,	ધાણા, જીરૂં,
૭૭૪	૯	મોસરસ,	મોચરસ,

अक्षरो भागवा तूटवाथी थयेली अशुद्धिओ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪૩	૪	શત્ય	શૈત્ય
૪૩	૧ ૩૦	જાવંત્રા	જાવંત્રી
૪૩	૨ ૧	સાઠીચે ખા	સાઠીચોખા
૪૭	૩૭	પંચભંગ	પંચભૃંગ
૫૩	૩૮	પદાથ	પદાર્થ
૫૬	૩૭	સ્થલશરીરને	સ્થૂલશરીરને
૭૪	૧૩	ૂલ	ફૂલ
૭૯	૩૯	જવી	જેવી
૮૦	૨૫	મસ્તકશળ	મસ્તકશૂળ
૮૨	૪૧	ત્રોપાન	ત્રોપાનાં
૮૫	૩૨	પદાથ સવકાળ	પદાર્થ સર્વકાળ
૮૯	૯	દુધર	દુર્ધર
૯૯	૫	સવ	સર્વ
૧૧૦	૩	વ્રાદ્ધ	વૃદ્ધિ
૧૧૦	૧૧	ગભ–	ગર્ભ–
૧૧૦	૪૦	સવ	સર્વ
૧૧૪	૧૭	ઇડાલંબુ	ઇડલિંબુ
૧૨૦	૩૧	મસ્તકશળ	મસ્તકશૂળ
૧૨૪	૨	જાનાં	જૂનાં
૧૨૬	૬	ૂરશાના	ફૂરશાના
૧૨૮	૨૩	યોનિશળ	યોનિશૂળ
૧૩૦	૧૧	મે ઢું	મોઢું
૧૩૦	૧૧	સર્વશળ	સર્વશૂળ
૧૪૪	૪૦	કમાલની	કમલિની
૧૪૬	૨૬	સપ	સર્પ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪૬	૩૮	ાત્રે	રાત્રે
૧૫૨	૧૬	કાજા	કાજૂ
૧૫૨	૨૪	વિકાર)	(વિકાર)
૧૬૦	૧૦	ૂલ	ફૂલ
૧૭૯	૪૦	છંદો	છુંદો
૧૮૩	૧૫	વિદ્રાધ	વિદ્રધિ
૨૦૦	૨૩	એન	એનાં
૨૦૦	૪૨	રોગમ	રોગમાં
૨૦૨	૪૩	એને	એનો
૨૦૩	૪	વાતશળ	વાતશૂળ
૨૦૮	૩૪	શિરારોગ	શિરોરોગ
૨૧૬	૧	આયભિષક્	આર્યભિષક્
૨૧૬	૩૫	જેટલ	જેટલાં
૨૧૭	૮	રજોદશન	રજોદર્શન
૨૧૭	૧૭	કંકાલ	કંકોલ
૨૧૯	૧૧	ૂલ	ફૂલ
૨૨૪	૩૫	સુખપૂવક	સુખપૂર્વક
૨૨૬	૪	ઘત	ઘૃત
૨૩૮	૧૩	જાના	જૂના
૨૭૧	૪૧	થો	(કુંથો
૨૭૪	૩૭	ચાવ	ચાવી
૩૧૭	૯	જેટલ	જેટલી
૩૧૭	૨૧	ખારવા	જે ખારવા
૩૧૮	૨૨	તર	તર)
૩૨૧	૨૮	કાંકરનાં	કાંકેરનાં

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૩૨૧	૨૯	જીણુજ્વર	જીર્ણજ્વર
૩૬૭	૯	વધ માન	વર્ધમાન
૩૮૮	૧૪	વિસપ	વિસર્પ
૩૯૧	૩૬	અક	એક
૩૯૮	૨૦	સવ	સર્વ
૪૦૦	૨૧	યોનિશ્રળ	યોનિશૂળ
૪૦૨	૩	સવ	સર્વ
૪૧૩	૯	અજીણુ	અજીર્ણ
૪૨૭	૨૧	ચિહ્ન	ચિહ્ન
૪૬૦	૨૨	શરદાથી	શરદીથી
૪૯૮	૨૧	વષ	વિષ
૫૩૧	૧૭	આષધ	ઔષધ
૫૩૨	૪૧	વરેચનથી	વિરેચનથી
૫૩૯	૩	નિશ્રષ્ટ	નિશ્રેષ્ટ
૫૪૩	૨૭	ાય	હોય
૫૮૦	૩૨	અદિ ત	અર્દિત
૫૮૬	૩૪	કટિશળ	કટિશૂળ
૬૦૮	૩	તથ	તથા
૬૧૦	૪૦	વડ	(વડ
૬૧૧	૪૨	સંપૂણુ	સંપૂર્ણ

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૬૩૧	૪૧	કર	કરી
૬૩૩	૪	રોગમ	રોગમાં
૬૩૮	૩૭	અ	અને
૬૪૪	૩૩	ઔષાધ	ઔષધિ
૬૪૭	૨૫	સ્રીષત	સ્રીવૃત
૬૫૭	૧૯	ત્રંસડુ	ત્રુંસડું
૬૮૪	૪	મુખમ	મુખમાં
૭૦૨	૧૪	અજીણુ	અજીર્ણ
૭૦૩	૧૮	પેટશળ	પેટશૂળ
૭૨૭	૨૦	સવે	સર્વે
૭૩૧	૩	સૂર્યાવત	સૂર્યાવર્ત
૭૪૦	૩૫	ચૂણુ	ચૂર્ણ
૭૪૫	૨૧	અક્કલકરાદ	અક્કલકરાદિ
૭૪૮	૨	જ્વરકસરી	જ્વરકેસરી
૭૫૧	૩૮	વધમાન	વર્ધમાન
૭૬૦	૨૨	સ્રીઓન	સ્રીઓનાં
૭૭૨	૫	વીય	વીર્ય
૭૮૦	૨૮	આગ્નબળ	અગ્નિબળ
૭૯૧	૧૨	કર	કરે
૭૯૮	૩૮	ખડસશળ	ખડસશૂળ

सद्ग्रंथसामर्थ्य

સોરઠા

માનવ મોટું ભાગ્ય, જો તું ઇચ્છે તાહરૂં;
તો તો ઝટપટ જાગ્ય, સદ્ગ્રંથો હાકલ કરે.
મહાપુરુષનો સંગ, માનવ મળવો દોહલો;
આપે એનો રંગ, આદેશોના ગ્રંથ શુભ.
અંધકાર–અજ્ઞાન, તેહ ટાળવા ઊગીયો,
જ્ઞાન–સૂર્ય એ જાણ, તુજ પૂર્વજનો વારસો.
લોહ સમું જે મન, માટીમાં માટી બને;
તેહ થાય કાંચન, પારસગ્રંથ સમાગમે.
માનવ મોંઘો દેહ, એહ થવા નવ ઓ વૃથા;
અમરપણું લે એહ, જ્ઞાન ધ્યાન ચારિત્રથી.
વેહેવા ચાહો વીર, મ્હોટા જનને મારગે;
ગ્રહો જ્ઞાનચારિત્ર, ચરિત્ર વાંચી તેમનાં.
જીવન ઉત્તમ થાય, ચરિત્ર ઉત્તમ વાંચતાં;
એ અર્થે વંચાય, ચરિત્રગ્રંથો ચાહથી.

દોહરા

પરમ શ્રેયને પામવા, રાજી કરવા રામ;
ઉત્તમ ગ્રંથો વાંચવા, કરવાં રૂડાં કામ.

अनुक्रमणिका

पूर्वार्ध

प्रकीर्ण विषयो

वनौषधि-गुणादर्श

उतरार्ध

१–सुबोध वैद्यक

क–स्थावर झेर (विषे) अने तेना उपाय

ख–झेरी डंख (जंगम विष) अने तेना उपाय

स्त्रीओना रोग

२–गोवर्ग

३–प्राणिज औषधि

४–रसवर्ग

ओषधिक्रिया

૩—गुटिका (गोळीओ)

૪—कवाथ

૫—योग

૬—लेप

૭—अर्क

૮—आसव

૯—अंजन

૧૦—तैल

૧૧—घृत, क्षार, मलम

बृहत्पाकसंग्रह

અનુક્રમણિકાની પૂરવણી

ઔષધિની કેટલીક બનાવટો તથા બીજી જાણવા જેવી બાબતો તે તે ઔષધિઓના પ્રકરણમાં પેટાબાબતો તરીકે આવી ગયેલી; પરંતુ બનાવટોના પ્રકરણમાં નહિ આવેલી હોવાથી સામાન્ય અનુક્રમણિકામાં પણ તે આવી શકી નથી; જેથી તેની છેવટે આ પૂરવણી જોડીને તેવી બાબતો તથા બનાવટો—કે જેની તારવણી સંશોધક સદ્‌ગૃહસ્થે કરી મોકલી હતી; તે આ નીચે આપવામાં આવી છે. આમાંની કોઇ કોઇ બાબત પાક ઈ૦ બનાવટોના પ્રકરણમાં જેમની તેમ આવી ગઇ હોય તો સંભવિત છે; પરંતુ એવી પુનરાવૃત્તિથી નુકસાન તો નથીજ.

સદ્ગ્રંથસેવનના ખાસ ફાયદા

यस्यास्ति सद्ग्रन्थविमर्शभाग्यं, किं तस्य शुष्कैश्चपलाविनोदैः ॥

અર્થાત્—જેને સારા સારા ગ્રંથો વાંચવાવિચારવાનું સદ્ભાગ્ય મળેલું હોય તેના આગળ ચંચળ લક્ષ્મીના શુષ્ક વિનોદ શી ગણતરીમાં છે ?

"તમે ગમે તેવી નવલકથાઓ અને બીજું જે આવ્યું તે વાંચવા મંડી પડો છો, પણ એવું તો તમે થોડું વાંચો તેમજ સારૂં. ગીતાજી વાંચો, વેદાંતનાં બીજાં પુસ્તકો વાંચો; કેમકે તેની આખા જીવનસુધી જરૂર છે."

સ્વામી વિવેકાનંદ

"પુસ્તકોમાં હું ગુંથાયેલો રહી શકતો તેથી મને બે માસ વધારે જેલ મળત તોપણ હું કાયર થાત નહિ; એટલુંજ નહિ પણ મારા જ્ઞાનમાં ઉપયોગી વધારો કરી શકવાથી હું ઉલટો વધારે સુખચેનમાં રહેત. હું માનું છું કે, જેને સારાં પુસ્તકો વાંચવાનો શોખ છે, તે ગમે તે જગ્યાએ એકાંતવાસ સહેલાઈથી વેઠી શકે છે. × × એક પછી બીજું, એમ પુસ્તકો વાંચતાં છેવટે તમે અંતરવિચાર પણ કરી શકશો."

મ૦ ગાંધીજી

"બંધુઓ ! સારાં પુસ્તકો એટલે શું એ તમે જાણો છો ? સારાં પુસ્તકોની કિંમત તમે સમજો છો ? ભાઈ ! હજી આપણે એ નથી સમજતા. જો સમજતા હોઈએ તો આપણી હાલત આવી ન હોય. મને તો લાગે છે કે, જ્ઞાન એ આકાશ છે અને પુસ્તકો એ તેમાં શોભી રહેલા ચળકતા તારાઓ છે; જ્ઞાન એ સમુદ્ર છે ને પુસ્તકો તે લાભ લઈ શકાય તેવાં વહાણો છે; જ્ઞાન એ સૂર્ય છે અને આપણા ઘરમાં આવી શકે એવો તેનો પ્રકાશ તે પુસ્તકો છે; જ્ઞાન એ સોનાની ખાણ છે અને પુસ્તકો તે તેમાંથી બનાવેલા આપણને બંધબેસતા થાય તેવા દાગીના છે; જ્ઞાન એ મોટામાં મોટી કિંમતી નોટો છે અને પુસ્તકો તે આપણા રોજના ઉપયોગમાં આવી શકે એવા ચલણી સિક્કાઓ છે; જ્ઞાન એ વાયુ છે અને પુસ્તકો તે એ વાયુને ખેંચી લાવી ઠંડક આપનાર પંખાઓ છે; જ્ઞાન એ અગ્નિ છે અને પુસ્તકો તે એ અગ્નિથી પ્રકટાવેલા દીવા છે; જ્ઞાન એ

પૃથ્વી છે અને પુસ્તકો તે આપણુને રહેવાલાયક મકાનો છે; જ્ઞાન એ અનાજનો ભંડાર છે અને પુસ્તકો તે રોટલા છે; જ્ઞાન તે મેઘ છે અને પુસ્તકો તે આપણા ઘરમાં રહી શકે તેવાં પાણીભરેલાં માટલાં છે; અને જ્ઞાન તે સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો તે એનો રસ્તો દેખાડનાર પૂજનીય દેવો છે. **સ્વ૦ પઢિયાર**

"મને પુસ્તકો વાંચવાથી જેવો આનંદ મળે છે તેવો આનંદ આ જગતમાં બીજા કોઈ પણ કામથી નથી મળતો. × × × માતૃભાષામાં વિવિધ જ્ઞાન આપનારા ગ્રંથોનો પ્રચાર થયા વિના કોઇ પણ પ્રજા ઉન્નતિ પામી શકતી નથી અને જાતીય ભાવના (સ્વદેશપ્રીતિ) પણ મેળવી શકાતી નથી. × × × બધી જાતની ઉન્નતિનું મૂળ જ્ઞાનની ઉન્નતિ છે. પશુ આદિના જેવી ઇંદ્રિયતૃપ્તિ સિવાયનું બીજું કોઇ પણ એવું સુખ તમે નહિ બતાવી શકો કે જેનું મૂળ જ્ઞાનની ઉન્નતિમાં રહેલું ન હોય. × × × સાહિત્ય-ઉદ્યાનના ચતુર માળી થવાનું સુભાગ્ય જેને પ્રાપ્ત થયું હોય અથવા જેનું મન સદૈવ સાહિત્યસરોવરનાં કમળોની મધુર સુગંધથી મસ્ત બનવા લાગ્યું હોય, તેને તો સાહિત્ય સિવાયનાં સ્વર્ગીય સુખો પણ તુચ્છજ લાગે છે." **બંકિમચંદ્ર**

"ગરીબોને દરિદ્રતામાંથી છોડવવાની, દુઃખીઓનાં દુઃખ દૂર કરવાની, શરીર તથા મનનો થાક ઉતારવાની અને માંદાંઓનું દર્દ ભુલાવી દેવાની ગ્રંથોમાં જેટલી શક્તિ છે, તેટલી શક્તિ ઘણું કરીને બીજી કોઇ ચીજમાં નથી." **"માર્ડન"**

"પુસ્તકો પ્રત્યેનો સ્નેહ એ ઇશ્વિરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે."

"ખરાબ ચોપડીઓનું વાચન, એ તો ઝેર પીવાસમાન છે."

"મહેલોથી તથા ધનવૈભવના અખૂટ ભંડારથી જે સંતોષ તમને નહિ મળે, તે સંતોષ તમને ઉત્તમ પુસ્તકોથી પ્રાપ્ત થશે."

"લીલા વનમાં ભૂખે મરનાર પશુમાં અને આટલાં આટલાં વાંચવાનાં સાધન છતાં જ્ઞાન-હીન રહેનારાં મનુષ્યમાં શું તફાવત?"

"સહવાસથી જેમ માણસના ગુણની અને પ્રકૃતિની પરીક્ષા થાય છે, તેમ જે પુસ્તકોનો તેને શોખ હોય છે તે ઉપરથી પણ તેના વિષે અનુમાન થાય છે."

"અવકાશની એકાદ ક્ષણનો પણ ઉપયોગ કરી લેવા માટે ગ્લૅડસ્ટન જેવો પ્રતિભાશાળી પુરુષ પણ ગજવામાં સદાય એકાદ પુસ્તક લઇને ફરે; તો પછી આપણા જેવાઓએ તો ખુલ્લી વૃથા જતી કિંમતી ક્ષણોને બચાવવા માટે શું ન કરવું જોઇએ?"

"ખોરાક વિનાના શરીરની પેઠે જ્ઞાનવિનાનું મન પણ નિર્માલ્ય છે. એ જ્ઞાનને મેળવવાનું સર્વોપરિ સાધન વાચન હોવાથી જે ઘરમાં સારાં પુસ્તકો નથી, તે ઘર ઘર નહિ પણ નિર્માલ્ય તનમનવાળાં જીવતાં મુડદાંઓને રહેવાની ઘોર છે."

એક વિદ્વાન ઠીકજ કહે છે કે "વાંચવાની હોંશ છોડી દેવાના બદલામાં કોઈ મને આખા હિંદુસ્તાનની સંપત્તિ આપે, તોપણ હું તેને કદી છોડું નહિ."

"પુસ્તકો તરુણાવસ્થામાં સુમાર્ગ દેખાડે છે, વૃદ્ધાવસ્થામાં મનરંજન કરે છે અને ઉદાસીને વખતે સમાધાન કરીને આપણું જીવન આપણને નકામું લાગવા દેતાં નથી. વળી તે આપણી ચિંતા તથા ક્રોધાદિને શાંત કરી નિરાશાનો નાશ કરે છે."

"ઉત્તમ ગ્રંથો, તેનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય, ધૈર્ય તથા પરોપકારવૃત્તિને વિસ્તારે છે; અને જેમ જેમ એ દૈવી ગુણોની સત્તા જામતી ચાલે છે, તેમ તેમ દુનિયાને પીડારૂપ આસુરી ભાવોની જડ નાશ પામતી જાય છે."

"ગ્રંથોની ઓરડીમાં ગયા પછી તમે એને હાથ નહિ લગાડો તો એ ગ્રંથોજ માનસવાણીથી તમને કહેશે કે:–'અમારામાં પુષ્કળ જ્ઞાન ભર્યું છે તે લ્યો અને વાપરો, એટલે તમારું કલ્યાણ થશે.' શું આ માનસવાણી ઓછી કિંમતી છે?"

उत्तम चरित्रोना फायदा
(અનુભવીઓના ઉદ્‌ગાર)

"ઉત્તમ જીવનચરિત્ર એ એક પ્રકારનું ખાસ દર્પણ છે. અરીસાવડે પોતાના ચહેરામાં ડાઘ જણાતાં-જ મનુષ્ય તેને કાઢી નાખવા અને કાંતિ વધારવા પ્રયત્ન કરે છે; તેમ પોતાના તનમનમાં પેઠેલાં ભૂષણદૂષણ જોવા–સમજાવામાં આવતાં મનુષ્ય દોષોને ટાળવા અને સદ્‌ગુણ વધારવાને ચરિત્રરૂપી આરસીવડે જાગ્રત થાય છે. વળી જે કામ ઉપદેશ અથવા બોધથી નથી બનતું તે કામ જીવનચરિત્ર સહેલાઇથી પાર પાડી શકે છે. શ્રમ લઇ વિદ્યા ભણો, દેશાટન કરો, સ્વદેશહિતેચ્છુ થાઓ, પ્રેમશૌર્ય દાખવો, એવા એવા ઉપદેશોથી થતી અસર કરતાં એવા ગુણોવાળાં અસામાન્ય માનવીઓનાં ચરિત્ર વાંચવાથી વધારે અસર થઈ ઊંડી છાપ પડીને તે પણ દિવ્ય માનવી બનવા ઉત્તેજાઈ આગળ વધે છે."

"ચરિત્રોના વાચનથી આપણું ચૈતન્ય સતેજ થાય છે; આશામાં જીવન આવે છે; આપણામાં નવું કૌવત હિંમત અને શ્રદ્ધા આવી આપણા ઉપર તેમજ બીજાઓ ઉપર શ્રદ્ધા રાખીએ છીએ; આપણામાં મહત્ત્વાકાંક્ષા જાગે છે; રૂડાં કાર્યોમાં અને મોટાઓનાં કામોમાં જોડાઇ તેમાં ભાગીદાર થવાને ઉત્તેજાઇએ છીએ. આ પ્રમાણે ઉત્તમ જીવનચરિત્રોના સહવાસમાં આવવું, રહેવું અને ઉન્નત થવા પ્રેરાવું, એ તે તે ઉત્તમ આત્માઓના અને ઉત્તમ મંડળના સહવાસમાં રહેવા બરાબર છે."

"ઉત્તમ ચરિત્રો બતાવી આપે છે કે, એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન કેટલે સુધી ઉત્તમ બનાવી શકે; કેવાં ઉચ્ચ કાર્ય કરી શકે અને જગતમાં કેટલી ઉચ્ચ અસરો ફેલાવી શકે."

"મહાન સ્ત્રીપુરુષોનાં જીવનચરિત્રોનું ચિંતન થવાથી આ વાત બરાબર સમજાય છે કે મહત્તાનો દરવાજો સર્વને માટે ઉઘાડો છે."

सारामाठा प्रसंगे ज्ञानलहाणी

ગરીબોને ગરીબાઇમાંથી ખેંચી કાઢવાની, દુઃખીઓનાં દુઃખ ટાળવાની, બોજાવાળાનો બોજો ભુલાવવાની અને બિમારોનું દર્દ ભુલાવવાની સારા ગ્રંથોમાં જેવી શક્તિ છે તેવી બીજા કશામાં નથી; પણ દેશદશા એવી છે કે વાંચી જાણે તેવા પણ ઘણાખરાઓ ગ્રંથ પાછળ પૈસા ખરચી શકતા નથી. માટે તેઓમાં જ્ઞાન–ચારિત્રવર્ધક ચોપડી–ચોપાનિયાં વિના મૂલ્યે ફેલાવવાં એ પણ સમજુ દાતાઓની ફરજ છે.

પોતે જ્ઞાનસિદ્ધ થઇને બીજાઓને જ્ઞાન આપવું એ તો કોકથી બને; પણ સિદ્ધાત્માઓના જ્ઞાન–ચારિત્રવર્ધક ઉત્તમ ઉપદેશો અને ચરિત્રોનાં પુસ્તકો તો સર્વ કોઇ બીજાઓને આપી શકે.

કોઇ કોઇ ઉદારાત્મા આ રીતે પણ ધનનો કંઇક સદુપયોગ કરે છે; પરંતુ વર્તમાન દેશદશા જોતાં આ પ્રકાર સૌ કોઇએ સારી પેઠે ચાલુ કરી ઉમદા રૂઢિરૂપ બનાવી દેવો જોઇએ.

સારામાઠા પ્રસંગે બીજો ખર્ચ થોડો ઘટાડીને પણ સ્થૂળ ભોજન સાથે આ માનસિક ખોરાકની પત્રાવલિરૂપ ઉમદા પુસ્તકો પ્રત્યેક મહેમાન, પડોશી, કુટુંબી, મિત્ર, જ્ઞાતિબંધુ, ગામલોકો, વિદ્યાર્થીઓ વગેરેને ભેટ કરાય તો તે ગમે તેવાં મિષ્ટાન્ન કરતાં બહુ વધારે ઉપકારક થાય એ ખુલ્લું છે.

ઇચ્છા હોય તો "અમુક પ્રસંગ અથવા વ્યક્તિના સ્મારકનિમિત્ત અમુક તરફથી ભેટ" કે એવું કાંઇ મુખપૃષ્ઠ પર છપાવીને, રબરસ્ટાંપથી છાપીને કિંવા હાથે લખીને પણ આપી શકાય, કે જેથી તે પ્રસંગ અને વ્યક્તિના સ્મારકનો હેતુ પણ પાર પડે.

માટે આ સંસ્થાનાં અને બીજાં ઠીક લાગે તે તે ખાસ ઉપકારક પુસ્તકો પોતાને ત્યાં આવતા નાનામોટા પ્રસંગે વહેંચીને ધનના સદુપયોગ સાથે જ્ઞાનચારિત્ર જેવી અસાધારણ ઉત્તમ વસ્તુના પ્રચારનું શ્રેય દરેક સમજુએ મેળવવું ઘટે છે.

છૂટથી ખર્ચ કરવા ઇચ્છનાર સજ્જન ધારે તો કોઇ ઉપકારક પુસ્તકની ખાસ આવૃત્તિ છપાવીને લહાણી કરી શકે; મધ્યમ ખર્ચ કરવો હોય તો અમુક પ્રતો ખરીદીને વહેંચી શકે. અને વધુ જાતનાં સારાં પુસ્તકો લીધાં હોય તો ભેટ લેનાર તેમાંથી મનગમતું પુસ્તક લઇ શકે. પાંચ–દશ રૂપિયા ખર્ચવા હોય તો ૨૫–૫૦ નાનાં પુસ્તકો અથવા નાની હજાર–પાંચસો પુસ્તિકાઓ વહેંચી શકાય. અને એકાદ રૂપિયો ખર્ચવો હોય તોપણ અસરકારક શિખામણોનાં સો–બસો હસ્તપત્ર વહેંચી શકાય. ન વાંચી જાણે તેને વાંચી સંભળાવવું એ પણ ઉત્તમ લોકસેવા છે.

आ. वैद्यमहोपाध्याय स्व० शास्त्री शंकर दाजी पदे

(પ્રયાગનિવાસી વૈદ્ય જગન્નાથપ્રસાદ શુકલના હિંદી ચરિત્રનો સારાંશ)

गुणिगणगणनारम्भे न पतति कठिनी सुसम्भ्रमाद्यस्य ।
तस्याम्बा यदि सुतिनी वद वन्ध्या स्त्री कीदृशी भवति ॥१॥

સંસારમાં એવા અસંખ્ય મનુષ્યો ભરેલા છે, કે જેઓનો સંબંધ પોતાનાં થોડાંક કુટુંબીજનો અને ઇષ્ટમિત્રો સિવાય સર્વસાધારણ જનસમાજ સાથે જરા પણ હોતો નથી. જે વિચારશીલ પુરુષો રાત્રિદિવસ દેશની દશાનો વિચાર કરે છે અને ઇચ્છે છે કે, દેશમાં પુરુષસિંહો-હિંસક જંગલી સિંહો નહિ પણ પરાક્રમી સાહસિક પુરુષાર્થી નરસિંહો પ્રકટે અને દેશમાં ધર્મનિષ્ઠ સપૂતોની સંખ્યા વધે; એવા પુરુષોના હૃદયમાંથી વર્તમાન ભારતવાસીઓની દશા જોઇને તથા તેમાં એકાદ બાળકના જન્મથી વધારો થતો જોઇને નિરાશાની સાથે એવાજ ઉદ્ગારો નીકળે છે કે, ત્રીસ કરોડ મુરદાલોમાં પૃથ્વીનો ભાર વધારવા માટે અને પૂર્વપુરુષોની કીર્તિ ઉપર કાટ ચઢાવવા અર્થે એક મુરદાલ જીવની સંખ્યા વધી. એજ પ્રમાણે કોઈ શિશ્નોદરપરાયણ મનુષ્ય મરી જાય છે, ત્યારે એવો વિચારશીલ સજ્જન બોલી ઉઠે છે કેઃ–'ચાલો ઠીક થયું, પૃથ્વીનો ભાર હલકો થયો અને ભારતવર્ષના વ્યર્થ જતા અન્નનો એટલો બચાવ થયો.' આ સ્થળે પ્રશ્ન એ ઉઠે છે કે, ત્યારે તે વિચારશીલ પુરુષ ચાહે છે કોને અને કોની કામના કરે છે? ઉપલા શ્લોકમાં એ વિષેજ કહેલું છે કે, જે પુરુષ સિંહ છે, જે સાચો સપૂત છે અને પોતાના ગુણોવડે પોતાની માતાની કૂખને દીપાવે એવો છે; તેજ સાધારણ જનસમાજમાં આશા, પ્રેમ અને સહાનુભૂતિનું સ્થળ છે. જે પુત્ર માતાની સેવા ન કરે—જનની જન્મભૂમિને કામ ન આવે, તે પુત્રજ શું કામનો? જે ગુણી પોતાના ગુણવડે સર્વસાધારણને લાભ ન પહોંચાડે, તે ગુણી શા કામનો? જે મનુષ્ય સમાજનાં સુખદુઃખને પોતાનાં ન સમજે, તે મનુષ્ય શું કામનો? જે સપૂતની કોઇ વિશેષ ગુણવાળા ગુણીઓમાં ગણત્રી ન થાય તે સપૂત શું કામનો? કોઈ વિશેષ ગુણની ચર્ચા ઉઠતાંજ તે ગુણ ધરાવનારાઓની ગણત્રીમાં જેનું નામ ગણવામાં આવતું નથી, તેવાં મનુષ્યોને મથાળે ટાંકેલા શ્લોકમાં કવિ સપૂત ગણતો નથી; અને તેની માતાને પુત્રવતીતરીકે સ્વીકારતો નથી. તે મોટા સંશયમાં પડી પ્રશ્ન કરે છે કે, જો એવાનીજ માતાને પુત્રવતી કહેવામાં આવે, તો પછી વંધ્યા—વાંઝણી સ્ત્રી કોને કહેવી? સારાંશ કે, જેને પુત્ર નથી હોતા તેજ વાંઝણી છે એમ નહિ, પણ જેના પુત્રો દેશને ઉપયોગી થઈ શકતા નથી અને જેના ગુણોનો સમાજને લાભ મળી શકતો નથી, તે પણ છતે દીકરે વાંઝણીસમાનજ છે; અને તેના પુત્રો પુત્ર પદવીને લાયક ગણાતા નથી. અમે જે સ્વર્ગવાસી સજ્જનનું જીવનચરિત્ર વાચકવર્ગ સમક્ષ રજુ કરીએ છીએ, તે પણ પોતાની માતાના અને જનની જન્મભૂમિના સાચા સપૂત હતા.

જો કે તેઓનાં (આ ગ્રંથના કર્તા સ્વ૦ શાસ્ત્રીજી શંકર દાજી પદેનાં) બધાં કાર્યોથી અમે વાકેફ નથી; અને જે વાત જાણીએ છીએ, તે વિસ્તારથી લખવા માટે અહીં સ્થાન પણ નથી; તેથી તેમના જીવનચરિત્રને સંક્ષેપમાં આપી, તેમનાં કાર્યોનો આભાસમાત્ર અહીં રજુ કર્યો છે.

પંડિત શંકર દાજી પદેના પૂર્વપુરુષ પૂના જીલ્લાના નારાયણ ગામમાં રહેતા હતા; કિન્તુ તેમના પિતા શ્રીયુત દાજી શાસ્ત્રી જોશી સહકુટુંબ મુંબઈમાં આવીને રહ્યા હતા. ત્યાંજ પોતાની જ્યોતિષવિદ્યાના પ્રભાવવડે સારી નામના મેળવવા સાથે દામ પણ ઠીક કમાયા હતા. શંકર દાજીનો જન્મ મુંબઈમાં સંવત ૧૯૨૩ ના ફાગણ વદ ૧૦ ના રોજ થયો હતો. "પદે" તેમના કુળનું "ઉપપદ" છે. સામાન્ય રીતે દેશસ્થ બ્રાહ્મણો શાંત, નિષ્કપટ, ધાર્મિક અને સાધુવૃત્તિના હોય છે અને આ બધા ગુણો તેમનામાં પૂર્ણ રીતે વિદ્યમાન હતા. મહારાષ્ટ્રમાં આજ સુધીમાં જેટલા સાધુઓ થયા છે, તે સર્વે દેશસ્થ છે; અને જેટલા રાજનૈતિક પુરુષો થયા છે તે પ્રાયઃ કોંકણસ્થ હતા અને છે.

શંકરરાવે આઠ વર્ષની અવસ્થામાં મરાઠી અભ્યાસ પૂર્ણ કરીને સુપ્રસિદ્ધ પ્રજ્ઞાચક્ષુ સાહિત્યાચાર્ય પંડિત ગટુલાલજી પાસે સંસ્કૃત સાહિત્ય, ન્યાય, વ્યાકરણ, મીમાંસા આદિનું અને પંડિત પ્રભાકર દાજી વાઇકરની પાસે વેદનું અધ્યયન કરવાનો આરંભ કરી દીધો હતો. પાઠશાળામાં તેઓનું નામ હમેશાં પહેલું રહેતું. વિદ્યાર્થીદશામાંજ તેમના અંતઃકરણમાં સાર્વજનિક કાર્યોના અંકુર ફૂટવા લાગ્યા હતા. કોઈ કોઈ વખતે પાઠશાળામાંજ પોતાની સાથે ભણનારાઓ તથા અન્ય બાળકોને એકત્ર કરીને પોતે વ્યાખ્યાન આપતા હતા. સહાધ્યાયીઓનું તેઓએ એક પંચ બનાવ્યું હતું અને નિશ્ચય કર્યો હતો કે, બાળકોમાં માંહોમાંહે જે ઝઘડા જાગે તેની અધ્યાપકો કે માબાપો પાસે ફરિયાદ નહિ લઇ જતાં તેનો એ પંચદ્વારાજ ફડચો લાવવો. બાલ્યાવસ્થામાં તેઓનો ક્રોધ શંકરના જેવો ઉગ્ર હતો; તથાપિ લાયક ઉંમરે પહોંચતાં તેઓએ ક્રોધને પી જવામાં અને ઉદ્દિષ્ટ—હેતુ પાર પાડવામાં સારી ખ્યાતિ મેળવી હતી. બારજ વર્ષની ઉંમરમાં પોતાના મોટાભાઇ અને કેટલાક મિત્રોની સહાયતાવડે "બાલમિત્ર" નામનું માસિક તેઓએ શરૂ કરી દીધું. તેના ખર્ચ માટે કોઇ પાસે યાચના નહિ કરતાં તેઓએ જે પ્રબંધ કર્યો હતો, તે ઉપરથી તેમના પુરુષાર્થ અને આત્મનિર્ભરતાનો પરિચય મળે છે. પોતાના પિતા તરફથી જે ખિસ્સાખર્ચ મળતું તેમાથી તેઓ ઉક્ત પત્રનું ટપાલખર્ચ તથા પત્રવ્યવહાર આદિનું પરચુરણ ખર્ચ નિભાવતા હતા. પત્રની છપામણી માટે તેઓએ "જગદીશ્વર" પ્રેસના માલિક શ્રીયુત નાના સાહેબની સાથે એવો પ્રબંધ કર્યો હતો કે, છપામણીના બદલામાં તેઓએ પ્રેસનાં પ્રૂફો વાંચી આપવાં. તેની પહેલાં "વિદ્યાપ્રકાશ"માં પોતે લેખ લખતા હતા, તે પણ ચાલુ રાખ્યા હતા. આવી રીતે હવે તેમની મરાઠી લેખકતરીકે ગણત્રી થવા લાગી અને વડોદરેથી (હવે મુંબઇથી) પ્રકટ થતા મરાઠી "સયાજી વિજય" પત્રના અધિકારીએ તેમને પોતાના પત્રના સંપાદકનું કામ કરવા માટે બોલાવ્યા. તે પત્રને હાથમાં લઇને તેમણે ધીરે ધીરે ખૂબ પ્રસિદ્ધિમાં આણ્યું; પરંતુ પિતાના ગાઢ પ્રેમને લીધે બે ચાર વર્ષમાં તેમને ફરી મુંબઇ જવું પડયું. તેઓ મુંબઇ તો ચાલ્યા ગયા, પણ તેટલા વખતના અભ્યાસ તથા અનુશીલન–મનનને પરિણામે તેઓ એક ચુનંદા મરાઠીલેખક બની રહ્યા હતા. ત્યારપછી તેઓએ બીજાની માલેકીના કોઇ પત્રના સંપાદક થવાનો ભાર ઉપાડયો નહોતો, તોપણ "શંકર" "પિનાકી" "ભ્રમર" આદિ ઉપનામોથી વખતો વખત છેવટ સુધી મરાઠી પત્રોમાં તેમના લેખો પ્રકાશિત થયા કરતા હતા. "નેટીવ ઓપીનિયન" નામના પત્રમાં "સૃષ્ટિસંચાર"ના નામથી તેમના લેખો અનેક વિષયોપર છૂટાછવાયા અને કોઇ વખતે તો નિયમસર પ્રકટ થયા કરતા હતા. કેટલીક વખત મરાઠી સમાજમાં તેમના લેખોથી ભારે હલચલ પેદા થતી હતી. ચારપાંચ વર્ષ પહેલાં "ભારત ધર્મ મહામંડળ" અને "થિયોસૉફી" ને લગતા તેમના લેખોથી ભારે ધૂમ મચી ગઈ હતી. બધાં મરાઠી અને ઘણાંખરાં હિંદી પત્રોનું તે તરફ ધ્યાન ખેંચાયું હતું અને થિયોસૉફીકલ સોસાયટીસંબંધી ધામધૂમ જોઇને ખુદ "કેસરી"ને પણ પોતે સ્વીકારેલા પક્ષનું સમર્થન કરવાનું છોડી દઇ ચૂપ રહેવું પડયું હતું. વિકટ અને ગંભીર ચર્ચાના વિષયો લખતાં પણ તેમની કલમ રોકાતી ન હતી. તેઓ રાત્રે લખવા બેસતા તો બે–ત્રણ વાગી જતા અને રાતના બે વાગે આંખ ઉઘડી જતી તો લખતાં લખતાં સવાર પાડી દેતા. એવી રીતે જાહેર કામ કરવાની સાથે "સયાજીવિજય" માંથી આવ્યા પછી કેટલાક દિવસ પછી તેઓએ જગદીશ્વર પ્રેસના વ્યવસ્થાપકતરીકે કામ બજાવ્યું હતું અને પ્રેસની ઉન્નતિ કરી હતી. તેઓ પોતાને કોઈ પણ રાજદ્વારી પક્ષના ગણાવતા ન હતા; પરંતુ પોતાની અંતિમ બિમારીના વખતમાં કેટલીક વખત "તિલક મહારાજ કી જય" કહીને ઉછળી ઉઠતા હતા અને એક દિવસ કહેવા લાગ્યા હતા કે "તિલકને તમે સાધારણ મનુષ્ય સમજતા નહિ; તે સાચા મહાત્મા છે." વ્યવહારમાં પણ તે પક્કા સ્વદેશી અને સ્વધર્માભિમાની હતા.

અન્ય વિષયોને છોડીને અમે હવે તેમના વૈદકના વિષયને હાથ ધરીશું. તેમના પિતાના કુળના લોકો જ્યોતિષી હતા તથા માતૃકુળમાં વૈદકની ચર્ચા અધિક થતી હતી અને તેમની માતા પણ વ્યાવહારિક વૈદક વિષયોનું સારું જ્ઞાન ધરાવતાં હતાં. તે સિવાય તેમની પાડોશમાં શ્રીયુત ભાનુ વૈદ્ય કુલકર્ણી નામે એક જાણીતા વૈદ્ય રહેતા હતા, જેમનો તેમના ઉપર વિશેષ સ્નેહ હતો

અને શાસ્ત્રીજી પણ તેમની પાસે ઘણો વખત બેસતા ઉઠતા; જેથી તેમના હૃદયપટ ઉપર વૈદક વિષયનું સરસ પ્રતિબિંબ પડયું હતું. તેમનું વલણ વૈદકની તરફ જોઇને તેમના પિતાએ પણ તેમને વૈદકનો અભ્યાસ કરવાની સલાહ આપવાથી તેઓ બહુ પ્રસન્ન થયા. ઉપર જણાવેલા મહાશય કુલકર્ણી શાસ્ત્રાધ્યયનની અપેક્ષાએ અનુભવમાં ઘણા પાવરધા હતા, જેથી અનુભવજન્ય વૈદકજ્ઞાન તેમની પાસેથી પ્રાપ્ત કરી શાસ્ત્રના અભ્યાસને માટે બીજો માર્ગ લીધો હતો. વૈદકના અભ્યાસ સાથે તેઓએ વેદાભ્યાસ, અન્ય શાસ્ત્રાભ્યાસ તથા વ્યાખ્યાન દેવાં, સાંભળવાં અને વખત મળતાં કીર્તન આદિમાં પણ જતા હતા. આ બધી બાબતોથી ઘરનાં માણસો તેમનાથી ઘણાં પ્રસન્ન રહેતાં હતાં. આ વખતે તેઓએ "રાજવૈદ્ય" નામનું વૈદકનું મરાઠી માસિકપત્ર કાઢયું અને તેને પાંચ છ વર્ષ ચલાવ્યા બાદ 'આર્ય ભિષક્' પત્ર કાઢી તેમાં ઉક્ત માસિક ભેળવી દીધું.

મરાઠીમાં મહાત્મા તુકારામ વદે છે કેઃ—"**निश्चयाचे बल । का म्हणे तेची फल ।**"

અર્થાત્ જે મનુષ્યમાં નિશ્ચયનું બળ હોય છે, તેને અવશ્ય સફળતા પ્રાપ્ત થાય છે. આવા નિશ્ચયબળના કારણથીજ તેઓ એકલે હાથે ઘણું કામ કરવાને સમર્થ થયા હતા. "રાજવૈદ્ય" કાઢયા પહેલાં અને આયુર્વેદનો અભ્યાસ કર્યા પછી તેઓએ જોયું કે, આપણા ઘણાજ પ્રાચીન, લોકોત્તર અને લોકોપકારી આયુર્વેદશાસ્ત્રની ભારે અવગણના થઈ રહી છે અને તે બહુ ખરાબ હાલતમાં આવી પડયું છે. આ વિચારથી તેમનામાં એક પ્રકારની દૈવી સ્ફૂર્તિ ઉત્પન્ન થઈ અને આયુર્વેદના પઠનપાઠનનો પ્રચાર વધારવા માટે સ્થળે સ્થળે શાળાઓ ખોલવાની આવશ્યકતા વિચારી. આયુર્વેદનું રહસ્ય લોકો બરાબર સમજે તેટલા માટે ઋષિપ્રણીત પ્રાચીન ગ્રંથોની શોધખોળ કરીને તેને પ્રકાશિત કરવાનો તેઓએ નિશ્ચય કર્યો. તેઓએ એમ પણ જોયું કે, વર્તમાન વૈદ્યોના દિલમાં પોતાની ઉન્નતિ કરવાની ઉત્તેજના પેદા થાય એ વાતની ઘણી જરૂર છે, તેથી સ્થળે સ્થળે વૈદક સભાઓ સ્થાપવા તરફ તેઓએ લોકોનું ધ્યાન ખેંચ્યું. જેમ આજકાલ વૈદ્યો ઉપર શનિશ્ચરની દશા બેઠી છે અને ડૉકટર લોકો તેમનો ધંધો ડૂબાડી દેવા માટે ટાંપીને બેઠા છે, તેમ તે વખતે પણ મુંબઈ ઈલાકામાં વૈદ્યોની સામે ઘોર આંદોલન ચાલી રહ્યું હતું. આથી કરીને તેઓએ પોતાનું આંદોલન એવી હીકમતની સાથે શરૂ કર્યું કે જેથી કરીને ડૉકટરોની સાથે વિરોધ ન વધે અને તેમની તરફથી પોતાના કામમાં મદદ પણ મળે. તેમની આ યુક્તિના ફળરૂપે વૈદક સંમેલનોની સૃષ્ટિ પેદા થઇ છે. આવાં સંમેલનોમાં વૈદ્યોની સાથે ડૉકટરો પણ એકત્ર થઇને વૈદકવિદ્યાની ઉન્નતિપર વિચાર કરવા લાગ્યા અને આવા સંસર્ગથી તેઓ આયુર્વેદનું મહત્ત્વ સમજવા લાગ્યા તથા તેમનામાં એવો પણ વિશ્વાસ પેદા થયો કે, જે વૈદ્યોને અમે અયોગ્ય સમજીએ છીએ, તેઓ પોતાની વિદ્યામાં કુશળ છે. શાસ્ત્રીજીએ પોતાના આ બધા વિચારોને કાર્યના રૂપમાં મૂકવા પહેલાં મુંબઈ ઇલાકાના તત્કાલીન વિદ્વાન અને મોટા પુરુષોની પાસે તે રજુ કર્યા હતા; અને પોતાના સાથીઓની સાથે તેના ઉપર મસલત ચલાવી તેને પાર પાડવા માટે તેઓની સહાયતા માગી હતી; પરંતુ સારી જેવી સહાય આપવાને કોઈ પણ તૈયાર થયું નહિ. કેટલાકોએ જીભથીજ જમે ઉધારનું પાસું સરખું કરી સહાનુભૂતિ દર્શાવી; અને કેટલાકોએ તો તેમના વિચારો સાંભળી તેમને શેખચલ્લીની ઉપમા આપીને ખૂબ મજાક ઉડાવી. શાસ્ત્રીજી નિશ્ચયના પક્કા હતા, તેથી પોતાના ઉત્સાહનો ભંગ થવા દીધો નહિ અને "રાજવૈદ્ય"ની પછી "આર્યભિષક્"ને બરોબર ચાલુ રાખ્યું. તેઓએ ધાર્યું કે, જે વિચારો મારા મગજને વારંવાર ડોલાયમાન બનાવે છે, તે વિચારો બીજા પણ ભારતવર્ષના થોડાઘણા સપૂતોના મગજમાં શું નહિ આવતા હોય? જરૂર આવતા હશે; અથવા કદી એમ નહિ પણ બનતું હોય, તોપણ જો હું મારા વિચારો લોકો આગળ રજુ કરૂં તો થોડાઘણા લોકો પણ પોતાની સહાનુભૂતિ દર્શાવી મારા સહાયક નહિ બને એમ કેમ કહી શકાય? આ ઉપરથી પોતાના વિચારો જણાવવા માટે તથા લોકોના વિચારો જાણવામાટે માસિકપત્રને તેઓએ અચ્છું સાધન માન્યું હતું. માસિકપત્ર ચાલુ રાખવામાં તેમનો એવો પણ ઉદ્દેશ હતો કે, લોકોમાં એવા વિચારોની ઉત્પત્તિ હજુ થઇ નથી એમ ધારવામાં આવે તોપણ તેથી તેમને માટે ક્ષેત્ર તો તૈયાર થશેજ. પોતાની કલમરૂપી હળ ચલાવીને લોકોનાં હૃદયરૂપી ક્ષેત્રને વિચારરૂપી બીજ ઉગવા યોગ્ય બનાવવાની

તેમની ઇચ્છા હતી. સામાન્ય લોકોમાં કાર્ય નહિ કરવાની અને બીજાનો ઉપહાસ કરવાની જે વૃત્તિ નજરે પડે છે, તેને આવા સાધનવડે બદલી નાખી શકાશે, એવી તેમની માન્યતા હતી. આવું મહત્ત્વનું કામ પાર પાડવા માટેનું આવશ્યક સાધન-પોતાનું પત્ર-ચાલુ રાખવા માટે પ્રથમ થોડાં વર્ષસુધી તો તેમને "બાલમિત્ર" ચલાવવા માટે જે ઉપાયો કામે લગાડવા પડ્યા હતા, તે ઉપાયોનો આશ્રય લેવો પડ્યો હતો. આ વખતે જગદીશ્વર પ્રેસની નોકરી અથવા તો પિતા તરફથી મળતા ખિસ્સાખર્ચને બદલે એક બીજી સગવડ પ્રાપ્ત થઈ હતી. પોતાના વૈદકના ધંધામાં જે કાંઇ થોડુંઘણું પ્રાપ્ત થતું હતું, તેનો ઉપયોગ તેઓ પત્ર ચલાવવામાં કરતા હતા. તેમનો સ્વર્ગવાસ થયો ત્યાં સુધી "આર્યભિષક્" બરોબર ચાલુ રહ્યું હતું. એ પત્રથી વૈદકના પ્રેમી મરાઠી વાચકો ઉપર ભારે ઉપકાર થયો છે. આજસુધીમાં તેમને હાથે લગભગ પોણોસો પુસ્તકોના અનુવાદ, ટીકા, સંપાદન, પ્રકાશન આદિ કાર્ય થયાં હશે. શાસ્ત્રીજીએ વૈદકનાં કેટલાંક સારાં પુસ્તકો લખ્યાં છે. તેઓએ વૈદક વિષયના ૭૦૨ પ્રાચીન ગ્રંથોનું સૂચિપત્ર બનાવ્યું હતું અને જેમ જેમ પોતાનો અનુભવ વધતો ગયો, તેમ તેમ ગ્રંથ તેમજ અભ્યાસના ક્રમાનુસાર કોષ્ટકો બનાવીને, કયી રીતથી વૈદકનો અભ્યાસ કરવાથી મનુષ્ય ચઢીઆતા પ્રકારનો વૈદ્ય બની શકે, તે બતાવી આપ્યું હતું. ગુજરાતી ભાષામાં પણ તેઓએ કેટલાંક વર્ષોસુધી વૈદકનું એક માસિક ચલાવ્યું હતું. પોતાના વૈદકજ્ઞાનનો લાભ હિંદી વાચકોને પણ મળે તેટલા સારૂ સંવત ૧૯૬૦ માં પોતે "સદ્વૈદ્ય કૌસ્તુભ" નામનું હિંદી માસિક કાઢવાનું શરૂ કર્યું હતું. તે માસિકદ્વારા પણ હિંદી ભાષામાં પાંચ સાત પુસ્તકો તૈયાર થયાં છે. તેમનો વૈદકસંબંધી ઉદ્યોગ આટલેથીજ સમાપ્ત થયો ન હતો. કેટલાંક વર્ષ પહેલાં ડૉક્ટર પોપટરામ પ્રભુરામ આદિની સાથે મળીને તેઓએ મુંબઈમાં "આયુર્વેદ વિદ્યાલય" સ્થાપન કર્યું હતું. ખૂબ પ્રયત્ન અને પરિશ્રમ કરીને તે સંસ્થા માટે જબરદસ્ત સહાયતા એકત્રિત કરી તેને સારી સ્થિતિ ઉપર લાવી મૂકી હતી; પણ જ્યારે તેમને માલૂમ પડ્યું કે, આયુર્વેદને નામે તે ખાતું બિલકુલ અંગ્રેજી કોટ-પાટલૂન પહેરવા લાગ્યું છે, ત્યારે તેઓએ વ્યવસ્થાપક સભામાંથી પોતાનું નામ અલગ કરી નાખ્યું અને ત્રણ ચાર વર્ષ પહેલાં સ્વતંત્ર રૂપથી નાસિકમાં આયુર્વેદ વિદ્યાપીઠનું મૂળ નાખ્યું તથા નાસિક તેમજ નાગપુરમાં વૈદક વિદ્યાલયો ખોલી દીધાં.

વૈદકની ઉન્નતિ ચાહવાવાળા વૈદ્યો, હકીમો તથા ડૉક્ટરોને ઉત્સાહિત કરવા માટે ત્રણ વર્ષ થયાં હજારો રૂપિયા ખર્ચીને તેઓ તમામ ભારતવર્ષના વૈદ્યોનું એક રાષ્ટ્રીય સંમેલન દરવર્ષે કરતા હતા. તેમાં અનેક વૈદક વિષયોની ચર્ચા, આલોચના તથા પ્રત્યાલોચના થયા કરતી હતી. વૈદ્યોની પરીક્ષા લઇને તેમને યથાયોગ્ય ઉપાધિઓ પણ આપવામાં આવતી હતી. આ સમયે આખા હિંદુસ્થાનમાં તેઓએ આપેલી ઉપાધિથી વિભૂષિત થયેલા અનેક વૈદ્યો વિદ્યમાન છે. રાષ્ટ્રીય વૈદ્યસંમેલન ઉપરાંત પ્રતિવર્ષે એક પ્રાંતિક સંમેલનની પણ તેઓ ગોઠવણ કરતા હતા. આ પ્રાંતિક સંમેલનોની અત્યાર સુધીમાં ફક્ત મુંબઇ પ્રાંતમાંજ ગોઠવણ થઈ શકી હતી અને તેનાં ત્રણ અધિવેશનો પણ થઈ ગયાં હતાં. અન્ય પ્રાંતોમાં પણ વ્યવસ્થા કરવાના ઉદ્યોગમાં તેઓ હતા. સંવત ૧૯૬૬ની સાલમાં ગરમીની મોસમમાં પંજાબમાં જઇ ત્યાં કોઇ પ્રાંતિક કાર્યાલય ખોલવાનો તેમનો વિચાર હતો. તેમના સંમેલન આદિ કાર્યમાં નામદાર વડોદરાનરેશ, મહારાજા કોલ્હાપુર, મહારાજા દરભંગા, બરવાંધીશ રાયબહાદૂર શ્રીમાન રાઘવપ્રસાદ નારાયણસિંહ, શેઠ ખેમરાજ શ્રી કૃષ્ણદાસ વગેરે નૃપતિગણ તથા ધનવાન સજ્જનો તરફથી ઠીક સહાયતા મળતી હતી. તેઓ સંયુક્ત પ્રાંતને માટે એક પ્રાંતિક કાર્યાલય તથા ઔષધાલય સ્થાપિત કરવા અને એક વૈદક વિદ્યાલયનો પાયો નાખવા તેમજ સંવત ૧૯૬૬ ના કાર્તિક માસમાં કાશીમાં "ચતુર્થ રાષ્ટ્રીય વૈદક સંમેલન"ની વ્યવસ્થા કરવા માટે પ્રયાગ ખાતે પધાર્યા હતા. બધી વ્યવસ્થાનું કામ ચાલી રહ્યું હતું અને નવા વર્ષને પ્રથમ દિવસે ઉત્સવ કરીને કાર્યનો આરંભ થવાનો હતો; પરંતુ તે દરમિયાન તેઓ બિમાર પડ્યા અને રામનવમીના પવિત્ર દિને બપોરના સાડાબાર વાગતે તેમનો સ્વર્ગવાસ થયો. આયુર્વેદનો ઉદ્ધાર કરવા મથનાર આ કર્તવ્યનિષ્ઠ બ્રાહ્મણ આ પ્રમાણે ગંગાકિનારે અકાળે વિલીન થઇ ગયા ! ભારતવર્ષના વૈદક-આકાશનો એક ચમકતો સિતારો અસ્ત પામી ગયો ! ભારતીય વૈદ્યોનો એક સુહૃદ ગુમ થયો !

હિંદીના હિતનું તેમનું ત્રીજું કામ હિંદીને રાષ્ટ્રભાષા અને નાગરી લિપિને ભારતવ્યાપી બનાવવાનું હતું. તેને માટે તેમણે હજારો રૂપિયાનો ખર્ચ કર્યો હતો. લગભગ ૧૧ વર્ષ સુધી તેઓએ "ભારતધર્મ" પત્રને ત્રણ ભાષામાં કોઇ વખત માસિક, કોઇ વખત પાક્ષિક અને કોઈ વખત સાપ્તાહિકના રૂપમાં કાઢયા કર્યું હતું. આવા પત્રને જોઈએ તેટલાં ગ્રાહકો મળવાં મુશ્કેલ છે, છતાં ખોટ ઉપર ખોટ સહન કરીને અને તેની મફત વહેંચણી કરીને પણ છેક અંતની ઘડી સુધી તેઓએ તે પત્ર ચલાવ્યું હતું. મરતી વખતે પણ તેઓ પોતાના ઉદ્દેશને ભૂલ્યા નહોતા. મરવાના બે દિવસ પહેલાં તેઓએ લથડતી જીભે કહ્યું હતું કે:–" હે અખિલ ભારતનાં નિવાસીઓ! સાંભળો, મેં ભારતની ભાષાઓને એક કરવાનો પ્રયત્ન કર્યો છે; પરંતુ...હવે તમે તેને સંભાળો." ત્યારપછી તેઓ જે કાંઇ બોલ્યા, તે સમજી શકાયું નહિ. ત્રીસ વર્ષ પહેલાં મેળાવડાના જલસા એટલા લાભદાયક માનવામાં આવતા ન હતા; પણ તે વખતે તેઓ સમજી શક્યા હતા કે, તેવા જલસા મારફતે રાષ્ટ્રીય જાગૃતિનું કામ ઘણું સારૂં થઇ શકે છે. તેઓએ ત્રીસ વર્ષ પહેલાં "આર્ય મિત્ર મેળા"ની સ્થાપના કરી, વીસ વર્ષ સુધી તે કાર્ય કર્યું અને જ્યારે તે કામ દઢ થયું ત્યારે તેની વ્યવસ્થાનો ભાર બીજાઓને સોંપી દીધો. હાલમાં તે મેળો ગણપતિઉત્સવના એક સ્તંભસમાન ગણાય છે. ગણપતિઉત્સવ અને દશેરા આદિ ઉત્સવો ઉપર તેઓ રાષ્ટ્રીય તેમજ ધાર્મિક જાગૃતિ કરવા ચૂકતા ન હતા. તેમનો મિલનસાર સ્વભાવ અને મીઠી વાણી પ્રશંસનીય હતાં. ઉદ્યોગી અને પરિશ્રમી તો તેઓ એટલા બધા હતા કે તેમનાં કાર્યોના વિસ્તારનો વિચાર કરતાં આશ્ચર્ય થાય છે કે, એકલે હાથે આટલાં બધાં કાર્યો હાથ ધરીને તેઓ કેવી રીતે પાર ઉતારી શકતા હશે! મસ્તિષ્કજ્વરથી કેવળ ૪૨ વર્ષની વયે તેમનો દેહાંત થઇ ગયો. જેની સાથે મિત્રતા થતી, તેની સાથે પછી ઉચ્ચ–નીચ ભાવની ભાવના બિલકુલ રાખતા નહિ. તેઓએ એટલો બધો ઉદ્યોગ કર્યો, એટલા એટલા રાજામહારાજાઓને સહાયક બનાવ્યા છતાં પોતાને માટે કાંઈ ધન એકઠું કર્યું નહિ. તેઓને જે મળતું તે બધું પ્રાયઃ સાર્વજનિક કામમાંજ વાપરી દેતા હતા. ગરીબો ઉપર તેમની હંમેશાં દયાદૃષ્ટિ રહેતી હતી. તેમને મફત દવા આપતા અને તેમની સાથે માયાળુપણે વર્તતા હતા. તેઓ હંમેશાં કહ્યા કરતા કે, વ્યાપારની દૃષ્ટિથી પણ ગરીબોને મફત દવા આપવામાં આવે તો તે વ્યર્થ જતી નથી; કારણ કે તેઓને આરામ થયેથી તેઓ તમારી જીવતી જાહેરખબરતરીકે કામ બજાવશે, સર્વત્ર તમારા ગુણો ગાશે અને તેથી અંતે તો તમનેજ લાભ પહોંચશે અને તમારો વ્યાપાર વધશે.

તેઓનું એકપત્નીવ્રત પણ વખાણવા યોગ્ય હતું. ૨૧ વર્ષની ઉંમરે તેમનો વિવાહ થયો હતો. કોઇ બિમારી વખતે અનુચિત ક્ષારાદિ ઔષધિ આપવાથી તેમની સ્ત્રીનું સ્વાસ્થ્ય બગડી ગયું હતું. આવી રીતે બનવાથી જેને લોકો સાંસારિક સુખ કહે છે, તેનાથી સદાને માટે તેઓ વંચિત રહ્યા હતા. સંતાન થવાની આશા રહી નહિ તોપણ ઘરવાળાઓના લાખો આગ્રહ છતાં તેઓએ બીજો વિવાહ કર્યો નહિ; તેમજ દાંપત્યપ્રેમમાં પણ કદી ન્યૂનતા આવવા દીધી નહિ. જેવા પ્રેમથી તેઓ પોતાની સ્ત્રીને ચાહતા હતા, તેવાજ પ્રેમ અને અટલ ભક્તિથી તેમનાં પત્ની તેમને ચાહતાં હતાં અને હજુ પણ મૃતપતિ પ્રત્યે તેમની તેવીજ લાગણી છે. કેવળ પોતાના પુત્રસમાન પ્રિય ભત્રીજાને દુઃખી નહિ થવા દેવાના વિચારથીજ તેઓ પોતાનો પ્રાણ ધારણ કરી રહ્યાં છે. તેમને સંતાન ન હતું તોપણ તેમનું હૃદય વાત્સલ્યપ્રેમથી શૂન્ય ન હતું. નાના ભાઇના એકના એક દીકરા (ત્રણે ભાઇઓ વચ્ચે માત્ર આ એકજ પુત્રસંતાન છે) માતા પિતા વગરના બાલા સાહેબ ઉર્ફે ગોવિંદરાજ દિનકરને તે બંને પતિપત્ની પુત્રથી પણ વધારે રાખતાં હતાં. શંકરશાસ્ત્રી ક્યાંય ચાર દિવસને માટે પણ જતા તો ત્યાં સ્ત્રી તથા ભત્રીજાને સાથે લઇ જતા હતા.

પહેલાં પ્રશ્ન એ થતો હતો કે, શાસ્ત્રીએ આરંભ કરેલાં કાર્યોની દશા શું થશે? બીજા વિષયોને જવા દઇએ તોપણ વૈદકના ઉદ્ધારને માટે, દેશમાં શિક્ષિત વૈદ્યો તૈયાર કરવાને માટે, વૈદકના ગૂઢ વિષયોની મીમાંસા કરવાને માટે તથા સારા સંપાદકોને હાથે વૈદકના ગ્રંથો પ્રકાશિત કરવાને માટે શાસ્ત્રીજીએ જે ઉદ્યોગ આરંભ્યો હતો તે કેવી રીતે ચાલુ રહેશે? શું તે બધાની તેમના મૃત્યુ

સાથેજ સમાપ્તિ થઈ જશે? આ ભાગ્યહીન દેશમાં ઘણેભાગે એવુંજ થતું જણાય છે કે, કોઈ અસાધારણ પુરુષ જો મહાન કાર્ય આરંભે છે, તો તે કાર્યમાં અંતરાયો અને વિઘ્નો આવવા છતાં પણ હિંમત નહિ હારતાં પ્રયત્ન કરતા રહેવાથી, તેમના જીવનપર્યંત તો જેમ તેમ ચાલે છે; પરંતુ તેમનો દેહ છૂટયા પછી તો તે કાર્ય જ્યાંનું ત્યાંજ શિથિલ થઈ જાય છે. શાસ્ત્રીજીનાં કાર્યોની પણ જો આવીજ દશા થઇ હોત તો અમે તો શું પણ સહૃદય દેશહિતૈષી-માત્રને દુઃખ થયા વગર રહેત નહિ; પરંતુ બાલા સાહેબના ઉદ્યોગ અને શાસ્ત્રીજીનાં કામો ચાલુ રાખવાને માટે નિમાયેલી સુપ્રસિદ્ધ લોકોની કમિટિ તરફ જોતાં, સંપૂર્ણ રૂપમાં નહિ તો કોઇ ને કોઇ અંશમાં પણ શાસ્ત્રીજીનાં કાર્યો ચાલુ રહેવાની આશા રહે છે. પરમાત્મા તેમના સહાયક બનો! શાસ્ત્રીજીએ પોતાની પાછળ પોતે આરંભેલાં કામોની વ્યવસ્થા કરવાને માટે પંડિત લક્ષ્મણરાવ કૃષ્ણશીકર વૈદ્ય જેવા યોગ્ય કાર્યકર્તાઓને તૈયાર કર્યા છે, કેટલાક રાજામહારાજાઓને સહાયક બનાવ્યા છે, રાયબહાદૂર રાઘવપ્રસાદ નારાયણસિંહ જેવા તેમના સુહૃદ છે, આખા ભારતવર્ષના સેંકડો વૈદ્યોને તેઓએ પોતાના મિત્રો બનાવ્યા છે; તેથી આશા રહે છે કે, તેઓ સર્વ સાથે મળીને શાસ્ત્રીજીએ શરૂ કરેલાં કામો ચાલુ રાખવા બનતો ઉદ્યોગ કરતા રહેશે.

શાસ્ત્રીજી પોતાનું કર્તવ્ય કરી ગયા છે, માર્ગ બતાવી ગયા છે અને હવે તો તેમના મિત્રો અને દેશહિતૈષીઓનું કામ છે કે, તેમની ઇચ્છાઓને પૂર્ણ કરે. પરમાત્મા તેમના આત્માને ચિર-શાન્તિનું પ્રદાન કરે અને તેમના કાર્યને આગળ વધારવાની ઇચ્છા રાખવાવાળા ઉદ્યોગી જનોને સહાયતા તેમજ સફળતા આપે! ૐ શાંતિઃ।

वैद्यकनी औषधि परिभाषा

१—औषधि युक्तायुक्त विचार

સર્વ કામોમાં નવાં ઔષધોનીજ યોજના કરવી; પરંતુ વાવડીંગ, લીંડીપીપર, ગોળ, ધાણા, મધ અને ઘી, એ છ પદાર્થ જૂના (એક વર્ષ પછીના) જોઇએ. ગળો, કડાની છાલ, અરડુસી, કહોળું, શતાવરી, આસંધ, કાંટાસરીઓ, વરીઆળી, ચાંદવેલ એ નવ ઔષધો મળે ત્યાંસુધી લીલાંજ લેવાં અને લીલાં હોવાથી બમણાં લેવાં નહિ. બીજાં ઔષધો સૂકાં અને નવાં લેવાં અને લીલાં હોય તો બમણાં લેવાં. જે પ્રયોગમાં વખત કહેલો નથી, તે પ્રયોગમાં પ્રાતઃકાળ લેવો. જે ઔષધિનું અંગ કહેલું નથી, તેનાં મૂળ લેવાં. જે પ્રયોગમાં ભાગ કહેલો નથી ત્યાં તે સમભાગ લેવો. જે પ્રયોગમાં એક ઔષધ બે વખત કહેલું હોય ત્યાં તે બમણું લેવું. ચૂર્ણો, તેલ, ઘી ઇત્યાદિક સ્નેહ પદાર્થ તથા અવલેહ એમાં ઘણું કરી શ્વેત ચંદનજ યોજવું. કાઢા અને લેપ એમાં રક્તચંદન યોજવું. એક વર્ષ પછી ઔષધનું તેજ અને ગુણ કમી થાય છે. તેમાં ચૂર્ણ તો બે મહિને હીનવીર્ય થાય છે; ઘી, તૈલાદિક ચાર મહિને હીનવીર્ય થાય છે; ગોળી, અવલેહ તથા પાક એક વર્ષ પછી હીન-વીર્ય થાય છે; આસવ અને સોનું વગેરે સર્વ ધાતુની ભસ્મો, રસાયનો એ જેટલાં જૂનાં થાય છે, તેટલો તેમાં ગુણ વિશેષ થાય છે. ઘી અને મધ એ સમાન લેવું નહિ; લીધું હોય તો તે વિષતુલ્ય થાય છે. શાક, જાંબુ અને મધ, સાથે દૂધ આપવાથી સર્પની પેઠે માણસને મારે છે. ફણસનો ગર ખાઇ તે ઉપર પાન ખાવાથી તે વિષવત્ મારે છે. દૂધ કાઢયા પછી દશ ઘડી થઇ હોય તો તે વિરસ થાય છે અને તેજ દૂધ વીસ ઘડી પછી વિષ જેવું થઈ, પ્રાશન કરનારને ઘણો ઉપદ્રવ કરે છે. ગરમ કરેલું દૂધ વીસ ઘડીપર્યંત હિતાવહ હોય છે. રાત્રિનું દૂધ દિવસે પીવું નહિ. બાળકને બનતાં સુધી ઝેરી દવા આપવી નહિ. અફીણ પણ ન આપવું. કદાચ નછૂટકે આપવી પડે તો બહુ સંભાળથી યોગ્ય પ્રમાણમાંજ આપવી; તેમજ બાળકોને બહુ તીખી દવાઓ અને નશો

લાવનારી દવાઓ પણ આપવી નહિ. ગર્ભિણી સ્ત્રીને ગર્ભને નુકસાન કરે એવી ગરમ દવાઓ અથવા રેચની દવા કદી પણ આપવી નહિ. જલદ દવાઓ વૃદ્ધ તથા બાળકોને ઓછો ગુણ કરે છે. પારાવાળી કેટલીક દવાઓ જેટલી બાળકો જીરવી શકે છે, તેટલી મોટી ઉંમરનાં માણસો જીરવી શકતાં નથી.

२–औषधि लाववानो प्रकार

ઔષધિ લેવા પ્રાતઃકાળમાં જવું. ઉત્તમ જગ્યા ઉપરની વનસ્પતિ જોઇ તેનાં મૂળ અથવા છાલ જે લેવાનું હોય તે લેવાં. ઉકરડા ઉપરની, ખરાબ જગ્યા ઉપરની, જળમય જગ્યાનો આશ્રય કરી રહે છે તેવી, શ્મશાનમાં થનારી, જે જગ્યાપર ઘાસ ઉગતું નથી તે જગ્યા ઉપરની, ચોકઠા ઉપરની, કીડા લાગેલી, અગ્નિએ બળેલી, હિમથી દઝાયલી એવા પ્રકારની વનસ્પતિ લાવવી નહિ. આસો અને કાર્તિક એ મહિનાઓમાં સર્વ ઔષધિ રસભરી હોય છે. એટલા સારૂ સર્વ કાર્યો માટે તે બે મહિનામાં વનસ્પતિ લાવી રાખવી. રેચ થવા માટેની અને ઉલટી થવા માટેની ઔષધિ વૈશાખ અને જેઠ એ બે મહિનામાં લાવવી. જે વૃક્ષનાં મૂળ મોટાં હોય તે વૃક્ષનાં મૂળની છાલ લેવી. જે વનસ્પતિનાં મૂળ નાનાં છે તેનાં મૂળ લેવાં.

३–स्वरसादि पांच प्रकारना काढा

સ્વરસ એટલે અંગરસ; સારી લીલી વનસ્પતિ લાવી, તેજ વખતે કૂટી, કપડામાં ઘાલી તેને પીલી જે રસ નીકળે છે તે. *બીજો પ્રકાર—સુકાએલાં ઔષધો સોળ તોલા લાવી ચૂર્ણ કરી, તેનાથી બમણું પાણી માટલામાં નાખી તે ચૂર્ણ આઠ પહોર ભીંજવી રાખવું. પછી બીજે દિવસે ગાળી તે પાણી આપવું. ત્રીજો પ્રકાર—સુકાએલી વનસ્પતિ લાવી તેમાં આઠગણું પાણી રાખી, ચોથો હિસ્સો પાણી રહે તે પર્યંત કાઢો કરી આપવો. તે અંગરસ જડ છે, એટલે લેવો તો બે તોલા લેવો અને રાત્રે પલાળી રાખી તેનો સવારે કાઢો કર્યો હોય તો તે ૪ તોલા આપવો. મધ, સાકર, ગોળ, સર્વ ક્ષાર, જીરૂં, ઘી, તેલ અને ચૂર્ણાદિક એ અંગરસમાં નાખવાં હોય તો અર્ધો અર્ધો તોલો નાખવાં.

४–काढानो प्रकार

કાઢામાં સર્વ ઔષધો મળી રોજ ચાર તોલા ઔષધો લઈ કૂટવાં. તેમાં ૬૪ તોલા પાણી નાખી મંદાગ્નિએ માટલામાં અથવા બીજા વાસણમાં ઉકાળવું. પછી અષ્ટમાંશ એટલે આઠ તોલા કાઢો રાખવો અને તે આપવો. નાના બાળકને કાઢો ૩ માસાથી એક તોલા સુધી પાવો. કાઢામાં દૂધ, ઘી, તેલ, ગોળ, પીપર, સાકર વગેરે પદાર્થો અનુપાનતરીકે નાખવા હોય તો ૧૦ માસા નાખવા.

५–चूर्ण

શુષ્ક એટલે સૂકાએલું દ્રવ્ય લઇ ખાંડીને વસ્ત્રગાળ કરવું, તેને ચૂર્ણ કહે છે. તે મોટા માણસને ૬ માસાથી એક તોલાપર્યંત અને નાના બાળકને ૧ માસાથી ૩ માસાપર્યંત આપવું. ચૂર્ણમાં ગોળ સમભાગે નાખવો. સાકર બમણી નાખવી. ઘૃતાદિક પદાર્થોમાં ચૂર્ણ ચાટવાનું હોય તો ચૂર્ણથી બમણું ઘૃતાદિક જોઇએ. એકાદા ચૂર્ણને કાઢો, લિંબુનો રસ વગેરેની ભાવના (પુટ) દેવાની હોય તો એ સર્વ ચૂર્ણ ભીંજાય તેટલું તે પ્રવાહી હોવું જોઇએ.

६–वटिका (गोळीओ)

સાકરમાં કરવી હોય તો ચૂર્ણથી ચોગણી સાકરનો પાક કરી તેમાં ચૂર્ણ નાખી કરવી. ગોળમાં કરવી હોય તો બમણો ગોળ લેવો. મધ અને ગુગળમાં કરવી હોય તો તે સમભાગ લઈ કરવી.

---

* કેટલીક ચીજો લીલી હોવા છતાં તેમાંથી અંગરસ નીકળતો નથી; પરંતુ તેમને વાટી ગોળો કરી ઉપર કપડમાટી કરી માટી લાલ થતાં સુધી દેવતામાં તપાવી અંદરની વાટેલી વનસ્પતિ કાઢી લઇ ચોખ્ખા ઝીણા કપડામાં નાખી નીચોવવાથી અંગરસ નીકળે છે.

७–उकाळा करवाना प्रकार

૪ તોલા ઔષધ લાવી સારૂં ફૂટી રાખવું. એક માટલીમાં ૧૬ તોલા પાણી નાખી સારૂં ગરમ થયા પછી તેમાં તે ઔષધ નાખી સારૂં ઉકાળી ગાળી લેવું. આ ઉકાળો આપવો હોય તો આઠ તોલા આપવો. ફાંટની બીજી સાદી વિધિ આ પ્રકરણની છેવટે આપેલી છે.

८–हिम करवानो प्रका

૪ તોલા ઔષધ લાવી ફૂટી માટલામાં ૨૪ તોલા પાણી નાખી, તેમાં તે ઔષધ મેળવી, રાત્રિએ ભીંજવી રાખવું અને સવારમાં ગાળી લેવું, એને હિમ અને શીતકષાય કહે છે. તેનું પીવાનું માપ ઉકાળા જેવું છે.

९–कल्कनो प्रकार

લીલાં ઔષધ લાવી ચટણી જેવાં ઝીણાં વાટવાં અને સૂકાં હોય તો પાણી નાખી વાટવાં. તેને આપવાનું માપ ૧૦ માસા. કલ્કમાં મધ, ઘી, તેલ નાખવું હોય તો કલ્કથી દુપ્પટ નાખવું. સાકર સમાન નાખવી. દૂધ, પાણી ઇત્યાદિ પાતળા પદાર્થો ચોપટ નાખવા.

१०–अवलेह (चाटण)

જે મુખ્ય વસ્તુનો અવલેહ કરવાનો હોય તેનો સ્વરસ લેવો; અથવા કવાથ કરી ગાળી પુનઃ તે પાણીને ધીમા તાપ પર ઘાટું થવા દેવું. તેમાં મધ, ગોળ, અથવા સાકર તેમજ ઘી અને તેલ પણ મેળવવામાં આવે છે. અવલેહ પરિપકવ તૈયાર થયો કે નહિ તે જાણવા માટે તેને પાણીથી ભરેલા પ્યાલામાં નાખવાથી ડૂબીને તળીએ બેસે તો બરાબર થયો જાણવો. માત્રા ૦ાા થી ૨ તોલા સુધી.

११–पाक

જે વસ્તુનો પાક બનાવવો હોય તે વસ્તુનું ચૂર્ણ કરી તેનો લગભગ ૧૬ થી ૨૦ ગણા દૂધમાં માવો કરવો. પછી તે માવામાં ઘી નાખીને ચૂલા ઉપર હલાવી દાણો પાડવો. અથવા દવાના ચૂર્ણને પ્રથમ ઘીમાં શેકી રાતો દાણો પાડવો, અને તૈયાર માવાનો જુદો દાણો પાડવો. તૈયાર થયેલા દાણાના વજન બરાબર સાકરની ચાસણી ત્રણતારી કરી મેળવવી. બદામ, પીસ્તાંદિ તેજાનો તથા અભ્રક, બંગાદિ ભસ્મ જે મેળવવાની હોય તે છેવટે મેળવી થાળીમાં ઘી ચોપડી પાક ઠારવો. અથવા લાડુ બાંધવા.

१२–आसव

પાણીમાં ઉકાળ્યા વિનાનાં ઔષધોને ઠંડા પાણીમાં મેળવી મોં બંધ કરેલા વાસણમાં એકથી બે માસ સુધી ભરી રાખવાથી આસવ તૈયાર થાય છે. બનાવવામાં પ્રમાણ ન લખ્યું હોય ત્યાં ચૂર્ણ ૧ા શેર, મધ ૬ા શેર, ગોળ ૧૨ાા શેર, અને પાણી ૩૨ શેર લેવું.

१३–अरिष्ट

કોઇ દવાના ઉકાળાના પાણીમાં ઔષધોનું ચૂર્ણ મેળવીને એકથી બે માસ સુધી મોં બંધ કરેલા માટીના વાસણમાં રાખી મૂકવાથી અરિષ્ટ તૈયાર થાય છે. બનાવવામાં પ્રમાણ ન લખ્યું હોય ત્યાં ઉકાળો ૫ શેર, મધ ૬ા શેર, ગોળ ૧૨ાા શેર લેવો.

१४–मुरब्बा

જે વસ્તુનો મુરબ્બો કરવો હોય તે વસ્તુ સખ્ત હોય તો પ્રથમ ટોચીને બાફી લેવી. છાલ હોય તેની છાલ કાઢી અંદરના ગરભના ટુકડાને બાફવા, પછી તે વસ્તુના વજનથી ત્રણગણી સાકરની ચાસણી કરીને તેમાં તે વસ્તુ નાખવી. ચાસણી ત્રણતારી કરીને બાફેલી વસ્તુ મેળવવી; કારણ કે તે વસ્તુમાં રહેલું પાણી ચાસણીમાં મળીને ચાસણી ઢીલી કરી આપે છે. રુચિ પ્રમાણે મુરબ્બામાં એલચી, કેશર નાખવાં. મુરબ્બો ઠરે ત્યારે બરણીમાં ભરી મોં બંધ કરી કેટલી મુદત સુધી રાખી મૂકવાથી સ્વાદમાં તથા ગુણમાં સારો થાય છે.

૧૫–शरबत

જે વસ્તુનું શરબત બનાવવું હોય તે વસ્તુનો રસ, અર્ક અથવા ઉકાળો તૈયાર કરવો. પછી રસથી દોઢી સાકરમાં ચાસણી તૈયાર કરવાથી શરબત બને છે.

૧૬–घी–घृत

જે ઔષધિનું ઘી સિદ્ધ કરવું હોય તેના સ્વરસ અથવા કલ્કથી ૪ ગણું ઘી લેવું. ઘીથી ૪ ગણું પાણી અથવા દૂધ અથવા ગોમૂત્ર લેવું ને સુકી વનસ્પતિ હોય તો ૧૬ ગણા પાણીમાં ક્વાથ કરી ઘી સિદ્ધ કરવું. ક્વાથ અથવા કલ્કની સાથે ઉકાળતાં પાણીનો ભાગ બળી જાય અને ઔષધિનો ભાગ પાકીને લાલ થઇ જાય તથા ઘી જુદું પડી રહે ત્યારે ઘી તૈયાર થયું સમજવું. ઘી પાકયાની પરીક્ષા એ છે કે, કલ્ક આંગળી ઉપર લઈ દાબીને વણી જોતાં વાટ વણાય તો જાણવું કે ઔષધિનું સત્ત્વ ઘીમાં આવી ગયું છે. માત્રા ૧ થી ૨ તોલા સુધી છે.

૧૭–तेल

તેલ ઘીની પેઠેજ સિદ્ધ થાય છે. ઘી સિદ્ધ કરવામાં ઘી અને તેલ સિદ્ધ કરવામાં તેલ લેવું. રીતિ બંનેની સમાન છે.

૧૮–फांट

ઔષધિનું બારીક ચૂર્ણ ગરમ પાણીમાં બે કલાક સુધી કાચના અથવા માટીના વાસણમાં પલાળી રાખી તે પાણી ગાળીને ઉપયોગમાં લેવું અથવા ઠંડા પાણીમાં બાર કલાક રહેવા દેવાથી પણ ફાંટ તૈયાર થયું ગણાય છે. ફાંટની માત્રા ૪ તોલા છે. તેમાં અનુપાનતરીકે મધ મેળવવું હોય તો ૧ તોલા સુધી મેળવવું.

૧૯–पुट पाक

કોઇ પણ લીલી વનસ્પતિને વાટી ગોળો કરી તેને વડ, એરંડો અથવા જાંબુના પાનમાં વીંટી માથે કપડમાટીનો એક આંગળ જેટલો જાડો થર દઇને છાણાની અંદર સળગાવવો. ગોળો લાલ થાય ત્યારે કાઢી લઇ માટીનો થર દૂર કરી ગોળાનો રસ નીચોવી લેવો. કદાચ વનસ્પતિ સુકી હોય તો પાણીમાં વાટીને ગોળો કરવો. સર પીવાની માત્રા ૨ થી ૪ તોલા સુધી. મધની જરૂર હોય તો ૰ાા થી ૧ તોલા સુધી મેળવવું.

૨૦–रसक्रिया–घन

કોઇ પણ વસ્તુના ચૂર્ણનો ૧૬ ગણા પાણીમાં ક્વાથ કરી આઠમા ભાગનું પાણી બાકી રહે ત્યારે ગાળી લઇને ફરી તે પાણીને ઉકાળી માવા જેવો ઘાટો પદાર્થ તૈયાર થાય તે રસક્રિયા અથવા ઘન કહેવાય છે. દારુહળદર, ગળો, રેવંચીની, જેઠીમધ વગેરે અનેક વસ્તુમાંથી ઘન કરવાનો રિવાજ આ દેશમાં ઘણા જૂના કાળથી ચાલે છે.

૨૧–सरको

મધુર પ્રવાહી જેવાં કે શેરડીનો રસ, જાંબુનો રસ, દ્રાક્ષનો રસ બરણીમાં બંધ કરી રાખી મૂકવાથી સરકો બની જાય છે. આ રસને સરકો તૈયાર થાય ત્યાંસુધી આઠ આઠ દિવસને અંતરે ગાળતા જવું.

૨૨–मंथ

માટીના વાસણમાં ઔષધિના ચૂર્ણને ૧૬ ગણા પાણી સાથે મેળવી ખૂબ વલોવી કપડેથી ગાળી લેવું તે પ્રવાહીને મંથ કહે છે. મંથ એ હીમના જેવુંજ હોવાથી તોલા ૮ પીવા માટે આપવું.

૨૩–क्षार

જે વનસ્પતિનો ક્ષાર કરવો હોય તે વનસ્પતિના પંચાંગને એક મોટા વાસણમાં અથવા

ગજપુટ જેવા સારૂ ખાડામાં બાળી ભસ્મ કરવી. પછી તે રાખને ૬૪ ગણા પાણીમાં મેળવી દેવી. થોડા કલાક પછી પાણીમાં ક્ષાર મળી જશે તથા રાખનો ભાગ નીચે બેસી જશે. પછી ઉપરથી સાફ નીતરેલું પાણી બીજા વાસણમાં લઇ ઉકાળવાથી ક્ષાર તૈયાર થાય છે.

२४–कांजी

ઘઉં, અડદ કે ચોખાને બાફીને તેમાં રહેલા પાણી સાથેજ માટીના વાસણમાં મોં બંધ કરી એક બે દિવસ રાખી મૂકવાથી કાંજી તૈયાર થાય છે. ઉપરના પાણીમાં અડદનાં અથવા ચણાનાં વડાં કરીને નાખવાથી કાંજી ઉત્તમ બને છે. આ કાંજીનો ઉપયોગ ધાતુશોધન તથા ભસ્મો બનાવવા માટે થાય છે.

२५–औषधसेवन–काळ

કાઢો, અંગરસ, ચૂર્ણ વગેરે પ્રાતઃકાળે; અરુચિ અને અગ્નિમાંદ્ય હોય તો ભોજન સાથે; સ્વરભંગને માટે રાત્રે ભોજન સાથે; ધાતુપુષ્ટિને માટે પ્રાતઃકાળે અને સાંજના ભોજન પછી આપવાં. કાનમાં તૈલાદિક નાખવાનું હોય તો તે રાત્રે સૂતી વેળા નાખવું. કાઢા, ચૂર્ણો, રસાયનો વગેરે ઔષધો આપવાનાં હોય તો તે ૩, ૭, ૧૪, ૨૧ કિંવા ૪૨ દિવસપર્યંત એક અથવા બન્ને વખત કાઢો અથવા નિકાઢો આપવો. સારો વિચાર કરો અને રોગનું અનુમાન સારી રીતે ધ્યાનમાં લાવી તે પ્રમાણે તે ચાલુ કરવો.

२६–सर्वसाधारण अनुपानो

ઔષધ આપવા માટે જ્યાં અનુપાન લખેલું ન હોય ત્યાં રોગ પ્રમાણે નીચલાં સર્વસાધારણ અનુપાનો આપવાં.

(૧) **સન્નિપાત** ઉપર આદાનો રસ. (૨) **ઉધરસ** અને કફ વિકારો ઉપર અરડુસીનો રસ અને ત્રિકટુનું ચૂર્ણ. (૩) **જવર** અને **વિષમજવર** ઉપર મધ અને લીંડીપીપર. (૪) **જામેલા તાવ** ઉપર કરીઆતું, નાગરમોથ અને પિત્તપાપડો. (૫) **સંગ્રહણી** ઉપર છાશ. (૬) **જીર્ણજવર** ઉપર મધ અને લીંડીપીપર. (૭) **કૃમિ** ઉપર વાવડીંગ. (૮) **મૂળવ્યાધિ** ઉપર ચિત્રક અને ભિલામો. (૯) **પાંડુરોગ** ઉપર મંડૂર. (૧૦) **ક્ષય** ઉપર શિલાજિત. (૧૧) **શ્વાસ** ઉપર ભારંગમૂળ અને સુંઠ. (૧૨) **પ્રમેહ** ઉપર આમળાં, હળદર અને સાકરયુક્ત ત્રિફળાં. (૧૩) **તૃષા** ઉપર સોનું તપાવી છમકારેલું પાણી. (૧૪) **જવર** અને **તૃષા** ઉપર લોખંડ તપાવી છમકારેલું પાણી. (૧૫) **ત્રિદોષ** ઉપર આદાનો રસ અને મધ. (૧૬) **શૂળ** ઉપર હીંગ અને ઘી. (૧૭) **આમ** ઉપર કરંજ, ગોમૂત્ર અને એરંડતેલ. (૧૮) **પ્લીહા** ઉપર ત્રિફળાં અને લીંડીપીપર. (૧૯) **વિષ** ઉપર સરસડાનું ઝાડ અને સોનું. (૨૦) **ઉધરસ** ઉપર ભોરીંગણી અને ત્રિકટુ. (૨૧) **વાતવ્યાધિ** ઉપર ગુગળ, લસણ અને ઘી. (૨૨) **રક્તપિત્ત** ઉપર અરડુસી. (૨૩) **ફેફસા** ઉપર અને વાણી સારી થવા માટે વજ, અક્કલગરો અને મધ. (૨૪) **ઉદરરોગ** ઉપર રેચન. (૨૫) **વાતરક્ત** ઉપર ગળો અને એરંડિયું. (૨૬) **અર્દિત વાયુ** ઉપર અડદનાં વડાં અને માખણ (૨૭) **મેદારોગ** ઉપર મધ અને પાણી એકત્ર કરી આપવાં. (૨૮) **પ્રદર** ઉપર લોધર. (૨૯) **અરુચિ** ઉપર બીજોરૂં અથવા દાડમ. (૩૦) **વ્રણ** ઉપર ત્રિફળાં અને ગુગળ. (૩૧) **શોક** ઉપર મદ્ય (આસવ). (૩૨) **અમ્લપિત્ત** ઉપર દ્રાક્ષ. (૩૩) **ઉનવા** ઉપર શતાવરી અને કોહળાનું પાણી. (૩૪) **નેત્રરોગ** ઉપર ત્રિફળાં. (૩૫) **ઉન્માદ** ઉપર જૂનું ઘી. (૩૬) **નિદ્રાનો નાશ** થયો હોય તો ભેંસનું દૂધ. (૩૭) **કુષ્ટ** ઉપર ખેરની છાલનું પાણી. (૩૮) **ધોળા કોઢ** ઉપર બાવચો અને કાળો ઉમરડો. (૩૯) **અજીર્ણ** ઉપર નિદ્રા, હરીતકી તથા ઉપોષણ. (૪૦) **ઉલટી** ઉપર ધાણી. (૪૧) **જત્રુ** (ગળાના આરંભ) થી ઉપર જેટલા રોગ થાય છે, તેઓને તીક્ષ્ણ ઔષધોનું નસ્ય. (૪૨) **પાર્શ્વશૂળ** ઉપર પુષ્કરમૂળ. (૪૩) **મૂર્ચ્છા** રોગ ઉપર શીતોપચાર. (૪૪) **શરીર કૃશ** થાય એટલે માખણ, સાકર તથા સોનાનો વરખ. (૪૫) **પથરી** ઉપર શિલાજિત. (૪૬) **મૂત્ર** બંધ થયું હોય તો કુમળા મૂળાનાં પાંદડાંનો રસ અને સુરોખાર એકત્ર કરી આપવાં. (૪૭) **ગુલ્મ** ઉપર વાયવર્ણાની છાલ. (૪૮) **વિદ્રધિ** ઉપર રક્તસ્રાવ. (૪૯) **હેડકી** ઉપર લાખના રસનો અથવા નવસાર અને ચુનો તથા લિંબુનો રસ એકત્ર કરી વાસ આપવો; અથવા એક માસો

પાણી સાથે પાવો. (૫૦) **દાહ ઉપર** શીતવિધિ. (૫૧) **ભગંદર ઉપર** કૂતરાનાં હાડકાં ગધેડીના લોહીમાં ઘસી શંખપુષ્પીના રસમાં મિશ્રિત કરી ચોપડવું. (૫૨) **અવાજ ખુલવા** માટે પુષ્કરમૂળ મધમાં આપવાં. (૫૩) **શીત અને શલ્ય ઉપર** નાગરવેલ અને મરી.

२७—वनौषधिदर्पणादर्शमांनां नामो विषे खुलासो

દરેક વનસ્પતિનું પહેલું ઉપર આપેલું નામ ગુજરાતી છે.

સં૦ સંસ્કૃત. મ૦ મરાઠી. દે૦ દેશી. કો૦ કોકણી. વ૦ વહાડી. ખા૦ ખાનદેશી. ગો૦ ગોમંતકી. હિં૦ હિંદુસ્તાની. બં૦ બંગાલી. ક૦ કર્નાટકી. તૈ૦ તૈલંગી. મા૦ મારવાડી. રા૦ રાજપૂતાની. કા૦ કાન્યકુબ્જ. પં૦ પંજાબી. તા૦ તામીલ. તુ૦ તુલુ. મલા૦ મલાક્કા (મલબારી). ફા૦ ફારસી. અ૦ અરબી. ઇં૦ ઇંગ્રેજી. લા૦ લાટીન. ઉ૦ ઉડીસા. સિં૦ સિંહલદ્વિપી. ને૦ નેપાલી. ઓ૦ ઓરિયા. બ્ર૦ બ્રહ્મી. ઔ૦ ઔત્કલ. ફિ૦ ફિરંગી. સિં૦ સિંધી. અફ૦ અફગાન. ગઢ૦ ગઢવાલી.

२८—औषधि प्रतिनिधि

જે પદાર્થો જોઈતા સ્થાને જોઈતી વખતે મળી આવતા નથી, તેને બદલે તેવાજ ગુણવાળા પદાર્થ યોજવા; પરંતુ ઔષધિની બનાવટનું નામ જે પદાર્થના નામ ઉપરથી રાખવામાં આવ્યું હોય તે મુખ્ય પદાર્થ કદી બદલાવી શકાતો નથી. (જેમકે હરીતક્યવલેહમાં હરીતકી એટલે હરડેને બદલે આમળાં વપરાય નહિ.) આ પ્રમાણે એક ચીજને બદલે જે બીજી ચીજ ગ્રહણ કરવામાં આવે તેને **ઔષધિ પ્રતિનિધિ** કહે છે. આ પ્રમાણે એક ન મળે તો તેને બદલે બીજી જે ચીજ (ઔષધિ) વાપરી શકાય તેની યાદી અહીં આપીએ છીએ.

અજમોદ—અજમો
અતિવિષ—નાગરમોથ
અષ્ટમૂત્ર—ગોમૂત્ર
અમ્લવેતસ—કચુકા, આમલી, આલુ-બુખાર
આકડાનું દૂધ—આકડાના પાનનો રસ
ઉત્પલ—કમળ
ઋદ્ધિ—વૃદ્ધિ—કુક્કરકંદ
કપૂર—ચંદન, રક્તચંદન (રતાંદળી)
કસ્તૂરી—જાવંત્રા
કંકોળ—એલચી, જાવંત્રી
કંદ—સુરણ
કાકોલી—આસંધ
કાંતલોહ—તીખું લોઢું, પોલાદ
ક્ષારના—અભાવે અંઘેડાનો ક્ષાર
ક્ષીરકાકોલી—શતાવરી
ખેરસાર—કડવા લીમડાની છાલ
ગજપીપર—પીપળીમૂળ
ઘઉં—નાચણી
ચવક—ગજપીપર
ચિત્રક—દાંતિ મૂળ અથવા નેપાળાનાં મૂળ.
ચોખા—સાઠીચોખા, જુવાર
ચંદન—વાળો, કપૂર
જાવંત્રી—લવંગ
જીરૂં—ધાણા
જીવક અને ઋષભક—ભોંયકોળું
જૂનું ઘી—તાજું ઘી
તગર—કોષ્ઠ
તુવેર—કળથી
દહીં—છાશ
દારુહળદર—હળદર
દ્રાક્ષ—ખજુર, શીવણનાં ફળ—એટલે (સફરજન)
ધાવડીનાં ફૂલ—મહુડાનાં ફૂલ
નખલા—લવંગનાં ફૂલ
નીલોત્પલ—કુમુદપુષ્પ, પોયણું
પીપર—મરી
પુષ્કરમૂળ—કોષ્ઠ
બકરીનું દૂધ—અથવા ઘેટીનું દૂધ, ગાયનું દૂધ
બાવચો—કુંવાડીઆનાં બીજ
ભારંગમૂળ—ભોરીંગણીનાં મૂળ
ભિલામો—ચિત્રક, ચિત્રો
ભોંયકોહળું—આસંધ
મધ—જૂનો ગોળ
મરી—લવંગ
મેદા ને મહામેદા—જેઠીમધ અને આસંધ
મોતી—મોતીની છીપ
મોરવેલ—તજ
રક્તચંદન—વાળો (વીરણનો)
રસાંજન—દારુહળદર
રૂપું—રૌપ્યમાક્ષિક લોહભસ્મ
શિલાજિત—કલમીસોરા
સુવર્ણમાક્ષિક—સોનાગેરૂ
સુવર્ણભસ્મ—સુવર્ણમાક્ષિક ભસ્મ, લોહભસ્મ
લક્ષ્મણા—મયૂરશિખા
વજ—મોરવેલ, કોળિંજન
વરી—સામો
વાળો—નાગરમોથ
સોનું—સુવર્ણમાક્ષિક, લોહભસ્મ
હરડે—આમળાં
હીરો—વૈક્રાંતમણિ
સંચળ—મીઠું
સુંઠ—આદુ

२९—औषधिओना गुणदोषदर्शक शब्दो विषे समजूत

ઔષધિઓના ગુણદોષને દર્શાવનારા જે મુખ્ય શબ્દો વૈદકશાસ્ત્રમાં આવે છે, તેની વિશેષ સમજૂતી નીચે પ્રમાણે છેઃ—

લઘુ, ગુરુ, સ્નિગ્ધ, રૂક્ષ અને તીક્ષ્ણ, એ અનુક્રમે આકાશ, પૃથ્વી, જળ, પવન અને અગ્નિના ગુણ છે. તે પાંચ પૈકી ૧—**લઘુ** (હલકો) પદાર્થ અત્યંત પથ્ય, કફનાશક અને તરત પાચન થાય એવો હોય છે. ૨—**ગુરુ** (ભારે) પદાર્થ વાયુને હરનાર, પુષ્ટિકારક, કફકારક અને ધીરેથી પાચન થાય એવો હોય છે. ૩—**સ્નિગ્ધ** (ચીકણો) પદાર્થ વાયુનાશક, કફ કરનાર, વૃષ્ય અને બળવર્ધક હોય છે. ૪—**રૂક્ષ** (રૂખો-લૂખો) પદાર્થ વાયુ કરનાર અને અત્યંત કફનાશક હોય છે. ૫—**તીક્ષ્ણ** (તીખો) પદાર્થ ઘણું કરીને પિત્તકર્તા, લેખન અને કફ તથા વાયુને હરનાર હોય છે. ૬—**શ્લક્ષ્ણ** પદાર્થ ચીકાશવિનાનો છતાં કઠોર હોવાથી ચીકણો હોય છે; જેમકે ઘુંટેલો પથ્થર. ૭—**સ્થિર** પદાર્થ વાયુ અને મળને રોકે છે. ૮—**સર** પદાર્થ વાયુ અને મળને કાઢે છે. ૯—**પિચ્છિલ** (દૂધની તર જેવો) પદાર્થ તંતુ (રેષા) વાળો, બળકર્તા, ભારે, તુટેલને સાંધનાર, કફકર્તા, ક્લેદન અને છેદનકર્તા જાણવો. ૧૦—**શીતળ** પદાર્થ સુખકર્તા, રુધિર આદિના વહી જવાને રોકનાર, મૂર્છા, તરસ, પ્રસ્વેદ (પરસેવો) અને દાહને દૂર કરે છે. ૧૧—**ઉષ્ણ** (ગરમ) શીતળ પદાર્થથી ઉલટા ગુણવાળો છે અને પાચક છે. ૧૨—**વિશદ** (ફેલાઇ જનારા) પદાર્થ વ્રણને ભરે છે. ૧૩—**સ્થૂલ** પદાર્થ શરીરને જાડું કરે અને છિદ્રોને બંધ કરે છે. ૧૪—**સૂક્ષ્મ** પદાર્થ શરીરનાં નાનાં અંગો વગેરેમાં પણ પ્રવેશ કરે છે. ૧૫—**દ્રવ** (પ્રવાહી) પદાર્થ ભીંજવવાના અને ફેલાઇ જવાના ગુણવાળો છે. ૧૬—**શુષ્ક** પદાર્થ એથી વિપરીત ગુણવાળા છે. ૧૭—**આશુકારી** પદાર્થ શરીરમાં શીઘ્રતા કરે; જેમકે તેલ પાણીમાં જલદી પસરી જાય છે. ૧૮—**મંદ** પદાર્થ શિથિલતા કરે છે. એને **અલ્પ** પણ કહે છે. ૧૯—**મૃદુ** પદાર્થ કોમળ હોય છે. ૨૦—**કર્કશ** પદાર્થ ખરેખર એવો છે. એ વીસ ગુણો શુશ્રુતે કહ્યા છે. તે સિવાય દીપનાદિ ગુણો નીચે પ્રમાણે છેઃ—

૧—જે પદાર્થ આમને પચાવે પણ અગ્નિને પ્રદીપ્ત ન કરે તેને **પાચન** ઔષધ કહે છે; જેમકે નાગકેસર. ૨—જે દ્રવ્ય આમને ન પચાવે અને અગ્નિને પ્રદીપ્ત કરે તેને **દીપન** ઔષધ કહે છે; જેમકે વરીઆળી. ૩—જે આમને પચાવે અને અગ્નિને પણ પ્રદીપ્ત કરે, તેને **દીપનપાચન** કહે છે; જેમકે ચિત્રક. ૪—જે પદાર્થ ઉલટી, રેચ આદિ કરાવ્યા વિના બગડેલા દોષોનું શોધન કરી સમાન દશામાં લાવે; તાત્પર્ય કે વાતપિત્ત કફ જે દોષ ન્યૂનાધિક થઇ રહેલા હોય એને સમાન કરી આપે તેને **શમન** કે **સંશમન** ઔષધિ કહે છે; જેમકે ગળો. ૫—જે ઔષધ અપક્વ વાયુ, પિત્ત, કફ અને મળને પક્વ કરી અને વાયુના બંધને તોડી મળને નીચે ઉતારે તેને **અનુલોમન** ઔષધ કહે છે; જેમકે હરડે. ૬—કોઠામાં ચોટી રહેલ પકવવાલાયક મલાદિકને પકવ્યા વિનાજ જે ઔષધિ નીચે ઠેલી લાવે અર્થાત્ ઝાડા કરે તેને **સ્રંસન** ઔષધ કહે છે; જેમકે ગરમાળો. ૭—વાતાદિક દોષથી અબદ્ધ (છૂટા) અને બદ્ધ (બંધાયેલા) તેમજ વાયુથી લીંડીની માફક સૂકાયેલ મલાદિકને જે ભેદીને ગુદાના માર્ગથી બહાર કાઢે તેને **ભેદન** ઔષધ કહે છે; જેમકે કડુ. ૮—જે પાકા તેમજ કાચા મલાદિકને પાતળા કરી ગુદાદ્વારે બહાર કાઢે તેને **રેચક** ઔષધ કહે છે; જેમકે નસોતર. ૯—જે નહિ પાકેલા પિત્ત અને કફને બળપૂર્વક મોઢાની વાટે બહાર કાઢે (ઉલટી કરાવે) તેને **વમન** ઔષધ કહે છે; જેમકે મીંઢળ. ૧૦—પોતાના સ્થાનમાં સંચિત થઇ રહેલા મળને ઉપરના ભાગમાં લાવી (મોઢા અને નાકવાટે) જે ઔષધ બહાર કાઢે અથવા અધોભાગે (ગુદા, લિંગ, ભગદ્વારે) બહાર કાઢે તે **દેહસંશોધક** છે; જેમકે કુકડવેલ. ૧૧—જે ઔષધ દીપન, પાચન અને ગરમ હોવાથી શરીરમાં પ્રવાહીરૂપે રહેલા અથવા વહેતા દોષને સૂકવીને કઠિન બનાવે તેને **ગ્રાહી** કહે છે; જેમકે સુંઠ, જીરૂં અને ગજપીપર. ૧૨—જે ઔષધ લૂખું, શીતળ તૂરૂં ને લઘુપાકી હોવાથી પ્રતિલોમવાત કરી આપે તે **સ્તંભન** ઔષધ છે; જેમકે કડાછાલ અને અરલુ. ૧૩—જે ઔષધ પરસ્પર મળેલા અથવા કોપેલા રુધિર, કૃમિ, વાત, પિત્ત, કફાદિક દોષને પોતાની શક્તિથી તોડીફાડીને જૂદા કરી આપે એને **છેદન** ઔષધ કહે છે; જેમકે ક્ષાર, કાળાં મરી, શિલાજિત. ૧૪—જે દ્રવ્ય રસાદિ ધાતુ

અને વાતાદિ દોષોને સૂકવી શરીરને શુદ્ધ કરે તેને લેખન કહે છે; જેમકે મધ, ગરમ પાણી, ઘોડાવજ, જવ. ૧૫–જે પદાર્થ ખાવાથી મૈથુન કરવાને ઉત્સાહ થાય તેને **વાજીકર** ઔષધ જાણવાં. જેમકે કૌચાં, ગંગેટી, દૂધ અને એખરો, શતાવરી. સ્ત્રીનું સ્મરણ, કીર્તન, દર્શન, સંભાષણ, સ્પર્શ, ચુંબન, આલિંગન અને મૈથુન એ સર્વ શુક્રને પ્રવૃત્ત કરે છે. મોટી ભોરીંગણીનાં ફળ વીર્યનું રેચન કરાવે છે. જાયફળ વીર્યનું સ્તંભનકર્તા છે, અને હરડે વીર્યને સૂકવનારી (પાતળી ધાતુને ઘટ કરનારી) છે. ૧૬–જેનાથી શુક્ર(વીર્ય)ની વૃદ્ધિ થાય તેને **શુક્લ** કહે છે; જેમકે આસંધ, મુસળી, સાકર અને શતાવરી. વળી જે પદાર્થ ધાતુને (વીર્યને) ઉત્પન્ન કરે તેમજ ઘટ કરે તેને **ધાતુ–ચૈતન્યકારી** ઔષધ કહે છે. જેમકે દૂધ, અડદ, ભીલામાનાં બીજ અને આમળાં. ૧૭–જે પદાર્થ શરીરની વૃદ્ધાવસ્થા અને જ્વરાદિ રોગોને દૂર કરે, તથા રસાદિ ધાતુને પુષ્ટ કરે તેને **રસાયન** ઔષધ કહે છે; જેમકે હરડે, રૂદન્તી (એક પ્રકારનું શાક), ગળો, ગુગળ અને શિલાજિત. ૧૮—જે પદાર્થ પ્રથમ અપક્વ સ્થિતિમાંજ પોતાના ગુણોથી આખા શરીરમાં વ્યાપ્ત થઇ પછીજ પચે એ **વ્યવાયી** ઔષધ છે; જેમકે ભાંગ અને અફીણ. ૧૯–જે ઔષધ શરીરમાંના ધાતુઓને તથા ઓજને શોષણ કરીને શરીરના સાંધાઓને શિથિલ–ઢીલા કરે તેને **વિકાશી** ઔષધ જાણવું; જેમકે સોપારી અને કોદરા. ૨૦–જે પદાર્થ બુદ્ધિનો લોપ કરે અને તમોગુણપ્રધાન હોય તેને **માદક** (મદકારક) કહે છે; જેમકે દારૂ સુરાદિક. ૨૧–જે ઔષધિ બીજી ઔષધિની સાથે ઉપયોગ કરતાં પોતાનો ગુણ ન છોડતાં તેની સાથે ઉપયોગ કરેલી ઔષધિના ગુણમાં વધારો કરે તે **યોગવાહી** કહેવાય છે; જેમકે મધ, પાણી, તેલ, ઘી, પારો, લોહભસ્મ, શિલાજિત વગેરે.

જે વ્યવાયી, વિકાશી, સૂક્ષ્મ, છેદન કરનાર, માદક, દાહક, પ્રાણહારક તથા યોગવાહી હોય તેને **વિષ** કહે છે. જેમકે વછનાગ. વિષને યોગવાહી કહેવાનો ભાવ એ છે જે કોઇ પણ સંસ્કાર-વિશેષ કરીને જે જે અનુપાન સાથે આપે તે તે અનુપાનોનો ગુણ વધારી અમૃતતુલ્ય ગુણ કરે. ૨૨–જે પદાર્થ પોતાના બળથી શરીરનાં છિદ્રોમાં રહેલા વાતાદિક દોષોના સંચયને કાઢે તેને **પ્રમાથી** ઔષધ કહે છે; જેમકે કાળાં મરી, ઘોડાવજ. ૨૩–જે પદાર્થ પોતાના પિચ્છલ ગુણથી તથા ભારીપણાના કારણથી રસવાહિની શિરાઓને રોકીને શરીરને ભારે સુસ્ત બનાવે તેને **અભિષ્યંદી** કહે છે; જેમકે દહીં. ૨૪–જે પદાર્થ શરીરમાં ખટાશ અને તૃષાને વધારે છે તથા હૃદયમાં દાહ કરે છે અને એનો પાક ઘણો જલદી થાય છે, તેને **દાહક** અથવા **વિદાહી** કહે છે. જેમકે અજમોદા. ૨૫–જે ઔષધિ શરીરનાં સૂક્ષ્મ છિદ્રોમાં પ્રવેશ કરે તેને **સૂક્ષ્મ** કહે છે. જેમકે સિંધાલૂણ, મધ, લીમડો અને એરંડીનું તેલ.

३०–औषधिओना समूहनां नामो

એકથી અધિક ઔષધિઓના સમૂહને સૂચવનારાં જે નામો દેશી વૈદકમાં આવે છે તે વિષેની સમજૂત નીચે પ્રમાણે છેઃ—

અંજનત્રય–૧ કાળો સુરમો, ૨ જસતનાં ફૂલ અને ૩ રસવતી.

અમ્લપંચક–૧ બોર, ૨ દાડમ, ૩ કોકમ, ૪ ચુકો અને ૫ અમ્લવેતસ.

અષ્ટવર્ગ–મેદા, મહામેદા, જીવક, ઋષભક, કાકોલી, ક્ષીરકાકોલી, ઋદ્ધિ અને વૃદ્ધિ.

અષ્ટગંધ–૧ કપૂર, ૨ ચંદન, ૩ મોથ, ૪ કુસુમ, ૫ દેવદારુ, ૬ ગોરોચન, ૭ કેસર અને ૮ વાળો.

અષ્ટવિધ–ચિકિત્સા ૧ શલ્ય, ૨ શાલાક્ય, ૩ બાળચિકિત્સા, ૪ અગદ, ૫ વિષતંત્ર, ૬ વાજીકરણ, ૭ રસાયન અને ૮ ભૂતવિદ્યા.

ઉપવિષત્રય–૧ નિર્વિષી, ૨ અતિવિષ અને ૩ લાંગલી.

એકલવણ–સિંધવ.

ઔષધિ પંચામૃત–૧ ગળો, ૨ મુસળી, ૩ સુંઠ, ૪ ગોખરૂ અને ૫ શતાવરી.

કટુપણ–૧ લીંડીપીપર, ૨ પીપળીમૂળ અને ૩ સુંઠ.

કંટક તૃતીય–૧ ધમાસો, ૨ ભોરીંગણી અને ૩ ડમરો.

કંટકારીત્રય–૧ ઉભી રીંગણી, ૨ બેઠી ભોરીંગણી અને ૩ ગોખરૂ.

કટુગ્રંથી–૧ સુંઠ, ૨ લસણ, ૩ આદુ અને ૪–પીપળીમૂળ.

ક્ષારદ્વય–૧ જવખાર અને ૨ સાજીખાર.

ક્ષારત્રય–૧ જવખાર, ૨ સાજીખાર અને ૩ ટંકણખાર.

ક્ષારપંચક–૧ ખાખરા, ૨ કમળ, ૩ જવ, ૪ તલસાર(તલના છોડ)ના બનાવેલા ક્ષાર અને ૫ સાજીખાર.

ક્ષારષટક–૧ તલસરા, ૨ લાંગલી, ૩ અડદ, ૪ અઘેડો, ૫ મરખો અને ૬ કડો, એ ૭ ચીજોના ક્ષાર.

ક્ષારદશક–૧ સરગવો, ૨ મૂળા, ૩ પલાશ (ખાખરો), ૪ આમલી, ૫ ચિત્રક, ૬ આદુ, ૭ શેરડી, ૮ અઘેડી, ૯ મોચરસ અને ૧૦ જવ.

ક્ષીરવૃક્ષ–ઉંબરો, વડ, પીંપળ, વેંત અને પારસપીંપળો, પંચભદ્ર અને ગળો.

ચતુર્લવણ–સિંધવ, સંચળ, બીડલૂણ અને સમુદ્રલૂણ.

ચતુરમ્લ–૧ અમલબેદ, ૨ કોકમ, ૩ મોટાં લીંબુ અને ૪ ગોળ ખાટાં લીંબુ.

ચતુરૂષણ–૧ સુંઠ, ૨ મરી, ૩ લીંડીપીપર અને ૪ પીપળીમૂળ.

ચતુર્બીજ–૧ મેથી, ૨ અસાળીઓ, ૩ કાળીજીરી અને ૪ અજમોદ.

ચતુર્જાત–તેના બે પ્રકાર છે. (૧) ૧ તજ, ૨ તમાલપત્ર, ૩ એલચી અને ૪ નાગકેસર; એ **ચાતુર્જાત**. (૨) નાગકેસરના સ્થાને મરી હોય તે કટુ **ચાતુર્જાત**.

ચાતુર્ભદ્રક–૧ સુંઠ, ૨ અતિવિષ, ૩ મોથ અને ૪ ગળો.

ચાતુર્થિકગણ–૧–આમળાં, ૨ હરડે, ૩ લીંડીપીપર અને ૪ ચિત્રો.

જીવનીયગણ–૧ જીવક, ૨ ઋષભક, ૩ મેદા, ૪ મહામેદા, ૫ કાકોલી, ૬ ક્ષીરકાકોલી, ૭ ઋદ્ધિ, ૮ વૃદ્ધિ, ૯ જેઠીમધ, ૧૦ ખરખોડી, ૧૧ જંગલી મગ અને ૧૨ જંગલી અડદ.

ત્રિકટુ– } ૧ સુંઠ, ૨ મરી અને ૩ લીંડીપીપર.
ત્ર્યુષણ– }

ત્રિફળાં–એ ત્રણ પ્રકારનાં છે:-(૧) ૧ હરડે, ૨ બહેડાં અને ૩ આમળાં. એ સમાન ભાગે અથવા હરડે ૧ ભાગ, બહેડાં ૨ ભાગ અને આમળાં ૪ ભાગને **ત્રિફળાં** કહે છે. (૨) ૧ દ્રાક્ષ, ૨ શવન (શિવણ) અને ૩ ખજુરનાં ફળ, એ **મધુર ત્રિફળાં**. (૩) ૧ જાયફળ, ૨ લવંગ અને ૩ એલચી, એ **સુગંધી ત્રિફળાં**.

ત્રિસુગંધ– } –૧ તજ, ૨ તમાલપત્ર અને ૩ એલચી.
ત્રિજાત– }

ત્રિવર્ગ–૧ ત્રિકટુ, ૨ ત્રિફલાં અને ૩ ત્રિમદ.

ત્રિમદ–૧ વાવડીંગ, ૨ નાગરમોથ અને ૩ ચિત્રકમૂળ.

ત્રિમધુ–૧ મધ, ૨ ઘી અને ૩ સાકર.

ત્રિલવણ–૧ સંચળ, ૨ સિંધવ અને ૩ બીડલુણ.

ત્રિસમ–૧ હરડે, ૨ સુંઠ અને ૩ ગળો.

ત્રિકાર્ષિકા–૧ સુંઠ, ૨ અતિવિષ અને ૩ મોથ.

ત્રિસિતા–૧ શેરડી, ૨ મધ અને ૩ જારના સાંઠાની સાકર.

ત્રિકંટક–૧ સુંઠ, ૨ ગળો અને ૩ ધમાસો.

ત્રિલોહ–૧ સોનું, ૨ રૂપું અને ૩ ત્રાંબુ.

દશમૂળ–લઘુપંચમૂળ અને બૃહત્‌પંચમૂળ એકત્ર.

દ્વિલવણ—સિંધવ અને સંચળ.

નવરત્ન–૧ માણેક, ૨ મોતી, ૩ પરવાળાં, ૪ ગરુડપાચ, ૫ પોખરાજ, ૬ હીરા, ૭ ગોમેદ, ૮ નીલ અને ૯ વૈડૂર્ય.

નિંબપંચાંગ–૧ લીમડાનાં પાંદડાં, ૨ ફૂલ, ૩ ફળ, ૪ મૂળ અને ૫ છાલ.

પંચકોલ–(પંચોષ્માણુ) એના બે પ્રકાર છે. (૧) ૧ લીંડીપીપર, ૨ પીપળીમૂળ, ૩ ચવક, ૪ ચિત્રક અને ૫ સુંઠ. (૨) ૧ હરડે, ૨ અજમો, ૩ સંચળ, ૪ હીંગ અને ૫ સુંઠ.

પંચતિક્ત–ભોરીંગણી, ગળો, સુંઠ, કુઠ (ઉપલેટ) અને કરીઆતું.

પંચપિત્ત–ડુક્કર, બકરી, ભેંસ, રોહિત માછલી અને મોર, એ પાંચ જીવના પિત્તને પંચપિત્ત કહે છે.

પંચપલ્લવ–આંબો, જાંબુ, કોઠી, બીજોરૂં તથા બીલી, એ પાંચે ઝાડોની કુંપળો.

પંચભદ્ર–ગળો, પિત્તપાપડો, કરિયાતુ, નાગરમોથ અને સુંઠ.

પંચવલ્કલ–વડ, પીંપળ, પીંપળો, ઉમરો તથા પારસપીંપળો, એ પાંચે ઝાડોની છાલ.

પંચમૂળ–એના સાત પ્રકાર છે. (૧) ૧ શાલવણ, ૨ પીઠવણ, ૩ બેઠી રીંગણી, ૪ ઉભી રીંગણી અને ૫ ગોખરૂ એ **લઘુપંચમૂળ.** (૨) ૧ બીલી, ૨ સીવણ, ૩ પાટલા (કાંકચ), ૪ અરણી અને ૫ અરલુ એ **બૃહત પંચમૂળ.** (૩) ૧ બળદાણા, ૨ સાટોડી, ૩ મુદ્‌ગપર્ણી (જંગલી મગ), ૪ માષપર્ણી (જંગલી અડદ) ને ૫ એરંડમૂળ એ **બલાદિ પંચમૂળ.** (૪) ૧ હળદર, ૨ ગળો, ૩ મીંઢીઆવળ, ૪ સારીવા (અનંતમૂળ) અને ૫ વિદારી કંદ, એ **વલ્લી પંચમૂળ.** (૫) ૧ જીવક, ૨ ઋષભક, ૩ જીવંતી, ૪ મેદા અને ૫ મહામેદા એ **જીવક પંચમૂળ.** (૬) ૧ દર્ભ (ડાભડો), ૨ કાંસ (કાસડો), ૩ શર, ૪ કુશ અને ૫ શેલડી એ **તૃણપંચમૂળ.** (૭) ૧ ગોખરૂ, ૨ બોરડી, ૩ ઈન્દ્રવારુણી (ત્રુંસડું અથવા કડવી કોઠીંબી), ૪ કાસંદરો અને ૫ શિરીષ (સરસડો), એ **ગોક્ષુરાદિ પંચમૂળ.** (૮) શતાવરી, ૨ વિદારી કંદ, ૩ જીવંતી, ૪ મેઢશિંગી અને ૫ જીવક એ **શતાવર્યાદિ પંચમૂળ.**

પંચમહાવિષ–૧ સોમલ, ૨ હરતાલ, ૩ મનશીલ, ૪ વછનાગ અને ૫ સર્પવિષ.

પંચામૃત–૧ સુંઠ, ૨ કાળી મુસળી, ૩ ગળોસત્વ, ૪ શતાવરી અને ૫ ગોખરૂ અથવા–દૂધ, દહીં, ઘી, મધ અને ખાંડ.

પંચોપવિષ–૧ આકડો, ૨ થોર, ૩ લાંગલી (કલગારી), ૪ ધંતુરો (ધંતુરાને બદલે કોઇ કોઇ ઝેરકોચલાં લે છે) અને ૫ કણેર.

પંચગવ્ય–૧ ગાયનું મૂત્ર, ૨ છાણ, ૩ દૂધ, ૪ દહીં અને ૫ ઘી, એ પાંચે પદાર્થ.

પંચામ્લ–૧ અમલબેદ, ૨ કોકમ, ૩ મોટાં લિંબુ (જંબીરી લીંબુ), ૪ ગોળ ખાટાં લિંબુ અને ૫ બીજોરાં.

પંચગણ–૧ પીઠવણ, ૨ ઉભી રીંગણી, ૩ બેઠી ભોરીંગણી, ૪ વિદારી કંદ અને ૫ ગોખરૂ.

પંચસમ–એના બે પ્રકાર છે. (૧) ૧ સુંઠ, ૨ લીંડીપીપર, ૩ હરડે, ૪ નસોતર અને ૫ સંચળ. (૨) ૧ આમલી, ૨ સિંધાલુણ, ૩ ચિત્રક મૂળ, ૪ હરડે અને ૫ લીંડીપીપર.

પંચાંગલેપ–૧ સાટોડીનાં મૂળ, ૨ દેવદાર, ૩ સુંઠ, ૪ સરસવ અને ૫ સરગવાની છાલ.

પંચભંગ–૧ કુકડવેલો, ૨ ખીજડી, ૩ ભાંગ, ૪ નગોડ અને ૫ તાલીસપત્ર.

પંચમૂત્ર–૧ ગાય, ૨ બકરી, ૩ ઘેટી, ૪ ભેંસ અને ૫ ગધેડી, એ પાંચનાં મૂત્ર.

પંચબીજ–એના બે પ્રકાર છે. (૧) ૧ રાઈ, ૨ અજમોદ, ૩ જીરૂં, ૪ ખસખસ અને ૫ તલ. (૨) ૧ મેથી, ૨ આલકાંગણી, ૩ અજમો, ૪ કાળીજીરી અને ૫ એખરો.

પંચસિદ્ધૌષધ–૧ તેલીઓ કંદ (એ નાના જાળા જેવડો હાથભર ઉંચો છોડ હોય છે. તેનાં

પાંદડાં પીલુ જેવાં અને તેની છાલમાં તેલનો પ્રકાશ હોય છે.) ૨ સુધાકંદ, ૩ કુક્કરકંદ, ૪ રુદ્રવંતી, (જંગલી ચણા-એનાં પાંદડાં ચણા જેવાં અને નીચે ચીકાશ હોય છે) અને ૫ મત્સ્યાક્ષી.

પંચસૂરણ-૧ મીઠું સૂરણ, ૨ કડવું ડુંગરી સૂરણ, ૩ ચિત્રાવાળું મિલલકંદ, ૪ પાંચ પત્રના ખાટખટુંબાનો કંદ અને ૫ માળાકંદ.

પંચમૂળ કષાય-ચિકણા, બીલી, ગળો, નાગરમોથ અને સુંઠ (જ્વરાતિસારમાં આપવાનો કષાય)

પંચક્ષાર-જવખાર, ખાખરાનો ક્ષાર, સાજીખાર, તલનો ક્ષાર અને પાટલાનો ક્ષાર.

પંચામ્લ ફળ-બોર, દાડમ, આંબલી, અમ્લવેંત અને નાનાં બોર (ચણીબોર).

બલાચતુષ્ટય-૧ બલા (બળ, બોળ કેટલાક એને ખરેંટી એટલે ખપાટ માને છે), ૨ મહાબલા (સહદેવી, સોનેલું), ૩ નાગબલા (ગંગેટી), ૪ અતિબલા (ગાડર કાંગસી).

મધુરત્રય-૧ ઘી, ૨ ગોળ અને ૩ મધ.

મિત્રપંચક-૧ ઘી, ૨ મધ, ૩ ગુગળ, ૪ ચણોઠી અને ૫ ટંકણખાર.

લવણત્રય-૧ સિંધાલુણ, ૨ સંચળ અને ૩ બીડલવણ.

લવણપંચક-૧ સિંધાલુણ, ૨ સંચળ, ૩ બીડલવણ, ૪ સાંભરલુણ અથવા વરાગડું મીઠું અને ૫ દરિયાનું કિંવા નદીનું (ગસિયું) મીઠું.

વ્યોષ-ત્રિકટુ (૧ સુંઠ, ૨ મરી, ૩ લીંડીપીપર).

ષડરસ-૧ ગળ્યો, ૨ ખાટો, ૩ ખારો, ૪ કડવો, ૫ તીખો અને ૬ તુરો.

ષડુષણ-૧ સૂંઠ, ૨ મરી, ૩ લીંડીપીપર, ૪ પીંપળીમૂળ, ૫ ચવક અને ૬ ચિત્રક.

સુગંધીપંચક-(૧) ૧ કેસર, ૨ અગર, ૩ કપૂર, ૪ કસ્તૂરી અને ૫ ચંદન. (૨) કપૂર, ચણકબાબા (કંક્કોલ), લવંગ, જાયફળ અને સોપારી આ પણ **સુગંધી પંચક** કહેવાય છે.

સુગંધીષટ્ક-એના બે પ્રકાર છેઃ-(૧) ૧ જાયફળ, ૨ લવંગ, ૩ કપૂર, ૪ સોપારી, ૫ વાળો અને ૬ ચણકબાબા એ **સુગંધીષટ્ક**. (૨) ૧ કૃષ્ણાગરુ, ૨ કસ્તૂરી, ૩ કપૂર, ૪ શ્વેતચંદન, ૫ ચણકબાબા અને ૬ નોરવેલનો કંદ, એ **મહાસુગંધીષટ્ક**.

ષટ્પ્રાણહરણ-૧ સડેલું માંસ, ૨ વૃદ્ધ સ્ત્રી, ૩ ભાદરવાનો તડકો, ૪ ભેંસનું દહીં, ૫ પરોઢીએ સ્ત્રીસંગ અને ૬ દિવસની નિદ્રા.

ષટ્પ્રાણકર-૧ તાજું મિષ્ટાન્ન, ૨ નવું અન્ન, ૩ બાળા સ્ત્રી, ૪ દૂધનું જમણ, ૫ ઘી અને ૬ ઊના પાણીથી સ્નાન.×

સપ્તોપવિષ-૧ આકડાનું દૂધ, ૨ થોરનું દૂધ, ૩ લાંગલી, ૪ કણેર, ૫ ચણોઠી, ૬ અફીણ અને ૭ ધંતૂરો.

સપ્તોપધાતુ-૧ સુવર્ણમાક્ષિક, ૨ તારમાક્ષિક, ૩ મોરથુથુ, ૪ કાંસુ, ૫ પિત્તળ, ૬ સિંદૂર અને ૭ મંડૂર.

સપ્તધાતુ-૧ સોનું, ૨ રૂપું, ૩ તાંબુ, ૪ સીસું, ૫ કલાઈ, ૬ જસત અને ૭ લોઢું.

સપ્તસંતર્પણ-૧ દ્રાક્ષ, ૨ દાડમ, ૩ ખજુર, ૪ સાકર, ૫ શાલીધાન્ય (ડાંગર), ૬ મધ અને ૭ ઘી.

સપ્તોપરત્ન-૧ વૈકાંત, ૨ સૂર્યકાન્ત, ૩ ચંદ્રકાન્ત, ૪ કપૂર, ૫ સ્ફાટિક, ૬ પીરોજ અને ૭ કાચ.

સપ્તવિધકવાથ-૧ પાચન, ૨ શોધન, ૩ ક્લેદન, ૪ શમન, ૫ દીપન, ૬ તર્પણ અને ૭ શોષક.

× उष्णाम्बुनाधःकायस्य परिषेको बलावहः । तेनैव चोत्तमांगस्य बलहृत्केशचक्षुषाम् ॥१॥

ઊના પાણીનો શેક શરીરને બળ આપનાર છે, પણ તેનાથી માથાના ભાગને ધોવાથી તે વાળ અને આંખોના બળનો નાશ કરે છે.

૨૧-કઠિન શબ્દોનો કોષ

અજીર્ણ-અપચો
અધોગત-નીચે ગયેલો
અધોવાયુ-ગુદામાંથી નીસરતો વાયુ
અનલ-અગ્નિ
અન્નદ્વેષ-અરુચિ
અનિલ-પવન, વાયુ
અપસ્માર-ગોથું, મૃગીરોગ, વાઇ
અપાય-અહિત, નુકસાન
અભિઘાત-શરીર ઉપર ઘા થવો
અમ્લ-ખાટું
અમ્લપિત્ત-ખાટું પિત્ત, ખાટા ઓડકાર
અરિષ્ટ-દવાનો એક પ્રકાર, સુવાવડીનો ઓરડો, અરિઠાનું ઝાડ, લીમડાનું ઝાડ, પૂર્વચિહ્ન-
અરોચક-અરુચિ
અર્શ-હરસ, મસા
અવલેહ-ચાટણ
અવટાઇ, અવટાવી, અવટાવવું-ઉકળી, ઉકાળી, ઉકાળવું.
અવષ્ટંભ-ઝાડું
અવ્યક્ત-સમજાય નહિ તેવું, સૂક્ષ્મ
અશ્મરી-પથરીનો રોગ
અશ્રાંત-હમેશાં, અટક્યાવિના
અશ્વગંધા- } આસંધ
આસગંધ- }
અષ્ટધા-આઠ પ્રકારના
અષ્ઠીલા-ડુંટી ઉપર થયેલો લોહી તથા માંસનો ગોળો
અસૃક્સ્રાવ-લોહી ઝરવું
અસ્થિભંગ-હાડકાનું ભાગવું
અસ્નિગ્ધ-સૂકું, કઠણ
અહિર-અર્જુન નામનો આંખનો રોગ
અંજન-આંખમાં આંજવાની દવા.
આગરૂ-મોમાંની ચાંદીઓ
આગેરૂ-આમળાં, ગ્રહભંશ

આધિ-મનનું દુઃખ
આધ્માન-પેટ ફૂલવું, આફરો
આનાહ-આફરો, પેટ ચઢવું
આમ-કાચો પચ્યા વિનાનો મળ
આમગંધી-કાચા માંસ જેવો જેનો વાસ આવે છે તે.
આમવાત- } દુર્ગંધયુક્ત ઝાડો
આમવાયુ- }
આમાશય-ખાધેલું પચવાની જગ્યા
આમાંશ-લોહીવાળો ઝાડો, લોહી ખંજવાડો, રક્તાતિસાર
આયુષ્યદ-આયુષ્ય આપનાર
આરક્ત-રાતો
આર્તવ-સ્ત્રીઓને અટકાવ આવી લોહી પડે છે તે.
આર્દ્ર-ભીંજાયલું
આવૃત-ઘેરાયેલો
આશ્રય-જગ્યા, સ્થાન, હેતુ
આશ્ચોતન-કોઇ પણ પ્રવાહી ઔષધિનાં આંખમાં ટીપાં નાખવાં તે.
આહ્લાદ-આનંદ
ઇન્દ્રલુપ્ત-ઉંદરી
ઉગ્રગંધ-તીવ્ર ગંધવાળું
ઉચકી-હેડકી
ઉચ્ચ-ઉંચું
ઉઠાણું-અપ્ફુટ ગુમડું, ગાંઠ
ઉદ્દેશ-હેતુ
ઉદકમેહ-પરમાનો એક ભેદ છે.
ઉન્મત્ત-ભ્રમિત અથવા ગાંડો
ઉન્માદ-ગાંડાપણું
ઉન્હાળી-ઉનવા, મૂત્રકૃચ્છ્ર
ઉરોગ્રહ-છાતીમાંનું આંતરડું સુજવાનો વ્યાધિ, છાતી જકડાઇ જવી
ઉરોઘાત-છાતી ઉપર વાગવું
ઉષ્ણવીર્ય-ગરમ-ઉના પદાર્થ
ઋતુમતી-અટકાવ આવેલી સ્ત્રી
ઓકારી-ઉલટી, વમન

અંજનનામિકા- } આંજણી
અંજુલી- }
અંડવૃદ્ધિ-વધરાવળ, અંતરગળ
અંશ-હિસ્સો
કટુ-કડવું
કપડમાટી-શરાવસંપુટને બંધ કરવા માટે માટી તથા કપડાનો ઉપયોગ કરવાની ક્રિયા.
કફ-બલગમ
કફઘ્ન-કફને તોડી છૂટો પાડનાર
કફલ-કફકારક
કમળો-પિત્તકમળી, પીળિયો, કમળીવા, કમળી
કરમ-કૃમિ, કરમિયા
કર્ણશૂળ-કાનમાં શૂળ આવવાં
કર્ણસ્રાવ-કાનમાંથી પરુનું વહેવું, વહેતો કાન
કલ્ક-ચટણીના જેવો વાટેલો પદાર્થ
કલલુ-બરોળ
કાચબિંદુ-મોતીઆબિંદુ, આંખના મોતીઆ
કાસ-ઉધરસ
કાસઘ્ન-ખાંસીનો નાશ કરનાર
કુકકુટપટ-એક વેંતના ખાડામાં ૧૦ અડાયાંનો અગ્નિ અપાવો તે
કુટકી-કડુ
કુબ્જત્વ-કુબડાપણું
કુબ્જવાત-એક જાતનો વાયુ
કુલિત્થ-કળથી
કુષ્ટ-કોઢ
કૃચ્છ્ર-શરીરને દુઃખ થવું, કષ્ટ
કૃમિકર્ણ-કાનમાં જીવ થવાનો રોગ
કેશતુંડે-રૂંતોડીયું ગુમડું
કોપન-કોપાવનાર
કોષ્ટ-આમાશય, ગ્રહણી નાડી, પકવાશય, મૂત્રાશય, રક્તાશય (પ્લીહા અને

યકૃત), હૃદય, ફેફસાં અને ગુદાનાડી એ આઠ સ્થાનને કોષ્ટ કહે છે.
કોષ્ટુશીર્ષ-વાયુરોગ
કલમ-ગ્લાનિ, થાક
ક્લિન્ન-ભીંજાયલો
ક્લિષ્ટ-કઠણ, ગુંચવાડાવાળું
કલીબ-નપુંસક
કલેદ-પસીનો
કંડુ-ખરજ, ખંજવાળ, ખુજલી, ચેળ
ખલ્લરી-ખાલી ચઢવી
ખવડયા-ખોડો
ખુપરા-આંખના ખીલ
ખોકલા-ઉધરસ
ખંજ-લંગડો
ગડું- } ગૂમડું, વિદ્રધિ
ગડુંબ- }
ગદ-આજાર, દરદ
ગર્ભ-પેટમાં જે બાલક રહે છે તે
ગર્ભપાત-કસુવાવડ
ગર્ભિણી-દહાડાવાળી સ્ત્રી
ગર્ભસ્થ-ગર્ભમાં રહેનારા
ગર્ભાશય-ગર્ભસ્થાન
ગલગંડ-ગળા ઉપર ગુમડું થાય છે તે, લાપોટિયું
ગલગ્રહ-ગળાનું બંધ થવું
ગલિતકુષ્ટ-અસાધ્ય કોઢનું દરદ
ગલસુંડા- } લાપોટિયું, ગલ ઉપરનો સોજો
ગાલસુંડા- }
ગળું ગૂમડું, વિદ્રધિ
ગુરુ-વજનદાર, ભારે
ગુરુત્વ-વજનદારપણું
ગુલ્ફ-પગની ઘુંટી
ગૃધ્રસી-કમ્મરમાં ભરેલી ઉસણ, એક જાતનો વાયુરોગ
ગોતું- } મૃગીરોગ, ફેફરું, વાઈ
ગોથું- }
ગોમાંસી-ડાંસ
ગોવરુ-ઓરી, શીળીનો ભેદ
ગંડમાળ-કંઠમાળ
ગંડૂષ-કોગળા

ગ્રાહક-પકડનાર, રોકનાર
ઘઉંનો નિશાસ્તો-ઘઉંમાંથી કાઢે છે. હિંદુસ્તાનમાં એ પ્રસિદ્ધ છે.
ઘન-કઠણ, મજબૂત
ઘનત્વ-નક્કરપણું
ઘુરે-મૃગીરોગ, વાઇ, ફેફરું
ચય-જમાવ
ચક્ષુષ્ય-આંખને ગુણકારક
ચાતુર્થિક-ચોથીઓ
ચિકિત્સક-વૈદ્ય, હકીમ, તબીબ
ચિત્તભ્રમ-ઉન્માદ
છર્દી- } ઉલટી
છર્દિકા- }
છિક્કા-છીંક
છિન્ન-કાપેલું
છેદક- } છિદ્ર પાડનાર, છેદન કરનાર
છેદની- }
છેદનીય-છેદન કરવાને યોગ્ય
જઘન-સ્ત્રીની કમ્મરનો આગલો ભાગ, ઝાંગ
જડ-ભારે, દુર્જર
જત્રુ-ગરદનનું હાડકું
જાડય-ભારેપણું, મંદપણું, જડતા
જારણ-ઔષધોથી વનસ્પતિ અને ધાતુઓની ભસ્મ કરવી તે.
જાલગર્દભ-શરીર ઉપર ઘણી ફોલ્લીઓ થાય છે તે.
જંતુ-કૃમિ, કરમ
જૃંભ-બગાસું
જૃંભણ-બગાસાં
જ્વરઘ્ન-તાવનાશક
ડબ્બા-ભાર
તરળ-કોગળિયું, કૉલેરા
તહાન-તરસ
તામ્ર-તાંબુ
તાલક-હરતાલ
તિક્ત-તીખું
તિતડીક અથવા તંતડીક-કોકમ
તીખાં-મરી
તુત્થ-મોરથુથુ

તુવર-તુરું, એક જાતનું કઠોળ
તુષ-અનાજનાં છોતરાં
તુષાર-પાણીનાં ઝીણાં ટપકાં, ઓસ
તૃષા-તરસ
તંદ્રા-નિદ્રાથી આળસ આવી ઘુંગી આવે છે તે.
ત્યાજ્ય-ત્યાગ કરવા યોગ્ય
ત્રિ-ત્રણ
ત્રિક-પીઠની કરોડ નીચેનાં ત્રણ હાડકાં
ત્રિદોષ-વાત, પિત્ત અને કફનું એક સાથે કુપિત થવું તે.
ત્રુસકું-ઇંદ્રવરણું
ત્વગ્દોષ } ચામડીના રોગ
ત્વગ્રોગ }
ત્વરિત-જલદી, સત્વર, તાકીદે
દદ્રુ-દાદર, દરાજ
દધિમંડ-દહીની ઉપરનું પાણી
દમ-શ્વાસરોગ, હાંફણ
દશમૂળ-બીલી, અરણી, ઉભી અને બેઠી ભોરિંગણી, સાલવણ, પીઠવણ, ગોખરૂ, શીવણ, પાડવણ, અને પુષ્કરમૂળ.
દારુણ(ક)-માથાનો ભયંકર રોગ
દાર્ઢ્ય-કઠિનપણું, દઢતા
દાહ-બળતરા
દાહક-બાળનારો, બળતરાકારક
દિવા-દિવસે
દીપક } જઠરને જગાડનાર-વધારનાર
દીપન }
દુઝણમસ-દૂઝતા હરસ (મસા)
દુર્જરહ-જમ થવું મુશ્કેલ તે
દુર્લભ-પ્રાપ્ત થવું મુશ્કેલ તે
દુષ્ટવ્રણ-એક જાતનો નાસૂર છે, તેમાંથી પરૂ વહે છે તથા તે બહુ ગંધ મારે છે.
દુષ્ય-રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર, એ સાત પદાર્થ (ધાતુ) ને દુષ્ય કહે છે.
દૂષક-પીડા કરનારો

દોષ-વાત, પિત્ત અને કફ, એ દરેક દોષ સામાન્ય રીતે શરીરમાં રહેલો છે.
દંશ-કરડવું
દ્રવ-ટીપું ટીપું ગળવું-ટપકવું
દ્વય } બે
દ્વંદ્વ }
ધનુર્વાત-ધનુષ્ય જેવું માણસ વાંકું થાય છે તે વાયુનો રોગ-તાણ
ધાન્યામ્લ-કાંજી
નસ્ય-છીંક આવવાને માટે નાકમાં સુંઘવાનું ઓસડ
નાગ-સાપ, સીસું
નાડી-નસ
નાડીવ્રણ-હમેશાંવહેનારો નાસૂર
નારૂ-વાળો
નાશક-નાશ કરનારો
નાશન-નાશ કરનાર
નાસારોગ-નાકના રોગ
નાસાશોષ-નાકનું સુકાવું
નાળગુદ-શોફોદર
નિતંબ-કમ્મરની પછવાડેનો ભાગ
નિદાન-મૂળ કારણ
નિદ્રા-ઉંઘ
નિંદ્રાભંગ-ઉંઘનો નાશ
નિયામક-નિયમમાં લાવનાર
નિરામય-નીરોગી, વિકારરહિત
નિરુપદ્રવ-પીડા નહિ તે
નિંદ્ય-નિંદા કરવાને યોગ્ય
પક્વ-પાકેલાં, ઘરડાં
પક્વાશય-પચન થવાની જગા
પક્ષાઘાત-અર્ધાંગ વાયુ, લકવો
પચન-પાકવું
પટકી-કોગળિયું, કોલેરા
પડકેશ-પડળ, કોઈ એને પરવાળાં પણ કહે છે.
પથ્ય-હિતકારક
પરિણામશૂળ-ખાધેલું પચન થઇને પેટ ખાલી થયું એટલે વેદના થવા માંડે એવો પેટશૂળનો એક ભેદ છે.
પરિપાક-પચન થવું, હજમ થવું.
પરિભાષા-શાસ્ત્રીય અર્થ-વિધિ, વ્યવસ્થા ૪૦
પરિશિષ્ટ-વધારો
પર્યાય-બીજું નામ
પસવાડું-પડખું, પાસું
પાક-હજમ થવું
પાચક } પચન કરનાર
પાચન }
પાત-પડવું
પાતન-એક જાતની રસાયન ઉપર કરવાની ક્રિયા
પાદશોથ-પગનો સોજો
પાદસ્ફોટ-પગની ટાંચ દુઃખવાનું દરદ
પાદહર્ષ-એક જાતનો વાયુરોગ, ઝંઝણી
પાનક-પીવાનું પાણી
પાનીય-પીવાને યોગ્ય
પામા-ખસ
પિચ્છલ-ગુંદર જેવું લીસું
પિત્તઘ્ન-પિત્તને તોડનાર
પિત્તજ્વર-પિત્તથી આવેલો તાવ
પીનસ-નાકનાં છોડ
પુટ-ઓસડને સૂર્યપુટ, અગ્નિપુટ ઇત્યાદિ સંસ્કાર કરે છે તે.
પુટપાક-ઔષધાદિકોની આસપાસ પાન લપેટીને અગ્નિમાં નાખી પકવે છે તે
પુષ્પ-સ્ત્રીનું રજ, ફૂલ
પુતીગંધ-ખરાબ ગંધાવું
પૂય-પરૂ
પૃથક્કરણ-જુદું કરવું
પૃષ્ઠ-પીઠ, બરડો
પેટપીડ-પેટમાં દુખવું, ચુંક આવવી
પેશી-શરીરમાંની માંસ વગેરેની કોથળીઓ
પંગુ-લંગડો, પાંગળો
પંચકર્મ-વમન, વિરેચન, નસ્ય, નિરુહ તથા અનુવાસન.
પંચપિત્ત-પાચક, રંજક, સાધક, આલોચક અને ભ્રાજક.
પંચવાયુ-પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન.
પંચશ્લેષ્મા-શરીરના કફ ભિન્ન ભિન્ન કાર્ય અનુસાર અવલંબક, ક્લેદક, બોધક, તર્પક અને શ્લેષ્મક, એ પાંચ નામથી વિભક્ત છે.
પંચાંગ-કોઇ પણ વનસ્પતિનાં મૂળ, છાલ, પાન ફળ તથા ફૂલ, એ પાંચ અંગ મળીને પંચાંગ થાય છે.
પાંડુ-પાંડુરોગ
પાંડુરતા-ફીકાશ, પીળાશ
પિંડી-ઔષધિની લુગદી બનાવીને આંખ ઉપર બાંધવામાં આવે છે તે.
પેયા-રાબડી
પિડક-ઝીણી ફોલ્લીઓ
પ્રકૃતિ-સ્વભાવ, કુદરત
પ્રકોપ-બીગાડ, વૃદ્ધિ
પ્રકોપન-બગડવું, વધી જવું
પ્રખર-ઘણું તીવ્ર, અતિ ઉષ્ણ
પ્રગલ્ભ-પ્રૌઢ, ઘરડો, ઉત્તર વયમાં આવેલો
પ્રજા-સંતતિ
પ્રતિકૂલ-વિપરીત, ઉલટું, વિરુદ્ધ
પ્રતિક્રિયા-નિવારણની ક્રિયા
પ્રતિનિધિ-બદલામાં ચાલી શકે એવો પદાર્થ
પ્રતિબંધ-અટકાવ
પ્રતિશ્યામ-પીનસરોગ
પ્રદર-સ્ત્રીનો ગુહ્ય રોગ
પ્રત્યય-ભરોંસો, વિશ્વાસ, અનુભવ
પ્રદીપન-દીપન કરનાર
પ્રમાદ-ગફલત, અસાવધપણું
પ્રમુખ-શ્રેષ્ઠ
પ્રમેહ-પરમિયો
પ્રયોગ-ઔષધ, મંત્ર, શસ્ત્ર ઇત્યાદિકોની યોજના
પ્રલાપ-વ્યર્થ ભાષણ, બકવા

પ્રવાલ–પરવાળું
પ્રવાહ–વહેવું
પ્રશસ્ત–પ્રશંસા પામેલું-વખણાયલું
પ્રસવ–જણવું
પ્રસૂતિવાયુ–જણવાની વખતે થનારું વાયુનું દરદ
પ્રહર્ષ–ઘણો આનંદ
પ્રહાર–મારવું
પ્રાકૃતજ્વર–ઠંડીથી સાધારણ તાવ આવે છે તે.
પ્રાશન–પીવું
પ્રેત–લાશ, મુડદું
પ્રેક્ષણીય–જોવાલાયક
પ્રૌઢ–પાકી ઉંમરનો, પાકેલો
પ્લીહન, પ્લીહા } ––પાણથરી, પ્લીહા નામનો પેટમાંનો આજાર, બરોલ, (પેટમાં ડાબી બાજુએ થાયછે તે)
પ્લીહઘ્ન, પ્લીહંત્રી } પ્લીહાનો નાશ કરનાર
પ્લીહોદર–પેટમાંનું એક જાતનું દરદ, બરોળ
ફલવર્તી–યોનિ અથવા ગુદાની અંદર પહેરવાની જાડી વાટ.
ફળપ્રદ–ફળ આપનારો
ફલિત–ફળ આવેલો
ફાંટ–ઔષધિનું સત્ત્વ જે પાણીમાં લઇ લીધું હોય તે પાણી
બદ્ધ–બાંધેલું
બદ્ધગુદોદર–બંધકોશ
બદ્ધવિકટ–ઝાડાને રોકનાર
બલ્ય–બળ આપનાર
બસ્તિ–મૂત્રમાર્ગ અથવા મળમાર્ગ ધોવા માટે પીચકારી દ્વારા ઔષધિવાળું પાણી અથવા તેલ ચઢાવવું તે ક્રિયા.
બવાશિર–હરસ, મસા
બંધારણ–શરીરના કોઇ પણ ભાગને અથવા વિશેષ કરીને પેટને નરમ કરવા માટે અળસી અથવા બાજરાનો રોટલો બાંધવામાં આવેછે તે. આ બંધારણ અનેક પ્રકારનાં વપરાય છે.
બાધિર્ય–બહેરાપણું
બિલાસ–કફ, બલગમ
ભડાશડવું–ભરશાડમાં ભારવું, બાફવું
ભયપ્રદ–ભીતિ ઉપજાવનાર
ભાવના–ઔષધિના ચૂર્ણમાં અથવા ભસ્મમાં કોઈપણ ઔષધિનો રસ મેળવી ઘુંટીને સૂકવવું તે.
ભાસ–દેખાવ, પ્રતીતિ
ભિષક્–વૈદ્ય
ભોજ્ય–જમવાયોગ્ય
ભ્રમિવાયુ–ઉન્માદ, ચિત્તભ્રમ, ગાંડાપણું
ભ્રમ–ભ્રાંતિ
ભ્રમણ–ફેર, ચકરી, મુસાફરી
ભ્રંશ–નાશ
મધુરજ્વર–એને મધુરા કહે છે.
મર્મજ્ઞ–રહસ્ય જાણનાર
મલ–વસા, શુક્ર, લોહી, મજ્જા, મૂત્ર, વિષ્ઠા અને કાનમાંનો મેલ ઇત્યાદિ શરીરમાં બાર પ્રકારના મળ હોય છે તે.
મલજ–મળથી થયેલો
મલસ્તંભક, મલાવષ્ટંભક } ઝાડાને રોકનાર
મલઘ્ન–મળને ઉખેડનાર
મસ્તકરોગ–માથાનો રોગ
મહામારી–કૉલેરા, કોગળિયું
મંજન–દાંતે ઘસવાની દવા
મુરદુ–મરડો, શબ, પ્રેત
મૂત્રકૃચ્છ્ર–પીસાબ કરવામાં વાતાદિકથી પીડા થાય છે એવો રોગ
મૂત્રખડા–પથરી
મૂત્રલ–મૂત્રને વધારનાર
મૂત્રાશય–પેટમાંનું મૂત્રનું ઠેકાણું, ડુંટીનો નીચલો ભાગ (પેઢું)
મૂત્રાશ્મરી–પથરી
મૂળવ્યાધિ–હરસ, મસા
મૃદુ–કોમળ, નરમ
મેદ–શરીરના સાત ધાતુમાંનો એક ચીકણો ધાતુ
મેહ–પ્રમેહ, પરમો
મોડ–મસા, હરસ
મોહ–ઘેરી, ચક્કર, મૂર્ચ્છા, ભ્રમ
મોહરી–ખાલી ચઢવી
મંડ–ચોખાની પેજ
મંડલ–ગોળ, સમુદાય અથવા ચાળીસ દહાડા જે ક્રિયા કરવી તેને કહે છે.
મંથ–જવના આટામાં સાકર, ઘી અને ઠંડુ પાણી નાખીને જે પદાર્થ તૈયાર કરે છે તે
માંદ્ય–મંદતા
મૃગીરોગ–વાઇ, ગોથું
યવાગુ–ઘાટી રાબડી
યૂષ–છાર, છારી, મગ વગેરે કઠોળનું ઓસામણ
રક્તજ–લોહીમાંથી જે થાય છે તે
રક્તપિત્તિ–વાતરક્ત, ગાઠિયો વા, શરીરનું અકડાઇ જવું.
રક્તપ્રમેહ–લિંગને રસ્તે લોહી વહે એ પ્રકારનો પ્રમેહ
રક્તાર્શ–દૂઝતા હરસ-મસા
રજ–સ્ત્રીને અટકાવ
રતાંધળાપણું–રાત્રે આંખથી ન દેખાવું
રમ્ય–શોભાયમાન, સુંદર
રસ–જે ઔષધોમાં પારો અથવા હિંગળો આવે તે ઔષધ "રસ" નામથી ઓળખાય છે.
રસાયન–શરીરમાંના રસાદિ ધાતુઓની વૃદ્ધિ તથા શુદ્ધિ કરનાર ઔષધ
રુચિકર–રુચ્ય, રુચિદાયક, સ્વાદિષ્ટ
રૂક્ષ–કઠિન, સૂકાપણું
રેચક–જુલાબ લાવનાર
રેચન–ઝાડા કરનાર
રોચક–રુચિ ઉપજાવનાર
લઘુ–હલકું
લીન–લય પામેલું, સમાયલું

લેખન–રસાદિક ધાતુ અને વાતાદિક દોષને સૂકવી શરીર શુદ્ધ કરનાર ઔષધ
લેખનીય } લેખન કરવાને યોગ્ય
લેખ્ય
લેહ–ચાટણ
લોપરી–પોટીસ
વક્ર–વાંકું
વમન–ઉલટી
વમી–વાંતિરોગ, ઉલટીનું દરદ
વયસ્થ–ઉંમરમાં આવેલા, તરુણ
વર્જનીય } ત્યાગવા યોગ્ય
વર્જ્ય
વર્તિ–શરીરને લગાડવાનો ઉબટણો, દીવેટ
વર્ધક–વધારનાર
વસા–ચરબી
વસામેહ–૨૦પ્રકારના પ્રમેહમાંનો [એક
વસુ–ધોળી સાટોડી
વાતઘ્ન–વાતનાશક
વાતરક્ત–ગાંઠીઓ વા, શરીરનું અકડાઇ જવું
વાંતિ–ઉલટી,વમન
વિકૃત–વિકારવાળું
વિચર્ચિકા–ખરજવું
વિધ્વંસ–નાશ
વિપરીત–ઉલટું
વિપર્યાય–ઉલટાપણું
વિપાક–પરિણામ, પાકાપણું
વિપુલ–ઘણું
વિમલ–સ્વચ્છ
વિષઘ્ન–વિષનાશક
વિષમજ્વર–અનિયમિત જ્વર
વિસર્પ–ઇસબ, ચામડીનું એક જાતનું દરદ, ખરજવું
વીર્ય–ધાતુ, તેજ
વૃંદ–જમાવ, ટોળું
વૃષ્ય–પૌષ્ટિક, પુષ્ટ
વેગ–ગતિ
વેષ્ટન–લપેટવું
વૈપાદિક–બ્યાઉ, તજાગરમી, હાથ
વ્યક્ત–સ્પષ્ટ [પગનું ફાટવું

વ્યંગ–કમતાઇ, મુખ ઉપરની કાળાશ, કરોળીઆ
વ્યથા–દુઃખ, પીડા
વ્યાધિ–રોગ
વ્યોષ–(ત્રિકટુ-ત્ર્યુષણ) સુંઠ, મરી અને લીંડીપીપર
વ્રણ–જખમ, ખાડો
શમન–શાંતિ
શલ્ય–કાંટો, બાણ
શરાવસંપુટ–માટીનાં બે સરખાં કોડિયાંની ધારોને ઘસીને પછી એક કોડિયામાં દવા ભરી ઉપર બીજું કોડીઉં મૂકી, ચીકણી માટીથી ઝીણા લૂગડાને પલાળીને બે કોડિયાની સાંધ બંધ કરી દેવી. તેના પર બીજું લૂગડું લપેટી દેવું. આવી રીતે તૈયાર થાય તે 'શરાવ સંપુટ' કહેવાય છે.
શાખા–રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર અને ત્વચા, એ સાત અવયવને શાખા કહેછે.
શિરોરોગ–માથાનું દરદ
શીતપિત્ત–શીળશ
શીતવીર્ય–જેમાં ઠંડો ગુણ વિશેષ
શુષ્ક–સૂકું [છે તે.
શૂલઘ્ન–શૂળરોગનો નાશકર્તા
શોથ–સોજો
શોથઘ્ન–સોજાનો નાશ કરનાર
શોધક–શુદ્ધ કરનાર
શોધન–શુદ્ધ કરવું
શોફ–સોજો
શોષ–તરસ, તૃષા
શોષણ–શોષી લેવું, ચૂસી લેવું
શ્લીપદ–હાથીપગો, હાથપગ જાડા
શ્લેષ્મ–કફ, બલગમ [થવા
શ્લેષ્મઘ્ન–કફને તોડનાર
શ્લેષ્મજ–કફથી ઉપજેલું
શ્લેષ્મલ–બલગમવાળો
શ્વાસ–દમ. શ્વેત–સફેદ
ષંઢ–નપુંસક, હીજડો

સંધિ–સાંધો
સન્નિપાત–કફ, વાત અને પિત્તનો બગાડ થવાથી જે વિકાર થાય છે તે.
સંશોધન–સ્વચ્છ કરવું
સાધ્ય–મટી શકે એવો રોગ, મેળવી શકાય એવો પદાર્થ
સારક–ઝાડો ઉતારનાર
સિધ્મ–કરોળિયા
સુખસાધ્ય–સુખથી મટે એવું અથવા સુખથી મેળવાય તેવું
સુજ–શોથ, સોજો
સુનબહિરિ–વાતરક્ત,ગાંઠિયો વા, શરીરનું અકડાઇ જવું.
સુરભિ–સુગંધવાળું
સુસી–વરાધ, સસણી, ગરધણી
સ્તન–થાન, સ્થૂલ–પુષ્ટ, જાડું
સ્નાયુક–વાળો
સ્નિગ્ધ–ચીકટ, ચીકાશવાળું
સ્નેહ–ઘૃત, તેલનો પદાર્થ, ચીકાશ
સ્વર–શબ્દ, અવાજ
સ્વરભેદ–અવાજમાં બગાડો
સ્વેદ–બાફ, શેક (શરીરમાંથી ખરાબ તત્ત્વ કાઢી નાખવા માટે ગરમ હવા,ગરમ પાણી, ગરમ રેતી, મીઠું, ઈંટ, વસ્ત્ર અથવા બીજાં સાધનોથી પરસેવો વધારે ઉત્પન્ન કરવાની ક્રિયા.)
સ્વેદઘ્ન–પસીનાનો નાશ કરનાર
હરીતકી–હરડે
હાથીપગો–શ્લીપદ, હાથપગ જાડા
હિક્કા–ઉચકી, હેડકી [થવા
હૃદ્ય–હૃદયને સુખ કરનાર
હૃદ્ગ્રહ–હૃદય (છાતી) નું જકડાઈ જવું.
ક્ષતઘ્ન–જખમ મટાડનાર
ક્ષતજ–જખમથી થયેલો
ક્ષાર–ખાર
ક્ષુદ્ર–છોટું, નાનું, અલ્પ
ક્ષોભ–કોપ, ઉછાળો

परीक्षा प्रकरण

रोगमादौ परीक्षेत ततोऽनन्तरमौषधम् ।
ततः कर्म भिषक् पश्चाज्ज्ञानपूर्वं समाचरेत् ॥

વૈદ્યોએ પ્રથમ રોગની પરીક્ષા કરવી જોઇએ. ત્યારપછી ઔષધિનો વિચાર કરી જ્ઞાનપૂર્વક ચિકિત્સા કરવી જોઇએ.

રોગમાં કયો દોષ વિશેષ તથા કયો કમી છે એ સમજવામાટે આઠ સ્થાનોની પરીક્ષા કરવી જોઇએ.

रोगाक्रांत शरीरस्य स्थानान्यष्टौ निरीक्षयेत् ।
नाडीं मूत्रं मलं जिह्वां शब्दं स्पर्श दृगाकृती ॥

નાડી, મૂત્ર, મલ, જિહ્વા, શબ્દ, સ્પર્શ, નેત્ર અને રૂપ, એ આઠ સ્થાનપરથી રોગની પરીક્ષા કર્યા પછી ઔષધયોજના કરવી જોઇએ.

રોગ ઉત્પન્ન થવાનું કારણ શું ? ઋતુ, રોગીની રોગ થયા પહેલાંની શારીરિક સ્થિતિ, ઉંમર, રોગીની શક્તિ, રોગીનો ઉદ્યોગ ધંધો, રોગ પ્રધાન છે કે ગૌણ છે, વગેરે વાતો તરફ લક્ષ આપીને ઔષધિ આપવી જોઇએ.

રોગપરીક્ષાના સંક્ષેપમાં ત્રણ ઉપાય છે. શાસ્ત્રોપદેશ, પ્રત્યક્ષ અને અનુમાન. પ્રથમ રોગીની સર્વ અવસ્થા જાણીને શાસ્ત્રમાં કહેલાં લક્ષણોની સાથે મેળવવું; પછી અનુમાનથી રોગનો આરંભ અથવા દોષ અને બલાબલનો નિશ્ચય કરવો.

રોગીની સર્વ અવસ્થા સાંભળી લીધા પછી શારીરિક ગંધ પ્રકૃત છે યા વિકૃત બની ગઈ છે, એ પરીક્ષા કરવા માટે શરીરગત ગંધ, મળ, મૂત્ર, શુક્ર અને વમન કરેલા પદાર્થ સુંઘીને નિશ્ચય કરવો જોઇએ. સંતાપ અને નાડીની ગતિ સ્પર્શથી જાણવી. મધુમેહાદિમાં મૂત્રાદિની મિષ્ટતા, રોગવિશેષમાં સર્વ શરીરની વિરસતા, તેમજ રક્તપિત્તમાં રક્તનો સ્વાદ એ સર્વ હકીકતનો નિશ્ચય યુક્તિથી કરવો જોઇએ. શરીરમાં સાવા, જૂ, કૃમિ ઉત્પન્ન થવાથી વિરસતા, માખી બેસવાથી મિષ્ટતા, કીડી અથવા મંકોડાનું મૂત્રપર એકઠા થવું એ પરથી મૂત્રની મિષ્ટતા, રક્તપિત્તમાં પ્રાણુરક્ત વમન કરેલ છે કે નહિ તે જાણવા માટે કાગડા, કૂતરા આદિ પશુપક્ષીને ચટાડવું. ચાટી જાય તો પ્રાણરક્ત અને ન ચાટે તો રક્તપિત્તના રક્તનો નિશ્ચય કરવો.

અગ્નિબળ. શારીરિક બળ, જ્ઞાન, સ્વભાવ વગેરે કાર્યવિશેષ પરથી અનુમાન કરી લેવું. ભૂખ, તરસ, રુચિ, અરુચિ, ગ્લાનિ, સ્વપ્ન, નિદ્રા વગેરે રોગીને પૂછીને જાણી લેવું. અતિ સામાન્ય ભેદના બે ત્રણ રોગોમાં રોગનો નિર્ણય ન થઇ શકે ત્યારે સાધારણ કોઇ ઔષધિ આપીને લાભહાનિ પરથી રોગનો નિશ્ચય કરવો. લક્ષણવિશેષ ઉપરથી રોગની સાધ્યતા, કષ્ટસાધ્યતા તેમજ અસાધ્યતાનું અનુમાન કરવું. અરિષ્ટ લક્ષણપરથી રોગીનું મૃત્યુ જાણી લેવું.

१–नाडीपरीक्षा

તેલનું મર્દન કરેલા, નાહેલા, જમેલા, ભૂખ અને તરસથી પીડાતા એવા મનુષ્યની નાડી જોવાથી યથાર્થ સમજાતી નથી; માટે પ્રાતઃકાળે ઉઠી ઘડીભર જે સ્વસ્થ બેઠેલો હોય તેની નાડી જોવી; એટલે સારી સમજાશે. પુરુષનો જમણો હાથ અને સ્ત્રીનો ડાબો હાથ લાંબો સીધો કરી, અંગૂઠાના મૂળ પાસેની શિરા ઉપર તર્જની, મધ્યમા અને અનામિકા આંગળીઓ રાખી વાત, પિત્ત અને કફ, એ દોષો અનુક્રમે જાણવા. કોઈ કોઈ વખતે એજ પ્રમાણે પગની નાડી પણ જોવાય છે.

વાંકી અને સર્પ તથા જળોની ચાલ પ્રમાણે જે ચાલે તે વાતનાડી; દેડકા, કાગડા અને ચકલીના જેવી ત્વરાએ ચાલે તે પિત્તનાડી; હંસ, કબુતર અને મોરના જેવી મંદ મંદ ચાલે તે કફનાડી; લઉઆ અને તિતર પક્ષીની ચાલ પ્રમાણે ચાલે તે સન્નિપાત નાડી; હળવી અને સરસર ચાલવા

લાગે તે દ્વિદોષની નાડી જાણવી. જે સ્વસ્થાનથી છૂટ, રહી રહીને ચાલે, ઘણી ક્ષીણ હોય અને ઠંડી હોય એ ચાર પ્રકારની નાડી પ્રાણનાશક છે.

સામાન્ય જ્વરનો કોપ થવાથી નાડી ગરમ થઈ મોટા વેગથી ચાલે છે; અને ક્રોધ ચઢેલો હોય તોપણ નાડી મોટા વેગથી ચાલે છે. ચિંતાથી અને ભયથી નાડી ક્ષીણ ચાલે છે. મંદાગ્નિ અને ધાતુ-ક્ષીણતાવાળાની નાડી ઘણી મંદ હોય છે. રક્તનો કોપ થયો હોય તો થોડી ગરમ હોઇ પાષાણ જેવી જડ થાય છે; અને આમયુક્ત હોય તો ઘણીજ જડ થાય છે. ગર્ભિણીની નાડી ગંભીર, પુષ્ટ અને હલકી ચાલે છે. તૃષાતુર, આળસુ, સુખી અને ઉંઘી ઉઠેલા તથા મનમાં કાર્યની યોજના કરનારા એમની નાડી સ્થિર ચાલે છે. ભૂખ લાગે એટલે નાડી હલકી અને વેગથી ચાલે છે. મળમૂત્ર પ્રાપ્ત હોવાથી જ્વર પ્રમાણે ચાલે છે. લોભ અને મદ (અહંકાર) એ ઉત્પન્ન થયેલ હોય તો કાંઈક ચંચળ ચાલે છે. ચોરની નાડી કાંઇક તીવ્ર અને કાંઈક મંદ એવી ચાલે છે. ઉદ્યોગી અને માર્ગે ચાલી શ્રમિત થયેલા મનુષ્યની નાડી ઉષ્ણ અને ચંચળ ચાલે છે. **અજીર્ણની નાડી**:—કાગડા અને હંસની ચાલ જેવી, જમેલા મનુષ્યના જેવી અને કાંઈક કફની નાડી જેવી ચાલે છે. **ભૂતનાડી**:—જો ટચલી (છેલ્લી) આંગળી નીચે નાડી ચાલે તો તેને ભૂતનો ઉપદ્રવ જાણવો, અના-મિકાની નાડી ચાલે તો કુળદેવતાનો ક્ષોભ જાણવો, હાથના મૂળ પાસેની નાડી ચાલે તો જળદેવતાનો ક્ષોભ જાણવો અને મધ્યમાની નાડી ચાલતી હોય તો સંબંધીક નાડી જાણવી. **ઉત્તમ પ્રકારની નાડી**:-જેનો જઠરાગ્નિ પ્રદીપ્ત છે, તેની નાડી હલકી અને વેગથી ચાલે છે. સ્વસ્થ મનુષ્યની નાડી સ્થિર હોઇ પ્રબળ ચાલે છે. ભૂખથી વ્યાપ્ત થયેલાની નાડી ચંચળ ચાલે છે અને તૃપ્ત થયેલાની નાડી નિશ્ચળ હોય છે. **અસાધ્ય સન્નિપાત નાડી**:—તૂટક તૂટક, અતિ ત્વરાએ, કાષ્ઠ પ્રમાણે કઠિન, વાંકી, ક્ષણમાં હળવી, ક્ષણમાં જલદી, અતિ ઉષ્ણ, મોટો વેગ હોઈ જ્વરે પ્રાપ્ત, લાવા અને તેતરની ગતિ જેવી, વળી ગુંથાતી જઇ સ્વસ્થળ છોડે ને ક્ષણમાં સ્થાનપર આવે તે સન્નિપાતની નાડી જાણવી. જે નાડી રહી રહીને ચાલે છે અને ઘણી જલદી તથા ઠંડી થઇ અકસ્માત્ અટકી જાય તે અંતક નાડી જાણવી; તેમજ તર્જની આંગળીની નાડી ચાલે તે પણ અંતની જાણવી. નાડી પોતાના સ્થાનથી ભમતી છતાં ચક્ર પ્રમાણે ભમે અને ભયની નાડી પ્રમાણે ચાલે તથા ક્ષણમાં અતિસૂક્ષ્મ ચાલે તે અસાધ્ય જાણવી. જ્યારે બે પહોર જ્વરયુક્ત અને અગ્નિતુલ્ય નાડી ચાલવા લાગે અથવા ગતિ છોડીને ઘણી ઝડપથી ચાલે, ત્યારે રોગી એકજ દિવસમાં મરે છે. જેની નાડી ડમરૂ પ્રમાણે (કૂદકા ભરતી) ચાલે તે ચોથા દિવસે મરે. જેની નાડી સ્થાન છોડે તે ૩ દિવસમાં મરે. જ્યારે નાડી ગરમ અને શરીર નિસ્તેજ હોઈ ઠંડ અથવા તાવ બહુ હોય અને શરીર ક્ષીણ અને નાડીની ગતિ મંદ હોય ત્યારે રોગી બે દિવસમાં મરે છે.

નાડીપરીક્ષાનું મહત્ત્વ*

પ્રસ્તાવના

આર્ય વૈદકમાં પરીક્ષાના ભાગમાં નાડીપરીક્ષાને વિશેષ પ્રધાન ગણી છે. તેની યોગ્યતા શું અને કેટલી છે તે બાબતમાં અનેક માણસોના અનેક પ્રકારના તરંગો હોવા છતાં નિશ્ચયથી તેના વિષે કહેનારા માણસો કવચિતજ મળે છે. વૈદકશાસ્ત્ર પ્રત્યક્ષ જોવાથી સમજાય એવું હોવાથી તેના સિદ્ધાંત-નો પ્રત્યક્ષ અનુભવ લીધા સિવાય ખાત્રી થવી કઠણ છે; તે માટે તેમાંના નાડી જેવા મહત્ત્વના, પરંતુ કેટલાકોના મતથી વાદગ્રસ્ત વિષયની પુષ્કળ ચર્ચા થઇ તેમાંના યોગ્ય સિદ્ધાંત બહાર પાડવા ઘણા જરૂરના છે, જેથી વૈદ્ય સભાએ આ વિષય બક્ષીસ માટે પસંદ કર્યો હતો. તેમાં એકંદરે ત્રણ નિબંધ આવ્યા, તેમાં આ નિબંધ સારો ઠર્યો; તોપણ તેમાં આવવાજોગો બીજો વિસ્તાર નિબંધકાર પાસે કરાવી અને તેને અનુસરી તેનું સંશોધન કરી તથા વધારી તે હાલ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

* મુંબઇની વૈદ્ય સભાદ્વારા મરાઠી ભાષામાં મંગાયલા નિબંધોમાંથી વડોદરાની સંસ્કૃત પાઠશાળાના અંગ્રેજી શિક્ષક શ્રીયુત બાલકૃષ્ણપંત બાજી જોશીનો આ નિબંધ ઇનામને પાત્ર ઠરેલો, તે, ગુજરાતી પાઠકવર્ગ માટે પણ ઉપયોગી જણાયાથી અનુવાદરૂપે અત્ર દાખલ કરવામાં આવ્યો છે. (મંત્રી સ૦ સા૦)

આ વિષયની ચર્ચા જેટલી બને તેટલી થવી જોઇએ; તે સિવાય તેમાં પૂર્ણતા આવવાર નથી. નાડી-પરીક્ષાથી શરીરક્રિયાની સર્વ સ્થિતિ સમજાય છે, એવું પ્રત્યક્ષ અનુભવથી સમજવા માટે એવી ચર્ચા થવી ઘણી જરૂરની છે. આ વિષય ઉપર સ્વતંત્ર સંસ્કૃત ગ્રંથો ઘણા છે, તોપણ તેથી જેટલું જોઇએ તેટલું સમાધાન થતું નથી. આથી તે ઉપર મોટા શાસ્ત્રસિદ્ધ અને સુલભ પ્રકારને ગ્રંથ થવાની ઘણી જરૂર છે. આ નિબંધ તેનો માર્ગદર્શક છે, એમ માનવામાં હરકત નથી. આવાજ પ્રકારનો પ્રયત્ન કરવા વૈદ્યસભા શક્તિવાન થાય અને તેનાથી દેશનાં ઘણાં મહત્ત્વનાં કાર્યો થાય, એટલીજ ઇચ્છા પ્રદર્શિત કરી અને તે સફળ કરવા બદલ પરમેશ્વરની પ્રાર્થના કરી આ અલ્પ પ્રસ્તાવના પૂરી કરીએ છીએ.

શંકર દાજી શાસ્ત્રી પદે

આ વિષયનું વિવેચન કરતાં ૧ નાડી એટલે શું ? ૨ તેની પરીક્ષા કેવી રીતે કરવી ? ૩ તે પરીક્ષાથી શાનું જ્ઞાન થાય છે ? અને ૪ તે જ્ઞાનનો આપણે કેવી રીતે ઉપયોગ કરવો ? એ ચાર બાબતોનો ખુલાસો થવો જોઇએ; કારણ કે એજ પ્રસ્તુત વિષયની મુખ્ય બાબતો છે. હવે આપણે 'નાડી' એટલે શું તેનો પ્રથમ વિચાર કરીએ.

નાડી એટલે શું ?

મનુષ્યશરીરના સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ, એ ચાર પ્રકારોમાંથી નાડી એ સ્થૂલ-દેહનોજ એક ભાગ હોવાથી અહીં માત્ર સ્થૂલદેહનોજ વિચાર કરવો ઇષ્ટ છે. આ સ્થૂલદેહ રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર, આ સાત વસ્તુનો બનેલો છે. આ સાત વસ્તુઓને સપ્તધાતુ એમ કહે છે; કારણ કે તે શરીરને ધારણ કરે છે. આ વિષે ભાવપ્રકાશમાં કહ્યું છે કે—

"રસ, રક્ત, માંસ, વસા, હાડકાં, હાડકાંના સત્ત્વરૂપ મજ્જા અને વીર્ય, એ સાત વસ્તુઓ સ્વતંત્ર રહીને દેહને ધારણ કરે છે."

આ સાત ધાતુના યોગથીજ આપણા શરીરનાં અવયવોનો નાના પ્રકારનો વ્યાપાર સારી રીતે ચાલે છે.

ઉત્પત્તિ, સ્થિતિ અને લય, ત્રણે વિકારો તમામ જડસૃષ્ટિની પેઠે આ સપ્તધાતુને પણ લાગુ છે, એટલે કે તે આપણા શરીરમાં ઉત્પન્ન થાય છે, રહે છે અને લય પામી જાય છે; અને આવી રીતની ક્રિયા હમેશ ચાલુ રહે છે. હવે આ ક્રિયા કેમ અને કેવી રીતે ઉત્પન્ન થાય છે, એ પ્રશ્ન સ્વાભાવિક રીતે ઉભો થાય છે. આપણા આહાર-વિહાર ઉપલી ત્રણે ક્રિયાઓનું આદિકારણ છે. આપણે જે ખાઇએ છીએ અને પીએ છીએ, તેનો આપણા કોઠા(જઠર)માં પરિપાક થઇ તેમાંથી સત્ત્વાંશ અને ત્યાજ્યાંશ એવા બે ભાગ જુદા પડે છે. તેમાંથી ત્યાજ્યાંશ હોય છે તે મળ, મૂત્ર, પરસેવો ઇત્યાદિરૂપે શરીરમાંથી બહાર નીકળી જાય છે; અને સત્ત્વાંશ રહે છે તે શરીરનું પોષણ કરે છે. આ સત્ત્વાંશને રસધાતુ કહે છે અને તેમાંથીજ ક્રમે ક્રમે શુક્રપર્યંતના સર્વ ધાતુની ઉત્પત્તિ થાય છે. આ વિષયમાં શાર્ઙ્ગધરે કહ્યું છે કે:—

"રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર, આ સાત ધાતુઓ છે; તે સર્વ પિત્તની ગરમીથી એકબીજામાં પાચન થઇ એકબીજામાંથી ઉત્પન્ન થાય છે."

આ પ્રમાણે જઠરમાં રહેલા અન્નપાનના સત્ત્વાંશમાંથી એટલે કે રસધાતુમાંથી એક પછી એકના ક્રમથી આ સર્વ ધાતુઓ ઉત્પન્ન થાય છે. તે સત્ત્વાંશ તૈયાર થવામાં કયા કયા અવયવોને કામે લાગવું પડે છે, તે સ્પષ્ટ કરવાથી 'નાડી એટલે શું' એ આપણા પ્રથમ પ્રશ્નનો નિકાલ આવશે. તેથી હવે આપણે તે સાધનભૂત અવયવોનો અને તેની ક્રિયાનો વિચાર કરીએ.

આ સ્થૂલશરીરને વૃક્ષની ઉપમા આપી શકાય અને એ પ્રકારે હાથપગ એ શાખા કહેવાય અને માથું તથા ધડ એ તેનું થડ કહેવાય. એ થડના ત્રણ ભાગોમાં જુદાં જુદાં અવયવોની યાંત્રિક રચના અને આપણા આયુષ્યને આવશ્યક વ્યાપારનાં મુખ્ય સ્થાનો રહેલાં છે. આ ભાગો પૈકી ઉપરનાને શિર, વચલાને છાતી અને નીચેનાને જઠર કહે છે. ગળાથી તાળવાસુધીનો ભાગ શિરોભાગ કહેવાય છે. તેની અંદર સર્વ જ્ઞાનેંદ્રિયો રહે છે અને તેની મુખ્ય ક્રિયા પણ ત્યાંજ ચાલે છે. છાતીથી ગળાપર્યંતના ભાગને ઉરોભાગ કિંવા હૃદયપ્રદેશ કહે છે; તેની અંદર હૃદય, ફેફસાં અને શ્વાસનળીઓ વગેરે શ્વસનેંદ્રિયો હોઈ તેની ક્રિયા ત્યાંજ ચાલે છે. ત્રીજો એટલે નીચેનો ભાગ જે કોષ્ઠ-(કોઠો) પ્રદેશ છે, તેમાં યકૃત, પ્લીહા, અન્નાશય, પિત્તાશય, મળાશય, મૂત્રાશય ઇત્યાદિ પચન

ફરનારી ઇંદ્રિયો રહે છે અને તેની ક્રિયા પણ ત્યાંજ ચાલે છે.

ખાધેલું અન્ન અને પાણી મોઢામાં લાળની સાથે મિશ્ર થઇ તે ગળામાર્ગે જઠરમાં જાય છે. તે અન્નજળ આમાશયમાં હજી કાચાં હોય છે તેવામાંજ તેના કઠિન અને પ્રવાહી એવા બે ભાગ જુદા થઇ કઠિન ભાગ પકવાશયમાં જાય છે અને પ્રવાહી ભાગ બસ્તિપ્રદેશમાં જાય છે. પકવાશયમાં ગયેલો કઠિન ભાગ પિત્તની સાથે મળી પરિપક્વ થાય છે અને તેનો નિઃસત્ત્વ (નકામો) ભાગ જુદો પડી આંતરડામાં જઇને ત્યાંથી તે મળરૂપે બહાર નીકળે છે. બસ્તિપ્રદેશમાં ગયેલો પ્રવાહી ભાગ મૂત્રરૂપથી શરીરબહાર નીકળે છે. પકવાશયમાં કઠિન ભાગમાંનો જે સત્ત્વાંશ રહે છે તેને રસધાતુ કહે છે અને તેની જુદી જુદી સ્થિતિ બદલાતાં તેજ છેવટે શુક્ર અને ઓજરૂપે બને છે. એ રસના આધારથીજ જીવન ટકી શકતું હોવાથી તેને જીવનરસ પણ કહેવામાં આવે છે. આ માટે ભાવપ્રકાશમાં કહેલાં વચનો નીચે પ્રમાણે છેઃ—

"અન્નનો જે સારભાગ તે રસ છે અને સારહીન મલિન પ્રવાહી ભાગ શિરામાર્ગે બસ્તિમાં જઇને મૂત્ર બને છે. બાકી જે તેનો કિટ્ટ રહે છે તેને વિષ્ઠા કહે છે. તે સમાનવાયુના સંઘટ્ટનથી મલાશયની અંદર જઇને રહે છે. અપાનવાયુની ગતિવડે યોનિ અને શિશ્નદ્વારા મૂત્ર તથા ગુદાદ્વારા વિષ્ઠા શરીરથી બહાર જાય છે. રસધાતુ સમાનવાયુની પ્રેરણાથી હૃદયમાં જાય છે અને પછી વ્યાનવાયુના યોગથી શરીરમાં ફેલાઈ જઇને સર્વ ધાતુનું પોષણ કરે છે. નહેરો જેમ ખેતરમાંની અનેક તરેહની વનસ્પતિઓનું પોષણ કરે છે, તેવી રીતે રસધાતુ શરીરમાંની સર્વ ધાતુઓને વધારે છે."

રસધાતુજ ક્રમથી રક્ત, મેદ, માંસ, અસ્થિ, મજ્જા, શુક્ર અને ઓજના રૂપમાં રૂપાંતર પામતો અને સ્વચ્છ થતો જઇને અધિકાધિક સ્વચ્છ થાય છે. આવી રીતે એ રસ ઉપલી દરેક ધાતુની સ્થિતિમાં શુમારે પાંચ દિવસ રહે છે; એટલે કે એક મહિનાની મુદતમાં તે શુક્ર ધાતુના રૂપમાં જાય છે. આ માટેનાં પ્રમાણવચનો આ પ્રમાણે છેઃ—

"સ્થૂળ, સૂક્ષ્મ અને તેનો મળ એવા ત્રણ ત્રણ પ્રકાર પ્રત્યેક ધાતુની સ્થિતિમાં તેના તેજ રસમાંથી બને છે. મૂળ સ્થિતિમાં હોય છે તે સ્થૂળ ભાગ; પાછલી બીજી સ્થિતિમાં હોય છે તે સૂક્ષ્મ ભાગ અને સ્થૂળ ભાગમાંનો નકામો ભાગ તે કિટ્ટ બને છે." **"ચરક"**

"રસ એ રસથી લઇને મજ્જાપર્યંતના પ્રત્યેક ધાતુની સ્થિતિમાં અનુક્રમે પાંચ પાંચ રાત્રિદિવસ સુધી રહે છે." **"ભોજ"**

ઓજસ એ શુક્રપર્યંતની સઘળી ધાતુઓનું તેજ હોવાથી તેને ઘણું શ્રેષ્ઠ ગણવામાં આવે છે. કારણ કે તે હૃદયમાં રહી ત્યાંથી સર્વ તરફ ફેલાય છે અને શરીરને જીવન આપે છે. એ ઓજસ વધે છે ત્યારે દેહને આનંદ, પુષ્ટિ અને શક્તિ પ્રાપ્ત થાય છે; અને તે નાશ પામે છે તો ખચીત દેહનો નાશ થાય છે; કેમકે ઓજસવડેજ જીવન રહી શકે છે." **"વાગ્ભટ્ટ"**

અગાઉ કહેલી શ્વસનેંદ્રિયો હૃદયમાં અને પચનેંદ્રિયો ઉદરમાં કેવી રીતે રહે છે, તે હવે કહેવામાં આવે છે. અન્નરસથી આખું શરીર જુદી જુદી નાડીઓદ્વારા કેવી રીતે પોષણ પામે છે; આ વિષય પાછળ આવતો હોવાથી અહીં તે વિષે સમજૂત આપવી ઠીક થઇ પડશે.

નાભિની ઉપર એક વેંત અને ગળાની નીચે છ આંગળના અંતરપર રક્તાશય આવેલું છે અને તેને અડીને નીચે હૃદય આવેલું છે. તેની નીચે શ્લેષ્માશય, તેની નીચે આમાશય અને તેની નીચે પકવાશય એવી રીતે એકની નીચે એક આશય આવેલાં છે. રક્તાશય અને કફાશય એની વચ્ચે આવેલા હૃદયના આધારથી પ્રાણવાહી ધમની રહે છે. તેની નીચે ડાબી તરફ ફેફસાં અને પ્લીહા છે; અને જમણી તરફ યકૃત્ અને પિત્તાશય છે. હૃદય એ મુખ્ય ચેતનાસ્થાન છે; એટલે પ્રાણના ધબકારા ત્યાંથી ઉત્પન્ન થાય છે. એ ધબકારા ચાલુ રાખવા અથવા બંધ પાડવા, એ ઈશ્વરવગર બીજા કોઈના હાથમાં નથી. હૃદય શરીરમાંથી બહાર કાઢીને ચોક્કસ રીતે જોઇએ તોપણ તેની અંદરના તંતુઓનું ચલન-વલન સ્વતંત્રપણેજ ચાલતું આપણા જોવામાં આવે છે. હૃદયનો આકાર કમળ જેવો છે. તેનું મુખ નીચે અને ડીંટું ઉપર એમ હોય છે. આ સર્વ વાત માટે પ્રાચીન ગ્રંથોમાં આ પ્રમાણે વચનો છેઃ—

"નાભિથી ઉપર વેંતને અંતરે અને કંઠથી છ આંગળ નીચે આવેલા શરીરમાંના અંતરભાગને

ઉરોભાગ અથવા હૃદય કહે છે. ઉરોભાગ તે રક્તાશય, તેની નીચે કફાશય, તેની નીચે આમાશય અને તેની નીચે પિત્તાશય રહેલું હોય છે." "ચરક"

"રક્ત અને કફવડે હૃદય બનેલું છે. તેના આશ્રયથી પ્રાણવાહિની નાડીઓ રહેલી છે. તેની નીચે ડાબી બાજુ પ્લીહા અને ફેફસાં છે, જમણી બાજુ યકૃત્ અને પિપાસાસ્થાન છે. હૃદય એ મુખ્યત્વે ચેતનાની જગ્યા છે. હૃદય એ કમળની આકૃતિનું હોય છે અને તેનું મુખ નીચલી બાજુએ હોય છે." "સુશ્રુત"

ઇંગ્રેજી 'મનુષ્ય-ઇંદ્રિય-વિજ્ઞાન-શાસ્ત્ર' માં આહારના સત્ત્વરસમાંથી વસામય પદાર્થને શોષનારો જે 'પેનક્રિયાસ' નામનો અવયવ કહ્યો છે, તેજ મેદનું સ્થાન હોવાથી ઉપર કહેલા કફાશયમાંજ તેનો સમાવેશ હોવો જોઇએ. તેને માટે નીચે પ્રમાણે પ્રમાણવચન છે:—

"સર્વ પ્રાણીઓના પેટમાં મેદ એ બસ્તિનેજ આશ્રયે રહેલો હોય છે અને તેથીજ મેદપ્રકૃતિવાળાં માણસોનું પેટ ઘણેભાગે વધે છે." "ભાવપ્રકાશ"

વાત, પિત્ત અને કફ, એ ત્રણે પદાર્થ આપણા શરીરમાં રહેલા હોય છે. એ પદાર્થો ક્ષોભ પામતા રસાદિ ધાતુઓમાં વિકાર કરતા હોવાથી એ પદાર્થોને ત્રણ દોષ કહેવામાં આવે છે. રસાદિ ધાતુઓ અને વાતાદિ ત્રણ દોષોને પોતપોતાની યોગ્ય જગ્યાએ જવાના જે માર્ગ આપણા શરીરમાં છે તેને નાડીઓ કહે છે. એ નાડીઓ ત્રણ પ્રકારની છે. શિરા, ધમની અને સ્રોતસ્. ઝાડના પોષણ માટે બાગમાં જેમ પાણીની નાની નહેરો હોય છે અથવા ખેતરને પાણી પાવા માટે જેમ મોટી નહેરો ખોદેલી હોય છે; તેજ પ્રમાણે આપણા શરીરમાં આ નાડીઓ પ્રસરેલી છે અને તેના દ્વારા શરીરના જુદા જુદા ભાગોને પોષક ધાતુઓ મળે છે.

શિરાના માર્ગમાં જે કાળું અને અશુદ્ધ લોહી ફરે છે, તેજ રસધાતુ છે; તેમાંથી શુદ્ધ અને લાલ થયેલું લોહી હોય છે તે ધમનીમાં વહે છે; અને પ્રાણ, અન્ન, પાણી, વાતપિત્તાદિ દોષ, રસાદિ ધાતુ, પરસેવો, મૂત્ર, મળ, વીર્ય ઇત્યાદિ પદાર્થો જે માર્ગે વહે છે, તેને સ્રોતસ્ કહે છે; અથવા તો શિરા અને ધમની એ જેની અંદર મળે છે, તેનું નામ સ્રોતસ્ છે. શરીરમાં શિરા, સ્રોતસ અને ધમની ઈત્યાદિ નાડીઓ પોલી હોય છે. શિરા અને ધમની વચ્ચેના અવકાશમાં પ્રસરેલી નાડીઓને સ્રોતસ્ કહે છે. એ સ્રોતસ્ ઘણાં છે. એ શિરા, ધમની અને સ્રોતસ્‌ને લગતાં વચનો જુદા જુદા ગ્રંથોમાં નીચે પ્રમાણે છે:-

"જેવી રીતે નહેરથી બાગ અથવા ખેતર તર થાય છે, તે પ્રમાણે આ શરીરનું નાડીઓથી પોષણ થાય છે." "સુશ્રુત"

"શરીરમાંની જે રસવાહિનીઓમાં વાયુ ફરે છે, તેનું નામ ધમની; અને સર્વ અંગોને દોષ અને ધાતુ જોઇતા પ્રમાણમાં વહેંચનારી અને વહેવરાવનારીનું નામ શિરા." "શાર્ઙ્ગધર"

"નાની નાની નહેરથી બાગ અને ખાતરથી ખેતર માંહેલું ધાન્ય જેવી રીતે પોષણ મેળવે છે, તે પ્રમાણે આપણું આ શરીર શિરાથી પોષાય છે." "ભાવપ્રકાશ"

"પોતાના ધાતુના જેવા રંગની ગોળ, મોટી અને નાની તથા દોરીના લાંબા આકારની વાહિનીને સ્રોતસ્ કહે છે. "ચરક"


"આહારનો સત્ત્વાંશ રસ છે અને સત્ત્વવિનાનો અંશ તે પ્રવાહી મળ છે. એ પ્રવાહી મળને શિરા બસ્તીમાં લઈ જાય છે અને ત્યાં તેનું મૂત્ર થાય છે." "શાર્ઙ્ગધર"

"કોઇ કહે છે કે, ધમની અને સ્રોતસ્ એ શિરાનાજ પ્રકાર છે; પરંતુ તે બરાબર નથી. ધમની અને સ્રોતસ એ શિરાથી જુદાંજ વસ્તુ છે; કારણ કે તેનો રંગ જુદો છે, કામ જુદું છે અને ઉત્પત્તિ પણ જુદી છે." "સુશ્રુત"

આપણા શરીરમાં લોહીનું ફરવું સતત રીતે ચાલે છે, એ વાત સર્વ પહેલાં ડૉક્ટર હાર્વેના સમજવામાં આવી હતી, એમ પશ્ચિમના વૈદ્યકશાસ્ત્રીઓ કહે છે; પરંતુ આપણે ત્યાં તો તે ઘણા જૂના વખતથી શરીરવેત્તાઓને (વૈદોને) માહિત હતી. તે આ પ્રમાણે:—

"શિરા અને ધમની એ નાભી પાસેથી નીકળે છે અને બધા શરીરમાં પ્રસરેલી છે. તે વાયુની પ્રેરણાથી અને સર્વ ધાતુઓના યોગથી આખા શરીરને અખંડ રીતે પોષે છે." "શાર્ઙ્ગધર"

આપણા શરીરમાં રસ, રક્તાદિ ધાતુ સતત કેવી રીતે ફરે છે, તે સમજવામાં મદદ થાય એવા હેતુથી નીચે જે આકૃતિ આપવામાં આવી છે, તે વડે હૃદયની ક્રિયા અને લોહીના ફરવાનો વ્યાપાર સમજાશે.



આપણા હૃદયના અંતરભાગમાં ૧, ૨, ૩, ૪ એ નિશાનીવાળી જગ્યાઓએ ચાર છિદ્રો છે. પ્રથમ 'ધ' આ ધમનીમાંથી લોહી નીકળી સઘળા શરીરમાં* વહેંચાઈ જાય છે અને ઠેકાણે ઠેકાણે મળથી કાળું બની શિરાના માર્ગથી 'શિ' નિશાનવાળી મોટી શિરામાં જાય છે. પછી તે નંબર ૧ વાળા છિદ્રમાં થઇને નંબર ૨ માં જાય છે. પછી ત્યાંથી ઊર્ધ્વગામી 'ધ' નિશાનીવાળી ધમની દ્વારા ઉપર ચઢીને 'ફે' નિશાનીવાળી ફેફસાંની શિરામાં પ્રસરે છે. ત્યાંથી પ્રાણવાયુવડે એટલે કે શ્વાસમાર્ગદ્વારા ફેફસાંમાં આવેલી હવા (ઑક્સિજન વાયુ) વડે તે શુદ્ધ થઇને લાલ થાય છે. પછી જમણી બાજુની ઊર્ધ્વધમનીમાં ઉતરીને નંબર ૩ વાળા છિદ્રમાં જાય છે; અને ત્યાંથી પછી નંબર ૪ વાળા છિદ્રમાં થઇ ફરીથી અધોગામી ધમનીમાં જાય છે અને પુનઃ અગાઉની પેઠે પ્રદક્ષિણા કરે છે. આ ક્રિયાને રક્તાભિસરણ અથવા લોહીનું ફરવું કહે છે. આ માટે શાર્ઙ્ગધર વગેરેનાં વાક્યો આગળ અપાયાં છેજ. હવે શ્વાસનળીઓથી હવાવડે ફેફસાંમાં લોહી કેવી રીતે શુદ્ધ થાય છે, એ વિષયનાં વચનો કહેવામાં આવે છે.

"પ્રાણવાયુ નાભિપ્રદેશમાંથી શરૂ થઈ હૃદયકમળમાં સ્પર્શ કરે છે અને વિષ્ણુના ચરણનું અમૃત શોષવામાટે મોઢાવાટે બહાર જાય છે. તે આકાશામૃત એટલે વાતાવરણમાંથી પ્રાણવાયુ-(ઑક્સિજન)નું પાન કરીને પાછો જલદીથી શરીરમાં આવે છે અને શરીર જીવ તથા જઠરાગ્નિનું પોષણ કરે છે."

"શાર્ઙ્ગધર"

હૃદયનાં ચારે છિદ્રોની ઉઘાડઢાંક થતી પળેપળ એકસરખી રીતે ચાલુ હોય છે. તેને હૃદયનું પ્રસારણ—આકુંચન કહે છે. ઉપરની જોડી એટલે નંબર ૧ અને ૨ એ છિદ્રો (આકૃતિ જુઓ) બંધ થાય છે કે તરતજ નીચેની જોડી એટલે નંબર ૨ અને ૪ એ છિદ્રો એકદમ ઉઘડે છે. આ ક્રિયાથી લોહી બહાર જાય છે અને અંદર આવે છે. હૃદય પાસે કાન માંડવામાં આવતાં બે પ્રકારના ધ્વનિ એટલે કે અનુક્રમે ઉંચો અને નીચો ધ્વનિ સાંભળવામાં આવે છે. એ હૃદયને

---

* લોહી ફરવાની ક્રિયા સમજાવવા માટે ઉપરના ચિત્રમાં ઠેકાણે ઠેકાણે બાણનાં (તીરનાં) ચિહ્ન કર્યાં છે, એમાં બાણનું મોઢું જે તરફ દેખાડવામાં આવ્યું છે તે તરફ લોહીની ગતિ છે એમ સમજવું.

શરીરથી બહાર કાઢીએ તોપણ તેની ઉઘડવા અને બંધ થવાની ક્રિયા એકસરખી રીતે ચાલે છે. આ ઉપરથી ચેતના તે હૃદયકમળના અંતરભાગમાં રહેલા સ્નાયુઓમાંજ સમાયેલી છે, એમ સિદ્ધ થાય છે. હૃદયની આ ઉઘાડઢાંકની ક્રિયાવિના લોહીનું ફરવું ક્ષણમાત્ર પણ ચાલી શકતું નથી.

ધમની એ રબર પ્રમાણે સ્થિતિસ્થાપક છે. હૃદયમાં લોહીનો જથ્થો આવે છે એટલે તે ફૂલે છે અને તે નીકળી જાય છે કે પાછું પૂર્વ પ્રમાણેનો આકાર ધારણ કરે છે. આ ક્રિયાના યોગથીજ તેનામાં ગતિ ઉત્પન્ન થઇને તે ગતિ દૂરની શાખાપર્યંત પહોંચે છે. આવી ગતિવાળી નાડી ઉપર હાથ મૂકીએ એટલે તેનું ચલનવલન સ્પર્શથી સમજાય છે. તેનેજ 'નાડીપરીક્ષા' કહે છે. બેઉ કાનની ટીશીઓ સમીપ અને બેઉ હાથ તથા પગના કાંડા પાસે આ સ્ફુરણ સ્પષ્ટ રીતે સમજાય છે. બેઉ હાથનાં કાંડાંમાં અને બેઉ પગની એડી પાસે ખાડા છે ત્યાં ચલનવલન સ્પષ્ટપણે સમજાય છે; તોપણ હાથના અંગુઠાના મૂળમાં તથા સ્ફુરણ (ગતિ) વાળી ધમનીનેજ નાડી કહે છે. આનું કારણ એવું છે કે, હૃદયમાંની મુખ્ય ધમનીની મોટી અને નજીકની શાખા હાથમાં પ્રસરેલી છે.

અહીંસુધી નાડી એટલે શું, આ પહેલા પ્રશ્નનું વિવેચન થયું. હવે તેની પરીક્ષા કેવી રીતે કરવી? આ બીજા પ્રશ્નવિષે વિચાર કરવાનો છે. હૃદયના ચાલવાથી ધમનીને ગતિ મળે છે અને તેથી નાડી સ્ફુરણ પામે છે એવું જે ઉપર કહ્યું છે, તે મિ૰ કોલ્સ સાહેબના લેખને મળતું હોવાથી આર્યવૈદકમાં આ વિષયમાટે શું શું વચનો છે તે પ્રથમ જણાવીને પછી એ બીજો પ્રશ્ન હાથ ધરીશું.

શ્રી શિવપાર્વતીસંવાદમાં કહ્યું છે કે:—

"દેહધારી પ્રાણીઓના શરીરમાં હૃદય એ સુખદુઃખનું પ્રકાશક છે. તે પોતાની મેળેજ વારંવાર ઉઘડે છે અને બંધ થાય છે; તેથી નાડીમાંના લોહીને ગતિ મળે છે અને તેથી રક્તવાહિની એટલે ધમનીનું સ્ફુરણ ચાલે છે."

નાડીપરીક્ષા કેવી રીતે કરવી

હાથના અંગુઠાના મૂળ આગળ નાડી જોવી. સ્ત્રી હોય તો ડાબા હાથની અને પુરુષની જમણા હાથની નાડી જોવી; કારણ કે પૈડાના વચલા માળામાંથી જેવી રીતે તેના આરા પ્રસરેલા હોય છે, તે પ્રમાણે સર્વ નાડીઓ મનુષ્યની નાભીમાંથી આખા શરીરમાં પ્રસરેલી છે. નાભીકમળનો આકાર કાચબા જેવો હોઇને તેના જમણા હાથ તરફથી ધમની નીકળે છે. તે કાચબો પુરુષોના શરીરમાં નીચે મુખે હોય છે અને સ્ત્રીઓના શરીરમાં ઉપરને મુખે હોય છે. સ્ત્રીપુરુષની નાડી અનુક્રમે ડાબા અને જમણા હાથનાં કાંડાંમાં જોવાનું કારણ એજ છે. ઇંગ્રેજી વૈદક ગ્રંથોમાં આ પ્રમાણે ડાબાજમણા હાથનો ખુલાસો કરેલો જોવામાં આવતો નથી. નાડી જોતી વખતે વૈદ્યે ચિત્ત સ્વસ્થ રાખીને પોતાના ડાબા હાથમાં રોગીનો હાથ લઇ હથેળી થોડી નમાવી પોતાના જમણા હાથથી નાડી જોવી. તે પકડેલા હાથના અંગુઠાના મૂળ પાસે એટલે કે કાંડાપર પોતાના જમણા હાથની તર્જની, મધ્યમા અને અનામિકા એટલે અંગુઠાની સમીપની પહેલી, બીજી અને ત્રીજી એ ત્રણ આંગળીઓ મૂકી, પોતાનો અંગુઠો દરદીના કાંડાની નીચે રાખી નાડીપરીક્ષા કરવી. આ પ્રમાણે નાડીપરીક્ષા કરવા સમયે નાડીપર આંગળીઓ વધુ પણ ન દબાવવી તેમ છેક હલકી પણ ન મૂકવી; એટલે કે કંઇ સમજ ન પડે તેમ ન મૂકવી, પણ વેતથી સમતોલપણે મૂકવી. તર્જની એટલે અંગુઠા પાસેની આંગળી, અનામિકા એટલે છેવટની આંગળી પાસેની આંગળી અને મધ્યમા એટલે તર્જની અને અનામિકા એ વચ્ચેની આંગળી. અહીંઆં બીજા પ્રશ્નનું વિવેચન પૂરું થયું. હવે તે માટે આર્ય ગ્રંથોમાં પ્રમાણવચનો છે તે જોઇએ:—

"પ્રાણીઓનું નાભિકમળ કાચબાના આકારનું હોઇને તે કાચબાએ પુરુષના શરીરમાં નીચે અને સ્ત્રીઓના શરીરમાં ઉપર મુખ કરેલું છે. આ કાચબાની જમણી બાજુથી ધમની નીકળેલી હોવાને લીધેજ સ્ત્રીના ડાબા અને પુરુષના જમણા હાથની નાડી જોવી. હે તરુણિ! જરા વાંકો કરેલો અને આંગળાં પ્રસારેલો એવી રીતનો રોગીનો હાથ પાસે લઇ જમણો (પુરુષનો) હોય તો

પોતાના ડાબા હાથનાં આંગળાંથી નાડી જોવી. સ્ત્રીઓનો હોય તો ડાબા હાથની નાડી ધૈર્યથી જમણા હાથનાં આંગળાંથી ઉપર પ્રમાણે જોવી. નાડીના ત્રીસ ટકોરાસુધી વૈદ્યોએ પરીક્ષા કરવી. બુદ્ધિમાને કોમળ વાણી બોલી આ પ્રમાણે ત્રણ વાર નાડી ઝાલી મૂકી દઇ રોગની પરીક્ષા કરવી. તેની અંદર જો ૧૦૧ ટકોરા સરખા જણાય તો રોગને સાધ્ય જાણવો અને સરખા ન પડે તો અસાધ્ય જાણવો.' "શિવપાર્વતી સંવાદ"

"હાથના અંગુઠાના મૂળમાં જે ધમની હોય છે તે જીવનની સાક્ષી આપનારી છે. તેના ચલનવલનથી શરીરનાં સુખદુઃખ પંડિતોને સમજાય છે." "શાર્ઙ્ગધર"

"વૈદ્યોએ રોગની પરીક્ષા કરવા માટે દરદીના જમણા હાથના અંગુઠાના મૂળ પાસે પોતાના જમણા હાથથી સ્પર્શ કરી નાડીપરીક્ષા કરવી. ચિત્ત સ્થિર, જીવ સ્વસ્થ અને મન પ્રસન્ન હોય ત્યારે હાથનાં આંગળાંવડે દરદીપુરુષના જમણા હાથની નાડી જોવી." "નિઘંટ રત્નાકર"

ઘણું કરીને સ્ત્રીઓના ડાબા અને પુરુષોના જમણા હાથમાં નાડી સમજાય છે; માટે રોગીનો થોડો ઘણો હાથ વાંકો રાખી તેના ઉપર આંગળીઓ ઠેરવી પોતાનો હાથ પોલો રાખી નાડી જોવી.

હવે 'નાડીપરીક્ષાથી શી બાબતનું જ્ઞાન થાય છે' આ ત્રીજી બાબતનો વિચાર કરવો ઇષ્ટ છે; પરંતુ તે પહેલાં નાડીના સ્ફુરણના ટકોરા નીરોગી સ્થિતિમાં એક મિનિટની અંદર ઉંમરના પ્રમાણમાં કેટલી વખત થાય છે તે માટે જુદા જુદા ઇંગ્રેજી ગ્રંથોમાં જે ઉલ્લેખ છે તેનો સારાંશ નીચે લખવામાં આવ્યો છે; જે સમજવાથી નાડીપરીક્ષામાં ઘણી મદદ મળે છે.

ઉંમરનું પ્રમાણ	નીરોગી નાડીના ધબકારા
ગર્ભમાં હોય છે ત્યારે	૧૫૦
જન્મ થાય છે ત્યારે	૧૪૦
૧ લા વર્ષમાં	૧૧૫ થી ૧૩૦
૨ જા વર્ષમાં	૧૦૦ થી ૧૧૫
૩ જા વર્ષમાં	૯૦ થી ૧૦૦
૪ થી ૭ વર્ષસુધી	૮૫ થી ૯૦
૭ થી ૧૪ "	૮૦ થી ૮૫
૧૪થી ૫૦ "	૭૦ થી ૭૫
૫૦ ના પછીથી મરણ થતાં સુધી	૫૦ થી ૬૫

નાડીપરીક્ષાથી શી શી બાબતનું જ્ઞાન થાય છે ?

નાડીપરીક્ષાથી જે જે બાબતનું જ્ઞાન થાય છે તે વિષય ક્રમવાર અને પૂર્ણપણે કહેવામાં આવે તો તે માટે વિસ્તારવાળો એક મોટો નિબંધ જુદોજ લખવો જોઇએ; તોપણ આ વિષયના વિવેચનને આ ત્રીજા પ્રશ્ન સાથે અનિવાર્ય સંબંધ હોવાને લીધે સારભૂત જરૂરી બાબતોનું વર્ણન અહીં રજુ કરવું જરૂરતું છે.

વીણાને બાંધેલા તારો જેમ ગાયનના સઘળા સૂર કાઢી બતાવે છે, તેવી રીતે હાથની નાડી પણ બધા રોગ વ્યક્ત કરી બતાવે છે. આપણા શરીરમાં વાત, પિત્ત અને કફ, એ નામના જે ત્રણ દોષો કહેવામાં આવ્યા છે તે પોતપોતાની સમાન સ્થિતિમાં શરીરમાં વર્તે છે ત્યાંસુધી શરીર આરોગ્ય રહે છે; અને એ સ્વાભાવિક સ્થિતિમાં ફેરફાર થયો કે તરતજ જુદા જુદા પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. એવા કુપિત દોષોનું અથવા મિશ્ર દોષોનું જ્ઞાન નાડીપરીક્ષાથી થાય છે. શરીરમાં કયો દોષ વધેલો છે અથવા ક્ષીણ થયો છે તે નાડીથી સમજાય છે. તેનું કારણ એ છે કે, લોહીના ફરવાની સાથે ધમનીને સંબંધ છે; અને તે ચલિત થયેલો દોષ આ ધમનીદ્વારાજ જુદા જુદા અવયવોમાં પ્રવેશ કરે છે. અજીર્ણ, વિષૂચિકા, પ્રમેહ, પ્રદર, રાજયક્ષ્મા, ક્ષતકાસ, ઉપદંશ, શુક્રનાશ, પિશાચપીડા અને અસાધ્ય થવાથી પાસે આવેલું મૃત્યુ—આ બાબતો નાડીજ્ઞાનથી સમજાય છે. નાડીપરીક્ષાદ્વારા એ સર્વ બાબતો કહી શકાય છે, એ સર્વત્ર પ્રસિદ્ધ છે; પરંતુ તે ચોક્કસપણે કહી શકે એવા વૈદ્યો હાલના વખતમાં મળતા નહિ હોવાથી તે ઉપર ભરોંસો ન રહે તે સ્વાભાવિક છે;

પરંતુ આ બાબત માટે જુદા જુદા ગ્રંથોનું દિગ્દર્શન કરવાથી ખાત્રી થાય છે કે, એ વાત ખોટી તો નથીજ. માધવનિદાનના પ્રાકૃત સટીક પુસ્તકની પ્રસ્તાવનામાં વે. રા. કૃષ્ણશાસ્ત્રી ભાટકવડેકરે આ વિષે અવિશ્વાસના ઉદ્‌ગાર કાઢેલા જોવામાં આવે છે; પરંતુ ગ્રંથોમાંથી મળતાં વચનો ઉપરથી એટલું તો ચોક્કસ ઠરે છે કે રોગની જાતિ, વય, દેશ અને કાળની સ્થિતિ તથા નાડીપરીક્ષાનો સતત અભ્યાસ એટલી વાતો વૈદ્યના જાણવામાં હોય તો તેમને અદ્‌ભુત અને અચૂક પરીક્ષા કરતાં આવડવી શક્ય છે. આ વિષયનાં પ્રમાણવચનો નીચે પ્રમાણે છેઃ—

નાડીજ્ઞાનવિષે શિવપાર્વતીના સંવાદમાં કહ્યું છે કેઃ

यथा वीणागता तंत्री सर्वान्रागान्प्रभाषते ।
तथा हस्तगता नाडी सर्वान्रोगान्प्रकाशते ॥ १ ॥
यस्य या प्रकृतिर्नित्या तत्समाना यदा धराम् ।
तदा बलवती सेयं रुग्विहीनेति निश्चयः ॥ २ ॥
अजीर्णे तु भवेन्नाडी कठिना परितो जडा ।
पक्काजीर्णे पुष्टिहीना मंदं मंदं प्रकंपते ॥ ३ ॥
विषूचिकागदे भेकसंक्रमा धमनी भवेत् ।
प्रमेहे प्रदरे राजयक्ष्मणि क्षतकासके ।
उपदंशे धरा स्पंदेत् ग्रंथिवच्चांगुलीतले ॥ ४ ॥
अंगुष्ठमूलमारभ्य सार्धद्व्यंगुलतो बहिः ।
यदा नाडी तदा तस्य यामार्धेन मृतिर्भवेत् ॥ ५ ॥
भूतावेशयुतस्यापि नष्टशुक्रस्य नाडिका ।
त्रिदोषगमना चापि सूक्ष्माप्येव न मृत्युदा ॥ ६ ॥
वाताद्वक्रगतिर्नाडी पित्तात्स्याच्चपला तथा ।
कफान्मंदगतिर्मिश्रो मिश्रैश्चैव वदाम्यहम् ॥ ७ ॥
या हि वक्रा च तीव्रा च मध्यमा तर्जनीतले ।
स्फुटा भवति सा नाडी वातपित्तगदोद्भवा ॥ ८ ॥
स्फुटा वक्रा च मंदा च मध्यमानामिकातले ।
या भवेत्सा हि विज्ञेया वातश्लेष्मगदोद्भवा ॥ ९ ॥
या च वक्रा तथा तीव्रानामिकातर्जनीतले ।
स्फुटा स्यात् सा धरा ज्ञेया कफपित्तसमुद्भवा ॥ १० ॥
सर्वांगुलीतले या च स्यान्नानागतिभिर्धरा ।
स्फुटा वै सा च विज्ञेया सन्निपातगदोद्भवा ॥ ११ ॥
केकीगा मधुराहारे तिक्ते [illegible]लाहिगा भवेत् ।
अम्ले भेकगतिः कोष्णा कटुकैर्भ्रमरोपमा ॥ १२ ॥
कषाये कठिना मंदा लवणे सरला द्रुता ।
एवं द्वित्रिचतुर्योगे नाडी नानागतिर्भवेत् ॥ १३ ॥

द्रव्यैश्च म॒ राम्लाद्यैः नाडी शीता विशेषतः ।
क्षीरैः स्तिमितवेगा च तथा शीता बलीय॒ी ॥१४॥
द्रवेऽतिकठिना नाडी कोमला कठिना॒ने ।
द्रव॒व्यस्य ॒ ॒ कोमला काठना॒ च ॥१५॥
सपिष्टैगुड॒ ग्यैश्च पृथुकभ्रष्टद्रव्यकैः ।
स्थिराम॒ तरा पुष्टा गुडतैलेन ॒मिना ॥ १६ ॥
कुष्मांड॒लकमेदा माषेण ल॒डाकृतिः ।
शाकैश्च कदलैश्चैव रक्तपूर्णेव ॒डिका ॥ १७ ॥

અર્થઃ-જેમ વીણાનો તાર વગાડવાથી તે સર્વ રાગોને પ્રકટ કરે છે, તેમ હાથમાં રહેલી નાડી સર્વ રોગને પ્રકાશે છે. (૧) જે મનુષ્યની સદા જેવી પ્રકૃતિ રહેતી હોય તેના જેવીજ અથવા સુદૃઢ નાડી ચાલતી હોય તો તેને નિશ્ચય નીરોગી જાણવો. (જેમકે વાતપ્રકૃતિના મનુષ્યની નાડી વાતપ્રધાન હોય છે તોપણ તે મનુષ્ય નીરોગીજ છે.) (૨) અજીર્ણ રોગમાં નાડી કઠણ છતાં જડ હોય છે અને પકવાજીર્ણમાં નાડી પુષ્ટિહીન છતાં મંદ મંદ ચાલે છે. (૩) કૉલેરાના રોગમાં નાડી દેડકાની પેઠે કૂદતી ચાલે છે અને પ્રમેહ, પ્રદર, રાજયક્ષ્મા (ક્ષય), ક્ષતકાસ અને ઉપદંશમાં નાડી ગાંઠોની પેઠે આંગળીની તળે ભાસે છે. (૪) જેની નાડી અંગુઠાના મૂળથી અઢી આંગળ દૂર ચાલતી હોય તે દરદી અર્ધા પહોરમાં મૃત્યુ પામે છે. (૫) જેને ભૂત વળગ્યું હોય અથવા જે ક્ષીણધાતુ હોય તેની નાડી ત્રિદોષના જેવા તથા સૂક્ષ્મ ચાલતી હોય તોપણ તે મૃત્યુ પમાડનારી નથી. (૬) વાતદોષમાં નાડી વાંકી ચાલે છે, પિત્તમાં ચંચળ ચાલે છે, કફમાં મંદ ચાલે છે અને દોષોના મિશ્રણમાં મિશ્ર પ્રકારની ગતિવાળી ચાલે છે; જે વિષે હવે પછી કહેવામાં આવે છે. (૭) જે નાડી વાંકી અને મંદ ગતિથી મધ્યમા અને તર્જનીની તળે ચાલે છે, તે વાતપિત્તની જાણવી. (૮) જે નાડી વાંકી અને મંદ ગતિથી મધ્યમા અને અનામિકાતળે ચાલે, તેને વાતકફની જાણવી. (૯) અનામિકા અને તર્જનીની નીચે વાંકી તથા તીવ્ર ગતિથી ચાલતી જણાય તે નાડી કફપિત્તની જાણવી. (૧૦) ત્રણે આંગળીઓની નીચે અનેક પ્રકારની ગતિવાળી ચાલે તે નાડી સન્નિપાતની જાણવી. (૧૧) મીઠા ભોજનથી નાડી મોરની પેઠે ચાલે છે; કડવા ભોજનથી સ્થૂલ અને સર્પની પેઠે ચાલે છે; ખાટા ભોજનથી દેડકાની પેઠે અને કાંઈક ઉષ્ણ હોય છે અને તીખા ભોજનથી ભ્રમરના જેવી ચાલે છે. (૧૨) કષાય (તુરા) ભોજનથી કઠિન અને મંદ; ખારા ભોજનથી સરલ અને ઉતાવળી ચાલે છે; તેમજ બે ત્રણ ચાર ઈત્યાદિ મિશ્રિત રસના યોગથી નાડીની ગતિ અનેક પ્રકારની થાય છે. (૧૩) મધુર અને ખાટા ઇત્યાદિ પદાર્થના યોગથી નાડી વિશેષ કરીને શીતળ ચાલે છે; અને દૂધ ખાવાથી મંદ, શીતળ અને સુદૃઢ ચાલે છે. (૧૪) પ્રવાહી પદાર્થો ખાવાથી નાડી કઠિન અને કઠિન પદાર્થ ખાવાથી કોમળ ચાલે છે અને જો પદાર્થ પ્રવાહી તેમજ કઠિન હોય તો મિશ્રિત ગતિથી ચાલે છે. (૧૫) ગોળ અને દૂધવાળો લોટનો પદાર્થ અને પહુંવા વગેરે શેકેલા પદાર્થ ખાવાથી નાડી સ્થિર અને અતિ મંદ ચાલે છે અને ગોળ તથા તેલયુક્ત પદાર્થથી પુષ્ટ ચાલે છે. (૧૬) કોહળું અને મૂળાના ભક્ષણથી નાડી મંદ ચાલે છે, અડદ ખાધાથી લગુડાકૃતિમાં સીધી ચાલે છે અને શાક તથા કેળાંના યોગથી રક્તપૂર્ણ ચાલે છે. (૧૭)

વળી નિઘંટ રત્નાકરમાં કહ્યું છે કેઃ—

सद्यः ॒ातस्य भुक्तस्य तथा स्नेहावगाहिनः ।
॒ धातस्य च सुप्तस्य नाडी सम्यक् न बुध्यते ॥ १ ॥
गंभीरा या भवे॒ाडी सा भवेत्मांसवाहिनी ।
ज्वरवेगेन धमनी सोष्णा वेगवती भवेत् ॥ २ ॥

कामक्रोधाद्वेगवहा । क्षीणा चिंता- भयान्विता ।
मंदाग्नेः क्षीणधातोश्च नाडी मंदतरा भवेत् ॥ ३ ॥
असृक्पूर्णा भवेत्कोष्णा गुर्वी सामा गरीयसी ।
लघ्वी वहति दीप्ताग्नेस्तथा वेगवती मता ॥४॥
चपला क्षुधितस्यापि तृप्तस्य वहति स्थिरा ।
मरणे डमरुकाकारां भवेद् एकादिनेन च ॥५॥
काष्ठकुट्टो यथा काष्ठं कुट्टते चातिवेगतः ।
स्थित्वा स्थित्वा तथा नाडी सन्निपाते वहेद् ध्रुवम् ॥६॥
स्थिरा नाडी भवेद्यस्य विद्युद्युतिरिवेक्ष्यते ।
दिनैकं जीवितं तस्य द्वितीये मृत्युरेव च ॥ ७ ॥
शीघ्रा नाडी मलोपेता शीतला वाथ दृश्यते ।
द्वितीये दिवसे मृत्युर्नाडीविज्ञातृभाषितम् ॥ ८ ॥
मुखे नाडी वहेत्तीव्रा कदाचिच्छीतला भवेत् ।
आयाति पिच्छलः स्वेदः सप्तरात्रं न जीवति ॥९॥
मुखे नाडी यदा नास्ति मध्ये शैत्यं बहिः क्लमः ।
यदा मंदा वहेन्नाडी त्रिरात्रं नैव जीवति ॥ १० ॥
दृश्यते चरणे नाडी करे नैवाधिदृश्यते ।
मुखं विकसितं यस्य तं दूरे परिवर्जयेत् ॥ ११ ॥

અર્થ:—તુરતમાં નાહેલા, જમેલા, તૈલાદિ ચોળેલા, ભૂખ્યા અને સૂતેલાની નાડી યથાર્થ સમજાતી નથી. (૧) જે નાડી ગંભીર દેખાય તે માંસાશ્રિત વિકારની હોય છે અને જ્વરના વેગમાં નાડી ગરમ અને વેગવાળી હોય છે. (૨) કામ અને ક્રોધથી નાડી વેગવાળી ચાલે છે અને ચિંતા તથા ભયથી ક્ષીણ ચાલે છે. મંદ અગ્નિવાળાની તથા ક્ષીણ ધાતુવાળાની નાડી વધારે મંદ હોય છે. (૩) રક્તના વિકારમાં નાડી ઉષ્ણ અને જડ હોય છે, આમવિકારમાં વધારે જડ હોય છે અને પ્રદીપ્ત અગ્નિવાળાની નાડી હલકી તથા વેગવાળી હોય છે. (૪) ભૂખ્યાની નાડી ચપળ ચાલે છે, તૃપ્તની સ્થિર ચાલે છે અને એકજ દિવસમાં મરનારની નાડી ડમરૂની પેઠે હેલા ખાતી ચાલે છે. (૫) જેમ લક્કડખોદ પક્ષી ઝડપથી લાકડામાં ચાંચ ઠોકે છે, તેમ સન્નિપાતમાં નાડી રહી રહીને અતિવેગથી ચાલે છે. (૬) જેની નાડી સ્થિર થાય અને વીજળીના ચમકારા પ્રમાણે દેખાય તેનું આયુષ્ય એકજ દિવસનું હોઇને બીજા દિવસે મૃત્યુ પામે છે. (૭) જે દોષયુક્ત નાડી જલદી ચાલતી હોય કિંવા શીતળ લાગતી હોય તે દરદીનું બીજાજ દિવસે મૃત્યુ થાય છે, એમ નાડીના ઉત્તમ જ્ઞાતાઓ કહે છે. (૮) પ્રથમ નાડી જલદી ચાલે અને પછી શીતલ થાય તથા શરીરે ચીકણો પ્રસ્વેદ થાય તે રોગી સાત રાત્રિ જીવતો નથી. (૯) પ્રથમ નાડી દેખાય નહિ, મધ્યે શીતલ દેખાય અને બહાર ગ્લાનિ આવે તથા નાડી મંદ ચાલે ત્યારે તે રોગી ત્રણ રાત્રિ જીવતો નથી. (૧૦) નાડી જે રોગીના પગમાંજ દેખાય અને હાથમાં દેખાય નહિ તથા જે દરદીનું મુખ પહોળું રહેલું હોય તેને દૂરથીજ તજી દેવો—અર્થાત્ તે મરણની તૈયારીમાં છે. (૧૧)

વૃદ્ધ હારીતે કહ્યું છે કે:—

स्पंदते चक्रमाने- त्रिंशद्वारं यदाधरा ।
स्वस्थानेन तदा नूनं रोगी जीवति नान्यथा ॥ १ ॥

स्थित्वा स्थित्वा वहति या सा ज्ञेया प्राणघातिनी ॥ २ ॥

એટલે:—એકસરખી ગતિથી ત્રીસ વખત એકજ જગ્યાએ જેની નાડી ચાલે તે રોગી અવશ્ય જીવે છે. (૧) જે નાડી રહી રહીને અટકતી ચાલે તે નાડીને પ્રાણુનો ઘાત કરનારી જાણુવી. (૨)

શિવોક્ત નાડીજ્ઞાનમાં કહ્યું છે કેઃ—

'હે પાર્વતિ ! હું ત્રિગુણાત્મક છતાં પિત્તનાડીનો સ્વામી છું. મારામાં જેમ તમોગુણ વધારે છે, તમોગુણ કરતાં રજોગુણ ઓછો છે અને સત્ત્વગુણ તેથી પણ અલ્પ છે; તેમ મનુષ્યોમાં કલિયુગમાં પિત્તની પ્રધાનતા થઇને નાડીમાં તે સર્વથી આગળ થશે, વાયુ મધ્યે થશે અને છેવટના ભાગે કફ થશે, એ નક્કી છે. હે પાર્વતિ ! જે દોષના સ્થાનમાં નાડી ચાલે તેજ દોષ રોગીમાં બળવાન હોય છે, એમ વિદ્વાનોએ કહેલું છે."

અહીંસુધી ત્રીજા મુદ્દાસુધી વિવેચન થયું. હવે તે **નાડીજ્ઞાનનો** આપણને શો ઉપયોગ છે, એ ચોથા એટલે છેવટના મુદ્દાવિષે વિવેચન કરીએ છીએ.

નાડીજ્ઞાનનો ઉપયોગ

રોગની પરીક્ષાના જે આઠ પ્રકાર છે તેને અષ્ટવિધ પરીક્ષા કહે છે. તેમાં નાડી, શબ્દ, સ્પર્શ, જિહ્વા, નેત્ર, મળ અને મૂત્ર, એની પરીક્ષાનો સમાવેશ થાય છે. એમાંની પહેલી નાડીપરીક્ષાનું મહત્ત્વ એ આ નિબંધનો વિષય છે. શબ્દાદિ સાત પ્રકારની પરીક્ષાથી વાત, પિત્ત અને કફ, આ ત્રણે દોષોની સ્થિતિ અને રસરક્તાદિક સપ્તધાતુની વિકૃતિ જેવી સમજાય છે, તેવીજ નાડીથી પણ સમજાઈ આવે છે; તથાપિ આ શબ્દાદિ સાતે સાધનોથી સમજવાની વાત એક નાડીથીજ સમજાતી હોવાથી નાડીપરીક્ષાનું મહત્ત્વ વધારે છે, કેમકે મળમૂત્રને વહન કરનાર સ્રોતસનો અને શબ્દાદિ વાહિનીઓનો ધમની સાથે નજીકનો સંબંધ હોવાને લીધે નાડીની ગતિ ઉપરથી તે સર્વની સ્થિતિનું જ્ઞાન થાય છે. આ સિવાય બીજું એ છે કે, શબ્દાદિ પરીક્ષાનાં સાધનો મેળવવા માટે રોગીને ખોટી થવા કહેવું પડે છે, તેમ નાડીપરીક્ષાની બાબતમાં કહેવું પડતું નથી. નાડીપરીક્ષામાં એથી કરીને પણ સુલભતા વધારે છે અને એ સુલભતાને લીધે પણ તેનું મહત્ત્વ વધારે મનાય છે; પરંતુ આ ઉપરથી એમ સમજવાનું નથી કે, જે મનુષ્યે નાડીપરીક્ષા સાધ્ય કરી હોય તેણે સવડ પ્રમાણે અન્ય પરીક્ષાઓની મદદવડે પોતાના અનુમાનને પુષ્ટિ આપવી નહિ અથવા તો અન્ય પ્રકારની પરીક્ષા કરવી નહિ. ઊલટું અન્ય પરીક્ષાઓ સાથે સરખાવી જોવાથી નાડીપરીક્ષાનું મહત્ત્વ વધારે સિદ્ધ થાય છે.

આગળ રક્તાભિસરણના વર્ણનના પ્રસંગમાં કહ્યું છે કે, વાતાવરણમાંની હવા શ્વાસમાર્ગથી ફેફસાંમાં આવે છે અને તેના સ્પર્શથી રક્ત શુદ્ધ થઈ લાલ થાય છે. તે હવા આપણને અમૃત એટલે પ્રાણવાયુ (ઑક્સિજન) આપીને તે બદલ તેટલોજ ત્યાજ્ય (ખરાબ થયેલો) વાયુ ઉચ્છ્વાસરૂપે બહાર લઈ જાય છે. તે ત્યાજ્યાંશને 'કાર્બન' કહે છે. તે 'કાર્બન' વનસ્પતિના પોષણ માટે આવશ્યક હોવાથી તેનું તે શોષન કરી તેના જેટલો ઑક્સિજન વાયુ વાતાવરણમાં ભરી દે છે. આ પ્રમાણે વહીવટ ચાલુજ રહે છે. આ પ્રમાણે વનસ્પતિમાં ઈશ્વરે જે અચિંત્ય વીર્ય રાખેલ છે, તેના યોગથી મનુષ્યાદિ પ્રાણીવર્ગના રોગ સારા થાય છે અને તેનાં ફલપુષ્પાદિક વડે શરીરનું પોષણ થાય છે. આથી રાજનિઘંટ, ભાવપ્રકાશ, વનસ્પતિશાસ્ત્ર વગેરે આર્યાનાર્ય ગ્રંથોમાં તેના ગુણદોષોનું બહોળું વર્ણન છે; પરંતુ તેના તે ગુણદોષના જ્ઞાનનો ઉપયોગ અને રોગપરીક્ષાથી મળતા જ્ઞાનનો ઉપયોગ એકબીજાના આધારથીજ થઇ શકે છે; માટે આ બંને વિષયોનું જ્ઞાન એક મનુષ્યને હોય તોજ તેનો યથાર્થ ઉપયોગ થઈ શકે છે; પરંતુ કોઇને એક જ્ઞાન હોય છે ત્યારે બીજું હોતું નથી. વર્તમાન સમયમાં આવી સ્થિતિ હોવાથીજ અંગ્રેજી અને દેશી વૈદ્ય આના જુદા જુદા તટે રહ્યા છે. આ બન્નેના જ્ઞાનનો એકત્ર ઉપયોગ થવા લાગશે તે દિવસજ ચિકિત્સા-શાસ્ત્રના ઉદયનો ગણાશે.

કેટલીક વનસ્પતિ શરીરના અમુકજ ભાગ ઉપર, તો કેટલીક મજ્જાતંતુ ઉપર અને કેટલીક રસ અથવા રક્તધાતુ ઉપર કાર્ય કરનારી હોય છે; તેથી કયી વનસ્પતિ કેવા રોગીને આપવી તેનો

નિર્ણય કરવા માટે નાડીપરીક્ષા જેવું ઉત્તમ સાધન બીજું એકે નથી. શરીરમાં અમુક અમુક ધાતુ બગડેલ છે, તેમ થવામાં અમુક દોષ કારણ છે, તે દોષને સમાનસ્થિતિમાં લાવવાનો ગુણ અમુક ઔષધિમાં છે અને તેટલા માટે તેને એજ ઔષધિ આપવી. આ પ્રકારના યથાર્થ અનુમાન પર આવવાનો મુખ્ય આધાર નાડીપરીક્ષાજ છે. વળી એક, બે કે ત્રણે દોષ વિકાર પામ્યા છે, તેનો નિશ્ચય કર્યા વગર ઔષધિ અપાય તોપણ ભૂલજ થાય; માટે તેવી ભૂલ ન થાય તેને ખાતર પણ નાડીપરીક્ષાનો અત્યંત ઉપયોગ છે.

જ્ઞાનતંતુના સમૂહની વિશિષ્ટ સ્થિતિથી હૃદય ઉપર વિલક્ષણ કાર્ય થાય છે, તેથી નાડીદ્વારા હૃદયની સ્થિતિ જાણવા ઉપરથી મનની સ્થિતિ પણ જાણવામાં આવે છે. શોકાતિસાર, કામજ્વર, અપસ્માર અથવા ભૂતોન્માદ થયેલા એકાદ રોગીને માટે ઉપાય યોજતી વેળાએ તે ન બોલે અથવા તેના બોલવા પર આધાર રાખવા જેવું ન હોય ત્યારે એકલી નાડીપરીક્ષાથી પણ રોગનું જ્ઞાન થાય છે અને તેથી ઔષધ યોજવામાં મદદ મળે છે અને તેટલા માટે પણ નાડીપરીક્ષાના જ્ઞાનનો આપણને મોટો ઉપયોગ છે.

શિવોક્ત નાડીજ્ઞાનમાં કહેલું છે કેઃ—

भारप्रवाह–मूर्च्छा–भय–शोक–प्रमुखकारणा नाडी ।
संमूर्च्छितापि गाढं पुनरपि सा जीवितं धत्ते ॥१॥
भूतावेशयुतस्यापि नष्टशुक्रस्य नाडिका ।
त्रिदोषगमना चापि सूक्ष्माप्येव न मृत्युदा ॥२॥

એટલેઃ—ભાર વહન કરવો, મૂર્ચ્છા આવવી, ભયભીત થવું, શોક કરવો ઇત્યાદિ કારણોથી નાડી ગાઢ મૂર્ચ્છિત થાય છે, તોપણ તેવો મનુષ્ય પુનઃ જીવન ધારણ કરે છે. (૧) શરીરમાં ભૂત વળગેલાની અને ધાતુક્ષીણતાવાળાની નાડી ત્રિદોષવાળાની પેઠેજ (ક્ષણે ક્ષણે ભિન્ન ગતિવાળી) ચાલે છે અને બારીક હોય છે તોપણ તે મૃત્યુદાયક નથી. (૨)

અહીંસુધી ચોથો મુદ્દો થયો. હવે પહેલાથી ચોથા મુદ્દા સુધીમાં આપેલા વિવેચનથી મુખ્ય વિષયનું સ્વરૂપ વાચકજનોના લક્ષમાં આવશે, એવી આશા રાખી આ વિષય પૂરો કરીએ છીએ.

ઉપસંહાર

નાડીપરીક્ષાનું મહત્ત્વ સિદ્ધ કરવા માટે મુંબઇ–વૈદ્યસભાએ જે નિબંધ બક્ષીસ આપી મંગાવેલા હતા, તે પૈકી સર્વ નિબંધોમાં ઉપલો નિબંધ ઉત્તમ ઠરવાથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. × × × × આ વિષય ઉપર એક વખતે મોટી બક્ષીસ આપી ફરીથી નિબંધ મંગાવ્યા હતા. તેમાં અમે જે નિબંધને બક્ષીસ આપી, તે નિબંધ 'રાજવૈદ્ય' પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો છે. નાડીજ્ઞાનના વિષયને લગતા નાના નાના ગ્રંથો ઘણા છે; પરંતુ તે સર્વનું ધોરણ એકજ પ્રકારનું છે. ખરેખર, આ વિષય મોઢેથી સાંભળીને અથવા પુસ્તકોમાં વાંચીને સમજાય એવો નથી. એથી તો તેનું સાંકેતિક જ્ઞાનમાત્રજ પ્રાપ્ત થાય છે. પૂર્ણ માહિતી મેળવવા માટે તો જેની તેની નાડી જાતે જોતા રહેવાનો પુષ્કળ અભ્યાસ કરવો જોઇએ. તેમાં પણ જેને અંતઃકરણ સ્થિર કરતાં આવડે છે, જે શાંત રહી શકે છે, જેને માનસિક સૂક્ષ્મ વિચાર કરવાની આવડત છે અને જેને વૈદ્યશાસ્ત્રના નિદાન અને ગુણદોષવિભાગનું ઉત્તમ જ્ઞાન છે, તેનેજ નાડીપરીક્ષા ઉત્તમ કરતાં આવડે છે. કોઈ કોઇ વખત કેટલાક ધૂર્ત વૈદ્યો નાડીપરીક્ષાની પવિત્રતામાં ખલેલ નાખે છે અને કેટલાક કાકતાલીય ન્યાયની પેઠેજ નાડીપરીક્ષામાં યશસ્વી થયેલા દીઠામાં આવે છે, જેથી ઘણા લોકો નાડીપરીક્ષાને એટલું બધું સૂક્ષ્મ જ્ઞાન આપનારી વિદ્યા માનતા નથી; પરંતુ એ તેમનો ભ્રમ છે. શાસ્ત્રોમાં જેમણે ઉત્તમ સંયમ કરેલો છે, એવા વૈદ્યને તો અત્યંત સૂક્ષ્મ જ્ઞાન પણ નાડીપરીક્ષાથી થઇ શકે છે. મતલબ કે, સૂક્ષ્મ વિચાર કરતાં આવડે તો તે જ્ઞાન થવું શક્યજ છે, એમ માન્યા સિવાય છૂટકો નથી. આ પુસ્તકમાં આ બાબતનાં સારાં પ્રમાણ આપેલાં છે.

હાલમાં કેટલાક વૈદ્યો "નાડીપરીક્ષાથી રોગ સમજવામાં આવતો નથી અથવા કયો પદાર્થ બાધો છે તે સમજાતું નથી" એમ કહે છે. વાસ્તવિક રીતે એ તેમનો પોતાનોજ અનુભવ છે. જેને પોતાને પૂરતું જ્ઞાન ન હોય તેણે શાસ્ત્રો ઉપર તેવી રીતે આરોપ કરવો અથવા તેવાનો અભિપ્રાય એટલે શાસ્ત્રોનો અભિપ્રાય એવું લોકોએ માનવું, એ જરા પણ યોગ્ય નથી. હાલમાં કેટલાક વૈદ્યોને "ત્રિદોષ એટલે શું ?" એ સમજાતું નથી. કેટલાકો દેશી ભાષાનાં અથવા ઘણું તો અંગ્રેજી ભાષાનાં પુસ્તકો વાંચીનેજ વૈદ બનેલા હોય છે. તેઓને વૈદકનું સૂક્ષ્મ જ્ઞાન મુદ્દલે હોતું નથી; છતાં તેમના વાચાળપણાથી અથવા તો લેખનપટુતાથી ફસાઇને કેટલાક લોકો શાસ્ત્રોનો દોષ દેખાડીને પોતાની મોટાઈ દર્શાવવામાં ભૂષણ માને છે; એ કંઇ શિષ્ટપણું નથી.

હાલમાં એવા ઘણા વૈદ્યો મળે છે, કે જેમને અંગ્રેજી બરાબર સમજાતું ન હોવાથી તેમજ અંગ્રેજી શાસ્ત્રની પરીક્ષા આપવાનાં સાધનો મેળવેલાં ન હોવાથી તેઓ પોતાને ડૅાક્ટર કહેવરાવી શકતા નથી; અને તેથી તેઓ પોતાને 'વૈદકશાસ્ત્રના જ્ઞાતા' કહેવરાવીને બહાર આવે છે. ખરેખરી રીતે તેમની વાચાળતા ભાડુતી અંગ્રેજી જ્ઞાનની પેલી બાજુ ગઈ હોતી નથી; એટલુંજ નહિ પણ એઓ દેશી વૈદકશાસ્ત્રોમાં પૂર્ણપણે આંધળા હોઇને અંગ્રેજી વૈદકશાસ્ત્રથી ભયચકિત થયેલા હોય છે; તેથી પોતાની અયોગ્યતા છુપાવવા માટે એવા મૂર્ખ વૈદ્યો વૈદકશાસ્ત્ર વિષે પોતાની મરજીમાં આવે તેવા સિદ્ધાંતો ઠોકી બેસાડે છે.

કેટલાક લોકો પેટ ભરવાનું કાંઈ સાધન ન મળવાથી થોડાંઘણાં આડાંઅવળાં સાધનથી વૈદ્ય બને છે; પણ તેમને એકાદ વખત કેટલાક જરૂરી પ્રશ્ન કરી જોયા કે તેમની શક્તિ મપાઇ જાય છે. તેમને કોઈ 'બાપ બતાવ, નહિતર શ્રાદ્ધ સરાવ' એવો મુસાફર ભેટતાં તેઓ એકાએક ગભરાઈ જઇને કહે છે કેઃ–"હં, હં, એ તો આપણી નાડીપરીક્ષાના ઢોંગ છે!"

ધિક્કાર હો એવા લોકોને! પોતાને શાસ્ત્રજ્ઞાનનો અનુભવ નથી તે વાતને બાજુ મૂકી દઇને જેઓ પોતાનું અજ્ઞાન ઢાંકવા માટે શાસ્ત્રપર હરતાળ મારવા તૈયાર થાય છે, તેમને ભર્તૃહરિના કહેવા પ્રમાણે કયા વર્ગમાં ગણવા તેજ અમને સમજાતું નથી; જેથી અમે પણ તે વિષે "**ते के न जानीमहे**" એવુંજ કહીએ છીએ.

પોતાને કશો અનુભવ ન મળ્યો હોય તે ઉપરથી શાસ્ત્રના સિદ્ધાંતોજ ખોટા છે, એમ કહેવું જોઇએ નહિ. પોતામાં તેટલી યોગ્યતા નથી એવું કહેવામાં કાંઇ દોષ નથી. ઉલટું ખરું બોલવું એજ શોભાસ્પદ છે, જેથી અમારા સર્વ વૈદ્યોને પ્રાર્થનાપૂર્વક કહેવું પડે છે કે, તેમણે યોગ્ય પદ્ધતિથી વૈદકશાસ્ત્ર સમજી લેવાનો પ્રયત્ન કરવો અને શાસ્ત્રના સિદ્ધાંતો લોકોના અનુભવમાં લાવવાનો સત્પ્રયત્ન કરવો. જો આ ઉત્તમ માર્ગ સ્વીકારેલો ન હોય તો "પોતાને સમજાતું નથી" એવું કહેવું; પણ પોતાનું અજ્ઞાન ઢાંકવા માટે શાસ્ત્રની મશ્કરી કરવી નહિ અથવા અજ્ઞાનપણાથી 'આપણું શાસ્ત્ર પાંગળું છે અને બીજાનું શ્રેષ્ઠ છે એવું કહેવું નહિ."

જે લોકો પોતાનાં શાસ્ત્રોનું પાંગળાપણું કહીને બીજાં પરશાસ્ત્રોને શ્રેષ્ઠ માને છે, તેમને વાસ્તવિક રીતે બેમાંથી કંઈ પણ સમજાતું નથી. કેવળ સદ્દાના જોરથી અંજાઈ જઇને અજ્ઞાનથીજ તેઓ તેમ બોલે છે. જો તેમ ન હોત તો તેમણે અંગ્રેજી વૈદકશાસ્ત્રમાં તો પોતાની નવી શોધકબુદ્ધિને લગાડવી હતી! પણ 'હાજી હા' કરવાની પેલી તરફ તેમની ગતિ જરા પણ ચાલી શકતી નથી. એવા અતોભ્રષ્ટ અને તતોભ્રષ્ટ લોકો શાસ્ત્રશોધના શત્રુ છે. આજસુધી અમારા હિંદુસ્તાનમાં સેંકડો અંગ્રેજી શાસ્ત્રજ્ઞ લોકો ઉત્પન્ન થયા છે; પરંતુ તેમણે તે શાસ્ત્રનો મર્મ જાણીને કોઇ નવી પૂરવણી તે શાસ્ત્રમાં કરી છે ખરી? પ્રૅા૰ ગજ્જર, ડૅા૰ રાય વગેરે જેવા આંગળીના વેઢાપર ગણાય એટલાજ માણસો અંગ્રેજી શાસ્ત્રજ્ઞોમાંથી નીપજ્યા છે. આનું ખરું કારણ એ છે કે, અંગ્રેજી વૈદકનું ખરું તત્ત્વ કિંવા ઉપયોગી થાય એટલું જ્ઞાન અમારામાં હજી આવ્યું નથી; અથવા આવ્યું હોય તો તેની અમારા લોકમાં પ્રેરણા થઈ નથી. ખુદ આંગ્લશાસ્ત્રજ્ઞ લોકોનીજ આવી સ્થિતિ છે તો પછી થોડું આ અને થોડુંક તે, એવું અર્ધદગ્ધ જ્ઞાન મેળવનારાઓની યોગ્યતા તો શુંજ કહેવી! સત્ય છે કે "**ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रंजयति।**"

૨—અપરાંક્ષા

કાચના અથવા કાંસાના વાસણમાં મળસ્કામાં રોગીનું મૂત્ર પહેલી અને છેવટની ધાર છોડી મધ્યથી ઝીલવું. તેમાં તેલનું બિંદુ ઘાસની સળીથી નાખવું. બિંદુ નાખતાંજ પ્રસરે તો સાધ્ય; બિંદુ તેમજ રહે તો કષ્ટસાધ્ય; તેમજ તળે જઈ ઉપર આવે અને વચમાં છિદ્ર દેખાય, કિંવા મૂત્ર કાળું કે રાતું હોય અથવા બિંદુ તળેજ જઇ બેસે, કિંવા બિંદુ પ્રસરી મૂત્ર સાથે મળી જાય તો રોગ અસાધ્ય જાણવો. વાતાધિક્યમાં ચીકણું પીળા અથવા કાળા રંગનું હોય છે, તેમજ બિંદુ નાખતાંજ પ્રસરે છે. પિત્તાધિક્યમાં મૂત્ર પીળું, ગરમ અને પરપોટાવાળું હોય છે. કફ અધિક હોય તો મૂત્ર મેલા ધોળા રંગનું ફીણવાળું દેખાય છે. આમ પિત્તદૂષિત મૂત્ર સફેદ સરસવના તેલના જેવું જણાય છે. સન્નિપાતિક દોષ અર્થાત્ વાત, પિત્ત અને કફ એ ત્રણ દોષવાળાનું મૂત્ર રક્ત અથવા કૃષ્ણવર્ણ હોય છે. પિત્તપ્રધાન સન્નિપાત રોગીનું મૂત્ર રાખી મૂકવાથી ઉપરનો ભાગ પીળો અને નીચેનો ભાગ લાલ જણાય છે. વાતપ્રધાન સન્નિપાતમાં મધ્યભાગ કાળો અને કફાધિક્ય સન્નિપાતમાં મધ્યભાગ સફેદ જણાય છે. પિત્તથી બગડેલા મૂત્રમાં તેલનું બિંદુ નાખવાથી બુંદ બુંદ અલગ થઇ જાય છે. વાતપિત્તથી દૂષિત મૂત્રમાં તેલનું ટીપું નાખવાથી કાળા રંગના પરપોટા ઉત્પન્ન થાય છે. વાત અને કફદૂષિત મૂત્રમાં તેલનું બિંદુ નાખવાથી તેલ અને મૂત્ર મળી જઇ કાંજીના જેવું દેખાય છે. કફ અને પિત્તમિશ્રિત મૂત્ર પાંડુવર્ણનું હોય છે. તેલબિંદુ નાખતાંજ માણુસ, સર્પ, વાનર, વિંછી કે બિલાડીના જેવી આકૃતિ થાય; કિંવા દક્ષિણ, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય અને ઇશાન, એ દિશાઓ તરફ બિંદુ વધે તો રોગ અસાધ્ય જાણવો. પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર એ દિશામાં બિંદુ વધે તો રોગી બચશે. પશ્ચિમ દિશાએ બિંદુ વધી સર્પાકૃતિ થાય તો ઉદરરોગ જાણવો. મૂત્ર ઘીની કણીઓ જેવું થયું હોય તો જળોદર જાણવો. જ્વરાદિ રોગમાં રસ અધિક રહેવાથી મૂત્ર શેરડીના રસના જેવું દેખાય છે. જીર્ણજ્વરમાં મૂત્ર બકરાના મૂત્ર જેવી દુર્ગંધીવાળું હોય છે. જલોદર રોગમાં ઘીના દાણા જેવા દાણા મૂત્રમાં દેખાય છે. મૂત્રાતિસારમાં મૂત્ર અધિક પ્રમાણમાં હોય છે. રાખી મૂકવાથી નીચે લાલ રંગ જણાય છે. આહાર જીર્ણ થવા પછી મૂત્ર ચીકણું અને તેલમિશ્રિત જણાય છે. અજીર્ણ રોગમાં મૂત્ર વિપરીત લક્ષણવાળું હોય છે, ક્ષયરોગમાં મૂત્ર કાળા રંગનું હોય છે; અને ક્ષય અસાધ્ય થાય ત્યારે મૂત્ર ધોળા રંગનું હોય છે. પ્રમેહરોગમાં મૂત્રભેદ થાય છે તે પ્રમેહરોગમાં વિસ્તૃતરૂપે લખેલ છે. જ્વર અને દાહરોગમાં જિહ્વા નીરસ હોય છે; દાહ, સ્પર્શ અને લાલ રંગની હોય છે, આમાં જીર્ણ અને આમવાતની પ્રથમ અવસ્થામાં જીભ સફેદ અને ચટચટી જણાય છે. સાન્નિપાતિક જ્વરમાં જાડા, સૂકી, અતિકાળી અને કાંટા આવેલા દેખાય છે. યકૃત ક્રિયાના બગાડમાં અથવા મળ યા પિત્ત રોકાવાના કારણથી જિહ્વા પીળી અને મળથી લિપ્ત જણાય છે. યકૃત અને પ્લીહાના દરદની છેલ્લી અવસ્થામાં તથા ક્ષયરોગ જૂનો થવા પછી જિહ્વામાં ખાડા થઈ જાય છે. કૉલેરા, મૂર્ચ્છા અને શ્વાસરોગમાં જીભ શીતળ સ્પર્શવાળી હોય છે. અત્યંત દુર્બલતા અને દાહરોગમાં જીભ જાડી જણાય છે. નીરોગી મનુષ્યની જીભ સર્વદા આર્દ્ર રહે છે. દારૂ પીનારાની જીભ ફાટેલી હોય છે.

વાયુના પ્રકોપમાં મોંનો સ્વાદ ખારો અથવા ફીકો, પિત્તદોષમાં કડવો અને કફવિકારમાં મધુર હોય છે. બે દોષના પ્રકોપમાં બે રસયુક્ત તથા ત્રિદોષમાં ત્રણ રસયુક્ત જણાય છે. અચાનક શારીરિક કોઇ શુકલ વર્ણની કૃષ્ણતા, કૃષ્ણની શુકલતા, કઠિન અવયવમાં કોમલત્વ, ચંચળ સ્થાનની નિશ્ચલતા, વિસ્તૃત સ્થાનની સંકીર્ણતા, દીર્ઘની સૂક્ષ્મતા, ઉષ્ણનું શીતલ, શીતલનું ઉષ્ણ, સ્નિગ્ધની રૂક્ષતા, રૂક્ષની સ્નિગ્ધતા જોવામાં આવે ત્યારે રોગ અસાધ્ય જાણવો. બોલી બદલાઇ જવી, નેત્રનું બદલાઈ જવું, સવારે કપાળમાં પરસેવો આવવો, નાકના છિદ્રનું લાલ થવું અને ફુનસીઓનું દેખાવું એ પણ અસાધ્ય રોગનાં લક્ષણ છે. શરીરનો અર્ધભાગ અથવા માત્ર મુખનો અર્ધભાગ એક રંગનો અને બાકીનો અર્ધો ભાગ બીજા રંગનો જણાય એ પણ અરિષ્ટ લક્ષણ જાણવું. બંને હોઠ પાકા જાંબુ જેવા કાળા રંગના, દાંત કાળા, લાલ અથવા નીલા રંગના જણાય તો રોગીનું મરણ જાણવું. જિહ્વા ફૂલેલી, કાળા રંગની, ખરખરી થવી એ પણ અસાધ્ય રોગનું ચિહ્ન છે. બંને આંખોનો

સંકોચ, પરસ્પર અસમાનતા, શિથિલ લાલ અને આંસુઓનો પ્રવાહ, એ અરિષ્ટ લક્ષણ છે. પણ નેત્રરોગના કારણથી આંસુ પડતાં હોય તે અરિષ્ટ ન કહી શકાય. માથાના વાળ અને ભમર તેલ ન લગાડવા છતાં ચીકણા જણાવાં, આંખની બંને પાંપણોના વાળનું ગળી જવું, નાકનું છિદ્ર મોટું થવું, શોથ રોગ ન હોવા છતાં શરીર પર સોજો જણાવો એ સર્વ અરિષ્ટ લક્ષણ જાણવાં. રોગીના હાથ, પગ અને શ્વાસ ઠંડા થઇ જાય; મોઢાથી શ્વાસનો ત્યાગ કરે અથવા શ્વાસ તૂટતા લે, વાત કહેતાં કહેતાં બેહોશ બની જાય અને સીધા સૂઇને બંને પગ અહીં તહીં પછાડે તો મરણ પાસે છે એમ જાણવું.

३–मळपरीक्षा

વાયુનો કોપ થવાથી મળ ફીણયુક્ત, રૂક્ષ, ધૂમ્રવર્ણ અને ચોથો ભાગ પાણી જેવો હોય છે. પિત્તનો કોપ થયો હોય તો લીલો, પીળો, ગંધયુક્ત, શિથિલ અને ઉષ્ણ હોય છે. કફનો કોપ થવાથી શ્વેત વર્ણ, કંઇક શુષ્ક, કંઇક આર્દ્ર અને કંઇક સ્નિગ્ધ હોય છે. વાતકફમાં આર્દ્ર અને શ્યામવર્ણ પરપોટાથી યુક્ત હોય છે. વાતપિત્તમાં પીળો અને કાળો તથા આર્દ્ર અને અંદર ગાંઠા-વાળો હોય છે. પિત્તકફમાં પીળો શ્વેતવર્ણ હોય છે. ત્રિદોષમાં સફેદ, પીળો, કાળો, શિથિલ અને અંદર ગાંઠોવાળો હોય છે. અજીર્ણમાં દુર્ગંધયુક્ત હોઇ શિથિલ હોય છે. જીર્ણજ્વરમાં થોડા પાણીથી મિશ્રિત હોય છે. જળોદરમાં બહુ દુર્ગંધવાળો અને શ્વેતવર્ણ હોય છે. પ્રાણાંતનો દુર્ગંધયુક્ત અને રાતો હોઇ, કિંચિત્ શ્વેતવર્ણ અને માંસ જેવો તથા શ્યામવર્ણ હોય છે.

४–जिह्वापरीक्षा

વાયુનો કોપ હોય તો જીભ ખરખરી, ફાટેલી અને પીળી હોય છે. પિત્તની આરક્ત હોઈ કિંચિત્ શ્યામ હોય છે. કફની શ્વેતવર્ણ, આર્દ્ર અને મૃદુ હોય છે. ત્રિદોષની કાળી, કાંટા આવેલી અને શુષ્ક હોય છે. અરુચિ અને અતિસારની મધુરવર્ણ, પ્રમેહ અને સંગ્રહણીની ધૂમ્રવર્ણ, ઉષ્ણ અને કપીશવર્ણ; વિસ્ફોટક રોગની ખરખરી, કાંટા જેવી હોઇ અંદરથી પાણી ઝરે છે. મરણકાળની ખરખરી હોઈ અંદર વધેલી, ફીણયુક્ત, કઠિન લાકડા જેવી અને ચલનવલનરહિત હોય છે.

५–नेत्रपरीक्षा

વાયુનો કોપ હોય તો આંખો નિસ્તેજ, ધૂમ્રવર્ણ, દાહયુક્ત, ચંચળ અને ઉગ્ર હોય છે. પિત્તથી પીળી, તામ્રવર્ણ, દાહયુક્ત અને દીવો જોવાને અસમર્થ હોય છે. કફની ધોળી, નિસ્તેજ, સ્ત્રાવયુક્ત અને ચીકણી હોય છે. ત્રિદોષની લાલ હોઇ કિંચિત્ કાળી અને મીંચેલી પ્રમાણે દેખાય છે. જેની એક આંખ મીંચેલી જેવી હોઇ અર્ધી ઉઘાડી હોય અને બીજી મીંચેલી હોય તે રોગી એક પહોરમાં મરશે. આંખમાંની કીકી ભ્રમિષ્ટ થઈ નેત્ર મીંચેલા જેવું જણાય તે રોગી એક દિવસમાં મરશે.

६–रूपपरीक्षा

પ્રાતઃકાળે રોગી પાસે જઇને જોતાં જો તે તેજોહીન, વિચિત્ર અને શ્યામવર્ણ દેખાય તો વ્યાધિ વાતજન્ય જાણવો. મુખ પીતવર્ણ, કલાહીન અને કિંચિત્ સૂજેલું હોય તો પિત્તપ્રકોપ જાણવો. મુખ કલાહીન અને ચીકણું દેખાય તથા આંખો વિલક્ષણ ચિટકાયેલી હોય તો કફપ્રકોપ જાણવો. આંખે જોવાથી જેવો રોગ સ્પષ્ટ દેખાય તેવાં નામો રાખવાં. પ્લીહા, કમળો, ગ્રંથિ, નળવાયુ, વાયુનો ગોળો, ભાર, જંતુ અને કઠોર ગુલ્મ, એ રોગ હાથે દાબી જોઇ અમુક રોગ છે એવો નિશ્ચય કરવો.

७–शब्दपरीक्षा

વાયુનો કોપ હોવાથી કંઠમાંથી શબ્દ નીકળે છે તે સૌમ્ય એટલે હલકો નીકળે છે. પિત્તનો કોપ હોવાથી શબ્દ સ્પષ્ટ નીકળે છે. કફનો કોપ હોય તો શબ્દ જડ અને ઘર્ઘરયુક્ત નીકળે. દ્વિદોષનો અથવા ત્રિદોષનો કોપ હોય તો શબ્દ દ્વિદોષનાં અને ત્રિદોષનાં લક્ષણોથી યુક્ત હોય છે.

૮—स्पर्शपरीक्षा

વાયુનો કોપ હોવાથી શરીરનો સ્પર્શ સાગ અને ખાખરાનાં પાંદડાં જેવો ખરખરો હોય શીતળ હોય છે. પિત્તનો કોપ હોય તો સ્પર્શ ઉષ્ણ હોય છે. કફનો કોપ હોવાથી શીતળ હોઈ આર્દ્ર હોય છે. દ્વિદોષનો અને ત્રિદોષનો કોપ હોય તો દ્વિદોષનાં અને ત્રિદોષનાં લક્ષણોથી યુક્ત હોય છે. જેના શરીરનો સ્પર્શ ક્ષણમાં શીત અને ક્ષણમાં અતિ તપ્ત એવો હોય તે રોગી અસાધ્ય જાણવો.

૯– साध्य लक्षण

મુખ તેજસ્વી, નાડી સમ, સ્વર સારો, મસ્તકે ઠંડક, ચિંતારહિત મન, અગ્નિ પ્રદીપ્ત, સુગંધી પદાર્થની ઈચ્છા, છિંકો આવવી–એ લક્ષણો હોય તો રોગી નિઃસંશય બચશે.

૧૦—असाध्य लक्षण

તીક્ષ્ણ જ્વર, બડબડ કરવું, આંખો અને નખ લાલ અથવા પીળા, હાથપગ ઠંડા, મુખ નિસ્તેજ, કંઠાવરોધ, હેડકી, શરીર ભયંકર, મૂર્છા અને ભ્રમ એ લક્ષણો હોય તો રોગી અસાધ્ય જાણવો. જેનું નાક વાંકું થાય અને નાકનો સૂર બંધ થઈ મુખમાંથી પાણી ચાલે તે એક દિવસમાં મરશે. જેના ડાબા હાથની નાડી ચાલતાં ચાલતાં તૂટે અને ડાબો સૂર સમૂળગો બંધ થાય તે તત્કાળ મરશે.



आर्यभिषक्

अथवा हिंदुस्ताननो वैद्यराज

पूर्वार्ध

वनौषधिगुणादर्श

औषाधिनां परां प्राप्तिं कश्चिद्वेदितुमर्हति ।
योगज्ञस्तस्य रूपज्ञस्तासां तत्त्वविदुच्यते ॥१॥

ઔષધિની ઉત્કૃષ્ટ પ્રાપ્તિને કોઈકજ જાણવાને યોગ્ય થાય છે. તેના પ્રયોગને તથા રૂપને ઓળખનાર તત્ત્વવિદ્ કહેવાય છે. (ચરકસંહિતા—મહર્ષિ અગ્નિવેષ)

૧ અક્કલકરો—સં૦ આકલ્લ. અકર્કર. ફા૦ અકર્કરહા. મ૦ અકલકાલા—કારા. હિં૦ અકરકરા—કરહા. ક૦ આકળકરી. અ૦ આકરકરહા. ઇં૦ પેલેટરી રૂટ. લા૦ એનેસાઇકલસ પેરેથ્રમ. બં૦ અકોરકોરા, આકરકરા.

અક્કલકરાનાં ઝાડ નાનાં હોય છે. એની ઉંચાઇ શુમારે એક હાથ હોય છે. એ બંગાલ, અરબસ્તાન અને મિસર, એ દેશમાં થાય છે.× ત્યાંથી આ વનસ્પતિનાં મૂળ તથા ડાંખળી અહીં

× અક્કલકરો એ અરબસ્તાન અને હિંદુસ્તાનની પ્રસિદ્ધ બુટ્ટી છે. એક વર્ષ પછીથી વનસ્પતિનો ગુણ ઘટી જાય છે; પરંતુ અક્કલકરાની જડમાંથી સાત વર્ષસુધી હૈવત જતું નથી. બીજાં ઔષધો ખાધા પહેલાં આ જડ ચાવી લીધી હોય તો ખાવાનાં ઔષધોનો સ્વાદ બિલકુલ માલૂમ પડતો નથી. એથી જેને ખારાં, ખાટાં, રેચક તથા વમનકર્તા ઔષધો ખાવા—પીવાની જરૂર હોય તેમને પ્રથમ આ જડ ચવરાવી થુંકાવી નાખી પછી તે ઔષધો ખાવા અપાય છે; એથી તેને દવાની બિલકુલ અબખ થતી નથી. અક્કલકરાનું લાકડું વજનદાર હોય છે. તેને ભાગવાથી અંદરથી સફેદ દેખાય છે. અક્કલકરો શરીરમાં લોહી આદિથી પડેલી ગાંઠ ફેંદી નાખે છે. કફને બાળે છે. પક્ષઘાત, કફ-વાત પીડાની સાથે ગરદનનું ઝલાઇ જવું, પેઢાનું નરમ પડવું, તોતળાપણું, છાતી દાંત અને પેઢાનું દર્દ, ચુમકી, જલોદર, ઠંડી પ્રકૃતિવાળાની ઇંદ્રિયની તાકાદને ખુલી કરી પેશાબ લાવવાને, સ્ત્રીઓને રજોદર્શન—સંબંધી રૂધિરને પાતળો તથા જાડો લેપ કરવાથી ફાયદો કરે છે. જયતુંનના તેલની સાથે અક્કલકરો

આવે છે. અહીં એ ઝાડો ક્વચિત્ થાય છે. આ ઝાડને પીળાં ફૂલો આવે છે. તે ખાવાથી અક્કલ-કરાની કાંખળી પ્રમાણે જીભને રવરવ થાય છે. એ ફૂલો ઉધરસ ઉપર પાનમાં ખવાય છે. **અક્કલકરો** એ ઉષ્ણવીર્ય, બળકટ તથા તીખો છે; અને સળેખમ, સોજા તથા વાયુનો નાશ કરે છે. (૧) **દાંત દુખતા હોય તો**–અક્કલકરો અને કાંટાસરિયાનો પાલો એકઠાં વાટી દાંતની નીચે રાખવાં. (૨) **જીભ શુદ્ધ થવા માટે**–અક્કલકરો દાઢની નીચે રાખવો. (૩) **સિંદૂરના વિષ ઉપર**–અક્કલકરો અને વજ પાણીમાં ઘસી પાવાં. (૪) **અક્કલકરાદિ ચૂર્ણ**–અક્કલકરો, સિંધાલૂણ, ચિત્રો, આમળાં, મરી, લીંડીપીપર, અજમો, હરડે, એ એકેક ભાગ અને સુંઠ બે ભાગ, એનું ચૂર્ણ કરી તેને બીજોરાના રસની ભાવના આપી ચૂર્ણ અથવા ગોળી કરવી. આ ચૂર્ણને વૈદકશાસ્ત્રમાં અક્કલકરાદિ ચૂર્ણ અથવા **અમૃતપ્રભા** એવું નામ આપેલું છે. આ ચૂર્ણ મંદાગ્નિ, અરુચિ, ઉધરસ, ગલરોગ, દમ, સળેખમ, પીનસ, ફેફરું, ઉન્માદ અને સન્નિપાત, એ રોગો ઉપર હિતકારક છે. (૫) **મૂત્રખડા (પથરી) ઉપર અક્કલકરાદિ કાઢો**–અક્કલકરો, ગોખરૂનાં મૂળ, તુળસીનો રસ, પાષાણભેદ, એરંડાનું મૂળ, લીંડીપીપર. જેઠીમધ, કાશમૂળ, નગોડ, લવંગ, સુંઠ, એ સર્વનો કાઢો કરી, તેમાં એલચીની ભૂકી નાખી, તે સાત દિવસ પીવો, એટલે મોટા પીડાકારક મૂત્રખડો અને પેસાબ સાથે જે વીર્ય પડતું હશે તે પણ દૂર થઈ જશે. (૬) **અપસ્માર ઉપર**–અક્કલકરાનું ચૂર્ણ મધમાં લેવું અને નસ્ય પણ કરવું. (૭) **જીભનો રોગ અને મુખમાધુર્ય ઉપર**–અક્કલકરો ચાવી મોઢામાં રાખવો અને લાળ ગળી જવી; અથવા ટાંડા પાણીમાં અક્કલકરો ઘસી મોઢામાં ચોપડવો અને લાળ ગળી જવી. આ પ્રમાણે દિવસમાં બે ત્રણ વખત કરવું.

૨ **અંકોલ**–સં૦ અંકોલ. મ૦ અંકોલ. હિં૦ ઢેરા, ટેરા. બં૦ આંકડ, ધલા આંકોર, આંકોડ. ક૦ અંકુલે. તૈ૦ અંકોલમ્. તા૦ અંકોલ. તુ૦ અંકોલેડા. મલા૦ અંકોલં. લા૦ એલન્જીયમ. લમારકી.

*એ ઝાડ ઘણાંજ મોટાં વધે છે. એનાં પાંદડાં આંગળ બે આંગળ પહોળાં હોઇ કણેરીનાં પાંદડા પ્રમાણે લાંબાં હોય છે. એ પાંદડાં ઉપર રેશા હોય છે. એ ઝાડો કાંટાવાળાં અને કાંટારહિત પણ હોય છે. એ ઘણાક પ્રાંતોમાં થાય છે. એને ચણા જેવડાં ગોળ ફળો આવે છે. એનાં બીયાંનું તેલ નીકળે છે. **અંકોલ**–તૂરું, કડવું, પારદ શુદ્ધિકર, લઘુ, થોડું તીખું, સારક, સ્નિગ્ધ, તીક્ષ્ણ, ગરમ, રૂક્ષ એવું છે. એનો રસ ઉલટી કરાવનાર અને વિષ, કફ, વાતશૂળ, કૃમિ, સોજો, આમપિત્ત, રક્તદોષ, વિસર્પ અને કૂતરા, ઉંદર અને બિલાડીનું વિષ, કટિશૂળ તથા અતિસારનો નાશ કરે છે. એનાં **બીજ** ટાંડાં, ધાતુની વૃદ્ધિ કરનાર, સ્વાદવાળાં, અગ્નિમાંદ્ય, જડ, રસ વખતે અને પાક વખતે મધુર, બલકર, કફકર, સારક, સ્નિગ્ધ, વૃષ્ય, એવાં છે; અને દાહ, વાયુ, પિત્ત, ક્ષય, રક્તદોષ, કફ અને વિસર્પનો નાશ કરે છે.

વાટી ચોળવાથી મસ્તકના રોગ, સાંધાના રોગ, સ્નાયુના, મોઢાના અને છાતીના રોગ તેમજ કુબડાપણું, શૂન્યકાર, નરમપણું તથા અવયવોના જૂના રોગો નાબુદ થાય છે. અક્કલકરાના ગરમ ગરમ ક્વાથને તાળવા ઉપર ચોળે અને માથે લેપ કરે તો તે માથાને ગરમ કરી નજલા (ભેજામાંથી મોઢાવાટે પડતા મેલ) ને શાંત કરે છે. રૂમીમસ્તકી અથવા કસેલી વસ્તુની સાથે ચાવવાથી દૂષિત દોષોથી પ્રકટ થએલો મૃગીરોગ મટે છે. મધની સાથે અક્કલકરો ચાવવાથી મૃગી રોગ, અંધારાં આવવાં અને પક્ષઘાતને મટાડે છે. અક્કલકરાનું બારીક ચૂર્ણ સુંઘવાથી બંધ થયેલ નાકનો સ્વર ખુલે છે. અક્કલકરો વાટીને ચોળવાથો પરસેવો થાય છે. અક્કલકરો દોરાથી બાંધી ગળામાં રાખવાથી બાળકનો મૃગીરોગ શાંત થાય છે. તાવ આવ્યાની પહેલાં અક્કલકરાને જયતુંનના તેલમાં વાટી આખા શરીરે ચોળવાથી તાવ અને શરદીની બિમારી મટે છે; બાજીગર લોકો નવસારની સાથે અક્કલકરાને વાટી તાળવે અને મોઢામાં ખૂબ ઘસે છે. આથી અગ્નિથી મોઢું કદી દાઝતું નથી. અક્કલકરો ફેફસાંને નુકસાનકર્તા છે. અક્કલ-કરાની શાંતિકર્તા કતીરો (એ ચીકાશ વગરનો ગુંદર પાણીમાં ફૂલી જાય છે. એને કડાયો ગુંદર પણ કહે છે.) અને મુનક્કા દ્રાક્ષ છે. એની માત્રા ત્રણ માસાની ગણાય છે. અક્કલકરાનો પ્રતિનિધિ લીંડીપીપર અને મધ છે. આમાશયનાં દરદો માટે રાસ્ના અને અગર છે; અથવા સુંઠ અને સુંઠના અર્ધભાગે કાળાં મરી લેવાય છે.

* મિ. મોહદ્દીન શરીફના મતથી અંકોલના મૂળની છાલ ૫૦ ગ્રેન (તોલાના ગ્રેન ૧૮૦) ની માત્રામાં આપવાથી ઉલટી થાય છે. એનાથી ઓછી માત્રા તાવને ઉતારે છે. એની છાલ કડવી છે, એ ચામડી ઉપર ઘણીજ અસર કરે છે. જડનો રસ જુલાબ લાવે છે અને પેટના કૃમિ બહાર કાઢે છે. જલોદરના રોગમાં પણ તે આપે છે અને જડને વાટી સાપ ઉતારવાના કામમાં લે છે.

કરે છે. બીયાંનું તેલ—વાયુ અને કફનાશક તથા મર્દન કરવાથી ચામડીના દોષોનો નાશ કરે છે. (૧) અતિસાર ઉપર અને વિષાદિક ઉપર—અંકોલના મૂળની છાલ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી પાવી, એટલે જલદીથી અતિસારનો નાશ થાય છે; તેમજ વછનાગાદિક તથા સર્પ વગેરેના વિષનો નાશ થાય છે. (૨) પ્રમેહ ઉપર—અંકોલની સૂકાયલી કળીઓ, આમળાં અને હળદર, એનું ચૂર્ણ કરી મધમાં આપવું, એટલે સર્વ પ્રકારના પ્રમેહનો નાશ થશે. (૩) કૃમિ ઉપર—લીલાં મૂળીઆંનો રસ પાવો, એટલે રેચ લાગી કૃમિ દૂર થશે. (૪) જલોદર ઉપર—લીલાં મૂળીઆંનો રસ પાવો એટલે સાધ્ય હશે તો જળોદર સારૂં થશે. (૫) વ્રણ (ગૂમડાં) ઉપર—ફળનું તેલ ચોપડવું એટલે ગૂમડું ભરાઈ આવી સારૂં થાય છે અને રૂઝાઈ પણ જાય છે. (૬) ત્વચા (ચામડી)-ના રોગ ઉપર—ફળનું તેલ લગાડવું અથવા ઝાડની છાલ વાટી લગાડવી. (૭) વાયુએ શરીર સૂજે તે ઉપર—એ ઝાડનાં પાંદડાં વાટી તેની પોટીશ બાંધવી. (૮) આંબાને જલદી વધવાને-પાકાં અંકોલનાં ફળો અને થોડાવજ એકઠાં કૂટી ચૂર્ણ કરવું. તેમાં થોડું મધ નાખવું, તે પાણીમાં ભેગું કરી એ પાણી આંબાના ઝાડને રેડવું, એટલે આંબાનું ઝાડ જલદી વધી તેને ફળ પણ જલદી આવે છે. (૯) આંબાની ગોટલી-અંકોલના તેલના સાત પુટો આપવા પછી તે ગોટલી જમીનમાં દાટી ઉપર પાણી રેડવાથી લાગલુંજ આંબાનું ઝાડ ઉગે છે. એજ કૃતિ પ્રમાણે મેથી પણ જલદીથી ઉગે છે. (૧૦) સર્વ પ્રકારના અતિસાર ઉપર અંકોલ વટક-અંકોલમૂળ, પહાડમૂળ અને દેવદાર, એ ત્રણ ઔષધિ સમભાગ લઈ તેનું ચૂર્ણ કરવું; અને ચોખાના ધોવરામણમાં તેની બહેડા જેવડી ગોળીઓ કરવી. તેમાંની એક ગોળી ચોખાના ધોવરામણમાં ઘસીને પાવી, એટલે સર્વ પ્રકારનો અતિસાર દૂર થાય છે. બીજો પ્રકાર-દેવદાર, અંકોલ, પહાડમૂળ, એ ત્રણેનાં મૂળ અને કડાછાલ (ઈંદ્રજવના ઝાડની છાલ) કાળી ધાવડી, લોધ્ર, દાડિમની છાલ અને રાળ, આ સર્વ ઔષધોનું ચૂર્ણ સમભાગ લઈ ઉપર પ્રમાણે ચોખાના ધોવરામણમાં ગોળીઓ કરી તેમાંથી એક ગોળી સવારે મધમાં ઘસીને પાવી; આથી સર્વ પ્રકારના અતિસાર દૂર થાય છે. (૧૧) સોજા ઉપર—અંકોલનો પાલો અને કીડાના રાફડાની માટી, એ બેને બાફ દઈ લૂગડામાં ઘાલી તેથી શેકવું. (૧૨) સોમનાથની તામ્રભસ્મ—અંકોલનાં ફળ વાટી તેમાં શુદ્ધ કરેલા તાંબાનાં કંટકવેધી પતરાં નાખી ગજપુટ કરવાથી એકજ પુટથી ભસ્મ થશે. (૧૩) દાહજ્વર ઉપર—અંકોલનું મૂળ અને સુંઠ પાણીમાં ઘસી તેનો શરીરે લેપ કરવો, એટલે તુરત તાવ ઉતરી જઇ દાહ શાંત થશે. (૧૪) મૂત્રાવરોધ ઉપર—અંકોલ અને તલના પંચાગનો ક્ષાર, મધ અને દહીંના પાણી સાથે પાવો. (૧૫) કૂતરાના વિષ ઉપર—અંકોલનાં મૂળનો કાઢો ઘી નાખી પાવો અથવા અંકોલનાં પાંદડાં પાણીમાં વાટી તેમાં મરીનું ચૂર્ણ નાખી તે પાવું. (૧૬) ગાંઠ ઉપર—અંકોલનાં મૂળ ઘસી લેપ કરવો.

૩ અખરોડ—સં૦ અક્ષોટ. મ૦ અકરોડ. હિં૦ અખરોટ. બં૦ આખરોટ. ક૦ બેટ્ટદગોનુ અથવા આખોટ. તૈ૦ ઉલ્વકાઇ. ફા૦ ચાર્તગજ. અ૦ જોઝઅંકુપમ. ઈં૦ વાલનટ્. લા૦ એલ્યુરાઇટી ટાયલોબા.

એ ઝાડો હિમાલયની આસપાસમાં, ચીન અને ઇરાન એ દેશોમાં થાય છે. ઉત્તરહિંદુસ્તાનમાં એની ઘણીજ ઉત્પત્તિ થાય છે. આ ઝાડને ૩૦-૪૦ વર્ષ પછી ફળો આવવા લાગે છે. પાકેલાં ફળો જમરૂખ જેવડાં હોય છે. ફળો કાચાં અને કઠણ હોય છે ત્યારે ત્યાંના લોકો તેને મીઠામાં આથે છે. એ ફળોનું તેલ ખાવાને અને બાળવાને ઉપયોગી જણાય છે. અખરોડ—એ મધુર, કિંચિત્ ખાટું, સ્નિગ્ધ, શીતળ, ધાતુવૃદ્ધિકર, ઉષ્ણ, રુચિપ્રદ, કફપિત્તકર, જડ, પ્રિય, બલકર, કફકર, મલબંધકર એવું છે; અને વાત, પિત્ત, ક્ષય, વાયુ, હૃદ્રોગ, રક્તદોષ, રક્તવાત અને દાહ એનો નાશ કરે છે. પાક વગેરે ઔષધોમાં અખરોડનો ઘણોજ સારો ઉપયોગ થાય છે અને એ એક મેવો છે. (૧) હરસ ઉપર-અખરોડના તેલમાં કપડું ભીંજવી ગુદામાં રાખવું એટલે દુઃખનો નાશ થશે. (૨) અપસ્માર ઉપર—નગોડના રસમાં અંતરછાલ ઘસી અંજન કરવું અથવા નસ્ય કરવું. (૩) વાયુથી આવેલા સોજા ઉપર-અખરોડ કાંજીમાં ઘસી લેપ કરવો. (૪) સ્તનમાં દૂધ ઉત્પન્ન થવા માટે-ઘઉંનો રવો અને અખરોડનાં પાંદડાં સમભાગે એકત્ર કરી તેની પુરીઓ ગાયના ઘીમાં કરીને દૂધમાં ખાવી તેથી સાત દિવસમાં

સ્ત્રીઓના સ્તનમાં દૂધ ઘણુંજ વધશે. (૫)**અર્શ કૃમિ ઇત્યાદિ ઉપર**–કાચા અખરોડનો રસ કાઢીને આપવો, એટલે મૂળ વ્યાધિ, કૃમિ, ગુલ્મ, એ રોગો દૂર થાય છે. (૬)**રેચ થવા માટે**—ફળોની છાલનો કાઢો કરી પાવો અથવા તેનું તેલ ૨–૩ તોલા પ્રાશન કરાવવું.

૪ અગથીઓ–સં૦ અગસ્ત્ય. મ૦ અગસ્થા–સ્તા. હિં૦ અગસ્તા, હથિયા. બં૦ બક. ક૦ અગસેયમરનું ચોગચી. તા૦ અક્કું, અર્ગતિ. તુ૦ અગસે. મલા૦ અગડી. તૈ૦ અનિસિ, અનીસે. લા૦ ઍગટિ ગ્રાંડિફ્લોરા, સેસબેના ગ્રાંડીફ્લોરા. ઈં૦ લાર્જ ફ્લાવર્ડ ઍગટી. વહાડી હેટા. દે૦ હાદગા.

એ ઝાડ ઘણાંજ મોટાં થાય છે અને બાગાયતમાં (બગીચો વગેરે કેળવેલી જમીનમાં) ઉગે છે. ધોળાં અને રાતાં ફૂલોની એવી બે જાતિ છે. એનાં પાંદડાં આંબલીનાં પાંદડાં જેવાં હોય છે. એને ફૂલો અને શીંગો આવે છે. ફૂલનાં વડાં અને શાક થાય છે. શીંગોનું પણ શાક થાય છે. એના પાલાની પણ ભાજી કરે છે. એ ઝાડ સાત આઠ વર્ષથી વધુ રહેતાં નથી. **અગથીઓ**—રૂક્ષ, શીતળ, મધુર, વાતલ અને ત્રિદોષનાશક છે; તેમજ વૈવર્ણ્ય, કફ, શ્રમ, ઉધરસ, ગુમડાં પિશાચબાધા, પિત્ત અને ચોથીઓ તાવ, એનો નાશ કરે છે. એનાં **ફૂલ**—તૂરાં, કડવાં, કિંચિત્ ઠંડાં, પાક વખતે તીખાં અને વાતકારક છે. રતાંધળાપણું, સળેખમ, ચોથીઓ તાવ, કફ અને પિત્ત એનો નાશ કરે છે. એની **શીંગો**—સારક, બુદ્ધિપ્રદ, રુચિકારક. લઘુ, પાક વખતે મધુર, કડવી અને સ્મૃતિપ્રદ છે; અને ત્રિદોષ, શૂળ, કફ, પાંડુરોગ, વિષ, શોષ, ગુલ્મ, એનો નાશ કરે છે. એની **ભાજી** લૂખી અને પિત્તકારક છે. એનાં **પાંદડાં**—તીખાં, કડવાં, જડ, મધુર, કિંચિત્ ઉષ્ણ અને સ્વચ્છ છે; અને કૃમિ. કફ, કંડૂ, વિષ, રક્તપિત્ત, એનો નાશ કરે છે. (૧) **શરદી, મસ્તકશૂળ અને ચોથીઆ તાવ ઉપર**—અગથીઆનાં પાંદડાંના રસનાં ટીપાં નાકમાં પાડવાં. (૨) **આધાશીશી ઉપર**–જે બાજુનું કપાળ દુઃખતું હોય તેની વિષમ બાજુના નાકમાં અગથીઆનાં પાંદડાંનો અથવા ફૂલોનો રસ પાડવો; એટલે કફ પડી આધાશીશી મટી જાય છે. (૩) **ચિત્તવિભ્રમ ઉપર**—અગથીઆના પાલાના રસમાં ગોળ, સુંઠ અને લીંડીપીપર, એ ઔષધો મેળવી નસ્ય કરવું. (૪)**કુરશાના** વિષથી પેટમાં ગાંઠ બંધાઈ હોય તો ધોળા અગથીઆની છાલ અરીઠાના પાણીમાં ઘસીને પાવી. રોગ હલકો થયા પછી ચોખાના ઓસામણમાં ઘી નાખી તે શુમારે અર્ધોશેર આપવી. (૫)**કફવિકાર ઉપર**—રાતા અગથીઆના મૂળનો અથવા છાલનો અંગરસ કાઢી એક તોલાથી બે તોલા સુધી શક્તિ પ્રમાણે આપવો. એ ઔષધ છોકરાંઓને આપવું હોય તો ફક્ત પાલાનો રસ પાંચ ટીપાં કાઢી મધ નાખી પાવું. ઉતાર–ખડી-સાકરનું પાણી પાવું. (૬) **સોજા ઉપર**—રાતા અગથીઆનાં મૂળ અને કાળા ધંતુરાનાં મૂળ એ બેને ગરમ પાણીમાં એકત્ર ઘસી શરીરે લેપ કરવાથી સર્વ પ્રકારનો સોજો જલદી મટે છે. (૭)**વાયુબદ્ધ શરીર હોય તો**—રાતા અગથીઆનાં મૂળ ઉપરની છાલ ચાર ચણોઠી સુધી લઇ પાનના બીડામાં દરરોજ ખાવી, એટલે વાતવિકાર કમી થશે. (૮)**છોકરાંઓનાં શરદી ઉપર**—છોકરૂં જન્મે ત્યારે શરીરમાં કફની અસર પ્રકટેલી હોય તો તેને અગથીઆના પાલાનો રસ બે ટીપાં કાઢી તેમાં ચોગણું મધ નાખી, તે મિશ્રણ આંગળીદ્વારા તે છોકરાના તાળવામાં પહોંચાડતાંજ સર્વ કફ નીકળી પડે છે અને છોકરૂં હોશિયાર થાય છે. આ વખતે સુયાણી(દાઇઆણી)એ સાવચેતી રાખવી જોઇએ. (૯) **અપસ્માર ઉપર**—અગથીઆનાં પાંદડાંનો રસ, ગોમૂત્ર અને કાળાં મરીની ભૂકી નાખી આપવો. (૧૦) **કોઈ પણ ભસ્મનો રાતો રંગ** (પદ્મરાગ જેવો) આપવા માટે એના પાનનો રસ કાઢી તેના પુટ આપે છે.

૫ અગરૂ–સં૦ સ્વાદ્વગરૂ. મ૦ અગર. હિં૦ બં૦ ક૦ તા૦ અગર. તૈ૦ અગરૂચેટ્ટુ. તુ૦ હાગલગંધ. મલા૦ અકિલ. ફા૦ કસબેબવા. અ૦ ઉદગરકી. ઈં૦ ઈગલવુડ. લા૦ એક્વીલેરિયા એ-ગેલોકા. ગ્રી૦ અગેલોકન.

અગરૂ ચંદન એ મોટો સુગંધી પદાર્થ છે. અગરબત્તી કરવાના અને શરીરને ચોળવાના કામમાં એનો ઉપયોગ થાય છે. એ ધૂપોપયોગી છે. એના ધૂપથી મનને ઘણો આનંદ થાય છે.

અગરના ઝાડ સંબંધી શોધ કરતાં પ્રાચીન પુસ્તકોમાંથી નીચલી માહિતી મળે છે. પ્રાચીન યાહુદી લોકોને ‘અલહોટ’ આ નામથી આ વનસ્પતિ જાણમાં હતી. ગ્રીક અને રોમન લોકોએ

તેને 'અગેલોકન' એ નામ આપેલ હતું. પ્રાચીન અરબી લોક તેને 'અધલુખી' કહેતા; પરંતુ પાછળથી એ નામ બદલીને તેમણે 'ઉદહિંદી' આ નામ આપ્યું.

અગરનાં ઝાડો બંગાળા ઇલાકાના વાયવ્ય ખૂણા તરફ સલહટ જીલ્લાની આસપાસ 'જંટિયા' પર્વતપર થાય છે. તેજ પ્રમાણે આસામ પ્રદેશમાં પણ ઘણેક ઠેકાણે આ ઝાડો ઉત્પન્ન થાય છે, તેમજ બંગાળા ઇલાકાની દક્ષિણે ઉષ્ણકટિબંધ ઉપરના પ્રદેશમાં પણ આની ઉત્પત્તિ થાય છે. ચીનની સરહદ નજીક 'નવકા' શહેરના તાબાના "ચતિયા" બેટમાં પણ આ ઝાડો ઉત્પન્ન થાય છે. મલબારમાં પણ કોઈક ઠેકાણે આની ઉત્પત્તિ થાય છે.

અગરનાં ઝાડ મોટાં હોઈ સદા સર્વકાળ લીલાંછમ હોય છે. એનું થડ અને ડાળીઓ ઘણું કરીને વાંકી થાય છે. એનાં પાંદડાં આકારમાં અરડુસીનાં પાંદડાં સરખાં અને ઝીણા દીંટડા ઉપર થાય છે. આ ઝાડ ચૈત્ર (એપ્રિલ) મહિનામાં ફૂલે છે અને તેનાં બીજ શ્રાવણ (ઑગસ્ટ) મહિનામાં પાકે છે. લાકડું નરમ હોય તેનાં છિદ્રો કોમળ રાળ જેવા સુગંધી પદાર્થથી ભરેલ થાય છે. આ સુગંધી પદાર્થ ઝાડને ટોચા મારીને કાઢી લે છે. અગરનું લાકડું જલદીથી સડી જાય છે અને સડવાના ભાગમાં એક પ્રકારનો સુગંધ ઉત્પન્ન થાય છે. આ સુગંધી જલદી ઉત્પન્ન કરવાને અગરનું લાકડું ભીની જમીનમાં દાટી મૂકે છે. દાટવાથી જે ભાગ સડવા લાગે છે તે તેલીઆ, જડ અને કાળા રંગનો હોય છે. તે પછી તેની હલકીભારે જાતિ જુદી પાડવાને કકડા કરીને પાણીમાં નાખે છે. જે કકડો પાણીમાં છેક ડૂબી જાય તે 'ગરકી' અને જે અર્ધ ડૂબે તે 'નિમગરકી' (અર્ધ ગરકી) તથા જે છેક ઉપર તરે તે 'સમાલે' આ પ્રમાણે એનાં નામ આપે છે. છેવટની જાત છેક સાધારણ છે. ગરકી અગર કાળા રંગનો હોય છે અને બાકીના ફીકા ભૂરા રંગના થાય છે. આર્ય વૈદક ગ્રંથોમાં કૃષ્ણાગરૂ, દાહાગરૂ, સ્વાદ્વગરૂ અને મંગળાગરૂ, એવી પાંચ જાતો વર્ણવેલી છે. હકીમ લોકોની અથવા વેપારી ભાષામાં હિંદી, સમંદરી, કમરી અને સમંડલી, આ ચાર અગરની જાતો માનેલી છે. આ નામો ઘણું કરીને તેના ઉત્પત્તિસ્થાન ઉપરથી પડેલાં હશે, એમ જણાય છે. ઉપરની ચાર જાતો પૈકી પહેલી જાતિનો અગર કાળો, બીજી જાતિનો પહેલા કરતાં વધારે તેલીઓ, ત્રીજો ફીકા રંગનો અને ચોથો ઘણો સુગંધીદાર હોય છે. કેટલેક ઠેકાણે "બરી" અને "જબલી" આ બે જાતિ વપરાય છે. તેમાંથી પહેલી જાતિનું લાકડું સફેદ હોય છે અને બીજા ઉપર કાળી લીટીઓ થાય છે. ઔષધિઓમાં વાપરવાલાયક ઉત્તમ અગર સિલહટ તરફથીજ આવે છે. તેને ગરકી અગર અથવા ગરકીજેદ કહે છે. તે સ્વાદે કડવો, કાંઇક તૂરો, સુગંધીદાર અને તેલીઓ એવો હોય છે. ઔષધિમાં અગરનો ચૂરો કદી વાપરવો નહિ. તેનું કારણ એવું છે કે, તેની સાથે લાકડાનો ભૂકો કરી તે પાણીમાં ભીંજવી રાખી મૂકે છે અથવા લાકડું બદામ બરોબર ખાંડીને તેની સુગંધ, તેલીઆપણું વગેરે બદામમાં ખેંચીને બદામનું તેલ કાઢે છે; અને રહેલો ચૂરો બજારમાં વેચવાને રાખે છે. એટલે તેનો ઔષધગુણ ઓછો થયેલો હોય છે, તેથી તે ઔષધમાં વાપરવાથી બરાબર ગુણ થતો નથી. આ સિવાય અગરના ભૂકામાં ચંદન અને તગરની ભેળ કરેલી હોય છે. "ઈખતિયારત–ઇ–બદિઆઇ" નામના ગ્રંથના કર્તાએ ઉપર કહેલાં સર્વ જાતિથી એક જુદીજ જાતના અગરનું વર્ણન કરેલ છે. આ જાત જાવા બેટથી દશ દિવસના પ્રવાસના અંતર ઉપર આવેલા 'ચિત્ત' બંદરથી આવે છે. તેની કિંમત સોનાના ભારોભાર થાય છે. અગર દેવતા ઉપર રાખ્યા સિવાય તેમાંથી સુગંધ આવતી નથી; પરંતુ આ અગર તો હાથમાં રાખી મૂકવાથી હાથના બફારાથી તેમાંથી નાજુક સુગંધ આવે છે. અગરનીજ જાતિનું બીજું એક તગર નામનું સુગંધી લાકડું હિંદુસ્તાનમાં સર્વત્ર ઉત્પન્ન થાય છે. અને તે અગરના કરતાં સોંઘું હોવાથી અગરને બદલે કેટલાક લબાડ લોકો વેચે છે. મુંબઇના બજારમાં ત્રણ પ્રકારનો અગર વેચાવા આવે છે અને તેનો 'સિયામ' અથવા 'માવરધી', સિંગાપુરી અને 'ગાગુળી' આ નામથી વ્યવહાર થાય છે. આ સિવાય ઝાંઝીબારથી પણ અગર આવે છે. ખોટા અગર પણ કેટલીક વેળા વેચવા રાખેલો નજરે પડે છે. બજારમાં જે નમૂના હોય છે તેનો રંગ ભુરાશથી બદલાતો બદલાતો કાળાશ પડતા ભુરા સુધી થાય છે. અગરના લાકડામાં ગુંદ જેવો જે એક ચીકણો પદાર્થ થાય છે, તેના કમી કે જાસ્તિ પ્રમાણ ઉપર લાકડાના રંગનું માપ આધાર રાખે છે. ઉપરની

સર્વ જાતિના લાકડા ઉપર કાળા રંગની લીટીઓ હોય છે. સર્વોત્કૃષ્ટ અગરના લાકડામાં ખાડા પડેલા હોય છે અને તે પાણીમાં ડુબે છે. તેનો કકડો દાંત નીચે રાખીને ચાવવાથી નરમ થાય છે. તેનો સ્વાદ કડવો હોય છે. તે દેવતા ઉપર રાખવાથી સુગંધ આવે છે અને ખોટો અગર બાળેલો હોય તો રબર બાળ્યા પ્રમાણે દુર્ગંધ આવે છે.

અગર—સુગંધી, ઉષ્ણ, કડવો, તીખો, સ્નિગ્ધ, મંગલ્યકારક, રુચ્ય, ધૂપવિષયમાં યોગ્ય, પિત્તકર અને તીક્ષ્ણ છે. એ વાયુ, કફ, કર્ણરોગ અને કોઢ એનો નાશક છે; અને લેપ માટે અથવા શરીરે મર્દન કરવા માટે ઉત્તમ છે.* અગરનું તેલ સુવાસના માટે વાપરે છે. કોચીન અને ચીનમાં અગરની છાલના કાગળ બનાવે છે; અને અગર નાખીને તપાવેલું પાણી પીવાથી તાપથી તરસ લાગે તે શાંત થાય છે. **મૃગી—અપસ્માર**—ઉપર તેનો સારો ઉપયોગ થાય છે. યુરોપમાં સંધિવાત અને આમવાતમાં એનો ઉપયોગ કરે છે. **કૃષ્ણાગરૂ**—તીખો, કડવો, ઉષ્ણ, લેપ કરવાથી શીતળ, પેટમાં ગયાથી પિત્તનાશક, પૌષ્ટિક અને લઘુ છે. એનું **ચૂર્ણ** પિત્તકારક છે અને કર્ણરોગ, નેત્રરોગ, ત્રિદોષ, દાહ, ત્વગ્દોષ, કફ અને વાયુ, એનો નાશ કરે છે. **દાહાગરૂ**—કિંચિદુષ્ણ, સુગંધી, તીખો, કેશની વૃદ્ધિ કરનાર, કાંતિકારક અને કેશશોધક છે. **કાષ્ઠાગરૂ**—તીખો, ઉષ્ણ, લેપ કરવાથી રૂક્ષ, કફનાશક એવો છે, અને મુખરોગ-ઉલટી, વાયુ એનો નાશ કરે છે. **સ્વાદ્વગરૂ**—તૂરો અને ઉષ્ણ છે, અને નસ્યથી વાનો નાશ કરે છે. **મંગલ્યાગરૂ**—શીતલ, સુગંધીદાર અને યોગવાહક છે. **(૧) ત્વગ્દોષ ઉપર**—અગરૂનો લેપ કરવો. **(૨) દાહ ઉપર**—અગરૂ ચંદનની ભૂકી શરીર ઉપર ચોળવી એટલે દાહ શમશે. **(૩) વલ્મીકા (ગોઠવણના) ઉપર કીડિયારા જેવા સોજા આવવા અથવા પગના તળામાં થઈ ઉભી નળીમાં પ્રસરી જાય છે તે વ્યાધિ ઉપર**—અગરૂ ચંદન, એલચી, જાઈનાં પાન, લીમડાની છાલ, ભીલામો, મનશીળ, હરતાલ, એ ચીજોને કૂટી તેનાથી ચારગણું તલનું તેલ લઇ તેમાં પકવી તે તેલ ચોપડવું; એટલે વલ્મીક રોગ દૂર થશે. **(૪) તાપથી ઘણો પરસેવો આવે છે તેને માટે**—અગરૂ, વાળો, ચંદન, નાગકેસર (કાળા રંગનું એનું ચૂર્ણ કરી બોરડીની અંતરછાલના પાણીમાં કાલવી શરીરે લેપ કરવો, એટલે ગરમાંથી લાગી આવેલો પરસેવો જતો રહે છે. **(૫) સુવાસિક ભૂકી**—અગરૂ, કપૂર, કેસર, લોબાન, લોધર, ઈસેસ, વાળો, કાળો વાળો, નાગરમોથ એ સમભાગ લઇ તેની ભૂકી કરી શરીરે ચોળવાથી શરીર સુવાસિત થાય છે. **(૬) વસ્ત્રને સુગંધ આવવા માટે**—અગરૂનું પાણી કરી તે વસ્ત્ર ઉપર છાંટે છે. **(૭) શરીરે** ઘણી આગ બળતી હોય તો કૃષ્ણાગરૂ ચંદન ઘસી લેપ કરવો. **(૮) અગરબત્તી બનાવવાની રીત પહેલી**—કાળો અગર ૪ ભાગ, વાળો ૨ ભાગ. નાગરમોથ ૪ ભાગ, તગર ૨ ભાગ, કચૂરો ૨ ભાગ, સુખડ ૧૮ ભાગ, છડીલો ૨ ભાગ, ગહુલો ૨ ભાગ, ગુલાબકળી ૨ ભાગ, નખલો ૪ ભાગ, ગુગળ ૨ ભાગ, લોબાન ૪ ભાગ, શિલારસ ૧૮ ભાગ, કસ્તૂરી ૧ ભાગ અને મેંદાલકડી ૯ ભાગ, એ પ્રમાણે સઘળી જણસો એકત્ર કરી કસ્તૂરી અને શિલારસ સિવાય બાકીની ચીજો ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણમાં કસ્તૂરી અને શિલારસ મેળવી કાળાશ લાવવાને થોડો કોલસાની ભૂકી પણ નાખવી અને ચીકાશ કમી થાય તો તેમાં થોડો ગોળ પણ મેળવવો. પછી વાંસની સોટીઓ ચીરી તેની ઝીણી ઝીણી સળીઓ કાઢી તેના ઉપર આ મસાલો ચોપડી તડકે સુકવવી. અગરબત્તી બનાવતાં હાથે ન ચોંટે એટલા માટે તેના ઉપર તેજ મસાલાની ભૂકી નાખવી અથવા બીજો કસવાળો સુવાસિક ભૂકો નાખવો. **રીત ૨ જી**—મલબારી સુખડ ૦ાા તોલો, કાળો અગર ૦ા તોલો, સૂકો દેવદાર નવટાંક, ગહુલો ૧ તોલો, બ્રાહ્મી ૪ તોલા, નખલા ૫ તોલા, મધ ૯ તોલા, કોડીઓ લોબાન ૫ તોલા, ગુગળ ૨ તોલા, મેંદાલકડી ૪ તોલા, સાકર ૫ તોલા, અગર ૧૧ તોલા, કસ્તૂરી ૦ાા તોલો, અને અંબર ૧ાા તોલો લઈ ઉપરની રીત પ્રમાણેજ મધમાં અગરબત્તી તૈયાર કરવી. અંબર ઘણો મોંઘો છે. તે મળવો

---

* **અગરને ચરકે શરદી અને ખાંસીનો નાશકર્તા માનેલ છે. સુશ્રુતસંહિતામાં વાત અને કફનો નાશક, શરીરનો રંગ સુધારનાર. ચળ અને કોઢનો નાશકર્તા કહેલ છે. અગરની લાકડીને પાણીમાં ઉકાળીને તે પાણી પાવાથી તાવમાં લાગેલી તરસ ઓછી થાય છે; અને એને મૃગી, ઉન્માદ આદિ રોગોમાં પરમોપયોગી ગણી છે. એ ગરમ પ્રકૃતિને હાનિકારક છે, એનો ઉતાર કપૂર અને ગુલાબ છે. પ્રતિનિધિ તજ, લવંગ અને કેસર છે. માત્રા ૨ માસા.**

અશક્ય હોવાથી તેના બદલે કચ્છમાં બનાર આશાપુરી ધૂપ વાપરવો. આ ખૂબ સોંઘો હોઇ એની સુવાસ ઘણું કરીને અંબર સરખીજ આવે છે.

૬ અઘાડી (બોડી અઘાડી, પોપટી કાંગ)—સં૦ હિં૦ કાકજંઘા, મસી. મ૦ કાંગ. દે૦ ધાવકાઠી. બં૦ કેડઘારેડાં, કાંટા ગુડકાડલી. ક૦ ચિલેચ, જીરી ચિલેચ. તૈ૦ નાલાદુચ્ચિણિકે. લા૦ લીયાહિર્ટા.

એનાં પાંદડાં અઘેડાનાં પાંદડાં જેવાં હોય છે. ઝાડ પણ તેવડુંજ એટલે કમરપૂર ઉંચું હોય છે. એનાં પાંદડાં ઘણાંજ સુંવાળાં હોય છે. બોડી અઘેડીને દક્ષિણમાં "ધાવકાઠી" પણ કહે છે.x **બોડી અઘાડી** તૂરી, તીખી, ઉષ્ણ, કડવી અને બલકર છે; તથા કફ, વ્રણ, કૃમિ, બધીરતા, વિષમજ્વર, અજીર્ણ, રક્તપિત્ત, જ્વર, કંડૂ, કુષ્ઠ, પિત્ત અને વિષનો નાશ કરે છે. **(૧) વ્રણ ઉપર:**—બોડી અઘાડીનો પાલો બાળી ઘીમાં અથવા તેલમાં ખરલ કરી ચોપડવો. **(૨) કાનમાં જીવડું ગયું હોય તો:**—બોડી અઘાડીનો રસ કાનમાં નાખવો. **(૩) ઘોડાને ભાઠું (પીઠ) પડે છે તે ઉપર:**—બોડી અઘાડીનો પાલો બાળી તેલમાં ખરલ કરી તેની પટ્ટી લગાવવી. **(૪) કર્ણનાદ અને બહેરાપણા ઉપર:**—બોડી અઘાડીનો રસ કાનમાં નાખવો. **(૫) ખરજવાં, દાદર અને ચઠ્ઠાંને માટે:**—બોડી અઘાડીના ઝાડની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. **(૬) નિદ્રા આવવા માટે:**—બોડી અઘાડીનાં મૂળ મસ્તકે ધારણ કરવાં. **(૭) શ્વેત પ્રદર ઉપર:**—બોડી અઘાડીનાં મૂળનો રસ લોધ્રનું ચૂર્ણ અને મધ નાખી આપવો.

૭ અઘેડા—સં૦ અપામાર્ગ. મ૦ અઘાડા. હિં૦ ચીરચીરા, ઓંગા, લટજીરા. પં૦ પુસકંડા. મા૦ આંઘીઝાડા. રા. અંધાહોલી. બં૦ અપાંગ. ક૦ ઉત્તરણે. તૈ૦ ઉત્તરેની અદુચ્ચીણીકે. તા૦ નાયુરૂવી. મલા૦ કડાલાઠી. ફા૦ ખારબાસગોના. અ૦ અત્મકમ્. ઈ૦ રફ ચાફ ટ્રી. લા૦ એકીરેંથીસ્ એસ્પિરા.

પરમેશ્વરે વનસ્પતિમાં અપાર ગુણ રાખેલા છે, પણ તે તે ગુણોનો શોધ કરનાર જોઇએ. પ્રાચીન ઋષિવર્યોએ અરણ્યમાં રહી પોતાના બુદ્ધિકૌશલ્યથી અનેક વનસ્પતિના ગુણોની શોધ કરી રાખેલી અને કાળાંતરે થનારી સંતતિની તે વનસ્પતિ વિષે હમેશ પૂજ્યબુદ્ધિ રહે એટલા માટે તેઓએ કોઇ કોઈ વનસ્પતિને દેવતાઓની પૂજામાં ઉપયોગી કરી લીધી, એ બાબતમાં તેઓનું અતિશય દૂરદર્શીપણું જણાય છે; પરંતુ આવી ઉપયોગી વનસ્પતિ ઉપર અને પૌષ્ટિક તથા ગુણાવહ ખાદ્ય અને પેય ઉપર આપણો વિશ્વાસ છે ક્યાં ? આપણા પૈકી કંઈક લોકો પરકીયના ગુલામ થયા છે, એટલે જો પરકીયનું ઉચ્છિષ્ટ વધે તો તે તેઓને મિષ્ટાન્ન જણાય છે ! આ દુનિયામાં દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ બીજો કોઇજ ન હોવા છતાં તેનો ધિક્કાર કરી શક્તિ આપવા માટે "કૉડલીવર ઑઇલ" (મચ્છનું તેલ)જ તેઓને સારૂં અને પૌષ્ટિક જણાવા લાગ્યું છે ! એ ઠીક, પરંતુ નાનાં નાનાં છોકરાંઓને જોઇતો દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ નહિ આપતાં સવારમાં ચાહનું શક્તિહારક ગરમ પાણીજ આપવાનો ઘણાકોએ રિવાજ પાડેલો છે. અહા ! ! ધન્ય છે, આપણા લોકોની આ

x અઘાડીને શ્રી૦ ચીમનલાલ વૈષ્ણવે **ઔષધિકોશમાં** અપ્રસિદ્ધ વનસ્પતિ માના છે; પરંતુ લોકો એને અઘાડીના નામથી સારી રીતે જાણે છે; એટલે એ સુપ્રસિદ્ધ છે. એ અઘેડાના જેટલીજ ઉંચી વધે છે. પાંદડાં પણ એનાજ જેવાં થાય છે. માત્ર અઘેડાનાં પાંદડાં આછાં પોપટીઆ રંગનાં હોય છે, પણ આ બોડી અઘાડીનાં પાંદડાં ઘટ્ટ લીલાજ રંગનાં હોવાથી તેઓને બીજનો ઉદ્ભવ થયા પહેલાં પણ સહેલાઈથી ઓળખી શકાય છે; કારણ બન્ને અઘાડીઓની સોટીઓપર એકસરખી હાંસો (રેષા) હોવાથી બાળપણમાં પણ તેને ઓળખવામાં વાંધો આવતો નથી. અઘેડાની માફક અને ઝીણી ફાંસોમાં લપેટેલાં બીજ થતાં નથી: પરંતુ આસોંદની માફક નાનીમોટી દશ હાંસોવાળા અણીદાર પોપટામાં માત્ર એકજ બીજ લગભગ ચણોઠી કે મગ જેવડું થાય છે. આ બે વાતે અઘાડી અઘેડાથી જુદી પડે છે. વ્રણાદિકને રૂઝ લાવવામાં અઘાડી કરતાં આ બોડી અઘાડી ત્રણચારગણો ગુણ કરે છે. એનો રસ તલના તેલમાં સીજવી તેલ માત્ર રહેથી તેલ જુદું નીતારી લઇ તે ગરમ ગરમ તેલમાંજ તેલનો ચતુર્થાંશ ભાગ સફેદ મીણ નાખી ઠરવા દેતાં તે વ્રણને શીઘ્ર રૂઝવનાર ઉત્તમ મલમ બને છે. એમાં સફેદો અને બોદાર એ બેમાંથી એક અથવા બન્ને પાછળથી મેળવી શકાય છે. વળી વિદેશી દવા વાપરવી હોય તો એ તૈયાર થયેલા મલમમાં "કારબોનીક ઍસીડ" પણ મેળવી શકાય છે. એના સૂકા લાકડાને દાતણની માફક ચાવી તેના રસના ત્રણ ઘુંટડા પી જવાથી તે ગળાની અંદરના અનેક રોગોને માત્ર એકજ દિવસમાં શાંત કરે છે, એમ અમને ઘણી વેળા ખાત્રી મળેલી છે.

શાણપણની હદને !! આવા વિપરીત આચરણનું પરિણામ પણ વિપરીતજ આવનાર છે, એમાં કહેવુંજ શું ! પરંતુ હજી પણ લોકોની આંખો ઉઘડતી નથી એ આશ્ચર્યજ કહેવાય ! આ તેમના વિપરીત આચરણથી બીજા ઘણા લોકોનું મન પણ પરકીય વસ્તુ ઉપર વળી ગયેલું જણાય છે, એ ઘણીજ ખરાબ અને દેશને ધૂળમાં મેળવી નાખનારી વાત છે. લોકોનું દૂષિત મન સ્વચ્છ કરવા માટે આ અપામાર્ગ(સ્વચ્છ કરનાર)નું વર્ણન પરિણામે ઘણું હિતકર થશે એમ સમજવું. આ એક આપોઆપ થનાર જંગલી છોડ છે. એ વર્ષાયુ (વર્ષાકાળે થનાર) છે. એની ઉંચાઇ ૪ થી ૬ ફીટસુધી હોય છે. વર્ષાઋતુમાં આની ઉત્પત્તિ પુષ્કળ થાય છે. અઘેડા હિંદુસ્તાનમાં બધે ઘણો થાય છે. એની ડાંખળી ઉપર રેષા અને ઘણી ઝીણી ફાંસો હોય છે. એનાં પાંદડાં સામસામાં હોય છે અને તેનો આકાર કાંઇક તુલસીપત્ર પ્રમાણે લંબગોળ હોય છે. પાનની નીચલી બાજુ નરમ હોઇ, પાછલી કાંઇક ખડબચડી હોય છે અને તેના ઉપર ઘણી ફાંસો હોય છે. ડાંખળીની બંને બાજુએ બબ્બે દીંટડાં એક એકને લાગેલાં થાય છે. નીચલા દીંટડા ઉપર ઘણું કરીને એક પાન હોય છે અને ઉપરનું દીંટડું ડાળી જેવું હોઇ તેના ઉપર નાનાં નાનાં ઘણું કરીને ૬-૬ પાન હોય છે. તે પાંદડાં સન્મુખ હોય છે. નીચેના દીંટડા ઉપરનું દીંટડું લાંબુ હોય છે. અઘેડાની ટોચ ઉપર પાંદડાંની મધ્યમાં એક લાંબો તૂરો નીકળે છે. તેમાં અતિશય બારીક, નરમ, કાંટાવાળાં અને રાખોડી જેવા રંગનાં બીજ હોય છે. આ આખો છોડ અને તેનાં બીજ ઔષધિના કામમાં આવે છે. અઘેડાની ત્રણ જાત થાય છે. એ ધોળા, રાતા અને પાણી અઘેડા(નદીતળાવને કિનારે અથવા પાણીની ભેજવાળી જગ્યામાં થનારા)માંથી ધોળો અઘેડા ગુણમાં શ્રેષ્ઠ છે. અઘેડાનું ઝાડ દંતધાવન (દાતણ) માટે ઘણુંજ ઉપયોગી છે. અઘેડાનાં ઘણાંક સંસ્કૃત નામો અર્થવાળાં છે. અઘેડાનો ક્ષાર (ખાર) થાય છે. તેમાં અપામાર્જન (સ્વચ્છ) કરવાનો ગુણ છે; એટલે તેનું "અપામાર્ગ" (સ્વચ્છ કરનાર) એવું નામ સંસ્કૃતમાં છે. પૂર્વે ધોબી લોકો આ ક્ષારનો ઉપયોગ કરતા હતા. એના ફૂલની મંજરી બરછટ હોવાથી તેનું સંસ્કૃતમાં " ખરમંજરી " નામ પાડેલું છે. એનાં બીજ ઉપરની ફાંસો નીચે વળેલી હોય છે, એથી એને "અધઃશલ્યા" કહે છે. એનાં પાંદડાંમાં ક્ષાર વિશેષ હોય છે, એથી એને " ક્ષારમધ્યા" કહે છે. આ ક્ષાર કાર્બોનેટ ઑફ પોટાસના જેવો છે. સો ભાર વજનના દ્રવ્યમાંથી-પાંદડાંમાંથી ૨૧. ૫૦, લાકડાંમાંથી ૩૮.૦૧ અને મૂળમાંથી ૨૮. ૫૮ આ પ્રમાણે ખાર નીકળે છે. **ધોળો અઘેડા**-કડવો, ઉષ્ણ, સારક, ગ્રાહક, કિંચિત્ તીખો, કાંતિકારક, પાચક અને અગ્નિદીપક છે; તથા નસ્ય, ઉલટી એ બાબતમાં પ્રશસ્ત અને કફ, કંડૂ, ઉદર, અર્શ, રક્તદોષ, મેદરોગ, વાયુ, શિળી, અપચી, દદ્રૂ, ઉલટી અને આમ એનો નાશ કરે છે. **રાતો અઘેડા**-કિંચિત્ તીખો, શીતળ, મલાવરોધક, ઉલટીકર અને વાયુનો વિષ્ટંભ કરનાર તથા રુક્ષ છે; અને વ્રણ, વાયુ, વિષ, કફ, કંડૂ, એઓનો નાશ કરે છે. **એનાં બી**—રસકાળે દુર્જર, મીઠાં, શીતળ, મલાવષ્ટંભક, રુક્ષ, ઉલટી કરાવનાર અને રક્તપિત્તનાશક છે તથા ઉષ્ણરસનો નાશ કરે છે. **પાણી અઘેડા**—(ભેજવાળી જગ્યામાં થનારો) તીખો છે. એ સોજો, વાયુ, કફ, ઉષ્ણરસ અને શોષ, એનો નાશ કરે છે. (૧)**વીંછીના દંશ ઉપરઃ**—અઘેડાની છાલ અથવા મૂળ પાણીમાં ઘસી દંશ ઉપર ચોપડવાં અથવા અઘેડાનાં મૂળ પાણીમાં ઘસી, તે પાણી ગાળી, એ પાણી કડવું ન લાગતું હોય ત્યાંસુધી થોડું થોડું પીવાને આપવું. પાણી કડવું લાગે કે વિષ ઉતર્યું એમ સમજવું. (૨) **ઉંદરના વિષ ઉપરઃ**-અઘેડાની કુણી ટીશીઓનો રસ કાઢી તે મધમાં સાત દિવસ ચાટવું; અથવા અઘેડાનાં બીયાં મધમાં ચાટવાં. (૩) **કૂતરાના વિષ ઉપરઃ**—અઘેડાનાં મૂળ ૧ તોલો વાટી મધ સાથે ચાટવાં અને કુંવારપાઠાનો ગર્ભ અને સિંધવ, દંશ ઉપર બાંધવો; એટલે ત્રણ દિવસમાં વિષ ઉતરી જશે. (૪) **દંતશૂળ ઉપરઃ**-અઘેડાનો રસ ચોપડવો. (૫) **કર્ણનાદ ઉપરઃ**—અઘેડાના ક્ષારનું પાણી અને અઘેડાનો કલ્ક (ચટણી) તલના તેલમાં ખૂબ તળી તે તેલ કાનમાં નાખવાથી કર્ણનાદ અને બધીરતા જાય છે. (૬) **આંખો દુખવા આવે છે તે ઉપરઃ**—અઘેડાનાં મૂળીઆંનું ચૂર્ણ અને થોડો સિંધવ તાંબાના વાસણમાં ઘાલી દહીંની તરમાં ઘુંટવું અને તેનું અંજન કરવું. (૭) **આંખમાં ફૂલ પડે છે તે ઉપરઃ**—અઘેડાનાં મૂળ મધમાં ઘસી અંજન કરવું. (૮) **રતાં-**

ઝાડાપણા ઉપર:—સંધ્યાકાળે ભોજન કર્યાં પછી અઘેડાનાં મૂળ શુમારે ૧ તોલા સુધી સૂતી વખતે આપવાં. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું. (૯) **પિત્ત ઉપર:**—અઘેડાનાં બીયાં રાત્રે છાશમાં પલાળી રાખી, સવારે વાટી પીવામાં ઉપયોગ કરવો; એટલે પિત્ત નીકળશે અથવા શમશે. તે ઉપર ભાત અને ઘી ખાવાં.(૧૦) **કફ ઉપર:**—અઘેડાનું ઝાડ મૂળસુદ્ધાં બાળી તેની રાખ કરી, એક વાલથી બે વાલ સુધી મધમાં ખાવી; એટલે કફનો નાશ થાય છે. એજ રાખ પાણી અને ગોળમાં આપવાથી જળોદર અથવા બીજે અંગમાં થયેલો સોજો ઉતરશે. (૧૧) **ચોથીઆ તાવ ઉપર:**—કુમારિકાએ કાંતેલા સૂતરવડે રવિવારે અઘેડાનું મૂળ ચોથીઆ તાવથી પીડિત માણસના હાથે બાંધવું. (૧૨) **રક્તાર્શ** (દૂઝતા હરસ) **ઉપર:**—અઘેડાનાં બીયાં ચોખાના ધોવરામણમાં વાટી પાવાં એટલે રકતાર્શ વ્યાધિનો નાશ થાય છે. (૧૩) **મસ્તકરોગ ઉપર:**—અઘેડાનાં બીયાંની દૂધમાં ખીર કરી ખાવા આપવી, એટલે મસ્તકરોગનો નાશ થાય છે. એ ખીર ખાવાથી ઘણા દિવસ ભૂખ લાગતી નથી. (૧૪) **કોગળીઆ** (**કૉલેરા**) **ઉપર:**—અઘેડાનાં મૂળ પાણીમાં ઘસીને પાવાં અથવા બીયાંનો કલ્ક કરી ચોખાના ધોવરામણમાં પાવો. (૧૫) **કમળા રોગ ઉપર:**—અઘેડાનાં મૂળ છાશમાં ઘસીને પાવાં. (૧૬) **પુષ્પાવરોધ ઉપર:**—અઘેડાનાં મૂળ જનનેંદ્રિયમાં ધારણ કરવાથી પુષ્પાવરોધ, યોનિશૂળ, એનો નાશ થાય છે. (૧૭) **કરોળીઆ ઉપર:**—અઘેડાના ક્ષારના પાણીમાં માલકાંગણીનું તેલ મેળવી તે તેલ સિદ્ધ કરવું અને પછી ચોપડવું. (૧૮) **ઉપદંશ ઉપર:**—અઘેડાના મૂળનો રસ ૪ તોલા કાઢવો. તેમાં જીરાની ભૂકી પોણો તોલો નાખી તે પીવા આપવું. **પથ્ય**—ગળપણ વગરનો મોળો ખોરાક આપવો. મીઠું બંધ કરવું. એ પ્રમાણે સાત દિવસ આપવું. તેનો ઉતાર—બોરડી અથવા જાસુંદીના પાલાનો રસ આપવો, એટલે આગનું શમન થશે. (૧૯) **પેટ દુખતું હોય તે ઉપર:**—અઘેડાનાં ચાર પાંચ પાંદડાં ચાવી ખાવાં અથવા તેનો રસ પીવો. (૨૦) **જલદીથી પ્રસવ ન થતો હોય તો:**—રવિવારે પુષ્ય નક્ષત્રમા સ્નાન કરી અઘેડાનાં મૂળ કાઢી લાવવાં અને તે ઉંધાં ટાંગી મૂકવાં. એ મૂળ જે સ્રીને પ્રસવ જલદીથી ન થતો હોય તેના અંબોડે બાંધવાથી જલદી પ્રસવ થાય છે. પ્રસવ થયા પછી તાબડતોબ તે કાઢી લઈ વહેતા પાણીમાં નાખી દેવાં. વાર કરવાથી ગર્ભાશય બહાર પડવાનો સંભવ છે. ધોળા અઘેડાનાં મૂળ કંમરે બાંધવાં. એનો પણ એ ગુણ છે. (૨૧) **કંઠકુબ્જ સન્નિપાત ઉપર:**—અઘેડાનો રસ અને લીંડીપીપર એનું નસ્ય આપવું. (૨૨) **ઉધરસ ઉપર:**—અઘેડાનું ચૂર્ણ એક ટાંક અને મરી એક ટાંક, એ એકત્ર કરી મધમાં ચાટવાં. (૨૩) **કફજ્વર ઉપર:**—અઘેડાના પંચાંગનો કાઢો ત્રણ મસાપર્યંત મધ નાખી આપવો. (૨૪) **ચોથીઆ તાવ ઉપર:**—રવિવારે અઘેડાનો પાલો લાવી ગોળમાં વાટી ગોળીઓ કરી રાખવી. ગોળી તાવ આવ્યાના પૂર્વે આપવી. (૨૫) **નાસર્શ** (**નાકમાં થનારા મસા**) **ઉપર:**—અઘેડાનાં બીયાં, સિંધવ અને ચૂલા ઉપરનો ધુમાસ, એ તેલમાં નાખી તે તેલ પાકું કરવું અને ગાળી લઈ નાકમાં ટીપાં પાડવાં. (૨૬) **અપામાર્ગ ક્ષાર:**—અઘેડાના છોડને બાળી રાખ કરી માટીના વાસણમાં રાખી તેમાં રાખથી ચોગણું પાણી નાખી ખૂબ હલાવવી, પછી તે આખી રાત રાખી, પ્રાતઃકાળમાં તે ઉપરનું નીતર્યું પાણી લોખંડની કઢાઇમાં કાઢી, કઢાઈ નીચે તાપ કરવો; તેથી તેમાંનું પાણી બળી જઇ કઢાઇના તળિયે ધોળો ક્ષાર વળગી રહેશે તે કાઢી લેવો. આ રીતિએ બીજા ક્ષાર-વૃક્ષોનો ક્ષાર કરવો. (૨૭) **અરોળ ઉપર:**—અઘેડાનો ક્ષાર ગોળમાં કાલવી ખાવો. (૨૮) **જલોદર ઉપર:**—અઘેડાની પાંચ તોલા લીલી સળીઓ લાવી તેમાં ૭૫ તોલા પાણી નાખી ઉકાળી ૫૦ તોલા રહે ત્યારે ગાળી રાખવું; અને દર વખતે પાંચ તોલા પ્રમાણે આપવું. (૨૯) **શર્કરા (પથરીનો ભેદ પેસાબમાં રેતી જવી થાય છે તે) રોગ ઉપર:**—અઘેડાનો ખાર ગોખરૂના અથવા પહાડમૂળ(કાળીપાટ)ના ઉકાળામાં આપવો. (૩૦) **વ્રણ ભરાઈ આવવાને:**—અઘેડાનો ક્ષાર વ્રણમાં ભરવો.

૮ **અજગરી**—સં૦ ગુ૦ મ૦ અજગરી.

પારો બાંધવા વિષે જે ચોસઠ વલ્લી કહેલી છે તેમાંની આ એક છે. એના અંગ ઉપર મંડળ હોય છે અને એ અજગર નામના સર્પ જેવી દેખાય છે. આ વેલાની લંબાઈ ૫-૬ હાથ હોય

તે રસભરિત હોય છે અને તેના ઉપર પાંદડાં થોડાંજ હોય છે. **ઉપયોગ**—એ વેલો કાર્તિક માસની પૂર્ણિમાને દિવસે લાવી તેના ટુકડા કરવા. પછી તે દૂધમાં નાખી ઉકાળી તે દૂધ પીવું અને પરેજી પાળવી; એટલે એના સેવનથી શરીર બળકટ થાય છે, કાંતિ સારી થાય છે, સાંભળવામાં સારૂં આવે છે અને આયુષ્ય વધે છે. એવું સુશ્રુતાચાર્યે કહેલું છે.

૯ **અંજન:**—અંજનનાં ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાંજ થાય છે. આ ઝાડ સાધારણ દશબાર હાથ ઉંચાઇનાં હોય છે. એની ડાળીઓને મોર આવી સુંદર જાંબુઆ રંગનાં ફૂલો આવે છે. એનાં પાંદડાં-માંથી પીળો રંગ ઉત્પન્ન થાય છે.

૧૦ **અંજની:**—એ ઝાડ ફક્ત ખાનદેશમાંજ જોવામાં આવે છે. એ ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એનાં પાંદડાં સરગવાનાં પાંદડાં જેવાં પરંતુ તે કરતાં નાનાં હોય છે. એને ઝીણી શીંગો આવે છે. એનું લાકડું ઇમારત બાંધવામાં સારૂં છે. આ ઝાડનાં પાંદડાં ઢોરોને ખાવાને ઉપયોગી છે. ઘાસનો દુકાળ પડે છે ત્યારે આ પાંદડાં ખાઇ ઢોર જીવે છે, એવો આ વૃક્ષનો મોટો ઉપયોગ છે; તેમજ તેની છાલ પણ ઉપયોગી છે. તેનાં દોરડાં થાય છે. (૧) **પ્રમેહ ઉપર:**—અંજનીના મૂળનું દૂધ અથવા પાંદડાંનો રસ કાઢી આપવો. અંજનીનાં પાંદડાંનો આંખોના રોગમાં ઉપયોગ થાય છે એવું કહે છે.

૧૧ **અજમો**—સં૦ યવાની, યમાની. મ૦ ઓંવા. હિં૦ અજવાઇન, અજમાઇન. બં૦ યમાની, યોયાન. ક૦ અજવાન, ઓમુ, ઓડ્ડુ, ઉડ્ડું. તૈ૦ ઓમામુ, ઓમમી. તા૦ મલા૦ ઓમં, અમન. તુ૦ ઓમા. ફા૦ અનવા નાનુખા. અ૦ કમૂત મુલૂકી. ઈં૦ બિશપ્સવિડસિડ. લા૦ કેરમ કોપટીકમ.

*અજમો ખેતરમાં થાય છે. એનો છોડ આશરે હાથ દોઢ હાથ ઉંચો વધે છે. અજમો પ્રસિદ્ધ છે. એનો ઔષધમાં પુષ્કળ ઉપયોગ થાય છે. અજમામાંથી એક પ્રકારનું સત્ત્વ કાઢે છે, તેને અજમાનાં ફૂલ કહે છે. એ મધ્યહિંદુસ્તાનના ઉજ્જયિની શહેરમાં બને છે. **અજમો**—તીખો, કડવો, રુચિકર, ઉષ્ણ, અગ્નિદીપક, પાચક, પિત્તકર, તીક્ષ્ણ, લઘુ, હૃદ્ય, સારક અને વૃષ્ય છે; તથા વાતાર્શ, કફ, શૂળ, આધ્માન, વાંતિ, કૃમિ, શુક્રદોષ, ઉદર, આનાહ, હૃદ્રોગ, પ્લીહા, ગુલ્મ, દ્વંદ્વજ રોગ અને આમવાત એનો નાશ કરે છે. (૧) **પેટપીડ, નળ, ઉધરસ અને અજીર્ણ ઉપર:**—અજમો ખાઈ ઉપર ગરમ પાણીનો ઘુંટડો પીવો. (૨) **શીતપિત્ત (શીળસ) ઉપર:**—ગોળ અને અજમો ખાવો. (૩) **સળેખમ અને મસ્તકશળ ઉપર:**—અજમાનું ચૂર્ણ કરી તે કપડાથી બાંધી ઉંઘતી વેળાએ સુંઘવું અથવા અજમાની બીડી કરી પીવી. (૪) **બહુમૂત્ર ઉપર:**—અજમો અને તલ એકત્ર કરી આપવા. (૫) **ગરમી ઉપર:**—અજમો સાકરમાં ખાવો. (૬) **ઉધરસ, કાસ અને કફજ્વર ઉપર:**—અજમો, લીંડીપીપર, અરડુસી અને ખસખસનાં જીંડવાંનો કાઢો આપવો. (૭) **કફગુલ્મ ઉપર:—અજમાનું ચૂર્ણ** અને બિડલોણ છાશમાં નાખી આપવું.

૧૨ **અજમોદ, બોડી અજમો:**—સં૦ મ૦ હિં૦ અજમોદા. ક૦ અજમોદ. બં૦ વનયમાની. તૈ૦ આજમોદા, વામં. ફા૦ કરપસ. અ૦ હવલકર્તુ કરફસ. ઈં૦ સેલેરીસીડ. લા૦ એપીઅમ્ ગ્રેવીઓલેન્સ.

આ એક અજમાની જાતિ છે. એ ઝાડ સાંવત્સરિક છે. એ ઝાડ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે થાય છે.

* **અજમાના** છોડ થાય છે. અંગ્રેજી ઔષધોમાં અજમો ગરમ, પેટના દર્દને નાશકર્તા અને શૂળને શાંત કરનાર ગણાય છે. પેટની અંદરનો વાગોળો, મરડો, બદહજમી (અજીર્ણ), દસ્ત વગેરે દરદોમાં આ અમૂલ્ય ઇલાજ થઈ પડે છે. કૉલેરા(કોગળીઆ)ના દરદમાં જો કે થોડી અસર કરે છે, તોપણ એના સેવનથી ફાયદો થાય છે. મિ૦ વુડ કહે છે કે, **અજમામાં** મરી અને રાઈની ગરમી, કરીઆતાની કડવાશ અને હિંગની ગંધ બંધ કરવી તથા વાયુને કાઢવો, આ ત્રણ ગુણો એકત્ર રહે છે. અજમાનું તેલ સંધિવા(સાંધીઓ વા)ના દરદમાં સાંધા ઉપર ચોપડાય છે. મિ૦ લિન્સડેલ કહે છે કે, અજમાનું તેલ કાઢવાને ૩ શેર કચરેલા અજમામાં ૧૫ શેર પાણી નાખી દારૂ કાઢવાની રીતે નલિકાયંત્રથી ૧૦ શેર પાણી કાઢવું જોઈએ. દેશીવૈદ્ય કહે છે કે, એકલો અજમો અથવા એને સિંધવ, હિંગ અને હરડેની સાથે આપવાથી પેટનો મરડો દૂર કરે છે, અને એમ માને છે કે, આનાથી શરીરમાંથી નીકળતો પ્રવાહ બંધ થાય છે. અને ઓંવા (અજમા)નું પાણી અંજન વગેરે બનાવવામાં વપરાય છે. યુનાની હકીમ ફેફસાંના ગૂળાની પાસેની નળી સૂજી હોય અને કફ વધારે નીકળતો હોય તો તે બંધ કરવા માટે અજમો આપવાનું કહે છે; અને અજમાને વાટી પોટીશ બનાવી બાંધવાથી એ દર્દનો બિલકુલ નાશ થાય છે.

બંગાળામાં એની ઉત્પત્તિ ઘણી છે. એનાં ઉંચાઇ શુમારે દોઢ હાથ હોય છે. એને ધોળા રંગનાં બારીક ફૂલો આવે છે. અજમોદઃ—રુચિકર, દીપક, તીખો, રૂક્ષ, ગરમ, વિદારક, હૃદ્ય, વૃષ્ય, બલકર, લઘુ, કડુ, મલસ્તંભક, ગ્રાહક અને પાચક છે; તેમજ તે આધ્માન શૂલ, કફ, વાયુ, અરુચિ, ઉદરરોગ, કૃમિ, ઉલટી, નેત્રરોગ, બસ્તિશૂળ, દંતરોગ, ગુલ્મ અને શુક્રદોષ એનો નાશ કરે છે. (૧) મધુરા ઉપરઃ—અજમોદનું ચૂર્ણ કરી તે મધમાં કાલવી આપવું. (૨) શૂળ એટલે પેટમાં દુખતું હોય તે ઉપરઃ—અજમોદનું ગરમ પાણીમાં સેવન કરવું. (૩) અતિસાર ઉપરઃ—અજમોદ, મોચરસ, આદુ અને ધાવડીનાં ફૂલ, એનું ચૂર્ણ કરી, પાણી નહિ નાખેલા ગાયના દહીંના ઘોળવામાં આપવું; એટલે પાણી જેવો અને ધોળો પ્રવાહ જે અતિસારનો હોય છે તે પણ બંધ થાય છે. (૪) વાતવિકાર ઉપરઃ—અજમોદ, લીંડીપીપર, રાસ્ના, ગળો, સુંઠ, સુવા, આસંધ અને શતાવરી એનું ચૂર્ણ કરી ઘીમાં આપવું; એટલે હૃદય, કુખ, ઉદર અને કંઠ એમાંના વાતવિકારનો ઘણા વેગથી નાશ કરશે. (૫) અજીર્ણ અને શૂળ ઉપરઃ—અજમોદ, હરડે, પહાડમૂળ, સુંઠ, મરી, લીંડીપીપર એનું ચૂર્ણ કરી તે ગરમ પાણી સાથે આપવું. (૬) ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થવા માટેઃ—અજમોદ, સુંઠ, લીંડીપીપર, અને જીરૂં એનું ચૂર્ણ મધમાં આપવું. (૭) અજમોદાદિ વટી સર્વ વાયુ ઉપરઃ—અજમોદ, વાવડીંગ, લીંડીપીપર, વરીઆળી, નાગરમોથ, મરી અને સિંધવ, એ એકેક ભાગ, હરડે ૫ ભાગ, સુંઠ ૧૦ ભાગ, વૃદ્ધદારૂ ૧૦ ભાગ અને ભારંગમૂળ ૩૬ ભાગ, એ સર્વનું ચૂર્ણ કરવું અને ચૂર્ણથી બમણો ગોળ લઇ તેના પાકમાં ગોળીઓ બોરના ઠળીઆ જેવડી કરવી. એ ગોળી ગરમ પાણી સાથે આપવી એટલે સર્વ પ્રકારના વાયુનો નાશ થાય છે. (૮) જીર્ણજ્વર, શરદી અને શરીરમાં ટાઢ આવે છે તે ઉપરઃ—અજમોદ ચાર માસા નિત્ય પ્રાતઃકાળે અને સાયંકાળે ઠંડા પાણી સાથે ચાવ્યા સિવાય એમ ને એમ ગળી જવો.

૧૩ **અજવલા**—સં૦ અજવલા, ક્ષુદ્રપર્ણોર્જક, અર્જક. મ૦ અજવલા. કો૦ માલીતુળસ. હિં૦ અજબલા. ક૦ કગોર્લે. તૈ૦ કારૂતુલસી. ફા૦ પલંગમુષ્ક. અ૦ ફરંજમુષ્ક. લા૦ ઓસીમમ્ ગ્રેટીસીમમ્.

એનો ધોળો અને કાળો, એ બે× પ્રકાર છે. તેમાં ધોળા અજવલાને મરાઠીમાં "માલી તુલસ" અને કાળા અજવલાને "કાળો માલી તુલસ" કહે છે. એ ઝાડ શુમારે હાથ દોઢ હાથ ઉંચું વધે છે. એનાં પાંદડાં તુળસીનાં પાંદડાં કરતાં મોટાં હોય છે અને માંજર લાંબી આવે છે. અજવલા—તીખો, ગરમ, ઠંડો, દાહકર, પ્રિય, રૂક્ષ, રુચ્ય, દીપક, પાક વખતે લઘુ, પિત્તકર, કડવો, મધુર, સુખે પ્રસવ કરનાર, ઘણુંવિષે હિતકારક અને વાયુ, કફ, નેત્રરોગ, મૂત્રકૃચ્છ્ર, અરુચિ, વિષદોષ કમળો, કુંભકમળો, આફરો, શૂળ, અગ્નિમાંદ્ય, ત્વગ્રોગ, વિષરોગ, કૃમિ, રક્તદોષ, દમ, ઉધરસ, દદ્રુ, હૃદ્રોગ, પાર્શ્વશૂળ, જ્વર, કંડૂ, કુષ્ઠ અને ઉલટીનો નાશ કરે છે. (૧) પેટ દુખતું હોય તે ઉપરઃ—અજવલાનો રસ આપવો. (૨) છોકરાંની ઉલટી ઉપરઃ—અજવલાનાં બી વાટી મધમાં આપવાં. (૩) પ્રદર ઉપરઃ—અજવલાનાં પાંદડાંનો રસ ચોખાના ધોવરામણમાં આપવો.

૧૪ **અડદ**—સં૦ માષ. મ૦ ઉડીદ. હિં૦ ઉડદ, ઉરદ. બં૦ માષકલાય. ક૦ ઉદ્દુ. તૈ૦

× અહીં શ્રી. પદેજીએ માત્ર બેજ પ્રકારના અજવલાનું વર્ણન આપ્યું છે; પરંતુ પોતાના મરાઠી નિઘંટમાં નં. ૬૨૯ થી ૬૩૨ સુધીમાં બારીક (ઝીણા) પાંદડાનો, ધોળો, કાળો અને સુગંધી એમ ચાર જાતનો અજવલો બતાવ્યો છે. શાલિગ્રામ નિઘંટમાં ધોળો, કાળો, બર્બરી અને વનબર્બરી (વનતુલસી), એ ચાર નામ આપે છે. શ્રી૦ પદેજી બર્બરીનેજ (નં. ૬૩૬ માં) રાન તુલસી કહે છે. આ પ્રમાણે આના માટે જુદા જુદા મત દેખાય છે; પરંતુ આ જાતની તુલસી વનમાં થતી હોવાથી તેને કેટલાક વનતુલસીજ માને છે. તુલસીને દેવકાર્યમાં ઉપયોગી માની સ્વસ્થાનાગ્ર સ્થાપિત કરનાર કેટલાક મહાન પુરુષે માત્ર રામ (ધોળી), શ્યામ (કાળી) અને વન, આ ત્રણજ જાત બતાવે છે. વૈદ્યકલ્પતરુ (જુન ૧૯૧૩) માં રામ અને શ્યામસિવાય બંગાળામાં થનાર દર્દ્રિહ, બાબી અને તુકારામીય, આ ત્રણ જાતો બીજી બતાવે છે. આ બધા પ્રકારની તુલસી પૈકી રામ અને શ્યામ, આ બે જાતો અત્યંત પ્રસિદ્ધ છે. બાકીની દર્દ્રિહ, બાબી અને તુકારામીયને અજવલા સાથે કાંઈ સંબંધ છે કે કેમ તેમજ અજવલો એજ વનતુલસી છે કે કેમ, એ જાણવું ઘણું જરૂરનું જણાય છે. કેટલાક માને છે કે વનતુલસી ડાકોર પાસેનાં વનોમાં પુષ્કળ થાય છે. આ બાબત શંકાશીલ હોવા છતાં પણ અજવલામાં ઝીણું પાંદડાંનો (ક્ષુદ્રપર્ણોર્જક) અને મોટાં પાંદડાનો (વટપત્ર) એ બે તો જુદાજ હોવા જોઇએ. અજવલાની ક્ષુપ જાતિ છે.

બીનુમિનુ—મુનુ. તા૦ ઉલંદુ. મલા૦ ઉલુન્નુ. તુ૦ ઉર્દુ. ફા૦અ૦ માષ. ઈં૦ કિડની બીન. લા૦ ફેસીઓલસ, રેડીએટસ્, રોક્સ બુર્ઘાઆઈ.

આ એક દ્વિદલ ધાન્ય છે. એ આખા હિંદુસ્તાનમાં કમી–જાસ્ત ઉત્પન્ન થાય છે. એનો છોડ શુમારે હાથભર ઉંચો વધે છે. અડદનાં પાંદડાં બીલીના જેવાં ત્રિદલ અને સહજ નાનાં હોઇ ગોળ હોય છે. એની ડાળીને ફૂલ આવી શીંગો લાગે છે. શીંગો જૂની થયા પછી એ ઝાડ કાપી સુકવવા નાખે છે. દાણા સારા સૂકાયા પછી તે એકઠા કરે છે. અડદનો રંગ કાળો છે; પરંતુ તેની દાળ ધોળી હોય છે. માત્ર ઉપરની છાલ કાળી હોય છે. અડદ પૌષ્ટિક અને શીતળ છે. એના પુષ્કળ પદાર્થો બને છે. અડદ ઢોરને ખવરાવવાથી તે પુષ્ટ થાય છે. દાણા કાઢી લીધા પછી ઝાડનો અને ડાંખળાનો ભૂકો ઢોરો ઘણા આનંદથી ખાય છે. દૂઝણી ગાય અથવા ભેંસને અડદ ખવરાવવાથી વધારે દૂધ દે છે. **અડદ**—સ્નિગ્ધ, શોષક, ઉષ્ણ, કફકારક, પિત્તલ, વૃષ્ય, મલભેદક, પિત્તને કોપાવનાર, રોચક, જડ, બલકર, સંતર્પણ, સ્વાદુ, પૌષ્ટિક, મૂત્રલ, શુક્રલ, દૂધ ઉત્પન્ન કરનાર, માંસને વધારનાર, મેદવર્ધક અને દમ, શ્રમ, પરિણામશૂળ, અર્દિતવાયુ અને અર્શ એનો નાશ કરે છે. × **(૧) અડદનાં વડાં:**—અડદની દાળ પાણીમાં પલાળી રાખી વાટવી અને તેમાં મીઠું, મરી, હીંગ, જીરૂં, આદુ એ પદાર્થ નાખી તે વાટેલી દાળનાં વડાં કરવાં. તે ઘીમાં અથવા તેલમાં તળીને ખાવાં, એટલે વાયુ, અર્દિત વાયુ (મોઢું વાંકું થઈ જવું). અરુચિ, દુર્બલપણું, ક્ષય, અન્નદ્રવ, શૂળ એનો નાશ થાય છે. અડદની દાળ વાટી દહીંમાં મેળવી વડાં કરી તળવાં. તે સેવન કરવાથી પુરુષને હિતાવહ, બળકારક અને ધાતુવર્ધક છે. **(૨) પુષ્ટતા ઉપર અડદના લાડુ:**—અડદની દાળનો લોટ, ઘઉંનો લોટ, ચોખાનો લોટ અને લીંડીપીપરનું ચૂર્ણ, એ ચાર ચાર તોલા પ્રમાણે લઇ એકત્ર કરવું, તેથી અડધું ઘી તેમાં નાખવું. પછી સારી રીતે શેકી, બધાના સમભાગ સાકર અને સાકરથી બમણું પાણી નાખી, પાક કરી, તેના લાડુ ચાર ચાર તોલા વજનના બાંધી, તે લાડુ રાત્રે ઉંઘતી વેળાએ ખાઈ, તે ઉપર ૧૬ તોલા દૂધ પીવું. અને ખાટા, ખારા, તેલવાળા વગેરે પદાર્થ વર્જ્ય કરવા એટલે પુષ્ટતા આવે છે અને બલ ક્ષીણ થતું નથી. **(૩) રક્તપિત્ત ઉપર:**—અડદનો લોટ અને રેશમી વસ્ત્રની રાખ પાણીમાં મેળવી મસ્તકે લેપ કરવો. **(૪) હેડકી ઉપર:**—અડદ અને હળદર એનું ચૂર્ણ અને તાગ(શણ)નો ધૂમાડો પ્રાશન કરવાથી+ તે હેડકીનો નાશ કરે છે. **(૫) વાળા ઉપર:**—વાળાનો ફોલ્લો થઇ આવ્યો હોય તો તે ઉપર અડદના લોટમાં પાણી નાખી તે લોટ ગરમ કરી તે ફોલ્લા ઉપર ચોપડવો. તે ઉપર સોય કે સળીથી થોડું ભોંકી તે પર ગરમ તેલનાં એક પછી એક ટીપાં પાડવાં; એટલે તરતજ તે ફોલ્લો ફૂટી વાળો એકત્ર થઇ બહાર પડે છે અને ફોલ્લો સારો થાય છે. **(૬) ધાત જાય તેને માટે:**—અડદની દાળનો લોટ ૪ પૈસાભાર ગાયના દૂધમાં બાફી તેમાં ઘી નાખી ગરમ ગરમ ૭ દિવસ આપવો. **(૭) પુષ્ટતાને માટે:**—અડદની મોગર દાળને ગાયના તાજા દૂધના અથવા ધોળી શેરડીના રસના ૨૧ પુટ દઈ પછી તે દાળ દળી લોટ કરી રાખવો અને પ્રાતઃકાળમાં ગાયનું દૂધ પાશેર લઈ તેમાં તે લોટ એક તોલો અથવા દોઢ તોલો મેળવી તે દૂધ સારી રીતે ઉકાળવું; અને ઉકળવા માંડે એટલે તેમાં ખડીસાકર બે તોલા સુધી અને તાજું ઘી, બદામ, ચારોળી, જાયફળ, એલચી વગેરે મસાલો નાખી સેવન કરવું. **(૮) નાસારોગ ઉપર:**—અડદનો લોટ, કપૂર અને રાતા રેશમી કપડાની રાખ પાણીમાં મેળવી મસ્તકે લેપ કરવો.

૨૫ **અતિવિષ (વખમો):**—સં૦ અતિવિષા. મ૦ અતિવિષ. હિં૦ અતીસ. બં૦ આતઇચ. ક૦ અતિવિષા. અતિબજિ. તે૦ અતિવાસા. લા૦ એકોનાઈટમ્ હિટ રોફાઈલમ્.

* અતિવિષનાં ઝાડ હિમાલય ઉપર અને એની આસપાસના પ્રદેશના ડુંગરો ઉપર થાય છે.

× અડદ આધ્માનકર્તા અને દીર્ઘપાકી છે. એની શાંતિ આદુ અને મરી તથા હીંગથી છે અને પ્રતિનિધિ ચોળા છે. તાજા અડદ વાટી બોળા કોઢ ઉપર ચોપડવાથી અત્યંત ગુણ કરે છે. (અભિનવ નિઘંટ ભાગ ૨)

\+ તમાકુના માફક ધૂમાડો પીવો. વળી આજ પ્રમાણે સીસમના લાકડાનો ભૂકો અને સોપારીના ત્રોપાન છોડાં એકત્ર કરી તેનો ધૂમાડો પીવાથી પણ હેચકી (હેડકી) શાંત થાય છે.

* અતિવિષમાં કડવી તથા મીઠી બે જાત છે. કડવી વિશેષ ગુણકારક છે. કડવી જાતિ લાંબો વખત પડી રહેવા છતાં સડતી નથી. મીઠી જાતિ થોડા મહિનામાં સડી જાય છે; ગુણ પણ બહુજ ઓછો કરે છે.

એ ઝાડનાં મૂળીઆં અથવા કંદ કાઢી લાવે છે; તેને અતિવિષ, અતિવિષની કળી કે વખમો કહે છે. એમાં **ધોળો, કાળો અને પીળો**, એવા ત્રણ પ્રકાર છે. એની છાલ કપડાં રંગવાના કામમાં ઉપયોગી છે. ઔષધોમાં ધોળાનોજ ઉપયોગ થાય છે. અતિવિષ ઘણુંજ કડવું હોય છે. અતિવિષ સર્વ પ્રકારના જ્વરો ઉપર ઉત્તમ ઔષધ છે. એ નાનાં બાળકોના ઔષધમાં ઘણુંજ આવે છે. બાળકોની ઘુંટીમાં (બાળઘુંટીમાં) અતિવિષ ઔષધ મુખ્ય છે. **અતિવિષ**--કિંચિત્ ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિદીપક, ગ્રાહી, ત્રિદોષ પચાવનાર; કફપિત્તજ્વર, આમાતિસાર, કાસ, વિષ, યકૃત્, ઉલટી, તૃષા, કૃમિ, અર્શ, સળેખમ, પિત્તોદર, અતિસાર અને સર્વ વ્યાધિઓનો નાશ કરનાર છે.† (૧) **બાળકોની ઉધરસ, દમ, તાવ તથા ઉલટી ઉપર**—અતિવિષનું ચૂર્ણ ઋતુ, શરીરનો બાંધો, વય તથા રોગનો વિચાર કરી યોગ્ય માત્રામાં મધની સાથે મેળવી આપવું. (૨) **નાનાં બાળકોના તાવ અને ઉલટી ઉપર**——અતિવિષ અને નાગરમોથ એનું ચૂર્ણ મધમાં આપવું. (૩) **પિત્તાતિસાર ઉપર**—અતિવિષ, કડાની છાલ અને ઇંદ્રજવ, એનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં મધ નાખી પાવું. (૪) **દમ અને ઉધરસ ઉપર**—અતિવિષનું ચૂર્ણ ત્રણ અથવા ચાર માસા લઈ મધમાં મેળવી રાત્રિમાં ત્રણ અથવા ચાર વખત ચાટવાથી દમ અને ઉધરસ જાય છે. (૫) **સંગ્રહણી, સર્વ જ્વર, અરુચિ અને અગ્નિમાંદ્ય એ ઉપર અતિવિષનો કાઢો**—અતિવિષ, નાગરમોથ, વાળો, ધાવડીનાં ફૂલ, કડાની છાલ, લોધ્ર અને પહાડમૂળ એનો કાઢો કરી આપવો; એટલે ઉપરના સર્વ રોગ દૂર થઇ ધાતુની વૃદ્ધિ થાય છે. (૬) **તૃષા ઉપર**—અતિવિષ અને ધોડાવજનો કાઢો આપવો. (૭) **બાળકોના આમાતિસાર ઉપર**—સુંઠ, અતિવિષ અને નાગરમોથ એનો કાઢો આપવો. (૮) **બાળકોના સવ પ્રકારના અતિસાર ઉપર**—અતિવિષનું ચૂર્ણ ગોળમાં અથવા મધમાં આપવું. (૯) **સુવારોગ ઉપર**—અતિવિષ મધમાં આપવું. (૧૦) **સંગ્રહણી ઉપર**—અતિવિષ, સુંઠ અને ગળો, એનો કાઢો કરી આપવો.

૧૬ અનંત—કો૦ અનંત. હિં૦ ક૦ પિંડિતગર. તૈ૦ તગરપાદિકા. લા૦ ગાર્ડેનિયા ફ્લોરિબંડા. મ૦ અનંત, પિંડિતગર.

એ ઝાડ ઘણાંજ મોટાં વધે છે. એ ઝાડ કોકણ પ્રાંતમાં ઘણાં મળે છે.+ એનાં પાંદડાં લાંબાં અને જાડાં હોય છે. એ ઝાડ ઘણુંજ શોભાવંત દેખાય છે. આ ઝાડને શ્રાવણ માસમાં તગરનાં ફૂલો જેવાં ઝુમખાદાર ફૂલો આવે છે. એ ફૂલો ઘણાંજ શોભાવાળાં દેખાય છે. એનો વાસ સુવાસિક અને મધુર આવે છે. એમાં ધોળો અને કાળો એવી બે જાત છે. એ ઝાડ તગરની જાતનું છે. (૧) **નંદવાયુ ઉપરઃ**—(અનંતવાત પર)—જે સ્ત્રીઓ પૂરા મહિના થયા પહેલાં પ્રસૂત થાય છે, તેમને કેટલીક વખત નંદ નામનો વાયુ મસ્તકે ચઢે છે, જેને લીધે મસ્તક જડ થાય છે, ફરે છે, દીવો લાવવાથી દેખાતું નથી, આંખો આગળ અંધારાં આવે, દાંત ચોંટી જાય અને માથું ધૂણવા લાગે, તેને અનંતના ઝાડની ઉત્તરદિશા ભણીનું મૂળીઉં કાઢી, ઠંડા પાણીમાં ચંદન પ્રમાણે ઘસી, સર્વ મસ્તકને લેપ કરવો અને તાળવા ઉપર ચોળતા રહેવું; તેમજ મૂળની એક કકડી અંબોડામાં તાણી બાંધવી તથા શક્તિ પ્રમાણે ઠંડા પાણીમાં મૂળ ઘસી પાવું. **પથ્ય**—કળથી બાફી તેનું પાણી પીવાને માટે આપવું. ગુણ જણાયા પછી ઘી ભાત આપવાં. (૨) **સર્પના વિષ ઉપરઃ**—અનંતનાં મૂળ અને અરીઠા પાણીમાં ઘસી પાવાં. (૩) **પ્રસૂતા સ્ત્રીઓના મસ્તકશૂળ ઉપરઃ**—અનંતનાં મૂળ અને ભારંગમૂળ ગરમ પાણીમાં ઘસી ચોપડવાથી તરત ગુણ થાય છે; એવો વનૌષધિ-પ્રકાશકોનો મત છે. (૪) **મસ્તકશૂળ ઉપરઃ**—અનંતનાં મૂળ ઘસી લેપ કરવાથી તુરત શાંત થાય છે.

૧૭ અનનસ—સં૦ અનંનાસ, કૌતુકસંજ્ઞક. હિં૦ અન્નનાસ. મ૦ અનનસ. ક૦ અનાસુ,

† વખમાનો રંગ ભૂરો ને સ્વાદ કાંઈક કસેલો છે. એ આંગળી જેવી એક ઘાસની જડ છે. એની માત્રા ૦॥ માસાની છે. એ ભોજને દઢકર્તા, આહારપાચક, અતિસારને બાંધનાર. કફનાશક, વાયુનો લય કરનાર તેમજ અર્શ અને જલોદરને ફાયદો કરે છે. પેટમાં દુખતું હોય તો વખમાની નાની કાંકરી ગળી જવી એ અનુભવસિદ્ધ છે.

+ એમ ચોક્કસ થાય છે કે, આ અનંત અને અનંતમૂળ એ બન્ને જુદાં છે. અનંતમૂળ એ કાળી ઉપરસાલ-(ઉપરસલી)નાં મૂળ છે.

કનાસુ. તા૦ તે૦ પારાંગતાલેતુ, પારેંગી પેલાકાલિ. મલા૦ અનાનસ. ઇં૦ પાઇન એપલ. લા૦ અનનાસા સેટિવા.

અનનસના ઝાડને કેવડાના ઝાડ જેવાં પાંદડાં હોય છે. એ ઝાડો ઘણું કરી વાડની બાજુએ ઉગે છે, કારણકે એ ઝાડનાં પાંદડાંને કાંટા છે. તેથી જનાવરોનો તેમાં નિભાવ થતો નથી. આ ઝાડને મધ્યભાગમાં ફળ આવે છે અને એ ફળને અનનસ કહે છે. એના સર્વ અંગે કાંટા હોય છે. એની ડાળીઓ કાપી જમીનમાં વાવવાથી ચોંટી જઇ તેનું ઝાડ થાય છે. એ ફળનો રંગ રાતો અથવા પીળો હોય છે. અનનસનો મુરબ્બો થાય છે. અનનસ ખાવામાં સ્વાદિષ્ટ હોય છે. એની વચ્ચેનો કઠણ ભાગ કાઢી નાખવો. તે ખાવાને ઉપયોગી નથી, પણ અવગુણકારક છે; છતાં ખાવામાં આવ્યો હોય તો તે ઉપર કાંદા, દહીં અને સાકર ખાવી; એટલે બાધ થતો નથી. અનનસનાં પાંદડાંનાં ઉત્તમ દોરડાં થાય છે. અનનસ ભૂખ્યા હોઇએ ત્યારે કોઈ દિવસ ખાવું નહિ. ખાવાથી વિષ પ્રમાણે અવગુણ કરે છે. અનનસ ગર્ભિણીને વર્જ્ય છે. **અનનસ**—લીલું હોય ત્યારે રુચિકર, હૃદ્ય, ગુરુ, કફપિત્તકારક, ગ્લાનિનાશક અને શ્રમનાશક છે; તેમજ **પાકવાથી** મીઠું, પિત્તનાશક તથા રસવિકાર અને સૂર્યના તાપથી થનારા દોષનો નાશ કરે છે.* (૧) **અજીર્ણ ઉપર:**—સારાં પાકેલાં અનનસના બારીક કકડા કરી તે ઉપર મરી અને સિંધવની ભૂકી નાખી ખાવું. (૨) **જંતુ (કૃમિ) ઉપર:**—અનનસ એકલુંજ ખાવું, એટલે જંતુ(કૃમિ)નું પાણી થશે. (૩) **બહુમૂત્રરોગ ઉપર:**—પાકેલા અનનસની છાલ અને એમાંના કઠિન ગાભા કાઢી નાખી બાકીના ભાગનો રસ કાઢવો. તે રસમાં અંબર, જીરૂં, જાયફળ, લીંડીપીપર અને સંચળની ભૂકી કરી નાખવી અંબર કમતી નાખવું. એ શક્તિ પ્રમાણે આપવું; અથવા અનનસના ટુકડા, લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવા. (૪) **પેટમાં વાળ ગયો હોય તો:**—પાકેલું અનનસ ખાવું, એટલે કેશ જવાથી થનારી પીડા દૂર થાય છે.

૧૮ અંજીર—સં૦ કાકો--રામોદુંબરીકા ફલ. હિં૦ અંજીર. બં૦ આંજીર, પેયારા. મ૦ અંજીર. ક૦ અંજીરિ. તૈ૦ મેડીપટુ. અ૦ તીન. ફા૦ અંજીર. ઇં૦ ફીગ. લા૦ ફાઇકિસ કેરીકા.

અંજીરનાં ઝાડ ઘણુંકરીને ગરમ પ્રદેશમાં થાય છે. અરબસ્તાન, ઇરાન, તુર્કસ્તાન, ગ્રીસ અને આફ્રિકાના દક્ષિણ ભાગમા અંજીરનાં ઝાડ પુષ્કળ થાય છે. એ એક ઉમરાની જાતિ છે. કારણ એના ફળની આકૃતિ અને એમાંનો ગર્ભ ઉંબરાના ફળના જેવો છે. ઉંબરાની પેઠે એને ફૂલ પણ આવતાં નથી. એની ઉંચાઈ દશ હાથ કરતાં વધારે હોતી નથી. અંજીરનાં પાંદડાં મોટાં હોય છે. અંજીરનાં કાચાં ફળોનું શાક થાય છે, એ સ્વાદમાં સારૂં થતું નથી; પરંતુ બાધક નથી. પાકેલાં અંજીરનો મુરબ્બો કરે છે. તે પિત્તશામક અને રક્તવૃદ્ધિ કરનાર છે. અંજીરના અંગમાં રક્તવૃદ્ધિ કરવાની શક્તિ હોય છે, એટલે અશક્ત લોકો એને સવારમાં ખાય છે. શિશિરઋતુમાં ઠંડીના યોગે જ્યારે જીભ અને મોં ફાટી જાય છે ત્યારે કેટલાક લોકો અંજીરનાં પાંદડાંની રાખ તેને ઘસે છે. સૂકાં અંજીર અરબસ્તાનમાંથી આવે છે. અંજીરની લાખનો અળતો સર્વોત્કૃષ્ટ થાય છે. **અંજીર**—શીતળ, સ્વાદિષ્ટ અને ગુરુ છે. રક્તદોષ, દાહ તથા વાયુ અને પિત્તનો નાશ કરે છે. (૧) **શરીરમાંથી ગરમી જઇ રક્તવૃદ્ધિ થવા માટે:**—પાકેલાં અંજીર રાત્રે છોલી સામસામા બે કાપ મૂકી તે કાપમાં સાકર ભરી ઝાકળમાં મૂકવાં અને સવારના પહોરમાં ખાવાં. આ પ્રમાણે પંદર દિવસ ક્રમ ઠરાવવો. (૨) **પુષ્ટિને માટે:**—સૂકાં અંજીરના ટુકડા અને બદામનો મગજ ગરમ પાણીમાં પલાળી રાખી ઉપરથી ફોતરાં કાઢી સૂકવીને ખડીસાકરની ભૂકી, એલચીદાણાની ભૂકી, કેસર, ચારોળી, પીસ્તાં, બળદાણા, એ સમભાગ લઇ ગાયના ઘીમાં આઠ દિવસ બીજવી રાખી પછી નિત્ય સવારમાં તે મિશ્રણ ૨ તોલાપર્યંત ખાવું. આઠ વર્ષની ઉપરાંતના છોકરા અને શક્તિક્ષીણને સારૂ હિતાવહ હોઇ ઠંડાઇ, ધાતુવૃદ્ધિ અને રક્તવૃદ્ધિ કરનાર આ ઉત્તમ ઔષધ છે. (૩) **દમ ઉપર:**—અંજીરમાં ગોરખ આંબલીનું દલ નિત્ય પ્રાતઃકાલમાં ૬ માસા પ્રમાણે સતત સેવન કરવું.

---

* અનનસ કંઠના નળને અને શ્વાસ લેવાના અવયવને નુકસાનકારક છે. એની શાંતિ ખાંડ અને વરીઆળીનો મુરબ્બો છે.

(૪) ગળામાં અને જીભ પાસે સૂજી આવ્યું હોય તો:—સૂકાં અંજીરનો કાઢો કરી તેનો લેપ કરવો. **(૫) પોટીસ:**—અંજીર તાજાં લાવી કુટીને ગુમડાં, બદ વગેરે ઉપર બાંધવાં.+

૧૯ અબાઈ (આબુવો)—સં૦ મહાશિંબી, ખડ્ગશિંબી. મ૦ અબઇ. કો૦ ખરસંબળ, કાયતેવાલ. હિં૦ સેમ, સુઅરાસેમ, ગોજિયાસેમ. બં૦ શ્વેત શિમ, મોંગલાઇ શિમ. ક૦ શિંબીકાચિ. તૈં૦ કાઝચિકટુ. અ૦ ગિલાપુલગોલ. લા૦ કેનોબોલિયા એનસિફોમિસ. ઈં૦ ઓપલ.

આ વેલાનાં ખરસંબળ, કાયતેવાલ, પઠારી એવાં મરાઠીમાં નામો છે. એ બહુ વધે છે. એ મૃગ નક્ષત્રના અરસામાં વાવવામાં આવે છે. × આશ્વિનમાં તેને શીંગો આવે છે. તે શુમારે પોણો હાથ લાંબી હોઇ છેવટે કોયતા જેવી હોય છે. તેનું શાક કરે છે અને તે મીઠામાં પણ અથાય છે. એ શીંગો કુમળી હોય ત્યારેજ ખાવાને ઉપયોગી હોય છે. એમાં ઘણો સ્વાદ છે. તેનું શાક ઘણું ખાવાથી પેટ ચઢે છે અથવા બીજો ઉપદ્રવ થાય છે. એ શાક બાફી એક વાર છૂટું કરી નાખવું જોઇએ. **ધોળી અને રાતી અબાઈ**—જડ, શીતળ, કફકર, રસવખતે મધુર, બલકર અને પિત્ત-વાયુનો નાશ કરે છે. **કાળી અબાઈ**—ગરમ, ગુરુ, બલકર, રુચિપ્રદ, શુક્રવૃદ્ધિકારક, અગ્નિમાંદ્યજનક, મલસ્તંભક, તૂરી, માદક અને કફ-વાતનાશક તથા પિત્ત કરનાર છે. **(૧) પ્લીહોદર એટલે પેટમાં બરોળ થાય છે તે ઉપર:**—અબઇનો પાલો દિવસ ૭ ગોમૂત્રમાં ઉકાળી આપવો. **(૨) રેચને માટે**—અબઇનો રસ પ્રથમ આપી પછી ઉપર કારેલીનો રસ આપવો. એ ઔષધ શક્તિ જોઇ નવટાંક સુધી આપવું. ઉતાર-ઘી.

૨૦ અબાલા (નાનો કાંટાશેળીઓ) સં૦ અમ્લાન. મ૦ અબોલી. હિં૦ કટસરૈયા, પિયાવાસા. બં૦ પીત ઝાંટિ, લાલ ઝાંટિ. ક૦ કંપુગોરંટગિડ. તૈ૦ ઇરાંગોરટા. લા૦ બાર્લેરિયા પ્રોયોનિટસ્.

કાંટાસળીઆ પ્રમાણેજ એ ઝાડ થાય છે. એ ઝાડ હાથ દોઢ હાથ ઉંચું વધે છે. એને રાતાં કિંવા પાળાં ફૂલો બારમાસી આવે છે. એ ફૂલો નાનાં હોય છે. ફૂલમાં સુગંધ નથી. **અબોલી**—કડવી, ઉષ્ણ, વર્ણકર અને સુંદરતાકારક છે; અને વાયુ, સોજો, તાવ, શૂળ, આધ્માન, દમ, ઉધરસ, મુખરોગ, બસ્તિ (યોનિ) રોગ, એનો નાશ કરે છે. **(૧) ધોળી ધૂપણી ઉપર:**—એનાં મૂળ ૧ તોલો લઇ દૂધમાં બાફી, તે શુમારે છટાંક (૭ પૈસાભાર) દૂધ બાકી રહે ત્યારે આપવાં.

૨૧ અંબાડો—સં૦ આમ્રાતક. મ૦ અંબાડા. હિં૦ અંમારી, મોઈઆ. તૈ૦ પુંડીકુરા. ક૦ પુંડી, પુંડીબીજ, પુંડીયનારૂ. તા૦ આમ્રાટે. મલા૦ અંબાલં. બં૦ માચીકા. પં૦ નુસુકડા. ઈં૦ સ્પોંડિયાસ એકમિનટ, હૉગપ્લમ્, વાઇલ્ડ મ્યાંગો. લા૦ સ્પોંડિયાસ મેંગિફેરા.

અંબાડાનું ઝાડ મોટું થાય છે. કોકણ અને કર્ણાટક એ દેશોમાં આ ઝાડ ઘણાંજ થાય છે. એનાં પાંદડાં રામફળીના પાદડાં જેવાં થાય છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એનાં ફળ ઘણાંજ ખાટાં અને લીલી સોપારી જેવડાં મોટાં વધે છે. તેમાં આંબા જેવી ગોટલી હોય છે. એ ફળ ખાટાં હોય છે. ખટાશ માટે આમલીને બદલે એનો ઉપયોગ કરે છે. કાચાં ફળોને મીઠામાં આથે છે. અંબાડાને આંબા જેવોજ મોર આવે છે. એકજ પદાર્થ સર્વ કાળ ખાવાને માણસને ચીડ આવે, માટે તેના સુખમાટે દયાળુ પરમેશ્વરે બીજા ખાટા પદાર્થ-આમલી, લિંબુ, આંબા (કેરી), કોઠાં, દ્રાક્ષ, કોકમ, બીલો, કરમદાં વગેરે ઉત્પન્ન કરી રાખેલાં છે. **†અંબાડો**-ગુરુ, ઉષ્ણ, તૂરો, ખાટો, રુચિકારક, સારક, કંઠને હિતકર, પિત્ત, કફ અને રક્તનો વર્ધક તથા આમ-વાયુ અને આમનો નાશ કરનાર છે. તે **પાકવાથી** તૂરો, શીત, જડ, વૃષ્ય, બલકર, મધુર, તૃપ્તિકર, કફકર, સ્નિગ્ધ, ધાતુવર્ધક, મલસ્તંભક અને વાયુ, કફ, પિત્ત, રક્તદોષ, દાહ, ક્ષતરોગ અને ક્ષય, એનો નાશક છે. એનાં **કુમળાં પાંદડાં**—રુચિકર, ગ્રાહક અને અગ્નિદીપક છે. **(૧) અમ્લપિત્ત ઉપર**—અંબાડાનાં કુમળાં પાદડાં લાવી, તેનો રસ કાઢી, એક તોલા રસમાં ૫ તોલા ખડીસાકર અને

+ અંજીર યકૃત્ અને આમાશયને નુકસાન કરે છે. એના શાંતિ બદામથી છે.

× આબુવાનો સ્વાદ મીઠો અને ખાટો છે. એને કોઇ કોઈ પરબોલિયા અને તરવાડીનાં નામોથી ઓળખાવે છે. શ્રી પંડિતજીએ એને વાલોળ તરીકે કહ્યો છે, પણ એ શબ્દ સિદ્ધ થતો નથી. ગુજરાતમાં એનું અથાણું કરે છે, એમ કહેવાય છે. એના અડકાડ વેલાને ખેડુત લોકો હાથાટઈયાના નામથી ઓળખે છે.

† પંડિત દત્તરામ ચોબા અંબાડાને નાની પીલુડીના નામથી ઓળખાવે છે.

૪ ચણોઠીભાર મરીની ભુકી નાખી આપવું. એ ઔષધ ૭ દિવસ દિવસમાં બે વખત આપવું, પરેજી પાળવી. (૨) ચોયડી (આગ્યાધણુસ)ના વિષ ઉપર—અંઆડાના ઝાડની છાલ ત્રણ ભાગ, કુણુકાની છાલ બે ભાગ અને ખડચંપાની છાલ એક ભાગ લઇ તેનો રસ કાઢવો; તેમાં ધણુસરીનું મૂળ ઘસી, જનાવરને પ્રત્યેક વખતે અધશેરથી એક શેર સુધી અને માણસને નવટાંકથી પાશેરપર્યંત શક્તિ પ્રમાણે આપવું. એ ઔષધ વિષનું જોર કમી થાય ત્યાંસુધી બે ત્રણ વખત આપવું. મનુષ્યને ઉતાર—ઘી અને ભાત.

૨૨ અમરવેલ—સં૦ અમરવલ્લરી. મ૦ અમરવેલ, આકાશવેલ, અંતરવેલ, સોનવેલ. હિં૦ અમરવેલ, આકાશવેલ. બં૦ આલોકલતા, આકાશવેલ. ક૦ બેળુબળી, નેલમુદબળી, શાવીગેબળી, અમરબળી. તૈ૦ ઇંદ્રજાળ, પાચિતિચે. તા૦ કોતાન, ઈંદિરાવલ્લી, નાંદે. મલા૦ આકાશબળી. ફા૦ કનવાલ્, બ્યુલાસીઈ. અ૦ અફતિમુન. લા૦ કસકુટારીફ્લેક્સા.

આંબાના ઝાડ ઉપર એક વેલ પ્રમાણે વનસ્પતિ ઉગે છે. એને અમરવેલ કહે છે.× આ વેલીનાં મૂળ તે વૃક્ષમાંજ હોય છે. જે પ્રમાણે વૃક્ષાદની (વાંદો) હોય છે, તે પ્રમાણેજ એ વેલ હોય છે. **અમરવેલ**--એ કિંચિત્ તીખી, મધુર, પ્રિય અને અગ્નિદીપક હોય છે. નેત્રરોગ, કફ, આમ અને પિત્ત, એનો નાશ કરે છે.

૨૩ અંમલબેદ—સં૦ મ૦ અમ્લવેતસ્. વ૦ સુળેનીંબુ. હિં૦ અમ્લવેતસ્, ચૈકલ. ક૦ અમ્લવેતસ્. ફા૦ તુર્પક. ઇં૦ કૉમન સોરેલ. લા૦ એસીટોઝેફોલીઆ.

બીજોરા જેવી આ એક લિંબુની જાત છે. અંમલબેદનાં ઝાડ કાશી પાસે થાય છે. એનું ફળ ઘણુંજ ખાટું હોય છે. એની વાસ પાકેલા આંબા જેવી આવે છે. આ ફળમાં પોલાદની સોય ઘોંચી રાખી હોય તો તે ગળી જાય છે, એવો તેનો પ્રભાવ છે. અંમલબેદ પેટમાંના રોગો ઉપર અને ગુલ્મ વગેરે રોગો ઉપર અકસીર છે. ઘણાં ઔષધોમાં એનો રસાયનના જેવો ઉપયોગ થાય છે. **અંમલબેદ**—તુરૂં, ખાટું, કડવું, તીખું, અગ્નિદીપક, ઉષ્ણ, લઘુ, રૂક્ષ, પથ્યકારક અને મળનો ભેદ કરનાર છે; તેમજ કફવાત, કફાર્શ, ગુલ્મ, મૂત્રાશ્મરી, અરુચિ, શ્રમ, તૃષા, હૃદ્રોગ, હિક્કા, શૂળ, પ્લીહા, અજીર્ણ, આનાહ વાયુ (આફરો), ઉદાવર્ત, આધ્માન, કુષ્ઠ (કોઢ) અને ઉલટી, એનો નાશ કરે છે.*

૨૪ અરજુન સાજડ (ધોળો સાજડ)--સં૦ અર્જુન. બં૦ અર્જુનગાછ. મ૦ અર્જુન સાદડા, પાંઢરા આઇન. હિં૦ કૌહા, કોહ. ક૦ તોરે મત્તિ, મત્તી, સોહોન્ને, કિવિગન–મરા. તૈ૦ મદ્દચેટ્ટુ. તા૦ મારૂડં. મલા૦ મારૂત. ગો૦ મત્તીરૂકુ. લા૦ સરક્યુલિયા યુરેન્સ, ટર્મિનેલિયા ટોમેન્ટોસા.

આ એક અરણ્યનું વૃક્ષ છે. જેવાં એનનાં ઝાડ હોય છે, તેવાંજ એનાં હોય છે. એનનું "સાદડા" એવું પણ નામ છે. એ ઉપરથી બન્ને વૃક્ષો બરાબર લક્ષ્યમાં આવશે. એનનાં પાંદડાં પ્રમાણેજ એને પાંદડાં હોય છે. એ પાંદડાંની પહોળાઇ શુમારે ૫ આંગળ હોઇ તે વેંતભર લાંબું હોય છે. એને ધોળો સફેદ મોર આવે છે. એની છાલ પણ સફેદ હોય છે. ધોળા એનની છાલ પણ બહારથી ધોળી હોય છે; પરંતુ તે નીચલી બાજુએ લાલ હોય છે, તેવી રીતે આ છાલ નીચલી બાજુએ લાલ ન હોતાં ધોળીજ હોય છે. આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. આ ઝાડ કોંકણમાં અને ગામડાંઓમાં પણ થાય છે. એને ધોળાં ફુલ આવે છે. એનાં લાકડાં ઇમારતી કામ-

---

× અહીં નામો તપાસતાં **અમરવેલ** અને **સોનવેલ** એકજ માની છે. ફરી સોનવેલતરીકે વર્ણન આપ્યું છે તેનું કારણ સમજાતું નથી. તેને જુદી માનવી કે એકજ ? આ દેશમાં જે અમરવેલ થાય છે તે આંબા વગરનાં અન્ય (ઘણું કરીને દૂધવાળાં) વૃક્ષોપર થાય છે. આંબાપરની અમરવેલ અમારા જોવામાં આવી નથી, એટલે અમે તેનો નિર્ણય કરવા અશક્ત છીએ.

* અંમલબેદ—કફને ઉત્પન્ન કરનાર છે. લવંગ અને કાળાં મરી એનો મદનાશક છે. એ ભૂખ ઉત્પન્ન કરે છે અને રક્તપ્રકોપન શાંત કરે છે. ખુરાસાની અજમાને મીઠાની સાથે એના રસમાં સાત દિવસ ભીંજવી રાખી છાંયે સૂકવી એની ફાકી કરવાથી ઉદરના અનેક રોગો, વાયુ–વાગોળો એનો સત્વર નાશ કરે છે. કેટલીક સ્ત્રીઓ વાગોળાના દરદથી તમાકુ જેવા માદક પદાર્થનું વ્યસન ચાલુ કરે છે તેમણે આ ઉપાય કરવો જોઇએ.

માં ઉપયોગમાં આવે છે. ઔષધિમાં એની અંતરછાલનો ઉપયોગ કરવો. 'સારદોળ' કિંવા 'કાંડોળ' એ વૃક્ષોને કોઇ કોઇએ આજ વૃક્ષનું નામ આપેલું છે; પરંતુ તે વૃક્ષ જુદાં છે. **અરજુન સાજડ:**—તૂરો, મધુર, શીતળ, કાંતિકારક, બલકર, લઘુ અને વ્રણશોધક છે. અસ્થિભંગ, સંધિભંગ, કફ, પિત્ત, શ્રમ, તૃષા, દાહ, મેદ, વાયુ, હૃદ્રોગ, પાંડુરોગ, વિષબાધા, ક્ષતક્ષય, મેદવૃદ્ધિ, રક્તદોષ, ઘામ, દમ, ક્ષત અને ભસ્મક, આ રોગોનો તે નાશ કરે છે.+ (૧) **ભિલામો ઉડે છે તેને માટે:**—અરજુન સાજડની છાલ અને પાંદડાં કૂટી ભિલામો જે જગ્યાએ ઉડયો હોય ત્યાં લેપ કરવો. (૨) **વ્રણ ભરાઇ આવવા માટે:**—અરજુન સાજડની છાલના કાઢાથી ગુમડું ધોવું, એટલે તે જલદી ભરાઈ આવે છે અને તેમાં જંતુ વગેરે પડતાં નથી; અથવા એની છાલનું ચૂર્ણ વ્રણમાં ભરવું, એટલે વ્રણ અને અગ્નિદગ્ધ વ્રણ એ જલદી ભરાઇ આવે છે. (૩) **અસ્થિભંગ ઉપર:**—અરજુન સાજડનું ચૂર્ણ દૂધમાં પાવું અથવા છાલ કૂટી ઉપર બાંધવી; કિંવા છાલનું ચૂર્ણ ઘી ચોપડી તે ઉપર નાખવું અને પાટો બાંધવો. (૪) **પિત્તના હૃદ્રોગ ઉપર:**—અરજુન સાજડની છાલનો કાઢો કરી તેમાં ગાયનું દૂધ નાખી ખીર જેવું જાડું કરી સાકર નાખી પાવું; એથી રોગ જઈ શક્તિ આવે છે. (૫) **હૃદ્રોગ ઉપર:**—અરજુન સાજડનું ચૂર્ણ અને ઘઉંનો રવો સમભાગે લઈ તેમાં ગાય અગર બકરીનું દૂધ નાખી બાફવું; અને તેમાં પ્રમાણસર ગાયનું ઘી બાફતી વેળાયે નાખવું. તે મધ તથા સાકર સાથે આપવું (૬) **ક્ષયકાસ અને પિત્તરોગ ઉપર:**—અરજુન સાજડની છાલના ચૂર્ણને અરડુસીના રસની ૨૧ ભાવના આપી, તે ચૂર્ણ મધ, ઘી અને ખડીસાકરમાં આપવું. (૭) **હૃદ્રોગ, રક્તપિત્ત અને જીર્ણજ્વર ઉપર:**—અરજુન સાજડની છાલનું ચૂર્ણ, ઘી, દૂધ, મધ અથવા ગોળનું પાણી, એ પૈકી ગમે તે એક અનુપાન સાથે આપવું; એટલે ઉપરના રોગ દૂર થઇ તે ખાનાર ઘણા દિવસો સુધી સુખી રહે છે. (૮) **હૃદ્રોગ ઉપર:**—અરજુન સાજડની અંતરછાલનું ચૂર્ણ કરી તેથી ચોગણું ઘી અને ઘીથી ચોગણો અરજુન સાજડનાં પાંદડાંનો રસ તેમાં નાખી ઘી શેષ રહે ત્યાંસુધી મંદાગ્નિ ઉપર ઉકાળવું અને તે સેવન કરવું. મસ્તકશૂળ ઉપર લેપ કરવાને એ ઘી ઉત્તમ છે. (૯) **મૂત્રાવરોધથી થયેલા ઉદાવર્ત ઉપર:**—અરજુન સાજડની અંતરછાલનો કાઢો કરી આપવો. (૧૦) **કૃમિ ઉપર:**—અરજુન સાજડના વૃક્ષનાં ફૂલ, વાવડીંગ, પીઠવણ, ભિલામો, વાળો, સુરનો ગુંદ, રાળ, ચંદન અને કોઠ એઓનું ચૂર્ણ એકત્ર કરી તેની ધૂણી એક વાર લીધાથી કૃમિ નાશ થાય છે. આ ધૂણી પથારીને આપવાથી માંકડ અને ચાંચડ મરે છે. (૧૧) **રક્તાતિસાર ઉપર**—અરજુન સાજડની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૧૨) **વાતરોગ ઉપર:**—અરજુન સાજડની છાલનું ચૂર્ણ મધ અને માખણમાં મેળવી લેપ કરવો. અથવા અરજુન સાજડની છાલ, મજીઠ અને અરડુસી, એઓને મધમાં મેળવી લેપ કરવો. (૧૩) **હૃદ્રોગ ઉપર:**—ઘઉં અને અરજુન સાજડનું ચૂર્ણ બકરીના દૂધમાં ગાયનું ઘી નાખી સીજવવું અને મધ, સાકર એ સાથે સમભાગે ખાવું, તેથી માણસનો તીવ્ર હૃદ્રોગ શાંત થશે. (૧૪) **તારુણ્ય-પિટિકા (ખીલ)ઉપર**—અરજુન સાજડની છાલને દૂધમાં વાટી લેપ કરવો.

૨૫ અરડુસી—સં० અટરૂષ. મ० અડુળસા. હિં० અરુસા, અડૂસા, વાસા, વિસોંટા. બં० વાકસ, વાસક. ક० આડસોગે. તે० આડાસારં, આડાપાકુ. તા० આડાડોડાઈ. તુ० યેડુ મટ્ટડીતપ્પુ. મલા० અટાલોટકં. લા० આધાટોડા વાસીકા. વ० અડૂસલા.

અરડુસીનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એમાં ધોળી અને કાળી એવી બે જાત છે. ધોળી અરડુસીનો રંગ ધોળો અને કાળી અરડુસીના ઝાડનો રંગ કાળો હોય છે. કાળી અરડુસીનાં પાંદડાં કુડાનાં પાંદડાં જેવાં, પરંતુ મૃદુ હોય છે. આ પાંદડાં ઉપર ધોળા અથવા કોઈ પણ પ્રકારના ડાઘ હોતા નથી. આ

+ આ પણ એક જાતનો **એનજ** છે. સંસ્કૃતમાં ધોળા રંગને અને ઉજ્જ્વલને અર્જુન કહે છે, માટે આ ઝાડ સફેદ હોવાથી તેનું સંસ્કૃત નામ અર્જુન પડેલું જણાય છે; પરંતુ ખરી રીતે તો તે **ધોળા એન** અથવા **ધોળો સાજડ**ના નામથી ઓળખાય છે. બીજી આવૃત્તિના સંશોધકે તેને આસુંદરાતરીકે ઓળખાવ્યો છે; પરંતુ એ પહેલીના મંતવ્યથી વિરુદ્ધ છે. એમણે તો આશેત્રીનેજ આસુંદરો માન્યો છે. **ધોળો સાજડ** ગરમ મિજાજને નુકસાન કરે છે, આફરો ઉત્પન્ન કરે છે, અને કફના વિકારનો નાશ કરે છે. કેટલાક એને ઉપવિષ માને છે.

અરડુસી ધોળી અરડુસી કરતાં ઘણીજ ઉષ્ણ અને કફનાશક છે. ધોળી અરડુસીનાં પાંદડાંનો રંગ લીલાશ ઉપર હોઈ તે ઉપર ધોળા રંગનાં ચાઠાં હોય છે. અરડુસીનાં ફૂલો ધોળાં હોય છે. અરડુસીનું ઝાડ ૧-૨ માથોડાં ઉંચું વધે છે. એનાં લાકડાં કોમળ અને હલકાં હોવાથી એના કોલસા દારૂમાં નાંખવાના કામમાં આવે છે.x અરડુસી—શીતવીર્ય, હૃદ્ય, લઘુ, તીખી, કડવી અને સ્વર્ય છે. તે ઉધરસ, કમળો, શૈત્યપિત્ત, વિષ, જ્વર, કફ, શ્વાસ, મેહ, ક્ષય, તૃષા, અરુચિ, કુષ્ઠ અને ઉલટી એઓનો નાશ કરે છે. (૧) શ્વાસ, કાસ (ઉધરસ), રક્તપિત્ત અને કફક્ષય ઉપરઃ—અરડુસીનાં પાંદડાંનો ફૂલોસહિત રસ કાઢી મધમાં આપવાથી કેટલાએક દિવસનાં દમ, ઉધરસ હોય તો તે અને કફક્ષય દૂર થાય છે.(૨)કફપિત્તજ્વર, રક્તપિત્ત અને કમળા ઉપરઃ—અરડુસીનાં પાંદડાંનો ફૂલોસહિત રસ કાઢી તેમાં સાકર અને મધ નાખી આપવો. (૩) રક્તપિત્ત ઉપરઃ—અરડુસીના રસની સાત ભાવના કરડેને દઈ તે સેવન કરવી; અથવા મધ અને અરડુસીનો રસ સમભાગ લઈ તે સેવન કરવો. (૪) સુખે પ્રસૂતિ થવા માટેઃ—અરડુસીનાં મૂળ ઉકાળી નાભિ અને ગુહ્યસ્થાને લેપ કરવો તથા કેળનો કાદો કંમરે બાંધવો. (૫) શ્વાસ ઉપર—અરડુસીનો રસ અને ગાયનું માખણ એકત્ર કરી તેમાં ત્રિફળાંનું ચૂર્ણ નાખવું અને તે આપવું. (૬) ખસ ઉપર—અરડુસીનાં કુમળાં પાંદડાં અને આંબાહળદર, એ ગોમૂત્રમાં એકત્ર વાટી તેનો ખસ ઉપર લેપ કરવો; કિંવા પાંદડાં પાણીમાં ઉકાળી તે પાણીથી સ્નાન કરવું. (૭) પિત્તજનિત પ્રદર ઉપર—અરડુસીના રસમાં મધ નાખી આપવું. (૮) શ્વેત પ્રદર ઉપર—અરડુસીનાં મૂળનો રસ મધમાં આપવો, એટલે સફેદ ધાત જતી બંધ થશે. (૯) બાળકના કફવિકાર ઉપર—અરડુસીનાં તાજાં પાંદડાં લાવી તેનો પુટપાકથી રસ કાઢવો. પુટપાકની કૃતિ—અરડુસીનાં પાંદડાં કેળનાં પાંદડાંમાં બાંધી ઉપર માટીનો લપેટો દઈ અંગારામાં શેકી પછી બહાર કાઢી ઉપરનાં કેળનાં પાંદડાં કાઢી નાખી અરડુસીનાં પાંદડાં હાથ ઉપર મસળી રસ કાઢવો, આ રસ શુમારે ૨૦ ટીપાં, તેલીઆ ટંકણખારની ફૂલાવેલી ભૂકી બે ચણોઠીભાર અને મધ ચાર માસા એ સર્વ એકઠું કરી ચાટવા જેવું કરી રાખવું. એ ચાટણ દિવસમાં ચાર પાંચ વખત છોકરાંની શક્તિ પ્રમાણે ચટાડવું; તેથી કફનો નાશ થઈ બાળક હોંશિયાર બને છે. (૧૦) ઉધરસ, ક્ષય, શ્વાસ અને રક્તપિત્ત ઉપર—અરડુસીનાં પાંદડાંને બાફ આપી હાથ ઉપર ચોળી રસ કાઢવો. તેમાં સાકર નાખી મધ જેવું જાડું થાય ત્યાંસુધી પાક કરવો. પછી તેમાં બહેડાંનું ચૂર્ણ અને હળદરનું ચૂર્ણ નાખી રાખી મૂકવું તથા તે ઉપરાઉપરિ ચટાડતા જવું (૧૧) કફ ઘણો જાડો હોય તે ઉપર—ગરમ ચામાં અરડુસીનો રસ, સાકર, મધ અને બે ચણોઠીભાર સચળ એ નાખી આપવું. (૧૨) કાસ, શ્વાસ ઉપર—અરડુસીના કાઢામાં સાકર અને મધ નાખી આપવું અથવા અરડુસીના રસમાં મધ અને સિંધવ નાખી આપવું. (૧૩) કફજ્વર ઉપર—અરડુસી, નાગરમોથ, ધમાસો, સુંઠ, ભારંગમૂળ, એનો કાઢો આપવો. અરડુસીનાં અને ડોલર (રાનમોગરી)નાં પાંદડાં એનો કાઢો મધ નાખી આપવો (૧૪) વીંછીના વિષ ઉપર—કાળી અરડુસીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવાં (૧૫) શીતળાનો આજાર ન આવવામાટે—અરડુસીનો રસ અને જેઠીમધ આપવાં. એટલે શીતળાનો આજાર આવતો નથી (૧૬) ઉધરસ ઉપર—અરડુસીના રસમાં ફુલાવેલો તેલીઓ ટંકણખાર મધ સાથે આપવો. (૧૭) ક્ષયાદિક ઉપર—અરડુસીનાં પાંદડાંનો

x અરડુસીનાં પાંદડાં લાંબાં, અણીદાર, જામફળ (જમરૂખ)ના જેવાં હોય છે. એ કફજનિત અસંખ્ય દર્દોના ભક્ષક હોવાથી સંસ્કૃતમાં એને સિંહાસ્ય (વાઘનું મોઢું) કહેલ છે. વળી પૂર્વાચાર્યોએ આ ક્ષુપના ગુણોનું વર્ણન કરતાં બાર દઈ જાહેર કર્યું છે કેઃ—वासायां विद्यमानायामाशायां जीवितस्य च ॥ रक्तपित्ती क्षयी कासी किमर्थमवसीदति ॥१॥ "જીવન અવશેષ છતાં અને વાસા એટલે અરડુસી વિદ્યમાન છતાં રક્તપિત્ત, ક્ષય અને ખાંસીના રોગવાળા શામાટે પીડાય છે?" એની માત્રા ૬ માસા છે. આ ક્ષુપ એક માથોડાથી વધારે ભાગ્યેજ વધે છે. રાજનિઘંટમાં લખ્યું છે કે—"અરડુસીની છાલમાં કડવાશ છે અને એની છાલ તથા પાંદડાં દીપન, રોચક અને આમનાશક છે. એના એ ગુણોના કારણથી જૂની સંગ્રહણી અને કફના ઉપર અપાય છે. છાલનો ક્વાથ ૫ થી ૭ તોલાની માત્રાથી આપતાં બદહજમી દૂર થાય છે. વળી "દેશી વૈદ" આ છાલને તાવની બિમારીની નાતાકાદીમાં પૌષ્ટિક ત્રિધણી આપે છે અને સ્ત્રીઓને પ્રસવ થવા બાદ આ વૃક્ષની છાલ તથા પાંદડાંનો ક્વાથ કરીને પીવાની તારીફ કરે છે."

કાઢો, મધ અને ખડીસાકર નાખી આપવો; એટલે ક્ષય, રક્તપિત્ત, કાસ, કફ અને પિત્તજન્ય જ્વર દૂર થાય છે. (૧૮) ત્રિદોષ ઉપર—અરડુસીનાં પાકેલાં પાંદડાંને બાફી, તેનો રસ કાઢી, તે અને આદુનો રસ એકત્ર કરી તેમાં થોડો તુળસીનો રસ નાખી, મધ અને જેઠીમધ ઘસી આપવો. (૧૯) રક્તપિત્ત ઉપર—અરડુસીનાં પાંદડાંનો રસ કાઢી પાવો. (૨૦) મુખરોગ ઉપર—અરડુસીના રસમાં મધ મેળવી તેમાં ઉપરશાલનાં મૂળ ઉકાળી લેપ કરવો (૨૧) કફજ્વર અને ઉધરસ ઉપર—અરડુસી, ગળો અને ભોરીંગણી એનો કાઢો મધ નાખી આપવો. (૨૨) રક્તપિત, જ્વર, શ્વાસ અને કાસ ઉપર—અરડુસી, દ્રાક્ષ અને હરડે એનો કાઢો મધ અને સાકર નાખી આપવો. (૨૩) મૂત્રાઘાત ઉપર—અરડુસીનો કાઢો આપવો. (૨૪) દુધર સૂજ, શ્વાસ, કાસ, જ્વર અને ઉલટી ઉપર—અરડુસી, ગળો, ઉભી ભોરીંગણી, એનો કાઢો મધ નાખી પાવો.

૨૬ **અરડુસો**×—સં. કૈડર્ય. મ૦ મહારૂખ, કવટ્યા નિંબ, ફલિત મહાનિંબ, ધાઘેરા નિંબ હિં૦ કૃષ્ણ નિંબ, વરસંગ, મહારૂખ. બં૦ મહાનિંબવિશેષ, ઘોડાશુંઠી. ક૦ ક્યાહેવેઉ. ફા૦ સંજદકર ખી કુનાર. લા૦ મરેયા કિનિજી આઈ.

આ વૃક્ષ મોટું વધે છે. એનાં ઝાડ સંહ્યાદ્રિ પર્વત ઉપર ઘણાં થાય છે. કડવા લીંમડાનાં પાંદડાં કરતાં એનાં પાંદડાં મોટાં હોય છે. એની સળી હાથ દોઢ હાથ લાંબી હોય છે. એની છાલની વાસ તજના જેવી આવે છે. એ છાલ તજના કરતાં જાડી હોય છે અને કેટલાક ગરીબ લોક તજને બદલે તેનો ઉપયોગ કરે છે. એના અંગમાં ઉષ્ણવાત હરણ કરવાની શક્તિ છે. એનું લાકડું હલકું છે. એ ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એના લાકડાનાં ઢોલકાં, મૃદંગ વગેરે બને છે. **ઉપયોગ—(૧) પ્રસૂતિવાત ઉપર**—(સુવારોગ ઉપર)—અરડુસાની છાલના રસમાં તેટલોજ નાળિયેરનો અંગરસ અને થોડો ગોળ નાખી પાવો. પછી ત્રણ દિવસપર્યંત અરડુસાની છાલ, લીંડીપીપર, પીપળીમૂળ, સુંઠ અને મરી, એનો કાઢો મધ નાખી પાવો. **(૨) નળબંધ વાયુ ઉપર**:—અરડુસાની છાલનો રસ ગાયના દૂધમાં ઉકાળી તથા સુંઠની ભૂકી નાખી પાવો. **(૩) આમાતિસાર, સંગ્રહણી, વિષમજ્વર અને કફ ઉપર**:—અરડુસાની છાલનો કાઢો કરી પાવો. **(૪) વાળા ઉપર**:—અરડુસાનાં પાંદડાં વાટી તેનો પાટો બાંધવો. **(૫) પટકી (કૉલેરા)નો ઉપદ્રવ ન થવા માટે**:—અરડુસાની છાલ બારીક ન કરતાં પાણીમાં નાખી તે પાણી પીવું. **(૬) વાયુ ઉપર**:—અરડુસાના પાલાનો રસ કાઢી તે ઘીમાં પાવો. **(૭) મુસળરોગ ઉપર**:—અરડુસાનાં પાંદડાં પાણી નાખી વાટવાં ને તેનો રસ કાઢી પાવો. **(૮) વિષ ઉપર**:—અરડુસાનાં પાંદડાનો રસ કાઢી તેમાં આમલી ચોળી પાવો. **(૯) મુખપાક ઉપર**:—અરડુસાનાં પાંદડાંનો રસ ઘીમાં પાવો. **(૧૦) ધનુર્વાત ઉપર**:—અરડુસાનાં પાંદડાંનો બાફ આપવો, એટલે ધનુર્વાત ત્વરિત દૂર થાય છે.

૨૭ **અરણી**:—સં૦ અગ્નિમંથ. મ૦ ટાકળી, નરવેલ. હિં૦ અરની, અગેથુ. ગણીઆરી. ક૦ નરૂબલ. તૈ૦ નેલાચેટ્ટુ. બં૦ ગણીર, આગગન્ત. લ૦ ક્લેરોડેન્ડ્રમ ફ્લોમોઇડિસ. વ૦ ટાકળી.

અરણીને અરણ પણ કહે છે. અરણીમાં નાની ને મોટી એવી બે જાતિ છે તથા ધોળી અને કાળી એવી પણ બે જાતિ છે. નાની જાતિનાં ઝાડ માથોડું દોઢ માથોડું ઉંચાં વધે છે. મોટી

× અહીં શ્રી. પદેજી પોતાના બૃહન્નિઘંટમાં દેશાંતરીય નામ ઉપરોક્ત આપે છે; પરંતુ શાલિગ્રામ નિઘંટમાં આ સઘળાં નામો હિં૦ મીઠાનીમ, મ૦ કઢયાનીંબ અને ગુજરાતીમાં મીઠો લીંબડો (બકાણ સિવાય) એ નામો આપ્યાં છે. અરડુસાને તો અરલુ (ટેટુ) ના બીજા પ્રકારનું વૃક્ષ માન્યું છે. તેમજ શ્રી. દત્તરામ ચોબાજીએ પણ એનેજ મળતો ઉલ્લેખ કર્યો છે. વળી વનસ્પતિશાસ્ત્રના કર્તા જયકૃષ્ણ ઈંદ્રજી કહે છે કે, અરલુ અને અરડુસો (મહારૂખ) અરમઠ કે ટેટુ (टुंटुक) (આરે.સિલ ઈન્ડીકમ્. એ બન્ને જુદાં વૃક્ષ છે. ત્યાં શંકા થાય છે કે, વૈદ્યરાજ રઘુનાથજીના નિઘંટસંગ્રહમાં અરલુ, અરડુસો, ટેટુ અને મહારૂખ એ બધાં એકજ વૃક્ષનાં પર્યાય નામો લેવામાં આવે છે અને ઓરોસિલ ઈન્ડીકમ્ એ તેનું બોટેનીકલ નામ ગણે છે. આથી આ મહારૂખ અને અરલુ ઓળખવામાં મોટો સંદેહ થાય છે. મારૂં મંતવ્ય તો અરલુ અને મરમઠ એ બંને સજાતીય ઈતર જાત હોવા જોઈએ અને ફક્ત અરડુસો તે આ મહારૂખજ ત્રીજું વૃક્ષ છે. રાજનિઘંટકાર પણ એજ મુજબ ત્રણ વૃક્ષ જુદાં ગણે છે. જુઓ કલકત્તાના રાજનિઘંટમાં પૃષ્ઠ ૧૭૨–૧૭૪. આની શંકાનું સમાધાન કરતાં એક સજ્જન કહે છે કે:—અરડુસો અને અરલુ બંને જાતનાં વૃક્ષ વરાડમાં થાય છે અને એ બન્ને જાત જુદી છે.

જાતિનાં ઝાડ ઘણાંજ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર હોઈ તે નરવેલા(નાની અરણી)નાં પાંદડાં કરતાં નાનાં હોય છે. અરણીને ફૂલોની બહાર આવે છે. તે સમયે એ ફૂલો ઉપર થઇને આવેલી વાયુની લહેર સુગંધીદાર હોઈ મનને આહ્લાદ આપે છે. ગામડાંઓમાં ખેતરની વાડ વગેરે ઠેકાણે આ ઝાડ ઘણાં થાય છે. કાળી અરણીનાં મૂળોનું તેલ કાઢે છે. દશ મૂળોમાં એનાં મૂળ આવે છે. **મોટી અરણી**—તીખી, ઉષ્ણ, મધુર, કડવી, તૂરી અને અગ્નિદીપક છે. વાયુ, સળેખમ, કફ, સોજા, અર્શ, આમવાત, મલાવરોધ, અગ્નિમાંદ્ય, પાંડુરોગ, વિષદોષ, આમ તથા મેદોરોગનો નાશ કરે છે. **લઘુ અરણીનાં** મૂળ મોટી અરણીના જેવાંજ ગુણવાળાં છે; પરંતુ વિશેષ કરી લેપ, પાટો બાંધવો, એ વિષે હિતકર અને સોજાનો નાશ કરે છે.× **ઉપયોગ—(૧) સોજા ઉપર:**—અરણીના પાલાનો પાટો બાંધવો. (૨) **શીતજ્વર ઉપર:**—અરણીનાં મૂળ મસ્તકે બાંધવાં. (૩) **વાઘ કરડયો હોય તો:**—અરણીનો પાલો મીઠું નાખી વાટી બાંધવો. (૪) **અંડ ઉતર્યા હોય તો:**—અરણીનો પાલો વાટી ગરમ કરી પાટો બાંધવો અને તાંબાની સળીવડે પગની અનામિકા આંગળીના નખ ઉપર ડામ દેવો. (૫) **જીર્ણજ્વર ઉપર:**—ધોળી અરણીનાં મૂળ વિધિયુક્ત ચોટલીએ બાંધવાં. (૬) **ત્રિદોષ-ગુલ્મ ઉપર:**—નાની અથવા મોટી અરણીનાં મૂળનો કાઢો કરી ગરમ હોય તેમાંજ ગોળ નાખી પાવો. (૭) **વસામેહ ઉપર:**—અરણીનાં મૂળનો કાઢો પાવો. (૮) **શીતપિત્ત ઉપર:**—અરણીનાં મૂળનું ચૂર્ણ ઘીમાં નાખી ખાવા માટે આપવું. (૯) **પક્ષઘાત, સંધિવાયુ અને સોજા ઉપર:**—કાળી અરણીનાં મૂળોનું તેલ કાઢી, તે તેલ દરરોજ લેપ કરતા જવું અને શેકતા જવું.

૨૮ **અરલુ**—સં૦ શ્યોનાક. મ૦ ટીંડા, ટેંટુ. કો૦ ટેંટવે, જગદળા, ફળફળા. હિં૦ સોનાપાઠા, અરલુ-ટેંટું. બં૦ સોના. ક૦ શો ડીલમર, તિગડુમર, હેગ્ગુગડટીમર. તે૦ પેદ્દામાનુ. લા૦ કેલેસાન્થેસ ઈંડીકા.

અરલુનાં ઝાડ ઘણાં મોટાં થતાં નથી. એનાં પાંદડાં કાંઈક મરીનાં પાંદડાં જેવાં હોય છે અને ડાળાં પપઇના ઝાડ જેવાં પોચાં હોય છે. એને શીંગો આવે છે. તે ચાર આંગળ પહોળી અને બે હાથ લાંબી હોય છે. એમાં શુમારે બસોઅઢીસો બિયાં હોય છે ને તે કપાસના જેવાં હોય છે. જ્યારે એની શીંગો કુમળી હોય છે, ત્યારે તેનું શાક અને અથાણું કરે છે. એ શીંગોનો આકાર આબેહૂબ તલવાર જેવો હોય છે. અરલુનાં મૂળોની અંતરછાલ લીલા રંગની હોય છે. દશ મૂળોમાં અરલુનાં મૂળ આવે છે. એને "ટેંટવે" એમ પણ કોઇ કહે છે. **અરલુ** તૂરૂં, તીખું, કડવું, અગ્નિદીપક, ગ્રાહક, શીતળ, વૃષ્ય, બલપ્રદ અને વાત, પિત્ત, સન્નિપાત, જ્વર, કફ, ત્રિદોષ, અરુચિ, આમવાત, કૃમિ, હિલટી, ઉધરસ, અતિસાર, તૃષા, કોઢ, એનો નાશ કરે છે. પુટપાક કૃતિએ એનો રસ કાઢી ભક્ષણ કરવાથી ઘણા દિવસનો અતિસાર હોય તોપણ તેનો નાશ થાય છે. એનાં **કુમળાં ફળ**—તૂરાં, મધુર, લઘુ, હૃદ્ય, રુચ્ય, પાચક, કંઠને હિતાવહ, અગ્નિદીપક, ઉષ્ણ, તીખાં અને ખારાં છે. એ ગુલ્મ, વાયુ, કફ, અર્શ, અરુચિ અને કૃમિ, એઓનો નાશ કરે છે. એનાં **જૂનાં ફળ**—ગુરુ અને વાયુને કોપાવનારાં છે. ઉપયોગ-(૧) **કર્ણશૂળ ઉપર:**—અરલુનાં મૂળ લાવી બારીક વાટી તેનાથી ચોગણું તલનું તેલ લઇ અને તેમાં તલના તેલ જેટલું પાણી નાખી ચૂલા ઉપર મૂકી, થોડો થોડો દેવતા સળગાવી પાક કરી શુદ્ધ તેલ રહે એટલે તે તેલ લઈ કાનમાં પાડવું; એટલે ત્રિદોષથી ઉપજેલ કર્ણશૂળ દૂર થાય છે. (૨) **સર્વાતિસાર ઉપર:**—અરલુની છાલનો અંગરસ પાવો; અથવા છાલનો પુટપાક રીતે રસ કાઢી તેમાં મધ અને મોચરસનું ચૂર્ણ નાખી તે રસ પાવો. (૩) **આગંતુક વ્રણ ઉપર અને વ્રણ થઇ રક્તાસ્રાવ થતો હોય તો:**—અરલુની છાલ અથવા પાંદડાં વાટી બાંધવાં એટલે જખમ જલદી રૂઝાઇ જાય છે. તેમજ અરલુના રસમાં તેલ સિદ્ધ કરી તે ચોપડવું. (૪) **રક્તાતિસાર ઉપર:**—અરલુનાં પાંદડાં, છાલ અને મૂળ, એનો રસ પાવો. (૫) **પ્રમેહ ઉપર:**—અરલુની છાલ વાટીને પાવી. (૬) **બરોળ ઉપર:**—અરલુની શીંગોમાંનાં બિયાંનું ચૂર્ણ અને પાપડીઓ ખાર (સંચોરો), એની ગોળમાં ગોળી કરી આપવી. (૭) **સર્વ પ્રકારની ગરમી ઉપર**

× **નાની અરણીનું વર્ણન આ ગ્રંથમાં આગળ આપેલું છે ત્યાં જોવું. ખેડેલા ખેતરમાં ઉગેલી અરણી વધારે ફળ દ્રૂપ મનાય છે તેમ તેમાંથી અંગરસ પણ થોડી મહેનતે બહોળે નીકળે છે. એનું ફૂલ સફેદ પાંચ પાંખડીના બહારના આચ્છાદનથી ઢંકાએલું હોઈ તેમાં પાંચ પુરુષ અને એક સ્ત્રીકેસર હોય છે.**

ત્વરિત ગુણ આવવા માટે:—અરલુના ઝાડની અગર મૂળની છાલ લાવી બારીક કરી સૂકવવી. પછી તેમાંથી અર્ધો તોલો અથવા વધારે છાલ લઈ તે ચારપાંચ તોલા પાણીમાં પલાળી રાખવી. ચાર ઘડી ગયા પછી આ છાલ બારીક વાટી પહેલાંનાજ પાણીમાં મેળવી તે પાણી વસ્ત્રગાળ કરી સાકર નાખી પાવું. એ પ્રમાણે સાયંકાળે પણ આપવું. દિવસ ૭. પથ્ય—ઘઉં, ઘી, સાકર, રોટલી, દાળ, વગેરે અલૂણુ (મોળું) ખાવું. ભાત ખાવો નહિ. સાત દિવસપર્યંત સ્નાન કરવું નહિ. આઠમે દિવસે કડવા લીમડાના પાણીવડે સ્નાન કરી પથ્ય છોડવું. (૮) **ગરમીના યોગે આખા અંગ ઉપર ચાંદીઓ પડી હોય તે ઉપર:**—અરલુની છાલ લીલી અગર સુકાયલી ઘસી ચોપડવી, એટલે ચાંદીઓ સારી થાય છે. (૯) **ખરજવા ઉપર:**—અરલુની છાલ દહીંમાં વાટી ચોપડવી. (૧૦) **બરોળ ઉપર:**—અરલુની છાલ ગોમૂત્રમાં વાટી પાવી અથવા છાલનું ચૂર્ણ ગોમૂત્રમાં આપવું. (૧૧) **મૂળ વ્યાધિ ઉપર:**—અરલુની છાલ, ચિત્રાનાં મૂળ, ઈંદ્રજવ, કરંજની છાલ, સિંધવ અને સુંઠ, એનું ચૂર્ણ કઢીમાં નાખી સાત દિવસ પાવું. એટલે મૂળથી મસા ગરી પડે છે. (૧૨) **મુખપાક ઉપર**—અરલુનાં છાલનો કાઢો કરી તેના કોગળા કરવા.

૨૯ અરંસ—આ વનસ્પતિ બંગાળી લોકોને વધારે જાણીતી છે. બીજે પણ થાય છે, એમ અમને મળેલાં કેટલીક માહિતી ઉપરથી અનુમાન થાય છે; પરંતુ તે અપ્રસિદ્ધ હોવાથી તેનાં નોખા નોખા દેશનાં નામો, અનુભવ, ગુણદોષ અને ઔષધિપ્રયોગ વગેરે વિષે વિશ્વાસકારક માહિતી મળતી નથી. અરસ આ એક ક્ષુપ જેવું છે. એને ડાળીઓ હોતી નથી. એને પાંદડાં એકાંતરે આવે છે. એની લંબાઇ પહોળાઇ કરતાં વધારે હોય છે. તેના બહારના છેડા ઉપર અણી નીકળેલી હોય છે. એની કિનારી સરખી હોય છે. દીંટડું મધ્યમ લંબાઇનું હોય છે. પાંદડાંનાં દીંટડાંના મૂળથી ઉગી નીકળેલા લાંબા પુષ્પદંડ ઉપર ધોળા રંગનાં પાંચ અથવા છ પાંખડીનાં નાનાં ફૂલો આવે છે. ફળ નાનાં બોર જેવડાં હોય છે.

આના ગુણદોષ અને ઔષધિઉપયોગ સંબંધી ખાત્રીલાયક માહિતી ફક્ત એટલીજ મળે છે કે, આનાં પાંદડાંના રસનો ઉપયોગ ગ્રંથિક શોથ (ગાંઠસંબંધી સોજો) અને સંધિવાયુ ઉપર સારો થાય છે. એ ઉપરથી એમાં વાયુનાશક ધર્મ (ગુણ) છે, એ તર્ક કરી શકાય છે.

૩૦ અરિઠા—સં૦ અરિષ્ટ. મ૦ વ૦ કા૦ હિં૦ રિઠા. કો૦ રીંગી. ક૦ અંટાલ, અરીઠાલ. તૈં૦ કુંકુડુ, કુકુડુ. તા૦ પુવંડી. તુ૦ નુરેકેઇ દમારા. મલા૦ ચાબા કાઇમાર. ગો૦ રિટચારૂકુ. ફા૦ ફીંદક—હિંદી. અ૦ બુંદક. ઇં૦ સોપબેરી, સોપનટ ટ્રી. લા૦ સેપિન્ડસ ઇમાર્જીનેટસ, સેપિંડસ ટ્રિઓલીએટસ.

ભરતખંડવાસી આર્ય જનોના ઉદરનિર્વાહ તથા શરીરરક્ષણને માટે દયાળુ ઈશ્વરે ધનધાન્ય તથા વનસ્પતિની એટલી બધી સ્વાભાવિક ઉત્પત્તિ કરી છે કે, તેઓને પરદેશીઓના હાથ સામું જોવાનો કદી પણ પ્રસંગ આવેજ નહિ. આ આપણા ઉપર તેનો કેટલો બધો ઉપકાર! પરંતુ આપણે એટલા કૃતઘ્ન, બેશરમ, નફટ, પેટભરા, વિષયાંધ તથા મદાંધ છીએ કે આપણને તે દયાળુ પરમેશ્વરનો સ્વાભાવિક ઉપકાર ઘણો તુચ્છ જણાય છે! ઇંદ્રના નંદનવનમાંહેની હવા કરતાં પણ વધારે અહ્‌લાદકારક તથા હિતકારક હવાની સોઇ હજારો ઠેકાણે આપણને દયાળુ ઈશ્વરે આપેલી છતાં તે તુચ્છ માની **સ્વીટ્ઝરલંડ** વગેરે પારકા દેશમાંનાં ઠેકાણાંનોજ આપણા રજવાડાઓને સ્વાદ લાગ્યો! સ્ફાટિક જેવું શુભ્ર સ્વચ્છ અને અમૃતસમાન મીઠું તથા ગુણકારક ઉત્તમ પાણી આપણા દેશમાં ઠેકાણે ઠેકાણે છે, છતાં તે તરફ આપણે ડોકીઉં કરીને પણ ન જોતાં **સોડાવૉટર, બ્રાંડી** વગેરે **અશુદ્ધ પેયો**જ આપણા શ્રેષ્ઠ વર્ગને પ્રિય જણાવા લાગ્યાં!! **નલ-ભીમાદિ** પાકશાસ્ત્રવેત્તાઓનો સર્વ વ્યાધિહારક પાક આપણને મીઠો ન લાગતાં, ૩૦૦૦ કોશ ઉપરથી આવેલા નિષિદ્ધ માંસાદિ પદાર્થો **નિત્ય** સેવન કરવાને **રાજકુલોત્પન્ન** કુલીનોની જીહ્‌વા ચેષ્ટાલિ પણ બની! દુર્ધર વ્યાધિહારક એવી **હજારો ઔષધિના ગુણાનુવાદ ધન્વંતરી, આત્રેય, અશ્વિનીકુમાર, પરાશર, ચરક, સુશ્રુત, વાગ્ભટ્ટ, અગ્નિવેશ** અને **વંગસેનાદિ** મહાન **ઋષિવર્યોએ** લખી રાખેલાં છતાં, એ ઔષધિને **તૃણસમાન** ગણી આપણે **પરદેશીઓનું** કાચપાત્રમાંનું અપવિત્ર તથા **અહિતકારક** પાણીજ જાહ્નવીતોય જેવું માન્યું! ત્યારે ધન્ય છે આપણા શાણપણાને, ન્યાય નીતિને, દૂરદર્શિતાને તથા અક્કલને!

આવાં વિપરીતાચરણોવડે આપણે હીન, દીન, દુર્બલ, અશક્ત, કંગાલ તથા અન્ય માટે મોહતાજ કાં ન થઇએ? આપણા ઘરબારમાં તથા વનવગડામાં શું છે? એ ન જોતાં આપણે વિષયમાંજ નિમગ્ન થઇએ ત્યારે તેનું પરિણામ વિપરીતજ આવે તેમાં શી નવાઇ!

અરિઠાનાં ઝાડ આ દેશમાં ઘણું કરી સર્વ ઠેકાણે થાય છે. આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. એનાં પાંદડાં **ઉંબરાનાં** પાંદડાં કરતાં મોટાં હોય છે. આપણને "અરિઠા" એ વૃક્ષ બહુજ થોડા ઉપયોગમાં આવતું હોય એવું દેખાશે, પરંતુ એ કેવળ ભ્રમ છે. જુઓ, દયાળુ પરમેશ્વરે આપણને એ કેટલી મોટી બક્ષીસ આપેલી છે કે, આપણને અન્ય લોકોની પેઠે સાબુ તૈયાર કરવાને કદી પણ શ્રમ પડે નહિ. અરિઠા મળે તેટલા વગડામાંથી લાવ્યા કે આપણો સાબુ થયોજ. તે પ્રમાણે શિકેકાઈ વૃક્ષનું પણ સમજવું. આ ઈશ્વરનિર્મિત સાબુ, પરદેશીઓના ચરબીમિશ્રિત નિષિદ્ધ સાબુ કરતાં સોગણો સોંઘો તથા ગુણોમાં પણ અતિશય ઉત્તમ છે; પરંતુ એવી ઈશ્વરની અમૂલ્ય બક્ષીસનો આપણે ઉપયોગ ન કરતાં તેને "કૂચ બિશાત" સમજી, ચરબીમિશ્રિત ક્ષાર મોટા પ્રેમથી આપણે મોઢે ઘસીને મોઢું ચોળતા બેસીએ છીએ; એને શું કહેવું? અરિઠાના યોગે અંગ સ્વચ્છ થતું નથી કે શું? ના, તેમ નથી. કેટલોએ ઉંચો તથા સુગંધી સાબુ હોય તોપણ આપણા અરિઠા અને શિકેકાઈ સાથે તેની કદીપણ બરોબરી થશે નહિ. ખસ, ચાંદીઓ વગેરે ચામડીના રોગ ધોવાને સાબુ કરતાં અરિઠાજ ઉત્તમ છે. આમ છતાં પણ અરિઠાનો ઉપયોગ ન કરતાં વધારે ખર્ચનો અને અપવિત્ર સાબુ આપણે નિત્ય શરીરે ચોળીએ છીએ! આ કેવું વિપરીત આચરણ છે? કેવળ અજ્ઞાનથીજ આપણે આડે માર્ગે ચાલ્યા છીએ.

અરિઠાના ફળની અંદર જે **કઠિન** અને **કાળાં બી** હોય છે, એનાં નાનાં બાળકોને નજર લાગે નહિ માટે વજરબુટ્ટા કરે છે. અરિઠાનાં બી પલાળી રાખી તેમાં છિદ્ર પાડી તેની માળાઓ કરી શોભા માટે ઘોડાના ગળામાં બાંધે છે. અરિઠાનાં પાંદડાંના રસમાં પારો ઘુંટવાથી તેની હાથમાં લેવા જેવી ગોળી થાય છે. સ્વચ્છ કરેલા વાસણ ઉપર એ પારો ચોળવાથી તે વાસણ ઉપર સારો ઝળકો (ગિલિટ) બેસે છે. દાગીના વગેરે ઉજળા કરવાના કામમાં પણ સોની લોકોને અરિઠાનો દરરોજ ખપ પડે છે. અરિઠા શરીરે ચોપડી સ્નાન કરવાથી અંગ ઉપરનો મેલ નીકળી જઇ અંગ અને કેશ નિર્મળ થાય છે, મેલાં કપડાં પણ અરિઠાના પાણીમાં ધોવાથી સ્વચ્છ થાય છે. સાબુ જેવા અશુદ્ધ અને મોંઘા પદાર્થનો આ કામમાં ઉપયોગ ન કરતાં સ્વદેશમાં ઉત્પન્ન થનારા અરિઠાનોજ ઉપયોગ કરવો; એટલે સ્વકીય વસ્તુ ઉપરનું આપણું અભિમાન કાયમ રહી એકંદર બધાઓનું હિતજ થશે. **અરિઠો**—તીખો, પાકકાળે તીક્ષ્ણ, ઉષ્ણ, લેખન, ગર્ભપાતકારક, લઘુ, સ્નિગ્ધ: અને ત્રિદોષ, શ્રહપીડા, દાહ, શૂળ એઓનો નાશ કરે છે. **ઉપયોગ** (૧) અરિઠા એ મોટો **વિષનાશક** પદાર્થ છે. સર્પદંશ થાય તો અરિઠાનું પાણી કરી તેનું આંખોમાં અંજન કરવું એટલે વિષ ઉતરે છે. વિષનું જોર ઘણુંજ વધારે હોય તો અરિઠાનું પાણી કરી તે પાવું, એટલે ઉલટી થઈ વિષ ત્વરિત ઉતરે છે. **અફીણ, વછનાગ, સોમલ, મોરથુથુ, હરતાલ** ઈત્યાદિ કોઇ પણ વિષ પેટમાં ગયું હોય તો અરિઠાનું પાણી કરી પાવું, એટલે વમન થઇ સર્વ પ્રકારનાં વિષ ઉતરે છે. અંજન કર્યા પછી અરીઠાનાં પાંદડાના રસને પણ સર્વાંગે ચોળવો. અરિઠાના અંજનથી વિષ ઉતર્યા પછી આંખોમાં આગ (બળતરા) થાય છે અને આંખો લાલ થાય છે. તે નાશ થવાને તુરતજ આંખોમાં માખણ કિંવા તાજું ઘી બે ત્રણ દિવસ આંજવું એટલે આંખો સારી થાય છે. કોઇ પણ રોગ ઉપર અરિઠાનું અંજન કર્યાથી રોગ ઉતર્યા પછી તુરતજ આંખોમાં ઘી ચોપડવું એટલે બળતરા થશે નહિ. **(૨) વિંછીના વિષ ઉપર:**—એક અરિઠાના ફોતરાની ગોળમાં ત્રણ ગોળીઓ કરી, પ્રથમ એક ગોળી ખાઈ ઉપર થોડું ઠંડું પાણી પીવું. પછી થોડી વાર બાદ બીજી ગોળી ખાઇ થોડું ગરમ પાણી પીવું. તે પછી ત્રીજી ગોળી ખાઈ ઠંડુ પાણી પીવું; એટલે વિષ ઉતરે છે. તંબાકુ પીવાની ટેવ હોય તો તેણે તંબાકુની પેઠે અરિઠો ચલમમાં નાખી ધૂમ્રપાન કરવું, એટલે તેથી પણ વિંછીનું વિષ તત્કાળ ઉતરે છે. **(૩) કફ જાડો થઈ છાતી ઘેરાઈ જાય તો:**—અરિઠાની છાલ ખાવી એટલે કફ પાતળો થઇ પડશે. **(૪) નળવાયુ ઉપર:**—અરિઠાનું પાણી કરી તે પાવું

અને ફીણ પેટે ચોળવું. **(૫) મસ્તકરોગ ઉપર:**—અરિઠાનાં પાંદડાંના રસમાં મરી ઘસી તે રસ નાકમાં પાડવો; એટલે મસ્તકશૂળ, આધાશીશી વગેરે મસ્તકરોગનો નાશ થાય છે. **(૬) પ્રસૂત સ્ત્રીઓને એકાએક મસ્તકમાં વાયુ થઇ મસ્તક જડ થાય છે અને ફરે છે, આંખોએ અંધારાં આવે છે, દાંત ચોંટી જાય છે વગેરે લક્ષણો થાય છે, એ વાયુને નંદવાયુ (અનંતવાત) કહે છે; એ ઉપર:**—અરિઠાના ફીણનું અંજન કરવું એટલે વાયુના ઝાટકા બંધ થાય છે. પછી આંખોમાં માખણ અગર ઘી બે ત્રણ દિવસ ચોપડવું. **(૭) ઉષ્ણતાને લીધે શરીર ઉપર લાલ અને પસરનારાં દરાજ જેવાં ચાઠાં થાય છે તે ઉપર:**—અરિઠાનું ફીણ ચાંદાં ઉપર દિવસમાં બે ત્રણ વાર ચોપડી એકાદ કલાક સુધી રહેવા દેવું, અને સહન કરવું. પછી ગરમ પાણીવડે તે જગા ધોઈ નાખવી એટલે તે ચાંદાં સારાં થાય છે. **(૮) તાપમાં ફરી આવ્યાથી પગે બળતરા થતી હોય તો:**—અરિઠાનું ફીણ ચોપડવું. **(૯) વાળા ઉપર:**—અરિઠાની અંદરનું મગજ અને હિંગ ગરમ કરી બાંધવી. **(૧૦) અપસ્માર ઉપર:**—અરિઠા લિંબુના રસમાં ઘસી તેનું નસ્ય દેવું. **(૧૧) કૉલેરા+ તથા પેસાબમાં જલન થઈ રૂકાવટ થતી હોય તે ઉપર:**—અરિઠા ચોળી તેનું ફીણ નીકળે તે પેટે અને પગે ચોળવું અને પીવું. **(૧૨) રક્તગુલ્મ ઉપર:**—અરિઠાના પાણીમાં કડવી વૃંદાવનીનાં મૂળ ઘસી પાવાં, એટલે રક્તગુલ્મ(પેટમાં થનાર ગોળા)નો નાશ થાય છે. **(૧૩) ધનુર્વાત જેવો ઢોરોને મુરડી કિંવા ધનકી રોગ થાય છે તે ઉપર:**—અરિઠાનું ફીણ કાઢી બંને આંખોમાં અંજન કરવું. ગુણ આવ્યા પછી ત્રણ દિવસ નિત્ય આંખોમાં માખણ ચોપડતા જવું. **(૧૪) ઢોરને સર્પદંશ થાય તો:**—અરિઠાના ફીણનું અંજન કરવું અને અરિઠાનું પાણી એક શેર સુધી પાવું. **(૧૫) દૂઝતા હરસ ઉપર:**—અરિઠાનાં ફોતરાં, કોયલા તથા સફેદ કાથો સમભાગ મેળવી ચૂર્ણ કરી એક રતી લઇ બે તોલા માખણ અથવા દૂધની મલાઇ સાથે ખાવા આપવું. ૭ દિવસમાં લોહી પડતું બંધ થઇ જાય છે. મીઠું, ખટાઈ, રાતાં મરચાં, ગોળ અને તેલ ૭ દિવસ નહિ ખાવાં. આ ઔષધિ ત્રણ વખત છઠ્ઠે છઠ્ઠે મહિને ખાવાથી મસા પણ મરી જાય છે. **(૧૬) મૃગીના રોગમાં આવેલા મૂર્ચ્છા દૂર કરવા માટે:**—અરીઠાનું પાણી કરી ફીણ આવે તેનું અંજન કરવું. એટલે તુરત મૂર્ચ્છા દૂર થાય છે. મૃગી આવવાના પહેલાં પણ અંજન કરે તો મૃગી આવતી રોકાઇ જાય છે. અરિઠાનું ફીણ આંજ્યા પછી બળતરા થાય તો થોડો વખત ઘી આંજવું એટલે બળતરા શાંત થઈ જશે.

૩૨ **અષ્ટવર્ગ—જીવક અને ઋષભક**—એ હિમાલયનાં શિખરોપર થાય છે. એ બે કંદ લસણના કંદ જેવા હોય છે. એનાં પાંદડાં બારીક હોય છે. જીવકનો આકાર કુચા જેવો અને ઋષભકનો આકાર બળદના શિંગડા જેવો હોય છે. એ બંને કંદ બલવર્ધક, ઠંડા, વીર્ય અને કફની વૃદ્ધિ કરનાર, મધુર; તથા પિત્ત, દાહ, રક્તદોષ, કૃશતા, ક્ષય, એઓનો નાશ કરે છે. **મેદા અને મહામેદા** એ બંને કંદ મોરંગ વગેરે સ્થળોમાં ઉત્પન્ન થાય છે. જે કંદ નખથી કાપી શકાય છે અને જેમાંથી મેદ ધાતુના જેવો રસ નીકળે છે તે મેદા; અને તેજ પ્રમાણે જે સફેદ કંદ હોઈ આદા જેવો હોય છે તે મહામેદા. તે પહેલાં સફેદ રંગનો હોય છે. એ બંનેના વેલા હોય છે. **મેદા અને મહામેદા**—એ ગુરુ, મધુર, વીર્યવર્ધક, સ્તન્ય (સ્તનમાં દૂધ વધારનાર), કફવર્ધક, શરીરમાં તત્ત્વની વૃદ્ધિ કરનાર, શીતળ અને પિત્ત, રક્તદોષ, વાતજ્વર વગેરેનો નાશ કરનાર છે. **કાકોલી અને ક્ષીરકાકોલી:**—જે ઠેકાણે મેદા અને મહામેદા થાય છે તેજ ઠેકાણે કાકોલી અને ક્ષીરકાકોલીની ઉત્પત્તિ થાય છે. કાકોલી અને ક્ષીરકાકોલીના કંદ આસકંદના (આસન) કંદ પ્રમાણે હોય છે. તેમાંથી દૂધ ઝરે છે અને તેનો

+ અહીં ભાષાન્તરકારે મ૦ મોડશીનો અર્થ મૂર્ચ્છા લખ્યો હતો તથા જલનને બદલે મૂળનો તિડક શબ્દ લખ્યો હતો. તે આ સાતમી આવૃત્તિ વખતે ઉપર મુજબ સુધારો કીધો છે. બીજી પણ કેટલીક જગાએ "મોડશીનો" અર્થ ભાષાન્તરકારે મૂર્ચ્છા કર્યો છે અને કેટલીક જગાએ એનું એ નામ પણ અપાયું જણાય છે; પરંતુ મૂર્ચ્છાનો રોગ એનાથી જુદો છે. મોડશીનો ખરો અર્થ ગુ૦ કોગળિયું, મરકી, મહામારી, નાખ્યું અને અંગ્રેજીમાં કૉલેરા થાય છે. તેમજ તિડકનો અર્થ હાથપગ અને કલેજામાં થતી ચટકા જેવી વેદના (તણુખા નાખવા) થાય છે. સામાન્ય રીતે દરદ થાય છે એમ પણ કહેવાય છે.

વાસ આવે છે. કાકોલીનો વર્ણ કિંચિત્ કાળો હોય છે અને ક્ષીરકાકોલીનો ધોળો હોય છે. બન્ને કાકોલીઓ શીત, વીર્યવર્ધક, મધુર, ગુરુ, શરીરમાં ધાતુની વૃદ્ધિ કરનાર; અને વાયુ, દાહ, રક્તપિત્ત, શોષ, જ્વર, એનો નાશ કરનાર છે. **વૃદ્ધિ અને ઋદ્ધિઃ**—વૃદ્ધિ અને ઋદ્ધિ એ બને કંદ કોરોમાંડળ દેશમાં ઉત્પન્ન થાય છે. એના વેલા હોય છે. આ કંદને છિદ્ર હોઈ એના ઉપર ધોળા કેશ હોય છે. ઋદ્ધિનો કંદ ગાંઠ જેવો હોઇ, એનાં ફળ વામાવર્ત હોય છે; અને વૃદ્ધિનાં ફળ દક્ષિણાવર્ત હોય છે. ઋદ્ધિ એ બલવર્ધક, ત્રિદોષઘ્ન, વીર્યવર્ધક, મધુર, ગુરુ, પ્રાણરક્ષક, ઐશ્વર્યકારક અને રક્તપિત્તનો નાશ કરે છે. વૃદ્ધિ એ ગર્ભપ્રદ, શીત, પુષ્ટિદાયક, મધુર, વીર્યવર્ધક અને રક્તપિત્ત, ક્ષત (વ્રણ), કાસ, ક્ષય, એઓનું નાશક છે. આ અષ્ટવર્ગ--પ્રતિનિધિ, રાજાને પણ દુર્લભ છે, એટલે વૈદોએ તત્સમાન ઔષધ આપવું. મેદા અને મહામેદા એ ન મળે તો શતાવરી આપવી. જીવક અને ઋષભક ન મળે તો ભુય(ભુરં)કોળું આપવું. કાકોલી અને ક્ષીરકાકોલી, એ ન મળે તો આસ્કંદ આપવી. વૃદ્ધિ અને ઋદ્ધિ એના અભાવે ડુકરકંદ આપવો.

૩૨ **અસાણા (આસન)**--સં૦ હિં૦ આસન. કો૦ પાલે હસાણી. ક૦ હિરિયહોન્નેયમરનું. મ૦ અસાણા, થેર બિબલા.

એ ઝાડ મોટાં વધે છે. એનાં લાકડાં ઇમારતના કામમાં ઉપયોગી છે. અસાણાનાં પાંદડાં મોટાં હોઇ લાંબાં હોય છે. એ ઝાડ ઉપર બારીક ફળો આવે છે. કાચાં ફળોનો રંગ લીલો હોય છે. પછી પીળો થતો જઇ પાકયા પછી કાળો થાય છે. એ ફળો સ્વાદમાં કડવાં હોય છે. અસાણાની અંતર્છાલ લાલ રંગની હોય છે. **અસાણા**—એ ભેદનીય હોવાથી મૂત્ર-સંગ્રહણી (બહુમૂત્ર) અને કુષ્ઠનો નાશ કરે છે. (૧) **અતિસાર અને સંગ્રહણી ઉપરઃ**—અસાણાની છાલનું ચૂર્ણ સાકરમાં આપવું અથવા પાણીમાં છાલ વાટી પાવી.

૩૩ અસાળીઓ—સં૦ આહલિવ. મ૦ અહાળીવ. હિં૦ હાલો. ફા૦ હાલમ તુખ્મતરાતેજક. અ૦ હબુરરશાદ, હાકમ, બજરૂલ જીરજર. ઇં૦ કૉમનક્રેસ. લા૦ લેપીડીઅમ, સેટીવ્યૂમ્.

અસાળીઆનાં ઝાડ ખાનદેશમાં નદીના અથવા ઝરાના કિનારાપર વાવે છે. એ ઝાડ નાનાં થાય છે. અસાળીઆનો રંગ રાતો હોય છે. તે બારીક અને ચપટાં હોય છે. તે ઉષ્ણ, કડવાં અને પુષ્ટિદાયક છે. ત્વચાના દોષ, વાયુ અને ગુલ્મ, એનો નાશ કરનાર છે. **(૧) અસાળીઆની ખીર**—પ્રથમ દૂધ ઉકાળી તેમાં અસાળીઓ નાખવો અને તે ખીર જેવું થાય એટલે તેમાં ગોળ અથવા સાકર નાખવી, એટલે એ તૈયાર થાય છે. એ ખીર વાયુનો નાશ કરે છે અને કમરને જોરાવર અને ધાતુપુષ્ટ કરે છે. આ ખીર સુવાવડીને બે માસ પછી વધારે દૂધ આવવાને આપે છે. **(૨) વાયુના યોગથી જુલાબ થવા લાગે તોઃ**—અસાળીઆનું ચૂર્ણ ખાંડમાં આપવું એટલે બંધ થાય છે. **(૩) અસાળીઆનો લેપઃ**—ચામડીનો દોષ અથવા લોહી બંધ થયું હોય તો કિંવા વાયુએ કરી સાંધામાં કળતર થતી હોય તો અસાળીઓ પાણીમાં મેળવી લેપ કરવો એટલે તે ચોંટી જઇ સારૂં થાય છે. **(૪) કટીશૂળ અને ગૃધ્રસી વાયુ ઉપરઃ**—અસાળીઆની ખીર આપવી.× **(૫) હેડકી ઉપરઃ**—અસાળીઓ વાટી પાણીમાં પલાળી નાખી ગાળીને આપવો. **(૬) ધાતુપુષ્ટિને માટે અસાળીઆના લાડુઃ**—નવું નાળીએર લઈ તેના કોપરાને ઝીણું કરી તેમાં કોપરાના પ્રમાણથી ગોળ અને અસાળીઓ નાખી, ગોળ મળી જાય ત્યાંસુધી તેનો પાક કરી, પછી ઠંડુ થયા બાદ તેના લાડુ વાળી ખાવા. **બીજો પ્રકારઃ**—૧૦ તોલા અસાળીઓ લઈ ઘીમાં શેકવો. પછી ઘઉંનો રવો પાકો શેર એક તથા અડદનો લોટ પાકો ૦। શેર લઇ ઘીમાં શેકવો. પછી ઘી પાકો શેર એક લઈ, ઘી અને સાકરનો પાક કરી, તેમાં તે લોટ અને બેદાણા બદામ, ચારોળી, પીસ્તાં, એલચી, જાયફળ, જાવંત્રી, પીપળીમૂળ, એ નાખી ચોસલાં પાડવાં અથવા લાડુ કરવા. ચોસલાં પાડવા માટે અસાળીઓ નીચે નાખી પછી તે ઉપર પાક રેડી પાડવાં. આ પાક ઠંડી ઋતુમાં ખાવો. એ સારો પૌષ્ટિક છે.

૩૪ અળઈઃ—એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં પુષ્કળ થાય છે. કોકણમાં પણ ઘણાં છે. એ ઝાડ

× ગોળ અથવા સાકર જોઈએ તેટલાં લઈ તેમાં પાણી મેળવી દેવતા ઉપર મૂકીને મહીં અસાળીઓ નાખી પરિપક્વ કરવાથી તેની ખીર થાય છે.

શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં ઘણાં મોટાં નથી હોતાં. એ પાંદડાંનો આકાર કાંઇક કુંવા-ડીઆંનાં પાંદડાં જેવો હોય છે. અળઇની છાલ ઘણીજ ઠંડી છે. મરાઠીમાં અળઇને "ઓત્રી" પણ કહે છે. **(૧) કોઇ પણ પ્રકારની ગાંઠ થઇ હોય તે ઉપર:**—અળઇનાં મૂળ ઘસી તેનો લેપ કરવો એટલે ત્રણ દિવસમાં ગાંઠ બેસી જશે. **(૨) મુખરોગ ઉપર:**—અળઇના ઝાડની છાલ મોઢામાં રાખી થુંક આવે તે બહાર થુંકતા જવું. **(૩) ઇંદ્રિયના અંદરના ભાગમાં ચાંદી પડે છે તે ઉપર:**—અળઇની છાલનો રસ બે તોલા કાઢી તેમાં જીરૂં અને ખડીસાકર નાખી આપવું. **(૪) મધુમેહ ઉપર:**—અળઇની છાલનો કાઢો કરી હમેશાં રાત્રે સુતી વખતે પી જવો. **(૫) આમરક્તવાળા અતિસાર ઉપર:**—અળઇની છાલ વાટી આપવી. **બીજો પ્રકાર**—અળઇના ઝાડને કુહાડાથી ઘા કરી તેમાંથી જે રસ નીકળે તે બાટલીમાં ભરવો. પછી એ રસ નિત્ય સાકર સાથે આપવો; અથવા એની છાલનો કાઢો કરી ખડીસાકર સાથે આપવો.

૩૫ અળવી—સં૦ આલુક. મ૦ અળુ. હિં૦ આલુ. વ૦ ઘોપા. ક૦ ગેણુસુ. તૈ૦ શ્યામકુર્રી. અ૦ હુયાં, કલકાશ. ઇં૦ ગ્રેટલિવ્ડ, કેલેડીઅમ. લા૦ એરેમઇંડીકમ.

અળવીના કંદ હોય છે તેમાંથી તેની ઉત્પત્તિ થાય છે. અળવીમાં અનેક જાતો છે. રાજાળુ, ધાવઅળુ, કાળાં અળુ, પાનઅળુ, રૂખ અળુ (વૃક્ષ ઉપરનું અળુ), માડીઅળુ, મુંડળે અળુ, ગિમઅળુ અને રામઅળુ (તેરી). સર્વમાં કાળાં અળુ ઉત્તમ છે. અળવીની ભાજી સર્વત્ર પ્રસિદ્ધ છે. કેટલીક અળવીને મોટા કાંદા હોય છે અને કેટલીકને ઝીણા કાંદા હોય છે. તેને બાફી અથવા શાક કરી ખવાય છે. અળવી સાધારણ રીતે શીતળ, અગ્નિદીપક, મલાવષ્ટંભક, બળની વૃદ્ધિ કરનાર તેમજ સ્તનમાં દૂધ વધારનાર છે. અળવીના સેવનથી મળમૂત્ર પણ પુષ્કળ થાય છે, કફ તથા વાયુની વૃદ્ધિ થાય છે અને રક્તપિત્તનો નાશ થાય છે. આ કંદમાં ધાતુ વધારવાની પણ શક્તિ છે.* **(૧) કુરપાના વિષ ઉપર:**—અળવીનો પાલો અને મરી વાટી ખાવાને આપવાં તથા ભારંગીનો રસ પાવો અને માથા ઉપર કરેડેલા ભાગ પર ચોળવો. **(૨) ખડક ઉપરનો કોળ કરડયો હોય તો:**—ઝાડ ઉપરનાં રાજાળુ અળવીનાં મૂળ શેકીને વાટી તેની બોર જેવડી ગોળી ખાવી. ઉતાર—ઘી. **(૩) નળવાયુ અને પીડક (પેસાબમાં જલન) ઉપર:**—અળવીનાં પાંદડાંનો રસ આપવો. દિવસ ૩. **(૪) વાયુના ગોળામાટે:**—અળવીનાં પાંદડાં દાંડાસુદ્ધાં બાફી તેનું પાણી ઘી નાખી આપવું. દિવસ ૩. **(૫) પિત્તને માટે:**—અળવીના પાલાનો રસ જીરાની ભૂકી નાખી આપવો. **(૬) સ્તનમાં દૂધ વધારે આવવાને માટે:**—અળવીનું શાક હમેશાં ખાવું; ઘણું ખાવું નહિ. **(૭) કૃમિ ઉપર:**—રાન અળવીનો કાંદો બાળી તેની રાખ પાણીમાં અગર મધમાં આપવી. **(૮) ફોલ્લા ફુટવા માટે:**—અળવીના દાંડા બાળી તેની રાખ તેલમાં કાલવીને ચોપડવી.

૩૬ અળશી:—સં૦ અતસી. મ૦ અળશી, જવસ. હિં૦ અલસી. ક૦ અગસી, અનસીગિડ. બં૦ મસિના, તિસી. તૈ૦ મહાપગસિ ચેટ્ટુ અલસી. તા૦ અલશી બિરાઇ. કાશ્મીરી–કેઊન, અલીશ. કાશગાર–જિધિર. તુર્કી–જિગર. ફા૦ તુખ્મેકતાન. અ૦ બજરૂલકતાન. ઇં૦ લિનસીડ. લા. લિનિસીમિના.

એના છોડ હાથભર (૧॥–૨ ફુટ) ઉચા વધે છે. અળશીનું તેલ કાઢવામાં આવે છે. તે ખાવાના ઉપયોગમાં આવે છે. આ દેશમાંથી હજારો ખાંડી અળશી દર સાલ વિલાયતમાં જાય છે. ત્યાં તેનું તેલ કાઢી તેનો રોગાન બનાવે છે અને તેજ પાછો અહીં વેચવા મોકલે છે. રોગાન ઘણોજ મોંઘો હોય છે, તેથી તે બદલ ઘણાજ પૈસા અહીંથી વિલાયતમાં જાય છે. આવી રીતે આ દેશના સેંકડો ઉદ્યોગો ડુબવા લાગ્યા છે; પરંતુ આપણા લોકો ગાઢ અંધકારમાં હોવાથી તેઓને આવી કાંઇજ વાતો દેખાતી નથી, એ મોટી શોચનીય વાત છે. લોકોએ જાગ્રત થઇ આ વાતનો કંઇ પણ વિચાર કરવો, એટલે "પથ્થર કરતાં ઈંટ સુંવાળી" એ ન્યાય પ્રમાણે તેઓનું કાંઇક પણ હિત થશે. અળશી શેકી તેની ચટણી કરે છે તે સારી થાય છે. અળશીનાં તાજાં જીંડવાંની ચટણી ઘણી સ્વાદિષ્ટ થાય છે અને જીંડવાં અથાણામાં પણ નાખે છે. અળશીના છોડ-

* એ એક ગોળ કંદ છે. એનો સ્વાદ ફિકકો છે. એ દીર્ઘપાકી (ઘણી વારે પાચન થનારા) અને આમાશયને નુકસાન કરનારી છે. એનો ઉતાર માંસ અને ગરમ મસાલો યુનાની હકીમો માને છે.

માંથી પણ રેષા નીકળે છે; પરંતુ આળસને લીધે કિંવા બેપરવાઇથી અહીં પણ કરી તે કાઢતા નથી. એ રેષાઓનાં શણનાં જેવાં વસ્ત્રો થાય છે.

આ છોડ સીધો અને નાજુક હોઇ એને ઉભી સળીઓનાં બારીક, લાંબાં અને એક એકના આંતરે પાન આવે છે. તેનાપર આસમાની (આકાશી) રંગના ઘંટ(ટોકરા)ના આકારનાં ફૂલો આવે છે. બીજાં ધાન્યો પ્રમાણે આનું વાવેતર કરવાથી તે ઉગે છે. એના ઉપર ગોળ દડા પ્રમાણે ફળ થાય છે, તેમાં દશ દશ ખાનાં હોઈ દરેકમાં એક એક ચકચકિત બી હોય છે. સંસ્કૃતમાં જેને "સણ" કહે છે તે ખરો 'સણ' આના રોપા ઉપરથી ઉત્પન્ન થાય છે. કેટલાક અર્વાચીન શોધકોએ આનું મૂળ ઉત્પત્તિસ્થાન મિસર અને કેટલાંક યુરોપમાંના બીજા દેશ જણાવ્યા છે, અને ત્યાંથી તે હિંદુસ્તાનમાં આવી એવો પોતાનો મત બતાવ્યો છે; પરંતુ એ નિર્ણય નિરાધાર છે. ચરક અને સુશ્રુત એ પ્રાચીન ગ્રંથોમાં અળશીનો ઉમા, અનસી, ક્ષૌમ ઇત્યાદિ નામોથી ઠેકાણે ઠેકાણે ઉલ્લેખ કરેલો હોઈ ત્યારથી દમણાં સુધી સરખો ઉપયોગ કરેલો છે. તેમના કરતાં પ્રાચીન એટલે મનુ, યાજ્ઞવલ્કયાદિની સ્મૃતિઓમાં ઉપનયન (યજ્ઞોપવીત સંસ્કાર) પ્રકરણમાં ક્ષત્રિયોને ક્ષૌમ (અળશીના વાકનાં) વસ્ત્રો ધારણ કરવા વિષે વિધાન કરેલ છે. મહાભારત અને રામાયણમાં પણ ક્ષૌમ વસ્ત્રોનો ઠેકાણે ઠેકાણે ઉલ્લેખ દેખાય છે. ચીનમાં "ચુમા" નામનું એક કાપડ છે તે વાક (કહેવાવેલા રેષા) સરખુંજ હોય છે. આઈન-ઇ-અકબરી નામના અકબરશાહની કારકીર્દિના ગ્રંથમાં બ્રહ્મચારીના વેશમાં વાકના કપડાની ટોપીનો નિર્દેશ કરેલો જણાય છે. સુશ્રુતના સૂત્રસ્થાનના ૨૫ મા અધ્યાયમાં સેવની તૈયાર કરવા માટે અળશીના સૂત્રનો ઉપયોગ કરવાસંબંધી કહે છે કે:-"**सणजक्षोमसूत्राभ्यां स्नात्वा बालेन वा पुनः**" આ સર્વ પ્રકાર ઉપરથી આ વાત નિર્વિવાદ સિદ્ધ થાય છે કે, અળશીનું વાવેતર હિંદુસ્તાનમાં પ્રાચીન કાળથી થાય છે અને તેના રેષાથી વસ્ત્રો બનાવવાની પ્રણાલી (રૂઢિ) પણ પ્રાચીનકાળથી ચાલતી આવે છે; પરંતુ અહીં બસો વર્ષથી અળશીનો વાક (રેષા) કાઢવાનો રિવાજ બંધ પડયો છે. આ વાત બદલ અનેક પૂરાવા મળે છે.

અળશીનો ઔષધિમાં અનેક પ્રકારે ઉપયોગ થાય છે. તે સિવાય ઉદ્યોગ-ધંધાસંબંધીમાં પણ હિંદુસ્તાનને માટે તે ઘણા મહત્ત્વની છે. તેલનો રંગ, છાપવાની શાહી, જમીન ઉપર પાથરવાનાં વેલબુટ્ટીદાર રંગીન કાપડ, કૃત્રિમ (બનાવટી) ઇંડિયા રબર, તેલનાં વાર્નિશ, નરમ સાબુ ઇ૦ બનાવવાના કામમાં આનો અતિશય ઉપયોગ થાય છે. યંત્રમાં લગાડવાના કામે એ બહુજ વપરાય છે. **બેલતેલ** નામનું જે પ્રસિદ્ધ વિલાયતી તેલ બજારમાં વેચાતું મળે છે, તે અળશીનુંજ ઉકાળેલું તેલ છે. ઇંગ્લાંડમાં અળશી ઘોડાઓને ખાવા આપે છે. અળશીના ખોળ ઢોરોને ખવરાવે છે. અળશીનાં ડાંખળાં ઉપરથી જે વાક નીકળે છે તેનાં ઉત્તમ વસ્ત્ર બને છે. 'લિનન' અને 'કેમ્બ્રિજ' નામનાં વિલાયતી કાપડ અળશીના વાકથીજ બનાવે છે. લિનન કરતાં કેમ્બ્રિજ ઘણું ઝીણું અને ઉમદા હોય છે. આ કાપડ ઇંગ્લાંડમાં તૈયાર કરે છે. અળશીના સૂકવી રાખેલા ડાંડા કાગળ બનાવવાને ઉપયોગી થાય છે. એના ખોળ દૂઝણાં ઢોરોને ખાવા આપવાથી તે ઘણા દિવસસુધી દૂધ આપે છે; અને તે દૂધ ઉપર માખણ પણ ઉમદા પ્રકારનું આવે છે. આ ઝાડમાંથી બીજા અનેક પ્રકારના ફાયદાવાળા ધંધા થવા જોગ છે. આપણે અહીં અળશીનું સ્વતંત્ર વાવેતર નહિ કરતાં સરસવ અથવા રાઇ સાથે તે વાવે છે; તેથી એકલી અળસી મળતી નથી. તેમાંથી સરસવ અને રાઇનું મિશ્રણ હોવાથી તેલ સારૂં નીકળતું નથી અને તે તેલમાંથી બનનારા વાર્નિશ, રંગ વગેરે પદાર્થ પણ ઉત્તમ તૈયાર થઇ શકતાજ નથી. પૂર્વે હિંદુસ્તાનથી તેલ વિલાયતમાં જતું હતું; પરંતુ તે હલકી પ્રતનું લાગવાથી તેનો ઉત્તમ ખપ નહિ જેવો થયો અને ભાવ પણ ઘણો ઓછો આવવા લાગ્યો; તેથી તેલ મોકલવું બંધ પડયું. આથી ફક્ત બી રવાના થાય છે. અળશીનું તેલ અને બી એનો પણ ક્વચિત્ ખાવા માટે ઉપયોગ થાય છે.

અળશીની મુખ્ય બે જાતો છે. એક ધોળી અને બીજી રાતી. રાતીમાં વળી નાની અને મોટી એવી બે જાતો છે. ધોળાં બીમાંથી સેંકડે ૩૫: ૧ ના પ્રમાણથી તેલ નીકળે છે. મોટી જાતિનાં રાતાં બીયાંમાંથી સેંકડે ૩૧: ૨ અને નાનીમાંથી ૨૯: ૬ આ પ્રમાણે નીકળે છે. સરાસરી સેંકડે

૩૦ ટકા પ્રમાણે એટલે ૧૦૦ મણ બીયાંમાંથી ૩૦ મણ તેલ નીકળે છે.

ઔષધિ પ્રયોગ—રંગારી લોકોને સફેદ રંગનું કામ કરતાં શીશાનો અંશ પેટમાં જવાથી પેટમાં દુઃખ થાય છે, તેના ઉપર અળશીનું તેલ રામબાણ છે, એવો અનુભવ એક ગાલેરકી નામના રૂશિયન વૈદ્યે જાહેર કર્યો છે. યુરોપમાં ક્વચિત્ જળમાર્ગનો સોજો અને કફાશયના ઉપરના ભાગનો અંદરનો સોજો સારો કરવાને ચ્હા જેવો અળશીનો ફાંટ તૈયાર કરીને આપે છે. અંગ્રેજી 'સૅલિડ ઑઈલ'ના બદલે અળશીના તેલનો ઉપયોગ થઇ શકે છે. સૅલિડ ઑઈલ પ્રમાણે અળશીના તેલમાં પણ મલમ કરી શકાય છે. સોડા અને પોટાસ મેળવીને સાબુ પણ બને છે. **અળશીની પોટીસ તૈયાર કરવાની રીતઃ**—અળશીના લોટ ઉપર એકદમ ખળખળતું ઊનું પાણી નાખી તે હલાવવું. ટાઢું પાણી નાખેલ પોટીસ સારી થતી નથી. હકીમોના મત પ્રમાણે અળશી પેટમાં નુકસાનકારક છે. તેટલા માટેજ તેની સાથે મધ અને ધાણા ખાવાને બતાવે છે. અળશીનું તેલ રેચક છે. અળશીની એક જાત પશ્ચિમઘાટ ઉપર અને કલકત્તા પાસે ઉત્પન્ન થાય છે. તેને ઉંદ્રી કહે છે, એમ ડૉ૦ મંત્રીનો મત છે. **અળશી**—મધુર, સ્નિગ્ધ કડવી, બલકારક, પાકકાળે તીખી, ગુરુ, વાતકર, કફકારક, ઉષ્ણ અને દૃષ્ટિ, શુક્રરોગ, શુક્રદોષ, પૃષ્ઠશૂળ અને પિત્ત, એઓનો નાશ કરે છે.* એનાં પાંદડાંનું શાકઃ—વાત, કાસ, કફ એ ઉપર હિતકારક છે. **(૧) ઉંઘ ન આવતી હોય તોઃ**—અળશીનું અને એરંડાનું તેલ સમભાગ એકત્ર કરી કાંસાના વાસણમાં કાંસાના પાત્રવડે ખલી તેનું અંજન કરવું એટલે ઉંઘ આવે છે. **(૨) બદ કિંવા ગૂમડું વગેરે પાકવા માટેઃ**—અળશીનો લોટ કરી દૂધમાં અથવા પાણીમાં કાલવી હળદરની ભૂકી નાખી સારૂં બાફી, સહેવાય તેટલી ગરમ પોટીસ ગાંઠ ઉપર બાંધવી. એ પ્રમાણે ૫-૭ વાર વખતો વખત ગરમ બાંધવી. એ પોટીસ ઉપર ખાવાનું પાન બાંધવું. એજ પ્રમાણે શણનાં બી અને ઘઉંની પોટીસ થાય છે. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—અળશીનું તેલ અને ચૂનાનું નીતર્યું પાણી એકત્ર કરી ચોપડવું. **(૪) મૂત્રદાહ ઉપરઃ**—અળશી ચાર તોલા લઇ તેમાં ૧૬ તોલા પાણી નાખી સારી રીતે ઉકાળી ગાળી પીવા માટે આપવું. **(૫) ગુદામાં હરસના મસા સૂજી ત્રાસ આપતા હોય તોઃ**—અળશીનું તેલ દર વખતે ૫ તોલા પ્રમાણે દિવસમાં બે વખત લેવાથી ઝાડો સાફ થઇને મસા હલકા પડે છે. **(૬) પ્રમેહ, પેશાબની બળતરા અને મૂત્રમાર્ગના તમામ રોગ ઉપરઃ**—અળશીનો કાઢો અથવા સાકર મેળવીને અળશીનું ચૂર્ણ આપવું; અથવા અળશી અને જેઠીમધ એ ખળખળતા ઊના પાણીમાં ચાર કલાક ભીંજવી રાખી (ઉપર ઢાંકણું ઢાંકવું અને) થોડું થોડું આખો દિવસ આપવું. **(૭) છાતીમાં કફ ભરાઇ ગયો હોય અથવા ફેફસાંનો સોજો હોય તોઃ**—અળશીનો લોટ તવા ઉપર રાખીને તેનાથી શેક કરવો. **(૮) પેટમાં મરડો થાય તે ઉપરઃ**—અળશીનો કાઢો આપવો. **(૯) લિંગેંદ્રિયથી લોહી પડે તે ઉપર અથવા સગર્ભા સ્ત્રીને પહેલા મહિનામાં ઉલટી અને ચક્કર આવે તે ઉપરઃ**—અળશીના કાઢાથી ફાયદો થાય છે.

૩૭ **આકડોઃ**—સં૦ અર્ક. મ૦ રૂઇ. હિં૦ આકડા. બં૦ આકંદ. ક૦ યક્કે. તા૦ અર્ક. તુ૦ યેક્કામેલ. મલા૦ યેરિક્કુ. ફા૦ ખુર્ક. અ૦ ઉષર. ઈં૦ જાઇગૅંટિક સ્વૅલોવર્ટ. તૈ૦ નીલાજિ લીડે. લા૦ ક્યાલોટ્રોપીસ જાઇગ્યાંટી.

આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં જાડાં અને વડનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે. આકડો એ હવનીય દ્રવ્યોમાંનું એક દ્રવ્ય છે. આકડાને ફૂલ અને ફળ આવે છે, ફળ પાકવાથી અંદરથી રેશમ જેવું મૃદુ રૂ નીકળે છે, તે ઉપયોગમાં આવે છે. એના લાકડાના કોલસા ઘણા હલકા હોવાથી દારૂ બનાવવામાં તેનો ઉપયોગ થાય છે. સાધારણ અંગ દુઃખતું હોય તો આકડાનું દૂધ ચોપડે છે. એનાં પાંદડાં મૃદુ હોવાથી કેટલાંક વર્ષો પહેલાં એ પાંદડાં મોડી અક્ષરો ચીતરવાના કામમાં લેતા હતા; પરંતુ હમણાં કાગળની વિપુલતા હોવાથી તેનો ઉપયોગ કોઇ કરતું નથી. **આકડો**—સારક અને ગરમ છે; અને વાયુ, કોઢ, ખાજ વિષ, પ્લીહા, ગુલ્મ, અર્શ, યકૃત,

* અળશી એ દૃષ્ટિ, પાચનશક્તિ અને વૃષણને નુકસાન કરે છે. એનો ઉતાર ધાણા, સિકંજિબીન અને મધ છે; પ્રતિનિધિ-મેથી અને માત્રા ૧૦ માસાની છે.

શ્લેષ્મોદર, કૃમિ, એનો નાશ કરે છે.+ **ઉપયોગ:—(૧) વાયુથી અંગમાં સણકા આવતા હોય તો:**—આકડાનાં પાંદડાંનો શેક કરવો. **(૨) ઉધરસ અને શ્વાસ ઉપર:**—આકડાનાં ફૂલમાંના કાંટા (સ્વાઇડાં) અને મરી, એકત્ર વાટી ગોળીઓ કરવી અને તે આપવી. અથવા આકડાની ડુંખો અને ફૂલ એકત્ર વાટી તેનો ગોળમાં પાક કરી ખવરાવવો. **(૩) કમળા ઉપર:**—આકડાનાં મૂળ ચોખાનાં ધોવરામણમાં ઘસી નાકમાં તેનું ટીપું પાડવું. **(૪) આકડાના વિષ ઉપર:**—આમલાનો પાલો વાટી લેપ કરવો. **(૫) મસ્તકવાયુ ઉપર:**—આકડાનાં પાકેલાં પાંદડાં માથે બાંધવાં. **(૬) આધાશીશી ઉપર:**—આકડાનાં મૂળનો ધૂમાડો નાકે સુંઘવો. **(૭) અપસ્માર અને ચઢેલું મસ્તક ઉતરવા માટે:**—આકડાનાં દૂધમાં વગડાઉ છાણાંની (અડાયાંની) રાખ ભીંજવી

+ આકડાની ધોળી અને રાતી એવી બે જાતિ છે. કેટલાક ધોળા આકડાનેજ મંદારતરીકે સ્વીકારે છે; પરંતુ પંડિત નરહરિજીના રાજનિઘંટના આધારે શ્રીમાન પદેજી પોતાના મરાઠી બૃહન્નિઘંટમાં નં. ૫૫૯ તથા ૫૬૦ થી ધોળો અને રાતો એમ બે આકડા તેમજ નં. ૫૬૧–૫૬૨ થી મંદાર (આકડાના બીજા ભેદ) ના પણ રાજાર્ક રાતો મંદાર અને ધોળો મંદાર એમ બે ભેદ સ્વીકારે છે. પંડિત દત્તરામજી પણ અભિનવ નિઘંટમાં એનેજ મળતા રહે છે.

આકડો યકૃત્ અને ફેફસાંને નુકસાન કરે છે. એનો ઉતાર ઘી, અને માત્રા ૩ માસાની છે; તેમજ એનું દૂધ ઉપવિષ છે.

આકડાના મૂળની છાલ આપવાથી શરીરની અંદરનો પ્રસ્વેદ (પ્રવાહી) ઘણોજ નીકળે છે. ચામડીના રોગમાં અને પેટની અંદરના અવયવ મોટા થયા હોય તથા પેટના કૃમિ, ખાંસી અને જલોદર આદિ રોગમાં ઉત્તમ અસર કરે છે. આકડાનું દૂધ આપવાથી તીવ્ર જુલાબ લાગે છે અને શરીર ઉપર ચોપડવાથી ચામડી રાતી થઈ જાય છે. એના ફૂલ પાચનશક્તિ વધારનાર, કૌવત આપનાર છે અને પેટના દર્દનો નાશ કરે છે, એમ નિશ્ચય કરેલ છે. તેમજ ખાંસી, શ્વાસ, સળેકમ અને અરુચિમાં અપાય છે. એની જડની છાલ આકડાના દૂધમાં ભીંજવીને સૂકવી લેવી. પછી આ છાલને દેવતામાં નાખી એની ધૂણી શ્વાસરોગમાં લેવાથી દર્દ મટી જાય છે. શ્લીપદ અને અંત્રવૃદ્ધિના રોગોમાં જડની છાલ ગાયની છાશમાં ઘસીને લગાડવાથી આરામ થાય છે, એમ ચક્રદત્તમાં લખ્યું છે. મીર મહમદ હુસેન કહે છે કે:–આકડાનું દૂધ ચામડીને લાલ કરી ફોલ્લા (ફોલ્લા) ઉઠાવનાર, કફને કાઢનાર, વાળનો નાશ કરનાર તથા બધી જાતમાં દૂધ જેવા રસોમાં બધાથી વિશેષ ગરમ (તેજ) ગણાય છે. આપચની રીતે દાદરને મટાડે, હરસને જડથી ખોવે અને દાંત પોલા પડી ગયા હોય અને દુઃખ થતું હોય તો એનું દૂધ મધની સાથે મેળવીને એમાં થોડું રૂ ભીંજવી દાંતના નીચે રખાય છે. મી૦ અબ્દુલ હમીદ કહે છે કે, આકડાના દૂધને કોઢના રોગમાં તથા કલેજા અને બરોળ વધી ગઈ હોય તો આ પ્રમાણે આપવું:–અનાજના દાણા તેમાં ભીંજવીને સૂકવી તે ખાવાને આપવા. (રેગ લાગશે.) સાંધાનું દર્દ અને સોજા ઉપર ચોપડવાને આકડાનું દૂધ સાધારણ ઇલાજતરીકે વપરાતું આવે છે; તેમજ પાંદડાં થોડાંક શેકી તે કામમાં આવે છે. શરીના જે ભાગમાં લકવો થયો હોય તે ભાગ ઉપર પાંદડાં તેલમાં શેકીને તે તેલ ચોળવું. વ્રણમાં અંકુર (રૂઝ) ન આવતું હોય તો સૂકાં પાંદડાંનું ચૂર્ણ નાખવાથી બહુજ જલદી અંકુર આવે છે. ડૉ૦ એન્સીલ કહે છે કે:—આકડાનાં પાંદડાં અને મૂળમાથી જે દૂધ જેવો રસ નીકળે છે તે, સૂકાયા બાદ આપવાથી બહુજ જલદી જુલાબ લાગે છે અને શરીરને સુધારનાર ગણાય છે. તામીલ વૈદ્ય આને સફેદ કોઢમાં અત્યંત ગુણકારી માને છે. મિ૦ પ્લેફેર છાલમાં શરીર સુધારવાનો, જાગ્રત કરવાનો અને શરીરમાંથી બિગાડ કાઢવાનો ગુણ બતાવે છે. ડૉ૦ ડીમક છાલમાંથી નીકળેલ દૂધ જેવા રસને સૂકવી આપવાથી ઉત્તમ અને અધિક ગુણકારક કહે છે. ડૉ૦ ડંકનના મત પ્રમાણે એમાં ઉલટી કરવાનો ગુણ છે. ચરકાચાર્યે એને ભેદનીય, પ્રસ્વેદ લાવનાર, ઉલટી કરાવનાર, કફહર, યોનિદોષનાશક, પીચકારી મારવાને ઉપયોગી અને એનાં બીજ મૂત્ર લાવનાર હોવાનું નિશ્ચય કરેલ છે. સુશ્રુત પણ કૃમિહર, વ્રણશોધક અને વાતવિકારનાશક ગણાવે છે.

ઉનાળાના તાવમાં લોકો એનાં પાંદડાંને શેકીને રસ કાઢી શરીરે ચોપડી પરસેવો લાવે છે. એથી તાવ જાય છે. દુખતા માથા ઉપર એનાં પાંદડાં ઘી ચોપડી શેકીને બાંધે છે, ઉનાળાની લુખમાં દેવતાના કોલસા ઉપર એનાં પાંદડાં ખૂબ પાથરી તેને તપવા દઈ તેનાપર દરદીને ઉભો રાખી તેના ઉપર ગાયની છાશ નાખતા જાય છે, અને તે પાંદડાં ખુંદાવે છે; આથી પણ એ લુખનો તાવ સત્વર પલાયન કરે છે. આને લાંછો આપી કહે છે. આમ બુદ્ધિપૂર્વક યોજના કરવાથી આકડો મહાન ઔષધ(અમૃત)નું સ્વરૂપ ધારણ કરે છે. એનાં મૂળ ઉનાળે કાઢી રાખી તેનું ચૂર્ણ ચાર માસા ઉના પાણીમાં આપવાથી પરસેવો આવી તાવ જાય છે; તેમજ અડધો તોલો આપવાથી ઉલટી થઇ હડકાયા કૂતરાના દરદનો છાતીમાંથી વિકાર (કોથળી) બહાર કાઢી દરદીને બચાવે છે. દરદ ગયા પછી ઘી અવશ્ય પાવું જોઇએ. ઘણીક ભસ્મો એના દૂધમાં તૈયાર કરે છે.

સૂકવવી અને તે છીંકણી પ્રમાણે સુંઘવી; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. ઉતાર—ઘી સુંઘવું. **(૮) કૂતરાના વિષ ઉપર:**—આકડાનું દૂધ, ગોળ અને તેલનો લેપ કરવો. **(૯)સોજા ઉપર:**—લોહકાટ અને આકડાનાં પાંદડાં ભેંસના મૂત્રમાં વાટી સોજા ઉપર લેપ કરવો. **(૧૦) સવ પ્રકારના વિષ ઉપર:**—આકડાનાં મૂળ ટંડા પાણીમાં ઘસી પાવાં. આકડાનાં કુમળાં પાંદડાં ૬–૭ લેઇ તેનો રસ કાઢી ઘી નાખી પાવો. **(૧૧) ઘુંટણ રહી ગયા હોય તે ઉપર:**—આકડાનું દૂધ ત્રણ દિવસ ચોપડવું. **(૧૨) હરસ ઉપર:**—આકડાનાં અને આમલીનાં લાકડાંનો અગ્નિ કરી તે ઉપર અજમો નાખી તેની ધૂણી મસાને આપવી. **(૧૩) ટાઢિયા તાવ ઉપર:**—આકડાનાં કુમળાં પાંદડાં પાનમાં ખાવાં. **(૧૪) કર્ણશૂળ ઉપર:**—આકડાનાં પાકેલાં પાંદડાંને ઘી ચોપડી દેવતા ઉપર શેકવાં અને તેનો રસ કાઢી તે કાનમાં પાડવો. **(૧૫) ગંડમાળા ઉપર:**—આકડાનાં દૂધમાં હીરાકશી અથવા કોલિંજન ઘસી લેપ કરવો. **(૧૬) ગુહધી ઉપર:**—આકડાનું દૂધ ચોપડવું. **(૧૭) શ્લીપદ** (પગ કિંવા હાથ જાડા થાય તે) **રોગ ઉપર:**—આકડાનાં મૂળ કાંજીમાં વાટી લેપ કરવો. **(૧૮) વિંછીના વિષ ઉપર:**—આકડાનું મૂળ ઘસીને ચોપડવું. **(૧૯) મોઢા ઉપર કાળાશ હોય છે તે ઉપર લેપ:**—આકડાના દૂધમાં હળદર વાટી તેનો લેપ કરવો. **(૨૦) કર્ણશૂળ ઉપર:**—આકડાના અંકુર લાવી લીમડાના રસમાં વાટી તેમાં થોડું તલનું તેલ અને સિંધવ નાખી ગોળો કરવો. પછી થુરિયાનું લાકડું થોડું કોતરી તેમાં તે ગોળો ઘાલી તેની આસપાસ થુરિયાનાં પાંદડાં વિંટાળી તે ઉપર થોડી માટી ચોપડી પુટપાકકૃતિએ હલકો અગ્નિ દેવો. પછી તે ગોળો બહાર કાઢી પાંદડાં દૂર કરી કાષ્ઠ સુદ્ધાં પીલી, રસ કાઢી તે કિંચિત્ ગરમ કરીને પછી કાનમાં પાડવો. એટલે દુસ્તર કર્ણપીડા દૂર થશે. **(૨૧) સર્પના વિષ ઉપર:**—આકડાના ઝાડનાં પાંદડાં આકડાના દૂધમાં વાટી ગોળીઓ કરવી અને તે ગોળી પ્રત્યેક ઘડીના અંતરે આપવી અથવા મૂળ ઘસી પાવાં. **(૨૨) શીઘ્ર પ્રસૂતિને માટે:**—આકડાનાં મૂળ આકડાના પાંદડામાં વિંટાળી અંબોડામાં ખોસવાં. પ્રસૂત થયા પછી તુરત છોડી નાખવાં. **(૨૩) મૂત્રાઘાત ઉપર:**—આકડાના દૂધમાં બાવળની છાલનું થોડું ચૂર્ણ મિશ્રિત કરી, તે મિશ્રણ ડુંટીની આસપાસ અને પેડુએ ચોપડવું. એ યોગથી ચાર ઘડીમાં મૂત્ર છૂટશે. **(૨૪) બદ ઉપર અને હરેક ગાંઠ ઉપર અનુભવસિદ્ધ ઉપચાર:**—આકડાના દૂધમાં કાથો અને રેવંચીનો શીરો ઘસી ચંદન જેવું જાડું, ગાંઠ ઉપર દિવસમાં બે વાર એ પ્રમાણે ત્રણ દિવસ લેપ કરવો એટલે ગાંઠ નરમ પડી બેસી જશે. **(૨૫) શ્વાસકાસ ઉપર:**—આકડાનાં પાંદડાંનો રસ એક તોલો કિંવા બે તોલા પાવો; એટલે ઉલટી થઈ કફ, પિત્ત પડશે. ઉતાર—ઘી અથવા ઘી અને ભાત. **(૨૬)વાળા ઉપર:**—આકડાના દૂધનો લેપ કરવો. **(૨૭) સોજો, વાયુ અને ત્રિદોષ ઉપર:**—આકડાનાં પાંદડાં અને લોહકાટ ભેંસના મૂત્રમાં વાટી સોજા ઉપર લેપ કરવો. **(૨૮) રક્તગુલ્મ ઉપર:**—આકડાનાં ફૂલ તેલમાં તળી ખાવાં એટલે ગુલ્મ ઓગળી, રક્તસ્રાવ થઈ નીકળી જાય છે. **(૨૯) વાતરોગ ઉપર અર્કાદિ ક્વાથ:**—અર્કનાં મૂળ, ધમાસો, કરીઆતુ, દેવદાર, રાસ્ના, નગોડ, વજ, અરણી, શરગવો, લીંડીપીંપર, પીપળીમૂળ, ચવક, ચિત્રો, સુંઠ, અતિવિષ, ભાંગ એનો કાઢો કરી પાવો; એટલે તીવ્ર ત્રિદોષ, વાયુ, દંત બંધ થઈ જવા, અંગમાંનું શૈત્ય (શીતાંગ), શ્વાસ, કાસ, સૂતિકારોગ અને વાતરોગ એનો તત્કાળ નાશ થાય છે. **પ્રકાર બીજો:**—ઉપર બતાવેલા કાઢામાંનાં અતિવિષ, ધમાસો, અરણી અને સુંઠ એ દ્રવ્યો બાદ કરી બાકીનાં લેવાં તથા તેમાં સાટોડી વધારી કાઢો કરી પાવો. તે સુપ્તવાત (સુવારોગ), નાના પ્રકારના વાયુ, શૈત્ય, અપસ્માર, એઓનો નાશ કરે છે. **ત્રીજો પ્રકાર**:—આકડાનાં મૂળ, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીપર, ભારંગમૂળ, રીંગણી, કાકડાશીંગ, પુષ્કરમૂળ, એ સર્વ સમભાગ લઈ ગોમૂત્રમાં કાઢો કરી પાવો. એ કાઢો શીતાંગ, સન્નિપાત, મેહ, શ્વાસ, કફવૃદ્ધિ, ઉધરસ એઓનો નાશ કરે છે. **(૩૦) સોજા ઉપર અર્કાદિ લેપ:**—આકડાનાં મૂળ, સાટોડી અને કડવા લીંમડાની છાલ એકત્ર ઘસી લેપ કરવો અથવા એનો કાઢો પાવો અને કાઢાના પાણી વડે વારંવાર સોજો ધોવો. **(૩૧) વાતવિકાર ઉપર:**—વાયુથી ગંઠાઇ ગયેલા અંગને આકડાના દૂધનો લેપ કરી તે ઉપર રાઈનું પ્લાસ્ટર મારવું તથા ઉપર એક પાંદડું મૂકી ચોવડા કપડાથી પાટો

મજબૂત બાંધવો. આ પ્રયોગથી વાયુબદ્ધ થયેલું શરીર ત્વરિત છૂટું થાય છે. (૩૨) **ઊરૂસ્તંભ ઉપર:**—આકડાનાં મૂળ ઘસી ગરમ કરી લેપ કરવો. (૩૩) **સોજોદર ઉપર:**—આકડાના એક પાકેલા પાંદડાનો રસ ઘીમાં પાવો. દિવસ ૩. પથ્ય—દૂધ અને ભાત. (૩૪) **પ્લીહોદર ઉપર:**—આકડાનાં પાંદડાં અને સિંધવ માટલામાં ઘાલી મોઢું બંધ કરી નીચે અગ્નિ સળગાવવો; પછી તે ખાર દહીંના પાણી સાથે પાવો. (૩૫) **શ્વાસ ઉપર:**—આકડાનાં મૂળીઆં, ગાંઠ અને લીંડીપીપર એમને ખલ કરી મધમાં બોરના ઠળીઆ જેવડી ગોળીઓ કરી ખાવી. (૩૬) **કંઠસર્પ ઉપર:**—આકડાનાં લીલાં મૂળોની છાલ લાવી તેને મધ સાથે ખાવાના પાનમાં મૂકી તેની બીડી કરી ખાવી અથવા તે પાનના બીડાનો રસ પીવો.

૩૮ **આગિયો**—સં૦ તીક્ષ્ણાગ્નિ. હિં૦ દાદમારી. ક૦ ચુર્ચીગિડ. લા૦ એમાનિયાવેસી કૅટોરીઆ. મ૦ આગ્યા.

આગિયાનાં ઝાડ શુમારે હાથ દોઢ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં જાઇનાં પાંદડાં જેવડાં અને આકારે પણ તેવાંજ હોય છે. એ ઝાડ ઉપર સફેદ રંગનાં નાનાં ડીટાં આવે છે. તે શરીરને અડકે તો શરીરે આગ ઉઠે છે. નાગલી, કોદરા વગેરે ધાન્યોના ખેતરમાં એ ઝાડો ઘણાં થાય તો તે આખું ખેતર બળી જાય છે; એટલી આ ઝાડની આગ હોય છે. એ ઉપરથી એનું "આગિયો" એવું નામ યોગ્ય છે. **આગિયો***—બલકર, કડવો, તીખો, વિબંધનાશક, રુક્ષ, ઉષ્ણ, બસ્તિશુદ્ધિકારક અને રક્તપિત્ત, અરોચક વગેરેનો નાશ કરે છે. (૧) **કોદરાના વિષ ઉપર:**—આગિયાના ઝાડનો પાણી નાખી રસ કાઢવો અને તે રસ અડધો શેર સુધી આપવો. ઢોરને આપવો હોય તો ચાર શેરસુધી આપવો. ઝાડવાં સૂકાયેલાં હોય તો તેને ખાંડી તેની ભૂકી કરી પાણીમાં ઉકાળી તે પાવું. (૨) **જ્વર ઉપર:**—આગિયાનાં ઝાડ, નાગરમોથ અને સુંઠ, એનો કાઢો આપવો. (૩) **લુતી—(કરોળિયા)ના વિષ ઉપર:**—આગિયાનાં સૂકાયલાં પાંદડાં તોલો ૧, કાજળીનાં સૂકવેલાં પાંદડાં તોલો ૧ અને અઘેડાનાં પાંદડાં તોલો ૧ લઈ, તેની કાળી રાખ બનાવવી; અને તે કસુંબીના બીના તેલમાં ખલ કરી લગાડવી.

૩૯ **આદુ**—સં૦ આર્દ્રક. હિં૦ અદ્રક-ખ, આદા. ક૦ આલ્લ. ફા૦ જીંજીબીલતર. અ૦ જીંજીબીલઠતબ. ઈં૦ જીંજર, મ૦ આલે.

આદુનું ઝાડ શુમારે એક હાથ ઉંચું વધે છે. તે વધવા માંડયું એટલે તેને એકઠાં પથરાયલાં મૂળીઆં આવે છે. આદુ સૂકવી તેની સુંઠ કરે છે. સુંઠનું તેલ નીકળે છે. બંગાળા, મદ્રાસ અને જામેકા બેટ વગેરે ઠેકાણેથી પુષ્કળ સુંઠ અહીં આવે છે. આદુ સુંઠ કરતાં સૌમ્ય છે. આદાનો પાક કરે છે તેને "આદાપાક" કહે છે. **આદુ:**-પાચક, સારક, અગ્નિદીપક, રુચિપ્રદ અને કંઠને હિતકર છે. એ સોજો, કફ, વાયુ, કંઠરોગ, ઉદરરસ, દમ, આનાહવાયુ, મલબંધ, વાંતિ અને શૂળ, એનો નાશ કરે છે.× (૧) **આદાપાક**—આદાનો રસ કાઢી તેમાં પાણી નાખવું, પછી સાકર નાખી પાક કરવો. તેમાં કેસર, એલચી, જાયફળ, જાવંત્રી અને લવંગ નાખી તે ભરી રાખવો. આ પાક શ્વાસ, કાસ, અગ્નિમાંદ્ય અને અરુચિ ઉપર પ્રશસ્ત છે. (૨) **અજીર્ણાદિક ઉપર:**—આદાના રસમાં

* આગિયો નાનો અને મોટો, એમ બે તરેહનો થાય છે. વળી આ નામનું જંતુ થાય છે તે તો જુદું. એ જંતુ કોઇ કોઇ વાર રાત્રે અંગારા જેવું ફરતું જણાય છે.

× કુષ્ઠ, પાંડુ, મૂત્રકૃચ્છ્ર, રક્તપિત્ત, વ્રણ, જ્વર, દાહ, એ રોગોમાં અને ગરમીમાં તથા શરદ ઋતુમાં આદુનું સેવન વર્જિત છે; કારણ તે ભયંકર ફળ આપે છે. એનો પ્રતિનિધિ—સુંઠ અને ઉતાર કપૂર તથા મધ છે.

આદુ રસમાં અને પાકમાં શીતળ, મધુર, ચરપરો, ગરમ અને હૃદયને હિતકારી છે. કાંજી અને સિંધાલૂણ કે મીઠા સાથે આદુ પાચક, અગ્નિદીપક તથા મલબંધ અને આમવાતનું નાશક છે. એકલા મીઠા સાથે અગ્નિદીપક, રુચિકર, પ્રિય, સારક તથા સોજો, વાયુ અને કફનો નાશ કરનાર છે. ભોજનના પહેલાં ભક્ષણ કરેલ આદુ કંઠ અને જીભને શુદ્ધ કરે છે. જંબીરી લિંબુ અને સિંધાલૂણ સાથે મુખની શુદ્ધિ કરે છે. જમવા અગાઉ મીઠા સાથે આદુ હમેશાં પથ્ય છે.

લિંબુનો રસ અને સિંધવ નાખી પ્રાશન કરવું, એટલે અજીર્ણ દૂર થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે. વળી તે વાયુ, મલબદ્ધતા અને આમવાતનો નાશ કરે છે. (૩) **મૂર્છા—વાયુનો ઝાટકો આવે છે તે ઉપર:**—સુંઠ ઘસી અંજન કરવું. (૪) **યોનિશૂળ ઉપર:**—સુંઠની ભૂકી એરંડીઆ તેલમાં કાલવી લેપ કરવો અથવા સુંઠ અને એરંડમૂળનો લેપ કરવો. (૫) **અજીર્ણ ઉપર:**—સુંઠ અને જવખારનું ચૂર્ણ ઘીમાં અથવા ગરમ પાણીમાં આપવું. (૬) **આમવાત ઉપર:**—એરંડમૂળના રસમાં સુંઠનું ચૂર્ણ કાલવી ગોળો કરી તે ઉપર એરંડાનું પાંદડું વિંટાળી, ઉપર કપડમાટી કરી, પુટપાકકૃતિ પ્રમાણે તે ગોળો દેવતામાં પકવી, પછી બહાર કાઢી પીલી, રસ કાઢી, તેમાં મધ નાખી આપવો. (૭) **આમવાત અને પેટશૂળ ઉપર:**—સુંઠના કાઢામાં દીવેલ (એરંડી તેલ) નાખી આપવું, તેથી આમવાત, કંમર અને પીઠ એ ઠેકાણાનું શૂળ તેમજ સર્વાંગશૂળ અને પેટશૂળ સારાં થાય છે. (૮) **સંગ્રહણી, આમ, પ્લીહા અને આમવાતાદિક ઉપર:**—સુંઠની ભૂકીને પાણી સાથે ચટણી માફક પીસી પછી ઘીમાં તળવી. તે ઘી સેવન કરવાથી પ્લીહા, આમવાત વગેરે દૂર થાય છે, વાયુનો નાશ થાય છે અને સંગ્રહણી રોગ સત્વર જાય છે. (૯) **કાસશ્વાસ ઉપર:**—આદુનો રસ મધમાં નાખી પાવો અથવા સુંઠ અને બ્રાહ્મીનો કાઢો મધ અને સાકર નાખી પાવો. (૧૦) **વૃષણવાયુ ઉપર:**—આદુનો રસ મધ નાખી પાવો, એટલે અરોચક અને સળેકમ પણ દૂર થાય છે. (૧૧) **અતિસાર ઉપર:**—આદુનો રસ નાભિએ (ડુંટીએ) ચોપડવો, એટલે દુ:સાધ્ય અતિસાર પણ નાશ પામે છે. (૧૨) **ઉદરરોગ ઉપર:**—પાણી અને આદાનો રસ સમભાગે પાવાં. (૧૩) **અગ્નિમાંદ્ય ઉપર:**—આદુનો રસ અને લિંબુનો રસ સમભાગ લઈ તેમાં તેના પ્રમાણમાં સિંધવ મિશ્ર કરી, ભોજન પહેલાં પ્રાશન કરવું; એટલે અગ્નિમાંદ્ય દૂર થાય છે. ભોજનારંભે એ ત્રણે પદાર્થ પ્રાશન કરવાથી અગ્નિ પ્રદીપ્ત થઇ જીહ્વા, કંઠ અને હૃદયની શુદ્ધિ થાય છે. સ્વરભેદ, સોજો, મલાવષ્ટંભ, શ્વાસ, કફ, ઉધરસ, વાયુ વગેરેનો નાશ કરે છે અને ધાતુવૃદ્ધિ થાય છે. (૧૪) **ગર્ભિણીના વિષમજ્વર ઉપર:**—બે અથવા ત્રણ માસા સુંઠ બકરીના દૂધમાં વાટી આપવી. (૧૫) **ભૂખ ન લાગતી હોય તે ઉપર:**—સુંઠનું ચૂર્ણ ૧ માસો બે તોલા પાણી સાથે આપવું. (૧૬) **ઉધરસ ઉપર:**—આદુનો રસ, લિંબુનો રસ અને મધ સમભાગ કરી તેમાં લીંડીપીપર નાખી દિવસમાં બે ત્રણ વખત તે મિશ્રણ આપવું. (૧૭) **જીર્ણ જ્વરને માટે:**—છાશની પરાશમાં (આછમાં) સુંઠ ઘસી પાવી. દિવસ ૨૧. (૧૮) **અમ્લપિત્તને માટે:**—સુંઠ, આંબળાં અને ખડીસાકર સારી રીતે બારીક ખલ કરી સવારમાં ખાવાં. (૧૯) **હૃદ્રોગ, અગ્નિમાંદ્ય, શ્વાસ, કાસ, અરુચિ, સળેકમ, ઉદરરોગ, પાણી થકી થતું શૂળ, એ ઉપર:**—સુંઠનો કાઢો આપવો. એથી કાંતિ, ચિત્ત અને નેત્ર પ્રસન્ન રહે છે. (૨૦) **હરસ ઉપર:**—સુંઠનું ચૂર્ણ છાશમાં નાખી આપવું. (૨૧) **નાસારોગ ઉપર:**—સુંઠ બે તોલા લઈ તે અર્ધા શેર પાણીમાં નાખી ઉકાળવી અને તે બે વખત પાવી. (૨૨) **સળેકમ ઉપર:**—આદુ અગર સુંઠ, તજ અને ખડીસાકર એનો કાઢો આપવો. (૨૩) **અમ્લપિત્ત ઉપર:**—સુંઠનું ચૂર્ણ ૬ માસા અને ગેરૂ ૧ તોલો લઈ નાગરવેલના પાનના રસમાં ખલ કરી, વટાણા જેવડી ગોળીઓ કરવી. દરરોજ બે ગોળીઓ સવાર સાંજ દૂધ અને પતાસામાં ખાવી. (૨૪) **પરિણામશૂળ ઉપર:**—સુંઠ, તલ અને ગોળ એકત્ર કૂટી ગાયના દૂધમાં બાફીને આપવાં. (૨૫) **બાળકોની આમસંગ્રહણી ઉપર:**—સુંઠ ઠંડા પાણીમાં ચંદન સરખી ઘસી તેટલું ઘી અને ગોળ અથવા ખડીસાકર નાખી શીજવવી, ચાટણ તૈયાર કરવું; અને થોડું થોડું વખતોવખત ચટાડવું. એ મોટા માણસને પણ આપવું. (૨૬) **શ્વેત પ્રદર ઉપર:**—દરરોજ પ્રાત:કાળે અને રાત્રે સૂવાની વખતે પ્રત્યેક ૧૪ તોલા ગાયના દૂધમાં ૨૧ તોલા પાણી અને ૪ માસા સુંઠ નાખી દેવતા ઉપર તપાવી, પાણી બળી ૧૪ તોલા અથવા તેથી થોડું કમી દૂધ અવશિષ્ટ રહ્યા પછી તેમાંથી સુંઠના ટુકડા કાઢી નાખી, તેમાં ૪ માસા ખડીસાકરની ભૂકી મિશ્ર કરી આપવું. આ પ્રમાણે ૨૧ દિવસ સેવન કરવાથી જોસદાર શ્વેત પ્રદર પણ નક્કી નાશ પામશે. (૨૭) **વીર્યવૃદ્ધિ માટે:**—૧ તોલો સુંઠની બારીક ભૂકી કરી, એક વાસણ દેવતા ઉપર મૂકી, તેમાં બે તોલા સુધી ઘી નાખવું. તે ઘી

સારૂં તપ્યા પછી તેમાં આ સુંઠની ભૂકી નાખી લાલ થાય ત્યાંસુધી તળવી અને ૧ તોલો ગોળ, ૫ તોલા પાણીમાં મેળવી, તે પાણી તેમાં નાખી, પાણી બળી જઇ શીરા જેવું થાય ત્યાંસુધી અથવા છૂટું થાય ત્યાંસુધી હલાવતા રહી પાકું કરવું. એ દરરોજ પ્રાતઃકાળે એક વખત ૧૪ દિવસ આપવું. એટલે શરીરમાંનો વાતસંચાર, શરીરમાં કળતર થવું, અગ્નિમાંદ્ય, અતિસાર, આમાંશ અને પિત્તવિકાર એ સઘળા રોગ દૂર થાય છે. (૨૮) **આંખો દુઃખવા આવે છે તે ઉપરઃ**—સુંઠ અને કડવા લીમડાનાં પાંદડાં એકઠાં વાટી તેમાં થોડો સિંધવ નાખી તેની થેપલી કરી, તે થોડી ગરમ કરી આંખો ઉપર બાંધવી, એટલે સોજો અને દુઃખ દૂર થાય છે. (૨૯) **આદાશીશી ઉપરઃ**—પાણીમાં અગર દૂધમાં સુંઠ ઘસી તેનું નસ્ય કરાવવું અને લેપ કરવો; અથવા આદુ અને ગોળ એકત્ર કૂટી તેની પોટલી કરી નાકથી તે રસ પીવો એટલે ત્વરિત ગુણ આવે છે. (૩૦) **સોજા ઉપરઃ**—સૂંઠની ભૂકીની ગોળમાં ગોળી કરી સાટોડીના રસમાં અથવા કાઢામાં આપવી. (૩૧) **કટિ, ઉરૂ, પૃષ્ઠ, ત્રિક** (બરડાનું હાડકું)**માંનો વાયુ, ગુલ્મ, શૂળ, ગૃધ્રસી, ઉદાવર્ત અને હનુગ્રહ ઉપરઃ**—આદુના રસમાં અથવા બીજોરાના રસમાં ઘી નાખી આપવું. (૩૨) **કફ રોગ ઉપરઃ**—સુંઠ અને તેથી ચારગણી ખડીસાકર મેળવી તેનો કાઢો કરી આપવો. (આ હૃદ્રોગ ઉપર પણ આપવો) અથવા આદુના રસમાં બમણી ખડીસાકર અથવા ગોળ નાખી ચાટણ કરી આપવું; (આથી શરદીના યોગથી જે ગચરકાં આવે છે તે દૂર થાય છે.) અથવા આદાનો રસ, મધ અને સાકર એકત્ર કરી આપવું. (૩૩) **ભાંગપર ઉતારઃ**—ગાયના દૂધમાં સુંઠ આપવી અથવા સાત વખત ઠંડા પાણીમાં ૧ તોલા સુધી સુંઠ ઘસી આપવી. (૩૪) **આંખોમાં શ્વેત ફૂલ પડે છે તે ઉપરઃ**—ગાયના દૂધમાં સુંઠ ઘસી અંજન કરવું. (૩૫) **પક્ષાઘાત ઉપરઃ**—ગાયનું ઘી ૨૮ તોલા લઈ તેમાં સુંઠનું ચૂર્ણ ૨૮ તોલા નાખવું. પછી તેમાં છોલેલી લસણની કળીઓ ૨૮ તોલા નાખી જઠરાગ્નિ, બળ વગેરે જોઇ એક તોલા સુધી આપવું. એથી પક્ષાઘાત, હનુસ્તંભ, કટીભંગ, બાહુપીડા વગેરે દૂર થાય છે. (૩૬) **વાતશૂળ ઉપરઃ**—સુંઠ અને એરંડમૂળ એનો કાઢો કરી તેમાં ખાંડેલી હીંગ અને સંચળ નાખી આપવો. (૩૭) **આમાતિસાર ઉપરઃ**—૧ તોલો સુંઠ પાણીમાં ઘસી તેમાં ઘી અને ગોળ તોલો તોલો નાખી, એ મિશ્રણ સારૂં પાકું કરી ચાટણ બનાવી આપવું. (૩૮) **ઉલટી ઉપરઃ**—આદુનો અને કાંદાનો રસ એક એક તોલો મિશ્ર કરી આપવો. (૩૯) **પિત્તવિકાર ઉપરઃ**—અર્ધો તોલો સુંઠની ભૂકી તેમાં ૪ ચણોઠીભાર સિંધવની ભૂકી મિશ્ર કરી નિત્ય સૂર્યોદય પહેલાં પાણીના ઘુંટડામાં ગળાવવી. (૪૦) **બહુમૂત્ર રોગ ઉપરઃ**—આદુનો રસ અને ખડીસાકર મેળવી નિત્ય બે વખત આપવો. (૪૧) **પિત્તવિકાર ઉપરઃ**—૭ તોલા ગાયનું દૂધ લઇ તેમાં અર્ધા તોલાથી એક તોલા સુધી સુંઠ ઘસવી; અને તે દૂધ બાળી માવા જેવી ગોળી કરી સાકર નાખી દરરોજ રાત્રે સૂતી વેળા તે ગોળી ખાવી, ઉપર પાણી પીવું નહિ. એ પ્રમાણે ઘણા દિવસ આપવું. (૪૨) **ભ્રમયુક્ત પિત્ત ઉપરઃ**—આદુનો રસ બે તોલા અને ગાયનું દૂધ ૭ તોલા એકત્ર કરી અડધું બાળવું; અને ખડીસાકરની ભૂકી નાખી ઉંઘતી વખતે આપવું. (૪૩) **ભ્રમયુક્ત પિત્ત ઉપરઃ**—આદુનો રસ ૨ તોલા, આમળાનો રસ ૨ તોલા, ખાંડ ૨ તોલા અને ગાયનું ઘી ૨ તોલા, એ એકત્ર કરી અડધું બળે ત્યાંસુધી ઉકાળી હમેશાં પ્રાતઃકાળે અને સાયંકાળે આપતા જવું. (૪૪) **વાતભ્રમ ઉપરઃ**—સુંઠ અથવા અજમાના ચૂર્ણની ભસ્મ આપવી. (તપખીર પ્રમાણે હળવેથી નાકમાં સુંઘવી.) (૪૫) **આમાંશ ઉપરઃ**—સુંઠ, વરિયાળી, ખસખસ અને ખારેક, એ ઔષધો સમભાગ લઇ પ્રત્યેકના બે ભાગ કરવા. તેમાંનો એક ઘીમાં તળી પુનઃ સર્વ ઔષધો એકઠાં કરી, કૂટી, બારીક ચૂર્ણ કરવું; અને સર્વ ચૂર્ણ બરોબર ખાંડ મિશ્ર કરી એ મિશ્રણ પ્રત્યેક વેળા ૧ તોલા પ્રમાણે દિવસમાં ત્રણ વખત આપવું. (૪૬) **આમવાત ઉપરઃ**—સુંઠ ૪ ભાગ અને વરિયાળી ૧ ભાગ એકત્ર કરી તેમાંથી અડધું ઘીમાં તળી પછી બધાનું ચૂર્ણ કરવું. એ ગોળમાં મેળવી હમેશાં સેવન કરવું. (૪૭) **અરુચિ ઉપરઃ**—આદુ અને સિંધવ આપવો. (૪૮) **દંતશૂળ ઉપરઃ**—સુંઠની ભૂકી ૧ ભાગ અને ફટકડી ૨ ભાગ એકઠી કરી દિવસમાં ૨-૩ વખત દાંતે ઘસવી, એટલે જલદીથી શૂળ બંધ થઇ જાય છે. (૪૯) **સન્નિપાત જ્વરમાં મૂર્છા આવે છે તે ઉપરઃ**—સુંઠ, મરી અને લીંડીપીપર એનું ચૂર્ણ સુંઘવું. (૫૦) **દુર્જલ જ્વર ઉપરઃ**—સુંઠ અને

જવખારનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. **(૫૧) સર્વ શૂળ ઉપરઃ**—સુંઠ, સાજીખાર અને હીંગનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું, એટલે ક્ષણમાં સર્વ શૂળનો નાશ થાય છે. **(૫૨) ધાત પડે છે તે ઉપરઃ**- સુંઠના કાઢામાં હળદર અને ગોળ નાખી તે પ્રાશન કરવું. **(૫૩) અગ્નિમાંદ્ય અને કૃમિ ઉપરઃ**— સુંઠ અને વાવડીંગનું ચૂર્ણ મધમાં આપવું.

૪૦ આમલીઃ—સં૦ ચિંચા. મ૦ ચિંચ. હિં૦ ઇમલી, અંબલી. બં૦ આમરૂલ, તેકલ, તેંતુલ. ક૦ હુણીસે, હુણસી, હુલીમારા. તે૦ ચિંતાચેટુ. તા૦ પુલિયામારં, પુલિ. તુ૦ પુંકેમારા. મલા૦ આમલં, ચિંચા. અ૦ તમર હિંદી. ઇં૦ ટેમેરીંડ ટ્રી. લા૦ ટેમેરીંડસ ઇંડીકસ્. ઉડિ૦ કઆં.

આમલી **અમેરિકા, આફ્રિકા** અને **એશિયા** ખંડના ઘણાક દેશોમાં થાય છે. હિંદુસ્તાનના ઘણા ભાગોમાં એ જોવામાં આવે છે. એ ઝાડ મોટાં વધે છે. એને આઠમે વર્ષે ફળ આવે છે. આમલી મહા અને ફાગણ મહિનાઓમાં પાકી તૈયાર થાય છે. આમલીમાં જે ઠળીઆ હોય છે, તેને કચુકા—કુસકા કહે છે. આમલી ઘરખર્ચ માટે રાખી મૂકવાની હોય તો તેની અંદરના કચુકા કાઢી તેમાં મીઠું નાખી તેના ગોળા કરી રાખે છે. આમલી શાક, દાળ વગેરે ઘણા પદાર્થોમાં નાખવામાં આવે છે. આમલીમાં ખટાશ હોવાથી તે રીતસર ખાવાથી મુખને સ્વચ્છ કરે છે. ભાતમાં ખાવાને આમલીનું પનુ કરે છે. નવી આમલી કરતાં જૂની આમલી પથ્યકારક છે. ×કચુકા જેને ચિંચા અથવા

× આર્ય વૈદ્યો આમલીને ઠંડી, પાચક, ઝાડો સાફ લાવનાર તેમજ (ઝાડાની કબજીઅત અને તાવમાં અત્યંત ઉપયોગી બતાવે છે. આમલીના કાતરા ઉપરની છાલની રાખ ખારની માફક ઔષધો- માં નાખે છે અને પાંદડાં સોજા ઉપર બાંધવાથી સોજો ઉતરે છે.

મખજન અલ અદવિયાનો કર્તા—આમલી લાલ અને ભુરી એમ બે પ્રકારની બતાવે છે. તેમાં રાતી ઉત્તમ છે. આમલીના ગર્ભને મુસલમાન વૈદ્યો ગ્રાહી, ખુલાસાથી ઝાડો લાવનાર, પિત્તની ઉલટીને રોકનાર અને રેચદ્વારાએ પિત્તને કાઢનાર ગણે છે. રેચના માટે આપવી હોય તો એની સાથે જેમ બને તેમ બીજાં પ્રવાહી ઓછાં આપવાં જોઇએ. ગળાની અંદરનો સોજો દૂર કરવા આમલીના પાણીના કોગળા કરવાથી ઠીક આરામ થાય છે. ચિંચા(કુસકા, બીજ)માં પણ ગ્રાહી ગુણ છે તથા તેને વાટી પોટીસ કરી ગુમડા ઉપર બાંધે છે. (ઘણું કરી ગરમ પ્રકૃતિનાં એટલે ખીલ આદિનાં ગુમડાં ઉપરજ બાંધવા જોઇએ.) એનાં પાંદડાં પાણીમાં વાટી ગળ તે પાણી પિત્તના જોરથી આવ- નાર તાવ અને પેશાબની ગરમીના માટે આપે છે; અને એને ાટી પોટીસ કરી બાંધવાથી સોજો ઉતરી જાય છે તથા દર્દ ઓછું થાય છે. આંખના પોપચાન સોજા ઉપર ફૂલ(મોર)ની પોટીસ બાંધે છે અને ફૂલનો રસ દુઃખતા હરસમાં ઉત્તમ ફાયદો આપે છે. આમલીના ઝાડની છાલ ગ્રાહી અને પાચક છે. આમલીના ઝાડનો પવન દેશી લોક તંદુરસ્તીને નુકસાનકારક ગણે છે અને પૂરવાર કરે છે કે, આમલીના ઝાડ નીચે તંબુ ઘણા દિવસ રાખવાથી તંબુનું કપડું સડી જાય છે. એજ પ્રમાણે આમલીના ઝાડ નીચે કોઇ કોઇ ઠેકાણે કયારેક બીજી જાતના છોડવા પણ નજરે પડે છે. એના ચિંચા કેટલાક લોકો શેકીને ખાય છે; પરંતુ એથી પગતોડનું દર્દ થાય છે.

ચરક સંહિતામાં—આમલીને ખાટી, પિત્ત શમાવનાર અને સારક (ઝાડો લાવનાર) ગણી છે.

ચક્રદત્તમાં ધંતુરા વગેરેનું ઝેર ઉતારવાને ખજૂર, દ્રાક્ષ, આમલીનો ગર્ભ, દાડિમબીજ, ફાલસા અને આમળાં, એ સમાનભાગે લઇ બારીક વાટી તેમાં પાંચગણું પાણી મેળવી ઉકાળી કાઢો કરી આપવાનું લખેલું છે. દવાતરીકે આમલીનો ગર્ભ ૧ા તોલો અથવા એનાથી પણ વધારે ખાવાથી થોડો જુલાબ થાય છે, પાચનશક્તિ વધે છે અને તરસ ઓછી લાગે છે. રેચક વસ્તુઓ સાથે આમલીનો ગર્ભ આપવાથી તે તેના ગુણમાં વધારો કરે છે; પરંતુ રેવંચીના શીરાની સાથે જુલાબમાં મેળવવાથી તેની અસર કમી થાય છે.

વિસીયન લોક—પેટના મરડાના રોગમાં તથા પાચનશક્તિ વધારવામાં આમલીના ચિંચા બીજાં ઔષધો સાથે મેળવીને વાપરે છે. સીલોનના ટાપુમાં કલેજા અને બરોળની ગાંઠ થવામાં આમલીના મોરની એક પ્રકારની મિઠાઇ બનાવી રોગીને આપે છે. પાંદડાંને બાફીને તેને શેક કરવામાં લે છે. આમલીના વૃક્ષ નીચે સૂવાથી રોગ થાય છે અને લીમડાના વૃક્ષ નીચે સૂવાથી સર્વે રોગો અને વિશેષ

ચિચોઠા કહે છે, તેને ગરીબ લોકો શેકીને ખાય છે. તેમાંથી ઉત્તમ પ્રકારનું તેલ નીકળે છે; પરંતુ એનું તેલ કાઢવાને લોક દુર્લક્ષ કરે છે એ કેટલું મૂર્ખપણું છે ! ભાવસાર અને ભરવાડ લોક કચુકાની ખેળ (કપડા ઉપર લગાડવાની કાંજી) કરે છે. આમલીના કુણા પાલાનું શાક કરે છે અને ફૂલોની ચટણી કરે છે. આમલીનું લાકડું ચીકણું હોય છે, માટે તેના કુહાડી વગેરેના હાથા પણ કરે છે. આમલીના લાકડાના કોલસા પાડે છે. **આમલીનું ઝાડ:**—ગુરુ, ઉષ્ણ, ખાટું, પિત્તકર, કફમદ, રક્તકોપન અને વાતનાશક છે. **આમલીનાં ફૂલ:**—તૂરાં, સ્વાદુ, ખાટાં, રુચિકર, વિશદ, અગ્નિદીપક અને લઘુ છે; તથા વાયુ, કફ, પ્રમેહનો નાશ કરે છે. **આમલીનાં પાંદડાં:**—સોજો અને રક્તદોષનો નાશ કરે છે. **કુમળી આમલી:**—અતિ ખાટી, ગ્રાહક, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક; અને રક્તપિત્ત, પિત્ત, કફ અને રક્તને કોપાવનાર તથા વાતનાશક છે. **જૂની આમલી:**—વાતલ અને પિત્તને કરનાર છે. **પાકી આમલી:**—મધુર, સારક, ખાટી, હૃદ્ય, ભેદક, મલસ્તંભક, દીપન, રુચિકર, ઉષ્ણ, રુક્ષ અને બસ્તિશોધક છે; તથા વ્રણદોષ, કફ, વાયુ, કૃમિ એનો નાશ કરે છે. **સૂકી આમલી:**—હૃદ્ય અને લઘુ છે. અને શ્રમ, ભ્રાંતિ, તૃષા, પરસેવો અને કૃમિનો નાશ કરે છે. **નવી આમલી:**—વાત અને કફ કરનારી છે. તે એક વર્ષની હોય તો વાતપિત્તનાશક હોય છે. **આમલીની સૂકાયલી છાલનો ખાર:**—અગ્નિમાંદ્ય અને શૂળનો નાશ કરે છે. **પાકેલી આમલીનો રસ એટલે ગર:**—ખાટો, મધુર, રુચિકર, વ્રણનાશક અને લેપ કરવાથી સોજા અને પંક્તિશૂલનો નાશક છે. **આમલીનું પનું:**—દાહ અને કફ કરનાર, અતિ ખાટું તથા વાતનાશક છે. તેજ સમભાગ સાકર નાખી કરેલું હોય તો દાહ, પિત્ત અને કફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ફૂઝતા હરસ ઉપર:**—આમલીની ઉપરની ખડબચડી છાલનું ચૂર્ણ કરી તે કપડાથી ગાળી સવારે અને સંધ્યાકાળે ગાયના અત્રમર્યા દહીં સાથે ખાવું. **(૨) ઠંડા પ્રમેહ (પરમા) ઉપર:**—આમલીના ઉપલા છોડાની રાખ ૬ માસા નાળીએરના નવટાંક અંગરસમાં મેળવી દિવસમાં બે વખત આપવી. આ પ્રમાણે ૫ દિવસ આપવું. પથ્ય મોળું ખાવું. **(૩) પાંડુરોગ ઉપર:**—આમલીની છાલની કાળી રાખ કરી ૪ તોલાપર્યંત બકરીના મૂત્રમાં એક તોલાપર્યંત રાખ નાખી આપવું. **(૪) પડજીભ ઉપર:**—કચુકા ઠંડા પાણીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવાથી પડજીભ ઉતરી જે ઉધરસ ઉત્પન્ન થાય છે તે બંધ થાય છે. **(૫) વિંછીના દંશ ઉપર:**—આમલીના ઠીલા (કચુકા) શેકી અગર એમ ને એમ ધોળા થાય ત્યાંસુધી ઘસી દંશ ઉપર ચોટાડવા. તે વેદના શોષી લઇ પછી પોતાની મેળે નીચે પડે છે. **(૬) ક્ષતકાસ (એટલે વાયુ ઉરમાં ચાંદી કરી રક્તસહિત કફ પાડે છે તે) ઉપર:**—કચુકા સારા શેકી ઉપરથી છાલ કાઢી નાખવી. તેની ભૂકી મધ અને તાજા ઘીમાં નાખી ખવરાવવી. **(૭) શૂળ ઉપર:**—આમલીની છાલની ભસ્મ ગરમ પાણીમાં નાખી પાવી, અથવા આમલીની છાલનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. **(૮) શીતળાનો આજાર ન આવવા માટે:**—કચુકાનું અને હળદરનું ચૂર્ણ ઠંડા પાણીમાં નાખી પાવું. **(૯) ઉંદરના વિષ ઉપર:**—આમલી તોલા ૪, ધુંવાસ ૨ તોલા, એ બન્ને જૂના ઘીમાં ખલ કરી ૭ દિવસ ખાવું. **(૧૦) અતિસાર ઉપર:**—આમલીનો પાલો ૧ તોલો ચોખાના ધોવરામણમાં વાટી, ત્રણ તોલા ધોવરામણમાં તપાવેલી ઠીકરી છમકારીને

કરી આમલી નીચે સુવાથી થયેલ રોગ શાંત થાય છે; એમ આપણા લોકો માને છે. એના ગુંદનો ભૂકો કરી નાસૂર ઉપર ભભરાવે છે, કે જેથી ઘા તુરત ભરાઇ આવે. પાંદડાંને ઠંડા પાણીમાં ભીંજવી આંખ દુખવા આવી હોય તો તેના ઉપર અને નાસુરના ઘા ઉપર બાંધે છે. બીજને વાટી પાણીમાં મેળવી ગાંઠ ઉપર ચોપડવાથી તે તુરતજ નરમ પડી ફૂટી જાય છે.

ખરેખાત મને પિત્ત અને કફના મહાન ઉપદ્રવથી સંવત ૧૯૬૦ ની સાલમાં થયેલ સંગ્રહણી જેવા ઝાડાના સાડાપાંચ માસના દરદમાં મરણપથારીએથી ઉઠાડનાર આજ મહૌષધિ છે. મેં દવાતરીકે નહિ પણ અજ્ઞાનતામાં (બેફિકરાઇથી) માત્ર પંદર દિવસમાં દશ શેર આમલીના કાતરા ચાવી ખાધા હતા. આથી ઝાડામાં દુર્ગંધ નીકળી મને આરામ થયો. જે લોકો મારા આ ખોરાકને વખોડતા, પ્રતિબંધ કરતા તથા મશ્કરી કરતા, તેઓજ તેનો આ ચમત્કાર જોઇ દિંગમૂઢ થયા હતા ને મને નવું જીવન મળ્યું હતું.

તે આપવું. **(૧૧) આંખો આવે છે તે ઉપર:**—આમલીનો લીલો પાલો એરંડાના પાંદડામાં બાંધી માટીએ લીંપી ભરશાળમાં બાફવો. બફાયા પછી તેનો રસ કાઢી તેમાં ફુલાવેલી ફટકડી અને અફીણ નાખી તવા ઉપર તાંબાના વાસણથી ખલ કરી ગાળી રાખવું; અને તેમાં કપડું ભીંજવી તેની ગડી કરી તે આંખો ઉપર રાખવી. **(૧૨) અન્ન પાચન થતું ન હોય તો:**—આમલીના ઉપરની સૂકી છાલને વગડાઉ છાણા (અડાયા)માં બાળી રાખ કરવી અને સૂઇ રહેતી વેળાએ શુમારે છ માસા પર્યંત ખાઇ ગરમ પાણી પીવું. **(૧૩) ક્ષુધા કમી થવા માટે:**—આમલીના પાલાની ચટણી ખાવી. **(૧૪) હિંગળોકના વિષ ઉપર:**—અડધો શેર કચુકા ચારશેર પાણીમાં ઉકાળી તે પાણીના કોગળા સાત દિવસ કરવા. **(૧૫) શુરીઆના વિષ ઉપર:**—આમલીનો પાલો વાટી લેપ કરવો. **(૧૬) બળદનો પગ સૂજયો હોય તો:**—આમલીનો પાલો અને રાફડાની માટી પાણીમાં કઢવી તેની પોટલી કરી તે વડે શેકવું. **(૧૭) કર્ણમૂળ ઉપર:**—આમલીનો ગર્ભ લુણાવાળી જમીન ઉપર તપાવી બાળવો અને જમીન ઉપર હાથથી ચોળી કાદવ જેવું થયા પછી તેનો લેપ કરવો. **(૧૮) આકડાના વિષ ઉપર:**—આમલીનો પાલો વાટી લેપ કરવો. **(૧૯) બાળકોની રક્ત સંગ્રહણી ઉપર:**—આમલીની છાલનું ચૂર્ણ ત્રણ માસાથી ૬ માસાપર્યંત બે તોલા અધમર્યા દહીંમાં નાખી દિવસમાં બે વખત, એ પ્રમાણે ત્રણ દિવસ આપવું. **(૨૦) ભાંગનો ઉતાર:**—આમલી પલાળી તેનું પાણી પાઈ દેવું. **(૨૧) મોડશી (કૉલેરા) ઉપર:**—આમલી ૯ ભાગ, ભિલામો ૮ ભાગ એકત્ર વાટી ધોળી ડુંગળીના રસમાં કાલવી કપડાથી ગાળી તે રસ પાવો; એટલે ઉલટી અને ઝાડો બંધ થાય છે તથા જે સવિષ જંતુ હોય છે તે પણ મરી જાય છે. **(૨૨) અરુચિ અને પિત્ત ઉપર:**—અંદરથી પાકેલી અને દળદાર એવી આમલી લઇ તે ટંડા પાણીમાં મસળી સાકર નાખી આપવી. પછી તેમાં એલચી, લવંગ, કપૂર અને મરી નાખી તે મિશ્રણના કોગળા વારંવાર કરવા; એટલે અરુચિનો નાશ થાય છે અને પિત્ત શમે છે. **(૨૩) પિત્ત અને બંધકોશ ઉપર આમલીનું શરબત:**—એક શેર આમલી બશેર પાણીમાં ચાર પ્રહર ભીંજવી રાખી, પછી તે પાણી ગાળી ઉકાળી અર્ધું બાળવું; અને તેમાં ૨ શેર સાકરની ચાસણી કરી નાખી સરબત જેવું કરીને તે દરરોજ ૨ તોલાથી ૫ તોલાપર્યંત આપવું. બંધકોશવાળાએ રાત્રે અને પિત્તવાળાએ સવારે સેવન કરવું.

૪૧ **આમળાંનું ઝાડ:**—સં૦ બં૦ આમલકી. મ૦ આંવળે. હિં૦ આમલા, આમરા. ક૦ તુ૦ નલ્લીમારા. તૈ૦ ઉસરકાય, નેલ્લી. તા૦ નેલ્લીમાર. મલા૦ આમલકં, નેલ્લી. ફા૦ આમ્લઝ. અ૦ અમ્લજી. ઇં૦ એંબ્લીક મિરોબેલન. લા૦ ફિલેંથસ એંબ્લીકા.

ભરતખંડમાં આમળાંનાં ઝાડ ઘણે ઠેકાણે થાય છે. એ ઝાડ સાધારણ ઘણાં ઉંચાં હોય છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં હોય છે, એને કાર્તિકમાસમાં ફળો આવે છે. આમળાં સાધારણ સોપારી જેવડાં મોટાં હોય છે. આમળાંમાં બે જાતિ છે. રાન આમળાં અને ધોળાં આમળાં. આમળાંનો મુરબ્બો કરે છે, તે પિત્ત ઉપર સારો છે. તેનું અથાણું પણ થાય છે. આમળાં સૂકાઇ જાય એટલે એને પણ આમળાંજ કહે છે, એ સૂકાં આમળાંને મરાઠીમાં આવળકંટી કહે છે. આમળાંના લાકડામાંથી ધોળો કાથો થાય છે. આવળકંટી વાટી શરીરે ચોપડે છે, આવળકંટીનું રાયતું પણ બને છે. વૈદકમાં જેને ત્રિફળાં કહે છે તેમાં આવળકંટી પણ આવે છે. હરડાં, બેડાં અને આવળકંટી (આમળાં), આ ત્રણ પદાર્થોને "ત્રિફળાં" એવી સંજ્ઞા આપેલી છે. **આમળાં**—કિંચિત તીખાં, સારક, મીઠાં, કડવાં, ખાટાં, તૂરાં અને શીત છે. એ જરા અને વ્યાધિનાં નાશક, વૃષ્ય, કેશ્ય, હિતકર અને રુચિનાશક છે; અને રક્તપિત્ત, પ્રમેહ, વિષ, જ્વર, વાંતિ, આધ્માન, બંધકોશ, સોજો, શોષ, તૃષા, રક્તવિકાર અને ત્રિદોષનો નાશ કરે છે. **આવળકંટી:**—કડવી, તીખી, ખાટી, મધુર, તૂરી, કેશ્ય, ભગ્નસંધાનકર, ધાતુવર્ધક અને નેત્રને હિતકર છે; તથા શરીરે લગાડવાથી કાંતિકારક છે; અને પિત્ત, કફ, પરસેવો, મેદ, વિષ અને ત્રિદોષનો નાશ કરે છે. **(૧) ધોળી ધૂપણી ઉપર:**—આવળકંટીનાં બી પાણીમાં વાટી તેમાં સાકર અને મધ નાખી ત્રણ દિવસ આપવાં. **(૨) સર્વ જ્વર ઉપર આમલકયાદિ ચૂર્ણ અને આમલકયાદિ ક્વાથ:**—આવળકંટી, ચિત્રાનાં મૂળ,

બાળહરડે (હીમજી હરડે), લીંડીપીપર અને સિંધવ, એ પાંચ ઔષધ સમભાગ લઇ ચૂર્ણ કરી લેવાથી સર્વ જ્વર નાશ પામે છે; તેમજ આવળકંટી, ચિત્રાનાં મૂળ, બાળહરડાં અને લીંડીપીપરનો કાઢો કરી તે લેવાથી પણ તાવ દૂર થાય છે. **(૩) પિત્ત ઉપર આમળાંનો મુરબ્બો:**—એક શેર આમળાંને સોયથી બી સુધી પહોંચે તેવા પાસે પાસે ટાંચા મારી ચુનાના નીતર્યાં પાણીમાં કેટલીક વાર નાખવાં; એટલે તેમાંની લાળ નીકળી જાય છે. પછી આધ્રણ આવેલા બશેર પાણીમાં નાખી થોડાં ઉકાળવાં અને બહાર કાઢી કપડાથી લૂછી કોરાં કરવાં. પછી ખાંડ અથવા ખડીસાકરની ચારતારી ચાસણી કરી તેમાં તે આમળાં બૂડાડી રાખવાં. આ મુરબ્બો ચારપાંચ વર્ષસુધી સારી રીતે રહી શકે છે. એ મુરબ્બો ખાધાથી પિત્ત શમન થઇ પુષ્ટતા પણ આવે છે. **(૪) આમળાંનાગોળીઓ (કોચકઇ):**—સારાં આમળાંને થોડાં બાફી તેને બારીક વાટવાં. પછી તેમાં જીરૂં, મરી, લીંડીપીપર, સુંઠ, ધાણા, તજ, સિંધવ, સંચળ, હરડાં અને મીઠું, એ સઘળાંને બારીક વાટી નાખવાં અને તેની થેપલી કિંવા ગોળીઓ કરી સૂકવવી. આ ગોળીઓ ઘણી રૂચિકર અને પાચક છે. **(૫) ખસ ઉપર:**—આવળકંટી બાળી તે તેલમાં ખરલ કરી શરીરે ચોપડવી. **(૬) સ્વરભેદ ઉપર:**—ગાયના દૂધમાં આવળકંટીનું ચૂર્ણ આપવું. **(૭) અશુદ્ધ અભ્રક ભક્ષણ કરવાથી થતા વિકાર ઉપર:**—આમળાંનો રસ અથવા આમળાં પાણીમાં પલાળી રાખી ત્રણ દિવસ ખાવાં એટલે સર્વ વિકાર દૂર થશે. **(૮) ઉલટી અને શ્વાસ ઉપર:**—આમળાંનો અંગરસ મધ અને લીંડીપીંપર નાખી આપવો. **(૯) રકતપિત્તી (વાતરકત) ઉપર:**—આવળકંટી એરંડતેલમાં તળી સાકર સાથે સવારસાંજ ગરમ પાણીના ઘુંટડા સાથે ફાકવી. **(૧૦) ઉલટી ઉપર:**—આવળકંટીનું ચૂર્ણ ચંદનમાં મેળવી મધમાં આપવું. **(૧૧) પ્રમેહ ઉપર:**—આમળાંનો રસ કાઢી અથવા આવળકંટીનો કાઢો કરી તેમાં બે માસા હળદરની ભૂકી અને મધ નાખી તે આપવું. **(૧૨) જરા ન આવવા માટે:**—આંવળકંટી પાણીમાં વાટી શરીરે લગાડી થોડી વારે સ્નાન કરવા જવું. એ પ્રમાણે નિત્યક્રમ રાખવાથી વાર્ધકય (વૃદ્ધપણું) આવતું નથી અને કેશ ધોળા થતા નથી. **(૧૩) આંખોમાંની આગ શાંત થવા માટે:**—આવળકંટી અને તલ રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે વાટી આંખે ચોપડવાં. પછી એક કલાકે સ્નાન કરવું એટલે આંખો હમેશાં ટાઢી રહી આગ થશે નહિ. **(૧૪) પિત્ત ઉપર આવળકંટીનું ચૂર્ણ**—આવળકંટીથી બમણી સાકર અને તેથી બમણું તાજું ઘી એકત્ર કરી આપવું. **(૧૫) તાવમાં શોષ પડે છે તે ઉપર**—આવળકંટી અને દ્રાક્ષ વાટી ઘીમાં મેળવીને ગોળી કરી મુખમાં રાખવી; એટલે જીભ, તાળવું, ગળું વગેરેનો શોષ શાંત થાય છે. **(૧૬) તાવમાં અરૂચિ થાય છે તે ઉપર:**—આવળકંટી, દ્રાક્ષ અને સાકરનો કલ્ક કરી તે મુખમાં રાખવો. **(૧૭) મૂત્રકૃચ્છ્ર એટલે પેસાબમાં બળતરા થઇ થોડો થોડો ઉતરવો તે ઉપર:**—આમળાંનો અને શેરડીના રસ એકત્ર કરી આપવો. **(૧૮) અમ્લપિત્ત ઉપર:**—આવળકંટીનું ચૂર્ણ કેળના કાંદાના રસમાં આપવું. **(૧૯) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ઘીમાં આવળકંટી તળી કાંજીમાં વાટવી અને તેનો મસ્તકે લેપ કરવો. **(૨૦) યોનિદાહ ઉપર:**—આમળાંનો રસ સાકર નાખી પાવો. **(૨૧) બહુમૂત્ર ઉપર:**—આમળીના ઝાડના પાલાનો રસ પાશેર કાઢી તેમાં દારૂહળદર ઘસવી. પછી તેમાં ખડીસાકર પાંચ તોલા નાખી પાવું. **(૨૨) પ્રમેહ ઉપર:**—આમળીના પાંદડાંનો રસ પાશેર અને છાશ પાશેર એકત્ર કરી પાવું. **(૨૩) રેચક:**—આમળીનાં ઝાડની છાલના રસમાં મરીની ભૂકી, પાંચ લવંગ અને એલચી વાટી આપવાં. ઉતાર—ઘી અને ભાત. **(૨૪) શરીર ઉપર પિત્ત ઉઠે છે તે ઉપર:**—આવળકંટી રાત્રે ગોમૂત્રમાં પલાળી રાખી મૂકવી અને સવારે વાટી તેમાં નાળીએરનો અંગરસ મેળવી શરીરે ચોપડવું. **(૨૫) શરીરની કાંતિ સારી થવા માટે:**—આવળકંટી અથવા શેકેલાં આમળાં અને ધોળા તલ એકત્ર કરી બારીક વાટી દરરોજ શરીરે ચોળવાં; અને થોડી વાર પછી ગરમ પાણીએ સ્નાન કરવું. **(૨૬) વીર્યવૃદ્ધિ ઉપર:**—આમળાંનો રસ અને ઘી એકત્ર મેળવી આપવું. **(૨૭) વૃદ્ધપણું દૂર થવા માટે:**—આવળકંટીનું ચૂર્ણ અને તલનું ચૂર્ણ સમભાગે એકત્ર કરી ઘી અને મધમાં ૨૦ દિવસ પ્રાતઃકાળે આપવું. **(૨૮) દિવ્ય દેહ થવા માટે:**—આવળકંટીનું ચૂર્ણ અને

આરકંદનું ચૂર્ણ સમભાગે લઇ ઘી અને મધ સાથે શિશિર ઋતુમાં ચાટવું. (૨૯) **નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—આવળકંટી ઘીમાં શેકી પાણીમાં વાટી મસ્તકે લેપ કરવો. (૩૦) **મસ્તકશૂળ ઉપર:**—આમળાંનું ચૂર્ણ, ઘી અને સાકર એકઠાં કરી પ્રાતઃકાળમાં ખાવું. (૩૧) **પિત્તશૂળ ઉપર:**—આમળાંનું ચૂર્ણ મધમાં આપવું. (૩૨) **મૂર્છા ઉપર**—આમળાંનો રસ ઘી નાખી પાવો. (૩૩) **રક્તપિત્તઉપર:**—આવળકંટીનું ચૂર્ણ સાકર અને ઘીમાં આપવું અથવા આમળાંનો કે હરીતકી(હરડે)નો મુરબ્બો આપવો. (૩૪) **લઘ્વી (પેશાબ) લાલ થાય તો:**—આવળકંટી માસા ૩, સંચળ માસા ૨, સિંધવ માસા ૨, એનું ચૂર્ણ કરી તે પાશેર પાણીમાં શક્તિ પ્રમાણે આપવું. (૩૫) **રક્તાતિસાર ઉપર:**—આવળકંટીના અંગરસમાં મધ, ઘી અને દૂધ મેળવી આપવું. (૩૬) **અમ્લપિત્ત ઉપર:**—આવળકંટી ૧ તોલો રાત્રે પાણીમાં ભીંજવી રાખવી. બીજે દિવસે સવારમાં તેમાં ૩ માસા સુંઠ અને એક માસો જીરૂં નાખી બારીક વાટી ગોળી કરવી. તે ગોળી સાત તોલા દૂધમાં મેળવી, તેમાં બે તોલા ખડીસાકર નાંખી તે દૂધ પાવું. (૩૭) **બાળકોના અતિસાર ઉપર:**—આવળકંટી, ચિત્રો, બાળહરડાં, લીંડીપીપર અને સંચળ એનું ચૂર્ણ કરી તે હમેશાં સવારે અને રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં શક્તિ પ્રમાણે આપવું. (૩૮) **પિત્તવિકાર ઉપર:**—આવળકંટી ૧ તોલો આખી રાત કલઇના વાસણમાં પલાળી રાખી સવારે વાટી સાત તોલા ગાયના દૂધમાં મેળવી તે પાવું એટલે પિત્તવિકાર દૂર થઇ શક્તિ વધે છે. (૩૯) **કમળાના રોગ ઉપર:**—આવળકંટી, હળદર અને ગેરૂ મેળવી એનું અંજન કરવું. (૪૦) **ધાતુપુષ્ટિને માટે:**—આવળકંટી અને ગોખરૂ એ પ્રત્યેકનું ચૂર્ણ બે માસા અને ગળોનું સત્ત્વ ૧ માસો, એ ઘી અને સાકરમાં નાખી રોજ સવારે ખાવું એટલે ધાતુસ્થાનની ઉષ્ણતા જઇ તે પુષ્ટ થાય છે.× (૪૧) **ધોળી ધૂપણી ઉપર:**—આમળાંનો રસ અથવા ચૂર્ણ મધમાં આપવું.

૪૨ **આલ:**—સં૦ અચ્યુતવૃક્ષ. હિં૦ મ૦ આલ.

એ ઝાડને મુસલમાની ભાષામાં "સુરંજી" કહે છે. એ ઝાડ ઘણાં વર્ષ રહ્યાથી હશીઆના ઝાડ જેવડું થાય છે. એનાં પાંદડાં હશીઆનાં અથવા મહુડાનાં પાંદડાં જેવાં હોય છે. એને બારે માસ ધોળા રંગનાં અને થોડી મધુર વાસવાળાં ફૂલ આવે છે. એનાં ફળો હશીઆનાં ફળ જેવાં હોય છે; તેને કોઇ કોઇ મીઠામાં આથે છે. આ ઝાડની ઉત્પત્તિ ખાનદેશ અને વરાડ પ્રાંતમાં ઘણી થાય છે. એનાં મૂળિયાંનો રંગ નીકળે છે. આલનાં ઝાડ રંગ માટે તૈયાર કરતાં ત્રણ વર્ષ લાગે છે. વરાડમાં એનાં મોટાં મોટાં ખેતરો હોય છે. એનાં મૂળમાં જેટલાં બારીક મૂળો હોય છે, તેટલો તેનો રંગ સારો નીકળે છે. એ મૂળોનો પાકો ખારવી રંગ થાય છે. શેત્રંજી, પછેડી વગેરે એના રંગમાં રંગાય છે.

૪૩ **આલુ:**—સં૦ ક૦ આરૂક. મ૦ હિં૦ આલુ બુખાર. ફા૦ આલુસ્યા. અ૦ ઇજ્જાસુ. ઇં૦ ચેરિલમ. લા૦ પ્રુનસ બોખેરિયનસિસ.

આલુના ઝાડની ઉંચાઇ શુમારે ૧૦ હાથ હોય છે. એ ઝાડો પર્શીઆ, અરબસ્તાન અને ગ્રીસ, એ ઠેકાણે થાય છે. ત્યાંથી એ ફળો અહીં આવે છે. એ ફળનો આકાર દીર્ઘ વર્તુળાકાર હોઈ તે એક બાજુએ ફૂલેલો હોય છે. તેનો રંગ બહારથી રાતો કાળો હોય છે. અંદરનો ગર્ભ પીળો હોય છે. એનાં બી સુંવાળાં અને ચળકનાં બદામ જેવી આકૃતિનાં હોય છે. એ ફળ સારૂં પરિપક્વ થયાથી એનો સ્વાદ ખાટો, મીઠો, રુચિકર અને શરીરને હિતાવહ છે; પરંતુ એ ફળ ઘણાં ખાવાથી પેટમાં વાયુ, મરડો થઇ સંગ્રહણી થાય છે. **આલુ:**—ગ્રાહક, તૂરૂં, હલકુ, શીત, જડ, મલસ્તંભક, ગ્રાહી, ભેદક, ઉષ્ણ અને કફ-પિત્તનો નાશ કરનાર, પાચક, ખાટું, મધુર, મુખપ્રિય તથા મુખને સ્વચ્છ કરનાર છે; અને મેહ, ગુલ્મ, અર્શ, રક્તવાત, એઓનું નાશક છે. તે પાકવાથી મધુર અને જડ છે અને કફ તથા પિત્ત કરનાર, ઉષ્ણ, રુચિકર, ધાતુવર્ધક, પ્રિય અને મેહ, અર્શ,

---

× શાસ્ત્રકારોએ આ ચૂર્ણનું 'રસાયન ચૂર્ણ' નામ રાખેલું છે. આ ચૂર્ણ લાંબો વખત સેવન કરવાથી મૂત્રમાર્ગના સર્વ રોગ દૂર થાય છે. ધાતુ ઘટ્ટ થાય છે. વૃદ્ધાવસ્થાની નિર્બળતા દૂર થઈ સફેદ વાળના કાળા વાળ થાય છે.

જ્વર, વાયુ એમનો નાશ કરે છે. × **(૧) મલબદ્ધતા ઉપરઃ**—આલુ પાણીમાં ઘસીને પીવાથી પેટ સાફ આવે છે. **(૨) રેચ થવા માટેઃ**—આલુ ધીમા તાપે ચાર કલાક સુધી પાણીમાં બાફી પછી તેને બે નેતરની ચારણીઓ વચ્ચે દબાવી તમામ પાણી કાઢી નાખવું. પછી તે કૂચા વાસણમાં રાખી મંદ અગ્નિ પર બળે નહિ તેમ સૂકવવા. પછી ખાંડી રાખવા અને રેચ માટે આપવા. **(૩) શોષ ઉપરઃ**—આલુ મુખમાં રાખવું.

૪૪ આવળ—સં૦ અર્બુર, શરત્પુષ્પ. મ૦ તરવડ, અવિરામ. ખા૦ આંવળી, ચાંભારઆંવળી. હિં૦ ખખસા, રગ. ક૦ હોન્નવરી, હોન્નરિકે. તૈ૦ નાંધેડુ. તા૦ અવારાઈ. ઈં૦ ટેનર્સ કેશિયા. લા૦ કેશિયા ઑરિક્યુલેટા.

આવળનાં ઝાડ સાધારણ ત્રણ ચાર હાથ ઉંચાં વધે છે, એનાં પાંદડાં કુંવાડીઆનાં પાંદડાં જેવાં થાય છે. એને પીળા રંગનાં ફૂલોના ગુચ્છા આવે છે. એની શીંગો ચપટી હોઇ વેંતભર લાંબી હોય છે. આ ઝાડો ગામડાંમાં ઘણાં થાય છે, કોકણમાં આવળ જોવામાં આવતી નથી. મહારાષ્ટ્રના કેટલાક ભાગમાં એને "ચાંભારતરવડ" પણ કહે છે. આવળની છાલ ચામડાં રંગવાના કામમાં ઉપયોગી છે. એનાં લાકડાં બાળવાના કામમાં આવે છે. **આવળઃ**—કડવી, શીતળ અને આંખોને હિતકારક છે. તે પિત્ત, દાહ, મુખરોગ, કોઢ, જંતુ (કૃમિ), અતિસાર, સોજો, શૂળ, વ્રણ અને તાવનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **ગર્ભિણીની ઉલટી ઉપરઃ**—આવળનાં ફૂલ ૧ તોલો ગાયના દૂધમાં વાટી તેમાં સાકર ૧ તોલો નાખી તે પાવાં. **(૨) પગ કિંવા હીંચણ મોચવાયો હોય તે ઉપર તથા સોજા ઉપરઃ**—આવળનાં પાંદડાં ઉનાં કરી તેનો પેંડો બાંધવો. **(૩) બાળકોની મોડશી (કૉલેરા) ઉપરઃ**—આવળનાં અને રીંગણીનાં મૂળોની છાલ ઘસી પાવી. **(૪) ઘુંટણનો સોજો અથવા વાઘ કરડયો હોય તો તે ઉપરઃ**—આવળનો પાલો અને સોમલ, એને થુંકમાં ખલ કરી લેપ કરવો. **(૫) ઉપદંશ ઉપરઃ**—આવળનો પાલો ૧ મૂઠી અને ખીજડાનો પાલો એક મૂઠી વાટી તેમાં થોડું જીરૂં અને ધાણા નાખી ૭ દિવસ પાવો. **(૬) આંખોમાં ફૂલ પડે છે તે તથા છારી વળે છે તે ઉપરઃ**—આવળનાં બી મોગલીએરંડાના દૂધમાં ઘસી અંજન કરવું. **(૭) મૂત્રાઘાત ઉપરઃ**—આવળનાં બીજ પાણીમાં વાટી પાવાં અને ડુંટી ઉપર લેપ કરવો.

૪૫ આશાઃ—એ ઝાડો કોકણમાં અને બંગાળા પ્રાંતમાં પુષ્કળ થાય છે. ત્રાવણકોર પ્રાંતમાં જૂનાં ઝાડોનાં ગર્ભમાંનાં લાકડાંમાંથી તામીલ લોકો એક જાતનો રંગ તૈયાર કરે છે. એનાં પાંદડાંનો રસ ઘણોજ કડવો છે. **(૧) બાળકોની પીડ અને જંતુ (કૃમિ) ઉપરઃ**—એનાં પાંદડાંનો રસ એક ચમચો ભરી લઈ તેમાં થોડું કેસર નાખી તે ત્રણ દિવસ પાવો; એટલે ઝાડો સાફ થઇ બાળકોને અન્ન સારી રીતે પચી મોઢા પર લાલી આવે છે.

૪૬ આશેત્રી (આસુંદરો)—સં૦ અશ્મંતક. મ૦ આપટા. કો૦ સિદ્ધ. હિં૦ સિરહટા, અસિમિલાંશ. ક૦ અસ્મર, આરી, આસુ. વ૦ અમાટા. બં૦ આ ભુટા. લા૦ બોહિનિયા ટોમેંટોસા.

આ જંગલી ઝાડ છે. આનાં પાંદડાં કચનારનાં પાંદડાં જેવાં હોય છે; પરંતુ આનાં પાંદડાં તે પાંદડાં કરતાં જાડાં અને મોટાં હોય છે. એને લાંબી શીંગો આવે છે. એનું લાકડું બાળવા માટે ઘણું ઉપયોગી થતું નથી. એનાં પાંદડાં તંબાકુની બીડી બનાવવાના કામમાં ઉપયોગી થાય છે. એ નિરર્થક અને નિર્લજ્જ વ્યસનથી લોકોને અતિશય નુકસાન થાય છે; પરંતુ આ પ્રચાર હમણાં ઘણે ભાગે વધી ગયો છે. આ વ્યસન જ્યારે આપણા લોકોમાંથી નાશ પામશે, ત્યારેજ આપણો સુદિન પ્રાપ્ત થયો એમ સમજવું જોઇએ. એની અંતરછાલના બંદુકના ટોટા થાય છે, તે આ છાલ સારી બારી રેસાવાળી કૂટીને કરે છે. એની અંતરછાલનાં મજબૂત અને ટકાઉ દોરડાં પણ થાય છે. એની શીંગ

× પાંદડાં અને ફળ વગેરેના ભેદથી આલુ ચાર જાતનાં છે. ઘણું કરીને એ બુખારા તરફથી આવે છે; માટે એને આલુબુખારા કહે છે. એનાં બીજ તાદશ બદામનાં બીજ જેવાંજ પરંતુ કાંઇક નાનાં હોય છે. એથી ગાંધી લોકો એને પણ બદામનાં મીંજ તરીકે વેચે છે. એનો પ્રતિનિધિ આમલી છે. એ આમાશય અને સ્નાયુને નુકસાન કરે છે. એનો ઉતાર રૂમીમસ્તકી છે. એની માત્રા ૫ દાણાથી છેવટ ૨૦ દાણાસુધી છે.

બાળઘુટીમાં (બાળકોને આપવાની સોગઠી સાથે) ઘસીને આપે છે.* **આશેત્રી:**—તૂરૂં, ખાટું, શીતળ તથા ગ્રાહક છે; અને વાત, પિત્ત, કફ, મેહ, દાહ, તૃષા, વિષરોગ, વાંતિ, પિશાચબાધા, ગંડમાળ, વ્રણ, વિષમજ્વર, કંઠરોગ, રક્તવિકાર, ગલગંડ તથા અતિસારનો નાશ કરે છે. **એની શીંગો**—તૂરી, શીતલ, ગ્રાહક, સ્વાદુ, રુક્ષ, ગુરુ, દોષદ્રાવક, મલરોધક, આધ્માનકર્તા અને કફ તથા વાયુનો નાશ કરે છે. **(૧) વાતગુલ્મ અને શૂળ ઉપર:**—આશેત્રીના પાલાના રસમાં મરીની ભૂકી અને તલનું તેલ સાત ટીપાં નાખી આપવું. **(૨) પરમીઆ** (પરમા) **ઉપર:**—આશેત્રીનો પાલો રાત્રે પાણીમાં પલાળી રાખવો અને સવારમાં તેનો ચાર પૈસાભાર રસ કાઢી તેમાં બે પૈસાભાર ખડીસાકર નાખી આપવો. **(૩) પ્રસૂતિ જલદીથી ન થતી હોય તો:**—એક નાના છોકરાને નમ કરી સ્નાન કરાવવું અને તેની પાસે આશેત્રીના ઝાડની છાલ, તે ઝાડ ઉપર તેની છાયા પડવા ન દેતાં દાંતોથી ઉખડાવવી. તે છાલ તેણે તેવીજ મુખમાં રાખી લાવી પ્રસૂત થનારી સ્ત્રીના માથા ઉપર થુંકી નાખવી એટલે પ્રસૂતિ થશે. **(૪) શોફોદર ઉપર:**—આશેત્રીનો પાલો, કારેલીનો પાલો અને ભાંગરો, એ ત્રણે સમભાગ લઈ વાટી રસ કાઢવો અને તેમાં રાફડા ઉપરનાં કડાનાં મૂળ ઘસી તે પાઇ દેવાં એટલે શોફોદર દૂર થશે. **(૫) ધાત પડે છે તે ઉપર:**—આશેત્રીની કુમળી ડાળીઓનો રસ અને ગાયનું દૂધ એકઠું કરી તેમાં ખડીસાકર નાખી આપવું. **(૬) તાવમાં કપાળ** (માથું) **દુ:ખે છે તે ઉપર:**—આશેત્રીનાં પાંદડાં વાટી લેપ કરવો. **(૭) બીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—આશેત્રીની છાલ, કાળા તલ, મજીઠ અને શતાવરીનું ચૂર્ણ દૂધમાં આપવું. **(૮) શોફોદર ઉપર:**—આશેત્રી, કારેલી, ભાંગુર્ડી (ગંગાવતી) ને ભાંગરો, એનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મરીની ભૂકી અને ઘી નાખી ત્રણ દિવસ આપવું. ઉતાર ઘી અને ભાત આપવો. આ સિવાય બાળકોના ઉદરવ્યાધિમા પણ તેનો ઉપયોગ થાય છે. **(૯) સોજા ઉપર:**—આશેત્રીનાં પાંદડાંનો રસ દૂધમાં આપવો.

૪૭ આસંધ્ર (આસુંદ)—સં૦ બં૦ અશ્વગંધા. મ૦ આસ્કંધ. હિં૦ અસગંધ. દે૦ ઢોરગુંજ. ક૦ અંગરબેરૂ, હિરેબરૂ, આભાકિરે, હિરેમદ્દીનબેરૂ. તૈ૦ પિલ્લીઆંડૂપેન્નેરૂ, અશ્વગંધી. તા૦ અશ્વગંડી. મલા૦ અમુકિર, પિવટે. ફા૦ બે (મે) હેમનૂબરરી, ઇં૦ વિંટરચેરી. લા૦ ફાઇસેનિસ સોમ્નિફેરા.

એને 'આસંધ' 'અજગંધ' પણ કહે છે. કેટલેક ઠેકાણે એને 'ઢોરગુંજ' પણ કહે છે. એ ઝાડ ખાનદેશ, નાશિક, વરાડ અને ઘાટ ઉપર ઘણે ઠેકાણે મળી આવે છે. એની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. એ ઝાડ સાચવે તો ૪–૫ વર્ષ રહે છે, એનાં પાંદડાં આકારે કોરાંટી (કાંટાસરીઆ) જેવાં હોઇ તેના કરતાં મોટાં હોય છે. એ ઝાડ ઉપર ચણા જેવડાં ચણોઠી પ્રમાણે લાલ ફળ આવે છે. એમાં રીંગણીનાં બી જેવાં બી હોય છે. એનાં મૂળોને આસંધ કહે છે. આસંધનો પાક કરે છે. તે ઉત્તમ પુષ્ટિકારક છે.× **આસંધ:**—રસાયન, તૂરો, ધાતુવૃદ્ધિકર, કિંચિત્ તીખો, બલકર, કાંતિકારક, મધુગંધ, શરીરને પુષ્ટિ આપનાર, વૃષ્ય, ઉષ્ણ તેમજ લઘુ છે; અને વાત,

---

* એ ઝાડને દક્ષિણી લોક કંચનનું ઝાડ પણ કહે છે. આ ગ્રંથની ત્રણ આવૃત્તિઓમાં આસુંદરો એવા નામથી સાજડને ઓળખાવેલ હતું; પરંતુ એ દરેક નિઘંટો તેમજ પદેજીના ઉલ્લેખથી વિરુદ્ધ હોવાથી તેમાં ખાસ ભૂલ થવાની સાબીતી મળે છે. પદેજીના નિઘંટથી તેમજ મરાઠી વનૌ૦ ગુણા૦ થી તો આશેત્રીનુંજ બીજું નામ આસુંદરો સિદ્ધ થાય છે. ગુજરાતી અમૃતસાગરના પ્રકાશક શ્રી. ત્રિભોવનદાસ પણ એજ મુજબ સ્વીકારે છે.

× આસંધનો ક્ષુપ (છોડ) ઘણું કરીને પીલુડીને મળતો હોય છે. માત્ર પીલુડી કરતાં એનાં પાંદડાં કાંઇક પાતળાં હોવાથી કેટલાક બંધુઓ એને ઓળખતાં ભૂલ ખાય છે. એનાં પાંદડાંનો રસ માથાના વાળમાં ભરી રાખવાથી જૂ મરી જાય છે. એથી એને ગામડાના લોકો જૂ–મારી–તરીકે ઓળખે છે. એનાં મૂળોમાં ઘોડાની વાસ આવતી હોવાથી સંસ્કૃતમાં એને અશ્વગંધા કહે છે. વળી એ રાસ્નાના જેવી હોવાથી કેટલાક ગાંધીલોકો એને બદલે રાસ્ના આપી ઠગે છે. એ ગરમ પ્રકૃતિવાળાને નુકસાન કરે છે, વાયુનાશક હોવાથી એને કેટલાક લોકો ખાય છે; પરંતુ એની સાથે સખ્ત પરેજી પાળવી જરૂરની છે. એનો ઉતાર કતીરો, પ્રતિનિધિ ઉપલેટ અને બાલછડ ને માત્રા ૫ માસાની છે.

ક્ષય, દમ, ઉધરસ, વ્રણ, શ્વેતકુષ્ઠ, કફ, વિષ, કૃમિ, સોજો, ક્ષતક્ષય અને કંડૂનો નાશ કરે છે. **(૧) વીર્યવૃદ્ધિ ઉપર:**—આસંધનું ચૂર્ણ, ઘી અને મધ વિષમભાગે* લઇ તેમાં સાયંકાળે આપવું અને ઉપર દૂધ પાવું. **(૨) ગર્ભિણીને પુષ્ટિકર યોગ:**—આસંધનો કાઢો કરી આપવો એટલે ગર્ભિણીને પુષ્ટિ થાય છે અને બાળક સશક્ત ઉત્પન્ન થાય છે. **(૩) વૃદ્ધપણું દૂર થવા માટે:**—આસંધનું ચૂર્ણ દૂધમાં આપવું. **(૪) નાનાં બાળકોને શક્તિ આવવા માટે:**—આસંધનું ચૂર્ણ દૂધમાં આપવું અથવા આસંધ ૧ ભાગ, દૂધ ૮ ભાગ, એમાં ઘી નાખી પચન કરવું. તે બાળકને આપવાથી બળ વધે છે. **(૫) દૃષ્ટિ સ્વચ્છ થવા માટે:**—આસંધનું ચૂર્ણ આમળાંનો રસ અને જેઠીમધનું ચૂર્ણ મેળવી આપવું. **(૬) સર્વ રોગ દૂર થવા માટે:**—આસંધનું ચૂર્ણ ૧ તોલો, ગળોનું ચૂર્ણ ૧ તોલો અથવા ગળોનું સત્ત્વ માસો ૧ મધમાં આપવું. **(૭) ચામડીના રોગને માટે:**—આસંધનું ચૂર્ણ તેલમાં નાખી શરીરે ચોપડવું. **(૮) ગર્ભધારણને માટે:**—આસંધનો કાઢો દૂધ નાખી કરવો અને તેમાં ઘી નાખીને ઋતુસ્નાતા સ્ત્રીને પીવા માટે આપવો. **(૯) પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—આસંધનું ચૂર્ણ ૩ માસા અને ખડીસાકર ૧ તોલો, એ સવારે ગાયના દૂધમાં નાખી આપવું. આ પ્રમાણે સાંજે પણ આપવું, એટલે ઉપલા વિકારો દૂર થઇ ધાતુવૃદ્ધિ થાય છે અને શક્તિ આવે છે. **(૧૦) વીર્યવૃદ્ધિ અને ધાતુસ્તંભને માટે:**—આસંધ તોલા ૧૦ અને વરધારો તોલા ૧૦, એ બંને ઔષધો સમભાગ લઈ ચૂર્ણ કરવું અને ઘીના નીવડેલા (રીઢા) વાસણમાં તે ભરવું. પછી તેમાંનું ચૂર્ણ ૧ તોલો લઇ ગાયના તાજા દૂધમાં નાખી તે આપવું. **(૧૧) ધાતુક્ષય ઉપર:**—આસંધ, સાકર, ઘી, મધ, લીંડીપીંપર, એ એકત્ર કરી આપવું. પથ્ય—દૂધ અને ભાત. **(૧૨) સ્ત્રીઓને દૂધ આવવા માટે:**—આસંધ, ભોંયકોળું અને જેઠીમધનો કાઢો ગાયનું દૂધ નાખી આપવો. **(૧૩) સોજો, ગલગ્રંથ ઉપર તથા ગુમડું પકવવાને અને ફોડવાને:**—આસંધનાં તાજાં મૂળ ગોમૂત્રમાં વાટી લેપ કરવો અથવા પાણીમાં વાટી ગરમ કરી લેપ કરવો. **(૧૪) વાયુ ઉપર:**—ગોળમાં આસંધનું ચૂર્ણ નાખી ગોળી કરી આપવું. **(૧૫) ઢોરને વિષ ચઢયું હોય તો:**—આસંધનાં તાજાં મૂળ છાશમાં વાટી પાઇ દેવાં. **(૧૬) ઉરૂસ્તંભ ઉપર:**—આસંધ વાટી ગરમ કરી લેપ કરવો. **(૧૭) વાયુને માટે:**—આસંધ અને શતાવરીનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. **(૧૮) આદાશીશી ઉપર:**—આસંધનું ચૂર્ણ ધસવું. **(૧૯) વાળા ઉપર:**—આસંધ તેલમાં કિંવા છાશમાં વાટી લેપ કરવો. **(૨૦) કટિશૂળ એટલે કમ્મર દુખે છે તે ઉપર:**—આસંધ અને ખડીસાકરનું ચૂર્ણ ઘીમાં ખાવું. **(૨૩) બળદને કંઇ દુઃખ થયું હોય તો:**—આસંધનાં તાજાં મૂળ ખવરાવવાં એટલે બળદ સારો થશે.

૪૮ **આસોપાલવ**—સં૦ અશોક, મંદાર. મ૦ હિં૦ બં૦ અશોક. ક૦ અશોકે. તૈ૦ અશોકેમાનું. મલા૦ અશોકં. લા૦ જોનેસિયા અસોકા. રા૦ આશાપાલવ.

એ ઝાડ આંબાનાં ઝાડ જેવડાં મોટાં થાય છે. એનાં પાંદડાં આંબાનાં પાંદડાં કરતાં ઘણાં લાંબાં અને કળીદાર હોઇ ભરાવદાર અને સુશોભિત હોય છે. એની છાયા ઘટ્ટ હોય છે. એ ઝાડ શોભાયમાન હોય છે એટલા માટે એને બાગમાં અને દેવળોમાં વાવે છે. એનાં ફૂલ રાતા રંગનાં હોય છે. **અશોક**—મધુર, શીત, અસ્થિને સાંધનાર, પ્રિય, સુગંધયુક્ત, કૃમિહારક, તૂરો, ઉષ્ણ, શરીરની કાંતિ વધારનાર, સ્ત્રીઓના શોકનો નાશ કરનાર, ગ્રાહક, પિત્તકર; અને દાહ, ગુલ્મ, ઉદરશૂળ, આધ્માન, વિષ, અર્શ (હરસ), વ્રણ, તૃષા, શોથ, અપચન અને રક્તરોગ એનો નાશ કરે છે. **(૧) રક્તપ્રદર ઉપર:**—આસોપાલવની છાલને દૂધ અને પાણીમાં મેળવી દૂધ બાકી રહે ત્યાંસુધી કાઢો કરી, તે શીત થયા પછી આપવો; એટલે તીવ્ર રક્ત-પ્રદરનો પણ નાશ થશે. **(૨) સવ પ્રદર ઉપર:**—આસોપાલવની છાલ વાટી, તેમાં રસાંજન નાખી ચોખાના ધોવરામણમાં મધ નાખી આપવું.

૪૯ **આંબાહળદર**—સં૦ આમ્લનિશા, અમ્રનિશા, આમ્રગંધા. મ૦ આંબેહળદ. મા૦ આંબા-

* ઘી અને મધ સમાનભાગે મળવાથી વિષતુલ્ય થાય છે; માટે વિષમભાગેજ લેવાં જોઇએ.

હરદી. ક૦ હલ્દિઅરષણ, કાડઅરસિણ. તા૦ કસ્તૂરીમંજલ. મલા૦ કતુમન્નલ. તે૦ કસ્તૂરિ પાસુવુ, અડિવિપાસુવુ. ઇં૦ મેંગો જીંજર. લા૦ કરકયુમા અરોમેટિકા. હિં૦ કપૂરહલદી, આંબાહલદી. ફા૦ દારચોવહ. અ૦ દારહલ્દ.

એ ઝાડ રાનમાં થાય છે. એનાં ઝાડ હળદરના ઝાડ જેવાંજ થાય છે. આ હળદરના ગાંઠીઆ મોટા હોય છે અને તે ઘણા કઠણ હોય છે. એ હળદર બાગમાં થનારી હળદર પ્રમાણે મસાલાના ઉપયોગમાં આવતી નથી. આંબાહળદર રક્તવિકારની નાશક છે. શરીરને ચોપડવાના મસાલામાં તેને નાખે છે. એ શરીરે ચોપડવાથી કંડૂનો નાશ થાય છે. ***આંબાહળદર**—કડવી, ખાટી, રુચિપ્રદ, લઘુ, અગ્નિદીપક, ઉષ્ણ, તુરી અને સારક છે; તથા કફ, ઉગ્ર વ્રણ, ઉત્રરસ, દમ, ઉચકી (હેડકી), તાવ, સન્નિપાતજ્વર, શૂળ, વાયુ, કંડૂ, વ્રણ અને મુખરોગનો નાશ કરે છે. રક્તદોષનો પણ નાશ કરે છે. **(૧) કંડૂ (ખાજ) અને ખસ ઉપર:**—આંબાહળદર અને કાળીજીરી એકત્ર વાટી શરીરે ચોપડવું એટલે કંડૂ દૂર થાય છે. આંબાહળદર અને કાળીજીરીનું બારીક ચૂર્ણ કરી ઘીમાં ખરલ કરી ખસને ચોપડવું એટલે ખસ દૂર થશે. **(૨) ઠેસ વાગી પડવાથી અથવા કોઈપણ આઘાત થઈ લોહી ગંઠાયા ઉપર:**—આંબાહળદર અને હીરાબોળ, એ પાણીમાં ઘસી ગરમ કરી દુઃખતા ભાગ ઉપર ચોપડવું એટલે જલદી ગુણ પડે છે. **(૩) શીતળા અથવા ગોવરાથી શરીર ઉપર કાંટા ઉઠે છે તે ઉપર:**—આંબાહળદર, કાળીજીરી, બાવચી, કુવાડિવાનાં બી અને આમળાં, એને ગોમૂત્રમાં ભીંજવી રાખી વાટીને રોજ શરીરે ચોળી સ્નાન કરવું. **(૪) કૃમિ (કરમ) ઉપર:**—આંબાહળદર અને સિંધવ એકઠાં વાટી શક્તિ પ્રમાણે આપવાં અને ઉપર ગરમ પાણી આપવું; અથવા કાંચકીના પાલાના રસમાં આંબાહળદર ઉકાળી પેટ ઉપર ચોપડવી. **(૫) બાળકોને વાંગ** (બાળક જન્મ્યા પછી ૧૦–૧૫ દિવસની અંદર તેના અંગ ઉપર ફોલ્લા ફુટી તેને દુઃખ થાય છે તે ઉપર) **આવે ત્યારે:**—આંબાહળદર જાંબુના રસમાં ઘુંટી ચોપડવી.

૫૦ આંબો—સં૦ આમ્ર. હિં૦ બં૦ આમ. ક૦ માવિનમારા, માવિણહણ્ણ. તે૦ મામિંડીચેટુ, મવી, આમ. તા૦ મામરં. તુ૦ કકકુ. મલા૦ માવુ. કા૦ મ૦ આંબા. અ૦ અમ્બજ. ઇં૦ મેંગો ટ્રી. લા૦ મેંગોફેરા ઇંડીકા.

આ વૃક્ષ ઘણું કરીને ગરમ દેશમાં થાય છે. હિંદુસ્તાનમાં જેટલા આંબા થાય છે, તેટલા કોઈ પણ દેશમાં થતા નથી. આંબાનું ઝાડ ઘણુંજ મોટું થાય છે. રાનમાં અને ડુંગરોમાં પણ એ ઝાડો વાવવાથી ઉગે છે. રાનમાં ઉગેલા આંબાને રાની આંબા કહે છે. ખેતરમાં અને જે ઉંચી જાતના આંબા હોય છે, તેને "ઈરસાલ આંબા" કહે છે. આંબાની કલમો કરી જે આંબા ઉગાડવામાં આવે છે, તેને "કલમી આંબા" કહે છે. કલમી આંબાનાં ઝાડ નાનાં હોય છે. આંબાના આકાર, રૂપ અને ગુણ ઉપરથી આંબાને અનેક નામો આપવામાં આવેલાં છે. આંબામાં મુખ્ય બે જાતિ છે—એક બોરવાની અને બીજી રસની. જેનાં ફળનો રસ પાતળો હોય તે રસાળ અને જેનો રસ ઘટ્ટ-જાડો હોવાથી કાપીને ખાવાયોગ્ય હોય તે બોરવાની. આંબાનું ઝાડ સેંકડો વર્ષ જીવે છે. આંબો દરવર્ષે એક વાર ફળે છે. આંબાનું ફળ અતિશય મધુર અને મીઠું છે. ગરીબથી માંડી શ્રીમંતસુધી સર્વ કોઈ એનો ઉપયોગ કરે છે, અને ગરીબ લોક તો કેરીના દિવસોમાં આંબા ઉપરજ પોતાની આજીવિકા ચલાવે છે. ઉનાળામાં વટેમાર્ગુ લોકો તાપથી અકળાઇ અને ચાલતાં થાકી જવાથી આંબાની ઘટા નીચે આવી વિસામો લે છે અને કેરીઓ ખાઈ તૃપ્ત પણ થાય છે. આંબાની છાયા શીતળ અને ઘણીજ આરામ આપનારી છે. થાકીને લોથ થઇ ગયેલા લોક આંબાની છાયા નીચે બેસી આરામ પામે છે. આંબાનાં લાકડાં ઇમારતના કામમાં ઉપયોગમાં આવે છે. આંબાના દૂધનો ગુંદ થઇ તેની રાળ બને છે અને તે ઘણા કામમાં આવે છે. આંબાના ફળના ઘણા પદાર્થો થાય છે. સારી કેરીઓનો મુરબ્બો થાય છે. એ મુરબ્બો રક્તવૃદ્ધિ કરે છે;

* એનામાં આંબાની કેરી જેવી વાસ હોવાથી એને આંબાહળદર કહે છે. એની માત્રા ૨ માસાની છે, વ્યવહારમાં એની જડ વપરાય છે. એના ક્ષુપ થાય છે. એ હૃદયને નુકસાનકારી છે; ઉતાર નારંગી, પ્રતિનિધિ બાવચી અને માત્રા ૪ માસાની પણ માને છે.

કેરીનું ગોળચાં, મેથીઆં, બોળ વગેરે ઘણા પ્રકારનું અથાણું થાય છે. કાચી કેરીઓમાં ગોળ નાખી તેની ગળકેરી કરે છે. કાચી કેરીઓ છોલી કાપી સૂકવવાથી તેનાં આંબોળીઆં બને છે. એનો ઉપયોગ આમલીને ઠેકાણે ખટાશ માટે કરે છે. આમલી કરતાં એ પથ્યને અને રુચિને પ્રશસ્ત છે. રંગરેજ લોક તેને રંગમાં નાખે છે; તેમજ કાચી કેરીઓનો ગોળ અથવા સાકર નાખેલો સાર (પનુ) ઘણોજ સારો થાય છે. ખાટી કેરીઓનું રાયતું બને છે. આંબાના ગોટલા ભાગવાથી જે ગોટલી અંદરથી નીકળે છે, તે શેકીને ખાવાથી સારી લાગે છે; પરંતુ તે ગોટલી પ્રથમથી શેકીને પછી ભાગી તેમાંની ગોટલી પાણીમાં ભીંજવી રાખી ખવાય છે. કોંકણમાં સેંકડો કણબીલોક ઉનાળામાં અને ચોમાસામાં ડાંગરનો પાક થાય ત્યાંસુધી આ ગોટલી ઉપરજ નિર્વાહ કરે છે. તે લોક આ ગોટલીમાંના ગરની ભાખરી બનાવી ખાય છે. એ ગોટલીના લોટના બીજા પદાર્થો પણ બને છે. આંબાના ગોટલામાંની ગોટલીને ચમારલોક ચામડાંને કાળો રંગ દેવા માટે ઘસે છે. ગોટલીનું તેલ નીકળે છે તે ઔષધિ છે. ગ્રીષ્મઋતુમાં લોકોને સુખ થવા માટે પરમેશ્વરે એ ઋતુમાં આવાં રસભરિત અને મધુર ફળો ઉત્પન્ન કરેલાં છે. આ ઉપરથી પરમેશ્વરની મનુષ્ય ઉપર કેટલી કૃપા છે, તે સમજાય છે. **કુમળી કેરી**—(મરવા) તૂરી, ઉષ્ણ, સુગંધી, ખાટી, ક્ષારના સંયોગથી રુચિકર, ગ્રાહક, રૂક્ષ અને કાંતિકર છે; તેમજ પિત્ત, વાત, કફ અને રક્તદોષને ઉત્પન્ન કરનાર; તથા કંઠરોગ, પ્રમેહ. યોનિદોષ, વ્રણ તથા અતિસારનો નાશ કરનારી છે. **બાફમાં ઘાલી પકવેલી *કેરી:**—મધુર, શીતળ, જડ, બલકર, ધાતુવર્ધક, પુષ્ટિકર, ત્રિદોષનાશક, કફકર, અગ્નિદીપક, વૃષ્ય,

---

*આર્ય અને યુનાની વૈદ્યકગ્રંથોમાં કાચી અને પાકી કેરીના ગુણનું ઘણુંજ વર્ણન કરેલું છે. ટુંકામાં કહીએ તો પાકાં ફળ તાકાત લાવનાર, ચરબી વધારનાર, ખુશી કરનાર, કાંઇક ઝાડો સાફ લાવનાર અને પેશાબને વધારનાર છે; પરંતુ તેની છાલ અને કાચાં ફળના રેષા ગ્રાહી અને ખાટા મનાય છે. કાચી કેરીનું અથાણું પેટને શાંતિકર્તા તથા ભૂખને પ્રદીપ્ત કરનાર છે. કાચી કેરીને છોલી તેની ગોટલી કાઢી નાખી ઝીણી કાતરી સૂકવે છે, તેને આંબોળીઆં (હિં૦ અમચુર, મ૦ આંબોસી) કહે છે. તે ખાવામાં ઘણાંજ વપરાય છે. એને બાફી તેના પર તેલ, રાઈ ચઢાવી અથાણાતરીકે ખાય છે; અને બાફતાં બચેલું પાણી લઇ તેમાં ગોળ નાખી કઢી કરે છે. શાકમાં પણ તે નખાય છે, એમાં જે ખટાશ છે તે સાઇટ્રિક એસિડના કારણથી છે. એ રુધિરને શુદ્ધ કરનાર છે; એને હિંદુસ્તાનમાં અમખુશ્ક કહે છે. એનાં ફૂલ (મોર), ગોટલી અને છાલ શીતળ અને ગ્રાહી મનાય છે. એ ઝાડા આદિના બિમારીમાં વપરાય છે. પાંદડાંને બાળી એની ધૂણી લેવાથી ગળાની અંદરના અનેક રોગોનો નાશ કરે છે.

મખજન અલ અદવિયાના કર્તા લખે છે કે, હિંદુસ્તાની લોક કાચા ફળના ગર્ભને શેકી ખાંડની સાથે મેળવી રાખે છે. તેને કૉલેરાના દરદમાં ખાય છે અને શરીરે લેપ કરે છે. વળી એમ પણ કહેલું છે કે, પાંદડાંની નસને બાળીને લગાડવાથી આંખનાં પોપચાંમાં થનાર ખીલ વગેરેને કાઢે છે. ગોટલીને વાટી ૨૦ થી ૩૦ ગ્રેનસુધી આપવાથી પેટમાંના કૃમિ નીકળી પડે છે (ગ્રેન એકને ૦ાા રતી ગણવી.) તથા દુઃખતા મસા શાંત પડે છે; ફળ પાકે છે ત્યારે તેમાંથી એક પ્રકારનો ચીકણો પદાર્થ નીકળે છે. તેની ગંધ ટરપિંનટાઇન તેલના જેવી હોય છે. છાલમાંથી ગુંદ નીકળે છે તે ઠંડા પાણીમાં પીગળી જાય છે.

ડૉક્ટર એન્સ્લી કહે છે કે, ફળનું તેલ અને છાલનો ગુંદ, બન્ને લિંબુના રસમાં અથવા તેલની સાથે મેળવી ચળ આદિ ચામડીના રોગોમાં અપાય છે. પાકી કેરીના રસને સૂકવી પાતળી રોટલીના જેવો કરે છે; તેને આમરસ, આમોટ, આંબાપોળી અથવા આંબાની રોટલી કહે છે અને તે સ્વાદિષ્ટ વસ્તુની માફક તથા રુધિર સુધારવા માટે ખાય છે. આંબાની છાલ પાણીમાં ભીંજવી રાખી એ પાણી પ્રદર અને વહેતી ધાતુ બંધ કરવાને અપાય છે. કાચા ફળના ઉપરથી નીકળેલ ચીકણો પદાર્થ આંબાની સફેતી તથા થોડા અફીણની સાથે મેળવી મલબારની તરફ ઝાડા અને એંટનના રોગોમાં અકસીર ઇલાજતરીકે વાપરે છે.

આંબાનો તાજો ગુંદ દાદરનો સત્વર નાશ કરે છે, એમ જૈન ગ્રંથોમાં છે.

મલસ્તંભક, પ્રિય, સ્નિગ્ધ, તૂરી, સુખકારક અને કાંતિવર્ધક છે; તથા વાયુ, તૃષા, દાહ, પિત્ત, શ્વાસ, શ્રમ અને અરૂચિનો નાશ કરનાર છે. (૧) **આમાતિસાર અને કૉલેરા ઉપર:**—આંબાની ગોટલી દહીંમાં વાટી આપવી. (૨) **કરમ ઉપર:**—આંબાની ગોટલીનું ચૂર્ણ આપવું. (૩) **ગર્ભિણીના અતિસાર ઉપર:**—આંબાની ગોટલી ભાગી ખાવા આપવી. (૪) **રક્તાર્શ અને પ્રદર ઉપર:**—આંબાની ગોટલીનું ચૂર્ણ મધમાં આપવું, એટલે દૂઝતા હરસ અને ધૂપણીનો નાશ થાય છે. (૫) **પરસેવો છૂટતો હોય તો:**—ગોટલી ભાગી તેનો ભૂકો શરીરે લગાડવો. (૬) **ઠંડીને લીધે પગ ચોંટી જાય છે તે ઉપર:**—આંબાનો ચીક લગાડવો. (૭) **રાંઝણ** (આંજણી) **ઉપર:**—આંબાની હાંખળીનો અથવા આંબાનાં પાંદડાં તોડવાથી જે રસ નીકળે છે તે ચોપડવો. (૮) **તરતના પ્રમેહ ઉપર:**—આંબાની અંતરછાલનો રસ તોલા ચાર અને ચૂનાનું નીતર્યું પાણી તોલો ૧, એ બન્નેનું મિશ્રણ કરી તે તાબડતોબ સાત દિવસ આપવું. (૯) **નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—આંબાની ગોટલીનો રસ કાઢી નાકે પીવો. (૧૦) **ઉષ્ણ જ્વર** (ઊનો તાવ) **ઉપર**—આંબાનાં મૂળ ગળે અથવા હાથે બાંધવાં. (૧૧) **દાહ અને અતિસાર ઉપર:**—આંબાની અંતરછાલ દહીંમાં વાટી ૧ તોલા સુધી આપવી. (૧૨) **રક્તાતિસાર ઉપર:**—આંબાનાં પાંદડાંનો અંગરસ ૨ તોલા, મધ ૧ તોલો, ઘી ૦ાા તોલો અને દૂધ ૧ તોલો મેળવી આપવું. (૧૩) **અતિસાર ઉપર:**—આંબાના ચીક થકી રાળ થાય છે, તેનું ચૂર્ણ સાકર અને ઘી સાથે આપવું. (૧૪)**ઉપદંશ ઉપર:**—આંબાની છાલનો અંગરસ બકરીના દૂધમાં મિશ્ર કરી આપવો; એટલે ઉપદંશ અને તે સંબંધી વ્રણની પીડા દૂર થાય છે. (૧૫) **રક્તાતિસાર ઉપર:**—આંબાની ગોટલી છાશ અગર ચોખાના ધોવરાવણમાં વાટી આપવી અથવા કેરીની છાલ દૂધમાં વાટી મધ મેળવીને આપવી. (૧૬) **લોહીની ઉલટી ઉપર:**—આંબાની ગોટલીનો રસ કાઢી નાકમાં ટીપાં પાડવાં. (૧૭) **મૂળવ્યાધિ ઉપર:**—આંબાનાં સુકાયલાં પાંદડાંનું ચૂર્ણ કરી તેનું ધૂમ્રપાન કરવું. (૧૮) **સર્વ પ્રકારની ગરમી ઉપર:**—આંબાની અંતરછાલ, ઉંબરાના મૂળ ઉપરની છાલ અને વડની વડવાઇનો રસ કાઢી, તેમાં જીરૂં અને ખડીસાકર નાખી આપવું. (૧૯) **રક્તાતિસાર ઉપર:**—આંબાની અંતરછાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૨૦) **કાનમાં સણકા આવતા હોય તે ઉપર:**—આંબાનો મોર વાટી દાવેલમાં ઉકાળી તે ગાળી કાનમાં નાખવો. (૨૧)**માથામાં દારુણ રોગ થાય છે તે ઉપર:**—આંબાની ગોટલી અને બાલહરડાં (હીમજી હરડે), એનું ચૂર્ણ દૂધમાં વાટી લેપ કરવો. (૨૨) **સંગ્રહણી ઉપર:—આમ્રાદિ યવાગૂ:**-આંબો, અંબાડો અને જાંબુ, એ ત્રણેની છાલ ૧૬ તોલા લઈ તેમાં ૨૫૬ તોલા પાણી નાખી અર્ધું પાણી રહે ત્યાંસુધી ઉકાળી ગાળી તેમાં ૧૬ તોલા ચોખા નાખી પુનઃ ઉકાળી તૈયાર કરવું; તેને "આમ્રાદિ યવાગૂ" કહે છે. એ ખાવાથી સંગ્રહણી દૂર થાય છે. (૨૩) **રક્તાતિસાર ઉપર:**—આંબો, જાંબુ અને અર્જુનસાજડ, એની છાલ ૪ તોલા લઈ તેને સૂકવી ચૂર્ણ કરવું. પછી ૨૪ તોલા પાણી માટીના વાસણમાં ભરી, તેમાં તે ચૂર્ણ નાખી, આખી રાત્રિ ભીંજવી પ્રાતઃકાળમાં તે પાણી ગાળી તેમાં મધ નાખી પીવું. (૨૪) **અંડવૃદ્ધિ ઉપર:**—આંબાના ઝાડ ઉપરની ગાંઠ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો અને શેકવું. (૨૫) **ધૂપણી ઉપર:**—કાપવાના (મોરવાના) આંબાનો સુકાયલો મોર ઘીમાં તળી સાકર નાખી તેની ગોળી કરી આપવી. (૨૬) **સ્વરભંગ ઉપર:**—આંબાનાં પાંદડાંનો કાઢો મધ નાખી આપવો. (૨૭) **કૉલેરા ઉપર:**—બે અઢી તોલા મરવા દહીંમાં વાટી આપવા.

૫૧ ઇંગોરિયાં:—સં૦ ઇંગુદી. મ૦ હિંગણી, હિંગણબેટ. હિં૦ હિંગોટ, ગૌંદી. ક૦ ઈંગળગિડ, ઇંગળા, હિંગુલ. તૈ૦ ગરા. અ૦ હિલેલજે. ઈં૦ ડેલિલ. લા૦ બેલેનાઈટિસ્, રોકસબર્ઘીઆઈ. બં૦ ઇંગોટ.

દક્ષિણમાંના રાનમાં ઇંગોરાનાં ઝાડ જ્યાં ત્યાં થાય છે. એ ઝાડ ઘણાંજ ઉંચાં વધે છે. એ ઝાડ ઉપર કાંટા હોય છે. એના ફળને ઇંગોરિયાં (મ૦ હિંગણબેટ) કહે છે. હીંગણાં કોરી તેમાં દારૂ ભરી આતશબાજીમાં ફોડે છે. દુકાળના વખતમાં આ ફળોમાંહેનો ધોળો ગર્ભ લોટમાં મસળી તેની ભાખરી ખાઇ ગરીબલોક પોતાનો નિર્વાહ કરે છે, પ્રસંગ આવે તો લાકડાંસુદ્ધાં ખાઇને

પોતાનો બચાવ કરે છે.*

ઇંગોરિયાં:—મદગંધી, તીખાં, લઘુ, કડવાં, ઉષ્ણ, ફેનિલ અને રસાયન છે. એ કૃમિ, વાયુ, વિષ, શૂળ, કોઢ, વ્રણ, કફ, ગ્રહપીડા અને ભૂતબાધાનો નાશ કરે છે. **એનાં ફૂલો:**—મધુર, સ્નિગ્ધ, ઉષ્ણ તથા કડવાં છે; અને વાયુ તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧)વાળા ઉપર:**—ઇંગોરાનાં મૂળ ઉપરની છાલ અને હિંગને એકત્ર ખાંડી તેનો પાટો વાળા ઉપર બાંધવો અને તે ચોથે દિવસે છોડવો એટલે વાળો બળી જાય છે. **(૨) તારુણ્યપીટિકા (ખીલ) ઉપર:**—ઇંગોરાનાં મગજ ઠંડા પાણીમાં ઘસી મુખ ઉપર લેપ કરવો, એટલે ખીલ મટી જઈ મોઢું નિર્મળ થાય છે. **(૩) સ્તનરોગ ઉપર:**—ઇંગોરાનાં મૂળ ઘસી ગરમ કરી ઉપર લેપ કરવો અને ઉપરથી ધંતુરાનાં પાંદડાં શેકીને બાંધવાં. આમ ૩ દિવસ કરવું. **(૪) નેત્રસ્રાવ ઉપર:**—ઇંગોરાનાં ફળ પાણીમાં ઘસી અંજન કરવું. **(૫) શૂળ ઉપર:**—ઇંગોરાનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અથવા ઇંગોરિયાનાં ફળમાંનો ગર્ભ આપવો. **(૬) કર્ણમૂળ ઉપર:**—ઇંગોરિયા, હળદર, ઇંદ્રવરણું, સિંધવ, દેવદાર અને આકડાનું દૂધ એનો લેપ વારંવાર કરવો, એટલે કર્ણમૂળ સારું થાય છે. **(૭) કૂતરાના વિષ ઉપર:**—પ્રથમ ગોળ ખવરાવી તે ઉપર ઇંગોરાની છાલનું ચૂર્ણ છાશમાં નાખી પાવું. **(૮) કૉલેરા ઉપર:**—ઇંગોરાની છાલનું ચૂર્ણ દહીંમાં આપવું. **(૯) ઉધરસ ઉપર:**—ઇંગોરાના મગજની ગોળી કરી ખાવી.

૫૨ ઈડાલિંબુ (ગધડલિંબુ):—સં૦ જંબીર. મ૦ ઈડિનિંબુ. કો૦ ચોરનિંબુ. હિં૦ જંભીરી. બં૦ ગોંડાનિંબુ. ક૦ કંચિલે, દે કુલિકાયી, કાડલિંબે. મલા૦ કટ્ટુકુરન્નુ. તૈ૦જંભીરં, અડવિંનીમા. તા૦ કટ્રેલુ મિચ્ચે. તુ૦ કેપેરીપુલી. લા૦ આટલાંટિયા મોનોફાઇલા.

આ એક લિંબુનીજ જાતિ છે. હિંદુસ્તાનના સર્વ પ્રદેશોમાં આ ઝાડ થાય છે. એ ફળ નારંગી વગેરે લિંબુ કરતાં મોટાં થાય છે. એની છાલ ખરબચડી હોય છે. પાકયા પછી છાલનો રંગ સ્વચ્છ પીળો થાય છે અને તેની વાસ પણ ઉત્તમ આવે છે. એમાં નાની અને મોટી એવી બે જાતિ છે. તેનાં પાંદડાં અને ફૂલ એકસરખાં હોય છે. તેમાં જે નાની જાતિ છે, તેનાં ફળની છાલ કંઇક પાતળી હોય છે; અને જે મોટી જાતિ છે તેની છાલ જાડી હોય છે. એનું ઉત્તમ તરેહનું સ્વાદિષ્ટ અથાણું થાય છે. એના રસનો "લેમોનેડ" કરે છે. **ઇડ(મોટું)લિંબુ**—ખાટું, તૂરું, કડવું, સારક અને ઉષ્ણ છે. તે કફ, પિત્ત, એ રોગોને નાશ કરનાર છે. **(૧) મોરથુથુના વિષ ઉપર:**—ઇડલિંબુનો રસ સાકર સાથે આપવો. **(૨) અમ્લપિત્ત ઉપર:**—સાયંકાળે નાના ઈડલિંબુનો રસ પાવો.

૫૩ ઇંદ્રજવનું ઝાડ:—સં૦ કુટજ. મ૦ કુડા. હિં૦ કૂડા, કુરૈયા. બં૦ કુડચી ક૦ કોડશિંગે, કોડ મુરક. તૈ૦ કોડિશચટ્ટુ, કુટજમુ, અંકેલુ, ચંગલકુષ્ટ. તા૦ વેપ્પાલે. તુ૦ કોડંબે. મલા૦ વેનપાલા. અ૦ નિરાજ. ઇં૦ ઓવલ્લીવ્ડ રોજબે. લા૦ રાઇટિયા એંટિડિસનટેરિકા.

× આ વગડાઉ ઝાડ છે અને તે ૭ સાત હાથ કરતાં ઉંચું થતું નથી. એનાં પાંદડાં બદામનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. કોકણમાં એ પાંદડાંનો ઘણો ઉપયોગ થાય છે. એનાં ફૂલોનું શાક થાય છે. એની શીંગો બારીક અને લાંબી હોય છે. એ શાક અથવા અથાણું કરવાના ઉપયોગમાં આવે છે. શીંગોમાંથી જવની આકૃતિનાં લાંબાં બીઆં નીકળે છે. તેને ઇંદ્રજવ (મ૦ ઇંદ્રજવ, કુડાચે બી. હિં૦ ઇંદ્રજવ. ક૦ કોડ સિંગેયબીજ, કોડ મુરકન બીજ. તૈ૦ કુડિસેપાલુ. ફા૦ જવાનકુંચિશ્ક. અ૦ લેસાનુલ અસાફીર. લા૦ હોલરહેના એંટિડિસેંટેરિકા) કહે છે. તે બીઆં કડવાં હોય છે. એનાં મૂળ પણ કડવાં હોય

---

*સુશ્રુતે ઇંગોરિયાના ફળના ગર્ભને મેદકફનાશક, યોનિદોષનાશક અને ગુલ્મનાશક માન્યો છે. ઇંગોરિયાના રસથી લોકો કપડાં ધુએ છે. એથી મેલ સચોટ નીકળી જાય છે; પરંતુ જેમ વિદેશી તેજાબમાં ધોબીએ ધોયેલ કપડાં દગ્ધ થઇ જવાથી અડધું આયુષ્ય ચાલે છે, તેજ પ્રમાણે ઇંગોરિયા પણ લૂગડાંનો નાશ કરે છે. કેટલાકો દગલબાજીથી ઇંગોરિયાના રસમાં ગોળ અને બીજા પદાર્થો મેળવી અફીણતરીકે વેચવા જતાં પકડાઈ સજા ભોગવે છે, એમ કહેવાય છે.

× ઇંદ્રજવ માથાની પીડા અને ગરમ પ્રકૃતિવાળાને અહિતકર છે, એનો ઉતાર ધાણા છે ને પ્રતિનિધિ જાયફળ છે.

છે. મૂળનો પાક થાય છે. તેને મરાઠીમાં કુડેપાક કહે છે. ઇંદ્રજવના ઝાડમાં **ધોળી** અને **કાળી** એવી બે જાતિ છે. કાળાકુડાનાં ઝાડ ધોળા કુડાના ઝાડ કરતાં મોટાં હોય છે. એનાં પાંદડાં ધોળા કુડાનાં પાંદડાં જેવાંજ હોઇ કાંઈક કાળા રંગનાં હોય છે. એની શીંગ ધોળા કુડાની શીંગ કરતાં બમણી લાંબી હોય છે. કાળો કુડો એ વધારે ઉષ્ણ હોઈ ધોળાથી ગુણમાં કમી છે. **ધોળું ઇંદ્રજવનું ઝાડ:**—કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, પાચક, તુરું, રૂક્ષ તથા ગ્રાહક છે; અને રક્તદોષ, કોઢ, અતિસાર, પિત્તાર્શ, કફ, તૃષા, કૃમિ, જ્વર, આમ અને દાહનો નાશ કરે છે. **કાળું ઇંદ્રજવનું ઝાડ:**—રક્તદોષ, અર્શરોગ, ત્વગ્દોષ અને પિત્તનો નાશ કરે છે. બીજા ગુણ ધોળા જેવા છે. **ઉપયોગ:—(૧) કૃમિ ઉપર:**—ઇંદ્રજવનાં મૂળ ઘસી એકલાં અથવા વાવડિંગની ભૂકી નાખી પાવાં. **(૨) અતિસાર ઉપર:**—ઇંદ્રજવના ઝાડની છાલનો અંગરસ કાઢી તે પાવો અથવા છાલનો પુટપાકકૃતિએ રસ કાઢી તે મધમાં પાવો. **(૩) પથરી ઉપર:**—ઇંદ્રજવ અને નસોતરનું ચૂર્ણ દૂધમાં કિંવા ચોખાના ધોવરામણમાં પાવું. **(૪) કુરશાના વિષ ઉપર:**—કાળા ઇંદ્રજવના ઝાડનાં મૂળ ઘસી તેમાં ઇંદ્રજવનું ચૂર્ણ અડધો માસો નાખી પાવું અથવા છાલનો રસ કાઢી પાવો. **(૫) ખોડા ઉપર:**—ઇંદ્રજવની છાલ અને સિંધવ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. **(૬) કમળી અને સર્વ વિષ ઉપર:**—કાળા ઇંદ્રજવના ઝાડના અંકુરોનો રસ કાઢી ચાર પૈસાભાર ત્રણ દિવસ પાવો. પથ્ય–ઘી અને ભાત. **(૭) નળ કુલ્યા હોય તો:**—ઇંદ્રજવ શેકી તેની ભૂકી પૈસાભાર, મધ પૈસાભાર અને ઘી પૈસાભાર એ એકત્ર કરી સાત દિવસ પાવું. **(૮) જીર્ણજ્વર ઉપર:**—ઇંદ્રજવનાં મૂળોની છાલ અને ગળોનો કાઢો પાવો અથવા છાલ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ગાળીને પાવું. **(૯) કાનમાંથી પરૂ વહે છે તે ઉપર:**—ઇંદ્રજવના ઝાડની છાલનું ચૂર્ણ વસ્ત્રગાળ કરી કાનમાં નાખવું અને ઉપર મખમલીના પાલાનો રસ પાડવો. **(૧૦) લૂખ લાગે છે તે ઉપર અને મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ઇંદ્રજવના ઝાડની છાલ ગાયના દૂધમાં વાટી પાવી એટલે કઠિન મૂત્રકૃચ્છ્રનો પણ નાશ થશે. **(૧૧) પરિણામશૂળ ઉપર:**—ઇંદ્રજવનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. **(૧૨) બાળકના હગામણ ઉપર:**—ઇંદ્રજવનાં મૂળ છાશના નીતર્યા પાણીમાં ઘસી થોડી હિંગ નાખી પાવાં. **(૧૩) બાળકના ડોસેરા ઉપર:**—ઇંદ્રજવનાં મૂળ અને મોગલી એરંડાનાં મૂળ છાશના પાણીમાં ઘસી થોડી હિંગ નાખી પાવાં. **(૧૪) વાતશૂળ ઉપર:**—ઇંદ્રજવનો કાઢો કરી તેમાં સંચળ અને શેકેલી હિંગ નાખી પાવો. **(૧૫) ઢોરોના કુંદરોગ** (ઢોર સૂકું છાણ હગે છે તે) **ઉપર:**—ઇંદ્રજવના તોરા (માંજર) બારીક ખાંડી પાશેર રસ કાઢવો. તેમાં તેટલોજ નાળીએરનો રસ અને નવટાંક ગોળ નાખી સાત દિવસ સવારસાંજ બે વખત આપવું. **(૧૬) સર્વ પ્રકારનો અતિસાર, સંગ્રહણી, પાંડુ, જીર્ણજ્વર ઉપર કુડાપાક:**—ઇંદ્રજવના ઝાડનાં મૂળ ધોઇ છુંદીને રસ કાઢવો. તે રસ દેવતા ઉપર મૂકી ઉકાળતા રહેવું. સાધારણ ઉકળે એટલે તેમાં સુંઠ મરી, લીંડીપીપર, જાયફળ, માયફળ (માયાં), જાવંત્રી, લવંગ, વાવડીંગ, મરડાશીંગ, નાનાં બીલાં, બહેડાંનું દળ અને નાગકેશર, એનું ચૂર્ણ જોઇએ તે પ્રમાણે નાખી સરખું મિશ્રણ થયા પછી ચણા જેવડી ગોળીઓ કરવી. એ ગોળી અતિસાર અને સંગ્રહણી ઉપર છાશના નીતર્યા પાણીમાં (આછમાં) થોડું હિંગનું ચૂર્ણ નાખી તે મીઠા અધમર્યા દહીંમાં અથવા સુંઠના કાઢામાં ઘી નાખી આપવી. નાના બાળકને પણ આ ઔષધ ગુણાવહ છે. પાંડુરોગ ઉપર ફક્ત આ ગોળી ગોમૂત્રમાં ઘસીને પાવી. **(૧૭) વાતજ્વર ઉપર:**—ઇંદ્રજવનાં મૂળની છાલ ૧ તોલો લઇ બારીક વાટવી, અને ૫ તોલા પાણીમાં મેળવી તે પાણી વસ્ત્રથી ગાળી પાવું અથવા તેમાં થોડો અજમો બારીક વાટી મેળવી, ઇંટનો કકડો તપાવી છમકારી તે પાવું. **(૧૮) શોફોદર ઉપર:**—વાડમાંહેના ઇંદ્રજવના ઝાડનાં મૂળ ગરમ પાણીમાં ઘસી દિવસમાં બે વાર પ્રમાણે ૧૪ અગર ૨૧ દિવસ પાવું. **(૧૯) સર્વાતિસાર ઉપર:**—ઇંદ્રજવના ઝાડની છાલનો કાઢો અષ્ટમાંશ કરી તેમાં અતિવિષની ભૂકી નાખી તે પાવો; અથવા ઇંદ્રજવનાં મૂળની છાલનું અને અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. **(૨૦) પથરી ઉપર:**—ઇંદ્રજવની છાલ દહીંમાં ઘસી પાવી. **(૨૧) કુટજાષ્ટકાવલેહ:**—ઇંદ્રજવનાં મૂળોની છાલ લીલી વજન શેર પાંચ લઈ તેનો ૧૬ શેર પાણીમાં કાઢો કરવો. અષ્ટમાંશ શેષ રહે એટલે વસ્ત્રથી ગાળી પુનઃ ઉકાળવો. ઘટ્ટ થાય એટલે તેમાં ઓષધો નાખવાં. તે ઔષધો કાળીપાટ, મોચરસ, ધાવડીનાં ફૂલ, નાગર–

મોથ, અતિવિષ, લજામણી, નાનાં બીલાં, એનું ચૂર્ણ ચાર ચાર તોલા તેમાં નાખી અવલેહ તૈયાર કરવું, અને પછી તેને પાણી, ગાયનું દૂધ, બકરીનું દૂધ, ચોખાની કાંજી એમાંના કોઈ અનુપાનમાં આપવાથી અતિસાર, સંગ્રહણી, રક્તપ્રદર, રક્તપિત્ત, મૂળ વ્યાધિનું રક્ત એ સર્વ બંધ થાય છે. (૨૨) વાતગુલ્મ, વાયુ, ક્ષય, કંડૂ (ખરજ) અને તાવ ઉપરઃ—ઇંદ્રજવના ઝાડનાં મૂળોની છાલ લાવી તેનો પુટપાકકૃતિએ રસ કાઢી આપવો.

૫૪ ઇંદ્રવરણા (ત્રુંસડું):—સં૦ બૃહત્ફલા, ઇંદ્રવારુણી. મ૦ ઇંદ્રાવણ, થોર ઇંદ્રાવણ. કો૦ કેવંડળ. હિં૦ બડી ઇંદ્રફલા, બડી ઇંદ્રાયણ. બં૦ રાખાલનાડુ, રાખાલશશા, કુંદરૂકી. ક૦ હિરિયાહામેકકે, હામેકકે. મલા૦ પેદિકારી, અત્તુત્તુમ્મટ્ટિ. તુ૦ કક્કેડેવુ. તા૦ કોરટ્ટી શવરીપઝમ્. ફા૦ હંજલહાર. અ૦ શેમહંજલ. ઇં૦ બીટર એપલ. લા૦ ટ્રીકોસંથસ પાલમેટા. તૈ૦ વેરિંપુચ્છા, પાપર બુડમા, કાકારૂકમુ.

એને "કડવી ઇંદ્રવરણી" પણ કહે છે. ઇંદ્રવરણીના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં કાળીંગડી(તરબુજ)નાં પાંદડાં જેવાં હોઇ તેના કરતાં બારીક હોય છે. પાકેલાં ફળોનો રંગ પીળો હોય છે. એમાં બે ભેદ છે. જે ફળ શુમારે કેરી જેવડાં હોય છે, તેને "થોડ ઇંદ્રવરણા" કહે છે. બીજી જાતનાં ફળ લિંબુ જેવડાં થાય છે.× એ ફળો અતિશય કડવાં હોય છે. ગામડાંઓમાં ઇંદ્રવરણીના વેલા પુષ્કળ થાય છે. ઇંદ્રવરણા એ તીવ્ર રેચક પદાર્થ છે. **ઇંદ્રવરણા:**—પાક વખતે તીખા, કડવા, શીત, સારક, ઉષ્ણવીર્ય અને લઘુ છે; તથા ગુલ્મ, પિત્ત, ઉદર, કફ, કૃમિ, કુષ્ઠ (કોઢ), જ્વર, વ્રણ, શ્વાસ, કાસ, ગ્રંથિ, મેહ, મૂઢગર્ભ, કમળો, પ્લીહા, શુષ્ક ગર્ભ, ગલગંડ, વિષ, આનાહવાયુ, અજીર્ણ, આમદોષ, દુષ્ટોત્તર સર્વ ઉદરરોગ અને શ્લીપદ આદિ રોગોનો નાશ કરે છે. એ

× અમારા જાતિઅનુભવથી અમને જણાય છે કે, નાની ઇંદ્રવરણીનાં ફળો લિંબુ જેવાં નહિ પણ રાજગરી કોઠીંબી જેવાં લંબગોળ હોય છે. ઘણુંકરીને એ ખારસરી જમીનમાં થાય છે અને એને કડવી કોઠીંબીના નામથી ઓળખે છે. તે અતિશય કડવી લાગે છે. આ ફળો ઘણામાં ઘણાં ૭–૮ ઇંચ સુધી લાંબાં પણ હોય છે. એના ઉપર રાજગરી કોઠીંબીના જેવાજ સુંદર ચટાપટા હોય છે. એ વાડકારેલીનાં ફળ જેવાં સૂક્ષ્મ કાંટાવાળાં હોય છે. નિઘંટમાં એનાં સં૦ એન્દ્રી. મ૦ લઘુઇંદ્રાવણ. ગુ૦ ઇંદરવારણું, કડવી કોઠીંબી. હિં૦ લઘુ ઇંદ્રાયણ, લઘુ ફરંદુ. બં૦ રાખાલશશા, રાખાલતાડુ. ક૦ હામેકકે. તૈ૦ એતિપુચ્છા. તા૦ પેપકામટ્ટી, ટુમટ્ટી. ફા૦ ખુર્ચનીતલ્ખ. અ૦ હંજલ. ઇં૦ કોલોસિંથિસ્. લા૦ સિટ્રુલસ્ કોલોસિંથિસ્ એવાં નામો મળી આવે છે.

મોટી ઇંદ્રવરણીનાં ફળોનો આકાર આબેહૂબ ગોળ કાળીંગા જેવો હોય છે, એનાં બીજ કાળીંગા જેવાંજ પણ કાળીંગા કરતાં ઘણાંજ નાનાં હોય છે. કાચાં ફળો ઉપર કાળીંગાના જેવાજ ચટાપટા હોય છે; તેથી તરસથી પીડાતા વગડાઉ લોકો એને કાળીંગું માની એનો ગરભ ખાવા જતાં આખા મોંમાં કડવાશ થઈ જવાથી પસ્તાય છે. પાકયા પછી એ ફળોનો રંગ ચટાપટા વગરનો શુદ્ધ પીળો થઈ જાય છે. એનું સુપ્રસિદ્ધ નામ ત્રુંસડું છે. એની માત્રા ૧ થી ૩ માસા છે. મથાળે આપેલ નામો પણ એ ત્રુંસડાનાંજ છે. ઘોડાને પેટમાં કૃમિ પડવાથી તેને આ ફળો ખવરાવે છે. ત્રુંસડાનાં ફળની ડગળી કાપી તેમાં અજમો ભરી બાજરીની કોઠીમાં બાજરી ઉપર નીચે રહે તે પ્રમાણે એક માસ દબાવી રાખી બહાર કાઢયા પછી સૂકવી ખાંડી રાખે છે. આ ચૂર્ણની ફાકી ગરમ પાણી સાથે લેવાથી સુંદર જુલાબ લાગી ઉદરવ્યાધિનો જલદી નિવેડો કરે છે. આ પ્રયોગ સિદ્ધ કરતાં કોઠીમાં જે બાજરીમાં તેને દાબી મૂકયાં હોય છે તે બાજરી પણ બહુજ કડવી થઈ જવાથી ખાવાના ઉપયોગમાં આવતી નથી; માટે તે બે મણ કરતાં વધારે રાખવી નહિ. આ બાજરી કૃમિવાળાં ઘોડાઘોડીને ઘણીજ ઉપયોગી થાય છે. નિયમસર એનો પાવરો આપવો જોઇએ. ત્રુંસડામાં આંબાહળદર, સાજીખાર, મેંદાલકડી અને હજરતબેર ખાંડી ભરીને તડકે સૂકાવી તેના ચૂર્ણની ફાકી કરવાથી ડુંટી નીચેની ભયંકર ગાંઠ અને ઉદરના તમામ વિકારો દૂર થાય છે. બરોળના દરદીએ ત્રુંસડાની લિંબુની માફક (ચોકડી જેવી) ચાર ચીરો કરી તેમાં ખાંડ ભરી દેવતાપર તપાવી તેમાંથી અઢી તોલા રસ લઇ પાવો. આમ દરરોજ તાજો તાજો રસ કાઢી પીવાથી બરોલ સત્વર મટે છે. સર્પદંશ ઉપર એનાં મૂળ ચાવી ત્રણ ઘુંટડા ભરવા.

કંવડળા (મોટા ઇંદ્રવરણા) કરતાં ગુણેએ અધિક છે. (૧) **સર્પદંશ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ નાગરવેલના પાનમાં આપવાં. (૨) **ઉધરસ ઉપર:**—ઇંદ્રવરણામાં મરી ભરી તે છાપરા ઉપર મૂકી સૂકવવું, પછી તેમાંથી નિત્ય સાત મરી મધ અને લીંડીપીપર સાથે ખાવાં. (૩) **દંતકૃમિ ઉપર:**—ઇંદ્રવરણાનાં પાકેલાં ફૂલ તપાવેલા તવા ઉપર નાખી તેની ધૂણી દાંતોને આપવી, એટલે દાંતમાંના કીડા ખરી પડે છે. (૪) **પેટમાંના ભાર ઉપર:**—ઇંદ્રવરણાં ભેંસના દૂધમાં ઘસી તે થોડું થોડું પીવું અથવા ભેંસના મૂત્રમાં રાંધી તે મૂત્રસુદ્ધાં ખરલ કરી, તેમાંથી એક વાલ અને સંચોરો ૧ ચણોઠીભાર, એ બન્ને ઔષધો સાત દિવસ મધમાં આપવાં. (૫) **ઋતુ આવવા માટે:**—કડવી ઇંદ્રવરણીનાં મૂળ ગુપ્તેંદ્રિયમાં રાખવાં અથવા એનાં ફળો મીઠામાં ખાવાં. (૬) **સ્તનરોગ ઉપર:**—કડવી ઇંદ્રવરણીનાં મૂળ ઘસી લેપ કરવો. (૭) **શૂળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં સુંઠ, મરી અને લીંડીપીપર એકેક માસો નાખી આપવું. (૮) **સંધિવાત ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ, લીંડીપીપર અને એનાથી ચોગણો ગોળ એકત્ર કરી તે એક તોલો રોજ ખાતા જવું. (૯) **અંડવૃદ્ધિ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ એરંડતેલમાં ઘસી ગાયના દૂધમાં મેળવી તે ત્રણ દિવસ આપવાં. (૧૦) **ગાંઠ અથવા ફોલ્લાનો દાહ થતો હોય તો:**—ઇંદ્રવરણીનાં ફળ અને મૂળ ઠંડા પાણીમાં એકત્ર કરી ઘસી ઉપરાઉપરી લેપ કરતા જવું. (૧૧) **નખવિષ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ અને ફૂલ તથા ઝેરકોચલાં વાટી ગોમૂત્રમાં મેળવી લેપ કરવો. (૧૨) **યોનિશૂળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળ બકરીના ઘીમાં અથવા દૂધમાં ઘસી લેપ કરવો અને ખાવાં પણ ખરાં. (૧૩) **બાળકોના પેટમાં ભાર રહ્યો હોય તો:**—ઇંદ્રવરણીનાં મૂળ ઘસી તેનો પેટ ઉપર લેપ કરવો અને સમુદ્રફળ ગાયના દૂધમાં ઘસી શક્તિ પ્રમાણે આપવું, એટલે ઉલટી થશે તેથી તથા મળદ્વારે સર્વ ભાર નીકળી જશે. (૧૪) **ગંડમાળ ઉપર:**—ઇંદ્રવરણીનાં મૂળની છાલ અને કડવા સરગવાની છાલ સમભાગે એકત્ર કૂટી તે ગુમડાં ઉપર ચોળવી. (૧૫) **ખાલી ઉધરસ અને બકારી ઉપર:**—ઇંદ્રવરણું કોચી તેમાં અર્ધો તોલો બાળહરડાની ભૂકી દશ દિવસ ભરી રાખવી, તેના અગીઆરમા દિવસથી એક વાલ ચૂર્ણ મધમાં આપવું. (૧૬) **શીઘ્ર પ્રસૂતિને માટે:**—ઇંદ્રવરણીનું મૂળ ચોટલે બાંધવું. (૧૭) **રક્તગુલ્મ ઉપર:**—અરીઠાના પાણીમાં ઇંદ્રવરણીનું મૂળ ઘસી આપવું અથવા ઇંદ્રવરણીનું મૂળ યોનિમાં રાખવું. (૧૮) **પાડું અને સર્વ પ્રકારના ફોલ્લા ઉપર:**—કડવી ઇંદ્રવરણીનાં મૂળ ઘસી તેનો લેપ કરવો.

૫૫ ઇફ્ફળ:—સમુદ્રની ખાડીમાં જે ઠેકાણે અતિશય કાદવ તથા જે જગ્યા ભરતી વખતે બૂડી જાય છે, તે ઠેકાણે દેખાતાં મોટાં ઝાડો હોય છે. તે ત્રણ ચાર પ્રતિનાં હોય છે. તેમાં કાજળ અને ઇફ્ફળ એજ માત્ર લોકોના જાણવામાં છે. ઇફ્ફળનું ઝાડ છ સાત હાથ કરતાં બહુધા ઉંચું થતું નથી અને તેનો વિસ્તાર ઘણોજ થાય છે. તેની ઘણી ડાળીઓ સમુદ્રમાં બૂડેલી હોય છે. જો એનો રોપો મીઠી જમીન ઉપર વાવી તેને પાણી પાઇએ અને તેની બહુ સંભાળ રાખીએ તો તે બગડતો નથી. આ ઝાડનો પાલો ઢોરોને ખવરાવવા માટે ઉપયોગમાં આવે છે અને લાકડાં બાળવાના કામમાં આવે છે. એ લાકડાં ઘણાં કઠણ અને ચીકણાં હોય છે. તે બાળવાથી તેમાં એક પ્રકારનો ક્ષાર ઉત્પન્ન થાય છે. તે ધોબી લોકોને વસ્ત્રો ધોવા માટે ઉપયોગમાં આવે છે તેમજ બૈરાંઓને માથું ચોળવાના ઉપયોગમાં આવે છે. ×

૫૬ ઇસેસ (શેરી લોબાન):—સં० ક० શ્રીવેષ્ટ. હિં० વિશેષધૂપ. મ० વિશેષધૂપ, સરલાડીક, ગંધાબિરોજા, ઇસેસ. ઇં० ગમ કોપલ સૅન્ડાર્ક. લા० ટ્રેકિલોબિયમ્ હાર્નિમેનિયેનમ્.

ઇસેસ(સરલ)નાં વૃક્ષો હિમાલય પર્વતમાં પુષ્કળ છે. એ ઝાડોની જુદી જુદી જાતિમાંથી જે ચીકણો પદાર્થ નીકળે છે, તેને ધૂપ, ઇસેસ,* લોબાન અને ઉદ વગેરે કહે છે. તેની બે ત્રણ જાતિ છે.

× કાઠિયાવાડનાં બંદરોમાં એ લાકડાંને ચેરીઆનાં લાકડાં કહે છે. તે બાળવાના ઉપયોગમાં લે છે. ફળ બાળકો ખાય છે. ફળ ખાવાથી જીભ પર થોડી લાલી આવે છે, થુંક પણ લાલ રંગનું નીકળે છે. ઢોરોને ચેર(ઇફ્ફળ)નાં પાન ખવરાવે છે.

* ઇસેસ એ સરલ નામના ઝાડનો ગુંદર છે. એનેજ ચંદ્રસ, જનાર્જન નામનો ધૂપ અને

આ દેશમાં બસરાથી આ ગુંદ આવે છે. ઇસેસ ઔષધો માટે અને ધૂપ માટે ઉપયોગી છે. ઇસેસનાં ઝાડો અરબસ્તાનમાં અને આફ્રિકાના પૂર્વકિનારા ઉપર પુષ્કળ છે. ત્યાંથી પણ ઇસેસ અહીં આવે છે. ઇસેસ એ વ્રણશોધન કરનાર છે. એનું "વિશેષ ધૂપ" એવું પણ નામ છે. ઇસેસ–તીખો, કડવો, સ્નિગ્ધ, તૂરો, મધુર, સારક, ઉષ્ણ, વર્ણરોપણ છે અને પિત્ત, રક્તદોષ, વાયુ, કફ, યોનિદોષ, ગ્રહપીડા, મસ્તકશૂળ, નેત્રરોગ, કંઠરોગ, વ્રણ, રાક્ષસપીડા, પીનસ, અજીર્ણ, આધ્માનવાયુ, દુર્ગંધ, પસીનો, કંડૂ, વિષ, વાતરક્ત, વિસર્પ, કુષ્ઠ અને કાસનો નાશ કરે છે. (૧) વ્રણ ઉપર મલમઃ—ઇસેસ, તલનું તેલ અને મીણ, એ દેવતા ઉપર તપાવી પાતળું થાય એટલે તે મિશ્રણ ગાળી નાખવું અને વ્રણ ઉપર ચોપડવું.

૫૭ ઉટકટારી (ઉત્કંટી):—સં० ઉત્કટા. ફા० બ્રહ્મદંડી. મ० ઉટકટારી. હિં० ઉટકટારા. બં० છાગલદાંડી, વામનદાંડી. ઇં० થીસ્ટલ. લા० ટ્રિકોલેપિસ ગ્લેબરીના, એકીનોપસ્ એકીનેટસ્.

એને "ઉત્કટી" અને "કાંટે સુબુક" પણ કહે છે. હિંદુસ્તાની ભાષામાં એને "ઉંટીગણ" અને "શ્વેત ઘુઘુચી" કહે છે. એ વનસ્પતિ હિંદુસ્તાનના ઘણા પ્રાંતોમાં થાય છે. આ ઝાડની ઉંચાઈ શુમારે હાથ બે હાથ હોય છે અને રંગ ધોળો હોય છે. એનાં પાંદડાં કોપરાની કાતરી જેવાં હોઈ, તેના પૃષ્ઠભાગમાં અને નાકા ઉપર સફેદ રંગના કાંટા હોય છે. ઉનાળામાં એ ઝાડો સુકાઈ ગયાં એટલે ફરી ચોમાસામાં તેજ જગ્યા ઉપર ઉગે છે. આ વનસ્પતિનાં મૂળ અને બીજ મોટી ઔષધિ છે. એનું "બ્રહ્મદંડી" એવું નામ પણ છે. ×ઉટકટારીઃ—રુચિદાયક, ઉષ્ણ, કડવી અને વૃષ્ય છે; તથા મૂત્રકૃચ્છ્ર, પિત્ત, વાયુ, મેહ, તૃષા, હૃદ્રોગ અને વિસ્ફોટકનો નાશ કરે છે. એનાં બીજ:—શીતળ, વૃષ્ય, તૃપ્તિકર અને મધુર છે. (૧) બાળકને ઉટાંટીઆ થાય છે તે ઉપરઃ—ઉટકટારીનાં મૂળ શસ્ત્ર ન લગાવતાં, શનિવારે અથવા રવિવારે કાઢી લાવી બાળકને ગળે બાંધવાં. (૨) પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર અને વીર્યવૃદ્ધિ ઉપરઃ—ઉટકટારીના મૂળની છાલ છાયામાં સૂકવી ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરી રાખવું અને રાત્રે મોગલી એદાણા ૧ તોલો અને ખડીસાકર બે તોલા મેળવી પાશેર પાણીમાં ભીંજવી રાખી પ્રાતઃકાળમાં તેનો રસ વસ્ત્રથી ગાળી કાઢવો. પછી તેમાં તે છાલનું ૬ માસા ચૂર્ણ નાખી ખાવું, એટલે તે ઘણા દિવસનો મૂત્રકૃચ્છ્ર, (મૂત્ર સાથે ધાત જાય છે તે) બંધ કરે છે અને વીર્યવૃદ્ધિ તથા પુષ્ટતા કરે છે. (૩) સુખે પ્રસવ થવા માટેઃ—ઉટકટારીનાં મૂળ ચોટલે બાંધવાં, પ્રસવ થયે તુરત છોડી નાખવાં. (૪) સર્પ અને વિંછીના વિષ ઉપરઃ—ઉત્કટીનાં મૂળ ઉકાળી લેપ કરવાં અને તે પીવાં પણ ખરાં. (૫) ધાતુપુષ્ટિને માટે ઉત્કટીનાં મૂળ, ગોખરૂ અને કૌંચબીજનો દૂધમાં પાક કરી સેવન કરવો; અથવા ઉત્કટીનાં મૂળનું ચૂર્ણ

ગંધ બેરજાના નામથી ઓળખતા હોઇએ એમ શાલીગ્રામનિઘંટ આદિમાંથી સિદ્ધ થાય છે; છતાં આ ગ્રંથમાં ચન્દ્રસને ફરીથી વર્ણવ્યો છે.

× ઉટકટારીનાં પાન આશરે ૯ ઇંચ જેટલાં લાંબાં હોય છે. પાનને છેડે એક લાંબો ત્રણ ઇંચનો કાંટો હોય છે. પહોળાઇની બંને કિનારી તરફ કેટલાક કાંટાઓ લાગેલા હોય છે. કાંટાની લંબાઈ આશરે ૨॥ ઇંચ હોય છે. ફળ નાના લિંબુ જેવડાં ગોળ હોય છે. ફળની ઉપર પણ નાના મોટા કેટલાક કાંટાઓ રહે છે, તથા અંઘેડાનાં બીજ જેવા આકારના કેટલાક નાના કાંટા લાગેલા હોય છે. ફળનો જરા જેટલો ભાગ પણ કાંટારહિત હોતો નથી. ખરી બ્રહ્મદંડી અને ઉટકટારીમાં કેટલોક અંતર તથા કેટલુંક મળતાપણું છે. ગુણમાં પણ અંતર છે. નામ તો સંસ્કૃત ભાષામાં બબ્બે પાંચ પાંચ વનસ્પતિઓનાં ઘણી જગ્યાએ એક જોવામાં આવે છે. માત્ર નામના મળતાપણા ઉપરથી વસ્તુ એકજ છે, એમ કહી શકાય નહિ. બ્રહ્મદંડીના ગેપાનું વર્ણન બ્રહ્મદંડીની ટીપમાં આપેલ છે. એ ઉપરથી ઉટકટારી અને બ્રહ્મદંડીમાં શું અંતર છે તે સહજ સમજાઈ શકશે.

ઉટકટારીના ગુણનું વર્ણન કરવામાં આવેલું છે તે વૈદ્ય નિઘંટુના આધાર પરથી શ્રી પદેજીએ કરેલું જણાય છે. એ વૈદ્યનિઘંટુ પરથી પણ બ્રહ્મદંડી અલગ ઔષધિ છે, એમ સહજ સમજી શકાય છે.

દૂધમાં નાખી સેવન કરવાથી ઉત્કૃષ્ટ પુરુષત્વ આવે છે. **(૬) ઉધરસ ઉપર:**—ઉતકટીનાં મૂળ વાટી ખાવાં અગર મૂળનું ચૂર્ણ મધમાં આપવું.

૫૮ ઉંડણુ—સં૦ હિં૦ બં૦ પુન્નાગ. મ૦ ઉંડણુ. તા૦ પુન્ને, પુન્નાગં. તે૦ નમેરૂ, પોન્ના. ક૦ ઐસુરિગે, નમેરૂમારા. તુ૦ પોનેડાભારા. મલા૦ પોન્નાક. લા૦ એક્રોકાર્પસ લૉજીફ્રેલિયમ્. ઇં૦ અલેકઝાડિયન લૉરલ.

ઉંડણુનાં ઝાડ કોકણુ પ્રાંતમાં પુષ્કળ થાય છે. એનાં પાંદડાં સોરંગીનાં પાંદડાં જેવાં હોય છે,× પરંતુ તેના કરતાં જરા મોટાં હોય છે. પાંદડાંની ઉપરની બાજુ સુંવાળી અને સ્વચ્છ હોય છે. આ પાંદડાંની પત્રાળી કરે છે. ઉંડણુનાં ફૂલ ધોળાં હોઇ મધુર અને સુવાસિક હોય છે. આ ઝાડને સોપારી જેવડાં ગોળ ફળો આવે છે. તે ઉપર કઠણુ છાલ હોય છે. એ ફળોનું તેલ કાઢે છે. તે બાળવાને માટે એરંડતેલ કરતાં સારૂં હોય છે. એ કડવું હોય છે. એને ઉંડેલ કહે છે. **ઉંડણીનાં** લાકડાં **ઇમારતમાં** અને **વહાણ** બાંધવામાં ઘણાંજ ઉપયોગી છે. એ ઝાડનાં મૂળમાંથી રાળ જેવો ગુંદર થાય છે. **ઉંડણુ:**—મધુર, શીતળ, સુગંધી, રક્તદોષનાશક, દેવપ્રસાદકારક અને રક્તદોષ, રક્તપિત્ત, કફ, પિત્ત અને ભૂતબાધાનો નાશ કરે છે. એનાં ફૂલો વૃષ્ય હોઇ વાત, શૂળ અને કફદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પગ અથવા ઘુંટણુ મરડાઈ જવા ઉપર:**—ઉંડણીની છાલ બારીક વાટી ગરમ કરી પાટો બાંધવો. **(૨) ઉઠાણું (પાકે નહિ તેવા ગુમડા) ઉપર:**—ઉંડણીના ફળનો ગર્ભ ઘસી તેમાં પિંજર નાખી ઉપર ચોપડવો, એટલે સુખ થશે. **(૩) ખસ ઉપર:**—ઉંડણીનું તેલ ચોપડવું. **(૪) ખોડા ઉપર:**—ઉંડણ અને કડવી કોઠીનું તેલ એકત્ર કરી ચાર વાર ચોપડવું. નાનાં બાળકોને ગરમીથી આંખોમાં જે ફોલ્લા થાય છે, તે ઉપર પણ આ ઔષધ ચોપડવું. **(૫) અંડવૃદ્ધિ ઉપર:**—ઉંડણીના ઝાડની અંતરછાલ બારીક કૂટી ગરમ કરી **વધેલા અંડ ઉપર** સતત ૮–૧૦ દિવસ પાટો બાંધવો. **(૬) મૂળવ્યાધિ (હરસ) ઉપર:**—હુક્કાની ચલમમાં ઉંડણીનાં ફૂલો નાખી ધૂમ્રપાન કરવું એટલે ઘણા દિવસનો અર્શરોગ પણ દૂર થઇ જશે.

૫૯ ઉદ, લોબાન—સં૦ તરૂષ્ક. મ૦ હિં૦ ક૦ ઊદ. ઉદને **"લોબાન"** પણ કહે છે. લોબાનનાં વૃક્ષ તુર્કસ્તાન, આફ્રિકાખંડના પૂર્વકિનારા ઉપરના પ્રદેશ, જાવા બેટ અને સુમાત્રા આ પ્રદેશમાં થાય છે. એ વૃક્ષના રસથી લોબાન ઉત્પન્ન થાય છે. લોબાન સુગંધી છે. ધૂપ માટે એનો પુષ્કળ ઉપયોગ થાય છે. લોબાનની ઉત્તમ ધૂપસળી થાય છે. તેનું તેલ નીકળે છે, તેને **ઉદેલ** કહે છે. લોબાનનાં જે ફૂલ થાય છે તેને **"લોબાન ફૂલ"** કહે છે. **લોબાન:**—વાતહર, કફનાશક, વર્ણપ્રસાદક અને કંડૂ તથા કુષ્ટનાશક છે. **ઉપયોગ:—(૧) લોબાનનું તેલ જેને ઉદેલ કહે છે તે કાઢવાના કૃતિ:**—ધોળો સફેદ લોબાન અને તેટલીજ રાળ લાવી તેની ભૂકી કરવી. પછી એક માટલું કે જેમાં શેરભર પાણી રહે એવું લઇ તેની નીચેના ભાગને ઝીણું કાણું પાડી તેમાં તાંબાની અથવા પિત્તળની આંગળી જેવડી નળી બેસાડવી. તે માટલું ચૂલા ઉપર ઉતરતું રાખી, તેના મોં ઉપર કાણાવાળું ઢાંકણું બેસાડી, તેના છિદ્રવાટે તે તૈયાર કરેલી ભૂકી હળવે હળવે નાખવી; અને પછી તે છિદ્ર, એક કપડામાં છાણ અને માટી બાંધી તેની બાફ બહાર જઇ ન શકે એવું પાકું બંધ કરવું. પછી ચૂલા નીચે મંદાગ્નિ કરવો અને તે માટલાને બેસાડેલી નળી નીચે વાડકી રાખવી. એ પ્રમાણે સર્વ કામ થયા પછી કેટલીક વારે તે નળીવાટે તેલ આવવા લાગે છે. તે તેલ નળી નીચે રાખેલી વાડકીમાં ઝમે છે. પછી તે તેલ બાટલીમાં ભરી રાખવું. ઉદેલની વાસ ઘણી ઉગ્ર છે. એ તેલ કેશને લગાવે છે. શરદીથી કપાળ દુખતું હોય તો ઉદેલ ચોળવું, એટલે કપાળ દુઃખતું બંધ થાય છે. **(૨) લોબાનનાં ફૂલ તૈયાર કરવાની કૃતિ:**—

× મીઠી ઉંડણીને સુરપુનાગ (સોરંગી) કહે છે. શ્રી. શાલીગ્રામજી કહે છે કે:–"સુરપુન્નાગ કડવો અને પુન્નાગના કરતાં વધારે ગુણવાળો છે. પુન્નાગનું મોટું વૃક્ષ થાય છે. એના ફૂલની કળીઓને સૂકવી લે છે. તેને નાગકેસર કહે છે. એનાં ફળ બૃહદંતીનાં જેવાં હોય છે, તેમાંથી તેલ નીકળે છે.

લોબાન લાવી તેની ભૂકી લોખંડના તવી ઉપર નાખવી અને તે લોઢીને સગડી ઉપર મૂકી નીચે મંદ અગ્નિ કરવો. લોબાન પાતળો થાય એટલે તે ઉપર કાચનો પ્યાલો ઊંધો ઢાંકવો; અને દેવતાની આંચ કિંચિત્ વધારવી. કેટલીક વારે તે લોબાનની વરાળ થઇ પ્યાલાતળીએ જઇ ઝમશે. એ ઝમેલી વરાળ ધોળી અને તુંબડીનાં ફૂલો જેવી હોય છે. તેને લોબાનનાં ફૂલ કહે છે. **(૩)ઢોરને સળેખમ થાય છે** (ઢોરોના નાકમાંથી ગળફા લીંટ વગેરે નીકળે છે) **તે ઉપર:**—કોઢિયા લોબાનની નાકમાં ધૂણી દેવી.

૬૦ **ઉંદરકની**—સં૦ આખુપર્ણી. મ૦ ઉંદીરકાની. હિં૦ મૂસાકાની. બં૦ ઇંદુરકાણીપાના. યૂ૦ શરદમ્. ક૦ વલિહરૂહે. તૈ૦ એલિકચેવિદુ. ફા૦ ગોરોમુસ, સતર. ત૦ આજાનુલફાર. લા૦ આયપોમિંયા રેનિફોર્મિસ. વ૦ ભોપલી. તા૦ પરિંતાય વિરેવ. પં૦ મૂંસાકન્ની.

ઉંદરકનીના નાના નાના વેલા હોય છે. એને નાના ઘુઘરા જેવાં ફળો આવે છે. એનાં પાંદડાં ઉંદરના કાન જેવાં હોય છે. આ વેલા ઘણાક પ્રાંતોમાં થાય છે. એનાં ફૂલો ગુલાબી રંગનાં હોય છે. એ વનસ્પતિ ગુણે ઉષ્ણ છે. **ઉંદરકની:**—આ વનસ્પતિની બે જાતિ છે. એક **બાગમાં** ઉગે છે તે અને બીજી **રાનમાં** ઉગે છે તે. તેને યૂનાની ભાષામાં **"લપસીની"** કહે છે. એ ઝાડ ઝાડની છાયામાં અથવા પડી ગયેલી ઇમારતમાં થાય છે. એની ડાળી અને ડીટાં તિધારી (ત્રણ ધારવાળાં) હોય છે. એનાં પાંદડાં હાથે ચોળી તેની વાસ લેવાથી કાકડી જેવી સુગંધ આવે છે. એ ઝાડ ગુણમાં ઠંડુ છે. એનું દૂધ પચન કરનાર છે. **મોટી ઉંદરકની:**—શૂળ, જ્વર, વ્રણ, કૃમિ અને ઉંદરનું વિષ એનો નાશ કરે છે. **લઘુ ઉંદરકની:**—તીખી, કડવી, ઉષ્ણ, શીતળ, રસાયન, સારક, લઘુ અને તૂરી છે; તથા કફ, પિત્ત, શૂળ, જ્વર, કૃમિ, ગ્રંથિરોગ, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, આનાહ, ઉદર, હૃદ્રોગ, વિષ, પાંડુ, ભગંદર અને કુષ્ઠનો નાશ કરે છે. **(૧) માથામાંથી ગરમી દૂર થવા માટે:**—એ ઝાડનું ચૂર્ણ નાકમાં સુંઘવું. **(૨)ગરમીથી કાન ઉપર અથવા સર્વાંગ ઉપર સોજો આવે ત્યારે:**—એનું ચૂર્ણ તથા જવનો લોટ પાણીમાં મેળવી તેનો લેપ કરવો. **(૩) કાન વહેતો હોય અથવા કાનમાં ફોલ્લો થયો હોય તો:**—એનો રસ કાનમાં નાખવો. **(૪) પેટમાંની ગરમી, કૃમિ અને મૂર્ચ્છા ઉપર:**—એનો રસ પાવો.

(ક) વગડામાં થનારી જે ઉંદરકની છે તેના ત્રણ પ્રકાર છે; તેમાં મૂળ થકી જે છોડ ઉગે છે, તે લાંબો હોઇ બારીક હોય છે અને તેની ટોચે તે લાલ હોય છે. એનાં પાંદડાં બાગમાં થનારી ઉંદરકની કરતાં લાંબાં અને નાજુક હોય છે. એનાં ફૂલ ઉપર રાતા, ધોળા, પીળા ઇત્યાદિ અનેક રંગોનો ભાસ થાય છે. બીજીને જે ફૂલ આવે છે તે પીળાં હોય છે. પાંદડાં નાજુક હોઇ આંગળી જેવડાં હોય છે. એ ગુણોમાં સમશીતોષ્ણ છે, અને એની ઉત્પત્તિ રેતીવાળી જમીનમાં થાય છે. **(૧) શિરોરોગ, અપસ્માર અને શરીર વાંકુ થાય તે ઉપર:**—એનો રસ આપવો. **(૨) સર્પના વિષ ઉપર:**—એનો રસ આપવો. **(૩) મસ્તકશૂળ ઉપર:**—એને સરકામાં વાટી તેનો મસ્તકે લેપ કરવો. **(૪) મગજ સાફ થવા માટે અને દંતકૃમિ ઉપર:**—એનો રસ, મધ અને પાણી એકત્ર કરી તેને માથે ભરવાથી મગજ સાફ થાય છે અને દાંતે ઘસવાથી દાંતમાંના કીડા મરે છે તેમજ દાંત બળવાન થાય છે. **(૫) આંખની બાજુમાં થનારા નાસુર ઉપર:**—એનાં મૂળ પાણીમાં ઘસી તેનો લેપ કરવો. **(૬) સોજા ઉપર:**—જવનો લોટ અને એનાં મૂળનું ચૂર્ણ એકત્ર કરી પાણીમાં મેળવી સોજા ઉપર લગાડવાથી સોજો ઉતરે છે. **(૭) શરીરમાંથી ગરમી નીકળી જવા માટે:**—એનાં બીઆંનું શરબત કરી આપવું. **(૮) આફરો (પેટ ફૂલે છે તે) ઉપર:**—એનાં મૂળોને પાણીમાં વાટી પેટે લેપ કરવો. **(૯) તીરનો અગ્રભાગ અથવા કાંટો શરીરમાં પેસી ગયેલો હોય તે ઉપર:**—ઉંદરકનીના પાનને ચટણી માફક પીસી લેપ કરવો, એટલે તે આપોઆપ બહાર પડે છે. **(૧૦) શિથિલત્વ દૂર થવાને અને પુરુષત્વ આવવાને:**—એનો રસ અથવા એને પાણીમાં વાટી બસ્તી વગેરે ઠેકાણે લેપ કરવાથી પુરુષપણું સતેજ થાય છે; (એના લેપને યૂનાની ભાષામાં "તિલા" એમ કહે છે.) અથવા એનાં પાંદડાં સુકાયલાં કિંવા પાકાં લાવી, તેની ઘઉંના લોટમાં ભાખરી કરવી અને ૨૧ દિવસ ખાવી તથા પડદામાં બેસવું.

દૂધ અને ઘઉંનું અન્ન ખાવું; એટલે પુરુષત્વ આવે છે.

(ખ) ત્રીજી જાતની ઉંદરકનીનાં પાંદડાં બારીક હોઇ, તે ઝાડને ઘોળાશ પડતા કાંટા આવે છે. આ ઝાડની ડુંખ ભાગવાથી દૂધ નીકળે છે અને તેના વેલા જમીન પર પથરાય છે. એની ઉત્પત્તિ પાણીથી દૂર થાય છે. પાંદડાં હાથ ઉપર ચોળી જોવાથી રાતાં સુરખીદાર જણાય છે. આ ઝાડ ગુણોમાં ગરમ છે. એને ઘોળાં ફૂલો આવે છે. તેમાં કોઇક રાતા રંગનાં હોય છે. આ ઝાડનાં બી રાનતુલસીનાં બી પ્રમાણે હોય છે. ઉપયોગ:—(૧) ગોળ કૃમિ ઉપર:—એ ઝાડનો રસ માસા ૧૦, ફુદીનાનો રસ અને પાણી ૨૦ તોલા એકત્ર કરી પાવું.

(ગ) ઉંદરકનીની અનેક જાતો છે. જે જાતિના ઝાડનાં પાંદડાં પીળા રંગનાં હોઇ કિંચિત્ આસમાની રંગની ઝાંખ હોય એવું જણાય તે ઝાડો ઘણુંજ સારાં છે, એમ જાણવું. ઉંદરકની ઝાડનો વાસ ગર્ભિણી સ્ત્રી લે તો તત્કાળ પુષ્કળ છીંકો આવી ગર્ભપતનની ભીતિ ઉત્પન્ન થાય છે; ક્વચિત્ પતન પણ થાય છે. ઉંદરકનીનો સાધારણ ઉપયોગ:—(૧) કૃમિ ઉપર:—ઉંદરકનીનાં પાંદડાં કૂટી ચૂર્ણ કરી લોટ મિશ્ર કરી તેની પુરી કરીને ખાવી; અને ઉપર જવની કાંજી પીવી. (૨) જ્વર ઉપર:—ઉંદરકનીનાં પાંદડાંનો રસ ચાર માસા મધમાં આપવો. (૩) વીર્યસ્રાવ અને પથરી ઉપર:—ઉંદરકનીનાં પાંદડાંની ભાજી ખાવી. (૪) શરદીથી શરીરને ખરજ આવે છે તે ઉપર:—તેનાં લીલાં પાંદડાંનો રસ આપવો. (૫) શિરોરોગ ઉપર:—ઉંદરકનીનું શરબત કરી આપવું. (૬) અપસ્માર અને વાયુએ શરીર વાંકું થાય છે તે ઉપર:—ઉંદરકનીનું ચૂર્ણ સુંઘવું અને ચોળવું. (૭) ઉંદરના વિષ ઉપર:—ઉંદરકનીના પાલાનો અંગરસ એક તોલાથી બે તોલાપર્યંત, ૭ દિવસ પીવો અને શરીરે પણ ચોપડવો. (૮) શરીરમાં તીરનું ફળ અથવા અણી અગર કાંટો રહેલ હોય તો:—ઉંદરકનીનું ચૂર્ણ પાણીમાં કાલવી જખમ ઉપર લેપ કરવો એટલે તે આપોઆપ નીકળી જાય છે અને જખમ સારો થાય છે.

૬૧ ઉધરસી—(મ૦ ખોકલી) એનાં ઝાડ ઘણુંજ મોટા થાય છે. સંહ્યાદ્રિપર્વત ઉપર એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એ ઝાડનાં પાંદડાં હરડેનાં પાંદડાં જેવડાં મોટાં થાય છે. એની છાલ તેજબળનાં ઝાડ જેવી જાડી હોઇ પીળા રંગની હોય છે. એ ઝાડ ઉપર ચણા જેવડાં ફળો આવે છે. એ ઝાડની છાલ અને ફળ ઘણાં તીખાં હોય છે. ઉધરસીના ઝાડને શીમળાના જેવા કાંટા હોય છે.

ઉપયોગ:—(૧) ઉધરસ ઉપર:—ઉધરસીનું અર્ધું ફળ અથવા થોડી છાલ વાટી મધમાં કાલવી ખાવી; અથવા છાલનો કાઢો કરી પાવો એટલે થોડાજ દિવસમાં ઉધરસ, દમ અને વાયુવિકાર, એ દૂર થાય છે.

૬૨ ઉપરસાલ—સં૦ શ્યામા, સારિવા. મ૦ ઉપરસાલ, ઉપલસરી, કાવળી. કો૦ પાંદરી ઉપરસાલ, ઉપટસુલી, શેંબવેલ, શેતકાવળી, સુગંધકાવળી, શ્યામી, લહાન કાવળી. હિં૦ ગૌરીસર, કાલીસર. બં૦ અનંતમૂળ, શ્યામાલતા, કલત્રંટિ. ક૦ સુગંધીબલ્લી, નામદેવેરૂ, કરીબંટ, સોગદે. તૈ૦ પલાશગંધી. મલા૦ નાન્નારી. તુ૦ કન્યાવેરૂ. ઉત્કલ૦ ગુપાકાનમૂળ. ગોમાં૦ દુદવાલી. ઈં૦ ઈંડિયન સાર્સાપરિલા. લા૦ હેમિડેસમસ્ ઈંડીકસ્.

એનો વેલો કાળાશ પડતા રાતા રંગનો હોય છે. એનાં પાંદડાં આકારે તલવાર જેવાં, અર્ધો આંગળ પહોળાં હોઈ ત્રણ આંગળ લાંબાં હોય છે.× એને બારીક અને લાંબાં ફળો આવે છે અને તેમાંથી રૂ નીકળે છે. મરાઠીમાં એને નાની કાવળી, ક્ષેત્રકાવળી એમ ક્વચિત્ કહેવાની પ્રથા છે; પરંતુ તે ઉપરથી કેટલાક લોકોની ભળતીજ ગેરસમજ હોઈ તે કાકમાચી—કાવળીનેજ ઉપલસરી કહીને વાપરે છે, એમ વારંવાર દૃષ્ટિએ આવે છે. આથી કરીને સ્પષ્ટ કરવાની જરૂર છે કે, કાવળી અને ઉપલસરી એ બન્ને વનસ્પતિ ખાસ જુદી છે. આ વેલ સાધારણ ડુંગરાળ જમીનમાં વિશેષે કરીને થાય

× શાલીગ્રામજી કહે છે કે:—ઉપરસાલની વેલનાં પાંદડાં દાડિમ જેવાં હોય છે; તે પાંદડાંમાં સફેદ છાંટ હોય છે. વેલની જડમાં કપૂરકાચલી જેવી સુગંધ આવે છે અને તેમાં બબ્બે ફળીઓ આવે છે. કેટલાક લોકો એને સાર્સાપરિલા, સરીવન આદિ નામો આપે છે.

છે. મુંબઇ ઈલાકો, બંગાળ, કોરોમાંડલ વગેરે પ્રાંતમાં એ ઘણી થાય છે. ત્રાવણકોર પ્રાંતસુધી આ ઘણીજ થાય છે. એની કાળી અને ધોળી એવી બે જાતિ છે. કોકણમાં એ વેલાની ઉત્પત્તિ ઘણી થાય છે. એને "ઉપલસરી, ઉપટશુળી, નાની કાવળી, શેત કાવળી, શેંબવેલ, શ્યામી" પણ કહે છે. એની વેલ ઝીણી અને સુંવાળી હોય છે. પાંદડાં આકારમાં કન્હેરનાં પાંદડાં જેવાં, પરંતુ તેનાથી પાતળાં, સાંકડાં અને અણીદાર હોય છે. તેના ઉપર ઝીણા ઝીણા ધોળાશપડતા રેષા હોય છે. તે વેલી ઉપર ઘણું કરીને સામસામાં થાય છે. એના ઉપર જૂન માસથી ઑગસ્ટ મહિના સુધીમાં ફૂલો આવે છે. તેનો રંગ બહારથી ફિક્કો અને ઘેરો લાલ હોય છે. મૂળ વાંકાંચુકાં અને ગોળ હોઈ તેનો વ્યાસ સાધારણ રીતે બેથી સાત ઇંચ સુધી હોય છે. તેના ઉપર છાલ ચીરા પડેલી અને ઘેરાભૂરા રંગની નજીક નજીક પદ્મકાષ્ઠની છાલને મળતી હોય છે; તથા છેવટનો લાકડારૂપ ભાગ પીળા રંગનો અને કઠિન હોય છે. તેના મૂળની વાસ સારી આવે છે અને તેનો સ્વાદ મીઠો તથા કાંઇક કડવો હોય છે. મૂળની સુંદર વાસ ઉપરથી એનું 'સુગંધા' નામ પડેલું છે.

ઉપલસરીમાં લોહી સુધારવાનો ગુણ ઉત્તમ પ્રકારનો છે. મદ્રાસ પ્રાંતમાં રક્તદોષ, ત્વચારોગ, અપચો, વિસ્ફોટક વગેરે રોગોમાં આ વનસ્પતિનો અતિશય ઉપયોગ કરે છે. ઉપલસરી જંગલમાં આપોઆપ જોઇએ તેટલી ઉગે છે. ડૉક્ટર લોકો ત્વચાના રોગ, ખરૂજ (બાજ), ખરજવા અને જનનેંદ્રિય સંબંધીના રોગો ઉપર ઉપલસરીનો કાઢો આપે છે. ડૉક્ટર આશબર્નરે પ્રથમ ૧૮૩૧ ની સાલમાં અંગ્રેજી ઔષધો સાથે ઉપલસરી વાપરવાની શરૂઆત કરી. ડૉક્ટર આશિંગનેસી પોતાની ઇસ્પિતાલમાં અંગ્રેજી સાર્સાપરિલાની જગ્યાએ ઉપલસરીનોજ ઉપયોગ કરે છે. તે પાંચ તોલા મૂળને ખાંડી સવાશેર ગરમ પાણીમાં ભીંજવી રાખે છે અને તે થોડે થોડે કરીને આખા દિવસમાં પાય છે. આનાથી નિયમ કરતાં ત્રણચારગણો પેશાબ થાય છે. શરીરમાંથી રેલ રેલ પરસેવો આવે છે અને ખૂબ કડક ભૂખ લાગે છે. ડૉક્ટર આશિંગનેસી લખે છે કે, તેમના તાબાની ઇસ્પિતાલના રોગીઓને જોઇને આ ઔષધિનો ગુણ એટલો પ્રસિદ્ધ કર્યો હતો કે તે પોતાની જાતે એ ઔષધ માગી લેતા. ઉપલસરીનાં મૂળોનું ચૂર્ણ મધમાં આપવાથી સંધિવાત અને વિદ્રધિ (ગડાં) વગેરે સારાં થાય છે. તામીલ લોકો મૂત્રસંબંધી સઘળા પ્રકારના વિકારમાં આ મૂળો ગાયના દૂધમાં વાટીને પાવાને આપે છે; અને રક્તશુદ્ધિ માટે ને પિત્તવિકાર દૂર કરવા માટે જીરા સાથે આપે છે અમેરિકન સાર્સાપરિલા કરતાં આ હિંદુસ્તાની સાર્સાપરિલામાં વધારે ગુણ છે, એમ ત્યાંના રસાયનશાસ્ત્રવેત્તાઓએ પરીક્ષા કરીને ઠરાવેલું છે. ધોળી ઉપલસરી કરતાં કાળી ઉપલસરીનાં મૂળ કાંઇક જાડાં હોવાથી તેમાંના ઔષધિગુણો વધારે દિવસ ટકે છે. બન્ને પ્રકારની ઉપલસરીનો કાઢો સાકર નાખી પાવો. નાનાં બાળકોનું અશક્તપણું, જૂનો સંધિવા, વિસ્ફોટક અને ચામડીના રોગો ઉપર ગમે તે રીતે ઉપલસરીનો ઉપયોગ કરવાથી ગુણ થાય છે. આગળની સહેલી રીત એટલે ૨॥ તોલા મૂળો લઈ છુંદી પચીસ તોલા ઉકળતા પાણીમાં નાખી ઉપર ઢાંકણું ઢાંકવું. ઠંડું થયા પછી ગાળીને આપવું. દિવસમાં ૩-૪ વખત થઇને પાંચથી દશ તોલાસુધી આ પાણી પાવું. નવશેકું (કોકરવરણું) પાણી પીવાથી વધારે ગુણ આવે છે. એમાંજ દૂધ અને સાકર નાખ્યાં હોય તો તેની વાસ અને સ્વાદ, એ ચ્હાને એટલો મળે છે કે નાનાં છોકરાં પણ જોઇને આ મિશ્રણ ચાહીને પીએ છે. ચ્હા પીવાથી અનેક પ્રકારના રોગો વહોરી લેવા કરતાં આનો ઉપર બતાવ્યા પ્રમાણે દૂધ અને સાકર મેળવેલ કાઢો આપવાથી શરીર નીરોગી અને પુષ્ટ થાય છે. ઉપરનું મિશ્રણ એટલું સ્વાદિષ્ટ થાય છે કે **આયોડાઈડ ઑફ પોટાસ** નામનું ખરાબ સ્વાદનું અંગ્રેજી ઔષધ આની અંદર આપવું હોય તો સહેજે આપી શકાય છે. ઉપલસરીનાં મૂળો જેટલાં તાજાં હોય તેટલો તેનો વધારે ગુણ થાય છે. **ધોળી ઉપરસાલ** (કપરી. હિં૦ ગૌરીસર, ગૌરિયાસાઉ):—શીતળ, મધુર, શુક્રલ, જડ, સ્નિગ્ધ, કડુ ને સુગંધી છે; અને કોઢ, કંડૂ, જ્વર, શરીરની દુર્ગંધી, અગ્નિમાંદ્ય, દાહ, ઉધરસ, અરુચિ, આમદોષ, ત્રિદોષ, વિષ, રક્તરોગ, પ્રદર, અતિસાર, તૃષા, દાહ, રક્તપિત્ત, વાયુ અને કફનો નાશ કરે છે. **કાળી ઉપરસાલ** (કાળીવેલ, હિં૦ કાલીસર, કરીઆસાઉ) શીતળ, વૃષ્ય, મધુર અને કફનાશક છે. બીજા ગુણ ધોળી ઉપરસાલના જેવાજ છે. **ઉપયોગ—(૧)**

ગર્ભિણીની ધુપણી ઉપર અને શરીરમાં થયેલ ગરમી ઉપર:—ઉપરસાલનાં મૂળ સ્વચ્છ ધોઈ કેળનાં પાંદડાંમાં વિંટાળી ભુંભરેટમાં બાફી કાઢવાં. પછી તે પ્રત્યેક મૂળના મધ્યભાગમાં જે નર (રેષા) હોય છે તે કાઢી નાખી જીરૂં, ખડીસાકર અને બાફેલો ધોળો કાંદો (ધોળી ડુંગળી), એ બધાં એકઠાં કરી બારીક વાટવાં. તેમાં સર્વ ઔષધોનાં વજન જેટલું ઘી નાખી પ્રત્યેક બે વખત પ્રમાણે સાત દિવસ આપવું. એ ઔષધ ૪૨ દિવસ લેવાથી શરીરમાં જામેલી ગરમી નીકળી જઈ, શરીર પર થયેલાં લાલ ચાઠાં સારાં થઈ ધાતુસ્થાન અને લોહી વગેરેની શુદ્ધિ થાય છે. (૨) **આંખમાં ફૂલ પડે છે અને છાયા વળે છે તે ઉપર:**—ઉપરસાલનાં પાંદડાં તોડી, ઉપર જે ચીકણો રસ આવે તે લઇ આંખમાં આંજવો. (૩) **ગરમી ઉપર:**—પુટપાકકૃતિએ ઉપરસાલનાં મૂળ પકાવી તેમાં જીરૂં અને ખડીસાકર નાખી, વાટી, ગોળી કરી, તેમાં ગાયનું ઘી નાખી સાંજ-સવાર આપવું. (૪) **વ્રણ ઉપર:**—ઉપરસાલનાં મૂળ વાટી ઉપર બાંધવાં એટલે ગુમડાનું શોધન થાય છે. (૫) **ઉલટી ઉપર:**—ઉપરસાલનાં મૂળો પાણીમાં અથવા ભરસાળમાં રીત પ્રમાણે બાફી પછી બહાર કાઢી મધ્યમાંની રેષા કાઢી નાખી તેમાં થોડી હિંગ નાખી, બારીક વાટી, ઘી મિશ્ર કરી પ્રાતઃકાળમાં તે એક વખત આપવું; એટલે ઉલટી જલદીથી બંધ થાય છે. (૬) **દંતરોગ ઉપર:**—ઉપરસાલનાં પાંદડાં અને ચીકણાનાં (બળનાં, બેળનાં) પાંદડાં સમભાગ લઇ, બારીક વાટી, ગોળી કરી દાંતમાં રાખવી, એટલે વેદના અને કૃમિ નાશ થઈ દાંત મજબૂત થાય છે. (૭) **પિત્તજ્વર ઉપર:**—ઉપરસાલ અને કમળકંદ, એનો કાઢો ટંડો કરી સાકર નાખી આપવો. (૮) **સર્વવિષ ઉપર:**—ઉપરસાલનાં મૂળ ઘસી પાણીમાં મેળવી તે પાવાં. (૯) **મસ્તકશૂળ ઉપર:**—ઉપરસાલનાં મૂળ ઘસી તેનો લેપ કરવો. (૧૦) **પેટના દુઃખાવા ઉપર:**—ઉપરસાલનાં મૂળ ઘસી પાવાં. (૧૧) **ઉપરસાલનું શરબત:**—ઉપરસાલનાં મૂળ ૧૦ તોલા, સાકર શેર ૧॥। અને પાણી સવાશેર લઈ પ્રથમ પાણી ઉકાળી તેમાં ખાંડેલાં મૂળો ચાર કલાક પલાળી રાખી પછી પાણી ગાળી લઇ તેમાં સાકર નાખી મંદાગ્નિથી ઉકાળવું. ત્વચાના રોગ, લોહીવિકાર, વિસ્ફોટક, ઉપદંશ, જૂના સંધિવાયુ, મૂત્રરોગ વગેરે રોગોમાં એ લાભદાયક છે.

૬૩ **ઉંબરો (ઉંબરડો)**—સં૦ ઉદુંબર. મ૦ ઉંબર. હિં૦ ઉદુંબર, ગુલ્લર. બં૦ યજ્ઞડુમુર. રા૦ પુ૦ ઉંમરો. ક૦ મલા૦ અત્તિ. તૈ૦ અત્તિમાનુ. તા૦ અત્તિમાર. તુ૦ અતિંમારા. ફા૦ અંજીરે, આદમ. અ૦ જમીઝ. ઈં૦ ફિગ ટ્રી. લા૦ ફાઈકસ્ ગ્લોમિરેટા.

ઉંબરાનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એને અંજીરની આકૃતિનાં ફળો આવે છે. તે પાકે એટલે કોઈ કોઇ ખાય છે. કાચાં હોય છે ત્યારે કોઇ તેનું શાક પણ કરે છે. ઉંબરાની છાયા શીતળ હોઈ સુખકારક છે. ઉંબરાનું લાકડું અતિશય ચીકણું હોય છે. તેના તકના (પાટિયાં) પાડે છે, તે એટલાં બળવાન હોય છે કે કુહાડીના ઘાવ મારવાથી પણ એકાએક ભાગતાં નથી. જે ઠેકાણે ઉંબરાનું ઝાડ હોય તેની જમણી બાજુએ અથવા ઝાડ નીચે ઘણું કરી પાણીનો ઝરો જડે છે. કેટલાક માણસો ઉંબરાનાં ઝાડો હોય ત્યાં કૂવા ખોદે છે અને ત્યાંથી તેમને પાણી મળે છે. ઉંબરાના ઝાડ નીચે રહેલું પાણી પીવા માટે સારૂં-નીરોગી છે. ***ઉંબરો:**—શીતળ, ગર્ભસંધાનકારક, વ્રણરોપક, રૂક્ષ, મધુર, તૂરો, ગુરુ, અસ્થિસંધાનકારક અને વર્ણકર છે; અને કફ, પિત્ત, અતિસાર તથા યોનિરોગનો નાશ કરે છે. **એની છાલ:**—શીતળ, દુગ્ધપ્રદ, તૂરી, ગર્ભને હિતાવહ અને વ્રણનાશક છે. **એનાં કાચાં ફળ:**—સ્તંભક, તૂરાં અને હિતકર છે; એ તૃષા, પિત્ત, કફ અને રક્તવિકારનો નાશ કરે છે. **મધ્યમ કાચાં ફળ:**—મીઠાં, શીતળ, તૂરાં છે; અને પિત્ત, તૃષા તથા

* **ઉંબરો—આમાશયને નુકસાનકારક અને તાવને ઉત્પન્નકર્તા છે. ઉંબરાના ફળમાં અસંખ્ય જંતુઓ હોય છે. ઉંબરાનાં પાકેલાં ફળોને લોકો ફોડી તેમાંના જંતુઓને ઉડાડી મૂકી ખાય છે; પરંતુ કેટલાક અજ્ઞાન લોકો પોતે દીર્ઘશ્રોતા (ઘણું સાંભળનાર) થવાની આશાએ એ ફળો જંતુઓસહિત ખાઇ જાય છે તે ખોટું છે.**

મોહ કરનારાં છે; અને રક્તસ્રાવ, વાંતિ તથા પ્રદરનો નાશ કરે છે. **એનાં જાનાં ફળ:**—તૂરાં, રુચિકર, ખાટાં, દીપન, માંસવૃદ્ધિકર, રક્તદોષકારક, દોષલ અને જડ છે. **પાકેલાં ફળ:**—તૂરાં, મધુર, કૃમિકર, જડ, રુચિકર, અતિ શીતળ અને કફકર છે; તથા રક્તદોષ, પિત્ત, દાહ, ક્ષુધા, તૃષા, શ્રમ, પ્રમેહ, શોષ અને મૂર્ચ્છાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **વાયુથી અંગ રહી ગયું હોય તે ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડી તે ઉપર રૂ ચોંટાડવું એટલે સારું થાય છે. (૨) **રક્તપિત્ત ઉપર:**—ઉંબરાનાં પાકેલાં ફળો ગોળમાં અથવા મધમાં ખાવાં; અથવા મૂળ ઘસી તેમાં સાકર નાખી તે આપવાં. (૩) **વછનાગના વિષ ઉપર:**—ઉંબરાની છાલનો રસ ઘીમાં મેળવી ગરમ કરી આપવો. (૪) **સોમલ ઉપર:**—ઉંબરાનાં પાંદડાંનો અથવા છાલનો રસ ૦॥ શેર સુધી આપવો. ઢોરને પણ એજ ઔષધ આપવું. (૫) **આંખ આવે છે તે ઉપર:**—ઉંબરાના દૂધનો આંખો ઉપર લેપ કરવો. (૬) **ગાલફુગી (થાથર, લાપોટિયા) ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડવું. (૭) **બદ ઉપર:**—ઉંબરાનું દૂધ ચોપડી તે ઉપર પાતળો કાગળ લગાડવો. (૮) **સોજા ઉપર:**—ઉંબરો, વડ, પીપળો, પીપળ ને નાંદરુખ, એ પંચ વલ્કલની છાલ ઘસી, ઘી નાખી લેપ કરવો. (૯) **આમાતિસાર ઉપર:**—પતાસામાં ઉંબરાના દૂધનાં ૪-૫ ટીપાં પાડી આપવું, એટલે જે આમરક્ત પડે છે તે હગામણ સારી થશે. (૧૦) **રક્તાતિસાર ઉપર:**—ઉંબરાનાં મૂળનું પાણી આપવું. (૧૧) **પથરી ઉપર:**—ઉંબરાનાં મૂળનો રસ પાંચ તોલા કાઢી, તેમાં સાકર નાખી આપવો. એજ મૂળો ગાયના દૂધમાં ઘસી તેનો શિશ્ન (લિંગ) ઉપર પણ લેપ કરવો. (૧૨) **ઉષ્ણતા ઉપર:**—પાકાં અને જેમાં કીડા નહિ હોય એવાં ઉંબરાનાં ફળ લઈ તેમાં ખડીસાકરની ભૂકી નાખી તે ફળ રોજ સવારમાં ખાવાં. (૧૩) **સર્વ પ્રકારના ઉપદંશ અને પ્રમેહ ઉપર:**—ઉંબરાના ઝાડનાં મૂળ માટીમાંથી સાફ કરી કરવતીએ તે મૂળ વહેરી તેની નીચે એક વાસણ રાખવું; તેમાં ચાર પ્રહર સુધી જે દ્રવ (રસ) એકઠો થાય તેની બાટલી ભરી રાખવી. એ શક્તિ પ્રમાણે ૪ તોલા પર્યંત લઈ જીરૂં અને ખડીસાકર નાખી આપવો. (૧૪) **નાનાં બાળકોના શરીરમાં શીતળાની અથવા ઓરીની ગરમી થઇ આવી હોય તો:**—ઉંબરાનો દ્રવ ખડીસાકર નાખી આપવો. (૧૫) **ગરમીએ જીભ ઉપર કાંટા આવ્યા હોય તો:**—ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ (લાખ જેવાં ચાઠાં થાય છે તે) અને ખડીસાકર, એ વાટી આપવાં. (૧૬) **ગર્ભિણીના અતિસાર ઉપર:**—ઉંબરાં મધમાં આપવાં. (૧૭) **ભસ્મક (ભૂખ ઘણી લાગવી) રોગ× ઉપર:**—ઉંબરાની છાલ સ્ત્રીના દૂધમાં વાટી આપવી અથવા ઉંબરાનાં મૂળોમાંનું પાણી તાડી પ્રમાણે કાઢી આપવું; બીજું પાણી આપવું નહિ. એ પ્રમાણે સાત દિવસ આપવું. (૧૮) **શીતળા હલકા થવા:**—ઉંબરાનાં પાંદડાં ઉપરની લાખ ગાયના તાજા દૂધમાં વાટી તેનો રસ કાઢવો; તેમાં થોડું મધ નાખી શક્તિ પ્રમાણે આપવું. આ ઔષધ શીતળાનો તાવ આવતાંજ આપવું. (૧૯) **પિત્તજ્વર ઉપર:**—ઉંબરાનાં મૂળનો દ્રવ સાકર નાખી આપવો. (૨૦) **વિંછીના વિષ ઉપર:**—ઉંબરાનો પાલો વાટી દંશ ઉપર ચોપડવો. (૨૧) **કોગળીઆ ઉપર:**—ઉંબરાનો દ્રવ આપવો. (૨૨) **હરસ ઉપર:**—ઉંબરાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી તેમાં દાંતવણ મેળવવું અને તેનો લેપ કરવો. (૨૩) **કર્ણમૂળ ઉપર:**—ઉંબરાનું અને કપાસનું દૂધ એકત્ર કરી ચોપડવું. (૨૪) **ગંડમાલા ઉપર:**—ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ મીઠા દહીંમાં વાટી સાકર નાખી નિત્ય એક વખત આપતા જવું. (૨૫) **મસ્તકશૂળથી નાકમાંથી લોહી પડતું હોય તો:**—ઉંબરાના પાકેલા ફળમાં સાકર ઘાલી ઘીમાં તળી તેમાં એલચીદાણાની ભૂકી અને મરીની ભૂકી અર્ધો અર્ધો માસો નાખી રોજ પ્રાતઃકાળમાં ખાવું અને શીંગણીના ફળનો રસ ડોકે ચોળવો; એટલે નાકમાંથી લોહી પડતું બંધ થઇ જાય છે. (૨૬) **દાહ ઉપર:**—ઉંબરાનું દૂધ સાકર નાખી આપવું. (૨૭) **રક્તપ્રદર ઉપર:**—પાકેલાં ફળો સૂકવી ખાંડી કપડછાન ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૦॥ તોલો સમભાગ સાકર મેળવી રોજ પ્રાતઃકાળે એમ ૨૧ દિવસ સુધી ખાવું.

× ભસ્મકરોગનાં કારણો અને લક્ષણો વગેરે 'સુબોધ વૈદ્યક'માં જોવાં.

૬૪ ઉભી (ભો)રિંગણી—સં૦ બૃહતી, વાર્તાકી. મ૦ ડોરલી, રાનવાંગી. હિં૦ બડીકટાઇ, બરહંટા. બં૦ બૃહતી, વ્યાકુડ, તિતવેગુન. ક૦ હેગ્ગુલ્લુ. તૈ૦ પેદામુલુંગા, કુકમાચી. તા૦ કાંડન-કટ્ટારી, ચેરચુણ્ટ. તુ૦ ગુલ્લા. મલા૦ વેસ્લોતુવાલોટિના. ફા૦ બાદંજાનજંગલી, ઉસ્તરગાર. અ૦ બાલુંજાન ઝંગલી. લા૦ સોલેનમ્ ઈંડીકમ્.

ઉભી (ભો)રિંગણીનાં ઝાડ આબેહૂબ વંતાકડીનાં ઝાડ જેવાંજ થાય છે. એને "જંગલી રિંગણી" પણ કહે છે. એ ઝાડ કંમરપૂર ઉંચાં વધે છે. ઉભી ભોરિંગણીનાં ફળ ગોળ હોઇ સોપારી જેવડાં મોટાં હોય છે. એ ફળોનો રંગ પીળો હોય છે. ગરીબ લોક એ ફળોનું શાક કરે છે. ઉભી ભોરિંગણીની એક જાતિ કોંકણમાં થાય છે. તેને **"મોત રિંગણી"** કિંવા **"ચિંચુરટીવાંગી"** પણ કહે છે. મોત રિંગણીનાં ફળો ઉભી ભોરિંગણી કરતાં બારીક હોય છે. એ ફળોનું શાક સારૂં થાય છે. ઉભી ભોરિંગણીનાં મૂળ દશ મૂળોમાં આવે છે.× **મોટી ભોરિંગણી:**—તીખી, ઉષ્ણ, કડવી, હૃદ્ય, પાચક, ગ્રાહી, અગ્નિદીપક; અને કફ, વાયુ, તાવ, કોઢ, અરોચક, ઉલટી, દમ, ઉધરસ, કૃમિ, મોઢાની વિરસતા, કંડૂ (ખરજ), શૂળ, આમદોષ, હૃદ્રોગ, અગ્નિમાંદ્ય એનો નાશ કરે છે. **નાની જાતની ઉભી ભોરિંગણી:**—વાયુ, દમ, શૂળ, કફ, અગ્નિમાંદ્ય, તાવ, શરદી, હૃદ્રોગ અને આમનો નાશ કરે છે. **ધોળી ઉભી રિંગણી:**—રુચ્ય હોઇ કફ અને વાયુનો તથા અંજનથી નેત્રરોગનો નાશ કરે છે. બીજા ગુણ નાની જાત જેવાજ છે. **મોત રિંગણી:**—કડવી, તીખી, ઉષ્ણ, પિત્તકર, રૂક્ષ, રુચિકર, ભેદક, પાચક, અગ્નિદીપક અને કફવાતનાશક છે. ઉપયોગ:—**(૧) ઉધરસ ઉપર:**—ઉભી ભોરિંગણીનો કાઢો લીંડીપીપર નાખી પાવો એટલે ઉધરસ જલદી મટે છે. **(૨) ઢોરને કોઈ પણ પ્રકારનું વિષ ચઢયું હોય તો તે ઉપર:**—ઉભી ભોરિંગણીનાં મૂળીઓં ખાંડી, પાણી નાખી તેમાંથી રસ કાઢવો અને પાવો. **(૩) આરક્ત** (રાતાં ચોળ) **નેત્ર કરવાં હોય તો:**—ઉભી ભોરિંગણીનાં બીઆંનું અંજન આંખોમાં આંજવાથી આંખો લાલચોળ થાય છે. પૂર્વે સિપાઇ લોકોમાં પોતાનું શૌર્ય અથવા ક્રોધ લોકોને બતાવવાને આ રીત ચાલતી હતી. **(૪) વાળા ઉપર:**—ઉભી ભોરિંગણીનાં મૂળ પુરુષના મૂત્રમાં અને બ્રહ્મપીપળાનાં પાંદડાંમાં વાટી તેનો ફોલ્લા ઉપર પાટો બાંધવો.

૬૫ ઉલફુલી—આ ઝાડ ગોમાંતક પ્રાંતમાં થાય છે. એ એક કુંવાડીઆ જેવીજ ભાજી છે; પરંતુ ઉલફુલીના ઝાડનાં પાંદડાં લાંબાં હોઈ છેવટે કાતર સરખાં હોય છે. એ ઝાડ બે અઢીજ હાથ ઉંચું વધે છે. ઉલફુલીના પાલાનું અને કુમળી ડાળીનું શાક થાય છે.

૬૬ ઉક્ષી (ધોળી ધાવડી)—સં૦ શ્વેત ધાતકી.

ઉક્ષીનાં મોટાં મોટાં ઝાડ ડુંગરાળ જમીનમાં થાય છે. ઉક્ષીનાં પાંદડાં નાનાં હોઈ તે શુમારે ૪ આંગળ લાંબાં હોય છે. આ પાંદડાં મૃદુ હોય છે અને ઉક્ષીનાં ફળનો આકાર સીતાફળ જેવો હોય છે. ઉપયોગ:—**(૧) નળવાયુ ઉપર:**—ઉક્ષીના પાલાનો રસ નવટાંક પાવો. (૨)

×રિંગણીની સુપ્રસિદ્ધ બે જાતો છે. ભોરિંગણી અને ઉભી રિંગણી. જો કે જેનું શાક કરવામાં આવે છે તે રિંગણાંના છોડને પણ રિંગણી કે વેંગણી કહે છે; પરંતુ તે આ બન્ને રિંગણીઓથી જુદી છે. ઉભી રિંગણીને લોકો ડોરલીના નામથી પણ ઓળખે છે. એનાં પાંદડાં શાકની વેંગણીનાં પાંદડાંને ઘણા ભાગે મળતાં હોય છે. તેમાં પણ મોટી ડોરલી (મોટાં ફળવાળી), નાની ડોરલી (નાનાં ફળવાળી) અથવા મોત રિંગણી અને ધોળી ડોરલી (ધોળાં ફૂલવાળી), એમ ત્રણ જાતો છે. ભોરિંગણીના છોડ ભૂમિ ઉપર પથરાયલા હોવાથી તેને એ નામથી ઓળખે છે. કેટલાક એને આંખફુટામણી પણ કહે છે. એનાં પાંદડાં ડોરલીથી જુદા પ્રકારનાં હોય છે. એમાં પણ બે જાતો હોય છે. બીજી જે ધોળા ફૂલની થાય છે તેને લક્ષ્મણા કહે છે. આ લક્ષ્મણામાં પારાની ખાખ કરવાનો ગુણ હોવાથી લોકો એને વધારે ચહાય છે. તે સિવાય એમાં બીજા પણ મહાન ગુણો હોવાનું કહેવાય છે; પણ તે પ્રકાશમાં મૂકી શકાય તેવા સિદ્ધ પ્રયોગો હજુસુધી હાથ લાગ્યા નથી. આમ આ રિંગણીની એકંદર પાંચ જાતો છે. લક્ષ્મણા નામે એક કંદ થાય છે તે આ લક્ષ્મણાથી જુદો છે. રિંગણીની માત્રા ૧ માસાની અને વ્યવહારમાં તેનાં મૂળ અથવા પંચાંગ વપરાય છે.

વ્રણ ઉપર:—ઉક્ષીનાં ફળ સર્વત્ર હોતાં નથી; માટે જ્યાં હોય ત્યાંથી શોધી લાવી દૂધમાં બાફી રાખી મૂકવાં. એ ફળ અને ખટખટીનાં મૂળ મધમાં ઘસી નિત્ય ૪–૫ વખત લેપ કરવો. (૩) પાંડુરોગ ઉપર:—ઉક્ષીનાં ફળનું ચૂર્ણ, જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, તજ, દગડફૂલ (છડીલા) અને અજમોદ, એનું ચૂર્ણ બે માસા મધમાં નાખી દરરોજ સવારસાંજ ઔષધ આપવું, એટલે પાંડુરોગ દૂર થાય છે. (૪) ૂરશાના કિંવા ઘોયડી(ઘોણુસા)ના વિષથી સોજો આવે છે તે ઉપર:—ઉક્ષીનાં મૂળ અને ધણુસારીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી સોજા ઉપર લેપ કરવો. (૫) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:—ઉક્ષીના ફળની રાખોડી તેલમાં નાખી ચોપડવી. (૬) બાળકોને ઢુંટિયું આવે તે ઉપર:—ટુંટિયાનાં લક્ષણો એવાં છે કે, શરીરમાં તાવ આવી લોહી સૂકાય છે અને કફનું પ્રાધાન્ય થઈ હાથપગ બંધાઈ જાય છે. તેને માટે ઉપાય:—ઉક્ષીનાં ફળ સાધારણ ચીરી સૂકવવાં; પછી તેને ગોમૂત્રના સાત પુટ આપી બાળી, કાળી રાખોડી બનાવવી. તે રાખને ભાંગરાના સાત પુટ અને બકરીના મૂત્રના ત્રણ પુટ અને બીજોરાના રસના સાત પુટ આપી, ખાતી વખતે બે ગુંજાથી ૪ ગુંજા(ચણોઠીભાર)પર્યંત શક્તિ પ્રમાણે મધમાં ખલ કરી ચાટવા માટે આપવી.

૬૭ એખરો—સં૦ કોકિલાક્ષ. હિં૦ તાલિમખાના, કૈલયા. મ૦ કોલસુંદા, વિખરા, તાલિમખાના. કો૦ કોલિસ્તા, કોલસા. બં૦ કુલિયાખાડા, કુલેકાંટા, કુલક, શૂલમર્દન ઇત્યાદિ. તા૦ નિરમુલ્લિ. તુ૦ કોવમુલ્લુંડે. મલ્યા૦ વાયલચુલ્લિ. ગોમં૦ કોળુબુલે ઝાડ. ક૦ કુલુગોલિકે, નીરગોળ ગોલિકે, કોલવલિકે. તૈ૦ નિરૂગોબી, ગોબી, ગોબિચેટ્ટુ, ગોલિમિડિચેટ્ટુ. ઔ૦ કુઇલિરખા, માખુરેણુ. લા૦ એસ્ટકેન્થા લોજિફોલિયા. ઇં૦ લૉંગલિવ્હડ બાર્લેરિયા.

એખરો કોકણમાં અને બીજે સ્થળે ખેતરની બાજુએ અને વહેળાના કિનારા ઉપર હોય છે. ત્યાં ઢોર પણ તેને ખાતાં નથી. એ ઝાડ શુમારે બે અઢીજ હાથ ઉંચું વધે છે. એના કુમળા પાલાનું કેટલાક લોકો શાક કરે છે. એનાં પાંદડાં લાંબાં હોઇ દરેક પાંદડાં નીચે એક એક કાંટો હોય છે. આ ઝાડને મરાઠીમાં કોલિસ્તા, કોલસા એમ પણ કહે છે. એને જે બી આવે છે તેને 'તાલિમખાનું' કહે છે. એ બી પાણીનો સ્પર્શ થવાથી રસદાર બને છે. એની માત્રા ૬ માસ છે. ઉપયોગ:—(૧) અતિસાર ઉપર:—તાલિમખાના દહીંમાં વાટી આપવાં. (૨) ક્ષતકાસ ઉપર:—તાલિમખાનાનું ચૂર્ણ મધ અને તાજા ઘીમાં આપવું. (૩) ધાતુપુષ્ટતાને માટે:—તાલિમખાનાનું ચૂર્ણ સાકર સાથે ખાવું અને ઉપર ધારોષ્ણ દૂધ પીવું; અથવા તાલિમખાના, મુસળી અને ગોખરૂ એનું ચૂર્ણ ગાયના દૂધમાં સાકર નાખી પાવું. (૪) પ્રમેહ ઉપર:—તાલિમખાના દૂધમાં બાફી આપવા. (૫) યોનિસંકોચ થવા માટે:—તાલિમખાનાના કાઢામાં તેનું ચૂર્ણ નાખી અંદર લેપ કરવો. (૬) પુષ્ટિદાયક પાક:—તાલિમખાના, ગોખરૂ, કૌચબીજ, બળબીજ, કાળીમુસળી, શતાવરી, સાલમમિશ્રી, પંજાબી મિશ્રી, ધોળી ગુલબાશીનો કાંદો અથવા ચોપચીનીની ભૂકી કરી ઘીમાં સાધારણ તળી સાકરનો પાક તૈયાર કરી તેમાં નાખવી; અને સારી રીતે ઘુંટી, એકત્ર કરી તેમાં બદામ, ચારોળી, પીસ્તાં, કીસમીસ (બેદાના) દ્રાક્ષ, અખોડ, એલચી, કેસર, લવંગ, જાયફળ, જાવંત્રી, તજ અને ગળોનું સત્ત્વ નાખી થેપલાં કરી રાખવાં. એ દરરોજ બે તોલા ખાઈ ઉપર ગાયનું તાજું દૂધ પીવું.

૬૮ એરંડો (દીવેલી)—બં૦ સં૦ મ૦ એરંડ. હિં૦ અરંડ, અંડ. ક૦ ઔડલ, હરળગીડ. તૈ૦ અમુડાલ. તા૦ લામામકુ. તુ૦ અલંબુડ. મલ્યા૦ ચિત્તામણક્કુ. ફા૦ બેદંજીર. અ૦ ખિરવા. તુ૦ કર્ચક. ઇં૦ કેસ્ટર ઑઇલ પ્લેંટ. લા૦ રિસિન્સ કૉમ્યુનિસ.

આ આર્ય ભૂમિમાં પરમેશ્વરે આપણા સુખ માટે અનેક ઉપયોગી અને વિપુલ વનસ્પતિ ઉત્પન્ન કરેલી છે; પરંતુ તે ઉપરની આપણી સત્તા તથા તેનો પૂર્ણપણે ઉપયોગ કરી લેવાનું સામર્થ્ય આપણામાંથી નષ્ટ થયું, એ આપણા ઉપર કાળચક્રનો ફેરોજ આવ્યો કહેવાય! આપણે આ કાળચક્રના ફેરામાં આવવાથી આપણા આગળ વધી આવેલું એનરોમાંનું અન્ન આપણા પેટમાં ન જતાં પરદેશમાંજ તણાઇ જાય છે! ઉત્તમોત્તમ પર્જન્યવૃષ્ટિ થઇ ભરપૂર પાક દર વર્ષે આવે, તથાપિ આપણા ખેડુતોના ઘરમાં મહિના બે મહિનાનો ખોરાક પણ સિલક રહેતો નથી! જ્યારે સર્વત્ર આવી સ્થિતિ થઇ છે ત્યારે આપણી શકિત ક્યાંથી વધારવી? તથા આપણો ભાગ્યોદય ક્યાંથી થાય? અને આપણે પ્રયત્ન

કરીએ તો સફળ થવા જેવી પુષ્કળ રીતો છતાં તે આપણે કરીએ છીએ ક્યારે ? દર સાલ હજારો ખાંડી એરંડી આપણા દેશમાં ઉત્પન્ન થઇને પરદેશમાં રવાના થાય છે; અને ત્યાં તેનું યંત્રમાં તેલ કાઢી ઉત્તમ નીલવર્ણું બાટલીમાં ઉપર સચિત્ર વિલાયતી નામ છાપી, પાછું તે આપણા લોકોના ઘરમાં વાપરવા માટે મોકલાય છે. ત્યારે તેમને ધન્ય કહેવું કે આપણા સ્વદેશાભિમાનશૂન્ય લોકોના મૂર્ખપણાને ધન્ય કહેવું ! વળી બાળવાનાં સર્વ તેલમાં સ્થિર બળનાર, હમેશાં દીવા પાસે બેસીએ તોપણ આંખોને ઈજા ન કરનાર અને સસ્તું પડનાર એવું એ "અલ્પ કિંમતનું અને ઘણું ગુણી" તેલ છતાં એ તેલ પર આપણી ભક્તિ ન બેસતાં પરદેશનું ઘાતક, રોગોત્પાદક, પરિણામે ભયંકર તથા પ્રસંગે પ્રાણનાશક એવું જે **ઘાસલેટ** (રાક ઑઇલ) તેલ તેજ આપણને હિતકર જણાવા લાગ્યું છે. આ ઉપરથી આપણો સારાસારવિચાર તથા દૂરદૃષ્ટિ વ્યક્ત થાય છેજ ! આ એરંડ વૃક્ષનું વર્ણન "એરંડાનો કચરો" એ પ્રમાણે ન સમજતાં, એરંડ તેલ પ્રમાણેજ પરિણામે હિતકર સમજવું. એરંડામાં **ધોળી અને રાતી** બે જાતિ હોય છે; તથા એક **મળ એરંડ** અને બીજો જરાયતમાં થનાર **વર્ષાયુ એરંડ** એવી પણ બે જાતિ છે. મળ એરંડ પાંચદશ વર્ષ સુધી ટકે છે. જરાયતી એરંડનાં બી (એરંડીઆં) બારીક હોય છે; પરંતુ મળ એરંડનાં એરંડીઆં કરતાં તેનું તેલ વધારે નીકળે છે. એરંડતેલ રેચક હોઇ બીજા રેચ પ્રમાણે તીવ્ર ન છતાં નાનાં બાળકને આપવાને પણ હરકત નથી. ઘણા રોગો પર આરંભમાં આ રેચ અપાય છે. **ધોળો એરંડો:**—તીખો, તીક્ષ્ણ, ગરમ, ગુરુ, મધુર, કડુ, વૃષ્ય, જડ, સ્વાદુ અને સારક છે; તથા વાયુ, ઉદાવર્ત, કફ, તાવ, ઉધરસ, ઉદરરોગ, સોજો, શૂળ અને કંમર, બસ્તિ, મસ્તક એમાંનું શૂળ, દમ, આનાહવાયુ, કોઢ, બદ, ગુલ્મ, બરોળ, આમપિત્ત, પ્રમેહ, ઉષ્ણતા, વાતરક્ત, મેદ અને અંડવૃદ્ધિનો નાશ કરે છે. **એના ભેદ:—મોટો ધોળો એરંડો:**—રસકાળે અને પાકકાળે તેમાં ગુણો વધારે છે. **રાતો એરંડો:**—તૂરો, રસકાળે તીખો, લઘુ અને કડવો છે; તથા વાયુ, કફ, દમ, ઉધરસ, કૃમિ, અર્શ વર્ધ્મરોગ (બદ), રક્તદોષ, પાંડુ, ભ્રાંતિ, અરુચિ એમનો નાશ કરે છે. બીજા ગુણ ધોળા એરંડા જેવા છે. **બન્નેનાં પાંદડાં:**—વાતપિત્તને વધારનાર અને મૂત્રકૃચ્છ્ર, વાયુ, કફ તથા કૃમિનો નાશ કરે છે. **એનાં કુમળાં અંકુર:**—ગુલ્મ, બસ્તિશૂળ, કફ, કૃમિ, વાયુ અને સાત પ્રકારના વૃદ્ધિરોગનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—વાયુ, કફપિત્ત અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. વળી રક્તદોષ તથા પિત્તને વધારે છે. **એનાં બીઆંના ગોળા (મગજ):**—અગ્નિદીપક, અતિ ઉષ્ણ, તીખા, મીઠા, ખારા, સ્નિગ્ધ, સારક, મલભેદક અને લઘુ છે; તથા ગુલ્મ, શૂળ, કફ, યકૃત, વાતોદર, પ્લીહા અને વાતાર્શનો નાશ કરે છે. **એરંડ તેલ (એરંડિયું):**—મધુર, સારક, ઉષ્ણ, ગુરુ, રુચિકર, સ્નિગ્ધ અને કડવું છે; તથા વર્ધ્મ (બદ), ઉદરરોગ, ગુલ્મ, વાયુ, કફ, સોજો, વિષમજ્વર અને કંમર, પીઠ, પેટ, ગુદા એમાંના શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શૂળ ઉપર:**—એરંડમૂળનો કાઢો હિંગ અને સંચળ નાખી આપવો. **(૨) કુક્ષિશૂળ ઉપર:**—એરંડમૂળના કાઢામાં જવખાર નાખી આપવો, એટલે કુક્ષિશૂળ, કફશૂળ, ઉરુ અને પીઠમાંનું શૂળ મટે છે. **(૩) કમળા ઉપર:**—એરંડાનો રસ અને લીંડીપીપરનું ચૂર્ણ સુંઘવા આપવાં. **(૪) આંખો આવે છે તે ઉપર:**—એરંડ તેલનો જુલાબ આપવો. **(૫) ગુમડાં થાય છે તે ઉપર:**—એરંડમૂળ વાટી તેલમાં અથવા ઘીમાં કાલવી ગરમ કરી લેપ કરવો. **(૬) વિસર્પ અને દરાજ ઉપર:**—એરંડ તેલ ઘીમાં આપવું. **(૭) નાનાં બાળકોનું ગળું પડે છે તે ઉપર:**—એરંડાનું પાંદડું ઘી ચોપડી તાળવા ઉપર મેલવું. **(૮) રેચ થવા માટે:**—સારું એરંડતેલ ૨ તોલાસુધી ગરમ પાણીમાં અગર સુંઠના અથવા ત્રિફળાંના કાઢામાં આપવું. **(૯) શરીરમાંની ગરમી ઉપર:**—આ તેલ તાળવા ઉપર ચોળવું એટલે મસ્તકની ગરમી નીકળી જઇ આંખોમાં તેજ આવે છે. હાથપગમાં બળતરા અથવા ચાઠાં પડેલાં હોય તો તે ઉપર પણ એરંડતેલ ઠંડા પાણીમાં નાખી ચોળવું. **(૯-૨) મસ્તકની ગરમી જવા માટે:**—એરંડાનાં પાંદડાંને માખણ અગર ચોખ્ખું ઘી ચોપડીને તે તાળવાપર બાંધવાં. **(૧૦) ધંતુરાના વિષ ઉપર:**—લાલ એરંડાનાં મૂળ પાણીમાં વાટી આપવાં એટલે ધંતુરાનું વિષ ઉતરશે અને ભ્રમ નાશ થશે. **(૧૧) સંધિવાત ઉપર:**—એરંડતેલ ચોળવું. **(૧૨) ફૂલ—છારી જવા**

માટે:—લાલ એરંડાનું દૂધ આંખમાં આંજવું. (૧૩) વૃષણ રોગ ઉપર:—એરંડતેલ દૂધમાં અગર ગોમૂત્રમાં આપવું અને લેપ પણ કરવો. (૧૪) રક્તપિત્તી (વાતરક્ત) ઉપર:—એરંડો, અરડુસી અને ગળો, એનો કાઢો કરી તેમાં એરંડતેલ નાખી આપવો. (૧૫) પેટમાંના વાયુ ઉપર:—એરંડતેલ સુંઠના કાઢામાં આપવું. (૧૬) આમવાત ઉપર તથા ગૃધ્રસી વાયુ એટલે પીઠ, કમર, ખભા, પેટ, પગ એ ઠેકાણે શૂળ અને પીડા થાય છે તે ઉપર:—એરંડાનો મગજ દૂધમાં મેળવી માવો કરી ખાવા માટે આપવો અથવા એરંડતેલ એકલુંજ ગોમૂત્રમાં આપવું.(૧૭) બાળકોની સસણી ઉપર:—નાગરવેલના પાકેલા પાનને એરંડતેલ ચોપડી, શેકી, તે સહેવાતું પેટ ઉપર રાખવું અને તેવા પાનથી પેટ શેકવું. (૧૮) બાળકોને કૃમિ અને જંતુ ઉપર:—એરંડતેલ ગરમ પાણીમાં આપવું અથવા એરંડાનો રસ મધમાં આપવો. (૧૯) વીંછીના વિષ ઉપર:—એરંડાનાં પાંદડાંનો રસ કાઢી તે, જે અંગના ભાગમાં દંશ થયો હોય તેની વિરુદ્ધ અંગના કાનમાં નાખવો અને કેટલીક વખત તેમજ રહેવા દેવું. એ પ્રમાણે બે–ત્રણ વખત કરવું એટલે વિષ ઉતરી જશે. (૨૦) ભસ્મક રોગ ઉપર:—દૂધમાં અથવા ઘીમાં એરંડતેલ આપવું. (૨૧) દમ ઉપર:—રાા તોલા એરંડતેલ પાંચ તોલા મધમાં મિશ્ર કરી રાખવું. તેમાંથી સવારસાંજ એકેક ચમચો લેતા જવું. (૨૨)સર્પદંશ ઉપર:—એરંડાનાં પાંદડાંનો ૪ ચમચા રસ ૧ ચમચો પાણી નાખી આપવો અને દંશ ઉપર પાલો વાટી બાંધવો; એથી ઉલટી થઇ વિષ ઉતરશે.(૨૩) ઉંઘ ન આવતી હોય તો:—એરંડાના મોર બારીક વાટી થોડુંક દૂધ નાખી કપાળે અને કાન પાસે ચોળવા; ઘણા ઘસવા નહિ. (૨૪) ગંડમાળ ઉપર:—એરંડમૂળ અને ખાખરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી લેપ કરવો. (૨૫) સુખે પ્રસૂતિ થવા માટે:—એરંડમૂળ ઘીમાં ઘસી પીવાં અને ગુહ્ય અંગ ઉપર પણ લેપ કરવો. (૨૬) કમળા ઉપર:—એરંડાની દાંડી દહીંમાં વાટી ૩ થી ૭ દિવસ આપવી. એથી જરા કેફ આવશે. અથવા એરંડમૂળ મધમાં આપવાં એટલે ફાયદો થશે. (૨૭) પીનસ રોગ ઉપર:—એરંડતેલ કઢવી રાખવું અને જે નાકમાં પીનસ થયું હોય તે નાકે દિવસમાં ઘણી વાર સુંઘવું. (૨૮) યોનિશૂળ ઉપર:—એરંડમૂળ અને સુંઠ ઘસી યોનિ ઉપર લેપ કરવો. (૨૯) નળ ટૂલ્યા હોય તો:—એરંડતેલ ૨ ચમચા, સિંધવ ૧ તોલો, સંચળ ૧ તોલો અને ગાયનું દૂધ ત્રણ તોલા, એ એકત્ર કરી આપવાં. (૩૦) ઉરુસ્તંભ અને ગૃધ્રસી વાયુ ઉપર:—એરંડતેલ ગોમૂત્રમાં નાખી આપવું. (૩૧) બાળકોને રેચ માટે:—એરંડા અને ઉંદરની લીંડીઓનું ચૂર્ણ લિંબુના રસમાં ખરલ કરી, બાળકની ગુદા ઉપર અને ડુંટી ઉપર તેનો લેપ કરવો. (૩૨) કાચની ભૂકી પેટમાં ગઈ હોય તો:—ત્રણ તોલા એરંડતેલ પીવા આપવું. (૩૩) પિત્તરોગ ઉપર:—ગાયના દૂધમાં એરંડતેલ આપવું. (૩૪) મસ્તકશૂળ ઉપર:—એરંડમૂળ ભાંગરાના રસમાં ઘસી નાકમાં ચોપડી તપખીર પ્રમાણે સુંઘવું એટલે છીંકો આવશે. (૩૫) કમળા ઉપર:—એરંડાના ઝાડની છાલ બે તોલા કાઢી, ગાયનું તાજું દૂધ ૪ તોલા છાંટી તેનો રસ કાઢવો અને નિત્ય એક વખત પ્રમાણે પાંચ દિવસ લેવાથી કોઇ પણ ભારે રોગ હોય તો તે પણ દૂર થાય છે; અથવા કુમળી કુંપોનો રસ ૬ માસા દૂધમાં આપવો. પથ્ય–ત્રણ દિવસ મોળું ખાવું. (૩૬) હોઠમાં ચીરા પડે છે તે ઉપર:—રાત્રે હોઠને તેલ ચોપડવું. (૩૭) આમવાત ઉપર:—એરંડાનું મગજ અને સુંઠ સમભાગ લઇ એકત્ર કૂટી તેમાં તેટલીજ ખાંડ નાખી ગોળીઓ કરી રાખવી. એ ગોળી નિત્ય પ્રાતઃકાળે એક એક એ પ્રમાણે દરરોજ લેતા જવી, અથવા એરંડતેલ સુંઠના કાઢામાં આપવું.(૩૮) કટિશૂળ અને હૃદ્રોગ ઉપર:—એરંડમૂળનો કાઢો જવખાર નાખી આપવો, એટલે હૃદય અને કમરના શૂળનો નાશ થાય છે. (૩૯) કાનમાં બગાઈ વગેરે ગયું હોય તો:—જૂનું જાડું થયેલ એરંડતેલ ૧–૨ દિવસ કાનમાં નાખવું એટલે જીવડું મરે છે. પછી તે યુક્તિએ બહાર કાઢવું. (૪૦) ગુલ્મરોગ ઉપર:—તાજા દૂધમાં એરંડતેલ મિશ્ર કરી સેવન કરવું. (૪૧) તાવમાં અતિશય બળતરા થતી હોય તો:—એરંડાનાં પાંદડાં છાણથી લીંપેલી જમીન ઉપર પાથરી રાખવાં અને તે રોગીના અંગ ઉપર રાખવાં. તે વડે તાવ શાંત થાય છે. દાહ શાંત થવા પછી ઠંડી લાગે છે તેનું યુક્તિથી નિવારણ કરવું. (૪૨) પ્લીહોદર ઉપર:—મૂળ અને

પાંદડાં સુદ્ધાં એરંડાનું ઝાડ માટીના વાસણમાં ભરી, મોઢું બંધ કરી અજમાનો પુટ આપવો. પછી તે કૂટી તેની ભસ્મ ૧ તોલો લઈ ચાર તોલા ગોમૂત્રમાં પાવી. **(૪૩) ગર્ભિણીને વાયુનો ઉપદ્રવ ન થાય અને પ્રસૂતિ વખતે કષ્ટ ન થવા માટે:**—એરંડમૂળ, સુંઠ અને સુવાનો કાઢો આપવો.

૬૯ **એરોદસ**—એને 'મીઠો અજમો' પણ કહે છે. આ અજમો ખાવાથી મીઠો લાગે છે. એનો આકાર અજમા જેવો હોય છે. આ અજમો પર્શીઆ દેશથી આવે છે. એનો ઉપયોગ આજકાલ ઘણોજ થવા લાગ્યો છે. ઉપયોગ:—**(૧) કૃમિ ઉપર:**—એરોદસનું ચૂર્ણ મધમાં આપવું. **(૨) બાળકોના તાવ અને ઉધરસ ઉપર:**—એરોદસ ટાંક ૧, વરિયાળી ટાંક ૧, એની ભૂકી કરી કુંવારના ગરભમાં નાખી ગરમ કરી, તેનો રસ કાઢી તે મધમાં ચાટવું.

૭૦ **એલચી**—સં૦ એલા. મ૦ વેલદોડે. હિં૦ ઇલાયચી. બં૦ એલાયચ. ક૦ યાલાકકી. તે૦ તુ૦ એલાકી. તા૦ એલ, ઈલાચી. મલા૦ એલં, એલાતરી. ફા૦ હેલ, હાલ. અ૦ કાકીલેસિગાર. ઈં૦ કાર્ડેમમ્. લા૦ ઇલેટેરિયા કાર્ડીમોમં. વ૦ વેલચીદોડે.

એની ઉત્પત્તિ **હિંદુસ્તાનમાં** અને એની આસપાસના ઉષ્ણ પ્રદેશમાં થાય છે. એ ઝાડ ઠંડા દેશમાં થતાં નથી. એલચી **મલબાર, કોચીન, મેંગલોર, મહીસુર** અને ઘણું કરી આખા **કર્નાટક દેશમાં** થાય છે. એ ઝાડ હળદરના ઝાડ જેવાં થાય છે. એલચીનાં ઝાડ **મલબાર** પ્રાંતમાં આપોઆપ ઉત્પન્ન થાય છે. એલચી ભાંયમગની શિંગોની પેઠે જમીનમાં મૂળીઆંને લાગેલી હોય છે. મલબારમાંથી પ્રતિવર્ષે સેંકડો ખાંડી એલચી ઇગ્લાંડમાં અને બીજા દેશોમાં વેચાવા જાય છે. એલચી સ્વાદિષ્ટ હોય છે. તે ઘણું કરી ખાવાના પદાર્થોમાં નંખાય છે. એલચી જૂની થવાથી તેમાં યેડ (જંતુ) ઉત્પન્ન થાય છે. તે ભૂલથી અથવા પ્રમાદથી ખાવામાં આવે તો કોઢ ઉત્પન્ન થાય છે. એલચીમાં મૂત્રલ તથા શીતળ ગુણ હોવાથી પણ રાત્રે ખાવાનો નિષેધ કરેલ છે. 'જંગલી એલચી' કરીને એની એક મોટી જાતિ ડુંગરોમાં આપોઆપ ઉત્પન્ન થાય છે. એના એલચીદાણા કાઢી બહાર વેચવા મોકલે છે. એને **"નર એલચી"** પણ કહે છે. એ લસણ જેવડી મોટી હોય છે. **બારીક એલચીદોડા:**—કડવા, શીતળ, રસકાળે તીખા, લઘુ, સુગંધી, પિત્તકર, મુખ અને મસ્તકનું શોધન કરનાર, ગર્ભપાતકારક, રૂક્ષ; અને વાયુ, દમ, કફ, ઉધરસ, અર્શ, ક્ષય, વિષદોષ, બસ્તિરોગ, કંઠરોગ, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, વ્રણ અને કંડૂ(ખરજ)નો નાશ કરે છે.× **મોટા એલચીદોડા:**—તીખા, રૂક્ષ, રુચિકર, લઘુ, રસકાળે અને પાકકાળે તીખા, મુખશુદ્ધિકર, સુગંધી, પાચક, શીત અને અગ્નિદીપક છે. એ કફ, દમ, પિત્ત, કંડૂ (ખરજ), રક્તરોગ, ઉધરસ, હૃદ્રોગ, વિષદોષ, ઉલટી, તૃષા અને બસ્તિ, મુખ અને મસ્તક, એ ઠેકાણાનાં શૂળ તથા વાંતિનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) મૂત્રરોગ અને શુક્રરોગ** (પેસાબ સાથે ધાત જાય છે તે) **ઉપર:**—એલચી અને શેકેલી હિંગનું ત્રણ ગુંજા ચૂર્ણ દૂધ અને ઘી સાથે આપવું. **(૨) વિંછીના વિષ ઉપર:**—એલચી ચાવી કાનમાં જોરથી ફુંકવું. **(૩) નેપાળાના વિષ ઉપર:**—એલચી દહીંમાં વાટી આપવી. **(૪) આંખોમાં બળતરા થાય છે કિંવા તેજ કમી થાય છે તે ઉપર:**—એલચીદાણા અને સાકર સમભાગ લઈ એકત્ર ખાંડી તેમાંથી ચાર માસા ભૂકી લઈ તેમાં એરંડિયું અથવા એરંડાની મોખ નાખી સવારે દાતણ કર્યા પછી લેતાં જવું; એટલે મસ્તકમાંહેની ગરમી મટી મગજ ઠંડુ થઈ આંખોમાંની ગરમી જાય છે અને આંખોને તેજ આવે છે. **(૫) રક્તપ્રદર, રક્તમૂળવ્યાધિ અને રક્તમેહ ઉપર:**—એલચીના દાણા, કેસર, જાયફળ, વંશલોચન, (વાંસકપૂર) નાગકેસર, શંખજીરૂં, એ ૭ ઔષધોનું સમભાગ ચૂર્ણ કરી રાખવું અને દરરોજ બે માસા ચૂર્ણ, બે માસા મધ, ૭ માસા ગાયનું ઘી અને ત્રણ માસા સાકર એ મિશ્રણમાં સેવન કરવું. એ પ્રમાણે પ્રાતઃકાળે

× નાની એલચીના ક્ષુપ આદુના જેવા થાય છે. ફૂલ ધોળાં અને લાલ, એલચીના સુગંધની બરાબર થાય છે. એલચી રાત્રે કદાપિ ખાવી નહિ; કારણ કે એથી ગચરકાં આવી કોઢ થાય છે. એલચીની માત્રા ૧।। માસા અને શાંતિકર ગુલાબનાં ફૂલ છે.

અને સાયંકાળે એમ બે વાર ૧૪ દિવસ આપવું. એ ઔષધને દરરોજ રાત્રે સૂવાની વેળાએ શક્તિ પ્રમાણે ગાયનું દૂધ અર્ધો શેર ઊનું કરી અંદર થોડી ખાંડ નાખી પીવું. ગોળ, કોપરાં વગેરે ગરમ પદાર્થ વર્જવા. **(૬) કફરોગ ઉપરઃ**—એલચીના દાણા, સિંધવ, ઘી, મધ, એ એકત્ર કરી પાવાં. **(૭) ધાતુપુષ્ટિને માટેઃ**—એલચીદાણા, જાવંત્રી, બદામનો મગજ, ગાયનું માખણ અને સાકર, એ એકત્ર કરી તે મિશ્રણ સવારે ખાવું. એથી વીર્યવૃદ્ધિ થાય છે. **(૮) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—એલચી-દાણાનું ચૂર્ણ મધમાં મેળવી ચાટવું. **(૯) ઉદાવર્ત રોગ ઉપરઃ**—(ક્ષુધા, નિદ્રા, દમ, ઊલટી, શ્વાસાદિક એઓના થયેલા વેગનો નિરોધ કરવાથી આ રોગ થાય છે.) થોડીક એલચી લઈ તેમાંથી અડધી ઘીના દીવા ઉપર શેકી પછી સર્વનું ચૂર્ણ કરી તે મધ સાથે ખાવું. **(૧૦) મુખરોગ ઉપરઃ**—એલચીનું ચૂર્ણ અને ફુલાવેલી ફટકડીનું ચૂર્ણ એકત્ર કરી તે મિશ્રણ મોઢામાં રાખી લાળ પડવા દેવી, પછી મોઢું સ્વચ્છ ધોવું. એ પ્રમાણે દિવસમાં ૪–૫ વાર કરવું. **(૧૧) સર્વશૂળ ઉપરઃ**—એલચી, હિંગ, જવખાર, સિંધવ એનો કાઢો એરંડતેલ નાખી આપવો; એટલે કંમર, હૃદય, ઉદર, નાભિ, પીઠ, કુક્ષી, મસ્તક, કર્ણ અને નેત્ર, એ ઠેકાણાનું શૂળ ઘણીજ ત્વરાથી મટે છે. **(૧૨) જીર્ણ જ્વર અને સર્વજ્વર ઉપરઃ**—એલચી, બીલાં, સાટોડી, દૂધ અને પાણી એકત્ર કરી દૂધ શેષ રહે ત્યાંસુધી ઉકાળી પીવું, એટલે તેથી સર્વ પ્રકારના તાવ જાય છે. **(૧૩) કફ—મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—ગોમૂત્ર, મધ, કેળનો રસ એમાંથી કોઇ પણ એકસાથે એલચીનું ચૂર્ણ પાવું. **(૧૪) ઊલટી ઉપરઃ**—એલચીનાં ફોતરાં બાળી તે રાખ મધમાં ચટાડવી.

૭૧ ઓટ—સં૦ લકુચ. મ૦ ઓટ, ક્ષુદ્ર ફણસ, આંજણ. હિં૦ બડહર, બઢારફલ. ક૦ આંજણ. બં૦ માંદાર ગાછ, ઉહુઆ, ડેલો. લા૦ આર્ટો કારપસ લકુચા.

આ ઝાડ કર્નાટક અને ગોમાંતક પ્રાંતોમાં ઘણું કરીને થાય છે. બીજા ઠેકાણે ક્યાંય જડતાં નથી. ઓટનાં ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં કડાનાં પાંદડાં કરતાં કંઇક મોટાં હોય છે. એને કાર્તિક માસમાં ફળો આવવા લાગે છે. તેને 'ઓટઆંબો' કહે છે. એ ફળો પાકાં થાય એટલે તેના નાના કટકા કરી સૂકવે છે. તેને 'ઓટાની છાલ' એવું કહે છે. તેનો આમલી અથવા કોકમને બદલે ઉપયોગ થાય છે. ઓટાની છાલ પથ્યને ઉપયોગી પડે છે; કારણ તે પિત્તશામક છે. એ કોકમ કરતાં પણ પથ્યકારક છે. કોકમ રક્તશોષક છે, પરંતુ આ તો રક્તવૃદ્ધિ કરનાર છે. ઓટનાં લાકડાં ઇમારતી કામના ઉપયોગમાં આવતાં નથી. પાકેલાં ઓટનું રાયતું અને અથાણું ઘણું મધુર થાય છે. પક્વ ઓટનું પાણી કાઢી તેમાં ખાંડ, જીરૂં અને મરીની ભૂકી નાખી પીએ તો તે શીત, પિત્તશામક, પથ્યકર, રુચિદાયક, દીપક અને પાચક છે. પ્રસૂતા સ્ત્રીઓને ઓટનો સાર પથ્યકર છે.

૭૨ ઓથમી જીરૂં—સં૦ સ્નિગ્ધજીરક. હિં૦ મ૦ ઇસબગોલ. ક૦ તૈં૦ ઈસબગુલ. તા૦ ઇસપ્પુકોલવીર. ફા૦ ઇસ્પગુલ. અ૦ બાઝરેકાતુન. ઇં૦ ઇસ્ફાગુલસીડ. લા૦ પ્લેન્ટેગો ઇસ્ફાગુલ.

ઓથમી જીરાની ઉત્પત્તિ મિસર દેશમાં અથવા પ્રશિયામાં થાય છે. ત્યાંથી અહીં આવે છે. એ બી આકારે ચાંચડ જેવાં છે. એના ઝાડની ઉંચાઇ એક હાથ હોય છે અને પાંદડાં ઝીણાં તથા લાંબાં લાંબાં હોય છે. એ ઝાડ ઉપર ઘઉંના જેવી ઉંબીઓ આવે છે. તેમાં એ બી હોય છે. એમાં ત્રણ જાત છે. ધોળાં, રાતાં અને કાળાં. એમાંથી કાળાંની ઔષધોમાં યોજના કરી નથી. ધોળાં સર્વમાં ઉત્તમ છે. ઓથમી જીરાની ઝીણી ભૂકી માણસના ખાધામાં આવવાથી ઝાડો બંધ થઈ મરી જાય છે; માટે એવી ભૂકી ન આપવા માટે સંભાળ રાખવી. ઓથમી જીરાનાં બી પાણીમાં નાખી ખૂબ ચોળવાથી તળે જઇ બેસે છે. **ઉપયોગઃ—(૧) સોમલના વિષ ઉપરઃ**—ઓથમી જીરાનો લુઆબ કાઢી (પાણીમાં પલાળી રાખી ચોળી ગાળી લઇ) તેમાં બેદાણા, દહીં અને ગુલાબનું પાણી મિશ્ર કરી આપવું; એટલે વિષ ઉતરશે. **(૨) ગરમીથી તરસ લાગે છે તે જવા માટેઃ**—ઓથમી જીરૂં રાત્રે પાણીમાં નાખી તે પાણી ગાળી પીવું. એ પાણી પૌષ્ટિક પણ છે. **(૩) જ્વરાતિસાર, રક્તાતિસાર, જીર્ણાતિસાર, રક્તાર્શ, રક્તસ્રાવ, જ્વર, પ્રમેહ અને દાહ ઉપરઃ**—બેથી ચાર તોલાસુધી ઓથમી જીરૂં રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ચોળી તેમાં બે તોલા ખડી સાકર નાખી આપવું, એટલે ઉપરના સર્વ રોગ દૂર થશે. **(૪) ઝાડો બંધ હોય તે ઉપરઃ**—

ચાર માસા ઓથમીજીરૂં સાત માસા પાણીમાં ભીંજવી રાખી તે પાણી ગાળી લઈ તેમાં બદામનું તેલ અને સાકર નાખી આપવું. એટલે કેટલીક વાર રેચ થઈ કે઼ઠો શુદ્ધ થાય છે. (૫) બાળકોની રક્તસંગ્રહણી ઉપર:—ઓથમીજીરૂં અને ખડીસાકર ચાવી ખાવા માટે આપવી. (૬) ધાતુપુષ્ટિ માટે:—ઓથમી જીરૂં ૨ ભાગ, એલચીદાણા ૧ ભાગ અને ખડીસાકર ૩ ભાગ, રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે તે મસળી ગાળીને પાવું; અથવા એની ફાકી કરી ઉપર બે ઘુંટડા ગાયનું દૂધ પાવું. (૭) આમાંશ (મરડો) ઉપર:—ઓથમી જીરૂં ૧ તોલો અને સાકર ૧ તોલો ચાવીને ખાવું. આ પ્રમાણે દિવસમાં બે ચાર વાર આપવું. (૮) જ્વરાતિસાર ઉપર:—ઓથમીજીરાનો કાઢો આપવો. ×

૭૩ કચરો—સં૦ કર્ચૂરક, ગુડકંદ. મ૦ કો૦ કચરા, પુરડીચે મૂળ, કસેર, કેચુક, ચિચોડ. બં૦ કેસુર. ક૦ સેકિનગડે. લા૦ સ્કિરપસકેસુર.

તળાવની આસપાસ બે બે વેંત ઉંડા કાદવમાં એક જાતના છોડ ઉગેલા હોય છે; એને 'લવ્હા' કહે છે. એ છોડનાં મૂળોને કચરો* વળગે છે. ઘાસ સૂકાવા લાગે એટલે કાદવમાં ચાર ચાર પહોર ઉભા રહી તે કાઢી લે છે. કચરાં શેકીને અથવા છોલીને ખવાય છે. તે છોલી ચીરો કરી, દૂધમાં શેરડીના રસ સાથે બફાય છે તે 'દૂધ કચરો' જાણવો. બીજી રીતિએ કચરાં વાટી તેનું દૂધ કાઢી તેમાં દૂધ-સાકર નાખી તેનું ખાવાનું થાય છે. કચરાને કોકણમાં પુરડી કહે છે. કચરો:—મધુર, શીત, તૂરો, ગુરુ ગ્રાહક, શુક્રવર્ધક, વાતકર, મલસ્તંભક, રુચિકર, વૃષ્ય, કફકારક તથા કૃમિકર છે; અને રક્તપિત્ત, દાહ, શ્રમ, તૃષા, રક્તદોષ, નેત્રરોગ તથા પ્રમેહનો નાશ કરે છે. એનાં ફૂલ કમળો અને પિત્તનો નાશ કરે છે.

૭૪ કચૂરો:—સં૦ કર્ચૂર. મ૦ ક૦ કચોરા, નરકચોરા, કાચરી. ક૦ કચોરા. હિં૦ કચૂર, કાલીહળદી. બં૦ એકાંગી, કાંચા હલુદ. તૈ૦ કચોરમ્. તા૦ કત્તુરિમંજલ. મલા૦ અડવિકચ્ચૌલા. ફા૦ જરંબાદ. અ૦ એરકુલકાફુર. ઇં૦ લૅાંગ ઝેડોઆરી. લા૦ કરકયુમ ઝેરંબેટ.

કચૂરાનાં ઝાડ હળદરના ઝાડ જેવાં થાય છે.+ પાંદડાં અને ઝાડ હળદરના ઝાડ પ્રમાણે હોય છે. પાંદડાં કિંચિત્ કાળાશ ઉપર હોય છે. એ પાંદડાંની લંબાઇ શુમારે બે હાથ હોય છે. હળદર પ્રમાણે-જ એના કંદ પણ જમીનમાં થાય છે. એ કંદનો કચરો કાઢી નાખી તેને મીઠામાં આથે છે. (અથાણું કરે છે.) કોકણ પ્રાંતમાં આ ઝાડ પુષ્કળ થાય છે. કચૂરો સુગંધી પદાર્થોમાં નાખે છે. એનો સુવાસ સારો હોવાથી સુગંધી મસાલામાં વાટી તેને શરીરે ચોપડે છે. એને 'ષટ્કચૂરો' પણ કહે છે. "કપૂરકાચલી" એ એક કચૂરાની જાતિ છે. એને પણ કચૂરો કહે છે. કપૂરકાચલીમાં સુગંધ ઘણી હોય છે. કચૂરા કરતાં એ વધારે સુગંધીદાર છે. સુગંધી પદાર્થોમાં એનો ઘણો ઉપયોગ થાય છે. કપૂરકાચલીનું વર્ણન હવે પછી જુદું આપેલું છે તે જોઈ લેવું. કચૂરો:—કડવો, તીખો, ઉષ્ણ, તીક્ષ્ણ, અગ્નિદીપક, સુગંધી, રુચિકર, લઘુ, મુખ સ્વચ્છ કરનાર અને રક્તપિત્તને કોપાવનાર છે; તથા ગલગંડ, ગંડમાળા, કુષ્ઠ (કોઢ), અર્શ, વ્રણ, ઉધરસ, દમ, ગુલ્મ, કફ, ત્રિદોષ, કૃમિ, વાયુ, જ્વર અને પ્લીહાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ત્રિદોષ, સુવારોગ (સુવાવડનો રોગ), વિષમ અને જીર્ણજ્વર ઉપર કાઢો:—ષટ્કચૂરો, પિત્તપાપડો, દેવદાર, સુંઠ, કરિયાતું, ધમાસો, કડુ, નાગરમોથ, ઉભી ભોરિંગણીના મૂળ, એઓનો કાઢો મધ અને લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો. (૨) જીભ ઉપર બુખાર (છારી) આવે છે તેને માટે:—નિત્ય સવારે ઉંઘી ઉઠતાંજ કચૂરાના

× ધાતુપુષ્ટિ માટે ઇસબગોલની ભુસી (ઓથમી જીરાનાં ફોતરાં) વધારે ઉપયોગી છે. ૪ માસા ભુસી સાકર સાથે મેળવી ખાઇ ઉપર દૂધ પીવાથી થોડા દિવસોમાં સ્વપ્નદોષ, ધાતુનું પાતળાપણું, બહુમૂત્ર વગેરે દોષ દૂર થાય છે.

* લક્ષણપ્રયોગોપરથી કચરો એ લોદાં હોવાનો ભાસ થાય છે.

+ કચૂરાનો ક્ષુપ થાય છે. એની નીચે આંબાહળદરના જેવા ગાંઠીઆ થાય છે. એનો પ્રતિનિધિ આદુ અને અંજીર અથવા શતાવરી છે. એનાથી માથાને અને ફેફસાને પીડા થાય છે. એના વિકાર-ની શાંતિ ધાણા અગર શ્વેત ચંદનથી છે. એને ષટ્ કચૂરો પણ કહે છે.

તાજા કંદ ચાવી થુંકી નાખવા. પછી મોઢું ધોવું, એટલે ઉધમાં લાળ ગળી જવાથી થયેલા વિકાર વગેરેનું શમન થશે. (૩) કૃમિ ઉપર:—કચૂરાના કાંદાનો રસ કાઢી પાવો. (૪) થાક ઉતરવા માટે:—કચૂરાનો પાલો અને અરણીનો પાલો પાણીમાં નાખી, તે ગરમ કરી, તે પાણીથી સ્નાન કરવું. (૫) કૉલેરા (વિશૂચિકા) ઉપર:—કચૂરાના કંદનો રસ કાંદા(ડુંગળી)ના રસમાં નાખી આપવો. (૬) કૃમિ ઉપર:—કચૂરાના કંદની માળા કરી તે ગળામાં બાંધવી.

૭૫ કઠ (ઉપલેટ)—સં૦ કુષ્ઠ. હિં૦ કુઠ. મ૦ કોષ્ઠ. બં૦ કુડ. ક૦ કોષ્ટ. તે૦ ચંગલકુષ્ટ. ફા૦ કોશ્રેહ. અ૦ કુસ્તબેહેરી. ઇં૦ કોષ્ટસ્ રૂટ. લા૦ સૌસુરિયા લેપ્પા, ઓકલેંડિયા કોસ્ટસ્.

કાશ્મીર દેશમાં તેની ઉત્પત્તિ થાય છે. પુષ્કરમૂળ નામની જે ઔષધિ છે તે આનોજ પ્રકાર છે.* કઠ:—ઉષ્ણ, તીખી, કડવી, મીઠી, વૃષ્ય, શુક્લ, રસાયન, કાંતિકારક, લઘુ, વાતકફનાશક; અને કોઢ, વિષ, વિસર્પ, કંડૂ, દરાજ, ત્રિદોષ, ખસ, રક્તદોષ, ઉધરસ, ઉલટી, તૃષા એનો નાશ કરે છે. એનો લેપ કરવાથી વાતવ્યાધિનો નાશ થાય છે. ઉપયોગ:—(૧) મસ્તકસંબંધી પીડા ઉપર:—કઠ અને એરંડમૂળ કાંજીમાં વાટી લેપ કરવો. (૨) ગુલ્મરોગ ઉપર:—ઉપલેટ, સાજીખાર, કેતકીનો ખાર એ તેલમાં મિશ્ર કરી આપવું. (૩) ખોડા ઉપર:—કઠનું ચૂર્ણ ખાપરિયામાં શેકી તેલમાં કાલવી લેપ કરવો. (૪) વાતવ્યાધિ ઉપર:—કઠ ઘસી શરીરે લેપ કરવો.+

૭૬ ×કડવાં તુરિયાં:—(કડવાં ઘીસોડાં) સં૦ તિક્ત કોશાતકી, મહાજાલી. કો૦ દિવાળી, કડૂ શિરાળી. હિં૦ ઝીમની, જંગલી તોરઈ, કડવી તોરઈ. બં૦ ઝીંગા, પીતઘોષા. ક૦ કાહિરે, રૈવહિરી, નાગાડલિ બાળેલ. તે૦ ચેદુબિરકાયા, ચેટિબિરા. તા૦ પેપિરકમ્. ઉડિ૦ જની. ફા૦ તુરિયે તલ્ખ. ઇં૦ બીટર લ્યુફા. લા૦ લ્યુફા અમેરા.

કડવાં તુરિયાંનો વેલો તુરિયાંના વેલા જેવો હોય છે. એ વેલાનાં પાંદડાં, ફૂલ અને ફળ તુરિયાં કરતાં નાનાં હોય છે. આ ફળો ઘણાંજ કડવાં હોય છે. આ વેલો વર્ષાઋતુમાં આપોઆપ ઉગે છે. એનાં ફળોને 'દિવાળા' પણ કહે છે. કડવાં તુરિયાં:—શીત, કિંચિત્ તીખાં, તૂરાં અને કડવાં છે. એ પક્વાશય, આધ્માનવાયુ અને મલાશયની શુદ્ધિ કરનાર તથા લઘુ અને રૂક્ષ છે; તેમજ વાયુ, કફ, પિત્ત, પાંડુ, વિષદોષ, યકૃત, કુષ્ઠ, અર્શ, સોજો, ઉધરસ, ઉદરરોગ, કમળો અને ગુલ્મનો નાશ કરે છે. એનાં ફળ:—ભેદક, તીખાં, કડવાં, સ્નિગ્ધ, હૃદ્ય તેમજ દીપન છે; અને કાસ, શ્વાસ, અરુચિ, મેહ, જ્વર, કુષ્ઠ, કફ, પિત્ત અને વાયુનાં નાશક છે. બીજ:—મસ્તકશુદ્ધિ કરનાર છે. ઉપયોગ:—(૧) કમળા ઉપર:—કડવાં તુરિયાંની બારીક ભૂકી કરી નાકમાં સુંઘવી, એટલે છીંકો આવે છે અને પીળું લીંટ વહે છે. ઘણી છીંકો આવવા માંડે તો ઘી નાકમાં સુંઘવું. એવું ત્રણ દિવસ કરવું અથવા કડવા તુરિયામાં લીંડીપીપર અને રાઈ ભરી રાખવાં તથા તેની ખાખ કરી તેનું નસ્ય કરવું. (૨) હડકાયલા કૂતરાના વિષ ઉપર:—તુરિયાંની અંદરની તંતુમય જાળ વાટી પાશેર પાણીમાં એક ઘડીસુધી પલાળી રાખી, પછી ચોળી, ગાળી કાઢી શક્તિ પ્રમાણે પાંચ દિવસ સવારમાં આપવી. એથી ઉલટી અને જુલાબ લાગી વિષ નીકળી જાય છે. પથ્ય—ચોમાસુ જતાં સુધી રાખવું. એજ પાણી કોઇ પણ વિષ ઉપર આપવાથી ગુણ થાય છે. (૩) દાંતમાં કીડા થયા હોય તો:—કડવાં તુરિયાંની છાલ દાંત નીચે રાખવી. (૪) આધાશીશી ઉપર:—કડવાં તુરિયાંનું ચૂર્ણ કરી થોડું અને સાવધાનીથી નાકમાં સુંઘવું; એટલે નાકમાંથી પાણીની ધાર પડે છે અને રોગ મટી ગુણ

---

* ઉપલેટની જડ વપરાય છે. એની માત્રા ૬ માસાની છે. એ સિંધુનદીના કાંઠે પણ થાય છે. એને મીઠી કવઠ પણ કહે છે, પ્રતિનિધિ અક્કલકરો છે.

+ કઠનાં વૃક્ષ પર્વતપર થાય છે. પાન આદુના પાન સમાન નાનાં હોય છે. કઠની જડમાં એક પ્રકારની સુગંધી રહેલી છે. કઠ ૨ પ્રકારનું આવે છે. એક કડવું અને બીજું મીઠું. ખાવાની ઔષધિમાં મીઠી કઠનો ઉપયોગ કરવો જોઇએ. કડવું કઠ વાંતિકારક છે.

× નવાઇ જેવું તો એ છે કે, કડવાં તુરિયાં અને કડવાં ગલકાં બન્નેનાં એકજ નામો આપ્યાં છે, પણ એ બન્ને વેલા એકબીજાથી જુદા છે. ફળમાં પણ અંતર છે.

થાય છે. (૫) **મૂળવ્યાધિ (મસા) ઉપર:**—કડવાં તુરિયાંનું ચૂર્ણ મસાને ઘસવું, એટલે તેના મોંમાંથી લાળ પડી ત્વરિત અર્શ મટી જાય છે. (૬) **વિષ ઉપર:**—કડવાં તુરિયાંનો કાઢો ઘી નાખી પાવો; એટલે વમન થઇ સર્વ વિષ ઉતરે છે. (૭) **કંઠસર્પ ઉપર:**—કડવાં તુરિયાં હુક્કામાં નાખી પાવાં, એટલે મોઢામાંથી લાળ પડી તુરતજ ગળું ખુલ્લું થાય છે.

૭૭ **કડવી કવઠ**—મરાઠીમાં એને 'ખષ્ટ, ચૈટ' કહે છે. કડવી કવઠનાં ઝાડ દક્ષિણમાં કોકણ, મલબાર, ગોવા વગેરે પ્રાંતોમાં પુષ્કળ થાય છે. એ ઝાડનાં પાંદડાં સીતાફળી જેવાં પરંતુ તે કરતાં મોટાં હોય છે. એનાં ફળ પણ સીતાફળી જેવાં હોય છે. એ ફળનો રંગ રાતો હોય છે. એમાંનાં બીઆં લાંબાં હોય છે. એ બીઆંને બાફી તેનું તેલ કાઢે છે. આ તેલ કડવું અને ઠંડુ છે. એ તેલ બાળવાના કામમાં આવે છે તથા તે રક્તશુદ્ધિ કરે છે. એ તેલને 'ખસ્ટેલ' 'ચૈટેલ' એમ કહે છે.× ઉપયોગ:—(૧) **ગરમીનો આજાર શરીરમાં જામવાથી શરીર ઉપર ચાઠાં પડે છે તે ઉપર:**—કડવી કવઠીનાં બીઆં અને મગવેલીનાં બીઆં સમભાગે સાધારણ કૂટી ભાંગરાના અંગરસમાં ત્રણ દિવસ ભીંજવી રાખવાં અને ચોથા દિવસે બારીક વાટી ગોળો કરી રાખવો. એ નિત્ય સુખડના તેલમાં અથવા ટોપરાના નવા તેલમાં કાલવી ચોપડવાથી શરીર ઉપર ઉઠી આવેલા ફોલ્લા શમી જાય છે. ઔષધ ચોપડયા પછી એક પ્રહરે સ્નાન કરવું. (૨) **ખોડો, ખસ વગેરે ઉપર:**—કડવી કવઠનાં બીઆંનું તેલ અને મોગલી એરંડાનું તેલ, એ બન્ને એકત્ર કરી તેમાં ગંધક, કપૂર, સિંદૂર અને લિંબુનો રસ નાખી ખરલ કરવો. આ ઔષધ લગાડવાથી જલદી ગુણ થાય છે, અથવા નવું ખસ્ટેલ ચોપડવું કિંવા બીઆં ગોમૂત્રમાં વાટી ચોપડવાં. (૩) **નાના બાળકોના માથામાં ગરમીથી ફોલ્લા થાય છે તે ઉપર:**—કડવી કવઠના તેલમાં કળીચૂનાની પરાશ (ઠરી ગયેલ ચૂના ઉપરનું નીતર્યું પાણી) નાખી સાંઠાથી હલાવતા રહેવું, એટલે કેટલીક વારે તે તેલ મીંઠા જેવું સફેદ થશે. એ દરરોજ બે ચાર વખત ચોપડવું; એટલે ત્રણ દિવસમાં ગુણ થશે. (૪) **મહાકુષ્ઠ ઉપર:**—કડવી કવઠનું તેલ નિત્ય ભોજન કર્યા પછી ૧૦-૨૦ ટીપાં ત્રણ મહિનાસુધી આપવું અને શરીરે પણ ચોળવું, એટલે રોગનો નાશ થશે.

૭૮ **કડવી ગલકી**—સં૦ તિક્ત કોશાતકી. મ૦ કડુદોડકી, ગીલકી. હિં૦ ઝીમનીતોરઇ, કડવીતોરઇ. બં૦ ઝીંગા, તિન્પલતા. ક૦ કાહિરે, રૈત્રહિરી, નાગાડાળીબળી. તૈ૦ ચેટુબિર્કાયા, ચેટીબિરા. તા૦ પેપ્પીરકમ્. ઉ૦ ફા૦ તુરીયેતલ્ખ. ઇ૦ બિટરલ્યુફા. લા૦ લ્યુફા અમેરા. (ગલકાં ને તુરિયાનાં નામો એકઠાં છે.)

ગલકીના વેલા પ્રમાણેજ કડવી ગલકીના પણ વેલા હોય છે. ઉપયોગ:—(૧) **સર્વ પ્રકારના વિષ ઉપર:**—કડવી ગલકીનાં મૂળોનો અથવા પાલાનો કાઢો કરી મધ નાખી પાવો; એટલે વમન થઇ સર્વ વિષ ઉતરે છે. (૨) **બરોળ અને સોજા ઉપર:**—કડવી ગલકીનાં પાંદડાંનો રસ સાકર નાખી આપવો.

૭૯ **કડવી દુધી (તુંબડી)**—સં૦ કટુ તુંબી, દુગ્ધિકા. મ૦ કડુ ભોપળા. હિં૦ કડવી તોંબી, તિતલોકી. બં૦ તિતલાઉ. ક૦ કહીસોરે. તા૦ કુરાઈ. તૈ૦ અલાબુક સુરકાયા. તું૦ કટુવુરે. મ૦ કેપ્પાચુર. ફા૦ કુદૂતલ્ખ. અ૦ કલઉલમુર. ઇં૦ બોટલ ગુર્ડ. લા૦ લેજીનેરિયા વલગેરીસ.

જેવા દુધીના વેલા થાય છે તેવાજ કડવી તુંબડીના પણ મોટા મોટા વેલા થાય છે. દુધી પ્રમાણેજ એ વેલા ઉપર ફળો આવે છે. આ ફળ ઘણાંજ કડવાં હોય છે. તરવાના કામમાં તુંબડીનો ઘણોજ ઉપયોગ થાય છે. એમાંનાં કેટલાંક મોરલીની તુંબડી સરખાં હોય છે. તેનાં તુંબડાં

× પંડિત દત્તરામાત્મજ નારાયણદત્ત કડવી કવઠનું વર્ણન કરતાં બતાવે છે કે, સં૦ તિક્તકુષ્ઠ, ફા૦ કોસ્તાતલ્ખ. અ૦ કિસ્તુલ્મૂર. સ્વરૂપ—પીળાશ પડતું સફેદ, સ્વાદ—સુગંધયુક્ત કડવો, ઓળખાણ—સેવની જડના સરખી એક જડ છે કે જેનું ઘાસ પૃથ્વીપર ફેલાયેલ હોય છે. માત્રા—ખાવું ઉચિત નથી, પણ લેપમાં ત્રણ માસા લેવાય છે. તે ઉપવિષ છે. આ ઉપરથી જોતાં ઉક્ત કવઠ અને કડવી કવઠ વચ્ચે ભેદ દેખાય છે.

કરે છે. કેટલાકના તંબુરા કરે છે. એવો એનો પુષ્કળ ઉપયોગ થાય છે. કડવી દુધી:—રસ વખતે અને પાક વખતે તીખી, શીતલ, હૃદ્ય, કડવી ને વાન્તિકારક છે; અને દમ, ઉધરસની નાશક તથા શોધનકારક છે; તેમજ વાયુ, સોજો, વ્રણ, વિષ, શૂલ, પિત્તજ્વર એનો નાશ કરે છે. એનાં પાંદડાં—પાકકાળે મધુર, મૂત્રશોધક અને પિત્તશામક છે. એ પ્રમાણે ફૂળના ગુણ પણ છે. ઉપયોગ:—(૧) લાપોટિયા ઉપર:—પાકેલી કડવી તુંબડીમાં ૭ દિવસ પાણી ભરી રાખવું. તે પીવાથી ગડગુમડાંનો નાશ થાય છે. (૨) સર્વ પ્રકારના વિષ ઉપર:—કડવી દુધીનાં મૂળ અથવા બીઆં પાણીમાં વાટીને પાવાં, એટલે ઉલટી થઇ સર્વ વિષ ઉતરે છે. (૩) રતાંધળાપણું અથવા ફૂલ જવા માટે:—કડવી દુધી બાળી તેની રાખ મધમાં મેળવી આંખમાં આંજવી. (૪) ગંડમાળ ઉપર:—કડવી દુધીનો રસ અને શિરસેલ (સરસવનું તેલ) એકત્ર કરી અગ્નિ ઉપર કઢાવવું. રસ બળી જઇ તેલ સિદ્ધ થાય એટલે તે તેલ ચોપડવાના ઉપયોગમાં લેવું. (૫) કમળા ઉપર:—કડવી દુધીનાં પાંદડાંનો કાઢો કરી આપવો. (૬) યોનિસંકોચન માટે:—કડવી દુધીનાં બી અને લોધર એ પાણીમાં વાટી યોનિની અંદર લેપ કરવો. (૭) કમળા ઉપર:—કડવી દુધીનાં બી પાણીમાં ઘસી નસ્ય આપવું.

૮૦ કડુ—સં૦ કટુકી. મ૦ હિં૦ કુટકી. બં૦ કુટકી. ક૦ કેદાર કટુકી. તે૦ કટુક રોહિણી, નહ્લકોલવર, કમાકિન. પ્રાં૦ કુરુવા. તા૦ મલા૦ કટુકરોહિણી. ફા૦ ખર્બકે સિયાહ. અ૦ ખર્બક અસ્વદ, ખર્બકે અવીયદ. ઇં૦ બ્લાક્ હલ્લો બોરલીસ. લા૦ પિકોર્હિઝા કુર્રોઆ.

આ નાનું ઝાડ હિમાલય પર કાસ્મીરથી સિક્કીમ સુધીમાં ૧૧૦૦૦ થી ૧૫૦૦૦ ફીટ ઉંચાઇ પર સર્વત્ર મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ બાજુ લાચુંગમાં એની ઘણીજ ઉત્પત્તિ થાય છે, એમ ગામી સાહેબે તપાસ કરીને લખેલું છે. એ બહુવર્ષાયુ વનસ્પતિ છે. એનાં મૂળ નરમ અને કાષ્ઠમય અંશવાળાં છે. પાન લંબગોળ, પહોળાઇની અપેક્ષાએ વધારે લંબાઇવાળાં, ડીટાં પાસે સાંકડાં હોઇ છેવટ તરફ પહોળાં અને સાધારણ ગોળ હોવા છતાં તેની કિનારી કાતરેલી હોય છે. ઘેરા નીલા રંગનાં ફૂલો ઘણાંજ લાગે છે. આ વનસ્પતિનાં મૂળ ઔષધમાં વાપરવામાં આવે છે. તેના ઉપર છાલ સફેદ અથવા તાંબુલ રંગની, ખાંચેદાર હોય છે. તેના ઉપર ઠેકઠેકાણે ખાંચા દેખાય છે. એ છાલ કાઢી નાખવાથી અંદરનો ભાગ કાળા રંગનો દેખાય છે. એ ઉપરથીજ મરાઠીમાં એને 'કાળી કુટકી' કહે છે. કડુ બહુજ કડવું લાગે છે. એ ઉપરથી સંસ્કૃતમાં એને કટુકા, તિક્તા ઇત્યાદિ નામ આપેલાં છે. એના કેદાર કટુકા નામ પરથી એમ જણાય છે કે, હિમાલયમાં ગંગોત્રીની આસપાસ કેદાર પર્વત પર એ વનસ્પતિ વિશેષ થતી હશે. પહેલાં યુનાની હકીમો કાળા હેલીબોર અને કાળી કડુ એ એકજ માનતા હતા; પરંતુ રૉયલ સાહેબે હિમાલય પર વનસ્પતિની શોધ કરી. તે 'કડુ' એ નામ એક જાતિના જેનશનને કહેતા હતા; તોપણ મસુરીના વ્યાપારી જે વનસ્પતિનાં મૂળ કડુ કહીને લાવીને સૂકવે છે, તે સ્કાફ્યુલેરાયની વર્ગમાંની હોઇને પિકોર્હિઝા કુર્રોઆ નામની વનસ્પતિ છે, એમ માજી ફૉર્બ્સ રૉયલ સાહેબે નિશ્ચય કરેલું છે.

રાસાયનિક ઘટના—કડુની ભૂકી કરીને તે ઇથરમાં પચન કરાવવી. પછી તે ગાળી તેમાંનું ઇથર બાફરૂપે કાઢી નાખવું. એટલે વાસણમાં નીચે તાંબુસ કાળા રંગનું દ્રવ્ય રહી જાય છે. તેમાંથી થોડા વખત પછી સૂચી આકાર સ્ફટિક બને છે; પણ જો તેમાં પાણી નાખે અથવા તે પદાર્થ ગરમ કરે તો સ્ફટિક તૈયાર થતો નથી તેને પૈકોરિઝન નામ આપેલું છે.

કડુમાં જે દ્રવ્ય પૃથક્ કરવામાં આવે છે તે નીચે પ્રમાણે—મીણ ૧.૦૬; કડવું દ્રવ્ય (પીકોર્હીઝીન) ૧૪. ૯૬; તે દ્રવ્યના પૃથક્ રહેવાથી થનાર (પોઇકર્હેઝેટીન) સીસાના રસથી જે પદાર્થોમાંના અમ્લ (ખાટા) ભાગ નીકળે છે તે (ઓર્ગેનીક એસીડ) ૩. ૫૪; ધાન્ય શર્કરા (ગ્લ્યુકોઝ) ૧૧. ૫૩; કથાર્ટિક ઍસિડ અથવા રેચક અમ્લ ૯. ૨૩; દ્રવિત ઍમોનીઆથી જે દ્રવ્ય પીગળે છે તે ૭. ૬૨; ગુંદ વિશેષ દ્રવ્ય ૧૪. ૫૬; તંતુમય દ્રવ્ય ૨૪; ઓલાવના ૫. ૭૩; રાખ ૩. ૮૨.

ડૉક્ટર ડિમક સાહેબે કડુ સંબંધી પુષ્કળ અનુભવ લઈ છેવટે એમ લખેલું છે કે, રેચનકાર્ય

માટે ૧૦ થી ૧૫ ગ્રેન (ગ્રેનનું માપ અડધી રતી છે*) સુધી કડુની ભૂકી મધમાં કાલવી દિવસમાં બે વખત આપવી. ટાઢિયા તાવનો હફતો બંધ કરાવવાને વાળો, ધાણા અને કાળી દ્રાક્ષની સાથે ૪૦-૫૦ ગ્રેન કડુનો કાઢો કરીને આપવો. એનાથી ગુણ થયો નથી એમ જણાવનાર કોઈકજ રોગી અમને મળ્યો છે. કડુ સૂક્ષ્મરેચક છે. અપચામાં પણ એનો ઉત્તમ ઉપયોગ થાય છે. ૬ માસા કડુનું ચૂર્ણ સાકર અને ઉના પાણી સાથે આપ્યાથી હલકો જુલાબ થાય છે. કડુ, જેઠીમધ, દ્રાક્ષ અને કડવા લીમડાની છાલ દરેક ૬ માસા ૩૨ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો ઉકાળીને આપવાથી પિત્તજ્વરનો નાશ થાય છે. નેપાળના માજી રેસીડન્સી સર્જન ડૉક્ટર ગિમ્લેટ લખે છે કે, નેપાળના લોકો તિબેટની સરહદ ઉપરથી કડુ લાવી શીતજ્વર, અને તેથી અથવા બીજાં કારણો-થી થનારી બરોળ, એ રોગો ઉપર ચારથી આઠ માસા સુધી આપે છે. આથી સારો ગુણ થાય છે. મદ્રાસના સર્જન ખાનબહાદૂર મોહિઉદ્દીન શરીફ પોતાનો અનુભવ લખે છે કે, સર્વ પ્રકારનો અપચો, અજીર્ણ, પેટનું શૂળ, આમાંશ અને હપ્તાના તાવ ઉપર કડુ ઉત્તમ ગુણકારી છે. મદ્રાસના ડૉક્ટર સર્જન મેજર ટૉમ્સન સાહેબ લખે છે કે, જળોદરમાં કડુનો અષ્ટમાંશ તો શું, પણ તેનાથી પણ કિંચિત્ જોરદાર કાઢો દિવસમાં ત્રણ ચાર વખત આપવાથી મૂત્રદ્વારે ખૂબ પાણી નીકળી જઈ પેટ હલકું થઈ સોજો ઉતરે છે. આ પ્રયોગ તેમણે પોતેજ ઘણી વાર અજમાવેલો હતો. કડુ-શીતળ, તીખો, કડવો, અગ્નિદીપક, ભેદક, સારક અને રૂક્ષ છે; અને રક્તરોગ, શીત-પિત્ત, દમ, કફ, દાહ, અરુચિ, તાવ, પ્રમેહ, કોઢ, વિષમજ્વર, ઉધરસ, કમળો, વિષ, હૃદયના રોગ, એનો નાશ કરે છે. એની માત્રા ૫ રતીથી ૧॥ માસા સુધી છે.× **ઉપયોગ:—(૧) કમળા ઉપર:**—કડુનો કાઢો કરી તેમાં મધ નાખી આપવો અથવા કડુનું ચૂર્ણ સાકર નાખી આપવું. **(૨) એકાંતરા વિષમ જ્વર ઉપર:**—કડુનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો, એટલે તે ઉધરસ અને દમ સહિત એકાંતરા તાવનો નાશ કરે છે. **(૩) હેડકી અને ઉલટી ઉપર:**—કડુનું ચૂર્ણ મધમાં આપવું. **(૪) કફપિત્તજ્વર ઉપર:**—કડુનું ચૂર્ણ સાકર મેળવી ઉના પાણી સાથે આપવું.

૮૧ **કડવંચી**—સં૦ કટુતુંબી. હિં૦ મ૦ કડવંચી. બં૦ ઉચ્છે ગાછ. ક૦ કડુહુંચી, કારસે. લા૦ મોમોર્ડિકા, બાલ્સામિના.

કડવંચીના વેલા હોય છે. એનાં પાંદડાં નાનકડાં હોય છે. કડવંચીના વેલા ઘણે ઠેકાણે થાય છે. જુવારનાં ખેતરોમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. એ વેલાના મૂળમાં કાંદો હોય છે. વેલો સૂકાઈ ગયા પછી પુનઃ બીજા વર્ષે એના કાંદાને અંકુર ફૂટી તેનો વેલો થાય છે. એ વેલા ઉપર બારીક અને સૂકવેલી દ્રાક્ષ જેવડાં ફળો આવે છે. એનો આકાર કારેલાં જેવો હોય છે. એ ફળનો રંગ લીલો હોય છે. એને 'કડવંચા' કહે છે. એ ફળમાં બારીક બીઆં હોય છે. કડવંચાની ભાજી થાય છે. એ ભાજી લોકો મોટા ઉમંગથી ખાય છે. કડવંચીના કંદ ઉષ્ણ છે. એ કંદનો ઉપયોગ એક ખરાબ કામમાં કરે છે. **ક્ષુદ્ર કારેલી-(કડવંચી):**—ઉષ્ણ, તીખી, રુચિકર, અગ્નિદીપક, રક્તવાત-કોપન, કટુ, વૃષ્ય અને સારક છે. એનાં **ફળ:**—પિત્તકર તથા રુચિકારક છે. એના કંદ અર્શ, મલરોગ, મલગ્રંથિ અને યોનિદોષનો નાશ કરે છે, તેમજ ગર્ભનો સ્રાવ કરે છે.

૮૨ **કણુઝી (કરંજ):**—સં૦ મ૦ કરંજ. હિં૦ કંજા, કટકરંજા. રા૦ કણગજ-કણગચ. બં૦ ડહર-કરંજ. ક૦ હુલગલી, હોંગે, કાનગ્માનગિડા. તૈ૦ કંજ, કાનગુ. તા૦ પુંગામારં. મલા૦ પોન્ના. ઇં૦ સ્મૂથ લિવ્ડ પોનગેમિયા. લા૦ પોનગેમિયા ગ્લેબ્રા.

આ જંગલી ઝાડ છે. એ ઝાડ છાયા માટે રસ્તાની બાજુએ વાવે છે. એની છાયા ઘણી ઠંડી હોઈ

---

* કલદાર રૂપિયો ૧૮૦ ગ્રેનનો છે અને તે કેટલીક જગ્યાએ ૩૦ વાલ ગણાતો હોવાથી તેની રતી ૯૦ થાય છે. તે હિસાબે અડધી રતી છે.

× કડુ ગરમ પ્રકૃતિવાળાને નુકસાનકારક અને ગળાના રોગોને ઉત્પન્ન કરે છે. એનો ઉતાર ગાયનું ઘી છે. કોઇ કોઇ ધોળો કડુ હોવાનું પણ બતાવે છે.

લેકોને ઘણી પ્રિય છે. છાયા ઘણી ઘટ્ટ હોય છે. એનાં બીઆંનું તેલ નીકળે છે. તે બાળવાના કામમાં આવે છે. × કરંજ—પાક વખતે તીખું, નેત્ર્ય, ઉષ્ણ, રસકાળે કડવું અને તૂરૂં છે; અને ઉદાવર્ત વાયુ, યોનિદોષ, વાતગુલ્મ, અર્શ, વ્રણ, કંડૂ, કફ, વિષ, વિચર્ચિકા, પિત્ત, કૃમિ, ત્વગ્દોષ, ઉદરરોગ, પ્રમેહ અને પ્લીહાનો નાશ કરે છે. એનાં ફળ:—ઉષ્ણ તથા લઘુ છે અને મસ્તકરોગ, વાયુ, કફ, કૃમિ, કુષ્ઠ, અર્શ તથા પ્રમેહનો નાશ કરે છે. એનું તેલ:—વાતનાશક, કૃમિનાશક અને અતિ સ્નિગ્ધ છે, તથા દીવો બાળવા માટે ઠંડુ છે. એ કટુ, ઉષ્ણ, ગુમડાને ભરનાર; અને નેત્રરોગ, વિચર્ચિકા, વાયુ, કુષ્ઠ, વ્રણ, કંડૂ, ગુલ્મ, ઉદાવર્ત, યોનિદોષ અને અર્શરોગનું નાશક છે; એના લેપથી અનેક ત્વગ્દોષનો નાશ થાય છે. ઉપયોગ:—(૧) ઉંદર વગેરેના વિષ ઉપર:—કરંજની છાલ અને બી ઘસી તેનો લેપ કરવો એટલે વિષ ઉતરે છે. (૨) ખસ ઉપરઃ—કરંજનું તેલ અને કપૂર અથવા લિંબુનો રસ એકત્ર કરી ખસ ઉપર ચોપડવો; એટલે ખસ, કંડૂ ઇત્યાદિ દૂર થાય છે. (૩) અંડવૃદ્ધિ અને ગંડમાળા ઉપર:—ચોખાના ધોવરામણમાં કરંજનાં મૂળ ઘસી લેપ કરવો. (૪) મોહરી એટલે હાથેપગે ખાલી ચઢે છે તે ઉપર:—કણુઝીઆ તેલમાં કડવા સુરણનો ગર નાખી તે તેલ કઢવવું અને ખાલી ચઢેલા ભાગ પર ચોપડવું. (૫) પિત્ત પાડવાને માટે:—કણુઝીની છાલ ખાવાને આપવી અથવા છાલનો રસ આપવો. (૬) વ્રણ સંબંધી કૃમિ દૂર થવા માટે:—કણુઝી, કડવો લીમડો અને નગોડનાં પાંદડાં વાટી લેપ કરવો. (૭) નેત્રમાંનાં ફૂલ—માંસવૃદ્ધિ, છાયાઇત્યાદિ ઉપર:—કણુઝીનાં બીઆંનું ચૂર્ણ કરી ખાખરાનાં ફૂલોનો રસ કાઢી, તે ચૂર્ણને રસના ઘણીક વાર પુટ દઈ બારીક ખરલ કરી દીવેટ જેવી લાંબી ગોળીઓ બાંધવી. તે ગોળી પાણીમાં ઘસી અંજન કરવું, એટલે ઉપલા સર્વ નેત્રરોગ શસ્ત્રથી કાપી કાઢયા જેવા દૂર થાય છે. (૮) આધાશીશી ઉપર:—કણુઝીનાં બીઆં ગરમ પાણીમાં ઘસી તેમાં થોડો ગોળ મેળવવો અને તેનું નસ્ય આપવું.(૯) ખોડાને માટે:—અરીઠાના પાલાએ ખોડો ધોઇ નાખવો અને કણુઝીનું તેલ, લિંબુનો રસ અને કડવી કોઠીનાં બીઆંનું તેલ એકત્ર કરી મસ્તકે ચોળતા જવું. (૧૦) ઉરુસ્તંભ ઉપર:—કણુઝીનાં મૂળ અથવા છાલ ઘસી ગરમ કરી લેપ કરવો. (૧૧) ઉલટી ઉપર:—કણુઝીનાં બી કિંચિત્ શેકી કકડા કરી વારંવાર ખાવાં.

૮૩ કદંબ—સં૦ હિં૦ અ૦ કદંબ. મ૦ કળંબ. તા. કદંબ. મલ૦ કદમપુ. તે૦ કદમચેટ્ટુ. લા૦ એંથોસીફાલ્સ, કડંબા. ક૦ કડઉ, કડંવા, કડવાલમર.

કદંબનાં ઝાડ મોટાં થાય છે. આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં મોટાં અને પહોળાં હોય છે. એ ઝાડને ગુંદર આવે છે. કદંબ:—તીખું, કડવું, તૂરૂં, ખારૂં, શુક્રવર્ધક, શીતળ, ગુરુ, વિષ્ટંભકારક, રૂક્ષ, સ્તન્યપ્રદ, ગ્રાહક અને વર્ણકર છે. એ રક્તરોગ, પિત્ત, કફ, વ્રણ, દાહ, વિષ, મૂત્રકૃચ્છ્ર તથા વાયુનો નાશ કરે છે.* ઉપયોગ:—(૧)નાનાં બાળકોને ગળું પડે છે તે ઉપર:—

× કણુઝીનાં પાંદડાં ભેદી, પાકકાળે કડવાં, ઉષ્ણવીર્ય, પિત્તકર્તા અને હલકાં છે. તે કફવાત, હરસ, પ્રમેહ, કૃમિ અને કોઢનો નાશ કરે છે. કરંજનાં બીજ, તેલ, છાલ અને પાંદડાં વપરાય છે. માત્રા ૨ માસાની છે.

* કદંબના અંકુર–તૂરા, શીતવીર્ય, અગ્નિદીપક, હલકા તથા અરુચિ, રક્તપિત્ત અને અતિસારને દૂર કરનાર છે. એનાં ફળ—રુચિકારક, ભારે, ઉષ્ણવીર્ય અને કફકારક છે. પાકાં ફળ—કફકર, પિત્તકારક અને વાતનાશક છે. કદંબનાં વૃક્ષ ગામની નજીક હોય છે. પાંદડાં લાંબાં, ગોળ અને મહુડાનાં જેવાં હોય છે. ફળ ગોળ લિંબુના જેવાં, ફૂલ ફળના ઉપર તથા સુગંધયુક્ત અને નાનાં હોય છે. રાજકદંબ તથા નીપને શ્રીકદંબ કહે છે. કદંબની રાજકદંબ, ધારાકદંબ, ધૂલીકદંબ, ભૂમિકદંબ અને કદંબિકા નામે બીજી પણ જાતો છે.

(नीपो बृहद्गृहसमीपभुवि प्रभूतो लोकप्रसिद्धवरराजकदम्बनामा ।
प्रांशुर्मधूकतरुपत्रस[illegible]त्रः स्यादम्लपक्वफल एष सुगन्धिपुष्पः ॥)

(૧) એ ખાટો, તૂરો, મધુર, શીતળ, તથા વિષ, રુધિરવિકાર, પિત્ત અને કફને દૂર કરે છે

ગળું પડવાનાં લક્ષણો એવાં થાય છે કે, બાળકને તાવ આવે છે. કાનની કિનાર અને નસકોરાં પણાં લવલવ થાય છે. ઉપરાઉપરી મલદ્વારે પાણી પડે છે, તરસ બહુ લાગે છે, તાલુસ્થાને ખાડો પડે છે, એવો પ્રકાર થયો હોય તો તે ઉપર ઉપાયઃ—કદંબની છાલમાં થોડું ઠંડુ પાણી નાખી તેનો રસ કાઢવો અને તેમાં જીરૂં અને ખડીસાકર નાખી પાવો; તથા એજ રસ તાળવા ઉપર ૫-૬ વખત ચોળવો. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું. પછી ચોથે દિવસે તેને સ્નાન કરાવી તાળવા ઉપર કારેલીનું તેલ ચોપડવું. કદંબની છાલ પાણીમાં ઘસી તેનું સ્નાન પણ કરાવવું. (૨) આંખો દુખવા આવે છે તે ઉપરઃ—કદંબની છાલનો રસ કાઢી તેમાં અફીણ અને ફટકડી નાખી લિંબુના રસમાં ખલ કરીને ગરમ કરી આંખો ઉપર ચોપડવું. (૩) મુખરોગ ઉપરઃ—કદંબની છાલના કાઢાના કોગળા કરવા.

૮૪ કનક—(ધોળું ગોરાડું, પેંડાળુ.) સં૦ ત્રિપર્ણી કંદ, પિંડાળુ. મ૦ પેંડાળુ. કો૦ કનક, કણગી, કણગર, ચાયકાંટ કનક. (બીજો) કાંટે કનક, કાંટેકણગી. હિં૦ પિંડાળુ, શકરકંદી. ક૦ શિગેણસુ, બિળેગેણસુ, વિળ્ળેહેડળ, મુળગેણસુ. તે૦ પેંડાલમુ. તા૦ શિરૂવિળ્ળી. તુ૦ તિપેકેરંગુ. મલા૦ ચક્કરાકિળનુ. ઈં૦ ડાયોસ્કોરીઆ અકયુલિયેટા.

કનક, એ કંદ છે. એના વેલા ઘણા મોટા થતા નથી. વેલી ઝીણી હોઈ પાંદડાં ગોળ હોય છે. તેનાં પાંદડાં નાનાં સરખાં નાગરવેલનાં પાન જેવડાં હોય છે. પાંદડાંને અણી હોય છે. વેલને બટાટા પ્રમાણે જમીનમાં કનકો આવે છે. આ કંદ રતાળુ કરતાં જાડો હોય છે અને લાંબો પણ તેટલોજ હોય છે. કનકને કોઈ મરાઠીમાં 'કણગર', 'કણગી', 'કાંટે કણયાં' પણ કહે છે. કનકોને બાફીને અથવા શેકીને ખાય છે. આ ફરાળમાં ઉપયોગી છે. 'કારંદ' અને 'કોણ' કરતાં આ મીઠું છે અને વાતુલ, બલકરાક તથા પૌષ્ટિક છે. કનક ૩ જાતનાં થાય છે. મુસળ્યા, પેંડયા અને અંડયા. ઉપયોગઃ—(૧) મૂળવ્યાધિ અને રક્તાતિસાર ઉપરઃ—કનક બાફી ઘીસાકરમાં સવારમાં ખાવા આપવું.

૮૫ કપાસ—સં૦ કાર્પાસી. મ૦ દેવકાપસી. કો૦ બાળકાપસી. હિં૦ કપાસ, રક્તકપાસ. ક૦ કેંપુહત્તિ. તે૦ ઇર્રાપત્તિચેટ્ટુ, બોટલાપત્તિચેટ્ટુ. લા૦ ગાસિપિયમ અરબેસ્યં. રા૦ વણ.

કપાસના બે પ્રકાર છે. કપાસ અને નરમો. બાગમાં કિંવા ઘેર વાવેલો તેને 'નરમો' અથવા 'હીરવણ' કપાસ કહે છે. આ ઝાડ કેટલાંક વર્ષોસુધી ટકે છે. ખેતરમાં વાવેલાને 'કપાસ' અથવા 'વણ' કે 'વણરાજ' (સં૦ અરણ્યકાર્પાસી. મ૦ રાનકપાસી. હિં૦ વનકપાસ. ક૦ કાડહત્તિ. તે૦ પત્તિચેટ્ટુ. તા૦ પારૂત્તિ. તુ૦ પાર્તિ. મલા૦ કારૂપારૂત્તિ. ફ્રા૦ અ૦ કુતન. ઈં૦ કૉટન પ્લેન્ટ. લા૦ ગૉસિપિયમ ઇન્ડિકમ) કહે છે. એ કપાસનાં ઝાડ વર્ષાયુ હોય છે. એ બે ત્રણ હાથ ઉંચાં વધે છે. નરમાનાં ઝાડ શુમારે માથોડું દોઢ માથોડું ઉંચાં વધે છે. નરમાના પણ બે ત્રણ પ્રકાર છે. એકનાં બી કપાસ જેવાંજ હોય છે અને બીજાનાં બી લાંબાં તથા કાળાં હોય છે. કપાસના ઝાડમાંથી રૂ ઉત્પન્ન થાય છે. રૂનો ઉપયોગ આખા જગતમાં છે. રૂનાં વસ્ત્રોથી આપણા શરીરનું સંરક્ષણ થાય છે. આપણા હિંદુસ્તાન દેશમાં રૂ અતિશય ઉત્પન્ન થાય છે; છતાં કપડાં માટે આપણે પરદેશ તરફ જોવું પડે છે, એ કેટલી દિલગીરીની વાત છે? રૂનાં બીઆંનું (કપાશિયાનું)

એનું ફળ-મધુર, શીતળ, ભારે તથા પિત્ત અને રુધિરવિકારને દૂર કરે છે. (૨) ધારાકદમ્બ-કડવો, વર્ણને ઉજ્જવળ કરનાર, શીતળ, કશેલો, તીખો, વીર્યકારક તથા સોજો, વિષ, પિત્ત, કફ, વ્રણ અને વાયુનો નાશ કરનાર છે. (૩) ધૂલીકદંબ-કડવો, તૂરો, તીખો, શીતળ, વીર્યવર્ધક, વર્ણને સુંદર કરનાર તથા વિષ, સોજો, વાયુ, પિત્ત, કફ અને લોહીના વિકારનો નાશ કરનાર છે. (૪) ભૂમિકદંબ-એ ધૂલીકદંબના ગુણોવાળો હોવા ઉપરાંત કૃમિ અને સર્વ પ્રકારના પ્રમેહનો નાશક છે. (૫)કદંબિકા-મધુર, શીતળ, તૂરી, ભારે, મલસ્તંભક, ખારી, રૂક્ષ, દૂધ વધારનાર, કફકારક અને વાતવર્ધક છે. એનાં ફળ શીતળ, તૂરાં, મધુર; તથા પિત્ત અને રક્તવિકારનાં નાશક છે.

તેલ કાઢે છે. કપાસ:—મધુર, શીતળ, સ્તન્યવર્ધક, કિંચિત્ ઉષ્ણ, બલકર, તૂરો અને લઘુ છે; તથા કફ, પિત્ત, તૃષા, દાહ, ભ્રમ, શ્રમ, ઉલટી અને મૂર્છાનો નાશ કરે છે. **કપાસીનાં જીંડવાં:—** મૂત્રવર્ધક અને વાયુ, રક્તવિકાર, કાનના ફોલ્લા અને કર્ણનાદનો નાશ કરે છે. **કપાસીઆ:—** સ્તન્યવર્ધક, ગુરુ, વૃષ્ય, કફકર અને સ્નિગ્ધ છે. **રૂ:—**કિંચિત્ ઉષ્ણ, વાતનાશક, લઘુ અને મધુર છે. **ઉપયોગ:—(૧) ધૂપણી** (સ્ત્રીઓના પ્રદરરોગ) **ઉપર:—**કપાસનાં પાંદડાંનો રસ આપવો અથવા કપાસનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી બે વખત આપવાં. **(૨) કૉલેરા ઉપર:—** નરમાનાં કુમળાંનાં જીંડવાં ખાવાં, એટલે બે-ત્રણ દિવસમાં કૉલેરા તથા તાવ દૂર થાય છે. **(૩) સર્પદંશ ઉપર:—**નરમાનાં પાંદડાંનો રસ કાઢી તે શુમારે ૪-૫ તોલા આપવો અને દંશ ઉપર પણ ચોળવો, કિંવા પિચકારીથી દંશમાં નાખવો. **(૪) ગંડમાલા અને અપચી** (ગંડમાલનો ભેદ છે) **રોગ ઉપર:—**કપાસનાં મૂળીઆંનું ચૂર્ણ ચોખાના લોટમાં મેળવી તેની ભાખરી કરી રોગનો નાશ થાય ત્યાંસુધી ખાવી. **(૫) સ્તનમાં દૂધ આવવા માટે:—**કપાસનાં મૂળ અને શેરડીનાં મૂળ એકત્ર કાંજીમાં વાટી આપવાં. **(૬) સ્તનરોગ ઉપર:—**કપાસનાં મૂળ અને દુધી, ઘઉંની કાંજીમાં વાટી લેપ કરવો. **(૭) ઢેઢઘરોળીના દંશ ઉપર:—**કપાસનાં પાંદડાં, વછનાગ અને રાઈ વાટી લેપ કરવો; અથવા નરમાનાં મૂળ માણસના મૂત્રમાં ઘસી દંશસ્થાને લેપ કરવો, કિંવા કપાસનું લાકડું ઘસી લેપ કરવો. **(૮) તાવથી શરીરે ખરજ ઉઠે છે તે ઉપર:—**નરમાના રસમાં કડવાં કારેલાં વાટી શરીરે લેપ કરી મર્દન કરવું; અને ચાર ઘડી પછી સ્નાન કરવું. **(૯) જખમ ભરાઈ આવવા માટે:—**પાનડાંનો અંગરસ કાઢી તેમાં નરમાનાં મૂળ ઘસી ચોપડવાં અથવા નરમાના તોરા અને પાનડી બારીક વાટી વડા કરી જખમ ઉપર મૂકવી. એથી જખમ જલદી ભરાઈ આવે છે. **(૧૦) વિંછીના દંશ ઉપર:—**કપાસનાં પાંદડાં અને રાઇ એકત્ર વાટી લેપ કરવો, કિંવા કપાસનાં મૂળ રવિવારે લાવી રાખવાં. તે ચાવી ખાવાથી વિષ ઉતરે છે. **(૧૧) અફીણ ઉપર ઉતાર:—**કપાસનાં બીઆંનું ચૂર્ણ અને ફટકડીનું ચૂર્ણ એકત્ર કરી ખવડાવવું અને નરમાના પાલાનો રસ આપવો. **(૧૨) ઇંદ્રિયમાંથી ધાતુ પડે છે તે ઉપર:—**નરમાનાં બે-ત્રણ પાંદડાં અને ખડીસાકર એકત્ર કરી પ્રાતઃકાળે ખાવાં. **(૧૩) નાક અને મોંમાંથી લોહી પડે છે તે ઉપર:—**જૂના કપાસની ધૂણી નાકે સુંઘવી. પછી બે તોલા કપાસનાં પાંદડાંના રસમાં એક તોલો ખડીસાકર નાખી તે પીવું. **(૧૪) સ્ત્રીઓના નષ્ટ પુષ્પ એટલે અટકાવ યોગ્ય વખતે અને બરાબર ન આવતો હોય તે ઉપર:—**કપાસીઆના તેલમાં એલચીદોડા, જીરૂં, હળદર, સિંધવ, એ એકેક માસો લઇ ઝીણા કપડામાં બાંધી તેની પોટલી ચોથા દિવસથી યોનિમાં રાખવી. **(૧૫) કમળાના રોગ ઉપર:—**નરમાનાં જીંડવાંનો રસ નાકે પીવો. **(૧૬) ધંતુરાના વિષ ઉપર:—**કપાસનાં બીઆં અને ફૂલનો કાઢો આપવો. **(૧૭) બાળકના અતિસાર ઉપર:—** નરમાનાં તાજાં જીંડવાં બાફી તેનો રસ કાઢવો અને તે બાળકને પાવો; અથવા બાળકની માએ તે જીંડવું ચાવી તેનો રસ બાળકના મોંમાં નાખવો. **(૧૮) મગજ શાંત થવા માટે તથા મસ્તકશૂળ ઉપર:—**કપાસીઆનું તેલ માથા ઉપર ૩ અથવા ૭ દિવસ ચોળવું. **(૧૯) મૂળવ્યાધિ ઉપર:—**નરમાના પાલાનો રસ ગાયના દૂધમાં ત્રણ તોલા પર્યંત આપવો. **(૨૦) આગંતુક જ્વર ઉપર:—**નરમાનાં પાંદડાં ગાયના દૂધમાં વાટી ગરમ કરી શરીરે લેપ કરવો.

૮૬ **કપૂરીમધુરી**—સં૦ સ્પૃક્કા. મ૦ કપુરીમધુરી, કર્પૂરવલ્લી, પિંડિકા, ગગૌના. હિં૦ અસવરગ, લંકાડકપુરી, અસ્પર કપૂરી. બં૦ સ્પૃકકા શાક, ગંધપિંડી, પિંડિક્ શાક. ક૦ લિકકે. તા૦ કારિતુંબા. લા૦ સાલવિયા બેંગાલેનસિસ, એનિસોમેલાસ મલેબારીકા.

આ ઝાડ શુમારે એક હાથ ઉંચું વધે છે. એનાં પાંદડાં તુલસીનાં પાંદડાં પ્રમાણે હોઈ તે ધોળાશ ઉપર હોય છે. એને તુલસી પ્રમાણે તોરા (માંજર) આવે છે. આ ઝાડ પૂના અને નાસિક જીલ્લામાં કેળોના બાગમાં પુષ્કળ થાય છે. ×**કપૂરીમધુરી:—**તીખી, કડવી, તૂરી, સ્વાદુ, શીતળ,

× કપૂરીમધુરીનાં છોડાં થાય છે, તેનાથી શીશા સાફ થાય છે. એ બે પ્રકારની થાય છે. એકનાં પાંદડાંમાંથી કપૂરની વાસ આવે છે અને બીજામાંથી આવતી નથી.

વૃષ્ય અને સુગંધી છે; તથા ઉધરસ, તૃષા, મેહ, કંડુ, ત્રિદોષ, કુષ્ઠ, વિષદોષ, જ્વર, કફ, સ્વેદ, દાહ, રક્તદોષ, દુર્ગંધ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર અને શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પરૂપ્રમેહ ઉપર:**—કપૂરીમધુરીના પાલાનો અંગરસ ૭ દિવસ આપવો. **(૨) મધુરા અને વિષમ જ્વર ઉપર:**—કપૂરીમધુરીના પાલાનો કાઢો આપવો.

૮૭ કપૂર—સં૦ બં૦ કર્પૂર. મ૦ ફા૦ કાપૂર. હિં૦ કપૂર. ક૦ કપૂર. તૈ૦ કર્પૂરમ્. ફા૦ કાફૂર. બ્રહ્મી પારો પરાફૂ. અ૦ કાફુરકેશોરી. ઈં૦ કૅમ્ફેર. લા૦ કૅમ્ફેરા આફિસિનેરમ.

જાપાન, સુમાત્રા, ફારમોસા, બોર્નીઓ ઈત્યાદિ બેટોમાં કપૂરનાં ઝાડ થાય છે. યુરોપીયન ઉદ્‌ભિજ્જશાસ્ત્રવેત્તાઓએ વૃક્ષકુલનો નિશ્ચય કરેલ છે. કપૂરનાં ઝાડ ૬૦ થી ૮૦ ફીટ ઉંચાં હોય છે. પાન થોડાં લંબગોળ અને છેડા પાસે નોક હોય છે, જે જોવામાં ભાલા સરખી દેખાય છે. હાથ લગાડવાથી પાન સુંવાળું જણાય છે, તેમજ પ્રાન પર શિરા દેખાય છે. પાનની ઉપરની બાજુ લીલા રંગની હોય છે, તેમાં ઝાંખા પીળા રંગની ઝાંઇ મારે છે. નીચેની બાજુ નીલી ઝાંઇવાળી લીલા રંગની હોય છે. પાનનું દીંટડું લાંબુ હોય છે. શાખાની છાલ ઉપરથી ખડબચડી હોય છે, પણ અંદરનો ભાગ લીસો હોય છે. કપૂરના વૃક્ષપર નાનાં નાનાં ફૂલ આવે છે. પુષ્પની દાંડી લાંબી હોય છે. ફળ વટાણા સરખાં થાય છે. ઝાડના પ્રત્યેક ભાગમાં કપૂરની સુગંધી આવે છે.

ઇબ્ને ખોર્દાદ નામક એક મુસાફરે ઇસ્વી સનના નવમા સૈકાની આખરમાં લખેલા એક ગ્રંથમાં એવો ઉલ્લેખ કરેલો છે કે, (તે વખતે) મલાયા બેટમાંથી ચીન અને હિંદુસ્તાનમાં કપૂર જાય છે. એજ ગ્રંથમાં એમણે લખ્યું છે કે, ફાનસુર અથવા કાનસૂર નામના બેટમાં કપૂર ઘણુંજ ઉત્પન્ન થાય છે. યૂલ સાહેબના કહેવા પ્રમાણે કાનસૂર બેટને 'બેરાસે' પણ કહે છે. એ સુમાત્રા બેટના પશ્ચિમકિનારા પર એક નાનું શહેર છે. એ બેટના નામ પરથી ભીમસેની કપૂરને બરાસ કપૂર કહેવા લાગ્યા હશે. ભીમસેની કપૂરના ઝાડની શોધ ઇંગ્લીશ લોકમાં પહેલાં કોલબ્રુક સાહેબે કરેલી છે. એ ઝાડ ૮ વર્ષનું થયા પછી તેના ટુકડા કરે છે. તેની છાલની નીચે લાકડાંની સંધિમાં કપૂરના નાના નાના કણ મળે છે. વૈદ્યકમાં કપૂરના પક્વ અને અપક્વ એમ બે ભેદ કરેલા છે. તેમાં ભીમસેની કપૂર અપક્વ અને બાકીની બીજી બે જાત પક્વ સમજવી. જે ઝાડમાંથી તૈયાર મળે છે તે અપક્વ, અને જે બાષ્પ વરાળની ક્રિયા કરીને ચંદની અર્કો પ્રમાણે બનાવવામાં આવે છે તે પક્વ. પક્વ કપૂરના કરતાં અપક્વ કપૂરમાં વધારે ગુણ રહેલો છે. એક વૃક્ષમાંથી વધારેમાં વધારે ૪૪૦ તોલા ભીમસેની કપૂર નીકળે છે. અસલ ભીમસેની કપૂરનો ભાવ આશરે ૮૦ રૂ. રતલ હોય છે. જે ઝાડ વધારે મોટું અને જૂનું હોઇને સૂકાવાની તૈયારી પર હોય છે, તેમાંથી નીકળનાર કપૂર સર્વોત્તમ હોય છે. કપૂર વૃક્ષમાંથી કાઢયા પછી તે પાણીથી ધોઇને સાફ કરે છે. બોર્નિયો બેટમાં જે ભીમસેની કપૂર ઉત્પન્ન થાય છે, તેમાંનો મોટો ભાગ રાજાની મરણક્રિયા વખતે વપરાઇ જાય છે; બાકી રહેલો ચીન, જાપાન, સિયામ વગેરે દેશમાં વ્યાપાર માટે મોકલવામાં આવે છે. બીજા કપૂર કરતાં ભીમસેની કપૂર કઠણ અને વજનમાં કાંઇક ભારે હોય છે, જેથી પાણીમાં નાખવાથી ડૂબી જાય છે. હવામાં ખુલ્લું રાખવાથી બીજા કપૂરની માફક ભીમસેની કપૂર જલદી ઉડી જતું નથી, તેમજ પીગળાવેલું ભીમસેની કપૂર બાજા કપૂર કરતાં વધારે ઉષ્ણતાવાળું જણાય છે. ભીમસેની કપૂરમાં અતિ તીવ્ર સુગંધ હોય છે. જોવામાં સ્ફટિક પ્રમાણે સફેદ ચમકદાર, સ્વચ્છ, પાતળા અને નાના નાના ટુકડા હોય છે. ભીમસેની કપૂરના ઉપર સુરાખારનો તેજાબ (નાઇટ્રીક એસીડ) નાખવાથી તે સાદા ચીનાઇ કપૂર સમાન થઇ જાય છે. વૈદ્યક ગ્રંથમાં **કૃત્રિમ ભીમસેની કપૂર કરવાની કૃતિ નીચે પ્રમાણે લખેલી છે:**—કપૂર ૮ તોલા, એલચી ૨ તોલા, ચંદન, સમુદ્રફીણ, નિર્મળીનાં બીજ, રસવંતી, નાગરમોથા, એ પાંચ વસ્તુ એકેક તોલો લઇ દૂધમાં વાટી તેનો ગોળો કરવો. તે એક ×વાસણમાં મૂકી તેના ઉપર તેનીજ જોડીનું બીજું વાસણ મૂકી

× કાંસાની થાળી પર ગોળો રાખી ઉપર કાંસાનો વાડકો રાખી સંધિ બંધ કરવાનો રિવાજ સાધારણ છે. ઉપરના ભીના કપડા પર પાણી છાંટવાને બદલે પાંચ પાંચ મિનિટે પ્રાયઃ સર્વ કોઈ કપડું બદલી નાખે છે.

બંનેની સંધિ કપડમાટીથી બંધ કરવી. પછી તે વાસણને એક નાના ચૂલા પર મૂકી નીચે અંગુઠા જેટલી જાડી વાટવાળા ઘીની બત્તીનો તાપ એક પહોર આપવો. ઉપરના વાસણ ઉપર ભીનું કપડું રાખવું. એ કપડું સૂકાય નહિ માટે વારંવાર થોડું થોડું પાણી છાંટતા જવું. આ પ્રમાણે કરવાથી દીવાની ઉષ્ણતાથી ઉપરના વાસણના તળિયામાં સ્ફટિક પ્રમાણે સ્વચ્છ, સફેદ અને ચકચકિત કપૂરના બારીક બારીક કણ ચોંટેલા દેખાય છે. વાસણ ઠંડાં થયા પછી ખોલીને કપૂર કાઢી લેવો. આ કૃત્રિમ ભીમસેની કપૂરના ગુણ અને સુગંધ અસલ ભીમસેની કપૂર સરખાજ છે. ભેદ માત્ર એટલોજ છે કે, અસલ ભીમસેની કપૂરના પત્રી સાકર સમાન ટુકડા હોય છે અને કૃત્રિમ કપૂરના નાના નાના કણ હોય છે.

બીજા પ્રકારનું પત્રી કપૂર—આ એક નાના ક્ષુપના પાનમાંથી નીકળે છે. આ ઝાડ ચીનમાં તેનાસરીમ પ્રાંત અને કુમૌન પર્વત પર જોવામાં આવે છે. આ ક્ષુપને **બ્લ્યુમી બાલસમીફેરા** નામ આપેલું છે. આ ક્ષુપમાંથી ચીનીલોક બાફીને કપૂર કાઢે છે. આ કપૂર ભીમસેની કપૂરના કરતાં થોડો જડ (ભારે) હોય છે; પરંતુ હવામાં જલદી ઉડી જાય છે. આ કપૂરમાં ડમરા (મરવા) જેવી સુગંધી આવે છે. ચીનમાં આ કપૂરને "નાગઇ કપૂર" કહે છે.

ત્રીજા પ્રકારનું ચીનાઈ કપૂર—ઉપરની બંને જાતના કરતાં આ જાત સસ્તી છે. ૬૦–૬૫ રૂપિયે હંડ્રેવેટ (૧૧૨ રતલ) એ ભાવથી વેચાય છે. આ ચીનાઇ કપૂરને પક્વ કપૂર કહે છે. સીનામોમમ્ કૅમ્ફોરા નામના ઝાડના લાકડાના કકડા કરીને, જેમ ચંદનમાંથી તેલ કાઢે છે તે પ્રમાણે તેમાંથી જાપાન દેશમાં કપૂર કાઢે છે.

કપૂર તૈયાર કરવાની ભઠ્ઠી ચીકણી માટીની હોય છે. ફાર્મોસા બેટમાં ટામસુઇ નદીની પૂર્વ તરફ પર્વતની તળેટીમાં ગરીબ મનુષ્ય કપૂર તૈયાર કરીને પોતાનો નિર્વાહ કરે છે. કપૂર જેમ જેમ તૈયાર થતું જાય છે, તેમ તેમ ચીનાઇ વેપારી વેચાતું લઇને યુરોપીયન વેપારીને વેચી દે છે. કેટલાંક વર્ષ ઉપર એક વખત કલકત્તામાં બહારથી આવેલાં મોટાં મોટાં ઇમારતી લાકડાં ચીરતી વખતે કેટલાંકમાંથી કપૂર નીકળ્યું હતું. કપૂરમાં ઉડી જવાનો ગુણ છે. તે ઉપરથી કોઇ મનુષ્ય ભાગી જાય અથવા બરાબર અણીના વખતે પોતાના સ્નેહી સંબંધીને છોડી આપે તેને પારસી ભાષામાં " કપૂર થઇ જવું" કહે છે.

ઔષધ સિવાય ચામડાં સાફ કરવામાં, દારૂગોળામાં, ફોટોગ્રાફી સંબંધી કેટલાંક મિશ્રણ તૈયાર કરવામાં પણ કપૂરની જરૂરત પડે છે. પરંતુ કપૂરની ઉત્પત્તિ ઉપયોગના પ્રમાણમાં બહુજ કમી થતી હોવાથી દિવસે દિવસે કપૂર મોંઘું થતું જાય છે. ફાર્મોસા બેટમાં સર્વથી વધારે કપૂર ઉત્પન્ન થાય છે. અને ત્યાંનો એકંદર વ્યાપાર ત્યાં રહેતા જાપાની માલીક અને એક અંગ્રેજી વ્યાપારી કંપનીના હાથમાં હોવાથી ભાવ વધારી આપે છે. એ અડચણ દૂર કરવા માટે અમેરિકામાં કેટલાક પ્રસિદ્ધ રસાયનશાસ્ત્રીઓએ કેટલાંક વર્ષોના સતત પરિશ્રમ પછી હમણાં કેટલાક પદાર્થોને રાસાયનિક સંયોગમાંથી કૃત્રિમ કપૂર તૈયાર કરવાની યુક્તિ શોધી કાઢી છે. આ કૃત્રિમ કપૂરનો ગુણ અને ઉપયોગ ખરા કપૂરના જેવોજ છે, એમ ઉપરના રસાયનશાસ્ત્રીઓનું કથન છે. બીજું આ કપૂર બહુજ ઓછા ખર્ચમાં તૈયાર થાય છે, એમ તેઓનું કહેવું છે. આ કપૂરના ઉદ્યોગધંધાની વૃદ્ધિ કરવા માટે અમેરિકામાં એક કંપની સ્થાપન થઇ છે. તે કંપનીએ ન્યુયૉર્કથી ૨૫ માઈલ દૂર પોર્ટ ચેસ્ટર નામના શહેરમાં એક મોટું કારખાનું શરૂ કરેલું છે.

ઇ. સ. ૧૮૯૩ ની સાલમાં ૭૫૩૦ હંડ્રવેટ કપૂર મુંબઇથી વિલાયત મોકલાવેલ છે. ૧૮૯૪ ની સાલમાં ચીન અને જાપાનની વચ્ચે લડાઈ શરૂ થવાથી કપૂરના વેપારને ઘણોજ ધકકો પહોંચ્યો. એ ઉપરથી સરકારે કપૂરના ઝાડના રોપ બહાર દેશાવરથી લાવીને લંકા(સિંહલદ્વીપ)માં લગાડેલા છે, એમ જણાય છે.

આ દેશમાં પણ કપૂર કોઇ કોઇ જગ્યાએ મળી આવે છે. પાંચ દશ પ્રકારનાં ઝાડમાંથી કપૂર નીકળે છે. હિંદુસ્તાનમાં કેળની જાતિનું એક ઝાડ છે, તેમાંથી કપૂર કાઢે છે. તે ઝાડને 'કપૂરકેળ' કહે છે. કપૂર બનાવવાની કૃતિ જુદા જુદા દેશોમાં જુદી જુદી હોય છે. કપૂર એ સદરહુ

ઝાડના ગર્ભમાંથી નીતરનારૂં જાડું અથવા પોતાની મેળે બદ્ધ થનાર નૈસર્ગિક (મૂળનું) તેલ છે. રાજનિઘંટકારે (નરહરિ પંડિતે) ત્રણ પ્રકારનું કપૂર કહેલું છેઃ—(૧) ભીમસેની (બરાસ. સં૦ પોતાસ, પાંસુ. હિં૦ બરાસકપૂર. ઈં૦ બોર્નિયો કેંફર. લા૦ ડ્રાયો બેલાનોપ્સ કેમ્ફોરા), (૨)પત્રી કપૂર, (૩) ચિનીકપૂર (સં૦ ચીનક, કૃત્રિમ. મા૦ સિનામોમમ્ કેમ્ફોરા). આ ત્રણે જાતનું કપૂર અદ્યાપિ-પર્યંત બરોબર પ્રચલિત છે. કપૂર—કડવું, તીખું, કાંઈક ઠંડું, કંઠદોષનાશક અને કૃમિનાશક છે. નેત્રવિકાર ઉપર લેપ કરવા માટે, મૂત્રાઘાતમાં ઇંદ્રિયમાં નાખવા માટે તેમજ જ્વરાતિસારમાં હિંગળો, અફીણ ઈત્યાદિ પિત્તવિસર્જન અને દાહશામક પદાર્થો સાથે કપૂરનું મિશ્રણ લખેલું છે. રાજનિઘંટકારે વાતરોગ, દાંત હાલવા, દાંતોની અશક્તિ ઇત્યાદિ રોગો ઉપર કપૂરતેલનો ઉપયોગ બતાવેલ છે. એ કપૂરતેલ ભીમસેની કપૂરના ઝાડને ચીરવા માંડતાં તેમાંથી જે કપૂરનો પાતળો રસ નીકળે છે તે અથવા બીજી રીત પ્રમાણે કરેલોજ ઉપયોગી છે. હૃદયનો કંપ, અપસ્માર, કલાપખંજ, શુક્ર(રેત)નાશ અથવા ઉંઘમાં એકાએક વીર્યપાત થવો, એ વિકારો ઉપર કપૂર સારો ગુણ કરે છે; પણ તે થોડા પ્રમાણમાં આપવું જોઇએ. ઓછા પ્રમાણમાં એટલે તેની માત્રા ૦॥ રતીથી એક રતીની છે. મધ્યમ પ્રમાણ ૧ થી ૫ રતી સુધી આપવાથી આહ્‌લાદ અને શાંતિ મળે છે. દમ, જૂનો સંધિવા અને યોનિશૂળમાં ૨–૩ રતી પ્રમાણે આપવું. વધારે પ્રમાણમાં આપવાથી હૃદયમાં કંપ થઇ થાક ઉત્પન્ન થાય છે. કપૂર ખાવા આપવું હોય તો એક તૃતીયાંશ વજનનો સાબુ કપૂર સાથે ખલ કરી તેની જરૂરત હોય તેટલી ગોળીઓ બાંધી તે દિવસમાં બે–ત્રણ વખત આપવી, એમ કેટલાકનો મત છે. હકીમ લોકો કપૂર ઠંડુ તથા મસ્તક અને હૃદયને ઉત્તેજક માને છે. આર્ય વૈદ્યકમાં ભીમસેની કપૂર કામોત્તેજક અને વીર્યસ્તંભક માનેલ છે; પરંતુ યુનાની હકીમોનો મત એથી ઉલટો છે, તેમજ વૈદ્યકમાં ભીમસેની કપૂરને આંખ માટે ઘણુંજ હિતકારક વર્ણવ્યું છે; પણ હકીમ લોક આંખોમાં નાખવાને નિષેધ કરે છે. વૈદ્યક ગ્રંથમાં અનેક વીર્યસ્તંભક અને આંખોના ઔષધમાં ભીમસેની કપૂરનો ઉપયોગ બતાવેલ છે તથા તેનો ગુણ પણ અનુભવમાં આવે છે. ઉપર બતાવેલા કપૂરના ઘણાક ગુણો ડૉકટરની પણ સંમતિવાળા છે. કપૂરની ઘણીક વધારે માત્રા આપવાથી કેટલેક પ્રસંગે મરણ થયાના દાખલા મળી આવવાનું એક અમેરિકન ડૉકટરે વર્ણન કરેલું છે.*

કપૂર વસ્ત્રમાં અને પુસ્તકમાં રાખવાથી તેને ઉધઈ લાગતી નથી. કપૂર ઉઘાડું રાખવાથી ઉડી જાય છે, માટે ડબામાં ભરી રાખવું જોઇએ અને તેની સાથે કાળાં મરી (તીખાં) રાખવાં જોઈએ. 'કપૂર સર્વ તાવ ઉપર ચાલે છે' એવો એક અંગ્રેજ વૈદનો મત છે. કપૂરના પાણીમાં ઝાડનાં બી પલાળી રાખવાથી કેટલાક દિવસોએ બહાર કાઢીએ તો તે જમીનમાં ઘાલ્યા બરોબર ઉગી નીકળે છે. **કપૂર સાધારણ:**—મધુર, કડવું, શીતળ, સુગંધયુક્ત, લઘુ, નેત્ર્ય, લેખન, વૃષ્ય, તીખું, પ્રીતિકારક, મૃદુ અને મદકર છે; તથા કફ, દાહ, તૃષા, રક્તપિત્ત, કંઠરોગ, નેત્રરોગ, વિષ, પિત્ત, મુખની વિરસતા, દુર્ગંધ, ઉદર, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ અને મળના ગંધનો નાશ કરે છે. એ તાજું હોય ત્યારે સ્નિગ્ધ, કટુ, ઉષ્ણ અને દાહકારક છે; તથા જૂનું થયું હોય તો દાહ અને શોષનો નાશ કરે છે. તે સ્વચ્છ કરવાથી ગુણવાળું બને છે. **ભીમસેની કપૂર:**—મીઠું, શીતળ, વૃષ્ય, કટુ અને તીખું છે; તથા તૃષા,

*મુસલમાની ગ્રંથકારો કપૂરને ઠંડું અને ભેજા તથા હૃદયને જાગ્રત કરનાર માને છે. વળી અનેક પ્રકારના રોગોમાં વાપરવાની પ્રશંસા પણ કરે છે; પરંતુ નેત્રરોગમાં વાપરવા ના કહે છે.

હમેલવાળી સ્ત્રી કપૂરની મોટા પ્રમાણવાળી માત્રાને હજમ કરી શકે છે. એથી તેના હમેલની ખાત્રી કરી શકાય છે. એક જૈન ગ્રંથમાં લખેલ છે કે, હમેલની પરીક્ષા કરવાને એક શેર દૂધમાં ૪ ટાંક કપૂર આપવું. કૉલેરાનાં દરદીને ખાંડ સાથે કપૂર આપવાની એક સેલાણી સંત આજ્ઞા કરે છે. કપૂર એ શરીરમાંના અને વ્રણમાંના જીવોનો નાશ કરે છે, એમ અનેક પ્રયોગોમાં અનેક જણને સાબીતી મળેલ છે.

કપૂરની શાંતિ કરનાર એળીઓ, કસ્તૂરી અને કેસર છે; પ્રતિનિધિ સફેદ ચંદન અને વંશલોચન છે.

દાહ, રક્તપિત્ત અને કફનો નાશ કરે છે. ×ઉપયોગઃ—(૧)જ્વરાતિસાર ઉપર કર્પૂરરસઃ—કપૂર, શુદ્ધ હિંગળોક, અફીણ, નાગરમોથ, ઇંદ્રજવ અને જાયફળ, એ સર્વ સમભાગ લઈ તેની આદુના રસમાં, રતી (ચણોઠી) જેવડી ગોળીઓ કરી તે આપવી. આથી તાવસહિત ઝાડો, એકલો ઝાડો, છએ પ્રકારની સંગ્રહણી અને રક્તાતિસાર એ વિકાર શાંત થાય છે. (૨) વિંછીના વિષ ઉપરઃ— પાનમાં ચીચુડા જેટલું કપૂર નાખી ખાવું. (૩) જનાવરના ક્ષતમાં કીડા પડે છે તેને માટેઃ— ક્ષતમાં કપૂર ભરવું. (૪) ખરજવાના રોગ ઉપરઃ—કપૂર તોલો ૧, ધોળો કાથો તોલો ૧ અને

× વિલાયતી ઔષધિનો ઉપયોગ કરનારાઓ કપૂરના અર્કનો વધારે ઉપયોગ કરે છે. કપૂરનો અર્ક કૉલેરાના દર્દમાં ઘણુંજ સારૂં કામ કરે છે; તેમજ અતિસાર, રક્તાતિસાર, વમન, મરડો વગેરેને દૂર કરે છે. દાંત અથવા દાઢમાં દર્દ હોય તો કપૂરના અર્કમાં રૂનું પૂમડું ભીંજાવી દાંત અથવા દાઢની નીચે રાખી મોં નીચું રાખવાથી ભયંકર દાંતની પીડા દૂર થાય છે; તેમજ કોઇ ઝેરીલૂં જંતુ કરડે તેના ડંખ ઉપર ૨–૩ વખત કપૂરનો અર્ક લગાડવાથી બિલકુલ આરામ થાય છે. (૧) કપૂરનો અર્ક બનાવવાની રીત નીચે મુજબ છેઃ—

રેક્ટીફાઇડ સ્પીરીટ ૯૦ ડીગ્રી	૨૪ ઔંસ
કપૂર	૪ ઔંસ
ઓઇલ મેન્થા (પીપરમેંટનું તેલ)	૪ ઔંસ

પ્રથમ કપૂરના નાના નાના ટુકડા કરવા અથવા ખાંડી ભૂકો કરવો. પછી બે બોટલમાં ૧૨ ૧૨ ઔંસ સ્પીરીટ નાખી અર્ધું અર્ધું કપૂર નાખી હલાવવું. જ્યારે કપૂર ગળી એકરસ થઇ જાય, ત્યાર પછી પીપરમેંટનું તેલ બબ્બે ઔંસ મેળવવું. સારી રીતે મળી ગયા પછી બંને બોટલની દવા મેળવી લેવી. બોટલમાં અર્ધું અર્ધું મેળવવાનું કારણ એ છે કે, કપૂર નાખી સારી રીતે હલાવીને કપૂર મેળવી શકાય.

કૉલેરામાં રોગ શરૂ થતાંજ ૫ થી ૧૦ ટીપાં ખાંડની સાથે અર્ધા અર્ધા કલાક પછી રોગ કાબુમાં આવે ત્યાંસુધી આપતા રહેવું. અતિસારમાં ૫ થી ૧૦ ટીપાં ખાંડની સાથે દિવસમાં ત્રણ વખત આપવાં. નાનાં બાળકને ૨ થી ૩ ટીપાંના પ્રમાણમાં આ અર્ક આપવો. અર્ક કપૂર રોગીને આપ્યા પછી ઓછા ઓછું અર્ધો કલાક સુધી પાણી પીવા નહિ આપવું.

આ ઉપરાંત અનેક રોગો દૂર કરનારી કપૂરની એક બીજી બનાવટ નીચે મુજબ જુદા જુદા નામથી અનેક દવા વેચનારાઓ તૈયાર કરીને વેચે છે. જેમાં નીચે મુજબ વસ્તુઓ છેઃ—

કપૂર	૧ ઔંસ	(૨॥ તોલા)
પીપરમેંટનાં ફૂલ ૧	"	"
અજમાનાં ફૂલ ૧	"	"

આ ત્રણ વસ્તુ મેળવવાથી પાણી થઇ જશે. આ દવાનાં ૫ ટીપાં ખાંડની સાથે આપવાથી અતિસાર તથા વમન બંધ થઇ જાય છે. કૉલેરામાં અર્ધા અર્ધા કલાકે રોગ શાંત થતાં સુધી આપતા રહેવું. મંદાગ્નિ માટે તથા પેટમાં થતાં દર્દ માટે ૩ ટીપાં દિવસમાં બે ત્રણ વખત પાણી સાથે આપવાં. શરીર પર આવતી ખાજ માટે ૩ ટીપાં પાણી સાથે પીવા આપવાં તથા શરીરે તલના ૪ ગણા તેલમાં મેળવી માલીશ કરવા માટે આ ઔષધિ આપવી. વળી ઝેરવાળા જંતુના ડંખ ઉપર લગાડવાથી આરામ થાય છે. માથાના દર્દમાં કપાળે ચોપડવાથી દર્દ મટી જાય છે. દાંતના દર્દમાં રૂનું પૂમડું ભીંજવી દુઃખતા દાંત અથવા દાઢ નીચે રાખવાથી તુરત રોગ શાંત થાય છે. સર્વ પ્રકારના ઉદરરોગ, મરડો, રક્તાતિસાર, રક્તવિકાર, ત્વચાના રોગ, સ્ત્રીઓના રોગ, બાળકની સસણી તથા ધનુર્વાત, વાયુના રોગ, શ્વાસ, કાસ, અમ્લપિત્તાદિ અનેક રોગોમાં યોગ્ય અનુપાનથી ફાયદો કરે છે.

ઉપરની ત્રણ વસ્તુની સાથે કોઇએ ટીંચર કાર્ડામમ (ઈલાઈચીનો અર્ક) તથા ટીંચર લવંડર કમ્પાઉંડ (લવંડરનો અર્ક) અર્ધો અર્ધો ઔંસ મેળવેલ છે. કોઇએ ઑઇલ સીનામોમ (તજનું તેલ)

સિંદૂર અડધો તોલો એકત્ર કરી કાંસાના વાસણમાં નાખી તેમાં ઘી દશ તોલા નાખવું. તેને હાથે મર્દન કરી ૧૨૧ વખત પાણીએ ધોવું. આ મલમ જખમ, ગરમીનાં ચાઠાં, ખોડા, બળેલા, સડેલા અથવા બીજા જખમ વગેરે ઉપર ઉપયોગી છે તેમજ ખરજવાને મટાડે છે. **(૫) વછનાગના વિષ ઉપરઃ**—કપૂર પાણીમાં મેળવી આપવું. **(૬) પાંપણ ખરેલ હોય તોઃ**—કપૂર લિંબુના રસમાં ખરલ કરી ચોપડવું. **(૭) ગરમીનાં ચાઠાં ઉપરઃ**—કપૂરનો બળી રહેલો શેષ ભાગ ઘીમાં ખરલ કરી ચોપડવો. **(૮) ખાલી ઉપરઃ**—કપૂરનું તેલ ખાલી ચઢે તે જગ્યાએ ચોળવું. **(૯) જંતુ** (કૃમિ) **ઉપરઃ**—બાળકને ગોળમાં કિંચિત્ કપૂર નાખી આપવું. **(૧૦) દાંત દુઃખે છે તેને માટે તથા દાંતમાંના કીડા દૂર થવા માટેઃ**—કપૂર દાઢ નીચે રાખવું. **(૧૧) આંખોમાં ફૂલ પડ્યું હોય તોઃ**—કપૂર વડના દૂધમાં વાટી અંજન કરવું, એટલે જો બે મહિનાનું ફૂલ હશે તો તેનો નાશ થશે. **(૧૨) મૂત્રાઘાત ઉપરઃ**—કપૂરના ચૂર્ણની કપડામાં સળી (દીવેટ) કરી હળવે હળવે શિશ્ન-દ્વારમાં ચલાવવી અને રાખવી એટલે મૂત્રાઘાત જશે. **(૧૩) દુખવા આવેલા ભાગની વેદના શમન થવા કપૂરનું તેલઃ**—કપૂર ખલમાં નાખી બારીક થાય ત્યાંસુધી ઘુંટવું અને તેમાં ચોગણું તેલ નાખી પુનઃ ઘુંટવું એટલે સર્વ કપૂર ઓગળી જશે. આ તૈયાર થયેલું કપૂરનું તેલ ચોપડી થોડી વાર મસળવું. **(૧૪) વાળા ઉપરઃ**—કપૂર ઘીમાં ખાવા આપવું.

૮૮ **કપૂરકાચલી**—સં૦ શઠી, પલાશી. હિં૦ ગંધપલાશી, કપૂરભેદ, કપૂરકચરી. બં૦ શટી, વનઆદ્રા, ગંધશઠી. ક૦ ગંધશટી. તૈ૦ કિચલિરાગટ્ટલ. અ૦ જરંવાદ. મ૦ કપૂરકચરી, પળશી. લા૦ કરમ્યુમા, આરોમાટીકા.

કપૂરકાચલી નાગરદેશમાં પ્રસિદ્ધ છે. એના વેલા થાય છે. આ વેલાનાં પાંદડાં ખાખરાનાં પાંદડાં જેવાં હોય છે. એનો વિસ્તાર પુષ્કળ થાય છે. આ વેલાની જાડાઈ પગના અંગુઠા જેટલી હોય છે. એને વચોવચથી ચીરી તેનો દોરડાના કામમાં ઉપયોગ કરે છે. આ દોરો મજબૂત હોય છે. **કપૂરકાચલી**—તીક્ષ્ણ, દાહક, તીખી, કડવી, તૂરી, શીતવીર્ય, લઘુ, કિંચિત્ પિત્તકર અને કાસ, શ્વાસ, જ્વર, શૂળ હેડકી, ગુલ્મ, રક્તરોગ, વાયુ, ત્રિદોષ, અરુચિ, દુર્ગંધ, વ્રણ, આમ, ઉલટી અને હિધ્મરોગનો નાશ કરે છે. વળી એ મધુર, ખાટી, પિત્તકોપ કરનારી અને મુખદોષ તથા અરુચિનો નાશ કરનારી છે. એની માત્રા છ રતીની છે. **સર્વ પ્રકારની ઉલટી ઉપરઃ**—કપૂરકાચલીનું વસ્ત્રગાળ ચૂર્ણ ખરલમાં નાખી પાણી સાથે બરાબર ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાયામાં સુકાવી લેવી. મોટા માણસને ૩ થી ૬ ગોળી તથા બાળકને એક ગોળી જળ સાથે આપવાથી વમન, ખાલી ઉબકો, વાયુની મોળ વગેરે દૂર થાય છે. જરૂર પડયે બબ્બે કલાકે ત્રણ ચાર વખત આપવી.

૮૯ **કપૂરભેંડી**—કપૂરભેંડીનાં ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે માથોડું-બે માથોડું હોય છે. કપૂરભેંડીનાં પાંદડાં નરમાનાં પાંદડાં જેવાં હોય છે. એનાં ફૂલ ધોળા રંગનાં હોય છે. કપૂરભેંડીનાં ઝાડ ઘણું કરીને ડુંગરની કિનારી પર હવડ જગ્યાએ હોય છે. કપૂરભેંડીના મૂળની ઉત્તમ સુવાસ આવે છે. કપૂરભેંડી અનેક રોગો ઉપર ચાલે છે. **ઉપયોગઃ—(૧) સર્પદંશ ઉપરઃ**—કપૂરભેંડીનાં મૂળ ઘસી આશરે ૪ તોલા પાવાં. **(૨) આગંતુક જખમ ઉપરઃ**—કપૂર-

---

૦ ઔંસ તથા નવસારનાં ફૂલ ૦ ઔંસ મેળવેલાં છે. કોઇએ ઇલાઇચીનું તેલ ૦ ઔંસ તથા તજનું તેલ મેળવેલ છે. બીજી કોઈ પણ વસ્તુ મેળવ્યા વિના અનેક રોગીઓને જુદા જુદા દર્દોમાં અનેક વખત ઉપર કહેલી ત્રણ વસ્તુમાંથી તૈયાર થયેલી ઔષધિ આપી છે, જેથી ઘણાઓના રોગ દૂર થયા છે. બીજી વસ્તુ મેળવીને પણ ઉપયોગ કરેલો છે.

"અમૃત બિંદુ" "અમૃતધારા" "જીવનધારા" "જીવનરક્ષક" "પ્રાણરક્ષક" "જીવન બિંદુ" "સર્વ વ્યાધિનાશક રસ" ઇત્યાદિ અનેક નામથી આ ઔષધિ વેચાય છે. ખરો ફાયદો ઉપર કરેલી ત્રણ વસ્તુઓનોજ છે. સહેલાઇથી કોઇ પણ બનાવી શકે છે. ત્રણ વસ્તુ મેળવ્યા પછી ૦ કલાકની અંદરજ પાણી તૈયાર થઇ જાય છે. કપૂરનો અર્ક તેમજ આ ઔષધિ ખુલ્લી શીશીમાંથી ધીરે ધીરે ઉડી જાય છે; માટે સારા બુચવાળી સાફ કાચની શીશીમાં ભરી રાખવી.

ભેંડીનાં મૂળ ઘસી જખમ ઉપર ચોપડવાં; એટલે જખમનું શોધન થઇ જખમ જલદી ભરાઇ આવે છે. (૩) ભગંદર ઉપરઃ—કપૂરભેંડીનાં મૂળ ચંદન પ્રમાણે ઘસી દિવસમાં ચાર-પાંચ વખત ચોપડવાં અને નિત્ય એક વખત પાવાં. (૪)વ્રણ ઉપરઃ—કપૂરભેંડીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ૭ માસા પ્રમાણે બે વખત પાવાં, તથા મૂળ ઉપરની છાલનું ચૂર્ણ ચલમમાં નાખી પીવું અને મૂળનો ગુમડા ઉપર લેપ કરવો. (૫) વાતરક્ત ઉપરઃ—કપૂરભેંડીનાં મૂળ ૧ તોલો ઠંડા પાણીમાં ઘસી નિત્ય બે વખત પાવાં. એમ ૬ માસસુધી આપવાં. (૬) ગંડમાલ અને ગ્રંથિરોગ ઉપરઃ—કપૂરભેંડીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી નિત્ય લેપ કરવો.

૯૦ કપૂરવેલ—આ ઝાડની 'વેલ' એવી સંજ્ઞા છે; પરંતુ એનાં ઝાડ થાય છે. એ ઝાડ ત્રણ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. એ પાસે લઈ જોવાથી ઘણું ચમત્કારિક જણાય છે. એ જોવામાં ઘણાં કરકરાં દેખાય છે, પણ હાથને સુવાળાં લાગે છે. એની વાસ ઘણું કરી કપૂરના જેવીજ આવે છે, માટે એનું 'કપૂરવેલ' એવું નામ પડેલું છે. એનેજ કોઇ 'કપૂરચિનઇ' એમ કહે છે. એ ઝાડને કેટલાક ધોળા રંગના તોરા (માંજર) આવે છે. તેમાં પણ પાંદડાં પ્રમાણેજ વાસ આવે છે. એજ આ ઝાડનાં ફૂલ છે. એ તોરા અથવા એનાં પાંદડાં બીજાં ફૂલોના ગુચ્છામાં ઘાલ્યાં હોય તો તેમાં તરેહ તરેહની વાસ આવે છે. ઉપયોગઃ—(૧) પેટપીડ ઉપરઃ—કપૂરવેલનાં પાંદડાંનો રસ કાઢી પીવા આપવો.

૯૧ કમળ—સં૦ હિં૦ કમલ, પદ્મ. મ૦ કમળ. બં૦ તાવેર, કમર. ત૦ પદ્મમુ. ઈં૦ લોટસ.

क સફેદ કમળ—સં૦ પુંડરીક. મ૦ પાંઢરે કમળ. હિં૦ સફેદ કમલ. ક૦ બિલિય તાવરે-કમલ. તૈ૦ તામરા. તા૦ તામરે, વેળંબલ. તુ૦ તાવરે, અલિગે. મલા૦ અરવિંદ, તામરા, વેળંફળ. ફા૦ નીલોફર. અ૦ કરંલુલમા. લા૦ નીલંબિયમ્ સ્પેસીયોસમ્.

ख રાતાં કમળ—સં૦ કોકનદ. મ૦ રક્ત કમળ. કો૦ પોસરાચેં ફૂલ. હિં૦ લાલ કમલ. ક૦ કેંપુ તાવરે, કેન્નેદિલે. તૈ૦ ઇર્રીકાલાવા, ચંદોવા. લા૦ નીલંબીયમ પ્યુએસિન્સ. તા૦ શિવવલ્લી અરે કંબલ. તૂ૦ કેંપલિ. મલા૦ રક્તોત્પલં, અરકંબલ, ગોમંતરી, તાંબડે સાલક.

ग નીલકમળ—સં૦ નીલાબ્જ, ઉત્પલ. મ૦ નિળેં કમળ, હિં૦ નીલકમલ. ક૦ નીલતાવરે. તૈ૦ નીલકાલાવા. ફા૦ નીલોફર. અ૦ વર્દ નીલોફર. લા૦ નીલંબીયમ્ કેરૂલિયમ્.

घ કમળકંદ—સં૦પદ્મકંદ.મ૦ કમળકંદ. હિં૦ કમલકંદ, ભસીંડા. ક૦કમલકંદ. તૈ૦ તામરદુંપલુ.

च કમળ કેશર—સં૦ કિંજલ્ક. મ૦ કમલકેશર. હિં૦ કમલકેશર. ક૦ પદ્મકેશર. તૈ૦ તામરકેસરાલું.

×કમળની ઉત્પત્તિ તળાવમાં અથવા જળસમૂહમાં ઘણું કરીને થાય છે. પાણી સિવાય કમળ થતુંજ નથી. એના કાંદા હોય છે. એને ડીટાં આવી તે ઉપર ફૂલ આવે છે. એનાં ડીટાં ઘણાં લાંબાં હોય છે. તેને અંદર જાળી હોઈ તે પોલું હોય છે. એનાં પાંદડાં ગોળ હોય છે. કમળમાં ઘણી જાતિ છે. ધોળાં, રાતાં, ગુલાબી અને કાળાં ઇત્યાદિ. કમળનાં ફૂલ ઘણાં શોભાવંત દેખાય છે. તેને અનેક લાંબી સેરો હોઈ તે પાસે પાસે હોય છે. જુદી જુદી જાતિની અને જુદી જુદી નાની-મોટી આકૃતિઓ હોય છે. કેટલીક જાતિઓનો વાસ આવે છે અને કેટલીકનો વાસ આવતો નથી. 'કહ્લાર' નામની એક કમળની જાતિ છે. તેનાં પાંદડાં કમળ જેવાં પણ કિંચિત્ નાનાં હોય છે. કહ્લારનાં ફૂલ માત્ર કમળ કરતાં જુદી તરેહનાં હોય છે. આ ફૂલ ધોળાં હોઈ સુકુમાર અને નાનાં હોય છે. એનો સુવાસ ઘણો છે. એને ચોમાસામાં ફૂલ ઘણાં આવે છે. 'કુમુદ' કરીને એક કમળની જાતિ છે. તેનાં પાંદડાં કમળનાં પાંદડાં જેવાંજ હોય છે. ફૂલ માત્ર બારીક અને સુકુમાર હોય છે. એનાં ફૂલનો જથો ઠંડીના દિવસોમાં ઘણો હોય છે. વિશેષે કરી ધોળાં કમળને 'પુંડરીક' કહે છે, રાતા કમળને 'કોકનદ' કહે છે અને કાળા કમળને 'ઇંદીવર' કહે છે. કમળના સર્વ વેલાને 'કમાલની' કહે છે. 'કમલાક્ષ' નામે એક કમળની જાતિ છે. તે જાતિનાં કમળોનાં ડીંટાં ધોળાં

× ગરમ કરેલું તલનું તેલ મેળવવાનો સાધારણ રિવાજ છે. કપૂર ઠંડા તેલમાં બરાબર મળતું નથી.

હોઇ કોઇ કોઇ પગના અંગુઠા જેટલાં જાડાં હોય છે. ડીંટાં કાદવમાં થયેલાં હોઇ તેમાં સ્વાદ ઘણો હોય છે. એ ડીટાંને મરાઠીમાં "ભિસે" કહે છે. એ કમળનાં પાંદડાં મોટી છત્રી જેવાં હોઇ તે જમવામાં પત્રાળાંતરીકે વપરાય છે. એ કમળ (ફૂલો) રાતા રંગનાં હોય છે. કમળનું " પોયણી " એવું નામ પણ છે. એ કમળને નાનાં ચપટાં ફળ આવે છે. તેમાં નાના કરમદા જેવડાં પાંચ છ બીઆં હોય છે; તેને 'કમળાક્ષ' અથવા 'કમળકાકડી' કહે છે. એ બીઆંની અંદર જે ધોળો મગજ હોય છે તે ભાગીને ખવાય છે. કાશીમાં કમળાક્ષની લાહી કરે છે. તે દૂધમાં નાખી ખાય છે કિંવા એનો લોટ કરી તેમાં ઘી-સાકર નાખી લાડુ કરે છે. કમળકાકડી ઘણી પૌષ્ટિક છે. ડીંટાના નાના નાના કકડા કરી તેને સૂકવે છે. તે ડીંટાની કાચરી થાય છે. તેને ઘીમાં કે તેલમાં તળી ખાય છે. **કમળ:**—શીતળ, સ્વાદુ, સુગંધી, ભ્રાંતિહારક, તાપનાશક, વર્ણકર અને તૃપ્તિકર છે. એ રક્તપિત્ત, શ્રમ, કફ, પિત્ત, તૃષા, દાહ, વિસ્ફોટક, રક્તદોષ, વિસર્પ અને વિષનો નાશ કરે છે. ઉપયોગ:— (૧) ગુદભ્રંશ ઉપર:—કમળનાં કુમળાં પાંદડાં સાકર સાથે ખાવાં. **(૨) શરીરમાં થયેલી સર્વ પ્રકારની ગરમી જતી રહેવાને તથા ધાત પડતી હોય તો:**—ધોળા કમળનો કંદ લાવી રાખવો એટલે તેમાંથી જે બરફ આવે તે પાશેરપર્યંત લઇ, તેમાં આશીંદરાની અંતરછાલનું ચૂર્ણ અર્ધો તોલો અને ગાયનું દૂધ નાખી સર્વ મિશ્રણ સરખું કરવું. પછી જીરાની ભૂકી અને ખડી-સાકરની ભૂકી નાખી આપવું. આ ઔષધ બરાબર ગુણ આવે ત્યાંસુધી આપવું. **(૩) તણખિયા અને ઠંડા પ્રમેહ ઉપર:**—ધોળા કમળના કંદનો લોટ કરી નિત્ય સવારે ગાયનું ઘી ૧ તોલો લઈ તેમાં એ લોટ અર્ધો તોલો, જીરાની ભૂકી ત્રણ ગુંજા અને ખડીસાકર ૬ માસા નાખી સવારે અને સાંજે આપવું. (૪) દાહ ઉપર:—કમળ અને કેળનાં પાંદડાં ઉપર શયન કરવું. **(૫) પિત્તજ્વર ઉપર:**—ધોળા કમળની કળીઓ, જેઠીમધ અને ખડીસાકરનો કાઢો કરી ઠંડો થયા પછી આપવો.

૯૨ કરમદી—સં૦ કરમર્દ. મ૦ કરવંદ. હિં૦ કરૌંદા, કરોંદી. બં૦ કરમચા. ક૦ કરજીગે. તૈ૦ વાંકા, પારિકચેટુ. ઇં૦ જાસ્મિન ફ્લાવર્ડ કેરીસા. લા૦ કેરીસા કોરંડાસ.

આ કાંટાવાળું ઝાડ છે અને ડુંગરોમાં થાય છે. એને ગોળ, ઝીણાં અને કાળા રંગનાં ફળો આવે છે. લીલાં ફળોનું અથાણું થાય છે. એનાં લાકડાં ફક્ત બાળવાના કામમાં આવે છે. ફળો પાકેલાં હોય તોપણ થોડાં ખાટાં લાગે છે. કરમદાંમાં એક કડવી જાત છે. **લીલાં કરમદાં:**— કડવાં, અગ્નિદીપક, ગુરુ, પિત્તકર, ગ્રાહક, ખાટાં, ઉષ્ણ અને રુચિપ્રદ છે. એ રક્તપિત્ત તથા કફને વધારનાર અને તૃષાનાશક છે. **પાકેલાં કરમદાં:**—મધુર, રુચિકર, લઘુ તથા શીતળ છે; અને પિત્ત, રક્તપિત્ત, ત્રિદોષ, વિષ તથા વાયુનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) વિષ ચઢેલું હોવાની પરીક્ષા:**—કરમદીનાં મૂળ પાણીમાં ઘસી થોડુંક પાણી પીવું. વિષ ચઢેલું હશે તો ઉલટી થશે નહિ. **(૨) ખસ માટે:**—કડવી કરમદીનાં મૂળ પાણીમાં અથવા મીઠા (તલના) તેલમાં ઘસી ચોપડવાં. **(૩) ક્ષતમાંના કૃમિ મરવાને માટે:**—કડવી કરમદીનાં મૂળ પાણીમાં ચંદન પ્રમાણે ઘસી લેપ કરવો અને થોડું પાણી કરી ક્ષતમાં નાખવું; એટલે જલદી કૃમિ નહિ જેવા થાય છે. **(૪) સર્પદંશ ઉપર:**—કડવી કરમદીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. **(૫) વિષમજ્વર ઉપર:**— કડવી કરમદીનાં મૂળ પાણીમાં ઘસી અંગે લેપ કરવો. **(૬) શોફોદર ઉપર:**—કડવી કરમદીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી પાવાં.

૯૩ કરિયાતું—(પાન કરિયાતું)—સં૦ કિરાતતિક્ત; ભૂનિંબ. કો૦ પાલેકિરાઈત, ફૂલકિરાઈત. હિં૦ ભૂચિરાયતા, ભૂચિરેતા. ક૦ નેલબેવુ ઉરકિરિયાત. બં૦ ભૂચિરાતા. મ૦ કિરાઈત, ભુઇનિંબ. તૈ૦ નેલાનેમુ. તા૦ નિલબેંવુ, વેરકિરિયાત. તુ૦ મેલકિરિયાતુ. મલા૦ નિલવેપુ. ફા૦ નૈનિહાદ. અ૦ કસ્બુઝ, ઝારિરા. ઇં૦ ચિરેટા. લા૦ જસ્ટિશિયા પેનિક્યુલેટા.

કરિયાતાની બે જાતો છે. એક દેશી કરિયાતું (પાન કરિયાતું) અને બીજું નેપાળી કરિયાતું (ડાંખળીવાળું કરિયાતું). (સં૦ નેપાલ. મ૦ કાડેકિરાઇત, ચિરાઇત. હિં૦ નેપાલનિમ્બ, ચિરાયતા. ક૦ કિરિયાત, ચિરિયાતગિડ. તૈ૦ તા૦ ચિરાયત. તુ૦ કિરાયત. મલા૦ કિરાયતુ. ગોમં૦ જિરાતે. લા૦ ઓફેલિયા ચિરેટા. ઇં૦ ચિરાઇત જેન્શિયન.) કરિયાતાના છોડ નાના હાથ દોઢ હાથ ઉંચા

હોય છે. એનાં પાંદડાં નાનાંસરખાં લંબાઈ પડતાં હોય છે. કરિયાતું આ દેશમાં બગીચા વગેરે સ્થળે થાય છે. ડાંખળીવાળું નેપાળી કરિયાતું એ નેપાળ તરફથી કલકત્તાના માર્ગે મુંબઈ આવે છે. એ બહુજ કડવું છે. એને પણ કરિયાતું કહે છે. **કરિયાતું:**—વાતુલ, કડવું, વ્રણરોપણ, સારક, શીતળ, પથ્યકર, લઘુ અને રૂક્ષ છે. એ તૃષા, કફ, પિત્ત, તાવ, કોઢ, ખરજ, સોજો, કૃમિ, સન્નિપાતજ્વર, દાહ, શૂળ, પ્રમેહ, વ્રણ, શ્વાસ, કાસ, પ્રદર, શોષ, અર્શ અને અરુચિનો નાશ કરે છે. **નેપાળી કરિયાતું:**—કાંઇક ઉષ્ણ, યોગવાહક, લઘુ અને કડવું છે. તે કફ, પિત્ત, શોથ, રકતરોગ, તૃષા અને જ્વર, એનો નાશ કરે છે. બાકીના ગુણ પાનકરિયાતા જેવા છે. **ઉપયોગ:—(૧) આમવાત, જીર્ણજ્વર અને સર્વ પ્રકારના ગરમીના રોગ ઉપર:**—રાત્રે ૩ માસા કરિયાતું બે તોલા પાણીમાં ભીંજવી રાખી સવારે લૂગડાથી ગાળી તેમાં બે રતી કપૂર, બે રતી શિલાજિત, અર્ધો તોલો મધ, એ પ્રમાણે નાખી દરરોજ સેવન કરવાથી ૭ દિવસમાં ફાયદો આપ્યા વગર રહેતું નથી; અને સર્વ રોગથી મુકત કરી સારી શક્તિ આપે છે. એ અનુભવસિદ્ધ છે. **(૨) સાધારણ સર્વ જ્વર ઉપર:**—કરિયાતું, સુંઠ ને દીકામાળી, એનો અષ્ટમાંશ કાઢો કરી રાખવો અને હમેશાં સવારે, બપોરે અને સાંજે, એ પ્રમાણે ત્રણ વખત પાવો. **(૩) નળવિકાર અને પેટના દુઃખાવા ઉપર:**—કરિયાતાનાં લીલાં પાંદડાં બારીક વાટી તેનો રસ કાઢવો. તેમાં મરી, સિંધાલૂણ અથવા વડાગરૂં મીઠું અને થોડી હીંગ નાખી આપવું. એનાથી અજીર્ણ દૂર થાય છે. **(૪) કંપારા ઉપર:**—(એકાદ દિવસમાં પાંચ-દશ વખત શરીરમાંથી સ્વાભાવિક થરથરાટ આવે તેનું કારણ-અસ્થિગત જીર્ણજ્વર છે.) નેપાળી કરિયાતું, સુંઠ, કડુ, ખારેક અને કડાછાલ, એનો કાઢો કરી મધ નાખી આપવો. **(૫) અમ્લપિત્ત ઉપર:**—કરિયાતું અને ભાંગ એનો કાઢો કરી તેમાં મધ નાખી આપવો. **(૬) હરતાલના વિષ ઉપર:**—કરિયાતાનો કાઢો આપવો.

૯૪ **કરેણ (કણેર)**—સં૦ કરવીર. મ૦ કણ્હેર. હિં૦ કરેણા. બં૦ કરવી. ક૦ કણિગિલ, કણગિલે. તૈ૦ કાનેરચેટ્ટુ ગન્નેરૂ. તા૦ અલારિ, કરવીરં. મલા૦ કનાવિરં. ફા૦ ખરજેહરા. અં૦ ઈં૦ સ્વીટ સેંટેડ, ઓલિએન્ડર. લા૦ નિરિયમ ઓડોરમ્.

આ ફૂલ-ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એની ઉંચાઇ શુમારે માથોડું બે માથોડાં હોય છે. એમાં ધોળી, રાતી, ગુલાબી અને પીળી, એવી ચાર જાતિ છે. તેમાં ધોળી કરેણ ઔષધના કામમાં વધારે ગુણાવહ છે. એનાં મૂળ ઘણાં વિષારાં છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. 'એ ઝાડ પાસે સર્પ આવતો નથી' એમ કહેવાય છે. **ધોળી કરેણ:**—તીખી, કડવી, તૂરી, તીક્ષ્ણ, ઉષ્ણવીર્ય અને ગ્રાહક છે; તથા મેહ, કૃમિ, કુષ્ઠ, વ્રણ, અર્શ અને વાયુનો નાશ કરે છે. ખાવામાં આવી હોય તો વિષ છે અને નેત્રોને હિતાવહ, લઘુ તથા વિષ, વિસ્ફોટક, કુષ્ઠ, કૃમિ, કંડૂ, વ્રણ, કફ, જ્વર તથા નેત્રરોગનો અને ઘોડાના પ્રાણનો નાશ કરે છે. **રાતી કરેણ:**—શોધક, તીખી, પાક વખતે કડુ અને લેપ કરવાથી કોઢનાશક છે. **પાટલવર્ણ** (ગુલાબી) **કરેણ:**—મસ્તકશૂળ, કફ અને વાયુનો નાશ કરે છે. એના બીજા ગુણો તથા પીળી, કાળી કરેણના ગુણ ધોળી કરેણના જેવા છે. માત્રા ૨ રતીથી ૪ રતી છે. **ઉપયોગ:—(૧) સર્પ, વિંછી વગેરેના વિષ ઉપર:**—ધોળી કરેણનાં મૂળ ઘસી દંશ ઉપર લેપ કરવો અથવા શક્તિ પ્રમાણે પીવાં અથવા પાંદડાંનો રસ પી જવો. કદાપિ એ ઔષધથી ગ્લાનિ આવે તો ઘી પીવું. **(૨) ઉપદંશ ઉપર:**—કરેણનાં મૂળ ઘસી લેપ કરવો, એટલે અસાધ્ય પીડા પણ દૂર થાય છે. **(૩) વિષમજ્વર ઉપર:**—કરેણનાં મૂળ રવિવારે કાને બાંધવાં. આ યોગ સર્વ પ્રકારના જ્વર ઉપર પ્રશસ્ત છે. **(૪) મૂળવ્યાધિ ઉપર:**—કરેણનાં મૂળ ઘસી તેનો લેપ કરવો. **(૫) રતવા ઉપર:**—રાતી કરેણનાં ફૂલ અને ચોખા સમભાગ લઈ રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખીને તે વાસણ ઉઘાડું રાખવું. બીજે દિવસે પ્રાતઃકાળે તે ચોખા અને ફૂલ એકત્ર વાટી લેપ કરવો. **(૬) શિરોરોગ ઉપર:**—ધોળી કરેણનાં સૂકાં મૂળ લીસા પથ્થર ઉપર ઘસી મસ્તકના વેદનાયુક્ત ભાગ ઉપર ચોળવું. **(૭) સર્પના વિષ ઉપર:**—ધોળી કરેણનાં ફૂલ સૂકવી તેના સમભાગે કડક તંબાકુ મસળી, તેમાં એલચીદોડાની થોડી ભૂકી નાખી તે ચૂર્ણ વસ્ત્રગાળ કરી તપખીર પ્રમાણે સુંઘવું. **(૮) વિસર્પ રોગ ઉપર:**—લાલ કરેણનાં ફૂલ અને ચોખા સમભાગ લઈ રાત્રે ઠંડા પાણીમાં ભીંજવવાં.

વાસણનું મોં ખુલ્લું રાખવું. સવારે કાઢી પથ્થર પર વાટી વિસર્પ પર લગાડવાથી રોગ દૂર થાય છે. **(૯) અર્ધાંગવાયુ અને પક્ષાઘાત ઉપર:**—સફેદ કરેણની જડની છાલ, સફેદ ચણોઠીની દાળ તથા કાળા ધતુરાનાં પાન સર્વ સમભાગ લઇ પીસી કલ્ક કરવો. પછી ચારગણું પાણી તથા કલ્કની બરોબર તેલ મેળવી કલાઇવાળા વાસણમાં મંદાગ્નિ પર પકાવવું. પાણી બળી જાય ત્યારે ઉતારી કપડાથી ગાળી લેવું. આ તેલ માલીશ કરવાથી અર્ધાંગ વાયુ તથા પક્ષાઘાત દૂર થાય છે. **(૧૦) નપુંસકપણા ઉપર તિલ્લા:**—સફેદ કરેણની જડ, જાયફળ, અફીણ, ઇલાયચી અને શીમળાની છાલ, એ સર્વ સમભાગે લઇ ખાંડી ચૂર્ણ કરી કપડેથી ગાળી લેવું. પછી ચૂર્ણથી અર્ધું તલનું તેલ મેળવી ગરમ કરવું. ગરમ થવા પછી ઉતારી ઉપરનો ભાગ છોડી બાકીના ભાગમાં લેપ કરવાથી ત્રણ દિવસમાં જાગૃતિ આવે છે.

૯૫ કરંબળ—સં૰ ભવ્ય. બં૰ ચાલતા. કરંબળનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઝાડ કોકણપ્રાંતમાં પુષ્કળ થાય છે. એ ઝાડનાં પાંદડાં મોટાં હોઇ હાથ સવા હાથ લાંબાં થાય છે. એનાં ત્રણ પાંદડાં એકત્ર જોડવાથી એક મોટી પતરાળી તૈયાર થાય છે. **ઉપયોગ:—(૧) ગર્ભમાંની ગરમીથી બાળકના અંગની ચામડી જાય છે તે ઉપર:**—કરંબળાની છાલનો રસ તોલા ૨, જાઇના પાલાનો રસ તોલા ૨, ધોળો કાથો તોલા ૨, શંખજીરૂં તોલો ૧, સિંદૂર માસા ૬, જેઠીમધનો શીરો માસા ૬ અને ગાયનું માખણ તોલા ૮, એ સર્વ એકત્ર ખરલ કરી તૈયાર થયા પછી આ ઔષધ કપાસના રૂથી બાળકના અંગે ચોપડવું. આ સતત ૩ દિવસસુધી બે વાર ચોપડવું. ચોથા દિવસે દૂધ અને ઘી એકત્ર કરી બાળકના અંગે ચોપડી સ્નાન કરાવવું. **(૨) પગ વળે છે તેને માટે:**—કરંબળાની છાલનો રસ કાઢી તેમાં કાળાં મરી બારીક વાટી પગે લેપ કરવો અને ઉપર કરંબળાનાં પાંદડાં મૂકી તે ઉપર કપડાનું ઢાંકણ કરવું. એ પ્રમાણે એક બે વખત કરવું, એટલે ગુણ આવે છે. **(૩) અતિસાર ઉપર:**—કરંબળાની છાલ દહીંમાં આપવી.

૯૬ કલગારી—(દુધીઓ વછનાગ) સં૰ કલિકારી, કલિહારી. મ૰ કળલાવી, ચગમોડયા, ખડયા નાગ, વાગચબકા. કોં૰ કળવી, કલઈ. રા૰ રાળ કરામણી. ગોમં૰ વાગાનાંકટા, શિવશક્તિ. હિં૰ કલિહારી, કલિયારી, કલહંસ. બં૰ વિષલાંગલા, ઇષલાંગલા. ક૰ રાડાગારી, લાંગલિકે, કોળીકક્કનગિડ, કોલિકુટ્ટમા. તુ૰ બલિપપુ. મલા૰ મેટોન્નિ, કાંડલ. તૈ૰ અગ્નિશિખા, લાંગલી. ઇં૰ ઉલ્ફ્સ્બેન. લા૰ ગ્લોરિઓઝા સુપર્બા.

×કલગારીનાં ઝાડ પ્રથમ જાડા ઘાસના જેવાં થઈ વેલી પ્રમાણે પ્રસરે છે. એનાં પાંદડાં આદુનાં પાંદડાં પ્રમાણે હોય છે. એ બહુધા વડના આશ્રયે થાય છે. કલગારીના જૂના છોડની જાડાઇ કદળીના છોડ જેવડી થાય છે. આ ઝાડ ઉનાળામાં સૂકાઈ જાય છે. એનાં ફૂલોની પટીઓ લાંબી હોઇ જાસુંદીનાં ફૂલ જેવડી થાય છે. આ ફૂલ રાતાં, પીળાં, ભગવાં અને ધોળાં, એમ રંગ-બેરંગી હોય છે. એ ફૂલના યોગથી ઝાડ દૂરથી શોભાવાળું દેખાય છે. એનો કંદ વિષારી છે. એને ગુજરાતીમાં દુધીઓ વછનાગ કહે છે. મરાઠીમાં 'ખડયાનાગ' 'વાગચબકા' અને કોકણમાં કોઈ એને કળઇ, કળવી પણ કહે છે. **કલગારી:**—સારક, કડવી, તીખી, ખારી, પિત્તકર, તીક્ષ્ણ, ઉષ્ણ, તૂરી અને લઘુ છે; તથા કફ, વાયુ, કૃમિ, બસ્તિશૂળ, વિષ, કુષ્ઠ, અર્શ, કંડૂ, વ્રણ, સોજો, શોષ, શૂળ, શુષ્કગર્ભ અને ગર્ભનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કાખમાંજરી (બાંબલાઈ) અને વાળા માટે:**—

× કલગારીનો વછનાગની વેલના સમાન વડના આકારનો ક્ષુપ થાય છે; પાંદડાં કોપપુષ્પીના જેવાં હોય છે. ફૂલ લાલ અને પીળા મિશ્ર રંગનાં અત્યંત સુંદર હોય છે. ફળ ત્રણ હાંસનાં મરીના સમાન થાય છે. એની અંદર રાતી છાલવાળાં ઈલાયચીનાં બીજ જેવાં બીજ હોય છે. એની વેલની નીચે ગાંઠ હોય છે. એના ઉપરની છાલ પીળાશ પડતી હોય છે. એ ગાંઠને વછનાગ કહે છે. એમાં વિષ (ઝેર) હોય છે. કલગારીની માત્રા ૬ રતીની છે. કેટલાક કહે છે કે:—"એ સાપના રાફડા સાથે થાય છે. એના ફૂલમાં ત્રણ ચાર રંગ હોય છે અને એ ફૂલનો આકાર ધંતુરાના ફૂલ જેવો હોઈ તે કરતાં મોટાં હોય છે."

કલગારીનો કંદ ઘસી ચોપડવો. વાળો થવા માંડે કે તરતજ આ ઉપાય કરવો. **(૨) અપચી (ગંડમાળનો ભેદ) રોગ ઉપર:**—કલગારીના કંદનો કલ્ક કરી તેમાં ચોગણું તેલ અને તેલ જેટલોજ નગોડનો રસ નાખી તેલ સિદ્ધ કરી તેનું નસ્ય કરવું અને લેપ પણ કરવો. **(૩) વ્રણ, ગંડમાળ, કાળપુળી અને બદ ઉપર:**—કલગારીનો કાંદો ઘસી ચોપડવો. **(૪) સુખે પ્રસવ થવા માટે:**—કલગારીનો કંદ પાણીમાં ઘસી આપણા હાથે લેપ કરી જે સ્ત્રીને દુઃખ થતું હોય તેના હાથને આપણા હાથનો સ્પર્શ કરવો, એટલે સત્વર પ્રસુત થશે; અથવા કલગારીના કંદને તાંતણો બાંધી તે હાથેપગે બાંધવો. **(૫) ઢોરનું અંગ બહાર આવે છે તે ઉપર:**—કલગારીનો પાલો હાથે ચોળી તે અંગ પાસે બંને હાથ લાવવા એટલે અંગ અંદર જાય છે. ન જાય તો તે અંગને હાથનો સ્પર્શ કરવો અને બંને હાથ મોં આગળ લાવી દેખાડવા, એટલે અંગ અંદર સ્થિર રહે છે, પુનઃ બહાર આવતું નથી. **(૬) કમળા ઉપર:**—કલગારીનાં પાંદડાંનું ચૂર્ણ છાશમાં આપવું. **(૭) યોનિશૂળ અને પુષ્પાવરોધ ઉપર:**—કલગારી, અઘાડો અથવા વૃંદાવન, એનાં મૂળ યોનિમાં રાખવાં. **(૮) કર્ણકૃમિ (કાનમાં કૃમિ થાય છે તે) ઉપર:**—કલગારીનો કાંદો વાટી તેનો રસ કાનમાં નાખવો. **(૯) સર્પદંશ ઉપર:**—કલગારીનો કંદ પાણીમાં વાટી તેનું નસ્ય આપવું. **(૧૦) ખરજવા ઉપર:**—કલગારીના અને કડવીના કંદ ઘસી ૪–૫ દિવસ ચોપડવા. **(૧૧) સોજા અને ગાંઠ વગેરે ઉપર:**—કલગારીનો કાંદો વાટીને બાંધવો.

૯૭ **કલૌંજી જીરૂં**—સં૦ ઉપકુંચિકા. મ૦ કલૌંજી. હિં૦ કલૌંજી, મગરેલા. ક૦ કરિડા-કુજીરિગે. તૈ૦ નલ્લાજીરા કારા. મલા૦ કરિંચિરક. ફા૦ શોનિઝ, સ્યાદાને. અ૦ હવતુસ્ સોદા. ઈં૦ સ્મૉલ ફેનલ ફ્લાવર. લા૦ નિગેલ્લા સેટિવા. તા૦ કરૂ ચિરગમ્. તુ૦ કપ્પલ જીરદારી.

કલૌંજી જીરૂં પણ કાળીજીરી પ્રમાણેજ હોય છે. ઝાડ પણ તેવડાંજ મોટાં થાય છે. ઉત્તર-હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એ છોડ બાગમાં વાવવાથી થાય છે. આ જીરૂં કડવું, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, વૃષ્ય, અજીર્ણનાશક અને ગર્ભાશયને શુદ્ધ કરનાર છે; તેમજ આધ્માન-વાયુ, ગુલ્મ, રક્તપિત્ત, કૃમિ, પિત્ત, આમદોષ, વાયુ તથા શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અજીર્ણ, અગ્નિમાંદ્ય, આમ અને શૂળ ઉપર:**—કલૌંજી જીરાનો કાઢો કરી તેમાં સંચળનું ચૂર્ણ નાખી આપવું.

૯૮ **કસુંબી (કસૂમ)**—સં૦ ક૦ કુસુંભ. મ૦ કરડઈ. હિં૦ કસૂમ, કર્ં. બં૦ કુસુમ. ક૦ કસુંભ. તા૦ ચેંડુરકકુ. તૈ૦ લતરૂફ, લક્ક, બંગારમ્, મલા૦ કયમપતરૂ. ફા૦ ગુલેમાસ્કર, તુખ્મ-કાયસા. અ૦ અખરીજ, હબુલઅસ્ફર. ઈં૦ ઑફિસિનલ કાર્થેમસ્. લા૦ કાર્થેમસ ટિંક્ટોરિયમ્.

×કસુંબીનાં ઝાડ કમરપૂર ઉંચાં વધે છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. તેને બારીક કાતરા હોય છે. કસુંબીને પીળા રંગનાં ફૂલ આવે છે. તેમાં કેસર પ્રમાણે તંતુ હોય છે. એ ફૂલમાંથી પછી મોટી સોપારી જેવડું જીંડવું આવે છે. તેને ડીટું હોય છે. એ જીંડવામાં કસુંબીના દાણા હોય છે, તેને કાબરા કહે છે. એ ઝાડ અને જીંડવાં ઉપર કાંટા હોય છે. કસુંબી દક્ષિણનાં ગામ-ડાંમાં ઘણીજ પાકે છે. કસુંબીમાં બે જાત છે. એક કાંટાવાળી અને બીજી કાંટાવિનાની. કસુંબીનાં ફૂલો વીણી લઈ સૂકવે છે અને તેનો કસુંબો કરે છે. તેનો રંગમાં ઉપયોગ થાય છે. એ ફૂલો કાઢી લેવાથી કસુંબીનો પાક વધતો નથી. કસુંબીનાં બીઆંનું તેલ કાઢે છે. તે ખાવાના તથા બાળવાના કામમાં આવે છે. ખોળ ઢોરોને ખાવા મૂકે છે. કુમળી કસુંબીના પાલાની ભાજી પણ

× કસુંબીના છોડ ઘઉંના વાવેતર પછી વવાય છે. જ્યારે ખેતરમાંની ભીનાશ ઘઉંના વાવેતરને પણ લાયક રહેતી નથી, ત્યારે એવા ઘઉંવાળા ખેતરમાં કિંવા ખેતરના શેઢા ઉપર એને વાવવામાં આવે છે. એના કાબરા (બીજ) દેખાવમાં કપાસનાં બીજ(કપાસીઆ)ના જેવાજ હોય છે. એમાં તેલનો વિશેષ ભાગ હોય છે, તેથી ઘાંચી લોકો એના તેલનો ભેળ બીજા તેલમાં કરે છે અથવા એની સાથે તલ કે સરસવને ભેળીને પીલે છે. દૂઝણા ઢોરને એ કાબરા ખાંડીને ખવરાવવાથી દૂધનો અને ઘીનો વધારો કપાસીઆ તથા ગવાર કરતાં પણ વિશેષ થાય છે.

કરે છે. કસુંબીનું તેલ બળકટ અને વીર્યવર્ધક છે. કસુંબીઃ—વાતુલ, રૂક્ષ, વિદાહી અને તીખી છે; તથા મૂત્રકૃચ્છ્ર, કફ અને રક્તપિત્તનો નાશ કરે છે. કસુંબીનાં ફૂલઃ—સ્વાદુ ત્રિદોષનાશક, ભેદક, રૂક્ષ, ઉષ્ણ, પિત્તકર, કેશરંજનકારક, કફનાશક અને લઘુ છે. કસુંબની ભાજીઃ—મધુર, નેત્ર્ય, ઉષ્ણ, તીખી, અગ્નિદીપક, અતિ રુચિકર, રૂક્ષ, ગુરુ, સારક, પિત્તકર, ખાટી તથા ગુદરોગકારક છે; અને કફ, મળ, મૂત્ર તથા મેદનો નાશ કરે છે. કસુંબીનું તેલઃ—બળકર, ખારૂં, કડવું, વિદાહી, અચક્ષુષ્ય, ગુરુ, તીક્ષ્ણ, ઉષ્ણ, મલસ્તંભક, કફપિત્તકારક, ખાટું, ત્રિદોષકારક અને કૃમિ તથા વાયુનું નાશક છે.

૯૯ કળથીઃ—સં૦ કુલિત્થ. મ૦ કુળીથ, હુલગે. દે૦ વ૦ હુલગે. હિં૦ કુલથી. બં૦ કુલથ કલાઇ. ક૦ હુરૂળી. તૈ૦ વુલવુલુ. તુ૦ કુદુ. તા૦ કોળુ. મલા૦ કોળુ, મુતિરા. ગો૦ કુલિથ. ફા૦ કુલ્લત, સુખહિંદી. અ૦ હબુલકિલત. ઈં૦ ટુ ફ્લાવર્ડ ડોલીકોસ્. લા૦ ડોલિકોસ્ લાયફ્લોરસ્.

જેમ તૃણધાન્યમાં કોદરા કેવળ ગરીબ ધાન્ય છે, તેમ દ્વિદલ ધાન્યમાં કળથી છે. એ ધાન્ય સર્વત્ર થાય છે. એનાં ઝાડ નાનાં હોય છે. એની ઉંચાઇ એક હાથને શુમારે થાય છે. એ ઝાડની આકૃતિ અને પાંદડાં કાંઇક અડદનાં પાંદડાંને મળતાં આવે છે. એની શિંગ કિંચિત્ વાંકી અને ચપટી હોય છે. કળથીનો રંગ રાતો હોય છે. જવલ્લે ક્વચિત્ કાળા અને ધોળા રંગની પણ કળથી થાય છે. કળથી ઘોડાને અને દૂઝણાં ઢોરોને ખાવા મૂકે છે. કળથીને ઉકાળી તેના ઉપરનું પાણી કાઢી તેનો સાર કરે છે, તેને 'કાઠ' કહે છે. ઘણું કરી રોગી માણસને આ પ્રકારના સાર સાથે ભાત ખાવા આપે છે. કળથીઃ—મધુર, તીક્ષ્ણ, રક્તપિત્તકારક, સારક, વર્મને શોષણ કરનાર, ઉષ્ણ, પાકકાળે ખાટી, તીખી તથા વિદાહી, તૂરી, પિત્તકર અને લઘુ છે; હેડકી, કફ, શ્વાસ, કાસ, વાત, અશ્મરી, દૃષ્ટિરોગ, પીનસ, આનાહ, શુક્ર, ગુલ્મ, અર્શ, જ્વર, મેદ, કૃમિ તથા સોજાનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **વાયુનો વિકાર ન થવાનેઃ**—કળથીનો કાઢો કરી પાવો એટલે રોગી માણસને વાયુનો વિકાર થતો નથી. (૨) **ગંડમાલા ઉપરઃ**—કળથી અને મરીનો કાઢો પાવો. (૩) **અતિસાર ઉપરઃ**—કળથીનાં ઝાડવાં કૂટી તેનો રસ તોલો ૧ અને કાથો ૦। તોલો, એ એકત્ર કરી દિવસમાં ત્રણ વેળા પાવો. (૪) **પરસેવો બંધ થવા માટેઃ**—શેકેલી કળથીનો લોટ શરીરે ચોળવો. (૫) **ઉરમાંથી અને પેટમાંથી લોહી પડે છે તે ઉપરઃ**—પાશેર કળથી બાફવી, તેમાં પાંચ ભિલામાંના કડકા કરી નાખવા અને તે કાટ પ્રત્યેક દિવસે પાવો.× (૬) **શૂળ ઉપરઃ**—કળથીનો કાઢો કરી હિંગ, બીડલોણ અને સુંઠ એનું ચૂર્ણ નાખી પાવો. (૭) **મૂતરખડા (પથરી) ઉપરઃ**—કળથીનો કાઢો સરપંખાનું ચૂર્ણ અને સિંધવ ૨ માસા નાખી પાવો.

૧૦૦ કંકોડી (કંટોલી)ઃ—સં૦ કર્કોટકી. મ૦ કરટોલી, કંટોલી, ફાકલી. હિં૦ ખેખસા, કંકોડા. બં૦ કાકરોલ. ક૦ મડુવાગાલ, માડાહાગલ, કાર્ચી, કર્કોટકી. તૈ૦ આગાકર. તા૦ ઇગારવલ્લી. તુ૦ કાડકંચાલા. મલા૦ વેંપાવલ. લા૦ મોમોર્ડિકાડા યોઇકા.

કંકોડીના વેલા ચોમાસામાં રાનમાં થાય છે. એ વાડના આશ્રયે રહે છે. એનો વેલો પાંચ દશ હાથ લાંબો પ્રસરે છે. એના કાંદા જમીનમાં થાય છે. વરસાદ પડયો એટલે તેને અંકુર ફૂટી તેના વેલા થાય છે. એ વેલાને અષાઢ મહિનાના અરસામાં ફળો આવે છે. આ ફળો રંગે લીલાં હોઈ તે ઉપર સુરેખ કાંટા હોય છે. એનું શાક સારૂં થાય છે. આ શાક પથ્યકર છતાં સ્વાદિષ્ટ છે. જે કંકોડીના વેલાને ફક્ત ફૂલોજ આવે છે પણ ફળ આવતાં નથી, તે વેલાને "વાંઝણી કંકોડી" (સં૦ વંધ્યા કર્કોટકી. હિં૦ વાંઝખખસ, બનકકોડા, બાંઝ કકોડા. બં૦ તિતકંકરોલ, તિતકાંકડી. મ૦ વાંઝકરટોલી. ક૦ બંઝેમડુવાગલુ. તા૦ પલુપ ઘો-કુંલુંગ. લા૦ મોમોર્ડિકા ડાયોઈકામેલ) કહે છે. કંકોડીના વેલા ઘણું કરી ડુંગરાળ જમીનમાં થાય છે. કંકોડીઃ—રુચિકર, તીખી, અગ્નિદીપક, કડવી અને ગરમ છે; તથા વાયુ, કફ, વિષ અને પિત્તનો નાશ કરે છે. એનાં ફળઃ—મધુર, લઘુ,

× પીવરાવવા પહેલાં તથા પછી એકેક તોલો ઘી ચટાડવું જોઇએ, કે જેથી ભિલામાં ગળાને લાગી નુકસાન કરવાનો ભય ન રહે.

પાકકાળે તીખાં તથા અગ્નિદીપક છે; તેમજ ગુલ્મ, શૂળ, પિત્ત, ત્રિદોષ, કફ, કુષ્ઠ, ઉધરસ, મેહ, દમ, જ્વર, કિલાસ કુષ્ઠ, લાલાસ્રાવ, અરુચિ અને હૃદ્રોગનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**—રુચિકર, વૃષ્ય અને ત્રિદોષનાશક છે; તથા કૃમિ, જ્વર, ક્ષય, દમ, ઉધરસ, હેડકી અને અર્શનો નાશ કરે છે. **એનો કંદ:**—મધમાં મસ્તકરોગ ઉપર પ્રશસ્ત છે. **વાંઝણી કંકોડી:**—કડવી, તીખી, ઉષ્ણ, રસાયન અને શોધન છે. **ઉપયોગ:—(૧) પલ્લી**(ગરોળી)**ના વિષ ઉપર:**—કંકોડીના કાંદા પાણીમાં ઘસીને સાત દિવસ આપવા. **(૨) મૂત્રકૃચ્છ્ર તથા ધાત પડે છે તે ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો એક તોલો મધ સાથે આપવો. **(૩) આગી મણીઆરીના વિષ ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો મધમાં ઘસી અંજન કરવું અથવા તે કાંદો ઘસી પી જવો. **(૪) સ્તનરોગ ઉપર:**—વાંઝણી કંકોડીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો. **(૫) સર્પના વિષ ઉપર:**—વાંઝણી કંકોડીનો કાંદો પાણીમાં ઘસી પાવો અને લેપ કરવો; એટલે સર્પ, વિંછી, બિલાડી, ઉંદર એનાં વિષ ઉતરે છે; અથવા વાંઝણી કંકોડીના કાંદાને બકરીના મૂત્રની ભાવના આપવી અને તે કાંજીમાં વાટી તેનું નસ્ય આપવું એટલે વિષ ઉતરશે. **(૬) સર્વ વિષાર ઉપર:**—વાંઝણી કંકોડીના કાંદા અને ધંતુરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી પીવાં અને ડંખ ઉપર ચોપડવાં. **(૭) વિંછીના વિષ ઉપર:**—વાંઝણી કંકોડીના કાંદા અને કાળા કોળાની કુંખો પાણીમાં ઘસી દંશ ઉપર લેપ કરવો. **(૮) ઉઠાણું (પાકે નહિ તેવા ગુમડા) ઉપર:**—કંકોડીના કાંદા, કડવી ઈંદ્રવરણીનાં મૂળ અને કવંડળીનાં મૂળ, એ ત્રણે ટંડા પાણીમાં ઘસી વારંવાર લેપ કરવો. **(૯) રક્તાર્શ ઉપર:**—કંકોડીના કંદનું ચૂર્ણ આપવું. **(૧૦) અપસ્માર ઉપર:**—વાંઝણી કંકોડીનાં મૂળ ઘીમાં ઘસી તેમાં સાકર નાખી તેનું નસ્ય આપવું. **(૧૧) વાતજ મસ્તકશૂળ ઉપર:**—કંકોડીનો કાંદો મધમાં ઘસી લેપ કરવો. **(૧૨)બરોળ ઉપર:**—રવિવારે કંકોડીના કાંદા લાવી રોગી પાસે તે ચૂલા ઉપર બંધાવવા; જેમ જેમ સૂકાશે તેમ તેમ પાનથરી (બરોળ) પણ ગળી જશે.

૧૦૧ **કંચનાર**—સં૦ કાંચનાર (કોવિદાર). કો૦ કોરલ. તા૦ શેમાંદારે. શિવપ્પુ માંદિરે. મલા૦ કોવિદારં. મ૦ કાંચન. હિં૦ કચનાર. બં૦ કાંચન. ક૦ કોચાલે, કચનાર. તૈ૦ દેવકાંચન. લા૦ બોહિનિયા વેરિયેગેટા.

આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે.* એ ઘણે ભાગે આશીંદ્રા (આસૅત્રી) જેવું દેખાય છે. એનાં પાંદડાં આશીંદ્રાનાં પાંદડાં જેવાંજ હોય છે; પરંતુ આશીંદ્રાનાં પાંદડાં કરતાં આ પાંદડાં મોટાં અને પાતળાં હોય છે. એમાં ધોળો, કાળો અને પીળો, એવી ત્રણ જાતિ છે. એનાં ફૂલની સાધારણ સુવાસ આવે છે. એને ચપટી શિંકકાઇ જેવી શિંગો આવે છે. એના લાકડાનો રંગ રાતો હોય છે અને એ રંગના કામમાં આવે છે. એ લાકડાં ઘણાં ચીકણાં હોય છે; માટે એની લાકડીઓ કરે છે. **રાતો કંચનાર:**—શીતળ, સારક, અગ્નિદીપક, તૂરો અને ગ્રાહક છે. તે કફ, પિત્ત, વ્રણ, કૃમિ, ગંડમાલ, રક્તપિત્ત, કોઢ, વાયુ તથા ગુદભ્રંશનો નાશ કરે છે. એનાં ફૂલ શીતળ, તૂરાં, રૂક્ષ, ગ્રાહક, મધુર અને લઘુ છે; તથા પિત્તક્ષય, પ્રદર, ઉધરસ અને રક્તવિકારનો નાશ કરે છે. **ધોળો કંચનાર:**—ગ્રાહક, તૂરો, મધુર, રુચિકર અને રૂક્ષ છે. તે દમ, ઉધરસ, પિત્ત, રક્તવિકાર, ક્ષત તથા પ્રદરનો નાશ કરે છે. **પીળો કંચનાર:**—ગ્રાહક, દીપક, વ્રણરોપણ તથા તૂરો છે; અને મૂત્રકૃચ્છ્ર, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગંડમાળ ઉપર:**—કંચનારની છાલ ચોખાના ધોવરામણમાં ઘસી તે ૨ થી ૪ તોલાપર્યંત આપવી; અથવા કંચનારની છાલના

* કંચનારના વૃક્ષમાં પાન એક એક શાખામાં બબ્બે જોડાયલાં હોય છે. કંચનારની કળીઓનું શાક અને રાયતું ઘણું સ્વાદિષ્ટ બને છે. એને હોળી પછી પુષ્પ આવે છે અને આશરે ત્રણ માસ સુધી રહે છે. પાન હથેળી જેટલાં પહોળાં હોય છે; પુસ્તકના પાનાની માફક બબ્બે પાન જોડાયલાં હોઇ એ પાનની ગડી કર્યા પછી લગભગ આકાર લંબગોળ જેવો દેખાય છે. આયુર્વેદ સુધાકર પૃષ્ઠ ૨૩ માં એને ઝીંઝવો માનેલ છે. કેમકે ઝીંઝવાનાં વૃક્ષ થતાં નથી, અને આ વૃક્ષ છે.

કાઢામાં સુંઠનું ચૂર્ણ નાખી ૪૨ દિવસ સુધી આપવું. (૨) કફથી થયેલા વાળા ઉપર:—કંચનારની છાલના કલ્કનો લેપ કરવો. (૩) દાહ ઉપર:—કંચનારની છાલનો રસ, જીરાનું ચૂર્ણ અને કપૂર નાખી આપવો. (૪) ગંડમાળ ટવા માટે:—કંચનારનાં મૂળ, ચિત્રો અને અરડુસી, એ સર્વને પાણીમાં વાટી સાત દિવસ લેપ કરવાથી, સર્વ દોષથી થયેલી ગંડમાળા ફૂટે છે. આ લેપ ફોલ્લા ઉપર પણ કરવો.

૧૦૨ કાકડાશિંગી:—સં૦ કર્કટશૃંગી. મ૦ કાકડશિંગી. હિં૦ બં૦ કાકડાશૃંગી. લા૦ પિસ્ટેશિયા ઇંટેગિરિમાં. ક૦ તૈ૦ કર્કાટશિંગી.

કાકડાશિંગીનાં વૃક્ષ હિમાલય પર્વત ઉપર થાય છે.÷ એ વૃક્ષનાં ડાળાંને કીડાની કૃતિએ ઉત્પન્ન થયેલો રસ જામી તેની ફલાકાર ગ્રંથિ થાય છે; તેને 'કાકાડાશિંગી' કહે છે. કાકડાશિંગી—કડવી, ઉષ્ણ, તૂરી અને જડ છે. એ વાયુ, ઉચકી તથા અતિસારનો નાશ કરનારી, બાળકોને હિતકારક અને દમ, ઉધરસ, રક્તદોષ, પિત્ત, જ્વર, કફ, ક્ષય, હિધ્મા, ઊર્ધ્વવાત, કૃમિ, તૃષા, ક્ષતક્ષય અને અરુચિનો નાશ કરે છે.× ઉપયોગ:— (૧) **બાળકોની ઉધરસ, જ્વર અને ઉલટી ઉપર શૃંગ્યાદિ ચૂર્ણ:**—કાકડાશિંગી, નાગરમોથ અને અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. (૨) **બાળકોની ઉધરસ ઉપર:**—કાકડાશિંગી અને મૂળાનાં બીજ એનું ચૂર્ણ ઘી અને મધમાં આપવું. (૩) **અતિસાર ઉપર:**—કાકડાશિંગીનું ચૂર્ણ દોઢ માસો મધમાં આપવું.

૧૦૩ કાકડી:—સં૦ કર્કટી. મ૦ કાંકડી. હિં૦ કાકડી, કકડી. બં૦ કાંકુડ, વડકાંકુડ. ક૦ મુળુસવતિ. ઉડિયા-ફુટી, કાંકડી. તૈ૦ નકાદોષ, દોસકાયા. ફા૦ ખ્યાટજાબ. અ૦ કિસ્સાકદસ. ઈં૦ કકંબર. લા૦ કયુકયુમિસસેટિવસ.

કાકડીના વેલા હોય છે. ખીરૂ, કાકડી, ચીભડું ઇત્યાદિ ફળો એક જાતિનાં છે. તેમાં થોડો ફેર હોય છે. સર્વમાં કાકડી સારી લાગે છે. કાકડીમાં **સાદી, સાતપાની, તરકાકડી** અને **નારંગી**, એવી જાતિઓ છે. કાકડીનું શાક, રાયતું અને વડી થાય છે. કાકડી છોલી, ઉભી ચીરી તેમાં મરીની ભૂકી અને મીઠું નાખી ચોળી, તેમાંનું પાણી કાઢી નાખ્યા પછી ખાવાથી સારી લાગે છે. કાકડી ઠંડી છે. ઘણી ખાવાથી બાધક છે. પલાળી ટુંપેલી કણકમાં કાકડીનું પાણી પડે તો તે ચીકટપણું નહિ જેવું રહે છે. આ મોટો ચમત્કાર છે. **કાકડી:**—મધુર, શીત, રુચિકર, લઘુ, મૂત્રલ, છાલને ઠેકાણે તીખી, કડવી, પાચક, અગ્નિદીપક, અવૃષ્ય અને ગ્રહિણી છે; તથા મૂત્રરોધ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર, વમન, દાહ અને શ્રમનો નાશ કરે છે. એ પાકવાથી રક્તદોષકર, ઉષ્ણ અને બલકર છે. ઉપયોગ:—(૧) **મૂત્રાઘાત ઉપર:**—કાકડીનાં બી ૧ તોલો વાટી પાશેર પાણીમાં નાખી ઉકાળી પાવાં અથવા કાકડીનાં બી, જીરૂં અને સાકર, એ પાણીમાં નાખી આપવાં. (૨) **ગુડથી (ગોઠણનું દરદ) અને માંડ (બદ) થયાં હોય તે ઉપર:**—કાકડીને લગાર કૂટી ગરમ કરી બાંધવી, કિંવા કાકડીની જાડી છાલ બાંધવી અને ઉપર કપડાનું આચ્છાદાન કરવું. એ પ્રમાણે

÷ ભાવપ્રકાશના ટીકાકાર લાલા શાલિગ્રામજી લખે છે કે, કાકડાશિંગીનાં વૃક્ષ જિયાપોતાના વૃક્ષ સમાન હોય છે. એની ફલી પોકલ થાય છે. એ ફલીને કાકડાશિંગી કહે છે.

× પ્રાચીન આયુર્વેદ ગ્રંથોમાં કાકડાશિંગીને પૌષ્ટિક, કફને કાઢનાર તથા ઉધરસ, શ્વાસ, તાવ, અરુચિ અને પેટનાં દરદોને નાશ કરનાર લખેલ છે. મુસલમાન ગ્રંથકારો એને ગરમ, ખુશ્ક અને મુખ્ય કરીને બાળકોની છાતીનાં જૂનાં દરદોનાં તેમજ અજીર્ણની ઉલટી અને ઝાડાની બિમારીમાં ઉપયોગી ગણે છે; અને એટલા માટે તાવમાં એનો ઉપયોગ કરવાનું કહે છે. ચરકસંહિતામાં ઉધરસની નાશક અને હેડકી બંધ કરનાર કહી છે. સુશ્રુતમાં જીવન, પૌષ્ટિક, બૃંહણ અને પિત્તશોણિતનાં ચકતાંને નાશકર્તા માની છે.

ગુજરાતી અમૃતસાગરમાં એને જંગલી હરડાંનાં ફૂલ માન્યાં છે, પણ એ વાસ્તવિક નથી; કારણ કે એ તો ગાંધીઓ અને અત્તરવાળાઓ ઠગવાને માટે હરડાંની છાલને કાકડાશિંગીના બદલે આપે છે. વાસ્તવિક રીતે એ કાકડાશિંગી નથી.

૨-૩ દિવસ કરવું. (૩) મદ્ય ઉપર ઉતારઃ—કાકડી ખાવી એટલે તત્કાળ દારૂનો મદ ઉતરશે. (૪) પથરી ઉપરઃ—કાકડીનાં બી અને કતુતરની હગાર, એ ચોખાના ધોવરામણમાં વાટી આપવાં. (૫) ગલગંડ ઉપરઃ—જૂની કાકડીના રસમાં બિડલોણ અને સિંધવ નાખી નસ્ય કરાવવું. (૬) ધોળા સ્રાવ (પ્રદર) ઉપરઃ—કાકડીનાં બીઆંમાંનું મગજ એક તોલો અને ધોળા કમળની કળીઓ ૧ તોલો બારીક વાટી તેમાં જીરાની અને ખડીસાકરની ભૂકી નાખી તે સાત દિવસ આપવું. (૭) ગરમી ઉપરઃ—કાકડી ચીરી તેમાં ખડીસાકરની ભૂકી નાખી તે સાત દિવસ આપવું. (૮) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ—કાકડીનાં બીઆંમાંનો મગજ, જેઠીમધ અને દારુહળદરનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં આપવું. (૯) મૂત્રરેચન માટેઃ—અચ્છેર દૂધમાં પાણી મિશ્ર કરી કાકડીનાં બી ૦ા તોલો અને સુરોખાર દોઢ માસો, આ બંને એકત્ર બારીક વાટી કાલવવાં તથા ઉભા ઉભા એકદમ પીવું અને ફરતા રહેવું. એના યોગથી મૂત્રાશયમાંની ગરમી નીકળી જાય છે અને પ્રમેહ વગેરે વિકાર દૂર થાય છે. (૧૦) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ—કાકડીનાં બી, ગુલાબકળી અને ધોળા કમળની કળી એકત્ર વાટી વસ્ત્રગાળ પાણી કરી તેમાં સાકર નાખી પીવા આપવું. (૧૧) શીતજ્વર ઉપરઃ—કાકડી× ખાઈ ઉપર ખાટી છાશ પીવી તથા શેક કરવો, કિંવા તડકામાં ઓઢીને બેસવું; એટલે સર્વાંગે પરસેવો આવે છે અને શીતજ્વર નાશ પામે છે.

૧૦૪ કાજૂઃ—(સં૦ કાજૂતક; અગ્નિકૃત.) આ ઝાડ આફ્રિકા ખંડમાં અને હિંદુસ્તાનમાં થાય છે. મલબાર, ગોમાંતક અને કર્નાટક વગેરે ઠેકાણે એ ઝાડની સમૃદ્ધિ ઘણી છે. એની ઉંચાઈ સામાન્ય હોય છે. આ ઝાડો રાનમાં અને ડુંગરમાં ઘણે ભાગે હોય છે. એમાં ધોળી અને કાળી એવી બે જાત છે. એ ઝાડથી વટેમાર્ગુ લોકોને આરામ મળે છે. તે એવી રીતે કે રસ્તે ચાલતાં થાકે એટલે બપોરે એ ઝાડની છાયામાં જઈ બેસે છે, અને તેનાં ફળો ખાઇ પોતાની ખરી ભૂખ શમાવે છે. કાજૂનાં ફળ કોમળ હોય છે અને તેની આગળ તેનાં બી હોય છે. તેની છાલ કઠણ હોય છે અને અંદર ભીલામાં જેવી ચીકાશ હોય છે. તે શરીરે લાગી હોય તો ઉઠી નીકળે (ઉઠે) છે. છાલની અંદર જે ગોળો હોય છે, તેને કાજૂ (ગોળો) કહે છે. આ ગોળો સ્વાદિષ્ટ લાગે છે; પરંતુ ઘણા ખાધા હોય તો તેથી વિકૃતિ (વિકાર) થાય છે. જે દેશમાં કાજૂનાં ઝાડ થતાં નથી ત્યાં તે વેચાવા જાય છે. કાજૂનાં પાકેલાં ફળો ખાવાના ઉપયોગમાં આવે છે. સુકાએલાં બીઆં સાકરના પાકમાં નાખી હલાવી તેની મિઠાઈ કરે છે. કાજૂનાં બીઆંનું દૂધ વહાણનાં તળિયાંને ચોપડે છે તેથી તેને પાણીથી હરકત થતી નથી. કાજૂનાં પાકાં ફળ નળવિકારનાશક છે. કાજૂઃ—તૂરૂં, મધુર, ઉષ્ણ, લઘુ અને ધાતુવર્ધક છે. એ વાયુ, કફ, ગુલ્મ, ઉદર, જ્વર, કૃમિ, વ્રણ, અગ્નિમાંદ્ય, કોઢ, શ્વેત કોઢ, સંગ્રહણી, અર્શ અને આનાહનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) પગે ઓસાર થાય તે ઉપરઃ— કાજૂનાં બીઆંનું દૂધ ચોપડવું. (૨) ઢોરોને 'લાગ' નામે એક પ્રકારનો ઉપદ્રવ થાય છે, તેથી કરી પગ સૂજી તેનાથી ચલાતું નથી તે ઉપરઃ—કાજૂનું દૂધ ચોપડવું એટલે ગુણ આવે છે. (૩) મણિયારીના વિષ ઉપરઃ—લેનારની શક્તિ પ્રમાણે કાજૂની છાલનો રસ પાશેરથી અચ્છેરપર્યંત પાઈ તે ઉપર ધરોનો રસ આપવો એટલે વિષ ઉતરશે. ઘણું વ્યાકુળ થવાય તો તેજ રસ તાળવાને ઘસવો અને દાંત ખુલ્યા પછી પાછો પાવો. (૪) બદ જલદી ફૂટવાને માટેઃ—કાજૂનો ગર કાચો તથા તિવરનાં ફળ ઠંડા પાણીમાં એકત્ર ઘસી લેપ કરવો. એથી ગાંઠ ફૂટે છે. (૫) નળવિકાર ઉપરઃ—નિત્ય પ્રાતઃકાળે કાજૂનાં પાકેલાં ડીટાં ડુંખ સુદ્ધાં કાપી, મરી અને મીઠું નાખી ત્રણ અગર ચાર દિવસ ખાવાં.

૧૦૫ કાતરવેલ—એને 'કાતરી' પણ કહે છે. એના વેલા હોય છે. કાતરવેલનાં પાનાં કાતર નિર્ગુંડીના જેવાં હોય છે. એ વેલા ઝાડ ઉપર ઘણા હોય છે. કાતર નિર્ગુંડીનાં પાંદડાંની ઉગ્ર વાસ આવે છે તેવી એની આવતી નથી. ગુણમાં એ ઘણી ઠંડી છે. ઉપયોગઃ—(૧) ગરમી ઉપરઃ—

× આ ઉપાય કરતી વખતે દેશકાળ અને દરદીની સ્થિતિનો બરાબર વિચાર કરવો. ગુલાબકળીવાળી દવાને માટે પણ એમજ સમજવું; કારણ કે કોઇ કોઇ વખતે એથી ભયંકર જુલાબ (રેચ) લાગે છે.

કાતરવેલનાં મૂળીઆં કૂટી તેનું આશરે ૭ માસા ચૂર્ણ જૂના ગોળમાં રોજ બે વખત ૭ દિવસ આપવું.

૧૦૬ કાનફોડીઃ—સં. કર્ણસ્ફોટા. મ૦ તિલવણ, કાનફોડા, કપાલફોડી, ભાટવણ. ક૦ કન-(કપાળ)ફોડી. બં૦ કાનફોડી, કાનછિડા, કાનફોટા. વ૦ ડોકસાફોડી. ક૦ હિડિંબિડીકે, બેક્કીનતરડુગિડ.

એનું મરાઠીમાં "ભાટવણુ" એવું પણ નામ છે. હિંદુસ્તાનીમાં એને "હુરહુરા" કહે છે. એ ઝાડો ચોમાસામાં ઉગે છે. લીલી જમીનમાં એ બારે માસ થાય છે. એ શુમારે બે હાથ ઉંચી વધે છે. એ ઝાડ ઉપર કુંવાડીઆની શિંગો જેવી બારીક અને આઠ આંગળપર્યંત લંબાઇની શિંગો આવે છે.‡ **કાનફોડીઃ**—તીખી, કડવી અને શીતળ છે. એ વિષ, સંપૂર્ણ વ્યાધિ, પિશાચપીડા અને ગ્રહપીડાનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) કર્ણરોગ ઉપરઃ**—કાનફોડીનો પાલો હાથે ચોળી તેનો રસ દરરોજ ત્રણ વાર કાનમાં પાડતા જવું; એટલે કર્ણશૂળ, કાન વહેવો વગેરે વ્યાધિ સારા થાય છે. **(૨) ઢોરના કર્ણરોગ ઉપરઃ**—કાનફોડીના પાલાનો અંગરસ અને માખણની પરાસ, એ એકત્ર કરી કાનમાં રેડવાં; તથા કાનની અણીઓ વાળીને પછી પડીકું બાંધે તેમ અંદર ભરેલું ઔષધ પડે નહિ એવી રીતે કાન બાંધવો. એ પ્રમાણે પ્રાતઃકાળમાં ભરેલું ઔષધ સાંજે કાઢી નાખી કાન સાફધોઈ પુનઃ ઔષધ ભરવું તે પ્રાતઃકાળે કાઢવું. એવી રીતે આ ઔષધ બે દિવસ ભર્યા પછી કાળી તુળસીનો પાલો અને ભાંગરાનો અંગરસ કાનમાં નાખી એક દિવસ વીત્યા પછી કાન છોડવો; એટલે કાન સારો થાય છે. **(૩) ટાઢીઆ તાવ ઉપરઃ**—ટાઢ આવવાની સંધિમાં કાનફોડીનાં પાંદડાંનો રસ કાનમાં પાડવો. **(૪) વિંછીના વિષ ઉપરઃ**—કાનફોડીનો રસ જે બાજુએ વિંછી કરડયો હોય તે બાજુના કાનમાં પાડવો. **(૫) દુખતા ભાગ ઉપરઃ**—પાંદડાં વાટી ચોપડવાં એટલે તે જગ્યા લાલ થઇ દુઃખ મટી જાય છે. **(૬) બગાઈ વગેરે કાનમાં ગઈ હોય તોઃ**—કાનફોડીનો રસ કાનમાં નાખવો. **(૭) અંડવૃદ્ધિ ઉપરઃ**—કાનફોડીનો રસ ચણાના કાઢામાં પાવો. **(૮) શોફોદર ઉપરઃ**—કાનફોડીનો રસ ૩ અથવા ૭ દિવસ ચમચાભર પાવો.

૧૦૭ કાફી (બુંદ)ઃ—ઇં૦ કૉફી. હિં૦ મ૦ કાફી. બં૦ કૌફી. લા૦ કફિયા એરેબિકા. અરબસ્તાન, હિંદુસ્તાન, હિંદીમહાસાગરમાંના બેટ અને વેસ્ટ ઇંડિઝ બેટોમાં એ ઝાડો ઘણાં થાય છે. એ ઝાડ ત્રણ ચાર હાથ ઉંચાં વધે છે. અધિક વધવાથી તે ઉખડી પડે છે. એ ઝાડોનો રંગ ઘણો લીલો હોય છે; તથા ફાલે છે તે વેળાએ આ ઝાડનાં ફૂલ ધોળી ચંબેલી જેવાં હોય છે અને તેની વાસ મધુર આવે છે; પરંતુ તે ઘણી વખત ટકતી નથી. ફૂલ આવ્યા પછી આઠ મહિને કાફીનાં ફળ પાકી તૈયાર થાય છે. એ ફળ લગારેક લાંબાં હોય છે અને તેનો રંગ પાકવા આવે ત્યારે રાતો થાય છે. ફળ પાકે એટલે બુંદ કાઢી સૂકવે છે. અકેકા ફળમાં ઘણું કરીને બબ્બે બુંદ હોય છે; અને અકેકા ઝાડ ઉપર શુમારે અચ્છેર ફળ ઉત્પન્ન થાય છે. એને કોઈ 'કાફી' અને કોઇ 'કાંવો' એમ કહે છે. આરબ અને મોગલ લોકોમાં કાફી પીવાની રીત ઘણી છે. કાફી તૈયાર કરવાની કૃતિ એવી છે કે, તેને પહેલાં ઘીમાં શેકી ખાંડે છે; પછી તે ચ્હા પ્રમાણે તૈયાર કરી તેમાં દૂધ અને સાકર નાખી પીએ છે. કાફીનો ગુણ એવો છે કે, તે પીવાથી શરીરમાંની સુસ્તી અને આળસ જઇ રક્તવૃદ્ધિ થાય છે. જાગરણ થાય તોપણ તેના યોગથી અન્નપચન થઇ ઉપદ્રવ થતો નથી. હિંદુ લોકોમાં અહીં કાફી પીવાનો પરિપાઠ પડેલો છે; પરંતુ ચ્હા અને કાફી એ ગરમ હોવાથી આ ઉષ્ણ હવામાં આપણા લોકોને તે નિત્ય પીવી કદી પણ હિતકારક નથી. માટે જરૂર પડે તો કદી કદી કાફીનું સેવન કરવું, પણ નિત્ય સેવન કરવું નહિ.

૧૦૮ કાયફળઃ—સં૦ કટ્ફળ. મ૦ કુંભા, કાયફળ. હિં૦ કાયફલ. બં૦ કટફળ, કાયછાલ. ક૦ કિરૂશિવની, ઇપ્પેશમારા, દદ્દાલદ, ગહ્રાદ. દ્રુ૦ ડફ્લ. તૈ૦ શાપરલુડમ્. મલા૦ પિલં, આલં. ફા૦ દાર-શીશબાન. અ૦ ઉદુલબર્ક. લા૦ મિરિકાસા પીડા(છાલ), મેરેસ્ટિકા મેલેએરિકા(ફળ), કારે આર્બોર્યા(ઝાડ).

---

‡ શંકર દાજી શાસ્ત્રીના બૃહન્નિઘંટુ ઔષધિ કોશમાં લખેલું છે કે, કાનફોડી (કપાલફોડી)નાં ફળ ફુગા જેવાં થાય છે. એ બાળકો કપાળમાં મારે છે એટલે ફટ અવાજ થાય છે. ભીંત પર ચિત્રકાર વેલ કાઢે છે તે પ્રમાણે કાનફોડીનાં પાન કાત્રાદાર હોઇને ત્રણ ત્રણ સાથે હોય છે.

કાયફળનાં ઝાડ કોકણમાં પ્રસિદ્ધ છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. તે પત્રાળાં કરવાના ઉપયોગમાં આવે છે. એનાં ફળ બીલાંની પેઠે ગોળ હોય છે.† એમાં ધોળી અને કાળી એવી બે જાતિ છે. એની છાલના બંધ સારા થાય છે. રાતું કાયફળનું ઝાડ ઔષધમાં ઘણું ઉપયોગી છે. એની છાલને કાયફળ કહે છે.* **કાયફળ:**—તીખું, ઉષ્ણ, તૂરૂં તથા ગ્રાહક છે; અને વાત, પિત્ત, જ્વર, દાહ, કફ, રક્તાતિસાર, યોનિદોષ, વિષ અને કૃમિનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **સાપના વિષ ઉપર:**—રાતા કાયફળના ઝાડની છાલનો રસ પાશેર અને થોડો કાળી વેલનો રસ કાઢી બન્ને એકત્ર કરી તેમાં મરીની ભૂકી નાખી પાવું. ઉતાર–કાળી તુળસીનો રસ પાવો. (૨) **ઉધરસ ઉપર:**—કાયફળના ઝાડની છાલનો રસ મધમાં એકત્ર કરી સાત દિવસ સુધી પાવો. (૩) **લૂખ ઉપર:**—કાયફળની છાલનો રસ સાકર નાખી પાવો. (૪) **દમ ઉપર:**—કાયફળના ઝાડની છાલના રસમાં રાઇ વાટી પાવી. (૫) **ધાતુપરમિયા ઉપર:**—કાયફળના ઝાડની છાલનો અને નાળીએરનો રસ એકત્ર કરી ૭ દિવસ સુધી પાવો. (૬) **અંગ દાઝયું હોય તો:**—રાતા કાયફળના ઝાડની છાલનો રસ ઉપર ચોપડવો. (૭) **મરકી ઉપર:**—કાયફળ ઘસી પાવું. (૮) **અતિસાર ઉપર:**—કાયફળના ઝાડની છાલનો કાઢો કરી પાવો. (૯) **મસ્તકશૂળ ઉપર:**—કાયફળની ભૂકી નાકે સુંઘવી. (૧૦) **વ્રણશુદ્ધિને માટે:**—કાયફળના ઝાડની છાલનો કાઢો કરી તેથી વ્રણ ધોવો.(૧૧) **દંતરોગ ઉપર:**—કાયફળના ઝાડની છાલનો કાઢો કરી તેના કોગળા કરવા, એટલે દંતશૂળ બંધ થઇ દાંત મજબૂત થાય છે.

૧૦૯ **કારિંદા:**—કારિંદાના વેલા હોય છે. એને 'કારાંદા' પણ કહે છે. કારિંદાનાં પાંદડાં કિંચિત્ ગોળ હોઇ કોનાનાં પાંદડાં કરતાં બમણાં મોટાં હોય છે. એનો વેલો મેડી (બે મજલા) જેટલો ઉંચો વધે છે. એની વૃદ્ધિ એટલી જલદી થાય છે કે તે એક દિવસમાં હાથ દોઢ હાથ વધે છે. એ વેલાને દોઢ દોઢ વેંતના અંતરે ગાંઠો હોય છે. ત્યાં પાંદડાં આવે છે. તે ગાંઠ પર ફણગો ફૂટી તેના ફાંટા પ્રસરે છે. તે ગાંઠની નીચેની બાજુએ અણી આવી તેને નાનાં કારિંદાં લાગે છે. તે વધી શુમારે કેરી જેવડાં મોટાં થાય છે. વેલો સૂકાયો એટલે તેને લઇ લે છે; અને મૂળ જે જમીનમાં લાગેલાં હોય છે તે ખોદીને કાઢી લે છે. કારિંદામાં મીઠી અને કડવી એવી બે જાતિ છે. મીઠા કારિંદાની છાલ કાળી હોય છે અને કડવાની છાલ કુમળાપણામાં ધોળી હોય છે. જૂનું થયા પછી એમાં કાંઇ ફેર દેખાતો નથી. કડવાં કારિંદાં કોકણમાંના રાનમાં ચોમાસામાં આપોઆપ ઉત્પન્ન થાય છે. મીઠાં કારિંદાં બાફીને અથવા એના બાકળા કરીને ખાય છે. એ ઉપવાસને માટે ફરાળના ઉપયોગમાં આવે છે. એની ખીર, છુંદો, ચીરીઓ વગેરે પદાર્થ કરે છે. એનો સ્વાદ સારો હોય છે. કડવાં કારિંદાં ખાવાથી ફેર (ચક્કર), ઉલટી વગેરે ઉપદ્રવ થાય છે; તથાપિ ગરીબ લોક તે લાવીને ખાય છે અને તેથી ઉપદ્રવ થાય નહિ તે માટે એવી રીતે કરે છે કે, તેને છોલી તેની પાતળી ચીરી કરે છે અને તેને રાખ ચોળી તે પાણીમાં ધોઈ, પછી એક વખત સ્વચ્છ પાણીમાં ધોઇ તાપમાં સૂકવે છે અને પછી તેલમાં તળીને ખાય છે. આ તળેલી ચીરો ધોળી—શુભ્ર ધોબીએ કપડાની વાળેલ ગડીના જેવી દેખાય છે. ઉપયોગ:—(૧) **મુખપાક ઉપર:**—કારિંદાનો સૂકવેલો પાલો અને કોળાની સૂકવેલી છાલનું ધૂમ્રપાન કરાવવું. (૨) **મૂળવ્યાધિ ઉપર:**—કારિંદા બાફી ઉપલી છાલ કાઢી નાખી અંદરના મગજમાં ખડીસાકરની ભૂકી અને ગાયનું ઘી, એ બન્ને પદાર્થ કારિંદાના મગજથી બમણાં નાખી, તેનું પણ સારૂં મર્દન કરી નાની કેરી જેવડી ગોળી કરી ખાવી. એ પ્રમાણે ગુણ આવે ત્યાંસુધી સતત ઔષધ

† કાયફળનાં ફળ જાયફળ જેવાંજ હોય છે. જાયફળની ઉપર છાલ હોય છે તે પ્રમાણે કાયફળનાં ફળ પર છાલ હોય છે. ફળ પણ લગભગ જાયફળ જેવડુંજ હોય છે. કાયફળનો રસ અથવા ક્વાથ પીધા પહેલાં તથા પછી થોડું મધ ચાટવું; કારણ કે કાયફળ ગળાને તથા ઉપજિહ્વાને લાગી જાય તો નુકસાન પહોંચે છે.

* હિમાલયની તરફ આ એક મોટું ઝાડ થાય છે. ઔષધમાં બહુધા એની છાલજ વપરાય છે. જો કે તે ફળ નથી, તથાપિ તે કાયફળના નામથીજ ઓળખાય છે. એની માત્રા ૧ અથવા ૨ માસા છે.

આપવું, એટલે રોગ જતો રહી ધાતુવૃદ્ધિ થઇ શરીર પુષ્ટ થશે. (૩) **ઉપદંશ ઉપર:**—કડવા કારિંદાનો જમીનમાંનો પાંચ વર્ષ કરતાં અધિક વખતનો કંદ લાવી, તે ઉપરનાં મૂળ અને કાળી છાલ છોલી નાખવી. પછી સૂકવી ચૂર્ણ કરી રાખવું. આ ચૂર્ણ પ્રતિદિવસ પ્રાતઃકાળે અને સાયંકાળે ગાયનું તાજું દૂધ પાશેર લઈ તેમાં ચાર માસા નાખવું તથા જીરાની ભૂકી ૪ ગુંજા અને ખડીસાકરની ભૂકી બે તોલા નાખી ખાવું. (૪) **પેટપીડ તથા અતિસાર ઉપર:**—ઉપર કહેલા કડવા કારિંદાનું ચૂર્ણ ઘીમાં મેળવી ગોળી કરી આપવું. (૫) **રક્તાતિસાર ઉપર**—કડવું કારિંદુ બાફી છોલી બારીક વાટવું તથા તેમાં જીરાની ભૂકી અને ઝીણી ખાંડ તથા ઘી નાખી આપવું.

૧૧૦ **કારિવણા**—(ખડભરામી, ખડબ્રાહ્મી.) સં૦ લઘુ-બ્રાહ્મી, મંડૂકપર્ણી. મ૦ કરિવણા, બ્રાહ્મી, એકપાની. હિં૦ વરંભી, બ્રહ્મમાંડુકી, ચરેલી. બં૦ થુલકુનિ, થાલકુડિ. ક૦ ઓંદેલગ. તા૦ વલ્લારી. તે૦ બ્રાહ્મીચેટુ. તુ૦ તિમારે. મલા૦ મુત્તલ. ફા૦ જરનવ. ઈં૦ ઇંડિયન પેનિવર્ટ.

આ ઝાડ વેલા પ્રમાણે વધે છે* અને તે પાણીવાળી જમીનમાં બાર મહિનાસુધી રહે છે. એને બાગમાં અને ઘેર પણ કુંડામાં વાવે છે. લઘુ બ્રાહ્મીનાં પાંદડાં ઉંદરના કાન પ્રમાણે હોય છે. એ પાંદડાં બે આંગળ પહોળાં હોય છે. આ ઝાડો કુંડામાં વાવવાથી મૂળ ફૂટી તેનો ઘણોજ વિસ્તાર થાય છે. એનાં પાંદડાંની ચટણી પણ કરે છે. બ્રાહ્મી પ્રમાણેજ એના ગુણ હોય છે. ઉપયોગ:—(૧) **ભમરી (ચક્કર) આવે છે તેને માટે:**—લઘુ બ્રાહ્મીનાં પાંદડાંનો રસ મસ્તકે ચોળવો. (૨) **નાનાં બાળકોનો શબ્દોચ્ચાર સ્પષ્ટ થવા માટે:**—નિત્ય પ્રાતઃકાળે લઘુ બ્રાહ્મીનાં તાજાં પાંદડાં ખાવા આપવાં, એટલે જીહ્વાનું જડત્વ કમી થઇ વર્ણોચ્ચાર સ્પષ્ટ થવા માંડે છે. (૩) **પિત્તાપસ્માર ઉપર:**—લઘુ બ્રાહ્મીનાં પાંદડાંનો રસ અને ઘી એકત્ર કરી ઉકાળી, ઘી સિદ્ધ કરવું અને તે સેવન કરવું. (૪) **ઉષ્ણતા અને ગરમી (લૂખ લાગવી) તે ઉપર:**—લઘુ બ્રાહ્મીના પાલાનો રસ જીરૂં અને ખડીસાકર નાખી આપવો; અને ડુંટી ઉપર લઘુ બ્રાહ્મીના રસમાં કપડું ભીંજવી ગડી વાળી મૂકવું. આંખોમાં ગરમી હોય તો આ રસ તાળવે ચોપડવો. (૫) **ગરમીથી બાળકોના અંગમાં ગાંઠો થાય છે તે ઉપર:**—લઘુ બ્રાહ્મીનો રસ અને કદંબની છાલનો રસ કાઢી તેમાં ગાયનું ઘી અને શંખજીરૂં નાખી ખરલ કરી શરીરે ચોપડવું. (૬) **સોજા ઉપર:**—લઘુ બ્રાહ્મીના પાલાનો લેપ કરવો. (૭) **બાળકોના અતિસાર ઉપર:**—લઘુ બ્રાહ્મીના પાલાનો રસ આપવો. (૮) **બાળકોના તૃષાના આજાર ઉપર:**—લઘુ બ્રાહ્મીના પાલાનો રસ કાઢી તેમાં જીરાની ભૂકી અને ખાંડ નાખી આપવો. (૯) **ઉન્માદ અને ચિત્તભ્રમ અપસ્માર ઉપર:**—લઘુ બ્રાહ્મીનો રસ ૧ તોલો લઈ તેમાં કુલીંજનનું અથવા અકલગરાનું ચૂર્ણ ૩ માસા અને તેટલુંજ મધ નાખી દરરોજ બે વખત આપતા જવું. એ વનસ્પતિ એ રોગ ઉપર અત્યંત પ્રશસ્ત છે. (૧૦) **શીતળાના આજાર ઉપર:**—લઘુ બ્રાહ્મીનો રસ અથવા ટાંકાની ભાજીનો રસ મધમાં આપવો.

૧૧૧ **કારેલી**—સં૦ કારવલ્લી. મ૦ કારલી. કો૦ કારેતી. ક૦ હાગલકાયિ, મિડિગાયિ. તા૦ કલકંકોડિ, પાગલ. તુ૦ કંચાલા. મલા૦ કૈપાવળિળ, પાવલ, ઓરિયા શલરા. અ૦ કિસ્સા ઉલૂહિમાર. ફા૦ કરિલાહ. હિં૦ કરેલા. બં૦ કરલા. તે૦ કરીલા, કાકરકાયાં. લા૦ મોમોર્ડીકાચારેંટિયા. ઈં૦ હેઅરીમોર્ડીકા.

કારેલીના વેલા હોય છે. એને જે ફળો આવે છે તેને 'કારેલાં' કહે છે. કારેલાં ઘણાં કડવાં હોય છે. લોકો એનું શાક ઘણી પ્રીતિથી ખાય છે. કારેલાં સાધારણ રીતે વેંતભર લાંબાં હોય છે. એમાં ધોળી અને લીલી એવી બે જાતિ છે. **લઘુ કારેલાં:**—અતિ કડવાં, અગ્નિદીપક, લઘુ, ગરમ, શીત, ભેદક, સ્વાદુ અને પથ્યકર છે. તે અરુચિ, કફ, વાયુ, રક્તદોષ, જ્વર, કૃમિ, પિત્ત, પાંડુ તથા કોઢનો નાશ કરે છે. **મોટાં કારેલાં:**—તીખટ, કડવાં, અગ્નિદીપક, અવૃષ્ય, ભેદક,

* આ પ્રસર જાતિની વનસ્પતિ ઉંદરકનીને મળતી હોવાથી લોકો એને નામે ઉંદરકની વાપરે છે, પણ એ ભૂલ છે. ખડભરામીના સ્વરસની માત્રા ૨ માસાની છે. પ્રતિનિધિ તજ છે. એની શાંતિ સુખડ અને ગુલબજળ.

રુચિકર, ખારાં, લઘુ, વાતલ અને પિત્તનાશક છે; તથા રક્તરોગ, પાંડુ, અરુચિ, કફ, શ્વાસ, વ્રણ, કાસ, કૃમિ, કોઠરોગ, કુષ્ઠ, જ્વર, પ્રમેહ, આધ્માન અને કમળાનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) પિત્તનો વિકાર થયો હોય તોઃ**—કારેલીનાં પાંદડાંનો રસ આપવો. એટલે વમન થઈ પિત્ત પડશે. ઉલટી ન થાય તો એક કિંવા બે રેચ થઈ પિત્ત નાશ થાય છે. ઉતાર—ઘી અને ભાત. **(૨) શીતપૂર્વક કફપિત્ત જ્વર ઉપરઃ**—કારેલીનાં પાંદડાંનો રસ જીરૂં નાખી આપવો. **(૩) રતાંધળાપણા ઉપરઃ**—કારેલીનાં પાંદડાંના રસમાં મરી ઘસી તેનું સાયંકાળે અંજન કરવું, જેથી ૩ દિવસમાં ગુણ આવે છે. **(૪) પારો શરીરમાં ફૂટી નીકળ્યો હોય તોઃ**—કારેલીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. **(૫) બાળકોનું પેટ ચઢે છે તે ઉપરઃ**—કારેલીનાં પાંદડાંનો રસ ૧ પૈસાભાર કાઢી તેમાં થોડી હળદર નાખી પાવો; એટલે ઉલટી અને મલશુદ્ધિ થઇ પેટ સાફ થશે. **(૬) વિષૂચિકા (કોગળીઆ) ઉપરઃ**—કારેલીનો રસ તલના તેલ સાથે આપવો. **(૭) રક્તાર્શ ઉપરઃ**—કારેલીનાં પાંદડાંનો રસ અથવા ફળોનો રસ નાના ચમચાભાર કાઢી સાકરમાં આપવો. **(૮) મૂત્રાઘાત ઉપરઃ**—કારેલીના પાલાનો રસ નવટાંક કાઢી તેમાં હીંગ ૧ પૈસાભાર નાખી આપવો. **(૯) બાળકના પેટમાંના ભાર ઉપરઃ**—કારેલીનાં પાંદડાં, અરડુસીનાં પાંદડાં, પાકેલા નાગરવેલનાં (ખાવાનાં) પાન અને જાંબુની છાલ, એનો એકત્ર રસ કાઢી તેમાં વેખંડ (ઘોડાવજ) ઘસી પાવું. ૭ દિવસ પથ્ય પાળવું. **(૧૦) જંતુ ઉપરઃ**—કારેલીનાં પાંદડાંનો અથવા ફળનો રસ આપવો.

૧૧૨ કાવળે—એ ઝાડ ગોમાંતક પ્રાંતમા માથોડું દોઢ માથોડું ઉંચું થાય છે. તેને આમલી જેવાં પાંદડાં હોઈ લીલા વટાણા જેવડાં જાંબલી રંગનાં ગોળ ફળો આવે છે, તે બાળકો ખાય છે.

૧૧૩ કાસ (કાંસડો)—સં૦ કાંડેક્ષુ, કાંશ. હિં૦ કાંસ. મ૦ કસઈ, કસાડ. બં૦ કેશે. ક૦ કાજલુ, ગલગિનહુલ્લુ. તૈ૦ રેલ્લુ. લા૦ કોઇકસ બારએટા.

કાસને મરાઠીમાં 'કસાડ' પણ કહે છે. કાસના બરૂના જેવા બેટો હોય છે, એનો ટટ્ટી બનાવવામાં ઉપયોગ થાય છે. એને "કાસે ગવત" એમ પણ કહે છે. એનાં બી આકારમાં કરડીના જેવાં અને સફેદ તથા કઠણ હોય છે. કાસઃ—તર્પણ, શીત, ગૌલ્ય, રુચિકર, બલકારક, મધુર, વૃષ્ય, કડવો, પાકકાળે મધુર, સારક અને સ્નિગ્ધ છે; તથા પિત્ત, દાહ, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, મૂત્રાશ્મરી, રક્તદોષ, રક્તપિત્ત, ક્ષતક્ષય અને પિત્તરોગનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) મૂત્રકૃચ્છ્ર, મૂત્રાશ્મરી ઉપરઃ**—કાસનાં મૂળનો કાઢો મધ નાખી આપવો.

૧૧૪ **કાસાળુંઃ**—સં૦ કાસાલુ. મ૦ કાસાળુ, ખંબરે. હિં૦ કાસાળુ. ક૦ બાળરક્કાસ.

કાસાળુંમાં કાળી અને ધોળી એવી બે જાતિ છે. કાસાળુંનાં પાંદડાં અને ડીંટાં અળવીના કરતાં મોટાં હોય છે. **કાસાળુંઃ**—મીઠું, પથ્યકારક, દીપક તથા રુચિપ્રદ છે; અને કફ તથા વાતનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) કાળપુળી (પાઠું) ઉપરઃ**—ઝાડ ઉપરના કાસાળુંના કાંદા પાણીમાં ઘસી પાઠા ઉપર લેપ કરવો. પથ્ય—મીઠું ખાવું નહિ. **(૨) ગાંઠિયો વાયુ એટલે અંગનું અકડાઇ જવું તે ઉપરઃ**—કાળા કાસાળુંના કાંદા અને બેદરીના વેલાના કાંદા, એ બંનેને એકત્ર કચરી તેની ચાર પોટલીઓ બાંધવી; અને તપાવેલા તવા ઉપર તે પોટલીઓ ગરમ કરી સોસાય તેટલો શરીરે શેક કરવો. **(૩) સંધિવાયુ ઉપરઃ**—કાળા કાસાળુંનું ડીટું સાધારણ અગ્નિ ઉપર શેકી તેનો રસ ૭ માસા ગાયના દહીંમાં નાખી ગરમ કરી ૭ દિવસ પીવો. એથી કફ અને લાળ નીકળી જશે. ઉતાર ઘી અને ભાત. **(૪) બદ જલદી ફુટવા માટેઃ**—જંગલી કાસાળું ઠંડા પાણીમાં ઘસી તેનાં ટપકાં કરવાં અને તે સૂકાયા પછી પુનઃ તેજ જગ્યા ઉપર તેજ ઔષધનાં ટપકાં કરવાં. એ પ્રમાણે ત્રણચાર વાર ટપકાં કરવાં, એટલે છિદ્ર થઇ દર્દ નીકળી જશે. **(૫) ઉદરરોગ ઉપરઃ**—કાળા કાસાળુનો કાંદો ૧ તોલા જેટલો પીસી, કોપરાના રસમાં નાખી, થોડા ચોખા નાખી બાફીને ખીર કરવી અને તે ગોળ નાખી ખાવી. આ ઔષધથી રોગ ફાટી મળમાર્ગે રેચ થઈ પડે છે. ઔષધ એક કિંવા બે દિવસ લેવું. ઉતાર ભાતની કાંજીમાં ઘી નાખી પાવું. મોઢામાં ચેળ થાય તો કોકમના અથવા આમલીના પાણીના કોગળા કરવા. (૬)

ભ્રમ અને પિત્તવિકાર ઉપર:—કાળા કાસાળુંનાં ડીટાં અંગારામાં શેકી રસ કાઢવો અને પાંચ શેરપર્યંત નાળીએરનો રસ કાઢી તેમાં અધશેરપર્યંત માલકાંગણીનાં બીઆં વાટી કાલવવાં. પછી તે સર્વ એકઠું કરી મંદ અગ્નિ ઉપર બધું પાણી બળે ત્યાંસુધી ઉકાળવું. ઉકાળવાથી ઉપર તેલ આવે છે, તે કાઢી લેવું. એ તેલ આંખ અને ગળાની નસ એ જગોએ દિવસમાં બે વાર ચોળીને જીરવવું. (૭) પાંડુરોગ ઉપર:—સમૂળ કાસાળું લઇ તેનું ૬ માસા ચૂર્ણ કરી દૂધમાં આપવું. (૮) જલોદર ઉપર:—કાસાળુંનો કાંદો ૧ તોલો છાશમાં વાટી પાવો. (૯) પડજીભ ઉપર:—કાસાળુંનાં ડીટાંની ભસ્મ કરી લગાડવી એટલે પડજીભ ઉપર ચઢશે. (૧૦) અનંતવાત—શિરોરોગ ઉપર:—કાળા કાસાળુંના કાંદા પીસી તેની પોટલી કરવી અને તવા ઉપર ગરમ કરી માથે શેક કરવો; ને છેલ્લી વારે પોટલીમાંનું ચૂર્ણ ગરમ કરી માથા ઉપર ભરી પાટો બાંધવો. (૧૧) સર્વ પ્રકારના વાતવિકાર ઉપર:—કાસાળુંનો કાંદો ૧ તોલો પીસી રસ કાઢી નાળીએરનો રસ અને દૂધ એમાં ખીર કરી ખાવી; એટલે સર્વ પ્રકારના વાત અને ઉદરરોગ નાશ પામે છે. (૧૨) જંતુ (કૃમિ) ઉપર:—કાસાળુંના કાંદાની ૨-૪ ગુંજા રાખ મધમાં અથવા પાણીમાં આપવી.

૧૧૫ કાસુંદરો—સં૦ કાસમર્દ. મ૦ કાસવિંદા. હિં૦ કસોદી, કસૌંજી, અગૌથ. બં૦ કાલકાસુંદા. ક૦ એલહુરી, અલવરી. તૈ૦ પેડિતાંગેડુ, કસવીંદચેટ્ટુ. મલા૦ પોન્નાવીર. તુ૦ અનેટજંકુ. ઇં૦ રાઉંડ પોડેડ કેશિયા. લા૦ કેશિયા સોફેરા.

આ ઝાડો કમરપૂર ઉંચાં વધે છે. આવળનાં પાંદડાં કરતાં એનાં પાંદડાં બારીક હોય છે. એને પીળાં ફૂલો આવે છે અને શિંગો જાડી અને લાંબી આવે છે. આ ઝાડ વાડની નજીકમાં અને બીજી ખાલી જગ્યામાં પુષ્કળ ઉગે છે. કાસુંદરો:—તીખો, કડવો, મધુર, ઉષ્ણ, રુચિકર, પાચક, દીપક, કંઠશુદ્ધિકર, ગ્રાહી અને રૂક્ષ છે; તથા કફ, અજીર્ણ, વાયુ, કાસ, પિત્ત, વિષ, કૃમિ અને વિષૂચીનો નાશ કરે છે. એનાં પાંદડાં—પાકકાળે તીખાં, વૃષ્ય, ઉષ્ણ અને લઘુ છે. તે દમ, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. એનાં ફળ:—કાસ, શ્વાસ અને ઊર્ધ્વવાતનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) દાદર ઉપર:—કાસુંદરાનાં મૂળ ઘસી ચોપડવાં અથવા પાલાનો રસ લિંબુમાં મેળવી ચોપડવો. (૨) ઉચકી અને શ્વાસ ઉપર:—કાસુંદરાનાં પાંદડાંનો કાઢો આપવો. (૩) સોજા ઉપર:—કાસુંદરાનો પાલો બકરીના દૂધમાં વાટી લેપ કરવો. (૪) પારાનો ઉતાર:—કાસુંદરાના પાલાનો રસ કાઢી પાવો. (૫) શીઘ્ર પ્રસૂતિ થવા માટે:—કાસુંદરાનાં પાંદડાંનો રસ પાવો. (૬) બગાઈ વગેરે કાનમાં ગયું હોય તો:—કાસુંદરાનો રસ કાનમાં પાડવો. (૭) દદ્રૂ, કિટિભ અને કુષ્ઠ ઉપર:—કાસુંદરાનાં મૂળ કાંજીમાં વાટી લેપ કરવો. (૮) ભીલામો ઉઠે છે તે ઉપર:—કાસુંદરાનાં પાંદડાં વાટી ચોપડવાં.×

૧૧૬ કાળા તલ—સં૦ કૃષ્ણતિલ. મ૦ કારળે. આ એક ધાન્યની જાતિ હોવાથી 'કાળા તલ' નામ આપ્યું છે. એને 'ખુરાસણી' પણ કહે છે. કાળા તલનો રોપો શુમારે દોઢ બે હાથ ઉંચો વધે છે. એને પીળા રંગનાં ફૂલો આવે છે. જે વખતે ફૂલો આવે છે તે વખતે દૂરથી એના ખેતરની શોભા ઘણી ચમત્કારિક દેખાય છે. એનો રંગ કાળો હોય છે. એનું તેલ કાઢે છે, તે બાળવાના તથા ખાવાના ઉપયોગમાં આવે છે. એનો ખોળ ઢોરને ખવરાવે છે. ઉપયોગ:—(૧) નેત્રરોગ ઉપર:—કાળા તલનું તાજું તેલ સૂતી વખતે આંખમાં આંજવું.

૧૧૭ કાળા દાણા—સં૦ નીલપુષ્પી, નીલકલંબી, કૃષ્ણબીજ. હિં૦ કાલાદાના. મ૦ કાળા દાણા.

× કાસુંદરાનાં બીજનો રોટલો કરી તેનું એક પડ પકવી માથે બાંધવાથી ખોડો મટે છે અને એનાં અઢી પાંદડાંનો રસ નાનાં બાળકને પાવાથી સસણી જલદી શાંત થાય છે; એમ એક મહાત્માનું કહેવું છે.

કાસુંદરાનાં પાંદડાંનો રસ દુખતી આંખમાં નાખી તેનુંજ પાંદડું આંખ ઉપર બાંધવાથી માત્ર એકજ દફતે દુખતી આંખ શાંતિ પામે છે, એ અમારૂં પોતાનુંજ અનુભવસિદ્ધ છે. વેવના વેલાના પાનનો પણ દુખતી આંખ ઉપર એવોજ ગુણ ગણાય છે.

બં૦ નીલકલમી. ઇં૦ પેલબ્લુઈ પોમિયા. લા૦ ફારબીટી નીલ, ઇપોમીઆ હેડેરેશીઆ. અ૦ હબુલનીલ.

કાળા દાણાની વેલ થાય છે. એ હિંદુસ્તાનમાં ઘણી જગ્યાએ થાય છે. એની સળીઓ અને ડાળીઓના એનાજ ઝાડને ગોળાકાર આંટા પડેલા હોય છે. સળીઓ અને ડાળીઓ ગોળ હોઈ તેના ઉપર ઝુમખાં આવે છે. એનાં પાંદડાં કપાસનાં પાંદડાં જેવાં, ત્રણ પાંખડીઓમાં ખાંચા પડેલાં હોય છે. એ પાંદડાં વેલીને એકાંતરે આવે છે, એટલે વેલીની સળીઓની બંને બાજુએ સામસામાં પાંદડાં આવતાં નથી; પરંતુ એક બાજુએ એક પાન અને બીજી બાજુએ તેના ઉપરના ભાગ ઉપર બીજું પાન એમ પાંદડાં હોય છે. એને ફિક્કા કાળા રંગનાં ઘંટ(ટોકરી)ના આકારનાં મોટાં ફૂલો આવે છે. એનાં ફળ નરમ હોઇ તેમાં ત્રણ ખંડ હોય છે. તેમાંથી નાનાં કાળા રંગનાં બીજ થાય છે. તેને કાળા દાણા (બ્લેક સીડ) એમ કહે છે. ઔષધમાં એનો ઉપયોગ થાય છે.

કાળા દાણા રેચક, સ્નિગ્ધ, સોજો અને ઉદરરોગના નાશક, તાવ કાઢનાર; અને અવષ્ટંભ, મસ્તકરોગ, ઉદાવર્ત, કફ અને મળમૂત્રાવરોધનો નાશ કરનાર છે. આ સર્વ ગુણો એના રેચક ગુણનાજ અંગભૂત છે. એનો રેચ ઘણોજ જલદી લાગુ પડીને તેનાથી કોઈ પણ પ્રકારનો વિકાર થવાની ધાસ્તી નથી; એટલે આની નેપાળા અથવા અંગ્રેજી જાલપના જેવી ક્રિયા થાય છે. માત્ર એમાંના દોષો આ કાળા દાણામાં નથી. એ ઉત્તમ રેચક હોવાથી હાલમાં સરકારી દવાખાનામાંના ડૉક્ટર લોકો એનો સારો ઉપયોગ કરે છે. કાળા દાણાનાં બી ઘીમાં તળી ચૂર્ણ કરી ૩ માસાથી ૬ માસા સુધી ઊના પાણી સાથે આપવાં એટલે એ જુલાબ સારા લાગે છે. ઘીમાં ન તળે તોપણ ચાલે.

૧૧૮ કાળી ખજૂરી—આ એક કડવા લીમડાની જાતિનું ઝાડ છે. એનાં ઝાડ સહ્યાદ્રિપર્વત ઉપર છે. એનાં પાંદડાં એક ફૂટ લંબાઇનાં બે ભાગવાળાં હોય છે. એનાં ફૂલ સફેદ રંગનાં અને ઉગ્રગંધી હોય છે. કાળી ખજૂરીનું ફળ ખજૂરના આકારે હોઇ ઘણું કડવું હોય છે. ઉપયોગઃ—**(૧) પિત્ત પડવા માટે**:—કાળી ખજૂરી ઘસી ચાટણ આપવું. **(૨) તાવના યોગે જીભ બળતી હોય તે ઉપર તથા મુખપાક ઉપર**:—કાળી ખજૂરી ઘસી ચોપડવી. **(૩) કાનખજૂરો કરડ્યો હોય તો**:—કાળી ખજૂરી તેલમાં ઘસી લેપ કરવો. **(૪) પેટશૂળ ઉપર**:—કાળી ખજૂરી ઘસી પાવી.

૧૧૯ કાળીજીરી (કડવી જીરી)—સં૦ અરણ્યજીરક. મ૦ કડુકારેળે (જીરે). હિં૦ કાલાજીરા, બનજીરા. ક૦ કાડજીરગે. તા૦ કટુચિરાંગં. તૈ૦ અડવીજીલાકરી. ગુ૦ કાલાઝીરી. મલા૦ કાલાજીરાક. વ૦ કટુ જીરે. અ૦ કમૂનબહરી, કમૂનરમી. ઇં૦ પરપલ ફ્લૉબેન. લા૦ વ્હરનોનિયા અંથેલમિંટીકા.

એના છોડ શુમારે બેત્રણ હાથ સુધી ઉંચા વધે છે. એ સીધા વધે છે. એ છોડનો દાંડો કિંચિત્ બારીક હોય છે. એને જે જીંડવાં આવે છે તેનાં રૂછામાં એ જીરૂં હોય છે. કાળીજીરી કૃમિનાશક છે. **કાળીજીરી**:—ઉષ્ણ, તૂરી, તીખી ને સ્તંભક છે; અને વાયુ, કફ તથા વ્રણનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) મધમાખીના વિષથી અંગ ઉપર ગાંઠ થઈ હોય તો**:—કાળીજીરીનો પાલો ગરમ કરી વિષવાળા અંગ ઉપર પાટો બાંધવો; અગર એનોજ રસ શરીરે ચોળવો. **(૨) નળ ઢળ્યા હોય તો**:—કાળીજીરી તોલો ૧, મરી તોલો ૧, એ બંને પાશેર પાણીમાં રાત્રે પલાળી રાખી બીજે દિવસે સવારમાં તે પાણી ગાળી લઇ ઠીકરી ગરમ કરી છમકારી તે પાણી પાવું. **(૩) કમળી ઉપર**:—કાળીજીરી પૈસાભાર વાટી દરેક વખતે ઠંડા પાણી સાથે આપવી. **(૪) બાળકોની સસણી ઉપર**:—કાળીજીરી ખાંડી તેનો કોગળો થોડી હળદર નાખી બાળકને પીવરાવવો. **(૫) ગર્ભિણીના સોજા ઉપર**:—કાળીજીરી, જીરૂં અને કડુનો કાઢો આપવો. **(૬) જંતુ (કૃમિ) ઉપર**:—કાળીજીરીનું ચૂર્ણ કરી મધમાં આપવું. **(૭) શરીરમાં કોઇ પણ ઠેકાણે વાયુપીડા અગર પેટપીડ ઉપર**:—કાળીજીરીનું બારીક ચૂર્ણ કરી આપવું અને ઉપર પાણીનો ઘુંટડો પાવો. **(૮) ખરજવા ઉપર**:—કાળીજીરી વાસણમાં ઘાલી બાળવી અને કોયલા જેવી કરવી. પછી તેલમાં ખરલ કરવી અને ચોપડવી. **(૯) વાછડાંઓને ધાવણરોગ થાય છે તે ઉપર**:—કાળીજીરીના પાલાનો રસ પાશેર સુધી કાઢી, તેમાં કાચકાંનો ગર અને થોડી મરીની ભૂકી નાખી આપવો; અથવા કાળીજીરી ૧ તોલો લઇ કિંચિત્ ફૂટી તેનો કાઢો

કરવો. તેમાં કાયફળનો ગર અને ખેરની છાલ ઘસી તે પાવો. **(૧૦) બાળકોને કાંટા આવે છે તે ઉપર:**—કાળીજીરી અને ખડીસાકર એનો કાઢો કરી દિવસમાં બે વખત, એ પ્રમાણે ૭ દિવસ આપવો. **(૧૧) સર્વજ્વર ઉપર:**—માટીના વાસણમાં કાળીજીરી ત્રણ માસા નાખી અગ્નિ ઉપર મૂકવું અને તપી ફૂટવા લાગે એટલે તેમાં ૧૪ તોલા પાણી નાખી ઉકાળવું અને ૪ તોલા બાકી રહે ત્યાંસુધી બાળી પછી થોડું મધ નાખી આપવું.

૧૨૦ કાળીવેલ—કાળીવેલ ઘણું કરીને વાડો ઉપર થાય છે. એનાં પાંદડાંનો આકાર કાંઇક એરંડાનાં પાંદડાં જેવો હોય છે. એ પાંદડાં એરંડાનાં પાંદડાં કરતાં લાંબાં હોય છે. **ઉપયોગ:**—**(૧) કર્ણમૂળ, ખોડો, સ્તનરોગ અને રતવા ઉપર:**—કાળીવેલનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી લેપ કરવો. **(૨) કુરશાના વિષ ઉપર:**—કાળીવેલનાં કુમળાં પાંદડાં અને રાતા કાયફળની છાલ, એનો રસ શક્તિ પ્રમાણે આપવો. આ ઔષધ ત્રણ દિવસ દરરોજ બે વાર એમ આપવું. ઉતાર–કાળી તુળસીનો અથવા રાતા અગથીઆનો રસ આપવો. **(૩) વિષથી સોજો આવ્યો હોય તો તે ઉપર:**—કાળીવેલનો કાંદો કચરી બાંધવો. **(૪) જૂ મારવા માટે:**—કાળીવેલનાં પાંદડાંના રસમાં કપૂર નાખી ખલ કરી તેમાં પાણી નાખી ઘુંટી તે મિશ્રણ રાત્રે સૂઈ રહેતી વેળાએ કેશમાં ચોપડવું. ઉપર કાળીવેલનાં પાંદડાં બાંધવાં અને તે ઉપર ચોવડું વસ્ત્ર બાંધવું; એટલે બીજે દિવસે સવારે જૂ મરી જાય છે.

૧૨૧ કાળો ઉમરડો (ઢેડ-ગાંડો-ઉંબર)—સં૦ કૃષ્ણ, (કાક), ઉદુંબરિકા. મ૦ કાળા ઓખાડા, ભુઇઉંબર. હિં૦ કઠુંબરી, તટમિલા, ગોઉંડુમરા. બં૦ ડુમુર. કાક ડુમુર. ક૦ કાડઅત્તિ, કલતિ. તૈ૦ કાકી, બાહુચેટુ. તા૦ કાટ્ટાતી. તુ૦ કાટ્ટાઅત્તિમારા. મલા૦ કાટ્ટત્તિ. ફા૦ અંજીરેદસ્તી. અ૦ તમબરીં. ઇં૦ ફીગ ટ્રી. લા૦ ફાઇકસહિસ્પિડા.

કાળા ઉંબરાનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. મરાઠીમાં એને 'કાળો ઉંબર,' 'ભુઇઢોઢી' 'ભુઇઉંબર' 'ગાંડયા ઉંબર' અને ઓખાડા પણ કહે છે. એ ઝાડ ખોરેતી(જંગલી ઉંબર)ના ઝાડ જેવાં હોઇ એને ફળ પણ ખોરેતીનાં ફળો પ્રમાણેજ આવે છે. ખોરેતીનાં પાંદડાંને ખાંચો હોય છે, તેવો આ પાંદડાંને હોતો નથી; અને પાંદડાં પણ મોટાં હોઇ જરા ખરબચડાં હોય છે. આ ઝાડ કોકણ પ્રાંતમાં પ્રસિદ્ધ છે. **કાળો ઉંબરો:**—શીત, કડવો, ખાટો, મલસ્તંભક, તીખો, તૂરો, ગ્રાહક તથા ઇંદ્રિયપ્રસાદક છે; અને ત્વગ્દોષ, કમળો, પિત્ત, રક્તપિત્ત, કફ, ધોળો કોઢ, વ્રણ, પાંડુરોગ, રક્તદોષ, સોજો, અર્શ અને ઊર્ધ્વગત દોષનો નાશ કરે છે. **એનાં ફળો:**—મીઠાં, તૂરાં, શીતળ, વૃદ્ધિકારક, ગુરુ, ધાતુવૃદ્ધિકર, પાકકાળે મધુર, સ્નિગ્ધ, મલસ્તંભક, પૌષ્ટિક, ગ્રાહક તથા વાતકારક છે; અને કફ, રક્તવિકાર, દાહ તથા વિષદોષનો નાશ કરે છે. **એની છાલ:**—અતિસારનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) કૂતરાના વિષ ઉપર:**—કાળા ઉંબરાનાં મૂળ અને ધંતુરાનાં ફળો ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. **(૨) શોફોદર ઉપર:**—કાળા ઉંબરાનાં ફળોનો રસ ૪ પૈસાભાર જીરાની ભૂકી નાખી પાવો અને ડુંટી ઉપર લેપ કરવો. **(૩) કફપ્રદર અને રક્તપ્રદર ઉપર:**—કાળા ઉંબરાનાં ફળોનો રસ કાઢી મધમાં પાવો. **(૪) બદ, ગુમડું વગેરેને પકવવા માટે:**—કાળા ઉંબરાનાં લીલાં ફળો લાવી બારીક વાટવાં અને એક વાસણમાં નાખી તે ઉપર થોડું પાણી છાંટવું; તથા બીજા એક વાસણમાં તે ફળો નાખી તેની અંદર પાણી ભરી તે વાસણ ઉપર ઢાંકી સાધારણ અગ્નિ ઉપર ગરમ કરવું. પછી તે ફળનો ગરમ સહેવાય એટલો પાટો બદ ઉપર બાંધવો. એ પ્રમાણે બે બે ઘડીએ તાજો ગરમ ગરમ પાટો બાંધતા રહેવું. એટલે બદ ત્વરિત પાકે છે. **(૫) સોજા ઉપર:**—કાળા ઉંબરાનાં મૂળ ઘસી લેપ કરવો.

૧૨૨ કાંકડ (કરપટા)—સં૦ કર્કટક. મ૦ કાંકડ, કુડક. હિં૦ કાંકડ, ગંગેરુઆ. ક૦ વાલિગે. લા૦ ગેરુગાપિન્નાટા.

કાંકડનું વૃક્ષ મોટું હોઇ તેનાં પાંદડાં સાધારણ મોટાં અને ફળ લાંબાં હોય છે.× કાંકડનું

× કાંકડનાં પાંદડાં લીમડા જેવાં હોય છે.

ફળ આમળા જેવડું દેખાય છે; પરંતુ તેમાં આમળા જેવા મોટા ઠળીઆ હોતા નથી. તેમાં બે ત્રણ નાનાં બીઆં હોય છે. આ ફળો જેઠ મહિનાના અરસામાં આવે છે. તે રુચિકર અને પિત્તશામક છે. એનું અથાણું સારૂં થાય છે. આ ફળો જૂનાં થવાથી ઉપયોગમાં આવતાં નથી. **મોટા કાંકડનાં ફળ:**—તૂરાં, અગ્નિદીપક, ખાટાં, શીતળ, લઘુ, ઉષ્ણ તેમજ નેત્રને હિતાવહ છે; અને રક્તપિત્ત તથા કફનાં કરનાર અને વાતનાશક છે. તે ફળ પાકવાથી શીતળ, રુચિકારક તથા જડ છે અને પિત્ત તથા રક્તદોષનો નાશ કરે છે. **નાના કાંકડનાં ફળ:**—ગ્રાહક, ખાટાં, પિત્તલ, અગ્નિદીપક, ઉષ્ણ અને લઘુ છે; તથા તે પાકવાથી મધુર, સ્નિગ્ધ, તૂરાં, વાતનાશક અને કફપિત્તકારક છે. ઉપયોગ:—(૧) **વ્રણ (ગુમડાં) ઉપર:**—કાંકડના ઝાડની છાલ વાટી બાંધવી. (૨) **આંખમાંનું ફૂલ જવા માટે:**—કાંકડના ઝાડનો એક હાથ લંબાઇનો બારીક કકડો તોડી મોઢામાં રાખી ફૂંક મારવી; અને તેમાંથી જે રસ નીકળે તે ત્રણ દિવસ આંખોમાં નાખવો. (૩) **પ્રમેહ ઉપર:**—કાંકડના પાલાનો રસ જીરૂં અને ખડીસાકરમાં આપવો.

૧૨૩ કાંગ (ધાન્ય)—સં૦ કંગુની. મ૦ કાંગ, રાળા. હિં૦ કાં-કંગની. બં૦ કાંગની. ક૦ નવણી, કાંગો, ગિડ. ફા૦ ગલ. લા૦ પેનિકંમિલીએશિયમ્. તૈ૦ પ્રેંકણુપુચેટુ.

આ ધાન્ય વરી(મોરીઆ)નોજ એક પ્રકાર છે ખરો, તથાપિ એમાં પુષ્કળ તફાવત છે. વરી ઉપરની છાલ ઘણી પાતળી હોય છે અને રંગ પીળો હોય છે; પરંતુ કાંગની છાલ જાડી હોય છે અને તે રાતી, પીળી, કાળી, એવા ત્રણચાર પ્રકારના રંગની હોય છે. તેનો ભાત, ખીચડી ઈ૦ પદાર્થ કરે છે. તેનો લોટ કરવાને તે છડયા વગરની સારી શેકેલી જોઇએ. કાંગના રોપ બે અઢી હાથજ ઉંચા હોઈ તેને જે કણુસલાં આવે છે તે બાજરીનાં કણુસલાં પ્રમાણે લાંબાં અને બારીક હોય છે. કાંગનાં પાંદડાં પહોળાં હોતાં નથી. **કાંગ:**—શીતળ, વાતકારક, રૂક્ષ, વૃષ્ય, તૂરી, ધાતુવર્ધક, સ્વાદુ, ગુરુ, ઘોડાને હિતાવહ, ભાંગેલાં હાડકાંને સાંધનાર, ગર્ભપાતના અટકાવમાં હિતાવહ અને કફ તથા પિત્તનો નાશ કરે છે. આ ધાન્ય કાળું, લાલ, ધોળું અને પીત. એ ભેદે ચાર પ્રકારનું અને ગુણોમાં એક કરતાં એક અધિક છે. **અન્નદ્રવશૂળ ઉપર:**—કાંગની ખીર ખાવી.

૧૨૪ કાંચકી (કાંકચ)—સં૦ તોયપુષ્પી, લતાકરંજ. મ૦ સાગરગોટા, ગજગા, ગજરા. બં૦ લતા કરંચા. હિં. કટુકરંજા, કરંજવા. તા૦ કાલારંકોડી. તુ૦ ગજગેકાઈ. ક૦ ગજગ, ગડુગ. તૈ૦ ગુચ્ચેપિક્કા, કચકાઇ, ગચ્ચા. ફા૦ ખાય, ઇબ્લીશ. અ૦ અક્તમક્ત. ઈં૦ બોંડકનટ. લા૦ સિસાલપિનિયા બોંડુસેલા.

એ ઝાડને કાંટા હોય છે. એને નાની શિંગો આવે છે, તેમાં કાચકાં હોય છે. તેની છાલ ઘણી કઠિન હોય છે. અંદરનું મગજ ઔષધોના કામમાં આવે છે. કાચકાં મંદ દેવતામાં શેકી પછી અંદરનું મગજ કાઢી તેની ઔષધમાં યોજના કરવી.× **કાંચકી:**—તૂરી, કડવી, ઉષ્ણ અને શોષક છે; તથા કફ, પિત્તાર્શ, શૂળ, સોજો, આધ્માન, વ્રણ, પ્રમેહ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતાર્શ અને રક્તદોષનો નાશ કરે છે. (૧) **ક્ષય, સુવારોગ અને પેટશૂળ એટલે પીટ ઉપર:**—કાચકાં શેકી તેનું ચૂર્ણ કરી ઘીમાં ખાવું અથવા કાચકાંનું ચૂર્ણ, લસણ, હિંગ અને સિંધવ સાથે ખાવું. (૨) **સોજા ઉપર:**—કાંચકીનાં, આકડાનાં અને એરંડાનાં પાંદડાં વાટી ગરમ કરી લેપ કરવો; એટલે ત્રણ દિવસમાં સોજો ઉતરશે. (૩) **ઉપદંશવ્યાધિ ઉપર:**—કાંચકીનાં પાંદડાંનો રસ કાઢી, ઘી નાખી સાત દિવસપર્યંત સેવન કરવો. પથ્ય—ઘી અને ભાત. (૪) **જંતુ (કૃમિ, કરમ)પડવા ઉપર:**—કાંચકીનાં પાંદડાંના રસમાં આંબાહળદર અને પિત્તપાપડો ઘસી પાવો; અથવા કાચકાં અને હિંગ

× કાંકચને કોઇ કોઈ કરકચ પણ કહે છે. એનું ઝાડ મધ્યમ કદનું થાય છે. એક ઇંચના આશરે લાંબાં અને ગોળ પાંદડાં એકબીજાની સામસામાં ઉગે છે. ડાળીઓના પાછળના ભાગ ઉપર નાના નાના વાંકા કાંટા હોય છે. ફૂલો મંજરીમાં ભરપૂર પીળા રંગનાં થાય છે. તેને પાંચ પાંખડીઓ હોય છે. તેમાં ચાર તો મધ્યમ ફિક્કા રંગની અને એક ઉપર લાલ છાંટ હોય છે. વચમાં પુરુષ અને સ્ત્રીકેસર હોય છે. એનાં ફળ ઉપર કાંટા હોય છે. તેમાં છીપની માફક ૧ અથવા ૨ કાંકચ હોય છે. એનો ગર્ભ સફેદ અને કડવો હોય છે. એની માત્રા ૧ માસાની છે.

શેકી તેમાં મીઠું નાખી ઘીમાં ખરલ કરી ખવરાવવું. (૫) વાયુના ગોળા ઉપર:—કાચકાં શેકી તેની ભૂકી કરી ગોળમાં ખાવી. (૬) નાનાં વાછરડાંની ડુંડી અને કૃમિ ઉપર:—કાચકાં, અજમો અને લસણને એકત્ર કૂટી પાણી કરી પાવું. (૭) તાવ ઉપર:—કાંચકીનાં પાંદડાંનો રસ ચાર તોલાપર્યંત કાઢી તેમાં હિંગ બે ગુંજાપર્યંત મેળવી પાવો. આ ઔષધ વિષમ જ્વર સિવાય બધા પ્રકારના તાવ ઉપર ત્રણ વાર પાવાથી ગુણ જણાવા લાગે છે. (૮) આમ ઉપર:—કાચકાં અર્ધાં કાચાં શેકી ચૂર્ણ કરી, તે એક માસાભાર ચૂર્ણ સાકરમાં નાખી ખાવું. (૯) બાળકના પેટમાં લોહીની ગાંઠ બને છે તે ઉપર:—કાંચકીના પાલાનો રસ ૬ માસા અને હિંગ માસો ૧ શેકી પાણીમાં સાત દિવસ પાવું. આઠમે દિવસે ફૂલાવેલું મોરથુથુ અર્ધો ચોખાભાર ૭ માસા પાણીમાં નાખી પાવું, એટલે કાળા પીળા દસ્ત થઈ ગાંઠ સાફ થઈ જશે. (૧૦) જીભે કાતરા થાય છે તે ઉપર:—કાંચકીના પાલાના રસમાં જીરાની ભૂકી નાખી પાવી. (૧૧) બાળકોના કલેજાનો ભાર (આનાથી સસણીરોગ થાય છે) ઉપર:—કાંચકીનાં પાંદડાં, વાંસનો પાલો અને બકરીની લીંડીઓ એકત્ર કૂટી ગોમૂત્રમાં બાફી સહેવાતું થયા પછી તેનો પેટ ઉપર પાટો બાંધવો. (૧૨) જ્વર (તાવ) ઉપર:—કાચકાં શેકી ચૂર્ણ કરી તે મરી સાથે ખાવું. (૧૩) જંતુ (કૃમિ) ઉપર:—કાચકાં શેકી તેનું ચૂર્ણ ઘીમાં ખાવું અને ગુદાદ્વારે ડાંગરનાં ફોતરાં(ભાતના છાલા)ની ધૂણી દેવી, એટલે ઝાડાવાટે જંતુ પડશે.

૧૨૫ કાંજળ—આ ઝાડ ખાડીમાં અથવા પાણીના ખાબોચીઆમાં થાય છે. કાંજળનાં ઝાડ ઘણું કરી પ્રફળી જેવાંજ થાય છે. પરંતુ તેટલાં ચીકટ અને બળકટ હોતાં નથી. એ ફક્ત બાળવાના કામમાં આવે છે. એને બકુલ વૃક્ષનાં ફૂલો જેવાં નાનાં અને સુવાસિક ફૂલો આવે છે.

૧૨૬ કાંટાસરીઓ:—સં૦ કુરંટક. મ૦ કોરાંટી. હિં૦ કટશરૈયા, પીયાવાંસા.* ક૦ ગોરટે. લા૦ બાર્લેરીઆ પ્રાયોનીટસ. બં૦ ઝાંટિ. તૈ૦ ગોરેકુ.

આ ફૂલઝાડ ત્રણચાર હાથ ઉંચાં વધે છે; એના સર્વાંગે કાંટા હોય છે. એના ઝાડના દેખાવ ઉપરથી ધોળો, પીળો, ભૂરો અને રાતો એવા ભેદ છે. એનાં ફૂલોનો વાસ હોતો નથી. **ધોળો કાંટાસરીઓ:**—કડવો, કેશ્ય, સ્નિગ્ધ, મધુર, તીખો, ઉષ્ણ તથા દાંતોને હિતાવહ છે; અને વલિપલિત, કોઢ, વાત, રક્તદોષ, કફ, કંડૂ (ખરજ), વિષ અને દારુણાનો નાશ કરે છે. **રાતો કાંટાસરીઓ:**—કડવો, વર્ણકારક, ઉષ્ણ અને તીખો છે. એ સોજો, તાવ, વાતરોગ, કફ, રક્તવિકાર, પિત્ત, આધ્માન, શૂલ, દમ અને ઉધરસનો નાશ કરે છે. **પીળો કાંટાસરીઓ:**—ઉષ્ણ, કડવો, તૂરો તથા અગ્નિદીપક છે; અને વાયુ, કફ, કંડૂ (ખરજ), સોજો, રક્તવિકાર તેમજ ત્વગ્દોષનો નાશ કરે છે. **કાળો કાંટાસરીઓ:**—કડવો, તીખો અને વાત, કફ, સોજો, કંડૂ, શૂલ, કોઢ, વ્રણ તથા ત્વગ્દોષ(ચામડીના રોગો)નો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) બાળકોને સળેખમ અને ઉધરસ થાય છે તે ઉપર:—કાંટાસરીઆનાં પાંદડાંનો રસ કાઢી મધમાં પાવો. (૨) વીર્યપતન ઉપર:—ધોળા કાંટાસરીઆનાં પાંદડાંનો રસ જીરૂ નાખી ૭ દિવસ આપવો. (૩) પિત્ત ઉપર:—કાંટાસરીઆનો, કાળી તુળસીનો અને ભાંગરાનો પાલો એકત્ર વાટી ગાયના દૂધમાં મેળવી પાવો. (૪) દુખતી દાઢ ઉપર:—પીળા કાંટાસરીઆનો પાલો અને અક્કલકરો એકત્ર ખાંડી દાઢ નીચે રાખવો. (૫) મોઢું આવ્યું હોય તો તે ઉપર:—પીળા કાંટાસરીઆનો પાલો, જાંબુડીની છાલ અને આમળાંનો કાઢો કરી કોગળા કરવા. (૬) ગર્ભધારણને માટે:—કાંટાસરીઆનાં મૂળો ગાયના ઘીમાં ઘસી ઋતુકાળે પાવાં. (૭) દાંતમાંથી લોહી આવતું હોય તો:—કાંટાસરીઆનો રસ અને મધ દાંતે ચોપડવું. (૮) દંતકૃમિ ઉપર:—કાંટાસરીઆનાં પાંદડાં ચાવવાં અને દાઢ નીચે રાખવાં. (૯) વાતરોગ ઉપર:—પીળો

* અહીં પિયાવાંસા નામથી જે વનસ્પતિ ઓળખાવી તેને કાંટા હોતા નથી ત્યારે આને કાંટા બતાવે છે. વળી અબોલી એ પિયાવાંસા કે કાંટારીસરીઓ એ ચોક્કસ કહેવાતું નથી. પીયાવાંસાની ત્રણ અને કાંટાસરિયાની ચાર જાત બતાવે છે.

કાંટાસરીઓ, દેવદાર અને સુંઠ, એનો કાઢો કરી તેમાં એરંડતેલ મિશ્ર કરી તે પાવો; એટલે શરીર વાયુએ અકડાઈ ગયું હશે તો તે સારૂં થશે. **(૧૦) સોજા ઉપર:**—કાંટાસરીઆના પાલાનો રસ ચોપડવો. **(૧૧) વિંછીના દંશ ઉપર:**—કાંટાસરીઆના પાલાનો રસ દંશની વિષમ બાજુના કાનમાં પાડવો. **(૧૨) સુવારોગ ઉપર:**—કાંટાસરીઆનો કાઢો કરી તેમાં પીપરનું ચૂર્ણ નાખી તે પાવો અથવા કાંટાસરીઆનાં મૂળ ચાવી ખાવાં કિંવા એનો કાઢો કરી રાતભર રાખી તે સવારે પીવો.

૧૨૭ કાંટી (કાંટાવાળા) ગોખરૂ—સં૦ વનશૃંગાટક. મ૦ સરાટે, ધાકટે ગોખરૂ. *હિં૦ છોટે ગોખરૂ. બં૦ ગોક્ષુરી, છોટ ગોખુરી. ક૦ નેગ્ગિલુ. તૈ૦ ચિરિપિલેરૂ. તા૦ નેરંજીલ. તુ૦ નેગ્ગિલુમુલ્લુ. મલા૦ નેરિનિલ. ફા૦ તુરેંખારખસ્ક. અ૦ બકલતલ ખારખસ્ક. લા૦ ટ્રિબ્યુલસટેરેસ્ટ્રિસ.

આ એક ગોખરૂની જાતિ છે. એના વેલા થાય છે. એ વેલાનાં પાંદડાં બારીક હોય છે. એ પાંદડાંનું શાક થાય છે. આ વેલા કાળી જમીનમાં થાય છે. ચોમાસામાં તે પુષ્કળ થાય છે. આ ગોખરૂને ઘણા કાંટા હોય છે. તે સૂકાય એટલે વગડામાં જવાને માણસોને ઘણી અડચણ પડે છે. બોડા ગોખરૂને બદલે કોઇ કોઇ એનો ઉપયોગ કરે છે. એના ગુણ બોડા ગોખરૂ જેવાજ છે.× **ઉપયોગ**—**(૧) ભ્રમપિત્ત ઉપર:**—ગોખરૂનો અને કોઠીના પાલાનો રસ ૪ પૈસાભાર ગાયના તાજા દૂધમાં પાવો. **(૨) ગર્ભિણીની ધૂપણી ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ ૬ માસા ખડીસાકર અને ઘીમાં લેવું. **(૩) શરીરમાં થયેલાં ગરમીનાં ચાંદાં ઉપર:**—ગોખરૂ ૧ તોલો લઇ સાધારણ ખાંડવાં તથા તેમાં ખડકમાં ઉત્પન્ન થનારી ગળોનો કંદ ૭ માસા નાખવો; અને ૪૦ તોલા પાણી નાખી અષ્ટમાંશ બાકી રાખી કાઢો કરી તે પ્રાતઃકાળે પાવો; તથા તેજ ઔષધો શીલક રાખી તેમાં એક તોલો સાકર નાખી સાયંકાળે પૂર્વવત્ અષ્ટમાંશ કાઢો કરી પાવો અને ચાંદીઓ ઉપર કપૂરભેંડી અથવા પારસપીપળાનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરતા જવું. આ પ્રમાણે ૪૨ દિવસ અને જરૂર જણાય તો વધારે દિવસ એ ઔષધ આપવું, પથ્ય પાળવું. **(૪) ગરમીનો આજાર શરીરમાં જામ્યાથી શરીરપર ઢીમણાં ઉઠે છે તે ઉપર:**—ગોખરૂ તોલો ૧, કંકોળ ૦ા તોલો અને સાકર ૧ તોલો એનો અષ્ટમાંશ કાઢો કરી તે સતત સેવન કરવો. **(૫) તંતુપ્રમેહ, ધાતુસ્થાનની કડકી, ધાતુવિકાર, પ્રદર અને બાળકના પેટમાં શીતળા તથા ગોવરૂં એની ચોટ બેસે છે તે ઉપર:**—ગોખરૂ ઘીમાં તળવાં તથા તેની ભૂકી કરી રાખવી. દરરોજ પ્રાતઃકાળે અને સાયંકાળે ૧ તોલો ગાયનું ઘી લઇ તેમાં અર્ધો તોલો ગોખરૂની ભૂકી અને અર્ધો તોલો ખાંડ કિંવા સાકર નાખી ૨૧ દિવસ સેવન કરવું. બાળકને ઉપલા મિશ્રણની સોપારી જેવડી ગોળી નિત્ય પ્રાતઃકાળે એક વખત આપવી. **(૬) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ગોખરૂનો છોડ મૂળસુદ્ધાં ઉપાડી અષ્ટમાંશ કાઢો કરી સાકર અને મધ નાખી પાવો. **(૭) મૂતરખડા (પથરી) ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ મધમાં ખરલ કરી મેંદીના દૂધમાં સાત દિવસ આપવું.

૧૨૮ કાંટેરી ડાંભા—વગડામાં એક પ્રકારનો ધોળો કાંટેરી ડાંભો થાય છે. તે પાંચ છ મહિના રહે છે. એનું ઝાડ અડધું માથોડું ઉંચું હોઇ તેના ઉપર કાંટા હોય છે. એનું શાક કરે છે; પરંતુ તેનો સ્વાદ બિલકુલ કમી હોય છે.

૧૨૯ કાંડવેલ (હાડસાંખળ ચોધારી)—સં૦ કાંડીર. મ૦ કાંડવેલ. હિં૦ કાંડવેલ, હડજોડ. બં૦ હડભાંગા. ક૦ મણીગુરબળી, સાંકુબળી, મંગરબળી. તૈ૦ નાલ્લેરૂ. તા૦ આરૂગણી, સાંકુવેરૂ. મલા૦ ચણુરંપલંડા. ગો૦ સાડાબળી. લા૦ વિટિસ્કોંડેગ્યુલારિસ.

કાંડવેલ એ થુરીઆ જેવી હોય છે અને તેના કરતાં ઘણી બારીક હોય છે. એની વેલ હોય છે. એને નાના નાના પેરીઆ હોય છે. કાંડવેલમાં ત્રિધારી કાંડવેલ, ચોધારી કાંડવેલ, એવી જાતો છે.

× કાંટીગોખરૂનાં જમીન ઉપર છાતલાં થાય છે. પાંદડાં ચણા જેવાં પણ કાંઇક મોટાં અને ફૂલ પીળાં હોય છે. અમારા ગામડામાં એ પુષ્કળ થાય છે. જો કે શાલીગ્રામજી એને છ કાંટા બતાવે છે, પણ એને ત્રણ ખૂણા હોય છે. તેમાં બે ઉપર એકેક કાંટો હોય છે, ત્રીજા ઉપર નહિ જેવોજ હોય છે.

કાંડવેલનો પુષ્કળ વિસ્તાર હોય છે. ત્રિધારી કાંડવેલને મરાઠીમાં 'હાડસંધિ' કહે છે. તેનું વર્ણન 'હાડસાંખળ' એ શબ્દમાં આપેલું છે. **સાધારણ કાંડવેલ:**—તીખી, કડવી, ઉષ્ણ, સારક અને પિત્તલ છે; તથા કફ, ગુલ્મ, લૂતા, દુષ્ટવ્રણ, પ્લીહા, ઉદર, અગ્નિમાંદ્ય, શૂળ, વાયુ અને મલસ્તંભનો નાશ કરે છે. **ચોધારી કાંડવેલ:**—ભૂતોપદ્રવ તથા શૂળનો નાશ કરે છે; અને ઉષ્ણ, આધ્માન-વાયુ, તિમિર, વાતરક્ત, અપસ્માર તથા વાતરોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શરીરમાં જામેલી અથવા સર્વ પ્રકારની ગરમી ઉપર:**—કાંડવેલ ભરસાળમાં શેકી, પીલી, બે તોલાથી ત્રણ તોલા સુધી રસ કાઢવો; તેમાં એટલુંજ ગાયનું ઘી નાખી સાત દિવસ સુધી એક વખત અથવા બે વખત આપવો. પથ્ય—ગોળું ખાવું. એથી ચાંદી, કાત્રા, સ્રાવ ઇત્યાદિ સર્વ વિકાર દૂર થાય છે. **(૨) સ્ત્રીઓના રજોદોષ ઉપર:**—કાંડવેલ ભરસાળમાં શેકી ૨ તોલા રસ કાઢી તેમાં તેટલુંજ ઘી તથા ગોપીચંદનની ભૂકી એક તોલો અને ખડીસાકરની ભૂકી ૧ તોલો નાખી આપવું.

૧૩૦ કાંડોળી—કાંડોળીને મરાઠીમાં "સારઢોળ" પણ કહે છે. આ વૃક્ષ મોટું થાય છે. કાંડોળીના ઝાડનો રંગ ધોળો સફેદ હોય છે. કાંડોળીનાં પાંદડાં મોટાં હોય છે. એનાં ફૂલો લાલ હોય છે. એ ઝાડને આંબા પ્રમાણે વસંત ઋતુમાં મોર આવી ફળો આવે છે. એ વખતે જૂનાં પાંદડાં સર્વ ખરી પડેલાં હોય છે. ફળનો આકાર બદામ જેવો હોય છે. એ પોચાં હોય છે. આ પાકેલાં ફળ ગળચટાં લાગે છે, એટલે તેને કોઇ કોઇ ખાય જાય છે. જંગલી લોકો એ ફળમાંની દાળની ઢીલી દાળ કરીને ખાય છે. એની ડાળીઓ મોગલાઈ એરંડા જેવી પોચી હોય છે. કાંડોળીનાં મૂળનો રંગ લાલ હોય છે. આ મૂળો ઠંડાં છે. કાંડોળીનાં ઝાડને સફેદ ગુંદ આવે છે. તે ઉપયોગી છે. તેને 'કથલ્યા ગોંદ' કહે છે. આ ઝાડ ઇમારતના ઉપયોગનું નથી. એની છાલ ઉપર રમુજ માટે કોઇ કોઇ લખે છે અને એ છાલ ઉપર કંઇક મંત્ર લખી નજર દૂર થવા માટે ગળે પણ બાંધે છે. કાંડોળીનાં ઝાડ કૂટી તેમાંથી રેસા કાઢે છે. **ઉપયોગ:—(૧) નાના બાળકને તથા મોટા માણસને મુબારકી(ડબા સરખો રોગ) થાય તો તે ઉપર:**—કાંડોળીનાં મૂળ, પાંડેરવાનાં મૂળ, હેદનાં મૂળ અને ઉંબરાનાં મૂળ, એ સર્વને ઘસી તે આપવાં. **(૨) અતિસાર ઉપર:**—કાંડોળીની છાલ ઘસી આપવી. **(૩) પરમો અને ધાતુવિકાર ઉપર:**—કાંડોળીની છાલનો પાણી નાખી રસ કાઢવો અને તે સાકર નાખી આપવો. અથવા કાંડોળીનાં મૂળ ઘસી ખડીસાકર નાખી પાવાં. કાંડોળીનો ગુંદ પણ ધાતુવિકાર ઉપર આપવો. **(૪) ગરમી, પ્રમેહ અને સ્ત્રીના રક્તસ્રાવ ઉપર:**—કાંડોળીનો ગુંદર રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ખડીસાકર નાખી આપવો. **(૫) શીણ (ક્ષીણતા અને થાક ઉતરવા માટે) અને વાયુ ઉપર:**—કાંડોળીની છાલ પાણીમાં નાખી તે પાણી ઉકાળી તે વડે સ્નાન કરવું.

૧૩૧ કાંસકી (પેટારી)—સં૦ અતિબલા. મ૦ પેટારી, મુદ્રાવળ, મુદ્રિકા, ચકભેંડી, કાસલી. કો૦ ચુચેં, ચોંચે. વ૦ કકઇ. હિં૦ કંગઈ, કકહિયા, પેટારી. બં૦ પીતવેડેલા. ક૦ મુલ્લુ-દુરુવે, હાડમેકે. ઇં૦ ઇંડિયન મેલો. લા૦ એબ્યુટિલન્ ઇંડીકમ્.

આ ઝાડ **"મુદ્રિકાનું ઝાડ" "ચુંચા" "મુદ્રાવળ" "મદની ચકભેંડી"** એ વગેરે બીજાં નામે પણ ઓળખાય છે. એ ઝાડ ત્રણ ચાર હાથપર્યંત ઉચાં વધે છે. એ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. તે ઘણાક પ્રાંતોમાં થાય છે. એનાં પાંદડાં લાંબાં, કિંચિત્ દાંઢ પડતી પહોળાઇવાળાં અને અણીઓ ચીંચોળાઇ ગયેલી તથા એક આંગળ પહોળાઇ અને ચાર આંગળની લંબાઇવાળાં હોય છે. આ ઝાડ ઉપર પાંદડાંનાં ડીંટાં પાસે ફળ આવે છે. એ નાની સોપારી જેવડાં હોય છે. એનો આકાર મુદ્રાકૃતિ હોય છે. નાનાં બાળકો એ ફળની વિંટીઓ પહેરે છે. એ ફળ લીલાં હોય છે ત્યારે ચીકણાં હોય છે. એ ફળનાં બીઆં બળદાણાનાં બીઆં પ્રમાણે લીલાં હોય છે ત્યારે મીઠાં લાગે છે. આ બીઆંનો પણ બળબીજ પ્રમાણે ઉપયોગ થાય છે. મુદ્રિકાના ઝાડની જાતનું "ફટાકડી" કરીને વેંતભર ઉંચાઇનું કોકણ પ્રાંતમાં નદીકિનારે થનારૂં એક ઝાડ છે. એને રાતા રંગની મુદ્રિકા આવે છે. બાળકો એ ફળને નળકંડમાં નાખી ફટાકા પ્રમાણે અવાજ કરે છે. પેટારીનું એક

જંગલી ઝાડ છે, તે આથી જુદું પડે છે. પેટારીના ગુણ બળદાણા જેવા છે. **ઉપયોગઃ—(૧) સર્પદંશ ઉપરઃ**—પેટારીનાં મૂળીઆં ચાવી ખાવાં કિંવા પાંદડાંનો રસ કાઢી પીવો. **(૨) ગર્ભપાત ન થવા માટેઃ**—પેટારીનાં મૂળીઆં કુંવારી છોકરીએ કાંતેલા સૂતરનાં સમાન દોરડાં લઈ તેમાં ગાંઠી કંમરે બાંધવાં. **(૩) મૂત્રદાહ બંધ કરવા માટેઃ**—પેટારીનાં મૂળીઆંનો ફાંટ કરી આપવો, એટલે કે તે મૂળીઆં ૧૬ તોલા પાણીમાં સારાં ઉકાળી તે પાણી આઠ તોલાપર્યંત આપવું. **(૪) પ્રદર ઉપરઃ**—પેટારીનાં મૂળીઆં પાણીમાં વાટી સાકર નાખી પાવાં અથવા પેટારીનાં પાંદડાંનો રસ નાગકેસરનું ચૂર્ણ નાખી પાવો. **(૫) શૈત્ય, કફ અને દાહયુક્ત એવા વિષમજ્વર ઉપરઃ**—પેટારીનાં મૂળીઆં અને સુંઠનો કાઢો બે અથવા ત્રણ દિવસ આપવો.

૧૩૨ કિરમાણી અજમો—સં૦ ચૌર. મ૦ કિરમાણી ઓવા. બં૦ ગેટેલા.

આને ચોર અજમો પણ કહે છે. આ પર્શિયા દેશમાં થાય છે. આ બીજ અરબસ્તાન અને પર્શિયામાંથી હિંદુસ્તાનમાં આવે છે. એ કડવાશ પડતાં હોય છે. આ અજમામાંથી શોધી કાઢેલું એક સત્ત્વ છે. અંગ્રેજી ભાષામાં તેનું "સૅંટોનાઈન" એવું નામ છે. એ એક રશિયાન વૈદ્યે સને ૧૮૩૦ની સાલમાં શોધી કાઢેલું છે. એ સત્ત્વ ૧–૨ કે ૩ રતિ સુધી કૃમિ (કરમ) ઉપર સાકરમાં રાત્રે અપાય છે; અને સવારે સુંઠનો કાઢો અથવા એરંડતેલ આપવું જોઇએ. સુંઠનો કાઢો આપ્યો ન હોય તો આ ઔષધનો પ્રભાવ કાંઈ પણ નજરે આવતો નથી. એ ઉપરથી આ ઔષધ લૂલું છે એમ કહેવાય છે; કારણ સુંઠ એ એવી નથી કે આ ઔષધ લંગડા જેવું થાય. હાલ આ ઔષધનો હિંદુસ્તાનમાં ઘણોજ વપરાશ છે; પરંતુ એના માથે મારનાર અહીં પુષ્કળ ઔષધો છે; એમ શોધવાથી સમજ પડે છે. આપણે અહીં આ જાતિનાં ઝાડ જેને સાષ્ટી પ્રાંતમાં "મારએટી" અથવા "સુરબંદ" કહેવાય છે તે છે. એનું વર્ણન આગળ આવશે. **કિરમાણી અજમોઃ**—કડવો, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, વૃષ્ય અને લઘુ છે. એ ત્રિદોષ, અજીર્ણ, કૃમિ, શૂળ અને આમનો નાશ કરે છે, બીજા ગુણો અજમા પ્રમાણે છે. **ઉપયોગઃ—(૧) કૃમિરોગ ઉપરઃ**—કિરમાણી અજમો પ્રાતઃકાળે ટંડા પાણીમાં આપવો અથવા પાનબીડીમાં ખાવો; એટલે કૃમિરોગ (જંતુવિકાર) દૂર થાય છે.

૧૩૩ કિંજળી—કિંજળીનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. કિંજળીનું લાકડું ઇમારતી કામમાં સારૂં ઉપયોગી છે. જાદુ–ટપકા વગેરે ચાલે નહિ માટે કિંજળીની લાકડી કોઇ કોઇ પાસે રાખે છે, એને કિંદળ પણ કહે છે. **ઉપયોગઃ—(૧) અજીર્ણ ઉપરઃ**—કિંજળીનાં પાંદડાંનો રસ પાવો. **(૨) પટકી (કૉલેરા) ઉપરઃ**—કિંજળીનાં પાંદડાંનો રસ આશરે પાશેરપર્યંત પાવો. **(૩) કર્ણમૂળ ઉપરઃ**—કિંજળીનાં પાંદડાંના રસમાં ભેંસનું ઘી નાખી અને તેમાં સિંધાલૂણ ઘસી પ્રતિદિવસ ચાર પાંચ વાર કાનમાં પાડવું. **(૪) કર્ણસ્રાવ ઉપરઃ**—કિંજળીના કુમળા તોરાનો અને છાલનો રસ એકત્ર કરી કાનમાં પાડવો. **(૫) વિસર્પ અને વિસ્ફોટક રોગ ઉપરઃ**—કિંજળીની છાલનો રસ કાઢી તેમાં કુમળી ધ્રો તથા ચોખા વાટી તેનો લેપ કરવો.

૧૩૪ કીડામારી—સં૦ ધૂમ્રપત્રા. મ૦ ગિંધાન, ગંધન, ગંધાટી. બં૦ તામાક. હિં૦ કીડામારી. ક૦ કરિગિડ કત્તગિરી. તે૦ ગાડિદેગાડાપારા. તા૦ અડુટિન્નાપાલાઇ. મલા૦ અડુટિન્નપાલી. ઇં૦ બ્રેકિટએંટડ. લા૦એરિસ્ટોલોચિયા બ્રેકટીટા.

આ વનસ્પતિ વર્ષાયુ છે. એને મરાઠીમાં 'ગંધાટી' કહે છે. એના વેલા હોય છે. દક્ષિણ હિંદુસ્તાનમાં એ નદીના કિનારાપર કાળી જમીનમાં શ્રાવણ માસમાં ઉગે છે. એનાં પાંદડાંનો રસ ઘણો કડવો અને ઉગ્ર છે. **ઉપયોગઃ—(૧) જનાવરોની ચાંદીમાં કીડા પડે છે તે ઉપરઃ**—કીડામારીનો રસ અથવા પાલો વાટી ક્ષત ઉપર ચોપડવો, એટલે કીડા મરે છે. **(૨) દાદર ઉપરઃ**—કીડામારીનાં પાંદડાંનો રસ એરંડતેલમાં મેળવી ચોપડવો. **(૩) પેટપીડ ઉપરઃ**—એનાં બે પાંદડાં પાણીમાં મસળી પાવાં. **(૪) નાનાં બાળકોના મળ સાફ થવા માટેઃ**—એનાં પાંદડાં ડુંટીએ બાંધવાં. **(૫) શીતજ્વર અને સતત જ્વર ઉપરઃ**—એનાં પાંદડાંનો રસ શરીરે ચોળવો, એટલે તાવ તત્કાળ જાય છે અથવા તેનો કિંચિત રસ સેવન કરવાથી પણ જાય છે. **(૬) કૃમિ ઉપરઃ**—

કીડામારીનો રસ કાઢી પાવો; અથવા બીઆંના ચૂર્ણની ફાકી આપવી. (૭) સોજા ઉપર:—કીડામારી, સમુદ્રફળ, માલકાંકણી અને મરી, એ વાટી લેપ કરવો.

૧૩૫ કુકરપાડાનો વેલો (કુકડવેલ)—સં૦ દેવદાલી. મ૦ દેવડાંગરી, કાંટેઈંદ્રાવણ. હિં૦ સોનૈયા, બંદાલ, ઘઘરવેલ, બિદાલી. બં૦ દેયાતાડા. ઈં૦ બ્રિસ્ટલીલ્યુફા. લા૦ લ્યુફાએકીનેટા. ક૦ દેવડાળી, દેવડંગર. તૈં૦ ડાતરગંડી.

કુકરપાડાના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં કંકોડીનાં પાંદડાં જેવાં હોય છે. ઘણાં વર્ષોના જૂના વેલાની જમીનમાં ગાંઠ બનેલી હોય છે.* કુકરપાડાના ફળનો આકાર કંકોડાના જેવો હોય છે અને તે ઉપર તેવાજ કાંટા હોય છે. એ ફળો સૂકવી ભાગવાથી અંદરથી બીઆં વગેરે નીકળી જઈ જાળી જેવી રેષાઓ નીકળે છે. એ ઘણીજ કડવી હોય છે. મરાઠીમાં કુકરપાડાને 'કાંટે ઈંદ્રવણ' પણ કહે છે.×

કુકરપાડાનો વેલો—કાંતિકારક, ઉષ્ણ, કટુ, તીખો તથા તીક્ષ્ણ છે; અને પાંડુ, કફ, દમ, ઉધરસ, મૂળવ્યાધિ, ક્ષય, કમળો, કૃમિ, હેડકી, તાવ, સોજો, વિષદોષ, ભૂતબાધા, અરુચિ તથા ઉંદરનું વિષ, એ સર્વનો નાશ કરે છે. **એનાં ફળ:**—સારક, કડવાં અને ગુલ્મ, કૃમિ, કફ શૂળ, અર્શ તથા કમળો, એનાં નાશક છે. ઉપયોગ:—(૧) **સર્પના વિષ ઉપર:**—કુકરપાડો પાણીમાં વાટી તે પાણી ગાળી તે રસ, વિષનું જોર તથા પીનારની શક્તિ જોઈ પાવો. ઉતાર ઘી. આ ઔષધ જુદી જુદી જાતિના સર્પના વિષ ઉપર પણ ચાલે છે. **બીજો પ્રકાર:**—સુકાયેલા ફળની રેષાઓ એક ગુંજાથી બે ગુંજાપર્યંત પાણીમાં મેળવી તે પાણી બે તોલાપર્યંત પાવું. ઉતાર ઘી. (૨) **કમળીના રોગ ઉપર:**—કુકરપાડાના વેલાનો રસ નાકમાં પાડવો; અથવા કુકરપાડાનું ચૂર્ણ ૧ ચોખાભાર લઈ નાકે સુંઘવું, એટલે નાકમાંથી પીળો સ્રાવ થઈ બે પહોરમાં કમળીનો રોગ ઉતરશે. (૩) **મૂળવ્યાધિ ઉપર:**—કુકરપાડાનાં બીજ અને ગોળ, એ પીલુડીના રસમાં વાટી ગુદા ઉપર લેપ કરવો; એટલે સણકા તત્કાળ બંધ થાય છે. (૪) **ગંડમાલા ઉપર:**—કુકરપાડાનાં બીજ વાટી તેનું એક ટીપું અને માણસના મૂત્રનાં ચાર ટીપાં એકત્ર કરી કાનમાં પાડવાં. (૫) **મધુરા ઉપર:**—કુકરપાડાની જાળ પાણીમાં મસળી તે પાણી શરીરે ચોપડવું. (૬) **મૂળવ્યાધિ ઉપર:**—સિંધવ અને કુકરપાડાનાં બીજ કાંજીમાં વાટી મસા ઉપર લેપ કરવો; અથવા કુકરપાડાના કાઢાથી ગુદાપ્રક્ષાલન કરવું અને ચૂર્ણ કરી ધૂણી આપવી; કિંવા કુકરપાડાનો હિમ કરી પીવાથી તેને ગુદાંકુર થશેજ નહિ. (૭) **રાત્રિના તાવ ઉપર:**—કુકરપાડાનાં મૂળ કાને બાંધવાં. (૮) **પાંડુરોગ ઉપર:**—કુકરપાડાનાં પંચાંગનું ચૂર્ણ દૂધમાં અથવા પાણીમાં ચાર માસા આપવું, એટલે એક મહિનામાં પાંડુરોગનો નાશ થશે.

૧૩૬ કુબી (કોબી)—સં૦ પેલી. મ૦ બં૦ કોબી. હિં૦ ગોબી. ઈં૦ કેબેજ. એ ભાજી યુરોપીયન લોકોએ યુરોપથી આ દેશમાં આણેલી છે. એ પહેલાં અહીંના લોકોને આ શાકની માહિતી નહોતી, એમ કહે છે. કુબીમાં ત્રણ ચાર જાતિ છે. જેને ગઠ્ઠા થાય છે, તે ઉત્તમ હોય છે. આ ભાજી ઉત્તમ પૌષ્ટિક છે. **કોબી કે કુબી:**—જેને કંદ થાય છે તે—મધુર, રૂક્ષ, સ્વચ્છ, શીતળ, ભેદક, ગ્રાહક, રુચિકર તથા ગુરુ છે; અને પિત્ત, કફ તેમજ વાયુનો નાશ કરે છે. એના કંદના પણ તેજ ગુણો છે. **કુબી**—જેનાં પાંદડાંનો ગઠ્ઠો થાય છે તે—મધુર, વૃષ્ય, પાકકાળે તીખી, કડવી, ગ્રાહક, શીતળ, લઘુ, પાચક, અગ્નિદીપક, હૃદ્ય અને વાતકર છે; તથા કફ, પિત્ત, જ્વર, પ્રમેહ, કોઢ,

---

* કેટલી જગ્યાએ માળી બગીચાની વાડ પર કુકડવેલ લગાડે છે. કુકડવેલનાં ફૂલ સફેદ, પીળાં તથા લાલ, એમ ત્રણ જાતનાં હોય છે.

× હિંદુસ્તાની વૈદ્યો આ ફળ અત્યંત કડવાં હોવાથી કેટલીક ઔષધિના કવાથમાં નાખે છે. ઘોડાના શરીરમાં જો કૃમિ પડયા હોય તો બીજા મસાલાની સાથે તેને આ ફળ ખવરાવે છે. આની તુરીઆના જેવી નસોવાળાં ફળોની બીજી બે ત્રણ જાતો થાય છે; એનાં ફળમાં પાણી ભરી રાખી તેનો રેચ લે છે, તે ભયંકર છે; પરંતુ એ રેચ ઉધરસને શાંત પાડે છે.

ઉધરસ, રક્તદોષ અને પિત્તજન્ય ભ્રમનો નાશ કરે છે.

૧૩૭ કુબો—સં૦ દ્રોણપુષ્પી. મ૦ તુંબા, ગોમા, કુંભા. કો૦ શેતવડ, શેતકુંભા, તુંબા. હિં૦ ગૂમા ગુમા, દણુહલી. બં૦ પલધયા. ક૦ તા૦ તુ૦ તુંબે. મ૦ તુંપા. તૈ૦ ગયસચેટ્ટુ, ગલુગતુમ્મિ. લા૦ લ્યુકાસ્ સિપ્પેક્ષેટસ.

આ ઝાડ નાનાં હોઇ શુમારે બે હાથ ઉંચાં વધે છે.* એનાં પાંદડાં બારીક અને લાંબાં હોય છે. એનાં ફૂલો બારીક ધોળા રંગનાં હોય છે અને તે શિવને ચઢાવે છે. એ ઝાડ પડતર જમીનમાં અને જૂનાં ખંડેરોમાં પણ ઉગે છે. ગુણમાં એ ઉષ્ણ અને વાયુ ઉપર અકસીર છે. **કુબો:**—રુચિકર, તીખો, ભેદક, પથ્યકર, મીઠો, સારક, રૂક્ષ, ગુરુ, ખારો તથા વાતપિત્તકર છે; અને વાત, કફ, અગ્નિમાંદ્ય, સોજો, કમળો, તમકશ્વાસ, કૃમિ તથા શળનો નાશ કરે છે. **પાંદડાં:**—સ્વાદુ, રૂક્ષ, પિત્તલ, ગુરુ, ભેદક તથા તીખાં છે. એ કમળો, મેહ, તાવ અને સોજાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **વિષમજ્વર ઉપર:**—કુબાનાં પાંદડાંના રસમાં મરીનું ચૂર્ણ નાખી પાવું. (૨) **પેટપીડ અને નળ ફૂલે તે ઉપર:**—કુબાનાં પાંદડાંનો અંગરસ ખારેકમાં નાખી પાવો. (૩) **વાયુએ અતિશય જોર કર્યું હોય તો:**—કુબાનો અંગરસ મધ નાખી શક્તિ પ્રમાણે ૭ માસાથી ૧ તોલા સુધી પાવો. ઉતાર ઘી અને ભાત. (૪) **બાળકોના કફવિકાર ઉપર:**—કુબાનો રસ ત્રણ માસા, ફુલાવેલો તેલીઆ ટંકણખારની ભૂકી બે ગુંજાભાર અને મધ ૬ માસા એકત્ર કરી ખરલ કરી ચાટણ કરી આપવું. (૫) **ચોથીઆ તાવ ઉપર:**—કુબાના રસનું અંજન કરવું. (૬) **કમળીના રોગ ઉપર:**—કુબાના રસનું કિંવા કુબાના રસમાં હિંગ ઘસી તેનું અંજન કરવું. (૭) **સોજા ઉપર:**—કુબો અને કડવો લીમડો એનાં પાંદડાં ઉકાળી બાફ આપવી, એટલે પરસેવો વળી સોજો ઉતરે છે. (૮) **આધાશીશી ઉપર:**—કુબાનો રસ નાકમાં પાડવો.

૧૩૮ કુરકુલા—કુરકુલા ઉકરડામાં અને ભીની જમીનમાં થનાર રોપો છે. એની આકૃતિ અળવી જેવી છે. એની ઉંચાઇ વેંત કરતાં વધારે થતી નથી. એનાં પાંદડાં કારિંદાનાં પાંદડાં જેવાં હોઈ ગોળ અને ઘણાં નાનાં હોય છે. કુરકુલાને એકજ પાંદડું ઉપર આવે છે, એટલે તેને ડીંટાંસુદ્ધાં તોડી કાઢે છે. એનું શાક અળવી જેવું પરંતુ સ્વાદ વગરનું થાય છે. એમાં ચણાની દાળ નાખવી જોઇએ.

૧૩૯ કુવા—આ વૃક્ષો સંહ્યાદ્રીના નીચેના પ્રદેશમાં ઘણાં થાય છે. એનાથી ઘણી છાયા મળતી નથી; કારણ એ ૫૦–૬૦ હાથ ઉંચું વધે છે અને ૨ થી ૨॥ હાથ પહોળું હોય છે, તથા ઉપરના ભાગમાં પણ ઘણું વિસ્તારવાળું નથી હોતું. એ વૃક્ષનું લાકડું કઠિન અને સીધું હોય છે. એ માટે તેની ડોલકાઠી કરે છે. ગોમાંતક અને કર્નાટકમાં એને 'કુવા' કહે છે. એને નાગની ફણી જેવાં રાતાં ફૂલો આવે છે, તેથી એને 'નાગણિનું વૃક્ષ' એમ પણ કહે છે. એનું ફળ ફોડવાથી તેનો વિલક્ષણ વાસ આવે છે; તથા તેમાં બે કાળાં બી હોય છે. એની અંદરનો ગર્ભ બાળકો ખાય છે. એનું લાકડું ઘણા ઉપયોગમાં આવે છે.

૧૪૦ કુળાઈ—(સં૦ સુષવી. મ૦ કુળઇ, ફોડશી.) જેઠ મહિનાની આખરે જ્યારે એકાદ વરસાદ પડે છે ત્યારે આ ભાજી રાનમાં જ્યાં ત્યાં ઉગી નીકળે છે. રાતી માટીની જમીનમાં અને ડુંગરાળ પ્રદેશમાં એ પુષ્કળ થાય છે. એ ભાજીના કાંદા ધોળા હોઇ તે જમીનમાં હોય છે. એ ભાજી કેવળ લીલોતરી જેવી છે. કુળઇની કુમળી ભાજી માત્ર ખાવાના ઉપયોગમાં આવે છે. એને ઝીણાં ધોળાં ફૂલ આવે છે. એ ભાજી સ્વાદે સારી છે. તેને બાફીને અથવા પહેલાં મીઠું લગાવી ખૂબ મસળી પાણી કાઢી નાખીને પછી વઘારે છે. **કુળાઈ:**—શીતળ, સ્વાદુ, વાતકર, કફકર અને ગુરુ છે.×

---

* કુબાની દરેક ગાંઠ પર ગુચ્છા થાય છે. એ ગુચ્છામાં સફેદ ફૂલ હોય છે. ગુચ્છાની અંદર બીજ રહે છે. ફળની ઉપર બે પાન હોય છે.

× વગડાઉ લોકો આ કુળઇને "કણુઝરા"ના નામથી ઓળખતા હોવાનું બેધડક રીતે જાહેર કરે છે; પરંતુ એને યોગ્ય બીજી કશી બાબતો નિઘંટમાંથી મળી આવી નથી. પદેજીએ કણુઝરો નિ. નં. ૧૭૩ બીજો બતાવ્યો છે; તેમજ સં૦ સુષવી એ કલોંજી જીરાનું નામ પણ દેખાય છે.

૧૪૧ કુંદ (કાગડો)—સં૦ મ૦ કુંદ. કો૦ કુંદકાગડો. ક૦ સુરગિ. તૈ૦ મોલ્લ. હિં૦ કુંદેકા વૃક્ષ, કુંદેકા ફૂલ. બં૦ કુંદ ફુલેર ગાછ. લા૦ જસમીનમ્ મુલટી ફ્લોરમ્.

કુંદના વેલા હોય છે. એ વેલા ચંબેલીના વેલા જેવા થાય છે. એને આસો-કારતક માસમાં ફૂલ આવવા માંડે છે. આ ફૂલ રાનમોગરી પ્રમાણે હોય છે. એ કાંઈક લાંબાં હોય છે. એને ચૈત્ર વૈશાખમાં ઘણો ભર આવે છે. એનો ઘણોજ વાસ આવે છે; પરંતુ તે સહેજ ઉગ્ર હોય છે.

૧૪૨ કુંવાડીઓ—સં૦ ચક્રમર્દ. મ૦ તરોટા, ટાકળા. હિં૦ પવાડ ચકવડ. બં૦ એડાંચી, ચાકુંદા, ચાટકાટા. ક૦ ટકરીકે, કુંસલંગિતગચે. તૈ૦ તાંટયમુ, તગિરિસ. તા૦ તગરે, વિંદુ. ગુ૦ તજંકુ. મલા૦ તકર. ગો૦ તેકિલો. ફા૦ સંજીસવોયા. ઈં૦ ઓવલલીવ્ડ કેસ્યા. લા૦ કેસ્યાટોરા.

જંગલી શાકમાં કુંવાડીઓ એ જગત્પ્રસિદ્ધ છે. વરસાદ પડયાને પંદર દિવસ થતાંજ કુંવાડીઓ શાક કરવાના કામમાં આવે છે. એ ઝાડ શુમારે કંમરપૂર ઉંચાં વધે છે. એને પીળા રંગનાં ફૂલો આવી બારીક શિંગો આવે છે. એ શિંગોમાં મેથીનાં જેવાં બીઆં આવે છે. ગરીબ લોક કુંવાડીઆની ભાજી ઉપરજ કેટલાક દિવસ કાઢે છે. **કુંવાડીઓ:**—મીઠો, રૂક્ષ, લઘુ, કડવો, શીતળ તથા ખારો છે; અને વાયુ, પિત્ત, દાદર, કફ, કોઢ, કૃમિ, દમ, મસ્તકશૂળ, વ્રણ, મેદોરોગ, પ્રમેહ, ત્રિદોષ, અરુચિ, તાવ, મળમૂત્ર-સ્તંભ, મેહ તથા ઉધરસનો નાશ કરે છે. એનાં **બીજ:**—ગ્રાહક, ઉષ્ણ, તીખાં અને કફ, કોઢ, દમ, ઉધરસ, કંડૂ, વિષ, દાદર, સોજો, ગુલ્મ અને વાતરક્તનો નાશ કરે છે. એના પાલાની **ભાજી:**-લઘુ, પિત્તકર, ખાટી તેમજ ઉષ્ણ છે; અને કફ, વાયુ, દરાજ, કોઢ, પ્રમેહ, કંડૂ, ઉધરસ તથા દમનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **ખરજવા ઉપર:**—કુંવાડીઆનાં મૂળ ઘસી ચોપડવાં. (૨) **કાળપુરી (પાઠા) ઉપર:**—ધોળા કુંવાડીઆનો પાલો ૭ દિવસ ચોપડવો. (૩) **દાદર ઉપર:**—કુંવાડીઆના પાલાનો રસ લીમડાના રસમાં મિશ્ર કરી ચોપડવો. (૪) **સોમરોગ એટલે જલપ્રદર ઉપર:**—કુંવાડીઆનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી પ્રાશન કરવાં. (૫) **પુષ્ટતાને માટે તથા અંગમાં ગરમી થઇ લોહી રહેતું નથી તે ઉપર:**—કુંવાડીઆનાં મૂળ લાવી ધોઈ સ્વચ્છ કરી સૂકવવાં અને તેની વસ્ત્રગાળ ભૂકી કરી રાખવી. પ્રતિદિવસ પ્રાતઃકાળે ઘી ૨ તોલા, સાકરની ભૂકી ૧ તોલો, એમાં એ ચૂર્ણ ૪ માસાથી ૧ તોલાપર્યંત કાલવી ચાટવું. એના યોગથી લોહી શુદ્ધ થઇ શક્તિ પણ વધે છે. (૬) **આદાશીશી ઉપર:**—કુંવાડીઆનાં બી કાંજીમાં વાટી લેપ કરવો. (૭) **ખરજવા ઉપર:**—કુંવાડીઆનાં બીઆં ૬ ભાગ, બાવચો ૪ ભાગ અને ગાજરનાં બી ૨ ભાગ, એનું ચૂર્ણ માટલામાં ઘાલી ગોમૂત્રમાં ૮ દિવસ પલાળી રાખીને પછી ચોપડવું. એ ઔષધ સૂકાવા ન દીધું હોય તો વર્ષભર ઉપયોગમાં આવે છે. (૮) **વસામેહ ઉપર:**—કુંવાડીઆનાં મૂળનો કાઢો પાવો. (૯) **બદ ફુટવા માટે:**—કુંવાડીઆનો પાલો બારીક વાટી તેની ગોળી કરી બદ ઉપર બેસાડવી. એ પ્રમાણે એકેક પહોરે તાજી ગોળી બેસાડવી; એટલે બદ ફુટે છે. (૧૦) **વાછરડાંને કિંવા ઢોરોને કરમ પડયા હોય તે ઉપર:**—કુંવાડીઆના પાલાનો રસ કાઢી તેમાં તેટલીજ છાશ નાખવી અને ગંધક ૧ તોલો અને હિંગ ૫ તોલાપર્યંત લઇ, બંનેની ભૂકી કરી તેમાં મિશ્ર કરી પાવી. વાછરડાંને આપવાનું હોય તો રસ નવટાંક અને ઔષધો ચતુર્થાંશ જોઇએ. મોટાં ઢોરોને અચ્છેરથી શેરપર્યંત રસ અને ઉપર લખ્યા પ્રમાણે ઔષધો જોઇએ. (૧૧) **શીતપિત્ત ઉપર:**—કુંવાડીઆનાં મૂળનું ચૂર્ણ ઘીમાં કાલવી પાવું.×

૧૪૩ કુંવાર—સં૦ કુમારી, ગૃહકન્યા. મ૦ કોરફડ. કો૦ કુંવારકાંડે, કોરકંડ. બ્રહ્મી મોક. હિં૦ ઘી ગુવાંર, કુંવારપઠ્ઠા. બં૦ ધૃતકુમારી. ક૦ લોઇસર, કટાલિગિડ. તા૦ કટ્ટાલે. તૈ૦ કાલાબાંડા, પિન્નગોરિંટકલવંદ, વિરજાજીતોગે. ગુ૦ નોલિસરા. મલા૦ કટ્ટાવાલા. ફા૦ દરખતેસિન્ન. અ૦ મુસબર. ઈં૦ બાર્બેડોઝ ઍલોઝ. લા૦ ઍલોઇ બાર્બેડેન્સ.

× કુંવાડીઆ(પવાડીઆ)નો ક્ષુપ થાય છે. પાંદડાં ગોળ અને એકેક ડાંડલીમાં પાંચ પાંચ થાય છે. ફૂલ પીળાં અને એના ઉપર ફળી થાય છે. એનાં બીજ, મૂળ, છાલ અને પાંદડાં વપરાય છે. એનાં બીનો રંગ કાળાશ પડતો હોય છે. બીજમાંનો ગર પીળો હોય છે.

એળીઓ એટલે કાળોબોળ જેમાંથી બને છે તે વનસ્પતિનું નામ કુંવારપાઠું છે. એ અંગ્રેજી વર્ગવારી પ્રમાણે 'લિલિએસી' નામના ઉદ્ભિજ્જ વર્ગમાં ભળે છે. આનું ઘતકુમારી નામ કેમ પડ્યું એ નિશ્ચયાત્મક જણાતું નથી; પરંતુ એવો તર્ક થાય છે કે, પ્રાચીન કાળમાં કુંવારના તાજા કડકા ઘીમાં તળી તે ઘી ઔષધમાં વાપરતા હશે; આથી એ નામ પડેલ હશે. કુંવારના મૂળસુદ્ધાં ઉખેડી લીધેલા છોડ હવામાં ટંગાડી રાખેલા હોય તે જમીન અને પાણીનો આશ્રય મળવાથી ઉગે છે અને વધે છે; તેથી તેનાં ગૃહકન્યા, તરુણી એ નામો પડેલાં હશે. અમરાઅજરા, સુકંટકા, સ્થૂલદલા, અફલા, સુરસા, અતિપિચ્છિલા આ સર્વ સંસ્કૃત નામો ખુલ્લેખુલ્લાં અન્વર્થક છે. કુંવારનાં પાઠાં જાડાં હોઇ તેમાં રસદાર ગર્ભ હોય છે, તે ઘણો કડવો હોય છે. એ પાઠું અંગારામાં શેકી, તેનો પાતળો રસ કાઢી, તેમાં થોડો ગોળ નાખી, નવા જન્મેલા તુરત્તના બાળકને પ્રથમ એક બે દિવસ ગળથુથી કરી પાય છે; પછી તેને માતાના દૂધનો અભ્યાસ કરાવે છે. કુંવારને કાર્તિક–માર્ગશીર્ષના અરસામાં મધ્યમાંથી ડાંડા ફૂટી ઉપર તોરા આવે છે. એ ડાંડાને ગુજરાતમાં શેલરાં (શેલડાં) અને મરાઠીમાં 'શેલારે' કહે છે. એ છોલી એનું શાક અને કઢી કરે છે તે ઉત્તમ થાય છે. તેની કઢી સ્વાદિષ્ટ થાય છે. એ શેલરાં પાકી જાય એટલે તેને રાવળાંઆ કહે છે. તેના ઉપર લાલ રંગનાં ફૂલ થાય છે. આ રાવળીઆને લોકો કશા ઉપયોગમાં લેતા નથી. કુમળા તોરા ઘીમાં તળી ખાય છે. એ ભાજી ફરમાસી હોઇ મોંઘી મળે છે. ગુજરાતી લોકો કુંવારનું અથાણું કરે છે. કુંવારનાં ઉપરનાં પાંદડાં સૂકાય છે ત્યારે અંદરથી નવાં પાંદડાં ફૂટે છે, તેથી એ વનસ્પતિ હમેશાં તાજી રહે છે; એ આ વનસ્પતિમાં મોટો ચમત્કાર છે. એનાં ડીંટાંમાંથી અંકૂર ફૂટી એની વૃદ્ધિ થાય છે. કેટલેક ઠેકાણે કુંવારનાં મોટાં વનો હોય છે. **એળીઓઃ**—(સં૦ એલીયક, એલવા લુક. ક૦ કલંગડેલ, સુરસુરિકે. મ૦ કાલાબોળ, એળ્યાબોળ. હિં૦ એલવા. તૈ૦ બોલં. ઈં૦ સૌકોદ્રનએલોઝ. લા૦ આલોશોકોટ્રીના. ફા૦ મુસબ્બર. યુના૦ ફેકરા. અ૦ સીબર સકુતરે.)

એળીઆની બનાવટ અને તેનું બાહ્યસ્વરૂપઃ—બે પ્રકારનો એળીઓ બજારમાં મળે છે. (૧) કુંવારનો સૂકવેલો અંગરસ અથવા તેનાં પાંદડાં ઉકાળી તૈયાર કરેલા કાઢાનો બનાવેલ હોય છે. તેમાંથી સોકોટ્રીન (સીકોતરીઓ) એળીઓ ઉત્તમ માનેલો છે. તે ઉપરથી કઠણ અને કાળાશ પડતા રંગનો હોય છે. ભાગવાથી ભાગેલ બાજુ તરફથી જોતાં તે સુંવાળો હોઇ રાળની માફક ચકચકતો હોય છે, અને સુગંધવાળો હોઈ સ્વાદમાં ઘણોજ કડવો હોય છે. આ જંગબાર તરફથી મુંબાઈ આવી બહાર દેશ તરફ જાય છે. (૨) જાફરાબાદી એળીઓ જાફરાબાદ સંસ્થાનમાંજ તૈયાર થાય છે. તેના ગાંગડા ગોળ આકારના અને ઉપર નીચે ચપટ વડી હોય છે. તેનો વપરાશ હિંદુસ્તાનમાં થાય છે. ઔષધિના ઉપયોગ માટે એળીઓ વાપરવાનો હોય તો ફરીથી પાણીમાં ઉકાળી તેમાંનો ગારો કાઢી તે ફરી જાડો કરવો પડે છે. એવી રીતિથી તૈયાર કરેલા શુદ્ધ એળીઆનો ઉપયોગ અંગ્રેજી રસાયનશાસ્ત્રીઓ અને ઔષધિ વેચનારા કરે છે. તે તેનો કસ મેળવવાને દરરોજ તપાસ કરે છે. એળીઓ ટાઢા પાણીમાં પીગળતો નથી; પરંતુ પાણી ઊનું કર્યું એટલે પીગળે છે. તેનો રસ કેટલીક વાર રહેવા દેવાથી તેની નીચે રાળ જેવું સત્ત્વ જામે છે. તેના ઉપરનું પાણી ખાટા ગુણવાળું હોય છે. તેના ક્ષારના પાણીથી ઘેરો રતાશપડતો રંગ થાય છે. બ્રોમીનવાળું પાણી મેળવે તો ડીકજ જર્દ પીળો સત્ત્વ પડે છે. તેજ એલોઈનનું સત્ત્વ. હલકા દારૂમાં (પ્રૂફ સ્પિરિટમાં) એળીઓ પલળ્યા પછી જે સત્ત્વ નીચે રહે છે તે ચોવડા કરેલ મલમલમાંથી દાબીને નીચોવ્યા પછી જે દ્રવ્ય રહે છે તેનેજ અંગ્રેજીમાં "ઍલોઇન" કહે છે. એ સ્ફટિકરૂપ છે અને પાણીમાં પીગળે છે. એનેજ પ્રકૃત વનસ્પતિમાથી કાર્યકારી સત્ત્વ ઠરાવેલ છે. આ શુદ્ધ 'ઍલોઇન'જ ફક્ત રેચક છે. તે ઘણા નાના પ્રમાણમાં (૦ાા થી ૨ ગ્રેન સુધી) કોઈ પણ અનુપાનમાં (સાકર સાથે) આપવાથી પેટમાં આંકડી ન થતાં રેચક થાય છે.

કુંવારપાઠાના રસનો ઔષધિમાં ઉપયોગઃ—ઘણા દિવસથી કુંવારનો ગર્ભ સાકરમાં મેળવીને તાવનો દાહ શાંત કરવા તાવવાળાને આપવાની પ્રથા છે. કુંવારનો તાજો રસ રેચક અને યોનિદાહ (ગર્ભાશયની શિથિલતા) કમી કરનાર છે. આંખો આવી હોય તો (પિત્તના અભિષ્યંદ વિકારમાં જેને અંગ્રેજીમાં 'કેટરલ કન્જન ટીવાઇટીઝ' કહે છે) ફટકડીની ભૂકી કુંવારના રસમાં મેળવી તેનો પાંપણ

ઉપર લેપ કરવાથી આંખની અંતર ત્વચાનો રવરવાટ કમતી થઈ રક્ત છૂટી જાય છે. મૈસુર પ્રાંતમાં સ્ત્રીઓને અટકાવ આવતો ન હોય તો કેટલાક દિવસો સુધી કુંવારનો રસ આપે છે. કાર્સિઆડિ ઓર્ટા નામના ગૃહસ્થ ઈ૦ સ૦ ૧૫૩૪ માં ગોવાના ગવર્નરના ડૉકટર હતા. તેમણે કુંવારપાઠાનો એક કલ્પ લખેલ છે. તે આ પ્રમાણેઃ—ગર્ભના કડકા ૮ તોલા, સાદું (ઘસિયું) મીઠું ૧ તોલો, એ દશ તોલા પાણીમાં ઉકાળી તૈયાર કરેલો કાઢો ગાળી તેમાં ૨ થી ૨ાા તોલા સુધી સાકર નાખી તે પરોઢીએ આપવો. અમૃતસર અને સુરત તરફ કુંવારપાઠાના કકડા મીઠામાં નાખી તેનું અથાણું કરે છે અને તે જેની ક્ષુધા (ભૂખ) મંદ પડી હોય તેને ખાવા આપે છે. જનાવરનાં ઔષધોમાં પણ એળીઆનો ઘણો ઉપયોગ થાય છે. સૅાકટ્રીના કુંવારનો રસ (અથવા એળીઓ) ગરમ પાણીમાં મેળવી જખમ ઉપર ચોપડવાથી ત્યાંની પીડા બંધ થાય છે. સ્ત્રીઓનો યોનિરોગ, ત્વગરોગ, બરોળસંબંધી રોગ, નેત્રરોગ, અગ્નિદગ્ધ વ્રણ ઈત્યાદિ અનેક રોગ ઉપર કુંવારનો તાજો રસ અને એળીઆનો ઉપયોગ થાય છે. એળીઆનો ઉપયોગ હાલમાં ડૉકટરી ઔષધોમાં ઘણો થાય છે. પીલએલોઝ એટ મ્હર, પીલ કોલોસીન્થ કમ્પાઉન્ડ, પીલ રીહાઇ કો૦ (કમ્પાઉન્ડ) ડીકોકસન એલોઝ કો૦, વાઇનમ્ એલોઝ, એ અંગ્રેજી ઔષધોમાં એળીઓ હોય છે. કુંવારના રસમાંથી જે "એળીઓ" એટલે "કાળો બોળ" તૈયાર કરે છે, એ **બોળઃ**—સારક તથા રેચક છે અને તે આર્તવશુદ્ધિ કરે છે. **કુંવારઃ**—શીતળ, કડવી, મદગંધી, રસાયન, અગ્નિદીપક, ભેદક, મધુર, પુષ્ટિકર, બલકર તથા વૃષ્ય છે; અને વિષદોષ, કફપિત્તજ્વર, કફ, પિત્ત, દમ, ઉધરસ, પ્લીહા, કોઢ, ગુલ્મવાત, યકૃત, જ્વર, ગ્રંથિ, ત્વગ્દોષ (ચામડીના દોષ), વિસ્ફોટક, રક્તવિકાર, અગ્નિદગ્ધ વ્રણ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં **ફૂલઃ**—ગુરુ છે. તે વાત, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) વિષમજ્વર ઉપરઃ**—કુંવારનો કાંદો દશ માસાપર્યંત લઈ તે કોકરવર્ણા પાણીમાં આપવો; એટલે ઉલટી થઈ કફાશયનું શોષણ થાય છે અને વિષમજ્વર દૂર થાય છે. **(૨) બરોળ અને અપચી ઉપરઃ**—કુંવારનો રસ હળદર નાખી પાવો. **(૩) ઉધરસ ઉપરઃ**—કુંવાર અંગારામાં શેકી તેનો રસ અને અરડુસીનો રસ અથવા મધ, એમાં લીંડીપીપર અને લવંગની ભૂકી નાખી તે પાવું. **(૪) કફ અને ઉધરસ ઉપરઃ**—કુંવારનો ગર્ભ, મધ અથવા સિંધવ અને હળદર નાખી આપવો. **(૫) આંખો દુખવા આવે છે તે ઉપરઃ**—કુંવારનું પાઠું ચીરી પાણીમાં ધોઈ તે પાણીમાં ફુલાવેલી ફટકડીની ભૂકી અને અફીણ મેળવી તે પાણી ગાળી આંખો ઉપર ચોપડતા જવું; અથવા કુંવાર અને ચિત્રાનાં પાંદડાં એકત્ર વાટી લેપ કરવો. **(૬) સ્તનરોગ ઉપરઃ**—કુંવારનો કાંદો ઘસી તેમાં હળદરની ભૂકી નાખી સ્તન ઉપર લેપ કરવો. **(૭) વાઘ કરડયો હોય તોઃ**—કુંવારનું પાઠું હળદર ઘાલી ગરમ કરી બાંધવું. **(૮) અંગમાં જામેલી ગરમી, પ્રમેહ, કડકી, હાડીઓ તાવ અને રસાયનો ઉપરઃ**—કુંવારના પાઠામાંનો રસ શુમારે ચાર માસાથી એક તોલાપર્યંત લઈ તેમાં જીરાની ભૂકી ચાર ગુંજા અને મરીની ભૂકી બે ગુંજાપર્યંત નાખી તે પાવું. **(૯) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—કુંવારનો ગર્ભ ચોપડવો એટલે ત્વરિત દાહ શમન થાય છે; અથવા કુંવારનો ગર્ભ કપડામાં નાખી ગાળી લઈ, તે બલકમાં મીઠાનું પાણી નાખીને પીંછાથી શરીરે ચોપડવો. **(૧૦) ક્ષત(ચાંદી)માંહેના કૃમિ મરવા માટેઃ**—કુંવારનું મૂળ ગોમૂત્રમાં ઘસી દિવસમાં બે ત્રણ વાર ચોપડવું. **(૧૧) કુંવારનો પાકઃ**—કુંવારનો ગર્ભ પાણીમાં પલાળી રાખી પછી ધોઇ વસ્ત્ર ઉપર પહોળો કરવો. પછી બીજા પાક પ્રમાણે તેનો પાક કરી સેવન કરવો; એટલે શરીરમાંહેની ગરમી, અમ્લપિત્ત તથા કડકીનો નાશ થઈ ધાતુ પુષ્ટ થાય છે. **(૧૨) કાનમાં અતિશય દાહ થતો હોય તોઃ**—કુંવારનો બલક ઉપલી બાજુએ કાન ઉપર રાખવો અને વસ્ત્રગાળ કરેલું થોડું બલકનું પાણી કાનમાં પાડવું. **(૧૩) કમળી ઉપરઃ**—કુંવારના કાંદાનો રસ કાઢી તેમાં ઘી નાખી નસ્ય કરવું; એટલે કમળીથી આંખો પીળી થયેલી હશે તે કમળીનો નાશ થશે. **(૧૪) ભાર ઉપરઃ**—એળીઓ અને દિકામળી એકત્ર કરી તે પાવું.

૧૪૪ કેતકી—સં૦ કેતક. ફા૦ નોએઅજવાવી. મ૦ કેકતી. ઘાપાનનાં પાંદડાં જેવાંજ કેતકીનાં પાંદડાં હોય છે; પરંતુ તે કરતાં તે થોડાં પહોળાં છે. એ પાંદડાંને છેડે કરવતી જેવા

કાંટા હોય છે. એ ઝાડો સર્વત્ર થાય છે. કેતકીનાં પાંદડાં પલાળી રાખી તેનાં દોરડાં વણે છે, તે મજબૂત હોય છે. કેતકીનાં પાંદડાં પલાળી રાખી તેનાં દોરડાં વણે છે, તે મજબૂત હોય છે. કેતકીનાં પાંદડાંના મધ્યભાગમાંથી ઉભી અને સીધી એક લાકડી નીકળે છે. એ લાકડી અબદાગિરીની દાંડી કરવાના કામમાં આવે છે. એને કોઇ "ધાયાળ" કહે છે. ઉપયોગ—(૧) કંડૂ ઉપરઃ—કેતકીનાં પાંદડાંનો રસ કાઢી શરીરે ચોળવો. એથી બળતરા થાય છે. ઘણી આગ થવા લાગે તો છાણ ચોળી ઠંડા પાણીવડે સ્નાન કરવું. (૨) મુસળીઆ રોગ ઉપરઃ—કેતકીના કાંદાનો રસ પાવો.

૧૪૫ કેરડી—સં૦ કરીર. મ૦ કારવી. આ ઝાડ કોકણમાં સર્વત્ર પ્રસિદ્ધ છે. કારવી પાંચ ૭ હાથ ઉંચી સીધી વધે છે. એનો ઉપયોગ ટટ્ટી અને વાડ માટે થાય છે. કારવીના ફૂલમાં મકરંદ પુષ્કળ હોય છે; તે લઇને મધમાખો તેનું મધ બનાવે છે. ઉપયોગ—(૧) બાળંત (સુવા) રોગ ઉપરઃ—કારવીનાં બી બકરીના મૂત્રમાં ૭ દિવસ આપવાં.

૧૪૬ કેરડો—સં૦ કરીર. મ૦ નેબતી. હિં૦ કરીલ ટીંટ. ક૦ નિષ્પતિગે, નિબટી, મરગણિગિલ. તૈ૦ કબર, કુરાક. ફા૦ કબાર. મા૦ કરેલ. ઈં૦ કેપર. લા૦ કેપેરીસ સ્વાઇનોઝા. બં૦ વાંશેર કોંડ.

કેરડાને ખાનદેશ, મારવાડ અને ઉત્તરહિંદુસ્તાનમાં "કરેલ" કહે છે. એ કાંટેરી ઝાડ છે. એને પાંદડાં આવતાં નથી. એને આખા અંગ ઉપર બોરડીના જેવા કાંટા હોય છે. એ માથોડું બે માથોડાં ઉંચો વધે છે. એને રાતાં ફૂલો આવે છે અને નાનાં બોર જેવડાં ફળ આવે છે. એ ફળોને બાફીને શાક કરે છે અને અથાણું પણ કરે છે. કોઇ કોઈ એ ફળોને છાશમાં મીઠું નાખી તેમાં ત્રણ દિવસ તેને પલાળી રાખી, સૂકવી પછી તેનું શાક કરે છે. એનાં પાકાં ફળોનો રંગ લાલ હોય છે. એને પીચુ કહે છે. ગામડાંમાં એ ઝાડ પુષ્કળ થાય છે. કેરડોઃ—ઉષ્ણ, તૂરો, તીખો, આધ્માનકારક, રુચિકર, ભેદક તથા સ્વાદુ છે; અને કફ, વાયુ, આમ, વિષ, સોજો, વ્રણશોથ, કૃમિ, ખરજ, અરુચિ, સર્વશૂળ અને શ્વાસનો નાશક છે. એનાં ફળઃ—તીખાં, કડવાં, ઉષ્ણ, તૂરાં, વિકાસી, મધુર, ગ્રાહક, મુખને સ્વચ્છ કરનારાં, હૃદ્ય તેમજ રૂક્ષ છે; અને કફ, મેહ તથા અર્શનો નાશ કરે છે. એનાં ફૂલઃ—વાતકારક, તૂરાં અને કફપિત્તનાં નાશક છે. ઉપયોગઃ—(૧) દંતશૂળ ઉપરઃ—કેરડાનાં મૂળ ચાવી ખાવાં, એટલે શળ તાબડતોબ નાશ પામે છે.

૧૪૭ કેવડાનું ઝાડ—સં૦ કેતકી. મ૦ કેવડા. હિં૦ કેવરા-ડા, ગગનધૂલ. ક૦ બિળેકેદગે-મુંડીગે. તૈ૦ મુગલીપુવુ, ગાજંગી, કેતકી. તા૦ કેદગે. તું૦ કેદઇ, મુંદેઇ. મલા૦ કેતા, કેતકી. ગો૦ કેદઇ, બોંડઇ. ફા૦ કરજ. અ૦ કાદી. લા૦ પેંડેનસ ઓડોરા ટિસીમસ્.

કેવડાનું ઝાડ બે માથોડાં ઉંચું વધે છે. એના લાંબા લાંબા બેટા થાય છે. એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. એનાં પાંદડાંને કાંટા હોય છે. કેવડાનાં વનો ઘણાં ઘાડાં હોય છે. એમાં ધોળી અને પીળી એવી બે જાતિ છે. ધોળી જાતિને કેવડો અને પીળી જાતિને કેતકી કહે છે. કેતકીનો ઘણો વાસ આવે છે અને તેનાં પાંદડાં ઘણાં સુકુમાર હોય છે. શ્રાવણ માસમાં કેવડાની મોસમ હોય છે. કેતકી માઘ અને ફાગણ મહિનામાં થાય છે. ધોળા કેવડા બારમાસી થાય છે. કેવડાનાં વનોમાં સર્પ રહે છે. કર્નાટકમાં આ ઝાડનાં પાંદડાંની છત્રીઓ અને ટોપ કરે છે. કેવડાનું તેલ કાઢે છે, તે ઘણું સુવાસિક હોય છે. કેવડાનાં પાંદડામાં કરેલી કાથની ગોળીઓ ઘણી સુવાસિક હોય છે. કેવડાની અંદર જે માંજર હોય છે તેનું શાક કરે છે.× શ્વેત કેતકીઃ—તીખી, મીઠી, કડવી તેમજ લઘુ છે; અને વિષ તથા કફનો નાશ કરનારી છે. એનાં ફૂલઃ—લઘુ, તીખાં, કડવાં, કાંતિકર તથા ઉષ્ણ છે; અને તે વાયુ, કફ તથા કેશની દુર્ગંધનો નાશ કરે છે. તેનું કેસરઃ—કરોળીઆનું નાશક અને કિંચિત્ ઉષ્ણ છે. એનાં ફળઃ—મીઠાં છે અને વાયુ, મેહ તથા કફનો નાશ કરે છે. સુવર્ણ કેતકીઃ—કડવી, નેત્રોને હિતાવહ, ઉષ્ણ, લઘુ, તીખી તથા મધુર છે; અને વિષદોષ તથા કફનો નાશ કરે છે. એનાં ફૂલઃ—સુખકર, કામોદ્દીપન, કિંચિત્ ઉષ્ણ, કડવાં, તીખાં અને નેત્રને હિતા-

× કેવડાનો અર્ક બરોળને નુકસાનકારક છે, એનો પ્રતિનિધિ રતાંજળી ને માત્રા ૬ માસા છે. એ જંગલી ખારી જમીનમાં થાય છે.

વહ તથા સુગંધી છે. **એના ફુલગુણ:**—અતિ ઠંડા, દેહને દૃઢ કરનાર, તીખા, બલકર તથા રસાયન છે અને પિત્ત તથા કફનો નાશ કરે છે. **એનાં ફુળ અને કેસરના ગુણ:**—શ્વેત કેતકીનાં ફુળ અને કેસરના ગુણ જેવાજ છે. **ઉપયોગ:—(૧) રક્ત પ્રદર ઉપર:**—કેવડાનાં મૂળ પાણીમાં ઘસી સાકર નાખી પાવાં. **(૨) અપસ્માર (ગોતા) ઉપર:**—કેવડાનાં કણસલાં ઉપરની ભૂકી અને કેતકીનાં ફૂલ સમભાગ લઈ એકત્ર ખાંડવાં અને તે ચૂર્ણ છીંકણીની પેઠે સુંઘવું. **(૩) ઉષ્ણતાવડે કપાળ દુખે છે તે ઉપર:**—કેવડાનું પાણી અને ધોળું ચંદન ઘસી એક કાચની બાટલીમાં નાખી, તે બાટલીના મુખ ઉપર બારીક કપડું વિંટી, તે બાટલી ઉપરાઉપરી હલાવી સુંઘતાં જવું એટલે કપાળ દુખતું હશે તે મટશે. **(૪) પ્રમેહ ઉપર:**—કેતકીનાં મૂળ બાફી તેનો રસ તોલા બે અને સાકર બે પૈસાભાર એકત્ર કરી પાવું. **(૫)સર્વ પ્રકારની ઉષ્ણતા ઉપર:**—કેવડાનાં પાંદડાંના રસમાં જીરૂં વાટી સાકર નાખી તે ૭ દિવસ સુધી પાવો. પથ્ય-છાશ અને ભાત, મીઠા વગર. **(૬) કંઠરોગ ઉપર:**—કેવડાની માંજરની બીડી કરી પીવી એટલે કંઠસર્પાદિ રોગ દૂર થાય છે. **(૭)મુસળયા રોગ (ઉલટી તથા ઝાડા) ઉપર:**—કેવડાના કાંદાનો રસ પાવો.

૧૪૮ ×કેસર—સં૦ કેશર, કુંકુમ. મ૦ કેશર. બં૦ ક૦ તા૦ મલા૦ ગો૦ કુંકમ, કેશર. હિં૦ કેસર. તૈ૦ કુંકમપુવુ. ફા૦ લરકીમાસ. અ૦ જાફરાન, કુરકુમ. ઇં૦ સેફ્રન. લા૦ ક્રૉસિસ્ટિગ્મેટા, ક્રોસસ સેટિવસ.

કેસર નેપાળ અને ઇંગ્લાંડ દેશમાં થાય છે. કેસરનાં ઝાડ નાનાં હોય છે. તેના કાંદા બે બે હાથના અંતરે હાર પ્રમાણે વાવે છે. તેને વાવ્યા પછી બે ત્રણ માસને અંતરે ઝાડ થઇ તેને ફૂલ આવે છે. તેને ત્રણ પાંખડીઓ હોય છે તથા અંદર તંતુ હોય છે, તેજ **કેસર.** કેસરનો રંગ રાતો હોઇ તંતુ લાંબા હોય તો તે ઉચ્ચ પ્રતિનું છે એમ જાણવું. કેસર એક વર્ષ કરતાં વધુ રહેવાથી બગડે છે. એ રંગના અને ઔષધના કામમાં આવે છે. **કેસર:**—સુગંધી, કડવું, તીખું, રુચિકર, આનંદકારક, ઉષ્ણ, કાંતિકર તૂરૂં તથા સ્નિગ્ધ છે; અને કંઠરોગ, વાયુ, કફ, ઉધરસ, મસ્તકશૂલ, વિષ, ઉલટી, વ્રણ વ્યંગ, કૃમિ, હેડકી, ત્રિદોષ તથા કોઢનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) રક્તપિત્ત ઉપર:**—બકરીના દૂધમાં કેસર શીજવી પાવું અને બકરીના દૂધમાં ભાત ખાવો. **(૨) શરીરમાંથી લોહી ઘણું ગયું હોય તો:**—મધ સાથે કેસર ખાવું. **(૩) પીનસ રોગ ઉપર:**—કેસર ઘીમાં ખરલ કરી નસ્ય આપવું. **(૪) આધાશીશી ઉપર:**—કેસર અને ઘી એકત્ર ખરલ કરી નાકે સુંઘવું. **(૫) કૉલેરા ઉપર:**—લીમડાના રસમાં કેસર આપવું. **(૬) મૃત્તિકાજન્ય (માટી ખાવાથી ઉત્પન્ન થયેલા) પાંડુરોગ ઉપર:**—કેસર, જેઠીમધ, લીંડીપીપર અને નસોતરનો કાઢો કરી તેના ૪ પુટો માટીના દેવા અને તે માટી ખાવા આપવી; એટલે ખાધેલી માટી નીકળી જઇ વિકાર દૂર થશે. **(૭) મસ્તકરોગ ઉપર:**—કેસર અને બદામને ગાયના ઘીમાં ખરલ કરી નાકે સુંઘવું. **(૮) અહિરા ઉપર:**—કેસર મધમાં ખરલ કરી તેનું અંજન કરવું. **(૯) મૂત્રાઘાત ઉપર:**—રાત્રે પાણીમાં કેસર ભીંજવી રાખી સવારે તેમાં મધ નાખી હલાવી પીવું. **(૧૦) ખર(ધાતુ) પડે છે તે ઉપર:**—જૂના ઘીમાં કેસર ખરલ કરી ત્રણ દિવસ પીવું.

× કાશ્મીર, ઈરાન અને બલ્ખ, એ ત્રણ દેશોમાં કેસર ઉત્પન્ન થાય છે, તે પૈકી (૧) કાશ્મીરમાં થનાર કેસરના તંતુઓ બહુજ નાના નાના, બાલની સમાન ઝીણા, કાંઇક રતાશવાળા અને કમળની ગંધના સમાન હોય છે. એ બધી જાતનાં કેસરોમાં ઉત્તમ છે. (૨) બલ્ખ દેશનું કેસર પીળા રંગનું અને તેમાં કેતકીના ફૂલ જેવી સુગંધ આવે છે તથા બારીક હોય છે. એ મધ્યમ છે, અને (૩) ઇરાન દેશમાં થતા કેસરની ગંધ મધ જેવી હોય છે. રંગ કાંઇક પીળો અને એના તાંતણા મોટા હોય છે, એમ ભાવમિશ્રે કહ્યું છે. વળી કેટલાક કહે છે કે, હાલના જમાનાના વેપારી લોકો એમાં કસુંબા(કસુંબીના ફૂલનાં તંતુઓ)નો ભેળ કરે છે. કોઇક તો એમાં જનાવરોનાં આંતરડાંની બારીક છાલોને સૂકવી ભેળ કરતા હોવાનું બતાવે છે. એથીજ જૈન લોકોએ પવિત્ર કેસર તરફ પોતાના ધાર્મિક બંધુઓનું ધ્યાન ખેંચ્યું કહેવાય છે. જો એમ હોય તો વૈદકીય દૃષ્ટિથી પણ એને વધારે ચોક્કસ થવા જરૂરનું ધારૂં છું. એનાં પ્રતિનિધિ તજ અને જાવંત્રી છે.

(૧૧) કૃમિ ઉપરઃ—કેસર અને કપૂર દૂધમાં પાવું. **(૧૨) ગર્ભિણીના રક્તસ્રાવ અને પેટપીડ ઉપરઃ**—ગાયનું માખણ (તેમાંનો પાણીનો અંશ કાઢી) કેસર બે માસા નાખી ૧ તોલો આપવું. **(૧૩) બાળકોના ઝાડા તથા મરડા ઉપર કેસરાદિ ચૂર્ણઃ**—કેસર તો. ૧, જાયફળ તો. ૧, તજ તો. ૨, લવિંગ તો. ૦।।, એલચીનાં બીજ તો ૦।, ચાક તો. ૫ તથા સાકર તોલા ૧૬ દરેકને બારીક વાટી વસ્ત્રગાળ ચૂર્ણ કરી બાટલીમાં ભરી રાખવું. જરૂર પડયે ૨ થી ૪ રતી મધ સાથે અથવા દૂધ સાથે દિવસમાં ત્રણ વખત આપવું. આ દવાથી બાળકોનો અતિસાર, મરડો તથા પેટનો દુખાવો દૂર થાય છે. (ચાકનો ઉપયોગ કરવા પહેલાં ચાકને ખાંડી બહોળા પાણીમાં મેળવી એક દિવસ રહેવા દેવો. બીજે દિવસે હલાવી પાણી ગાળી લેવું. આ પાણી નીતરે તેમ કાઢતા જવું. નીચે જે ચાકનું બારીક ચૂર્ણ રહે તે ઉપયોગમાં લેવું.

૧૪૯ કેસરી (પીળો) ચંપો (રાયચંપો)—સં૰ સુવર્ણ ચંપક. મ૰ સોનચાંપા. હિં૰ ચંપા. ક૰ સંપગે. ત૰ ચંપાગીપુવુલુ, ચંપકમુ. તા૰ ચંબકં. તુ૰ સંપેડા-મારા. મલા૰ ચંપક. ગો૰ ચંપ્યા-રૂકુ. લા૰ મિચેલિયા ચંપકા.

આ ઝાડ ઘણું મોટું થાય છે. તેને વાવ્યા પછી આઠ દશ વર્ષે ફૂલો આવવા લાગે છે. એ ફૂલો વર્ષમાં બે વાર—ઉનાળામાં અને ચોમાસામાં આવે છે. એ ફૂલો જોવામાં ઘણાં સુંદર અને રંગે પીળાં હોય છે. એ ફૂલોનો વાસ ઘણો ઉગ્ર હોવાથી તે હવામાં ચારે તરફ પ્રસરે છે તથા હવા ખરાબ હોય તો તેમાં મળી જઇને હવાને સારી બનાવે છે. એનું લાકડું ઘણું કણી-વાળું હોય છે. **કેસરિયો ચંપોઃ**—કડવો, તીખો, શીતળ, તૂરો, મધુર, વૃષ્ય, હૃદ્ય, સુગંધી તથા શ્રમરનો નાશ કરનાર છે; અને દાહ, પિત્ત, કફ, રક્તદોષ, મૂત્રકૃચ્છ્ર, વાત, કોઢ, વિષ, કૃમિ, કંડૂ તથા વ્રણનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) પ્રદર ઉપરઃ**—પીળા ચંપાની છાલનો રસ પાવો અથવા છાલનો કાઢો કરી તે પાવો. **(૨) બાળકની ગરધણી (વરાધ) ઉપરઃ**—પાનના રસમાં કેસરીઆ ચંપાના ફૂલમાંહેની કળી અને શુદ્ધ કરેલો સાજીખાર નાખી તે પાવો. **(૩) વિષમ જ્વર ઉપરઃ**—કેસરિયા ચંપાનાં મૂળોનો કાઢો પાવો.

૧૫૦ કેળ—સં૰ કદલી, રંભા. મ૰ કેળ. હિં૰ કેલ-ર. ક૰ બાળી. તા૰ વાલે. તુ૰ બારે. મલા૰ વાળા. તૈ૰ ચક્રાકેલી, આરાટિકાયા, યારાટી. ફા૰ મોઝ. અ૰ તના. ઇં૰ પ્લેનટેઇન. લા૰ મુસાસેપિયેન્ટમ્.

કેળનાં ઝાડો ઘણું કરી સર્વ દેશોમાં થાય છે. એનાં મૂળોમાંથી જે ફણગા ફૂટે છે તે કાઢી બીજે સ્થળે વાવે છે, એટલે તેની કેળ થાય છે. કેળોની લગભગ વીસ જાતિ છે. ગોમાંતક, કર્ણાટક અને વસઇ, એ પ્રાંતોમાં કેળાંનો પાક ઘણો થાય છે. વસઈ પ્રાંતમાંના આગાશી ગામમાં કેળાંને સૂકવી પછી તે ચારે તરફ મોકલે છે. વગડામાં વરસાદથી જે કેળો પોતાની મેળે પાકે છે, તેને 'વગડાઉ કેળ' કહે છે. કાચાં કેળાંનું ને કેળદોડનું શાક થાય છે. છાલની રાખ રંગના કામમાં આવે છે. સૂતર રંગનારા રંગરેજ અને ખત્રી લોકો એનો ઘણો ઉપયોગ કરે છે. પાકેલાં કેળાંનું રાયતું સારૂં થાય છે. કેળના યોગે હથિયારોને પાણી ચઢાવવામાં આવે છે. કેળનાં પાંદડાંના દાંડાને સૂકવી બાળવાથી તેમાંથી ક્ષાર (ખાર) ઉત્પન્ન થાય છે. કોકણદેશમાં ધોબી લોકો સાબુને બદલે એ ક્ષારનો ઉપયોગ કરે છે. ગામડા ગામમાં રહેતા ગરીબ લોકોને મલમ એ પદાર્થ શું છે, તેની ખબર પણ નથી; અને જેમને ઔષધ આપવાને વૈદ્ય પણ નથી હોતો તે લોક કેળની અંદરના રસની મલમની પેઠે જખમ ઉપર પટ્ટી મારે છે અને તેથી તેમનો જખમ સારો થાય છે. પાકેલાં કેળાંનો ખાવામાં ઉપયોગ થાય છે. વગડાઉ કેળાં કોઇ ખાતું નથી. તેનાં કાચાં કેળાંનું તથા કેળદોડાનું શાક કરે છે અને પાંદડાં પત્રાળી કરવાના ઉપયોગમાં આવે છે. ભીલ, કોળી, ઠાકરડા વગેરે ગરીબ લોકો જમીન-માંથી વગડાઉ કેળના કંદ કાઢી તેને દળી લોટ કરી તેની ભાખરીઓ બનાવી ખાય છે. ×**કેળઃ**—

×કેળનાં પાંદડાં ત્રણેક ફુટ લાંબાં અને દોઢ બે ફુટ પહોળાં હોય છે. એ વાયુ અને કફ ઉત્પન્ન કરનાર છે; તથા એની શાંતિ મીઠું, સૂંઠ અને મધ છે; એનો પ્રતિનિધિ સાકર અને ગોળ છે.

શીતળ, ગુરુ, વૃષ્ય, સ્નિગ્ધ તથા મધુર છે; અને પિત્ત, રક્તવિકાર, યોનિદોષ, અશ્મરી તથા રક્તપિત્તનો નાશ કરે છે. **પાકેલાં કેળાં:**—બળકર, તૂરાં મધુર, ગુરુ, શીત, વૃષ્ય, શુક્રવર્ધક તથા સંતર્પણ છે; અને માંસ, કાંતિ તથા રુચિને વધારનાર, દુર્જર તથા કફકારક છે. એ તૃષા, ગ્લાનિ, પિત્ત, રક્તવિકાર, મેહ, ક્ષુધા તથા નેત્રરોગનો નાશ કરે છે; અને જેનો જઠરાગ્નિ મંદ છે એવો માણસ ખાય તો તેથી વિકાર થાય છે. **કેળદોડા:**—(ફૂલ) સ્નિગ્ધ, મધુર, તૂરા, ગુરુ, ગ્રાહક, કડવા, અગ્નિદીપક, વાતનાશક તથા કિંચિત્ ઉષ્ણવીર્ય છે; અને રક્તપિત્ત, ક્ષય, કૃમિ, પિત્ત તથા કફનો નાશ કરે છે. **કદલીસાર:**—(કેળમાંનો ગાભો) ગ્રાહક, અપ્રિય, ગુરુ તથા શીત છે; અને તૃષા, દાહ, મૂત્રકૃચ્છ, અતિસાર, સોમરોગ, અસ્થિસ્રાવ, રક્તપિત્ત અને વિસ્ફોટકનો નાશ કરે છે. **કદલીકંદ:**—રૂક્ષ, વાતલ, તૂરા, ગુરુ, શીત, બલકર, મધુર અને કેશ્ય છે તથા અગ્નિમાંદ્ય કરે છે. અને કર્ણશૂલ, આમ, પિત્ત, દાહ, રક્તદોષ, સોમરોગ, રજોદોષ, કૃમિ અને કોઢનો નાશ કરે છે. **કેળનું પાણી:**—શીતળ અને ગ્રાહક છે; અને મૂત્રકૃચ્છ્ર, મેહ, તૃષા, કર્ણરોગ, અતિસાર, અસ્થિસ્રાવ, રક્તપિત્ત, કૃચ્છ્ર, વિસ્ફોટક, રક્તદોષ, યોનિદોષ અને દાહનો નાશ કરે છે. **વગડાઉ કેળ:**—શીતળ, મધુર, બલવર્ધક, વીર્યવર્ધક, રુચ્ય, દુર્જર તથા જડ છે; અને તૃષા, દાહ, શોષ તથા પિત્તનો નાશ કરે છે. **એનાં ફળ:**—તૂરાં, મધુર અને ગુરુ છે. ઉપયોગ:—**(૧) પેટમાં વિષ ગયું હોય તો તે ઉપર:**—કેળના ગાભાનો રસ કાઢી પાવો. **(૨) હડકાયા કૂતરાના વિષ ઉપર:**—પાકેલાં વગડાઉ કેળાંનાં બી ખાવા આપવાં અને દંશ ઉપર વાટી ચોપડવાં. **(૩) શ્વાસ ઉપર:**—કેળાની અંદરનો કેસરયુક્ત ભાગ કોરી તેમાં મરીનું ચૂર્ણ રાત્રે ભરી રાખવું. પ્રાતઃકાળે તે કેળું ઘીમાં તાપ ઉપર શેકી ખાવું એટલે શ્વાસરોગ જલદી દૂર થાય છે. **(૪) સુખે પ્રસૂતિ થવા માટે:**—કેળનો કાંદો કંમરે બાંધવો. પ્રસવ થયા પછી છોડી નાખવો. **(૫) હેડકી ઉપર:**—રાનકેળનાં પાંદડાંની રાખ માસો એક અને મધ તોલો એક એકત્ર કરી પાવું. **(૬) સોજા ઉપર:**—ઘઉંની કણક અને પાકેલાં કેળાં પાણીમાં મેળવી ગરમ કરી સોજા ઉપર બાંધવાં. **(૭) સોમલના વિષ ઉપર:**—કેળના રોપાનો રસ પાશેર પાવો. **(૮) જીભે કાતરા પડે છે તે ઉપર:**—પાકેલાં કેળાં ગાયના દહીં સાથે સૂર્યોદય પહેલાં ખાવાં. **(૯) કમળા ઉપર:**—પાકેલાં કેળાં મધમાં મેળવી ખાવાં. **(૧૦) ભસ્મક રોગ ઉપર:**—કેળાં ઘી સાથે ખાવાં અથવા કેળના રસનું પાણી કાઢી પીવું. **(૧૧) ધૂપણી (પ્રદર) અને સોમરોગ એટલે મૂત્રાતિસાર જેવો રોગ થાય છે તે ઉપર:**—પાકેલાં કેળાં, આમળાંનો રસ અને સાકર એ ભાગ એકત્ર કરી પાવું. **(૧૨) મૂત્રકૃચ્છ્ર એટલે ગરમી ઉપર:**—ગાયના મૂત્રમાં કેળના કાંદાનો રસ નાખી પાવો. **(૧૩) દાહ શમન થવા માટે:**—કેળનાં અને કમળનાં પાંદડાં ઉપર સૂઈ રહેવું. **(૧૪) બાળકને દાંત ફુટે છે તે વેળાએ રોગ થાય છે તે ઉપર:**—કેળદોડાની અંદરના જે બારીક ફણગા (બાળકેળ) ગરી પડે છે, તે બારીક વાટી તેનો રસ કાઢવો. તેમાં થોડી જીરાની ભૂકી અને સાકર નાખી બાળકની શક્તિ પ્રમાણે નિત્ય એક વાર ચાર માસાથી છ માસાપર્યંત એ ક્રમ પ્રમાણે સતત સાત રોજ આપવું; અને ફક્ત એકલો આજ રસ દશ વીસ વાર દાઢો વગેરે ઠેકાણે ચોપડવો, એટલે તાવ વગેરે જલદી શમે છે. **(૧૫) શીતળા હલકા આવવા માટે:**—વગડાઉ કેળનાં બીઆં ભેંસના દૂધમાં વાટી કપડછાણ કરી તે દૂધ પાવું. **(૧૬) મૂત્રાઘાત એટલે પેશાબ બંધ થાય છે તે ઉપર:**—કેળનું પાણી ૪-૫ તોલા લઇ તેમાં પાતળું ઘી બે તોલા મિશ્ર કરી પાવું. એનો એવો ચમત્કાર છે કે કેળના પાણીમાં ઘીનો સંયોગ થઈ પેટમાં ગયેલું ઘી મૂત્રદ્વારે ઘણું જલદી નીકળી જાય છે અને તે યોગથી દ્વાર મોકળું થાય છે તથા પેશાબ છૂટે છે. પુરુષો કરતાં સ્ત્રીઓને તે ઘણોજ જલદી લાગુ પડે છે. **(૧૭) પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—પાકેલું એક કેળું અર્ધા તોલા ઘી સાથે દરરોજ સવારે અને સાંજે ખાતા જવું. એ પ્રમાણે સતત આઠ દિવસ સેવન કરવાથી ઉપલા વિકારો શમે છે. આ ઔષધથી કોઇને ઠંડી આવે એવું જણાય તો એમાંજ મધનાં ચાર ટીપાં નાખી આ ઔષધ ખાતા જવું. **(૧૮) ઢોરના ખાવામાં સોમલ આવ્યો હોય તો:**—કેળનો રસ એક શેર કાઢી ફટકડી તોલા ૧૦ અને ધોળો કાથો તોલો ૧ નાખી તે મિશ્રણ ૩ દિવસ પાવું. **(૧૯) પિત્તરોગ ઉપર:**—પાકેલાં કેળાં અને ઘી ખાવું. **(૨૦) ઢોરના મૂત્રાવરોધ ઉપર:**—કેળનું પાણી એક શેરપર્યંત કાઢી

તેમાં ગેરુ એક તોલો ઘસવો અને થોડું મીઠું અને મરીની ભૂકી ૪ ચણોઠીભાર નાખી પાવું. **(૨૧) કેળાં ખાવાથી અજીર્ણ થાય તો:**—એલચીદોડા ખાવા. **(૨૨) કેળું જલદી પકવવા માટે:**—લૂમનો દાંડો ૫-૬ આંગળ રાખી બાકીનો કાપી નાખ્યા પછી તેને ખીલાવડે કાણું પાડી તેમાં એલચીની ભૂકી ભરવી; એટલે કેળાં જલદી પાકે છે. કપૂર ભરવાથી પણ કેળાં જલદીથી પાકે છે. કેળાંમાં જો થોડી એલચીદોડાની ભૂકી નાખી હોય તો તે કેળાંનો નાશ થાય છે, એવો એલચીદોડામાં ગુણ છે. **(૨૩) ધૂપણી (પ્રદર) ઉપર:**—કેળનાં પાંદડાં બારીક વાટી તેની દૂધમાં ખીર કરી બે-ત્રણ દિવસ ખાવી. **(૨૪) ઉલટી ઉપર:**—કેળના કાંદાનો રસ મધ સાથે પાવો. **(૨૫) શરીરમાં જામેલી ગરમી અને પ્રમેહ ઉપરઃ**—કેળનો ગાભો છાયામાં સૂકવી ચૂર્ણ કરી તે સાકર અને પાણીમાં પાવું.

૧૫૧ કોકમ—સં૦ રક્તપૂરકા, વૃક્ષામ્લ. મ૦ અમસુલ. કો૦ કોકમ, રાતાંબા. હિં૦ વિષાબિલ, મહાદા. ક૦ તિતિડીક, સોલે, મરબિન, હુળીમરા. બં૦ મહાદા. રા૦ ડાસસ્યા. ફીરંગી ખિડાઓ. મલા૦ પૂતપુળિ. તુ૦ પુણારપુળી. ગો૦ ભિરંડ. ઇ૦ કોકમ, બટર ટ્રી. લા૦ ગારસિનિયા પરપ્યુરીઆ.

એ ઝાડ મોટાં થાય છે. તે કોકણ અને કર્નાટક દેશમાં ઘણાં થાય છે. એનાં ફળોને 'કોકમ' કહે છે. કોકમનો રંગ રાતો અને આકૃતિ નારંગી જેવી હોય છે. એને રાતાંબા કહે છે. રાતાંબાનો મગજ ખવાય છે અને અંદર પાણી હોય છે તે કાઢી પીએ છે. એનાં બીઆંમાંથી જે તેલ નીકળે છે તે મીણના જેવું જાડું અને ધોળું થાય છે; તે ખાવાના તથા ઔષધોના કામમાં આવે છે. એને ભિરંડેલ અથવા 'કોકમનું તેલ' કહે છે. ગોમાંતક અને માલવણ પ્રાંતોમાંથી સેંકડો ખાંડી કોકમ બહાર વેચાવા જાય છે. રાતાંબા ઉપરની છાલ સૂકવી તેનાં કોકમ કરે છે. એ આમલી કરતાં પથ્યકારક છે. એની કઢી અને ચટણી થાય છે. મીણબત્તી કરવાના કામમાં મીણમાં કોકમનું તેલ મિશ્ર કરવાથી તે સોંઘું પડે છે. બળવામાં પણ અડચણ આવતી નથી. **કાચાં ફળ:**—તૂરાં, રુચિકારક, ખાટાં, ઉષ્ણ, અગ્નિદીપક, પિત્તકર, ગુરુ, કફકર તથા તીખાં છે; અને વાતોદર, વ્રણ, વાયુ તથા અતિસારનો નાશ કરે છે. **તેનાં પાકાં ફળો:**—મધુર, રુચ્ય, ગ્રાહક, તીખાં, લઘુ, ઉષ્ણ, ખાટાં, તૂરાં, રૂક્ષ તથા અગ્નિદીપક છે; અને કફ, વાયુ, તરસ, આમાતિસાર, સંગ્રહણી, આમવાત, રક્તદોષ, પિત્ત, અર્શ, શૂળ, ગુલ્મ, વ્રણ, કૃમિ, હૃદ્રોગ તથા વાતોદરનો નાશ કરે છે. એ વૃક્ષના ગુણો પણ ઉપર પ્રમાણેજ છે. **ઉપયોગ:—(૧) હાડ દુખતું હોય તે ઉપર:**—કોકમના ઝાડનાં પાંદડાં વાટી ગરમ કરી તેનો પાટો બાંધવો. **(૨) રક્તયુક્ત મરડા ઉપર:**—વાયુના ઉપદ્રવથી કિંવા કોઇ પણ કારણથી રક્તયુકત મરડો થાય છે તે ઉપર—એની કુંપળો કેળનાં સૂકાં પાંદડાંમાં વિંટાળી, અંગારામાં શેકી, પછી બારીક વાટી ગોળી કરવી. તે ગોળી ગાયના તાજા દૂધમાં મેળવી તે દૂધ ઘણું જલદીથી પી જવું; અથવા કોકમનું તેલ ગરમ કરી તે ઠરી ગયા પહેલાં પાવું. એ પ્રત્યેક વેળા બે તોલા પાવું. **(૩) શીતપિત્ત ઉપર:**—કોકમના પાણીમાં જીરૂં અને ખાંડ નાખી પાશેર પાવું. **(૪) અમ્લપિત્ત અને પિત્તરોગ ઉપર:**—કોકમ, એલચી અને સાકર, એની ચટણી કરી ખાવી. **(૫) ટાઢીએ હોઠ ફાટે છે તે ઉપર:**—કોકમનું તેલ ચોળવું. **(૬) હાથનાં અને પગનાં તળીઆંમાં દાહ થતો હોય તો:**—કોકમનું તેલ ચોળવું. **(૭) મૂળવ્યાધિ ઉપર:**—કોકમનાં પંચાંગ ત્રણ ભાગ, ભિલામાનું મગજ ૧ ભાગ અને મરી ૧ ભાગ, એનું ચૂર્ણ કરી તે ૧૦ માસા ખાવું; એટલે અંદરના અને બહારના મસા નાશ પામશે. **(૮) ઘી ખાવાથી અજીર્ણ થયું હોય તો:**—કોકમનો કાઢો પાવો. **(૯) મૂળવ્યાધિથી ઘણી આગ થતી હોય તો:**—કોકમના તેલમાં સીસું ઘસી લેપ કરવો.

૧૫૨ કોઠી—સં૦ કપિત્થ. મ૦ કવઠ. હિં૦ કૈથ, કબીટ. બં૦ કયેત ગાછ. ક૦ વેલ્લુ, બેલડા. તે૦ એલાંગકાયા. તા૦ વિળામારં. મલા૦ વિળાવુ. ઈં૦ વુડ એપલ. લા૦ ફેરોનિયા એલેફેન્ટિનમ.

કોઠીનાં ઝાડ **દક્ષિણમાં** તથા **ગુજરાતમાં** ઘણાં થાય છે. આ વૃક્ષ મોટું થાય છે. એ વૃક્ષના ફળને કોઠું કહે છે. તે ગોળ અને કેરી જેવડું હોય છે. એ ફળના ઉપરની છાલ કઠણ હોય છે. પાકેલાં કોઠાં એકલાં અથવા તેમાં ગોળ કિંવા સાકર નાખી ખાય છે. લીલા કોઠાના ગરનો સાર અને

ચટણી થાય છે. પાકેલાં કોઠાંનો મુરબ્બો પણ થાય છે.× **કોઠીનું ઝાડ:**—મધુર, ખાટું, તૂરૂં, ગ્રાહકને શીત, વૃષ્ય અને કડવું છે; તથા પિત્ત, વાયુ અને વ્રણનો નાશ કરે છે. **એનાં કાચાં ફળ:**—ગ્રાહી, ઉષ્ણુ, રૂક્ષ, લઘુ, ખાટાં, તૂરાં તથા લેખન છે; અને વાયુ, પિત્ત તથા જીહ્વાની જડતા કરનાર અને રુચિકર છે. વળી વિષ, જ્વર અને કફનો નાશ કરે છે. **પાકાં કોઠાં:**—રુચિકર, ખાટાં, તૂરાં, ગ્રાહક, મધુર, કંઠશુદ્ધિકર, શીતળ, ગુરુ, વૃષ્ય અને દુર્જર છે; તથા શ્વાસ, ક્ષય, રક્તરોગ, ઉલટી, વાયુ, શ્રમ, હિક્કા, વિષ, ગ્લાનિ, તૃષા, ત્રિદોષ, ઉચકી તથા ઉરસનો નાશ કરે છે. **એનાં બીઆં:**—હૃદ્રોગ, મસ્તકશૂળ, વિષ અને વિસર્પનો નાશ કરે છે. **બીઆંનું તેલ:**—તૂરૂં, ગ્રાહક તથા મીઠું છે; અને પિત્ત, ઉંદરનું વિષ, કફ, ઉચકી અને ઉલટીનો નાશ કરે છે. એનાં ફૂલ વિષનાશક અને **પાંદડાં** ઉલટી, અતિસાર અને હેડકીનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **પિત્ત શમન થવા માટે:**—કોઠાનો ગર સાકર નાખી ખાવો અથવા કોઠીનાં પાંદડાંનો રસ દૂધમાં મેળવી પાવાથી ભયંકર અને પ્રબળ થયેલા પિત્તનું શમન થાય છે. (૨) **કમળા ઉપર:**—કોઠીના પાલાનો રસ ગાયનું દૂધ નાખી પાંચ તોલા કાઢવો અને પ્રત્યેક દિવસ એક વાર આપવો. (૩) **પ્રદર (અથવા સ્ત્રીઓને પેશાબમાં ધાતુનું જવું તે) ઉપર:**—કોઠી અને વાંસનો પાલો બારીક વાટી મધમાં મેળવી આપવો. (૪) **શરીરમાંની ગરમી વગેરે નીકળી જઈ ધાતુપુષ્ટિ થવા માટે:**—કોઠીના પાલાનું ચૂર્ણ દૂધમાં ખડીસાકર નાખી આપવું. (૫) **ઉંદરના વિષ ઉપર:**—કોઠીનાં બીઆંનું તેલ ચોપડવું. (૬) **શરીર ઉપર પિત્તનાં ઢીમણાં ઉઠે છે તે ઉપર:**—કોઠીનો પાલો બારીક વાટી તેનો ઢીમણા પર લેપ કરવો; કિંવા વાટેલો પાલો દહીંમાં મેળવી શરીરે ચોળવો. અને પાલાનો રસ કાઢી તેમાં ખડીસાકર નાખી તે પાવો, એટલે થોડીક વારમાં શમન થાય છે. (૭) **શરીરમાં જામેલું રસાયન નીકળવા માટે:**—કોઠીનો પાલો, તાંદળજાની ભાજીનો પાલો અને કેળદોડામાંથી ગરી પડેલાં ફૂલ; તે સર્વ સમભાગ લઈ, તેનો અષ્ટમાંશ કાઢો નિત્ય બે વખત એ પ્રમાણે ૧૪ દિવસ સુધી આપવો. એ વખત ઔષધો તાજાં જોઇએ. તેલવાળું, ખાટું, મીઠું (લૂણ), તીખું, એ પદાર્થ ખાવા નહિ અને સ્નાન પણ કરવું નહિ. પંદરમે દિવસે સર્વાંગે બકરીની લીંડીઓ ગોમૂત્રમાં વાટી તેનો ચાર ઘડી લેપ રાખવો; પછી સ્નાન કરી ભોજન કરવું. (૮) **હેડકી અને શ્વાસ ઉપર:**—કોઠાનો અંગરસ, મધ અને લીંડીપીપર સાથે આપવો. (૯) **અન્નદ્વેષ ઉપર:**—કોઠાના ગર્ભમાં સુંઠ, મરી અને લીંડીપીપરનું ચૂર્ણ મધ અને સાકર મેળવી ચાટવું.

૧૫૩ કોઠીંબર—કોઠીંબર આ કારીટાની જાત છે; પરંતુ કારીટ એ ઘણુંજ કડવું હોય છે, એટલે આને મીઠું કારીટ કહીએ તો કહી શકાય. એ ગુજરાતમાં પુષ્કળ થાય છે. એનું શાક થાય છે અને તે સુકવી જમણની સાથે ખાય છે. આમાં પણ કડવી અને મીઠી એવી બે જાતો છે.

૧૫૪ કોઠીંબાં—સં૦ કર્કચિર્ભિટી, મૃગાક્ષી. મ૦ શેંદણી. હિં૦ સંધિની. ક૦ વાલુકમેકકે. ઇં૦ સ્મૉલ કોકંબર. કોઠીંબીના વેલા પાંચ ૭ હાથ જમીનપર ફેલાય છે. એ ઘણાક પ્રાંતોમાં થાય છે. એને ભાદરવાની આસપાસ ફળો આવે છે તેને કોઠીંબાં કહે છે. એ ફળો ઉપર લીલા પીળા ચટાપટા હોય છે. જમીન સારી હોય તો આ ફળો છોલેલાં નાળીએર જેવડાં પણ થાય છે. એ કુણાં હોય ત્યારે કડવાં હોય છે. પાકવા પછી કાંઈક ખાટાં લાગે છે.* એની સુકવણી અને શાક

× હિંદુસ્તાની વૈદ્ય કોઠીના ફળને ગ્રાહી માને છે અને કાચું ફળ ઝાડા અને પેટના દરદમાં તથા પાકું ફળ મસૂઢા (દાંતના પારા) અને ગળાના સોજા ઉપર આપવાની ભલામણ કરે છે. મીર મહમદ હુસેન કહે છે કે, કોઠીનાં પાંદડાં શીતળ, અને ફળ શીતળ, પાચક તથા એઠ દૂર કરવાને માટે અને ગળાનો સોજો ઉતારવાને માટે તથા દાંતના પારા મજબૂત કરવાને અપાય છે. ફળના ગર્ભનો સરબત પીવાથી ખાવા ઉપર રુચિ થાય છે. ઝેરી જંતુના ડંખ ઉપર ફળમાંનો ગર્ભ અથવા છાલ બાંધે છે. કોઠીના ઝાડનો ગુંદ વાટી મધ સાથે આપવાથી ઝાડો અને મરડો દૂર થાય છે. ચરકમાં કોઠી ખાટી અને ગ્રાહી માની છે તથા પાંદડાંનો રસ અગ્નિદીપક અને પાચક માન્યો છે.

* આ વેલામાં ચંદ્રની અસર આપોઆપ દેખાઇ આવે છે. વરસના ૩૫૪ અથવા અધિક

કરે છે. એની કાચરી મીઠું ચઢાવી મૂકવી રાખે છે અને તે તેલમાં તળી જમણની સાથે ખાય છે.

૧૫૫ કોથમીર (લીલા ધાણા)—સં૰ ધાન્યક, કુસ્તુંબરી. મ૰ કોથીંબીર, ધણે. હિં૰ ધનિયા. બં૰ ધને. ક૰ હવ્વીજ, કોતંબરીકાળુ. તે૰ કોથમીલું, ધણિઆલુ. તા૰ ઉત્તંખરી. ગુ૰ કોતંબરી, કોતુમલ્લી. મલા૰ કોત્તમપાલરી. ફા૰ તુખમેકશ્મીઝ. અ૰ કજબુરા. ઈં૰ કોરીયંડર સીડ. લા૰ કોરિયંડમ્ સેટાઈવિમ્.

કોથમીર સર્વત્ર પ્રસિદ્ધ છે. એનો રસોઇ કરવામાં નિત્ય ઉપયોગ થાય છે. એ ઝાડને બી આવે છે તેને ધાણા કહે છે. ધાણા મસાલામાં નાખે છે. આ પદાર્થ સ્વાદિષ્ટ, ઠંડો અને પિત્તશામક છે. ધાણા ભરડીને વાવવાથી થોડા દિવસમાં જરૂરપૂરતી કોથમીર તૈયાર થાય છે. કોથમીરની વડી ઉત્તમ થાય છે. કોથમીરની ચટણી પણ થાય છે.× **ધાણા:**—મધુર, હૃદ્ય, તૂરા, દીપન, સ્નિગ્ધ, કડવા, કિંચિત્ ઉષ્ણ, અવૃષ્ય, મૂત્રલ, લઘુ, પાચક, ગ્રાહક તેમજ રુચિકર છે; અને તૃષા, દાહ, અતિસાર, ઉધરસ, પિત્તજ્વર, ઉલટી, કફ, દમ, ત્રિદોષ, અર્શ, કૃમિ અને વિશેષ કરી પિત્તનો નાશ કરે છે. ઉપયોગ—**(૧) ભિલામો ઉઠી નીકળ્યો હોય તો:**—કોથમીર વાટી ચોપડવી. **(૨) શરીરમાંથી શીતળાની જામેલી ગરમી નીકળી જવા માટે:**—શીતળા સારી રીતે મટયા પછી રાત્રે ધાણાજીરૂં ચોગણા પાણીમાં પલાળી રાખી, સવારે મસળી ગાળી તેમાં સાકર નાખી પાવું એટલે કોઠામાંહેની ગરમી શાંત થાય છે. આ પ્રયોગ ચાર પાંચ દિવસ કરવો. **(૩) આમ થાય છે તે ઉપર:**—ધાણા અને સુંઠ એના કાઢામાં એરંડમૂળનું ચૂર્ણ નાખી તે પાવું. **(૪) અરુચિ ઉપર:**—ધાણા, એલચી અને મરી, એનું ચૂર્ણ ઘી અને સાકર સાથે આપવું. **(૫) દાહ અને તૃષા ઉપર:**—ધાણા, અરડુસી, આમળાં, કાળી દ્રાક્ષ અને પિત્તપાપડો, એ સર્વ ઔષધો સાધારણ ખાંડી એકત્ર કરી માટીના વાસણમાં નાખી તેમાં પાણી નાખવું અને તે એકજ જગ્યાએ રાખી મૂકી બીજે દિવસે પાવું. **(૬) અગ્નિમાંદ્ય, શ્વાસ, વિષમજ્વર અને અજીર્ણ ઉપર ધાણાનું ચૂર્ણ:**—ધાણા, લવંગ, નસોતર અને સુંઠ, એનું ચૂર્ણ કરી

માસના કારણસર ૩૮૪ દિવસ થયા હોય તોપણ તે દિવાળીના ચાર દિવસો અવલ પાકીને આપોઆપ ખરી ગયા છતાં પણ ભાગ્યેજ મીઠાં હોય છે અને દિવાળીના દિવસ પછી વેલાને વળગી રહેલાં પણ ભાગ્યેજ કડવાં હોય છે. કેવો ુવી ચમત્કાર! આ વેલા અડબાઉ એટલે આપોઆપ ઉગે છે. બહુધા એનાં ફળો મોરનાં ઇંડાં જેવડા અને તેવીજ આકૃતિનાં થાય છે. કોડીંબાં ઘણાં ખાધામાં આવે તો મોઢું પણ પાકી જાય છે.

પાકતી આંગળી ઉપર:—કોડીંબામાં કાણું પાડી તેમાં આંગળી નાખી રાખવી. આથી તે પાકીને ત્વરિત ફાટે છે.

× યુનાની હકીમો ધાણાને ઔષધની માફક પેટની પીડાનો નાશ કરનાર, પેશાબ વધારે લાવનાર, પાચક અને કામોદ્દીપન કરનાર માને છે; અને બદહજમી(અજીર્ણ)માં વારંવાર આપવાને ફરમાવે છે. વળી એને દરદનો નાશ કરી ઉંઘ લાવનાર, છાતીમાંથી કફને કાઢનાર ને પેટની પીડાને નાશ કરનાર સમજે છે. તેઓ ધાણાનું પાણી બનાવે છે. તેનાથી આંખ ધોવાથી શીતળા નીકળેલ હોય તો આંખને ઈજા થતી અટકે છે, એમ તેઓ માને છે; અને ઘણી મુદતથી આંખ દુઃખવા આવી હોય તેને આરામ થાય છે. વળી એમ પણ માને છે કે, ધાણાથી કેફી પદાર્થોનો (માદક પદાર્થોનો) જુસ્સો (મદ) કમી થાય છે. જવના લોટની સાથે ધાણાને વાટી પોટીસ કરી બાંધવાથી ઘણા દિવસનો સોજો ઉતરી જાય છે. ચરક સંહિતામાં ધાણાને તૃષાનિગ્રહણ અને શરદીને બંધ કરનાર કહેલ છે. સુશ્રુતમાં એને સર્વજ્વરનાશક, દીપક, દાહનાશક, અરુચિનાશક અને ઉલટી બંધ કરનાર કહેલ છે.

કેટલીક વખતે તાવના ઉતાર માટે રાત્રે પલાળી રાખેલા ધાણાનું પાણી પાય છે ખરું; પણ એમ માલમ પડયું છે કે, વખતે એ પ્રયોગથી દરદીને એકદમ શ્વાસ થઇ દેહત્યાગ પણ કરે છે; માટે દેશ, કાળ અને પ્રકૃતિનો અવશ્ય વિચાર કરવો. એની માત્રા ૯ માસાથી ૧ તોલા સુધીની છે.

ગરમ પાણીમાં પાવું. (૭) **તાવ ઉપર પાચનઃ**—ધાણા, દેવદાર, સુંઠ, ભોરિંગણી, ડોરલી (ઉભી રિંગણી) એનો કાઢો પાવો. (૮) **પિત્તજ્વર અને અંતર્દાહ ઉપરઃ**—ધાણા અને ચોખા રાત્રે પાણીમાં પલાળી રાખવા. બીજે દિવસે તેજ પાણીમાં તે બાફી પાતળી કાંજી કરી સારી ઠંડી થયા પછી તે આપવી. (૯) **દાહ ઉપરઃ**—ધાણા રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ગાળી લઇ તેમાં સાકર ૧ તોલો નાખી પાવું. (૧૦) **મૂત્રાઘાત ઉપરઃ**—ધાણા અને ગોખરૂનો કાઢો ઘી નાખી પાવો. (૧૧) **નેપાળાના વિષ ઉપરઃ**—ધાણાનું ચૂર્ણ, સાકર અને દહીં, એ એકત્ર કરી આપવું. (૧૨) **ગર્ભિણીની ઉલટી ઉપરઃ**—ધાણાનું ચૂર્ણ ૩ માસા અને સાકર ૧ તોલો, એ ચોખાના ધોવરામણમાં નાખી ખાવું; અથવા ધાણાનો કલ્ક ચોખાના ધોવરામણમાં સાકર નાખી પાવો.× (૧૩) **રક્તપિત્ત ઉપરઃ**—ધાણા, દ્રાક્ષ અને બેદાણાનો કાઢો કરી પાવો. (૧૪) **બાળકનાં શૂળ, આમ અને અજીર્ણ ઉપરઃ**—ધાણા અને સુંઠ એનો કાઢો પાવો. (૧૫) **બાળકોની આંખો આવે છે તે ઉપરઃ**—ધાણાની પોટલી બાંધી પાણીમાં પલાળી રાખી તે વારંવાર આંખો ઉપર ફેરવવી. (૧૬) **તડકાની ગરમીની લૂ ન લાગવા માટેઃ**—ધાણા પાણીમાં પલાળી મસળી તેમાં સાકર નાખી તે પાણી પાવું. (૧૭) **બાળકની ઉધરસ અને દમ ઉપરઃ**—સાકર અને ધાણા ચોખાના ધોવરામણમાં વાટી તેનું પાણી વખ્ખગાળ કરી પાવું. (૧૮) **તૃષારોગ ઉપરઃ**—ધાણા પાણીમાં પલાળી રાખી પછી મસળી તે પાણીમાં મધ અને ખાંડ નાખી તે વારંવાર પાવું.

૧૫૬ **કોદરા**—સં૦ કોદ્રવ. મ૦ કોદ્રુ, હરિક. હિં૦ કોદો, કોદવ. બં૦ ગો૦ ક૦ હરિક. તે૦ આલુવાલુ. ઈં૦ પકચુઅર્ડ પાસપેલં. લા૦ પાસપેલં સ્ક્રોબિટયુલેટ્યમ્. અ૦ કોદ્રૂ. બં૦ કોદો ધાન.

સર્વ પ્રકારનાં ધાન્યોમાં ઘણીજ હલકી પ્રતિનું ધાન્ય કોદરા છે. આ ધાન્યને ઘણું કરી ગરીબ લોકો સિવાય કોઇ ખાતું નથી. એમાં ચાર જાતિ છેઃ-રામેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને માંજર (મેણા કોદરા). મેણા કોદરા એ જાત ઘણીજ અપકારક છે. મેણા કોદરાનો ખાવામાં ઉપયોગ કરે તો તેથી ઉલટી, જુલાબ એવા વિકારો થાય છે, અંધારાં આવે છે, મન ભ્રમિત થાય છે, ગ્લાનિ આવી કેફ ચઢે છે અને વખતે પ્રાણ પણ જાય છે. એવા અનેક અનર્થ થાય છે. એ જો ખાવાના ઉપયોગમાં લેવા હોય તો એક દિવસ પાણીમાં પલાળી રાખવા. પછી તે સ્વચ્છ ધોઇ એક બે દિવસ તડકામાં સુકવવા; એમ કરવાથી તેનો દોષ મટી તે ખાવાને યોગ્ય થાય છે. કોદરાનો ભાત, ઘેંસ તથા વડાં પણ કરે છે. કોદરાની ઉંબી કાંઇક નાચણી જેવી હોય છે. કોદરા મોટી રાઇ જેવડા હોઇ તેનો રંગ રાતો કે પીળો પણ હોય છે. કોદરા ઘણા શીતળ છે. એ અશક્ત માણસે કદી પણ ખાવા નહિ; કેમકે તે વીર્યનાશક છે. **કોદરાઃ**—મધુર, શીત, ગ્રાહક, ગુરુ, કડવા, વ્રણને હિતકર તથા રૂક્ષ છે; અને કફ, પિત્ત, વિષ તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. **ઉપયોગઃ**—(૧) **અન્નદ્રવશૂળ ઉપરઃ**—કોદરાના ચોખા(કુરીઆ)ની ખીર ખાવી કિંવા કોદરાનો ભાત દહીં સાથે ખાવો.

૧૫૭ **કોલિંજન**—સં૦ બં૦ કુલંજન. મ૦ કોળિંજન, કુલિંચન, કુલિજન. હિં૦ કુલિંજન. ક૦ કોળંજન. ફા૦ ખિરદારૂ. અ૦ ઇર્કખોલિંજાન્. ઈં૦ ગ્રેટર ગેલંગાલ. લા૦ આલ્પિનિયા આફ્રિસિનેરમ્.

કોલિંજનનાં ઝાડ આંબાહળદરનાં ઝાડ જેવાંજ થાય છે. એ ઝાડ આંબાહળદર કરતાં કિંચિત્ મોટાં હોય છે. એનાં પાંદડાંનો વાસ મધુર હોઇ મંડળનો રંગ ધોળો અને તીખો હોય છે. ગોમાંતક અને મલબાર પ્રાંતમાં એ ઝાડો પુષ્કળ થાય છે. એની ગાંઠો સુકવી રાખે છે. તેને 'કાલિજન' કહે છે. કોલિંજનની ગાંઠોના કકડા કરી તેને અથાણામાં નાખે છે. જે બીજું કોલિંજન કાંઇક

× ધાણા, સુંઠ, સાકર અને નાગરમોથ, એ ચારે વસ્તુ અરધો અરધો તોલો લઈ ૩૨ તોલા પાણીમાં ક્વાથ કરી ૮ તોલા રહે ત્યારે ઉતારી પીવરાવવાથી ગર્ભિણીની ઉલટી તેમજ બીજા મનુષ્યોની કોઇ પણ કારણથી થતી ઉલટીઓ તુરત બંધ થાય છે. વધારે મૂલ્યવાળી દવાઓ જ્યાં કામ કરી શકતી નથી ત્યાં આ સાધારણ ઔષધિ સારૂં કામ કરી આપે છે.

તીખું લાગે છે તેને "કાષ્ઠકોલિંજન" પણ કહે છે. +કોલિંજનઃ—તીખું, કડવું, ઉષ્ણ, અગ્નિદીપક, રુચિકર, સ્વર્ય તથા હૃદ્ય છે; અને મુખ તથા કંઠની શુદ્ધિ કરનાર તેમજ મુખદોષ, કફ, ઉધરસ અને વાયુનું નાશક છે. મોટું એનાથી ઓછું ગુણવાળું છે. ઉપયોગ—(૧) ઉધરસ ઉપરઃ—એનાં છોગલાંની કઢી કરી ખાવી અથવા તેનો રસ કાઢી પાવો. (૨) માથું ચઢયું હોય તે ઉતરવા માટેઃ—કોલિંજનનું બારીક ચૂર્ણ કરી તે નાકે સુંઘવું; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. (૩) વાયુએ કરી અંગ રહી ગયું હોય તો તે ઉપરઃ—કોલિંજનનું ચૂર્ણ શરીરે ચોળવું. (૪) સ્વરભેદ (સ્વરભંગ) ઉપરઃ—કોલિંજન મોઢામાં રાખી રસ ગળવો. (૫) મોડશી (કૉલેરા) ઉપરઃ—કોલિંજન અને સિંધવ કોકમના તેલમાં કાલવી જરા ગરમ કરી શરીરે ચોપડવું; એટલે કૉલેરાથી હાથપગમાં ચઢતી ગોટલીઓ તથા ખલ્લીશૂળ(હાથ, પગ, પેડુ અને ખભા, એમાં થનાર શૂળ)નો નાશ થાય છે. (૬) ઉલટી ઉપરઃ—કોલિંજનનો એક તોલો રસ કાઢી, તેમાં લીમડાનો રસ એક તોલો અને આદાનો રસ એક તોલો નાખી દોઢ તોલો સાકર નાખવી અને તે શીજવી રાખવું; એ પ્રત્યેક વખતે અર્ધા તોલા પ્રમાણે બે વખત એમ ત્રણ દિવસ આપવું. (૭) બહુમૂત્ર રોગ ઉપરઃ—કોલિંજનનો અષ્ટમાંશ કાઢો કરી બે વખત પાવો. (૮) બાળકોના અતિસાર ઉપરઃ—કોલિંજન છાશમાં ઘસી થોડી હિંગ નાખી કઢી કરી પાવી. (૯)મુખદુર્ગંધી દૂર થવા માટેઃ—કોલિંજનનું ચૂર્ણ મધમાં મેળવી દાંતને ચોપડવાનો નિયમ રાખવો. (૧૦) દંતરોગ ઉપરઃ—કોલિંજનનું ચૂર્ણ મધમાં કાલવી તેના વડે દાંત ઘસવા.

૧૫૮ કોશિંબ—(જંગલી આંબો)—સં૦ કોશામ્ર. મ૦ કોશિંબ. હિં૦ કોશમ. બં૦ કેઓડાફલ. ક૦ જુરીમાચુ. લા૦ સ્લીચરાટ્રીજુગા.

કોશિંબનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એની ઉત્પત્તિ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. કોકણ પ્રાંતમાં એ ઝાડો પુષ્કળ થાય છે. એનું લાકડું ચીકણું હોય છે. એના લાકડાનો ગાભો રાતા રંગનો હોય છે. એનાં **બીઆંનું તેલ કાઢે છે. તે** કડવું, મધુર, બલ્ય, પથ્ય, રુચિકર, પાચક તથા સારક છે; અને કૃમિ, કોઢ તથા વ્રણનું નાશક છે. **કોશિંબઃ**—ખાટું, ગુરુ, શોષકર, પિત્તલ, કફકર તથા કોષ્ઠશોધક છે; અને વાયુ, કોઢ, અર્શ, સોજો, પિત્તવ્રણ, રક્તપિત્ત અને રક્તરોગનો નાશ કરે છે. **એનાં પાકાં ફળઃ**—લઘુ, અગ્નિદીપક, રુચિકર, સ્નિગ્ધ, ઉષ્ણ, મધુર, બલકર, હૃદ્ય તથા વૃષ્ય છે; અને કફવાતનાં વિનાશક છે. ઉપયોગઃ—(૧) **જુલાબ માટેઃ**—કોશિંબનું તેલ ગરમ પાણીમાં પાવું. (૨) **ખસ, વ્રણ અને કોઢ ઉપરઃ**—કોશિંબનું તેલ ચોપડવું. (૩) **ચેળ આવતી હોય તોઃ**—કોશિંબની છાલનો રસ કાઢી તેમાં સમુદ્રફળ ઘસી લેપ કરવો.

૧૫૯ **કોહળું**—સં૦ કુષ્માંડ. મ૦ કોહોળા, કોહળા. કો૦ દાર કોહળા. હિં૦ કુમ્હડ, કુમ્હડા, પેઠા, કોહડા. બં૦ ગાછકુમડા. ક૦ કર્બુંબળ-લ, કગ્ગુંબળ, સિડિંગેગુંબળ. તા૦ કલ્યાનપુસિનિકાયિ. તુ૦ કારકુંબડા. મલા૦ નારેંકુપલાના. તૈ૦ પુલ્લાદા વર્ડિકા, વલ્લેગુમાંડે. ફા૦ ભુરાકદુ. અ૦ મહદેવા. ઇં૦ પંપકીન. લા૦ બેનિનકાસા સેરિફેરા. ઉડી૦ કખારુ, પાનીકખારુ.

કેટલાંક કોહળાં હાથ દોઢ હાથ લાંબાં થાય છે. સારી જમીન હોય તો એક વેલા ઉપરથી ૫૦-૬૦ સુધી કોહળાં થાય છે. કોહળાનો પાક થાય છે તે પૌષ્ટિક છે. એનું શાક અને વડાં કરે છે. કોહળું ઘણુંજ ઠંડું છે. જૂનાં રિંગણાં અને કાચાં કોહળાં એ ખાવાં નહિ જોઇએ. કહેલ છે કે **वृन्ताकं बहुबीजानां कुष्माण्डं कोमलं विषम्** અર્થાત્ ઘણાં બીજવાળાં વંતાક (રિંગણાં) અને કુણાં કોહળાં એ વિષરૂપ છે. કોહળાં એક વર્ષ સુધી રહી શકે છે. *

+ કોલિંજનનાં મોટાં ઝાડ થાય છે. તે દેખાવમાં દ્રાક્ષ જેવાં લાગે છે. તેની જડને કોલિંજન કહે છે. કેટલાક મનુષ્યો પાનની જડને અને કેટલાંક કણઝરને કોલિંજન કહે છે; પણ એ એમાંનું એક પણ નથી. શ્રી. દત્તરામ ચોબાજીએ મહાભરી વચને કોલિંજન માનેલ છે; પણ શ્રી. શાલીગ્રામે તે બંનેને જુદીજ માનેલ છે. કોલિંજનમાં નાની અને મોટી એવી બે જાતો છે.

* કોહળાના વેલા ઘર આગળ અને વાડામાં વાવે છે. એનાં પાંદડાં મોટાં હોય છે. એનાં

કોહળું:—વૃષ્ય, પુષ્ટિકારક, ધાતુવર્ધક, બસ્તિશુદ્ધિકર્તા, બળકર, અતિ મીઠું, શીતળ, ગુરુ, રૂક્ષ, સારક, હૃદ્ય અને કફકર્તા છે; તથા મૂત્રાઘાત, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી, તૃષા, અરુચિ, વાતપિત્ત, રક્તવિકાર, વાયુ અને શર્કરા (રેતી) વિકારનો નાશ કરે છે. તે **કુણાં** હોય તો—અતિ શીતળ, દોષકર અને પિત્તહર છે. તેજ **જૂનાં** હોય તો—કફકારક અને **પાકેલાં** હોય તો—કિંચિત્ શીતળ, દીપક, લઘુ, સ્વાદુ, ખારટ, બસ્તિશુદ્ધિકારક, સર્વદોષનાશક અને પથ્ય છે. **તેનો ગર:**—મધુર, બસ્તિશુદ્ધિકારક, વૃષ્ય અને પિત્તનાશક છે. **ઉપયોગ:—(૧) સ્થાવર અને જંગમ સર્વ વિષ ઉપર:**—કોહળાનો રસ કાઢી પાવો અથવા કકડા ખાવા આપવો. **(૨) દારૂ અને કોદરા(ધાન)ના વિષ ઉપર ઉતાર:**—કોહળાનો રસ ગોળ નાખી પાવો. **(૩) ગોતા ઉપર:**—કોહળાના ગરના રસમાં જેઠીમધ ઘસીને પાવું. **(૪) ઉન્માદ ઉપર:**—કોહળાના રસમાં કોષ્ટકોલિંજન(મોટા કોલિંજન)નું ચૂર્ણ મધ નાખી પાવું. **(૫) આંઠપુળી ઉપર:**—કોહળું છીણીને તેમાં વાટેલું અગરિયું મીઠું મસળી પછી તે ફોડા ઉપર બાંધવું. **(૬) કમળા ઉપર:**—કોહળાનાં પાંદડાં વાટી તેમાં હળદરનો ભૂકો મેળવી તે દહીં સાથે સાત દિવસ આપવો. **(૭) અમ્લપિત્ત ઉપર:**—કોહળાના રસમાં સાકર નાખી આપવું. **(૮) રક્તશૂળ ઉપર:**—કોહળાના ગરભના રસમાં ૨ તોલા લાખનું ચૂર્ણ નાખી આપવું. **(૯) શ્વાસ અને ઉર્ધ્વરસ ઉપર:**—કોહળાના મૂળનું ચૂર્ણ નવશેકા પાણીમાં ખાવું. **(૧૦) શૂળ ઉપર:**—કોહળું છોલી, ફોડી તડકે સૂકવી વાસણમાં ઢાંકી ચૂલા ઉપર મૂકી નીચે બળતું કરવું. રાખ ન થતાં કોયલા થાય ત્યાંસુધી બાળી પાણીમાં ઠંડા કરી ઠરી ગયા પછી ચૂર્ણ કરી બે માસા પ્રમાણે લઇને તેટલુંજ સુંઠનું ચૂર્ણ મિશ્ર કરી ઊના પાણી સાથે નિત્ય આપવું, એટલે અસાધ્ય શૂળનો નાશ થશે. **(૧૧) પથરી અને શર્કરા ઉપર:**—કોહળાનો રસ હિંગ અને જવખાર નાખી આપવો.

૧૬૦ કોળકંદ—સં૦ કોલકંદ. મ૦ કોલકાંદા, ધાપ્યા ચા કાંદા, કોચિંદા, સાપકાંદા. કો૦ ધાપા, પાંચણકાંદા, કોચીંદા. હિં૦ જંગલી પ્યાજ, કોલીકાંદા. કાશ્મીરી પુટાલુ. બં૦ શુયાર આલુ. ક૦ સંપુટગેડ્ડુ, કાડએલ્લુ લ્લિગિડ. તા૦ કટુવેલવાંગાયમ. તૈ૦ અડવિતેલ્લાગડ્ડા. તુ૦ બાગુલ્લી. મલા૦ કાટેના. ફા૦ બસલુલ્કાર. ઈં૦ ઇંડિયન સ્કિવ્લ. લા૦ સિલાઁફિ સિનેલિસ.

આબેહૂબ ડુંગળીના કાંદા જેવાજ આ કંદ રાનમાં ઉત્પન્ન થાય છે. તે ઉગ્ર, તીક્ષ્ણ અને અતિશય ખરજવાળા હોય છે. કુલઇની ભાજી જેવાં એનાં પાંદડાં હોય છે. એ કાંદા ડુંગરાળ જમીનમાં થાય છે.× શેદળીના કાંદા નામે એક કોળકંદ પ્રમાણેજ કાંદા થાય છે; તે મોટા હોય છે.

ફળો તેને લાગેલા દીંટડાસહિત રાખી મૂકીએ તો બાર માસ સુધી પણ બગડતાં નથી; પરંતુ જો દીંટડું ઉખેડી નાખવામાં આવે તો તે કહોવાઈ બગડી જાય છે. એ દીંટડું પાણીમાં ઘસી વિંછીના ડંખ ઉપર ચોપડેથી આરામ થાય છે. એનાં કુમળાં નૈયાં સામી આંગળી કરવાથી બગડી જઈ ખરી જાય છે અથવા તેમાં વેઢા પડી જીવ પડે છે.

× પાણકંદા અને કોળકંદા બંનેનાં નામો શ્રી. પદેજીએ પોતાના નિઘંટમાં નં ૩૨૭ ઉપર ભેગાં લખેલ છે, તેથી કેટલાક વાચક તે બંનેને એકજ માનતા હશે; પરંતુ વગડાઉ લોકથી તજવીજ કરતાં ચોક્કસ માલમ પડે છે કે, એ બંને જુદા છે. કોળકંદના કાંદા આબેહૂબ કાંદા (ડુંગળી) જેવડાજ હોય છે અને તે સ્વાદમાં પણ મીઠા હોય છે. એનાં પાંદડાં ડુંગળી જેવડાંજ હોય છે; પરંતુ પાણકંદાના કાંદા બહુજ મોટા આઠ દશ શેર સુધીના વજનના થાય છે. તેનાં પાંદડાં લસણનાં પાંદડાં જેવાં થાય છે. ઉનનાં વસ્ત્ર વણતાં પાણકંદાના કંદનું પાન બનાવવું જોઇએ છીએ. એથીજ એને પાણકંદાના નામથી લોકો ઓળખે છે. બાકી તો બંનેને જંગલી ડુંગળીજ કહે છે. પાણકંદાને ભાગી એક માટલામાં અર્ધો ભરી તે પર ત્રાંબાનાં કંટકવેધી પત્રાં પાથરી ઉપર પણ એજ મુજબ કૂટી છૂંદો કરેલ પાણકંદા ભરી કપડમાટી કરી ભઠ્ઠી કરવાથી અત્યંત ફલદાયી તામ્રભસ્મ થાય છે. પાણકંદાના કંદને ડગળી આપી તેમાં હીંગળો નાખી ડગળી બંધ કરી ભઠ્ઠી કરવાથી એની ઉત્તમ ભસ્મ થાય છે, એમ જૈન ગ્રંથોમાં લખાયલું જણાય છે. કોળકંદ સ્વાદમાં મીઠાં હોય છે અને પાણકંદા કડવા હોય છે.

એના ગુણ પણ કોળકંદા પ્રમાણેજ છે. કોળકંદ:—તીખા તથા ઉષ્ણ છે; અને વિષ, ઉલટી તથા કૃમિના નાશક છે. ઉપયોગ:—(૧)કૃમિ ઉપર:—કોળકંદના રસમાં થોડો લોટ મેળવી તે શેકીને ખાવો અથવા ચણાના લોટમાં મેળવી તેનાં ભજીઆં કરી ખાવાં. બીજો પ્રકાર:—કોળકંદનો કંદ અને કળથી એનો કાઢો કરી પાવો.

૧૬૧ કૌચ (કવચ, ભેરવશિંગ)—સં૰ મર્કટી, સ્વયંગુપ્તા. મ૰ ખાજકુહિરી, કુહીલી. કો૰ ખાજકોલતી. હિં૰ કૌંછ, કિંવાચ. બં૰ આલકુશી, ધુનારગુંડ, દયા, શુયાશિંબી. ક૰ નસુકુગુરી, નસુકુગુન્ની, કાદકંરે. તૈ૰ પિલ્લીયડગુ. તા૰ પુનેક્કાલિ. તુ૰ નાઇસોણંગુ. મલા૰ નાયિકરુણા, ચોરિવલ્લિ. ગો૰ ખવલ્યાવાલી. ઈં૰ કૌહેજ. લા૰ મ્યુકયુના પુરિયેન્સ.

કૌચના રોપા વગડામાં મૃગશીરનો વરસાદ પડવા માંડે કે લાગલા ચોતરફ ઉગે છે. પછી તેના મોટા વેલા થઇ ઝાડ ઉપર અને વાડ ઉપર ચઢે છે. કૌચના વેલાને પાંદડાંની બાજુએ લાંબુ ડીટું ફૂટી તેને ફૂલોનો ઝુમખો આવે છે. એક ઝુમખામાં વીસ પચીસ ફૂલો હોય છે. આ ફૂલોમાં એક એક આંગળ લાંબા અને તેટલાજ જાડા શિંગોના ગુચ્છા આવે છે. દરેક ગુચ્છામાં પાંચથી દશસુધી શિંગો હોય છે.÷ એ શિંગો ઉપર બારીક કાંટા હોય છે. એ કાંટા શરીરે લાગે તો શરીરે વિલક્ષણ આગ થઇ તે ભાગ સૂજે છે. ફોલ્લો ઉઠાડવાના કામમાં એનો ઉપયોગ કરવામાં આવે છે. શિંગોમાંનાં બીઆંને કૌચબીજ કહે છે. કૌચમાં બે જાતિ છે:-'રેડેકૌચ' અને 'મેદાકૌચ' અથવા 'મીઠી કૌચ.' એમાંથી મીઠી કૌચની શિંગો કિંચિત્ મોટી અને નાજુક હોઇ ઉપલા કાંટા નુકસાનકારક હોતા નથી. એ શિંગ ઉપરના કાંટા છરીથી છોલી નાખી તેનું શાક કરે છે. એ શાક લીલાં કેળાંના શાક જેવું થાય છે. **કૌચ:**—મધુર, વૃષ્ય, શીત, ધાતુવર્ધક, બલકર, ગુરુ તથા કડવી છે; અને ક્ષય, વાયુ, શીતપિત્ત, રક્તદોષ, વ્રણ, કફ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં ×**બીજ:**—ધાતુવર્ધક, વૃષ્ય, શીતળ, સ્વાદુ તથા ગુરુ છે; અને વાત, દુષ્ટ વ્રણ તથા રક્તપિત્તનો નાશ કરે છે. બીજા ગુણો અડદ જેવા છે. ઉપયોગ:—(૧) કૃમિ ઉપર:—કૌચની શિંગોના ઉપર થોડા કાંટા દૂધમાં કિંવા ગોળમાં નાખી તે નાના બાળકને આપવું. આ ઔષધ ઘણું આપવું નહિ. એથી કરમનો ઉપદ્રવ ત્વરિત દૂર થાય છે. આ મોટું રામબાણ ઔષધ છે. (૨) **કૌચના વિષ ઉપર:**—ઘી, સાકર અને મધ એકત્ર કરી પાવું. (૩) **નાનાં વાછરડાંને કરમ થયા હોય તો:**—કૌચનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અથવા કૌચના કાંટા છાશમાં પાવા. (૪) **ગર્ભધારણ માટે:**—મીઠી કૌચનાં મૂળ અને કોઠાનો ગર દૂધમાં વાટી પાવાં. (૫) **ધાતુપુષ્ટિને માટે:**—કૌચબીજ તથા તાલીમખાનાનું ચૂર્ણ સાકર સાથે ખાવું અને ઉપર ધારોષ્ણ દૂધ પીવું. (૬) **સોમલના વિષ ઉપર:**—ખરજવાળી કૌચની છાલ અને ધોળો કાથો એકત્ર કરી, પાણીમાં વાટી થોડું થોડું પાણી પીવું. (૭) **મૂર્છા દૂર થવા માટે:**—કૌચ શરીરે ચોપડવી. (૮) **શ્વાસ ઉપર:**—કૌચનાં બીઆંનું ચૂર્ણ પ્રાતઃકાળે મધ અને ઘી સાથે ચાટવું. (૯) **ગાંઠ, બદ અને આંજરી (બાંબલાઇ) ઉપર:**—કૌચનાં બી ઘસી દિવસમાં બે ત્રણ વાર લેપ કરવો.

૧૬૨ ખજૂરી—સં૰ ખર્જૂર. મ૰ ખજૂર, ખારિક. હિં૰ પિંડખજૂર, છુહારા. બં૰ સોહારા. ક૰ ખર્જૂર, ઉત્તત્તી. તૈ૰ ખર્જૂરપુપુંડુ. ફા૰ ખુર્માતર, ખુર્માખુષ્ક. અ૰ તમરરૂતબ. ઈં૰ ડેટ પામ. લા૰ ફિનિક્સ ડેક્ટિલિફેરા.

ખજૂરીનાં ઝાડ શિંદી (જંગલી ખજૂરી) જેવાં ઉચાં વધે છે. ખજૂરીનાં ઝાડ આ દેશમાં પુષ્કળ થાય છે; પરંતુ તેનાથી ખજૂર ઉત્પન્ન થતું નથી. તેઓને ખજૂર જેવાં ફળો આવે છે,

---

÷ કૌંચા લેવાની રીત એ છે કે, તેના વેલા નીચે તાપ કરીને તેની શિંગોની રૂંવાટી (કાંટા) બાળી નાખવામાં આવે છે; પછી તે શિંગોમાંથી કૌચાં કાઢી લેવામાં આવે છે. વધારે તાપ લાગવાથી શિંગો વધારે બળે તો અંદરનાં બીજ પણ દાઝી જાય છે.

× કૌચનાં બીજ ધાતુપુષ્ટિના કામમાં સર્વોપરિ મનાય છે, પણ તે શુદ્ધ કર્યાં સિવાય વપરાતાં નથી; માટે તેને દૂધમાં બાફી ઉપરની ફોતરી ઉતારી નાખવી એટલે તે શુદ્ધ થાય છે.

પણ લોકોને પકવવાની માહિતી નહિ હોવાને લીધે કિંવા અહીંની હવા યોગ્ય નહિ હોવાથી તે પાકતું નથી. અરબસ્તાન અને ઇરાન દેશમાં ખજૂર પુષ્કળ પાકે છે. જે ફળો અધકચરાં સૂકવે છે તેને ખારેકો કહે છે. આરબ લોક ખજૂર ખાઇનેજ ઘણા દિવસ કાઢે છે. ખજૂર એ પાચક અને પૌષ્ટિક છે. ખજૂરના ઠીલાનું તેલ કાઢે છે. તે બાળવાના તથા ઔષધોના ઉપયોગમાં આવે છે. એનો ખોળ ઢોરોને ખવરાવે છે. ખજૂરનાં ઝાડનાં પાંદડાંની સાવરણીઓ વગેરે બને છે. લાકડું ઘરકામના ઉપયોગમાં આવે છે. ઉનાળામાં લોકો ખજૂરનું સરબત કરી પીએ છે. તેમાં પાણી મેળવ્યાથી તે સમશીતોષ્ણ થાય છે. ખારેકનાં બી બાળકોને બાળાગોળીમાં ઘસીને પાય છે. ***ખજૂરઃ—** વૃષ્ય, સ્વાદુ, શીત તથા ગુરુ છે; અને અગ્નિમાંદ્ય, કૃમિ, ધાતુવૃદ્ધિ, તૃપ્તિ તથા પુષ્ટિને કરનાર, હૃદ્ય, બલ્ય, દુર્જર, સ્નિગ્ધ, રસકાળે અને પાકકાળે મધુર છે; તથા રક્તપિત્ત, પિત્ત, દાહ, શ્વાસ, કફ, શ્રમ, ક્ષતક્ષય, વિષ, તૃષ્ણા, શોષ અને અમ્લપિત્તનો નાશ કરે છે. **સુલેમાની ખારેકઃ—** ભ્રાંતિ, શ્રમ, મૂર્ચ્છા, રક્તપિત્ત તથા દાહનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) રેચ થવા માટેઃ—** ખજૂર રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ચોળી તથા ગાળીને તે પાણી પાવું એટલે રેચ થાય છે. **(૨) મૂળવ્યાધિ ઉપરઃ—**ખારેકનાં બી બારીક વાટી તેની ધૂણી આપવી. **(૩) ખરજવા ઉપરઃ—** ખારેકનાં બી બાળીને તેની રાખ, કપૂર અને ઘી એ ખરલ કરીને લેપ કરવો. **(૪) કપાળ દુખતું હોય તો તે ઉપરઃ—**ખારેકનાં બી ઘસી માથા ઉપર ચોપડવાં. **(૫) ઘોડાને શરદી થઈ હોય તો તે ઉપરઃ—**ખારેકના બીનું ચૂર્ણ કરી તે લોટમાં નાખી આપવું. **(૬) આમવાત ઉપરઃ—**પાશેર ખજૂર પલાળીને પાવું. **(૭) ધાતુપુષ્ટિને માટે તથા પિત્તશમન થવા માટેઃ—**ખારેકની અંદરનાં બીઆં કાઢી નાખી સાધારણ ખાંડી તેમાં બદામ, ચેદાણા, પિસ્તાં, ચારોળી, સાકરની ભૂકી વગેરે મસાલો એકત્ર કરી તે સર્વનું મિશ્રણ, રીતસર પાતળા કરેલા અને અથાય એટલા ઘીમાં પલાળી રાખવું અને સતત આઠ દિવસ સારી રીતે અથાયા પછી દરરોજ સવારે બે તોલા સેવન કરવું. **(૮) ટાઢીઆ તાવ ઉપરઃ—**ખારેકનું બી અને અઘાડીના મૂળને ઠંડા પાણીમાં ચંદન જેવું જાડું ઘસી ખાવાના પાનને ચાર ગુંજાભાર જેટલું ચોપડી તે પાન સોપારી, લવંગ, એલચી, કાથો વગેરે સાથે તૈયાર કરવાં; અને તાવ આવ્યા પહેલાં એકેક ઘડીના અંતરે એકેકું બીડું ખાવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું; એટલે ટાઢથી આવનારો તાવ જાય છે. **(૯) જીર્ણજ્વર ઉપરઃ—**ખારેક, સુંઠ, દ્રાક્ષ, સાકર અને ઘી, એ દૂધમાં નાખી તે દૂધ કઢીને પાવું. **(૧૦) દાહ થવા લાગ્યો હોય તોઃ—**નવટાંક ખજૂર પાણીમાં મસળી પાવું. **(૧૧) ચેતના પ્રાપ્ત થવા માટેઃ—**માખણ અને ખારેકો ખાતા જવું. **(૧૨) ધનુર્વાત અને રક્તપિત્તી (વાતરક્ત) ઉપરઃ—**ખજૂરનો કલ્ક કરી તેમાં એરંડાનું તેલ નાખી પાવું. **(૧૩) બાળકોને માટે શક્તિવર્દ્ધક ખોરાકઃ—**ઉત્તમ ખજૂર ૭ માસાથી ૩ તોલાપર્યંત બાળકની શક્તિ પ્રમાણે લઈ સ્વચ્છ પાણીથી ધોઈ લૂછી નાખવું અને માંહેના ઠળીઆ કાઢી થોડું દૂધ લઇ તેમાં તે કેટલોક વખત સુધી પલાળી રાખી પછી મસળી કપડાથી ગાળી તે રસ દિવસમાં ત્રણ વાર પાવો. એ ભક્ષ્ય એક મહિનાથી અધિક વયના બાળકને આપવા લાયક છે. માત્ર દરેક વેળાએ રસ કાઢીને પાતા જવું. **(૧૪) ઠંડી હવા હોય કિંવા શરદીનો વિકાર હોય ત્યારે બાળકોને આપવાનો ખોરાકઃ—**સારી ખારેક લઈ ભીના લુગડાથી સ્વચ્છ લૂછીને પછી તેમાંનું બી કાઢી નાખવું અને સુખડ પ્રમાણે દૂધમાં ઘસીને બાળકોને ખવરાવવું; અથવા તેમાંજ બીજું દૂધ નાખી પાતળું કરી પાવું. આ ઔષધ નાનાં બાળકોને

---

* ખારેક અને ખજૂરના ઠળીઆ તૃષાને રોકનાર છે, તેથી જ્યારે કસુવાવડ થયેલ સ્ત્રીને પાણી નહિ આપવા ખાસ જરૂર હોય છે, ત્યારે તેને એક પછી એક આ ઠળીઆજ માત્ર મોઢામાં રાખવા માટે આપવામાં આવે છે. અતિસાર બંધ થવાને છોરી ખારેકમાંથી ઠળીઓ કાઢી નાખી તેના ઠેકાણે ચણા જેવડી અફીણની કાંકરી નાખી, તે ઉપર ભીનું કપડું વિંટી ધૂમાડારહિત દેવતામાં ભારી શેકાઇ રહે એટલે તેને વાટી ચણા જેવડી ગોળી કરી સવારસાંજ એકેક અથવા શક્તિ અનુસાર આપવી.

આપવું નહિ, પણ મોટાંને આપવું. નાનાં બાળકોને આપવાથી પેટમાં જાળું બંધાય છે અને કોઠામાં ગરમી થાય છે. (૧૫) **મદ્ય (દારૂ) ઉપર ઉતાર:**—ખજૂર પલાળી મસળી ગાળીને પાવું. (૧૬) **પ્રદર ઉપર:**—ખારેકનાં બીઆં ખાંડી ઘીમાં તળી તેમાં ગોપીચંદનની ભૂકી નાખીને આપવું. (૧૭) **રક્તપિત્ત ઉપર:**—ખજૂર મધમાં ખાવું.

૧૬૩ ખટખટી—ખટખટીનાં ઝાડ બેત્રણ માથોડાં ઉંચાં વધે છે. એનાં પાંદડાં આકારે ધામણીનાં પાંદડાં જેવાં અને તે કરતાં ઝીણાં હોય છે. એ ઝાડને ચાર પાંચ ફૂલોનો એક તોરો એવાં ફૂલો આવે છે. ખટખટીનાં ફળો ખાવાથી ગળચટાં લાગે છે. **ઉપયોગ—(૧) પુષ્ટતાને માટે:**—ખટખટીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. (૨) **આમરક્ત પડે છે તે ઉપર:**—ખટખટીનાં મૂળ દૂધમાં અથવા પાણીમાં વાટી પાવાં. (૩) **વાતરક્ત ઉપર:**—રોગીએ ખટખટીનાં મૂળ હમેશાં પાસે રાખવાં, ખટખટીની લાકડી હાથમાં રાખવી, સોજા ઉપર અને ગાંઠ ઉપર ખટખટીનાં મૂળ ઘસીને ચોપડવાં અને દરરોજ સવારસાંજ ગાયના પાશેર દૂધમાં ખટખટીનાં મૂળ ૩ માસા, ધોળી ગુલબાસીનો કંદ બે તોલા અને ગોમેટીનાં મૂળ ૬ માસા ઘસીને ૪૨ દિવસ સુધી પાવાં એટલે વાતરક્ત દૂર થાય છે. (૪) **અતિસાર ઉપર:**—ખટખટીનાં મૂળ છાશમાં વાટી પાવાં.

૧૬૪ ખડબુચું (સકરટેટી)—સં૦ ષડ્ભુજા, મધુપાકા. મ૦ ખરબુજ, કાંકડી, અકરમાશી. હિં૦ ખરબુજા. બં૦ ખરમુંજા. ક૦ ષડ્ભુજ સૌતે. ફા૦ ખુરપુજા. અ૦ બિત્તીખ. ઈં૦ મેલન. લા૦ કુકયુમિસમેલો.

કાલિંગડા જેવોજ એનો વેલો થાય છે. ખડબુચાનું ફળ ગોળ થાય છે અને તેનો બહારનો રંગ રાતો હોય છે. ખડબુચું ખાવાથી સારૂં લાગે છે. એનું શાક પણ કરે છે. જે ખડબુચાની અંદરનો રંગ લીલો હોય છે તેને મરાઠીમાં "તરટી" કહે છે. એ ખાવાથી બહુ સારી લાગે છે. ખડબુચાં વધારે ખાવામાં આવ્યાથી ગરમીનો ઉપદ્રવ થાય છે. **ઉપયોગ:—(૧) તાપની ઝાળ લાગી હોય તો:**—ખડબુચાનાં બીઆં વાટી માથા ઉપર ચોપડવાં અને તેનો રસ શરીરે ચોપડવો.

૧૬૫ ખરશિંગ—સં૦ ખરશૃંગિકા. મ૦ ખરશિંગ.

આ ઝાડ ઘણુંજ મોટું થાય છે. આ વૃક્ષનાં પાન ટેટું(અરલુ)ના પાન જેવાં હોય છે. આ વૃક્ષને હાથ સવા હાથ લાંબી અને અંગુઠા જેવડી જાડી ફલી આવે છે. આ ફલીને મરાઠીમાં "ખરશિંગ" કહે છે. એમા ઉગ્ર ગંધ રહેલી છે. આ ફલીના ટુકડા કરી અથાણું કરાય છે, તેમજ શિંગનું શાક પણ થાય છે. **ઉપયોગ:—(૧) ખસ ઉપર:**—ખરશિંગીની છાલનું પાતાળયંત્રથી તેલ કાઢી લગાડવું.

૧૬૬ ખપાટ (*ખરેટી)—સં૦ બલોત્તમા–રા. મ૦ થેરલા ચિકણા. કો૦ ચિક્કણકડયા.

---

* આ ખરેટીના વર્ણનની તપાસ કરતાં કેટલાક વિચારો ઉત્પન્ન થાય છે. પ્રથમ તો અમારા પ્રદેશમાં અમે જે વનસ્પતિને ખરેટીતરીકે જાણીએ છીએ તેનાં પાંદડાં કાંગરાદાર બે ખાંચાવાળાં નહિ પણ શુદ્ધ મેંદીનાં પાંદડાંને ઘણા ભાગે મળતાં આવે છે. એની ડાંખળી ઉપર એક દોઢ ઇંચના આશરાની લંબાઇનો જાડો કાંટો હોય છે; જેનો પૃષ્ઠભાગ બાવળની શૂળ જેવો નહિ, પરંતુ એનીજ સૂકી ડાંખળી હોય એવો દેખાય છે. માત્ર અણીજ બાવળની શૂળની માફક તીક્ષ્ણ હોય છે. વળી આ ઝાડને અમારા લોકો કદી ખપાટતરીકે કહેતા હોય એમ જણાતું નથી. કદાચ આ ખરેટી અને ઉક્ત ખપાટ જૂદાં હોય તો શું નવાઈ! વળી આને નરહરિ પંડિતના નિઘંટચૂડામણિના આધારે બલોત્તમા (ઉત્તમ બલા) માની છે, તો તેને બલાચતુષ્ટયમાં માનવી અને એનાં બીજને બળબીજ માનવાં, એ પણ અમને તો યોગ્ય લાગતું નથી. બલાચતુષ્ટય અને બળબીજ સંબંધીના અમારા વિચારો બળ(બોળ)ના વર્ણનના નીચે ટીપમાં જણાવીશું.

નવાઈ જેવું તો એજ છે કે, શ્રી૦ દત્તરામે અને શાલીગ્રામજીએ ખરેટીનેજ બલા માની છે; પરંતુ અમે સાફ અક્ષરે નિવેદન કરીએ છીએ કે, એ તો એમની દેખીતીજ ભૂલ છે, જો કે બલાના નામમાં બહુ અંતર પડયો નથી. માત્ર બલાનું બલ થયું તેથીજ તેનાં બીજ તે બલબીજ

હિં૦ ખિરેટી, ખરહટી, બીજવંદ. બં૦ શ્વેતવેડેલા. ક૦ બેણ્ણેગરગબેદ. ઇં૦ હાર્ટલિવ્ડસિડા. લા૦ સિડાકોર્ડિફોલિયા.×

ખપાટનાં ઝાડ બળ(બોળ)નાં ઝાડ કરતાં મોટાં થાય છે. ખપાટનાં પાંદડાં કાત્રાદાર હોય છે અને પ્રત્યેક પાંદડાંને બે ખાંચા હોય છે. એ કાંઈક સહદેવીનાં પાંદડાં જેવાં હોય છે. આ ઝાડ ઉપર બારીક ગોળાકૃતિ ફળો આવે છે, તેને લોકો ખાય છે. એ ફળો કિંચિત્ તૂરાં, મધુર, ધાતુ-શુદ્ધિકારક અને મુખરોગનાશક છે. એ ફળોનો રંગ નારંગી જેવો હોય છે અને તે ફળો પાક્યા પછી ઝીણા રુદ્રાક્ષ જેવાં જણાય છે. ખપાટ ઘણાક પ્રાંતોમાં થાય છે. ખપાટને ધોળા રંગનાં ફૂલો આવે છે. એનાં બીઆંને "બળદાણા" કે "બળબીજ" કહે છે. એ આકારે ચણોઠીનાં બીઆં જેવાં હોય છે. ખપાટ, સહદેવી, કાંગસી અને ગંગેટી, એ ચારેના સમુદાયને "બલાચતુષ્ટય" કહે છે. **બલાચતુષ્ટય:**—શીત, મધુર, બલ્ય, કાંતિકારક, સ્નિગ્ધ તથા ગ્રાહી છે; અને વાયુ, રક્તપિત્ત તથા ક્ષતનો નાશ કરે છે. ખપાટનાં મૂળોની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે સેવન કરવાથી બહુ-મૂત્રરોગ દૂર થાય છે. **મહાબલા (સહદેવી):**—મૂત્રકૃચ્છ્રનાશક અને વાતનું લોમન કરનાર છે. **અતિબલા (કાંગસી):**—દૂધસાકરમાં સેવન કરવાથી પ્રમેહનો નાશ થાય છે. **ઉપયોગ:—(૧) વિદ્રાધ, વ્રણ, ગુમડાં, બદ, પાઠું ઈત્યાદિ ઉપર:**—ખપાટનાં રાતા રંગનાં કુમળાં પાંદડાં બારીક વાટીને થેપલી કરી બેસાડવી; અને તે ઉપર કપડાનું આચ્છાદન કરી તેના ઉપર ઠંડુ પાણી નાખતા રહેવું. આ યોગથી તે ગાંઠ જલદી પાકે છે અને ફૂટે છે. તેમજ કોઈ પણ પ્રકારે દાહ થતો હશે કિંવા સણકા થતા હશે તો તે ત્વરિત બંધ થશે; અથવા ખપાટનો પાલો વાટી માંહે લવંગ નાખી ઉપર બાંધવો. **(૨) ગરમીથી થયેલાં ચાંદાં સૂકવવા માટે:**—ખપાટની છાલ અને જૂનાં પાંદડાં એકત્ર ખાંડી તેમાં પાણી નાખી અષ્ટમાંશ કાઢો કરવો અને તે કાઢાથી ચાંદાં ધોવાં. એથી ચાંદીઓ જલદી સારી થાય છે. **(૩) ભૂતજ્વર ઉપર:**—ખપાટનાં મૂળ વિધિપૂર્વક ગળામાં બાંધવાં. **(૪) તાવ ઉપર:**—ખપાટનાં મૂળ પુષ્યનક્ષત્રમાં હાથે બાંધવાં. ખપાટમૂળ અથવા સુંઠ એનો કાઢો આપવો. તે શીત, કંપ અને દાહયુક્ત તાવનો બે ત્રણ દિવસમાં નાશ કરે છે. **(૫) મૂત્રદોષ અને શુક્રદોષ ઉપર:**—બળદાણા, હિંગ, દૂધ, ઘી, એ સર્વ એકત્ર કરી પાવું. **(૬) અંડવૃદ્ધિ ઉપર:**—બળદાણાના કાઢામાં એરંડતેલ નાખી પાવું. **(૭) વિંછીના ડંખ ઉપર:**—ખપાટનાં મૂળ ઘસીને ચોપડવાં.

૧૬૭ ખરસાંણી(ડી)—સં૦ ભદ્રચૂડ, પત્રગુપ્ત. મ૦ શેર, ચિકાડા, ચોહિરા, કાંડે હુરા, નિવલી. બં૦ તેકાં ટાસીજુ. હિં૦ ખુરાસાની થૂહર.

આ ઝાડ જંગલી છે. વાડ કરવામાં એનો ઘણો ઉપયોગ થાય છે. એનું દૂધ ઘણું ઉષ્ણ છે. તે શરીરે લગાડવાથી ફોલ્લા ઉઠે છે. ખરસાંણીના લાકડાના કોલસા ફોડવાનો દારૂ કરવાના કામમાં આવે છે. આ ઝાડનાં ચિકાડા, ચોહિરા, કાંડેહુરા અને નિવલી આદિ મરાઠી નામો છે. **ઉપયોગ:-(૧) વિંછીના વિષ ઉપર:**—ખરસાંણીનું દૂધ ચોપડવું. **(૨) ઉદરરસ ઉપર:**—ખરસાંણીનું દૂધ માખણમાં રોગીની શક્તિ જોઈ એક, બે કિંવા ત્રણ માસા આપવું; તેથી ઉલટી થાય છે અને રેચ પણ થાય છે. ઉપર દહીં અને ભાત આપવાં. **(૩) ખરસાંણીના વિષ ઉપર:**—પાણીમાં મધ નાખી પાવું. કાળી નગોડનો પાલો વાટી લેપ કરવો. માખણ ખાવું તથા લેપ કરવો. **(૪) આંબોઈ (પિચોટી) ખસી હોય તો:**—ડુંટીની આસપાસ ખરસાંણીના દૂધનો લેપ કરવો.

કહેવાયાં. જંગલીઓએ પોતાની અશુદ્ધ ભાષામાં બોળ કહ્યું છે, એથી એ વનસ્પતિજ ઇતર હોવાનું સ્વીકારવામાં મને તો વાંધો છે. હું તો બલા એ બોળ અને એનાં બીજને બળબીજ માનું છું.

× બૃહન્નિઘંટુ ગ્રંથમાં શ્રી૦ પદેજી લખે છે કે, શોરલા ચીકણા (ખપાટ) એ ઝાડ આશરે એક માથોડું ઉંચું થાય છે. આ વર્ણન ગંગેરનનું છે. ગંગેરનમાં વર્ણન કરેલું તે ખપાટનું છે. ગંગેરનની શાખાની લાકડી હાથમાં રાખવા માટે કરવામાં આવે છે. લાકડી પીળા રંગની હોય છે. બહુ જૂનાં ઝાડ થાય ત્યારે ઉંચાઈ વધારે થઇ જાય છે.

(૫) ખસ ઉપર:—ખરસાંણીની સુકાઇને નીચે પડેલી ડુંખો બાળી તેલમાં ખરલ કરી લેપ કરવો. **(૬) કર્ણશૂળ ઉપર:**—ખરસાંણીની ડુંખો અંગારામાં શેકી રસ કાઢીને તે કાનમાં પાડવો; અથવા તે રસમાં તેટલુંજ બકરીનું દૂધ ગરમ કરી નાખી તે કાનમાં પાડવું. **(૭) વિષમ જ્વર ઉપર:**—ખરસાંણીની પાકેલી ડુંખો કેળનાં પાંદડાંમાં વિંટી અંગારામાં શેકી તથા બાફી તેનો રસ કાઢી, તેમાં ઠીકરી છમકારી હિંગની ભૂકી નાખી તે રસ શુમારે ૪ તોલા પર્યંત આપવો. **(૮) કુરશાના વિષ ઉપર:**—ખરસાંણીની ડુંખો અંગારામાં બાફી રસ કાઢવો અને તે તાળવા ઉપર અને દંશ-સ્થાને ચોળવો તથા બે આચમની પાવો પણ ખરો.

૧૬૮ ખસખસ, અફીણ—સં૦ ખરખ, ખસતીલ, ખરખસ. મ૦ હિં૦ ક૦ ખસ્ખસ્, બં૦ પોસ્તદાના. તૈ૦ તા૦ ગસગસ. તુ૦ કસકસે. મલા૦ કશકશ. ફા૦ તુખ્મેકોકનાર. અ૦ હબુલ કોકનાર. ઈં૦ પૉપીસીડસ. લા૦ પાપાવર સોમ્નિફેરમ્.

અફીણના ડોડા:—સં૦ ખાખ સફલ, ઉલ્લસત્ફલ. હિં૦ પોસ્ત, ખસખસકા ફલ. મ૦ અફૂચે બોંડ. બં૦ પોસ્તટેંડિ, ખાકશી. ફા૦ કોકનાર. અ૦ અબુનાસ. ઈં૦ પૉપી ક્યાપસુલ.

જે છોડમાંથી અફીણ ઉત્પન્ન થાય છે તેને ખસખસનો રોપો કહે છે. ખસખસનાં ઝાડ સરાસરી ત્રણ ચાર ફુટ ઉંચાં વધે છે. એને જીંડવાં આવે છે. તેને પોસ્ત અને જીંડવામાં બી થાય છે તેને ખસખસ કહે છે. ખસખસના જીંડવાને શસ્ત્રથી ચીરો પાડવાથી તેમાંથી જે રસ નીકળે છે, તે સૂકાય છે એટલે તેનેજ અફીણ (સં૦ અહિફેન) કહે છે. અફીણ એ માદક પદાર્થ છે. એની ગણના ઉપવિષોમાં છે. અફીણ ઘણું ખાવામાં આવે તો પ્રાણનાશ થાય છે; પરંતુ એ રીતસર આપવાથી સારા ઉપયોગમાં આવે છે. ખસખસના છોડમાંથી અફીણ થાય છે; પરંતુ ખસખસમાં માદકપણું નથી. ખસખસના ફળ ઉપરની ત્વચાને "પોસ્ત" કહે છે. ખસખસ એ પૌષ્ટિક છે. એનો પકવાન્નોમાં અને બીજા પદાર્થોમાં પુષ્કળ ઉપયોગ થાય છે. કુંણી હોય ત્યારે ખસખસનાં પાંદડાંની એકલી અથવા ભેળવાળી ભાજી સારી થાય છે.

અફીણનાં જીંડવાંમાંથી નિષ્કર્ષ, અવલેહ અને કષાય, એવા ત્રણ પ્રકારના કલ્પ થાય છે. સૂકવેલાં જીંડવાંનો ભૂકો ૪૦ તોલા, ૧૦૦ તોલા ગાળેલા (ડીસ્ટીલ ફેડ) ઉકળી ઉઠેલા પાણીમાં ૮ પહોર સુધી ભીંજવી રાખવો. પછી "પર્કોલેટર"થી બીજા વાસણમાં તે પાણી ગાળી લઇ ઉકાળવું. ઉકળતાં ૫૦ તોલા પાણી બાકી રહે એટલે ઉતારી ઠારવું; અને તેમાં મદ્યાર્ક (ટીંચર) મેળવી તે મિશ્રણ કેટલીક વાર સુધી તેવીજ રીતે રાખી મૂકી, ફરીથી અગ્નિ ઉપર મૂકી ઘટ્ટ થતાં સુધી ઉકાળવું. આ નિષ્કર્ષથી અફીણ જેવો મલષ્ટંભ ન થતાં ઘેન આવે છે. યુનાની હકીમ જૂની ઉધરસના ઠણકાથી રોગી ઘણો હેરાન થતો હોય તો આ નિષ્કર્ષનો ઉપયોગ કરે છે. આ નિષ્કર્ષથી માથું દુખવું, ચક્કર આવવાં વગેરે અફીણના વિકાર થતા નથી.

ખસખસનું તેલ નીકળે છે. તે ખાવાના અને બાળવાના કામમાં ઉપયોગી થાય છે. એનો ખોળ ગાય અને ભેંસને ખાવા આપે છે. ખસખસ જેમ તાજી હોય તેમ તેમાંથી તેલ વધારે નીકળે છે. બીજ સારાં હોય તો તેનો ત્રીજો ભાગ તેલ નીકળે છે. આ તેલ તડકે રાખી મૂકવાથી સફેદ, પારદર્શી અને સ્વાદહીન થાય છે. એ માથે ચોળવાથી ઘેન આવે છે અને મજ્જા પુષ્ટ થાય છે. રંગ તૈયાર કરવાને પણ આનો ઘણોજ ઉપયોગ થાય છે. ધોળા રંગમાં ખસખસનું તેલ મેળવવાથી સુંદર સફાઇદાર રંગ થાય છે. જે જીંડવાંમાંથી અફીણ કાઢી લીધેલું નથી હોતું, તેમાંની ખસખસ કડવી અને કેફી હોય છે; તથા તેનું તેલ કાઢવાથી તેમાં પણ એ દોષ આવે છે. બંગાળી ખસખસનું તેલ માળવાની ખસખસના તેલ કરતાં સારૂં હોય છે અને તેથીજ તે ખાવામાં વધારે વપરાય છે. માળવી તેલ ઘણું કરીને બાળવામાં વપરાય છે. મીણબત્તી, સાબુ વગેરે બનાવવાને પણ આ તેલનો ઉપયોગ થાય છે. યુરોપમાં તેલના રંગ (ઑઇલ પેઇંટસ) અને વિશેષે કરીને ચિત્રકામના રંગ (આર્ટિસ્ટસ કલર્સ) બનાવવામાં અળસી અને બીજાં તેલને બદલે આ તેલનો ઉપયોગ કરે છે. ખસખસનો ખોળ તાજો હોય તો ઘણો મીઠો અને ઢોરોને પુષ્ટિ આપનાર થાય છે. તે જૂનો થવાથી તેના

ઉપર ફુલ જામે છે અને તે કડવી લાગે છે. તે સ્થિતિમાં ઢોરોને ખાવા આપી હોય તો કાંઇક પણ નુકસાન કરે છે. ખસખસના ખોળની રાસાયનિક રચના ગ્લાસ્ગોના પ્રૉફેસર અંડરસને આ પ્રમાણે ઠરાવેલ છે:—સો ભાગ ખોળમાં પાણી ૬.૫૬, તેલ ૧૧.૦૪, નૈટ્રોજનસ દ્રવ્ય ૩૪.૦૩, ગુંદ અને તેના જેવો પદાર્થ ૨૩.૨૫, રાખ ૧૩.૭૦ અને બાકી કચરો ૧૧.૩૩.

ખસખસનું ઝાડ:—ગ્રાહક, બલકર, ગુરુ, વૃષ્ય, કફપ્રદ, પાકકાળે મધુર, વીર્યપ્રદ, કાંતિકારક તથા બલકર છે; અને વાત તથા પિત્તનો નાશ કરનાર છે. **એનાં ફુળ:**—રૂક્ષ, ગ્રાહક અને રક્તશોધક છે. **ફૂળની છાલ:**—શીતળ, લઘુ, કડવી, ગ્રાહક, તૂરી, વાતકારક, રુચ્ય, સપ્તધાતુશોધક, પુરુષત્વ-નાશક, રૂક્ષ, મદકર, અગ્નિવર્ધક અને મોહક છે. **ખસખસ:**—કફકારક, બલ્ય, વૃષ્ય, ગુરુ, મધુર, ગ્રાહક અને વાતનાશક છે. ઉપયોગ:—**(૧) આમાતિસાર ઉપર:**—ખસખસ દહીંમાં વાટી પાવી. **(૨) બાળકોને આમ પડે છે તે ઉપર:**—ખસખસનો કંસાર અથવા થુલું કરી ખવરાવવું. **(૩) સાંધા દુખે છે તે ઉપર:**—ખસખસના (પોસડોડાના) કાઢામાં કલાક બે કલાક સાંધા શેકવા. **(૪) સોજો, પેટનું ચઢવું અને શરીરમાં વાયુ ભર્યો હોય તે ઉપર:**—ખસખસનાં ફૂલ અને જીંડવાં પાણીમાં ઉકાળી તે પાણીનો શેક કરવો. **(૫) પુષ્ટિ અને શકિત આવવા માટે:**—ખસખસ, બદામગીર અને ચારોળી સમભાગે લઇ બારીક વાટીને ગાયના દૂધમાં મેળવી ઉકાળી ખીર કરવી. તેમાં ઉતારતી વેળાએ બે તોલા તાજું ઘી અને તેટલીજ સાકર નાખી તે મળી જાય એટલે બે માસાપર્યંત ગળોનું સત્ત્વ નાખી સેવન કરવું. એ પ્રમાણે સતત કેટલાક દિવસ કરવાથી ઉત્તમ પ્રકારની પુષ્ટિ પ્રાપ્ત થાય છે. આ ઔષધ શક્તિહીન બાળકોને પણ આપવાને ઘણું ઉત્તમ છે. **(૬) દારુણા (કેશમાંહેની જમીન કઠણ થઈ ઝીણી ફોડલીઓ થાય છે તે) રોગ ઉપર:**—ખસખસ દૂધમાં વાટી માથા ઉપર લેપ કરવો. **(૭) બાળકો માટે શકિતવર્ધક ખોરાક:**—ખસખસ ગાયના દૂધમાં બારીક વાટીને તેમાં બીજું દૂધ અને થોડો ગોળ કિંવા સાકર નાખી ઉકાળીને રાબડી તૈયાર કરવી; અને સારી રીતે ઠંડી થયા પછી ખાંડ નાખવી. આ ખોરાક બે મહિનાથી અધિક વયના બાળકને આપવાયોગ્ય છે અને જે બાળકને હગામણનો ઉપદ્રવ હોય તેઓને તો ઘણોજ હિતકારક છે. **(૮) અર્ધાંગવાયુ ઉપર:**—ખસખસનું તેલ કોપરાના તેલ સાથે શરીરે ચોળવું. **(૯) દારણા નામના કપાળરોગ (ઇં૦ ટ્યુરીજ ઘી સ્કૅલપ) ઉપર:**—ખસખસ દૂધમાં વાટીને લેપ કરવો.

ક અફીણ:—સં૦ અહિફેન. હિં૦ બં૦ ક૦ અફીમ. તૈ૦ ગાલમંડુ. ફા૦ અફયૂન, તિર્યાક. અ૦ લબ્નુલ, ખાસખાસ. ઇં૦ ઓપિયમ. લા૦ પેપેવેરી, સોમ્નિફેરમ.

સંસ્કૃતમાં અફીણનાં અહિફેન આદિ નામો છે તે અર્થવાળાં છે. અહિફેન એટલે સર્પનું ઝેર. સર્પદંશનું જેવા પ્રકારનું પરિણામ શરીર ઉપર થાય તેવુંજ પરિણામ અફીણની વધારે માત્રા લેવાથી થાય છે. એથીજ તેને અહિફેન, નાગફેન, ભુજંગફેન આદિ નામો સંસ્કૃતમાં આપેલાં છે.

અફીણની પ્રાથમિક અસર ઉત્તેજક છે અને પછીની સ્થિતિમાં તે શરીરમાંની પીડા શમન કરીને ઘેન લાવનારી છે. ટાઢીઆ તાવની કમકમાટી બંધ કરવાને તે ઉપયોગી છે. એ સ્તંભક હોવાથી અતિશય પરસેવો બંધ કરવામાં, રેચ બંધ કરવામાં અને સાધારણ કોઇ પણ પ્રકારનો સ્રાવ બંધ કરવામાં ઉપયોગી થાય છે. પેટની અંદરના ભાગમાં દાહ થયો હોય તો આનો ઉપયોગ થાય છે. તાવ ઘણો વધ્યો હોય તે સ્થિતિમાં અફીણનો ઉપયોગ ઘણો હિતાવહ છે. દાક્તર લોક તે કપૂરાદિક પદાર્થો સાથે મિશ્ર કરીને આપે છે, તેથી તાલાવેલી શાંત થઇ ઘેન (ઉંઘ) આવે છે. પક્વાશયમાંના વ્રણ, આમ, અતિસાર, કૉલેરા વગેરે રોગમાં તેમજ અતિઆર્તવ, પીડિતાર્તવ, ગર્ભાશય પ્રદર, સ્નાયુસંકોચજન્ય મૂત્રકૃચ્છ્ર આદિ સ્ત્રીપુરુષોના મૂત્રમાર્ગના રોગમાં અફીણ ઉત્તમ ગુણકારી છે. ધનુર્વાત અને આમવાતના વિકારોમાં પણ અફીણ સારું ચાલે છે. મસ્તકશૂળ, સંધિવાત, અભિષ્યંદ (આંખ આવવી) આદિ નેત્રરોગ ઇત્યાદિમાં અફીણનો બાહ્ય ઉપયોગ હિતાવહ છે.

અફીણનું ઝેર:—અફીણ યોગ્ય માત્રામાં આપવું ગુણકારી છે; પરંતુ તે હદ ઉપરાંત આપવાથી મરણકર્તા થાય છે. ઓછામાં ઓછા બે રતી અફીણથી મનુષ્ય મરે છે. એ કડવું હોવાથી

બીજાનો પ્રાણઘાત કરવાને ઉપયોગી થતું નથી. ઘણું કરીને આત્મઘાત કરનારા લોકોજ તે ખાય છે. અફીણનું ઝેર ચઢવા લાગે કે ચક્કર આવે છે, જીવ ગભરાય છે અને હળવે હળવે ભાન નહિ જેવું રહી માણસ બેશુદ્ધ થાય છે. પહેલવહેલાં તો હાંક મારવાથી ઉત્તર આપે છે; પરંતુ પાછળથી બોલવું તદ્દન બંધ થાય છે. શ્વાસ મંદ પડે છે. નાડી ભરપૂર મંદ ચાલે અથવા નકામી થઇ જલદી ચાલે છે. અંગ કાંઇક તપી આવે છે. પરસેવો આવે છે, આંખો મીંચાયલી હોય છે, આંખોની મોટાઇ સંકોચાય છે (ખાડા પડે છે), શ્વાસ બંધ પડે છે, ચહેરો ફિક્કો પડે છે, હોઠ અને હાથ કાળા દેખાય છે, ઝાડો થાય નહિ અને પેટ ફૂલે છે, મરણ પહેલાં શરીર ઠંડું થાય છે, આંખના ડોળા ફાટી રહે છે અને નાડી હાથજ લાગતી નથી. રોગી સારો થવાનો હોય તો તે શુદ્ધિ ઉપર આવતો લાગે છે. તેને ઉલટી થાય છે, માથું દુઃખે છે, કદી કદી અફીણના ઝેરથી આંકડી, બકવા, ઉલટી, જુલાબ, ધનુર્વા (તાણ) ઇત્યાદિ લક્ષણો થાય છે.

અફીણ ખાવા પછી શુમારે એક કલાકે વિષારિ ચિહ્ન દેખાવા લાગે છે અને ઘણું કરીને ૨૪ કલાકમાં મનુષ્ય મરે છે. દરરોજ અફીણ ખાનારા લોકો(વ્યસની)ને તેનું ઝેર બાધ કરતું નથી; પરંતુ તેનું શરીર અશક્ત થાય છે, તેને ઝાડો સાફ થતો નથી, બરોબર ભૂખ લાગતી નથી, મન દુર્બળ થાય છે, ચહેરો વિચિત્ર દેખાય છે, ઘડપણ જલદી આવે છે અને ઘણું કરીને તે નાની ઉંમરે મરે છે. ડૉક્ટર લોક મોર્ફિયા નામનું અફીણનું સત્ત્વ વાપરે છે, તે પેટમાં ગયેલ હોય તો અફીણ જેવાંજ લક્ષણો થાય છે. પરિણામ અફીણ કરતાં જલદ અને જોરદાર હોય છે.

અફીણમાંથી ચંડૂ અને માદક એ બે પીવાના માદક પદાર્થો બનાવે છે.

અફીણ:—જારણ, મારણ, ધારણ અને સારણ, એમ ચાર પ્રકારનું છે. તે વૃષ્ય, બળકર, ગ્રાહી, સાત ધાતુનો શોષ કરનાર, વાતપિત્તકર, આનંદકારક, માદક (કેફી), વીર્યસ્તંભક, કડવું અને મધુર છે; તથા સન્નિપાત, કૃમિ, કફ, પાંડુ, ક્ષય, પ્રમેહ, દમ, ઉધરસ, પ્લીહા (બરોળ) અને ધાતુક્ષયનો નાશ કરે છે. જે અફીણ ધોળા રંગનું અને અન્નને પચાવનારૂં છે તેને જારણ કહે છે; અને કાળું હોય તે મૃત્યુકારક છે એટલે તેને મારણ કહે છે. જે અફીણ પીળું છે તે જરાનાશ કરનારૂં છે, માટે તેને ધારણ કહે છે અને જે ચિત્રવર્ણ હોય છે તે મળનું સારણ કરે છે, માટે તેને સારણ કહે છે.

અફીણનો ઉપયોગ:—(૧) આમાતિસાર અને કૉલેરા ઉપર:—અફીણ, જાયફળ, લવંગ, કેસર અને કપૂર, આ સર્વ ઔષધો સમભાગ લઇ તેની બબ્બે રતીની ગોળીઓ કરી દરેક વખતે એકેક ગોળી ઉના પાણી સાથે આપવી. આથી ગમે તેવો આમવિકાર હશે તે સારો થશે. **(૨) સંગ્રહણી, આમાતિસાર, રકતાતિસાર વગેરે ઉપર:**—અફીણ ૨ ભાગ અને જાયફળ, ટંકણખાર, અભ્રકભસ્મ, શુદ્ધ કરેલ ધંતુરાનાં બીજ, આ દરેક એકેક ભાગ લઇ નારી(મં ચાંદવેલ)નાં પાંદડાંના રસમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળીઓ કરી દરેક વખતે ૧ ગોળી મધમાં આપવી. પથ્ય દહીં અને ભાત ખાવાં. **(૩) દુગ્ધવટી:**—અફીણ અને વછનાગ બાર બાર રતી, લોહભસ્મ પાંચ રતી, અભ્રકભસ્મ છ રતી; એ સર્વેને દૂધમાં ખરલ કરી રતી પ્રમાણે ગોળીઓ બનાવી દૂધ સાથેજ આપવી. આ ગોળી આપી હોય તો ખાવાપીવામાં દૂધ વગર બીજા પદાર્થનો ઉપયોગ કરવો નહિ; અને રોગ તદ્દન સારો થયા સુધી મીઠું અને પાણી વર્જ્ય કરવાં. આ દુગ્ધવટીથી સંગ્રહણી, વિષમજ્વર, અનેક પ્રકારના સોજા, અગ્નિમાંદ્ય અને પાંડુરોગ નાશ થાય છે. **(૪) સર્વાતિસાર, આમાંશ અને કૉલેરા ઉપર:**—અફીણ, શુદ્ધ કરેલ ઝેરકોચલાં અને ધોળાં મરી, એ ત્રણે સમભાગ લઇ તેને આદુના રસમાં ખરલ કરી સુંઠ અને ગોળમાં મેળવી ગોળી કરી, તે ૧ ગોળી આપવી; એટલે ગમે તેવો અતિસાર, આમાંશ અથવા કૉલેરા હશે તો તે તત્કાળ સારાં થશે. **(૫) બહુમૂત્રરોગ ઉપર:**—અફીણ અને જાયફળ દરેક ચાર ચાર ભાગ, કપૂર ૧ ભાગ અને કસ્તૂરી ૧ ભાગ, એ પ્રમાણે ચારે ચીજો લઈ ખરલ કરી દરેક વખતે તે એક રતીની માત્રા પ્રમાણે નાગરવેલના પાનના રસમાં આપવાથી બહુમૂત્રરોગ સારો થાય છે. **(૬) અતિસાર અને કૉલેરા ઉપર:**—અફીણ અને કેસર સમભાગ લઈ ખરલ કરી અર્ધા ગુંજાભારની ગોળી મધમાં ખાવી, તેમજ ગુંજાભાર અફીણ બકરીના ધમાં આપવાથી પણ કોગળીઉં અને અતિસાર દૂર થાય છે. **(૭) કોગળીઆ ઉપર:**—કોપરાના

કકડામાં છિદ્ર કરી, તેમાં બે ગુંજાભાર અફીણ નાખી તે કકડો અંગારા ઉપર શેકવો અને ખાવા આપવો; એટલે માણસ સહસા ઝોબાઈ જશે નહિ. **(૮) સળેખમ ઉપર:**—કાગળમાં થોડું અફીણ ચોપડી તેની બીડી સળગાવી નાકે તેની ધૂણી સુંઘવી. **(૯) માથું દુખતું હોય તો:**—માથા ઉપર અફીણનો લેપ કરવો. **(૧૦) શરીરે ખરજ થતી હોય તો:**—તેલ, મીણ અને અફીણ એકત્ર કરી ચોપડવું. **(૧૧) આંખો આવે છે તે ઉપર:**—અફીણ અને દાંતવણ એ બેને લોખંડના વાસણમાં લીમડાના રસમાં ખરલ કરી લેપ કરવો. **(૧૨) અતિશય પરસેવો આવતો હોય તો તે ઉપર:**—કિંચિત્ અફીણ ખાવા આપવું. **(૧૩) સ્તંભન માટે:**—અફીણ એ સ્તંભક છે; માટે એને જાયફળમાં ઘાલી તે ઉંબરાના, વડના કિંવા બાવળના ઝાડમાં છિદ્ર પાડીને તેમાં મૂકે છે અને તે છિદ્ર બંધ કરી કેટલાક દિવસ પછી તે બહાર કાઢી તેની ગોળીઓ કરી શક્તિ જોઈને તે આપે છે. સાકર સાથે પણ અફીણ ખાય છે અને ઉપર દૂધ પ્રાશન કરે છે; તેમજ ખસખસનાં જીંડવાં અને સુંઠ એનો સોળમો ભાગ પાણી શેષ રહે તેવો કાઢો કરી તેમાં ગોળ નાખીને પીએ છે. **(૧૪) પક્વાતિસાર ઉપર:**—ઠીબરામાં (તૂટેલા ઘડાના ટુકડામાં) મંદ અગ્નિ ઉપર અફીણ શેકીને ખાવાથી ઘણોજ પાકેલો અતિસાર હોય તોપણ શમે છે. **(૧૫) નાનાં બાળકોને સળેખમ અને શરદી ઘણી થઈ હોય તો:**—માથા ઉપર અને નાક ઉપર અફીણનો લેપ કરવો. પેટમાં વિકૃતિ હોય તો પેટ ઉપર પણ લેપ કરવો. **(૧૬) અતિસાર ઉપર:**—કાંદા(ડુંગળી)ના રસમાં અફીણ મેળવી પાવું. **(૧૭) બદ ઉપર:**—પહેલાં જળો મૂકાવી લોહી કઢાવવું અને કડવા લીમડાનો પાલો બાંધવો. પછી બીજા દિવસથી અફીણનાં જીંડવાંનો કાઢો કરી તેમાં કપડું ભીંજવી ત્રણ ચાર દિવસ શેકવું; એટલે દુઃખ જલદી નાશ પામે છે. **(૧૮) વાળા ઉપર:**—સર્પની કાંચળી અને અફીણની થેપલી કરી ઉપર બાંધવી. **(૧૯) નાસુર (નાડીવ્રણ, ભગંદર) ઉપર:**—માણસના નખ બાળી તે રાખમાં અફીણ એક વાલ મેળવી તે મિશ્રણ નાસુરમાં ભરવું. **(૨૦) આમાતિસાર અને રક્તાતિસાર ઉપર:**—અફીણ લિંબુના રસમાં મેળવી તે દૂધમાં નાખી ત્રણ દિવસ પાવું.+ **(૨૧) અફીણ ઉપર ઉતાર:**—(૧) **રાઇનો લોટ** વગેરે ઉલટી થનારાં ઔષધો આપવાં. (૨) **અરીઠાનું પાણી** કરી પાવું. અફીણના પાશેર ગોળા ઉપર અરીઠાના પાણીનાં ૫–૭ ટીપાં પાડવાથી તે ઘણુંજ નિઃસત્ત્વ થાય છે. (૩) **ત્રણ કિંવા ચાર માસા હિંગ** છાશમાં અથવા પાણીમાં વાટી પાવી કિંવા એકલી હિંગ ખવડાવવી. (અફીણની દાબડીમાં હિંગનો ગાંગડો રાખવાથી અફીણ નિઃસત્ત્વ થાય છે.)× (૪) **ઘીમાં ટંકણખાર અને મોરથુથુ** અથવા એકલો **ટંકણખાર** નાખી પાવો એટલે ઉલટી થઈ અફીણ નીકળી જશે. (૫) **ફટકડીનું ચૂર્ણ** અને કપાસીઆનાં બીઆંનું ચૂર્ણ એકત્ર કરી ખવરાવવાથી અફીણ ઉતરે છે. (૬) **પીલુડીનાં** પાંદડાંનો રસ પાવો. (૭) **ઉભી ભોરીંગણીનો** રસ દૂધ નાખી પાવો. (૮) **વજ અને સિંધવ** એકત્ર કરી પાવાં. (૯) લીંડીપીપર અને મીંઢળ આપવું. (૧૦) **ઝેંડના** (ગલગોટાના) પાલાનો રસ કાઢી પાવો. (૧૧) થોડું **મોરથુથુ** શેકી લિંબોળીમાં ઘાલી ચૂસવું. (૧૨) **તાંદળજાનાં મૂળીઆં** પાણીમાં વાટી પાવાં. (૧૩) **ઉંટકટારીનાં મૂળીઆં** પાણીમાં વાટી પાવાં. (૧૪) **ગળોની સળીઓનો** રસ કાઢી પાવો. (૧૫) **કિંજળીના** ઝાડનો રસ કાઢી પાવો. (૧૬) **કપાસનાં** પાંદડાંનો રસ પાવો. (૧૭) કડવા **લીમડાનાં** પાંદડાંનો અર્ક કાઢી પાવો. (૧૮) **અંબાડાનાં** પાંદડાંનો રસ પાવો. (૧૯) **આમલીનાં** પાંદડાંનો રસ પાવો. (૨૦) **સીતાફળીનાં** બીઆં માંહેનું મગજ પાણીમાં વાટી પાવું. **(૨૧) નાના બાળકને અફીણ ચઢયું હોય તે ઉપર:**—ડુંગળી ભાંગી તેનો વાસ લેવરાવવો કિંવા કોરા દેશી કાગળ પાણીમાં

+ આ મિશ્રણ મેળવતાંની સાથેજ પીવરાવવું જોઇએ. દૂધ તુરતનું દોહેલું હોય તો વધારે અનુકૂળ આવે છે. ગરમ દૂધ ઉપયોગમાં નહિ લેવું.

× આ જગ્યાએ લખવું જોઇએ છીએ કે, જેમ હિંગ સાથે રહેલું અફીણ ઝેરના ગુણથી રહિત થાય છે, તેમ જીરા સાથે રહેલ હિંગ પણ બરબાદ જાય છે; માટે હિંગની ગરમીનો ઉતાર જીરું છે. સુંઠની ભૂકીથી કેરીઓ સડી જાય છે અને કેરીના અજીર્ણનો રામબાણ ઉપાય સુંઠ છે.

મસળી પાવા. ગર્ભિણીએ અફીણનું કિંવા અફીણમિશ્રિત ઔષધનું સેવન કરવું નહિ. (૨૨) બાળકને અફીણ ચઢે તો:—ચોખા ધોઈ તે પાણી પાવું.

૧૬૯ ખાખરો—સં૦ પલાશ. મ૦ પળસ. હિં૦ ખાખર, પલાસ, ઢાક, ટેસૂ, કેસૂ, ધારા, કાંકરીયા. રા૦ છીલા, કેસૂલા. ઉડિ૦ પરાશુ. તા૦ પરસન્. ક૦ મુત્તલ્લુ, કેંપમુત્તલ. બં૦ પલાશગાછ. તે૦ માતુકાચેટુ. ઈં૦ ડાઉની બ્રાન્ચ બ્યુટિયા. લા૦ બ્યુટિયા ફ્રંડાઝા (રાતો), બ્યુટિયા પાર્વિફ્લોરા (ધોળો).

એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. ખાખરાનાં ઝાડ ઘણાં ઉંચાં વધતાં નથી. એનું લાકડું સુતારના કામમાં આવતું નથી. એનાં પાંદડાં અને ફૂલો ઉપયોગમાં આવે છે. પાંદડાંનાં પત્રાળાં કરે છે. ફૂલનો રંગ રાતો હોય છે. ક્વચિત્ ધોળાં ફૂલનો પણ ખાખરો હોય છે. રંગને માટે ફૂલનો પુષ્કળ ઉપયોગ થાય છે. ખાખરાને ચપટાં રાતા રંગનાં બીજ આવે છે. તેને પલાસપાપડો કે પિત્તપાપડો (મ૦ પળસ પાપડી) કહે છે. રંગ તથા સફેદી દેવાને માટે ખાખરાનાં મૂળનો કુચો કરે છે. ખાખરાને ગુંદ (લાખ) આવે છે, તે સ્તંભક છે. **ખાખરો**:—ઉષ્ણ, તુરો, વૃષ્ય, અગ્નિદીપક, સારક, કડવો, સ્નિગ્ધ, ગ્રાહક તથા ભગ્નસંધાનકારક છે; અને વ્રણ, ગુલ્મ, કૃમિ, પ્લીહા, (બરોળ), સંગ્રહણી તથા અર્શ, વાયુ, કફ, યોનિરોગ અને પિત્તરોગનો નાશ કરે છે. એ રક્ત (રાતો), પીળો, શુભ્ર (ધોળો) અને નીલ (કાળો) એમ ફૂલના ભેદવડે ચાર પ્રકારનો થાય છે. **એનાં ફૂલ (કેસુડાં)**:—સ્વાદુ, કડવાં, ઉષ્ણ, તુરાં, વાતુળ, ગ્રાહક, શીતળ તથા તીખાં છે તેમજ તૃષા, દાહ, પિત્ત, કફ, રક્તદોષ, કોઢ અને મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. **એનાં ફળ (પિત્તપાપડો)**:—રૂક્ષ, લઘુ, ઉષ્ણ તથા પાકકાળે તીખાં છે; અને કફ, વાયુ, ઉદર, કૃમિ, કોઢ, ગુલ્મ, પ્રમેહ, અર્શ તથા શૂળનો નાશ કરે છે. **એનાં ફળોમાંનાં બીઆં**:—સ્નિગ્ધ, ઉષ્ણ તથા તીખાં છે; અને કફ તથા કૃમિ(કરમ)નો નાશ કરે છે. **એનાં કુમળાં પાંદડાં**:—કૃમિ અને વાયુનો નાશ કરનાર છે.× **ઉપયોગ**:—(૧) નાના

× પલાસપાપડાનાં ફૂલ કંઇક શુક(પોપટ)ને મળતાં હોવાથી સંસ્કૃતમાં એનું **किंशुक** એટલે 'કાંઇક પોપટ' નામ પડેલ છે; અને તેનાજ ઉપરથી કેટલીક ભાષામાં એને કેસુડાં કહે છે.

ચરકમાં:—એને કફસંશમન, વ્રણશોધન અને કુષ્ઠપ્રશમન વર્ણન કરેલ છે. ચક્રદત્તમાં:—ખાખરાને ગ્રાહી રીતે લગાવવાનું લખે છે; તથા વ્યવહારમાં અન્ય ગ્રાહી પદાર્થ અને સિંધાલુણની સાથે મેળવે છે. આ પ્રયોગ આંખનાં ઝાંઝવાં અને ઝાંખ પડેલ હોય તો થાય છે. મખજન અલ અદ્વિયામાં કહે છે કે:—પલાસનાં પાંદડાં ગ્રાહી, પૌષ્ટિક અને કામોત્તેજક છે. એ ફોડા, મુહાસા આદિ દૂર કરવા ચોપડે છે; તથા પેટમાં વાયુના લીધે દુખાવો થતો હોય તો અને કૃમિ તથા હરસના રોગમાં ખાવાની ભલામણ કરે છે. સફેદ જાતનાં ફૂલ ગ્રાહી, મૂત્રવર્ધક તથા કામ ઉત્પન્નકર્તા માનેલ છે. વળી પોટીસતરીકે બાંધવાથી સોજાને ઉતારે છે. પેશાબ અને રજોદર્શનને વધારે છે. ડૉ૦ એનસ્લી કહે છે કે, મદ્રાસ ઈલાકામાં તામિલ વૈદ્ય પેટમાંના ગોળ અને ચીપટ કૃમિ (કરમિયા) કાઢવાને પલાસપાપડાનું ચૂર્ણ ૨॥ તોલાની માત્રામાં દિવસમાં બે વખત આપે છે. હોરટસ-મલવારીકસ નામના પુસ્તકમાં લખ્યું છે કે, ખાખરાની છાલ સુંઠની સાથે મેળવીને સાપ કરડેલા પ્રાણીને અપાય છે. ડૉક્ટર સરવુડ કહે છે કે, ખાખરાનાં બીજ (પલાસપાપડો) સુરાખારમાં ઉકાળી દેશી વૈદ્ય પેશાબની થેલીમાં થનારી પથરીના માટે આપે છે. હાલમાં એ ઝાડનો ગુંદ અંગ્રેજી દવાઓમાં વપરાય છે. પલાસપાપડાને લિંબુના રસમાં વાટી શરીર ઉપર ચોપડવાથી ચામડી લાલ થાય છે અને ચળ મટે છે. ડૉ૦ રોકસવર કહે છે કે:—ફૂલનો રસ ગરમીથી ઘાટો કરી તેમાં થોડી ફટકડી નાખી રંગવાથી રેવંચીના રંગથી પણ વધારે ચમકદાર રંગ બને છે. વળી તે કહે છે કે, સૂકાં ફૂલમાંથી કાઢેલ સત્ત્વ તાજાં ફૂલના જેવો ઉત્તમ નહિ નીકળે. આ સત્ત્વ ઘણા દિવસ રાખવાથી બગડી જાય છે. સુશ્રુતમાં એને રક્તપિત્તનાશક તથા યોનિદોષનાશક માનેલ છે. ગુંદ એકથી બે રતીની માત્રામાં આપવાથી અતિસાર અને પીળા લોહીના ઝાડાને બંધ કરે છે. બીજને વાટીને ચોપડવાથી દાદર જતી રહે છે. જો મૂત્ર મુશ્કેલીથી ઉતરતું હોય તો તે વખતે ફૂલને પાણીમાં ઉકાળી શેક કરવાથી આરામ થાય છે. આ ઝાડ ઉપરથી કેટલીક વખતે લાખ પણ મળી

બાળકના કૃમિ ઉપર:—પિત્તપાપડો દૂધમાં ઘસી પાવો કિંવા ચૂર્ણ કરી મધમાં આપવું; અથવા પિત્તપાપડો અર્ધો કાચો શેકી મગની દાળ જેટલો ઘીમાં આપવો. (૨) **દાદર ઉપર:**—પિત્તપાપડો લિંબુના રસમાં ઘસી ગરમ કરી લેપ કરવો. (૩) **વંધ્યા (વાંઝણી)ને ગર્ભ ધારણ થવા માટે:**—પિત્તપાપડાને બાળી તેની રાખ કરી તે રાખ પાણી સાથે પાવાથી સ્ત્રી ગર્ભિણી થાય છે. (૪) **ગલગંડ ઉપર:**—ખાખરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તેનો કાનની બાજુપર અને કિનારી ઉપર લેપ કરવો. (૫) **અટકાવ (ઋતુસ્રાવ) બંધ થવા માટે:**—પિત્તપાપડો અને શેવતીનાં ફૂલ પાણીમાં અથવા ઘીમાં ભક્ષણ કરવાં અને ફટકડીની પોટલી યોનિમાં રાખવી; એટલે અટકાવ (ઋતુસ્રાવ) બંધ થાય છે. (૬) **પુરુષત્વ આવવા માટે:**—ખાખરાના મૂળને ચીરી તે નીચે રીઢું માટલું મૂકી ઉપર અગ્નિ કરવો; એટલે માટલામાં અર્ક પડે છે. તે અર્ક ખાવાના પાનમાં ચોપડીને તે પાનમાં મરેડીનું જીંડવું એક મૂકી તે પાન ખાવું; એટલે એકજ દિવસમાં પુરુષત્વ આવશે. ઉતાર–સ્ત્રીસંગ કરવો. (૭) **ખરજવા ઉપર:**—પિત્તપાપડો, હડતાલ અને વછનાગ, એ જૂના ઘીમાં ઘસી તેનો લેપ કરવો. (૮) **કૃમિ ઉપર:**—ખાખરાનાં બી અને વાવડીંગ એ ત્રણ ત્રણ માસા લઈ ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ત્રણ માસા લિંબુના રસમાં અથવા મધમાં નાખી ચાટવું. (૯) **પ્રમેહ ઉપર:**—ખાખરાનાં ફૂલ તોલા અઢી રાત્રે પાણીમાં ભીંજવી રાખીને સવારે તે ગાળેલા પાણીમાં સુરોખાર અર્ધો તોલો અને સાકર દોઢ તોલો નાખી તે પાણી પાવું; અથવા ખાખરાનાં ફૂલનો કાઢો મધ નાખીને પાવો. (૧૦) **પગના સાંધા પકડાઈ ગયા હોય તે ઉપર:**—પલાસપાપડો મધમાં વાટી લેપ કરવો. (૧૧) **બરોળના રોગ ઉપર:**—પલાસપાપડો ખરસાંણીના રસમાં વાટી મરી જેવડી ગોળીઓ કરીને ખાવી; તેથી ઝાડો થશે. ઉતાર ઘી અને ભાત; અથવા ખાખરાનાં ફૂલ બાફી પેટ ઉપર ત્રણ દિવસ સુધી બાંધવાં. (૧૨) **બાળકોને ઓરી (ઝીણી ફોલ્લીઓ) થઇ આવે છે તે ઉપર:**—પિત્તપાપડો લીમડાના રસમાં ઘસી ચોપડવો. (૧૩) **કૃમિ ઉપર:**—ખાખરાનાં બી કચરીને ભીંજવી રાખવાં અને પાણી ગાળી લઇ તેમાં મધ નાખી આપવું. (૧૪) **વાળા ઉપર:**—ખાખરાનાં ફૂલ વાટીને ગોળમાં સાત ગોળીઓ કરી રોજ એક ગોળી ખાવી. (૧૫) **મૂત્રરેચનને માટે તથા મૂત્રાઘાત ઉપર:**—ખાખરાનાં સૂકાયલાં ફૂલ ૧૦ તોલા-પર્યંત લઈ તે ધોવાં; અને તેમાં થોડું પાણી નાખી ઉપર ઢાંકણું દઇ તે ઢાંકણામાં થોડું પાણી રેડીને મંદ અગ્નિ ઉપર વરાળ આવે ત્યાંસુધી બાફવાં. પછી તે ફૂલ પીલી તેમાંથી જે પાણી આવે તે શક્તિ પ્રમાણે પાશેરપર્યંત ગાળી લઈ તેમાં બે માસાપર્યંત સુરોખાર નાખીને પ્રાશન કરવું; અને બાકી જે પાણી રહે તેમાં તે બાફેલાં ફૂલ મેળવી પેટ પર બાંધવાં. (૧૬) **યોનિકંદ ઉપર:**—પિત્તપાપડો કચરીને કણકમાં મેળવી હથેળી જેવડી પુરી કરીને તે કંદ ઉપર બાંધવી અને લંગોટી રાખવી; તેથી તે માંસનો ગોળો ગળી જશે અથવા ખાખરાના ખારના યોગે કરી ઘૃત સિદ્ધ કરી તે પાવું. (૧૭) **અતિસાર ઉપર:**—ખાખરાનો ગુંદ ૫–૧૦ ચણોઠીભાર સાકર સાથે ખાવો. (૧૮) **ઉધરસ તથા મુખરોગ ઉપર:**—ખાખરાનાં પાંદડાંનાં ડીંટાં સાધારણ ચાવી મોઢામાં રાખીને તેનો દ્રવ (રસ) ગળતાં જવું; એટલે ઉધરસ ત્વરિત દૂર થાય છે તથા મુખરોગ પણ દૂર થાય છે. (૧૯) **અગાઈ વગેરે કાનમાં ગયું હોય તે ઉપર:**—ખાખરાના અંકુરોનો રસ કાનમાં નાખવો. (૨૦) **સર્પના વિષ ઉપર:**—ખાખરાનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અને

આવે છે. એનાં મૂળની છાલ કાઢી ઘણાંજ મજબૂત દોરડાં બનાવે છે. હોળી આદિ તહેવારોમાં કેસુડાંનો રંગ છાંટે છે. ચરકમાં પલાસપાપડાને ગ્રાહી, પુરીષગ્રહણ (મળ જાડો કરનાર) તથા વેદના સ્થાપનકર્તા માનેલ છે; અને સુશ્રુતમાં એને યોનિદોષહર તથા શુક્ર શુદ્ધ કરનાર (વીર્યને શોધનાર) માનેલ છે.

પિત્તપાપડાને આકડાના દૂધમાં પલાળી છાંયે સૂકવવો. આમ ૨૧ વખત કરી તેને શુદ્ધ કરી વાટી ગોળી કરી રાખેલ હોય અને તે પાણીમાં ઘસી વિંછીના ડંખ ઉપર ચોપડી હોય તો વિંછી ત્વરિત ઉતરી જાય છે.

લેપ પણ કરવો. **(૨૧) મુખરોગ ઉપર:**—ખાખરાનાં પાંદડાંનું ડીંટડું ચાવી મોઢામાં રાખવું.

૧૭૦ ખાજકોલતી—સં૦ વૃશ્ચિકા, ધૂમપુષ્પા. મ૦ ખાજકોલતી, વિંચુવા. હિં૦ બીછવા. બં૦ વિષાતી, વિશ્રુટી. ક૦ ઈંગુલે, માસસાહોત્ર, મુચિંગિડ. તા૦ કાયચોરી. તૈ૦ કલગોંદી. ગુ૦ પસ્ચીરંગી. મલા૦ કોતકૂવા. ગોમ૦ ખાજરકુલ્લી. લા૦ ટ્રેજીયા ઇન્વ્હોલુક્રટા.

ખાજકોલતીનાં ઝાડ નાનકડાં હોય છે. એ ચોમાસામાં ઉગે છે. ખાજકોલતીનાં પાંદડાં મોટાં હોય છે. એ પાંદડાં શરીરે લાગવાથી અતિશય આગ થાય છે. એ પાંદડાં ઉપર બારીક ગુચ્છા આવે છે. એ પાંદડા કાળા રંગનાં હોય છે. **ઉપયોગ:—(૧) કોલ્હા(શિયાળ)ના વિષ ઉપર:**—ખાજકોલતીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. **(૨) વાળા ઉપર:**—ખાજકોલતીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી વાળા ઉપર લેપ કરવો. વાળો બહાર આવવા લાગે એટલે દીવેટમાં વિંટાળવો. પછી બીજે દિવસે જેટલો બહાર આવે તે ઉપર ખાજકોલતીનું મૂળ ચાર પાંચ વાર ચોપડવું. પછી તંતુ ઉપર વિંછીનો કાંટો મારવો; એટલે તુરત બધો વાળો બહાર આવશે. **(૩) દાદર ઉપર:**—ખાજકોલતીનાં મૂળ તુળસીના રસમાં ઘસી ચોપડવાં.

૧૭૧ ખાટખટુંબા (ખારખટુંબા)—સં૦ અમ્લા, અમ્લપર્ણી, અત્યમ્લપર્ણી. મ૦ આંબટવેલ, કડમોડી, કડમડવેલ. હિં૦ રામચના. ક૦ હેગોલી. લા૦ વાઇટીસ પેન્ટાફાઇલા.

ચોમાસામાં આ વેલાના કંદને અંકુર ફૂટે છે. એ વેલ ધોળી હોઈ કિંચિત્ ડાંગરના કુમળા અંકુરો જેવી દેખાય છે. એનાં પાંદડાં ઘણાંજ જાડાં હોય છે. એની ભાજી અતિશય ખાટી હોય છે. એની ખટાશ આંમલી કરતાં પણ વધારે હોય છે. એ સારક, અગ્નિદીપક અને મદને હરણ કરનાર છે.×

૧૭૨ ખાટીલુણી-સં૦ ચાંગેરી, ક્ષુદ્રામ્લિકા, ક્ષુદ્રામ્લા. મ૦ આંબવતી, આંબટી. હિં૦ અંબાટી, અરૂલ, અમ્લિલોના. બં૦ અમરૂલ. ક૦ પુલુંબુણિસે, નિરૂગોલી. તૈ૦ પુલિચિંતા, પુલ્લાચેચલિ. ફા૦ તુર્શ ખુરાસાની. અ૦ હામેન્ત. તા૦ પુલિયાકિરિ, પુલિયારઈ. મલા૦ પુળિયારલ. ગો૦ તેલુપ્પિ. લા૦ ઑકસેલિસ કૅર્નિક્યુલાટા. ઇં૦ વુડ સૉરેલ.

ખાટીલુણીનાં ઝાડ ભીનાશવાળી જમીનમાં ઉનાળાના દિવસોમાં ઉગે છે. આ ઝાડને આંબોલો (મ૦ અંબોતી) એવું નામ પણ આપેલું છે. આ ઝાડ જમીન સાથે વેલાની માફક ફેલાય છે. એનાં પાંદડાં આમલી પ્રમાણે ખાટાં લાગે છે. આ ઝાડ ઉપર ભાલા જેવાં અણીદાર અને લાંબાં ફળો આવે છે. **ઉપયોગ:—(૧) અફીણ ઉપર:**—ખાટીલુણીનો રસ આપવો. **(૨) પિત્તથી મસ્તક ભારે થાય છે તે ઉપર:**—ખાટીલુણીના છોડવા બારીક વાટી, તે ગોળી ઠંડા પાણીમાં કાલવી ઉભરો આવે ત્યાંસુધી ઉકાળી, તે પછી તેમાં ધોળી ડુંગળીનો રસ નાખવો. ઠંડુ થયે માથે લેપ કરવો અને એજ ઔષધ થોડું તાળવા ઉપર ચોળવું. એથી એનો તુરત ગુણ થાય છે. ચોપડેલો લેપ સુકાતાંજ માથાનો ભાર ઉતરશે. **(૩) શીતપિત્ત (શરીર ઉપર પિત્તનાં લાલ ચાઠાં ઉઠે છે તે) ઉપર:**—ખાટીલુણીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મરીનો ભૂકો અને ઉનું કરેલું ઘી નાખી શરીર ઉપર ચોપડવું. **(૪) દાહ ઉપર:**—ખાટીલુણીના પાલાના રસનો શરીરે લેપ કરવો.

૧૭૩ ખિલખિલા—આ ઝાડ શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં મીઠા લીમડાનાં પાંદડાં જેવાં હોય છે. પાંદડાંનો રંગ ગાઢ લીલો હોય છે. ખિલખિલાનાં ઝાડ વિશેષ કરી ડુંગરાળ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે. કોકણમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. **ઉપયોગ:—(૧) મહારોગ**

× ખાટખટુંબાની મોટી વેલ થાય છે. પાંદડાં એક ડાંડલીમાં પાંચ પાંચ હોય છે. ફળ ઝુમખામાં આવે છે. એનાં મૂળની સાથે નાનીમોટી સંખ્યાબંધ ગાંઠો લાગેલી હોય છે. એ ગાંઠો ઘસીને ચોપડવાથી સાપના ઝેરનો સોજો ત્વરિત ઉતરી જાય છે. મંત્રની ઉજણીની માફક શરીર ઉપર એ ગાંઠ ફેરવવાથી વિંછીનું ઝેર ડંખમાં આવે છે; અને એજ ગાંઠ પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવાથી ડંખમાંથી પણ ઉતરી જાય છે; એવો મહાન ચમત્કાર એ ગાંઠોમાં રહેલો છે. એ ગાંઠોને ખાટખટુંબાની ગોટલી કહે છે.

અને ભૂતબાધા ઉપર:—ખિલખિલાનાં પાંદડાંની શરીરે ધૂણી આપવી.

૧૭૪ ખીજડો (સમડી)—સં૦ મ૦ શમી. દે૦ સવંદડ. બં૦ શાઇબાબલા. ક૦ બન્ની. તે૦ શમીચિટ્ટુ, નબીચેટ્ટુ. ઇં૦ સ્પંજ ટ્રી. લા૦ પ્રોસોપિસ સ્ટાઇસિજેરા. હિં૦ સમી, છોંકર, સફેદ કીકર.

ખીજડાને 'શમી' પણ કહે છે. શમીનાં ઝાડ મોટાં થાય છે. શમીનાં પાંદડાં આમલીનાં પાંદડાં જેવાં હોય છે. શમી એક હવનીય દ્રવ્ય છે. વિજયાદશમીને દિવસે શમીપૂજન કરવાનો પ્રચાર છે.× **ખીજડો:**—તૂરો, રૂક્ષ, શીતળ, લઘુ, કડવો, તીખો તથા રેચક છે; અને રક્તપિત્ત, અતિસાર, કોઢ, અર્શ, દમ, ઉધરસ, કફ, ભ્રમ, કૃમિ, કંપ તથા શ્રમનો નાશ કરે છે. **એનાં ફળો:**—તીક્ષ્ણ, પિત્તકર, મેધાકારક, ગુરુ, સ્વાદુ, રૂક્ષ, ઉષ્ણ તથા કેશનાશક છે. **ખીજડી** (બેઠી ખીજડી. સં૦ લઘુશમી. મ૦ લઘુશમી, ખૈરી. હિં૦ છોટીસમી. ક૦ કાડવન્નિ.):—તૂરી, રૂક્ષ, શીત તથા લઘુ છે; અને રક્તપિત્ત, અતિસાર, અર્શ, કોઢ, શ્વાસ, કફ તથા શ્વેત કોઢનો નાશ કરે છે. **એનાં ફળો:**—ગુરુ, સ્વાદુ, રૂક્ષ, પિત્તલ, મેધાકારક તથા ઉષ્ણ છે; અને વ્રણ, કેશ તથા કંડૂનાં નાશક છે. ઉપયોગ:—**(૧) ખરજવા ઉપર:**—ખીજડાનો પાલો (પાંદડાં) ગાયના દહીંમાં વાટી લેપ કરવો. **(૨) નખદંત વિષ ઉપર:**—ખીજડો, કડવો લીમડો અને વડ, એની છાલ વાટી લેપ કરવો. **(૩) પ્રમેહ અને ગર્ભિણીના પ્રદર ઉપર:**—ખીજડાના કુમળા તોરા ૧ તોલો લઈ તેમાં ત્રણ માસા જીરૂં મિશ્ર કરી બારીક વાટવું અને ગાયનું તાજું દૂધ પાશેર લઇ તેમાં કઢવી કપડાથી ગાળી લેવું. પછી તેમાં ધોળાં જાસુંદીનાં ફૂલ અર્ધો તોલો ઘસી સાકરની ભૂકી ૨ તોલાપર્યંત નાખી દરરોજ પ્રાતઃકાળે એક વાર એ પ્રમાણે સાત કિંવા ચૌદ દિવસ (ગુણ આવતાં) સુધી આપવું. **(૪) ધાતુસ્થાનની ગરમી ઉપર:**—ખીજડાના કુમળા તોરા અને દેવબાવળીઆના કુમળા તોરા સમભાગ લઇ એકત્ર કરી તેમાં થોડું જીરૂં નાખી બારીક વાટવું; અને ગાયનું તાજું દૂધ પાશેર લઇ તેમાં મેળવી તે દૂધ ગાળી તેમાં સાકરની ભૂકી ૨ તોલાપર્યંત નાખી પાવું. **(૫) મૂત્રકૃચ્છ ઉપર:**—ખીજડાના તોરા ગાયના દૂધમાં વાટી તેમાં જીરાની ભૂકી અને ખાંડ નાખી પાવું. **(૬) મૂત્રમાં ધાતુ અથવા ખર પડતું હોય તો તે ઉપર:**—ખીજડાના તોરાનો રસ ગાયના દૂધમાં કાઢી જીરૂં અને સાકર નાખી પાવો. **(૭) ગરમી ઉપર:**—ખીજડાના તોરાનો અથવા પાંદડાંનો રસ જીરૂં સાકર નાખી ૧૪ દિવસ પાવો.

૧૭૫ ખુરાસાની અજમો—સં૦ ખુરસાની, યવાની—યાવની. મ૦ ખુરાસનીઓવા. હિં૦ ખુરાસાની અજવાઇન. બં૦ ખુરાશાની યોયાન્. તે૦ ખુરસાણુવમુ. તા૦ ખોરસની ઓનામ, શિટામુટ્ટી. ફા૦ બંગ, તુખ્મેબંજે. અ૦ વજરૂલબંજ, અબીદ શીકરાન. ઇં૦ હેનબેન. લા૦ હાયોસ્યામસ નાયગર.

'ખુરાસાની અજમો' એ પર્શિયા દેશમાંહેના ખુરાસાન અને યમાન પ્રાંતમાં પાકે છે; તે ઉપરથી એનું એવું નામ પાડેલું છે. એ બીજ ચપટાં અને બારીક હોય છે. એ બીજ અજમાના જેટલાં તીખાં નહિ હોતાં કિંચિત્ તીખાં હોય છે. એ બીજ પર્શિયામાંથી અહીં આવે છે. એનો વૈદકમાં ઘણોજ ઉપયોગ કહેલો છે.

ખુરાસાની અજમાનાં ઝાડ ધંતુરા, તંબાકુ ઇત્યાદિ જાતનાં હોઈ તીવ્ર વિષારી છે. ડૉક્ટર લોકોએ એનાં પાંદડાં અને બીઆંની પરીક્ષા અને શોધ અનેક પ્રકારે કરેલી છે; અને તેમાંથી તેઓ અનેક ઔષધો બનાવે છે. ખુરાસાની અજમાના ઝાડમાંથી નિષ્કર્ષ અને મદ્યાર્ક (ટીંચર) તૈયાર કરે છે. તેમાંથી નિષ્કર્ષ કાઢવા માટે પાંદડાંનો અને ફૂલોના તોરાનો ઉપયોગ કરે છે. વર્ષાયુ

× ખીજડાની શિંગોને સાંગરીઓ કહે છે. એને બાફીને એનું શાક અને કઢી કરે છે. વળી એની સુકવણી કરી રાખી ગમે ત્યારે શાક અને કઢી કરી શકાય છે. એ ઝાડ ઉપરજ સુકાઇ ગયેલી પાકી ફળીને ખોખાં કહે છે. તેને બાળકો સ્વાદથી વીણી ખાય છે. ખીજડાનાં પાંદડાંનો રસ સાપના ઝેરને ઉતારવાનો એક ચમત્કારિક રામબાણ ઉપાય છે; એમ અમને એક મહાત્માનું ફરમાન છે. આશા છે કે, એને કોઇ પણ અજમાવી ખાત્રી કરશે. જૂની સાંગરીઓ બાળીને ઝીણી વાટી પુનઃ ગરમ કરી ગુમડા ઉપર બાંધવાથી એને પકવી ફોડે છે.

રેપા કરતા દ્વિવાર્ષિક રેપામાંથી હાયોસાયમિન નામનું સત્ત્વ વધારે નીકળે છે; એમ રસાયન-શાસ્ત્રવેત્તાઓએ પ્રયોગ કરીને ઠરાવેલ છે. ખુરાસાની અજમાના રેપામાંથી એક સ્ફટિકરૂપી સત્ત્વ નીકળે છે. તેને "હાયોસાયમિન" એ નામ આપેલ છે. તેનુંજ પૃથક્કરણ કર્યું એટલે તેમાંથી "હાયોહીન" નામનું ઉડી જનાર તેલ અને ખટાશ ગુણવાળું સત્ત્વ નીકળે છે. ઉડનારૂં તેલ ઘણું તીવ્ર અને પીડાશામક છે. એ 'હાયોસાયમિન' કરતાં પાંચગણું તીવ્ર છે એટલે કાળજીથી વાપરવું જોઇએ. ખુરાસાની અજમાનાં પાંદડાં કરતાં બીઆંમાં ઔષધિક તીવ્રતા વધારે છે. બીજ માદક, વ્યવાયી અને પીડાશામક છે. તેના સત્ત્વમાં આ ગુણ બીઆં કરતાં વધારે પ્રમાણથી છે. વાતોન્માદ (મ૦ વેડ), ખંજવાયુ (લૂલાપણું), કંપવાયુ અને અપસ્માર(મૃગી)થી થએલો વાયુ, આ રોગો ઉપર હાયોસાયમિન સત્ત્વ ઘણુંજ સારૂં ચાલે છે. આ સત્ત્વ 'ગ્લિસરીન' વરાળના પાણી સાથે મસળી, તેમાં અલ્પ પ્રમાણથી, તેના દ્રાવણની થર નહિ આવવાને માટે 'કાર્બોલિક' અમ્લ એ મિશ્રણમાં નાખી, મિશ્રણનાં ચાર ટીપાં ડૉક્ટર લોકો પિચકારીથી ચામડીની અંદર નાખે છે. સત્ત્વ આપવાનું પ્રમાણ ઘણુંજ સૂક્ષ્મ છે. એક ગ્રેનના સોમા ભાગથી એક ગ્રેનના પચાસમા ભાગ સુધી આપવું. 'હાયોસાયમિન' સત્ત્વ અલ્કલીડ પ્રકૃતિનું છે. તેનો સ્ફટિક બને છે. આરંભમાં આ સત્ત્વ ખુરાસાની અજમામાંથીજ કાઢતા હતા; પરંતુ હાલ "સ્કોપોલિયા" જાતની વનસ્પતિમાંથી પણ જર્મન રસાયનશાસ્ત્રીઓ કાઢે છે. એ ધંતુરામાં પણ છે એમ તે કહે છે.

ખુરાસાની અજમો અડધો ડ્રામ (૨ માસા), ૧ ડ્રામ ખસખસનાં જીંડવાંની છાલ, મધ અને પાણી સાથે આપવાથી શરદી, વાયુ વગેરે રોગો સારા થાય છે. બીજ વાટી આપવાથી ઝોકાં આવે છે. ખુરાસાની અજમાની ક્રિયા અફીણ અને ડૉકટરોનું 'બેલાડોના' નામનું ઔષધ આ બન્નેની ક્રિયાની મધ્યવર્તી છે. ખુરાસાની અજમાનાં પાંદડાંમાંથી કાઢેલ મદ્યાર્ક(ટીંચર)નો ઉપયોગ પેશાબની બળતરા કમી કરવાને આપે છે. ઉંઘ ન આવતી હોય તો તે લાવવાને માટે અને માનસિક શ્રમ થયેલ હોય તો ખુરાસાની અજમાનાં પાંદડાંનો અર્ક ઠીક ઉપયોગી થાય છે. આપવાની માત્રા (પ્રમાણ) એક ગ્રેનનો આઠમો ભાગ એટલે તોલાનો ૧૪૪૦ મો ભાગ છે. વાતોન્માદ (વેડ) થએલા મનુષ્યને રાત્રિની વખતે આ સત્ત્વનો પાણીમાં દ્રાવ તૈયાર કરી તેની પિચકારી આપવી. યુનાની હકીમો ખુરાસાની અજમાનાં બીજ પાતળા ડામર સાથે મસળી તેમાં રૂ ભીંજવી દાંતના શૂળ (દુખાવા) ઉપર લગાવે છે; અથવા તે એરંડાના તેલ સાથે મસળી તેમાં રૂ ભીંજવી ને દાંતના કોતરમાં રાખે છે. એથી દુખાવો શાંત થાય છે. એના અર્કનું ટીપું આંખનાં પોપચાંને ચોપડવાથી આંખો દુખતી બંધ થાય છે. આંખોની બાહુલી ફેલાવવાને તેના ઉપરજ એના અર્કનો સારો ઉપયોગ થાય છે. એનાં પાંદડાંનો રસ અથવા અર્ક જવના લોટમાં મેળવીને તેની પોટીસ બાંધવાથી શૂળ અને દાહ બંધ થાય છે. ખુરાસાની અજમાનાં બીજ ઘોડીના દુધમાં વાટીને ભેંસના ચામડા ઉપર લેપ કરીને તે ગર્ભવતી સ્ત્રીઓના પેટ ઉપર બાંધવાથી ગર્ભ નાશ થાય છે; એવી કહેવત કાબુલમાં આજ સુધી ચાલતી આવે છે. આ ઉપરથી ખુરાસાની અજમાની તીવ્રતાની કલ્પના કરી સકાય છે. એનાથી બનનારાં ઔષધ (મદ્યાર્ક-સત્ત્વ વગેરે) તૈયાર કરવા માટે હિંદુસ્તાનના લોકો વિશેષ લક્ષ્ય આપતા નહિ હોવાથી તેની આવક યુરોપખંડમાંથી પુષ્કળ થાય છે. **ખુરાસાની અજમો:**—તીખો, રૂક્ષ, પાચક, ગ્રાહક, ઉષ્ણ, માદક, ગુરુ, વાતકર અને કફનાશક છે. બીજા ગુણ અજમાના જેવાજ છે. **ઉપયોગ:—(૧) વિષમજ્વર ઉપર:**—ત્રણ માસા ખુરાસાની અજમો અને નવ માસા જેઠીમધ, એનો કાઢો કરી તાવ આવતાં પહેલાં તે પીવો.

૧૭૬ ખેર—સં૦ ખદિર. મ૦ હિં૦ ખૈર. ક૦ ખૈર, તરેકન્ગલી. તે૦ ખાસુ, ખદિરમુ. મલા૦ કરનિલિ. તું૦ કાચુ. તાં૦ વોડાલે. લા૦ એકેશિઆકેટેચ્યુ.

×ખેર અરણ્યવૃક્ષ છે. સહ્યાદ્રિના નીચેના પ્રદેશમાં એનાં વન ઘણાં છે. એને બારીક અને

× ખેર ધોળો, રાતો અને દુર્ગંધ, એમ ત્રણ જાતનો છે. ખેરના લાકડાનો યજ્ઞના સાહિત્યમાં સ્રવ આદિ કરવામાં ઉપયોગ થાય છે. મદનપાલ નિઘંટમાં લખે છે કેઃ-આ ઝાડની અત્યંત

કઠિન કાંટા હોય છે. એનાં પાંદડાં ખીજડાનાં પાંદડાં જેવાં હોય છે. ખેરનું લાકડું ઇમારતના કામમાં ઘણું ઉપયોગી છે. ખેરના ઝાડમાંથી કાથો ઉત્પન્ન થાય છે, એનું લાકડું માટીમાં કેટલાં-એક વર્ષ રહે તોપણ કોહવાતું નથી. ખેરના લાકડાની વળીઓ, સોટીઓ, તંબુની મેખો વગેરે બનાવે છે. ખેરના લાકડાનો ગાભો ઘણો કઠિન હોય છે; માટે સુતાર તથા લુહાર લોક તેમનાં હથિયારના હાથા કરવામાં તેનો ઉપયોગ કરે છે. શેરડીનો રસ કાઢવાને મજબૂત કોલ પણ તેનોજ બનાવે છે. **ખેરમાંથી કાથો બનાવવાની રીત એવી છે કે,** જૂનો થયેલો સારો ખેર જોઈ તે કાપે છે, પછી એના ઉપરની છાલ કાઢી નાખે છે અને મધ્યના ગાભાના બારીક કકડા કરી એક વાસણમાં ભરે છે. પછી ભઠ્ઠી સળગાવી તેને ઉકાળી ઠરતું રાખવાથી વાસણમાં કાથો ઠરેલો હોય છે તેની વડીઓ કરે છે. ઈમારત વગેરે બાંધે છે ત્યારે કાથાનું પાણી કરી તે પાણી અથવા ખેરનું લીલું લાકડું છાલ સાથે બારીક કાપી, બાફી, અર્ક કાઢી તે અર્ક ચૂનો કર્યો હોય તેમાં નાખવાથી ચૂનાને એટલી મજબૂતી આવે છે કે તોપનો ગોળો પણ તેના ઉપર એકાએક લાગુ થતો નથી. **ખેર:**—પાચક, શીત, રસકાળે કડવો, તૂરો, રક્તશુદ્ધિકારક તથા દાંતને હિતાવહ છે; અને કફ, પિત્ત, કૃમિ, વ્રણ, કોઢ, કંડૂ, તાવ, સોજો, ઉધરસ, મેદ, પ્રમેહ, આમ, અરુચિ, પાંડુ અને રક્તદોષનો નાશ કરે છે. **ખેરનો ગુંદર:**—મધુર, બલકર તથા ધાતુવર્ધક છે. **ખેરનો સાર:**—વ્રણ્ય તથા વિશદ છે; અને રક્તદોષ, કફ તથા મુખરોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઉપદંશ (ગરમી) ઉપર:**—ખેર અને અસાંણાનો કાઢો, ત્રિફળાંનું ચૂર્ણ નાખી પ્રાશનાર્થ આપવો એટલે સર્વ પ્રકારનો ઉપદંશ રોગ જાય છે. **(૨) કોઢ રોગ ઉપર:**—ખેરનાં પંચાંગ (મૂળ, પાન, ફૂલ, છાલ અને ફળ)નો કાઢો કરી રાખવો; અને તેનાથી સ્નાન, પાન, ભોજન અને લેપ કરવો, એટલે

રંગની લાકડી અને કાચી ફળીઓમાંથી ઉકાળીને સત્ત્વ કાઢે છે એને કાથો કહે છે. કરીઆતાને પાણીમાં ભીંજવી રાખી તે પાણીમાં ૧૦–૧૨ ગ્રેન કાથો નાખીને ઘણા દિવસના આંતરે આવનાર તાવની બિમારીમાં આપવાથી બહુજ ઉત્તમ અસર કરે છે. રુધિરના વિકારથી દાંતના પારામાંથી લોહી નીકળતું હોય તો કાથાને પારા ઉપર ચોળવો તથા ખાવા આપવો; તેથી અત્યંત ફાયદો થાય છે. ડૉ૦ એમ. રોસના કહે છે કે:—ઘણાજ દુષ્ટ નાસુર અને કોઢના ડાઘા ઉપર કાથાને બારીક વાટી બીજા પદાર્થોની સાથે મલમમાં મેળવી ચોળવાથી ઘા જલદી રૂઝાઇ જાય છે. ચરક-માં લખ્યું છે કે:—ખેરની છાલ કોઢની નાશક છે; તેમજ સુશ્રુતમાં તેને મેદહર, કુષ્ઠનાશક અને મેદને શોષણકર્તા માનેલ છે. એ ગ્રંથોમાં કાથાને સ્તંભક માનેલ છે. પાંદડાંનો ક્વાથ કરીને આપવાથી મૂત્રસ્થાનના રોગનો નાશ થાય છે અને રુધિર શુદ્ધ થાય છે. હિંદુસ્તાની લોકો કાથાને ઠંડો, ગ્રાહી અને પાચક માને છે તથા ગળાના અંદરના રોગોમાં, મોઢાની ગરમી, ફૂલેલા દાંતના પારા, ખાંસી, ઝાડા અને શૂળના રોગોમાં ઉપયોગી માને છે. જૂના નાસુર, ફોડા અને ગાંઠ ઉપર, એને વાટી લેપ કરે છે. કાથાને બીજી દવાઓની સાથે મેળવીને આપવા શાર્ઙ્ગધર, ચક્રદત્ત અને ભૈષજ્યરત્નાવલી આદિ ગ્રંથોમાં ઘણા પ્રયોગો કહેલ છે. મુસલમાની ગ્રંથોમાં પણ કાથામાં ઉપર કહેલ બધા ગુણો માનેલ છે. ખેરના લાકડાના જૂના ગરભમાંથી નાના નાના ટુકડા અને લાકડીના લાલ ટુકડા મળી આવે છે. એને ખેરસાર કહે છે. ખેરસારનો સ્વાદ મીઠો અને કસેલો છે. દેશી દવાઓમાં અને છાતીના રોગોમાં એને અત્યંત કિંમતી માનેલ છે. એનાથી કફ જૂદો થઇ નીકળે છે. કાથો અને હીરાબોળ એ બેના એકત્ર કરેલ પ્રયોગને કાથબોળ કહે છે. એ પ્રસૂત થયા પછી સ્ત્રીઓને કૌવત આવવા માટે તથા સ્તનમાં દૂધ વધારવાને માટે અપાય છે.

રૂઝ લાવનાર અનેક મલમોમાં કાથો વાપરવાની ઘણાક વૈદ્યો અને સાધારણ મનુષ્યોની પણ પરિપાટી જોવામાં આવે છે. કોઇ પણ પ્રયોગથી ગમે તેવો દુર્ઘટ અપાયેલ રેચ ન વળતો હોય તો અર્ધા તોલા સુધી કાથો વાટી પાણીમાં મેળવી બેધડક રીતે આપવું. રેચ વાળવાનો આ છેક્ષામાં છેલ્લો પ્રયોગ મનાય છે. ધોળા ખેરમાંથી બનાવેલ કાથાને કેવળીઓ કાથો કહે છે અને એ સર્વથી ઉત્તમ મનાય છે.

સર્વે કોઢ દૂર થાય છે. તેમજ કોઢ ઉપર ખેરનો કાથો ઘસી ચોપડવો. **(૩) ભગંદર ઉપર:**—ખેરછાલ અને ત્રિફળાંનો કાઢો કરી તેમાં ભેંસનું ઘી અને વાવડીંગનું ચૂર્ણ નાખી પાવું. **(૪) સોમલના વિષ ઉપર:**—ગાયના દૂધમાં કાથો ઘસી પાવો. **(૫) બાળકોને સુખારકી રોગ થાય છે તે ઉપર:**—એ રોગનાં લક્ષણો એવાં છે કે, અજીર્ણ થઇ પેટમાં દૂષિત મળની ગાંઠ થઇ પાંસળીઓ ઉપડેલી લાગે છે. ગાલ ઉપર સોજાની છાયા જણાય છે, પેટ ફૂલેલું જણાય છે, મૂત્ર પીળું થાય છે અને શકિત ક્ષીણ થઇ જાય છે. એ ઉપર ખેરની અંતરછાલ શુમારે ત્રણ માસાપર્યંત ગાયના દૂધમાં ઘસી, તેમાં અર્ધા અડદ જેટલું ગોરોચન ઘસી પ્રત્યેક પ્રાતઃકાળે એક વખત પ્રમાણે ત્રણ દિવસ આપવું. **(૬) તિડીક (તણખીઆ) પ્રમેહ ઉપર:**—ખેર, બાવળ અને ખીજડો, એ ત્રણે ઝાડોના કુમળા તોરા (અંકુર) એક તોલાપર્યંત સમભાગ મિશ્ર કરી ગાયના તાજા દૂધમાં વાટી શુમારે ૫ તોલાપર્યંત રસ કાઢી, તેમાં જીરાની ભૂકી ચાર ગુંજાભાર અને સાકરની ભૂકી અર્ધો તોલો નાખી, દરરોજ બે વખત એ પ્રમાણે ૭ દિવસ પાવું. **(૭) તોફાની થયેલો ઘોડો સારો થવા માટે:**—તેને રોજ ૫ તોલા કાથો આપવો. **(૮) માણસને થાક લાગ્યો હોય તો:**—ખેરની છાલનો રસ હિંગ નાખી પાવો. **(૯) પ્રમેહ અને ઉનવા ઉપર:**—ખેરના અંકુર ૪ પૈસાભાર અને જીરૂં ૧ પૈસાભાર લઈ વાટી ગાયના દૂધમાં મેળવી વસ્ત્રગાળ કરી તેમાં સાકર નાખી તે આપવું. આ ઔષધ બે વખત આપવું. **(૧૦) ઉધરસ ઉપર:**—ખેરની અંતરછાલ ૪ ભાગ, બહેડાંદળ ૨ ભાગ અને લવંગ ૧ ભાગ લઇ તેનું ચૂર્ણ કરી તે મધમાં આપવું. **(૧૧) કાન પાકયો હોય તે ઉપર:**—ધોળા કાથાની વસ્ત્રગાળ ભૂકી કરી ગરમ પાણીમાં કાલવવી અને તેની પીચકારી જેવી સેર કાનમાં પાડવી. પછી કાન સ્વચ્છ ધોવો. **(૧૨) પિત્તવિકાર ઉપર:**—ખેરના કુમળા તોરા ૧ તોલો લઈ તેમાં ત્રણ માસા સુંઠ નાખી બારીક વાટી, તે ગોળી ગાયના તાજા દૂધમાં કાલવી પ્રતિદિવસે પ્રાતઃકાળે એ પ્રમાણે ત્રણ દિવસ આપવી. **(૧૩) કોઢ ઉપર:**—ખેરની છાલ અને આમળાંનો કાઢો, બાવચાનું ચૂર્ણ નાખી પાવો એટલે શ્વેત કોઢ દૂર થાય છે.

૧૭૭ ખેરવેલ—સં૦ આરી, આરિ. મ૦ આરાટી, વેલ્યાખૈર. હિં૦ વલ્લિખદીર, મટ્ટિકફન. ક૦ સીગુરિ. લા૦ એકેશિયા પિનેટા.

ખેરવેલની વેલ કાંટાવાળી હોઈ તે વેલની માફક પ્રસરે છે. એનું વલ્લિખદિર એવું સંસ્કૃત અને આરાટી એવું મરાઠીમાં પણ નામ છે. ખેરનાં ઝાડ જેવાં એનાં પણ પાંદડાં હોય છે. એની ફળી ચપટી લીલા રંગની અને ફૂલ તંતુવાળાં બાવળના જેવાં થાય છે. ખેરવેલનો વાડ કરવા માટે ઉપયોગ થાય છે. **ખેરવેલ:**—કડવી, તૂરી, તીખી, ઉષ્ણ, રસકાળે અને પાકકાળે ખાટી તથા રક્તકોપન છે. એ વાયુ, ઉધરસ અને પિત્તરોગનો નાશ કરે છે.

૧૭૮ **ખોરેતી**—સં૦ ફલ્ગુ. મ૦ ખોરેતી, ખરવત. બં૦ કાકડુમુર. એ ઝાડ ઘણેક ઠેકાણે થાય છે. એનાં પાંદડાં ઉપર કરવત જેવા ખરખરા કાંટા હોય છે. કોંકણમાં સુતારલોક એનાં પાંદડાંને લક્કડકામ સાફ કરવાના ઉપયોગમાં લે છે, તેથી લાકડું સફાઈદાર બને છે. એનાં પાંદડાં અને ફળો બોખાડાનાં (કાળા ઉંબરાનાં) પાંદડાં અને ફળ જેવાં હોય છે. **ઉપયોગ:—(૧) શોફોદર ઉપર:**—ખોરેતીની છાલનો રસ ૪ પૈસાભાર ગાયના દૂધમાં ૩ દિવસ પાનો અથવા છાલ ગોમૂત્રમાં ઘસી પાવી. **(૨) બરોળ ઉપર:**—ખોરેતીનાં મૂળ ગોમૂત્રમાં ઘસી પાવાં. થએલ ઝાડાનો ઉતાર ઘી અને ભાત; અથવા ખોરેતીનાં ફળની ભૂકી નાળિયેરના અંગરસમાં આપવી. **(૩) બાળકોના પેટમાંહેના ભાર ઉપર:**—ખોરેતીની છાલ, ચિત્રાનાં મૂળ અને અઘેડાનાં મૂળ, ગોમૂત્રમાં ઘસી પાવાં. રેચ થાય તો ઉતાર દહીં અને ભાત. **(૪) કલેજામાં જામેલા ભાર ઉપર અને બરોળ ઉપર:**—ખોરેતીની છાલ, પાણીશોક અને નાળિયેરની કાચલી, એ સમભાગે ગોમૂત્રમાં ઘસી દરરોજ બે વખત ૨૧ દિવસ આપવું. **(૫) ગરદન ઉપરના ભાગમાં વ્રણ થયું હોય તે ઉપર:**—ખોરેતીની છાલના રસમાં કપડું ભીંજવી તેની ગડી કરી તાળવા ઉપર મૂકવી; અને ઉપર એક કપડું આખા માથા ઉપર વિંટાળી તે ઉપર તે રસ વારંવાર નાખતા રહેવું. એ પ્રમાણે ૭ દિવસ

એ ગડી સતત રાખવી અને પથ્ય પાળવું. (૬) કલેજામાં ભારનો ઉપદ્રવ ન થવા માટે:—મહિનામાં બે વાર ખેરેતીની છાલ ગોમૂત્રમાં ઘસી પાવી. (૭) ગુલ્મરોગ (ગોળા) ઉપર:—ખેરેતીનાં સુકાયલાં ફળો અથવા છાલ અને નાળિયેરની કાચલી, એ પાંચ તોલા ગોમૂત્રમાં અર્ધા તોલા પ્રમાણે ઘસી તે પ્રાશન કરવું. (૮) દંતશૂળ અને દાંત હાલતા હોય તે ઉપર:—ખેરેતીના દાતણવડે દાંત ઘસવા એટલે ૩ દિવસમાં દાંત મજબૂત થાય છે અને દુખતા બંધ થાય છે. (૯) અટકાવ આવવા માટે:—ખેરેતીનાં ફળોનું ચૂર્ણ નાળિયેરના અંગરસમાં ૩ અથવા ૭ દિવસ આપવું.

૧૭૯ ગજકર્ણી—સં૦ ગજકર્ણી. મ૦ નાયટી. ગજકર્ણીનાં ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાં ભાંગરાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. એ ઝાડ ઉપર જે ફૂલ આવે છે તે શરીર ઉપર થનારાં દાદરનાં ચાઠાં જેવાં રાતા રંગનાં અને ચપટાં હોય છે. ગજકર્ણીનો રસ નીકળે છે. ગજકર્ણી:—પાકકાળે સ્વાદુ, કડવી તથા ઉષ્ણ છે; અને કફ, શીતજ્વર તથા વાયુનો નાશ કરે છે. એનો કંદ પાંડુરોગ, સોજો, અર્શ, કૃમિ, ગુલ્મ, ઉદર, આનાહવાયુ, પ્લીહા અને સંગ્રહણીનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ચાઠાં ઉપર:—ગજકર્ણીના ઝાડનો રસ ચોપડવો. (૨) દાદર ઉપર:—ગજકર્ણીનો પાલો કિંવા મૂળની છાલ વાટી ચોપડવી; અથવા ગજકર્ણીનું મૂળસુદ્ધાં ઝાડ, ગરમાળાનો પાલો અને પલાશપાપડો, એ એકત્ર વાટી ચોપડવું. (૩) ખાલી ચઢે તે ઉપર:—ગજકર્ણીનાં પાંદડાંના રસમાં નવસાર ઘસી ચોપડવો. (૪) અંગની ખરજ દૂર થવા માટે:—ગજકર્ણીનાં પાંદડાં વાટી શરીરે ચોળવાં અને થોડી વારે સ્નાન કરવું. એ પ્રમાણે બે ત્રણ વાર કરવું.

૧૮૦ ગરણી—સં૦ ગોકર્ણી, અપરાજિતા. મ૦ ગોકર્ણી, સુપલી, કાજળી. હિં૦ અપરાજિતા, કોયલ. બં૦ અપરાજિતા, હાપરમાલી. ક૦ બિલિયગિરિકર્ણિકે, ગંટૂના, દિન્ટેના. તા૦ કાકકન-કોડી, કાકલાન. મલા૦ આરલ. ફા૦ માઝીરિયન. અ૦ મેઝેરિયનએ હિન્દી. ઇં૦ ઇન્ડીઅન મેઝેરિયન. લા૦ કલેટોરિયા ટરનેટિયા.

ગરણીના વેલા પ્રસિદ્ધ છે. ગરણીમાં ધોળી અને કાળી એવી બે જાતિ છે. ગરણીને લાંબી શિંગો આવે છે. એનાં ફૂલ આકારે ગાયના કાનના જેવાં હોય છે. એ ફૂલનો પૂજાના કામમાં ઉપયોગ થાય છે. ધોળી ગરણી વધારે ગુણવાળી છે. ધોળી ગરણી:—તીખી, શીત, કડવી, બુદ્ધિપ્રદ, ચક્ષુષ્ય, તૂરી, સારક તથા વિષનાશક છે; અને ત્રિદોષ, મસ્તકશૂળ, દાહ, કોઢ, શૂળ, આમ, પિત્તોપદ્રવ, સોજો, કૃમિ, વ્રણ, કફ, ગ્રહપીડા, શીર્ષરોગ તથા સર્વ વિષનો નાશ કરે છે. કાળી ગરણી:—કડવી, સ્નિગ્ધ, ત્રિદોષનાશક તથા શીતવીર્ય છે; અને વાયુ, પિત્ત, કફ, જ્વર, દાહ, શ્રમ, પિશાચબાધા, રક્તાતિસાર, ઉન્માદ, મદ, અતિકાસ, દમ, કફ, કોઢ, કૃમિ તથા ક્ષયનો નાશ કરે છે. બીજા ગુણ ધોળી ગરણીના જેવા છે. ઉપયોગ:—(૧) કોઢ ઉપર:—ધોળી ગરણીનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો એટલે ધોળો કોઢ એક મહિનામાં જાય છે. (૨) રેચ થવા માટે:—ગરણીનાં બીઆં ઘીમાં તળી એનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. (૩) મસ્તકશૂળ ઉપર અને આદાશીશી ઉપર:—ધોળી ગરણીનું મૂળ પાણીમાં ઘસી તે નાકે સુંઘવું. (૪) તણખીઆ પરમા ઉપર:—ધોળી ગરણીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી સાત દિવસ સુધી પાવાં. (૫) હડતાલના વિષ ઉપર:—ધોળી ગરણીનાં પાંદડાંનો રસ પાવો. (૬) આદાશીશી ઉપર:—ધોળી ગરણીનાં બીઆં તથા મૂળ એકત્ર વાટી તેનો લેપ કરવો કિંવા ધોળી ગરણીનાં મૂળ કાને બાંધવાં. (૭) કફવિકાર ઉપર:—ધોળી ગરણીનાં મૂળનો રસ શક્તિ પ્રમાણે બે તોલાપર્યંત ગાયના તાજા દૂધમાં પાવો. (૮) શોફોદર ઉપર:—ધોળી ગરણીનો વેલો કંમરે બાંધવો. (૯) એકાંતરા જ્વર ઉપર:—ગરણીના રસનું નસ્ય આપવું. (૧૦) ગર્ભપાત ઉપર:—ધોળી ગરણીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં એટલે પડનારા ગર્ભનું સ્તંભન થાય છે. (૧૧) વાળા ઉપર:—ધોળી ગરણીનાં મૂળ દૂધમાં વાટી લેપ કરવો. (૧૨) યકૃત્ પ્લીહા અને જલોદર ઉપર:—ગરણીનાં બીઆંનું ચૂર્ણ ત્રણ માસા ગરમ પાણી સાથે પાવું.

૧૮૧ ગરમાળો—સં૦ આરગ્વધ, કર્ણિકાર. મ૦ બાહાવા. હિં૦ અમલતાસ, ધનબહેડા. ક૦ હેગ્ગકે. બં૦ સોનાલ, સાંદાલી, રાખાલનડી, વાનર નડી. તા૦ કોમરે. તુ૦ કકકે કાવિસારા. મલા૦

કહુડાના. તે૦ રેલકાયા. અ૦ ખ્યારેશંબર. ફા૦ ખ્યારેચંબર. ઇં૦ પુડીંગપાઇપ ટ્રી. લા૦ કેસ્યા ફિસ્ટુલા.

એ ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં રતાંદળીનાં પાંદડાં જેવાં નાનાં હોય છે. એને આવળનાં ફૂલો જેવાં પીળાં ફૂલો આવે છે. એને હાથભર લંબાઈની શિંગો આવે છે. એની અંદરનું મગજ કાળું અને ચીકાશવાળું હોય છે. તે ઔષધના ઉપયોગમાં આવે છે. મગજ કાઢવું હોય તો શિંગ કિંચિત્ ગરમ કરવી એટલે તે ત્વરિત નીકળે છે. ગરમાળાનાં ફૂલોનું શાક કરે છે. એ નાનો અને મોટો એમ બે જાતનો છે. ×**ગરમાળો:**—અતિ મધુર, શીતળ, મૃદુ, રેચક, તીખો, ભેદક, ગુરુ તથા સ્રંસન છે; અને શૂળ, જ્વર, કોઢ, કંડુ, મેહ, કફ, વાયુ, ઉદાવર્ત, હૃદ્રોગ, બંધકોશ, કૃમિ, વ્રણ, કફોદર, મૂત્રકૃચ્છ્ર તથા ગુલ્મનો નાશ કરે છે. **એનાં પાંદડાં:**—રેચક અને કફ તથા પ્રમેહનાં નાશક છે. **એનાં ફૂલો:**—સ્વાદુ, ઠંડાં, કડવાં, ગ્રાહક તથા તૂરાં છે. **એની શિંગો:**—પાકકાળે તીખી, મધુર, બળકર, સ્રંસનકારક, રેચક, અરુચિપ્રદ તથા કોષ્ઠશુદ્ધિકારક છે; અને કફ, પિત્ત, મલદોષ તથા તાવનો નાશ કરે છે. **એની છાલ:**—પાકકાળે મધુર, સ્નિગ્ધ, અગ્નિવર્ધક તથા રેચક છે; અને પિત્ત તથા વાયુની નાશક છે. **લઘુ ગરમાળો:**—સારક, કડવો, તીખો તથા ઉષ્ણ છે; અને કફ, શૂળ, ઉદરકૃમિ, મેહ, વ્રણ તથા ગુલ્મનો નાશ કરે છે. **ઉપયોગ:**— **(૧) દાદર, કોઢ, દમ, ખસ તથા વિચર્ચિકાનાં ચાઠાં ઉપર:**—ગરમાળાનાં પાંદડાં વાટી તેમાં કાંજી નાખી તેનો લેપ કરવો; અથવા અંકુરોનો અંગરસ ચોપડવો. **(૨) ચાઠાં ઉપર:**—ગરમાળાનાં કુમળાં પાંદડાં વાટી ઉપર ચોળવાં. **(૩) કાળપુળી (પાઠા) ઉપર:**—ગરમાળાનાં મૂળ છાશમાં ઘસી તેના ઉપર લેપ કરવો અને તિવણીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં. **(૪) બાળકોને વાંગ (બાળક જન્મ્યા પછી ૧૦–૧૫ દિવસની અંદર અંગ ઉપર ફોલ્લીઓ થઇ તેમાં વાળ થાય છે તે) ઉપર:**—ગરમાળાનાં પાંદડાં ગાયના દૂધમાં વાટી શરીરે ચોળવાં. **(૫) શરીરપરની ખસ દૂર થવા માટે:**—ગરમાળાનાં પાંદડાં છાશમાં વાટી અંગે ચોળવાં અને કેટલીક વાર થયા પછી સ્નાન કરવું. **(૬) હરિદ્રા મેહ (પીળા પ્રમેહ) ઉપર:**—ગરમાળાની શિંગોની અંદરના મગજનો અષ્ટમાંશ કાઢો પાવો. **(૭) કફરોગ ઉપર:**—ગરમાળાની શિંગોની અંદરનો ગર્ભ તથા ગોળ એકત્ર કરી સોપારી જેવડી ગોળી કરી ગરમ પાણીમાં પાવી. **(૮) રક્તપિત્ત ઉપર:**—ગરમાળો અને આવળકંટી(આમળાં)નો કાઢો મધ અને સાકર નાખી પાવો, એટલે રેચ થઇ રક્તપિત્ત બંધ થાય છે. **(૯) ગંડમાળા ઉપર:**—ગરમાળાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તેનું નસ્ય આપવું કિંવા લેપ કરવો. **(૧૦) ભીલામો ઉઠયો હોય તો:**—ગરમાળાનાં પાંદડાંનો રસ ચોપડવો. **(૧૧) સૂક્ષ્મ રેચ માટે:**—સોનામુખી, બાળહરડાં અને ગરમાળાનો ગર્ભ એનો કાઢો કરી પાવો.

૧૮૨ **ગરવેલ**—આ ઝાડની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. આ ઝાડ ડમરા જેવું હોય છે.

× ગરમાળાને ગરમાણો પણ કહે છે. એનાં પાંદડાં મોટાં અને કુમાસદાર હોય છે અને સામસામાં હોય છે. એનાં ફૂલ પાંચ પાંચ પાંખડીનાં હળદરના સમાન પીળાં પ્રત્યેક ડાળીની ઉપર અનેક હોય છે. એની માત્રા ૩।। માસાથી ૧। તોલા સુધીની છે.

મખજન અલ અદવિયામાં લખે છે કે:—ઉત્તમ રેચ લાગવાને માટે ગરમાળાના ગરને થોડા બદામના તેલની સાથે મેળવવાથી છાતીનાં દરદ નાશનો થાય છે, લોહીની ગરમી અત્યંત ઓછી થાય છે, એની અસર અત્યંત નાજુક હોવાથી બાળક તથા સગર્ભા સ્ત્રીઓને માટે હિતકારી છે. એકત્ર થયેલ પિત્તને દૂર કરવાને એને આમલીની સાથે મેળવવો. સાંધવા(સાંધામાં રહેલ વાયુ)ની પીડા દૂર કરવાને તે ઠેકાણે ચોપડવો. ૫ થી ૭ બીજ વાટી આપવાથી ઉલટી થાય છે. એની ફળ ઉપરની છાલ કેસર, સાકર અને ગુલાબજળની સાથે વાટીને આપવાથી સ્ત્રીઓને તુરત પ્રસવ થાય છે. છાલ અને પાંદડાંને તેલમાં વાટી ફોલ્લાના ઉપર ચોપડવાથી ફાયદો થાય છે. ચરક એને કંડૂ(ખરજ)-નાશક કહે છે. સુશ્રુત કફવાતપ્રશમન લખે છે અને યુનાની વૈદ્ય પાંદડાં અને ફૂલમાં ઝાડો ઉતારવાનો ગુણ રહ્યો છે, એમ બતાવે છે.

એનાં પાંદડાં અને મૂળ ઘણાં કડવાં હોય છે. આ ઝાડો માહુલી કિલ્લા ઉપર પુષ્કળ થાય છે. ઉપયોગઃ—(૧) કૉલેરા ઉપરઃ—ગરવેલનાં મૂળ ત્રણ માસા અને મોડસ કાંદો ત્રણ માસા, એ પાણીમાં વાટી પાવું, એટલે તાબડતોબ કૉલેરાનો આજાર દૂર થાય છે.

૧૮૩ ગલકી—સં૦ હસ્તિકોશાતકી, ઘોશકી. મ૦ ઘોશળે, ઘોસાળી, પારસાદોડકા. હિં૦ નેનુઆ, તોરઇ, ઘીયા તોરઇ. બં૦ ધુંધુલ. ક૦ અરહીરે, તુપ્પીરી. તૈ૦ પુછ્છાબીરકાયા. ફ્રા૦ ખિયાર. લા૦ લ્યુફાપેટેંડ્રા.

ગલકીનો વેલો ઘણોજ વધે છે. એનાં ફળોને 'ગલકાં' કહે છે. એમાં બે જાત છે. માઠ અને સાતપુતી. માઠને ફક્ત એકજ ફૂલ અને ફળ આવે છે.* સાતપુતીને વધારે ફળફૂલ આવે છે અને તોરા આવે છે. માઠનાં ગલકાં પોચાં હોય છે. ગલકાં એ એક તુરીઆંનીજ જાતિ છે. ગલકાંનું શાક અને ભજીઆં ઘણાં ઉત્તમ થાય છે. એ તુરીઆં કરતાં સારાં થાય છે. ઘણી ખરી ભાજીઓ કરતાં એ ઘણી મીઠી લાગે છે. ગલકાંને "પારોસ" પણ કહે છે. **મોટાં ગલકાંઃ**—શીતળ, મધુર, વાતલ, અગ્નિદીપક, કફકર તથા પિત્તલ છે; અને દમ, ઉધરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. **સાતપુતીઃ**—શીતળ, હૃદ્ય, પાકકાળે તીખી તથા કડવી છે; અને પિત્ત, વિષ, ઉધરસ, તાવ તથા વાયુનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **બાળકની છાતીમાં દરદ થયું હોય તે ઉપરઃ**—ગલકું શેકી તેનો રસ એક પૈસાભાર પાવો. (૨) **સોજા ઉપરઃ**—ગલકીનાં પાંદડાંનો રસ ગોમૂત્રમાં નાખી ગરમ કરી ચોપડવો. (૩) **શોફોદર ઉપરઃ**—ગલકીનાં પાંદડાંનો રસ ૨ તોલા પાવો અને પાંદડાં વાટી સોજા ઉપર ચોપડવાં. (૪) **બદ, ફૂટેલાં ગુમડાં, ગરમીની ચાંદીઓ વગેરે સારા થવા માટે અનુભવી મલમઃ**—ગલકીના વેલાનાં લીલાં પાંદડાં ખાંડી તેનો અંગરસ એક શેર કાઢવો. તે રસમાં ગાયનું કિંવા બકરીનું ઘણુંજ જૂનું ઘી એક શેર નાખવું અને કલાઇના વાસણમાં દેવતા ઉપર શીજવવા મૂકી તેમાંનો બધો રસ બાળી નાખવો. પછી જે ઘી બાકી રહે તેમાં શુદ્ધ મીણ ૫ તોલા નાખવું; તે ઓગળી ઘી સાથે એકત્ર થયા પછી દેવતા ઉપરથી ઉતારી એક કથરોટમાં પાણી ભરી લઇ તે પાણીમાં તે ઔષધ ગાળી નાખવું; અને એક પ્રહર પછી કથરોટમાંના પાણી ઉપર ભાખરી જેવું જમી રહેલું ઔષધ લઈ પાતળા ચોગડી કપડા ઉપર મૂકી, તે ઉપર ઢાંકણતરીકે પણ તેવુંજ પાતળું ચોગડી કપડું મૂકી હલકા હાથથી દાબવું. એ યોગથી તેમાં રહેલો પાણીનો દ્રવ નીકળી જશે. પછી આ મલમ એક ડબામાં ભરી રાખવો અને જખમ ઉપર ચોપડવો. એટલે જખમ જલદીથી ભરાઈ આવે છે.

૧૮૪ ગલતુરો—સં૦ શંખોદરી. મ૦ ગલતુરા, ગુલતુરા, ગુલ્પરી, શંખાસુર, ધાકટીગુલ, મોહોર. તૈ૦ સામિડીતાંધેડુ. લા૦ પોઇનસિયાના રિજાઇના, પાઇનસિયાના પલકેરીમા.

એનાં ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાં વગડાઉ આવળીનાં પાંદડાં જેવાં હોય છે અને જે ફૂલો આવે છે તેને 'શંકરનાં ફૂલો' એમ પણ કહે છે. ઘણાક કાઢાઓમાં એનાં મૂળો ઉપયોગમાં આવે છે. એનું લાકડું મજબૂત હોય છે. એની ખુંટીઓ સારી થાય છે. મોટાં ઝાડ ડાળાંમાંથી ભાગવાથી તેને પુનઃ ફણગા ફૂટી તેના પુષ્કળ ફાંટા થાય છે. એની બે જાતિ છે. એક પીળાં ફૂલોની અને બીજી રાતાં ફૂલોની. એ ઝાડનો વિસ્તાર સર્વ બાજુએ સરખો પ્રસરી ડાળીઓ જરા નીચે નમે છે. એની છાયા ઘટ્ટ હોય છે. એને આંગળી જેવડી જાડી, ચપટી અને ચાર પાંચ

---

* સાતપુતી એ મરાઠી નામ છે. ગલકાં વગેરે શાક તુરીઆની જાતનાં છે. તુરીઆની મુખ્ય ત્રણ જાતો કહેવાય છે. તુરીઆં, કડવાં તુરીઆં અને ગલકાં. તેમાં તુરીઆં સફેદ ધારવાળાં અને પીળાં ફૂલનાં થાય છે. કડવાં તુરીઆં એ તુરીઆં જેવાંજ વગડામાં ઝાડ ઉપર થાય છે; અને વખતે તુરીઆંની વાડીમાં તુરીઆં સાથે થઇ તેમાંજ ભળી જાય છે. એનાં બીજ કાળાં હોય છે. કહે છે કે, તુરીઆં ઉપરની ધારોની સંખ્યા ૧૦ અને કડવાં તુરીઆં ઉપરની ધારોની સંખ્યા ૯ હોય છે. આથી પણ એ ઓળખાય છે. ગલકાં કાળાશ પડતા રંગનાં અને લંબગોળ પીળાં ફૂલનાં થાય છે. આ સિવાય ઝુમખડાં નામની એક જાત એનાથી જુદી છે.

આંગળ લંબાઈની શિંગો આવે છે. તેમાં સાત આઠ દાણા હોય છે. એ દાણા છોકરાંઓ પ્રેમથી ખાય છે. એ દાણા ઘણાજ સ્વાદિષ્ટ લાગે છે. આ ઝાડને કાંટા હોય છે. એનાં બી રોપવાથી કે ડાળાંથી ઝાડ થાય છે. એનાં ફૂલોમાં વાસ નથી હોતો. ફૂલોના ઝુમખા ને ઝુમખા આવે છે. ફૂલો આવવાનો વખત આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ એ મહિનામાં હોય છે. એને બાર મહિને ફૂલો આવે છે. એ ઝાડ શોભા માટે બાગમાં વાવે છે. આ ઝાડ 'શંકાસુરી' 'શંકેશ્વર' વગેરે નામે પણ ઓળખાય છે.× એ ઉષ્ણ છે અને કફ, વાયુ, શૂળ તથા આમવાયુનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—આંબાની ગોટલી ધરોના રસમાં ઘસી નાકે સુંઘવી અને ગલતુરાનાં પાંદડાંનો રસ, અળતો (લાખને ઉકાળીને તૈયાર કરેલો પદાર્થ) અને મધ, એ પીવાં.

૧૮૫ ગવાર (ગુવાર)—સં૦ ગૌરાણી. હિં૦ ગ્વારફી ફળી. મ૦ ગોંવારી, ગોંવારી રચાશેંગા, આંવચ્યા. ત૦ ગોરચિકુડુ. લા૦ સોયેમોપસિસ્ સોરેલિયા ઇન્ડીશ.

ગવારનાં ઝાડ બે ત્રણ હાથ ઉંચાં વધે છે. ગવારનાં પાન કુમળાં હોય ત્યારે તેની ભાજી સરસ થાય છે. પાકી ગવારફળી સૂકવી તેમાંનાં બીઆં (ગવાર) કાઢી ઢોરને ખવરાવે છે. ગવારની શિંગો શાક માટે સૂકવી પણ રાખે છે. સગર્ભા સ્ત્રીઓએ કિંવા જે સ્ત્રીઓને બાળક સ્તનપાન કરે છે તેમણે ગવારની ભાજી ખાવી નહિ; કારણ કે તેઓના બાળકને આંકડીનો રોગ થવાની ધાસ્તી રહે છે. **ગવારની ફળીઓ:**—રૂક્ષ, વાતકર, મધુર, ગુરુ, સારક, કફકર, અગ્નિદીપક અને પિત્તનાશક છે. **ઉપયોગ:**—**(૧) દાદર ઉપર:**—ગવારનાં પાંદડાંનો રસ અને લસણના રસનો લેપ કરવો. **(૨) નાડીવ્રણ ઉપર:**—ગવારનાં પાંદડાંના રસમાં રૂની કાકડી ભીંજવી યુક્તિથી વ્રણમાં ઘાલતા જવું.

૧૮૬ ગહુલા—સં૦ પ્રિયંગુ, અદ્રય. બં૦ પ્રિયંગુ. મ૦ ગહુલા. હિં૦ ફૂલપ્રિયંગુ. ક૦ નેપીંલગુ ગૌલ. લા૦ પ્રુનસમહાલિબ.

ગહુલાનાં ઝાડ ઘણાં મોટાં થતાં નથી. એની ઉત્પત્તિ ઉત્તરહિંદુસ્તાનમાં થાય છે. **ગહુલા:**—તૂરા, કડવા, વૃષ્ય, શીતળ તથા કેશને હિતાવહ છે; અને ઉલટી, ભ્રાંતિ, દાહ, પિત્ત, રક્તરોગ, તાવ, મોહ, ઘર્મ, કોઢ, મુખજાડ્ય, તૃષા, વાતગુલ્મ, વિષ, મેદ, મેહ તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં **બીજ:**—તૂરાં, મધુર, શીતળ, રૂક્ષ, ગ્રાહક, મલસ્તંભક, બલ્ય, પિત્તનાશક, કફનાશક અને આધ્માનવાયુકારક છે. **સુગંધ ગહુલા:**—શીતળ તથા સુગંધી છે; અને કોઢ, દાહ, તાવ તથા રક્તવિકારનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) ગર્ભિણીના રક્તસ્રાવ ઉપર:**—ગહુલા, કમળકંદ અને કુમળાં ઉંબરાં, એ દૂધમાં બાફી તે દૂધ પાવું. પછી સાકર સાથે રાતી ડાંગરનો ભાત ખવડાવવો. **(૨) અમ્લપિત્ત ઉપર:**—ગહુલાનું ચૂર્ણ સાકરમાં ખાવું.

૧૮૭ ગહુ (ઘઉં)—સં૦ ગોધૂમ. મ૦ હિં૦ ગહું. ક૦ ગોધી. તા૦ ગોદુમે. તુ૦ ગોદી.

× શ્રી. દત્તરામજીએ અને ઔષધિકોશના કર્તાએ વીરતરુને ગલતુરો માન્યો છે; પરંતુ મારા મતથી એ બન્ને જુદાંજ હોવાં જોઇએ. વીરતરુનું લક્ષણ નિઘંટમાં આ પ્રમાણે બતાવે છેઃ—

बिल्वान्तरो जगति वीरतरुः प्रसिद्धः श्वेतासितारुणविलोहितपीतपुष्पः ।
स्याज्जातितुल्यकुसुमः शमिसूक्ष्मपत्रः स्यात् कंटकी विजलदेशज एष वृक्षः ॥१॥

અર્થાત્ "વેલ્લતરુ એ ધોળાં, રાતાં, કાળાં, પીળાં અને રક્તવર્ણનાં ફૂલોવાળો એમ પાંચ પ્રકારનો જગતમાં વીરતરુના નામથી પ્રસિદ્ધ છે. એને જાઈનાં જેવાં ફૂલો અને ખીજડીના જેવાં ઝીણાં ઝીણાં પાંદડાં હોય છે. વળી એ કાંટાવાળું વૃક્ષ ઉજ્જડ પ્રદેશમાં ઉત્પન્ન થાય છે." તેમજ મારી પાસેના નિઘંટોમાં તપાસ કરતાં વેલ્લતરુનાં નામોની સાથે શંખોદરી નામ પણ મળી આવતું નથી. ઔષધિકોશવાળાએ તો વેલ્લતરુને સંદેશડા પણ લખી આપ્યો છે. પણ વેલ્લતરુ અને ગલતુરો જુદાં છે.

(ગલતુરો તથા વેલતુર (વીરતરુ) બંનેના ગુણધર્મ અલગ અલગ શ્રી. પદેજીએ જણાવ્યા છે. વેલતરુના નામમાં શંખોદરી પણ છે નહિ તો પછી એક માનવા માટે કારણ ક્યાં રહ્યું ? નિઘંટોમાં પણ ગ્રંથને અનુકૂળ હોય તેનો ઉપયોગ કરવો જોઇએ. પ્રતિકૂળનો ત્યાગ કરવો જોઇએ. શંખોદરીનું વર્ણન વૈદ્યક નિઘંટુ ગ્રંથમાં છે. ત્યાં ગલતુરા સ્પષ્ટ અર્થ જણાય છે.)

મલા૦ કોટપ. તે૦ ગોદુમ, ગોધુમલુ. કા૦ ગંદુમ. અ૦ હિતા. ઇં૦ વ્હીટ. લા૦ ટ્રિટિકમ વલગેરી.

સર્વ પ્રકારનાં ધાન્યમાં ગહું શ્રેષ્ઠ છે, એટલે તેને 'ધાન્યરાજ' કહે છે. ગહું હિંદુસ્તાનમાં સર્વત્ર પાકે છે. બીજા સર્વ ખંડોમાં પણ ગહું પાકે છે. ગહુંનો રોપો બે હાથ ઉંચો વધે છે. અવ્વલ કાળી જમીનમાં ગહુંનો પાક સારો થાય છે. ઉત્તરહિંદુસ્તાનમાં ગહું પુષ્કળ પાકે છે, એટલે ત્યાંના લોકનું ખાણું ગહુંનું છે. ગહુંનું ધાન્ય બરોબર સાચવીને રાખવાથી ચાર પાંચ વર્ષપર્યંત ટકે છે. ગહું એક ઉચ્ચ પ્રતિનું ધાન્ય હોઇ એના ખાવાના પદાર્થો માણસની પ્રકૃતિને માફક ગણવામાં આવે છે. સર્વ પ્રકારનાં ધાન્ય કરતાં ગહુંમાં પૌષ્ટિકપણું વિશેષ છે. ગહુંમાં રાતડા, **વાજીઆ, કાઠા, બન્સી, પુનેમીઆ, દાઉદખાની,** એવી ઘણીક જાતો છે.* તેમાં બન્સી ગહું ઉત્કૃષ્ટ પ્રતિના છે. ગહુંની કુમળી ઉંબીઓને શેકી તેનો પોંખ કરી ખાય છે. ગહુંના જેટલા પદાર્થો બને છે તેટલા કોઇ પણ ધાન્યના બનતા નથી. ગહુંના લોટનાં **ઘેબર, જલેબી, શીરો, પુરી, કણસાર, લાડુ, એવાં અનેક પકવાન્નો** બને છે. એ પકવાન્નોમાં ઘી, ખાંડ ગોળ કે સાકર અવશ્ય જોઇએ. પાંચ છ દિવસ ગહું પલાળી રાખી તેના સત્ત્વનો એક પદાર્થ કરે છે; તેને 'બદામી હલવો' કહે છે. તે પૌષ્ટિક છે. ગહુંની થુલી કરે છે, તે પણ પૌષ્ટિક છે. તે અશક્ત માણસોને શક્તિ આવવા માટે આપે છે. ગહુંનું પરાળ અને ઘાસ ઢોરને ખવરાવે છે. કાગળો ચોંટાડવાને એના લોટની **લાહી** ઘણી સારી થાય છે. **મોટા ગહું:**—સ્નિગ્ધ, મધુર, શીત, ગુરુ, ધાતુવર્ધક, બલકર, કફકર, સારક, વર્ણ્ય, રુચ્ય, જીવન, ભગ્નસંધાનકારક, વ્રણને હિતકર, સ્થિરતાકારક તથા આમ કરનાર છે; અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. જૂના ઘઉં કફનાશક છે. **ઝીણા ગહું:**—સ્નિગ્ધ, વૃષ્ય, કફકારક, બલકર, મધુર, ધાતુવર્ધક તથા પૌષ્ટિક છે. બીજા ગુણ મોટા ગહું જેવાજ છે. ઉપયોગ:—(૧) **બદ ઉપર:**—ગહુની કણકની પોટીસ સાત આઠ વાર બાંધવી એટલે બદ પાકીને ફૂટશે. પછી વ્રણોક્ત ચિકિત્સા કરવી. કોઈ પણ પ્રકારનું ગુમડું ફાટવાને માટે આજ પોટીસ બાંધવાથી તે પાકીને ફૂટે છે. (૨) **કમળો અથવા કમળી ઉપર:**—ગહું લઇ તે ઉપર દેવતામાં લાલ કરેલી કડછી દબાવવી અને તેને જે ઘઉંનો બાફ લાગે તે આંખોમાં આંજવો. (૩) **શીઘ્ર પ્રસૂતિ થવા માટે:**—ગહુંની સેવો આધણમાં બાફી તે પાણી વસ્ત્રગાળ કરી શુમારે અચ્છેરપર્યંત લઇ તેમાં ચોખ્ખું ઘી નવટાંકપર્યંત નાખી પાવું. આ ઔષધ પ્રસૂતિસમયની પીડા થવા લાગે કે તુરત પાવું, પછી પાવું નહિ. (૪) **અસ્થિભંગ ઉપર:**—કિંચિત્ શેકેલા ગહુંનું ચૂર્ણ મધમાં નાખી આપવું. તે કમ્મર અને સાંધા દુખતા હોય તે ઉપર ઉત્તમ છે. (૫) **વાળા ઉપર:**—ગહું અને સણનાં બીઆંનું ચૂર્ણ ઘીમાં શેકી ગોળી કરી આપવી અને ચૂનો તથા બીડલોણ પાણીમાં વાટી લેપ કરવો. (૬) **નાકમાંથી લોહી નીકળે છે તે ઉપર:**—સાકર અને દૂધ નાખી ગહુંનો લોટ આપવો. (૭) **પ્રમેહ ઉપર:**—નવટાંક ગહું રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે વાટી વસ્ત્રગાળ કરી તેમાં સાકર ૧ તોલો નખી તે સાત દિવસ આપવું.

૧૮૮ **ગળજીભી**—સં૦ ગોજીહ્વા. મ૦ ભુઈ-પાથરી. હિં૦ ગોભી, ગોજીઆ. બં૦ દાડીશાક. ક૦ યલુનાલગે, હક્કરિકે, એત્તિનનાલિગે. તૈ૦ યેદુનાલિકચેટ્ટુ. ફા૦ કલમરૂમી. લા૦ એલિફેન્ટોપસસ્કેબર.

એ ખડકવાળી, કાત્રાવાળી અને પડતર જમીનમાં થાય છે. એ કુમળી હોય છે ત્યારે તેને મૂળસુદ્ધાં ઉપાડી લે છે. જમીનની સાથેજ તે અડેલી હોય છે. ગરીબ લોક એનું શાક કરે છે. ગળજીભીનો છોડવો જૂનો થયા પછી તેના ઉપર વેંતભરં ઉંચાઇનો તોરો આવે છે. એનાં બીઆંને હિંદુસ્તાનીમાં "ગોઝબાન" કહે છે. એનું શાક પથ્યકર છે. ભેંસને ખવરાવવાથી તેનું દૂધ વધારે નીકળે છે. **ગળજીભી:**—તીખટ, કડવી, શીતળ તથા વ્રણરોપણ છે; અને પિત્ત, સર્વ પ્રકારનાં વિષો, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **પારા ઉપર ઉતાર:**—ગળજીભીનાં મૂળનો રસ પાવો અને શરીરે પણ ચોળવો. ગળજીભીનું શાક કરી ખાવું. (૨) **અહિર અને આંખો આવે છે તે ઉપર:**—ગળજીભીનાં પાંદડાંના રસનું અંજન કરવું. (૩) **સર્પદંશ**

* કહે છે કે, કલકત્તાના સંગ્રહસ્થાન(મ્યુઝિયમ)માં ૧૧૯૨ પ્રકારના ઘઉં છે.

ઉપર:—ગળજીભીનાં મૂળ વાટી પાવાં. (૪) **શીતજ્વર (ટાઢીઆ તાવ) ઉપર:**—ગળજીભી અને અરણીનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. (૫) **શ્વાનવિષ ઉપર:**—ગળજીભીનો કાઢો ઘી નાખી પાવો. (૬) **ત્વગ્દોષ અને રકતશુદ્ધિ ઉપર:**—ગળજીભીનો રસ કાઢી સાકર નાખી ૭ દિવસ પાવો. (૭) **મૂત્રશુદ્ધિ તથા આંખોમાંની ગરમી નીકળી જવા માટે:**—ગળજીભીનો રસ પાવો.

૧૮૯ ગળી—સં૦ તા૦ તુ૦ નીલી૦ મ૦ નીળ, ગુળી. હિં૦ નીલ, લીલ. બં૦ નીલગચ્છી. ક૦ નીલી. તૈ૦ નીલીચેટ્ટુ. મલા૦ આવારી. ઈં૦ ઈંડીગો. લા૦ ઈંડીગોફેરા, ટૅંકાર્ડીફોલીઆ.

ગળીના છોડ શરપુંખાના છોડ જેવા થાય છે. પાંદડાં પણ તેવાંજ હોય છે. બંગાલ અને આસામ પ્રાંતમાં ગળીની વાવણી ઘણી થાય છે. તે પ્રાંતોમાં ગળીની વાવણી કરવાનું કામ યુરોપીયન ખેડુતો કરે છે. ગળીના છોડમાંથી જે રંગ તૈયાર કરે છે તેને "નીલ" અથવા "ગળીનો રંગ" કહે છે.* **ગળી:**—તીખી, કડવી, કેશને હિતાવહ, ઉષ્ણ તથા સારક છે; અને વાંત, શ્લેષ્મ, ઉદર, મોહ, હૃદ્રોગ, ભ્રમ, વાતરકત, ઉદાવર્ત, આમવાત, કફ, મદ, ઉત્તરસ, વિષ, ગુલ્મ, તાવ, કોઢ, કૃમિ તથા ઉદરરોગ અને પ્લીહાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) તાવ ઉપર:**—ગળીના ઝાડનાં મૂળ અને હળદરનું સેવન કરવું એટલે સર્વ પ્રકારના તાવનો નાશ થાય છે. (૨) **મૂળવિષ ઉપર:**—ગળી, સિંધવ, મધ અને ઘી એકત્ર કરી પાવું.

૧૯૦ ગળો—સં૦ ગુડૂચી, અમૃતા. મ૦ ગુંળવેલ. કો૦ ગરુડવેલ, ગરોલ. બં૦ ગુલંચ. તા૦ કાન્યકુબ્જ. ગુરૂંચી. ક૦ અમરદવલ્લી. તૈ૦ તિપ્પતિગા. તા૦ શિંદિલકોદી. ફા૦ ગિલાઇ. હિં૦ અ૦ ગિલોય, ગુર્ચ. તુ૦ અમૃતખુર. મલા૦ ચિતામૃત. ઈં૦ હાર્ટલિવ્હડ મુન્સીડ, ગુલાંચા. લા૦ ટિનોસ્પોરા કૉર્ડિફોલિયા.

ગળો એ ઘણું કરીને સર્વ રોગોમાં ઉપયોગી થનારી વનસ્પતિ છે. એની ઉત્પત્તિ હિંદુસ્તાનના ઘણાખરા પ્રાંતોમાં સર્વત્ર થાય છે. એ બીજાં ઝાડો ઉપર ચઢનારી વેલ છે. કેટલેક ઠેકાણે એ ખડકના આશ્રયે પણ થાય છે. તેને "ખડકી ગળો" કહે છે. એ ઘણી મોટી હોય એન લાકડાં જાડાં હોય છે. જૂની ગળોના વેલા બહુજ જાડા હોય છે. કડવા લીમડા ઉપરની ગળો સર્વ ગળોમાં ઉત્કૃષ્ટ મનાય છે. કુમળા વેલાની છાલ કોમળ હોય છે અને તે ૩–૪ વર્ષની થાય એટલે ખડબચડી થાય છે. કુમળા વેલાની છાલનો રંગ લીલો હોય છે. જૂની વેલની છાલનો

* ગળીની માત્રા ૨ માસાની ગણાય છે. કેટલાક વૃદ્ધ પુરુષો પોતાની ગએલી જુવાની રોકી રાખ્યાનો ખાલી ડોળ દેખાડવા ગળીબાઇને ભજે છે. પ્રથમ તો તેઓ પોતાને સલાહ કરવા માટે કાળદેવે કરેલાં સફેદ ઝંડી(વાળ)ને વાટેલાં મેંદીનાં પાંદડાં બાંધી લાલ (ભયંકર) સ્વરૂપ આપે છે અને પછી તેના ઉપર ગળીબાઇનાં વાટેલ પાંદડાંની લુગદીનું આવાહન કરી પુનઃ એજ સફેદમાંથી લાલ થએલ ઝંડી(વાળ)ને આબેહૂબ ભ્રમરના જેવું સ્યામ સ્વરૂપ આપે છે; પરંતુ અફસોસ કે કદાચ એનાથી મનુષ્ય ઠગાતાં હશે; પણ કાકા કાળીઆજી તો ઠગાતાજ નથી ! તે તો પોતાનો દાવ આવ્યે તમાચો મારી કોળીઓ કરી જાય છે અને બુઢ્ઢા કાકા ગળીના કુંડમાં ડૂબેલાજ રહે છે !

ડૉ૦ એન્સ્લી કહે છે કે:–ગળીની જડમાં ઝેર નાશ કરવાનો ગુણ છે. પાંદડાંમાં નિર્બળતા નષ્ટ કરવાનો ગુણ છે. કાળજાના સોજા ઉપર ગળીનાં પાંદડાં મધની સાથે વાટીને આપે છે. મૂળને પાણીમાં ઉકાળી પથરી ઉપર આપે છે, પાંદડાંને વાટી પેડુ ઉપર ચોપડવાથી પેશાબ ખુલાસાથી આવી પેશાબનો બંધ છૂટે છે. કૉલેરાની બિમારીમાં ગળીનું ચૂર્ણ અપાય છે. વળી એ ચૂર્ણને અધરાં નાસુર ઉપર છાંટવાથી જલદી અંકુર આવે છે. કુમળી ડાળીઓનો રસ મધની સાથે મેળવી નાનાં નાનાં બાળકોના મોઢામાં થનાર ગરમી દૂર થવાને કામમાં લેવાય છે. વળી મુસલમાની ગ્રંથકર્તા પારાની કોઈપણ પ્રકારની દવા ખાવાથી મોઢામાં થયેલ ગરમી નષ્ટ કરવાને આ છોડની ડાળો વગેરે ઉકાળી એ પાણીના કોગળા કરવાની પ્રશંસા કરે છે તથા તે એ છોડવાને ઘણીજ ભારે ખાંસીમાં, ફેફસાં અને ગુરદામાં થનાર વ્યાધિઓમાં, હૃદયનો ધબકારો તથા જલોદરના રોગમ ઉપયોગી માને છે.

મેલો ધોળો રંગ હોય છે અને છાલ કાઢી લીધાથી અંદરની છાલનો લીલો રંગ હોય છે. ગળોની વેલ એકસરખી હોતી નથી. તેને કાતરીઓ જેવી એક બાજુએ ગાંઠ હોય છે અને છાલ ઉપર નાની નાની ટીપકીઓ પ્રમાણે ખડબચડી ગાંઠો હોય છે. આ વેલાને પાંદડાં એક એક આંતરે આવે છે અને એનો આકાર પીપળાનાં પાંદડાં જેવો લાંબો હોય છે; પણ તે પીપળા કરતાં મોટાં હોઈ લાંબાં દીંટડાં ઉપર રહે છે અને એની શેડ પીપળાના પાન જેટલી લાંબી હોતી નથી. પાંદડાંને બીજી ઉપમા આપીએ તો હૃદયની આપી શકાય. આ ઉપરથી એનું 'હાર્ટલીવ્હડ મુન્સીડ' એ ઇંગ્લીશ નામ પડેલ છે. એ પાન પીપળાના પાન જેવાં કઠણ ન હોતાં કોમળ હોય છે. તેના ઉપર રૂંછાં અથવા કોઇ પણ પ્રકારનું ખડબચડાપણું હોતું નથી. તે સરખાં હોય છે. પાંદડાંની લંબાઈ શેડથી દીંટડા સુધી ૬-૬॥ આંગળ હોઇ પહોળાઈ પણ ઘણું કરીને તેટલીજ હોય છે. નાનાં પાંદડાંની લંબાઇ પહોળાઈ ૨-૨॥ આંગળ હોય છે. કુમળાં પાન તો બ્રાહ્મીના મોટા પાન જેવડાંજ હોય છે. એને આંબાના મોર જેવાં ધોળાશ પડતાં પીળા રંગનાં ફૂલો પાંદડાંના દીંટડાના થડમાં આવે છે. એ નાનાં હોઈ તેમાં નર અને માદા એવી બે જાતિ હોય છે. નરજાતિનાં ફૂલોનો ઘોસ હોય છે અને માદાજાતિનાં ફૂલો હમેશાં એક એકજ હોય છે. ગળોને ગુચ્છાદાર લીલા રંગનાં ચણા જેવડાં ફળો આવે છે. તે પાકે છે ત્યારે તેનો રંગ રાતો હોય છે. ચણા ઉપરની છાલ કાઢવાથી જેમ અંદર બીજ હોય છે, તેમજ ગળોને પણ હોય છે; પણ એનું છોતરૂં ચણા જેટલું કઠણ ન હોતાં પાતળું હોય છે. તેમાંથી બીજ નીકળે છે. તે દ્વિદલ (બે પડવાળું) અર્ધચંદ્રાકાર હોય છે. સર્વત્ર ફળ આવે એમ નથી. તેનું મૂળ જાડું અને કંદ જેવું હોય છે. લાકડા ઉપરની છાલ સૂકાઈ એટલે તેને ચીરા પડી તે અંદરના કાષ્ઠમય ભાગથી જુદી પડે છે. લાકડું આડું કાપીએ તો તે ટુકડાના પૃષ્ઠભાગ ઉપર પાચરીના આકારના તંતુ દેખાય છે. ગળોનાં પાંદડાં પાકવાથી પીળાં થાય છે. લોકો એની કાતરીઓનોજ ઉપયોગ વિશેષ કરે છે; પરંતુ પાંદડાંનો પણ અનેક પ્રકારે સારો ઉપયોગ થઇ શકે છે. ગળોને ચોમાસાની મોસમમાં ફૂલ આવે છે; અને શિયાળા ઉનાળામાં પાંદડાં કે ફળ હોતાં નથી. ગળો અનેક રોગોનો નાશ કરનાર છે. એ કડવી છે, પણ એના ગુણો ઉપરથી એને ગળો એટલે ગળી માનેલી છે. ગળોનું સત્ત્વ કાઢે છે, તે પણ અનેક રોગો ઉપર ચાલે છે. એ સત્ત્વ ઘણું શક્તિવર્ધક છે. ઔષધોમાં ખરસાંણી વગેરે વિષારી ઝાડો ઉપરની ગળો કદી લેવી નહિ. ગળોના ઉપર ધોળી અને અંદર લીલી છાલ હોય છે. (ગળોનો ફાંટ અથવા હિમ કરવાના કામમાં લીલી ત્વચાનો ઉપયોગ કરે છે એમ અમારો અનુભવ છે.) તે કાઢી નાખી ઉપયોગમાં લેવાથી સારી ગુણદાયક થાય છે.

ગળોની ઉત્પત્તિસંબંધી પૌરાણિક કથા એવી છે કે, રામ-રાવણના યુદ્ધમાં રાવણનો વધ કર્યા પછી અસુરોના હાથથી જે વાનરોની સેના મરાએલી હતી, તેને ઇંદ્રે અમૃતવૃષ્ટિ કરી ફરી સજીવન કરી. તે વખતે અમૃતનાં બિંદુ તે વાનરોના શરીર ઉપરથી ઉડીને જે જે ઠેકાણે પડયાં, તે તે ઠેકાણે આ વેલ ઉત્પન્ન થઇ. આથી એનું 'અમૃતા' એ નામ પડયું છે. **ગળો:**—તૂરી, કડવી, ઉષ્ણવીર્ય, તીખી, ગ્રાહક, રસાયન, બળકર, મધુર, અગ્નિદીપક, લઘુ, હૃદ્ય અને આયુષ્યપ્રદ છે; તથા તાવ, દાહ, તૃષા, રક્તદોષ, વમી, વાત, ભ્રમ, પાંડુરોગ, પ્રમેહ તથા ત્રિદોષ, કમળો, આમ, ઉધરસ, કોઢ, કૃમિ, રક્તાર્શ, વાતરકત, ખરજ, મેદ, વિસર્પ, પિત્ત અને કફનો નાશ કરે છે. એ ઘીની સાથે સેવન કરવાથી વાયુનો, ગોળ સાથે લેવાથી મળબંધનો, સાકર સાથે લેવાથી પિત્તનો, મધ સાથે લેવાથી કફનો, એરંડતેલ સાથે લેવાથી વાયુનો અને સુંઠ સાથે સેવન કરવાથી આમવાયુનો નાશ કરે છે. **ગળોના પાલાનું શાક:**—તૂરૂં, ઉષ્ણ, લઘુ, તીખું, કડવું, પાકકાળે મધુર, રસાયન, અગ્નિદીપક, બલકર તથા ગ્રાહક છે; અને ત્રિદોષ, વાતરકત, તૃષા, દાહ, મેહ, કોઢ, કમળો અને પાંડુરોગનો નાશ કરે છે. **ગળોનો કંદ:**—ઉષ્ણ તેમજ તીખો છે; અને જ્વર, સન્નિપાત, વિષ, વલીપલિત અને પિશાચબાધાનો નાશક છે. **ગળોનું સત્ત્વ:**—સ્વાદુ, પથ્ય, લઘુ, દીપન, ચક્ષુષ્ય, ધાતુવર્ધક, મેધ્ય અને વયઃસ્થાપક છે; તથા વાતરક્ત, ત્રિદોષ, પાંડુ, તીવ્ર જ્વર, વમી, જીર્ણજ્વર, પિત્ત, કમળો, પ્રમેહ, અરુચિ, દમ, ઉધરસ, ઉચકી (હેડકી), અર્શ

તથા ક્ષય, દાહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર અને સોમરોગનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) વિષમજ્વર વગેરે સર્વ રોગો ઉપર "અમૃતરસ":**—ગળોનું વસ્ત્રગાળ ચૂર્ણ ૧૦૦ ભાગ, ગોળ અને મધ સોળ સોળ ભાગ અને ઘી વીસ ભાગ લઈ એકત્ર કરવું; તથા અગ્નિબલ જોઈ ભક્ષણ કરવું અને હિતકારક તથા પરિમિત એવાં અન્ન ભક્ષણ કરવાં, એટલે કોઇ પણ વ્યાધિ થતો નથી; એટલુંજ નહિ પણ કેશની ધોળાશ, વૃદ્ધપણું, તાવ, વિષમજ્વર, પ્રમેહ, વાતરક્ત અને નેત્રરોગ થતા નથી. આ ઉત્કૃષ્ટ રસાયન જરાવસ્થા દૂર કરનાર, બુદ્ધિ આપનાર, ત્રિદોષનાશક એવું હોઇ એના સેવનથી પુરુષ ૧૦૦ વર્ષ જીવે છે અને દૈત્ય જેવો બલવાન થાય છે. એને કોઇ 'અમૃતરસ' પણ કહે છે. એના આગળ અન્ય વસ્તુ, રસાયણ તુચ્છ છે. **(૨) સર્પદંશ ઉપર:**—ખડક ઉપર થનારી ગળોનો કંદ લાવી દૂધમાં બાફી રાખી મૂકવો. એ સર્પના વિષ ઉપર ઠંડા પાણીમાં ઘસી તેમાં અરીઠા ઘસી તે પાઈ દેવું. **(૩) સર્વ પ્રકારના પ્રમેહ ઉપર:**—ગળોનો અંગરસ કાઢી તેમાં પાષાણભેદનું ચૂર્ણ અને મધ અથવા એકલું મધ નાખી તે પાવો. **(૪) કમળી રોગ ઉપર:**—ગળોના રસમાં અથવા કાઢામાં મધ નાખી પાવું અથવા પાંદડાંનો કલ્ક છાશમાં આપવો. **(૫) તિમિરાદિક નેત્રરોગ ઉપર:**—ગળોનો અંગરસ ૧૦ માસા લઇ એમાં મધ અને સિંધવ એકેક માસો નાખી સારૂં મર્દન કરી થોડું થોડું અંજન કરવું; એટલે તિમિર, કાચબિંદુ, ખરજ, લિંગનાશ અને કીકી ઉપરના રોગ, એ સર્વ દૂર થાય છે. **(૬) આમવાત ઉપર:**—ગળો અને સુંઠનો કાઢો પાવો; કિંવા ગળોના કાઢામાં એરંડતેલ નાખી પાવું. **(૭) પિત્તરોગ ઉપર:**—ગળોનો રસ અને સાકર એકત્ર કરી તે ભક્ષણ કરવું એટલે તત્કાળ પિત્ત દૂર થાય છે. **(૮) કફરોગ ઉપર:**—ગળોના કાઢામાં મધ નાખી તે પાવો. **(૯) અમૃતાદિ કાઢો:**—ગળો, અરડુસી તથા એરંડમૂળનો કાઢો કરી તેમાં એરંડતેલ નાખી પીવાથી સર્વ અંગમાં સંચાર કરનાર વાતરક્તનો નાશ થાય છે. **પ્રકાર બીજો:**—ગળો અને ત્રિફળાંનો કાઢો મધ અને લીંડીપીપર નાખી નિત્ય પીવાથી સર્વ નેત્રરોગનો નાશ કરે છે. **પ્રકાર ત્રીજો:**—ગળો, સુંઠ, આમળાં, આસંધ તથા ગોખરૂનો કાઢો પાવો; તેથી કરી શૂળયુક્ત વાંતિ અને મૂત્રકૃચ્છ્ર દૂર થાય છે. **પ્રકાર ચોથો:**—ગળો, અરડુસી, કડવાં પંડોલાં, નાગરમોથ, સાતવીન, ખેર, કાળો બરૂ, કડવા લીમડાનાં પાંદડાં, હળદર તથા દારૂહળદરનો કાઢો કરી પીવાથી અનેક પ્રકારનાં વિષો, વિસર્પ, કોઢ, વિસ્ફોટક, કંડૂ, મસૂરિકા, તાવ, શીતપિત્ત વગેરે વિકારો દૂર થાય છે. **પ્રકાર પાંચમો:**—ગળો, સુંઠ, નાગરમોથ, હળદર તથા ધમાસાનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી વાતજ્વર ઉપર પાવો. **પ્રકાર છઠ્ઠો:**—ગળો અને દશ મૂળનો કાઢો પાવો, એટલે તેર પ્રકારના સન્નિપાતનો નાશ થાય છે. **પ્રકાર સાતમો:**—ગળો, સુંઠ, ભારંગમૂળ તથા બેઠી રિંગણીનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી પાવો. આ કાઢો કાસ તથા શ્વાસનો નાશ કરે છે. **પ્રકાર આઠમો:**—ગળો, સુંઠ, કાંટાસરીઓ, બળદાણા, ઉટકટારી, પંચમૂળો (શાલવણ, પીઠવણ, ગોખરૂ, બેઠી રીંગણી અને ઉભી રીંગણીનાં મૂળ) તથા નાગરમોથનો કાઢો કરી તે ઠંડો થયા પછી મધ નાખી પાવો; એટલે તત્કાળ સૂતિકા(સુવા)રોગનો નાશ થાય છે. **(૧૦) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ગળોના રસમાં મધ નાખી તે રસ પાવો. **(૧૧) મધુરાજ્વર ઉપર:**—ગળોનો કાઢો મધ નાખી પાવો. **(૧૨) સ્તનમાં દૂધ આવવા માટે:**—ગળોનો કાઢો કરી તેમાં દૂધ નાખી પાવો. **(૧૩) કૃમિ ઉપર:**—ગળો અને ભૈંસા ગુગળ એ એરંડાનાં પાંદડાંના રસમાં ઘસી પેટ ઉપર લેપ કરવો. **(૧૪) જીર્ણજ્વર ઉપર:**—ગળોના કાઢામાં ચતુર્થાંશ મધ કિંવા લીંડીપીપરનું ચૂર્ણ ત્રણ માસા નાખી તે પાવું; અથવા ગળોનું હિમ આપવું. **(૧૫) વાતરક્ત ઉપર:**—ગળો, ગોખરૂ અને આવળકંટી(આમળાં), એના કાઢામાં એરંડતેલ અથવા મધ ૧ તોલો નાખી તે પાવો અથવા ગળોના કાઢામાં એરંડમૂળ નાખી પાવો કિંવા એકલો કાઢો પાવો. **(૧૬) પિત્તપ્રદર ઉપર:**—ગળોનો રસ મધ નાખી પાવો. **(૧૭) સર્પના વિષ ઉપર:**—લીમડા ઉપરની ગળો લાવી પાશેર પાણીમાં વાટી પાવી એટલે ઉલટી થઇ વિષ ઉતરી જશે. **(૧૮) અમૃતાદિ કાઢો—સર્વ પ્રકારના તાવ ઉપર:**—ગળો, ધાણા, કડવા લીમડાની છાલ, કમળનું લાકડું તથા રક્તચંદન (રતાંજળી), એનો કાઢો પાવો; એટલે તે જઠરાગ્નિ પ્રદીપ્ત કરી સર્વ પ્રકારના તાવ દૂર કરે છે; અને દાહ તથા

લાભ પડે છે તે, તૃષા, ઓકારી (ઉલટી), અરોચક, એ રોગો પણ દૂર થાય છે. (૧૯) **ત્રિદોષજનિત ઉલટી ઉપર:**—ગળોનો કાઢો મધ નાખી પાવો. (૨૦) **શીતપિત્ત ઉપર:**—ગળોનો કાઢો પાવો. (૨૧) **હૃદયશૂળ અને વાતશૂળ ઉપર:**—ગળો અને મરીનું ચૂર્ણ ગરમ પાણી સાથે પાવું. (૨૨) **અમૃતાદિ કાઢો-સર્વ પ્રકારના વાતરોગ ઉપર:**—ગળો, એરંડમૂળ, સુંઠ, દેવદાર, રાસ્ના, હરિતકી (હરડે), એનો કાઢો પ્રાતઃકાળે પાવો. (૨૩) **ચોથીઆ તાવ ઉપર:**—ગળો, આમળાં અને નાગરમોથનો કાઢો કરી પાવો. (૨૪) **જીર્ણજ્વર, કફ, પ્લીહા, કાસ અને અરુચિ ઉપર:**—ગળોના રસમાં લીંડીપીપર અને મધ નાખી તે રસ પાવો. (૨૫) **સર્પદંશ ઉપર:**—જેઠ મહિનામાં ગળોનો કાંદો સ્વલ્પ (થોડા) પ્રયત્નથી મળે છે, તે લાવી તેના કકડા કરી દૂધમાં બાફી રાખવા. સાપ કરડે ત્યારે તે ઘસી પાવા. શુદ્ધિ રહે નહિ તો તાળવા ઉપર ઘસી ચોળવા. ઢોરને સર્પદંશ થયો હોય તો જીભ ઉપર ચોળવા એટલે વિષ ઉતરે છે. (૨૬) **ગળોનું સત્ત્વ કાઢવાની કૃતિ:**—આંબા ઉપરની અથવા લીમડા ઉપરની સારી અને જાડી ગળો લાવી તેના ચાર ચાર આગળ લાંબા કકડા કરી પાણીવડે ધોઇ નાખવા; પછી લગાર કચરી કલાઈના વાસણમાં ચાર પ્રહર પલાળી રાખવા; અને ત્યાર પછી તે હાથવડે ખૂબ મસળી અથવા રવૈથી વલોવી તે માંહેના સર્વ કૂચા પીલી તે પાણી ગાળી લઇ જુદું રાખવું. કેટલીક વારે તે માંહેનું સત્ત્વ તળીએ ઠરે એટલે તે ઉપરનું પાણી કાઢી નાખવું. પછી તે ઉપરનું નીતર્યું પાણી કાઢી નાખતા જઇ બીજું પાણી ઉમેરવું. એમ છ સાત વાર કરવું એટલે તે સત્ત્વ શુદ્ધ અને સફેદ થાય છે તથા તેનું સર્વ કડવાપણું જાય છે. એ પછી તે સૂકવી બાટલીમાં ભરી રાખવું. એ લેવાનું પ્રમાણ અર્ધા માસાથી બે માસાપર્યંત છે. એ ઘણાક રોગો ઉપર ચાલે છે. એનાં અનુપાનો નીચે પ્રમાણે જાણવાં. ઉપયોગ:—(૧) **પ્રમેહ ઉપર:**—ગાયના પાશેર દૂધમાં બે માસા નાખી પાવું અથવા ત્રિફળાં અને સાકરમાં આપવું. (૨) **જીર્ણજ્વર ઉપર:**—ઘી તથા સાકર સાથે કિંવા મધ અને લીંડીપીપર સાથે અથવા ગોળ અને શહાજીરાના ચૂર્ણ સાથે. (૩) **પાંડુરોગ ઉપર:**—ઘી અને મધમાં અથવા દૂધમાં. (૪) દાહરોગ ઉપર:—જીરૂં અને સાકર સાથે. (૫) **વાયુ ઉપર:**—ઘી સાથે આપવું. (૬) **પિત્તજ્વર અને પિત્ત ઉપર:**—સાકરમાં આપવું. (૭) કફરોગ ઉપર:—મધમાં. (૮) **રક્તપિત્તી ઉપર:**—એરંડતેલમાં. (૯) **આમવાયુ અને ઉદરરોગ ઉપર:**—સુંઠ સાથે આપવું. (૧૦) **તાવ ઉપર:**—મધમાં. (૧૧) **શક્તિ આવવા માટે:**—ગાયના ધારોષ્ણ દૂધમાં સાકર તોલાભાર નાખી તેમાં માસા બે માસા સત્ત્વ નાખી પાવું. (૧૨) **ઉલટી ઉપર:**—ડાંગરની ધાણી સાથે. (૧૩) **અરુચિ ઉપર:**—દાડમના સાથે. (૧૪) **મૂળવ્યાધિ ઉપર:**—માખણમાં. (૧૫) **કમળાના રોગ ઉપર:**—દ્રાક્ષ સાથે. (૧૬) **શ્વાસકાસ ઉપર:**—સુંઠ, મરી, લીંડીપીપર અને મધ સાથે. (૧૭) **ઉચકી (હેડકી) ઉપર:**—મધમાં. (૧૮) **ક્ષય ઉપર:**—ઘી, સાકર અને મધમાં. (૧૯) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—દૂધમાં. (૨૦) **પ્રદર ઉપર:**—લોદર સાથે. (૨૧) **સર્વ મર્મસ્થાનના રોગ ઉપર:**—છાશમાં. (૨૨) **સર્વ પ્રકારના વ્યાધિ ઉપર:**—ઠંડા પાણીમાં. (૨૩) **કુષ્ઠ (કોઢ) ઉપર:**—વગડાઉ તુલસીનાં પાંદડાંના રસમાં. (૨૪) **ગુલ્મ ઉપર:**—સુંઠની સાથે. (૨૫) **સર્વ નેત્રરોગ ઉપર:**—ભેંસના તાજા ઘી સાથે. (૨૬) **વાળ કાળા થવા માટે:**—ભાંગરાના રસમાં. (૨૭) **અગ્નિમાંદ્ય ઉપર:**—ગોરખમુંડી સાથે. (૨૮) **વલિપલિત (શરીરે કરચળીઓ પડી કેશ ધોળા થાય તે) રોગ ઉપર:**—ગળોનું ચૂર્ણ નિત્ય ૨ તોલા લેવું. (૨૯) **ધાતુસ્તંભન ઉપર:**—ગળોનાં પંચાંગનું ૧ તોલો ચૂર્ણ કરી મધમાં આપવું.

૧૯૧ ગંગાવતી—સં० ગંગાપત્રી. મ० વ० ગંગાવતી. કો० ભાંબરડ, ભાંબુરડી. ક० ભદ્ર ગાંધારી. રા० કલાલી.

એમાં નાની અને મોટી બે જાત છે. મોટી શુમારે હાથ બે હાથ ઉંચી વધે છે. એનાં પાંદડાં મોટાં હોઇ તે ઉપર બારીક ગુચ્છા હોય છે. એ મળવાળી જમીનમાં થાય છે અને ગામમાં પણ ભીનાશવાળી જગ્યામાં થાય છે. નાની જાત વહેળા ઉપર અથવા પાણીના ઝરા પાસે થાય છે. એ ઝાડ ઘણાક પ્રાંતમાં થાય છે. એ ઝાડને પીળા રંગનાં બારીક ફૂલો આવે છે. એનાં પાંદડાંનો વાસ

સારો છે. ગંગાવતી ઉષ્ણ છે. એનું "વનબાવરી" એવું પણ નામ છે.* **ગંગાવતી:**–તીખી, ઉષ્ણ, વાતનાશક અને વ્રણરોપ કરનારી છે. **ઉપયોગ:—(૧) આગંતુક જખમ ઉપર:**—ગંગાવતીનાં પાંદડાં હાથ ઉપર મસળી તે જખમ ઉપર મૂકવાં, એટલે જલદી લોહી બંધ થઇ જખમ ભરાઇ આવે છે. **(૨) ચાંચડ જવા માટે:**—જ્યાં ચાંચડ થયા હોય ત્યાં ગંગાવતીનાં લીલાં ઝાડ લાવી તે જમીન ઉપર પાથરી રાખવાં, એટલે એના વાસથી ચાંચડ નાસી જાય છે. **(૩) મૂળવ્યાધ ઉપર:**—ગંગાવતીનો રસ તોલો એક અને ઘી તોલો એક એકત્ર કરી પાવું. **(૪) આધાશીશી ઉપર:**—ગંગાવતીનો રસ મસ્તકે ચોળવો અને તાપમાં બેસવું. એમ એક બે વાર કરવાથી આધાશીશી જલદીથી શાંત થાય છે.

૧૯૨ ગંગેટી (જીતેલી)—સં૦ નાગબલા. મ૦ ગાંગેટી તુપકડી, ચિપટ, કુતરી. કો૦ લેંચી, ચોચ. મા૦ ગંગેરન. હિં૦ ગંગેરન, ગુલસકરી. બં૦ ગોરખચાકુલે, પાન સાંકા. ક૦ વટ્ટગરૂકે. લા૦ સિડારિપનોઝા.

આ ×ગંગેટીના ઝાડની ઉંચાઈ દોઢ હાથના શુમારે હોય છે. ગંગેટીનાં પાંદડાં નાનાં અને

---

* અહીં 'વનબાવરી' ઉપરથી ગંગાવતી એ "પાનબાવળી" હોવાનો શક જાય છે; પણ કોઇ વિશ્વાસપાત્ર પ્રમાણ મળતું નથી. વળી શ્રી. ચીમનરાય વૈષ્ણવે તો તેનું સં૦ નામ **શાહદેવી** અને ગુ૦ ખપાટ આપ્યું છે; પણ એ તેમની ભૂલ છે. સહદેવી, ખપાટ અને ભાંણુડીં એકજ ઝાડનાં નામો હોવાનું કોઇ પણ નિઘંટથી સિદ્ધ થતું નથી.

× ગંગેટીનું શ્રી૦ પદેજી પોતાના બૃહન્નિઘંટમાં કોકણી નામ લેંચી લખી નીચે ટિપ્પણમાં બતાવે છે કે:—"નાગબલાને કોકણમાં લેંચી કહે છે. લેંચીનાં ઝાડ તુપકડી(ઉક્ત નિઘંટ પ્રમાણે સહદેવી અને વનૌ૦ ગુણા૦ ભાગ ૪ થા પ્રમાણે નાગબલા એટલે ગંગેટી)નાં પાંદડાં કરતાં આનાં પાંદડાં મોટાં હોઇ તેને બે ખાંચા હોય છે. લેંચીનાં ફૂલ ગુલાબી રંગનાં હોય છે. એનાં ફળ તુપકડીનાં ફળો કરતાં મોટાં હોઇ ચપટાં હોય છે. નાગબલાને ચતુઃફલા એમ કહેલ છે. તે ઉપરથી એના ફળમાં ચાર કાતરીઓ હોય એમ જણાય છે; પરંતુ એ ફળ તોડવાથી તેમાં પાંચ કાતરીઓ (ચીરીઓ) હોય છે. તુપકડી અને લેંચી આ ઝાડો કોકણ અને માવળમાંજ થાય છે; બીજા દેશોમાં જોવામાં આવતાં નથી. આ બેના પ્રતિનિધિતરીકે ઝિંઝરૂટ આપવી." આ સઘળી હકીકત ઉપરની ગંગેટીની હકીકતથી જુદી પડે છે. વળી અહીં નાગબલાને તુપકડી કહી છે અને પોતાનાજ નિઘંટમાં સહદેવીને તુપકડી કહી છે. વળી ઉપરનાં લક્ષણો પણ તેમના નિઘંટમાં સહદેવી સાથે મળે છે. સહદેવી નીચે નિઘંટની ટીપમાં લખ્યું છે કે:–"તુપકડીનાં ઝાડ ઝીંઝરૂટીનાં ઝાડ જેવાં હોય છે. એનાં પાંદડાં નાનાં અને ખડબચડાં હોય છે અને તેને ખાંચા હોય છે. તુપકડીનાં ફૂલો પીળા રંગનાં હોય છે. ઝિંઝરૂટીના ઝાડ પ્રમાણેજ આ ઝાડ ઉપર પણ બારીક ગોળ ફળ આવે છે. તે ફસો(ફાંસો)થી વ્યાપ્ત હોઇ વસ્ત્રને ચોંટે છે. આ ફળની ઘેંસ કરી ભરવાડ લોકો કામળીઓને ચોપડે છે." આ ઉપરથી જોતાં ઉપર વર્ણન કરેલ વનસ્પતિ સહદેવી નામની જોઇએ; પરંતુ સહદેવીનું વર્ણન વળી આ ગ્રંથમાં જુદીજ રીતે કરેલ છે. અમારી અનુભવ-દૃષ્ટિ પ્રમાણે તો ગંગેટીનાં ફળોને ફસો (ફાંસો) હોતાજ નથી. એનાં ફળને ગંગેટાં કહે છે. તે ચણા જેવડાં થાય છે. તેનો રંગ લીલો હોય છે અને તે ખવાય પણ છે. એથી એ લૂગડે વળગવાની વાતજ સાબીત થતી નથી. એની સોટીઓ ઘણી લીસી હોવાથી એનાથી રૂ પીંજી સાફ કરે છે. ગંગેટીનાં ફૂલ ધોળાં હોય છે. વળી સહદેવી તરીકે એક મહાત્માએ અમને સોનેલું બતાવ્યું છે, તે પણ ઉપરનાં બન્નેનાં લક્ષણોથી અતિરિક્ત દેખાય છે. શું જાણીએ કે આમાંનાં નામ સાચાં કે ઓળખાણ સાચી ? પરંતુ અમને એમ તો માનવાનું એમનાજ નિઘંટથી કારણ મળે છે કે, મૂળ મરાઠી વનૌ૦ ગુણા૦ ભાગ ૪ માં શ્રી. પદેજીએ **તુપકડી (મહાબલા)** લખવું જોઇએ, તેને ઠેકાણે ભૂલથી **મહાબલાને** બદલે **નાગબલા** લખ્યું છે. જો એમ માનીએ તો તે તેમના નિઘંટ સાથે મળી રહેવાથી એ વર્ણન ગંગેટીનું નહિ પણ પીળા ફૂલની સહદેવીનું ઠરે છે અને ગંગેટી(મ૦ લેંચી)નું વર્ણન આ ગ્રંથમાં કરેલું જણાતું નથી. (ઇતર ભાષાનાં ગંગેટીનાં નામો અમે એમનાજ નિઘંટમાંથી લીધાં છે.)

ખરબચડાં હોય છે. એ ઝાડ ઉપર બારીક ગોળાકૃતિ ફળ આવે છે. એ ફળ ઉપર કુસો (પુમ) હોય છે. એ ફળ ચાલતાં ચાલતાં વસ્ત્રે ચોંટે છે. એ ફળોની ઘેંસ કરીને ભરવાડ લોકો ખેરની માફક કામળીને ચોપડે છે. ગંગેટીને સંસ્કૃતમાં "ગાંગેરૂકી" પણ કહે છે.+ **ગંગેટી:**—કડવી, મધુર, બલકર, વીર્યપ્રદ, વૃષ્ય, શીતળ તથા સ્નિગ્ધ છે; અને પિત્ત, કફ, અતિસાર, ક્ષત, તાવ, રક્તપિત્ત તથા ત્રિદોષનો નાશ કરે છે. એનાં મૂળીઆંની છાલનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે લેવાથી મૂત્રાતિસારનો નાશ થાય છે. **ઉપયોગ:—(૧) ગાંઠ, ફોલ્લો, ગુમડું વગેરે જલદી ફુટવા માટે:**—ગંગેટીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં કાગડાની હગાર મેળવી ચોપડવી. **(૨) શસ્ત્રનો ઘા પડયો હોય તે ઉપર:**—તુરત ગંગેટીનો રસ તે ઉપર ચોપડવો એટલે જખમ સારો થાય છે. **હૃદ્રોગ, દમ અને ઉધરસ ઉપર:**—ગંગેટીનાં મૂળ ગાયના દૂધમાં પચન કરીને તે પાવાં.

૧૯૩ ગાજર—સં૦ ગાર્જર, ગૃંજન. મ૦ હિં૦ ગાજર. ક૦ ગર્જરી. ફા૦ ગર્દક, ગજર. અ૦ જજરેબરિ. ઇં૦ કયારટ રૂટ. લા. ડાકસ કેરોટા.

ગાજર કંદની પેઠે જમીનમાં થાય છે. એ લાંબુ હોઇ તેનો રંગ રાતો હોય છે. ગાજરના છોડ હાથ સવા હાથ વધે છે. દિલ્હીની પાસે જે ગાજર થાય છે તે સર્વોત્કૃષ્ટ છે. લીલાં ગાજર રોટલી સાથે ખવાય છે અને તેનું શાક થાય છે. તેને બાફીને પણ ખાય છે. દુષ્કાળમાં ગરીબ લોક ગાજર ઉપરજ દિવસ કાઢે છે. ગાય, ભેંસ વગેરે ઢોરને ગાજર ખવરાવવાથી તે પુષ્ટ થઇ ઘણું દૂધ દે છે. ગાજરનાં બી ગર્ભપાતકારક છે. **ગાજર:**—મધુર, રુચ્ય, ગ્રાહક, કડવું, તીખું, રક્તપિત્તકારક, ઉષ્ણ, હૃદ્ય, અગ્નિદીપન, નેત્રને વિકાર કરનાર, વિદાહી, રૂક્ષ તથા પિત્તકર છે; અને આધ્માન, શૂળ, મૂળવ્યાધિ, કૃમિ, સંગ્રહણી, વાત, કફ, તૃષા તથા શુક્રનો નાશ કરે છે. એનાં **બીજ:**—ઉષ્ણ, વૃષ્ય તથા ગર્ભપાતકારક છે. **ઉપયોગ:—(૧) ખરજવા ઉપર:**—ગાજર પીલી તેમાં થોડું મીઠું નાખવું અને પાણી ન રેડતાં તેને બાફી તે ખરજવા ઉપર બાંધવું. એથી ત્વરિત ગુણ આવે છે. **(૨) ઋતુપ્રાપ્તિ માટે:**—ગાજરનાં બી પાણીમાં વાટી પાંચ દિવસ પાવાં.

૧૯૪ ગાંજો (ભાંગ)—સં૦ વિજયા. મ૦ હિં૦ ગાંજા, ભાંગ. બં૦ સિદ્ધિ, ભાંગ, ગાંજા. ક૦ ભાંગ. તૈ૦ જનપરિતુલુ, ગાંજાઇ. બ્ર૦ બિન. ફા૦ કિન્નાવિષ, વરકુલ ખ્યાલ, શત્નવંગ. અ૦ કિન્નવકેન, બુર્બારંક, રૂહુલવંજ. લા૦ કેનાબિસ સેટિવા. ગ્રી૦ ઉદિફ્રુઅસ્. ઇં૦ ઇન્ડિયન હેંપ.

*ગાંજાનાં ઝાડ શુમારે ૩ હાથપર્યંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં બીડીનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ઉપર તોરા આવે છે, તેને ગાંજો કહે છે. તે તોરા કાઢી સુકવે છે. ગાંજાની જે ભૂકી તેને 'ભાંગ' કહે છે. એ ભાંગ વાટી લોક પીએ છે. ગાંજો પીવાથી અને ભાંગ પીવાથી માણસને નશો ચઢે છે; તેથી કાળજું કપાઇ જાય છે, શક્તિ ક્ષીણ થાય છે તથા તેથી માણસને એક પ્રકારનો તોર આવી તે તોરમાં માણસ ઘણોજ ધુંધ થઇ જાય છે અને જેમ તેમ બકે છે. એ એક દુર્વ્યસન છે. એ વ્યસન જે માણસને વળગ્યું હોય તેને 'ગંજેરી' કહે છે. ×**ભાંગ:**—

+ ગંગેટીનું વર્ણન કર્યું છે એ વનસ્પતિનો ઘણા વૈદ્યો ખિરૈટી તરીકે ઉપયોગ કરે છે. બળ-(બેળ)નો ઉપયોગ બલાચતુષ્ટયમાં કોઇક કરતા હોય તો ભલે; કોઈ જોવામાં આવ્યો નથી, પણ ખપાટના અભાવમાં બળનો ઉપયોગ કરે છે.

* ભાંગ અને ગાંજાનાં વૃક્ષ અલગ અલગ થાય છે. ગાંજાના વૃક્ષમાં કળીનો ગુચ્છો આવે છે. ભાંગમાં એ ગુચ્છો આવતો નથી. પાન બંનેનાં સમાન દેખવામાં આવે છે. ભાંગનાં પાન લીલાશ ઉપર રહે છે. ગાંજાનાં પાન કાળાશ પડતાં તથા થોડાં લાંબાં હોય છે. ભાંગનાં બીજ નાનાં અને નરમ હોય છે. ગાંજાના બીજ કઠણ અને થોડાં મોટાં હોય છે.

× વૈદ્યક શાસ્ત્રમાં ભાંગ અને ભાંગનાં બીજ સિવાય એનાં બીજાં કોઈ અંગની વપરાશ થતી દેખાતી નથી. માત્ર ગાંજો કોઇ કોઇ પ્રયોગમાં વપરાય છે.

આયુર્વેદ શાસ્ત્રમાં બે પ્રકારના રોગોની ઔષધિઓમાં એનો પ્રયોગ થાય છે. ઉદરામય પરિ-પાક અને રતિશક્તિ (વિષયશક્તિ) વધારવાને જે ઔષધિઓ તૈયાર કરવામાં આવે છે, તેમાં ભાંગ

પિત્તલ ગ્રાહક, તીક્ષ્ણ, કડવી, ઉષ્ણ, લઘુ, કર્ષણકારક, અગ્નિદીપક, રુચિકર, માદક, વાણીવર્ધક તથા મોહકારક છે; અને કફ તથા વાયુની નાશક છે. **ઉપયોગ:—(૧) ભૂખ ઉપર:—**ભાંગ પીવી. **(૨) મૂળવ્યાધિ ઉપર:—**ભાંગ અને ઢોરનાં શિંગડાંનાં મૂળની (શિંગડાં માટીમાં દટાઇ રહેવાથી તેને જે અંકુર ફૂટી નીકળે છે તેને શિંગડાંનાં મૂળ કહે છે.) ધૂણી આપવી. **(૩) બળદ કિંવા પાડા લોહી મૂતરે છે તે ઉપર:—**ભાંગ, વરીઆળી અને એલચી એકત્ર કરી, વાટી, શક્તિ પ્રમાણે પાવું; અથવા ભાંગ વાટી પાવી. **(૪) અતિસાર ઉપર:—**ગાંજાનું ચૂર્ણ ગોળમાં અથવા સાકરમાં આપવું. **(૫) શ્વાસ ઉપર:—**ગાંજાની રાખ મધમાં આપવી. **(૬) નિદ્રાનાશ, અતિસાર, સંગ્રહણી અને અગ્નિમાંદ્ય ઉપર:—**ભાંગ શેકી તેનું ચૂર્ણ મધમાં આપવું. **(૭) ચોથીઆ તાવ ઉપર:—**ગોળમાં ભાંગ મેળવી બોર જેવડી ગોળીઓ કરવી અને તાવ આવ્યા પહેલાં ચાર ઘડી ઉપર એક ગોળી આપવી. **(૮) ભૂતજ્વર ઉપર:—**ભાંગના ઝાડને સાયંકાળે નોતરી પ્રાતઃકાળે તેનાં મૂળ કાઢી મસ્તકે બાંધવાં.

૧૯૫ ગુગળ—સં૦ ક૦ ગુગ્ગુલ. મ૦ ગુગ્ગળ. હિં૦ ગુગલ-ર. બં૦ ગુગ્ગુલુ. તૈ૦ માહિષાક્ષી. ફા૦ બોએજહુદાન. અ૦ મુષ્કિલેઅર્જક. ઇ૦ ઇંડિયન ડેલિયમ્. લા૦ બાલસમોડેન્ડ્રૂન્ રોકસબુર્ધીઆઇ.

ગુગળનાં ઝાડ **મારવાડ** અને **સિંધ** દેશમાં થાય છે. એ ઝાડ **સિંગાપુર બેટમાં** ઘણાં થાય છે. **ગ્રીષ્મ** ઋતુમાં તાપને લીધે આ ઝાડમાંથી જે **રસ** ઝરે છે, તેને **'ગુગળ'** કહે છે. ધૂપ

વિશેષ નંખાય છે. હમણાંની તપાસથી ભાંગનો એક અદ્‌ભુત ચમત્કાર નજરે પડયો છે. ધનુસ્તંભ રોગમાં એનો ધૂમાડો પાવાથી ધીરે ધીરે આક્ષેપ ઓછો થતો જાય છે; અને રોગીને પણ વધારે દુર્બળતા થતી નથી. વારંવાર ભાંગનો ધૂમાડો પીવાથી દર્દ છૂટી જાય છે.

ડૉકટર કાસ્તગિરે—ભાંગના ધૂમાડાથી છ દરદીઓને ધનુસ્તંભના દરદથી મુક્ત કર્યા હતા. સાત રતી ભાંગ તમાકુનાં સાધારણ પાંદડાં(સૂકાં)માં એક નવી ચલમમાં તમાકુની માફક જમાવીને હુક્કાથી રોગીને પાઇ હતી. આક્ષેપ થવાનું પહેલું લક્ષણ જોતાંજ રોગીને ધૂમ્રપાન કરાવ્યું. ધૂમાડો પીતાંજ રોગી આક્ષેપથી મુક્ત થઇ નેત્ર બંધ કરી સામાન્ય રીતે સૂઇ ગયો. આક્ષેપ થવાનું દેખાતાંજ એજ પ્રમાણે બાર બાર વખત હુક્કો પાવાથી રોગીઓ નીરોગી દેખાયા હતા.

મુંબઇના ડૉકટર જી. સી. લુકસને પરીક્ષા કરી જોયું છે કે, ધૂમ્રપાનથી (૧) આક્ષેપ થોડીવાર સુધી રહે છે. (૨) ધીરે ધીરે આક્ષેપ ઘણી વારે થાય છે. (૩) આક્ષેપનું જોર પણ ધીરે ધીરે ઓછું થાય છે. (૪) આક્ષેપવાળો રોગી દુર્બળ થતો નથી. (૫) વારંવાર પાવાથી આક્ષેપ એકદમ નાશ પામે છે.

ડૉકટર ઓસાગનસિએ અનેક પ્રકારના રોગોમાં ભાંગનો પ્રયોગ કરી પરીક્ષા કરી હતી. એમના કહેવા મુજબ ધનુસ્તંભ, જલાન્તક, વાતરસ, તડકો અને કૉલેરાના રોગોમાં આ ઔષધિ અપાય છે. એમના પછી અંગ્રેજ ડૉકટર લોકો ભાંગને ધનુસ્તંભ અને કૉલેરાનો શ્રેષ્ઠ ઉપાય માને છે.

આ સિવાય યુનાની હકીમોના મત મુજબ તે પ્રમેહ અને અંડવૃદ્ધિને આરામ કરે છે. દૂધમાં ભાંગ વાટી લેપ કરવાથી હરસ મટે છે. પાણીથી સાફ ધોઈ શેકેલી ભાંગનું ચૂર્ણ મધ સાથે ખાવાથી અતિસાર, સંગ્રહણી અને મંદાગ્નિ દૂર થાય છે. ભાંગનો આખો છોડ વાટી તાજા ઘા ઉપર ચોપડવાથી શીઘ્ર આરામ થાય છે. એની માત્રા ૨ થી ૪ રતી છે.

ભાંગ ભસ્મ—એક માટલું લઇ પછી તે અર્ધું આકડાનાં ફૂલો અને કુમળી ટીસીઓથી ભરી, તેના ઉપર ૪૦ તોલા સુડાપંખી ભાંગ પાથરી, તેના ઉપર સુરોખાર ૪૦ તોલા પાથરી, વળી તેના ઉપર તેટલીજ સુડાપંખી ભાંગ પાથરી, બાકી રહેલ માટલું પાછું આકડાની ટીસીઓ અને ફૂલોથી ભરી, ઉપર ઢાંકણું છાંદી લઇ, અડાયાં છાણાંની ભઠ્ઠીમાં તે માટલું મૂકી સળગાવવું. એથી ભસ્મ તૈયાર થશે. તે તુલસીના પાનમાં, નાગરવેલમાં, માખણમાં કે મધમાં આપવાથી ઉધરસ, છાતીનો દુખાવો અને બીજા ભયંકર ઉદરરોગો તેમજ શળ પણ શાંત થાય છે. ઝાડો સાફ લાવે છે. આ ઉપાય અમને લખનોરના ચુનીલાલ કવિજી તરફથી મળ્યો છે.

કરવાના કામમાં એનો ઘણો ઉપયોગ થાય છે. એનો ધૂપ કરવાથી હવા શુદ્ધ થઇ હવામાંહેનાં રોગકારક દ્રવ્યો નાશ પામે છે. એ એનાથી મોટો ફાયદો છે. દેવની આગળ નિત્ય ધૂપ કરવાનું કહ્યું છે, તેનું મૂળ કારણ તો આજ હોવું જોઇએ. **ગુગળ:**—**મહિષાક્ષ, મહાનિલ, કુમુદ, પદ્મ અને હિરણ્ય,** એ રીતે પાંચ પ્રકારનો છે. તે કડવો, તીખો, રસાયન, ઉષ્ણ, વિશદ, પિત્તલ, સારક, તૂરો, લઘુ, પાચક, વૃષ્ય, ભાગેલા હાડકાનું સંધાન કરનાર, સૂક્ષ્મ, સ્વર્ય, અગ્નિદીપક, બીનો, મધુર, બલ્ય, તીક્ષ્ણ, સ્નિગ્ધ, સુગંધિ, પૌષ્ટિક, કાંતિકર તથા ભેદક છે; અને કફ, વાયુ, કાસ, કૃમિ, વાતોદર, શ્લેષ્મ, સોજો, અર્શ, પ્રમેહ, મેદોરોગ, વાતરક્ત, રક્તદોષ, ગ્રંથિરોગ, ગંડમાલા, વ્રણ, અપચી, પિટકા, આમ, કંડૂ, કોઢ, ઉલટી, આમવાયુ તથા અશ્મરીનો નાશ કરે છે. એ નવો હોય તો ધાતુવર્ધક અને વૃષ્ય છે અને જૂનો હોય તો અતિ લેખક છે. **મહિષાક્ષ** (ભેંસાગુગળ) અને **મહાનીલ** એ બે હાથીને ઉપયોગી; અને **કુમુદ** તથા **પદ્મ** એ ઘોડાને ઉપયોગી; અને **હિરણ્ય** એ માણસને ઉપયોગી છે. કોઈ વખત **મહિષાક્ષ** પણ માણસના ઉપયોગમાં આવે છે. ગુગળ મધુર છે તેથી વાતશમન અને તૂરો છે, એટલે પિત્તનાશક તથા કડવો છે; માટે કફનાશક છે. એ પ્રકારે એ સર્વ દોષનાશક છે. **કણ, ગુગળ:**—તીખો, ઉષ્ણ, સુરભિ તથા રસાયન છે; અને વાયુ, શૂળ, ગુલ્મ, ઉદર, આધ્માનવાયુ તથા કફનો નાશક છે. **ભૂમિજ ગુગળ:**—એ તીખો, કડવો તથા ઉષ્ણ છે; અને કફ, વાત તથા પિશાચબાધાને દૂર કરે છે. **ગુગળની શુદ્ધિ:**—એક કલઈવાળું તપેલું લઇ તેમાં ત્રિફળાં અને પાણી સમભાગે નાખવું; અને તે ઉપર એક કપડું બાંધી પછી તે ઉપર ગુગળનું ચૂર્ણ નાખી ઉપર ઢાંકણું વાસી તે ગુગળ સીજવવો, એટલે તે શુદ્ધ થાય છે.×
ઉપયોગ:—**(૧) કપાળ દુખે છે તે ઉપર:**—ગુગળ પાણીમાં ઘસી તેનો કપાળ ઉપર લેપ કરવો, એટલે કપાળ દુખતું બંધ થાય છે. **(૨) બાંબલાઈ ઉપર:**—ગુગળ અને આમલીના કચુકા પાણીમાં ઘસી લેપ કરવો. **(૩) દાઢ દુખે છે તે ઉપર:**—ગુગળ અને હીરાબોળ ઘસી દાઢે ચોપડવો. **(૪) શરદીથી શરીરમાં સણકા થતા હોય તો:**—ગુગળ અને સુંઠ ભેગાં ઘસી લેપ કરી ઉપર શેક કરવો. **(૫) કાનખજુરો કરડયો હોય તો:**—ગુગળની ધૂણી આપવી. **(૬) યોગરાજ ગુગળ:**—વાવડીંગ, ધાણા, હિંગ, ગજપીપર, કાળીપાટ, જીરૂં, અતિવિષ, લીંડીપીપર, પીપળીમૂળ, ચવક, ચિત્રાનાં મૂળ, સુંઠ, અજમોદ, મોરવેલ, વજ, રેણુકબીજ, કપિલો, ભારંગમૂળ, ઇંદ્રજવ, ધોળો શરસંડો તથા કડુ, એ સર્વ ઔષધોથી બમણાં ત્રિફળાં તથા ત્રમણો શુદ્ધ ગુગળ નાખી તેની ગોળીઓ કરવી. તે ગોળી મધમાં ખવરાવવી. એટલે તે સંગ્રહણી, વાયુ, વૃદ્ધત્વ, શુક્રાર્તવદોષ, પાંડુરોગ, અગ્નિમાંદ્ય, હૃદ્રોગ, ત્વગ્રોગ, શૂળ, પ્રમેહ, વ્રણ, મૂળવ્યાધિ, અરુચિ, વાતરક્ત, ઉધરસ, અપસ્માર તથા રાજયક્ષ્માનો નાશ કરે છે. આ ગોળી રાસ્નાના કાઢામાં આપવાનો મુખ્ય રિવાજ છે. એ પ્રમાણે યોજવાથી આમવાત ઉપર ઘણી ગુણકારી અસર થાય છે. આ ગોળી **બોપદેવ શતકમાં** કહેલી છે. **(૭) બીજી યોગરાજ ગોળીઓ:**—સુંઠ, પીપળીમૂળ, ચવક, ચિત્રક, મરી, શેકેલી હિંગ, અજમોદ, સરસવ, જીરૂં, શાહજીરૂં, રેણુકબીજ, ઇંદ્રજવ, કાળીપાટ, વાવડીંગ, ગજપીપર, કડુ, અતિવિષ, ભારંગમૂળ, વજ, મોરવેલ તમાલપત્ર, દેવદાર, લીંડીપીપર, કોઠ, રાસ્ના, નાગરમોથ, સિંધવ, એલચી,

---

× ગુગળનાં ઝાડો રેતાળ અથવા ડુંગરાળ જમીનમાં થાય છે. પાંદડાં નાનાં નાનાં લીમડાનાં પાંદડાં જેવાં પણ અણી વગરનાં હોય છે. ફૂલ રાતા રંગનાં અતિશય ઝીણાં પાંચ પાંખડીવાળાં મંજરીની વચમાં થાય છે. ફળ નાના બોરના જેવડાં પણ ત્રણ ધારવાળાં થાય છે તેને ગુંગળિયા કહે છે. એ ફળો ઉદરની પીડાને દૂર કરે છે. એ ઝાડના ગુંદને ગુગળ કહે છે. ગુગળ શુદ્ધ કર્યા સિવાય વપરાતો નથી; તોપણ માટી વગરની ચોખ્ખી કાંકરી કેટલાક શૂળના દરદીઓ ગળી જાય છે. ગુગળનો ધૂમાડો મોઢાને લાગે તો તેનાથી મોઢું આવી દરદીની ભયંકર દશા થાય છે. એ પ્રયોગમાં ગુગળ હિંગળોના ધૂમાડાની માફકજ રસાયન છે; માટે એનો ધૂમાડો મોઢાને આપતા નથી; તોપણ સાવચેતીથી તાવના દરદીને ગળા સુધી મજબૂત જાડું કપડું ઓઢાડી શરીરના ભાગને ગુગળની ધૂણી આપી સુવાડે છે. એથી આખા શરીરે પ્રસ્વેદ થઈ તાવ ઉતરી જાય છે. આ ધૂણીનો પ્રયોગ રાત્રિના ૯ થી ૧૨ વાગ્યા સુધીમાંજ કરવો.

ઓખરૂ, ત્રિફળાં, ધાણા, તજ, વાળો, જવખાર તથા તલ, એ પ્રત્યેકનું સમભાગ ચૂર્ણ કરી એ ચૂર્ણના જેટલો શુદ્ધ ગુગળ નાખી ઘીમાં મર્દન કરવું. સર્વ ચૂર્ણ એકરસ થયા પછી ગોળો કરી ઘીના વાસણમાં ભરી રાખવો. તેમાંથી અર્ધો તોલો ભક્ષણ કરવું. આ યોગરાજ ગુગળ મુખ્યત્વે કરી જરા અને વ્યાધિનો નાશ કરે છે. એ સેવન કરવામાં મૈથુન, ભોજન અને પાન, એની પરેજી નથી. આ યોગરાજ ગુગળ—સંપૂર્ણ વાતરોગ, આમવાત, અપસ્માર, વાતરક્ત, કોઢ, દુષ્ટવ્રણ, અર્શરોગ, પ્લીહા, ગુલ્મ, ઉદર, આનાહ, અગ્નિમાંદ્ય, શ્વાસ, કાસ, અરુચિ, પ્રમેહ, નાભિશૂળ, કૃમિ, ક્ષય, હૃદ્રોગ, શુક્રદોષ, ઉદાવર્ત અને ભગંદરનો નાશ કરે છે. આ ગુગળ ત્રણ માસાથી લઇ સાત સાત દિવસે થોડો થોડો વધારતાં તોલા સુધી વધારવો. એ સર્વ પ્રકારના વાતરોગ ઉપર રાસ્નાના કાઢામાં, મેહરોગ ઉપર દારુ-હળદરના કાઢામાં, વાતરક્ત ઉપર ગળોના કાઢામાં, પાંડુરોગ ઉપર ગોમૂત્રમાં, મેદવૃદ્ધિ ઉપર મધમાં, કોઢ ઉપર લીમડાના કાઢામાં, શૂળ ઉપર મૂળાના કાઢામાં, ઉંદરના વિષ ઉપર પહાડમૂળના કાઢામાં, ઉગ્ર નેત્રરોગ ઉપર ત્રિફળાંના કાઢામાં તથા સંપૂર્ણ ઉદરરોગ ઉપર પુનર્નવા(સાટોડી)ના કાઢામાં આપવો. **(૮) કૈશોરક (કિશોર) ગુગળ:**—ગળો ૨ શેર, ગુગળ ૧ શેર અને ત્રિફળાં ૧ શેર, એ ત્રણેમાં ૧૬ શેર પાણી નાખી કાઢો કરવો અને આઠ શેર બાકી રહે એટલે ગાળી પુનઃ ઉકાળવો. તે ગાઢો થવા આવે એટલે તેમાં નીચેનાં ઔષધો નાખવાં. મરી, લીંડીપીપર, વાવડીંગ, સુંઠ તથા ત્રિફળાં, એ બબ્બે તોલા ચૂર્ણ કરી નાખવાં; અને નસોતર તથા દંતીમૂળ એ એક તોલો નાખવાં. ગળો ૪ તોલા બારીક કરી નાખવી.* તે સર્વ ગાઢું થાય એટલે ત્રણ ત્રણ માસાની ગોળીઓ કરવી. આ કૈશોરક ગુગળ સોજો, વ્રણ, ગુલ્મ, કોઢ, ઉદરરોગ, વાતરક્ત, ઉધરસ, અગ્નિમાંદ્ય, પાંડુ તથા પ્રમેહને દૂર કરે છે. **(૯) દ્વાત્રંશક (બત્રીશો) ગુગળ:**—ત્રિકટુ, ત્રિફળાં, નાગરમોથ, વાવડીંગ, ચવક, ચિત્રક, તજ, એલચીદોડા, પીપળીમૂળ, શેરણી× દેવદાર, ચિત્રો, પુષ્કરમૂળ, કોલિંજન, અતિવિષ, દારૂહળદર, હળદર, ગરમાળો, જીરૂં, વરિયાળી, ધમાસો, સંચળ, જવખાર, ટંકણખાર, ગજપીપર અને સિંધવ એ એક એક ભાગ, એ બધાં ઔષધોના બરાબર ગુગળ લઇ રીત પ્રમાણે સિદ્ધ કરી બોર જેવડી ગોળીઓ કરી મધ સાથે કિંવા ઘી સાથે પ્રાતઃકાળે ભક્ષણ કરવી. એટલે આમ, ઉદાવર્ત તથા અંડવૃદ્ધિ અને ગુદાના કૃમિનો નાશ થાય છે; તથા મહાજ્વરવડે પીડિત, ભૂતબાધા થયેલા; અને આનાહ, ઉન્માદ, કોઢ, પાર્શ્વશૂળ, હૃદ્રોગ, ગૃધ્રસી, હનુસ્તંભ, પક્ષાઘાત, અપતાનક, શોફ, પ્લીહા, કમળો અને અપચી, એ રોગવાળા માણસને તે હિતકારક છે. ધન્વંતરિકૃત આ મોટો યોગ સર્વ રોગોનો નાશ કરનારો છે. **(૧૦) વિશ્વાદ્ય ગુગળ:**—શતાવરી, એરંડમૂળ, સુંઠ, દારૂહળદર, કોષ્ટ, સિંધવ, રાસ્ના તથા ગળો, એ સર્વના ચૂર્ણથી બમણો શુદ્ધ ગુગળ એકત્ર કરી તેની ગોળીઓ કરી એકેક આપવી તથા પથ્ય પળાવવું; એટલે આમવાત નાશ પામે છે. **(૧૧) બીજો પ્રકાર:**—સુંઠ, પીપળીમૂળ, વાવડીંગ, દેવદાર, સિંધવ, રાસ્ના, ચિત્રક, અજમો, મરી, કોષ્ટ તથા હરડે, એ સમભાગ અને બમણો ગુગળ એકત્ર કરી તે ઘીમાં આપવું. એટલે વાયુ, મરકી, ગુલ્મ, શૂળ, કફ અને ગૃધ્રસીનો નાશ થાય છે. **(૧૨) રાસ્નાદિ ગુગળ:**—રાસ્ના, ગળોનું સત્ત્વ, એરંડમૂળ, દેવદાર અને સુંઠ, એ એકેક ભાગ તથા એ બધાંની બરાબર ગુગળ લઈ એકત્ર ખરલ કરી તે ખાવું. એટલે વાયુ, શિરોરોગ, નાડીવ્રણ તથા ભગંદરનો

* યદ્યપિ આ કિશોર ગુગળ શ્રી૦ પદેજીએ બોપદેવ શતકમાંથી લીધેલો જણાય છે અને તેમાં તેજ પ્રમાણે છે; પરંતુ આ કિશોર ગુગળ અમૃતસાગરના કર્તાએ વૈદ્યરહસ્યમાંથી લીધો છે. તેમાં મરીથી ગળો સુધીની આઠ ઔષધિઓના બદલે પારો ટાંક ૨॥, નસોતર ટાંક ૨॥, ગળો ટાંક ૨॥ અને દંતી ટાંક ૨॥ લઇ પારાગંધકની પ્રથમ કાજળી કરી બાકીનાં સર્વ ઔષધો બારીક વાટી કાજળી કરી ઉપરના ગુગળમાં નાખવાનું લખેલ છે. જુઓ બોરસદનું અમૃતસાગર પૃષ્ઠ ૧૨૧. વળી એ ગ્રંથમાં કિશોર ગુગળ ખાનારે ખેદ, તડકો, અગ્નિતાપ, ખટાશ, માંસ, દહીં, મૈથુન, મીઠું, તેલ અને માર્ગમાં ચાલવાનું (ખેપ) વર્જ્ય કરેલ છે.

× અહીં અમૃતસાગરમાં શેરણીનું ગુજરાતી નામ ખેંણી આપ્યું છે.

નાશ થાય છે. (૧૩) કાંચનાર ગુગળ:—કાંચન વૃક્ષની છાલ ૪૦ તોલા; હરડાં, બહેડાં, આમળાં, એ ત્રણે આઠ આઠ તોલા; સુંઠ, મરી ને લીંડીપીપર, એ ત્રણ ઔષધ ચાર ચાર તોલા અને વાયવર્ણો ૪ તોલા; તથા એલચી, તમાલપત્ર અને તજ એકેક તોલો લેવાં. પછી બધાં ઔષધો ખાંડી, ચૂર્ણ કરી, તેના સમભાગ શુદ્ધ કરેલો ગુગળ લઇ વાટી તેમાં આ ચૂર્ણ મેળવી તેની ગોળીઓ ૪ માસા પ્રમાણની કરી, પ્રાતઃકાળે સુંઠના કાઢામાં અથવા ખેરની અંતરછાલના કાઢામાં; અથવા હરડેના કાઢામાં અગર ગરમ પાણીમાં એકેક ગોળી આપવી, તેથી કરી ભયંકર ગંડમાલા અને ગંડમાલાનો ભેદ અપચી રોગ, અર્બુદ, ફોડકીઓ, વ્રણ, ગુલ્મ તથા ભગંદર, એ રોગો દૂર થાય છે. (૧૪) ત્રિફળા ગુગળ:—હરડાં, બહેડાં, આમળાં અને લીંડીપીપર, એ ચાર ચાર તોલા લઇ ચૂર્ણ કરવું; પછી શુદ્ધ કરેલો ગુગળ ૨૦ તોલા જેટલો લઇ ખૂબ વાટી તેમાં તે ચૂર્ણ મેળવી, ખાંડીને ગોળીઓ કરી, રોગીના જઠરાગ્નિબળનું તારતમ્ય જોઇ આપવી. તેથી કરી વિદ્રધિ, નાડીવ્રણ, ગંડમાલા, ભગંદર, સોજો, ગુલ્મ તથા મૂળવ્યાધિ એ રોગો દૂર થાય છે. (૧૫) ગોક્ષુરાદ ગુગળ:—૨૮ પળ (૧૧૨ તોલા) ગોખરૂ લાવી થોડાં ખાંડી તેમાં ૬ ગણું પાણી નાખી અર્ધું પાણી રહે ત્યાંસુધી તે કાઢો કઢવવો; પછી શુદ્ધ કરેલો ગુગળ સાત પળ (૨૮ તોલા) જેટલો લઈ સારો ખાંડી અથવા વાટી તે કાઢામાં નાખી, ફરી ગોળના પાક જેવો ઘટ્ટ થાય ત્યાંસુધી કઢવવો. પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીપર, હરડાં, બહેડાં, આમળાં તથા નાગરમોથ, એ સાત ઔષધો ચાર ચાર તોલા લઈ ચૂર્ણ કરી તે પાકમાં મેળવી તેની ગોળીઓ કરી આપવી; તેથી પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પ્રદર, મૂત્રાઘાત, વાતરક્ત, વાતરોગ, ધાતુવિકાર તથા પથરી, એ રોગોનો નાશ થાય છે.(૧૬) લાક્ષાદિ ગુગળ:—લાખ, હાડસંધિ, અરજુન સાજડ, આસંધ, નાગબલા અને ગુગળ, એનું ચૂર્ણ કરવું. એ અસ્થિભંગ અને મુક્તાસ્થિને ફાયદો કરે છે, અને શરીર વજ્ર જેવું થાય છે. (૧૭) આભાદિ ગુગળ:—બાવળીઆનાં બી ૧ ભાગ, ત્રિફળાં ૩ ભાગ તથા ત્રિકટુ ૩ ભાગ, એ બધાંની બરોબર ગુગળ નાખી તે ભાગેલા હાડકાને સાંધવા માટે વાપરવો. એ ઘી અને મધમાં સેવન કરવા આપવો. (૧૮) ગુલ્મ અને શૂળ ઉપર:—શુદ્ધ ગુગળ ગોમૂત્રમાં આપવો. (૧૯) વિડંગાદ્ય ગુગળ:—વાવડીંગ, હરડાં, બહેડાં, આમળાં, સુંઠ, મરી તથા લીંડીપીપર એના બરોબર ગુગળ લઇ એ સર્વ ઘીમાં ખરલ કરી ગોળી ખાવી; પથ્ય પાળવું; એટલે દુષ્ટ વ્રણ, નાડીવ્રણ, અપચી, મેહ તથા કોઢ, એ સર્વ નાશ થાય છે. (૨૦) ગુગ્ગુલાદિ લેપ:—ગુગળ, ત્રિફળાં, સુંઠ મરી તથા લીંડીપીપર, એ સમભાગ વાટી લેપ કરવો; તેથી દુષ્ટ નાડીવ્રણનો તથા ભગંદરનો નાશ થાય છે. (૨૧) અમૃતાદિ ગુગળ:—ગળો, કડવી પંડોળીનાં મૂળ, સુંઠ, મરી, લીંડીપીપર, ત્રિફળા તથા વાવડીંગ, એના સમભાગ ગુગળ નાખી એકેક તોલાની ગોળી કરવી. તે દરરોજ એક એક ખાવી; તેથી વ્રણ, વાતરક્ત ગુલ્મ, ઉદરરોગ, પાંડુ અને સોજાનો નાશ થાય છે. (૨૨) પથ્યા ગુગળ:—હરડાં ૧૦૦, બહેડાં ૨૦૦, આમળાં ૪૦૦ અને ગુગળ ૬૪ તોલા, એ સર્વ ૧૦૨૪ તોલા પાણીમાં રાત્રે પલાળી રાખી પ્રાતઃકાળે કઢવી અર્ધું શેષ રહે એટલે ગાળી લઇ ફરી લોખંડના વાસણમાં કઢવવું; તથા ઉતાર્યા પછી તેમાં વાવડીંગ, દાંતીમૂળ, ત્રિફળાં, ગળો, લીંડીપીપર, નસોતર, સુંઠ તથા મરી, એ દરેકનું ચૂર્ણ બે તોલા પ્રમાણે નાખવું, જેથી આ ગુગળ તૈયાર થાય છે. આ ગુગળ યથેષ્ટ ભોજન અને યથેષ્ટ આચરણ કરનારા માણસે પણ સેવન કરવું; જેથી દરેક રોગનો નાશ થશે. એ ગૃધ્રસી, નવી ખંજતા, પ્લીહા, ઉગ્ર જઠર, પંગુતા, પાંડુત્વ, કંડૂ (ખરજ) કૃમિ અને વાતરક્તનો નાશ કરે છે. આ ગુગળ સેવન કરવાથી માણસ અપ્રતિમ સામર્થ્યવાન તથા બળમાં હાથી જેવો અને વેગમાં ઘોડા જેવો બને છે. આ પથ્યા ગુગળ આયુષ્ય, ચક્ષુર્બલ અને પુષ્ટિ આપે છે. વળી તે વિષનાશક અને ચાંદીઓને સારો કરનાર છે; માટે વૈદ્યોએ એને સર્વ રોગોમાં યોજેલો છે. ગુગળમાં અપથ્ય:—ખાટું, તીખું, ઘણું ખાવું, મૈથુન, શ્રમ, તડકો, મદ્ય અને ક્રોધ.

૧૯૬ ગુરસુળી—(મ૦ ઉમળી) ગુરસુળીનો વેલો બે અઢી વેંત પહોળો હોય તે સો પચાસ હાથ ઉંચો જાય છે. વેલો દક્ષિણ કોંકણના રાનમાં થાય છે. આ વેલો ૨૫–૩૦ વર્ષ-

ખાંત ટકે છે. એનાં ફળોની આકૃતિ જાંબુ જેવી હોઇ કિંચિત્ લાંબી હોય છે. આ ફળો ગરીબ લોકો શેકીને કિંવા બાફીને ખાય છે. ફળ ઘણાં ખાવામાં આવ્યાથી ઉપદ્રવ થાય છે.

૧૯૭ ગુલછબુ (ગુલછડી)—સં૦ મરંજીકા, નલિકા. હિં૦ મ૦ ગુલછડી. બં૦ નાલુકા.

ગુલછબુનાં ઝાડ નાનાં હોય છે. એના કંદ થાય છે. તેમાંથી એની ઉત્પત્તિ થાય છે. આ ઝાડને ડુંગળી જેવાં પાંદડાં આવે છે. તેમાંથી એક દાંડો બે અઢી હાથ લંબાઇનો ઉત્પન્ન થઈ તેને તોરા આવે છે, અને તે તોરામાંથી ફૂલો આવે છે. એ ફૂલો જાડી કળીનાં અને લાંબાં હોય છે. એનો વાસ ઘણોજ મધુર અને સુવાસિક હોય છે. **ગુલછબુ:**—તૂરૂં, સ્નિગ્ધ તથા લઘુ છે; અને કોઢ તથા ગલગંડનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) નાના બાળકને બાર દિવસની અંદરજ રાતી ફોડકીઓ થઇ આવે છે તે ઉપર:**—ગુલછબુનાં મૂળ અને હળદર પાણીમાં ઘસી તેમાં થોડું માખણ નાખી શરીરે ચોળવું; એટલે ફોડકીઓ જલદી શમી જાય છે. **(૨) બાઢ ઉપર:**—ગુલછબુનાં મૂળ ઘીના રસમાં ચંદનની પેઠે ઘસી લેપ કરવો.

૧૯૮ **ગુલદાવરી**—(સં૦ શિવવલ્લભા. મ૦ દવણુ શેવતી. બં૦ શેઉતિ.) આ શેવતીનાં ઝાડ વેંત દોઢવેંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં નકસીદાર હોય છે. મધ્યમાં ઘણે ઠેકાણે કાપાની પેઠે હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો આવે છે. જંગલી જાતિના એટલે વાવેતર ન કરેલા ઝાડનાં પાંદડાં નાનાં હોય છે; પરંતુ બાગમાં વાવેલા ઝાડનાં પાંદડાં હથેળી જેવડાં હોય છે અને એ પાંદડાંનો વાસ નાની જાતિનાં પાંદડાં કરતાં કમી હોય છે. નાનાં પાંદડાંનો વાસ ઘણોજ હોય છે. એમાં પીળી અને ધોળી એવી બે જાતિ છે. બન્ને જાતિનાં ફૂલ રાઓડી જેવાં અથવા ગેંદા જેવાં હોય છે. જંગલી જાતિનાં ફૂલો નાનાં હોય છે. એને "શેવતી" એમ પણ કહે છે. હિંદુસ્તાનીમાં એને ગુલદાવરી અને ગુલચિની કહે છે.

૧૯૯ **ગુલબાશી**—સં૦ નકતા. મ૦ ગુલબાશી, સાયંકાળી. બં૦ વિષઘ્નાંગુલિયા. હિં૦ ગુલવાસ.

એનાં ઝાડ નાનાં હોય છે. પાંદડાં નાનાં હોઇ લાંબાં અને મૃદુ હોય છે. ગુલબાશીમાં ધોળી, પીળી તથા રાતી વગેરે અનેક રંગની જાતિ છે. ઔષધોમાં ધોળી ગુલબાશી વધારે ગુણાવહ છે. **ગુલબાશી:**—વાતલ, શીત અને ગલગંડની નાશક તથા અપક્વ અર્શને શમાવનારી છે. **ઉપયોગ:—(૧) નવા અને ગુમડાં ઉપર:**—ગુલબાશીનાં પાંદડાંને ઘી ચોપડી શેકી ગુમડા ઉપર બાંધવાથી અંદરનું ખરાબ લોહી નીકળી જાય છે; કિંવા ગુલબાશીનો કંદ પાણીમાં ઘસી તેનો વારંવાર લેપ કરવો. **(૨) પુષ્ટિ ઉપર:**—ધોળી ગુલબાશીનો કંદ લાવી, જરાક પીસી, સુકવી તેનું ચૂર્ણ કરી તે ઘીમાં કિંચિત્ શેકી તેમાં બદામ, પિસ્તાં, ચારોળી વગેરે મસાલો નાખી, સાકરના પાકમાં મિશ્ર કરી થેપલાં કરવાં. આ પાક નિત્ય તોલો—બે તોલા ખાઈ ઉપર ગાયનું તાજું દૂધ પીવું, એટલે ધાતુસ્થાનની કડકી દૂર થઇ ધાતુવૃદ્ધિ થાય છે અને શરીર પુષ્ટ થાય છે. **(૩) ધાત પડે છે તે ઉપર:**—ધોળી ગુલબાશીના કાંદા ગાયના દૂધમાં ઘસી ૭ દિવસ પાવા. **(૪) શરીરમાંહેની ગરમી નીકળી જવા માટે અને રક્તશુદ્ધિ થવા માટે:**—ધોળી ગુલબાશીનો કંદ ગાયના તાજા દૂધમાં ૧ તોલાપર્યંત ઘસી તેમાં સાકર ૧ તોલો અને જીરાની ભૂકી ૬ ગુંજાભાર નાખી એ વખત આપવું અને પથ્ય પાળવું, એટલે જલદી ગુણ આવે છે. **(૫) નિર્લોમકરણ:**—ગુલબાશીના કાંદા પાણીમાં વાટી તેનો લેપ કરવો એટલે કેશ ગરી પડે છે.

૨૦૦ **ગુલાબ**—સં૦ તરુણી. મ૦ હિં૦ ગુલાબ. ક૦ ચેરડે. બં૦ ગોલાપ. તે૦ ગુલાબીપુવુ. ફા૦ ગુલેસુર્ખ. અ૦ જરંજબીન. ગુલાબનાં ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એ નાનાં હોય છે અને એને કાંટા આવે છે. એમાં **ગુલાબી પીળી, ધોળી, રાતી** વગેરે જાતિ છે. ઉત્તમ ગુલાબનાં ઝાડ **અરબસ્તાન** અને **તુર્કસ્તાન** દેશમાં થાય છે. ગુલાબનાં ફૂલોનું **અત્તર** અને **ગુલાબજળ** થાય છે. ગુલાબનાં ફૂલોનો વાસ ઘણો સુવાસિક આવે છે. ગુલાબની કળીઓ સારક છે. **ગુલાબજળ** ઠંડુ છે. ફૂલોની પાંખડીઓનો **ગુલકંદ** કરે છે. **ઉપયોગ:—(૧) રેચ થવા માટે:**—થોડી સુકાયેલી ગુલાબની કળીઓ સાકર સાથે ખાઇ ઉપર થોડું પાણી પીવું એટલે રેચ થાય છે; અથવા કળીઓ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારમાં તે પાણી ગાળીને પીવું. **બીજો પ્રકાર:**—સુકાયેલી

ગુલાબની કળીઓ ભાતમાં બાફી તે ઘી અને સાકર નાખી ખાવો, એટલે જલદી રેચ થવા લાગે છે. એથી ગ્લાનિ વગેરે કાંઈ પણ ન થતાં રેચ પણ સાફ આવે છે. **(૨) ગુલકંદ બનાવવાની રીત:**—ઉંચા ગુલાબનાં ફૂલો લઈ પાંખડીઓ કાઢવી. તે પાંખડીઓથી બમણી સાકર લઇ બરણીમાં કિંવા લોટામાં પાંખડીઓ અને સાકરના થરપર થર દેવા અને તેનું મેં બંધ કરી આઠ દિવસ તાપમાં ટાંગી રાખવું; એટલે ગુલકંદ તૈયાર થાય છે. આ ગુલકંદ દાહશામક, પિત્તશામક અને મળની શુદ્ધિ કરનાર છે. **(૩) ગુલાબનું અત્તર કાઢવાની રીત:**—ઘણાં ફૂલો એક વાસણમાં નાખી ઉકાળવાં અને તેને ઉભરો આવે એટલે તે વાસણ નીચે ઉતારી નાખવું. પછી તે ઠંડુ થયા પછી અત્તરની તોર પાણી ઉપર આવે છે તે કાઢી લઇ શીશીમાં ભરવું. એક મણ ફૂલોમાંથી ૧ તોલાભાર અત્તર પણ નીકળતું નથી; એટલે એ મોંઘું વેચાય છે. તોરની નીચે જે પાણી રહે છે તેને 'ગુલાબજળ' કહે છે. **(૪) ગુલાબનું સરબત:**—ગુલાબજળમાં સાકર નાખી સરબતી પાક કરવાથી સુવાસિત સરબત થાય છે. એ સરબત ગરમીનો નાશ કરનારૂં તથા ઠંડુ હોવાથી ઉનાળાના દિવસોમાં સેવન કરવા યોગ્ય છે. **(૫) આંખોમાં બળતરા થતી હોય કિંવા તેજ કમી થયું હોય તો:**—ગુલાબજળ આંખોમાં આંજવું. **(૬) આંકડી ઉપર:**—નાક, કપાળ અને આંખોએ રૂનાં પુમડાંથી ગુલાબજળ ચોપડવું. **(૭) પ્રદર, ધાતુવિકાર, રક્તમૂળવ્યાધિ, પિત્તવિકાર ઇત્યાદિ ઉપર:**—સવારે અને સાયંકાળે ગુલાબનાં તાજાં ફૂલો દર વખતે પાંચ લઇ, તે ત્રણ માસા સાકર સાથે ખાવાં અને ઉપર થોડું ગાયનું દૂધ ૧૪ દિવસ પીવું. એટલે ઉપરના સર્વ વિકારો દૂર થાય છે તથા મળશુદ્ધિ થાય છે. મૂત્રસ્થાનનો દાહ, સણકા, મૂત્રની આરક્તતા તથા પીળાપણું ઇત્યાદિ વિકારો ઉપર પણ આ અપ્રતિમ ઔષધ છે. **(૮) ખસ, દાદર વગેરે ત્વગ્દોષ ઉપર:**—ગુલાબકળીનો રેચ આપવો એટલે સારો ફાયદો થશે. **(૯) ત્વગ્દોષ ઉપર:**—ગુલકંદ ખાવાથી રક્તશુદ્ધિ થઈ શરીર માંહેની ગરમી નીકળી જાય છે. **(૧૦) આંખો માંહેની ગરમી નીકળી જવા માટે:**—સુરમાને ગુલાબજળની ૨૧ ભાવનાઓ આપી તે સુરમો આંખોમાં આંજવો. **(૧૧) ત્વગ્દોષ ઉપર:**—કપૂર, ટંકણખાર, ગંધક અને વિશેષ ધૂપ (ઇસેસ), એને ગુલાબજળમાં ખરલ કરી થેપલી કરવી અને એ થેપલી પાણીમાં ઘસી લેપ કરવો.

૨૦૧ ગુંદી—સં૦ લઘુશ્લેષ્માતક. મ૦ ગોધણી. હિં૦ ગુંદની, લસેરા. ક૦ માણાડિકેચળે-મારા, સણ્ણચળુ. તા૦ પેરિયાનારૂ-વિલિ. મલા૦ નરૂવરિ. તૈ૦ નાકેરૂ. લા૦ કોર્ડિયામિકસા.

આ ઝાડ કોંકણમાં પ્રસિદ્ધ છે. એ કાકડગુંદાની જાતિનું વૃક્ષ છે. એ ઝાડ ઘણુંજ ઉંચું વધે છે. એને લાલ રંગનાં ફળો આવે છે, તે કાકડગુંદા (વડગુંદા) કરતાં મીઠાં લાગે છે. લોકો એનાં ફળો પ્રેમથી ખાય છે. એ ફળો પૌષ્ટિક છે, એ ફળો માંહેનો રસ ગુંદરની પેઠે ઉપયોગમાં આવે છે. એનું લાકડું ચીકણું હોઇ સુતારી કામમાં પણ ઉપયોગી છે. **ગુંદી:**—વાતકારક, મધુર, કિંચિત્ શીતળ, કૃમિનાશક અને સુવર્ણમારક છે.× **ઉપયોગ:—(૧) દાંત દુખે છે તે ઉપર:**—ગુંદીની છાલનો કાઢો કરી તેના કોગળા કરવા. **(૨) પૌષ્ટિક લાડુ:**—એનાં ફળો સૂકવી તેનું ચૂર્ણ કરી સાકરના પાકમાં લાડુ કરવા. એ પૌષ્ટિક છે અને એનું સેવન કરવાથી કંમરમાં જોર આવે છે.

૨૦૨ ગોખરૂ બોડા—સં૦ ગોક્ષુરક. મ૦ હિં૦ ગોખરૂ. ક૦ દોડ્ડ નેગ્ગિલુ. તૈ૦ પેદ્દા પાલેરૂ. બં૦ ગોખરી. તા૦ એનેનેરિંજલ. મલા૦ કાકમુલ્લા, કત્તુનેરિનિલ. ફા૦ તુખ્મેખારરક. અ૦ બજરલ્ ખસ્ક. લા૦ પેડેલિયમ્ મ્યુરેક્સ.

× ગુંદીની સુપ્રસિદ્ધ બે જાતો છે. ગુંદી અને વડગુંદા (કાકડગુંદી). એ બન્નેનું વર્ણન આ ગ્રંથમાં જુદું જુદું આપેલ છે. તે સિવાય આ નાની ગુંદીની પણ બે જાતો છે:-એક વૃક્ષજાતિ અને બીજી ગુલ્મજાતિ. તે પૈકી અહીં વૃક્ષજાતિનું વર્ણન આપેલ છે. ગુલ્મજાતિની ગુંદીને વનગુંદી કહે છે. એ મનુષ્યપૂર ઉંચી વધે છે ખરી; પણ એનું થડ સ્પષ્ટ દેખાતું નથી. એની ડાળીઓ અને પાંદડાંથી તે ઢંકાઇ રહેલ હોય છે. એનું લાકડું સીધું નહિ હોતાં વાંકુચુંકુ હોવાથી સુતારીકામમાં ભાગ્યેજ આવે છે. એનાં ફળ પણ લાલ રંગનાં નાની ગુંદીનાં ગુંદાં જેવાંજ હોય છે, ગુણમાં અને ફળમાં લાંબો તફાવત મનાતો નથી.

ગોખરૂનાં ઝાડ નાનાં થાય છે. એનાં પાંદડાં તલનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એ ઝાડ ઉપર ચણીબોર જેવડાં ફળો આવે છે. તેને 'બોડા ગોખરૂ' કહે છે. એ ફળ ઉપર ચાર બાજુએ ચાર કાંટા હોય છે. ગોખરૂની બીજી એક નાની જાતિ છે; તેને "કાંટાવાળા ગોખરૂ" કહે છે. તેનું વર્ણન જુદું (જુઓ નં. ૧૨૭) કરેલું છે. બોડા ગોખરૂ ન મળે તો તેનો ઉપયોગ પણ થાય છે. દશ મૂળોમાં ગોખરૂનાં મૂળ આવે છે. ગોખરૂ એ પૌષ્ટિક છે. **ગોખરૂ:**—શીતળ, બલકારક, મધુર, બૃંહણ, બસ્તિશુદ્ધિકારક, વૃષ્ય, પૌષ્ટિક, રસાયન, અગ્નિદીપક તથા સ્વાદુ છે; અને મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, દાહ, મેહ, દમ, ઉવરસ, હૃદ્રોગ, અર્શ, બસ્તિવાત, ત્રિદોષ, કોઢ, શળ અને વાયુનો નાશ કરે છે. ઔષધોમાં એનાં પંચાંગ અને ફળો આવે છે.* **ઉપયોગ:—(૧) પાંડુરોગ ઉપર:**—ગોખરૂનો કાઢો મધ અને સાકર નાખી પાવો. **(૨) પ્રમેહ ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ સાકર સાથે આપવું. **(૩) મૂત્રકૃચ્છ્ર અને ઉષ્ણવાયુ ઉપર:**—ગોખરૂના ઝાડનો અથવા ગોખરૂનો કાઢો મધ અને સાકરની ભૂકી નાખી પાવો. **(૪) પુષ્ટતા માટે:**—ગોખરૂની ભૂકી કરી રોજ પાશેર દૂધ, ઘી ૪ તોલા અને સાકર ૧ તોલો; એકત્ર કરી એમાંથી દરરોજ ૩ માસા પ્રમાણે આપવું એથી શરીરમાં ભરેલી ગરમીના (ચાંદીના) વિકારો નાશ પામે છે. **(૫) ઉષ્ણ પ્રમેહ, તણખીઆ પ્રમેહ અને મૂત્રાઘાત ઉપર:**—ગોખરૂનાં લીલાં ઝાડ લાવી પાણીમાં બોળી મૂકવાં. થોડાં વાર પછી ઝાડ જરા ઉપર નીચે કરવાથી પાણી જાડું અને ચીકણું થશે. તેમાં સાકરની ભૂકી અને જીરાની ભૂકી નાખી ૭ દિવસ પાવું. પથ્ય:-ઘઉંની રોટલી, ઘી, સાકર અને તુવરની મોળી દાળ ખાવી. **(૬) આમવાત ઉપર:**—ગોખરૂ અને સુંઠનો કાઢો નિત્ય સેવન કરવો. તે પાચક છે તથા આમવાત અને કટિશળનો નાશક છે. **(૭) પ્રમેહ ઉપર:**—ગોખરૂનાં પાંદડાંનો રસ પાશેર લઈ, તેમાં ડમરાનાં બી ૧ તોલો વાટી એકત્ર કરી પાવું. **(૮) ઇંદ્રલુપ્ત એટલે ઉંદરી ઉપર:**—ગોખરૂ, તલનાં ફૂલ, મધ તથા ઘી, એ સમાન લઈ મસ્તકે લેપ કરવો. **(૯) ગર્ભશૂળ (ગર્ભપાત પછી કેટલાક દિવસે શૂળ ઉત્પન્ન થાય છે તે) ઉપર:**—ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ દૂધમાં વાટી તેમાં સાકર નાખી પાવું. **(૧૦) પથરી ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ અને મધ ઘેટીના દૂધમાં પાવું. **(૧૧) મૂત્રકૃચ્છ્ર અને ગરમી ઉપર:**—ગોખરૂનું ચૂર્ણ કરી દૂધમાં સાકર નાખી તેમાં આપવું. **(૧૨) ગોક્ષુરાદિ ઘૃત (ઘી):**—ધાણા અને ગોખરૂનો કાઢો કિંવા કલ્ક કરી એમાં ઘી સિદ્ધ કરવું. તે મૂત્રઘાત, મૂત્રકૃચ્છ્ર તથા દારુણ શુક્રદોષ ઉપર હિતકારક છે. **(૧૩) ગોક્ષુરાદિ અવલેહ:**—ગોખરૂનાં પંચાંગ ૧૦૦ તોલા લઇ તે ૪૦૦ તોલા પાણીમાં ઉકાળી ૧૦૦ તોલા પાણી શેષ રાખવું. પછી તેમાં ૫૦ તોલા સાકર નાખી ચાસણી કરવી તથા તેમાં સુંઠ, લીંડીપીપર, મરી, તજ, એલચી, નાગકેસર, તમાલપત્ર, જાયફળ, અરજુન-સાજડની છાલ તથા કાકડીનાં બી, એ પ્રત્યેક બે બે તોલા અને વંશલોચન (વાંસકપૂર) ૪ તોલા નાખી અવલેહ તૈયાર કરવો. એ મૂત્ર સંબંધી રોગો ઉપર ઘણો ઉત્તમ છે.: પેશાબમાં લોહી પડે છે તેને તથા મૂત્રઘાત અને મૂત્રકૃચ્છ્ર વગેરેના રોગીઓને એનાથી સારો ફાયદો થાય છે.

૨૦૩ ગોંડાળ—સં૦ ગુંડાલા. મ૦ ગોંડાળ. હિં૦ ગોંડાલ. ક૦ કર્ડિનભેદ, ગોંડાળ.

---

* આચકીના દરદથી બાળક ભાગ્યેજ બચે છે, એમ સર્વ કોઈ માને છે. મોટા મોટા વૈદ્યો પણ કેટલીક વખતે એ દરદથી નાઈલાજ થાય છે; પરંતુ તેને આ ગોખરૂ (માળવી ગોખરૂ) નંગ ૫ આમલીના સૂકા કાતરાને પલાળી કાઢેલા રસમાં ખૂબ વાટી લુગડે ગાળી તે રસ ૨ તોલાના આશરે પાવો. આ ઉપાય એક મહાત્માની પ્રસાદી છે.

ચરકસંહિતામાં ગોખરૂને મૂત્રવિરેચન, શુક્રદોષહર અને શોથહર માનેલ છે. સુશ્રુતસંહિતામાં શ્લેષ્મસંશમન, પિત્તહર અને મૂત્રદોષનિવારક માનેલ છે. યુનાની હકીમો ગોખરૂનાં પાંદડાં અને જડનો ક્વાથ મૂત્ર વધારવા આપે છે અને એનાં બીજા બીજા રોગોમાં તથા જળોદર અને પ્રમેહના દરદમાં આપવા કહે છે. વળી ગોખરૂ અને તેના વૃક્ષને શીતળ, પેશાબ વધારનાર, પૌષ્ટિક અને કામોત્તેજક પણ માને છે. બીજી સંહિતાવાળા એની છાલને અને પાંદડાંને કફઘ્ન, દીપન, ગુલ્મશળ-નાશક અને કૃમિઘ્ન કહે છે.

એ તળાવોમાં કિંવા બીજાં જળાશયોમાં પાણી ઉપર થાય છે. એમાં નાની અને મોટી એવી બે જાતિ છે. ગોંડાળને ચાર પાંચ પાંખડીઓ હોય છે. ગોંડાળ ઘણી જલદીથી વધે છે. વહેળામાં તે થોડાજ દિવસમાં ઉગી નીકળે છે. વાવ કે કૂવામાંહેનું પાણી સ્વચ્છ રહેવા માટે તેમાં ગોંડાળ નાખે છે; પરંતુ એની ઉત્પત્તિ ઘણી થવાથી પાણી બગડે છે; માટે એને ઘણું વધવા દેવું નહિ. ઉપર ઉપરથી કાપતા રહેવાથી પાણી સ્વચ્છ રહે છે. ઉપયોગ:—(૧) **મૂત્રઘાત ઉપર:**—ગોંડાળ લાવી વાટી તેનો ડુંટી ઉપર લેપ કરવો. (૨) **બાળકની ઉધરસ ઉપર:**—ગોંડાળ પાનમાં ચાવી તેનો રસ પીવો.

૨૦૪ **ગોમેટી**—સં૦ વનતુંડી. મ૦ ગોમેટી. કૂવા ઉપર અને વાડો ઉપર ગોમેટીના વેલા આપોઆપ થાય છે. એ વેલા કોંકણમાં પુષ્કળ થાય છે. એનાં પાંદડાં કિંચિત્ લાંબાં અને સહજ જાડાં હોય છે. એને રાનપડોળા જેવાં આંગળભર લાંબાં અને સોનેરી કેળાં જેવાં તથા ડીંટા પાસેની બાજુએ કિંચિત્ જાડાં ફળ આવે છે. એ શાક કોંકણમાં પ્રસિદ્ધ છે. ગોમેટીનાં ફળ ગળચટાં હોય છે. એ ફળોને કણબી વગેરે લોકો ખાય છે. **ગોમેટી:**—મધુર, શીતળ તથા લઘુ છે અને દંતપીડાનાશક છે ઉપયોગ:—(૧) **આગંતુક ગરમી ઉપર:**—ગાયનું ઘી શુમારે ત્રણ તોલાપર્યંત લઇ તેમાં ગોમેટીનાં મૂળ એક તોલાપર્યંત ઘસી તથા થોડી સાકર નાખી દિવસમાં બે વખત એમ સાત દિવસ પાવું. (૨) **ધાત પડતી હોય તો:**—ગોમેટીનાં મૂળ કૂટી રસ કાઢવો. તેમાં ગાયનું તાજું દૂધ, સાકર અને જીરાની ભૂકી નાખી આપવું. એ ઔષધ બે વાર આપવું એટલે ત્રણ દિવસમાં ગુણ આવે છે. (૩) **ભિલામો ઉઠયો હોય તો:**—ગોમેટીનાં પાંદડાંનો રસ ચોપડવો. (૪) **પુષ્ટતા ઉપર:**—શેકેલી ધોળી ડુંગળી, ગોમેટીનાં મૂળ, જીરૂ અને સાકર એકત્ર કરી બારીક વાટી તેમાં ઘી નાખી પાવું. આ ઔષધ બાળકોને આપવાને પણ હરકત નથી. **બીજો પ્રકાર:**—ગોમેટીનાં મૂળ ગાયના દૂધમાં ઘસી તેમાં ઘી અને સાકર નાખી પાવું. (૫) **પિત્ત ઉપર:**—ગોમેટીનાં ફૂલોનું ચૂર્ણ ઘી અને સાકરમાં આપવું.

૨૦૫ **ગોરખ આમલી (રૂખડો)**—સં૦ ગોરક્ષી. મ૦ ગોરખચીંચ-ચોરીચીંચ. હિં૦ ગોરખ-ઇમલી. ક૦ ગોરક્ષહુંણુચી, માંગિમાત્રું, બ્રહ્મામ્લિકા. તા૦ પપ્પારપ્પુલી, તોદી. અ૦ હબહબુ. લા૦ એડન્સોનિયા ડિજીટેટા.

એ ઝાડ મોટાં મોટાં થાય છે. ગોરખ આમલીના ઝાડનાં પાંદડાં કાંઇક શીમળાનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ ઉપર વેંતભર લંબાઇનાં દુધીના જેવાં ફળો આવે છે. એ ફળોની બહારની છાલ કઠણ હોય છે. એ ફળમાં લોટના ગોળા હોય છે. એ લોટ ઘણો ખાટો હોય છે. એનો આમલીને બદલે ઉપયોગ કરે છે. એ લોટ પિત્તશામક, રુચિકર તથા પથ્યકારક છે. આ વૃક્ષને "ચોર આમલી" પણ કહે છે. **ગોરખ આમલી:**—મધુર, કડવી તથા શીત છે; અને દાહ, જ્વર, પિત્ત, વમિ તથા અતિસારનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **દમ ઉપર:**—ગોરખ આમલીનો લોટ ત્રણ માસા લઇ તે લીલા અથવા સુકાયલા અંજીરમાં ભરી સેવન કરવો. (૨) **અમ્લપિત્ત ઉપર:**—ગોરખઆમલી માંહેના ગરનો અષ્ટમાંશ કાઢો કરી પાવો; અથવા ગોરખ આમલીના ગરનું સરબત કરી તેમાં જીરાની ભૂકી અને સાકરની ભૂકી નાખી પાવું. (૩) **અતિસાર અને પ્રદર ઉપર:**—ગોરખ આમલીના ગરનું સરબત કરી સાકર નાખી પાવું. (૪) **ઢોરોને મુસલ-રોગ થાય છે તે ઉપર:**—ગોરખ આમલીનું મગજ પાણીમાં મેળવી પાવું. (૫) **ગરમીની ચાંદીઓ, ખાંડક અને સર્વ પ્રકારના જખમો ઉપર:**—ગોરખ આમલીનાં બીઆંની કાળી રાખ કરી માખણમાં મેળવી તે મલમ ચોપડવો.

૨૦૬ **ગોરખમુંડી—(કલાર)**—સં૦ શ્રાવણી, મુંડી. હિં૦ મુંડી, ગોરખમુંડી. બં૦ મુંડી, ચુલકુડી. મ૦ ગોરખમુંડી, બોડથરા, બરસબોંડી. ક૦ કીયો બોડતર, હિરીય બોંડથર. તૈ૦ બોડ-સર પુચેટુ. તા૦ કોટક. અ૦ કમાદરયુસ. ઈં૦ સ્ફિરેંથસ ઇંડિકસ.

ગોરખમુંડીમાં બે જાતિ છે.નાની અને મોટી. નાનાં ઝાડ શુમારે વેંતભર ઉંચાં વધે છે; મોટાં હાથભર ઉંચાં વધે છે. એ ઝાડ ઉપર નાની સોપારી જેવડાં અફીણનાં જીંડવાં સરખાં ગુલાબી રંગનાં ફળો આવે છે. એ ઝાડનાં પાંદડાં બારીક હોઈ તે લાંબાં હોય છે. આ ઝાડનો વાસ ઘણો ઉગ્ર આવે

છે એ જાડી થીની જમીનમાં થાય છે.* ગોરખમુંડીઃ—તૂરી, ઉષ્ણ, આકરાળી તીક્ષ્ણ, કડવી, મધુર, ભેદક, લઘુ, મેધાકારક, બલકર તથા રસાયન છે; અને ગળગુમડાં, ગંડમાળા, અરુચી, કફ, વાયુ, પ્લીહા, મેદ, અપસ્માર, શ્લીપદ, પાંડુરોગ, પિત્ત, આમરોગ, કૃમિ, દમ, કોઢ, વિષદોષ, અતિસાર વગેરે ઉપાધીનો નાશ કરે છે. મહામુંડીઃ—મધુર, કડવી, ઉષ્ણ, રસાયન, રુચ્ય તથા સ્વર્ય છે; અને પ્રમેહ તથા વાયુનો નાશ કરે છે. બીજા ગુણો ગોરખમુંડી જેવાજ છે. ઉપયોગઃ—(૧) કમળી ઉપરઃ—ગોરખમુંડીનો અંગરસ કાઢી પાવો. (૨) ગંડમાળા ઉપરઃ—ગોરખમુંડીનાં મૂળ તેનાજ રસમાં ઘસી લેપ કરવો. (૩) સર્વ પ્રકારના વાયુ ઉપરઃ—ગોરખમુંડીનો રસ કાઢી ગરમ કરી સાકર નાખી પાવો. (૪) જખમ ઉપરઃ—ગોરખમુંડીનો રસ ચોપડવો, એટલે ઘા તુરતજ સારો થાય છે. (૫) બારીક ચાંચડ થાય તે જવા માટેઃ—ગોરખમુંડીનું ઝાડવું લાવી ઘરમાં બાંધવું; એટલે તેના ઉગ્ર વાસથી ચાંચડ જતા રહે છે. (૬) સંધિવાત ઉપરઃ—ગોરખમુંડીનાં જીંડવાં બારીક વાટી તેનો લેપ કરવો. (૭) ત્રિદોષ ગુલ્મ ઉપરઃ—ગોરખમુંડીનાં મૂળ પાણીમાં વાટી છાશ નાખી તે તોલાભાર પાવાં. (૮) વૈપાદિક કોઢ (જેના રોગથી હાથપગ ફાટી ચીરા પડે છે તે) ઉપરઃ—ગોરખમુંડીના રસમાં ઘી સિદ્ધ કરી ચોપડવું. (૯) મૂળવ્યાધિ ઉપરઃ—ગોરખમુંડીનાં પંચાંગની ધૂણી આપવી.

૨૦૭ ગોરાડુ—સં૦ હિં૦ મુખાલુ. મ૦ મોહળી, ગોરાડુ, કોનફળ, નાગરચિને. ક૦ મુડિગેણસુ, તુનાગેણસુ. તૈ૦ ગેણસુભેદ. તા૦ પેરૂવળ્ળી. તુ૦ તુનાકરેંગુ. મલા૦ કાચ્ચિલ. લા૦ ડાયોસ્કોરિયા અલાટા. કોં૦ કોન, કોનફળ, નાગરચિનેં, રેડેચિનેં, ગોરાડૂં, ખાનદેશ ગોરાડૂં. બં૦ મિષ્ઠઆલુ.

ગોરાડુના વેલાનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં લાંબાં અને અણીદાર હોય છે એ વેલાના કંદ રતાળુ જેવા લાંબા અને રાતા રંગના હોય છે. એની ઉત્પત્તિ ગુજરાત અને ખાનદેશમાં વિશેષ થાય છે. એનું મૂળ વાવવાથી તેમાંથી એક વર્ષમાં મોટા રતાળુ જેવા કંદ થાય છે. એને કોંકણમાં "કોનફળ" અને "નાગરચિને" પણ કહે છે. એનું શાક ઉત્તમ થાય છે. એ શાક બટાકાની પેઠે કરવું. આ શાક પૌષ્ટિક છે. એ કંદ છોલી પાતળા કડકા કરી સુકવી પછી તેનો લોટ કરી રાખવો. બાળકોને માટે તે તવખીર પ્રમાણે ઉપયોગી છે.× ઉપયોગઃ—(૧) શોફોદર ઉપરઃ—

* કલારને કેટલાંક સ્થળે કકરૂડા, જંગલી તમાકુ અને ગંગાજમની પણ કહે છે. નાની કલારને બોડીઓ કલાર અને મોટી કલારને ફાફડીઓ કલાર કહે છે. ફાફડીઓ કલાર ઢીંચણપૂર ઉંચો વધે છે. તેમાં ગાડર (ઘેટું) જાય તો આંધળું થઇ જાય છે. એથી એને જંગલી લોકો 'ગાડર કલાર'ના નામથી પણ ઓળખે છે.

આ સિવાય અમને એક વાઘરીએ કલાર નામનો ત્રીજો છોડ બતાવ્યો છે. તે ચાર પાંચ ફુટ ઉંચો થાય છે. છોડની માફક એને પાંચ સાતજ સોટીઓ હોય છે. પાંદડાં લગભગ ૨૦–૩૦ હોય છે. એ પાંદડાં વનતુલસી જેવડાં હોઇ તેના ઉપર ઝીણી કરકરી હોય છે. એ પહોળાઈ કરતાં લંબાઈમાં વધારે અને બહુ કડવાં હોય છે. આ કલારને ઉપરના બે કલારો સાથે કાંઇ સંબંધ દેખાતો નથી; પણ એ છોડના રસમાં ત્રાંબાનું પાણી કરવાનો ગુણ હોવાથી તેને અહીં જાહેરમાં આપ્યો છે. મારા ધારવા પ્રમાણે આનું નામ કલાર નજ હોય; બીજું હશે.

× બીજી આવૃત્તિના પ્રકાશકે આને રતાળુના નામથી ઓળખાવી ભૂલ કરી છે. કારણ રતાળુને શ્રી૦ પદેજીએ આજ મરાઠી ગ્રંથમાં જુદું આપ્યું છે, તેમજ નિઘંટમાં પણ બન્ને જુદાં આપ્યાં છે. ગોરાડુની ઓળખાણ તેમણે નિઘંટમાં પણ આ પ્રમાણે આપી છેઃ–"ગોરાડુના વેલાનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં લાંબાં અને ટોંકદાર હોય છે. એ ધોળાં અને રાતાં એમ બે જાતનાં થાય છે. એની ઉત્પત્તિ કોંકણ, ગુજરાત અને ખાનદેશમાં વિશેષ થાય છે. એનાં મૂળ વાવવાથી તેમાંથી એક વર્ષે મોટાં રતાળુ જેવડા એ કંદ થાય છે. ગોરાડુનું શાક સારું થાય છે. એ કંદ છોલી, બારીક ચીરીઓ કરી સુકવી પછી તેને દળી લોટ કરી રાખે છે. બાળકોને માટે તવખીર પ્રમાણેજ આનો ઉપયોગ કરી શકાય છે. આ કંદ વાયુકારક, બળકર અને પૌષ્ટિક છે. એમાં મુસળ, પેંડી અને બાંડી, એવી ત્રણ જાતો છે." આ શકરિયાંના જેવુંજ કંદ છે પણ શકરિયાંને તો મરાઠીમાં પિંડાળુ કહે છે.

તમાકુનો કંદ કચરી કપડામાં બાંધી પીસવો અને જે જલદ નીકળે તેમાં ધોળી ગરણીનાં બી ઘસી તેનો સર્વાંગ લેપ કરવો, એટલે સોજો ઉતરે છે.

૨૦૮ ગોળ—આ વૃક્ષ ગોમાંતક પ્રાંતમાં થાય છે. એ છાયાવૃક્ષ છે. એનો વિસ્તાર ઘણો હોય છે. એને વડના જેવી વડવાઇઓ ફૂટી વધે છે. એનાં પાંદડાં કાંઈક જાંબુડીનાં પાંદડાં જેવાં હોય છે. વૃક્ષ શુમારે પાંચસેં છસેં વર્ષપર્યંત રહે છે.

૨૦૯ ગોરીનો કુચો—એ નાના નાના વેલા પાણીના આશ્રયે, ભીંત ઉપર તથા કૂવા અને વાવમાં પણ થાય છે. એ વેલાનાં પાંદડાં હાથતળીઆની આકૃતિ જેવાં હોય છે. એની દાંડી કાળી હોય છે. ઉપયોગઃ—(૧) રતવા ઉપરઃ—એ વેલનાં પાંદડાં વાટી લેપ કરવો એટલે રતવાને તત્કાળ આરામ થાય છે. (૨) ખરજવા ઉપરઃ—એ વેલો સૂકવી તેની કાળા રંગની (કાચી) રાખ કરવી. એ તેલમાં ખરલ કરી ચોપડવી; એટલે દાહ શમન થઈ ખરજવું ચાર દિવસમાં મટે છે. (૩) ચાંદીમાં ધોળા અંકુર થઇ આવે છે તે ઉપરઃ—આ વેલાની રાખ, કળીચુનો અને ચિત્રાનાં મૂળ ઘસી, અંકુરને ચુંટી કાઢી તૈયાર થયેલું આ ઔષધ તરતજ તે ઉપર ચોપડવું. (૪) પ્રદર ઉપરઃ—આ વેલાનો રસ ગાયના દુધમાં આપવો.

૨૧૦ ગોલણુ—એ ઝાડ ઘાસની પેઠે જમીન ઉપર પ્રસરે છે. એનાં પાંદડાં બારીક હોય છે અને તેનું થડ સાત-આઠ આંગળ લંબાઇનું થાય છે. ઉપયોગઃ—(૧) કંઠસર્પ ઉપરઃ—ગોલણનાં ફળ બીઆંસુદ્ધાં અધકચરાં ખાંડી ચલમમાં નાખી પાવાં; અથવા ગૌલણનાં બીજ એકલાં પાણીમાં ઘસી પાવાં.

૨૧૧ ઘણુસરી—(મ૦ ઘણુસરી, ગાનસુરી.) એ ઝાડ ઘણાં મોટાં થાય છે. ઘણુસરીનાં પાંદડાં બીલામાના જેવાં લાંબાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો ઉગ્ર આવે છે. ઉપયોગઃ—(૧) ઘોણુસ-(ઘોયડા)ના અને કુરશાના વિષ ઉપરઃ—ઘણુસરીનાં મૂળ ઘસી તેમાં સુંઠ ઘસી પાવી; તેથી રેચ થશે અને ઉલટી પણ થશે. વિષથી શરીરમાં ગાંઠો થાય તો તેજ મૂળ ઘસી શરીર ઉપર ચોપડવું. (૨) રેચન—ઘણુસરીનાં મૂળ ઘસી પાવાં. ઉતાર—ઘી અને ભાત આપવાં. (૩) ફોડકી, નખવા વગેરે ઉપરઃ—ઘણુસરીનાં મૂળ અને વાંકેરીનું બોથું પાણીમાં ઘસી લેપ કરવો. (૪) ઘરોળી વગેરેના વિષ ઉપરઃ—ઘણુસરીની ભાજીમાં ગોમૂત્ર નાખી રસ કાઢી, તેમાં ઘણુસરીનાં મૂળ ઘસી શરીરે મર્દન કરવું. (૫) ઢોરને ઘોયડાનું વિષ લાગે છે તે ઉપરઃ—ઘણુસરીની ભાજીમાં પાણી નાખી એક શેરપર્યંત રસ કાઢવો અને તેમાં ઘણુસરીનાંજ મૂળ ૧ તોલો ઘસીને પાવાં. એ પ્રમાણે ત્રણ દિવસ પાવું તથા અરીઠાના પાણીમાં ઘણુસરીનાં મૂળ ઘસી સુજેલી જગ્યાએ વારંવાર લેપ કરવો.

૨૧૨ ઘાપાન—અનનસનાં ઝાડ જેવાં ઘાપાનનાં ઝાડ હોય છે; એનાં પાંદડાં અનનસનાં પાંદડાં કરતાં પહોળાં હોય છે. તેના છેડે વાંક અને કરવત જેવા કાંટા હોય છે. ઘાપાનનાં પાંદડાં પલાળી રાખી કચરી તેનું સુતર કાઢી પછી દોરડું વણે છે. એ મજબુત થાય છે. ઉપયોગઃ—(૧) મુસલ રોગ(ઢોરોને અને માણસોને કૉલેરા જેવો રોગ થાય છે તે) ઉપરઃ—ઘાપાનના કાંદાનો રસ પાવો. (૨) જખમ ઉપરઃ—ઘાપાનનાં પાંદડાં વાટી ચોપડવાં.

૨૧૩ ઘામારી—(સં૦ અસ્થિભક્ષા.) ઘામારીનાં ઝાડ ભેજવાળી જમીનમાં થાય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. એનાં પાંદડાંનો આકાર પર્ણબીજનાં પાંદડાં જેવો થાય છે. ઘામારીને તોરા આવી તેને ફળો આવે છે. તેનો આકાર લાંબો હોય છે. એ ફળોનો રંગ પ્રથમ લીલો હોય છે અને પછી રાતો થઇ જાય છે. ઉપયોગઃ—(૧) ઘા રૂઝવવા માટેઃ—ઘામારીની ભાજીનો રસ કાઢી તે જખમ ઉપર ચોપડવો; એટલે જખમ જલદી રૂઝાઇ જાય છે. (૨) બાળકોના રક્તાતિસાર ઉપરઃ—ઘામારીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં ગાયનું ઘી મિશ્ર કરી તે રસ પાવો. એ ઔષધ મોટા માણસને પણ આપવું.

૨૧૪ ઘાસ (ખડસલિયો) પિત્તપાપડોઃ—સં૦ પર્પટક. કો૦ ખડકશેપુ. મુંબ. હિં૦ પિત્ત-પાપડા, દવનપાપડા. બં૦ ક્ષેતપાપડા. ક૦ પર્પાટક, કલ્લુ, સબસિગે. તે૦ પાર્ટાટકમુ. ફા૦ શાહતરા, શરમતર. અ૦ શાહતરજ, બકલ તલમલીક. ઓહલ૦ જડપાંપુડા. લા૦ ગ્લોસોકાડિયા, ભોસવેલિયા.

આ ઝાડ જમીન ઉપર પથરે છે. એનાં પાંદડાં બારીક હોય છે. એ ઝાડ ઘણું કરીને

આળી જમીન ઉપર થાય છે. એ ઝાડ ઉપર બારીક જીંડવાં જેવા તોરા આવે છે. એ ઝાડ પ્રસિદ્ધ છે. પિત્તપાપડા કરતાં આ ઝાડ વધારે ગુણકારી છે. ધાસ પિત્તપાપડાનું શાક સારું થાય છે. **પિત્તપાપડો:**—શીતળ, કડવો, ગ્રાહક, વાતકારક, લઘુ તથા પાકકાળે તીખો છે; અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, અરુચિ, દાહ, ગ્લાનિ, ભ્રમ, મદ, પ્રમેહ, ઓકારી (ઉલટી), તૃષા તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એનું શાક:**—સંગ્રાહી, શીતળ, વાતકારક, લઘુ તથા કડવું છે; અને રક્તવિકાર, પિત્તજ્વર, તૃષા, કફ, ભ્રમ તથા દાહનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) પિત્તથી ચકરી આવે છે તે ઉપર:**—ધાસપિત્તપાપડાની વઅગાળ ભૂકી કરી કોપરાના તેલમાં કાલવી માથા ઉપર જાડો લેપ કરવો. **(૨) પિત્તજ્વર ઉપર:**—ધાસપિત્તપાપડાનો કાઢો પાવો. **(૩) સાધારણ તાવ ઉપર:**—ધાસપિત્તપાપડાનો કાઢો કરી તેમાં ગારગોટી (ધોળો અને ઠંડો પથ્થર) દેવતામાં લાલ કરી છમકારી તે કાઢો પાવો. **(૪) ઉલટી ઉપર:**—ધાસપિત્તપાપડાનો કાઢો મધ નાખી પાવો. **(૫) તૃષ્ણા, અરુચિ અને ગ્લાનિ ઉપર:**—પિત્તપાપડો, કરિયાતું, ગળો, ધાણા, રક્તચંદન (રતાંજળી) વાળો અને પદ્મકાષ્ઠનો કાઢો કરી પીવરાવવો.×

૨૧૫ ઘોંટી—સં૦ ગુલધંટિકા મ૦ ઘાંટી, "ઘોંટ" "ઘોંટબોર" "રાનબોર."

ઘોંટીનાં ઝાડ બોરડીના ઝાડ જેવાં દેખાય છે. એને બોરડીના જેવાં બારીક ફળ આવે છે. વૈદ્યલોક "બત્રીશી" કરીને જે ઔષધ આપે છે, તેમાં એ ફળ હોય છે. ઘોંટી એ મધુર, તીખી, ઉષ્ણ, અગ્નિદીપક તથા પાચક છે; અને કમળો, રક્તદોષ, સોજો, કફ, વાયુ, પિત્ત, વ્રણ, કોઢ તથા ખરજનો નાશ કરે છે.

૨૧૬ ઘોટીવેલ—ઘોટીવેલ ચોમાસામાં ઉત્પન્ન થઇ ઝાડ ઉપર પ્રસરે છે. એનો ઘણો વિસ્તાર થાય છે. ઘોટીવેલનાં પાંદડાં મોટાં હોય છે અને તે ઉપર જાડી રેષાઓ હોય છે. એ વેલને બારીક કાંટા હોય છે. એને ચણા જેવડાં ફળના ગુચ્છા આવે છે. ઉપયોગ:—**(૧) પાડાને રેચ થાય છે તે ઉપર:**—ઘોટીવેલનાં લીલાં અથવા સૂકાયલાં ફળો અને મેથી બારીક વાટી દહીંમાં કાલવી, તેમાં થોડી હિંગની ભૂકી નાખી તે પાવું એટલે રેચ જલદી બંધ થાય છે.

૨૧૭ ઘોણશી—(સં૦ ગોનસી. મ૦ ઘોણસકાંડ.) ઘોણશીના વેલા હોય છે. એ વેલાની જાડાઇ પગના અંગુઠા જેવી હોય છે અને આકારે ઘોણસ સર્પ જેવી હોય છે. એનાં પાંદડાંનો આકાર પીપળાનાં પાંદડાં જેવો હોય છે; પણ તેના કરતાં ચોગણાં મોટાં થાય છે. એ પાંદડાંને એક એક આંગળ પહોળાઇના ખાંચા હોય છે. **ઘોણશી:**—શીતળ અને ગુરુ છે; તથા શૂળ, હેડકી, જીર્ણવિષ, સર્પવિષ અને ઉન્માદનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ઢોરને ઘોયડાનું વિષ ચઢયું હોય તો:**—ઘોણશીનો રસ એક શેર પાવો. **(૨) માણસને ઘોયડાનું વિષ ચઢયું હોય તો:**—ઘોણશીના રસમાં ધણસરીનાં મૂળ, અરીઠા અને કાળીજીરી વાટી ગોમૂત્ર નાખી દંશ ઉપર લેપ કરવો.

૨૧૮ ઘોલી (ગિલોડી—ટીંડોરા)—સં૦ સ્વાદુ તૂડિકા. મ૦ ગોડ તોંડલી, દેશી કોંડવલી. હિં૦ કંદૂરી, ગુલકાંખ. બં૦ કુંદરકી. ક સીલિદોંડે, તોંડેલણ્ણું, કોંડે બળિળ. તા૦ કોવે. તૈ૦ દોંડતિગે, કાકિદોંડા. તુ૦ મણોલિ. મલા૦ કોવા, તોંડી. લા૦ કોકસિનિયા ઈંડિકા.

ઘોલીનો વેલો આઠ–દશ વર્ષ સુધી રહે છે. ઘોલી બારમાસી થાય છે. ઘોલીનાં ફળ બે અઢી આંગળ લાંબાં હોઈ અંગુઠા જેટલ જાડાં હોય છે. ઘોલીના બે પ્રકાર છે. કડવી અને મીઠી. કડવી ઘોલી કોઇ ખાતું નથી. ઘોલીની ભાજી સ્વાદે સારી હોઇ પથ્યકર છે. ઘોલીના અતિ સેવનથી જીભે જડત્વ આવે છે. **ઘોલી:**—મધુર તથા શીતળ છે. કફ અને ઉલટીને કરનારી; તેમજ ક્ષય, શ્વાસ, કમળો, પિત્તશોથ, રક્તવિકાર, વિષદોષ, ઉધરસ, રક્તપિત્ત તથા તાવનો નાશ કરે છે. **એનાં ફળ:**—ગુરુ, સ્વાદુ, શીતળ, લેખન, મલસ્તંભક, સ્તન્યકારક, પેટમાં વાતસંચય કરનાર તથા રુચિકર છે; અને પિત્ત, રક્તદોષ, વાયુ, દમ, સોજો, શુદ્ધિ, દાહ તથા ઉધરસનો નાશ કરે છે. **એનાં ફૂલો:**—

× આ ધાસ પિત્તપાપડો અને નં. ૩૬૯ માં લખેલ પિત્તપાપડાના બીજા પેરેગ્રાફમાંનો પિત્તપાપડો એકજ છે. બંને જગ્યાએ વર્ણન વાંચીને ઉપયોગ કરવો.

અરજ, પિત્ત તથા કમળાનો નાશ કરે છે. **એની ભાજી:**—શીતળ, મધુર, ગ્રાહક, તુરી, કડવી, પાકકાળે તીખી તથા વાતુલ છે અને કફ તથા પિત્તનો નાશ કરે છે. **એનાં મૂળ:**—હિમ, મેહનાશક તથા ધાતુવર્ધક છે; અને હાથપગનો દાહ, ભ્રાંતિ તથા ઉલટીનો નાશ કરે છે. **કડવી ઘોલી:**—વાંતિકારક છે અને રક્તવિકાર, કફ તથા પાંડુનો નાશ કરે છે. **એનાં ફળ:**—ગુરુ, કડવાં, વાંતિકર તથા વાયુને કોપાવનાર છે; અને સોજો, વિષ, પિત્ત, રક્તવિકાર તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કાનમાં બગાઈ વગેરે ગયું હોય તો:**—ઘોલીની ભાજીનો રસ અને તેલ એકત્ર કરી કાનમાં પાડવું. **(૨) ગર્ભિણીને અધુરા માસે રજોદર્શન થાય તથા ગર્ભચલન થાય તે ઉપર:**—ઘોલીનો વેલો અંગુઠા જેવો જાડો લઈ, ગર્ભને જે માસ ચાલતો હોય તેટલી ગાંઠો તે વેલાની લઈ, ઠંડુ પાણી નાખી ખાંડવી; અને પાશેરપર્યંત રસ કાઢી તેમાં જીરાની ભૂકી ત્રણ માસા તથા સાકર બે તોલા નાખી દરરોજ બે વાર પ્રમાણે રજસ્રાવ થયેલા દિવસથી ચાર દિવસ આપવું. આ ઔષધ ગર્ભધારણ થઇ ત્રણ મહિના થયા પછી ઉપર લખ્યા પ્રમાણે પ્રકાર થાય તો આપવું. તે પહેલાં આપવું નહિ. **(૩) ફૂરશાના વિષ ઉપર:**—ઘોલીનાં પાંદડાંના રસમાં સમુદ્રફળ ૭ માસા ઘસી શુમારે નવટાંક રસ આપવો. આ રસ એકેક કલાકને અંતરે પાવો; એટલે ઉલટી થઈ વિષ ઉતરે છે. **(૪) સલ (છોડ) વધવા ઉપર:**—ઘોલીનાં મૂળનો રસ, દેવદાર, જીરૂં અને સાકરનું ચૂર્ણ એકવર્ણી ગાયના દૂધમાં ઋતુકાળે ત્રણ દિવસ આપવું.

૨૨૯ ચણકબાબા (કંકાલ)—સં૦ કંકોલ. મ૦ કંકોળ, કાપૂરચિની. હિં૦ કબાબચિની, સિતલચિની. બં૦ કાંકલા. ક૦ કપ્પુરચિની. તૈ૦ કબાબચિની. તા૦ વાલમિલેગુ. મલા૦ ચિનમુલગુ. ગો૦ ગંધમેનસુ. ફા૦ કબાબહ. અ૦ કબાસ, કબાવા, હબુલઉરૂસ. ઈં૦ કયુબેબપેપર. લા૦ કયુબેબા-ઓફિસિનેલિસ.

ચણકબાબાના વેલા હોય છે. કંકોલને 'કપૂરચીની' 'કબાબચીની' પણ કહે છે. એ હિમાલય પર્વત અને ચીન દેશમાં થાય છે. ચણકબાબાનાં ફળો મરી જેવાં થાય છે. ચણકબાબા એ ફળ સુગંધી અને ઘણું ઠંડુ છે. એનો ઔષધમાં અને સુગંધી પદાર્થોમાં ઘણો ઉપયોગ થાય છે. **ચણકબાબા:**—તીખું, કડવું, ઉષ્ણ, દીપન, પાચન, રુચિકર, હૃદ્ય, સુગંધી, લઘુ અને કફનાશક છે. એ મુખજાડ્ય, વાતરોગ, મુખરોગ, કૃમિ, અંધત્વ, મુખદુર્ગંધ, આમ અને અગ્નિમાંદ્યનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) મુખરોગ ઉપર:**—કંકોલ અને ખડીસાકર દાઢ નીચે રાખી રસ ગળવો. **(૨) પ્રમેહ ઉપર:**—કંકોલનું ચૂર્ણ કરી સાકર સાથે આપવું. **(૩) રક્તષ્ઠીવી સન્નિપાત, એટલે જે સન્નિપાતમાં લોહીની ઉલટી થાય છે તે ઉપર:**—કંકોલના ચૂર્ણનું નસ્ય આપવું. **(૪) પ્રમેહ અને આગંતુક ગરમી ઉપર:**—કંકોલ અર્ધો તોલો લઈ સાધારણ કૂટી અષ્ટમાંશ કાઢો કરવો. તેમાં ઉત્તમ ચંદનનું તેલ છથી બાર ટીપાં સુધી નાખવું અને કાઢામાં મેળવી તે કાઢો પાવો. આ પ્રયોગથી પેસાબ સાફ થાય છે અને ચંદનનું તેલ અંદરના જખમ ઉપર બેસી બે–ચાર દિવસમાં જખમ ભરાઈ ગુણ આવે છે. આ ઔષધ દરરોજ પ્રાતઃકાળે બપોરના ભોજન પછી અને સાયંકાળે, એ પ્રમાણે સતત ૫ દિવસ લઇ, ફક્ત ઘઉંની રોટલી, ઘી અને સાકર, એજ પદાર્થ ખાવા; એટલે જલદી ગુણ આવે છે. **(૫) સંગ્રહણી ઉપર:**—કંકોલ ૧ તોલો, એલચીદોડા ૧ તોલો, સોનાગેરૂ ૧ તોલો, એનું ચૂર્ણ કરી કપાસનાં પાંદડાંના રસમાં ખરલ કરી બોર જેવડી ગોળીઓ કરવી. તે એક સવારે અને એક સાંજે એ પ્રમાણે લેતાં જવી. **(૬) મુખમાધુર્ય ઉપર:**—કંકોલ, કપૂર અને મરી સાધારણ ચાવી દાઢમાં રાખવાં અને તેથી ઉત્પન્ન થતું થુંક થુંકી નાખવું. **(૭) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ચણકબાબાનો કાઢો કરી તેમાં પાંચ ટીપાં સુખડના તેલનાં નાખી તે આપવું.

૨૩૦ ચણા—સં૦ હરિમંથ, ચણક. મ૦ હરભરા. હિં૦ ચના, છોલા. બં૦ ચણક. તૈ૦ ચનગાલુ, ચનાકમુલ્લુ. તુ૦ તા૦ ક૦ કડૂલે. મલા૦ કટાલા. ફા૦ નખુદ. અ૦ હુમસ. ઈં૦ ગ્રામ. લા૦ સીસર એરીએટિનમ.

અદલ ધાન્ય તથા દ્વિદલ ધાન્ય, એમ ધાન્યના બે પ્રકાર છે. જેમ અદલ ધાન્યમાં 'ઘઉં'

એ મુખ્ય છે, તેમ દ્વિદલ ધાન્યમાં 'ચણા' એ મુખ્ય છે. ચણાની ઉત્પત્તિ ઘણું કરી આ ખંડમાં છે. ચણા આસો મહિનામાં વાવે છે; અને માઘ માસની આખરે અને ફાલ્ગુનમાં તૈયાર થાય છે. ચણાના છોડની ઉંચાઇ દોઢ વેંત હોય છે. ચણાના છોડને આળીસ-પચાસ પોપટા આવે છે. પોપટામાં એક અગર બે દાણા હોય છે. ગુજરાત, દક્ષિણ, સિંધ, કાબુલ તથા અરબસ્તાન, એ ઠેકાણે ચણા પુષ્કળ પાકે છે. લોકો લીલા ચણાના પોપટા ફોલી ખાય છે અને તેમાંના દાણા પાકે એટલે તે શેકીને ખાય છે. એને ઓળા કહે છે. ઘઉંની પેઠે ચણાના પણ પુષ્કળ પદાર્થો બને છે. ચણાની દાળ કરી તેનાં બુંદી, મોતીચૂર, પૂરણપોળી, બેસણના લાડુ તથા મેસુર, એવાં અનેક તરેહનાં પકવાન્નો થાય છે. ચણા શેકી તેની ધાણી (શેકેલા ચણા) કરે છે. તેના ઉપરથી ફોતરાં કાઢી ભરડે છે એટલે તેની દાળ બને છે. એ દાળ ઘઉંના કરતાં પણ અધિક પૌષ્ટિક છે. એવા લાડુ પણ થાય છે. શેકેલા ચણા શરીરને ઘણાજ હિતાવહ છે. એ પૌષ્ટિક છે અને ભૂખને માટે ઘણાજ ઉત્તમ છે. પ્રવાસમાં એ ઘણા ઉપયોગી થઇ પડે છે. એ ચણા ખાઇ રસ્તે ચાલતા છતાં જો પાણી મળે નહિ તો એના યોગથી તરસ જલદી લાગતી નથી. દર શુક્રવારે શેકેલા ચણા અવશ્ય ખાવા એવો જે નિયમ છે, તે તેના અતિશય ઉપયોગીપણાને લીધેજ છે. ચણાની વાટેલી દાળ પણ ઘણીજ પૌષ્ટિક છે. ચણાના છોડ ઉપરથી ખાર કાઢે છે, તે ઘણોજ ઉપયોગી છે. કુમળા છોડની ભાજીનું શાક કરે છે. ચણાના ખારમાં પલાળી જે બી રોપવામાં આવે તે ઘણાં જલદી ઉગી નીકળે છે. **ચણા:**—વાતલ, શીત, લઘુ, રૂક્ષ, તૂરા, વિષ્ટંભકારક, મધુર, રુચિકર, વર્ણકર, બલકર, જ્વરનાશક તથા આધ્માનકારક છે; અને રક્તપિત્ત, કફ, રક્તદોષ તથા પિત્તનો નાશ કરે છે. **શેકેલા ચણા:**—ઉષ્ણ, રુચિકર, રક્તકોપન, લઘુ, બલકર, શુક્લ તથા શરીરને તેજ આપનાર છે; અને સ્વેદ, શૈત્ય, આમ, કફ, વાયુ તથા ક્લમનો નાશ કરે છે.

×**ચણાનો ક્ષાર:**—અગ્નિદીપક, રુચ્ય, ખારો, અતિ ખાટો અને દાંતને અંબાવનાર છે; તથા શૂળ, અજીર્ણ અને અગ્નિમાંદ્યનો નાશ કરનાર છે. ઉપયોગ:—(૧) **કમળા ઉપર:**—ચણાની દાળમાં બરોબર ગોળ નાખેલું પૂરણ (ગોળદાળ) ત્રણ દિવસ ખાવું. તરસ લાગે તો ગોળદાળનું પાણી પીવું. (૨) **મસ્તકવાયુ ઉપર:**—અર્ધો શેર ચણાનો લોટ અને તેટલીજ રાઇની ભૂકી ચણાના ખારમાં નાખી માથા ઉપર લેપ કરવો. (૩) **પરસેવો બંધ થવા માટે:**—શેકેલા ચણા, અજમો અને વજનું ચૂર્ણ શરીરે ચોળવું. (૪) **સળેખમ ઉપર:**—રાત્રે સૂઇ રહેતી વેળાએ તાજા શેકેલા ચણા ખાવા અને ઉપર પાણી પીવું નહિ. (૫) **ધાતુપુષ્ટિને માટે:**—ચણાની દાળ અને સાકર પૈસાભાર રાત્રે સૂઈ રહેતી વેળાએ એક મહિના સુધી ખાવાં અને ઉપર પાણી પીવું નહિ. (૬) **પેટપીડ અને કોલેરા ઉપર:**—ચણાનો ખાર એક બે તોલા પાવો. (૭) **બરોળ ઉપર:**—ચણાનો ખાર, સિંધાલૂણ અને બંગડીખાર, એ એકત્ર કરી પીવું; અથવા શેકેલી હિંગ, સુંઠ, મરી, લીંડીપીપર, કોળિંજન, જવખાર અને સિંધાલૂણ, એનું ૩ માસા ચૂર્ણ ચણાના બે તોલા ખારમાં નાખી પીવું.

૨૨૧ **ચણોઠી**—સં૦ ગુંજા. મ૦ ગુંજ. કો૦ માડલવેલ. હિં૦ ગુંજા, ઘુઘચી, ચોટલી, ચિરમિટી. બં૦ કુંચ. ક૦ ગુલુગુંજે, એરડ્ડુ. તૈ૦ ગુલુવિંદે. ફા૦ ચશ્મે ખરૂસ્. અ૦ હબસુર્ખ વ સફેદ. ઈં૦ વિડ ટ્રી. લા૦ એબ્રસ પ્રિકેટોરિયસ્.

× જ્યારે ચણાના છોડ ઉગેલા હોય ત્યારે ઝાકળ પડે તે દિવસોમાં સૂર્યોદય પહેલાં ત્યાં જઇ ચણાના છોડ ઉપરનું ડાર-ઝાકળ ઝીણા જગન્નાથીના સાફ ધોયેલા કપડાથી લૂછીને શીશામાં નીચોવી લેવું. આ પ્રમાણે વારંવાર કરી સૂર્યોદય પહેલાં મેળવેલાં ચણા ઉપરનાં બિંદુઓને ચણાનો ખાર કહે છે.

સૂકાયલા ચણાના છોડની ડાંખળી વગેરે પાણીમાં પલાળી લૂગડાથી ગાળી લઇ લોઢાની કઢાઇમાં એ પાણી ઉકાળવાથી સફેદ રંગની ખારની ભૂકી તૈયાર થાય છે. એ પણ ચણાના ખાર તરીકે વાપરી શકાય એમ અમારો પોતાનો મત છે.

ચણોઠીના વેલા થાય છે. એ વેલાનાં પાંદડાં બારીક અને લાંબાં હોય છે. ચણોઠીમાં ધોળી, કાળી અને રાતી, એવી ત્રણ જાતિ છે. ત્રણે વેલા સરખાજ હોય છે. ચણોઠી સોનાનું વજન (તોલ) કરવાના ઉપયોગમાં આવે છે. એ એક તોલાભારની છન્નુ (૯૬)* ચણોઠીઓ થાય છે. ચણોઠીની આયુના ઉપવિષમાં છે. ×ચણોઠી:—સ્વાદુ, કડવી, બલકર, ઉષ્ણ, તુરી, ત્વચાને હિતાવહ, કેશ્ય, રુચ્ય, શીત તથા વૃષ્ય છે; અને નેત્રરોગ, વિષ, પિત્ત, ઇંદ્રલુપ્ત, વ્રણ, કૃમિ. રાક્ષસ, ગ્રહપીડા, કંડૂ (ખરજ), કોઢ, કફ, તાવ, મુખરોગ, શીર્ષરોગ, વાયુ, ભ્રમ, દમ, તૃષા, મોહ તથા મદનો નાશ કરે છે. એનાં બીજ:—વાંતિકારક અને શૂળનાશક છે.‡ એનાં પાંદડાં વિષનાશક છે. ધોળી ચણોઠી ઘણું કરીને વશીકરણના ઉપયોગમાં લે છે. બીજા ગુણો ચણોઠી જેવાજ છે. ઉપયોગ:—(૧) આધાશીશી ઉપર:—ચણોઠીનાં મૂળ પાણીમાં ઘસી નસ્ય આપવું; એટલે આધાશીશી તત્કાળ દૂર થાય છે. (૨) શીતળાથી આંખમાં ફૂલ પડ્યું હોય તે ઉપર:—ધોળી એરંડાના રસમાં ધોળી ચણોઠી ઘસી અંજન કરવું. (૩) વીર્યવૃદ્ધિ થવા માટે અને ધાતુ પડતી હોય તે અટકાવવા માટે:—ચણોઠીનાં મૂળ દૂધમાં બાફી સાકર સાથે ખાવાં. (૪) માથે તાલ પડે તે ઉપર:—ચણોઠીનાં મૂળ અથવા ફળ ભિલામાના રસમાં ઘસી તેનો લેપ કરવો; અથવા ચણોઠી મધમાં અગર ઘીમાં ખરલ કરી ચોપડવી. (૫) અવાજ સાફ થવા માટે:—ધોળી ચણોઠીનાં પાન ચાવી મોઢામાં રાખી રસ ગળતા જવું અથવા ચાવવી. (૬) ગરમીથી મોઢામાં ફોલ્લા વગેરે થાય તે ઉપર:—ધોળી ચણોઠીનાં પાન, ચણકબાબા અને સાકર, એ મોઢામાં રાખી રસ ગળતા જવું અથવા મૂળ ચાવવાં. (૭) લાલામેહ ઉપર:—ધોળી ચણોઠીનાં પાન અને મેંદીનાં પાન સમભાગ લઈ તેનો રસ કાઢવો. તેમાં દુદુરલીનાં મૂળ ઘસી જીરૂં અને સાકર નાખી પાવું. આ ઔષધનું સાત દિવસ દરરોજ બે વખત સેવન કરવું. (૮) રતવા ઉપર:—ધોળી ચણોઠીનાં પાનનો લેપ કરવો. (૯) પ્રમેહ ઉપર:—ચણોઠીનાં પાનનો રસ કાઢી તે ગાયના પાશેર દૂધમાં મેળવી પાવો. (૧૦) ખરજવા ઉપર:—ધોળી ચણોઠીનાં પાંદડાંના રસમાં જીરાની ભૂકી નાખી પાવું. (૧૧) મૂત્રકૃચ્છ્ર ઉપર:—ધોળી ચણોઠીનાં પાનનો રસ સાકર અને જીરૂં

---

* કેટલીક જગ્યાએ આ ૯૬ રતીનો તોલો માની કંપની રૂપીઆને ત્રીસ વાલ એટલે ૯૦ રતી માને છે. આ હિસાબે ચણોઠીનું વજન સરાસરી ૨ ગ્રેન છે.

× ચક્રદત્તમાં રાતી અને ધોળી, એ બે પ્રકારનીજ ચણોઠી બતાવી છે. એ ચણોઠીનાં બીજ વિષરૂપ છે, એટલે ખાવાથી ઝેરની અસર કરે છે. તે જ્ઞાનતંતુના રોગમાં અપાય છે અને ચામડીના રોગ તથા નાસુર ઉપર લેપ થાય છે. ચણોઠીની જડ ઉલટી કરાવનાર છે. મુસલમાન હકીમો ચણોઠીને ગરમ, પૌષ્ટિક અને કામોત્તેજક માને છે. ડૉકટર લોકો ચણોઠીનાં મૂળને જેઠીમધના પ્રતિનિધિતરીકે વાપરે છે. ડૉ૦ એન્સ્લી કહે છે કે, ચણોઠીનું મૂળ જેઠીમધને આબેહૂબ મળતું હોય છે; અને બંગાળમાં એને જેઠીમધના બદલે વેચે છે. મિ૦ મોહિદ્દીન સરીફ લખે છે કે, ચણોઠીનાં ડાળાંમાં પાંદડાંથી પણ વધારે મીઠાશ હોય છે; અને તેમાંથી સત્ત્વ કાઢવું હોય તો નીકળી શકે છે. મિ૦ વેકર કહે છે કે, ચણોઠીનું પાણી આંખમાં નાખવાથી આંખની કંનજકટાઇ અથવા પડદો સૂજી તેમાંથી પરૂ નીકળવું શરૂ થાય છે. એટલા માટે આંખના રોગમાં એનો ઉપયોગ નહિ કરવો. સફેદ ચણોઠીની જડ મીઠી હોય છે. તે ખાંસીના રોગમાં બહુજ ઉપયોગી માલમ પડી છે. મિ૦ લ્યૂનન કહે છે કે, પાંદડાંને મધમાં વાટી સોજા ઉપર ચોપડાય છે. એજ પ્રમાણે વાટીને સાકરની સાથે ચાવવાથી ઉધરસ ઓછી થાય છે. સફેદ ચણોઠી ઝેરી છે, તે ખાવાથી ઉલટી અને ઝાડા થાય છે અને કદી મૃત્યુ પણ થાય છે. ચરકસંહિતામાં ધોળી ચણોઠીને દાહશાંતિકારક અને પિત્તનાશક માની છે.

‡ ખાવાના ઔષધતરીકે ચણોઠીનો ઉપયોગ કરવા પહેલાં શોધન કરી લેવાની જરૂર છે. ચણોઠીને પોટલીમાં બાંધી દોલાયંત્રથી મંદાગ્નિ પર કાંજીમાં ત્રણ કલાક પચન કરી સાફ જળથી ધોઈ લેવાથી શુદ્ધ થાય છે. પણ [illegible] કાઢી નાખવી.

નાખી પાવો. **(૧૨) તાવથી માથું દુખતું હોય તે ઉપર:**—ધોળી ચણોઠીનાં મૂળ સ્વચ્છ પાણીમાં ઘસવાં અને કપડામાં ઘાલી તે ૭ દિવસ સુંઘવાં. **(૧૩) ગરમી (ઉપદંશ) ઉપર:**—લાલ ચણોઠીનાં પાનના રસમાં જીરાની ભૂકી અને ખડીસાકર નાખી સાત દિવસ લેવું. **(૧૪) સિંદૂરના વિષ ઉપર:**—ચણોઠીનાં પાન ૭ દિવસ ખાવાં. **(૧૫) શિરોરોગ ઉપર:**—ચણોઠીનાં મૂળ ઘસી નાકે સુંઘાડવાં; એટલે આંખોમાં ચક્કર આવે છે તે તથા રતાંધળાપણું, આંખનાં પડળ, આધાશીશી અને મસ્તકશૂળનો નાશ થાય છે. **(૧૬) વાયુરોગ ઉપર લેપ:**—શરીરના જે ભાગમાં વાયુનો કોપ થયો હોય તે જગા ઉપરના વાળ દેવતાથી બાળી નાખી, તે ઉપર ચણોઠી પાણીમાં વાટી લેપ કરવો; તેથી કરી અપબાહુક, વિશ્વાચી, ગૃધ્રસી અને બીજી વાયુસંબંધી પીડા દૂર થાય છે. **(૧૭) ગ્રંથિ (ગાંઠ) ઉપર:**—રાતી ચણોઠાની દાળ, આમલીનો કચુકો અને ગેરૂ, એ ઠંડા પાણીમાં ઘસી તેનો લેપ કરવો અને તે સુકાયા પછી ફરી બીજો લેપ કરવો. **(૧૮) ઉપદંશ (ગરમી) ઉપર:**—ધોળી ચણોઠીનાં મૂળ અને ધોળી જાસુંદીનાં મૂળ ઘસી પાવાં. ગરમીની ચાંદી ઉપર પણ એનોજ લેપ કરવો. **(૧૯) ઉશ્વરસ ઉપર:**—ધોળી ચણોઠીનાં મૂળ ઘસી પાવાં. **(૨૦) પાંપણોમાં થનારા રોગ ઉપર:**—ચણોઠા પાણીમાં બાફી તે પાણી પાંપણે ચોપડવું; એટલે પરૂ નીકળી જઈ પાંપણનો દાહ અને સોજો નાશ પામે છે. **(૨૧) ગંડમાળા ઉપર:**—ચણોઠીનાં મૂળ અને ફળના બમણા કાઢામાં એક ભાગ તેલ નાખી પચન કરાવવું. તેલ માત્ર બાકી રહે એટલે એ તેલનો અભ્યંગ કરવાથી દારુણ ગંડમાળા નાશ થાય છે. **(૨૨) તિમિર (અંધારાં આવવાના) રોગ ઉપર:**—ચણોઠીનું મૂળ બકરાના મૂત્રમાં ઘસી પાવું. **(૨૩) માથામાં ટાલ પડે છે તે ઉપર:**—ચણોઠી, હાથીદાંતની રાખ અને રસાંજન(રસવતી)નો લેપ કરવો; એટલે તે ઠેકાણે તુરત વાળ આવશે.

૨૨૨ ચંદનબટવો (ચીલની ભાજી)—સં૰ ચિલ્લિકા, ચંડિલ. મ૰ ચંદનબટવા, ગોડચીક, તાંબડી ચીક, ચાકોલીઆચી ભાજી. હિં૰ ચિલ્લી, બડા બથુવા. ક૰ ચંદન બટ્ટવે. ફા૰ સરમક. અ૰ કુતુફ. ઈં૰ પરપલ ગુજફૂટ. લા૰ કેનોપોડીયમ એટ્રીપ્લીસીઝ. ચંદનબટવાનાં ઝાડ બે હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં નાજુક હોય છે. તે નીચેની બાજુએ કાંઇક રાતાં અથવા ગુલાબી રંગનાં હોય છે. એની ભાજી જલદીથી સુકાઇ જાય છે. ગુજરાત, ઉત્તર હિંદુસ્તાન અને બીજા ભાગોમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. ચંદનબટવાની ભાજીનું શાક કરે છે. એ ભાજીનો ઉપયોગ ગરીબ લોકમાજ થાય છે. **ચંદનબટવો:**—ખારો, પાકકાળે સ્વાદુ, બલપ્રદ અને વિશેષ કરીને ત્રિદોષનાશક છે. **ઉપયોગ:—(૧) ઢોરના રોગ ઉપર:**—ચંદનબટવાના લાકડાનો કોલસો ઘીમાં વાટી એકેક ઘુંટડો ૩ દિવસ પાવો.

૨૨૩ ચંદ્રુસ—ચંદ્રુસનાં ઝાડ દક્ષિણ હિંદુસ્તાનમાં થાય છે. એ ધૂપની જાતનું વૃક્ષ છે. ચંદ્રુસનાં ઝાડો આફ્રિકાખંડમાં ઘણાં થાય છે. એ વૃક્ષનો જે રસ નીકળે છે તેને ચંદ્રુસ કહે છે. એનો રંગ કિંચિત્ લીલો અથવા પીળો હોય છે. ચંદ્રુસનો "વાર્નિસ" કરે છે; તેમજ એનો મલમ પણ થાય છે. દક્ષિણ હિંદુસ્તાનમાં એને "સફેદ ડામર" કહે છે. ×**ચંદ્રુસ**—તીખી, સ્વાદુ, સ્નિગ્ધ, ઉષ્ણ, શુક્લ, લઘુ, વૃષ્ય તથા કાંતિકારક છે; અને કંડૂ (ખરજ), તાવ, ગ્રહપીડા, કોઢ તથા દાહનો નાશ કરે છે.

૨૨૪ ચમેલી—સં૰ સુરપ્રિયા, ઉપજાતિ. હિં૰ ચમેલી. બં૰ ચામિલી. મ૰ ચમેલી, ચમેલી. ક૰ મોગરાચા ભેદુ. ઈં૰ સ્પેનિશ જાસ્સીન. લા૰ જેસ્સીન ગ્લાન્ડિફ્લોરં. ફા૰ યાસમીન. અ૰ આસમન.

ચમેલીના વેલા હોય છે. એનાં પાંદડાં જૂઇ જેવાં ધોળાં અને નાનાં હોય છે. એનાં ફૂલોનો વાસ મધુર આવે છે. એ ફૂલો શ્રાવણ મહિનામાં ઘણાં થાય છે. એનું તેલ નીકળે છે.*

૨૨૫ ચંપાકાટી (પીળો કચનાર, પીળો કાંચનાર)—સં૰ કોવિદાર. મ૰ કોરલા. હિં૰

× જુઓ ઈશેસ (શેરીલોબાન) નીચેની ટીપણી.

* ચમેલીનાં ફૂલોમાં તલ રાખી મૂકી કેટલાક દિવસ પછી ઘાણી(કોલુ)માં પીલીને તેલ કાઢે છે, તેને ફૂલેલ તેલ અથવા ચમેલીનું તેલ કહે છે. એ ઉત્તમ સુગંધવાળું અને ઠંડુ હોય છે.

પીળા કંચનાર. બં૦ પીતકાંચન. ક૦ કોચાલે. તા૦ શેમાંદારે, શિવપ્પુમાંદીરે. તે૦ દવકાંચનમુ. મલા૦ કોવિદારં. લા૦ બોહનિયા ધેરિગેટા.

ચંપાકાટી આ એક રાનવૃક્ષ હોય તે કાંચનારની જાતિનું છે. એનાં પાંદડાં કાંચનારનાં પાંદડાં જેવાંજ હોય છે. જેઠ-આષાઢ માસને શુમારે એ ઝાડને કુમળાં પાંદડાં આવે છે; તે લઈ લોકો વેચે છે. એ ભાજી નિર્મલ હોઈ ખાવાને રુચિપ્રદ છે. **ચંપાકાટી:**—દીપન, તૂરો, વ્રણરોપણ, સંગ્રાહક, સારક તથા સ્વાદુ છે. ભાજીપાલામાં તે ઉત્તમ છે. તે મૂત્રકૃચ્છ્ર, ત્રિદોષ, શોષ, દાહ, કફ તથા વાયુનો નાશ કરે છે. એનાં ફૂલોનો ગુણ રક્ત કાંચનાર જેવોજ છે.

૨૨૬ ચંબેલી (જાઇ)—સં૦ જાતિ, માલતી. હિં૦ ચંબેલી. મ૦ જાઈ. ક૦ જાજિમલ્લિગે. તે૦ જાઇપુષ્પાલુ. તુ૦ જાજીપુ. મલા૦ પિચ્ચાકં, માલતી. લા૦ જેરિમનમ્ ફ્લેક્સાઇલિસ્.

ચંબેલીનો વેલો મોટો વધે છે. કેટલેક ઠેકાણે મોટાં મોટાં વૃક્ષો ઉપર ચઢેલા ચંબેલીના જૂના વેલા ઘણાજ મોટા હોય છે. એ વેલા વડે માણસો સહજ ઉપર ચઢી શકે એટલા તે મજબૂત હોય છે. ચંબેલીનાં પાંદડાં ધોળાં હોય છે તથા સુકુમાર અને સુવાસિત હોય છે. ચંબેલીનાં પાંદડાંનો રસ વ્રણશોધક છે. **ચંબેલી**—તૂરી, કડવી, લઘુ, ઉષ્ણ તથા તીખી છે; અને મુખપાક, કફ, વાયુ, મુખરોગ, દંતરોગ, મસ્તકરોગ, નેત્રરોગ, વિષ, કોઢ, રક્તદોષ, વ્રણ, પિત્ત અને કૃમિનો નાશ કરે છે. **કળીઓ:**—વ્રણ, વિસ્ફોટક, નેત્રરોગ તથા કોઢનો નાશ કરે છે. **ફૂલ:**—સુગંધી અને મનોહર છે. તે કફ તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) જીભને ખર આવે (કાત્રા પડે) છે તે ઉપર:**—ચંબેલીની ભાજીનો રસ પાવો. **(૨) દાદર અને ચાંદીઓ ઉપર:**—ચંબેલીનાં મૂળ ઘસી ચોપડવાં. **(૩) જખમ ઉપર:**—ચંબેલીની ભાજીની થેપલી કરી જખમ ઉપર બાંધવી. **(૪) કર્ણશૂળ ઉપર:**—તલના તેલમાં ચંબેલીનાં પાંદડાંનો અંગરસ નાખી તે તેલ સારૂં કઢવવું અને સર્વ રસ બાળી નાખવો. એ પ્રમાણે ૭ સાત પુટો દઈ તેલ તૈયાર કરી રાખવું. એ તેલ કાનમાં નાખવું એટલે તાકીદે ફાયદો થાય છે. **(૫) ઓકારી (ઉલટી) ઉપર:**—ચંબેલીનાં પાંદડાંનો અંગરસ કાઢી તેમાં મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ સાકરની ભૂકી તથા મધ નાખી આપવું. **(૬) જીર્ણજ્વરાદિ તીવ્ર જ્વરો ઉપર:**—જાઇનાં (ચંબેલીનાં) મૂળોનો કાઢો કરી દૂધ મેળવી પાવો. **(૭) ઉપદંશ ઉપર:**—ચંબેલીની કુમળી ભાજીનો રસ ૨ તોલા, ગાયનું ઘી ૨ તોલા અને કિંચિત્ રાળ નાખી પ્રાતઃકાળે સેવન કરવું; એટલે પાંચે પ્રકારના ઉપદંશનો નાશ થાય છે. એ ઉપર ઘઉં અને ઘીનું પથ્ય કરવું. **(૮) મુખપાક ઉપર:**—ચંબેલીની ભાજી ચાવવી અથવા ચંબેલીની ભાજી, દારુહળદર તથા ત્રિફળાંનો કાઢો કરી તેના કોગળા કરવા; એટલે ત્વરિત ગુણ આવે છે.

૨૨૭—ચારોળીનું ઝાડ—સં૦ ચાર, રાજાદન, અજકર્ણ. બં૦ પિયાલ, આસના પિયાશાલ. હિં૦ ચિરાજી. મ૦ ચાર, ચારોળી. મા૦ ચારોળી. ક૦ મોરાંપ્પ, મોરવે, મોરટી, ચાર્વાલ. તા૦ કારપ્પારૂકકુ-પ્પુ. મલા૦ મુરળ, તે૦ ચારુપપ્પુ, ચારુમામિંડી. ફા૦ બુકલેખાજા. અ૦ હબુસ્સમીના. લા૦ બુચેનેનિયા લેટીફોલિયા.

ચારોળીનું ઝાડ મોટું થાય છે. કોંકણ, નાગપુર અને મલબાર પ્રાંતમાં એનાં ઝાડ ઘણાં થાય છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. પાનનો આકાર બકરાના કાન જેવો હોય છે. એ ઉપરથી સંસ્કૃતમાં "અજકર્ણ" નામ પડેલું છે, અને તે મહૂડાંનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે. તેનાં પત્રાળાં કરે છે. એની છાયા ઘણી ઠંડી છે. એનું લાકડું ઇમારતના કામમાં આવતું નથી. એ ઝાડને નાનાં ફળો આવે છે. તેમાં તુવેર જેવડા રાતા રંગના દાણા હોય છે. તેને ચારોળી કહે છે. ચારોળી મિઠાઈમાં અને પકવાન્નોમાં નાખે છે. ચારોળીનું તેલ નીકળે છે, તે બદામના તેલ જેવું ઠંડું છે. ચારોળીનાં પાકાં ફળોનો રંગ જાંબુડો હોય છે. એ ફળો સ્વાદે મધુર લાગે છે. **ચારોળીનાં મૂળ:**—તૂરાં અને રક્તરોગ, કફ તથા પિત્તનો નાશ કરનાર છે. **ચારોળીના ઝાડની મજ્જા:**—મધુર, વૃષ્ય, સ્નિગ્ધ, શીતળ, મલસ્તંભક, આમવર્ધક, દુર્જર, હૃદ્ય, શુક્લ તથા વાતપિત્તનાશક છે. **ચારોળી:**—મધુર, વૃષ્ય, ખાટી, ગુરુ, સારક, મલસ્તંભક, સ્નિગ્ધ, શીતળ, ધાતુવર્ધક, કફકારક,

દુર્જર, મળમરક તથા પ્રિય છે; અને વાત, પિત્ત, દાહ, તાવ, તૃષા, ક્ષયરોગ, રક્તદોષ તથા ક્ષતક્ષયનો નાશ કરે છે. ફળ માંહેના ગોળા:—મધુર તથા વૃષ્ય છે; અને દાહ તથા પિત્તનો નાશ કરે છે. ચારોળીનું તેલ:—મધુર, જડ, કિંચિત્ ઉષ્ણ, કફકારક અને પિત્ત તથા વાતનો નાશ કરનારું છે. ઉપયોગ—(૧) રક્તાતિસાર ઉપર:—ચારોળીના ઝાડની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૨) શીતપિત્ત ઉપર:—ચારોળી દૂધમાં વાટી શરીરે ચોપડવી.

૨૨૮ ચાંબલ—(સં૰ મહાયમલ પત્રક) ચાંબેલનાં ઝાડ કોંકણ પ્રાંતમાં થાય છે. એનાં પાંદડાં કાંચનારનાં પાંદડાં જેવાં હોઇને તે માલુલીનાં પાંદડાં જેવડાં મોટાં થાય છે. એની પત્રાળી થાય છે. ચાંબેલનું લાકડું ઇમારતના કામમાં સાધારણ ઉપયોગી છે.

૨૨૯ ચિકુ—એ ઝાડ મોટાં થાય છે. એને બાગમાં વાવે છે. એ ઝાડનાં પાંદડાં બોલસરીનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. આ ઝાડ ઉપર અંજીર જેવાં ફળો આવે છે. એનો રંગ રાતો તપખીરીઓ હોય છે. એ ફળ મીઠાં અને પુષ્ટિકારક છે. એનો સાહેબ લોકોમાં વધારે ઉપયોગ થાય છે. ઉપયોગ:—(૧)ધાતુપુષ્ટિ માટે અને પેશાબની બળતરા ઉપર:—ચિકુનાં ફળો સાકર સાથે સેવન કરવાં.

૨૩૦ ચિટમિટકો—કર્ણાટક પ્રાંતમાં ચિટમિટકો નામનું એક નાનું ઝાડ થાય છે. એની ઉંચાઇ બે હાથ હોય છે. તેને ગોળ ચણીબોર (જંગલી બોર) જેવડાં ફળો આવે છે. તે ખાટાં હોય છે. તેનાં રાયતાં અને શાક કરી ખાય છે. તે દેશના લોક એને મહાન પવિત્ર માને છે. એનાં ફૂલનો રંગ રાતો હોય છે. બીજા પ્રાંતોમાં પણ એ ઝાડ થાય છે.

૨૩૧ ચિત્રક (ચિત્રો)—સં૰ ચિત્રક. મ૰ ચિત્રક. હિં૰ ચિત્તા, ચિતરક, ચિત્રક. બં૰ ચિતોગાછ. ક૰ ચિત્રમૂળ. તૈ૰ ચિત્રમુલમુ. તા૰ કાંદિવેલ્લ. તુ૰ બોલકુ, ચિત્રમૂળ. મલા૰ ટંપકો-ટુવેલી. ફા૰ બેખબરંદા. અ૰ શિતરજ. લા૰ પ્લંબેગોઝિલેનિકા. ઉ૰ ધુવચિતા, સિંસ્સુદુનીતુલ. બ્રહ્મી૰ કનખેન, ફિઉ, કિનખેનર્ઇન.

એ ત્રણ ચાર ફુટની ઉંચાઇવાળો નાનો છોડવો થાય છે. હિંદુસ્તાનમાં બધી જગ્યાએ તે પોતાની મેળે ઉગે છે. એ ઝાડને જે ડાળીઓ ફુટે છે તેમાં ડુંખળી હોય છે. એનાં પાંદડાંનું શાક થાય છે. એ પાંદડાં જાડાશ પડતાં દળદાર હોય છે. એનાં પાંદડાંનો નિયમ હોતો નથી. કેટલેક ઠેકાણે તે સામસામાં હોય છે. ક્વચિત્ એક એકનો આંતરે આવે છે અને કયાંક તો વેલાની માફક ત્રિદળ હોય છે. પાંદડાનું દીંટડું તદ્દન નાનું હોય છે. ચિત્રકમાં ફૂલની રાતી અને ધોળી એવી બે જાતિ છે. બન્નેમાં ફરક માત્ર એટલોજ કે, સફેદનાં ફૂલો અને પાંદડાંનું દીંટડું સફેદ (ધોળું) હોય છે અને રાતાનું રાતું હોય છે. બાકી પાંદડાં વગેરે સરખાંજ હોય છે. ચિત્રકના પત્રદંડ ઉપર ઝીણા ઝીણા રેષા હોય છે; અને તેથી દાંડી કાંઇક પીળાશ પડતી દેખાય છે. એને જાઇના ફૂલ જેવા ફૂલોના ઝુમખા આવે છે. ફૂલનું દીંટડું લાંબુ હોઇ તેને લંબદાર પુષ્પકોણ હોય છે. કેટલાક ગ્રંથોમાં કિરમજી, ધુંસરા, કાળા અને પીળા રંગનાં ફૂલનો પણ ઉલ્લેખ દેખાય છે; પરંતુ તે જાતો મળવી મુસ્કેલ છે. ધોળાં અને રાતાં ફૂલની જાતો તો સર્વત્ર મળે છે. એ બંનેમાંથી રાતાં ફૂલની જાત ગુણમાં શ્રેષ્ઠ છે. કાળા ચિત્રકના એવા ગુણો લખેલા છે કે, તે ખાવાથી વાળ કાળા થાય છે. ગાયને ઝાડનો વાસ આવવાથી અથવા તેનાં મૂળ દૂધમાં નાખવાથી દૂધ કાળું થાય છે.x અંગ્રેજીમાં રાતા ચિત્રકને "પ્લંબાગો રોઝિયા" કહે છે; અને અંગ્રેજી ઉદ્ભિજ્જ-શાસ્ત્રજ્ઞોએ એને "પ્લંબાજેનેશી" વર્ગમાં ગણેલ છે. રાતા ચિત્રકનાં મ૰ તાંબડા ચિત્રક. હિં૰ લાલ ચીના. બં૰ એડ, ચિત્તે. ક૰ કેંપુ ચિત્રમૂળ. તૈ૰ ઇર્રી, ચિત્રમૂલં. તા૰ ચિતિરમૂલં. તુ૰ કેંપુ, ચિત્રમૂળ. મલા૰ ચેક્કિ કોતવેરી. ઇં૰ રોઝકલર્ડ લીડવર્ટ ઇત્યાદિ નામો છે.

---

x એક ગોરજીના હસ્તાક્ષરે લખેલ ગ્રંથમાં લખ્યું છે કે:—"કાળો ચિત્રક એ સિદ્ધોની ઓષધિ છે. મહાત્માઓ એના રસમાં ચોખા રાંધી માત્ર એકજ વખતે જમે છે. આથી તેમને ૭ મહિના સુધી અનાજ લેવું પડતું નથી. વળી એ જડો સુવર્ણસિદ્ધિરૂપ રસાયનપ્રયોગમાં સર્વોપરિ છે."

ચિત્રકાતી અગર ચિત્રકના મૂળની લીલી છાલ પાણીમાં ઘસીને અગર વાટીને શરીરે ચોપડવા-થી ચામડી બળી જાય છે; અર્થાત્ એની અને એના મૂળની છાલમાં પ્લાસ્તર પ્રમાણે દાહયુક્ત સોજો અને ફોડલો ઉત્પન્ન કરવાનો ગુણ છે. એ ગુણ એનામાં હોવાથી એને અનલ, વહ્નિ, પાવક વગેરે એકંદર અગ્નિનાં પર્યાયવાચક અર્થવાળાં નામો આપેલ છે. ડૉ૦ એશૉનેસીએ ચિત્રકના મૂળની છાલની ભૂકી કરી તે પાણીમાં કાલવીને તેમાં થોડો ચોખાનો અથવા ઘઉંનો લોટ મેળવી તેની થેપલી કરી પ્લાસ્તરની માફક વાપરેલ છે. ચિત્રકના મૂળમાંથી "પ્લંબાજીન" નામનો એક રાળ જેવો સત્ત્વ નીકળે છે. તે પાણીમાં પીગળે છે. ચિત્રકના મૂળની છાલ વાટી ગુમડા ઉપર ચોપડી હોય તો ગુમડું જલદી ફૂટે છે. રાતા ચિત્રકના મૂળના અંગે દાહક ગુણ હોવાથી, તે ગર્ભા-શયના મુખમાં પ્રવેશ કરેલ હોય તો ગર્ભપાત થાય છે. ડૉ. ઉદયચંદ્ર દત્તે એનો બીજો એક મહત્ત્વનો ઉપયોગ મળ્યાનું લખેલ છે. એક વિવાહિતા બાઈને એકાએક ગર્ભપાત થઈ ઘણોજ રક્ત-સ્રાવ થતાં તેને ઇસ્પિતાલમાં લઇ જવામાં આવી. તે વખતે તેની બસ્તિમાં અતિશય વેદના થતી હતી. યોનિમાર્ગથી પરુનો સ્રાવ થતો હતો અને શરીરમાં જોરદાર તાવ હતો. આ બાઈની તપા-સણી કરતાં તેના યોનિમાર્ગમાંથી રાતા ચિત્રકના મૂળનો કકડો તેની આજુબાજુએ નાની સરખી ચિંદરડી વિંટાળેલો નજરે પડયો. ચોકસી કરતાં માલમ પડયું કે, ગર્ભપાત થયા પછી થનારો રક્ત-સ્રાવ બંધ કરવાને માટે તે મૂળ સુયાણીએ ગર્ભાશયમાં પ્રવેશ કરાવેલ હતું. રાતા ચિત્રકના મૂળ-નું ચૂર્ણ પેટમાં જવાથી જીવતા અથવા મરેલા ગર્ભનું પતન (પડવું) થાય છે; ચિત્રકનું મૂળ વધારે પ્રમાણમાં આપવાથી ઝેરના જેવું પરિણામ કરે છે; એટલે એનો ઝેરી ઔષધોમાં સમાવેશ થાય છે.ચિત્રક,વાવડીંગ અને નાગરમોથ, આ ત્રણે ઔષધોના સમૂહને 'ત્રિમદ' એવું નામ આપેલ છે. એનો ઉપયોગ અનેક ઔષધોમાં ભૂખ લાગવાને માટે અને શરીરમાં સ્ફૂર્તિ આવવાને માટે તેમજ અજીર્ણ (અપચો) આદિ દૂર કરવા માટે કરાય છે. ઉપરનાં અનેક ઔષધોમાં આનો ઉપયોગ સાંભળ્યો છે. ડૉ૦ હૉર્સફીલ્ડ લખે છે કે, જાવા બેટમાં માણસો ચિત્રકનાં મૂળો પ્લાસ્ટરના કામમાં વાપરે છે. દક્ષિણહિંદુસ્તાનમાં ગરમીના યોગથી શરીર ઉપર ફોડલા થઇ તે ફૂટી ચાઠાં પડે છે તેના ઉપર, અને કોઢ ઉપર ચિત્રકનાં મૂળોનો ઉપયોગ ઘણોજ કરે છે. એનાં લીલાં મૂળમાંથી દૂધ જેવો રસ નીકળે છે. તે અભિષ્યંદ નામના નેત્રરોગમાં (આંખો દુખવા આવે છે તેમાં) ગુણકારી છે. સંતત (ઇન્ટરમિટેન્ટ) રોજ આવનારા તાવમાં એના મૂળનો સારો ઉપયોગ થાય છે. એમાં પરસેવો લાવવાનો ગુણ છે. ડૉકટર ઓસબૉલ્ડે જાતેજ અનુભવ કરીને એના જ્વરનો નાશ કરવાના ગુણની પ્રશંસા કરેલી છે. અરબી ભાષામાં '*શિતરજ' એ નામ છે; તે '**चित्रक**' આ સંસ્કૃત શબ્દનો અપભ્રંશ થઇ બનેલ હોય એમ જણાય છે. ચિત્રકના જે ગુણો આર્ય વૈદ્યકમાં જોવામાં આવે છે તે યુનાની વૈદોને (હકીમોને) પણ તેવાજ માન્ય છે. કફવિકાર, બરોળ, સંધિવા વગેરે રોગ ઉપર હકીમો એને ગુણકારી માને છે. એના પાચક અને ગર્ભપાત કરનાર ગુણો પણ તેમને માલમ છે. કોઢ અને ચામડીના જૂના રોગો ઉપર દૂધ અને સરકામાં અથવા પાણી અને મીઠા સાથે ચિત્રકના મૂળનો લેપ ફોડા ઉઠતાં સુધી ચોપડી રાખવો. સંધિવાત વગેરે વાયુના વિકારો ઉપર ૧૫-૨૦ મિનિટ સુધી સદરહુ લેપ ચોપડી રાખવો. આ વિધિ એક યુનાની ગ્રંથમાં લખી છે.

ચિત્રક:—પાચક, રૂક્ષ, લઘુ અગ્નિદીપક, પાકકાળે તીખો, ગ્રાહક, કડવો, ઉષ્ણ, રુચિકર, રસાયન તથા અગ્નિ જેવો પરાક્રમી છે; અને સોજો, કોઢ, અર્શ, ઉધરસ, કૃમિ, વાતોદર, કંડૂ, યકૃત્, સંગ્રહણી, આમ, ક્ષય તથા ઉદરરોગનો નાશ કરે છે. એ તીખો છે એટલે કફનો, કડવો છે એટલે પિત્તનો અને ઉષ્ણ છે તેથી વાયુનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ખસ ઉપર:— ચિત્રકનાં મૂળોની છાલ બારીક વાટી માખણમાં કાલવી, તેનો ગોળો એક કથરોટમાં મૂકી પછી તે કથરોટ તાપમાં વાંકી કરી રાખવી. એટલે ઘી ઓગળી નીચે નીતરશે. તે ઘી ખસ ઉપર ચોપડવાથી ખસ જાય છે. તેમજ એથી દાદર પણ જાય છે. (૨) સ્તન, કર્ણ કિંવા બીજે ઠેકાણે સોજો આવી

* અરબીમાં च ન હોવાથી તેનો 'શ' તેમજ क અને ग ના બદલે 'જ' થતો હોવાથી ચતુરંગ ઉપરથી શતરંજ થઈ "શેતરંજ" બન્યો છે; તેવીજ આ શબ્દની પણ ઉત્પત્તિ છે.

ગાંઠ થાય છે તે ઉપર:—ચિત્રકનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો. (૩) **સર્પદંશ ઉપર:**—ચિત્રકનાં મૂળ, કાળાવેલીના કાંદા અને કાળા ઉંબરાનાં મૂળ, એ સર્વ એકત્ર ઘસી થોડા થોડા સમયના અંતરે ત્રણ વાર પાવાં, અને વિષ ચઢેલા માણસને છાણની ઉપર બેસાડી અંગ ઉપર ઠંડા પાણીની ધાર કરવી, એટલે બે પ્રહરમાં વિષ ઉતરશે. એનો ઉતાર ઘી અર્ધો શેર પાવું. (૪) **ઉંદરના વિષ ઉપર:**—ચિત્રકનાં મૂળોનું ચૂર્ણ તેલમાં પાચન કરવું; અને તે ચૂર્ણ શસ્ત્રવડે બ્રહ્મરંધ્ર ઉપર કિંચિત્ ક્ષત કરી તે ઉપર વસ્ત્રથી ચોળવું. (૫) **સર્વ પ્રકારના ઉદરરોગ ઉપર:**—ચિત્રકનાં મૂળ અને દેવદાર એનો કલ્ક દૂધમાં આપવો. (૬) **ખદ ઉપર:**—ચિત્રકનાં મૂળ લીમડાના રસમાં ઘસી ચોપડવાં. (૭) **ખસ ઉપર:**—ચિત્રકનાં મૂળીઆં ખાંડી તેનો રસ નાળીએરના રસમાં નાખી તેલ કાઢવું અને ઉપર ચોપડવું. (૮) **ચિત્રકઘૃત:**—ચિત્રકનો કાઢો અને કલ્ક એમાં સિદ્ધ કરેલું ઘી સેવન કરવાથી ગુલ્મ, સોજો, ઉદર, પ્લીહા, શૂળ, મૂળવ્યાધિ અને સંગ્રહણીનો નાશ થાય છે. (૯) **પાંડુરોગ ઉપર:**—ચિત્રકના ચૂર્ણને આમળાંના કાઢાની ત્રણ ભાવનાઓ આપવી, પછી તે ગાયના ઘીમાં રાત્રે લેતા જવું. (૧૦) **નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ચિત્રકનું ચૂર્ણ મધ સાથે આપવું. (૧૧) **મંડલ કોઢ ઉપર:**—ચિત્રકના મૂળનો લેપ કરવો. પછી નગોડનાં બીઆંનો લેપ કરવો. (૧૨) **લાળખીઆ પ્રમેહ ઉપર:**—ચિત્રકનું ચૂર્ણ તલના તેલમાં આપવું. (૧૩) **નિદ્રા આવવા માટે:**—ગોળમાં ચિત્રકનું ચૂર્ણ આપવું. (૧૪) **અજીર્ણ, સંગ્રહણી, અતિસાર એ ઉપર:**—છાશના પાણી સાથે પાવું. (૧૫) **કંડૂ (ખરજ) ઉપર:**—ચિત્રકનાં મૂળનો કાઢો કરી પાવો. (૧૬) **યકૃત્ અને પ્લીહોદર ઉપર:**—ચિત્રકનો ક્ષાર આપવો. (ક્ષાર કાઢવાની રીતિ અઘેડાના વર્ણનમાં આપેલી છે.) (૧૭) **મૂળવ્યાધિ ઉપર:**—ચિત્રક, ટંકણખાર, હળદર અને ગોળ સમભાગે લઇ વાટી લેપ કરવો. (૧૮) **મૂળવ્યાધ ઉપર:**—ચિત્રકના મૂળની છાલ વાટી તેનો અથવા ચિત્રકનાં મૂળીઆંના ચૂર્ણનો એક કોરા માટલાની અંદર લેપ કરી તેમાં રાત્રે દૂધ જમાવવું અને સવારે તે દહીં ખાવું એ પ્રમાણે કેટલાક દિવસ કરવાથી મૂળવ્યાધિનો નાશ થાય છે. (૧૯) **અજીર્ણ ઉપર:**—ચિત્રકમૂળ, સિંધાલૂણ, હરડે અને લીંડીપીપર, એ સમાન-ભાગે લઇ ચૂર્ણ કરી દર વખતે શુમારે ૩ થી ૬ માસા સુધી ઊના પાણી સાથે આપવું. એટલે અજીર્ણ નાશ થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે. (૨૦) **વાતવ્યાધિ ઉપર:**—ચિત્રક, ઇન્દ્રજવ, પહાડમૂળ, કડુ, અતિવિષ અને હરડે, એ વસ્તુઓ સમભાગે લઇ તેનું ચૂર્ણ કરીને દરેક વખતે ૩–૪ માસા પ્રમાણે આપવું. એ વાતવ્યાધિ ઉપર ઘણું પ્રશસ્ત છે. આને સુશ્રુતે 'ષડ્ધર્ણ યોગ' નામ આપેલું છે.*

૨૩૨ **ચિમડ**—સં० અરણ્યકુલિત્થકા. મ० ઈવળા, રાનકુળીથ, રાનહુલગે. હિં० બનકુલથી, ચાક્ષુ. બં० વનકુલથી, વનકુર્તિકલાય. ક० કણ્ણુકુટકીનબીજ, કાડહુલિગ. ફા० ચશ્મક. અ० ચશ્મિઝજ, તાશ્મજ. ઇં० ફેરલીવ્હડ કેશીઆ. લા० કેસીઆ એબ્સસ્.

ચિમડ ગુજરાતમાં પ્રસિદ્ધ છે, એનાં ઝાડ કાસંદરા જેવાં હોય છે. એનાં બી કાળાં અને ચપટાં હોય છે. એ પૌષ્ટિક છે. **ઉપયોગ:**—(૧) **આંખો આવે છે તે ઉપર:**—ચિમડનું મગજ વાટી તેનું અંજન કરવું.×

---

*(૧) **ગુમડાં પકાવવા માટે:**—ચિત્રકમૂળની છાલ પાણીમાં ઘસી લેપ કરવાથી જલદી પાકીને ફૂટી જાય છે. (પરૂ(રસી) વાળાં ગુમડાંને ફોડવા માટેજ લેપ કરવો.) (૨) **સુખપૂર્વક પ્રસવ થવા માટે:**—ચિત્રકમૂળનું ચૂર્ણ ૧ તોલો લઈ મધમાં મેળવી ચાટવું. (૩) **ઉંદરના ઝેર ઉપર:**—ચિત્રકમૂળના ચૂર્ણને તેલમાં તળી લેવું. પછી એ તેલ પગના તળિયામાં તથા મસ્તકપર ચોળવું. (૪) **સંગ્રહણીરોગ ઉપર (ચિત્રકાદિ ચૂર્ણ):**—ચિત્રકમૂળ, ચવક, કાચાં બીલાં અને સુંઠ, સમભાગે લઇ ખાંડી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. દિવસમાં બે થી ત્રણ વખત ૩ થી ૬ માસા સુધી છાશમાં મેળવી પીવું.

× ચિમડને પ્રથમ ૪ પહોર છાશમાં ભીંજાવી રાખે છે. પછી ઉપરનાં ફોતરાં કાઢી અંદરના પીળા રંગના મગજને વાટી રાત્રે સૂતી વખતે અંજન કરવાનો રિવાજ છે. કોઇ તો શોધ્યા વિના દાંતેથી ફોતરાં કાઢી નાખી અંજન કરે છે તેને "ભચણુ" કહે છે. આંખમાં નાખતાં તે બળે છે.

૨૩૩ ચિભડું—સં૦ ચિર્ભટિકા. મ૦ શેંદાડ, ચિબુડ. હિં૦ ગોરખકકડી. ક૦ અરમેકે, હિરિમેકે, દાડુમેકે, અડિકેબાળે, પચ્ચેકાંઇગિડ. તે૦ બુરરંગપંડુ. તા૦ દુમ્મટીકાય. દ્રુ૦ અડકાબારે. ઈં૦ પ્યુબીસેન્ટ, કકુંબર. લા૦ કયુકયુમિસ્ પ્યુબીસેન્સ, ક્યુક્યુમિસ્ ટ્રાઇગોનસ્.

ચિભડાના વેલા કાકડીના વેલા જેવાજ હોય છે. એમાં 'ગોળ' અને 'લાંબાં' એવા બે જાત છે. પાકેલાં ચીભડાં ખાવાના ઉપયોગમાં આવે છે. એ વાદુલ છે; પરંતુ તંબાકુ પીનારને ઘણાં હિતાવહ છે. **ચિભડું:**—શીતળ, ગ્રાહક, ગુરુ, મધુર અને મલસ્તંભક છે; તથા પિત્ત, મૂત્રકૃચ્છ્, અશ્મરી, દાહ, પ્રમેહ, વાયુ અને શોષનો નાશ કરે છે. તે કુમળું હોય ત્યારે વાતકર છે; અને કફ, પિત્તનું નાશક છે; તથા પાકેલું પિત્તકર અને ઉષ્ણ છે. ઉપયોગ:—**(૧) પથરી ઉપર:**—ચિભડાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પ્રાતઃકાળે એક વાર એ પ્રમાણે ૭ દિવસ પાવાં.

૨૩૪ ચિરબોટ—ચિરબોટનાં ઝાડ હાથ દેઢ હાથ ઉંચાં થાય છે. એ મૃગશિર નક્ષત્રનો વરસાદ પડવા માંડે એટલે વગડામાં, ડુંગરોમાં, મેદાનમાં અને પહાડી જમીનમાં ચારે તરફ થાય છે. કોંકણમાં એ ઘણાં થાય છે. એને નાનાં ફળો થાય છે, તે ખટમીઠાં લાગે છે.

૨૩૫ ચિણો—સં૦ ચીનાક. મ૦ રાળા, રાળે. હિં૦ ચીના, ચેના. કા૦ નવણી. બં૦ ચિને. ક૦ ચીનક. ફા૦ ઉરજાન. અ૦ બારેગા. ઈં૦ મીલેટ. લા૦ પેનિકં-મિલિયેરી.

આ ધાન્ય સામો, કાંગ એ જાતિનું છે. ગામડાના ગરીબ લોકો ચીણા ઉપર નિર્વાહ કરે છે. વરીની (મોરીઆની) સળીઓ જેવી એની પણ સળીઓ થાય છે. એનાં કણસલાં નાનાં હોય છે; એ ધાન્યના ભાત વગેરે પદાર્થો કરે છે. ચીણાનો ભાત દૂધમાં સારો લાગે છે. ચીણાના ગુણ કાંગના જેવાજ છે. ઉપયોગ:—**(૧) અતિસાર ઉપર:**—ચીણાના ચોખા શેકી તેનો લોટ કરી તે લોટ છાશમાં નાખી ખાવો.

૨૩૬ ચિત્રા—(ખારી કોડીંબી, નાનું ઇંદ્રવરણું) સં૦ ચિત્રા, ચિત્રફલા, ઐંદ્રી. મ૦ લઘુ ઇંદ્રાવણ. હિં૦ ઈંદ્રાયણ, ફરફેંદુ. બં૦ રાખાલશશા, રાખાલતાડુ. ક૦ હોમેકે. તા૦ પેયકામટી, ટુમટ્ટી. તે૦ એતિપુછા. ફા૦ ખુર્બજાતલ્ખ. અ૦ હંજલ. ઇં૦ કોલોસિંથ. લા૦ સિટ્રુલસ્ કોલોસિંથિસ્. કો૦ લઘુ કવંડળ. (મોટા ઇંદ્રવરણાનાં નામો આથી જુદાં છે. જુઓ નં. ૫૪)

ચિત્રાના વેલા થાય છે. એ વેલા ઉપર જે ફળ આવે છે, તેનો રંગ પ્રથમ લીલો હોય છે; પણ તે પાકે એટલે તેનો સુશોભિત રાતો રંગ થાય છે. એ ફળ ઘણાંજ કડવાં છે; શોભા માટે એ ફળ દેવની પાછળ બાંધી રાખે છે. લઘુ ઇંદ્રવરણાના ગુણ ઇંદ્રવરણા જેવા છે. ઉપયોગ:—**(૧) કંઠસર્પ વગેરે કંઠરોગ ઉપર:**—લઘુ ઇંદ્રવરણાનાં ફળની છાલ દિવસ ૩ ચલમમાં નાખી પાવી. **(૨) કફ પાતળો થવા માટે:**—ઇંદ્રવરણાનાં ફળની છાલ ચલમમાં નાખી પીવી, એથી ઉલટી થઈ કફ પાતળો થાય છે. **(૩) પાઠાં (કાળપુળી) ઉપર:**—લઘુ ઇંદ્રવરણાનાં મૂળ અને કડવી વૃંદાવનીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી વારંવાર લેપ કરવો. **(૪) પ્રમેહ ઉપર:**—નાનું ઇંદ્રવરણું, ત્રિફળાં અને હળદરનો કવાથ કરી મધ નાખી આપવો. **(૫) અંડવૃદ્ધિ ઉપર:**—લઘુ ઇંદ્રવરણાનાં મૂળનું ચૂર્ણ એરંડતેલમાં ખરલ કરી દિવસમાં બે-ત્રણ વાર ચોપડવું; અને તેજ ચૂર્ણ બે માસા પ્રમાણે સવાર-સાંજ ગાયના દૂધમાં લેવું. આથી ત્રણ દિવસમાં ગુણ આવે છે. **(૬) સ્તનરોગ ઉપર:**—લઘુ ઇંદ્રવરણાનાં મૂળનો લેપ કરવો. **(૭) ખસ ઉપર:**—સુકાયલા ઇંદ્રવરણાને બાળી તેની કાળી રાખ કરી તલના તેલમાં ખરલ કરી ચોપડવી.

૨૩૭ ચુકો—સં૦ ચુક. મ૦ હિં૦ ચુકા, ચાંગેરી. ક૦ હુલિચકોત. બં૦ ચુકાપાલડ. ફા૦ તુરશકબડા. અ૦ હુમાજબુકલે. ઇં૦ બ્લેડરડાક. લા૦ રૂમેકસ વેસિકેરિયસ્.

ચુકાનાં ઝાડ વેંત-દોઢ વેંત વધે છે. દક્ષિણમાં અને ગુજરાતમાં આ ભાજીનો ઘણોજ પાક થાય છે. આ ભાજીનાં પાંદડાં કાંઇક જાડાં હોય છે. એને ઝીણાં ધોળાં ફૂલો આવે છે. એ ભાજી બારમાસી થાય છે. ચુકાનું શાક કરે છે. એમાં ચણાની દાળ અગર બીજી કોઈ ભેળવણીથી તે શાક સારૂં થાય છે. **ચુકો:**—અગ્નિદીપક, ઉષ્ણ, રુચિકર, લઘુ, પિત્તલ, સારક, પથ્યકર, મીઠો તથા અતિ ખાટો છે; અને શૂળ, ગુલ્મ, અગ્નિમાંદ્ય, હૃદયપીડા, બદ્ધવિટ્કતા, આમવાત, તૃષ્ણા,

ઉધરસ, કફ, વાત, ગુલ્મ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કેડ, ઉરૂ, જંઘા, પીઠ, કરોડ, એ સંબંધી વાયુ, ગુલ્મ, શૂળ, ગૃધ્રસી, ઉદાવર્ત, ખલ્લી, હનુગ્રહ વગેરે રોગો ઉપર:—** ચુકાના રસમાં ગોળ નાખી આપવો. **(૨) ચાંગેરી ઘૃત (ઘી) ગુદભ્રંશ ઉપર:—** ચુકો, બોર, દહીં, જવખાર અને સુંઠ, એના કાઢામાં ઘી નાખી પચન કરવું અને તે ખાવા આપવું. **(૩) બીજો પ્રકાર:—** લીંડીપીપર, પીપળીમૂળ, ચવક, સુંઠ, ચિત્રક, અજમો, ધાણા, પહાડમૂળ (કાળીપાટ), કાચી બીલી તથા દેવદારનો કલ્ક કરી ચુકાનો રસ તથા દહીં એ ઘીથી આઠગણું લઇ તેમાં ઘી નાખી સિદ્ધ કરવું. એ ઘી મૂત્રકૃચ્છ્ર, મૂળવ્યાધિ, સંગ્રહણી, કફ, વાયુ અને ગુદારોગ ઉપર હિતકારક છે. **(૪) ધંતુરાના વિષ ઉપર:—** ચુકાનો રસ કાઢી પાવો. આ રસથી તૃષા શાંત થાય છે, ભૂખ લાગે છે અને શરીરમાં ઠંડક થાય છે. **(૫) માથું અતિશય દુખે છે તે ઉપર:—** ચુકાનો અને કાંદા(ડુંગળી)નો રસ એકત્ર કરી મસ્તક ઉપર લેપ કરવો.

૨૩૮ **ચેર**—એ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં કાંડોળીનાં અથવા એરંડાનાં પાંદડાં જેવાં મોટાં હોય છે. એ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. એનું લાકડું સાધારણ કામમાં આવે છે. **ઉપયોગ:—(૧) અતિસાર ઉપર:—** ચેરની છાલનો રસ ૨ તોલા, ૪ તોલા દહીંમાં મિશ્ર કરી તેમાં અર્ધો તોલો વરી(મોરીઆ)નો લોટ મેળવી તે મિશ્રણ તુરત ખાવું.

૨૩૯ **ચોધારી**—આ ઝાડ શુમારે હાથેક ઉંચું વધે છે. એને ચોધારી કાંડવેલ જેવી ચાર ધારાઓ હોય છે. એનું શાક થાય છે. એ પાકા ઝાડનો રંગ રાતો હોય છે, એ ઝાડ ઘણું કરીને ખાનદેશમાં થાય છે. **ઉપયોગ:—(૧) ચોથીઆ તાવ ઉપર:—** ચોધારીનો કાઢો પીવો.

૨૪૦ **ચોપચિની**—સં૦ દ્વીપાંતર વચા, વ્યાધિનાશન. મ૦ હિં૦ ચોપચિની. બં૦ તોપચિની. ફા૦ અ૦ એવન. ફિ૦ ચકકા. યુના૦ ખાસિલિયર આશસિની. ઈં૦ ચઈના રૂટ. લા૦ સ્માઈલાકસ ચાઇના.

ચોપચિનીના વેલા ચીન, બ્રહ્મદેશ અને આરો પર્વતના પ્રદેશમાં થાય છે. ચોપચિનીના કંદનો ઔષધમાં ઉપયોગ થાય છે. ગરમીના રોગ ઉપર ચોપચિની એ ઉત્તમ ઔષધ છે. ધોળી **ગુલબાસીનું** કંદ પણ ચોપચિનીના ગુણ જેવાજ ગુણવાળું છે. **ચોપચિની:—** કડવી, ઉષ્ણ, અગ્નિદીપક, ધાતુવર્ધક, બલકર, મળ અને મૂત્રનું શોધન કરનારી, તારુણ્યદાયક, પુષ્ટિકર, વૃષ્ય, રસાયન તથા ગર્ભપ્રદ છે; અને બદ્ધવિટ્કતા, આધ્માન, ઉન્માદ, વાયુ, શૂળ, અપસ્માર, ધાતુક્ષય, અંગગ્રહ, ફિરંગોપદંશ, અગ્નિમાંદ્ય, કટિગ્રહ, પક્ષાઘાત, ઉરૂસ્તંભ, ક્ષય, વ્રણ, ગંડમાળ, નેત્રરોગ, શુક્ર અને શોણિત(લોહી)ના દોષ, સર્વાંગ વાયુ, કંપવાત અને કુબ્જવાતનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શરીરમાં ભરેલી ગરમી ઉપર ચોપચિનીનું ચૂર્ણ:—** ચોપચિની ૧૬ તોલા, ખાંડ ૪ તોલા, લીંડીપીપર, પીપળીમૂળ, મરી, લવંગ, અકકલકરો, ખુરાસાની અજમો, સુંઠ, વાવડીંગ અને તજ એ એકેક તોલો લઇ ચૂર્ણ કરી તેમાંનું ૬ માસા ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; એટલે ઉપદંશ રોગ, ઉપદંશના પરિણામી દોષ (ચામડીના રોગ, સંધિવાત, અસ્થિશોષ અને શૂલાદિ થાય છે તે), પ્રમેહ, ક્ષીણતા તથા ફિરંગોપદંશનો નાશ કરે છે. **(૨) ચોપચિનીનો પાક:—** ચોપચિની ૪૮ તોલા, લીંડીપીપર, પીપળીમૂળ, મરી, સુંઠ, તજ, અકકલકરો તથા લવંગ, એ એકેક તોલો અને તેમાં ચૂર્ણના જેટલી સાકર નાખી એનો પાક કરવો. તેમાંથી એક તોલો સવારે અને એક તોલો સાંજે લેવો. એથી ઉપદંશ, વ્રણ, કોઢ, વાતરોગ, ભગંદર, ક્ષય, કાસ, સળેખમ વગેરે રોગ દૂર થઇ પુષ્ટિ થાય છે.

૨૪૧ **ચોળા**—સં૦ રાજમાષ, સમ. મ૦ ચવળ્યા. હિં૦ ચવરા, ચોરા, વોડાલોબિયા. ફા૦ લોબિયા. અ૦ ફરીકા. ઈં૦ ચાઇનીસ ડોલિકોસ. લા૦ ડોલિકોસસિનેંસીસ. બં૦ વરવટી કલાય. ક૦ અલસંદે. પં૦ રૈંસ.

ચોળાના વેલા હોય છે. એ વેલાને વેંતભર લંબાઇની શિંગો આવે છે. ચોળાના વેલાના ડીંટાનું અને કુમળી શિંગોનું તથા જૂની શિંગોમાંહેના દાણાનું શાક કરે છે. ચોળા—એ ધાન્ય વાતુળ છે. દારચોળા કરીને એક ચોળાની જાત છે. એના છોડ અડદના જેવા થાય છે; ચોળાના જેવુંજ એ ધાન્ય છે. **ચોળા:—** સ્વાદુ, રૂક્ષ, તૂરા, તર્પણ, ગુરુ તથા ગ્રાહક છે; અને વાયુ,

કફ, શુક્ર તથા વર્ણસને વધારનાર છે; તેમજ શીતળ, પિત્તકારક, વૃષ્ય, સારક, આધ્માનકારક અને શ્રમહારક છે. ચોળા એ ધોળા, કાળા અને રાતા, એવા ત્રણ પ્રકારના થાય છે. તેમાં મોટી શિંગોના ચોળા વધારે ગુણવાળા છે. **દારચોળા:**—સ્વાદુ, રુચિકારક, તૂરા, મધુર, તર્પણ અને સ્તનમાં દૂધ વધારનાર છે. એ તૂરા છે માટે મળ, મૂત્ર અને કફને વધારતા નથી.

૨૪૨ જટામાંસી (બાલછડ)—સં૦ જટામાંસી. મ૦ બં૦ ક૦ તે૦ મલા૦ જટામાંસી. હિં૦ છડ. તા૦ નામાત્ત. ફા૦ સુબુલ. અ૦ સુંબુલુતીવ. ઇં૦ સ્પાઇકાનાર્ડ, નાર્ડોસટેકીસ.

જટામાંસી એ ઘાસના જેવી હોય છે અને એનાં ઝાડવાં ઘણું કરીને નદીને કિનારે થાય છે. એ છોડ વેલાની પેઠે જમીન ઉપર પ્રસરે છે એને 'જટાશંકર' પણ કહે છે. ×

૨૪૩ જવ—સં૦ યવ. મ૦ ફા૦ જવ. દે૦ સાતુ. હિં૦ ક૦ જવગોધી, મુંડજયબે. તે૦ યવધાન્ય. અ૦ શઇર. ઇં૦ બીટર બાર્લી, પર્લ બાર્લી. લા૦ હોર્ડિયમ હેગ્ઝાટીકમ. તા૦ બાર્લી અરિસુ.

એને મરાઠીમાં 'સાતુ' અને હિંદીમાં સતુવા પણ કહે છે. જવ એ ધાન્ય ઘઉંનીજ એક જાત છે; પરંતુ તે સ્વાદમાં અને આકૃતિમાં ઘઉંના કરતાં કેવળ ભિન્ન છે. એ ધાન્ય ઘણુંજ નીરસ છે. તે ઘણું કરી બળદ, હાથી, ઘોડા અને બીજાં જનાવરોના ખાધામાં આવે છે, અને કેટલાક ગરીબ લોક એની રોટલી કરી ખાય છે. મારવાડ અને ગુજરાતના ઘણા ભાગોમાં એનો પાક ઘણો થાય છે. આ ધાન્યને માટે કનિષ્ઠ પ્રતિની જમીન જોઇએ. જવ સશુક, નિઃશુક અને હરિત, એમ ત્રણ પ્રકારના છે. તેમાં **સશુક જવ:**—વૃષ્ય, શીત, તૂરા, સારક, રૂક્ષ, મેધ્ય, મધુર, વ્રણ માટે હિતકર, અગ્નિવર્ધક, સ્વર્ય, વર્ણ્ય, લેખન, મૂત્રબંધકારક, ગુરુ, મૃદુ, તીખા તથા સ્થૈર્યકર છે; અને મેદ, તૃષા, પિત્ત, વાયુ, કફ, રક્તરોગ, શ્વાસ, કાસ, ચામડીના રોગ, પીનસ, કંઠરોગ, પ્રમેહ તથા ઉરૂસ્તંભનો નાશ કરે છે. એ કરતાં નિઃશુક અલ્પગુણી છે. **ઉપયોગ:—(૧) તૃષ્ણા, દાહ અને રક્તપિત્ત ઉપર:**—શેકેલા જવનો લોટ ઠંડા પાણીમાં ઘણો પાતળો નહિ તેમ ઘણો જાડો પણ નહિ, એવી રીતે કાલવી તેમાં ઘી મેળવી પાવો. **(૨) ગર્ભ સ્થિર થવા માટે:**—જવ, તલ અને સાકર, એ સરખે ભાગે લઇ ચૂર્ણ કરી મધમાં ખાવાથી ગર્ભપાતનો ભય સ્ત્રીઓને રહેતો નથી. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—જવ બાળી તલના તેલમાં ખરલ કરી લેપ કરવો. **(૪) ધાતુપુષ્ટિ માટે:**—જવનો એક શેર લોટ, એક શેર તાજું ઘી, એક શેર સાકર, તોલાભાર ધોળાં મરી અને બે તોલા એલચીદાણા, આ સર્વની ભેગી ભૂકી કરી કલઇના વાસણમાં તપાવી પૂનેમની રાત્રે ઝાકળમાં રાખવું. પછી રોજ સવારે ૪ કિંવા ૫ તોલા ખાવું અને ઉપર ગાયનું દૂધ એક ઘુંટડો પીવું. **(૫) વિષૂચિકા રોગ ઉપર:**—જવનું ચૂર્ણ છાશમાં નાખી ઉષ્ણ કરી જવખાર નાખી પાવું. **(૬) જવખાર:**—(ક્ષાર કાઢવાની રીતથી જવખાર કાઢવો.) ૨ થી ૪ વાલ સુધી આપવો. એ શૂળ, ગુલ્મ, યકૃત્ અને પ્લીહા તથા અજીર્ણનો નાશ કરે છે. **(૭) ઉગ્રરસ, દમ અને ક્ષય ઉપર યવક્ષારાદિ ગુટિકા:**—જવખાર ૧ તોલો, મરી ૨ તોલા, લીંડીપીપર ૨ તોલા,

---

× મખજન અલ અદવિયામાં લખે છે કે:—જટામાંસી પેટના વિકાર કાઢનારી, જાગૃતિ લાવનાર, પેશાબ સાફ લાવનાર અને પિત્તને કાઢનારી છે. ફેફસાંની બિમારીમાં તથા જ્ઞાનતંતુઓને બળવાન કરવાને અને હિસ્ટીરિયાના રોગમાં તેને વાપરવાની ભલામણ કરે છે. વળી કહે છે કે, એના પ્રયોગથી વાળ લાંબા અને કાળા થાય છે. ડૉ૦ એન્સ્લી કહે છે કે:-જટામાંસીમાંથી માથામાં નાખવાનું તેલ કાઢે છે તથા લોહી સાફ કરવાને તે ખાવામાં પણ અપાય છે. સર વિલિયમ ઓશ સાંગનેસી એને બાલછડની બેલેરિયન દવાના બદલામાં આપવાની ભલામણ કરે છે. ચરકસંહિતામાં એને ચેતના સ્થાપન કરનાર તથા ઉન્માદ, અપસ્માર અને વાયુના વિકાર ઉપર અકસીર દવા કહી છે. સુશ્રુતસંહિતામાં એને વાતકફની હરણકર્તા, વર્ણપ્રસાદન, દુષ્ટ ખુજલીની નાશક અને પીડા-શામક વર્ણવેલી છે.

ભાવપ્રકાશમાં લખેલા ગુણ—કડવી, કસેલી, મેધાને હિતકર, કાંતિવર્ધક, બલદાયક, મધુર, તથા શીતળ છે; અને ત્રિદોષ, રુધિરવિકાર, દાહ, વિસર્પ અને કુષ્ઠનાશક છે. જટામાંસીની જડ ઉપર ધુસર રંગના રૂંઆ હોય છે. ફૂલ ગુચ્છોમાં લાગે છે. મૂળ અત્યંત સુગંધિત છે.

દાડમની છાલ ૪ તોલા, એ ચીજો ૧૬ તોલા ગોળમાં નાખી અર્ધા અર્ધા માસાની ગોળીઓ કરી આપવી.

૨૪૪ જળજાંબવો—સં૦ હિજ્જળ. મ૦ પરળ. હિં૦ જલકનેર. ક૦ તોરગેણુગિલે. લા૦ ઇસેટાઇનવર્ટિસિલેટા.

એને 'વાંજુળ' પણ કહે છે. જળજાંબવો એ લવારા (નાગરમોથા) અથવા ભાંગરાની પેઠે ભીનાશમાં થાય છે. એનું દીંટડું રાતું હોય છે. એનાં પાંદડાં ભાંગરાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. **જળજાંબવો**—એ જહારના જેવા ગુણવાળો, તીખો, ઉષ્ણ અને કડવો છે; તથા સોજો, મેદ, પ્રમેહ, કફ, વાયુ, ઉદરરોગ, ભૂતદોષ, કૃમિ, ગ્રહપીડા અને વિષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઢોરનું વિષ ઉતારવા માટે:**—જળજાંબવાનાં પાંદડાં છાશમાં વાટી પાવાં. **(૨) વાત ગલગંડ ઉપર:**—જળજાંબવો અને સરગવાનાં બીજ પાણીમાં વાટીને ગરમ કરી તેનો લેપ કરવો. **(૩) આફરા (પેટ ફૂલવા) ઉપર:**—જળજાંબવો પાણીમાં વાટી પાવો.

૨૪૫ જાનવેલ—આ વેલા ચોમાસામાં ઉગે છે. આ વેલાનાં પાંદડાં લાંબાં હોય છે અને કાંટા હોય તેવા એની ડોરને ખાંચા હોય છે. આ વેલ બીજા ઝાડ ઉપર ચઢેલી હોય છે. ઉનાળામાં પાણીના કિનારા ઉપર થનારી વેલજ રહે છે. **ઉપયોગ—(૧) ખરજવા ઉપર:**—જાનવેલ દૂધમાં વાટી તેનો રસ પાવો; અને જાનવેલની રાખ તેલમાં ખરલ કરી ખરજવા ઉપર ચોપડવી. **(૨) દાદર ઉપર:**—જાનવેલનો રસ ચોપડવો. **(૩) ઢોરોના ક્ષતમાં કીડા પડયા હોય તે ઉપર:**—જાનવેલનાં પાંદડાંની ધૂણી આપવી.

૨૪૬ જામફળ (જમરૂખ)—(સં૦ બહુબીજ. મ૦ પેરૂ. હિં૦ અમરૂદ, જામ.) એ ઝાડ ઘણું કરીને સર્વ દેશમાં થાય છે; પરંતુ હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. એ ઝાડ બે-ત્રણ વર્ષે ફળે છે. એમાં ધોળી અને ગુલાબી એવી બે જાત છે. એ ફળ ઠંડુ છે. જામફળનું રાયતું સારૂં થાય છે. ઘણાં જામફળ ખાવાથી તુરતજ તાવ આવે છે. જામફળીના જૂના લાકડાની બંદુકની કસો કરે છે. એ લાકડું ઘણું ચીકણું અને કઠણ હોય છે. **ઉપયોગ:—(૧) પેટમાં કંઈ ઉપદ્રવ થયો હોય તો:**—જામફળના ઝાડની કુમળી ભાજી વાટી પાઇ દેવી. **(૨) ભાંગનો નશો ચઢયો હોય તો:**—જામફળ ખાવાં અથવા પાંદડાંનો રસ પાવો. **(૩) ઠંડકને માટે શરબત:**—જામફળમાંનાં બીઆં કાઢી નાખી વાટી ગોળો કરવો. તે ગુલાબના પાણીમાં સાકર નાખી પાવું. **(૪) ઢોરોને હારીક લાગે તો:**—જામફળની ભાજીનો રસ અર્ધો શેર અને કેળની છાલનો રસ અર્ધો શેર, એ બન્ને એકત્ર કરી પાવાં.

૨૪૭ જાયફળ—સં૦ જાતીફળ. મ૦ હિં૦ બં૦ ક૦ મા૦ જાયફળ. તે૦ જાજીકાયા. તા૦ જોડીકાયા. તુ૦ જાજીકાયી. મલા૦ જાતીકામારે. ફા૦ જોઝબુવા. અ૦ જોઝઉતી, જોઝઅલતીબ. ઈં૦ નટમેગ. લા૦ મિરિસ્ટિકા, ઑફીસીનેલીસ-મોસ્કેટો. ગ્રીક૦ જાદિક્ષુ.

(क) જાવંત્રી—સં૦ જાયપત્રી. મ૦ જાયપત્રી, પત્રી. હિં૦ જાવિત્રી. બં૦ જાયિત્રી. ક૦ જાયપત્રી. તે૦ જાજિપત્રી. ફા૦ બજવાર, જાવિત્રી. અ૦ વિસવાસા. ઇં૦ મેસ. લા૦ મિરિસ્ટિકા ફ્રેગ્રન્સ.

આ એક મોટું ઝાડ છે. એની ૮૦ જાતો ઉદ્ભિજ્જશાસ્ત્રીઓ માને છે. તે પૈકી હિંદુસ્તાનમાં અને મલય દ્વીપકલ્પમાં ૩૦ દેખાય છે. એનું મૂળ ઉત્પત્તિસ્થાન મલાકકા બેટ કે જે એશિયાખંડની પૂર્વદિશામાં છે તે અને બાંડા મુલક છે; પરંતુ હાલ સુમાત્રા, સિંહલદ્વીપ, જાવા, પિનાંગ અને પાસિરીક તથા હિંદુસ્તાનના મહાસમુદ્રના બેટોમાં પણ એની પુષ્કળ ઉત્પત્તિ થાય છે. હિંદુસ્તાનમાં પણ શ્રીમંત લોકો આ ઝાડ બાગમાં વાવે છે; પરંતુ તેમાં જાયફળ ઘણાં આવતાં નથી. બાંડા અને મલાકકા બેટ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના તાબામાં સને ૧૭૯૬ થી ૧૮૦૨ સુધી હતા. તે વખતે રૉકસબર્ગ સાહેબે જાયફળનાં કેટલાંક ઝાડ મંગાવી કલકત્તા પાસે હાવડાના સરકારી બાગમાં રોપાવ્યાં હતાં. તેને ત્યાંની હવા એવી માફક આવી કે સને ૧૮૦૯ માં તે ઠેકાણે ૬૬૦૦ ઝાડો થઈ તે ઉપર ફળ અને જાવંત્રી પણ ઉમદા પ્રકારનાં થયાં. જાયફળનાં ઝાડો મુખ્ય બે પ્રકારનાં હોય છે. નર અને માદા. માદા જાતિનાં ફૂલો એકેક ટુંકી મંજરી ઉપર આવે છે; અને તે જાતનાં ઝાડ ઉપરનાં પાંદડાં પહોળાં ભાલાના આકારનાં સુંવાળાં હોય છે. જેનાં પાંદડાં મોટાં હોય છે તેનું ઇંગ્રેજી નામ મિરિસ્ટિકા મેક્રોફિલા છે. આનાં પાંદડાં મસળવાથી કાંઇક સુવાસ આવે છે. તે ત્રણથી

૭ ઇંચ લાંબાં અને ૧॥ ઇંચ પહોળાં હોય છે. જાયફળને પાન એકાંતરે આવે છે. તેને નાના પીળા રંગનાં ઘંટના આકારનાં ફૂલો આવે છે. તેને પુષ્પકોશ નથી હોતો.

એ ઝાડ ઘણું સુંદર દેખાય છે. એનાં ફળ પાકીને તૈયાર થાય એટલે સાધારણ જામફળ જેવડાં થાય છે. જાયફળ એ આ ફળમાં એકેક બીજ છે. એ ફળ બે ઇંચ વ્યાસનું હોય છે. તેની છાલ પીળી, સુવાસિક અને ૧। ઇંચ જાડાઈની હોય છે. ફળ પાકે એટલે આ ઉપરની છાલ ફાટીને માંહેના બીને વિંટાઈ રહેલ લાલ જર્દ રંગની જાળીદાર છાલ નજરે પડે છે. તે છાલનેજ જાવંત્રી કહે છે. બીજના ઉપર જે જે ઠેકાણે જાવંત્રીનો ભાગ રહેલો હોય છે, તેટલી જગ્યા ઉપર તેનાં નિશાન થયેલ હોય છે. એ બીજના ઉપર જેમ નાળિયેરના કોપરા ઉપર કાચલી હોય છે, તેમ એક પાતળું કવચ હોય છે. તે ફોડવાથી જાયફળ બહાર નીકળે છે.

જાવંત્રીમાં સુગંધીવાળું તેલ ૮ ટકા પ્રમાણે હોય છે. તે સિવાય એક ચીકણો રોગાન પણ હોય છે. તે ઉડી જાય તેવું તેલ વાયુના સણકા બંધ કરવાને ચામડી ઉપર ચોળવાથી સારો ગુણ કરે છે; અને તેમાંનું જાડું તેલ દારૂ ઉત્પન્ન કરનાર બીજા પદાર્થો સાથે મસળે છે.

જે જાયફળ નગઠ ચીકણાં ને ભારે હોય તે ઉત્તમ છે; અને વજનમાં હલકાં, પોલાં અને અડવાથી બરડ હોય તે કનિષ્ઠ સમજવાં. ઉત્તમ જાયફળ અહીં ઘણાં થોડાં આવે છે. તે ઘણાંક વિલાયત જાય છે. તેની કિંમત રતલના રૂા. ૨॥ સુધી હોય છે.

જાયફળ અર્ધું ખાવાથી તેનો કેફ ચઢે છે. અજીર્ણથી ઉનાળામાં થનાર ઝાડામાં ઘી સાથે અથવા માખણમાં ૦। તોલો જાયફળની ભૂકી ખાવી. ડૉક્ટર લોકો એરોમેટિક પાઉડર નામની જે સુવાસિક ભૂકી બનાવે છે તેમાં જાવંત્રીનો અને લવંડરનો અર્ક તૈયાર કરવામાં જાવંત્રીના તેલનો ઉપયોગ કરે છે. ૧ ભાગ જાયફળનું તેલ ૯ ભાગ દારૂના અર્કમાં પચાવે એટલે અર્ક તૈયાર થાય છે. જાયફળની પોણો તોલો ભૂકી આપવાથી ભ્રમ થાય છે અને કેટલીક વખત તો બેશુદ્ધિ થાય છે. જાયફળનો ફાંટ કૉલેરા વખતે પાવાથી તૃષાનું શમન થાય છે. બાળકોને માનું દૂધ છોડાવતી વખતે અનેક પ્રકારના વિકાર થાય છે, તેમાં પણ આ ફાંટ હિતકારક છે. જાવંત્રી ઉત્તેજક છે. સંધિવાતમાં એનું તેલ ગુણકારી છે. જાયફળ અને જાવંત્રી એ પાનમાં ખવાય છે, અને બાસુંદી વગેરે પકવાન્નોમાં તથા પાક વગેરે ઔષધોમાં પણ તે નાખે છે. જાયફળનું તેલ નીકળે છે. જાયફળ સાધારણ માદક હોઈ ઉષ્ણ, વીર્યવૃદ્ધિકર અને વાતનાશક છે. જાયફળ ઘીમાં નાખી રાખવાથી ઘણાં વર્ષો સુધી જેમનાં તેમ રહે છે. **જાયફળ:**—તૂરૂં, તીખું, વૃષ્ય, દીપન, રસકાળે કડવું, લઘુ, ગ્રાહક, હૃદ્ય, ઉષ્ણ તથા સ્વર માટે હિતકારક છે; અને કંઠરોગ, કફ, વાયુ, મેહ, વાતાતિસાર, મળ તથા દુર્ગંધનું શામક અને મુખવૈરસ્યકારક છે; તથા કાળાપણું, કૃમિ, ઉધરસ, ઉલટી, દમ, પીનસ, હૃદ્રોગ તથા શોષનો નાશ કરે છે. **જાવંત્રી:**—તીખી, કડવી, મુખને સ્વચ્છ કરનારી, મીઠી, વર્ણકારક, લઘુ, કાંતિકારક, રુચિકર તથા ઉષ્ણ છે; અને અંગની જડતા, કફ, રક્તદોષ, દમ, ઉધરસ, ઉલટી, તૃષા, વિષ, વાયુ તથા કૃમિનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) માથું દુખતું હોય તો:**—જાયફળ ઘસી લેપ કરવો. **(૨) ઉંઘ ન આવતી હોય તો:**—જાયફળ ઘીમાં ઘસી આંખો ઉપર ચોપડવું અથવા જાયફળ ખાવા આપવું. **(૩) બાળકોને શરદીથી હગામણ થાય છે તે ઉપર:**—ગાયના ઘીમાં જાયફળ અને સુંઠ ઘસી ચટાડવું. **(૪) સળેખમ ઉપરઃ**—ગાયના દૂધમાં અફીણ મેળવી તેમાંજ જાયફળ ચંદનની પેઠે ઘસી નાક અને મસ્તક ઉપર લેપ કરવો; અથવા જાયફળ દૂધમાં ઘસી ગરમ કરી લેપ કરવો. **(૫) ઉચકી (હેડકી હિક્કા) અને ઉલટી ઉપર:**—જાયફળ ચોખાના ધોવરામણમાં ઘસી પાવું. **(૬) વિષૂચિકા (કૉલેરા) ઉપર:**—૩ માસા જાવંત્રી દૂધમાં વાટી પાવી. **(૭) તારુણ્યપીટિકા (ખીલ) ઉપર:**—જાયફળ દૂધમાં ઘસી ચોપડવું. **(૮) મોડશી (કૉલેરા) ઉપર:**—જાયફળનું ૧ તોલો ચૂર્ણ કરી ગોળમાં ત્રણ માસાની ગોળી કરી આપવી. ગોળી અર્ધા અર્ધા કલાકને અંતરે આપવી અને ઉપર થોડું ગરમ પાણી પાવું, એટલે ઝાડા બંધ થશે. **(૯) આમાતિસાર અને અતિસાર ઉપર:**—જાવંત્રીનું બે અઢી માસા ચૂર્ણ દહીંની પરાશમાં અથવા ગાયના દહીંમાં કાલવી સાત દિવસ

આપવું, એટલે અસાધ્ય રોગ હશે તોપણ તે મટશે. (૧૦) **પેટ ચઢે છે અને ઝાડો થતો નથી તે ઉપરઃ**—લિંબુના રસમાં જાયફળ ઘસી પાવું, એટલે ઝાડો થઇ પેટ ઉતરે છે. (૧૧) **કૉલેરા થાય ત્યારે હાથ, પગ વગેરે જગ્યા પર ગોળા ચઢી આવે છે તે ઉપરઃ**—એક જાયફળ લઇ તેનું ચૂર્ણ કરવું. તે પાશેર મીઠા તેલમાં કાલવવું. પછી તે વાસણમાં નાખી કઢવવું. સારૂં કઢાયા પછી નીચે ઉતારી બરાબર ઠંડુ પાડ્યા પછી શીશીમાં ભરી તે શીશી બંધ કરી રાખવી. જરૂરની વેળાએ જ્યાં ગોટલા ચઢતા હોય તે ભાગ ઉપર તે ચોળવું; એટલે ગોટલા તુરત બંધ થાય છે. (૧૨) **અજીર્ણ ઉપરઃ**—જાયફળ દૂધમાં ઘસી આપવું. (૧૩) **જાતિફલાદિ ગુટિકાઃ—કૉલેરા ઉપરઃ**—જાયફળ, સિંધાલૂણ, શુદ્ધ હિંગળોક, કોડી ભસ્મ, સુંઠ, શુદ્ધ અફીણ, શોધેલ ધંતુરાનાં બી અને લીંડીપીપર, એ સમભાગ લઈ લિંબુના રસમાં, ધંતુરાના બીજના કાઢામાં અથવા ભાંગના કાઢાની ભાવના આપી રતીભારની ગોળીઓ કરી પૈસાભાર છાશ, શેકેલી હિંગ (ચણા જેવડી કાંકરી) અને સિંધાલૂણ એક માસો એકત્ર કરી તેમાં એક ગોળી આપવી. એટલે ઝાડો-ઉલટી તત્કાળ બંધ થાય છે. આ ગોળી નાગરવેલના પાનમાં આપવાથી વીર્યવૃદ્ધિ થાય છે. (૧૪) **જાતિફલાદિ વટીઃ—અતિસાર ઉપરઃ**—જાયફળ, ખારેક અને અફીણ સમભાગ લઇ નાગરવેલના પાનના રસમાં વાટી ચણા જેવડી ગોળીઓ કરી છાશમાં આપવી; એટલે ગમે તેવો જબરદસ્ત ઝાડો હોય તોપણ તે બંધ થાય છે.

૨૪૮ **જાંબ**—કેટલેક ઠેકાણે જામફળને અને કાજુના ફળને જાંબ કહે છે; પરંતુ એ ઝાડ તે કરતાં જુદું છે. જાંબની બે જાત છે. એકને "ખાટાં જાંબ" અને બીજાને "મલાખી જાંબ" એમ કહે છે. ખાટા જાંબનાં ઝાડ ઉંચાં હોય છે. તેનાં ફૂલ રાતાં હોય છે. ફળ ધોળાં અને મોટાં હોય છે. તેને માગશર અને પોષ માસમાં ફળ આવે છે. મલાખીજાંબનાં ઝાડ ઘણું કરીને મલાકકા બેટમાંથી આવેલાં હોવાં જોઇએ. એ ઝાડ ઉંચાં વધતાં નથી. એને ધોળાં ફૂલ આવે છે. એના ફળનો રંગ પીળો હોય છે. એના અંગમાં મધુરતા હોય છે અને વાસ સારો આવે છે. જાંબ વર્ષમાં બે વાર પાકે છે.

૨૪૯ **જાંબુ**—સં૦ જંબુ. મ૦ જાંભૂળ. હિં૦ જામૂન. બં૦ જામ. તા૦ જંબુનાવલ. તુ૦ જંબુનેરેલુ. ક૦ નીરલ, કેંપુજંબીનેરલુ. તૈ૦ નેરેદુ. મલા૦ નેત્તુજાંબલ, નાવલ. ઈં૦ જાંબુલ ટ્રી. લા૦ જાંબોલેનમ, સિઝિયમ્.

જાંબુડીનું ઝાડ ઘણું ઉંચું વધે છે. એનાં પાંદડાં બોરસળીનાં પાંદડાં જેવાં હોય છે. જાંબુડીના ઝાડને વૈશાખ-જેઠ માસમાં ફળ આવે છે. એનો રંગ બહારથી કાળો હોઈ અંદરથી રાતો હોય છે. રાનમાં જે ઝાડ થાય છે, તેનાં ફળ નાનાં અને ખાટાં લાગે છે; પરંતુ બાગમાં જે ઝાડ થાય છે તેનાં ફળ મોટાં અને મીઠાં થાય છે. બાગમાં વાવેલી જાંબુડીનાં ફળને "રાય જાંબુ" કહે છે. જાંબુ ગમે એટલાં ખાવામાં આવે તોપણ વિકૃતિ ન થતાં શરીરને ફાયદાકારક છે. જાંબુડીની છાયા ઘણી ઠંડી અને સુખદાયક છે. જાંબુડીનું લાકડું ઘણું ચીકણું હોઇ પાણીમાં કહોતું નથી. એ લાકડું ઘરકામના ઉપયોગમાં પણ આવે છે. જાંબુડીના ઝાડમાં પાણી સ્વચ્છ કરવાનો મોટો ગુણ છે. તળાવમાં સેવાળ વગેરે થઇ હોય તો તેમાં જાંબુડીનાં ડાળાં નાખવાથી સર્વ સેવાળ મરી જઇ પાણી સ્વચ્છ થાય છે. જાંબુનો સરકો કરે છે. તે પેટમાંના ગુલ્મ, ઉદર, અતિસાર અને વિષૂચિકા ઉપર ઉપયોગમાં આવે છે.* **જાંબુડીઃ**—તૂરી, ગ્રાહક, મધુર, પાચક, મલસ્તંભક, રુક્ષ

* હિંદુસ્તાની વૈદ્યો જાંબુના રસને સોડવીને સિરકો બનાવે છે. એને પેટની પીડાનાશક તથા પેશાબ વધારે લાવનાર માને છે. એટલા માટે એ રસને દારૂમાં સંયુક્ત કરીને જૂના સંસ્કૃત ગ્રંથોમાં લખેલ જાંબુનો આસવ બનાવે છે. એની છાલ બહુજ તૂરી અને સ્તંભક હોવાથી બીજાં ઔષધો સાથે ઉકાળીને કોગળા કરવાની દવા તથા જખમને ધોવાના કામમાં વાપરે છે. નાનાં બાળકોને ઝાડો થતો હોય તો છાલનો તાજો રસ બકરીના દૂધ સાથે મેળવી આપે છે. મખજન અલ અદવિયામાં લખેલ છે કેઃ-પિત્તના ઝાડામાં જાંબુ ખાવાથી બહુજ ફાયદો થાય છે. એજ પ્રમાણે ગળામાં સોજો હોય તોપણ આ ઉત્તમ અસર કરે છે. માથામાં દાઉલ્સલબ (ઉંદરી, ટાલ) થાય તો તેને પણ આ

તથા રુચિકર છે; અને પિત્ત, તથા દાહની નાશક, ખાટી તથા કંઠને હિતાવહ છે; તેમજ કૃમિ, શ્વાસ, શોષ, અતિસાર, કાસ, રક્તદોષ, કફ તથા વ્રણનાશક છે. એનાં ફળ:—તૂરાં, ખાટાં, મધુર, શીતળ, રુચ્ય, રૂક્ષ, ગ્રાહક, ભેખન, કંઠદૂષક, મલસ્તંભક તથા વાતકારક છે; અને કફ, પિત્ત તથા આફ્માનવાયુનો નાશ કરે છે. રાયજાંબુડી:—મધુર, ઉષ્ણ, તૂરી, સ્વર્ય તથા મલસ્તંભક છે; અને શ્વાસ, શોષ, શ્રમ, મુખજાડ્ય, અતિસાર, કફ તથા ઉધરસનો નાશ કરે છે. એનાં ફળ:—મધુર, રુચિકર, સ્તંભક, ગુરુ, દોષનાશક અને સ્વાદુ છે. જલજાંબુ:—તૂરાં, શીત, કડવાં, ગુરુ, પાકકાળે મધુર, ખાટાં, પુષ્ટિકર, ગ્રાહક, વીર્યવૃદ્ધિકર તથા બલકર છે; અને શ્રમ, દાહ, અતિસાર, રક્તદોષ, કફ, પિત્ત તથા વ્રણનો નાશ કરે છે. ભુયજાંબુ:—તૂરું, પ્રિય, મધુર, વીર્યપ્રદ, ગ્રાહક તથા પુષ્ટિકારક છે; અને કફ, હૃદ્રોગ તથા કંઠરોગનો નાશ કરે છે. એનાં ફળના ગુણ રાયજાંબુડીના ફળ જેવાજ છે. ઉપયોગ:—(૧) **ગરમીથી થતી અળાઈ ઉપર:**—જાંબુની અંદરનાં બી ઘસી ચોપડવાં એટલે પરસેવો થઈ અંગ સ્વચ્છ થાય છે. (૨) **રક્તાતિસાર ઉપર:**—જાંબુડીની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી; અથવા જાંબુડીનાં પાંદડાંના રસમાં મધ, ઘી અને દૂધ મેળવી પાવું. (૩) **વિંછીના દંશ ઉપર:**—જાંબુડીનાં પાંદડાંનો રસ ચોપડવો. (૪) **પિત્ત ઉપર:**—જાંબુડીનાં પાંદડાંનો રસ તોલો ૧ અને ગોળ તોલો ૧, એ એકત્ર કરી તાપમાં મૂકી ઉપર તોર આવે તે પીવી. (૫) **ગર્ભિણીના અતિસાર ઉપર:**—જાંબુડીની અને આંબાની છાલ લઇ તેનો કાઢો કરી તેમાં ૧ તોલો ધાણીનો અને ૧ તોલો જવનો લોટ નાખી ચાટવા આપવો; અથવા પાકેલાં જાંબુ ખાવા આપવાં. (૬) **મધુમેહ ઉપર:**—જાંબુડીની છાલ અથવા જાંબુ સૂકવી બારીક કરી દરરોજ બે તોલા ખાવું; અથવા જાંબુ મળે તો ૧૫ દિવસ ખાવાં. (૭) **મુખરોગ ઉપર:**—જાંબુડી, બાવળ, બોર, બોરસલી એ પૈકીના કોઈ પણ ઝાડની અંતરછાલનું ઠંડુ પાણી કાઢી તેના કોગળા કરવા અને એની સોટીથી દરરોજ દાતણ કરવું; એટલે કદી પણ મુખરોગ થતો નથી અને દાંત પણ મજબૂત થાય છે. (૮) **અતિસાર ઉપર:**—જાંબુડીની છાલનો રસ પાવો. (૯) **વછનાગના વિષ ઉપર:**—જાંબુડીની અંતરછાલનો રસ નવટાંક કાઢી તેમાં તેટલીજ પેજ (કાંજી) નાખી તે આપવું. (૧૦) **પિત્તવિકાર ઉપર:**—જાંબુડીની છાલનો રસ દૂધમાં મેળવી પાવો. એ પ્રયોગથી ઉલટી થઇ પિત્ત પડશે. ઉતાર ઘી અને ભાત આપવો. (૧૧) **પેટમાં વાળ અગર લોઢાનો અંશ ગયો હોય તો:**—જાંબુ ખાવાં. (૧૨) **ઉલટી ઉપર:**—જાંબુડીની છાલની રાખ મધમાં આપવી. (૧૩) **જાંબુનો સરકો:**—જાંબુનો રસ કાઢી ગાળી બાટલીમાં ભરી રાખવો. જેમ જેમ તે રસ ખાટો થતો જાય, તેમ તેમ તેમાં વિશેષ ગુણ આવતો જાય છે. એ અતિસાર, મરકી અને ઉદરરોગ ઉપર ઘણો ઉપયોગી છે.

૨૫૦ **જીયાપોતો**—સં૦ પુત્રજીવક, પુત્રજીવ. મ૦ પુત્રજીવ, પુત્રવંતી, જીવનપુત્રી. તૈ૦ પુત્રજીવિ. ક૦ પુત્રજીવ. હિં૦ જીયાપોતા, પુતજીઆ. બં૦ પુતજિયા, જિયાપુતા. લા૦ પુત્રજીવારૉકસ બુર્ધિઆઇ.

આ ઝાડ મોટું વધે છે. જીયાપોતાનાં ઝાડ કોંકણમાં તથા ઘાટ ઉપર થાય છે. એને 'પુત્રવંતી' પણ કહે છે. મૈસુરમાં આ ઝાડ ઘણાં થાય છે. એનાં બીઆંની માળાઓ કરી તેને સ્ત્રીઓ પુત્રપ્રાપ્તિ માટે ગળે બાંધે છે. **જીયાપોતો ઝાડ:**—કફકારક, ચક્ષુષ્ય, ગર્ભપ્રદ, હિમ, વૃષ્ય, વાતકારક, રૂક્ષ, સ્વાદુ, ખારું, તીક્ષ્ણ, મૂત્રલ તથા મલસ્તંભક છે; અને પિત્ત, દાહ તથા તૃષાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **ગંડમાળ, ગલગંડ, કાળપૂળી (પાઠું), વિષના ફોલ્લા અને કાખમાંજરી (બાંબલી) વગેરે ઉપર:**—જીયાપોતાના ઝાડની અંતરછાલ પાણીમાં ઘસી ચોપડવી.

રસ આરામ કરે છે. એજ લખનાર કહે છે કે, મૂળ, બીજ અને પાંદડાં ઉત્તમ ગ્રાહી છે. પાકાં જાંબુનો રસ કાઢીને તેનું શરબત કર્યું હોય તો તે પેટની પીડાનો નાશ કરે છે તથા ઘણા દિવસના ઝાડાને રોકે છે. ચરકગ્રંથમાં જાંબુ અને એની છાલ મૂત્રસંગ્રહણ અને પુરીષરજનીય (ઝાડાના રંગને બદલનાર) વર્ણન કરેલ છે. સુશ્રુતમાં એને રક્તપિત્તહારક, દાહનાશક, યોનિદોષનાશક, વૃષ્ય અને સંગ્રાહી (સ્તંભક) વર્ણન કરેલ છે. રાયજાંબુનાં પાંદડાં પહોળાં ને ખાટાનાં સાંકડાં હોય છે.

(૨) શ્લીપદરોગ ઉપર:—જીવાપોતાના ઝાડનાં પાંદડાંનો રસ શક્તિતારતમ્ય જોઈ આપવો. **(૩) કૂપી વિષ ઉપર:**—જીવાપોતાના ઝાડની અંતરછાલ ચાર માસા ગાયના દૂધમાં વાટી પાવી; એટલે અનેક પ્રકારથી ઉત્પન્ન થયેલાં અતિ ઉગ્ર વિષોનો નાશ થશે.

૨૫૨ જીરૂં—સં० જીરક. મ० જીરે. બં० સાદાજીરે, બડજીરે. હિં० ફા० જીરા. ક० જીરીગે. તે० જીરકં, જીરકર્રા. તા० મલા० ચીરકં. તુ० જીરડરી. યુ० ખામુન. અ० કમુન. ઈં० કયુમીન સીડ. લા० કયુમિનં સિમિનં.

જીરાનાં ઝાડ અજમાના છોડ જેવાં હોય છે. અજમાની પેઠેજ જીરાના છોડ ઉપર જીરૂ આવે છે. હિંદુસ્તાનમાં ઘણાક પ્રાંતોમાં જીરૂં ઉત્પન્ન થાય છે. જીરાનો ઉપયોગ મસાલામાં અને ઔષધોમાં ઘણો થાય છે. જીરૂં એ વાતહર, ક્ષુધા પ્રદીપ્ત કરનારૂં, રુચિકારક અને ઠંડુ છે. શરીરમાંની ગરમી (ઉષ્ણતા) કાઢવાને જીરૂં એ ઉત્તમ ઔષધ છે.× જીરા વિષે એક હિંદુસ્તાની કહેવત છે કે:—"ઠંડીકું જીરા ઔર ગરમીકું હીરા." **ધોળું જીરૂં:**—તીખું, ગ્રાહક, પાચક, દીપન, લઘુ, કિંચિત્ ઉષ્ણ, મધુર, ચક્ષુને હિતાવહ, રુચિકારક, ગર્ભાશયને શુદ્ધ કરનારૂં, રૂક્ષ, બલકર, સુગંધી તથા કડવું છે; અને ઉલટી, ક્ષય, આધ્માનવાયુ, કોઢ, વિષદોષ, જ્વર (તાવ), અરુચિ, રક્તદોષ, અતિસાર, કૃમિ, પિત્ત તથા ગુલ્મનો નાશ કરે છે. **પીળું જીરૂં:**—દીપન, તીખું તથા ઉષ્ણ છે; અને અતિસાર, આધ્માનવાત, ગુલ્મ, સંગ્રહણી તથા કૃમિનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) હોઠ ઉપર તાવ ઉઠે (બરો મૂતરે) તે ઉપર:**—જીરૂં પાણીમાં વાટી ચોપડવું. **(૨) રતાંધળાપણા ઉપર:**—જીરૂં, આમળાં અને કપાસનાં પાંદડાં ઠંડા પાણીમાં સમભાગે વાટી માથા ઉપર ૨૧ દિવસ પાટો બાંધવો. **(૩) જીર્ણજ્વર ઉપર:**—જીરાની ભૂકી એક પૈસાભાર પ્રાતઃકાળે અગર રાત્રે જૂના ગોળમાં ૨૧ દિવસ ખાવી. **(૪) પ્રદર** (બાંઓને ધોળું કે લાલ પાણી જવું તે) **ઉપર:**—જીરૂં અને સાકરનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં પાવું. **(૫) પરિણામશૂળ ઉપર:**—જીરૂં, હિંગ અને સિંધવનું ચૂર્ણ મધ તથા ઘીમાં નાખી પાવું. **(૬) હરતાળના વિષ ઉપર:**—જીરૂં અને સાકર ૭ દિવસ પાવાં. **(૭) જીર્ણજ્વર ઉપર:**—જીરૂં ગાયના દૂધમાં શીજવી તેનું ચૂર્ણ કરી તે સાકર સાથે ખાવું; એટલે શરીરમાંહેની કડકી નીકળી જઇ શરીરમાં શક્તિ પણ આવે છે. **(૮) મુખરોગ ઉપર:**—જીરૂં ખાંડી તેના પાણીમાં ચંદન ઘસી, તેમાં એલચીની ભૂકી અને ફટકડીની ફૂલાવેલી ભૂકી નાખી કોગળા કરવા. **(૯) ટાઢીઆ તાવ ઉપર:**—જીરૂં, કારેલીના એક તોલા રસમાં પાવું અથવા રાત્રે જૂના ગોળમાં આપવું. **(૧૦) સામાન્ય જ્વર ઉપર:**—જીરાનું ચૂર્ણ જૂના ગોળમાં કાલવી ૧ તોલા વજનની ગોળી કરી સૂતી વેળાએ આપવી; એટલે પરસેવો આવી તાવ ઉતરી જાય છે. **(૧૧) જીર્ણજ્વર ઉપર:**—જીરૂં અને તેનો આઠમો ભાગ શાહજીરૂં ઘીમાં સાધારણ શેકી બારીક ભૂકો કરવો; અને સાકર અથવા જૂના ગોળનો પાક કરી તેમાં નાખી થેપલી અગર ગોળીઓ કરવી. આ ઔષધ રોજ બે વાર એકેક તોલો ૪૨ દિવસ આપવું. **(૧૨) ઉલટી ઉપર:**—રેશમી કપડાના ટુકડામાં જીરૂં નાખી તેની

× યુનાની હકીમો:—જીરાને ખુશબોદાર અને ગ્રાહી ગણે છે. એમાંથી તેઓ આંખ ધોવાનું પાણી તૈયાર કરે છે, કે જે એમના મત પ્રમાણે આંખનું તેજ વધારે છે, અને છાતીના દરદમાં પણ એનો ઉપયોગ કરે છે. એનાથી મૂત્ર વધારે ઉતરે છે અને પેટના કૃમિ નીકળે છે, એમ તેઓ માને છે. ગર્ભસ્થાનમાં સોજો આવી વધારે દરદ થતું હોય તો આ જીરાના પાણીમાં બાંઓને બેસાડવાની ભલામણ કરે છે. એજ પ્રમાણે એ જીરાને વાટી પોટીસ કરી બાંધવાથી બહાર નીકળેલા અને અત્યંત દરદ કરનારા હરસ જતા રહે છે. પંજાબ પ્રાંતમાં—જીરાથી પેશાબ વધારે ઉતરે અને સ્તનમાં દૂધ વધારે ઉત્પન્ન થાય એમ માને છે. ઈંગ્રેજી ઔષધોમાં—આને પાચક માનેલ છે; અને પેટમાં વાગોળો, પેટ ફૂલવાની પીડા, અજીર્ણ અને આંતરડાંના શૂળમાં એને ઉપયોગી માને છે. ચરકસંહિતામાં જીરાને શૂળનાશક માનેલ છે. સુશ્રુતસંહિતામાં વાતનાશક, અરુચિનાશક, દીપન, ગુલ્મશૂળ અને આમને નષ્ટકર્તા એટલે સોજો, શૂળ અને પડતા આમને બંધ કરનાર કહે છે.

બીઠી સળગાવી નહિ પીવી.

૨૫૨ જુઈ—સં૦ યૂથિકા. મ૦ જુઇ. હિં૦ જુહી. ક૦ મલ્લિગે. તે૦ જુઇપુષ્પાલુ. લા૦ જેસ્મિનમ્ ઓરિક્યુલેટ.

જુઈના વેલાને ત્રિદલ પાંદડાં આવે છે. જાઇનાં ફૂલો જેવાંજ જુઇનાં ફૂલો સુવાસિક હોય છે. *જુઈ:—કડવી, શીતળ, સ્વાદુ, તીખી, લઘુ, મધુર, હલ, તૂરી તથા સુગંધી છે; અને વાયુ તથા કફને કરનારી તેમજ પિત્ત, દાહ, તૃષા, મૂત્રાશ્મરી, ત્વગ્દોષ, વ્રણ, દંતરોગ, મુખરોગ, શિરોરોગ, વિષ અને નવજ્વરનો નાશ કરે છે.

૨૫૩ જુવાર—સં૦ યાવનાલ. મ૦ જોંધળે, જ્વારી, શાળુ. હિં૦ જ્વાર, જુંધરી, પોનરી. ક૦ જોળ. તે૦ જોન્નલુ. તા૦ ચોળં, ચોન્નલ. તુ૦ જોળા. મલા૦ ચોળં. ફા૦ જુરેમકા. અ૦ હંતા-રૂમિયા, ખંદરૂસ. ઇં૦ ગ્રેટ મિલેટ. લા૦ હોલકસ વલગેરી.

બુંદેલખંડ, માળવા, ગુજરાત, ખાનદેશ, વરાડ, કૃષ્ણગિરિ, બાલેઘાટ, ધારવાડ અને મદ્રાસ, એ પ્રાંતોના કેટલાક ભાગોમાં એ ધાન્ય ઘણું પાકે છે. ખરીફના પાકને 'જુવાર' અને રબીના પાકને 'શાળુ' એમ કહે છે. જુવાર—એ ધાન્ય બળકર હોઇ શીતળ છે. જુવારના સાંઠા ત્રણ ચાર હાથ ઉંચા વધે છે. જુવારનાં લીલાં કણસલાં શેકીને ખાય છે; તેને 'પોંક' કહે છે. તે મીઠો અને પૌષ્ટિક છે. ગામડાંઓમાં એને મોટા પ્રતિષ્ઠિતપણાથી ઇષ્ટમિત્રો સાથે ખાય છે. ગામડાના લોકોને પોંક એ એક મેવોજ છે. તેઓને એ પોંક ખાવા મળે એટલે પછી રોટલાની પણ જરૂર રહે નહિ. જુવારના લીલા સાંઠા શેરડીના જેવા મીઠા લાગે છે. એ લીલા સાંઠા ઢોરોને ઘણા-જ ભાવે છે. એના સૂકાયલા સાંઠા ઢોરોને બીજા ઘાસ કરતાં સારા છે. જુવાર આઠ–દશ વર્ષ સુધી સડયા વગર રહી શકે છે. ઘણેખરે ઠેકાણે પ્રથમ જુવારનાં કરબલાં અને કોઠીઓ ભરી રાખતા હતા; પણ હમણાં સ્વપ્નમાં પણ જુવારના તેવા કોઠાર જોવામાં આવતા નથી. કારણ કે લોક એટલા કંગાલ અને ભિખારી થયેલા છે કે તેઓનું ખેતરમાંહેનું ધાન્ય ઘરમાં આવે તે પહેલાંજ સરકારની અને પછી વાણીઆ લોકની ભરતી કરવી પડે છે. તેમને આપ્યા પછી બાકી થોડું ઘણું જે રહે તેમાંજ પોતાનો ગુજારો કરવો પડે છે. લાખો લોકો અર્ધાં ભૂખ્યાં રહે છે. આ ખેડુતલોકની કેવી વિપન્નાવસ્થા થયેલી છે, કે જેમણે રાત્રિદિવસ સતત ઉદ્યોગ કરીને જે ધાન્ય ઉત્પન્ન કરેલું છે, તે પણ તેઓને પેટ ભરીને ખાવા મળતું નથી ! પહેલાંના કાળમાં લોકો પાસે ધાન્યના ભંડાર ભરપૂર ભરેલા રહેતા હોવાથી દુર્ગાદેવી જેવા બાર બાર વર્ષ સુધી સતત રહેનારા દુકાળ પડતા તોપણ તેમાં લોક નિભાવી લેતા; પરંતુ હમણાં સાધારણ દુકાળ પડે તોપણ હજારો લોકો અન્ન ન મળવાથી ભૂખના માર્યા મરણશરણ થાય છે. સુજ્ઞ અને જ્ઞાની તથા દૂરદર્શી લોકોએ આ સ્થિતિ સુધારવા માટે કંઇક પણ પ્રયત્ન કરવો જોઇએ, કે જેથી કાલાં-તરે દેશોન્નતિ થવામાં વિલંબ થાય નહિ. સાધારણ જુવાર:—શીતળ, રૂક્ષ, ગુરુ, ગ્રાહક, વૃષ્ય, રુચિકર, સ્વાદુ તથા મલસ્તંભક છે; અને કફ, રક્તરોગ તથા પિત્તનો નાશ કરે છે. ધોળી જુવાર:—વૃષ્ય, બલપ્રદ તથા પથ્યકર છે; અને અર્શ વ્રણ, ત્રિદોષ, ગુલ્મ તથા અરુચિનો નાશ કરે છે. કમળપરૂ જુવાર:—કફકારક, પિચ્છલ, ગુરુ, શીતળ, મધુર, વૃષ્ય, બલકર, પુષ્ટિકારક અને ત્રિદોષનાશક છે. ઉપયોગ:—(૧)પરસેવો આવવા માટે:—જુવારની ધાણીના લોટનો કાઢો કરી પાવો.

૨૫૪ જેઠીમધ—સં૦ યષ્ટીમધુ, મધુક. બં૦ યષ્ટીમધુ. ક૦ યષ્ટીમધુ, શીકંકટ્ટગે. મ૦ જ્યેષ્ઠિમધ. હિં૦ મુલહઠી. કો૦ ગોડકાષ્ઠ. તૈ૦ યષ્ઠીમધુકમુ. ફા૦ બેખેમેહકમધુ. અ૦ અસૂલુસ, મકસ્સર. ઇં૦ લિકરીસ રૂટ. લા૦ ગ્લિસિરિઝાગ્લેબ્રા.

જેઠીમધના વેલા હિંદુસ્તનામાં ઘણેક ઠેકાણે થાય છે. દક્ષિણ યુરોપમાં પણ આ વનસ્પતિ

*જુઇ બે પ્રકારની થાય છે. એક સફેદ ફૂલની અને બીજી પીળાં ફૂલની. પાન ચંમેલીના પાનને મળતાં પણ કાંઇક નાનાં હોય છે. સફેદ પુષ્પની જુઇને યૂથિકા અને પીળાં ફૂલની જુઇને હેમ યૂથિકા કહે છે. આ ઉપરાંત શ્રી૦ પદેજીએ નિઘંટમાં નીલારંગની તથા મેચક વર્ણની જુઇનો ઉલ્લેખ કરેલ છે. સંસ્કૃત નામ નીલયૂથિકા તથા મેચક યૂથિકા લખેલાં છે.

થાય છે. આ વનસ્પતિ ઉગાડવાની જમીન ડુંગરાળ અને લીલોતરીવાળી જોઇએ અને હવાનું-માન ઉષ્ણ જોઇએ. જેઠીમધની બીજી જાત છે. તેના ક્ષુપ હોય છે. એ ક્ષુપની ઉંચાઇ શુમારે બે હાથ હોય છે. એનાં પાંદડાં કુંવાડીઆનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. એને પાંચ પાંચ આંગળ ઉપર કાતરી હોય છે. થાણા જીલ્લામાં માહુલીના ડુંગર ઉપર એ ઝાડ ઘણુંજ થાય છે. ઉનાળામાં એ ઘણુંજ સૂકાઇ જાય છે. પાણીમાં થનારી એક જેઠીમધની જાતિ છે. તેનું સંસ્કૃત ભાષામાં "મધૂલિકા" એવું નામ છે. એ વનસ્પતિનાં મૂળીઆંને 'જેઠીમધ' કહે છે. જેઠીમધ મીઠું હોય છે. પરદેશી લોક આ વનસ્પતિનાં મૂળીઆંનો અર્ક કાઢી તેની સળીઓ તૈયાર કરી અહીં મોકલે છે; અને આપણે તે સળીઓ મીઠી હોવાથી પ્રેમથી ખાઇએ છીએ; પરંતુ જેઠીમધ અહીં ઘણુંજ પાકતાં છતાં તેના અર્કની સળીઓ કરવામાં હજુ અહીંના લોકનું લક્ષ જતું નથી, એ મોટી શોચ-નીય વાત છે. બે પ્રકારની **મધુવલ્લી** (જમીનમાં અને જળમાં થનારી):—વૃષ્ય, મધુર, રુચ્ય, બલ્ય, ગુરુ, શીતળ, ચક્ષુષ્ય, વર્ણકર, સ્વર્ય, સ્નિગ્ધ, કેશોને હિતાવહ, શુક્લ, રક્તપિત્તનાશક તથા વણ-શુદ્ધિ કરનારી છે; અને સોજો, વિષ,વાતરક્ત, વ્રણ, ઉલટી, તૃષા,ગ્લાનિ,ક્ષય, રક્તદોષ,રક્તપિત્ત,પિત્ત, સદ્યોવ્રણ તથા વાતપિત્તનો નાશ કરે છે. **મધુયષ્ટી** (જેઠીમધ):—મધુર, કિંચિત્ કડવી, શીતળ, ચક્ષુષ્ય તથા રુચિકર છે; અને શોષ, પિત્ત, તૃષા તથા વ્રણનો નાશ કરે છે. બીજા ગુણ મધુવલ્લી જેવાજ છે. ઉપયોગ:—(૧) **જેઠીમધનો શીરો તૈયાર કરવાની રીત:**—જેઠીમધનું મૂળિયું ચાર પાંચ વર્ષનું થયા સિવાય અર્ક કાઢવાને યોગ્ય થતું નથી. શુમારે સો પૌંડ વજનનાં મૂળીઆં-માંથી ૧૬ પૌંડ અર્ક નીકળે છે. જેઠીમધનાં મૂળ લાવી, તેના બે-ચાર આંગળ લંબાઇના કકડા કરી, તે પાણીમાં નાખી સારી રીતે ધોવા. પછી તે ખાંડણીમાં ઉપર નીચે ખાંડવા. એ લોટ થયેલાં મૂળીઆં એક મોટા વાસણમાં નાખી ૨૪ કલાક સુધી મંદ અગ્નિ ઉપર બાફવાં. પછી તે એકાદ યંત્રના દાબ નીચે મૂકી તેમાંનો સર્વ રસ કાઢી લેવો. એ બાફવાની અને રસ કાઢવાની ક્રિયા તે મૂળીઆં ઉપર બે ચાર વાર કરવી પડે છે. જે રસ નીકળે તે ગાળી પુનઃ ચૂલા ઉપર ચઢાવવો અને ઉપર ને ઉપર હલાવવો. તે રસ ઘટ્ટ થાય ત્યાંસુધી હલાવવાનું ચાલુ રાખવું. પછી કથરોટ ચૂલા ઉપરથી નીચે ઉતારી તેની સળીઓ એક સંચામાં ઘાલી પાડવાથી શીરો તૈયાર થશે. એવી આ સળીઓ બનાવવાની અલ્પ રીત છે. આ સળી ઉધરસ ઉપર દાઢ નીચે રાખવાથી ઉધરસ શમે છે અને તૃષાનું પણ શમન થાય છે. (૨) **તૃષા (તરસ) શમન થવા માટે:**—જેઠીમધનાં મૂળ દાઢ નીચે રાખી રસ ગળતા જવું અથવા જેઠીમધનો કાઢો કરી પાવો. (૩) **આગંતુક જખમ થયો હોય તે ઉપર:**—જેઠીમધનું ચૂર્ણ ઘીમાં ખરલ કરી કિંચિત્ ગરમ કરી લેપ કરવો. (૪) **હેડકી ઉપર:**—જેઠીમધનું ચૂર્ણ મધમાં આપવું. (૫) **ઉલટી થવા માટે:**—જેઠીમધના કાઢામાં ૩ માસા રાઈનું ચૂર્ણ નાખી પાવો; એટલે ઉલટી થઇ વિષદોષ, અજીર્ણ અને કફ વગેરે રોગો મટે છે. (૬) **વીર્યવૃદ્ધિ અને બળ પ્રાપ્ત થવા માટે:**—જેઠીમધનું ચૂર્ણ ઘી અને મધમાં મેળવી આપવું અને ઉપર દૂધ પાવું. (૭) **મુખમાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—રાત્રે સાકર અને કંકોલ દાઢ નીચે રાખવાં અને સવારે જેઠીમધનો કાઢો સાકર અને ઘી નાખી પાવો. (૮) **પિત્તપ્રદર ઉપર:**—જેઠીમધ ૧ તોલો વાટી ચોખાના ધોવરામણમાં કલ્ક કરી, સાકર ૪ તોલા નાખી તે કલ્ક આપવો. (૯) **બાળકોના ચામડીના રોગ ઉપર:**—ગાયનું માખણ જરા ગરમ કરી પાતળું થાય એટલે તેમાં જેઠીમધનો શીરો ઘસવો; પછી તેમાંજ થોડો ધોળો કાથો નાખી ખરલ કરવો અને તે મિશ્રણ શરીર ઉપરની ચાંદીઓએ ચોપડવું. (૧૦) **ઉષ્ણતાના કારણથી છાતીમાં કફ સૂકો થયો હોય તે ઉપર તથા ઉધરસ ઉપર:**—જેઠીમધનો કાઢો કરી તેમાં સાકર નાખી પાવો. (૧૧) **ઉરક્ષતક્ષય ઉપર:**—જેઠીમધ અને બળ(બોળ)નાં મૂળ એનો કાઢો કરી તેમાં લીંડીપીપર અને વંશલોચનનું ચૂર્ણ નાખી પાવો. (૧૨) **અપસ્માર ઉપર:**—કોહોળાના ગર્ભમાં જેઠીમધ ઘસી પાવું. (૧૩) **કફરોગ ઉપર:**—જેઠીમધનો કાઢો મધ અથવા સાકર નાખી પાવો; અથવા ગોમૂત્રમાં જેઠીમધ અને બહેડાં ઘસી ચાટણ કરી આપવું. (૧૪) **ત્રિદોષ ઉપર:**—આદાના અને તુળસીના રસમાં જેઠીમધ ઘસી તેમાં મધ નાખી તે પાવું. (૧૫) **અહિંસા ઉપર:**—

જેઠીમધ મધમાં ઘસી આંખોમાં અંજન કરવું. **(૧૬) કફદોષથી દૂધ દૂષિત થયું હોય તે ઉપર:**—જેઠીમધ અને સિંધવ ઘીમાં મેળવી ચાટવા આપવું. અને આસોપાલવનાં ફૂલ વાટી સ્તનને અને બાળકના હોઠોએ લેપ કરવો; એટલે બાળકને સુખથી ઉલટી થાય છે અને કફકોપ શાંત થાય છે. **(૧૭) લાપોટીઆ ઉપર:**—જેઠીમધનો શીરો સ્ત્રીના દૂધમાં ઘસી લેપ કરવો. **(૧૮) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—જેઠીમધનું બારીક ચૂર્ણ કરી દૂધમાં કાલવી પાવું. **(૧૯) હૃદ્રોગ ઉપર:**—જેઠીમધ અને કડુ એનું ચૂર્ણ ગરમ પાણીમાં પાવું. **(૨૦) કોલેરા ઉપર:**—જેઠીમધનો કાઢો પાવો. **(૨૧) રક્તજનિત ઉલટી (ઉલટીમાં લોહી પડતું હોય તે) ઉપર:**—જેઠીમધ અને ધોળું ચંદન દૂધમાં ઘસી પાવું. **(૨૨) સ્વરભંગ ઉપર:**—જેઠીમધનું ચૂર્ણ ઘી અને સાકરમાં નાખી આપવું. **(૨૩) ઉધરસ (સૂકી તથા કફવાળી) ઉપર:**—(યષ્ટીમધુવટી)—જેઠી મધનો શીરો, વરીઆળી, મીંઢીઆવળ, સાકર તથા તજ, એ વસ્તુઓ સમભાગે લઈ ખાંડી બારીક ચૂર્ણ કરી થોડા દૂધમાં ખરલ કરી ચણા જેવડી ગોળી બનાવી સૂકવી બાટલીમાં ભરી રાખવી. અકેક ગોળી દિવસમાં ૫ થી ૧૦ વખત મોંમાં રાખી ચૂસવી, જેથી સૂકી ઉધરસ, ગળાનો દુખાવો, સ્વરભંગ, કફ, સળેખમ, સુસ્તી વગેરે મટે છે. ગાનારનો અવાજ પણ આ ગોળીના સેવનથી સારો થાય છે.

૨૫૫ ઝરસી—(સં૦ ઝરસી. મ૦ ઝરસ) ઝરસીનાં ઝાડ હરીઆળી જેવાં ખેતરની જમીનમાં અને ખાડીમાં જ્યાં શરદીની જગા હોય છે તે ઠેકાણે થાય છે. આ ભાજી વૈશાખ-જેઠ માસમાં ઘણી થાય છે. તે જમીન ઉપર વેંતભર પથરાયેલી હોય છે. તેના ફાંટા અહીં તહીં પથરાયેલા હોય છે. ઝરસીનાં પાંદડાં બારીક મેંદી જેવાં હોઈ તે ઘણાં કડવાં હોય છે. આ ભાજી વાયુનાશક છે, માટે લોક બહુ આગ્રહથી ખાય છે. તેમાં ડુંગળી નાખી ખાય છે. બાગાયત જમીનમાં થનાર ઝરસીમાં કડવાપણું કિંચિત્ કમી હોય છે.

૨૫૬ ઝાડશેવાલ—ઝાડશેવાલનાં ઝાડ વહેળામાં ઉત્પન્ન થાય છે. એની ઉંચાઇ શુમારે એક હાથ હોય છે. આ ઝાડને કાંદા(ડુંગળી)ના જેવાં પાંદડાં હોય છે, પણ તે પહોળાં હોય છે. એ ઝાડ ઘણાક પ્રાંતોમાં થાય છે, એ બારે માસ મળે છે. ઉપયોગ:—**(૧) બદ ફુટવા માટે:**—ઝાડશેવાલનાં મૂળીઆં ચંદનની પેઠે પાણીમાં ઘસી તુવેરની દાળ જેવડાં ટપકાં કરવાં. એ પ્રમાણે ત્રણ ચાર વખત ચોપડવાથી ગમે તેવી ગાંઠ હોય તોપણ તે જલદી ફુટે છે. માણસને કોઇ પણ પ્રકારની ગાંઠ થઈ હોય તે ઉપર તથા ઘોડા વગેરેને જે ગાંઠો થાય છે તે ઉપર ચોપડવાથી બે પહોરમાં કિંવા એક દિવસમાં છિદ્ર કરી દર્દ મટાડવામાં આ ઔષધ અતિ ઉત્તમ છે.

૨૫૭ ઝીંઝરૂટ (ઝિપટો, ભંઠ અઘાડો)—સં૦ બૃહન્નાગબલા, ઝિંઝિરિટા. મ૦ ઝિંઝરૂટ, ઝિંજુર્ડી. હિં૦ છિરાછટા, ઝિંઝિરીટા. ક૦ જોરાટે, વટવટી, કટવાણિ. લા૦ ડુંફેટા એંગ્લેટા.

એ ઝાડ ત્રણ-ચાર હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં નાનાં હોય છે અને કાંઇક એરંડાનાં પાંદડાં જેવાં હોય છે. એને ગુલાબી રંગનાં બારીક ફૂળ આવે છે. એ ઝાડ ઉપર રુમવડે વિંટાયેલાં ચપટાં ગોળાકૃતિ ફળ આવે છે. તેમાં ચાર પાંખડીઓ હોય છે. એ ફળ જૂનાં થઇ સૂકાવા લાગે એટલે તે પાંખડીઓ જુદી જુદા થાય છે. એ ફળ તુપકડી(ગંગેટી)ના ફળની પેઠે કપડે ચોંટે છે. એને "લેચા" પણ કહે છે. **ઝીંઝરૂ:**—તૂરી, તીખી, શીતળ, વૃષ્ય, બલપ્રદ, સ્ત્રીઓનું દૂધ વધારનારી, રક્તાતિસારની નાશક અને તૃપ્તિકર છે. ઉપયોગ:—**(૧) ડુંટી પાસે ગાંઠ થઇ હોય તે ઉપર:**—ઝીંઝરટનાં મૂળ ઘસી ડુંટી ઉપર ટપકાં કરવાં અને મૂળ કંમરે બાંધવાં. **(૨) ઉપદંશ ઉપર:**—ઝીંઝરટની ભાજી મૂઠીભર વાટી તેમાં થોડું જીરૂં અને ધાણા નાખી ૭ દિવસ આપવું અને ચાંદીઓ ઉપર આ ઝાડની ધૂણી આપવી. **(૩) કૂતરાના વિષ ઉપર:**—ઝીંઝરટનાં બી, કડવું કોહોળું, જૂનો ગોળ અને હોકાનો કીટ, એ સઘળું ખાંડી ખાવા આપવું. **(૪) બળદની આંધ સૂજે છે તે ઉપર:**—ઝીંઝરટનાં મૂળની છાલ ચાવી ચોપડવી.

૨૫૮ ઝેરકોચલાનું ઝાડ—સં૦ વિષતિંદુક, કારસ્કાર. મ૦ કાજરા કુચલા. બં૦ કુંચિલા. હિં૦ કુચલા. કો૦ કાજરા. ક૦ કાગરકાનામારા, કાંજીવાર, હેમુષ્ટી. તા૦ એટ્ટીમાર કોકોડી. તુ૦ કાયેરૂમારા. તે૦ મુષ્ટીડી, મુષ્ટીચેટુ. મલા૦ કન્નીરામ. લા૦ સ્ટ્રીકનોઝ નક્સવૉમીકા. ઇં૦ વ્હોમિટ્ નટ્, પૉઇઝન નટ.

સહ્યાદ્રિ પર્વતના પ્રદેશમાં એ ઝાડ ઘણાં થાય છે. એ ઝાડનાં ફળો, પાંદડાં તથા સર્વ ભાગ વિષયુક્ત છે. એનાં પાંદડાં ઉપર કાંઈ પદાર્થ ખાવાથી વિકાર થાય છે. એના ફળને "જહરકુચલા" પણ કહે છે. આવું આ વિષારી ઝાડ નિરર્થક છે એવું કોઈ કહેશે; પરંતુ એ ઝાડ માણસને પુષ્કળ ઉપયોગી થાય એવા ગુણ એમાં પરમેશ્વરે મૂકેલા છે.

ઝેરકોચલાનાં ફળ ઉંદ્રવરણાના આકારનાં, સુંવાળાં, ગોળાકાર અને નારંગી રંગનાં હોય છે. એ દેખાવમાં સુંદર લાગે છે, તેથી એનું સંસ્કૃતમાં 'રમ્ય ફલ' એવું અર્થયુક્ત નામ છે. ફળની છાલ પાતળી હોય છે અને ફોડીએ તો અંદર ધોળા–પીળા રંગનો ગરભ દેખાય છે. ગરભની અંદર બેથી પાંચ સુધી બીઆં ગોળ અને બન્ને બાજુ ચપટ એકથી બે ઇંચના વ્યાસનાં હોય છે. તેને ઝેરકોચલાં કહે છે. એ અતિશય ઝેરી હોઈ તેમાં કોઈ પ્રકારનો વાસ હોતો નથી. આ ઝાડનો મુખ્ય ઉપયોગી ભાગ બીજ અને છાલ છે. આનાં પાંદડાં પણ ઝેરી છે. એ ભૂલથી ઢોરના વધારે ખાવામાં આવવાથી ઢોર મરી જવાના દાખલા પણ મળી આવ્યા છે. આ વૃક્ષ ઈંગ્રેજી વર્ગવારી પ્રમાણે લોગેનીએસી નામના ઉદ્ભિજ્જ વર્ગમાં ગણેલું છે.

ઝેરકોચલાનાં બી સારાં હોય તો અતિશય કડવાં લાગે છે. એ કડવાપણું એમાં એક ક્ષાર ગુણવાળા સ્ટ્રિકનીન નામના સત્ત્વથી છે. સ્ટ્રિકનીન સત્ત્વનો અમલ જ્ઞાનતંતુઓ પર અને મજ્જા ઉપર એટલો જલદી થાય છે કે તેનાથી હાથપગના સ્નાયુનું સ્તંભન થઈ શરીર ઉપર ધનુર્વાત જેવું પરિણામ આવે છે.

સ્ટ્રિકનિયા નામના ઝેરી સત્ત્વનો પ્રવેશ શરીરમાં રક્ત દ્વારા થઇને મસ્તકના તંતુને અને વંશગત મજ્જાતંતુને તીવ્ર ચેતના ઉત્પન્ન કરે છે; તેથી પ્રથમ સંજ્ઞાશક્તિના સ્નાયુને આંચકા આવી તેનું સ્તંભન થાય છે. ત્યારપછી હૃદયની ગતિનું સ્તંભન થઇ તેનું ચાલવું બંધ થાય છે, કે જેથી મૃત્યુ થાય છે.

ઝેરકોચલાનું સત્ત્વ (સ્ટ્રિકનિયા) દારૂ અથવા દહીંની સાથે આપી મનુષ્યવધ કરેલ હોવાનું જાહેરમાં આવેલ હોવાથી એની ઝેરી અસર થાય એવું એનું ઓછામાં ઓછું પ્રમાણ જાણવું જરૂરનું છે. સ્ટ્રિકનિયા ઓછામાં ઓછું અર્ધો ગ્રેન એટલે ૦| ચણોઠીભાર આપવાથી ૨૦ મિનિટની અંદર મૃત્યુ થવાનાં ઉદાહરણો જાણવામાં આવે છે; પરંતુ 'શેપકે' નામના એક જર્મન ડૉકટરે જર્મનીમાં એક રૂગ્ણાલયમાં ૫ રતિ સ્ટ્રિકનિયા પેટમાં ગયા છતાં મનુષ્ય બચ્યાનાં ઉદાહરણ મળી આવ્યાની હકીકત ડૉકટર વુડને આપેલી છે. ઉપરની બાબતમાં એવો તર્ક થઇ શકે છે કે, તે રોગીએ એવા પ્રકારનાં કેટલાંક ફળો ખાધાં હશે, કે જેના યોગથી વિષનું પરિણામ લોહી ઉપર લાગ્યું નહિ હોય. યુરોપીયન પદ્ધતિથી ઉપચાર કરવામાં ઝેરકોચલાનો મદ્યાર્ક પાંચથી દશ ટીપાં આપવાનો વહીવટ છે.

ઝેરકોચલાંનું વિષ ચઢેલ હોય તો ઘણાંખરાં ધનુર્વાત જેવાં લક્ષણો થાય છે. એનું કાર્ય કરોડરજ્જુ ઉપર થાય છે. એ ખાવાથી કેટલીક મિનિટોએ અને ઘણું ઘણું તો એક બે કલાકમાં ઝેર ચઢવા લાગે છે દાંત સજ્જડ પડી જાય છે; હાથ, પગ અને આખું શરીર અક્કડ થઇ જાય છે; ધનુર્વાતના અને ઝેરકોચલાંના ઝેરના લક્ષણમાં આ પ્રમાણે ફરક દેખાય છે. ધનુર્વાતમાં પ્રથમ અસ્પષ્ટ લક્ષણો દેખાઈ તે હળવે હળવે વધતાં જાય છે; અને ઝેરકોચલામાં તેજ લક્ષણો આરંભમાંજ સ્પષ્ટ દેખાઇ જલદી વધે છે. ધનુર્વાતમાં પ્રથમ જડબુ અને દાંત સજ્જડ થઈ પછી શરીરના જુદા જુદા સ્નાયુ અક્કડ થાય છે; અને ઝેરકોચલાના ઝેરમાં પ્રથમ શિરા પકડાય છે અને ત્યાર પછી દાંત સજડ પડવા વગેરે થાય છે. ધનુર્વાતમાં બાહ્યાયામ હળવે હળવે પાછળથી થાય છે અને ઝેરકોચલામાં તે આરંભથીજ થાય છે. ધનુર્વાતમાં શરીરને ખેંચીને તે થોડું કમી થાય છે ત્યારે પણ શરીર અક્કડજ હોય છે; અને ઝેરકોચલામાં રહી રહીને ખેંચે છે અને જ્યારે તાણ (ખેંચ) ન હોય તે વખતે રોગી સારી સ્થિતિમાં હોય એમ લાગે છે. ધનુર્વાતનો રોગી એક, બે અથવા તેથી વધારે દિવસ રહે છે; અને ઝેરકોચલાના વિષથી બે–ચાર કલાકમાંજ મરે છે. સાધારણ રીતે ઝેરકોચલાં ખાધા પછી પાંચ મિનિટથી અર્ધા કલાકની અંદર ઝેરી લક્ષણ દેખાવા લાગે છે. કદી

કદી દશ વીસ મિનિટની અંદરજ મૃત્યુ થાય છે. ઘણું ઘણું તો છ કલાક સુધી મનુષ્ય બચી શકે છે. ઝેરકોચલાંના બીજની ભૂકી ૧॥ માસો અથવા સ્ટ્રિકિનયા અર્ધા ઘઉંભાર જેટલું આપવાથી મનુષ્ય મરે છે. ઝેરકોચલાનાં બી છાલ સહિત ગળવાથી વિષ ન ચઢતાં તે તેવાંજ મલદ્વારથી બહાર નીકળે છે; કારણ કે તે ઉપરની છાલ પચતી નથી.

સ્ટ્રિક્નિયા સત્ત્વ બનાવવાની રીત અંગ્રેજી બ્રિટિશ ફાર્માકોપિયા અથવા ઔષધિસંગ્રહમાં આપેલી છે. તેમાં ૧ ઔંસ (૨॥ તોલા) તીવ્ર મદ્યાર્ક રેક્ટીફાઈડ સ્પીરીટમાં નાખી તેમાં ચાર ગ્રેન સ્ટ્રિક્નિયા પીગળાવી આપવું; અને ત્યાર પછી ગાળવાના કાગળથી (બ્લૉટીંગ પેપર—ફીલ્ટર પેપર—થી) ગાળી લેવું. આની માત્રા ૩ થી ૧૦ ટીપાં છે. શુદ્ધ કરેલાં બીઆંની ભૂકી ૧ થી ૫ ગ્રેન અનુપાનપરત્વે આપવી. ઓછા પ્રમાણથી એટલે એક ગ્રેનનો સોળમો ભાગ ઝેરકોચલાનું સત્ત્વ હૃદયને ઉત્તેજક અને સૂક્ષ્મવાહિનીનું સ્તંભન કરનાર છે. ઝેરકોચલાનું ઝેરી સત્ત્વ ફળથી બીઆંમાં ૨ અને છાલમાં ૧ ભાગ જુદા જુદા પ્રમાણમાં રહે છે. ફળના ગર્ભમાં તે થોડા પ્રમાણમાં રહે છે.

આર્ય વૈદ્યક, આંગ્લ વૈદ્યક અને હોમિયોપેથિક વગેરે પદ્ધતિ પ્રમાણે ઝેરકોચલા એ એક અમૂલ્ય ઔષધ છે. તાવ, અજીર્ણ, શ્વાસ, ઉધરસ, વાયુ, ક્ષય અને શિરોરોગ વગેરે અનેક રોગ ઉપર જુદી જુદી યોજના પ્રમાણે તે ગુણકારી છે. ધાતુની નિર્બળતા ઉપર તો આ એક અપૂર્વ ઔષધ છે. ઝેરકોચલાનાં પાંદડાં, સુંઠ અને સાબરશીંગ, એનો લેપ તૈયાર કરી ચોપડવાથી સંધિવાત અને પક્ષાઘાત સારા થાય છે તથા ઉંદરનું ઝેર ઉતરે છે. હકીમ લોકો એકલાં ઝેરકોચલાનાં પાંદડાં વાટી પક્ષાઘાત ઉપર લેપ કરે છે. આ કૂતરાના ઝેર ઉપર ઉતાર છે.

ઝેરકોચલાંની શુદ્ધિ—આ બીઆં ઘીમાં બળવા નહિ દેતાં તળીને તેના ઉપરની છાલને તથા વચ્ચેથી ચીરી માંહેની જીભ હોય તેને કાઢી નાખવી એટલે શુદ્ધ થાય છે; અથવા બીઆં ગોમૂત્રમાં શીજવી છાલ અને જીભ કાઢી નાખવી એટલે તે શુદ્ધ થાય છે.×

ઝેરકોચલાનું ઝાડ—મદકર, તૂરૂં, ગ્રાહક, તીખું, કડવું, લઘુ તથા ગરમ છે; અને કોઢ, રક્તવિકાર, કંડૂ, કફ, વાતરોગ, વ્રણ, અર્શ તથા જ્વરનો નાશ કરે છે. **એનાં લીલાં ફળ:**—ગ્રાહક, તૂરાં, વાતકર, લઘુ અને શીતળ છે. **પાકેલાં ફળ:**—વિષ, ગુરુ તથા પાકકાળે મધુર છે; અને કફ, વાયુ, પ્રમેહ, પિત્ત તથા રક્તવિકારનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) જનાવરોને કંઈ વિષબાધા થઈ હોય તે ઉપર:**—ઝેરકોચલાનાં બી અગર મૂળીઆં ઘસી ચોપડવાં, એટલે વિકાર દૂર થાય છે. **(૨) કૂતરાના વિષ ઉપર:**—ઝેરકોચલાનાં બીઆં ઘીમાં શેકી, તે રોજ વૃદ્ધિએ સેવન કરવાં; અથવા ઝેરકોચલાનાં બી ૧ વાલ નિત્ય ખાવાં. **(૩) શરીરમાં વાળો ભર્યો હોય**

×(૧) ઝેરકોચલાં ગોમૂત્રમાં ૭ દિવસ પલાળી રાખવાં. દરરોજ ગોમૂત્ર સવારસાંજ બદલવું. જ્યારે તે નરમ થાય ત્યારે તેની છાલ કાઢી નાખવાથી ઝેરકોચલાં શુદ્ધ થાય છે. આ કાઢી નાખેલી ઝેરકોચલાની છાલ વાટી વકરેલા ખીલ વગેરે પર ચોપડવાથી તે રામબાણ આરામ કરે છે. ઝામરાને અટકાવે છે. (૨) શોધી શુદ્ધ કરેલાં છાલ વગરનાં ઝેરકોચલાં સોળગણા દૂધમાં ઉકાળી માવો કરવો. તેમાંથી ઝેરકોચલાં કાઢી લેવાં અને રહેલ દૂધનો માવો ઝેરી છે માટે તેને જમીનની અંદર દાટી દેવો. જો અફીણનું વ્યસન છોડાવવું હોય તો અફીણને બદલે આ માવો અફીણના વજનથી બમણો આપી થોડે થોડે કમી કરી નાખવો; તેથી એ વ્યસન છૂટે છે. (૩) ઉપર પ્રમાણે દૂધમાં બાફેલ ઝેરકોચલાંની જીભ કાઢી નાખી ઝીણા કકડા કરી નાખી ગાયના ઘીમાં તળી ખાંડી રાખવા. એ ઉલટી, વાયુ, આફરો, શૂળ અને શરદીનો નાશ કરે છે. એની માત્રા ૧ રતીથી ૪ રતી સુધી ગણાય છે. (૪) એ ઝેરકોચલાં શેર ૦। છાણ અને પાણીના રગડામાં માસ ૩ સુધી પલાળી રાખવાં. છાણ સૂકાવા ન દેતાં પાણી દરરોજ જોઇતું જોઈતું નાખતા રહેવું. આમ કરતાં પાકી નરમ ઘેંસ જેવાં તે થઇ જાય એટલે તેની છાલ અને જીભ કાઢી નાખવાં. આ શુદ્ધ થયેલાં ઝેરકોચલાં સાથે સોપારી તોલો ૧, મરી તોલો ૦॥ તથા આમલીના શુદ્ધ કરેલ કચૂકા નંગ ૮ વાટી ગોળીઓ કરવી. એ ગોળીઓ ઘીમાં, મધમાં કે પાણીમાં વાટીને કરવી. એથી પણ અફીણનું વ્યસન છોડાવી શકાય છે. આ પ્રયોગો ખાત્રીલાયક છે.

તે ઉપર:—ઝેરકોચલાનાં બી ઘસી ચોપડવાં. (૪) ઉઠાણું (પાકે નહિ તેવા ગુમડા) ઉપર:—ઝેરકોચલાનાં બી અને સમુદ્રફળ ઘસી ચોપડવાં. (૫) શોફોદર ઉપર:—ઝેરકોચલાનાં ઝાડ ઉપરની શીંગોનો કાપ કાઢી વાસણમાં ઘાલી કાઢો કરી આપવો. (૬) કોળ, ઉંદર વગેરે કમી થવા માટે:—ઝેરકોચલાનાં બીઆંનું ચૂર્ણ કરી તે લોટમાં મસળવું અને તે લોટ ઉંદર ખાય તેવી જગાએ મૂકવો. આ લોટ ઘણો વિષારી છે. (૭) ટાઢીઓ તાવ, સુવારોગ, અજીર્ણ, શૂળ અને મંદાગ્નિ ઉપર:—ઝેરકોચલાનાં બી ભાગી જવા ન દેતાં ઘીમાં તળી કાઢવાં, એટલે તે શુદ્ધ થાય છે. શુદ્ધ કર્યા પછી તેનું ચૂર્ણ કરી તે ૧-૨ ગુંજા મધમાં આપવું. (૮) વાળા ઉપર:—ઝેરકોચલાનાં બી અથવા ઝેરકોચલાનાં બી અને સોમલ પાણીમાં ઘસી ત્રણ દિવસ લેપ કરવો. (૯) શીતજ્વર, આમ, શૂળ અને સંગ્રહણી ઉપર:—શુદ્ધ ઝેરકોચલાં ત્રણ ભાગ અને લવંગ એક ભાગ, આદાના રસમાં ખરલ કરી ચણોઠી જેવડી ગોળીઓ કરી તે મધમાં આપવી. (૧૦) શૂળ ઉપર:—ઝેરકોચલાનાં બીઆંનું પાતાળયંત્રે તેલ કાઢી તે પાનમાં ચોપડી આપવું. (૧૧) જૂના વાયુના રોગ ઉપર:—શુદ્ધ ઝેરકોચલાં ૧ થી ૨ રતી દિવસમાં બે વખત દૂધ અથવા નવસેકા પાણી સાથે થોડા દિવસ લેવાથી કમરનું દરદ, પક્ષાઘાત, અંગનું જકડાઇ જવું, પાચન શક્તિની નિર્બળતા, શરીરકંપ, પગમાં તથા હાથમાં થતી કળતર વગેરે દૂર થાય છે. માત્રા થોડી લેવી; અને પથ્ય પાલન કરવું. હસ્તમૈથુન અથવા અધિક સ્ત્રીપ્રસંગથી વીર્યક્ષય થઇ શરીરમાં કમજોરી આવેલી હોય તે પણ ઝેરકોચલાના સેવનથી દૂર થાય છે. નવા વાયુના રોગવાળાએ ઝેરકોચલાનું સેવન નહિ કરવું. તીક્ષ્ણ વાતપ્રકોપમાં ઝેરકોચલાથી લાભને બદલે ઉલટી હાનિ થાય છે. (૧૨) હડકાયા કૂતરાના ઝેર ઉપર:—શુદ્ધ ઝેરકોચલું, શુદ્ધ વછનાગ તથા ફૂલાવેલ ટંકણખાર સમભાગ લઇ બારીક ચૂર્ણ કરવું. દિવસમાં બે વખત ૨૧ દિવસ લેવાથી ઝેરની અસર દૂર થાય છે.

૨૫૯ ટાંકો—સં૦ ચક્રવર્તિની, વાસ્તુક. મ૦ ચાકવત. હિં૦ બથુવા. બં૦ વેતુયા. રા૦ ચિલવો. ક૦ ચક્રવર્ત, ચક્કોતપલ્ય. ફા૦ મુસેલસા. અ૦ રોકબતુલઅજામેલ. ઇં૦ વ્હાઇટગુજ ફૂટ. લા૦ કેનોપોડિયમ ઑલબમ્.

આ શાક ઘણે ઠેકાણે થાય છે. આ ઝાડ શુમારે હાથભર ઉંચાં વધે છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. તે કોમળ હોય છે. ટાંકાની ભાજી પૌષ્ટિક છે. એ ભાજીમાં ચણાની દાળ અગર કાંઇક ધાન્ય નાખવાથી તે ઘણી સારી લાગે છે. ટાંકામાં આ એક ગુણ છે કે, જે દાણા બાફવા કઠિન હોય છે, તેમાં કેટલાંક ટાંકાનાં પાંદડાં નાખવાથી તે જલદી બફાય છે. **ટાંકો:**—મધુર, શીત, ખારો, રુચિકર, સારક તથા પાચક છે; અને મળમૂત્ર શુદ્ધ કરનાર, અગ્નિદીપક, લઘુ, શુક્રપ્રદ, બલકર, હૃદ્ય તથા જ્વરનાશક છે; તેમજ ત્રિદોષ, અર્શ કૃમિ, પ્લીહા, રક્તવિકાર, કોઢ, પિત્ત તથા ઉદાવર્તવાયુનો નાશ કરે છે ‡ **ઉપયોગ:—(૧) શીતળા આવવા ઉપર:**—પ્રથમ ઉલટી થવા માટે ટાંકાનો રસ મધમાં આપવો. **(૨) દેવતાથી બળેલના દાહ ઉપર:**—ટાંકાનો રસ ચોપડવાથી દાહ શાંત થાય છે.

૨૬૦ ટીંબરૂ—સં૦ તિંદુકી. મ૦ ટેંભુરણી. હિં૦ તેંદુ. ક૦ તુંમરી, જગળમર. ફા૦ અબનુસ. ઇં૦ એબની. લા૦ ડાયોસ્પાયરિસ્, એંબ્રીઓપ્ટેરિસ.

ટીંબરૂનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એનાં પાંદડાં મોટાં અને લાંબાં હોય છે. એને બોર જેવડાં ફળ આવે છે અને તે લોકો ખાય છે. એનાં પાંદડાંની તંબાકુની બીડીઓ કરે છે. એ બીડીઓ પીવાથી કાળજું ખવાઇ જાય છે. હૃદયમાં પીળો ડાઘ પડે છે, કંઠશોષ થાય છે અને કફ વધે છે. એવું છતાં પણ હાલમાં એ વ્યસનનો ફેલાવો વધતોજ જાય છે. એ વ્યસન સાધારણ જણાય છે; પરંતુ એથી ઘણુંજ નુકસાન થાય છે, દ્રવ્યનો નાશ થાય છે, શક્તિ જતી રહે છે તથા આંખોનું તેજ મંદ થાય છે. આવી હાનિ થતી હોવાથી આવા દુષ્ટ અને હલકા વ્યસનથી લોકોએ દૂર

---

‡ ટાંકાની એક ચીલ નામની બીજી જાત છે. તેને રાતો ટાંકો કહે છે, જેનું વર્ણન ચંદન બટવાના નામથી ઉપર કરેલું છે. વળી કણઝારાને પણ જંગલી ટાંકો કહે છે.

રહેવું એ બહુજ સારૂં છે.× **ટીંબરૂ:**—તુરી, કડવી, સ્નિગ્ધ, ઉષ્ણ તથા મધુર છે; અને વાયુ તથા વ્રણનો નાશ કરે છે. **એનાં ફળ:**—તુરાં, ભેખન, ગ્રાહક, શીત, સ્વાદુ, રૂક્ષ, લઘુ, મલસ્તંભક, અરૂચિકારક, વાતકારક તથા કડવાં છે. **પાકાં ફળ:**—ગુરુ, સ્વાદુ, મધુર, સ્નિગ્ધ તથા કફકર છે; અને મેહ, પિત્ત, રક્તરોગ તથા વાયુનો નાશ કરે છે. **ટીંબરૂની છાલ:**—પિત્તરોગનો નાશક છે. ઉપયોગ:—(૧) **જૂ મરવા માટે:**—ટીંબરૂની છાલને ગોમૂત્રમાં વાટી તેનો લેપ કરવો. (૨) **દમ ઉપર:**—ટીંબરૂના ફળની છાલ સૂકવી પા તોલો ચલમમાં નાખી પીવી.

૨૬૧ ડમરો—સં૰ દમનક. મ૰ દવણું. હિં૰ દવના, દૌના. ક૰ દવના. તૈ૰ સાવિત્ર ચટ્ટુ. ફા૰ વરંજસીફ, સફસંતીન. અ૰ કુશસૂરમી. ઇં૰ વર્મવુડ. લા૰ આર્ટિમિશિયા ઇન્ડીકા.

ડમરાનાં ઝાડ વેંત દોઢવેંત ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાંઇક ગાજરનાં પાંદડાં જેવાં હોય છે; પરંતુ ડમરાનાં પાંદડાં કાંઇક સાંકડાં હોય છે. ડમરાના છોડનો વાસ ઘણો તીવ્ર આવે છે. તે વાસ દૂરથી સારો લાગે છે. એને તોરા આવે છે. તેનો પણ ઝાડ જેવો વાસ આવે છે. ડમરાનો સુગંધી પદાર્થમાં ઘણો ઉપયોગ થાય છે. ડમરાનાં ઝાડ ઘરની આસપાસ વાવવાથી ઘરમાં સાપ આવતો નથી. ***ડમરો:**—તીખો, શીતળ, કડવો, તુરો, વૃષ્ય, હૃદ્ય તથા સુગંધી છે; અને કોઢ, વિસ્ફોટક, કંડૂ (ખરજ), દ્વિદોષ, ત્રિદોષ, વિષ, ક્લેદ, અર્શ, ભૂતબાધા, સંગ્રહણી તથા ગ્રહપીડાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **સર્પના વિષ ઉપર:**—ડમરાનાં મૂળ અને તેનાં પાંદડાં ખાવાં અથવા રસ કાઢી તે પાવો. ઢોરોને પણ તે આપવાથી ગુણ આવે છે. (૨) **ગરમી ઉપર:**—ડમરા-મરવાનો રસ કાઢી તે રસ પાવો.

૨૬૨ ડાભ (ડાભડો)—સં૰ કુશ, દર્ભ. મ૰ દર્ભ. બં૰ કુશ, દર્ભ. હિં૰ દાભ. દાભવડી. ક૰ વિલિયણુટ્ટકુશિ, ઉબ્હાકુશી. તૈ૰ કુશદુર્વોલુ, દુભ. તુ૰ દર્ભપંતિ. મલા૰ અત્તુદર્ભ. લા૰ એન્ડ્રોપોગન નારડેઇડિસ્.

ડાભ એ એક મોળની જાતિનું ઘાસ છે. એને વેંતભર લંબાઈના તોરા આવે છે. એ તોરા મોળના તોરા કરતાં મોટા હોય છે. એને દક્ષિણમાં કેટલાક લોક "ગણ" કહે છે. એ બે અઢી હાથ ઉંચો વધે છે. એ બ્રહ્મકર્મમાં ઉપયોગી હોવાથી સર્વત્ર પ્રસિદ્ધ છે. ડાભનાં ભોથાં નદીને કિનારે કિંવા વહેળાને કિનારે થાય છે. **ડાભ:**—શીતળ, રુચિકર, તૂરો, સ્નિગ્ધ, શુક્રશુદ્ધિકારક તથા રજઃશોધક છે; અને કફ, રક્ત, રક્તપિત્ત, પિત્ત, દમ, તૃષા, મૂત્રકૃચ્છ્ર, બસ્તિશૂળ, કમળો, પ્રદર, રક્તદોષ, વિસર્પ, ઉલટી, મૂર્ચ્છા તથા અશ્મરીનો નાશ કરે છે. **એનાં મૂળીઆં:**—શીતળ, રુચિકર

× ટીંબરૂનાં ફળનો તાજો રસ ઉત્તરહિંદુસ્તાનમાં ઘા ઉપર ચોપડે છે; અને ગરીબ માણસો તેનાં ફળ ખાય છે. એનાં બીજને રાખી મૂકે છે. ઝાડાની બિમારીમાં એનો ગ્રાહી ગુણ હોવાથી દેશી લોકો વાપરે છે. ઇંગ્રેજી ઔષધોમાં:—ટીંબરૂને બહુજ ગ્રાહી કહેલ છે. એનું સત્ત્વ બનાવવાને માટે ફળને કચરી દાબીને તેનો રસ કાઢી તેને ઉકાળીને ઘાટો કરી લે છે. આ સત્ત્વ રતાશ પડતા ભૂરા રંગનું હોય છે અને પાણીમાં ઘણું જલદી પીગળી જાય છે. ઝાડામાં અને ઘણા દિવસના શૂળમાં તે ઘણું ઉપયોગી છે. જો પડી જવાથી નસ રહી ગઇ હોય અથવા ચામડી છોલાઇ હોય તો આ ફળનો લેપ કરવાથી સોજો ચઢતો નથી. ઉપર કહેલું સત્ત્વ દશઆનીભાર લઇ તેને સવાશેર પાણીમાં પીગળાવી એ પાણીની પીચકારી મારવાથી સ્ત્રીઓની જનનેંદ્રિયમાંથી નીકળનાર સફેદ પ્રવાહ (ધોળો પ્રદર) બંધ થાય છે. આ સત્ત્વ બનાવતી વખતે પોલાદ અથવા લોઢાનાં વાસણ કામમાં લેવાં નહિ; કેમકે રસ તેથી કાળો થઇ જાય છે. ઉત્તમ પ્રકારે બનાવેલ સત્ત્વનો રંગ લાખના જેવો હોય છે. એના બીજમાંથી ઔષધમાં લેવા લાયક તેલ નીકળે છે. કુમળાં પાંદડાંનું કેટલાક દેશમાં શાક કરે છે. છાલને ઝીણી વાટી ઘા અને નાસૂર ઉપર ચોપડે છે. ચરકમાં:—કાચાં ફળને વાત અને પિત્તને બેસાડનાર કહેલ છે. સુશ્રુતમાં:—રક્તપિત્તનાશક, દાહનાશક, યોનિદોષનાશક, વ્રણનાશક અને સંગ્રાહી કહેલ છે. ફળમાંના રસમાંથી કાઢેલું સત્ત્વ જૂની સંગ્રહણી ઉપર ઉત્તમ અસર કરે છે.

* મ૰ પદેજીના નિઘંટમાં આ સિવાય એક વનડમરાનાં નામ આપ્યાં છે. તેને ક૰ કાડદવના અને લા૰ માં આર્ટિમિશિયા સિવર્સિયાનાતરીકે ઓળખાવેલ છે.

તથા મધુર છે; અને લોહી, તાવ, તૃષા, દમ, ઉધરસ, કમળો તથા પિત્તનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) પ્રદર ઉપર:—ડાભનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તે પાણીમાં જીરાની ભૂકી અને સાકર નાખી પાવું. (૨) મૂત્રશુદ્ધિ ઉપર:—ડાભનાં મૂળ પાણીમાં ઉકાળી પાવાં, તેથી મૂત્ર બંધ થયું હોય તોપણ છૂટે છે. (૩) વાતજ્વર ઉપર:—ડાભનાં મૂળ, બળ(બોળ)નાં મૂળ અને ગોખરૂનો કાઢો સાકર તથા મધ નાખી પાવો.

૨૬૩ ડામર—ડામરનાં ઝાડ મલબારનાં વનોમાં થાય છે. એ મોટાં થાય છે. એમાંથી જે રસ નીકળે છે, તેને ડામર કહે છે.× રસ કાઢવાની રીત એવી છે કે, એ ઝાડની મોટી મોટી ડાળીઓ તોડી તેના નાના નાના ટુકડા કરે છે. તેને ભઠ્ઠીમાં ઘાલ્યા પછી તેમાં જે રસ હોય છે તે ઉપર આવે છે અને તે કાઢી લે છે. પછી તે ઘટ્ટ થાય છે. ડામર તારનાં દોરડાંને અને લક્કડકામને ચોપડવાથી તેને મજબૂતી આવે છે.

૨૬૪ ડાંગર (ભાત)—સં૦ હિં૦ શાલિ. મ૦ સાળ. ક૦ ભત્ત. કા૦ વેલ. ફા૦ નિરંજ. આ૦ ઉરજ. ઈં૦ રાઈસ. લા૦ ઓરિઝા સાટિવ્હા.

જગતમાં આ ધાન્યનો સર્વ વસ્તીમાં થોડોઘણો ઉપયોગ થાય છે. એની ઉત્પત્તિ ઘણું કરીને ઉષ્ણ દેશમાં થાય છે. આ દેશમાં એ ધાન્ય સર્વત્ર થાય છે. બંગાળામાં ઉચ્ચ પ્રતિના ઘણા ઝીણા ચોખા પાકે છે. ઈંગ્લાંડ અને યુરોપમાં બંગાળાથી સેંકડો ખાંડી ચોખા જાય છે. એનો છોડ ઢીંચણથી તે માથોડું પર્યંત ઉંચો વધે છે. એને સર્વ પાંદડાંજ હોય છે. એનાં પાંદડાં પાકે એટલે એને 'પરાળ' કહે છે. એ પાંદડાંમાંથી ગોળ પોલી એક સળી નીકળે છે. તે સળીના છેવટે ડાંગરની ઉંબી બાઝે છે. એમાં ડાંગર થાય છે. એમાં જે દાણા હોય છે તેને 'ચોખા' કહે છે. ડાંગરમાં જેટલી જાત છે તેટલી કોઈ પણ ધાન્યમાં નથી. આપણા દેશમાં ડાંગરની ઉત્પત્તિ ઘણી થતી નથી; તેથી કરી અહીં એવી ઘણી જાત પણ થતી નથી. જે ડાંગર ત્રણથી ચાર સાડાચાર મહિનામાં પાકે છે, તેને મરાઠીમાં 'હળવી' કહે છે; અને જે પાંચથી છ મહિના સુધીમાં પાકે છે તેને 'ગરવી' કહે છે. ગરવી ડાંગર પહેલા નંબરની જમીનમાં થાય છે. કમોદ, બંગાળી કમોદ, પંચસાળ, આંબામોર, રાયભોગ, જીરાસાળ, કાળીસાળ, રાતીસાળ, ખેરસાળ, ચીમેણસાર, વાંકસાળ, કોથંબરી, રાજાવળ તથા ઇલાયચી ઇત્યાદિ જાતિની ડાંગર ઉત્તમ થાય છે. ચોખા એ શીતળ અને શક્રત્યુત્પાદક અન્ન છે. ઘણા લોકોનો મુખ્ય ખોરાક ચોખાજ છે. ડાંગરના જુદા જુદા પુષ્કળ પ્રકાર છે. તેના ચોખા કરી બાફી ભાત કરે છે. ભાતનું ઓસામણ ઘણું ઠંડુ અને પૌષ્ટિક છે. ચોખાનો લોટ કરી તેની દશમીઓ, ભાખરીઓ, પુરીઓ તથા રોટલા વગેરે પદાર્થો કરે છે. ચોખાની ખીર સારી થાય છે. ચોખાનું ઉત્તમ પક્વાન્ન કેસરી ભાત થાય છે. ચોખાના લાડુ વગેરે બીજાં પક્વાન્નો પણ થાય છે. ચોખાની કણકીને પાણી કે છાશમાં રાંધી ઘેંસ કરે છે. નાનાં બાળક, રોગી તથા અશક્ત માણસોને એ ઘેંસ બહુ ઉપયોગી છે. ચોખામાં તુવેરની કે મગની દાળ નાખી તેની ખીચડી કરે છે. એ સાદા ભાત કરતાં પૌષ્ટિક છે. ચોખાના પુંવા કરે છે તેમજ મુરમરા પણ બનાવે છે. પરાળ ઢોરને ખાવાના કામમાં આવે છે. ડાંગરના તુસનો પણ ઘણો ઉપયોગ થાય છે. રાયભોગ ડાંગર:—ધોળી, કાળી અને રાતી, એવા ત્રણ પ્રકારની થાય છે. તે સ્નિગ્ધ, મધુર, અગ્નિદીપક, બલકર, કાંતિકર, ધાતુવર્ધક, પથ્યકારક, ત્રિદોષનાશક તથા લઘુ છે. એ એક કરતાં એક ગુણથી અધિક છે. રાતી ડાંગર:—લઘુ, સ્નિગ્ધ, મધુર, પથ્યકારક, રુચિકારક, બલકર, વર્ણકર, ચક્ષુષ્ય, અગ્નિદીપક, મૂત્રલ, શુક્રલ, સ્વર્ય, હૃદ્ય તથા પુષ્ટિકારક છે; અને ત્રિદોષ, રક્તરોગ, દાહ, તૃષા, વ્રણ, વાયુ, વિષ, પિત્ત, શ્વાસ, કાસ તથા જ્વરનો નાશ કરે છે. ધોળા સાઠીચોખા:—રુચિકર, શીતળ, બલકર, પથ્ય, વીર્યવર્ધક, આહ્લક, દીપન તથા મીઠા છે; અને તાવ તથા ત્રિદોષનો નાશ કરે છે. કાળા સાઠીચોખા ગુણમાં અધિક છે. દેવ-

× અમે એક જગ્યાએ વાંચ્યું છે કે:—"પેટ્રોલ્યમ નામના કૂવાના કાળા ઝરણમાં ગંધક મેળવી તેનો અર્ક ખેંચે છે તેને કેરોસીન (ઘાસલેટ) તેલ કહે છે. આ પેટ્રોલ્યમ થોડા દિવસ હવામાં રહેવાથી ઘટ્ટ થઈ જાય છે, તેને ડામર કહે છે." ત્યારે આ બન્ને ડામરમાં ખરો કયો હશે?

ડાંગરઃ—એ કૃષ્ણ, પાટલ, શાલીમુખ, કુકકુટાંડ અને જંતુભેદ એવા પાંચ પ્રકારની છે. તે પાકકાળે મધુર, શીતળ, મલસ્તંભક તથા અભિષ્યંદકારક છે. એમાં કાળી વધારે ગુણવાળી છે. ઉપયોગઃ—(૧) ચોમાસામાં પગે ઓસાર થાય છે તે ઉપરઃ—ડાંગરનું પરાળ બાળી પગે કાળો રંગ આવે ત્યાંસુધી ધૂણી દેવી. (૨) અષ્ટગુણમંડ (જ્વર ઉપર):—કિંચિત્ શેકેલા ચોખા અને મગ એ સમાન લઈ તેમાં ચૌદગણું પાણી નાખી બાફવા. બફાતી વખતે તેમાં હિંગ, સિંધવ, ધાણા, સુંઠ, મરી તથા લીંડીપીપર નાખી પછી તેમાંની વરાળ બહુ નીકળવા ન દેતાં તે ઘેંસ ખાવી. આ મંડ (રાબ) જ્વરનાશક તથા ત્રિદોષનાશક છે; અને તે લોહીને તથા ભૂખને વધારનાર, બલકર અને બસ્તિ-શોધક છે. (૩) શરદગરમી ઉપરઃ—બારીક ચોખા સાંજે બાફી તેનું ઓસામણ કોરા માટલામાં ઘાલી મોં બાંધી રાત્રે ઝાકળમાં મૂકી સવારે તેમાં સાકર નાખીને ૭ દિવસ આપવું. (૪) મૂત્રરેચન માટેઃ—ધોળા ચોખાના ધોવરામણમાં સાકર અને સુરોખાર નાખીને પાવું. (૫) ભાંગ ઉપર ઉતારઃ—ચોખાનું ધોવરામણ આપવું. (૬) શોષરોગ ઉપરઃ—ડાંગરની ધાણીનો કાઢો કરી પાવો. (૭) તૃષારોગ ઉપરઃ—ચોખાના ધોવરામણમાં મધ નાખી પાવું. (૮) અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ—ડાંગરનાં છોતરાં (પરાળ) બાળી તેની રાખ ઘીમાં કાલવી ચોપડવી. (૯) ભસ્મક-રોગ ઉપરઃ—ચોખા, ધોળું કમળ અથવા કમળાક્ષ (પબડી) બકરીના અથવા ભેંસના દૂધમાં બાફી ઘી નાખી ખાવું. (૧૦) આદાશીશી ઉપરઃ—સૂર્યોદય પહેલાં શુમારે એ મૂઠી ચોખાની ધાણી મધ સાથે ખાવી અને સૂઈ રહેવું. (૧૧) મધુરા ઉપરઃ—એક શેર પાણીમાં એક તોલો ચોખાની ધાણીનો લોટ નાખી તેમાં સોનાની અંગુઠી અથવા મહોર નાખી તેનો અષ્ટમાંશ કાઢો કરી પાવો. (૧૨) દાહ શમન થવા માટેઃ—ચોખાની ધાણી અને ખડીસાકર એકત્ર કરીને કાઢો કરી રાખવો અને વારંવાર આપવો.

૨૬૫ **ડીકામાલી**—સં૦ નાડીહિંગુ, હિંગુનાડિકા. મ૦ ડિકેમાલી. હિં૦ ડિકામાલી, કલ, પતિહિંગ. બં૦ હિંગુત્રિશેષ. ક૦ કલહત્તિ. તા૦ કુમ્બે, ડિકકેમલ્લા. તૈ૦ ચિભહિંગ્વા, કારૂઇગવા. ઈં૦ ડિકેમાલિગમ્, ગમ્મીગાર્ડિનિયા. લા૦ ગાર્ડિનિયા લ્યુસિડા, ગાર્ધિન્યા ગમ્મિફેરા. અ૦ કનખામ.

ડીકામાલીનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઘણું કરી ડુંગરાળ પ્રદેશમાં થાય છે. કોંકણમાં અને બીજે ઘણેક ઠેકાણે એ ઝાડ થાય છે. એનાં પાંદડાં જામફળીનાં પાંદડાં જેવાં અને આકારે પણ તેવાંજ હોય છે. એને ઘીલોડાં જેવડાં ફળ આવે છે. એ ફળ અથાણામાં નાખે છે. એ ઝાડની ડુંખોમાંથી શિયાળામાં લીલા અને પીળા રંગનો રસ નીકળે છે. તેને "ડીકામાલી" કહે છે. જંગલી લોક એ દૂધના થેપલી કરી વેચે છે. એ રસમાં ડુંખોનો પણ ભેગ કરે છે. ડીકામાલીઃ—તીખી, તીક્ષ્ણ, ઉષ્ણ તથા અગ્નિદીપક છે; અને કફ, વાયુ, મલબંધ, મનનો મોહ તથા આમનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) પેટપીડ ઉપરઃ—એક લિંબુ ચીરી તેની એક ચીરી ઉપર ડીકામાલી ભરી બીજી ચીરનો રસ તે ઉપર પાડી ડીકામાલી નાખેલી ફાડ અંગારા ઉપર મૂકી ખદખદાવવી; પછી કાઢી ચૂસી લેવી. (૨) જંતુ (કૃમિ) ઉપરઃ—ડીકામાલીનું ચૂર્ણ સાકરમાં નાખી આપવું. (૩) કૉલેરા, થાક અને તાવ ઉપરઃ—ડીકામાલીનું ચૂર્ણ સાકરમાં આપવું. (૪) જનાવરની ચાંદીમાં કીડા પડ્યા હોય તોઃ—ચાંદીમાં ડીકામાલી ભરવી. (૫) બાળકોના કાળજે ભાર હોય તે ઉપરઃ—ડીકામાલી અને કાળો બોળ (એળીઓ) પાવાં. (૬) બાળકોના સસણી ઉપરઃ—ડીકામાલી, રેવંચી અને કાળો બોળ (એળીઓ) ગરમ પાણીમાં વાટી પેટ ઉપર ડુંટીની જગ્યા બાદ કરી બીજે સર્વ ઠેકાણે લેપ કરવો.*

૨૬૬ **ડુકરકંદ**—સં૦ વારાહી. મ૦ ડુક્કરકંદ, ભિઓંલીકંદ. હિં૦ ગેંઠી, બિઓંલીકંદ, ડેહી,

---

* બાળકને અતિસાર ઉપર પાણીમાં ડીકામાલી ઘસી પાવી. ભાદરવાથી કારતક સુદીના તાવવાળાને અડધા લિંબુ ઉપર ડીકામાલી, સિંધવ અને મરી વાટીને તે ભભરાવી દેવતા ઉપર ખૂબ શેકી ચૂસાડવાથી ૩ અથવા ૭ દિવસમાં તાવ જાય છે. આ ગુરુદત્ત અને અનુભૂત છે.

ડીકામાલીનાં મોટાં ઝાડ થાય છે. ફૂલ ધોળાં હોય છે અને પાંદડાં બટમોગરા જેવાં થાય છે.

વારાહી કંદ. ક૦ હંદીગદે. લા૦ ડાયોસ્કોરિયા સેટીવા. બં૦ ચુવડી આલુ. તૈ૦ આદાદંડિચેટુ, પાશ્ચિતીકે, નેલતાડિચેટુ.

ડુકરકંદના વેલા હોય છે. એ જમીન ઉપર પ્રસરે છે. એની ઉત્પત્તિ ઘણું કરીને સર્વે મોટા મોટા પર્વત ઉપર પોતાની મેળે થાય છે. પાણીવાળ દેશમાં પણ એ થાય છે. એના કંદ માટે બાગમાં પણ લોકો એ વેલ વાવે છે. એનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં હોય તેનું દીંટડું લાંબું હોય છે. પાંદડાં વેલીની કાતરીને સામસામાં આવે છે; અને તેના ઉપર જાળી પ્રમાણે રેષાઓ હોય છે. આ વેલીને ફૂલનો ઘોંશ આવે છે. એનો ઉપયોગી ભાગ કંદ છે. એ વેલાના કાંદાનો આકાર કાંઇક વૃષણ જેવો અથવા ડુક્કર(સૂવર)ના જેવો હોય છે; અને સૂવરના અંગ ઉપર જેવા વાળ હોય છે તેવા એના ઉપર પણ કઠોર વાળ હોય છે. આ કંદ ડુક્કરને અતિ પ્રિય હોવાથી એનું ડુકરકંદ નામ પડેલું છે. એ કંદ હાથ હાથ ઉંડો જમીનમાંથી મળે છે. આ કંદ હરસ ઉપર સારો ગુણકારી છે. એમાં રસાયન ગુણ હોવાથી આર્ય વૈદકમાં આ કંદ ઘણો મહત્ત્વનો માનેલો છે. લોકોનાં અજ્ઞાન અને અનાસ્થાથી આ દુર્લભ જેવોજ થયો છે. ઘણાક માણસો ડુકરકંદ કહીને કડવા કારિંદા વાપરે છે. ડુકરકંદ એ મોટું તીવ્ર ગુણવાળું ઔષધ છે. **ડુકરકંદ:**—તીખો, કડવો, બલકર, પિત્તલ, રસાયન, શુક્લ, વૃષ્ય, અગ્નિદીપક, મધુર, ઉષ્ણ, વર્ણકર, સ્વર્ય તથા આયુષ્યવર્ધક છે; અને કોઢ, મેહ, ત્રિદોષ, કફ, વાત, કૃમિ તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **કાંડરાના વિષ ઉપર:**—ડુકરકંદ બે તોલા પાણીમાં ઘસી પાવો. આ ઔષધ બહુ તીવ્ર છે. કાંડરાનું વિષ ન હોય તો તે સહન થતું નથી અને ગળું બળી જાય છે. આ ઔષધ ઉપર ઉતાર—ઘી પાવું. (૨) **તૃતીયક (તરીઆ) તાવ ઉપર:**—ડુકરકંદની છાલ અથવા મૂળ પચરંગી સૂતરવડે હાથે કિંવા ગળામાં બાંધવું.

૨૬૭ **ડુંગળી (કાંદા)**—સં૦ પલાંડુ. મ૦ કાંદા. હિં૦ ફા૦ પ્યાજ. બં૦ પેયાજ. ક૦ ઉળ્ળેગડ્ડે. તૈ૦ નિરૂળી. મલા૦ ઘરૂળી. અ૦ બસળ. ઇં૦ અનીઅન. લા૦ એલીઅમ્સેપા.

ડુંગળી સર્વત્ર પ્રસિદ્ધ છે. એનો રોપો હાથ-સવા હાથ ઉંચો વધે છે. તે સીધો અને તેનાં પાંદડાં બારીક નળી જેવાં હોય છે. કાંદાને જે બી આવે છે તે કાળાં હોઈ બંદૂકના દારૂ પ્રમાણે હોય છે. કાંદાના મધ્યમાં જે રેસો નીકળે છે, તેને 'નળો' કહે છે. એ કુમળો હોય ત્યારે તેનું શાક કરે છે. કાંદામાં બે જાત છે. **ધોળો** અને **રાતો.** ધોળો કાંદો ઔષધમાં ઘણો ઉપયોગી છે. કાંદામાં અતિ પૌષ્ટિકપણું છે; એટલા માટે એક કહેવત છે કે "કાંદો એ મર્દનો બાંધો." સર્વ પ્રકારના શાકમાં ડુંગળી નાખી હોય તો તેમાં સ્વાદ આવે છે. **ધોળી ડુંગળી:**—બલકર, તીખટ, વૃષ્ય, ગુરુ, મધુર, રુચિકર, સ્નિગ્ધ, કફકર, ધાતુવર્ધક, નિદ્રાપ્રદ તથા દીપક છે; અને ક્ષય, હૃદ્રોગ, ઉલટી, અરુચિ, રક્તપિત્ત, વાત, પિત્ત, કફાર્શ, વાતાર્શ, પરસેવો, સોજો તથા રક્તદોષનો નાશ કરે છે. **લીલી ડુંગળી:**—(હરિતપલાંડુ) એના ગુણ ધોળા કાંદા પ્રમાણેજ છે. **રાતી ડુંગળી (રાતો કાંદો):**—શીતળ, સ્નિગ્ધ, અગ્નિદીપક, ગુરુ, તીખી, મધુર, કિંચિત ઉષ્ણ, પિત્તકર, વૃષ્ય અને બલકારક છે; તથા કફ, વાયુ, સોજો, અર્શ અને કૃમિનો નાશ કરે છે. **કાંદાનાં બીજ:**—વૃષ્ય છે અને દાંતમાના કૃમિ તથા પ્રમેહનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **બાળકોની આંકડી (ધનુર્વાત) ઉપર:**—ધોળો કાંદો ભાગી સુંઘવા આપવો. (૨) **ઉન્માદરોગ ઉપર:**—ધોળી ડુંગળીના રસનું અંજન કરવું. (૩) **ગરમીએ કપાળ દુખે તે ઉપર:**—ડુંગળી ભાગી સુંઘવી અને કપાળ ઉપર ચંદનમાં કપૂર ઘસી તેનો લેપ કરવો. (૪) **નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ડુંગળીના રસનું નસ્ય કરવું. (૫) **મહામારી (કૉલેરા) ઉપર:**—બે બે ઘડીએ કાંદાનો રસ પાતા જવું. (૬) **કૉલેરાનો ઉપદ્રવ ન થવા માટે:**—રાત્રે ભોજન કર્યા પછી ડુંગળીના રસમાં ચણા જેટલો હિંગ ઘસી તેમાં વરીઆળી ૧ માસો અને ધાણા ૧ માસો નાખી તે પીવો. (૭) **બાળકોને મોડશી (કૉલેરા) અને કૃમિ થયા હોય તે ઉપર:**—ડુંગળીનો રસ પાવો. (૮) **વિંછીના દંશ ઉપર:**—ડુંગળીના બે કડકા કરી ચોળવા. (૯) **ગરમીની લૂખ ન લાગવા માટે:**—એક ડુંગળીને પાસે રાખવી એટલે લૂખ લાગતી નથી. (૧૦) **તંબાકુ ચઢી હોય તો:**—ડુંગળીનો રસ પાવો. (૧૧)

ગરમી ઉપર:—બાફેલી ડુંગળી, જીરૂં અને ખડીસાકર એકત્ર વાટી તેમાં ગાયનું ઘી બે તોલા નાખી આપવું. **(૧૨) અમ્લપિત્તથી ગળામાં બળતરા થતી હોય તો:**—ધોળો કાંદો બારીક ચીરી શુમારે નવટાંક અધમર્યા મીઠા દહીંમાં મેળવવો અને તેમાં ખાંડ નાખી આપવો. **(૧૩) વીર્યવૃદ્ધિ ઉપર:**—ડુંગળીનો રસ મધ સાથે આપવો.× **(૧૪) ભમરીના દંશ ઉપર:**—ડુંગળીનો રસ ચોપડવો. **(૧૫) બાળક જલદી વધવા માટે:**—ડુંગળી અને ગોળ હમેશાં ખાવાથી બાળક જલદી ઉંચું વધે છે. **(૧૬) આમરક્તને** (મરડા સાથે લોહી પડતું હોય તેને) **માટે:**—ડુંગળી બારીક ચીરી ચારપાંચ વખત ધોઇ નાખવી અને તે ગહાદાર દહીં સાથે ખાવા આપવી. **(૧૭) અતિસાર ઉપર:**—કાંદાના રસમાં અફીણ મેળવી પીવરાવવો. **(૧૮) ગરમી માટે:**—ડુંગળી કાપી ધોઇ દહીં સાથે ખાવી અને તેનાજ કાપ અથવા ડુંગળી બાફી બારીક વાટી તેમાં ઘી નાખી ગોળો કરી ડુંટી ઉપર બાંધવો. એકલી ડુંગળી ખાવાથી પણ ગરમી અટકે છે. **(૧૯) આંખમાં મેલ** (ચીપડા) **ઉપર:**—ડુંગળીના રસમાં ખડીસાકર ઘસી રાત્રે આંખમાં ઘાલવી તથા રક્તચંદન (રતાંદળી) ઘસી આંખો ઉપર ચોપડવી. **(૨૦) પુરુષત્વ ગયું હોય તો:**—ધોળી ડુંગળીનો રસ, મધ આદુનો રસ અને ઘી, એ એકત્ર કરી પ્રાતઃકાળે ૨૧ દિવસ આપવું; જેથી પુરુષત્વ આવશે. **(૨૧) જખમે દુઃખ થતું હોય તો:**—ડુંગળી કાપી ઘીમાં તળી ગરમ ગરમ જખમ ઉપર બાંધવી. **(૨૨) વીર્યવૃદ્ધિ થવા માટે તથા ઉરઃક્ષત ક્ષય ઉપર:**—ડુંગળીનો રસ ૭ માસા, ઘી ત્રણ માસા અને મધ ત્રણ માસા એકત્ર કરી દરરોજ સવાર-સાંજ બંને વખત લેવું; અને રાત્રે અધો શેર ગરમ કરેલું દૂધ સાકર નાખી પીવું. એ પ્રમાણે મહિનો બે મહિના આપવું. **(૨૩) અપસ્માર ઉપર:**—ધોળી ડુંગળીનો રસ નાકે પીવો. **(૨૪) કમળા રોગ ઉપર:**—ધોળી ડુંગળી, ગોળ અને તેમાં થોડી હળદર નાખી સવારે અથવા સાંજે ઉંઘવા સમયે ખાવી. **(૨૫) સળેખમ ઉપર:**—ધોળી ડુંગળી કાપી નાકનાં બન્ને છિદ્રથી સુંઘવી. **(૨૬) બાળકોને ગળું પડવાનો આજાર થાય છે તે ઉપર:**—ધોળી ડુંગળી બાફી બારીક વાટી તેમાં ગાયનું ઘી નાખી વડી કરી તાળવા પર મૂકી ઉપર એરંડાનાં કુમળાં પાંદડાં મૂકી ૩ દિવસ બાંધવું. દરરોજ સાયંકાળે ડુંગળીની થેપલી કાઢી નાખી માથું સ્વચ્છ ધોવું અને તાળવા પર ગાયનું ઘી ચોપડવું તથા ધોળી ડુંગળીનો રસ કાઢી તેમાં થોડું જીરૂં અને ખડીસાકરની ભૂકી નાખી તે પાવું. **(૨૭) ગરમીની લૂખ લાગે છે તે ઉપર:**—એક ધોળી ડુંગળી બાફવી અને બીજી લીલી ડુંગળી લઇ તે બન્ને બારીક વાટી તેમાં જીરાની ભૂકી બે માસા અને ખડીસાકર બે તોલા, એ પ્રમાણે મિશ્રણ કરી તે એક વખત આપવું. **(૨૮) વેળ, બદ, ગાંઠ વગેરે પકવવા માટે:**—ડુંગળી બાફી વાટવી અને તેમાં ઘી તથા હળદરની ભૂકી નાખી ગરમ કરી સહેવાય તેટલું ગરમ પોટીસ બાંધવું. આ સૌમ્ય અને ઉત્તમ પોટીસ છે. **(૨૯) આંખો આવે છે તે ઉપર:**—ડુંગળીનો રસ આંખોમાં નાખવો. **(૩૦) ઢોરોને શેંબારોગ** (ઢોરોના નાકમાંથી લીંટ પડવા લાગે છે તે) **થાય છે તે ઉપર:**—ધોળી ડુંગળીના કાંદા સાત અને ગોળ પાશેર, એ પ્રમાણે ત્રણ દિવસ સવારે ખવરાવવું; અને ઘણા દિવસનું જૂનું કપાસિયા કાઢી નાખેલું રૂ લઇ સ્વચ્છ પહોળું કરી એક વાસણમાં અગ્નિ લાવવો અને તેમાંથી નીકળનારી ધૂણી તે ઢોરનાં શ્વાસોચ્છ્વાસે મસ્તકમાં જઇ શકે એવી રીતે તે દેવતામાં નાખેલું રૂ ઢોરના નાક આગળ ત્રણ દિવસ ધરવું. **(૩૧) મૂળવ્યાધિ ઉપર:**—ડુંગળી ઝીણી ચીરી છાંયડીમાં સૂકવવી. પછી તેમાં તલની ભૂકી ૧ માસો અને ખાંડ બે તોલા મિશ્ર કરી નિત્ય સેવન કરવું. **(૩૨) પિત્તવિકાર ઉપર:**—ધોળી ડુંગળી ઝીણી ચીરી મીઠા દહીંમાં મેળવી તેમાં થોડી સાકર નાખી ખાવી. **(૩૩) દાઢ દુખતી હોય તે ઉપર:**—ડુંગળીનાં બી ચલમમાં નાખી પીવાં અથવા એકલાંજ દાઢમાં રાખવાં.* **(૩૪) મૂળવ્યાધિ**

× હરદિન પાશેર ડુંગળી, પાશેર ઘીની સાથ; સેવે શ્વેત પ્રભાતમાં, પુષ્ટિ પામે ધાત.
પુષ્ટિ પામે ધાત, શરીર પણ પુષ્ટ થવાશે; થાય અંગ બળવાન, શુદ્ધ દિન સાત ખવાશે.
કહે પ્રાગજી એમ, દરદથી બચશે દરદી; કાંદા શ્વેત ઘી સાથ, સેવશે નર જે હરદી.

* ડુંગળીના ઝીણા કકડા કરી તે તલના તેલમાં બોળવા. પછી ધુમાડારહિત દેવતાથી ભરેલી

ઉપર:—ડુંગળીનો રસ સાકર અને ઘી નાખી આપવો.

૨૬૮ ઢોર આંબો—ગોમાંતક પ્રાંતના રાનમાં અનેક તરેહનાં ઝાડ છે. તેમાં 'ઢોર આંબો' કરીને એક સાધારણ ઝાડ થાય છે. તેને માર્ગશીર્ષ મહિનાને શુમારે આંબા જેવાં ગોળ ફળ આવે છે. તેની છેવટે નાની અણી હોય છે. એ ફળ પાકે એટલે ગળચટાં થાય છે. કેટલાક લોક એનાં રાયતાં કરે છે.

૨૬૯ તગર—સં૦ પિંડિતગર. મ૦ તગર. કોં૦ અનંત. ક૦ પિંડિતગર. તૈ૦ તગર પદ્દિકામુ. લા૦ ગાર્ડેનિયા ફ્લોરિબંડા. હિં૦ પિંડિતગર, નંદીતગર. તગરનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. તગરનાં પાંદડાં લાંબાં હોઈ તેને છેડે અણી હોય છે. એનો વિસ્તાર ઘણોજ મોટો થાય છે. તગરમાં 'એકેરી ધોળી' અને 'દુહેરી ધોળી' એવી બે જાત છે. દુહેરી તગરનાં પાંદડાં જરા કાળા રંગનાં હોય છે. એને 'મીઠી તગર' કહે છે. એકેરી તગરનાં ફૂલ પારિજાતકનાં ફૂલ કરતાં કાંઇક મોટાં હોય છે તેને પાંચ છ પાંખડીઓ હોય છે. એ ફૂલને લાંબી દાંડી હોય છે. એનાં ફૂલનો માત્ર સવારે કાંઇક વાસ આવે છે, પછી આવતો નથી. તગરના ગુણ ગાંઠી તગરના જેવાજ છે. **ઉપયોગ:—(૧)મસ્તકશૂળ ઉપર:**—તગરનાં મૂળીઆં ઘસી લેપ કરવો.×

૨૭૦ તગરગંઠોડા—સં૦ તગર. મ૦ ગોડેતગર, તગરગંઠોડા. હિં૦ ક૦ તગર. બં૦ તગર-પાદુકા. તૈ૦ ગંધિતગર પુચેટ્ટુ. નેપાલી–ચમા. અ૦ સારૂન. લા૦ વેલેરીઆના હાર્ડવીક.

તગરનાં ઝાડ હિમાલય પર્વત અને આલમોરાના પહાડ ઉપર થાય છે. એનાં મૂળીઆંને "તગરમૂળ" કહે છે. તગર એ ઘણું સુવાસિત હોય છે. એનો ધૂપમાં ઉપયોગ કરે છે. તગરમૂળનો રંગ કાંઇક છીંકણી જેવો હોય છે. સુવાસિક છીંકણી અને સુગંધી પદાર્થોમાં એનો ઘણો ઉપયોગ થાય છે. ***તગર:**—શીતળ, પથ્યકર, કડવું, મધુર, લઘુ, સ્નિગ્ધ, પાકકાળે તીખું, તૂરૂં તથા વિષ-નાશક છે; અને નેત્રરોગ, મસ્તકરોગ, રક્તદોષ, ભૂતોન્માદ, અપસ્માર તથા મૂતબાધાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પ્રલાપક સન્નિપાત ઉપર તગરાદિ કાઢો**—તગર, આસોદ, કુંભ, શંખા-હુલી, દેવદાર, કડુ, બ્રાહ્મી, જટામાંસી,નાગરમોથ, ગરમાળો, હરડે અને દ્રાક્ષનો કાઢો પાવો.

૨૭૧ તજ—સં૦ ત્વકપત્ર, ત્વચા. બં૦ દારુચિની. મ૦ દાલચીની. હિં૦ ક૦ તજ, દાલચીની. તા૦ કરુવાપત્તે. તૈ૦ સનલિંગુ, ડાલચિની. બ્રહ્મી૦ વિટપ્યાવો. લુશાઈ–પ્વાક, પ્વિન. ત્રુ૦ ઇજ્જીન. મલા૦ કરુવા. ફા૦ દાર્ચિની. અ૦ સાલીખા. ઈં૦ સિનામોમ બાર્ક. લા૦ સિનામોમં ઝિલાનિકમ્.

સિંહલદ્વીપ (સિલોન કે લંકા),કોચીન, ચીન, સુમાત્રા, જાવા અને મલબાર વગેરે દેશમાં તજનું વાવેતર ઘણા મોટા પ્રમાણમાં થાય છે.એ સાધારણ ઉંચાઈનું ઝાડ છે. એ ઝાડ મલબારી તજના અથવા તમાલ વૃક્ષના ઝાડ કરતાં મોટું થાય છે. એનાં ફળ પણ મોટાં હોય છે; પરંતુ વિશેષ કરીને આની છાલ તમાલની છાલ કરતાં પીળાશ પડતી અને વધારે સુગંધી હોય છે. એનાં પાંદડાં કાંઇક લંબગોળ હોઇ મોટાં હોય છે અને તેના ઉપર ત્રણ રેષાઓ હોય છે. વળી તે કાંઇક સામ-સામાં પણ હોય છે. પાંદડાં તમાલપત્ર જેવાં પરંતુ તેનાથી મોટાં હોય છે. પાંદડાં સૂકાયા પછી તેમાંથી લવંગ જેવો વાસ આવે છે. ઝાડની દાંડલીઓ ઉપર ધોળા રંગનાં ફૂલો આવે છે. તેમાંથી ગુલાબનાં ફૂલો

એક થાળીમાં તે કકડા નાખી ઉપર પહોળા મોઢાનું, નીચે ઝીણું છિદ્ર પાડેલું હાંડલું ઉંધું વાળવું; એટલે તે છિદ્રમાંથી ડુંગળીનો ધુમાડો નીકળશે. તે હાંડલે મોઢું અરાડી રાખી તે ધુમાડો ચલમની માફક ચૂસીને એક પાણી ભરેલા વાસણમાં થુંકવો. આમ વારંવાર કરવાથી દાઢમાંના કીડા નીકળેલા નજરે પડશે અને દુખતી દાઢ શાંત થશે. કોઈ કોઇ ડુંગળીની જગ્યાએ ભોરિંગણીનાં બીજ વાપરીને પણ એજ મુજબ પ્રયોગ કરે છે.

× તગરનાં પાન ગંઠોડા તગરના જેવાંજ હોય છે. ફૂલ પણ ગંઠોડા તગરના ફૂલ જેવાં ઝુમખાદાર સફેદ હોય છે. ફૂલ ઉપરની બાજુથી સપાટ હોય છે તથા મધ્યભાગમાં પીળો મકરંદ હોય છે. આ વૃક્ષના પાનનો અનંત પૂજામાં ઉપયોગ કરાય છે.

* તગરગંઠોડા વૃક્ષનાં પાન કનેરના જેવાં લાંબાં લાંબાં હોય છે. ફૂલ નાનાં નાનાં, પીળા રંગનાં, પાંચ પાંખડીવાળાં હોય છે.

જેવો વાસ આવે છે. ફળ કરમદાં જેવાં આવે છે, તેનું તેલ કાઢે છે. ફળનો અર્ક અને અત્તર પણ બનાવે છે.આ વૃક્ષની છાલનેજ તજ કહે છે. હિંદુસ્તાની લોકો એની જાડી છાલને તજ અને પાતળી છાલને દાલચિની કહે છે. તજની અનેક જાતો છે, એમ સાંભળીએ છીએ. ચોચ, ગંધવલ્ક, હાથ્યામકત્વક્ ઈત્યાદિ. તેમાંથી એક જાતનું વૃક્ષ ફક્ત સિંહલદ્વીપમાં યુરોપીયન ઉદ્ભિજ્જ-વર્ણનકર્તાઓને મળેલ છે. નિઘંટકર્તાએ એને "સિંહલી" એ નામ આપેલ છે. એ ઉપરથી સિંહલદ્વીપમાંનું આ વૃક્ષ ગુણ અને જાતિમાં જુદું હશે. એની છાલને ઇંગ્રેજી ભાષામાં કૅશિયા બાર્ક (છાલ) કહે છે. ડૉકટર બર્ડવુડ કહે છે કે, આ જાત હિંદુસ્તાનમાંજ મળે છે. કૅશિયાનાં ઝાડો પશ્ચિમ ચીન અને જાપાનમાં પણ છે. તેની છાલ મલબારી તજ કરતાં જાડી હોય છે. મલબારી તજનેજ તજ કહે છે. વેપારી પાસેથી જે મળે છે તેના ગોળ વળેલા છ છ ઇંચ લંબાઇના કકડા હોય છે. કૅશિયાની છાલ ઝીણી તજ કરતાં વધારે મીઠી હોય છે. ઝીણી તજમાંથી અને કૅશિયાની છાલમાંથી ચીનમા તેલ કાઢે છે. તે અહીં ટીનના ડબામાં આવે છે. આ બન્નેની કિંમતમાં જમીન-આસ્માનનો ફેર હોય છે. ઝીણી તજનું તેલ ઘણું મોંઘું હોય છે. તજના જેવી પરંતુ ગુણમાં જુદી એવી બીજી ત્રણ-ચાર જાત જાવા અને આંબોયના બેટમાં મળે છે. તેજપત્ર, તમાલધ્વજ અને નીલપત્ર, આ તેમાનાંજ છે. જાવા બેટમાંથી વેપારીઓ એને સિંહલદ્વીપમાં લાવેલા છે, એમ વિનિયસ સાહેબનું કહેવું છે; પરંતુ રાજનિઘંટકારે આનો ઉલ્લેખ કરેલ છે તે ઉપરથી આ પ્રાચીન હોઇ તેની શોધ ડચ લોકો પહેલાંજ થયેલ હતી. સુશ્રુતમાં એ શિરોવિરેચનમાં ગણેલ છે. રાજનિઘંટકારે સિંહલ, રાજવલ્લભ, બહુગંધ, એ નામનાં વૃક્ષ જુદાં આપી તમાલપત્ર એ એનાં પાંદડાં છે, એમ લખેલ છે. કડવાં લવંગ અથવા બોજવાર એ એક ઝીણી તજના ઝાડનીજ જાત છે; અને તે ઉત્તર કાનડા પ્રાંતમાં, ખંડાળાના ઘાટ ઉપર તથા ત્રાવણકોરના જંગલમાં પણ થાય છે. એમ ડૉ૦ મંત્રીની શોધ છે. સિંહલદ્વીપમાંની તજ ઉત્તમ છે. તેનો રંગ ફિક્કો, પીળો અને લગભગ 'વનીશન' સોના જેવો હોઇ તે પાતળી, સુંવાળી અને ચમકદાર હોય છે. તજનું તેલ ઉતેજક હોઈ દંતશૂળ, પેટનું શૂળ, જીભનું અટકવું, એ વિકારો ઉપર પણ ગુણકારી છે. એ પાણીમાં નાખવાથી બૂડે છે, "**जले क्षिप्तं हि मज्जति**" એમ આત્રેય (હારીત) સંહિતાનુંજ વચન છે.

સિંહલદ્વીપમાં તજનાં ઝાડની ઉત્પત્તિ ઘણી થાય છે. ત્યાં આ ઝાડનાં મોટાં અરણ્યો છે. તજનાં ઝાડ ત્રણ વર્ષનાં થાય એટલે તેની છાલ કાઢી તડકામાં સુકવે છે, તેને તજ કહે છે તેની ઝુડીઓ બાંધી વેચે છે. એ ઝાડનાં મૂળનું, તજનું અને ફળનું તેલ કાઢે છે; પરંતુ ફળનું તેલ સારૂં હોય છે. તજ મસાલામાં બહુ આવે છે. તજ વાતનાશક છે. તજ નાખ્યાથી પદાર્થોમાં ઘણો સ્વાદ આવે છે. **તજ:**—તીખી, પિત્તલ, મીઠી, કંઠશુદ્ધિકારક, લઘુ, રૂક્ષ, કડવી, બસ્તિશોધક તથા ઉષ્ણ છે; અને કફ, ઉચકી, વાયુ, ઉધરસ, ખરજ, હૃદ્રોગ, આમબસ્તિરોગ, પીનસ, ત્રિષ, શુક્ર, અર્શ તથા કૃમિનો નાશ કરે છે. **પાતળી છાલની તજ:**—મીઠી, કડવી, સ્વાદુ, બલકર તથા ધાતુવર્ધક છે; અને વાયુ, પિત્ત, તૃષા તથા મુખદોષનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) વાતવિકાર ઉપર:**—તજનું તેલ ચોળવું. **(૨) પિત્ત થઇ ઉલટી થતી હોય તે ઉપર:**—તજનો કાઢો પાવો. **(૩) શરદીથી માથું ઘણું દુખતું હોય તે ઉપર:**—તજ ઘસી ગરમ કરી લેપ કરવો અથવા તજનો અર્ક કાઢી ચોળવો. **(૪) અર્ક કાઢવાની રીત:**—એક વાડકી ઉપર કપડું બાંધી તે ઉપર તજની ભૂકી નાખવી. તે ઉપર અભ્રકનાં પાંદડાં મૂકી તે ઉપર દેવતા મૂકવો; એટલે વાડકીમાં તજનો અર્ક પડે છે. **(૫) વાતગુલ્મ ઉપર:**—તજ, વરિયાળી, એરોદસ (ખુરાસાની અજમો) અને કચોરાં, એ સમભાગે લઇ તેનો કાઢો કરી પાવો. **(૬) શૂળયુક્ત આમાતિસાર ઉપર:**—તજ દોઢ માસો, બીલાંનો ગર્ભ ત્રણ માસા અને રાળ દોઢ માસો એનું ચૂર્ણ ગોળસહિત દહીંમાં આપવું; એટલે જલદી ગુણ થાય છે.

૨૭૨ તંબાકુ (તમાકુ)—સં૦ તામ્રકૂટ, ક્ષારપત્રા. મ૦ તંબાખુ. હિં૦ તમાખુ. તા૦ પુગઇ, ઈલઈ. તે૦ પોગાકુ, ધૂમપત્રમુ. બં૦ તમાક્. ફા૦ તંબાકુ. અ૦ તંબાક્. ઇં૦ ઇન્ડિયન ટોબાકો, ટૅબેકો. લા૦ નૈકોટીના ટોબાકં.

તંબાકુમાં કાળી, જરદો આદિ જાતો છે. એના ક્ષુપ સર્વ દેશમાં થાય છે. તંબાકુનાં ઝાડ શુમારે હાથેક ઉંચાં વધે છે. એને વેંત-દોઢ વેંત લંબાઈનાં પાંદડાં આવે છે. તંબાકુ કાપી લીધા પછી જે ડાંડા રહે છે તેને પણ પાંદડાં ફૂટી બી આવે છે. એ પછી આવેલાં પાંદડાં નિરુપયોગી હોય છે. તંબાકુ ઘણું કરી સર્વ પ્રાંતોમાં થાય છે. તંબાકુ એ હલકી જાતની કેફ છે; પરંતુ તેનો પ્રતિવર્ષ લાખો રૂપિયાનો ઉપયોગ થઇ સરકારને ઘણોજ ફાયદો થવા લાગ્યો છે. તંબાકુ ઔષધના ઉપયોગમાં આવે છે; પરંતુ માણસોએ તેનો અનેક પ્રકારે નિરર્થક ઉપયોગ કરી તેનો ખપ વધારેલો છે. કેટલાક છીંકણી કરી સુંઘે છે, કેટલાક ખાય છે અને કેટલાક ધૂમ્રપાન કરે છે. પૃથ્વી ઉપર તેનો ઉપયોગ કરનારા નથી એવા થોડાજ મળશે. એ વ્યસનથી માણસોને ઘણું નુકસાન થાય છે, પણ તે ધ્યાનમાં આવતું નથી. તંબાકુ ખાવાથી મોંમાં દુર્ગંધ આવે છે, દાંતને નુકસાન થાય છે, કફ થાય છે, આંખોને નુકસાન થાય છે અને પિત્ત વધે છે. એ પ્રમાણેજ પીવાથી છાતીમાં કફ ઉત્પન્ન થાય છે અને કાળજું બળી જાય છે. તંબાકુ ખાનારો ક્યા થૂંકશે, તેનો નિયમ નથી. એ ઉપર કહેવત છે કે "હગનારની ગાંડ અને તંબાકુ ખાનારનું મોં એનો નિયમજ નહિ." એટલું એ અમંગળ અને ગંદુ વ્યસન છતાં આધુનિક કાળમાં એ વ્યસનની નિરર્થક બડાઇ ચાલી રહી છે. એ વ્યસન જ્યારે બધા માણસો છોડશે, ત્યારે દેશનું ઘણું હિત થશે. **તંબાકુ:**—પિત્તલ, તીક્ષ્ણ, ઉષ્ણ, બસ્તિશોધક, મદકર, ભ્રામક, કડવી, દૃષ્ટિમાંદ્યકારક, સારક, વામક, તીખી, રુચિકર તથા વાતાનુલોમન છે; અને કફ, ઉરસ, દમ, વાયુ, કોઠાનો વાયુ, કૃમિ, દંતરોગ, શુક્રરોગ, દૃષ્ટિરોગ, લીખ, જૂ, વિંછીનું વિષ તથા સોજાનો નાશ કરે છે. ઉપયોગ:— **(૧) જનાવરોના કીડા દૂર થવા માટે:**—તંબાકુ ઝીણી કરી ચાઠામાં ભરવી. **(૨) અંડવૃદ્ધિ ઉપર:**—તંબાકુનાં પાંદડાંને શિલારસ ચોપડી બાંધવાં; કિંવા કાચકીમાંનું મગજ એરંડતેલમાં ખરલ કરી તંબાકુનાં પાંદડાં ઉપર ચોપડી તે પાંદડાં બાંધવાં. એ યોગથી સર્વાંગે ચર ચર થઇ ઉલટી થાય છે. ઘણીજ તરદી પડે તો તે છોડી નાખવાં અને વળી ફરીથી બાંધવાં. એથી કરી બે દિવસમાં અંડ ઠેકાણે આવે છે. તંબાકુનાં પાંદડાં એકલાં પણ બાંધવાં **(૩) મધમાખી વગેરેના ડંખ ઉપર:**—છીંકણી કિંવા ઝીણી કરેલી તંબાકુ ચોપડવી. **(૪) પીનસ રોગ ઉપર:**—જૂની છીંકણી સુંઘવી. **(૫) આદાશીશી ઉપર:**—તંબાકુમાં પાણી નાખી કપડછાણ કરી તેનાં બે ટીપાં નાકમાં પાડવાં; અને તાળવા ઉપર પણ થોડું પાણી ચોળવું. **(૬) સર્પના વિષ ઉપર:**—તંબાકુ પાણીમાં મેળવી શેર પાણી વસ્ત્રગાળ કરી રાખવું અને ઘડી ઘડીના અંતરે દર વખતે સાત સાત તોલા એમ બે-ત્રણ વાર આપી ઉલટી કરાવવી. આ ઔષધ પાંચ-છ વાર આપવાથી સારો ફાયદો થાય છે. **(૭) વિંછીના વિષ ઉપર:**—તંબાકુ પીવાની ચલમમાંનો કીટ ખાવાના પાનના બીડામાં થોડો ખવરાવવો. **(૮) જૂ મારવા માટે:**—તંબાકુ પાણીમાં મેળવી તે પાણી માથે ચોપડી ઉપર પાટો બાંધવો. બે પ્રહર પછી પાટો છોડી અરિઠાનું ફીણ ચોપડી સ્નાન કરવું, એટલે બધી જૂ મરે છે.

૨૭૩ તમાલવૃક્ષ—સં૦ તમાલપત્ર. મ૦ તમાલપત્ર, સાંભારપાન. હિં૦ તેજપાત. બં૦ તમપત્ર, તેજપાતા. ક૦ પત્રક. તૈં૦ આકુપત્રી. ઈં૦ ફોલીઆમાલાબાથ્રી. લા૦ સિનામોમં ટમાલ. ફા૦ સાદરમ. અ૦ સાજિજ.

જેવાં તજનાં ઝાડ હોય છે, તેજ પ્રમાણે તમાલવૃક્ષ થાય છે. તમાલવૃક્ષ સિંહલદ્વીપમાં ઘણાં થાય છે. એનાં પાંદડાંને 'તમાલપત્ર' કિંવા 'તેજપત્ર' કહે છે. તમાલપત્રનો મસાલામાં તેમજ ઔષધોમાં ઘણો ઉપયોગ થાય છે. તમાલપત્ર તસુભર પહોળાં હોય છે અને ચાર-પાંચ આંગળ લાંબાં હોય છે. **તમાલવૃક્ષ:**—મધુર, બલકર, વૃષ્ય, ગુરુ, ધાતુવર્ધક તથા શીતળ છે; અને શ્રમ, દાહ, કફ, પિત્ત, શોષ તથા વિસ્ફોટકનો નાશ કરે છે.

૨૭૪ તરટી—સં૦ રક્તબીજકા. મ૦ તરંટી. ક૦ રેઉંડે. હિં૦ તરટી. બં૦ તરૂઇ.

તરટીનાં ઝાડ બે માથોડાં ઉંચાં વધે છે. એનાં પાંદડાં બીડાયેલાં અને લાંબાં હોય છે. તરટીને લાલ રંગનાં ફળ આવે છે. એ ઝાડને કાંટા હોય છે. તરટીનાં ઝાડ શોલાપુર પ્રાંતમાં પુષ્કળ થાય છે. **તરટી:**—મધુર, કડવી, ગુરુ, બલકર અને કફનાશક છે. ઉપયોગ—**(૧) કફ ઉપર:**—તરટીની

જાલનો કાઢો મધ નાખી પાવો.

૨૭૫ તરબુચ (કાળિંગાં)—સં૦ કાલિંગ. મ૦ કલિંગડ, ટરબુજ. હિં૦ તરબુજ. બં૦ તરમુજ. ક૦ બચ્ચંગાઇ, કાલેંગુ. તે૦ તરબુજ, પુંજકાયા, દારબુજી. ફા૦ હિંદવાના. અ૦ બત્તી. તુ૦ બચ્ચંગે. મલા૦ વત્તક. ગો૦ વચ્ચંગા. તા૦ કોમટ્ટી. ઈં૦ વૉટરમેલન. લા૦ વલગેરીસ સાઈટ્રલસ.

તરબુચના વેલા થાય છે. એમાં બે જાત છે. એક કાળી હોઇ ગોળ અને બીજી ધોળી અને લાંબી હોય છે. ધોળી જાતનાં તરબુચ જેને 'કાળિંગડાં' કહે છે, તે મોટાં અને મીઠાં હોય છે. એનાં પાંદડાંને પાંચ ખૂણા હોય છે. દરેક ખૂણાની વચમાં દોઢ આંગળ ખાંચો હોય છે. તરબુચ કોહોળા જેવડાં થાય છે. તરબુચ ઠંડાં છે. કુમળાં તરબુચનું શાક સારૂં થાય છે. મારવાડ, મથુરાં, દ્વારકા વગેરે સ્થળે ઉત્કૃષ્ટ તરબુચ થાય છે. મરાઠીમાં એને 'ટરબુજ' પણ કહે છે.* **તરબુચ:**—શીતળ, બલકર, મધુર, તૃપ્તિકર, ગુરુ, પુષ્ટિકારક, મલસ્તંભક તથા કફકર છે; અને પિત્ત, શુક્ર તથા ધાતુનો નાશ કરે છે. એનાં પાંદડાં કડવાં અને રક્તવૃદ્ધિકારક છે. **ઉપયોગ:—(૧) પુષ્ટતાને માટે:**—તરબુચનાં બીઆં વાટી તેનો મગજ અર્ધો તોલો અને ખડીસાકર અર્ધો તોલો એકત્ર કરી ખાવું. **(૨) દાહ ઉપર:**—તરબુચ ખાવાં. **(૩) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—તરબુચના ગર્ભનું પાણી પાશેર કાઢી તેમાં ખડીસાકર અને જીરાનું ચૂર્ણ નાખી આપવું. **(૪) ઇંદ્રિયમાં ચાંદી પડે છે તે ઉપર:**—તરબુચની ચોખંડી ડગળી કાપી કાઢી, તેમાં પાશેર ખાંડ નાખી, તે ઉપર પ્રથમ કાઢેલી ડગળી પૂર્વવત્ બેસાડી તે ઝાકળમાં રાખવું અને સવારે તેમાંનું પાણી પાવું; એટલે ઇંદ્રિયની ચાંદી, ફોલ્લી અને પેશાબ વખતે થતી બળતરા, એ વિકારનું શમન થાય છે.

૨૭૬ તલ—સં૦ હિં૦ તિલ. મ૦ તીળ. ક૦ એળ્ળુ. તે૦ નોબલુ. તા૦ એલ્લ. નુળુ. તુ૦ ઉરૂ, એમ્મે. મલા૦ કારેલ્લુ. ફા૦ કુંજંદ. અ૦ સીમસીમ. ઇ૦ સિસેમનેજર સીડસ. લા૦ સિસેમસ ઇંડિકમ્.

તલનાં ઝાડ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એનો રોપો વેંત-દોઢ વેંત ઉંચો વધે છે ત્યારે તેનાં પાંદડાંની ભાજી કરે છે. તલમાંથી તેલ કાઢે છે. તેનો ખોળ માણસોને અને ઢોરોને પણ ખાવાના ઉપયોગમાં આવે છે. તલ પૌષ્ટિક છે. તલનું તેલ ખાવાનાં સર્વ તેલોમાં ઉત્તમ છે. જંગલી અડદ, જંગલી મગ અને જંગલી ચણા (રુદ્રવંતી) પ્રમાણે જંગલી તલ કરીને જંગલમાં એક ઝાડ તલના ઝાડ જેવું થાય છે. એ જંગલી ઝાડ પણ ઔષધના ઉપયોગમાં આવે છે. તલમાં

---

* કાળિંગાના ખેતરો બહુધા નદી પાસે અને રેતાળ જમીનમાં હોય છે. કાળિંગામાં મુખ્ય બે જાતો છે. લાલ અને ધોળી. લાલની અંદરનો ગરભ રાતા રંગનો અને ઘણોજ ઠંડો તથા મીઠો હોય છે. કોઈ કોઇ તો એને, લાલ એજ નામથી પણ ઓળખે છે. બીજાનો ગરભ સફેદ હોય છે. એમાં ઠંડાશ એટલી બધી હોતી નથી, તોપણ તે મીઠાં અને ઠંડાં હોય છે. કુમળાં (કુણાં) હોય ત્યાંસુધી લોકો એનું શાક અને કઢી કરીને ખાય છે. પાકયા પછી સ્વાદને માટે ઘણાક લોકો એના ગરભને ખાય છે. એનામાં તૃષા શાંત કરવાનો ઉત્તમ ગુણ છે; તેથી મુસાફરો ખેતરોમાંથી તે લઇ ખાઈ શાંત થાય છે. એ બહુ ખાવાથી મગજને શિથિલ કરી બુદ્ધિનો નાશ કરે છે. એથીજ એને કેટલાક લોકો કુમતિયાં નામથી પણ ઓળખે છે. એ માથાના વાળને ઉભા ચીરી ટુંકા કરે છે. એના બીજને કળીઓ કહે છે. એને પણ કેટલાક મીઠું ચઢાવી શેકીને ખાય છે. એના બીજના રંગ પ્રમાણે બે ત્રણ જાતો જોવામાં આવે છે.

કાળિંગાની કળીઓનું તેલ કાઢવાની રીત એવી છે કે, એને પાણી પીવાની બતકમાં ભરી, તેને મજબુત બૂચ મારી, તેમાં ઝીણું કાણું પાડી, એક પિત્તળની તપેલી જમીનની અંદર ઉંડો ખાડો ખોદી તેમાં ઠેરાવી, તેના ઉપર તે બતક ઉંધી વાળી રાખી તપેલીમાં ધૂળ ન પડે તેમ ચોકસી કરી માત્ર બતકના બુદા ઉપર છાણાંનો તાપ આપવો, એટલે અંદરની કળીઓ બળી જઇ તેલ એ તપેલીમાં ઉતરશે. તપેલીના સ્થાને સાંકડા મોંનો લોટો હશે તો વધારે માફક આવશે. આ તેલ જનાવરોના ક્ષતમાં પડેલા કીડાનો સત્વર નાશ કરનાર છે, એટલુંજ નહિ પણ મનુષ્યને પણ એટલુંજ હિતકારક છે; નહિ રૂઝાતાં (ભરનીંગળ) ગુંમડાં તાબડતોબ શાંત પડે છે. ખરેખાત એ આપણું સ્વદેશી આયડોફોર્મ કિંવા કાર્બોલિક એસીડ છે.

કાળા અને ધોળા એવી બે જાત છે. **તલ:**—બલકર, સ્નિગ્ધ, ગુરુ, અગ્નિદીપક, સ્તનમાં દૂધ વધારનાર, પિત્તલ, કેશોને હિતાવહ, અલ્પમૂત્રકારક, વ્રણ વિષે પથ્યકારક, ગ્રાહક, તૂરા, મધુર, કડવા, પાકકાળે તીખા, સ્પર્શવડે શીત, મતિપ્રદ, દાંતોને હિતકારક, વર્ણકર તથા કફકારક છે; અને વ્રણ તથા વાયુનો નાશ કરે છે. **કાળા તલ:**—ગુણમાં અધિક છે. **ધોળા તલ:**—હીનગુણ છે. **રાતા તથા અરણ્ય તલ** ગુણોમાં હીન છે. **તલનું તેલ** વર્ણશુદ્ધિ કરે છે. **ઉપયોગ:**—**(૧) મૂત્રાઘાત (મૂત્ર બંધ થવું) અને દાહ ઉપર:**—તલની સોટીઓની અથવા ખોળની રાખ ગાયના દૂધમાં મેળવી તેમાં થોડું મધ નાખી પાવું. **(૨) તારુણ્યપિટકા ઉપર લેપ:**—ગોમૂત્રમાં તલનો જૂનો ખોળ કાલવી લેપ કરવો. **(૩) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—તલનું તેલ ચુનાના નીતર્યા પાણી સાથે મિશ્ર કરી તેની પટ્ટી બાંધવી; અને વારંવાર તે પટ્ટી ઉપર તે મિશ્રણ કરેલા તેલનાં ટીપાં પાડતા જવું; એટલે તત્કાળ રોગીને સુખ જણાશે અથવા મિશ્રણનો મોરના પીંછાવડે લેપ કરવો. **(૪) અટકાવ આવવા માટે:**—તલ, ગુંદાં અને વરિયાળીનો કાઢો કરી ગોળ નાખી ત્રણ દિવસ પાવો; અથવા કાળા તલનો કાઢો ગોળ નાખી પાવો. **(૫) મુખપાકના યોગથી દાંત હાલે છે તે ઉપર:**—સિંધવ અને તલના તેલના કોગળા મોંમાં રાખવા. **(૬) અપસ્માર (ગોતા) ઉપર:**—તલના તેલમાં ગોમ (કાનખજુરો) તળી કાઢવો; અને તે તેલ એકેક ટીપું નાકમાં અને કાનમાં પાડવું એટલે માથામાંહેના કીડા નીકળી જઇ રોગ દૂર થાય છે. **(૭) આદાશીશી ઉપર:**—ગોળ અને ઘી એકત્ર કરી ખાવાં અને દૂધમાં તલ અથવા તલ અને વાવડીંગ વાટી તેનો લેપ મસ્તક ઉપર કરવો; એટલે ત્રણ દિવસમાં આદાશીશી બંધ થાય છે. **(૮) કૂતરાના વિષ ઉપર:**—તલનું તેલ અને ખાંડેલા તલ, ગોળ અને આકડાનું દૂધ, એ સમભાગે લઇ એકત્ર કરી પાવાથી વિષ ઉતરી જાય છે. **(૯) ધંતુરાના વિષ ઉપર:**—તલનું તેલ અને ગરમ પાણી એકત્ર કરી પાવું. **(૧૦) પિત્તથી આખા શરીર ઉપર ફોલ્લા ઉઠે છે તે ઉપર:**—તલનું તેલ બે પૈસાભાર, અફીણ એક પૈસાભાર અને પાંચ રાઇના દાણા જેટલો સાબુ, એ સર્વ ગરમ કરી ફોલ્લા ઉપર ચોપડવાં; અથવા સર્પની કાંચળીની રાખ તલના તેલમાં ખરલ કરી ફોલ્લા ઉપર ચોપડવી. **(૧૧) પ્રમેહ અને વીર્યપતન ઉપર:**—તલનાં પાંદડાં પાણીમાં પલાળી, ચોળી, તે પાણી સાકર નાખી જલદીથી પાઇ દેવું. વાર થાય તો તે પાણીનો ગડો બંધાઇ વ્યર્થ જશે. **(૧૨) ગર્ભાસ્રાવ થવાની ખોડ હોય તો:**—તલ અને પદ્મકાષ્ઠ સમભાગ લઈ એકત્ર વાટી સાકરમાં આપવું. **(૧૩) રક્ત-મૂળવ્યાધિ ઉપર:**—તલ વાટી માખણમાં મેળવી ખાવા. **(૧૪) ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપર:**—તલ, જવ અને સાકરનું ચૂર્ણ મધમાં આપવું. **(૧૫) અશ્મરી અને શુક્રાશ્મરી** (શુક્રનો અવરોધ કરવાથી જે પથરી થાય છે તે) **ઉપર:**—તલની સોટીઓની રાખ મધમાં નાખી આપવી. **(૧૬) બાળકની રક્તસંગ્રહણી ઉપર:**—માખણમાં થોડી તલની ભૂકી અને સાકર નાખી આપવું. **(૧૭) તિડીક પ્રમેહ (તણખીઆ પરમીઆ) ઉપર:**—તલનાં તાજાં ફૂલો સાંજે લાવી અર્ધા શેર પાણીમાં શુમારે ૫૦ ફૂલો પલાળી રાખવાં. સવારે તે ફૂલો સળી વડે હલાવવાં; એટલે પાણીનો જાડો બોળ થશે. પછી તે માંહેનાં ફૂલો કાઢી નાખી તે બોળ શુમારે ૪ તોલા લઇ તેમાં સાકર નાખી પાવો. એ પ્રમાણે બે વખત તાજો બોળ તૈયાર કરી સાત દિવસ પાવો. **(૧૮) તિડીક પ્રમેહ ઉપર:**—જંગલી તલની ભાજી સૂકવી રાખવી અને રોજ રાત્રે એક પૈસાભાર કાચના વાસણમાં પલાળી રાખી બીજે દિવસે પ્રાતઃકાળમાં તેજ પાણીમાં તે ભાજી મસળી વસ્ત્રગાળ કરી શુમારે ચાર પૈસાભાર પાણી લઇ તેમાં જીરૂં અને સાકરની ભૂકી નાખી એક વખત એ પ્રમાણે સાત દિવસ પાવું. **(૧૯) માંકડનો નાશ થવા માટે:**—તલના ઝાડ ઉપર એક જાતના જીવ હોય છે તેને 'માકળા' કહે છે. તે સુદ્ધાં ઝાડ બાંધી લાવી ઘરમાં મૂકવું, તે માંકડને ખાઇ જાય છે. માણસને કંઈ ઈજા કરતા નથી. **(૨૦) રક્તગુલ્મ ઉપર તથા અટકાવ આવવા માટે:**—તલનો કાઢો કરી તેમાં સુંઠ, મરી, લીંડી-પીપર, હિંગ અને ભારંગમૂળનું ચૂર્ણ નાખી તે કાઢો પાવો. **(૨૧) રક્તાતિસાર ઉપર:**—વાટેલા કાળા તલ એક ભાગ, સાકર બે ભાગ અને બકરીનું દૂધ ચાર ભાગ, એકત્ર કરી તે પાવું. **(૨૨)**

મૂતરખડા (પથરી) ઉપર:—તલનાં ફૂલનો ખાર, મધ તથા દૂધ એકત્ર કરી તે ત્રણ દિવસ પાવું. (૨૩) વાળા ઉપર:—તલનો ખોળ કાંજીમાં વાટી લેપ કરવો.

૨૭૭ તવખીર વૃક્ષ—સં૦ ક૦ તવક્ષીર. મ૦ તવકીર, તવખીર. ફા૦ તબાશીર. ઈં૦ આરોરૂટ. લા૦ કર્કુમા એંગસ્ટિફોલિયા. મલા૦ કુવા. હિં૦ તવાખીર.

આ ઝાડ મલબાર પ્રાંતમાં થાય છે. એ વધારેમાં વધારે એક માથોડું ઉંચું વધે છે અને સાધારણ રીતે બે હાથ ઉંચું હોય છે. એનાં પાંદડાં હળદરનાં પાંદડાં જેવાં હોય છે અને ઝાડ પણ તેવુંજ દેખાય છે; તથા તેના જેવીજ તેને મુંડીઓ થાય છે. તેને ચુંટી કાઢી પાણીમાં ધોયા પછી જરા કચરી ચાર-પાંચ વાર ધોઇ તાપમાં સુકવે છે. પછી તેને દળી તેની બારીક ભૂકી કરે છે. તે શુભ્ર (ધોળા) રંગની હોય છે. તેને 'તવકીર' કહે છે. એને દૂધમાં બાફી ખાય છે. એનો જે પદાર્થ કરે છે તેને 'લાપશી' કહે છે. નાનાં બાળકોને તથા રોગીને એ લાપશી આપે છે. એ પદાર્થ શીતળ અને પૌષ્ટિક છે. તવખીર પાંચ છ જાતના ઝાડના કંદમાંથી થાય છે.× મહાબળેશ્વરના ડુંગર ઉપર પણ તવખીર ઉત્પન્ન કરનારાં ઝાડ થાય છે.+ અમેરિકા ખંડમાં આ ઝાડ પ્રખ્યાત છે. અમેરિકન લોકો બાણથી કિંવા બીજા શસ્ત્રથી જખમ થયા હોય તો એ ઝાડનું દૂધ ચોપડે છે; માટે તેને "આરોરૂટ" એવું નામ આપેલું છે. ઇંગ્રેજી ભાષામાં આરા એટલે "તીર" અને "રૂટ" એટલે મૂળ એવો અર્થ થાય છે. લુચ્ચા માણસો તવખીરના યોગે તેલનું ઘી કરે છે. તે માત્ર આઠ દિવસજ સારૂં રહે છે. પછી તેનો તેલવાળો વાસ આવે છે. **તવખીર:**—મધુર, શુભ્ર, શીત, સુગંધી, બલકર, વૃષ્ય, પૌષ્ટિક, ધાતુવર્ધક, લઘુ તથા સ્નિગ્ધ અને ક્ષય, પિત્તરક્ત, પિત્તદાહ, અરુચિ, ઉધરસ, દમ, તાવ, તૃષા, કમળો, પાંડુ, કોઢ, મૂત્રાશ્મરી, મૂત્રકૃચ્છ્ર, મેહ, વ્રણ, કફ તથા રક્તદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગરમીથી મોંમાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—તવખીર ચોપડવી. **(૨) પિત્ત ઉપર:**—તવખીર ઘીમાં નાખી ખાવી. **(૩) બાળકોને શક્તિવર્ધક ભક્ષ્ય:**—તવખીર ઠંડા પાણીમાં અથવા ગાયના દૂધમાં નાખી બાફી પાતળી રાબડી કરી તેમાં થોડી સાકર નાખી પાવી. **(૪) રક્તપ્રદર** (સ્ત્રીઓને ધાત જાય છે તે) **ઉપર:**—તવખીર, રાળ અને ગેરૂનું ચૂર્ણ ઘીમાં આપવું.

૨૭૮ તાડ—સં૦ બં૦ ફા૦ તાલ. મ૦ ખરતાલ, તાડવૃક્ષ. હિં૦ તાડ. ક૦ તાળીમારા. તૈ૦ તાતિ. તા૦ પનેમારં, તાળી. તુ૦ તાંરી. મલા૦ તાલં, પના. અ૦ તાર. ગો૦ તળટમાડ્ડો. ઈં૦ પાલમાયરા, પામ. લા૦ બોરેસસ્, ફ્લેબેલીફોર્મીસ.

તાડ, માડ, સોપારી, સુરમાડ, શીંદી એ સર્વ ઝાડ એકજ જાતનાં છે. એની ઉત્પત્તિ ગરમ દેશમાં થાય છે. તાડનાં ઝાડ ડુંગર ઉપર અને રાનમાં પોતાની મેળે ઉગે છે. એ દશ-બાર વર્ષે ફળે છે. તાડનું ઝાડ ઘણુંજ ઉંચું વધે છે. તેનો સોટો ૪૦-૫૦ હાથ ઉંચો અને સરળ હોય છે. એ ઝાડમાંથી તાડી કાઢે છે. એના ફળને 'તાડગોળા' કે 'તાડફળ' કહે છે. એ ગોળા ઘણા ઠંડા છે, તેથી કેટલાક લોકો ગરમી થવાથી

× જવ, ઘઉં, ચોખા, તાલવૃક્ષ, વનગાયનું દૂધ, સિંગોડાંનો આટો વગેરે પદાર્થોની પણ તવખીર થાય છે. તેમાં વનગાયના દૂધની અને જવની ઉત્તમ ગણાય છે.

+ દ્રવ્યગુણશિક્ષામાં શ્રી. નગેંદ્રનાથ સેન લખે છે કે, તવખીર (આરારોટ) જે અમેરિકામાંથી અહીં આવે છે તે "મૌરંટા એરંટીનેમીઆ" નામક રોપાની કંદનું ચૂર્ણ છે. એ કંદને બહુજ સાવધાનીથી છોલી, સાફ પાણીથી ધોઈ પછી શિલા પર પીસે છે. ત્યારપછી સાફ પુષ્કળ જળમાં મેળવી થોડો વખત રહેવા દે છે, જેથી ગળોના સત્ત્વની માફક સૂક્ષ્મ ચૂર્ણ પાણીના નીચેના ભાગમાં બેસી જાય છે. તે સત્ત્વને સુકાવી લેવાથી આરારોટ તૈયાર થાય છે. કોઈ કોઇ આરારોટના કંદને સુકાવી ઘંટીમાં દળીને વસ્ત્રગાળ કરી ઉપયોગમાં લે છે.

વિશુદ્ધ આરારોટની ઓળખાણ એ છે કે, એના ચૂર્ણને ચપટીમાં દબાવી મસળવાથી ચડ ચડ અવાજ ઉત્પન્ન થાય છે.

જે બાળકોની પાકસ્થળી (હોજરી) કમજોર હોય તેને આરારોટ આપવો નહિ. અન્ય સર્વ રોગી માટે હિતકર છે. ખાલી પેટે આરારોટનું સેવન વિશેષ લાભદાયક છે.

ખાય છે. તાડનું ઝાડ ઘણુંજ ઉપયોગી છે. તેની ઝાવલી ઘરનાં છાપરાં પર નાખે છે. તેનાં પાંદડાં-માંથી છત્રીઓ વગેરે અનેક વસ્તુઓ થાય છે. તાડના સોટા પાણી જવાની પરનાળો કરવાના ઉપયોગમાં આવે છે. તાડપત્ર વૃક્ષ કરીને તેની એક જાત સિંહલદ્વીપમાં થાય છે. એની ઉંચાઇ સવાસો હાથ હોઈ એની ઝાવલી પંદર-વીસ હાથ લાંબી હોય છે. એ એક ઝાવલીથી વીસ પચીસ માણસનું વરસાદથી કે તાપથી રક્ષણ થાય છે. આ તાડપત્ર વૃક્ષ શુમારે ૮૦ વર્ષ ટકે છે. એટલા વખતમાં તે એકજ વખત ફળે છે. એનાં ફળ હાથીના મસ્તક જેવડાં હોઇ તેમાં તાળગોળા જેવો ગીરો હોય છે. તે લોકો ખાય છે. એ વૃક્ષનાં પાંદડાંનો પુસ્તક લખવામાં પ્રથમ ઉપયોગ થતો હતો. સિંહલદ્વીપ, કર્નાટક, એ દેશોમાં અદ્યાપિ તાડપત્ર ઉપર પુસ્તકો લખે છે. લખવાના કામમાં લીધા પહેલાં એ પાંદડાં દૂધ પાણીમાં ઉકાળી કાઢે છે. એ પાંદડાં ઉપર લોખંડના ખીલાથી લખે છે. એ પાંદડાં કાગળ કરતાં ઘણાં વર્ષો સુધી ટકે છે. વ્યંજનતાડ કરીને એક તાડની જાત છે. તેનાં ઝાડ દક્ષિણ અમેરિકામાં ઘણાં છે. એ સાદડીઓ તથા પંખા કરવાના કામમાં આવે છે. તાડગોળા કુમળા હોય ત્યારે સ્વાદિષ્ટ લાગે છે. જૂના તાડગોળા ખાવાથી અતિસાર થાય છે. તાડગોળાની અંદર નાળિયેરની પેઠે પાણી હોય છે, તે પીવાય છે. **તાડવૃક્ષ:**—મધુર, શીતળ, માદક, પુષ્ટિકર, શુક્રલ, કફકર, બલકર, મેદકારક, વૃષ્ય તથા સારક છે; અને પિત્ત, દાહ, શોષ, વિષ, શ્રમ, કોઢ, કૃમિ, રક્તદોષ તથા વાયુનો નાશ કરે છે. એનાં **કુમળાં ફળ:**—સ્નિગ્ધ, સ્વાદુ, ગુરુ, મલાવ-રોધક, બલકર, શીતલ, ધાતુવર્ધક, વૃષ્ય, તૃપ્તિકારક, માંસલ તથા કફકર છે; અને વાયુ, શ્વાસ, રક્તપિત્ત, વ્રણ, દાહ, ક્ષત, પિત્ત, ક્ષય તથા રક્તદોષનો નાશ કરે છે. એનાં **પાકાં ફળ:**—દુર્જર તથા મૂત્રલ છે; અને શુક્ર, પિત્ત, કફ, નેત્રાભિષ્યંદ તથા રક્તને કરનારાં છે. એનું **લીલું ટોપરૂં:**—મૂત્રલ, શીતળ, રસકાળે અને પાકકાળે મધુર તથા સારક છે અને વાતપિત્તનું નાશક છે. એનું **જૂનું ટોપરૂં:**—કફકર, મદકારક, લઘુ, સ્નિગ્ધ, મધુર, સારક અને વાતપિત્તનાશક છે. **તાડના મસ્તકમાંનું માંજર:**—ધાતુવર્ધક અને વાતપિત્તનું નાશક તથા બસ્તિ શુદ્ધ કરનારૂં છે. **તાડી:**—અતિ મદક, સ્નિગ્ધ, ગુરુ તથા વૃષ્ય છે. તેજ ખાટી થઇ હોય તો પિત્તકર અને વાતનાશક છે. **તાડનાં મૂળ:**—પાકકાળે સ્વાદુ અને રક્તપિત્તનાશક છે. ઉપયોગ:—(૧) **ગરમીથી પેશાબે બળતરા થાય છે તે ઉપર:**—કુમળા તાડગોળા ખાવા એટલે પેશાબ સાફ થાય છે; અથવા તાડનાં મૂળ ચોખાના ધોવરાણમાં વાટી સાકર નાખી પાવાં.

૨૭૯ **તાંદળજો (ચોળાઇ)**—સં૦ તંદુલીક. મ૦ તાંદુળજા. કોં૦ ચવળ્યાચી ભાજી. હિં૦ ચૌલાઇ, ચૌરાઈ. બં૦ ક્ષુદ્રનટે, કાંટાનટે, ગોયાલનટે, કીરેસોપ્પુ. તૈ૦ કુર્કિરા, ચિરિકુરા, મોલ્લા-કુરા. તા૦ મુલ્લુકુરઇ. મલા૦ ચિરૂચિડા. ફા૦ સપેજમાર્જ. અ૦ બુક્કલેયમાનીય. ઇં૦ હર્મફ્રોડા-ઇટ એમેરંથ. લા૦ એમેરંથીસ ટેન્યુફોલીયસ. ક૦ કિરકુશલો તપલુ.

આ ભાજી બારમાસી થાય છે. એનાં પાંદડાં નાનાં અને રોપો એ વેંતથી અધિક ઉંચો થતો નથી. આ ભાજી સ્વાદે ઘણી સારી અને પથ્યકર છે. **તાંદળજો:**—મધુર, શીતળ, રુચિકર, અગ્નિ-દીપક, લઘુ, રૂક્ષ, મૂત્રલ, પથ્યકારક તથા સારક છે; અને વિષ, પિત્ત, શ્રમ, દાહ, રક્તદોષ, ઉન્માદ, રક્તપિત્ત, શીતપિત્ત, ત્રિદોષ, તાવ, કફ, ઉધરસ તથા અતિસારનો નાશ કરે છે. **તાંદળ-જાના પાંદડાં:**—શીત છે; તથા પિત્ત, રક્તવિકાર, વિષ તથા ઉધરસનો નાશ કરનાર અને રુચિ-કર છે. **જળતાંદળજો:**—કંટક, રક્તપિત્તનો નાશક, કડવો અને લઘુ છે. ઉપયોગ:—(૧) **સર્પના વિષ ઉપર:**—તાંદળજાનાં મૂળ અને મરી ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. (૨) **સર્વ પ્રકારના પ્રદરો ઉપર:**—તાંદળજાનાં મૂળ વાટી તેનો કલ્ક કરી તેમાં રસાંજન× (રસવંતી) મેળવી તેમાં મધ અને ચોખાનું ધોવરામણુ ચોગણું નાખી પાવાથી સર્વ પ્રકારના પ્રદર નાશ પામે છે. (૩) **ગર્ભ સ્થિર થવા માટે:**—ઋતુકાળે તાંદળજાનાં મૂળ ધોવરામણમાં વાટી પાવાં. (૪) **વિષમ-જ્વર ઉપર:**—તાંદળજાનાં મૂળ માથા ઉપર બાંધવાથી વિષમજ્વર જાય છે. (૫) **આગીઆ મણી-**

× રસાંજન એટલે દારૂહળદરનો અષ્ટમાંશ કાઢો કરી તેમાં તેટલુંજ બકરીનું દૂધ મેળવી ઉકાળી માવો કરી ખાંડી ચૂર્ણ કરવું તે.

આરના વિષ ઉપર:—તાંદળજાનાં મૂળ અને મરી ચોખાના ધોવરામણમાં ઘસી પાવાં. (૬) **ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપર:**—તાંદળજાનાં મૂળ વાટી ચોખાના ધોવરામણમાં પાવાં. (૭) **વિંછીના વિષ ઉપર તથા સોમલ ઉપર ઉતાર:**—તાંદળજાનો રસ સાકર નાખી પાવો. (૮) **વછનાગના વિષ ઉપર:**—મૂળ સુદ્ધાં તાંદળજાના રસમાં ગાયનું દૂધ નાખી પાવું. (૯) **ચણોઠીના વિષ ઉપર:**—તાંદળજાનો રસ અને સાકર પાવાં. (૧૦) **ઢોરના ખાવામાં સોમલ આવ્યો હોય તો:**—તાંદળજાનાં મૂળ, બીલીનાં મૂળ અને કોઠીનાં મૂળ ગાયના ઘીમાં ઘસી પાવાં. (૧૧) **આધાશીશી ઉપર:**—તાંદળજો અને જટામાંસીના કલ્કમાં ઘી સિદ્ધ કરી એનું નસ્ય આપવું. (૧૨) **ગયેલા કેશ આવવા માટે:**—તાંદળજાની ભાજી ભક્ષણ કરવી. (૧૩) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—તાંદળજાનો રસ ચોપડવો. (૧૪) **ઉદરરોગ ઉપર:**—તાંદળજાની ભાજીનો રસ કાઢી પાવો, અથવા તાંદળજાની ભાજી નિત્ય ખાવી. (૧૫) **પારો વગેરે શરીરમાં મરેલાં સર્વ રસાયનો નીકળી જવા માટે:**—તાંદળજાનો રસ ઘી નાખી ૮ દિવસ પીવો. (૧૬) **કૃત્રિમ વિષ ઉપર:**—ધુંવાસ (ચુલા ઉપર ધુમાડાથી એકઠું થએલું કાજળ) અને તાંદળજાનાં મૂળ બન્ને સમાન ભાગે પાણીમાં વાટી તેમાં તેથી ચોગણું ઘી નાખી, ઘીથી ચોગણું દૂધ નાખી ઘી બાકી રહે ત્યાંસુધી ઉકાળી તે પાવું; એટલે સર્વ કૃત્રિમ વિષોનો નાશ થશે.

૨૮૦ તાલીસ—સં૦ મ૦ બં૦ હિં૦ તાલીસપત્ર. ક૦ ચરીચલી–ચંચલી–મારા. તૈ૦ તા૦ તાલીસ પતીરી–પત્રી. મલા૦ તાલેસપત્ર. ફા૦ જરનવ. અ૦ તાલીસફર. લા૦ ટેકસસ્ બેકેટા.

એની ઉત્પત્તિ હિમાલય પર્વત ઉપર થાય છે. એ ઝાડ નાનાં હોય છે. એનાં પાંદડાંને 'તાલીસપત્ર' કહે છે. તાલીસપત્રનો ઔષધમાં ઘણો ઉપયોગ થાય છે. **તાલીસપત્ર:**—મધુર, કડવું, ઉષ્ણ, લઘુ, તીક્ષ્ણ, સ્વર્ય, હૃદ્ય તથા અગ્નિદીપક છે; અને દમ, ઉધરસ, કફ, વાયુ, ક્ષય ગુલ્મ, અરુચિ, રક્તદોષ, ઉલટી, આમદોષ, અગ્નિમાંદ્ય, પિત્ત તથા મુખરોગનો નાશ કરે છે. **તાલીસાદિ ચૂર્ણ:**—તાલીસપત્ર ૧, મરી ૨, સુંઠ ૩, લીંડીપીપર ૨, વંશલોચન (વાંસકપૂર) ૨, એલચી-ડોડા ૦ાા, તજ ૦ાા અને ખાંડ ૩૨ તોલા, એ સર્વનું ચૂર્ણ કરી તે ૩ માસા આપવું; એટલે અરુચિ, અજીર્ણ, ઉધરસ, શ્વાસ, તાવ, ઉલટી, અતિસાર, શોષ, પેટ ચઢવું, બરોળ, પાંડુ તથા સંગ્રહણી વગેરે રોગો દૂર થાય છે.

૨૮૧ તિપાની—સં૦ ત્રિપર્ણી. મ૦ ત્રિપર્ણી કંદ. હિં૦ તિલપર્ણી. ક૦ મુરેંગલ. બં૦ તિલકંદ.

તિપાનીના નાના નાના વેલા થાય છે. એ વેલા વાડો ઉપર અને ઘણું કરી ભોંયમગનાં ખેતરોમાં ઘણા થાય છે. એનાં પાંદડાં બારીક અને આકારે ભોંયમગનાં પાંદડાં જેવાં હોય છે. એ વેલાને ત્રિદલ પાંદડાં આવે છે. એ વેલો શ્વાસ, કાસ, વ્રણ અને વિષનો નાશક છે. **તિપાની:**—મધુર તથા શીત છે; અને દમ, ઉધરસ, વ્રણ, શીતપિત્ત તથા વિષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વ્રણ ઉપર:**—તિપાનીનાં પાંદડાં સૂકવી બાળી રાખ કરવી અને તે ઘીમાં ખરલ કરી ચોપડવાં; એટલે ગુમડું તરતજ ભરાઈ આવે છે. આ અનુભવસિદ્ધ પ્રયોગ છે.

૨૮૨ તિવર—તિવરનાં ઝાડ ખાડીમાં થાય છે. એ ઝાડ માથોડું–બે માથોડાં ઉંચાં વધે છે. એને કાંટા હોય છે. એનું લાકડું મજબૂત હોય છે. ઘણું કરીને એનો બાળવાના કામમાં વિશેષ ઉપયોગ થાય છે. દેવતા સળગાવવાને એની છાલ ઘણી ઉપયોગમાં આવે છે.

૨૮૩ તુરીઆં—સં૦ ધારાકોશાતકી. મ૦ દોડકી, શીરાળી. હિં૦ તોરઇ, તુરૈયા. બં૦ ઝીંગા. ક૦ ધારવીરે. તૈ૦ બીરકાયા. તા૦ પીરકુ. તુ૦ પીરે. મલા૦ પિચ્ચકં. ઇં૦ એકયુટેંગલ્ડ કકંબર. લા૦ લ્યુફાએકયુટેંગ્યુલા.

તુરીઆંનો વેલો ઘણોજ પ્રસરે છે. તુરીઆંને પીળાં ફૂલો આવે છે. એ વેલો વાવ્યા પછી સવા મહિને ફળ આવે છે. એ ફળ હાથ હાથ લંબાઈ સુધી વધે છે. તુરીઆંનું શાક થાય છે. એ આમાંશ કરનારું છે. **તુરીઆં:**—મધુર, સ્નિગ્ધ, શીત, બલપ્રદ, વીર્યપ્રદ, રુચિકર, ગુરુ તથા પથ્યકર છે; અને શ્વાસ, કાસ, તાવ, કફ પિત્ત, કૃમિ, ગુલ્મ, ઉદર, ત્રિદોષ તથા મલબંધનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) બદ ઉપર:**—તુરીઆંનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી ચોપડવાં; કિંવા તુરીઆં-

ની ભાજી બારીક વાટી વેળ ઉપર ચોપડવાથી ચાર પ્રહરમાં બદની ગાંઠ બેસે છે. **(૨) શરીરમાં ગરમીનો આજાર ભરવાથી કાખમાં કિંવા જાંગના ખાંચામાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—તુરીઆંના વેલાનાં મૂળ ગાયના માખણમાં કિંવા એરંડતેલમાં ઘસી બે ત્રણ વાર ચોપડવાં એટલે ચાંદીઓ મટી જાય છે. **(૩) મૂતરખડા (પથરી) ઉપર:**—તુરીઆંના વેલાનાં મૂળ ગાયના દૂધમાં અગર ઠંડા પાણીમાં ઘસી પ્રાતઃકાળે એક વાર એ પ્રમાણે ૩ દિવસ પાવાં.

૨૮૪ તુવરૂફળ—સં૦ હિં૦ બં૦ ક૦ તુંબરૂ-ફળ. મ૦ તી-ચીરફળ. કો૦ તીસળી. લા૦ ક્સાંથોકસીલન એલ્ટિલ.

આ કાંટેરી ઝાડ **ગોમાંતક** અને **કર્નાટક** પ્રાંતમાં ઘણાં થાય છે. એ ઝાડ શીમળાના ઝાડ જેવાં થાય છે. એને મરાઠીમાં "તીસળી" પણ કહે છે. એનું લાકડું ઘણું ચીકણું અને કઠિન હોય છે. તે ઘર બાંધવાના કામના ઉપયોગમાં આવે છે. એ ઝાડના કાંટા હાથેળી જેવડા પહોળા હોય છે. તે લઇ સૂતર કાઢવા માટે તેની ચક્કીઓ કરે છે. કાકડી કિંવા કોહોળું છીણવાને છીણી ન હોય ત્યારે આ કાંટાવડે કામ ચલાવી લે છે. એનાં ફળ ચણા જેવડાં હોય છે. એ ગુણમાં ઘણાં ગરમ છે. એ કાંઇક તીખાં લાગે છે. એ ફળ પાકે એટલે રાતાં થાય છે. એ ફળ સૂકાય એટલે તેના ઉપરની છાલ મસાલામાં નાખે છે. એ ફળનું તેલ પણ નીકળે છે. **તુવરૂફળ**—મધુર, કડવાં, તીક્ષ્ણ, અગ્નિદીપક, ઉષ્ણવીર્ય મૂત્રકૃચ્છ્રનાશક, રૂક્ષ, તીખું, રુચિકર, લઘુ, વિદાહી તથા હૃદ્ય છે; અને કફ, વાયુ, ગુલ્મ, ઉદરરોગ, શૂળ, પેટ ચઢવું, કૃમિ, નેત્રરોગ, કર્ણરોગ, મસ્તકરોગ, કંઠરોગ, ઉલટી, કોઢ, પ્લીહા, શ્વાસ, અરુચિ તથા અપતંત્રક વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) શૂળ, પેટનું ચઢવું, ગુલ્મ અને ઉદરરોગ ઉપર:**—તુવરૂફળ, સિંધવ, સંચળ, બીડલોણ, વાવડીંગ, અજમોદ, એરંડાનાં મૂળ, જવખાર, બાળહરડે, શેકેલી હિંગ એ સમભાગે લેવાં અને નસોતર ત્રણ ભાગ લેવાં. એ બધાનું ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં અગર જવના કાઢામાં પાવું. **(૨) વાયુથી અંગમાં કળતર થાય છે તે ઉપર:**—તુવરૂફળનું ચૂર્ણ ૧-૨ ગુંજા મધમાં આપવું. **(૩) અજીર્ણ ઉપર:**—તુવરૂફળની ભૂકી કરી ગોળમાં કાલવી ચણોઠી જેવડી ગોળીઓ કરી તે ગોળી ઘીમાં આપવી. **(૪) વાતભ્રમ ઉપર:**—તુવરૂફળની ભૂકી અને મરીની ભૂકી એકત્ર કરી કોપરાના તેલમાં કાલવવું અને મસ્તક તથા બન્ને આંખો ઉપર ચોળી જીરવવું.

૨૮૫ તુવેર—(તુવર, તુર, તુરા.) સં૦ તુવરી, આઢકી. મ૦ તુર. હિં૦ અરહર, રહરી. ક૦ તોગરી. તા૦ અદગી, તુવરે. તુ૦ તોગોરી. મલા૦ આઢકા, તુવર. ફા૦ શાખુલ. ઇં૦ પીજીયન પી. લા૦ કેજેનસ ઇન્ડિકસ. તૈ૦ કાદુલુ, આઢકી.

તુવેરની વાવણી ગુજરાત અને દક્ષિણ દેશમાં ઘણી થાય છે. યુરોપ, આફ્રિકા, અમેરિકા, એ ખંડોમાં આ ધાન્યનું નામ કોઈ જાણતું નથી. તુવેરનાં ઝાડ બે પ્રકારનાં થાય છે. એક પ્રતિવર્ષે થનારી અને બીજી ત્રણ ચાર વર્ષ ટકનારી. પ્રતિવર્ષે થનારાં ઝાડ બે અઢીજ હાથ ઉંચાં વધે છે. જે ઝાડ બે-ત્રણ વર્ષ રહે છે, તે પાંચ-છ હાથ ઉંચાં વધી તેના છોડ પહેલીના કરતાં જાડા હોય છે. તુવેરમાં બે જાત છે. રાતી અને ધોળી. સુરતી તુવેરની દાળ સર્વોત્કૃષ્ટ હોય છે. તુવેરની દાળનો હિંદુલોકમાં ઘણો ઉપયોગ થાય છે. તુવેરની દાળનું પૂરણ, તેના પાણીની કઢી વગેરે પદાર્થો કરે છે. એ ધાન્ય ચણાથી અર્ધું પૌષ્ટિક છે. **તુવેર સાધારણ:**—કિંચિત્ મધુર, વાતલ, તૂરી, ગુરુ, રુચિકર, ગ્રાહક, રૂક્ષ, વર્ણકર તથા શીતળ છે; અને કફ, પિત્તજ્વર, વિષ, રક્તદોષ, ગુલ્મ, વાયુ તથા અર્શનો નાશ કરે છે. એ ઘીમાં સેવવાથી વાયુનો તથા ત્રિદોષનો, લેપનથી કફપિત્તનો અને રેચનથી કફ અને મેદનો નાશ કરે છે. **તુવેરની દાળ:**—પથ્યકર તથા કિંચિત્ વાતલ છે અને કૃમિ તેમજ ત્રિદોષનો નાશ કરે છે. **ધોળી તુવેર:**—ગુરુ છે અને વાયુ, પિત્ત, અમ્લપિત્ત અને આધ્માનને કરનારી છે. તે ગ્રાહક અને પથ્યકર છે. **રાતી તુવેર:**—રુચિકર, બલકર, પથ્ય તથા જ્વરનાશક છે; અને પિત્ત, સંતાપાદિ અનેક રોગોનો નાશ કરે છે. **કાળી તુવેર:**—બળકર તથા અગ્નિદીપક છે અને પિત્ત તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) ભાંગ ઉપર ઉતાર:**—તુવેરની દાળ વાટી પાવી. **(૨) ખસ ઉપર:**—તુવેરની દાળ અથવા પાંદડાં બાળી દહીંમાં ખરલ

કરી ચોપડવાં. (૩) **નાડીવ્રણ ઉપર:**—ધોળી તુવેરનાં પાંદડાંનો અંગરસ પાશેર કાઢી તેમાં ગાયનું ઘી ૨૧ વાર ધોયેલું મેળવવું, પછી તેનો વ્રણ ઉપર લેપ કરવો; અથવા પાંદડાં બાળી તે ઘીમાં ખરલ કરી ચોપડવાં. (૪) **દંતરોગ ઉપર અને દાંત મજબૂત થવા માટે:**—તુવેરની સુકાયલી ભાજી અથવા તુવેરની દાળ, કાંટાસરીઆનાં મૂળ અને ભિલામો, એકત્ર કરી કઢાઇમાં નાખી તપી ગયા પછી અંદર અંગારા નાખી કોલસા થવાજોગ ઔષધો બળે એટલે ઉપર ઢાંકણું ઢાંકવું; અને અંદર મીઠું નાખી વાટી તે મસી રોજ દાંતે ચોપડી દાંત ઘસવા. (૫) **ભ્રમ અને મૂર્ચ્છા ઉપર:**—તુવેરની દાળ ઘસી તેનું અંજન કરવું. (૬) **આધાશીશી ઉપર:**—તુવેરનાં પાંદડાં અને ધ્રોનો રસ એકત્ર કરી તેનું નસ્ય આપવું. (૭) **મુખપાક ઉપર:**—તુવેરનાં પાંદડાં અડધો તોલો તંબાકુની પેઠે વારંવાર ચાવી મોઢામાં રાખવાં અને લાળ થુંકી નાખવી. (૮) **રક્તપિત્ત ઉપર:**—તુવેરનાં પાંદડાંનો રસ ૧ તોલો અને ઘી ૩ તોલા એકત્ર કરી પાવું; એટલે નાકમાંથી અને મોંમાંથી લોહી પડતું બંધ થાય છે. (૯) **સર્પના વિષ ઉપર:**—તુવેરનાં મૂળ ચાવી ખાવાં.

૨૮૬ **તુલસી**—સં૦ હિં૦ ક૦ તૈ૦ બં૦ મા૦ તા૦ મલા૦ તુલસી. મ૦ તુળસ. ફા૦ રેહાન. અ૦ ઉલ્લસીબદરૂત. ઇં૦ વ્હાઇટ બેઝીલ. લા૦ ઓસીમમ્ ઑલબમ્.

તુળસીનાં ઝાડ શુમારે હાથ–બે હાથ ઉંચાં વધે છે. એમાં કાળી અને ધોળી એવી બે જાત છે. તુળસીને માંજરો આવે છે અને તેમાં તેનાં બી હોય છે. એ માંજરોનો અને તુળસીદળનો દેવની પૂજામાં ઉપયોગ થાય છે. કાળી તુળસીનાં ઝાડ કાળા રંગનાં હોય છે. કાળી તુળસી ધોળી કરતાં વધારે ગુણવાળી છે. તુળસીના ઝાડમાં અનેક **અપૂર્વ** ગુણો હોવાથી આપણા પૂર્વના **ઋષિવર્યોએ** દીર્ઘ દૃષ્ટિ વાપરી સર્વ લોકોને ઘેર તુળસીનાં ઝાડ જોઇએ એવી યોજના કરી રાખેલી છે. એ યોજના ઉપરથી તેઓનું પૂર્ણ ડહાપણ અને દૂરદર્શીપણું વ્યક્ત થાય છે. તુળસીનું ઝાડ ઘરના આંગણામાં વાવવાથી આરોગ્ય વધે છે. તુળસીના ઝાડમાંથી એક પ્રકારનો વાયુ ઉત્પન્ન થઇ તે આસપાસની રોગકારક હવાનો નાશ કરી હવાને ચોખ્ખી કરે છે. એવા અપૂર્વ ગુણ ઉપરથી તુળસીના ઝાડની નિત્ય પૂજા કરવી, તેની પ્રદક્ષિણાઓ કરવી, એવો જે આપણા ધર્મમાં નિત્યનિયમ કહેલો છે તેથી કરી આપણને ઘણોજ ફાયદો છે. એ વિષે વધારે કહેવાની જરૂર નથી. તુળસીનાં ઝાડ ફક્ત આપણા હિંદુસ્તાનમાંજ છે. તુળસીના ઝાડ જેવી અપૂર્વ ગુણકારી અનેક વનસ્પતિ પરમાત્માએ હિંદુસ્તાન દેશમાં આપણાં લોકોના સુખ માટે નિર્માણ કરેલી છે. એ આપણા ઉપર ઈશ્વરની બીજા સર્વ દેશના લોકો કરતાં ઘણીજ મોટી કૃપા છે; પરંતુ આ કૃપાનો અનાદર કરી પૌષ્ટિક ઔષધ જોઇએ તો લો "કૉડલીવર ઑઇલ" (મચ્છનું તેલ), ચ્હા જોઇએ તો લો રક્ત-શોષણ કરનારી ચિનાઈ ચ્હા;× અને તે વળી હાડકાંના પ્યાલામાં! આ કેટલું ખરાબ છે? આવા

× ચ્હાનો નિષેધ કરતાં એક કવિ કહે છે કેઃ–

प्राज्ञैरज्ञैस्तरुणजरठैर्ब्राह्मणैरन्त्यजातैः। पौरैर्ग्रामैर्नरपतिवरैर्निर्गृहैर्निःस्वकैश्च॥
प्रातः सायं नियमिततयाभ्यर्चिता भक्तिभावात्।
हा हा चाहा हत कलियुगे कर्षति प्राणवित्तम्॥१॥

અર્થાત્ "અહો! ડાહ્યા અને મૂર્ખ, જુવાન અને વૃદ્ધ (ઘરડાઓ), બ્રાહ્મણો અને તેમનાથી નીચ જાતો (ઢેડોસહિત) શહેરના રહેવાસીઓ અને ગામડીઆઓ, શ્રેષ્ઠ રાજાઓ, ઘર વગરના અને સાધન વગરના, એવા સર્વ લોકોથી નિયમિતપણે સવાર–સાંજ ભક્તિભાવથી આદર અપાતી ચ્હા આ નીચ કલિયુગમાં પ્રાણ અને દ્રવ્ય(પૈસા)ની હાનિ કરે છે." ખરૂં છે કે, એ જઠરાગ્નિને મંદ કરે છે અને કૉરી નિદ્રાનો નાશ કરે છે; એમ જાણતાં છતાં નીચ–ઉંચ દરેક મનુષ્યો એની મોહિની-માંજ પડી ગયા છે! એટલુંજ નહિ પરંતુ મહેમાન–પરોણાઓને પણ એનુંજ આતિથ્ય આપતા હોવાથી કહેવત પડી છે કેઃ—

"ચાહે જમણ તજાવીઆં, આભૂષણ ઘડિયાળ; ટોપી તજાવે પાઘડી, ત્રીકમ ત્રણે ટાળ. ૧
છત્રી સર્વ હથિયારમાં, ખેશ કર્યો રૂમાલ; જાકિટ બખ્તર જગતમાં, ત્રીકમ ત્રણે ટાળ." ૨

આપણા લોકમાંહેના જે કૃતઘ્ન, દેશને ડૂબાડનારા અને મહા અજ્ઞાન લોક છે, તેઓને આ વાતની કાંઈ શરમ જણાતી નથી! ગાયના દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ આ સૃષ્ટિમાં બીજો કોઈ પણ નથી; છતાં તે તેઓને પૌષ્ટિક જણાતું નથી કે શું? તુળસી જેવી અનેક રોગહારક અને પૌષ્ટિક ચ્હા મોટા જથામાં અને ફોકટ મળવા છતાં તે તેઓએ કેમ ગ્રહણ કરવી નહિ? એનો વિચાર કરવા માંડયાથી એવું જણાય છે કે, તેઓની આંખો ઉપર અજ્ઞાનનાં પડળ ચઢેલાં છે. અસ્તુ. હમણાં આપણો હિંદુસ્તાન દેશ કાળચક્રના ફેરામાં પડેલો છે; તેથી વિપરીત બુદ્ધિ ઉત્પન્ન થાયજ. ત્યાં બીજો કોઈ ઉપાય નથી. આપણા ઘરમાંની હવા શુદ્ધ રહેવા માટે આ ઝાડો કુંડામાં વાવવાં જોઇએ; અને તેમાંથી એક બે કુંડાં ઘરમાંના વપરાશવાળા પ્રત્યેક ભાગમાં અને ઓરડીઓમાં દિવસે રાખવાં જોઇએ. તે કુંડાં સંધ્યાકાળે ખુલ્લા ઓટલા ઉપર લાવી મૂકવાં અને ત્યાંજ આખી રાત્રિ રહેવા દઈ બીજે દિવસે સવારમાં ઘરમાં લઈ ઉપર કહ્યા પ્રમાણે મૂકતા જવું. એમ કરવાથી પ્રકૃતિ સારી રહી અનેક વિકાર અને વાયુ વગેરેના વિકારો થતા નથી. **તુળસી સાધારણ:**—કડવી, ઉષ્ણ, તીખી, સુગંધી અને રુચિકર છે; તથા વાયુ, કફ, સોજો, કૃમિ અને ઉલટીનો નાશ કરે છે. **ધોળી અને કાળી તુળસી:**—તીખા, ગરમ, તીક્ષ્ણ, દાહકર, પિત્તકર, હૃદ્ય, તૂરી, અગ્નિદીપક તથા લઘુ છે; અને વાયુ, શ્વાસ, કાસ, ઉચકી, કૃમિ, ઉલટી, દૌર્ગંધ્ય, કોઢ, પાર્શ્વશૂળ, વિષ, મૂત્રકૃચ્છ્ર, રક્તદોષ, ભૂતબાધા, શૂળ, તાવ તથા ઉચકી(હેડકી)નો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) તુળસીનો ચ્હા:—તાવ, આળસ, સુસ્તી, અરુચિ, દાહ, વાતવિકાર અને પિત્ત ઉપર:**—તુળસીનાં પાંદડાં શુમારે એક તોલો કિંવા તેથી વધારે લઇ અર્ધો શેર પાણીમાં નાખી તે અર્ધું અગર ચતુર્થાંશ બાળવું અને પછી પીવું; એટલે ઉપલા સર્વ રોગો દૂર થાય છે. **બીજો પ્રકાર:**—ઉપર પ્રમાણે ઉકાળો કરી તેમાં તેટલુંજ દૂધ, એક કિંવા બે તોલા સાલમમિશ્રી× અને એક બે એલચીનું ચૂર્ણ કરી તે નાખી તે કાઢો પાવો; એટલે ઉત્તમ પુષ્ટતા પ્રાપ્ત થાય છે, મોંમાં સ્વાદ આવે છે અને અનેક રોગો દૂર થાય છે. આ 'તુળસીની ચ્હા' પરદેશી નિઃસત્ત્વ અને રક્તશોષક ચ્હા કરતાં ગુણોમાં હજારગણી શ્રેષ્ઠ છે; **એટલા માટે તુળસીની ચ્હાજ નિત્ય પીવી એ આપણા આર્ય લોકને ઘણુંજ હિતકારક છે. (૨) મણીઆરીના વિષ ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાંનો રસ નવટાંક પાવો અથવા પાંદડાં ચાવી ખાવાં. દાંત ચોંટી જાય તો આજ રસ નાકના છિદ્રમાં પાડવો અને તાળવું તથા હાથતળીએ અને પગતળીએ બે ઘડી સુધી ચોળવો. **(૩) વિષમ જ્વર ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાંના રસમાં મરીની ભૂકી નાખી તે રસ પાવો. **(૪) વાયુહારક ચૂર્ણ:**—કાળી તુળસી છ ભાગ, નગોડ ચાર ભાગ, ભાંગરો છ ભાગ અને વાયવરણા એક ભાગ, એ સર્વ ઔષધોનું ચૂર્ણ કરી રોજ ત્રણ માસા પ્રમાણે મધમાં આપવું. **(૫) રક્તાતિસાર ઉપર:**—તુળસીનાં બી રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે ચોળી પાવાં. **(૬) બાળકની ઓકારી (ઉલટી) ઉપર:**—તુળસીના રસમાં મધ નાખી સવારે પાવું. **(૭) બાળકની ઉલટી અને અતિસાર ઉપર:**—કાળી અગર ધોળી તુળસીનાં બી વાટી ગાયના દૂધમાં પાવાં. **(૮) દાદર ઉપર:**—રાતી માટી અને તુળસીનાં પાંદડાં ભેગાં વાટી દાદર ઉપર ચોપડવું. **(૯) વિંછીના દંશ ઉપર:**—તુળસીનો રસ ચોપડવો. **(૧૦) વાયુ ઉપર:**—તુળસીનો રસ અને આદાનો રસ મધ નાખી પાવો; અથવા તુળસીનો રસ મરીની ભૂકી અને ઘી અથવા મધ નાખી પાવો; એથી કેટલોએ બળવાન વાતરોગ હશે તે દૂર થશે. **(૧૧) રતાંધળાપણા ઉપર:**—કાળી તુળસીનાં પાંદડાંનો રસ ૧૪ દિવસ રોજ બબ્બે ટીપાં આંખમાં પાડવો. **(૧૨) કૃષ્ણમધુર જ્વર ઉપર:**—કાળી તુળસી, જંગલી તુળસી અને ફુદીનો, એ ત્રણેનો રસ ત્રણ કિંવા સાત દિવસ પાવો. **(૧૩) શીતપિત્ત ઉપર:**—તુળસીનો અંગરસ શરીરે ચોળવો. **(૧૪) દાદર ઉપર:**—તુળસીનાં પાંદડાં ચોળવાં અથવા તુળસીનાં પાંદડાંનો રસ, ગાયનું ઘી અને ચૂનો, એ કાંસાના વાસણમાં ખરલ કરી તે મિશ્રણ દિવસમાં બે વાર ચોળવું. **(૧૫) બાળકના શીતળા**

× સાલમમિશ્રીને બદલે સાકર (મિશ્રી) શબ્દ લખવો જોઇએ. સાલમમિશ્રી એટલા મોટા પ્રમાણમાં એકજ વખતે લેવાતી નથી; તેમજ સાલમમિશ્રીમાં ચીકાશ હોવાથી ચ્હા બેસ્વાદુ થઈ જાય છે. પણ સાકર નાખવાથી સ્વાદિષ્ટ બને છે.

ઉપર:—તુળસીનો રસ પાવો. (૧૬) વિષમ જ્વર ઉપર:—તુળસીદળનાં અઢી પાંદડાંની ગોળમાં ગોળી કરી ખાવી. (૧૭) ઉંદરના વિષ ઉપર:—તુળસીના રસમાં અફીણ ખરલ કરી ચોપડવું. (૧૮) આગંતુક જ્વર ઉપર:—કાળી તુળસીનાં પાંદડાં, સુંઠ અને સાકરનો કાઢો પાવો. (૧૯) કાન પાકે છે તે ઉપર—કાળી તુળસીનો તથા ભાંગરાનો રસ એકત્ર કરી કાનમાં પાડવો. (૨૦) જખમમાંથી રક્ત નીકળે છે તે ઉપર:—તુળસીનાં પાંદડાં વાટી લેપ કરવો. (૨૧) ત્રિદોષજન્ય ઉલટી ઉપર:—તુળસીના રસમાં એલચીનું ચૂર્ણ નાખી પાવું. (૨૨) ધનુર્વાત ઉપ :—કાળી તુળસી, લીલું લસણ અને ડુંગળીનો રસ એકત્ર કરી ત્રણ માસા પાવો અને તેમાંનો થોડો રસ શરીરે પણ ચોળવો. (૨૩) વાતશોથ (સોજા) ઉપર:—તુળસીના રસમાં મરીની ભૂકી અને ઘી નાખી તે રસ પાવો.

૨૮૭ તેજબલ—(સં૦ તેજોવતી. મ૦ બં૦ તેજબલ.) હિમાલયના પ્રદેશમાં હરદ્વાર અને ગંગોત્રીનાં અરણ્યોમાં આ ઝાડ થાય છે. જે તેજબલ ઔષધના ઉપયોગમાં આવે છે, તે ઝાડની એ એક જાત છે. એ ઝાડની છાલ મરચાના જેવી તીખી હોવાથી તે દેશના લોકો મરચાને બદલે એનો ઉપયોગ કરે છે. તેજબલ:—તીખું, ઉષ્ણ, કડવું, અગ્નિદીપક, પાચક, અરુચિકર, કંઠને હિતકર તથા કંઠશુદ્ધિકારક છે; અને કફ, વાયુ, પિત્ત, ઉધરસ, દમ, વિષ, ઉચકી, અગ્નિમાંદ્ય, અર્શ તથા મુખરોગનો નાશ કરે છે.

૨૮૮ તેરણુ—સં૦ તેરણા. મ૦ તેરડા. બં૦ તેરડા. ક૦ વેત્રત્તિગે, બસવન પાદ હુક.

તેરણુ એ એક નાનું ફૂલ-ઝાડ છે. એને રાતા રંગનાં ફૂલો આવે છે. એ ફૂલ આ ઝાડના સર્વાંગ ઉપર હોય છે; તેથી તે ઝાડ દૂરથી ઘણું સુશોભિત લાગે છે. આ ફૂલમાં વાસ નથી. તેરણુ:—કડવું, સ્વાદુ અને શીતળ છે; તથા ઉલટી, વ્રણ અને ખરાબ સ્વર(અવાજ)નો નાશ કરે છે.

૨૮૯ તોરણુ—(સં૦ તોદન.) તોરણુનાં ઝાડ કરમદી જેવાં હોય છે. એ ડુંગરાળ પ્રદેશોમાં થાય છે. એ ઝાડને ફૂલના તોરા આવે છે અને નાનાં તથા પીળા રંગનાં ફળ આવે છે. એ ફળ ખાવાથી સારાં લાગે છે. તોરણુ:—ગ્રાહક, ખાટું, લઘુ, ઉષ્ણ, અગ્નિદીપક અને પિત્તલ છે. એનાં પાકાં ફળ:—મધુર, સ્નિગ્ધ તથા તૂરાં છે; અને કફ તથા વાયુનો નાશ કરનારાં છે. ગાંગેરૂક (બીજા પ્રકારનું તોરણુ):—તૂરૂં, ખાટું, ઉષ્ણ, ગુરુ અને રક્તપિત્ત તથા કફને કરનાર, સારક અને વાતનાશક છે. પાકેલું ગાંગેરૂક તોરણુ:—રુચિકર, ગુરુ, વાતરક્તનાશક અને પિત્તશામક છે. ઉપયોગ:—(૧) મુખવિકાર ઉપર:—એનાં ફળ ખાવાં; એટલે જીભે કાતરા વગેરે થાય છે તે વિકાર દૂર થાય છે. (૨) પ્રદર (સ્ત્રીઓનું ધાતુનું જવું તે) ઉપર:—તોરણુના તોરા, ખાવાના પાનનાં દીંટાં સમભાગ તથા તેમાં એક તોલાએ ત્રણ માસા પ્રમાણે કળીચુનો ભેગો વાટી, ચણા જેવડી ગોળીઓ કરવી. ધોળા પ્રદર ઉપર ઠંડા પાણીમાં અને રાતા પ્રદર ઉપર ઘીમાં નિત્ય સવારે અને સાંજે એકેક ગોળી આપતા જવી. જે દિવસે તાવ આવે તે વેળાએ ઔષધ બંધ કરી કાંજીમાં ઘી નાખી બે દિવસ આપવું. (૩) કંઠસર્પ ઉપર:—તોરણુનાં પાંદડાંનો ચૂરો કરી મોંમાં રાખવો અને રસ ગળવો, એટલે કફ પડી ગળું સાફ થાય છે. (૪) શીતળા હલકા આવવા માટે:—તોરણુનાં તાજાં મૂળ ભેંસના તાજા દૂધમાં ઘસી પાવાં. (૫) છાશનું પુનઃ દહીં બનાવવાની રીત:—ગોવાળીઆ લોક દૂધનું દહીં કરી તેમાં થોડું પાણી નાખી છાશ કરે છે અને માખણ કાઢી લે છે. પછી છાશમાં તોરણુનાં મૂળ ઘસી થોડો સમય ચૂલાની પાસે મૂકે છે; અને તે વાસણ ઉપર ધોયેલું કપડું વિંટાળી તે ઉપર છાણાંની રાખોડી નાખે છે. તે યોગથી છાશમાં પાણીનો રહેલો અંશ ઉપર આવે છે. તે રાખથી આકર્ષણ થઇ નીચે રહેલી છાશ દહીંના જેવી ઘટ્ટ થાય છે. એ પ્રમાણે છાશનું દહીં થાય છે. (૬) ચાંદી અને વ્રણ ધોવા માટે:—તોરણુનો પાલો બારીક ખાંડી તેમાં પાણી નાખી કાઢો કરવો અને તેથી વ્રણ (ગુમડું) ધોવું; એટલે રૂઝ જલદી આવે છે.

૨૯૦ ત્રાયમાણ—સં૦ મ૦ હિં૦ ક૦ તે૦ ત્રાયમાણ-ણા. બં૦ બલાહુસ્તર, બલા, બહુલા, વનબાહુલિયા. ફા૦ અરક્રાક. લા૦ થેલિકટ્રમ ફોલિયાલોઝમ.

આ વનસ્પતિ હિમાલયના ઉત્તર પ્રદેશમાંના રાનમાં થાય છે. પર્શિયા દેશમાં પણ એની ઉત્પત્તિ થાય છે. ત્રાયમાણ—કડવું, રેચક અને તાવનાશક છે. એની સળીઓ અને ફૂલો રેશમી કપડાં રંગવાના કામમાં આવે છે. ત્રાયમાણ:—તૂરૂં, શીતળ, મધુર, સારક તથા કડવું છે; અને પિત્તરોગ, ઉલટી, તાવ, ગોળો, કફ, વિષ, શૂળ, ભ્રમ, રક્તરોગ, ક્ષય, ગ્લાનિ, તૃષા, હૃદ્રોગ, રક્તપિત્ત, મૂળવ્યાધિ તથા ત્રિદોષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) વિષમજ્વર ઉપર:—ત્રાયમાણ, કડુ, ધમાસો અને ઉપલસરીનો કાઢો પાવો.

૨૯૨ થુવેર ચોધારો (થોર ચોધારો)—સં૰ સ્નુહી, સેહુંડ. મ૰ સાંબરનીવડુંગ, ગોળ નિવડુંગ, વાઘનિવડુંગ. હિં૰ થુહર, સેહુંડ. બં૰ સીજવૃક્ષ. ક૰ કળી, મુંડુકળિ. મલા૰ તીરૂકળી. તૈ૰ જેમડું, કળ્ળિ. ફા૰ લાદના. અ૰ જકુમ. ઇં૰ મીલ્કસ હેજ. લા૰ યુફોર્બીઆ ટ્રાયગોના. કા૰ નિવડુંગ.

ચોધારો થોર ગોળ હોય છે. એના ઉપર બારીક ચોખા જેવડા લાંબા કાંટા હોય છે. એનાં પાંદડાં બે આંગળ પહોળાઈનાં અને ૫ આંગળ લાંબાં હોય છે. એ પાંદડાંનું અથાણું કરે છે. વાડ કરવા માટે એનો ઉપયોગ થાય છે. એ ઝાડ શુમારે માથોડું-બે માથોડાં ઉંચું વધે છે. એમાંથી ધોળું દૂધ પુષ્કળ નીકળે છે. એ દૂધમાં કેટલાંક રસાયનો અને સોમલની શુદ્ધ થાય છે. થોર:—તીખો, કડવો, ઉષ્ણ, અગ્નિદીપન, સારક, ગુરુ તથા વાંતિકર છે; અને કોઢ, ઉદર, પ્લીહા, પ્રમેહ, શૂળ, આમવાયુ, સોજો, વ્રણ, ગુલ્મ, અષ્ઠિલા, આધ્માન, પાંડુ, કફ, જ્વર, ઉન્માદ, વાયુ, મેદ, વિંછીનું વિષ, દુષીવિષ, અર્શ તથા અશ્મરીનો નાશ કરે છે. થોરનું દૂધ:—ઉષ્ણવીર્ય, સ્નિગ્ધ, તીખું, સારક તથા લઘુ છે; અને કોઢવાળા, ગુલ્મી તથા ઉદરરોગવાળાઓને રેચવિષે ઉત્તમ છે. એ આધ્માનવાયુ, ઉદરરોગ, વિષદોષ તથા ગુલ્મનો નાશ કરે છે. થોરનાં પાંદડાં:—રુચિકર, તીખાં તથા અગ્નિદીપન છે; અને કોઢ, અષ્ટીલા, આધ્માન, વાતશૂળ, શોથોદર અને સર્વ ઉદરરોગનો નાશ કરે છે.× ઉપયોગ:—(૧) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:—થોરીઆનું દૂધ ચોપડવું એટલે ફોલ્લો ઉઠતો નથી. (૨) ઢોરનું શિંગડું, હાડકું વગેરે ભાંગ્યું હોય તો:—થોરના દૂધમાં ગુણપાટની રાખ ખરલ કરી લેપ કરી પાટો બાંધવો. (૩) નિદ્રા ન આવવાને:—થોરનાં મૂળ ગોળમાં ખાવાં. (૪) કમળા ઉપર:—થોરનું ડીંટું શેકી તેનો રસ ૪ પૈસાભાર, આદુનો રસ

× કેટલાક ગ્રંથકારો કાંટારો થુવર, ત્રણધારો થુવર, ચોધારો થુવર, નાગફણી થુવર, ખરસાણી થુવર અને વિલાયતી થુવર, એમ છ પ્રકારના થુવર બતાવે છે. એમાં ખરસાણી થુવરનું દૂધ ઝેરી છે. એનાથી ઝાડો અને ઉલટી થાય છે અને દાહ થઇ મૃત્યુ થાય છે. એને વાયુના રોગ ઉપર અને સાંધાના રોગો ઉપર ચોપડવાથી તત્કાળ ફાયદો થાય છે. બાકીની જાતોવાળા થુવર યકૃત્ અને બરોળની ગાંઠને ગેરવવા માટે આપે છે. ચોધારા થુવરનાં પાંદડાં દેવતા પર શેકી ગુમડા ઉપર બાંધવાથી ગુમડાને ફોડે છે. શેકેલા પાંદડાને નીચોવી તેમાંનો રસ કાઢી તેમાં જરા સંચળ નાખી બાળકને આપવાથી રેચ થઇ બાળકની સસણી (વરાધ) તત્કાળ શાંત થાય છે; અને પેટમાં ભાર રહેલ હોય તે શાંત પડે છે. જવાન થુવરના થડને ડગળી આપી તેમાં પાતળા લુગડાની કોથળીમાં નાખેલાં તીખાં (મરી) અથવા લવંગને નાખી ડગળી પાછી જેમની તેમ રાખી ઉપર માટી ભુંસવી છ માસ પછી તે કાઢી લઇ તેમાં એકાદ તીખું અથવા લવંગ લાકડા ઉપર ચઢાવી સળગાવી તેનો ધુમાડો બળદના નાકને આપવાથી તેની કંબોડી (વળી જઇ સડતું શિંગડું) મટી જાય છે. એજ લવંગ અથવા મરીનો એક દાણો વાટી સુંઘાડવાથી મૃગી (ગોતું) શાંત થાય છે. મૃગીરોગવાળાને વખતપર ખાવાને પણ એ એકેક લવંગ અથવા મરી આપે છે. થુવરના દૂધથી બાજરીનો લોટ ભીંજવી તેની ગોળીઓ સોપારી જેવડી કરી દેવતા ઉપર શેકી શક્તિ પ્રમાણે આપવાથી રેચ થઈ શૂળ વગેરે ઉદરરોગ શાંત થાય છે. વળી થુવરના દૂધમાં ચણાની દાળ પલાળી રાખી વાટી જંગલીબોર જેવડી ગોળી કરીને, ખાવાથી જુલાબ થઈ ઉપદંશ અને ફીરંગ રોગ દૂર થાય છે. થુવરની રાખ કરી તેમાંથી તેનો ક્ષાર કાઢી અનેક ઔષધિઓમાં નાખે છે. કાંટાળા થુવરનાં પાંદડાંનું શાક કરી ખાય છે. તેનાથી ઉદરરોગ દૂર થાય છે. એની ડાંડલીઓની ભસ્માર્ક નામની ઔષધિ કરે છે. નાગફણી નામના થુવરનાં લાલ પાકેલાં ફળ ખાવાથી શ્વાસ અને ખાંસી દૂર થાય છે.

૧ પૈસાભાર અને ઘી ૧ પૈસાભાર એકત્ર કરી પાવું. **(૫) શરીરમાંની શરદી કાઢવા માટે:**—થોરીઆના કડકા કરી પાણીમાં નાખી તે પાણી આંધણ આવે ત્યાંસુધી કઢવવું; અને માણસને ખાટલા ઉપર સુવાડી નીચે તે ઉકળતા પાણીનું વાસણ મૂકી અંગને બાફ આપવો અને ઉપર પીછોડી ઓઢવી; એટલે પરસેવો છૂટી અંગ છૂટું થશે. પછી શરીરે વગડાઉ છાણાંની રાખ ચોળવી. ઠંડુ પાણી અને વાયરો, એથી વિશેષ સંબંધ રાખવો નહિ. ઘી અને ભાત ખાવો. આથી શરીરમાંની ગરમી નીકળી જશે. **(૬) ભ્રમરવિષ ઉપર:**—થોર અને લીંડીપીંપર વાટી લેપ કરવો. **(૭) નવા જન્મેલા બાળકનું ગળું કફથી બંધાઇ ગયું હોય તો:**—થોરીઓ કેળનાં લીલાં પાંદડાંમાં વિંટાળી અંગારામાં બાફી કાઢવો તથા સાધારણ ઠંડો થયા પછી બે ત્રણ ટીપાં રસ કાઢવો. તેમાં ૬ ટીપાં મધ મિશ્ર કરી તેનું થોડું મિશ્રણ હાથની આંગળીવડે બાળકના તાળવામાં ચોપડવું; અને જીભે ચોળવું; એટલે કફ ઉપર આવી ગળું ખુલ્લું થાય છે. **(૮) બાળકોની સસણી ઉપર:**—ચોધારી થોરનાં પાંદડાં લાવી શેકી તેનો રસ કાઢવો; તેમાં કાળો બોળ (એળીઓ) હરડે અથવા રેવંચીનો શીરો ખદખદાવી સહેવાય તેવો પેટ ઉપર લેપ કરવો; ડુંટી ઉપર લેપ કરવો નહિ. **(૯) નાસુર અને નાડીવ્રણ ઉપર:**—વ્રણનું છિદ્ર યુક્તિથી મોટું કરી, થોરનું દૂધ અને સિંધવ એકત્ર ખરલ કરી તેની વાટ વ્રણમાં ઘાલવી. **(૧૦) સોજા ઉપર:**—થોર અંગારામાં બાફી અંદરના ગરનો સોજા ઉપર લેપ કરવો. **(૧૧) કફ ઉપર:**—ચોધારા થોર અને ત્રણધારો થોર અંગારામાં શેકી અર્ધો તોલો રસ કાઢવો; અને તેમાં ફુલાવેલો તેલીઓ ટંકણખાર બે ગુંજા તથા મધ ૫ તોલા મિશ્ર કરી ખરલ કરી ખાવો; એટલે કફ પાતળો થઇ પડે છે. **(૧૨) નળવિકાર ઉપર:**—ગોળ થોરનાં પાંડદાંને એરંડતેલ ચોપડી શેકવી અને તેમાં શહાજીરૂં, લસણ, હીંગ, મરી અને લીંડીપીપર નાખી બારીક વાટી સોપારી જેવડી ગોળીઓ કરવી. તે એક ગોળી ગરમ પાણી સાથે ખાવી. **(૧૩) કાસ, શ્વાસ, ક્ષય અને હૃદ્રોગ ઉપર:**—બે વાલ થોરનું દૂધ લઇ ગોળમાં ખાવું.

૨૯૨ થુવેર—ત્રણ ધારીઓ—સં૦ ત્રિધાર. મ૦ તીધારી નીવડુંગ. હિં૦ તીધારા થુહર. ક૦ મૂરેણકળી. લા૦ યુફોર્બીઆ નેરીફોલીઆ. બં૦ તેધારા થુહર, સીજ.

એને ત્રણ ફાંટા હોઇ દરેક ફાંટા ઉપર કાંટા હોય છે. એ થોરીઆનાં મોટાં મોટાં વન હોય છે. એમાંથી ધોળું દૂધ ઘણું નીકળે છે. મુંબઈ પાસે દિવાળીના તહેવારોમાં એના કકડા કરી તેમાં બત્તી સળગાવે છે. એના દૂધમાં સોમલની શુદ્ધિ થાય છે. **થોર:**—પારદબંધક અને રંજન વિષે સિદ્ધિ આપનારો છે. બીજા સર્વ ગુણ ચોધારા થોરના સરખા છે. **ઉપયોગ:—(૧) સંધિવાત ઉપર:**—ત્રિધારી થોરીઆનું દૂધ લિંબોળીના તેલ સાથે મિશ્ર કરી લેપ કરવો; એટલે દરદ મટે છે અને સોજો ઉતરે છે. **(૨) સોજો, ગાંઠ વગેરે થાય છે તે ઉપર:**—ત્રિધારી થોરીઆના દૂધનો લેપ કરવો. **(૩) બાળકના દૂધરોગ ઉપર:**—ત્રિધારી થોરીઓ બાફી ૩ માસા રસ કાઢવો. તેમાં ધુંવાસ અર્ધો માસો અને કિંચિત્ કસ્તૂરી નાખી ખરલ કરી શક્તિ પ્રમાણે આપવું. **(૪) બાળકના કફવિકાર ઉપર:**—ત્રિધારી થોરીઆના કકડા અંગારામાં શેકી તેનો રસ કાઢવો. તેમાં ફુલાવેલા તેલીઆ ટંકણખારની ભૂકી અને મધ નાખી તેનું ચાટણ આપવું. એ મોટા માણસને પણ આપવું. ૧૦ મહિનાનું બાળક હોય તો એક ચણોઠીભાર આપવું. **(૫) દમ ઉપર:**—આકડાનાં ફૂલ, અઘેડાનાં મૂળ અને ધોળી ગરણીનાં મૂળ, એને ત્રિધારી થોરીઆના રસના ૧૪ પુટો દઇ ભસ્મ કરી રાખવી; અને રોજ ત્રણ માસા મધમાં બહેડાં ઘસી તેમાંથી બે રતી ભસ્મ મેળવી ચાટી જવું. **(૬) દાદર ઉપર:**—ત્રિધારી થોરીઆના દૂધનો લેપ કરવો. **(૭) બદ ઉપર:**—ત્રિધારી થોરનાં મૂળનો રસ ચોપડી ઉપર તેજ ઝાડની માટી ચોપડવી; એટલે ૭ દિવસમાં ગુણ થાય છે.

૨૯૩ દક્ષણી થુરીઓ (થોર) કંટાળો—સં૦ કંથારી, કુંભારી. મ૦ ફણીનીવડુંગ. હિં૦ નાગફની થુહર. ક૦ ફ્રીગળી. તે૦ નાગજમડુ. તા૦ મલા૦ નાગતાળી. તુ૦ કળિ. ગો૦ કાંટયાકળિ. ઈં૦ પ્રીકલીપીયર. લા૦ ઑપન્ટિયાડિલેનાઈ.

એનાં પાંદડાં હાથતળીઆથી મોટાં અને એક ઉપર એક ઉગી તેનું ઝાડ મોટું થાય છે.

એ થુરીઆની વાડો ઘણી ઉંચી વધે છે. એનો કાંટો બે આંગળ લાંબો અને ઘણોજ તીક્ષ્ણ હોય છે. એ કાંટો વાગવાથી મોટો જખમ થાય છે. એ થોર ઉપર લાલ રંગનાં જીંડવાં આવે છે. તે સ્વાદે મીઠાં હોવાથી કેટલાક તેને ખાય છે. એ જીંડવાં તોડી કપડામાં બાંધી, પીલી તેનો રસ કાઢી કાગળ પર લખવાથી રાતી શાહી પ્રમાણે લખાય છે. આ થોર સર્વત્ર થાય છે. એ થુરીઆનાં પાંદડાં ખડક પર જો પડે તો ત્યાં તે ઉગે છે; એવો એમાં વિલક્ષણ ગુણ છે. આ થોરની વાડોમાં સર્પની ઉત્પત્તિ ઘણી થાય છે.***દક્ષણી થોર:**—દીપન, રુચિકર, તીખો, ઉષ્ણ તથા કડવો છે; અને રક્તદોષ, કફ, વાયુ, ગ્રંથિરોગ, સ્નાયુરોગ તથા સોજાનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) બાળકની ઉધરસ ઉપર:**—દક્ષણી થુરીઆનું જીંડવું લાવી દેવતામાં ગરમ કરી, ઉપલી છાલ કાઢી છુંદી, પછી કપડામાં ઘાલી પીલી, રસ કાઢી તેમાં સાકર નાખી પાવો. **(૨) નાનાં બાળકોને ગુમડાં થાય છે તે ઉપર:**—પ્રથમ ચંદન ચોપડી પછી દક્ષણી થુરીઆનાં મૂળ ઘસી ચોપડવાં. **(૩) ગુડધી ઉપર:**—દક્ષણી થુરીઆનાં પાંદડાં અંગારામાં શેકી સારાં ગરમ થયા પછી કાઢી તેની બે ચીર કરી, તે ઉપર હળદર નાખી તે ગરમ ગરમ બાંધવી. **(૪) મૂળવ્યાધિ ઉપર:**—દક્ષણી થુરીઆનાં સૂકાયેલાં પાંદડાંની ધૂણી આપવી. **(૫) નિદ્રા આવવા માટે:**—થોરનાં મૂળ ગોળમાં સેવન કરવાં. **(૬) વાતથકી ઉત્પન્ન થયેલ નારૂ (વાળા) ઉપર:**—દક્ષણી થુરીઆનાં મૂળ અને ગોમૂત્રના કલ્કનો લેપ કરવો.

૨૯૪ **દાડમ**—સં૰ દાડિમ. મ૰ ક૰ ડાળીંબ. હિં૰ અનાર. રા૰ દાડયુ, દાડિમ. ક૰ તુ૰ દાલીંબ. તે૰ દાલીઆકાયા. તા૰ માડળે. મલા૰ ઉર્માપળમ્. બં૰ દાડિમ. ફા૰ અનારસીરી, અનારતુરશ. અ૰ રૂમાનહામીજ, રૂમાનહુલુ. ઇં૰ પોમીગ્રેનેટ. લા૰ પ્યુનીકાગ્રાનેટમ્.

દાડમનાં ઝાડ આ દેશમાં સર્વત્ર થાય છે. અરબસ્તાનમાં મસ્કત પાસે જે દાડમો પાકે છે તે ઉત્તમ હોય છે. તેમાં ઘણું બી હોતાં નથી. દાડમનાં ઝાડ બે અઢી માથોડાં સુધી ઉંચાં વધે છે. એ ઝાડમાં પણ બે પ્રકાર છે. એકને માત્ર ફૂલો આવે છે, એને "ગુલનાર" કહે છે; બીજાને ફૂલ અને ફળ એ બે આવે છે. દાડમનાં ફૂલો કસુંબી રંગનાં હોઇ તેમાં થોડીક પીળી ઝળકી હોય છે. એ રંગના જેવા રંગને "દાડીમી રંગ" કહે છે. દાડમ, એ ફળ ખાવાને રુચિદાયક અને શરીરને હિતકારક છે. એના યોગથી શરીરમાં હુંશિયારી આવી તૃષા (તરસ) શમે છે. આ ફળ રોગીને ખવરાવવાને પણ હરકત નથી. આ ઝાડનાં મૂળ, પાંદડાં, છાલ, ફૂલ અને ફળની છાલ, એ સર્વ, ઔષધોના ઉપયોગમાં આવે છે. દાડમના રસનો ઉત્તમ પાક થાય છે. તેને "દાડમપાક" કહે છે. દાડમનો રસ પિત્તશામક છે.×**દાડમ:**—તૂરૂં, ખાટું, મધુર, તૃપ્તિકારક, સ્નિગ્ધ, દીપન, ગ્રાહી, હૃદ્ય, ઉષ્ણ,

---

* દક્ષણી થુરીઆને ફાફડીઓ, ફાફડાળો અને હાથલો થુવર પણ કહે છે. એને જે કાંટા હોય છે તેની પાસે બીજી ઘણી ઝીણી ફાંસો હોય છે. તે શરીરમાં વાગવાથી દેખાતી નથી અને ઘણી ચળ ઉઠે છે. એ શરીરમાં વાગ્યા પછી ભાગ્યેજ નીકળી શકે છે. એને જે લાલ રંગનાં ફળો હોય છે, તે ઉપર પણ એવીજ ફાંસોનાં જુદાં જુદાં ભોથાં (જૂથો) હોય છે. આ ફળો ઉપરનાં ફાંસોનાં જૂથો કાઢી નાખી છાલ માંહેનો ભાગ મહાવરાથી ખાવાથી તે બરોળનો સચોટ નાશ કરે છે. બરોલના માટે આના જેવો બીજો ઉપાય ભાગ્યેજ હશે. કેટલાક લોકો વાળા ઉપર આના હાથલાને કાંટા કાઢી નાખી ચીરી ભડાશડકું કરી બાંધે છે; તેમજ પેટમાંના બગાડ માટે પણ એનું બાંધણ કરવાને એ બે ફાડાં વચ્ચે, આંબાહળદર, સિંધાલૂણ અને સાજીખાર નાખી ભડાશડવું કરી પેટ ઉપર બાંધે છે.

× હિંદુસ્તાની વૈદ્ય:—દાડમના રસને કેસરની સાથે મેળવીને ઠંડા પ્રયોગોમાં આપવાની ભલામણ કરે છે. આંતરડાંના રોગમાં (ઝાડાની કબજીઅત ન હોય તો) ફળની છાલ અને ફૂલ, લવંગ, તજ, ધાણા, કાળાં મરી આદિ ખુશબોદાર પદાર્થની સાથે મેળવીને આપે છે. હિંદી વૈદ્યક ગ્રંથોમાં જડની છાલ બાબત કાંઇ વર્ણન જોવામાં આવતું નથી. મુસલમાની ગ્રંથકાર:—મીઠું, ખાટું અને ખટમીઠું, એમ ત્રણ પ્રકારનાં દાડમ બતાવે છે તથા ફળની છાલ અને ફૂલને ગ્રાહી ગુણોના લીધે અનેક પ્રકારના રોગોમાં વાપરે છે તથા કહે છે કે, મૂળની છાલ એ ઝાડના બીજા

રુચિકર, લઘુ તથા અગ્નિદીપક છે; અને કફ, ઉરઃક્ષત, શ્રમ, મુખરોગ, કંઠરોગ તથા પિત્તનો નાશ કરે છે. **મીઠાં દાડમ:**—તૃપ્તિકારક, ધાતુવર્ધક, લઘુ, તૂરાં, ગ્રાહક, સ્નિગ્ધ, મેધાકર, બલપ્રદ મધુર તથા પથ્યકર છે; અને ત્રિદોષ, તૃષા, દાહ, જ્વર, હૃદ્રોગ, મુખરોગ તથા કંઠરોગનો નાશ કરે છે. **મધુર ખાટાં (ખટમીઠાં) દાડમ:**—રુચિકર, દીપન તથા લઘુ છે; અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. **ખાટાં દાડમ:**—પિત્તકારક તથા રક્તપિત્ત કરનારાં છે; અને વાયુનો નાશ કરે છે. **કુમળાં સુકાયેલાં દાડમ:**—રુચિકર, હૃદ્ય અને વાયુને અનુલોમન કરનારાં છે. **ઉપયોગ:—(૧) બાળકની ઉધરસ ઉપર:**—દાડમના ફળની છાલ ખાવા આપવી અથવા દાડમના રસનું ચાટણ કરી આપવું. **(૨) બાળકના અતિસાર અને સંગ્રહણી ઉપર:**—દાડમની છાલ ઘસી પાવી. **(૩) કૃમિ (કરમ પડે છે તે) ઉપર:**—દાડમના ઝાડની અને મૂળની છાલનો કાઢો કરી પાવો; અથવા દાડમની છાલનો કાઢો કરી તલનું તેલ નાખી ૩ દિવસ પાવો. **(૪) ઉષ્ણ પિત્ત ઉપર દાડમનું શરબત:**—*સાકરનો પાક કરી તેમાં દાડમના દાણાનો રસ કાઢી નાખવો અને તુરતજ વસ્ત્રથી ગાળી નાખવું. જરૂર જણાય ત્યારે આ શરબત બે તોલા અને તેટલુંજ પાણી નાખી પાવું; એટલે ઉષ્ણપિત્ત જલદી શમે છે. **(૫) આંખોની ગરમી શમવા માટે:**—દાડમના દાણાનો રસ આંખોમાં પાડવો. **(૬) સંગ્રહણી ઉપર:**—લીલાં દાડમ કચરી રસ કાઢવો. તેમાં માયફળ, લવંગ અને સુંઠ ઘસી થોડું મધ નાખી પાવો. દાડમ ન મળે તો દાડમની છાલ ઘસી પાવી. **(૭) ગરમીને લીધે નાકમાંથી લોહી પડે છે તે અને રક્તષ્ઠીવી સન્નિપાત ઉપર:**—દાડમનાં ફૂલ અને ધ્રોનાં મૂળનો રસ કાઢી અથવા એકલાં દાડમનાં ફૂલનો રસ નાકમાં પાડવો અને તાળવા ઉપર ચોળવો; એટલે તુરત લોહી પડતું બંધ થશે. **(૮) છાતીમાં દુખતું હોય તે ઉપર:**—દાડમના દાણાના રસમાં મીંઢીઆવળનું ચૂર્ણ એક માસો નાખી પાવું. **(૯) ઘોઢાના વિષ ઉપર:**—દાડમડીનાં પાંદડાં, તલ, હરતાલ અને ગોળ એકત્ર કરી વાટી કરડેલ ઠેકાણે ચોપડવું. **(૧૦) ઓદારશિંગના વિષ ઉપર:**—દાડમનો રસ પાવો. **(૧૧) આંખો આવે છે તે ઉપર:**—દાડમડીનાં પાંદડાં વાટી તેનો લેપ કરવો. **(૧૨) પિત્તરોગ ઉપર:**—પાકેલાં દાડમનો રસ કાઢી તેમાં સાકર નાખી તે રસ પાવો. **(૧૩) શોષ અને મુખની વિરસતા ઉપર:**—સાકર તથા દાડમ, અથવા દાડમ અને દ્રાક્ષનો કલ્ક સેવન કરવો. **(૧૪) રક્તાતિસાર ઉપર:**—દાડમની છાલ અને ઇંદ્રજવની છાલનો કાઢો મધ નાખી પાવો. **(૧૫) ઉપદંશ ઉપર:**—દાડમની છાલનું ચૂર્ણ કરી ચોપડવું. **(૧૬) ત્રિદોષોત્પન્ન ઉલટી ઉપર:**—મસૂર શેકી તેનો લોટ કરી દાડમના રસથી તે લોટ પલાળી તેમાં થોડું મધ નાખી તે ખાવો. **(૧૭) દાડમપાક:**—ધાણા, સુંઠ, નાગરમોથ, વાળો, બીલીનો ગર, આમળાં, મોચરસ, ધાવડીનાં ફૂલ, લોદર, ઇંદ્રજવની છાલ, જાયફળ, અતિવિષ, ખેરની છાલ, અજમોદ, ખુરાસાની અજમો, એરંડાનાં મૂળ, જીરૂં, લવંગ, લીંડીપીપર અને કાકડાશિંગ, એ પૈસા પૈસાભાર લઇ ચૂર્ણ કરી

સર્વ ભાગો કરતાં વધારે ગ્રાહી છે તથા પેટમાં થનાર ચપટા અને લાંબા કરમ(કૃમિ ઇ૦ ટેપ વર્મ)ના માટે બહુજ ઉત્તમ અનુભૂત દવા છે. વળી એને કૃમિરોગમાં આપવા માટે ૫ તોલા તાજી છાલ ૨ શેર પાણીમાં નાખી, ઉકાળી એક શેર પાણી બાકી રહે ત્યારે ઉતારી લઇ ઠંડુ થયે તેમાંથી એકેક પ્યાલો અડધી અડધી ઘડીમાં જ્યાંસુધી તમામ ન નીકળી જાય ત્યાંસુધી પાવાને આપે છે. અનેક વાર આ ક્વાથના પીવાથી પેટમાં રદ (ઉલટી) થઇને નીકળી જવાની ભ્રાંતિ થાય છે; પરંતુ થોડી વારમાંજ પેટના તમામ કૃમિ નીકળી જાય છે. દાડમનાં બીજ અને બીજનો રસ પેટની પીડા નાશ કરે છે. ઝાડાના દરદમાં છાલની સાથે થોડું અફીણ નાખીને આપવાથી બહુજ ઉત્તમ અસર કરે છે. ડૉ૦ કર્કપેટ્રીક કહે છે કે, ફળની છાલ પાચનશક્તિ વધારવાને અને ગ્રાહી તથા જૂના મરડાના આજારમાં લવંગની સાથે ઉકાળીને આપવાથી બીજા ઉપચારો કરતાં વધારે ગુણ કરે છે. ચરકસંહિતામાં દાડમને ઉલટીનાશક, હૃદ્ય (રુચિ ઉત્પન્ન કરીને શરીરને ઉત્તેજન આપનાર) કહેલ છે. સુશ્રુતસંહિતામાં એને વાતનાશક, મૂત્રદોષનાશક (મૂત્રસ્થાનનાં દરદોનો નાશ કરનાર), તૃષાનાશક અને રુચિકારક ગણેલ છે.

* સાકર રસથી દોઢી લેવાનો સાધારણ રિવાજ છે.

દાડમમાં ભરી ઉપર કણકથી ડાટો કરી ચૂલામાં બાફી પછી ઉપરની કણક કાઢી નાખવી. પછી દાડમ સુદ્ધાં તે ખરલ કરી ગોળીઓ બોર જેવડી કરવી. તે ગોળી રોજ એક એક ખવરાવવી; એટલે અતિસાર, સંગ્રહણી, મંદાગ્નિ, અરુચિ તથા શૂળનો નાશ થાય છે.

૨૯૫ દારૂડી—સં૦ પટુપર્ણી, સ્વર્ણક્ષીરી. મ૦ વિલાયત, વિલાયતી ધોત્રા, પીસોળા, કાંટેધોત્રા. કો૦ કર્ડઈ. હિં૦ ચોક, ભરેબંદ, સત્યાનાસી, પીસોલા. બં૦ સીયાલ કાંટા, સોણખીરઈ. ક૦ ચિકકણીકે. તા૦ કુટ્ટીયોત્તી. મલા૦ પોન્નમત્તં. ઇં૦ ગેંબોજ થીસલ. લા૦ આર્ગીમની મેકિસકેના.

દારૂડીનાં નાનાં નાનાં ઝાડ હોય છે. એની ઉંચાઇ શુમારે હાથ–દોઢ હાથ હોય છે. પાંદડાં નાનાં હોય છે. પીળા ધંતુરા પ્રમાણે એના ડીંટામાંથી પણ દૂધ (રસ) નીકળે છે. એનાં મૂળને “ચોકવ” કહે છે. આ વનસ્પતિ રેચક, હિમ, કડવી તથા સારક છે; અને કંડૂ, વાતરક્ત, કૃમિ, પિત્ત, કફ, મૂત્રકૃચ્છ્ર, જ્વર, અસ્મરી, સોજા, દાહ તથા કોઢનો નાશ કરે છે. એનાં મૂળના પણ એવાજ ગુણ છે. ઉપયોગઃ—(૧) **રેચ માટેઃ**—દારૂડીનાં મૂળનું ચૂર્ણ શકિત પ્રમાણે ગરમ પાણીમાં પાવું. (૨) **ગયેલું પુરુષત્વ પાછું આવવા માટેઃ**—દારૂડીની છાલ ૧ માસો અને વડનું દૂધ ગરમ કરી તેની ચણા જેવડી ગોળી કરી તે ૧૪ દિવસ પાનમાં ખાવી. (૩) **ગુમડું ફુટવા માટેઃ**—દારૂડીનાં મૂળનો લેપ કરવો (૪) **ઉપદંશ રોગ ઉપરઃ**—દારૂડીનાં મૂળનું ચૂર્ણ શકિત પ્રમાણે લઇ ચટણીની માફક વાટી પાણી મેળવી ગાળીને ૭ દિવસ પીવું. ચાંદી ઉપર દારૂડીના ડીંટાનો રસ (દૂધ) ચોપડવો. પથ્ય બરાબર પાલન કરવું. તુરત થયેલા ચાંદીના રોગ ઉપર આ ઔષધિ રામબાણ કામ કરે છે. (૫) **કષ્ટી સ્ત્રી માટે** (પ્રસવ જલદીથી ન થતો હોય તો):–સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરી દારૂડીના વૃક્ષને નિમંત્રણ દઇ પડછાયો ન પડે તેવી રીતે તેનું મૂળ લાવી દૂધથી ધોઇ કષ્ટી સ્ત્રીના અંબોડે બાંધવું એટલે તુરત પ્રસવ થાય છે. પ્રસવ થયા પછી મૂળ તુરત છોડી જલાશમાં નાખી આવવું. (૬) **શીતજ્વર ઉપરઃ**—દારૂડીના વૃક્ષનું મૂળ શનિવારે લાવી રાખવું. આશરે બે માસાભાર કાળા ઉનના કપડામાં સીવીને શીતજ્વરવાળાના હાથ ઉપર અથવા ગળે બાંધવું.

૨૯૬ દારૂ હળદર—સં૦ બં૦ દારુહરિદ્રા. મ૦ દારૂહળદર. હિં૦ દારૂહલદી. ક૦ મરદવર્ષણ, પોપ્પિહ્લી. તે૦ મુલુંગુ, પાસુપુ. મલા૦ નાણામાર. ગો૦ રૂકકાવેલી હલદિ. તા૦ નુનામારં. ફા૦ દારચોબ. અ૦ દારહલદ લા૦ બરબરીસ એરિસ્ટેટા, મોરિંડા અંબેલ્લેટા. તુ૦ મરમંદલ.

દારૂહળદરના વેલા હોય છે. એ વેલા હિમાલય પર્વત ઉપર અને અફઘાનીસ્તાનમાં થાય છે. એ વેલાનું લાકડું હળદરના જેવું પીળા રંગનું હોય છે. રસાંજન અથવા રસવંતી કરીને એક ઔષધ દારૂહળદરનો કાઢો કરી તેમાંથી બનાવે છે. એ કાઢો અષ્ટમાંશ કરી તેમાં બકરીનું દૂધ સમભાગે નાખી બાળી સૂકું કરવું એટલે રસાંજન તૈયાર થાય છે. **દારૂહળદરઃ**—તીખી, કડવી, રૂક્ષ, ઉષ્ણ તથા વ્રણનાશક છે; અને પ્રમેહ, કર્ણરોગ, નેત્રરોગ, મુખરોગ, કંડૂ, વિસર્પ, ચામડીના દોષ તથા વિષનો નાશ કરે છે. બાકી ગુણ હળદર જેવા છે. **રસાંજનઃ**—તીખું, ઉષ્ણ, રસાયન તથા કડવું છે; અને કફ, વિષ, નેત્રવિકાર તથા વ્રણદોષનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **કમળી ઉપરઃ**—દારૂહળદરના અંગરસમાં હળદર નાખી પાવી. (૨) **પ્રદર ઉપરઃ**—દારૂહળદરના કાઢામાં ૩ માસા શિલાજિત નાખી સાત દિવસ પાવું. (૩) **આગંતુક વ્રણ એટલે શસ્ત્રાદિકથી થયેલા વ્રણ ઉપરઃ**—દારૂહળદરની છાલનો કલ્ક, તલનું તેલ, કપિલો અને ધ્રોનો અંગરસ એકત્ર કરી મંદાગ્નિથી કઢવી તેલ સિદ્ધ થાય એટલે ચોપડવું. (૪) **અંડવૃદ્ધિ ઉપરઃ**—દારૂહળદરનું ચૂર્ણ ગોમૂત્રમાં દોઢ–બે માસા આપવું. (૫) **ભગંદર અને નાડીવ્રણ ઉપરઃ**—થોરીઆ અને આકડાનું દૂધ એકત્ર કરી દારૂહળદરની દીવેટ તે દૂધમાં પલાળી છિદ્રમાં ઘાલવી. (૬) **પિત્તાભિષ્યંદ એટલે આંખો આવે છે તે ઉપરઃ**—રસાંજન દૂધમાં કાલવી તેનો આંખો ઉપર લેપ કરવો. (૭) **કાનમાંથી પરૂ વહેતું હોય તે ઉપરઃ**—રસાંજન સ્ત્રીના દૂધમાં ઘસી, તે મધમાં મેળવી કાનમાં પાડવું. (૮) **વાતપિત્ત પ્રદર ઉપરઃ**—રસાંજન અને લાખ બકરીના દૂધમાં વાટી તે પાવું.× (૯) **દૂઝતા**

× આ ઉપાય બહુજ વિચારીને કરવાનો છે; કારણ કે લાખ પીધા પછી સ્ત્રીઓને સંતાન થતાં નથી, એમ અનેક દાઇઓ કહે છે.

મસા ઉપર:—રસાંજન (રસવંતી) ૧ તોલો તથા કપૂર ૧ માસો લઈ બંનેને ખૂબ ઘુંટી પાણીમાં ચાર ચાર રતીની ગોળી બનાવવી. સવારે તથા સાંજે ઠંડા પાણી સાથે એક અથવા બે ગોળી લેવાથી ધારાપ્રવાહથી જનારૂં લોહી એકદમ બંધ થઇ જાય છે. થોડા દિવસ સેવન કરવાથી હરસનું દરદ સમૂળ નષ્ટ થઇ જાય છે. ઉષ્ણ અને ગરમ પદાર્થ આ ઔષધિ લેતી વખતે ખાવા નહિ.

૨૯૭ દાવલા મોરસ—સં૰ સમુદ્રશાક. મ૰ મોરસ, દાવલામોરસ, ખારી શાક.

આ ભાજીનો રોપો વેંત–દોઢ વેંત લાંબો હોઈ જમીન ઉપર પથરાયલો હોય છે; અને એના દીંટડાનો રંગ લૂણીની ભાજી જેવો હોઈ, પાંદડાં શુમારે દોઢ આંગળ લાંબાં હોય છે. તે લૂણીનાં પાંદડાં કરતાં ત્રણગણાં જાડાં હોઇ શુમારે અર્ધા તસુ જેટલાં પહોળાં હોય છે. ચણાની દાળ નાખી આનું શાક કરે છે અને બાફીને રાયતું થાય છે તથા ભજીઆં પણ કરે છે. આ ભાજી સમુદ્રકાંઠે થાય છે એટલે તે ખારી હોય છે, તેથી એમાં મીઠું રીતસર નાખવું જોઇએ.

૨૯૮ દાંતી—સં૰ બં૰ હિં૰ ક૰ દંતી. મ૰ દાંતી. ફા૰ દંદ. અં૰ હબુલમુલુક. લા૰ ક્રોટન ટિગ્લિયમ્. રા૰ દાત્યુણી.

દાંતીનાં ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાં થાય છે. એ ઝાડ શુમારે ત્રણ–ચાર હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર, લાંબાં અને હાથતળીઆં જેવડાં હોય છે. એનાં ફળ આકારે ઘુઘરા (પોટ-ળીઆ) જેવાં અને બળદાણા જેવડાં મોટાં હોય છે. એ ફળમાંથી નેપાળાના જેવડાં બી નીકળે છે તે રેચક છે. એનાં મૂળને "દંતીમૂળ" કહે છે. દંતીમૂળનો કાઢામાં ઘણો ઉપયોગ થાય છે. એને "લઘુદંતી" કહે છે. લઘુદંતી:—ઉષ્ણ, તીખી, અગ્નિદીપક, શલ્યશોધક, સારક, તીક્ષ્ણ, પાચક, લઘુ તથા શોધક છે; અને આમદોષ, ત્વગ્દોષ, શૂળ, અર્શ, વ્રણ, અશ્મરી, કફ, ઉદર, પિત્ત, આનાહ-વાયુ, સોજા, ગુદાંકુર, દાહ, પાંડુ, રક્તદોષ, કોઢ, ગુલ્મ, કૃમિ, ક્ષય, વાયુ, યકૃત્ તથા ખરજનો નાશ કરે છે. નાગદંતી (મોટી દાંતી):—સારક, ઉષ્ણ, તીખી તથા કૃમિનાશક છે; અને શૂળ, કોઢ, આમદોષ, મેદોરોગ, અશ્મરી તથા મુખરોગનો નાશ કરે છે. બીજા ગુણ લઘુદંતી જેવાજ છે. ઉપ-યોગ:—(૧) જુલાબ થવા માટે:—દંતીમૂળનું ત્રણ માસા ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; અથવા લીલાં દંતીમૂળ પાણીમાં વાટી તેને પાણીમાં મેળવી, ગાળી તે પાણી પાવું. (૨) કફ–કાસ ઉપર:—દંતીમૂળનું ધૂમ્રપાન કરવું.

૨૯૯ દિંડા—(સં૰ મંડૂકપર્ણ.) આ એક જંગલી ઝાડ છે. એમાં બે જાત છે. જે ઝાડની કાઠી ઉંચી ન હોતાં જમીન બરોબર હોય છે, તેને દિંડી કહે છે અને જે ઝાડની કાઠી ઉંચી હોય છે તેને "દિંડા" કહે છે. દિંડાની કાઠી ૧૬ હાથ લંબાઇની હોય છે. એ કાઠીનો રંગ પ્રથમ લીલો હોય છે અને કાઠી સૂકાયા પછી કાળો થાય છે. આ ઝાડ કાંઇક કારવી જેવું હોય છે. એને મૃગ-નક્ષત્રનો વરસાદ પડયા પછી નવા ફણગા ફૂટે છે. તે લઇ તેની ઝૂડીઓ બાંધી વેચે છે. આ શાક ભીંડાના શાક જેવું રસદાર હોય છે. એ પૌષ્ટિક છે. દિંડામાં કાળી અને ધોળી એવી બે જાત છે. દિંડા:—શુક્રકારક તથા સ્નિગ્ધ છે; અને રક્તવિકાર, વાત તથા પિત્તનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ગુમડા ઉપર:—દિંડાના કંદ બારીક વાટી તેની થેપલી વ્રણ ઉપર મૂકવી. (૨) બદ ઉપર:—દિંડાનાં મૂળ કેળનાં કિંવા કુંભાનાં પાંદડાંમાં વિંટી અંગારામાં બાફી, પછી તેના ઉપર જે પાતળી છાલ હોય છે તે કાઢી નાખી, મૂળ બારીક વાટી જે ખોળ થાય તેનો લેપ કરી તે ઉપર રૂની ગદી કરી મૂકવી. (૩) મૂળવ્યાધિ ઉપર:—દિંડાના અંકુર ૧ તોલો, આવળની છાલ અર્ધો તોલો અને ઉંબરાનાં પાંદડાં ઉપરનો ફોડ અર્ધો તોલો, એ ત્રણે બારીક વાટી ૫ તોલા મીઠા દહીંમાં મેળવી, ખાંડ નાખી દરરોજ બે વાર ખાવું.

૩૦૦ દીપમાળ(ગલગોટા)—સં૰ હિં૰ મ૰ ઝેંડુ. ક૰ ગોવગડ્ડે. લા૰ લીઓનોટીસ. નેપેટિફોલિયા.

આ ઝાડ સીધું હોય છે. તે શુમારે માથોડું ઉંચું વધે છે. એનાં પાંદડાં કાત્રાદાર હોય છે. એને હાથના કિંવા વેંતના અંતરે મૂળ પાસેથી એક ઉપર એક એવાં ઝુંડ લાગે છે. તે ઝુંડ બારીક રૂમથી વ્યાપ્ત હોય છે. એ ઝુંડ ઉપર બારીક રાતા રંગનાં ફૂલ આવે છે. ઝુંડમાં કાળાં બારીક બી હોય છે. એ સર્વત્ર થાય છે. ઉપયોગ:—(૧) અતિસાર ઉપર:—ઝુંડમાંનાં બીઆં

દૂધમાં વાટી પાવાં. **(૨) માથા ઉપર ભયંકર ગાંઠ થાય છે તે ઉપરઃ**—ઝુંડને બાળી તેની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. **(૩) કંઠસર્પ ઉપરઃ**—ઝેંડુ હોકામાં નાખી પાવું.

૩૦૧ દુદુરલી—દુદુરલીના વેલા હોય છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. એ પાંદડાં ચળચટાં લાગે છે. એનાં મૂળ ચાવવાથી કિંવા બારીક ભૂકી કરવાથી બારીક કણ થાય છે. એને આકડાના ફૂલ જેવાં ફૂલ આવે છે. ઉપયોગઃ—**(૧) તંતુમેહ અને સ્વપ્નાવસ્થા વગેરે ધાતુવિકારો ઉપરઃ**—દુદુરલીનાં મૂળ અને ધોળી શેમળનું કંદ ખાંડી બારીક ભૂકી કરી ગાયના પાશેર દૂધમાં મેળવી અંદર સાકર નાખી, એ ઔષધ દરરોજ બે વખત ૭ દિવસ આપવું. **(૨) મધુમેહ અને તણખીઆ પ્રમેહ ઉપરઃ**—દુદુરલીનાં મૂળોની ભૂકી કિંવા દુદુરલીનાં મૂળ ગાયના તાજા દૂધમાં વાટી એ ઔષધ દર વખત નવટાંક પ્રમાણે દરરોજ બે વાર ચૌદ દિવસ આપવું. **(૩) રતવા ઉપરઃ**—દુદુરલીનાં મૂળ દૂધમાં વાટી પાવાં અને લેપ પણ કરવો.

૩૦૨ દુધી (નઇ)—સં૦ અલાબુ, ઇક્ષ્વાકુ, દુગ્ધતુંબી. મ૦ દુધ્યાભોંપળા. હિં૦ મીઠી તુંબી, તુંબા, કદ્દુ, લૌઆ, રામતોરઈ, ઘીઆ. બં૦ લાઉ, કદ્દુ. ક૦ હાલગુંબળ, શિસોરે. તૈ૦ તીઆ, તુખડીકાયા. ફા૦ કુદુશીરીન, કુદુએદરોજ. અ૦ યક્તિનેહુલુકરા. ઈં૦ વ્હાઇટ ગુર્ડ. લા૦ કુકર્બીટ લાજીનેરીઆ.

એને "ધોળી દુધી" પણ કહે છે. એનો વેલો ઘણો લાંબો પ્રસરે છે. એમાં લાંબી તુંબડી, ચપટી, તંબુરા જેવી ઇત્યાદિ અનેક જાત છે. દુધીનો હલવો બહુ સારો થાય છે. એની ભાજી સારી થાય છે. દુધી પાકીને જૂની થાય એટલે જે ગોળ આકૃતિની હોય છે તેનાં તુંબડાં કરે છે. તરતાં શીખનારાઓ એનાં સૂકાયેલાં તુંબડાં કમરે બાંધી તરતાં શીખે છે. દુધીની એક બીજી જાત છે, તેને "મગીઆ દુધી" કહે છે. એમાં ધોળી અને રાતી એવી પણ બીજી બે જાત છે. દુધી જેવુંજ તેનું શાક થાય છે અને તરવાના કામમાં એનો બહુ ઉપયોગ થાય છે. **લાંબી દુધીઃ**—તીખી તથા ઉષ્ણ છે; અને સન્નિપાત, દંતાર્ગલ રોગ, દાંતખીલી તથા ધનુર્વાનો નાશ કરે છે. ફળના ગુણ પણ એનાજ જેવા છે. **ગોળ મોટી દુધીનો વેલોઃ**—મધુર, શીતળ, તર્પણકારક, ગુરુ, રુચિકર, પૌષ્ટિક, ધાતુવર્ધક, બલપ્રદ, પિત્તનાશક અને ગર્ભપોષક છે. ફૂલના ગુણ પણ એના જેવાજ છે. **દુધીઆ દુધીઃ**—મધુર, સ્નિગ્ધ, ગર્ભનું પોષણ કરનારી, વૃષ્ય, વાતકારક, બલકર, પૌષ્ટિક, રુચિકર, શીતળ, મલસ્તંભક, રૂક્ષ, ભેદક, ગુરુ, પિત્તનાશક તથા કફપ્રદ છે. **એનાં ફળઃ**—ગુરુ, રૂક્ષ, શીતળ, હૃદ્ય, કફકારક, ગ્રાહક, રુચિકર, ધાતુવર્ધક તથા પૌષ્ટિક છે; અને બેચેની, વિષ, શ્રમ તથા પિત્તનો નાશ કરે છે. **એના વેલાની સળીઓઃ**—મધુર, વાતલ, કફકારક, સ્નિગ્ધ, શીતળ, ભેદક અને પિત્તનાશક છે. ઉપયોગઃ—**(૧) મૂળવ્યાધિ ઉપરઃ**—દુધીઆ દુધીનાં પાંદડાંનો રસ કાઢી લેપ કરવો.

૩૦૩ દુધેલી—સં૦ દુગ્ધિકા. મ૦ હિં૦ દુધી. બં૦ છોટ ખિરાઇ. ક૦ દુધલે. તૈ૦ પિન્નપાલચેટ્ટુ.

દુધેલીનાં નાનાં ઝાડ પ્રથમ હાથભર ઉંચાં હોય છે. પછી તેના વેલા થાય છે. એનાં પાંદડાં ભાગરાનાં પાંદડાં જેવાં પરંતુ કિંચિત્ ફિક્કા લીલા રંગનાં અને નાનાં હોય છે. એ વેલો તોડવાથી તેમાંથી દૂધના જેવો ધોળો રસ નીકળે છે. વેલાનો રંગ કિંચિત્ લાલસર ઉદારંગનો હોય છે. એને ભાંગરાના જેવાંજ ફૂલ આવે છે. ઘરની આજુબાજુએ પણ આ છોડ વાવે છે. એને લાંબી શિંગો આવે છે. **×દુધેલીઃ**—મધુર, વૃષ્ય, રૂક્ષ, ગ્રાહક, કડવી, વાતલ, ગર્ભસ્થાપક, તીખી, ધાતુવર્ધક, હૃદ્ય, ઉષ્ણ, પારદબંધક તથા મલસ્તંભક છે; અને મેહ, કફ, કોઢ તથા

× દુધેલીને કોઈ દુધી પણ કહે છે. એની મુખ્ય બે જાતો છે; એક નાગલા અને બીજી છાતલા. નાગલા દુધેલીનું વર્ણન આ ગ્રંથમાં આગળ કરેલ છે. આ છાતલા દુધેલી પણ શ્રી૦ પદેજીના વર્ણન તરફ નજર કરતાં બે પ્રકારની ભાસે છે. જેમાંની એકનું વર્ણન અહીં શ્રી૦ પદેજીએ આપ્યું છે તે અને બીજી જેને લૂણીની ભાજી અથવા ચણાનાં પાંદડાં જેવાં ઝીણાં પાંદડાં આવે છે તે. તેને ઝીણાં અને ઘેરાં લાલ ફૂલ આવે છે, તેની ડાંડીમાંથી દૂધ નીકળે છે. કોઇ તેને સમાત દુધેલી પણ કહે છે. આ દુધેલીનો છોડ ન થતાં તે જમીન ઉપર પથરાઇ દોઢ–બે ફૂટ જમીન રોકે છે. એથી એને છાતલા દુધેલી કહે છે. આ નાની જાત સ્ત્રીરોગની દવામાં દાઇઓ વધારે વાપરે છે.

કૃમિનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) મૂળવ્યાધિ ઉપર:—દુધેલીનાં પાંદડાંનો રસ ૧ તોલો, સાકર ૧ તોલો, તાજું ઘી ૧ તોલો, એ સર્વને ભેગું કરી સતત ચાર પાંચ દિવસ આપવું; એટલે બળતરા અને લોહી બંધ થાય છે. (૨) ગુબારકી રોગ ઉપર:—(બાળકને દૂધ પીવાના યોગથી દૂધની ચીકાસ પેટમાં એકઠી થઇ મળની ગાંઠ બાઝે છે તે ઉપર):—દુધેલીનાં મૂળ ગાયના તાજા દૂધમાં ઘસી શક્તિ પ્રમાણે પાવાં એટલે બે ત્રણ દિવસમાં મલદ્વારે રોગ નીકળી જાય છે. (૩) વિષમજ્વર ઉપર:—દુધેલીનાં મૂળ કાનમાં રાખવાં એટલે નિયમિત વેળાએ આવનારો તાવ દૂર થશે. (૪) વાછરડાંને દુધીઓ રોગ થાય છે તે ઉપર:—દુધેલીનાં મૂળ ઠંડા પાણીમાં ૧ તોલા સુધી ઘસી દરરોજ એક વાર, એ પ્રમાણે ૭ દિવસ આપવાથી પેટમાંનો સર્વ ભાર નીકળી જઈ રોગ બિલકુલ નાબુદ થાય છે.

૩૦૪ દેવદાર—સં૦ હિં૦ ક૦ તા૦ મલા૦ તુ૦ દેવદારુ. મ૦ ફા૦ દેવદાર. ક૦ દેવદાર. તે૦ દેવદારૂચેટુ. અ૦ શજરતુલજીન, શજરતુલવફ. લા૦ સિડ્રસ ડેવડારા.

હિમાલય પર્વત, બ્રહ્મદેશ, બંગાળા અને પિનાંગ, એ ઠેકાણે દેવદારનાં ઝાડ ઘણાં થાય છે. એ ઝાડને જોઇએ તેવી જમીન મળી હોય તો તે ઘણુંજ ઉંચું વધે છે. ત્રીસ ચાળીસ વર્ષનું થાય એટલે તેને ફળ આવવા લાગે છે. આ વૃક્ષ સો-બસો વર્ષ સુધી રહે છે. જેમ જેમ એ ઝાડ જૂનું થાય છે, તેમ તેમ મજબૂત થઇ તેનો ઉપયોગ ઘણો થાય છે. સાગના કરતાં આ લાકડું ઘણું હલકું છે. એની અનેક પ્રકારની વસ્તુઓ બનાવે છે. રાજા લોકો માટે એ લાકડાની ફર્માશી ગલબત વગેરે બનાવે છે. દેવદારનો ધૂપ કરવામાં પણ ઉપયોગ થાય છે. દેવદારના લાકડામાંથી ટર્પિનટાઇન તેલ બને છે. તેલીઓ દેવદાર:—પાકકાળે તીખો, સ્નિગ્ધ, ઉષ્ણ, કડવો તથા લઘુ છે; અને કફ, વાત, પ્રમેહ, અર્શ, મલસ્તંભ, આમદોષ, તાવ, આધ્માન, દમ, ઉધરસ, સોજો, ખરજ, હેડકી, તંદ્રા (મૂર્ચ્છા), રક્તદોષ તથા પીનસનો નાશ કરે છે. કાષ્ઠ દેવદાર:—ઉષ્ણ, કડવો તથા રૂક્ષ છે; અને કફ, વાયુ, ભૂતબાધા તથા લેપ કરવાથી મોં ઉપરના વ્યંગનો નાશ કરે છે.× સરળ દેવદાર:—તીખો, કડવો, મધુર, ઉષ્ણ, લઘુ, કોષ્ઠશોધક તથા સ્નિગ્ધ છે; અને ત્વગ્દોષ, વાયુ, કર્ણરોગ, વ્રણ, સોજો, કંડૂ (ખરજ), કંઠરોગ, નેત્રરોગ, ઉધરસ, પરસેવો, રાક્ષસપીડા તથા જૂનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ઉરૂસ્તંભ ઉપર:—દેવદાર વાટી ગરમ કરી લેપ કરવો. (૨) કફ ગલગંડ ઉપર:—દેવદાર અને ચીત્રામૂળ (કવંડળ મૂળ) પાણીમાં વાટી લેપ કરવો. (૩) અપચી (ગંડમાળનો ભેદ છે તે) રોગ ઉપર:—દેવદાર અને સરગવાની છાલ કાંજીમાં ગરમ કરી લેપ કરવો. (૪) દેવદાર ઈ૦ નો કાઢો:—(દેવદાર્વાદિ કવાથ) દેવદાર, વજ, કોઠ, લીંડીપીપર, સુંઠ, કાયફળ, નાગરમોથ, કરીઆતું, કડુ, ધાણા, હરડે, ગજપીપર, ભોરિંગણી, ગોખરૂ, ધમાસો, ઉભી ભોરિંગણી, અતિવિષ, ગળો, બીલી અને શાહજીરૂં, એ બધાનો કાઢો કરી તેમાં સિંધવ અને હિંગ નાખી સુવાવડીને પાવો; એટલે શળ, કાસ, તાવ, શ્વાસ, મૂર્ચ્છા, કફ, મસ્તકપીડા, બડબડ, તૃષા, દાહ, તંદ્રા, અતિસાર તથા ઉલટી; એટલા ઉપદ્રવયુક્ત અને ત્રિદોષાત્મક સૂતિકારોગનો નાશ થાય છે.

૩૦૫ દેવબાવળીઓ (રામબાવળ)—સં૦ કિંકિરાટ, નીબબ્બુલિકા. મ૦ કંકર, કોકઇ, દેવબાભળી. હિં૦ કિંકિરાત. ફા૦ મધિલાન. બં૦ બાવલાગાછ.

આ એક બાવળીઆની જાત છતાં બાવળીઆ જેવું મોટું ઝાડ થતું નથી. એને કાંટા તથા ફૂલ પણ બાવળ જેવાંજ પીળા રંગનાં આવે છે. એ ઝાડને લાખ આવે છે. દેવબાવળીઓ:—તૂરો, કડવો, શીતળ તથા ઉષ્ણ છે; અને કફ, પિત્ત, તૃષા, રક્તદોષ, દાહ, તાવ, ઉલટી, મેહ તથા વિષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) હડકાયલા કૂતરાના વિષ ઉપર:—દેવબાવળીઆનાં તાજાં મૂળ ઠંડા પાણીમાં એક તોલાથી ૪ તોલા સુધી ઘસી તેમાં થોડું પાણી નાખી તે પાવું. એ

× મ૦ શાલીગ્રામ આદિ નિઘંટકારોના કહેવા પ્રમાણે સરલ દેવદારના ગુંદરનેજ ચંદ્રસ, સરળધૂપ, ધૂપ વિશેષ, પ્રુશેશ વગેરે નામોથી ઓળખે છે; ત્યારે અહીં ત્રણ જગ્યાએ વર્ણન આપવાથી જુદાં જુદાં ત્રણ વૃક્ષો હોવાની ભ્રાન્તિ ઉત્પન્ન કરી છે. કાષ્ઠ દેવદારમાં તેલ નથી.

દરરોજ બે વખત એ પ્રમાણે સાત દિવસ પાવું અને પથ્ય પાળવું.

૭૦૬ દ્રાક્ષ (દરાખ)—સં૦ મ૦ તે૦ દ્રાક્ષા. હિં૦ દાખ. ક૦ દ્રાક્ષે. ફા૦ અંગુર. અ૦ કીસમીસ, એનબજબીબ. ઈં૦ ગ્રેપ્પ. લા૦ વ્હાઈટીસ્ વ્હીનીફેરા.

દ્રાક્ષના વેલા હોય છે. એ વેલા વાવ્યા પછી ત્રણ વર્ષે ફળે છે. દ્રાક્ષ ઘણું કરીને બધા ખંડોમાં થાય છે. હિંદુસ્તાનમાં જે દ્રાક્ષ થાય છે, તેમાં ત્રણ જાત છે. લીલી, કાળી અને ધોળી. સર્વમાં ધોળી દ્રાક્ષ ઘણી મધુર હોવાથી મોંઘી હોય છે. આ દેશમાં જે દ્રાક્ષ થાય છે તે લીલી ને લીલીજ ખપી જાય છે. અરબસ્તાન, પર્શિયા અને મસ્કત, એ સ્થળોમાં ઘણીજ દ્રાક્ષ પાકે છે; તેથી તેને સૂકવી બહારગામ ખાતે વેચવા મોકલવામાં આવે છે. બેદાણા, મુનકા, ખીસમીસ એવાં સૂકી દ્રાક્ષનાં નામો હોય છે. બેદાણા કિંચિત્ ધોળા હોય છે અને તેમાં બી હોતાં નથી. મુનકકાદ્રાક્ષ કાંઈક કાળી હોય છે અને ખીસમીસ ઘણું કરી બેદાણા જેવી પરંતુ નાની હોય છે. દ્રાક્ષ ઉષ્ણ દેશમાં લોકોની ભૂખ અને તરસનું શમન કરવાને ઘણી ઉપયોગી થઇ પડે છે. દ્રાક્ષ પિત્તશામક તથા રક્તવૃદ્ધિ કરનારી છે. દ્રાક્ષના રસનો આસવ કૉલેરા ઉપર ઘણો ઉપયોગી થઇ પડે છે. દ્રાક્ષનાં પાંદડાં જનાવરોને ખવરાવે છે અને લાકડાનો કોઇ કોઇ કાળો રંગ કરે છે. **પાકી દ્રાક્ષ:**—સ્વરને હિતકારક, મધુર, તૃપ્તિકર, પાકકાળે સ્નિગ્ધ, અતિરુચિકર, ચક્ષુષ્ય, મૂત્રલ, ગુરુ, તૂરી, સારક, ખાટી, વૃષ્ય, શીતળ તથા શ્રમનાશક છે; અને પિત્ત, શ્વાસ, ઉધરસ, ઊલટી, સોજો, ભ્રમ, જ્વર, દાહ, મદાત્યય, વાતપિત્ત, કફક્ષય, કમળી, વાતરક્ત, રક્તપિત્ત તથા આધ્માનવાયુનો નાશ કરે છે. **લીલી દ્રાક્ષ:**—કફકારક, ગુરુ, ખાટી, પિત્તલ, ઉષ્ણ, રક્તપિત્તકારક, રુચિકારક, દીપન અને વાતનાશક છે. **કુંણી (કાચી) દ્રાક્ષ:**—વિશદ, ઉષ્ણ, તીખી, પિત્તલ અને રક્તદોષકારક છે. **પાકી સુકાયેલી દ્રાક્ષ:**—વૃષ્ય, સંતર્પણ, બલકર અને પૌષ્ટિક છે. **કાળી દ્રાક્ષ:**—(બીજવાળી) શીત, હૃદ્ય, વૃષ્ય, ગુરુ, વાતાનુલોમન, સ્નિગ્ધ, હર્ષપ્રદ તથા શ્રમનાશક છે; અને દાહ, મૂર્ચ્છા, દમ, ઉધરસ, કફ, પિત્ત, તાવ રક્તદોષ, તૃષા, ઊલટી તથા હૃદયવ્યથાનો નાશ કરે છે. **લઘુ દ્રાક્ષ** (બેદાણા નિર્બીજ):—મધુર, શીતલ, વૃષ્ય, રુચિકર, ખાટી તથા રસાળ છે; અને દમ, ઉધરસ, તાવ, હૃદયવ્યથા, રક્તપિત્ત, ક્ષતક્ષય, સ્વરભેદ, તૃષા, વાયુ, પિત્ત અને મુખમાંહેની કડવાશનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અમ્લપિત્ત ઉપર:**—દ્રાક્ષ તથા બાળહરડે સમભાગે અને તેના બરોબર સાકર નાખી એક તોલા જેટલી ગોળી આપતા જવી; એટલે અમ્લપિત્ત, ગળું અને હૃદય, એ સ્થળની બળતરા, તરસ, ભ્રમ, મંદાગ્નિ તથા આમવાતનો નાશ થાય છે. **(૨) ધંતુરાના વિષ ઉપર:**—દૂધમાં દ્રાક્ષનો સરકો નાખી પાવો. **(૩) હડતાલ અને જંગાલના વિષ ઉપર:**—ઊલટી કરાવી પછી પાશેર દૂધમાં બેદાણા દ્રાક્ષ ૧ તોલો નાખી તે પાવી. **(૪) ધાતુક્ષય ઉપર:**—દ્રાક્ષ, સાકર, મધ અને લીંડીપીપર આપવી. **(૫) તૃષારોગ ઉપર:**—કાળી દ્રાક્ષ અને જેઠીમધનો કાઢો પાવો. **(૬) મૂર્ચ્છારોગ ઉપર:**—દ્રાક્ષ અને આમળાં બાફી વાટવાં તથા તે મધમાં આપવાં. **(૭) સન્નિપાત જ્વરમાં જીભે કાતરા થઈ આવે છે તે ઉપર:**—મધમાં દ્રાક્ષ ખરલ કરી જીભે ચોપડવી. **(૮) મૂત્રરેચનને માટે:**—કાળી દ્રાક્ષ ચાર તોલા રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી સવારે મસળી, ગાળી નાખી તે પાણીમાં થોડી જીરાની ભૂકી નાખી, એક શેર સુધી શક્તિ પ્રમાણે પ્રાશન કરવાથી મૂત્રદ્વારે ગરમી નીકળે છે. પ્રકૃતિ પ્રમાણે કોઇને એથી રેચ પણ થઇ આવે છે. **(૯) ક્ષતકાસ ઉપર:**—બીઆં કાઢેલી કાળી દ્રાક્ષ ૧ ભાગ, તાજું ઘી ૧ ભાગ અને મધ ૧ભાગ; એ સર્વ ઓષધો એક બરણીમાં ઘાલી તે બરણી ડાંગરના ઢગલામાં ઘાલવી. પંદર દિવસ પછી અથવા એક મહિના પછી કાઢી તે માંહેનું ઔષધ રોજ સવાર-સાંજ મળી દોઢ તોલા સુધી રોગીએ ખાવું. **(૧૦) શૂળ ઉપર:**—દ્રાક્ષ અને અરડુસીનો કાઢો પાવો. **(૧૧) જીભ, તાળવું અને ગળું, એનો શોષ શાંત થઈ મોઢામાં રુચિ આવવા માટે:**—દ્રાક્ષ અને આમળાં વાટી ઘીમાં મેળવી મુખની અંદર ચોળવાં અને એજ ઔષધની ગોળી કરી મોઢામાં રાખવી. **(૧૨) પિત્તજ્વર ઉપર:**—દ્રાક્ષ અને ગરમાળાના ગોળનો કાઢો પાવો. **(૧૩) શીતળા અને ઓવરૂ, એથી બાળકોના અંગમાં ભરેલી ગરમી નીકળવા માટે:**—૮ ભાગ બેદાણા દ્રાક્ષ, ૧ ભાગ

ગળોનું સત્ત્વ, ૩ ભાગ ખાંડ તથા ૧ ભાગ જીરૂં, એ પ્રમાણે ભેગું કરી નિતરેલા માટલામાં ભરી તે મિશ્રણ પલળે એટલું ગાયનું ઘી નાખી આથી રાખવું; અને રોજ સવારે અર્ધા તોલાથી બે તોલા સુધી શક્તિ પ્રમાણે આપવું. **(૧૪) માથામાંહેની ગરમી અને પિત્તવિકાર શમન થઈ મગજ સુધારવા માટે:**—ગાયના અર્ધા શેર દૂધમાં બેદાણા દ્રાક્ષ ૨ તોલા નાખી ઉકાળી તે દૂધ રોજ સૂતી વેળાએ પીવું. **(૧૫) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ઠંડા પાણીમાં કાળી દ્રાક્ષ પલાળી તેમાં સાકર નાખી પાવી. **(૧૬) પિત્તવિકાર ઉપર:**—કાળી દ્રાક્ષ રાત્રે પલાળી રાખી બીજે દિવસે સવારે તેજ પાણીમાં મસળી કૂચા કાઢી નાખી તે રસમાં જીરાની ભૂકી અને સાકર નાખી પાવો; એટલે પિત્તજનિત દાહ વગેરે શમન થાય છે. **(૧૭) રક્તપિત્ત ઉપર:**—દ્રાક્ષ મધમાં ખાવી. **(૧૮) મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાશ્મરી ઉપર:**—દ્રાક્ષનો કાઢો પાવો.*

૩૦૭ ધમાસો (જવાસો)—સં૦ બં૦ દુરાલભા, ધન્વયાસ. મ૦ ધમાસા, કાંટેચુણુક. હિં૦ હીંગુણા, ધમાસા. ક૦ વલ્લિદુરવે, નેલઇગળ. તૈ૦ પિલ્લિરેગટિ, દુલગોઠી. ફા૦ બાદાબર્દ. અ૦ શુકાઇ. લા૦ ફગોનિયા અરેબિકા.

ધમાસામાં બે ત્રણ પ્રકાર છે. એ ઝાડના અંગ ઉપર રિંગણીના ઝાડ જેવા શુમારે આંગળ-ભર લંબાઇના કાંટા હોય છે. એની ઉંચાઈ શુમારે એક હાથ હોય છે. એનાં પાંદડાં ચીમરડાયલાં તથા લાંબાં હોય છે, એ પાંદડાં છોડવો જૂનો થાય ત્યાંસુધી છોડ ઉપર રહે છે. કાર્તિક માસના અરસામાં સર્વ પાંદડાં ખરી પડે છે અને ઝાડનો રંગ પીળો થવા લાગે છે. ધમાસાને જવાસો પણ કહે છે. એ ઝાડ ઉપર ઉનાળામાં તેના દીંટામાંથી તાપના યોગે એક પ્રકારની સાકર નીકળે છે તેને ફારસી ભાષામાં "તુરંજબીન" કહે છે. એ સાકર આ દેશમાં અરબસ્તાન-માંથી આવે છે. એ સાકર યુનાની વૈદ્યો બાળકોને રેચ આપવાના કામમાં દૂધમાં આપે છે. **ધમાસો×:**—જવાસો શરપુંખાના જેવો (મથુરામાં થાય છે તે) મધુર, કડવો, બલકર, અગ્નિદીપક, સારક, શીતળ, લઘુ તથા તૂરો છે; અને કફ, પિત્ત, રાતો કોઢ, વિસર્પ, મેદ, ભ્રમ, મદ, વાત-રક્ત, તૃષા, ઉલટી, ઉંવરસ, દાહ તથા તાવનો નાશ કરે છે. **ધમાસો રાતો:**—તીખો, કડવો, મધુર, રક્તશુદ્ધિકારક, શીત તથા ઉષ્ણ છે; અને વિસર્પ, વિષમજ્વર, તૃષા, ઉલટી, મોહ, રક્તદોષ, વાતપિત્ત, કફ, કોઢ તથા તાવનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઉંઘરસ ઉપર:**—ધમાસાનું અથવા

---

* લિંગાર્શ ઉપર એક જૈન ગોરજીએ કરેલો ઉપચાર:—રાત્રે દ્રાક્ષ શેર ૦ાા પલાળી, સવારે તે પાણી અને તેમાંનાં બીજ કાઢી નાખી તેમાં મજીઠ તોલા ૨ાા, હિમજ તોલા ૨ાા, કાગદી એલચી તોલા ૨ાા અને મીંઢીઆવળ તોલા ૧૦ નાખી વાટી તેની ૩૨ ગોળી કરી દરરોજ સવારે ૧ આપવી.

× આયુર્વેદ ગ્રંથોમાં—જવાસાને દસ્ત ખુલાસાથી લાવનાર, મૂત્રવર્ધક અને કફનો નાશક માનેલ છે. એમાંથી જે સત્ત્વ નીકળે છે તે ખાંસીનો નાશ કરે છે. હિકમતમાં—આ છોડવાની પોટીશ બાંધવાથી અથવા તેની ધૂણી આપવાથી હરસનો નાશ થાય છે. એનો રસ નેત્રની દૃષ્ટિ નષ્ટ કરે છે. તેના ચૂર્ણનું વાયુના રોગમાં નસ્ય આપે છે. એનાં પાંદડામાંથી જે તેલ બને છે તે સંધિવા ઉપર ચોપડે છે; તથા ફૂલને વાટીને લેપ કરવાથી હરસ ખરી પડે છે. મીર મહમદ હુસેન લખે છે કે:—ખુરાસાન, મવારુનહર, ફરજસ્તાન અને હમદનના મુલકમાં આ છોડને કાપી લૂગડા-માં બાંધી નીચોવવાથી 'તુરંજબીન' નામનો સાકરના સમાન પદાર્થ બને છે. આ પદાર્થ જવના પાણી સાથે આપવાથી દસ્ત ખુલાસે લાવે છે, પિત્તને કાઢે છે અને કફને બેસાડે છે. વળી રુધિર-ને શુદ્ધ કરે છે. દૂધની સાથે આપવાથી શરીરને પુષ્ટ કરે છે, અને કામદેવને વધારે છે. ચક્રદત્તમાં જવાસાને મળને શુદ્ધકર્તા, મૂત્ર લાવનાર અને કફોત્સર્જક ગણેલ છે. સુશ્રુતમાં—જવાસાને ઉષ્ટ્ર-ભક્ષિકા (ઉંટનું ભક્ષણ) વર્ણન કરે છે; અને કફમેદહર, મૂત્રકૃચ્છ્રનાશક અને ગુલ્મનાશક ગણેલ છે; તથા તેજ ગ્રંથમાં તેને 'ગિરિકર્ણિકા' નામથી લખે છે. એને વાતપિત્ત—સંશમનકર્તા કહે છે. ચરકમાં—એને સારક માનેલ છે તથા નાનાં બાળકોની ખાંસી ઉપર હરડે, લીંડીપીપર અને દ્રાક્ષના ચૂર્ણમાં મધ અને માખણ સાથે આપવાનું કહેલ છે.

તેના મૂળનું ધૂમ્રપાન કરવું. **(૨) તાળવામાં કાત્રા પડે છે તે ઉપર:**—ધમાસાના લીલા છોડ કચરી તેનો અંગરસ કાઢી તેમાં સાકર નાખી સારી પેઠે કઢવી ચાટણ તૈયાર કરવું. એ ચાટણ વારંવાર ટીપું ટીપું તાળવામાં પાડતા જવું; તેથી કરી એક દિવસમાં રુઝાઇ જાય છે. **(૩) જખમ ઉપર:**—આગંતુક જખમ થયો હોય તો લીલા ધમાસાનો અંગરસ જખમ ઉપર પાડવો એટલે જખમ જલદી ભરાઈ આવે છે. **(૪) હેડકી ઉપર:**—ધમાસાનો કાઢો મધ નાખી પાવો. **(૫) ભ્રમ, મૂર્ચ્છા વગેરે ઉપર:**—ધમાસાનો કાઢો કરી તેમાં ગાયનું ઘી નાખી તે પાવો. **(૬) પથરી અને મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ધમાસો, ડાભ અને કાસનાં મૂળનો કાઢો કરી તેમાં મધ નાખી પાવો. **(૭) શીતપિત્ત, હરતાલનું વિષ તથા મૂત્રાઘાત ઉપર:**—ધમાસાનો કાઢો પાવો. **(૮) અંતર્વિદ્રધિ ઉપર:**—ધમાસાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી પાવાં.

૩૦૮ **ધરો (હરોઇ)**—સં૦ દૂર્વા. મ૦ હરળી. હિં૦ દૂબ. ફ૦ હસુગરફે. તૈ૦ દૂર્વાલુ. તા૦ અરગુ. તુ૦ કડીકેપતી. મલા૦ કરૂકપુલ્લુ. ગો૦ જીરઆંકુર. ઈં૦ ક્રિપિંગ સાઇનોડન. લા૦ સાઈનોડન્, ડેક્ટિલન્. બં૦ દૂર્વા. ઉડીઆ—દૂબ.

ધરો એક જાતિનું તૃણ છે. ધરોના બેટ લીલાછમ અને સુશોભિત દેખાય છે. આ તૃણની અંદર એવો એક વિલક્ષણ ગુણ છે કે, કેટલીક મુદત સુધી વરસાદ ન પડે ત્યારે સર્વ વનસ્પતિ સુકાઇ જાય તોપણ ધરોનાં મૂળ લીલાંજ હોય છે. દુકાળમાં ઢોરોને ચારો સમૂળગો મળતો નથી ત્યારે ધરોનાં મૂળ ખોદી લાવી ખવરાવે છે. ધરોનો ઉપયોગ દેવપૂજામાં પણ થાય છે. ગણપતિ-પૂજનમાં તો ધરો અવશ્ય જોઈએ. ધરો ઘોડાને ઘણી સારી લાગે છે. **ધરો સાધારણ:**—તૂરી, શીતળ, મધુર તથા તૃપ્તિકારક છે; અને પિત્ત, તૃષા, ઉલટી, દાહ, રક્તદોષ, શ્રમ, કફ, મૂર્ચ્છા, અરુચિ, વિસર્પ તથા ભૂતબાધાનો નાશ કરે છે. **ધોળી ધરો:**—મધુર, રુચિકર, તૂરી, કડવી તથા શીતળ છે; અને ઉલટી, વિસર્પ, તૃષા, કફ, પિત્ત, દાહ, આમાતિસાર, રક્તપિત્ત તથા ઉધરસનો નાશ કરે છે. **લીલી ધરો:**—અતિ મધુર, કડવી, શીતળ, રુચિકર, સંજીવન, તૂરી તથા રક્તશોધક છે; અને રક્તપિત્ત, અતિસાર, તાવ, પિત્ત, ઉલટી, કફ, રક્તરોગ, વિસર્પ, તૃષા, દાહ તથા ચર્મદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) નાકમાંથી લોહી પડે છે તે ઉપર:**—ધરોનો રસ નાકમાં પાડવો. **(૨) હેડકી ઉપર:**—ધરોનાં મૂળીઆંનો રસ માસો ૧ અને મધ એક તોલો એકત્ર કરી પાવું. **(૩) ખરજવા ઉપર:**—ધોળી ધરોના રસમાં ધોળા ચોખા વાટી લેપ કરવો. **(૪) ખાલી ચઢે છે તે ઉપર:**—ધરોનાં મૂળ, ધોળો કાથો, ઉંબરાનાં પાંદડાં ઉપરની ફોડ અને ગુવારનાં બી વાટી ચોપડવાં. **(૫) ઋતુપ્રાપ્તિ માટે:**—ધોળી ધરોના રસમાં દાડમની મોટી મોટી કળીઓ વાટી તે રસ ઠંડી કાંજીમાં સાત દિવસ પાવો; એટલે જેને ઉંમરે પહોંચ્યા છતાં કોઇ દોષથી ઋતુ પ્રાપ્ત થતું નથી તે થશે; અને જેનો અટકાવ બંધ થયો હશે તે પણ આવશે. **(૬) મસ્તકરોગ ઉપર:**—ધરોના રસમાં ચોખા વાટી લેપ કરવો. **(૭) ઉલટી ઉપર:**—ચોખાના ધોવરામણમાં ધરો વાટી રસ કાઢવો અને તેમાં સાકર નાખી તે રસ પાવો. **(૮) સર્વ પ્રકારના તાવ ઉપર:**—ધરોનાં મૂળ સુતરથી વિંટી હાથે બાંધવાં એટલે સર્વ પ્રકારનો તાવ શમી જાય છે. **(૯) આગંતુક વ્રણ ઉપર:**—ધરોના રસમાં અથવા દારૂહળદરની છાલના રસમાં તેલ સિદ્ધ કરી ચોપડવું.

૩૦૯ **ધવ (ધાવડો)**—સં૦ ધવ. મ૦ ધાવડા. હિં૦ ધૌ, ધાવા. બં૦ ધાઉયાગાછ. ક૦ સિરિવરૂ. તૈ૦ નારિંજચેટ્ટુ. લા૦ એનોજિસસ્ લાટિફોલિયા. દે૦ ધામોડા.

ધવનાં ઝાડ મોટાં મોટાં હોય છે. આ ઝાડનો રંગ ધોળાશ પડતો હોય છે. પાંદડાં નાણાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. ધવને સુંદર પુષ્કળ આવે છે. ધવનું લાકડું ઇમારતી કામમાં ઉપયોગી થાય છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે. **ધવ:**—એ તૂરો, શીતળ, મધુર, તીખો, દીપન ને રુચિકર છે; તથા પાંડુરોગ, પ્રમેહ, કફ, પિત્ત, અર્શ અને વાયુનો નાશ કરનાર છે. **એનાં ફૂળ:**—ઠંડાં, સ્વાદુ, રૂક્ષ, તૂરાં, મલસ્તંભક ને વાતુળ છે; અને કફ તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—

(૧) જખમ ભરાઈ આવવાને:—ધવની છાલ ખાંડી વસ્ત્રગાળ કરી ઘોડાના મૂત્રમાં કાલવી જખમ ઉપર ચોપડવી.

૩૧૦ ધંતુરો—સં૦ ધત્તુર. મ૦ ધોતરા, ધોત્રા. હિં૦ બં૦ ધત્તૂરા. ક૦ બિલિય મદગુણિકે. તે૦ તેલ્લાઉમ્મિત્તે. તા૦ ઉમ્માતે. તુ૦ અંબે. મલા૦ અમ્માતં. ફા૦ જોજમાસિલ તાતૂરા. અ૦ જોજમાસિલ. ઇં૦ થોર્ન ઍપલ. લા૦ ડાટુરા સ્ટ્રામોનિયમ્.

ધંતુરાનાં ઝાડ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એમાં બે જાત છે. કાળી અને ધોળી. કાળો ધંતુરો ઔષધિ છે. ધંતુરો ઘણો માદક છે. ધંતુરો પેટમાં જવાથી કેફ ચઢે છે. કાળા ધંતુરાનાં ઝાડ અને ફલ કાળાં હોય છે. **શ્વેતાદિ ભેદે પાંચ પ્રકારનો ધંતુરો:**—કાંતિકર, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, તૂરો, મધુર, કડવો, મદકારક, વાંતિકર, ગુરુ તથા વર્ણકર છે; અને કોઢ, વ્રણ, કંડૂ (ખરજ), કૃમિ, જૂઓ, લીખો, શ્રમ, વિષ, પામા (ખસ) તથા ત્વગ્દોષનો નાશ કરે છે. કાળો* ધંતુરો શ્રેષ્ઠ ગુણવાળો છે. **ઉપયોગ:—(૧) ગલફેરૂં (લાપોટિયું) થયું હોય તો:**—ધંતુરાનાં પાંદડાંનો રસ, ચૂનો અને ગોળ એકત્ર કરી તેનો લેપ કરવો. **(૨) ઉધરસ ઉપર:**—ધંતુરાનાં પંચાંગ (મૂળ, પત્ર, પુષ્પ, ફળ અને છાલ) લઈ તેનું ધૂમ્રપાન કરવું. **(૩) સર્પદંશ ઉપર:**—કાળા ધંતુરાનાં મૂળ, કંકોડીનો કાંદો અને હડકીનું મૂળ એકત્ર ઘસી પાવું અને અરીઠાનું અંજન કરવું. ઉતાર—ઘી પાવું. **(૪) ધંતુરાના વિષ ઉપર:**—ગાયના દૂધમાં સાકર નાખી પાવું. લાલ એરંડાનાં મૂળ પાણીમાં વાટી પાવાં. રિંગણીનો રસ ૪ તોલા કાઢી પાવો. કપાસનાં બીજ અને ફળનો કાઢો પાવો. ઘી પાવું. દહીં પાવું. ઠંડા પાણીમાં તેલ પાવું. લિંબુના રસમાં ગળીનાં મૂળ ઘસી પાવાં. **(૫) વાળા ઉપર:**—કાળા ધંતુરાનાં પાંદડાંનો રસ ૬ માસા અને ઘી ૨ તોલા એકત્ર કરી પાવું. આખો દિવસ કાંઈ પણ ખાવું નહિ. સાંજે ભાત અને દહીં ખાવું. વાળાની જગ્યાએ ફોલ્લો થાય એટલે તેને ફોડી તે ઉપર ધંતુરાનાં ફળ બારીક વાટી તેની વડી કરી ઉપર ત્રણ દિવસ બાંધવી. રોજ નવી વડી બેસાડવી, કિંવા ધંતુરાનાં પાંદડાં ૨॥ પાનમાં ખાવાં. **(૬) સોજા ઉપર:**—ધંતુરાનાં પાંદડાંનો રસ અને કળીચૂનો ગરમ કરી લેપ કરવો; અથવા ધંતુરાનાં પાંદડાંના રસમાં ગુગળ નાખી ગરમ કરી ચોપડવો; કિંવા કાળા ધંતુરાનાં મૂળ ગોમૂત્રમાં ઘસી ગરમ કરી લેપ કરવો. **(૭) વાળા ઉપર:**—ધંતુરાનાં બી, અંબાડાની છાલ, રાળ અને મીણની ભૂકી ઘીમાં ખરલ કરી વાળા ઉપર ચોપડવી; એટલે વાળો બહાર નીકળશે. **(૮) વિંછીના વિષ ઉપર:**—ધંતુરાનાં પાંદડાં હાથ ઉપર ચોળી દંશ ઉપર ચોપડવાં. **(૯) ગલગંડ, બદ અને ગાંઠ ઉપર:**—ચોખ્ખી જમીન લિંપીને તે ઉપર વગડાઉ છાણાં થાળ આકારે પાથરી અગ્નિ કરવો અને તે બધાં છાણાં બળી રાખ થાય એટલે તે જગ્યા ઉપરની સર્વ રાખ કાઢી નાખી તે જગ્યા ગરમ રહે ત્યાંસુધી ધોળા ધંતુરાનો રસ ઘણી ત્વરાથી તે જમીન ઉપર પાડવો. તે રસ કઢાઇ પરપોટા આવ્યા પછી તે સાધારણ ઠંડો થાય

---

* જે ધંતુરાનો રંગ અત્યંત કાળો અને દાંડલી, ફળ, ફૂલ, પાંદડાં અને સર્વાંગ કાળું હોય, એ ધંતુરામાં ઝેર વધારે હોય છે; અને એના ગુણ પણ વધારે છે. ફળ સૂકાવાથી કઠોર થઇ જાય છે. એના બીજમાં ઝેર વધારે છે. એ બીજોને માત્રાથી વધારે ખાવાથી મરણ પણ થાય છે. બંધેજાદિક ધાતુપુષ્ટિનાં ઔષધોમાં એનાં બીજોનો વ્યવહાર ગ્રંથોમાં લખેલ છે. એનાં બીજ પ્રમેહનાશક છે. કાલા ધંતુરાનાં પંચાંગની ધૂણીથી ખાંસી મટે છે. ધંતુરાના ઝેરને દૂર કરવા માટે ધંતુરાની મીજનો નાસ લેવો, એ ઝેરને દૂર કરનાર છે; અથવા એને વાટીને પીવી તથા ઉપર ધારોષ્ણ દૂધ અને ઘી મેળવીને પીવું.

ધંતુરાનાં બીજ ચાર પહોર (મોટાં સખ્ત હોય તો આઠ પહોર) ગોમૂત્રમાં પ્રથમ પલાળી રાખવાં. પછી સણના ટુકડામાં નાખી મસળવાં. એટલે ફોતરાં અલગ થઈ જશે. આવી રીતે શોધન કર્યાં પછી બીજ કામમાં લેવાં.

ધંતુરાનાં ફળોને કાણાં પાડી દરેકમાં ગંધક અને મોરથુથુની ચણાની દાળ જેવડી કાંકરીઓ ભરી ડગળી આપીને જમીન ઉપર છાણુ પાથરી તેમાં તે ગોઠવી, ઉપર છાણુ પાથરી તે ઉપર દેવતા કરી બાફવાં. બફાયા પછી તે વાટી તલના તેલમાં શરીરે ચોપડવાથી ખસ જાય છે.

એટલે તેનો લેપ કરવો. **(૧૦) ઉન્માદ ઉપર:**—ધંતુરાનાં ચાર બીઆં નવટાંક ઘી સાથે આપવાં. **(૧૧) યોનિશૂળ ઉપર:**—કાળા ધંતુરાનાં બે ત્રણ પાંદડાં બારીક વાટી, સિંધવ અને ઘી નાખી વસ્ત્રમાં પોટલી કરી યોનિમાં રાખવી; એટલે સર્વ પ્રકારનું યોનિશૂળ બંધ પડે છે. **(૧૨) હાથ-પગ ફાટી ચીરા પડે છે તે ઉપર:**—ધંતુરાનાં બીઆં અને સિંધવ પાણીમાં વાટી ગોળો કરી તેમાં ચોગણું પાણી નાખી પાણુંનો ચોથો ભાગ સરસિયું નાખી પચન કરવું. તેલ શેષ રહ્યા પછી ઉતારી તે ચોપડવું. **(૧૩) ખસ ઉપર:**—કાળા ધંતુરાનાં બીઆંનું ચૂર્ણ કરી તેલમાં ખરલ કરી ચોપડવું. **(૧૪) અર્ધાંગ વાયુ ઉપર:**—ધંતુરાનાં બીઆંનું તેલ શરીરે ચોપડવું. **(૧૫) ચોથીઓ ઇત્યાદિ સર્વ વિષમ જ્વરાદિક (તાવ) ઉપર:**—×ધંતુરાનાં પાંદડાંનો રસ પા તોલાથી અર્ધા તોલાપર્યંત ચાર તોલા દહીંમાં તાવ આવ્યા પહેલાં એક કલાક અગાઉ આપવો. **(૧૬) કર્ણસ્રાવ ઉપર:**—ધંતુરાની ભાજીનો રસ કાનમાં પાડી તે ઉપર થોડું કંકુ નાખવું. **(૧૭) શોફોદર ઉપર:**—કાળા ધંતુરાનાં પાંદડાંનો રસ ચોપડવો, એટલે સોજો ઉતરશે **(૧૮) નપુંસકત્વ દૂર થઈ વીર્યવૃદ્ધિ થવા માટે:**—એક જાયફળ કોરી તેમાં અફીણ ભરવું અને તે જાયફળ કાળા ધંતુરાના જીંડવામાં ઘાલી ઉપર કણક લગાવી તેને અંગારામાં બાફી, પછી ઉપરની કણક દૂર કરી, ધંતુરાનાં જીંડવાં સુદ્ધાં ખલીને તેની ચણા જેવડી ગોળીઓ કરવી અને રોજ એક ગોળી ખાઇ ઉપર દૂધ પીવું. એ પ્રમાણે આ ઓષધ ૨૧ દિવસ લેવું એટલે નપુંસકત્વ દૂર થશે.*

૩૧૧ **ધામણ**—સં૦ ધન્વન્. મ૦ ધામણ. હિં૦ ધામિન્. બં૦ ધામની. ક૦ ઉદુવે.

ધામણનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. ધામણનાં પાંદડાં હાથનળીઆં જેવડાં હોઇ તે ઉપર રેષાઓ હોય છે; અને પાંદડાંનું એક અર્ધ બીજા અર્ધ કરતાં લાંબું થયેલું હોય છે. ધામણનું લાકડું ચીકણું અને ઈમારતના કામના ઉપયોગમાં આવે છે. **ધામણ:**—તૂરો, વૃષ્ય, મધુર, તીખો, બલકર, રૂક્ષ, લઘુ, ધાતુવર્ધક, કિંચિત્ ઉષ્ણ તથા વ્રણરોપણ છે; અને કફ, વાત, દાહ, શોષ, કંઠરોગ, રક્તરોગ, પિત્ત, કાસ તથા પીનસનો નાશ કરે છે. **એનાં ફળ:**—સ્વાદુ, શીતળ તથા તૂરાં છે. તે કફ અને વાતનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અતિસાર ઉપર:**—ધામણની છાલમાં પાણી નાખી રસ કાઢી તેમાં શેકેલા વરીનો (મોરીઆનો) લોટ થોડો કાલવી પાવો.

૩૧૨ **ધાવડી**—સં૦ ક૦ ધાતકી. મ૦ ધાયટી. કો૦ ધાવશી. હિં૦ ધાવઈ ધાય. બં૦ ધાઇ. તૈ૦ ધાતુકી. લા૦ વુડ ફ્રેર્ડિયા, ફ્લોરીબંડા. ઇં૦ ઓસલી આટોમેન્ટોઝા. ઉડિયા૦ જાતિકા.

ધાવડીનાં ઝાડ શુમારે માથોડું બે માથોડાં ઉંચાં વધે છે. એનાં ફૂલ લવંગ જેવાં અને રાતા રંગનાં હોય છે. પાંદડાં શેરડીનાં પાંદડાં જેવાં અને તે કરતાં રંગે ઘણાં લીલાં હોય છે. ફૂલનો ઔષધમાં તથા રંગના કામમાં ઉપયોગ થાય છે. ધાવડીનાં ઝાડ કોંકણમાં અને અનેક સ્થળે

× કાળો ધંતુરો હોય તો માત્રા બહુજ ઓછી (૧ માસો આશરે) શક્તિનો વિચાર કરી આપવી. તાવ આવવા પહેલાં ૪ કલાક આગળ એક સમય આપી બીજી સમય ૧ કલાક પહેલાં થોડી થોડી માત્રા આપવી એ વધારે લાભદાયક છે.

***કનકવટી (૧)** (શ્વાસ, ઉધરસ તથા જૂના વિષમજ્વર માટે):—ધંતુરાનાં લીલાં તાજાં પાન તો. ૨ તથા કાળાં મરીનું ચૂર્ણ તોલા ૨ મેળવી ખરલમાં ઘુંટી ચણા જેવડી ગોળી બનાવી છાંયે સુકાવી લેવી. દિવસમાં ત્રણ વખત એકેક ગોળી પાણી સાથે આપવાથી ઘણા વખતનો જૂનો તાવ, ઉધરસ તથા શ્વાસરોગ વગેરે દૂર થાય છે.

કનકવટી (૨) (ઉન્માદરોગ ઉપર):—ધંતુરાના શુદ્ધ બીજનું બારીક ચૂર્ણ કરી પછી નાગર-વેલના પાનના રસમાં ત્રણ કલાક ખરલ કરી મરી જેવડી ગોળીઓ કરી છાંયે સુકાવી લેવી. ઉન્માદરોગમાં રોજ સવારે એક ગોળી આપી ઉપર પાંચ તોલા ઘી પીવરાવવું. ઘી પીવરાવ્યા પછી એક બે કલાક સુધી પાણી પીવરાવવું નહિ. ત્રણ કલાક પછી અથવા ભૂખ લાગે ત્યારે ભોજન કરાવવું. ભોજનમાં પણ ઘી દૂધ વધારે આપવું. સાંજે એક ગોળી દૂધમાં આપવી. આઠ દિવસ પછી જરૂર પડે તો સવારે બે ગોળી આપવી. થોડા દિવસ નિયમિત રીતે પથ્યપાલનની સાથે આ ગોળીના સેવનથી ઉન્માદરોગ નિશ્ચિત દૂર થાય છે.

પ્રસિદ્ધ છે.× ધાવડી—તીખી, શીતળ, તૂરી, માદક, કડવી, લઘુ તથા ગર્ભસ્થાપક છે; અને રક્તપ્રવાહિકા, પિત્ત, તૃષા, વિસર્પ, વ્રણ, કૃમિ, અતિસાર તથા રક્તદોષનો નાશ કરે છે.× ફૂલ:—સ્વાદુ તથા રૂક્ષ છે અને રક્તપિત્ત, અતિસાર તથા વિષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) ગુમડા ઉપર:—ધાવડીના ફૂલનું ચૂર્ણ જવાસાના તેલમાં ખરલ કરી ચોપડવું; એટલે અગ્નિદગ્ધ વ્રણ, વિસર્પ, કીટવ્રણ, લુતાવ્રણ અને ઘણા દિવસનું દુષ્ટ નાડીવ્રણ મટી જાય છે. (૨) ગર્ભિણીના અતિસાર ઉપર:—ધાવડીનાં ફૂલ, મોચરસ અને ઇંદ્રજવ, એ સર્વ સમભાગે લઈ ચૂર્ણ કરીને બે માસા પાણીમાં આપવું. (૩) બાળકની દંતપીડા ઉપર:—દાંત આવવાની વેળાએ ધાવડીનાં ફૂલ, લીંડીપીપર, આમળાંનો રસ, એમાં મધ નાખી દાંતના નવેલામાં ચોપડવું (૪) પ્રદર ઉપર:—ધાવડીનાં ફૂલનો કાઢો ત્રણ દિવસ પાવો; અથવા ધાવડીનાં પાંદડાંનો રસ શક્તિ પ્રમાણે ચાર તોલા સુધી ખાંડ નાખી પાવો. (૫) વાતપિત્તજ્વર ઉપર:—ધાવડીનાં પાંદડાં અને સુંઠનો કાઢો સાકર નાખી પાવો. (૬) રતવા ઉપર:—કાળી કાવળી(મોટી પીલુડી)ની રાખ અને ધાવડીનાં ફૂલની રાખ મધમાં કાલવી લેપ કરવો. (૭) મણિયારીના વિષ ઉપર:—ધાવડીનાં પાંદડાંનો રસ પાવો અને શરીરે પણ ચોળવો.

૩૧૩ ઘેંડશી—સં॰ ટિંડિશ, ડિંડિશ. મ॰ ઘેડસેં. બં॰ ટેંડશ. હિં॰ ઢેડશી, ઝીંડી, રામતરઇ. લા॰ હિબીસકસ એસકુલેનટસ.

ઘેંડશી ગુજરાતમાં અને દક્ષિણમાં થાય છે. આ વાર્ષિક ફળ શાક છે. ઘેંડશી ઉનાળામાં થાય છે. તેનો રંગ ધોળા કોહોળા જેવો થાય છે. આકૃતિ પપનસ જેવી ગોળ હોઈ શુમારે અર્ધો શેર વજનની હોય છે. એનું શાક કરે છે. ઘેંડશી:—એ વાતુળ, રૂક્ષ, મૂત્રવર્ધક અને પથરીની નાશક છે.

૩૧૪ ધોળી—(મ॰ પાંઢરી.) ધોળીનાં ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. ધોળીનાં પાંદડાં લીમડીનાં જેવાં હોઈ દળવાળાં હોય છે. ધોળીનું લાકડું જાડું અને કઠિન હોય છે. એ લાકડાનો રસ સફેદ-ધોળો હોય છે. ધોળીની લાકડી હાથમાં હોય તો ભૂતબાધા થતી નથી, અને અંગ ઉપર સર્પ ધસી આવતો નથી; એટલા માટે એ લાકડાની લાકડી કરી પાસે રાખવી. ધોળી વેલ કરીને એક ધોળીની જાત છે. એના વેલા થાય છે. એ ધોળીનાં લાકડાં પણ હસ્તિદંત પ્રમાણે મજબૂત હોય છે.

૩૧૫ ધોળી પીલુડીની વેલ—સં॰ કાકમાચી, કાકનાસા. મ॰ થોર શ્વેતકાવળી, થોર કાવળી, પાંઢરી કાવળી. હિં॰ કૌઆડોઢી. બં॰ કેઉયાટુંટી. ક॰ હિરિયકાગેદોંડે. તૈ॰ શ્વેતકાળી, બૈલુમસન્દિચેટ્ટુ, કાકદોંડચેટ્ટુ. લા॰ જીમનેમા સિલ્વેસ્ટ્રા. તૈ॰

થોર શ્વેત કાવળી(પીલુડી)ના વેલાનો વિસ્તાર મોટો હોય છે. એનાં પાંદડાં પીપરનાં પાંદડાં જેવાં હોય છે. એનાં ફૂલ અંદરથી ધોળા રંગનાં હોઇ બહારથી નીલવર્ણ (કાળાશ પર) હોય છે. એને પાંચ પાંખડીઓ હોય છે. આ વેલીનું સર્વ અંગ દૂધાળ હોય છે. આ વેલ ઘણીજ કડવી હોય છે. એને બર્ચી જેવાં ટોંકદાર એક દીંટડાને બબ્બે ફળ આવે છે. એને ત્રણ ધારા હોય છે. કાવળ્યા(કાગડી)ની ચાંચ જેવી એ ફળની ટોંક હોય છે. એથીજ આ વેલાનું કાવળી એવું (મરાઠી) નામ પડેલું છે. એ વેલ ઘણીજ કડવી હોવાથી એના સેવનથી અતિશય ઉલટી થઈ પિત્ત નીકળે છે. એ બહુ તીવ્ર વનસ્પતિ છે. એનો ગુંદ (ચીક) ગુમડા ઉપર ચોપડવાથી તે જલદી બેસી જાય છે.

પીલુડીના વેલા હોય છે. એ વેલાનાં પાંદડાં ત્રિદળ હોઇ તેને કાત્રા હોય છે. વેલાનો રંગ પ્રથમ રાતો હોઈ પછી ધોળો થાય છે. એ વેલો ઘણેક ઠેકાણે વાડ ઉપર થાય છે. પીલુડી રસ વખતે ઉષ્ણ, કડવી, તીખટ, રસાયન, વૃષ્ય, સ્નિગ્ધ, સ્વર્ય, હલ, ધાતુવર્ધક, નેત્ર્ય, રુચિકર, સારક અને લઘુ છે. તે કફ, શૂલ, અર્શ, સોજો, ત્રિદોષ, કોઢ, કંડૂ, કર્ણકીટ, અતિસાર, ઉચકી, ઉલટી, દમ, ઉધરસ, જ્વર, હૃદ્રોગ અને મેહનો નાશ કરે છે. (૧) સુખે પ્રસવ થવા માટે:—પીલુડીનાં મૂળ કેડે બાંધવાં. (૨) પ્રદર ઉપર:—પીલુડીનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી આપવાં. (૩) અવાજ છૂટવા માટે:—પીલુડી અને ધોળી અણોઢીનાં પાંદડાં, ઘોડાવજ અને કોષ્ઠ, એ સમભાગે લઈ

× આને દત્તરામ ચોબાએ ક્ષુપજાતિની વનસ્પતિ અને મ॰ શાલિગ્રામજીએ વૃક્ષ માનેલ છે. ઉપયોગ:—દંતરોગમાં ધાવડીનાં ફૂલ અત્યંત હિતકારી છે. ફૂલ, છાલ-માત્રા ૨ માસા.

સૂકવી ચૂર્ણ કરવું. એ ચૂર્ણમાં થોડી લીંડીપીપરની ભૂકી નાખી મધમાં કાલવી સોપારી જેવડી ગોળી કરવી. આ ગોળી મોઢામાં રાખી રસ ગળી જવો. એના યોગથી અવાજ ખુલશે. (૪) **ઉલટી ઉપર:**—પીલુડીનાં મૂળ અને હિંગ એકત્ર કરી આપવાં. (૫) **અમ્લપિત્ત ઉપર:**—પીલુડીનાં મૂળનો કાઢો અથવા સ્વરસ લઈ, તેમાં થોડી શેકેલી હિંગ નાખી આપવી. (૬) **ધાતુસ્થાનની કડકી ઉપર:**—પીલુડીનાં મૂળ ટંડા પાણીમાં કિંવા ગાયના તાજા દૂધમાં ઘસી તેમાં ખડીસાકરની ભૂકી નાખી શક્તિ પ્રમાણે આપવું. (૭) **ભૂતજ્વર ઉપર:**—પુષ્યાર્કમાં મોટી ધોળી પીલુડીનાં મૂળ લાવવાં અને તે લાલ સૂતરથી હાથે અથવા ગળે અગર તો મસ્તકે બાંધવાં. (૮) **નિદ્રાનાશ દૂર થવા માટે:**—પીલુડીનાં મૂળ સુતરમાં બાંધી પાઘડીના છેડે બાંધવાં એટલે નિદ્રા આવશે.×

૩૧૬ ધોળી ફુળી (શીણવી)—સં૦ પાંડુફળી, ધૂસરી. મ૦ પાટલી, પાંઢરફળી, પુશેરી. હિં૦ પાટલી. ક૦ મણુમંડે. લા૦ ફ્લુજિયા લ્યુકોપાયરસ્.

ધોળી ફળીનાં ઝાડ નાનાં હોય છે. એ ઝાડની ઉંચાઇ શુમારે હાથ–દોઢ હાથ હોય છે. એ ઝાડનો વર્ણ ધોળો હોય છે. એને રાઇ કરતાં મોટાં બીઆં આવે છે. એનો રંગ ધોળો હોય છે. એ બીઆં ઢોરોનો ખોરાક છે. દુષ્કાળમાં લોકો ધોળી ફળીનાં બીઆંનો લોટ કરી ભાખરી બનાવી ખાય છે. ક્ષુદ્ર વનસ્પતિ પણ માણસને કેટલી ઉપયોગી છે, એ આ ઉપરથી સમજાય છે. **ધોળી ફળી:**—મધુર, બલકર, વૃષ્ય તથા શીતળ છે; અને મૂત્રાઘાત, પિત્તરોગ, મૂત્રકૃચ્છ્ર તથા રક્તદોષનો નાશ કરે છે.

૩૧૭ ધોળો ચંપો—સં૦ શ્વેત ચંપક. મ૦ પાંઢરા ચાંપા. બં૦ ચાંપા. હિં૦ ચંપા.

એને મરાઠીમાં "ખડચંપો" પણ કહે છે. આ ઝાડ ઘણાક પ્રાંતોમાં થાય છે. એ ઝાડનાં પાંદડાં લાંબા હોય છે અને તેનાં ફૂલ ધોળાં હોય છે. એ ઝાડ ઘણુંજ મોટું થાય છે. આ ઝાડ ઘણુંજ પોચું છે. આ ચંપાનો રસ એટલો ઉષ્ણ છે કે તે શરીરે લાગવાથી ફોલ્લો થાય છે. જૂના ઝાડને ક્યાંક ક્યાંક શિંગો આવે છે. ચંપાનાં ફૂલનું શાક પણ કરે છે. **ચંપો:**—સારક, કડવો, તીખો, તૂરો તથા ઉષ્ણ છે; અને કોઢ, કંડૂ (ખરજ), વ્રણ, શૂળ, કફ, વાયુ, ઉદર તથા આધ્માનનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **વાયુના યોગે અંગ બહેરૂં થયું હોય તે ઉપર:**—ચંપાનો રસ ચોપડવો અથવા પાંદડાંનો શેક કરવો. (૨) **ગુમડાં વગેરે ગાંઠો બેસી જવા માટે:**—ચંપાના દૂધનો લેપ કરવો. (૩) **સર્પદંશ ઉપર:**—ચંપાની શિંગ ઘસી પાવી. સૂકાયેલી શિંગ પણ ચાલે. માત્ર તે દૂધમાં ઉકાળી રાખેલી હોવી જોઈએ. (૪) **રેચ માટે:**—ચંપાની છાલ કોપરા સાથે ખાવી. ઉતાર—ઘી અને ભાત અથવા ચંપાની છાલનો રસ અને આદાનો રસ એકત્ર કરી પાવો. (૫) **ટાઢીઆ તાવ ઉપર:**—ચંપાની કળીઓ ડીંટાસુદ્ધાં પાનમાં મૂકી ત્રણ બીડાં કરવાં. તાવ આવ્યા પહેલાં એકેક કલાકને અંતરે એક બીડું ખવરાવવું. (૬) **સર્પદંશ ઉપર:**—ચંપાની છાલ અને બીલીની છાલ એકત્ર ખાંડી તેનો રસ અર્ધો શેર સુધી પાવો. બીજાં ઔષધોની સહાયથી વિષો ઉપર એનો સારો ઉપયોગ થાય છે. (૭) **ખસ ઉપર:**—ચંપાનું દૂધ, ચંદનનું તેલ અથવા કોપરાનું તેલ અને કપૂર એકત્ર ખરલ કરી ચોપડવું. (૮) **ટાઢીઆ તાવ ઉપર:**—ચંપાનાં ફૂલનાં

× ધોળી પીલુડી(વેલ)ને મરાઠીમાં પાંદરી કાવળી કહે છે, તેમજ ધોળી ઉપલસરીને પણ પાંઢરી કાવળી કહે છે. બંને વસ્તુઓનાં નામ મળતાં છે, પણ ગુણધર્મ અલગ અલગ છે. ઉપલસરીના વર્ણનમાં શ્રી. પદેજી લખે છે કે "કેટલાક લોકોની ભળતી ગેરસમજ હોઈ તે કાકમાચી–(કાવળી)નેજ ઉપલસરી કહીને વાપરે છે." આવી રીતે સંસ્કૃતમાં પણ બબ્બે પાંચ પાંચ વનસ્પતિઓનાં નામ ઘણી વખત એકજ હોય છે જેથી ભ્રાંતિ થવા સંભવ છે.

પીલુડી વૃક્ષ અને ધોળી પીલુડી વેલનાં સંસ્કૃત નામ મળતાં લખ્યાં છે. બીજી ભાષાઓનાં નામ, ગુણધર્મ અને આકૃતિમાં ભેદ બતાવેલો છે. આ વેલ ઉપરાંત રાતી પીલુડીની વેલનું વર્ણન આગળ નં ૪૮૬માં કરેલ છે.

દીંટડાં કાઢી નાખી તે ફૂલ બીડીમાં ખાવાં અને ટાઢ ચઢ્યાની સંધિમાં પણ ખાવાં. (૯) **ફૂરશાના વિષને લીધે મૂત્રાવરોધ થાય તેને માટે:**—સફેદ ચંપાની છાલ બારીક વાટી ઠીબરામાં શેકવી. પછી સહન થાય તેટલી ગરમ પટી દુંટી નીચે બાંધવી એટલે પેશાબ થશે.

૩૧૮ ધોળો મરવો—(સં૦ મરૂબક. મ૦ મરાવા. હિં૦ મરૂઆ. ક૦ મરગુપત્રી. તે૦ રુદ્રજાઈ-ચીરંગી-શાહસ. ફા૦ મર્જંગુસ. અ૦ મર્જંજુસ. ઈં૦ સ્વીટ માર્જોરાન. લા૦ ઓરીગેનમમાર્જોરાના.

ધોળો મરવો શુમારે વેંતભર ઉંચો વધે છે. કોઇ ઠેકાણે જરા મોટો થાય છે; પરંતુ તેને મોટો થવા દેતા નથી. એનાં પાંદડાં મેથીનાં પાંદડાં જેવાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો સારો આવે છે. **મરવો:**—તીખો, કડવો, ઉષ્ણ, તીક્ષ્ણ, હૃદ્ય, પિત્તકર, રુચિપ્રદ, રૂક્ષ તથા લઘુ છે; અને કૃમિ, કોઢ, મલબદ્ધતા, પેટનું ચઢવું, શૂળ, કફ, રક્તદોષ, વિષ, જ્વર, અગ્નિમાંદ્ય, ત્વગ્દોષ (ખરજ), અરુચિ, વાયુ, દમ, સોજો, હૃદ્રોગ તથા વિંછીના વિષનો નાશ કરે છે. એના શ્વેત અને કૃષ્ણ એવા બે ભેદ છે. તેમાં શ્વેત ઔષધોમાં લેવાય છે. **ઉપયોગ:—(૧) ગરમી ઉપર:**—મરવાનો રસ કાઢી પાવો.

૩૧૯ નગોડ—સં૦ સિંદુવાર, નિર્ગુંડી. મ૦ વ૦ નિર્ગુંડી. કો૦ નિગડ, વણઇ. હિં૦ સમ્હાલુ, મેઉડી. બં૦ નિશિંદા. પં૦ વણા. ક૦ બિળેલોક્કી, બી-લક્કી-નેક્કી. તે૦ તેલ્લા, બાવિલી, તેલ્લવ. તા૦ નોકચી. તુ૦ નેક્કી. મલા૦ ઈંદ્રાણી, બે-નોચી. ફા૦ પરંગુષ્ટ. અ૦ અસલુક, હબુલફુક્કા. ઈં૦ ફાઈવલિવ્ડ ચેસ્ટ ટ્રી. લા૦ વાઇટેક્સ નિગંડો.

નગોડનાં ઝાડ શુમારે દોઢ-બે માથોડાં ઉંચાં વધે છે. એ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. નગોડમાં સાદી અને કાત્રા નગોડ એવા બે ભેદ છે. કાત્રા નગોડનાં ફૂલ લીલા રંગનાં હોય છે અને પાંદડાં કાતરેલા જેવાં હોય છે. સાદી નગોડને પીળા રંગનાં બારીક ફૂલ આવે છે. જે નગોડની બહારની છાલ કાળા રંગની હોય છે અને ફૂલો કાળાં આવે છે તેને "કાળી નગોડ" કહે છે. તે અધિક ગુણવાળી છે. નગોડ વાતનાશક છે. સાદી નગોડ કરતાં કાત્રા નગોડ વધારે ગરમ છે. જંગલી નગોડના ઝાડને મરાઠીમાં "વણઇ" કહે છે. **ધોળા ફૂલની નગોડ:**—તીખી, કડવી, રૂક્ષ, ઉષ્ણ, તૂરી, સ્મૃતિપ્રદ, નેત્રોને હિતકારક, કેશોને હિતકર, લઘુ, અગ્નિદીપક, મેધાકારક તથા વર્ણકર છે; અને ગુદવાત, ક્ષય, સંધિવાત, વાત, સોજો, આમ, કૃમિ, કોઢ, કફ, વ્રણ, પ્લીહા, ગુલ્મ, કંઠરોગ, વિષ, શૂળ, અરુચિ, તાવ, મેદોરોગ, ગૃધ્રસીવાયુ, સળેખમ, ઉધરસ, દમ તથા પિત્તનો નાશ કરે છે. નગોડનાં પાંદડાં લઘુ અને કૃમિનાશક છે. **કાળી નગોડ:**—કડવી, રૂક્ષ, ઉષ્ણ અને તીખી છે; તથા આધ્માન-વાયુ, પ્રદર, ઉધરસ, સોજો, કફ તથા વાયુનો નાશ કરે છે. **કાત્રા નગોડ:**—પથ્યકર, વર્ણકારક અને પિત્ત, તાવ, વિષ તથા ગૃધ્રસી વાયુની નાશક છે. એનાં **પાંદડાં:**—તીખાં, અગ્નિદીપક, લઘુ અને કૃમિ, કફ તથા વાયુનો નાશ કરે છે.* એનાં **ફૂલ:**—તીખાં ઉષ્ણ તથા કડવાં છે; અને કૃમિ, કફ, વાયુ, પ્લીહા, ગુલ્મવાયુ, કોઢ, સોજો, અરુચિ તથા ખરજનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પેટમાં વાયુનો સંચય થયો હોય તે ઉપર:**—સાદી નગોડનાં પાંદડાંનો અંગરસ ૭ માસા, ઘી ૭ માસા અને મરીની ભૂકી ૪ ગુંજા એકત્ર કરી આપવું અથવા નગોડનાં કુમળાં પાંદડાં ચાવી રસ ગળી જવો. **(૨) વાયુએ કરી અંગ અકડાઈ જાય છે તે ઉપર તથા સંધિવાત ઉપર:**—નગોડનાં પાંદડાં અને વાયવરણાનાં પાંદડાં કિંવા સરગવાની છાલ એકડી કચરી

---

* નગોડના ઝાડની દરેક ડાળીમાં લાંબાં અને પાતળાં ત્રણ ત્રણ અથવા પાંચ પાંચ પાંદડાં હોય છે. ફળ આંબાના મોરની માફક ગુચ્છાદાર અને જાંબુડીઆ રંગનાં હોય છે. નગોડના બીજને કેટલાક વૈદ્ય રેણુકબીજ કહે છે. બન્ને પ્રકારની નગોડમાં ધોળી નગોડનાં પાંદડાં લીમડાનાં પાંદડાંથી કાંઇક પહોળાં અને કાંગરાવાળાં તથા અણીદાર હોય છે. કાળી નગોડને નિર્ગુંડી કહે છે. એનાં પાંદડાં તુવેરનાં પાંદડાંના સમાન અને મખમલની માફક બહુજ નરમ અને સુંવાળાં હોય છે. પુસ્તક અથવા લૂગડામાં રાખવાથી તેમાં જીવ (કુંથો, કસારી આદિ) પડતા નથી. એની માત્રા ૨ માસાની છે. આ સિવાય એમાં એક વન નગોડ નામે ત્રીજી જાત પણ છે.

ચોટલી બાંધવી અને તવા ઉપર ગરમ કરી કેટલીક વાર શેકવું. પછી તેનોજ પાટો બાંધવો. **(૩) પ્લીહોદર ઉપર:**—સાદી નગોડનો રસ ૨ તોલા અને ગોમૂત્ર ૨ તોલા એકત્ર કરી દરરોજ સવારે એક વાર એ પ્રમાણે સાત દિવસ આપવું. પથ્ય—દૂધભાત ખાવાં. આઠમે દિવસે કાંજીમાં નવટાંક ઘી નાખી પાવું. **(૪) વાયુથી પેટ ચઢવું, શરીરમાં સણકા થવા અને જડત્વ આવવું એ ઉપર:**—કાત્રા નગોડ, ભાંગરો અને કાળી તુળસીનો રસ કાઢવો તથા સ્વચ્છ અજમો લઇ તેને એ રસની સાત, ચૌદ કિંવા એકવીસ ભાવનાઓ આપી સૂકવી રાખવો. આ અજમો દરેક વખત ૬ માસા સુધી ગરમ પાણી સાથે ગળવો, ચાવવો નહિ. **(૫) સોજો અને ગાંઠ ઉપર:**—નગોડના પાલાનો બાફ આપી તે બાંધવો. **(૬) દુષ્ટ વ્રણ, નાસુર અને ભગંદર ઉપર:**—નગોડનાં પાંદડાંનો કલ્ક અને રસ એમાં તેલ સિદ્ધ કરી ચોપડવું.

૩૨૦ નરાંબા—એ ઝાડ મોટાં થાય છે. એ ઝાડનાં પાંદડાં કાંઇક નાણાનાં પાંદડાં જેવાં થાય છે. એ ઝાડ ઉપર ગોળાકૃતિ ફળના ગુચ્છા આવે છે. નરાંબાનું લાકડું ઇમારતના કામમાં ઘણું ઉપયોગી છે. રાખેલા જંગલમાં આ ઝાડ ઘણાં હોય છે. **ઉપયોગ:—(૧) બદ પાકવાને માટે:**—નરાંબાનાં કુમળાં પાંદડાં અર્ધો ભાગ અને જૂનાં પાંદડાં અર્ધો ભાગ લઇ એકત્ર કરી બારીક વાટવાં. પછી તેનો ગોળો કરી ગાંઠ ઉપર બાંધવો; અને તેજ પાંદડાંનો ૨ તોલાસુધી અંગરસ કાઢી પાવો. આ ઔષધ ગરમી છાંટી કાઢનાર ઉત્તમ છે.

૩૨૧ નસોતર—સં૦ નિશોત્તર, ત્રિવૃત્. મ૦ તેડ. હિં૦ નિશોથ, પનીલા. બં૦ તેઉડી. ક૦ બીળેતિગડે, નાગદંતી. તૈ૦ તેલ્લા તેગડા. તા૦ ચિવડે, શિવદઇ. મલા૦ ગો૦ તીગડે. અ૦ તુરબુદ. ઈં૦ ટરબીથરૂટ. લા૦ આય પોમિયાટરપીથમ્. ફા૦ નિસોથ.

નસોતરના વેલા હોય છે. એમાં ધોળી, કાળી અને રાતી, એવી ત્રણ જાત છે; અને તે ફૂલ ઉપરથી થયેલી છે. આ વનસ્પતિ બહુ રેચક છે. ધોળી કરતાં કાળી અધિક તીવ્ર છે. આ વનસ્પતિનાં મૂળને નસોતર કહે છે. **ધોળું નસોતર:**—મધુર, રૂક્ષ, તૂરૂં, સ્વાદુ, રેચક, ઉષ્ણ, પાકકાળે તીખું તથા વાતકારક છે; અને કફ, પિત્ત, તાવ, પ્લીહા, વ્રણ, પાંડુરોગ, શોફોદર, પિત્તોદર તથા પિત્તજ્વરનો નાશ કરે છે. **કાળું નસોતર:**—તીખું, કડવું, ઉષ્ણ તથા રેચન વિષે પ્રશસ્ત છે; અને મૂર્ચ્છા, દાહ, મદ, ભ્રાંતિ, કોઢ, કંડૂ, કફ, વ્રણ, કંઠરોગ તથા કૃમિનો નાશ કરે છે. એ ધોળા નસોતર કરતાં ઓછા ગુણવાળું છે. **રાતું નસોતર:**—મધુર, રૂક્ષ, વાતકારક, તૂરૂં, રસકાળે કડવું, તીખું, ઉષ્ણ, રેચક, હિતકારક તથા મલસ્તંભક છે; અને સંગ્રહણી, કફોદર, સોજો, પાંડુરોગ, કૃમિ, પ્લીહા, તાવ, પિત્ત, કફ, વાતરક્ત, ઉદાવર્ત તથા હૃદ્રાગનો નાશ કરે છે.× **ઉપયોગ:—(૧) જૂ મરવા માટે:**—ધોળું નસોતર કાંજીમાં વાટી ચોપડવું. **(૨) પથરી ઉપર:**—નસોતર અને ઇંદ્રજવનું ચૂર્ણ દૂધમાં આપવું. **(૩) રેચને માટે:**—નસોતરનું ચૂર્ણ શક્તિ પ્રમાણે ગરમ પાણીમાં નાખી પાવું; અને પિત્ત પ્રધાન હોય તો દ્રાક્ષના કાઢામાં પાવું. **(૪)ભસ્મકરોગ ઉપર:**—દૂધમાં પાવું. **(૫) વિદ્રધિ રોગ એટલે ગુમડાં થાય છે તે ઉપર:**—ત્રિફળાંના કાઢામાં નસોતર નાખી પાવું. **(૬) પિત્તગુલ્મ ઉપર:**—નસોતર અને ત્રિફળાંનો કાઢો પાવો.

૩૨૨ નળ—સં૦ દેવનલ, નલ. બં૦ નલ. મ૦ દેવનળ. હિં૦ નરસલ. કચ્છી૦ આંચી. ક૦ દેવનાલ, ઉચ્ચગોળિવે. તૈ૦ બુંગુએડુરૂ. ઇં૦ ઇંડિયન ટૅાબેકો. લા૦ લોબીલિયા—નીકોટીઆનીફોલીઆ.

નળના બરૂના જેવા બેટા થાય છે અને બરૂની માફકજ એની સોટીમાં પોલ હોઇ ગાંઠો હોય છે. એનાં પાંદડાં વાંસનાં પાંદડાં જેવાં હોય છે. એનો નળીઓ કરવામાં ઉપયોગ થાય છે. **નળ:**—શીતળ, રુચ્ય, તૂરી, મધુર, વીર્યવર્ધક, કડવી, દીપન તથા મૂત્રશોધક છે; અને વિસર્પ, મૂત્રકૃચ્છ્ર, દાહ, રક્તદોષ, પિત્ત, કફ, હૃદ્રોગ, બસ્તિશૂળ, યોનિરોગ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અંડ ઉતરી ગયો હોય તો:**—નાળીએરના અંગરસમાં નળનાં મૂળ પૈસાભાર ઘસી

× એની વેલ ત્રણધારી હોય છે. એને ચાર ચાર કાળાં બીજ હોય છે. ઉપયોગમાં એના વેલાનું લાકડું લેવાય છે. ધોળાની માત્રા ૨ થી ૪।। માસા, કાળાની ૧ થી ૩ માસા અને રાતા નગોડની ૩ થી ૬ માસાની ગણાય છે.

પાવાં અને કાનમાં જુવારની સળી દિવસ ૧૪ ઘાલી રાખવી. (૨) **મૂત્રાઘાત ઉપર:**—નળનાં મૂળ, ડાભનાં મૂળ, કાસનાં મૂળ અને શેરડીનાં મૂળ, એ સર્વ સમભાગે લઇ અષ્ટમાંશ કાઢો કરી ઠંડો થયા પછી તેમાં સાકર નાખી પાવો. (૩) **કંઠસર્પ ઉપર:**—નળના તોરા ચલમમાં નાખી પીવા.

૩૨૩ નાઉળ (નાની નોળવેલ)—સં૦ નાકૂલી. મ૦ મુંગુસકાંદા, નાઉળ. હિં૦ ચંદ્રા, નકૂલકંદ. ક૦ વિષમુંગરી. લા૦ રાઉઓલ્ફીઆ સરપેન્ટિના. કો૦ નાવઢીચા વેલ.

નાઉળના વેલા હોય છે. એ ચોમાસામાં ઉગે છે. એનાં પાંદડાંને અણીઓ હોય છે. પાંદડાંની નીચેની બાજુએ કુસો (પુમ) હોય છે. નાઉળનાં પાંદડાંનું શાક કરે છે. એ શાક ઠંડુ અને પથ્યકર છે. ગરમીવાળા માણસને એ શાક પથ્યકર છે. ઉપયોગ:—(૧) **મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાત ઉપર:**—નાઉળનાં પાંદડાંનો રસ સાકર નાખી પાવો. (૨) **આંખો આવે છે તે ઉપર:**—નાઉળનાં પાંદડાંનો અંગરસ અને લિંબુનો રસ, એ એકેક ભાગ, અફીણ અડધો ભાગ, મમીરા* પા ભાગ, એ સર્વ એકત્ર કરી તેનો સારો ખરલ કરી આંખો ઉપર લેપ કરવો. (૩) **ઉપદંશ ઉપર:**—નાઉળનાં પાંદડાંનો રસ દૂધ અને સાકર સાથે ૨ વખત આપવો.

૩૨૪ નાકછીંકણી—સં૦ છિક્કીકાની, છિક્કીપત્રા. મ૦ નાકશિંકણી, ભૂતાકેશી. ક૦ ભૂતાકેશી. બં૦ હેંચેતા. હિં૦ નાકછિકની. ઇં૦ ઇલીઓડેન્ડ્રાનગ્લાકમ.)

એને મરાઠીમાં "ભૂતાકેશી" પણ કહે છે. એનાં નાનાં નાનાં ઝુમખાં હોય છે. એ કોંકણમાં અને બીજે સ્થળે પણ ઘણી થાય છે. **નાકછીંકણી:**—તીખી, રુચિકર, પિત્તલ, અગ્નિદીપક, લઘુ, ઉષ્ણ, તૂરી તથા ઉગ્રગંધા છે; અને ત્વગ્દોષ, કફ, વાયુ, શ્વેતકુષ્ઠ, કૃમિરોગ, રક્તવિકાર, ગ્રહપીડા, ભૂતબાધા તથા દૃષ્ટિરોગનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **ચઢેલું માથું ઉતારવા માટે:**—નાકછીંકણીના પાલાનો અથવા બીઆંનો રસ નાકમાં કિંચિત્ પાડવો, કિંવા બી સુંઘવાં; એટલે છીંકો આવી મસ્તક ઉતરે છે. ઉતાર—નાકમાં ઘી નાખવું. (૨) **સ્ત્રીઓના નષ્ટ પુષ્પ ઉપર:**—નાકછીંકણીનાં પાંદડાંનું ચૂર્ણ સાકર નાખી ૭ દિવસ આપવું. તેજ પાંદડાં તેલમાં ખરલ કરી તેની ગોળી કરી ઋતુસમયે ત્રણ દિવસ સુધી યોનિમાં રાખવી. (૩) **ગુલ્મ અને રૂક્ષવાત ઉપર:**—નાકછીંકણીના ઝાડનો કાઢો આપવો. (૪) **દંતશૂળ ઉપર:**—નાકછીંકણીનાં પાંદડાં વાટી દાંત નીચે રાખવાં.

૩૨૫ નાગકેસર—સં૦ મ૦ હિં૦ ક૦ તૈ૦ નાગકેસ—શ—ર. અ૦ નારમુષ્ક. લા૦ ઑક્રોકાર્પસ લૉંગીફોલિયમ.

નાગકેસરનાં ઝાડ થાય છે.× એમાં કાળી અને રાતી એવી બે જાત છે. લાલ જાતને લઘુ

---

* મમીરાને સંસ્કૃતમાં નેત્રદા, નેત્રજનની, ચક્ષુષ્યા, નેત્રરોગહા કહે છે. આ એક જડી છે. ચીનદેશમાં એની ઉત્પત્તિ થાય છે. એને ચીની મમીરો કહે છે. એ જમીનમાં પાણી હોય ત્યાંસુધી ઉંડો પ્રકટ થાય છે. એનાં નાનાં નાનાં રૂખડાં, નાની નાની ડાળીઓ અને સોટીઓવાળા ક્ષુપ થાય છે. એની જડ ઘણીજ ગાંઠાવાળી હોય છે. એ ગાંઠ હળદરના જેવી હોય છે, પણ હળદરની ગાંઠથી કાંઇક નાની અને ઘણી પીળી હોય છે. કોઇ કોઇ વૈદ્ય આને વનહળદરનો ભેદ માને છે. એનાં બીજ તલના જેવાં હોય છે. આ મમીરાના ગુણ હકીમતના (તીબ્બના) ગ્રંથોમાં ઘણાજ કહેલ છે. નેત્રરોગમાં એનો ઉપયોગ ઘણો છે. આ મમીરાનો પ્રયોગ જન્માંધ્યને દૂર કરે છે. વધારે શું કહીએ ? ઘણાક લોકો મમીરાના નામથી માણસોને ઠગે છે. એની પરીક્ષા એવી રીતે થાય છે કે, નીલા (ગળીના) રંગના લુગડાને ઘસવાથી તે સફેદ થઈ જાય છે.

કેટલાક કહે છે કે, આ વનસ્પતિ રાત્રે દીવાની માફક પ્રકાશ આપે છે અને એથી એ રાત્રે ઓળખાય છે; પણ દિવસે ઓળખાતી નથી. ઇશ્વર જાણે. આ વાત સંભવિત જણાતી નથી.

× મ૦ શાલિગ્રામજી લખે છે કે:—"ઉંડણના વૃક્ષના કેસરને અને નાગચંપાની કળીને નાગકેસર કહે છે. એની એ બે જાતો છે. તે ગોવા અને કોંકણ તરફ થાય છે." આ બન્ને વૃક્ષોનું જુદું જુદું વર્ણન આ ગ્રંથમાં આપેલ છે.

હિંદુસ્તાની વૈદ્ય—નાગકેસરનાં સુકાયેલ ફૂલ ઘીમાં મેળવી ચોપડવાથી દુઃખતા હરસ તથા

નાગકેસર કહે છે. નાગકેસર એ લવંગ જેવડું હોય છે. કાળું નાગકેસર ઠંડા ગુણવાળું છે; અને એનો મસાલામાં ઉપયોગ થાય છે. રાતું નાગકેસર ઉષ્ણ ગુણવાળું છે. **નાગકેસરઃ**—કડવું, તુરૂં, આમપાચક, કિંચિત્ ઉષ્ણ, લઘુ તથા રૂક્ષ છે; અને પિત્ત, ઉલટી, કફ, ખુડવાત, રક્તરોગ, વાઊ, ખરજ, હૃદયવ્યથા, સ્વેદ, દુર્ગંધ, વિષ, તૃષા, કોઢ, વિસર્પ, બસ્તિપીડા, વાતરક્ત, કંઠરોગ અને મસ્તકશૂળનો નાશ કરે છે.ઉપયોગઃ—(૧) **બાળકના રક્તમૂળ-વ્યાધિ ઉપરઃ**—નાગકેસર અને માખણ આપવું. (૨) **સોમરોગ એટલે જલપ્રદર ઉપરઃ**—નાગકેસર છાશમાં વાટી ત્રણ દિવસ ખાવું અને તે ઉપર છાશ અને ભાત ખાવો. (૩) **આમાંશ (મરડો) અને બાળકની રક્તસંગ્રહણી ઉપરઃ**—નાગકેસરની ભૂકી રાત્રે છાશમાં પલાળી રાખી સવારે ગોળી કરી આપવી. એજ ક્રમ પ્રમાણે સાંજે પણ ૩ દિવસ સુધી આપવી. (૪) **રક્તપ્રમેહ ઉપરઃ**—નાગકેસર અને ચણકબોબા એ ત્રણ ત્રણ માસા લઇ અષ્ટમાંશ કાઢો કરી તે ઠંડો થયા પછી પાવો. (૫) **ગર્ભધારણ માટેઃ**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં નાખી આપવું. (૬) **રક્તસ્રાવ ઉપરઃ**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં આપવું. (૭) **પ્રદર ઉપરઃ**—નાગકેસરનું ચૂર્ણ ઘીમાં પલાળી રાખવું અને રોજ સવારે અને સાંજે સોપારી જેવડી ગોળી કરી આપવી; એટલે રકતપ્રદરનો જલદી નાશ થાય છે. (૮) **સ્વરભંગ ઉપરઃ**—નાગકેસર, એલચી અને સાકર, એ મોઢામાં રાખવું. (૯) **અતિશય પરસેવો આવતો હોય તે ઉપરઃ**—નાગકેસરનું ચૂર્ણ કરી તે આપવું.

૩૨૬ **નાગચંપો**—સં૦ બં૦ નાગચંપક. મ૦ નાગચાંફા. હિં૦ નાગચંપા. ક૦ નાગચંપકે-સંપીગે. તા૦ નાગેશુર, નાગેપુ. તૈ૦ નાગકેસરમુ. મલા૦ નાગચંપક. તુ૦ નાગસંપે. ઇં૦ મેસ્યુઆ-ફેરિયા. લા૦ આર્ટેબોટ્રિસ ઓડોરેટિસિમા.

નાગચંપાનાં ઝાડ કોંકણ અને કર્ણાટક પ્રાંતમાં થાય છે. આ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં મોટાં તથા લાકડું મજબૂત હોય છે. એને સાત-આઠ વર્ષે ફૂલ આવે છે. એનાં ફૂલ દેખાવે સુંદર, મધુર વાસવાળાં અને મનને સંતોષ આપનારાં હોય છે. એ ફૂલ હથેળી જેવડાં હોય છે. એ ફૂલ સૂકવી રાખી મૂકે છે; ફૂલની આકૃતિ નાગની ફેણ જેવી હોય છે. માટે આ ઝાડનું નામ નાગ-ચંપો પાડેલું છે. નાગદમની જેવું બીજું એક નાનું ઝાડ થાય છે; તેને પણ નાગચંપો કહે છે. એને પીળા રંગનાં ફૂલો આવે છે અને તે નાગની ફણીની માફક વાંકડાં હોય છે. **નાગચંપોઃ**—વર્ણ્ય, ઉષ્ણ, તીખો, વ્રણરોપણ તથા ચક્ષુષ્ય છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. બીજી વસ્તુના સંયોગે અગ્નિસ્તંભક છે. ઉપયોગઃ—(૧) **વિષમ જ્વર ઉપરઃ**—નાગચંપાની છાલનો કાઢો કરી પાવો. (૨) **મૂળવ્યાધિ ઉપરઃ**—નાગચંપાનાં ફૂલની ધૂણી કરવી. (૩) **ખરજ, ખસ અને ફોલ્લા વગેરે ઉપરઃ**—નાગચંપાનાં બી કોપરેલમાં ઘસી લેપ કરવો. (૪) **સસણી (વરાધ) ઉપરઃ**—નાગચંપાનાં પાંદડાંનો રસ પાવો. (૫) **કઠણ ગાંઠો પાકવા માટેઃ**—નાગચંપાનાં મૂળ ઘસી ચોપડવાં.

૩૨૭ **નાગછત્ર**—સં૦ બં૦ નાગદંતી. હિં૦ નાગાલી. મ૦ નાગાળી, પેંવે. ક૦ નાગદાળી.

એને "નાગોળી" એમ પણ મહારાષ્ટ્ર ભાષામાં કહે છે. એ નાગછત્રનાં ઝાડ મોટાં એટલે શેરડી જેવડાં અને આબેહૂબ શેરડી જેવાં દેખાય છે. પાંદડાં કેળ જેવાં હોય છે. કળલાવીના જેવો નાગછત્રનો કંદ હોય છે. એકાદું નાગછત્ર શેરડીના જેવું કાંઇક મીઠું લાગે છે. તે કોઈ કોઇ ખાય છે. નાગછત્ર એ તીખું, રૂક્ષ, રુચિકર, તીક્ષ્ણ તથા ઉષ્ણ છે; અને વાત, કફ, પિત્ત, ગુલ્મ, શૂળ, ઉદર, યોનિદોષ, વિષ, ઉલટી, કંઠદોષ તથા કૃમિનો નાશ કરે છે. (૧) **કૃમિ ઉપરઃ**—શેરડી પ્રમાણે નાગછત્ર ચાવી તેનો રસ પાવો.

૩૨૮ **નાગદમની (ઝીપટો)**—સં૦ ક૦ નાગદમની. મ૦ નાગદવણ. હિં૦ નાગદૌન-દમન. બં૦ નાગદના. તા૦ માચીપત્રી. ને૦ તિતાપાત. લા૦ આર્ટિમિશિયા, વલગેરિસ. તૈ૦ ઇશ્વરી ચેટ્ટુ,દરણમુ.

પગનાં તળીઆંમાં થનાર બળતરા દૂર થવાનું જણાવે છે; તથા વૃક્ષની છાલ અને જડને પાણીમાં ભીંજવી તે પાણી પીવાથી પાચનશક્તિ વધારે છે; અને બીજને પીલીને કાઢેલું તેલ સંધિવા ઉપર ચોપડવાનું કહે છે.

નાગદમનીનાં ઝાડ અનનસના ઝાડ જેવાં થાય છે. નાગદમનીનાં પાંદડાં એક વેંત જેટલી પહોળાઈનાં તથા રંગે ધોળાં હોય છે. એ ઝાડના મધ્ય ભાગે ત્રણ હાથલંબાઈનો એક દાંડો આવે છે અને તે ઉપર લાંબાં અને ધોળાં ફૂલ આવે છે. એ ફૂલમાં લસણની કળી જેવાં લાંબાં બીઆં હોય છે. **નાગદમની:**—ઉષ્ણ, અતિ કડવી, લઘુ, રુચિકર, કોષ્ઠશુદ્ધિકર, તીક્ષ્ણ તથા તીખી છે: અને યોનિદોષ, લૂતા તથા સર્પનું વિષ, વાયુ, કફ, ઉલટી, કૃમિ, વ્રણ, મૂત્રકૃચ્છ, ઉદર, ત્રિદોષ, પ્રમેહ, ઉધરસ, કંઠરોગ, શૂળ, ગુલ્મ, રક્તદોષ, તાવ, સર્વ પ્રકારનાં વિષ, આધ્માન અને ગ્રહપીડાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **સર્વ પ્રકારના વિષ ઉપર:**—નાગદમનીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં; એટલે ઉલટી થઈ વિષ ઉતરી જાય છે. (૨) **વાળા ઉપર:**—નાગદમનીનાં પાંદડાં તેલ ચોપડી શેકી ૩ થી ૭ દિવસ વાળા ઉપર બાંધવાં. (૩) **દાદર ઉપર:**—નાગદમનીનાં પાંદડાંના રસમાં મીઠું નાખી ગરમીમાં મૂકી પછી ત્રણ દિવસ લેપ કરવો. (૪) **સ્ત્રીઓની કંમરે કળતર થાય છે તે ઉપર:**—નાગદમનીનાં પાંદડાંને ગોળ લગાવી તે પાંદડાં કંમરે બાંધવાં. (૫) **નાના બાળકના કફવિકાર અને વરાધ ઉપર:**—નાગદમનીનાં પાંદડાં ગરમ કરી રસ કાઢી મધમાં નાખી પાવાં; એટલે ઉલટી થઇ કફવિકાર દૂર થાય છે.

૩૨૯ **નાગફણી**—સં૦ સર્પિણી. મ૦ નાગફણી. બં૦ સર્પકંકાલી. હિં૦ ક૦ તે૦ સર્પિણી.

એના અંગ ઉપર સર્પના અંગ જેવા લીસોટા હોય છે. એ છોડ નાના થાય છે અને નાગની ફણી જેવો એ ઝાડના ઉપરના છેડાનો આકાર હોય છે. **નાગફણી:**—વિષનાશક અને સ્તનમાં દૂધ વધારનારી છે. ઉપયોગ:—(૧) **સર્પના વિષ ઉપર:**—નાગફણીનાં પાંદડાંનો રસ પાવો અથવા મૂળ ઘસી પાવાં. (૨) **ઉંદરના વિષ ઉપર:**—નાગફણીનાં ઝાડનાં મૂળ ગાયના દૂધમાં ઘસી નિત્ય બે વખત પ્રમાણે ૭ દિવસ સુધી આપવાં. પથ્ય–મીઠું ખાવું નહિ.

૩૩૦ **નાગરવેલ**—સં૦ નાગવલ્લી. મ૦ નાગ–પાનવેલ. હિં૦ નાગરવેલ. ક૦ યલીબળી. તૈ૦ તામલપાકુ. તા૦ તાંબુલી. તુ૦ બચ્ચિરે. મલા૦ વેત્તિલા. ફા૦ બર્ગતંબોલ. અ૦ કાન. ઈં૦ બિટલ લીફ. લા૦ પાઇપરબિટલ.

નાગરવેલનાં પાન સર્વત્ર પ્રસિદ્ધ છે. ફક્ત હિંદુસ્તાનમાંજ ખાવાનાં પાનની ઉત્પત્તિ છે. ખાવાનાં પાનમાં ‘કાળાં પાન’ અને ‘ડીંટાં પાન’ એવી બે જાત છે. કાળાં પાન ચરચરીત અને ઘણાં ગરમ છે. રેચ આપવામાં એનો ઉપયોગ થાય છે. ડીંટાં પાન કે જે કપુરી કહેવાય છે, તે મૃદુ અને સૌમ્ય છે. રામટેક પાસે પાન ઘણાં ઉત્તમ થાય છે. એ પાન ઘણા દિવસ રહે તોપણ સુકાતાં નથી. લીલાં પાન કરતાં પાકેલાં પાન ખાવામાં સારાં તેમજ ગુણવાળાં પણ વધારે છે. પાનનો પ્રચાર સર્વત્ર છે, એટલે તે વિષે વિશેષ કહેવાનું કારણ નથી. **તાંબુલ**(પાન):—એ વીર્યવૃદ્ધિકર, કામોદ્દીપક, રુચિકર અને કાંતિકર છે. તાંબુલના અતિ સેવનથી પિત્ત, દંતદૌર્બલ્ય, નેત્રરોગ, બલક્ષય અને મુખરોગ ઉત્પન્ન થાય છે. ગર્ભિણી અને બાળકને પાન આપવું નહિ. પાન ખાવું તે સ્નાન કર્યા પહેલાં અને જમવાની સાથે લાગલુંજ ખાવું નહિ. બે ઘડી પછી ખાવું, એટલે તે હિતકર છે. **નાગરવેલ:**—તીખી, તીક્ષ્ણ, રુચિકર, કડવી, અગ્નિદીપક, દાહકારક, કામોદ્દીપક, સારક, ઉષ્ણ, તૂરી, ખારી, વિષદ, વશ્યકારક, રક્તપિત્તકારક, બલકર, લઘુ, રૂક્ષ, સ્વરપ્રદ, મુખશુદ્ધિકારક, મુખને શોભાવનારી તથા સ્રંસિની છે; અને પીનસ, ઉધરસ, કફ, વાત, શ્રમ, કૃમિ, વાતરક્ત, ભ્રમ, ક્લેદ (પરસેવો) તથા કંડૂ(ખરજ)નો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **સર્પદંશ ઉપર:**—નાગરવેલનાં મૂળ પાનમાં ઘાલી ખાવાં એટલે ઉલટી થઈ વિષ ઉતરે છે. પ્રથમ પાનથી ઉલટી ન થાય તો બે ત્રણ ખાવાં એટલે ઉલટી થશે. (૨) **નળ ફૂલ્યા હોય તે ઉપર:**—ખાવાનાં પાકેલાં પાન અને સરગવાની છાલનો ભેગો રસ કાઢી ૩ દિવસ પાવો. (૩) **ઝેરકોચલાના વિષ ઉપર:**—કાળી નાગરવેલનાં પાનનાં ડીટાંનો રસ પાશેર સુધી ૩ દિવસ પાવો. (૪) **પારો અંગે ફુટી નીકળ્યો હોય તે ઉપર:**—નાગરવેલનો, ભાંગરાનો તથા તુળસીનો રસ અને બકરીનું દૂધ એ સર્વ આખા અંગે બે પહોર સુધી મર્દન કરવું; અને પછી ઠંડા પાણી વડે ૩ દિવસ સ્નાન કરવું. (૫) **કોલ્હાના (શિયાળના) વિષ ઉપર:**—નાગરવેલનાં મૂળ પાણીમાં બારીક વાટી પાવાં એટલે

ઢીલી થઈ વિષ ઉતરે છે. (૬) શરદીથી થયેલી ઉધરસ ઉપર:—નાગરવેલની શિંગોનું ચૂર્ણ મધમાં આપવું.

૩૩૧ નાગલા દુધેલી (ચમારદુધેલી-દુધી)—સં૦ ફલકંટકા, ઇંદીવરા. મ૦ ઉતરણી, ઉતરંડ. હિં૦ ઉતરણ. ક૦ કુરીટગે, કુંટગ, તલવાર નબળી, યુગુરસુ-તુબળી, હાલકોરેટિગા. તા૦ વેલિપારૂત્તિ, ઉત્તમની. તૈ૦ ગુરટિચેટ્ટુ, જસ્તુપુ. મલા૦ વેલિપારૂત્તિ. ઇં૦ હેઅરિફ્લાવર્ડ સિનાનકમ. લા૦ ડેમિઆએકસટેંસા.

આ વેલાને "ઉતરણ" એમ પણ કહે છે. દુધેલીનો વેલો વર્ષો સુધી રહે છે. એ વાડ ઉપર કે ઝાડ ઉપર ચડેલો હોય છે. એ વેલાની ડાળી કલમ કરી જમીનમાં ઉભી પૂરવાથી તેને મૂળો ફૂટી વેલો લાગુ થાય છે. દુધેલીનો વેલો પ્રસિદ્ધ છે. જે વેલા ઉંચા થઇ ડાબી બાજુએ ફરી વૃક્ષ ઇત્યાદિ ઉપર ચડે છે તે વર્ષભર ટકે છે. અને જે જમણી બાજુએ ચઢે છે તે કંઇક વર્ષો સુધી ટકે છે.* આ યુક્તિ પરમેશ્વરે વેલામાં મોટી ચતુરાઇથી રાખેલી છે. એને બબ્બે ફળો આવે છે. તેનો આકાર પોપટ જેવો હોય છે. એ ફળમાં રેશમ જેવું રૂ હોય છે. **નાગલા દુધેલી:**—તીખી, શ્વેત, આંખોને હિતાવહ, લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ, સારક, તૂરી અને વ્રણરોપણ છે; તથા ઉધરસ, વ્રણ, કૃમિ, દમ, જ્વર, પિત્ત, પ્રમેહ, કફ, કુષ્ઠ, પ્રલાપ, વાયુ, તંદ્રા, દરાજ, ક્ષય, કાસ, મૂત્રકૃચ્છ્ર, યોનિરોગ અને સૂજનો નાશ કરે છે તથા સુખે પ્રસવ કરનારી છે. **એનું શાક:**—ઉષ્ણવીર્ય અને કડવું છે. એ કૃમિ, અર્શ, કુષ્ઠ અને કફવાતનો નાશ કરે છે. **એનાં ફળ:**—ખારાં. કડવાં, ઉષ્ણ, તીખાં, લઘુ, અગ્નિદીપક, પિત્તકોપન, વિશદ તથા વિષનાશક છે. ઉપયોગ:—**(૧) વિષમજ્વર ઉપર:**—દુધેલીનાં મૂળ અને હરડેનું ચૂર્ણ સાકર કિંવા ગોળ નાખી ગરમ પાણીમાં પાવું. એ પાચક અને રેચક છે. **(૨) કાનમાં બગાઈ ગયા ઉપર:**—દુધેલીનાં પાંદડાંનો રસ કાનમાં ત્રણ દિવસ નાખવો એટલે બગાઈ મરશે. (૩) **ગુમડું વગેરે પાકી ફુટવાને માટે:**—દુધેલીનાં પાંદડાં વાટી બાંધવાં. **(૪) જળવાત (તજાગરમી) અને કુષ્ઠ (કોઢ)** ઉપર:—દુધેલીનું દૂધ ચોપડવું. (૫) **કર્ણોદર માટે:**—દુધેલીનાં પાંદડાંનો રસ કાનમાં રેડવો. **(૬) હુક (ચસકા, શૂળ) આવે છે તેને માટે:**—દુધેલીનાં પાંદડાંનો રસ ચોળવો. ×

૩૩૨ નાગલી—સં૦ નર્તકા, બહુદલ. મ૦ નાચણી. કો૦ નાગલી. હિં૦ નાચની. ક૦ તુ૦ રાગી, તાબીડેલ્લું, ચોલ. તા૦ ઇરાગી. મલા૦ કોરા, મટ્ટારી. ફા૦ નંડવા. ઇં૦ ક્રિકસ્પાઇકડ એલ્યુસીન. લા૦ એલ્યુઝીને કોરકાના.

નાગલી ધાન્યનો ઉપયોગ કોંકણ, ગુજરાત વગેરે ભરતખંડના કેટલાક ભાગોમાં કનિષ્ઠ પ્રતિના લોકોમાં થાય છે. એના દાણા બારીક રાઇ જેવા હોય છે અને રંગ પણ તેવોજ હોય છે. નાગલી દળી તેની ભાખરી બનાવે છે. **નાગલી:**—તૂરી, કડવી, મધુર, તર્પણ, લઘુ, બળકર તથા શીતળ છે; અને પિત્ત તથા ત્રિદોષનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) અશક્તને તથા નાના બાળકને શક્તિ આવવાને નાગલીનું સત્વ:**—નાગલી રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તે કાઢી બારીક વાટવી. પછી એનું દૂધ જેવું ધોળું પાણી નીકળે છે તે પાણી વસ્ત્રગાળ કરી કલઇના વાસણમાં બે-ચાર ઘડી રાખી મૂકવું, એટલે તેમાંનું સત્ત્વ તે વાસણની તળે જામે છે. પછી ઉપરનું પાણી નાખી દઇ જે સત્ત્વ જામેલું હોય તે કાઢી લઇ સ્વચ્છ વસ્ત્રની ચોવડી ગડી કરી તે ઉપર પાથરવું. પછી પાંચ-છ ઘડીએ ચીકણી માટી જેવું ઘટ્ટ થયા પછી તેની સોપારી જેવડી ગોળીઓ કરી તાપમાં સૂકવી રાખવી; જોઇએ ત્યારે તેમાંની એકેક ગોળી પાણીમાં બાફી ગોળ નાખી ઠંડુ થયા પછી બાળકોને થોડું થોડું ખાવા આપવું. **(૨) શીતળા હલકા**

---

* દુધેલીની ડુંખળીઓમાં દૂધ હોય છે. બીજી એક એવીજ વેલ થાય છે; પરંતુ તેમાં દૂધ હોતું નથી. તેને ફૂદેલી કહે છે. ફૂદેલીનાં પાંદડાં વાટી બદ, ગુમડાં વગેરે ઉપર બાંધવાથી તે તેને સત્વર પકવી ફોડી આપે છે.

× દૂઝતા હરસ ઉપર—નાગલા દુધેલીનાં ૨ તોલા પાંદડાં ઘીમાં તળી ખાવાથી થોડા દિવસમાં લોહી પડતું બંધ થઇ જાય છે.

આવવા માટે:—નાગલી વાટી અંગ ઉપર ચોપડવી. (૩) **બાળકોને શક્તિવર્ધક ભક્ષ્ય:**—ડુંગરી નાગલી અર્ધો શેર સુધી લઈ, સારી ધોઈ, સૂકવી, પછી સારી છડી છોતરાં કાઢી નાખવાં. પછી અંદરની નાગલી રોજ સવારે પૈસાભાર લઈ ગાયના દૂધમાં બારીક વાટી અને વસ્ત્રગાળ કરી દૂધમાં શીજવી મલાઇ જેવું તૈયાર કરી આપવું. આ ઉત્તમ ઔષધ ૭ મહિના કરતાં અધિક વયના બાળકની કૃશતા અને કડકી ઇત્યાદિ વિકાર શમન કરી રક્તવૃદ્ધિ કરનાર અને બલપુષ્ટિદાયક છે. (૪) **ગુડઘી (ગોઠણના દરદ) ઉપર:**—ભેંસના છાણમાં નાગલીનો અને કળથીનો લોટ કાલવી મસળી જાડો રોટલો શેકી તે સોસાય તેટલો ગરમ બાંધી ઉપર પાટો બાંધવો.

૩૩૩ **નાની અરણી (નરવેલ)**—સં૦ તર્કારી, તેજોમંથ. મ૦ નરવેલ. હિં૦ અરની. ક૦ નરૂવલપલ્ય. તૈ૦ નેલીચેટ્ટુ. લા૦ કલેરોડેન્ડ્રન ફ્લોમોઇડિસ્.

નરવેલનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં નાનાં અને લાંબાં હોય છે. એને કાત્રા હોય છે. એનાં પાંદડાંનો સુગંધયુક્ત વાસ આવે છે. એ ઝાડની ડાળીઓ વેલાની પેઠે પાંગરે છે. એનાં પાંદડાંની ચટણી કરે છે. કોઇ કોઇ એનાં પાંદડાંનું શાક પણ કરે છે. જેને દમનો આજાર હોય તેણે આ ભાજી નિત્ય ખાવી એ હિતકારક છે. **નરવેલ:**—એના ગુણ અરણી જેવાજ છે; પરંતુ વિશેષ કરી વાતશોફનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **રક્તપ્રદર, નાના બાળકની પેટપીડ તથા કૃમિ ઉપર:**—નરવેલનાં પાંદડાંનો રસ શક્તિ પ્રમાણે ૪ તોલા સુધી પાવો. (૨) **સ્તનમાં દૂધ આવવા માટે:**—નરવેલની ભાજી કરી ખાવી.

૩૩૪ **નારંગીનું ઝાડ**—સં૦ તા૦ ક૦ નારંગ. મ૦ નારિંગ. હિં૦ નારંગી. તુ૦ કીત્તલી. મલા૦ મધુરનારકં. તૈ૦ નારંગમુ. ફા૦ અ૦ નારંજ. ઇં૦ ઑરેંજ. લા૦ સાઇટ્રસ ઓરેન્ટિયમ્.

નારંગીનાં ઝાડ ઘણું કરીને સર્વ દેશોમાં થાય છે. તેની પાંચ ૭ જાત છે. મોઝાંબીક એટમાંથી જે નારંગી અહીં આવે છે તે ઘણી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક હોય છે. તેને કોઈ લોક "મોસંબી" કહે છે. ખાનદેશ, નગર, ધુળિયા અને પૂના, એ સ્થળોએ જે નારંગી થાય છે તે તેવી હોતી નથી. એ ઝાડનાં ફૂલનો વાસ મધુર આવે છે. નારંગીનો રસ અને તેની છાલ પણ ઘણી ઉપયોગી છે. **નારંગ:**—કફ, પિત્ત અને આમને કરનાર તથા દુર્જર, સારક, અતિ ખાટું, વાતહારક, અતિ ઉષ્ણ અને મધુર છે. તેજ ખાટું હોય તો હૃદ્ય, બલપ્રદ, વિશદ, ગુરુ, રુચિકર, સારક, ઉષ્ણ, સુગંધી તથા સ્વાદુ છે; અને આમ, કૃમિ, વાયુ, શ્રમ તથા શૂળનો નાશ કરે છે. કૃમિ (કરમ) અને ટાઢીઆ તાવ ઉપર નારંગીની છાલનું ઔષધ બનાવી આપવામાં આવે છે. એ છાલનું તેલ કાઢે છે. ગુલાબના અત્તર કરતાં આ નારંગીનું તેલ કેટલાકોને સારૂં લાગે છે. નારંગી એ પદાર્થ ખાવામાં મીઠો, દેખાવમાં સુંદર, વાસમાં મધુર અને સ્પર્શ કરવાથી શીતળ લાગે છે. જુઓ!! ઈશ્વર કેવા કૃપાળુ અને દયાવંત છે, તે વિચારવાનની નજરે જલદી જણાશે.

૩૩૫ **નારી (ચાંદવેલ, પ્રસારણી)**—સં૦ પ્રસારિણી, સારિણી. મ૦ ચાંદવેલ, નિતણવેલી, રાજબલા. હિં૦ ગંધપ્રસારણી, પસરન, પ્રસારની. બં૦ ગંધભાદુલિયા, ગંધભાદલી, ગાંધાલ, ગાવાલી ક૦ હેસરણે. હસરાણિ. તૈ૦ ગોતેમ, ગોરૂચેટ્ટુ, સવિરેલ્લચેટ્ટુ. લા૦ પિડેરિયા ફિટિડા.

ચોમાસામાં નારીના પુષ્કળ વેલાઓ ઉગે છે. એનાં પાંદડાં આંગળભર પહોળાં અને બે ત્રણ આંગળ લાંબાં હોય છે. એ પાંદડાંને અર્ધચંદ્રાકૃતિ એક મોટો ખાંચો હોય છે. તે કારણથી એ વેલાનું ચાંદવેલ નામ સાર્થક હોવું જોઇએ. એને કરણિયાં ફૂલ આવે છે. એને મરાઠીમાં "રાજબલા" પણ કહે છે. **ચાંદવેલ:**—ગુરુ, ઉષ્ણ, કડવી, બલકર તથા સારક છે; અને ભાગેલા હાડકાંને સાંધનારી, કાંતિકારક તથા ધાતુવર્ધક છે. તે વાતાર્શ, સોજો, કફ, વાતરક્ત તથા ત્રિદોષનો નાશ કરે છે અને મલસ્તંભક છે. **ઉપયોગ:**—(૧) **વાતવિકાર ઉપર:**—ચાંદવેલની ભાજી ખાવી. (૨) **શીફોદર ઉપર:**—ચાંદવેલી(પ્રસારણી)નો રસ કાઢી બાટલીમાં ભરી રાખવો. આ રસ એક ચમચાભાર લઇ તેમાં કુકડીની સૂકાયેલી થોડી હગાર નાખી તે પાવો અને લેપ પણ એનોજ કરવો; એટલે શીફોદરનો રોગી તાબડતોબ સારો થાય છે.

૩૩૬ **નાલ**—આ ભાજી તળાવની આસપાસ લીલોતરીમાં થાય છે. એ છોડ શુમારે એક

હાથ ઉંચા થાય છે. એનાં પાંદડાં શુમારે એક આંગળ પહોળાં હોય છે, અને દીંટડાં પાસે તેને બે ખૂણા હોય છે. દીંટું પણ એક આંગળ લાંબુ હોય છે. આ ભાજી વૈશાખની આખરમાં તથા જેઠ માસમાં ઘણીજ મળે છે. નાલની ભાજીનો ઉપયોગ ગરીબ લોકમાંજ વિશેષ થાય છે.

૩૩૭ **નાળીએરી**—સં૦ નારિકેલ. મ૦ નારળી. કોં૦ માડ. રા૦ ખોપરા, નારીએલ. હિં૦ નરીયલ ખોઅ-પરા. ક૦ ઠેંગિનમારા. તે૦ ટેંકાયા. તા૦ ટેન્નામારં. તુ૦ ટારે. મલા૦ ટેના. ફા૦ જોજહિંદી. અ૦ નારજીલ. ઈં૦ કોકોનટ પામ. લા૦ કોકોસ-ન્યુસિફેરા.

નાળીએરીનાં ઝાડ ચાળીસ-પચાસ હાથ ઉંચાં વધે છે. તેના છેડાએ માત્ર ઝાવળી આવે છે. નાળીએરીને દક્ષિણના કેટલાક ભાગમાં "માડ" પણ કહે છે. ગોમાંતક, કર્નાટક, કલિકટ અને સહ્યાદ્રિ પાસેના પ્રદેશમાં નાળીએરીનાં ઝાડ ઘણાં થાય છે. નારીએરી વાવ્યા પછી સાત આઠ વર્ષે ફળે છે. નાળીએરનાં જે ઝુમખાં ઝાડ ઉપર લટકે છે તેને મરાઠીમાં 'પેંડ' કહે છે. નાળીએરીને બારમાસી ફૂલ આવે છે. અવલ પ્રતિની જમીન હોય તો દર નાળીએરીને દર વર્ષે શુમારે પાંચસો નાળીએર આવે છે. નાળીએરના ઝાડના સર્વ ભાગનો ઉપયોગ થાય છે. એ ઝાડના સોટા, મોભ, ભારોટીઆં, વાંસ, વળીઓ, દોરડાં વગેરે બને છે. ટોચનો અને મૂળનો કેટલોક ભાગ બાળવાના ઉપયોગમાં આવે છે. કાચલીના કોયલા બનાવે છે. કોપરૂં ખવાય છે અને તેમાંનું મીઠું અને ટંકુ પાણી લોક પીએ છે. કોપરૂં ખાવાના તથા રસોઇના અનેક પદાર્થોમાં નાખવાના કામમાં આવે છે. કોપરાનું તેલ ખાવાના, દીવો બાળવાના તથા માથામાં ઘાલવાના અને લાકડે ચોપડવાના કામમાં આવે છે. નાળીએરીમાંથી કાથી નીકળે છે; તેના ગાદીતકીઆ, દોરડાં, શીંકાં, ધાબળી વગેરે ઘણા પદાર્થો બનાવે છે. સાબુ કરવાના કામમાં પણ તેના તેલનો ઉપયોગ થાય છે. નાળીએરીનો ખોળ ઢોરને ખવરાવે છે. નાળીએરની આંખમાં છિદ્ર પાડી અંદરનો ગર કાઢી નાખી તેના હોકા બનાવે છે. કાચલીનું તેલ નીકળે તે ઔષધના ઉપયોગમાં આવે છે. એવો આ ઝાડનો અનેક પ્રકારે ઉપયોગ થાય છે. **નાળીએરી:**—ગુરુ, સ્નિગ્ધ, શીત, વૃષ્ય, દુર્જર, બસ્તિશોધક, બલકર, બૃંહણ, કફકારક, સ્વાદુ તથા વિષ્ટંભકારક છે; અને શોષ, તૃષા, પિત્ત, વાતપિત્ત, રક્તદોષ, દાહ અને ક્ષતક્ષયનો નાશ કરે છે. **(૧) નાળીએરના તેલના ગુણ:**—નાળીએરનાં સુકાયેલાં કોપરાં પાણીમાં નાખી તેલ કાઢે છે. આ તેલ ટંડું હોય છે. ટંડક આવવા માટે તેને માથે ચોળે છે. **(૨) લીલા નાળીએર**માંના કોપરાનો રસ કાઢી અગ્નિ ઉપર ઉકાળવો એટલે તેલ આવે છે; તે તેલ વાયુહારક છે. વાયુએ જકડાઇ ગયેલા અંગે આ તેલ મરીની ભૂકી નાખી ચોળવું. **(૩) મુઠેલ:**—સારા સુકાયેલા નાળીએરને ખાંડીને તેનો ભૂકો સુકવવો. એ સુકાઇ સારો ખરો થયા પછી તેમાં આમલીના કચૂકાની છાલની ભૂકી બે પૈસાભાર નાખી તે કોપરાનો ભૂકો સારો મસળવો. પછી તે કોપરૂં બળવાન માણસ પાસે પીલાવવું; એટલે તેમાંથી જે તેલ નીકળે તેને મુઠેલ કહે છે. એ તેલ વાગેલા અંગમાંનું લોહી સાફ કરવાના કામમાં અને જખમ રૂઝાઇ આવવાના કામમાં સારૂં ઉપયોગી થઇ પડે છે. **(૪) આયવેલ:**—રાતી છાલનું નાળીએર સારૂં જૂનું અને પાકું થયેલું લેવું. તે ભાગી ટોપરાનો ભૂકો કરવો. તે ભૂકો પીલી રસ કાઢવો. એ રસ શુમારે કાચો પાંચશેર લઇ એક કલાઇના વાસણમાં નાખી દેવતા ઉપર ઉકાળવો; અને ઉકળે એટલે તેમાં ચાર ગુંજાપર્યંત મીઠું અને બે માસા સુધી હળદરની ભૂકી નાખી બધો રસ ઉકાળવો; એટલે રસનો થયેલો પાક વાસણને તળિયે ચોટે છે અને ફક્ત તેલ માત્ર ઉપર રહે છે. એ પ્રમાણે તેલ તૈયાર થયા પછી ઉતારી લઈ બાટલીમાં ભરી રાખવું. એ તાજું હોય છે ત્યારે સારૂં સુવાસિક હોય છે. કેટલાક દિવસ પછી તેનો ખોરો વાસ આવે છે; પરંતુ ગુણ કદી પણ કમી થતો નથી. આ તેલમાં રૂનાં પેલ પલાળી ગરમી વગેરેની ચાંદીઓ ઉપર મૂકવાં. એથી જખમ પણ રૂઝાય છે. **(૫) વાળા ઉપર:**—નાળીએરને કોરી તેમાં નવસારની ભૂકી રાત્રે નાખવી. સવારે તેમાંનું પાણી પીવું અને કોપરૂં ખાવું; તથા સાયંકાળપર્યંત ઉપવાસ કરવો અને રાત્રે સ્નાન કરી દહીં અને ભાત ખાવો. **(૬) ભિલામો, અસ્તરો (સજાયા) વગેરે ઉઠે તે ઉપર:**—કોપરૂં ઘસી અગર બાળી ચોપડવું. **(૭) સરડાના વિષ ઉપર:**—નાળીએરના કુમળા તોરા

પાણીમાં ઘસી તેમાં કોકમ નાખી ગરમ કરી ડંખ ઉપર ચોપડવું. (૮) ઉંદરના વિષ ઉપર:— ખારૂં કોપરૂં સૂળાના રસમાં ઘસી લેપ કરવો. (૯) હેડકી અને ઉલટી ઉપર:—નાળીએરનું છોડું હોકામાં નાખી તેની ધૂણી પીવી અથવા નાળીએરના છોડાની રાખ મધમાં આપવી. (૧૦) ખસ અને દાદર ઉપર:—નાળીએરની કાચલીનું પાતાળયંત્રવડે તેલ પાડી તે તેલ ચોપડવું. કાચલી સળગાવી થાળીમાં પણ તેલ કાઢે છે.× (૧૧) ખસ ઉપર:—નાળીએરનો રસ કાઢી તેમાં થોડો આમલસારો ગંધક નાખી બધો રસ ઉકાળી તેલ થાય ત્યાંસુધી કઢવીને ઉતારી નાખવું. નીચે ઉતારેલા રસના જે કૂચા બાકી રહે તે થોડા ખાવા અને થોડા ચોળી શરીરે ચોપડવા; તેમજ રોજ રાત્રે એ તેલ શરીરે ચોપડવું એટલે કંડૂ (ખરજ) અને ખસનો નાશ થાય છે. (૧૨) અમ્લપિત્ત, પેટનું શૂળ અને બરોળ ઉપર:—નાળીએરમાંનું પાણી દશ શેર કાઢી મધ જેવું થતાં સુધી ઉકાળવું. પછી તેમાં જાયફળ, સુંઠ, મરી, લીંડીપીપર અને જાવંત્રી, એની થોડી ભૂકી નાખી બાટલીમાં ભરી રાખવું; તથા દરરોજ સવારસાંજ એક તોલાથી દોઢ તોલાપર્યંત ૧૪ દિવસ પાવું. (૧૩) સર્વ પ્રકારના વાયુ ઉપર:—એક નાળીએરનો રસ કાઢી તેમાં બે ભિલામાં બારીક કરી નાખવાં તથા બધો રસ ઉકાળવો એટલે ઉપર તેલ આવી તળે કૂચા ઠરી બેસે છે. તે તેલ લઇ વાયુબદ્ધ થએલા માણસના શરીરે મર્દન કરવું અને નીચે રહેલી રાબ ખાવા આપવી. આ ઔષધ ૭ અથવા ૧૪ દિવસ ખાવાથી ગમે તેવો દુર્ધર વાયુ હશે તોપણ તેનો નાશ થશે; અથવા નાળીએરનો અંગરસ ૭ તોલા કાઢી તેમાં ત્રિફળાની ભૂકી ત્રણ માસા અને મરીની ભૂકી બે માસા અથવા એકલી મરીની ભૂકી નાખી રોજ બે વાર પ્રમાણે આપવું. (૧૪) ઉરોગ્રહ અને હૃદ્રોગ ઉપર:—લીલા નાળીએરનો પણી નાખ્યા સિવાય રસ કાઢી તે રસ ૫ તોલા લઇ તેમાં શેકેલો હળદરનો ગાંઠીઓ ઘસવો અને બે તોલા ઘી મિશ્ર કરી તે પાવું. અથવા નાળીએરના રસમાં ભિલામાંના તેલનાં ટીપાં ૧૦ થી ૧૫ સુધી નાખી પાવાં. (૧૫) રક્તપ્રમેહ ઉપર:— કુમળું નાળીએર લાવી તેમાં છિદ્ર પાડી પાશેર પાણી તેમાં રેડવું. તેમાં ફટકડીનું ચૂર્ણ ૩–૪ વાલ નાખી ઉપર બુચ બેસાડી અગાસીમાં ઝાકળમાં મૂકવું. સવારે તે પાણી હલાવી પાવું. (૧૬) શૂળ ઉપર (નારિકેલક્ષાર):—પાણીસુદ્ધાં આખું નાળીએર લઈ તેના મુખમાં છિદ્ર પાડી તેમાં મીઠું ભરી બહાર માટી ચોપડી સૂકવી છાણાના દેવતામાં શેકવું. પછી બારીક ચૂર્ણ કરી લીંડી-પીપરના ચૂર્ણ સાથે તે ચૂર્ણ શકિત પ્રમાણે ખાવું; એટલે પરિણામશૂળ, વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ઉત્પન્ન થયેલા શૂળનો નાશ થાય છે. (૧૭) મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્ત ઉપર:— રાતા નાળીએરનું પાણી, નિર્મળીનાં બી, સાકર અને એલચીદાણા એકત્ર કરી પાવું. તે મૂત્રકૃચ્છ્ર-નાશક છે; અથવા નાળીએરનું પાણી ગોળ તથા ધાણામાં મેળવી તે પાણી પાવું. તે દાહસહિત મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્તનો નાશ કરશે.†

૩૩૮ **નાણા**—આ જંગલી ઝાડ છે. એનાં પાંદડાં સીતાફળીનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે અને લાંબાં થાય છે. નાણાનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવે છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ પુષ્કળ થાય છે.

× કાચલી સળગાવી થાળીમાં મૂકી ઉપર પાણીથી ભરેલ થાળી ઢાંકી રાખતાં, ઢાંકેલી થાળી નીચે ઓસનાં બિંદુઓ જામે છે તે. આ તેલમાં રૂનું પુમડું બોળી દુખતી દાઢના કોતરમાં ભરવા-થી તે તત્કાળ મટી જાય છે.

† અજાયબ રેચ:—લાલ ચોટલીવાળું (મલબારી) નાળીએર લઇ, ચોટલી ઉતારી નાખી તેની ઉપરની કાચલીની આંખવાટે તેમાંનું પાણી નહિ કાઢતાં તેમાં નેપાળાનાં મીંજ (ગોળા) માય તેટલાં ભરી કોપરામાં કકડાથી આંખ બંધ કરી કપડમાટી કરી તેને ઉકરડાના ખાતરમાં ૧ માસ સુધી દાટી રાખવું. પછી તેને બહાર કાઢી ઉપલી કાચલી ફોડી નાખી અંદરનું કોપરૂં તથા પાણી-સહિત નેપાળો ખૂબ વાટી બાટલીમાં ભરી રાખવું. જરૂર પડે ત્યારે એમાંનું થોડું નાભિ ઉપર ચોપડવું એટલે રેચ લાગશે. ઠંડા પાણીથી નાભિ (ડુંટી) ધોવાથી રેચ બંધ થશે.

૩૩૯ નાંદરૂખ (નાની પીંપળ)—સં૦ હ્રસ્વ પ્લક્ષ. મ૦ લઘુપિંપરી, નાંદરૂખ. હિં૦ છોટી પાખર ક૦ નદુરક પિનવાલ. બં૦ છોટ પાકુડ. લા૦ ફાયકસ્ રેટુસા. નાંદરૂખીનાં ઝાડ મોટાં વધે છે. એ ઝાડનાં પાંદડાં પીપરડીનાં (પીંપળનાં) પાંદડાં જેવાં, પરંતુ તે કરતાં કિંચિત્ નાનાં હોય છે. એ ઝાડની છાયા ઘણી ઘટ્ટ હોય છે. એ ઝાડ છાયા માટે સડકની બે બાજુએ રોપે છે. **નાંદરૂખી:**—તીખી, કડવી, પુષ્ટિકર, શીતળ, લઘુ, વીર્યપ્રદ, મધુર, તૂરી, ગ્રાહક, વૃષ્ય તથા ત્રિદોષનાશક છે; અને વ્રણ, કોઢ, રક્તપિત્ત, શ્વેત કોઢ, શીર્ષપીડા, કંડૂ (ખરજ), પિત્ત, રક્તદોષ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) યોનિકંદ ઉપર:**—નાંદરૂખીની છાલ અને પીળો લોધર, એ ખાંડી આમલીસાથે પકવી લેપ કરવો. **(૨) માથે વાયુ ચઢયો હોય તે ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાં અને અંતરછાલ એકત્ર ખાંડી બાફ આપવો અને સહેવાય તેટલો ગરમ પાટો બાંધવો. **(૩) અંડવૃદ્ધિને લીધે શૂળ નીકળતું હોય તે ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાંનો રસ અને કાળી તુળસીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં તેટલુંજ ઘી નાખી અગ્નિ ઉપર સર્વ રસ બાળી ઘી બાકી રાખવું. એ પ્રમાણે ૨૧ પુટ દઈ ઘી સિદ્ધ કરવું. આ ઘી દિવસમાં પાંચ વાર ચોપડી જીરવવું અને જૂની ઈંટ તપાવી કપડામાં વિંટાળી તેના વડે શેકવું; એટલે વૃદ્ધિરોગ (અંડવૃદ્ધિ) દૂર થાય છે. **(૪) કોગળીઆ ઉપર:**—નાંદરૂખીનાં પાંદડાંનો રસ પાવો.

૩૪૦ નિંબારા (મરાઠી નામ છે)—નિંબારાનાં ઝાડ વિશેષે કરી ઘાટ ઉપર થાય છે. એ સીધાં અને ઉંચાં વધે છે. નિંબારાનું ઝાડ ઘણું મોટું થતું નથી. કડવા લીમડાના જેવાંજ એનાં પાંદડાં હોય છે. એને ફળ પણ કડવા લીમડાના જેવાંજ આવે છે; પરંતુ તેવાં લાંબાં હોતાં નથી. એના લાકડાનો ઇમારતના કામમાં ઉપયોગ થાય છે. એ લાકડું સીધું અને લાંબુ હોવાથી એના વાંસ સારા થાય છે. નિંબારાનો રસ વિષારી છે; માટે ખાવામાં આવવા દેવો નહિ. **ઉપયોગ:—(૧) ખસ ઉપર:**—નિંબારાની નીંબોળીઓ વાટી ચોપડવી; કિંવા લીલી નીંબોળીઓ ખાંડી તેનો રસ કાઢી તેમાં આમલસારા ગંધકનું ચૂર્ણ નાખી તાંબાના વાસણમાં ખરલ કરી તેનો લેપ કરવો. **(૨) પાડાના વાળમાં જવા અને ચાંચડ લાગ્યા હોય તે ઉપર:**—નિંબારાનાં ફળનો રસ કાઢી તેમાં છાશ નાખી ચોપડવો.

૩૪૧ નિર્મળી—સં૦ કતક. મ૦ નિવળી, નિર્મળી, ગજરા. હિં૦ નિર્મલી. બં૦ નિર્મલા. ક૦ ચિલ્લિકાયી. તા૦ મલા૦ ટેટ્ટામાંર. તૈ૦ ચિલ્લિચે.. ગો૦ ચીલવી. ઇં૦ એનટ વુઇચ-ક્લિઅર્સ વૉટર. લા૦ સ્ટ્રીકનોસ પોટેટરમ.

નિર્મળીનાં ઝાડ થાય છે. એનાં બી ચપટાં અને ગોળ હોય છે. નિર્મળીનાં બીઆંનું ચૂર્ણ મેલા પાણીમાં નાખવાથી તે પાણી સ્વચ્છ થાય છે. **નિર્મળી વૃક્ષ:**—તીખું, કડવું, લેખન, રુચિકર, લઘુ, ચક્ષુષ્ય, તૂરું, શીત, વિશદ, વિકાસી, છેદન તથા મધુર છે; અને તૃષા, દાહ, વિષ, ગુલ્મ, શૂળ, કૃમિ, મેદ, નેત્રરોગ તથા પાણીમાંના મેલનો નાશ કરે છે. **એનાં કુમળાં ફળ:**—ચક્ષુષ્ય, વાતકારક તથા શીત છે; અને રક્તપિત્ત, તૃષા, વિષ તથા મેહનો નાશ કરે છે. **જૂનાં ફળ:**—દુર્જર તથા રુચિકર છે અને કફ તેમજ પિત્તનાં નાશક છે. તે પાકવાથી પિત્તકારક, વાંતિકારક તથા ધર્મજનક છે; અને સોજો, પાંડુરોગ, વિષ, પ્રતિસ્યાય (શરદી) તથા કમળાનો નાશ કરે છે. **નિર્મળીનાં બીઆં:**—આંખોને હિતાવહ, તૂરાં તથા ગુરુ હોઇ પાણીને સ્વચ્છ કરનારાં તથા મધુર છે; અને અશ્મરી, વાયુ, કફ, મૂત્રકૃચ્છ્ર, તૃષા, નેત્રરોગ, વિષ, પ્રમેહ તથા મસ્તકરોગનો નાશ કરે છે. **નિર્મળીનાં મૂળ** સંપૂર્ણ કોઢનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) નેત્ર પ્રસન્ન થવા માટે:**—નિર્મળીનાં ફળ મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી અંજન કરવું; એટલે આંખો સ્વચ્છ થાય છે. **(૨) અંધત્વ દૂર થવા માટે:**—નિર્મળીનાં બીઆં, શંખ અને કાળા સર્પની વસા (ચરબી), એ સર્વ એકત્ર ખરલ કરી અંજન કરવું; એટલે આંધળા મનુષ્યને જલદી દેખાય છે. **(૩) ગંદુ પાણી ચોખ્ખું કરવા માટે:**—નિર્મળીનાં બીઆંનું ચૂર્ણ કરી ગંદા પાણીમાં નાખવું એટલે કેટલીક વારે પાણી સ્વચ્છ થાય છે. **(૪) આંખો આવે છે તે ઉપર:**—નિર્મળીનાં બીઆં મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી અંજન કરવું. **(૫) અહિશ ઉપર:**—નિર્મળીનાં બીઆં અને સિંધવ

ઘસી અંજન કરવું. (૬) ઉદકમેહ આદિ પ્રમેહ ઉપરઃ—નિર્મળીનાં બીઆં એક તોલો છાશમાં વાટી તેમાં મધ નાખી પાવું. (૭) આંખોમાં ફૂલાં પડે છે તે ઉપરઃ—નિર્મળીનાં બીઆં, શંખચૂર્ણ, સિંધવ અને સમુદ્રફળ, એનું ચૂર્ણ કરી મધમાં ગોળીઓ કરી તે ઘસી અંજન કરવું.

૩૪૨ નીપાણી—આ ઝાડ ખરસાંણી જેવાં થાય છે. એની ઉંચાઇ શુમારે માથોડું હોય છે. એને ખરસાંણીના ઝાડ પ્રમાણે કાંટા ફૂટે છે અને ખરસાંણી પ્રમાણેજ આ ઝાડમાંથી દૂધ નીકળે છે. આ ઝાડ ખાનદેશમાં ઘણાં થાય છે. નીપાણીને ગેંદા જેવાં ફૂલ આવે છે અને એનાં બી કાંદા(ડુંગળી)ના જેવાં હોય છે. ઉપયોગઃ—(૧) સુવાવડીને માટે કાઢોઃ—નીપાણીનો કાઢો કરી હળદર નાખી પાવો; એટલે સુવાવડીના પેટમાંનો રોગ નીકળી જઇ તેની પ્રકૃતિ સાફ થાય છે. (૨) વાળા ઉપરઃ—નીપાણીનાં બીઆં ત્રણ વર્ષના ગોળમાં બે દિવસ આપવાં; એટલે શરીરમાંનો વાળો મરી જાય છે.

૩૪૩ નેતર—સં૦ વેત્ર, વેતસ. મ૦ વેત. હિં૦ બેત. ક૦ બેતા, બેડિસુ, બેસયબેદરુ. તા૦ પિરંબુ. તુ૦ સુરોલ્બેતા. તૈ૦ પીપારૂવા, પેમુ, પેપા, વેતસમુ. ફા૦ વેત. અ૦ ખલાફ. મલા૦ ચુરલવળી, વેત્રં. ઇં૦ રૅટન કેન. લા૦ કેલેમસ રોટગ.

મલબાર, ગોકર્ણ, મહાબલેશ્વર, કોચી, મંગલોર અને રામેશ્વર, એ ઠેકાણે તથા ચીનદેશમાં નેતરનાં વનો છે. નેતર ૩૦–૪૦ હાથ ઉંચું વધે છે, પરંતુ તેની જાડાઈ થોડી હોય છે. આ દેશમાં ચીનથી નેતર આવે છે તે એટલું તો ચીકણું હોય છે કે પાણીમાં પણ કહોવું નથી. તેના કરંડીઆ, ખુરસીઓ ઇત્યાદિ સામાન કરે છે. નેતર ઉંચું થવાથી જેમ નમે છે, તેમ માણસે ઉચ્ચ પદવી પ્રાપ્ત થવાથી પણ ઇશ્વરથી ડરીને નમવું. નેતરઃ—તૂરૂં, શીત, કડુ તથા તીખું છે; અને કફ, વાયુ, પિત્ત, દાહ, સોજો, મૂત્રવ્યાધિ, અશ્મરી, મૂત્રકૃચ્છ્ર, વિસર્પ, અતિસાર, યોનિરોગ, તૃષા, રક્તકોપ, વ્રણ, મેહ, રક્તપિત્ત, કોઢ તથા વિષનો નાશ કરે છે. એના અંકુરઃ—ખારા, લઘુ, તીખા તથા ઉષ્ણ છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. નેતરનાં પાંદડાંઃ—ભેદક, તૂરાં, લઘુ, શીતળ, કડવાં, તીખાં તથા વાતનાશક છે; અને રક્તદોષ, કફ તથા પિત્તનો નાશ કરે છે. એનાં બીઆંઃ—તૂરાં, સ્વાદુ, ખાટાં, રૂક્ષ તથા પિત્તલ છે; અને રક્તદોષ તેમજ કફનો નાશ કરે છે. મોટું નેતરઃ—શીતલ છે અને ભૂતબાધા, પિત્ત, આમ તથા કંપનો નાશ કરે છે. બીજા ગુણ ઉપર પ્રમાણે છે. જલનેતરઃ—શીતળ, કડવું, વ્રણશોધક, તૂરૂં, વાતકર, ગ્રાહક તથા રૂક્ષ છે; અને પિત્ત, રક્તદોષ, વ્રણ, કફ, રાક્ષસબાધા તથા ગ્રહપીડાનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) મત્સ્યવિષ ઉપરઃ—કાળા નેતરના કલ્કમાં ઘી નાખી કઢવી તેનો લેપ કરવો.

૩૪૪ નેપાળો—સં૦ ક૦ બૃહદંતી, જેપાલ. મ૦ જેપાળબીજ. હિં૦ જમાલગોટા. બં૦ જયપાલ. તા૦ મલા૦ નિર્વીલ. તૈ૦ નૈપાલવેમું. તુ૦ બ્યારીબિટુ. ફા૦ તુખ્મેબંદે. અ૦ હબુસ્સલાતીન. ઇં૦ ક્રોટન સીડસ. લા૦ ક્રોટનટિગ્લિયમ્.

મોગલીએરંડાનાં ઝાડ થાય છે તેવાંજ નેપાળાનાં ઝાડ થાય છે. મોગલી એરંડાનાં પાંદડાં કરતાં એનાં પાંદડાં નાનાં હોય છે. એ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. નેપાળો મોટો વિષારિ છે. નેપાળાને શુદ્ધ કરી અનેક ઔષધોમાં (રસાયનોમાં) નાખે છે.×નેપાળો તીવ્ર રેચક છે. નેપાળોઃ—સારક, કડવો, તીક્ષ્ણ,

× નેપાળાના બીજનું શોધન—(૧) નેપાળાનાં બીજને ફોડી ઉપરની છાલ કાઢી નાખવી. (બીજ તોડતી વખતે નાકમાં નેપાળાનાં બારીક રજકણ ન જાય એટલા માટે એક ઝીણું કપડું નાકની આસપાસ બાંધવું. હાથ આંખોને અડાડવા નહિ; કારણ કે નેપાળાવાળા હાથ આંખોને લાગશે તો દાહ અને સોજો થશે.) પછી પોટલી બાંધી ભેંસના છાણમાં ૩ દિવસ સુધી રાખી મૂકવી. ચોથે દિવસે ખોલી ગરમ પાણીમાં ઉકાળી ધોઈ નાખવાં. પછી બબ્બે ફાડો કરી અંદરની જીભ કાઢી ફેંકી દેવી. આ ફાડોને ગરમ પાણીમાં ખરલ કરી લુગદી કરી માટીના કોરા વાસણ ઉપર પાતળો લેપ કરવો. તે લેપ કોરો પડયેથી ઉખેડી લેવો. (માટીના વાસણ ઉપર લેપ કરવાથી વધારાનું તેલ વાસણમાં શોષાઇ જશે.) પછી એ ચૂર્ણને નિંબુના રસની ત્રણ ભાવના આપી સુકાવી લેવું. નેપાળાવાળા હાથ બરાબર ધોઈ ઘી લગાડી દેવાથી દાહ અને સોજાનો ભય રહેતો નથી. (૨) નેપાળાના

અગ્નિદીપક, ઉલટીકારક, તીખો, અતિઉષ્ણ, પિત્તકર તથા ભેદક છે; અને કફ, આમ, જંતુ તથા શિરરોગનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) વિંછીના વિષ ઉપરઃ—નેપાળો પાણીમાં વાટી તેનો લેપ કરવો. (૨) સર્પના વિષ ઉપરઃ—નેપાળાનાં બીઆંમાંના મગજને લિંબુના રસના ૨૧ પુટ દઈ બારીક ખરલ કરી લાંબી ગોળી કરવી; અને તે ગોળી માણસની લાળમાં ઘસી અંજન કરવું. (૩) આધાશીશી ઉપરઃ—મોટા પરોઢીએ નેપાળાનાં બે કિંવા ત્રણ બીઆંમાંનું મગજ લઈ લીમડાના રસમાં ઘસવું અને જે બાજુનું માથું દુખતું હોય તે બાજુની આંખ પાસેથી ભમર ઉપર સળીથી ચોપડવું. થોડું ચચરશે ખરૂં પણ તેજ દિવસે વ્યાધિ દૂર થાય છે;× અથવા જે બાજુનું કપાળ દુખતું ન હોય તે બાજુના કાનમાં નાખવું. આ રસ નાખવા પહેલાં કાનમાં થોડું ઘી પાડવું એટલે કાનમાં દાહ થતો નથી. આ પ્રયોગ પરોઢીએ કરી પછી થોડી ઉંઘ લેવી. (૪) મોડશી (કોગળીઆ) ઉપરઃ—નેપાળાનાં મૂળ છાશમાં ઘસી પાવાં અને એજ મૂળ પાણીમાં ઘસી શરીરે પણ લેપ કરવો. (૫) ગંડમાલા ઉપરઃ—નેપાળાનાં પાંદડાં વાટી તેના અંગરસની ચેપલી છાંયે સૂકવી લેપ કરવો.

૩૪૫ **નેવરી**—(મ૦ નેવર.) આ ઝાડ મોટાં થાય છે. નેવરીનાં ઝાડ કોંકણમાં વિશેષ છે. એનાં પાંદડાં લાંબાં હોઇ છેવટે પહોળાં થતાં ગયેલાં હોય છે. એનું લાકડું ઈમારતના કામમાં ઉપયોગમાં આવતું નથી. એને લિંબોળી જેટલાં લાંબાં અને તે કરતાં જરા જાડાં એવાં ફળ આવે છે. એની છાલ મચ્છીમાર લોકો જાળ રંગવાના કામમાં લે છે.

૩૪૬ **નેવારી (નીમાળી)**—સં૦ નવમલ્લિકા, વનમાલિની. મ૦ નેવાળી, વેલમોગરી, રાન મોગરી. હિં૦ નીવારી-લી. ક૦ નીકાડમલ્લિગે. લા૦ ઇકસોરા પાર્વિફ્લોરા.

આ એક જુઇ જેવોજ વેલો છે. એ વેલાનાં પાંદડાં માત્ર જુઈ કરતાં થોડાં મોટાં હોય છે. નેવારીનાં ફૂલ પણ જુઇનાં ફૂલ કરતાં જરા મોટાં હોય છે. નેવારીના વેલા જંગલમાં ઘણા હોય છે. એને "વેલમોગરી" "રાનમોગરી" કહે છે. **નેવારીઃ**—તીખી, કડવી, શીતળ, સુરભિ તથા લઘુ છે; અને ત્રિદોષ, નેત્રરોગ, કર્ણરોગ તથા સર્વ રોગની નાશક છે. **ઉપયોગઃ—(૧) મૂત્રાઘાત ઉપરઃ**—નેવારીનાં બીઆં ઠંડા પાણીમાં ઘસી ચટાડવાં.

૩૪૭ **નોળવેલ** (મોટી)—સં૦ સર્પાક્ષી, ગંધ નાકુલી. મ૦ થોર મુંગુસવેલ, સર્પાક્ષી. કો૦ નાવળી. હિં૦ સરહરી, ચંદ્રા, નકુલકંદ. બં૦ પાન શિઉલી, નાકુલી. ક૦ વિષમુંગરી. લા૦ ચઉઅલ્ફિયા, સર્પેંટીની. તૈ૦ પદ્મપુચેટ્ટુ. ફા૦ છોટા ચાંદા.

મરાઠીમાં એને "થોર મુંગુસવેલ" પણ કહે છે. એનાં મૂળને "રાસ્ના" કહે છે.÷ **નોળવેલ**—તીખી, કડવી તથા ઉષ્ણ છે; ને કૃમિ, વ્રણ, વિંછી, સર્પ તથા ઉંદરના વિષનો નાશ કરે છે.

બીજના ગોળાને ૧૬ ગણા દૂધમાં ડોલાયંત્રથી ઉકાળવા. દૂધ બાસુદી જેવું જાડું થાય ત્યાંસુધી મંદાગ્નિ આપતા રહેવી. પછી પોટલી કાઢી ધોઈ ગોળાની ફાડો કરી જીભ કાઢી નાખવી. પછી ચૂર્ણ કરી વધારાનું તેલ કાઢી નાખવું. સૂર્યના તાપમાં સૂકવી કામમાં લેવું. આ રીતે શોધન કરેલાં બીજ બિલકુલ દાહ કરતાં નથી. શોધન કર્યા વિનાનાં બીજ આંતરડામાં ભયંકર દાહ કરે છે. (૩) કેટલાએક વૈદ્યો તો નેપાળાને ફોલ્યા વિનાજ પોટલી બાંધી ૩ દિવસ છાણ અને ગોમૂત્રને એકત્ર કરી તેમાં રાખી ચોથા દિવસે તેને દેવતાથી બાળી નાખી પોટલી બહાર કાઢી લઈ ધોઇ સાફ કરી તેના ઉપરની છાલ અને અંદરની જીભ કાઢી લઈ ઉપયોગમાં લે છે. આ પ્રયોગથી નાક વગેરે ભાગને જાળવવાની દેહશત રહેતી નથી.

× ઉપર કહેલ ઔષધિ સળીથી લગાડયા પછી તરત મસ્તક દુઃખતું મટી જાય છે. પાંચેક મિનિટ પછી દરદ ન ગયું હોય તો થોડા વધારે ભાગમાં ઔષધ લગાડવી, કે જેથી તરત દરદ શાંત થાય છે. દરદ મટી ગયા પછી ભીના કપડાથી દવા લૂછી નાખી તરત ઘી માલીશ કરવું કે જેથી સોજો અને દાહ ઉત્પન્ન ન થાય.

÷ નોળવેલ જંગલમાં થાય છે. એના નીચે કંદ થાય છે અને નાગરવેલ જેવાં પાંદડાં હોય છે.

ઉપયોગ:—(૧)સર્પ, વિંછી, ઉંદર વગેરેના વિષ ઉપર:—નોળવેલનો રસ પાવો. (૨) હરતાલના વિષ ઉપર:—નોળવેલનો રસ સાકર નાખી પાવો. (૩) વિષમજ્વર ઉપર:—ચંદ્રગ્રહણની વખતે નોળવેલને ઉખેડી તેનું મૂળિયું કાળા સુતરથી ડાબે કાને બાંધવું એટલે એકાહિક જ્વર જાય છે; અને બીજે દહાડે તાવ આવતો હોય તો જમણા કાને બાંધવાં. શ્મશાનમાં થયેલાં નોળવેલનાં મૂળ રવિવારે લાવી તેને ઘીમાં ઘસી લલાટ ઉપર તિલક કરવું; એટલે એકાહિક જ્વર તુરત જાય છે.

૩૪૮ **પટોલ કટુ (કડવાં પંડોળાં)**—સં૦ કટુ પટોલી. મ૦ સોન—કડુ પડવળ. હિં૦ કડવે પડવળ. બં૦ પલતાલતા. ક૦ કહી પડવળ. તૈ૦ ચડવી પોટલા. તા૦ કોણુપુડલે. તુ૦ કટુ પટલાકાયી. મલા૦ કટુ પટોલં. લા૦ ટ્રિકોસેન્થીસકુકુમેરિના.

એ વેલાનાં પાંદડાં અને ફળ બહુજ કડવાં છે. કાઢામાં એ વેલાનાં પંચાંગનો ઉપયોગ થાય છે. **પટોલકટુ:**—(કડવી પંડોળી) કડવી, તીખી, ઉષ્ણ, સારક, ભેદક, પાચક તથા અગ્નિદીપક છે; અને પિત્ત, કફ, કંડૂ, કોઢ, રક્તવિકાર, જ્વર, દાહ, તૃષા, કોષ્ઠરોગ, કૃમિ તથા કાસનો નાશ કરે છે. **એનાં ફળ:**—તીખાં, કડવાં, પાક વખતે મીઠાં, લઘુ, દીપક, પાચન, વૃષ્ય, સ્નિગ્ધ, ઉષ્ણ, મલાનુલોમન એટલે વાયુ, પિત્ત અને કફને યથાસ્થાને રાખનાર તથા સારક છે; અને શ્વાસ, જ્વર, ત્રિદોષ તથા કૃમિનો નાશ કરે છે. એનાં **પાંદડાં** પિત્તનાશક તથા **મૂળ** અને **વેલો** કફનાશક છે; તેમજ તેનું **તેલ** કફ અને એંશી પ્રકારના વાયુનો નાશ કરનારું છે. ઉપયોગ:—(૧) **વ્રણ(ગુમડું) ધોવા સારૂ કાઢો:**—કડુ પડવળ અને કડવા લીમડાના કાઢાથી ગુમડું ધોવું એટલે ગુમડાનું શોધન થશે. (૨)**અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—પટોલ કટુનો કાઢો અને કલ્કથી સરસવનું તેલ સિદ્ધ કરવું. તે અગ્નિદગ્ધ વ્રણ, સણકા, સ્રાવ, દાહ અને ફોલ્લાને હઠાવી નાશ કરે છે. (૩) **સર્વજ્વર ઉપર કાઢો:**—પટોલ કટુ તથા સુંઠનો કાઢો અને નિકાઢો આપવો. શોષ (તૃષા) જવા સારૂ ખડીસાકર નાખવી. શરદીનો પ્રાદુર્ભાવ હોય તો મધ ત્રણ માસા સુધી નાખવું. (૪) **શીતજ્વર અને સંતતજ્વર ઉપર:**—પટોલ કટુનાં પાંદડાંનો રસ કાઢી પ્રથમ કાળજા ઉપર ચોપડવો; પછી સર્વાંગે લેપ કરવો. (૫) **ઇંદ્રલુપ્ત (ઉંદરી) ઉપર:**—પટોલ કટુનાં પાંદડાંનો રસ ચોળવો એટલે કેશ ઉત્પન્ન થાય છે. (૬) **ઉલટી થવા સારૂ:**—પટોલ કટુ, કડવો લીમડો અને અરડુસીનાં પાંદડાંનું ચૂર્ણ ઠંડા પાણીમાં આપવું; એટલે ઉલટી થઇ પિત્તવિકાર દૂર થાય છે. (૭) **કૃમિ ઉપર:**—પટોલ કટુનાં પાંદડાં ૧ તોલો અને ધાણા ૧ તોલો લઈ રાત્રે પાશેર પાણીમાં પલાળી સવારે ગાળી તેમાં મધ નાખી તે પાણી દિવસમાં ત્રણ વખત આપવું. (૮) **પિત્તજ્વર ઉપર:**—પટોલ કટુનાં મૂળનું પાણી સાકરમાં આપવું, અથવા કડુ, પડવળ અને જ્વરનો કાઢો મધ નાખી આપવો. તે તીવ્ર પિત્તજ્વર, તૃષા અને દાહનો નાશ કરે છે. (૯) **ભ્રમ ઉપર:**—પટોલ કટુનાં પાંદડાં અને સરગવાનાં પાંદડાં ખોપરાનું તેલ નાખી તળવાં અને દૂધમાં એકત્ર વાટી શીજવવાં તથા તેનો સહન થાય તેટલો ગરમ પાટો માથા પર બાંધવો. (૧૦) **વિષાર ઉપર:**—પટોલ કટુ ઘસી પાવું એટલે ઉલટી થઈ વિષ ઉતરશે.

૩૪૯ **પત્તુર**—સં૦ પકવ પૌડ, પખૌડ. હિં૦ પખૌડા. મ૦ પાચુંદા. આ વૃક્ષ ઘણુંજ મોટું થાય છે. એને બારીક કાંટા હોય છે. એનાં પાંદડાં બીલીના પાંદડાંનાં આકારનાં થાય છે. એનું લાકડું હલકું છે. એને સફેદ કેસરયુક્ત ફૂલ આવે છે. એને બારીક ફળ હોય છે. **પત્તુર:**-તીખો, નેત્રવિકારનાશક તથા શીતોષ્ણ છે; અને પિત્ત તથા જીર્ણજ્વરનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **જીર્ણજ્વર ઉપર:**—પત્તુરનાં પાંદડાંનો રસ કાઢી સાકર નાખી પાવો. (૨) **વિષમજ્વર ઉપર:**—પત્તુરના લાકડાનો મણિ કરી હાથે બાંધવો.

૩૫૦ **પતંગ**—સં૦ રક્તકાષ્ઠ, પત્રાંગ. મ૦ હિં૦ ક૦ તૈ૦ પતંગ. તા૦ બારતાંગી. તુ૦ ચપ્પનંગ. મલા૦ ચપ્પનં. ફા૦ અ૦ બકં. ઈ૦ સેપ્પનવુડ. લા૦ સિસાલપિનીઆ સૅપન.

એ ઝાડ મલબાર અને બંગાળા પ્રાંતમાં થાય છે. તેના લાકડાનો રંગ રાતો હોય છે. એ કારણથી તે ઝાડના અંગથી ગુલાલ બને છે. રંગ સિવાય એ ઝાડનો બીજો ઉપયોગ થતો નથી. પતંગનું લાકડું અને હરડેને લખવાની સાહીમાં નાખે છે. એ ઝાડ પાકું થવાને આશરે ચૌદ

વધી લાગે છે. **પતંગ:**—કડવું, રૂક્ષ, ખાટું, શીતળ, મધુર, તીખું, વ્રણુશોધક, વર્ણકારક અને સુગંધી છે; તથા જ્વર, મૂત્રકૃચ્છ્ર, વ્રણ, વાત, પિત્ત, વિસ્ફોટક, ઉન્માદ, કફ, અશ્મરી (પથરી), રક્તદોષ તથા ભૂતબાધાનો નાશ કરે છે.

૩૫૧ પદ્મકાષ્ઠ—સં૰ ક૰ પદ્મક. મ૰ બં૰ પદ્મકાષ્ઠ. હિં૰ પદ્માખ. તે૰ પદ્મપુચેકવા. લા૰ પ્રુનસ પુડમ્.

* પદ્મકાષ્ઠનાં ઝાડ હિમાલય પર્વત ઉપર થાય છે. ત્યાંથી એ ઝાડનું લાકડું અહીં આવે છે. **પદ્મકાષ્ઠ**—ઠંડુ અને શક્તિવર્ધક છે; તેમજ તૂરૂં, કડવું, શીતલ, વાતુલ તથા લઘુ છે; અને વિસર્પ, દાહ, વિસ્ફોટક, કોઢ, કફ તથા રક્તપિત્તનું નાશક હોઇ ગર્ભની સ્થિતિ કરનારૂં તથા રુચિકારક છે; અને ઉલટી, વ્રણ તથા તરસનું નાશક છે. **ઉપયોગ:—(૧) દાહ, ઉલટી, ઉબકા અને રક્તપિત્ત ઉપર:**—પદ્મકાષ્ઠનો ઉકાળો પાવો. **(૨) વિષમજ્વર ઉપર:**—પદ્મકાષ્ઠ અને બીલાંનું ચૂર્ણ ઘી કિંવા મધમાં કાલવી એકત્ર કરી આપવું.

૩૫૨ પપનસ (ચકોતરા લિંબુ)—સં૰ મધુકર્કટી. મ૰ પપનસ, ચકુત્રા. હિં૰ ચકોતરા. બં૰ વાતવિલેબુ, મિઠલેબુ. લા૰ સાઇટ્રસ એસીડા. એ ઝાડ લિંબુડી જેવડુંજ હોય છે. એને બારમાસી ફળ આવે છે. એને ધોળાં ફૂલો આવે છે. તેનો વાસ ઘણો આવે છે. એનાં ફળ નાનકડા કોળા જેવડાં દેખાય છે. પાકેલા ફળનો રંગ પીળો હોય છે; એની અંદરનો ગર રુચિકર હોઇ તેનો રંગ રાતો હોય છે. એ ફળો ઘણાં ખાટાં હોતાં નથી; તેમ ઘણાં મીઠાં પણ નથી હોતાં. ફળ ઉપરની ત્વચા હાથેળી જેટલી જાડી હોય છે. **ઉપયોગ:—(૧) અરુચિ ઉપર:**—પપનસ છોલી તેની ચીરો કરવી અને તે ઉપર ખાંડ અને સિંધવની ભૂકી નાખી સેવન કરવું. આ પ્રયોગથી અરુચિ અને તૃષા શમે છે. **(૨) શૈત્ય વડે મસ્તક ચઢે છે તે ઉપર:**—પપનસની બહારની છાલમાં જે દર્પટ તેલ હોય છે તે કાઢી માથે ચોળવું.×

૩૫૩ પરવળ—સં૰ પટોલ. મ૰ પરવળ. હિં૰ પરવલ. બં૰ પટોલ. ક૰ સોગવલ્લી. તે૰ કોમ્મુપોટલ. તા૰ કોમ્મુપુડલે. કાન્યકુબ્જ. મોરહડી. લા૰ ટ્રીકોસાંથેસ ડચોઇકા. પરવળનાં ઝાડ દક્ષિણ હિંદુસ્તાનમાં સર્વત્ર થાય છે. પરવળનો વેલો કાંઇક ઘીલોડાં જેવો પરંતુ પાંદડાં લાંબાં હોય છે. પરવળની આકૃતિ પણ ઘીલોડાં જેવીજ લાંબી હોય છે. પરવળનું શાક ઘણું સરસ થાય છે. એ ઉત્તમ પથ્યકર છે. એ શાક ઘીમાં ખાવાથી ઉત્તમ પૌષ્ટિક છે. **પરવળ:**—સ્વાદુ, પથ્ય, પાચક, હૃદ્ય, લઘુ, અગ્નિદીપક, સ્નિગ્ધ, ઉષ્ણ તથા વૃષ્ય છે; અને ઉધરસ, રક્તદોષ, જ્વર, ત્રિદોષ તથા કૃમિરોગનો નાશ કરે છે. એનો **વેલો**–કફનાશક, **પાંદડાં**–પિત્તનાશક અને **મૂળ**–રેચક છે.

૩૫૪ પરિપાઠ—પરિપાઠનું ઝાડ કોથમીરના ઝાડ જેવું થાય છે. એની ઉંચાઇ શુમારે એક હાથ હોય છે. એનાં પાંદડાં બારીક અને થોડાં લાંબાં હોય છે. આ છોડ ઉપર ધાણાના જેવાં સેંકડો બારીક ફળ આવે છે. એનો રંગ લીલો હોય છે. પરિપાઠનું ઝાડ ગુણમાં ઠંડુ છે. **ઉપયોગ:—(૧) હાથે પગે બળતરા થતી હોય તે ઉપર:**—પરિપાઠનું ઝાડ કચરી તેનો અંગરસ હાથે અને પગે ચોળવો. **(૨) શરીરમાંની ગરમી અને ગોવરાનું દુઃખ નીકળવા માટે:**—પરિપાઠના ઝાડવાનો પાણી નાખી રસ કાઢવો અને તેમાં સાકર નાખી પાવો. **(૩) કંઠસર્પ અને કંઠવિકાર ઉપર:**—પરિપાઠનું ઝાડવું ચલમમાં નાખી તેની ધૂણી પીવી; એટલે ગળામાં જડાઈ ગયેલો કફ પાતળો થઇ કફવિકારનો નાશ થાય છે.

---

* એનું મોટું ઝાડ કેદાર અને હિમાલય પર્વતમાં ઉત્પન્ન થાય છે. એને ફળ થતાં નથી. ઔષધિમાં એનું લાકડું વપરાય છે. એ લાકડું ઘસીને પીવાથી ગર્ભ ન રહેતો હોય તો રહે છે અને ગર્ભપાત થતો હોય તો અટકે છે.

× ચકોતરાનાં ફળ મોટાં ખરબુજાની આકૃતિનાં હોય છે. ખરબુજાની ઉપર દશ રેખા હોય છે અને ચકોતરાની અંદરના ભાગમાં દશ રેખા હોય છે. બીજ લિંબુના બીજથી મોટાં હોય છે. પાન બીજોરાનાં જેવાંજ હોય છે.

૩૫૫ પંડોળાં—સં૦ સ્વાદુપટોલિકા. મ૦ પડવળ. હિં૦ ઝીંગની, ઝીંગલી. બં૦ ઝીંગા. ક૦ કહ્યપડવળ, પાટલાવળી. તા૦ પડોલ. તુ૦ પાટલાકાયી. મલા૦ પટોલ. લા૦ ટ્રિકોસાંથેસ આંગ્વિના.

પંડોળાંના વેલા ઘણાજ વધે છે. એને શુમારે બે ત્રણ હાથ લંબાઇનાં ફળ આવે છે. પંડોળાંનું શાક બહુ પથ્યકર છે. તે વધારે ખાવાથી પણ વ્યાધિ ઉત્પન્ન કરતું નથી. એ શાક ઘણુંજ નીરોગી છે. **પંડોળાં:**—સ્વાદુ, રુચિકર, બલકર, પથ્ય, દીપન, પાચન તથા પુષ્ટિકર છે; અને વાત, પિત્ત, તાવ, શોષ તથા ત્રિદોષનો નાશ કરે છે. **પંડોળીનાં ફળ:**—વૃષ્ય, રુચિકર, મધુર, સ્વાદુ, પથ્ય, પાચક, લઘુ, દીપક, હૃદ્ય, સ્નિગ્ધ તથા ઉષ્ણ છે; અને કફ, રક્તદોષ, ત્રિદોષ, ઉધરસ, તાવ તથા કૃમિનો નાશ કરે છે. **એનાં પાંદડાં** પિત્તનાશક, **વેલો** કફનાશક અને મૂળ રેચક છે.

૩૫૬ પાષાણભેદ—સં૦ પાષાણભેદ. મ૦ હિં૦ પાખાણભેદ. બં૦ પાથરચૂર. તૈ૦ તેલ્લા-મુરૂપીંડી. ઈં૦ આયરિસ્પ. લા૦ કોલિયસ્ એરોમેટિકમ્. યુ૦ પથ્થરફોડ. ફા૦ ગોશાદ. અ૦ જંતીઆના. ક૦ હિટ્ટલીક.

એને મહારાષ્ટ્રમાં 'પાથરફોડ' પણ કહે છે. એ વનસ્પતિ નાની અને રિંગણી પ્રમાણે જમીન ઉપર પ્રસરે છે. એને બોરડી જેવા કાંટા હોય છે. એને ખડક ઉપર ઉગાડે છે અને એનાં મૂળ ખડક ફોડી અંદર જાય છે; એટલે એ નામ એને યથાર્થ મળેલું છે. એને રિંગણીનાં ફળ જેવડાં ફળ થાય છે. એનાં ફૂલ ધોળાં હોઇ તેમાં લાલ કેસર હોય છે. એનાં કુમળાં પાંદડાંનું શાક કરે છે. એનાં મૂળને "લકડી પાષાણભેદ" કહે છે. એ મૂળ કડવાં હોય છે.* **પાષાણભેદ:**—શીતળ, મધુર તથા કડવું છે; અને મેહ, તૃષા, દાહ, મૂત્રકૃચ્છ તથા અશ્મરી(પથરી)નો નાશ કરે છે. બીજી **વટપત્રી પાષાણભેદની** જાત છે. તે શીતળ તથા મદકર છે; અને પ્રમેહ તથા મૂત્રકૃચ્છ્રની નાશક, બલકર, વ્રણનાશક અને કિંચિત્ દીપન છે. ત્રીજી એક **શિલાવલ્ક** નામની જાત છે. તે શીતળ તથા સ્વાદુ છે; અને પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાવરોધ, પથરી, શૂળ, ક્ષય તથા પિત્તનો નાશ કરનારી છે. ચોથી એક **ક્ષુદ્ર પાષાણભેદી** નામની જાત છે. તે વ્રણ, મૂત્રકૃચ્છ્ર અને પથરીનો નાશ કરનારી છે. **ઉપયોગ:—(૧) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—પાષાણભેદનાં મૂળ, ગરમાળાનું મગજ, ધમાસો, બાળહરિતકી અને ગોખરૂનો કાઢો મધ નાખી પાવો; એટલે તણખીઓ તથા આગથી યુક્ત મૂત્રકૃચ્છ્ર રોગ દૂર થાય છે; અથવા પાષાણભેદનાં મૂળનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં પાવું, કિંવા પાષાણભેદનાં મૂળ શિલાજિત, લીંડીપીપર અને એલચીદોડાનું ચૂર્ણ પાણીમાં અથવા ગોળમાં કિંવા ચોખાના ધોવરામણમાં આપવું. **(૨) પ્રમેહ ઉપર:**—પાષાણભેદનાં મૂળનું ચૂર્ણ મધમાં આપવું. **(૩) શુક્રાશ્મરી ઉપર:**—લકડી પાષાણભેદનો કાઢો પાવો. **(૪) પથરી ઉપર:**—પાષાણભેદનાં મૂળનો કાઢો, શિલાજિત અથવા સુરોખાર સાકર નાખી પાવો. **(૫) અશ્મરી(પથરી)જન્ય મૂત્રકૃચ્છ્ર ઉપર:**—પાષાણભેદનાં મૂળનો કાઢો પાવો. **(૬) દંતકૃમિ ઉપર:**—પાષાણભેદના ફળનો ધૂમાડો દાંતને આપવો.

૩૫૭ પાટલા—સં૦ પાટલિ. હિં૦ પાઢલ, પાડર. મ૦ પાડળ. ક૦ હાદરી. તૈ૦ કલગોરૂ. તા૦ પદ્રિ. ઈં૦ વનડુકનટ. લા૦ કેસલપીનીઆ વનડુકેલા. પાટલામાં **વેલપાટલા અને વૃક્ષપાટલા** એ બે જાતિ છે. વેલપાટલાના વેલા હોય છે અને વૃક્ષપાટલાનાં ઝાડ હોય છે. **પાટલી પાટલા, અમોઘા, મધુદૂતી, ફલેરૂહા, કૃષ્ણવૃંતા, કુબેરાક્ષી, કાલસ્થાલી, કાંચસ્થાલી, અલિવલ્લભા, તામ્રપુષ્પી,** એ વેલપાટલાનાં સંસ્કૃત નામ છે. **પાટલા, સીતા, મુષ્કક, મોક્ષક, ઘંટા, પાટલિ, કાષ્ઠપાટલા,** એ **વૃક્ષપાટલાનાં** અથવા **શ્વેતપાટલાનાં** નામ છે. વેલપાટલાના વેલા વૃક્ષ ઉપર ચઢેલા હોય છે અને એનાં પાંદડાં વાસનવેલનાં પાંદડાં જેવાં હોય છે; પણ તે કરતાં મોટાં અને લાંબાં હોય છે. એને ફળનો ગુચ્છો આવે છે. જેવી વાસનવેલનાં પાંદડાંના રસની ઘટ્ટ થેપલી બને છે, તેવીજ વેલપાટલાનાં પાંદડાંના રસની પણ બને છે. પાટલાનાં ફળ ગોળ હોઈ નાનાં

---

* એને પથ્થરફોડી જડી કહે છે. આ સિવાય એક પથ્થરનીજ જાતની પથ્થરફોડી આવે છે. આ પથ્થરની અંદરથી નીકળે છે, માટેજ એનું એ નામ આપેલ છે.

મોટી જેવડાં અને પીળાં હોય છે. એ વેલનાં મૂળ વાસનવેલનાં મૂળ જેવાંજ કડવાં હોય છે. વૃક્ષપાટલાનાં પાંદડાં બકુલીનાં પાંદડાં જેવાં હોય છે. વેલપાટલાને "મોટી વાસનની" વેલ પણ કહે છે. **પાટલા:**—રસકાળે કડવી, તીખી તથા ઉષ્ણ છે; અને કફ, વાત, સોજો, આધ્માન, ઉલટી, ઉધરસ તથા સન્નિપાતનો નાશ કરનારી છે. બીજી **સિતપાટલિકા:**—(ધોળી પાટલા) નામની જાતિ છે. તે કડવી, જડ તથા ઉષ્ણ છે; અને વાતદોષ, ઉલટી, ઉચકી, કફ, દમ, સોજો, અરુચિ તથા તરસનો નાશ કરનારી છે. **વલ્લીપાટલા:**—ઉષ્ણ છે અને પિત્ત, રક્તદોષ, સોજો, અરુચિ તથા વાયુનો નાશ કરે છે. **રક્તપાટલા:**—(તામ્રપુષ્પી) કડવી, તીખી તથા ઉષ્ણ છે; અને કફ, વાયુ, સન્નિપાત, શ્વાસ, ઉલટી તથા સોજાનો નાશ કરે છે. **ક્ષુદ્ર શ્વેતપાટલા:**—સ્નિગ્ધ તથા વ્રણશોધક છે; અને કફ, વિષ, કોઢ તથા નાયટાની નાશક છે. **ભૂપાટલા**—તીખી, ઉષ્ણ, બલકર તથા વીર્યવર્ધક છે; અને બીજા ગુણ રક્તપાટલા જેવાજ છે. **પાટલાનાં ફૂલ**—તૂરાં, સ્વાદુ તથા હલકાં છે; અને કફ, રક્તદોષ, દાહ, પિત્ત તથા પિત્તાતિસારનો નાશ કરે છે. **પાટલાનાં ફળ:**—કડવાં, શીતળ, ગુરુ, તૂરાં તથા મધુર છે; અને મૂત્રકૃચ્છ્ર, રક્તપિત્ત, વાયુ તથા હેડકીનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) હેડકી ઉપર:**—પાટલાનાં ફળનો રસ મધમાં પાવો. **(૨) કુરશાના વિષ ઉપર:**—પાટલાનાં મૂળ ઘસી પાવાં. **(૩) ગરમી (મૂત્રકૃચ્છ્ર) ઉપર:**—પાટલાનાં પાંદડાંના રસની થેપલી નાભિ ઉપર રાખવી; અને એજ થેપલી, માથા ઉપર ઉષ્ણતા થઈ હોય તો તાળવા ઉપર મૂકવી. **(૪) કૉલેરા અને પેટ દુખતું હોય તે ઉપર:**—પાટલાનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં તથા ડુંટી ઉપર લેપ કરવો. અને એ મૂળનો એક કકડો મોઢામાં રાખવો તથા તે મૂળમાંથી જે દ્રવ આવે તે ગળી જવો. **(૫) શોફોદર ઉપર:**—પાટલાનાં મૂળ ગાયના દૂધની છાશના પાણીમાં ઘસી બે વખત પાવાં. પથ્ય-અલુણી. એજ મૂળ કંમરની આસપાસ બાંધવાં. **(૬) નાના બાળકની પેટપીડ ઉપર:**—પાટલાનાં મૂળ, કાચકાં અને અતિવિષ કિંવા વખમો પાણીમાં ઘસી પાવાં. **(૭) પિત્તવિકાર ઉપર:**—પાટલાનાં પાંદડાંના રસમાં સુંઠનું ચૂર્ણ ૩ માસા અને સાકર ૨ તોલા નાખી પાવું. **(૮) શીતમેહ ઉપર:**—પાટલાનાં મૂળ અને ગોખરૂનો કાઢો પાવો. **(૯) અમ્લપિત્ત ઉપર:**—પાટલાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં સુંઠની ભૂકી ૬ માસા અને સાકર ૨ તોલા નાખી પાવો. **(૧૦) બાળકોને તૃષાનો આજાર થાય છે એટલે તાળવું પડે છે તે ઉપર:**—વેલપાટલાનાં પાંદડાં વાટી થેપલી કરી તે તાળવા ઉપર રાખવી. એ વિશેષ કરીને છોકરીના તાળવા ઉપર રાખવી. છોકરાના તાળવા ઉપર વાસનવેલ લેવાનો વધારે રિવાજ છે.

૩૫૮ **પાટલી**—(શીણવી) સં૦ પાંડુફલી. મ૦ પાટલી, પાંઢરફલી, પુરેરી. હિં૦ પાટલી. ક૦ મણુમંડે. લા૦ ફ્લ્યુજીઆ લ્યુકોપાયરસ.

પાટલીનું ઝાડ મોટું વધે છે. એ ઝાડ ઘણુંજ દુર્લભ છે. ધારવાડ જીલ્લામાં સિરટી કરીને ગામ છે ત્યાં એક પાટલીનું ઝાડ છે. એ ઝાડ વાવ્યા પછી એને છ-સાત વર્ષે ફૂલ આવવા લાગે છે. એનાં ફૂલ ઘણાંજ સુકુમાર અને ઘણાં સુવાસિક હોય છે. એ લાખના રંગનાં હોય છે. પાટલીને પારિજાતક જેવાં જાડાં ફૂલ આવે છે.

૩૫૯ **પાઠ (કાળીપાટ)**—સં૦ પાઠા, વનતિક્તિકા. કોં૦ પહાળ. બં૦ આકનાદિ. હિં૦ પાઠ, પાઢ. ક૦ પાઢા, અગરૂસુટી. તૈં૦ પાઢચેટુ. તા૦ પાડા. દ્રુ૦ તિપલે. મલા૦ પાટક્કિટણ. લા૦ સ્ટેફાનિયા હેર્નાડીફોલિયા. મ૦ પહાડ, પહાડમૂળ.

કાળીપાટનો વેલો હોય છે. એ એક ચંદ્રકાર બીજજાતિની વેલ છે. એ વેલાનાં પાંદડાં ગળોનાં પાંદડાં જેવા અથવા કેટલેક અંશે પીપળાનાં પાંદડાં જેવાં, કાંઈક દીર્ઘ, વર્તુલ, પાતળાં અને સુંવાળાં હોઈ તે લાંબાં દીંટડાં ઉપર એકાંતરે આવેલાં હોય છે. કાળીપાટના વેલાને બારીક પીળાં ફૂલોનો જથો જૂની ડાળીઓના ખાંચામાં(સાંધા-બગલમાં)થી આવે છે. એના ઉપર મરી અથવા વટાણા જેવડાં લાલ રંગનાં ફળો આવે છે. આ બેથી પાંચ હજાર ફૂટની ઉંચાઈ ઉપર સીમલાના પહાડમાં મળે છે. બંગાળા, બિહાર, સિંગાપુર અને કોંકણ પ્રાંતમાં આ વેલા પુષ્કળ થાય છે. વિશેષ કરી કાળીપાટના વેલા ડુંગરાળ પ્રદેશમાં ઘણા થાય છે. ડૉકટર્સ ડિમક અને ટ્રાયમેન સાહેબે આ

વેલાને જૂનિર્વિષી અથવા વેણુવેલ નામ આપેલ છે. ગોવા પ્રાંતમાં એને પારવેલ કહે છે. એ વેલાનાં મૂળને પહાડમૂળ અને કાળીપાડ પણ કહે છે. પહાડમૂળ:—તીખું, કડવું, ઉષ્ણ, ભગ્નસંધાનકારક, તીક્ષ્ણ તથા લઘુ છે; અને પિત્ત, દાહ, અતિસાર, શૂળ, વાતપિત્ત, જ્વર, વિષદોષ, અજીર્ણ, ત્રિદોષ, ઉલટી, કોઢ, હૃદ્રોગ, કંડૂ, શ્વાસ, કૃમિ, ગુલ્મ, વ્રણ, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧)ગલરોગ ઉપર:**—પહાડમૂળ (કાળીપાટ), અતિવિષ, દેવદાર, ઇંદ્રજવ, કડુ અને નાગરમોથનો કાઢો મધ અથવા ગોમૂત્ર નાખી પાવો. **(૨) પીનસ** (નાકમાંથી રસી નીકળે છે તે) **રોગ ઉપર પહાડાદિ તેલ:**—પહાડમૂળ, હળદર, દારૂહળદર, મોરવેલ, લીંડીપીપર, જાઇનાં પાંદડાં અને દાંતીનાં મૂળ, એ સર્વ સમભાગ લઈ, તેનો કલ્ક કરી, તે કલ્કથી ચોગણું તલનું તેલ નાખવું; અને કલ્કનો સારો પાક થવા માટે તેલથી ચોગણું પાણી નાખી તેલ શેષ રહે ત્યાંસુધી ઉકાળીને તેલ ગાળી લેવું તથા નાકમાં રેડવું; એટલે અતિ કઠણ પીનસ રોગ પણ દૂર થાય છે. **(૩) શીતજ્વર** (ટાઢીઆ તાવ) **ઉપર:**—પહાડમૂળનો કાઢો મરીની ભૂકી નાખી પાવો. **(૪) અતિસાર અને દાહ ઉપર:**—પહાડમૂળ કિંવા આંબાની અંતરછાલ દહીંમાં વાટી ખવરાવવી. **(૫) શીતમેહ ઉપર:**—પહાડમૂળ અને ગોખરૂનો કાઢો આપવો. **(૬) સોજા ઉપર:**—પહાડમૂળ ગરમ પાણીમાં વાટી પાવાં અને સોજા ઉપર લેપ કરવો. **(૭) પારોગડાના રોગમાં બાળકને સોજો ઉત્પન્ન થયો હોય તે ઉપર:**—પહાડમૂળ વાટી પાઈ દેવાં. **(૮) વિલંબી રક્તાતિસાર ઉપર:**—પહાડમૂળનો કાઢો આપવો. **(૯) મૂત્રાશ્મરી** (મૂત્રાશયમાં નાની પથરી થાય છે તે) **રોગ ઉપર:**—પહાડમૂળનો કાઢો આપવાથી સારો થાય છે. **(૧૦) તરસ, અરુચિ, અપચો અને મોઢાનો સ્વાદ બગડે તે ઉપર:**—પહાડમૂળ, વાળો અને કાળા વાળાનો કાઢો આપવો. **(૧૧) આમાતિસાર ઉપર:**—પહાડમૂળ, ઈંદ્રજવ, કરિયાતું, નાગરમોથ, પિત્તપાપડો અને ગળોનો કાઢો આપવો. **(૧૨) સંગ્રહણી ઉપર (પાઠાદિ ચૂર્ણ):**—પહાડમૂળ, કુણાં બીલીફળ, ચિત્રકમૂળ, ત્રિકટુ, જાંબુનાં બીઆંની છાલ, દાડમની છાલ, ધાવડીનાં ફૂલ, કડુ, અતિવિષ, નાગરમોથ, દારુહળદર, કરિયાતું, ઇંદ્રજવ, એ જણસો સમભાગે લઈ એ સર્વની બરોબર કુડાની છાલનું ચૂર્ણ મેળવી ચોખાના ધોવરામણમાં અને મધમાં આપવું. **(૧૩) પિત્ત-કફ-જ્વર ઉપર:—(પાઠા સપ્તક):**—પહાડમૂળ, સુંઠ, કરિયાતું, નાગરમોથ, ગળો, કાળો વાળો અને સુગંધી વાળાનો કાઢો આપવો. **(૧૪) ઘા લાગેલા ઠેકાણે:**—એનાં પાંદડાં બાંધેલાં હોય તો દુખાવો ઓછો થાય છે. **(૧૫) સાન્દ્રમેહ** અથવા જે મૂત્રમાં કફ ધાતુ (મ્યૂકસ) અથવા સફેદ ક્ષાર (ફોસ્ફેટ્સ) જતો હોય તે ઉપર લીમડાની છાલ, ગોમૂત્ર અને મધ મિશ્ર કરી પહાડમૂળનો કાઢો આપવો.

૩૬૦ **પાન અજમો**—અજમામાં ઘણા ભેદ છે. જે છોડ ઉપર બીઆં આવતાં નથી તેને 'પાનઅજમો' કહે છે. એનો છોડ પથરાયેલો હોય છે અને હાથ દોઢ હાથ ઉંચો વધે છે. એનાં પાંદડાં જાડાં હોય છે. એ પાંદડાંનો વાસ અજમા જેવો આવે છે. ચોમાસાની ઋતુમાં એના કાંદા વાવ્યાથી એ છોડ થાય છે. એના ઉપર ફળ કિંવા બીઆં આવતાં નથી. આ પાંદડાંનાં ભજીઆં ઘણાં સ્વાદવાળાં થાય છે. **ઉપયોગ:—(૧) કફ ઉપર:**—એનાં પાંદડાંનો રસ આપવો. **(૨) ભમરીના દંશ ઉપર:**—એનાં પાંદડાં મસળી દંશસ્થાને ચોળવાં એટલે જરા ચટકો લાગ્યા જેવું થઈ વેગ જલદી બંધ થાય છે.

૩૬૧ **પારસ પીપળો**—સં૦ પારિસ, તૂલ. મ૦ પારસપિંપળ. હિં૦ ગજદંડ, પુરવસુ. બં૦ બંગરળી. તૈ૦ ગંગારખી. મલા૦ પૂવરાચું. તા૦ પૂરવસુ. ફા૦ પલાસએલ્ય. ઇં૦ હિબિકસસ. લા૦ થિસપિસિયા પોપલનિયા.

આ એક પીંપળા જેવું ઝાડ છે. એનાં કોંકણ પ્રાંતમાં "ભેન્ડ" "ભેન્ડેર" "કુડેપાઇરિ" એવાં નામ છે. એનાં પાંદડાં પીંપળાનાં પાંદડાં જેવાં અને તે કરતાં મોટાં હોય છે. એને ધોળો રસ (દૂધ) આવે છે. એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે. એના ગુણ પીંપર જેવા છે. એને ભીંડીના છોડના જેવાં ફળ આવે છે.* **ઉપયોગ:—(૧) ગુમડાંમાંહેના કૃમિ (જીવડા) મરવા**

* પારસ પીંપળાનાં પાંદડાં બ્રહ્મ પીંપળાનાં પાંદડાં જેવાંજ હોય છે. માત્ર બ્રહ્મપીંપળાનાં

માટે:—પારસ પીંપળાનું દૂધ ચોપડવું. (૨) મણીઆરીના (સર્પની એક જાતિ છે તેના) વિષ ઉપર:—પારસ પીંપળાની છાલનો રસ અર્ધા તોલાથી એક તોલા સુધી પાવો. (૩) શ્વાસ ઉપર:—પારસ પીંપળાના દૂધમાં મરી અને હળદર અથવા બહેડાંનું ચૂર્ણ નાખી બે ચણોઠીભારની ગોળીઓ કરી ખાવી. ગોળી ખાધા પછી કેટલીક વારે ઉલટી થઈ કફ પડે છે. ઉતાર—ઘી અને ભાત. (૪) કફરોગ ઉપર:—પારસ પીંપળાનો રસ શક્તિ પ્રમાણે બાળકને ત્રણ ટીપાંપર્યંત અને મોટા મનુષ્યને આઠ ટીપાં સુધી ગોળમાં કાલવી આપવો; એટલે કફ પાતળો થઈ પડે છે. (૫) આધાશીશી ઉપર:—પારસ પીંપળાનાં ફળ પાણીમાં ઘસી તેનું નસ્ય આપવું.

૩૬૨ **પારિજાતક**—(સં૦ મ૦ પારિજાતક. હિં૦ હારસીંગાર.) એ ઝાડ ઘણું મોટું હોતું નથી. એને ગોળ બીઆં આવે છે. પારિજાતકનાં ફૂલ ઘણાંજ સુકુમાર હોય છે. એ ફૂલ ઘણાં સુવાસિક છે. ઝાડ હલાવીએ એટલે એનાં ફૂલ નીચે ખરી પડે છે. પારિજાતકનાં ફૂલનો દૂરથી પવન સાથે વાસ આવે છે ત્યારે તે મનને ઘણુંજ આનંદિત કરે છે.× **ઉપયોગ:**—(૧) **કોદરાના વિષ ઉપર:**—પારિજાતકનાં પાંદડાંનો રસ કાઢી ઢોરને પાઇ દેવો એટલે કોદરાનું વિષ ઉતરે છે. (૨) **ખરજવા ઉપર:**—પારિજાતકનાં પાંદડાં અને નાચણીનો (નાગલીનો) લોટ એકત્ર વાટી ચોપડવો અને દહીંમાં સોનાગેરૂ ઘસી પાવો; અથવા પારિજાતકનાં પાંદડાં દૂધમાં વાટી લેપ કરવો. (૩) **ગલગંડ ઉપર:**—પારિજાતકનાં પાંદડાં, વાંસનાં પાંદડાં અને ખોરેતીનાં પાંદડાંને ભેગાં વાટી સાત દિવસ સુધી લેપ કરવો. (૪) **ઉદકમેહ ઉપર:**—પારિજાતકની અંતરછાલનો અષ્ટમાંશ કાઢો પાવો. (૫) **ખોડા ઉપર:**—પારિજાતકનાં બીઆં વાટી લેપ કરવો. (૬) **સર્પદંશ ઉપર:**—પારિજાતકનાં પાંદડાંનો અગર છાલનો રસ કાઢી પાવો. (૭) **દાદર ઉપર:**—પારિજાતકના પાલાનો રસ તે ઉપર ચોપડવો.

૩૬૩ **પાલખ (ભાજી)**—સં૦ પાલક્ય, મધુસૂદની. ક૦ મુકુંદ નગીડ, પાલકય. હિં૦ બં૦ પાલેક. મ૦ પાલખ. ફા૦ અસ્પનાખ. લા૦ સ્પાઈનેસિયા ઓલેરેશીઆ. ઈં૦ સ્પાઇનેઝ. અ૦ અસ્પનાખ.

આ ભાજીનો છોડ વેંતભર વધે છે. એનાં પાંદડાં ઘણાં કોમળ અને પાતળાં હોય છે.

પાલખનાં પાંદડાંને થોડા કાત્રા હોય છે. હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ ઘણી છે. પાલખનું શાક સારૂં થાય છે. **પાલખ:**—કિંચિત્ તીખું, મધુર, પથ્યકર, શીતળ, રૂક્ષ, ખારૂં, વાતલ, ગ્રાહક, ભેદક, તર્પણ, પિત્ત, ગુરુ, વિષ્ટંભકારક તથા સ્વાદુ છે; અને રક્તપિત્ત, કફ, મદ, શ્વાસ તથા વિષદોષનો નાશ કરે છે.

૩૬૪ **પાંડેરવો (પારિભદ્ર)**—સં૦ રક્તકેસર, પારિભદ્ર. મ૦ પાંગારા. કો૦ પારંગા. હિં૦ ફરહદ, જલનીમ. બં૦ પાલિદામાર. ક૦ હાલીવાળ, પોંગારા. તા૦ કલ્યાણુમુરક્કુ. વ૦ પાંગરા. તુ૦ પોંગારેડામારા. મલા૦ મુળમુરિક્કા. તૈં૦ મુળમોતિચેટુ. લા૦ એરીથ્રીના ઇંડીકા.

એ ઝાડ મોટાં થાય છે. એમાં ધોળી અને રાતી એવી બે જાત છે. ધોળી જાત ક્વચિત્ જણાય છે. એનું લાકડું હલકું હોય છે. એ ઝાડપર કાંટા આવે છે, માટે તેની વાડ કરે છે. એના લાકડાની સાંગડ કરી તે ઉપર તરવા શીખનારા તરતાં શીખે છે. એ લાકડાનાં તલવારનાં મ્યાન અને બાળકને માટે રમકડાં વગેરે ઘણી જણસો થાય છે. ધોળો પારિભદ્ર ગુણમાં સારો છે. **પારિભદ્ર:**—તીખો, ઉષ્ણ, પથ્ય તથા અગ્નિદીપક છે; અને અરુચિ, કફ, વાત, કૃમિ, મેદ તથા શોફનો

પાંદડાં જેવી એનાં પાંદડાંને છેવટે લાંબી શેડ હોતી નથી. એને મીંઢળના જેવાં ફળો હોય છે. આ ફળોની માળાઓને સાધુઓ પવિત્ર માને છે. એ ફળમાં કપાસીઆ (કપાસના બીજ) જેવાં, પણ રૂંછા વગરનાં પાંચ બી હોય છે. આ બીજ દૂધમાં બાફી ખાવાથી અથવા પારસ પીંપળાનાં મૂળ કે એનાં બીજ સફેદ જીરૂં અને શરપંખો સમાનભાગે લઇ બારીક વાટી ૨॥ ટાંક દૂધની સાથે લે, તો સ્ત્રીને ગર્ભ રહે અને નિશ્ચય પુત્ર થાય. આ ઉપાય સ્ત્રીઓએ ઋતુસમયે કરવા જોઇએ.

× આ વૃક્ષ વન અને ઉપવનોમાં થાય છે. એનાં ફૂલની ડાંડી કેસરી રંગની હોય છે. એ ડાંડીઓને વાટી કપડાં રંગે છે. એનાં ફળ ચપટાં અને નાનાં હોય છે તથા પાંદડાં ઉંધાં ફુલી જેવાં અને બરડ હોય છે.

નાશ કરે છે. એનાં ફૂલ પિત્તરોગ અને કર્ણવ્યાધિનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કમળી ઉપર:**—પારિભદ્રની છાલની ભૂકી વઅગાળ કરી એક તોલાભાર ચોખાના ધોવરામણમાં આપવી. **(૨) વાતરક્તાદિ રક્તદોષ અને ધાતુવિકાર ઉપર:**—ધોળા પારિભદ્રની છાલનું ચૂર્ણ ગાયના માખણમાં અગર ઘી અને સાકરમાં આપવું. **(૩) વિંછીના વિષ ઉપર:**—પારિભદ્રની છાલનો રસ પાવો.

૩૬૫ **પાંણુકાંદા**—સં૦ વનપલાંડુ. મ૦ પાંણુકંદો. હિં૦ જલિપિયાજ. બં૦ વનપિયાજ. તૈ૦ નક્કવુલ્લિગડ. લા૦ અરજેનીઆ ઇંડીકા. ઇં૦ ઇંડીઅન સ્કવીલ.

*પાંણુકાંદા નદીમાં થાય છે. એના કંદ કાંદા જેવા થાય છે. પાંણુકાંદાને નાગદમણીના જેવાં ફૂલ આવે છે. નિફાડ આગળ ગોદાવરી નદીમાં એ કાંદા પુષ્કળ થાય છે. બીજે ઠેકાણે પણ નદીઓમાં ઘણા થાય છે. એ કાંદાની કોઇ કોઇ ભાજી (શાક) પણ કરે છે. **ઉપયોગ:—(૧) ઢોરના ખાધામાં સોમલ આવ્યો હોય તે ઉપર:**—પ્રાંણુકાંદાનો રસ શેરભર લઈ ઘીમાં અથવા દહીંમાં પાવો. **(૨) ગુમડું ફુટવાને તથા વાળા ઉપર:**—પાંણુકાંદા વાટી લેપ કરવો. **(૩) વાઘ કરડયો હોય તે ઉપર:**—પાંણુકાંદા વાટી બાંધવા.×

૩૬૬ **પાણુકુંભા**—સં૦ જલકુંભી. મ૦ પાણુકુંભી. બં૦ ટાકાપાના. લા૦ પીસ્ટીઆ સ્ટાટ્રીઓટીસ.

પાણુકુંભા કુંભાના ઝાડ જેવુંજ હોય છે અને એનાં પાંદડાં પણ તેજ પ્રમાણે હોય છે. પાણુકુંભાને ફક્ત ફૂલજ આવે છે; ફળ આવતાં નથી. **ઉપયોગ:—(૧) ગલગંડ ઉપર:**—પાણુકુંભાની રાખ ગોમૂત્રમાં નાખી બાફવી. પછી તે પાણી ગાળી પાવું અને કોદરાનો ભાત તથા છાશ પથ્ય કરવી.

૩૬૭ **પાંદડી**—સં૦ પાચી, મલ્લારિષ્ટા. મ૦ હિં૦ પાચ. ક૦ પચ્ચે, પચ્ચદગિડ.

પાંદડીનાં ઝાડ એક હાથ ઉંચાં હોય છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી, પરંતુ ફાંગળીના કરતાં કિંચિત્ નાનાં હોય છે. એ પાંદડાં કુમળાં હોય તે વેળા જરા રાતાં હોય છે; પરંતુ જૂનાં થયા પછી સાવ લીલાં થાય છે. એનાં પાંદડાંનો અને તોરાનો વાસ સારો આવે છે. પાંદડીનું અત્તર કાઢે છે. પાંદડીનાં પાંદડાં અને તોરા ઘીમાં સુવાસ લાવવાના ઉપયોગમાં આવે છે. પાંદડીનાં સૂકાયલાં પાંદડાં શાલ, ઉંચી બનાત વગેરે મૂલ્યવાન વસ્ત્રોમાં ઘાલી રાખવાથી તેઓને ઉધઇનો ઉપદ્રવ થવાનો ભય રહેતો નથી. **પાંદડી:**—તીખી, કડવી, ઉષ્ણ, કષાય તથા સુગંધી છે; અને વાયુ, ગ્રહદોષ, ભૂતબાધા, ત્વગ્દોષ, વ્રણ, દાહ, તૃષા તથા વિષનો નાશ કરે છે.

૩૬૮ **પિઠવણ (નાનો સમેરવો)**—સં૦ પૃષ્ટિપર્ણી. મ૦ પિઠવણ, રાનભાલ, શેવરા, કોંડવલા. હિં૦ પિઠાની, ડાવડા, દૌલા. ક૦ નરિયલબોને. તૈ૦ કોલાકુપન્ના. બં૦ ચાકુલે, શંકરજટા. ઓરીયા-કષ્ટપર્ણી. લા૦ ઉરેરિયા લેગોપોઈડીસ્.

એ ઝાડ પડતર જમીનમાં ઘણાં થાય છે. આ ઝાડની ઉંચાઇ શુમારે બે અઢી હાથ હોય છે. એ ઝાડને પાંદડાં આવે છે તે બેવડાં હોય છે, એટલે ડીંટા પાસે બારીક પાંદડું હોય છે અને તેની આગળ મોટું પાંદડું થયેલું હોય છે. મોટા પાંદડાની લંબાઇ પહોળાઈ શુમારે ચાર આંગળ હોય છે. એ ઝાડ ઉપર ચપટ તથા વાંકી નાની નાની શિંગો આવે છે. એ વનસ્પતિનાં મૂળ દશમૂળમાં આવે છે.

આ વનસ્પતિ સંબંધી લોકોને કેટલીક શંકા છે. એનો ક્ષુપજ હોઇ એનાં પાંદડાં ગોળ વેલદાર હોય છે. તે બીલી પ્રમાણે ત્રિદળ હોય છે. બાજુનાં બે પાંદડાં કરતાં વચલું પાંદડું મોટું હોય છે. ફૂલો ધોળાં અને કિંચિત્ કાળાશ પડતાં હોઇ જટાયુક્ત હોય છે. મરાઠીમાં પૃષ્ટિપર્ણીને રાનભાલ, પિઠવણ અથવા ડબલા અને ગુજરાતીમાં પિઠવણ કહે છે. કોંકણ પ્રાંતમાં રાનભાલ નામથી જે

---

* કોળકંદ નીચે પૃષ્ઠ ૧૭૯ ની ટીપણી જુઓ.

× પાણુકંદો કફઘ્ન, મૂત્રલ, સ્વેદલ, જ્વરઘ્ન, અને કૃમિઘ્ન છે. વધારે માત્રામાં આપવાથી ઉલટી થાય છે. વિષમ જ્વરમાં તાવ આવવા પહેલાં આપવાથી તાવ આવતો અટકી જાય છે. કૃમિ મારવા માટે ૨ થી ૪ વાલ ગોળમાં મેળવી અપાય છે. અતિ વધારે પ્રમાણમાં ખાવામાં આવે તો ચક્કર આવે છે. ઉદરરોગમાં બીજી ઔષધિની સાથે પાણુકંદો અપાય છે. ઉધરસમાં કફ બહુજ વધી જાય છે ત્યારે કફ કાઢવા માટે પાણુકંદો આપી ઉલટી કરાવવાથી લાભ થાય છે. પાણુકંદો સ્વાદમાં કડવો હોય છે. પાણુકંદાના કંદ ૮ થી ૧૦ શેર વજન સુધીના હોય છે.

વનસ્પતિ વપરાય છે તેનું વર્ણન અહીં આપેલું છે. એનાં પાંદડાં છેક ભાલાના આકારનાં દુહેરી હોય છે, એટલે દીંટડા પાસે ઝીણાં હોઇ તેનીજ પાછળ મોટાં પાંદડાં થએલાં હોય છે. કોંકણ જીલ્લામાં પડતર જમીનમાં એ ઘણી થાય છે. એ બાંટુકડાં હોય છે. એની ઉંચાઈ બે અઢી હાથજ હોય છે. મોટાં પાંદડાંની લંબાઇ પહોળાઇ શુમારે ચાર આંગળ હોય છે. મ૦ મોતીલાલ શાહે પોતાના "વિદ્યાહુન્નર" નામના ગુજરાતી માસિક પુસ્તકમાં આ વનસ્પતિનું વર્ણન નીચે લખ્યા પ્રમાણે કરેલ છેઃ-"આ છોડવા નદીકિનારા ઉપર ખાતરાની જગ્યામાં ઉગે છે. એનાં લાકડાં ૩-૪ ફુટ ઉંચાં વધે છે. એનાં પાંદડાં એક એકના આંતરે દીંટડાવાળાં અને બંને બાજુએ ત્રણ ઇંચ લાંબાં અને એક-દોઢ ઈંચ પહોળાઈનાં હોય છે. તે ઉપરની બાજુ-એથી જોવામાં સુંદર હોઇ સુંવાળાં હોય છે અને નીચલી બાજુએ તેના ઉપર બારીક રૂંછાં હોય છે. એને ચોમાસાની આખરમાં નાનાં નાનાં રાતા રંગનાં ફૂલોનો ઘોસ આવે છે. એની શિંગો ધોળી અને સાંધા હોય તેવી દેખાય છે. તેમાં બીજ ફિક્કા પીળા રંગનાં ચોળા જેવાં હોય છે." અહીં આ ત્રણ પ્રકારનું વર્ણન આપેલ છે. તે પૈકી કોઈ પણ બેનું વર્ણન એકસરખું મળતું આવતું નથી. એમાં સ્પષ્ટ દૃષ્ટિથી જોતાં કોંકણી અને ગુજરાતી પિઠવણ ઘણા ભાગે એક જેવી છે. **પિઠવણ:**—ફૂરસાના વિષ ઉપર એનાં પાંદડાંનો રસ ગુણકારી છે. એનો મુખ્ય ઉપ-યોગી ભાગ મૂળ છે; પરંતુ પાંદડાંનો પણ ઉપયોગ થાય છે. **પિઠવણ:**—તીખું, ઉષ્ણ, કડવું, ખાટું, મધુર, લઘુ તથા વૃષ્ય છે; અને ઉધરસ, અતિસાર, વાતરોગ, તૃષા, દાહ, ત્રિદોષ, ઉલટી, ઉન્માદ, તાવ, રક્તાતિસાર અને વ્રણનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગર્ભિણીનાં રક્તપિત્ત, કમળો, સોજો, ઉધરસ, દમ અને તાવ ઉપર:**—પિઠવણ, બળદાણા અને અરડુસીનો રસ પાવો. **(૨) વછનાગના વિષ ઉપર ઉતાર:**—પિઠવણનો રસ ૪ તોલા સાકર નાખી પાવો. **(૩) બરોળ ઉપર:**—પિઠવણનાં મૂળીઆંનો અગર પાંદડાંનો રસ પાવો.

૩૬૯ પિત્તપાપડો—સં૦ પર્પટ. મ૦ પિત્તપાપડા. દે૦ ખડશેપુ. હિં૦ પિત્તપાપડા, દવણ-પાપડા. બં૦ ક્ષેતપાપડા. ક૦ પર્પાટક. તે૦ પાર્પાટકમુ. ફા૦ શાહતરા, ધરમતર. અ૦ શાહતરજ, બકલતલમલીક. ઔ૦ જડપાંપુડા. લા૦ ગ્લોસોકાર્ડિયા બોસવેલિયા.

આ એક ત્રણ-ચાર હાથ સીધું વધનારૂં ઝાડવું છે. એના ઉપર બારીક કાંટા અથવા ફાંસો આવે છે. એ ચોમાસાના આરંભમાં ઉગી શિયાળાની આખરે સૂકાઈ જાય છે. એનાં પાંદડાં લાંબાં અને સાંકડાં હોઈ છેવટે શેડ નીકળેલી હોય છે. એના ઉપર ધોળા રંગનાં ફૂલો આવે છે. ઝાડ સૂકાય એટલે તેનો રંગ કાળો થાય છે. પિત્તપાપડો પોતાની મેળે ઉગે છે. કોરોમાંડળ કિનારા ઉપર અને તેમાં પણ મુખ્યત્વે કરીને નેલૂર, મછલીપટ્ટન વગેરે ભાગમાં રેતાળ જમીનમાં એનું ઘણુંજ વાવેતર કરે છે. એનાં પાંદડાં અને છાલ કફ કાઢવાના કામમાં સારાં ઉપયોગી થાય છે. તેને સૂકવી ખાંડી તેનું ચૂર્ણ લોટમાં મેળવી તેની પુરીઓ કરી તે દમના રોગીને અને ક્ષયના રોગીને આપવાનો રિવાજ કેટલેક ઠેકાણે છે. એનાં મૂળ લાંબાં અને નારંગી રંગનાં હોય છે. તે સુતરાઉ લૂગડાંને ઉત્તમ પ્રકારનો પાકો રંગ આપવાના ઉપયોગમાં આવે છે. એમાંથી જાંબવો અને ભૂરો નારંગી રંગ પણ તૈયાર થાય છે. હિંદુસ્તાનમાં છીંટનો પાકો લાલ રંગ પિત્તપાપડા-ના મૂળની ઉપરની છાલમાંથી બનાવે છે. સિલોનમાંથી આનાં મૂળ મોટા પ્રમાણમાં પરદેશમાં મોકલાય છે. વાવેતર કરેલાં ઝાડો કરતાં આપોઆપ જંગલમાં ઉગેલાં ઝાડ વધારે પસંદ કરાય છે. એ મૂળ નાનાં હોઇ તેમાંથી ચોથો ભાગ રંગ નીકળે છે. સમુદ્રકિનારા ઉપરની હલકી, સૂકી અને રેતાળ જમીનમાં એ ઝાડો પોતાની મેળે ઉગે છે. વાવેલાં ઝાડોનાં મૂળ બારીક એકથી બે ફૂટ લાંબાં હોઈ તેની બાજુ ઉપર રેષા હોય છે. એમાંથી મજીઠના રંગ જેવો લાલ રંગ મળે છે. દક્ષિણ હિંદુસ્તાનમાંના રંગરેજ એ ઘણો વાપરે છે. એનો નમુનો મદ્રાસના પ્રદર્શનમાં રાખેલો હતો. એના ઉપર પરીક્ષકોએ નીચેનો અભિપ્રાય આપેલો હતો—"રંગ ફક્ત મૂળની છાલમાંજ હોય છે. અંદરનો ધોળો ભાગ નિરુપયોગી હોય છે. મદ્રાસ ઈલાકામાંના મદુરા શહેરમાંના રંગરેજ લાલ પાઘડી આ મૂળના રંગથીજ રંગે છે. વાવેલાં ઝાડો કરતાં જંગલી ઝાડના મૂળમાંથી ૩૩ ટકા

વધારે રંગ નીકળે છે; અને તેનું કારણ એ છે કે, જેમ વધારે વરસાદથી મૂળ કહેવાઇ જાય છે, તેમજ તે વાવેલા ઝાડને વધારે પાણી આપવાથી પણ તે બગડે છે. બે વર્ષનાં ઝાડોનાં મૂળ મળવાથી તે વધારે ગુણકારી થાય છે." અંધારી જગ્યામાં રાખવાથી તે બગડે છે, એમ કહેવાય છે. મદ્રાસી રૂમાલ રંગવામાં શિરડોળીના મૂળની સાથે આ મૂળનો ઉપયોગ કરે છે; અને રંગ પાકો કરવા માટે તેમાં ફટકડી નાખે છે. હિરાકસી મેળવવાથી કાળો રંગ થાય છે; અને કસુંબો (કાબરાનાં ફૂલ), લિંબુનો રસ અને સોડા મેળવવાથી કાચો લાલ રંગ થાય છે.

પિત્તપાપડાના બે પ્રકાર છે. તે પૈકી **ધાસ પિત્તપાપડો** એ ધાસ જેવો હોય છે અને તે ઉપર કણુસલાં પણ હોય છે. પિત્તપાપડાનાં ઝાડ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એનાં પાંદડાં બારીક હોય છે અને એના ઉપર બારીક ફૂલ આવે છે. **પિત્તપાપડો:**—શીતળ, કડવો, સંગ્રહી, વાતલ, લઘુ તથા પાકકાળે તીખો છે; અને પિત્ત, કફ, જ્વર, રક્તદોષ, દાહ, અરુચિ, ગ્લાનિ, ભ્રમ, મદ, પ્રમેહ, ઉલટી, તરસ તથા રક્તપિત્તનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **પિત્તજ્વર ઉપર:**—પિત્તપાપડાનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવો. (૨) **પિત્ત ઉપર:**—પિત્તપાપડાનાં પાંદડાંનો રસ અને ગાયનું ચોખ્ખું દૂધ એકત્ર કરી તેમાં સાકર નાખી પાવું; અથવા પિત્તપાપડો અને સુંઠનો કાઢો પાવો. (૩) **માથું ચઢતું હોય તે ઉપર:**—પિત્તપાપડાનો રસ અને કારેલીનાં પાંદડાંનો રસ એકત્ર કરી તેમાં ગાયનું ઘી નાખી માથે મર્દન કરવાથી પિત્તાંશવડે ચઢેલું માથું જલદી ઉતરે છે. (૪) **શોષરોગ ઉપર:**—પિત્તપાપડાનો કાઢો પાવો. (૫) **મસ્તકનો તાપ, આંખોની બળતરા અને ઉલટી ઉપર:**—પિત્તપાપડાનો કાઢો મધ નાખી પાવો. (૬) **પથરી ઉપર:**—પિત્તપાપડો ૪ તોલા લઇ ચૂર્ણ કરી તે ગાયની છાશમાં પાવો. તાજો હોય તો પિત્તપાપડાનો રસ છાશમાં પાવો. (૭) **સલ-(છોડ)ની વૃદ્ધિ કરવી હોય તે ઉપર:**—પિત્તપાપડાનો કાઢો સાકર નાખી પાવો. (૮) **પિત્ત-જ્વર ઉપર:**—પિત્તપાપડો, ચંદન (સુખડ), વીરણ વાળો અને સુંઠ, એનો કાઢો આપવો. (૯) **દૂષિત વાયુજન્ય જ્વર ઉપર:**—પિત્તપાપડો, બ્રાહ્મી અને હંસરાજનો કાઢો પાવો. આ ગોવા તરફ આપે છે.×

૩૭૦ **પિલુડી**—સં૰ કાકમાચિકા. મ૰ કાંગો(મો)ણી. હિં૰ મકોય, કવૈયા. બં૰ કાકમાચી, ગુડકામાઇ, ગદનમધુની. ક૰ કાકે. તા૰ કારે. તૈ૰ બલુસ. તુ૰ કાકેંડેલ. મલા૰ કાંડનગરી. ફા૰ રોબાતરીખ. અ૰ એનબુસસાલ્વ. ઇં૰ નાઇટસેડ. લા૰ સોલેનં નાઇગ્રમ્. રાજ૰ ચિરપોટન, મકો.

આ ઝાડ ચોમાસામાં વાવે છે. એ શુમારે બે હાથ અને તેથી પણ ઉંચાં વધે છે. એને લાલ અને ચણોઠી જેવડાં બારીક ફળો આવે છે.* તે સ્વાદથી લોકો ખાય છે. એનાં પાંદડાંના રસવડે કાગળપર લખેલું લીલા રંગની શાહી પ્રમાણે દેખાય છે. ઉપયોગ:—(૧) **શોફોદર ઉપર:**—એનાં પાંદડાંનો રસ ચોપડવો એટલે શોફોદરનો સોજો ઉતરશે. (૨) **પિત્ત ઉપર:**—એનાં પાંદડાંની ભાજી કરી ખાવી એટલે પિત્ત શમન થશે. (૩) **અફીણ ઉપર:**—પાંદડાંનો રસ કાઢી પાવો. (૪) **કાનમાં જીવડું વગેરે ગયું હોય તો:**—પાંદડાંનો રસ કાનમાં નાખવો.

૩૭૧ **પિસા**—એ ઝાડ મોટું થાય છે. તે મહાબળેશ્વર, માથેરાન અને બીજે ઘણે ઠેકાણે થાય છે. ઉપયોગ:—(૧) **પ્રમેહ તથા ધાતુવિકાર ઉપર:**—પિસાનાં પાંદડાંની ભૂકી કરવી અને તેમાં દૂધ તથા સાકર નાખી આપવી, એટલે ઉપર્યુક્ત વિકાર દૂર થઈ ધાતુ પુષ્ટ થાય છે. લીલાં પાંદડાં હોય તો તેમ ને તેમજ ચાવી ખાવાં. (૨) **પાંડુરોગ ઉપર:**—પિસાનાં પાંદડાંની ભૂકી ગરમ પાણીમાં આપવી.

× પિત્તપાપડાની ઉપરની બે જાત ઉપરાંત ખાખરાના બીજને પલાશ પાપડો તેમજ પિત્ત-પાપડો કહે છે. તેનું વર્ણન નં. ૧૬૯ માં આપેલું છે. ધાસ પિત્તપાપડાનું વર્ણન અહીં આપવા ઉપરાંત ઉપર નં. ૨૧૪ માં આપેલું છે.

* પિલુડીનાં પાંદડાં આસોદનાં પાંદડાંની સાથે કેટલીક બાબતમાં મળતાં દેખાય છે. એને સફેદ રંગનાં ખંડગોળ પાંચ પાંખડીવાળાં ઝીણાં ફૂલો આવે છે. પિલુના ઝાડની માફક એને ફળોનાં લુમખાં આવે છે. એ ફળો ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે.

૩૭૨ પિસ્તાં—સં૦ અભિષૂક, નિકોચક. હિં૦ મ૦ ફા૦ પિસ્તા. બં૦ પિસ્તાગાછ. ઇં૦ પિસ્ટેશિઓનટ. લા૦ પિસ્ટેશિયાવ્હેરા. અ૦ ફિસ્તક.

પિસ્તાંનું ઝાડ મોટું થાય છે. આ ઝાડ **પર્શીઆ, બુખારા અને અફગાનીસ્તાન,** એ દેશના જંગલની અંદર ઉત્પન્ન થાય છે. એ ઝાડ ઉપર ચણાના પોપટા જેવાં ફળ આવે છે. એના ઉપર પાતળી ઘટ્ટ છાલ હોય છે. ફળની અંદરના ગરનો રંગ લીલો હોય છે. અને તે પર લાલ ટપકાં હોય છે, તેને પિસ્તાં કહે છે. એનું છાલ સુદ્ધાં ફળ વાવવાથી તેનો રોપો થાય છે. પિસ્તાં ખાવાથી મીઠાં લાગે છે. એને પકવાન્નમાં તથા મિઠાઈમાં નાખે છે. એ બળકર તથા પુષ્ટિદાયક છે. એનું તેલ નીકળે છે. તે માથે ચોળવાથી પિત્તશમન થાય છે. આ તેલનો ઉપયોગ રેશમને કીરમજી રંગ ચઢાવવાના કામમાં થાય છે. **પિસ્તાં:**—ગુરુ, સ્નિગ્ધ, ઉષ્ણ, વૃષ્ય, સ્વાદુ, ધાતુવર્ધક, રક્તને સ્વચ્છ કરનાર, બલકર, પિત્તકર, ભેદક, કડવાં તથા સારક છે; અને કફ, વાયુ, ગુલ્મ તથા ત્રિદોષનાં નાશક છે. **ઉપયોગ:—(૧) પૌષ્ટિક ક્ષીર:**—પિસ્તાં, બદામનો મગજ, ચારોળી અને ખસખસ બારીક વાટી દૂધમાં નાખી ઉકાળી ખીર કરવી તથા તેમાં ગાયનું ઘી અને સાકર નાખી સેવન કરવું.

૩૭૩ પીંપર (પિંપળ)—સં૦ પ્લક્ષ, પિપ્પરી, જટી. મ૦ પિંપરી. હિં૦ પાકરી, પાખર, પાકર, પિલખન. બં૦ પાકુડ. ક૦ વસુરીમારા, જુબ્વીમારા. તૈ૦ જાતિની, ગર્દભાંડે. ગો૦ કેળા. કાલજુવ્વી. મલા૦ ચુવ્વનાલ, ઇત્તિ. ઇં૦ બેબ્હડ લિવ્ડ ફિગ ટ્રી. લા૦ ફાઇકસ વિરેન્સ.

પીંપરનું ઝાડ ઘણું મોટું થાય છે. પીંપરનાં પાંદડાં નાંદરૂખીનાં પાંદડાં જેવાં અને તે કરતાં મોટાં હોય છે. આ છાયાવૃક્ષ છે. પીંપરની છાયા ઘણી ઘટ્ટ અને ઠંડી છે. છાયા માટે રસ્તાની બાજુએ આ ઝાડો વાવે છે. પીંપરને બ્રહ્મપીપળાનાં ફળ જેવાં ફળ આવે છે. બાળકો એ ફળને ઘણા પ્રેમથી ખાય છે. પીંપરનું લાકડું ઇમારતી કામના ઉપયોગમાં આવે છે. પંચવલ્કલમાં એની છાલ લેવામાં આવે છે. **પીંપર:**—તીખી, કડવી, તૂરી તથા શીતળ છે; અને વ્રણ, યોનિદોષ, વિસર્પ, દાહ, પિત્ત, કફ, રક્તપિત્ત, રક્તદોષ, મેદોરોગ, શોષ, મૂર્ચ્છા, ભ્રમ, પ્રલાપ, સોજો તથા રક્તાતિસારનો નાશ કરે છે. લઘુ (નાની) પીંપર (નાંદરૂખ) ગુણોમાં અધિક છે. **ઉપયોગ:—(૧) ઉદાવર્ત અને વાતગુલ્મ ઉપર:**—પીંપરનો યૂષ, (૧૮ ગણું પાણી નાખી ચતુર્થાંશ શેષ રહે તે) ઘી નાખી પાવો. **(૨) ખોડા ઉપર:**—પીંપરનું દૂધ ચોપડવું.

૩૭૪ પીંપળો (બ્રહ્મ પીંપળો)—સં૦ અશ્વત્થ. મ૦ પીંપળ. હિં૦ પીંપલવૃક્ષ. ક૦ અરળીમારા. તૈ૦ રાવીચેટ્ટુ. ફા૦ દરખતલરજા. તા૦ અ૦ રાકમરં. તુ૦ અત્તાસામારા. મલા૦ અરાયલ. ઇં૦ પોપલરલિવ્ડ ફિગ ટ્રી. લા૦ ફાઈકસરિલિજીયોઝા.

એ ઝાડ ભરતખંડ સિવાય બીજા દેશમાં થતું નથી. આ ઝાડ ગામમાં, રાનમાં તથા અરણ્યમાં સર્વે સ્થળે થાય છે અને તે અતિશય ઉંચું વધી ઘણું ફાલે છે. કોઇ કોઈ ઠેકાણે તો એનો વિસ્તાર એટલો વધે છે કે એની છાયામાં ત્રણસો ચારસો માણસો સહેજે બેસી શકે છે. આ ઝાડ ઘણાં વર્ષ સુધી રહે છે. પીંપળામાં અનેક અલૌકિક ગુણો હોવાથી એ ઝાડ હિંદુ લોકોમાં ઘણું પવિત્ર મનાયલું છે.× ઘણાક પરોપકારી ગૃહસ્થો પીંપળાના ઝાડની આસપાસ ઓટલો કે પાળ બાંધે

× એનું લાકડું યજ્ઞની સમિધમાં વપરાય છે. એનાં પાંદડાંની ટોચની અણી પારસ પીંપળા કરતાં વધારે લાંબી હોય છે. એ પીંપળા અને પારસપીંપળાને ઓળખવાનું પ્રત્યક્ષ સાધન છે; એનાં ફળ (ભાણાં) જંગલી બોર જેવડાં થાય છે. એ કાચાં ખવાતાં નથી, પરંતુ પાકવાથી તે મીઠાં લાગે છે, માટે બાળકો ખાય છે. પણ એ ફળોમાં કોઈ કોઇ વખતે ઝીણા જીવ હોય છે. એ ઝાડનો ઉદ્ભવ કાગડાએ ખાધેલા ફળમાંનાં બીજ તેની વિષ્ઠા સાથે બહાર આવે છે તેનાથી હોય છે. એથી એ ઠેકઠેકાણે બીજવૃક્ષજ ઉગે છે. કોઇ કોઇ વખતે તો તે મોટી દિવાલો ઉપર ઉગી નીકળી દિવાલોને ગેરવી નાખે છે. પરમાત્માએ આવા પૂજ્ય વૃક્ષને બહોળા પ્રમાણમાં ઉગાડવાને કેવી ડહાપણભરેલી યુક્તિ કરેલી છે !

કોઇકજ પીંપળાને વડની માફક વડવાઈ જેવા અંકુરો ફુટે છે. તેને પીંપળાની વડવાઇ કહે છે. એ બાળકની આંચકી ઉપર રામબાણ ઇલાજ છે. એ પાણીમાં ઘસી પવાય છે.

છે. પીંપળાનું લાકડું બાળવાના કામાં લેવું નહિ એવો હિંદુ લોકોમાં નિયમ છે. પીંપળાને બારીક ફળ આવે છે. પીંપળાની લાખ બને છે; તે રંગમાં તથા બીજા ઘણા કામના ઉપયોગમાં આવે છે. એનો ઉત્તમ લાખીરંગ થાય છે. એ ઝાડને લોકો પરોપકારાર્થે છાયા માટે દેવળની આસપાસ તથા રસ્તા ઉપર રોપે છે. પ્રવાસમાં ચાલનાર ભારવાળા, અશક્ત, રોગી, વૃદ્ધ વગેરે માણસો ચાલવાના શ્રમથી થાકે એટલે પીંપળાની છાયા નીચે બેસી વિસામો લે છે. એની છાયા ઠંડી હોય છે. એ ઝાડના યોગે આસપાસની હવા સ્વચ્છ થઇ લોકોને ઘણું સુખ થાય છે. એ ઝાડમાં અતિશય ગુણ છે અને તે આપણા પૂર્વજો પૂર્ણપણે જાણતા હતા. **પીંપળો:**—મધુર, કષાય, શીત, દુર્જર, ગુરુ, રૂક્ષ, વર્ણકર, યોનિશુદ્ધિકારક તથા કડવો છે; અને કફ, પિત્ત, દાહ તથા વ્રણનો નાશ કરે છે. **એનાં પાકાં ફળ:**—હૃદ્ય તથા શીતળ છે; અને કફ, પિત્ત, રક્તદોષ, વિષદોષ, દાહ, ઉલટી, શોષ તથા અરુચિનો નાશ કરે છે. **લાખ:**—કડવી, તુરી, સ્નિગ્ધ, લઘુ, બલકર, ભગ્નસંધાનકારક, વર્ણપ્રદ તથા શીતળ છે; અને કફ, પિત્ત, શોષ, વિષ, રક્તવિકાર, વિષમજ્વર, ઉચકી (હેડકી), ઉધરસ, જ્વર, ઉરઃક્ષત, નાસારોગ, વિસર્પ, કૃમિ, કુષ્ઠ, વ્રણ, ત્વગ્દોષ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **ઉપદંશ એટલે ગરમીની ચાંદીઓ ઉપર:**—પીપળાની સૂકાયેલી છાલની રાખ ચાંદીઓ ઉપર નાખતા જવી એટલે ચાંદી કોરી પડી મટી જાય છે. (૨) **બાળકોની બોબડી વાચા શુદ્ધ થવા માટે:**—પીંપળાનાં પાકેલાં ફળ ખાવા આપવાં. (૩) **ઉચકી (હેડકી) અને ઉલટી ઉપર:**—પીંપળાની સૂકી ડાળની રાખ પાણીમાં ભિંજવી કેટલીક વારે તે પાણી ગાળી પાવાથી ઉચકી અને ઉલટીનો તત્કાળ નાશ થાય છે. (૪) **ઉરૂમાં સંચય થયેલું રક્ત શુદ્ધ થવા માટે:**—પીંપળાની ડાળીઓનાં પાંદડાં અને કુંપો લઇ તેનો રસ કાઢી મધ નાખી પાવો. (૫) **ખસ ઉપર:**—પીંપળાનાં છોડીઆંની રાખ અને ચૂનો માખણમાં ખરલ કરી ચોપડવાં; કિંવા છાલ પાણીમાં ઘસી ચોપડવી. (૬) **નાના બાળકના અંગ ઉપર ફોલ્લીઓ (ઓરી) થાય તે ઉપર:**—પીંપળાનું છોડિયું અને રોડું એકત્ર ઘસી લેપ કરવો. (૭) **નાના બાળકનું મોઢું આવી મોઢામાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—પીંપળાનાં તાજાં પાંદડાં અને છાલ બારીક વાટી તેમાં મધ મેળવી દિવસમાં ત્રણ વાર થોડું થોડું ચટાડવું. (૮) **અફીણ ઉપર:**—પીંપળાની છાલનો કાઢો કરી પાવો એટલે અફીણનું વિષ ઉતરે છે. (૯) **ક્ષતકાસ અને ઉરઃક્ષતક્ષય ઉપર:**—પીંપળાની લાખનું ચૂર્ણ× મધ અને ઘી સાથે આપવું. (૧૦) **દાહજ્વર ઉપર:**—પીંપળાની છાલ અને કડુ વાટી અંગે લેપ કરવો. (૧૧) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—પીંપળાનાં સૂકાં છોડીઆંનું ચૂર્ણ ઘીમાં કાલવી ઉપર ચોપડવું. (૧૨) **ફુટેલું બદ ભરાઈ આવવા માટે:**—પીંપળાનું દૂધ અને ગંધએરજો (ચંદ્રસ) એકત્ર કરી પટ્ટી મારવી એટલે ત્વરિત ગુણ આવે છે. (૧૩) **અળતો (પોથી) કરવાની રીત:**—એક શેર પાણી, છ પૈસાભાર પીંપળાની લાખ, બે તોલા શુદ્ધ કરેલો ટંકણખાર, (ટંકણખારના કકડા કપડામાં બાંધી ભેંસના છાણમાં ધોળવા; પછી તે સ્વચ્છ પાણીથી ધોવા એટલે તે ગાંગડો ધોળો-શુભ્ર થાય છે.) અને લોદ્દર છ માસા, આ સર્વ એક વાસણમાં નાખી બે પહોર સુધી રાખવાં એટલે લાખનો રંગ ઉતરી અળતો તૈયાર થાય છે; કિંવા ચૂલા ઉપર બાફવો એટલે તૈયાર થાય છે. આ તૈયાર થયેલા અળતામાં રૂ ભીંજવી થેપલીઓ કરી સૂકવી રાખવી. જરૂર વખતે થેપલીઓનું ખપજોગું રૂ પાણીમાં પલાળી રંગ કાઢી લેવો. એના રંગથી લખે છે તેને રાતી શાહી કહે છે. અળતામાં કાજળ ઘુંટી પુસ્તકો લખવા લાખી શાહી (પાકી શાહી)* કરે છે. (૧૪) રતન-

× લાખ સ્ત્રીઓને ખાવા માટે કદી આપવી નહિ; કારણ કે એથી ગર્ભ રહેતો નથી, એમ કેટલાક પાસેથી સાંભળ્યું છે.

* આજ સુધી અમદાવાદી જેવા મહાન ટકાઉ કાગળો ઉપર જે શાસ્ત્રો લખી રાખવામાં આવતાં અને જે આજે ૫૦૦-૭૦૦ વર્ષનાં લખાયેલ પુસ્તકો જેવાં ને તેવાં નજરે પડે છે; તે આવીજ શાહીથી લખાતા હતા. એ શાહી બનાવવાની એકસરખી પણ થોડા ફેરફારવાળી અનેક રીતો અનેક મહાત્માઓ પાસેથી મળી આવે છે. એક જૈન ગ્રંથમાં આ પ્રમાણે એક કવિત લખેલું છે કે:—

લાખ ટાંક બીસ મેલ સ્વાગ (ટંકણ) ટાંક પાંચમેલ, નીર ટાંક દોસો લઇ હંડીયે ચડાઇએ;

રોગ ઉપર:—પીંપળાની છાલ બાળી પાણીમાં નાખવી અને તેમાં લોખંડનો કકડો વારંવાર તપાવી છમકારવો. તે પાણી ગાળી સવાર–સાંજ પીવા આપવું અને ઇન્દ્રવરણાનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો. **(૧૫) ઉચકી (હેડકી) ઉપર:**—પીંપળાની છાલ બાળી પાણીમાં છમકારી ખટાઈમાં વાટી છાતી ઉપર લેપ કરવો. **(૧૬) રક્તાતિસાર ઉપર:**—પીંપળાની કુમળી ડુંખો, ધાણા અને સાકર સમભાગ લઇ મોઢામાં રાખી દાંતોએ ચાવી તેનો રસ ગાળવો. **(૧૭) અટકાવ આવવા માટે:**—પીંપળાની અને આમલીની છાલ પાણીમાં વાટી પાવી. **(૧૮) ક્ષય ઉપર:**—પીંપળાની લાખનું ચૂર્ણ, ઘી અને મધ વિષમ (ઓછા કે વધુ) ભાગે લઇ તેમાં પાવું. **(૧૯) બદ ઉપર:**—પીંપળાનું દૂધ અને ગંધબેરજો એકત્ર ખરલ કરી ચોપડવાં. **(૨૦) બાળકોને શરીરે ફોડકીઓ થાય છે તે ઉપર:**—પીંપળાની છાલ અને ઇંટ પાણીમાં એકઠાં ઘસી લેપ કરવો. **(૨૧) નીલમેહ ઉપર:**—પીંપળાની છાલનો કાઢો પાવો. **(૨૨) ઢોરોને કંઇ જખમ થઈ કીડા પડે છે તે ઉપર:**—પીંપળાની છાલ રોટલામાં નાખી ખવરાવવી. **(૨૩) હનુગ્રહ (મોઢું ઉઘડવા કિંવા બીડાવા દે નહિ તે) વાયુ ઉપર:**—પીંપળાની અંતરછાલનો પાણી નાખી રસ કાઢી તેમાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી તે પાવો. **(૨૪) રક્તપિત્ત ઉપર:**—પીંપળાનાં પાંદડાંનો અંગરસ ૧ ભાગ, હીરાબોળ ૬ ભાગ અને તેથી બમણું મધ એકત્ર કરી પાવું; એટલે રક્તનો પ્રવાહ કિંવા હૃદયમાં સંચય થયેલા લોહીનો નાશ થાય છે. **(૨૫) પ્રદર ઉપર:**—પીંપળાની લાખ એક તોલો છાશના પાણીમાં ઉકાળી સાકર નાખી પાવી. **(૨૬) દમ અને ઉરઃક્ષત ઉપર:**—પીંપળાની લાખનું ચૂર્ણ ઘી–સાકરમાં આપવું.

૩૭૫ **પીલુ (જાળ, જાળું)**—સં૦ મ૦ હિં૦ પીલુ. ક૦ પીલુ, ઓંગની. બં૦ પીલુગાછ. તૈ૦ ગોલગુ ચેટ્ટુ, પિન્નવરગોંડ. તા૦ કોકુ. દે૦ ઝલ. ફા૦ દર્ખ્તેમિસ્વાટ. અ૦ ઇરાક. ઇં૦ મસ્ટર્ડ ટ્રી ઑફ સ્ક્રિપ્ચર. લા૦ સાલ્વેડોરા પર્સિકા.

પીલુમાં નાની અને મોટી એવી બે જાતો છે. પીલુનાં ઝાડ શાખાવાળાં હોય છે. એ ઝાડ કોંકણ પ્રાંતમાં સમુદ્રકિનારે તથા ગુજરાતમાં ઘણાં થાય છે. પીલુનાં પાંદડાં ધાવડીનાં પાંદડાં જેવાં તથા તે કરતાં મોટાં અને જાડાં હોય છે. એ ઝાડ ઉપર ફળ તોરણ પ્રમાણે આવે છે. એ પાકેલા ફળનો રંગ પ્રવાલ જેવો લાલ હોય છે. એ ફળ એકેક ખાવાથી ગળુ સૂજી જઇ ગળામાં ખરજ થાય છે; પરંતુ એકદમ ઘણાં ફળ ખાવાથી કોઇ પણ પ્રકારનો અપકાર થતો નથી. પીલુને કોંકણ પ્રાંતમાં **'સારી'** અને 'કિંકણુ' પણ કહે છે. એના ફળનું તેલ કાઢે છે; તેને **ખાંખણ** (મ૦ "કિંકણેલ") કહે છે. એ તેલ વાયુ ઉપર શરીરે મસળે છે. મોટી જાતનાં ઝાડ કેટલાક મુસલમાન લોકો પીરોની કબરો પાસે શોભા માટે વાવે છે. એની છાયા ઘણીજ ઘટ્ટ હોય છે. ***લઘુ પીલુ:**—મધુર, તીખું, તૂરું, ખાટું, રુચિકર, સારક, કડવું, તીક્ષ્ણ, ભેદક, દીપન,

---

જ્યોંલોં આગ દીજેં ત્યોંલોં ઓર ખાર સબ લીજે, લોદર ખાર વાલ વાલ પીસકેં રખાઇએ;
મીંઠા તેલ દીપ જ્વાલ કાજલ સો લે ઉતાર, નિકીવિધિ પિછાનીકેં ઐસેં લિ, બનાઇએ;
ચાહક ચતુર નર લિખકેં અનુપ ગ્રંથ, બાંચ બાંચ બાંચ રિઝ રિઝ મોજ પાઇએ. ૧

* લઘુ પીલુને ખારી જાળ અને બૃહત્ પીલુને મીઠી જાળ કહે છે, એમ સંસ્કૃત નિઘંટો બતાવે છે; પરંતુ ખારી જાળનાં પણ સાધારણ ઝાડ થાય છે. બલ્કે તે મીઠી જાળ કરતાં કાંઇક મોટાં પણ હોય છે. ખારી જાળને કેટલાક લોક 'સણી' નામથી ઓળખે છે. એનાં પાંદડાં મીઠી જાળ કરતાં કાંઇક ટુંકાં અને પહોળાં હોય છે. મીઠી જાળનાં પાંદડાં સાંકડાં અને લાંબાં હોય છે. મીઠી જાળમાં એકને રાતાં અને બીજીને ધોળાં ફળ હોય છે, એમ એની પણ બે જાતો છે. ધોળાં ફળવાળી જાળને સેડકી જાળ કહે છે. જાળનાં બીજને ખાંખણીઆ કહે છે. તેમાંથી જે ખાંખણ નામનું તેલ ઘાંચી લોકો પીલીને કાઢે છે તે મીણબત્તીઓ બનાવવાના ઉપયોગમાં લે છે. ખત્રી લોકો પોતાના રંગ સંબંધીના કામમાં પણ તે લે છે. એ તેલ એકાદ બે દિવસમાં ઠરી જઇ માટીના ખોટ જેવું થઈ જાય છે. તેના ભાગીને કકડા અથવા ભૂકો કરી શકાય છે. દેવતાના અગર સૂર્યના તાપમાં તેને રાખવામાં આવે તો તે પાછું પ્રવાહી થઇ જાય છે. ઉપયોગઃ—(૧) ઘોડાં ઘાસનો ચારો સારી રીતે કરી ન શકતાં હોય તોઃ—એવાં દુર્બળ થતાં જતાં ઘોડાંને સેડકી

રક્તપિત્તકારક, સ્નિગ્ધ, ઉષ્ણ તથા વિદાહી છે; અને અર્શ, ગુલ્મ, કફ, વાતરક્ત, પ્લીહા, આનાહ, ઉદરરોગ, વાયુ તથા વિષબાધાનો નાશ કરે છે. **મોઢું પીલુ:**—મધુર, વૃષ્ય, રુચિકર તથા અગ્નિદીપક છે; અને વિષ, પિત્ત તથા આમનો નાશ કરે છે. **એનું તેલ:**—લઘુ, છે અને કફ તથા વાયુનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) મૂળવ્યાધિ, કૃમિ, ગુલ્મ અને સંગ્રહણી ઉપર:**—પીલુનાં તાજાં પાંદડાં ભક્ષણ કરવાં. **(૨) વાયુહારક પાટો:**—પીલુનાં પાંદડાં અને નગોડનાં પાંદડાં કિંવા એકલાં પાંદડાં કચરી લોઢી ઉપર ગરમ કરી પોટલી બાંધી થોડી વાર તેનો શેક કરવો. પછી તે પોટલીમાંનાં પાંદડાંનોજ પાટો બાંધી ઉપર કપડાનું વેષ્ટન દઈ ૪ પહોર રહેવા દેવો. એટલે પગ વળવા, ફાટ થવી, કંમર, પીઠ, હાથ ઇત્યાદિને વાયુવિકાર હશે તો તત્કાળ ગુણ આવશે. **(૩) કૂતરાના વિષ ઉપર:**—પીલુનાં પાંદડાંનો રસ પાવો અગર મૂળ ઘસી પાવાં. **(૪) મોઢામાં ચાંદીઓ પડે છે તે ઉપર:**—પીલુનાં પાંદડાંનો રસ ૧ તોલો અને ગાયનું ઘી ૧ાા તોલો, એ બન્ને મિશ્રિત કરી પીવાથી રોગ ત્રણ દિવસમાં નાશ પામે છે. **(૫) સંધિવાત ઉપર:**—પીલુનાં પાંદડાંનો રસ અને કડવી ગલકીનો રસ એકત્ર કરી અંગે ચોળવો અથવા ખાંખણ (કિંકણેલ) ચોળવું. **(૬) કંડૂ (ખરજ), ગંડમાલા, અંડવૃદ્ધિ અને ક્ષત ઉપર:**—ખાંખણ તેલ ચોળવું.

૩૭૬ **પીળો ધંતુરો**—સં૦ પીતધત્તૂર, સ્વર્ણક્ષીરી. મ૦ પિવળાધોત્રા, કાંટેધોત્રા. હિં૦ પીલા-ધતૂરા. બં૦ પિત્તધુતુરા. ક૦ હળદીમદગુણીકે.

એને "પીળો ધંતુરો" "વિલાયતી ધંતુરો" વગેરે કહે છે. એ શુમારે હાથ–બે હાથ ઉંચો વધે છે. એના સર્વાંગે બારીક કાંટા હોય છે. એને જે બીઆં આવે છે તે બંદુકના દારૂ જેવાં કાળાં હોય છે. એ બીઆં કાગળ નાખી ઉડાડવાથી તડ તડ વાગે છે. આ ઝાડ પડતર જમીનમાં ઘણાં થાય છે. આ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનાં બીઆંનું તેલ કાઢે છે. એનાં મૂળને દારૂડીનાં મૂળ પ્રમાણે 'ચોક' કહે છે. એના ગુણ દારૂડી પ્રમાણે છે. ઉપયોગ:—**(૧) વિંછીના વિષ અને બીજા સામાન્ય વિષ ઉપર:**—પીળા ધંતુરાનાં મૂળની છાલ પાનમાં ખાવા આપવી. **(૨) ટાઢીઆ તાવ ઉપર:**—પીળા ધંતુરાના મૂળની છાલ પાનમાં આપવી. **(૩) ગરમીના ચાઠા અને મસા ઉપર:**—પીળા ધંતુરાની ડુંખો ચુંટવાથી જે રસ નીકળે છે તે ચોપડવો અગર મૂળ ઘસી ચોપડવાં. **(૪) આંખમાં ફૂલાં પડે છે તે તથા સાર આવે છે તે ઉપર:**—પીળા ધંતુરાનો ચીક (દૂધ જેવો ચીકણો પદાર્થ) આંખોમાં આંજવો. **(૫) આંખો આવી હોય તે ઉપર:**—પીળા ધંતુરાનાં ફૂલનો અને પાંદડાંનો રસ અથવા ચીક આંખમાં પાડવો. **(૬) રેચ થવા માટે:**—પીળા ધંતુરાના મૂળનું ચૂર્ણ શક્તિ પ્રમાણે ગરમ પાણીમાં આપવું. **(૭) પ્રમેહ ઉપર:**—પીળા ધંતુરાનાં પાંદડાંનો રસ બે તોલા સુધી કાઢી તેમાં તેટલુંજ ઘી નાખી દરરોજ એક વખત એ પ્રમાણે પાંચ દિવસ આપવું. **(૮) રક્તપિત્ત ઉપર:**—પીળા ધંતુરાનાં પાંદડાંનો રસ ગાયના દૂધમાં ૬ મહિના સુધી લેવાથી વ્યાધિ નક્કી મટે છે. **(૯) ખસ ઉપર:**—પીળો ધંતુરો બાળી તેલમાં ખરલ કરી ચોપડવો.

૩૭૭ **પુંગળવેલ**—સં૦ વૃષપત્રિકા, વસ્તાંત્રી. મ૦ પુંગળવેલ, પુંગડી, બોકડી. હિં૦ બોકડી, પુંગળી. ક૦ કુરૂટીગેય ભેદ. બં૦ છાગલબેટે.

પુંગળવેલનાં પાંદડાં ગુલબાસીનાં પાંદડાં જેવાં હોય છે. તે વેલ વાડો ઉપર ઘણી થાય છે. આ વેલ પ્રસિદ્ધ છે. **પુંગળવેલ:**—કડવી, સ્તંભન, ધાતુવર્ધક, ગર્ભોત્પત્તિકારક, લઘુ, તુરી, શીતળ, મધુર, રસકાળે અને પાકકાળે તીખી તથા વાતઘ્ન છે અને ઉધરસ તથા ગુલ્મની નાશક અને રુચિકર છે;

જાળનાં પાંદડાંનો રસ, બાજરીનો આટો અને ગોળ સાથે મેળવી પીંડીઆં વાળી ખવરાવવાં. (૨) પગના વ્યાઉ (ઓસાર) ઉપર:—વ્યાઉમાં ખાંખણ તેલ ભરી ધીમો શેક કરવો. (૩) એનો પાલો ચામડી ઉપર બાંધવાથી દાહક રૂપ ધારણ કરે છે. આથી કેટલાક અનાડી લોકો સ્નાયુ (વાળા) ઉપર તેને બાંધે છે. (૪) ઢોરોના વ્રણ રૂઝાવા માટે:—ખારી જાળનાં પાંદડાં બાળી તે રાખ ઝીણી વાટી તેમાં માણસનું મૂત્ર વારંવાર ઉમેરતા જવું અને તે વારંવાર વ્રણ ઉપર ચોપડતા જવું. આ પ્રયોગ લગભગ ઇંગ્રેજી આયડોફોર્મની ગરજ સારે છે.

તથા સત્રકૃચ્છ્ર, કફ, પિત્ત, હૃદ્રોગ અને વિષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧)ગુમડું ફોડવા માટે:—મુંગળવેલનાં પાંદડાં વાટી બાંધવાં એટલે ગુમડું ત્વરિત ફૂટે છે. (૨) બાળપુળી (પાઠા જેવું ગુમડું જેમાં બળતરા વિશેષ થાય છે તે) અને કોઈ પણ પ્રકારના ગુમડા ઉપર:—મુંગળવેલનાં પાંદડાં વાટી બાંધવાં એટલે આગ કમી થાય છે અને ગુમડું ફૂટે છે અગર બેસી જાય છે.

૩૭૮ પુષ્કરમૂળ—સં૦ ક૦ પુષ્કરમૂલ. હિં૦ પોહકરમૂલ. મલા૦ ચત્રાકૂવા. લા૦ કોસ્ટસ્ સ્પેસીઅસ. તે૦ કાશ્મીરમુ. કાશ્મીર—પાતાલપદ્મિની.

* પુષ્કરમૂળની ઉત્પત્તિ કાશ્મીર દેશમાં થાય છે. પુષ્કરમૂળ એ એક કાષ્ઠનો ભેદ છે. એને

---

* મુંગલી (પારસ) એરંડાના મૂળને પણ પોકરમૂળ કહે છે. શું જાણીએ કે તે આ પુષ્કરમૂળનો પ્રધિનિધિ હશે? કમળનું નામ પુષ્કર હોવાથી એની જડને પણ પુષ્કરમૂળ કહે છે.

ચક્રદત્ત અને શાર્ઙ્ગધરમાં આ જડને સુગંધીવાળી અને જાગૃતિ આપનાર કહેલ છે. એને ઉધરસ, શ્વાસ, તાવ, અરુચિ અને ચામડીના રોગમાં આપવાની પ્રશંસા કરી છે. થીઓફ્રે કસરૂખ નામના પુસ્તકમાં લખેલું છે કે:—મીલિપ્સ શહેરના સૂર્યમંદિરમાં ઇસ્વી સનની પૂર્વે ૨૪૩ વર્ષે સિરિયાના રાજા સેલૂકસ અને એના ભાઈ એન્ટીઓકસ એ બન્નેએ પુષ્કરમૂળનો હોમ કર્યો હતો. ડાયોસકોરાઇડિસ લખે છે કે:—અરબસ્તાનથી આવનારી વસ્તુઓમાં પુષ્કરમૂળ સર્વથી ઉત્તમોત્તમ પ્રશંસાને યોગ્ય છે. એ સફેદ રંગની અને હલકી હોય છે અને એની મીઠી ખુશબોદાર વાસ આવે છે. તોફેતુલ મિજામિનમાં લખે છે કે:—આ હિંદુસ્તાનના કિનારા ઉપરથી આવે છે; અને જે ઝાડમાંથી એ ઉત્પન્ન થાય છે તે થડવગરનું અને પોલાં પાંદડાંનું થાય છે. એની ત્રણ જાતો છે. એ ત્રણે ગરમ, ખુશ્ક અને પેશાબ વધારે લાવનાર, પિત્તને કાઢનાર, કાળજાના દરદને નાબૂદકર્તા, પેટના બગાડને હઠાવનાર, સર્પાદિ જંગમ વિષને ઉતારનાર, કામોદ્દીપનકર્તા, પેટમાંના કૃમિને કાઢનાર અને પેશાબની થેલીમાં થનારી પથરી પીગળાવીને કાઢી નાખનાર છે. મખજન અલ અદવિયામાં લખે છે કે:—એ જડ કામોત્તેજક, કૌવત આપનાર, દુષ્ટ હવા ઉત્પન્ન કરનાર અને બિમારીઓને અત્યંત ઉપયોગી છે. એ દમના રોગમાં તથા સુદ્દા ખોલવાના કામમાં આવે છે. ડૉકટર ઇરવિંગ લખે છે કે, રાજપૂતાનામાં અફીણ ઉત્પન્ન થવા લાગ્યું તેની પહેલાં આને તમાકુની માફક પીતા હતા. એનો મુખ્ય ઉપયોગ ખુશબોઇ અને માલની ગાંસડીમાં જીવ ન પડવા પામે એટલા માટે કરતા હતા. મિં વેડન પોવેલ કહે છે કે:—"પંજાબમાં આના ચૂર્ણને જૂના નાસુર ઉપર, ઘાવમાં જીવ પડયા હોય તેમાં અને દાંતનાં દરદો માટે વાપરે છે. એને સુકવી ચૂર્ણ કરી ચોપડવાથી સખત છોલાયેલ ચામડી ઉપર જલદી રૂઝ લાવવાના મલમ બરોબર કામ કરે છે અને સુકવી ચૂર્ણ કરી બાલ ધોવામાં પણ વાપરે છે. કૉલેરાની બિમારીમાં ૧ ડ્રામ ઇલાયચી અને ૨ ડ્રામ ઉપલેટને ૪ ઔંસ ગરમ પાણીમાં ભીંજવી એ પાણી એક ઔંસની માત્રાથી દરેક અડધા કલાકે આપવાથી ઉત્તમ અસર કરે છે." ડૉકટર પોર્ટર સ્મિથ કહે છે કે, પુષ્કર જલદી ખુશબોઇ જગાડનાર પદાર્થ છે અને શૂળ વગેરે દરદોમાં ઉપયોગી છે. કાશ્મીરી કાપડ(શાલ, ધુસા)માં કીડા ન લાગવા કાપડના વેપારીઓ એનો ઉપયોગ કરે છે. સુકાયલી પુષ્કરમૂળની જડ ખુશબોદાર હવા ઉત્પન્ન કરવાને માટે બાળે છે. ચીનના મુલકમાં આ જડને બાળવાનો અત્યંત શોખ છે. એનો ખુશબોદાર ધૂમાડો ચીનાઈ લોક પોતાના ત્રિબુદ્ધિ દેવની પાસે બાળે (ધૂપ કરે) છે. સર જોર્જ બર્ડવુડ કહે છે કે:—એનાથી સફેદ થયેલા વાળ કાળા થાય છે; અને એમાં પેટની પીડા મટાડવાનો, ખરાબ હવાની અસર રોકવાનો, ગ્રાહી અને ઉંઘ લાવવાનો ગુણ છે. ચરકસંહિતામાં—એને શુક્રશોધક, લેખનીય (ધાતુઓને પાતળી કરનાર), શુક્રજનક (વીર્ય ઉત્પન્નકર્તા) અને હેડકીનો નાશકર્તા કહેલ છે. સુશ્રુતસંહિતામાં—એને યોનિદોષનાશક અને સ્તન્યશોધક, વર્ણપ્રસાદન (ચામડીનો રંગ સુધારનાર) તથા ચળ અને બીજા વિકાર હઠાવનાર કહેલ છે. ચક્રદત્તમાં લખે છે કે:—હરડે, અજમો, હિંગ અને સુંઠની સાથે મેળવીને ખાંસી, શ્વાસ, તાવ અને મંદ જઠરાગ્નિમાં આપે તો એ બધા રોગોનો નાશ થાય.

"પોખરમૂળ" પણ કહે છે. **પુષ્કરમૂળ:**—કડવું, તીખું, ઉષ્ણ તથા ભેદક છે; અને વાયુ, કફ, જ્વર, સોજો, અરુચિ, ઉધરસ, હેડકી તથા પાંડુનો અને વિશેષ કરી પાર્શ્વશૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) હૃદ્રોગ, શ્વાસ, કાસ અને હેડકી ઉપર:**—પુષ્કરમૂળનું ચૂર્ણ મધ સાથે આપવું. **(૨) સ્વરભંગ ઉપર:**—પુષ્કરમૂળ મોઢામાં રાખી રસ ગળી જવો.×

૩૭૯ **પેંડકુળી**—પેંડકુળીના વેલા હોય છે. આ વેલો મોટો અને વિસ્તીર્ણ થાય છે. એનાં પાંદડાં અળઇના ઝાડ જેવાં થાય છે. તેની છાલ ઉપરથી કાળા રંગની હોય છે; પરંતુ અંદરથી રાતા રંગની હોય છે. એને રાતા રંગનો રસ આવે છે અને તેની લાખ થાય છે. **ઉપયોગ:—(૧) ખરજવા ઉપર:**—પેંડકુળીનાં પાંદડાંનો રસ પાવો અને તેજ પાંદડાં વાટી ઉપર ચોપડવાં. **(૨) ફોલ્લા ઉપર:**—પેંડકુળીના વેલાની છાલ પાણીમાં ઘસી ચોપડવી.

૩૮૦ **પેંઢુર (કોડીઆ)**—સં૰ પિંડાર, મહાપિંડીતરુ. મ૰ પેંઢ્રે, પેંઢૂર. હિં૰ પેરીસવૃક્ષ. ક૰ ઓંદ્ધયમાડુવરતું. લા૰ રેંડિયા રિલિજિનોસા.

પેંઢુરનાં ઝાડ કોંકણમાં થાય છે. તેને જેઠ અને આષાઢ માસમાં ફળ આવે છે. એ ફળ જમરૂખ જેવડાં હોય છે અને તેનો રંગ લીલો હોય છે. તેનું શાક થાય છે. **પેંઢુર:**—તૂરૂં, ગ્રાહક, વાતનાશક, શીતળ, બલકર, રુચિકર, મધુર તથા રૂક્ષ છે; અને વિષ, ચર્મરોગ, રક્તદોષ, કફ, ત્રિદોષ તથા પિત્તનો નાશ કરે છે.

૩૮૧ **પોકળો**—(સં૰ બિંદુપત્રક) પોકળાની ભાજીનું ઠીંટું રાતું અને માઠ જેવુંજ હોય છે; પરંતુ પાંદડાં કંઇક તાંદળજાના જેવાં હોય છે. આ ભાજીમાં કિંચિત્ ખટાશ હોય છે. પોકળાની ભાજી નરમ કરવાથી સારી થાય છે; પરંતુ એને બીઆં આવે છે એટલે તે ઉપયોગમાં આવતી નથી. એનો રોપો શુમારે હાથભર ઉંચો વધે છે. **ઉપયોગ:—(૧) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—પોકળાનાં પાંદડાંનો રસ જમીન ઉપર રેડી બનાવેલો કાદવ જેવા ભોંયરસો મેળવી તેનો લેપ કરવો.

૩૮૨ **પાપૈયા (એરંડકાકડી, ઝાડચીભડી)**—સં૰ વાંતકુંભફલ, મધુકર્કટી. મ૰ પપઇ. વ૰ એરંડીપપઇ. હિં૰ અંડકાકડી. બં૰ વાતાવિલેણુ. તૈ૰ બોપ્પઈ. તા૰ પપ્પાય. તુ૰ બપ્પાંગાઈ. મલા૰ પપ્પાયં. ક૰ પોપ્પલસુ. ઇં૰ પપાવ. લા૰ કારિકા પાપૈયા.

આ ઝાડ ઘણાખરા પ્રાંતોમાં પ્રસિદ્ધ છે. એ ઝાડ ઘણું વધે ત્યારે બે-ત્રણ માથોડું ઉંચું વધે છે. તેને આડા-અવળા ફાંટા ઘણા ફૂટતા નથી. એના ફળને "એરંડકાકડી(પોપૈયો)જ" કહે છે. એ ફળ નારીએળની પેઠે પાંદડાંની નીચે થાય છે. કાચાં ફળનો રંગ બહારથી લીલો હોય છે. કાચાં ફળનું શાક કરે છે. પાકેલાં ફળ ખાવાથી મીઠાં લાગે છે, પરંતુ તે ઘણાં ખાવામાં આવે તો શરીરે વિકૃતિ થાય છે. એ ફળ ઘણુંજ વાતુલ, જખમ રૂઝવનાર અને પ્રમેહાદિક વ્યાધિ ઉત્પન્ન કરનાર છે. એ ઝાડનું લાકડું ઘણુંજ પોચું હોય છે. તેનાં પાંદડાંના દાંડા લાંબા અને પોલા હોય છે. એનાં પાંદડાં એરંડાનાં પાંદડાંના આકારનાં પણ મોટાં હોય છે. **પાપૈયો:**—ગ્રાહક છે અને કફ તથા વાયુનો કોપાવનાર છે. **પાકેલો પોપૈયો:**—મધુર, જડ, રુચિકર, પિત્તનાશક અને ગુરુ છે. **ઉપયોગ:—(૧) કીડા (જંતુ) અને દાદર વગેરે રોગ ઉપર:**—પોપૈયાના કાચા ફળને ચપ્પુ વડે ચીરીને જે રસ નીકળે તે ચોપડવો. **(૨) મૂળવ્યાધિ ઉપર:**—પોપૈયાના કાચા ફળનો રસ મૂળવ્યાધિ ઉપર ત્રણ દિવસ ચોપડવો; એટલે મૂળ બળી જાય છે અગર ગરી પડે છે. **(૩) પ્લીહા (પેટમાં ડાબી બાજુએ બરોળ નામે ગાંઠ થાય છે તે) રોગ ઉપર:**—પોપૈયાના ફળનું પોટીસ કરી પ્લીહા ઉપર બાંધવું; અને પોપૈયાનું દૂધ (રસ) ચમચારભ સાકર સાથે દિવસમાં ત્રણ વાર પાવું. **(૪) કૃમિ ઉપર:**—પોપૈયાનું દૂધ એક શેર ચમચાભાર સાકર

× પુષ્કરમૂળનાં પાન કઠ(ઉપલેટ)નાં પાન જેવાંજ હોય છે. શાખા પણ એકસરખીજ દેખાય છે. ગુણ પણ લગભગ મળતા છે. એક બીજાના અભાવમાં કોઈ પણ ઉપયોગ કરી શકાય છે. ડેહરાડૂનની આસપાસ પુષ્કરમૂળ મોટા પ્રમાણમાં થાય છે. પુષ્કરમૂળનું સંસ્કૃત નામ "કાશ્મીર" છે. એ ઉપરથી અનુમાન થાય છે કે, કાશ્મીરમાં એ મોટા પ્રમાણમાં થતું હશે.

સાથે પાવું. બાળકને આપવું હોય તો એક બે ટીપાં આપવું. (૫) **તજાગરમી ઉપર:**—લીલા પોપૈયાનો છુંદો તપેલામાં નાખી તેને બારી હાથતળીએ તથા પગતળીએ પાંચ દિવસ બાંધવો.

૩૮૩ ફણસ—સં० પનસ. મ० ફણસ્. હિં० કટહર. બં० કાઠાલ. ક० હલસિન–મારા. તૈ० પનસકાયાં. તા० પલાચુ, ચિરા. તુ० પેલા. મલા० પિલાવુ. લા० આર્ટોકાર્પસ્ ઇન્ટેગ્રિફોલિયા. ઇં० ઇંડિયન જેકટ્રી.

ફણસનું ઝાડ મોટું થાય છે. એ ઝાડ વાવ્યા પછી પાંચ–છ વર્ષે ફળે છે. એનાં પાંદડાં લીલાં અને લાંબાં હોય છે. ઘણું કરી ફણસ ડુંગરાળ પ્રદેશમાં બહુજ થાય છે. ફણસ ઉપર જાડા કાંટા હોય છે. જો મોટું ઝાડ હોય તો શુમારે ૫૦૦ પર્યંત તેને ફળ આવે છે. આ ઝાડને જમીનમાં પણ ફળ લાગે છે. ફણસમાં કાપા અને રસાળ એવી બે જાત છે. રસાળ ફણસનું ફળ ઘોળું હોય છે. ફણસ ઘણા ઉપયોગમાં આવે છે. લીલા ફણસનું શાક કરે છે. પાકે એટલે અંદરનો ગર્ભ ખવાય છે. તાંલીચેરી, મંગલોર અને ગોમંતક, એ ઠેકાણે ફણસ પાકવાના વખતે લોક સવારના પહોરમાં અનાજને બદલે ફણસનો ગર્ભજ ખાય છે. ગર્ભની અંદર બીઆં હોય છે, તે પણ ખાવાના ઉપયોગમાં આવે છે. એ લીલું હોય છે ત્યારે તેને ચીરી શાક કરે છે અને શેકીને કે બાફીને ખાય છે. ઠળીઆ શેકતા પહેલાં તેને લગાર છિદ્ર પાડવું; નહિ તો તે મોટા અવાજથી ફાટે છે. તેને સૂકવવાને માટે તેના ઉપર માટી ચોપડી રાખે છે; ચોમાસામાં તેને શેકીને ખાય છે. દક્ષિણ કોંકણમાં કણબી લોક ત્રણ–ચાર મહિનાપર્યંત ઘણું કરીને કેરીઓની પેઠે ફણસ ઉપરજ નિર્વાહ કરે છે. ફણસનો વખત ગયો એટલે ગોટલી ખાય છે. ફણસનો ગર્ભ સૂકવી રાખી જરૂર વખતે તેનો ઉપયોગ કરે છે. ફણસ ઉપરનાં ફોતરાં ઢોરને ખવરાવે છે, તેથી દૂધ પુષ્કળ ઉત્પન્ન થાય છે. ગરભ વાટી તેની પાતળી રોટલી કે પુરી કરી ખાય છે, તેને ફણસ-પોળી કહે છે. ગર્ભની ખીર અને કઢી પણ કરે છે. એનું લાકડું પીળું અને ટકવામાં સાગના જેવુંજ છે ને ઇમારતના કામમાં આવે છે. એના લાકડાની પેટીઓ, ખુરસીઓ, ચૌરંગ, પલંગ ઇત્યાદિ વસ્તુઓ થાય છે. ફણસની જાતનુંજ એક પાત (પાત્ર) ફણસ કરીને ઝાડ થાય છે, તેનાં પાંદડાં મોટાં હોય છે અને તેનાં ફળ ખાવાના ઉપયોગમાં આવતાં નથી. એનું લાકડું ઘણા ઉપયોગમાં આવે છે. તે બીજા ફણસ કરતાં ટકાઉ છે; પરંતુ તેનો રંગ સારો હોતો નથી. તેની હોડીઓ અને દરવાજા (બારણાં) કરે છે. ફણસનો ગર્ભ ખાઇ ઉપર પાન ન ખાવું; કારણ કે પાન ખાવાથી પેટ ચઢી માણસ મરે છે. **લીલું ફણસ:**—મલાવષ્ટંભક, મધુર, બલકર, દોષલ, તૂરૂં, ગુરુ અને વાતુળ છે. **કુમળું ફણસ:**—મધુર, જડ, કફકર તથા મેદવર્ધક છે; અને દાહ, વાયુ, પિત્ત, ક્ષતક્ષય તથા રક્તપિત્તનો નાશ કરે છે. **પાકેલું ફણસ:**—પાક વખતે શીતળ, દાહક, સ્નિગ્ધ, તૃપ્તિકારક, ધાતુવર્ધક, રુચિકર, માંસવર્ધક, કફકર, બલકર, પૌષ્ટિક, જંતુકારક, વૃષ્ય તથા દુર્જર છે; અને રક્તપિત્ત, ક્ષતક્ષય તથા વાયુનો નાશ કરે છે. **ફણસની ગોટલી:**—મધુર, વૃષ્ય, જડ અને વિષ્ટંભક છે. **ફણસનાં બીઆં:**—કડવાં, મુખશુદ્ધિકર અને ગુરુ છે. એનું **પાણી:**—વૃષ્ય તથા મધુર અને ત્રિદોષનાશક છે. ઉપયોગ:—(૧) **મોં ફાટ્યું હોય તે ઉપર:**—ફણસના અંકુર (ફણસ અળંબી) ઘસી ચોપડવા. (૨) **શોફોદર ઉપર:**—પાકા ફણસના અંકુર અને ખરવતીની છાલ એકત્ર કચરી, પાણી નાખી, તેનો રસ પાશેર કાઢી પાવો. પથ્ય પાળવું. (૩) **બાળકના આમસંગ્રહણી ઉપર:**—કાપા જાતના ફણસની તથા કાપ્યા (મોરવાની) આંબાની છાલ સમભાગ લઇ પાણી નાખી રસ કાઢવો. આ રસ બાળકની શકિત પ્રમાણે એક તોલાથી ત્રણ તોલા સુધી લઇ તેમાં ચૂનાનું પાણી બે માસાપર્યંત નાખી જલદી પાઇ દેવો. (૪) **કંઠરોગ ઉપર:**—ફણસની દરેક ડાળીના છેવટને ભાગે અણીદાર કળીઓ હોય છે, તે બારીક વાટી રસ કાઢી થોડો થોડો ગળામાં નાખતા રહેવું; અથવા વાટેલી કળીઓની ગોળી કરી મોંમાં રાખવી. (૫) **રકતાતિસાર અને કોગળીઆ ઉપર:**—આંબાની અને ફણસની છાલનો રસ કાઢી તેમાં ચૂનાનું નીતર્યું પાણી નાખી તે પાવો. (૬) **ફણસ ખાવાથી અજીર્ણ થયું હોય તો:**—કોપરૂં ખાવું. (૭) **ફણસ ઉપર પાન ખાવાથી પેટ ચઢે છે તે ઉપર:**—કિંચિત્ ખટાશવાળાં બોર ખાવાં.

૩૮૪ ફાલસા—સં૦ પુરુષક. મ૦ બં૦ અ૦ ફાલસા. હિં૦ ફાલસે. ક૦ બેટ્ટહા. ફા૦ પાલસા. ઇ૦ એશિયાટીક ગ્રેવિયા. લા૦ ગ્રેવિયા એશિયાટીકા.

× આ ઝાડ મોટું થાય છે. એ બગીચામાં વાવે છે. ઉત્તર હિંદુસ્તાનમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એનાં પાકાં ફળ પીપરનાં ફળ જેવાં અને તેનો રંગ જાંબુઓ હોય છે. એ ફળ ખાવાથી મીઠાં લાગે છે. એ બીઆંસુદ્ધાં ખાવાં. ઉષ્ણકાળમાં એ બીઆંનું શરબત કરી પીએ છે. **ફાલસા:**—ખાટાં, તૂરાં તથા લઘુ છે; અને કફ તથા વાયુનાં નાશક અને પિત્તકર છે. **લીલાં કાચાં ફળ:**—પિત્તલ, લઘુ, ઉષ્ણ, ખાટાં, તૂરાં તથા વાતનાશક છે. **પાકાં ફળ:**—મધુર, સ્વાદુ, રુચિકર, તર્પણ, શીતળ, મલબદ્ધતાકારક, હૃદ્ય, ધાતુકર તથા ખાટાં છે; અને વાત, પિત્ત, રક્તદોષ, તૃષા, દાહ, ક્ષતક્ષય, શોફ તથા પિત્તજ્વરનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) મૂઢગર્ભ અને મૃતગર્ભ પાડવા ઉપર:**—ફાલસાના મૂળનો લેપ ડુંટી, બસ્તી અને યોનિ એ ઠેકાણે કરવો; એટલે ગર્ભ નીકળી જાય છે. **(૨) દાહ શમન થવા માટે:**—ફાલસાનાં પાકાં ફળ સાકર સાથે ખાવાં. **(૩) પિત્તવિકાર અને હૃદ્રોગ ઉપર:**—ફાલસાનાં પાકાં ફળનો રસ પાણીમાં મેળવી સરબત કરી તેમાં થોડી સુંઠની ભૂકી અને સાકર નાખી પાવું.

૩૮૫ ફાંગળો—(સં૦ ફણિજ્જક) એ ઝાડ તથા એનાં પાંદડાં પણ રાનતુળસી જેવાં હોય છે; પરંતુ પાંદડાંમાં કાત્રા હોતા નથી. એ ઝાડ ઉપર તોરા આવે છે. ઝાડના અંગનો અને એ તોરાઓનો રંગ રાતો હોય છે. એમાં ધોળો, રાતો અને કાળો, એવી ત્રણ જાત છે. **ફાંગળો:**—લઘુ, કડવો, રૂક્ષ, હૃદ્ય, અગ્નિદીપક, પિત્તલ, પાકકાળે પિત્તલ, રસકાળે તૂરો, તીખો, રુચિકર તથા તીક્ષ્ણ છે; અને કફવાત, કૃમિ, કુષ્ઠ, અર્શ, વિંછી અને સર્પના વિષનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ફુરશાના વિષ ઉપર:**—ફાંગળાનાં મૂળ ઘસી ૩ તોલાપર્યંત પાવાં. પછી કમી જાસ્તી પ્રકાર થાય તો નીચે પ્રમાણે ઉપાય કરવાઃ—માથું ચઢે તો કાળા કડાછાલનાં મૂળ ઘસી માથે અને કપાળે ઘસવાં. પેટમાં પીડ આવે તો તેજ મૂળ ઘસી પાવાં. ઉલટી થવા જેવું જણાય તો ધાવડીના કુમળા તોરાઓ અને ૭ મરી એકત્ર કૂટી ગોળી કરી ખવરાવવી. શોષ લાગે તો આમલીની છાલ ખાવા માટે આપવી. સોજા આવે તો ધંતુરાનાં પાંદડાંનો રસ કાઢી ગરમ કરી તેમાં કળથીનો લોટ નાખી સોજા ઉપર લેપ કરવો; કિંવા ઉક્ષી(ધોળી ધાવડી)નાં મૂળ ગોમૂત્રમાં ઘસી ઉપર ચોપડવાં. **(૨) ક્ષતમાંના કૃમિ મરવા માટે:**—ફાંગળાનાં લીલાં પાંદડાં હાથ પર મસળી ક્ષતમાં તેનો રસ પાડવો અને તેજ પાંદડાંની થેપલી કરી ક્ષત ઉપર ચોટાડવી; એટલે ક્ષતમાંના કૃમિ તાબડતોબ મરે છે. એ પ્રમાણે એક બે વાર ઔષધ ચોપડવું. **(૩) મૂત્રાઘાત ઉપર:**—ફાંગળાનાં પાંદડાંનો રસ ઇંદ્રિય પર ચોપડવો અને એક ટીપું મૂત્રદ્વાર ઉપર પાડવું. **(૪) કૃમિ ઉપર:**—ફાંગળાનાં પાંદડાંનો રસ કાઢી પાવો. **(૫) ઢોરના જખમ ઉપર:**—ફાંગળાનાં પાંદડાંનો રસ ચોપડવો. **(૬) વાયુથી અંગમાં સણકા થતા હોય તે ઉપર:**—ફાંગળાનાં પાંદડાંના રસનો લેપ કરવો.

૩૮૬ ફાંજી—સં૦ જીર્ણફંજી. મ૦ ફાંજ, ફાંજી, ફાંદ, વરધારાભેદ. હિં૦ ફાંજી, કાલા-વિધારા. ક૦ કિરિયમુષ્ટે. લા૦ રિવ્હિયા ઓર્નાટા.

ફાંજીના વેલા હોય છે. એ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એનાં પાંદડાં અળુનાં પાંદડાં જેવાંજ પરંતુ ઘણાંજ નાનાં હોય છે. પાંદડાંનું શાક અળવીનાં પાંદડાં પ્રમાણેજ કરે છે. એ શાક સારૂં થાય છે. ફાંજીનો વેલો મોટો થઈ તે એકાદા ઝાડના આશ્રયે રહે છે. તેને "ફાંદ" પણ કહે છે. **ફાંજી:**—શીતળ, ગ્રાહક, વૃષ્ય, કડવી, તૂરી, તીખી, મધુર, બલકર, કફકારક, વિષ્ટંભકારક તથા ગુરુ છે; અને વાત, પિત્ત, હૃદ્રોગ, ઉધરસ, આમદોષ તથા ક્લેશનું શમન કરે છે. ઉપયોગ:—**(૧) ફુરશાના વિષ ઉપર:**—ફાંજીના વેલાનાં મૂળ ગરમ પાણીમાં ઘસી ચાર ચાર ઘડીના અંતરે

× ફાલસાનું વૃક્ષ મધ્યમ આકારનું થાય છે. પાન બીલીના પાન સમાન ત્રણ ત્રણ મળેલાં હોય છે. ફળ બે ત્રણ એકત્ર હોય છે. ફળ કાચાં હોય ત્યારે લીલા રંગનાં હોય છે; પાકવા પછી જાંબુડિયા રંગનાં થઈ જાય છે.

પહેલા દિવસે પાવાં. પછી બીજે અને ત્રીજે દિવસે બે વાર પાવાં.

૩૮૭ **ફિરંગી બાવળ**—(મ૦ ફિરંગી બાભૂળ) એને "ફિરંગી" પણ કહે છે. એ ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એને ઝીણા કાંટા હોય છે. એની ડાળીએ સુરૂના ઝાડ જેવી દેખાય છે. એને બારીક શિંગો આવે છે. ફિરંગીની છાલ સુવાસિક છે. એ ઝાડ ઘણાક પ્રાંતોમાં ઉત્પન્ન થાય છે. ઉપયોગ:—**(૧) આમવાત અને વાયુથી સણકા થાય તે ઉપર:**—ફિરંગીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં ઘી નાખી પાવો.

૩૮૮ **ફુગ**—(બિલાડીના ટોપ, અળંબા.) સં૦ ભૂછત્ર. મ૦ અળંબે ભુઇફોડ. હિં૦ છતોના, છાતા, સાંબકી છત્રી. બં૦ પોયાલ છાતુ, ભુરકુંડા છાતું, કોડક છાતા, બ્યાંગેર છાતા. ક૦ આળબિ, નાયછત્તરિગે. કો૦ કાલિમ. ઇં૦ મસરૂમ. લા૦ ફંગી. સિં૦ ખુંબા.

એ મોટી ચમત્કારિક વનસ્પતિ છે. એ વનસ્પતિની રચનાથી પરમેશ્વરનું પૂર્ણ ચાતુર્ય દેખાઇ આવે છે. ફુગનું છત્ર ઉકરડા ઉપર સડેલા પદાર્થ ઉપર, કોહેલાં છાણાં ઉપર અને કેટલેક ઠેકાણે સારી જમીનમાં પણ થાય છે. એમાં સાત-આઠ જાત છે અને તેમાં પણ બે પ્રકાર છે. એક વિષારી અને બીજો સારો. વિષારી અળંબા ખાવાથી ભારે અનર્થકર પરિણામ થાય છે. કેફ ચડે છે, પેટ ફૂલે છે, ઉલટી થાય છે અને મન ભ્રમિત થાય છે; એટલા માટે માહિતી સિવાય તે ખાવું નહિ. સારા અળંબા પણ ઉત્તમ પચે એવા પદાર્થ નથી. તે ઘણા ખાવાથી જલદી પચી શકતા નથી. ફુગમાં પ્રસિદ્ધ જાતિ નીચે પ્રમાણે છે:-ચુડા, ચીતળા, ગવતા, કુબળા, કુરડી, તેલંગી, ભુયફોડ અને મોગ્રાળા. ચુડા એક હાથ ઉંચા હોઇ તેના ઉપરનું છત્ર નાનું થાય છે. ચીતળા સાધારણ હોય છે. ગવતા બારીક હોય છે. કુબળા ઝીણી આંગળી જેવડા હોય છે; કુરડી એથી પણ નાના હોય છે, તેલંગી સર્વ કરતાં ઉત્કૃષ્ટ છે. એના છત્રનો વ્યાસ હાથ-દોઢ હાથ હોય છે. ભુયફોડ ગોળ હોય છે. એને છત્ર હોતું નથી, એ કોસલા જેવા ફૂલેલા હોય છે. મોગ્રાળાને મોગરા જેવી સહજ કળી હોય છે. ફુગનાં બીઆં ઘણાંજ ઝીણાં હોય છે; ફુગની ભાજી સારી થાય છે. કેટલાક લોક અળંબાને મૂર્ખપણાથી વધવા દેતા નથી. **અળંબો:**—શીત, બળકર, ભેદક, મધુર, ત્રિદોષકારક, વૃષ્ય અને કફપ્રદ છે. **કાળો અળંબો:**—મધુર, ઉષ્ણ અને ગુરુ છે. **ધોળો અળંબો:**—પાક વખતે ગુરુ છે. **લાલ અળંબો:**—અલ્પ દોષકારક છે. ઉપયોગ:—**(૧) નાના વાછરડાઓને ફોલ્લા થાય છે તે ઉપર:**—ભુયફોડ છાશમાં વાટી તેમાં ચણોઠીભાર હીંગ મેળવી આપવો અને ઔષધ આપતાંજ તે વાછરડાની પીઠ જમીનને લગાડવી. **(૨) શીતળા અને ગોવરૂ પેટમાં ન જવા માટે:**—જ્યારે અળંબાની કળીઓ થાય છે, તેજ વેળા તે લાવી સૂકવી રાખવી. જ્યારે શીતળા અથવા ગોવરાનો તાવ બાળકોને આવે ત્યારે એ કળીઓ ગરમ પાણીમાં વાટી કપડે ગાળી પાવી એટલે શીતળા પેટમાં નહિ ઉતરતાં શરીર ઉપર તડતડી ઉઠે છે. **(૩) ડુંટીમાં ફોલ્લી થાય છે તે ઉપર:**—સૂકવેલ અળંબા અને **ચોમાસામાં ઢોરોનાં** શિંગડાંને જમીનમાં દબાવાથી જે પીલા (અંકુર) ફૂટે છે તે શિંગડાનાં મૂળ એકત્ર કરી તેનો લેપ કરવો. **(૪) મૂળવ્યાધિ ઉપર:**—સૂકાએલો અળંબો તથા ઢોરોનાં શિંગડાંના પીલા અને ભાંગ એની ધૂણી આપવી.×

૩૮૯ **ફુદિનો**—સં૦ પૂતની, પુદીન. મ૦ બં૦ પુદીના. હિં૦ પુદીના. ફા૦ નોઅના. અ૦ હુવા. ફિરંગી૦ ઓડ ટોલાવ. ઇં૦ ટોડરેડમિંટ. લા૦ મેન્થાસિલ્ વેસદ્રિસ.

ફુદિનાના નાના નાના છોડ હોય છે. એ એક તુળસીનીજ જાત છે, એવું કહીએ તો ચાલે.

× ફુગનાં છત્ર વર્ષાઋતુમાં વિશેષ કરીને ઉત્પન્ન થાય છે. જેની એક ડાંડી આશરે ૬ ઇંચ લંબાઇની હોય છે, જેના ઉપર મખમલથી અધિક નરમ અને બહુજ હલકા ફીકા રંગનો ગુબારવાળો ટોપ થાય છે, જેને થોડો ઝટકો લાગે તોપણ રજકણ ઝરે છે, એ જાતના ફુગના ટોપ સર્વ પ્રકારના ખુલા થએલા જખમોમાં, અગ્નિદગ્ધ વ્રણ, રસીવાળાં સડેલાં ગુમડાં, ગરમ તેલાદિ પદાર્થથી થએલા ફોલ્લાના જખમ વગેરે પર અત્યંત લાભદાયક છે. આ ઔષધિનું ચૂર્ણ લગાડતાંજ જલન શાંત થઇ જાય છે; અને દરદ કમી થાય છે. શીતળાના જખમ પર પણ આ દવા લાભદાયક છે. આ ઔષધિ દૈવી આઇડોફોર્મ છે.

પુદિનાનાં પાંદડાં કાંઈક તુળસીનાં પાંદડાં જેવાં, પરંતુ તે કરતાં નાનાં અને ગોળ હોય છે. પુદિનાની ચટણી કરે છે. પુદિનો એ અજીર્ણનાશક, પાચક અને મોંમાં અમી ઉત્પન્ન કરે છે. પુદિનાનો અર્ક કાઢે છે, તે અજીર્ણ ઉપર સાકર સાથે આપે છે. ફુદિનાની ઉત્પત્તિ ચીન દેશમાં ઘણી થાય છે. **ફુદિનો**—સ્વાદુ, ગુરુ, રુચિકર, હૃદ્ય તથા સુખાવહ છે અને મળમૂત્રનો સ્તંભ કરે છે; તથા કફ, ઉધરસ, મદ, અગ્નિમાંદ્ય, વિષૂચિકા, સંગ્રહણી, અતિસાર, જીર્ણજ્વર અને કૃમિનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **શીત, વિષમ અને સામાન્ય જ્વર ઉપરઃ**—પુદિનો, અને આદુનો કાઢો અથવા રસ પાવો. (૨) **મધુરા** (મોતીઝરા) **જ્વર ઉપરઃ**—પુદિનો, રાનતુળસી અને કાળીતુળસીનો રસ કાઢી તેમાં સાકર ૩ માસા નાખી તે પાવો. (૩) **વાયુ તથા કૃમિ ઉપરઃ**—પુદિનાનો રસ આપવો. (૪) **પીનસ** (સળેખમ જેવો રોગ થાય છે તે) **રોગ ઉપરઃ**—પુદિનાનો રસ નાકમાં પાડવો. (૫) **દરાજ ઉપરઃ**—પુદિનાનો રસ ચોપડવો. (૬) **અતિસાર, ઉધરસ અને કોગળીઆ ઉપરઃ**—પુદિનાનો રસ પાવો. (૭) **પેટમાં શૂળ આવતું હોય તે ઉપરઃ**—પુદિનાનો રસ અર્ધો તોલો અને એટલોજ આદાનો રસ એકત્ર કરી તેમાં ૧ માસો સિંધવ નાખી પાવો. (૮) **વિંછીના વિષ ઉપરઃ**—પુદિનાનો રસ અગર પાંદડાં પાનમાં ખાવાં. (૯) **રુચિદાયક ચટણીઃ**—પુદિનો, ખારેક, મરી, સિંધવ, હિંગ, કાળી દ્રાક્ષ અને જીરૂં, એની ચટણી લિંબુનો રસ નાખી સેવન કરવી, એટલે અરુચિ મટી મોંમાં સારી રીતે અમી આવે છે.

૩૯૦ **ફૂલકેસર**—આ ઝાડ ખાનદેશમાં ઘણાં થાય છે. એનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એનાં પાંદડાં હાદગા જેવાં હોય છે. એને આવળ જેવી શિંગો આવે છે. એનાં ફૂલમાં લાંબુ કેસર હોય છે. એનું લાકડું હલકું હોવાથી ઈમારતી કામમાં આવતું નથી. એના લાકડાની ઢોલકી કરે છે.

૩૯૧ **બકામલીમડી**—સં૦ મહાનિંબ. મ૦ બકાણુનિંબ. હિં૦ બકાઈન. બં૦ ઘોડાનીમ. ક૦ મહાબેવુ, અરબેવુ. તૈ૦ પેદાવેપા. તા૦ મલાઇવેંબુ. ફા૦ અઝાદદરખ્ત. અ૦ બાન. ફ્રિ૦ તુબાનકુતાર્ય. લા૦ મેલિયા એઝેડેરક.

આ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં કડવા લીમડાનાં પાંદડાં જેવાંજ અને કિંચિત્ મોટાં હોય છે. આ છાયાવૃક્ષ છે. એને કડવા લીમડા જેવાંજ ફળ આવે છે. બકામલીમડીનું લાકડું ઇમારતના કામમાં ઘણુંજ ઉપયોગી છે. એને કીડા લાગતા નથી. એની છાયા ઘણી ઉત્તમ છે. એ ઝાડ છાયા માટે રસ્તાની બાજુ ઉપર વાવે છે. ખાનદેશમાં એ ઝાડ ઘણાં હોય છે. એને "કડવો લીમડો" પણ કહે છે. **બકામલીમડી**—શીતળ, કષાય, તીખી, કડવી, તૂરી, ગ્રાહક તથા વૃષ્ય છે; અને દાહ, કફ, વ્રણ, વિષમજ્વર, પિત્ત, કૃમિ હૃદયવ્યથા, સર્વ પ્રકારના કોઢ, ઉલટી, પ્રમેહ, વિષૂચિકા, ઉંદરનું વિષ, ગુલ્મ, શીતપિત્ત, કંઠરોગ, અર્શ તથા દમનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **કૂતરાના વિષ ઉપરઃ**—બકામલીમડીના મૂળનો રસ કાઢી પીવા આપવો. (૨) **ગૃધ્રસી વાયુ ઉપરઃ**—બકામલીમડીની અંતરછાલનો અથવા મૂળનો કલ્ક કરી પાવો. (૩) **પિત્તથી આંખો દુખવા આવે છે તે ઉપરઃ**—બકામલીમડીનાં ફળ વાટી થેપલી કરી તે આંખો ઉપર બાંધવી. (૪) **ભેંસની ઝાર (ઓર) પાડવા માટેઃ**—બકામલીમડીનાં અગર વાંસનાં પાંદડાં વાટી પાવાં. (૫) **પ્રમેહ ઉપરઃ**—બકામલીમડીનાં ફળ ચોખાના ધોવરામણમાં વાટી ઘી નાખી પાવાં, એટલે તુરત પ્રમેહનો નાશ થશે.

૩૯૨ **બટાટા**—(હિં૦ આલુ. બં૦ આલૂ. ઇં૦ પોટેટોઝ.) એનું ઉત્પત્તિસ્થાન દક્ષિણ અમેરિકા છે. ત્યાંથી તેનાં બીઆં યુરોપમાં ગયાં અને ત્યાંથી હિંદુસ્તાનમાં આવ્યાં છે. નીલગિરિ, સુરત, મહાબળેશ્વર, ખાનદેશ, પૂના, એ સ્થળે બટાટાનો પાક ઘણો થાય છે. મહાબળેશ્વરના બટાટા મોટા અને તેનો રંગ લાલ હોય છે. તે ઘણા પૌષ્ટિક છે. આજારી માણસને બટાટા બાધક છે, માટે તેઓએ તે ખાવા નહિ. ×

૩૯૩ **બદામ**—સં૦ વાતાદ, વાતામ, વાતાંબુફલ. મ૦ બદામ. હિં૦ બં૦ બાદામ. તૈ૦ વેદમ.

× બટાટા શીતળ, વિષ્ટંભી, મધુર, ભારી, મલમૂત્રકારી, રૂક્ષ, દુર્જર, રક્તપિત્તનાશક, કફ તથા વાતકારક, બળદાયક, વીર્યવર્ધક તથા કિંચિત્ અગ્નિવર્ધક છે.

તા૦ નટવડુમ. અ૦ લોજલહલુ. ફા૦ બાદામ. ઇં૦ અલ્મંડ. લા૦ એમિગ્ડેલસ્ કમ્યુની એમેર.

એશિયા ખંડમાં મસ્કત, આરાકાન, ઇરાન, મક્કા, મદિના, સિરાજ ઇત્યાદિ સ્થળે બદામ ઘણી પાકે છે. હિંદુસ્તાનના બાગોમાં પણ તેની વાવણી થવા લાગી છે. બદામનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં રાતા કાયફળ જેવાં પરંતુ તેના કરતાં નાનાં હોય છે. એમાં બે જાત છે. કડવી અને મીઠી. બદામ ખાવામાં મીઠી અને પૌષ્ટિક છે. તેનું તેલ કાઢે છે. કડવી બદામ અપકારક છે; માટે તેને ખાવાના ઉપયોગમાં લેવી નહિ. **બદામઃ**—સારક, ઉષ્ણ, ગુરુ, અમ્લ, કફકારક, સ્વાદુ, સ્નિગ્ધ, તુરી, શુક્લ, વાતનાશક અને ઉષ્ણવીર્ય છે. એનાં લીલાં ફળઃ—સારક, ગુરુ તથા પિત્તલ છે; અને કફ, પિત્તવિકાર તથા વાયુનો નાશ કરે છે. **પાકાં ફળઃ**—ઉષ્ણ, સ્નિગ્ધ, વાતનાશક, શુક્લ, જડ તથા કફકારક છે અને રક્તપિત્તનો નાશ કરે છે. **ફળમાંનો ગરઃ**—મધુર, વૃષ્ય, સ્નિગ્ધ, ઉષ્ણ, પૌષ્ટિક, કફકારક, વાતપિત્તનાશક અને રક્તપિત્ત થયું હોય તેને અપાયકારક છે. **ઉપયોગઃ—(૧) યંત્ર સિવાય બદામનું તેલ કાઢવાનો પ્રકારઃ**—બદામનાં બીયાં ગરમ પાણીમાં થોડો વખત ભિંજવી રાખવાં, એટલે ઉપરનાં ફોતરાં નીકળે છે. પછી તે બીઆં ખાંડતી વેળાએ તેમાં થોડે અંશે ખડીસાકર નાખવી અને બારીક થયા પછી તે ગોળો હાથમાં લઈ પીલવો; એટલે અંદરથી તેલ નીકળશે. એવી રીતે કરવાથી પાશેર બદામનું પણ તેલ નીકળે છે. એ તેલ કર્ણ-રોગ ઉપર કાનમાં નાખવું, એટલે કર્ણરોગ સારો થાય છે. માથે ચોળવાથી મગજ ઠંડુ અને હલકું થઈ જાય છે. **(૨) ભીલામો ઉઠે તે ઉપરઃ**—બદામ ઘસી ચોપડવી. **(૩) વીર્ય અને બળવૃદ્ધિ થઇ મગજ ભરાવવા માટે બદામની ખીરઃ**—બદામનાં બીઆંને ગરમ પાણીમાં નાખી છોલવાં. પછી તેને બારીક વાટી દૂધમાં કાલવી તે દૂધ ઉકાળી જાડી ખીર તૈયાર થવા આવે એટલે તેમાં સાકર અને ઘી નાખવું. અને ઉતારી ઠંડી થયા પછી ખાવી. **(૪) કાનખજૂરાના કાંટા વાગ્યા હોય તે ઉપરઃ**—બદામનું તેલ ચોળવું. **(૫) દાંત મજબૂત થવા માટેઃ**—બદામનાં ફોતરાં બાળી તેમાં મીઠું નાખી તેથી દાંત ઘસવા. **(૬) મસ્તકશૂળ અને શિરોરોગ ઉપરઃ**—બદામ અને કેસર ગાયના ઘીમાં ખરલ કરી તેનું નસ્ય આપવું; અથવા બદામની ખીર દૂધમાં કરી ૩ દિવસ સવારે ખાવી; કિંવા બદામ અને કપૂર દૂધમાં ઘસી તેનો મસ્તક ઉપર લેપ કરવો. **(૭) મગજ તર થઇ ધાતુવૃદ્ધિ થવા માટેઃ**—ગાયનું તાજું ઘી દોઢ તોલો લઇ તેમાં સાકર, બદામનું મગજ, કંકોલ, મધ અને એલચીદાણા, એ દરરોજ નવીન મિશ્ર કરી સવાર-સાંજ ૭ દિવસ આપવું. **(૮) મગજ તર થવા માટેઃ**—બદામ છોલી અંગારા ઉપર શેકવી અને સાકર સાથે ચાવી ખાવી; પછી એક કલાકે માખણ અને સાકર એકત્ર કરી ખાવું; તથા માથા ઉપર દિવસમાં ત્રણ વાર બદામનું તેલ ચોળી જીરવવું.

૩૯૪ **બપોરિયો**—સં૦ બંધૂક. મ૦ દુપારી. હિં૦ દુપહરિયા, ગેજુનિયા. ક૦ બંદુવે. મધ્યાહ્ન મલ્લિગે. તે૦ નિતિમલ્લી. લા૦ પેન્ટેપિટિસ્ ફોનિસ્યા.

આ ઝાડ સાધારણ કમ્મરપૂર ઉંચાં વધે છે; પરંતુ એ કોઈ કોઇ ઠેકાણે માથોડા સુધી પણ ઉંચાં વધે છે. એનાં ફૂલ બપોરે એટલે દિવસના બાર વાગતાં ખીલે છે; માટે એને "બપોરિયો" કહે છે. એના ફૂલનો વાસ ઘણો આવતો નથી. એને પાંચ પાંખડીઓ હોય છે અને તેમાં એક નાનો તંતુ હોય છે. તે ઉપર પીળો પરાગ હોય છે. એમાં કાળી, ધોળી, રાતી, પીળી એવી ચાર જાત છે. તે ફળ ફૂલ ઉપરથી માત્ર ઓળખવામાં આવે છે. ઝાડમાં કાંઇ ફેરફાર હોતો નથી. ***બપોરિયોઃ**—મનને પ્રસન્નતા આપનારો, ગ્રાહક, કિંચિત્ ઉષ્ણ, ગુરુ તથા કફકર છે; અને તાવ, વાત, પિત્ત, પિશાચબાધા તથા ગ્રહપીડાનો નાશ કરે છે.

---

* બપોરિયાના ઝાડનાં પાંદડાં દીવાની જ્યોત અથવા ગાજરના આકારે નીચેથી એકદમ એક ઇંચના શુમારે પહોળાં હોય છે, અને દોઢ ઇંચના શુમારે લાંબાં હોય છે. તેની બધી તરફની કિનારી ઉપર કરવતના જેવા ખાંચા હોય છે. એની સોટીઓ પીલુ(જાળ)ની સોટીઓની માફક લીલા રંગની હોય છે. ફૂલનો દેખાવ દાડમના અતિશય કુમળા જીંડવાના શિરે દેખાતા ખાંચાવાળા ભાગ જેવો દૂરથી ભાસે છે અને તે પાઇ જેવડાં મોટાં હોય છે.

૩૯૫ બરૂ—(સં૦ વીરકાંડક. મ૦ બોરૂ.) એ નદીના કિંવા વહોળાના કિનારા ઉપર થાય છે. એને તોરા આવે છે. તેમાં એનાં બીઆં હોય છે. એમાં ધોળો અને કાળો એવી બે જાત છે. આ દેશમાં ફક્ત ધોળા બરૂની ઉત્પત્તિ થાય છે. બરૂની લેખણો ઉત્તમ થાય છે. પત્રાળું કરવામાં બરૂની સળીઓ કામ આવે છે. **બરૂ:**—શીતળ, મધુર, રુચિકર, તૃપ્તિકર, બલકર તથા વૃષ્ય છે; અને પિત્ત, દાહ, શ્રમ, શોષ તથા ક્ષયનો નાશ કરે છે.

૩૯૬ બળ (બોળ)—સં૦ બલા. મ૦ ચિકણી, લઘુચિકણા. હ૦ ખિરૈટી, વરિયારા. બં૦ વેડેલા. ક૦ બેણ્ણેગરગ, કલ્લંગડલે. તા૦ માયરમાનિક્કં. તૈ૦ મુર્પિંડી, માર્યિલુ માનિક્યં. તુ૦ કાડિરૂ. મલા૦ કરૂનટોટ્ટિ. ઈ૦ હૉર્ન બીમલીવ્ડ સિડા. લા૦ સિડા કાર્પિનીફોલિયા.

બોળનાં ઝાડો કોંકણમાં અને ગામડાઓમાં પુષ્કળ થાય છે. એ ઝાડ શુમારે હાથ–દોઢ હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાંનો તુળસીનાં પાંદડાં જેવો આકાર હોઇ તેના કરતાં પહોળાં અને લંબાઇ પર હોય છે. એ ઝાડ વર્ષાઋતુમાં ખેતરોમાં અને વહેળા ઉપર પુષ્કળ ઉગે છે. એને પીળા રંગનાં ફૂલો હોય છે. એને બારીક જીંડવાં હોય છે. તેમાં એનાં બીજ થાય છે. તે પૌષ્ટિક છે. એનાં પાંદડાં અને બીજ ખાવાથી ચીકણાં લાગે છે. એથી એનું ચીકણી એ નામ યોગ્ય છે. કેટલાક લોક એનાં પાંદડાંનું શાક કરે છે. **બોળના** ગુણો ખરેંટી જેવા છે.× **ઉપયોગ:—(૧) પુષ્ટતા માટે:**—બોળનાં લીલાં પાંદડાં નિત્ય સવારે ખાવાં. **(૨)પ્રમેહ અને ધાતુવિકાર ઉપર:**—બોળના છોડ મૂળસુદ્ધાં ઉખાડી લાવી ધોઈ સ્વચ્છ કરી બારીક વાટી થોડું પાણી રેડી રસ કાઢવો. તે રસ વસ્ત્રગાળ કરી દરેક વખતે દશ તોલા પ્રમાણે ૨ વખત સાત દિવસ સુધી આપવો; એટલે ધાતુ-વિકાર નષ્ટ થઇ ધાતુવૃદ્ધિ થશે. **(૩) જખમ રૂઝાવા માટે:**—બળનાં મૂળનો રસ જખમમાં ભરવો અને રૂનું પુમડું (પેલ) એ રસમાં ભીંજવી જખમ ઉપર બાંધવું. એ પટ્ટીને જરા પણ સૂકાવા દેવી નહિ; ઉપરાઉપરી તે પટ્ટી ઉપર રસ નાખતા રહેવું. **(૪) ગુમડાં, વ્રણ વગેરે પાકવાને:**—બળનાં પાંદડાં વાટી બાંધવાં.

૩૯૭ બાજરી—સં૦ સાજક. મ૦ બાજરી. હિં૦ બજરી. ઈં૦ મિલેટ. અ૦ જાર્વસ. ફા૦ ગાર્વસા.

એને મહારાષ્ટ્ર ભાષામાં "સજગુરા" પણ કહે છે. બાજરી હિંદુસ્તાનના ઘણા પ્રાંતોમાં થાય છે. મારવાડ અને કચ્છ–ભુજની બાજરી સર્વોત્કૃષ્ટ, જાડી, પૌષ્ટિક તથા મીઠાશવાળી છે. ઠંડા દેશમાં એ ધાન્ય માણસની પ્રકૃતિને માફક છે. જુવારની માફક બાજરીનો પણ પોંક થાય છે. બાજરી ઢોરોને પણ ખવરાવે છે. **બાજરી:**—હૃદ્ય, બલકર, કાંતિકારક, અગ્નિદીપક, ઉષ્ણ, પિત્તને કોપા-વનારી, રૂક્ષ, સ્ત્રીઓને કામ ઉત્પન્ન કરનારી તથા દુર્જર છે; અને પુંસ્ત્વ તથા પુષ્ટિનો ઉતાર કરનારી છે. **ઉપયોગ:—(૧) ઘોડાની પીઠ ઉપર ભાઠાં પડે છે તે ઉપર:**-જૂનાં બાજરીઆં બાળી તેની રાખ કરી, અથવા ડુંડાં બાળી તેની રાખ કરી પાણીમાં ખરલ કરી ચોપડવાં અને ઉપર ચીકણી માટીની પટ્ટી લગાવવી.

× બળબીજના સંબંધમાં અમે આગળ લખી ચૂક્યા છીએ કે, એ બીજ ખરેંટીનાં નહિ પણ આ બોળનાંજ હોવાં જોઇએ; કારણ કે ખરેંટીનું સંસ્કૃત નામ બલોત્તરા એટલે બળથી મોટી છે અને આ બોળ શબ્દ તો માત્ર સંસ્કૃત બલા ઉપરથી બલ થઇ, બળ અને બોળ થયેલ છે. તેમજ બળ–બીજ એ શબ્દ પણ બળનાંજ બીજ બતાવે છે; બલોત્તરાનાં નહિ. બલા અને મહાબલા, એ બન્નેને ઝીણી નજરે ન જોનાર માણુસ એકબીજાને બદલે સહજે વાપરે એવો એનો દેખાવ છે. મહાબલાને 'ગાડર–કાંકસી' કહે છે; કારણ કે એનાં ફળો ઉપર ચારે બાજુએ વાળ હોળવાની કાંસકી જેવા દાંતા હોય છે; એનાં પાંદડાં બોળ કરતાં મોટાં હોય છે. એનાં ફળ પાકતાં સુધીમાં લગભગ હથેળી જેવડાં મોટાં થઈ જાય છે. બોળનાં બીજ ગોખરૂ કરતાં પણ સ્નિગ્ધ હોવાથી તે મહાન પુષ્ટિદાયક છે. વળી એ રૂખડામાં એવો એક અલૌકિક ગુણ છે કે, બચ્ચું જણ-વાને મહાન કષ્ટ પામતી ગાય, ભેંસ કે બકરીના ગળામાં એ રૂખડીનું રાંઢવું વણી પહેરાવવામાં આવે તો તેનાથી તેને જલદી પ્રસવ થાય છે. એજ ઔષધિનાં પાંદડાં સ્ત્રીઓને એવા વખતે મસળીને નાભિ ઉપર બાંધવાં જોઇએ. આ પ્રયોગ અમે કેટલાક ભરવાડોને અજમાવતા જોયા છે.

૩૯૮ બાકૂળી (હીંગાવી)—(સં૦ હિં૦ ક૦ હિંગુપત્રી. મ૦ બાકૂળી. બં૦ સંદુની.)

એ ઝાડ નાનું હોય છે. બાકૂળીનાં બીઆં ફળથી જેવડાં અને ચપટાં હોય છે. બાકૂળી એ વાતહારક છે. ભાજી સમારી તેમાં પલાળેલી ચણાની દાળ ભેળવી મીઠુંમરચું નાખી વઘારવાથી શાક સારું થાય છે. બાકૂળીનાં લીલાં બીઆં વાટી છાશની કઢીમાં નાખવાથી કઢીને સુવાસ આવે છે. બાકૂળીનાં બીઆંનું અથાણું ઉત્કૃષ્ટ થાય છે. એ ફળનું તેલ પણ કાઢે છે. **બાકૂળી:**—તીક્ષ્ણ, કડવી, ઉષ્ણ, રુચ્ય, પથ્ય, દીપન, પાચક, હૃદ્ય, સુગંધવાળી તથા તૂરી છે; અને કફ, વાયુ, આમ, બસ્તિપીડા, મલબદ્ધતા, અર્શ, ગુલ્મ, પ્લીહા, અપચો, મેદોરોગ તથા વિષની નાશક છે. ઉપયોગ:—**(૧) બાળકોને વરાધ વગેરે પેટમાં રોગ થાય છે તે ઉપર:**—બાકૂળીનાં બીઆં દૂધમાં અગર નાગરવેલીના રસમાં કિંવા પાણીમાં ઘસી પાવાં; એટલે વરાધ, પેટમાં દુખવું આદિ રોગ સારા થાય છે. **(૨) વાયુરોગ ઉપર:**—બાકૂળીનું ચૂર્ણ મધમાં આપવું. **(૩) જંતુ ઉપર:**—બાકૂળીનાં બીઆં દૂધમાં પાવાં. નાના વાછરડાને છાશમાં વાટી પાવાં. **(૪) ઉધરસ, અજીર્ણ અને પેટના દુખાવા ઉપર:**—બાકૂળીના તેલનાં શુમારે પાંચ છ ટીપાં સાકરમાં પાવાં. **(૫) પેટના દુખાવા ઉપર:**—બાકૂળીનાં બીઆં અને અજમાનું ચૂર્ણ આપવું.

૩૯૯ **બાવચી**—સં૦ બાકુંચી. મ૦ બાવચી. હિં૦ બાવચી. બં૦ સોમરાજ, હાકુચ. ક૦ બૌહચિગે. તે૦ નેલત્રયલિયે, તિપ્પતીગે. તા૦ વેગી, વિટ્ટલુ. ઈં૦ એસ્કયુલિંટફ્લાકુર્સ્યા. લા૦ સોરેલિયા કોરિલિફોલિયા.

બાવચીનાં ઝાડ આખા હિંદુસ્તાનમાં થાય છે. એ ઝાડ શુમારે બે હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં સાધારણ નાનાં હોય છે. એ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. એ ઝાડ ઉપર કાળા રંગનાં મરી કરતાં પણ બારીક એવાં બીઆં આવે છે. તેને "બાવચી" કહે છે. બાવચીનું તેલ કાઢે છે. સુગંધી પદાર્થોમાં તથા અંગે ચોળવાના કામમાં બાવચીનો ઉપયોગ થાય છે. બાવચી શરીરે ચોપડી સ્નાન કરવાથી ખરજનો નાશ થાય છે.× **બાવચી:**—કડવી, પાકકાળે તીખી, ઉષ્ણ, રસાયન, મધુર, રુચિપ્રદ, રૂક્ષ, હૃદ્ય, અગ્નિદીપન, બલકર, તૂરી, લઘુ તથા મેધ્ય છે; અને કૃમિ, કોઢ, કફ, ત્વગ્દોષ, વિષ, કંડૂ, રક્તપિત્ત, શ્વાસ, કાસ, મેહ, જ્વર, વ્રણ, ત્રિદોષ તથા વાયુનો નાશ કરે છે. **એનાં ફળ:**—તીખાં, કડવાં, કેશ્ય, ત્વચાને હિતાવહ, સારક તથા પિત્તલ છે; અને કફ, વાયુ, સોજો, મૂળવ્યાધિ, શ્વાસ, ઉધરસ, કુષ્ઠ તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ખસ ઉપર:**—બાવચી અને કડવાં કારેલાં ગોમૂત્રમાં વાટી લેપ કરવો. **(૨) ખસ, સોજો વગેરે ચામડીના રોગો ઉપર:**—બાવચીનું તેલ ચોપડવું.

૪૦૦ **બાવળ**—સં૦ બબ્બુલ. મ૦ બાભૂળ. હિં૦ બબૂલ, પંકીકર. બં૦ બાબલા. ક૦ જાલી. તે૦ બાર્બુરમુ. તા૦ મલા૦ કરૂવેલ. ફા૦ મુગિલા. ઈં૦ એકેશિયા ટ્રી, ગમઅરેબિક. લા૦ એકેશિયા અરેબિકા. અ૦ અમુગિલા.

બાવળનું ઝાડ મોટું થાય છે. એને કાંટા હોય છે. એનું લાકડું મજબૂત હોવાથી ઈમારતના કામમાં આવે છે. બાવળના ઝાડને ધોળો સફેદ સુંદર થાય છે. એ પૌષ્ટિક છે અને ઘણાં કામોમાં તેનો ઉપયોગ થાય છે. બાવળની છાલ રંગના કામમાં ઉપયોગી છે. એની કુમળી શિંગોનું

× બાવચીને લોકો બાવચો, માળી બાવચો કે માળવી બાવચો કહે છે. ડૉ૦ ભાઉ દાજીએ કોઢના રોગોમાં આ બીજનો અત્યંત ઉપયોગ કરેલ છે અને એમાં તેઓ ફતેહ પામ્યા છે. કલકત્તાના દાકતર કનૈયાલાલ દેવ તથા મુંબાઈના ડૉ૦ લિસ્ઓ આ બીજમાંથી કાઢેલ તેલને સાદા મલમની સાથે મેળવી કોઢના રોગમાં ઉપયોગ કરી કહે છે કે:—" થોડા દિવસ કોઢનાં ચાઠાં ઉપર ચોપડવાથી એનો રંગ સફેદ મટીને લાલ થયો. કોઈ કોઈને થોડું થોડું દરદ જણાય છે. કોઈ કોઈ વખતે એ ચાઠાંમાં નાની નાની ફલ્લુસો થઇ આવે છે. જો એને કોઇ પણ પ્રકારની ઈજા ન થાય તો થોડા દિવસમાં સુકાઇ જાય અને વચમાં કાળો ડાઘ રહે છે. ધીરે ધીરે કોઢના સંપૂર્ણ ડાઘ નીકળી જાય છે. વળી એમ પણ જોયું છે કે, તેલ ચોપડવાથી કોઢના નવા ડાઘા શરીરમાં થતા અટકયા છે.

અથાણું કરે છે અને તેનું શાક પણ કરે છે. ગુજરાતમાં તેની શિંગો કે જેને "પરડા" કહે છે તે ઢોરોને ખવરાવે છે; તેથી દૂધ વધારે આવે છે. બાવળની લીલી સોટી દાતણના કામમાં સારી ઉપયોગી છે.* **બાવળ**—ગ્રાહક, કડવો, મધુર, સ્નિગ્ધ, શીત, ઉષ્ણ તથા તૂરો છે; અને આમ, રક્તવિકાર, કફ, કોઢ, કૃમિ, ઉધરસ, પિત્ત, દાહ, રક્તાતિસાર, વાયુ તથા પ્રમેહનો નાશ કરે છે. **એનાં પાંદડાં:**—ગ્રાહક, રુચિકર, તીખાં તથા ઉષ્ણ છે; અને ઉધરસ, અર્શ, કફ, વાયુ તથા પુંસ્ત્વનો નાશ કરે છે. **લઘુ બાવળ:**—તૂરો તથા ઉષ્ણ છે અને પિત્ત, દાહ, વાતરોગ તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) મોં આવે છે તે ઉપર:**—બાવળીઆની અંતરછાલ કચરી પાણીમાં ઉકાળી તેના કોગળા કરવા. **(૨) અસ્થિભંગ ઉપર:**—બાવળીઆનાં બીઆંનું ચૂર્ણ ત્રણ દિવસ મધમાં ખાવાથી અસ્થિભંગ થયેલો દૂર થઇ અસ્થિ (હાડકાં) વજ્ર જેવાં મજબૂત થાય છે. **(૩) વાળા ઉપર:**—બાવળીઆનાં બીઆં ગોમૂત્રમાં વાટી લેપ કરવો. **(૪) અતિસાર ઉપર:**—નિષ્કંટક મોટા બાવળીઆનાં પાંદડાંનો અંગરસ કાઢી પાવો; એટલે સર્વ પ્રકારનો અતિસાર દૂર થાય છે. **(૫) ધાતુપુષ્ટિ માટે:**—એક હાથ લંબાઇનું અને તેટલીજ પહોળાઇનું એક સ્વચ્છ કપડું લેવું. પછી બાવળીઆની લીલી શિંગો (પરડા) લાવી તેને કચરી તેનો રસ કાઢી તેમાં કપડું પલાળી સુકવવું. એ પ્રમાણે તે કપડાને ચૌદ પુટ દેવા. પછી તે કપડાના ચૌદ ભાગ કરવા અને દરરોજ એક કકડો પાશેર દૂધમાં ઉકાળી તેમાં સાકર નાખી તે દૂધ પીવું; એટલે ધાતુપુષ્ટિ થાય છે. **(૬) હડકાયા કૂતરાના વિષ ઉપર:**—બાવળીઆનાં પાંદડાંના રસમાં ગાયનું ઘી અને કસ્તૂરી નાખી ખાવા આપવું; અથવા બાવળીઆનાં પાંદડાંનો રસ ૪ પૈસાભાર ૩ દિવસ પાવો. **(૭) બદ ઉપર:**—સર્પની કાંચળીને બાવળનો ગુંદર ચોપડી તેની પટ્ટી બદ ઉપર લગાડવી. **(૮) ચીચોટી ખસી હોય તે ઉપર:**—બાવળની ડુંખો તથા નાદરૂખીની ડુંખો એકત્ર કરી વાટી દહીં સાથે પાવી. **(૯) પેટના દુખાવા અને અતિસાર ઉપર:**—બાવળીઆની છાલનો રસ દહીં સાથે પાવો. **(૧૦) અમ્લપિત્ત ઉપર:**—સાંજે બાવળીઆનાં કુમળાં પાંદડાંનો કાઢો કરી તેમાં આંબાનો ગુંદર એક માસો નાખવો. કાઢો રાત્રે અગાસીમાં મૂકી રાખવો. એવી રીતે રોજ સાંજે કરી ૭ દિવસ સવારે પાવો. **(૧૧) રાતા પ્રદર ઉપર:**—બાવળીઆની શિંગો, કેરીઓના મરવા, શિમળાની છાલ અને ગુંદીનાં બીઆં, એનું ચૂર્ણ દૂધમાં પાવું. એટલે રક્તપ્રદરનો તુરત નાશ થાય છે. **(૧૨) કેરોસીન (ગ્યાસલેટ) તેલ પીવામાં આવ્યું હોય તે ઉપર:**—બાવળીઆના ગુંદરનું નવટાંક પાણી કરી પાવું તથા તે ઉપર પાશેર દૂધ પાવું; અને તેલ પેટમાં જતાંજ તુરત મીઠા તેલના કોગળા ઉપરાઉપરી કરાવવા; એટલે મોંમાં ચાંદીઓ વગેરે થશે નહિ. **(૧૩) આંખોમાંથી પાણી વહે છે તે ઉપર:**—બાવળીઆનાં પાંદડાંનો પ્રથમ કાઢો કરી ગાળી લેવો. પછી એ કાઢાને ઉકાળી જાડો કરી તેમાં મધ નાખી અંજન કરવું. **(૧૪) મુખરોગ ઉપર:**—બાવળીઆની અને જાંબુડીની અંતરછાલનો કાઢો કરી તેમાં લાવેલી ફટકડી નાખી કોગળા કરવા. **(૧૫) રેચ માટે:**—બાવળીઆની શિંગોનો ચતુર્થાંશ કાઢો કરી તેમાં માયફળનું ચૂર્ણ નાખી તે પાવો. તે ઉપર જેટલાં પાનનાં બીડાં ખાય તેટલા રેચ થાય છે. **(૧૬) પ્રમેહ ઉપર:**—બાવળીઆના કુમળા અંકુર સવાર–સાંજ એક એક તોલો સાત દિવસ સાકરમાં ખાવા. **(૧૭) કર્ણસ્રાવ ઉપર:**—બાવળીઆની છાલનો કાઢો કરી તે બારીક ધારથી કાનમાં રેડવો. પછી બારીક વસ્ત્રથી

---

* રાજનિઘંટમાં લખે છે કે, બાવળની ફળીઓમાંથી કાળો રંગ નીકળે છે. એની છાલનું સત્ત્વ ગ્રાહીતરીકે વપરાય છે. ઝાડામાં આમ પડતો હોય તો એનાં પાંદડાં અપાય છે. ફળીઓને ખાંસીના રોગમાં આપે છે. નરમ (કુણી) ડાળીઓની છાલ ઘણા રેસાવાળી છે અને એ કાગળ બનાવી શકાય તેવી છે. એનો ક્વાથ ઘા ધોવાના કામમાં વાપરે છે. એથી જલદી અંકુર આવી ઘા ભરાય છે. બાવળના ગુંદરમાં લાલ રંગવાળો ગુંદર વધારે ગુણકારી મનાય છે. એ ખાંસી અને સંધિવાયુના જેવા રોગોમાં અપાય છે તથા સાકરીઆ પ્રમેહમાં એ ખવાય છે. જે નાસુરમાંથી પીળા રંગનો પ્રવાહ નીકળતો હોય તેના માટે કુમળા બાવળનાં પાંદડાંની પોટીસ અત્યંત ગુણકારી છે. ફળી પણ ઉધરસના રોગમાં ઉપયોગી છે. દેશી લોક બાવળના ગુંદરને તલની સા મેળવી ખાય છે.

કાનમાં કાકડી નાખી લૂછી નાખવો, અને ગરમ પાણીમાં ફુલાવેલી ફટકડી નાખી તે પાણી થોડું કાનમાં નાખવું. (૧૮) ઉપદંશના ચાંદા ઉપર:—બાવળીઆનાં પાંદડાંનું ચૂર્ણ કરી ચોપડવું. (૧૯) પુષ્ટતા માટે:—ઘઉંનો રવો અને બાવળીઆના ગુંદરનું ચૂર્ણ કરી ઘીમાં શેકવાં. પછી સાકરનો પાક કરી બદામ, ચારોળી, પીસ્તાં, બેદાણા તથા સાલમમિશ્રી વગેરે મસાલો નાખી લાડુ કરી ખાવા.× (૨૦) આંખો આવે તે ઉપર અને આંખોની બળતરા શાંત થવા માટે:—બાવળનાં પાંદડાં વાટી તેની થેપલી આંખ ઉપર રાત્રે બાંધવી.

૪૦૧ બ્રાંબ—(જલબ્રાહ્મી) સં૦ જલબ્રાહ્મી. મ૦ બ્રાંબ. હિં૦ જલનીમ, જલબ્રાહ્મી. બં૦ બ્રિરમ. ક૦ નિરૂબ્રાહ્મી, નીરઓંદેલગ. તા૦ મલા૦ નિરબ્રાહ્મી. લા૦ હરપેસ્ટિસમોનીરા.

એ ઝાડ ભેજવાળી જમીનમાં પુષ્કળ થાય છે. એનાં ઝાડ જમીન ઉપર પથરાયલાં હોય છે. એનાં પાંદડાં ઘણુંજ બારીક અને કડવાં હોય છે. એ બહુ વર્ષાયુ છે અને એને અનેક પત્રદંડ નીકળે છે. તે ગોળ, સુંવાળા અને સાંધાવાળા હોઇ પથરાયલા હોય છે. પાંદડાં સામસામાં હોય છે. તેને દીંટડું હોઇ તે પત્રદંડને લાગેલું હોય છે. પાંદડાં મૂળથી બારીક હોઇ ટોચ તરફ પહોળાં થતાં જાય છે. તે સુંવાળા અને રસાળ હોય છે. એના ઉપર લીલા અથવા ધોળા રંગનાં ટોકરીના આકારનાં ફૂલો આવે છે. તેની કોર પાંચ ભાગમાં વહેંચાયલી હોય છે. એના ઉપર ઇંડાના આકારનાં ગોળ ફળ લાગે છે. દરેકમાં બબ્બે ઘર હોય છે. તેમાં એક એક એવાં ઘણાં બીજ હોય છે. બ્રાંબનો રંગ રાતો હોય છે. બ્રાંબ:—ઉષ્ણ, સારક, કડવી, વૃષ્ય, રેચક તથા ભેદક છે; અને સોજો, પિત્ત, કફ, કોઢ, વ્રણ, ઉન્માદ, મૃગી તથા સંધિવાયુનો નાશ કરે છે. બંગાળામાં સંધિવાયુ ઉપર એનો રસ ઘીમાં આપે છે. ઉપયોગ:—(૧) વાયુએ સાંધા દુખતા હોય તે ઉપર:—બ્રાંબનો રસ કિંચિત્ પાવો.

૪૦૨ બિહી—(મોગલી બેદાણા) એ ઝાડ ફક્ત ઉત્તરહિંદુસ્તાનમાં થાય છે. સતારા તથા પૂના, એ સ્થળોએ પણ કોઇક ઠેકાણે બિહીનાં ઝાડ વવાય છે. ત્યાં તેને ફળ આવે છે. બિહીનાં ફળ ગોળ અને સાધારણ મધ્યમ આકૃતિનાં હોય છે. એ કોકમના જેવી ખટાશવાળાં હોય છે. એનો વાસ મધુર આવે છે. એ ફળમાં જુવાર કરતાં મોટાં બીઆં હોય છે. તેને "મોગલી બેદાણા" કહે છે. બિહીનાં ફળનો મુરબ્બો પણ કરે છે. તે પિત્તશામક છે. ઉપયોગ:—(૧) પ્રમેહ, પ્રદર, મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાત ઉપર:—મોગલી બેદાણા તોલો અથવા બે તોલા રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારે તે પાણી ગાળી તેમાં ૨ તોલા સાકર નાખી પ્રાશન કરવું. (૨) મુખપાક ઉપર:—મોગલી બેદાણાના પાણીના કોગળા કરવા.

૪૦૩ બિંવલી—બિંવલીનાં ઝાડની ઉંચાઇ સાત–આઠ હાથની હોય છે. એ ઝાડ ગરમ દેશમાં થાય છે. તેનાં પાંદડાં હમેશાં લીલાં હોવાથી તેની આસપાસ ઠંડી હવા હોય છે. શરદ્ઋતુમાં આ ઝાડનાં પાંદડાં બીજાં ઝાડની પેઠે ખરી પડતાં નથી. જ્યારે ઉપરની ડાળીને નવાં પાંદડાં આવે છે, ત્યારે જૂનાં પાંદડાં પીળાં થઇ ખરી પડે છે. એનાં ફળ વર્ષમાં બે વાર આવે છે. એને દ્રાક્ષના જેવાં ફળનાં ઝુમખાં આવે છે. એ ફળ ખાટાં હોય છે. એનો આકાર ઘોલી (ગિલોડી) જેવો હોય છે. તેને "બિંવલી" કહે છે. બિંવલીની ચાર ચીરો કરી સૂકવી રાખી તેનો આમલીને બદલે ઉપયોગ કરે છે. એના રસથી હળદરના ગાંઠીઆના રવા કરે છે. એના રસમાં હળદરના ગાંઠીઆ અને ટંકણખાર નાખી તેને ગરમીમાં રાખે છે, એટલે તેના અંગમાં તે રસ મળી તે ગાંઠીઓ રાતો થાય છે. પછી તેમાંથી તૈયાર કરે છે. કપડે શાહીનો ડાઘ પડયો હોય તો તે બિંવલીના રસ વડે નીકળી જાય છે.

૪૦૪ બિજોરૂં—સં૦ બિજપૂર, માતુલુંગ. મ૦ મહાળુંગ. હિં૦ બીજોરા. બં૦ ટાવાલેબુ. ક૦ માધવલ, મહાફલગિડ. તુ૦ માપલ. મલા૦ માદળાનારક. તૈ૦ દવાકાયા. ફા૦ તુરંજ. અ૦ ઉતરંજ. લા૦ સાઇટ્રસએસિડા, સાઇટસમેડિકા. ઈં૦ સાઇટ્રસ.

× ઘઉંનો લોટ અલગ ઘીમાં શેકવો જોઇએ; ગુંદ ઘીમાં તળી લેવો. લોટ શેકાઇ ગયા પછી બંને મેળવવાનો સાધારણ રિવાજ છે.

બીજોરાનાં પાંદડાં લાંબાં અને મોટાં હોય છે, એ ઝાડ લિંબુની જાતનુંજ છે. એ ઝાડ ઉપર શુમારે પોણા હાથની લંબાઇનાં ફળ આવે છે. તે ફળના અગ્રભાગે નાનું બિંદુ (અણી) હોય છે. બીજોરૂં પથ્યકર, રુચિદાયક અને પિત્તશામક છે. એ ફળ જેટલાં જૂનાં થાય છે તેટલો તેનામાં વધારે ગુણ આવે છે અને વાસ પણ સારો આવે છે. બીજોરાનો રંગ પીળો હોય છે અને તેમાંનો ગર્ભ રાતો હોય છે. તે સ્વાદમાં કિંચિત્ કડવાશવાળુ લાગે છે; પરંતુ અંદર ધોળું જાડું મગજ હોય છે. તે મીઠું હોય છે. એનો પાક કરે છે. તે અશક્તોને ખાવા આપવાથી શક્તિ આવે છે. એનો ઉત્તમ મુરબ્બો થાય છે. એના રસનું શરબત કરે છે. મુરબ્બામાં એલચી, જાવંત્રી ઈત્યાદિ અનેક મશાલા નાખી તે ઘણાં વર્ષોસુધી રાખી મૂકે છે. બીજોરૂં અનેક રોગો ઉપર કામ લાગે છે. **બીજોરાનું ફળ:**—ખાટું, તીખું, ઉષ્ણ, કંઠશુદ્ધિકારક, લઘુ, પ્રિય, દીપન, રુચિકર, સ્વાદુ તથા જીહ્વા અને હૃદયને શુદ્ધ કરનાર છે; તથા શ્વાસ, કાસ, વાયુ, કફ, તૃષા, પિત્ત, ઉચકી (હેડકી), અરુચિ અને રક્તપિત્તનો નાશ કરે છે. **કુમળાં ફળ:**—પિત્તવાત, કફ અને રક્તદોષ ઉત્પન્ન કરે છે. મધ્યમ પ્રકારનાં (અર્ધાં કાચાં) બીજોરાંના પણ કાચાં બીજોરાં જેવાજ ગુણો છે. **પાકું બીજોરૂં:**—ઉત્તમ વર્ણકારક, હૃદ્ય, બલકર તથા પૌષ્ટિક છે; અને શૂળ, અજીર્ણ, વિબંધ, વાયુ, કફ, દમ, અગ્નિમાંદ્ય, ઉધરસ, અરુચિ તથા સોજાનો નાશ કરે છે. એના **ફળની છાલ:**—કડવી, દુર્જર, સ્નિગ્ધ, ઉષ્ણ તથા ગુરુ છે; અને કૃમિ, વાયુ તથા કફનો નાશ કરે છે. **એની છાલનો રસ:**—સ્વાદુ, શીતળ, ગુરુ, ધાતુવર્ધક, સ્નિગ્ધ, કફકારક અને વાતપિત્તનાશક છે. **એની છાલનો અંદરનો ભાગ:**—શૂળ, પિત્ત, અરોચક, વાત, કમ્મરના રોગ અને ઉદર (પેટ) સંબંધી થનાર રોગનો નાશ કરે છે તથા ભેદક છે. **બીજોરાની અંદરનું કેસર:**—દીપન, મેધ્ય, લઘુ, ગ્રાહી તથા રુચિકર છે; અને ગુલ્મ, ઉદર, શ્વાસ, કાસ, હેડકી, વાત, મદાત્યય, ઉન્માદ, શોષ, વિબંધ, અર્શ તથા ઉલટીનો નાશ કરે છે. **કેસરનો રસ**—પાર્શ્વ, બસ્તિશૂળ, કફ, અરુચિ, વાયુ, દમ, ઉધરસ અને ઉલટીનો નાશ કરે છે. **બીજોરાનાં બીઆં:**—કડવાં, પથ્ય, દીપન, ગર્ભપ્રદ, દુર્જર, ગુરુ, ઉષ્ણ તથા બલકર છે; અને કફ, અર્શ, સોજો, વાયુ તથા પિત્તનો નાશ કરે છે. **બીઆંની અંદરનો મગજ:**—ગુરુ, શીત, સ્વાદુ, સ્નિગ્ધ તથા બલપ્રદ છે; અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. **બીજોરાનાં મૂળ:**—અર્શ, કૃમિ, વિષૂચિકા, મલબંધ અને શૂળનો નાશ કરે છે. **બીજોરીનાં ફુલ:**—દીપન, ગ્રાહક, શીતળ તથા લઘુ છે; અને વાયુ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **મીઠું બીજોરૂં:**—શીતળ, મધુર, ગુરુ, વૃષ્ય, દુર્જર તથા સ્વાદિષ્ટ છે; અને ત્રિદોષ, પિત્ત દોષ રક્તદોષ, મલબંધ, દમ, ઉધરસ, ક્ષય તથા હેડકીનો નાશ કરે છે. **વગડાઉ બીજોરૂં:**—તીક્ષ્ણ, ઉષ્ણ, રુચિકર તથા ખાટું છે; અને વાયુ તથા આમદોષપ્રદ, તેમજ કૃમિ, દમ અને કફનો નાશ કરે છે. **વનમાં થનારી બીજોરીના ગુણ:**—ખાટી, ઉષ્ણ, તીખી, રુચિકર તથા અમ્લદોષકર છે; અને વાત, કૃમિ તથા શ્વાસનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) જંતુ (કૃમિ) ઉપર:**—બીજોરાની સૂકાયલી છાલનો કાઢો કરી પાવો. **(૨) સુખે પ્રસવ થવા ઉપર:**—બીજોરાનાં મૂળીઆં અને મહુડાની છાલ અથવા જેઠીમધનું સમભાગે ચૂર્ણ કરી ત્રણ માસા મધ અને ઘીમાં આપવું; એટલે સ્ત્રીને પ્રસવ થાય છે અથવા બીજોરાનાં મૂળ કંમરે બાંધવાં. **(૩) અપસ્માર ઉપર:**—બીજોરૂં, લિંબુનો રસ અને નગોડનો રસ એકત્ર કરી ત્રણ દિવસ નાકમાં નસ્ય કરવું; એટલે અપસ્માર જાય છે. **(૪) બાળકોની ઉલટી** (નાનાં બાળકો વારંવાર દૂધ ઓકે છે તે) **ઉપર:**—બીજોરાનાં મૂળ કિંચિત્ દૂધમાં ઘસી પાવાં અને એજ મૂળનો કકડો ગળે બાંધવો. **(૫) દાહ અને પિત્તશામક શરબત:**—બીજોરાના રસમાં સાકર નાખી પાક કરી રાખવો. એ પાક અને ઠંડુ પાણી એકત્ર કરી પાવું. **(૬) ગર્ભસ્થાન શુદ્ધ થવા ઉપર:**—ધોળી સાવરી(મોચરસ)નાં મૂળ દૂધમાં ઘસી તેમાં બીજોરાનાં બીઆં ભાંગની માફક બારીક વાટી કપડાથી ગાળવું અને રજોદર્શન થવાના દિવસથી ચાર રોજ પાવું. **(૭) હેડકી ઉપર:**—બીજોરાનો રસ મધ અને સંચળ નાખી પાવો; કિંવા બીજોરાના રસમાં સુંઠ, આમળાં, લીંડીપીપર અને મધ નાખી તે ચાટતા જવું. **(૮) શૂળ ઉપર:**—બીજોરાના ફળનો અથવા મૂળનો

અંગરસ, મધ અને જવખાર નાખી પાવો; એટલે કુક્ષિશૂળ, હૃદયશૂળ, બસ્તિશૂળ અને દારુણ વગેરે કોઠામાં વાયુ થાય છે તે રોગો દૂર થાય છે. **(૯) ઉલટી ઉપર:**—બીજોરીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં મધ નાખી પાવું. **(૧૦) ઉલટી અને જુલાબ ઉપર:**—બીજોરીનાં મૂળ, દાડમડીનાં મૂળ અને કેસર પાણીમાં વાટી પાવું. **(૧૧) કર્ણશૂળ ઉપર:**—બીજોરૂં, આંબો અને આદુનો રસ કિંચિત્ ગરમ કરી કાનમાં નાખવો. **(૧૨) શીઘ્ર પ્રસૂતિ થવા ઉપર:**—બીજોરીનાં મૂળ અને ધોળી ચણોઠીનાં મૂળ ઘીમાં ઘસી પાવાં. **(૧૩) હૃદ્રોગ, શૂળ અને ક્ષય ઉપર:**—બીજોરાના રસમાં લીંડીપીપરનું ચૂર્ણ અને માખણ નાખી તે રસ પાવો. **(૧૪) ગર્ભધારણ માટે:**—એરંડીઆ અને બીજોરાનાં બીઆં વાટી ઘીમાં આપવાં. અથવા પાકા એક બીજોરાનાં તમામ બીઆં ઋતુકાળે ખાવા આપવાં. **(૧૫) કર્ણસ્રાવ ઉપર:**—બીજોરાના રસમાં સાજીખારનું ચૂર્ણ નાખી તે કાનમાં પાડવું. **(૧૬) મદ્ય ઉપર ઉતાર:**—બીજોરાની અંદરનું કેસર અને દાડમના દાણા ખવરાવવા. **(૧૭) અરુચિ ઉપર:**—બીજોરાનું કેસર મધ સાથે ખાવું. **(૧૮) મુખસંબંધી કફવાતરોગ, શોષ, જડપણું અને અરુચિ ઉપર:**—બીજોરાનું કેસર, સિંધવ તથા મરી, એ એકત્ર ખરલ કરી ગોળી કરી મોઢામાં રાખવી. **(૧૯) ભ્રમ અને પિત્તવિકાર ઉપર—બીજોરાનો મુરબ્બો:**—બીજોરૂં છોલી તેની ચીરીઓ કરવી અને એક તપેલું પાણી ભરી તેના મોઢા ઉપર એક કપડું બાંધી તે ઉપર બીજોરાની ચીરીઓ મૂકવી; અને ઢાંકણું બંધ કરી તે તપેલું અગ્નિ ઉપર મૂકવું તથા વરાળથી શીજવવું. પછી ચીરીઓ વસ્ત્રમાં લઇ સારી રીતે પીલી અંદરનું પાણી કાઢી નાખવું; અને સાકરનો જાડો પાક કરી તેમાં તે પીલેલો ભાગ નાખવો એટલે ઉત્તમ મુરબ્બો થાય છે. આ મુરબ્બો ઉત્તમ હોઇ ભ્રમપિત્તશામક છે. **(૨૦) ભ્રમપિત્તવિકાર ઉપર બીજોરાનો પાક:**—ઉપર કહ્યા પ્રમાણે બીજોરૂં બાફી, તૈયાર કરેલી બીજોરાની ચીરીઓ કેટલાક વાર સૂકવી રાખ્યા પછી ઘીમાં તળવી; અને વંશલોચન ૮ ભાગ, એલચી ૪ ભાગ, તજ ૨ ભાગ, લીંડીપીપર ૧ ભાગ, જાયફળ, જાવંત્રી, કેસર ઇત્યાદિ સર્વ મસાલો સમભાગે એકત્ર કરી બધાંનું ચૂર્ણ કરવું. પછી સાકરનો ચાસણીદાર પાક કરી તેમાં આ સર્વ ઔષધો નાખી હલાવી ભેગું થયા પછી એક કથરોટમાં કાઢી પહોળું કરી તેનાં ચોસલાં કરી રાખવાં. આ પાક રોજ સવારસાંજ એકેક કિંવા બબ્બે તોલા ખાવો. આ ઉત્તમ ગુણદાયક છે. **(૨૧) પથરી ઉપર:**—બીજોરૂં અને સિંધવ એકત્ર કરી ખાવું. **(૨૨) બરોળ ઉપર:**—બીજોરાનો ગર્ભ ૨ તોલા લઇ તેમાં સંચળ ૦॥ તોલો નાખી રોજ બે વાર ખાવું.

૪૦૫ **બીલી**—સં૦ બિલ્વ. મ૦ હિં૦ બેલ-વૃક્ષ. ક૦ બેલ્લવન્. તે૦ મારેડુ-ચેટ્ટુ. તા૦ મલા૦ બિલ્વં. તુ૦ બેલપત્રે. અ૦ અનાર હિંદી. ઇં૦ બેલટ્રી. લા૦ ઇગલમર્મેલોસ્.

બીલીનાં ઝાડ મોટાં થાય છે. એ ઝાડ હિંદુસ્તાનમાં સર્વત્ર છે. એને ત્રિદલ પાન આવે છે. તે શિવપૂજનના કામમાં આવે છે. એ ઝાડને ગોળ કોઠાં જેવાં ફળ આવે છે. એ ફળ કાચાં હોય છે ત્યારે તેનું શાક અને અથાણું કરે છે. કુમળાં બીલાંને સૂકવી રાખે છે તેને મરાઠીમાં **"બાળબેલ"** કહે છે. પાકેલાં બીલાંનો સ્વાદ ગળચટો લાગે છે. એ પાકેલાં ફળ ગરીબ લોકો ખાય છે. કાચાં બીલાંને કાપીને કકડા કરી સૂકવી રાખે છે; તેને મરાઠીમાં **બેલકાચરી** કહે છે. બીલાં સૂકાય એટલે તે કોરી, તેમાં અનેક પદાર્થો ભરી રાખવાના કામમાં તેનો ઉપયોગ કરે છે. બીલીના ઝાડની છાયા ઘણીજ શીતળ તથા આરોગ્યકારક છે. બીલીના ફળની છાલ પીળો રંગ તૈયાર કરવાના કામમાં આવે છે. ***બીલી:**—મધુર, હૃદ્ય, તૂરી, ગુરુ, રુચિકર, દીપન, ઉષ્ણ, ગ્રાહક,

* બીલીનાં ઝાડ મોટાં થાય છે. એની ડાળીઓમાં કાંટા હોય છે. પાંદડાં એક દાંડીમાં ત્રણ ત્રણ ત્રિશૂલ આકારે હોય છે. ફૂલ ધોળાં અને સુગંધી હોય છે. ફળ સ્વાદિષ્ટ અને બહુ બીઆંવાળાં હોય છે. એમાં ખીચોખીચ ગરભ હોય છે. ગ્રીષ્મઋતુના આરંભમાં એનાં જૂનાં પાંદડાં ખરી પડી નવાં આવે છે. એનું લાકડું બહુજ પવિત્ર મનાય છે અને તેને સુખડ બરોબર ગણે છે. એના મૂળની છાલ દશ મૂળોમાં મુખ્ય ગણાય છે. એનાં પાંદડાં વાટી આંખમાં આંજવાથી નેત્રરોગ

રૂક્ષ, કડવી, તીખી તથા પાચક છે; અને વાતાતિસાર તથા જ્વરને નાશ કરે છે. બીલીનાં કુમળાં ફળ:—સ્નિગ્ધ, ગુરુ, ગ્રાહક, દીપન, પાચન, કડવાં, ઉષ્ણ તથા તૂરાં છે; અને શળ, આમવાત, સંગ્રહણી તથા કફાતિસારને નાશ કરે છે. એનાં જૂનાં ફળ:—મધુર, તૂરાં, જડ, તીખાં, ઉષ્ણ, સંગ્રહી, તીક્ષ્ણ, દીપન, પાચક તથા હલકાં છે; અને કફ તથા વાયુનાં નાશક છે. એનાં પાકાં ફળ:—દાહક, મધુર, તૂરાં, વિષ્ટંભકારક, કડવાં, ગ્રાહક, તીખાં, ઉષ્ણ, દુર્જર તથા વાતલ છે અને અગ્નિમાંદ્યકારક છે. બીલીનાં ફૂલ:—મધુર તથા લઘુ છે; અને ત્રિદોષ, ઉલટી, શળ, કફ, વાયુ, મૂત્રકૃચ્છ્ર તથા પિત્તને નાશ કરે છે. એનાં પાંદડાં:—ગ્રાહક અને વાતનાશક છે. ઉપયોગ:—(૧) બાળકોને આમ થયો હોય તે ઉપર:—બીલાની અંદરનો ગર્ભ ખવરાવવો. (૨) ગુલ્મવાયુ, વગેરે ઉપર:—કાચાં કુમળાં બીલાં અને ગોળ સતત ખાવો; એટલે ગુલ્મવાયુ, શરીરની અંદર જામેલો વાયુ અને પેટમાંની શરદી દૂર થાય છે. (૩) સર્પનાદંશ ઉપર:—બીલીનાં મૂળ, કોઠીનાં મૂળ અને તાંદળજાનાં મૂળનો રસ કાઢી પાવો. (૪) કૃમિ ઉપર:—બીલીનાં પાંદડાંનો રસ પાવો. (૫) અમ્લપિત્તથી ગળામાં બળતરા થાય છે તે ઉપર:—બીલીનાં પાંદડાંનો રસ બે-ત્રણ પૈસાભાર ૪-૫ વાર ગાળી આપવો. (૬) બહેરાપણા ઉપર:—ગોમૂત્રમાં બીલું વાટી તે તેલમાં નાખી તેલ કઢાવવું અને પછી તે તેલ કાનમા પાડવું. (૭) આમસંગ્રહણી ઉપર:—કાચાં સૂકવેલાં બીલાં, વરિયાળી અને સુંઠનો કાઢો પાવો. (૮) ધાતુપુષ્ટિને માટે:—ગાયના દૂધમાં બીલાંની છાલનો રસ જીરાની ભૂકી નાખી પાવો. (૯) ગળામાં દુખે છે તે ઉપર:—પાકેલાં બીલાંનો ગર્ભ ખાવો કિંવા પાનનો કાઢો દૂધ નાખી પાવો. (૧૦) રક્તાતિસાર ઉપર:—કાચાં સુકાયેલાં બીલાંનું ચૂર્ણ ગોળ સાથે ખાવું. (૧૧) સર્વ પ્રકારના અતિસાર ઉપર:—કુમળાં બીલાં અને આંબાની ગોટલીનો કાઢો સાકર અને મધ નાખી પાવો. (૧૨) મોઢું આવ્યું હોય તે ઉપર:—બીલું ભાગી પાણીમાં નાખી, કઢવી તેના કોગળા કરવા. (૧૩) આમરક્ત (મરડો આવી લોહી જતું હોય તે) ઉપર:—બીલું જરા ભાંગી શેકવું અને તેના ગરમાં ગોળ નાખી વાટી ગરમ પાણીમાં શરબત કરી પીવા આપવું. (૧૪) ગર્ભિણીની ઉલટી ઉપર:—બીલીનો ગર્ભ અને ચોખાની ધાણી(મરમરા)નું પાણી એકત્ર કરી પાવું. (૧૫) સર્વ પ્રકારના અતિસાર ઉપર:—બીલીની અને આંબાની છાલનો કાઢો કરી તેમાં મધ અને સાકર નાખી પાવો. (૧૬)

મટે છે. જળમાં પકાવી અરિષ્ઠ કરી પીવાથી જ્વરાદિ જાય છે. પાંદડાંનો અર્ક બાળકોના ઝાડા અને કફનો નાશ કરે છે. ઘણીક ઔષધિઓના અનુપાનમાં એ વપરાય છે. હિંદુસ્તાનના દરેક ભાગમાં એ ઝાડ જોવામાં આવે છે.

ડૉક્ટર ડીમક કહે છે કે, આ ફળ પૌષ્ટિક અને રુધિરને શુદ્ધ કરનાર માલમ પડયું છે. એના સેવનથી હલકો જુલાબ થાય છે અને પેટની કબજીઆત દૂર થાય છે. છાલ અને મૂળનો ક્વાથ વારંવાર આવનાર તાવમાં અપાય છે. આંખ દુખવા આવી હોય તો એનાં પાંદડાંની પોટીશ બાંધવાથી આરામ થાય છે. કાચાં ફળ હોય ત્યારે એને લઈને એની અંદરનો મગજ વાટી શળ ઉપર આપવાથી ઉત્તમ ગુણ કરે છે. પાકાં ફળનો ગર્ભ આમલીના રસમાં મેળવી આપવાથી ઠંડક થાય છે. વૃક્ષની છાલનો ક્વાથ હૃદયની ધખધખાટ બંધ કરવાના કામમાં આવે છે તથા પાંદડાં શ્વાસરોગમાં અપાય છે. ડૉ૦ ગ્રીન કહે છે કે, પાકાં ફળના ગર્ભનો શરબત બનાવી નિત્ય સવારે પાય તો અજીર્ણ મટે; અને કાચાં ફળને ૬ કલાક ભોભરમાં શેકીને આપવાથી ઝાડો અને ઉલટી બંધ થાય છે. લોહીબિગાડમાં એનો ગર્ભ પાંચ તોલા લઈ તેમાં ૫ થી ૭ા તોલા પાણી અને થોડી સાકર તથા બરફ નાખી બેથી ત્રણ વખત આપવાથી ઉત્તમ ગુણ કરે છે. મખ્ઝનમાં લખે છે કે, બીલીનાં પાંદડાંનો રસ ઝાડાની કબજીઆત અને તાવની બિમારીમાં મધ સાથે મેળવીને અને કમળામાં કાળાં મરી સાથે મેળવીને આપે છે. એ બીલીનાં ફળને ગ્રાહી, પાચક અને કૌવત આપનાર માને છે. વળી એના સેવનથી હરસ થાય છે; એટલા માટે સદૈવ સાકરની સાથે મેળવીને આપવાનું કહે છે. અધપાકાં ફળ દેવતામાં શેકી તેના ગર્ભમાં સાકર અને ગુલાબજળ મેળવી સવારે ખાધા પહેલાં આપવાથી ઝાડાને બંધ કરે છે.

ઉલટી અને અતિસાર ઉપર:—બીલાં અને આંબાની ગોટલીનો રસ એકત્ર કરી તેમાં સાકર અને મધ નાખી તે મિશ્રણ પાવું. (૧૭) **વિષમજ્વર ઉપર:**—બીલીનાં પાંદડાંની ગોળમાં ગોળી કરી ખવરાવવી. (૧૮) **ધાતુ પડતી હોય તે ઉપર:**—બીલીનાં પાંદડાં પાશેર પાણીમાં વાટી રસ કાઢી તેમાં જીરૂં ૬ માસા અને સાકર એક તોલો નાખી તે સાત દિવસ પાવાં. (૧૯) **ગર્ભિણીની ઉલટી અને અતિસાર ઉપર:**—સુંઠ અને સૂકાપેલાં કાચાં બીલાંનો કાઢો કરી તેમાં જવનો લોટ નાખી ખાવા આપવો. (૨૦) **બાળકની સંગ્રહણી ઉપર:**—બીલાં અને સુંઠનું ચૂર્ણ ગોળમાં આપવું. (૨૧) **કોગળીઆ ઉપર:**—સૂકાએલાં બીલાંની અંદરના ગર્ભનું ચૂર્ણ કરી જૂના ગોળમાં ૬ માસાની ગોળીઓ કરવી અને એક ગોળી ગરમ પાણી સાથે આપવી; એટલે જુલાબ બંધ થાય છે. (૨૨) **ત્રિદોષજનિત ઉલટી ઉપર:**—બીલીની છાલનો કાઢો મધ નાખી પાવો. (૨૩) **મેદોરોગ ઉપર:**—નાની બીલીનાં મૂળ, નાની અરણીનાં મૂળ, અરલુનાં મૂળ, સિવણનાં મૂળ અને પાટલાનાં મૂળ, એનો કાઢો કરી તેમાં મધ નાખી પાવાથી આખા શરીરમાં મેદ વધી જે જાડાપણું આવે છે તે દૂર થાય છે. (૨૪) **ધાતુપુષ્ટિ ઉપર:**—પાતાળયંત્રવડે બીલાંનો અર્ક કાઢી તે પાવો. (૨૫) **અંગની દુર્ગંધી જવા માટે:**—બીલીનાં પાંદડાંના રસનો લેપ કરવો એટલે શરીરની દુર્ગંધ દૂર થાય છે. (૨૬) **સોજા, મલબદ્ધતા, મૂળવ્યાધિ, વિષૂચિકા અને કમળા ઉપર:**—બીલીનાં પાંદડાંનો રસ પાવો. (૨૭) **ચાતુર્થિક જ્વર ઉપર:**—બીલાં અને મધુમાધવી-(મહુઆ)નું ચૂર્ણ કરી પહેલા વેતરની અને ધોળા વાછરડાવાળી ગાયના દૂધમાં રવિવારનો તાવનો વારો હોય તે દિવસે પાવાથી ઘણા દિવસનો ચોથીઓ તાવ તાકીદે નાશ પામે છે. (૨૮) **જીર્ણ-જ્વર ઉપર:**—દૂધમાં બીલીનાં મૂળનો કાઢો કરી પાવો. (૨૯) **વિષૂચિકા (કૉલેરા) ઉપર:**—બીલાં અને સુંઠનો કાઢો ઉલટી તથા અતિસારનો નાશ કરે છે; તેમજ બીલી, સુંઠ તથા કાયફળનો* કાઢો પહેલાના કાઢા કરતાં અધિક ગુણકારી છે. (૩૦) **ગર્ભિણીના અતિસાર ઉપર:**—કાચાં બીલાં, જાયફળ અને મરડાશિંગ પાણીમાં ઘસી પાવી.

૪૦૬ **બીવલો (બીયો)**—સં૦ બાજક. મ૦ બિબલા. હિં૦ બિજેસાર. ક૦ કેંપિન્નહોન્ને. ઈં૦ ઇન્ડિયન કિનોટ્રી. લા૦ ટેરો કાર્પસ માર્સુપિયમ, નીલ આસન.

આ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં અસાણાનાં પાંદડાં જેવાં હોય છે અને તે વધારે કાળાં હોય છે. એ પાંદડાં ઉપર અસાણાનાં પાંદડાં કરતાં વધારે રેષાઓ હોય છે. એને બારીક ફળ આવે છે. એ ઝાડ ઉપર કુહાડા વડે ઘા કરવાથી છાલમાંથી લોહીના જેવો રસ નીકળે છે. એનું લાકડું ઇમારતના કામમાં ઉપયોગી છે. એના અસાણા જેવાજ ગુણ છે અને તેના કરતાં વધારે ગુણાવહ છે. **બીવલો:**—એ ત્વચાને શુદ્ધ કરનાર રસાયન છે; તથા કોઢ, વિસર્પ, મેદ, ગુદરોગ, કૃમિ, કફ અને રક્તપિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **અતિસાર, સંગ્રહણી, આમ, પ્રદર, રક્તપિત્ત અને ધાતુવિકાર ઉપર:**—બાવલાનો રસ વાલ અથવા બે વાલ દૂધમાં પાવો. (૨) **અતિસાર ઉપર:**—બીવલાના છાલનો રસ તાંદળજાના પાણીમાં મેળવી પાવો. (૩) **ધાતુપુષ્ટિને માટે:**—બીવલાનાં છાલ અગર રસ, સાકર અને દૂધમાં નાખી પાવું. (૪) **થાક ઉતરવા માટે તથા પેટમાંના ગુલ્મરોગ ઉપર:**—બીવલાની છાલ દૂધમાં વાટી પાવી. (૫) **ઝાડ ઉપરથી પડવાથી છાતીમાં લોહી બંધાઇ જાય તે ઉપર અને અસ્થિભંગ ઉપર:**—બીવલાની છાલ અગર રસ દૂધમાં નાખી પાવું.

૪૦૭ **બેહેકળ (વિકળો)**—સં૦ સ્વાદુકંટક, વિકંકત. મ૦ વેહકળ. હિં૦ કંટાઇ, કિંકણી, વંજ. બં૦ વઈંચીગાછ. ક૦ હલુમાણિકા, માલેગુ. તૈ૦ કાનવેગુચેટ્ટુ. ઑ૦ વઇચિકુડી. પં૦ કુકોયા. લા૦ સિલરટ્રસ્ મોન્ટના.

એ કરમદી જેવું કાંટાવાળું ઝાડ છે. એ માથોડું-દોઢ માથોડું ઉંચું વધે છે. એને બારીક અને પીળાં ફૂલ આવે છે. એના કાંટા ચાર આંગળ લાંબા હોય છે. **બેહેકળ:**—ખાટું, મધુર,

* કાયફળવાળો કાઢો પીધા પહેલાં તથા પછી થોડું થોડું મધ ચાટવું. કારણ કાયફળ ગળાને નુકસાન પહોંચાડે છે.

પાક વખતે અતિ મધુર, શીતળ, લઘુ, દીપન તથા પાચન છે; અને દાહ, શોષ, વ્રણ, લૂતા, અર્શ, કફ, પિત્ત, શોફ, લોહીવિકાર અને કમળાનો નાશ કરે છે. તે અત્યંત ગરમ નથી. તે ત્રિદોષઘ્ન અને આંખનાં ફૂલાંનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ધાતુપુષ્ટિ ઉપર:**—બેહિફળનાં પાન સવારે ચાવી ખાવાં એટલે ધાતુપુષ્ટિ થાય છે.

૪૦૮ બેહેડાં—સં૦ બિભીતક. મ૦ બેહેડા. બં૦ હિં૦ બહેડાં. ક૦ તારીકાયી. મલા૦ તાન્નિ. તા૦ અક્કનડં. તુ૦ દાંડીમારા. ગો૦ ગોતિંગ. તૈ૦ બહ્રા. ફા૦ બલેલે. અં૦ બલેલજ. લા૦ ટર્મિનેલિયા બેલિરિકા. ઇં૦ માયેરાબેલન્ બેલિરિક્.

આ ઝાડ ઘણુંજ ઉંચું, વિસ્તારવાળું અને હરડાના ઝાડ જેવું હોય છે. એ ઝાડ ઉપર ગોળ ફળ આવે છે, તેને "બેહેડાં" કહે છે. કોઈ કોઇ એ ફળને ધાટીંગ(બહેડાં)માં ફળ કિંવા હેડાનાં ફળ કહે છે. પાકાં થયેલાં ફળ ગરી પડે એટલે આ ઝાડની નીચે ઢગલે ઢગલા થાય છે. બેહેડાનાં ફળની અંદર ધોળું મગજ હોય છે. તે ખાવાથી નશો આવે છે.× **બેહેડાં:**—તીખાં, કડવાં, તૂરાં, લઘુ, સારક, પાકવખતે મધુર, ઉષ્ણ, શીતસ્પર્શ, ભેદક, રૂક્ષ, ચક્ષુષ્ય તથા કેશવર્ધક છે; અને કફ, પિત્ત, કાસ, કૃમિ, સ્વરભંગ, નાસારોગ, રક્તદોષ, કંઠરોગ તથા હૃદ્રોગનો નાશ કરે છે. **ફળનો ગર્ભ:**—લઘુ, કષાય તથા માદક છે; અને તૃષા, ઉલટી, કફ, વાયુ, દમ તથા ઉચકીનો નાશ કરે છે. એના જેવોજ આમળાંના ફળમાંના ગર્ભનો ગુણ છે. **ઉપયોગ:—(૧) પીચોટી ટળી હોય તે ઉપર:**—બેહેડાંની છાલનો રસ દર વખતે નવટાંક ૩ દિવસ પાવો. **(૨) શ્વાસ, કાસ ઉપર:**—બકરીના મૂત્રમાં બેહેડાંની ગોળી કરી એકેક મ્હમાં ખવરાવવી. **(૩) દાહ સંબંધી પીડા ઉપર:**—બેહેડાંના ફળની અંદરનું મગજ બારીક વાટી અંગે લેપ કરવાથી દાહસંબંધી પીડા દૂર થાય છે. **(૪) કફરોગ ઉપર:**—બેહેડાંનું દળ અને તેનાથી બમણી સાકરનો કાઢો કરી પાવો. **(૫) ઉધરસ ઉપર:**—બેહેડાંની છાલ મોઢામાં રાખી તેનો રસ ગળી જવો; એટલે તેજ વખતે ઉધરસ બંધ થાય છે. **(૬) કંઠસર્પ ઉપર:**—બેહેડાંના ઝાડની અંતરછાલ પાણીમાં વાટી તે પાણી પીવું. આ ઔષધ ઢોરોને કંઠસર્પ થાય તો તેઓને પણ પાવું. **(૭) ઢોરોને વાગી જખમ થઈ કીડા પડે છે તે ઉપર:**—બેહેડાંની છાલ સાખરીમાં ખવરાવવી એટલે કીડાનો નાશ થાય છે. **(૮) ઉધરસ ઉપર બેહેડાંનો મુરબ્બો:**—બેહેડાંની અંદર ૮ ગણું પાણી રેડી બેહેડાં બરોબર પાણી રહે ત્યાંસુધી બાફી પછી તે પાણીમાં સાકર નાખી જાડો પાક તૈયાર કરવો; તથા તે પાકમાં બાફેલાં બેહેડાં અને થોડી લીંડીપીપરની ભૂકી નાખી નીવડેલા માટલામાં આ મુરબ્બો ભરી રાખવો. જેમ જેમ તે જૂનો થતો જશે, તેમ તેમ તેનો વિશેષ ગુણ થશે. **(૯) ભાલામો ઉઠે છે તે ઉપર:**—બેહેડાંના ફળમાંનું મગજ ઘસી ચોપડવું; અગર બેહેડાંના ફળમાંનું મગજ, જેઠીમધ, નાગરમોથ અને ચંદનનો લેપ કરવો.

૪૦૯ બોરડી—સં૦ બદરી. મ૦ બોર. હિં૦ બેર. બં૦ કુલ, યળચે, બોગરી. ક૦ બોર, યળચે પેરનું, વાગરિ. તૈ૦ રેગુચેટ્ટુ. તા૦ ઈલંડે, કલ્લારી. તુ૦ બોગરી. મલા૦ ઇલાંટા, કોલં. ફા૦ કુનાર. અ૦ સીદરનબક. ઈં૦ જુજબ. લા૦ ઝીઝીફસ્ જુજુબા.

એ ઝાડ સર્વ દેશોમાં થાય છે. એની ડાળીઓને કાંટા હોય છે. બોર એ ફળ સોપારી જેવડાં હોય છે. કાંકણીબોર, ચણીબોર ઇત્યાદિ બોરની ઘણી જાત છે. બોરડીના ઝાડ ઉપર ઉત્તમ લાખ આવે છે. બોરડીનું લાકડું હળ, ગાડાં વગેરે કરવાના ઉપયોગમાં આવે છે. બોરડીનાં સૂકવી રાખેલાં પાંદડાં ઢોરોને ખવરાવવાને ઉપયોગી છે. બોરડીમાં એક નાની જાત છે; તેને મહારાષ્ટ્રમાં "બોરાટી" કહે છે. એનો વાડ કરવામાં ઉપયોગ થાય છે. **બોરડીનું ઝાડ:**—શીતળ, રૂક્ષ તથા કડવું છે; અને પિત્ત તથા કફનો નાશ કરે છે. **એનાં ફળ:**—મધુર, તૂરાં તથા ખાટાં છે. **પાકાં ફળ:**—મધુર, ખાટાં, ઉષ્ણ, કફકારક, પાચન, લઘુ તથા રુચિકર છે; અને અતિસાર, રક્તદોષ, શ્રમ તથા

× બેહેડાંનું ઝાડ જંગલ અને પર્વતોમાં થાય છે. એનાં પાંદડાં વડનાં પાંદડાંના જેવાં થાય છે. ફૂલ અત્યંત નાનાં હોય છે. ફળ વરણાના ફળના જેવાં અને ઝુમખામાં હોય છે. એની છાલ વપરાય છે. માત્રા ૩ માસાની, વિકારનાશક મધનું શરબત છે અને પ્રતિનિધિ બાની હરડે છે.

શોષને નાશ કરે છે. **બોરડીનાં પાંદડાંનો લેપ:**—જ્વર તથા દાહનો નાશ કરે છે. **એની છાલનો લેપ:**—વિસ્ફોટકનો નાશ કરે છે. **એનાં ફળ માંહેનો ગરભ:**—આંજવાથી નેત્રરોગ શાંત થાય છે. **રાજ (મોટાં) બોર:**—મધુર, શીતળ, વૃષ્ય, વીર્યવૃદ્ધિકર, સ્વાદુ, ગુરુ, ગ્રાહક, લેખન, સ્નિગ્ધ, મલબંધક તથા આધ્માનકારક છે; અને દાહ, પિત્ત, વાયુ, શોષ તથા શ્રમનો નાશ કરે છે. **સૂકાં બોર:**—ભેદક, લઘુ તથા અગ્નિદીપક છે; અને કફ, વાયુ, તૃષા, પિત્ત તથા શ્રમનાં નાશક છે. કોલ્હાપુર પ્રાંતમાં ભોંયબોરડી (ભૂબોર) નામની જાત પ્રસિદ્ધ છે. તેના **ગુણ:**—મધુર, ખાટી, પથ્ય. દીપન, પાચક, કિંચિત્ રક્તપિત્તકારક તથા રુચિકર છે; અને કફ તથા વાતની નાશક છે. **લઘુબદર** (ઝીણાં બોર):—મધુર તથા ખાટાં અને પાકેલાં હોય તો સ્નિગ્ધ, રુચિકર તથા જંતુકારક છે; અને કિંચિત્ પિત્ત, દાહ, કફ તથા વાતનો નાશ કરે છે. **બોરની અંદરનું મગજ:**—તૂરું, મધુર, શુક્લ, બલપ્રદ તથા વૃષ્ય છે; અને કાસ, દમ, તૃષા, વાયુ, ઉલટી, દાહ તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **રૂતોડીયાં ગુમડાં ઉપર:**—બોરડીનાં પાંદડાં વાટી બાંધવાં. (૨) **સ્વરભેદ ઉપર:**—બોરડાંનાં મૂળ મોઢામાં રાખવાં અથવા બોરડાંનાં પાંદડાં શેકી તેમાં સિંધવ નાખી ખાવાં. (૩) **રક્તાતિસાર ઉપર:**—બોરડીની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી. (૪) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—બોરડાંની કુમળી ડુંખો અને જીરું એકત્ર કરી પાવું. (૫) **કંઠસર્પ ઉપર:**—વગડાઉ બોરડીની છાલ ઘસી બે વાર પાવી. (૬) **ભસ્મક રોગ ઉપર:**—બોરનાં બીઆંમાંની મજ્જા અથવા બોરડીની અંતરછાલ પાણીમાં વાટી પાવી. (૭) **શીતળા હલકા આવવા માટે:**—બોરડીનાં પાંદડાંનો રસ ભેસના દૂધમાં પાવો. (૮) **રક્તાતિસાર ઉપર:**—બોરડાંનાં મૂળ અને તલને અલગ અલગ ચટણી માફક પીસી સમભાગે મેળવી ગાયના અથવા બકરીના દૂધમાં પાવાથી રક્તાતિસાર દૂર થાય છે. (૯) **રક્તક્ષય, ઉરોઘાત (છાતીમાં દુ:ખે છે તે) અને ક્ષય ઉપર:**—બોરડી અથવા પીંપળાની ૨ તોલા લાખ પાણીમાં વાટી તે કલ્કથી ચોગણા કોહોળાના રસમાં પાવો. (૧૦) **વિંછીના વિષ× ઉપર:**—બોરડીનાં પાંદડાં અને ઉંબરાનાં પાંદડાં બારીક વાટી ગોળી કરી દંશસ્થાને લગાવી પાટો બાંધવો. (૧૧) **ઉલટી ઉપર:**—બોરનાં બીઆંમાંની મજ્જા, ભાતની ધાણી, વડના અંકુર અને જેઠીમધનો કાઢો, મધ અને સાકર નાખી પાવો.

૪૧૦ બોરસળી (વરશોલી)—સં૦ બં૦ બકુલ. મ૦ બકુલી. કોં૦ ઓંવળ. તા૦ બકુલં, માગિળમારં. ક૦ બકુલ, રેંજે, પગડેમારા. હિં૦ બો—મોરસળી. તુ૦ રેંજિરમારા. મલા૦ મકુરા-એલની. તે૦ પાગડા. ઈં૦ સુરીનામમેડલર. લા૦ માઇમુસોપ્સઇલેંજી.

આ ઝાડ હિંદુસ્તાનના સર્વ ભાગમાં થાય છે. મરાઠીમાં કોઇ એને "ઓવારી" પણ કહે છે. એ ઝાડ મોટાં થાય છે. બોરસળીનાં પાંદડાં આંબાનાં પાંદડાં જેવાં થાય છે. એનાં ફૂલ નાનાં, ધોળાં અને ચક્રાકૃતિ હોઇ તેના મધ્યભાગમાં છિદ્ર હોય છે. એ ફૂલનો વાસ મધુર આવે છે. બોરસળીનાં ફળ બદામ જેવડાં થાય છે. તે પાકે એટલે સિંદૂર જેવાં રાતાં થાય છે. એ તૂરાં હોવાથી કોઇ એને ખાતું નથી. બોરસળીનાં ફૂલનો વાસ હવામાં મળવાથી હવા શુદ્ધ થાય છે. એનું અત્તર કાઢે છે, એનું લાકડું મજબૂત હોય છે; પરંતુ તેનો ઇમારતના કામમાં ઉપયોગ થતો નથી. એ લાકડું સમુદ્રમાં ઘણું ઉપયોગમાં આવે છે. તે ખારા પાણીમાં ઘણું ટકે છે. **બોરસળી:**—શીતળ, હૃદ્ય, મધુર, તૂરી, હર્ષપ્રદ, મદાઢ્ય, પાકકાળે ગ્રાહક, તીખી, બલપ્રદ તથા ગુરુ છે; અને વિષદોષ, દંતરોગ, કફ, પિત્ત, શ્વેત કુષ્ઠ (ધોળો કોઢ) તથા કૃમિનો નાશ કરે છે. **એનાં ફળ:**—મધુર, સ્નિગ્ધ, તૂરાં, શીત, વાતલ, ગ્રાહક તથા દંતહિતકારક છે; અને કફ તથા પિત્તનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—રુચિકારક, ક્ષારાઢ્ય, સુગંધી, શીતળ, મધુર, સ્નિગ્ધ, તૂરાં, મલસંગ્રહકારક અને દંતરોગનો નાશ કરે છે. **મોટી બોરસળી (પુષ્પ):**—અતિશીત, કડવી, મધુર, દીપન તથા મદગંધી છે; અને પિત્ત, દાહ, કફ, શ્વાસ, મૂત્રકૃચ્છ્ર, વિષ, શ્રમ તથા અશ્મરીનો નાશ કરે છે.

× પલાસપાપડો અને બોરડીના ઠળીઆનો મગજ આકડાના દૂધમાં પલાળી રાખી પલાસપાપડાનાં ફોતરાં કાઢી નાખી વાટી ગોળી કરી રાખવી. તે પાણીમાં ઘસી ડંખ ઉપર ચોપડવાથી વિંછીનો ડંખ ઉતરી જાય છે.

ઉપયોગ:—**(૧) અતિસાર ઉપર:**—બોરસળીનાં બીઆં ઠંડા પાણીમાં ઘસી પાવાં. **(૨) દાંત કઠિન થવા માટે:**—બોરસળીની છાલ દાંતે ચાવવી એટલે દાંત મજબૂત થાય છે; અથવા બોરસળીની છાલ, ધોળા કાંટાસરીઆનાં મૂળ, બદામનાં ફોતરાં અને રિંગણીને બાળી રાખ દાંતે ઘસવી. **(૩) હૃદ્રોગ ઉપર:**—બોરસળીનાં ઝાડનાં ફૂલનો હાર પહેરવો, ફૂલ સુંઘવાં અને અંતરછાલનો કાઢો પાવો. **(૪) પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—દરરોજ સવારસાંજ બોરસળીનાં તાજાં ફૂલ ૧ તોલો લઇ તેમાં ત્રણ બદામગોળા નાખી, ત્રણ માસા સાકર સાથે ૩ દિવસ દર વેળાએ ખાઇ એક તોલો ઠંડું પાણી પીવું. આ ઔષધના સેવનથી અકાળે હાલનારા દાંત ઘણા મજબૂત થાય છે. **(૫) કોગળીઆં ઉપર:**—બોરસળીના ઝાડનાં બીઆં અને અળુ(અળવીના ફળ)માંનું બી પાણીમાં પાવાં. **(૬) મુખરોગ અને ગળુ સૂજે તે ઉપર:**—બોરસળી, આમલાં અને ખેરની છાલનો કાઢો કરી રાખવો અને દિવસમાં દશવીસ વખત એ કાઢાના કોગળા કરતા જવું; એટલે અનેક પ્રકારના મુખરોગ તુરત શમન થઈ દાંત મજબૂત થાય છે; અથવા બોરસળીનાં બીઆંમાંનો ગર્ભ મોઢામાં ચોળવો; એટલે મોઢામાંહેની ચાંદીઓ સારી થાય છે. **(૭) બાળકની ઉધરસ ઉપર:**—બોરસળીનાં તાજાં બે તોલા ફૂલ એક તોલા પાણીમાં રાત્રે પલાળી રાખવાં. બીજે દિવસે સવારમાં તે પાણી ગાળી પાવું. એ પ્રમાણે ત્રણ અથવા સાત દિવસ કરવું. **(૮) દંતરોગ ઉપર:**—બોરસળીનાં પાકાં ફળમાનો ગર્ભ દાંતે ઘસવો. **(૯) મસ્તકશૂળ ઉપર:**—બોરસળીનાં સૂકાયલાં ફળનું ચૂર્ણ નાકે સુંઘવું.

૪૧૧ બોળ (હીરાબોળ)—સં૦ બોલવૃક્ષ. અં૦ ગંધરસ, બોલ, ખુન ખારાપી. હિં૦ બોલ, બીજાબોળ. ક૦ બોલ, ગંધરસ. મ૦ બોળ, રક્તબોળ. તૈ૦ વાલિન, ત્રોપોલમ. તા૦ વેલ઼ ઇપ્પોલમ. ઈં૦ મર્ર.

બોળનાં ઝાડ મોટાં થાય છે. એ ઝાડને જે રસ આવે છે તેને "બોળ" કહે છે. બોળનાં ઝાડ અરબસ્તાન અને આફ્રિકાના પૂર્વભાગમાં ઘણાં થાય છે. હિંદુસ્તાનમાં પણ કેટલેક ઠેકાણે બોળનાં ઝાડ થાય છે. બોળમાં **ધોળો બોળ**, **કાળો બોળ** (એળિયો) અને **હીરાબોળ (રાતો બોળ)**, એવા ત્રણ પ્રકાર છે. બાળંતબોળ કે ધોળો બોળ એ સુવાવડીને અને તુરતની વીઆયેલી ગાય વગેરેને કાથા સાથે આપે છે. કાળા બોળનો કેટલાંક ઔષધોમાં ઉપયોગ થાય છે; અને રાતો બોળ એ શરીર ઉપરના જખમો ઉપર લેપ કરવાના કામમાં આવે છે. કાળો બોળ કિંવા એળીઓ એ અતિશય કડવો છે. એને કડવો બોળ પણ કહે છે. **રક્તબોળ:**—કડવો, તીખો, ઉષ્ણ, તૂરો, મેધાકર, પાચન, અગ્નિદીપક, ગર્ભાશયને શુદ્ધ કરનાર તથા સુગંધવાળો છે; અને રક્તદોષ, કફ, પિત્ત, ત્રિદોષ, પ્રમેહ, પ્રદર (પેશાબમાં ધાતનું જવું), અશ્મરી (પથરી), યોનિશૂળ, કોઢ, જ્વર (તાવ), અપસ્માર, સ્વેદ, રક્તાતિસાર, ગ્રહબાધા તથા પુરુષત્વનો નાશ કરે છે. **કાળો બોળ (કુંવારમાંથી થાય છે તે):**—શીત, કડવો, ભેદક તથા રસશોધન છે; અને વાયુ, કફ, શૂળ, આધ્માન, ગુલ્મ તથા કૃમિદોષનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) દાદર ઉપર:**—કાળો બોળ ૧ તોલો તથા કબૂતરની હગાર ૧ તોલો એનું ચૂર્ણ કરી એક શેર પાણીમાં એક દિવસ રાખવું અને બીજે દિવસે ગજકર્ણ (દાદર) ઉપર પીંછી વડે ચોપડવું. **(૨) બરોળ ઉપર:**—કાળો બોળ બે ભાગ, મરી ૦। ભાગ, લવંગ ૦। ભાગ, ડીકામાલી ૦।। ભાગ અને બદામ ૦।। ભાગ લઈ પાણીમાં વાટી બોરના ઠળીઆ જેવડી ગોળી કરી ખવરાવવી. **(૩) બાળકોના પેટમાંના ભાર ઉપર:**—કાળો બોળ અને ડીકામાલી એકત્ર કરી દૂધમાં પાવી; કિંવા કાળો બોળ ગોમૂત્રમાં ઘસી ગરમ કરી નાભિસ્થાન સિવાય આખા પેટ પર લેપ કરવો. તે સૂકાયા પછી પુનઃ બીજો લેપ ઉપર ને ઉપર કરવો. એથી કરી રેચ થઈ રોગ મલદ્વારે પડે છે. ઉતાર ઘી અને ભાત આપવાં. **(૪) ઠંડા પ્રમેહ ઉપર:**—ધોળો બોળ ૦। તોલો અને જૂનો ગોળ અર્ધો તોલો એકત્ર કરી તેની ત્રણ ગોળીઓ કરવી. પછી સવારે એક, બપોરે ભોજન પછી એક અને સાંજે સુવાની વખતે એક એ પ્રમાણે ચૌદ અગર ૨૧ દિવસ ગોળીઓ ખવરાવવી. **(૫) દાઢ દુઃખતી હોય તો:**—રક્તબોળ અને ગુગળ ઘસી દાઢે લેપ કરવો. **(૬) ઋતુ પ્રાપ્ત થવા માટે:**—રક્તબોળ અને કાળા બોળનું એક માસો ચૂર્ણ પાણીમાં નાખી પાવું. **(૭) રક્ત-**

પ્રમેહ અને પ્રદર (પિશાબમાં ધાતુનું વારંવાર જવું) ઉપર:—રક્તબોળનું ૧ માસો ચૂર્ણ ચોખાના ધોવરામણમાં મધ નાખી પાવું.

૪૧૨ બ્રહ્મદંડી (તિલકંટા)×—સં૦ બ્રહ્મદંડી. મ૦ હિં૦ બ્રહ્મદંડી. બં૦ વામનહાડી, છાગલહાડી. લૅ૦ લૅમ્પ્રૅચૅાનીઅમ માઇક્રોસેફલમ. રા૦ તિલકુટા.

એનું "અધ:પુષ્પી" એવું પણ નામ છે. એના કંદને ગુંદર આવે છે. બ્રહ્મદંડી પારદનું બંધન કરનારી છે. **બ્રહ્મદંડી:**—કડવી તથા ઉષ્ણ છે; અને કફ, સોજો તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) એકાહિક વિષમજ્વર ઉપર:**—બ્રહ્મદંડીના રસનું નસ્ય આપવું. **(૨) ગંડમાલા ઉપર:**—બ્રહ્મદંડીનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી પાવાં તથા લેપ કરવો; એથી કુટિલી ગંડમાળ નષ્ટ થશે.

૪૧૩ બ્રાહ્મી—સં૦ મ૦ હિં૦ બં૦ બ્રાહ્મી. કો૦ કારીવણા, એકપાની. ક૦ ઓંદેલગત. તા૦ વલ્લારી. તૈ૦ બ્રામ્હીચેટ્ટુ. તુ૦ તિમારે. મલા૦ મુત્તલ. ફા૦ જરનબ. ઇં૦ ઇંડિયન પેનીવર્ટ. લૅ૦ હાઇડ્રોકોટાઇલ એશિયાટિકા.

બ્રાહ્મીનાં **'બ્રાહ્મી, કપોતવંકા, સોમવલ્લી, સરસ્વતી'** એવાં નામો છે. બ્રાહ્મીનો ભેદ બ્રહ્મમંડૂકી નામે છે. તેનાં **"મંડૂકપર્ણી, ત્વાષ્ટ્રી, દિવ્યૌષધિ, મહૌષધિ"** એવાં નામો છે. **બ્રાહ્મી:**—શીતળ, તૂરી તથા કડવી છે; અને બુદ્ધિ, પ્રજ્ઞા, મેધા, આયુષ્ય તથા અગ્નિને વધારનારી, સારક, સ્વાદુ, લઘુ, કંઠશોધક, સ્મૃતિપ્રદ, રસાયન તથા હૃદ્ય છે; અને મેહ, વિષ, કોઢ, પાંડુરોગ, ઉધરસ, તાવ, સોજો, કંડુ, પ્લીહા, વાતરક્ત, પિત્ત, અરુચિ, દમ, શોષ, વાયુ, સંપૂર્ણ દોષ તથા કફનો નાશ કરે છે. કારિવણા અથવા બ્રહ્મમંડૂકીના પણ એવાજ ગુણ છે. **ઉપયોગ:**—**(૧) ઉન્માદ ઉપર:**—બ્રાહ્મીના રસમાં કોઠ કોળિંજનનું ચૂર્ણ અને મધ નાખી પાવું. **(૨) મળમૂત્રવડે આજારી થયેલાને:**—બ્રાહ્મીનો રસ નવટાંક, આમળાં બે તોલા, સાકર અર્ધો તોલો, અને જીરૂં એક તોલો, એનું ચૂર્ણ કરી ગાયના પાશેર દૂધમાં નાખી પાવું. **(૩) અપસ્માર તથા દેવી(શીતળા)ના આજાર ઉપર:**—બ્રાહ્મીનો રસ મધમાં પાવો.* **(૪) બ્રાહ્મીઘૃત:**—બ્રાહ્મીનો

× તિલકંટાને ખેડુત લોકો કંટાળી કહે છે. ઘણાક ભાઇઓ એ તિલકંટાને બ્રહ્મદંડી તરીકે સ્વીકારતા નથી.

* **બ્રાહ્મી શરબત બનાવવાની રીત:**—સૂકાં બ્રાહ્મીનાં પાન ૮૦ તોલા લઇ સાફ કરી આઠગણા પાણીમાં ધીમી આંચ પર ક્વાથ કરવો. ચતુર્થાંશ પાણી બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. ગાળેલા ક્વાથમાં સાકર પાંચરતલ મેળવી શરબત જેવી કાકચાસણી કરી લેવી. નીચે ઉતાર્યા પછી તરત કપડેથી શરબત ગાળી લેવું. ઠંડુ થયેથી બાટલીમાં ભરી રાખવું. આશરે સાડા પાંચશેર શરબત થશે.

આ શરબતના ઉપયોગથી જ્ઞાનતંતુની તેમજ મગજની નિર્બળતા, યાદશક્તિની ખામી, શિરદર્દ, ચક્કર, ઉન્માદ, હિસ્ટેરિયા (અપસ્માર), વાયુ, લોહીનું કમીપણું વગેરે રોગ દૂર થઇ મગજ શાંત થાય છે. બુદ્ધિવર્ધક તથા ઉત્તેજકરૂપે આ શરબતનો ઉપયોગ અતિલાભદાયક છે. માત્રા—૧॥ થી ૨॥ તોલા પાણી મેળવીને દિવસમાં બે વખત લેવું.

બ્રાહ્મી તેલ:—બ્રાહ્મી શેર ૦॥, દાંતીમૂળ તો. ૨॥, નસોતર તો. ૨॥, ગરમાળો તો. ૫, આમળાં તો. ૨૦ (શે. ૦॥), મરી તો. ૧, વાવડીંગ તો. ૨॥, એ સર્વ વસ્તુઓનું ચૂર્ણ કરી આઠગણા પાણીમાં ધીમા તાપ પર ક્વાથ કરવો. ચતુર્થાંશ બાકી રહે ત્યારે ઉતારી ગાળી લેવું. પછી તે ક્વાથમાં તલનું તેલ શેર ૫ મેળવી કલાઇ કરેલા મોટા વાસણમાં (આશરે ૩૦ શેર પાણી રહે તેવડા વાસણમાં) ધીમા તાપ પર ઉકાળવું. ઉકાળતી વખતે કપૂરકાચલી તો. ૨॥, કચૂરો તો. ૨॥, ચંદન સફેદ તો. ૨॥, ધકલા તોલા ૨॥ તથા વાળો તોલા ૫ લઇ સર્વ વસ્તુઓનો કલ્ક કરી (ચટણી માફક તૈયાર કરી) ઉપરના ક્વાથમાં નાખવું. પાણી બળી જાય ત્યારે ઉતારી, ઠંડુ થયેથી ગાળી બાટલીમાં ભરી રાખવું.

આ બ્રાહ્મી તેલના માલીશથી માથાની ગરમી, અપસ્માર, ઉન્માદ; જ્ઞાનતંતુની નિર્બળતા,

રસ ૪ શેર, ઘી ૪ શેર, વધંડ (ઘોડાવજ), કોષ્ઠ (ઉપલેટ), શંખપુષ્પી (શંખાવળી), આ ત્રણેનું ચૂર્ણ અષ્ટોર, એ બધું એકત્ર કરી ઘી સિદ્ધ કરવું. એ સેવન કરવાથી ઉપદંશથી થયેલો સંધિવાત, વિસ્ફોટક, ગાંઠ ઇત્યાદિ રોગ વાતરક્ત, ઉન્માદ અને અપસ્માર દૂર થાય છે. સહરેક રોગ ઉપર આ ઘીને લેપ પણ કરવો તેથી કરી કોઢ વગેરે દૂર થાય છે અને મગજ શાંત થાય છે. (૫) સ્વરભંગ ઉપર:—**સારસ્વત ચૂર્ણ:**—બ્રાહ્મી, ઘોડાવજ, હરડાં, અરડુસી અને લીંડીપીપર, એનું ચૂર્ણ કરી મધમાં આપવું.

૪૧૪ ભમરડીનો વેલો—સં૦ ભૃંગાહ્વા. મ૦ ભોવરી, ભવરસાલી. હિં૦ ભંમરછલી. ક૦ ઉપ્પુશંકકે. લૅા૦ હાઇમીનોડિક્ટિયં એક્સેલસમ્.

વગડામાં ભમરડીના મોટા મોટા વેલા હોય છે. મૃગ નક્ષત્રનો વરસાદ પડવા લાગે એટલે એ વેલા જ્યાં ત્યાં થઇ વાડ ઉપર ચારે તરફ પ્રસરેલા હોય છે. એને જાંબુડા રંગનાં ફૂલ આવે છે અને પાંદડાં કાંટેકણગીનાં પાંદડાં જેવાં હોય છે. ફૂલમાંથી આંગળ બે આંગળ લંબાઇના લીલામાં જેવા તોરા આવી ઉપર સફેદ ભમરડો આવે છે. આ ભમરડો કાઢી નાખી તેના આગળ જે લીલા રંગના તોરા હોય છે તેનું શાક કરી ખવાય છે. ધોળા ભમરડામાં ત્રણ કિંવા ચાર બીઆં હોય છે. એ ખાવાથી ઉપદ્રવ થાય છે; માટે તે નાખી દે છે. બાળકો તે ભમરડામાં ઝીણા કાંટા ભોંકી તેની ચકરડી કરી રમે છે. **ભમરડીનો વેલો:**—તીખો, ઉષ્ણ, કડવો, રુચિકર તથા અગ્નિદીપક છે; અને કંઠરોગ તથા સર્વ દોષનો નાશક છે. **ઉપયોગ:—(૧) માંકડ નિર્મૂળ કરવા માટે:**—ભમરડીના વેલાનું ટીપું નાખ્યું કે તરતજ માંકડ મરે છે અને એના વાસથી તરફડી તેનો લાગલોજ નાશ થાય છે. પલંગ વગેરેમાં માંકડ થયા હોય તેને આ રસ ચોપડવો એટલે માંકડનો નાશ થાય છે. **(૨) કુરશાના વિષ ઉપર:**—ભમરડીનાં મૂળ માણસના મૂત્રમાં ઘસી પાવાં અને દંશ ઉપર લેપ કરવો; તેથી અસાધ્ય વિષ હશે તોપણ ત્રણ દિવસમાં ઉતરી જશે. **બીજો પ્રકાર:**—ગોમૂત્રમાં ભમરડીનાં મૂળ ઘસી પાવાં અને માણસના મૂત્રમાં ઘસી દંશ ઉપર ૭ દિવસ લેપ કરવો. **(૩) વાળા ઉપર:**—ભમરડીનાં પાંદડાં વાટી ઉપર બાંધવાં એટલે વાળો બહાર આવશે.

૪૧૫ ભારંગી—સં૦ ભાર્ગી, ભારંગી. હિં૦ ક૦ ભારંગી. મ૦ ભારંગ. બં૦ બામુનહાટી. તા૦ કંડુભારંગી. મલા૦ ચેરૂટેક્ક. લૅા૦ કલેરાડેંડ્રન સિરેટમ્.

ભારંગીનાં ઝાડ શુમારે એક માથોડું ઉંચાં હોય અને તેનો વિસ્તાર બે હાથ પહોળાઇનો તથા પાંદડાં મહુડાનાં પાંદડાં જેવાં અને તેને બે બે આંગળને અંતરે કાત્રા હોય છે. ભારંગીનાં કુમળાં પાંદડાંની ભાજી (શાક) કરે છે. એ પથ્ય છે. એના મોરને મરાઠીમાં 'તુરે' કહે છે. તેનો રંગ રાતો, ધોળો. જાંબુડો તથા આસમાની, એમ ચિત્રવિચિત્ર હોય છે. તેનું શાક પણ સુંદર થાય છે. **ભારંગી:**—તીખી, કડવી, તૂરી, લઘુ, દીપન, પાચન, રૂક્ષ તથા ઉષ્ણ છે; અને ઉધરસ, દમ સોજો, વ્રણ કૃમિ, દાહ, વાયુ, રક્તગુલ્મ, વાતજ્વર, ઉચકી, ગુલ્મ, જ્વર, વાતરક્ત, ક્ષય તથા પીનસ, કફ, વાયુ, અરુચિ, અર્શ અને રાજયક્ષ્માનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**—તાવ, દાહ, ઉચકી (હેડકી) તથા દોષત્રયનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શ્વાસ ઉપર:**—ભારંગીનાં મૂળ અને સુંઠનો કાઢો પાવો અથવા એનું ચૂર્ણ આદાના રસમાં સાકર નાખી પાવું. એટલે ભારે શ્વાસનો પણ નાશ થશે. **(૨) ઘોણુસ(સર્પની એક જાત છે તે)ના વિષ ઉપર:**—ભારંગીનાં

માથાનું દરદ, વાળ ખરી પડવા, ખોડો થવો વગેરે દોષ દૂર થઈ વાળ વધે છે, અને બુદ્ધિનો પણ વિકાસ થાય છે.

બ્રાહ્મી કવાથ—(ચિત્તભ્રમ તથા સન્નિપાત જ્વર માટે)—બ્રાહ્મી, ઘોડાવજ, શતાવરી, ત્રિફલા, કડુ, ખપાટ, ગરમાળો, કરિયાતું, લીંમડો, કડવાં પરવળનાં પાન, કાળી દ્રાક્ષ અથવા મુનક્કા અને દશમૂળ, એ સર્વ વસ્તુ સમભાગે લેવી. (દશમૂળની દરેક વસ્તુ બ્રાહ્મીની બરાબર લેવી.) ઉપરની વસ્તુઓનો યવકુટ (જાડી ભૂકી) કરવો. આ ભૂકી ૨ તોલાનો ૩૨ તોલા પાણીમાં કવાથ કરી ૮ તોલા રહે ત્યારે ઉતારી ગાળી ચાર ભાગ કરવા. દર ત્રણ ત્રણ કલાકે એકેક ભાગ આપતા જવો. એથી સન્નિપાતજ્વરમાં સારો ફાયદો થાય છે.

મૂળ પાણીમાં ઘસી પાવાં. (૩) **ઉંદરના વિષ ઉપર:**—ભારંગીનાં મૂળ પાણીમાં ઘસી આશરે પાશેર પાણી પીવરાવવું; તથા શરીરે પણ આ પાણી ચોળવું. જો તે ચઢે તો ગાયનું તાજું પાશેર દૂધ પાવું. પથ્ય કળથી ઉકાળીને ખવરાવવી. અલુણી અને ભાત ૭ દિવસ. (૪) **અંડવૃદ્ધિ અને ગંડમાળ ઉપર:**—ભારંગીનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી લેપ કરવો. (૫) **સર્પદંશ ઉપર:**—ભારંગીનાં અને અરીઠાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં અરીઠા ઘસી બબ્બે ઘડીના અંતરે પાવો. ઉતાર-ઘી અને ભાત. (૬) **આગંતુક મસ્તકશૂળ ઉપર:**—ભારંગીનાં તાજાં મૂળ ગરમ પાણીમાં ઘસી આખા મસ્તકે લેપ કરવો અને તાળવા ઉપર ચોળવાં. (૭) **કાનમાં વ્રણ થયું હોય તે ઉપર:**—ભારંગીનાં મૂળ ઘસી કાનમાં તેનું ટીપું પાડવું. (૮) **ગર્ભિણીના શ્વાસકાસ ઉપર:**—ભારંગીનાં મૂળ, સુંઠ તથા લીંડીપીપરનું ચૂર્ણ જૂના ગોળમાં અથવા મધમાં આપવું. (૯) **હેડકી ઉપર:**—ભારંગીનાં મૂળનું ચૂર્ણ સાકરના પાકમાં આપવું. (૧૦) **પ્રસૂતાના મસ્તકશૂળ ઉપર:**—ભારંગીનાં મૂળ અને અનંતનાં મૂળ, એ બન્ને લીલાં લાવી ગરમ પાણીમાં ચંદનની પેઠે ઘસી માથે, બે આંખોએ અને ડોક ઉપર લેપ કરવો. (૧૧) **કૃમિ ઉપર:**—ભારંગીનાં પાંદડાંની ભાજી બાફી તેનું પાણી પાવું.

૪૧૬—**ભાંગરો**—સં૦ માર્કવ, ભૃંગરાજ. મ૦ માકા. હિં૦ ભાંગરા-ડા. બં૦ ભીમરાજ. ક૦ ગરક, કાડીગેરગુ. તે૦ ગુંટકલ, ગરચેટુ. તા૦ કરીશલકન્ની. મલા૦ કુન્નન્નિ. આં૦ કલાકે, શદુરા. ગો૦ કાજલમવુ. ફા૦ જમર્દર. સ૦ હજીજ. ઈં૦ ટેલિંગ ઇક્લિપ્ટા. લા૦ ઇકલીપ્ટા પ્રોસ્ટ્રેટા.

ખેતરમાં અને પાણીવાળી જમીનમાં એના રોપા થાય છે. એ વેંત-બે વેંત લાંબા અને જમીન ઉપર પ્રસરેલા હોય છે. એને બારીક અને લાંબાં પાંદડાં આવે છે. બીનાશવાળી જમીન ઉપર ભાંગરાનાં ઝાડ બારે માસ રહે છે. ભાંગરો વાતહારક છે. કોંકણમાં શ્રાદ્ધપક્ષમાં એનું રાયતું કરે છે. ભાંગરામાં કાળો ભાંગરો કરીને એક જાત છે, એને કાળાં ફૂલ આવે છે. એ ઝાડ ક્વચિતજ નજરે પડે છે. એ ગુણોમાં શ્રેષ્ઠ છે. **ભાંગરો:**—આંખોને હિતાવહ, કડવો, ઉષ્ણ, કેશોને કાળાશ આપનાર, વૃદ્ધિ કરનાર, ત્વચાને હિતાવહ, રૂક્ષ, તીક્ષ્ણ, દાંતને હિતાવહ, મેધાકારક તથા રસાયન છે; અને કફ, સોજો, વિષ, કામોત્પત્તિ, અંડવૃદ્ધિ, શિરોરોગ, નેત્રરોગ, વાયુ, ઉધરસ, દમ, કોઢ, કૃમિ, આમદોષ, પાંડુ, હૃદ્રોગ, ત્વગ્રોગ તથા કંડૂ(ખરજ)નો નાશ કરે છે. **કાળો ભાંગરો:**—ઉષ્ણ, પાકકાળે તીક્ષ્ણ, તીખો તથા રસાયન છે; અને કૃમિ, વાયુ તથા કફનો નાશ કરે છે. ઉપયોગ:—(૧)**ઉપદંશ વ્રણની શુદ્ધિ થવા માટે:**—ભાંગરાના રસવડે અથવા ભાંગરો અને જાઈનાં પાંદડાંનો રસ એકત્ર કરી તે વડે ગુમડું ધોવું. (૨) **સૂર્યાવર્ત અને આધાશીશી ઉપર:**—ભાંગરાનો રસ અને બકરીનું દૂધ સમભાગે તડકામાં ગરમ કરી નાકમાં નાખવું; અથવા ભાંગરાના રસમાં મરી વાટી બે વાર લેપ કરવો. (૩) **બાળકની શરદી ઉપર:**—બાળકને જન્મતાંજ કફનો દોર ગળામાં થયેલો હોય છે, તેથી ગળું ઘુરઘુરે છે તે ઉપર:-ભાંગરાનો અંગરસ બે ટીપાં કાઢી તેમાં ચોગણું મધ નાખી તે મિશ્રણ આંગળીવડે બાળકના તાળવામાં પહોંચાડતાંજ સર્વ કફ નીકળી પડે છે; અને બાળક હુંશિયાર થાય છે. એ વિષે સુયાણીએ સાવધાની રાખવી જોઈએ. (૪) **ધનુર્વાત ઉપર:**—ભાંગરાનો રસ ૧ તોલો, તુંબડીનો રસ ૦। તોલો, આદાનો રસ ૨ તોલા, કાત્રે નગોડનો રસ ૧ તોલો, અગથીઆનાં પાંદડાંનો રસ ૩ તોલા. એ પ્રમાણે બધા રસ એકત્ર કરી તેમાં નાળીએરનો અંગરસ ચોગણો નાખવો; અને થોડા ચોખા નાખી ખીર કરવી; તથા ગોળ નાખી શક્તિ પ્રમાણે એ ખીર દરરોજ બે વાર આપવી. ઉતાર-ઘી અને શેકેલી ડુંગળી. (૫) **કમળી ઉપર:**—ભાંગરાના રસમાં મરીની ભૂકી ૬ માસા નાખી તે દહીં સાથે ૭ દિવસ પાવો. (૬) **બાળકના પેટના ભાર ઉપર:**—ભાંગરાનો રસ અને ઘી એકત્ર કરી ૩ દિવસ પાવું. (૭) **શરીરે પારો ફુટી નીકળે તે ઉપર:**—ભાંગરાનો રસ, અગથીઆનો રસ અને સુરોખાર વાટી છાશમાં મેળવી તે છાશ ૪ તોલા પાવી; એટલે મૂત્રમાર્ગે પારો નીકળી જાય છે. (૮) **સોજા ઉપર:**—ભાંગરાના રસમાં મરીની ભૂકી નાખી તે રસ પાવો અને અંગે પણ ચોળવો. (૯) **મોડશી (કૉલેરા) ઉપર:**—ભાંગરાના રસમાં સિંધવ નાખી પાવો. મોટા માણસને અધોળ

રસ પાવો. (૧૦) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—વ્રણ (ગુમડું) સારૂં થવા લાગ્યા પછી તે જગ્યાએ બે-ત્રણ વાર ભાંગરાનો અને કાળી તુળસીનાં પાંદડાંનો રસ ચોપડતા જવું; એટલે તે જગા ઉપર કોઢ જેવો ધોળો ડાઘ ન પડતાં મૂળ ચામડીના જેવો વર્ણ થાય છે. (૧૧) **મેદોરોગ ઉપર:**—દરરોજ રાત્રે સૂતી વેળાએ ભાંગરાનો અંગરસ સર્વાંગે ચોળી જીરવવો તથા ઉધવું. એ પ્રમાણે સતત છ મહિના સુધી કરવાથી અતિશય વધેલા મેદનો તથા મેદના યોગે શરીરમાં ઠેકાણે ઠેકાણે થયેલી ગાંઠોનો નાશ થાય છે. (૧૨) **મુખપાક ઉપર:**—ભાંગરાનાં પાંદડાં અર્ધો તોલો લઇ તંબાકુની પેઠે વારંવાર ચાવી મોઢામાં રાખવાં અને થુંકતા જવું. (૧૩) **અગ્નિમાંદ્ય, વિટ્બંધ અને પાંડુરોગ ઉપર:**—મૂળસહિત ભાંગરો છાયામાં સૂકવી તેનું ચૂર્ણ અને એ સર્વના જેટલી સાકર એકત્ર કરી તે ચાર તોલા સુધી અનુપાન સાથે આપવું. (૧૪) **સ્વરભેદ ઉપર:**—ભાંગરાનો રસ અને ઘી એકત્ર કરી રસ ઉકાળી ગાળી તે પાવું.×

૪૧૭ **ભીલામો**—સં० ભલ્લાતક. મ० બીબા. કોં० હિં० ભીલાવાં. મા० બં० ભેલા. તા० કેંગોટેમારં. તુ० તેરેમારા. મલા० ચેરમરા. ક० કેરૂ, ગેરૂ ક્યારૂ. તૈ० નાલ્લજીડી. ફા० બિલાંદુર. અ० હબુલકલ્બ. ઈં० માર્કીંગ નટ્. લા० સેમીકાર્પસ એનેકાર્ડિયમ્.

એ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં કુંભાનાં પાંદડાં જેવાં હોય છે. એને કાજુ જેવાં જીંડવાં આવે છે. તે ઉપર બીઆં પણ તેવાંજ આવે છે. તેજ ભીલામો. ભીલામાનાં જીંડવાં પાકે એટલે ખાવાના ઉપયોગમાં આવે છે. તેને સૂકવી રાખે છે. ભીલામામાંથી જે બીઆં નીકળે છે તેને મરાઠીમાં "ગોડંબી" કહે છે. તે ગોડંબી પૌષ્ટિક, વાયુહારક અને દાંતને મજબૂતી આપનાર છે. ભીલામો એ આ દેશમાં મોટી ઔષધિ મનાયેલી છે.* વાયુના યોગે અંગ પકડાઇ જાય કિંવા કાંઇ દુખવા લાગે અગર ઠેસ લાગે તો ભીલામો બાંધે છે; તેથી સણકા તુરત નાશ પામે છે. દમણ, સુરત એ ઠેકાણે જે ખારવા લોક રહે છે તે તો કોઇ પણ રોગ થયો કે તુરતજ ભીલામો ઉપયોગમાં લે છે. ભીલામો એ ફોલ્લો ઉત્પન્ન કરનારૂં ઔષધ છે.‡ **ભીલામાનું ઝાડ:**—કડવું, તીખું, તૂરૂં, ઉષ્ણ,

---

× **ભૃંગરાજ વટી** (સર્વ પ્રકારના હરસ ઉપર):—ભાંગરાનાં પાન તોલા ૫ તથા કાળાં મરી તોલો ૦॥ બંનેને વાટી ઘુંટી ગોળી ચણીબોર પ્રમાણે બનાવી છાયામાં સૂકવી રાખવી. દરરોજ સવાર સાંજ બબ્બે ગોળી પાણી સાથે લેવાથી સૂકા તથા દૂઝતા હરસ મટી જાય છે. **ભૃંગરાજ તેલ** (પીનસ રોગ માટે)—ભાંગરાનો રસ ૨૦ તોલા, કાળા તલનું તેલ ૨૦ તોલા તથા સિંધાલૂણ ૨ તોલા મેળવી કડાઇમાં ધીમી આંચ પર ઉકાળવું. તેલમાત્ર શેષ રહે ત્યારે ઉતારી ગાળી શીશીમાં ભરવું. આ તેલનાં દશ દશ ટીપાં દિવસમાં બે વખત નાકના બંને સ્વરોમાં નાખવાથી નાકમાંથી દુષ્ટ કફ, તથા કૃમિ બહાર નીકળી આવે છે. થોડા દિવસમાં પીનસનું દરદ દૂર થાય છે. પથ્ય-મગની દાળ અને રોટલી.

* ભીલામાં જે પાણીમાં નાખવાથી ડૂબી જાય તે ઉપયોગમાં લેવાં જોઇએ. સારાં વજનદાર ભીલામાંને બે ઇંટથી અથવા ઇંટના ચૂર્ણ સાથે ઘસવાથી શુદ્ધ થાય છે. ભીલામાની ટોપી ઉપયોગમાં લેવાના પહેલાં કાઢી નાખવું. ભીલામાનું તેલ ટોપી કાઢતી વખતે હાથને લાગવા ન દેવું; કારણકે તેલથી હાથ, શરીર, મોં જ્યાં લાગે ત્યાં ફોલ્લા થઇ જાય છે.

‡ વૈદ્યકલ્પતરુ માસિકમાં એક વખત છપાયું હતું કે:—"ભીલામાના ચાર કકડા કરી પાશેર ઘીમાં તળી તે ભીલામા કાઢી લઇને તે ઘીનો શીરો કરીને ખવરાવવાથી વાગવાથી થયેલ અસ્થિ-ભંગ વગેરેની પીડા નાશ થાય છે." આ ઉપાય અજમાવી ખાત્રી કરેલો છે. વળી એક બ્રાહ્મણે વાયુના દુખાવા (શરીરના ઝલાઇ જવા કે સોજા) ઉપર ભીલામાં નંગ ૧૪, તલ તોલો ૧, કાથો તોલો ૧, રસકપૂરનાં ફૂલ રતિ ૭ અને શોધેલા નેપાળાનાં બીજનાં ફાડાં (દાળ) નંગ ૭ નાખી ખૂબ ખાંડી જૂનો ગોળ તોલા ૨॥ માં ૧૪ ગોળી કરી દરરોજ એકેક ગોળી ગાયના દશ તોલા દહીંમાં ખાવા આપી હતી. પથ્ય—છાશમાં રાંધેલી બંટીની ઘેંશ અને છાશ સિવાય બીજું કશું પણ ૨૮ દિવસ સુધી ખાવા આપ્યું નહોતું. નિદાન એથી મોઢું પણ આવ્યું ન હતું અને મુદતસર વ્યાધિ શાંત થયો હતો. વળી ભીલામાં નંગ ૧૪, તલ તોલો ૧॥, કાથો તોલો ૧॥ એ ત્રણ

ગ્રાહક, મધુર તથા લઘુ છે; અને કફ, વાયુ, કૃમિ, અર્શ, ઉદર, આનાહ, મેહ, સંગ્રહણી, કોઢ, ધોળો કોઢ, ગુલ્મ, અગ્નિમાંદ્ય, કર્ણવિકાર, રક્તવિકાર તથા તાવનો નાશ કરે છે. **એનાં ફળ (ભીલામાં):**—તૂરાં, ધાતુપ્રદ, વૃષ્ય, બલપ્રદ, લઘુ, મધુર, ઉષ્ણ, પાચક, સ્નિગ્ધ, અગ્નિવર્ધક, તીક્ષ્ણ, છેદક, ભેદક તથા મેધાકર છે; અને કફ, વ્રણ, શ્વાસ, શ્રમ, આનાહ, આધ્માન, સંગ્રહણી, મલબદ્ધતા, કૃમિ, શૂળ, ઉદર, અર્શ, કોઢ, જ્વર, શોફ, ગુલ્મ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એનાં ફળની છાલ:**—મધુર, સ્નિગ્ધ, રસ વખતે તીખી, લઘુ, તીક્ષ્ણ, ભેદક, ઉષ્ણ, છેદક, દીપન તથા મેધાકર છે; અને વાયુ, કોઢ, વ્રણ, ઉદર, કફ, અર્શ, સંગ્રહણી, ગુલ્મ, સોજો, આનાહ, જ્વર તથા કૃમિનો નાશ કરે છે. એનાં **બીઆં:**—મધુર, બૃંહણ, વૃષ્ય, દીપન તથા તર્પણ છે; અને શોફ, અરુચિ, દાહ, પિત્ત તથા વાયુનો નાશ કરે છે. **એનાં ફળનાં જીંડવાં:**—સ્વાદુ, કેશ્ય, અગ્નિદીપક અને પિત્તનાશક છે. **નદીભલ્લાતક:**—(પાણુભીલામી) કડવી, તૂરી, મધુર, શીત, ગ્રાહક તથા વાતકર છે; અને રક્તપિત્ત, વ્રણ તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કૃમિ ઉપર:**—ભીલામો દહીં સાથે કિંવા આમલી સાથે ખાવો અથવા તેનાં ફળ રોજ ખાવાં. **(૨) મૂળવ્યાધિ ઉપર:**—ગાયનું ઘી એક માસો લઇ તેમાં ભીલામો બી દેખાય તેટલો ઘસી રાત્રે સૂઇ રહેતી વેળાએ ગુદાની અંદરના ભાગમાં જાય એવી રીતે લેપ કરી દેવતાથી વૃષણોને તાપ ન લાગે એવી રીતે એક કલાક સુધી શેકવું. એટલે દરેક ઝાડાને વખતે થતો રક્તપ્રવાહ બીજે દિવસે બંધ થશે; અને સણુકા મટી રાત્રે નિદ્રા સારી આવશે. **(૩) ભીલામો લાગવાથી ફોલ્લા ઉઠે છે તે ઉપર:**—તલ વાટી તેમાં કાળી માટી નાખી અથવા માખણમાં અગર દૂધમાં તલ વાટી લેપ કરવો; અથવા જેઠીમધ, તલ, માખણ, દૂધ એકત્ર કરી લેપ કરવો; અથવા અર્જુન (સાદડા) ઝાડની છાલ અને પાંદડાં કચરી તે, અથવા કોપરાનું તેલ ચોપડવું અથવા બહેડાંના મગજનો લેપ કરવો; અથવા જેઠીમધ, નાગરમોથ અને કોઠીનાં પાંદડાંનો લેપ કરવો અથવા કોથમી વાટી ચોપડવી; અથવા ગોમેટીનાં પાંદડાંનો રસ એક-બે વાર ચોપડવો; અથવા મલાઇ (દૂધની તર ચોપડવી; અથવા ટોપરું અને બદામ ઘસી ચોપડવી; અથવા સરસવ, તાંદલજો અને માખણનો લેપ કરવો; અથવા તાજો ચુનો અને માખણ એકત્ર કરી ચોપડવું; અથવા ગરી પડેલાં કુમળાં નાળીએરના પાણીમાં ટોપરું ઘસી ચોપડવું; અથવા કુવાડીઆના પાનનો રસ ચોપડવો; બકરીનું દૂધ ચોપડવું; દારૂહળદર, સરસવ, નાગરમોથ અને માખણનો લેપ કરવો; અથવા ગોપીચંદન ઘસીને ચોપડવું. **(૪) કૃમિ ઉપર:**—ભીલામાનો નાનો કકડો દૂધમાં કઢવી તે દૂધ પાવું. **(૫) કાખમાંજરી (બાંબલાઇ) ઉપર:**—ભીલામાના તેલનાં ટીપાં પાડવાં એટલે મટી જાય છે. **(૬) બદ ઉપર:**—ચુનો અને ભીલામો એકત્ર ખરલ કરી તેની પટ્ટી લગાડવી. **(૭) ગંડમાલા ઉપર:**—ભીલામો અને હીરાકસી આકડાના દૂધમાં ઘસી લેપ કરવો. **(૮) પડજીભ અને ઉપરસ ઉપર:**—ચોખ્ખું દૂધ પાશેર લઇ ભીલામો દીવા ઉપર ધરવો; અને તે બળવા લાગે એટલે તેમાંથી જે તેલનું ટીપું પડે તે દૂધમાં પાડી તે દૂધ પ્રાશન કરવું. **(૯) અર્ધશીશી (આધાશીશી) ઉપર:**—ભીલામાનું તેલ બારીક સળી પર લઇ જે બાજુનું કપાળ દુઃખતું હોય તેથી બીજી બાજુની આંખના નાકા પાસેના ખૂણામાં જ્યાં રાતી જગા હોય છે તે જગા ઉપર ટીપું પાડવું; તેથી કાંઇક આંખમાં ચરચરે છે અને તેલનો અંશ જઈ પાણી બહાર આવે છે. તેમાંના તેલનો અંશ બહાર અડકે નહિ માટે આંખોમાં તેલ પાડતાંજ બહારની બાજુએ ઘી ચોપડવું. એ પ્રમાણે સવારે ત્રણ દિવસ કરવું; એટલે આધાશીશીનો નાશ થાય છે અને પુનઃ કદી થતી નથી. **(૧૦) સોજા ઉપર:**—ભીલામો ઘસી લેપ કરવો. **(૧૧) ઉઠાણું (ગુમડું) પાકવા માટે:**—સાબુમાં ભીલામાનું તેલ નાખી લેપ કરવો. **(૧૨) બદ ઉપર:**—કાથો અને ગોળમાં ભીલામાનું તેલ નાખી ઉપર ચોપડવું અને તે ઉપર ચુનો ઘસવો એટલે બદ બેસી જઇ મટી જાય છે. **(૧૩) કાનમાં**

ચીજોની ગોળી જૂનો ગોળ તોલા ૨॥ માં ગોળી કરી દરેક પાંચ તોલા તલના તેલ સાથે પરમાના દરદીને ૧૪ દિવસ સુધી ખવરાવી હતી. ખોરાક સાથે પણ દરેક વખતે દશ તોલા સુધી તલનું તેલ ખાવા કહ્યું હતું.

પરૂ વહે છે તે ઉપરઃ—એ આંબોળા જેટલું માખણ પાન ઉપર મૂકી તે ઉપર ભીલામાના તેલનાં ઘણાંજ ટીપાં પાડવાં; અને તે માખણ પાતળું કરી રૂ વડે કાનમાં પાડવું. પછી એજ રૂનું પુમડું કાનમાં નાખવું. તે પ્રમાણે ૭ દિવસ લગાવવું. (૧૪) **જીભ કાળી થઈ જાય છે તે ઉપરઃ**—માખણમાં ભીલામો નાખી કઢવીને તે ચોપડવું. (૧૫) **પડજીભને માટેઃ**—દૂધમાં ભીલામાના તેલનાં ટીપાં પાડી તે દૂધ પાવું. (૧૬) **તણખીઆ—પરમા (પ્રમેહ) ઉપરઃ**—ગાયના તાજા દૂધમાં ભીલામો ઘસી તે દૂધ ૭ દિવસ પાવું. (૧૭) **બરોળ ઈત્યાદિ ઉપર ડામ દેવો હોય તોઃ**—ભીલામો મારવો અને ઉપર ટંડુ પાણી રેડવું; એટલે ભીલામો લાગી ફોલ્લો આવશે. પછી માખણ ચોપડી પાટો બાંધવો એટલે વહેવા લાગશે. (૧૮) **ઠંડીથી સણકા થતા હોય તે ઉપરઃ**—ભીલામાનું તેલ ચોપડી ઉપર ચુનો ચોપડવો; એટલે તે ઠેકાણાની શરદી નીકળશે અને ભીલામો પણ ઉઠશે નહિ. (૧૯) **જીહ્વાસ્તંભ, બુદ્ધિજાડ્ય અને મૂકત્વ ઉપરઃ**—ભીલામાનો ચતુર્થાંશ× કાઢો કરી તેમાં સાકર, ઘી અને દૂધ એકેક તોલો અને મરીની ભૂકી ત્રણ માસા નાખી તે પાવો. (૨૦) **સિંદૂર ખાવામાં આવ્યાથી ગળું બેસી જાય છે તે ઉપરઃ**—પાનમાં ચતુર્થાંશ ભીલામો સવાર–સાંજ ખાવો.* (૨૧) **ખરજવા ઉપરઃ**—ભીલામો અને રાળ તેલમાં કઢવી તે તેલ ચોપડવું. (૨૨) **ખોડા અને દાદર ઉપરઃ**—ભીલામો તેલમાં ઘસી ચોપડવો. (૨૩) **પગ ફાટે તે ઉપરઃ**—ભીલામો અને રાળ તેલમાં કઢવી તે મલમ ચોપડવો. (૨૪) **આંખો દુખવા આવશે એવું જણાય તે વખતે કરવાનો ઉપાયઃ**—સોયની ટોચ ઉપર ભીલામાનું તેલ લઈ, નાક ઉપરની આંખની બાજુના ખૂણામાં તેનું ટીપું પાડવું; અથવા બન્ને આંખો ઉપર ભીલામાનાં બારીક ફૂલ (+) કરવાં; અથવા ઘીમાં ભીલામો ઘસી તેનું અંજન કરવું. આથી આંખમાંથી પાણી નીકળવાથી ભીલામો બહાર લાગે નહિ; માટે બહારના ભાગ ઉપર કિંચિત્ ઘી ચોપડવું. (૨૫) **બાળકોના ડબા રોગ ઉપરઃ**—નાભિના ઉપર ત્રણ આંગળ જગા રાખી ભીલામા તેલથી ફૂલ (+) કરવું; અને ડુંટીની બન્ને બાજુએ અઢી અઢી આંગળને અંતરે બે ફૂલ કરવાં. ભીલામો ઉઠવા માટે કેળનાં પાંદડાંને એરંડિયું તેલ ચોપડી ઉપર બાંધવું. (૨૬) **અંડવૃદ્ધિ ઉપરઃ**—ભીલામો અને હળદર એકત્ર ઘસી તેનો લેપ કરવો અને છાણાંના દેવતાથી શેક કરવો. (૨૭) **મૂર્ચ્છા ઉપરઃ**—પગના તળીઆના મધ્યભાગમાં બળતો ભીલામો દબાવવો; એથી પણ શુદ્ધિ ન આવે તો ગળાની બંને નસો ઉપર ભીલામાનો ડામ દેવો. (૨૮) **ટાલ પડે છે તે ઉપરઃ**—ભીલામાનાં પાંદડાંના રસમાં મધ નાખી તેનો લેપ કરવો. (૨૯) **સંત્રિવાયુ, પક્ષાઘાત વગેરે વાતવિકારો ઉપરઃ**—ભીલામાનાં ફળ (ગોડંબી), છાલ કાઢેલા ભુંજેલા ચણા, કોપરૂં, ગોળ અને ઘી સમભાગે લઇ તેને એકત્ર કૂટી આશરે પાંચ તોલા વજનના લાડુ કરવા; અને રોજ સવારે એકેક લાડુ ખાવો. (૩૦) **ઘાવતેલઃ**—ભીલામો, લસણ, ડુંગળીની પાખડી અને અજમો, એ તેલમાં કઢવી તે તેલ સિદ્ધ કરવું. એ તેલ ચોપડવાથી શરીરમાં થયેલા આગંતુક જખમ બે–ત્રણ દિવસમાંજ સારા થાય છે.

સૂચના—જેને ભીલામો માફક ન આવતો હોય તેણે તેનો ઉપયોગ કરવામાં વિચાર કરવો જોઇએ. ગરમ પ્રકૃતિવાળાને ભીલામો ઘણું કરીને વધારે ગરમ જણાવે છે. હરસના દરદમાં અને જૂના વાતવ્યાધિમાં ભીલામો અતિ લાભદાયક છે, તેમજ જીર્ણ સુજારોગમાં પણ હિતકર છે.

૪૧૮ **ભીંડી**—સં૦ અંબષ્ઠા. મ૦ અંબાડી. હિં૦ અમ્બારી, મોઈપા. તે૦ પુંડિકુરા. ક૦ ...ડી, પુંડીબીજ, પુંડીયતારૂં. બં૦ માચિકા. પં૦ નુસુકડા. રા૦ મંડેલો.

ભીંડી આ દેશમાં ઘણી થાય છે. ભીંડીનાં ઝાડ ચાર–પાંચ હાથ ઉંચાં થાય છે. એ સીધાં વધે છે. કુમળાં હોય ત્યારે એનાં પાંદડાંની ભાજી કરે છે. એનાં બીઆંનું તેલ નીકળે છે. એ તેલ કસુંબ બીજ અથવા ભોંયસગની સહાયથી કાઢે છે. ઝાડ સૂકાયા પછી તેને ભીંજવી રાખી તે

× આ કાઢો શરીરે તેલ ચોપડયા પછી કરવો. કારણ કે ભીલામાની વરાળ શરીરને લાગવાથી સોજો ઉત્પન્ન થાય છે.

* ભીલામો ખવરાવવા પહેલાં તથા પછી થોડું ઘી લેવું કે જેથી ગળાને નુકસાન ન પહોંચે.

ઉપરની છાલ કાઢી લે છે. તેની શુભ્રપાટ, દોરડાં અને કાગળ વગેરે અનેક વસ્તુઓ થાય છે. ભીંડીનું સ્વતંત્ર ખેતર કોઇ વાવતું નથી. દુકાળ વખતે ગરીબ લોકો ભીંડીના રોટલા ઉપર ગુજરાન ચલાવે છે. એમાં એક બીજી જાતની ભીંડી થાય છે. તેને "વિલાયતી ભીંડી" કહે છે. એના ઉપર જે ફળ આવે છે તેના ઉપર રાતા રંગની છાલ હોય છે; અને તે કોકમ જેવી જરાક ખાટી હોવાથી સૂકવી રાખી ઉપયોગમાં લે છે. એ પિત્તશામક છે. ભીંડીનાં સળેખડાં ગંધકનું પાણી કરી તેમાં બોળે છે અને દેવતા સળગાવવાના કામમાં તેનો ઉપયોગ કરે છે. **ભીંડી:**—તૂરી, ખાટી, મધુર, અગ્નિદીપક અને કંઠને હિતાવહ છે; તથા કફ, વાયુરોગ, સળેખમ, અરુચિ અને પકવાતિસારનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) પિત્તાંશ ઉપર:**—રાતી (વિલાયતી) ભીંડીનાં ફળ પાણીમાં બાફી, તે પાણીમાં મરીની ભૂકી, હિંગ અને ગોળ નાખી તે પાણી પાવું. **(૨) માથાના ખોડા ઉપર:**—ભીંડીનાં પાંદડાંના રસમાં આમલસારો ગંધક ખરલ કરી તે ચોપડવો. **(૩) હાથને તળાગરમી થઇ હોય તે ઉપર:**—ભીંડીનાં પાંદડાંમાં મીઠું નાખી તેને બાફવાં; અને સાત દિવસ હાથ ઉપર ગરમ બાંધવાં. **(૪) તેલથી થયેલા અજીર્ણ ઉપર:**—ભીંડીની ભાજીમાં ચોખા નાખી તે બાફીને ખાવી. **(૫) ઢોરોને દૂધ વધવા માટે:**—ભીંડી ભરડી બાફીને તેમાં તેલ, ગોળ નાખી દૂઝણા ઢોરને ખવરાવવાથી દૂધ વધારે આવે છે.

૪૧૯ **ભીંડા (શાક)**—સં૦ ભિંડીનક, ચતુષ્ખંડ. મ૦ ભેંડી, ભેંડા. હિં૦ ભીંડી. ક૦ તુ૦ બેન્ડેકાયી. તા૦ મલા૦ બેંડા. તૈ૦ બેંડાકાયા. ફા૦ બામિયા. અ૦ કુત્રાર. ઈં૦ એસ્કયુલેન્ટ-ઓક્રા. લા૦ હિબિસ્કયુસ્ એસ્યુક્લેંટસ્.

ભીંડાનો છોડ શુમારે ત્રણ હાથ ઉંચો વધે છે. એ સીધો હોય છે. એને ફૂલો આવીને દરેક ફૂલ આગળ ભીંડો આવે છે. ભીંડામાં છધારી અને અષ્ટધારી એવી બે જાત હોય છે. ભીંડો ઘણો પૌષ્ટિક છે. ભીંડાનું શાક, વડી વગેરે અનેક પદાર્થો બને છે. એ શાક ઉત્તમ હોઇ પથ્યકર છે. ભીંડાની અંદરનો ચીકણો રસ રંગમાં નાખવાના કામમાં આવે છે. **ભીંડા:**—રસ વખતે ખાટો, ઉષ્ણ, ગ્રાહક, રુચિકર અને વૃષ્ય છે. ઉપયોગ:—**(૧) ધાતુપુષ્ટિ અને શક્તિ આવવા માટે:**—સવારે કુંણા ભીંડા ૨૦-૨૫ ખાવા. **(૨) આમવાત ઉપર:**—ભીંડાનાં મૂળ સાકરમાં ખાવાં.

૪૨૦ **ભુઈપાત્રા**—સં૦ ભૂપાટલી. મ૦ ભુઇપાડળ, ભુઈપાત્રા. હિં૦ ભુઈપાડરી. ક૦ નેલવાદરી. ભૂયાતલી. કોં૦ મોડીતાન. બં૦ ટાકાપાના.

એ જંગલની ભાજી માળા ઉપર, વગડામાં અને રસ્તાની બાજુએ થાય છે. એ રોપો શુમારે એક વેંત લાંબો અને તેટલોજ ઉંચો હોય છે. એનાં પાંદડાં ચપટાં હોઇ હાથની આંગળી જેવડાં પહોળાં હોય છે અને તે જમીન ઉપર પ્રસરે છે. એ ભાજી જેઠ-અષાડ માસમાં થાય છે. જ્યારે બીજી સારી ભાજીની અછત હોય છે ત્યારેજ માત્ર લોકો એને ખાય છે. એ ભાજી કેવળ નિર્માલ્ય છે. " **भुकेला पिकले काय आणि हिरवे काय** " (ભૂખ્યાને પાકાંએ શું અને કાચાંએ શું ?) એવી એક મરાઠી કહેવત છે. તે પ્રમાણે મનુષ્યને ખરા બપોર થાય એટલે સઘળું ભાવી જાય.

૪૨૧ **ભુયશિરડ**—(સં૦ ભૂમિશિરડક. મ૦ ભુઇશિરડ, કકંદી, કાંદાંબીની કાંદા.) ભુયશિરડનું ઝાડ ઘણુંજ નાનું હોય છે અને એને જમીનથી વેંતભર ઉંચાં પાંદડાં આવે છે. એનો કાંદો વેંતભર કિંવા હાથભર લાંબો અને ધોળો હોય છે એને દૂધ આવે છે. એ દૂધ ભીલામાની પેઠે ઉડે છે. એને કકંદી પણ કહે છે. **ભુયશિરડ:**—તીખું, ઉષ્ણ, દુર્ગંધપ્રદ, લઘુ તથા સારક છે અને સર્વ વાતવિકારનું નાશક છે. એના કાંદામાં તામ્રભસ્મ થાય છે. ઉપયોગ:—**(૧) ઢોરોની આંખોને ભૂર આવે અને ફૂલ પડે છે તે ઉપર:**—ભુયશિરડના દૂધનું આંખમાં ટપકું પાડવું. **(૨) માણસની ઘાંટીમાં વિકાર થાય તે ઉપર:**—ભૂયશિરડનું કંદ સૂકવી હોકાની ચલમમાં તેની ધૂણી પીવી. **(૩) ગંડમાલા ઉપર:**—ભૂયશિરડનાં બીઆં વાટી ચોપડવાં એટલે ગંડમાલા બેસી જાય છે.

૪૨૨ **ભૂતાકશીશી**—(સં૦ ભૂતાંકુશ. મ૦ ભૂતાકશિશી, ભૂતકશી, ભૂતકેશી. હિં૦ ગઓજુવાન. લા૦ ઇલિઓડેન્ડ્રોન ગ્લૉકમ. તૈ૦ ગમેરી, છીનરણુ મેરી. બં૦ હેચેતા.)

ભૂતાકશીશીનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઝાડ કોંકણ પ્રાંતમાં ઘણાં થાય છે. એનાં

પાંદડાં હરડાનાં પાંદડાં જેવાં હોય છે. એનું લાકડું સાધારણ રીતે ઇમારતના કામમાં આવે છે. **ભૂતાકશીશી:**—તીવ્ર ગંધવાળી, તૂરી, ઉષ્ણ, અગ્નિદીપક તથા તીખી છે; અને ભૂતબાધા, ગ્રહપીડા, કફ, વાયુ, ત્વગ્દોષ, કોઢ, કૃમિ, ત્વગ્વાત તથા ધોળા કોઢનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) માથું ચઢયું હોય તે ઉપર:**—ભૂતાકશીશીનાં પાંદડાં હાથમાં મસળી સુંઘવાં એટલે છીંકો આવી માથું દુઃખતું મટે છે.

૪૨૩ **ભેંડ**—આ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. આ વૃક્ષની છાયા ઠંડી હોય છે અને સદાકાળ સરખી રહે છે. એનાં પાંદડાં સુંવાળાં અને ફૂલ કાંઇક પીળાં તથા કાંઈક રાતાં એમ બે રંગનાં આવે છે. એનાં ફળ સોપારીના મોટા ત્રોપા જેવડાં હોય છે. એ ઝાડ ડુંગરોમાં અને વગડામાં પોતાની મેળે થાય છે. એનું લાકડું ઘણું ચીકણું અને હલકું હોય છે; એટલે તેના રથ, ગાડીઓ, શિલાછાપની ફેંપરી ઈત્યાદિ કરે છે.

૪૨૪ **ભોંય આમળી**—સં૦ ભૂમ્યામલકી, ભૂધાત્રી. મ૦ ભુંઇ આંવળી. હિં૦ ભુય આંબલા, જર આંબલા, ભદ્ર આંબલા, પતાલ આંવરા. બં૦ ભૂંઈ આંમલા. ક૦ નેલ્લનેલ્લિ, આર્ઈનેલ્લિ, કિરિનેલ્લિ. તૈ૦ નેલાઉસિરિકે. તા૦ કિલકાયનેલ્લિ, નિલનેલ્લિ. તુ૦ નેલનેલ્લિ. મલા૦ કિલનિલ્લ. લા૦ ફાઇલેન્થસ્ નિરૂરિ, ફાઇલેન્થસ્ યુરિનેરિયા.

ભોંય આમળીનાં પાંદડાં રીસામણીનાં પાંદડાં જેવાં બારીક હોય છે. એ ઝાડની ઉંચાઈ વેંત-બે વેંત હોય છે. ચોમાસામાં એ ઝાડ ઉત્પન્ન થાય છે. એ ઝાડની ડાળીએ નાચણી (નાગલી ધાન) જેવડાં બારીક ફળ આવે છે. એનો રંગ લીલો હોય છે. એ ફળનો સ્વાદ કિંચિત્ ખાટો અને કડવો હોય છે. એ ઝાડ તાપની મોસમમાં સૂકાઈ જાય છે; માટે કાર્તિક માસના અરસામાં એ ઔષધિનો સંગ્રહ કરી રાખવો. **ભોંય આમળી:**—તૂરી, ખાટી, શીત, કડવી, મધુર, રુચિકર, જડ તથા ઉષ્ણ છે; અને પિત્તમેહ, મેહ, કફ, પાંડુરોગ, મૂત્રરોગ, દૃષ્ટિરોગ, તૃષા, ઉધરસ, પિત્ત, રક્તદોષ, વાયુ, ક્ષતક્ષય, દમ તથા હેડકીનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પ્રદર ઉપર:**—ભોંય આમળીનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી રસ કાઢી તેમાં ઘી નાખી ત્રણ દિવસ આપવાં; એટલે દુઃસાધ્ય પ્રદરનો પણ નાશ થાય છે. **(૨) જીર્ણજ્વર ઉપર:**—ભોંય આમળીનાં પંચાંગ વાટી પાવાં. **(૩) પ્રમેહ ઉપર:**—ભોંય આમળી, તજ, એલચીદોડા, તમાલપત્ર અને ૨૦ મરી એકત્ર વાટી પાવાં. એટલે સાત દિવસમાં અસાધ્ય પ્રમેહનો નાશ થશે. **(૪) કમળો, જીર્ણજ્વર અને પાંડુરોગ ઉપર:**—ભોંય આમળીનાં મૂઠીભર પાંદડાં, એરંડાનાં ત્રણ પાંદડાં, પાંચ લવંગ, આમલીના ચીચોડાના કરતાં પણ નાનો એક શંખ, સાત મરી, જીરૂં અને થોડાં કાંકરનાં (કાંકચનાં) પાંદડાં, એ સર્વ વાટી ગોળી કરી તે દૂધમાં પાવી. **(૫) પાંડુ, જીર્ણજ્વર, ઉધરસ અને શળ ઉપર:**—લિંબુના રસમાં રોજ મૂઠીભર દાડમડીનાં પાંદડાં અને મૂઠીભર ભોંય આમળાંનાં પાંદડાં પલાળી રાખી સવારે મસળી લઇ, તેમાં કોડીની ભસ્મ નાખી તે રસ સવાર-સાંજ ગાળી ૭ દિવસ પાવો.

૪૨૫ **ભોંયકોળું**—(વિદારીકંદ) સં૦ ક્ષીરવિદારી, વિદારીકંદ. મ૦ ભુયકોહોળા, હળદ્યાકાંદા. હિં૦ વિદારીકંદ, બિલાઇકંદ, દૂધવિદારી. ક૦ નેલ કુંબલ, ક્ષીરકંદ, ગડેગેણસુ. તા૦ ફલમોગઠ્ઠીર. તૈ૦ ભૂચક્રડી. તુ૦ નેલકુંબડ મોટલકાંત. લા૦ બટાટાસ પેનિક્યુલેટા, આયપોમીઆ ડીજીટેટા. મલા૦ મુતાલકાતા. માવળ૦ પિઠાણ્યા ચા કાંદા.

ભોંયકોળામાં બે જાત હોય છે. સાદું ભોંયકોળું અને દૂધ ભોંયકોળું (ક્ષીરવિદારીકંદ). દૂધ ભોંયકોળાનાં પાંદડાં કાંઇક કાલીંગડીનાં પાંદડાં જેવાં હોય છે. સાદા ભોંયકોળાના વેલાને કોંકણમાં "બેંદ્રીનો વેલો" કહે છે. એનાં પાંદડાં વાલોળનાં વેલીપાન જેવાં ત્રિદલ હોય છે. એ વેલા ઘોડાને ખાવાના ઉપયોગમાં આવે છે; એટલા માટે એને "ઘોડવેલ" કહે છે. ક્ષીરવિદારી કંદને કોંકણમાં **"હળદ્યા કાંદા"** પણ કહે છે. સાદું ભોંયકોળું ઉષ્ણ છે. ભોંયકોળું પૌષ્ટિક છે અને એનો પાક શક્તિવર્ધક છે. ધોળા ભોંયકોળાના વેલાને શિંગો આવે છે. તેનું શાક થાય છે અને કંદનું પણ શાક થાય છે. એનાં બારીક કંદ બાળકો ઘણા પ્રેમથી ખાય છે. એ કંદનો હલવો

પણ કરે છે. ધોળું ભોળું અથવા દુધી ગુણોમાં શ્રેષ્ઠ છે.

આ એક બહુવર્ષાયુ વેલ છે. એની ઉત્પત્તિ હિંદુસ્તાનમાં ઘણે ઠેકાણે થાય છે. વાડા અને ઝાડીમાં એ પુષ્કળ વધે છે. એની બે જાતો પૈકી એક સફેદ અથવા દુધી નામના ભોંયકોળાનું સંસ્કૃતમાં "પયસ્યા" નામ છે. સાદા ભોંયકોળાનાં પાંદડાં ત્રિદલ હોય છે. એની વેલ ઘોડા ખાય છે, માટે એનું નામ સંસ્કૃતમાં "વાજિપ્રિયા" આપેલ છે; અને એનોજ અર્થ કરી મરાઠીમાં "ઘોડવેલ" નામ ઠરાવેલ છે. હાથીના દાંતની માફક એ વેલ વધે છે; માટે તેનાં ગજેષ્ટા, ગજપ્રિયા, એ નામો પડેલાં છે. આ વેલનાં કેટલાંક નામ તેના કંદના ગુણને અનુસરીને પડેલાં છે. સ્વાદુકંદા (સ્વાદવાળો કંદ), સિતા, વૃષ્યકંદા, સ્વાદુલતા, ઇક્ષુકન્દા ઇત્યાદિ સર્વ નામ એ કંદ ઉપરથી પડેલ છે. ભોંયકોળાના કંદમાં વૃષ્યત્વ અને માધુર્ય એ બે પ્રધાન ગુણ છે. ભોંયકોળાનાં પાંદડાં એક એકના આંતરે, લાંબાં દીંટડાનાં, હથેળી જેવડાં અને ભાગેલ પાંચ પાંખડીઓનાં હોય છે. દરેક ખંડ ૩ થી ૬ ઇંચ લંબાઇના હોય છે; અને પાંદડાંના મુખ્ય ભાગ પાસે ઘણોજ લાંબો ભાગ પોલો હોય છે. પાંદડાં સુવાળાં અને સળંગ કિનારીવાળાં હોય છે. એને ચોમાસામાં ફૂલો આવે છે. તે પાંદડાંના ખાંચામાંથી આવે છે અને મોટાં ઝુમખાદાર, ઘેરા રાતા જાંબુડા રંગનાં હોય છે.

ભોંયકોળા(કંદ)નો બહારથી દેખાવ રાખોડી રંગનો અથવા મેલા પીળા રંગનો હોઇ તેના ઉપર આદુ જેવી ગાંઠો દેખાય છે. એના આડા છેદ કરવાથી તેના પૃષ્ઠભાગ ઉપર વાર્ષિક દર્શાવનાર ચકરડાં દેખાઈ આવે છે. તેના પરીઘથી દુગ્ધવાહિનીનું કાપેલું મુખ નજરે આવે છે; અને તેમાંથી ચીકણો દૂધ જેવો પદાર્થ નીકળે છે. એ ખાવાથી તેનો તુરાશ પડતો મીઠો સ્વાદ લાગે છે અને કેટલીક વાર સુધી જીભે રવરવાટ છૂટે છે.

ધોળું ભોંયકોળું કે દુધીઃ—મધુર, ખાટી, તૂરી, વૃષ્ય, શુક્રોત્પાદક, પૌષ્ટિક, દુગ્ધપ્રદ, શીત, તીખી, રસાયન, બલકર, મૂત્રલ, કફકારક, સ્નિગ્ધ, ગુરુ, વર્ણકારક તથા સ્વર્ય છે; અને પિત્ત, રક્તદોષ, વાયુ, પિત્તશૂળ, મૂત્રમેહ તથા દાહનો નાશ કરે છે. એના કાંદાના ગુણ પણ વેલીના જેવાજ છે. **ભોંયકોળુંઃ**—મધુર, શીતળ, ગુરુ, સ્નિગ્ધ, ધાતુવર્ધક, પૌષ્ટિક, બલકર, કફકારક, દુગ્ધોત્પાદક, રસાયન, મૂત્રલ, સ્વર્ય, સ્વાદુ, રૂક્ષ તથા ગર્ભપ્રદ છે; અને પિત્ત, વાયુ, રક્તદોષ, દાહ તથા ઉલટીનું નાશક છે. એ સર્વ ગુણ કંદના જાણવા. **એનાં ફૂલઃ**—વૃષ્ય, શીત, રસકાળે તથા પાકકાળે મધુર છે; અને કફકારક, વાતલ, ગુરુ તથા પિત્તનાશક છે. **ઉપયોગઃ**—**(૧) બળ અને પુષ્ટિ પ્રાપ્ત થવા માટેઃ**—એનું ચૂર્ણ દરરોજ ૧ તોલા ઘીમાં ખાવું અને ઉપર દૂધ પીવું; એટલે વૃદ્ધ પણ તરુણ જેવો થશે. **(૨) રક્તમૂળ વ્યાધિ ઉપરઃ**—ભોંયકોળું અને તલ એની ભૂકી મધ અને ઘી સાથે ખાવી. **(૩) સ્તનમાં દૂધ આવવા માટેઃ**—ભોંયકોળું દૂધમાં વાટી તેના રસમાં સાકર નાખી તે પાવો. **(૪) પ્રમેહ ઉપરઃ**—ભોંયકોળાનાં પાંદડાંનો રસ પાશેર અને મીંઢીઆવળની ભૂકી ૬ માસા એકત્ર કરી પાવું; અથવા ભોંયકોળાનો રસ પાશેર, ખડીસાકર અને જીરાની ભૂકી ખાવી. **(૫) ભસ્મક રોગ ઉપરઃ**—ભોંયકોળાનો રસ, દૂધ અને ઘી નાખી પાવો. **(૬) બહુમૂત્રરોગ ઉપરઃ**—રાતા ભોંયકોળાનું ચૂર્ણ ઘીમાં ખરલ કરી તેમાં લવંગ, એલચી, જાયફળ, જાવંત્રી અને પીંપળીમૂળના ગંઠોડા તથા તજની સમભાગે ભૂકી મિશ્ર કરી જેટલું વજન થાય તેનો ચતુર્થાંશ સુંઠની ભૂકી અને સોળમો ભાગ લીંડીપીપરની ભૂકી નાખી, બધાં ઔષધો સમાન ખાંડ લઇ, તેમાં બધાં ઔષધો મેળવી ઘી નાખી એક કિંવા બે તોલાની ગોળી કરી, તે એક સવારે અને એક સૂતી વેળાએ એ પ્રમાણે ખાવી. **(૭) પુષ્ટતાને માટે પાકઃ**—દુધીઆ ભોંયકોળાનું ચૂર્ણ ઘીમાં તળવું અને તેમાં બેદાણા, બદામનો મગજ, ચારોળી, પિસ્તાં, લવંગ, એલચી, જાયફળ, ગોખરૂ, કૌચબીજ, શતાવરી તથા મુસળી વગેરે નાખી સાકરનો પાક કરી તેની થેપલીઓ કરી રોજ ૨ અથવા ૩ તોલા પાક ખાઇ ઉપર ગાયનું દૂધ પીવું; એટલે ઉત્તમ પુષ્ટિ આવે છે. **(૮) મસ્તકશૂળ ઉપરઃ**—સાદું ભોંયકોળું ઘસી માથે લેપ કરવો. **(૯) કૉલેરા ઉપરઃ**—ધોળું ભોંયકોળું ખાવું. **(૧૦) શરીરે કળ ચઢે તે ઉપરઃ**—

ધોળા ભોંયકોળાનો રસ સાકર નાખી પાવો. **(૧૧) સુવાવડીને દૂધ વધવા:**—ભોંયકોળાના કંદનું ચૂર્ણ મધમાં આપવું. **(૧૨) અશકત, દુબળાં અને જેને અનાજ બરાબર પચતું ન હોય એવાં બાળકોને:**—ભોંયકોળું, ઘઉંનો લોટ અને જવનો લોટ, એ સમભાગે લઇ તેમાં દૂધ, ઘી, સાકર અને મધ મેળવી ચાટણ કરીને ખવરાવતા જવું. **(૧૩) ધાતુપુષ્ટિ માટે:**—ભોંયકોળાના ચૂર્ણને તેનાજ સ્વરસની ભાવના આપી તે ઘી અને મધમાં આપવું; એટલે ઉત્તમ પુષ્ટિ આવે છે. **(૧૪) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ભોંયકોળું, ગોખરૂં, જેઠીમધ અને નાગકેસર, એ ઔષધો સમભાગ લઈ તેનો કાઢો કરી તે મધ નાખી પીવો. એજ કાઢામાં રસસિંદૂર આપવાનો પણ પરિપાઠ દેખાય છે.

૪૨૬ **ભોંયચંપો**—સં૦ ભૂમિચંપક. મ૦ ભુઈચાંપા. હિં૦ ભુંઇચમ્પા. બં૦ ભુઇચાંપા, ચંડમૂલ. લા૦ કૅમ્પફેરીઆ રોટુંડા.

એ ઝાડ નાનાં હોય છે. કેળના જેવા એના રોપા હોય છે. એનો કંદ હોય છે, તેમાંથી ઝાડ ઉત્પન્ન થાય છે. એ ઝાડ દેવકદંબના ઝાડ જેવું થાય છે. એ ઝાડ ઉનાળામાં સૂકાઇ જાય તો ચોમાસામાં પુનઃ ઉગી નીકળે છે. **એનાં ફૂલ:**—મધુર અને સુવાસિક હોય છે. **ભોંયચંપો:**—ઉષ્ણ તથા તીખો છે; અને સોજો તથા ગલગંડ અને વ્રણનો નાશક છે. **ઉપયોગ:—(૧) કર્ણમૂળ, ગંડમાળ, સ્તનરોગ અને લાપોટીઆ ઉપર:**—ભોંયચંપાનાં મૂળ પાણીમાં ઘસી ચોપડવાં. **(૨) ઉઠાણું (ગુમડાં) અને બદ બેસવા માટે:**—ભોંયચંપાનાં મૂળ, ગૂગળ અને મરી એકત્ર ઘસી ઉપર લેપ કરવો.

૪૨૭ **ભોંયમગ (મગફળી)**—સં૦ ભૂચણક, તૈલકંદ. મ૦ ભૂંયામૂગ. હિં૦ મૂંગફલી, ચીનાબદામ. બં૦ માટકલાય, ચીનેર બાદામ. તે૦ બરણુ સનગકય. તા૦ વાર્કડલઇ. લા૦ આરાચીઝ હાઇપોજીઆ.

ભોંયમગ (મગફળી) એ સર્વત્ર પ્રસિદ્ધ છે. ભોંયમગના વેલાનાં પાંદડાંનો આકાર કુંવાડીઆનાં પાંદડાંના જેવો હોય છે. એને પીળાં ફૂલ આવે છે. એને જમીનમાં કંદ જેવી શિંગો આવે છે, તેને ખોદી કાઢે છે. ભોંયમગના વેલા સૂકાવા લાગે એટલે શિંગો પાકી એમ સમજવું. એની લીલી શિંગો પણ શેકીને ખાવાથી ઘણીજ સ્વાદિષ્ટ લાગે છે. સૂકાયલા દાણાનું તેલ કાઢે છે તે ખાવાના તથા બાળવાના ઉપયોગમાં આવે છે. દાણાની ચટણી, આમટી વગેરે પદાર્થો થાય છે દાણા શેકી તેમાં ગોળ અગર સાકર નાખી તેના લાડુ કરે છે. ભોંયમગ પચે તો ઘણી પૌષ્ટિક છે. **ભોંયમગના દાણા:**—પિત્તકર, વાતુળ અને ઉષ્ણ છે. **ભોંયમગની વેલ:**—ઢોરોને ખાવાને ઘણીજ ઉપયોગી છે. એ ખોળની માફક ઢોરોને પૌષ્ટિક છે. દૂઝણાં ઢોરાંને એનાથી પુષ્કળ દૂધ આવે છે. **ઉપયોગ:—(૧) દાદર ઉપર:**—ભોંયમગના દાણા પારિજાતકના રસમાં અથવા તે ન મળે તો પાણીમાં ઘસીને ચોપડવા.

૪૨૮ **ભોરિંગણી**—સં૦ બં૦ કંટકારિકા. મ૦ રિંગણી. હિં૦ કટેરી, લઘુકટાઈ, ભટકટૈયા, રેંગની. રા૦ કટાલી. બં૦ કંટકારી. ક૦ નેલગુલ્લુ તૈ૦ રેવટીમુલંગા, વાકુડીચેટ્ટુ. તા૦ કરીમુલ્લી. તુ૦ કલ્લંટે. મલા૦ ચેરૂવાલુટિના. ઔં૦ કંટમારિષ. લા૦ સોલેનમ ઝેંથોકાર્પમ.

ભોરિંગણીનાં ઝાડ જમીન સાથે પ્રસરે છે. એ ઝાડના સર્વ અંગ ઉપર બારીક કાંટા હોય છે. ભોરિંગણીને સોપારી જેવડાં ગોળ ફળ આવે છે. તેમાં બી પુષ્કળ હોય છે. એમાં ફૂલ ઉપરથી બે ભેદ છે. એકનાં ફૂલ કાળાં કે ઉદાં અને બીજાનાં ધોળાં હોય છે. તેમા ધોળાં ફૂલની ભોરિંગણી ક્વચિત મળે છે. ધોળી ભોરિંગણીને "લક્ષ્મણા" કહે છે. **ભોરિંગણી**—તીખી, ઉષ્ણ, દીપન, ભેદક, રૂક્ષ, પાચક, લઘુ તથા સારક છે; અને દમ, ઉધરસ, કફ, પીનસ, કફવાત, જ્વર, હૃદ્રોગ, અરુચિ, મૂત્રકૃચ્છ્ર, પાર્શ્વશૂળ, આમ તથા કૃમિનો નાશ કરે છે. **એનાં ફળ:**—ભેદક, રસકાળે અને પાકકાળે તીખાં, રુચિકર, લઘુ, પિત્તલ, કડવાં, અગ્નિદીપક તથા લઘુ છે; અને વાયુ, કફ, શ્વાસ, કંડૂ, જ્વર, કૃમિ, મેહ તથા શુક્રદોષનો નાશ કરે છે. **શ્વેત ભોરિંગણી:**—રુચિકર, તીખી, ઉષ્ણ, નેત્રને હિતકર, અગ્નિદીપક, પારદબંધક તથા ગર્ભસ્થાપક છે; અને કફનો નાશ કરનારી છે. બીજા ગુણ સરખા છે. **ઉપયોગ:—(૧) ઉધરસ ઉપર:**—ભોરિંગણીનાં મૂળનો કાઢો કરી તેમાં મધ અને લીંડીપીપર નાખી તે પાવો; કિંવા ભોરિંગણી અને લીંડીપીપરનું ચૂર્ણ મધમાં આપવું. **(૨) માથામાં ટાલ પડે છે તે ઉપર:**—ભોરિંગણીનો રસ અને મધનો લેપ કરવો. **(૩) દાઢમાં કીડા થાય છે તે**

ઉપર:—ભોરિંગણીનાં ફળ ચલમમાં નાખી સુંઘવાં અથવા ફળની ભૂકી અગ્નિ ઉપર નાખવી; તથા નળી લગાડી ધૂણી મોઢામાં લેવી અને કેટલીક વાર સુધી તે મોઢામાં રાખી પછી મોઢું ઉઘાડવું અને લાળ પાડવી. એમ ત્રણ દિવસ કરવું; એટલે કીડા ખરે છે. (૪) **મૂત્રાઘાત ઉપર:**—ભોરિંગણીનો રસ ૨ તોલા અને ઉપરસાલનો રસ ૧ તોલો એકત્ર કરી તેમાં છાશ ઉપરનું પાણી ૪ તોલા નાખી પાવો; અથવા ભોરિંગણીનો અંગરસ છાશમાં નાખી પાવો. (૫) **સામાન્ય જ્વર ઉપર:**—ભોરિંગણીનાં મૂળ, કરિયાતું તથા સુંઠનો કાઢો દર વેળા ત્રણ તોલા સુધી દિવસમાં ત્રણ વાર પાવો; તેથી શ્રમ કિંવા કોઇ પણ કારણથી આવેલો સામાન્ય જ્વર જલદી જાય છે. (૬) **ભૂખ ન લાગે તો:**—ભોરિંગણી ઝાડસહિત વાટી તેમાં ૧ તોલો લવંગ, ૧ તોલો જાયફળ અને ૧ તોલો મધ નાખી સતત ત્રણ દિવસ ખરલ કરવું. પછી તેની સોપારી જેવડી ગોળીઓ કરી દરરોજ ૧ ગોળી પ્રમાણે ૪–૫ દિવસ આપવી. (૭) **પેટમાં કોઈ પણ આજારની ગાંઠ હોય તો તે ઉપર:**—ભોરિંગણી મૂળસહિત સૂકવવી; પછી તેની ભૂકી કરી ગરમ પાણીમાં એક પૈસાભાર પ્રમાણે દિવસમાં બે વાર, એમ ૭ દિવસ આપવી. (૮) **બાળકોના ડબા રોગ ઉપર:**—ભોરિંગણી અને ઉભી રિંગણીનો કાઢો કરી તેમાં પાપડીઓ ખારો નાખી તે કાઢો પાવો. (૯) **શ્વાસ—કાસાદિક ઉપર:**—ભોરિંગણી, ગળો, સુંઠ અને અજમાનો કાઢો લીંડીપીપરનું ચૂર્ણ નાખી પાવો; એટલે શ્વાસ, કાસ, અર્દિત વાયુ (મોઢું વાંકું થવું તે), સળેખમ, અરુચિ, સ્વરભંગ, શૂળ અને જીર્ણજ્વર દૂર થાય છે. (૧૦) **કાનમાં કૃમિ (કીડા) થયા હોય તે ઉપર:**—ભોરિંગણીનાં ફળ ચારી અંગારા પર નાખવાં અને જે ધૂણી નીકળે તેને નળી લગાડી કાનમાં ઘાલવી; જેથી કૃમિ બહાર આવે છે. (૧૧) **અજીર્ણ જ્વર ઉપર:**—ભોરિંગણી અને પિત્તપાપડાનો અષ્ટમાંશ કાઢો કરી પાવો. (૧૨) **જીર્ણજ્વર ઉપર:**—ભોરિંગણીનાં મૂળ, સુંઠ તથા ગળોનો કાઢો મધ અને લીંડીપીપર નાખી પાવો. (૧૩) **મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાવરોધથી થયેલા ઉદાવર્ત ઉપર:**—ભોરિંગણીનો સ્વરસ મધમાં આપવો. (૧૪) **શ્વાસ ઉપર:**—ભોરિંગણી, જીરૂં અને આમળાનું ચૂર્ણ મધમાં આપવું; એટલે ઊર્ધ્વશ્વાસ, મહાશ્વાસ અને તમકશ્વાસ ક્ષણમાં દૂર થશે. (૧૫) **કૂતરાના વિષ ઉપર:**—ભોરિંગણીનો રસ ઘી નાખી પાવો.

૪૨૯ મકાઈ—સં૦ મહાયાવનાલ. મ૦ મકા. હિં૦ મક્કા, ભુટ્ટે. તૈ૦ જનપટલુ. ઈં૦ ઇંડિયન કોર્નમેઝ. લા૦ ઝિયામેઝ.

મકાઈ એ ડુંગરાળ પ્રદેશમાં સારી થતી નથી. એના છોડ ત્રણ–ચાર હાથ ઉંચા વધે છે. એ છોડ ઘણું કરીને જુવારના છોડ જેવા હોય છે. એ છોડના ગાંઠામાંથી દરેક છોડને ત્રણ સુધી કણસલાં આવે છે. છોડની ટોચે તોરો આવે છે. જો એ તોરો પક્ષી ખાઇ જાય કે ભાગી નાખે તો કણસલાં દાણા વગર પોલાં રહે છે. મકાઈના દાણાનો રંગ પીળો હોય છે. ક્વચિત્ રાતા રંગનાં કણસલાં પણ હોય છે. મકાઇના લીલા ડોડા શેકી ખાય છે, તે ઘણા સારા લાગે છે. મકાઈ એ ધાન્ય ઘણુંજ પૌષ્ટિક, ઠંડુ તથા વાતુલ છે. એ ધાન્ય વહેલું સડે છે. એનો **ઉપયોગ:**—(૧) **ઉલટી ઉપર:**—મકાઇના દાણા કાઢેલાં કણસલાં બાળી તેની રાખ કરી તે મધમાં વાલ દોઢ વાલ આપવી; એટલે ઉલટી તુરત બંધ થાય છે.

૪૩૦ મખમલી—સં૦ વિરજની. મ૦ મખમાલ. મખમલીનાં ઝાડ શુમારે કમ્મરસુધી ઉંચાં વધે છે. મખમલીમાં પીળી, રાતી, એકેરી, ઝુમખાદાર વગેરે જાત છે. મખમલીનાં પાંદડાં વળી ગયેલાં લાંબાં અને કાત્રાદાર હોય છે. એનાં ફૂલમાં વાસ હોતો નથી. શોભાને માટે ફૂલનો માળા વગેરેમાં ઉપયોગ કરે છે. મખમલીનાં ઝાડ ઘણાક પ્રાંતોમાં થાય છે. **ઉપયોગ:**—(૧) **આંખમાંની લાલી ઉપર:**—મખમલીનાં ફૂલ એક તોલો બાળી તેમાં ગાયનું ઘી ૧ તોલો અને કપૂર ૧ તોલો એકત્ર ખરલ કરી અંજન કરવું. (૨) **રક્તમૂળવ્યાધિ** (કોઇ પણ કારણથી લોહી પડે છે તે) **ઉપર:**—એકેરી મખમલીનાં ફૂલ શુમારે ૪૦ લઇ, તેમાંની લીલી રેષાઓ કાઢી નાખી બારીક વાટી રસ કાઢવો. આ રસ એક તોલાસુધી કાઢી તેમાં તેટલુંજ ગાયનું ઘી નાખી થોડો ગરમ કરી તે મિશ્રણ ૩ દિવસ ખાવા આપવું. (૩) **ગુમડામાંથી રસી વહેતી હોય તે ઉપર:**—મખમલીનાં

પાંદડાંના રસમાં કડાની છાલનું ચૂર્ણ મેળવી ઉપર ચોપડવું. **(૪) માંડપુળી (બદ) ઉપર:**—મખમલીનાં પાંદડાં અને ધોળી કોળા(દુધી)નાં પાદડાંમાં મીઠું નાખી એકત્ર વાટી ગુમડા ઉપર બાંધવું.

૪૩૧ મગ—સં૦ મુદ્દગ. મ૦ મૂગ. હિં૦ મૂંગ. ક૦ પચ્ચે-હેસરૂ. તૈ૦ પચ્ચા પેસલુ. તા૦ પચ્ચોપાયરૂ. તુ૦ પદેંગી. મલા૦ ચેરૂપાયક. ફા૦ બુનુમાષ. અ૦ મજ. ઇં૦ ગ્રીન ગ્રેન. લા૦ ફેસિયોલસ મુંગો.

મગ હિંદુસ્તાનમાં બધે પાકે છે. એ ઝાડ શુમારે હાથભર ઉંચું વધે છે. એ ઝાડની આકૃતિ, મગ, શિંગ એ સર્વ અડદના જેવાંજ હોય છે. મગની શિંગ લીલી દેખાય છે. કેટલાક મગનો રંગ કાળો, કેટલાકનો લીલો અને કેટલાકનો પીળો હોય છે. એની દાળ કરવાથી તે પીળી થાય છે. મગની ખીચડી, દાળ, મગદળ વગેરે અનેક પદાર્થો થાય છે. મગ એ શીતળ છે અને તે અડદ કરતાં ઓછા વાતલ છે. **મગ:**—લઘુ, શીત, ગ્રાહક, સ્વાદુ, હલકા, કિંચિત્ વાતકારક તથા નેત્રાને હિતાવહ છે; અને કફ, પિત્ત તથા જ્વરના નાશક છે. **ઉપયોગ:—(૧) મગના લાડુ:**—મગને શેકીને તેનો લોટ કરી તે લોટના જેટલું ઘી લઇ તે કઢઇમાં નાખી નીચે મંદાગ્નિ કરી તાવેતાથી હલાવતા જવું; અને કિંચિત્ લાલ થવા લાગે એટલે વચમાં વચમાં તે ઉપર દૂધ છાંટતા જવું. એમ કરતાં કરતાં દાણો પડે એટલે નીચે ઉતારી તેમાં સાકર, બદામ, પિસ્તાં, એલચી, લવંગ અને મરીનું ચૂર્ણ નાખી લાડુ કરવા. એ શીતળ, વીર્યવૃદ્ધિકર તથા વાતપિત્તનાશક છે. **(૨) ઓકારી (ઉલટી), અતિસાર, દાહ અને જ્વર ઉપર:**—શેકેલા મગનો કાઢો લાહી (મરમરા, ચોખાની ધાણી), મધ અને સાકર નાખી પાવો.

૪૩૨ મજીઠ—સં૦ બં૦ મંજિષ્ઠા. મ૦ બં૦ ક૦ મંજીષ્ઠ. હિં૦ મજીઠ. તૈ૦ તામરવલ્લી. તા૦ માંદીટ્ટી. ફા૦ રૂનાસ. અ૦ ફુબહ ઉલ્સબિગ, ઉરૂકુસ્સુબાગિન. ઇં૦ મેડરરૂટ, બેંગાલમેડર. લા૦ રૂબિયાકુર્ડીયાફોલિયા-મંજીસ્ટા.

મજીઠના વેલા હોય છે. એનાં મૂળને મજીઠ કહે છે. એનો રંગ રાતો હોય છે. મજીઠની ઉત્પત્તિ **માળવા, નેપાળ, અફઘાનિસ્તાન અને પર્શિયા** દેશોમાં થાય છે. મજીઠનો ઉપયોગ કપડાં રંગવામાં પણ થાય છે. **મજીઠ:**—તૂરી. ઉષ્ણ, ગુરુ, સ્વર્ય. વર્ણકારક, કડવી, મધુર તથા લઘુ છે; અને વ્રણ, મેહ, જ્વર, કફ, વિષ, નેત્રરોગ, સોજો, યોનિદોષ, શૂળ, કર્ણરોગ, વિસર્પ, કોઢ, અર્શ, રક્તાતિસાર તથા કૃમિની નાશક છે. એનાં **પાંદડાંનું શાક:**—સ્વાદુ, લઘુ, સ્નિગ્ધ તથા દીપન છે, અને વાયુ તથા પિત્તનો નાશ કરનારૂં છે. **ઉપયોગ:—(૧) ગર્ભિણીના અતિસાર ઉપર:**—મજીઠ, મધ. લોધર, એ એકેક તોલો લઇ તેનું ચૂર્ણ કરી તેને ધમાસાના અને સાકરના પાકમાં નાખી આપવું; એટલે જ્વરાતિસાર અને રક્તાતિસાર દૂર થાય છે. **(૨) ઉંદરના વિષ ઉપર:**—મજીઠ, ધુંવાસ, હળદર અને મીઠું, એનો લેપ કરવો. **(૩) લોહીવિકારનાં અને કુષ્ઠનાં ચાઠાં ઉપર:**—મજીઠનું ચૂર્ણ, મધ અને માખણ મેળવી લેપ કરવો **(૪) મંજીષ્ટમેહ ઉપર:**—મજીઠ અને ધોળા ચંદન(સુખડ)નો કાઢો પાવો. **(૫) આર્તવદોષ ઉપર:**—મજીઠ ૨॥ તોલા લઈ તેનો ફાંટ કરી પાવો. **(૬) સર્વ પ્રકારના કોઢ અને વાતરક્ત ઉપર:**—મજીઠ, ત્રિફળાં, દારૂહળદર, ગળો, કડુ, વજ અને કડવા લીમડાની છાલ એનો કાઢો ૪૨ દિવસ આપવો. **(૭) અસ્થિભંગ ઉપર:**—મજીઠ, મહુડાની છાલ અને આમલીનાં પાંદડાં એકત્ર વાટી ગરમ કરી બાંધવાં; અથવા મજીઠ અને જેઠીમધ લિંબુના રસમાં વાટી તેમાં શતધૌત ઘૃત (સો વખત ધોયેલું ઘી) અને ચોખાનો લોટ નાખી લેપ કરવો.

૪૩૩ મયાળ (પોઈ, પોથી)—સં૦ ઉપોદકી. મ૦ વેળ, મયાળ, પોઇ. બં૦ પુંઇશાખ. ક૦ વસળે. મલા૦ પાચ્ચાળા, પોદિકા. ઇં૦ મલબાર નાઇટશેડ. લા૦ બસેલ્લા લ્યુસિડા. તા૦ પાચ્ચાળે. તૈ૦ પેહાવચ્ચલિ. વાળી. ગો૦ વાળી. તુ૦ દોડ બસલે.

મયાળના વેલા હોય છે. એમાં બે જાત છે, એકને નેવાળ અને બીજીને ગંગાવળી કહે છે. નેવાળનાં મૂળને હમેશાં પાણી મળે તો એ વેલો વર્ષપર્યંત ટકે છે અને પચાસ-સાઠ હાથ આસપાસ પ્રસરે છે. એ વેલાના ફાંટા અંગુઠા જેટલા જાડા હોય છે અને પાંદડાં ગોળ ગુંદીનાં પાંદડાં જેવાં મોટાં હોઈ રોટલી જેવાં જાડાં હોય છે. એ વેલનો કકડો તોડી બીજે ઠેકાણે વાવ-

વાગી તેના ફણગા ફૂટી તેની વેલ થાય છે. એ ભાજી ત્રણ-ચાર દિવસે વીણી લે છે. ગંગાવળીનાં પાંદડાં બારીક અને ટાંકાની ભાજીનાં પાંદડાં જેવાં નાનાં ને પાતળાં હોય છે. એ બે પ્રકારની છે. એક રાતી અને બીજી ધોળી. આ વેલો વર્ષ, છ મહિના ટકે છે. એનું શાક ઘણું શીતળ અને પિત્તશામક છે. આથી કેટલાક લોક તે ઘણા પ્રેમથી ખાય છે. મયાળીને કાળાં મરી જેવડાં નાનાં ફળ આવે છે. તેનો રંગ જાંબુડો હોય છે. માંહેનો રસ કીરમજી રંગ જેવો હોય છે. કેટલાક ગરીબ લોક રાતી શાહીને બદલે એનો ઉપયોગ કરે છે. એનાં શાક, ભજીઆં, પતવડાં વગેરે પદાર્થો બને છે. **મયાળ:**—મધુર, કડવું, તૂરૂં તથા ખારૂં છે; અને મલાવષ્ટંભ, નિદ્રા તથા આળસ કરનાર છે. વળી તે અરોચક, કફકર, પૌષ્ટિક, પથ્યકર, શીતળ, અતિસ્નિગ્ધ, બલકર તથા કંઠને અહિતકારક છે; અને વાયુ, પિત્ત, મદ તથા રક્તપિત્તનું નાશક છે. **રાનમયાળ:**—કડવી, તીખી અને રુચિકર છે. **ભોંયમયાળ:**—કડવી, રસકાળે તથા પાકકાળે મધુર છે; અને કફકર, વૃષ્ય, કૃમિકારક, વાતલ તથા પિત્તનાશક છે. **માળા ઉપરની મયાળ:**—પૌષ્ટિક, ધાતુવર્ધક, રુચિકર, બલકર, અગ્નિદીપક, લઘુ અને ત્રિદોષનાશક છે. **ઉપયોગ:—(૧) અર્બુદરોગ (અળાઈ) ઉપર:**—મર્મસ્થાન ઉપર અર્બુદરોગ થાય તો મયાળ કાંજી અને છાશમાં વાટી તેમાં મીઠું નાખી રાત્રે અને દિવસે લેપ કરવો.

૪૩૪ **મરડાશીંગ**—સં૦ રંગલતા, ઋદ્ધિ, વામાવર્તફલા. મ૦ મુરડશીંગી, કેવણ. હિં૦ મરોડફલી. બં૦ આંતમોડા, ભેંદુ. તૈ૦ ગુવાદર્દ. મિથિલા–મરેરછિમરી. કોં૦ ભગવતવલી. લા૦ હેલીકટેરસ. ઇસોરા.

એનાં ઝાડ સાધારણ માથોડું ઉંચાં વધે છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. એને અમળાઈ ગયેલી શિંગો આવે છે. એથી એને મરડાશિંગી કહે છે. **મરડાશિંગી:**—મધુર, સ્નિગ્ધ, શીતળ તથા મેધાકર છે; અને કફ તથા શુક્રને વધારનારી, પ્રાણકારક, ઐશ્વર્યકર, બલપ્રદ, રક્તશુદ્ધિકર અને ગુરુ છે; તથા કોઢ, કૃમિદોષ, મૂર્ચ્છા, રક્તપિત્ત, તૃષા, ક્ષય, પિત્ત, વાત, રક્તદોષ અને તાવનો નાશ કરનાર છે. **ઉપયોગ:—(૧) નાના બાળકના પેટમાં મરડો વગેરે ન થવા માટે:**—બાળાગોળી સાથે મરડાશિંગી ઘસી પાવી. **(૨) કાનમાં બગઈ ગઇ હોય તે ઉપર:**—મરડાશિંગીનાં મૂળ એરંડતેલમાં ઘસી ૫-૧૦ વાર કાનમાં પાડવાં; એટલે બગઈ મરી જઇ ફૂલી ઉપર આવે છે. **(૩) મરડો થાય તે ઉપર:**—મરડાશિંગીનાં મૂળ છાશમાં ઘસી પાવાં. **(૪) ખાંડુક (ગુમડું) અને જખમ ઉપર:**—મરડાશિંગીનાં મૂળ ઘસી ચોપડવાં.

૪૩૫ **મરચી**—સં૦ મરીચ. મ૦ મિરચી. હિં૦ મિરચ. કા૦ મ્યણશિનકાઈ. ફા૦ ફિલ્ ફિલ. ઈં૦ ચિલી. લા૦ કયાપ્સિકમ્.

મરચીનાં ઝાડ કમરપુર ઉંચાં વધે છે. મરચાંનો રંગ તે પાકવા પહેલાં લીલો અને પાકે ત્યારે લાલ હિંગળોક જેવો થાય છે. પાકયા પછી તેને ચુંટી લઇ સૂકવે છે. મરચામાં ત્રણ-ચાર પ્રકાર છે. **લવંગી મરચાં:**—નાનાં અને તીખાં હોય છે. એ ખાવાથી તુરતજ ઈજા થાય છે. **કોલ્હાપુરી મરચાં:**—બારીક અને વેંત-અર્ધા વેંત લાંબાં હોય છે. **ગોમંતકી મરચાં:**—મોટાં અને ગોળ હોય છે તથા તેની છાલ જાડી હોય છે. મરચાંનો ભોજનમાં રોજ ઉપયોગ થાય છે. ભોજનમાં મરચું અને મીઠું ન હોય તો તે ભોજન ઘણુંજ બેસ્વાદ લાગે છે; તોપણ મરચાં બિલકુલ નહિ ખાતાં તેના બદલે મરી(તીખાં)નો ઉપયોગ ઉત્તર હિંદુસ્તાનમાં પુષ્કળ લોક કરે છે. સાધારણ રીતે હિંદુસ્તાનના દક્ષિણ ભાગમાંજ મરચાંનો અતિશય ઉપયોગ હોઇ તે ઓછો ઓછો થતાં ઉત્તર તરફ તેનો ઉપયોગ બિલકુલ બંધ હોય એમ જણાય છે. લીલાં મરચાંની ચટણી, પંચામૃત વગેરે થાય છે. તે સિવાય તેનું અથાણું પણ કરે છે. મરચાં રક્તશુદ્ધિકર અને પાચક છે. ગરીબથી શ્રીમંતસુધી સર્વને મરચાંની એકસરખી જરૂર પડે છે. ગરીબ લોકોને મીઠું મરચું અને રોટલો મળે એટલે તેઓના અંગમાં સારી શક્તિ આવી તે જોરદાર બને છે. **મરચી:**—પિત્તલ, વિદાહી, રૂક્ષ તથા દીપક છે; અને કફ, આમ તથા શૂળનો નાશ કરે છે. મરીથી એના ગુણ ઓછા છે. **ઉપયોગ:—(૧) પેટપીડ ઉપર:**—મરચાંનાં બીઆં ઉના પાણી સાથે ગળવાં. શરદીથી થયેલ પેટપીડ (શૂળ) ઉપર એનો સારો ઉપયોગ થાય છે; પણ જેને વિશેષ ગરમી હોય, રક્ત બગડેલું હોય તેને એ આપવું નહિ. (૨)

પટકી (કૉલેરા) ઉપરઃ—એક ચમચાભાર મરચાંની જાડી ભૂકી અને એક ચમચાભાર મીઠું ઉના આધણ આવેલા પાણીમાં નાખી ઉકાળી તે પાણી ગરમ ગરમ પ્રાશન કરવું. (૩) **માંકડનો નાશ થવા માટેઃ**—મરચાં બાફી કાઢો કરવો અને જ્યાં માંકડ હોય ત્યાં કોઈ પણ ચીજવડે પાણી ચોપડવું એટલે ત્યાં ફરીથી માંકડ થતા નથી. (૪) **હડકાયા કૂતરાના દંશ ઉપરઃ**—લાલ મરચું વાટી જખમ ઉપર ભરવું એટલે ઝેર બળી જઈ જખમ રૂઝાશે.

૪૩૬ **મરવો**—સં વેધી, મરૂબક. મ૦ સબજા, મરવા. હિં૦ મરુવા. ગેંદ. બં૦ મરૂઆફુલ, ગંધ-તુલસી. તૈ૦ રુદ્રજાડ. અ૦ ફા૦ મર્જંગુસ, ફિરંગી૦ શાહસ. ઈં૦ સ્વિટમાર્જોન. લા૦ ઓરીગેનસ્ માર્જોરાના.

મરવાનાં× ઝાડ જંગલી તુલસીનાં ઝાડ જેવાં હોય છે. એની ઉંચાઇ શુમારે બે-ત્રણ હાથ હોય છે. પાંદડાં પણ જંગલી તુલસી જેવાં હોય છે. એનાં પાંદડાંને કાત્રા હોય છે. મુસલમાન લોક એ ઝાડનો ઘણો ઉપયોગ કરે છે. એને તુળસીના ઝાડ જેવા મોટા તોરા આવે છે. તેમાં કાળા રંગનાં બીઆં હોય છે. એ બીઆંને મરાઠીમાં "તુકુમરાઇ" કહે છે. ડમરાના છોડના વાસથી ઘણા ભાગે સર્પ એ ઝાડ પાસે જઈ શકતો નથી. તુકુમરાઈ એ જંગલી તુળસીના બીજ કરતાં વધારે ઠંડી છે. ***મરવોઃ**—પાકકાળે સ્વાદુ, પ્રમેહનાશક, અગ્નિમાંદ્યકર અને પિત્તનાશક છે. **ઉપયોગઃ**—(૧) **સર્પના વિષ ઉપરઃ**—ડમરાનાં પાંદડાંનો રસ ઘડી ઘડીના અંતરે બે ત્રણ વાર પાવો. (૨) **દાહ ઉપરઃ**—મરવાનાં બી પલાળી રાખી તે ફૂલે એટલે તેમાં ગાયનું દૂધ અને સાકર નાખી પાવું. (૩) **ખોડા ઉપરઃ**—મરવાનાં પાંદડાંનો રસ અને લીમડાનો રસ એકત્ર કરી માથે ચોળવો. (૪) **વિંછીના દંશ ઉપરઃ**—મરવાનાં પાંદડાંનો રસ ચોપડવો. (૫) **બહેરાપણું અને વહેતા કાન ઉપરઃ**—મરવાનાં પાંદડાં હાથ પર ચોળી તેનો રસ કાનમાં ત્રણ દિવસ પાડવો. (૬) **પીનસરોગ ઉપરઃ**—મરવાનો રસ એક તોલો અને કપૂર એક માસો એકત્ર ઘુંટી દરરોજ સવારે અને સાંજે એનાં પાંચ પાંચ ટીપાં કાનમાં નાખવાં; એટલે પાણી તથા લોહી વગેરે પડવું બંધ થઈ સારૂં થાય છે. (૭) **કૃમિ ઉપરઃ**—મરવાનો રસ અને પુદીનાનો રસ એકત્ર કરી પાવો. (૮) **ચાંદીમાંના કીડા મરવા માટેઃ**—મરવો એને ધંતુરાનો રસ ક્ષત ઉપર ચોપડવો. (૯) **આગંતુક ગરમી ઉપરઃ**—મરવાનાં બીઆં એક તોલો ઠંડા પાણીમાં રાત્રે પલાળી રાખી સવારે તેમાં ૫-૭ તોલા દૂધ અને થોડી સાકર નાખી તે સવારે અને સાંજે ૭ દિવસ પાવું. (૧૦) **પેટ દુઃખવા ઉપરઃ**—મરવાનો રસ સાકર સાથે પાવો. (૧૧) **બળદ**

× મરવાના છોડને કેટલા લોકો ડમરો પણ કહે છે; પરંતુ એ આ ગ્રંથમાં નં૦ ૨૬૨ માં વર્ણન કરેલ ડમરા કરતાં જુદો છે. મરવાને જૈન લોકો અપાસરા પાસે અને મુસલમાન લોકો મસ્જિદમાં અવશ્ય વાવે છે. એ કાળો મરવો છે; કેમકે એની ડાંખળીઓમાં કાળાશ હોય છે. અહીં મ૦ પદેજી એનાં બીજને તુકમરીઆં બતાવે છે, પણ એ તેમની ભૂલ છે. તુકમરીઆં એ બાવચી(આજાકાજા)નાં બીજ હોવાનું સર્વ કોઈ જાણે છે. એટલું તો ખરૂં કે, ઉક્ત આજાકાજાનો છોડ આ મરવાની સાથે ઘણા ભાગે મળતો આવે છે. એનાં બીજ, પાંદડાં, માંજર અને તેના ઉપરની શ્યામતા, એ આબેહૂબ મરવાને મળતી હોય છે; પરંતુ એ છોડ વગડામાં પોતાની મેળેજ ઉગે છે. એ છોડની ઉંચાઇ બે ફુટથી વધારે ભાગ્યેજ થવા પામે છે. એ છોડ ભાદરવા અને આસો માસમાં રસભર હોય છે. એની વાસથી મચ્છરને અણગમો થતાં તે દૂર ખસે છે. એથી લોકો એ બાવચી(આજાકાજા)ના છોડને લઇ પોતાની આજુબાજુ પવન નાખવા-ની માફક ફેરવે છે. ઉપવાસના દિવસે કેટલાક લોકો એનાં બીજ કે જેને યુનાની હકીમો તુકમરીઆં કહે છે, તે પાણીમાં કે દૂધમાં પલાળી ખાય છે. કેટલાંક બાળકો પણ એ પ્રયોગ કરે છે. આ બાવચી આ ગ્રંથમાં વર્ણન કરેલી બાવચી (માળવી બાવચી)કરતાં જુદીજ છે. અહીં પદે-જીએ તેનું વર્ણન આપેલું જણાતું નથી.

* મરવાનાં બીજ તેમજ રાનતુલસીનાં બીજ બંનેને શ્રી. પદેજીએ રાનતુલસીના વર્ણનમાં "તકમરીઆં" લખેલાં છે. આજાકાજાનાં બીજ તકમરીઆંને સંસ્કૃત ગ્રંથકારોએ "કુઠેરક" નામ આપેલ છે. મરાઠીમાં પદેજીએ બંનેને એકજ નામ આપેલું છે.

કે જાડો લોહી મૂતરે છે તે ઉપરઃ—મરવાનાં બી તોલા બે અને ઓથમી જીરૂં તોલા બે, એ રાત્રે પલાળી રાખી સવારે તેમાં બીજું અર્ધો શેર પાણી નાખી શરબત કરવું. તેમાં અર્ધો તોલો જીરૂં અને સાકર નાખી પાવું. એમ નિત્ય સવારે ૫ દિવસ સુધી પાવું. (૧૨) **અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—મરવાનાં પાંદડાંનો રસ ચોપડવો.

૪૩૭ મરી (તીખાં)—સં૦ બં૦ મરિચ. મ૦ મિરવેલ. હિં૦ કાલી મીરચ. ક૦ કપ્પમેણસુ. તે૦ મરિપાલુ. તા૦ સેવ્વિયં, મિલાગુ. તુ૦ પેડેમંચી. મલા૦ કુરૂમુલાગુ. ફા૦ પિલપિલેઅસ્વદ. ઈં૦ બ્લેકપેપર. લા૦ પાયપરનાયગ્રમ્. અ૦ ફિલફિલે અસીદ.

મરીના વેલાની વાવણી પાનના વેલાની પેઠેજ થાય છે. એ વેલા મલબાર પ્રાંતમાં અને કોંકણ પ્રાંતમાં થાય છે. મરીના વેલાનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવડાં થાય છે. મરીના વેલાને ફળના ગુચ્છા આવે છે, એ ફળને મરી કહે છે. મરીમાં ધોળાં મરી અને કાળાં મરી એવા બે પ્રકાર છે. સારાં પાકાં થયા પછી જે મરી કાઢે છે તેને "ધોળાં મરી" કહે છે. મરીના વેલા ઉપર જે શિંગો આવે છે તેને **"ગજ પીપર"** કહે છે. મરીનો ઔષધોમાં અને રસોઇમાં તથા પાકમાં ઘણોજ ઉપયોગ થાય છે. એનાં મૂળને **ચવક** કહે છે. એની વેલ ૪૦–૫૦ વર્ષો સુધી ટકે છે. એ વેલી પાંડેરવા જેવાં ઝાડો ઉપર ચઢાવે છે. **કાળાં મરીઃ**—તીખાં, કડવાં, ઉષ્ણ, લઘુ, રુચિકર, અગ્નિદીપક, તીક્ષ્ણ, રૂક્ષ, અવૃષ્ય, છેદક, શોષક તથા પિત્તકર છે; અને વાયુ, કફ, કૃમિ, શૂળ, હૃદ્રોગ, ઉધરસ, શ્વાસ, પ્રમેહ તથા અર્શનો નાશ કરે છે. **લીલાં મરીઃ**—પાકકાળે અને રસકાળે મધુર, કિંચિત્ ઉષ્ણ, તીખાં, ગુરુ, અપિત્તલ, અગ્નિદીપક, રોચક, સ્વાદુ તથા કડવાં છે; અને કફ, વાયુ, કૃમિ તથા હૃદ્રોગનો નાશ કરે છે. **ધોળાં મરીઃ**—તીખાં, ઉષ્ણ, રસાયન, અવૃષ્ય, કિંચિત્ રૂક્ષ તથા સારક છે; અને ત્રિદોષ, વિશેષે કરી નેત્રરોગ, વિષ તથા ભૂતબાધાનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) વાયુથી અંગ જકડાઇ જતું હોય તે ઉપર લેપઃ**—મરી ઠંડા પાણીમાં બારીક વાટી વ્યથિત જગ્યાએ જાડો લેપ કરવો; અને તે ઉપર કેળનાં લીલાં પાંદડાં મૂકી કપડાથી બાંધવું એટલે દુઃખ નાશ પામે છે. (૨) **ખસ ઉપરઃ**—મરી અને આમલસારો ગંધક બારીક વાટી ઘીમાં ખરલ કરી તે શરીરે ચોળવો અને તાપમાં બેસી અંગ શેકવું; એટલે ખસ જાય છે. (૩) **શીતપિત્ત ઉપરઃ**—ઘીમાં મરી વાટી લેપ કરવો અને થોડું ચૂર્ણ ઘીમાં મેળવી ખાવું. (૪) **ઉધરસ ઉપરઃ**—અડધો માસો મરીનું ચૂર્ણ બે અથવા ત્રણ માસા મધ અને સાકરમાં આપવું. (૫) **વિષમજ્વર ઉપરઃ**—મરીનું ચૂર્ણ તુલસીરસ અને મધમાં શક્તિ મુજબ આપવું. (૬) **માથું દુઃખે છે તે ઉપરઃ**—મરી કરંજતેલમાં વાટી ચોપડવાં. (૭) **પટકી (કૉલેરા) ઉપરઃ**—ગરમ પાણીમાં મરીની ભૂકી નાખી પાવી; કિંવા મરી ૧૦ રતી, હિંગ શેકેલી ૧૦ રતી, અને અફીણ ૮ રતી, એકત્ર મેળવી બાર ગોળીઓ કરવી અને દરેક કલાકે એકેક ગોળી પાણી સાથે ખાવી. એ ગોળી ત્રણ કિંવા ચાર વખત કરતાં વધારે વાર લેવી નહિ. (૮) **ઉશ્વરસ ઉપરઃ**—મરી દૂધમાં ઉકાળી તે દૂધ પાવું. (૯) **હરતાલના વિષ ઉપરઃ**—મરીની ભૂકી પાણીમાં મેળવી ખૂબ હલાવી તે શરીરે ચોળવું. (૧૦) **સોમલ ઉપરઃ**—નવટાંક માખણમાં ૬ માસા મરીનું ચૂર્ણ આપવું. (૧૧) **સળેખમ ઉપરઃ**—દૂધ ગરમ કરી તેમાં મરીની ભૂકી અને સાકર નાખી પાવું. (૧૨) **મૂત્રાઘાત ઉપરઃ**—ધોળાં મરી પાંચ દશ લઈ કાજળ જેવાં બારીક કરવાં. પછી તે ભૂકી અડદના દાણા જેટલી લઈ પાતળા કરેલા થોડા ઘીમાં કાલવવી, અને શિશ્નનું મુખ ઉપર કરી તેના દ્વાર ઉપર એક કિંવા બે ટીપાં નાખવાં. એ યોગે નાભીમાં તેની અસર પહોંચી પેશાબ જલદી સાફ થાય છે. રોગ વિશેષ હોય તો બે–ચાર વખત પણ ઔષધનાં ટીપાં નાખવાં પડે છે. ઈંદ્રિય સાફ થયા પછી કદાપિ ઇંદ્રિયમાં બળતરા થતી હોય તો ફક્ત ઘી પાતળું કરી તેનાં ટીપાં વારંવાર ઇંદ્રિયદ્વારે પાડી અંદરથી પાછું આવેલું ઘી લૂછી નાખી પુનઃ નવું ટીપું નાખતા રહેવું. આ ઉપાય ફક્ત પુરુષોએજ કરવો. ગરમીના આજારવાળા દરદીએ આ ઉપાય કરવો નહિ. (૧૩) **સંગ્રહણી, મૂળવ્યાધિ, ઉદરરોગ, બરોળ, મંદાગ્નિ અને ગોળાના રોગ ઉપરઃ**—મરી, ચિત્રકમૂળ અને સંચળ, એ ત્રણ ઔષધોનું ચૂર્ણ કરી છાશમાં નાખી પાવું. (૧૪) **આદાશીશી**

ઉપર:—મરી અને ચોખા ભાંગરાના રસમાં વાટી તેનો લેપ કરવો અથવા નિર્ગુંડીના રસમાં મરી ઘસી નસ્ય આપવું. **(૧૫) સાધારણ સર્વ જ્વર ઉપર:**—મરી ૦। તોલાથી ૦॥ તોલા સુધી સાધારણ કૂટી તેમાં ૪૦ તોલા પાણી અને ૨ તોલા સાકર નાખી અષ્ટમાંશ કાઢો કરીને પાવો. **(૧૬) વાયુનો વિકાર કદી પણ ન થવા માટે:**—મરીની ભૂકી અને લસણ બારીક વાટી ભોજનસમયે ઘી-ભાતના પ્રથમ ગ્રાસમાં સતત સેવન કરનારને કદી પણ વાયુવિકાર થતો નથી. **(૧૭) સ્વરભંગ ઉપર:**—ભોજન કર્યા પછી મરીની ભૂકીમાં ઘી નાખીને તે પાવું.

૪૩૮ **મરેઠી**—સં૦ મહારાષ્ટ્રી. મ૦ મરાઠી. હિં૦ મરેઠી. વ૦ પિપ્પળીકાવળા. ક૦ હેમુગુલું, અંકલખાર. ફા૦ બાબુનેગાઉ. અ૦ ઉકહેવાન્. ઈં૦ પેનીરોયલ. લા૦ મેંથાપ્યુલેજીયમ્. જુન્નરપ્રાંત૦ અગરૂ.

એ ઝાડ શુમારે એક હાથ ઉંચું વધે છે. એને તુળસીના પાન જેવડાં પાન આવે છે; પણ તે પાન જાડાં હોય છે. એને પીળા લાલ રંગનાં ફૂલ આવે છે. એ ફૂલનો અક્કલકરાને બદલે ઉપયોગ કરે છે. અક્કલકરાની પેઠેજ એ ફૂલથી જીભે પાણી છૂટે છે.* **ઉપયોગ:—(૧) ઉધરસ ઉપર:**—એનાં જીંડવાં પાનમાં મૂકી ખાવાં. **(૨) ગળામાં ગુમડું થયું હોય, ગળું દુઃખતું હોય, મોં આવેલું હોય અથવા જીભની નીચેનો ભાગ સૂજ્યો હોય તે ઉપર:**—મરેઠીનાં જીંડવાં અને મીઠું એકત્ર કરી ચોળવું; એટલે લાળ ગળી ટપકી સોજો ઉતરે છે, તેમજ મોં તથા ગળાનું દરદ દૂર થાય છે.

૪૩૯ **મર્યાદવેલ**—સં૦ મારવલ્લી. મ૦ મર્યાદવેલ. હિં૦ મરજાદવેલ. બં૦ છગલકુરી. ઈં૦ આઇપોમિયા બિલોબા.

આ વેલ ઘણે ભાગે સમુદ્રકાંઠે થાય છે. એનાં પાંદડાં **આસુંદરાનાં** પાંદડાં જેવડાં અને જાડાં તથા સીધાં હોય છે. એમાં ધોળી અને રાતી એવી બે જાત છે. ધોળી ગુણોમાં અધિક છે.×**મર્યાદવેલ:**—શીતળ, ગ્રાહક, પાકકાળે તીખી, સારક, વાતુલ, ગુરુ તથા ગર્ભને સ્રવનારી છે; અને ઉલટી, વિષૂચિકા, શૂળ તથા આમનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧)બદ અને સર્વ પ્રકારની ગાંઠ ઉપર:**—મર્યાદવેલનાં પાંદડાં અથવા મૂળ કૂટી ગાંઠ ઉપર બાંધવાં. પાંદડાં ન મળે તો ફળ વાટી બાંધવાં. **(૨) મસ્તકશૂળ ઉપર:**—મર્યાદવેલનાં મૂળ અગર પાંદડાં વાટી મસ્તકે લેપ કરવો. **(૩) ઉધરસ ઉપર:**—મર્યાદવેલનો કાઢો કરી પાવો.

૪૪૦ **મસૂર**—સં૦ મ૦ હિં૦ મસૂર. ક૦ ચનંગી. ફા૦ બુનોસુર્ખ. અ૦ અદસ્. ઈં૦ લેંટીલ. લા૦ ઇરવેલેન્સ. તા૦ મિસૂર, પુરપુર. બં૦ મુસૂરિ કલાય. તૈ૦ ચિરિશન ભલુ. તા૦મિસૂર પુરપૂર.

મસૂર એ દ્વિદલ ધાન્ય છે. એનાં ઝાડ હાથ-દોઢ હાથ ઉંચાં વધે છે. મસૂરનો રંગ બહારથી કાળો હોય છે. એની દાળનો રંગ રાતો હોય છે. મસૂર ધાન્ય વાતુલ છે. ગરીબ લોકોમાં આ ધાન્યનો ઉપયોગ થાય છે. મસૂરની દાળ કરે છે. ગુજરાતમાં મસૂરનો પાક પુષ્કળ થાય છે. મસૂર લાલ અને ધોળી એવી બે જાતની છે. બન્નેના ગુણ સરખાજ છે. **મસૂર:**—મધુર, શીતળ, ગ્રાહક, વાતકર, લઘુ, રૂક્ષ, વર્ણકર, બલકર તથા બૃંહણ છે; અને કફ, રક્તદોષ, જ્વર, મૂત્રકૃચ્છ્ર તથા રક્તપિત્તની નાશક છે. એનાં પાંદડાંની **ભાજી:**—કડવી અને હલકી છે. **ઉપયોગ:—(૧)ત્રિદોષજનિત ઉલટી ઉપર:**—મસૂર શેકી લોટ કરી પછી પાકેલા દાડમનો રસ કાઢી તેમાં તે લોટ મેળવી પાવો. **(૨) સર્વ પ્રકારના જ્વર ઉપર:**—મસૂરની સળીઓનો ધૂપ કરવો. તે સર્વ જ્વરનો નાશક છે.

૪૪૧ **મહુડો**—સં૦ મધુક. મ૦ મોહાચા વૃક્ષ. કો૦ મોહટી. હિં૦ મહુવા. બં૦ મૌલ. ક૦ હુ૦ ઇપ્પિમારા. તૈ૦ ઇપ્પસ. તા૦ મધુકં. મલા૦ ઇરૂપ્પા. ફા૦ ચકાં. ઈં૦ ઈલુપાટ્રી. લા૦ એસિયાલાટિફોલિયા.

એ ઝાડ મોટાં મોટાં થાય છે, તે સર્વત્ર હોય છે; પરંતુ ગુજરાત પ્રાંતમાં ઘણાં થાય છે. એનાં પાંદડાં હથેળી જેવડાં, બદામ જેવાં અને જાડાં હોય છે. એ પાંદડાં પત્રાળાં કરવાના ઉપયોગમાં આવે છે. મહુડાનું લાકડું વજનદાર અને ટકાઉ હોય છે. તે ઇમારતના કામમાં આવે છે.

---

* મરેઠી કડવી, તીક્ષ્ણ, ગરમ તથા વાતકફની પીડાનો નાશ કરનાર છે.

× મર્યાદવેલ—ઘણું કરીને અનૂપદેશ (નદીનાળાવાળા ફલદ્રૂપ દેશ)માં થાય છે. એનાં પાંદડાં બાટી લૂણીના છોડ જેવાં બબ્બે એકત્ર અને ફૂલ રાતાં હોય છે.

મહુડાના ઝાડ ઉપર ફૂલ આવે છે. એ ફૂલ મીઠાં હોવાથી તેનો ગરીબ લોકો ખાવામાં ઉપયોગ કરે છે. ફળ ઓળા (ચણાના પોપટા) જેવાં આવે છે. ફળનું તેલ કાઢે છે, તેને ડોળિયું કહે છે. એ દીવો બાળવાના કામમાં આવે છે. એ તેલ ઘીમાં મિશ્ર કરી કેટલાક દગલબાજ વેપારીઓ વેચે છે. તે ઘીમાં મળી જાય છે અને ઘી જેવુંજ કણીદાર દેખાય છે. એનાં ફૂલનો (મહૂડાંનો) દારૂ કરે છે. એ દારૂ પીને લોકો બોકડા જેવા મદોન્મત્ત થાય છે; તથા અનેક અનાચાર અને દુષ્ટ કૃત્યો કરે છે અને આપણા ઉત્પન્નકર્તા પરમેશ્વરને વિસરી જઈ પોતેજ પોતાનો નાશ કરી નાખે છે. પરમેશ્વરે સારી અને નઠારી એવી સર્વ પ્રકારની વસ્તુઓ નિર્માણ કરેલી છે; પરંતુ માણસે નઠારી વસ્તુનો ત્યાગ કરી સારી વસ્તુનું ગ્રહણ કરવું; એથીજ કલ્યાણ થશે, એવો ઈશ્વરનો આંતરિક હેતુ છે. **મહૂડાં:**—મધુર, શીત, વાતુલ, વીર્યવર્ધક, પૌષ્ટિક, તૂરાં તથા કડવાં છે; અને કૃમિ, પિત્ત, દાહ, શ્રમ તથા વ્રણનો નાશ કરનાર છે. **એનાં ફૂલ:**—મધુર, વૃષ્ય, હૃદ્ય, ધાતુવર્ધક, ગુરુ, સ્નિગ્ધ, હૃદ્ય તથા વિકાસી છે; અને પિત્ત, દાહ તથા વાયુનો નાશ કરનાર છે. **એનાં કાચાં ફળ:**—શીત, શુક્લ, ગુરુ, સ્નિગ્ધ, રસકાળે અને પાકકાળે મધુર, મલસ્તંભક, બલકર તથા ધાતુવર્ધક છે; અને રક્તરોગ, વાયુ, પિત્ત, દમ, તૃષા, ઉધરસ, ક્ષતક્ષય તથા રાજયક્ષ્માનો નાશ કરે છે. **તેજ પાકવાથી** બળકારક છે અને પિત્ત તથા વ યુનાં નાશક છે. **પાણ—મહૂડા** (પાણીમાં થનારી જાત છે તે):—મધુર, વૃષ્ય, શીત, બલકર તથા રસાયન છે અને વ્રણ તથા ઉલટીનો નાશ કરનાર છે. **ઉપયોગ:—(૧) અપસ્માર, ઉન્માદ, સન્નિપાત અને અપતંત્રક વાયુ ઉપર:**—મહૂડાની અંતરછાલ, લીંડીપીપર, વજ, મરી અને સિંધવ, એ કોકરવરણા પાણીમાં વાટી નસ્ય આપવું. **(૨) કંઠસર્પ ઉપર:**—મહૂડાનાં ફળમાંનાં બીઆં પાણીમાં ઘસી પાવાં. **(૩) ધાતુ પુષ્ટ થઈ કામોત્તેજન આવવા માટે:**—મહૂડાની અંતરછાલનું ચૂર્ણ દિવસમાં બે વાર સવાર-સાંજ દર વખતે ૨-૩ માસા જેટલું ગાયના ઘી અને મધ સાથે આપવું. ઉપર ગાયનું ધારોષ્ણ અથવા તપાવેલું દૂધ ઘી-સાકર સાથે પાવું. **(૪) સર્પના વિષ ઉપર:**—મહૂડાનાં ફળમાંનાં બીઆં પાણીમાં ઘસી અંજન કરવું.

૪૪૨ મંદાર—સં૦ શ્વેતમંદાર. મ૦ માંદાર, શ્વેતમાંદાર, રૂઈમાંદાર. હિં૦ મંદાર. ક૦ માંદારનું. તા૦ કોકકુમાંદારે. મલા૦ વેળુત્તામાંદારં. લા૦ કેલોટ્રોપિસ પ્રોસિરા. ગો૦ ઢવળામાંદાર.

એને "આકડીઓ મંદાર" પણ કહે છે. એ મંદારનાં ઝાડ આકડાના ઝાડને ઘણાંજ મળતાં છે. ફક્ત ફૂલમાં અને ઝાડના રંગમાં ફેર જણાય છે. મંદારનું ઝાડ ધોળું અને ભૂરૂં હોય છે. એ ઝાડ રાનમાં આપોઆપ ઉગે છે. એનાં ફૂલ ધોળાં હોય છે. એના ઉપર ભમરા ઘણા બેસે છે. એક વર્ષની અંદર એને ફૂલ આવે છે. એનો કોયલો દારૂના કામમાં આવે છે. એનું દૂધ ઉકાળી જાડું કરવાથી તેનો ગુંદર જેવો ઉપયોગી પદાર્થ (ગટ્ટાપર્ચા) તૈયાર થાય છે. **મંદાર:**—તીખો, કડવો તથા ઉષ્ણ છે; અને કફ, મેદ, વિષ, વાયુ, કોઢ, વ્રણ, સોજો, કંડૂ તથા વિસર્પનો નાશ કરનાર છે. **ધોળો મંદાર:**—અતિ ઉષ્ણ, કડવો તથા મલશોધક છે; અને મૂત્રકૃચ્છ્ર, વ્રણ, કૃમિ તથા અત્યંત દારુણવ્યાધિનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વિષમ જ્વર ઉપર:**—મંદારનાં મૂળ રવિવારે કાને બાંધવાં એટલે વિષમજ્વર જાય છે. **(૨) આમવાત, રક્તાતિસાર, ઉપદંશ અને રક્તકુષ્ઠ (કોઢ) ઉપર:**—મંદારનાં મૂળની છાલનું ચૂર્ણ દોઢ માસો દિવસમાં ત્રણ વાર સાકર સાથે આપવું. **(૩) વાતશૂળ ઉપર:**—મંદારનાં મૂળનું ચૂર્ણ દૂધમાં પાવું.

૪૪૩ માંકડી—એ લિંબુડીની જાતનું વગડાઉ ઝાડ છે. એનાં પાંદડાં લિંબુડીનાં પાંદડાં જેવાંજ હોઈ તેને કાંટા પણ હોય છે. એને લિંબુડી જેવાંજ બારીક ફળ આવે છે. તે સોપારી જેવડાં હોય છે. એ ઝાડ રાયગઢ કિલ્લા ઉપર થાય છે. **ઉપયોગ:—(૧) વાયુબદ્ધ શરીર હોય તો:**—માંકડીનાં સુકાયેલાં પાંદડાં તંબાકુની પેઠે ચલમમાં નાખી ૭ દિવસ પાવાં; એટલે શરીરમાંનો વાયુ નીકળી જાય છે. **(૨) વાયુ ઉપર:**—માંકડીનાં પાંદડાંનો રસ અગર કાઢો પાવો. **(૩) સંધિવાયુ અને સુવારોગ ઉપર:**—એકાદ ઈંટ અથવા માટી તપાવી, તે ઉપર માંકડીનાં પાંદડાં નાખી તે વડે અંગ શેકવું; અથવા પાંદડાં પાણીમાં કઢવી તે વડે ૪ દિવસ સ્નાન કરવું અને શરીરે

પવન લાગવા દેવો નહિ. **(૪) દોરના ક્ષત ઉપર:**—માંકડીનાં પાંદડાં વાટી તે ક્ષત ઉપર ચોપડવાં.

૪૪૪ માચોલ (મચિયણ)—એ ઝાડ ઘણું વધે તો એક વેંત વધે છે. એને પાંદડાં થતાં નથી. તેની ડાળીઓને જાડી છાલ જેવો નરમ લીલા રંગનો ગર હોય છે. માચોલ વગડાઉ ખારી જમીનમાં થાય છે; એટલે ઘણુંજ ખારૂં હોય છે. એ ભાજીનાં ઝાડ પાણીમાં ઉકાળી તેના ઉપરની છાલ કાઢી નાખી તથા રેષા બહાર કાઢી નાખી તેને સુધારી પછી વાટી મરચાં તથા હીંગથી વધારી શાક કરે છે. માચોલનું રાયતું પણ કરે છે. એમાં મુખ્યત્વે ખારાશ હોવાથી તેનું શાક કે રાયતું કરતી વેળાએ તેમાં મીઠું નાખવું પડતું નથી. આ ભાજી સારી સ્વાદિષ્ટ છે.

૪૪૫ માઠ (હાંસો)—સં૦ મારીશ. મ૦ માટ, પોકલ્યાચી ભાજી. બં૦ કાંટાનટે. હિં૦ કાંટેદાર ચોલાઇ, મરસા. ઉડિ૦ નેઉટાશાગ. તૈ० ડુગલકુરા. લા૦ એમરેથસ ટ્રિકલર. ઉ૦ નેઉટાશાક.

માઠનું શાક સર્વત્ર અને સર્વ કાળે મળે છે. એમાં રાતો અને ધોળો એવા બે પ્રકાર છે. માઠની ભાજી વાવ્યા પછી ત્રણ અઠવાડીઆમાં મોટી થઇ ખાવાના ઉપયોગમાં આવે છે. માઠની ભાજી નિર્મળ અને ખાવામાં સારી લાગે છે. દીંટાનાં પાંદડાં ચુંટી કાઢી ભાજી કરે છે અને બીઆં આવ્યા પછી દીંટાની પણ ભાજી કરે છે. **ધોળો માઠ:**—મધુર, રૂક્ષ, ખારો, શીતળ, ગુરુ, સારક, કફકર તથા વાતકારક છે; અને રક્તપિત્ત, મદ, પિત્ત તથા રક્તદોષનો નાશ કરનાર છે. **રાતો માઠ:**—કિંચિત્ ગુરુ, ખારો, મધુર, સારક, કફકારક, પાકકાળે તીખો અને અલ્પ દોષ ઉત્પન્ન કરનારો છે. **મિશ્રવર્ણ માઠ:**—ખારો, સ્વાદુ અને પિત્તકર છે. **ખાટો માઠ:**—ખાટો, ખારો તથા મધુર છે અને દોષને કોપાવનાર છે. **પાણીમાંહેનો માઠ:**—વિશેષ કરી રક્તાર્શનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ખાંડક (ગુમડું) જલદી ફૂટવા માટે:**—માઠની ભાજીનું સૂકાયેલું દીંટું બાળી તેની રાખ અને ચૂનો એકત્ર કરી ઉપર ચોપડવો. **(૨) મદ્ય (દારૂ) ઉપર ઉતાર:**—રાતા માઠની દાંડીનો રસ ૪ તોલા સુધી પાવો.

૪૪૬ માયફળ (માયાં)—સં૦ માયાફળ. મ૦ તુરટે, માયફળ. હિં૦ માજુફળ. બં૦ માઇફલ. ક૦ માપાલકાયિ. ફા૦ માજુસ. અ૦ આપસ, સમરતુલ, તુરફા. ઇં૦ ગાલનટ્. લા૦ કારકસ્, ઇનફેકટોરિયા.

માયફળનું ઝાડ મોટું થાય છે. એનાં ફળ સાધારણ સોપારી જેવડાં અને તે કરતાં બારીક પણ હોય છે. **માયફળ:**—તીખાં, ઉષ્ણ, શૈથિલ્યનાશક, પ્રશસ્ત અને વાતનાશક છે.× ઉપયોગ:—**(૧) નાસારોગ ઉપર:**—માયફળની ભૂકી સુંઘવી. **(૨) બાળકોના રક્તસંગ્રહણી રોગ ઉપર:**—ગાયના દૂધમાં કિંવા ઘીમાં માયફળ ઘસી પાવાં. **(૩) બાળકોનાં અતિસાર અને સંગ્રહણી ઉપર:**—માયફળ અને સુંઠ ઘીમાં અથવા દૂધમાં ઘસી ચાટવા આપવું. **(૪) યોનિસંકોચન થવા માટે:**—માયફળ અને ફૂલાવેલી ફટકડીના ચૂર્ણની પોટલી યોનિમાં રાખવા આપવી; અથવા માયફળ અને કપૂર મધમાં ખરલ કરી અંદર લેપ કરવો. **(૫) દાંત હાલતા હોય તે ઉપર:**—માયફળ ૧ તોલો, ફટકડી ૧ તોલો અને ધોળો કાથો ૧ તોલો, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તે દરરોજ દાંતે ઘસી લાળ ગળવા દેવી. એ પ્રમાણે દિવસમાં બે વાર કરવું. આ ઔષધ ત્રણ કિંવા ચાર દિવસ આપવાથી ગુણપ્રદ થશે. **(૬) બાળકોના જીર્ણજ્વર ઉપર:**—બે બારીક માયફળ રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખવાં; અને બીજે દિવસે સવારમાં તે માયફળ ત્રણ તોલા ગાયના દૂધમાં ઘસી ૭ દિવસ પાવાં. **(૭) આમાંશ (મરડા) ઉપર:**—માયફળ ગાયના માખણના નીતર્યા પાણીમાં ઘસી ચાટણ કરવું. **(૮) લાલાસ્રાવ (લાળ પડવા) ઉપર:**—માયફળના કાઢામાં ફટકડી અને કાથાનું ચૂર્ણ નાખી તેના કોગળા કરવા.

× માયાનાં ઝાડો વગડામાં થાય છે. આકૃતિ સરૂ જેવી હોય છે; એના ફળમાં માખીના જેવાં લીલા રંગનાં જીવડાં ઘુંચી જાય છે અને તે ફળમાંનો રસ કાઢી નાખી પોલાં કરી નાખે છે. એમાં એનાં બચ્ચાં રહે છે. ઇંડાની માફક એ એમાં વધે છે. પૂર્ણ થવા પછી તે તેમાંથી ઉડી જાય છે; તેથી ઘણુંખરાં માયફળ પોલાં હોય છે. નમઠ હોય તો તેમાંથી મરેલ જીવડો નીકળે છે.

૪૪૭ માયમૂળ (ગરમેલ)—સં૦ માચિની, માકંદી. મ૦ માઇણમૂળ. હિં૦ માયમૂલ. ક૦ માગિણી. લા૦ કોલેન્સમોએન્ટસ.

એ ઝાડ નાના અજમાના જેવાં થાય છે. એનાં પાંદડાં અજમાનાં પાંદડાં જેવાં થાય છે. એનાં મૂળને 'માયમૂળ' કહે છે. એનાં મૂળ ખોદી લાવી તેનું અથાણું કરે છે. માયમૂળની ઉત્પત્તિ ગુજરાતમાં ઘણી થાય છે. એ મૂળ ઔષધિ હોવાને લીધે રોગી લોકોને એનું અથાણું આપે છે. એથી અપકાર થવાનો ભય નથી. **માયમૂળનું ઝાડ:**—તીખું, કડવું, મધુર, અગ્નિદીપક, રુચિકર તથા બલકર છે; અને વાયુ, કફ, બરોળ, ગુલ્મ, ઉદર, આનાહ તથા શીતજ્વરનો નાશ કરે છે. **એનાં કંદ:**—પાકકાળે મધુર અને વિકાસી છે; તથા પાંડુ, સોજો, કૃમિ, પ્લીહા, ગુલ્મ, આનાહ, ઉદર, સંગ્રહણી અને અર્શનો નાશ કરનાર છે.

૪૪૮ માલકાંગણી—સં૦ જ્યોતિષ્મતી. મ૦ માલકાંગોણી, પિંગવી, કરડકાંગોણી. હિં૦ માલકાંગણી. બં૦ લતાફટકી. ક૦ કૈંગુએરડુ. તૈ૦ વાતંજી, એકકુડુતોગે. તા૦ વલુ લુવઇ, અતિપરિચ્ચમ્. ફા૦ કાલ. ઇં૦ સ્ટાફટ્રી. લા૦ સીલેસ્ટ્રસ્ પેનિક્યુલેટા.

માલકાંગણીના વેલા થાય છે. એ વેલાને ચોમાસામાં બારીક ફળની મોટી મોટી લૂમ આવે છે. પહેલાં આ ફળનો રંગ લીલો હોય છે. પરંતુ તે પાકે એટલે પીળો થાય છે અને તે ફળ સુકાઇ ફૂટે છે ત્યારે તેનો લાલ ભડક રંગ દેખાય છે. એ ફળમાંનાં બીઆંનું તેલ કાઢે છે. શોભા માટે ગણેશચતુર્થીને દિવસે ગણપતિ પાસે આ ફળની લૂમ લટકાવે છે. ×**માલકાંગણી:**—(નાની તથા મોટી) રસકાળે કિંચિત્ કડવી. રૂક્ષ, કિંચિત્ તીખી, દાહકર, અગ્નિદીપક, અતિ ઉષ્ણ, મેધા, પ્રજ્ઞા તથા પુષ્ટિ કરનારી, વૃષ્ય, તીક્ષ્ણ, વર્ણકર અને તૂરી છે; તથા કફ, વાત, વ્રણ, પાંડુ, વિસર્પ અને ઉદરપીડાનો નાશ કરનાર છે. **માલકાંગણીનું તેલ:**—કડવું, અતિ ઉષ્ણ, સારક, તીક્ષ્ણ, પિત્તલ, સ્મૃતિ–બુદ્ધિ–મેધાને કરનારું, લેખન, રસાયણ તથા અગ્નિદીપક છે; અને વાયુ, ત્રિદોષ તથા કફનો નાશ કરનાર છે. ઉપયોગ:—(૧) **અફીણના વિષ ઉપર:**—માલકાંગણીનાં પાંદડાંનો રસ પાવો. (૨) **ખસ ઉપર:**—માલકાંગણીનાં બીઆંનું તેલ ચોપડવું અથવા માલકાંગણીનાં બી ગોમૂત્રમાં વાટી ચોપડવાં. (૩) **સર્વ વાયુ ઉપર:**—માલકાંગણીનાં બીઆં, સુંઠ અને અજમો એ સમભાગે અને એથી બમણો જૂનો ગોળ, એ એકઠાં કરી ખાંડી અર્ધા તોલા જેવડી ગોળીઓ કરવી અને રોજ એક ગોળી ઘી સાથે આપવી. (૪) **અટકાવ બંધ થયો હોય તે ઉપર:**—માલકાંગણીનાં પાંદડાંનો રસ પાવો. (૫) **રક્તમૂળ વ્યાધિ (દૂઝતા હરસ) ઉપર:**—માલકાંગણીનાં બીઆં વાટી લેપ કરવો. (૬) **ઉદરરોગ ઉપર:**—માલકાંગણીનું તેલ દરરોજ દૂધ સાથે આપવું. (૭) **સર્પના વિષ ઉપર:**—માલકાંગણીનાં મૂળ ઘસી ચોપડવાં.*

× માલકાંગણીનાં બીજ બુદ્ધિવર્ધક છે. અમારા એક મિત્રને ચિત્તભ્રમ વાયુ ઉપર દરરોજ એકેક તોલો તેટલીજ સાકર સાથે દોઢેક માસ સુધી આપવાથી એનું મગજ ઠેકાણે આવ્યું હતું.

યુનાની હકીમો માલકાંગણીનાં બીજ ગરમ, નિદ્રાનાશક અને કામોદ્દીપક ગણે છે; અને એને સંધિવાત, લકવો, કોઢ અને બીજા શરદીથી પ્રગટ થયેલ રોગો પર વાપરે છે. એ રોગોમાં પ્રથમ ૧ થી લઇને દરરોજ એકેક વધારી ૫૦ સુધી બીજ એકલાંજ અથવા બીજી ગરમ ઔષધિની સાથે મેળવીને ખાવાની ભલામણ કરે છે. સુશ્રુતમાં એને વ્રણશોધક અને કુષ્ઠપ્રશમન કહેલ છે. ચરકસંહિતામાં એને શિરોવિરેચનકર્તા કહેલ છે. એનાં પાંદડાંના રસથી જીભનું જડપણું નાશ થાય છે. એના સેવનથી પેશાબ વધે છે. જળોદરના રોગમાં આપવાથી સોજો ઉતરે છે. એજ પ્રમાણે જુલાબ પણ થાય છે. પાંદડાંનો રસ આપવાથી સ્ત્રીઓને નષ્ટ થયેલ આર્તવ ફરીથી આવે છે.

***શ્વેતકુષ્ટ ઉપર:**—નવી માલકાંગણીને ગોમૂત્રથી ભીંજાવવી. ૪૧ દિવસ સુધી રોજ મૂત્ર નાખતા જવું. પછી પાતાલયંત્રથી માલકાંગણીનું તેલ કાઢવું. પાતાલયંત્રને અગ્નિની આંચ મંદ આપવી. આ તેલ લગાડવાથી શ્વેતકુષ્ઠ અવશ્ય દૂર થાય છે (ધનવંતરી માસિકમાંથી ઉદ્ધૃત.) લેખક લખે છે કે, આ ઔષધિનો સેંકડો સમય ઉપયોગ કરેલો છે. ગુણ અતિ ચમત્કારિક છે, ઔષધિ અતિ સુલભ છે.

૪૪૯ માલતી—સં૦ માલતી, સુમના. હિં૦ મ૦ માલતી. બં૦ ગંધમાલતી, માલતીલતા. લા૦ એકાઇટિસ્ કાર્યો ફ્રાઇલેટા.

માલતીની વેલ થાય છે. એ વેલીનાં પાંદડાં લંબાઇ પડતાં હોય છે. એ વાવ્યા પછી બે-અઢીજ વર્ષે એને ફૂલો આવે છે. ફૂલ કાંઇક વાંકાં સફેદ રંગનાં હોય છે. એની મોસમ ઉનાળા માં હોય છે. એમાં વાસ ઘણો આવે છે. **માલતી:**—કફ, પિત્ત, મુખરોગ, વ્રણ, કુષ્ઠ, કૃમિ અને વહેતા કાનના દરદને મટાડનાર છે. જડ જંગમ વિષનાશક અને વમનકારક છે. એનાં ફૂલ નેત્રને હિતકારી છે. માલતીનાં પાંદડાં કફ અને પિત્તનાશક છે.

૪૫૦ માલેબંધ—(મરાઠી નામ છે) સં૦ સંધિની. મ૦ ધાકટા માલેબંધ. આ ઝાડની ઉંચાઇ એક વેંતથી એક હાથ જેવડી હોય છે. એનાં પાંદડાં એક આંગળ પહોળાં હોઇ ત્રણ-ચાર આંગળ લાંબાં હોય છે. એ ઝાડ દક્ષિણ કોંકણમાં થાય છે. એ ઝાડમાં એવો ચમત્કાર છે કે એનાં પાંદડાં ઉપરથી અર્ધાંજ તોડી પુનઃ મેળવી દેવાથી લાગલોજ તેનો સાંધો મળી જાય છે. આ પાંદડાંમાં ચીકાશ બહુ હોય છે. ઉપયોગ:—**(૧) અભિઘાત કિંવા અસ્થિભંગમાં જખમ થઇ રક્તસ્રાવ થતો હોય તે ઉપર:**—તત્કાળ માલેબંધ વાટી વડી કરી જખમ ઉપર લગાવી પાટો બાંધવો, એટલે ગમે તેવો દુર્ધર જખમ હોય તોપણ રક્તપ્રવાહ તુરતજ બંધ થઇ ત્રણ દિવસમાં જખમ ભરાઇ આવે છે. પાંદડાં સૂકાં હશે તોપણ ચાલશે.

૪૫૧ માહુલી—(સં૦ મહાયમલપત્રક) માહુલીનો વેલો હોય છે. કંચનારનાં કિંવા ચાંમેલનાં પાંદડાં જેવાં એનાં જોડપાન હોય છે. એ પાંદડાં કંચનારના કરતાં ત્રણ-ચારગણાં મોટાં હોય છે. માહુલીના વેલા પ્રલીચપુરના રાનમાં અને કનકેશ્વરના ડુંગરામાં ઘણાં થાય છે. બીજે ઠેકાણે હોવાનું સાંભળવામાં નથી. એનાં પાંદડાંનાં પત્રાળાં ઘણાં ઉત્તમ થાય છે. એ પાંદડાં ઘણા દિવસનાં હોય તો પણ પાણી સિંચવાથી પુનઃ નરમ થાય છે. એ પાંદડાંમાં રાખેલી વસ્તુ બગડતી નથી.

૪૫૨ મિરજોળી—મિરજોળીના વેલા ઝાડની જોડમાં ઉત્પન્ન થાય છે. એનાં મૂળ ઝાડમાંજ હોય છે. એનાં પાંદડાં મોટાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો આવે છે. એ પાંદડાં મિરવેલીનાં (મરીનાં) પાંદડાં જેવાં હોય છે. પાંદડાંનું દીંટું બે આંગળ લાંબું હોય છે. મિરજોળીનો રસ નાકમાં નાખે તો છીંકો આવે છે. **મિરજોળીનો** રસ ઉષ્ણ હોઈ વાયુનાશક છે. ઉપયોગ:—**(૧) બદ જલદી ફુટવા માટે:**—મિરજોળીનાં પાંદડાં બારીક વાટી તેની નાની વડી કરી ગાંઠ ઉપર લગાવવી, જેથી ગાંઠ જલદી ફૂટશે. પછી એજ ઔષધ ચોપડવાથી અંદરનું સર્વ દર્દ તુરત નીકળી જશે. **(૨) અંગમાં કળતર થાય છે તે ઉપર:**—મિરજોળીનાં કુમળાં પાંદડાંનો રસ કાઢવો અને જૂનાં પાંદડાંનો રસ કાઢવાને પાણીને બદલે તે રસ છાંટી જૂનાં પાંદડાંનો રસ કાઢવો. પછી એ રસમાં નાળિયેરનો અંગરસ એક ચતુર્થાંશ મેળવી તેમાં ઝીણી વાટેલી મરીની ભૂકી નાખી તે મિશ્રણ અંગે મર્દન કરવું. એ પ્રમાણે ત્રણ દિવસ બે વખત ચોપડી ચોથે દિવસે ગરમ પાણીવડે સ્નાન કરવું; એટલે અંગમાંનું કળતર નાશ પામશે. **(૩) સન્નિપાત જ્વર ઉપર:**—મિરજોળીનાં પંચાંગનો કાઢો કરી લીંડીપીપરનું ચૂર્ણ નાખી પાવો. **(૪) ગુલ્મરોગ ઉપર:**—મિરજોળીનાં મૂળ નાળીએરના રસમાં ઘસી થોડો ગોળ નાખી પાવાં.

૪૫૩ મીઠો લીમડો— સં૦ મિષ્ટ નિંબ, કૈટર્ય. મ૦ કઢીનિંબ. બં૦ મિષ્ટ નિમ.

આ ઝાડ ઘણાં મોટાં થતાં નથી. આ ઝાડ બાગમાં વાવે છે. એ ઝાડને બારીક કાંટા હોય છે. એનાં પાંદડાં સુગંધી છે. એ પાંદડાં મસાલામાં નાખે છે તથા ઘી ચોપડી દેવતાની ઝાળમાં શેકી કઢીમાં નાખે છે; તેથી કઢી સુવાસિક થાય છે. **મીઠો લીમડો:**—શીતળ, કડવો, તિખટ, તુરટ તથા લઘુ છે; અને દાહ, અર્શ, કૃમિ, શળ, સંતાપ, સોજો, કોઢ, ભૂતબાધા તથા વિષનો નાશ કરનાર છે.

૪૫૪ મીઠું લિંબુ (મોસંબી)—સં૦ મધુજંબીર. મ૦ સાખરનીંબુ. હિં૦ મીઠા નીંબુ. બં૦ કમલાલેબુ. ક૦ હિત્તિલે, સક્કરેગંચી. ફા૦ લિમનેશીરી. અ૦ લીમુ નેહુલુ. ઇં૦ સ્વીટ લેમન.

આ એક લિંબુનીજ જાત છે; પરંતુ એનાં ફળ ખાટાં લિંબુ કરતાં મોટાં થાય છે. એ ફળ નારંગી જેવડું થાય છે. એનો સ્વાદ મીઠો હોય છે. એ ઝાડ ઘણાંજ ઉચાં વધી એનો વિસ્તાર

પણ ઘણો મોટો થાય છે. એ ઝાડ ઉપર કાંટા હોય છે. પાકા ફળનો રંગ રાતો હોય છે. ઉષ્ણ ઋતુમાં એ ફળ ઘણાં સારાં લાગે છે. **મીઠું લિંબુ:**—મધુર, સ્વાદવાળું, શીતળ, તર્પણ, તૃષ્ણ, વૃષ્ય, પુષ્ટિકારક, જડ, ધાતુવર્ધક અને ગ્રાહક છે; તથા વાયુ, પિત્ત, કફ, ઉલટી, શોષ, વિષરોગ, રક્તરોગ, અરુચિ અને શ્રમનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઉલટી ઉપર:**—સુકાયેલા મીઠા લિંબુની રાખ મધમાં આપવી.

૪૫૫ મીંઢળનું ઝાડ—સં૦ મદન. મ૦ ગેળ, મેણફળ. હિં૦ મૈનફળ, કરહર. બં૦ મયનાકાંટા. તા૦ પુગારે, મારુક્કારે. તૈ૦ મારિંગા, વસન્ત કડિમિ ચેટ્ટુ. ક૦ મંગારે, બોનગેરે, રણયબોનગેરે. મલા૦ માંગાકાયી. અ૦ જોજુલ્કં. દક્ષિ૦ મેણાહલ. ને૦ મૈદલ. પં૦ મિંડકોલ. ઇ૦ બુશીગાર્ડિનીઆ. લા૦ રેન્ડીઆ ડયુમેટોરમ્.

આ ઝાડ ઘણું મોટું થતું નથી. એને બે આંગળ જેવડી લંબાઈના નાના અને મોટા કાંટા હોય છે. એનાં પાંદડાં વડનાં પાંદડાં જેવાં હોય છે. એને સોપારી જેવડાં ફળ આવે છે. તે પાકે એટલે પીળાં થાય છે. એ ફળને 'મીંઢળ' કહે છે. એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં બહુ થાય છે. એની ભૂકી કરી કોળી લોક નદીમાં નાખે છે; તેથી કરી માછલાં લુબ્ધ થઈ ત્યાંનાં ત્યાંજ રહે છે. ચોમાસાને માટે જે ધાન્ય સંગ્રહ કરી રાખવાનું હોય તેમાં લીલાં મીંઢળ નાખવાં એટલે તે ધાન્ય સડી જતું નથી. ચાળેલી રાખમાં પારો મિશ્ર કરી તે રાખ ધાન્યમાં નાખે છે. તે કરતાં આ રીત ઉત્તમ છે. **મીંઢળ**—તીખું, કડવું, ઉષ્ણ, મધુર, લેખન, લઘુ, રૂક્ષ, વાંતિકારક, કડવું અને બસ્તિના કામવિષે ઉત્તમ તથા હિતકારક છે; અને કફ, વાયુ, વ્રણ, શોથ, આનાહ, આફરો, સોજો, વિદ્રધિ, વિષ, ગુલ્મ, સળેખમ, કોઢ, અર્શ તથા તાવનો નાશ કરનાર છે. **ઉપયોગ:—(૧) આગંતુક પેટના શૂળ ઉપર:**—મીંઢળ કાંજીમાં ઘસી તેનો દિવસમાં નવ-દશ વખત નાભિ (ડુંટી) ઉપર લેપ કરવો. **(૨) પિત્ત પડવા માટે:**—મીંઢળનો રસ બે પૈસાભાર કાઢી તેમાં મધ નાખી પાવો. સૂકું ફળ હોય તો ચૂર્ણ મધ સાથે આપવું એટલે ઉલટી થઈ પિત્ત પડશે. **(૩) શીઘ્ર પ્રસૂતિ થવા માટે:**—જનનેંદ્રિય(યોનિ)ને મીંઢળની ધૂણી આપવી અને કળલાવીના મૂળને દોરો બાંધી તે હાથે-પગે બાંધવાં. **(૪) કફવાત ઉપર:**—મીંઢળનું ચૂર્ણ દૂધમાં મેળવી પાવું એટલે ઉલટી થઈ કફ—વાયુની પીડા દૂર થાય છે. **(૫) આદાશીશી ઉપર:**—સૂર્યોદય પહેલાં મીંઢળ તથા સાકર ગાયના દૂધમાં ઘસી તેનું નસ્ય આપવું. **(૬) ગડગુમડાં અને રતવા ઉપર:**—મીંઢળ લીમડાના રસમાં ઘસી ચોપડવું. **(૭) જૂ મારવાને માટે:**—મીંઢળનો રસ કાઢી માથે ચોપડવો એટલે ચાર ઘડીમાં જૂ મરે છે. **(૮) સ્તનરોગ ઉપર:**—મીંઢળ ઠંડા પાણીમાં ઘસી લેપ કરવો. **(૯) ઉલટી થઈ કફ પડવા માટે:**—મીંઢળ ૧ તોલો, સિંધવ ॥ તોલો અને લીંડીપીપર દોઢ માસો, એનું ચૂર્ણ કરી તે ૪ માસા ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું.

૪૫૬ મીંઢીઆવળ (સોનામુખી)—સં૦ ભૂમ્યાહૃલી. મ૦ ભુયતરવડ. હિં૦ સોનામુખી, મુંઇ ખખસા. બં૦ કાંકરોલભેદ. ક૦ નેલદાવરેગિડ. તૈ૦ નેલતાંગેડી, નેલપોના. તા૦ નિલાવરે. મલા૦ નિલવાક. ફા૦ અ૦ સના. ઇ૦ અલેકઝાંડ્રિયનસેના. લા૦ કેશિયાઓબોવેટા.

* મીંઢી આવળમાં પાંદડાં ઉપરથી બે-ત્રણ પ્રકાર છે. એકનાં પાંદડાં કુંવાડીઆ જેવાં હોય છે અને બીજી જાતનાં લાંબાં હોય છે. લાંબાં પાંદડાંની જાતને "સોનામુખી" કહે છે. એ ઝાડ જમીન બરોબર વેલાની પેઠે પ્રસરે છે. એને ચપટી શિંગો આવે છે. મીંઢી આવળ રેચક છે. **મીંઢી આવળ:**—તીખી, કડવી, અગ્નિદીપક, મૃદુ, રેચક તથા દેહશોધક છે; અને આનાહ, ઉદરરોગ, કરોળીઆ, ગુલ્મ, કૃમિ, આમ, સોજો, જ્વર, કોઢ, વાયુ, આમશૂળ, વિષ, દુર્ગંધ તથા ઉધરસનો નાશ કરનાર છે. **એનાં મૂળ:**—તૂરાં, અગ્નિદીપક, વર્ણકર તથા પાકકાળે સ્વાદુ છે; અને કૃમિ, કોઢ, યકૃત, ધાતુક્ષય તથા વાયુનો નાશ કરનાર છે. **બંદરી સોનામુખી** (ફૂલ અને પાંદડાં રાતાં

* સંસ્કૃત વૈદ્યક ગ્રંથોમાં મીંઢી આવળને કફ અને રોકાયેલ પિત્તને કાઢનાર, મસ્તકશુદ્ધિ કરનાર તથા સંધિવા ઉપર અત્યંત ઉપયોગી જણાવી છે. એનાથી ફોડા નાશ પામે છે, પેટના કૃમિ નીકળી જાય છે તથા હરસ મટે છે.

હોય છે તે):—તૂરી, ખાટી, શીત, સારક, કડવી તથા ભેદક છે; અને પિત્ત, ગુલ્મ, અતિસાર, શોથ, વિષ, ત્રિદોષ, કોઢ, જ્વર, શ્વાસ, આનાહ, કૃમિ, રક્તદોષ, ઉદરરોગ, તૃષા તથા દાહનો નાશ કરે છે. એનાં ફૂલ:—કાંતિકર અને મોહનાશક છે. એનાં કુમળાં ફળ:—તૂરાં, રુચિકર તથા દુર્જર છે; અને ઉલટી, કૃમિ, તૃષા, મેહ તથા નેત્રરોગનો નાશ કરે છે. બીઆં:—મધુમેહ, રક્તાતિસાર તથા વિષનો નાશ કરે છે. મૂળ:—મધુર તથા ઉષ્ણ છે; અને શુક્રક્ષય, રક્તપિત્ત, શ્વાસ તથા મોહનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) રેચ થવા માટે:—મીંઢી આવળનાં પાંદડાં રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે મસળી ગાળી ગોળ નાખી પાવાં; એટલે મૂત્રરેચ અને રેચ થઈ કોઠામાંની ગરમી નીકળી જાય છે; અથવા પાંદડાંનો કાઢો કરી તે પાવો એટલે રેચ થાય છે. (૨) કાન કળવા માંડે તે ઉપર:—મીંઢીઆવળનું ચૂર્ણ એક માસો ગરમ પાણીમાં પાવું. (૩) દાદર ઉપર:—મીંઢીઆવળનાં બીઆં અને ગરમાળાની શિંગોમાંનું મગજ દહીંમાં વાટી લેપ કરવો. (૪) પરસેવો ઘણો આવતો હોય તે ઉપર:—મીંઢીઆવળની ભૂકી અર્ધો તોલો ગાયની છાશમાં નાખી પાવી. (૫) ગર્ભધારણને માટે:—મીંઢીઆવળનાં પાંદડાં સૂકવી ચૂર્ણ કરવું અને ગોખરૂનાં પાંદડાંના રસમાં અથવા સાકરમાં ૨૧ દિવસ આપવું. (૬) પાંડુરોગ ઉપર:—મીંઢીઆવળનું ચૂર્ણ પૈસાભાર આંબાની પાકેલી કેરીના રસમાં આપવું. (૭) સર્પદંશ ઉપર:—કસુંબીના તેલમાં મીંઢીઆવળનું ચૂર્ણ અર્ધો તોલો નાખી આપવું, એટલે ઉલટી થઈ વિષ ઉતરે છે. (૮) અતિસાર ઉપર:—મીંઢીઆવળનું ચૂર્ણ છાશમાં પાવું. (૯) શૂળ ઉપર:—મીંઢીઆવળનાં મૂળ ગરમ પાણીમાં પાવાં. (૧૦) સ્તનરોગ (સ્તન ઉપરનાં ગુમડાં) ઉપર:—મીંઢીઆવળનાં મૂળ ઘસી ચોપડવાં. (૧૧) કષ્ટસાધ્ય ત્વગ્દોષ ઉપર:—મીંઢી આવળ રાત્રે ગોમૂત્રમાં ભીંજવી રાખી સવારે સૂકવવી. એ પ્રમાણે તેને ૧૦ દિવસ ભાવના આપી ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ૭ માસાથી ૧ તોલા સુધી ગરમ પાણીમાં આપવું; એટલે બે-ત્રણ રેચ થઈ રોગ સત્વર દૂર થાય છે.÷

૪૫૭ મુગવેલ (જંગલી મગ)—સં૦ મુદ્ગપર્ણી, અરણ્યમુદ્ગ. મ૦ મુગવેલ, મુંગણવેલ. હિં૦ મુગવની, મુગૌની. બં૦ મુગાની. ક૦ કાડહેસરૂ. તૈ૦ કારૂપેસ્તરા. તા૦ કટ્ટુપાયરૂ. દ્રુ૦ કટ્ટુપાડેંગી. મલા૦ કટ્ટુપાયરૂ. લા૦ ફેસિયોલસ ટ્રાયલોબસ. કા૦ કોહસરૂ.

આને "જંગલી" કે 'અડબાઉ મગ' પણ કહે છે. આ વેલ વૃક્ષ ઉપર ચઢેલી હોય છે. એ વેલીની જાડાઇ પગના નળા જેવડી હોય છે. આ વેલ દક્ષિણ કોંકણ અને ગોવા પ્રાંતમાં ઘણી થાય છે. એ વેલીની હાથમાં પકડવા લાયક સાધારણ લાકડીઓ પણ થાય છે. એ વેલીની શિંગોમાં ચોળાની આકૃતિ જેવાં બીઆં આવે છે. તેનું તેલ કાઢે છે. એનાં પાંદડાં લાંબાં હોય છે. મુગવેલ:—શીતળ, રૂક્ષ, સ્વાદુ, પુષ્ટિકર તથા નેત્રને હિતકારક છે; અને સોજો, સંગ્રહણી, તાપ, દાહ, ત્રિદોષ, ઝાડો, દમ અને વાતરક્ત વગેરે રોગો મટાડે છે. ઉપયોગ:—(૧) ખરજ (કંડૂ), ખસ ઇત્યાદિ ઉપર:—મુગવેલનાં બીઆં એક દિવસ ગોમૂત્રમાં પલાળી રાખી બીજે દિવસે તેમાંજ બીજું ગોમૂત્ર રેડી બારીક વાટી શરીરે મર્દન કરવું. (૨) ઉપદંશથી થયેલ ચામડીનો વિકાર, ખરજ, ખોડો, ખસ ઇત્યાદિ ઉપર:—મુગવેલનાં બીઆંનું તેલ નિત્ય શરીરે ચોળવું. આ વેલીને કોઇ મરશિંગી પણ કહે છે.

૪૫૮ મુચકંદ—સં૦ ક૦ હિં૦ મ૦ મુચકંદ. લા૦ ટેરોસ્પર્મમ સુબેરિફોલીઅમ.

આ ઝાડ મોટું થાય છે. એ ઝાડનાં પાંદડાં ખાખરાનાં પાંદડાં જેવાં મોટાં હોય છે. એ

÷ કબજીઆત ઉપર—સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ—મીંઢીઆવળ ૧૫ તોલા, જેઠીમધ ૫ તોલા, વરીઆળી ૫ તોલા, શુદ્ધ આમળસારો ગંધક ૫ તોલા તથા સાકર ૩૦ તોલા, આ સર્વે વસ્તુઓને અલગ અલગ ખાંડી ચૂર્ણ કરી કપડેથી ગાળી લેવું. પછી ખરલમાં ગંધક તથા મીંઢીઆવળનું ચૂર્ણ ઘુંટવું. પછી બાકીનાં ચૂર્ણ એકેક મેળવતાં જવાં. બધી વસ્તુઓ સારી મળી જાય ત્યાંસુધી ઘુંટયા કરવી. આ ચૂર્ણને અંગ્રેજીમાં "પલ્વીશ ગ્લીસરાઇઝા" કહે છે. માત્રા ૦। થી ૦॥ તોલો. નવસેકા પાણી સાથે રાત્રે સૂતી વખતે લેવાથી લોહીવિકાર, હરસ, કબજીઆત, મરડો, ખસ, ખોટી ગરમી વગેરે રોગમાં લાભદાયક છે. આ ઔષધિથી એક અથવા બે દસ્ત સવારે થાય છે.

ઝાડ ઉપર એક વેંત લંબાઇનું એક ફૂલ આવે છે. એ ફૂલનો રંગ પીળો હોય છે. ફૂલનો સુવાસ સાધારણ હોય છે. ફૂલને ચાર પાંખડીઓ હોય છે. એ ઝાડ ઉપર ચોર આમલીના જેવાં પરંતુ તે કરતાં નાનાં ફળ આવે છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. **મુચકંદ:**—તીખું, કડવું તથા ઉષ્ણ છે; અને કફ, ઉધરસ, કંઠદોષ, ત્વગ્દોષ, સોજો, વ્રણ, ખરજ, મસ્તકપીડા, ત્રિદોષ, રક્તપિત્ત તથા પિત્તવિકારનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) વાયુસંબંધી મસ્તકપીડા ઉપર:**—મુચકંદનાં ફૂલ અને એરંડાનાં મૂળ કાંજીમાં વાટી તેનો લેપ કરવો. **(૨) આધાશીશી ઉપર:**—મુચકંદનાં ફૂલ વાટી મસ્તક ઉપર લેપ કરવો. **(૩) દાંતના કૃંદ રોગ** (ઢાર સૂજી લીંડીઓ હગે છે; દિવસે દિવસે શક્તિ ક્ષીણ થઈ સૂકાઈ જાય છે અને સર્વ દાંત હાલવા લાગે છે તે) **ઉપર:**—મુચકંદની છાલનો રસ કાચો અર્ધો શેર કાઢી તેમાં તેટલોજ નાળીએરનો રસ નાખી તે મિશ્રણમાં ૬ તોલાસુધી ગોળ નાખી દરરોજ એક વાર, એમ સાત દિવસસુધી ઔષધ પાવું. **(૪) મલદ્વાર બહાર આવે છે તે ઉપર:**—મુચકંદના ફૂલની રાખ માખણમાં ખરલ કરી ચોપડવી.

૪૫૯ મુદ્દગર (કમરખ)—સં૦ કર્મોર. મ૦ ક૦ કર્મર. હિં૦ કમરખ. બં૦ કામરંગ.

એ ઝાડ કોંકણ પ્રાંતમાં પુષ્કળ થાય છે. મુદ્દગરનાં ઝાડ મોટાં થતાં નથી. એનાં પાંદડાં પાતળાં અને છાયા ઘણી ઠંડી હોય છે. આ ઝાડ સર્વ કાળ લીલું હોય છે અને તેને પુષ્કળ ફળ આવે છે. મુદ્દગરનું અથાણું અને મુરબ્બો સારો થાય છે. મુદ્દગર ગળચટાં હોય છે. મરી, જીરૂં અને મીઠું લગાડવાથી વિશેષ સ્વાદ આવે છે. કોઈ કોઈ પાકેલાં મુદ્દગર એમનાં એમ ખાય છે. તેનો રંગ પીળો હોય છે. તેને ચારે બાજુએ રેખા હોય છે. આ ફળ પાકે છે ત્યારે સુંદર દેખાય છે. આ ફળ પિત્તનાશક છે. એને "કમક" પણ કહે છે. **મુદ્દગર લીલાં:**—ખાટાં, ઉષ્ણ, વાતનાશક અને પિત્તકારક છે. **પાકેલાં મુદ્દગર:**—મધુર, ખાટાં, બળકર, પુષ્ટિપ્રદ અને રુચિકારક છે.

૪૬૦ મુસળી—સં૦ મુસલી કંદ. મ૦ મુસળીકંદ. હિં૦ મુસલીકંદ. કા૦ નેલતાડી. લા૦ હિપોકસીસ બ્રેક્ટીફોલિયા. તા૦ તિલાપને, તાલતાડ. તૈ૦ નેલતાડીચેટ્ટુ. તુ૦ નેલમુંડ. મલા૦ નિલપના. ગો૦ ભુઈમાહ્રિ.

મુસળીનાં નાનાં નાનાં ઝાડ ચોમાસામાં વગડામાં ઉગે છે. એનાં પાંદડાં ખારેકના નાના રોપાનાં એક આંગળ પહોળાં પાંદડાં જેવાં પરંતુ તે કરતાં પાતળાં અને પહોળાં હોય છે. એના કંદ થાય છે. એ પાંચ-૭ આંગળ લાંબા હોય છે. એનો વર્ણ કાળો હોય છે. એ કંદ પૌષ્ટિક છે. મુસળીકંદને "કાળી મુસળી" પણ કહે છે.* **મુસળી:**—મધુર, શીતળ, વૃષ્ય, ધાતુપુષ્ટિ કરનાર, બલને આપનારી, શ્લેષ્મલ, પિત્તલ તથા જડ છે; અને પિત્ત, દાહ, શ્રમ તથા રક્તદોષનો નાશ કરનાર છે. ધોળી મુસળી કરતાં કાળી મુસળી અધિક ગુણવાળી અને રાસાયનિક છે. ઉપયોગ:—**(૧) વીર્યવૃદ્ધિ અને પુષ્ટિને માટે:**—મુસળકંદનાં ઝાડના કંદ સ્વચ્છ ધોઇ છોલી સારી પેઠે સૂકવવા અને તેની બારીક ભૂકી કરી રાખવી. પછી રોજ સવારમાં ગાયનું દૂધ ૧૪ તોલા લઈ તેમાં ઉપર કહેલી ભૂકી બે તોલાસુધી નાખી મેળવી અગ્નિ ઉપર મૂકી દૂધ ઉકાળવું; ઉકાળતાં અર્ધું રહે એટલે તેમાં સાકર ૩ તોલા અને ઘી બે તોલા નાખી પાક કરવું. પછી તેમાં જાયફળ, એલચી અને કેસરની ભૂકી નાખી, બદામ-ચારોળી નાખવાં; તેમાંથી અર્ધો પાક સવારે અને અર્ધો સાંજે એ પ્રમાણે નિત્ય નવો તૈયાર કરી સાત કે ચૌદ દિવસ ખાવાથી પાતળી થયેલી ધાતુ ઘટ્ટ થઈ ધાતુવૃદ્ધિ થાય છે. **(૨) ધાતુપુષ્ટિને માટે:**—મુસળી ચાવી ખાવી અથવા એનું ચૂર્ણ ઘી અને સાકર નાખી ખાવું. **(૩) પથરી ઉપર:**—મુસળકંદ ખાવા એટલે પથરી ગળી જાય છે. **(૪) પ્રદર ઉપર:**—મુસળી અને જાસુંદીની કળીઓ સાકર સાથે ખાઇ ઉપર દૂધ પીવું. **(૫) સંગ્રહણી ઉપર:**—મુસળી છાશમાં કિંવા ચોખાના ધોવરામણમાં વાટી એક તોલો આપવી. પથ્ય-છાશ અને ભાત ખાવાં.

૪૬૧ મૂળા—સં૦ મૂલક. મ૦ મુળા. હિં૦ મુલી. બં૦ મૂલા. ક૦ ગો૦ તા૦ તુ૦ મુલ્લંગી.

---

* મુસળીનો રોપો દૂરથી નવા ખજુરાના નાના રોપા જેવો જણાય છે. મુસળાના ક્ષુપમાં પીળા રંગનાં નાનાં ફૂલ આવે છે. જડની નીચે આંગળી જેવાં જાડાં મૂળ હોય છે તેને કાળી મુસળી કહે છે.

તૈ૦ મુલ્લાંગી, શુત્તિદુંપા. મલા૦ કનકપાલ. ફા૦ તુરબ. અ૦ બજરૂલ ફજલ. ઈં૦ રેડીશ. લા૦ રફેનસ્ સેટીવસ્.

મૂળા અને ગાજર એ એક જાતનું શાક છે. મૂળા જમીનમાં કંદ પ્રમાણે થાય છે. જમીન સારી હોય અને ખાતર વગેરે મહેનત સારી થાય તો એકેક મૂળો પાકા બશેર વજનનો થાય છે. મૂળાનાં બીઆં વાવ્યા તેના છોડ થાય એટલે તે ઉપર શિંગો આવે છે અને તેમાં મૂળાનાં બીઆં હોય છે. મૂળાનું, તેનાં પાંદડાંનું અને તેની શિંગોનું શાક થાય છે. મૂળાનું રાયતું ઘણું સારૂં થાય છે. મૂળા એકલા પણ ખવાય છે. મૂળો એ પાચક અને ઠંડો છે. મૂળાનો રંગ ધોળો સફેદ હોય છે. મૂળાનાં બીઆં માખણમાં નાખી વાવવાં; એટલે મૂળા માખણ જેવાજ મૃદુ થાય છે અને પાક પણ પુષ્કળ આવે છે. સાધારણ **મૂળા:**—તીક્ષ્ણ, ઉષ્ણ, કડવા, તીખા, ગ્રાહક, અગ્નિદીપક, ગુરુ, રુચિકારક તથા પાચક છે; અને અર્શ, ગુલ્મ, હૃદ્રોગ, વાયુ, કફ, જ્વર, દમ, નાસારોગ તથા કંઠરોગનો નાશ કરે છે. **કુમળા મૂળા:**—ખારા, કડવા, ઉષ્ણ, લઘુ, રુચિકર, અગ્નિદીપક, હૃદ્ય, તીક્ષ્ણ, સારક, પાચક, મધુર, ગ્રાહક તથા બલકારક છે; અને મૂત્રદોષ, દમ, ઉરસ, અર્શ, ગુલ્મ, ક્ષય, નેત્રરોગ, નાભિશૂળ, કફ, વાયુ, કંઠરોગ, ત્રિદોષ, દદ્રૂ, શૂળ, આમ, ઉદાવર્ત, પીનસ તથા વ્રણનો નાશ કરનાર છે. **સ્થૂલ (જાડો) મૂળો:**—ઉષ્ણ, તીખો, રુચિકર, ગ્રાહક તથા દીપક છે; અને કફ, વાત, કરમ તથા ગુલ્મનો નાશ કરનાર છે. **જૂના મૂળા:**—મુખ્યત્વે ઉષ્ણવીર્ય છે; અને દાહ, પિત્ત તથા રક્તદોષ અને શોષનો નાશ કરે છે. **પાકા મૂળા:**—તીખા, ઉષ્ણ તથા અગ્નિકારક છે. ભોજન પહેલાં ખાવાથી પિત્ત તથા દાહને ઉત્પન્ન કરે છે. અથવા પહેલાં જો તે દોષ હોય તો તે બહુજ વધી જાય છે. અને ભોજન સાથે ખાધાથી હિતકર તથા બલકારક છે. આ મૂળા મીઠું ચોળી ખાવાથી અર્શ, શૂળ અને હૃદ્રોગનો નાશ કરે છે. **મૂળાની શિંગો:**—કિંચિત્ ઉષ્ણ છે અને કફ તથા વાયુની નાશક છે. **મૂળાનાં ફૂલ:**—કફ તથા પિત્તનો નાશ કરે છે. **સૂકાયેલા મૂળા:**—લઘુ છે અને સોજો, વિષદોષ તથા ત્રિદોષનો નાશ કરનાર છે. ગાજર જેવા એક લાલ રંગના મૂળાને મરાઠીમાં **"શેંડી મૂળા"** કહે છે. જેને સંસ્કૃતમાં 'ગૃંજન' કહે છે અને ગુજરાતીમાં "ગાજર" કહે છે. તે તીખા, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક તથા હૃદ્ય છે; અને કફ, વાયુ, ગુલ્મ તથા દુર્ગંધાનો નાશ કરે છે. **ગોળ મૂળા:**—તીખા તથા ઉષ્ણ છે; અને કફ, વાયુ, પિત્ત તથા ગુલ્મનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ઉચકી ઉપર:**—સૂકાયેલા મૂળાનો કાઢો પાવો. **(૨) બોદારશિંગના વિષ ઉપર:**—મૂળા અને સુવા ખાવા. **(૩) પથરી ઉપર:**—મૂળાનાં બીઆં તોલા ૪ અર્ધો શેર પાણીમાં ઉકાળી પાણી પાશેર રહે ત્યારે પાવું. **(૪) મૂળવ્યાધિ ઉપર:**—૨૦ મૂળા લઇ પાન અને કાંદા કાઢી નાખી પાનની નીચે રહેલો ગોળ પૈસા જેવડો લીલો ભાગ લઇ તે સર્વનો રસ કાઢી, તેમાં ત્રણ તોલા ઘી નાખી સાત દિવસ પાવો. **(૫) નળવાયુ ઉપર:**—મૂળાનો રસ ૪ પૈસાભાર કાઢી તેમાં તેટલુંજ મધ નાખી ૩ દિવસ પાવો. **(૬) અજીર્ણ ઉપર:**—મૂળાના પાતળા કાપા કરી તે ઉપર મીઠું નાખી જોરથી મસળી કેટલીક વાર એમ ને એમ રાખવા. પછી જોરથી મસળી તેમાંનું પાણી પીલી કાઢી તે પીતા ચાવી ખાવા, એટલે તુરત અજીર્ણવિકાર નાશ પામે છે. **(૭) અમ્લપિત્ત ઉપર:**—મૂળો અને સાકર ભેગાં ચાવીને ખાવાં. **(૮) મૂળવ્યાધિ ઉપર:**—મૂળા પીલી તેનો રસ એક તોલો કાઢવો અને ગાયનું ઘી એક તોલો નાખી તે પાવું; અથવા મૂળાના કાપા ઘીમાં તળી સાકર સાથે ખાવા. **(૯) કરોળીઆ ઉપર:**—મૂળાનાં બીઆં અઘેડાનાં પાંદડાંના રસમાં વાટી તેનો લેપ કરવો. **(૧૦) ગંડમાલા અને ગલગંડ ઉપર:**—મૂળાનાં બીઆં, સણનાં બીઆં, સરગવાનાં બીઆં, સરસવ, જવ અને અળસી, એમને છાશમાં વાટી લેપ કરવો. **(૧૧) શુક્રાશ્મરી (પથરી) ઉપર:**—મૂળાનાં પાંદડાંના રસમાં સુરોખાર નાખી પાવો. **(૧૨) વાતકફ-જ્વર ઉપર:**—સૂકાયેલા મૂળાનો×યૂષ પાવો. **(૧૩) મૂત્રાઘાત ઉપર:**—કુમળા મૂળાનાં

× ઔષધથી ૧૬ ગણા પાણીમાં સારી રીતે ઉકાળી પાણીને (ઓસામણને) ગાળી લવું. પછી તેમાં દરદીની પ્રકૃતિ અને રુચિ અનુસાર સિંધાલૂણ, જીરૂ, હીંગ વગેરે મસાલો મેળવી તૈયાર કરવું તે યૂષ કહેવાય છે.

પાંદડાંનાં રસમાં સુરોખાર નાખી ડુંટી ઉપર લેપ કરવો.

૪૬૨ મેંઢાશિંગી (ખરશિંગી)—સં૦ મેષશૃંગી. વ૦ હિં૦ મેંઢાશિંગી, મ૦ મેંઢશિંગી, ભેડશિંગી. લા૦ ડોલીચંદ્રોન ફ્લકટા. એનો વેલો હોય છે.

એનાં પાંદડાં તોડવાથી તેમાંથી દૂધ નીકળે છે. એનાં ફળ ઘેટાનાં શિંગડાં જેવાં હોય છે. એ કાંટાવાળું હોય છે. આંખોનાં ઔષધોમાં એનો ઉપયોગ કરે છે. મરડાશિંગ આ વનસ્પતિને આવતી નથી. એનાં ઝાડ જુદાં હોય છે, એમ જણાય છે. મેઢાશિંગીની વેલ ખંડાળાના ઘાટ ઉપર અને બીજા ડુંગરો ઉપર ઘણીજ મળે છે. તેની છાલનો પુષ્કળ ઉપયોગ થાય છે. એ ઉલટીદ્વારા કફને બહાર કાઢનારી છે. એને 'મરશિંગી' એમ પણ કોઈક કહે છે.

૪૬૩ મેઢાશિંગ—(સં૦ મેષશૃંગી. મ૦ ભેડશિંગી, ખરશિંગી, મેંઢાશિંગી. હિં૦ મેઢાશિંગી. ક૦ ઉરિયમારા, ઉડિમારા. તા૦ ઓડિયમાર. તૈ૦ ઓટિમાનુ. મલા૦ ઓટી, ઉટી, બં૦ મેડાશિંગે, ગાડલશિંગી, લા૦ હૃમ ઓડીના.

મેઢાશિંગના ઝાડને 'ખરશિંગ' પણ કહે છે. આ ઝાડ મોટું થાય છે. કોંકણ પ્રાંતમાં આ ઝાડ ઘણે સ્થળે થાય છે. એનાં પાંદડાં કડવા લીમડાનાં પાંદડાં જેવાં પણ તેથી લાંબાં હોય છે. એને ચપટી અને એક આંગળ પહોળી તથા આશરે પોણો હાથ લાંબી શિંગો આવે છે. એ ઝાડનાં પંચાંગ અને શિંગો કડવાં હોય છે. એનું લાકડું સાધારણ કામમાં ઉપયોગી છે. એના લાકડાનાં મૃદંગ સારાં થાય છે. **મેઢાશિંગ:**—રસકાળે કડવી, રૂક્ષ, પાકકાળે તીખી, સ્વાદુ, શીતળ, ચક્ષુષ્ય, ભેદક, બલકર, રસાયન તથા તૂરી છે; અને દાહ, પિત્ત, કફ, રક્તદોષ, શ્વાસ, ઉધરસ, વ્રણ, વિષદોષ, કૃમિ, અર્શ, શૂળ, સોજો, હૃદ્રોગ, કોઢ, રક્તપિત્ત તથા વાયુનો નાશ કરનાર છે. એનું **ફળ:**—કડવું, તીખું, ઉષ્ણ અગ્નિદીપક, હૃદ્ય, રુચિકર, ખારૂં, ખાટું તથા સ્રંસન છે; અને કોઢ, મેદ, કફ, કૃમિ, ઉધરસ, વ્રણ, વિષદોષ તથા વાયુનો નાશક છે. **ઉપયોગ:—(૧) પેટનું શૂળ તથા નળ ફુલ્યા હોય તે ઉપર:**—મેઢાશિંગનાં પાંદડાં અથવા છાલ કચરી તેનો રસ પાવો. **(૨) કૃમિ ઉપર:**—મેઢાશિંગનાં પાંદડાં અથવા છાલનો રસ પાવો. છાલ સૂકાયેલ હોય તો કાઢો કરી પાવો. **(૩) ખસ અને ખોડા ઉપર:**—મેઢાશિંગના લાકડાનું પાતાળયંત્ર વડે તેલ કાઢી તે તેલ ચોપડવું.

૪૬૪ મેથી—સં૦ મેથિકા, અશ્વબલા. મ૦ બં૦ હિં૦ મેથી. ક૦ મેથક, મેથય. તૈ૦ મેંતુલ. તા૦ વેંદાયામ્. મલા૦ ઉળુવા. ફા૦ તુખ્મે શમલીત. અ૦ બજરલ હુલ્બા. ઈં૦ ફેનુ ગ્રીક. લા૦ ટ્રાંગો નેલ્લા, ફેનં ગ્રેસીયં.

મેથી શુમારે વેંત–દોઢ વેંત ઉંચા વધે છે. મેથીની ભાજી સર્વત્ર પ્રસિદ્ધ છે. મેથીના જૂના છોડ ઉપર જે શિંગો આવે છે તેમાં મેથી હોય છે. મેથીની ભાજી રુચિકારક, પથ્યકારક અને શરીરને હિતાવહ છે. મેથીનો ઘણો ઉપયોગ થાય છે. મેથી વાતનાશક છે. **મેથીની ભાજી:**—તીખી, ઉષ્ણ, પિત્તવર્ધક, દીપન, લઘુ, રસકાળે કડવી, રૂક્ષ, મલાવષ્ટંભક, હૃદ્ય તથા બલકર છે. અને જ્વર, અરુચિ, ઉલટી, ઉધરસ, વાતરક્ત, વાયુ, કફ, અર્શ, કૃમિ તથા ક્ષયનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વાયુથી હાથે પગે કળતર થાય તે ઉપર:**—મેથી ઘીમાં શેકી તેનો લોટ કરવો. પછી ગોળપાપડીના લાડુ પ્રમાણે તેના લાડુ કરી હરરોજ એક લાડુ ખાવો; એટલે આઠ દિવસમાં કળતરનો નાશ થશે. **(૨) આંવ (મરડા) ઉપર:**—મેથીની ભાજીનો રસ ૫ તોલા કાઢી તેમાં ૬ માસા સાકર નાખી તે પાવો; કિંવા મેથીના લોટ દહીંમાં કાલવી ખાવો. **(૩) બહુમૂત્ર ઉપર:**—મેથીની ભાજીનો રસ પાશેર કાઢી તેમાં ૧॥ માસો કાથો અને ૩ માસા સાકર નાખી પાવો. **(૪) રક્તાતિસાર ઉપર:**—મેથીની ભાજીનો રસ કાઢી દ્રાક્ષ નાખી પાવો. **(૫) પ્રસૂતાને દૂધ આવવા માટે:**—મેથીનો લોટ ૩ તોલા અર્ધો શેર દૂધમાં રાત્રે પલાળી રાખવો. બીજે દિવસે સવારમાં એક વાસણ નીચે દેવતા સળગાવી તે વાસણમાં નવટાંક ઘી નાખવું. તે ઘી સારૂં તપ્યા પછી ભીંજેલો મેથીનો લોટ તેમાં નાખી નીચે ઉતારવો. જ્યારે નવસેકો (થોડો ગરમ) રહે ત્યારે તેમાં રાતી શેરડીનો ગોળ બે તોલા સુધી મેળવી ૨૧ દિવસ પાવો. **(૬) તાપથી ગરમી (લૂખ) લાગે છે તે ઉપર:**—મેથીની સૂકાયેલી ભાજી ઠંડા પાણીમાં પલાળી રાખી, સારી પલળ્યા પછી

મસળી તે પાણી ગાળી લેવું; અને તેમાં મધ મિશ્ર કરી એક વાર પાવું.

૪૬૫ મેંદી—સં૦ મેદિકા, યવનેષ્ટા. હિં૦ બં૦ મેંદી. તે૦ ગોરંટમ્. ફા૦ હિના. કા૦ મદરંગી. અ૦ હીન્ના, અકાન, કાફ્લયુન. ઇં૦ હેના. લા૦ લાઝોનિયા આલ્વા.

મેંદીનાં ઝાડ શુમારે માથોડું-દોઢ માથોડું ઉંચાં હોય છે. પાંદડાં બારીક હોય છે. એ પાંદડાં સ્ત્રીઓના હાથનાં આંગળાં અને નખો રંગવાના કામમાં આવે છે. આ ઝાડને જે ફૂળનાં ઝુમખાં આવે છે તેને મરાઠીમાં "ઇસબંધ" કહે છે. બાળકો ઉપર લાગેલી નજર દૂર કરવા માટે એને વાપરે છે. ઇસબંધ ઠંડું અને ગુણકારક છે. મેંદીનાં ફૂલનું અત્તર પણ થાય છે. તેને હિના કહે છે. **મેંદી:**—વાંતિકર છે અને દાહ, કોઢ તથા કફનો નાશ કરનારી છે. **એનાં બીઆં:**—શોષક તથા ગ્રાહક છે અને ગ્રહદોષ, ભૂતબાધા તથા જ્વરનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) તાપમાં અડવાણે પગે ચાલવાથી તળિયામાં અતિશય આગ થતી હોય તે ઉપર:**—મેંદીનાં તાજાં પાંદડાં પાણીમાં બારીક વાટી તેમાં લિંબુનો રસ નાખી પગતળિયાને જાડો લેપ કરવો; કિંવા એ પાંદડાં ચુંટી તળીએ ચોળવાં. **(૨) સર્વ પ્રકારના ઉષ્ણ પ્રમેહ અને તંતુપ્રમેહ ઉપર:**—મેંદીનાં પાંદડાં ઠંડા પાણીમાં બારીક વાટી, તે પાણી શુમારે પાશેર ગળી લઇ તેમાં સાકરની ભૂકી ૨ તોલા નાખી દરરોજ દિવસમાં બે વાર એ પ્રમાણે સાત દિવસ પાવું; અથવા મેંદીનો રસ ગાયનું દૂધ નાખી પાવો. **(૩) ઉષ્ણતાને લીધે થયેલી ગાંઠ ઉપર:**—મેંદીનાં પાંદડાં બારીક વાટી તેની ટેપલી કરી ગાંઠ ઉપર લગાવવી. **(૪) શરદ્-ગરમી ઉપર:**—મેંદીના પાંદડાંનો રસ ૪ તોલા કાઢી તેમાં તેટલુંજ ગાયનું ચોખ્ખું દૂધ નાખી પાવો. ઉષ્ણતાનું જોર ઘણું હોય તો સાકર અને જીરૂં નાખવું. **(૫) રક્તાતિસાર ઉપર:**—મેંદીનાં બીઆં બારીક વાટી ઘીમાં પલાળી રાખવાં. તેની રોજ સવાર-સાંજ સોપારી જેવડી ગોળી કરી ખાવી એટલે તુરત ગુણ આવે છે. **(૬) પ્રમેહ ઉપર:**—મેંદીનાં પાંદડાંનો રસ પાશેર અને ગાયનું દૂધ પાશેર એકત્ર કરી પાવું. **(૭) ખોડા ઉપર:**—મેંદીનાં પાંદડાં બારીક વાટી તેનો એક આંગળ જાડાઇનો ખોડા ઉપર લેપ કરવો; અને ચાર પહોર પછી તે લેપ ધોઇ તલના તેલમાં નાળીએરના છોડાની રાખ કાલવી ચોપડવી.

૪૬૬ મેદાલકડી—(મ૦ હિં૦ મેદાલકડી. લા૦ લિટસી સેબીફેરી.) મેદાલકડીનું ઝાડ મોટું થાય છે. એના ઝાડની છાલ રાતા રંગની હોય છે અને એ ઘણીક ઔષધિઓમાં વપરાય છે. "મેદા" એ વનસ્પતિના અભાવે કોઇ કોઈ મેદાલકડી લે છે. **ઉપયોગ:—(૧) પુષ્ટતાને માટે:**—મેદાલકડીનું ૭ માસા ચૂર્ણ દૂધ અને સાકરમાં નાખી એક મહિનો ખાવું. **(૨) અતિસાર અને પ્રમેહ ઉપર:**—મેદાલકડી બે માસા ઠંડા પાણીમાં વાટી પાવી. **(૩) ઠેસ વાગેલા ભાગ ઉપર:**—મેદાલકડી, સાજીખાર અને આંબાહળદરનો લેપ કરવો અને શેકવું એટલે ગંઠાઇ ગયેલું લોહી છૂટું થાય છે. **(૪) ઉષ્ણતા, પ્રદર અને પ્રમેહ ઉપર:**—મેદાલકડીનાં ૨-૩ લીલાં પાન લઇ રાત્રે પંદર તોલા પાણીમાં મસળીને ભીંજવી દેવાં, અને સવારે થોડી સાકર મેળવી પાણી પી જવું. ઠંડી પ્રકૃતિવાળાને આ ઔષધિ આપવી નહિ.

૪૬૭ મોગરો—સં૦ મુદ્ગર. મ૦ મોગરા. હિં૦ મોતીઆ. ક૦ ઇંદ્રવંતીગે, મલ્લીગે. તં૦ મલ્લે. તા૦ ઇરિવાડી. તુ૦ મલ્લીગે. મલા૦ મલ્લિકા, નાહામલ્લિ. ઇં૦ જેસ્મિન્. લા૦ જેસ્મિનમ સેંબેક.

મોગરાના વેલા હોય છે. મોગરામાં બે જાત છે. જે મોગરાનાં ફૂલ ઝૂમખાદાર આવે છે અને પુષ્કળ પાંખડીના એક ઉપર એક ચાર-પાંચ થર હોય છે, તેને "બટમોગરો" કહે છે. જે ફૂલ એકલી પાંચ પાંખડીનાં હોય છે તેને "મોગરો" કહે છે. બટમોગરાનો વેલો લાંબો વધતો નથી. જે મોગરાના ઝાડની કલમ કરે છે, તે કમ્મરપૂર ઉંચો વધે છે; પરંતુ કલમ નહિ કરેલા મોગરાનો વેલો મોટો થાય છે. મોગરાનાં ફૂલનો રંગ ધોળો હોય છે. એનો વાસ સારો આવે છે. એનું અત્તર નીકળે છે. **મોગરો:**—મધુર, શીત, સુગંધી, સુખપ્રદ તથા કામવર્ધક અને પિત્તનાશક છે. **મોગરી (સં૦ મલ્લિકા):**—તીખી, કડવી, લઘુ, ઉષ્ણ, શુક્લ તથા ચક્ષુષ્ય છે; અને મુખરોગ, કોઢ, વિસ્ફોટક, કંડુ, વિષદોષ, વ્રણ, વાયુ, પિત્ત, રક્તદોષ, હૃદ્રોગ, અરુચિ તથા અર્શનો નાશ કરે

છે. **બટમોગરો**(સં૰ વૃત્તમલ્લિકા)—તીખો, ઉષ્ણ તથા અતિ સુગંધીવાળો છે; અને વ્રણ, વાયુ, મુખરોગ તથા નેત્રરોગનો નાશ કરે છે. **વનમોગરી** (સં૰ વાર્ષિકી):—શીતળ, હલકી, કડવી તથા લઘુ છે; અને પિત્ત, કફ, વિષદોષ, વિસ્ફોટક, કૃમિ, કર્ણરોગ, નેત્રરોગ તથા મુખરોગનો નાશ કરે છે. **એના તેલના** પણ એવાજ ગુણ છે. ઉપયોગ:—**(૧) પીચોટી ખસી હોય તે ઉપર:**—મોગરાનાં પાંદડાંનો રસ ગાયના દૂધમાં પાવો; ઉલટી થાય તો ઉતાર—દૂધ અને ભાત. **(૨) ગર્ભિણીના પ્રદર ઉપર:**—મોગરાનાં પાંદડાં, કુંભારના ચાકની માટી, રીસામણી, ધાવડીનાં ફૂલ, ગેરૂ, રસાંજન અને રાળ, એમાંથી મળે તે પદાર્થો લઇ ચૂર્ણ કરી મધમાં ખવરાવવું.

૪૯૮ **મોગલી એરંડો**—સં૰ ભદ્રદંતિકા. મ૰ થોરદાંતી, મોગલીએરંડ, પારસા એરંડ. હિં૰ બડીદંતી. મુગલાઇ અરંડ. ક૰ દોહુદંતી. ભરઔડલ, ગુરૌડલવ. ફા. શકારહુજવા. અ૰ અણુવલસા. ઇ૰ ધી ફીઝીક નટ. તા૰ કડલામતાક. તૈ૰ અડવી અમુડમુ. તુ૰ કડાલંબુડુ. મલા૰ કાટામાકુ કા૰ મોગલાણી. લા કરકસ મલટી ફીડસ.

મોગલી એરંડાનાં ઝાડ નાનાંજ હોય છે. એ શુમારે માથોડું દોઢ માથોડું ઉંચાં વધે છે. એનાં પાંદડાં આકારે એરંડાનાં પાંદડાં જેવાં પણ તે કરતાં નાનાં હોય છે. એને વાડો કરવાને વાવે છે. એનું લાકડું ઘણુંજ હલકું છે. એ ઝાડને ચીક ઘણો હોય છે. એના દાતણથી દાંત મજબૂત થાય છે. મોગલી એરંડો નેપાળાના વર્ગની ઔષધિ છે. માટે તેનો સંભાળીને ઉપયોગ કરવો. એનાં બીઆંનું તેલ કાઢે છે. એનાં **બીઆં:**—રસકાળે અને પાકકાળે ગુરુ, સ્નિગ્ધ, વૃષ્ય, મધુર, બૃંહણ, બલપ્રદ, કફકર, પિત્તલ તથા વાંતિકારક છે; અને વાયુ. દાહ, ગુલ્મ, વિષ ઉધરસ, રક્તદોષ, સોજો, ક્ષતક્ષય તથા વાતનો નાશ કરનાર છે. ઉપયોગ:—**(૧) ઉલટી અને અને જુલાબ બંધ થવા માટે:**—મોગલી એરંડાનાં મૂળ છાશમાં કિંવા ચોખાના ધોવરામણમાં શુમારે એક તોલો ઘસી પાવાં. **(૨) કૉલેરા ઉપર:**—મોગલી એરંડાનાં મૂળનો, આસુંદરાનો અને ઉહ્લીનાં પાંદડાંનો એકત્ર રસ કાઢી તેમાં બકુલીનાં બીઆં ઘસી પાવાં; અથવા મોગલી એરંડાનાં મૂળ છાશમાં વાટી તેમાં હિંગ અને સિંધવ નાખી પાવાં. **(૩) વિંછીના વિષ ઉપર:**—મોગલી એરંડાનું દૂધ કાઢી હાથે ચોળી ઘટ થાય એટલે ૪–૫ વાર દંશ ઉપર ચોપડવું. **(૪) ફુટેલા બદના ક્ષતો રૂઝાઈ જવા માટે:**—મોગલી એરંડાનાં બીઆંનું તેલ જેટલું જૂનું મળે તેટલું લઇ તેમાં રૂની ગદી કરી ભીંજવવી; અને તે ગદી ક્ષતો ઉપર મૂકી, તે ઉપર વારંવાર તેલનાં ટીપાં પાડતાં રહેવું. એ પ્રમાણે સવારે મૂકેલી ગદી સાંજે કાઢવી અને ફરી નવી મૂકવી. એ પ્રમાણે ચાલુ રાખવું, એટલે વ્રણ રૂઝાઈ જશે. **(૫) ગરમીની ચાંદીઓ, વ્રણ ઇત્યાદિને ફરજ આવવા માટે:**—મોગલી એરંડાનો રસ લોખંડની તવી ઉપર કાઢવો અને તેમાં વાસી થુંક નાખી તે મિશ્રણમાં રસકપૂરનો ગાંગડો ઘસી લેપ કરવો; એથી બે દિવસમાંજ ગુણ આવે છે. **(૬) અંગમાં ભરેલી ગરમીથી અંગ ઉપર સૂકી ચાંદીઓ પડે છે તે ઉપર:**—અરીઠાના પાણીવડે ચાંદીઓ ધોઇ નાખવી અને મોગલી એરંડાના ઝાડનો રાતા રંગનો રસ અને થોડું માખણ એકત્ર ખરલ કરી લેપ કરવો. **(૭) પેટપીડ ઉપર:**—મોગલી એરંડાનાં મૂળ છાશના પાણીમાં ઘસી તેમાં થોડી હિંગ નાખી નાના અને મોટા બાળકને પાવાં. **(૮) ઢોરોને હરિક લાગે તે ઉપર:**—મોગલી એરંડાનાં પાંદડાંનો પાણી નાખી કાઢેલો રસ શક્તિ પ્રમાણે દોઢશેર સુધી પાવાથી એક પહોરમાં રોગ જાય છે. **(૯) દાંતનાં પેઢાં સૂજે તે ઉપર:**—મોગલી એરંડાનો રાતો રસ દિવસમાં બે વાર સૂજેલાં પેઢાંને ચોપડવો. **(૧૦) રક્તપિત્ત (વાતરક્ત), ભગંદર વગેરે ભારે વ્રણ ઉપર એરંડાનું તેલ:**—મોગલી એરંડામાંનો ગર્ભ કાઢી બારીક વાટવો અને પાણીમાં મેળવી તે વાસણ દેવતા ઉપર મૂકી પાણી બળી જાય ત્યાંસુધી કઢવવું; એટલે તેલ ઉપર આવશે. તે બાટલીમાં ભરી રાખવું. એ તેલમાં રૂની ગદી ભિંજવી તે વ્રણ ઉપર મૂકવી. રક્તપિત્તિ ઉપર એ તેલ અંગે ૪–૫ વાર ચોપડવું. **(૧૧) દંતરોગ ઉપર:**—મોગલી એરંડાની ડાળીઓનો રાતા રંગનો રસ કાઢી તે ચાર–પાંચ વાર ચોપડવો અથવા મોગલી એરંડાના લીલા દાતણથી દાંત ઘસવા, એટલે દાંતના રોગ શાંત થશે.

૪૯૯ **મોથ**—સં૰ જલતૃણ, નાગરમુસ્તા. મ૰ લહ્‌વાળા. હિં૰ નાગરમોથા. ક૰ તૈ૰ નાગર-

મુસ્તા. તા૦ કોરે કિલંગુ તુ૦ તારિપંતિ. મલા૦ કરિમુતાના. બં૦ મુતા. ઈં૦ સાઈપેરસ્રોટંડસ્.

ડાભના બેટ જેવા મોથના બેટ નદીના કિંવા વહેળાના કિનારે થાય છે. મોથની સળી હાથની આંગળી જેવડી મોટી અને ત્રણધારી હોય છે. મોથનાં મૂળને "નાગરમોથ" કહે છે. નાગરમોથનો ઔષધોમાં અતિશય ઉપયોગ થાય છે. એને સુગંધી પદાર્થોમાં પણ નાખે છે. મોથની સળીઓની ચટાઇઓ થાય છે. એ જાતની નાગરમોથને 'ભદ્રમુસ્તા' અથવા 'ગાંગેય' કહે છે. બીજી નાની જાત છે. તે ઉપર ચોમાસાના વખતમાં ચૌધાર નળ આવે છે અને તે ઉપર બારીક ફૂલ આવે છે. બંને નાગરમોથ ગુણમાં સરખી છે. **ભદ્રમોથ:**—તૂરી, કડવી, શીતલ, પાચક, ગ્રાહક, અગ્નિદીપક, તીખી તથા ખાટી છે; અને પિત્ત, જ્વર, કફ, રક્તદોષ, અતિસાર, કૃમિ, અરુચિ તથા તૃષાનો નાશ કરનાર છે. **નાગરમોથ:**—તીખી, તૂરી તથા શીતળ છે; અને કફ, પિત્ત, રક્તાતિસાર, અરુચિ, તૃષા, દાહ તથા શ્રમનો નાશ કરનાર છે. **ક્ષુદ્ર મોથ:**—તીખી, સુગંધી, મેદ્ય, કાંતિકર અને શીતલ છે; તથા કફ, પિત્ત, ઋતુદોષ, જ્વર, અતિસાર, કૃમિ, વાયુવ્રણ, દાહ, આમ, શળ, પસીનો તથા કંડુનો નાશ કરનાર છે. **જલમોથ:**—કડવી, તીખી, તૂરી, કાંતિકર, શીતલ તથા મેધ્ય છે; અને વાયુ, આધ્માનવાયુ, વિસર્પ, કંડૂ, કોઢ તથા ત્રિદોષનો નાશ કરનાર છે. **ઉપયોગ:**—**(૧) આધાશીશી ઉપર:**—નાની જાતની નાગરમોથનાં લીલાં પાંદડાં ૩ લઈ, હાથ ઉપર ચોળી, મજબૂત ગોળી કરી જેને આધાશીશી થતી હોય તેને ભીંતને ટેકણે બેસાડી, જે ભાગમાં વ્યથા હોય તે ભાગની ભમર ઉપર જે મોટી શિરા (નસ) હોય છે તે શિરા ઉપર તે થેપલી મૂકી હાથના અંગુઠાવડે જોર દઇ લગાવવી. પછી તેને ભાત અને દહીં ખાવા આપી બે કલાક ઉંઘવાને કહેવું. એ પ્રમાણે બે દિવસ કરવું. **(૨) સ્તનરોગ ઉપર:**—નાની મોથ તથા કડવી વૃંદાવની, એ બંને ઝાડ મૂળ સાથે લાવી ચોખાના ઓસામણમાં વાટી લેપ કરવો; એટલે સર્વ સ્તનરોગનો નાશ થાય છે. **(૩) હેડકી ઉપર:**—નાગરમોથનાં બીઆં લઈ તે આઠ પટ પાણીમાં પલાળી રાખવાં. નરમ થાય એટલે કપડાથી ગાળી તેનું પાણી ચાર તોલા વારંવાર પ્રાશન કરવું. **(૪) આંખમાં ફૂલાં, તિમિરરોગ અને રતાંધળાપણા ઉપર:**—ભદ્રમોથને બોકડાના મૂત્રમાં ઘસી અંજન કરવું. **(૫) ચોથીઆ તાવ ઉપર:**—નાગરમોથ, પહાડમૂળ અને આમળાંનો કાઢો પાવો. **(૬) સન્નિપાત અને સંગ્રહણી ઉપર:**—નાગરમોથ, અતિવિષ, બીલાં અને ઇંદ્રજવનું ચૂર્ણ મધમાં પાવું. **(૭) કમળા ઉપર:**—નાગરમોથનો રસ નાકમાં નાખવો. **(૮) અપસ્માર ઉપર:**—નાગરમોથનું ચૂર્ણ એકવર્ણી ગાયના દૂધમાં પાવું. **(૯) પિત્તસંબંધી ભ્રમ, જ્વર, દાહ, ઉલટી અને મંથર જ્વર એટલે મધુરા ઉપર:**—નાગરમોથ, પિત્તપાપડો, જેઠીમધ તથા કાળી દ્રાક્ષનો અષ્ટમાશ કાઢો કરી મધ નાખી પાવો. **(૧૦) અપસ્માર ઉપર:**—નાગરમોથનાં ઉત્તર બાજુનાં મૂળ પુષ્ય નક્ષત્રમાં એકવર્ણી ગાયના દૂધમાં પાવાં. **(૧૧) કફજ્વર ઉપર:**—નાગરમોથ, ધમાસો તથા સુંઠનો કાઢો પાવો. **(૧૨) આમ અને શૂળયુક્ત અતિસાર ઉપર:**—દૂધ એક ભાગ, પાણી ત્રણ ભાગ અને નાગરમોથ વાસ એકત્ર કરી ઉકાળી દૂધ શેષ રહે એટલે તે પાવું. **(૧૩) કફ અને ઉધ્રસ ઉપર:**—નાગરમોથ અને લીંડીપીપરનું સમભાગ ચૂર્ણ મધમાં આપવું. **(૧૪) દાહ અને સન્નિપાત જ્વર ઉપર:**—નાગરમોથ, રતાંદળી, સુંઠ, કાળો વાળો, વાળો અને પિત્તપાપડાનો કાઢો પાવો.

૪૭૭ મોરવેલ—(સં૦ મુર્વા. મ૦ મોરવેલ, મુહુરશી. હિં૦ ચુરણહાર, મરોરફલી. કાન્ય૦ મોરહરી. બં૦ મૂર્વા, મુર્গা, મુરહર. ક૦ સૌગવલ્લી. તૈ૦ સાંગા, પા(ચા)મચેટ્ટુ. તા૦ મરૂલ. ઈં૦ ઓરિટ્રંગ હેંપ. લા૦ કિલમેટીસ ટ્રાયલોબા.

મોરવેલ એ વેલો છે. ચોમાસામાં એ વેલો જંગલમાં ઉત્પન્ન થાય છે. એનાં પાંદડાં નાગરવેલનાં પાંદડાં જેવાં પાતળાં અને બે આંગળ પહોળાં તથા સાત આંગળ લાંબાં હોય છે. દરેક પાંદડાં ઉપર ત્રણ રેષાઓ દેખાય છે. છેડે બે પાંદડાં બારીક હોય છે. એ પાંદડાં તીખાં હોય છે. ***મોરવેલ:**—કડવી, તૂરી, ઉષ્ણ, સ્વાદુ, ગુરુ, પાકકાળે તીખી તથા સારક છે; અને ત્રિદોષ, કોઢ,

---

* શ્રી૦ પદેજી પોતાના નિઘંટમાં મોરવેલ નીચે આપેલ ટીપણીમાં લખે છે કે:—"મોરવેલી-

રક્તદોષ, પ્રમેહ, ઉલટી, જ્વર, મુખશોષ, ભ્રમ, કંડૂ, તૃષા, હૃદ્રોગ, કફ, વાયુ તથા વિષમજ્વરનો નાશ કરે છે. **એના કાંદાઃ**—કૃમિ, કૃમિકીલકરોગ તથા વિષદોષનો નાશ કરે છે. **ક્ષીરમોરવેલઃ**—મધુર, તૂરી, વૃષ્ય તથા બળકર છે; અને દાહ, જ્વર, તૃષા, કફ તથા પિત્તની નાશક છે. **એની ભાજીઃ**—ખારી, સ્વાદુ, રસકાળે અને પાકકાળે શીત, જડ, મલબંધકારક, વાતકર તથા રૂક્ષ અને કફ-પિત્તનાશક છે. **લઘુ મોરવેલઃ**—હૃદ્ય હોઇ સંગ્રહણી, વાયુ તથા ગુલ્મની નાશક છે.× **ઉપયોગઃ**—**(૧) ગરમીની ચાંદીઓ, કંડૂ તથા ખસ ઉપરઃ**—મોરવેલનાં પાંદડાં વાટી લેપ કરવો. **(૨) વાયુ ઉપરઃ**—મોરવેલ વાટી લેપ કરવો; અને મોરવેલનો રસ મરીનું ચૂર્ણ નાખી પાવો. **(૩) નળબંદ વાયુ, શરદી, બરોળ અને વાયુના ગોળા ઉપરઃ**—મોરવેલનો રસ લસણ નાખી પાવો.

૪૭૧ મોરશિખા—સં૦ મયૂરશિખા, બર્હિચૂડા. મ૦ મણ્યારશિખા, મોરશેંડા, મયૂ-શિખા. હિં૦ મોરશિખા, લાલમુર્ગા. ક૦ મયૂરશિખે. ફા૦ અસનાને, અસલાન. લા૦ સિલોસિયા ક્રિસ્ટાટા.

એ ઝાડ એક વેંતભર ઉંચાં વધે છે, એના ઉપર મોરની શિખા જેવા તોરા આવે છે. **મયૂરશિખાઃ**—રસકાળે સ્વાદુ, વશ્યકર્મ વિષે પ્રશસ્ત તથા હલકી છે; અને મૂત્રકૃચ્છ્ર, બાલગ્રહ, પિત્ત, કફ તથા અતિસારનો નાશ કરનાર છે. **ઉપયોગઃ—(૧) પથરી ઉપરઃ**—મોરશિખાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી પાવાં.

૪૭૨ મોરસ—મોરસનાં ઝાડ નાનાં હોઈ જમીન ઉપર પ્રસરેલાં હોય છે. તેને બારીક ડાંગરના જેવાં પાંદડાં હોય છે. એનો રંગ કિંચિત્ લીલો, રાતો અને આસ્માની એવો ચિત્ર-વિચિત્ર હોય છે. એ ભાજીનું દીંટડું ચીકણું હોવાથી તેના ઉપરનાં બારીક પાંદડાં કાઢી લઈ તેનું શાક કરે છે અને દીંટડાં નાખી દે છે. એનું રાયતું, ભાખરી, ભજીઆં વગેરે થાય છે. આ ભાજી સમુદ્રની આસપાસના કિનારા ઉપર થાય છે. એથી કાંઇક ખારી લાગે છે. મોરસના શાકમાં પુષ્કળ ડુંગળી અથવા બીજા દાણા નાખવા પડે છે. મોરસનાં ભજીઆં પણ સારાં થાય છે.

૪૭૩ મોરસકાંદો—આ નામનાં ઝાડ માહુલી કિલ્લા ઉપર ઘણાં થાય છે. એ ઝાડ એક હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં બારીક હોય છે. એના બોથામાં ડુંગળીના જેવા કંદ થાય છે. **ઉપયોગઃ—(૧) કૉલેરા અને પેટપીડ ઉપરઃ**—મોરસકાંદા શુમારે ત્રણ માસા અને તેટલાંજ ગરવેલીનાં મૂળ પાણીમાં વાટી પાવાં અથવા એમાંજ કિંચિત શુદ્ધ કરેલાં ઝેરકોચલાનાં બીઆં અને કાંચકાનાં બીઆં ઘસી પાવાં.

૪૭૪ મોહદી ઘોટ—આ ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં ઘણાં મોટાં હોતાં નથી. એની અંદરની છાલ ધોળી અને તૂરી લાગે છે. **ઉપયોગઃ—(૧) ઉધરસ ઉપરઃ**—મોહદી ઘોટની છાલ ઘસીને પાવી અથવા છાલનો રસ ઘસીને પાવો.

૪૭૫ મ્હાંદ—લા૦ પેનક્રિટિમ પારવમ. આ કંદ દક્ષિણ કોંકણમાં પ્રસિદ્ધ છે. ઘણાજ કંગાલ લોક એને ખાય છે. એનો વેલો નવ-દશ વર્ષ ટકી શકે છે. એનાં પાંદડાં કપાસનાં પાંદડાં જેવાં અને કિંચિત્ લાંબાં હોય છે. **ઉપયોગઃ—(૧) સર્પના વિષ ઉપરઃ**—આ કાંદો ખવરાવવો.

૪૭૬ રગતરોહિડો—સં૦ રક્તરોહિતક. મ૦ રક્તરો-હી-ડા. હિં૦ રોહેડા, કુટશાલ્મલી. ક૦ મૂળ મુત્તલગિડ. લા૦ ટેકોમા અંડયુલેટા. બં૦ રોદા. કા૦ ચરઙૂપલે.

આ ઝાડ ઘણુંજ મોટું થાય છે. એનાં પાંદડાં ગુંદીનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડ

નાં પાંદડાં પીલુ (ઝાળ, જાળ)નાં પાદડાં જેવાં હોય છે. મોરવેલીનાં પાંદડાં ત્રિદળ હોઈ એનાં પાંદડાં અને ફૂલ મીઠાં હોય છે. એ ઉપરથી આ વેલીને મધુરસા એવું નામ મળેલું છે. એનાં પાંદડાં જેવાં મીઠાં છે, તેવાંજ તે સ્નિગ્ધ (ચીકણાં) પણ છે." મ૦ દત્તરામજી ચોબા એનું ગુજરાતી નામ ભુઇપીલુડી આપી સ્વરૂપ બતાવે છે કેઃ—"આ કુંવરપાઠાના સમાન લાંબાં અને મોટાં પાંદડાંવાળો ક્ષુપ છે. એનો રસ મીઠો હોય છે તથા પાંદડાં ચીકણાં હોય છે. ગુણઃ-રેચક, ભારે, સ્વાદુ અને કડવી. પ્રયોગમાંઃ-એની જડ અને પાંદડાં લેવાં, માત્રાઃ-૨ માસાની છે."

× મોરવેલનાં મૂળ ઔષધિમાં મુખ્યત્વે ઉપયોગી છે. મૂળ–રાજયક્ષ્મા(ક્ષય)નો નાશ કરે છે. મોરવેલનાં મૂળના અભાવમાં પીપરામૂળ લેવાં. (સિદ્ધયોગ ગ્રંથપરથી)

ઉપર મરીથી મોટાં, ગોળ અને રાતા રંગનાં ફળ આવે છે. એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં વિશેષ થાય છે. **રગતરોહિડો:**—તીખો, સ્નિગ્ધ, તુરો તથા શીતલ છે; અને કૃમિ, વ્રણ, પ્લીહા, રક્તવિકાર તથા નેત્રવિકારનો નાશક છે. **સફેત રોહિડોના** ગુણ એવાજ છે. **ઉપયોગ:**—**(૧) બરોળ વગેરે ઉપર:**—રગતરોહિડો અને હરિતકીનો કલ્ક ગોમૂત્રમાં પ્રાશન કરવો; એથી પ્લીહા, મેહ, મૂળવ્યાધિ, કૃમિ અને ગુલ્મનો પણ નાશ થાય છે. **(૨) છાતીમાં દુઃખતું હોય અગર છાતીની અંદરનું લોહી બગડેલું હોય તે ઉપર:**—રગતરોહિડાનું ચૂર્ણ કરી તે તાજા ઘીમાં આપવું. **(૩) શ્વેતપ્રદર ઉપર:**—રગતરોહિડાનાં મૂળનો કલ્ક મધમાં આપવો. **(૪) રોહિતારિષ્ટ:**—રગતરોહિડાની છાલ ૪૦૦ તોલા લઇ, થોડી ખાંડી તેમાં ૪૦૯૬ તોલા પાણી નાખી, ચોથો ભાગ પાણી શેષ રહે ત્યાંસુધી કાઢો કરી, ગાળી ઠંડો થયા પછી તેમાં ગોળ ૮૦૦ તોલા નાખી અને ધાવડીનાં ફૂલ ૬૪ તોલા, પંચકોલ (લીંડીપીપર, ચવક, પીંપળીમૂળ, ચિત્રો અને સુંઠ) ૨૦ તોલા, ત્રિજાત (તજ, તમાલપત્ર અને એલચી) ૧૨ તોલા અને ત્રિફળાં ૧૨ તોલા, એ સર્વ તે કાઢામાં મેળવી. સારા માટલામાં નાખી તેના મોઢાને બંધ કરી એક મહિનાસુધી એમ ને એમ રાખી પછી મોઢું છોડવું. આ અરિષ્ટ પીવાથી મૂળવ્યાધિ, સંગ્રહણી, પાંડુ, હૃદ્રોગ, બરોળ, ગુલ્મ, ઉદર, કોઢ, અરુચિ અને સોજા દૂર થાય છે. **(૫) માર પડવાથી બંધાઈ ગયેલા લોહી ઉપર:**—રગતરોહિડાનું ચૂર્ણ તાજા ઘીમાં આપવું અને પાણીમાં ઘસી લેપ કરવો.

૪૭૭ રતનજોત(જાસુંદી)—સં૦ જપા. મ૦ જાસવંદ. હિં૦ ઓડહુલ, ગુડહર. ક૦ દાસનલ, દાશાલ. તા૦ કેંબરતે. તૈ૦ દાસનચેટ્ટુ. તુ૦ દાસનપુ. મલા૦ ચેંપરત્તિ. ગો૦ દાસનેપુલ. ઇં૦ શુ ફ્લાવર. લા૦ હિબિસ્કસરોઝા, સાઇનેંસિસ્.

આ ઝાડ શુમારે માથોડું ઉંચાં વધે છે. જાસુંદીમાં ધોળી, રાતી, ભગવી એવી ઘણી(લગભગ ૧૮) જાત છે; પરંતુ ધોળી જાસુંદી અત્યંત ગુણાવહ છે. રાતી જાસુંદીનાં ફૂલનો રસ ચાકુના પાનાએ ચોપડી તેથી લિંબુ કાપવાથી અંદરથી લોહી જેવું રાતું પાણી નીકળે છે. **જાસુંદી:**—તીખી, શીતલ, કિંચિત્ ઉષ્ણ, મધુર, સ્નિગ્ધ, પુષ્ટિકારક, સૂર્યની આરાધના કરવાને યોગ્ય, ગર્ભવૃદ્ધિને કરનારી, ગ્રાહક, કેશ્ય તેમજ કૃમિ તથા ઉલટીને કરનારી છે; અને દાહ, અર્શ, ધાતુરોગ, પ્રમેહ, પ્રદર તથા ઇંદ્રલુપ્તનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—ગ્રાહક, લઘુ, કડવાં અને કેશને વધારનારાં છે. **ઉપયોગ:**—**(૧) વાયુના ગોળા ઉપર:**—જાસુંદીનાં પાંદડાંનો રસ દરરોજ નવટાંક પ્રમાણે ૭ દિવસ પાવો. **(૨) પિત્તશમન થવા માટે:**—ધોળી જાસુંદીનાં પાંદડાંનો રસ સાકર નાખી પાવો. **(૩) ગર્ભધારણ માટે:**—ધોળી જાસુંદીનાં મૂળ એકવર્ણી ગાયના દૂધમાં ઘસી, તેમાં બીજોરાનાં બીઆં બારીક વાટી નાખવાં અને તે ઋતુકાળે પાવાં. **(૪) ગર્ભસ્રાવ થવાની ટેવ હોય તે ઉપર:**—ધોળાં જાસુંદીનાં મૂળ, કુંભારના ઘરની અને ચાકડાની માટી તથા ગોપીચંદન દૂધમાં ઘસી પાવું. **(૫) ટાલ પડે તે ઉપર:**—જાસુંદીનાં ફૂલ અગર પાંદડાં ત્યાં ચોળવાં. **(૬) પ્રદર ઉપર તથા પુષ્ટિ માટે:**—ધોળી જાસુંદીની ૪-૫ કળીઓ ઘીમાં તળી સાકર સાથે સવારે અને સંધ્યાકાળે ખાવી; અને ઉપર ગાયનું તાજું દૂધ સાત દિવસ પાવું. **(૭) મૂળવ્યાધિ અને રકતાતિસાર ઉપર:**—ધોળી જાસુંદીની કળીઓ ઘીમાં તળી સાકર અને નાગકેસર નાખી, ઘીમાં ગોળી કરી બે વખત આપવી. **(૮) ધાતુવિકાર અને ઠંડા પ્રમેહ ઉપર:**—ધોળી જાસુંદીનાં મૂળ તથા ગોમેટીનાં મૂળ, એ બન્ને મૂળ સમભાગે ગાયના ઘીમાં પાવાં. **(૯) પ્રદર, ધાતુવિકાર, રકતમૂળવ્યાધિ, ઉપદંશ અને પ્રમેહ ઉપર:**—ધોળી જાસુંદીનાં મૂળ ગાયના તાજા દૂધમાં ઘસી અંદર થોડી સાકર નાખી સવારે અને સાંજે એ પ્રમાણે સતત કેટલાક દિવસ સેવન કરવાં અને તેલવાળા, તીખા તથા ઉષ્ણ પદાર્થ વર્જ્ય કરવા. આ ઔષધ સેવન કરવાથી પુષ્ટિ પ્રાપ્ત થાય છે. **(૧૦) ઉદકમેહ ઉપર:**—જાસુંદીનાં પાંદડાં અથવા ફૂલ સાકર સાથે ખાવાં. **(૧૧) પ્રદર અને ધાતુવિકાર ઉપર:**—ધોળી જાસુંદીનાં મૂળ, કમળકંદ, ધોળી સીમળનું કંદ અથવા છાલ, એની ૬ માસા વસ્ત્રગાળ ભૂકી રોજ સવાર-સાંજ ગાયના દૂધમાં સાકર નાખી આપવી. **(૧૨) બાલતોડા (ફુંતોડીઆં ગુમડાં) ન થવા માટે:**—દરરોજ જાસુંદીની ૫ કળીઓ સાકર સાથે ચૌદ દિવસ ખાવી.

૪૭૮ રતાળુ—સં૦ રક્તાલુ, પિંડાલુ. હિં૦ રતાળુ, પિંડાળુ, કાંદુ. બં૦ લાલપિંડાલુ, ગોલઆલુ, ચુવડીઆલુ. મ૦ રતાળે, ગોંડ રતાળે. ક૦ કેપિનહેંડલ, વિલયહેંડલ. તૈ૦ ચિરગેડુ. તા૦ વામરેલ્લ. ઇં૦ સ્વિટપૉટેટો. લા૦ બટાટાસ એસક્યુલેટસ્. ફા૦ જરદાફુલાહોરી. તુ૦ મારાકેરેંગુ.

આ કંદ ઘણે ભાગે હિંદુસ્તાનમાં સર્વ ઠેકાણે થાય છે. તેમાં ધોળી અને રાતી એવી બે જાત છે. રાતી જાત મીઠી છે. રતાળુની પુરીઓ, ભજીઆં, ખીર, શાક, કરંજ ઇત્યાદિ અનેક પદાર્થો બને છે. ઉપવાસના દિવસે તેનો ફલાહારમાં ઉપયોગ થાય છે. રતાળુ મીઠું અને ભૂખ્યાને બલપ્રદ છે તથા વાતુલ છે. રતાળુના વેલાનાં પાંદડાંનું શાક પણ થાય છે. શાક કરતા પહેલાં પાંદડાં પ્રથમ તવા ઉપર શેકવાં. **ધોળું રતાળુ:**—મધુર, શીત, વૃષ્ય, સંતર્પણ તથા ગુરુ છે; અને મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, દાહ તથા શોષનો નાશ કરનાર છે. **રાતું રતાળુ:**—મધુર, શીત, ખાટું, વૃષ્ય, બળકર, ગુરુ તથા પૌષ્ટિક છે; અને શ્રમ પિત્ત તથા દાહનો નાશ કરનાર છે. **ઉપયોગ:—(૧) વિંછીના દંશ ઉપર:**—રતાળુના વેલાનાં પાંદડાં વાટી દંશ ઉપર ચોપડવાં; અથવા સૂકાયેલું રતાળુ ઘસી ચોપડવું.

૪૭૯ રતાંદળી—સં૦ મ૦ તૈ૦ ક૦ રક્તચંદન. હિં૦ લાલચંદન. ફા૦ સંદલેસુર્ખ. અ૦ સંદલેઅહમર. ઇં૦ રેડ સેન્ડલ વુડ. લા૦ ટેરોકાર્પસ સેન્ટેલમ.

રતાંદળીનાં ઝાડ **કારવાર, મૈસુર, ત્રાવણકોર** અને **મલબાર** પ્રાંતમાં થાય છે. જેવાં ધોળા ચંદનનાં ઝાડ થાય છે તેવાંજ રક્તચંદનનાં ઝાડ પણ થાય છે. એના લાકડાનો રંગ લાલ રક્ત જેવો હોય છે. રતાંદળીના લાકડાની રમવાની ચીજો વગેરે બને છે. રતાંદળી શીતળ છે. આયુર્વેદમાં લેપ કરવાના કામમાં એનો ઘણો ઉપયોગ થાય છે. **રક્તચંદન:**—અતિ શીતળ, કડવું, ગુરુ, વૃષ્ય તથા વર્ણકર છે; અને રક્તદોષ, પિત્ત, નેત્રરોગ, ઉલટી, ભ્રાંતિ, તૃષા, દાહ, વ્રણ, કૃમિ, વિષ, વ્યંગ, ભૂતબાધા, વાતપિત્ત, કફપિત્ત, ક્ષય, ઉપરસ તથા રાક્ષસબાધાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) હેડકી ઉપર:**—સ્ત્રીના દૂધમાં રતાંદળી ઘસી કિંચિત્ ગરમ કરી તેમાં સિંધવ નાખી પાવું; કિંવા પાણીમાં મેળવી તેનું નસ્ય આપવું. **(૨) અંગ ઉપર અગ્નિએ દાઝયા જેવા ફોલ્લા થાય તે ઉપર:**—રતાંદળી, મજીઠ, કડવા લીમડાનાં પાંદડાં, એ સર્વને દૂધ, માખણ અગર ઠંડા પાણીમાં વાટી લેપ કરવો. **(૩) તારુણ્યપિટિકા ઉપર:**—રક્તચંદન અને હળદર ભેંસના દૂધમાં વાટી લેપ કરવો. **(૪) અગ્નિદગ્ધ (દાઝેલા) વ્રણ ઉપર:**—રક્તચંદન, વંશલોચન, પાંદડાં, ગેરુ તથા ગળોનું ચૂર્ણ ઘીમાં મેળવીને લેપ કરવો. **(૫) બાળકના પેટમાં લોહીની ગાંઠ થાય તે ઉપર:**—રતાંદળી અને મદનફળ પાણીમાં ઘસી પાવું. **(૬) હૃદ્રોગ ઉપર:**—સાત માસા રતાંદળી ચોખાના ધોવરામણમાં સાકર નાખી ખવરાવવી. **(૭) બાળકના અંગ ઉપર ફોલ્લીઓ નીકળે તે ઉપર:**—રતાંદળી ઘસી લેપ કરવો. **(૮) ખરજવા ઉપર:**—રતાંદળી, ગોપીચંદન અને ગેરુ ઠંડા પાણીમાં ઘસી લેપ કરવો. **(૯) મધુરા તાવ ઉપર:**—રતાંદળી, વાળો, ધાણા, કાળો વાળો પિત્તપાપડો, નાગરમોથ અને સુંઠ, એ દરેક અડધો અડધો તોલો લઇ તેનો કાઢો કરી પાવો. **(૧૦) પિત્ત, કફજ્વર, દાહ, તૃષા, અગ્નિમાંદ્ય અને ઉલટી ઉપર:**—રતાંદળી, પદ્મકાષ્ઠ, ધાણા, ગળો અને લીંમડાની છાલનો (દરેક અડધા અડધા તોલાનો) કાઢો કરી પાવો.

૪૮૦ રત્નગુંજા (વાલ)—(સં૦ મ૦ રત્નગુંજ.) આ ઝાડ લીંમડાનાં ઝાડ જેવાં દેખાય છે; પરંતુ તેનાં પાંદડાં કાંઇક ગોળાકાર હોય છે. એનો રંગ રાતો હોય છે. આ ગુંજા અથવા વાલ તોલામાં ૪૦ સમાય છે. મુંબઈ તરફ સોનું રૂપું જોખવામાં એનો ઉપયોગ થાય છે.

૪૮૧ રાઇ—સં૦ રાજિકા. મ૦ મોહરી. હિં૦ રાઇ. બં૦ સારિષા. ક૦ સાસીરાઇ. તૈ૦ બર્ણાલુ. અ૦ ખરદલ. ઇં૦ મસ્ટર્ડ સીડસ. લા૦ સિનાપિસ નાયગ્રા. ફા૦ સાસ્વી.

રાઇના છોડ શુમારે હાથભર ઉંચાઇના હોય છે. એ છોડનાં પાંદડાંનું શાક થાય છે. એ ભાજી ઉષ્ણ, પિત્તકર અને વાયુહારક છે. રાઇમાં ધોળી, કાળી અને રાતી, એવી ત્રણ જાત છે. રાતી કરતાં ધોળી રાઇ મોટી હોય છે. રાઇના જેવાજ સરસવ થાય છે. તેથી કેટલાક વેપારીઓ રાઇમાં કદી કદી સરસવનો ભેળ કરી દે છે. રાઇને પીળાં ફૂલ આવે છે. એની શિંગો તલ કે દેહ તજ

લંબાઇની હોય છે; તેમાં રાઈ હોય છે. રાઇનો ભૂકો કરી તેમાં વાટેલું મીઠું અને લિંબુનો રસ નાખી ગોળા કરી રાખે છે; પછી જ્યારે ચટણી, રાઇતાં અથવા શાક કરવાં હોય ત્યારે તેમાં તે થોડી નાખે એટલે તે સારો સ્વાદ આપે છે. રાઇનો અથાણામાં અને રસોઈમાં પુષ્કળ ઉપયોગ થાય છે. **રાતી તથા ધોળી રાઈ:**—કડવી, ઉષ્ણ, પિત્તલ, દાહકારક, તીખી, તીક્ષ્ણ, રક્તપિત્તકારક, રૂક્ષ તથા અગ્નિદીપક છે; અને વાયુ, પ્લીહા, ગુલ્મ, કફ શૂળ, વ્રણ, કૃમિ, કંડૂ અને કોઢની નાશક છે. **કાળી રાઇ:**—ગુણ ઉપર પ્રમાણેજ છે; પણ તેથી ઘણી તીક્ષ્ણ છે. **રાઈનાં પાંદડાંનું શાક:**—તીખું, ઉષ્ણ, સ્વાદવાળું, રૂચિકર તથા પિત્તકર છે; અને વાયુ, કફ, કૃમિ તથા કંઠરોગનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) **વિષ ઉપર વમન થવા માટે:**—એક ચમચો રાઇનો લોટ પાણીમાં નાખી પાવો. એટલે ઉલટી થઇ વિષ ઉતરે છે. (૨) **વાયુએ અંગ પકડાઈ જાય તે ઉપર:**—રાઈનું પોટીસ કરી બાંધવું અથવા પ્લાસ્ટર મારવું. (૩) **પેટપીડ અને અજીર્ણ ઉપર:**—રાઈનું ત્રણ માસા ચૂર્ણ પાણીના ઘુંટડા સાથે પાવું. (૪) **શરદી દૂર થવા માટે:**—રાઇ મધમાં મેળવી ખાવી. શરદીથી પગ વગેરે ઠંડા થઈ જાય તો રાઇનો પગ ઉપર લેપ કરવો. (૫) **કર્ણમૂળ ઉપર:**—જેતુનના* તેલમાં રાઇ વાટી કર્ણમૂળ ઉપર ચોપડવી. (૬) **બરોળ અને યકૃત ઉપર:**—સિંધવ અને રાઇ સમભાગે એકત્ર કરી ગોમૂત્ર સાથે ૧ તોલો પાવી. (૭) **પિત્તથી ગળામાં બળતરા થાય તે ઉપરઃ**—રાઈનાં પાંદડાંનો થોડો અંગરસ મોઢું ઉંચું કરી તાળવે ચોપડવો; તેથી પિત્ત બળી જશે. (૮) **મૃતગર્ભ બહાર પડવા માટે:**—રાઇ અને હિંગનું ૩ માસા ચૂર્ણ કાંજીમાં આપવું. (૯) **અર્ધાંગ વાયુ ઉપર:**—રાઇનું તેલ ચોપડવું. (૧૦) **નળવિકાર ઉપર:**—ત્રણ માસા રાઇ લઇ તેમાં થોડો કળીચૂનો મેળવવો અને ગરમ પાણીમાં મેળવી ગળવો. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું. (૧૧) **કાખમંજરી ×(બાંબલાઇ) ઉપર:**—રાઇ અને કાથ એકત્ર વાટી તેની લૂગદી બાંધવી; એટલે કાખમંજરી જલદી ફૂટશે. (૧૨) **સોજા ઉપર:**—સંચળ અને રાઇ એકત્ર વાટી લેપ કરવો.

૪૮૨ રાકોઠીંબાં (રાજગરાં કોઠીંબાં)—સં૦ મૃગાક્ષી. હિં૦ સાંધિની. મ૦ સેંદાડ, ફુટ. ક૦ વાલુકમેકકે.

કોઠીંબાંના વેલા પ્રમાણેજ રાકોઠીંબાંના વેલા થાય છે. રાકોઠીંબાંમાં મીઠાં અને કડવાં એવી બે જાત થાય છે. સાધારણ રાકોઠીંબાં નાળીએર જેવડાં મોટાં થાય છે. રાકોઠીંબાં ખાવાથી મીઠાં લાગે છે. કોઇ કોઇ એનાં કેળા પ્રમાણે શિખરણ કરી ખાય છે. રાકોઠીંબાં ઉષ્ણ હોવાને લીધે ઘણાં ખાવામાં આવે તો વિકૃતિ કરે છે. **રાકોઠીંબાં:**—લઘુ, સ્વાદુ, ભેદક, ઉષ્ણ, અગ્નિદીપક, તીખાં, પિત્તકર, કડવાં, પાક વખતે ખાટાં, ખારાં અને રુચિકર છે;તથા કફ, વાયુ, અરુચિ અને જાડયનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **મૂત્રકૃચ્છ ઉપર:**—રાકોઠીબાંનાં બીઆં ચોખાના ધોવરામણમાં વાટી તેમાં રતાંદળી ઘસી પાવી.

૪૮૩ રાજગરો—સં૦ મ૦ રાજગિરા. હિં૦ કલગાઘાસ. ક૦ રાજગિરી. ફા૦ અંગોઝા. અ૦ દમાદમ. લા એમેરેંથસ પેનિકયુલેટસ્. કા૦ ડોલગેદો.

રાજગરો હિંદુસ્તાનના સર્વ પ્રાંતમાં થાય છે એના ઝાડ કંમરપૂર ઉંચા વધે છે. એને

---

* આ તેલ બહુધા અરબસ્તાનમાથી આવે છે. એ જેતુન (અ૦ જીતૂન) નામના ઝાડનાં બીઆંમાંથી કાઢે છે. જેતુનનું ઝાડ પશ્ચિમ તરફના દેશોમાં થાય છે. એનો રંગ લીલો હોય છે. કહે છે કે, એ હજાર વર્ષના આયુષ્યવાળું હોય છે. એથીજ એનાં બીઆંની માળાઓ (તસ્બી) મુસલમાન લોકો ઘણી પવિત્ર માને છે. જેતુનના ઠળીઆની અણીવાળી બન્ને બાજુઓ પથ્થર ઉપર ઘસી નાખવાથી તેમાં આરપાર કાણું પાડી શકાય છે. હકીમ લોકો એને બીજી કક્ષામાં ગરમ અને રૂક્ષ માને છે. એનો પ્રતિનિધિ એરંડતેલ અને માત્રા ૧ તોલાની બતાવે છે. જેતુનઃ—શરીરમાં ગરમી ઉત્પન્નકર્તા, મૂત્રલ, દાંતનાં પેઢાંને બળ આપનાર અને પ્રસ્વેદ લાવનાર છે. એ પથરીનો નાશ કરે છે. અંગ્રેજીમાં આ તેલને "ઓલાઈવ ઑઇલ" કહે છે.

× કહે છે કે "ગોળ, ગુગળ ને વાટી રાઇ, એને શું કરશે બાંબલાઇ."
આ પ્રયોગ પાણી ગરમ કરી લેપ કરવાનો છે. એનો અમે અનુભવ લીધેલો છે.

ઘણાં સુંદર રાતાં મખમલ જેવાં ફૂલ આવે છે. એનાં બીઆંને **રાજગરો** કહે છે. રાજગરાનો રંગ ધોળો હોય છે. કાળા રંગનો રાજગરો પણ થાય છે. રાજગરાનો ઉપવાસને દિવસે ફળાહારને માટે ધાણી, ખીર કિંવા પુરીઓ વગેરે કરવામાં ઉપયોગ કરે છે. રાજગરો એકલો કોઇ વાવતું નથી. બીજાં ધાન્યો ભેગો થોડો વાવે છે. રાજગરાનાં પાંદડાંનું શાક થાય છે. રાજગરાનું ધાન્ય શીતળ તથા જડ છે. **રાજગરો:**--ગુરુ, કફકર તથા સારક છે; અને નિદ્રા તથા આલસ્યને કરનાર, પથ્ય, મલાવષ્ટંભક, શીતળ, રુચિકર તથા પિત્તનાશક છે. **મોટો રાજગરો:**--અતિ ગુરુ, પથ્ય, સારક, મલાવષ્ટંભક, અતિ શીતળ તથા રુચિકર છે અને પિત્તનાશક છે. **ઉપયોગ:**—(૧) **આંડુક (એક પ્રકારનું ગુમડું) જલદી ફુટવા માટે:**—રાજગરાનું ડાંટું ઘસી ચોપડવું.

૪૮૪ રાજહંસ—આ ઝાડ નાનાં અને ભોંય બરોબર થાય છે. એ ઝાડ પડતર જમીનમાં અને જૂની ભીંતો ઉપર પણ થાય છે. એનાં પાંદડાં બારીક અને જોડાયલાં હોય છે. એને રાતા રંગનાં બારીક ફૂલ આવે છે. એ ઝાડને બારીક શિંગો આવે છે. તેમાં એનાં બીઆં હોય છે. **ઉપયોગ:**– **(૧) નાનાં બાળકોની ઉધરસ ઉપર:**—રાજહંસનાં પાંદડાં ખાવાના પાનમાં ઘાલી શક્તિ પ્રમાણે ખાવા આપવાં. **(૨) હરતાલના વિષ ઉપર:**—રાજહંસનાં પાંદડાંનો રસ કાઢી પાવો. **(૩) સ્ત્રીના દૂધવિકાર ઉપર:**—રાજહંસનાં પાંદડાં સૂકવી તેની ખીર ગાયના દૂધમાં કરી તેમાં સાકર નાખી તે પાવી. એથી નવું દૂધ આવે છે.

૪૮૫ રાતી રિંગણી--(મ૦ ખરૂજ વાંગે, તાંબડી રિંગણી.)આ ઝાડ ચિરમેટ જેવાં થાય છે; પરંતુ પાંદડાં બારીક હોય છે. રિંગણીનું અને એનું કાંઇ મળતાપણું નથી. એને સુંદર ઈંદ્રવરણા જેવાં રાતાં ફળ આવે છે. તે ઉપર પાતળી ડુંગળીના જેવી છાલ હોઇ અંદર વંતાક જેવો ગર્ભ અને બીઆં હોય છે. કિરસ્તાન અને અંગ્રેજ લોકોમાંજ આ ભાજીનો બહુધા ખપ થાય છે.

૪૮૬ રાતી પીલુડી—સં૦ કાકાદની. મ૦ લઘુરક્ત કાવળી, કાકમારી, કુડકી. ક૦ કિરિય-કાગેદોડે. હિં૦ ગુ૦ કાકમારી, કાકફલ. લા૦ એસ્કલેપિયસ્ કુરાસેવિકા.

કાકમારી(રાતી પીલુડી)ના વેલાની ઉત્પત્તિ કોંકણમાં થાય છે. એનાં ફળ જાંબુડીઆ રંગનાં હોઇ નાની દ્રાક્ષ જેવડાં હોય છે. એ એક દીંટડામાં બે અથવા ત્રણ થાય છે. દરેક ફળ-માં ગોળ બીજ હોય છે. આ વનસ્પતિ ઘણીજ ઝેરી છે. કાકમારીના ફળના રંગમાં લુબ્ધ થઇ કાગડા તે ફળ ખાવા જાય છે; પરંતુ તેને ઝેર ચઢી તે મરે છે. એથી એ વેલાનું કાકમારી એવું નામ પડેલું છે. એનાં બીજ ઘણાં કડવાં હોઇ કૃમિનાશક છે. **રાતી પીલુડી:**—કડવી, ઉષ્ણ, ગરમ, દિવ્ય, રસાયની અને રુચિકર છે. એ વાતદોષનો નાશ કરનાર તથા પલિત રોગ(અકાળે કેશ ધોળા થવાનો)ને અટકાવનારી છે.

૪૮૭ રાતું કોળું—(સં૦ મહામધુફલા.* મ૦ ભોંપળા તાંબડા.) રાતા કોળાના વેલા ઘણાજ લાંબા વધે છે. એને પીળાં ફૂલ આવે છે. વેલાને ફળ પુષ્કળ લાગે છે. કોઇ કોઇ કોળું આશરે પંદર શેર હોય છે. એ કોળાનો રંગ બહારથી અને અંદરથી રાતો હોય છે. આ કોળું પૌષ્ટિક છે. આને બાફીને ખાય છે. એનું શાક, હલવો, ભજીઆં વગેરે ઘણા પદાર્થ બને છે. **રાતા કોળાના વેલા:**—મધુર, શીતળ, રુચિકર તથા તૃપ્તિકારક છે; અને દાહ, જાડય, મૂત્ર-રોગ, રક્તદોષ તથા શોષનો નાશ કરે છે. **કુમળાં ફળ:**—અતિ મધુર, શીતલ, રુચિકર, તર્પણ, પૌષ્ટિક, વીર્યકારક તથા બલપ્રદ છે; અને શ્રમ, તથા ભ્રાંતિનો નાશ કરે છે. **પાકાં ફળ:**—કફ કરનાર, ગુરુ તથા મધુર છે; અને રક્તવિકાર, દાહ તથા તૃષાનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **પૌષ્ટિક લાડુ:**—રાતા કોળાનાં બીજને છોલી કાંઇક ઘીમાં શેકી સાકરના પાકમાં નાખી તેના સુંદર લાડુ વાળવા. એ લાડુ ખાવાથી શરીર પુષ્ટ થાય છે. **(૨) વિંછીના દંશ ઉપર:**—રાતા

---

* "મહામધુફલા" આ નામ મીઠી તુંબી(દુધી)નું છે. પણ વર્ણન પદકાળાનું છે. રાતા કોળા ઉપરાંત સાકરકોળું (પીળી છાલનું પદકાળું) નંબર ૫૫૭ માં લખેલ છે. પદકાળાના સંસ્કૃત નામમાં ઉપનામરૂપે "મહામધુફલા" કોઈ કોશમાં કદાચ શ્રી. પદેજીએ જોયેલું હશે, જેથી અહીં લખેલ હોય એમ અનુમાન થાય છે.

કોળાનું દીંટડું ઘસી ચોપડવું. (૩) ઉંદરના વિષ ઉપર:—કાળા કોળાનું દીંટડું ઘસી ચોપડવું.

૪૮૮ રાન (જંગલી કે વન) તુલસી—સં૦ વૈજયંતી, બર્બર. અજગંધિકા. બં૦ વનતુલસી, બાબુઈ તુલસી. કા૦ અડવી તુલશી. મ૦ રાન તુલસ, કાળી બાબરી, વૈજયંતી તુળશ. હિં૦ બાબરી, વન તુલસી. ક૦ કાડતુલસી. લા૦ ઓસિમમ્ કેનમ્.

જેવાં તુલસીનાં ઝાડ હોય છે તેવાંજ રાનતુલસીનાં ઝાડ હોય છે. રાનતુલસીનાં પાંદડાં તુલસીનાં પાંદડાં કરતાં મોટાં હોય છે. એનો વાસ સારો આવે છે. એ ઝાડ ઉપર તોરા પણ મોટા આવે છે. રાનતુલસીનાં બીઆં કાળા રંગનાં અને કિંચિત્ રાતાં તથા ખસખસનાં જેવડાં મોટાં હોય છે. એ પાણીમાં નાખવાથી ફૂલે છે. **રાનતુલસી:**—ઉષ્ણ, સુગંધીવાળી તથા તીખી છે; અને પિશાચબાધા, ઉલટી, વાયુ, ત્વગ્દોષ, વિષ તથા વિસર્પનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) રાતા આમાંશ** (લોહીવાળા મરડા) **ઉપર:**—રાનતુલસીનાં બીઆં ટાઢા પાણીમાં પલાળી રાખી તેમાં ખાંડ નાખી દિવસમાં બે વાર પાવાં. **(૨) બાળકોની ઉલટી ઉપર:**—રાનતુલસીનો રસ પાવો. **(૩) કોઠામાંની ઉષ્ણતા અને મૂત્રદાહ ઉપર:**—રાનતુલસીનાં બીઆં રાત્રે ટાઢા પાણીમાં પલાળી રાખી સવારે તેમાં ગાયનું તાજુ દૂધ પાશેર અને સાકર ૨ તોલા નાખી અંદર હાથ નહિ ઘાલતાં લાકડીથી હલાવી પીવું. **(૪) વ્રણ ઉપર:**—રાનતુલસી અને રાનતલનાં મૂળ ગાયના દૂધમાં ઘસી ૨૧ દિવસ પાવાં. પથ્ય અલુણી, ઘઉં અને તુવેર સિવાય કાંઇ ખાવું નહિ. **(૫) કોઠામાંની ગરમી, મૂત્રદાહ અને અતિસાર ઉપર:**—રાનતુલસીનાં બીઆં ૧ ભાગ, અને ઓથમી જીરૂં (ઇસબ ગોલ) ૪ ભાગ મેળવી તે બંનેની બરાબર વરિયાળી મેળવવી. પછી સર્વના સમાનભાગે સાકર નાખી, તે રોજ ૧ તોલો દૂધમાં અથવા પાણીમાં પાવું. **(૬) મૂત્રાઘાત ઉપર:**—રાત્રે ટાઢા પાણીમાં રાનતુલસીનાં બીઆં પલાળી રાખી બીજે દિવસે સવારે તેમાં થોડી સાકર નાખી પાવાં.

૪૮૯ રાનપેટારી (જંગલી કાંગસી)—આ ઝાડ વગડાઉ છે. એની ઉંચાઇ શુમારે બે-ત્રણ માથોડાં હોય છે. એનાં પાંદડાં હથેળી જેવડાં મોટાં હોઈ આકારમાં પેટારી(કાંગસી)નાં પાંદડાં જેવાંજ હોય છે. એ ઝાડની કુમળી છાલ કાગળ કરવાના ઉપયોગમાં લેવા જેવી છે.

૪૯૦ રાનમોગરો—સં૦ માધવી, વાસંતી, વાર્ષિકી. મ૦ કુસર-રી. ગુ૦ ચિખલીઓ. હિં૦ વેલ. તા૦ કટ્ટુ મલ્લિગે. તૈ૦ અડવિમલ્લે. તુ૦ એરૂલી. મલા૦ કટ્ટુ મલ્લિકા. ક૦ કાડ મલ્લિગે, કાડ ઇરૂવંતિગે. લા૦ જેસ્મિનમ્ આંગુસ્ટિફોલિયમ્.

*રાનમોગરાના વેલાને 'કસ્તૂરી મોગરો' 'મધુમાધવી' એમ પણ કહે છે. એનાં પાંદડાં મોટાં હોય છે; તથા ફૂલ ધોળાં-શુભ્ર હોઇ જાઈનાં ફૂલ કરતાં મોટાં હોય છે. એ વેલી જંગલમાં ઘણી થાય છે. ફૂલનો બહાર વસંતઋતુમાં હોય છે. એ ફૂલ ખીલે એટલે એનો ચારે તરફ મધુર સુવાસ આવે છે. **રાનમોગરો:**—તીખો, કડવો, તૂરો, મદગંધી, મધુર, શીતલ તથા લઘુ છે; અને પિત્ત, કાસ, વ્રણ, દાહ, શોષ તથા ત્રિદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) આંબોઇ ટળી હોય તો:**—રાનમોગરાનાં પાંદડાંના બે પૈસાભાર રસમાં તેટલુંજ ઘી નાખી ત્રણ દિવસ પાવું. **(૨) કર્ફવિકારે બાળકને વાયગમન થાય તો:**—રાનમોગરાનાં પાંદડાં સાત લઇ તેમાં મરી સાત અને લસણની કળીઓ સાત, સરગવાની છાલ ૪ માસા અને રાતી હસાણીની છાલ ૪ માસા, એ સર્વ એકત્ર કરી ટાઢા પાણીમાં વાટવું અને વસ્ત્રગાળ કરી એક તોલાપર્યંત રસ કાઢી શક્તિ પ્રમાણે એક વાર પાવાથી ઉલટી કિંવા રેચ થઇ વિકાર શમી જાય છે. **(૩) બાળકોના કફવિકાર ઉપર:**—રાન-

---

* રાનમોગરો, કસ્તૂરીમોગરો, મધુમાધવી એ સર્વ એકજ જાતની વનસ્પતિ છે. સર્વ જાતોમાં ફૂલનો ભેદ છે. શ્રી. પદેજીએ વાસંતી, વાર્ષિકી, કસ્તૂરી મલ્લિકા, મલ્લિકા, વૃત્તમલ્લિકા અને મુદ્ગર, એ સર્વ જાતોનું નિઘંટમાં રાજનિઘંટના અનુસારે અલગ અલગ વર્ણન કરેલું છે. લગભગ મળતી જાત હોવાથી ઉપનામતરીકે એક વસ્તુને બીજું નામ આપી શકાય છે. એજ રીતે રાનમોગરાને અહીં "કસ્તૂરી મોગરો" અને "મધુમાધવી" ઉપનામ તરીકે કહેલ છે. નિઘંટમાં લખે છે કે કસ્તૂરી મોગરો એ રાનમોગરા(કુસરી)નો ભેદ છે. એનાં ફૂલ રાનમોગરાનાં ફૂલો કરતાં મોટાં અને ગોળ થાય છે.

મોગરાનું પાંદડું અર્ધું, રાતા અગથીઆનાં પાંદડાં ચાર અને મરીના દાણા બે વાટી તેનો રસ કાઢવો; તેમાં અડદની દાળ જેટલો ફૂલાવેલો ટંકણખાર અને રસ જેટલુંજ મધ નાખી ચાટણ કરી આપવું.

૪૯૧ રાનભીંડા—(સં૦ વનભિંડીતક. લા૦ યુરેનાકોબેટા.) એમાં બે-ત્રણ જાત છે. એકનાં ઝાડ માથોડું ઉંચાં વધે છે અને બીજી ફક્ત જમીન ઉપરજ પ્રસરે છે. એનાં ઝાડ ઉંચાં વધતાં નથી. રાનભીંડીનાં ઝાડ સર્વત્ર થાય છે. એ ઝાડને જે ભીંડા આવે છે, તે કુમળા હોય ત્યારે તેનું કોઈ કોઇ શાક કરે છે; અને જૂના થયા પછી અંદરના દાણાની કઢી કરે છે. એ ઝાડ સૂકવી તે ઉપરની છાલ કાઢી પછી ખાંડી તેમાંથી જે લોટ નીકળે છે તેના લાડુ કરી પુષ્ટતા આવવા માટે કોઇ કોઇ ખાય છે. એ ઝાડનું સત્ત્વ પણ કોઇ કાઢે છે. એ ઝાડનાં મૂળ રંગના કામમાં ઉપયોગી છે. **ગોમાંતક, કર્નાટક, વેંગુર્લા, સાવંતવાડી** વગેરે સ્થળે એનાં મૂળ છુંદી તેનો રસ કાઢે છે. આ રસ ગુંદરના જેવો જાડો અને ચીકણો હોય છે. **એનો રંગ કરવાની રીત:**—ભીંડાની બારીક ભૂકી અને રંગ એમાં નાખી ઘુંટે છે, એ રંગને અભ્રક કહે છે. **ઉપયોગ:—(૧) ગયેલું પુરુષત્વ આવવા માટે:**—રાનભીંડાનાં મૂળનું ચૂર્ણ ૧ તોલો પાશેર દૂધમાં નાખી પાવું. **(૨) પ્રમેહ અને ધાતુવિકાર ઉપર:**—રાનભીંડાનાં મૂળ દૂધમાં ઘસી ઘી અને સાકર નાખી પાવાં; અથવા રાનભીંડાનાં મૂળ, લીલાં ગોખરૂ અને ધોળાં જાસુંદીનાં મૂળ, એ દરેકનો એકેક તોલો રસ કાઢી તેમાં મરવાનાં બીઆં ત્રણ માસા નાખી વાટવાં અને તેમાં એક તોલો મધ અને સાકર નાખી પાવું; એટલે ત્રણ દિવસમાં પ્રમેહ મટી રક્તશુદ્ધિ થાય છે અને ધાતુવિકાર નાશ પામે છે.

૪૯૨ રામફળ—સં૦ મ૦ વ૦ રામફલ. હિં૦ લવની. ઈં૦ નેટેડ કસ્ટર્ડ એપલ. લા૦ અનોના રેટિક્યુલાટા. એ ઝાડ ઘણાંજ ઉંચાં વધે છે. એનાં પાંદડાં અશોકનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે એની છાયા ઠંડી હોય છે. રામફળ મોટાં અને તેનો રંગ રાતો હોય છે. એનાં બીઆં સીતાફળીનાં બીઆં જેવા હોય છે. એ ફળ સીતાફળ જેટલાં ઠંડાં નથી. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. **રામફળ:**—સ્વાદુ, મધુર, વાતુલ, કફકર તથા ખાટું છે; અને દાહ, પિત્ત, તૃષા, શ્રમ તથા ક્ષુધાનો નાશ કરે છે.

૪૯૩ રામબાણ (પાનબાજરિયું)—સં૦ અપર્વદંડ. મ૦ રામબાણ. હિં૦ તે૦ રામશર. ક૦ રામસપુ, સરગેલું. લા૦ સેબેરમસર.

વહેળામાં કિંવા જળાશયમાં ઢીંચણભર પાણીમાં પાનના ઝાડ જેવા કિંવા બાજરીના છોડ જેવા મધ્યમ ઉંચાઇના આ છોડ થાય છે એનાં પાંદડાં બાજરીનાં પાંદડાં જેવાં થાય છે. બાજરીની માફક એને બાજરીઆં આવે છે. તેને **પાનબાજરિયું** કહે છે. અગાઉ એ પાનબાજરિયું સૂકવી તે ઉપરનું રૂ ચકમક સળગાવવાના ઉપયોગમાં લેતા હતા. એ પાનબાજરિયાં તેલમાં બોળી સળગાવવાથી કાકડાની પેઠે બળે છે. **મોટું પાનબાજરિયું:**—મધુર, કડવું, ઉષ્ણ, કિંચિત્ વાતુલ, બલકર તથા વીર્યપ્રદ છે; અને કફ, પિત્ત, ક્ષય, ભ્રાંતિ તથા મદનો નાશ કરે છે. **લઘુ રામબાણ:**—એને સં૦ "અપર્વદંડ" અને મ૦ "વાટોળા (ગોળ) લવ્હા" એમ કહે છે. ઉપરના ગુણના જેવા એના થોડાક ગુણ છતાં કિંચિત્ ઉષ્ણ, રુચિકર, રસ વખતે ખાટું, તૂરૂં તથા પિત્તલ છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) જખમ ઉપર:**—પાનબાજરિયાની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી એટલે જખમ જલદી ભરાઈ આવે છે. **(૨) ભગંદર ઉપર:**—પાનબાજરિયામાનું રૂ છિદ્રમાં નિત્ય ભરતા જવું એટલે જલદી ગુણ આવે છે.

૪૯૪ રામેઠા—સં૦ દગ્ધરૂહા. મ૦ રામેઠા. ક૦ કુરૂહવૃક્ષ. લા૦ નીડીઆડીફ્યુસા.

એનાં પાંદડાં ત્રણ-ચાર આંગળ લાંબાં હોય છે; પરંતુ તેટલાં પહોળાં હોતાં નથી. એ ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એને મીઠાં અને ધોળાં ફૂલ આવે છે. એનો રસ આંખોને લાગે તો ઘણું નુકસાન થાય છે; માટે આ રસ આંખોને ન લાગે તે માટે સાવચેતી રાખવી. આ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં ઘણાં થાય છે. એનાં લાકડાંની રાખથી દાંત પડે છે, એમ કહેવાય છે. એ ઘણું ગરમ છે.

૪૯૫ રાયઆમળી—(ખાટી આમલી)—સં૦ લવલી. મ૦ રાયઆંવળી, કાયઆંવળા. હિં૦ હરફારેવડી. બં૦ નોપાડ-લ, લોઓપાડ. લા૦ ફિલ્યાંથસ ડિસ્ટિકસ્, સાયકોડિસ્ટિકા.

આ ઝાડને "હરપરરેવડી" પણ કહે છે. આ ઝાડ સાધારણ રીતે મોટાં થાય છે. એનાં પાંદડાં ગરમાળાનાં પાંદડાં જેવડાં અને લાંબાં હોય છે. એ ઝાડના અંગ ઉપર ફળના ગુચ્છાઓ આવે છે. એનું અથાણું પણ કરે છે. **રાયઆમળી:**—તૂરી, ખાટી, કડવી, રુચિકર, પ્રિય, રૂક્ષ, સ્વાદિષ્ટ, વાતુલ, લઘુ, વિશદ તથા સુગંધવાળી છે; અને કિંચિત્ મધુર છતાં કફ, પિત્ત, વાતપિત્ત, મૂત્રાશ્મરી તથા અર્શનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) જુલાબ થવા માટે:**—રાયઆમળીની છાલના રસમાં મરીની ભૂકી, પાંચ લવંગ અને ખીલી વાટી તે રસ પાવો. ઉતાર–ઘી અને ભાત. **(૨) અંગ ઉપર પિત્ત ઉઠે છે તે ઉપર:**—રાયઆમળીનાં પાંદડાંનો અથવા રાયઆમળીનો રસ કાઢી તેમાં ઘી અને મરીની ભૂકી નાખી સારી રીતે કઢવી તેનો સર્વાંગે લેપ કરવો. **(૩) નાડી-વ્રણ ઉપર:**—રાયઆમળીની છાલનો રસ ૨ તોલા તથા આમળાંની છાલનો રસ ૩ તોલા એકત્ર કરી તેમાં પાંચ તોલા ગાયનું ઘી નાખી ૭ દિવસ પાવું.

૪૯૬ રાયણ—સં० રાજાદની. મ० ખીરણી, રાંજણી. હિં० ખીરની. બં० કશીરની, ક્ષીર-ખેજૂર. ક० ખીરણીમારા. ઈં० ઓબટયુસલીવ્હડ માઇમુસોપ્સ. લા० માઇમુસોપ્સે હેગઝાંડ્રા.

રાયણનાં ઝાડ ગુજરાત પ્રાંતમાં ઘણાં થાય છે. એ ઝાડ મોટાં થાય છે. રાયણનાં પાંદડાં બકુલીનાં પાંદડાં જેવડાં હોય છે અને ફળ કડવા લીમડાની લિંબોળીઓ જેવાં હોય છે. એ ફળમાં દૂધ હોય છે. તેનાં પાકાં ફળને " રાયણ " અને સૂકવેલાંને " કોકડી " કહે છે. એ ફળ ખાવાથી મીઠાં લાગે છે. તે ઘણાં ઉષ્ણ છે. રાયણનું લાકડું કઠિન અને ચીકણું હોય છે; માટે રંગારી લોક રંગેલા કપડાની કુંદી કરવા માટે તેની સોટીઓ કરે છે. **રાયણ:**—મધુર, ગુરુ, તર્પણ, વૃષ્ય, સ્થૂલતાકારક, હૃદ્ય, શીતળ, ગ્રાહક, સ્વાદુ, તૂરી, પાકકાળે ખાટી, ધાતુવર્ધક, મલ-સ્તંભક, રુચિકર અને પૌષ્ટિક છે. વળી તૃષા, મૂર્ચ્છા, મદ, ભ્રાંતિ, ક્ષય, ત્રિદોષ અને રક્તદોષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અપસ્માર ઉપર:**—રાયણના ઝાડ ઉપરની ગાંઠો અંગારામાં શેકી તેનો રસ કાઢી તેમાં મધ અને લીંડીપીપરનું ચૂર્ણ નાખી આપવું. **(૨) વાતપિત્ત, પ્રદર અને રક્તપિત્ત ઉપર:**—રાયણ અને કોઠીનાં પાંદડાં ઘીમાં શેકી તેનો કલ્ક આપવો. **(૩) ઋતુ-પ્રાપ્તિ માટે:**—રાયણની મીંજ કાઢી તેની પોટલી યોનિમાં ધારણ કરવી.

૪૯૭ રાસ્ના—સં० બં० ક० તૈ० રાસ્ના. હિં० રાસન, રહસની. ફા० રાસૂન. અ० જંજબિલશામી. લા० વેંડારોકસળુર્ગીઆઇ. ઇ० ટીલોફોરા આસ્થમેટિકા. સિં० રાસન્ના. પં० રિપરીસન્ને, કડુબુદ્ધિ. રા० રાસુણ, હાદોન.

રાસ્નાની મૂળરાસ્ના, પત્રરાસ્ના અને તૃણરાસ્ના, એ ત્રણ જાત છે. તેમાં મૂળરાસ્ના ગુણમાં શ્રેષ્ઠ છે. એને ખડકીરાસ્ના કહે છે. એ વિશેષે કરીને ગુજરાતમાં અને મહારાષ્ટ્રમાં મહાબળેશ્વર, માથેરાન વગેરે પર્વતો ઉપર કવચિત્ મળે છે. એનાં "દાભણા" જેવડાં બારીક મૂળ હોય છે. પત્રરાસ્ના પંજાબ પ્રાંતમાં અને અયોધ્યા પ્રાંતમાં ઉત્પન્ન થાય છે, બીજે સ્થળે મળતી નથી. એનું " કડવી સેના " એવું પણ નામ છે. સિંધી ભાષામાં એને 'રાસન્ના' અને પંજાબીમાં 'રિપરીસન્ને' કે ' કડુબુદ્ધિ ' એવાં નામ છે. એ વર્ષાયુ ક્ષુપ છે. એનાં ઝાડો પેશાવરમાં મળે છે. તે ૪–૬ ફૂટની ઉંચાઈનાં હોય છે. એ તારાકૃતિ ફૂલના વર્ગમાંની છે; જેને ઇંગ્રેજીમાં કંપાઝિટી વર્ગ કહે છે. એનાં પાંદડાં પીલુ(જાળ)નાં પાંદડાં જેવાં હોય છે. રૉયલ સાહેબે હિમાલય ઉપરની વનસ્પતિના વિષયનો જે ગ્રંથ લખેલ છે, તેમાં તે લખે છે કે, તેમણે આ પત્રરાસ્નાનાં પાંદડાં ભૂલીને પીલુ(જાળ)નાં પાંદડાં સમજી ફોકનર સાહેબ તરફ મોકલ્યાં હતાં. પત્રરાસ્નામાં સારક ગુણ છે; પરંતુ મીંઢીઆવળ કરતાં કમી છે. વેપારી લોકો આ સારક ગુણને લીધે મીંઢીઆવળનાં પાંદડાં સાથે આનાં પાંદડાંનો ભેળ કરે છે. સિંધ પ્રાંતમાં ગાંધી લોકો એ વેચે છે. આ પત્રરાસ્નાની અથવા કડવા સેનાનાં પાંદડાંની હાલમાં વૉર્ડન સાહેબે રાસાયનિક પરીક્ષા કરેલી છે. તે સ્વાદમાં ખારાં અને સુગંધી છે. તેમાં ક્ષાર, કૌચુક (રબર જેવો પદાર્થ) અને એકસેન્દ્રિય ખટાઇ પણ જણાય છે. તે ખટાઈનું અદ્યાપિ રસાયનશાસ્ત્રીએ નામ આપેલ નથી અને તેની રાસાયનિક રચના-ની શોધ પણ કોઇએ મેળવેલ નથી. ઉદયચંદ્ર દત્તનો એવો તર્ક છે કે, રાસ્નામૂળ બે જુદી જુદી

વનસ્પતિમાંથી ઉત્પન્ન થાય છે. રાજનિઘંટકારે રાસ્ના પંચકનો ઉલ્લેખ કરેલો છે; પરંતુ બીજા કોઇ પણ નિઘંટમાં તેનું નામ મળી આવતું નથી. ઉપરનાં મૂળ, પત્ર અને તૃણ, એ ત્રણ ભેદ માત્ર પ્રસિદ્ધ છે; પરંતુ એક પ્રકારથી રાસ્નાપંચક પણ થઈ શકે છે. તે એ રીતે કે, બે પ્રકારની નાકુલી(નોળવેલ)નો એમાં સમાવેશ કરવો. એક નોળવેલ અને બીજી કંદ નોળવેલ, એમ બે ભેદ મળી આવે છે. ડૉક્ટર મંત્રીએ ઉત્તર–કાનડા પ્રાંતમાં દેવમણિઘાટ ઉપર મૂળ નોળવેલના નાના રોપા મેળવ્યા છે. તેને સામસામાં આવનારાં પાતળાં પાંદડાં ૪–૫ ઈંચ લંબાઇનાં અને દીર્ઘ આકારનાં હોય છે. તેનું દીંટડું નાનું અને ફૂલનો ઘોસ છેવટે અનિયમિત મંજરી ઉપર આવેલ ધોળા રંગનો હોય છે. ફૂલનો બાહ્યકોશ છૂટો હોતો નથી. નરકેસર પાંખડીના અંદરના ભાગને ચોંટેલી તથા રજકણના પિંડથી વિંટાયેલ હોય છે. આ વનસ્પતિનાં મૂળ કડવાં અને તીખાં છે. તેના ઉપર કરેલા રાસાયનિક પ્રયોગ ઉપરથી તે જીર્ણજ્વર અને આમવાયુ આ બે વિકારમાં રોગીને આપવા લાયક ઠરેલ છે. એનાં મૂળને નાની રાસ્ના કહેવાનો રિવાજ છે. આ રેચક અને અગ્નિ-દીપક છે, એવો દાક્તરોનો પણ અભિપ્રાય છે. કંદ નોળવેલનાં પાંદડાં નાગરવેલનાં પાન જેવાં હોય છે. શોલાપુર જીલ્લાની આસપાસના મોંગલાઈ ઇલાકામાં એક નોળવેલ મળે છે. તેની વેલ તદ્દન બારીક દાભણા જેવી હોઇ તેના ઉપર પાંદડાં મૂળમાં નથી હોતાં. એક વેલીને બીજી આડી વેલી પુષ્કળ ફૂટી વેલીની એક મોટી જાગ બને છે. કંદ નાળીએરના આકારથી લઇ મોટા કોળાના આકાર જેવડા હોય છે. એક બાજુથી તેનો આકાર સર્પની ફણા પ્રમાણે હોય છે. કંદનો રંગ ધોળો હોઇ તે હાથને ખડબચડો લાગે છે. તેના ઉપર નાની નાની ખડબચડી ગાઠો થાય છે. કંદ લાવીને ઘરમાં રાખેલ હોવાથી ત્યાંજ તેને વેલ ફૂટે છે. એ કંદને તે પ્રાંતમાં 'વિષમુગરી' કહે છે અને એનો ઉપયોગ વિશેષ કરીને સર્પ વગેરે વિષારી જનાવરનું ઝેર ઉતારવા માટે કરે છે. ઢોરને સર્પ કરડયો હોય તો આ કંદ છુંદીને રોટલી સાથે ખવડાવે છે. આ પ્રયોગથી તેને રેચ થઈ ઝેર ઉતરે છે. મનુષ્યને સર્પ, વિંછી વગેરેનો દંશ થયો હોય તો દંશની જગ્યાએ આ કંદ છુંદીને બાંધે છે. ગામડામાં રહેનારા લોકો તો મનુષ્યને પણ ઝેર ઉતારવા માટે આ કંદ શુમારે ૭ માસા આપે છે. એ પ્રયોગથી ઉલટી થઈ ઝેર ઉતરે છે. આ કંદની ઉગ્ર વાસ આવે છે. આ પ્રમાણે આ બન્ને નોળવેલ રાસ્નાની જાતિ માની લઇએ તો રાસ્નાપંચક સિદ્ધ થાય છે. નાકુલી, ગંધ નાકુલી, નકુલેષ્ટા, સુગંધા, સુવહ ઇત્યાદિ રાસ્નાનાં નામો છે, તે નોળવેલનાં પણ છે. સિવાય નોળવેલનાં મૂળને રાસ્ના કહેવાની પણ પરિપાટી છે.

રાસ્નાના વેલાને લઘુ નોળવેલ એમ પણ કહે છે. ક્વચિત્ એને **નાયટી** એમ કહે છે; પરંતુ નાયટીને નાની દુધી એમ પણ કહેવાતું હોવાથી રાસ્નાને નાયટી કહેવાય નહિ. રાસ્નામાં વળી ધોળી (ખડકી રાસ્ના) અને કાળી (પાનરાસ્ના) એવી પણ બે જાત છે. ધોળી રાસ્ના ગુજરાતમાં થાય છે. એનાં મૂળ જાડા સોયા જેવાં બારીક હોય છે. રાસ્ના એ વાયુહારક છે. **રાસ્ના:**—ગુરુ, કડવી, ઉષ્ણ, પાચક તથા આમનાશક છે; અને વિષ, વાતરક્ત, દમ, ઉત્તરસ, વિષમજ્વર, સોજો, ઉચકી, કંપ, ઉદર, આમવાત, કફ, શૂળ, તાવ તથા સર્વ પ્રકારના વાયુરોગનો નાશ કરે છે.

ઉપયોગ:—(૧) પક્ષાઘાત, કર્ણનાદ, અર્દિત વાયુ (મોઢું વાંકું થવું), મન્યાસ્તંભ (ડોકનું રહી જવું) એ ઉપર:—રાસ્ના, એરંડમૂળ, રોહીસ ઘાસ, આસોંદ, બળદાણાનાં મૂળ, અડદ અને કૌચનાં મૂળ, એ સર્વ સમભાગ મળી આશરે ૨ થી ૪ તોલા લઈ તેનો કાઢો કરી તેમાં સિંધવ અને હિંગ નાખી પાવો. **(૨) અંડવૃદ્ધિ ઉપર:**—રાસ્ના, ગળો, બળદાણાનાં મૂળ, જેઠીમધ, ગોખરૂ અને એરંડમૂળનો કાઢો એરંડતેલ નાખી પાવો. **(૩) સર્વ પ્રકારના વાયુ ઉપર:**—રાસ્ના, કાંટાસરીઓ, નાગરમોથ, અરડુસી, ગળો, ગોખરૂ, વજ, દેવદાર, હરિતકી, કચોરા, સુંઠ, લીંડીપીપર, મરી, રિંગણી, ધાણા, અતિવિષ, શતાવરી, બળદાણાનાં મૂળ, એરંડમૂળ, સુવા, સાટોડી, ચવક અને ઉભી રિંગણીનો કાઢો કરી તેમાં સુંઠની ભૂકી નાખી પાવો. **(૪) આક્ષેપક, સર્વધાતુગત વાત, આમવાત અને સર્વાંગવાત ઉપર:**—રાસ્ના, ગળો, દેવદાર, સુંઠ અને એરંડમૂળનો કાઢો દિવસમાં બે વાર આપવો. **(૫) સર્વ વાયુ ઉપર:**—રાસ્ના, ગોખરૂ, એરંડમૂળ, દેવદાર, સાટોડી,

ગળો અને ગરમાળાનું મગજ, એ સર્વના કાઢામાં એક માસો સુંઠનું ચૂર્ણ નાખી પાવાથી નિ:સંશય સર્વ પ્રકારના વાયુનો નાશ થાય છે. **(૬) શ્વાસ, કાસ, અગ્નિમાંદ્ય અને શીતજ્વર ઉપર:**—રાસ્ના, સુંઠ અને લીંડીપીપરનો કલ્ક કરી ગરમ પાણીમાં પાવો.

૪૯૮ રાળ—સં૦ ક૦ સર્જરસ, રાલ. હિં૦ રાલ. મ૦ રાળ. બં૦ ધુના. ફા૦ રાલેમગરેબી. અ૦ કિકહર. ઈં૦ યલોરેઝીન. લા૦ રેઝિનાફ્લેવા. ફ્રિં૦ નારૂસ.

રાળનું વૃક્ષ—સં૦ અજકર્ણ, સર્જક. મ૦ રાળ. હિં૦ હેદ, સાલ. બં૦ ઝાજી, શાલ. ક૦ સજ્જર દમર. તૈ૦ શાલમુ, વેજિનાચટ્ટુ. મલા૦ શાલ વૃક્ષ. તા૦ વેળેકુન્નારિકં. ઇ૦ સાલટ્રી. લા૦ વેટેરીઆ ઇંડિકા, શોરીઆ રોબુસ્ટા.

એ ઝાડ **બંગાળા, આબુના પહાડ** અને **ઉત્તર હિંદુસ્તાનમાં** થાય છે. રાળ બે-ચાર જાતનાં ઝાડમાંથી ઉત્પન્ન થાય છે. એ ઝાડમાંથી જે રસ નીકળે છે તેની રાળ થાય છે.* રાળ ઘણી જાતનાં વૃક્ષમાંથી નીકળે છે, પરંતુ આ વૃક્ષમાંથી વધારે પ્રમાણમાં નીકળે છે. **રાળનું ઝાડ:**—તીખું, કડવું, ઉષ્ણ, શીતલ, તૂરૂં, વ્રણરોપણ, વર્ણકારક તથા રૂક્ષ છે; અને અતિસાર, પિત્ત, રકતદોષ, કોઢ, કફ, કંડૂ (ખરજ), વિસ્ફોટક, વાયુ, પરસેવો, વ્રણ, કૃમિ, વર્ષ્મરોગ, વિદ્રધિ, બહેરાપણું, યોનિશૂળ, કર્ણશૂળ તથા પ્રમેહનો નાશ કરે છે. **મોટું રાળનું ઝાડ:**—રૂક્ષ, કાંતિકર, તીખું, ઉષ્ણ તથા સ્નિગ્ધ છે; અને કફ, પાંડુ, પિત્ત, કર્ણરોગ, રકતદોષ, મેદ, કોઢ, વ્રણ, વિષદોષ, ઉરક્ષત, કંડૂ, વાત તથા શિરોરોગનો નાશ કરે છે. **એનાં ફળ:**—મધુર, રૂક્ષ, શીતલ, સ્તંભક, ગુરુ, તૂરાં, લેખન તથા મલાવષ્ટંભક છે; અને શૂળ, વાયુ તથા આધ્માનને કરનાર અને પિત્ત, રકતદોષ, દાહ, ક્ષતક્ષય તથા તૃષાનો નાશ કરનાર છે. **રાળ:**—શીતલ, સ્નિગ્ધ, તૂરી, કડવી, ગુરુ, ગ્રાહક, સ્વાદુ, સ્તંભન, વ્રણરોપણ, ભગ્નસંધાનકારક તથા મધુર છે; અને વાત, પિત્ત, ત્રિદોષ, રકતદોષ, વિસ્ફોટક, કંડૂ, વ્રણ, શૂળ, સ્વેદ, જ્વર (તાવ), વિસર્પ, ગ્રહબાધા, અગ્નિદગ્ધ વ્રણ, વિપાદિકા, વિષ ભૂતબાધા તથા અતિસારનો નાશ કરે છે. એનો ઉપયોગ મલમમાં અથવા ઉપર ચોપડવાના લેપમાં પુષ્કળ થાય છે. હાડ દુખવામાં અથવા સોજો આવેલ હોય તો તેના ઉપર ગુગળ અથવા ગુજર સાથે કિંવા એકલીજ રાળ લઇ તે ઝીણી વાટી પાણીમાં શીજવવી; એટલે તે લેપના કામમાં ઘણી ઉપયોગી થાય છે. **ઉપયોગ:—(૧) સંગ્રહણી ઉપર:**—રાળ ઘીમાં તળી નાગકેસરની સાથે ખવરાવવી. **(૨) બાળકોના અતિસાર અને રકતાતિસાર ઉપર:**—સાકર અને માખણમાં રાળ મિશ્ર કરી આપવી. **(૩)અતિસાર ઉપર:**—રાળનું ચૂર્ણ સાકરમાં આપવું એટલે ઘણા દિવસનો અતિસાર પણ દૂર થાય છે. **(૪) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—રાળ, મીણ અને માખણ એ એકત્ર કઢવી ચોપડવાં. અથવા રાળ બારીક વસ્ત્રગાળ કરી તેમાં તલનું તેલ તથા પાણી નાખી ખરલ કરવું. મલમ તૈયાર થયેથી રૂના પુમડાથી અથવા પીંછાં વડે ચોપડવો. જ્યાં-સુધી પાણી મેલું નીકળે ત્યાંસુધી વારંવાર પાણી નાખતા જવું અને ખરલ કરતા જવું. આશરે ૪ કલાક ખરલ કર્યા પછી આ મલમ તૈયાર થશે. ઘાટો મલમ કરવો હોય તો ઉપર મુજબ કરવું. મલમ પાતળો કરવો હોય તો તેલપાણી પહેલાં આંગળી હલાવી એકજીવ કરી લેવાં. પછી રાળ મેળવી ખરલ કરવું. તેલ તથા રાળ સમાન ભાગ લેવાં. આ મલમ થોડા દિવસ સુધી ઉપયોગી રહે છે. **(૫) રકતાધિક વાતરક્ત ઉપર:**—રાળ અને ઘી કઢવી તેનો લેપ કરતાં જવું. **(૬) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—રાળ બારિક વસ્ત્રગાળ કરી તેમાં તલનું તેલ અને પાણી નાખી ખરલ કરવું અને તે પીંછી અથવા રૂના પુમડાવડે ચોપડવું. **(૭) કાન વહે છે તે ઉપર:**—ત્રણ ભાગ તલના તેલમાં ૧ ભાગ રાળની ભૂકી નાખી રાળનો રસ થઇ તેલમાં મળી જાય ત્યાંસુધી કઢવવું. આ મિશ્રણ ગાળી બાટલીમાં ભરવું અને દિવસમાં ત્રણ વાર કાનમાં નાખવું. **(૮) મૂળવ્યાધિ**

---

* રાળનું મોટું ઝાડ થાય છે. એના ગુંદને રાળ કહે છે. તે ગાયના દહીંમાં અથવા સાકર સાથે ખાવાથી અતિસાર મટે છે. એના લેપથી અથવા એને પીવાથી પ્રદરરોગ જાય છે. એની માત્રા ૭ રતિની છે.

ઉપરઃ—રાળનું ચૂર્ણ અને સરસવનું તેલ (સરસિયું) એકત્ર કરી ધૂપ દેવાથી અર્શ અને રક્તસ્રાવ બંધ થાય છે.×

૪૯૯ રીસામણી (લજામણી)—સં૦ રક્તમાદી, લજ્જાલુ. મ૦ લાજાળુ, લાજરી, સંકોચણી. હિં૦ લજ્જાવંતી, છુઈમુઈ, શર્માની, લાજવતી. બં૦ લજ્જાવતી, લાજુક. ક૦ મુદ્દિદરેમુરૂટલ, ઓળ મુચ્ચક, મુટ્ટલમુરિકે, લજ્જાવતી. તા૦ તોટ્ટલશરંગિ. તૈ૦ મુનુગુડામારમુ. ઉ૦ નાચિકેડે. મલા૦ તોટ્ટનવાતિ. લા૦ માઇમોસા સેન્સિટિવા. વ૦ શમી.

એ ઝાડ નાનાં હોય છે. એમાં નાની અને મોટી એવી બે જાત છે. મોટી જાતનાં ઝાડને બારિક કાંટા હોય છે. રીસામણીનાં પાંદડાં આમલીનાં પાંદડાં જેવાં હોય છે. એ પાંદડાંને સ્પર્શ કરવાથી તે લાગલાંજ સંકોચાઇ જાય છે, એ આ ઝાડમાં મોટો ચમત્કાર છે. **રીસામણી (લજામણી)**:—તીખી, શીતલ, કડવી, તૂરી, સ્વાદુ તથા રૂક્ષ છે; અને વાયુ, પિત્ત, કફ, રક્તદોષ, રક્તપિત્ત, યોનિદોષ, અતિસાર, સોજો, શ્રમ, વ્રણ તથા કોઢનો નાશ કરે છે. **નાની રીસામણી**:—તીખી, ઉષ્ણ, પારદનિયામક અને અનેક વિજ્ઞાનકારક તથા આમદોષનાશક છે. ઉપયોગ:—(૧) **ગંડમાળા, અપચી, ગલગંડ અને કમળા ઉપર**:—રીસામણીનો અથવા ગોરખમુંડીનો સ્વરસ ૨ થી ૮ તોલા સુધી ખાવા આપવો. (૨) **અંડ ઉતર્યો હોય તે ઉપર**:—રીસામણીનાં પાંદડાં વાટી ગરમ કરી અંડે બાંધવાં. (૩) **સ્ત્રીઓનું યોનિદ્વારે અંગ બહાર પડે છે તે ઉપર**:—રીસામણીનાં પાંદડાંનો રસ અથવા મૂળ ઘસી હાથે ચોળી તે હાથે અંદર બેસાડવું. આ ઔષધ સુયાણીએ કરવું. (૪) **આંખની કાળી કીકી ઉપર પડળ (પડદો) આવે છે તે ઉપર**:—રીસામણીનાં પાંદડાંનો રસ અને ઘોડાનું મૂત્ર સમભાગે એકત્ર કરી અંજન કરવું. (૫) **ઉટાંટીઆ** (બાળકોને થતી કુકડીઆ ઉધરસ) **ઉપર**:—રીસામણીનાં મૂળનું ચૂર્ણ મધમાં આપવું. (૬) **મૂળવ્યાધિ ઉપર**:—રીસામણીનાં પાંદડાંનો રસ દિવસમાં બે ત્રણ વાર મૂળવ્યાધિ ઉપર ચોપડવો.

૫૦૦ રુદ્રાક્ષ—(લા૦ ઇલ્લયો કૅાર્પસ ગૅનીટસ.) રુદ્રાક્ષનાં મોટાં મોટાં ઝાડ થાય છે. એનાં પાંદડાં ગંગેરી નાગરવેલના પાન જેવાં હોય છે. કોંકણના કેટલાક ભાગમાં એ ઝાડ થાય છે. એમાં નાની અને મોટી એવી બે જાત છે. એના ફળમાંનાં બીજને રુદ્રાક્ષ કહે છે. રુદ્રાક્ષની માળા કરી તે ગળામાં પહેરે છે. કેઇ કોઇ એ માળા રૂપામાં કે સોનામાં ગંઠાવે છે. મૈસુરમાં તથા તેની આસપાસ પણ એનાં ઝાડ ઘણાં થાય છે. **રુદ્રાક્ષ**:—ખાટી, ઉષ્ણ તથા રુચિકર છે; અને વાયુ, કફ, શિરપીડા, ભૂતબાધા તથા ગ્રહબાધાનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **મધુરા ઉપર**:—

× **રાળનો મલમ**:—(સર્વ પ્રકારના ભયંકર વ્રણ ઉપર) રાળ ૫ તોલા, કાથો શુદ્ધ ૫ તોલા, તલનું તેલ ૫ તોલા, ફટકડી ૧૦ તોલો, મોરથુથુ ૧૦ તોલો, તથા પાણી ૫ તોલા, પ્રથમ સર્વ સૂકી ઔષધિને બારીક ખાંડી લેવી. પછી તેલ અને પાણી બંનેને મેળવી આંગળીઓથી હલાવતા રહેવું. જ્યારે એકરસ થઇ જાય ત્યારે ઉપરની વસ્તુઓનું બારીક કરેલ ચૂર્ણ મેળવી દેવું. પછી ત્રણ મિનિટ ચૂલા ઉપર રાખી હલાવતા રહેવું. ત્યારપછી ઉતારી મલમ ડબ્બીમાં ભરી લેવો. ફૂટેલા ફોડા ઉપર—એક કપડાપર મલમ ચોપડી વચમાં છેદ કરી લગાડવો. રોજ પટી બદલવી. વિના ફૂટેલા ગુમડા પર છિદ્ર કરવાની જરૂરત નથી. વિના ફૂટેલા ગુમડાપર મલમવાળી પટી લગાડી ઉપર શેક કરવો. આવી રીતે કરવાથી બે દિવસમાં ગુમડું ફૂટી જશે. પછી છિદ્ર કરીને પટી લગાડતા રહેવું. આ મલમ વ્રણને ફોડે પણ છે અને રૂઝવે પણ છે.

બીજા પ્રકારનો રાળનો મલમ:—(વ્રણ ઉપર) રાળ તો. ૧૦, સફેદ કાથો તો. ૪, મુરદારસંગ તો. ૨, એ સર્વને અલગ અલગ વાટી લેવાં. પછી રાળમાં ૨॥ તોલા સરસવનું તેલ મેળવી એક સાફ પથ્થર પર રગડતા જવું. જ્યારે પથ્થર અરસપરસ ચોંટી જાય એટલી ચીકાસ આવી જાય (માખણ જેટલું નરમ મિશ્રણ બની જાય) ત્યારે કાથો તથા મુરદાર સંગ મેળવી પુનઃ રગડવું. જ્યારે સર્વ બરાબર મળી જાય ત્યારે મલમ ડબ્બીમાં ભરી લેવો. સર્વ પ્રકારનાં પૈત્તિક વ્રણને થોડા સમયમાં ભરી આપે છે. અરધા ઇંચના ઉંડા વ્રણના ઘાને સાફ કરી થોડાજ દિવસમાં ભરી આપે છે.

રુદ્રાક્ષ મધમાં ઘસી ચટાડવી.

૫૦૧ રેણુકા (રેણુકબીજ)—સં૦ હિં૦ બં૦ ક૦ રેણુકા. મ૦ રેણુકબીજ. લા૦ વ્યા-ટેક્સ સ્પેસીઓસા. કા૦ રેણુકા.

× આ વેલો મેવાડ પ્રાંતમાં થાય છે, એનાં બીઆંને 'રેણકબીજ" કહે છે. આ વેલ નાગરવેલ જેવી હોય છે. રેણુકબીજ કંકોળી જેવાં અને તે કરતાં થોડાં મોટાં હોય છે. એનો રંગ કાળો હોય છે. **રેણુક:**—તીખી, શીત, મુખને સ્વચ્છ કરનારી, કડવી, લઘુ, પિત્તકર, અગ્નિકર, મેધ્ય, પાચક તથા ગર્ભપાતકારક છે; અને ખુજલી, કંડૂ, તૃષા, દાહ, વિષ, કફ, વાયુ, નપુંસકત્વ, દુર્બળતા તથા ગુલ્મનો નાશ કરે છે. એનાં બીઆંના પણ એવાજ ગુણો છે. **ઉપયોગ:—(૧) ઉચકી (હેડકી) ઉપર:**—રેણુકબીજ તથા લીંડીપીપરનો કાઢો કરી તેમાં શેકેલી હિંગ નાખી પાવો; એટલે પાંચ પ્રકારની ઉચકી દૂર થાય છે. **(૨) પક્ષાઘાત ઉપર:**—રેણુકબીજનો કાઢો પાવો. **(૩) પિત્તગુલ્મ ઉપર:**—રેણુકબીજનું ચૂર્ણ મધમાં નાખી પાવું.

૫૦૨ રેવંચી—સં૦ રેચના, રેવટ્ચીની. મ૦ રેવાચીની. હિં૦ રેવંદચીની. બં૦ રેઉચીની. ચિની૦ વ્હાગ, હાંગ. નેપા૦ પદમચાલ. ગઢવાલી અરચૂ-દૂ. અફ૦ રવાશ-ચુકિ. ફા૦ રેવન. અ૦ રાવંદ. ઇં૦ રૂબાર્બ. લા૦ રેહરેહિકસ, હ્રિયમ ઇમોડી-ઓફીસિનલ.

આ સુંદર નાનું ક્ષુપ છે. એ ચુકાના ઝાડ કરતાં ઘણુંજ મોટું એટલે સરેરાશ ૫-૬ ફુટ સુધી ઉંચાઇનું હોય છે; અને જમીનમાંથી ૧ મુખ્ય અથવા વચ્ચેનું દીંટડું નીકળી તેની બાજુએ ચારે તરફ દીંટડાની શાખાઓ નીકળે છે. એનાં પાંદડાં પીંપળાનાં પાંદડાં જેવાં ગોળ અને મોટાં પસરેલાં હોય છે. તે ઉપરના અંગે ફિક્કા લીલા રંગનાં અને સુંવાળાં હોઇ નીચેની બાજુએ લંબદાર અને પીળા રંગનાં હોય છે. ફૂલો અવ્યવસ્થિત મંજરી ઉપર આવી લાલ રંગનાં હોય છે. રૂહીમ ઓફીસિનલ જાતિનાં ઝાડો ઉપર સફેદ રંગનાં ફૂલો આવે છે. રેવંચીની અનેક જાતો છે. તેમાંની ૫-૬ મુખ્ય છે. આ સર્વનું દેશી નામ એકજ છે. રેવંચી—રૂશિયા, તુર્કસ્તાન, ચીન, તિબેટ અને કાસ્મીરથી નેપાળસુધી હિમાલય પર્વતના ૯૦૦ થી ૧૬૦૦ ફુટ સુધી ઉચ્ચ પ્રદેશ ઉપર ઉત્પન્ન થાય છે. પહેલી ચાર જાત હિમાલય ઉપર ઉત્પન્ન થનારી છે. હ્રિયમ પોમેટમ જાતનાં રેવંચીનાં ઝાડોનું વાવેતર ૨૦૦-૩૦૦ વર્ષ પહેલાંથી ચીનના કન્સૂ પ્રાંતમાં કુકુ—નોર સરોવરની આજુબાજુએ અને ગયા શતકથી એશિયાખંડમાંના રૂશિયાના પ્રદેશમાં ઘણુંજ થવા લાગ્યું છે; પરંતુ તેમાંથી ચિનાઇ રેવંચી સમાન રેવંચી ઉત્પન્ન થતી નથી. ઇંગ્લાંડમાં બેનબરી નજીક બોડીકોડ નામના ગામમાં હ્રિયમ રાપોન્ટિકમ જાતના ઝાડનું પુષ્કળ વાવેતર થતું અને એ ઝાડમાંથી બજારમાં મળનારી 'બેનબરી' નામની રેવંચી ઉત્પન્ન થતી. એ ચીની રેવંચી કરતાં ઓછી કડવી હોઇ તેમાં ચીકણાપણું અને તુરાશ જાસ્તિ હોય છે. સિવાય એનાં મૂળ પણ ચીની રેવંચીનાં મૂળ કરતાં અધિક છિદ્રવાળાં, વધારે નરમ અને સહજમાં ભાગી જાય તેવાં હોય છે. મુખ્યત્વે કરીને એની ભૂકી કરીને વેચવાને મોકલે છે. હિમાલય ઉપર ઉત્પન્ન થનારાં ઝાડમાંથી રેવંચી કાઢવાને વેપારી લોકો યોગ્ય લક્ષ આપતા નહિ હોવાથી અને વિલાયતથી આવનારી સસ્તી મળતી હોવાથી હિંદુસ્તાનમાં તેનોજ ખપ વધુ થાય છે. ચીની અથવા ઇસ્ટ ઇન્ડિયન રેવંચી મુદ્દામ મંગાવ્યા વિના હિંદુસ્તાનમાં આવતી નથી, એમ ડૉકટર ડિમક લખે છે. ચીનાઇ રેવંચી કાનસા અને ઝેશૂ પ્રાંતમાંના ડુંગર ઉપર ઉત્પન્ન થાય છે તથા ત્યાંથી વિલાયત જાય છે. તિબેટના અગ્નિદિશા તરફના પ્રદેશમાં જે રેવંચી ઉત્પન્ન થાય છે, તેનો થોડો ઘણો વેપાર બંગાળી લોકોમાં થાય છે. દક્ષિણ સિકિમ પ્રાંતમાં ત્યાંના રબારી રેવંચીનાં મૂળ એકઠાં કરે છે; પરંતુ મુસલમાન વેપારીઓ સિવાય તે કોઇ વેચાતાં લેતા નથી. રેવંદચિની એ નામના નેપાળ તરફના પહાડમાં રૂમેકસ નેપ્લેન્સીઝ મૂળ ઉત્પન્ન થાય છે અને તે બંગાળામાંના ગાંધીઓ પાસે વેચાતાં મળે છે, એમ ડૉકટર કનૈયાલાલ દેવે પોતાના ગ્રંથમાં એક ઠેકાણે લખેલું છે.

× રેણુકબીજ એ અપ્રસિદ્ધ વનસ્પતિ છે. રેણુકબીજને બદલે વૈદો નગોડનાં બી(સમાલુ)ને ઉપયોગમાં લે છે.

ઐતિહાસિક શોધ ઉપરથી એમ માલમ પડે છે કે, સને ૧૭૩૨ ની સાલથી રેવંચી એ વનસ્પતિની યુરોપીયન વૈદ્યોને માહિતી મળી. તે પહેલાં ફક્ત ચીનાઈ લોકોને એની માહિતી હતી; કારણ એના ગુણદોષ શુમારે ૩૦૦-૩૨૫ વર્ષ પહેલાં લખેલા એક ચીનાઇ ભાષામાંના વૈદ્યક ગ્રંથમાં લખેલ મળે છે. આર્ય વૈદ્યોને એ અતિ પ્રાચીન કાળથી માલૂમ છે. આત્રેયે (પુનર્વસુ મુનિએ) "ક્ષીરણી" નામથી "શોધન" ઔષધોમાં તેની ગણના કરેલ હોઇ ૭૦૦-૮૦૦ વર્ષ પહેલાં રાજનિઘંટકારે પણ તેના ગુણદોષનું વર્ણન કરેલ છે. તે યુરોપીયન શોધકોના વર્ણનથી મળે છે. આરંભમાં રેવંચીનાં નામો આપેલ છે. તેમાં ક્ષીરિણી, કાંચનક્ષીરી, હિમદુગ્ધા ઈત્યાદિ જે નામો છે, તે ઉપરથી એ વનસ્પતિમાંથી સોના જેવો પીળો રસ નીકળે છે એ ખુલ્લું થાય છે. યુરોપીયન શોધકોએ આ પીળા રસનો ઉલ્લેખમાત્ર પણ કરેલ દેખાતો નથી; પરંતુ એ ઉપરથી એટલુંજ સમજવાનું કે, રસ આપનારી જાત તેમને મળેલ નહોતી. ચીનાઇ વેપારીઓ રેવંચીનાં મૂળ બીજા દેશમાં મોકલતી વખત તેની ઉપરની છાલ કાઢી કકડા કરી મોકલે છે. એ વનસ્પતિ બીજાથી ઓળખાય નહિ માટેજ તેઓ એમ કરતા હોય એમ જણાય છે. કેટલાંક વર્ષો પહેલાં એટલે રૂશિયાએ ચીનની સરહદથી પોતાની સરહદ મેળવ્યા પહેલાં ૮-૧૦ રૂપિયે રતલના ભાવથી તે વેચાતી હતી.

પ્રૉફેસર ફ્લુકીગર અને ડૉ. હેનબેરિનો મત એવો દેખાય છે કે, રેવંચી જેને ઇંગ્રેજીમાં રૂબાર્બ કહે છે તે વનસ્પતિની યુરોપીયન ડૉક્ટરોને ગ્રીક વૈદ્યો પાસેથી માહિતી મળી. રેવંચીનાં મૂળ-કંદ પહેલાં ચિનાઈ તાર્તરી અને તિબેટથી યુરોપમાં જતાં હતાં અને તે જે નિરનિરાળા રસ્તાએ જતાં હતાં તે રસ્તા ઉપરથી "આયાસડોર" નામના લાટીન ગ્રંથકારે તેને નિરનિરાળાં નામો આપેલ હતાં. તે આ પ્રમાણેઃ—૧ રેવદશેની (ચીની), ૨ રેવદબર્બરિકં અને ૩ રેવદતુર્કીકં. રેવદબર્બરિકંમાંથી "હેબર્બરક" અને તેમાંથી ઇંગ્રેજી રૂબાર્બ એવું અપભ્રંશ નામ પડયું છે. ઇંગ્રેજી અને રૂશિયન અધિકારીઓએ ખરી રૂબાર્બની ઉત્પત્તિ અને તેનું સ્થાન શોધી કાઢવાને પુષ્કળ પ્રયત્નો કર્યો; પરંતુ ચીનના બાદશાહનો ત્યાંના અધિકારીઓને એવો સખ્ત હુકમ હતો કે, કોઇએ બીજા દેશના મનુષ્યોને રેવંચીના ઉત્પત્તિસ્થાન નજીક જવા દેવું નહિ અને તે ઠેકાણે કોઇ ચોરીથી ગયેલો મળી આવે તો તેનો શિરચ્છેદ કરવો.

એની ગાંગડીમાંથી પીળો રજ જેવો પદાર્થ, રાળ જેવો પદાર્થ અને અવશિષ્ટ પદાર્થ, એમ ત્રણ પદાર્થો મળે છે. એ સિવાય 'ઇમોદીન' એ એક તેમાંનો ક્રિસોફયાનિક એસીડ દ્રવ્યની પ્રકૃતિનું મળેલ છે. તે કેટલાક વખત સુધી હવામાં સૂકવવાથી તેનો સ્ફટિક બને છે. રેવંચીનો ગુણ એના ઉપર આધાર રાખે છે. તે સુંદર અને સારક હોઇ સ્તંભનનું પણ કામ કરે છે. આથી યુરોપીયન લોકો મળશુદ્ધિ માટે રૂબાર્બનો વિશેષ ઉપયોગ કરે છે. એના ફ્રાંટ, નિષ્કર્ષ, અર્ક, આસવ, અવલેહ, ગુટિકા, મિશ્ર ચૂર્ણ એવા સાત કલ્પ ડૉક્ટર લોકો કરે છે. મિશ્ર ચૂર્ણ બે વરસના બાળકને આપવાના ઉપયોગમાં આવે છે. આ ચૂર્ણમાં રેવંચી, સુંઠ અને મ્યાગ્નિશિયા નાખે છે.

હિમાલયના ઉપરના ગઢવાલ જીલ્લાના ભુટિયા લોક "હ્રિયમ ઇમોડી" જાતનાં રેવંચીનાં મૂળ, મજીઠ અને ક્ષાર, આ ત્રણના મિશ્રણથી કપડાને લાલ રંગ ચઢાવે છે. સિવાય તે લોક એનાં નાળ (ડાંટડાં, કાતરીઓ) બાફી અથવા કૂટીને મીઠું નાખી ખાય છે; તેમજ તેનો મુરબ્બો અને અથાણું પણ કરે છે. આવી રીતે ઉપયોગમાં ચટણીતરીકે કામ આપવા ઉપરાંત મળની શુદ્ધિ કરે છે. ડૉક્ટર સર જ્યોર્જ વૉટે એની પરીક્ષા કરવાને લાહોલ પ્રદેશમાં રેવંચીનાં દાંટડાં બાફીને ખાધાં. તેનાથી તેમને ખૂબ જુલાબ લાગ્યો. હ્રિયમ મુરક્રોફિટયેનમ્ જાતના મૂળમાં ઔષધિ ગુણ "હ્રિયમ ઇમોડી" જેવાજ છે. તેનો ઉપયોગ ઉનને પીળો રંગ ચઢાવવાના કામમાં થાય છે. પંજાબમાં જંબુ નજીકના સિયાલકોટ મુકામે એની ઉપર લખેલી કૃતિ જોવામાં આવે છે. મૂળનો ભૂકો કરી બે દિવસ સુધી ઠંડા પાણીમાં પલાળી રાખે છે. તે પછી મિશ્રણ ઉકાળી તે ઉકળતા પાણીમાં વસ્ત્ર બોળે છે, એટલે હલકો પીળો રંગ ચઢે છે. તેમાંજ થોડી હળદરની ભૂકી નાખવાથી ભપકાદાર રંગ થાય છે. 'હ્રિયમ નોબાઇલ' જાતના ઝાડનાં સૂકવેલાં પાંદડાં તંબાકુને બદલે વપરાય છે. એનીજ એક નાની પેટાજાત છે, તેનો ઉપયોગ તિબેટમાં તંબાકુને બદલે પુષ્કળ કરે છે. તેને તિબેટી

લોક "ચુલા" કહે છે. 'હ્રિયમ સ્પિસિફૉર્મ' જાતિનાં ઝાડો અફગાનિસ્તાનના ઘણાક ભાગમાં પોતાની મેળે ઉગે છે. જ્યારે લીલાશ પર એનાં પાંદડાંની ડાંડલીઓ હોય, ત્યારે તેને 'રેવશ' કહે છે અને આસપાસ પથ્થર અને ખડીના ઢગલા કરીને તે ધોળાં થાય ત્યારે તેને 'ચૂકરી' કહે છે. એના તાજા દાંડા ચૈત્ર-વૈશાખમાં પેશાવર શહેરમાં આવે છે અને તે ત્યાંના લોક લીલા અથવા બાફીને ખાય છે તેમજ તે સુકવી રાખે છે અને તેનું અથાણું પણ કરે છે. રેવંચીનાં મૂળ ઉકાળવાથી અથવા શેકવાથી તેમાંનો રેચક ગુણ ઘણોજ કમી થાય છે.

આ વનસ્પતિનો ઉપયોગી ભાગ મૂળ છે અને એનો મુખ્ય ગુણ રેચક છે. આ રેચક ગુણના અંગભૂત બીજા કેટલાક રોગ સારા કરવાનો ગુણ એમાં છે. શિલા ઉપર છાપવાનો મજકુર જે કાગળ ઉપર લખે છે, તે કાગળ રેવંચીનો શીરો ચોપડીનેજ પીળો કરેલો હોય છે. એ સિવાય રંગના કામમાં સ્વતંત્ર રૂપથી અને બીજા રંગ સાથે મસળીને પણ આનો પુષ્કળ ઉપયોગ થાય છે.

રેવંચીનાં ઝાડ હિમાલય પર્વત ઉપર અને ચીન દેશમાં થાય છે. ચીન અને ચિનાઈ તાર્તરી એ દેશમાં રેવંચીની ઉત્પત્તિ ઘણીજ થાય છે. રેવંચીનાં ઝાડ **મલબાર, ત્રાવણકોર, ખંડાળાના ઘાટ અને બોરઘાટ,** એ ભાગોમાં પણ થાય છે. રેવંચીના ઝાડમાં એક પ્રકારનું પીળું રાળમય દ્રવ્ય રહે છે; તેને લોક **"રેવંચીનો શીરો"** કહે છે. એમાં રેચક ગુણ હોવાથી રેચ આપવાને માટે તેનો ઉપયોગ થાય છે, તેમજ રંગ માટે પણ ઉપયોગ થાય છે. એ ઝાડ શુમારે છ-સાત હાથ ઉંચું વધે છે તથા તેના ઉપર કોકમ જેવડાં ફળ આવે છે. દક્ષિણમાં કેટલેક સ્થળે તેને **"તાવીર"** કહે છે. રેવંચીનાં મૂળનો ઔષધોમાં ઘણો ઉપયોગ થાય છે. **ઉપયોગઃ—(૧) રેચ માટેઃ**—રેવંચીના શીરાનું માસો દોઢ-માસો ચૂર્ણ કરી શક્તિ પ્રમાણે ગોળમાં, સાકરમાં અગર મધમાં આપવું એટલે રેચ થશે. **ઉતાર**—ઘી અને ભાત. **(૨) મૂત્રરેચન માટેઃ**—રેવંચી, સુરોખાર, ચણકબાબા તથા એલચી, એ સમભાગે લઇ ચૂર્ણ કરી તે ૭ માસા ચૂર્ણ, પાશેર પાણી અને પાશેર દૂધ એકત્ર કરી ભાંગની માફક બે વાસણમાં ઉલટાવી ઉલટાવીને પાવું. **(૩) બાળકને ફોલ્લીઓ થાય છે તે ઉપરઃ**—રેવંચીનું લાકડું પાણીમાં ઘસી લેપ કરવો. **(૪) નાનાં બાળકોને રેચ માટેઃ**—રેવંચી કિંવા રેવંચીનો શીરો દૂધમાં ઘસી શક્તિ પ્રમાણે પાવો. **(૫) કમળી ઉપરઃ**—રેવંચી દૂધમાં ઘસી ૭ દિવસ પાવી.×

૫૦૩ રોમફળ (કરમલ)—સં૦ ભવ. મ૦ ન્હીવ, ઓટફળ. હિં૦ રોમફળ. ક૦ નીવે. ફા૦ ચકી. લા૦ ગારસાનીઆં ઝેંથેચાઈમિસ્. બં૦ ચાલતે.

એ ઝાડ દક્ષિણ કોંકણમાં ઘણાં થાય છે. એ ઝાડ મોટાં થાય છે. એને ગોળ ફળ આવે છે. એનાં પાકેલાં ફળ મીઠાં લાગે છે. એ ફળ ઉપર જેમ ફણસ ઉપર કાંટા હોય છે તેવા ઝીણા કાંટા હોય છે. **ઉપયોગઃ—(૧) વ્રણ ધોવાને માટે કાઢોઃ**—રોમફળની છાલ, બાવળીઆની છાલ, કિંજળીની છાલ, કુંભાની છાલ, કડવા લીમડાની છાલ અને પાંદડાં, એ સર્વ ખાંડી તેમાં પાણી નાખી અષ્ટમાંશ ઉકાળો કરવો. આ કાઢાથી માણસને અથવા જનાવરને થયેલ વ્રણ ધોવાથી જલદી રૂઝ આવે છે. **(૨) ઉપદંશ(ગરમી)ના વ્રણ ઉપરઃ**—ઉપલા કાઢાથી દરરોજ વ્રણ સ્વચ્છ ધોઇ કપડાથી સારૂં લુછી, તે ઉપર ગાયના માખણમાં ચીકણી સોપારી અને શંખજીરૂં ઘસી ચોપડવું; એટલે ઘા (જખમ) જલદી ભરાય છે. **(૩) અતિસાર ઉપરઃ**—રોમફળની છાલ વાટી પાવી.

૫૦૪ રોહિણી—સં૦ ક૦ હિં૦ મ૦ માંસરોહિણી. બં૦ ચામારકશા. ઈં૦ રેડવુડ ટ્રી. લા૦ સોયમીડાફેબ્રી ફ્યુગા.

રોહિણીનાં ઝાડ **ખાનદેશ અને નાગપુર** એ પ્રાંતમાં થાય છે. આ ઝાડ ઘણુંજ મોટું થાય છે. એનાં પાંદડાં નાંદરૂખીનાં પાંદડાં જેવાં મોટાં થાય છે. એનાં પાંદડાં કડવા લીમડાનાં ઝાડની પેઠે ડાળીને લાગેલાં હોય છે. રોહિણીને કેરી જેવડાં મોટાં ફળ આવે છે. રોહિણીનું લાકડું

× **સૂચના**—રેવંચી વધારે આપવાથી ઘણીક વખતે તેનું ખરાબ પરિણામ આવેલું દેખાય છે; માટે તે ખાવા આપતી વખત ઘણી સાવધતા રાખવી. રેવંચીનો શીરો પાણીમાં ઘસી ગુમડા ઉપર ભીનો સૂકો ચોપડતા જવાથી તે તુરત ફૂટે છે.

ઇમારતી કામના ઉપયોગમાં આવે છે. એની છાલનો પાકો શિકારી કિંવા સાંબરી રંગ થાય છે. જાજમો અને અંગરખાં વગેરે એ રંગ વડે રંગે છે. **રોહિણી અને (માંસરોહિણી):**—બળકર, રક્તપિત્તપ્રસાદન, પૌષ્ટિક, શીતલ, તૂરી, કંઠશુદ્ધિકર, રુચિકર, સારક, વૃષ્ય તથા મધુર છે; અને વાયુ તથા કૃમિનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કપડાંને શિકારી રંગ ચઢાવવાની કૃતિ:**—રોહિણીની છાલ લાવી તેના બારીક ટુકડા કરવા; તે ૪ દિવસ પાણીમાં પલાળી રાખવી. પછી તે સારી રીતે બાફી તે પાણી બીજા વાસણમાં કાઢી લેવું અને તેમાં કપડાં ભીંજવીને સૂકવવાં. એ પ્રમાણે બે વાર સૂકવી પછી ત્રીજી વખત સાધારણ સૂકવીને માટીની ગાર કરી તેમાં તે કપડું એક રાત્રિભર પલાળી રાખવું. પછી તેમાંથી કાઢી તે પાણીમાં ચોળી તારવી ધોઇ સૂકવવું; એટલે તે પાકા શિકારી રંગનું થાય છે.

૫૦૫ રોહિસ (ઘાસ)—સં૦ દીર્ઘરોહિષક. મ૦ રોશલ ગવત, રોશેગવત્ત. હિં૦ બડા રોહિષ. ક૦ હિરિય ગંજેણિ. લા૦ ઍંડ્રોપગન સોન્થાંટીસ.

રોહિસ ઘાસના જેવુંજ છે. એ કંમરપૂર ઉંચું વધે છે. આ ઘાસનો સુવાસ આવે છે. એને બીઆં પણ આવે છે. તેની સુગંધી વાયુને લીધે બગીચામાં આસપાસ ફેલાય છે. આ ઘાસનું તેલ કાઢે છે. તેને "રોહિસ તેલ" કહે છે. **રોહિસ:**—ઉષ્ણ તથા કડવું છે અને કફ, પિશાચબાધા, ગ્રહપીડા, ઉપદંશ, વ્રણ, વાયુ તથા વિષનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વાયુએ સાંધા અગર અંગ દુઃખતું હોય તે ઉપર:**—રોહિસતેલ ચોળવું એટલે અંગ દુઃખતું મટે છે. **(૨) રસકપૂરના વિષ ઉપર:**—રોહિસ સાકર નાખી આપવું તથા અંગે ચોળવું.

૫૦૬ લઘુરોહિસ—ઘાસ (રો; રોસ)—સં૦ કતૃણ, લઘુરોહિષ તૃણ મ૦ રોહિસ ગવત, સુગંધ રોહિષ. હિં૦ રોહિસ, સોવિયા, ગંધેજ ઘાસ. બં૦ રામકર્પૂર. ક૦ કિરૂગંજણી, કાચીહુલ્લુ, કડિલ્લુ. લા૦ એન્ડ્રોપોગન્ શિનેંથસ્.

લઘુરોહિસ એ રોહિસ ઘાસ પ્રમાણેજ હોય છે. એ ઘણું કરીને ડુંગરાળ પ્રદેશમાં થાય છે. સૂર્ય-ઘાસ પ્રમાણે આ ઘાસનાં ફૂલો રૂંછાંથી વ્યાપ્ત હોય છે. સૂકાયલા રોહિસ ઘાસનો રંગ રતાશ પડતો હોય છે.* **રોહિસ ઘાસ:**—તીખું, કડવું, તૂરૂં અને સુગંધી છે. એ પિત્ત, કફ, રક્તદોષ, કંઠુ, હૃદ્રોગ, દમ, ઉરસ, તાવ, શૂળ, અજીર્ણ, અરુચિ, વિષૂચિકા, બરોળ, કંઠરોગ, શસ્ત્રનું ક્ષત, વાતરક્ત અને બાલગ્રહનો નાશ કરે છે.

૫૦૭ લવંગ—સં૦ મ૦ બં૦ ક૦ લવંગ. હિં૦ લોંગ. તે૦ લવંગાલ. ફા૦ દરખતેમેહક. અ૦ મિખકકર્નલપૂલ. ઈં૦ ક્લોવ્ઝ. લા૦ કારિયાફાઇલસ એરોમેટિકસ્.

મલાક્કા અને આંબોયના એ દેશોમાં આ ઝાડની ઉત્પત્તિ ઘણી થાય છે. આ દેશમાં પણ લવંગનાં ઝાડ રોપવામાં આવે છે; પરંતુ તેમાંથી સારાં લવંગ ઉત્પન્ન થતાં નથી. એ ઝાડ મોટાં થાય છે અને આઠ નવ વર્ષે ફળે છે. મસાલામાં અને સુગંધી પદાર્થોમાં લવંગનો ઉપયોગ ઘણોજ થાય છે. લવંગનું તેલ કાઢે છે. **લવંગ**—લઘુ, કડવું, ચક્ષુષ્ય, રુચિકર, તીક્ષ્ણ, પાકકાળે મધુર, ઉષ્ણ, પાચક, અગ્નિદીપક, સ્નિગ્ધ, હૃદ્ય, વૃષ્ય તથા વિશદ છે; અને વાયુ, પિત્ત, કફ, આમ,

---

* યદ્યપિ મ૦ પદેજીએ રોહિસ ઘાસની બે જાતો વર્ણન કરી છે; પરંતુ એની ત્રણ જાતો અમારા જાણવામાં આવી છે. એક માથાપૂર ઉંચી વધે છે. તેને લોકો છાપરાં (પર્ણશાળ) ઉપર છાજ નાખે છે, તેથી ચોમાસાનું પાણી તેમાં ઉતરતું નથી. બીજી કમ્મરપૂર ઉંચી થાય છે અને ત્રીજી માત્ર નાની જાત છે. એ ખડસલાતરીકે ઢોરોના માટે લાવેલા ઘાસમાં જોવામાં આવે છે. આ ત્રીજી જાતનાં પાંદડાં વાટીને બાંધવાથી તે નહિ રૂઝાતાં ગુમડાંને રૂઝવે છે. આ ખેડાણ ખેતરોમાં ચોમાસામાં થાય છે. એનો પાલો સાબરસીંગ ઉપર ખૂબ વિંટાળી તેના ઉપર ખૂબ બારીક તાંબાનું પતરૂં ચઢાવી ભઠ્ઠીમાં બાળે છે. એ બાળેલ સાબરસીંગ સાપનું ઝેર ચૂસવાના માટે પાણીમાં ઘસી ડંખ ઉપર રાખવાથી તે ચોંટી જઇ ઝેર ચૂસી પોતાની મેળે ખરી પડે છે. આમ વારંવાર ખરી પડેલ સાબરસીંગ ધોઈ સાફ કરી ફરી ઘસી ચોપડતા જવાથી સાપનું ઝેર નાબુદ થાય છે.

ક્ષય, ઉધરસ, શૂળ, આનાહ વાયુ, શ્વાસ, ઉચકી, વાંતિ, વિષ, ક્ષતક્ષય, ક્ષય, તૃષ્ણા, પીનસ, રક્તદોષ તથા આધ્માન વાયુનો નાશ કરે છે.× **ઉપયોગ:— (૧) શરદી ઉપર:**—લવંગનો કાઢો કરી પાવો. **(૨) મૂર્ચ્છા અને વાયુનો ઝટકો થાય તે ઉપર:**—લવંગ ઘસી અંજન કરવું. **(૩) રતાંધળાપણા ઉપર:**—લવંગ બકરીના મૂત્રમાં ઘસી અંજન કરવું. **(૪) કફ અને ઉધરસ ઉપર:**—ઠીકરૂં દેવતામાં તપાવી લાલ થયા પછી બહાર કાઢી એક વાસણમાં મૂકી તે ઉપર સાત લવંગ નાખવાં. તે શેકાયા પછી ઠીકરા ઉપર ધોળી ગરણીનાં પાંદડાંનો રસ નાખવો; તથા ઠીકરૂં કાઢી લઇ તે રસમાં લવંગ વાટી તે આપવાં. ગરમી થાય તો ધોળી ચણોઠીનાં પાન મોઢામાં રાખવાં. **(૫) દાંત દુખતા હોય તે ઉપર:**—લવંગનો અર્ક રૂ ઉપર નાખી દાંત ઉપર મૂકવો. **(૬) અગ્નિમાંદ્ય, અજીર્ણ અને વિષૂચિકા (કૉલેરા) ઉપર:**—લવંગનો *અષ્ટમાંશ કાઢો કરી પાવો. **(૭) ઉધરસ ઉપર લવંગાદિ વટી:**—લવંગ, મરી, બહેડાંનું દળ, એ સમાન ભાગે અને એ ત્રણેના સમાન ખેરની અંતરછાલ કિંવા ધોળો કાથો નાખી બાવળીઆની અંતરછાલના કાઢામાં ત્રણ માસા વજનની ગોળીઓ કરી રોજ બે-ત્રણ વાર ગોળી મોઢામાં રાખવી; એટલે ઉધરસ જલદીથી દૂર થાય છે. **(૮) કાસાદિક ઉપર લવંગાદિ ચૂર્ણ:**—લવંગ, જાયફળ અને લીંડીપીપર, એ અર્ધો તોલો, મરી ૨ તોલા અને સુંઠ ૧૬ તોલા લઈ તેનું ચૂર્ણ કરીને ચૂર્ણ જેટલી સાકર નાખી આપવું; એટલે પ્રબળ ઉધરસ, જ્વર, અરુચિ, મેહ, ગુલ્મ, શ્વાસ, અગ્નિમાંદ્ય અને સંગ્રહણીનો નાશ થાય છે. **(૯) વિષૂચિકામાં તરસ કિંવા બકારી** (મ૦ ઉમાસા) **થાય તે ઉપર:**—લવંગ કિંવા જાયફળ અથવા નાગરમોથનું પાણી તપાવી ઠંડુ કરીને પાવું. **(૧૦) ઉધરસ, જ્વર, અરુચિ, પ્રમેહ, સંગ્રહણી અને ગુલ્મ ઉપર:**—લવંગ, જાયફળ અને લીંડીપીપર એ એક ભાગ, બહેડાં ૩ ભાગ, મરી ૨ ભાગ અને સુંઠ ૧૬ ભાગ એનું ચૂર્ણ કરી તેના જેટલી તેમાં સાકર નાખી તે ૬ માસા સુધી ખાવું.

૫૦૮ લસણ—સં૦ રસોન. મ૦ લસુણ. હિં૦ લહસન. યુ૦ કાજુવા. બં૦ રસુન. ક૦ બીલિય. બેળુળ્ળિ. તૈ૦ બેળુળીતેલ્લાગડ્ડા. ફા૦ સીર. અ૦ સુમ્બ્રઇસ્કુર્દીપૂન, સુલ્લમ હેયાર. ઇં૦ ગાર્લીકરૂટ. લા૦ એલિયમ્ સેટીવમ. તા૦ મ૦ વેળુળિ. તુ૦ વોળુળિ.

લસણના છોડ ડુંગળીં(કાંદા)ના જેવાજ થાય છે. એના કંદમાં આઠ-દશ કળીઓ હોય છે. એને ડુંગળી જેવાં બીઆં આવતાં નથી. એની કળીઓ વાવવાના કામમાં આવે છે. લસણ સ્વાદને માટે બીજા પદાર્થોમાં નાખે છે. એની ચટણી કરે છે, તેમ કોઈ અથાણું પણ કરે છે. લસણનો ઔષધમાં ઘણો ઉપયોગ થાય છે. એમાં વાયુ નાશ કરવાની શક્તિ છે. લસણમાં ધોળી તથા રાતી એવી બે જાત છે; પણ તે ગુણમાં તો ઘણે ભાગે સરખીજ છે. એક કળીનું લસણ ગુણમાં વધારે છે. **લસણ:**—ગુરુ, ઉષ્ણ, વૃષ્ય, વીર્યપ્રદ, પાકકાળે અને રસકાળે તીખું, રસાયન, તીક્ષ્ણ, સ્નિગ્ધ,

× હિંદુસ્તાની વૈદ્ય—લવંગને ગરમ, પાચક, કફનાશક અને કોપેલા આમને બેસાડનાર માને છે. એજ પ્રમાણે પેટની પીડાનાશક તથા તરસ બંધ કરવાને અને ઉલટી તથા વાયુ આદિને દૂર કરવાને ઔષધતરીકે આપે છે. યુનાની હકીમ—લવંગને ખુશ્ક અને ગરમ માને છે તથા શરીરના બહારના ભાગમાં લગાડવાથી અથવા ખાવાથી એમાં વિષની અસર ઓછી કરવાની તથા માથાના દુખાવાનો નાશ કરવાની શકિત છે, એમ માને છે. વળી એમ પણ માને છે કે, એનું ચૂર્ણ ખાવાથી અથવા ચોપડવાથી દાંતના પારા મજબૂત થાય છે, શ્વાસ સુગંધિત નીકળે છે, કફ બેસી જાય છે તથા પાચનશકિત વધે છે. અંગ્રેજી ઔષધોમાં—લવંગને ગરમ, જાગૃતિકર્તા તથા પેટની પીડાનું નાશકર્તા માનેલ છે. વળી અજીર્ણ અને બીજી બિમારીઓમાં પણ બીજા પદાર્થની સાથે મેળવીને આપે છે. ગર્ભવતી સ્ત્રીઓને જો ઉલટી થતી હોય તો લવંગને ગરમ પાણીમાં ભીંજવીને એ પાણી પીવાની ભલામણ કરે છે.

યદ્યપિ યુનાની હકીમ લવંગ ખાતાં રહેવાથી દાંતના પારા મજબૂત થવાનું બતાવે છે; પરંતુ એ પ્રયોગથી પોતાના દાંતો નષ્ટ થઈ જવાનું અમારા એક મિત્રે અમને ખાસ કહ્યું હતું.

* અષ્ટમાંશ કાઢો એટલે આઠમા ભાગનું પાણી રહે તેવો ઉકાળો.

પાચક, મધુર, ભગ્નસંધાનકારક, કંઠપ્રિય, પિત્તલ, રક્તકોપન, બલકર, વર્ણકર, મેધાકારક, ચક્ષુષ્ય, સ્વાદુ, સારક, અગ્નિદીપક તથા કેશ્ય છે; અને અરુચિ, કફ, વાયુ, કૃમિ, હૃદ્રોગ, સોજો, હેડકી, દમ, જ્વર (તાવ), કોઢ, આમ, પીનસ, શ્વિત્ર, કુષ્ઠ, ગુલ્મ, શૂળ, જીર્ણજ્વર, અગ્નિમાંદ્ય, મલાવષ્ટંભ, ઉધરસ, રાજયક્ષ્મા (ક્ષય) તથા કુક્ષિશૂળનો નાશ કરે છે. **એનાં મૂળ:**—તીખાં, **પાંદડાં:**—કડવાં, **દાંડો:**—તૂરો, **દાંડાનો** અગ્રભાગ ખારો અને **બીઆં** મધુર છે. **લસણ:**—અતિસારી, મેહી, ગર્ભિણી, રક્તપિત્તી, શોષી તથા ઉલટીવાળાઓને આપવું નહિ. એ ઉપર ખાટા, મદ્ય, માંસ એ પદાર્થ હિતકારક થાય છે; તથા વ્યાયામ, દૂધ, ક્રોધ, ઘણું પાણી, તડકો અને ગોળનું સેવન કરવાથી વિકૃતિ થાય છે. ઉપયોગ:—**(૧) કાન વહેતો હોય અને સણકા થતા હોય તે ઉપર:**—તેલમાં લસણ કઢવી તે તેલ કાનમાં પાડવું. **(૨) નવા વ્રણની ગાંઠ, ઉઠાણું (પાકે નહિ એવાં ગુમડાં), ગડું (વિદ્રધિ), કાખમાંજરી વગેરે ઉપર:**—લસણ, ચોળવું એટલે તે ફૂટે છે; અથવા લસણ અને મરીનો લેપ કરવો કિંવા એકલા મરીનો પણ લેપ કરવો. **(૩) શીતળાના ક્ષતમાં કીડા ન પડવા માટે:**—લસણ, રાળ અને હિંગની ધૂણી આપવી; એથી કીડા પડયા હશે તોપણ તેનો જલદીથી નાશ થશે. **(૪) આધાશીશી** ઉપર:—લસણનો રસ નાકમાં પાડવો. **(૫) બરોળ ઉપર:**—લસણ, પીંપળીમૂળ અને હરડાં એકત્ર કરી ખાવાં અને ઉપર ગોમૂત્રનો ઘુંટડો પાવો. **(૬) લોહીવાળા મરડા અને આમવાળા મરડા ઉપર:**—લસણ ૪ તોલા અને થોડાં આકડાનાં કુમળાં પાંદડાં એકત્ર વાટી તેનો રસ ગરમ કરી પાવો. **(૭) સર્વ વાયુ ઉપર:**—૪ તોલા લસણ છોલી તેમાંની મોખ કાઢી નાખી હિંગ, જીરું, સિંધવ, સંચળ, સુંઠ, મરી અને લીંડીપીપરનું ચૂર્ણ એકેક માસો નાખી તેની ગોળીઓ કરી ખાવી અને તે ઉપર એરંડમૂળનો કાઢો પીવો; તેથી પક્ષાઘાત, સર્વાંગ વાયુ, ઉરુસ્તંભ, કૃમિ, શૂળ, કટિશૂળ કુક્ષિશૂળ, તથા પેટમાંનો વાયુ વગેરે સર્વ પ્રકારના વાયુ દૂર થાય છે. **(૮) વ્રણસંબંધી કૃમિ દૂર થવા માટે:**—લસણ વાટી લેપ કરવો. **(૯) કૂતરાના વિષ ઉપર:**—જખમ પાણીવડે ધોઈ પછી લસણ વાટી લેપ કરવો; તથા નવટાંક પાણીમાં લસણ કઢવી અધોળ પાણી બાકી રહે એટલે ઉતારી પાવું અને ભોજનમાં લસણ વધારે ખાવું. એ પ્રમાણે ૭ દિવસ કરવું. **(૧૦) બાળકોના આમ અને સંગ્રહણી તથા મરડા ઉપર:**—લસણની કળી લઈ ઉભી ચીરી તેમાં ૨ તલભારથી અર્ધા અડદના દાણા જેટલું અફીણ ભરી તે કળી કિંચિત્ શેકી ખાવા આપવી. એ નિયમ પ્રમાણે દિવસમાં બે વાર પ્રમાણે બે દિવસ ખવરાવવાથી રોગ મટી જઈ ગુણ આવે છે. મોટા માણસને અફીણ અડદ કરતાં કિંચિત્ કમી આપવું. **(૧૧) અપસ્માર અને અર્દિત વાયુ (મોઢું વાંકું થવું તે) ઉપર:**—લસણ વાટી તલના તેલ સાથે ખવરાવવું અથવા લસણ નાખી કરેલાં અડદનાં વડાં તલના તેલમાં તળી માખણમાં ખાવાં. **(૧૨) શરદીએ કાનમાં ધાક પડયા હોય તે ઉપર:**—લસણની કળી છોલી રૂની અંદર વિંટાળી કાનમાં રાખવી. **(૧૩) આમવાત ઉપર:**—લસણની કળીઓ અર્ધો તોલો ગાયના ઘીમાં તળી ભોજનસમયે પ્રથમ કોળીઆમાં રોજ ખાવી. **(૧૪) અસ્થિભંગ ઉપર લશુનાદિ કલ્ક:**—લસણ, મધ, લાખ અને સાકરનો કલ્ક ઘી નાખી આપવો; એટલે ભાગેલા કે ઉતરી ગયેલા હાડકાનું ઘણું જલદીથી સંધાન થાય છે. **(૧૫) ઉદરરોગ ઉપર:**—શુદ્ધ કરેલું લસણ (છોલી એક રાત્રિ છાશમાં પલાળી રાખી પછી અંદરની મોખ કાઢી નાખવી તે) એક ભાગ, સિંધવ અર્ધો ભાગ, હિંગ શેકેલી પા ભાગ અને બધાની બરોબર આદાનો રસ લઈ તેમાં ખરલ કરી ચાર ગુંજા-(ચણોઠી)ભાર પ્રમાણે ગોળીઓ કરવી. તેમાંથી એક અથવા બે ગોળીઓ ગાયની છાશમાં અથવા આદાના રસમાં આપવી; એટલે તુરત ગુણ આવે છે અને મોટું થયેલું પેટ પણ જલદીથી નાનું થઈ મળશુદ્ધિ થાય છે. **(૧૬) વાળા ઉપર:**—લસણ, ચિત્રો અને રાઈને પાણીમાં વાટી તેની થેપલી કરી વાળા ઉપર બાંધવી. **(૧૭) વિષમજ્વર અને સંપૂર્ણ વાતવ્યાધિ ઉપર:**—લસણના કલ્કમાં તલનું તેલ અને સિંધવ નાખી સવારે સેવન કરવાથી તે વિષમજ્વર અને સંપૂર્ણ વાતવ્યાધિને હરણ કરે છે. **(૧૮) શૂળ ઉપર:**—લસણ ઘીમાં ખાવું. **(૧૯) શરીરમાંની ગરમીથી અંગ ઉપર પ્રસરનારાં લાલ ચાંદાં અને દાદર ઉપર:**—લસણ છોલી, વાટી તેનો રસ ત્રણ દિવસ

ચોળવો એટલે એ વિકાર દૂર થશે; અથવા લસણ અને ગવારનાં પાંદડાંનો રસ એકત્ર કરીને અથવા એકલા ગવારનાં પાંદડાંનો રસ ચોપડવો.

૫૦૯ લાણુ (પલીઓ)—સં૦ રુદંતી, સ્રવંતી. મ૦ રુદ્રવંતી, રાનહરભરા. હિં૦ રુદ્રવંતી, લાણા, રુદ્રદન્તી, સંજીવન બૂંટી. સિં૦ મૂન. નાસિક૦ ચવેલ. તે૦ ઉપ્પુસનમા. ક૦ અલુત્રણિ, અડિવેકડૂલે, નોણસુત્તલ. લા૦ ક્રેસાક્રેટિકા.

× લાણાના છોડ ચણા પ્રમાણે હોય છે. એથી એને "જંગલી ચણા" પણ કહે છે. તે ઉપરથી

× રુદ્રવંતી ભારતવર્ષના અનેક ઉષ્ણ ભાગોમાં સમુદ્રતટની પાસે, મુલતાન, સિંધ, ગુજરાત, કોરોમંડલની આસપાસના સમુદ્રકિનારે તથા સિલોનમાં ઉત્પન્ન થાય છે.

રુદ્રવંતીના ક્ષુપ નાના, ચણાના ક્ષુપના સમાન ૬ ઇંચથી ૧ ફૂટ સુધી ઉંચા, ગુચ્છાકાર, જેમાં શાખાપ્રશાખા પુષ્કળ હોય છે તેવા તથા ચમકદાર હોય છે. નીચેની દાંડી કરતાં ઉપરની દાંડી પાતળી હોય છે. જડ જમીનમાં એક ફૂટ સુધી ઉંડી ચાલી જાય છે. જડનો રંગ લાલી મિશ્રિત પીળો હોય છે. પાન ચણાના પાનના આકારનાં કાંગરી વિનાનાં હોય છે; પરંતુ મુખ્ય મુખ્ય શાખાઓનાં પાન ચણાના પાનના કરતાં નાનાં હોય છે. અને નાની શાખાઓનાં પાન બારીક અને સઘન હોય છે. તથા તે પાન વિષમવર્તી લાગેલાં હોય છે. પાન એટલાં સઘન હોય છે કે બારીક શાખાઓ પાનથી ઢંકાઇ જાય છે. એની શાખા તથા પાન અત્યંત બારીક રેશમના સમાન કોમળ રૂંવાંથી ઢંકાયેલ રહે છે, જેથાં આ ક્ષુપ ચળકીલો દેખાય છે. આ પાન ઓસના બિંદુથી ઢંકાયેલ રહે છે. શરદ ઋતુમાં પાનમાંથી પાણીનાં ટીપાં ટપક્યાં કરે છે. એ હેતુથી મુનીશ્વરોએ આ ક્ષુપને "રુદન્તી" નામ આપેલ છે. ક્ષુપની નીચેની જમીન પાણીનાં ટીપાંથી ભિંજાયેલી રહે છે, અને તે સ્થાનમાં કીડીઓ વિશેષ કરીને રહે છે. ફૂલ શાખાઓના અંતમાં પાનના ખૂણામાં ગુચ્છાદાર, નાનાં નાનાં હોય છે. એ જાંબુડી, કાળાં, પીળાં, લાલ અને ધોળાં ફૂલના ભેદથી પાંચ પ્રકારની થાય છે. કદાચ જાંબુડીનેજ કાળા રંગની રુદન્તી કહો તો ચાર પ્રકાર. જાંબુડી રંગના ફૂલવાળી રુદન્તી વિશેષ જોવામાં આવે છે. બાકીની ઓછા પ્રમાણમાં દેખાય છે. બીજકોષ, નાના નાના થોડી લંબાઇ-વાળા ગોળ હોય છે. સ્વાદમાં થોડાં ખારાં અને ખાટાં જણાય છે. આ ક્ષુપ ખારી ભૂમિ અને જલાશયની નજીકની જગ્યામાં વિશેષ જોવામાં આવે છે. ઉપયોગઃ—(૧) **ખાલી કફ વિનાની ઉધરસ ઉપરઃ**—ક્વાથ કરી પીવો. (૨) **કફવાળી ઉધરસ ઉપરઃ**—પંચાંગનું ચૂર્ણ મધમાં મેળવી ચાટવું. (૩) **શ્વાસરોગ ઉપરઃ**—પંચાંગનો ક્વાથ કરી મધ નાખી પીવો. (૪) **સ્ત્રીઓને ધાવણ વધારવા માટેઃ**—પંચાંગ દૂધમાં ઓટાવી પીવું. (૫) **રક્તપિત્ત ઉપરઃ**—પંચાંગની બાફ નાકદ્વારા આપવી. (૬) **ઝેરી જંતુના વિષ ઉપરઃ**—રુદ્રવન્તી તથા વાવડીંગ સમભાગ મેળવી ખવરાવવાં તથા દંશ ઉપર લગાડવાં તથા સુંઘવાં. (૭) **રક્તશુદ્ધિ માટેઃ**—એક તોલા રુદન્તી તથા ૪ રતી કાળાં મરી મેળવી સેવન કરવાં. પથ્ય પાલન કરવું. (૮) **પ્રમેહ રોગ ઉપરઃ**—૨ શેર દૂધ, ૨ શેર પાણી, ૨ાા તોલા ગાયનું ઘી અને ૨ તોલા મધ મેળવી મંદાગ્નિ પર પકાવવું. જયારે પાણી બળી જાય ત્યારે ઉતારી રુદન્તી પંચાંગના ચૂર્ણને આ દૂધ સાથે સેવન કરવાથી ૪૯ દિવસમાં પ્રમેહ રોગ દૂર થાય છે. (૯) **આયુષ્ય તથા બળ વધારવા માટેઃ**—શુક્લ પક્ષમાં શુભ મુહૂર્ત જોઇ રુદન્તી લાવવી. પછી છાયામાં સૂકવી ખાંડી ચૂર્ણ કરવું. પછી રુદન્તીના રસની ૭ ભાવના આપવી. પછી ૧ માસાની ટીકડી બનાવી કડવી તુંબીમાં ભરી રાખવી. રોજ સવારે વિષમ ભાગે ઘી તથા મધ મેળવી આ વટી સેવન કરવી. એક કલાક પછી દૂધ પીવું. આ પ્રકારે ૬ માસ સુધી સેવન કરવાથી સર્વ પ્રકારના રોગ દૂર થઈ શરીર નીરોગી દિવ્ય બની જાય છે. આંખો તેજસ્વી બને છે. સેવનકાળમાં મીઠું નહિ ખાવું. (૧૦) **રુદન્તીના યોગથી તામ્ર-ભસ્મ કરવાની વિધિઃ**—તાંબાનાં પત્રાને ૨૧ વખત અગ્નિમાં તપાવી રુદન્તીના રસમાં ઠંડાં કરવાં. પછી રુદન્તીના પાનની લુગદીમાં તાંબાના પતરાંને રાખી સરાવસંપુટ કરી ગજપુટ અગ્નિ આપવાથી એકજ આંચમાં ઉત્તમ સફેદ રંગની તામ્ર ભસ્મ બને છે. (૧૧) **પારદ સંસ્કારઃ**—રુદન્તીના પાનની સાથે પારાને ઘુંટવાથી નિર્જીવ, શુદ્ધ અને બદ્ધ થાય છે. પારાને રુદન્તીના

સંસ્કૃતમાં જેને રુદંતી કહે છે, તેજ આ લાણો છે એમ જણાય છે; અને રુદંતી શબ્દનો અપભ્રંશ થઈ રુદ્રવંતી કે રુદ્રવતી એવું એનું નામ પડયું હોય એમ લાગે છે. ઓષધિકલ્પલતા ગ્રંથમાં રુદ્રવંતીનું વર્ણન કરતાં કહેલું છે કે:—**चणपत्रोपमैः पत्रैर्युक्तांभोबिन्दुवर्षिणी ॥ ११५ ॥ चतुर्विधा च सा ज्ञेया पीता रक्तासिताऽसिता ॥** આ ઉપરથી એનાં પાંદડાં ચણાનાં પાંદડાં જેવાં હોય એમ જણાય છે, ઓસ પડે તેની માફક પાંદડાંમાંથી થોડું પાણી ટપકે છે અને એમાં પીળી, રાતી, ધોળી તથા કાળી, એવી ચાર જાતો હોય એમ દેખાય છે. આ ભેદ એના ફૂલના રંગ ઉપરથી પડેલા હશે. "શોલ" નિઘંટમાં એનું આ પ્રમાણે વર્ણન છે:—**"चणपत्रसमं पत्रं क्षुपं चैव तथाम्लकम्। शिशिरे जलबिन्दुयुना स्रवंतीति रुदंतिका ॥"** (ચણાનાં પાંદડાં જેવાં પાંદડાં અને છોડ પણ તેવાજ ખાટા હોય છે. શિશિરઋતુમાં પાણીના બિંદુભરેલી અને સ્રવતી હોય છે તે રુદ્રવંતી છે.) રાજનિઘંટ વગેરે ગ્રંથમાં પણ એમજ કહેલ છે. એ ઉપરથી જણાય છે કે, આ વનસ્પતિનો છોડ ઉંચો વધતો નથી, તેથી તેની ગણના ક્ષુપ એટલે સાધારણ ભૂમિની સપાટી બરોબર થનારાં ઝાડોમાં કરવામાં કાંઇ હરકત નથી. એનાં પાંદડાંમાંથી ટપકનાર ઓસ શિશિર ઋતુમાં ટપકે છે; એમ પણ એ ઉપરથી વિશેષ સ્પષ્ટ થાય છે. આવા છોડ ખારી જમીનમાં ઘણાજ જોવામાં આવે છે. એના ગુણ ઘણા વર્ણન કરેલા છે, પરંતુ ઉત્પત્તિસ્થળ પ્રમાણે કમી-જાસ્તી ગુણ હોઈ શકે છે. ખારી જમીનમાં થનારીમાં ખારાશનો વિશેષ ભાગ હોય અને તે અંશ મીઠી જમીનમાં થનારીમાં હોતો નથી, એવા એમાં ભેદ દેખાય છે. **ગુણ-દોષ:**—તીખાશનો થોડો ભાગ એમાં હોય છે; તેમજ કડવાશ અને તૂરાશ પણ હોય છે. સિવાય ઉષ્ણ હોઈ રસાયની છે અને કૃમિ, ક્ષય, રક્તપિત્ત, કફ, શ્વાસ તથા પ્રમેહનો નાશ કરે છે. એનાથી ગર્ભાશયની શુદ્ધિ જલદી થાય છે. ઔષધિકલ્પલતામાં એનો ઉપયોગ આ પ્રમાણે લખ્યો છે:—* **ઉપયોગ:—(૧) સર્વ રોગ ઉપર:**—શુક્લપક્ષમાં શુભ દિવસે આ વનસ્પતિ મૂળસહિત લાવી છાયામાં સૂકવી તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી વાપરવું. એ ચૂર્ણ લેનારાએ નિયમથી રહી વ્યાધિ મુજબ પથ્ય પાળવું જોઇએ. પ્રથમ સાદો રેચ લઇ કોઠો શુદ્ધ કરવો અને ત્યાર પછી શક્તિ પ્રમાણે આ ચૂર્ણ, ઘી અને મધ વિષમ પ્રમાણથી લઇ તે સાથે એક મહિના સુધી લેવું, જેથી સર્વ રોગ મટી મનુષ્ય બળવાન થાય છે. દૂધ-ભાત જમવાનો રિવાજ રાખવો. **(૨) ગર્ભસ્થાનની શુદ્ધિ થઈ સ્ત્રીઓના રજોદોષ દૂર થવા માટે:**—એક તોલો લાણાનો પાલો, પાશેર ગાયનું દૂધ, પાશેર પાણી અને બે તોલા સફેદ સાકર એકત્ર કરી એનો કાઢો કરવો. પાણી બળી જઇ દૂધ માત્ર બાકી રહે એટલે તે ગાળી પીવાને આપવું. આ પ્રમાણે સવારસાંજ આપવાથી ૧૪ દિવસમાં પ્રકૃતિ ઉત્તમ થાય છે. દૂધ, ઘી, ભાત વગેરે ખાવું. તેલવાળા અને ઉષ્ણ પદાર્થો ત્યાગ કરવા.

૫૨૦ લાંબડી—સં૦ ભુરૂંડી, શિતિવાર. મ૦ કુરડુ, કોંબડા. હિં૦ શિરિયારી, સિલવારી. બં૦ શુનિશાક, શેઓલા. ક૦ કુરડુ, ખડકતિરા. માર૦ ફિકીરડા. વરા૦ કુરડુ. તૈ૦ કુરડુચેટ્ટુ. લા૦ સિલોસિયા અરગેન્ટિયા.

આ ભાજી ધોળા માઠ જેવી છે; પરંતુ તે વગડાઉ ભાજી હોવાથી કોઇ વાવતું નથી. સામાં-

---

રસમાં ત્રણ દિવસ ઘુંટી રુદન્તીની લુગદીમાં રાખી કપડમાટી કરેલા સરાવસંપુટમાં લુગદી રાખી સંધિઓને સારી રીતે બંધ કરી સૂર્યના તાપમાં સૂકાવી બે ઘડી વગડાઉ છાણાની અગ્નિ આપવી. આવી અગ્નિથી પારાની કઠણ ગોળી બંધાઇ જાય છે. પુનઃ આ ગોળીને તોડી રુદન્તીના રસમાં ખરલ કરી ગોળી બનાવી અગ્નિ આપવી. આવી રીતે ત્રણ આંચ આપવાથી પારાની ઉત્તમ ભસ્મ તૈયાર થાય છે. **(બૂટી દર્પણમાંથી)**

*** ત્રાંબાનું પતરું ગરમ કરી તેના ઉપર લાણાનો રસ નાખવાથી રૂપેરી ઢોળ (ગિલ્ટ) ચડે છે; એમ એક હિંદી ગ્રંથમાં લખ્યું છે. વળી પિછાણ પણ આપી છે કે "पात बनाके पातसे, करे चीकनई होई।"**

ચોમાસામાં એ પોતાની મેળે ઉગે છે. એની ઉંચાઈ આશરે ૨ હાથ હોય છે. એનાં પાંદડાં પાતળાં હોઇ એને ઘણાં બી આવે છે. એના છેડા ઉપર ધોળા રંગનાં ઝુમખાં આવે છે. તેમાં એનાં બીજ હોય છે. એ બીજ ઠંડાં છે. રાતી જાતિનાં ફૂલ જે લાંબડી ઉપર આવે છે તેને મરાઠીમાં "દેવ કુરડૂ" કહે છે. **લાંબડી:**—તૂરી, ગ્રાહક, ઉષ્ણ અને રસાયન છે; તથા મેધા અને રુચિને નાશ કરનારી, શીતળ, રૂક્ષ, અગ્નિદીપક, અવિદાહી, લઘુ, સ્વાદુ, હૃદ્ય અને વૃષ્ય છે; તથા ત્રિદોષ, તાવ, પ્રમેહ, શ્વાસ, દાહ, મેદ, કોઢ, ભ્રમ તથા અરુચિનો નાશ કરે છે. **દેવકુરડૂ:**—શીત અને વૃષ્ય છે તથા મૂત્રરોગ અને અશ્મરીનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પથરી અને મૂત્રાઘાત ઉપર:**—લાંબડીનાં બી ૧ માસો અને સાકર ૧ માસો એકત્ર કરી આપવાં. મૂત્ર બંધ થયું હોય તો આ ઔષધ બે-ત્રણ વાર આપવું એટલે મૂત્ર છૂટશે. **(૨) ભાંગ અને ગાંજા ઉપર ઉતાર:**—લાંબડીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી તે શક્તિ પ્રમાણે પાવું. **(૩) કફ, મૂત્રકૃચ્છ્ર ઉપર:**—છાશ સાથે લાંબડીનાં બીજ ખાંડી પાવાં.

૫૨૧ લીલો ચંપો—(સં૦ હરિચ્ચંપક. મ૦ હિરવા ચાંપા.) આ ઝાડ ઘણું મોટું થતું નથી. એનાં પાન લાંબાં અને લીલાં હોય છે. એ ઝાડને ગળો પ્રમાણે આંકડીઓ હોય છે. કોળી લોક આ કાંટાનો ઉપયોગ કરે છે. એ ઝાડ રામફળીની જાતનું છે; એને લીલા રંગનાં ફૂલ આવે છે. એની ઘણીજ સુગંધ આવે છે. ઝાડ વાવ્યા પછી ૨-૩ વર્ષે ફૂલ આવે છે. કલમથી અને બીઆંથી એના રોપા ઉગે છે.

૫૨૨ લીમડો (કડવો)—સં૦ નિંબ, પ્રભદ્ર. મ૦ કડુનિંબ, બાળંતનિંબ. હિં૦ બં૦ નીમ. તા૦ તુ૦ ક૦ બેવું. તૈ૦ વેપ્પા. મલા૦ વેપ્પુ. ગો૦ બેવારકુ. ફા૦ નેનબનીમ, દરખ્તહક. ઇં૦ નીંબ ટ્રી. લા૦ એઝાડિરેકટા ઈંડીકા.

આ ઝાડ ઘણુંજ મોટું થાય છે અને તે હિંદુસ્તાનમાં સર્વત્ર થાય છે. એનાં પાંદડાં કાત્રાદાર હોય છે. એને ધોળા રંગનાં બારીક ફૂલ આવે છે. એના અનેક ગુણો ઉપરથી એ ઝાડ ભૂલોકમાંનું કલ્પતરુજ છે, એમ કહેવાને કાંઇ બાધ આવતો નથી. પ્રાચીન આર્ય ઋષિવર્યોએ એના અલૌકિક ગુણોની શોધ કરી એને શ્રેષ્ઠ પદ આપેલું છે. એના સેવનથી અનેક વ્યાધિઓ નિર્મૂળ થાય છે; એટલા માટે **વર્ષ પ્રતિપદા** (ચૈત્ર સુદ (૧)× ના દિવસે સૌએ પવિત્ર થઇને એનાં **કુમળાં પાંદડાં** અને **ફૂલ**, મરી, હિંગ, સિંધવ, જીરૂ, અજમો, આમલી અને ગોળ, મેળવી ભક્ષણ કરવાં, એવો પ્રાચીન શાસ્ત્રકારોએ એક નિયમજ ઠરાવી રાખેલો છે. એ નિયમે કરી વર્ષમાં એક વાર પણ એ સર્વરોગપરિહારક ઝાડનાં પાન આપણા ખાવામાં આવે છે. એ દૂરદર્શી શાસ્ત્રકારોનો આપણા ઉપર મોટો ઉપકાર છે, એમ સમજવું જોઇએ. એ ઝાડનાં એકલાં પાંદડાંજ ખાઈ રહેનાર તેજઃપુંજ તથા શક્તિમાન એવા કેટલાક **વિરક્ત પુરુષો** કદી કદી આપણી નજરે પડે છે; તેથી કરી એ ઝાડના અલૌકિક ગુણ ધ્યાનમાં આવી આપણને ઘણું આશ્ચર્ય થાય છે. આ દેશમાં કેટલેક ઠેકાણે **સ્ત્રીઓ પ્રસૂતા** થાય એટલે તેને પ્રથમ ત્રણ દિવસસુધી ભોજનના પહેલાં લીમડાનાં પાંદડાંનો રસ આપે છે. આ યોજના ઘણીજ ઉત્તમ છે. જે સ્ત્રીઓ આ રસ મન થકી લે છે, તેને દૂધ વધારે આવી તે જલદી નીરોગી થાય છે. તેને પછી **સુવારોગ** જેવો પ્રાણહારક રોગ ઉત્પન્ન થવાની બીક રહેતી નથી; પણ જે સ્ત્રીઓ આ રસ લેવાની હા-ના કરે છે, તેઓને ઘણું કરી દુર્ધર વ્યાધિ પ્રાપ્ત થાય છે. હમણાંના કાળમાં એવી દુર્ધર વ્યાધિ પ્રાપ્ત થઇ મૃત્યુમુખે પડેલી સ્ત્રીઓની ઘણીજ સંખ્યા નજરે આવે છે. તેનું મુખ્ય કારણ પણ એજ હોય એમ જણાય છે. વિયાએલી (સુવાવડી) ગાયને પણ જો આ પાંદડાં ખવડાવવામાં આવે તો તેને પણ વધારે દૂધ આવી તે નીરોગી અને સશક્ત થાય છે. એ ઝાડની છાયા શીતળ તેમજ ઘણી નીરોગી છે. ઉનાળામાં એ ઝાડની છાયાથી ઘણો આરામ મળે છે. સાર્વજનિક દેવાલયો, ધર્મશાળાઓ, રસ્તા ઇત્યાદિ ઘણેક ઠેકાણે આ ઝાડ ફક્ત છાયા માટે અને

× મસૂરની દાળને લીમડાનાં પાંદડાંમાં મેળવી ચૈત્ર મહિનામાં દરરોજ ખવડાવવાથી અત્યંત ઝેરી સાપનું ઝેર પણ ચઢતું નથી.

સ્વચ્છ હવા માટે વાવે છે. જેના ઘર આગળ લીમડાનું ઝાડ છે, તેના ઘરમાંની હવા સર્વ કાળ નીરોગી હોય છે. તે ઘરમાં રહેનાર માણસોને આ ઝાડના યોગે કરી ઘણો આનંદ પ્રાપ્ત થાય છે. લીમડાનું ઝાડ ઘણું જૂનું થાય એટલે એના લાકડામાંથી શુદ્ધ ચંદન જેવો સુવાસ આવે છે. એનાં લાકડાં ઇમારતી કામમાં ઉત્તમ છે. એના અંગની કડવાશથી એને કીડા લાગવાનો ભય રહેતો નથી. આ ઝાડ ઘણાં વર્ષો સુધી ટકી લોકોને તેનાથી સેંકડો ફાયદા થાય છે. આ ઝાડ એક વખત કાપ્યું હોય તો પુનઃ એનાં મૂળ ફૂટી એનું કેટલેક વર્ષે મોટું ઝાડ બને છે. એવી રીતે કેટલીક વાર કાપ્યા પછી પુનઃ વધેલાં એવાં પુષ્કળ ઝાડ આપણી નજરે આવે છે. આ પણ એનામાં એક મોટો ગુણ છે. પીંપળો અને લીમડો એ બંનેની ઘણીજ મૈત્રી છે. જ્યાં પીંપળો હોય છે ત્યાં લીમડો પણ હોય છે; એવો સાધારણ નિયમ છે. લીમડા પ્રમાણે પીંપળાનું ઝાડ પણ ઘણું ઉપયોગી છે. વડ, પીંપળો, ઉંબરો, નાંદરૂખ, બીલી, તુલસી ઇત્યાદિ ઝાડને ઘણાં પવિત્ર માનેલાં છે, તે તેના અતિશય ઉપયોગીપણા માટેજ માનેલાં હોય એવું જણાય છે. આવાં ઉપયોગી ઝાડના અલૌકિક ગુણ સામું ન જોતાં અને તેનો આપણા શરીરરક્ષણાર્થે ઉપયોગ ન કરતાં સારાસારના વિચારનો ત્યાગ કરી પરકીયોનું નિષિદ્ધ પાણી પવિત્ર ગંગોદક સમજી નિઃશંકપણે પીવામાં આવે છે! આવી સ્થિતિ થયેલી જ્યારે આપણી દૃષ્ટિએ આવે છે, ત્યારે ધિક્કાર છે એવા જીવવાને! જે દયાળુ પરમેશ્વરે હિંદુસ્તાનવાસી આર્ય જનોનાં શરીરરક્ષણાર્થે હજારો ઔષધિ અને વનસ્પતિ ઉત્પન્ન કરી રાખેલી છે, તેનો ઉપયોગ અને શોધન કરતાં તે પરમેશ્વરી પદાર્થનો ત્યાગ કરી પરકીયોનું પરકીય હવામાંનું નિષિદ્ધ અને પરિણામે અપકારક એવું ઔષધ પીવું એના જેવી શરમાવનારી, લજાવનારી, અત્યંત ખેદની અને દુઃખની કોઇ પણ વાત નથી!!! "ગોળ સેવનાર કરતાં લીમડો સેવનાર સારો થાય છે" એ કહેવત પૂર્ણપણે લક્ષમાં લાવો. આ નિંબવૃક્ષનું વર્ણન પ્રથમ કડવું લાગનાર પરંતુ પરિણામે નિરંતર સારૂં લાગનાર છે; એટલા માટે નક્કી વિચાર કરી તે પ્રમાણે આયુષ્યમાં વર્તન રાખો; એટલે નિંબરસ પ્રમાણેજ તેનું પરિણામ સારૂં આવશે. ખેતરના છેડા ઉપર બાવળનું ઝાડ હોય તો તે જમીનમાંનો પૌષ્ટિક અંશ ખાઇ જઇ તે જમીનને કસ વિનાની કરી નાખે છે; પરંતુ લીમડાના ઝાડની તેવી વાત નથી. એ ઝાડ ખેતરના છેડા (શેઢા) ઉપર હોવાથી ખેતરને કોઇ પણ પ્રકારનું નુકસાન થતું નથી; એટલા માટે ખેડુતોએ એ ઝાડને અવશ્ય છેડા (શેઢા) ઉપર વાવવું જોઇએ. **કડવો લીમડોઃ**—ઠંડો, કડવો, લઘુ, ગ્રાહક, તીખો, અગ્નિમાંદ્યકારક, સોજાને મટાડનાર, વ્રણશોધક, બાળકોને હિતકર તથા હૃદ્ય છે; અને કફ, વ્રણ, સોજો, કૃમિ, ઉલટી, પિત્ત, હૃદયદાહ, વાયુ, કોઢ, શ્રમ, તૃષા, અરુચિ, રક્તદોષ, ઉધરસ, તાવ અને મેદનો નાશ કરે છે.* એનાં **કુમળાં પાંદડાંઃ**—ગ્રાહક તથા વાતકર છે;

* આયુર્વેદમાં—લીમડાનું વર્ણન કરતાં લખેલ છે કેઃ—લીમડાની છાલ પાચક, કડવી અને ગ્રાહી છે. પાંદડાં વગેરેની પોટીસ બનાવવાના કામમાં લેવાથી ગાંઠ બેસી જાય છે. પાંદડાંને વાટી શીતળાના ડાઘ ઉપર લેપ કરવાથી સારો ફાયદો થાય છે. પાંદડાંનો રસ પીવાથી પેટના કૃમિ નીકળી જાય છે અને કમળા તથા શરીર ઉપર થનાર ગુમડાં ઉપર પણ તે અપાય છે. ચક્રદત્તમાં લખેલ છે કેઃ—દુર્ધટ નાસુર ઉપર લીમડાનાં પાંદડાં અને તલ વાટી એની પોટીસ બાંધવી જોઇએ. લિંબોળીનો જુલાબ પેટના કૃમિને કાઢે છે. લિંબોળીનું તેલ ગાંઠવાળા ફોડા અને કોઢ ઉપર ઘણીજ સારી અસર કરે છે. ઇંગ્રેજી ઔષધોમાં લીમડાની છાલ જ્વરનાશક અને પાંદડાં ચામડીનાં રોગનાશક ગણેલ છે; તથા ઘા ઉપર લીમડાનાં પાંદડાં પાણીમાં ઉકાળીને એ પાણીનો શેક કરવાનું કહેલ છે. તેમ કરવાથી સોજો આવ્યા વગર જલદીથી અંકુર આવી જાય છે. ક્વિનાઇનને બદલે તાવના ઉપર તથા સંધિવાયુ ઉપર લીમડાની છાલને પાણીમાં ભીંજવીને પાવાનું કહે છે. મેજર લોથર લખે છે કેઃ—લીમડાના ઝાડમાંથી કોઇ કોઇ સમયે પોતાની મેળે રસ (મદ) ઝરવા લાગે છે; તે જૂના ઘા ઉપર અને નાસુર ઉપર અત્યંત ગુણ કરે છે. એનાં પાંદડાંનો ક્વાથ કરીને પાવાથી કૉલેરાના રોગમાં ફાયદો થયો હતો. પાંદડાંનો રસ તરીઓ તાવ, અજીર્ણ અને સંધિના રોગમાં કામ આવે છે. ચરકે—લીમડાને દીપનીય અને ચળનાશક ગણેલ છે. સુશ્રુતે—એને કફવાતનાશક

અને રક્તપિત્ત, કોઢ તથા નેત્રરોગનાં નાશક છે. **પાકાં પાંદડાં:**—વિશેષ કરી વ્રણનાશક છે. **લીમડાની કુંપોઃ**—કાસ, શ્વાસ, ગુલ્મ, અર્શ, કૃમિ અને પ્રમેહનો નાશ કરે છે. એનાં **કુમળાં (કાચાં) ફળ:**—ભેદક, સ્નિગ્ધ, ગુરુ તથા પિચ્છલ છે; અને નેત્રરોગ, કફરોગ, ક્ષતક્ષય તથા રક્તપિત્તનો નાશ કરે છે. એનાં **બીઆંમાંની મીજ:**—કુષ્ઠ અને કૃમિનો નાશ કરે છે. **નિંબપંચાંગ:**—પિત્ત, રક્તદોષ, કંડુ, દાહ, વ્રણ અને કોઢનો નાશ કરે છે. **બીઆંનું તેલ:**—કિંચિત્ ઉષ્ણ તથા કડવું છે; અને કૃમિ, કોઢ, કફ, વ્રણ, વાતપિત્ત, પિત્ત, અર્શ, રક્તવિકાર, વાયુ, શોફોદર, તાવ, જરા, કફ તથા પિત્તનો નાશ કરે છે. કડવા લીમડાની છાલનો ઉપયોગ વૈદ્યકશાસ્ત્રમાં કાઢામાં અનેક ઠેકાણે આવેલો છે; પરંતુ વિસ્તારભયને લીધે તેનું વર્ણન અહીં નહિ કરતાં મુખ્ય મુખ્ય ઉપયોગનું વર્ણન અહીં આપેલું છે. **ઉપયોગ:—(૧) વ્રણ ઉપર:**—કડવા લીમડાનાં પાંદડાં વ્રણ (ગુમડા) ઉપર મોટો ઉસ્તાદ છે. નાડીવ્રણાદિ ભયંકર વ્રણને દરરોજ લીમડાનાં પાંદડાં પાણીમાં સારાં ઉકાળી તે પાણીએ ધોઈ નાખવાં; એટલે તેનું શોધન થઇ રૂઝ આવે છે. **(૨) જે વ્રણ (ગુમડું) ફુટી રસી નીકળે તે મટવા માટે:**—કડવા લીમડાનાં પાંદડાં વાટી મધમાં મેળવી ચોપડતા જવું એટલે તે સારું થાય છે. **(૩) ખસ ઉપર:**—કડવા લીમડાનાં પાંદડાં બાળી જૂના તેલમાં અથવા કરંજેલ તેલમાં ખરલ કરી ચોપડવાં. **(૪) સર્પના વિષ ઉપર:**—કડવા લીમડાનાં પાંદડાં મોટું ઉસ્તાદ ઔષધ છે. **સર્પનું વિષ** ચઢયાની પરીક્ષા એવી છે કે, વિષાર થયેલા માણસને કડવા લીમડાનાં પાંદડાં અથવા મીઠું અગર મરચાં ખાવા આપવાં. તેને જો કડવું, ખારું અગર તીખું સમજવામાં આવે નહિ તો વિષ ચઢયું છે અથવા દંશ થયો છે એમ સમજવું. પછી તેને વિષ ઉતરતાં સુધી લીમડાનાં પાંદડાં ખાવા આપવાં, કિંવા પાંદડાંનો અથવા છાલનો રસ પાવો એટલે વિષ ઉતરશે. **(૫) પિત્ત પડવા માટે:**—લીમડાનાં પાંદડાંનો રસ પાણી નાખી તે પીવા આપવો એટલે ઉલટી થઈ પિત્ત પડશે. **(૬) ગરમી ઉપર:**—લીમડાનાં પાંદડાંનો રસ ખડીસાકર નાખી સવાર-સાંજ ૮ દિવસ પીવાથી કોઈ પણ પ્રકારની ગરમી હોય તો તે નક્કી સારી થાય છે. **(૭) મહારોગ ઉપર:**—કડવા લીમડાનાં પાંદડાં ઘણું સારું ઔષધ છે. નાહવાના પાણીમાં આ પાદડાં કઢવી તે પાણીવડે સ્નાન કરવું; અને એનો અંગરસ કિંવા પાંદડાં ગાયના દૂધમાં વાટી તે રસ સેવન કરવો; એટલે ૨–૩ મહિનામાં રક્તપિત્તી (વાતરક્ત) અને દુર્ધર કુષ્ઠરોગનો નક્કી નાશ થાય છે. પથ્ય પાળવું; તેમજ રોગીએ રોજ રાત્રે કડવા લીમડાની છાયામાં સૂવાનો રિવાજ રાખવો. **(૮) દાહયુક્ત સોજા ઉપર:**—પાંદડાં વાટી ચોપડવાં એટલે દાહ કમી થાય છે અને રક્તદોષ નહિ જેવો થાય છે. **(૯) પિત્તજ્વરમાં જે અતિશય દાહ થાય છે તે ઉપર:**—લીમડાનાં પાંદડાંનો રસ ફીણયુક્ત કરીને શરીરે ચોળવો, તેથી બળતરા કમી થાય છે. **(૧૦) ઉના તાવ ઉપર:**—કડવા લીમડાની ડાંખળી, કડુ અને કરિયાતાનો કાઢો મધ નાખી આપવો. **(૧૧) કમળા રોગ ઉપર:**—લીમડાની અંતરછાલનો રસ કાઢી તેમાં મધ અને થોડું સુંઠનું ચૂર્ણ નાખી આપવું. **(૧૨) ખસ ઉપર:**—જૂના લીમડાનું સૂકાયેલું લાકડું પાણીમાં ઘસી ચોપડવું. **(૧૩) વિષમજ્વર ઉપર:**—કડવા લીમડાની છાલના કાઢામાં ધાણા અને સુંઠનું ચૂર્ણ નાખી તે આપવો; એટલે જલદી ગુણ આવે છે. આ ઔષધ "કિવનાઈન" કરતાં ઘણું ઉત્તમ હોઇ ગુણોમાં પણ તે કરતાં શ્રેષ્ઠ છે. **(૧૪) મૂળવ્યાધિ, કૃમિ અને પ્રમેહ ઉપર:**—લીમડાની કાચી લિંબોળીઓ ખાવી. **(૧૫) ખસ ઉપર:**—કડવા લીમડાનાં બીઆં વાટી ચોપડવાથી ખરજ સારી થાય છે. જૂ જવા માટે પણ એ બીઆં વાટી માથે ચોપડવાં. **(૧૬) સૂવારોગ ઉપર:**—જૂના લીમડાની અંતરછાલ કાઢી તેના બારીક ટુકડા કરી તે હાંલ્લીમાં ઘાલવા અને ઢાંકણું દેવું. એવું ત્રણ દેગડા પાણી સારું આધણ આવે ત્યાંસુધી ઉકાળવું. પછી જે સ્ત્રીને સૂવારોગ થયો હોય તેને એક ખાટલા ઉપર સુવાડી પ્રથમ એક દેગડો લાવી તેના મસ્તક નીચે રાખવો. તેમાંનો બાફ (વરાળ) કમી થયા પછી બીજો દેગડો લાવી માથા નીચે રાખવો અને પ્રથમનો દેગડો કંમર નીચે રાખવો. માથા

અને શરીરના કોઇ પણ ભાગ ઉપર સોજો આવી બળતરા થતી હોય તેને દૂર કરનાર માનેલ છે. કાચાં ફળો પ્રમેહના રોગમાં ઉપયોગી માનેલ છે તથા તાવની ગરમી મટાડનાર માનેલ છે.

નીચેના ઢેગડાની બાફ કમી થયા પછી તે કંમર નીચે રાખવો અને કંમર નીચેનો પગ નીચે રાખી, ચૂલા ઉપરનો ત્રીજો ઢેગડો મસ્તક નીચે મૂકવો. તેની બાફ કમી થયા પછી પગ નીચે રાખવો. એ પ્રમાણે ત્રણ દિવસ બાફ આપવો; એટલે પરસેવા વાટે શરીરમાંથી સર્વ વ્યાધિ નીકળી જઈ રોગ સારો થાય છે. **(૧૭) મૂળવ્યાધ ઉપર:**—લીમડાનાં બીઆં તેલમાં તળી તેમાંજ ખરલ કરી તથા તેમાં થોડું ફુલાવેલું મોરથુથુ નાખી તે મલમ મૂળને ચોપડવો; એટલે મોડ ગરી પડે છે અને કંદ પણ ગરી પડે છે. **(૧૮) સર્પનું વિષ કદી પણ ન ચઢવા માટે:**—લીમડાનાં પાંદડાં રોજ સવારે ખાવાં એટલે કદી સર્પદંશ થયો હોય તોપણ તેને વિષ બાધ કરતું નથી. **(૧૯) મૂળવ્યાધિ ઉપર:**—લીમડાનાં ૨૧ પાંદડાં બારીક વાટી મગની પલાળેલી દાળમાં મિશ્ર કરી તેને બાખડી ગાયના ઘીમાં તળી રોગીને ૨૧ દિવસ ખવરાવવું; એટલે ગુદામાંના સર્વ મસા ગરી પડશે. આ ઔષધ લેનારે સમુદ્રનું મીઠું ન ખાતાં સિંધવ ખાવો. **(૨૦) સ્રીને પ્રસવ ન થતો હોય તો:**—લીમડાનાં મૂળ કંમરે બાંધવાથી જલદી છૂટકો થાય છે. પ્રસૂતિ થયા પછી મૂળ છોડી નાખવાં. **(૨૧) સોમલના વિષ તથા કૃમિ ઉપર:**—લીમડાનાં પાંદડાંનો રસ પાવો. **(૨૨) અફીણના વિષ ઉપર:**—કડવા લીમડાનાં પાંદડાંનો યંત્રવડે અર્ક કાઢી આપવો. **(૨૩) કુષ્ઠાદિક ઉપર:—પંચનિંબ ચૂર્ણ:**—મૂળ, પાંદડાં, ફૂલ, ફળ અને છાલ, એ પાંચ અંગો લઈ તેનું ૬૦ તોલા ચૂર્ણ કરવું. પછી લોહભસ્મ, બાળહરડાં, અરણીનાં બીઆં, ત્રિફળાં, ભીલામો, વાવડીંગ, સાકર, આમળાં, હળદર, પીંપર, મરી, સુંઠ, બાવચો, ગરમાળાની શિંગોનું મગજ અને ગોખરૂ, એ પંદર ઔષધો ચાર ચાર તોલા લઈ બધાનું ચૂર્ણ કરવું; પછી તે ચૂર્ણ અને લીમડાનું ચૂર્ણ એકત્ર કરી તેને ભાંગરાના રસનો એક પુટ આપવો. પછી ખેરની છાલનો અષ્ટમાંશ કાઢો કરી તેનો એક પુટ આપવો અને તે સુકવવું. આ ચૂર્ણ દરરોજ એક તોલો ખેરની છાલના કાઢામાં અથવા ઘીમાં અથવા ગાયના દૂધમાં આપવું; તેથી કરી એક મહિનામાં બધા કોઢ દૂર થાય છે. આ ચૂર્ણ સર્વ રોગનું નાશક છે. **(૨૪) પિત્ત ઉપર:**—લીમડાની કુંપો, ધાણા, સુંઠ અને ખડીસાકરનો કાઢો આપવો. **(૨૫) યોનિશૂળ ઉપર:**—લીમડાની લિંબોળીઓ અને એરંડીઆ લીમડાના રસમાં વાટી ગોળી કરવી અને તે યોનિમાં રાખવા આપવી કિંવા એનો યોનિએ લેપ કરવો. **(૨૬) કૃમિ ઉપર:**—લીમડાનાં પાંદડાં વાટી હિંગ સાથે ખાવાં. **(૨૭) અંગ ઉપર પિત્ત (શીળસ) ઉઠે તે ઉપર:**—લીમડાનાં પાંદડાં વાટી ઘી અથવા આમળાં સાથે ખાવાં અને મરીનો ભૂકો ઘીમાં ખરલ કરી શરીરે ચોળવો; અથવા લીમડાની અંતરછાલનો કાઢો આપવો; એટલે શીતપિત્ત, ક્ષત, કંડૂ, વિસ્ફોટક અને રક્તપિત્તનો નાશ થાય છે. **(૨૮) સ્થાવર-જંગમ સર્વ વિષ ઉપર:**—સિંધવ અને મરી સમભાગ તથા એ બન્નેના બરોબર લિંબોળીઓ લઈ તે વાટી મધ અને ઘીમાં આપવી. **(૨૯) સર્વ વ્રણ ઉપર:**—લીમડાનાં પાંદડાં, દારૂહળદર અને જેઠીમધના ચૂર્ણમાં ઘી અને મધ નાખી ખરલ કરી તે મલમ ચોપડતા જવું; એટલે જખમ તુરત ભરાઈ આવે છે. **(૩૦) રક્તસ્રાવ અને પ્રદર ઉપર:**—લીમડાની છાલના રસમાં જીરૂં નાખી ૭ દિવસ આપવું. **(૩૧) કમળા રોગ ઉપર:**—લીમડાનાં પાંદડાં પાણીમાં વાટી તેનો પાશેર રસ કાઢી તેમાં ખડીસાકર નાખી ગરમ ગરમ પીવા આપવો. **(૩૨) સિકતામેહ અને ઇક્ષુમેહ ઉપર:**—લીમડાની કુંપનો કિંવા અંતરછાલનો કાઢો આપવો. **(૩૩) કોઈ પણ રોગ કદી ન થવા માટે:**—લીમડાનાં પાંદડાં એક તોલો લઈ તેમાં ગુંજાભાર કપૂર અને તેટલીજ હિંગ નાખી તેની ગોળી કરવી; પછી તે ગોળી ૬ માસા ગોળમાં મેળવી દરરોજ રાત્રે ઉંઘવાની પહેલાં આપવી. ગામમાં જ્યાંસુધી કૉલેરાનો આજાર હોય ત્યાંસુધી આ ઔષધ દરેકે સેવન કરવાથી કાંઈ પણ ઉપદ્રવ થશે નહિ. **(૩૪) ઉલટી, કુષ્ટ, પિત્ત અને કફસંબંધી જંતુ ઉપર:**—લીમડાનાં પાંદડાં ઝીણાં વાટી કલ્ક કરી પાવો. **(૩૫) ઉષ્ણકાળમાં શરીરમાંનો દાહ શાંત થઈ ઠંડક થવા તથા જુલાબ બંધ થવા માટે:**—લીમડાનાં પાંદડાં વાટી શરબત કરી તેમાં ખડીસાકર નાખી પાવું. **(૩૬) મૂળવ્યાધિ ઉપર:**—લીમડાની પાકેલી લિંબોળીનો રસ દરરોજ સવારે ત્રણ માસા લઈ તેમાં ૬ માસા ગોળ મેળવી તે ગોળી ૭ દિવસ ખાવા આપવી. **(૩૭) વાળા**

ઉપર:—લીમડાનાં પાંદડાં વાટી લેપ કરવો. (૩૮) ઉરૂસ્તંભ ઉપર:—લીમડાનાં મૂળ ઘસી ગરમ કરી લેપ કરવો. (૩૯) પ્રમેહ, ઉપદંશ, બદ, ચાઠાં ઈત્યાદિ ઉપર:—પાશેર લીમડાની છાલ લઇ તે કાચના વાસણમાં નાખી અથવા માટીના વાસણમાં ઘાલી, તેમાં આધણ આવેલું પાણી એક શેર નાખી ઢાંકણું દઇ રાતભર તેમજ રાખવું. બીજા દિવસથી તેમાંથી શક્તિ પ્રમાણે એક અગર બે વાર દરેક વખતે ૪ તોલા પાણી આપવું, એટલે ઉપદંશજન્ય રોગ એક-બે અઠવાડીઆમાં સારો થાય છે. પથ્ય ઘી, સાકર અને રોટલી; બીજું વર્જ્ય. (૪૦) નવેલા અને પેરા ઉપર:—લીમડાનાં પાંદડાં થોડું મીઠું નાખી વાટવાં અને ઘીમાં શેકી તેની થેપલી કરી ઉપર બાંધવી. (૪૧) વિષમજ્વર ઉપર:—લીમડાનાં પાંદડાં ૪૦ તોલા; સુંઠ, મરી અને લીંડીપીંપર ૧૨ તોલા; ત્રિફળાં ૧૨ તોલા; લવણત્રય (સિંધવ, બીડ અને કાચ) ૧૨ તોલા; બે ક્ષાર (જવખાર અને સાજીખાર) ૮ તોલા અને અજમો ૨૦ તોલા, એ સર્વનું ચૂર્ણ એકત્ર કરી સવારે આપવું. (૪૨) વિષમજ્વર ઉપર ધૂપ:—કડવા લીમડાનાં પાંદડાં, ઘોડાવજ, કોષ્ઠ, હરડે, શિરસ, ઘી અને ગુગળનો ધૂપ વિષમજ્વરનાશક છે. (૪૩) આગંતુક વ્રણ અને ગુમડા ઉપર:—કઢાઇમાં તેલ નાખી તેમાં લીમડાનાં પાંદડાં બાળી ખરલ કરી ચોપડવાં. (૪૪) વિંછીના દંશ ઉપર:—લીમડાનાં પાંદડાં અગર ફૂલ સુંઘાડવાં; અથવા પાંદડાં ચાવી મોંમાંની બાફ જવા ન દેતાં દંશના વિષમ ભાગમાંના કાનમાં તે ફુંકવું. (૪૫) ગુમડાં તથા અગ્નિદગ્ધ વ્રણ માટે લીમડાનો મલમ:—લીમડાનાં પાન ૧૦ તોલા લઇ પાણીથી ધોઇ ચટણી માફક બારીક પીસવાં. પછી ગાયનું ઘી તોલા ૧૦ લઈ તેમાં ઉપરની ચટણી તથા લીમડાનાં પાનનો રસ ૪૦ તોલા મેળવી ધીમી આંચ પર ઉકાળવું. જ્યારે રસ બળી જાય ત્યારે વાસણ ઉતારી ઘી ગાળી લેવું. ઉપરના ઘીમાં ાા તોલો મીણ તથા ૨ રતી રસકપૂર મેળવી મલમ એક ડબીમાં ભરી લેવો. આ મલમ ગુમડાના ઘાવ જલદી રૂઝવી આપે છે, તથા અગ્નિથી બળેલા ફોડા પર લગાવવાથી થોડા દિવસમાંજ આરામ થાય છે.

૫૨૩ લીંડીપીંપર (પીંપર)—સં૦ તૈ૦ પિપ્પલી. મ૦ પિંપળી. હિં૦ પીપર-લ. બં૦ પિપુલ. ક૦ ગો૦ હિપ્પલી. તા૦ મલા૦ તિપ્પિલી. તુ૦ ઇપ્પલી. ફા૦ પિલપિલદરાજ. અ૦ દારફિલ્ફિલ્. ઇં૦ લૅાંગ પેપર. લા૦ પાયપર લૅાંગમ્. ગ્રીકo પીપીન.

લીંડીપીપરના વેલા થાય છે. આ બહુ વર્ષ સુધી ટકનારી વેલ છે. એની ઉત્પત્તિ બંગાળ, નેપાળ, આસામ, મલબાર અને પશ્ચિમોત્તર પ્રાંતનો કેટલોક ભાગ, એ ઠેકાણે વિશેષ થાય છે. બંગાળા અને મલબાર પ્રાંતમાં તો એનું અતિશય વાવેતર થાય છે. લીંડીપીંપરના વાવેતર માટે રસાળ અને ચીકાશ વગરની જમીન જોઇએ. આ વેલીનો વિસ્તાર નાની શાખાઓથી કરે છે. એટલે વેલી નીચે (મૂળ પાસે) જે નાની નાની ડાળીઓ ફૂટે છે તે કાઢી બીજી જગ્યાએ વાવે છે; એટલે ત્યાંથી આગળ સ્વતંત્ર વેલ બને છે. ચોમાસુ શરૂ થતાંજ એનું વાવેતર કરે છે. દરેક વેલની વચમાં પાંચ ફુટનું અંતર રાખે છે અને વચ્ચેની જગ્યામાં મૂળા, વંતાક, જવ વગેરે વાવે છે. એક વિઘા જમીનમાં સરેરાશ ૧૯૬ વેલ રહે છે. એક વિઘા જમીનમાં લીંડીપીપરનું વાવેતર કર્યું હોય તો તેમાંથી પહેલે વર્ષે બે મણ, બીજે વર્ષે ચાર મણ અને ત્રીજે વર્ષે ૭ મણ લીંડીપીંપર ઉત્પન્ન થાય છે. પછી દરવર્ષે તેની ઉત્પાદક શક્તિ ઓછી થતી જાય છે; એટલે તેનાં મૂળો ઉખેડી કાઢી તેની જગ્યાએ નવાં મૂળો અથવા કુમળી ડાળીઓ વાવે છે. જૂના મૂળને સૂકવી લે છે તેને "પીંપળીમૂળ" કહે છે. નવીન મૂળો વાવતાં જમીનને ખેડવાની અથવા બીજા કશા સંસ્કાર કરવાની આવશ્યકતા નથી. થોડું ખાતર નાખ્યું એટલે બસ છે. આ વેલીને પાણી પાવું પડતું નથી. માત્ર ઉનાળામાં તાપ લાગે નહિ માટે તેનાં મૂળ ઘાસથી ઢાંકી રાખે છે. એને ઑગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં (ભાદરવા આસપાસ) ફૂલો આવે છે અને ફળો એટલે લીંડીપીંપર જાનેવારી (પોષ) માસમાં પાકી તૈયાર થાય છે. લીંડીપીંપરનાં પાંદડાંનો આકાર નાગરવેલનાં પાંદડાં જેવો હોઇ તે ગોળ અને તીખાં હોય છે. વિશેષ ફરક એટલોજ હોય છે કે, લીંડીપીંપરના દીંટડા પાસે ખાંચા હોય છે, તે નાગરવેલનાં પાનને હોતા નથી. ફેલાનાર શાખાઓની ઉપરનાં પાંદડાં મોટાં અને પહોળાં હોઈ તેમાં સાત દેખાઇ આવતી નસો હોય છે અને તેનું દીંટડું લાંબું હોય છે. વળી ફળ લાગનાર નાની નાની

ડાળીઓ ઉપરનાં પાંદડાં લાંબાં હોય છે. તેના ઉપર પાંચ શિરા હોય છે અને તેનું દાંટડું લાંબું ન હોવાં તે વેલીને લાગુજ હોય છે. પાંદડાં બધાં સુંવાળાં હોય છે. લીંડીપીંપરનાં મૂળ કાષ્ઠમય (લાકડા જેવાં) હોય છે. વેલીને પુષ્કળ ફાંટા ફૂટે છે. વેલ ગોળ હોઇ તેના ઉપર ઠેકઠેકાણે ઉપસેલી ગાંઠો હોય છે. લીલી લીંડીપીંપર લીલા રંગની હોય છે અને સૂકાયા પછી કાળી દેખાય છે. પીંપરનાં ફળ અને મૂળનો ઔષધોમાં ઉપયોગ થાય છે. ત્રાવણકોર પ્રાંતમાં સુવાવડીની ઓર પાડવા માટે પીંપળીમૂળનો કાઢો આપે છે. છોટા નાગપુર પ્રાંતમાં સ્ત્રીઓના આર્તવદોષયુક્ત કફ-વિકારમાં પીંપળીમૂળનો કાઢો આપે છે, તેમજ તાપમાં તરસ છીપાવવા માટે લીલાં પીંપળીમૂળ વાપરે છે. સોજો ઉતારવા માટે તેનો લેપ કરે છે. મોંઘીરના માજી સિવિલ સર્જન ડૉક્ટર થનાટને સુવાવડી સ્ત્રીઓનો રક્તસ્રાવ બંધ કરવા માટે અને તાવ ઉતરવા માટે એ આપવાથી સારો ગુણ થયાનું લખેલ છે. સુવાવડીનું ગર્ભાશય પૂર્વસ્થિતિ ઉપર લાવવા માટે લીંડીપીંપર અને પીંપળી-મૂળનો ઉપયોગ કરવાનો ચાલ છે, તે ડૉક્ટર ભટ્ટાચાર્યે પોતાના અનુભવથી હિતાવહ ઠરાવેલ છે. છોટા નાગપુર પ્રાંતમાં ચોખામાંથી બીર નામનો એક દારૂ બનાવે છે. તેને જોસ આપવા માટે પીંપળીમૂળનો ઉપયોગ કરે છે. લીંડીપીંપરમાંથી એક ઉડી જનાર તેલ, એક રાળ જેવો પદાર્થ અને પાયપરીન નામનું એક સત્ત્વ મળે છે.

લીંડીપીંપરના વેલાને જે શિંગો આવે છે તેને "પીંપરો" કહે છે. એમાં જાડી અને બારીક એવા બે પ્રકાર છે. જાડીને પીંપળા અને બારીક પીંપરને "લીંડીપીપર" કહે છે. કોંકણમાં કેટલેક ઠેકાણે ડુંગરાળ પ્રદેશમાં પીંપરના વેલા ઉત્પન્ન થાય છે. *પીંપર વાતનાશક અને ઉષ્ણ છે. પીંપરનાં મૂળને "પીંપળીમૂળ" કે "ગંઠોડા" કહે છે. તાજી લીલી પીંપરોનું અથાણું કરે છે. **લીંડીપીંપરઃ**—સ્નિગ્ધ, ઉષ્ણ, વૃષ્ય, તીખી, કડવી, અગ્નિદીપન, રસાયન, ભેદક, લઘુ, હૃદયને પ્રિય, પચનકારક, પિત્તહર્ત્રી તથા તીક્ષ્ણ છે; અને વાત, દમ, ઉધરસ, કફ, ક્ષય, તાવ, અરુચિ, કોઢ, ગુલ્મ, મૂળવ્યાધિ, પ્રમેહ, બરોળ, ઉદરરોગ, ત્રિદોષ, તૃષા, આમાંશ, કૃમિ, અજીર્ણ, પાંડુરોગ, કમળો તથા શૂળની નાશક છે. **એ તાજી હોય ત્યારેઃ**—સ્નિગ્ધ, શીત કરનાર, મધુર, ગુરુ, કફકર અને પિત્તનાશક છે. **સિંહલી પીંપરઃ**—તીખી, ઉષ્ણ, અગ્નિદીપક અને કોઠ (કોઠાને) શુદ્ધિકારક છે; તથા કૃમિ, કફ, વાત તથા શ્વાસનો નાશ કરનાર છે. **વાનર પીંપરઃ**—કડવી, તૂરી તથા મીઠી છે; અને મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, વિસ્ફોટક તથા યોનિશૂળનો નાશ કરે છે. **રાન પીંપરઃ**—ઉષ્ણ, તીક્ષ્ણ, રુચિકર અને દીપન છે. એ લીલી હોય ત્યારે વધારે ગુણવાળી હોય છે. સૂકી અલ્પગુણી અને અતિ તીક્ષ્ણ છે. **પીંપળીમૂળઃ**—અગ્નિદીપન, રુચિકર, પિત્તલ, પાચક, રૂક્ષ, ભેદક, તીક્ષ્ણ, તીખાં, ઉષ્ણ, તથા લઘુ છે; અને આમ, પ્લીહા, શૂળ, ગુલ્મ, ઉદરરોગ, વાયુ, કફ, દમ, ઉધરસ, આનાહ, કૃમિ, ક્ષય, કફોદર તથા વાતોદરનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) સર્વ વાતવિકાર તથા શ્વાસ કાસ ઉપર ચોસઠી પીંપરઃ**—પીંપરનો એકસરખો ૬૪ પહોર ખરલ કરવો એને "ચોસઠ પહોરી પીંપર" કહે છે. એ પીંપર ઘણીજ તીવ્ર થાય છે. એ ચોખાભાર જેટલી મધમાં ખાવી. એથી ઘણોજ દાહ વગેરે થાય તો ઉતાર અને ઘી ભાત આપવો. **(૨) અપસ્માર અને વાયુગોળા ઉપરઃ**—(આ વાયુનો ગોળો એકાએક ઉત્પન્ન થઈ કાળજા સુધી આવે છે અને નાના ગોળા જેવડો એકજ ઠેકાણે દેખાય છે.) લીંડીપીંપર બે ભાગ, મરી ત્રણ ભાગ અને સિંધવ ૧ ભાગ એની ભૂકી કરી તે છાશના પાણીમાં છ માસા સુધી આપવી. **(૩) પીંપરનું ચૂર્ણઃ**—પીંપરનું ચૂર્ણ કરી તે ગોળમાં ખાવું; એટલે અરુચિ, હૃદયરોગ, શ્વાસ, કાસ, ક્ષય, કમળો, અગ્નિમાંદ્ય, પાંડુરોગ, સાધારણ મૃગી અને જીર્ણ જ્વરનો નાશ થાય છે. પીંપરનું ચૂર્ણ મધમાં ખાવાથી તે મેદ, કફ, શ્વાસ, કાસ, જ્વર, પાંડુરોગ અને પ્લીહાનો નાશ કરે છે. **(૪) નિદ્રા ન આવતી હોય તે ઉપરઃ**—પીંપળીમૂળનું ચૂર્ણ ગોળમાં ખાવું. **(૫) શ્વાસ ઉપરઃ**—પીંપળીમૂળ આઠ પહોર ખરલ કરી તે ચૂર્ણ મધમાં આપવું. **(૬) સ્તનમાં દૂધ આવવા માટેઃ**—ગરમ કરેલા દૂધમાં બે માસા પીંપરનું ચૂર્ણ નાખી પાવું. **(૭) ઉલટી, કાસ, શ્વાસ અને હેડકી ઉપરઃ**—

* ઘણાક પ્રાચીન વૈદ્યોનો મત છે કે, લીંડીપીંપર કામદેવને પ્રબળ કરે છે.

લીંડીપીંપરનું ચૂર્ણ અને મોરનાં પીંછાંની રાખ મધમાં કાલવી વારંવાર ચાટવું. (૮) આમાતિસારમાં શૂળ થાય તે ઉપર:—લીંડીપીંપર અને હરડેનું ચૂર્ણ ગરમ પાણીમાં પાવું; એટલે સુખ-રેચ થઇ શળ મટી જશે. (૯) રતાંધળાપણા ઉપર:—લીંડીપીંપર ગોમૂત્રમાં ઘસી અંજન કરવું અને રોજ અગથીઆની ભાજી ખાવી. (૧૦) બરોળ ઉપર:—લીંડીપીંપર અને મધ નાખી છાશ પીવી. (૧૧) સર્વ ઉદરરોગ ઉપર:—ગોમૂત્રની અથવા થુરીઆના દૂધની સહસ્ર ભાવનાઓ આપેલી લીંડીપીંપર ખવરાવવી અથવા વર્ધમાન પીંપર આપવી; કિંવા થુરીઆના દૂધમાં લીંડીપીંપરને ૧ દિવસ ખરલ કરી તે શક્તિ પ્રમાણે આપવી અને તેનોજ પેટ ઉપર લેપ કરવો.(૧૨) વર્ધમાન પીંપર:—ગાયનું દૂધ ૪ તોલા, પાણી ૧૬ તોલા અને લીંડીપીંપર ત્રણથી ચાર, એ સર્વ એકત્ર કરી કલાઇ કરેલા વાસણમાં કઢવી પાણી બળી જાય એટલે તેમાંની લીંડીપીંપર ચાવી ઉપર દૂધ પીવું. બીજો પ્રકાર:—પીંપર પાંચથી ત્રેવીસ સુધી ચઢાવવી. પછી ઉતરતાં ઉતરતાં પાંચ સુધી આવવું; * પરંતુ દૂધમાં પાણી ન નાખતાં એકલું દૂધજ અર્ધું બાળવું અને લીંડીપીંપર ખાઇ ઉપર દૂધ પીવું; અથવા લીંડીપીંપર ન ખાતાં એકલું દૂધજ પીવું. દોષતારતમ્ય જોઈ યોજના કરવી; એટલે જીર્ણજ્વર, કાસ, પાંડુ, ગુલ્મ, અર્શ, પ્રમેહ, ઉદરરોગ, અગ્નિમાંદ્ય અને વાતરોગ દૂર થાય છે. (૧૩) અન્ન ન પચતું હોય તો:—જમ્યા પછી લાગલીજ લીંડીપીંપરની ભૂકી મધમાં ખાવી. (૧૪) ગુલ્મરોગ ઉપર:—લીંડીપીંપર અને જવખારનું ૩ માસા ચૂર્ણ આદુનો રસ તથા મધમાં આપવું. (૧૫) વમન થવા માટે:—લીંડીપીંપર, મીંઢળ અને સિંધવનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૧૬) આમશૂળ, અજીર્ણ અને સોજા ઉપર:—લીંડીપીંપર અને સુંઠનું ચૂર્ણ ગોળમાં ખાવું. (૧૭) કફરોગ ઉપર:—લીંડીપીંપરના ચૂર્ણમાં ઘી અને મધ વિષમ ભાગે નાખી ખાવું. (૧૮) અપસ્માર ઉપર:—લીંડીપીંપર લીમડાના રસમાં ઘસી નસ્ય આપવું. (૧૯) અમ્લપિત્ત ઉપર:—પીંપળીમૂળના ગંઠોડાનું ચૂર્ણ દર વેળા પા તોલા સાકરમાં ખાવું. આ ઔષધ દરરોજ બે વખત એક મહિનો આપવું. (૨૦) બાળકના તાવ, ઉધરસ, અતિસાર અને ઉલટી ઉપર:—લીંડીપીંપર, મજીઠ, નાગરમોથ અને કાકડાશિંગીનું માસાથી બે માસા સુધી ચૂર્ણ મધમાં આપવું. (૨૧) ઉલટી ઉપર:—પીંપળીમૂળના ગંઠોડાનું ચૂર્ણ વસ્ત્રગાળ કરી તેમાં તેટલુંજ સુંઠનું ચૂર્ણ મિશ્ર કરવું તથા દરેક વેળા ૭ માસા મધમાં ત્રણ માસા ખરલ કરી લેવું. (૨૨) વાત—કફજ્વર ઉપર:—લીંડીપીંપરનો કાઢો મધ નાખી પાવો. (૨૩) હૃદ્રોગ, જ્વર, ઉધરસ અને ક્ષય ઉપર:—૯૬ તોલા ગાયનું દૂધ મંદાગ્નિ ઉપર અર્ધું બાળી ઠંડુ થયા પછી તેમાં સાકર, મધ અને ઘી બબ્બે તોલા અને લીંડીપીંપરનું ચૂર્ણ ૧ તોલો નાખી તે દૂધ પીવું. (૨૪) બાળકોને પારોગડા (પારિગર્ભિક) થાય (ગર્ભિણી માતાનું દૂધ પીવાથી બાળકને ઉધરસ, અગ્નિમાંદ્ય, ઉલટી, ઝાંપડ, અરુચિ અને ભ્રમ થાય છે, તે રોયા કરે છે અને તેનું પેટ મોટું થઈ તડતડિત દેખાય છે) તે ઉપર:—લીંડીપીંપરની ભૂકી મધમાં ખરલ કરી એક અડદની ચણોઠી સુધી બાળકની શક્તિ અને ઉંમર પ્રમાણે ચટાડવું. (૨૫) મૂર્ચ્છા ઉપર:—લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં ખરલ કરી તેનું ચાટણ આપવું. (૨૬) આમવાત ઉપર:—ગાયનું દૂધ ૧ શેર લઈ તેમાં લીંડીપીંપર એક અને બીલામાં ચાર કાતરી નાખી દૂધ પાશેર રહે ત્યાંસુધી ઉકાળી તેમાં સાકર નાખી પાવું. (૨૭) ઉદાવર્ત અને ગુલ્મરોગ ઉપર:—ચાર લીંડીપીંપર લઇ ચૂર્ણ કરી તે બે તોલા પાણીમાં મેળવી તેને વસ્ત્રગાળ કરી તેમાં તોલો કિંવા બે તોલા ગાયનું ઘી નાખી પાવું. (૨૮) ઉધરસ ઉપર:—પીંપળીમૂળના ગંઠોડા, સુંઠ અને બહેડાદળનું ચૂર્ણ મધમાં આપવું એટલે ઉધરસ જલદી મટી જાય છે. (૨૯) દંતરોગ ઉપર:—લીંડીપીંપર, જીરૂં અને સિંધવનું ચૂર્ણ કરી દાંતનાં મૂળોમાં ઘસવું; એટલે સણકા, સોજો, દાંતનું હાલવું વગેરે વિકારો શમે છે. (૩૦) મૂળવ્યાધિ ઉપર—લીંડીપીંપરનું ચૂર્ણ છાશમાં આપવું. (૩૧) વાતવિકાર ઉપર:—ત્રીસ

* અમૃતસાગર ગ્રંથમાં પ્રથમ દિવસે એક અને પછી દરરોજ એક એક વધારતા જતાં પંદરમા દિવસે પંદર લઇ સોળમા દિવસથી એજ મુજબ એકેક ઓછી કરવી; એમ વર્ધમાન પીંપળનો પ્રયોગ કહ્યો છે. વળી લીંડીપીંપરની માત્રા પણ ૧ માસાની છે.

તોલા દૂધ ગરમ કરી અર્ધું ઉકાળ્યા પછી તેમાં પીંપળીમૂળના ગંઠોડાનું વસ્ત્રગાળ ચૂર્ણ એક તોલા સુધી નાખવું તથા સારૂં ઉકળતાં સુધી તે હલાવી ઉકાળવું. પછી તેમાં સાકરની ભૂકી એક તોલા સુધી મિશ્ર કરી દરરોજ સવારે એક વાર આપવું. **(૩૨) પરિણામશૂળ ઉપર:**—લીંડીપીંપરનું ચૂર્ણ ૪ તોલા, ગોળ ૧૬ તોલા અને ગાયનું ઘી ૬૪ તોલા, તથા ૨૫૬ તોલા દૂધ લઈ પાક કરી તેમાંથી રોજ સવારે ૪ તોલા સુધી ખાવો. **(૩૩) સર્વ પ્રકારના શિરોરોગ ઉપર:**—લીંડીપીંપર તથા સિંધવ પાણીમાં ઘસી તેનાં બે-ત્રણ ટીપાં નાકમાં પાડવાં એટલે તરત ગુણ આવશે. **(૩૪) વિષમજ્વર, હૃદ્રોગ, ઉર્ધ્વશ્વાસ, દમ અને ક્ષય ઉપર:**—પંચસાર (મધ, ઘી, દૂધ, લીંડીપીંપર અને ધોળી સાકર એ પાંચ)એકત્ર કરી મસળી ખવરાવવું. **(૩૫) ધાતુગત જ્વર, દમ, ઉર્ધ્વશ્વાસ, પાંડુ, ધાતુક્ષય અને અગ્નિમાંદ્ય ઉપર:**—મધ એક ભાગ, ઘી બે ભાગ, લીંડીપીંપર ચાર ભાગ, સાકર આઠ ભાગ, દૂધ બત્રીસ ભાગ તથા ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર) ૬ ભાગ, એ પ્રમાણે નાખી પચન કરી તેના મોદક કરવા અને તેમાંથી રોજ એક ખાવો. **(૩૬) રક્તપિત્ત ઉપર:**—લીંડીપીંપર મધમાં ચાટવી. **(૩૭) પાચક (ખારી) પીંપર:**—લીંડીપીંપર લિંબુના રસમાં ભીંજવી રાખી તેમાં સિંધવનું ચૂર્ણ નાખવું. બે-ચાર દિવસ ભીંજાયા પછી સૂકવી રાખી તેમાંથી બે-ચાર લીંડીપીંપર દરરોજ ખાતા જવી; એટલે અજીર્ણવિકાર વગેરે મટી મોંમાં રુચિ આવે છે અને અન્ન પાચન થાય છે. **(૩૮) વાળા ઉપર:**—પીંપળીમૂળ ઠંડા પાણીમાં ઘસી ખાવું. **(૩૯) અષ્ટકટ્વર તેલ:**—લીંડીપીંપર અને સુંઠ દરેક સોળ સોળ તોલા, સરસિયું તેલ ૪ શેર, દહીં ૪ શેર અને છાશ ૩૨ શેર, એ સર્વે જણસોનું વિધિ પ્રમાણે તેલ તૈયાર કરી ચોળવાથી ગૃધ્રસી અને ગરદન ઝલાઈ જવાનો વાયુવિકાર દૂર થાય છે.

૫૨૪ લિંબુડી—સં૦ નિંબૂક. મ૦ નિંબોણી. હિં૦ નિંબુ. બં૦ પાતિલેબુ. ક૦ નિંબે, લિંબું, હણ્ણુ. તા૦ એલુમિચ્ચે. તુ૦ લિબેડામાર. મલા૦ ચેરૂનારક. તૈ૦ નિમ્મપંડૂ. ફા૦ લિમુનેતુરા. અ૦ લિમુનેહાબીજ. ઈં૦ લેમન્. લા૦ લેમનએસીડમ્.

લિંબુ, નારંગી, ચકોત્રાં, સંતરાં, મોસંબી, પપનસ, ગજ્યું લિંબુ, બીજોરૂ, વગડાઉ લિંબુ ઈત્યાદિ લિંબુનીજ જાત છે.* લિંબુડીનાં ઝાડ બીઆંમાંથી અથવા કલમ કર્યાથી થાય છે. આ ઝાડ બે-ત્રણ માથોડાં ઊંચાં વધે છે. લિંબુડીનાં ઝાડ વાવ્યા પછી તેને ત્રીજે કિંવા ચોથે વર્ષે ફળ આવે છે. લિંબુનો ઉપયોગ ઘણાં કામોમાં થાય છે. લિંબુના રસમાં ઘણાંક રસાયન ઔષધો તૈયાર થાય છે. લિંબુ રુચિકર અને પાચક હોવાથી ઘણાક લોક ભોજનમાં ભાત તથા શાક ઉપર નીચોવી ખાય છે; તેથી કરી તે પદાર્થમાં સારો સ્વાદ આવે છે. **કાગદી લિંબુ:**—ખાટું, ઉષ્ણ, પાચક, દીપક, લઘુ, આંખને હિતકર, અતિ રુચિકર, તીખું તથા તૂરૂં છે; અને કફ, વાયુ, ઉલટી, કંઠરોગ, પિત્ત, શૂળ, ત્રિદોષ, ક્ષય, મલસ્તંભ, બદ્ધગુદોદર, વિષૂચિકા, ગુલ્મ, આમવાત તથા કૃમિનો નાશ કરે છે. એ પાકેલાં હોય તો વધારે ગુણવાળાં છે. ઉપયોગ:—**(૧) અજીર્ણ ઉપર:**—ભોજનના પહેલાં લિંબુ, આદુ અને સિંધવનું સેવન કરવું; એટલે અજીર્ણ દૂર થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે તથા વાયુ, કફ, મલબદ્ધતા અને આમવાતનો નાશ થાય છે. **(૨) વિષૂચિકા(કૉલેરા)નો આજાર ન થવા માટે:**—દરરોજ બે લિંબુનો રસ ભોજનમાં અથવા સાકર સાથે સેવન કરવો; એટલે કૉલેરાની દહેશત રહેતી નથી. **(૩) પાચક લિંબુ:**—લીંબુ અને મીઠું થર ઉપર થર કરી માટલામાં દાબી રાખવાં અને તે સારાં આથવાં. પછી તેમાંથી એક એક લિંબુ ખાવા આપવું; એટલે અજીર્ણવિકાર વગેરે દૂર થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે અને મોંમાં સ્વાદ આવે છે. **(૪) કૉલેરા ઉપર:**—લિંબુના રસમાં સાકર નાખી સરબતી પાક કરી રાખવો;× અથવા કાંદા(ડુંગળાં)ના રસમાં લિંબુનો રસ મેળવી તેનો સરબતી પાક કરી રાખી તેનું સેવન

---

* લિંબુનાં ઝાડો બગીચામાં થાય છે; પરંતુ કોઈ કોઈ દેશમાં જંગલમાં પણ હોય છે. સર્વ પ્રકારનાં લિંબુનાં પાંદડાં ગોળ પરંતુ જાતિભેદે નાનાં મોટાં હોય છે. સર્વનાં ફૂલ ધોળાં અને સુગંધવાળાં હોય છે. કાચાં ફળનો રંગ લીલો અને પાકાંનો પીળાશ પડતો હોય છે.

× લિંબુના સરબત માટે સાકર રસથી બમણી લેવાનો સાધારણ રિવાજ છે.

કરવું. **(૫) આંખો આવે તે ઉપરઃ**—દાંતવણુ અને અરીઠુને લિંબુના રસમાં લોખંડના તવા ઉપર ખરલ કરી આંખો ઉપર લેપ કરવો, કિંવા લોખંડનો કાટ તથા દાંતવણુ એકત્ર કરી લિંબુની થીર ઉપર ભભરાવી પીળા કપડામાં પોટલી બાંધી તે આંખો પર ફેરવવી; એટલે આંખોમાં થતી બળતરા, મળ, ખરજ, રતાશ વગેરે સર્વ નેત્રવિકારો દૂર થાય છે. **(૬) પિત્ત શમન થવા માટે**—લિંબુનો રસ અને સાકરનું સેવન કરવું.

૫૧૫ લૂણીની ભાજી—સં૦ ચિવિલ્લિકા, ઘોલિકા. મ૦ ઘોળ. હિં૦ બડીનોનિઆશાક, કુલ્ફા. બં૦ વનપુની, ક્ષુદ્રેગુની. ક૦ ગોલિ. તૈ૦ અઘલકુરા. ફા૦ ખુરફા. અ૦ બકુલતુલ, હુંમકા. ઇં૦ પર્સલેન. લા૦ પોર્ચ્યુલેકા ક્વાડિકાફિડા.

લૂણીના છોડ મોટા થતા નથી. એનાં પાંદડાં કાંઈક ગોળ હોઈ જરા રાતા રંગનાં હોય છે. લૂણીને ઘણાં નાનાં જીંડવાં આવી તેમાં કાળા રંગનાં બી હોય છે. લૂણીની બે જાત છે. એકને નાની અથવા 'જંગલી ઘોલિકા' અને બીજીને 'મોટી' અથવા 'રાજઘોલિકા' કહે છે. નાની લૂણીને સંસ્કૃતમાં "ચિવિલ્લિકા" તથા મોટીને "ત્રોલી" અને "આરામ ઘોલિકા" કહે છે. જંગલી ઘોલિકાનાં પાંદડાં રંગે ઘણાં રાતાં અને રાજઘોલિકા કરતાં નાનાં પરંતુ ખડબચડાં હોય છે. એ ઝાડનાં ઝુંડેઝુંડ થાય છે. રાજઘોલિકાનાં પાંદડાં અને ઝાડ કાંઈક મોટાં હોય છે અને કોમળ હોય છે. ઘોલિકાની ઢીલી ભાજી કરે છે. એનો ગરીબ લોક ઘણો ઉપયોગ કરે છે. એ ભાજી ઠંડી હોઈ ઘણી ખાવામાં આવે તો હગામણુ, આમાંશાદિ ઉપદ્રવો થાય છે. **લૂણી:**—રુચિકર, ખારી, પિત્તલ, ખાટી, સારક, કફકર તથા ઉષ્ણ છે; અને વાયુ, ત્વગ્દોષ, ગુલ્મ, વ્રણ, શ્વાસ, કાસ, નેત્રરોગ, મેહ તથા સોજાનો નાશ કરે છે. **મોટી લૂણી:**—રૂક્ષ, ખાટી, ખારી, રુચિકર, તીખી, ગુરુ, અગ્નિદીપક તથા કફનાશક છે; અને વાયુ, અર્શ, અગ્નિમાંદ્ય, વિષ તથા શુક્રનો નાશ કરે છે. **ક્ષુદ્ર ઘોલિકા (નાની લૂણી):**—પિત્તલ, સારક, કફકર તથા તીખી છે; અને જીર્ણ-જ્વર, શ્વાસ, કાસ, ગુલ્મ, મેહ તથા શોથનો નાશ કરનારી તથા રસાયન, વાતનાશક, ઉષ્ણ અને ખાટી છે. તેમજ નેત્રરોગ, ચર્મદોષ તથા વ્રણની નાશક છે. ઉપયોગ:—**(૧) પેશાબમાં ઘણી બળતરા થતા હોય તે તથા ઉનવા** (વારંવાર થોડો થોડો પેસાબ થવો) **ઉપર:**—લૂણીની ભાજીનો રસ કાઢી તેમાં સાકર નાખી તે રસ સવાર-સાંજ બે વખત પાવો; જેથી ત્રણ દિવસમાં બળતરા શાંત થાય છે.

૫૧૬ લેંડી—એ ઝાડ ઘણુંજ મોટું થાય છે. એમાં કાળી અને ધોળી એવી બે જાત છે. એનાં પાંદડાં ઉંબરાનાં પાંદડાં જેવાં હોય છે. ઉપયોગ:—**(૧) વ્રણ ઉપર:**—કાળી લેંડીની છાલનું અગર પાંદડાંનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી ચોપડવું; એટલે વ્રણ જલદી રૂઝાઈ જાય છે.

૫૧૭ લોધ્ર—સં૦ મ૦ લોધ્ર. હિં૦ ક૦ લોધ. અ૦ મુગામ. લા૦ સિમ્પ્લોકેસ રેસી-મુસા. તૈ૦ લોડુગચેટુ.

લોધરનાં ઝાડ કોંકણુ, મહાબળેશ્વર, બંગાળા અને નેપાળ એ પ્રદેશમાં થાય છે. એનાં પાંદડાં બકુલનાં પાંદડાં જેવડાં મોટાં હોય છે. લોધરનો ઉપયોગ રંગમાં તથા ઔષધમાં ઘણો થાય છે. એને મરાઠીમાં "હુરા" પણુ કહે છે. અબીલ કરે છે તેમાં લોધર નાખે છે. એમાં ધોળો અને રાતો એવી બે જાત છે. સફેદ લોધરને પઠાણી લોધર કહે છે. થાણા જીલ્લામાં અજા પર્વત ઉપર ધોળા લોધરનાં ઝાડ પુષ્કળ છે.* લોધર બે પ્રકારનો છે:—તે તૂરો, શાંત,

* સંસ્કૃત ગ્રંથોમાં:—લોધરને શીતલ અને ગ્રાહી માનેલ છે. તેમજ આંતરડાં, આંખ અને નાસુરના ઘામાં ઉપયોગી ગણેલ છે. દાંતના પારા નરમ થઈ ગયા હોય અથવા એમાંથી લોહી નીકળતું હોય તો લોધરની છાલનો ક્વાથ કરી કોગળા કરવાના કામમાં લે છે. ચક્રદત્તમાં—દાંતના પારાની પીડા નાશ કરવાને લોધર, રસવતી અને નાગરમોથને મેળવી વાપરવા કહેલ છે. અમૃત-સાગરમાં લોધર, જેઠીમધ, ફુલાવેલી ફટકડી અને રસવતી સમાન ભાગ લઈ પાણીમાં ઘસી આંખો ઉપર લેપ કરવાથી દુખતી આંખો સારી થાય, એમ લખ્યું છે. ડૉ૦ શીકસવરો કહે છે કે, કલકત્તામાં આ ઝાડની છાલ રંગરેજ લોક લાલ રંગ રંગવાના કામમાં વધારે વાપરે છે. મુંબઈ ઇલાકામાં

તેમને હિતાવહ, ગ્રાહક તથા લઘુ છે; અને વાતકર, રક્તદોષ, પિત્ત, સોજો, અતિસાર, પ્રદર, અરુચિ, વિષ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—પાકકાળે તીખાં, તૂરાં, મધુર, શીત, કડવાં તથા ગ્રાહક છે; અને કફ-પિત્તનો નાશ કરનાર છે. ઉપયોગ:—**(૧) પ્રદર ઉપર:**—લોધરનો કાઢો આપવો; અથવા લોધરનું ચૂર્ણ આદુના રસમાં અથવા કેળના કાંદાના રસમાં પાવું. **(૨) તારુણ્યપિટકા ઉપર:**—લોધર, ધાણા અને વજનો ઠંડા પાણીમાં લેપ કરવો. **(૩) દંતરોગ ઉપર:**—લોધર, સાટોડી અને ફુલાવેલી ફટકડીનું પાણી કરી કોગળા કરવા. **(૪) જીર્ણજ્વર ઉપર:**—લોધર. ચંદન, પીંપળીમૂળ અને અતિવિષનું ચૂર્ણ સાકર, ઘી, મધ તથા દૂધમાં પાવું.

૫૧૮ **વગડાઉ અજમો**—(સં૦ અરણ્યાજમોદા, અજગંધા. હિં૦ અજવાયન. બં૦ વનયમાની. લા૦ ઓસીમમ ગ્રાટીસીમમ. મ૦ રાન ઓવા. કા૦ અડવી અજવાણ.) અજમાની વગડામાં થનારી એક જાત છે. એ છોડ આબેહૂબ અજમાના છોડ જેવા હોય છે. ડુંગરાળ પ્રદેશમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. એને ફૂલ અજમા જેવાંજ હોઈ એના ગુણ અજમાના જેવાજ છે. ઉપયોગ:—**(૧) ઉદ્વરસ, વાયુ અને અજીર્ણ ઉપર:**—વગડાઉ અજમો મધમાં ખાવો અથવા એનાં પંચાંગનો કાઢો કરી મધ નાખી આપવો.

૫૧૯ **વગડાઉ અળવી**—સં૦ વનાલુક. મ૦ રાન આળૂ. ઈં૦ કલોલોકેસિયા અંટિકોરમ.

એ અળવી ચોમાસામાં ઉગે છે. એનો રંગ ધોળો હોય છે. એ ઘણીજ ઠંડી છે. ગરીબ લોકો એનું શાક કરી ખાય છે. **વગડાઉ અળવી:**—તૃપ્તિકારક અને ત્રિદોષનાશક છે. **કાળી વગડાઉ અળવી:**—રુચિકર, મુખજાડ્યનાશક અને મહાસિદ્ધિકર છે. ઉપયોગ:—**(૧) ઢોરોના પગને ફોળ લાગી હોય તે ઉપર:**—વગડાઉ અળવીના કાંદા ઘાસ સાથે ખવરાવવા. **(૨) ઢોરોના ક્ષત ઉપર માંખ બેસી જીવડા ન પાડે તે માટે:**—ઢોરોને વગડાઉ અળવીના કંદ ખવરાવવા અને કિંચિત્ ઘસી પાણી કરી ક્ષત ઉપર રેડવાથી તેમાં કીડા ઉત્પન્ન થતા નથી.

૫૨૦ **વગડાઉ તુરિયું**—સં૦ વનકોશાતકી, સુગંધફલા. કા૦ અડવી હીરીકાઈ. લા૦ પોહેનીયા ઓડોરેટા. મ૦ ખાંદ દોડકી, સડે દોડકી, રાનદોડકી. આ તુરીઆંનાં ઝાડ નાનાં હોય છે. એ ઝાડ વેલા પ્રમાણે વધે છે. એનાં પાંદડાં હાથેળી જેવડા મોટાં અને સાધારણ ગોળ હોઇ અણીદાર હોય છે. વગડાઉ તુરીઆંની દરેક ડુંખને બે ફળ આવે છે. એ લાંબાં હોય છે. એની જાડાઇ પગના અંગુઠા જેવી હોય છે. ઉપયોગ:—**(૧) તંતુમેહ એટલે લાલામેહ (પ્રમેહ) ઉપર:**—વગડાઉ તુરીઆંનાં મૂળ ચંદનની પેઠે અર્ધા તોલા સુધી ઠંડા પાણીમાં ઘસી તેમાં સાકર નાખી બે વખત પાવાં; અથવા વગડાઉ તુરીઆનાં મૂળ, ધોળી જાસુંદીનાં મૂળ અને ઉપરસાલનાં મૂળ સમભાગે ગાયના દૂધમાં દોઢ તોલા સુધી ઘસી તેમાં જીરૂં અને સાકરની ભૂકી નાખી બે વખત પાવાં. આ ઔષધ ૧૪ દિવસ પાવું અને પથ્ય પાળવું. પંદરમે દિવસે ગાયના દૂધમાં અર્ધું લિંબુ નીચોવી તુરત તે દૂધ પાવું. પછી પથ્ય છોડવું. **(૨) ઢોરોને ખાંધ પડે તે ઉપર:**—સૂજેલા ભાગને થુંકીને ચોળી પછી વગડાઉ તુરીઆંનાં પાંદડાંનો રસ ચોપડવો. **(૩) કર્ણસ્રાવ ઉપર:**—વગડાઉ તુરીઆંનાં પાંદડાં અંગારામાં નાખી તેને બાફી રસ કાઢી કાનમાં નાખવો; અથવા મૂળ ગરમ પાણીમાં ઘસી તે પાણી કપડછાણ કરી કાનમાં નાખવું. **(૪) વાતવિકાર ઉપર:**—વગડાઉ તુરીઆનાં લીલાં મૂળ કૂટી દોઢ તોલા સુધી રસ કાઢવો. તેમાં અર્ધા તોલા સુધી મધ મિશ્ર કરી દરરોજ સવારે એક તોલા સુધી પાવું. **(૫) સોજા ઉપર:**—વગડાઉ તુરીઆંનાં મૂળ ઘસી ચોપડવાં. (૬)

લોધર અનેક જાતના લેપ બનાવવામાં વાપરે છે અને એનાથી ભરેલું રુધિર તથા ગાંઠ પીગળી જાય છે એમ માને છે. ડૉ૦ ચાર્લ્સ અને કનૈયાલાલ દેવ આંઓનાં ગુહ્યેન્દ્રિયથી નીકળતા પ્રવાહ માટે આ વૃક્ષની છાલ ૨૦ ગ્રેન (બેઆની ભાર) ખાંડની સાથે મેળવીને આપવાનું કહે છે. ચરકમાં–છાલને રક્તશુદ્ધિકારક અને સ્તંભક માનેલ છે. સુશ્રુતમાં એને મેદની નાશક, કફનાશક, યોનિદોષનાશક, સ્તંભક, વ્રણશોધક, પક્વાતિસારનાશક, રક્તપિત્તનાશક અને રક્તપ્રદરનાશક કહેલ છે.

વાયુથી અંગ ઝલાઇ ગયેલ સુવાવડી સ્ત્રીને અને બીજાઓને પણ યોગ્ય માત્રાથી દરરોજ શીરા અથવા રાબમાં નાખી ખવરાવે છે.

નાડીવ્રણુ ઉપરઃ—વગડાઉ તુરીઆંનાં મૂળ, કડવી કરમદીનાં મૂળ અને નાટકનાર(જેનાં પાંદડાં તીખાં થાય છે તે)નાં મૂળ ઘસી ચોપડવાં અને દૂધમાં ઘસી પાવાં.

૫૨૧ વગડાઉ મરચીવેલ—(મ૦ નરકીચા કાંદા) એની એક જાતની વેલ થાય છે. એનાં પાંદડાં કાળિંગડાની વેલનાં પાંદડાં જેવાં હોય છે. એને નાનાં મરચી જેવડાં અને આકારમાં કાનમાંની (પોંવળીની) વાળી જેવડાં લાલ રંગનાં ફળ આવે છે. એના કંદને **નરકીનો** કંદ પણ કહે છે. એ કંદ ઘરમાં લાવી રાખીએ ત્યારે તેને અંકુર ફૂટી નીકળે છે. ઉપયોગઃ—**(૧) સર્પદંશ ઉપરઃ**—આ કંદ કાંઇક પાણીમાં ઘસી પાવો. ખાટખટુંબાની ગોટલીનો પણ એવોજ ઉપયોગ થાય છે. **(૨) કૂતરાના વિષ ઉપરઃ**—નરકીનો કંદ અને પાંદડાં છાશમાં વાટી ૩ દિવસ આપવાથી ગુણ થાય છે. **(૩) ઢોરોને દૂધ વધવા માટેઃ**—આ કંદ છાશમાં કિંચિત્ ઘસી ઢોરોને આપવાથી તેને દૂધ વધારે આવવાનો સંભવ છે. આ પ્રયોગને ખાત્રીલાયક માની શકાતો નથી; કેમકે તે વધારે પેટમાં જવાથી વિકાર કરવાનો પણ સંભવ છે.

૫૨૨ વગડાઉ સાટોડી—(મ૦ રાન ઘેટુળી. કા૦ અડવી ગાંજણી.) એ ઝાડ શુમારે બે-ત્રણ હાથ ઉંચું હોય છે. એનાં પાંદડાં મોગલી એરંડાનાં પાંદડાં જેવડાં થાય છે. એ ઝાડનો રંગ ધોળો હોઇ એનું લાકડું ઘણુંજ હલકું હોય છે. એ બાળવાના કામમાં સારાં ઉપયોગી નથી. વન સાટોડીનાં ઝાડ દક્ષિણમાં ઘણાંજ થાય છે. એ ઝાડનાં મૂળનો રંગ પણ ધોળો હોય છે. એને મરી જેવાં બારિક અને લાલ રંગનાં ફળ આવે છે.× ઉપયોગઃ—**(૧) સોજા ઉપરઃ**—કોઈ પણ જાતનો સોજો ચઢ્યો હોય તો તે ઉપર આ સાટોડીનાં મૂળનો પાણીમાં ઘસી લેપ કરવો; એટલે સોજો ઉતરે છે. **(૨) ઢોરના ગુમડામાં કીડા પડે તે ઉપરઃ**—જંગલી સાટોડીનાં મૂળ વાટી ચોપડવાં અથવા મૂળનું ચૂર્ણ કરી ચોપડવું.

૫૨૩ વગડાઉ સુરણ—સં૦ અરણ્યસૂરણ, વજ્રમુષ્ટિ. મ૦ કો૦ લૂત, ખાજરા-રાન-સુરણ. હિં૦ જંગલી સૂરણ. ક૦ તે૦ અડવી સૂરણ, ખૈસૂરણ. તા૦ કટુ કવરાવે. તુ૦ કટુકેને. મલા૦ કટુચેના. લા૦ એમોર્ફોફેલસ્, કેંપેન્યુલેટસ્, સાયનટોરીઅસ, સાયલ્વટિકા. ગુ૦ ચિતલકંદ, ઝેરી સુરણ.

આ શાક કોંકણમાં પ્રસિદ્ધ છે. મૃગનક્ષત્રનો એકાદો વરસાદ વરસ્યો એટલે સુરણના કંદ જમીનમાંથી ઉપર નીકળે છે. તે લાવી ઉપરની છાલ કાઢી નાખી અંદરનો ભાગ બારીક સમારી શાક કરે છે. જાનું થયા પછી એ ખાવાને ઉપયોગી નથી. આ સુરણ પણ સુરણનીજ એક જાત છે; પરંતુ આ ઝાડ સુરણ કરતાં નાનાં થાય છે. એનાં પાન અને આકૃતિ સુરણના જેવીજ હોય છે. જ્યારે વજ્રમુષ્ટિ સુરણનાં કોંબ નવીન બહાર નીકળે છે, ત્યારે હાથીની સુંઢ જેવા સરળ, ધોળા અને રાતા દેખાય છે. તેના ઉપરની છાલ જાડી અને મજબૂત હોય છે. એ શાક સારૂં બાફવું જોઇએ અને તેમાં માફકસર આમલી નાખવી; નહિ તો તેથી ગળામાં ખરજ થાય છે. લૂતી-(અરણ્ય સુરણ)નાં મૂળીઆં ગોળ સુરણ જેવાંજ હોય છે; પરંતુ એ નાનાં હોય છે. એ ઝાડના દાંડાની ઉપરની અણીને દશ આંગળ સુધી લંબાઇની, મકાઇના ડોડા જેવી એક મૂઠ આવે છે. એ મૂઠીને વજ્રમુષ્ટિ કહે છે. એ મૂઠીને લાંબા અને ખીચોખીચ દાણા હોય છે. એ પાકા થાય એટલે રાતા રંગના પ્રવાળ જેવા જણાય છે. લૂતીનું શાક કર્યાં પહેલાં આ કંદ છોલી તેની ચીરો કરી ઘરમાં બે-ત્રણ દિવસ સુધી રાખવું; પાણી સૂકાઈ જાય એટલે તેનું શાક કરવું. એ કંદને કડવું સુરણ પણ કહે છે. એ કંદ પિત્તકારક અને કફનાશક છે. વજ્રમુષ્ટિ સુરણને મરાઠીમાં "શેંવલે" પણ કહે છે. કોંકણમાં શેંવલેંનું શાક પ્રસિદ્ધ છે. ઉપયોગઃ—**(૧) નળ ફૂલ્યા હોય તે ઉપરઃ**—રાન સુરણની ચીરો (ટુકડા) સૂકવી તેની વસ્ત્રગાળ ભૂકી કરવી અને પાશેર ગાયના દૂધમાં એક તોલો સાકર અને ૬ માસા સુરણની ભૂકી નાખી તેનો માવો કરી ખાવો. **(૨) મૂળવ્યાધિ ઉપરઃ**—રાન સુરણના કાંદાનું ચૂર્ણ ઘીમાં તળી તેની ગોળીઓ મૂળાના રસમાં બાંધવી અને બે વખત એકેક ગોળી ખાવી. **(૩) કર્ણમૂળ ઉપરઃ**—લૂતીના કાંદા ઘસી ચોપડવા એટલે સોજો જલદી દૂર થશે.

× અમારા અનુમાન મુજબ ખેડુત લોકો જેને ઝેરી સાટોડીના નામથી ઓળખે છે, તેજ આ વનસ્પતિ હોવી જોઇએ.

(૪) આંખ ફૂલવા, ગાંઠ તથા કર્ણમૂળ ઉપરઃ—વગડાઉ સુરણ પાણીમાં ઘસી લેપ કરવો.

૫૨૪ વછનાગ—સં० વત્સનાભ. મ० બચનાગ. હિં० બચનાગ, સિંગિયાવિષ. ક० વત્સનાભી. ઇં० એકોનાઇટ. લા० એકોનાઇટમ નેપેલસ. બં० મીઠા વિષ, કાઠવિષ. તા० વસનવી.

વછનાગનાં ઝાડ નાનાં નાનાં ઝાડવાં જેવાં હોય છે. ડુંગરાળ પ્રદેશમાં તે પુષ્કળ થાય છે. વછનાગનાં ઝાડ **ખાનદેશ અને સાતપુડા પર્વતનાં** જંગલોમાં પુષ્કળ છે. એ ઝાડનાં મૂળ બહુ વિષવાળાં છે. તેને વછનાગ કહે છે. આ ઝાડની પાસે બીજાં ઝાડ ઉગતનાં નથી એટલો એ વિષારી છે. વછનાગનો રંગ કાળાશ પડતો હોય છે. જે મૂળ વજનદાર હોય છે તે સારાં સમજવાં. વછનાગ શુદ્ધ કરી* પુષ્કળ રસાયનોમાં નાખે છે. વછનાગનો લેપ ઘણા રોગો ઉપર કરે છે. વછનાગમાં કાળો અને ધોળો અથવા લાહોરી વછનાગ, એવી બે જાત છે. લાહોરી વછનાગ મોંઘો મળે છે. **વછનાગઃ**—ઉષ્ણ, સંતાપકારક, મદકારી, તીખો, કડવો, તૂરો, સુખકર તથા વ્યવાયી છે; અને વાયુ, શ્લેષ્મવિકાર, કંઠરોગ, સન્નિપાત, કુષ્ઠ, વાતરક્ત, આમમાંદ્ય, કાસ, શ્વાસ, ઉદરરોગ, પ્લીહા, ગુલ્મ, પાંડુ, વ્રણ તથા ભગંદરનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) કર્ણમૂળ, કંઠમાળ, ગલગંડ અને સંધિવાયુના સોજા ઉપરઃ**—વછનાગ લીમડાના રસમાં ઘસી લેપ કરવો. **(૨) વિંછીના દંશ ઉપરઃ**—વછનાગનો લેપ કરવો. **(૩) કાનમાં ધાક પડવાથી થતા દુઃખ ઉપરઃ**—વછનાગ અને વજ સમભાગે લઇ તલના તેલમાં કઢવી કાનમાં પાડવું. **(૪) સોજા ઉપરઃ**—વછનાગ, સુંઠ અને સાટોડીનાં મૂળ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. **(૫) વિસર્પ અને દાદર ઉપરઃ**—વછનાગ, ઝેરકોચલાં અને મોરથુથુ દહીંમાં ઘસી ૧૪ દિવસ લેપ કરવો. **(૬) બદ બેસી જવા માટેઃ**—વછનાગ અને ઝેરકોચલાનાં બીઆં એકત્ર ઘસી લેપ કરવો; અને તે ઉપર કાગળ ચોંટાડી જૂની ઇંટનો કકડો તપાવી કપડામાં વિંટી સોસાય તેટલો શેક કરવો. **(૭) કાખમાંજરી (બાંબલાઇ) ઉપરઃ**—વછનાગ પાણીમાં ઘસી લેપ કરવો.×

---

* **વછનાગશોધનનો વિધિઃ**—

(૧) વછનાગના સોપારી જેવડા કટકા કરી પોટલી બાંધી ગોમૂત્રમાં ૩ દિવસ પલાળી રાખવા. રોજ સવારે જૂનું ગોમૂત્ર કાઢી નાખી તાજું ગોમૂત્ર નાખવું. ચોથે દિવસે પાણીથી ધોઈ સૂકવી ઉપયોગમાં લેવા. ગોમૂત્રમાંથી કાઢયા પછી પણ કોઇ કોઇ ગાડરના દૂધમાં પોટલીમાં બાંધી માવો થતાં સુધી બાફે છે.

(૨) વછનાગના સોપારી જેવડા ટુકડા કરી ૧૬ ગણા દૂધમાં મંદાગ્નિએ ડોલાયંત્રથી ઉકાળવા. દૂધ બાસુંદી જેવું થાય ત્યારે ઉતારી, વછનાગની પોટલી કાઢી સાફ જળથી ધોઈ છાયામાં સૂકાવી લેવાથી શુદ્ધ થાય છે.

× આયુર્વેદમાં વછનાગનો ઉપયોગ હીંગળો, પારા, ગંધક તેમજ બીજી ઔષધિઓના યોગમાં વિશેષ કરેલો છે. વછનાગ વાતહર, સ્વેદલ, મૂત્રલ તથા જ્વરઘ્ન હોવાથી જ્વરમાં વિશેષ ઉપયોગી છે. જીર્ણજ્વર કરતાં નવીન તીક્ષ્ણ દાહયુક્ત જ્વરમાં વિશેષ લાભદાયક ગણાય છે. વાતહર તથા પિત્તશામક હોવાથી સંધિવા, ચસકા, કળતર વગેરે રોગમાં ખાવાની ઔષધિરૂપે તેમજ લગાડવાની ઔષધિ (તેલ, લેપ) રૂપે ઉપયોગમાં આવે છે. નવા તીક્ષ્ણ દરદના કરતાં જીર્ણ વાતરોગમાં વિશેષ ફાયદો કરે છે. વછનાગ પાચન હોવાથી અજીર્ણ તથા અજીર્ણથી ઉત્પન્ન થયેલાં દરદોમાં વપરાય છે. લોહીના જમાવને તોડનાર હોવાથી કર્ણમૂળ, બદ, બાંબલાઇ, કંઠમાળ વગેરે રોગમાં લેપ કરવાના કામમાં આવે છે. મધુપ્રમેહ, ધાતુવિકાર, પ્રદર વગેરે રોગોમાં પણ બીજી ઔષધિઓની સાથે વપરાય છે. કુષ્ઠરોગમાં ૦॥ રતીથી માત્રા વધારી ૮ રતી પર્યંત લઇ જવી. એવી રીતે કુષ્ઠ રોગીને યોગ્ય અનુપાનની સાથે આપવાથી કુષ્ઠરોગને પણ દૂર કરે છે. વછનાગ અતિવૃદ્ધ, નાનાં બાળક, કોઠો, પિત્તપ્રકૃતિવાળા, નપુંસક, ક્ષયરોગી, સગર્ભા સ્ત્રી તથા અતિ થાકેલા મનુષ્યને આપવો નહિ. યુક્તિપૂર્વક સેવન કરવાથી વછનાગ બલ આપનાર, રસાયની, પૌષ્ટિક અને વીર્યવર્ધક છે. વછનાગ, ઉન્હાળા કરતાં ઠંડીના દિવસોમાં વિશેષ હિતકર ગણાય છે. વછનાગની માત્રા ૦। થી ૦॥ રતી છે. **(૧) વાયુના દરદ ઉપર (વત્સનાભાદિ ગુટિકા)ઃ**—શુદ્ધ વછનાગ

૫૨૫ વજ (ઘોડાવજ‡)—સં૦ વચા, ઉગ્રગંધા. મ૦ વેખંડ. હિં૦ બં૦ વચ. ક૦ બાજેગિડ, નારૂબેરૂ, બજે, ક્બણુકગડે. તૈ૦ વાસા, વાડાજ. તા૦ વશુંબુ. તુ૦ બાજે. મલા૦ વાયંપુ. ગો૦ વેખંડ. યુના૦ અકુરૈન. ફા૦ સોસનજર્દ, અગર તુરકી. અ૦ ઉદલબુજ. ઈં૦ સ્વીટફ્લેગ્રન્ટ રૂટ. લા૦ એકોરસ્ કેલેમસ્.

વજનાં ઝાડ પાનબાજરીઆનાં ઝાડ જેવાં થાય છે. એની ઉંચાઈ માથોડું હોય છે. એનાં મૂળને વજ કહે છે. એની એક ધોળી જાત ઈરાનમાં થાય છે. તેને **ખુરાસાની વજ** કહે છે.× એના ગુણ વજના જેવાજ હોઇ વિશેષ કરી વાયુરોગ ઉપર ઉત્તમ ગુણકારી છે. **વજ:**—તીક્ષ્ણ, તીખી, ઉષ્ણ, કડવી, વાંતિકારક, દીપન તથા કંઠ અને મળમૂત્રની શોધક, વાણીપ્રદ તથા મેધાકારક છે; અને કફ, આમ, સોજો, વાયુ, જવર, અતિસાર, ઉન્માદ, ભૂતબાધા, અપસ્માર, રાક્ષસપીડા, કૃમિ, શળ, મલસ્તંભ તથા આધ્માનનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) સળેખમ અને મસ્તકશૂળ ઉપર:**—વજનું ચૂર્ણ કરી તે કપડામાં બાંધી સુંઘાડવું. **(૨) અપસ્માર ઉપર:**—વજનું ચૂર્ણ મધ સાથે આપવું. પથ્ય દૂધ ભાત ખાવાં અથવા વજના કકડા કરી સાત દિવસ ઘીમાં પલાળી રાખવા. પછી પાતાળયંત્રવડે તેલ કાઢી જેવી છીંક આવે તેવોજ તેનો નાકમાં વાસ લેવો; એટલે છીંકો બંધ થાય છે. **(૩) સૂર્યાવર્ત અને આદાશીશી ઉપર:**—વજ અને લીંડીપીપરની પોટલી કરી નાકે સુંઘવી અથવા ચૂર્ણ સુંઘવું. **(૪) ઉન્માદ ઉપર:**—વજના રસમા કોષ્ઠકોળીંજનનું ચૂર્ણ અને મધ નાખી આપવું. **(૫) કાળા ધંતુરાના વિષ ઉપર:**—દહીં, ભાત અને વજ ખાવાં. **(૬) કાન વહેતો હોય તે ઉપર:**—વજ અને કપૂર તલના તેલમાં કઢવાં તે તેલ કાનમાં પાડવું. **(૭) ગર્ભિણીના આનાહવાયુ ઉપર:**—વજ અને લસણ નાખી દૂધ તપાવવું અને તેમાં હીંગ તથા સંચળ નાખી ખાવા આપવું; એટલે આનાહવાયુનો

---

૨ તોલા, સુંઠ ૨ તોલા, મરી ૧ તોલો, પીપર ૧ તોલો, લવિંગ ૧ તોલો તથા અજમો ૨ તોલા, એ પ્રમાણે સર્વ વસ્તુઓ લઇ ખાંડી બારિક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી કુંવારના રસમાં ૬ કલાક ઘુંટી અરધી અરધી રતીની ગોળી કરી છાંયે સુકાવી લેવી. શરીરમાં કોઇ પણ ભાગમાં વાયુનું દરદ હોય તેને ૧ ગોળી સવારે ઠંડા પાણી સાથે આપવી. થોડા દિવસમાં વાયુનું દરદ શાંત થશે. નીચે લખેલું તેલ માલિશ કરવાની જરૂર જણાય તો માલિશ કરવું, કે જેથી જલદી લાભ થશે. આ ગોળી અરધી રતીથી વધારે માત્રામાં ન આપવી; કારણ કે વછનાગ ઝેરી છે. **(૨) વાયુના દરદ ઉપર માલીશ કરવાનું તેલ:**—વછનાગ, ધંતુરાના દોડા, આકડાની જડ, તજ, જાયફળ, અફીણ, અજમો તથા માલકાગણી સમાનભાગે લઇ કલ્ક કરવો. કલ્કથી ૪ ગણું સરસવનું તેલ લઇ કલઇવાળી કડાઇમાં નાખી મંદાગ્નિપર પકાવવું; તેલ પાકી જાય ત્યારે ઉતારી ગાળી શીશીમાં ભરી રાખવું. આ તેલના માલિશથી સાંધાઓમાં થતું વાયુનું દર્દ મટી જાય છે. **(૩) કંદાદિક વિષ તથા સાપાદિ ઝેરી જાનવરોના વિષ ઉપર:**—શુદ્ધ વછનાગ, ટંકણખાર તેલીઓ કૂવાવેલો, કાળાં મરી તથા નેરથુથુ સર્વ સમભાગ લઇ બારીક વાટી લેવાં. પછી કુકડવેલના રસમાં ૭ કલાક ખરલ કરી ચાર ચાર માસાની ગોળી કરવી. આ ગોળી ગોમૂત્ર સાથે સેવન કરાવવાથી અનેક પ્રકારના ઝેરની પીડા શાંત થઈ જાય છે. **(૪) ગુલ્મરોગ ઉપર:**—ત્રિફલા તથા સાજીખારની સાથે શુદ્ધ વછનાગ ૦॥ રતી મેળવી દિવસમાં બે વખત લેવાથી થોડા દિવસમાં ગુલ્મરોગનો નાશ થાય છે.

‡ ઘોડાવજમાં એક એવો અદ્દભુત ગુણ રહેલ છે કે, ઘોડાવજના ચૂર્ણને પાણી અથવા દૂધની સાથે એક મહિના સુધી સેવન કરવાથી મનુષ્ય બુદ્ધિમાન થાય છે તથા ચંદ્રગ્રહણના વખતે કે સૂર્યગ્રહણના વખતે એક પલ (૪ તોલા) ઘોડાવજના ચૂર્ણને દૂધની સાથે ભક્ષણ કરવાથી, એજ વખતે મનુષ્યને અત્યંત બુદ્ધિયુક્ત કરે છે. ઘોડાવજ જળાશયવાળા સ્થાને અને રેતાળ જમીનમાં ઉત્પન્ન થાય છે. "ઘોડાવજ માથાને અને રુધિરને નુકસાન કરનારી છે. એનો વિકારનાશક બહિયાળાં અને સિકંજન છે. માત્રા ૩ માસા છે" એમ યુનાની ગ્રંથકારો બતાવે છે.

× ખુરાસાની વજને દૂધીઓ વજ કહે છે. એ લાલ વજના કરતાં વધારે ગુણદાયક છે.

(આરાનો) નાશ થઇ ગર્ભિણી સુખી થાય છે. (૮) સુખે પ્રસવ થવા માટે:—વજ પાણીમાં વાટી તેમાં એરંડતેલ નાખી તેનો નાભિ ઉપર લેપ કરવો. (૯) અંડવૃદ્ધિ ઉપર:—વજ અને કિંચિત્ રાઇ એકત્ર વાટી લેપ કરવો. (૧૦) આમાતિસાર, રક્તાતિસાર અને ઉધરસ ઉપર:—વજ, ધાણા તથા જીરાનો કાઢો પાવો. (૧૧) બાળકને તાળવું (ગળું) પડે તે ઉપર:—વજ અને જાયફળ દૂધમાં કિંવા ઘીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવો અને ગાયના દૂધમાં સાબરસીંગ ઘસી પાવું. (૧૨) બાળકને વાયગમન (છાતીમાં કફના યોગે ડચુરા બાઝ્યા જેવું થઈ કફનો ગઠ્ઠો બંધાય છે તે યોગથી શ્વાસોચ્છ્વાસનો અવરોધ થઇ વારંવાર જીવ ગભરાય છે તે) થાય તે ઉપર:—બાળકના હૃદય ઉપર, પીઠ ઉપર અને ગળા નીચે ગાયના દૂધમાં વજ ઘસી ચોળી ચોળી જીરવવી. (૧૩) વિષમજ્વર ઉપર:—વજ, હરડે અને લીંબડાના પાનનો ધૂપ આપવો.*

૫૨૬ વટાણા—સં૦ કલાય. મ૦ કવલા, વાટાણે. હિં૦ મટર, કેરાવ, કેરાઉશાક. ક૦ બટ્ટકડલે, વટાણિ. તુ૦ વટાણિ. તા૦ પટાણિ. તે૦ ગંડુચણગલુ. મલા૦ પટ્ટાનિ, પાયર. ઈં૦ ફીલ્ડ પી. લા૦ પાઈસમ્ સેટાઈવમ્.

વટાણાની ભાજી કોંકણમાં પ્રસિદ્ધ છે. એ છોડ શુમારે વેંતેક ઉંચો વધે છે. આ છોડ રાનમાં પોતાની મેળે થાય છે.× શ્રાવણ માસના સોમવારના દિવસે કેટલાક લોક એની ભાજી અવશ્ય ખાય છે. એનું શાક ડુંગળી નાખી કરવાથી બહુજ સારૂં થાય છે. વટાણાની ભાજી:—ભેદક, ઉષ્ણ, કડવી અને ત્રિદોષઘ્ન છે.

૫૨૭ વડ—સં૦ બં૦ વટ. મ૦ વડ. હિં૦ બડ-ર. ક૦ આદલ-ગોલીમારા. તે૦ મર્રિચેટુ. તા૦ અલામારમ્. તુ૦ ગોલિડામારા. મલા૦ પેરાલ. ફા૦ દરખતરેશા, વડવાઈરેશા, એબર્ગંદ. અ૦ જાતુ, દવાઇ, વથઆબ. ઈં૦ બનિયન ટ્રી. લા૦ ફાયકસ ઈંડીકસ.

એ ઝાડ સર્વત્ર પ્રસિદ્ધ છે. આ ઝાડ મોટું થાય છે અને એનો વિસ્તાર અતિશય વધે છે. આ છાયાવૃક્ષ છે. પીપળાના ઝાડની પેઠે વડનું ઝાડ દેવળ પાસે વાવી તેને પાળ કરે છે. હિંદુ લોકોમાં વડનું ઝાડ બહુ પૂજ્ય મનાયેલું છે. એની છાયા નીચે હજારો માણસો બેસે એવડો એનો વિસ્તાર વધે છે. એને દરવર્ષે નવી વડવાઇઓ ફૂટી તે જમીનમાં જઇ તેને મૂળ ફૂટે છે અને એવી રીતે વિસ્તાર વધતોજ જાય છે. એનાં પાંદડાં પત્રાળાં કરવાના કામમાં આવે છે. કેટલાક લોક એના દૂધનો મલમની પેઠે ઉપયોગ કરે છે. ગુજરાતમાં નર્મદાના મુખ પાસે કબીરવડ નામનું અતિશય મોટું એક વડનું વૃક્ષ છે. તેને સાડીત્રણસો વડવાઇઓ છે અને હમેશાં નવી ફૂટતી જાય છે. તેનો પરીઘ સાડીતેરસો હાથનો છે. તેની વડવાઇઓને નાનાં નાનાં ત્રણ હજાર ડાળાં ફૂટેલાં છે તથા તેને હજારો ડાળાં લાગેલાં છે. એ વડની નીચે પાંચ હજાર માણસો સહજ બેસી શકે છે. આ ઝાડને દૂરથી જોઇએ તો એકાદું મોટું અરણ્ય હોય એવો ભાસ થાય છે. વડનું લાકડું સુતારકામના ઉપયોગમાં આવતું નથી. એ જાતનાં મોટાં ઝાડ હજાર વર્ષ સુધી ટકે છે. વડ:—તૂરો, મધુર, શીત, ગુરુ, ગ્રાહક, વર્ણ્ય, સ્તંભન તથા રૂક્ષ છે; અને કફ, પિત્ત, યોનિદોષ, જ્વર, દાહ, તૃષા, ઉલટી, મૂર્ચ્છા, રક્તપિત્ત, વ્રણ, શોક તથા વિસર્પનો નાશ કરે છે. નદીવટ:—તૂરો, મધુર, શીતલ અને ગુરુ છે; તથા પિત્ત, દાહ, તૃષા, જ્વર, શ્વાસ અને ઉલટીનો નાશ કરે છે. વટપત્રી (વટવતી) (વડનો ભેદ):—તૂરી તથા ઉષ્ણ છે; અને યોનિરોગ તથા મૂત્રદોષનો નાશ કરે છે. એનાં ફળ:—મધુર, રૂક્ષ, તૂરાં, સ્તંભન, શીતળ, લેખન તથા વિબંધ અને આધ્માનવાયુને કરનારાં છે; અને કફ તથા પિત્તનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) નખદંત વિષ

* વજ થોડી માત્રામાં લેવી જોઇએ. વધારે માત્રામાં લેવાથી ઉલટી થાય છે. ઉલટી કરાવવા માટે વજ ૧૫ થી ૨૦ રતી પાણી સાથે અપાય છે. વજનો કટકો મોંમાં રાખી મૂકવાથી કફ સહેલાઇથી બહાર આવે છે; તથા સૂકું ગળું થુંક વધવાથી ભીનું રહે છે. બાળકોને ઉધરસ ઉપર વજ ઘસીને પીવરાવવામાં આવે છે. ખાવાની ઔષધિ તરીકે માત્રા ૩ થી ૬ રતી સુધી આપવી.

× આશ્ચર્યની વાત છે કે, વટાણા સર્વત્ર વાવવામાં આવે છે. ક્યાંઈ અડકાઉ થતા જાણ્યા નથી તો અડકાઉ શાથી માન્યા હશે ? શું આ રાનવટાણા તો નહિ હોય ?

ઉપર:—વડ, ખીજડો અને કડવા લીમડાની છાલ વાટી લેપ કરવો. (૨) **પ્રમેહ ઉપર:**—વડની વડવાઇઓનો કાઢો કરી મધ નાખી પાવો. (૩) **વિંછીનું વિષ, આગંતુક જખમ, કાખમાંજરી અને ઉંદરના દંશ ઉપર:**—વડનું દૂધ ચોપડવું. (૪) **ગર્ભધારણને માટે:**—વડ પાલોવે છે તે વેળાએ કળી જેવાં અંકુર આવે છે, તેમાંનાં બારિક પાંદડાં વાટી બોરના જેવડી ૨૧ ગોળીઓ કરવી અને દરરોજ ત્રણ ગોળીઓ ઘીમાં ખાવી. (૫) **કૃમિ ઉપર:**—વડની વડવાઈઓના કુમળા અંકુર વાટી તેનો રસ પાવો. (૬) **ધાતુપુષ્ટિ માટે:**—વડનું દૂધ પતાસામાં ઘાલી ખાવું. (૭) **જ્વરમાં દાહ થાય તે ઉપર:**—વડની વડવાઇઓનો રસ પાવો. (૮) **પરસેવો આવવા માટે:**—ડાંગરની ધાણીનો લોટ પાણીમાં પલાળી તેમાં વડનાં પીળાં પાંદડાં નાખી તેનો ષડાંશ (છઠ્ઠો ભાગ) કાઢો કરી પાવો. (૯) **આંખમાંના ફૂલ, ધુર ઇત્યાદિ ઉપર:**—વડના દૂધમાં કપૂર વાટી અંજન કરવું. (૧૦) **અતિસાર ઉપર:**—વડની વડવાઇઓ ચોખાના ધોવરામણમાં વાટી તેમાં છાશ નાખી પાવી. (૧૧) **રક્તપિત્ત ઉપર:**—વડની વડવાઇઓના કલ્કમાં મધ અને સાકર નાખી આપવો. (૧૨) **મુખરોગ ઉપર:**—વડ, ઉંબરો, પીંપર, જાંબુઓ અને નાંદરૂખીનાં પાંદડાંનો કાઢો કરી તેના કોગળા કરવા. (૧૩) **ખરજવા અને મૂળવ્યાધિ ઉપર:**—વડનાં પાકેલાં પાંદડાં બાળી તેની રાખ તલના તેલમાં ખરલ કરી લેપ કરવો. (૧૪) **મળમૂત્ર બંધ થયાં હોય તે ઉપર:**—વડનાં પાકેલાં સૂકાઇ ગયેલાં પાંદડાં લાવી તેનો કાઢો કરી પાવો. (૧૫) **રક્તજ સ્નાયુક (રક્તાજન્ય વાળા) ઉપર:**—વડ તથા આમલીની છાલના કલ્કનો લેપ કરવો. (૧૬) **મધુરા જ્વર ઉપર:**—વડનાં પાન તથા બાજરાના લોટનો કાઢો કરી પીવરાવવો.

૫૨૮ વડગુંદો (મોટી ગુંદી)—સં૦ શ્લેષ્માતક. મ૦ ભોંકર, શેલવટ. હિં૦ લ્હિસોડા, નિસોરે, બહુવાર. ક૦ દોહંચળ્ળુ, ભોકેગિડ. તે૦ પેદ્દાનાકેરૂ. ફા૦ સિપિસ્તાન. અ૦ સેફિસ્તાન, દબક. ઇં૦ ન્યારોલિવ્ડ સેપિસ્ટન. લા૦ કૉર્ડિયા એંગસ્ટિફોલિયા, કૉર્ડિયા મિક્સા. બં૦ ચાલતા, બોહરી. ઉડીઆ૦ અડ. તા૦ બિડી.

વડગુદાના બે ત્રણ પ્રકાર છે. આ ઝાડ ગામમાં અને રાનમાં થાય છે. વડગુંદાનાં ફળ પાકે એટલે રાતાં થાય છે. એ ફળ સોપારી જેવડાં હોય છે. કાચાં ફળનો રંગ લીલો હોય છે. ફળની અંદર ગુંદરના જેવો રસ હોય છે. એ ફળનું અથાણું કરે છે. તે પથ્યકારક છે. એનું શાક પણ થાય છે. પાકેલાં ફળ ખાવાથી મીઠાં લાગે છે. એ પૌષ્ટિક છે. એ ફળ ઘણાં ખાવાથી જંતુ (કૃમિ) અને ઉધરસ થાય છે. વડગુંદો એ સર્વત્ર પ્રસિદ્ધ છે. એનું લાકડું સુતારના ઉપયોગમાં આવતું નથી. વડગુંદાને ધોળો ગુંદર આવે છે. **વડગુંદાનું ઝાડ:**—તીખું, શીતલ, મધુર, તૂરું, પાચક, કેશ્ય, સ્નિગ્ધ તથા કફકારક છે; અને કૃમિ, શૂળ, આમદોષ, રક્તવિકાર, વ્રણ, વિસ્ફોટક, પિત્ત, વિસર્પ તથા સંપૂર્ણ વિષનો નાશ કરે છે. **એનાં ફળ:**—મધુર, શીત, કડવાં, વાતુલ, લઘુ, તૂરાં, પિત્તશામક, મલસ્તંભક અને રુચિકર છે; તથા તે રક્તદોષ અને કફનો નાશ કરે છે. **એનાં પાકાં ફળ:**—મધુર, સ્નિગ્ધ, શીતલ, કફકર, બૃંહણ, વિષ્ટંભકારક, રૂક્ષ તથા ગુરુ છે; અને વાયુ, પિત્ત તથા રક્તદોષનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **અતિસાર ઉપર:**—વડગુંદાની છાલ પાણીમાં ઘસી પાવી. (૨) **કૉલેરા ઉપર:**—વડગુંદાની છાલ ચણાના ક્ષારમાં ઘસી પાવી.

૫૨૯ વરધારા—સં૦ વૃદ્ધદારુ. મ૦ વરધારા. દે૦ મ્હેંસવેલ. કો૦ સાંબરવેલ. મા૦ ગાવેલ. હિં૦ વિધારા. બં૦ વિતારક, વૃદ્ધદારક. ક૦ કુએરકુમુષ્ટે, ફિરંગી ચક્કિ. તે૦ ચંદ્રપુડી. લા૦ રોરીયાસેં ટેલોઈડીજ.

વરધારાના વેલાનો વિસ્તાર બહુ થાય છે. એનાં પાંદડાં હથેળી જેવડાં મોટાં, આકારે ગોળ અને અણીદાર હોય છે. મરાઠીમાં "જીર્ણફંજી" તથા "વાઢતા દેવદાર" તથા કોંકણમાં "મ્હતારીચા વેલ" પણ કહેવાય છે. ઔષધોમાં એ વેલાના કકડા કરી તેનો ઉપયોગ કરે છે. વરધારાનાં પાંદડાંનાં વડાં અને શાક કરે છે. **સાદો વરધારો:**—તીખો, કડવો, ઉષ્ણ, તૂરો, રસાયન મધુર, મેધાકર, સારક, દીપન, સ્વર્ય, કાંતિકર, ધાતુવર્ધક, બલકર, વૃષ્ય તથા લઘુ છે; અને ઉપદંશ, પાંડુરોગ, ઉધરસ, ક્ષય, પ્રમેહ, આમવાત, વાતરક્ત, વાયુ, કફ તથા શોષનો નાશ કરે છે. આમાં જે મોટો

વરધારો તે વિશેષ પુષ્ટિકારક છે. તેને મરાઠીમાં 'કાળી મ્હેસવેલ' કહે છે. **ઉપયોગ:—(૧) શ્લીપદ રોગ ઉપર:**—વરધારાનું ચૂર્ણ ગોમૂત્ર કિંવા કાંજી સાથે ખાવું. **(૨) શુષ્ક ગર્ભવૃદ્ધિ માટે:**—વરધારો અને ધોળી જાસુંદીનાં ફૂલ ગાયના દૂધમાં વાટી તેમાં સાકર નાખી સવારે ખાવાં. આ પ્રયોગ દરેક ઋતુપ્રાપ્તિ પછી ચોથે દિવસથી સાત દિવસ સુધી કરવો એટલે અવશ્ય ગુણ થાય છે.

૫૩૦ **વરી (મોરીઓ)**—સં૦ વરક, પ્રિયંગુ. મ૦ વરી, ધાનોર્યા. હિં૦ બરી. ક૦ પ્રિયંગુ, ટેનોગિડ. તા૦ ટિને. તૈ૦ કોરલુ. મલા૦ ટિના. ઈં૦ ઈટાલિયન મિલેટ. લા૦ પેનિકંઈટાલીકં.

એ ધાન્યની આકૃતિ નાચણી જેવી છે; પરંતુ રંગમાં માત્ર ફેર છે. ધાનોરાના વરીનો રંગ પીળો હોય છે. વરીનું ધાન્ય સહ્યાદ્રિના પ્રદેશમાં ઘણું થાય છે. ઘણું કરીને જ્યાં નાચણી પાકે છે ત્યાં વરી પાકે છે. ઉપોષણમાં એ ધાન્યનો ઉપયોગ થાય છે. એ ધાન્યનો ભાત, ધાણી, લોટ અને બીજા પ્રકાર કરી દહીં દૂધ સાથે લોક ખાય છે. ગરીબ લોક વરીની મધુર ખીચડી કરી ખાય છે. એ ઘણી પુષ્ટિકારક છે. વરીમાં પણ પાંચ-છ જાત છે. **વરી:**—તૂરી, મધુર અને રૂક્ષ હોઈ તે વાયુ અને પિત્તનો નાશ કરનારી છે. **ઉપયોગ:—(૧) પ્રદર ઉપર:**—વરીના ચોખાના ધોવરામણમાં ઉંદરની લીંડીઓ વાટી પાવી.

૫૩૧ **વરીઆળી**—સં૦ મિશ્રેયા. મ૦ બડી શેપ. હિં બડીશોપ-સૌંફ. બં૦ મૌરી. ક૦ દોડ્ડ-સબ્બસિગે. તૈ૦ પેદજીલકુરરૂ. તા૦ સોહીકીરે. ફા૦ બાદિઆન. ઈં૦ ફેનલસીડ. લા૦ ફેનીકયુલમ-વલગેરીસ્. અ૦ એજિયાનજ, એજિયાંજ, એજયાના.

જેવાં સુવાનાં ઝાડ હોય છે તેવાંજ વરીઆળીનાં ઝાડ હોય છે. એ બે હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં બારિક કોથમીર જેવાં હોય છે. એ ઝાડને તોરા આવે છે. તેમાં વરીઆળીના દાણા હોય છે. એનો પાક ગુજરાત દેશમાં ઘણો થાય છે. વરીઆળી મસાલા વગેરેના ઘણા ઉપયોગમાં આવે છે. એ ઠંડી, આમનાશક અને રુચિદાયક છે. ગુજરાતમાં લીલી વરીઆળી એ એક મેવો મનાય છે. **વરીઆળી:**—તીખી, કડવી, સ્નિગ્ધ, પિત્તકારક, દીપન, લઘુ, ઉષ્ણ, મેધ્ય તથા બસ્તિકર્મ વિષે પ્રશસ્ત છે; અને કફ, વાયુ, જ્વર, શૂળ, દાહ, નેત્રરોગ, તૃષા, ઉલટી, વ્રણ, આમ તથા અતિસારની નાશક છે. **એનાં પાંદડાંની ભાજી:**—મધુર, અગ્નિદીપન, દૂધ વધારનારી, વૃષ્ય, રૂચ્ય, ઉષ્ણ તથા પથ્ય છે; અને વાયુ, જ્વર, ગુલ્મ તથા શૂળની નાશક છે.× **ઉપયોગ:—(૧) આમાતિસાર ઉપર:**—વરીઆળીનો કાઢો કરી પાવો અથવા સુંઠ તથા વરીઆળી ઘીમાં તળી બારિક કૂટવી અને તેની ફાકી લેવી. **(૨) મુખવિકાર ઉપર:**—વરીઆળી મોંમાં રાખી રસ ગળી જવો. **(૩) ઉષ્ણતાએ આવનારી ઉધરસ ઉપર:**—વરીઆળી અને સાકરનું ચૂર્ણ વારં-વાર મોંમાં રાખવું. **(૪) પિત્તજ્વર ઉપર:**—વરીઆળી તથા સાકરનો કાઢો પાવો.

૫૩૨ **વંતાકડી (વેંગણી)**—સં૦ વાર્તાકી. મ૦ વાંગી. હિં૦ બૈંગન, ભંટા, ભટેરા. બં૦ બેગુન. ક૦ બદનેકાઈ, કાચીગીડ. તા૦ કટ્ટારી. તુ૦ બદને. મલા૦ વાળુતિના. તૈ૦ બંકાઈ. ફા૦ બાદગાન. અ૦ બાદજાન. ઈં૦ બ્રિંજલ. લા૦ સોલેનમેલ્નંજિના.

વંતાકડીનાં ઝાડ કંમરપૂર ઉંચાં વધે છે. વંતાકડીમાં બે-ચાર જાત છે. કાળી વંતાકડી, ધોળી વંતાકડી ઇત્યાદિ. વેલ વંતાકડીનાં ઝાડ પુષ્કળ વર્ષો સુધી ટકે છે અને તેને વર્ષમાં ત્રણ-ચાર વાર ફળ આવે છે. વંતાકડીના છોડને કાંટા હોય છે. વંતાકનું શાક સારૂં થાય છે. વંતાક એ કિંચિત્ વાતુલ છે. પાકેલાં વંતાક વિકાર કરનારાં છે તેથી ખાવાં નહિ. **વંતાકડી+:**—તીખી,

× વરીઆળીને ચરકસંહિતામાં પ્રજાસ્થાપન અને શૂળનાશક તેમજ સુશ્રુતમાં કફનાશક માની છે. હકીમ લોક વરીઆળીનાં પાંદડાંને ગરમ માને છે. સુવાવડી સ્ત્રીઓને એનો કવાથ રુધિર શુદ્ધ કરવાને અને એજ પ્રમાણે ગર્ભાશયની શુદ્ધિ થવાને આપે છે; તથા એને પાચક અને જઠરાગ્નિ-ને પ્રદીપ્ત કરનાર માને છે.

+ વંતાકડીને રિંગણી પણ કહે છે. એનાં ફળને વેંગણ અથવા રિંગણાં કહે છે. એની મુખ્ય ધોળી અને કાળી એવી બે જાત છે. આ જાત તેનાં ફળો ઉપરના રંગથી ઓળખાય છે. વળી એ દરેકમાં પણ કાંટાળી અને કાંટાવિનાની એવી બે જાત છે. કાંટાળી રિંગણીના ફળના ઉપરના ડીંટાને

રુચિકર, મધુર, બલકર, પૌષ્ટિક, હલ્ય, ગુરુ, કડવી, ઉષ્ણ, અપિત્તલ, દીપન, ખારી તથા શુક્રલ છે; અને પિત્ત, કફ, વાયુ, અપચી (ગંડમાળાનો ભેદ), કૃમિ, પ્લીહા તથા ઉદરરોગનો નાશ કરે છે. **વંતાક:**—(ફળ) સ્વાદુ, તીક્ષ્ણ, ઉષ્ણ, પાકકાળે તીખા, દીપન, શુક્રકારક, લઘુ, અપિત્તલ તથા ખારાં છે. અને જ્વર, વાયુ તથા કફનો નાશ કરે છે. **કુમળાં વંતાક:**—પથ્ય, રસકાળે અને પાકકાળે મધુર તથા રુચિકર છે; અને જ્વર, ત્રિદોષ, પિત્ત, કફ તથા અર્શનો નાશ કરે છે. **મધ્યમ કુમળાં વંતાક:**—પિત્તકર અને લઘુ છે. **પાકાં વંતાક:**—વાયુને કોપાવનારાં અને લઘુ છે. **મોટાં વંતાક:**—કફકર, મૂત્રલ, શીતલ, ગુરુ, વૃષ્ય, ધાતુવર્ધક, સારક, વાતલ અને પિત્તકર છે. **ધોળાં વંતાક:**—અર્શનાશક છે. બીજા ગુણ સાધારણ વંતાક જેવાજ છે **ભુંભરેટમાં શેકલાં વંતાક:**—કિંચિત્ પિત્તકર, અતિ લઘુ તથા અગ્નિદીપન છે; અને કફ, મેદ, વાયુ તથા આમનાશક છે **મીઠું લગાડી તેલમાં તળેલાં વંતાક:**—ગુરુ અને સ્નિગ્ધ છે. **ઉપયોગ:**—**(૧) વાળા ઉપર:**—વંતાક શેકી તેનું ભડથાંમાં ભરત કરી સાત દિવસ વાળા ઉપર બાંધવું. **(૨) ઘોડાને કુરકુરી (પેટમાં ગડગડાટ) થાય તે ઉપર:**—કુમળાં વંતાક ખવરાવવાં કિંવા વંતાકનો રસ કાઢી પાવો. **(૩) લૂતી ઉપર:**—લીલા કાજળીનાં ઝાડ તથા સુકાયેલાં વંતાક બાળી તેની રાખ કરી કોપરેલમાં ખરલ કરી ચોપડવી. **(૪) પેટમાં ભાર રહે તે ઉપર:**—વંતાક શેકી તેમાં સાજીખાર નાખી પેટ ઉપર બાંધવાં. **(૫) ધંતુરાના વિષ ઉપર:**—વંતાકનો રસ ૪ તોલા પાવો. **(૬) અંડવૃદ્ધિ ઉપર:**—વંતાકડીનાં મૂળ ઘસી લેપ કરવો. **(૭) નિદ્રા ન આવતી હોય તો:**—સાંજરે વંતાક શેકી મધમાં કાલવી ખાવાં; એટલે તુરત નિદ્રા આવશે.

૫૩૩ **વસુ**—સં૦ મ૦ હિં૦ વસુ. બં૦ વાસના. ક૦ ગણુજીલી. તે૦ ગાલજેર. તા૦ ચુરડેમૂલં. મલા૦ ચારણા, સારણા. લા૦ ટ્રીએનથેમા પેન્ટ્રન્ડ્રા.

ગામડામાં આ વનસ્પતિને વસુના નામથીજ ઓળખે છે. કોંકણ પ્રાંતમાં આ વનસ્પતિ જોવામાં આવતી નથી. વસુની વેલ થાય છે. આ વેલાની લંબાઈ હાથ-બે હાથ હોય છે. પાંદડાં સાટોડીનાં પાંદડાં જેવાંજ હોઇ તેનાથી કાંઇક જાડાં હોય છે. વસુમાં ધોળી અને રાતી એવી બે જાત છે. ધોળી વસુના વેલાનું સર્વાંગ ધોળું હોય છે. મરાઠી ભાષામાં પ્રસિદ્ધ વૈદક ગ્રંથ 'ત્ર્યંબકી'-ના કર્તા ત્ર્યબકરાજ વૈદ્યે પુનર્નવા(સાટોડી)નેજ વસુ એમ સમજી નેત્રરોગ ઉપર આ વનસ્પતિ યોજેલી છે; પરંતુ સાટોડી અને વસુ એ તદ્દન જુદી જાતનીજ વનસ્પતિ છે. ઘણા વૈદ્ય લોક સાટોડી અને વસુ એ બન્ને વનસ્પતિમાં ફરક નહિ સમજતાં વસુનેજ સાટોડી સમજી વસુનો ઉપયોગ કરે છે. **બન્ને વસુ:**—દીપન, તીખી, કડવાં, ઉષ્ણ અને પાકકાળે શીતળ હોઇ વાતગુલ્મનો નાશ કરે છે. ધોળી વસુ એ રસાયન છે. **ઉપયોગ:**—**(૧) સોજા ઉપર:**—ધોળી વસુના મૂળનો કાઢો કરી આપવો અને મૂળનો સોજા ઉપર લેપ કરવો; અથવા વસુ અને સુંઠનો કલ્ક કરી તે પાવો. **(૨) ગોળો અને બરોળ ઉપર:**—વસુનાં પંચાંગનું ચૂર્ણ ગોમૂત્ર અને સિંધાલૂણમાં આપવું. **(૩) રોગ ન થવા અને વૃદ્ધપણું દૂર થવા માટે:**—વસુનાં પંચાંગનું ચૂર્ણ દૂધ અને સાકરમાં આપવું. **(૪) વિંછીના વિષ ઉપર:**—ધોળી વસુનાં મૂળ રવિવારે કાઢી તે ચાવી ખાવાં; એટલે વિંછીનું વિષ ઉતરે છે. અથવા વસુનાં મૂળ ઘસી લેપ કરવો. **(૫) અમ્લપિત્ત ઉપર:**—નિત્ય સવારે ધોળી વસુનાં તાજાં બે મૂળ ચાવી ખાવાં અને તેના ઉપર બે પહોર સુધી કાંઇ ખાવું નહિ. એ પ્રમાણે ૧૪ દિવસ કરવું. **(૬) ચોથીઆ તાવ ઉપર:**--ધોળી વસુનાં મૂળ દૂધમાં ખવરાવવાં અથવા નાગરવેલના પાનમાં નાખી ખવરાવવાં. **(૭) ગોળા અને જળોદર ઉપર:**—ધોળી વસુનાં મૂળ અથાન સિંધાલૂણ નાખી વાટી તેનો કલ્ક કરી તેમાં ઘી નાખી તે ગુલ્મ ઉપર આપવો; અથવા જલોદર ઉપર ધોળી વસુનું ચૂર્ણ મધમાં આપવું. **(૮) કૂતરાના ઝેર ઉપર:**—વસુનો રસ આપવો.

૫૩૪ **વાઘાટી**—સં૦ વ્યાઘ્રઘંટિકા, વ્યાઘ્રિ. મ૦ વાઘાંટી, ગોવિંદી. હિં૦ કિંકિણી. ઇ૦

કાંટા હોય છે, તે ઝીણા અને છૂટા છૂટા હોય હોય છે. કોઈ કોઇ રિંગણીનાં ફળ ગોળ પણ હોય છે. ઉપયોગ:—બરોળ ઉપર:—વંતાકને અંગારામાં શેકી ખાય છે.

બોર્નિં કેપરબશ. લા૦ આપેરિજ એવિસ્પાયના–હોરિડા.

આ વેલો મોટો વધે છે. એનાં પાંદડાં કરમદીનાં પાંદડાં જેવાં નાનાં હોય છે. એના ઉપર કાંટા હોય છે. ફળ ગોળ હોય છે. તેને વાઘાટી કહે છે. એનું શાક કરી ખાય છે. **વાઘાટી:**—ઉષ્ણ, પિત્તલ તથા રૂચિકર છે; અને કફ તથા વિષનો નાશ કરે છે. **એનાં ફળ:**—ઉષ્ણ તથા કડવાં છે; અને વિષૂચિકા, કફ, વાયુ તથા ત્રિદોષનો નાશ કરે છે. **લઘુ વાઘાટી:**—(સં૦ કટુ-કરી):—કડવી તથા ઉષ્ણ છે; અને વિષૂચિકા, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અંડ ઉતર્યો હોય તે ઉપર:**—વાઘાટીનાં પાંદડાંનો પાણી નાખી ૪ પૈસાભાર રસ કાઢવો અને તેમાં ૪ માસા મરી વાટી તે પાવો. **(૨) ગડગુમડા ઉપર:**—વાઘાટીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી તેનો લેપ કરવો. **(૩) વાઘ કરડયો હોય તે ઉપર:**—વાઘાટીનાં પાંદડાં વાટી બાંધવાં. **(૪) બાળકોને લાળ પડે તે ઉપર:**—વાઘાટીનાં મૂળ ઘસી પાવાં.

૫૩૫ વાપુંબા—સં૦ કટભી. મ૦ કિન્હઈ, કિણુહી. હિં૦ કટભી, કરહી. ક૦ કરીય કિલગે. ઇં૦ કેરિસ ટ્રી. લા૦ કેરિયા આરબોરિયા.

આ ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં કુંવાડીઆનાં પાંદડાં જેવાં હોય છે. એ ઝાડને ચપટી શિંગો આવે છે. ઝાડનો રંગ કાંઈક ધોળો હોય છે. **મોટો ધોળો વાપુંબો:**—તીખો, ઉષ્ણ, તૂરો અને કડવો છે; તથા અજીર્ણ, નાડીવ્રણ, રક્તદોષ, પ્રમેહ, વિષ, કૃમિ, ધોળો કોઢ, કફ, ત્રિદોષ, વ્રણ અને શિરોરોગનો નાશ કરે છે. **એનાં ફળ:**—ધાતુ અને કફને વધારનાર છે. **એનો રસ:**—ગુરુ, વૃષ્ય, બલકર અને વાતનાશક છે. **નાનો ધોળો વાપુંબો:**—ઉષ્ણ અને તીખો છે; તથા કોઢ, કફ, રક્તદોષ, મેદોરોગ, નાડીવ્રણ, વિષ, પ્રમેહ અને કૃમિનો નાશ કરે છે. **કાળો વાપુંબો:**—ઉષ્ણ અને તીખો છે તથા ગુલ્મ અને આધ્માનશૂળનો નાશ કરે છે. બાકીના ગુણ ધોળા જેવાજ છે. **ઉપયોગ:—(૧) ખરજ અને દાદર ઉપર:**—વાપુંબાનાં પાંદડાં વાટી ચોપડવાં.

૫૩૬ વાયવરણો (વરણો)—સં૦ બં૦ વરુણ. મ૦ વાયવર્ણા, વાટવર્ણા, હાડવર્ણા. દે૦ વાયાચા વૃક્ષ. હિં૦ બરના. ક૦ મદવસલે. તૈ૦ ઉરૂમાદિ, ર્બાજિચેટ. તા૦ મરલિંગમ્. લા૦ ક્રેટિવા રિલિજીઓસા. ઇં૦ રોકસબુર્ઘિઆઈ.

એ સાધારણ ઝાડ છે. કોંકણ પ્રાંતમાં એનાં ઝાડ ઘણાં થાય છે. એનાં પાંદડાં ત્રિદલ બીલીનાં પાંદડાં જેવા હોય છે. એ પાંદડાંને એરંડાના જેવું લાંબુ ડીંટું હોય છે. એ પાંદડાંનો ઉગ્ર વાસ આવે છે. વાયવરણાને વૈશાખ જેઠના શુમારે નવાં પાંદડાં આવે છે; તે ઉતારી લઈ વેચવા લઈ જાય છે. એ ભાજીમાં કડવાશ ઘણી હોય છે; માટે તેમાં ડુંગળી ઘણી નાખે છે. એને ધોળા રંગનાં ફૂલોનો વેસ આવે છે. એ ફૂલનું શાક પણ થાય છે. એને શમી જેવી ગાંઠો આવે છે અને ગોળ બોર જેવડાં ફળ આવે છે. વાયવરણો વાતહારક છે. વાયવરણાનો ઉપયોગી ભાગ પાન અને છાલ છે. **વાયવરણો:**—તીખો, ઉષ્ણ, સ્નિગ્ધ, દીપન, મધુર, કડવો, તૂરો, લઘુ, પિત્તલ તથા ભેદક છે; અને વિદ્રધિ, વાયુ, કફ, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, ગુલ્મ, વાતરક્ત, કૃમિ, રક્તદોષ, શીર્ષ-વાત, મૂત્રાઘાત, હૃદ્રોગ તથા ઉદરશૂળનો નાશ કરે છે. **એનાં ફૂલ:**—ગ્રાહક હોઈ પિત્ત તથા રક્તદોષનાં નાશક છે. **એનાં ફળ:**—સ્નિગ્ધ, સારક, ગુરુ, સ્વાદુ, ઉષ્ણ તથા પાકકાળે મધુર છે; અને વાયુ, પિત્ત તથા કફનો નાશ કરનારાં છે. **ઉપયોગ:—(૧) અંગમાં વાયુ ભરાઈ ગયો હોય તે ઉપર:**—વાયવરણાનાં મૂળ ઘસી વાયુ ઉઠયો હોય તે જગ્યાએ ચોપડવાં. **(૨) ત્રિદોષ ગુલ્મ ઉપર:**—વાયવરણાની છાલનો કાઢો પાવો. **(૩) ગંડમાલા, અપચી અને ગલગંડ ઉપર:**—વાયવરણાની છાલનો કાઢો મધ નાખી પાવો. **(૪) વિદ્રધિ રોગ ઉપર:**—વાયવરણાની છાલ તથા પુનર્નવા(સાટોડી)નો કાઢો પાવો; અથવા છાલ કૂટી ગુમડા ઉપર બાંધવી; એથી સોજો ઉતરી ગુમડું જલદી પાકે છે અને ફાટે છે. **(૫) નીલિકા રોગ (શરીર ઉપર કાળા ડાઘ પડે છે તે) ઉપર:**—વાયવરણાનો રસ એકલો અથવા દહીં નાખી ચોપડવો. **(૬) પથરી, મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર અને મૂત્રશર્કરા ઉપર:**—વાયવરણા, ગોખરૂ અને સુંઠનો કાઢો ગોળ અને જવખાર નાખી પાવો. **(૭) વિષમજ્વરમાં શુદ્ધિ નષ્ટ થઈ ભ્રમ થાય તે ઉપર:**—વાયવરણાનાં પાંદડાં વાટી સાધારણ

ગરમ કરી તેનો પાટો માથા ઉપર બાંધવો. **(૮) બરોળ ઉપર:**—વાયવરણાનાં પાંદડાં હાથ ઉપર ચોળી રસ કાઢી બરોળની જગ્યા ઉપર તે રોજ ચોળી જીરવવો; એટલે કેટલાક દિવસે બરોળનો નાશ થાય છે. **(૯) વાતભ્રમ ઉપર:**—વાયવરણાનાં પાંદડાં બારીક વાટી લેપ કરી ચોવડા વસ્ત્રથી મસ્તક ઉપર પાટો બાંધવો; એટલે જ્યાંસુધી મસ્તકમાં વાયુનો વિકાર હશે ત્યાંસુધી બળતરા થતી નથી. વાયુવિકાર બંધ થાય એટલે આગ થવા લાગે છે. તેમ થાય એટલે પાટો છોડી તે જગ્યાએ કોપરાનું તેલ ચોપડવું. **(૧૦) પથરી ઉપર:**—વાયવરણાનાં મૂળનો કાઢો તેના મૂળનો કલ્ક નાખી પાવો. **(૧૧) વાંગરોગ (મોઢું વાંકું થઈ જાય છે તે) ઉપર:**—વાયવરણાના કાઢાએ મોં ધોવું એટલે વાંગનો નાશ થશે. **(૧૨) વાયુરોગ ઉપર:**—વાયવરણાનાં પાંદડાંનો રસ કાઢી તે શક્તિ પ્રમાણે ઘી નાખી પાવો; અથવા વાયવરણાની છાલ અને પાંદડાં એકત્ર કરી ગરમ કરી તેની પોટલી વડે શેક કરવો. **(૧૩) મસ્તકમાંના વ્રણ ઉપર:**—સુકાયલા વાયવરણાનાં પાંદડાંનું ધૂમ્રપાન કરી ધૂણી નાકે કાઢવી; એ પ્રમાણે ૧૪ દિવસ કરવાથી નાકમાં સડેલું હાડકું હોય તે પણ સારું થાય છે. **(૧૪) ગંડમાલા ઉપર:**—વાયવરણા અને કંચનારની છાલનો કાઢો મધ નાખી પાવો.

૫૩૭ વાલોળ—સં૦ નિષ્પાવી. મ૦ ઘેવડા, વાલ પાપડી. હિં૦ સેમ, સેંબી. બં૦ બોરા, વરવટી. ક૦ ચબ્બવરિ, ગટવરિ, તટ્ટબરે. તૈ૦ ચિક્કુંડ, અનુસુલુ. તા૦ મોચ્ચેકોટૈ. અ૦ બિનસ. ઇં૦ બ્લૅક સિડેડ ડોલિકોસ. લા૦ ડોલિકસ લબલબ.

વાલોળનો વેલો ઘણોજ મોટો વધે છે. એ ચાર-પાંચ વર્ષ ટકે છે. વાલોળને ત્રિદલ પાંદડાં હોય છે. તેની શિંગોનું શાક સારું થાય છે. અંદરના દાણાનું પણ શાક કરે છે. વાલોળમાં ચોધારી વાલોળ, વોટ વાળોળ, અર્વી, ધોળી અને કાળી એવી અનેક જાતો છે. **વાલોળ:**—વાતકર, રુચ્ય, તૂરી, મધુર, મુખને પ્રિય, કંઠશુદ્ધિકારક, ગ્રાહક તથા અગ્નિદીપક હોઈ કફ તથા પિત્તનો નાશ કરે છે. **મોટી વાલોળ:**—રુચિકર, વાતલ, અગ્નિદીપક અને મુખને પ્રિય છે. **કાળી વાલોળ:**—કંઠ્ય, મેધ્ય, અગ્નિદીપક, તૂરી, રસકાળે મધુર, રુચિકર અને ગ્રાહક છે. **ધોળી વાલોળ:**—વાત તથા કફને કરનાર અને વિષનાશક છે. બીજા ગુણ કાળી વાલોળ જેવા છે. પીળી વાલોળ કરતાં વધારે ગુણવાળી છે. **ઉપયોગ:—(૧) વિંછીના વિષ ઉપર:**—વાલોળની ભાજીનો રસ ચોપડવો. **(૨) પાઠા ઉપર:**—સાતવર્ષી વાલોળના મૂળની જમીનની અંદરની ગાંઠ ગાયના તાજા દૂધમાં ઘસી પાવી અને ઉપર તેનોજ લેપ કરવો. **(૩) પગ કિંવા ઘુંટી મરડાઇ જાય છે તે ઉપર:**—વાલોળની ભાજી અને બીલામો એકત્ર વાટી ગરમ કરી ઉપર બાંધવું. **(૪) વિષમજ્વર ઉપર:**—સાતવર્ષી વાલોળનાં મૂળ કાઢી કાને બાંધવાં, એટલે વિષમજ્વર દૂર થાય છે.

૫૩૮ વાવડીંગ—સં૦ બં૦ વિડંગ. મ૦ વાવડીંગ. હિં૦ વાયવિડંગ. ક૦ વાયુવિલંગ. તૈ૦ વાયુવિડંગમુ. ફા૦ બરંગ, કાબલી. ઇં૦ એમ્બેંગ. લા૦ એમ્બેલિયા રિબીસ. અ૦ બરંજકાબલી.

વાવડીંગનાં ઝાડ માથોડું-દોઢ માથોડું ઉંચાં વધે છે. એનાં પાંદડાં પાંચ આંગળ લાંબાં તથા ત્રણ આંગળ પહોળાં હોય છે. વાવડીંગના ઝાડ ઉપર ફળના ગુચ્છા આવે છે. તેને વાવડીંગ કહે છે. વાવડીંગ એ કૃમિનાશક છે.× **વાવડીંગ:**—તીખાં, ઉષ્ણ, લઘુ, કડવાં, દીપન તથા રુચ્ય છે;

× મીર મહમદ હુસેન લખે છે કે:—"વાવડીંગ ખાવાથી પેશાબનો રંગ લાલ થઇ જાય છે; એટલા માટે એને તાજા દૂધની સાથે આપવાં જોઇએ." ડૉ૦ રૅાકસવર એનું વર્ણન કરતાં લખે છે કે:—"અનેક વાર વાવડીંગ કાળાં મરીની સાથે મેળવી ગાંધી લોકો વેચે છે. વાવડીંગના ચૂર્ણની માત્રા નાના બાળકને એક નાની ચમચી જેટલી દિવસમાં બે વખત અને મોટા માણસને મોટો ચમચો ભરી આપવું જોઇએ. એનો સ્વાદ ઉત્તમ, કાંઈક કસેલો અને થોડો ખુશબોદાર હોય છે. નાનાં બાળકોને પાવાના દૂધમાં વાવડીંગના થોડા દાણા મેળવવાથી એના પેટમાં વાયુનો કોપ થતો નથી." સુશ્રુત સંહિતામાં:—વાવડીંગને શરીરમાં શક્તિ ઉત્પન્ન કરવાને તથા વૃદ્ધાવસ્થાની અસર ન થાય એમ કરવા માટે જેઠીમધ સાથે આપવા કહેલ છે. ચરકસંહિતામાં:—વાવડીંગને કૃમિનાશક, કોઢનાશક અને શિરોવિરેચન (નાકમાંથી પાણી નીતારનાર), તેમજ ગુલ્મ, શૂળ,

અને વાયુ, કફ, અગ્નિમાંદ્ય, અરુચિ, ભ્રાંતિ, કૃમિ, શૂળ, આધ્માન, ઉદર, પ્લીહા, અજીર્ણ, દમ, ઉધરસ, હૃદ્રોગ, વિષદોષ, મલાવષ્ટંભ, આમ, મેદ તથા મેહને નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કૃમિ ઉપર:**—વાવડીંગનો કાઢો ગોળ નાખી પાવો અથવા વાવડીંગનું ચૂર્ણ મધમાં આપવું. **(૨) બાળક નીરોગી થવા માટે:**—એક મહિનાનું બાળક થાય ત્યાંસુધી એક વાવડીંગનું ચૂર્ણ મધમાં આપવું. એમ દરેક મહિને એક એક વાવડીંગ વધારી ખવરાવવું; એટલે બાળકને કદી પણ રોગ થશે નહિ. **(૩) અરુચિ અને જ્વર ઉપર:**—વાવડીંગ અને મધની ગોળી મોંમાં રાખવી એટલે અરુચિ અને જ્વર (તાવ) અસાધ્ય હશે તોપણ તેનો નાશ થશે. **(૪) ભમરી (ચકરી) આવે તે ઉપર:**—વાવડીંગની માળા કરી કાને બાંધવી. **(૫) બાળકની ઉધરસ અને દમ ઉપર:**—વાવડીંગનું ચૂર્ણ મધમાં આપવું. **(૬) હૃદ્રોગ ઉપર:**—વાવડીંગ અને કોળિંજનનું ચૂર્ણ ૪ માસા ગોમૂત્રમાં નાખી પાવું; એટલે હૃદયમાંહેના અસાધ્ય કૃમિ પડશે. **(૭) મલશુદ્ધિ થવા માટે:**—વાવડીંગ અને અજમાનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પીવું; એટલે વિષ્ટંભ નાશ થશે.

૫૩૯ વાવળા—વાવળાનું ઝાડ મોટું થાય છે. એનાં પાંદડાં લાંબાં અને નગણાનાં પાંદડાં જેવાં હોય છે. એ પાંદડાંનો વાસ ઘણો આવે છે. એ ઝાડનું લાકડું ખેરના લાકડા જેવું મજબૂત હોય છે. એ ઇમારતના કામમાં ઘણું ઉપયોગી છે. એની છાલના લેપથી ચિત્રકની છાલના લેપની પેઠે બળતરા થાય છે **ઉપયોગ:—(૧) ગુમડાં, વાયુની ગાંઠો, બદ વગેરે બેસી જવા માટે:**—વાવળાનાં પાંદડાને ઘી ચોપડી તે ગરમ કરી બદ ઉપર બાંધવાં; એટલે કેટલીક વારે ફોલ્લીઓ થાય છે અને બદ, ગાંઠ વગેરે બેસી જાય છે. **(૨) વાળા ઉપર:**—વાવળાની છાલ અને ચંપાની છાલ કચરી બાંધવી; એટલે વાળો બળી જાય છે.

૫૪૦ વાસનવેલ—સં૦ વત્સાદની, પાતાલગરુડી. મ૦ વાસનવેલ. કો૦ તાન, ભુયપાડળ. હિં૦ છિરેટા, છિરહટા. બં૦ શિલિંદા. ક૦ દગુડી, દાગડીબળી. તૈ૦ દૂસરતોગે. તા૦ કાતુકકોદી. ફા૦ ફરીદબુટી. લા૦ કોકયુલસ્ વિલોસસ્. ગુજ૦ બેવડો, એલપ, પાતાળ તુંબડી, તાણુનો વેલો.

એનો વેલો બે વર્ષ પછી ઘણોજ લાંબો વધે છે. વાસનવેલને "તાન્હીચા વેલ" તથા "ભૂઈપાડળ" પણ મરાઠીમાં કહે છે. એ વેલાનાં પાંદડાં બારિક હોય છે. એ વેલાના નાના ટોપલા સારા થય છે. ભેંસને વાસનવેલ ખવરાવવાથી તેને પુષ્કળ દૂધ આવે છે. પાડળમૂળના અભાવે એનાં મૂળ લે છે. **વાસનવેલ:**—વીર્યવર્ધક, રક્તશોધક, ઉષ્ણ, બલકર તથા તીખી છે; અને તાવ, કંઠરોગ, પિત્ત, તથા ઉષ્ણવાતનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કંઠસર્પ ઉપર:**—વાસનવેલનાં મૂળ વાટી પાવાં. **(૨) પાણીમાં ખડબાં બાઝવા જેવું કરવા માટે:**—કેટલાક બેદુ, વિશેષતઃ મુસલમાન ફિરકના વૈદ્યો ધાતુપુષ્ટિનું ઉત્તમ ઔષધ કહી ભોળા લોકોને આ ચમત્કાર કરી

ખાંસી અને શ્વાસનાશક કહેલ છે. હાલના લેખકો લખે છે કે:—"વાવડીંગ પેટનાં દર્દનીનાશક, પાચનશક્તિ વધારનાર, પેટમાંના કૃમિને કાઢનાર, અજીર્ણ અને ચામડીના રોગોને નાશ કરનાર છે." યુનાની હકીમ વાવડીંગને જુલાબદ્વારાએ પેટનો બગાડ કાઢનાર ગણે છે. પેટમાંના ચપટા કૃમિ કાઢવાને સૂકાં વાવડીંગનાં ફળ વાટી નવ વરસની અંદરના બાળકને ૧ ચમચો અને મોટી ઉંમરના માણસને બે ચમચા માખણ અને સાકર સાથે મેળવીને આપવામાં આવે છે. ડૉકટર રૉયલ કહે છે કે:—એનાથી રેચ પણ લાગે છે; અને પાણીમાં મેળવી આપીએ તો પેટના કૃમિ નીકળી જાય છે. વળી હરસના દરદમાં પણ એને આપવાની ઉત્તમતા બતાવે છે. સુશ્રુતમાં:—આ ફળને પિત્ત વધવાથી શરીર ઉપરથી થતી નાની નાની ફોડકીઓનો નાશકર્તા કહેલ છે. ઇંગ્રેજી ગ્રંથકર્તાઓના મતમાં:—"એનાં મૂળ અને છાલનો સ્વાદ કડવો છે. એનો ગુણ સિંકોના(કિવનાઇન જે ઝાડમાંથી નીકળે છે તેની છાલ)ના ઝાડ જેવો છે. એ શીતળ છે. એનાં ફળ ખાંસી, શરદી અને શ્વાસના રોગમાં અત્યંત ગુણકારી ગણેલ છે. ફળના ઉપરની છાલ સાબુદાણા અને માખણની સાથે મેળવી આપવાથી ઝાડના રોગમાં અત્યંત ફાયદો કરે છે. દૂધમાં મેળવી પીએ તો કમળો મટે છે, તેમજ પિત્તના રોગોમાં પણ તે આપે છે. જો ઝાડો થતી વખતે વધારે જોર પડતું હોય અને આમ નીકળતું હોય તો લિંબુના રસ સાથે મેળવી તે ખાવાં."

દેખાડી પૈસા કઢાવી લે છે. ઉત્તમ પુષ્ટતા આવશે એમ કહી વાસનવેલની ભૂકી નાખી પૈસા લે છે. એ ચમત્કાર કરી દેખાડવો હોય ત્યારે વાસનવેલનાં પાંદડા સૂકવી ચૂર્ણ કરી રાખવું. પછી તેની એક કપડામાં પોટલી બાંધી રાખી, એક વાડકીમાં પાણી લઇ તેમાં ચોળવી; એટલે તે પાણી જાડું થવા લાગી કેટલીક વારે ચાકુવડે ટુકડા કરવા જેવું ઘટ્ટ થાય છે. **(૩) જીર્ણજ્વર ઉપર:**—વાસનવેલનાં મૂળના કકડા કરી હીમ અથવા ફાંટ કરી પીવરાવવો. એથી રક્તશુદ્ધિ થાય છે. **(૪) પેટપીડ ઉપર:**—વાસનવેલનાં મૂળ પાણીમાં ઘસી પાવાં, અથવા વાસનવેલનાં મૂળ, કાચકાં અને અતિવિષ પાણીમાં ઘસી પાવાં. **(૫) પિત્તવિકાર ઉપર:**—વાસનવેલનાં પાંદડાંના રસમાં સુંઠનું ચૂર્ણ અને સાકર નાખી પાવાં. **(૬) બાળકનું તાળવું પડે તે ઉપર:**—વાનસવેલનાં પાંદડાં વાટી થેપલી કરી તાળવા ઉપર લગાડવી. **(૭) વાળા ઉપર:**—વાસનવેલનાં મૂળ પાણીમાં વાટી પાવાં. **(૮) સંધિવાત અને ઉપદંશ વ્યાધિએ સાંધા પકડાય તે ઉપર:**—વાનસવેલનાં મૂળ બકરીના દૂધમાં ઉકાળી તેમાં તેમાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી તે દૂધ પાવું.

૫૪૧ વાળો—સં૦ વાલક. મ૦ વાળા. હિં૦ વાલા, ખસ. ક૦ મુંડિવાળા. તૈ૦ વાટ્ટીવેલું. તા૦ વટ્ટીવેર. તુ૦ મુડવાલ. લા૦ એન્ડ્રોપૉગન મ્યુરિકેટસ્. ઇં૦ કુસ્કુસમાસ. ફા૦ ખસખાના.

વાળો ઘાસના જેવો થાય છે. એનાં મૂળનો વાસ સારો આવે છે. એનાં ભોથાં હોય છે. તે વાવ્યા પછી વર્ષે બે વર્ષે પુષ્કળ મોટો થઈ ચારે તરફ પ્રસરે છે. તે મૂળને બે વર્ષ પછી કચરો અને માટીનો અંશ બિલકુલ ન રહે એવી રીતે ધોઇને પછી તેને સૂકવે છે. વાળાની ગાંઠો બાગમાં ઠેકાણે ઠેકાણે વાવવાથી ઘણી શોભા આપે છે. એ ગાંઠો બહુધા વાડની આસપાસ વાવે છે. વાળો સુવાસિક હોવાને લીધે સુગંધવાળા પદાર્થો કરવામાં એનો પુષ્કળ ઉપયોગ થાય છે. વાળો ઘણો ઠંડો અને દાહશામક છે. વાળાની પડદા, પંખા ઈત્યાદિ ચીજો બનાવે છે. પાણીમાં સુવાસ આવવા માટે તેને પાણીમાં નાખે છે. વાળામાં કાળો, ધોળો ઇત્યાદિ ઘણા પ્રકાર છે. **વાળો:**—દીપન, પાચન, શીતળ, સ્તંભન, લઘુ, કડવો, મધુર, કેશ્ય તથા રૂક્ષ છે; અને જ્વર, ઉલટી, મદ, કફપિત્ત, તૃષા, રક્તવિકાર, વિષ, વિસર્પ, દાહ, મૂત્રકૃચ્છ્ર, કોઢ, અતિસાર, શ્વાસ, હૃદ્રોગ, અરુચિ, વ્રણ, લાલાસ્રાવ, રક્તપિત્ત તથા કંડૂનો નાશ કરે છે. **કાળો વાળો:**—શીત, કડવો, સુગંધી, પાચન, સ્તંભન, લઘુ, મધુર તથા રૂક્ષ છે; અને દાહ, શ્રમ, પિત્તજ્વર, તૃષા, રક્તદોષ, ઉલટી, પિત્ત, કફ, વિષ, દૌર્ગંધ્ય, મૂત્રકૃચ્છ્ર, કોઢ, જ્વર, મદ, વિસર્પ તથા વ્રણનો નાશ કરે છે. **પીળો વાળો:**—(સં૦ લામજ્જક) શીત, કડવો, મધુર, પાચક લઘુ તથા સ્તંભન છે; અને વાયુ, પિત્ત, ત્રિદોષ, તૃષા, દાહ, શ્રમ, મૂર્ચ્છા, રક્તશૂળ, જ્વર, રક્તદોષ, સ્વેદ, કૃચ્છ્ર, ઉલટી, મદ, કફ, વિષ, વિસર્પ તથા વ્રણનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગરમીથી અળાઇ થાય છે તે ઉપર:**—વાળો, નાગરમોથ અને ધાણાનો ઠંડા પાણીમાં લેપ કરવો. **(૨) દાહ રોગ ઉપર:**—વાળો, ગુલાબકળી, કચોરા અને સાકરનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં અગર દૂધમાં આપવું. **(૩) બાળકોના રક્તાતિસાર અને બીજા સર્વ પ્રકારના અતિસાર, ઉધરસ, દમ અને ઉલટી ઉપર:**—વાળો, સાકર અને મધ, એ ચોખાના ધોવરામણમાં આપવાં. **(૪) દાહ ઉપર:**—વાળો અને ચંદન વાટી શરીરે લેપ કરવો. **(૫) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—વાળો, શેરડીનાં મૂળ, ડાભનાં મૂળ અને રતાંજળી(રક્ત ચંદન)નો કાઢો કરી પાવો. **(૬) હૃદયશૂળ ઉપર:**—વાળો અને પીંપળીમૂળનું ચૂર્ણ સમભાગ એકત્ર કરી તેમાંથી બે માસા ગાયના ઘીમાં આપવું.

૫૪૨ વાંકેરી—જેવાં કાંકચનાં ઝાડ હોય છે, તેવાંજ વાંકેરીનાં કાંટાવાળાં ઝાડ હોય છે. એનાં પાંદડાં કાચકાનાં પાંદડાં જેવાં હોય છે. વાંકેરીને જાડી શિંગો આવે છે અને લાલ તોરા આવે છે. એ ઝાડના જાડા બેટ થાય છે. એવા બેટા રાયગઢ કિલ્લા ઉપર ઘણા છે. એ ઝાડનાં મૂળ પચીસથી પચાસ હાથ નીચે ખોદવાથી તેની ગાંઠો મળે છે. એ ગાંઠને વાંકેરીનું ભોથું કહે છે. એ ઝાડ કોંકણ પ્રાંતના ડુંગરમાં વિશેષ છે. ચોમાસામાં સંહ્યાદ્રિ પર્વતની તેડોમાં તે આપોઆપ નજરે પડે છે. એ ગાંઠો દૂધમાં બાફી રાખવી એટલે ઘણાં વર્ષ સુધી કામમાં આવે છે. **ઉપયોગ:—(૧)—ગરમીથી પડેલી ચાંદી અને વ્રણ ઉપર:**—વાંકેરીનું ભોથું ઘસી ઉપર ચોપ-

કવું અને ઠંડા પાણીમાં અથવા દૂધમાં ઘસી ૬ માસાપર્યંત પાવું. **(૨) જખમમાંથી પરૂ બહાર પડવા માટે:**—વાંકેરીનું ભોથું ઘસી ઉપર ચોપડવું તથા થોડો શેક કરવો; એટલે પરૂ સુકાઈ ગરી પડશે. **(૩) પાંડુ, જીર્ણજ્વર, ગંડમાલા, ક્ષય, વ્રણ અને ગરમીના આજાર ઉપર:**—ગાયના દૂધમાં વાંકેરીનું ભોથું ઘસી તેમાં ચોખ્ખું ઘી, સાકર અને જીરાની ભૂકી નાખી ૪૨ દિવસ પાવું; એટલે સર્વ રોગનો નાશ થઈ કાંતિ સારી થાય છે. **(૪) ફૂટેલી બદનું ક્ષત ભરાઇ આવવા માટે:**—વાંકેરીનું ભોથું અને કપૂરભેંડીનાં અથવા પારસપીંપળીનાં મૂળ ગાયના માખણની પરાશમાં ઘસી લેપ કરવો. એ પ્રમાણે દિવસમાં ૪-૫ વાર લેપ કરવો તથા વાંકેરીનું ભોથું ગાયના તાજા દૂધમાં ઘસી પાવું; એટલે ઉપદંશસંબંધી સર્વ વિકારો નાશ પામે છે. **(૫) પાઠા ઉપર:**—વાંકેરીનાં પાંદડાં બારીક વાટી થેપલી કરી બાંધવી. **(૬) રક્તપિત્ત ઉપર:**—વાંકેરીનું ભોથું ઠંડા પાણીમાં ઘસી ખાંડ નાખી સતત સેવન કરવાથી ઉલટી તથા મળદ્વારે પડનારાં રક્તપિત્ત શમન થાય છે. **(૭) સ્તનરોગ ઉપર:**—વાંકેરીનું ભોથું પાણીમાં ઘસી લેપ કરવો.

૫૪૩ વાંદો—સં૦ વૃક્ષાદની, વંદાક. મ૦ બાંડગુળ, કામરૂખ, બાંદે, બાદાંગૂળ. હિં૦ બાંદા. બં૦ પરગાછા, મોંદડા. ક૦ બંદનીકે. તૈ૦ બાજીનીકે. લા૦ લોરેંથસ લોંગિફ્લોલિયસ્. અં૦ ખરકતાં.

આમ્રાદિ ઝાડની ઉપર બીજા પ્રકારના વેલા જેવાં આ ઝાડ ઉત્પન્ન થાય છે. તે ઘણું કરી જૂનાં ઝાડ ઉપર થાય છે. એનાં પાંદડાંનો આકાર ઘણું કરીને કરમદીનાં પાંદડાંને મળતો છે. એનાં ફળ પીળાં, ગુલાબી અથવા સિંદૂરી રંગનાં હોય છે. તે નાની રાયણ જેવડાં થઇ તેના કરતાં લાંબાં હોય છે. એ જે ઝાડને ચઢે છે તે ઝાડનાં ફળ નાશ પામે છે; એટલે જે ડાળીને તે લાગેલી હોય છે તે ડાળીને તોડી પાડે છે. એનાં ફળ બાળકો ઘણા પ્રેમથી ખાય છે. તે કિંચિત પરપોટાવાળાં હોય છે. એ શીતલ, કડવાં, તૂરાં, રસકાળે મધુર, મંગળકારક, કિંચિત્ તીખાં, વૃષ્ય, રસાયન, ગ્રાહક તથા વ્રણરોપણ છે; અને કફ, ઉલટી, ગ્રહપીડા, રક્તદોષ, વિષ, વ્રણ તથા શ્રમનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કર્ણશૂળ અને કાનમાં ફોલ્લી થયેલી હોય તે ઉપર:**—કોઈ પણ ઝાડપરના વાંદાનાં પાંદડાં લાવી કેળનાં પાંદડાંમાં તેની પડીકી બાંધી અંગારામાં શેકી કાઢવી. પછી તે પાંદડાંને હાથપર ચોળી એનો રસ કાઢવો. પછી તેમાં થોડું મધ મિશ્ર કરી તે કાનમાં નાખવો. **(૨) શીતળા હલકા થવા માટે:**—સરગવાના ઝાડ ઉપરની વેલનાં મૂળ અંગારામાં બાફી રસ કાઢવો. તેમાં ઉમરાનાં પાંદડાં ઉપરના ફોડનો રસ મિશ્ર કરવો અને તેમાં ગોરોચન શુમારે અડદની દાળ જેટલું ઘસી મધ નાખી પાવો. એ ઔષધ શીતળાનો તાવ આવે છે, તેજ દિવસે જો આપવામાં આવે તો જેટલાં ટીપાં આપવામાં આવે તેથી અંગ ઉપર માત્ર ત્રમણા ફોલ્લા થાય છે. **(૩) ગર્ભધારણ માટે:**—વડના ઝાડ ઉપરના વાંદાનો રસ કાઢી તે ચોથા દિવસથી ત્રણ દિવસ પાવે. **(૪) સોજા ઉપર:**—વાંદાનાં ફૂલ અને પાંદડાં વાટી ગરમ કરી બાંધવાં. **(૫) સાધારણ તાવ ઉપર:**—મોટાં પાંદડાંના વાંદાનો રસ કાઢી પાવો. **(૬) વિષમજ્વર ઉપર:**—વિષવૃક્ષ ઉપરનો વાંદો છાશમાં, ઘીમાં, દહીંના ઘોળમાં અથવા હિંગમાં આપવો. **(૭) તાવ ઉપર:**—અનુરાધા કિંવા ઉત્તરાભાદ્રપદા નક્ષત્રમાં આંબો, કરેણ અને ખાખરા ઉપરના વાંદા લઈ હાથે બાંધવાથી તાવ જાય છે. **(૮) વિંછીના વિષ ઉપર:**—વાંદો ઘસી લેપ કરવો.

૫૪૪ વાંસ—સં૦ બં૦ વંશ, વેણુ. મ૦ વેળુ, બાંબુ. કો૦ કલક. હિં૦ બાંસ. ક૦ બીદીરૂ, ગળા, એળે. તૈ૦ કચકઇ. તા૦ મુંગિલ. તુ૦ બેદરૂ. મલા૦ મુંગિલ. ગોમં૦ વાંસો. ઇ૦ બેંબુ કેઇન. લા૦ બાંબુસાવલ્ગેરીસ. ફ્રા૦ કસન.

વાંસને મરાઠીમાં **બાંબુ, માણગા તથા ચિંવા** પણ કહે છે. કોંકણમાં વાંસનાં ભોથાં ઘણે ઠેકાણે છે. જેમ કળકીના બેટા હોય છે તેવાજ વાંસના બેટા હોય છે. વાંસનાં પાંદડાં કળકીનાં પાંદડાં જેવાંજ પરંતુ તે કરતાં લાંબાં અને પહોળાં હોય છે. વાંસનાં ઝાડ કોઇ કોઇ સ્થળે પચાસ-સાઠ હાથ ઉંચાં વધે છે. વાંસ પાતળો હોય તો તેને બાંબુ કહે છે. વાંસના બેટા એવા તો જબરા હોય છે કે તે ઉપર તોપના ગોળાનું પણ જોર જલદી લાગુ થતું નથી. વાંસને સાઠ વર્ષે ચવર આવે છે, ત્યારે તેને કાંટો ફૂલ્યો એમ કહે છે. તે એવી રીતે આવે છે કે દર સોટાને શુમારે ચાર

ચાર આંગળે ગુચ્છા આવે છે તથા અંદર ઘઉંના જેવા દાણા ઉત્પન્ન થાય છે. તે ધાન્ય પાકે એટલે વાંસ સૂકાવા લાગે છે. એકાદને એ બીઆં આવવા લાગે કે વાંસનાં બોથાં ને બોથાં નાશ પામે છે. પછી નવા બેટ તૈયાર થવાને વીસ–પચીસ વર્ષ લાગે છે. જે વર્ષમાં એ બીઆં આવે છે, તે વર્ષમાં ગરીબ લોક સુખી થાય છે. તે લોક એ ધાન્ય એકઠું કરી સંઘરી રાખે છે. પછી જોઇએ ત્યારે છડી દળીને તેની રોટલી, પુરી વગેરે અનેક પદાર્થો કરે છે. વાંસની અનેક વસ્તુઓ બને છે. ઘરનાં છાપરાંમાં તેનું સૈઢણુ ઘાલે છે. ભીંતને બદલે તેની ખપાટી જડે છે. તેની ચટાઇઓ, ટોપલા, સુપડાં, પંખા, કરંડીઆ ઇત્યાદિ વિવિધ પ્રકારની વસ્તુઓ બનાવે છે. હોડીની હાલકાડી વાંસની કરે છે. તેનાં છોગલાંનું શાક અને અથાણું કરે છે. આ કંદ જ્યારે જમીનમાંથી બહાર નીકળે છે, ત્યારે તેના અંગમાં એટલું બધું જોર હોય છે કે તે એકાદા પથ્થર નીચેથી જો નીકળે તો તેને ઉથલાવી નાખે છે; કિંવા તેને ફોડીને પણ બહાર નીકળે છે. વાંસના પાલખીના દાંડા કરે છે. ચીન દેશમાં વાંસની ખુરસીઓ, કોચ, પલંગ વગેરે નાના પ્રકારની વસ્તુઓ કરે છે. મીઠામાં નાખેલા કંદ વર્ષ બે વર્ષ સુધી ટકે છે. વાંસમાં જે પાણી વળે છે તેમાંથી 'વંશલોચન' (વાંસકપૂર) થાય છે. **નક્કર વાંસ:**—ખાટો, તૂરો, કડવો, શીતલ, સારક, સ્વાદુ, બસ્તિશોધક, છેદન તથા ભેદક છે; અને કફ, પિત્ત, રક્તદોષ, કોઢ, સોજો, વ્રણ, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, અર્શ તથા દાહનો નાશ કરે છે. **પોલા વાંસ:**—દીપન, રુચિકારક, પાચક તથા હૃદ્ય છે; અને અજીર્ણ, શૂળ તથા ગુલ્મનો નાશ કરે છે. બાકીના ગુણો નક્કર વાંસ જેવા છે. **કુમળા વાંસ તથા કંદ:**—તીખા, કડવા, ખાટા, તૂરા, લઘુ, શીતલ તથા રુચિકર છે; અને પિત્ત, રક્તદોષ, દાહ, મૂત્રકૃચ્છ્ર તથા ત્રિદોષનો નાશ કરે છે. **વાંસનાં બીઆં:**—તૂરાં, મધુર, રૂક્ષ, પૌષ્ટિક, વીર્યકર તથા બલકર છે; અને કફ, પિત્ત તથા પ્રમેહનો નાશ કરે છે. **વંશલોચન (વાંસકપૂર):**—રૂક્ષ, તૂરૂં, મધુર, શીત, રક્તશુદ્ધિકર, શુભાવહ, ગ્રાહક, ધાતુવર્ધક, વૃષ્ય તથા બલકર છે; અને કાસ, શ્વાસ, ક્ષય, રક્તપિત્ત, અરુચિ, કોઢ, જ્વર, કમળો, પાંડુરોગ, દાહ, તૃષા, વ્રણ, મૂત્રકૃચ્છ્ર, વાયુ તથા પિત્તનો નાશ કરે છે. એનોજ ભેદ ગંધપાલાશિકા છે. તેના એવાજ ગુણો છે. **ઉપયોગ:—(૧) મૂત્રાઘાત ઉપર:**—ચોખાના ધોવરામણમાં વાસની રાખ અને સાકર નાખી પાવી. **(૨) પારો શરીરમાં રહે તો:**—વાંસનાં પાંદડાંના ૪ પૈસાભાર રસમાં સાકર નાખી તે રસ પાવો. **(૩) રક્તજન્ય દાહ ઉપર:**—વાંસની છાલનો કાઢો ઠંડો થયા પછી મધ નાખી પાવો. **(૪) સર્વ પ્રમેહ ઉપર:**—વાંસકપૂર, ચણકબોબા, નાગકેસર અને એલચીના દાણા સમભાગ લઇ બારિક ખાંડી વસ્ત્રગાળ ભૂકી કરવી. પછી તે ભૂકી પલળે એટલું ઉત્તમ ચંદનનું તેલ લઈ તેમાં તે ભૂકી સારી ખાંજવી નાની સોપારી જેવડી ગોળીઓ કરી રાખવી. રોજ સવારે શુમારે ૪ તોલા સુધી ટંડું પાણી લઇ તેમાં એક ગોળી કાલવવી અને અર્ધો તોલો સાકરની ભૂકી નાખી તે પ્રાશન કરવી. એજ ક્રમે સાંજે પણ આપવી. એ ઔષધ ખાધા પછી છ પહોરમાં આગ થતી બંધ થાય છે અને દુસ્તર પ્રમેહનો સાત દિવસમાં નાશ થાય છે. પથ્ય–ઘઉંની રોટલી, તુવેરની દાળ, ઘી અને સાકર એટલા પદાર્થ ખાવા. **(૫) ઠંડા પ્રમેહ ઉપર:**—વાંસનાં પાંદડાં સૂકવવાં. પછી દરેક વખતે અર્ધો તોલો પાંદડાં અને ૧ તોલો ઉપરસાળનાં મૂળ લઇ સાધારણ ખાંડી ૨૮ તોલા પાણી નાખી અષ્ટમાંશ કાઢો તૈયાર કરવો. આ કાઢો તૈયાર થવા આવ્યો એટલે તેમાં ૧ તોલો સાકર નાખી ગાળી પાવો. **(૬) બહુમૂત્રરોગ ઉપર:**—વાંસનાં લીલાં અથવા સૂકાયેલાં પાંદડાંનો કાઢો કરી દર વખતે પાવો. પાણી પાવાને બદલે પણ આ કાઢોજ પાવો. **(૭) બાળકની ઉધરસ અને દમ ઉપર:**—વંશલોચન(વાંસકપૂર)નું ચૂર્ણ મધમાં આપવું અથવા વાંસની ગાંઠ પાણીમાં ઘસી આપવી.

૫૪૫ વિખમોગરી:—(સં૦ હિં૦ બં૦ ટીસીમાં. મ૦ વિખમોગરી. લા૦ સિયાનચમ્ એબોરા ટીસીમા.) વિખમોગરીના વેલા હોય છે. એનાં પાંદડાં લાંબાં અને પહોળાં હોઈ ઘણાં કડવાં હોય છે. તેને એકેરી મોગરી જેવાં ફૂલ આવે છે. એ વેલા ઉપર બારિક ફળ આવે છે. **ઉપયોગ:—(૧) સર્પ વગેરેના વિષ ઉપર:**—વિખમોગરીનાં પાંદડાંનો રસ કાઢી શક્તિ પ્રમાણે પાવો. **(૨)**

શરીરે વિષ ફુટી નીકળ્યું હોય તે ઉપર:—વિખમોગરીનાં મૂળ અને ઝેરકોચલાનાં બીઆં ઘસી આંગ ઉપર જ્યાં વિષ ફુટી નીકળ્યું હોય ત્યાં ચોપડવાં. **(૩) શરદી અને ચરબીએ પગ વળી જાય તે ઉપર:**—વિખમોગરીનાં પાંદડાંના રસમાં મરીની ભૂકી નાખી દિવસમાં ૪–૫ વાર ગરમ લેપ કરવો.

૫૪૬ વિખરી (વનનગોડ)—સં૦ શેફાલિકા. મ૦ રાનનિર્ગુંડી. હિં૦ બનનિર્ગુંડી, સિહરૂ, સિમ્બોલી. તા૦ મનજપ. પં૦ લહરિ. ક૦ કાડલોક્કિ. બં૦ શિઉલુ ગાછ. લા૦ કર્કુમા ઝેડેરીઆ.

આ ઝાડ બે–ત્રણ હાથ ઉંચાં વધે છે. એ ઝાડ ઉપર ગુચ્છાવાળા તોરાઓ ઝાડના સર્વ ભાગ ઉપર આવે છે. એ તોરાની છેવટના ભાગમાં કાંટા જેવું હોય છે. ×**ઉપયોગ:—(૧) પગે ઓસાર થાય તે ઉપર:**—વિખરીનાં પાંદડાંનો રસ કાઢી પગે ચોપડવો.

૫૪૭ વિંછુડા—સં૦ નિર્વિષી. મ૦ આગ્યા, બિચવા. હિં૦ બિછવાઘાસ. બં૦ બિછુટી, નિર્વિષી ઘાસ. ફા૦ જદવાર. ક૦ નિર્વિષી. લા૦ ડેલફિનિયમ્ ડીનુડેટમ્.

એ ઝાડ ડુંગરાળ પ્રદેશમાં થાય છે અને એક હાથ ઉંચું વધે છે. એનાં પાંદડાં બે આંગળ પહોળાં અને કાત્રાદાર હોય છે. એનાં કુમળાં પાંદડાંની ભાજી ઉત્તમ થાય છે. એનાં મૂળ એક વેંત લાંબાં અને કાળા રંગનાં હોય છે. એનો આકાર વિંછીના જેવો હોય છે. એ ઝાડને ઠાકરડા લોકો "ફાંગડા" કહે છે.* **વિંછુડા:**—તીખા, શીત તથા વ્રણરોપણ છે; અને કફ, વાયુ, રક્તદોષ તથા અનેક વિષદોષોનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) શસ્ત્રના જખમ અને વ્રણ ઉપર:**—વિંછુડાનાં મૂળ વાટી ચોપડવાં, અથવા સૂકાયલા મૂળનું ચૂર્ણ કરી ભરવું અને ત્રણ દિવસ સુધી પાટો છોડવો નહિ; એટલે જખમ ભરાઇ આવે છે. **(૨) બદ, મૂળવ્યાધિ અને ગંડમાલા, સર્પ, વિંછી વગેરે સર્વ પ્રકારના વિષો ઉપર:**—વિંછુડાનાં મૂળ ઘસી ચોપડવાં.

૫૪૮ વિષ્ણુકાંતા—સં૦ મ૦ વિષ્ણુક્રાંતા. ક૦ વિષ્ણુકાંકે. તા૦ વિષ્ણુકાંતિ. તૈ૦ વિષ્ણુક્રાંતમુ. મલા૦ વિષ્ણુક્રાંતી. લા૦ ઇવોલ્વ્યુસ્ હર્સુટસ્. બં૦ નીલ અપરાજિતા. હિં૦ અપરાજિતા.

વિષ્ણુક્રાંતાનાં ઝાડ વેલી જેવાં જમીન બરોબર થાય છે. એનો વિસ્તાર ઘણો મોટો થતો નથી. એ ઝાડ ઉપર પાંદડાં બારિક અને લાંબાં આવે છે. વિષ્ણુક્રાંતાનાં ફૂલ કાળાશવાળાં રાતા રંગનાં અને બારિક હોય છે. એનીજ એક સફેદ ફૂલવાળી જાત છે. એ ઝાડ ઉપર બારિક ફળ આવે છે. વિષ્ણુક્રાંતાના ગુણ ગરણીના જેવાજ છે. **વિષ્ણુક્રાંતા:**—તીખી, કડવી, પાચન, શુભપ્રદ તથા બુદ્ધિ, મેધા અને સ્મૃતિને આપનારી હોઇ તૂરી છે; અને વિષદોષ, વ્રણ, કૃમિ, કફ તથા વાયુરોગની નાશક છે. એનાં પાંદડાંની **ભાજી:**—ગુરુ છે; અને વિષ, દાહ, પિત્ત તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગલશોથ ઉપર:**—વિષ્ણુક્રાંતાનાં મૂળીઆનો રસ પાવો એટલે ઉલટી થઇ સોજો ઉતરે છે. **(૨) પરિણામશૂળ ઉપર:**—વિષ્ણુક્રાંતાનાં મૂળીઆંનો કલ્ક કરી તેમાં સાકર, મધ અને ઘી નાખી પાવાથી ૭ દિવસમાં પરિણામશૂળનો નાશ થાય છે. **(૩) મૂળવ્યાધિ ઉપર:**—વિષ્ણુક્રાંતાનાં મૂળીઆંનો અંગરસ ઘી નાખી પાવો. રક્તમૂળવ્યાધિ હોય તો પાંદડાંની વડી કરી ઉપર ચોટાડવી અને પછી

× વિખરી(વનનગોડ)ના ગુણ—કડવી, તીખી, ઉષ્ણ અને રૂક્ષ છે; તથા વાતદોષ, સંવિવા અને અપાનવાયુના દોષને દૂર કરે છે.

* વિંછુડાના છોડો અમે નજરે જોયા છે. એનાં પાંદડાં એરંડાનાં પાંદડાં જેવડાં મોટાં અને એને મળતાં હોય છે; પરંતુ એની ડાંડલી એરંડાની ડાંડલીની માફક મધ્યમાં નથી હોતી, બીજાં પાંદડાંની માફકજ હોય છે. એ ડાંડલી આરપાર પોલી હોય છે. એનાં ફૂલો સફેદ રંગનાં હોઇ ગરણીના જેવા આકારનાં હોય છે. તેમાં દેખાવ પૂરતા લાલ રંગના પાંચ ચાંદલા હોય છે. એથી એ દૂરથી ફેણ ચઢાવેલ સાપ જેવાં દેખાય છે. જ્યારે ફૂલનો જથો ઘટ હોય છે ત્યારે તેની વાસ ઉગ્ર અને મનપસંદ આવે છે. એનાં ફળ મોટી સોપારી જેવાં વિંછીના આકારનાં હોય છે. સૂકાયા પછી તેના ઉપરની ખોપરી ઉતરી જાય છે, ત્યારે તે સ્પષ્ટ વિંછીરૂપે ઓળખાઇ રહે છે. તેને ડંખની જગ્યાએ ઝીણા બે કાંટા હોય છે. બરડા ઉપર આવા, (,) ૭ સાત કાંટા હોય છે. એ ઝાડ વધારે વધે ત્યારે ચાર ફૂટ સુધી ઉંચું વધે છે. પ્રાગજી ડોસાજી

ઉપર પાટા બાંધવો. (૪) કાળપુળી (પાઠું) અને સર્વ પ્રકારની ગાંઠો ઉપર:—વિષ્ણુક્રાંતાનાં પાંદડાં અને કાંસકીનાં પાંદડાં કાંજીમાં વાટી લેપ કરવો. (૫) કમળી ઉપર:—વિષ્ણુક્રાંતાનાં મૂળીઆં છાશમાં નાખી પાવાં.

૫૪૯ વેલતુર—સં૦ વીરતરુ, વેલ્લતરુ. મ૦ વે-યેલ્લતર. હિં૦ બરવેલ. ક૦ ઓંડઉ, ચેડાતરી, વાડાવી-નગીડ. તા૦ વિડાત્તેર. તે૦ બેલુતરુ. લા૦ ડેસ્માંથસ્, સિનેરિયસ્.

એને મરાઠીમાં "યેલ્લતર" પણ કહે છે. એ ઝાડ નાનાં હોય છે. એનાં ફૂલ કાળાં, ગુલાબી અને લીલા રંગનાં થાય છે. એનાં પાંદડાં ઘણાં બારિક હોય છે. એ ઝાડ કંટકયુક્ત હોય છે. **વેલતુર:**—તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, પથ્ય, રસકાળે અને પાકકાળે કડવું તથા ગ્રાહક છે; અને વાયુરોગ, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, સંધિશૂળ, મૂત્રાઘાત તથા યોનિરોગનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) અતિસાર ઉપર:**—વેલતુરનાં પાંદડાં છાશમાં વાટી પાવાં.

૫૫૦ શણપુષ્પી—સં૦ શણપુષ્પી. મ૦ ખુળખુળા, સંનતાગ. હિં૦ શણહુલી, શણઇ, ઝુનઝુનિયા, પટસણ. બં૦ વનશણઇ, શણેરગાછ. ક૦ ગિલુગિચ્છ. તે૦ શણમતુવેલ્લ, જેનપનર, રેલચેટ્ટુ. તા૦ જેનપ્પનર. પ્રં૦ પન. ફા૦ લાદના. લા૦ ક્રોટાલેરિયાવેર્રુકોસા. ઈં૦ ફ્લાક્સ, હેમ્પ.

જેવાં શણનાં ઝાડ હોય છે તેવાંજ શણપુષ્પીનાં ઝાડ થાય છે. એમાં નાની અને મોટી એવી બે જાતિ છે. શણપુષ્પીનાં ઝાડ માથોડું ઉંચાં વધે છે. એને શણનાં ફળ જેવાંજ ફળો આવે છે અને તે સુકાયા પછી ખડખડ વાગે છે; માટે મરાઠીમાં તેનું 'ખુળખુળા' (નાનાં છોકરાંને રમવાનો ઘુઘરો) નામ સાર્થક છે. શણપુષ્પી એ કડવી, વાંતિકર તથા રસબંધક છે; અને અપસ્માર, ભૂતબાધા, કંઠરોગ, કાસરોગ, હિક્કા તથા શ્વાસનો નાશ કરે છે. એને જંગલી લોક મરાઠીમાં 'ઘાંટસર્પ' કહે છે. **ઉપયોગ:—(૧) અપસ્માર તથા ભૂતબાધા ઉપર:**—શણપુષ્પીનાં ફળોનો કાઢો અથવા તેની ધૂણી આપવી. **(૨) કંઠસર્પ ઉપર:**—શણપુષ્પીનાં ફળો ચલમમાં નાખી પીવાં; એટલે તાબડતોબ ગળામાં ભરેલો કફ જુદો પડી ગુણ આવે છે. પીવાની શક્તિ ન હોય તો બીજાએ પી તેના નાકમાં તથા મ્હોંમાં ધૂણી ઘાલવી. **(૩) નાકમાં પીનસ કિંવા વ્રણ થયું હોય તો:**—શણપુષ્પીનાં પાંદડાંનો રસ નાકમાં પાડવો.

૫૫૧ શતાવરી—સં૦ મલા૦ શતાવરી. મ૦ શતાવરી, દિવસ માવળી. માવળ-અસ્વલી. ખાનદેશ-જાતરી. કો૦ શીતાચવરી. બં૦ શતમૂલી. હિં૦ સતાવર. ક૦ વ્હત્તમુણુગ્યા, શિપરી. તે૦ પિલ્લા પિચ્ચર, એડુમટ્ટાટેંડાં. તા૦ પેનીયનાકુ. તુ૦ ઉલુરુબુર. ફા૦ ગુર્જદસ્તી. અ૦ શકાકુલમિશ્રી. ઇ૦ એસ્પેરેગસ્ રેસીમોસ. લા૦ એસ્પેરેગસ્ સતાવર, એસ્પેરેગસ્ એડસેંડસ્, એસ્પેરેગસ્ ટોમેન્ટોસસ્. રા૦ નાહરકાંટા, સતાવરી.

શતાવરીના છોડ વેલો જેવા હોઈ તે સાધારણ ૨-૩ ફુટ ઉંચા વધે છે.× હિંદુસ્તાનમાં એ સર્વત્ર થાય છે. એનાં પાંદડાં સુરનાં પાંદડાં જેવાં અથવા સવાનાં પાંદડાં જેવાં કે દોરડાં જેવાં બારિક હોય છે. તે ડાળીના મૂળ પાસેથી છેડાસુધી બન્ને બાજુએ સરખાં આવે છે. આ પાંદડાંમાં સમુદ્રની રેતી પ્રમાણે ખારો વાસ આવે છે. એને નાનાં સુવાસિક અને ધોળા રંગનાં ફૂલોનાં ઝુમખાં

× આજકાલ ભાષાના અનેક ભેદોથી પોતાના દેશમાં સંખ્યાબંધ જથ્થામાં મળી આવતી વનસ્પતિના માટે મહાન પ્રયાસ કરવાની જરૂર પડે છે; એટલાજ માટે સુજ્ઞ પુરુષોને ઉચિત છે કે, આપણી આર્ય વૈદ્યવિદ્યાનો બહોળો ફેલાવો થવાને તેને લગતાં દરેક સંસ્કૃત નામો સાથે જેમ બને તેમ સાદામાં સાદાં સર્વમાન્ય નામો પ્રસિદ્ધિમાં લાવવા પ્રયાસ કરવો જોઇએ. એમ ન થવા પામે તો પછી શંખાવળી, સહદેવી, મહેન્દ્રવારુણી અને ઇંદ્રાવારુણી એ માખણી, સોનેલું, ખારી કોઠીંબી અને ત્રુંસહીજ હોવા છતાં એ વનસ્પતિનો અભાવ માનવો પડે, એ દેખીતુંજ છે. એજ પ્રમાણે કેટલાક લોકો કહે છે કે, શતાવરી એ કેરડા આદિ બાંટુકડામાં થતી અવળકંટાના નામથી ઓળખાતીજ વનસ્પતિ છે, કે જેને આમલીના પાનથી સાંકડાં, જાડાં અને લાંબાં પાંદડાં, પૃથ્વી તરફ વળેલા (અવળા) કાંટા અને બે અઢી ફૂટ ઉંચો છોડ થાય છે. ખરેખાત એનાં મૂળ સંખ્યાબંધ હોય છે.

આવે છે. એ ઝાડ ઉપર બારિક કાંટા હોય છે. શતાવરીને બોર જેવાં નાનાં ફળો આવે છે અને પાક્યા પછી તેનો રંગ રાતો થાય છે. ઔષધમાં એનાં મૂળ વપરાય છે. એકેક ઝાડને સો સુધી મૂળ હોય છે અને એજ ઉપરથી એનાં શતમૂલી, શતપદી ઇત્યાદિ નામ પડેલાં છે. (શતાવરીનો અર્થ સોનીહાર પણ થાય છે.) પાંદડાં કેશ(વાળ)ના જેવાં ઘણું ઝીણું અને પુષ્કળ હોવાથી કેશિકા, સૂક્ષ્મપત્રા અને બહુપત્રા, એવાં નામો પડેલાં છે. સૂતરના તાંતણા એકઠા બાંધી રાખેલ હોય તેવાં શતાવરીનાં મૂળનાં ઝુમખાં દેખાય છે. મૂળ ઉપર ફિક્કા રતાશ પડતા પીળા રંગની પાતળી છાલ હોય છે. તે કાઢી નાખતાં અંદર ધોળા રંગનો ગાભો હોય છે અને તેની વચ્ચોવચ્ચ એક કઠણ દોરો હોય છે. મૂળમાંનો ગાભો ખાવાથી મીઠો લાગે છે. એનાં મૂળ લીલાં હોય છે ત્યારે છોલીને સૂકવે છે. એ મૂળને શતાવરી કહે છે. શતાવરી ધાતુપૌષ્ટિક છે. **શતાવરી:**—શીત, વૃષ્ય, મધુર, કડવી, રસાયન, સ્વાદુ, ગુરુ, સ્નિગ્ધ, દુગ્ધપ્રદ, બલ્ય, મેધ્ય, અગ્નિદીપક, પૌષ્ટિક તથા ચક્ષુષ્ય છે; અને પિત્ત, કફ, વાયુ, ક્ષય, રક્તદોષ, સોજો, ગુલ્મ તથા અતિસારનો નાશ કરે છે. **મહાશતાવરી:**—હૃદ્ય, મેધ્ય, અગ્નિદીપન, બલ્ય, શુક્લ, શીત, રસાયન તથા વૃષ્ય છે; અને સંગ્રહણી, અર્શ તથા નેત્રરોગનો નાશ કરે છે. બાકી ગુણ શતાવરી જેવા છે. **શતાવરીના અંકુર:**—કડવા, વૃષ્ય, લઘુ અને હૃદયને હિતકર હોઈ ત્રિદોષ, પિત્ત, વાતરક્ત, અર્શ, ક્ષય અને સંગ્રહણી-નાશક છે. ઉપયોગ:—**(૧) સ્તનમાં દૂધ વધારે આવવા માટે:**—શતાવરીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. એનાં મૂળ ભેંસને અથવા ગાયને ખવરાવવાથી તેને પણ વધારે દૂધ આવે છે. **(૨) દાહ, પિત્ત અને શૂળ ઉપર:**—શતાવરીના કાઢામાં દૂધ અને ત્રણ તોલાસુધી મધ નાખી તે પાવો. **(૩) ટાઢીઆ તાવ ઉપર:**—શતાવરી અને જીરાનું ચૂર્ણ ૧ તોલા સુધી નવટાંક પાણીમાં નાખી પાવું. **(૪) કૂખ, હૃદય અને બસ્તિનું શૂળ કિંવા પિત્તશૂળ અને સર્વ પ્રકારના શૂળ ઉપર:**—શતાવરીના રસમાં મધ નાખી તે રસ પાવો. **(૫) કૂતરાના વિષ અને પથરી ઉપર:**—શતાવરીનાં મૂળનો રસ અને ગાયનું દૂધ એકત્ર કરી પીવા આપવું. **(૬) તાવ ઉપર:**—શતાવરી-નાં મૂળનો રસ ગાયના દૂધમાં જીરાની ભૂકી નાખી પાવો. **(૭) પિત્તપ્રદર ઉપર:**—શતાવરીનો રસ મધ નાખી પાવો. **(૮) પુષ્ટિને માટે અને ધાતુવૃદ્ધિ ઉપર:**—શતાવરીનું ચૂર્ણ નિત્ય એક તોલો ઉકાળેલા દૂધમાં નાખી તેમાં સાકર નાખી રોજ સાંજે પાવું. **(૯) અપસ્માર ઉપર:**—દૂધમાં શતાવરી એક તોલો ઘસી પાવી. **(૧૦) વાતજ્વર ઉપર:**—શતાવરી અને ગળોનો રસ ગોળ નાખી પાવો. **(૧૧) રક્તશુદ્ધિ થવા માટે:**—(શતાવરીનું શરબત) શતાવરીનાં લીલાં મૂળ લાવી તેના રેસાઓ કાઢી સાધારણ ખાંડવાં અને ૨૦ તોલા લઇ તેમાં પાકા આઠ શેર પાણી નાખી ઉકાળવું. પછી એક શેર પાણી બાકી રહે ત્યાંસુધી કાઢો કરી ગાળવો અને તેમાં એક શેર સાકર નાખી સરબત જેવો જાડો પાક કરવો. પછી તેમાં કેસર, જાયફળ, જાવંત્રી, એલચી વગેરે મસાલો નાખી બાટલીમાં ભરી રાખવું. આ સરબત રોજ એકથી બે તોલા લઈ ગાયના ચોખ્ખા દૂધમાં નાખી બે વખત ૪૨ દિવસસુધી પીતા જવું. **(૧૨) બીજો પ્રકાર:**—શતાવરીનાં મૂળ, કુંવાડીઆનાં મૂળ અને બળદાણાનાં મૂળ, એ ત્રણે મૂળ સમભાગે લઈ ખાંડવાં અને ઔષધોથી ૩૨ ગણું પાણી નાખી અષ્ટમાંશ કાઢો કરી ગાળી લઇ તેમાં કાઢાથી બમણી સાકર નાખી સરબત જેવો પાક કરી તેમાં એલચીદાણાની થોડી ભૂકી નાખી તે રાખી મૂકવો અને ઉપરની રીત પ્રમાણે બે વખત પીવો. **(૧૩) ત્રીજો પ્રકાર:**—(શતાવરી પાક) ઉપલાં ત્રણે ઔષધો સૂકા-વેલાં સમભાગ લઈ તેનું ચૂર્ણ કરી ઘીમાં તળી તેમાં તેનાથી દોઢો માવો શેકી મસળવો અને સાકરનો ચાસણીદાર પાક કરી તેમાં તે મિશ્રણ તથા લવંગ, એલચી, જાયફળ, જાવંત્રી, બદામ, બેદાણા અને ગોખરૂની ભૂકી નાખી તે મિશ્રણ સરખું હલાવી એક કથરોટમાં ઘી રેડી તેમાં નાખી પહોળું કરવું અને સૂકાયા પછી ચોસલાં કરી રાખવાં. રોજ સવારે અને સાંજે બે તોલા પાક ખાઇ ઉપર સાત સાત તોલા સુધી ગાયનું તાજું દૂધ પીવું. આ પાક બલપ્રદ, પુષ્ટિકારક અને લોહીની શુદ્ધિ કરનારો છે. **(૧૪) રક્તાતિસાર ઉપર:**—શતાવરીના રસમાં સાકર નાખી તે પાવો અથવા ઘી નાખી રસ ઉકાળી તે સિદ્ધ થએલું ઘી પાવું, કિંવા શતાવરીનાં મૂળ વાટી દૂધ સાથે પાવાં. (૧૫)

ત્રિદોષથી થયેલા મૂત્રકૃચ્છ્ર ઉપર:—શતાવરીનાં મૂળનો કાઢો સાકર અને મધ નાખી પાવો. **(૧૬) અમ્લપિત્ત ઉપર શતાવરી** ઘૃત:—શતાવરીનો કલ્ક ૬૪ તોલા, ઘી ૬૪ તોલા અને ચોપટ દૂધ નાખી પચાવી ઘી તૈયાર કરવું. તે અમ્લપિત્ત અને વાતપિત્તસંબંધી વિકાર, રક્તપિત્ત, તૃષા, મૂર્ચ્છા, શ્વાસ તથા સંતાપનો નાશ કરે છે. **બીજો પ્રકાર:**—ચાર શેર શતાવરીના ગાભાનો કલ્ક અને એક મણ દૂધ મેળવી ૪ શેર ઘી સિદ્ધ કરવું. પછી તેમાં સાકર, મધ અને લીંડીપીંપર મેળવી સેવન કરવું. આ અમ્લપિત્તનાશક, પૌષ્ટિક અને વીર્યવર્ધક તેમજ બીજા પિત્તવિકારો ઉપર ઉત્કૃષ્ટ ગુણદાયક છે. **(૧૭) ફલઘૃત:**—શતાવરીનો રસ ૧૬ શેર, વાછડાવાળી ગાયનું દૂધ ૧૬ શેર અને મેદા, મજીઠ, જેઠીમધ, કોઠ, ત્રિફળાં, બળ, ધોળું ભોંયકોળું, કાકોલી, ક્ષીરકાકોલી, આસંધ, અજમો, હળદર, દારુહળદર, હિંગ, કડુ, કાળું કમળ, દ્રાક્ષ, ચંદન અને રક્તચંદન, એ દરેક બબ્બે તોલા ઔષધનો કલ્ક મેળવી વાછડાવાળી ગાયના દૂધનું ૪ શેર ઘી સિદ્ધ કરવું. એ ઉત્તમ પ્રકારનું વૃષ્ય, સ્ત્રીઓના યોનિરોગ ઉપર અને ઉન્માદ (હિસ્ટિરિયા) ઉપર રામબાણ અને વંધ્યત્વદોષ નિવૃત્ત કરનાર છે. **(૧૮) શતાવર્યાદિ ક્વાથ પિત્તના મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શતાવરી, કસેરુ, દર્ભમૂળ, ગોખરૂ, ભોંયકોળું, સાળીનાં મૂળ, શેરડીનાં મૂળ અને કાસ(કાંસડા)નો કાઢો ઠંડો કરી મધ અને સાકર નાખી આપવો. **(૧૯) પ્રમેહ ઉપર:**—શતાવરીનો રસ દૂધ સાથે આપવો. **(૨૦) મહાવિષ્ણુ તેલ:**—શતાવરીનો રસ ૧૬ શેર, દૂધ ૧૬ શેર, પાણી ૩૨ શેર અને નાગરમોથ, આસંધ, જીવક, રાનમગ, ઋષભક, કચોરા, કાકોલી, ક્ષીરકાકોલી, જીવંતી, જેઠીમધ, દેવદાર, પદ્મકાષ્ઠ, સિંધાલૂણ, જટામાંસી, એલચી, તજ, કોઠ, વજ, રતાંજળી, મજીઠ, કસ્તૂરી, સુખડ, કેસર, સાલવણ, પિઠવણ, જંગલી અડદ, ગંઠોડા, નખલા, વરિયાળી, છડીલો અને કોડીઓ લોબાન દરેક ચાર ચાર તોલાનો કલ્ક મેળવી ૧૬ શેર તલનું તેલ સિદ્ધ કરવું. એ સર્વ પ્રકારના વાતરોગ ઉપર ઉત્તમ ગુણકારી છે. **(૨૧) ગુમડાં પાકવા માટે:**—શતાવરીનાં પાંદડાં ઘીમાં શીજવી તે ઘી ચોપડવું. **(૨૨) શીતળાનું જોર ઓછું થવા માટે:**—શતાવરીનાં મૂળનો કાઢો આપવો.

૫૫૨ શરપુંખા—સં૦ શરપુંખા. મ૦ ઉન્હાળી, રાનટી નીળ. હિં૦ સરફોકા. બં૦ બનનીલ. ક૦ કોગ્ગી. તૈ૦ પાંપારાચેટ્ટુ. તા૦ કોલ્લુકવકેલ્લપિ. ઇં૦ પરપલ ટેફ્રોસિયા. લા૦ ટેફ્રોઝીઆ, પરપ્યુરીઆ.

શરપુંખાનું ઝાડ શુમારે કંમરપુર ઉંચું થાય છે. એ ઝાડ ઘણું કરી ખડકવાળી અને કઠણ જમીનમાં થાય છે. એ ઝાડ એટલું તો કઠણ હોય છે કે મોટા મોટા પહેલવાન પણ હાથથી ખેંચી કાઢવાને સમર્થ થતા નથી. એને લાલ રંગનાં ફૂલ આવે છે અને એની શિંગો ચપટી હોય છે. પાંદડાં નાનાં હોઇ લાંબાં હોય છે. એ ઘણાક પ્રાંતોમાં થાય છે. જ્યાં એ ઝાડ ઘણાં થાય છે ત્યાં લોકો એ ઝાડ સૂકવી તેનો બાળવા માટે ઉપયોગ કરે છે. કવચિત્ ધોળા ફૂલની પણ શરપુંખા હોય છે. **શરપુંખા:**—તીખી, ઉષ્ણ, કડવી, તૂરી તથા લઘુ છે; અને કૃમિ, યકૃત, પ્લીહા, ગુલ્મ, વ્રણ, વિષ, ઉધરસ, દમ, અર્શ, જ્વર, રક્તદોષ, કફ, હૃદ્રોગ, વાયુ, કફોદર, ગલત્કુષ્ઠ તથા વાંગનો નાશ કરે છે. ધોળી શરપુંખાના ગુણ એનાથી કંઇક અધિક છે. **કંટક શરપુંખા:**—તીખી તથા ઉષ્ણ છે અને કૃમિ તથા શૂળનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) મૂળવ્યાધિ ઉપર:**—શરપુંખાનાં મૂળ દહીંમાં વાટી આપવાં. **(૨) પ્રમેહ ઉપર:**—શરપુંખાનાં મૂળનો કાઢો કરી તેમાં મરીનું ચૂર્ણ નાખી આપવો. **(૩) ખરજવા ઉપર:**—શરપુંખાનાં બીઆંનું પાતાળયંત્રવડે તેલ કાઢી ચોપડવું. (આ ઘણું સરસ ઔષધ છે.) **(૪) ગંડમાલ ઉપર:**—શરપુંખાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તેનું નસ્ય આપવું અને લેપ કરવો; અથવા શરપુંખાનાં મૂળ અને હળદર ગાયના દૂધમાં ઘસી તેનો લેપ કરવો. **(૫) ઉધરસ ઉપર:**—શરપુંખાનાં મૂળ સૂકવી ચલમમાં નાખી તેની ધૂમાડી પીવી. **(૬) સર્વ વ્રણ ઉપર:**—શરપુંખાનું ચૂર્ણ મધમાં ખરલ કરી ચોપડવું. **(૭) ગુલ્મ ઉપર:**—શરપુંખાનો ખાર અને હરિતકીનું ચૂર્ણ એ ચાર ચાર માસા એકત્ર કરી ખાવું. **(૮) પ્લીહોદર ઉપર:**—શરપુંખાનાં મૂળ છાશમાં વાટી પાવાં એટલે જલદી ગુણ આવે છે. **(૯) અંડવૃદ્ધિ ઉપર:**—શરપુંખાનાં મૂળનું ચૂર્ણ પાણીમાં એક મહિનાસુધી આપવું.

૫૫૩ શરસડો (ખરસાંઠીઓ)—સં૦ શિરીષ. મ૦ શિરશી, શિરસ. ખાન૦ ફૂલકેસર. હિં૦

શિરસ, ઝિંઝણો, શિરીષા. બં૦ શિરીષ. ક૦ શિરીષમારા, બાગેમારા. તૈ૦ શિરીષમુ, ગિરિષમુ. તા૦ બાગેમારં. તુ૦ બાગેડામારા. મલા૦ નેન્નેની. ફા૦ દરખ્તેજ કરિયા, દરખ્તોજ કરિયા. અ૦ સુલતાનુલ્ અસજાર, હબેસુલતાનુલ્ અસજાર. લા૦ આલબિઝિયા લેબેક્, મિમોસા સિરિસા. કો૦ હાંદોણી.

આ વૃક્ષ મોટું થાય છે. એનાં પાંદડાં આમલીનાં પાંદડાં જેવાં પણ તે કરતાં મોટાં હોય છે. એને મોટી લાંબી શિંગો આવે છે. તેમાં ચપટાં બી હોય છે. એનાં ફૂલ પીળા રંગનાં હોય છે. એ વૃક્ષ સર્વત્ર થાય છે. મરાઠીમાં રાઇનું નામ પણ "શિરસ" છે; પરંતુ એ બન્ને નામો ભિન્ન જાણવાં. **શરસડો:**—મધુર, કડવો, શીતળ, તૂરો, તીખો, વર્ણકર તથા લઘુ છે; અને વિસર્પ, સોજો, ઉધરસ, વિષ, વ્રણ, ત્વગ્દોષ, પામા (ખસ), ખરજ, કોઢ, વાયુ, રક્તદોષ તથા શ્વાસનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) સર્પદંશ ઉપર:**—શરસડાનાં ફૂલોના રસમાં મરીનો સાત દિવસ ખરલ કરી સાત ભાવનાઓ આપી તેનું સેવન અને અંજન કરવાથી સર્પનું વિષ ઉતરે છે. **(૨) દેડકાના વિષ ઉપર:**—શરસડાનાં બી થુવરના દૂધમાં વાટી તેનો લેપ કરવો. **(૩) સર્વ વિષ ઉપર:**—શરસડાનાં પંચાંગ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. **(૪) પ્રદર ઉપર:**—શરસડાની છાલનો રસ સમભાગ ગાયનું ઘી નાખી પાવો. **(૫) વિસર્પ, વિષદોષ, વિસ્ફોટક, સોજો અને દુષ્ટ વ્રણ એ ઉપર દશાંગ લેપ:**—શરસડો, જેઠીમધ, તગર, રતાંદળી, એલચી, જટામાંસી, હળદર, દારુહળદર, કોષ્ઠ, વાળો, એને સમભાગ લઇ ચૂર્ણ કરી પંચમાંશ ઘી લઇ તેમાં ખરલ કરી પાણીમાં કાલવી રોગસ્થળ ઉપર લેપ કરવો. **(૬) ગરમીનાં ચાઠાં (ચાંદાં), વ્રણ ઈત્યાદિને રૂઝ આવવા માટે:**—શરસડાની છાલ, રસાંજન અને હરડાં, એનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી મધમાં ખરલ કરી ચોપડવું. **(૭) સન્નિપાત જ્વરમાં તંદ્રા (મૂર્ચ્છા) આવે છે તે ઉપર:**—શરસડાનાં બી, લીંડીપીપર, મરી અને સિંધવ, એ ગોમૂત્રમાં ઘસી અંજન કરવું; અથવા શરસડાનાં બી અને મરી સમભાગ લઇ બકરીના મૂત્રમાં ઘસી અંજન કરવું. **(૮) ચોથીઆ તાવ ઉપર:**—શરસડાનાં ફૂલ, હળદર અને દારુહળદર એકત્ર વાટી તેનો કલ્ક ઘીમાં આપવો. તે કલ્ક ચોથીઆ તાવનો નાશ કરે છે. **(૯)કર્દમ વિસર્પ ઉપર:**—શરસડાની છાલનું ચૂર્ણ સો વખત ધોયેલા ઘીમાં નાખી લેપ કરવો. **(૧૦) સૂર્યાવર્ત શિરોરોગ ઉપર:**—શરસડાનાં મૂળની કિંવા ફળોની પોટલી સુંઘાડવી.

૫૫૪ શવળા—(સં૦ વજ્રમુષ્ટિ. મ૦ શેવળે.) એના છોડ લૂતી (વગડાઉ સુરણ) જેવા હોય છે; પરંતુ તેમાં પાંદડાં ન થતાં નાની પીળા રંગની ટોટી જેવી નળી નીકળે છે. તે નીચે જાડી તથા છેડે પણ જાડી હોય છે. લૂતીની ભાજી અને આ ભાજી એકજ ઠેકાણે થાય છે; તથા છાલના આચ્છાદન ઉપરથી એ બન્ને સરખાંજ દેખાય છે. એ ભાજી ઘણી ખરજવાળી છે; એને માત્ર તોડવાથીજ હાથે ચેળ થાય છે. એ ચોખાના ધોવરામણમાં બાફવી જોઈએ અને તેમાં આમલી, ગોળ, ટોપરૂં વગેરે પદાર્થો નાખવા જોઇએ. તેમ ન થાય તો મોમાં આખો દિવસ ખરજ આવે છે.

૫૫૫ શહાજીરૂં—સં૦ કૃષ્ણજીરક, ભેદનિકા, વર્ષકાળી. મ૦ શહાજીરે. હિં૦ સ્યાહજીરા. બં૦ કાલજીરે. ક૦ શાજીરીગે. તૈ૦ નલજીર. ફા૦ જીરેસિયાહ. અ૦ કમન કીરમાની. ઈં૦ બ્લેક કારાવે સીડસ્. લા૦ કેરમ્ નાયગ્રમ્, કમીન સીડ.

શહાજીરાની ઉત્પત્તિ લાહોર અને પશ્ચિમ હિમાલયમાં થાય છે; તેમજ રૂશિયા વગેરે યુરોપના દેશોમાં પણ થાય છે. શહાજીરૂં એ જીરા કરતાં બારિક હોય છે. એનો ગરમ મશાલામાં ઉપયોગ કરે છે. **શહાજીરૂં:**—તીખું, ઉષ્ણ, સુગંધી, રુચિકર, આંખને હિતકર, ગ્રાહક, રૂક્ષ તથા દીપક છે; અને કફ, સોજો, જીર્ણજ્વર, શિરોરોગ તથા કોઢનો નાશ કરે છે.

૫૫૬ શંખાવળી(માખણી)—સં૦ શંખપુષ્પી. મ૦ શંખાહુલી. હિં૦ કોડીઆલી, શંખાહુલી. બં૦ ડાનકુની. ક૦ કડવલમર. લા૦ ઇવોલ્વ્યુલસ ઇરેકટા (ધોળી),-આલસિનોઈડસ (લાલ).-હર્સટસ્ (કાળી).

એનાં ઝાડ શુમારે પોણો હાથ ઉંચાં વધે છે. એનાં પાંદડાં બારિક હોય છે અને ફૂલ પણ બારિક હોઈ બપોરીઆ ઝાડના જેવાં હોય છે. એ ફૂલ ધોળાં-શંખ જેવાં હોય છે. ફૂલ ઉપરથી એમાં ધોળી, લીલી અને ભૂરી એવી ત્રણ જાત છે. **શંખાવલી:**—શીતળ, મેધ્ય, સ્વર્ય, સિદ્ધિપ્રદ,

સારક, રસાયન, તૂરી તથા કિંચિત્ ઉષ્ણ છે; અને સ્મૃતિ, કાંતિ, બળ તથા અગ્નિને વધારનારી, તીખી, આયુષ્યસ્થાપક, પાચક, લઘુ અને માંગલ્યપ્રદ હોઇ પિત્ત, વિષદોષ, અપસ્માર, ભૂતબાધા, કૃમિ, કોઢ, લૂતા, ગ્રહદોષ, ત્રિદોષ અને સર્વોપદ્રવનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ઉન્માદ અને અપસ્માર ઉપરઃ**—શંખાવલીના રસમાં કોષ્ઠનું ચૂર્ણ અને મધ નાખી આપવું. **(૨) ઉલટી ઉપરઃ**—શંખાવલીનો રસ ૨ તોલા મધ અને મરી નાખી પાવો. **(૩) સન્નિપાતોદર ઉપરઃ**—સમૂળ શંખાવળીના રસમાં સિદ્ધ કરેલું ઘી પાવું. તે રેચક છે.

૫૫૭ શાકર કોળું—સં૦ ડંગરી. મ૦ ડાંગર, તાંબડા ભોંપળા. દે૦ કાશીફળ. હિં૦ સફરીકુમરા, પેઠા. ક૦ ડંગર, કુંબળકાયી. તા૦ પુશની, અનિમુલે. તુ૦ શિપેકુંબડા. મલા૦ ચક્કર કુંપલન્ન. ગો૦ દુધિની. તૈ૦ ગુંમડીકાયી, ફાળ બાદરંગ. ઇં૦ પંપકીન ધિ ગૉર્ડ. લા૦ કુકુર્બિટા મેસિમા. બં૦ કુંમડા. ઉ૦ કખાડૂ પાનીકખાડૂ.

આ એક કોળાની જાત છે. શાકર કોળાના વેલા પચીસ હાથ લાંબા વધે છે. દર વેલાને ત્રીસ-ચાળીસ ફળ આવે છે. તેમાં કેટલાંક ગોળ અને કેટલાંક લાંબાં હોય છે. તેનો બહારનો રંગ પીળો હોય છે. એની અંદર રાતા કોળાના જેવાં ચપટાં બીઆં હોય છે. તે છોલીને ખવાય છે. એ બીઆં ઘણાં પૌષ્ટિક છે. એના લાડુ પણ કરે છે. શાકર કોળાને પીળાં ફૂલો આવે છે, તેનું તથા કુમળા પાનનું અને વેલાનું શાક કરે છે. મરાઠીમાં શાકર કોળાને "ભોંપળા" તથા "દેવ ડાંગર" પણ કહે છે. શાકર કોળાના વેલા સાત-આઠ મહિના ટકે છે.*

૫૫૮ શિકેકાઇ—સં૦ વિમલા, સપ્તલા, શ્રીવલ્લી. મ૦ હિં૦ શિકાકાઇ. ક૦ શિંગીકાઇ, શીગેયવલ્લી. તા૦ કિયાકકે. તૈ૦ ચિકાયા. તુ૦ સિગે. મલા૦ ચિકાકાઇ. લા૦ એકેશિયા કોનસિના.

એ ઝાડ ઘણુંજ મોટાં હોઇ એનાં પાંદડાં બારિક હોય છે. એને ચપટી તથા શુમારે ૭-૮ આંગળ લંબાઇની શિંગો આવે છે, તેને શિકેકાઇ કહે છે. એ અરિઠા જેવીજ મેલની શોધન કરનારી હોઈ એનો આપણા દેશમાં કેશ સાફ કરવામાં સર્વત્ર ઉપયોગ થાય છે. શિકેકાઇ સારી ખાંડી તેને પાણીમાં કઢવાં પછી તે પાણી શરીરે લગાવે છે. †**શિકેકાઈઃ**—તીખી અને ખાટી છે; તથા વાયુ, કફ અને સોજાનો નાશ કરે છે. એનાં **ફળઃ**—અતિ ખાટાં, રુચિકર અને તેલના ચીકાશનો નાશ કરે છે. એનો ભેદ **નિકુંજિકાઃ**—તેના પણ એવાજ ગુણ છે. **ઉપયોગઃ—(૧)**

---

* શાકર કોળું તેમજ રાતું કોળું બંને એકજ જાતની વનસ્પતિ છે. ગુજરાતમાં બંનેને પદકાળું કહે છે. રાતા કોળાનું વર્ણન નંબર ૪૮૭માં આપેલ છે. ગુણ પણ બંનેમાં લગભગ સમાન છે.

† શિકેકાઈનાં નામો મરાઠી પાંચમા ભાગના પૃષ્ઠ ૮૩ મે સં૦ વિમળા, સપ્તલા. ગુ૦ સાતલા, સાથેર, ચિકાખાઇ. હિં૦ સાતલા. ફા૦ એશન્. અ૦ સાતાર. લા૦ ઓરિગ્યાનમ્, બહલગેરિસ, એકયાશિયા કયાન્સિનમ્ આપેલ છે. એ ઉપરથી જણાય છે કે, મ. પદેજીએ આ વિષય લખતી વખતે સાતલા (સાથેર) અને શિકેકાઈ બન્ને એકજ માનેલ હતાં; પરંતુ એમનાજ નિઘંટમાં નં. ૧૩૬ માંના સાથેરનાં નામ "સં૦ સાતલા. મ૦ થોરસોનુલી, પીતદુગ્ધ, સેહુડભેદ. ગુ૦ સાથેર. હિં૦ સાતલા, થુહરકા ભેદ. બં૦ સિજ વિશેષ. ક૦ હિરિયચેટુ, કનખ. ફા૦ એશન્. અ૦ સાતર. લા૦ ઓરિગેનમ્ બલગેરિસ." એમ જણાવી શિકેકાઇને જુદી બતાવતાં નં. ૪૩૬ માં લખે છે કેઃ— "સં૦ શ્રીવલ્લી. મ૦ શિકેકાઇ. ગુ૦ ચિકાખાઈ-સિકેકાઇ. હિં૦ શિકાકાઈ. ક૦ શિંગીકાઇ, શિગેયવલ્લી. તા૦ કિયાકકે. તૈ૦ ચિકાયા. તુ૦ સિગે. મલા૦ ચિકાકાયિ. લા૦ એકેશિયા "કોનસિના." આ પ્રમાણે જોતાં પાછળથી તેમણે આ બંને વનસ્પતિઓ જુદી માનેલી જણાય છે. અહીં વિશેષમાં મ. શાલિગ્રામજી લખે છે કેઃ—"સાતલાનો કોઇનો કાંઇ પણ ચોક્કસ નિર્ણય નથી. કેટલાક શિકેકાઇ કહે છે, કેટલાક અરિઠા કહે છે, કેટલાક થુવરનો ભેદ કહે છે, કેટલાક પીળા દૂધનો થુવર કહે છે. એનું પીળું દૂધ હોય છે. એને ઘણાંક પાંદડાં થાય છે. સાતલા શિકેકાઇથી જુદી છે." આથી આ સાથેર અને શિકેકાઈ બન્ને જુદાં હોવાનું ચોક્કસ થાય છે. અમે એ બેમાંના એકે છોડને દૃષ્ટિથી જોયા નથી એટલે એ બાબતમાં અમારો નિર્ણય આપવા અશક્ત છીએ; માટે એનો ઉપયોગ યોગ્ય ચોકસી કરીનેજ કરવો જોઇએ.

કફ પાતળો થવા માટે તથા મળશુદ્ધિ અને પેટમાંનો ગુલ્મ નાશ થવા માટે:—શિકેકાઇનું પાણી કરી પાવું. **(૨) કેરના ઝાડમાં વિષ આવે તે ઉપર:**—શિકેકાઇ બીઆંસુદાં છાશમાં વાટી તે છાશ પાવી એટલે વિષ ઉતરે છે. **(૩) વિંછીના વિષ ઉપર:**—શિકેકાઇ પાનમાં ખવરાવવી.

પાટ શિમળો—સં૦ શાલ્મલી. મ૦ સાવરી. હિં૦ સેમલ. કોં૦ સાબર. બં૦ સિમુલ. ફા૦ પુરલ એલન, યવલત દમર, પેલવડા. તૈ૦ રૂગચેટ્ટુ, બુરૂગા. તા૦ મલાવુ, શાનમલી. મલા૦ મુલ્લિલણુ. ઈં૦ સીલ્ક કૉટન ટ્રી. લા૦ બોંબેક્સ મલાબારિકમ.

આ ઝાડ મોટું થાય છે. એના સર્વાંગે કાંટા હોય છે; માટે એને મરાઠીમાં "કાંટે સાંવર" પણ કહે છે. એ બસેં-ત્રણસેં વર્ષ સુધી ટકે છે. એની બે જાત છે. એક ધોળી અને બીજી રાતી. એને કાર્તિક-માર્ગશીર્ષ મહિનામાં ફૂલ આવી ચૈત્રના શુમારે ફળ આવે છે. તે લીલાં હોય ત્યારેજ તોડી લઇ ફોડી સુકવે છે અને અંદરનું રૂ કાઢી લે છે. શીમળાનું રૂ ઘણું મૃદુ હોય છે; માટે શ્રીમંત લોકો તેના ગાદી—તકીઆ કરે છે. તેને પીંજવામાં મહેનત પડતી નથી. એનું લાકડું ચીકણું અને કઠિન હોય છે. તે પાણીમાં જલદી કહોવાતું નથી, તેથી તેની હોડીઓ કરે છે. શિમળાને લાલ રંગનો ગુંદર આવે છે તેને "મોચરસ" કહે છે. શિમળાનાં ફૂલનું શાક સિંધવ અને ઘીમાં વઘારી ખાવાથી કષ્ટસાધ્ય પ્રદર, રક્તપિત્ત અને કફનો નાશ થાય છે. **શિમળાનું ઝાડ:**—શીતળ, પિચ્છલ, વૃષ્ય, બલકર, મધુર, તુરૂં, લઘુ, સ્નિગ્ધ, શુક્રલ, રસાયન તથા ધાતુવર્ધક છે; અને પિત્ત, રક્તદોષ તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એની છાલનો રસ:**—ગ્રાહક, તુરો અને કફનાશક છે. બાકીના ગુણ ઝાડ જેવાજ છે. **એનાં ફૂલ:**—સ્વાદુ, કડવાં, શીતળ, ગુરુ, રૂક્ષ, વાતલ તથા ગ્રાહક છે; અને કફ, પિત્ત તથા રક્તદોષનો નાશ કરે છે. એજ પ્રમાણે ફળના ગુણો છે. **એના કાંદા:**—મધુર તથા શીતલ છે; અને મલસ્તંભ, પિત્ત, દાહ, શોક અને સંતાપનો નાશ કરે છે. **કૂટશાલ્મલી** (શિમળાનો ભેદ):—કડવો, તીખો, ભેદક તથા ઉષ્ણ છે; અને કફ, વાયુ, પ્લીહા, યકૃત્, ગુલ્મ, વિષદોષ, ભૂતબાધા, મલસ્તંભ, રક્તદોષ, મેદ તથા શૂળનો નાશ કરે છે. લીલી કરતાં ધોળી વધારે ગુણવાળી છે.* **મોચરસ:**—હિમ, ગ્રાહક, સ્નિગ્ધ, વૃષ્ય, પુષ્ટિકારક, ધાતુવર્ધક, તુરો, વર્ણકારક, બુદ્ધિપ્રદ, વયસ્થાપક, ગુરુ, સ્વાદુ, કફકર, ગર્ભસ્થાપક, રસાયન તથા વાતનાશક છે; અને પ્રવાહિકા, અતિસાર, આમપિત્ત, રક્તદોષ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) પ્રદર ઉપર:**—શિમળાની છાલનું ચૂર્ણ દૂધમાં પાવું અથવા શિમળાના કાંટાનું ચૂર્ણ સાકર અને દૂધ નાખી પાવું. **(૨) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શિમળાની છાલનું ચૂર્ણ કરી સાકરમાં આપવું. **(૩) વિંછીના દંશ ઉપર:**—પુષ્ય નક્ષત્ર અને રવિવારના દિવસે પોતાની છાયા ઝાડપર ન પડે એવી રીતે શિમળાની ઉત્તર બાજુનું મૂળ લાવી રાખવું. પછી તે વિંછી જ્યાંસુધી ચઢયો હોય તે જગોથી નીચેસુધી ત્રણ વાર ફેરવવું અને થોડું ઘસી દંશ ઉપર ચોપડવું. **(૪) ગરમીના આજાર ઉપર:**—સાધારણ ધોળા નાના શિમળાનાં મૂળ ખોદી તેના મૂળનો કંદ કાઢી સુકવવો અને તેનું ચૂર્ણ કરવું. રોજ ધોળા શિમળાની છાલ ગાયના દૂધમાં ઘસી તેમાં કંદનો લોટ ૬ માસા અને સાકર ૧ તોલો નાખી પાવું. આ ઔષધ દરરોજ બે વાર પ્રમાણે ૨૧ દિવસ આપવું અને પથ્ય પાળવું; એટલે ઉપદંશના સર્વ વિકારો શમે છે. **(૫) ધાતુપુષ્ટિને માટે:**—મોચરસનું ચૂર્ણ અર્ધો તોલો, સાકર ૪ તોલા અને ગાયનું દૂધ ૨૦ તોલા, એટલું એકત્ર કરી પાવું; અથવા કાંટાવાળા શિમળાનાં લીલાં મૂળ ૪ તોલા કચરી, ગાયના પાશેર દૂધમાં રાત્રે પલાળી રાખી સવારે ગાળી તેમાં સાકર એક તોલો નાખી ૭ દિવસ તે ઔષધ લેવાથી ધાતુપુષ્ટિ થઇ વીર્યસ્રાવ બંધ થાય છે. **(૬) શરીર બળવાન થવા માટે:**—શિમળાનાં મૂળની છાલનું ચૂર્ણ મધ અને સાકરમાં ખાવું. **(૭) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—શિમળાનું રૂ પાણીમાં વાટી લેપ કરવો. **(૮) બરોળ ઉપર:**—શિમળાનાં ફૂલ બાફી રાત્રે ઠંડાં થયા પછી તેમાં રાઇનું ચૂર્ણ નાખી આપવું. **(૯) વીર્યપતન ઉપર:**—ધોળા શિમળા-

---

*** મોચરસને ગાંધી લોકો સોપારીનાં ફૂલ કહે છે અને એથીજ એને અજ્ઞાન લોકો ફૂલસોપારી તરીકે સમજે છે; પરંતુ એ તેમની ભૂલ છે. મોચરસનો દેખાવ ફૂલોના જેવો નથી છતાં એને સોપારીનાં ફૂલ કહેવાં એ બિલકુલ અજ્ઞાન છે. એ સોપારીનાં ફૂલ નથી, પરંતુ આ ઝાડનો ગુંદર છે.**

ના નાના કાંદાનું ચૂર્ણ કરી સાકર સાથે ખાવા આપવું. **(૧૦) જાદ પાકવા માટે:**—કુમળા શિમળાનો કંદ કાઢી સ્વચ્છ ધોવો અને તે ઉપરની છાલ છોલી નાખી ખાંડવો; એટલે જાડો રસ આવશે. તે રસ જાદ ઉપર ચોપડવાથી દાહ શમન થઇ ગાંઠ તુરત પાકે છે. **(૧૧) સુરામેહ ઉપર:**—શિમળાની છાલનો કાઢો કરી પાવો. **(૧૨) ઠંડા પ્રમેહ ઉપર:**—ધોળા શિમળાનો કંદ છોલી તેના પાતળા કકડા કરી સારા સૂકવી લોટ કરી રાખવો. હરરોજ સવારે ગાયનું ઘી ૧ તોલો લઈ તેમાં એ લોટ અર્ધો તોલો અને જાયફળની ભૂકી ૭ માસા સુધી નાખી સવારસાંજ બે વખત આપવું. શિમળાનો કંદ ન મળે તો છાલનું ચૂર્ણ આપવું. **(૧૩) જીર્ણાતિસાર ઉપર:**—મોચરસનું ચૂર્ણ ૩-૪ માસા સાકરમાં આપવું. **(૧૪) અતિસાર ઉપર:**—શિમળાની છાલ ઘસી પાવી અથવા છાલનો રસ પાવો; કિંવા મૂળ ઘસી પાવાં. **(૧૫) મૂત્રમાંથી ધાતુ કિંવા ખર જતું હોય તે ઉપર:**—ધોળા શિમળાની છાલ ગાયના દૂધમાં ઘસી, જીરૂં અને ખાંડ નાખી રોજ બે વાર પ્રમાણે ૧૪ દિવસ આપવી. **(૧૬) હૃદ્રોગ ઉપર:**—શિમળાની છાલ દૂધમાં બાફી એક મહિનો ખાવાથી તે રસાયન, ઉત્કૃષ્ટ, બલકર તથા વાતનાશક થાય છે. જો કોઇ માણસ એક વર્ષ સુધી ખાય તો સો વર્ષ જીવે છે. **(૧૭) શીતળા ન થવા માટે:**—શિમળાનો રસ અને ધોળું ચંદન કિંવા અરડુસીનો રસ અને જેઠીમધ, અથવા જાઇનો રસ અને જેઠીમધ એમાંથી પ્રારંભે એક ભક્ષણ કરવાથી કદી પણ શીતળાનો ઉપદ્રવ થશે નહિ.

૫૬૦ શિરકસિયો (સુડીઆનો વેલો)—સં૦ જીવંતી, ક્ષેમક્ષીરી. કા૦ હોણુહાલે. લા૦ ટ્રેજિયા વોલ્યુબિલિસ. મ૦ હરણવેલ.

એમાં શિંગરોટી, રાડારૂડી અને ખરખોડી, એવી ત્રણ જાતો પ્રસિદ્ધ છે.* આ વેલાનો પુષ્કળ

---

* આ ત્રણ સિવાય એક કડવી "ખરખોડી" નામની ચોથી જાતનું પણ મ૦ પદેજીએ પોતાના નિઘંટમાં વર્ણન આપેલ છે. તેઓ આ ચારે જાતનું પોતાના નિઘંટમાં આ પ્રમાણે વર્ણન આપે છે. (૧) શિંગરોટી, સુડીઆના વેલાઃ—(સં૦ જીવંતી. મ૦ લઘુ હરણવેલ-દોડી. હિં૦ લઘુ જીવંતી. બં૦ જીવઇ, જાયાતી. ક૦ કિરિય હાલે. તા૦ તૈ૦ ચિન્નજિલ્લેડિકાયિ. લા૦ કોસેગીન ઓવલીસ્.) આનાં પાંદડાં આવળ જેવાં હોઇ જાડાં હોય છે. એ પાંદડાં તાણવાથી તેના તેવાજ ટુકડા થાય છે. એની ઉત્પત્તિ ગામડાંઓમાં થાય છે. (૨) રાડારૂડી, વાછંટીઃ—(સં૦ બૃહજ્જીવંતિકા. મ૦ થોર હરણવેલ—દોડી. હિં૦ બડીજીવંતી. બં૦ ભડજીવઈ. ક૦ હિરિયહાલે) એનાં ફૂલનું શાક થાય છે. એનાં પાંદડાં દીંટડાં પાસે ખાંચાવાળાં હોઇ લાંબાં હોય છે. એનાં પાંદડાંનાં દીંટાંમાંથી દૂધ નીકળે છે. એના દાંડા હાથની આંગળી જેવા જાડા હોઇ બે ધાર વાળા હોય છે. આ સર્વત્ર મળે છે. (૩) ખરખોડી, મોટી ખરખોડીઃ—(સં૦ હેમજીવંતિકા. મ૦ સોન (પિંવળી) હરણવેલ. હિં૦ પીલી (સુનહરી) જીવંતી. બં૦ સ્વર્ણજીવંતી. ક૦ હોવણહાલે. લા૦ ટ્રેજિયા વોલ્યુબિલિસ્). એના ફળમાંથી પાણી દૂધ નીકળે છે. દીંટડાને એકજ ફળ આવે છે. (૪) કડવી ખરખોડીઃ—(સં૦ વિષમુષ્ટિ. મ૦ ભુઇદોડી, વિષદોડી, કડવી હરણદોડી. હિં૦ વિષડોડી, કરેરૂઆ. ક૦ કડસિગે.) કડવી ખરખોડીનાં ફળ મૂઠી વળેલી હોય એવા આકારનાં હોય છે અને એ કડવાશવાળાં હોય છે. એથી એને વિષમુષ્ટિ એ નામ મળેલું છે. કડવી ખરખોડીના વેલા ગામડાંઓમાં કાળી જમીનમાં થાય છે. એ વેલ જમીન ઉપર પથરાયેલી હોય છે અને એનો વિસ્તાર ઘણો હોતો નથી. કડવી ખરખોડીના વેલાનાં પાંદડાં ધાવડીનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. આ વેલાને એક દીંટડાને બબ્બે એમ જોડાયેલાં ફળ આવે છે. એ ફળ આકડાનાં ફળ જેવડાં મોટાં હોઇ ગોળ હોય છે. એ ફળને ટોચા કરવાથી અંદરથી ધોળું દૂધ નીકળે છે.

અમને એક વગડાઉ માણસે પણ એની ચાર જાતોનું આ પ્રમાણે વર્ણન આપેલ છે. તે કહે છે કે, એકનાં પાંદડાં આકડાનાં પાંદડાં જેવાં હોય છે એથી એને આકડીઓ શિરકસિયો, બીજાને ભાલા જેવાં લાંબાં પાંદડાં હોવાથી ભાલડીઓ શિરકસિયો, ત્રીજાને પાંદડાં ગોળ સુવર જેવાં હોવાથી પાનેલીઓ શિરકસિયો અને ચોથાનાં પાંદડાં મીઠા જાળા જેવાંજ હોય છે એને

વિસ્તાર હોય છે. શિરકસિયાંનાં પાંદડાં રતાળુના વેલા જેવાં હોય છે. એને જે ફળો (સુડીઆ) આવે છે, તેમાંથી રેશમ જેવું પુષ્કળ રૂ નીકળે છે. શિરકસિયાની ભાજી થાય છે. **શિંગરોટી અને સડરૂડી (વાછંટી):**—શીતલ, સ્વાદુ, મધુર, સ્નિગ્ધ, રસાયન, બલકર, ચક્ષુષ્ય, ગ્રાહક, લઘુ, ધાતુવર્ધક, વૃષ્ય, કફકર તથા પારદબંધક છે; અને વાયુ, ક્ષય, જ્વર, દાહ, ત્રિદોષ, નેત્રરોગ, રક્તપિત્ત, રક્તદોષ તથા ભૂતબાધાનો નાશ કરે છે. **એનાં ફળ:**—મધુર, ધાતુવર્ધક અને ગુરુ છે. **ખરખોડી:**—નેત્રોને હિતાવહ, મધુર, બલકર, પુષ્ટિકર તથા શીતલ છે; અને વાયુ, પિત્ત, દાહ તથા રક્તદોષનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) ધાતુપુષ્ટિને માટે:**—શિરકસિયાનાં પાંદડાં વાટી દૂધમાં પાવાં. **(૨) ચોાનકંદ ઉપર:**—શિરકસિયાનાં મૂળ પાણીમાં વાટી લેપ કરવો.

૫૬૧ શિરદોડી (ખરખેર)—સં૰ અર્કપુષ્પા, કુટુંબિની. મ૰ શિરદોડી, પહારકુટુંબી. કો૰ શિરવલ્લી, મોટી કાવળી, વાકાંડી, દેવભોંવરી. હિં૰ દધીઆર, અંધાહુલી. ક૰ મરિજેવણીગેયભેદ. લા૰ હોલોસ્ટેમાર્હીડીઆઇ.

શિરદોડીને **"મોટી કાવળી"** પણ કહે છે. શિરદોડીના વેલા હોય છે. વેલની છાલ જાંબુડિયા રંગની હોય છે. વેલા ગળોના વેલા પ્રમાણે મોટા અને જાડા હોય છે. એનાં પાંદડાં પીંપરનાં પાંદડાં જેવાં પણ તેથી જાડાં હોય છે. એનાં પાંદડાં તોડવાથી વેલમાંથી દૂધ નીકળે છે. એનો રંગ કાળો હોય છે. એ વેલીને બરછી જેવાં અણીદાર જોડફળ આવે છે. એ ફળમાંથી રેશમ જેવાં ફૂલ ઉડે છે. તેને બાળકો ડોસી કહે છે. કુમળાં ફળનું શાક થાય છે. શિરદોડીનાં ફળમાં રેશમ જેવું સૂતર હોય છે. એ સૂતર વસ્ત્ર વણવા જેવું હોય છે. એની કળીઓ ખાવાથી મીઠી લાગે છે. શિરદોડીની અંદરનું રૂ ઠંડુ છે. એની એક બીજી જાત છે. તેનાં ફળ એના કરતાં ચોપટ મોટાં હોય છે અને વેલાનો વિસ્તાર પણ ઘણો હોય છે. શિરદોડીને કોંકણમાં **'વાંકાડી'** કહે છે. **શિરદોડી:**—શીતલ, કડવી, તીખી, પિત્તલ, રૂક્ષ, ખારી તથા રુચિકર છે; અને કફ, વાયુ, વ્રણ, શીતજ્વર, ભૂતબાધા, અલ્પીડા, મેહ, કૃમિ, કોઢ તથા ત્વગ્દોષનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) લાપોટીઆ ઉપર:**—શિરદોડીનાં પાનનો રસ કાઢી ચોપડવો એટલે રોગ સારો થાય છે. **(૨) પ્રમેહ (પરમા) ઉપર:**—શિરદોડીનાં મૂળ મધમાં ઘસી પાવાં. **(૩) નાના બાળકની ઉધરસ ઉપર:**—શિરદોડીનાં મૂળ ઘસી મધમાં ચટાડવાં. **(૪) વિંછીના વિષ ઉપર:**—શિરદોડીનાં મૂળ ઘસી લેપ કરવો અને થોડાં મૂળ ઘસીને પાવાં. **(૫) ખસ ઉપર:**—શિરદોડીનાં મૂળનો કાઢો પાવો અને દૂધ ખસ ઉપર ચોપડવું; અથવા શિરદોડીનાં પાંદડાંનો રસ અર્ધો તોલો ગાયના દૂધમાં પાવો. **(૬) પથરી ઉપર:**—શિરદોડી ગાયના દૂધમાં વાટી સવારે ત્રણ દિવસ પાવી; એટલે તે પોતાના સામર્થ્યવડે દાહયુક્ત અશ્મરીનું વિદારણ કરી નાશ કરે છે. **(૭) સર્પ વિષ ઉપર:**—શિરદોડીનાં મૂળ પાણીમાં વાટી પાવાં અગર પાંદડાંનો રસ પાવો; અને દંશ ઉપર પણ લેપ કરવો. **(૮) છીંક આવવાને તથા સળેખમ ઉપર:**—શિરદોડીનાં પાંદડાં હાથમાં મસળી સુંઘવાં એટલે છીંક આવશે **(૯) નાના બાળકનું તાળવું પડે તે ઉપર:**—શિરદોડીના કકડા કરી પાણીમાં નાખી તે પાણી ઉકાળી મહિનામાં ત્રણ વાર તે પાણી વડે બાળકને નવરાવવું અને તાળવા ઉપર તેલ ચોપડવું; એટલે એ આજાર દૂર થાય છે. કોંકણમાં આવી રીતે કરવાનો ઘણોજ રિવાજ છે. આ ઔષધથી જલદી ગુણ આવે છે. દરેક મહિનામાં ત્રણ વાર એ પાણીથી નવરાવવાથી તાળવું પડવાનો ભય રહેતો નથી. **(૧૦) કરમ ઉપર:**—શિરદોડીનાં પાંદડાં લઇ ગરમ કરી પેટ ઉપર બાંધી બે પહોરસુધી રાખવાં. એ પ્રમાણે એ ત્રણ વાર કરવું એટલે કૃમિ પડશે. **(૧૧) આંખોમાં બળતરા બળતી હોય તે ઉપર:**—શિરદોડીનાં પાંદડાંનો રસ તાળવા ઉપર ચોપડવો અને ધાવડીનાં પાંદડાંનો રસ વસ્ત્રગાળ કરી તેની પટી આંખો ઉપર મૂકવી. **(૧૨) રક્તજ અને પિત્તજ શિરોરોગ ઉપર:**—રોજ શિરદોડીનાં પાંદડાંનો રસ માથે ચોળતા જવો. **(૧૩) ભૂતજ્વર ઉપર:**—શિરદોડીનાં મૂળ કાનમાં રાખવાં.

શિરકસીઓજ કહીએ છીએ. આ ચોથી જાતના શિરકસિવાનાં કુમળાં ફળોને લોકો ખાય છે. તેને સુડીઆ કહે છે. એનો આકાર સુડા (પોપટ) જેવો અને રંગ પણ લીલો પોપટીઓ હોય છે.

૫૯૨ શિસમ—સં૰ શિંશપા. મ૰ હિં૰ શિસવ-મ. બં૰ શિશુ. ક૰ કરીયઇઘ્ગડી, બીટી-આરા. તા૰ નુક્કં. મલા૰ વિટ્ટી. તૈ૰ જીટ્ટરેગુચેટ્ટુ. ગો૰ બીટિરટ્ટુ. અ૰ સાસમ. ઇં૰ બ્લેકવુડ ટ્રી, સીસવ ટ્રી. લા૰ ડાલવર્જિયા લાટ્રીફોલીઆ.

આ ઝાડ મોટું થાય છે. સહ્યાદ્રી પર્વત ઉપર અને મલબાર પ્રાંતમાં એની ઉત્પત્તિ વિશેષ થાય છે. શિસમ ચાળીસ-પચાસ વર્ષનો થયા સિવાય તેનું લાકડું મજબૂત થતું નથી. એ લાકડું મોંઘું હોવાને લીધે ઘર બાંધવાના કામમાં ઘણું ઉપયોગમાં આવતું નથી. એ લાકડાનો રંગ કાળો હોય છે. એ ઉપર કોતરકામ જોઇએ તેવું કરાય છે. એને કીડા લાગતા નથી. એ લાકડું સારૂં જૂનું હોય તો તેનાં પાટીઆં લોખંડ જેવાં મજબૂત નીકળે છે. એ લાકડાની પેટીઓ, કબાટ, પલંગ, હીંચોળા-ખાટ, ખુરશીઓ એવી અનેક વસ્તુઓ થાય છે. **ધોળો શિસમ:**—કડવો, શીત, વર્ણકર, બલકર તથા રુચિકર છે; અને પિત્ત, દાહ, સોજો તથા વિસર્પનો નાશ કરે છે. **કપિલ શિસમ:**—કડવો, શીતવીર્ય, વર્ણકર, બલકર, ઉષ્ણ તથા રુચિકર છે; અને શ્રમ, વાયુ, પિત્ત, જ્વર, ઉલટી, સોજા, હેડકી, વિસર્પ તથા દાહનો નાશ કરે છે. **કાળો શિસમ:**—અગ્નિદીપક, કડવો, તીખો, ઉષ્ણ તથા તૂરો છે; અને કફ, વાયુ, શોફ, અતિસાર, સર્વ પ્રકારના કોઢ, મેદ, કૃમિ, બસ્તીરોગ, ઉલટી, ગર્ભદોષ, ત્રિદોષ, મેહ, પીનસ, વ્રણ, રક્તદોષ તથા અજીર્ણનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પ્રમેહ ઉપર:**—શિસમનાં પાંદડાંનો રસ ચાર પૈસાભાર કાઢી જીરાની ભૂકી નાખી પાવો. **(૨) વસાપ્રમેહ ઉપર:**—કાળા શિસમની છાલનો કાઢો પાવો.

૫૯૩ શિળીંદ—એને મરાઠીમાં "શિંદાળા" પણ કહે છે. એ ઝાડ કચોરા જેવુંજ થાય છે. કચોરાને ફૂલ આવતાં નથી; પરંતુ એને રાતાં મિશ્રવર્ણનાં સુવાસિક ફૂલ આવે છે. એ ફૂલ પૂજાના કામમા લે છે. ફૂલનો પાક શ્રાવણ માસમાં આવે છે. એના કંદ કચોરા કરતાં વધારે ઉષ્ણ છે. એ સ્વાદે તીખી છે. **ઉપયોગ:—(૧) ઉત્તરસ ઉપર:**—શિળીંદના કાંદાનો કાઢો અગર ચૂર્ણ મધ નાખી પાવું. **(૨) કમળી ઉપર:**—શિળીદના કાંદા પાણીમાં વાટી પાવા. **(૩) તાવ ઉપર:**—શિળીદના કાંદાનો રસ અગર કાઢો મધ નાખી પાવો. **(૪) સર્વ પ્રકારના નેત્રવિકાર ઉપર:**—શિળીંદના કાંદા ઘીમાં ઘસી તેનું ૪-૫ દિવસ અંજન કરવું; એટલે ફૂલુ, ભૂર, વડસ (માંસ વધવું, કીકીના ઉપર ગોદડી જેવી ચામડી આવવી) વગેરે વિકારો દૂર થાય છે. એ અંજન ઘણું તીક્ષ્ણ છે.

૫૯૪ શીતાફળ—સં૰ સિતાફલ. મ૰ શિતાફળ. હિં૰ સરીફા, સીતાફળ. બં૰ આતા, આથ. તૈ૰ સિતાફળ. ફા૰ કાજ. અ૰ ઇં૰ કસ્ટર્ડ એપલ. લા૰ એનોના સ્કેમોસા.

એ ઝાડ આ દેશમાં સર્વત્ર થાય છે. એ શુમારે બે માથોડાં ઉંચાં વધે છે. એનાં પાંદડાં અશોક-(આસોપાલવ)ના પાંદડાં જેવાં લાંબાં હોય છે. એને વાવ્યા પછી ચાર-પાંચ વર્ષે ફળ આવવા લાગે છે. એ ફળ મધુર અને ઠંડાં છે. એની અંદરનાં બીઆં કાળા રંગનાં હોય છે. સીતાફળ પાકવાનો વખત આસો અને કાર્તિક મહિનામાં હોય છે. એ ફળ ઘણાં ઠંડાં છે. એ ઉપરથી એમ જણાય છે કે, એનું મૂળ નામ "શીતફળ" હોવું જોઇએ. પાછળથી તેનો અપભ્રંશ થઈ શીતાફળ નામ પડ્યું હોવું જોઇએ. **શીતાફળ:**—મધુર, શીતળ, હૃદ્ય, બલકર, સ્વાદુ, કફકર, વાતલ તથા પૌષ્ટિક છે અને પિત્તશામક છે. **ઉપયોગ:—(૧) માથામાંની જૂ અને લીખો મારવા માટે:**—શીતાફળનાં બીઆં બારીક વાટી માથે ચોપડવાં; અને ઉંઘતી વેળાએ તે ઉપર ઘટ્ટ કપડું બાંધવું. એમ કરવાથી ચોટલામાંની સર્વ જૂ અને લીખો મરે છે; પરંતુ તે પાણી આંખમાં જવા દેવું નહિ; કારણ કે તેથી કરી આંખો ઘણી ખરાબ થાય છે. **(૨) મૂત્રાઘાત ઉપર:**—શીતાફળનાં મૂળ ઘસી પાવાં; એટલે બંધ થયેલો પેશાબ છૂટશે. **(૩) દાહ શમન થવા માટે:**—પાકેલાં શીતાફળ ભાગી ઝાકળમાં મૂકવાં અને બીજે દિવસે સવારે ખાવાં.

૫૯૫ શેતુર—સં૰ પૂર્ષ, તૂત. મ૰ તૂત. હિં૰ સહતૂત, તૂત. બં૰ તૂંત-દ, પલાસપિપુલ. કો૰ તૂતીચી ફળેં. તૈ૰ કમ્પલિચેટ્ટુ. તા૰ મશુકટ્ટઇ ચેડિ. ફા૰ શાહતૂત, તૂતુર્શ, તૂતશીરિ. અ૰ તૂત, તૂતહામીજ, તૂતશિરિ. લા૰ મોરસ ઇન્ડકા-નિગ્રા-આલ્બા. ઇં૰ મલબેરિઝ.

આ ઝાડ ચીન દેશમાં ઘણાં થાય છે. એ ઝાડની વાવણી આ દેશમાં કોઈ કોઇ ઠેકાણે

થાય છે. શેતુરનાં ઝાડ ઘણુંજ મોટાં થાય છે. એમાં કાળી, ધોળી અને રાતી, એવી ત્રણ જાત છે. કાળા અને રાતી શેતુરને ચોમાસામાં ફળ આવે છે. શેતુરનાં ફળ ખાવાથી મીઠાં લાગે છે. એ ફળ રકતવૃદ્ધિ કરનારાં છે. કાળી અને ધોળી એ બે જાતનાં શેતુરનાં ઝાડ રેશમના કીડાઓના જીવનને અર્થે ઉપયોગનાં છે. તે કીડા એનાં પાંદડાં ખાઇ રેશમ ઉત્પન્ન કરે છે. ચીન દેશમાં રેશમ ઘણું ઉત્પન્ન થાય છે. મરાઠીમાં આ ઝાડને કેટલાક લોકો 'સૈતૂત' પણ કહે છે.* પાકું શેતુર:—ગુરૂ, સ્વાદુ, શીતલ તથા ગ્રાહક છે; અને પિત્ત, વાયુ તથા રકતદોષનો નાશ કરે છે. કાચું શેતુર:—ગુરૂ, સારક, ખાટાં તથા ઉષ્ણ છે; અને રકતપિત્તનો નાશ કરે છે.

પ૬૬ શેમટ—આ ઝાડ ઘણુંજ મોટું થાય છે. એનાં પાંદડાં આંબાનાં પાંદડાં જેવાં લાંબાં હોય છે. એને આમલીના કચુકા કરતાં નાનાં અને ચપટાં ફળ આવે છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવે છે. **ઉપયોગ:—(૧) અતિસાર ઉપર:**—શેમટનાં મૂળ પાણીમાં ઘસી પાવાં.

પ૬૭ શેરણી—સં૦ હપુષા. મ૦ શેરણી, ઝાઊ. હિં૦ હાઉબેર. બં૦ હઉષા. ક૦ હીરેહબ્બે. લા૦ થેવેટિયા નેર્વાફોલીઆ.

એ ઝાડ નદી કિંવા વહેળાના કિનારાપર થાય છે. એ શુમારે કંમરપૂર ઉંચાં વધે છે. શેરણીના વેરા કાંઇક સુરૂના ઝાડ જેવા હોય છે. આ ઝાડના લાકડાનો રંગ કાંગો તથા રાતો હોય છે. શેરણીના બેટા સુશોભિત દેખાય છે. મોટાં પાંદડાંની એક શેરણીની જાત કોંકણમાં થાય છે. તેનાં પાંદડાં આના કરતાં મોટાં હોય છે, તેને મોટી શેરણી કહે છે. શેરણીની લાકડી લીલી હોય ત્યારે ચીકણી હોય છે. તેને કોઇ કોઇ હાથમાં રાખવા લે છે. ×**શેરણી:**—કડવી, તીખી, ઉષ્ણ, ગુરૂ, દીપન તથા તૂરી છે; અને સંગ્રહણી, શૂળ, ગુલ્મ, અર્શ, પિત્ત, ઉદર, કફ, આમ, અગ્નિમાંદ્ય, કૃમિ, પ્રદર, મલાવષ્ટંભ તથા શૈત્યનો નાશ કરે છે. **લઘુ શેરણી:**—(સં૦ સ્વલ્પફલા) મૂત્રકૃચ્છ્ર, પ્લીહા, વિષ તથા કફની નાશક છે. બાકીના ગુણ ઉપર લખ્યા પ્રમાણે છે. **ઉપયોગ:—(૧) શૂળયુક્ત પ્રદર ઉપર:**—શેરણીનાં પાંદડાંનું ચૂર્ણ કરી ઘીમાં નાખી પાવું. **(૨) બદ્ધગુદોદર ઉપર:**—મોટી શેરણી, અજમો, જીરૂં અને સિંધવનું ચૂર્ણ સેવન કરવું. **(૩) પ્રમેહ ઉપર:**—શેરણીનાં પાન લાવી દરરોજ ૧ તોલો રસ કાઢી તેમાં જીરૂં પૈસાભાર અને સાકર પૈસાભાર નાખી પાવો.

---

* શેતુરનાં પાન અંજીરના પાનના જેવાં ત્રણ ત્રણ કાંગરાંવાળાં તથા લીમડાના પાનની માફક ચારે તરફ કરવતીના આરા જેવાં ચિહ્નવાળાં હોય છે. શેતુરનાં ફળ શિંગોના જેવાં લાંબાં હોય છે; તથા તેમાં બાજરાના જેવા નાના દાણા લાગેલા હોય છે. ફળ અત્યંત કોમળ, સ્વાદિષ્ટ અને રસવાળાં હોય છે.

× શેરણીની ઓળખાણ આપતાં મ૦ દત્તરામજી લખે છે કે:—" આજકાલ બધા ગાંધી લોકો અને અત્તર વેચનાર હપુષા નામથી જે વસ્તુ આપે છે, તે શેરણી નથી. એ ચીનીકબાલા અથવા તીખાંની ડાંખળી છે." વળી લખે છે કે:—" એનો રંગ ભૂરો, સ્વાદ કડવો અને એ બાકલાની ફળીના બીજ કરતાં મોટું અને બોરથી નાનું એક ફળ છે." અમૃતસાગરમાં મ૦ ત્રિભોવનદાસ લખે છે કે:—" ખેણીના ઝાડને છીણી અથવા છણીઆ કહે છે. એ નદીકિનારે થાય છે. એ ઝાડ આશરે ત્રણ-ચાર હાથ સુધી ઉંચું થાય છે. એનું લાકડું સખત અને મૂળમાં ગાંઠ સરખું થાય છે. એના લાકડાની ગામડી નિશાળોનાં છોકરાં કલમો કરી પાટી ઉપર ધૂળ નાખી લખે છે. એ ઔષધિ દેશપ્રસિદ્ધ છે." વળી સંસ્કૃતમાં એનાં પ્લીહહંત્રી, પ્લીહશત્રુ આદિ નામો છે. એનો અર્થ બરોળનો નાશ કરનાર થાય છે. આ સઘળી હકીકત તરફ દૃષ્ટિ કરતાં એ નદીમાં થનારી ફરાંસડી નામની વનસ્પતિ હોવાનો શક જાય છે. આ ફરાંસડીને સિંધી ભાષામાં લવીરૂં કહે છે. એને ગાંઠો જેવાં જે ફળો થાય છે તે પાકીને ખરી જવા પછી વીણી લે છે. એને પડવાસ નામથી ઓળખે છે અને રંગમાં ખત્રી લોકો વાપરે છે. બરોળ નાશ કરવાને એનાં મૂળનો ગોળ કરવાની આ પ્રમાણે રીત એક જૈન ગ્રંથમાં લખેલી જોવામાં આવી છે:—ફરાંસડીનાં મૂળ શેર પાંચ, અધમણ પાણીમાં ઉકાળતાં શેર બે રહે એટલે તેને ગળી લઈ તેમાં ગોળ શેર બે નાખી તેનો પાક કરી ચોસલાં પાડવાં; એ ફરાંસડીનો ગોળ શક્તિ પ્રમાણે ખાવાથી બરોળ નાશક થાય છે.

૫૬૮ **શેલડી (શેરડી)**—સં૦ ઇક્ષુ. મ૦ ઉસ. હિં૦ ગાંડા, પોંડા, ઇખ, ઊખ. ક૦ કબ્બુ. તે૦ ચેરકુ. તા૦ કરુંબુ. મલા૦ કરીંબુ. ફા૦ નેશકર. અ૦ કસ્બુસ્સુક્કર. ઇં૦ શુગર કેઇન. લા૦ સેકેરમ્ ઑફિસિનેરમ્. બં૦ આક, કુશિર.

શેલડી હિંદુસ્તાનમાં ઘણું કરીને સર્વ ઠેકાણે પાકે છે. શેલડી જગતપ્રસિદ્ધ છે. એ પાંચ—છ હાથ ઉંચી થાય છે. શેલડીમાં ધોળી, રાતી, કાળી, ભુંખરી વગેરે અનેક જાતો છે. રાતી શેલડીનો રસ ઘણોજ મીઠો હોય છે. શેલડીના રસમાંથી સાકર, ખાંડ, ગોળ, કાકબ (ગોળનો પ્રવાહી રસ-શીરો) એવા અનેક પદાર્થો કરે છે. સાકરનાં અને ગોળનાં નાના પ્રકારનાં પકવાન્નો બને છે. શેલડીનો કોઇ પણ ભાગ વ્યર્થ જતો નથી. મૂળના કકડા ઢોરોને ખાવા માટે ઉપયોગમાં આવે છે. રસ કાઢી લીધા પછીના શેલડીના સાંઠા બાળવાને કે ઢોરોને ખાવાને ઉપયોગમાં આવે છે. શેલડી—**સમશીતોષ્ણ** છે. આજારી માણસને શેલડીના કકડા કરી ખાવા આપે છે અને અશક્તને પણ આપે છે. શેલડીનો રસ ઠંડો છે; પણ તે રસનો ગોળ થાય છે તે ઉષ્ણ (ગરમ) છે. ખાંડ અને સાકર સમધાત છે. શેલડીમાં વગડાઉ શેલડી કરીને એક જાત છે. એ જાતની શેલડી ફક્ત ઔષધના ઉપયોગમાં આવે છે. **સાધારણ શેલડી:**—પાક વખતે અને રસ વખતે મધુર, ખાધા પછી વાતકર, સ્નિગ્ધ, ગુરુ, મૂત્રલ, શીત, વૃષ્ય તથા બલકર છે; અને કફ, પુષ્ટિ, કૃમિ, તૃપ્તિ, આનંદ અને કાંતિને કરનારી હોઈ સારક છે; તથા વાયુ, રક્તવિકાર અને પિત્તનો નાશ કરે છે. **શેલડીનાં મૂળીઆં:**—અતિ મધુર, મધ્યે સાધારણ મધુર, **ટોચે અને સાંધામાં** ઓછી મધુર અને ખારી છે. **સફેદ શેલડી:**—કઠણ, જડ, અગ્નિદીપક તથા રુચિકર છે; અને કફ, મૂત્ર, આમ, પ્રમેહ, મેદ તથા બળને વધારનારી, પાક વખતે કિંચિત્ ઉષ્ણ, પાક તથા રસ વખતે મધુર, અતિ શીતલ, પૌષ્ટિક, સ્નિગ્ધ, સારક તથા વૃષ્ય છે; અને પિત્ત, દાહ, વાયુ, રક્તપિત્ત તથા ક્ષયનો નાશ કરે છે. **ચિત્રવર્ણ શેલડી:**—અતિમધુર, શીત, કફકારક, રૂક્ષ તથા રસ વખતે તૃપ્તિકારક છે; અને પિત્ત, દાહ તથા શ્રમને દૂર કરે છે. **રસાળા શેલડી:**—મધુર, શીતલ, રુચિકર તથા વૃષ્ય છે; અને તેજ તથા બળને વધારનારી હોઈ પિત્ત તથા દાહનો નાશ કરનારી છે. **કાળી શેલડી:**—પાક વખતે મધુર, મીઠી, પ્રિય, તીખી, રસયુક્ત, ધાતુવર્ધક, બલકારક અને ત્રિદોષનાશક છે. **દાંતથી છોલી ખાધેલી શેલડી:**—સ્નિગ્ધ, રુચિકર, વૃષ્ય, શીતળ, અવિદાહી, કિંચિત્ કફકર,પ્રિય, હર્ષપ્રદ, મૂત્રશુદ્ધિકારક, કાંતિકર, બલકર, ધાતુવર્ધક તથા તૃપ્તિકર છે; અને રક્તદોષ, રક્તપિત્ત તથા ત્રિદોષનો નાશ કરનારી છે; તેમજ એનો પ્રભાવ ખાંડ જેવો છે. **કુમળી શેલડી:**—કફ, મેદ અને મેહને કરે છે. **જૂની શેલડી:**—મીઠી તથા કિંચિત્ તીક્ષ્ણ છે; અને વાયુ તથા પિત્તને દૂર કરે છે. **ઘણી જૂની શેલડી:**—બલકર તથા વીર્યવર્ધક છે; અને રક્તપિત્ત તથા ક્ષયનો નાશ કરે છે. **શેલડીનો વિશેષ ગુણ:**—જમ્યા પહેલાં ખાવાથી પિત્તનો નાશ કરે છે, જમ્યા પછી ખાવાથી વાયુને કોપાવે છે અને જમવામાં ખાધાથી જાડ્ય ઉત્પન્ન કરે છે. **શેલડીનો રસ:**—(ચરખામાં નીકળેલો) ગુરુ, મલસ્તંભક, ખાટો, સ્વાદુ તથા ખારો હોઇ દાહનાશક છે. નાના યંત્રમાં નીકળેલો **રસ:**—પિત્ત, શ્રમ, વાયુ અને કફને દૂર કરે છે. **પકાવેલો રસ:**—ગુરુ, સ્નિગ્ધ, તીક્ષ્ણ તથા કિંચિત્ પિત્તકર છે; અને કફ, વાયુ, ગુલ્મ તથા આનાહવાયુનો નાશ કરનાર છે. તે જો ઘણો પાકેલો હોય તો પિત્ત, રક્તદોષ અને શોષને ઉત્પન્ન કરે છે. **શેલડીનો બાસો રસ:**—કફ, વાયુ, શેસ અને જાડ્ય કરે છે. **નવો ગોળ:**—મધુર, ખારો, ગુરુ તથા ગરમ છે; અને રક્તપિત્ત, રક્તવિકાર તથા રક્તદોષને અહિતકારક, વૃષ્ય, સ્નિગ્ધ, મૂત્રશોધન તથા સારક છે; અને મેદ, કૃમિ, માંસ, મજ્જા, લોહી અને શુક્ર ઉત્પન્ન કરનાર, અગ્નિદીપક, ભેદક તથા વાત, કફ અને શ્વાસનો નાશ કરે છે. **ધોત ગોળ:**—કિંચિત્ કફકર, રક્તને હિતાવહ, સ્વાદુ, સ્નિગ્ધ તથા મળમૂત્રને યથામાર્ગ મોકલનારો અને વાતઘ્ન છે. **એક વરસનો જૂનો ગોળ:**—રુચિકર, અગ્નિદીપક, પથ્ય, મલમૂત્રશોધક, અતિ સ્વાદુ, હૃદ્ય, પૌષ્ટિક, રસાયન, સ્નિગ્ધ, લઘુ તથા વૃષ્ય છે; અને પિત્ત, વાયુ, ત્રિદોષ, સંતાપ, પાંડુરોગ, પ્રમેહ તથા શ્રમનાશક હોઈ સંયોગથી જ્વરહારક છે. **ત્રણ વરસનો જૂનો ગોળ:**—લઘુ અને સર્વ-દોષહર છે. આ અરિષ્ટ-

ધિકમાં મેળવવાને પ્રશસ્ત છે. કોઇ કહે છે કે, ત્રણ યા ચાર વરસનો ગોળ ઉપયોગમાં લેવા જેવો નથી; પણ પાંચ પાંચ વરસના ગોળનો ઉપયોગ કેટલાંક ઔષધોમાં કરવા વિષે લખેલું તથા અનુભવેલું જણાય છે; માટે તે ઉપયોગી નથી એમ અમે કહેવા માગતા નથી. એટલું ખરૂં કે તેના ગુણમાં ફેરફાર થાય છે ખરો.* નવો તથા જૂનો ગોળ આદુ સાથે ખાવાથી કફનાશક, હરિતકી સાથે પિત્તનાશક અને સુંઠ સાથે વાતનાશક છે. **ખાંડ:**—મધુર, શીતળ, બલકર, વૃષ્ય, સારક, કફકર તથા સ્નિગ્ધ છે; અને ક્ષય, ઉરઃક્ષત, દમ, વિષદોષ, મદ, મોહ, મૂર્છા, તૃષા, ઉલટી, રક્તદોષ, પિત્ત, અતિસાર, વાયુ, અર્શ, કૃમિ, ભ્રાંતિ, બળતરા તથા શ્રમનો નાશ કરે છે. એ વધારે ધોયેલી હોય તો તે વધારે ગુણ કરે છે. **ખડીસાકર:**—મધુર, શીત, સ્નિગ્ધ, હૃદ્ય, મુખપ્રિય, આંખને હિતકર, ધાતુવર્ધક, વૃષ્ય, બલકર, સારક, ઇંદ્રિયોને તૃપ્તિ આપનારી તથા લઘુ છે; અને તૃષ્ણા, મોહ, મૂર્છા, ક્ષતક્ષય, રક્તપિત્ત, વાયુ, પિત્ત, કફ, શોષ તથા દાહનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) કમળા ઉપર:**—શેલડી સવારમાં ખાવી અથવા રાત્રે છાપરા ઉપર રાખી સવારે તે ખાવી. **(૨) મધુપ્રમેહ ઉપર:**—જંગલી શેલડી રોગીને ખાવા આપવી, કિંવા શેલડીનો રસ આપવો. **(૩) દાહયુક્ત મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ગરમ કરેલા દૂધમાં સમભાગે સાકર નાખી ઘી સાથે આપવું. **(૪) મૂત્રકૃચ્છ્ર ઉપર:**—દૂધમાં ગોળ નાખી કિંચિત્ ગરમ કરી આપવું. **(૫) હેડકી ઉપર:**—શેલડીનો રસ પાવો. **(૬) સૂર્યાવર્ત (શિરોરોગ** (એટલે સૂર્યોદયથી મસ્તક દુઃખવા માંડી જેમ સૂર્ય ચઢે તેમ અધિક થઇ સૂર્યાસ્ત સમયે કમી થાય તે) **ઉપર:**—ગોળ એક તોલો અને ઘી અર્ધો તોલો એકત્ર કરી સવારમાં આપવું; અને કપાળે કાળા તલ દૂધમાં વાટી તેનો લેપ ૩ દિવસ કરવો. **(૭) ધાતુ જતી હોય તે ઉપર:**—ખડીસાકર ૭ તોલા અને ફુલાવેલો ટંકણખાર ૭ માસા એકત્ર કરી તે ચૂર્ણ રોજ ૧ તોલા પ્રમાણે સાત દિવસ આપવું. પથ્ય પાળવું. **(૮) કાચ અથવા કાંટો વાગ્યો હોય તે ઉપર:**—ગોળ ગરમ કરી જ્યાં વાગ્યું હોય ત્યાં લગાવવો. **(૯) કાનખજુરો કરડે તે ઉપર:**—ગોળ બાળી ઉપર લગાવવો. **(૧૦) નળને માટે**—બેસનું ધારોષ્ણ દૂધ ગળ્યું થાય એટલો ગોળ નાખી ઉભાં ઉભાં પીવું અને પહોરસુધી બેસવું નહિ. **(૧૧) મૂત્રકૃચ્છ્ર માટે:**—દહીંમાં સાકર નાખી આપવું. **(૧૨) હેડકી ઉપર:**—ગોળના પાણીમાં સુંઠ ઘસી નાકમાં થોડે થોડે સુંઘવી અને પછી સૂઇ જવું; વધારે બળતરા થાય તો દૂધમાં રક્તચંદન (રતાંદળી) ઘસી તેમાં કિંચિત્ મીઠું નાખી નાકે સુંઘવું. **(૧૩) તૃષા ઉપર:**—પાણીમાં સાકર નાખી પાવી. **(૧૪) ધુમાડાથી આંખોને વિકાર થાય તે ઉપર:**—ગોળ કિંવા સાકર આંખોમાં આંજવાથી પાણી ગળી જઇ આંખો સારી થાય છે. **(૧૫) રેચ બંધ થવા માટે:**—સાકર પાણીમાં ઓગાળી પાવી. **(૧૬) ઘુંટીના દરદ ઉપર:**—કાળા ગોળનો લેપ કરવો.

૫૬૯ શેવતી ગુલાબ (ગુલદાવદી)—સં૦ ભદ્રતરુણી, તરણી. બં૦ શেউતી ગোলাপ. મ૦ કાંટે-ગુલાબ-શેવતી. હિં૦ શેવતી-ગુલાબ. ક૦ ચેંબડે, મુલ શેવંતીગે. લા૦ રોસા મોસચટા.

એને 'ધોળી શેવતી' 'ગુલાબ શેવતી' અને 'શેવતી ગુલાબ' પણ કહે છે. એના ઝાડને ગુલાબ પ્રમાણે કાંટા હોય એનાં પાંદડાં પણ ગુલાબનાં પાંદડાં પ્રમાણેજ કાત્રાદાર હોય છે. એને રાખોડીના રંગ જેવા ધોળા રંગનાં સફેદ ફૂલ આવે છે. આ ઝાડ બગીચામાં વાવે છે. કાંટે શેવતીનો પાક તથા ગુલકંદ કરે છે. તે પિત્ત અને દાહશામક છે. **ધોળો શેવતી ગુલાબ:**—સારક, શીતળ, હૃદ્ય, શુક્રકર, લઘુ, તૂરો, સ્વાદુ, સુરભિ, ગ્રાહક, વર્ણ્ય, તીખટ, કડવો, રુચિકર તથા અગ્નિદીપક છે; અને ત્રિદોષ, મુખપાક, રક્તપિત્ત, કફ, પિત્ત, રક્તવિકાર તથા દાહનો

---

* વીસ વીસ વરસ સુધીનો જૂનો ગોળ વપરાતો અમારા જોવામાં આવ્યો છે. ગોળ જેમ જેમ જૂનો થાય, તેમ તેમ વધારે વધારે ઠંડો (શીતળ) થતો જાય છે; માટે જૂનો ગોળ અને જૂની બાજરી કસુવાવડ થયેલ સ્ત્રીઓને ખાવા આપે છે. કહેવત પણ ચાલે છે કે "કસુવાવડ થાય ત્યારે જૂની બાજરી ને જૂનો ગોળ શોધાય." ગોળ પાણીમાં પલાળી કપડેથી ગળે છે. જેમ જેમ વધારે વખત ગાળવામાં આવે, તેમ તેમ તે વધારે ઠંડો ગણાય છે; પણ તે કસુવાવડી સ્ત્રીને અપાતો નથી. સાકર કોરી ચાવી ખાવાથી ગરમ અને પાણી કરી પીવાથી ઠંડી છે.

નાશ કરે છે. એનાં પુષ્પ:—શીતળ તથા વર્ણકર છે; અને વાત, પિત્ત તથા દાહનો નાશ કરે છે. રાતો શેવતી ગુલાબ:—રક્તવિકૃતિ, વિંછીનું વિષ અને ત્રિદોષનો નાશ કરે છે. બીજા ગુણ ધોળા શેવતી ગુલાબ જેવાજ છે.

૫૭૦ શેવાળ (લીલ)—સં૦ શૈવાલ. મ૦ શેવાળ. હિં૦ સેવાર, કાઈ. બં૦ પાના. ક૦ હાંબસે. તૈ૦ નાસુ. ફ્રા૦ પસમેદરી, જામેગુક. અ૦ તુહલબ. લા૦ સેરાટાફિલમ્ સબમર્સમ્.

શેવાળની ઉત્પત્તિ પાણી ઉપર થાય છે. શેવાળ ઘણી વધે છે એટલે તે પાણીને બગાડે છે; પરંતુ થોડી શેવાળથી પાણી બગડવાની ધાસ્તી નથી. શેવાળ એ વેલની માફક પાણી ઉપર પથરાય છે. શેવાળ:—તુરી, કડવી, મધુર, ઠંડી, સ્નિગ્ધ અને હલકી છે; તેમજ દાહ, તૃષા, રક્તપિત્ત અને તાવનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **ગુમડાનો દાહ શાંત થઈ ફુટવા માટે:**—શેવાળનો પાટો બાંધી એક એક કલાકે તે બદલતા જવું એટલે ગુમડાં તુરત ફુટે છે. (૨) **નાકમાંથી વહેતું લોહી બંધ કરવા માટે:**—નદીના પાણીમાંની શેવાળ તાળવા ઉપર બાંધવી. (૩) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શેવાળ પેડુ ઉપર બાંધવી અથવા લવારની ભઠ્ઠીમાંની ધમણ પાસેની રાખ લઈ પાણીમાં બાંધી પેડુ ઉપર જાડો થર ચોપડવો.

૫૭૧ શ્રાવડ—એ ઝાડને મરાઠીમાં "શ્રાવડે, અમ્છૂક, આકિલ, શિવરડોલી" વગેરે કહે છે. એ ઝાડ ઉપર કેટલાંક પાંદડાં ધોળાં અને કેટલાંક લીલા રંગનાં હોય છે. એના ફૂલને ચાર પાંખડીઓ હોય તેનો રંગ રાતો અને પીળો હોય છે. ગુજરાત અને ત્રાવણકોરમાં કપડાં રંગવાના કામમાં એનો, એની છાલનો અને મૂળનો ઉપયોગ કરે છે. શ્રાવડનાં પાંદડાં સ્ત્રીઓ શ્રાવણ માસમાં મંગળાગૌરીનું પૂજન કરવાના ઉપયોગમાં લે છે. ઉપયોગ:—(૧) **સંધિવાત ઉપર:**—શ્રાવડનાં પાંદડાંનો રસ કાઢી ચોપડવો. (૨) **કમળા ઉપર:**—શ્રાવડના ૪ પૈસાભાર રસમાં તેટલુંજ ગાયનું દૂધ નાખી ત્રણ દિવસ પાવો. (૩) **પાંડુરોગ ઉપર:**—શ્રાવડનાં મૂળ ગોમૂત્રમાં અથવા મધમાં છ માસા સુધી ઘસી ૨૧ દિવસ રોજ બે વાર પાવાં. (૪) **પ્લીહા, કાંસવી, કઠોદર વગેરે પેટમાંના રોગો ઉપર:**—શ્રાવડનાં મૂળ ગોમૂત્રમાં ઘસી પાવાં.

૫૭૨ સણ (શણ)—સં૦ શણ, મ૦ તાગ. હિં૦ સન. ગો૦ સોણબે. ક૦ સણબુબિડ. તા૦ ચણુલ. મલા૦ શણું, ચણક. તૈ૦ ગિલિગિચ્ચાં, જનાપાનારા. ઈં૦ સનહેંપ પ્લૅન્ટ, ફ્લાકસ હેંપ. રા૦ જાંચો. લા૦ ક્રેટોલરીઆ જનસીઆ.

સણ કોંકણ, દક્ષિણ અને ગુજરાત દેશમાં ઘણું પાકે છે. એ ઝાડ ચાર-પાંચ હાથસુધી ઉંચાં વધે છે. સણનાં બીઆં વાવ્યા પછી તેને ચાર ઘડીમાં ફણગો ફૂટે છે. સણની સોટીઓ કહોવરાવી તેના રેષા કાઢે છે; પછી તેના ગુણપાટ, દોરડાં ઇત્યાદિ વસ્તુઓ અને કાગળ બનાવે છે. એ કાગળો રૂના કાગળ કરતાં મજબુત બને છે. સણની સોટીઓની દિવાસળીઓ બનાવે છે. સણનાં બીઆંનું તેલ ઔષધના તથા યંત્રને ચોપડવાના કામમાં આવે છે. સણ ઉંચી પ્રતિનો સાબુ કરવાના કામમાં આવે છે. ખાટલો ભરવાનું વાણ બનાવવાના કામમાં પણ તે આવે છે. એનું ઘાસ ઢોરોને ખાવાના કામમાં આવે છે. સણનાં ઉંચી પ્રતિનાં વસ્ત્ર પણ બને છે. સાધારણ સણ:—ખાટું તથા તૂરૂં છે; અને મલ, આમ, ગર્ભ તથા રક્તનો પાત કરનાર, ઉલટીકારક અને ઉષ્ણ હોઈ કફ, વાયુ તથા અંગમોડનો નાશ કરે છે. એનાં ફૂલ:—પ્રદર અને રક્તદોષનો નાશ કરે છે. લઘુ સણ:—તીખું, વાંતિકર અને કફ તથા પિત્તનું નાશક છે. મોટું સણ:—રસ વખતે કડવું, તૂરૂં તથા ઉલટીકારક છે; અને કફ, વાત, અજીર્ણ, રક્તદોષ, તાવ, કંઠરોગ, હૃદ્રોગ, મુખરોગ, પિત્ત તથા ત્રિદોષનું નાશક છે. સણનાં બીઆં:—શીતળ, ગ્રાહક, ગુરુ તથા બીજા ગુણ ઉપર મુજબ છે. ઉપયોગ:—(૧) **ઉધરસ ઉપર:**—સણનાં બીઆંનો કાઢો કરી પાવો. (૨) **બદ, ગુમડું ઈત્યાદિ ઉપર:**—સણનાં બીઆં વાટી પોટીસ તૈયાર કરી બાંધવું એટલે તે જલદી પાકે છે. (૩) **વાળા ઉપર:**—સણનાં બીઆં વાટી ગરમ કરી સહન થાય તેટલી ગરમ પોટીસ વાળા ઉપર બાંધવી.

૫૭૩ સતાપા—સં૦ સર્પદંષ્ટ્રા, વિષાપહા. હિં૦ સીતાવ. અ૦ હરમલ. ફ્રા૦ ઈસ્પંદ. ઈં૦

કેમનરન. લા૦ રૂટા ગ્રેવિઓલેન્સ.

સતાપાનાં ઝાડ નાનાં હોઈ તે ચણાનાં ઝાડ જેવાં હોય છે. એનાં પાંદડાં પણ ચણાનાં પાંદડાં જેવાં હોઇ કિંચિત્ લાંબાં હોય છે. એ પાનનો દર્પટ વાસ આવે છે. એની ઉંચાઇ બે હાથ હોય છે. એ ઝાડ ચોમાસામાં ઉત્પન્ન થાય છે. એ બગીચામાં વાવવાથી થાય છે. એનાં બીઆં ખસખસ કરતાં બારિક અને કાળાં હોય છે. **સતાપા:**—કડવાં, ઉષ્ણ, સારક અને વાતનાશક છે. **ઉપયોગ:—(૧) જંતુ (કૃમિ) ઉપર:**—ધાણાના પાણીમાં સતાપાનો રસ નાખી તે પાણી પાવું. **(૨) નાનાં બાળકોને શરદી થાય છે તે ઉપર:**—કેળના પાનમાં સતાપાનાં પાનનું પડીકું વાળી તે પડીકું દોરે બાંધી બાળકના ગળામાં બાંધવું; એથી બાળકની શરદી દૂર થશે. **(૩) બાળકની છાતી જકડાઈ જઈ શ્વાસ જોરથી ચાલે તે ઉપર:**—સતાપાનાં પાંદડાં દૂધમાં મેળવી તે દૂધ પાવું. **(૪) બાળકોને શરદીનો વિકાર ન થવા માટે:**—બાળાગોળી ખવરાવતી વખતે સતાપાનાં ત્રણ પાંદડાં ઘસી તે ગોળી તેમાં પાવી; એટલે શરીદીનો વિકાર થતો નથી. **(૫) બાળકોના ઉધરસ ઉપર:**—સતાપાનાં પાંદડાં દૂધમાં મેળવી તે દૂધ પાવું; અને તે પાંદડાં કાળા કપડામાં બાંધી બાળકના ગળે બાંધવાં; એટલે ગમે તેવી ઉધરસ દૂર થાય છે. **(૬) બાળકની સસણી ઉપર:**—સતાપાનાં પાંદડાંનો રસ અને બાવચીનો રસ એકત્ર કરી મધ નાખી પાવો. **(૭) જ્વર ઉપર:**—સતાપાનાં પાંદડાંનો રસ શરીરે ચોળવો એટલે તાવ નીકળી જાય છે. **(૮) બાળકની ઉધરસ ઉપર:**—સતાપાનાં પાંદડાંનો રસ અને સુરપીણનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મધ અગર ગોળ નાખી તે પાવો તથા પાંદડાંનો ચોથો ભાગ કપડામાં બાંધી ગળે બાંધવો; એથી કરી દુસ્તર ઉધરસ પણ જશે.

૫૭૪ સપ્તાલુ—સપ્તાલુની ઉત્પત્તિ સમ ઉષ્ણ અને **સમશીતોષ્ણ** દેશમાં થાય છે. એ ફળ ઘણાં ઉત્તમ હોઈ સર્વને એના પર પ્રેમ હોય છે. આ દેશમાં એ ઝાડ ઘણે ઠેકાણે નથી; પરંતુ જોઇએ તેટલાં થવાને હરકત પડતી નથી. જે ફળમાંનો ગર્ભ ઘટ્ટ, ત્વચા પાતળી, જે બાજુ ઉપર હમેશાં તાપ પડે છે તેની બીજી બાજુનું અંગ રાતું ચોળ, અંગમાં ગર્ભ પુષ્કળ હોઈ પીળા રંગનું અને રસ વિપુલ હોય, તે ફળ ઉત્તમ જાણવું.

૫૭૫ સફરજન—આ દેશમાં એનાં બીઆં **ઇરાનમાંથી** આવેલાં હોવાં જોઇએ. સફરજન એ ઉત્કૃષ્ટ મેવામાંનો મેવો છે. આ દેશમાં ઘણાક મોટા મોટા લોકોના બાગમાં એનાં ઝાડ છે. સફરજન એ ફળ નાની નારંગી જેવડાં હોય છે. ઉપરથી તે ચપટાં હોય છે. એના ઉપરની પાતળી છાલ છોલી એ ફળ ખાવામાં ઘણાં ઉત્કૃષ્ટ છે. તે ઘણાં મીઠાં લાગે છે. એનો સ્વાદ મધુર હોય છે. એના કકડા સાકરમાં ઘાલી રાખી ખાવાથી ઘણાજ સારા લાગે છે.

૫૭૬ સમુદ્રફળ—સં૦ સમુદ્રફલ. મ૦ સમુદ્રફળ, જેવરી હીવરી. હિં૦ કેથફલ. ક૦ સામુદ્રકરકાઇ. તૈ૦ બ્યારંગચેટ્ટુ. મલા૦ સમુદ્રપુ. લા૦ બ્યારંગટોનિયા એક્યુટેંગ્યુલા, રેસિમોસા.

સમુદ્રફળનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એનાં પાંદડાં બદામનાં પાંદડાં જેવાં હોઈ તે કરતાં થોડાં નાનાં હોય છે. એ ઝાડ સમુદ્રકિનારા ઉપર થાય છે. એને જે ફળ આવે છે તે આકારે જાયફળ જેવડાં હોય છે. એનો રંગ કાળો હોય છે. એ ફળ ઉપર ઉભાં સરકલાં હોઇ એની છાલ પાતળી હોય છે. સમુદ્રફળ અનેક રોગ ઉપર ચાલે છે. **સમુદ્રફળ:**—તીખું તથા ઉષ્ણ છે; અને ત્રિદોષ, ભૂતબાધા, દાવાનલદોષ, કફ, ભ્રમ તથા શિરોરોગનો નાશ કરે છે. એ પાણીમાં ઘસી પાવાથી કૃમિનો નાશ કરે છે.* **ઉપયોગ:—(૧) બાળકના કફવિકાર ઉપર:**—સમુદ્રફળ ઠંડા પાણીમાં ચાર કિંવા બે ચણોઠીભાર શક્તિ પ્રમાણે ઘસી તે પાણી ત્રણ માસાથી એક તોલા સુધી પાવું; તેથી કરીને તુરત ઉલટી થઇ કફ નીકળે છે. ઉતાર આપવો પડે તો ઘી આપવું. **(૨) ફુંક નીકળે તે (શૂળ) ઉપર:**—સમુદ્રફળ લીમડાના રસમાં ઘસી ચોપડવું. **(૩) બાળકના પેટમાં**

* દ્રવ્યગુણશિક્ષામાં શ્રી. નગેંદ્રનાથ સેન લખે છે કે, સમુદ્રફળ પાણીમાં ઘસી પીવાથી પેટના કીડા મરી જાય છે, પાન વાટીને શરીર પર લેપ કરવાથી ચર્મરોગનો નાશ થાય છે તથા મૂળવાયુ અને સ્નાયુઓની દુર્બળતાનો નાશ કરે છે.

લોહીની ગાંઠ પડે તે તથા પેટશૂળ ઉપર:—સમુદ્રફળ ગાયના દૂધમાં ઘસી પાવું. (૪) આંખોના પડળ ઉપર:—સમુદ્રફળ ગાયના ઘીમાં ઘસી અંજન કરવું. (૫) કમળા ઉપર:—સમુદ્રફળ ઘસી અંજન કરવું અને તલના તેલના કોગળા કરવા. (૬) આધાશીશી ઉપર:—સમુદ્રફળ બકરીના મૂત્રમાં ઘસી નાકે પાવું. (૭) આંખના ફૂલ ઉપર:—સમુદ્રફળ તુરીઆના રસમાં ઘસી અંજન કરવું. (૮) ઉધરસ ઉપર:—સમુદ્રફળ, સુંઠ તથા લીંડીપીંપરનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. (૯) ધંતુરાના વિષ ઉપર:—સમુદ્રફળ ગોમૂત્રમાં ઘસી પાવું. (૧૦) સન્નિપાત ઉપર:—સમુદ્રફળ પાણીમાં ઘસી અંજન કરવું. (૧૧) સર્પદંશ ઉપર:—સમુદ્રફળ લસણના રસમાં ઘસી અંજન કરવું. (૧૨) કૃમિ ઉપર:—સમુદ્રફળ પાણીમાં ઘસી પાવું.

૫૭૭ **સમુદ્રશોક**—સં૦ સમુદ્રશોષ. મ૦ સમુદ્રશોક. હિં૦ હિજ્જલ. બં૦ હિજ્જલગાછ. લા૦ અરજીરીઆ સ્પેસિઓસા.

એને સમુદ્રશોષ પણ કહે છે. સમુદ્રશોકના વેલા હોય છે. એનો વિસ્તાર મોટો થાય છે. એનાં પાંદડાં મોટાં હોય તે ઉપર મોટી રેખાઓ હોય છે. પાંદડાં સાધારણ હથેળી જેવડાં મોટાં થાય છે. એનાં બીઆં વીર્યસ્તંભક છે. એનાં કુમળાં પાંદડાંનું શાક થાય છે. **સમુદ્રશોક:**—ગ્રાહક, વાતુલ, અતિ પિત્તલ અને કફકર છે. **ઉપયોગ:**—(૧) **વાતવિકાર ઉપર:**—અળવીનાં પાંદડાંનાં પતરવેલીઆં પ્રમાણે આનાં પતરવેલીઆં કરી ઘીમાં તળી ખાવાં. (૨) **ગુમડાં વગેરે પાકી ફુટવા માટે:**—સમુદ્રશોકનાં પાંદડાં લાવી ગરમ કરી ઉલટાં બાંધવાં. સુલટાં બાંધવાથી ફૂટેલ ગુમડાં (વ્રણ) રૂઝાય છે.*

૫૭૮ **સમેરવો**—સં૦ શાલિપર્ણી. મ૦ સાલવણ, રાનગાંજા, જુઘશેવરા. કોં૦ડાવ. હિં૦ સરિવન, શાલવન, ગૌરીસર, દિંધસૈથ. બં૦ શાલપાની. ક૦ મુરલુબોને, મુરેલેહોન્ને, કાડગાંજી. તૈ૦ શિયાકુપના. ઓ૦ શારપાણી. લા૦ ડેસ્મોડિયમ્ ગૅંજેટિકમ્. પં૦ સરિવન, સમેર. તૈ૦ સપાકુપોવ, સપાકપોવા, મુયાકુપોન્ના. ઉ૦ શારપાણિ.

આ ઝાડને મરાઠીમાં રાનગાંજે પણ કહે છે. સમેરવાનાં ઝાડ જાસુંદીનાં ઝાડ જેવાં હોય છે. એ એક ત્રણ–ચાર ફુટ ઉંચાઇવાળો છોડવો છે. એ કોંકણ, બંગાળ અને મધ્યપ્રદેશમાં પોતાની મેળે ઉગે છે. એ બારે મહિના રહે છે. ઉનાળામાં એનાં પાંદડાં વગેરે જનાવરો ખાઇ જાય તોપણ તે ઝાડ સુકાતું નથી. એની દાંડલીનો ઘેરાવો શુમારે એક ઇંચ સુધી હોય છે. એનાં પાંદડાં બાલી પ્રમાણે ત્રિદળ હોઇ તે શુમારે બે આંગળના દીંટડા ઉપર આવે છે. એ પાંદડાંનો આકાર કાંઇક નાની અરણી જેવો દીર્ઘ વર્તુળ, પરંતુ તેનાથી જરા મોટો હોય છે. બીજો ભેદ એ છે કે, નાની અરણીનાં પાંદડાં પીળાશ પડતાં હોય છે અને આ કાળાશ પડતાં હોય છે. એ પાંદડાં પારિજાતકનાં પાંદડાં જેવાં કાત્રાવાળાં પરંતુ તે કરતાં લાંબાં અને પહોળાં હોય છે. એનું દીંટડું ચાર આંગળ સુધી પીળા રંગનું હોય છે. બન્ને ત્રિદળ પાંદડાંની વચમાં અંતર શુમારે બે–ત્રણ ઈંચનું હોય છે. પાંદડાંની પાછળની બાજુ કાંઇક રાખોડી રંગની હોય છે. દરેક પાંદડાં નજીક પુષ્પકોશ પ્રમાણે કાંઇક રાતો ભાગ હોઇ તેની અંદરની બાજુએ ધોળા કોશ જેવો પદાર્થ હોય છે. એને નાનાં નાનાં લીલા રંગનાં ફૂલ બારે માસ આવે છે. એના છેડા તરફ શિંગોના તોરા લાગે છે. તેની લંબાઇ આશરે એક વેંત હોય છે. એકેક તોરામાં એકબીજાને વળગેલી બારીક બારીક અને ચપટી એવી સેંકડો શિંગો આવે છે. દરેક શિંગની લંબાઇ અર્ધા ઈંચથી પોણા ઈંચસુધી અને પહોળાઈ ૧ થી ૧॥ દોરાની હોય છે. તેમાં ૬ થી ૮ સુધી સાંધા હોય છે. એનો ઉપયોગી ભાગ મૂળ છે. દશમૂળમાં અને લઘુ પંચમૂળમાં સમેરવાનાં મૂળ આવે છે. લઘુ પંચમૂળમાં સમેરવો, નાનો સમેરવો (પિઠવણ), ભોરિંગણી, ઉભી રિંગણી અને ગોખરૂનાં મૂળો આવે છે.

એનાં મૂળ જખમ જલદી રૂઝાઇ જવા માટે લીલાં વાટીને વ્રણ ઉપર બાંધવાં. એનાં મૂળ સર્વ પ્રકારના તાવ ઉપર અને સુવાવડીના તાવ ઉપર ગુણકારી છે. લઘુ પંચમૂળનો કાઢો દાઢીઓ

* સમુદ્રશોષનાં પાંદડાં વડનાં મોટાં પાંદડાં જેવડાં અને પાછળની બાજુએ સફેદ રૂવાંટીવાળાં હોય છે. એનાં પાંદડાં વડનાં પાંદડાં જેવાં કઠોર ન હોતાં તે નરમ હોય છે.

તાવ, દમ અને ત્રિદોષથી થનાર સર્વ રોગ ઉપર આપવો યોગ્ય છે. બૃહત્પંચમૂળ એટલે બીલી, અરણી, અરલુ, સિવણ અને પાટલા એનાં મૂળ, એનો કાઢો તાવ અને દૂષિત હવાથી થનાર રોગ ઉપર આપવો. ઉપરનાં દશે મૂળ(એજ દશમૂળ)નો કાઢો ઉપરનો ઉપર રહેનાર તાવ, છાતીના રોગ, મસ્તકરોગ અને બીજા રોગો ઉપર ઉત્તમ ગુણકારી છે. લઘુ પંચમૂળ એ પિત્ત ઉપર યોજવાં અને બૃહત્ પંચમૂળ એ વાયુ અને કફ ઉપર યોજવાં. **સમેરવો:**—રસકાળે કડવો, ધાતુવર્ધક, ગુરુ, ઉષ્ણ, વૃષ્ય, રસાયન તથા સ્વાદુ છે; અને વાયુ, વિષમજ્વર, મેહ, અર્શ, સોજો, સંતાપ, દમ, શોષ, કૃમિ, ત્રિદોષ, ઉધરસ, તાવ, ઉલટી તથા અતિસારનો નાશ કરે છે. **લઘુ પંચમૂળ:**—સ્વાદુ, બલકર, લઘુ, કિંચિત્ ઉષ્ણ, ધાતુવર્ધક, ગ્રાહક તથા કડવાં છે; અને કફ, પિત્ત, વાયુ, વાતપિત્ત, જ્વર, ઉધરસ, અશ્મરી, ત્રિદોષ, દમ, શૂળ, અગ્નિમાંદ્ય તથા અરુચિનો નાશ કરે છે. **બૃહત્ પંચમૂળ:**—કડવાં, તુરાં, મધુર, ઉષ્ણ, અગ્નિદીપન, તીક્ષ્ણ તથા પાકકાળે લઘુ છે; અને મેદોવૃદ્ધિ, કફ, વાયુ, દમ તથા ઉધરસનો નાશ કરે છે. **દશ મૂળ:**—ત્રિદોષ, દમ, ઉધરસ, સુસ્તી, સોજો, જ્વર, આનાહવાયુ, મસ્તકપીડા, પાર્શ્વપીડા, અરુચિ, અપતંત્રક વાયુ, હેડકી, અગ્નિમાંદ્ય, શૈત્ય તથા પરસેવાનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ગુલ્મ, શૂળ, હૃદ્રોગ અને શ્વાસ ઉપર દશમૂળાદિ કાઢો:**—સમેરવો (સાલવણ), પીઠવણ (પીલુડી, પોપટી), ભોરિંગણી, ઉભી ભોરિંગણી અને ગોખરૂ, એ લઘુ પંચમૂળ; બીલી, અરણી, પાટલા, સિવણ અને અરલુ, એ બૃહત્ પંચમૂળ; એ દશ મૂળનો કાઢો કરી જવખાર અને સિંધવ નાખી પાવો. **(૨) હૃદયશૂળ, પૃષ્ઠશૂળ અને કટિશૂળ ઉપર:**—દશમૂળનો કાઢો તથા નિકાઢો કરી પાવો. **(૩) સૂવારોગ, મોહ, ઝોબો અને સન્નિપાત ઉપર:**—દશમૂળના કાઢામાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી પાવું **(૪) મૂઢગર્ભ (આડું આવે તે) તથા મૃતગર્ભ બહાર પડવા માટે:**—નાભિ, બસ્તિ અને ભગ, એ સ્થળે સમેરવાનાં મૂળીઆંનો લેપ કરવો; એટલે ગર્ભ બહાર પડે છે. **(૫) વાતગલગંડ ઉપર:**—દશમૂળ વાટી લેપ કરવો. **(૬) સન્નિપતિ તથા યોનિશળ ઉપર:**—દશમૂળ, બીલાં અને ધાવડીનાં ફૂલના કાઢામાં રૂ ભીંજવી યોનિમાં રાખવું. **(૭) કર્ણશૂળ ઉપર:**—બૃહત્ પંચમૂળ આઠ આંગળ લાંબાં લઈ તે મૂળને રૂમાં વિંટાળી તેલમાં પલાળી દેવતાથી સળગાવવાં અને તે મૂળ ઉભાં રાખી તેમાંથી જે તેલ નીચે પડે તે કિંચિત્ ગરમ કરી કાનમાં રેડવું; એટલે કાનમાંનું શૂળ તુરત દૂર થાય છે. **(૮) આદાશીશી ઉપર:**—સમેરવાનો કાઢો કરી નાકમાં નાખવો. **(૯) મેદોરોગ ઉપર:**—બૃહત્ પંચમૂળનો કાઢો મધ નાખી પાવો. **(૧૦) ગર્ભપાત થયો હોય તેના ઉપર:**—લઘુ પંચમૂળનો કાઢો કરી તેમાં શીજાવેલી પેજ (ચોખાની કાંજી) ઘી નાખ્યા સિવાય આપવી. **(૧૧) તેલના દાઝેલા વ્રણ ઉપર:**—જૂનો સમેરવો લાવી તેની રાખ કરવી અને તે પાણીમાં કાલવી ચોપડવી. **(૧૨) અર્ધાંગ વાયુ ઉપર:**—દશમૂળનો કાઢો હિંગ અને સિંધવ નાખી પાવો. **(૧૩) ધનુર્વાત ઉપર:**—દશમૂળનો કાઢો પાવો અને સરસિયું અંગે ચોળવું. **(૧૪) જીર્ણજ્વર, શ્વાસ, કાસ, મસ્તકશૂળ અને સળેખમ ઉપર પંચમૂળી ક્ષાર:**—લઘુ પંચમૂળનાં મૂળ લાવી થોડાં કચરી તેમાં આઠગણું દૂધ અને દૂધથી ચોગણું પાણી નાખી દૂધ રહે ત્યાંસુધી કઢવી પાવું. સંપૂર્ણ જીર્ણજ્વર ઉપર દૂધનું ઔષધ ઉત્તમ છે, એમ જાણવું. **(૧૫) કફ, પાંડુ, જ્વર, અતિસાર, સોજો, સંગ્રહણી, ઉધરસ, અરુચિ, કંઠરોગ અને હૃદ્રોગ ઉપર:**—સુંઠ અને દશમૂળનો કાઢો પાવો. **(૧૬) શ્વાસ, કાસ અને પાર્શ્વશૂળ ઉપર:**—દશમૂળનો કાઢો કરી તેમાં એરંડમૂળનું ચૂર્ણ નાખી ખાવા આપવો. **(૧૭) પેટનું ફૂલવું અને શૂળ ઉપર:**—દશમૂળના કાઢામાં એરંડતેલ, હિંગ અને સંચળ નાખી પાવું. **(૧૮) મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાશ્મરી ઉપર:**—લઘુ પંચમૂળનો કાઢો પાવો. **(૧૯) વાતકુંડલિકા, વાતબસ્તિ અને અષ્ઠીલા મૂત્રરોગ વગેરે ઉપર:**—દશમૂળનો કાઢો શિલાજિત અને સાકર નાખી પાવો. **(૨૦) વાતોદર, સોજો અને શૂળ ઉપર:**—એરંડતેલ દશમૂળના ચૂર્ણમાં મિશ્ર કરી પાવું અથવા દશમૂળનો કાઢો ગોમૂત્ર અથવા શિલાજિત અને દૂધ નાખી પાવો. **(૨૧) આદાશીશી, સૂર્યાવર્ત અને મસ્તકશૂળ ઉપર:**—દશમૂળના કાઢામાં ઘી અને સિંધાલૂણ નાખી નસ્ય આપવું. **(૨૨) ઉન્માદરોગ ઉપર:**—દશમૂળના કાઢામાં ઘી નાખી આપવું.

૫૭૯ સરગવો—સં૦ શિગ્રુ. મ૦ શેવગા. કોં૦ શેગટ. વ૦ મુંગના. દ્રુ૦ નર્ગે. હિં૦ સહજના. ક૦ નુગ્ગિય. ઈં૦ હોર્સરેડીશટ્રી. લા૦ મોરિંગાપ્ટેરીગોસ્પેર્મા. તે૦ મુલગા. તા૦ મોરંગ. મલા૦ મુરિંના. ગોમં૦ માશિંગ.

સરગવાનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એનું લાકડું ઈમારતના કામમાં આવતું નથી. એનાં પાંદડાં બારિક હોય છે. એનાં કુમળાં પાંદડાંનું, ફૂલનું અને શિંગોનું શાક કરે છે. સરગવો ઉષ્ણ હોઈ વાતહારક છે. વગડામાં થનારી એક સરગવાની જાત છે, એને વગડાઉ સરગવો કહે છે. **સરગવો:**—તીખો, કડવો, ઉષ્ણ, તીક્ષ્ણ, રુચિકર, અગ્નિદીપક, પાચક, સારક, લઘુ, હૃદ્ય, ખારો તથા પિત્તકોપન છે; અને કફ, વાયુ, મુખજાડ્ય, વ્રણ, કૃમિ, આમ, વિષદોષ, વિદ્રધિ, બરોળ, ગુલ્મ, સોજો, કંડૂ, ઉપદંશ, મેદોરોગ, ગંડમાળા, અપચી, ગલગંડ તથા નેત્રરોગનો નાશ કરે છે. એની **શિંગો:**—તૂરી, અગ્નિદીપક, સ્વાદુ તથા મધુર છે; અને કફ, પિત્ત, શૂળ, કોઢ, જ્વર, ક્ષય, શ્વાસ તથા ગુલ્મનો નાશ કરે છે. એનાં **બીઆં:**—તીખાં, ઉષ્ણ, ચક્ષુષ્ય તથા અવૃષ્ય છે; અને કફ, વાયુ, સોજો, વિદ્રધિ, મેદોરોગ, ગંડમાળા, અપચી, વિષદોષ, ગુલ્મ, વ્રણ તથા કૃમિનો નાશ કરે છે. એનાં બીઆં ઘસી નસ્ય કરવાથી મસ્તકશૂળ મટી જાય છે. એનાં **ફૂલ:**—તીખાં, ઉષ્ણ, તીક્ષ્ણ તથા ચક્ષુષ્ય છે; અને સ્નાયુરોગ, સોજો, કૃમિ, કફ, વાયુ, વિદ્રધિ, બરોળ તથા ગુલ્મનો નાશ કરે છે. એનાં **પાંદડાં:**—તીખાં, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપન, પાચન, પથ્ય તથા સારક છે; અને વાયુ, કૃમિ, કફ તથા જ્વરનો નાશ કરે છે. **કાળો સરગવો:**—(શોભાંજન) અતિ ઉષ્ણ, તીક્ષ્ણ, રુચ્ય, અગ્નિદીપન, પાચન, ખારો, કડવો, વિદાહી, ગ્રાહક, અવૃષ્ય, પિત્તલ તથા રક્તકોપન છે; અને કફ, કૃમિ, વાયુ, વિષદોષ, વિદ્રધિ, પ્લીહા, શૂળ, ગુલ્મ તથા વાળાનો નાશ કરે છે. **સફેદ સરગવો:**—(શ્વેત શીગ્રુ) તીક્ષ્ણ, રુચ્ય, અગ્નિદીપન, કડવો, સારક તથા મધુર છે; અને મુખજાડ્ય, સોજો, વાયુ તથા અંગના દુઃખાવાનો નાશ કરે છે. એનાં **ફૂલ:**—શીત, સ્વર્ય, તૂરાં, લઘુ, ગ્રાહક, ચક્ષુષ્ય, રક્તપિત્તપ્રસાદન તથા ગ્રાહક છે; અને કફ, પિત્ત, વાયુ, શિરોવ્યથા તથા કૃમિનાં નાશક છે. **એનાં પાંદડાં:**—ચક્ષુષ્ય, સ્વાદુ, શીતલ, શુક્લ, સ્નિગ્ધ તથા ગુરુ છે; અને વાત, પિત્ત, મેદ તથા કૃમિનાં નાશક છે. **રાતો સરગવો:**—(રક્તશીગ્રુ) મહાવીર્યવાન, મધુર તથા રસાયન છે; અને સોજો, આધ્માન, વાયુ, પિત્ત તથા કફનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) નેત્રરોગ ઉપર:**—સરગવાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં મધ નાખી અંજન કરવું: એટલે તિમિરાદિક સર્વ નેત્રરોગ દૂર થાય છે. **(૨) સર્પદંશ ઉપર:**—સરગવાની છાલ, કડવાં તુરીઆંનાં ફળ અને અરિઠા એકત્ર વાટી રસ કાઢવો અને તેમાં કાળી જીરી વાટી પાવો. **(૩) હેડકી ઉપર:**—સરગવાનાં મૂળનો કાઢો પાવો. **(૪) કાન વહેતો હોય તે ઉપર:**—સરગવાનાં ફૂલ સૂકવી તેનું ચૂર્ણ કરી તે કાનમાં નાખવું. **(૫) વાતગુલ્મ ઉપર:**—સરગવાનાં પાંદડાંના રસમાં એક તોલો સાકર મેળવી ૩ દિવસ પાવો. **(૬) મળમૂત્રથી બેજાર થયો હોય તે ઉપર:**—સરગવાનાં પાંદડાંનો રસ પાશેર કાઢી તેમાં ૧ તોલો સિંધવ નાખી પાવો. **(૭) ગંડમાલ ઉપર:**—સરગવાના અંગનું દૂધ, ધોળા ગુલબાશીના કાંદા અને મરીનો ઠંડા પાણીમાં ઘસી લેપ કરવો. **(૮) વાળા ઉપર:**—સરગવાની છાલ અથવા મૂળ કૂટી (ખાંડી) ઉપર બાંધવાં. **(૯) નળવાયુ ઉપર:**—સરગવાની છાલનો રસ ૪ પૈસાભાર, આદુનો રસ બે પૈસાભાર અને મધ ૬ માસા એકત્ર કરી ૭ દિવસ આપવું. **(૧૦) જીભમાં કાત્રા પડે તે ઉપર:**—સરગવાનાં પાંદડાં દરેક વખતે ચાવી તેનો રસ ગાળવો; અને કાત્રા સારા થયા પછી કુંવાર શેકી તેના ગર્ભમાં સાકર નાખી ૭ દિવસ ખાવો. **(૧૧) જલદીથી પ્રસવ થવા સારૂ:**—સરગવાનાં મૂળનો રસ પાણી નાખી ઉકાળી પગે ચોપડવો. **(૧૨) બાળકોના પેટના ભાર ઉપર:**—વગડાઉ સરગવાની છાલનો રસ એક ચમચાભાર કાઢી તેમાં તેટલુંજ ગાયનું ઘી નાખી ૩ દિવસ પાવો. **(૧૩) સોમલના વિષ ઉપર:**—સરગવાની છાલનો રસ ૪ પૈસાભાર અને અર્ધો શેર દૂધ એકત્ર કરી પાવું. **(૧૪) બરોળ ઉપર:**—સરગવાની છાલનો કાઢો કરી તેમાં લીંડીપીંપર અને મરીની ભૂકી નાખીને પાવો. **(૧૫) કેડ ફાટે તે ઉપર:**—સરગવાની છાલ કચરી ગરમ કરી બાંધવી. **(૧૬) સર્વ પ્રકારના વાયુ ઉપર:**—વગડાઉ સર-

ગવાનો કંદ લાવી તેનો રસ કાઢી પાવો; એટલે સર્વ વાયુની પીડા દૂર થાય છે; અથવા સરગવાની છાલનો પાટો બાંધવો. **(૧૭) આંખો આવે તે તથા સર્વ નેત્રરોગ ઉપર:**—સરગવાનાં પાંદડાંના રસમાં મધ નાખી અંજન કરવું. **(૧૮) અંતર્વિદ્રધિ ઉપર:**—સરગવાના કાઢામાં હિંગનો કલ્ક નાખી પાવો. **(૧૯) ખોડા ઉપર:**—સરગવાનાં પાંદડાંનો રસ ચોપડવો. **(૨૦) વિષમજ્વર ઉપર:**—કાળા સરગવાની છાલનું ચૂર્ણ ગોળ અને ધાણામાં આપવું. **(૨૧) પથરી ઉપર:**—સરગવાનાં મૂળનો કાઢો કરી પાવો. **(૨૨) મસ્તકશૂળ ઉપર:**—સરગવાનાં પાંદડાંના રસમાં મરી ખરલ કરી તેનો લેપ કરવો. **(૨૩) ગુમડું બેસી જવા માટે:**—સરગવાની છાલ ઘસી ચોપડવી. **(૨૪) કફજન્ય મસ્તકશૂળ ઉપર:**—સરગવાનાં બીઆં પાણીમાં ઘસી નાકમાં તેનું પાણી પાડવું.

૫૮૦ સરસવ—સં૦ સર્ષપ. મ૦ સિરસવ. હિં૦ સરસોં. ક૦ બિલીય સાસબેયતપ્પલુ. અ૦ ઉર્ફે—અર્બાયદ. ફા૦ સર્ષફ. ઇં૦ સિનાપિસ આલ્બા. લા૦ બ્રેસિકા કેમ્પેસટ્રીસ્. બં૦ સરિષા.

એ એક રાઇની જાત છે. સરસવની ઉત્પત્તિ ગુજરાતમાં ઘણી થાય છે. એનાં બીઆં રાઈના જેવાંજ રાતા રંગનાં હોઇ રાઈ કરતાં કિંચિત્ મોટાં હોય છે. સરસવનું તેલ કાઢે છે. તેને સરસિયું કહે છે. એ ખાવાના અને વઘાર કરવાના ઉપયોગમાં આવે છે. સરસવનું તેલ અથાણામાં નાખે છે. **સાધારણ રાતા સરસવ:**—તીક્ષ્ણ, ઉષ્ણ, કડવા, તીખા, કિંચિત્ રૂક્ષ, અગ્નિદીપક, રક્તપિત્તકર તથા પિત્તલ છે; અને કફ, વાત, કંડૂ, કોઢ, શૂળ, કૃમિ, રાક્ષસપીડા તથા ગ્રહપીડાનો નાશ કરે છે. **એનાં પાનની ભાજી:**—ગુરુ, ઉષ્ણ, સ્વાદુ, ખાટી, પિત્તલ, સારક, તૂરી તથા ખારી છે અને કફનાશક છે. **કાળા સરસવ:**—કડવા, તીખા, ઉષ્ણ, પિત્તલ તથા દાહક છે; અને ગુલ્મ, કંડૂ, કોઢ, વ્રણ અને વાતશૂળનો નાશ કરે છે. **સિદ્ધાર્થ** (ધોળા સરસવ):—કડવા, તીખા, ઉષ્ણ તથા રુચ્ય છે; અને વાતરક્ત, ગ્રહપીડા, અર્શ, સોજો, ત્વગ્દોષ, વિષ તથા વ્રણનો નાશ કરે છે. **સરસવનું તેલ:**—દીપન, લેખન, સ્વર્ય, તીક્ષ્ણ, કડવું, તીખું, ઉષ્ણ, પિત્ત રક્તદૂષક તથા લઘુ છે; અને વાતવિકાર, કફવિકાર, કૃમિ, કોઢ, કર્ણશૂળ, શિરોગ્રહ, કંડૂ, મેદોરોગ, અર્શ, કર્ણરોગ, કુષ્ટરોગ, શ્વિત્ર કોઢ તથા દુષ્ટવ્રણનો નાશ કરનાર હોઈ બસ્તિકર્મ વિષે ઉત્તમ છે. **ઉપયોગ:—(૧) શ્વાસ ઉપર:**—સરસવનું તેલ ગોળમાં આપવું. **(૨) અપચી** (ગંડમાળનો ભેદ) **રોગ ઉપર:**—સરસવ, કડવા લીમડાનાં પાંદડાં અને ભિલામો, એ સમભાગે લઇ બાળી રાખ કરી તે બોકડાના મૂત્રમાં કાલવી લેપ કરવો. **(૩) કાનમાંના કીડા દૂર થવા ઉપર:**—સરસિયું તેલ કાનમાં પાડવું; એટલે કાનમાં ગયેલા કીડા મરણ પામે છે. પછી તેને યુક્તિએ બહાર કાઢવા. **(૪) કર્ણનાદ, કર્ણશૂળ અને બાધીર્ય ઉપર:**—સરસવનું તેલ (સરસિયું) કાનમાં નાખતા જવું.

૫૮૧ સવા (સુવા)—સં૦ શતાહ્વા. મ૦ બાળંતશેપ, શેપૂ. દે૦ શેપુ. હિં૦ સોયા. બં૦ શુલ્ફા. ક૦ સબ્બશિંગે, સાલુક-ગિડ. તૈ૦ સદાપા, શતાકુપી. તા૦ શડાકુપ્પિ. ફા૦ તુખ્મેશ્બત. અ૦ શીતબ્બતબજરૂલ. ઇં૦ ડિલસીડ. મલા૦ ચાંતુકુપ્પા. લા૦ એનિથમ્ ગ્રેવિયોલેન્સ.

સુવાના છોડ શુમારે બે હાથ ઉંચા વધે છે. એને તોરા આવે છે. તેમાં તેનાં બીઆં હોય છે, તેને સુવા કહે છે. સુવાનું શાક વાતહારક છે. જેના શરીરમાં વાયુ છે તેણે આ ભાજી રોજ ખાવી. **સુવા:**—કડવા, તીખા, સ્નિગ્ધ, મેધ્ય, ઉષ્ણ, દીપન તથા બસ્તિવિષે પ્રશસ્ત છે; અને વાત, કફ, દાહ, નેત્રરોગ, જ્વર, શૂળ, ઉલટી, વ્રણ, અતિસાર, આમ તથા તરસનો નાશ કરે છે. **એની ભાજી:**—મધુર, દુગ્ધવર્ધક, ઉષ્ણ, દીપક, બલકર તથા પથ્યકર છે; અને ગુલ્મ, શૂળ, વાત તથા જ્વરનો નાશ કરે છે. **વનસુવા:**—મધુર, કડવા, સ્નિગ્ધ, તીખા, પાચન, લઘુ, સ્વાદુ, કિંચિત્ ઉષ્ણ, બલકર તથા ધાતુવર્ધક છે; અને વાત, પિત્ત, કફ, ત્રિદોષ, પ્લીહા, કૃમિ, નેત્રરોગ, ક્ષતક્ષય, ક્ષય, રક્તદોષ, અર્શ, યોનિશૂળ, મલસ્તંભ, ઉધરસ, વાંતિ તથા અગ્નિમાંદ્યનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વાતવિકાર ઉપર:**—સુવા, દેવદાર, હિંગ અને સિંધવનું ચૂર્ણ આકડાના દૂધમાં ભીંજવીને લેપ કરવો; એટલે અસ્થિવાત, કટિવાત અને સંધિવાતનો ત્રણ દિવસમાં નાશ થાય છે.

૫૮૨ સહદેવી—સં૦ મહાબલા, સહદેવી, પીતપુષ્પી. મ૦ સહદેવી. કો૦ તુપકડી. હિં૦ સહદેઇ.

બં૦ દંડોત્પલ. ક૦ વેલ્લક્કુરુવે. તા૦ નેચટ્ટિ. મલા૦ પરિના પુવાંકુરતલા. લા૦ સિડાહોંબીફોલિયા.

સહદેવીને મરાઠીમાં "આસોદી" પણ કહે છે. સહદેવીનાં ઝાડ ચોમાસામાં સર્વ સ્થળે ઉત્પન્ન થાય છે. એ ઝાડની ઉંચાઈ બે હાથ સુધી હોય છે. સહદેવીનાં પાંદડાં લીલાં હોઇ લાંબાં અને શુમારે બે આંગળ પહોળાં હોય છે. આ ઝાડ ઉપર નાનાં નાનાં પીળાશ પડતા રંગનાં ફૂલ આવે છે. રાનમાં અને બીજે સ્થળે આ ઝાડ પુષ્કળ થાય છે. આ ઝાડનાં પાંદડાંનો અને ફૂલનો સુગંધી વાસ આવે છે. સહદેવી તાવનો નાશ કરનારી છે. એના ગુણ બળદાણા જેવાજ છે. **ઉપયોગ:—** **(૧) વિષમજ્વર ઉપર:—**રવિવારે સવારે સ્નાન કરી ઝાડ ઉપર પોતાની છાયા પડવા ન દેતાં પૂર્વાભિમુખે ઉભા રહી સહદેવીનાં મૂળ ખોદી કાઢવાં, તે કાળા દોરાએ રોગીના હાથે કિંવા ગળામાં બાંધવાં. **(૨) અંગ બહાર આવે તે ઉપર:—**સહદેવીનાં પાંદડાંનો રસ હાથ ઉપર મસળી અંગ (ગુદા અથવા યોનિ) અંદર બેસાડવું એટલે પુનઃ બહાર આવતું નથી. **(૩) મુખરોગ ઉપર:—**સહદેવીનાં મૂળનો કાઢો કરી તેના કોગળા કરવા. **(૪) પરસેવો લાવવા માટે:—**સહદેવીનાં મૂળનો કાઢો કરી પાવો. **(૫) ગંડમાળા ઉપર:—**સહદેવીનાં મૂળ પુષ્ય નક્ષત્રમાં હાથે બાંધવાં. **(૬) તાવ ઉપર:—** સહદેવીનાં મૂળની ટોપી કરી માથે નાખવી અથવા રસ આપવો એટલે તાવ ઉતરશે. **(૭) સિદ્ધમ કોઢ ઉપર:—**અબાસાઇ (પીળા) રંગનાં ફૂલોવાળી સહદેવીનો રસ ચોપડવો. **(૮) ઉંઘ લાવવા માટે:—**સહદેવીનાં મૂળ માથે બાંધવાં.

૫૮૩ સંત્રાં—સં૦ મધુકુક્કુટિકા. હિં૦ સંત્રા, મીઠા નીંબૂ. બં૦ કમલા નિંબૂ. મ૦ સંત્રે નિંબૂ.

એ ઝાડ લિંબુડી જેવડાં હોય છે. એનાં ફળ નારંગી જેવડાં હોઇ તેનો રંગ રતાશ પડતો હોય છે. એ લિંબુ ખાવામાં ખટમીઠાં લાગે છે. એના યોગથી મોંમાં સ્વાદ આવે છે. એ રક્ત સાફ કરનાર અને ઠંડાં છે.*

૫૮૪ સાગ—સં૦ શાક. મ૦ સાગ, સાયા. હિં૦ સાગવન. બં૦ શેગુન. ક૦ તેગ, ત્યાગમત્તિ. તૈ૦ તેકુ. તા૦ ટેકકુમારં. તુ૦ ટેક્કિ. ગો૦ તિક્યરૂકુ. ફ્રા૦ ફ્લિગોરસ. અ૦ ફ્લિન્જેશ. ઈં૦ ઈંડિયન ટીક ટ્રી. લા૦ ટેક્ટોનાગ્રાંડિસ્. મલા૦ ટેકુ. ઉ૦ સિંગુર.

સાગનું ઝાડ મોટું થાય છે. મલબાર, ગુજરાત, બ્રહ્મદેશ એ જગ્યાએ એની ઉત્પત્તિ ઘણી થાય છે. એ ઝાડ પચાસ હાથ ઉંચું વધે છે અને તેનો પરિઘ પણ મોટો હોય છે. આ ઝાડ ઘણું જૂનું થતાં સુધી તેનું લાકડું બહુ ઉપયોગી થતું નથી. પાકા સાગના લાકડાની યોગ્યતા શિસમના લાકડા બરોબર છે. એનાં પાંદડાં મોટાં હોય છે. એને ચોળવાથી લોહી જેવો રાતો રંગ નીકળે છે. સાગનું લાકડું સર્વ પ્રકારના લાકડામાં વધારે ટકાઉ છે. એ પાણીમાં કહોતું નથી અને કડવું હોવાથી તેને કીડા લાગતા નથી. ઇમારતી અને બીજા સુતારકામની અંદર આ લાકડાનો જેટલો ખપ છે તેટલો બીજા લાકડાનો નથી. **સાગનું ઝાડ:—**શીત, તૂરૂં, ગર્ભસંધાન તથા સ્થૈર્યકર છે; અને રક્તપિત્ત, અર્શ, વાયુ, પિત્ત, અતિસાર તથા કોઢનો નાશ કરે છે. **એનાં ફળ:—**તૂરાં, કડવાં, વિશદ, લઘુ, રૂક્ષ તથા વાતકોપન છે; અને પ્રમેહ, કફ તથા પિત્તનો નાશ કરે છે. **એની છાલ:—** મધુર, રૂક્ષ તથા તૂરી છે અને કફનો નાશ કરે છે. ઉપયોગ:—**(૧) મૂત્રાઘાત અને પથરી ઉપર:—**સાગનું બી આશરે અર્ધું ઠંડા પાણીમાં ઘસી પાવું અને ડુંટી ઉપર તેનો લેપ કરવો. **(૨) સર્પદંશ ઉપર:—**સાગનાં મૂળ ઘસી પાવાં. **(૩) રતવા ઉપર:—**સાગનાં સૂકાં પાંદડાં અને કાંબળાના કકડા બાળી તેની રાખ કરવી અને તેલમાં ખરલ કરી લેપ કરવો; અથવા સાગનાં લીલાં પાંદડાંનો રસ કાઢી ઉકાળવો તથા રાબડી જેવો જાડો થયા પછી લેપ કરવો. **(૪) આગંતુક ગરમી અને ધાતુસ્થાનની કડકી ઉપર:—**સાગનાં બીઆં શક્તિ પ્રમાણે અને રોગનું જોર દેખાય તે પ્રમાણે એકથી ત્રણ સુધી ઠંડા પાણીમાં ચંદનની પેઠે ઘસી તેમાં જીરાની અને સાકરની ભૂકી નાખી તે ચટાડવાં. **(૫) ધાતુસ્થાનની ઉષ્ણતા અને મૂત્રકૃચ્છ્ર ઉપર:—**પાશેર દૂધ અને તેટલુંજ પાણી એકત્ર કરી તેમાં સાગનાં બીઆંનું ચૂર્ણ દોઢ માસો નાખી ૭ દિવસ પાવું. (૬) શ્લીપદ,

* સંત્રાં:—અમ્લમધુર, શીતળ, સ્નિગ્ધ, રુચિકર, મુખશુદ્ધિકારક, કફવર્ધક તથા પાકમાં ભારી છે; તેમજ વાતપિત્તનો નાશ કરે છે.

વલ્મીક (રાફડો) અને શ્લેષ્મરોગ ઉપરઃ—સાગની છાલનો કાઢો કરી તેમાં ગોમૂત્ર નાખી તે પાવો. **(૭) ફુસ્સાનો વિકાર ઉચળી લોહી વહેવા લાગે તે ઉપરઃ**—સાગનાં કુમળાં અંકુર બારિક વાટી પાણીમાં કાલવી તે પાણી સાત તોલા સુધી પાવું; એટલે જલદી ગુણ આવે છે. **(૮) શીતપિત્ત ઉપરઃ**—સાગનાં લીલાં પાંદડાં પાણીમાં ઉકાળી સ્નાન કરવું. **(૯) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—ચોખાના ધોવરામણમાં સાગનાં બીઆં એક અથવા બે ઘસી તેમાં સાકર નાખી તે પાવું.

૫૮૫ સાટોડી—સં૦ પુનર્નવા. મ૦ પુનર્નવા, ઘેટુળી. કો૦ ખાપરી, સાંઠ. પં૦ ઇટસિટ. હિં૦ વિષખપરા, સાંઠ, ગદહપૂર્ણા. બં૦ શ્વેતપુણ્યા. ક૦ બિળેબેલડકિલુ, સનાડિડા. તૈ૦ તેલ્લાઅટાતામામિડી. તા૦ મુક્કિરાટે. મલા૦ તાલુતામા, તામિળામા. અ૦ હંદકૂકી. ઇં૦ સ્પ્રેડિંગ હોગવીડ. લા૦ બોરહાવિયા ડિફ્યૂઝા. ત૦ વસુ. રા૦ મા૦ સાંઠી.

આ એક સર્વ જગ્યાએ ઉકરડા ઉપર અને વિશેષ કરીને રેતાળ જમીનમાં થનારી વેલ છે. એ ગુલબાશીની જાતની "નાયકટાજિનેશિયા" નામના ઉદ્ભિજ્જ વર્ગની છે. એનાં પાંદડાં નાનાં, મોટાં, જાડાં, દળદાર, આકારમાં તાંદળજાની ભાજી જેવાં અને ઘટ્ટ હોય છે. તેના ઉપર નાના ઘંટના આકારનાં પુષ્પકોશનાં ગુલાબી, રાતાં અથવા સફેદ રંગનાં ફૂલો આવે છે. એમાં ધોળી, રાતી અને કાળી, એવી ત્રણ જાતિ છે. તે પૈકી કાળી જાત કોઇક સ્થળેજ મળે છે. રાતીનો વિસ્તાર સર્વ ઠેકાણે મળે છે. વર્ષાઋતુમાં એ વધારે મળી આવતી હોવાથી એને વર્ષાભૂ, વર્ષાભવ, પ્રાવૃષાયણી, એવાં નામો પણ આપેલાં છે. શોફઘ્ની, સારણી એ નામ તેના શરીરીમાંના અંતર-બાહ્ય સોજો નહિ જેવો કરવાના અને સારક ધર્મના દ્યોતક છે. સાટોડીનો ઔષધિભાગ મૂળમાં રહેલ છે, એમ રસાયનશાસ્ત્રીઓએ ઠરાવેલ છે. ઇ૦ સ૦ ૧૮૮૯ની સાલમાં મિસ્ટર સ્ટીફન્સને રસાયનપ્રયોગથી એના મૂળની પરીક્ષા કરીને તેમાં એક "અલકલૉઇડ" એટલે ક્ષાર-પ્રકૃતિનું સત્ત્વ, એક શર્કરા જેવો અને એક રાળ જેવો પદાર્થ મળે છે, એમ જાહેર કરેલ છે. ક્ષાર-પ્રકૃતિનો પદાર્થ કેટલો મળે છે તેનો તેમણે ઉલ્લેખ કરેલ નથી; પરંતુ ટાર્ટ્રેટ એ રૂપથી નિરાળો કાઢેલ પદાર્થ તેમણે એક સસલાના પેટ ઉપરની ત્વચામાં નાખ્યો, તે પ્રયોગમાં એક દશાંશ ગ્રેન લોહીમાં પ્રવેશ થયા ઉપર દોઢ કલાકમાં સસલાના મૂત્રનું પ્રમાણ ત્રણગણું વધ્યું. એ ઉપરથી "બોઅર હાવિન" સત્ત્વ ઉત્કૃષ્ટ મૂત્રલ છે, એમ સિદ્ધ થયું. ઇ૦ સ૦ ૧૮૯૨ની સાલમાં રાજપૂતાનામાંની પાંચભદ્રા તરફની હૉસ્પિટલ ઉપરના ડૉક્ટરે સાટોડીના સર્વાંગનો કાઢો કરી મરી સાથે પાંચ તોલા પ્રમાણે દશ રોગીને આપ્યો. તે પૈકી આઠ જણનું મૂત્ર વધ્યું અને તેનાથી અતિશય પરસેવો થયો. સિલોન મધ્યેના ડૉ૦ જયસિંહે પણ એના મૂત્રલ ગુણસંબંધી પોતાની ખાત્રી કરી છે. એના મૂત્રલ ગુણમા વિશેષતા એ છે કે, એ ઘણોજ સુખકારક મૂત્રરેચક છે. ફ્રેન્ચ લોક આટલીસ બેટમાં પરમિયા ઉપર એ આપે છે. ઉદરરોગ ઉપર એ ઉત્તમ ગુણકારી છે. મૂત્રમાર્ગે સર્વ પાણી કાઢી ઉદર ચોખ્ખું કરે છે.

દક્ષિણમાં કેટલેક ઠેકાણે સાટોડીને "ઘેટુળી" પણ કહે છે. એ ઝાડ જમીનબરોબર વેલાની પેઠે પ્રસરે છે. એમાં ત્રણ જાત પૈકી ધોળી સાટોડીને ધોળાં ફૂલ આવે છે અને ઝાડનાં સર્વ અંગ ધોળાં હોય છે. રાતીને રાતાં ફૂલ આવે છે. એ ઝાડ પડતર જમીનમાં અને ગામમાં પણ થાય છે. ધોળી વધારે ગુણવાળી છે. એને કોંકણમાં "ખાપરી" અને ગુજરાતમાં "ખાપરિયો" પણ કહે છે. લાલ સાટોડીની વેલ સફેદના કરતાં વધારે ફેલાય છે; એનાં પાન વસુના પાન જેવડાંજ પણ થોડાં પાતળાં હોય છે. સફેદ પુનર્નવાના પાનની પાછળના ભાગમાં ગોળ લાલ રેખા હોય છે. લાલ સાટોડીને તેવી હોતી નથી. સફેદ ફૂલવાળી સાટોડીના પાનનું શાક ઘણા માણસો ખાય છે. પરંતુ લાલ જાતિનું શાક કરતા નથી. લાલ વધારે તીક્ષ્ણ છે. **ધોળી સાટોડીઃ**—કડવી, ઉષ્ણ, તીખી, તૂરી, રુચ્ય, અગ્નિદીપક, રૂક્ષ, મધુર, સારક, ખારી તથા હૃદ્ય છે; અને વાયુ, કફ, સોજો, ઉધરસ, અર્શ, વ્રણ, પાંડુરોગ, વિષદોષ તથા શૂળનો નાશ કરે છે. આનાં પાંદડાંનો ગુણ ઉષ્ણવીર્ય છે. **રક્તપુનર્નવા** (ગદહપૂર્ણા. લાલ સાટોડી):—કડવી અને સારક છે; તેમજ સોજો, રક્તપ્રદર, પાંડુ અને પિત્તનો નાશ કરે છે. **નીલ પુનર્નવાઃ**—કડવી, તીખી, ઉષ્ણ અને રસાયન છે; તેમજ હૃદ્રોગ, પાંડુ, સોજો, શ્વાસ, વાત અને કફનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) ફૂલ ઉતરવા**

માટે:—ધોળી સાટોડીનાં મૂળ ઘસી અંજન કરવું. (૨) **નેત્રની કંડૂ (ખરજ) અને ગળતી આંખ ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ મધમાં અથવા દૂધમાં કિંવા માકા(ભાંગરા)ના રસમાં ઘસી આંજવાં; એટલે કંડૂ દૂર થાય છે. મધમાં ઘસી આંજવાથી આંખ ગળતી મટે છે. (૩) **પડળ દૂર થવા માટે:**—ધોળી સાટોડીનાં મૂળ પાણીમાં ઘસી અંજન કરવું. (૪) **રતાંધળાપણા ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ કાંજીમાં ઘસી ચોપડવાં. (૫) **શોફોદર અને સોજા ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળનો કાઢો કરી પાવો અને સોજા ઉપર લેપ કરવો; અથવા સાટોડી અને સુંઠનો કલ્ક કરી પાવો. (૬) **રક્તાર્શ ઉપર:**—સાટોડીનાં મૂળ હળદરના કાઢામાં આપવાં. (૭) **ગુલ્મરોગ અને પ્લીહા ઉપર:**—સાટોડીનાં પંચાંગનું ચૂર્ણ, ગોમૂત્ર અને સિંધવમાં આપવું. (૮) **કમળી ઉપર:**—સાટોડીનાં પંચાંગનું ચૂર્ણ મધ અને સાકરમાં ખાવું. અથવા કાઢો કરી કિંવા રસ કાઢી પાવો. (૯) **મસ્તકરોગ અને જ્વરરોગ ઉપર:**—સાટોડીનું પંચાંગ ઘી અને મધમાં આપવું. (૧૦) **રોગ ન થવા માટે:**—સાટોડીનું પંચાંગ દૂધ અને સાકરમાં આપવું. (૧૧) **વિંછીના વિષ ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ રવિવારે લાવી રાખવાં. તે ચાવી ખાવાથી વિંછીનું વિષ ઉતરે છે અથવા સાટોડીનાં મૂળ ઘસી લેપ કરવો. (૧૨) **દંતરોગ ઉપર:**—સાટોડીનાં મૂળ, લોધર અને ફૂલાવેલી ફટકડીનું પાણી કરી તેના કોગળા કરવા. (૧૩) **અંતર્વિદ્રધી ઉપર:**—સાટોડીનાં મૂળ અને વાયવરણાની છાલનો કાઢો કરી પાવો. (૧૪) **અમ્લપિત્ત ઉપર:**—રોજ સવારે ધોળી સાટોડીનાં તાજાં બે મૂળ ચાવી ખાવાં. તે ઉપર બે પહોર સુધી કાંઇ ખાવું નહિ. એ પ્રમાણે ૧૪ દિવસ કરવું. (૧૫) **ચોથીઆ તાવ ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ દૂધમાં પ્રાશન કરવાં; અથવા પાનમાં ભક્ષણ કરવાં. (૧૬) **સોજા ઉપર:**—સાટોડી, દેવદાર, સુંઠ અને વાળાનો કાઢો ગાયનું મૂત્ર નાખી પ્રાશન કરવો. (૧૭) **ગુલ્મ અને જલોદર ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ સમભાગ સિંધવ નાખી વાટી તેનો કલ્ક કરવો અને તેમાં ઘી નાખી તે ગુલ્મ ઉપર આપવો; તથા મધ નાખી જલોદર ઉપર આપવો અથવા જલોદર ઉપર ધોળી સાટોડીનાં મૂળનું ચૂર્ણ મધમાં ખવરાવવું. (૧૮) **આંખમાં ફૂલ પડે તે ઉપર:**—ધોળી સાટોડીનાં મૂળ રવિવારે લાવી ધૂપ દઇ કાને બાંધવાં. (૧૯) **સર્વાંગે સોજો, ઉદર, પાંડુ, સ્થૂલતા અને કફ ઉપર:**—સાટોડી, કડવો લીંમડો, કડવાં પંડોળાં, સુંઠ, કડુ, દારુહળદર, ગળો અને બાળહરડાંનો કાઢો પાવો. (૨૦) **કૂતરાના વિષ ઉપર:**—સાટોડીનો રસ પાવો. (૨૧) **સર્વાંગ સોજા ઉપર:**—કડુ, કરિયાતું અને સુંઠ મેળવીને સાટોડીનો કાઢો આપવાથી સર્વાંગ સોજો નહિ જેવો થશે. (૨૨) **પુનર્નવા તેલ:**—૪૦૦ તોલા સાટોડીનાં મૂળ લઇ તેનો ૧૦૨૪ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો કરી તેમાં ત્રિકટુ, ત્રિફલા, કાકડાશિંગી, ધાણા, કાયફળ, કચોરા, દેવદાર, ગહુલા, કોષ્ઠ, સાટોડી, અજમો, કાળીજીરી, એલચી, પદ્મકાષ્ટ, તજ, તમાલપત્ર, સુંઠ, રેણુકબીજ અને નાગકેસર, આ પ્રત્યેક ઔષધો એકેક તોલો લઇ કલ્ક (લુગદી) કરી કાઢામાં મેળવી ૧ શેર તેલ તૈયાર કરવું. એનાથી કમળો, પાંડુરોગ, હલીમક, શ્વાસ, બરોળ, ઉદર, જીર્ણજ્વર અને મલાવરોધ(કબજીઆત)નો નાશ થાય છે. (૨૩) **પુનર્નવાદિ ઘૃત:**—સાટોડી, ચિત્રક, દેવદાર, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, જવખાર અને હરડે, એ દરેકનો આઠ આઠ તોલાનો કલ્ક કરી નાખી દશમૂળના ૧૨૮ તોલા કાઢામાં ૩૨ તોલા ઘી તૈયાર કરવું. એ સોજા ઉપર ઉસ્તાદ છે.×

× (૧) **પ્રસૂતા સ્ત્રીની કષ્ટી માટે**—બાળકનો જન્મ આપતી વખતે દુઃખ થતું હોય તો સ્ત્રીના હાથથી થોડા ચાવલ લઇ સાટોડીના રોપા પર નાખી નમસ્કાર કરી અભિપ્રાય કહીને જડ ખોદી લાવવી. (સીધી જડ રહે તો પુત્ર થશે, વાંકી જડ રહે તો પુત્રીનો જન્મ થશે.) એ જડના બે કટકા કરવા. એક દરવાજામાં બાંધવો અને બીજો સ્ત્રીની કમ્મર પર બાંધવો. બાળકના જન્મ થવા પછી જડના ટુકડા કાઢી લેવા.

(૨) **જ્વર ઉપર**—એકાંતરા, તરીઆ અને ચોથીઆ તાવવાળા રોગીના જમણા હાથની નાડી પર પુનર્નવા(સાટોડી)ની જડ અધકચરી કરીને તાવ આવવાથી બે કલાક પહેલાં બાંધી દેવી. સ્ત્રીઓના ડાબા હાથ પર બાંધવી. આ જડ બાંધવાથી તાવ આવતો રોકાઇ જાય છે.

૫૮૬ સાજડ (એન)—સં૦ રક્તાર્જુન. હિં૦ એન. ક૦ કેમુપત્તિ. તૈ૦ ઇર્ગંબદી. લા૦ ટરમિનેલિયા ગ્લેબ્રા. મ૦ આઇન.

સાજડનાં વૃક્ષો મોટાં મોટાં થાય છે. એ ઝાડનાં લાકડાં મજબૂત હોય છે. વહાણ બનાવવામાં તથા ઇમારતમાં આ લાકડાનો ઉપયોગ થાય છે. સાજડનાં પાંદડાં લાંબાં હોય છે. સાજડમાં ધોળા અને કાળા એવી બે જાત છે. ધોળા સાજડનો રંગ ધોળો હોય છે. સાજડની કુમળી છાલ રંગના કામમાં આવે છે; એને "સાદડા" પણ કહે છે. **ઉપયોગ:—(૧) આગંતુક જખમ ઉપર:**—ધોળા સાજડની છાલની થેપલી કરી તે જખમ ઉપર બાંધવી; એટલે ત્વરિત ભરાઇ આવે છે. **(૨) નાનાં વાછરડાંને** (દૂધના યોગથી પેટમાં) **રોગ થાય છે તે ઉપર:**—સાજડની કુમળી માંજર ખવરાવવી. **(૩) તજાગરમી ઉપર:**—સાજડની માંજર, ઓરડીનાં પાંદડાં અને આમળાં, એ એકત્ર વાટી તેનો રસ હાથ અને પગને તળીએ મર્દન કરવો. **(૪) ફોલ્લો ફુટવાને માટે:**—સાજડની છાલનો અને કાળા તુળસીનો રસ કાઢવો; (એને રાપ કહે છે.) એમાં ચોખાના કુશ્કા નાખી એકત્ર કરી રાખવું. ખટાશ ઉત્પન્ન થાય ત્યારે તેની પોટીશ બાંધવી. **(૫) પક્ષાઘાત ઉપર:**—સાજડની રાખ ઉપર બાંધવી એટલે તે ભાગ ઉષ્ણ થઇ તેનું જડત્વ દૂર થાય છે. **(૬) કફ ઉપર:**—સાજડની રાખ મધમાં આપવી.

૫૮૭ સાત્વીન—સં૦ સપ્તપર્ણ. મ૦ સાતવીણ. હિં૦ છી-સતવન, સ-છ-તોનાં. બં૦ છાતીમ. ક૦ એલેક્ષેગ. લા૦ આલસ્ટોનિયા સ્કૉલેરિસ. તૈ૦ ઍડાકુલ, અરિટાકુ.

સાત્વીનનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ કોંકણ પ્રાંતમાં પુષ્કળ છે. એનું લાકડું ઇમારતના કામમાં ઘણું ઉપયોગી નથી. સાત્વીનની એક ડુંખને સાત પાંદડાં હોઇ એનો આકાર શીમળાનાં પાંદડાં જેવો લાંબો હોય છે. સાત્વીનની છાલ અતિશય કડવી છે. ***સાત્વીન:**—કડવી, ઉષ્ણ,

---

(૩) સોજા ઉપર—નં ૨૧માં લખેલ ક્વાથ પીવરાવવો તથા નીચે લખેલો મલમ સારા શરીરમાં (મોઢાનો ભાગ છોડીને) માલીશ કરવો, જેથી આશ્ચર્યદાયક લાભ બહુજ થોડા સમયમાં જણાઇ આવે છે. મલમની વિધિ—

કાળી બકરીનું ઘી તોલા ૨ તથા પારો તોલા ૫ એક ખરલમાં નાખી લીમડાના દંડાથી સૂર્યના તાપમાં બેસીને ઘુટવું જ્યારે કાળો રંગ થઇ જાય ત્યારે ૨૦ તોલા સુધી થોડું થોડું ઘી નાખતા જવું. જ્યારે વીસ તોલા ઘી તથા પારો સારી રીતે ઘુંટાઇને મલમ તૈયાર થઇ જાય ત્યારે ભરી રાખવો. આ મલમથી સૂર્યના તાપમાં સુવરાવી માલીશ કરવી, જેથી ભયંકર સોજો થોડા સમયમાંજ ઉતરી જાય છે.

* સુશ્રુતસંહિતામાં—શરદીના તાવ ઉપર આ પ્રમાણે ઇલાજ કહેલ છે:-"સાત્વીનની છાલ, ગળો, લીમડાની અંતરછાલ, એ બબ્બે તોલા લઇ એનો ક્વાથ કરી આપવો." ચામડીના રોગમાં ઘણાક ઉપચારોમાં એની છાલ નાખે છે. આ ઝાડના સંબંધમાં કેટલાક લોકોમાં એવો ભ્રમ છે કે, વગડામાં સર્વ વૃક્ષો વર્ષમાં એક દિવસ એને માન આપવાને માટે એની પાસે આવે છે. ઇ૦ સ૦ ૧૬૭૮ માં મેહ્રિરીડે અને ઇ૦ સ૦ ૧૯૭૪માં રમ્પીઅસે આ વૃક્ષનું ચિત્ર પ્રકટ કરીને દેશી વૈદ્યો એને ઔષધતરીકે વાપરે છે, એમ કહ્યું હતું. એ પછી ઇ૦ સ૦ ૧૮૩૯માં મિ૦ નેમોયાએ એના પાચનશક્તિવર્ધક અને જ્વરનાશક ગુણ પ્રકટ કર્યા. ડૉ૦ ગિબ્સને ઇ૦ સ૦ ૧૯૫૩માં એના ગુણનું વર્ણન ફાર્માસ્યુટિકલ જર્નલમાં છપાવ્યું હતું. ઇંગ્રેજી ઔષધોમાં એને ગ્રાહી, પાચન, શક્તિવર્ધક, કૃમિનો નાશકર્તા અને તાવની નાશક માનેલ છે. મનીલાના એક ગ્રૂપ નામના વૈદ્યે એની છાલમાંથી ડિટેઈન નામનું સ્ફટિક ન બંધાય (જામી ન જાય) એવું સત્ત્વ તપાસ કરીને કાઢ્યું છે. અમેરિકાના ફાર્માસ્યુટિકલ એસોસીએશનના—ઇ૦ સ૦ ૧૮૭૭ના રિપોર્ટમાં લખેલ છે કે:-"આ વૃક્ષ લ્યુઝોનના ટાપુમાં ઉત્પન્ન થાય છે. ત્યાંના રહેવાસી લોકો એને ડીટા કહે છે. તેઓ એને પાચનશક્તિવર્ધક અને જ્વરનાશક માને છે; અને વારંવાર આવનાર તથા ઘણા દિવસના આંતરે આવતા શરદીની હવામાં ઉત્પન્ન થનાર તાવમાં આ ઔષધ અસલથી વાપરે છે. એનું

અગ્નિદીપક, મદગંધી, તૂરી, સ્નિગ્ધ, સારક, હલકી તથા સુગંધી છે; અને વ્રણ, રક્તદોષ, ત્રિદોષ, કૃમિ, દમ, કોઢ, ગુલ્મ તથા શ્વાસનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) નળવાયુ ઉપરઃ—સાત્વીનની છાલ કોપરા સાથે ૭ દિવસ ખાવી અને પથ્ય પાળવું. (૨) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ—સાત્વીનની કુંપળોનો રસ સાકર નાખી પાવો. ઉતાર—ઘી અને ભાત. (૩) સાંદ્રમેહ, જ્વર, શૂળ અને ગુલ્મ ઉપરઃ—સાત્વીનની છાલનો કાઢો પાવો. (૪) વ્રણ ભરાઇ આવવા માટેઃ—સાત્વીનની છાલ દૂધમાં વાટી લેપ કરવો.

૫૮૮ સાપસૂન—(નાની નોળવેલ):—સં૦ અહિગંધા, ગંધનાકુલી. મ૦ સાપ સંદ. હિં૦ ઇશ્વરમુલ. બં૦ રાસ્ના વિશેષ.

સાપસૂનના વેલા હોય છે. એમાં કાળી અને ધોળી એવી બે જાત છે. એનાં પાંદડાં નાગરવેલના જેવાં ડીંટાની પાસે પહોળાં હોય છે. કાળી સાપસૂન વધારે ગુણવાળી છે. સાપસૂન ઘણી કડવી છે. સાપસૂનની ભૂકી સર્પના મોંમાં નાખવાથી તે હતવીર્ય થાય છે. ઉપયોગઃ—(૧) સર્પના વિષ ઉપરઃ—કાળી સાપસૂનનાં મૂળ અને અરિઠા અથવા ધોળી ચણોઠીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી તે પાણી થોડી થોડી વારે પાવું; કિંવા એકલાં સાપસૂનનાં મૂળ ઘસી પાવાં. (૨) સર્વ પ્રકારના વિષ ઉપરઃ—કાળી સાપસૂનનાં મૂળ પાણીમાં ઘસી તેમાં મરી વાટી પાવાં. પથ્ય—ઘી અને ભાત. (૩) પટકી (કૉલેરા) અને પેટપીડ ઉપરઃ—સાપસૂનનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં. (૪) બાળકના કૃમિ ઉપરઃ—સાપસૂનનાં મૂળ દૂધમાં ઘસી પાતાં જવું અથવા નિત્ય બાળાગોળીમાં ઘસી પાવાં; એટલે કૃમિવિકાર થશે નહિ.

૫૮૯ સાબુદાણા—(મ૦ સાગુ, સાબુદાણ્યાચે ઝાડ.) એ ઝાડ માડવૃક્ષની એક જાત છે. એની ઉંચાઇ ત્રીસ–ચાળીસ હાથ હોય છે. એ ઝાડ જૂનું થયા પછી કાપી તેનો વચલો ભાગ કાઢી લે છે. પછી તેને ખાંડી તેનો લોટ થાય એટલે તેને પાણીનો છમકો મારે છે. પછી તે ચાળણીમાં નાખી છણે છે, તેથી કરી તેની બારિક ગોળીઓ થાય છે તેને સાબુદાણા કહે છે. સાબુદાણા પાચક હોઇ પૌષ્ટિક છે. વૃદ્ધ, બાળક અને રોગીને આ દાણા ઘણા હિતકર છે.

૫૯૦ સારફળ (સાલેડુ, ધુપેડો)—સં૦ શલ્લકી, શાલવૃક્ષ. મ૦ સાલાઇ. હિં૦ સારફળ.

પરિણામ બહુજ સંતોષકારી આવે છે.” આ રિપોર્ટથી વિદ્વાન વૈદ્યોનું ધ્યાન એની તરફ ખેંચાયું હતું. હાલમાં ઉપર કહેલું સત્ત્વ સારામાં સારા ક્વિનાઇન કરતાં પણ વધુ ગુણકારી મનાય છે. ક્વિનાઇન અને ડિએટીન બન્નેનાં સત્ત્વ સમાન માત્રાથી અપાય છે અને બન્નેનું સરખુંજ પરિણામ આવે છે. ક્વિનાઇન વધારે પ્રમાણમાં આપવાથી કાનને બહેરાપણું ઉત્પન્ન કરે છે, ઉંઘ આવતી નથી. આવાં પરિણામ આ પદાર્થથી આવતાં નથી. વળી એની અસર ઘણીજ તાકીદે અને કદી નિષ્ફળ ગયા વગર થાય છે. નાનાં નાનાં બાળકોને આની માત્રા ૦ાા ડ્રામ અને મોટાને ૧ ડ્રામ આખા દિવસને માટે બસ છે. આ માત્રા આપતી વખતે અવશ્ય કરીને અવસ્થા, જાત, પ્રકૃતિ આદિ વિચાર આવશ્યક છે. પોટીસના રૂપમાં પણ આ દવા આપવાથી ફાયદાકારક અસર થાય છે. બનાવવાની રીત આવી છેઃ–સાત્ત્વીનની છાલ કૉર્નફ્લોર અથવા ચૂનો એ દરેક અર્ધો અર્ધો શેરને ગરમ પાણીમાં મેળવીને ખીર જેવું કરવું અને લુગડાની ઉપર પાથરી બગલમાં, હાથના સાંધામાં અને ઘુંટણોની ઉપર લગાવી સારી રીતે સૂકાઇ ગયા બાદ બદલતું રહેવું. આ પ્રમાણે અસર થતાં સુધી લેપ કરવો અને સૂકવવું. લશ્કરી ઇસ્પીતાલોમાં ડિટેઇન ક્વિનાઇનના બદલામાં વપરાય છે. જૂના ઝાડા અને મરડાના રોગમાં આ છાલ ઉત્તમ અસર કરે છે; અને તાવ આવ્યા પછી પેટની પાચનશક્તિ ઓછી થઇ હોય તો તેને સુધારે છે. ચરકસંહિતામાં રસ, બીજ અને છાલને વાતપિત્તપ્રશમનકારક, કોઢનાશક, ઉદર્દનાશક અને શીતનિવારણ કહેલ છે. સુશ્રુતસંહિતામાં એને કફવાતપ્રશમન, અરુચિનાશક, ગુલ્મશૂળનાશક, આમપાચક અને ઉદર્દવાતપ્રશમન કહેલ છે. છાલ કંઇક સુગંધિત, ગરમ, ખાટી અને કડવી હોય છે; તથા ખાવાથી થોડો જુલાબ થઇ ભૂખ લાગે છે. તાવ ઉતરી જાય છે તથા સોજો અને શૂળ નાશ પામે છે. ઉપર લખેલ ડીટેઇન સત્ત્વ વગર છાલમાંથી ઇકાયડીમીન અને ઇકાઠીનીન નામનાં બીજાં બે સત્ત્વ નીકળે છે.

હિં॰ સાલઇ, સલઈ. ક॰ તહિક્કુ, તહક્કિનગિડ, આનેબ્યાલ. તે॰ પારંગિસાંબ્રાણિ. તા॰ કુંદરૂકં. મ॰ ચિતિંતિ. લા॰ બોસવેલિયા સેરીટરા.

સારફળનું ઝાડ મોટું થાય છે. એ ઝાડ ઘણું કરીને ડુંગરાળ પ્રદેશમાં ઘણાં થાય છે. એનાં પાંદડાં અગથીઆનાં પાંદડાં જેવાં થાય છે. એને ત્રિકોણુ અને ચીચોડા (આંબીલા) જેવડાં ફળ આવે છે. એ ફળનું અથાણું સારૂં થાય છે. સારફળનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવતું નથી. એ ઝાડને ગુગળ જેવો ધોળો રસ આવે છે. એ ગુગળ જેવો ધૂપ છે. એને "કુંદુરૂ"× કહે છે. આ ઝાડ ખાનદેશમાં રાજણુઘાટ ઉપર ઘણાં થાય છે. આ ઝાડનો રંગ લીલો દેખાય છે. એના લાકડાનાં ચાટવો, ધાન્ય ભરવાની પાલી વગેરે થાય છે. **સારફળઃ—**શીતવીર્ય, પૌષ્ટિક, કડવું, મધુર, તૂરૂં તથા ગ્રાહી છે; અને કોઢ, રક્તદોષ, કફ, વાયુ, પિત્ત, અર્શ, વ્રણુદોષ, પક્વાતિસાર તથા રક્તપિત્તનો નાશ કરે છે. **એનાં ફૂલઃ—**કફ, વાયુ, અર્શ, કોઢ તથા અરોચકનાં નાશક છે. **એનો ગુંદર (કુંદરૂ, શેષકુંદર):—**મધુર, કડવો, તીક્ષ્ણુ, તીખો, સ્નિગ્ધ, ઉષ્ણ તથા ત્વચાને હિતાવહ છે; અને જ્વર, પ્રસ્વેદ, કફ, મુખરોગ, વાયુ, પ્રદર, રક્તવિકાર, ગ્રહપીડા, અલક્ષ્મી, રક્તાતિસાર અને જંતુ એ સર્વનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) આંખો આવે તે ઉપર તથા આંખોમાંની બળતરા શાંત થવા માટે:—**સારફળનાં પાંદડાં વાટી રાત્રે આંખો ઉપર પાટો બાંધવો. **(૨) સંધિવાત વગેરે ઉપરઃ—**સારફળનાં પાંદડાં વાટી તેનો પાટો બાંધવો. **(૩) પ્રદર અને રક્તાતિસાર ઉપરઃ—**સારફળનો ગુંદર રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે મસળી તેમાં સાકર નાખી તે પાવું. **(૪) રક્તાતિસાર ઉપરઃ—**સારફળની છાલ દૂધમાં વાટી મધ નાખી પાવી.

૫૮૨ સાલમ—(સં॰ સાલીમકંદ. મ॰ સાલમમિશ્રી.) **તુર્કસ્તાન, અરબસ્તાન, ઇરાન** વગેરે દેશમાં સાલમની ઉત્પત્તિ ઘણી થાય છે. **હિંદુસ્તાનમાં** પણ એ કંદની બે-ત્રણ જાત મળે છે. એ ઝાડ કાંઇક નાગદમણીના અથવા હળદરના ઝાડ જેવું છે. એને નિકૃષ્ટ પ્રતિની જમીન જોઇએ. તેનાં મૂળમાંથી ફણગા ફૂટી ઝાડ થાય છે તે જુદાં હોય છે; તથા જેમાંથી સાલમ થાય છે તે જુદાં હોય છે. એ મૂળ કાઢી લાવી ગરમ પાણીમાં ધુએ છે. પછી જાડા ખાદીના કપડાથી તેના ઉપરની છાલ ચોળી નાખે છે, તેથી કરી તે ધોળી શુભ્ર દેખાય છે. પછી તાંબાના તવા ઉપર નાખી તેને દેવતાની આંચ આપે છે. એજ **સાલમ** કહેવાય છે. સાલમ ઘણીજ પૌષ્ટિક છે. ઘણાખરા તુર્ક અને આરબ લોકો એનુંજ અન્ન સેવન કરે છે. સમુદ્રમાં ઘણા દિવસ રહેવાથી ખલાસી લોકોને "નાવિક રક્તપિત્તરોગ" થાય છે. તેઓને સાલમના લોટની કાંજી કરી આપવાથી તેમનો ઉપદ્રવ કમી થઇ તે નીરોગી બને છે. સાલમમાં ધોળી, ચરાખ, લસણીઆ, પંજાદાર અને દૂધમૂસળી એવી પાંચ-છ જાત છે. **સાલમઃ—**ઉષ્ણવીર્ય, બલકર, મધુર, ધાતુવર્ધક, કડવી, ગુરુ, રસાયન તથા પૌષ્ટિક છે; અને ક્ષય, પ્રમેહ, પિત્ત, રક્તદોષ, આમદોષ, કમળો તથા કુંભકમળનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) પ્રદર, પેશાબમાં ધાતુનું જવું અને ધાતુવિકાર ઉપરઃ—**દરરોજ સવારે અને સાંજે ઘડી દિવસે સાલમ, ધોળી મુસળી અને પંજાબી મિશ્રી, એ સમભાગ લઇ ત્રણે જણસોનું ઘણું બારિક ૩ માસા ચૂર્ણ ૩ માસા સાકર સાથે દર વખતે ત્રણ તોલા દૂધમાં મેળવી આપવું; એટલે ઉપલા રોગ દૂર થઇ પુષ્ટિ આવે છે. **(૨) પુષ્ટિને માટેઃ—**સાલમનો પાક કરી ખાવો, કિંવા સાલમમિશ્રીનું ચૂર્ણ કરી પાણી અને દૂધમાં બાફી તેમાં સાકર નાખી તે સેવન કરવું (૩) **સંગ્રહણીરોગ ઉપરઃ—**સાલમ (દૂધમુસળી) છાશમાં કિંવા ચોખાના ધોવરા-

× કુંદુરૂનેજ શેષકુંદર કહે છે; તથાપિ ઘણા ખરા લબાડ ગાંધીઓ એના બદલે બેરજો આપે છે. શેષકુંદુરની પીળાશ પડતી ગુંદરના જેવી પણ નાની કણીઓ હોય છે. એને દેવતા ઉપર નાખી ધૂપ કરવાથી મુડદા જેવો વાસ આવે છે. કુંદરૂને વાટી પાણીથી ગોળી બનાવી દુખતી દાઢના કોતરમાં રાખવાથી તેમાથી લાળ ટપકી દુખાવો જલદી શાંત થાય છે. કુંદરૂને હિં॰ કુંદર, ગુંદવરોસા; બં॰ કુન્દરૂખોટી; મ॰ અવલગુંદર, સાલઇઠીક; ક॰ ઇડબોલ; ફા॰ કુન્દરૂફમી. ખોટી મસ્તકી, રૂમી મસ્તકી; અ॰ કુન્દરેજકર, વિસ્તજ; તે॰ કુન્દરૂમુ; ઈ॰ ઓલિબેનમ્ અને લા॰ બોઝવેલિયા થરીફેરા કહે છે.

મધુમાં વાટી ૧ તોલો આપવી અને પથ્યને માટે છાશ અને ભાત ખાવા આપવાં. (૪) **પુષ્ટિ અને બળશુદ્ધિ થવા માટેઃ**—સાલમનાં ફળ (એ મોત રિંગણીનાં ફળ જેવાં હોઇ અંદરનાં બીઆં અતિશય કઠિન હોય છે.) ૪ તોલા, પાંચશેર દૂધમાં નાખી માવો કરવો; તે તેમ ને તેમજ એક રાત્રિ રાખવો. પછી તે ઉપર પાણી આવે તે પહેલા દિવસે પાવું અને બીજા દિવસથી માવામાં સાકર ૪૦ તોલા અને ઘી ૪૦ તોલા નાખી તે મિશ્રણ દરરોજ બે તોલા ખાવું.

૫૯૨ સામો—સં૦ શ્યામાક. હિં૦ સાંવા, સમા. ક૦ સાબિ. બં૦ શ્યામાવાસ. મ૦ સાંવા. તૈ૦ શ્યામાલુ. ફા૦ શામાખ. લા૦ પેનીકમ ફ્રૂમેન ટેશીઅમ.

સામો—એ ધાન્ય ઘણે ઠેકાણે થાય છે. એના રોપા ઢીંચણથી કમ્મર જેવડા થાય છે. સામો, આ ધાન્ય વરી(મોરીઆ)ને ઘણુંજ મળતું છે; પરંતુ એ વરી કરતાં કિંચિત્ મોટું હોય છે. સામો કોંકણમાં થતો નથી. સામામાં કાળી અને ધોળી એવી બે જાત છે. સામાનો ભાત ગરીબ લોકના ખાવાના ઉપયોગમાં આવે છે. એનો ઉપયોગ ઘણું કરી હલકી પ્રતિના લોકમાં થાય છે. મંદવાડમાં સામોનો ભાત ખાવા આપે છે. **સામોઃ**—મધુર, શીતળ, શોષક, રૂક્ષ, તૂરો, લઘુ, વાતકર તથા ગ્રાહક છે; અને કફ, પિત્ત, રક્તપિત્ત તથા વિષદોષનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) અન્નદ્રવશૂળ ઉપરઃ**—સામો અગર કોદરા અથવા કાંગ(પ્રિયંગુ)ના ચોખા નાખી કરેલી ક્ષીર હિતકારક છે.

૫૯૩ સાંધરૂખ—(સં૦ સંધિવૃક્ષ) એ ઝાડ મોટાં થાય છે. એનાં પાંદડાં વેંતભર લાંબાં હોઈ આકારે કડાનાં પાંદડાં જેવાં હોય છે. એની છાલ અસ્થિભંગ ઉપર ઘણીજ ઉત્તમ છે. એમાં જે અવલ પ્રતિનાં ઝાડ છે તેને **"લવંગી સાંધરૂખ"** કહે છે. એનો એવો ચમત્કાર છે કે, એનું પાંદડું વચ્ચોવચ્ચથી ચીરી નાખ્યા પછી કેટલીક વારે જોઇએ તો તેના સાંધા મળી જઇ પૂર્વવત્ પાંદડાં જેવું પાંદડું થાય છે. એ ઝાડ **દક્ષિણ કોંકણમાં** કોઇ કોઇ ઠેકાણે થાય છે આવી અત્યંત ઉપયોગી અને જેમાં વિલક્ષણ પ્રભાવ છે એવી વનૌષધિ ઈશ્વરે આ **આર્ય ભૂમિમાં** ઉત્પન્ન કરવાથી આપણા પરાક્રમી પૂર્વજોએ તેનો ઉપયોગ કરી આપણું રક્ષણ કર્યું; અને પોતાનું સામર્થ્ય પરદેશીને ઉત્તમ પ્રકારે દેખાડયું. તેમના વંશજોએ હમણાંના કાળમાં એવી ઉપયોગી વનૌષધિનો ઉપયોગ ન કરતાં પરદેશી મોહક વસ્તુઓમાં લુબ્ધ થઇ સર્વ જગતને આપણી નબળાઇ શામાટે બતાવવી? **ઉપયોગઃ—(૧) અસ્થિભંગ ઉપરઃ**—સાંધરૂખની છાલ કચરી ભાગેલા હાડકા ઉપર ૩ દિવસ બાંધવી.

૫૯૪ સિંગોડાં (શિંગાડી)—સં૦ શૃંગાટક. મ૦ શિંગાડા. ક૦ શિંગાડે. હિં૦ સિંઘાડા. ફા૦ સુરંજ્જન. ઇં૦ વૉટરકેલટ્રોપ. લા૦ ટ્રાપાબિસ્પિનોઝા. બં૦ પાણિફલ, સિંઘાડે. તૈ૦ પરિકેગડ્ડુ.

સિંગોડાં તળાવના માથોડું-અર્ધું માથોડું પાણીમાં થાય છે. એના વેલા લાંબા હોઈ તેને કારેલીનાં પાંદડાં જેવાં પાંદડાં આવે છે. શિંગોડાનો આકાર મોટો ચમત્કારિક દેખાય છે. એને કાંટા જેવી ત્રણ અણીઓ આવે છે. સિંગોડાંનું શાક થાય છે. એને સૂકવી લોટ કરી લાપસી, પુરીઓ, લાડુ વગેરે અનેક પદાર્થો કરે છે; અને તે ઉપવાસના દિવસે ખાય છે. સિંગોડાં પૌષ્ટિક છે. **સિંગોડાંઃ**—અતિવૃષ્ય, લઘુ, રુચિપ્રદ, મેહદાઢર્યકારક, કફકર, ગ્રાહક, શુક્રલ, વાતલ, તૂરાં, મધુર, ગુરુ, શીતલ, તર્પણ તથા સ્વાદુ છે; અને પિત્ત, દાહ, રક્તદોષ, મેહ, ભ્રમ, ત્રિદોષ, સોજો તથા સંતાપનો નાશ કરે છે. **ઉપયોગઃ—(૧) સ્ત્રીનો મૂઢગર્ભ વધવા અને ગર્ભિણીના રક્તસ્રાવ ઉપરઃ**—સિંગોડાં અને કચરાની લાપશી કરી દૂધમાં આપવી.

૫૯૫ સિવણ—સં૦ કાશ્મરી. મ૦ શિવણ. હિં૦ બં૦ ગંભારી, ખુમેર. ક૦ શિવન્નિ. તા૦ પેરૂમિલ. મલા૦ કુમલ. તૈ૦ સાલાંગુણુઢીચેટ્ટુ. લા૦ મિલાઈના આર્બોરીઆ.

સિવણનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એ ઝાડનાં પાંદડાં મોટાં હોઇ તે સાધારણ ગોળ હોય છે. સિવણનું લાકડું સુતારકામમાં સારું ઉપયોગી છે. સિવણને પીળા રંગનાં ફૂલ આવે છે. એને જે ફળ આવે છે, તે નાના જાંબુ જેવાં હોઇ લાંબાં હોય છે. એનાં મૂળ દશમૂળમાં આવે છે. મરાઠીમાં સિવણને "શિવણ ગંભારી" પણ કહે છે. **સિવણઃ**—મીઠી, કડવી, તીખી, ઉષ્ણ, મધુર, તૂરી, જડ, દીપન, પાચન, મેધાકર, ભેદક તથા હલકી છે; અને ત્રિદોષ, કફ, તરસ, શોષ, આમશૂળ,

શોષ, વિષ, દાહ, જ્વર, રક્તદોષ, અર્શ અને ભ્રમનો નાશ કરે છે. એનાં ફળ:—શીતળ, ગુરુ, બલકર, ધાતુવર્ધક, કેશ્ય, સ્વાદુ, ખાટાં, તૂરાં, રસાયન, સ્નિગ્ધ, વિષ્ટંભ, ગુરુ તથા મૂત્રલ છે; અને પિત્ત, રક્તપિત્ત, રક્તદોષ, આમ, વાયુ, વાતરક્ત, તૃષા, દાહ, ક્ષય, ક્ષતક્ષય, મૂત્રકૃચ્છ્ર, પ્રદર તથા પેશાબમાં ધાતુના જવાનો નાશ કરે છે. ફળની અંદરનો ગર્ભ:—મધુર, ગ્રાહક, કડવો, શીતળ, વાતકર, તૂરો, પુષ્ટિકારક તથા બલકર છે; અને કફ, પિત્ત, રક્તવિકાર તથા પ્રદરનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) ખરજવા ઉપર:**—સિવણની કુંપળો અથવા પાંદડાંનો રસ નવટાંક સાકર નાખી પાવો અને ધોળા સાજડની છાલ ઘસી ૩ દિવસ ચોપડવી. **(૨) અમ્લપિત્ત ઉપર:**—સિવણનાં પાંદડાં, અઘેડાનાં મૂળ, મોચરસનો કંદ, એ ગાયના તાજા દૂધમાં વાટી ૧૪ દિવસ પાવું. **(૩) પિત્તજ્વર ઉપર:**—સિવણનાં મૂળનો રસ આપવો. **(૪) મૂત્રાઘાત ઉપર:**—સિવણનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી પાવાં. **(૫) રક્તપિત્તરોગ ઉપર:**—સિવણનાં પાકાં ફળ એક કિંવા બે મધમાં ખાવાં. **(૬) શીતપિત્ત ઉપર:**—સિવણનાં સૂકાં ફળ સીજવી તેનો કલ્ક દૂધમાં આપવો અને પથ્ય પાળવું. **(૭) દાહ ઉપર:**—સિવણનાં પાંદડાંનો રસ અંગે ચોળવો.

૫૯૬ સુખડ (ચંદન)—સં૦ મ૦ હિં૦ ચંદન. ક૦ શ્રીગંધમારા. તૈ૦ ચંદનમુ. તા૦ મલા૦ ચંદનમારં. ગો૦ શ્રીગંધ. યુ૦ ફા૦ સંદલ. અ૦ સંદલે અબાયદ. ઇં૦ સેંડલ વુડ. લા૦ સેંટેલમ્ ઍાલબમ્.

સુખડનાં ઝાડ મોટાં થાય છે. એ ઝાડ **મલબાર** પ્રાંતમાં વિશેષ થાય છે. એનાં પાંદડાં કડવા લીમડાનાં પાંદડાં જેવાં હોય નાનાં અને સુવાળાં હોય છે. ચંદનને બારીક અને કાળા રંગનાં ફળ આવે છે. આ ઝાડ જૂનું થાય એટલે તે કાપી તેના કકડા કરી તે જમીનમાં દાટી રાખે છે. પછી તે કેટલા દિવસે બહાર કાઢી તેને સાફસૂફ કરે છે. ચંદનના કકડા ઉપયોગી છે. એની પેટીયો, કરંડીઆ, પંખા વગેરે અનેક વસ્તુઓ કરે છે. ચંદનનું જે તેલ કાઢે છે તેને ચંદની અત્તર કહે છે. એ સુવાસિક હોય છે. **ધોળું ચંદન:**—કડવું, તીખું, શીતળ, તૂરૂં, વૃષ્ય, કાંતિકારક, કામજનક, સુરભિ, રૂક્ષ, આનંદકર, લઘુ તથા હૃદયને હિતકારી છે; અને પિત્ત, ભ્રમ, ઉલટી, તાવ, કૃમિ, તૃષા, સંતાપ, મુખરોગ, દાહ, શ્રમ, શોષ, વિષ, કફ તથા રક્તદોષનો નાશ કરે છે. જે ચંદન ગાંઠવાળું, છિદ્ર પડેલું, જડ, ઉખર, શ્વેતવર્ણ, કાપવાથી દેખાતો રાતો વર્ણ, ઘસવાથી પીળું, સ્વાદે કડવું, અતિ સુગંધ અને શીતલ હોય તે ઉત્તમ જાણવું; અને જે આમાંથી કાંઇક લક્ષણોએ યુક્ત તે મધ્યમ તથા એ લક્ષણો જેમાં મૂળેજ નથી તે અધમ જાણવું. **પીતચંદન—મલયાગર ચંદન:**—શીતળ, કડવું તથા કાંતિકારક છે; અને કફ, કોઢ, કંડૂ, વિષૂચિકા, દદ્રુ, કૃમિ, રક્તપિત્ત, વિષ, પિત્ત, તૃષા, દાહ અને જ્વરનો નાશ કરે છે. **કુંકુમાગર—હરિચંદન** (પીળા-રાતા વર્ણનું)—કડવું તથા શીતળ છે; અને પિત્ત, શ્રમ, શોષ તથા દમનો નાશ કરે છે. એ દેવોને ભોગ્ય છે, માટે મનુષ્યોને દુર્લભ જાણવું. **બર્બર ચંદન** (ધોળા અને રાતા વર્ણનું):—શીતળ તથા કડવું છે; અને કફ, વાયુ, પિત્ત, કોઢ, કંડૂ, વ્રણ તથા રક્તદોષનું નાશક છે. **શબર ચંદન** (કિંચિત્ પીળા વર્ણનું):—શીતળ તથા કડવું છે; અને પિત્ત, કફ, વાયુ, શ્રમ, ફોલ્લા, ખસ, કંડૂ, દાહ, દાદર, લૂતા, કોઢ, તરસ તથા ગાંડપણનું નાશક છે. **સુખડ** (એ ઝાડ ઉપર આપથી સૂકેલી હોય તે):—કડવી, સુગંધવાળી તથા શીતલ છે; અને મૂત્રકૃચ્છ્ર, પિત્ત, રક્તવિકાર તથા દાહની નાશક છે. જે ચંદન લીલાં હોય તે વખતે તોડીને સૂકાવેલું તથા મલયપર્વત ઉપર ન થયેલું હોય તે સુગંધમાં કમતી હોય છે.* **ઉપયોગ:—(૧) દાહ શમન થવા માટે:**—ચંદન અને કપૂર અથવા વાળો ઘસી તેનો સર્વાંગે લેપ કરવો. **(૨) ખસ ઉપર:**—ચંદની અત્તર

---

* દત્તકૃત મેટીરિયા મેડિકામાં ત્રણ પ્રકારના ચંદનના લાકડાનું વર્ણન કરેલ છે. શ્રીખંડ (ધોળું ચંદન), પીત (પીળું ચંદન) અને રક્ત (રાતું ચંદન). એમાં રાતા ચંદન(રતાંદળી)નું લાકડું ગ્રાહી અને પૌષ્ટિક માનેલ છે. સોજામાં ઠંડક લાવવાને તેમજ માથું દુખતું હોય તો ચંદનને ચોપડવાથી એ પીળા ચંદનથી વધારે ઠંડક કરે છે; અને અંદર આપવાથી એનાથી ઓછો ગુણ કરે છે.

(સુખડનું તેલ) એકલું કિંવા લિંબુના રસમાં મેળવી ચોપડવું. (૩) મૂત્રકૃચ્છ્ર અને રક્તાતિસારાદિ ઉપર:—ચોખાના ધોવરામણમાં ચંદન ઘસી તેમાં મધ અને સાકર નાખી પાવું. એટલે રક્તાતિસાર, પેશાબની ગરમી, તૃષા, દાહ અને મોહનો નાશ થાય છે. (૪) બાળકોને અળાઈ થાય તે ઉપર:—ચંદન, ધાણા અને વાળાનો ગુલાબજળમાં લેપ કરવો; અથવા ચંદનનો લેપ કરવો. (૫) પરૂવાળા પ્રમેહ (પરમા) ઉપર:—ચંદનનો કલ્ક કરી તે પાવો. (૬) પ્રમેહ અને પ્રદર (પેશાબમાં પરૂ જેવું જવું તે) ઉપર રામબાણ ઉપચાર:—વંશલોચન (વાંસકપૂર) ૧ તોલો, એલચીદોડામાંના દાણા ૧ તોલો, એ બન્ને ઔષધો બારિક ખાંડી વસ્ત્રગાળ ભૂકી કરવી. પછી તે ભૂકી પલળે એટલું ઉત્તમ સુખડનું તેલ લઇ તેમાં તે ભૂકી ભીંજવી નાની સોપારી જેવડી ગોળીઓ કરવી. પછી દરરોજ સવારે ૪ તોલા સુધી ઠંડુ પાણી લઈ તેમાં એક ગોળી કાલવવી અને તેમાં અર્ધો તોલો સાકર નાખી તે પ્રાશન કરવું. એજ પ્રમાણે સાંજે લેવું. આ ઔષધ ખાવાથી પ્રમેહની આગ ૭ પહોરમાં ઘણીજ ઓછી થઇ ૭ દિવસમાં પ્રમેહ અને પ્રદરનો નાશ થાય છે. પથ્ય—ઘઉંની રોટલી, તુવેરની દાળ, ઘી અને સાકર. (૭) આગંતુક ગરમી ઉપર:—ચોખાના ધોવરામણમાં ધોળું ચંદન ઘસી ખાંડ નાખી આપવું. (૮) ઉચકી ઉપર:—સ્ત્રીના દૂધમાં ચંદન ઘસી નસ્ય આપવું.

૫૯૭ સુગંધી (લીલી) ચ્હા:—સં૦ સુગંધભૂતૃણ. ક૦ સુગંધતૃણ. હિં૦ સુગંધિતૃણ. મ૦ ગવતી ચાહ, સુગંધિ ગવત, પાતીયા ચ્હા.

ગવતી (ઘાસ) ચ્હાના બેટા દાભના બેટ જેવા મોટા મોટા વધે છે. એને લીલી ચ્હા કહે છે. બાગમાં પણ એને વાવે છે. એની ઉંચાઇ શુમારે હાથ—દોઢ હાથ હોય છે. એનું તેલ નીકળે છે, તે પણ ઔષધ છે. એ ચ્હાનાં પાંદડાં કઢીમાં નાખે છે. ઉપયોગ:—(૧) તાવમાં પરસેવો નીકળવા માટે:—એની ચ્હા કરી પાવી, એટલે પરસેવો નીકળી તાવ કમી થાય છે. (૨) પેટપીડ ઉપર:—એનું તેલ પાવું. પટકી (કૉલેરા) ઉપર પણ એ ગુણાવહ છે. (૩) શરદી, સળેખમ, શૈત્યજ્વર, જડત્વ અને આગંતુક જ્વર ઉપર:—સુગંધી ચ્હા, સુંઠ અને સાકરનો અષ્ટમાંશ કાઢો ગરમ ગરમ પાવો અને પથારીમાં ગરમ કપડું ઓઢી સુઇ રહેવું. એ યોગથી પરસેવો આવી શરીરમાંની શરદી નીકળી જઇ હુંશિયારી આવે છે. આ કાઢો ઉષ્ણ છે. સમધાત થવા માટે એમાંજ દૂધ નાખી કોઈ કોઈ પીએ છે. (૪) પરસેવો લાવવા માટે બાફ:—એક મોટા વાસણમાં સુગંધી ચ્હાની ભૂકી નાખી તે ઉપર ઢાંકણું મૂકી આધણ આવે ત્યાં સુધી તે પાણી કઢવવું. પછી રોગીને ખાટલા ઉપર સૂવાડી આ પાણીનો બાફ આપવો, એટલે પરસેવો છૂટે છે. (૫) સળેખમ ઉપર:—સુગંધી ચ્હા, ફુદીનો કિંવા તજ અને આદુનો કાઢો કરી તેમાં ગોળ નાખી રાત્રે સૂતી વેળાએ પીવો અને ઉપર વસ્ત્ર ઓઢી સૂઈ રહેવું. એ પ્રમાણે ત્રણ દિવસ પીવું.

૫૯૮ સુઓણ—(મ૦ સુઓણ, થોરલા માલેબંધ.) એનાં પાંદડાં ઇંદ્રજવનાં પાંદડાં જેવાં હોઈ જાડાં હોય છે. એ પાંદડાં ઘણાં ચીકણાં હોય છે. સુઓણને બાવળીઆના જેવાં પીળાં ફૂલ આવે છે. એ ઝાડ મોટાં થાય છે. એની છાલ ધોળા રંગની હોય છે. પરંતુ સુકાયા પછી કાળા રંગની થાય છે. એ એની છાલના ચૂર્ણની ગુંદર જેવી ચીકણી ગોળી થાય છે. ઉપયોગ:—(૧) ખરજવા ઉપર:—સુઓણનાં પાંદડાંના રસમાં જીરૂં અને સાકર નાખી પાવો અને તેજ રસ ૭ દિવસ તે ઉપર ચોળવો; અથવા સુઅંણની છાલ ઘસી ચોપડવી. પથ્ય—મીઠું ખાવું નહિ. (૨) શીતળા હલકા આવવા માટે:—સુઓણની છાલ તાવીતમાં ભરી તે ગળે બાંધવી. (૩) અસ્થિભંગ ઉપર:—સુઓણની છાલ લાવી બારીક ખાંડવી અથવા તેમાંજ ચતુર્થાંશ નાચણીનો લોટ નાખી થોડું પાણી

વૈદ્યક વ્યાવહારિક ગ્રંથોમાં લખે છે કે, જો પિત્તનો ઝાડો થતો હોય તો ધોળા ચંદનનું લાકડું ઘસીને પાવું; અને ઝાડામાં લોહી આવતું હોય તો રાતું ચંદન ઘસી તેમાં મેળવવું અને પિત્ત તથા રુધિર બંને જતાં હોય તો બંને ચંદન ઘસીને પાવાં. લોહીની ઉલટી આદિ રોગોમાં સતા ચંદનને દૂધમાં ઘસીને અપાય છે.

ખાંટી ખાવા આપવી અને તે મિશ્રણનો હાડ કુખતાં હોય કિંવા હાડકું ભાગ્યું હોય તે સ્થળે દોઢ આંગળ જાડાઇનો લેપ કરવો તથા તે ઉપર ગુણપાટનું ટાટ બાંધી ઘટ્ટ પાટો બાંધવો અને સાત દિવસ ગયા પછી એક વાર છોડી જોઇ વ્યથિત (દુઃખી) જગ્યાએ ઓષધનો લેપ કમી થયો હોય તો તુરત લેપ કરી ઉપર પ્રમાણે પાટો બાંધવો. આ યોગથી કોઇ પણ પ્રકારનો અસ્થિભંગ થયો હશે તો જલદી ગુણ આવે છે.

૫૯૯ સુરપીણ—સં૦ સુરપર્ણ. મ૦ સુરપીણ. તા૦ ક૦ તે૦ મંચપત્રી, માચીપત્રી. અ૦ અફ્સંતની. ૫ં૦ ભુયમદોરન. લા૦ આર્ટેમિસિયા ઇંડીકા. મલા૦ નિલાંપલા.

આ એક શીમળાની જાત છે. એનાં પાંદડાં શીમળાનાં પાંદડાં જેવાં કાત્રાદાર હોઇ નાનાં હોય છે. એ ઝાડ બે હાથ ઉંચાં વધે છે. એને ધોળાં અગર પીળાં ફૂલ આવે છે. સુરપીણ સ્વાદે કડવી અને તીખી હોઇ પાચક પણ છે. ઉપયોગઃ—**(૧) કાન પાક્યો હોય તે ઉપરઃ**—સુરપીણનાં પાંદડાંનો રસ કાનમાં પાડવો એટલે દુઃખ બંધ થાય છે. **(૨) બાળકની હગામણ ઉપરઃ**—સુરપીણનાં પાંદડાં ગાયના તાજા દૂધમાં ઘસી પાવાં. **(૩) બાળકની ઉધરસ, સળેખમ અને કૃમિરોગ ઉપરઃ**—સુરપીણનાં મૂળ મધમાં પાવાં, અથવા પાંદડાંનો રસ મધમાં પાવો. **(૪) દમ ઉપરઃ**—સુરપીણનાં પાંદડાંનો કિંવા ફૂલનો રસ પાવો. **(૫) નળવિકાર ઉપરઃ**—સુરપીણનાં લીલાં પાંદડાંનો રસ ૧ તોલો કાઢી તેમાં થોડી મરીની ભૂકી નાખી પાવો.

૬૦૦ સુરણ—સં૦ મ૦ સુરણ. હિં૦ જમીકંદ. તે૦ મચાકંદા, દોલકંદા. બં૦ ઓલ. લા૦ એમેર્ફોફેલસ્ પેનિક્યુલેટસ્.

સુરણ **હિંદુસ્તાનના** ઘણાક પ્રાંતોમાં થાય છે; પરંતુ **મલબારમાં** એનો પાક વિશેષ થાય છે. આ કંદ ચૈત્ર-વશાખમાં વાવે છે અને માગશર-પોષમાં તે ખોદી કાઢે છે. કોઈ કોઇ મોટું થવા ત્રણ વરસ સુધી જમીનમાં રાખે છે. એ જમીનમાં રહેલું સુરણ એક મણ કે તેથી વધારે વજનનું હોય છે. સુરણની આકૃતિ ગોળ ચક્કર જેવી હોય છે. સાધારણ સુરણનું વજન મણ-પોણો મણ હોય છે. એમાં બે જાત છે. એક ખુજલીવાળી અને બીજી મીઠી. ખુજલીવાળું સુરણ ખાવાથી મોં સૂજે છે અને અનેક વિકારો થાય છે; પરંતુ તે ઔષધના ઉપયોગમાં આવે છે. એ સુરણ પાંચ-૭ વર્ષ જમીનમાં રહે છે. **દક્ષિણમાં** સુરણની ઉત્પત્તિ ઘણી થતી નથી. સુરણના ઝાડનો સોટો હાથના કાંડા જેવડો હોઇ તે ઉપર વિસ્તીર્ણ છત્રી જેવાં પાંદડાં હોય છે. એના દાંડાનો રંગ ધોળો હોઇ તે ઉપર શુભ્ર રંગનાં ટપકાં અને ચાંદાં ઠેકાણે ઠેકાણે હોય છે. સુરણ એ અર્શરોગનાશક છે, માટે એનું "અર્શોઘ્ન" એવું નામ છે. સુરણનાં ફૂલનું શાક સરસ થાય છે. એનાં કુમળાં પાંદડાંનું પણ શાક કરી ખાય છે; અને જૂનું થયા પછી વચ્ચેના દાંડાનું શાક કરી ખાય છે. સુરણનું શાક સરસ થાય છે. એ શાકને ઘીનો વઘાર કરે છે. સુરણ ઉષ્ણ અને પૌષ્ટિક છે. **મીઠું અને ધોળું સુરણઃ**—રુચિકર, તીખું, ઉષ્ણ, અગ્નિદીપક, છેદક, લઘુ, રૂક્ષ, તુરૂં, મલાવષ્ટંભક, વિશદ, પાચક તથા રક્તપિત્તકોપન છે; અને કૃમિ, ગુલ્મ, શૂળ, અર્શ, કફ મેદ, વાયુ, અરુચિ, દમ, ઉધરસ, ઉલટી તથા બરોળ-નો નાશ કરે છે. આ સુરણ હૃદ્રોગી, રક્તપિત્તી અને કુષ્ઠીને હિતકારક થતું નથી. **એના દાંડાઃ**—રુચ્ય, લઘુ તથા દીપન છે અને કફ, વાયુ તથા અર્શનો નાશ કરે છે. **ખાજરા અને રક્તવર્ણ સુરણઃ**—તુરૂં, લઘુ, વિષ્ટંભી, રૂક્ષ, વિશદ, તીખું, રુચિકર, દીપન, પાચન, પિત્તલ તથા દાહક છે; અને કૃમિ, કફ, વાયુ, દમ, ઉધરસ, ઉલટી, શૂળ, ગુલ્મ તથા જાડ્યનું નાશક છે. **ખારેરાન સુરણઃ**—પિત્તકર, રક્તકર અને કફનાશક છે. ઉપયોગઃ—**(૧) મૂળવ્યાધિ ઉપરઃ**—સુરણના કકડા ઘીમાં તળી ખાવા આપવા. **(૨) આમ ઉપરઃ**—સુરણના કાંદા સૂકવી ચૂર્ણ કરવું અને ઘીમાં શેકી કિંવા તળી સાકર નાખી ખાવા આપવું. **(૩) મૂળવ્યાધિ ઉપર—સુરણ વટકઃ**—સુરણ સૂકવી કરેલું ચૂર્ણ ૩૨ તોલા, ચિત્રો ૧૬ તોલા, સૂંઠ ૪ તોલા, મરી ૨ તોલા, એ સર્વ ઓષધીનું ચૂર્ણ કરી તેનાથી બમણો ગોળ નાખી ગોળીઓ કરી આપવી; એટલે ૭ પ્રકારના મૂળવ્યાધિ દૂર થાય છે.

૬૦૧ સુરબંધ—(સં૦ મંચપત્રી. મ૦ સુરબંધ. સાષ્ટી૦ મારએટી.) એ ઝાડ સુમારે હાથ-દોઢ

હાથ ઉંચાં વધે છે. લીલી જમીનમાં આ ઝાડ પુષ્કળ થાય છે. એનાં પાંદડાં શેવતીનાં પાંદડાં જેવાં પરંતુ તે કરતાં નાનાં અને પહોળાં હોય છે. એ પાંદડાંને પુષ્કળ ખાંચા હોય છે. એ સુવાસિક હોઈ ઘણાંજ કડવાં હોય છે. આ ઝાડને કોથમીના જેવા ફૂલના ગુચ્છા આવે છે. એનો રંગ ગુલાબી હોય છે. એ ફૂલ કડવાં હોય છે. આ ઝાડ કીરમાણી અજમાની જાતનું છે. એનાં ફૂલનો ઉપયોગ કીરમાણી અજમાની પેઠે થાય છે. એને સાષ્ટી પ્રાંતમાં "મારબેટી" કહે છે. **સુરબંધ**-કડવું, ઉષ્ણ તથા પિત્તલ છે; અને કફ, વાયુ, વિષદોષ, દમ, જ્વર, કૃમિ તથા દુર્ગંધનો નાશ કરે છે. **(૧) બાળકોના કૃમિ, પેટના દુઃખાવા તથા આફરા ઉપર તથા મોટા માણસના અજીર્ણ અને ઉદરશૂળ ઉપરઃ**—સુરબંધનાં પાનનો રસ પીવરાવવો. **(૨) ચાંચડ દૂર કરવા માટેઃ**—સુરબંધીનું ઝાડ લાવી ઘરમાં રાખવું. એના ઉગ્ર વાસથી ચાંચડ ભાગી જશે.

૬૦૨ સુરૂ (પીળા બેરજાનું ઝાડ)—સં૦ સરલ. મ૦ સરળદેવદાર, શુરૂ. હિં૦ ધૂપસરલ. બં૦ સરલકાષ્ઠ. ક૦ સરલદેવદારુ. ઇં૦ લૉંગલીવ્ડ પાઇન. લા૦ પાઇનસ લૉંગીફોલિયા.

આ ઝાડ બહુ સુંદર દેખાય છે. એ સીધું ઉંચું વધે છે. એનું થડ બારિક અને આખું હોય છે. એ ઝાડ નિરંતર લીલુંછમ રહે છે. શોભા માટે એ ઝાડ બાગમાં વાવે છે. આ ઝાડનું લાકડું ઘણું મજબૂત અને ટકાઉ હોય છે. એ ઝાડમાંથી દૂધ નીકળે છે, તેને બેરજો કહે છે. તે તંતુવાદ્યના તારને ચોપડવાને ઉપયોગી થઇ પડે છે. આ દૂધ અગ્નિ ઉપર નાખવાથી તેનો ધૂપ જેવો સુગંધ આવે છે. **સુરૂનું ઝાડઃ**—મધુર, કડવું, પાકકાળે અને રસકાળે તીખું, લઘુ, સ્નિગ્ધ તથા ઉષ્ણ છે; અને કર્ણરોગ, નેત્રરોગ, કંઠરોગ, રાક્ષસબાધા, કફ, વાયુ, પરસેવો, જૂ, ઉધરસ તથા વ્રણનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) ગયેલા કેશ આવવા માટેઃ**—સુરૂનાં પાંદડાં પાણીમાં વાટી તેનો લેપ કરવો.

૬૦૩ સૂર્યફૂલ (સૂરજમુખી)—સં૦ આદિત્યભક્તા. મ૦ આદિતા, સૂર્યફૂલવલ્લી, ખોબરદોડી. હિં૦ હુરહુજ, સોંચલી. તૈ૦ સૂર્યકાંતીપુ. તા૦ વ્રુ૦ ક૦ સૂર્યકાંતી. ફા૦ ગુલેઆફ્તાબ્પરસ્ત. અ૦ અરદમૂન. ઇં૦ સન ફ્લોવર, સુહેલીએંથ. લા૦ હેલીએંથસ એન્યુઅરા. બં૦ હુડહુડે, બનશલતે.

સૂર્યમુખીના છોડ હરેક ઠેકાણે ઉગી શકે છે. તે આપોઆપ ઉગતા નથી, પણ ધાન્યની પેઠે તેનું વાવેતર કરવું પડે છે; અને તે વાવ્યા પછી ચાર મહિનામાં તૈયાર થાય છે. એ છોડ માથોડાં કરતાં એકાદ બે હાથ ઉંચેસુધી વધે છે. તેનાં પાંદડાં કાત્રાદાર, હૃદયાકાર, જરા લાંબાં, પાતળાં અને ખરબચડાં હોય છે. એની લંબાઈ ૧૨–૧૫ આંગળ અને પહોળાઈ ૧૦–૧૨ આંગળ હોય છે. પાંદડાંનું દીંટડું લાંબું હોય છે. આ છોડ અનેક પ્રકારે મહત્ત્વનો હોવાથી તે સંબંધી કેટલાંક વર્ષોની શોધ પછી અમે આગળ જણાવ્યા પ્રમાણે સિદ્ધાંત ઠરાવ્યો છે. એનાં બી ખેડીને વાવવા કરતાં જો હાથવડે વાવ્યાં હોય તો તે વધારે ફાલે છે. તે જો આશ્લેષા કે મઘા નક્ષત્રમાં વાવ્યાં હોય તો વધુ સારૂં; પરંતુ આર્દ્રા નક્ષત્રમાં વાવ્યાં હોય અને હસ્તનો વરસાદ જો ઓછો પડયો હોય તો વળી વધુ સારો પાક થાય છે. પૂર્વા—ઉત્તરા નક્ષત્રમાં વાવ્યાં હોય અને દિવાળીના અરસામાં વરસાદ પડયો હોય તો વળી ઉપરના બન્ને કરતાં વધુ સારો પાક ઉતરે છે. એ છોડના પત્રદંડનો ઘેરાવો ૫–૬ આંગળ હોય છે. તે પર લાંબાં લાંબાં ધોળા રંગનાં ડાંડલાં હોય છે. પ્રત્યેક પાંદડાંની બગલમાંથી ફૂલ નીકળે છે. મુખ્ય દંડના મથાળે સૌથી પ્રથમ ફૂલ નીકળે છે અને તે સર્વ કરતાં મોટું હોય છે. તેના પુષ્પકોષમાં ચાર પડદા હોય છે. એ ફૂલનો રંગ પીળી કણેરનાં ફૂલ જેવો હોય છે. તેના મધ્યભાગમાં કિંજલ્ક કોષ હોય છે અને તેની વચ્ચે બીજ હોય છે. ઉત્તમ વર્ગનાં ઝાડને ૪૦ સુધી ફૂલ આવે છે અને તે એકેકા ફૂલમાં કમમાં કમ ૫૦ અને વધુમાં વધુ ૮૦૦ બીજ હોય છે.

આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ એ ઝાડ બહુજ મહત્ત્વનું છે. તેના ફૂલનું મુખ, સવારથી સાંજ સુધીમાં સૂર્ય જેમ જેમ ફરે છે તેમ તેમ ફરતું રહે છે. આમ હોવાથી તે ઝાડને આદિત્યભક્તા અને તેવાજ અર્થનાં બીજાં નામો અપાયાં છે. ઈશ્વરના અનુગ્રહને માટે જેવી રીતે મનુષ્યો તેના પ્રતિ ભક્તિ દર્શાવે છે, તેવીજ રીતે સૂર્યદેવના અનુગ્રહ માટે ઉદ્‌ભિજ્જ પણ ભક્તિ દર્શાવતાં જણાય

કે આરોગ્યતાની દૃષ્ટિએ એ વાત તો નિર્વિવાદ સિદ્ધ થયેલી છે કે, જે ઠેકાણે સૂર્યનાં પ્રખર કિરણો પહોંચતાં નથી, તે જગ્યા નીરોગી રહી શકતી નથી. આમ હોવાથીજ પાણીવાળી, ભેજવાળી, અંધારાવાળી અને ગાઢી ઝાડીવાળી જગ્યા તાવના ઘરરૂપજ જણાય છે. આવે ઠેકાણે સૂર્યમુખીનાં ઝાડ વાવ્યાં હોય તો રોગ દૂર થઇ બગડેલી હવા સુધરી જાય છે. દક્ષિણ આફ્રિકામાંના અને યુરોપમાંના કેટલાક ભાગો કે જે અનેક પ્રકારની ખરાબ હવાને લીધે રોગમાં ઘેરાઇ રહેલા હતા, ત્યાં કેટલાક શોધકબુદ્ધિના ડૉક્ટરોએ આ ઝાડનું વાવેતર કરાવી જોયું. તેનું પરિણામ એ આવ્યું કે, ત્યાં ચાલતા રોગ દૂર થઇ તે ભાગ સારા આરોગ્યવાળા થયા. આવો ઉત્તમ ગુણ હોવાથી પ્રત્યેક જણે પોતાના ઘર સામે આ ઝાડના ૧૦–૧૫ છોડ વાવવા એ આરોગ્યતાની દૃષ્ટિએ ઘણુંજ હિતાવહ છે.

વ્યાપારી દૃષ્ટિએ જોતાં તેનાં બીઆંનું તેલ અત્યંત ઉપયોગી છે. એ તેલ ઘાસના જેવા રંગનું હોય છે. ખાવામાં તે સારૂં અને પથ્યકારક છે. તેમાં પુરી વગેરે પદાર્થ અમે બનાવી જોયા છે. એ તેલમાં કોઇ પણ પ્રકારની દુર્ગંધ અથવા તીવ્ર વાસ હોતી નથી; એટલુંજ નહિ પણ બીજા તેલની પેઠે તે રાખી મૂકવાથી લીલું થઇ જતું નથી, તેમજ તેમાં તળેલ પદાર્થ રાખી મૂકવાથી કોઈ રીતે બગડતો નથી. વળી રોગાન બનાવવામાં તથા ચિત્રકાર્ય માટેના રંગમાં જે મોંઘું તેલ વાપરવું પડે છે, તેને બદલે આ તેલનો ઉપયોગ બહુ ઉત્તમ રીતે થઇ શકે છે. આ ઝાડનું વાવેતર મોટા પ્રમાણમાં કરી તેમાંથી તેલ કાઢવાથી 'એક પંથ દો કાજ'ની પેઠે હાલમાં અનેક પ્રકારના ભયંકર રોગોથી વ્યાપ્ત થયેલા હિંદુસ્તાનની હવા સુધરે અને વળી તેલનો મોટો વેપાર ચાલી શકે તેમ છે; પરંતુ આપણા દુર્દૈવને લીધે આપણા લોકોનું લક્ષ આવા ઉપયોગી વિષય તરફ જેટલું જવું જોઇએ તેટલું જતું નથી, એ દુઃખની વાત છે. રશિયાના કેટલાક ભાગમાં મોટા પ્રમાણમાં આનું વાવેતર કરવાનો ઉદ્યોગ ચાલુ થયો હોય એમ જણાય છે.

આ છોડને વાવવાને જમીન સાધારણ રાતી અને લીલી (ભીનાશવાળી) જોઇએ. જેઓના ઘરની આસપાસ તથા ઘરમાં ભેજ હમેશાં રહેતો હોય અને તેને લીધે હવા ઘેરાયલી રોગમૂલક રહેતી હોય તેઓએ પોતાના ઘરની આસપાસ સૂરજમુખી ફૂલનાં ઝાડ અવશ્ય લગાડવાં જોઇએ. આ ઝાડમાં રોગ ઉત્પન્ન કરનારી ભેજવાળી અને દુર્ગંધયુક્ત હવાને શોષણ કરી લેવાની શક્તિ છે, જેથી ઘરની તેમજ આસપાસની હવા શુદ્ધ થાય છે અને મેલેરીઆ તાવ, સંધિવા તેમજ ભેજથી ઉત્પન્ન થતી અન્ય બિમારીઓ ત્યાંથી તરત નાસી જાય છે. ફૂલમાંનાં બીઆં તથા પેરાળ ઢોરો પ્રેમથી ખાય છે. આ સૂર્યફૂલના છોડને "સૂર્ય કમળ" પણ કહે છે. **સૂરજમુખી ફૂલનું ઝાડ:**—તીખું, ઉષ્ણવીર્ય, સંદીપન, સ્વર્ય, રસાયનોપયોગી, કડવું, તૂરૂં, લઘુ, રૂક્ષ તથા સારક છે; અને કફ, વાયુ, રક્તદોષ, દમ, ઉંવરસ અરુચિ, તાવ, વિસ્ફોટક, કોઢ, મેદ, અસ્મરી, યોનિશૂળ, મૂત્રકૃચ્છ્ર, પાંડુ તથા ગુલ્મનો નાશ કરે છે. ઉપયોગઃ—**(૧) ભૂતજ્વર ઉપર:**—સૂર્યફૂલનાં મૂળ કાનમાં બાંધવાં. **(૨) પ્રસૂતિ જલદી થવા માટે:**—સૂર્યફૂલનાં મૂળ ચોટલે બાંધવાં. **(૩) છોકરાંના પેટના ભાર ઉપર:**—સૂર્યફૂલનો રસ દશ ટીપાં સુધી શક્તિ–અનુસાર દૂધમાં પાવો. પેટું ફૂલેલું હોય (મળ રોકાયલો હોય) તો આંગળી જેવડી બારિક છિદ્રની નળી લઈ તે નળીમાં સૂર્યફૂલનું વસ્ત્રગાળ ચૂર્ણ ભરવું અને તે નળીનું એક મોં મળદ્વારમાં ઘાલી બીજા મુખે જોરથી ફૂંકવું; એટલે ઔષધ રોગ ઉપર પહોંચે છે અને રોગ નીકળી જાય છે. **(૪) વિંછીના વિષ ઉપર:**—સૂર્યફૂલનાં પાંદડાંનું નસ્ય આપવું અને લેપ કરવો. **(૫) જુલાબ થવા માટે:**—સૂર્યફૂલનાં તેલનું ડુંટી ઉપર ટપકું પાડવું અને જુલાબ બંધ થવા એ તેલ વાંસાના હાડકા ઉપર ચોપડવું.

૬૦૪ સોનવેલ—સં૦ સ્વર્ણવલ્લી, રક્તવલ્લી, કાકવલ્લી. તૈ૦ બેક્કડતોગે. મ૦ સોનવેલ.

એને આકાશવેલ પણ કહે છે. સોનવેલ દાભણ જેવડી જાડી હોય છે. એ ઝાડ ઉપર પ્રસરે છે. એનાં મૂળ ઝાડ ઉપરજ હોઈ તે મૂળ ક્યાં હોય છે તે સમજાતું નથી. એ વેલીને સોના જેવા પીળા રંગની બારિક દોરી હોય છે. આપણે અહીં ઘણું કરીને એ વેલ ખરસાણીનાં ઝાડ ઉપર અને વાડો

ઉપર હોય છે. એને આ દેશમાં નાગરવેલના નામથી ઓળખે છે; પણ તેનું ખરૂં નામ તો સોનવેલજ છે. **સોનવેલ:**—દુગ્ધપ્રદ હોઈ ત્રિદોષ અને મસ્તકપીડાનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) બાળકની વરાધ ઉપર:**—સોનવેલનો રસ મધમાં પાવો.

૬૦૫ **સોનારવેલ**—આ વેલનાં પાંદડાં પીપળાનાં પાંદડાં જેવાં હોઇ એની પહોળાઇ એક વેંત અને લંબાઇ સવા વેંત હોય છે. એ વેલાની જાડાઈ હાથની આંગળી જેટલી હોય છે. એનો રંગ રાતો અને ધોળો પણ હોય છે. પ્રથમ એનાં પાંદડાંનો રંગ રાતો હોઇ પછી લીલો થાય છે. એ પાંદડાં જૂનાં થયા પછી તે ઉપર રાતા રંગનાં ચાંદાં હોય છે. **ઉપયોગ:**—**(૧) કૉલેરા અને સર્પાદિકના વિષ ઉપર:**—સોનારવેલનાં પાંદડાંનો રસ પાવો, કિંવા મૂળ પાણીમાં ઘસી આપવાં કિંવા ચાવી ખવરાવવાં. **(૨) ગરમીના આજારથી શરીર ઉપર ચાંદીઓ થાય તે ઉપર:**—સોનારવેલનાં મૂળ સૂકવી રોજ ગાયનું દૂધ ૫ તોલા લઇ તેમાં ચંદનની પેઠે તે મૂળ ઘસી તે ઘસેલું શુમારે ૬ માસાપર્યંત દૂધમાં મેળવી, તેમાં સાકરની ભૂકી ૧ તોલો અને જીરાની ભૂકી બે રતીભાર નાખી, દરરોજ એક વખત ખાવાથી કોઇ પણ પ્રકારની શરીરમાં જામેલી ગરમી નીકળી જઇ પ્રકૃતિ જરૂર સુધરે છે. આ ઔષધ ઘણુંજ ઉત્તમ છે. પથ્ય પાળવું.

૬૦૬ **સોપારી**—સં૦ પૂગ. મ૦ પોફળ. હિં૦ ક૦ અડિકે-મારા. તૈ૦ પોકાકાયા, કમકમુ. તુ૦ કાંગુ. મલા૦ તા૦ કમુકૂ, પૂગમ્. ફા૦ પોપીલ. અ૦ ફેફિલ. ઇં૦ બિટલનટ પામ. લા૦ એરિકા કેટેચ્યુ.

એ ઝાડની ઉંચાઇ ત્રીસ-ચાળીસ હાથ હોય છે. એને તાડના જેવી ઝાવલીઓ આવે છે. સોપારી **સહ્યાદ્રિ પર્વતના** સર્વ પ્રદેશમાં પાકે છે; પરંતુ **માંગલોર, તાલેચેરી, કોચીન, હુબળી, ગોમાંતક, શ્રીવર્ધન અને વસઈ,** એ ઠેકાણે પુષ્કળ થાય છે. **શ્રીવર્ધનથી** જે ધોળી સોપારી આવે છે, તે ઘણીજ ઉત્કૃષ્ટ છે. સોપારીનું ઝાડ ચીકણું હોય છે. સોપારી છોલી બાફવાથી રાતી સોપારી બને છે. બાફ્યા સિવાય છોલી સૂકવેલી હોય તે ધોળી સોપારી થાય છે; અને કુમળી સોપારી બાફવાથી ચીકણી સોપારી થાય છે. સોપારી એકલી અથવા પાનમાં નાખી ખાય છે. સોપારી તોડવાથી જે રસ નીકળે છે તે ચીકણો હોય છે. તે રસ લાકડાંઓને અને વહાણોને ચોપડે છે. સોપારી બાફ્યા પછી જે પાણી રહે છે તેને ઉકાળીને ગટ્ટો કરી રાખે છે, તેને સોપારીનાં ફૂલ કહે છે. સુવાવડી સ્ત્રીઓને માટે મસાલાની જે સોપારી બનાવે છે તેમાં તેનો સારો ઉપયોગ થાય છે. અર્ધી સોપારી આવે એવી એક સોપારીની જાત છે. **સોપારી સાધારણ:**—મોહક, તૂરી, સ્વાદુ, રૂચ્ય, સારક, મધુર, ગુરુ, કિંચિત્ તીખી, પથ્ય તથા દીપન છે; અને મુખવૈરસ્ય, ત્રિદોષ, ઉલટી, ક્લેદ, મળ, કફ, વાયુ, પિત્ત તથા દુર્ગંધીનો નાશ કરે છે. **લીલી સોપારી:**—અભિષ્યંદી, ગુરુ, તૂરી, શુદ્ધિકારક તથા સારક છે; અને દૃષ્ટિ તથા અગ્નિમાંદ્યકારક અને મુખમળ, રક્તદોષ, પિત્ત, કફ, ઉદર તથા આધ્માનનો નાશ કરે છે. **સૂકી સોપારી:**—રુચિકર, પાચક, રેચક, વાતલ તથા સ્નિગ્ધ છે; અને ત્રિદોષ તથા કંઠરોગનો નાશ કરે છે. એ પાન સિવાય ઘણી ખાવાથી પાંડુરોગ અને સોજો આણે છે. **પાકેલી લીલી સોપારી:**—છેદક અને ત્રિદોષનાશક છે. **સૂકી પાકેલી સોપારી:**—વાતલ, સ્નિગ્ધ અને ત્રિદોષનાશક છે. **ચીકણી સોપારી:**—સર્વ દોષ દૂર કરે છે. **તેલંગણ-આંધ્રમાં થયેલી સોપારી:**—તૂરી, પાક વખતે મધુર તથા કિંચિત્ ખાટી છે; અને કફ, વાયુ તથા મુખજાડયની નાશક છે. **કોંકણમાં ચેઉલ** પ્રાંત છે ત્યાંની **સોપારી:**—અગ્નિદીપક, પાચન, બલકર, રસાઢ્ય અને કફનાશક છે. **રોઠી** (જે મજબૂત હોય છે એવી) **સોપારી:**—તીખી, તૂરી, ઉષ્ણ, અગ્નિદીપન, રુચિકર તથા પિત્તલ છે; અને મલાવષ્ટંભની નાશક છે. **બલબુલી સોપારી:**—રુચિકર, પાચન તથા દીપન છે; અને ત્રિદોષ, આમ, મલાવષ્ટંભ તથા મેદની નાશક છે. **ચંદાપુરી સોપારી:**—રસ વખતે મધુર, તીખી, સ્વાદુ, તૂરી, રુચિકર, અગ્નિદીપન તથા પાચન હોઇ કફનાશક છે. **ગુહાગરી સોપારી:**—મધુર, તૂરી, તીખી, પાચક, દ્રાવક, લઘુ, વિશદ તથા મલાવષ્ટંભક હોઈ આધ્માનવાયુની નાશક છે. **નેલવતી સોપારી:**—મધુર, રુચિકર, કંઠશુદ્ધિકર, લઘુ, પાચન, સારક, કાંતિકર તથા રસાલ હોઇ ત્રિદોષનાશક છે. **સોપારીના ઝાડનો ચીક:**—શીતલ, સંમોહન, ગુરુ, પાક વખતે ઉષ્ણ, ખારો, ખાટો તથા પિત્તલ

હોઈ વાયુનો નાશક છે. ઉપયોગ:—(૧) ઉલટી ઉપર:—સોપારીની વીરી(પ્રત્યેક ઝાવલી નીચે જાડા કાગળ જેવો ભાગ હોય છે તે એટલે ત્રોપાનાં છોડાં)ની રાખ કરી તે રેશમની અને સૂકા લીમડાની રાખમાં મેળવી તે પાણીમાં કાલવી તેમાં બીજોરાનાં મૂળ ઘસી પાવાં. (૨) ઢોરોના ખાવામાં ઝેરી કીડા આવવાથી રેચ થાય તે ઉપર:—સોપારીનાં ફૂલ બારિક કરી તે લોટમાં મસળી પાણી નાખી તેનો ગોળો કરી ખવરાવવો. (૩) મૂત્રાઘાત ઉપર:—સોપારીની વીરીની (ત્રોપાનાં છોડાંની) રાખ કરી પાણીમાં કાલવી તેનો બસ્તિ ઉપર લેપ કરવો. (૪) આમવાત ઉપર:—સારી રોઠી સોપારી લઈ રાત્રે પાણીમાં પલાળી રાખી તે સવારે વાટવી અને જૂની આમલીનો જાડો કલ્ક કરી તેમાં તે સોપારી નાખી તે ગળી જવી. પછી ઉપરાઉપરી ગરમ પાણીના ઘુંટડા પીવા. આ યોગથી સાફ રેચ થઈ આમવાત દૂર થાય છે. (૫) આધાશીશી ઉપર:—અર્ધી સોપારી આવે છે તે ઘસી લેપ કરવો. (૬) વિસર્પ અને ચાઠાં ઉપર:—ઠંડા પાણીમાં ચીકણી સોપારીનું ચૂર્ણ નાખી તે પાણી રોજ ચોપડવું અથવા ચીકણી સોપારી ઘસી ચોપડવી. (૭) કૃમિ ઉપર:—સોપારીનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૮) ખસ ઉપર:—સૂકાયેલી સોપારી ઉપરની છાલ બાળી તેની કાળી રાખ કરી તલના તેલમાં ખરલ કરી ચોપડવી. (૯) લાપોટીઆ ઉપર:—ચીકણી સોપારી, આમલીના ઠળીઆ તથા ગુગળ, એ ગીના પાણીમાં ઘસી લાપોટીઆ ઉપર દિવસમાં બે ત્રણ વાર લેપ કરવો.

૬૦૭ **સોરંગી**—સં૦ સુરપુન્નાગ. મ૦ સુરંગી. કો૦ મીઠી ઉંડણ. બં૦ છલિયાના ફૂલ. હિં૦ કામલ, સુરપુન્નાગ. ક૦ સુરઅન્ને, સુરહોન્ને, સુરિગે. તા૦ કામબોચ. તુ૦ પોન્નેડામારા. મલા૦ પુન્ના. તૈ૦ સુરપુન્નાગમુ, વસંતગંધમુ. લા૦ રોટલેરા ટિંકટોરીઆ.

આ ઝાડ ઉંડણીના જેવું હોઈ પાંદડાં પણ ઉંડણીના જેવાંજ હોય છે. એ ઝાડ વિશેષ કરી કોંકણ પ્રાંતમાંજ થાય છે. કોંકણમાં સોરંગીને "મીઠી ઉંડણ" કહે છે. સોરંગીનાં ફૂલનો ભરાવો માઘ કે ફાગણ માસમાં થાય છે. એનો વાસ ઘણો આવે છે. એ ઝાડને વાવ્યા પછી પાંચ-છ વર્ષે ફૂલ આવવા માંડે છે. એનું લાકડું ઇમારતના કામમાં ઉપયોગમાં આવે છે. સોરંગીને ફૂલ્યા સિવાય કળીઓ સૂકવી તે દેશાવર રંગને માટે જાય છે. એ કળીઓનો રંગ રેશમ, મલમલ વગેરે ઉંચાં કપડાં રંગવાના ઉપયોગમાં ઘણો આવે છે. સોરંગીનાં ઝાડ કડવાં છે અને એના ગુણ ઉંડણી કરતાં વધારે છે.

૬૦૮ **સોમવલ્લિ (સોમલતા)**—સં૦ સોમવલ્લી, સોમક્ષીરી. મ૦ સોમવલ્લી. લા૦ સારકોસ્ટેમા બ્રેવિસ્ટિગ્મા. તે૦ પલ્લટીજી. ઇ૦ મુનપ્લેન્ટ. હિં૦ બં૦ સોમલતા. તૈ૦ ટિગટ, સુમ્મુડ, પુલ્લતોગે.

સોમવલ્લીમાં નાની અને મોટી એવી બે જાત છે. એને શુક્લપક્ષમાં ૧૫ પાંદડાં આવે છે અને તે કૃષ્ણપક્ષમાં ખરી પડે છે. સોમવલ્લી દેખાવે ખરસાણી જેવી દેખાય છે. એનો રંગ લીલો હોય છે. એને "અપત્રવલ્લિકા" અને "બ્રાહ્મી" પણ કહે છે. ઋગ્વેદમાં સોમવલ્લીનું મહત્ત્વ ઘણુંજ વર્ણવેલું છે. સોમવલ્લીના રસમાં બુદ્ધિ વધારવાનો ગુણ હોઈ તે મદિરાના જેવો મદ ઉત્પન્ન કરતી નથી. એના ડીંટામાંથી પ્રાચીનકાળમાં એક પ્રકારનું મદ્ય તૈયાર કરતા હતા. **સોમવલ્લી:**—તીખી, શીતલ, મધુર, પાચન તથા રસાયન છે; અને પિત્ત, દાહ, તરસ, શોષ તથા ત્રિદોષની નાશક છે. **લઘુ સોમવલ્લી**× (જેને મરાઠીમાં રાનશેર કહે છે તે):—રસ, વીર્ય અને ગુણમાં ઉપર જેવી જાણવી. ઉપયોગ:—(૧) કમળા અને યકૃતવિકાર ઉપર:—સોમવલ્લીનું ડીંટું સૂકવી તેનું ચૂર્ણ કરી આપવું. (૨) તાવ ઉપર:—કુમળાં પાંદડાંનો કાઢો પાવો.

૬૦૯ **સ્થલકમલિની**—સં૦ મ૦ હિં૦ બં૦ સ્થલપદ્મિની, સ્થલકમલિની. ક૦ કલુતાવરે,

× કહે છે કે, સોમવલ્લીનો રસ બ્રાહ્મણસિવાય અન્ય વર્ણનો કોઈ પીએ તો ઉલટી થઈ જાય છે; છતાં એનામાં કંઠ સુધારવાનો અને બુદ્ધિ વધારવાનો ગુણ હોવાથી કેટલાક પીએ છે. એનાથી થયેલ ઉલટીના છાંટા શરીરની ચામડી ઉપર જ્યાં જ્યાં ઉડે ત્યાં ત્યાં કોઢના જેવાં ચાઠાં થઈ શરીરના વર્ણને બગાડે છે; એથી જળાશયમાં ગળાપૂર પાણીમાં ઉભા રહીને એનો રસ અથવા રસમિશ્ર ઔષધિનું સેવન થાય છે; જેથી ઉલટીના છાંટા શરીરને બાધ કરી શકતા નથી.

ઓરિસેતામરેગિઙ. તા० મલા० ઓરિસેતામરે. તે० મગલલીંગમુ. ગો० પુરુષરત્ન. લા० આયોનિડમ સુફ્રુટિકોસં.

પાણીમાં થનારી જળકમલિની જેવી વનમાં સ્થળકમલિનીની વેલા થાય છે. એને મરાઠીમાં "પદ્માવતી" અને "પદ્મચારિણી" પણ કહે છે. **સ્થલકમલિની:**—શીત, તીખી, કડવી, તુરી, લઘુ તથા સ્તનને ઘટ્ટ કરનાર છે; અને પિત્ત, કફ, વાયુ, મૂત્રકૃચ્છ્ર, પથરી, શળ, ભૂતબાધા, અતિસાર, મેહ, ઉલટી, દાહ, મોહ, રક્તવિકાર, દમ, ઉંવરસ, ગોતા તથા વિષનો નાશ કરે છે.

૬૧૦ હરડે—સં० બં० હરીતકી. મ० હિરડા. હિં० હરડ, હડ, હર્ં. ક० અણિલેકાયી. તે० કરેક્કાય. તા० અંકેનં, કુડુમારા. દ્રુ० અણિલેમારા. મલા० કટુકકામારં. ફ્રા० હલિલે. અ० એહલીલજ. ઈં० માયરેબેલન્સ. લા० ટરમિનેલિયા, કેબુલા. ઉત્કલ—હરિડા.

હરડેનાં ઝાડ કોંકણ અને ગુજરાત દેશમાં ઘણાં થાય છે. એ ઝાડ મોટાં મોટાં થાય છે. એનાં પાંદડાં ધાવડીનાં પાંદડાં જેવાં હોય છે. એનું લાકડું ઇમારતના કામના ઉપયોગમાં આવે છે. હરડે રંગના કામમાં આવે છે. જે હરડે કુમળી લઇ સૂકવે છે, તેને **બાળહરડે** કહે છે. જે હરડે કઠિન કુહાડીથી પણ ન ભાગે તેવી, જાડી, લાંબી, અણીદાર, પાણીમાં બૂડનાર તથા બે અથવા બે કરતાં વધારે તોલા વજનની હોય છે તેને **સુરવારી** હરડે કહે છે. તે ઉત્તમ ગુણકારી છે. સાધારણ સુરવારી હરડેને કાબુલી હરડે કહે છે. અસલ **સુરવારી** હરડેની જાતનાં ઝાડ ઘણાં થોડાં હોય છે. મુંબઇમાં કેટલાક લબાડી વ્યાપારી બનાવટી સુરવારી હરડે કરીને વેચે છે. × હરડે અતિશય ઉપયોગી છે. તે નીચલા વચનથી જાણવામાં આવશેઃ—

"**नास्ति यस्य गृहे माता तस्य माता हरीतकी।**"

વૈદ્યકશાસ્ત્રમાં હરડેની સાત જાત કહેલી છે. **વિજયા, રોહિણી, પૂતના, અમૃતા, અભયા, જીવંતી તથા ચેતકી.** જે તુંબડી જેવી ગોળ હોય છે તે **વિજયા;** સાધારણ ગોળ હોય છે તે **રોહિણી;** જેમાં મોટી ગોટલી હોઇ જે પાતળી હોય છે તે **પૂતના;** જેની ગોટલી બારિક હોઈ જે માંસળ હોય છે તે **અમૃતા;** જેના અંગ ઉપર ઉભી પાંચ રેષા હોય તે **અભયા;** જેનો રંગ સુવર્ણ જેવો પીળો હોય છે તે **જીવંતી** તથા જેના અંગ ઉપર ત્રણ રેષાઓ હોય છે તેને **ચેતકી** કહે છે. વિજયા સર્વ રોગો ઉપર સારી છે. રોહિણી વ્રણરોપક છે. પૂતના લેપના કામમાં ઉત્તમ છે. અમૃતા રેચ આપવામાં ઉત્તમ છે. અભયા નેત્રરોગો ઉપર ઉત્તમ છે. જીવંતી સર્વ રોગની પરિહારક છે તથા ચેતકી ચૂર્ણના કામમાં ઉત્તમ છે. કાળી અને ધોળી એવી બે જાતની ચેતકી હોય છે. ધોળી ૬ આંગળ વિસ્તારની હોય છે અને કાળી એક આંગળ વિસ્તારની હોય છે. કેટલીક હરડે ખાવાથી, કેટલીકનો વાસ લેવાથી, કેટલીકનો સ્પર્શ કરવાથી તથા કેટલીકનાં દર્શનથીજ રેચ થાય છે. મનુષ્ય, પશુ, પક્ષી વગેરે કોઈ પણ પ્રાણી ચેતકીની છાયા નીચે સૂઇ જાય તો તેને તત્કાળ રેચ થવા લાગે છે. ચેતકીને જેટલી વાર હાથમાં પકડે તેટલી વાર સુધી નિશ્ચય રેચ થાય છે. રાજા, સુકુમાર, શક્તિક્ષીણ અને જેને ઔષધોની અરુચિ પ્રાપ્ત થયેલી છે તેઓને ચેતકીનો રેચ ઘણો સુખકર અને હિત કરનારો છે. હરડેની સાત જાતમાં વિજયા મુખ્ય છે; કારણ તે સહજ મળી શકે છે. * **હરડે:**—રૂક્ષ, ઉષ્ણ, અગ્નિદીપક, બુદ્ધિવર્ધક, મધુર, રસાયન, નેત્રોને હિતકર, આયુષ્યવર્ધક,

× બનાવટી હરડેની પરીક્ષા એવી છે કે, હરડેના ઉપર પાણીથી પલાળેલું ખાદીનું કપડું વિંટાળી તે નરમ થતાં સુધી રાખી મૂકવી. નરમ થયા પછી તેની સરખી ચાર ચીરો કરી, તે ચીરો પછી જેમ હતી તેમજ ગોઠવી સૂકા કપડાથી વિંટાળી રાખી મૂકવી. જો બનાવટી હશે તો તે કકડા ચોંટી જઇ, હતી તેવી અસલ સ્થિતિમાં આવી જશે; પરંતુ અસલ હશે તો કાપ્યા પછી પાછી ચોંટશેજ નહિ. આ સુરવારી હરડે દશ દશ તોલાની કિંવા એથી પણ વધારે વજનની હોય છે. સુરવાળી હરડે તાવવાળો મનુષ્ય થોડી વાર સુધી હાથની મૂઠીમાં દાબી રાખે, તો તેના પ્રતાપથી આખા શરીરે પરસેવો થઈ તત્કાળ તાવ ઉતરી જાય છે. એમ કેટલાકનું કહેવું છે.

* હરડેનું ફળ જે વખતે બહુજ નાનું જીરાના સમાન હોય છે, ત્યારે તેને હિં० હલેલેજીર

શરીરમાંનાં તત્ત્વોની વૃદ્ધિ કરનાર તથા વાયુનું અનુલોમન કરનાર છે; અને શ્વાસ, કાસ, પ્રમેહ, અર્શ, કોઢ, સોજો, કૃમિ, ઉદર, સ્વરભંગ, મલબદ્ધતા, વિષમજ્વર, ગુલ્મ, આધ્માન, તૃષા, ઉલટી, હેડકી, ખરજ, હૃદ્રોગ, કમળો, શૂળ, પ્લીહા, યકૃત્, મૂત્રકૃચ્છ્ર તથા મૂત્રાઘાતનો નાશ કરનારી છે. હરડે-માં મધુર, તીખો અને તૂરો રસ હોવાથી તે પિત્તનો નાશ કરે છે; તીખો, કડવો અને તૂરો રસ હોવાથી કફનો નાશ કરે છે; તથા મધુર અને ખાટા રસના યોગે વાયુનો નાશ કરે છે. હરડેની મજ્જામાં મધુર રસ, શિરામાં ખાટો રસ, ડીંટામાં તીખો રસ, છાલમાં કડવો રસ તથા ગોટલીમાં કષાય (તૂરો) રસ છે. હરડે ચાવી ખાવાથી અગ્નિ પ્રદીપ્ત કરે છે; ચૂર્ણ કરી ખાવાથી રેચ થાય છે; પકવી ખાવાથી મલસ્તંભન થાય છે અને શેકીને ખાધેલી હરડે ત્રિદોષશામક છે. ભોજન સાથે હરડે ખાવામાં આવે તો બુદ્ધિ, બળ અને ઇંદ્રિયોને તેજ આપે છે; અને વાત, પિત્ત તથા કફનો નાશ કરે છે; મળશુદ્ધિ થાય છે. જમ્યા પછી હરડે ખાય તો વાત, પિત્ત અને કફથી થયેલી પીડા દૂર થાય છે. હરડે સિંધવ સાથે ખાવાથી તે કફનો નાશ કરે છે. સાકર સાથે ખાવાથી પિત્તનો નાશ કરે છે. ઘીની સાથે ખાવાથી વાયુરોગનો નાશ કરે છે; તથા ગોળ સાથે ખાવાથી સર્વ રોગનો નાશ કરે છે. હરડે ગ્રીષ્મ ઋતુમાં ગોળમાં, વર્ષાઋતુમાં સિંધવમાં, શરદ્-ઋતુમાં સાકર સાથે, હેમંત ઋતુમાં સુંઠ સાથે, શિશિર ઋતુમાં લીંડીપીંપર સાથે અને વસંતઋતુ-માં મધ સાથે ખાવી હિતકારક છે. **હરડેનો નિષેધ:**—ચાલવામાં શ્રમિત થયેલ, દુર્બળ, કૃશ, જેને ઘણી તરસ લાગતી હોય, લંઘન કીધેલા, હનુસ્તંભ થયેલા, ગળુ પકડાઈ ગયેલા, શોષયુક્ત, નવજ્વરી, ગર્ભિણી અને રક્ત કાઢેલા એવા માણસને હરડે આપવી નહિ. **હરડેનાં બીઆંનાં મગજ:**—ચક્ષુષ્ય તથા ગુરુ છે અને વાયુ તથા પિત્તનો નાશ કરે છે. **ત્રિફળાં** (હરડે, બહેડા અને આમળાં):—દીપન, રુચિકર, ચક્ષુને હિતાવહ, રસાયન, વયઃસ્થાપક, વૃષ્ય, સારક, હૃદ્ય તથા બલકર છે; અને પિત્ત, કફ, ત્રિદોષ, કોઢ, મેહ, નેત્રરોગ, રક્તદોષ, મેદ, ક્લેદ, જ્વર તથા વિષમજ્વરનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) વાતરક્ત ઉપર:**—સુરવારી હરડેનું અથવા બાળહરીતકીનું ચૂર્ણ ગોળમાં મેળવી ગોળી કરી આપવી. **(૨) દમ અને ઉચકી (હેડકી) ઉપર:**—હરીતકી અને સુંઠનો કલ્ક કરી તે ગરમ પાણીમાં પ્રાશન કરવાથી દમ અને હેડકી શાંત થાય છે. **(૩) આંવ (મરડા) ઉપર:**—હરડે, સુંઠ તથા ગોળ સમભાગે લઈ તેમાં સમાય તેટલો લીમડાનો રસ નાખી ગોળી કરી ખાવી; અથવા એ-ત્રણ બાળહરીતકી નવટાંક ગાયના દૂધમાં ઘસી પીવી. **(૪) કદી કોઈ પણ રોગ ન થવા માટે:**—સાંજે સૂતા રહેતી વખતે બે હરડેની ભૂકી ખાઈ ઉપર ગરમ કરેલું પાશેર દૂધ પીવું. આ ઔષધ અઠવાડિયામાં એક વખત પણ આપવું. **(૫) પિત્તથી શરીર ક્ષીણ થાય તે ઉપર:**—હરડેનું દળ બે પૈસાભાર ખાંડી સાંજે છાશમાં પલાળી રાખી સવારે તે

કહે છે. જ્યારે જવના બરોબર થાય છે, ત્યારે તેને હલેલાજવા (જવહરડે) અને જ્યારે દ્રાક્ષની બરાબર મોટી થાય છે ત્યારે હલેલી જંગી (જંગીહરડે) અથવા હલેલી હિંદી; અને જ્યારે અર્ધી પાકી પીળાશ આવવા લાગે ત્યારે હલેલે ઈ૦ ચીની; એનાથી પણ વધારે પાકે તેને હલેલે ઈ૦ અસ્ફર અને જ્યારે સંપૂર્ણ પાકી જાય ત્યારે હલેલે ઈ૦ કાબુલી નામથી પ્રખ્યાત થાય છે. એ ૭ જાતની હરડેમાં હલેલે ઝીરા (ઝીરા હરડે), હલેલે જંગી (મોટી હરડે) અને હલેલે કાબુલી (કાબુલી હરડે) એ ત્રણ જાતની સાધારણ રીતે વપરાય છે, એમ મખ્ઝનમાં લખેલ છે. ડૉ૦ ડીમક કહે છે કે, હરડે ૧ ડ્રામની માત્રાથી દિવસમાં બે વખત આપવાથી ઝાડા દૂર થાય છે. ડૉ૦ સ્ટેનહાઉસ કહે છે કે, હરડેમાં સેંકડે ૪૫ ટકા ટૅનિક ઍસિડ રહે છે. એ સિવાય થોડો ગેલિક ઍસિડ ભૂરો પીળા રંગનો હોય છે. ડૉ૦ વેરિંગ કહે છે કે, ૭ નાની હરડેનો ક્વાથ કરી આપવાથી ૪–૫ ઉત્તમ જુલાબ થઈ એનાથી પેટનું શૂળ, ઉલટી અથવા કોઈ પ્રકારની ખરાબ અસર થતી નથી. એ ક્વાથમાં થોડી તજ નાખી હોય તો તે વધારે સ્વાદિષ્ટ થાય છે. એટલા માટે તે આવી ગુણોના લીધે એ જુલાબમાં ઉપયોગી થાય છે; એટલુંજ નહિ પરંતુ મામાના બદલે પિચકારી મારવામાં એજ પ્રમાણે ઘાને ધોવામાં એનું પાણી ઉપયોગમાં આવે છે. હરડેનો ક્વાથ દુઃખતા હરસ અને સ્ત્રીઓની ગુહ્યેન્દ્રિયમાંથી વધારે પ્રવાહ નીકળતો હોય તો એમાં બહુજ ઉત્તમ અસર કરે છે.

છાશ પાવી. એ પ્રમાણે ત્રણ-ચાર અઠવાડિયાં કરવું. રેચ થાય તો ઉતાર ઘી અને ભાત આપવાં. **(૬) અમ્લપિત્ત ઉપર:**—હરીતકી ૧ ભાગ, દ્રાક્ષ ૧ ભાગ અને સાકર ૨ ભાગ, એની ગોળીઓ તોલાભારની કરી સવાર-સાંજ એક એક ગોળી ખવરાવવી. **(૭) આંખો આવે તે ઉપર:**—હરડે અને ફટકડી પાણીમાં ઘસી અંજન કરવું. **(૮) પાંડુરોગ ઉપર:**—હરીતકીનું ચૂર્ણ ૩ માસા, મધ એક પૈસાભાર અને ઘી ૨ પૈસાભાર મેળવી પાવું; અથવા હરીતકી ગોમૂત્રમાં ૨૧ દિવસ પલાળી રાખી છાંયે સૂકાવી એકેક ખાવી. **(૯) નાના બાળકને આંકડી આવે તે ઉપર:**—મોટી હરડે ઘસી પેઢાંને ચોપડવી. એનાથી શમન ન થાય તો હરડે, આમળાં અને સાકર પાણીમાં ઘસી અંજન કરવું. **(૧૦) મૂર્છા ઉપર:**—બાળહરીતકીનો કાઢો ઘી નાખી પાવો. **(૧૧) પિત્તગુલ્મ ઉપર:**—હરીતકી અને દ્રાક્ષનો કાઢો ગોળ નાખી પાવો. **(૧૨) શ્લીપદ** (પગ કિંવા હાથ મોટા થાય તે) **રોગ ઉપર:**—હરીતકી એરંડતેલમાં તળી ચૂર્ણ કરી ગોમૂત્રમાં આપવી. **(૧૩) બાળકને તાળવું પડે તે ઉપર:**—હરડે, વજ તથા કોષ્ટનો કલ્ક કરી તેમાં મધ નાખી તે માતાના દૂધમાં આપવો એટલે ફાયદો કરે છે. **(૧૪) ઓકારી વગેરે ઉપર:**—હરડેનું ચૂર્ણ મધમાં આપવું; એટલે કફ, રક્તપિત્ત, શૂળ અને અતિસારનો નાશ થાય છે. **(૧૫) અજીર્ણ ઉપર:**—સુરવારી હરડેનું દળ અને સુંઠ એ સમભાગે લઇ ચૂર્ણ કરી ગોળમાં કાલવી પાણીમાં પાવું; એથી કરી ઘણા દિવસનું અજીર્ણ દૂર થાય છે અને ભૂખ લાગી અન્ન પાચન થાય છે. **(૧૬) બદ્ધકોષ્ઠ એટલે શૌચ (ઝાડો) સાફ ન થતો હોય તે ઉપર:**—બાળહરડે, મીંઢીઆવળ, વરીઆળી અને સંચળ એનું ચૂર્ણ ગરમ પાણી સાથે પાવું. **(૧૭) નાના બાળકને રેચ થવા ઉપર:**—સુરવારી હરડે ગરમ પાણીમાં ઘસી ત્રણ માસાથી એક તોલા સુધી પાણીમાં નાખી પાવું. **(૧૮) ગરમીનાં ચાંદાં, વ્રણ ઇત્યાદિ ઉપર:**—ત્રિફળાં (હરડાં, બહેડાં, આમળા) લોઢાની કઢાઇમાં બાળી રાખ કરી તે રાખ મધમાં ખરલ કરી ચોપડવી; એટલે વ્રણ જલદી ભરાઈ આવે છે. **(૧૯) સર્વ પ્રકારના પ્રમેહ ઉપર:**—ત્રિફળાંનું ચૂર્ણ હળદર અને સાકર નાખી આપવું. **(૨૦) શનૈર્મેહ ઉપર:**—ત્રિફળાં અને ગળોનો કાઢો પાવો. **(૨૧) સુખ જુલાબ:**—બાળહરડે, ડીંટું કાઢેલી ગુલાબકળી અને મીંઢીઆવળનું સમભાગે ચૂર્ણ કરી રાત્રે કોકરવરણા (સહેજ ગરમ) પાણીમાં પલાળી રાખી ત્રણ માસા આપવું; એટલે સવારે જુલાબ થઈ કોઠામાંની ગરમી વગેરે દૂર થાય છે. **(૨૨) અંડવૃદ્ધિ ઉપર:**—બાળહરડેનું ચૂર્ણ ગોમૂત્રમાં અથવા એરંડતેલમાં સવારે આપવું અગર ત્રિફળાં દૂધમાં આપવાં. **(૨૩) કાસ, શ્વાસ ઉપર:**—હરડે તથા બહેડાંનું ચૂર્ણ મધમાં આપવું. **(૨૪) શૂળ ઉપર:**—હરીતકીનું ચૂર્ણ ગોળ અને ઘીમાં પાવું. **(૨૫) મેદોરોગ ઉપર:**—ત્રિફળાંનો કાઢો મધ નાખી પાવો. **(૨૬) સર્વ નેત્રરોગ ઉપર:**—ત્રિફળાંનો કાઢો કરી તેનાથી નેત્ર ધોવાં અથવા ત્રિફળાંનું ચૂર્ણ રાત્રે મધ અને ઘીમાં આપવું; કિંવા ત્રિફળાં ઘસી મહિનામાં ચાર-પાંચ વાર અંજન કરવું; એટલે નેત્રોને કદી પણ વિકાર થતો નથી અને દૃષ્ટિ નિર્મળ રહે છે. **(૨૭) બરોળ વગેરે ઉપર:**—બાળહરીતકી અને રગતરોહિડાનો કાઢો, લીંડીપીંપરનું ચૂર્ણ અને જવખાર કિંવા હિંગ, બીડલોણ અને સિંધવ મેળવી પાવો; તેથી બરોળ, યકૃત તથા ગુલ્મ દૂર થાય છે. **(૨૮) વૃષણના સોજા ઉપર:**—ત્રિફળાંના કાઢામાં ગોમૂત્ર નાખી પાવું. **(૨૯) ભગંદર રોગ ઉપર:**—ત્રિફળાં અને ખેરસાલનો કાઢો ભેંસનું ઘી અને વાવડીંગનું ચૂર્ણ નાખી પાવો. **(૩૦) મલશુદ્ધિ થવા માટે:**—બાળહરીતકી એરંડતેલમાં તળી ભૂકી કરવી અને તેમાં તેટલીજ સંચળની ભૂકી મેળવી તે ગરમ પાણીમાં નાખી પાવી. **(૩૧) બાળકને આયનેર (પારોગડુ) થાય તે ઉપર:**—સુરવારી હરડે અને તજ ઠંડા પાણીમાં ઘસી શક્તિ પ્રમાણે પાવું. **(૩૨) અમ્લપિત્ત ઉપર:**—હરડેદળ અને ગજપીંપર સમભાગ લઇ બારિક ભૂકી કરી જેટલાં તે ઔષધો લીધેલાં હોય તેટલોજ તેમાં ગોળ મેળવી મોટી સોપારી જેવડી ગોળીઓ કરી રાખવી તથા રોજ સવારે-સાંજે એક એક ગોળી આપતાં જવું. એ યોગથી અગ્નિનું દીપન થઇ કફ તથા પિત્તવિકાર શમન થાય છે. **(૩૩) સંધિગત સન્નિપાત** (સાંધે સાંધે સોજો અને શળ, શરીરમાં વાયુની પીડા, નિરંતર અંગ પાક્યા જેવું દુઃખે અને નિદ્રાનાશનાં લક્ષણો થાય તે) **ઉપર:**—ત્રિફળાંનો કાઢો મધ નાખી પાવો. **(૩૪) ત્રિફળાંનું ચૂર્ણ**—પ્રમેહાદિક વિકાર

ઉપર:—હરડે, બહેડાં અને આમળાં એ સર્વ સમભાગ લઇ ચૂર્ણ કરવું; એને ત્રિફળાં કહે છે. એ ત્રિફળાં ખાવાથી પ્રમેહ, સોજો, વિષમજ્વર, કફ, પિત્ત અને કોઢ દૂર થાય છે તથા અગ્નિ પ્રદીપ્ત થાય છે. આ ત્રિફળાં રસાયણી છે. ઘી અને મધમાં ત્રિફળાં મેળવી ખાવાથી સર્વ નેત્રરોગ દૂર થાય છે. (૩૫) **પરસેવો ન આવવા ઉપર:**—હરીતકી પાણીમાં વાટી શરીરે ચોળવી અને સ્નાન કરવું એટલે પરસેવો વળશે નહિ. (૩૬) **સર્વ પ્રકારના મસ્તકશૂળ ઉપર:**—ત્રિફળાં, કરિયાતું, હળદર, કડવો લીમડો અને ગળોનો કાઢો કરી તેમાં ષષ્ઠાંશ ગોળ નાખી પાવો; એટલે ભ્રુકુટિ, આંખ, કાન, એ ઠેકાણાનું શૂળ તુરત બંધ થાય છે; તથા આદાશીશી, સૂર્યાવર્ત, શંખક, દંતશૂળ, રતાંધળાપણું અને નેત્રશૂળનો પણ જલદીથી નાશ થાય છે. (૩૭) **અંતક સન્નિપાત ઉપર પથ્યાદિ કાઢો:**—હરડે, અરડુસી, ફાલસા, દેવદાર, કડુ, રાસ્ના, ગળો અને ક્રાઇકોળિંજનનો કાઢો ઉપદ્રવસહિત "અંતકજ્વરથી" પુરુષને મુક્ત કરે છે. (૩૮) **ઉધરસ આવી લોહી પડે તથા વિસર્પ, શ્વાસ અને ઉલટી ઉપર:**—હરીતકીનું ચૂર્ણ તેલ, ઘી કિંવા મધમાં આપવું. (૩૯) **શીતજ્વર ઉપર:**—હરીતકી અને ઇંદ્રજવનું એક તોલો ચૂર્ણ ગોળમાં ખાવાથી તુરત શીતજ્વરનો નાશ કરશે. (૪૦) **ત્રિદોષ, આમાતિસાર, આનાહ, વિબંધ અને વિષૂચિકા ઉપર:**—હરડે, સુંઠ, નાગરમોથ અને ગોળ એ સમભાગ લઈ ગોળી કરી આપવી. (૪૧) **આમવાત, અંડવૃદ્ધિ અને ગૃધ્રસી ઉપર:**—એરંડતેલમાં હરીતકી ખાવી. (૪૨) **સોજો, પ્રમેહ, નાડીવ્રણ અને ભગંદર ઉપર:**—ત્રિફળાંનો કાઢો ભેંસનું ઘી નાખી પાવો. (૪૩) **અંતર્વિદ્રધિ ઉપર:**—હરડે, સિંધવ તથા ધાવડીનાં ફૂલનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. (૪૪) **અજીર્ણ, ગુલ્મ, વાત, ઉદર ઇત્યાદિ સર્વ રોગ ઉપર:**—લિંબુના રસમાં સિંધવ અને સંચળ નાખી તેમાં બાળહરડે પલાળી રાખવી અને તે સુકાયા પછી સેવન કરવી. (૪૫) **ફૂલું, છારી, આંખો આવવી ઇત્યાદિ નેત્રરોગ ઉપર:**—સુરવારી હરડે અને સાકર પાણીમાં ઘસી આંખમાં આંજવાં. (૪૬) **માખી—ભમરી વગેરેના દંશ ઉપર:**—રાફડાની માટી તથા ત્રિફળાંનો ગોમૂત્રમાં લેપ કરવો.

૬૧૧ **હરણસુરી**—(મ૦ હરણખુરી.) આ ઝાડ નાનાં અને જમીન ઉપર પ્રસરેલાં હોય છે. એનાં પાંદડાં કાત્રાદાર હોઇ બારિક હોય છે. આ ઝાડ હરણને ઘણાં સારાં લાગે છે; માટે આ ઝાડને "હરણસુરી" નામ આપેલું છે. હરણસુરી એ પૌષ્ટિક છે. ઉપયોગ:—(૧) **ધાતુક્ષય ઉપર:**—હરણસરીના ઝાડનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી તે ૦। તોલો, પાશેર દૂધ અને બે તોલા સાકર એકત્ર કરી દરરોજ સવારમાં ૭ દિવસ સુધી પાવું. (૨) **પ્રમેહ અને ધાતુવિકાર દૂર થઈ પુષ્ટિ થવા માટે:**—હરણસુરી દૂધમાં વાટી સાકર નાખી ૧૪ દિવસ સુધી પાવી.

૬૧૨ **હરમો**—સં૦ તિનિસ. મ૦ તિવસ. હિં૦ તિરિચ્છ, તિનસુના. બં૦ તિલિશ. ક૦ તિનિશ. લા૦ યુજિનિયા ડાલબર્જિયા ઓઇડિસ.

હરમાનાં ઝાડ મોટાં થાય છે. એનું લાકડું ઇમારતના ઉપયોગમાં આવે છે. **હરમો** એ તૂરો છે. કફ, રક્તપિત્ત, મેદ, કોઢ, પ્રમેહ, દાહ, વ્રણ, પાંડુ તથા કૃમિનો નાશ કરે છે. એને "મોણો હરમો" પણ કહે છે.

૬૧૩ **હળદર**—સં૦ બં૦ હરિદ્રા. મ૦ હળદ. હિં૦ હરદી. ક૦ અરશણ. તૈ૦ પસુપુ. તા૦ મંચલ, કાંચની. તુ૦ મંજલડાઈ. મલા૦ મજલ. ફા૦ જરદચોબ. અ૦ ઉરૂકુસ્સુફર. ઇં૦ ટરમેરિક. લા૦ કરક્યુમાલોંગા.

હળદરનાં ઝાડ કેડ સુધી વધે છે. એ આદુના ઝાડ જેવાં હોય છે. એનાં પાન આદુના પાનનાં જેવાં અને તેટલાંજ પહોળાં હોય છે. એને જમીનમાં આદાની પેઠેજ વાવે છે અને કાઢે છે. હળદરના ગાંઠીઆનો રંગ પીળો હોય છે. એનાં પાંદડાંનો વાસ હળદરના જેવોજ આવે છે. હળદરનો રસોઈમાં, શાક વગેરેમાં તથા બીજા પુષ્કળ પ્રયોગોમાં ઉપયોગ થાય છે. હળદરના યોગથી પદાર્થને સારો રંગ અને સ્વાદ આવે છે. હળદરના અંગે લોહી શુદ્ધ કરવાનો ગુણ છે. પડવાથી અથવા બીજી રીતે વાગેલા શરીરના ભાગ પર હળદર ચોપડવામાં આવે છે. હળદરનું ચંદન કરવાના રવા કરે છે અને તેમાંથી કંકુ પણ થાય છે. એવા એના અનેક ઉપયોગ થાય છે. **હળદર:**—તીખી, કડવી, ઉષ્ણ, દેહનો

વર્ણ સુંદર કરનારી, સ્ત્રીઓને પ્રિય, રૂક્ષ તથા શોધન છે; અને કફ, વાયુ, રક્તદોષ, કોઢ, પ્રમેહ, કંડૂ, વ્રણ, ત્વગ્દોષ, સોજો, પાંડુરોગ, વિષ, કૃમિ, પીનસ, અરુચિ, પિત્ત તથા અપચાનો નાશ કરે છે. ×**કપૂરી હળદર:**—શીતલ, વાતલ, મધુર, કડવી, સ્વાદુ તથા વૃષ્ય છે; અને પિત્ત તથા સર્વ પ્રકારની ખરજનો નાશ કરે છે. **રાન હળદર:**—તીખી, મધુર, રુચિકર, કડવી તથા અગ્નિદીપક છે; અને કોઢ, વાયુ, ત્રિદોષ, રક્તપિત્ત, વિષ, ઉચકી, શ્વાસ તથા કાસનો નાશ કરે છે. **ઉપયોગ:**—**(૧) ઉધરસ ઉપર:**—સૂતી વખતે હળદર શેકી તે ચાવી ખાવી. **(૨) શ્લીપદ** (પગ કિંવા હાથ મોટા થાય તે) **રોગ ઉપર:**—હળદરનું ચૂર્ણ અને ગોળ ગોમૂત્રમાં મેળવી પાવાં; એટલે એક વર્ષનો શ્લીપદ હશે તોપણ તે દૂર થઇ ખસ અને કોઢનો પણ નાશ કરે છે. **(૩) મૂળવ્યાધિ ઉપર:**—હળદર તુવેરની દાળમાં બાફી છાંયડે સૂકવવી. પછી ગાયના ઘીમાં ઘસી મૂળ ઉપર લેપ કરવો; એટલે મૂળ નરમ પડી સણકા તાબડતોબ બંધ થાય છે. **(૪) સર્વ પ્રકારના નેત્રરોગ તથા અહીરા ઉપર:**—હળદરના ગાંઠીઆને તુવરની દાળમાં બાફી છાયામાં સૂકાવી પછી પાણીમાં ઘસી દિવસમાં બે વાર સૂર્યાસ્ત પહેલાં અંજન કરવું; એટલે ઝામર, ધોળાં ફૂલ અને રતાંધળાનો નાશ થાય છે. **(૫) સ્તનરોગ ઉપર:**—હળદર અને લોધર પાણીમાં ઘસી સ્તન ઉપર લેપ કરવો અથવા હળદર તથા કુંવારનાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો. **(૬) આંખનો ભાગ લાલ થઇ બળતરા થાય તે ઉપર:**—હળદર, ફટકડી અને આમલીનાં પાંદડાં સમભાગ વાટી તેની પોટલી કરવી અને ગરમ કરી તેનાથી આંખો શેકવી. પછી આંખની આસપાસ હળદર અને ફટકડીનો લેપ કરવો. **(૭) મૂળવ્યાધિ ઉપર:**—હળદર શેકી તેની ભૂકી કુંવારના ગર્ભમાં મેળવી તે ૭ દિવસ ખાવું. **(૮) બાળકના સસણીરોગ ઉપર:**—ગોમૂત્ર એક-બે વાર ગાળી તેમાં હળદર નાખી તે પાવું. **(૯) સળેખમ અને ઉધરસ ઉપર:**—ગરમ કરેલા દૂધમાં હળદરનું ચૂર્ણ નાખી પાવું. **(૧૦) સસણીરોગ ઉપર:**—હળદર અને ગોરોચન પાનના રસમાં આપવું. **(૧૧) સ્વરભેદ ઉપર**—રાત્રે કઢેલા દૂધમાં ચપટી હળદર નાખી પાવું. **(૧૨) પિષ્ટમેહ ઉપર:**—હળદર અને દારુહળદરનો કાઢો પાવો. **(૧૩) મૂર્ચ્છા ઉપર:**—હળદર અને સાકર પાણીમાં નાખી પાવાં. **(૧૪) પથરી ઉપર:**—તુષની કાંજીમાં હળદર અને ગોળ નાખી તે પીવરાવવી. **(૧૫) કફરોગ ઉપર:**—ગોમૂત્રમાં હળદર નાખી પાવું. **(૧૬) નેત્રરોગ ઉપર:**—બકરીના માખણમાં હળદરનો ગાંઠીઓ ઘસી એક સળીની અણી વડે તે અડદ જેટલું નાકની પાસેના આંખના ખૂણામાં નાખવું. **(૧૭) નાનાં બાળકોને કાંટા આવે (ગળું પડે) તે ઉપર:**—ટંડા પાણીમાં હળદરનો ગાંઠીઓ ઘસી માખણ મેળવવું અને તે મિશ્રણ બંને ખભા ઉપર અને ગળાની નીચે પીઠના હાડકા ઉપર તથા બંને કાન આગળનાં ગાલફેરાં ઉપર ચોળવાથી કાંટા બહાર આવે છે અને વિકાર કમી થાય છે. એ રીતે દરરોજ બે વખત ૩ દિવસ કરવું. **(૧૮) વિંછીના વિષ ઉપર:**—હળદરની ભૂકી અંગારા પર નાખી દંશસ્થાનને ધૂણી આપવી અને ચલમમાં નાખી તમાકુ પ્રમાણે પીવી. **(૧૯) દુર્જલ જ્વર ઉપર:**—હળદર, હરડે અને જવખારનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી પાવું. **(૨૦) કમળી ઉપર:**—હળદરનું ચૂર્ણ ૧ તોલો અને દહીં ૪ તોલા સવારે સેવન કરવું. **(૨૧) મલબદ્ધતા (કબજીઅત) થઇ જાય તે ઉપર:**—બકરીના મૂત્રમાં હળદર નાખી પાવી. **(૨૨) વાળા ઉપર:**—પુરુષના મૂત્રમાં હળદર વાટી લેપ કરવો.+

× મ૦ શાલિગ્રામજી કપૂરી હળદરને આંબાહળદર માને છે.

+**(૧) મૂઢમાર અથવા વાગવાથી લોહી જામી જાય તે ઉપર:**—હળદર તથા મીઠું પાણીમાં મેળવી ગરમ કરી લેપ કરવો. **(૨) હિસ્ટીરીઆ(મૂગી)માં મૂર્ચ્છા ઉતરવા માટે:**—હળદરનો ધૂમાડો આપવો. **(૩) સ્તનરોગ (થાન પાકવું) ઉપર:**—હળદર તથા કુંવારનો ગરભ ખરલ કરી પોટીસ બનાવી બાંધવી. **(૪) વાગવાથી થયેલા સોજા ઉપર:**—હળદર અને ચુનાનો લેપ કરવો. **(૫) નેત્રરોગ ઉપર—હરિદ્રાદિ ગુટિકા:**—હળદર, લીમડાનાં પાન, પીપર, મરી, વાવડીંગ, નાગરમોથ તથા સુંઠ સર્વ સમભાગે લઇ ગાયના મૂત્રમાં ખરલ કરી ગોળી બનાવી છાંયે સૂકાવી લેવી. આ ગોળી પાણીમાં ઘસી અંજન કરવાથી તિમિર દૂર થાય છે. મધમાં આંજવાથી

૬૧૪ હંસરાજ—સં૦ હંસપાદી, હંસપદી, કીટમાતા, ત્રિપાદિકા. હિં૦ હંસપાદી. મ૦ હંસપાદી, લાલ લાજાળુ. બં૦ ગોયાલે લતા. ક૦ નવિલડી. તા૦ શેરૂપ્પાદી. ફા૦ પરસ્યા ઉશાન. અ૦ શારૂલજીન, શારૂલઅર્દ. ઇં૦ મેડન હેઅર. લા૦ એડીએંટમ્ લ્યુન્યુલેટમ્.

રાતી રીસામણીના ઝાડને હંસપાદી કે હંસરાજ કહે છે. હંસરાજ:—તીખું, ઉષ્ણ તથા રસાયન છે; અને વિષદોષ, ભૂતબાધા, ભ્રમ તથા અપસ્મારનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) વિંછીના વિષ ઉપર:—હંસરાજનાં મૂળ રવિવારે સવારે કાઢી તે મોઢામાં રાખવાં તથા કાનમાં ફુંક મારવી.

૬૧૫ હાડસંધિ—(સં૦ સંધિની. મ૦ હાડમોડી.) આ વેલ વૃક્ષની ઉપર વાંદાની પેઠેજ થાય છે. એ ખરસાંણીની પેઠે કાંડયુક્ત (કાતળીઓવાળી) હોઇ લીલી હોય છે. એનો દેખાવ દૂરથી ખરસાંણી જેવોજ દેખાય છે. બબ્બે આંગળ ઉપર એને ચપટા સાંધાઓ હોય છે. એનો બહુજ વિસ્તાર થાય છે. કોંકણમાં એની ઉત્પત્તિ ઘણી થાય છે. એને મરી જેવડાં અને રંગે મોતી જેવાં ગોળ ફળ આવે છે. એ ફળ મીઠાં લાગે છે. બાળકો એ ફળ ઘણા પ્રેમથી ખાય છે. એને પાંદડાં સમુળગાં આવતાં નથી. ધામણના ઝાડ ઉપરની હાડસંધિ વધારે ગુણવાળી છે. ઉપયોગ:—(૧) અસ્થિભંગ ઉપર:—હાડસંધિ લાવી લગાર કચરી ભાગેલા હાડકા ઉપર ત્રણ દિવસ બાંધવી, એટલે ભાંગેલું હાડકું સારૂં થાય છે; અથવા હાડસંધિ તથા રગતરોહિડાની છાલ કચરી હાડકા ઉપર બાંધવી. ઢોરોને પણ આજ ઉપચાર કરવો તથા તેઓને ચારામાં હાડસંધિ ખવરાવવી. (૨) વાળા ઉપર:—હાડસંધિ બારિક કચરી તેનો પાટો બાંધવો. (૩) સંધિવાત ઉપર:—હાડસંધિ, સુંઠ, મરી, લીંડીપીંપર, પીંપળીમૂળ, હરડે, બહેડાં, આમળાં અને તજનો કાઢો પાવો; એટલે સંધિવાત તુરત દૂર થાય છે.

૬૧૬ હાડસાંખળ—સં૦ અસ્થિસંહારી. મ૦ હાડસંધિ, ત્રિધારી કાંડવેલ. હિં૦ હારસિંગાર.

હાડસાંખળનાં "ગ્રંથિમાન, અસ્થિસંહારી, વજ્રાંગી, અસ્થિશૃંખલિકા, અસ્થિસંહારક, અસ્થિસંધાનજનની, અસ્થિસંધિ, વજ્રવલ્લરી" એવાં સંસ્કૃત ભાષામાં નામો છે. બં૦ હાડભાંગા. તે૦ નાલ્લેરૂ. લા૦ વિટિસક્વૉડ્રેંગ્યુલારીસ.

આ વેલાનો વિસ્તાર ઘણો થાય છે. એની જાડાઇ ચોધારી કાંડવેલ કરતાં વધારે હોય છે. નિઘંટપ્રકાશકાર "ત્રિધારી કાંડવેલ એજ હાડસાંખળ" એમ કહે છે. એ વેલાનો ફાંટો કુંડામાં વાવી તે વેલો ઝાડ ઉપર ચઢાવવાથી તેનો વિસ્તાર બહુ મોટો થાય છે. થાણામાં આ વેલા ઘણે ઠેકાણે વાવેલા નજરે પડે છે. આવા વિલક્ષણ પ્રભાવનો વેલો વાવવાની રીત પહેલાંના લોકમાં ઘણી હતી; પરંતુ હમણાંના કાળમાં પરદેશી વિદ્યાના પ્રસારવડે એ રિવાજનો નાશ થઇ, એવી વિલક્ષણ વનસ્પતિને બદલે નિરર્થક વિલાયતી ઝાડની માત્ર ઉપાસના કરવામાં લોકોનું લક્ષ ઘણું વધી ગયું છે, એ કાલમાહાત્મ્યજ કહેવું જોઇએ. હાડસાંખળ:—લઘુ, સારક, રૂક્ષ, અગ્નિદીપક, ઉષ્ણ, લઘુ, વીર્યવર્ધક, પાચક, મધુર તથા અસ્થિસંધાનકારક છે; અને નેત્રરોગ, કૃમિ, અર્શ, વાત, પિત્ત તથા કફનો નાશ કરનારી છે. ઉપયોગ:—(૧) અસ્થિભંગ ઉપર:—હાડસાંખળ બાંઢી ત્રણ દિવસ ભાંગેલા હાડકા ઉપર બાંધવી. ત્રિધારી કાંડવેલ ન મળે તો ચોધારી કાંડવેલ લેવી. ઢોરોને માટે પણ એજ ઉપાય કરવો. (૨) સર્વ વાતરોગ ઉપર:—હાડસાંખળની ઉપલી છાલ કાઢી તેનું ચૂર્ણ કરી અડદની દાળના લોટમાં મેળવી તલના તેલમાં તેનાં વડાં કરી ખાવાં; એટલે વાતરોગનો નાશ થાય છે.

૬૧૭ હાશા—સં૦ વિકંટક, ગોરંટક, હાસ્યફલ. મ૦ હશી, હશિયા, બારતોડી, હાશી. હિં૦ લટ્ટા, લટવા, હશીઆ. બં૦ દુરાલભા. ક૦ મોલગુ.

એ ઝાડ ઘણું મોટું થતું નથી. એનાં પાંદડાં ચાર આંગળ પહોળાં હોઇ લાંબાં હોય છે. એને બોર જેવડાં ફળ આવે છે. એ ફળને પુષ્કળ મુખો હોય છે. એ ઝાડ કોંકણમાં અને બીજે ઠેકાણે પણ પુષ્કળ થાય છે. એના મૂળમાં પીળો રંગ હોય છે. તે પીળા રંગમાં વસ્ત્રો રંગે છે.

ચડળ; સિંધવ સાથે ઘસી આંજવાથી ખાજ; સ્ત્રીના દૂધમાં આંજવાથી નેત્રલાલી તથા નેત્રપીડા, અને બકરીના દૂધમાં આંજવાથી નેત્રપ્રકોપ દૂર થાય છે.

એને 'હસિયા' 'હશી' પણ કહે છે. મહારાષ્ટ્રીય ભાષામાં એને કોઇ 'બારતોડી' એટલે બારમુખી કહે છે. **હાશાવૃક્ષ:**—તૂરૂં, તીખું, રૂક્ષ, રુચિપ્રદ, અગ્નિદીપક તથા વસ્ત્રરંજન હોઇ કફનું નાશક છે. **ઉપયોગ:—(૧) વ્રણ પાકવા માટે:**—હાશાના ફળનો લેપ કરવો એટલે વ્રણ પાકી ફૂટે છે. **(૨) વ્રણ બેસી જવા માટે:**—વ્રણની ગાંઠ ઉપર હાશાનાં કુમળાં પાંદડાં બારિક વાટી અર્ધો આંગળ જાડાઇનો લેપ કરવો; અને તે ઉપર વારંવાર ભીનું કપડું ફેરવતા જવું એટલે ગાંઠ બેસે છે. **(૩) પ્રમેહ (પરમા) ઉપર:**—હાશાનાં મૂળ અથવા લાકડું રાત્રે પલાળી રાખી સવારે ગાળી તેમાં જીરૂં અને સાકર નાખી ૭ દિવસ પાવું એટલે પ્રમેહ બંધ થાય છે.

૬૧૮ **હિવર**—સં૦ અરિમેદ, વિટખદિર. બં૦ વિટખયેર, ગુયેબાવલા. મ૦ હિવર, ગંધી હિવર, શેણ્યા ખૈર. હિં૦ હીવર-ગંધી. ક૦ કરર્થવેલુ, બ્યાલદગીડ, કરિજાલી. તા૦ પિક્કારૂવેલ. મલા૦ બેલં૦ લા૦ અકેસિયા ફારનેસિયાના. ઇં૦ મીમોસા.

આ એક ખેરનીજ જાત છે. એનાં ઝાડ ઘણાંજ મોટાં થાય છે. એને કાંટા હોય છે. ખેરના ઝાડના જેવાંજ એનાં પાંદડાં હોય છે. એનું લાકડું ઇમારતના કામમાં સાધારણ રીતે ઉપયોગી થાય છે. હિવરના ઝાડની છાલ તૂરી હોય છે. હિવરની છાલનો પણ કાથો કરે છે. એને "ગંધી હિવર" પણ કહે છે. **હિવર:**—તીખો, ઉષ્ણ, કડવો, તૂરો, તીક્ષ્ણ, ખાટો તથા રૂક્ષ છે; અને કૃમિ, કફ, મુખરોગ, દંતરોગ, રક્તદોષ, પ્રમેહ, કંડૂ, મદ, વિસર્પ, વિષ બસ્તિરોગ, જ્વર, કોઢ, ઉન્માદ, પિશાચબાધા, વ્રણ, દાહ અને આધ્માનવાયુનો નાશ કરે છે. એનાં **ફળ:**—કડવાં, મધુર, સ્નિગ્ધ તથા ઉષ્ણ છે; અને કફ તથા વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) પેટપીડ ઉપર:**—હિવરની છાલનો રસ પાવો.

૬૧૯ **હીંગ**—સં૦ બં૦ હિંગુ. મ૦ હિં૦ હીંગ. ક૦ હિંગલદ, ઇંગીન. તૈ૦ ઇગુવા. તા૦ પોરૂંગાયં. ગુ૦ ઇંગુ. મલા૦ પેરૂકાયં. ફા૦ અંગુઝ, દર્ખ્તે, અંગુઝ ખાલીસ્. અ૦ હિલતી-ત-સ. ઇં૦ આસ્સાફેટિડા. લા૦ ફેરૂલા નાર્થેકસ.

હીંગનાં ઝાડ **હિરાત, ખોરાસાન અને બલખ, એ પ્રાંતોમાં** થાય છે. એનાં પાંદડાંથી કંદને (મૂળને) ટાંચા મારી જે દૂધ (રસ) કાઢવામાં આવે છે, તેને હીંગ કહે છે. ઉપર કહ્યા એ પ્રાંતોમાંથી **હીંગ પંજાબમાં તથા મુંબઈમાં** આવે છે. હીંગનો આ દેશમાં અતિશય ખપ થાય છે. એને આપણા દેશમાં "**વઘારણી**" પણ કહે છે. હીંગ એ અનેક રોગની નાશક છે. ***હીંગ:**—તીખી, હલકી, ઉષ્ણ, પિત્તલ, સારક, રક્તદૂષક, કડવી, પાચક, રુચિકર, તીક્ષ્ણ, અગ્નિદીપક તથા સ્નિગ્ધ છે; અને મલસ્તંભ, આનાહ, આધ્માન, શૂળ, ગુલ્મ, અજીર્ણ, ઉદર, દમ, ઉધરસ, કૃમિ, કફ, વાયુ તથા હૃદ્રોગનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧) અજીર્ણ અને વાયુના ગોળા ઉપર:**—હીંગની ચણા જેવડી ગોળી કરી ઘીની સાથે ગળાવવી. **(૨) જનાવરની ચાંદીમાં કીડા પડે છે તે ઉપર:**—ચાંદીમાં હીંગ ભરવી. **(૩) અપસ્માર ઉપર:**—ઘી, સિંધવ અને હીંગ એકેક તોલો લઈ બાર તોલા ગોમૂત્રમાં નાખી બાફવું અને મૂત્ર બળી જાય એટલે ઘી સિદ્ધ થયું એમ સમજવું. તે ઘી રોગીની પ્રકૃતિ જોઇને પાવું. **(૪) ઉચકી (હેડકી) ઉપર:**—ધૂમાડીરહિત અંગારા ઉપર હીંગ અને અડદનું ચૂર્ણ નાખી તેની ધૂમાડી મોંમાં લેવી. **(૫) અફીણ ઉપર ઉતાર:**—હીંગ પાણીમાં અથવા છાશમાં મેળવી પાવી. **(૬) પેટમાં શૂળ થતું હોય તે ઉપર:**—ઘોડાનાં અથવા ગધેડાનાં લીંડાંનો રસ ૬ માસા કાઢી તેમાં ૧ માસો હીંગ નાખી તે રસ પાવો. **(૭) પેટમાં શૂળ આવતું હોય તે ઉપર:**—હીંગ માસા ત્રણ, કોષ્ઠ (ઉપલેટ) માસા ત્રણ, વાવડીંગ માસા ત્રણ, એ સર્વ એકત્ર કરી બે તોલા ગરમ પાણીમાં નાખી પાવું. **(૮) ચોથીઆ તાવ ઉપર:**—હીંગ અને જૂનું ઘી એકઠું કરી તાવ આવે તે વખતે નાકમાં નાખવું. **(૯) ખુપરા ઉપર:**—અર્ધી રતિ હીંગ દહીંમાં મેળવી ખુપરા ઉપર ચોળવી. **(૧૦) અજીર્ણાદિક ઉપર—હીંગાષ્ટક ચૂર્ણ:**—સુંઠ, મરી, લીંડીપીંપર, અજમો, સિંધવ, જીરૂં, શહાજીરૂં અને શેકેલી હીંગ, એ સમભાગ લઇ તેનું ચૂર્ણ કરવું અને તે

* સંસ્કૃત વૈદ્યકગ્રંથોમાં હીંગને વાપરતાં પહેલાં હીંગને અગ્નિ પર શેકી ફુલાવીને વાપરવા કહેલ છે. શુદ્ધિ ઘીમાં તળવાથી પણ થાય છે.

ચોખણા ઘીમાં અગર ભોજનસમયે ઘી–ભાત સાથે ખાવું; એટલે અજીર્ણ, અગ્નિમાંદ્ય, કૉલેરા, પાંડુ, આમ અને ગુલ્મનો નાશ કરે છે. **(૧૧) પ્રસૂતાનાં ચક્કર અને શૂળ ઉપર:**—હીંગ ઘીમાં શેકી ઘીમાં મેળવી ખવરાવવી. **(૧૨) વિંછીના વિષ ઉપર:**—હીંગ આકડાના દૂધમાં વાટી લેપ કરવો. **(૧૩) વ્રણ સંબંધી કીડા દૂર થવા માટે:**—હીંગ અને કડવા લીમડાનાં પાંદડાં વાટી લેપ કરવો. **(૧૪) પટકી (કૉલેરા) ઉપર:**—તળેલી હીંગ, કપૂર અને આંબાની ગોટલીમાંનું મગજ સમભાગ લઈ ફુદીનાના રસમાં એકત્ર ખરલ કરી ગોળીઓ વાળી સૂકવવી. એકેક કલાકને અંતરે એકેક ગોળી ચાવી ખાવી; અથવા હીંગ અર્ધો ભાગ, અફીણ ૧ ભાગ, મરચાંની વઆમાળ ભૂકી ૧ ભાગ, તથા કાથો ૧ ભાગ, એ જણસો એકત્ર કરી તેની ફુદીનાના રસમાં વાલ વાલની ગોળીઓ કરવી. ઝાડો થવાનો આરંભ થયા પછી દરેક વખતે એક એક ગોળી ઘડી ઘડીના અંતરે આપવી. પાંચની અંદર અને એક વર્ષની ઉપરના બાળકને દરેક વખતે અર્ધી અર્ધી ગોળી આપવી. **(૧૫) આધાશીશી ઉપર:**—હીંગનું પાણી કરી નાકમાં નાખવું. **(૧૬) કર્ણનાદ (બહેરાપણું) ઉપર:**—હીંગ, ચીરફળ અને સુંઠ, એ સરસીઆમાં નાખી કઢવવું અને તે કાનમાં પાડવું. **(૧૭) વાળા ઉપર:**—હીંગનું ચૂર્ણ ૪ માસા પાશેર દહીંમાં નાખી ૩ દિવસ ખાવું. **(૧૮) મૂત્રકૃચ્છ્રાદિ મૂત્રરોગ અને શુક્રરોગ ઉપર:**—હીંગ શેકેલી અને એલચીદાણાનું ચૂર્ણ ૩ રતી દૂધ–ઘીમાં ખવરાવવું. **(૧૯) શરદી વડે કાનના ધાક બેઠા** (ધાક પડી) **હોય તે ઉપર:**—ઉત્તમ હીંગ રૂમાં વાટી કાનમાં ઘાલી રાખવી. **(૨૦) પરિણામશૂળ ઉપર:**—હીંગ, સિંધવ અને જીરાનું ચૂર્ણ મધ અને ઘીમાં નાખી આપવું. **(૨૧) દાઢ દુ:ખતી હોય તો અને દાંતમાંના કીડા ઉપર:**—તળેલી હીંગ દાઢ નીચે રાખવી. **(૨૨) વછનાગના વિષ ઉપર:**—ગાયના ઘીમાં ૪ ગુંજા હીંગ ખવરાવવી.

૬૨૦ હુરા—(સં૦ તીક્ષ્ણદુગ્ધા) હુરાનાં ઝાડ મોટાં મોટાં થાય છે. એનાં પાંદડાં ઇંદ્રજવનાં પાંદડાં જેવાં થાય છે. એ પાંદડાંનાં ડીંટાં લાંબાં હોઈ રાતાં હોય છે. આ ઝાડનું દૂધ બહુ તીક્ષ્ણ છે. આ ઝાડનું લાકડું ધોળા રંગનું અને નરમ હોય છે. એ ઝાડ **કોંકણ પ્રાંતમાં** પુષ્કળ થાય છે. હુરાના દૂધથી આંખને ઇજા થાય છે. એ ઉપર ઉતાર—દહીંની આશ આંખ ઉપર રાખવી એટલે ઇજા થશે નહિ. ઉપયોગ:—**(૧) સર્પદંશ ઉપર:**—હુરાનો રસ પાશેર કાઢી તેમાં ૭ મરી વાટી તે પાવો; કિંવા હુરાની છાલ અરિઠાના પાણીમાં ઘસી પાવી. **(૨) ઘોણસના વિષ ઉપર:**—હુરાનો રસ પાવો; કિંવા ગુંદની છાલ, ફળ તથા અંબાડાની છાલ સમભાગે લઇ પાણી છાંટી બારિક વાટી રસ કાઢવો અને તેમાં હુરાની છાલ ઘસી શક્તિ અનુસાર અને વિષનું જોર હોય તે પ્રમાણે બે–ત્રણ વાર તે ઔષધ આપવું. **(૩) વિંછીના દંશ ઉપર:**—હુરાની સળીઓની અણીઓ તોડી તેનું દૂધ દંશ ઉપર લગાડવું. **(૪) નળવાયુ ઉપર:**—હુરાની કુંપો અને વડની વડવાઇઓનાં અંકુર કેળનાં પાંદડાંમાં બાંધી મંદ અગ્નિમાં શેકી તેનો અંગરસ ચાવી ગળી જવો. **(૫) રેચ:**—હુરાનું દૂધ ચણોઠીભાર ચણાના લોટમાં ઘાલી તે લોટની ગોળી કરી આપવી ઉતાર—ઘી અને ભાત તથા ઘણો રેચ થાય તો ઘી પાવું. **(૬) રતવા ઉપર:**—હુરાનાં લાકડાંની રાખ અને કળીચૂનો પાણીમાં એકત્ર કરી ચોપડવો અને તે ઉપર ગોળ નાખી ચોળવો; એટલે લેપ બેસશે અને રતવા દૂર થશે. **(૭) ઉંદરના વિષ ઉપર:**—હુરાની સળીઓ તેનાજ દૂધમાં વાટી દંશ ઉપર લેપ કરવો.

૬૨૧ હેદ—સં૦ શાખોટ, અજકર્ણ. મ૦ સાગસાહોડા, હેદી. હિં૦ સહોડા. બં૦ શ્યાઓડા. ક૦ આષોઢમરનુ. તૈ૦ ભાર્ગીણકેચેટ્ટુ, વરનકી. લા૦ સ્ટ્રેબ્લસ એસ્પર.

હેદનાં ઝાડ મોટાં મોટાં થાય છે. કોંકણ પ્રાંતમાં એ ઝાડ ઘણાં થાય છે. એ ઝાડનાં પાંદડાં મોટાં હોઇ તે ગોળ અને અણીદાર હોય છે. એ ઝાડનું લાકડું ઇમારતના કામમાં ઉપયોગી છે. આ લાકડા ઉપર લાખનો રંગ ઘણો થાય છે. આ ઝાડ સાગનો એક પ્રકારનો ભેદ છે. એનાં પાંદડાંના રસથી જુલાબ થાય છે. **હેદ:**—કડવી, ઉષ્ણ, પિત્તલ અને વાયુનાશક છે. **હેદનું ઝાડ:**—પિત્તકારક, ઉષ્ણ, કડવું અને વાતનાશક છે. **ઉપયોગ:**—**(૧) ઉંદરના વિષ ઉપર:**—

હેદના અંકુરનો રસ ૪ પૈસાભાર અને ઘી બે પૈસાભાર એકત્ર કરી ૭ દિવસ આપવું. પથ્ય કળથીની રાબ અલણી અને ભાત. **(૨) ઢોરના ક્ષતમાંના કીડા મારવા ઉપર:**—હેદના તોરા અને પાંડેરવાના તોરા એકત્ર ખાંડી રસ કાઢવો અને તે રસ ક્ષતમાં ભરવો; તથા કૂચા રહે તે ક્ષત ઉપર બાંધવા. **(૩) ભાર, યકૃત્ અને બરોળ ઉપર:**—ગોળ ખાઇને તે ઉપર હેદનાં પાંદડાંનો રસ પીવો અને ૩ દિવસ પગ ઉંચા કરી રાખવા. ઔષધ લાગે તો ઉતાર—નાચણીની ખીચડી કરી ખાવી કિંવા ઘી પાવું. **(૪) નળવાયુ અને શોફોદર ઉપર:**—હેદનાં પાંદડાંનો રસ ચાર પૈસાભાર લઇ મરીની ભૂકી નાખી પાવો; ઉલટી થાય તો સોપારી ખવડાવવી. ઉતાર—ઘી અને ભાત. **(૫) કમળી ઉપર:**—હેદના અંકુરોનો રસ ગાયના દૂધમાં શક્તિ અનુસાર ૧ તોલાથી ૨ તોલા સુધી પાવો; એથી તુરત ગુણ આવે છે. **(૬) આદાશીશી ઉપર:**—હેદની કુંખોનો રસ નાકે સુંઘવો. **(૭) વાળા ઉપર:**—હેદના તોરા વાટી ચોપડવા અને ૩ દિવસ છોડવા નહિ.

૬૨૨ હેળુ—આ એક જંગલી ઝાડ છે. તે શુમારે ૨૫ હાથ ઉંચું હોઈ તેનો વિસ્તાર આઠ દશ હાથ હોય છે. એનાં પાંદડાં ઇંદ્રજવના ઝાડનાં પાંદડાં કરતાં નાનાં હોય છે. એને શુમારે જાંબફળ જેવડાં ફળ આવે છે. એ ફળને મરાઠીમાં "અળવે" કહે છે. એનું શાક પણ કરે છે. એ શાક સ્વાદે કાંઇક લીલા કેળા જેવું લાગે છે. એ ફળ ઉત્પન્ન થવાનો વખત જેઠ માસની આખરે આવે છે. ગરીબ લોક એક-બે દિવસ એ ભાજી ઉપરજ કાઢે છે. **ઉપયોગ:—(૧) વેળ, બદ વગેરે પકવવા ઉપર:**—હેળુનાં લીલાં પાંદડાં લાવી થોડા પાણીમાં વરાળ આવે ત્યાંસુધી બાફવાં. પછી બારિક વાટી તેની ચપટી થેપલી કરી બદ ઉપર મૂકી તે ઉપર પાણીનાં બબ્બે ટીપાં નાખતા રહેવું. **(૨) બાળકના ઉટાંટોઆ ઉપર:**—હેળુનાં પાકાં ફળ ખવરાવવાં. **(૩) કૉલેરા ઉપર:**—હેળુનાં બીઆં મધમાં ઘસી પાવાં અથવા હેળુનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. **(૪) દમ અને ઉધરસ ઉપર:**—હેળુનાં પાંદડાં ચલમમાં નાખી પાવાં. **(૫) આંખમાંનાં ફૂલાં વગેરે જવા માટે:**—હેળુનાં બીઆં ઘસી અંજન કરવું.

વનૌષધિગુણાદર્શ સમાપ્ત

अर्याभेषक्

अथवा हिंदुस्थाननो वैद्यराज

उत्तरार्ध

१–सुबोध वैद्यक

उपचारेण शमनमपचारेण कोपनः ।
एवं विज्ञाय सद्वैद्यः कुर्यात्संशमनक्रियाम् ॥ (हारीत संहितायाम्)

१–अजीर्ण

કારણ:—ઘણું પાણી પીવું, અકાળે ભોજન કરવું, મલમૂત્રાદિકનો અવરોધ કરવો, નિદ્રાનો નિયમ ન હોવો, થોડું કિંવા ઘણું ખાવું અને અપકવ, જડ, શુષ્ક, ઠંડું, કેશ વગેરે પદાર્થ મળેલું, નજર પડેલું, અશુદ્ધ, ન ગમતું અથવા વાશી ઇત્યાદિ અન્નાદિકનું સેવન કરવું, ભૂખ લાગેલી હોય તે વેળા ન જમવું ઇત્યાદિ કારણોએ અજીર્ણ રોગ ઉત્પન્ન થાય છે. એનાં **સાધારણ લક્ષણો:**×—શૂળ, પેટનું ફૂલવું, ઓડકાર, બેચેની, અનેક પ્રકારની વાયુની વેદના, જ્વર, મળ તથા

× **અજીર્ણ રોગમાં પ્રકારભેદથી લક્ષણ:**—

(૧) આમ અજીર્ણમાં શરીર ભારી, જીવ ચુંથાવો, આંખોની ચારે તરફ સોજો તથા ખાધેલા પદાર્થના સ્વાદના ઓડકાર આવ્યા કરે છે.

(૨) વિદગ્ધ અજીર્ણમાં ભ્રમ, મૂર્ચ્છા, તૃષા, ખાટા ઓડકાર તથા પિત્તજનિત અન્ય ઉપદ્રવ જોવામાં આવે છે.

(૩) વિષ્ટબ્ધ અજીર્ણમાં પેટનું ફૂલવું, શૂળ, મળ અને અધોવાયુનું રોકાવું, જડતા, મૂર્ચ્છા, આખા શરીરમાં દરદ તથા વાયુજન્ય અન્ય કષ્ટ થયા કરે છે.

(૪) રસશેષ અજીર્ણમાં ભોજનની ઇચ્છા ન થવી, હૃદયની અશુદ્ધિ, શરીર ભારી થઇ જવું વગેરે ચિહ્ન દેખાય છે.

સર્વ પ્રકારના અજીર્ણમાં મંદાગ્નિનાશક ઔષધિ લાભદાયક છે. કેટલીક વખત સંગ્રહણી રોગમાં સૈંધવાદિ ચૂર્ણ, વડવાનલ ચૂર્ણ, હિંગાષ્ટક ચૂર્ણ, લવણભાસ્કર ચૂર્ણ, શંખવટી, લવંગાદ્ય મોદક, ભાસ્કર રસ, ચિંતામણિ રસ, ક્રવ્યાદ રસ, અગ્નિતુંડી વટી વગેરે પણ અપાય છે.

વાયુનો અવષ્ટંભ વગેરે. *ઉપચાર:—(૧) કોઇ પણ ઔષધ આપવા પહેલાં વમન અને રેચન આપવું, લાંઘણ કરાવવી અને હીંગાષ્ટક ચૂર્ણ આપવું. (૨) પાકેલા અનનસના ઝીણા ઝીણા કડકા કરી, તેમાં મરી અને સિંધવની ભૂકી નાખી તે આપવું. (૩) લિંબુની ફાડ કરી તેની બન્ને ફાડોમાં સંચળ, સુંઠ અને થોડી હીંગ ભરી અંગારા ઉપર મૂકવું અને સારૂં પાકું થાય એટલે નીચે ઉતારી લગાર ઠંડુ થાય એટલે ચૂસી જવું. (૪) લીંડીપીંપર, સિંધવ, બાળહરડે અને સુંઠનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૫) ચણાનો ક્ષાર છાશમાં, પાણીમાં કિંવા સાકરમાં નાખી આપવો. (૬) સુંઠ ને ગોળ અથવા સુંઠ ને સાકર આપવી. (૭) ભોજન પહેલાં આદાના રસમાં લિંબુનો રસ અને સિંધવ નાખી તે પ્રાશન કરવું; એટલે અજીર્ણ દૂર થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે; અને વાયુ, કફ, મલબદ્ધતા તથા આમવાતનો નાશ થાય છે. (૮) લવંગ અને બાળહરડેનો કાઢો સિંધવ નાખી આપવો; એટલે સૂક્ષ્મ રેચ થઈ અજીર્ણનો નાશ થશે. (૯) લીંડીપીંપર અને ગોળ ખાવો. (૧૦) મૂળાના કંદના પાતળા પીતા કરી તે ઉપર મીઠું નાખી જોરથી મસળી થોડી વાર રહેવા દેવા; પછી પુનઃ જોરથી મસળી તેમાંનું પાણી નીચોવી કાઢી નાખી તે પીતા ચાવી ખાવા; એટલે અજીર્ણ તત્કાળ નાશ પામે છે. (૧૧) બાળહરડે, સિંધવ અને સુંઠનો કલ્ક કરી પાવો. (૧૨) ધાણા અને સુંઠનો કાઢો આપવો; એટલે અજીર્ણ, આમ, શૂળ અને જ્વરનો નાશ થાય છે. (૧૩) સિંધવ, સંચળ, જવખાર, અજમો, હરડે, લીંડીપીંપર, સુંઠ, મરી, શેકેલી હીંગ અને વાવડીંગનું ૪ માસા વજ્રગાળ ચૂર્ણ ઘીમાં કરમોવી ભોજનસમયે પ્રથમ પાંચ કોળીઆ સાથે ખાવું. એટલે અજીર્ણ, વાત, ગુદવાત, ગુલ્મવાત, વાતપ્રમેહ, વિષમવાત, વિષૂચિકા (કૉલેરા), કમળો, પાંડુ, દમ અને ઉધરસનો નાશ થાય છે. (૧૪) ચિત્રક, અજમો, સિંધવ, સુંઠ અને મરીનું ચૂર્ણ છાશમાં ૭ દિવસ આપવું; એટલે અજીર્ણ અને મૂળવ્યાધિનો નાશ થાય છે. (૧૫) સુંઠ ૫ ભાગ, લીંડીપીંપર ૪ ભાગ, અજમોદ ૩ ભાગ, અજમો ૨ ભાગ અને બાળહરડે ૧૬ ભાગનું ચૂર્ણ કરી આપવું; એટલે અજીર્ણ, આમ, ગુલ્મ તથા મલાવષ્ટંભનો નાશ થાય છે. **પથ્ય:**—અગ્નિને પ્રદીપ્ત કરનારા અને હલકા પદાર્થ, જૂના મગ, રાતા ચોખા, ચુકો, ચાકવત (ટાંકો), કુણો મૂળો, લસણ, જૂનું કોહોળું, સરગવાની શિંગ, પરવળ, વેંગણ, આમળાં, નારંગી, દાડમ, લિંબુ, મધ, માખણ, ઘી, છાશ, મીઠું, દહીં, હીંગ, આદુ, અજમો, મેથી, ધાણા, નાગરવેલનાં પાન, ઉષ્ણોદક, કડવું, તીખું, ખાટું એવા રસ ઇત્યાદિકોનું સેવન સારૂં છે. **અપથ્ય:**—મલ-મૂત્ર-વાયુનો અવરોધ, ઘણું ખાવું, જાગરણ, મિષ્ટાન્ન, ઠંડુ ધાન્ય, જાંબુ, અળવી, જડ પદાર્થ, વિરુદ્ધ અન્ન-પાન. ઇત્યાદિ.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં×:—અજમો-૧, અજમોદ-૫, અનનસ-૧, આદુ-૨, ૫;

---

* **સમુદ્રલવણાદિ ચૂર્ણ**—સમુદ્રલવણ, સંચળ, સિંધાલૂણ, જવખાર, અજમો, અજમોદ, હરડેદળ, લીંડીપીંપર, સુંઠ, હીંગ અને વાવડીંગ એ ૧૧ ચીજો બબ્બે ટાંક લઇને ચૂર્ણ કરી સાંજરે ઊના પાણી સાથે આપવાથી અજીર્ણ, ગોળો, વાતપ્રમેહ, કોગળિયું, પાંડુરોગ અને નિર્બળતાનો નાશ થાય છે.

× સુબોધ વૈદ્યકમાં દરેક દરદની નીચે આપેલ વિશેષ ઉપચારો પણ વનૌષધિગુણાદર્શ પ્રકરણનીજ ખતવણી છે. મૂળ મરાઠી ગ્રંથની છેલ્લી આવૃત્તિને આધારે એ પ્રકરણમાં સુધારોવધારો થયેલો; તેમાંના ઉપચારો તેમજ કેટલાક ઉપચારો રા૦ પદેજીની હયાતીમાં નીકળેલી ગુજરાતી આવૃત્તિમાં ખતવવાં રહી ગયેલાં, તે આ આવૃત્તિમાં આ પ્રમાણે વિશેષ ઉપચારદાખલ દરેક વ્યાધિના પ્રકરણમાં સંશોધકે ઉમેર્યાં છે; અને સંશોધકે પોતે સંગ્રહ કરેલા બીજા વધુ ઉપચારો તેમજ બીજી હકીકત આમાં ટીપણીદાખલ આપવામાં આવેલી છે. દરેક ઉપચાર કહેલી ઔષધિના વર્ણનમાં કહેલ નંબરે જોવાથી મળી આવશે. જેમકે આ પ્રકરણમાં "અજમો ૧" એમ લખેલું હોવાથી અજમાના વર્ણનમાં અજમાના ઉપયોગનો નંબર ૧ લો જોવો. આમ સર્વત્ર સમજી લેવું. 'વનૌષધિ ગુણાદર્શમાં' એ વાક્યને બદલે હવે પછી "વનૌ૦ માં" એ ટુંકો શબ્દ વપરાશે એ તરફ વાંચનારનું ખાસ ધ્યાન ખેંચીએ છીએ.

કલૌંજી જીરૂં-૧, કોથમીર-૬, ચિત્રક-૧૭, જાયફળ-૧૨, ઝેરકોચલાં-૭, તુવરફળ-૩, પાઢ (કાળી-પાડ)-૧૦, બાફળી (હીંગોત્રી)-૪, મૂળા-૬, રાઇ-૩, લવંગ-૬, લીંડીપીંપર-૧૬, લિંબુડી-૧, વગડાઉ અજમો-૧, હરડે-૧૫, ૪૪; હીંગ-૧૦, (અજીર્ણ કેળાથી હોય તો) કેળ-૨૧, (ઘીથી હોય તો) કોકમ-૮, (ફણસથી હોય તો) ફણસ-૬, ૭; અને (તેલથી હોય તો) બીંડી-૪. **મંદાગ્નિ માટે જુઓઃ**—અતિવિષ-૫, આદુ-૧૩, ૧૯, ૫૩; આમલી-૧૨, કલૌંજી જીરૂં-૧, કોથમીર-૬, ગાંજો-૬, ઝેરકોચલાં-૭, ભાંગરો-૧૩, રતાંદળી-૧૦, રાસ્ના-૬, લવંગ-૧, લીંડીપીંપર-૧૩, ૩૫. **ભૂખ લાગવાના ઉપાય** જુઓઃ-આદુ-૧૫, ભોરિંગણી-૬.

૨-अम्लपित्त

કારણઃ—વાસી, ખાટું થઇ ગયેલું અથવા બીજા વિકારવાળું, પિત્તને કોપાવનાર, વિરુદ્ધ ગુણવાળું અથવા દાહ કરે એવું અન્ન અગર બીજા પદાર્થોનું ભક્ષણ કરવાથી પિત્ત દૂષિત થઇને સંચિત થાય છે, તેને અમ્લપિત્ત કહે છે. **લક્ષણઃ**—અન્ન ન પચવું, મહેનત કર્યા સિવાય શ્રમ થવો, જીવ ચુંથાવો, કડવા, ખાટા ઓડકાર આવવા, શરીરે જડપણું આવવું, હૃદય અને કંઠમાં દાહ, અન્નદ્વેષ થવો, એ સાધારણ લક્ષણો છે. આ રોગ જૂનો થયા પછી કષ્ટસાધ્ય છે. **ઉપચારઃ**—(૧) પ્રથમ વમન થવાને મીંઢળનું ૪-૫ માસા ચૂર્ણ મધમાં આપવું, પછી સૂક્ષ્મ રેચ આપવા. (૨) આમળાં અથવા ત્રિફળાંના કાઢામાં નસોતરનું ચૂર્ણ અને મધ નાખી તે કાઢો રેચ થવા માટે આપવો. (૩) સુંઠ અને કડવાં પરવળનો કાઢો આપવો. એ કફ, પિત્ત, ઉલટી, કંડૂ, જ્વર અને વિસ્ફોટકનો નાશ કરે છે; અને એ લેવાથી અન્નનું પાચન થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે. (૪) સુંઠ એક ભાગ અને ગેરૂ બે ભાગ, એનો ખાવાના પાનના રસમાં ખરલ કરી વાલ પ્રમાણે ગોળીઓ બાંધવી. દરરોજ બે ગોળીઓ સવાર-સાંજ દૂધ અને પતાસાં સાથે ખાવી. (૫) દ્રાક્ષ ૧ ભાગ, હરિતકી અને સાકર ૨ ભાગ, એની ગોળીઓ બબ્બે વાલની કરી સવાર-સાંજ આપવી. (૬) જવનો કાઢો આમળાંનો રસ અને મધ નાખી આપવો. (૭) કરિયાતું, નાગરમોથ, સુંઠ અને ગળોનો કાઢો આપવાથી અમ્લપિત્તનો તત્કાળ નાશ થાય છે. (૮) અરડુસી, ગળો અને ઉભી રિંગણીનો કાઢો મધ નાખી આપવાથી અમ્લપિત્ત, કફ, શ્વાસ, જ્વર અને ઓકારીનો નાશ થાય છે. (૯) લીંડીપીંપર મધમાં આપવી. (૧૦) હરડે, લીંડીપીંપર, દ્રાક્ષ, ખડીસાકર, ધાણા અને ધમાસાનું ચૂર્ણ મધમાં લેવાથી ગળામાંની બળતરા, પિત્ત અને કફનો નાશ થાય છે. (૧૧) કડવા લીમડાનાં પાન અથવા આમળાંનો કાઢો આપવો. (૧૨) રાત્રે ધાણા અને સુંઠનો કલ્ક આપવો. (૧૩) ચોર-આમલી(ગોરખ આમલી)નું સરબત કરી તેમાં જીરાની અને ખડીસાકરની ભૂકી નાખી તે આપવું. (૧૪) આમળાં ૧ ભાગ અને ખડીસાકર ૨ ભાગ લઇ, તે ભીંજાય એટલું તાજું ઘી નાખી આપવું. (૧૫) કેળના કાંદાના રસમાં આમળાંનું ચૂર્ણ ૧ તોલો આપવું. (૧૬) કોકમ, એલચી અને સાકરની ચટણી કરી તે ખાવી. (૧૭) **નારિકેલખંડપાકઃ**—ઝીણું વાટેલું ૧૬ તોલા કોપરૂં લઈ તે ૪ તોલા ઘીમાં સારૂં શેકી, તેમાં સમભાગે સાકર અને ૬૪ તોલા નાળીએરનું પાણી નાખી, ગોળના પાક જેવું થાય ત્યાંસુધી ઉકાળી, તેમાં ધાણા, લીંડીપીંપર, નાગરમોથ, વંશલોચન, જીરૂં, શહાજીરૂં, તજ, એલચી, તમાલપત્ર અને નાગકેસર, એ ચાર ચાર માસા નાખી ઠંડું થયા પછી આ પાક સેવન કરવો; એટલે અમ્લપિત્ત, અરુચિ, ક્ષય, રક્તપિત્ત, શૂળ અને ઉલટીનો નાશ થાય છે. આ પાક ધાતુવૃદ્ધિકારક છે. (૧૮) **અવિપત્યકર ચૂર્ણઃ**—સુંઠ, મરી, લીંડીપીંપર, ત્રિફળાં, નાગરમોથ, વાવડીંગ, એલચીદોડા અને તમાલપત્ર, એ સર્વ સમભાગ લઈ સર્વના બરોબર લવંગ લઇ જે ચૂર્ણ થાય તેનું દુપ્પટ નસોતરનું ચૂર્ણ લઇ, સઘળા ચૂર્ણ બરોબર સાકર લઈ નિવડેલા માટલામાં રાખી ભોજન પહેલાં આઠ માસા પ્રમાણે ખાવું. ઉપર ઠંડુ પાણી પીવું; એટલે અમ્લપિત્ત, શૂળ,

---

વળી પાંચમી આવૃત્તિથી વનૌષધિગુણાદર્શની ખતવણીની માફક ગોવૈદ્યક અને પ્રાણીજ ઔષધિ એ બે પ્રકરણોની ખતવણી દાખલ કરી છે; તથા તે પણ ગોવૈદ્યકના બદલે ગો૦ વૈ૦" અને પ્રાણીજ ઔષધિના સ્થળે પ્રા૦ ઔ૦ છાપેલ છે.

હરસ, પ્રમેહ, મૂત્રાઘાત અને મૂત્રાશ્મરીનો નાશ થાય છે. (૧૯) જીરૂં અને ગઠુલા સમભાગ લઇ તે ૩ માસા ચૂર્ણ સાકરમાં આપવું. (૨૦) ચોરઆમલીનું મગજ નવ ભાગ, સરગવાનો રસ ૪ ભાગ, ભાંગરાનો રસ ૪ ભાગ, કોહાનો ગર ૮ ભાગ અને આદુનો રસ ૧૮ ભાગ, એકત્ર ખરલ કરી બોરના ઠીલા પ્રમાણે ગોળીઓ કરવી. નિત્ય એક ગોળી આદુનો રસ અને ખડીસાકરમાં અથવા નાળીએરના પાણીમાં આપવી. **પથ્ય:**—ચોખા, ઘઉં, મગ, જવ, સાકર, કારેલાં, કંકોડાં, પરવલ, ટાંકો, જૂનું કોહોળું, કેળફૂલ, ઉષ્ણ પદાર્થ અને કફ–પિત્તહારક એવાં અન્નપાન. **અપથ્ય:**—મીઠું, તેલ, તીખું, ખાટું, તલ, કળથી, મેંઢીનું (ઘેટીનું) દૂધ.

× **વિશેષ ઉપચાર** જુઓ વર્નોમાં–અંબાડો–૧, આદુ–૧૮, ૨૩; આમળાં–૧૮, ૩૬; ઇંડલીંબુ–૨, કરિયાતું–૫, કોકમ–૪, ગઠુલા–૨, ગોરખ આમલી–૨, દ્રાક્ષ–૧, ધોળી પિલુડી–૫, નાળીએર–૧૨, પાટલા–૯, બાવળ–૧૦, મૂળા–૭, લીંડીપીંપર–૧૯, વસુ–૫, શતાવરી–૧૬, સાટોડી–૧૪, સિવણ–૨, હરડે–૬, ૩૨; અમ્લપિત્તથી ગળામાં બળતરા થતી હોય તો ડુંગળી–૧૨, બીલી–૫.

३–अरुचि

કારણ અને લક્ષણ:—વાત, પિત્ત અને કફને કોપાવનાર પદાર્થોનું ભક્ષણ, શોક, ભય, ક્રોધ, અતિલોભ, મનને ચીડ ઉત્પન્ન કરનાર અન્ન, રૂપ અને ગંધથી કરી અરોચક (અરુચિ) રોગ થાય છે; એથી કરી મોઢામાં અન્ન વગેરે પદાર્થ નાખતાં તેનો રુચિ (સ્વાદ) શું છે તે જણાતું નથી. **ઉપચાર:**—(૧) લીંડીપીંપર, ચવક, સુંઠ, પીપળીમૂળ અને ચિત્રકનું ચૂર્ણ કરી લેવાથી મોઢામાં રુચિ આવે છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે, અન્નનું પાચન થઇ મલબદ્ધતા, બરોળ, ગુલ્મ, શૂળ તથા કફોદરરોગ દૂર થાય છે. (૨) સંચળ, દ્રાક્ષ, મરી, જીરૂં, શાહજીરૂં, વરીઆળી, કોકમ અને દાડમના દાણાની ચટણી કરી મધ અને ગોળ નાખી ભક્ષણ કરવું. (૩) એલચી, તજ, તમાલપત્ર અને નાગકેસરનું ચૂર્ણ કરી આપવું; એટલે અરુચિ, પિત્ત તથા કફસંબંધી રોગ દૂર થાય છે. (૪) કોકમ, ગોળ કિંવા સાકર અને એલચીદાણાની ચટણી કરી ખાવી. (૫) યવાની ખાંડવ* ચૂર્ણ આપવું. (૬) ભોજન પહેલાં આદુ અને સિંધવ ભક્ષણ કરવાથી તે રુચિકર, અગ્નિ પ્રદીપ્ત કરનાર અને જીહ્વા તથા કંઠની શુદ્ધિ કરનાર છે. (૭) સાકર, સુંઠ, મરી અને કોઠની મધમાં ગોળી કરી તે મોઢામાં રાખવી; એટલે સર્વ પ્રકારની શાંતિ થાય છે. (૮) દાડમ ખાવાં. (૯) પાકા અનનસના ઝીણા કડકા કરી તે ઉપર જીરૂં અને સિંધવની ભૂકી નાખી પાવું. (૧૦) તાલીસાદિ ચૂર્ણ આપવું.+ (૧૧) અક્કલકરાનું ચૂર્ણ આપવું. (૧૨) બીજોરીનું કેસર ઘી ચોપડી મરી અને સિંધવ

× અમ્લપિત્તમાં ઉલટી બંધ કરવા માટે અરડુસી, ગળો અને ભોરિંગણીનો કવાથ કરી મધ મેળવી પીવરાવવો. એટલે વમન, શ્વાસ, કાસ તથા જ્વરને પણ દૂર કરે છે. અતિસાર હોય તો અતિસાર નિવારણ કરનારી ઔષધિ આપવી. મલાવરોધ (કબજીઅત) હોય તો અવિપત્તિકર ચૂર્ણ, હરીતકી ખંડ લાભદાયક છે. આ ઉપરાંત પિપ્પલીખંડ, શુંઠી ખંડ, નારિકેલ ખંડ, અમૃતાદિ ગુગળ, અમૃતરસ, એલાદિ ચૂર્ણ, અભયાદિ લેહ, આમલકી ખંડ, કુષ્માંડ અવલેહ, સૌભાગ્ય–સુંઠી મોદક, લીલા વિલાસ રસ, અમ્લપિત્તાંતક લોહ, દ્રાક્ષાદિ ઘૃત વગેરે ઔષધોમાંથી કોઇ વિચાર કરીને ઉપયોગમાં લેવાય છે. સૂચના:—અમ્લપિત્તરોગમાં ભોજનની વચ્ચે અથવા ભોજનની પછી તરત પાણી પીવું હાનિકર છે. ઓછામાં ઓછા એક કલાક જવા પછી પાણી પીવું. શાક બહુજ ઓછા પ્રમાણમાં ખાવાં. ખાટા પદાર્થો બિલકુલ છોડી દેવા.

* અજમો, દાડમની છાલ, આમલી, સુંઠ, ખાટાં બોરની છાલ, અમલબેદ, એ દરેક એકેક તોલો, મરી અને લીંડીપીંપર અઢી અઢી તોલા; તજ, સંચળ, ધાણા અને જીરૂં એ અડધો અડધો તોલો અને સાકર ૧૬ તોલા લઈ સર્વના કરેલા ચૂર્ણને યવાની ખાંડવ ચૂર્ણ કહે છે. એ ચૂર્ણ ૦। તોલા પ્રમાણે આપવાથી પાંડુરોગ, બરોળ, ખાંસી, અરુચિ, સંગ્રહણી, દમ, અતિસાર, ઉલટી અને કંઠના રોગો જાય. (શાર્ઙ્ગધર મધ્યખંડ, અ૦ ૬).

+ જુઓ તાલીસના વર્ણનમાં, તથા ઔષધિક્રિયા નં. ૮.

નાખી આપવું.* **પથ્ય:**—ઘઉં, મગ, તુવેર, સાઠી ચોખા, રાતું કોહળું (પદકાળું), કાકડી, કુમળા મૂળા, વેંગણ, શેકટાની શિંગો, કેળાં, પરવળ, દૂધ, ઘી, લસણ, કેરી, દહીં, છાશ, કોઠું, કારેલાં, ડુંગળી, રાઇ, ચાકવત (ટાંકો) અને સવા. **અપથ્ય:**—તરસ, ઓડકાર તથા ક્ષુધાના વેગનું ધારણ, અધિક અન્ન, રક્તમોક્ષ (લોહી કાઢવું), ક્રોધ, લોભ, ભય, અનેક દુર્ગંધીવાળા અને વિરૂપ પદાર્થનું દર્શન.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં અતિવિષ-૫, આદુ-૧૯, ૪૭, આમલી—૨૨, કોઠી-૯, કોથમીર-૪, ગળો ૨૪, પપનસ-૧, પાઢ (કાળીપાટ)-૧૦, બીજોરૂં-૧૭, ૧૮, લવંગ-૧૦, વાવડીંગ-૩, સમેરવો-૧૫.

૪-अस्थिभंग

કોઇક નિમિત્તથી હાડકું મરડાયું હોય કિંવા ઠોકરાયું હોય તો પ્રથમ ઠંડું પાણી છીપી હળવે હળવે થાપડવું, પછી લાલ માટીનો લેપ કરવો. **ઉપચાર:**—(૧) શતધૌત ઘૃત અને ચોખાનો લોટ એકત્ર કરી મસળી તે ઉપર બાંધવું. (૨) બાવળીઆની છાલનું અથવા બીઆંનું ચૂર્ણ ૬ માસા કિંવા ૧ તોલા મધમાં ૩ દિવસ આપવું. (૩) સાંધરૂખની કિંવા હાડસંધિની છાલ કૂટી મરડાયેલા અથવા ભાગેલા હાડકા ઉપર ત્રણ દિવસ બાંધવી. (૪) મજીઠ, મહૂડાની છાલ અને આમલીનાં પાન, એ સમભાગ લઈ એકત્ર વાટી ગરમ કરી બાંધવું. (૫) પંચવલ્કલ-(વડ, પીંપળો, નાંદરૂખ, ઉંબરો અને પીંપળની છાલો)ના કાઢાથી શેકવું. (૬) ધોળા સાજડની છાલનું ચૂર્ણ દૂધમાં આપવું; અને છાલનું ચૂર્ણ ઘીમાં મેળવી તેનો ઘટ્ટ લેપ કરવો. (૭) હાડ-સંધિ કરીને ખરસાણી જેવો વેલો થાય છે, તે લાવી કૂટી ઉપર બાંધવો. (૮) કિંચિત્ શેકેલું ઘઉંનું ચૂર્ણ મધમાં ખાવા આપવું. (૯) મજીઠ અને જેઠીમધને લીમડાના રસમાં ખરલ કરી તેમાં સો વખત પાણીએ ધોયેલું ઘી અને ચોખાનો લોટ નાખી ઉપર લેપ કરવો. (૧૦) લસણ, મધ અને પીંપળાની લાખ વાટી તેમાં ઘી અને સાકર નાખી આપવું; એટલે તરત સાંધો બેસી જાય છે. (૧૧) પ્રવાલભસ્મ મધમાં આપવી. ‡ **પથ્ય:**—ચોખા, ઘઉં, મગ, વટાણા, ઘી, દૂધ, પરવળ, લસણ અને શેકટો. **અપથ્ય:**—મીઠું, તીખા, ખારા, ખાટા, ગરમ પદાર્થ, મૈથુન અને ગરમી.

---

* **પંચામૃત ચાટણ:**—સુંઠ, મરી, પીપર, સિંધાલૂણ એ ચારે વસ્તુ એકેક તોલો તથા કાળી દ્રાક્ષ (બીજ કાઢી નાખેલી) ૪૦ તોલા લઇ ચટણી માફક પીસી બરણીમાં ભરી લેવું. માત્રા ૦॥ થી ૨ તોલા સુધી જરૂરત પ્રમાણે સવારે તેમજ સાંજે ચાટવું. એટલે અરુચિ, વાયુ, મંદાગ્નિ, કબજીયત, શૂળ, મોળ, કફ વગેરે દોષ દૂર થાય છે.

આ ઉપરાંત યવાની ખાંડવ ચૂર્ણ, સુલોચનાભ્ર, એલાદિ ચૂર્ણ, અમૃતપ્રભાવટી, અગ્નિકુમાર રસ વગેરે ઔષધિ અપાય છે.

‡ (૧) બાવળની છાલ ૧ ભાગ, ત્રિફળાં ૩ ભાગ અને ગુગળ ૭ ભાગ, એ એકઠાં કરી ગોળીઓ કરી આપવી. (૨) એક બીલામાના સુડીથી ૪ કકડા કરી દશ તોલા ઘીમાં તળી કકડા કાઢી લઇને તે ઘીનો શીરો કરી દરરોજ સવારે તાજો તાજો ખાવો. આ પ્રયોગથી ભીલામો ઉઠવાનો ડર બિલકુલ રહેતો નથી. (૩) સાબરશિંગ ઘસીને મધ જેવું ઉતારી તેમાં ગુગળ, ચોખા, એળીઓ સમાન અને કળીચૂનો ગુગળથી અર્ધો નાખી ઊનો કરી લેપ કરવાથી વાગવાથી થયેલ લોહીનો જમાવ વીખરાઇ જઇને આરામ થાય છે; શૂળ ઉપર પણ આ લેપ સારો છે.

અસ્થિસંધાનક લેપ:—એળીઓ, ગુગળ, ગુજર, મેંદાલકડી, સાજીખાર, માયું સરસ, હીરાબોળ, ઇસેસ, રેવાચીની શીરો, આંબાહળદર તથા પઠાણી લોદર, એ અગીઆર વસ્તુ સમભાગે લઇ ખાંડી ચૂર્ણ કરવું. જરૂર પડે ત્યારે આ ચૂર્ણ ગરમ પાણીમાં વાટી લેપ કરવો. ઉપર રૂ લગાડી પાટો બાંધવો. જરૂર જણાય તો લાકડીનાં ખાપીઆં બાંધવાં-બેથી ત્રણ દિવસે લેપ ખોલી બીજો લેપ લગાડવો. આવી રીતે બે ચાર વાર લગાડવાથી મૂઢમાર, ચોટ, સોજો, શૂળ, હાડકાનું ભાંગવું અથવા ઉતરી જવું, સખ્ત માર, લોહીનો જમાવ વગેરે દરદ દૂર થાય છે.

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માં—અરજુન સાજડ-૩, ગહું-૪, બાવળ-૨, બીવલો-૫, મજીઠ-૭, લસણ-૧૪, સાંધરૂપ-૧, સુગીણુ-૩, હાડસંધિ-૧, હાડસાંખળ-૧, **(અભિઘાત કિંવા અસ્થિભંગમાં જખમ થઈ રક્તસ્રાવ થતો હોય તો)** માલેબંધ-૧, (ઝાડ ઉપરથી પડવાથી છાતીમાં લોહી બંધાઈ જાય તો) બીવલો-૫, **તીરનો અગ્રભાગ કે કાંટો કાચ વગેરે શરીરમાં પેસી ગયો હોય તો)** ઉંદરકની-क ૯, ग ૮, શેલડી-૮, **[પગ કે ઢીંચણ (ઘુંટી) મરડાયો હોય તો]** આવળ-૨, ઉંડણુ-૧, વાલોળ-૩, **(દુઃખતા હાડ ઉપર)** કોકમ-૧, **(ઠેશ વાગી પડવાથી અથવા કોઇ પણ આઘાત થઈ લોહી ગંઠાયા ઉપર)** આંબાહળદર-૨, મેંદાલકડી-૩, જુઓ ગે.વૈ૦ દૂધ-૧૭.

५-आफरो (आनाह)

કારણ:—આમ કિંવા મળ પેટમાં ઘણા દિવસ સુધી ભેગો થઈ વાયુએ શુષ્ક થઇ ગડો બાઝે છે અને ઝાડો સાફ ઉતરતો નથી, એ વિકારને આનાહરોગ એટલે આફરો કહે છે. **લક્ષણ:**—આમથી આનાહ થયો હોય તો તરસ, સળેખમ, માથાનો દાહ, આમાશયમાં શૂળ, જડપણું, હૃદયને પીડા અને ઓડકારનો પ્રતિબંધ, કંમર, પીઠ તથા મળમૂત્રનું સ્તંભન, શળ, મૂર્ચ્છા, મળની ઉલટી અને શ્વાસ, એ લક્ષણો થાય છે. પક્વાશયમાં આનાહ (આફરો) થયો હોય તો મળ સંચય થવાથી આધ્માન અને વાતરોગાદિક લક્ષણો થાય છે. **અસાધ્ય લક્ષણ:**—તરસે પીડિત, ક્લેશ પામેલો, ક્ષીણ, શળથી પીડાતો તથા મળ ઓકનાર એવા રોગીને છોડી દેવો. **ઉપચાર:**—(૧) હીંગ ૧ ભાગ, ઘોડાવજ ૨ ભાગ, કોઠ ૫ ભાગ, સાજીખાર ૭ ભાગ અને વાવડીંગ ૯ ભાગ લઇ તેનું ચૂર્ણ કોકરવરણા પાણીમાં આપવું; એટલે આનાહ, વિષૂચિકા, હૃદ્રોગ, ગુલ્મ અને અર્ધાંગવાયુનો નાશ થાય છે. (૨) નસોતર ૨ ભાગ, લીંડીપીંપર ૪ ભાગ અને હરડે પાંચ ભાગ લઇ ચૂર્ણ કરી તેના સમભાગ ગોળ નાખી ખાવું. એ દારુણ આનાહનું નાશક છે. ***પથ્ય:**—ઘી, ભાત, અભ્યંગ, કુમળા મૂળા, બીજોરૂં. **અપથ્ય:**—ઉલટી, મલમૂત્રના વેગનો અવરોધ, સર્વ પ્રકારની દાળ, જાંબુ, કાકડી, અળવી, તૂરા પદાર્થ અને જડાન્ન.

†**વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦ માં—ઉંદરકની क-૮, ખસખસ-૪, જળજાંબવો-૩, તુવરફળ-૧, સમેરવો-૧૭, હરડે-૪૦, (ફણસ ઉપર પાન ખાવાથી પેટ ચઢે તે ઉપર) ફણસ-૭, જાયફળ-૧૦.

६-आमवायु

કારણ:—વિરુદ્ધ આહારનું ભક્ષણ કરનાર, વિરુદ્ધ ચેષ્ટા કરનાર, મંદાગ્નિવાળો, આળસુ, સ્નિગ્ધ, અન્ન ખાઇ લાગલીજ મહેનત કરનાર, એવા મનુષ્યનો આમ (પેટમાંનો અપક્વ રસ) વાયુથી કફસ્થાને જાય છે અને ત્યાં તે કફથી દૂષિત થઇ મસ્તકે જાય છે. ત્યાં કફ, વાત તથા પિત્તથી દુષ્ટ અનેક વર્ણનો અને ચિકટો થઇ સ્રોતસને (રસવાહિની નળીઓને) કંપિત કરી, વાયુ તથા કફને એક વખતે કોપાવી તે ત્રિકસંધિમાં (કેડના ભાગમાં) પ્રવેશ કરી ગાત્રોને સ્તબ્ધ કરે છે તેને આમવાત કહે છે. ×**લક્ષણો:**—અંગ મરડાઇ જવું, અરુચિ, તરસ,

---

* ઇંગોરાનાં બીજ ટાંક ૨, ખાંડ ટાંક ૨, લિંબુનો રસ ટાંક ૯ લઈ એકત્ર કરી ખરસાંણી થુહરના દૂધમાં સાત દિવસ મર્દન કરી ચણીબોર પ્રમાણે ગોળી કરી ઉના પાણી સાથે આપવાથી રેચ લાગી પેટનો રોગ નીકળી જઇને આફરો બંધ થાય છે.

† આનાહરોગમાં નારાયણ ચૂર્ણ, ઇચ્છાભેદી રસ, ગુડાષ્ટક વૈદ્યનાથ વટી વગેરે ખાવા માટે અપાય છે. તેમજ ફલવર્તિ, ત્રિકટુકાદિ વર્તિ તેમજ અન્ય વર્તિ ગુદામાં પ્રવેશ કરાવવા માટે અપાય છે.

× આમાવતમાં અજીર્ણ અને સંધિવાનાં મિશ્રિત લક્ષણો હોય છે. સાંધા સાંધા જકડાઈ જવા તથા વેદના થવી એ સંધિવાતનાં લક્ષણ છે. તથા મંદાગ્નિ, અનાજ ઉપર અભાવ, મોંમાંથી પાણી છૂટવું, મલાવરોધ (કબજીઅત) વગેરે અજીર્ણનાં લક્ષણો છે. એવી રીતે આમવાતમાં મિશ્રિત

આળસ, શરીરને જડત્વ, જ્વર, અન્ન ન પચવું, શરીરે સોજા આવવા, એ ચિહ્નો થાય છે; અને અધિક થયો હોય તો હાથ, પગ, માથું, ધુંટી, કટીભાગ, ફૂલા અને સંધિમાં સોજો આવી પીડા ઉત્પન્ન થાય છે. વાયુના યોગે જે ઠેકાણે આમ જાય છે તે અંગને વિંછી ચટ્યા પ્રમાણે વેદના થાય છે. અગ્નિમાંદ્ય, મોઢામાંથી પાણી છૂટવું, અરુચિ, શરીરને જડત્વ, ખર, મુખને વિરસપણું, દાહ, અતિમૂત્ર, કુક્ષિમાં કઠિનપણું, શૂળ, નિદ્રાનો વિપર્યાસ, તરસ, ઉલટી, ભ્રમ, મૂર્ચ્છા, હૃદયશૂળ, મલસ્તંભ, જડત્વ, આંતરડામાં શબ્દ થવો, પેટ ફૂલવું ઇત્યાદિ લક્ષણો થાય છે. **ઉપચાર:**—(૧) સુંઠ અને ગળોનો કાઢો રોજ લેવાથી ઘણા દિવસનો આમવાત પણ દૂર થાય છે. (૨) સુંઠ અને ગોખરૂનો કાઢો નિત્ય સેવન કરવાથી આમવાત અને કટિશૂળ–પૃષ્ઠશૂળનો નાશ થાય છે. એજ પાચક અને પીડાનાશક છે. (૩) રાસ્ના, દેવદાર, ગરમાળાનો ગોળ, સુંઠ, મરી, લીંડીપીંપર, એરંડમૂળ, પુનર્નવા (સાટોડી) અને ગળોના કાઢામાં સુંઠનો કલ્ક અથવા સુંઠનું ચૂર્ણ કિંવા એરંડતેલ નાખી તે આપવું. (૪) સુંઠના કાઢામાં એરંડતેલ નાખી આપવું; એટલે આમવાત, કમ્મર અને કુક્ષી, એ ઠેકાણાનું શૂળ તથા પેટનું શૂળ સારૂં થાય છે. (૫) દશમૂળના કાઢામાં એરંડતેલ નાખી આપવું. (૬) એરંડમૂળના રસમાં સુંઠનું ચૂર્ણ મેળવી ગોળો કરી તે ઉપર એરંડાનાં પાંદડાં વિંટી ઉપર ચીકણી માટીનો લેપ કરી પુટપાક–કૃતિએ અંગારામાં શેકી, રસ કાઢી તેમાં મધ નાખી આપવું. (૭) લઘુ પંચમૂળના કાઢામાં એરંડતેલ નાખી આપવું. (૮) બૃહત્પંચમૂળના કાઢામાં એરંડતેલ નાખી આપવું. (૯) ગળો, સુંઠ, એરંડમૂળ અને આસગંધનો કાઢો આપવો. (૧૦) ગળોના કાઢામાં એરંડતેલ આપવું. (૧૧) પાશેર ખજૂર ફોલી પલાળી પી જવું. (૧૨) ચિત્રક, કડુ, પહાડમૂળ, ઇંદ્રજવ, અતિવિષ, ગળો, દેવદાર, નાગરમોથ, સુંઠ અને બાલહરીતકીનું ચૂર્ણ ઉંણોદકમાં આપવું. (૧૩) રાત્રે ત્રણ માસા કરિયાતામાં બે તોલા પાણી નાખી પલાળી રાખવું. સવારે વસ્ત્રગાળ કરી તેમાં બે ગુંજા કપૂર, બે ગુંજા શિલાજિત અને અર્ધો તોલો મધ, એ પ્રમાણે દરરોજ સેવન કરવાથી જીર્ણજ્વર અને સર્વ પ્રકારનો શરીરમાં જામેલો ગરમીનો રોગ ૭ દિવસમાં દૂર થઇ સારી શક્તિ આવે છે. **પથ્ય:**—રૂક્ષ પદાર્થ, પરસેવો કાઢવો, લાંઘણ, સ્નેહપાન, જૂના ચોખા, જવ, કુલિત્થ, સામો, વાતકફનાશક એવા પદાર્થ, છાશ, લસણ, પરવળ, કારેલાં, વેંગણ, શેકટો, ગરમ પાણી, કડવા, તીખા એવા પદાર્થ. **અપથ્ય:**—દહીં, ક્ષાર પદાર્થ, મયાળ, આદનો લોટ, વિરુદ્ધાન્ન, મલમૂત્રાદિકનો રોધ, જાગરણ, વિષમાશન, જડ અને કફકારક પદાર્થ.

વિશેષ ઉપચાર:—જુઓ વર્નૌષધિમાં—આદુ–૬, ૭, ૮, ૪૬; એરંડો–૧૬, ૩૭; કરિયાતું–૧, કલોંજી જીરૂં–૧, ખજુરી–૬, ગળો–૬, ગોખરૂ બોડા–૬, બીંડા (શાક)–૨, મંદાર–૨, રાસ્ના–૩, લસણ–૧૩, લીંડીપીંપર–૨૬, સુરણ–૨, સોપારી–૪, હરડે–૪૧.

૭–आंखना रोग

કારણ:—અંગ સંતપ્ત છતાં ઠંડા પાણીથી સ્નાન કરવું, દૂર દૃષ્ટિ કરી નિરંતર જોવું, યથાકાળે નિદ્રા ન કરવી, પરસેવો, ધૂળ તથા ધૂમાડાનો આંખોએ સ્પર્શ થવો, ઉલટી થોભાવવી, અતિ ઉલટી, પાતળું અન્ન અને પાણીનું અતિ સેવન, મલ, મૂત્ર અને અપાનવાયુનો વેગ અટકાવવો, નિરંતર રુદન, તાપ, ક્રોધ, શિરસ્તાડન (માથાકૂટ), અતિમદ્યપાન, જે ઋતુમાં જે કરવાનું હોય તે ન કરવું, કલેશ, અભિઘાત, અતિ મૈથુન, અશ્રુનો વેગ રોકવો, અતિસૂક્ષ્મ પદાર્થોનું નિરંતર

લક્ષણો હોય છે. જ્યારે આખા શરીરપર સોજો આવી જાય છે ત્યારે દરદ અસાધ્ય ગણાય છે. સંધિવાની ઘણી ખરી ઔષધિ આ રોગમાં ઉપયોગી થાય છે. મહારાસ્નાદિ ક્વાથ, યોગરાજગુગળ, સુંઠી પુટપાક, દશમૂળાદિ અરિષ્ટ વગેરે ઔષધિ અતિવિશેષ લાભદાયક છે. રાસ્ના પંચક, રાસ્ના સપ્તક, ઉદયભાસ્કર રસ, રસોનાદિક કષાય, વૈશ્વાનર ચૂર્ણ, અજમોદાદિ વટી, સિંહનાદ ગુગળ વગેરે શાસ્ત્રીય ઔષધિ પણ વારંવાર આમવાતમાં અપાય છે. માલીશ કરવા માટે પ્રસારણી તેલ, પુનર્નવા તેલ તેમજ વાતરોગમાં ઉપયોગી બીજાં તેલો અપાય છે. આમવાયુના રોગમાં તાવ આવતો હોય તો ભાત ખાવા નહિ આપવો.

અવલોકન ઇત્યાદિ કારણોએ નેત્રરોગ ઉત્પન્ન થાય છે. એ ૭૮ પ્રકારનો છે.

અભિષ્યંદ (આંખો આવવી):—નેત્રરોગમાં પ્રાયઃ અભિષ્યંદ કારણ છે. એ વાત, પિત્ત, કફ તથા લોહી એવા ચાર પ્રકારનો છે. **અધિમંથ (નેત્રશૂળ):**—અભિષ્યંદ ઉપર કંઇ ઔષધોપચાર ન કરવાથી તે વધી તેમાંથી ચાર પ્રકારનો અધિમંથ રોગ આંખોમાં થાય છે. આ રોગથી આંખોને તીવ્ર વેદના થઇ અર્ધી ડોક સુધી બહુ દુઃખ થાય છે. **શુક્ર (ફૂલું):**—એ સવ્રણ અને અવ્રણ એવા બે પ્રકારના છે. **તિમિર (અંધારાં):**—દષ્ટિદોષના કારણથી આંખો આગળ નાના પ્રકારનાં રૂપો દેખાય છે તેને તિમિર કહે છે. **કાચ (મોતિયા) બિંદુ:**—તૃતીય પટલગત દોષને કાચ કહે છે. **લિંગનાશ:**—તેજ કાચ ચોથા પટલમાં જાય એટલે દષ્ટિનો રોધ કરે છે. તેને લિંગનાશ કેહ છે. આ રોગ ઘણો વધ્યા પહેલાં આકાશમાંના ચંદ્ર, સૂર્ય, નક્ષત્રો, વીજળી અને તેજસ્વી પદાર્થો દેખાય છે. **અર્મરોગ:**—આંખમાં સફેદ ભાગ પર પાતળું વિસ્તીર્ણ, કાળું, શ્યામવર્ણ અને રાતું, લાલ, ધોળું, કઠિન, એવું જે માંસ વધે છે તેને "વડસ" કહે છે. **અર્જુન (અહિર):**—આંખોમાં ધોળા ભાગપર સસલાના લોહી જેવું એક બિંદુ ઉત્પન્ન થાય છે, તેને "અહિર" કહે છે. **સ્રાવ** કિંવા **નેત્રનાડી (નાસુર):**—વાતાદિ દોષ અશ્રુના માર્ગે સંધિમાં પ્રવેશ કરી તે પોતાનાં લક્ષણોએ યુક્ત એવો સ્રાવ ઉત્પન્ન કરે છે, તેને નેત્રનાડી કહે છે. **અંજનાર્થ શલાકા:**—સીસું તપાવી તે ત્રિફળાં, ભાંગરો અને સુંઠના કાઢામાં અને ઘી, ગોમૂત્ર, મધ તથા બકરીના દૂધમાં છમકારી શુદ્ધ કરવું; અથવા ત્રિફળાંના કાઢામાં ૧૦૦ વાર તપાવી બોળવું તથા તેની શલાકા કરવી. એ શલાકા આઠ આગળ લાંબી અને બે છેડેથી કિંચિત્ બારીક હોવી જોઇએ. તે છેડે વટાણા જેવડી જાડી હોવી જોઇએ. એ સળી એકલી આંખમાં ફેરવવાથી ગુણકારી થાય છે. અંજન કરવું તે પ્રથમ ડાબી આંખમાં કરી પછી જમણી આંખમાં કરવું. આંખમાં ટીપું પાડવું તે કદી પણ રાત્રે પાડવું નહિ. **અભિષ્યંદ (આંખો આવે છે તે) ઉપર ઉપચાર:**—(૧) કપૂર, હળદર, લોધ્ર, ફટકડી, કડવા લીમડાનાં બીઆં, અફીણ અને રાતા બોળનો લીમડાના રસમાં ખરલ કરી તેનો આંખોપર લેપ કરવો. (૨) એક રસભરિત લિંબુ લઇ તેની એક ઝીણી અને એક મોટી એવી બે ચીરો પાડવી. મોટી ચીર ઉપર લોખંડનો કાટ અને દાંતવણ એકત્ર કરી નાખવું અને એ ચીર હળદરથી પીળા કરેલા સ્વચ્છ કપડામાં વિંટાળી તે પોટલી આંખ ઉપર વારંવાર ફેરવવી; એટલે કંડૂ, રતાશ, ખુપરા (ખીલ) વગેરે વિકાર નાશ પામે છે. (૩) રસાંજન, હરીતકી તથા આદાનાં પાંદડાંનો અથવા વજ, હળદર અને સુંઠનો અથવા સુંઠ અને ગેરૂનો લેપ કરવો. (૪) અરડુસી, હરડે, કડવો લીમડો, આમળાં, નાગરમોથ અને સૂકાયેલા મૂળાનો કાઢો કરી આપવો. તે રક્તસ્રાવ તથા કફનો નાશ કરનાર છે અને આંખોને હિતકારક છે. (૫) સુરવારી હરડે અને ફટકડી પાણીમાં ઘસી અંજન કરવું. (૬) દાંતવણ અને અફીણનો લિંબુના રસમાં લોખંડની તવી ઉપર ખરલ કરી આંખો ઉપર લેપ કરવો. (૭) હળદરની ભૂકી, ફટકડી અને અફીણમાં લીમડાનો રસ નાખી, તાંબાની કથરોટમાં એક પહોર ખરલ કરી તેનો લેપ કરવો. (૮) સિંધવ, દારુહળદર, ગેરુ, સુરવારી હરડે અને રસાંજન, એ પાણીમાં ઘસી તેનો આંખો પર લેપ કરવો; એટલે સર્વ નેત્રરોગનો નાશ થાય છે. (૯) ભોંયઆમલી અને સિંધવ તાંબાના વાસણમાં ઠંડા પાણીમાં ખરલ કરી તેનો આંખો ઉપર લેપ કરવો; એટલે નેત્રપીડા દૂર થાય છે. (૧૦) નિર્મળીનાં બીઆં મધમાં ઘસી તેમાં થોડું કપૂર નાખી તેનું અંજન કરવું. (૧૧) ત્રિફળાંના કાઢાનાં કોકરવરણાં ટીપાં આંખોમાં નાખવાં. (૧૨) આંખો આવે એવું જણાય એટલે તુરત બંને આંખો આગળ બીલામાનાં બારિક ફૂલ કરવાં. (૧૩) ચૂનો, ગોળ અને ચૂલા ઉપરના ધુંવાસની બંને આંખો આગળ પટ્ટી લગાવવી; એટલે તુરત વિકાર દૂર થાય છે. (૧૪) પીળા ધંતુરાનો (વિલાયતી ધંતુરાનો) રસ આંખમાં નાખવો. (૧૫) દાડમડીનાં પાંદડાં વાટી લેપ કરવો. (૧૬) જસતનાં ફૂલ ૧ ભાગ અને ૪ ભાગ ફટકડીનો સારો ખરલ કરી તે ભૂકી ૨ ગુંજા લઇ, તેમાં સવા તોલો પાણી નાખી દિવસમાં બે વખત આંખોમાં નાખવું; એટલે આવેલી આંખો, ખીલ, પિયા અને રતાશની શાંતિ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ-અઘેડો-૬, આદુ-૨૮, આમલી-૧૧, ઉંબરો-૫, એરંડો-૪, કદંબ-૨, કુંવાર-૫, ખસખસ ક (અફીણ)-૧૧, ગળજીભી-૨, ચિમડ-૧, ડુંગળી-૨૯, દાડિમ-૧૧, દારુહળદર-૬, નાકુલ-૨, નિર્મળી-૪, પીળો ધંતુરો-૫, બકામલીમઠી-૩, લિંબુડી-૫, સરગવો-૧૭, સારફળ-૧, હરડે-૧, ૪૫, **(આંખો દુખવા આવે એમ લાગે તો)** બીલામો-૨૪.

નેત્રશૂળ ઉપર ઉપચાર—(૧) કાંજી, સિંધવ, તેલ અને મોરવેલીનાં મૂળ એકત્ર કરી કાંસાના વાસણમાં ખરલ કરી લેપ કરવો. (૨) મીઠું, સરસિયું અને કાંજી, કાંસાના વાસણમાં નાખી પથ્થરના કકડાએ ઘુંટવું તથા છાણાના દેવતા ઉપર તપાવી તેમાં બકરીનું દૂધ નાખવું અને લેપ કરવો; એટલે નેત્રશૂળ, સ્રાવ, સોજો, આરક્તતા (રતાશ), અભિષ્યંદ અને અધિમંથનો નાશ થાય છે. (૩) સિંધવ અને લોધ્ર એકત્ર કરી ઘીમાં શેકવાં અને કાંજીમાં વાટી ધોળા વસ્ત્રમાં બાંધવાં. તેનું ટીપું નેત્રમાં નાખવું, એટલે કંડૂ, દાહ તથા સણકાનો નાશ થાય છે. (૪) સિંધવ અને લોધ્રને શેકી, મધ અને ઘીમાં વાટી તેનો લેપ અને અંજન કરવું. તે તુરત નેત્રરોગને શમાવે છે. (૫) લીમડાનો રસ લોહપાત્રમાં નાખી જાડો થાય ત્યાંસુધી ઘુંટવો અને તેનો લેપ કરવો. તે નેત્રરોગને શાંત કરે છે. (૬) તુળસી અને બિલીપત્રનો સમભાગ રસ અને બન્નેના બરાબર સ્ત્રીનું દૂધ, એ કાંસાના વાસણમાં નાખી તેમાં ગજપીંપરનું ચૂર્ણ નાખી તાંબાની વાડકીથી એક પહોર ઘુંટી તેનું અંજન કરવું.

આંખોમાં ફૂલ પડે* છે તે ઉપર ઉપચાર:—(૧) ધોળી સાટોડીનાં મૂળ ઘીમાં ઘસી અંજન કરવું એટલે ફૂલ ઝરી જાય છે; મધમાં ઘસી આંજવાથી આંખોને હમેશાં પિયા લાગે તે દૂર થાય છે. એજ મૂળ તલના તેલમાં ઘસી અંજન કરવાથી તિમિરનો નાશ થશે, દૂધમાં ઘસી અંજન કરવાથી કંડૂનો નાશ થાય છે, પાણીમાં ઘસી અંજન કરવાથી પડળ દૂર થાય છે અને કાંજીમાં ઘસી આંજવાથી રતાંધળાપણું મટે છે. (૨) ગાયના દહીંમાં સુંઠ ઘસી અંજન કરવું. (૩) સુવર્ણમાક્ષિક મધમાં ઘસી અંજન કરવું. (૪) વડના દૂધમાં કપૂર વાટી અંજન કરવું, એટલે બે મહિનાનું ફૂલ હશે તોપણ દૂર થશે. (૫) કરંજનાં બીઆંના ચૂર્ણને ખાખરાના ફૂલના રસની અથવા કાઢાની પુષ્કળ ભાવનાઓ આપવી અને તેની લાંબી લાંબી ગોળીઓ કરી તેનું અંજન કરવું. એથી કરી આંખમાંની માંસવૃદ્ધિ તથા ફૂલનો નાશ થાય છે. (૬) સમુદ્રફીણ, સિંધવ, શંખ અને સરગવાનાં બીઆંની લાંબી ગોળી કરી તેનું અંજન કરવું; એટલે શસ્ત્રવડે કાપી કાઢવા પ્રમાણે શુક્રાદિકોનો નાશ થાય છે. (૭) ઉપરસાલનો કાઢો મધ નાખી વ્રણ-શુક્ર પર આપવો. (૮) ચંદન, ગેરૂ, લાખ અને જાઈની કળીઓ વાટી તેની સળી કરી આંજવી. તે વ્રણ-શુક્રનો નાશ કરે છે અને લોહીને સાફ કરે છે. (૯) કડવાં પંડોળાં, કુટકી, દારુહળદર, કડવો લીમડો, અરડુસી, ત્રિફળાં, ધમાસો, પિત્તપાપડો અને ત્રાયમાણ એ દરેક ૪ તોલા, આમલાનો રસ ૬૪ તોલા, પાણી ૧૦૨૪ તોલા, ઘી ૬૪ તોલા, કરીઆતુ, કડું, નાગરમોથ, જેઠીમધ, ચંદન અને લીંડીપીંપરનો એકેક તોલાનો કલ્ક નાખી ઘી સિદ્ધ કરવું. તે શુક્રરોગ ઉપર આપવું એટલે આંખોને હિત થાય છે; અને નાક, કાન, નેત્રવર્ત્મ, નેત્રત્વચા, મુખરોગ, વ્રણ, કમળો, તાવ, વિસર્પ અને કંઠમાળનો નાશ કરે છે. (૧૦) લીંડીપીંપર, સમુદ્રફીણ અને સિંધવનું ચૂર્ણ તથા મધ કાંસાના વાસણમાં નાખી ખરલ કરવો અને તેનું આંખોમાં અંજન કરવું. (૧૧) મહુડાની અંતરછાલ અથવા બહેડાં કિંવા સિંધવ, એ મધમાં ઘસી અંજન કરવું. (૧૨) જાઇનાં પાંદડાં અને જેઠીમધ ઘી ઉપર શેકી કોકરવરણા પાણીમાં કિંવા સ્ત્રીના દૂધમાં વાટી તેનું આંખમાં ટીપું નાખવું. (૧૩) આમળાં, કડવો લીમડો અને કોઠીનાં પાંદડાં, જેઠીમધ, લોધ્ર, ખેરની છાલ અને તલનો કાઢો ઠંડો કરી આંખમાં નાખવો. તે અનેક પ્રકારના નેત્રરોગનો નાશ કરે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડો-૭, આદુ-૩૪, આવળ-૬, ઉપરસાલ-૨.

*** હીમજ અને સાકર સમાન લઇ બકરીના દૂધની સાથે ૧૬ પહોરસુધી વાટી તેનું આંખોમાં અંજન કરવાથી ફૂલનો અને પડળનો નાશ થાય છે તથા આંખની દૃષ્ટિ વધે છે. આ ઔષધનો અનુભવ કરી જોયેલો છે.**

એરંડો-૧૨, કડવી દૂધી (તુંબડી)-૩, કણુઝી-૭, કપૂર-૧૦, કાંકડ-૨, નિર્મળી-૭, પીળો ધંતુરો-૪, બાવળ-૨૦, મોથ-૪, વડ-૧૦, સમુદ્રફળ-૭, સાટોડી-૧, ૧૮; હરડે-૪૫, હેળુ-૫.

અજકાજાત (આંખના કાળા ભાગપર બકરીની સૂકાયલી લીંડી જેવું અને ઘણું દુઃખનારૂં, રાતું, ચીકટાં અશ્રુ વહન કરનારૂં, એવું જે વધે છે તેને "ઢીગ" પણ કહે છે તે) **ઉપરઃ**—સિંધવ, ઘોડાની ખરીએઃ અને ગોરોચન, એને ગુંદીની છાલના રસમાં ઘસી તે આંખોમાં નાખવું એટલે તે અજકાજાતનો નાશ કરે છે.

કાચબિંદુ (મોતીઆ) પર ઉપચારઃ—(૧)મરી ૧ાા માસો, લીંડીપીંપર ૦ા તોલો, સમુદ્રફીણ ૦ા તોલો, સિંધવ ૧ાા માસો અને સુરમો ૨ા તોલા, એ એકત્ર કરી તેનો બારિક ખરલ કરવો. એને "પૂર્ણાંજન" કહે છે. એ કંડૂ, કાચ, કફ તથા મળનો નાશ કરે છે. (૨) મેઢાશિંગનાં પાંદડાં, સુરમો અને શંખનું અંજન કરવું. (૩) મનસીલ, સિંધવ, હીરાકસી, શંખ, સુંઠ, મરી, લીંડીપીંપર અને રસાંજન, એને મધમાં ખરલ કરી ગોળી કરી તેનું મધમાં અંજન કરવું. તે કાચ, શુક્ર, વડસ અને તિમિરનો નાશ કરે છે. (૪) લોઢાના વાસણમાં ત્રિફળાંનો કાઢો ઘી નાખી રાખી મૂકવો, અને સાંજરે ભોજન પછી પ્રાશન કરવો; એટલે એક મહિનાના આંધળાને પણ દેખાવા લાગે છે. (૫) ભાંગરાનો રસ ૬૪ તોલા, તેલ ૧૬ તોલા, જેઠીમધ ૧૬ તોલા, દૂધ ૬૪ તોલા, એ સઘળું એકત્ર કરી તેલ સિદ્ધ કરવું. તે ગએલાં આંખોને ફરી સારી કરે છે.

તિમિર (અંધારાં) ઉપર ઉપચારઃ—† (૧) દશમૂળોએ સિદ્ધ કરેલા ઘીમાં ચોપટ દૂધ અને ત્રિફળાંનો કલ્ક નાખી તે પ્રાશન કરવું; એટલે વાતજ તિમિરનો નાશ થાય છે. (૨) ત્રિફળાં અને દશમૂળના કાઢામાં દૂધ અને એરંડતેલ નાખી રેચનાર્થ આપવું. (૩) બલદાણા, શતાવરી, ધોળું અતિવિષ, શિલાજિત અને ત્રિફળાંના કાઢામાં ઘૃત સિદ્ધ કરી આપવું. એ ઉત્તમ તિમિરનાશક છે. (૪) ઉપરસાલ, ત્રિફળાં, વાળો, મોતી, ચંદન અને પદ્મકાષ્ઠની લાંબી ગોળી કરી અંજન કરવું; એટલે પિત્તજ તિમિરનો નાશ થાય છે. (૫) મરી, જેઠીમધ, વાવડીંગ અને દેવદારના કલ્ક વડે નસ્ય કરવું. (૬) તામ્ર, ત્રિફળાં, શંખ, એલચીદાણા, સુંઠ, મરી, લીંડીપીંપર, એ સર્વ એકત્ર વાટી તેની ગોળી કરી અંજન કરવું. (૭) સરગવાનાં પાંદડાંના રસમાં મધ નાખી તે નેત્રમાં નાખવું. એથી ત્રિદોષ અને અનેક પ્રકારની નેત્રવ્યથા દૂર થાય છે. (૮) ત્રિફળાંનો કાઢો અને કલ્ક તથા દૂધ એકત્ર કરી તેમાં ઘી નાખી સિદ્ધ કરી તે રાત્રે પ્રાશન કરવું. (૯) ચિત્રક, ત્રિફળાં, કડવાં પંડોળાં અને જવનો કાઢો ઘી નાખી રાત્રે પ્રાશનાર્થ આપવો. આ કાઢો નેત્રોને હિતાવહ છે. **પિત્તવિદગ્ધ દૃષ્ટિ** (પિત્ત દુષ્ટ થઈ વધવાથી બધા પદાર્થો પીળા દેખાય છે તે) **ઉપર ઉપચારઃ**—(૧) રસાંજન, ઘી, મધ, તાલીસપત્ર અને સોનાગેરૂ, એને ગાયના છાણના રસમાં ખરલ કરી અંજન કરવું. (૨) શિવણીનાં ફૂલ, જેઠીમધ, દારુહળદર, લોધ્ર અને રસાંજનનું મધમાં અંજન કરવું. **કફવિદગ્ધ દૃષ્ટિ** (કફે કરી સર્વ પદાર્થ ધોળા દેખાય છે તે) **ઉપર ઉપચારઃ**—ખાખરાનાં બીજ, પીંપળાનાં બીઆં, બકરીની લીંડીઓના રસમાં કિંવા ગાયના છાણના રસમાં ગોળી કરી અંજન કરવું. **રતાંધળાપણા ઉપરઃ**—(૧) જાઇનાં અને કડવા લીમડાનાં પાંદડાં, હળદર, દારુહળદર અને રસવંતી, એ મધમાં ઘસી અંજન કરવું; અથવા એની ગાયના છાણના રસમાં ગોળી કરી તે ઘસીને આંજવું. (૨) લીંડીપીંપર ગાયના છાણના રસમાં અગર ગોમૂત્રમાં ઘસી તેનું અંજન કરવું; અને અગથીઆની ભાજી રોજ ખાવી. (૩) મરી દહીંમાં ઘસી તેનું રોજ અંજન કરવું. (૪) નદીમાંના ક્ષુદ્ર શંખ, સુંઠ, મરી, લીંડીપીંપર, રસાંજન, મનશીળ, હળદર, દારુહળદર અને ચંદનની ગાયના છાણના રસમાં ગોળી કરી તેનું અંજન કરવું; એટલે રાત્ર્યંધ અને દિવાંધનો નાશ થાય છે. (૫) સુંઠ, મરી અને લીંડીપીંપર મધમાં ઘસી અંજન કરવું; એટલે રતાંધળાપણાનો જલદી નાશ થશે. (૬) કરંજબીજ, કમળનો પરાગ, ચંદન, કમળ અને ગેરૂ, એને ગાયના છાણના રસમાં ખરલ કરી તેનું અંજન કરવું. (૭) રસાંજન, મનશીળ અને દેવદાર, એ જાઇનાં પાંદડાંનાં રસમાં ખરલ કરી તેમાં મધ

† બહુધા મગજ ખાલી પડી જવાથી—અંધારાં આવે છે, માટે ઘી અને તીખાંનું સેવન અવશ્ય કરવું. એનાથી મગજ શાંત થઈ તિમિરનો નાશ થાય છે.

નાખી અંજન કરવું. (૮) સમુદ્રફીણ અને કાલ્પીની ખડીસાકર સમભાગ લઈ કાજળ જેવું ચૂર્ણ કરી સવાર-સાંજ આંખોમાં આંજવું; એટલે રતાંધળાપણું, રતાશ, અહીર અને કંડૂનો નાશ થાય છે. (૯) કાળી તુળસીનાં પાંદડાંનો રસ રોજ બે ટીપાં આંખોમાં નાખવો. (૧૦) નાગરમોથ બોકડાના મૂત્રમાં ઘસી અંજન કરવું; એટલે શુક્ર અને તિમિરનો પણ નાશ થાય છે. (૧૧) રક્તચંદન (રતાંદળી) અને ખારેકનાં બીજ લીમડાના રસમાં ખરલ કરી અંજન કરવું. (૧૨) કડવી તુંબડી બાળી તેની રાખ મધમાં ખરલ કરી આંખોમાં આંજવી; એટલે રતાંધળાપણું અને ફૂલાંનો* નાશ થાય છે. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:-અઘેડો—૮, કડવી દુધી (તુંબડી)-૩, કારેલી-૩, જીરૂં-૨, તુલસી-૧૧, મોથ-૪, લવંગ-૩, લીંડીપીંપર-૯, સાટોડી-૪.

નકુલાંધ્ય દૃષ્ટિ (દૃષ્ટિ દોષે કરી વ્યાપ્ત થઇ નોળિયાની દૃષ્ટિના જેવીજ ચમકે છે અને તે માણસ દિવસમાં નાના તરેહનાં રૂપો જુએ છે તે) **ઉપર ઉપચાર:**—(૧)વજ, નસોતર, ચંદન, કરીઆતુ, કડવો લીમડો, હળદર અને અરડુસીનો કાઢો કરી પ્રાશનાર્થે આપવો. **અર્મ રોગ (વડસ) ઉપર ઉપચાર:**—(૧) મરી અને બહેડાં હળદરના રસમાં ખરલ કરી તેનો અર્મ ઉપર લેપ કરવો. **અર્જુન(અહિર)રોગ ઉપર ઉપચાર:**—(૧) ખડીસાકર, દહીંનું પાણી અને મધ એકત્ર કરી તેનું આંખમાં ટીપું નાખવું. (૨) મધમાં શંખ ઘસી અંજન કરવું. (૩) નિર્મળીનાં બીઆં અને સિંધવ કિંવા સમુદ્રફીણ અને સાકરનું અંજન કરવું. (૪) હળકુંડ (હળદરના મૂળનાં લાકડાં) દાળમાં બાફી તે ઉપરની છાલ કાઢી છાબડીમાં સૂકવી પાણીમાં ઘસી અંજન કરવું; એટલે અહિર, ધોળાં ફૂલ અને રતાશનો જલદી નાશ થાય છે. (૫) અહિરનો ગાંગડો આંખ ઉપર ફેરવવો. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:-કેસર-૮, ગળજીભી-૨, જેઠીમધ-૧૫, નિર્મળી-૫, હળદર-૪.

નેત્રનાડી કિંવા નાસુર ઉપર ઉપચાર:—(૧) ત્રિફળાંનો કાઢો, મધ, ઘી કિંવા લીંડીપીંપર નાખી પ્રાશનાર્થે આપવો. (૨) હરીતકી ૩ ભાગ, બહેડાં ૨ ભાગ અને આમળાં ૧ ભાગ, એ પ્રમાણે એ ફળમાંનાં બીઆં લઇ તેની લાંબી ગોળીઓ કરવી અને તેનું આંખમાં અંજન કરવું. (૩) કપાસનાં જીંડવાં અને રસાંજન, જાંબુ અથવા આંબાના કાઢામાં ઘસી, તેમાં મધ મિશ્ર કરી તે આંખમાં નાખવું. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—ઉંદરકની-૫, ખસખસ ક (અફીણ) ૧૯, થુવેર-૮, નગોડ-૬.

અંજન નામિકા (અંજુર્લી અથવા આંજણી) **ઉપર ઉપચાર:**—(૧) હાથ ઉપર અંગુલી ઘસી તેણે શેકવું અને જળો મૂકાવી બાજુનું લોહી કઢાવવું. (૨) આંબાનાં પાંદડાં તોડવાથી ચીકણો રસ નીકળે છે તે ચોપડવો. (૩) આંજણી ફૂટયા પછી મનશીળ, એલચી, તગર અને સિંધવનું ચૂર્ણ મધમાં મેળવી ચોપડવું. (૪) માટીના પાણીઆરા ઉપરના બેડા નીચેની માટીનો લેપ કરવો. (૫) શૌચને માટે જઇ આવ્યા પછી હાથ ધોઇને ભીનો હાથ આંજણી ઉપર લગાવવો એટલે બેસી જાય છે. (૬) રસાંજન, સુંઠ, મરી અને લીંડીપીંપર, એકત્ર ઘુંટી પેંડી કરવી. તેનું અંજન કરવાથી કંડૂ અને પાક એણે કરી યુક્ત આંજણીનો નાશ થાય છે. **આંખમાંથી પાણી ગરે અને બળતરા થાય તે ઉપર ઉપચાર:**—(૧) હરડે, આમળાં અને ખડીસાકર ઘસી અંજન કરવું. (૨) ત્રિફળાં ઘસી અંજન કરવું; ત્રિફળાંનું અંજન મહિનામાં ચાર-પાંચ વખત કરવાથી નેત્રોને કદી પણ રોગ થતો નથી અને દૃષ્ટિ સાફ રહે છે. (૩) રસાંજન, રાળ, જાઇનાં ફૂલ, મનશીળ, સમુદ્રફીણ સિંધવ અને મરી સમભાગ લઇ મધમાં ઘુંટી તેનું અંજન કરવું; એટલે આંખોનાં પોપચાંની સૂજ, સ્રાવ અને કંડૂનો નાશ થાય છે તથા પાંપણોને કેશ આવે છે. **પક્ષ્મરોગ** (એટલે વાયુએ કરી આંખોની પાંપણો ઉખડી જઇ તેના વાળ વારંવાર આંખના અંદરના ભાગમાં ઘસાય છે, તે કારણથી આંખોમાંનો ધોળો અને કાળો ભાગ સૂજે છે, તે કેશ મૂળથી ઉપડી જાય છે. એને લોકમાં "પડકેશ" કે "પડળ" કહે છે તે) **ઉપર:**—નેત્રને સંભાળી લોહશલાકાએ (લોઢાની ચીમટીએ) પક્ષ્મ (પાંપણો) જે અંદર વળી હોય તે કાઢી નાખવી અથવા હલકે રહી ચૂંટવી; એટલે પુનઃ ઉત્પન્ન

---

* ફૂલાંનો નાશ કરવાને સાબરશિંગ સાથે થોડી સુંઠ પાણીમાં ઘસી દરરોજ અંજન કરવું. આ પ્રયોગ પશુઓને પણ હિતાવહ છે.

થતી નથી.* અથવા લીલી હીરાકસી લઇ તેને તુળસીના રસવડે તાંબાના વાસણમાં ૧૦ દિવસ ભાવના આપી તેનો લેપ કરવો. **ખુપરા (આંખના ખીલ) ઉપર ઉપચાર:**—(૧) મોરથુથાની સળી ફેરવવી. (૨) કાડીખાર પાણીમાં ઓગાળી તેનું ટીપું આંખમાં પાડવું. (૩) કુરૂંદના પથ્થરપર લોઢું ઘસી તે ભૂકી વસ્ત્રગાળ કરવી અને ખુપરા ઉપર આંજવી. (૪) ખડીસાકર અને જસતનાં ફૂલ, સમભાગ કાજળ પ્રમાણે વાટી રાત્રે ઉંઘતી વેળાએ આંખમાં આંજવાં; એટલે ફૂલાં, છારી અને ખુપરાનો નાશ થાય છે. **આંખોમાં બળતરા થાય કિંવા તેજ કમી થાય તે ઉપર ઉપચાર:**— (૧) ગાયનું માખણ, એલચીદાણા, જાયપત્રી (જાવંત્રી) અને બદામ એકત્ર કરી સવારે ખાવાં. (૨) ગુલાબજળ આંખોમાં નાખવું. (૩) સીસાની ભસ્મ તથા ખડીસાકર સ્ત્રીના દૂધમાં મેળવી તેનું અંજન કરવું. (૪) ત્રિફળાંનું ચૂર્ણ રાત્રે ઘી અને મધ નાખી આપવું. **જસતના ફૂલની ક્રિયા:**— જસતની ભસ્મને ગાયની છાશ, ત્રિફળાંનો કાઢો, ગોમૂત્ર, લીમડાનો રસ અને પુનઃ ત્રિફળાં એની સાત સાત ભાવના આપી, પછી કુંવારના રસની ભાવના આપી ગાળી રાખવી. **ધૂમાડાથી આંખોને વિકાર થાય છે તે ઉપર ઉપચાર:**—ગોળ કિંવા સાકર આંખમાં આંજવી. **સર્વ નેત્રરોગો ×ઉપર ઉપચાર:**—(૧) કાળા તલના કલ્કે કરી સ્નાન કરવાથી તે આંખોને હિતકારક તથા

---

* આ પ્રમાણે ખુંટેલી પાંપણો પાછી ઉગી નીકળતી અમે પ્રત્યક્ષ જોઈ છે.

× આંખો દુઃખવા આવે તેના ઉપરઃ—(૧) ચીમડને કપડામાં બાંધી ગધેડાના લીંડામાં પકવ્યા પછી તે ઉપરનાં છોડાં કાઢી નાખી અંદરનાં મીંજ ખૂબ ઝીણાં વાટી ઝીણે લૂગડે ચાળી આંખની પાંપણ ઉંચા કરી તેમાં ભરવું. આને ભરણ કહે છે. વળી કોઈ કોઇ તો આ ચીમડ ઉપર પ્રમાણે નહિ બાફતાં એમ ને એમ ફોલી અંદરનો મગજ વાપરે છે. આ ભરણ ભરીને આંખો ઉપર રૂનાં પુંમડાં પાણીમાં પલાળી બાંધે છે; એ રીતે ત્રણ દિવસ ભરણ ભરવાથી આંખો દુખતી મટે છે. (૨) કપૂર, હળદર, લોધર, ફટકડી, લિંબુનાં બી, અફીણ અને હીરાબોળ, એ સર્વનો લિંબુના રસમાં ખરલ કરી આંખો ઉપર લેપ કરવો. (૩) લોઢાનો ચુરો અને મશી, એકઠાં કરી લિંબુની ચીરી ઉપર મૂકી પીળા લુગડામાં પોટલી બાંધી આંખો ઉપર ફેરવતા રહેવું; એટલે આંખોમાં કણી ફરે છે તે અને ચળ, રતાશ વગેરે સર્વ વિકાર દૂર થાય છે. (૪) સાટોડી મધ સાથે ઘસીને આંજે તો આંખમાંથી પાણી ગળતું બંધ થાય. (૫) હરડે, આમળાં તથા સાકર ઘસીને અંજન કરવું અથવા ત્રિફળાં ઘસીને મહિનામાં ચાર–પાંચ વખત અંજન કરવાથી આંખોને કદી પણ વિકાર થતો નથી તથા દૃષ્ટિ સાફ રહે છે. (૬) મજીઠ ટાંક ૧, એળીઓ ટાંક ૧, ફીંદરૂ ટાંક ૧, મુરદારશિંગ ટાંક ૧, જંગાલ ટાંક ૦॥; એ સઘળાં એકત્ર કરી એમાંથી થોડુંક પલીતા સાથે વળગાડી તે પલીતો આંખના નાસુરમાં દરરોજ મૂકે તો તે નાસુર (જે આંખને ખૂણેથી જરદાબ, પીપ હમેશાં ગળે છે તે) જલદી મટી જાય. (૭) ખાપરીયો રૂ. ૧ ભાર, ચીનાઇ સાકર રૂ. ૧ ભાર, પુરતગાલી તપકીર રૂ. ૧ ભાર અને હીમજી હરડે રૂ. ૧ ભાર લઈ ખાંડી બારીક કરી લિંબુના રસમાં દિવસ સાત સુધી ખરલ કરી છાયામાં સુકવી તેમાંથી દરરોજ આંખમાં આંજે તો મોતીઓ, પરવાળું અને આંખના બીજા રોગો મટે. (૮) પીંપર ગોમૂત્રમાં ઘસી અંજન કરે અથવા વગર વીયાએલ ભેંસના કાનના મેલમાં કાળાં મરી ઘસી અંજન કરે તો રતાંધળાપણું જાય. એ રોગવાળાએ તેલ ખાવું નહિ. (૯) આંખમાં ફૂલું પડે છે તે જો આંખના વચલા કાળા ભાગ ઉપર હોય તો આંખનું તેજ રહે નહિ અને જો સફેતી ઉપર હોય તો દહેશત નથી. ફૂલાંનો ઇલાજ ફટકડી જેવો બીજો નથી. ફૂલું થતાંવેંત ઉપાય કરે તો આરામ થાય. ફૂલું નરમ અને કાચું હોય ત્યારે ઉરાનું પાણી હમેશાં જરા જરા આંખમાં નાખે તો ફૂલું જતું રહે; અથવા ધોળી મુસળી સ્ત્રીના દૂધમાં ઘસીને ૨૧ દિવસ સુધી આંખમાં આંજે તો ફૂલું કપાય; અથવા સમુદ્રફીણ, ટંકણખાર, કલાઇ સફેતો, ચીમેડ, મોરથુથુ, ધોળી ચણોઠી, એ સર્વ સમાનભાગે લઈ બારિક કરી લિંબુના રસમાં બે પહોર ખરલ કરી ત્રાંબાની સળીએ આંખમાં અંજન કરે તો ફૂલું જતું રહે; અથવા પીપર મધમાં ઘસી અંજન કરેથી ફૂલું જાય. (૧૦) આંખના જખમ ઉપર દિવસ ૪૦ સુધી લિંબુનો રસ આંખમાં આંજીને બાંધેલી રાખવાથી પીપ તથા લોહી પાકી અંદર તથા બહારથી

વાતનાશક થાય છે. જેઠીમધ અને આમળાંએ સ્નાન કરવાથી તે પિત્ત અને તિમિરનો નાશ કરે છે. ઘોડાવજ* આદિ ઔષધોએ સ્નાન કરવાથી તે કફ તથા તિમિરનો નાશ કરે છે. દરરોજ આમળાં વાટી શરીરે લગાવી સ્નાન કરવાથી દૃષ્ટિને બળ આપે છે. ત્રિફળાંના કાઢાએ આંખો ધોવાથી નેત્રરોગ નાશ પામે છે અને તેના કોગળા મુખરોગનાશક છે. ત્રિફળાંનું પ્રાશન કરમળો અને

પીપ જારી થાય. જખમ રૂઝ પર આવે ત્યારે ફીંદરૂ બારિક કરીને દરરોજ જખમ ઉપર ભભરાવે તો આરામ થાય. (૧૧) આંખમાં બળતરા થતી હોય અને એનું તેજ ઓછું થતું હોય તો દરરોજ સવારે ગાયનું માખણ, સાકર, એલચીદાણા, જાવંત્રી તથા બદામની મીજ એકઠાં કરી ખાવાં એથી બળતરા મટી તેજ આવે. ગુલાબજળ આંખમાં નાખતા રહેવું. (૧૨) ગોળ અથવા રાતી ખાંડ આંખમાં આંજવાથી તેમાંથી પાણી નીકળી આંખોમાં ધૂમાડાથી થયેલ વિકાર દૂર થાય છે. (૧૩) ખાપરીઓ તોલા ૨, મોતી (આબદાર) નંગ ૨, પારા ટાંક ૧, સુરમો ટાંક ૨॥, એ ચારેને બારિક ખરલ કરી સુરમાની માફક આંખમાં હમેશાં આંજે તો આંખનું તેજ વધે. (૧૪) રાતડ-વેદના ખાલ ઉપર શોધેલો એળીઓ તથા સિંધવ બારિક વાટી ઝીણે લૂગડે ચાળી પાણીમાં મેળવી રાત્રે સૂતી વખતે આંખો ઉપર બાંધવું, એમ ત્રણ દિવસ કરવાથી રોગ મટી આંખો સાફ થાય છે. (૧૫) સરગવાનાં પાંદડાંનો રસ મધ સાથે અંજન કરવાથી અથવા એનું મૂળ મધમાં ઘસી આંજવાથી વાયુ વગેરે રોગ જઇ આંખો નિર્મળ થાય છે. (૧૬) ૭ દિવસ સુધી ગોમૂત્રમાં પલાળી રાખેલ મોરથુથુ ગાયના ઘીમાં ઘસી આંજે તો આંખનાં પડળ જાય. (૧૭) સાકર અને એલચીદાણા સમાનભાગે ખાંડી તેમાંથી ચાર માસા ફાકી, તેટલુંજ એરંડીઉં અને એરંડીનાં મીજ લઇ સવારે દાતણ કર્યા પછી લેવાથી માથામાંહેની ગરમી મટી મગજ ઠંડો થઈ આંખમાંહેની ગરમી પણ જાય છે અને આંખોમાં તેજ આવે છે. માફક આવે તો એ વધારે વજનમાં લેવું. (૧૮) દહાડે પણ રાતના જેવું અંધારૂં દેખાયા કરે તેના (દુરાનેશરના) ઉપરઃ—ખસખસ શેર ૬ તથા કૂવાનું મીઠું પાણી મણ ૪ માટીના વાસણમાં ઉકાળો અર્ધું પાણી રહે ત્યાર પછી લૂગડે ગાળી લઈ તેમાં સાકર શેર દશ નાખી ફરીથી ઉકાળવું. જ્યારે ચાસ પર આવે ત્યારે નીચે ઉતારી ઠંડુ થયેથી રીઢા વાસણમાં ભરી, તેમાંથી એ રોગવાળાને દરરોજ સવારે આપે તો ગરમીથી થએલ દરદ મટે. જો શરદીથી દરદ થયેલ હોય તો કબાબચીની તથા અક્કલકરો સરખા વજને લઈ મધમાં ચાટવાથી તે મટે. તેલ તથા ખાટી ચીજ ખાવી નહિ. (૧૯) ભીમસેની બરાસ રૂ. ૧ ભાર, સાચાં મોતીવાળો સુરમો રૂ. ૧ ભાર, લીમડાની કુમળી ટીશીઓ રૂ. ૧ ભાર તથા કેસર રૂ. ૧ ભાર લઇ તાંબાના વાસણમાં લીમડાના ઘોકાથી દિવસ સાત સુધી ઘુંટી તેનું અંજન કરવાથી આંખની ઝાંખ અને ફૂલું જાય; અથવા કેસર, ગોરોચંદન, ફટકડી, બાવળનો ગુંદ, સુરમો, અફીણ અને હેમકપૂર એકત્ર કરી આંજવું. આ ઉપાયો અજમાવેલા છે. (૨૦) બકરીની લીંડાની રાખ, સિંધવ, હિંગ, કાથો અને કપૂર નાગરવેલનાં પાંદડાંના રસમાં આંજે તો ફૂલું જાય. (૨૧) કંથેરનું મૂળ ઘસી તેનો રસ પળી ૧, તેલ પળી ૧ સાથે પીવાથી ફૂલ જાય. તે પ્રમાણે ૭ દિવસ કરવું. (આ ઉપાય જૈન ગ્રંથમાંથી મળ્યો છે) (૨૨) લવંગ ઘસી આંજે તો આંખની પીડા મટે. (૨૩) સાકર, અફીણ, ફટકડી, તુલસીના રસમાં ખરલ કરી આંજે તો આંખો દુઃખતી મટે. (૨૪) જાંબુનાં ફૂલ સ્ત્રીના દૂધમાં ઘસી આંજવાથી અથવા અરીઠાનાં મીંજ દહીંની આછમાં ઘસી આંજવાથી અથવા ગાયના છાણના રસમાં લીંડીપીંપર ઘસી આંજવાથી રતાંધળાપણું જાય. (૨૫) કારેલીનું મૂળ ઘોડાના મૂત્રમાં ઘસી આંજવાથી આંખના ખીલ, છાયા, ફૂલું વગેરે જાય. (૨૬) સાકર, સમુદ્રફીણ અને (સુવર્ણમાક્ષિક) સોનામુખી, મધ સાથે આંખમાં આંજે તો ધોળું ફૂલું જાય. (૨૭) સાકર, સમુદ્ર-ફીણ, સાજીખાર, સિંધવ, સોનાગેરૂ, મનસીલ અને મરી, એ સર્વની સમભાગે ગોળી કરી મધમાં ઘસી આંખે આંજે તો તિમિર જાય. (૨૮) સાટોડીની જડ પાણીમાં ઘસી આંજવાથી રતાંધળાપણું જાય. આ સર્વ ઉપાયો હાથના લખેલા જૂના ગ્રંથોમાંથી સંગ્રહ કરેલા છે.

* ઘોડાવજ, નાગરમોથ, અતિવિષ, હરડે, દેવદારુ તથા નાગકેશર, એ વચાદિગણની વસ્તુઓના સ્નાનથી કફ તથા તિમિરનો નાશ થાય છે.

પ્રમેહનાશક છે. ભોજન કર્યા પછી આચમન કરી એક હથેળીમાં પાણી લઇ બીજા હાથે ઘસી તે પાણી આંખમાં છાંટવું; એટલે તે થોડા દિવસમાં તિમિરરોગનો નાશ કરે છે. (૨) ગળો અને ત્રિફળાંનો કાઢો મધ અને લીંડીપીંપરનું ચૂર્ણ નાખી પ્રાશનાર્થ આપવો. તે સંપૂર્ણ નેત્રરોગનો નાશ કરે છે. (૩) જેઠીમધ, ગળો અને ત્રિફળાંનો કાઢો પ્રાશન કરવો. (૪) જેઠીમધ, ગેરૂ, સિંધવ, દારુહળદર અને રસાંજન, એ સમભાગ લઈ પાણીમાં વાટી આંખોની બહાર લેપ કરવો. તે સંપૂર્ણ નેત્રરોગનો નાશ કરે છે. (૫) ત્રિફળાં, કડવાં પંડોળાં, કડવો લીમડો અને અરડુસીના કાઢામાં ઘૃત સિદ્ધ કરવું અને પ્રાશનાર્થ આપવું. તે સર્વ નેત્રરોગનો નાશ કરે છે. (૬) શતાવરી ૧૨ તોલા, એલચી ૨૧ તોલા, વાવડીંગ ૮ તોલા, આમળાંનાં બીઆં ૪ તોલા, મરી ૪ તોલા, લીંડી-પીંપર ૩ તોલા અને રસાંજન અર્ધો તોલો, એનું ચૂર્ણ મધમાં આપવું; એટલે કંડૂ, તિમિર, અર્મરોગ, કાચબિંદુ, ત્રિદોષાત્મક નેત્રપટલ અને સર્વ નેત્રવિકારનો નાશ કરે છે. (૭) **ત્રિફળાદિ ચૂર્ણ:**—ત્રિફળાં, તજ, જેઠીમધ, મહુડાનાં ફૂલ (મહુડાં), એ સમભાગ લઈ ચૂર્ણ કરી તે ઘી અને મધમાં સાંજે આપવું; એટલે તિમિર, અર્બુદ, રતાશ, કંડૂ, રતાંધળાપણું, દાહ, શૂળ, સણકા, પડળ, શુક્લપડળ અને કાચનો નાશ થાય છે. એ ચૂર્ણ ગરદનથી ઉપરના ભાગમાં થતા સર્વ રોગનો નાશ કરે છે. વૃદ્ધ સ્ત્રીઓએ એ ચૂર્ણ સેવન કરવાથી તે તરુણ થાય છે. પુરુષોએ લેવાથી સ્મૃતિ, પરાક્રમ, બુદ્ધિ અને શક્તિએ યુક્ત થઈ સો વરસસુધી જીવે છે. વળી એ મૂળવ્યાધિ, ભગં-દર, વ્રણ, પ્રમેહ, કોઢ, હલીમક, કિલાસકુષ્ટ (કોઢની એક જાત છે) અને પલિતનો નાશ કરે છે તથા નષ્ટાગ્નિને વધારે છે. એનાથી મુખનો વાસ કમળ જેવો, કેશ ભ્રમર જેવા કાળા અને દૃષ્ટિ ગીધના જેવી થાય છે. (૮) **બૃહત્ વાસાદિ કવાથ:**—અરડુસી, નાગરમોથ, કડવો લીમડો, કડવા પંડોળા એટલાનાં પાંદડાં, કડુ, ગળો, લાલ ચંદન, કડાની છાલ, ઈંદ્રજવ, દારુહળદર, ચિત્રક, સુંઠ, કરિયાતું, આમળાં, હરડે, બહેડાં, ઉપરસાલ અને જવનો કાઢો કરી સવારે પ્રાશન કરવો; એટલે તિમિર, કંડૂ, પટલ, અર્બુદ, પ્રીલ, શુક્ર (ફુલું), વ્રણશુક્ર, નેત્રવ્રણ, દાહ, રક્તતા, સણકા અને સર્વ નેત્રરોગનો નાશ થાય છે. (૯) લીંડીપીંપર, ત્રિફળાં, લાખ, લોધ્ર અને સિંધવ, એ સમભાગ લઇ ભાંગરાના રસમાં ખરલ કરી ગોળી કરવી. તેનું અંજન કરવાથી અર્મરોગ, તિમિર, કાચ, કંડૂ, નેત્રશુક્ર, અર્જુન વગેરે નેત્રરોગનો નાશ થાય છે. (૧૦) નિર્મળીનાં બીઆં, શંખ, સિંધવ, સુંઠ, મરી, લીંડીપીંપર, સાકર, સમુદ્રફીણ, રસાંજન, મધ, વાવડીંગ અને મન-સીલ, એ સર્વ એકત્ર કરી સ્ત્રીના દૂધમાં ખરલ કરી **વર્તી બનાવવી. આ વર્તી ઘી અથવા દૂધમાં ઘસી અંજન કરવાથી** તિમિર, પટલ, કાચબિંદુ, અર્મ, નેત્રશુક્ર, કંડૂ, ક્લેદ, નેત્રાર્બુદ અને મળનો નાશ થાય છે. (૧૧) ગળોનો સ્વરસ ૧ તોલો, મધ ૧ માસો અને સિંધવ ૧ માસો એકત્ર ખરલ કરી અંજન કરવું; એટલે પિત્ત, અર્મ, તિમિર, કાચબિંદુ, કંડૂ, લિંગનાશ તથા શુક્લ અને કૃષ્ણપટલગત રોગનો નાશ થાય છે. (૧૨) લીંડીપીંપર, મીઠું, મરી, રસાંજન, સુરમો, સમુદ્રફીણ, ધોળી વસુનાં મૂળ, હળદર, રક્તચંદન, મધ, મોરથુથુ, હરીતકી, મનશીલ, કડવા લીમ-ડાનાં પાન, સાંબરમીઠું, સ્ફટિક અને શંખની ભસ્મ તથા કપૂરનું વસ્ત્રગાળ બારિક ચૂર્ણ લોઢાના વાસણમાં વાડકીથી મધ નાખી ઘુંટવું. એ **નયનશાણ નામક અંજન** તિમિર, પટલ અને ફૂલનો નિશ્ચય નાશ કરે છે. (૧૩) શંખ ૪ ભાગ, મનશીળ ૨ ભાગ, મરી ૧ ભાગ અને લીંડીપીંપર અર્ધો ભાગ, એ પ્રમાણે એકત્ર કરી **બકરીના દૂધમાં** તેની ગોળી કરી રાખવી. તે પાણીમાં તિમિરરોગ, કાંજીમાં અર્બુદ રોગ, મધમાં પિચ્ચટ રોગ તથા સ્ત્રીના દૂધમાં ઘસી અંજન કરવાથી અર્જુનરોગનો નાશ કરે છે. (૧૪) **ચંદ્રોદયવર્તી:**—રસાંજન, શિલાજિત, કેશર, મનશીળ, શંખ, ધોળાં મરી અને સાકર ગાયના દૂધમાં ઘુંટી ગોળી કરવી. એ વિદેહ રાજાએ નિર્માણ કરેલી છે. આ ગોળી પિલ્લ, કંડૂ, શુક્ર, તિમિર અને અર્બુદનો નાશ કરે છે. (૧૫) **બીજી ચંદ્રોદયવર્તી:**—હરીતકી, વજ, કોઠ, લીંડીપીંપર, મરી, બહેડાંનો ગર, શંખ અને મનસીલ, એ સર્વ સમભાગ એકત્ર કરી ગાયના અથવા બકરીના દૂધમાં ઘુંટવું; અને તેની ગોળી કરવી. એ તિમિર, કંડૂ, પટલ, અર્બુદ અને ત્રણ વર્ષના ફૂલાનો એક મહિનામાં નાશ કરે છે.

વળી અધિક વધેલું માંસ, રતાંધળાપણું, વડસ અને અહિરનો પણ નાશ કરે છે. **નયનામૃત:**—પારો અને સીસાની ભસ્મ સમભાગ, એ બન્નેના દુષ્પટ સુરમો અને પારાનો ચતુર્થાંશ ભીમસેની કપૂર એનો એકત્ર ખરલ કરી અંજન કરવાથી તિમિર, પટલ, કાચ, શુક, અર્મ અને અર્જુનનો પથ્ય કરવાથી નાશ કરે છે; અને બીજા નેત્રરોગોનો પણ નાશ કરે છે. (૧૭) **શશિકલાવર્તી:**—કલખાપરી (ખાપરીઓ), શંખ, રાતો બોળ અને મોરથુથુ, એ સમભાગ લઇ વસ્ત્રગાળ ચૂર્ણ કરવું; તે ચૂર્ણ લિંબુના રસમાં ઘુંટી તેની ગોળી કરવી. એ ગોળી તિમિર, કંડૂ, સ્રાવ, અર્મ અને પિલ્લ-રોગનો નાશ કરે છે. (૧૮) **કુસુમિકાવર્તી:**—તલનાં ફૂલ ૮૦, પીંપળીના ચોખા ૬૦, જાઇનાં ફૂલ ૫૦, મરી ૧૬, એ પ્રમાણે લઇ પાણીમાં બારિક વાટી ગોળી કરવી. એ ગોળી તિમિર, અર્જુન, શુક્ર અને માંસવૃદ્ધિનો નાશ કરે છે. (૧૯) **ચંદ્રપ્રભાવર્તી:**—હળદર, કડવા લીમડાનાં પાંદડાં, લીંડીપીંપર, મરી, વાવડીંગ, નાગરમોથ અને હરીતકીને બકરીના મૂત્રમાં ઘુંટી પેંડી કરી છાંયે સૂકવવી. એનું પાણીમાં અંજન કરવું; એટલે તે તિમિરનો નાશ કરે છે. ગોમૂત્રમાં અંજન કરવાથી પિષ્ટિકનો નાશ કરે છે; મધમાં અંજન કરવાથી પડલનો નાશ કરે છે અને સ્ત્રીના દૂધમાં અંજન કરવાથી ફૂલનો નાશ કરે છે. (૨૦) **રસકેશ્વરવટી:**—કલખાપરી, સિંધવ, મોરથુથુનાં ફૂલ, ટંકણખારનાં ફૂલ, સુંઠ, મરી અને લીંડીપીંપર, એ ઔષધો કૂટી વસ્ત્રગાળ કરી લિંબુના રસમાં ખરલ કરવાં; પછી ગોળીઓ કરી છાયામાં સૂકવવી. એ ગોળી મધમાં ઘસી અંજન કરવું; એટલે સર્વ નેત્રરોગ દૂર થાય છે. (૨૧) સિંદૂર ૩ ભાગ, કપૂર ૩ ભાગ, મોરથુથુનાં ફૂલ ૧ ભાગ, ધોળો કાથો ૩ ભાગ અને મુરદાડસિંગ ૧ ભાગ, ગાયના માખણમાં ખરલ કરી તે ઉપર ભીલામાના તેલનાં ૧૦-૧૨ ટીપાં પાડવાં. પછી તાંબાની કથરોટમાં તાંબાને વાસણે ખરલ કરી વીસ-પચીસ વખત પાણીએ ધોઈ ડબામાં ભરી રાખવું; અને નિત્ય રાત્રે આંખોમાં આંજવું; એટલે પિયા, રતાશ, કંડૂ, ગળતી (આંસુ પડવાં), ફૂલ, કાચ ઇત્યાદિ સર્વ રોગ દૂર થાય છે અને દૃષ્ટિ સ્વચ્છ થાય છે. (૨૨) મધ અને ઘોડાની લાળમાં મરી ઘસી અંજન કરવું. તેથી કરી અતિનિદ્રાનું શમન થાય છે. (૨૩) જાઇનાં ફૂલ, પાન, મરી, કુટકી, વજ, સિંધવ વગેરે બોકડાના મૂત્રમાં ખરલ કરી અંજન કરવું; એટલે તંદ્રાનો નાશ થાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—કાળા તલ-૧, નિર્મળી-૧, શિળીંદ-૪, સરગવો-૧, ૧૭; હરડે-૨૬, ૪૫; હળદર-૪, ૧૬. **આંખમાં** આગ (બળતરા) થતી હોય તે શાંત થવા માટે—આમળાં-૧૩, બાવળ-૨૦, શિરદોડી-૧૧, સારફળ-૧. **અંધત્વ** (આંધળાપણું) દૂર થવા માટે—નિર્મળી-૨. **આંખમાં માંસવૃદ્ધિ થઇ** હોય તે માટે—કણઝી-૭. **નેત્રસ્રાવ** (આંખમાંથી પાણીનું ઝરવું)-ઇંગોરીઆં-૪, બાવળ-૧૩. **આંખો આરક્ત** (લાલ) કરવા માટે—ઉભી (ભો)રિંગણી-૩. **આંખોમાં બળતરા** થાય કે તેજ કમી થયું હોય તે માટે—એલચી-૪, ગુલાબ-૫, પિત્તપાપડો-૫. **આંખની લાલાશ** જવા માટે—**મખમલી**-૧. **આંખનાં તિમિર** (અંધારાં) માટે ગળો-૫, ચણોઠી-૨૨, મોથ-૪. **ધમાસાથી** આંખોને વિકાર થયો હોય તે માટે—શેલડી-૧૪. **આંખનો ભાગ લાલ** થઇ બળતરા થાય તો તે માટે—હળદર-૬. **રાંઝણ** (આંજણી, પાંપણી) માટે—આંબો-૭. **નેત્રની ખરજ** (કંડૂ) દૂર થવા માટે—સાટોડી-૨. **પડળ માટે** રીસામણી-૪, સમુદ્ર-ફળ-૪, સાટોડી-૩. **દૃષ્ટિ સ્વચ્છ** થવા માટે—આસંધ-૫. **આંખમાં છારી** વળે તે માટે—આવળ-૬. **પાંપણના** રોગ માટે—ચણોઠી-૨૦. **પાંપણ ખરી જતી હોય** તે માટે—કપૂર-૫.

જુઓ ગો૰ વૈ૰ આંખો બળતી હોય તો—દૂધ-૧૧, માખણ-૨. જુઓ પ્રા૰ ઔ૰ **નાસુર** ઉપર—અસ્થિવર્ગ-૮. **આંખોની બળતરા માટે** ઘૃતવર્ગ-૧. **આંખોમાં ખુપરો નાખતો હોય તો**—ઘૃતવર્ગ-૪. **રતાંધળા અને અહિર ઉપર**—સમુદ્રરીણ-૧.

જુઓ **અનુભૂત ઔષધ:**—ઔષધિક્રિયાના અંજનપ્રયોગની ટીપમાં નં. ૨, ૩, ૪, ૫.

પથ્ય:—ચોખા, ઘઉં, મગ, જવ, કુલિત્થ, લસણ, પંડોળાં, તાંદળજો, કારેલાં, મધ, દૂધ,

---

* **સૂચના**—થાકેલો, બહુ રોયો હોય, ભયભીત, દારૂ પીધેલો, નવા તાપવાળો, અજીર્ણ રોગી અને જેણે મળમૂત્રનો વેગ ધારણ કર્યો હોય તેવા મનુષ્યના નેત્રમાં અંજન નાખવું નહિ.

ચી, કડવા પદાર્થ. **અપથ્ય:**—ક્રોધ, શોક, મૈથુન, તડકો, દહીં, છાશ, ભાજીપાલો, કાલીંગડું, અડદ, મધ, તાંદુલ તથા ખારા, તીક્ષ્ણ, તીખા અને ઉષ્ણ પદાર્થ.

૮–उदररोग

કારણ:—અગ્નિમાંદ્ય (અગ્નિમાંદ્યમાંથીજ સર્વ રોગ થાય છે; તથા ઉદરરોગ તો વિશેષ કરીને તેનાથીજ થાય છે.), અજીર્ણ, વિરુદ્ધાહાર, મલાવરોધ ઇત્યાદિ કારણોથી ઉદરરોગ થાય છે.

લક્ષણો:—આધ્માન (વાયુ રોકાઈ રહેવો), ચાલવા માટે અસામર્થ્ય, દુર્બલતા, અગ્નિમાંદ્ય, સોજો, ગ્લાનિ, દાહ, તંદ્રા, એ સામાન્ય લક્ષણો થાય છે.

ઉદરરોગની સંખ્યા:—જુદા જુદા દોષે કરી વાતોદર, પિત્તોદર, કફોદર, સન્નિપાતોદર, પ્લીહોદર, બદ્ધગુદોદર, ક્ષતોદર અને જલોદર મળી ૮ પ્રકારના ઉદરરોગ થાય છે. **વાતોદર:**—વાતોદરમાં હાથ, પગ, નાભિ તથા કુખ, એ ઠેકાણે સોજો, સાંધા તૂટવા, ખાલી ઉધરસ, શરીર મરડાઈ જવું, કમ્મરથી નીચે જડપણું જણાવું, મળનો સંચય થવો, ત્વચા, નખ, નેત્રાદિક કાળાં-રાતાં થવાં, પેટનું અકસ્માત્ મોટું ફૂલવું અથવા નાનું થઈ જવું, પેટ ઉપર ચારે દિશાએ ઝીણી કાળી શિરાઓનું ઉપડવું, પેટ ઉપર ટકોર મારવાથી ફૂલેલી પખાલ જેવો શબ્દ થાય છે. એ ઉદરમાં વાયુ ચોદિશ ફરી શૂળ કરે છે અને ગગડે છે. કોઈ શોથોદર કરીને ઉદરરોગનો એક જુદો પ્રકાર માને છે, તેમાં પેટ મોટું થાય છે, સર્વાંગે મોટો સોજો ઉત્પન્ન થાય છે અને રોગી તાટ જેવો થાય છે; એ લક્ષણો થાય છે. **પિત્તોદર:**—જ્વર, મૂર્ચ્છા, દાહ, તૃષા, મોઢામાં કડવાશ, ભ્રમ, અતિસાર, નખ તથા નેત્રોમાં પીળાશ, પેટ લીલી, પીળી, રાતી રેખાઓથી વ્યાપ્ત, પરસેવાથી ભીંજાયેલી, દઝવાથી જળજળિત થાય, અંદર ધૂણી નીકળ્યા જેવું જણાય, હાથને મૃદુ લાગે; જલદી પાક થાય, એટલે જળોદર ઉત્પન્ન થાય છે અને તેને ઘણી વ્યથા થાય, એ લક્ષણો થાય છે. **કફોદર:**—કફોદરમાં હાથપગ ગળતા જાય છે, સ્પર્શ જણાતો નથી, સોજો આવે છે, અંગ જડ થાય, ઉંઘ બહુ આવે, ઉલટી થશે એમ જણાય, અરુચિ થાય, શ્વાસ થાય, ઉધરસ આવે, ત્વચાદિક ધોળાં થાય, પેટ નિશ્ચળ, તડતડતું, ધોળી રેખાએ વ્યાપ્ત અને મોટું થાય છે, તેની વૃદ્ધિ લાંબે વખતે થાય છે, કઠણ અને ઠંડુ લાગે છે, તેમજ જડ અને સ્થિર હોય છે. **સન્નિપાતોદર:**—દુષ્ટ ચાલની સ્ત્રીઓ જે પુરુષને નખ, કેશ, મૂત્ર, વિષ્ઠા તથા મેલ, એ મેળવી અન્નપાન આપે છે; અથવા જેને શત્રુ વિષપ્રયોગ કરે છે તેને કિંવા દુષ્ટાંબુ (એમાં સવિષ પાણી, મેલું, પાન કોહેલાં હોય એવું પાણી) તથા દૂષીવિષ (મંદ વિષ) એનું સેવન થવાથી તે યોગે રક્ત તથા વાતાદિ દોષ જલદી કુપિત થઈ અત્યંત ભયંકર ત્રિદોષાત્મક ઉદરરોગ ઉત્પન્ન કરે છે. તે શીતકાળે કિંવા વાવંટોળ છૂટે, અથવા કરાનો વરસાદ થાય ત્યારે, અથવા જે દિવસોમાં વર્ષાની ઝડી હોય છે તે દિવસોમાં વિશેષે કરી કોપ પામે છે તથા બળે છે; કારણ કે તે વખતે દૂષીવિષનો કોપ હોય છે. તે રોગી નિરંતર વિષયોગે મૂર્ચ્છા પામે છે, પાંડુરવર્ણ અને કૃશ થાય છે તથા મહેનત કરવાથી શોષ લાગે છે. એને "દૂષ્યોદર" કહે છે. **પ્લીહોદર:**—વિદાહિ (વાંસ કેરડા આદિ) એટલે દાહ કરનાર તથા અભિષ્યંદિ (દધ્યાદિ) સ્રોતઃસ્રાવક (મલવાહી નાડીઓમાં જેનો રસ વહન કરે છે તે) એવાં અન્નો નિરંતર સેવન કરનાર પુરુષનું અત્યંત દુષ્ટ થયેલું લોહી તથા કફ વધી પ્લીહા(બરોળ)ની વૃદ્ધિ કરે છે. એ ઉદરને મરાઠીમાં "પાણથરી (કવલુ)" કહે છે. એ ડાબી બાજુએ વધે છે. તે અવસ્થામાં રોગી ઘણોજ ગળી જાય છે. શરીરમાં ઝીણો તાવ હોય છે, અગ્નિ મંદ હોય છે તથા કફ-પિત્તોદર એમાં હોય છે. બળ ક્ષીણ થઈ રોગી ધોળો જોવામાં આવે છે. પ્લીહોદર પ્રમાણેજ યકૃત્ ઉદર પણ થાય છે. જમણી બાજુએ જે યકૃત્ એટલે કાળજું હોય છે તે દુષ્ટ એટલે રોગયુક્ત થવાથી પ્લીહોદર જેવુંજ ઉદર થાય છે. તેને યકૃત્ઉદર કહે છે. **બદ્ધ ગુદોદર:**—જે પુરુષનાં આંતરડાં ઉપસેલાં એટલે મૃદુ અન્ન(શાકાદિક)થી અથવા બારિક બારિક ગાંગડાએ દટાતાં જાય છે, તે પુરુષનો દોષયુક્ત મળ હળવે હળવે અંદર તેની નળીમાં જેવો સાવરણીએ વાળેલો કચરો ખૂણામાં સંચિત થાય છે તેવો સંચિત થાય છે. પછી ગુદામાં તે મળ ગુંચાય છે, તે મોટા કષ્ટથી થોડા

થોડો બહાર આવે છે. તે ઉદર, હૃદય તથા નાભિ, એમાં મોટું થાય છે. તે ઉદરને બદ્ધગુદોદર કહે છે. ગુદાની ઉપર આંતરડાં બંધાયા જેવાં થાય એટલે બદ્ધગુદ થાય એવું ચરકે કહેલું છે. **ક્ષતોદર:**—કંટકાદિ શલ્ય અન્નમાં મળી પેટમાં જાય એટલે પક્વાશયમાં વિલોમ (વાંકું ચુકું) જવાથી આંતરડામાં કાણાં પડે છે. તે સીધાં જાય તો કાણાં પડતાં નથી; અથવા બગાસું અને અત્યશન (અધિક ભોજન) કરવાથી આંતરડાં ફાટે છે. તે આંતરડાંમાંથી ગળેલા પાણી જેવો સ્રાવ પુનઃ ગુદાવાટે ઝરે છે, પેટ ડુંટીના ઉપર મોટું થાય છે, ટટોરા જેવું અને ભેદાતું હોય એવી પીડાથી અત્યંત વ્યથિત થાય છે. એને " પરિસ્રાવિ ઉદર " પણ કહે છે. **જલોદર:**—સ્નેહપાન કરેલો, અનુવાસન બસ્તી લીધેલો, વમન થવાને દવા લીધેલો, રેચ લીધેલો અથવા નિરુહ બસ્તી લીધેલો એવો પુરુષ ઠંડુ પાણી પીએ તો તેની તે ઉદક વહન કરનારી સ્રોતસો તુરત દુષ્ટ થાય છે. તે પાણી અને સ્રોતસો સ્નેહે ઉપલિપ્ત થવાથી પહેલા પ્રમાણે (એટલે અન્નરસ ઉપસ્નેહન્યાયે) જલોદર (એટલે બહાર આવી ઉદર ઉત્પન્ન કરે છે.) થાય છે–તે ઉપર તગતગતું દેખાય છે, મોટું થાય છે, ડુંટી પાસે ઘણું ઉંચું થાય છે, ચારે તરફ તડતડવા લાગે છે, પાણીએ પેટ સઘળું ભર્યા જેવું જણાય છે અને જેવી પાણીએ ભરેલી પખાલ ડબડબે છે, હાલે છે, ડબકડબક વાગે છે તેવું પેટ થાય છે, તેનેજ જલોદર કહે છે. **સાધ્ય લક્ષણ:**—સર્વ પ્રકારના ઉદરરોગ જન્મતઃ અત્યંત કષ્ટસાધ્ય છે. બળવાન પુરુષને નવીન થયેલું, અંદર પાણી થયેલું ન હોય તો મોટા પ્રયત્ને સાધ્ય થાય છે. **અસાધ્ય લક્ષણ:**—જેની આંખોને અંધારી આવેલી હોય, શિશ્ન વાંકું થયેલું હોય, પેટની ત્વચા ક્લેદયુક્ત અને પાતળી હોય, બળ, રક્તમાંસ અને અગ્નિ એ જેનાં ક્ષીણ થયેલાં હોય તે રોગીને છોડવો; તેમજ કાંટા ફુટવા, અન્નદ્વેષ, શોષ અને અતિસારથી પીડાએલો તથા રેચ આપવા છતાં જેનું પેટ પુનઃ ભરાય છે; એવા રોગીને વૈદ્યોએ છોડવા.

ઉપચાર:—શોથોદર ઉપર:—(૧) સર્વ ઉદરો પર રેચ એક મુખ્ય ઔષધ છે. સૌથી પ્રથમ તે આપવું. ત્રિફળાંનું ચૂર્ણ ગોમૂત્રમાં આપવું. (૨) લીંડીપીંપર અને સુંઠ, ગોળમાં આપવાં. (૩) બાળહરડે, સુંઠ, દેવદાર, સાટોડી અને ગળોનો કાઢો ગુગળ અને ગોમૂત્ર નાખી આપવો.

સન્નિપાતોદર ઉપર:—(૧) બાળહરડે અને નગોડનાં પાંદડાં ગોમૂત્રમાં એકત્ર વાટી તેનો રસ બલાબલ જોઈ આપવો. (૨) ત્રિકટુ, જવખાર અને સિંધવ નાખી છાશ પાવી. (૩) ધુંવાસ અને તાંદળજાનાં મૂળીઆં પાણીમાં વાટી તેમાં ચોગણું ઘી નાખવું. ઘીથી ચારગણું દૂધ નાખવું. ઘી શેષ રહે ત્યાં સુધી ઉકાળી ઘી સંભાળપૂર્વક ગાળી લેવું. પછી આ ઘી પાવું, એટલે સર્વ કૃત્રિમ વિષોનો નાશ થશે. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦ માં શંખાવલી–૩.

પ્લીહોદર:-(બરોળ) *ઉપર:—(૧) નાગોડનો રસ ૨ તોલા અને ગોમૂત્ર ૨ તોલા એકત્ર

---

* (૧) ડાબા હાથની છેલ્લી અને તેનાથી પહેલી આંગળીના વચ્ચેની નસ ખોલવી અથવા તેના ઉપર મરી જેટલો ડામ દેવો. (૨) રેવંચીનો શીરો વાલ ૬, એળીઓ વાલ ૪, હીરાબોળ વાલ ૪, શેરડીનો સરકો તોલા ૨ાા, પાણી તોલા ૫, એમાંથી પહેલાં ત્રણ ઓસડોને ખાંડી ઝીણે લુગડે ચાળી સરકા તથા પાણીમાં મેળવીને સવારે પાવું. એમ બે-ત્રણ દિવસ પાવાથી પણ બરોળ નરમ ન પડે તો સાત દિવસ સુધી સવારસાંજ લાગલાગટ પાવું. (૩) ચંદ્રસ ખાંડી ભૂકો કરી દરરોજ એક માસાસુધી સરકામાં મેળવી ચટાડવો. (૪) રાઇ ટાંક ૯ ગાયના મૂત્રમાં મેળવીને દરરોજ સવારે પીવી. (૫) ઇંદ્રવરણા(ત્રુંસડા)ને ચોકડીની માફક ચીરો પાડી તે ચારે ચીરો છેડામાં ભેળાજ રાખી તેમાં ખાંડ ભરી ગરમ કરીને પછી તેમાંનો રસ નીચોવી લઇ તેમાંથી દરરોજ તોલા ૨ાા પીએ તો બરોળ અને ઉદરમાંના અનેક વિકારો શાંત થાય. (૬) સુકા ત્રુંસડાનો ગરભ, જાયફળ, હીંગ, અજમો, ઇંદ્રજવ અને વાવડીંગની ત્રુંસડાના અંગરસમાં ચણા જેવડી ગોળી કરી આપે તો રેચ લાગી પેટમાંની બરોળ, ગાંઠ, ભાર વગેરે દરદોનો નાશ થાય. (૭) રાજાંબુ શેર ૧૦ માટલામાં નાખી તેમાં પાણી મણ ૧ નાખી એક મહિનાસુધી તે માટલું તડકે રાખવું. પછી ભઠ્ઠી કરી સરબત તૈયાર કરવો. આ જાંબુસરબત બરોળ ઉપર પાણી તોલા ૧૦ માં તોલો પા નાખી દિવસ પાંચ સુધી પાવો. શરીર વાયુથી ઝલાઇ ગયું હોય તો પણ આજ સરબત

કરી આપવું. (૨) રાતો રોહીડો અને હરડેનો કલ્ક ગોમૂત્રમાં અથવા ભેંસના મૂત્રમાં આપવો. એટલે પ્લીહા, બરોળ અને સર્વ ઉદરરોગ, પ્રમેહ, મૂળવ્યાધિ, કૃમિ અને ગુલ્મનો નાશ થાય છે. (૩) લસણ, પીંપળીમૂળ અને હરડે, એકત્ર કૂટી ખાવાં અને ઉપર ગોમૂત્રનો ઘુંટડો પીવો. (૪) શેકટાના રસમાં સિંધવ, ચિત્રકમૂળ, લીંડીપીંપર, ખાખરાનો ક્ષાર અને જવખારનું ચૂર્ણ નાખી પાવો. (૫) એળીઓ ૨ ભાગ, મરી ૦। ભાગ, લવંગ ૦। ભાગ, હિંગામાળી ૦। ભાગ, બદામ ૦॥ ભાગ, એ પ્રમાણે લઇ પાણીમાં બોરના ઠળીઆ જેવડી ગોળીઓ કરવી અને તે આપવી. (૬) વાંસનાં પાન છાશમાં વાટી સિંધવ નાખી આપવાં. (૭) કુંવારનો રસ હળદર નાખી આપવો. (૮) લીંડીપીંપર અને મધ નાખી છાશ પાવી. (૯) આકડાનાં પાન અને સિંધવ માટલા-માં, મોઢું બંધ કરી, ગજપુટ પ્રમાણે બાળવાં અને તે રાખ દહીંમાં આપવી. (૧૦) શેકટાની છાલના કાઢામાં લીંડીપીંપર અને મરીની ભૂકી નાખી તે આપવો. યકૃત્ ઉદર ઉપર પણ એજ ઉપાય કરવો. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—અઘેડો ૨૭, અબઇ (આણુવો)-૧, આકડો ૩૪, આદુ-૮, એરંડો-૪૨, કંકોડી-૧૨, કુંવાર-૨, ખાખરો-૧૧, ખેરેતી-૨, ૪; ગરણી-૧૨, ગળો-૨૪, ચણા-૭, ચિત્રક-૧૪, નગોડ-૩, નાળીએરી-૧૨, પિઠવણ-૩, પોપૈયો-૩, બીજોરૂં-૨૨, બોળ (હીરાબોળ)-૨, ભીલામો-૧૭, મરી-૧૩, મોરવેલ-૩, રગત-રોહિડો-૧, રાઇ-૬, લસણ-૫, લીંડીપીંપર-૧૦, વસુ-૨, શરપુંખા-૮, શિમળો-૮, શ્રાવડ-૪, સરગવો-૧૪, સાટોડી-૭, હરડે-૨૭, હેદ-૩. **યકૃતઉદર ઉપર:**—ગરણી-૧૨, ચિત્રક-૧૪, રાઇ-૬, સોમવલ્લી-૧, હેદ-૩.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના રસાયનપ્રયોગની ટીપમાં નં-૧.

બદ્ધગુદોદર* (વિડ્બંધ, ગુ૦ બંધકોશ) **ઉપર:**—(૧) ખરસાણી (થોરસેરણી, શેરણી, ઝાઉ, હાઉલેર), અજમો, જીરૂં અને સિંધવનું ચૂર્ણ આપવું. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—આમલી-૨૩, આદુ-૧, ઓથમી જીરૂં-૪, બીલી-૨૬, ભાંગરો-૧૩, વાવડીંગ-૭, શેરડી-૨, હરડે-૧૬.

જુઓ ગો૦ વૈ૦ છાસ-૩.

જલોદર ઉપર:×:—(૧) સુંઠ, મરી, લીંડીપીંપર અને સિંધવનું ચૂર્ણ નાખી છાશનું પાન

શરીરે ચોળવું. (૮) મહુડાં શેર ૨, સાજીખાર તોલો ૧, બંગડીખાર તોલો ૧, ટંકણખાર તોલો ૧, જવખાર તોલો ૦॥, પાણી મણ ૦॥ એકઠું કરી તેમાં લોઢું શેર ૭ ઊનું કરી ઠારવું. આમ ૨૫ વખત કરી (ઝામી) તે પાણી દરરોજ તોલો ૧ પાવું. (૯) કાચએળીઓ તોલો ૧, ગોળ શેર ૦॥ સાથે દરરોજ સાત દિવસસુધી આપવો. (૧૦) લીંડીપીંપર, સુંઠ, મરી, સિંધાલૂણ, સંચળ, મીઠું, નવસાર, ટંકણખાર, બંગડીખાર, સાજીખાર, પાપડીઓખાર અને જવખાર સમભાગે લઈ ઝીણાં ખાંડી બીજોરાના રસની ૨૧ ભાવના આપી છાંયે સુકવી એની ફાકી બનાવી તે દરરોજ લેવી અથવા એ ઔષધ સાથે કુંવરપાઠાનો ગરભ મણ ૦॥ તથા લોઢાની સાંકળ ૧ માટલામાં નાખી ભૂધરયંત્રથી ચુવો પાડી તે દરરોજ પાવો.

* (૧) સુરોખાર ૦। તોલો અને જવખાર ૦। તોલો લઈ ગોમૂત્રમાં વાટી પાવો. (૨) સાકર ૦॥ તોલો અને જવખાર ૦॥ તોલો લઇ ફાકવું. (૩) સુરોખાર તાંદળજાના રસમાં પાવો.

× કેટલાક વૈદ્યો કહે છે કે, જલોદરના સઇઓધર, જકી જલોદર અને કઠોદર, એવા ત્રણ ભેદ છે. **(૧) સઇઓધર:**—એ જાતના રોગથી પાણીની તરસ બહુ લાગે છે અને પેટ મોટું દેખાય છે. પેટ ઉપર હાથ મારે તો ઢોલની માફક અવાજ થાય છે. એ રોગ વાયુથી પેદા થાય છે. તેના ઉપર:—(૧) લસણ મધમાં આથીને ૪૨ દિવસ ખાય તો પેટ વાથી તથા નબળાઈથી સાફ થાય છે. (૨) બકરીનું દૂધ શેર ૧ માં એરંડીઉં તોલા ૩ ભેળવી માસ ૪ સુધી પીએ તો પેટનો વા તમામ મટે. (૩) રાઇનો બારિક ભૂકો ગોમૂત્રમાં નાખી પીવો. **(૨) જકી જલોદર:**—એ રોગથી પેટમાં જરદાબ પીપ એકઠું થાય અને પેટ પાણીની મસક માફક હાલે તથા ગાગર જેવું થાય. આ રોગને જલંધર કહે છે. તેના ઉપર:—આકડામાં અથવા થુવરમાં રહેનાર કાચબાને પાણીથી ભરેલી ત્રાંબાની કુંડીમાં મૂકી ઉપર ત્રાંબાની તાસક ઢાંકી એક પહોર વાર રાખી પછી તે પાણી લૂગડે ગાળી શીશીમાં ભરી લેવું. તે પાણી એ દરદીને પાવાથી પખાળ લગાડીને દરદ કાઢી

કરવું. (૨) સિંધવ અને રાઇ સમભાગ એકત્ર કૂટી ગાયના મૂત્રમાં આપવી. (૩) ધોળા બરનાં મૂળીઆંનું ચૂર્ણ મધમાં આપવું. (૪) દેવદાર, ખાખરાનાં ફૂલ, આકડાનાં મૂળીઆં, ગજપીપર, શેકટાની છાલ અને આસગંધ ગોમૂત્રમાં વાટી પેટ ઉપર લેપ કરવો; એટલે સર્વ ઉદરરોગનો નાશ થાય છે. (૫) ૪૫ તોલા કાંદાનાં બીઆં વાટી ચૂર્ણ કરવું; અને ૪૫ તોલા જૂના કામળાની રાખ વસ્ત્રગાળ કરી તે દરેકમાંથી ૭ ૭ માસા લઇ એકત્ર કરી, એક તોલાની પડીકી બાંધવી. દરરોજ એક પડીકી પાણીમાં લેતાં જવી; એટલે સંચય થયેલું જલોદરનું પાણી ઇંદ્રિયદ્વારે રોજ ઝરી જઇ રોગીને આરામ જણાશે અને ત્રણ મહિનામાં રોગી સારો થશે. પેટને નસ્તર મૂકી પાણી કાઢવાથી કેટલાક રોગીઓને આરામ જણાય છે; પરંતુ કેટલાક રોગીને નસ્તર મૂકવાથી કાળજું જલદી સડી જઇ તેમાંના ઘણા મરણ પામે છે. એટલા માટે પાણી કાઢવું તે બહુ વિચારીને કાઢવું.

વિશેષ ઉપચાર જુઓ પ્રા૦ ઔ૦ અસ્થિવર્ગ-૩.

જુઓ **અનુભૂત** ઔષધ—ઔષધિક્રિયાના કવાથપ્રયોગની ટીપમાં નં ૭. બૃહત્પાકસંગ્રહમાં પાકપ્રયોગની ટીપમાં નં-૪.

સર્વ ઉદરરોગ ઉપર *ઉપચારઃ—(૧) દેવદાર અને ચિત્રકનો કાઢો આપવો. (૨) ચવક

નાખે. (૩) **કઠોદરઃ**—એ રોગથી પેટ ઉપર સોજો આવે તે જગા ઉપર આંગળી દાબી ઉપાડી લેતાં ખાડાની નિશાની દેખાય. તેના દુઃખથી રાતદિવસ કળ પડતી નથી. એથી કાળજા ઉપર ગાંઠ પણ બંધાય છે. ઘણો સોજો ન ચઢેલો હોય તેટલામાંજ સવેળા ઉપર લખેલા ઉપાયમાંથી એક ઉપાય કરે તો દરદ મટે છે. ગાંઠ બંધાયા પછી ઓસડથી ફાયદો થતો નથી. **ત્રણે જળોદર ઉપરઃ**—એક હાંડલું ભરી ખરસાંણી થુવરનું દૂધ લઇ તેમાં એક મૂઠી મેંદો નાખી ખમીર (માવો) કરવું. તેમાંથી માસા ૨ ભારની રોટલીની માફક નાની ટીકડીઓ કરવી. પછી તેને દેવતામાં પકવી તે દરરોજ રોગીને એકેક ટીકડી ગરમ પાણી સાથે આપે તો રેચ થઇ આરામ થાય.

* પેટમાંના ભાર ઉપરઃ-(૧) પેટમાં ભાર વળગી રહેલ હોય તો ડુંટી નીચે વાઢ-કાપ જેવું થાય, રાતદિવસ કળ ન પડે, પેટમાંથી લોહી પડે. તે રોગ ઉપર ભેરડ (ઘેટીનું) દૂધ પાવું. જો તેથી ન મટે તો તુંસડાની જડ ખાંડી બારીક કરી એક હથેળી ભરીને ફાકવી. સતાવરીની જડથી પણ એવોજ ફાયદો થાય છે; પરંતુ જો તે ભાર દહીં ખાવાથી રહેલો હોય તો લીલા ધાણા ગરમ કરીને તેનું પાણી પીવાથી અથવા રાઇ ખાંડીને ફાકવાથી આરામ થાય છે. (૨) તુંસડું શેર ૦।।।, હીંગ શેર ૦।, હરડે શેર ૦।, અક્કલગરો શેર ૦।, પંચલવણ શેર ૧।, જવખાર શેર ૦।, સાજીખાર શેર ૦। લઈ એકઠાં વાટી કાચાં પાકાં ૧૦૦ લિંબુ લઇ તેની અથાણાની માફક ચાર ચાર ચીરીઓ વળગેલી રાખીને તેમાં તે મસાલો ભરવો. પછી તે માટલામાં નાખી દિવસ ૧૫ જમીનમાં રાખી દરરોજ ખવરાવવાથી સર્વ ઉદરરોગ જાય. (૩) આકડાનાં રવાઇડાં, કાળાં મરી તથા સાજીખાર ઝીણાં વાટી લિંબુના રસમાં ગોળીઓ વાળવી. તે દરરોજ ખાવાથી નળવાયુ આદિ સર્વ ઉદરવાયુ જાય. (૪) હળદર ટાંક ૧, સાજીખાર ટાંક ૧, ટંકણખાર ટાંક ૧, ફટકડી (ફૂલાવેલી) ટાંક ૧, અસેળીઓ ટાંક ૨, રાઇ ટાંક ૧, બીજાબોલ ટાંક ૧, સિંધાલૂણ ટાંક ૧, લીંડીપીપર ટાંક ૧, અજમો ટાંક ૧, લવંગ ટાંક ૩ અને કોલીંજન ટાંક ૧ લઇ બારિક ખાંડી ગોળ ટાંક ૧૬ માં ગોળી ૧૪ કરવી. તે ગોળી ખાઇ પથ્ય પાળવાથી પ્રીહો, છીણી, વાયુ, ગોળો, માંસની ગાંઠ, વાની ગાંઠ અને પેટના તમામ રોગો જાય. (૫) બીજોરાની ગોળીઃ—તજ, સુંઠ, લીંડીપીંપર, મરી, પીપળીમૂળ, લવંગ, હરડેદળ, વાવડીંગ, ચિત્રકછાલ, હીંગ, બીડલવણ, સિંધાલૂણ, સંચળ, જીરૂં, શાહજીરૂં, બોડી અજમો, કોકમ, અમ્લવેતસ, દાડમસાર, પુષ્કરમૂળ, ભારંગ, કાકડાસીંગ, અજમો, ટંકણખાર, ચવક, જવખાર અને વડાગરૂં મીઠું લઇ બીજોરાં નંગ ૨ ના રસ મધ્યે ગોળી જંગલી-બોર જેવડી વાળવી. તે પેટના સર્વ રોગને શમાવે છે. (૬) બીડલવણ શેર ૦।।, અજમો શેર ૦।।, સિંધાલૂણ શેર ૦।।, સંચળ શેર ૦।। એ ચારે ઝીણાં વાટીને લિંબુના રસના બે પુટ આપી કંથાળા થોરનું ડેંકું હાથ ૧।। નું લાવી તેને કોરી તેમાં વાટેલાં ઔષધ ભરવાં. ડેંડાના મોઢામાં તેમાંથી

અને નાગરમોથનો કાઢો આપવો. (૩) દેવદાર, શેકટો, મસ્ટર અને આસોદ ગોમૂત્રમાં વાટી પ્રાશનાર્થ આપવું; એટલે સર્વ ઉદર, કૃમિ અને સોજાનો જલદી નાશ થાય છે. (૪) ચવક ૧ ભાગ, ચિત્રક ૨ ભાગ, સુંઠ ૩ ભાગ અને દેવદાર ૪ ભાગ, એના કાઢામાં ગોમૂત્ર અને નસોતરનું ચૂર્ણ નાખી આપવું. (૫) હરડે અને નગોડનાં પાન ગોમૂત્રમાં વાટી તેનો રસ શક્તિ અનુસાર આપવો; એટલે સર્વ ઉદરરોગ, પ્રમેહ, અર્શ, કૃમિ અને ગુલ્મનો નાશ થાય છે. (૬) ઉંટડીનું દૂધ પાવું. (૭) મીઠું, સંચળ, સિંધવ, જવખાર, અજમો, લીંડીપીંપર, ચિત્રકમૂળ, સુંઠ, હીંગ અને વાવડીંગનું ચૂર્ણ ઘી અને ભાત સાથે આપવું; એટલે વાતોદર, ગુલ્મ, અજીર્ણ વાયુનો પ્રકોપ, સંગ્રહણી, પાંડુ, ભગંદર અને દૂઝણુ મસા(હરસ)નો નાશ થાય છે. (૮) વાવડીંગ, સાજીખાર અને બાળહરડે, એ સમભાગ અને એમાંના એક ઔષધનો ચતુર્થાંશ લાકડીઆ થુવરનું દૂધ એ સર્વ એકત્ર ખરલ કરી બલાબલ જોઈ ગરમ પાણી સાથે આપવું. (૯) કડવી ઇંદ્રવરણીનું ફળ (કડવી કોઠીંબી કે તુંસકું) ભેંસના મૂત્રમાં બાફી તેમાંનો ગર્ભ થોડો ખાવા આપવો અને તે ઉપર મૂત્ર પાવું. (૧૦) ખોપરાની એક કરચ લઇ બન્ને દાઢે તે થોડી ચાવી ખાવી. પછી તે ઉપર એક ભિલામો ખાવો. પછી પાછો થોડો ખોપરાનો કડકો ખાઈ તે ઉપર બીજો ભિલામો ખાવો અને તે ઉપર રહેલી ખોપરાની કડકી ખાવી. એ પ્રમાણે સાત દિવસ સુધી કરવું. ગરમ પાણી પીવા આપવું. આઠમે દિવસે ઉતાર—ચણાની દાળ.x

---

નીકળેલો તેનોજ ગર્ભ દાખીને ભરવો. પછી અગ્નિમાં બાફવો. ટંડો થયે ગર્ભસમેત વાટી ટાંક ૧ ના અંદાજે સવારસાંજ ખવરાવવાથી પેટની પીડા જાય. (૭) મોથ, સંચળ, અજમો, સુંઠ, હીંગ તથા પોકરમૂળ(એરંડાનાં મૂળ)નું સમભાગ ચૂર્ણ ઊના પાણીમાં આપવાથી પેટમાનો દુખાવો મટે. (૮) કાંસકીનું મૂળ સોમવારે સાંજરે નોતરી મંગળવારે કાગડા જાગ્યા પહેલાં તેના ઉપર આપણા શરીરનો પડછાયો ન પડે તેવી રીતે તેની જડનો એક હાથનો કકડો લાવી રાખવો. તે જમણા હાથે બાંધવાથી (આંબોઇ) ઠેકાણે આવે. (૯) શંખની નાભિ ૬ પૈસાભાર લઇ બાળી લિંબુ નંગ ૩૫ ના રસમાં કાલવી પથ્થરના વાસણમાં નાખી દિવસ ૭ ઢાંકીને રાખી મેલવું. પછી તેમાં લીંડીપીંપર, સુંઠ, મરી, સિંધવ, સંચળ, કાચલવણ અને જવખાર, એ સાતે ચીજો દરેક સાત સાત પૈસાભાર તથા આમલસારો ગંધક અને શુદ્ધ પારો બબ્બે પૈસાભાર, તૈયાર કરેલી કજળી હીંગ ૨ પૈસાભાર, વછનાગ ૧॥ પૈસાભાર (ઘીમાં કકડાવેલો લેવો એ શુદ્ધ છે), અક્કલગરો ૭ પૈસાભાર અને આમલીનાં છોડાંની રાખ ૪॥ પૈસાભાર લઈ સર્વને એકત્ર કરી ખૂબ વાટી પછી તેમાં ઉપર જણાવેલ લિંબુના રસમાં મેળવી રાખેલી શંખભસ્મ ભેળવી ખરલમાં બે પહોર સુધી ખૂબ ઘુંટી ચણા પ્રમાણે ગોળી વાળવી. એ એકેક ગોળી સવાર સાંજ આપવાથી પેટમાંના તમામ રોગ, ઉધરસ, શ્વાસ, ચોરાશી વાયુ, વાગોળો, છાંણિ અને બરોળ વગેરે રોગો જાય. (૧૦) નવરસાદિ ગુટિકા:—લોહભસ્મ ૧ પૈસાભાર, મંડૂર ૨ પૈસાભાર, હરડે (મોટી) ટાંક ૨, પીંપળીમૂળ ટાંક ૨, વાવડીંગ ટાંક ૨, મોથ ટાંક ૨, ચિત્રક મૂળની છાલ ટાંક ૨।, સુંઠ ટાંક ૨, લીંડીપીંપર ટાંક ૨, મરી ટાંક ૨, હરડાં ટાંક ૨, બહેડાં ટાંક ૨, આમળાં ટાંક ૨ અને સોનામુખી(ઉપધાતુ)ની ભસ્મ ટાંક ૧ લઈ ખાંડી ઝીણું કરી પછી લોહભસ્મ અને મંડૂર નાખી ગોળમાં સોપારી જેવડી ગોળી કરવી. પછી દોઢ શેર પાણીમાં મરી ૪ પૈસાભાર કોરા હાંડલામાં ઉકાળી ૩ પૈસાભાર પાણી રહે ત્યારે ઉતારવું. ટંડુ થયે ગોળી ચાવીને ઉપર મરીનો ક્વાથ પીવો. આ પ્રમાણે ૪૯ દિવસ સુધી આપવાથી પિત્તપાંડુ, પાંચે જાતનો પિત્તકમળો (પિત્ત કમળી), પાણી રસો સોજો, પીલક (પાણી લાગ્યું હોય તે), વાતોદર, કફોદર, શોફોદર, ગોળો, તાવ અને વિષમજ્વર જાય અને પેટની વ્યાધિને શમાવે. (૧૧) બકરીનું અર્ધો શેર દૂધ લઇ તેમાં વિલાયતી એરંડિયું (કેસ્ટર ઑઈલ) તોલા ૩ નાખી પાવાથી રેચ લાગી જળોદર જાય.

x સર્વ પ્રકારના ઉદરરોગ ઉપર શાસ્ત્રસિદ્ધ ઔષધિઓમાંથી નારાયણ ચૂર્ણ, સામુદ્રાદ્ય ચૂર્ણ, ઇચ્છાભેદી રસ, નારાચ રસ, અશ્વચોળી ગુટિકા, પિપલ્યાદ્ય લોહ, ચિત્રક ઘૃત, મહાબિંદુ

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આદુ-૧૨, કાસાળુ-૫, ચિત્રક-૫, તાંદળજો-૧૪, તુવરફળ-૧, મરી-૧૩, માલકાંગણી-૬, લસણુ-૧૫, લીંડીપીંપર-૧૧ સાટોડી-૧૯, હરડે-૪૪. **વાતોદર માટે:**—સમેરવો-૨૦. **પીચોટી એટલે આંબોઈ ટળી હોય તો:**—ખરસાંણી-૪, બાવળ-૮, બહેડાં-૧, મોગરો-૧, રાનમોગરો-૧. **ઉરમાંથી અને પેટમાંથી લોહી પડતું હોય તો:**—કળથી-૫. **પેટમાં વાળ કે લોઢું ગયું હોય તો:**—અનનસ-૪, જાંબુ-૧૧. **નળ ફૂલવા ઉપર:**—ઇંદ્રજવ-૭, એરંડો-૨૯, કાળી જીરી-૨, કુબો-૨, ખરશીંગી-૧, નાગરવેલ-૨, મેંઢાશીંગ-૧, વગડાઉ સુરણ-૧, હુરા-૪. **પેટમાં કાંઇ પણ આજારથી ગાંઠ થઈ હોય તો:**—ભોરિંગણી-૭. **નળવાયુ માટે:**—અરડુસો-૨, અરીઠા-૪, અળશી-૩, ઉક્ષી-૧, મૂળા-૫, મોરવેલ-૩, સરગવો-૯, સાતીન-૧, હેદ-૪. **નળવિકાર ઉપર:**—અજમો-૧, કરિયાતું-૩, કાજૂ-૫, થુવેર-૧૨, રાઇ-૧૦, શેલડી-૧૦, સુરપીણુ-૫. **પેટમાંની ગરમી દૂર થવા માટે:**—અંજીર-૧, ઉંદરકની-૪, ઉંદરકની ક-૭. **પેટમાં વાયુ સંચય થયો હોય તો:**—નગોડ-૧. **પેટમાં કાંઇ ઉપદ્રવ થયો હોય તો:**—જામફળ-૧. **ફેફસાંના સોજા માટે:**—અળશી-૭. જુઓ ગો૦ વૈ૦:—ગોમૂત્ર-૩, ૫. જુઓ પ્રા૦ ઔ૦:—બીરબહોટી-૨. **પેટશૂળ ઉપર**—બીરબહોટી-૬.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં-૨૮, ૩૩. ગુટિકાપ્રયોગની ટીપમાં નં-૧૨. મલમપ્રયોગની ટીપમાં નં-૩.

પથ્ય—કળથી, મગ, જવ, ચોખા, છાશ, લસણ, પરવળ, કારેલાં, શેકડો, દૂધ અને પાન. **અપથ્ય**—તળેલા પદાર્થ, ભાજીપાલો, તલ, ગરમ, દાહક અને ખારાં એવાં ભોજનો અને દિવસે નિદ્રા.

૯—उदावर्तरोग

કારણુ:—ક્ષુધા, તૃષા, નિદ્રા, શ્વાસ, ઉલટી, છીંક, બગાસું, ઓડકાર, નેત્રસંબંધી જલ, શુક્ર-ધાતુ, મલ, મૂત્ર, વાયુ, એ તેરના પ્રાપ્ત થયેલા જે વેગ તેનો વિરોધ કરવાથી વાયુની ઊર્ધ્વ ગતિ થઈ તેર પ્રકારના ઉદાવર્ત રોગ ઉત્પન્ન થાય છે. તે મધ્યે મલ, મૂત્ર તથા વાયુ, એ ત્રણેના નિગ્રહો કરી જે ઉદાવર્ત થાય છે તે મોટું ઘોર પ્રાણસંકટ ઉત્પન્ન કરે છે.

સામાન્ય લક્ષણુ:—જે રોગમાં વાયુના આવર્ત (ચક્કર) ઉપર ચઢે છે તેને ઉદાવર્ત કહે

ઘૃત, કુમારી આસવ, અભયારિષ્ટ, ચવિકાસવ, અભયાદિ મોદક, અગ્નિકુમાર રસ, ગુલ્મકુઠાર રસ, ત્રિભુવનકીર્તિ રસ, તામ્રભસ્મ, આરોગ્યવર્ધની રસ વગેરે ઔષધિ વારંવાર વાપરવામાં આવે છે. આરોગ્યવર્ધની અતિપ્રસિદ્ધ ઔષધિ છે તેની બનાવટ નીચે મુજબ છે:—

આરોગ્યવર્ધની:—શુદ્ધ પારો, ગંધક, લોહભસ્મ, અભ્રકભસ્મ તથા તામ્રભસ્મ, એ પાંચ વસ્તુ એકેક તોલો લેવી તથા ત્રિફલા ૧૦ તોલા, શુદ્ધ ગુગળ ૨૦ તોલા, કડુ ૭૦ તોલા, ચિત્રકમૂળનું ચૂર્ણ ૨૦ તોલા અને શિલાજિત ૧૫ તોલા લેવો. પ્રથમ પારાગંધકની કજ્જલી કરી તેમાં લોહ, અભ્રક તથા તામ્રભસ્મ મેળવવી. પછી દરેક ઔષધિને અલગ અલગ ખાંડી ચૂર્ણ કરી ઉપરની ભસ્મની સાથે મેળવી તેમાં શિલાજિતનો પાણીમાં રસ કરીને મેળવવો. ત્યારપછી લીંમડાના પાનના રસમાં ત્રણ દિવસ ખરલ કરી ગોળી બનાવી છાંયે સૂકાવી લેવી. માત્રા:—૧ થી ૩ માસા સુધી દિવસમાં ત્રણ વખત દૂધ અથવા પાણી સાથે આપવી. આ ઔષધિના સેવનથી ઉદરરોગ, જૂનો તાવ, યકૃત, પ્લીહા, કુષ્ટ, રક્તવિકાર, સોજો, પાંડુ વગેરે દૂર થાય છે. જૂનાં હઠીલાં દરદો માટે આ ઔષધિ સારું કામ કરે છે.

બીજો પ્રકાર:—શુદ્ધ પારો, ગંધક, લોહભસ્મ, અભ્રક ભસ્મ, તામ્ર ભસ્મ અને એ દરેક એકેક તોલો લેવાં. શિલાજિત ૩ તોલા, ત્રિફલા ચૂર્ણ ૬ તોલા, કડુ ૨૨ તોલા, ગુગળ શુદ્ધ ૪ તોલા તથા ચિત્રકમૂળની છાલ ૪ તોલા લેવી. ઉપર મુજબ આ ઔષધિ તૈયાર કરવી. માત્રા:—૩ રતીથી ૧૨ રતી સુધી દિવસમાં ત્રણ વખત દૂધ અથવા પાણી સાથે આપવી. એટલે ઉદરરોગ તથા ઉપર જણાવેલા સર્વ દોષોનો નાશ કરે. છે. આરોગ્યવર્ધની સેવન કરનારે દૂધ-ભાત અથવા માત્ર દૂધનું સેવન કરવું કે જેથી ઔષધિ તરત ફાયદો કરી શકે.

છે. આ રોગમાં વાયુ મુખ્ય છે. અતિ શોષ, ગ્લાનિ, અતિ ક્ષીણતા, શૂળ, વિષ્ઠાયુક્ત ઉલટી, એવાં લક્ષણો જે ઉદાવર્તનાં હોય છે તે અસાધ્ય જાણવો.

ઉપચાર:—(૧) જવખાર અને સાકર એકત્ર કરી આપવાં. (૨) ચોગણું પાણી નાખી દૂધ પ્રાશન કરવું. (૩) ધમાસાનો સ્વરસ કિંવા કાકડીનાં બીઆં વાટી તેના પાણીમાં કેસર મિશ્ર કરી આપવું. (૪) ગોમૂત્રમાં જવાસાનું ચૂર્ણ નાખી પાવું. (૫) એલચીનું ચૂર્ણ દૂધમાં પ્રાશન કરવું. (૬) આમળાનો સ્વરસ અથવા કાઢો ત્રણ દિવસ પ્રાશન કરવો. (૭) ગધેડીની લીંડનો રસ આપવો. (૮) સૂકાયેલા મૂળા, આદુ, સાટોડી, બૃહત્ પંચમૂળ અને ગરમાળામાં ઘી સિદ્ધ કરી પ્રાશન કરવું. (૯) તલની સાંઠીઓની રાખ અથવા ક્ષાર ૧ માસો, દૂધમાં ગોળ ૧ તોલો નાખી આપવો.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આદુ-૬૧, એલચી-૯, ચૂકો-૧, પીંપર-૧, લીંડીપીંપર-૨૭. **મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાવરોધથી થયેલ ઉદાવર્ત માટે:**—અરજુનસાજડ-૯, ભોરિંગણી-૧૩.

જુઓ ગો૦ વૈ૦ માં-**મૂત્રાવરોધથી થયેલ ઉદાવર્ત માટે:**—દૂધ-૨૩.

પથ્ય—ચોખા, દૂધ, લંઘન, પાચન ઇત્યાદિ. **અપથ્ય**—વમન અને મલમૂત્રના વેગનો રોધ, દ્વિદલ ધાન્યો, કમલકંદ, જાંબુ, કાકડી, અળવી, વાંસના કાંદા, તૂરા પદાર્થ અને જડ અન્ન.

૧૮—उधरस (कासरोग)

કારણ:—મોંમાં અથવા નાકમાં ઘણી ધૂમાડી જવાથી, અતિવ્યાયામથી, ખાટા પદાર્થ ખાવાથી, ઉતાવળે ભોજન કરવાથી અને મળમૂત્ર, વાયુ તથા છીંકોના અવરોધથી પ્રાણવાયુ દુષ્ટ

---

* અધોવાયુના વેગ રોકવાથી ઉદાવર્ત થયેલ હોય તો સ્નેહપાન, સ્વેદન, ફલવર્તિ (ગુદામાં બત્તી પ્રવેશ કરાવવી) તથા બસ્તિ (પિચકારી) હિતકારક છે. મળના વેગને રોકવાથી થયેલ હોય તો જુલાબ, બસ્તિ, સ્વેદન, માલીશ, અવગાહન (તેલ અથવા જલમાં બેસવું), ફલવર્તિ અને દસ્તાવર અન્ન લાભદાયક છે. મૂત્રનો વેગ રોકવાથી થયેલ હોય તો દૂધ પાણી મેળવી પીવું. મૂત્રકૃચ્છ્ર અને પથરીના ઉપાય કરવા. બગાસાનો વેગ રોકવાથી થયેલ હોય તો સ્નેહન, સ્વેદન તથા અન્ય વાતનાશક ઉપાય કરવા. આંસુના વેગને રોકવાથી થયેલ હોય તો ખૂબ રોવું. પછી સૂઈ જવું. છીંકના વેગને રોકવાથી થયેલ હોય તો તીક્ષ્ણ પદાર્થ સુંઘવા અથવા નાકમાં વસ્ત્રની બત્તી કરી નાખવી. ઓડકારના વેગને રોકવાથી થયેલ હોય તો સ્નેહયુક્ત પદાર્થોનું ધૂમ્રપાન કરવું. વમનના વેગને રોકવાથી થયેલ હોય તો વમન તથા ઉપવાસ કરવા; તેમજ તેલનું મર્દન અને જુલાબ પણ લાભદાયક છે. વીર્યનો વેગ રોકવાથી થયેલ હોય તો દૂધમાં ચારગણું પાણી મેળવી ઉકાળે પાણી બધું બળી જાય ત્યારે દૂધમાં સાકર મેળવીને પીવું, તથા તેલ મર્દન અને અવગાહન કરે. ક્ષુધાનો વેગ રોકવાથી થયેલ હોય તેમાં સ્નિગ્ધ, હલકું, રુચિકર, મનોવાંચ્છિત અલ્પ ભોજન કરવું. તૃષાથી થયેલ રોગમાં શીતળ ઉપચાર કરે. શ્વાસના રોકવાથી થાય તેમાં વિશ્રાંતિ કરે તથા દૂધ ઘીનું સેવન કરે. નિદ્રાનો વેગ રોકવાથી થયેલ હોય તો સાકર મેળવેલું ગરમ દૂધ પીવું તથા નિદ્રા લેવી.

(૧) ગુદામાં રાખવા માટેની ફલવર્તિ:—હીંગ, મધ અને સિંધાલૂણ મેળવી બત્તી બનાવવી. તે ઘીમાં બોળવી ગુદામાં પ્રવેશ કરાવવી.

(૨) મદનફલાદિવર્તિ:—મીંઢળ, લીંડીપીપર, કોઠ (ઉપલેટ), ઘોડાવજ અને સફેદ સરસવ લઈ બારિક વાટી ગોળ તથા દૂધ મેળવી બત્તી બનાવવી. ઉપરની બત્તી પ્રમાણે તે ઉપયોગમાં લેવી.

(૩) ત્રિકટુકાદિવર્તિ:—સુંઠ, મરી, લીંડીપીપર, સિંધાલૂણ, સરસવ, ધુંવાસ, ઉપલેટ અને મીંઢળનું ચૂર્ણ કરી મધ અથવા ઘીમાં શેકવું. પછી અંગુઠા જેટલી જાડી બત્તી બનાવી ઉપર પ્રમાણે ઉપયોગમાં લેવી.

આ પ્રકરણમાં કહ્યા ઉપરાંત નારાચ ચૂર્ણ, ગુડાષ્ટક, ઇચ્છાભેદી રસ, ત્રિવૃતાદિ વટી, વૈદ્યનાથ વટી, સ્થિરાદ્ય ઘૃત વગેરે શાસ્ત્રીય ઔષધિ પણ ઉપયોગમાં લેવાય છે.

થઇ ઉદાનવાયુને મળી કાસરોગ ઉત્પન્ન કરે છે.×

ઉપચાર—(૧) આકડાનાં ફૂલમાંનાં રવાઈડાં લઈ, તેના સમભાગ મિરપૂડ (મરીની ભૂકી) નાખી ખરલ કરી ચાર ચાર વાલની ગોળીઓ કરવી અને રોજ એકેક ગોળી આપવી; એટલે કાસ, શ્વાસ (દમ) દૂર થાય છે. (૨) અરડુસીનો રસ મધમાં આપવો. (૩) લવંગાદિ વટિકા આપવી. (૪) મરીચાદિની ગોળી આપવી. (૫) સુંઠ, બાલહરડે અને નાગરમોથને કૂટી તેમાં બમણો ગોળ નાખી ગોળીઓ કરીને એકેક ગોળી મોઢામાં રાખવી; એટલે કાસ તથા શ્વાસ દૂર થાય છે.

× વાત, પિત્ત, કફ, ક્ષત અને ક્ષયના ભેદથી ઉધરસના પાંચ પ્રકાર કહેલ છે. તેના ઉપર વખતસર ઉપચાર કરવામાં ન આવે તો તેમાંથી ક્ષયરોગ થાય છે. એ ઉધરસો અનુક્રમે એક એકથી વિશેષ બળવાન છે. (૧) વાતકાસથી જડબું, છાતી, માથું, પેટ અને પાંસળામાં શૂળ ફૂટે છે. મોઢું ક્ષીણ અથવા શુષ્ક થાય છે. બળ, સ્વર અને ધાતુનું તેજ કમી થાય છે. ઉધરસનો ઠાંસો વારંવાર આવે છે; અવાજ કરે છે અને લૂખી (ખાલી) ઉધરસ થાય છે. (૨) પિત્તકાસથી છાતીમાં બળતરા થાય, તાવ આવે; મોઢું શુષ્ક અને કડવું લાગે છે, તરસ વારંવાર અને ઘણી લાગે છે. પીળી અને તીખાશવાળી ઉલટીઓ થાય છે અને શરીરમાં અગ્નિની માફક દાહ થાય છે. (૩) કફકાસથી મોઢું અંદરના ભાગમાં લિંપાયેલું રહે છે. ઉદાસી અને સુસ્તી રહે છે. માથામાં અત્યંત વેદના થાય છે. બધું શરીર કફથી ભરાય છે. અનાજ દેખી ઉબકા આવે છે. અંગ જડ (ભારે) લાગે છે. ચળ આવે છે. વારંવાર બહાર આવતા કફના ગળફા ઘટ્ટ હોય છે. આને કફકાસ કહે છે. (૪) ક્ષતકાસ શ્વાસ ચઢી આવે એવાં કાર્યો વારંવાર કરવાથી અને લૂખું ખાવાથી વાયુ હૃદયમાં જઈને ક્ષત (ચાંદુ) કરી ઉધરસ ઉત્પન્ન કરે છે. એનાથી પ્રથમ લૂખો ઠાંસો, પછી લોહી થુંકે, કંઠ ઘણો દુખે, શૂળ ચાલે, સાંધે સાંધે પીડા થાય, તાવ, શ્વાસ, તરસ હોય, સ્વર ખોખરો થાય અને કબુતરની માફક બોલ્યા કરે એ લક્ષણ ક્ષતકાસનાં છે. (૫) ક્ષયકાસ કુપથ્ય અને વિષમાશન કરવાથી, બહુ મૈથુન કરવાથી, મળમૂત્ર રોકવાથી, ઘણો શોક કરવાથી, ઘણું સૂવાથી માણસને મંદાગ્નિ થઈ વાત, પિત્ત અને કફ એ ત્રણેના કોપથી ક્ષયરોગની ખાંસી પેદા થાય છે. એનાથી શરીર ક્ષીણ થઇ તાવ, દાહ અને મોહ થાય છે ત્યારે દેહ ટકતો નથી. એ રોગી સૂકો ખાંસે છે, દુબળો થતો જાય, શરીરનું માંસ અને લોહી સૂકાય અને પરૂ થુંકે ત્યારે અસાધ્ય જાણવો. આ પાંચે ઉધરસને લોકો ખાલી ઉધરસ, ગળફા છૂટે તેવી ઉધરસ અને લોહીવાળી ઉધરસ, એમ ત્રણ પ્રકારની માને છે તે ઉપરઃ—(૧) ખસખસનાં જીંડવાં રૂ. ૦॥ ભાર, સાકર તોલો ૧ અને ખસખસ તોલો ૦॥ લઇ, પાણી શેર ૦॥ માં ઉકાળી સવારસાંજ પાતા રહેવાથી ખાલી (સૂકી) ઉધરસ મટે છે. આ ખાંસીવાળાને ગાયનું ઘી, માખણ, બદામનું તેલ એવું એવું ચીકણું ખવરાવવું. બદામનું તેલ છાતી ઉપર ચોળવું. જેઠીમધના શીરાના સોપારી જેવડા કકડા કરીને મોઢામાં ચુસાડવા. (૨) જેઠીમધનો શીરો તોલા ૨, બાવળનો સફેદ ગુંદર ૨ તોલા, કડાયો (કતીરો) ગુંદર ૨ તોલા, ઘઉંનો નિશાસ્તો ૧ તોલો, કાળાં મરી ૦ા તોલો, કેસર ૦ા તોલો અને સાકર ૨ તોલા, એ સર્વને ઝીણાં ખાંડી લૂગડે ચાળી પાણી સાથે ઘુંટી ગોળીઓ વાળવી. એમાંથી સવારથી સાંજ સુધીમાં ૫ થી ૧૫ સુધી ગોળીઓ મોઢામાં રખાવી ચુસવા દેવી; કે જેથી એનો રસ ગળામાં ઉતરે અને કફ પડતી ઉધરસ મટે. એ ખાંસીવાળાએ હલકો ખોરાક ખાવો. દૂધ, દહીં, ઘી, માખણ અને તુવેરની દાળ એવી એવી ચીજો ખાવા નહિ આપતાં ઘીની જગ્યાએ બદામનું તેલ આપવું. એ તેલ છાતીએ પણ ચોળવું. ઘણું કરીને ખાવાને તો સાબુચોખાની ખીરજ આપવી. (૩) લોહીના ગળફાવાળી ઉધરસ ઉપરઃ—સાબરસીંગાનો રંદા વડે ઉતારેલો ભૂકો ૨॥ તોલા અને પાણી ૦॥। શેર લઇ ઉકાળતાં ૦॥ શેર રહે એટલે તેમાં સાકર તોલા ૫ અને ગુંદર તોલા ૨॥ નાખી તે પીગળે એટલે નીચે ઉતારી ગાળી લઇ તેને કાચના શીશામાં ભરી રાખવું. તેમાંથી છઠ્ઠા ભાગે દરેક વખતે દિવસમાં ત્રણ વાર પાવું. અથવા મોટાં ગુંદાં પાકાં શેર ૧ લઈ તેના રસમાં સાકર શેર ૦॥ નાખી ઉકાળવું; અને ચાસણી જેવું થયે ઉતારી કાચના વાસણમાં ભરી લેવું. તેમાંથી દરરોજ ૨ તોલાના આશરે સવાર-સાંજ ચટાડવું. ગુંદાં ન મળે તો ગુંદીનાં પાંદડાંનો રસ અને

(૬) બહેડાંની છાલ મોઢામાં રાખી તેનું પાણી ગળી જવું. (૭) હરડે અને બહેડાંનું ચૂર્ણ મધમાં આપવું. (૮) બકરીના મૂત્રમાં બહેડાંના દળની ગોળીઓ કરવી અને મધમાં ગોળી આપવી; એટલે કાસ તથા શ્વાસ જાય છે. (૯) આદુનો રસ મધમાં નાખી આપવો; તેથી કરી કાસ, શ્વાસ વગેરે દૂર થાય છે. (૧૦) ભોરિંગણીનાં મૂળનો કાઢો કરી તેમાં લીંડીપીંપરનું ચૂર્ણ અને મધ નાખી આપવો. (૧૧) ડોરલી(ઉભી ભોરિંગણી)નો કાઢો લીંડીપીપર અને ખડીસાકર નાખી આપવો. (૧૨) સરપંખાના મૂળનું ધૂમ્રપાન કરાવવું. (૧૩) બોરડીનાં પાંદડાં વાટી, સિંધવ અને

સાકર મેળવી હંમેશાં પાવું. એ ખાંસીવાળાને તાવ ન હોય તો સ્ત્રીનું દૂધ અથવા ગધેડીનું દૂધ પાવું. (૪) ગાયનું દૂધ, માખણ કાઢ્યા વગરની છાશ (ઘોળવું), જવની કાંજી તથા જવનું પાણી પીવા આપવું. આ રોગીને લખવા-વાંચવા કે મહેનતનું કામ કરવા દેવું નહિ. ખાંસી વગર હાંફણ હોય તો સુંઠનો કાવો વગર દૂધનો એકલી થોડી સાકર નાખી પાવો. હાંફણવાળાના પગ ઘણા ગરમ પાણીથી ઝારવા અથવા દાઝ ન લાગે તેવા ગરમ પાણીમાં બોળી રાખવા. (૫) હળદર, મેથી, ઘીમાં તળેલ હીમજ, સાજીખાર અને સંચળને લાલ સાટોડીનાં મૂળના રસની ભાવના આપી તેની ૧ તોલાની ફાકી આપવાથી શૂળ અને તાવ સહિત ઉધરસ જાય છે. (૬) આકડાનાં રવાઇડાં શેર ૨ ને માટીના વાસણમાં નાખી મોઢે કપડમટી કરી એક પહોર સુધી ધીમે આંચે બાળી રાખ કરવી; તેમાંથી પાન સાથે વાલ ૧ પ્રમાણે દિવસ ૭ આપવાથી ઉધરસ અને દમ મટે છે. (૭) આકડાના દૂધમાં સિંધાલૂણના વગડાઉ બોર જેવડા કકડા કરીને નાખવા અને તેને એક દિવસ-રાત પલાળી રાખી ફરીથી તેટલુંજ દૂધ નાખી કપડમટી કરી ભસ્મ કરવી. એ પણ પાન સાથે વાલ એક ઉધરસ અથવા દમવાળાને આપવી. (૮) રાતી ફટકડી ત્રણધારા થુવરમાં નાખી ભઠ્ઠી કરી રાખ કરવી અને તે પાન સાથે એક રતી આપવાથી ખાંસી અને દમ મટે. (૯) અઘેડાનાં બીજ, અજમો, ભોરિંગણી અને સુંઠ સમાનભાગે લઇ હાંડલામાં નાખી કપડમાટી કરી બાળી ભસ્મ કરી તૈયાર થયે તોલો ૦॥ ફકાવવું. (૧૦) જવખાર, લીંડીપીંપર અને મરી સમાનભાગે લઇ જૂના ગોળમાં બોર જેવડી ગોળી વાળી આપવી. (૧૧) આકડાનાં રવાઈડાં શેર એક, મીઠું શેર ૦।, લવંગ તોલા ૨, મરી તોલા ૪ લઇ ખૂબ મસળી માટીના ઠીકરામાં શેકવાં. તેનો લાલ રંગ થાય કે ઉતારી લેવું. એની ફાકી કરી તોલા ૦। પ્રમાણે આપવી. (૧૨) આકડાના થડની માટીમાં આકડાનું દૂધ નાખી ચણોઠી જેવડી ગોળી વાળી ખાય તો ખાંસી જાય. (૧૩) લવંગ, કાળાં મરી, લીંડીપીંપર, જાયફળ અને સુંઠ લઇ ખાંડી તેમાંથી નિત્ય જળ સાથે ૦॥ તોલો ફાકવું તથા લીમડાનાં પાંદડાં તોલો ૦॥ ખાવાં. (૧૪) સમડીસૂત્ર તોલો ૧ લઇ કુલડીમાં ફૂંકી દેવું. પછી રતી ૧ નાગરવેલનાં પાન અથવા મધ સાથે આપવું. (૧૫) પાકું અને કાચું દાડિમ તોલા ૨, કાળાં મરી તોલો ૧, સિંધવ તોલો ૦॥ વાટી ચણા જેવડી ગોળીઓ કરી તે મોઢામાં રાખી રસ ઉતારવાથી ઉત્તરસ મટે. (૧૬) શુદ્ધ પારો તોલો ૧, આમલસારો ગંધક તોલો ૧, શુદ્ધ વછનાગ તોલા ૨, મરી તોલા ૬, સુંઠ તોલા ૫, લીંડીપીંપર તોલા ૨, ફુલાવેલ ટંકણખાર તોલા ૨ લઇ વાટી નાગરવેલનાં પાનના રસમાં ચણા જેવડી ગોળી બાંધી મુખમાં રાખવી, એથી ભૂખ ઉઘડે અને ઉધરસ જાય. (મરી અને વછનાગ તથા પારો અને ગંધક એ બબ્બે ચીજો જુદી વાટી સર્વ એકત્ર કરવું.) (૧૭) બીજોરાની ગોળીઃ—તજ, સુંઠ, લીંડીપીંપર, મરી, પીંપળીમૂળ, લવંગ, હરડે મોટી, વાવડીંગ, ચિત્રાછાલ, હીંગ, બીડલવણ, સિંધવ, સંચળ, જીરૂં, શાહજીરૂં, બોડી અજમો, કોકમ, ગરમાળો, દાડિમસાર, પુષ્કરમૂળ, ભારંગ, કાકડાશિંગ, અજમો, ટંકણખાર, ચવક, જવખાર અને મીઠું સમાન લઇ લિંબુના શેર ૧ રસમાં અને બીજોરા નંગ ૧ ના રસમાં ખરલ કરી ચણીબોર પ્રમાણે ગોળી આપવી. એનાથી કફ, શ્વાસ, ઉધરસ, દમ વગેરે રોગો જાય અને ભૂખ લાગે. (૧૮) દાલી ઉધરસ ઉપરઃ—ખસખસ, વરીઆળી, બદામનાં મીંજ અને કમળકાકડીનાં મીંજ, એ દરેક અડધા તોલા પ્રમાણે તરણુચનો ગર્ભ તોલો ૦।, દુધેલીના ફળનું દૂધ તોલો ૦॥ અને સાકર તોલો ૧ લઈ બારિક વાટી કપડાથી ગાળી કાઢેલા પાણીમાં ગરમ કરેલ ઘી તોલો ૦॥ નાખી પીવાથી ઉધ્રસી થઈ મટી જશે.

ચી નાખી તવી પર શેકી આપવાં. (૧૪) કાળા ધંતુરાનાં પંચાંગ ચલમમાં નાખી પીવાં. (૧૫) ધમાસાનાં મૂળ ચલમમાં નાખી પીવાં. (૧૬) ભોરિંગણી અને લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં આપવું. (૧૭) બહેડાં બે ભાગ અને લીંડીપીંપર એક ભાગ, એનું ચૂર્ણ મધમાં આપવું. (૧૮) લીંડીપીંપર, પીપળીમૂળ, સુંઠ અને બહેડાંનું ચૂર્ણ મધમાં આપવું.+

વિશેષ ઉપચાર જુઓ વર્નો૦માં:—અઘેડો–૨૨, અજમો–૬, અતિવિષ–૪, અરજુનસાજડ–૬, અરડુસી–૧, ૧૦, ૧૨, ૧૬, ૨૧, ૨૨, ૨૪; આકડો–૨, ૨૫; આદુ–૯, ૧૬, ૧૯, ૩૨; ઇંગોરીઆં–૯, ઇન્દ્રવરણા–૨, ૧૫; ઉટકટારી–૬, ઉભી (ભો)રિંગણી–૧, એલચી–૬, કાયફળ–૨, કુંવાર–૩, ૪, ખરસાંણી–૨, ખાખરો–૧૮, ખેર–૧૦, ગરમાળો–૭, ગળો–૮, ૨૪; ગંગેટી–૩, ચણોઠી–૧૯, જવ–૭, જેઠીમધ–૧૦, ૧૩, તરટી–૧, થુવેર ચોધારો–૧૧, ૧૩; દાંતી–૨, ધમાસો–૧, ધંતુરો–૨, પારસ પીંપળો–૪, પીંપળો–૨૬, પુષ્કરમૂળ–૧, ફુદીનો–૬, બાફળી (હીંગોત્રી)–૪, બહેડાં–૨, ૪, ૫, ૮; બીલામો–૮, ભોંય આમળી–૫, ભોરિંગણી–૧, ૯; મરી–૪, ૮; મરેડી–૧, મર્યાદવેલ–૩, મીંઢળ–૯, મોથ–૧૩, મોહડી ઘોટ–૧, રાસ્ના–૬, લવંગ–૪, ૭, ૮, ૧૦; લીંડીપીંપર–૧, ૭, ૧૭, ૨૩, ૨૩, ૨૮, ૩૪, ૩૫; વગડાઉ અજમો ૧, વજ (ઘોડાવજ)–૧૦, શરપુંખા–૫, શિળીંદ–૧, સણ–૧, સમુદ્રફળ–૮, સમેરવો–૧૪, ૧૫, ૧૬; સાટોડી–૧૯, સાજડ–૬, હરડે–૨૩, હળદર–૧, ૯, ૧૫; હેળુ–૪. **ઉધરસમાં લોહી પડે તે માટે:**—હરડે–૩૮. **કફવિકાર માટે:**—અગથીઓ–૫, અઘેડો–૧૯, અજમો–૬, અરડુસો–૩, ગરણી–૭. **ક્ષતકાસ માટે:**—આમલી–૬, એખરો–૨, દ્રાક્ષ–૯, પીંપળો–૯. **કફ જાડો થઈ છાતી ઘેરાય તે માટે:**—અરડુસી–૧૧, અરીઠાં–૩, અળશી–૭. **કફ પાતળો કરવા માટે:**—ચિત્રા–૨, શિકેકાઈ–૨. **ઉષ્ણતાથી કફ સૂકાયો હોય તો:**—જેઠીમધ–૧૦. **ઉષ્ણતાથી આવનાર ઉધરસ માટે:**—નરીઆળી–૩. **શરદીની ઉધરસ માટે:**—નાગરવેલ–૬. **કફવાત માટે:**—મીંઢળ–૪.

જુઓ ગો૦ વૈ૦—**કફરોગ માટે:**—ગોમૂત્ર–૧. જુઓ પ્રા૦ ઔ૦–**ઉધરસ માટે** બીર બહોટી–૩, મૂત્રવર્ગ–૧. જુઓ **અનુભૂત ઔષધ:**—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં–૧૦.

પથ્ય:—ચોખા, ઘઉં, સામો, જવ, અડદ, મગ, કળથી, ઘી, દૂધ, ચાકવત (ટાંકો), વેંગણ, મૂળા, લસણ, ઘીલોડાં અને ગરમ પાણી. **અપથ્ય:**—દાહકારક પદાર્થ, કંદ, દુધી, ઘણું ખાવું, જડ, શીતળ, ખાટાં અને દુષ્ટ અન્નપાન.

૧૧–उनवा (मूत्रकृच्छ्र)

કારણ:—વ્યાયામ, તીક્ષ્ણૌષધ, રૂક્ષ પદાર્થ, દરરોજ મદ્યપાન, નિરંતર ઘોડા ઉપર બેસી પ્રવાસ કરવો, જળ નજદીક સંચાર કરનારાં પક્ષ્યાદિકોનું માંસ અને મત્સ્ય, જમ્યા ઉપર જમવું અને કાચા પદાર્થ ઈત્યાદિ સેવનથી મૂત્રકૃચ્છ્ર રોગ થાય છે. આ રોગ આઠ પ્રકારનો છે.*

+ ઉધરસના ઉપર ગુડૂચ્યાદિ કવાથ, બૃહત્ પંચમૂલકવાથ, ચિંતામણિ ચૂર્ણ, કંટકાર્યાદિ કષાય, કર્પૂરાદિ ચૂર્ણ, ખદિરાદિ ગુટિકા, સિતોપલાદિ ચૂર્ણ, કાસકુઠાર રસ, કફકુઠાર રસ, આર્દ્રક પાક, આર્દ્રક અવલેહ, અગ્નિરસ, કફકેતુ રસ, ચંદ્રામૃત લેહ, તામ્રપર્પટી, તામ્રરસાયન, સમશર્કર ચૂર્ણ, વાસાવલેહ, તાલીશાદિ ચૂર્ણ, અભ્રક ભસ્મ, શૃંગારાભ્ર, દશમૂલાદ્ય ઘૃત વગેરે અપાય છે, તથા મર્દન કરવા માટે ચંદનાદ્ય તેલ અપાય છે.

* (૧) સાથળ અને પેડુની સંધિમાં તથા પેડુ અને ઇંદ્રિયમાં ઘણી પીડા થાય અને થોડે થોડે વારંવાર મૂત્ર ઉતરે તે વાયુનો. (૨) પીળું, લાલ અને ઘણું ગરમ મૂત્ર ઘણા કષ્ટે ચીસો પાડીને ઉતરે તે પિત્તનો. (૩) પેડુ અને લિંગ એ બન્ને ભારે થાય અને ત્યાં સોજો હોય, મૂત્રમાં ફીણ આવે અને મૂત્ર કષ્ટથી ઉતરે તે કફનો. (૪) ત્રણેનાં મિશ્ર ચિહ્નો દેખાય તે સન્નિપાતનો. (૫) મૂત્રને લઇ ચાલનારી નસોમાં કોઇ પણ પ્રકારે ચોટ લાગવાથી વાયુના મૂત્રકૃચ્છ્રના જેવાં સર્વ લક્ષણો દેખાય છે તે ચોટ લાગવાનો. (૬) ઝાડો રોકવાથી વાયુ કુપિત થઇને પેડુ અને પેટમાં આફરો કરે છે અને ત્યાં પીડા કરે છે તે મલાવરોધનો. (૭) પેડુમાં શૂળ ચાલી વીર્યસહિત મહાકષ્ટથી મૂત્ર

સંપ્રાપ્તિ—સ્વકારણોએ કુપિત થયેલા વાતાદિ અથવા સર્વ દોષ બસ્તીમાં કોપ પામી જ્યારે મૂત્રનો માર્ગ પીડિત કરે છે, ત્યારે માણસને ઘણા કષ્ટથી મૂત્ર કરવાનું બને છે.

ઉપચાર:—(૧) ગોખરૂ, ગરમાળો, દર્ભ, કાશ, ધમાસો, આમળાં અને પાષાણભેદનો કાઢો મધ નાખીને પાવો; એટલે મૂત્રકૃચ્છ્ર અને કઠિન પથરીનો પણ નાશ થશે. (૨) એલચીદાણા, પાષાણભેદ, શિલાજિત, ગોખરૂ, કાકડીનાં બીઆં, સિંધવ અને કેસરનું ચૂર્ણ ચોખાના ધોવરામણ સાથે પાવું; એટલે જો મૂત્રકૃચ્છ્રી આસન્નમૃત્યુ (મરવાની અણીપર) હશે તો પણ તે બચશે. (૩) દ્રાક્ષ અને ખડીસાકર એકત્ર કૂટી તે દહીંના મંડ સાથે (દહીંની તર) સાથે પાવી. (૪) દૂધ ઉષ્ણ કરી ગોળ નાખી પાવું એટલે મૂત્રકૃચ્છ્ર, શર્કરા અને વાતરોગને દૂર કરશે. (૫) નાળીએરનું પાણી ગોળ ધાણામાં મેળવી પાવું તે દાહ સાથેના મૂત્રકૃચ્છ્ર અને રક્તપિત્તનો પણ નાશ કરશે. (૬) શતાવરીનો કાઢો મધ નાખી પાવો. તે ત્રિદોષજ મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. (૭) પાંચ માસા જવખાર સાકરમાં આપવો. (૮) ગોખરૂના કાઢામાં જવખાર નાખી પાવો. (૯) આમળાંનો કાઢો કરી તેમાં ગોળ નાખી આપવો. તે રક્ત, દાહ તથા શૂળથી યુક્ત એવા મૂત્રકૃચ્છ્રનો પણ નાશ કરશે (૧૦) આમળાંના રસમાં એલચીદાણા ખાવા. (૧૧) લાંબડીનાં બીઆં છાશ સાથે આપવાં. (૧૨) ખજૂર, આમળાં, લીંડીપીંપર, શિલાજિત, એલચીદાણા, જેઠીમધ, પાષાણભેદ, ચંદન, ચીભડાનાં બીઆં અને ધાણાનું ચૂર્ણ, સાકર તથા જેઠીમધના કાઢા સાથે પાવું; તે અંગ, લિંગ, ગુદા, વંક્ષણ, શુક્ર એ ઠેકાણાનો દાહ, શર્કરા પથરી અને શૂળનો નાશક, બલ્ય તથા વૃષ્ય છે. (૧૩) ત્રિફળાં, વાયવરણાં, કંકોળ (ચણકબોબા) અને સિંધવનું ચૂર્ણ કરી આપવું. (૧૪) શિલાજિત, પાષાણભેદ, લીંડીપીંપર અને એલચીદાણાનું ચૂર્ણ પાણીમાં પાવું. (૧૫) ભોરિંગણીનો રસ મધમાં આપવો. (૧૬) મૂળીઆં સુદ્ધાં ગોખરૂના ઝાડનો કાઢો સાકર અને મધ નાખી પાવો; તેથી કરી મૂત્રકૃચ્છ્ર અને ઉષ્ણવાત દૂર થાય છે. (૧૭) ઉંદરની લીંડીઓ વાટી તેનો બસ્તિ ઉપર કિંચિત્ ઉષ્ણ લેપ કરવો. (૧૮) ગાયના દૂધમાં કડાની છાલ વાટી પાવી, તે ભયંકર મૂત્રકૃચ્છ્રનો નાશ કરશે. (૧૯)

ઉતરે તે વીર્ય રોકવાનો. (કારણ વીર્યના રોકવાથી મૂત્રનો માર્ગ રોકાઇ જાય છે.) (૮) પથરી અને શર્કરા એ બન્ને અંડમાં રહે છે, તેનાથી મૂત્રકૃચ્છ્ર થાય છે. એ પથરી પિત્તે કરીને પોચી, વાયુથી સૂકી, કફથી રહિત પથરીનું રૂપ થઇ નીકળી મૂત્રને રોકે છે. જ્યારે ઉનવાથી હૃદયમાં પીડા થાય, શરીર કંપે, કુખમાં શૂળ ચાલે, મંદાગ્નિ અને મૂર્ચ્છા થાય ત્યારે તે માણસ મરી જાય. ઉપચારઃ-(૧) ઉંબરાનું દૂધ સાકર સાથે પીવાથી ઉનવા માટે. (૨) જૂનું ખાતર, ઘાણી પીલવાના બળદના માર્ગની રેત, જૂની ઈંટ, અગરિયું મીઠું, વછેરા(ઘોડા)ની લાદ, એ સર્વ છાશમાં ઘોળીને પેડુ ઉપર બાંધવું. (૩) લવારની કોઢમાંના ધમણની ફુંક પાસેની રાખ પાણીમાં પલાળી પેડુ ઉપર જાડો થર કરવો. આમલીનો રસ સાકર નાખીને પાવો. (૫) એલચી, પાષાણભેદ, કપૂર, શિલાજિત, લીંડીપીંપર અને સાઠીચોખા એકત્ર કરી ઉકાળી અને પાવું. એનાથી મૂત્રકૃચ્છ્ર મટે, બંધ છૂટે. (૬) હરડાં, બહેડાં, આમળાં, કમળકાકડી અને સિંધવ સમભાગ લઈ ચૂર્ણ કરી ઉના પાણીમાં આપવું. (૭) ઇસબંધ, ઘી અને ખાંડ ભેળી ખાવાથી શિયાળાની મોસમમાં ઉંઘમાં પેશાબ થવાનું દરદ મટે અને ગરમીના દિવસોમાં થતું હોય તો એક પૈસાભાર ધાણા ખાંડી તેમાં ખાંડ પૈસા ૪ ભાર ભેળવી ફાકે તો આરામ થાય. (૮) એલચી, અરડૂસી, પાષાણભેદ, ધોળા એરંડાની જડ, શિલાજિત, શુદ્ધ આલમસારો ગંધક અને જવખાર એકેક પૈસાભાર લઇ ઝીણું ખાંડી દરરોજ સવારે એક પૈસાભાર ખાય તો વાયુથી થયેલ મૂત્રકૃચ્છ્ર જાય. (૯) હરડે મોટી, ગંધક, પાષાણભેદ, શિલાજિત, કાકડીનાં બીજ, એ એકેક માસાભાર લાવી પાણી શેર ૬ માં ઉકાળી શેર ૧ રહેથી લૂગડે ગળી તેમાં મધ પૈસા ૧ ભાર મેળવી ત્રણ હપ્તા પીવાથી પિત્તનો મૂત્રકૃચ્છ્ર જાય. ઘઉં તથા બીજી હરેક ભારે ચીજ ખાવી નહિ. (૧૦) એલચી, અરડૂસી, પાષાણભેદ, ધોળા એરંડાની જડ, ચીનીકબાલા અને ગોખરૂ, એ સર્વે ત્રણ ત્રણ માસા લઈ, પાણી શેર ૪ માં ઉકાળી શેર ૧ રહે ત્યારે લૂગડે ગળી તેમાં સાકર અને શિલાજિત નાખી હપ્તા ચાર સુધી પીવાથી કફનો મૂત્રકૃચ્છ્ર જાય.

સેમ્સાવરી(શિમળા)ની છાલનું ચૂર્ણ સાકરમાં આપવું. *

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં—અળસી-૪, ૬, આમળાં-૧૭, ઇંદ્રજવ-૧૦, ઉટકટારી-૨, ઉંબરો-૧૨, એલચી-૮, કંકોડી-૨, કાકડી-૮, ૧૦; કાસ-૧, કાંટીગોખરૂ-૬, કાંસકી (પેટારી)-૩, કેળ-૧૨, ખીજડો-૫, ખેર-૯, ગળો-૧૦, ગોખરૂ બેઠા-૩, ૧૧, ચણકબોબા-૭, ચણોઠી-૧૧, ચિકુ-૧, જેઠીમધ-૧૮, ડુંગળી-૧૮, તરણુચ-૩, તાડ-૬, દ્રાક્ષ-૧૫, ૧૮, ધમાસો-૬, નાળિયેર-૧, નાળીએરી-૧૭, પાષાણભેદ-૧, પાટલા-૩, બિહી-૧, બોરડી-૪, ભોંયકોળું-૧૪, ભોરિંગણી-૧૩, રાકોડીઆં-૧, લાંબડી-૩, લૂણીની ભાજી-૧, વાયવરણો-૬, વાળો-૫, શિમળો-૨, શેલડી-૪, ૧૧, શેવાળ-૩, સમેરવો-૧૮, સાગ-૫, ૯, સાત્વીન-૨, સુખડ-૩, હીંગ-૧૮. કફ્ મૂત્રકૃચ્છ્ર માટે:—એલચી-૧૩. પથરીથી થએલ મૂત્રકૃચ્છ્ર માટે:—પાષાણભેદ-૫. ત્રિદોષજ મૂત્રકૃચ્છ્ર માટે:—શતાવરી-૧૫. દાહયુક્ત મૂત્રકૃચ્છ્ર માટે:—તલ-૧, રાનતુલસી-૩, ૫. જુઓ ગો૦ વૈ૦ માં:—દૂધ-૧૦. જુઓ અનુભૂત ઔષધિ:—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગની ટીપણીમાં નં. ૫.

પથ્ય:—સ્નાન, શીતળ, ઉબટણું, જૂનો રાતો ભાત, છાશ, દૂધ, દહીં, મગની દાળ, સાકર, જૂનું કોળું, પંડોળાં, આદુ, કાકડી, ખજૂર, નાળીએર, તાંદલજો, શીતળ એવાં અન્ન અને પાન. અપથ્ય:—મદ્ય, શ્રમ, મૈથુન, હાથી ઘોડા ઉપર બેસવું, વિષમાસન, વિરુદ્ધાસન, તાંબૂલ, મત્સ્ય, મીઠું, તેલપક્વ પેંડ (તેલ પોરી), હીંગ, તલ, સરસવ, મૂત્રવેગ, અડદ, વાંસના કાંદા; અતિ તીક્ષ્ણ, વિદાહી, રૂક્ષ અને ખાટા પદાર્થ.

૧૨–उलटी (वमन, छर्दि)

કારણ:—અતિ અજીર્ણ, અતિ ખારા તથા અતિ અપ્રિય પદાર્થોનું ભક્ષણ, અતિ ઉતાવળે ભોજન કરવું, અતિ પાતળા પદાર્થ ખાવા, અકાળે ભોજન કરવું; શ્રમ, ભય, ઉદ્વેગ અને અતિ ચીતરી ચઢે એવા પદાર્થોનું દર્શન કિંવા ભક્ષણ અને તેવા પદાર્થોની દુર્ગંધી લેવી, એ કારણોથી ઉલટી ઉત્પન્ન થાય છે. × ÷

* ઉનવા ઉપર એલાદિ ક્વાથ, ધાત્ર્યાદિ ક્વાથ, મૂત્રકૃચ્છ્રાંતક રસ, તારકેશ્વર રસ, વરુણાદ્ય લોહ, ચિત્રકાદ્ય ઘૃત, વિદારી ઘૃત, ગોક્ષુર ક્વાથ વગેરે ખાવા માટે અપાય છે. મર્દન કરવા માટે ઉશીરાદ્ય તેલ તથા કુશાદિ તેલ અપાય છે. મૂત્રેંદ્રિયમાં પ્રવેશ કરાવવા માટે કર્પૂરવર્તિ ઉપયોગમાં લેવાય છે. બંગભસ્મ સિતોપલાદિ ચૂર્ણની સાથે અથવા આમળાં, હળદર અને સાકરના ચૂર્ણની સાથે લેવી અતિલાભદાયક છે.

× વાત, પિત્ત, કફ, સન્નિપાત અને અણગમતી વસ્તુઓના જોવાથી એમ પાંચ પ્રકાર ઉલટીના છે. તેમાં (૧) વાયુની હોય તો:—છાતી અને પસવાડામાં પીડા, મુખશોષ હોય, મસ્તક અને નાભિ દુખે, શ્વાસ અને સ્વરભેદ હોય, ઓકવાનો અવાજ ઘણો (ઉંચો) હોય, ઉલટીમાં ફીણ હોય, રંગ બગડેલો હોય અને ઘણા વેગથી ઉલટી થાય. (૨) પિત્તથી હોય તો:—મૂર્છા, તૃષા અને મુખશોષ થાય, મસ્તક ગરમ રહે, તાળવામાં અને આંખોમાં ગરમી રહે, આંખે અંધારાં તથા ફેર આવે અને ગરમ, લીલું અને લાલ રંગનું ઓકે. (૩) કફથી હોય તો:—તંદ્રા તથા મુખ ગળચટું થાય, કફ ઓકે, ઉંઘ આવે, ભોજનમાં અરુચિ રહે, શરીર ભારે રહે, ચીકણી, ગળી, જાડી, શીતળ અને કફયુક્ત ઉલટી કરે, રોમાંચ રહે. (૪) સન્નિપાતની ઉલટીમાં શૂળ, અપચો, અરુચિ, દાહ, તરસ, શ્વાસ, પ્રમેહ, એ સર્વ હમેશાં વધારે રહે છે; અને ખાટી, ખારી, લીલી, જાડી, ગરમ અને લાલ ઉલટી કરે છે. (૫) ચીત્રી ચઢવાથી ઉતક્લેદ થઈ ઓકવા મંડી જાય છે.

ઉપચાર:—ત્રિફળાં, વાવડીંગ અને સુંઠ સમાનભાગે લઈ ચૂર્ણ કરી મધ સાથે આપવું અથવા લિંબુનાં પાંદડાં ઉકાળી પાવાં, અથવા ખીજડાની છાલ અને પીંપળાનો ક્વાથ કરી પાવો. જો નાભિ પાસેની ચામડી નગારાની માફક થરથરતી હોય તો નાભિમાં વાયુ ભરાવાથી ઉલટી થએલ ગણી, લોબાન તોલો ૦॥ પાણીમાં વાટી તે પાણી ઝામીને પાવું.

÷ અજીર્ણ અને પિત્તપ્રકોપથી વારંવાર ઉલટી થાય છે. એ સિવાય સારણ ગાંઠ, આંતરડાનો સોજો, હોજરીનું ક્ષત, યકૃતનો રોગ, કૉલેરા, પથરી તથા ઝેરી જંતુ પેટમાં જવાથી પણ ઉલટી થાય છે.

ઉપચાર:—(૧) આમળાનું ચૂર્ણ, ચંદન અને મધમાં આપવું. (૨) બાળહરડે, મધ, ધાણી અને આમળાં, એ એકેક તોલો લઇ તેમાં ૧૬ તોલા પાણી નાખી હાથવડે ચોળી તે ગાળી પાવું. (૩) સિંધવ ઘીમાં નાખી આપવો. (૪) મધપુડાનું મીણ મધમાં પાવું. (૫) કાકોલીનાં મૂળ અને હીંગ એકત્ર કરી આપવાં. (૬) હરડેનું ચૂર્ણ મધમાં આપવું. (૭) વાવડીંગ, ત્રિફળાં અને સુંઠ, એ પદાર્થોનું ચૂર્ણ મધમાં આપવું. (૮) પીંપળાના ઝાડ ઉપરનાં છોડાં અંગારામાં બાળી પાણીમાં છમકારી, તે પાણી ગાળી પાવું; એટલે વાંતિ અને ઉચકીનો નાશ થાય છે. (૯) બીલીની છાલ અથવા ગળોનો કાઢો મધ નાખી આપવો; એટલે ત્રિદોષજનિત વાંતિ (ઉલટી) દૂર થાય છે. (૧૦) પિત્તપાપડાનો કાઢો મધ નાખી આપવો. (૧૧) સુકાયેલા લીમડાની રાખોડી મધમાં આપવી. (૧૨) મસૂર શેકી તેનો લોટ કરી પછી પાકેલા દાડમના દાણાનું પાણી કરી તેમાં તે લોટ કાલવી ભક્ષણ કરવો; એટલે ત્રિદોષજન્ય વાંતિ (ઉલટી) તુરતજ દૂર થાય છે. †

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:—અરડુસી-૨૪, આદુ-૩૮, આમળાં-૮, ૧૦, ઉપરસાલ-૫, એલચી-૧૪, કડુ-૩, કણજી-૧૧, કેળ-૨૪, કોલિંજન-૬, ધાસપિત્તપાડો-૪, ચંબેલી-૫, જાયફળ-૫, જાંબુ-૧૨, જીરૂં-૧૨, જેઠીમધ-૫, ધમાસો-૭, ધોળી પિલુડી-૪, નાળીએરી-૯, પટોલ (કડુ)-૬, પદ્મકાષ્ઠ-૧, પિત્તપાપડો-૫, પીંપળો-૩ બીજોરૂં-૯, બીલી-૧૬, બોરડી-૧૧, મકાઈ-૧, મગ-૨, મીઠું લિંબુ (મોસંબી)-૧, મીંઢળ-૯, મોથ-૯, રતાંદળી-૧, લીંડીપીંપર-૭, ૨૧, કડવો લીમડો-૩૪, શંખાવળી-૨, સોપારી-૧, હરડે-૧૪, ૩૮ **રક્તજનિત એટલે લોહીની ઉલટી ઉપર:**—આંબો-૧૬, જેઠીમધ-૨૧. **પિત્ત થઈ ઉલટી** થતી હોય તે ઉપર:—તજ-૨. **ત્રિદોષજનિત ઉલટી** ઉપર:—ગળો-૧૯, તુળસી-૨૧, દાડમ-૧૬, બીલી-૨૨, મસૂર-૧.

જુઓ પ્રા૦ ઔ૦માં—મોરનાં પીછાં—૧.

પથ્ય:—ચોખા, મગ, વટાણા, ઘઉં, જવ, આમળાં, સાકર, કોદું, દાડમ, નાળીએર, લિંબુ.

અપથ્ય:—ઉષ્ણ પદાર્થ, નદી (દુધી), મીઠાં ગોળાં, કોળું, વ્યાયામ, દુષ્ટ અન્નપાન.

૧૩—उलटीनी आवश्यकता अने औषधो

કારણ:—કફ, વિષદોષ, અગ્નિમાંદ્ય, હૃદ્રોગ, કુષ્ઠ (કોઢ), વાતરક્ત, ભ્રમ, કાસ, શ્વાસ, જ્વર, અતિસાર અને અરુચિ, એ રોગોમાંથી એકાદો રોગ કોઈ રોગીને હોય તો તેને વમન આપવું.

વમન (ઉલટી) **થવા માટે** ઉપચાર:—(૧) **કફ પાડવાને:**—લીંડીપીંપર, મીંઢળ અને સિંધવનું ચૂર્ણ કરી કોકરવરણા પાણીમાં પાવું. (૨) **પિત્ત પડવાને માટે:**—પંડોળાં, અરડુસી અને કડવા લીમડાનાં પાનનું ચૂર્ણ કરી ઠંડા પાણીમાં નાખી પાવું. (૩) કફ—**વાયુની પીડા હોય તો:**—મીંઢળના મગજનું ચૂર્ણ દૂધમાં નાખી પાવું. (૪) **અજીર્ણ ઉપર:**—કોકરવરણા પાણીમાં સિંધવ નાખી પાવાથી માણસને ઉલટી થઇ અજીર્ણ દૂર થાય છે. (૫) જેઠીમધનો કાઢો ૩ માસા રાઇનું ચૂર્ણ નાખી આપવો, એટલે વિષદોષ, અજીર્ણ અને કફ મટે છે. (૬) તોલો દોઢ તોલો રાઈનું ચૂર્ણ ગરમ પાણીમાં મેળવી પાવું. (૭) પા તોલાથી અર્ધા તોલાપર્યંત આકડાનાં મૂળીઆંની છાલનું ચૂર્ણ‡ ગરમ પાણીમાં આપવું. એથી કોઈ થોડો રેચ પણ થાય છે. એક વર્ષની

---

† (૧) સુંઠ, ધાણા, સાકર તથા નાગરમોથા, એ ચાર વસ્તુનું ચૂર્ણ બે તોલા લઇ ૩૨ તોલા પાણીમાં ક્વાથ કરવો. ૮ તોલા પાણી રહે ત્યારે ગાળી ઠંડુ થયેથી પીવરાવવું એટલે સર્વ પ્રકારની ઉલટી બંધ થઈ જાય છે. સગર્ભા સ્ત્રીને પણ આ ઔષધિ લાભદાયક છે. (૨) કપૂરકાચલી પાણી સાથે આપવી. (૩) રસસિંદૂર, ધાણા, જીરૂ, ત્રિકટુ અને મધ મેળવી આપવું.

પ્રકરણમાં જણાવ્યા ઉપરાંત એલાદિ ચૂર્ણ, કરંજબીજાદિ કષાય, ચંદનાદિ કલ્ક, ગુડૂચ્યાદિ-ક્વાથ, જાંબુનું શરબત, જીરકાદિ રસ, તૃષ્ણાછર્દિહરો રસ, પદ્મકાદિ ઘૃત, નારિકેલ ખંડ, કુષ્માંડ ખંડ, ચ્યવનપ્રાશ અવલેહ વગેરે અપાય છે.

‡ આ ચૂર્ણ અડધો તોલો આપવાથી ઉલટી અને પાંચ વાલ આપવાથી પરસેવો થાય છે; પરંતુ એ જેઠ માસમાં કાઢી રાખેલું જોઇએ. હડકાયા કૂતરાનો પણ એજ ઉપાય કેટલાક વૈદ્યો બતાવે છે.

અંદરના બાળકને ૨॥ થી ૪ ચણોઠીભાર સુધી આપવું. (૮) કારેલીનાં કિંવા અરડુસીનાં પાંદડાંનો રસ આપવો. (૯) ગુંજા કિંવા અર્ધા ગુંજા પ્રમાણે મોરથુથુ ફૂલાવી તે ગરમ પાણીમાં લઇ, ઉપર પેટભર પાણી પી જવું. એથી ઉલટી થઇ વિષદોષ આદિ મટે છે. (૧૦) **ઉલટી બંધ થવાને:**—હલકો રેચ આપવો કિંવા મકાઈના કણસલાને દાણા સિવાય બાળી તેની રાખ અર્ધા પૈસાભાર પાણીમાં આપવી અથવા પીંપળાનાં છોઠીઆં બાળી પાણીમાં ઝામી તે પાણી પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—બીજોરૂં-૧૦, લીંડીપીંપર-૧૫. **ઉલટી બંધ થવા માટે:**—મોગલી એરંડો-૧.

જુઓ **અનુભૂત** ઔષધ:—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૨.

१४–कमळो (म० कामला)

કારણ અને લક્ષણ:—અતિ પિત્તકારક પદાર્થોના સેવનથી પિત્ત, લોહી અને માંસ, એ દૂષિત થઇ ચામડી, નખ અને મુખ, એ હળદર જેવાં પીળાં થાય છે. મળ અને મૂત્ર રક્તવર્ણું અને પીતવર્ણું થાય છે; અને દાહ, અગ્નિમાંદ્ય, દુર્બળપણું, અરોચક ઈત્યાદિ લક્ષણો થાય છે.

ઉપચાર:—(૧) એરંડાનાં પાંદડાંનો અથવા કુંપોનો રસ ૪ તોલા કાઢી તેમાં ગાયનું દૂધ નાખી આપવો. (૨) ઘઉંની ઢગલી ઉપર લોખંડની કડછી અગ્નિમાં લાલ કરી દાબવી અને તેનો જે હિરવણ (રસ) આવે તે આંખોમાં આંજવો. (૩) ગાયના દૂધમાં સુંઠનું ચૂર્ણ નાખી આપવું. (૪) નરમા(કપાસ)ના જીંડવાનો રસ નાકમાં નાખવો. (૫) દેવડાંગર(કુકડવેલ)ના ફળનું ચૂર્ણ ચોખાભાર નાકમાં સુંઘવું; એટલે નાકમાંથી પીળો સ્રાવ થઇ બે પહોરે ×કમળો ઉતરશે. (૬) કડવા તુરીઆનું ચૂર્ણ એક ચોખાભાર નાકમાં સુંઘવું. (૭) સવારમાં રાતી શેલડી ખાવી. (૮) કડવા લીંમડાની અંતરછાલનો કાઢો કરી તેમાં મધ અને કિંચિત્ સુંઠની ભૂકી નાખી આપવો. (૯) એરંડાનાં મૂળ મધમાં ઘસી ચટાડવાં. (૧૦) ધોળી ડુંગળી અને ગોળ એકત્ર વાટી તેમાં થોડી હળદર નાખી આપવી. (૧૧) ગળોનો રસ મધમાં આપવો. *

× જ્યારે કમળો ઘણા દિવસનો જૂનો થાય ત્યારે તેને કુંભકમળો કહે છે. વળી જે પાંડુરોગીને વાયુ, પિત્ત વધે ત્યારે તેની ચામડી લીલી, પીળી, કાળી થઈ જાય, તથા બળ, ઉત્સાહ જતાં રહે; અને તંદ્રા, મંદાગ્નિ, સૂક્ષ્મજ્વર, દાહ, તરસ, અરુચિ, ભ્રમ, એ સર્વ થઇ આવે અને સ્રીસંગ પ્યારો લાગે નહિ, અંગમાં પીડા થાય, તેને હલીમક રોગ કહે છે. આ બે કમળાના ભેદ છે. કમળો એ પાંડુરોગનો ભેદ હોવાનું અમૃતસાગરમાં બતાવે છે.

ઉપચાર:—(૧) કમળાના દરદીને મધની સાથે હરડાં, બહેડાં, આમળાં, એનું સમાન ભાગવાળું ચૂર્ણ તેની ઉંમર જેટલા વાલના વજને આપવું. ખોરાક ઘઉંની રોટલી અને મધ, તથા મસાલા અને મીઠા વગરની મગની દાળ, આ ત્રણજ આપવાં; તેમજ એકાંતરે રાત્રે સૂતી વખતે હીમજ તોલો ૦॥ અને મીઠું તોલા ૦॥ની ફાકી ઉના પાણી સાથે ફકાવવી. (ઝાડો સાફ ન આવે તોજ.) આ અમારો અનુભવેલો પ્રયોગ છે. (૨) મોથ, ખેર, લીંડીપીંપર, ચિત્રો, ષટ્કચુરો, સુંઠ અને વાવડીંગ સમાન લઇ સઘળા વસાણાથી બમણો લુહારની કૅાઢનો ૧૦૦ વરસનો જૂનો કાટોડો તેમાં નાખી બારીક ખાંડી દરરોજ સવારે ખાવું. (૩) તાંદળજાના ૦। શેર રસમાં તેટલીજ સાકર નાખી પીએ તો હળદરીઓ પિત્તનો કમળો મટે. (૪) ગેરુ, ફટકડી, હળદર અને આમળાં ઠંડા પાણીમાં ઘસી અંજન કરવું. (૫) ત્રિફળાં, અરડુસી, કરિયાતું, લીમડાની સળીઓ, કડુ અને ગળોનો ઉકાળો આપવો. (૬) ચણાની દાળ બાફી તેમાં તેની બરાબર ગોળ નાખી વાટી તે પૂરણ ત્રણ દિવસ ખાવું. તરસ લાગે તો તેજ પૂરણનું ઓસામણ કાઢી મૂકેલું હોય તે પીવું, બીજું કાંઇ ખાવું નહિ. (૭) કુકડવેલાને જે કંકોડાં જેવાં ફળ થાય છે તેને ઝીણાં વાટી છીંકણી જેવાં કરી બકરીના માખણમાં ભેળવી નાકેથી ખેંચાવે–સુંઘાડે તો કમળો નિશ્ચય મટે.

*** કમળા તથા પાંડુરોગમાં વાસાદિ કવાથ, ફલત્રિકાદિ કવાથ, નવાયસ લોહ, ધાત્રીલોહ, પુનર્નવા મંડૂર, મંડૂર ભસ્મ, લોહભસ્મ, કુષ્માંડખંડ, ત્રિફલારિષ્ટ, ત્રૈલોક્ય સુંદર રસ, ગોમૂત્ર**

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડા–૧૫, અરડુસી–૨, આકડો–૩, આમળાં–૩૯, ઉજવ–૬, કાળીજીરી–૩, કુકરબાગનો વેલો–૨, કુવો–૬, કુંવાર–૧૩, કેળ–૯, કોઠી–૨, ખઈ–૨, ગળો–૪, ગોરખમુંડી–૧, ડુંગળી–૨૪, તુવેર ચોધારો–૪, દારુહળદર–૧, પાંડેરવો–૧, બીલી–૨૬, બાંગરો–૫, બોંય આમળી–૪, મોથ–૭, રીસામણી–૧, રેવંચી–૫, લીમડો(કડવો)–૧૧, ૩૧, વિષ્ણુકાંતા–૫, શિંળીંદ–૨, શેલડી–૧, શ્રાવડ–૨, સમુદ્રફળ–૫, સાટોડી–૮, સોમવલ્લી–૧, હળદર–૨૦, હેદ–૫.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના કવાથપ્રયોગની ટીપમાં નં–૭. અને અંજનપ્રયોગની ટીપમાં–નં. ૧.

પથ્ય:—જવ, ઘઉં, ચોખા, મગ, મસુર, તુવેર, પરવળ અને તાંદળજો. **અપથ્ય:**—ભાજીપાલો, હિંગ, પેંડ (તલપોળી), પાન, તીખું, ખાટું અને ઉષ્ણ અન્ન.

१५–करमिय (कृमिरोग)

કારણ:—ખાધેલું પચ્યું ન હોય ને બીજું ખાવું. રોજ મધુરામ્લ ખાવું, ખાવાના વખતનો નિયમ ન હોવો, દુગ્ધાદિક પીવાં. મિષ્ટાન્ન અને ગોળ, સાકર ઇત્યાદિ ભક્ષણ કરવાં, વ્યાયામ ન કરવો, એ કૃમિરોગનાં સાધારણ કારણો જાણવાં. ×

હરિતકી વગેરે ખાવા માટે અપાય છે. પુનર્નવાદિ તેલ, હીબેરાદિ તેલ તથા ચંદનાદિ તેલ મર્દન કરવા માટે અપાય છે. ચંદ્રપ્રભાવર્તિ અંજન માટે અપાય છે; તથા કુકડવેલના ફળનું ચૂર્ણ સુંઘવા માટે અપાય છે.

× પૂર્વાચાર્યોએ બાહ્ય અને આભ્યંતર એવા બે પ્રકારના કૃમિ(જીવાત)ની ૨૧ જાતો વર્ણન કરેલી છે. તેમાં જૂ અને લીખ એ બહારના કૃમિ કહેલા છે. આભ્યંતર ૧૯ પ્રકારના કૃમિ (કરમીઆ) ઉત્પન્ન થાય છે. કફમાં ઉત્પન્ન થયેલ હૃદયાદ, અંત્રાદ, ઉદરાવેષ્ટ, ચુરવ, મહાગુદ, સુગંધ અને દર્ભકુસુમ, એ સાત છે. રક્ત(લોહી)માં ઉત્પન્ન થયેલ માતર, સૌરસ, લોમવિધ્વંસ, રોમદ્વીપ, ઉદુંબર અને કેશાદ, એ છ છે. વિષ્ઠામાં થયેલા મકેરક, લેલીહ, મલુન, સૌસુરાદ અને કકેરક, એ પાંચ છે. કફરક્તમાં થયેલ સ્નાયુક નામનો એક છે. (એનું વર્ણન વાળાના પ્રકરણમાં કરેલું છે.) એ કફમાં થયેલા કૃમિ, આમાશય અને હૃદયપ્રદેશની અંદર રહે છે. એ ઘણાં મોટાં થતાં ચારે બાજુ ફરે છે. એમાંના કેટલાક ચામડાની વાધર જેવા ચપટા, કેટલાક વરસાદનાં અળશીઆં જેવા અને કેટલાક અનાજના અંકુરો જેવા, તો કેટલાક ઝીણા, લાંબા અને ટુંકા પણ હોય છે. તેમનો રંગ રાતો અને ધોળો હોય છે. આ કૃમિથી છાતીમાં બેચેની, મોઢું ફિકકું, અપચો, અન્નપર અભાવો, ફેર, ઓકારી, તરસ, પેટનું ફૂલવું, શરીરની દુર્બળતા, સોજો, સળેખમ વગેરે ઉપદ્રવો થાય છે. લોહીમાં થયેલા કૃમિ લોહીને વહેનારી શિરાઓ(નસો)માં રહે છે. તે ઝીણા, પગ વગરના, ગોળ અને રાતા રંગના હોય છે. કેટલાક તો એટલા ઝીણા હોય છે કે, તેને જોવાને માટે સૂક્ષ્મદર્શક યંત્રની જરૂર પડે છે. કોઢ, દાદર, ખસ, ખરજ વગેરે ચામડીનાં દરદો એજ જંતુઓથી ઉત્પન્ન થાય છે. વિષ્ઠામાં થનાર કૃમિ વિષ્ઠામાંથી બહાર આવે છે. તે મોટા થયા પછી આમાશય તરફ આવે છે. ત્યારે તેવા કરમ પડેલા રોગીના ઓડકારમાંથી વિષ્ઠાની દુર્ગંધ ફેલાય છે. એ કદે જાડા, પુષ્ટ, ગોળ, બારિક, લઠ્ઠ અને રંગે લીલા, પીળા, કાળા કે ધોળા હોય છે. આ જંતુઓ પેટમાં આડાઅવળા ફરતા થવાથી પાતળો ઝાડો, ચૂંક, પેટે આફરો, શરીર સુકાવું, અંગ લૂખું પડી પીળા રંગનું થવું, રૂંવાડાં ઉભાં થવાં, મંદ જઠરાગ્નિ અને મળદ્વારમાં ચળ વગેરે ઉપદ્રવો થાય છે.

યુનાની હકીમો કહે છે કે:—પેટમાંના કરમ જેઓ કુધીનાં બી જેવા હોય છે, તેની જગા પેટમાંના મળાશયમાં છે. બીજા અળશીઆંના જેવા હોય છે, તેની જગો પેટના પક્વાશયમાં હોય છે. ત્રીજી જાતના જે ઘણાજ ઝીણા હોય છે તેની જગો પિત્તાશયમાં હોય છે. એ ત્રણે જાતના જંતુઓનો નાશ કરવાને આ ઓસડ આપવું. (૧) કપીલો તોલા ૨ ઝીણો ખાંડી દહીંમાં મેળવીને ખાવો; પરંતુ એ ઓસડ ખાવાની આગલી રાત્રે ગોળ ખાવો, કે જેથી તમામ કૃમિ તે ગોળને

લક્ષણ:—તાવ, નિસ્તેજપણું, શૂળ, હૃદયની પીડા, ઓકારી, ભ્રમ, અન્નદ્વેષ, અતિસાર ઈત્યાદિ લક્ષણો જાણવાં.

ઉપચાર:—(૧) કિરમાણી અજમો સવારે ઠંડા પાણીમાં લેવાથી કૃમિરોગ દૂર થાય છે. એજ કિરમાણી અજમાનું જે સત્ત્વ કાઢવામાં આવે છે, તેને ઇંગ્રેજી ભાષામાં "સાંટોનાઇન" કહે છે. (૨) પિત્તપાપડો અધકચરો શેકી મગની દાળ જેટલો ઘીમાં આપવો, કિંવા પિત્તપાપડો કૂટી પલાળી રાખવો અને તે પાણી ગાળી લઇ શક્તિ પ્રમાણે મધ નાખી આપવું. (૩) વાવડીંગનો કાઢો ગોળ નાખી આપવો. (૪) સુંઠ, વાવડીંગ અને ભિલામાનું ચૂર્ણ મધમાં આપવું. (૫) કૌચ પરના કાંટા દૂધમાં નાખી આપવા. ઘણાજ નાના બાળકને એ આપવું નહિ.× (૬) ફુદીનાનો રસ અને ડમરાનો રસ એકત્ર કરી આપવો. (૭) બીજોરાની છાલનો કાઢો આપવો. (૮) અનનસ ખાવું; એટલે કૃમિનું પાણી થશે. (૯) કાંચકીનાં પાંદડાંના રસમાં આંબાહળદર ઘસી પાવી. (૧૦) કાંચકી અને હીંગ શેકી તેમાં મીઠું નાખી ઘીમાં ખરલ કરી પીવું. (૧૧) વડની વડવાઇઓના કુમળા અંકુર વાટી તેનો રસ ત્રણ દિવસ આપવો. (૧૨) એરોદસ ખાવા આપવું, કિંવા ચૂર્ણ કરી મધમાં આપવું. એ ખાધાથી મીઠું લાગે છે. (૧૩) કિરમાણી અજમો ૧ તોલો, વાયવરણાની છાલ ૧ તોલો અને ખડીસાકર ૩ તોલા, એનું ચૂર્ણ મોટા માણસને ૬ માસાથી એક તોલા સુધી અને નાના બાળકને ૨ કિંવા ત્રણ ગુંજા સુધી આપવું. (૧૪) ઉંદરકનીનાં પાંદડાંનો રસ ચાંગળું ભરી પાવો; કિંવા તેનાંજ સૂકાં પાંદડાંનું ચૂર્ણ અર્ધો માસો મધ સાથે આપવું. (૧૫) કપૂર અર્ધો રતિ અને થોડું કેસર રાત્રે આપવાં; એટલે સવારમાં કૃમિ પડે છે. (૧૬) ઇંદ્રજવનું ચૂર્ણ થોડી હીંગ નાખી આપવું. (૧૭) એક ચણોઠીભાર ફટકડી મધમાં આપવી. (૧૮) બકામ લીમડીની અથવા પાંડેરવાની અને બકામ લીમડાની અંતરછાલનું ચૂર્ણ ૨ માસા મધમાં અથવા દૂધમાં આપવું. (૧૯) વાયવરણાની છાલ, એરોદસ, કિરમાણી અજમો, સુંઠ, વાવડીંગ અને સંચળનું ચૂર્ણ મધમાં આપવું. (૨૦) કપિલાનું ચૂર્ણ ગોળમાં આપવું. (૨૧) નાગરમોથ, વાવડીંગ, લીંડીપીંપર, ઉંદરકની અરલુમૂળ, દાડમની છાલ અને બીલાંનું ચૂર્ણ મધમાં આપવું. આ ઉપરાંત પારસીયાદિ ચૂર્ણ, કૃમિમુદ્દગર રસ, મુસ્તકાદિ કષાય, ત્રિફલાદ્ય ઘૃત, વિડંગ રસ, કૃમિઘ્ન રસ વગેરે ખાવા માટે અપાય છે. તેમજ વિડંગ તેલ અને ધુસ્તર તેલ શરીરપર મર્દન કરવા માટે અપાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦ માં:—અંકોલ-૩, અખરોડ-૫, અનનસ-૨, અરજુનસાજડ-૧૦, અળવી-૭, આદુ-૫૩, આંબાહળદર-૪, આંબો-૨, ઈંદ્રજવ-૧, ઉંદરકની-૪, ઉંદરકની લ-૧, ઉંદરકની મ-૧, એરોદસ-૧, કચૂરો-૩, ૬, કપૂર-૮, કારેલી-૧૦, કાસાળું-૧૨, કાળીજીરી-૬, કાંચકી-૪, ૧૩, કિરમાણી અજમો-૧, કીડામારી-૬, કેસર-૧૧, કોલકંદ-૧, કૌચ-૧, ખરશિંગી-૨, ખાખરો-૮, ૧૩, ગળો-૧૩, ડિકામાલી-૨, દાડમ-૩, નાગછત્ર-૧, પટોલકટુ-૭, પાનઅજમો-૧, પીલુ ૧, પોપૈયો-૪, ફાંગળો-૪, ફુદિનો-૩, બાફળી(હિંગોત્રી)-૩, બીજોરૂં-૧, બીલી-૪, ભારંગી-૧૧, ભિલામો-૧, ૪, મરવો-૭, મેંઢાશીંગ-૨, લીમડો (કડવો)-૧૪, ૨૧,૨૬; વડ-૫, વાવડીંગ-૧, શિરદોડી-૧૦, સતાપા-૧, સમુદ્રફળ-૧૨, સોપારી-૭. **પિત્ત કફ સંબંધી** જંતુ એટલે કરમ હોય તો તે માટે:—લીમડો(કડવો)-૩૪.

જાઇ વળગે. (૨) દાડમના ઘણા જૂના ઝાડની છાલ ટાંક ૪, પાણી શેર ૬માં ઉકાળી શેર ૧ પાણી રહે ત્યારે ઉતારી લૂગડે ગળી, તે પાણી દરરોજ સવારે પીએ તો મેદા(હોજરી)માં કરમ હોય તે મરી જાય. (૩) લસુનાં બી તોલો ૧ ગોમૂત્રમાં ૪ માસસુધી પીએ તો કૃમિનો નાશ થાય. મીઠાશ તથા પ્યાજની પરહેજી રાખવી. (૪) કિરમાણી અજમો તથા ખાખરાનાં બીઆં સમાન લઇ ઝીણાં ખાંડી ઘણા દિવસ સુધી ખાય તો ભાતભાતના કૃમિનો નાશ થાય. (૫) મુરદારશિંગનો ભૂકો માસા ૩ તેલ સાથે ખાય તો કૃમિનો નાશ થાય.

× ગોળમાં ગોળી કરીને પણ બાળક તેમજ મોટા માણસને અપાય છે.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં-નં. ૧૯. ગુટિકા પ્રયોગની ટીપમાં-નં. ૧૯.

પથ્ય:—ચોખા, ઘઉં, ઘી, તુવેર, મગ, કુમળાં વેંગણ, કોઠું. અપથ્ય:—ગોળ, સાકર, દૂધ, કેળાં, બોર, કોળું અને તેલ.

૧૬—કાનના રોગ (કર્ણરાગ)

કારણ:—ઠંડી, જળમાં ક્રીડા કરવી, કાન ખંજોળતાં દુખાવું, શસ્ત્રાદિકોનો મિથ્યા યોગ અને બીજા દોષ કોપાવનાર હેતુ. એ દોષોનો કોપ થઈ, કર્ણશિરામાં પ્રવેશ કરી, તેમાં શળ ઉત્પન્ન કરે છે. આ કર્ણરોગ ૨૮ પ્રકારના છે.* કાનમાં રસાદિક નાખવાં તે ભોજનના પહેલાં નાખવાં અને તૈલાદિક અસ્તમાન પછી નાખવાં.

કર્ણશૂળ (કાનનો દુઃખાવો, કાનનું કહાવું-કહવું) **ઉપર:**—(૧) આદુનો રસ, મધ, સિંધવ અને સરસવનું તેલ એકત્ર કરી તેલ શેષ રહે ત્યાંસુધી પચન કરવું. પછી ગાળી ભરી રાખવું. જરૂર પડયે થોડું નવશેકું (ગરમ) કરી કાનમાં નાખવું. (૨) લસણ, આદુ, શેકટો, વાયવરણો, મૂળા અને કેળનો રસ ગરમ કરી કાનમાં નાખવો. (૩) આકડાનાં પાકેલાં પાંદડાંને ઘી ચોપડી દેવતા ઉપર શેકી તેનો રસ કાઢી કાનમાં નાખવો. (૪) દિંડાના મૂળનો કલ્ક કરી તેમાં તેલ નાખી પચન કરવું; તે કાનમાં નાખવું એટલે ત્રિદોષજનિત કર્ણશળનો નાશ થાય છે. (૫) હીંગ, સિંધવ અને સુંઠના કલ્કમાં તેલ નાખી પચન કરી તે કાનમાં નાખવું. (૬) ખરસાંણીની ડાંખળીને અંગારામાં નાખી રસ કાઢી તે કાનમાં નાખવો. (૭) લિંબુના રસમાં કિંવા હોકામાંના પાણીમાં કોડીની ભસ્મ નાખી તે કાનમાં નાખવી. (૮) ભાંગરાનો રસ, કુંવાડીઆનાં મૂળનો રસ, લસણનો રસ, કાંદાનાં પાનનો રસ અને આદુનો રસ એકત્ર ગરમ કરીને કાનમાં નાખવો. (૯) સમુદ્રશીણની વસ્ત્રગાળ ભૂકી કાનમાં નાખી તે ઉપર લિંબુના રસનું ટીપું પાડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-અરલુ-૧, આકડો-૧૪, ૨૦, આમલી-૧૭, આંબો-૨૦, ખરસાંણી-૬, ચંબેલી-૪, બીજોરૂં-૧૧, મીંઢીઆવળ-૨, વાંદો-૧, સમેરવો-૭, સરસવ-૪.

કર્ણસ્રાવ (કાનમાંથી પરૂ વહે છે તેના) ઉપર:—(૧) સિંદૂર મધમાં મેળવી કાનમાં નાખવું. (૨) મરેલો વિંછી તેલમાં કઢવી તે તેલ કાનમાં નાખવું એટલે સર્વ જાતના કર્ણરોગનો નાશ

---

* કાનના ૨૮ રોગો આ પ્રમાણે છેઃ—૧ કર્ણશળ, ૨ કર્ણનાદ, ૩ બાધિર્ય, ૪ વાંસ ફાટવા જેવા કાનમાં ધડાકા થવા, ૫ કર્ણસ્રાવ, ૬ કર્ણકંડૂ (કાનમાં ચળ અથવા ખસ જેવી ફોડલીઓ થાય છે તે), ૭ કર્ણગુથ (પિત્તની ગરમીથી કાનમાંથી મળ ઘણો ઝરે તે), ૮ કર્ણપ્રતિનાદ (કર્ણગુથ-કાનનો મેલ પાતળો પડવાથી તે નાકમાં અથવા મોંમાં આવી રહે તે), ૯ કૃમિકર્ણ, ૧૦ કૃમિવિદ્રધિ (ચોટ લાગવાથી થાય છે), ૧૧ વ્રણ, ૧૨ કર્ણપાક, ૧૩ પૂતિકર્ણ (પાકેલા કાનમાંથી પરુ અને પાણી વહે તે), ૧૪ થી ૧૭ વાયુ, પિત્ત, કફ અને લોહીના પ્રભાવથી થયેલા અર્શ એટલે મસા, ૧૮ થી ૨૧ વાયુ, પિત્ત, કફ અને લોહીના સોજા (શોથ), ૨૨ થી ૨૮ વાયુ, પિત્ત, કફ, લોહી, માંસ, મેદ અને નસોના કર્ણાર્બુદ (અર્બુદ જેવી ગાંઠો થાય છે તે.) ઉપચારઃ—(૧) પાકું થુવરનું પાન ઘોડાવજ સાથે ઘસી ટીપું પાડીએ તો વહેતો કાન મટે. (૨) મરી, ચામડાનું જૂનું વાધર અને લીમડાની ટીશીઓ તેલમાં ઉકાળી કાનમાં ટીપું પાડવાથી દુખતો કાન મટે. (૩) પાડીના મૂત્રમાં સિંધવ ઘસી કાને ભરીએ તો વહેતો કાન મટે. (૪) ઉપલેટ, આકડાનું દૂધ (અથવા પીળાં પાંદડાંને ઊનું કરી નીચોવેલું પાણી), અને સરસવનું તેલ ગરમ કરી સહેવાતું કાનમાં નાખવાથી બહેરાપણું મટે. (૫) કાનમાં બગઈ ગઈ હોય તોઃ-કુંવાડીઆનાં પાંદડાંનો રસ કાનમાં નાખવાથી જીવતી બગઈ નીકળી પડે અને દરદ શાંત થાય. (૬) બહેરાપણાનો ઉપાયઃ-આકડાનાં પીળાં પાંદડાંને અગ્નિ ઉપર તપાવી તેને હાથેથી મસળીને નીચોવી કાઢેલો રસ કાનમાં નાખવાથી કાનના ધાક અને બહેરાપણું જાય. (૭) કાનમાં ચસકા નાખે તેના ઉપરઃ-સુવા તોલો ૦॥ અને બકરીની લીંડીઓ નંગ ૪ લઈ બાળકના મૂત્રમાં ઉકાળી તેનો કાનમાં બાફ આપવાથી કાનના ચસકા મટે.

થાય છે. (૩) સુંઠ, સિંધવ, દેવદાર, હીંગ અને ઘોડાવજના કાઢામાં તેલ નાખી, તેલ સિદ્ધ થયા પછી તે કાનમાં નાખવું; એટલે તણખા તથા સ્રાવ બંધ થાય છે. (૪) ટંકણખાર ફુલાવી કાનમાં નાખવો. (૫) બદામનું તેલ કાનમાં નાખવું. (૬) ફુલાવેલી ફટકડીની પીચકારી મારવી અથવા ભૂકી કરી કાનમાં નાખવી. (૭) રાળથી ત્રમણું તેલ લઇ એકત્ર કઢવી પછી ગાળી તે કાનમાં નાખવું. (૮) કાળી તુલસીનો રસ અને ભાંગરાનો રસ દિવસમાં ચાર પાંચ વખત કાનમાં નાખવો. (૯) શેકટાનાં સુકાયેલાં ફૂલનું ચૂર્ણ અથવા તેલ સિદ્ધ કરી કાનમાં નાખવું. (૧૦) આકડાનાં ફૂલનો અને ભુઇઆંવળીનો રસ કાનમાં નાખવો. (૧૧) મધ કાનમાં નાખવું. (૧૨) બાવળીઆની છાલના કાઢાએ તથા ત્રિફળાંના કાઢાએ અથવા કાથાનું પાણી કરી તેણે કાન ધોવો. (૧૩) તલના તેલમાં લસણની કળીઓ તળી તે તેલ કાનમાં નાખવું. (૧૪) બીજોરાના રસમાં સાજીખાર નાખી તે કાનમાં નાખવો; એટલે સણુકા અને સ્રાવ દૂર થાય છે. (૧૫) સમુદ્રફીણનું ચૂર્ણ કાનમાં નાખવું; તે સ્રાવ, વ્રણ અને સણકાનો નાશ કરે છે. (૧૬) ગોમૂત્ર મંદોષ્ણ કરી તેનાથી, ગરમાળાના કાઢાએ અથવા તુળસીના રસે કાન ધોવો. (૧૭) રસાંજન સ્ત્રીના દૂધમાં ઘસી તેમાં મધ નાખી તે કાનમાં નાખવું. (૧૮) જાંબુના રસમાં તેલ પચવી તે કાનમાં નાખવું. (૧૯) ડમરાનો રસ કાનમાં નાખવો. (૨૦) વડ, આંબો, જાંબુ અને મહુડાનાં કુમળાં પાંદડાંના કલ્કમાં તલનું તેલ ચોગણું નાખી તેલ સિદ્ધ કરી કાનમાં નાખવું. (૨૧) ઘોડાવજ, સમુદ્રફીણનું ચૂર્ણ અને કપૂર તલના તેલમાં કઢવી તે કાનમાં નાખવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:–ઇંદ્રજવ–૯, ઉંદરકની–૩, કિંજળી–૪, દારુહળદર–૭, ધંતુરો–૧૬, બાવળ–૧૭, બીજોરૂં–૧૫, ભીલામો–૧૩, મરવો–૫, રાળ–૭, લસણ–૧, વગડાઉ તુરિયું–૩, વજ–૬, સરગવો–૪. જુઓ ગો૦ વૈ૦ માં:—ગોમૂત્ર–૭ જુઓ પ્રા૦ઔ૦માં:—કસ્તૂરી–૧, મધ–૧, સમુદ્રફીણ–૩. **કર્ણસ્રાવ, વ્રણ અને ચિકટો** ઉપર:—સમુદ્રફીણ–૩. જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં–૬.

કૃમિકર્ણ (કાનમાં કીડા પડે છે કિંવા બમર્ડ ઈંડું મૂકે છે તે ઉપર:—) (૧) સરસવનું તેલ કાનમાં નાખવું. (૨) રિંગણીનાં ફળની ધૂમાડી આપવી. (૩) નગોડ, શેકટો અથવા કલગારીના કાંદાનો રસ કાનમાં નાખવો. (૪) કપૂરનું પાણી કરી કાનમાં નાખવું. (૫) કાંગળાનું મૂળ ગોમૂત્રમાં ઘસી કાનમાં નાખવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કલગારી–૮, ભોરિંગણી–૧૦, સરસવ–૩.

બગઇ, કીડા, કાનખજુરો વગેરે કાનમાં ગયાં હોય તે ઉપર:—(૧) કાંગનો, ઉતરણીનો અથવા તિલવણીનો રસ કાનમાં નાખવો. (૨) કાસુંદરાનો અથવા શેકટાનો રસ કાનમાં નાખવો. (૩) ગીલોડીનાં પાંદડાંનો રસ અને તેલ કાનમાં નાખવું. (૪) દીવીના નીચે ઝમેલું તેલ કિંવા મધ કિંવા એરંડતેલ કાનમાં નાખવું. (૫) તગર અને ખાખરાનાં મૂળ દાંતે ચાવી તેની લાળ કાનમાં નાખવી. તે તુરત બગઇનો નાશ કરે છે. (૬) કલગારી, કાળો ભાંગરો, સુંઠ, મરી અને લીંડીપીંપરને એકત્ર કરી વસ્ત્રમાં બાંધી તે પોટલી કાનમાં પીલવી; તેથી કાનખજુરો, કૃમિ, ખાલી વગેરેનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘાડી–૨, એરંડો–૩૯, કાનફોડી–૬, કાસુંદરો–૬, ખાખરો–૧૯, ઘોલી (ગિલોડી)–૧, નાગલા દુધેલી–૨, પીલુડી–૪, મરડાશિંગ–૨. જુઓ પ્રા૦ ઔ૦ માં:—મધ—૨, ૭.

કર્ણનાદ (એટલે વાયુની ગતિ શબ્દવાહિની શિરા–રેષા–માં જવાથી નોબત, મૃદંગ, શંખ ઇત્યાદિના શબ્દ જેવો શબ્દ સાંભળવામાં આવે છે તેને) **માટે:**—(૧) કાંગનો રસ કાનમાં નાખવો. (૨) અઘેડીના ક્ષારનું પાણી અને કલ્ક, એમાં તલનું તેલ નાખી સિદ્ધ કરી કાનમાં નાખવું. (૩) હીંગ, તુવરફળ અને સુંઠ સરસિયામાં નાખી કઢવી તે કાનમાં નાખવું. એ ત્રણે ઉપચારો કર્ણનાદ અને બાધિર્યનો નાશ કરશે. (૪) **હિંગ્વાદિ તેલ:**—* હિંગ, નાગરમોથ, દેવદાર, વરીઆળી, મૂળાની

* સર્વ ઔષધિને ચટણીની માફક પીસી તેનાથી ચારગણું તેલ તથા ૧૬ ગણું પાણી મેળવી ઉકાળવું. તેલ શેષ રહે ત્યારે ઉતારવું. ઠંડું થયેથી ગાળી લેવું. આ તેલ પિત્તળના કલાઈવાળા વાસણમાં તૈયાર કરવું.

રાળ, સોજીખાર, જવખાર, સિંધવ, સંચળ, સોરા (સુરોખાર), સરગવો, સુંઠ, સાજીખાર, બિડલોણ, સુરખો, બીજોરૂં, કેળનો રસ અને મધુસક્ત, (લીંબડાનો રસ ૬૪ તોલા, મધ ૧૬ તોલા અને લીંડીપીંપર ૪ તોલા નાખી ઘીના વાસણમાં બંધ કરી, ડાંગરની ભરેલી કોઠીમાં દાબી રાખવું. એક મહિનો થયા પછી કાઢવું તેને મધુસક્ત કહે છે.) એમાં તલનું તેલ નાખી સિદ્ધ કરવું. તે કર્ણરોગ, કર્ણનાદ, બહેરાપણું, ભાંભેર, મસ્તક, કાન, કાનની નળી અને કાનના શૂળનો નાશ કરે છે. આ ચરક અને સુશ્રુતને માન્ય છે. (૫) કપાસનાં જીંડવાંનો રસ રોજ કાનમાં નાખવો. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—અધાડી-૪, અથેડો-૫, મરવો-૫, રાસ્ના-૧, સરસવ-૪, હિંગ-૧૬.

બહેરાપણા (સં૦ બાધિર્ય) **ઉપર:**—(૧) ગોમૂત્રમાં બીલાં વાટી તેમાં પાણી, બકરીનું દૂધ અને તેલ નાખી પચવી સિદ્ધ કરવું અને તે કાનમાં નાખવું. (૨) બૃહત્પંચમૂળની સાંડીઓ લાવી, તે આઠ આંગળ પ્રમાણે કાપી તેને રૂ વિંટાળી તેલમાં પલાળી સળગાવવી; તેમાંથી જે તેલ પડે તે સુખોષ્ણ (સહેવાય તેવું) કાનમાં નાખવું. (૩) કાંજી, બિજોરાનો રસ, મધ અને ગોમૂત્રમાં કિંવા આદુનો રસ, મધ, સરગવાના કાંદાનો રસ અને કેળના કાંદાનો રસ એમાં; અથવા સુંઠ, ધાણા અને હિંગના કલ્કમાં તેલ સિદ્ધ કરી કાનમાં નાખવું. (૪) નગોડ, જાઇનાં પાંદડાં, આકડો, ભાંગરો, લસણ, કેળ, કપાસ, સરગવો, તુલસી, આદુ અને કારેલાના રસમાં તલનું તેલ નાખી તેમાં વછનાગ નાખવો તથા પચન કરવું. તે કાનમાં નાખવાથી બાધિર્ય, કર્ણનાદ, કૃમિ, સણકા અને પરૂનો નાશ થાય છે. (૫) સુંઠ, સિંધવ, લીંડીપીંપર, નાગરમોથ, હિંગ, ઘોડાવજ અને લસણના કલ્કમાં તલનું તેલ નાખી તેમાં આકડાનો અને ખાખરાનો રસ નાખી સિદ્ધ કરવું. તે કર્ણરોગ અને બહેરાપણાનો પણ નાશ કરે છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-અધાડી-૪, બીલી-૬, મરવો-૫, સરસવ-૪, હિંગ ૬. **કર્ણપાક** એટલે કાનના વ્રણ, કાન પાકવો અને કાનમાં ફોલ્લા થાય તેના માટે:—ઉંદરકની ૩, કાનફોડી-૧, ખેર-૧૧, તુલસી-૧૯, ભારંગી-૬, વાંદો-૧, સુરપીણ-૧. **શરદીથી કાનમાં ધાક** પડવા માટે:—લસણ-૧૨, વછનાગ-૩, હિંગ-૧૯. **ગરમીથી કાન ઉપર સોજો** આવે તે માટે:— ઉંદરકની-૨. **કાનમાં અતિ દાહ** થાય તે માટે:—કુંવાર-૧૨.

જુઓ ગો૦ વૈ૦ માં:-**કાનમાં અતિશય બળતરા થતી હોય તો:**—માખણ-૫. **કાનમાં દાહ થાય તો:**—માખણ-૧. જુઓ પ્રા૦ઔ૦માં—**કાનમાં સણકા** વગેરે ઉપર:—સમુદ્રફીણ ૨. જુઓ **અનુભૂત** પ્રયોગ:-ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં નં. ૨૩.

કર્ણમૂળ:×—સન્નિપાત જ્વરમાં કાનના મૂળમાં જે સોજો આવે છે તેને 'કર્ણમૂળ' કહે છે.

---

* પ્રકરણમાં આપવા ઉપરાંત કર્ણરોગમાં ભૈરવ રસ, સારિવાદિ વટી, ઇંદુવટી, રાસ્નાદિ ગુગળ વગેરે ઔષધિ ખાવા માટે આપવામાં આવે છે. ગંધક તેલ, ગુંજાફલ તેલ, કુષ્ટાદિ તેલ, બિલ્વાદિ તેલ, બૃહત્ શંબુકાદિ તેલ, ક્ષાર તેલ, હિંગ્વાદિ તેલ, દશ મૂલાદિ તેલ, ધત્તૂર તેલ વગેરે તેલ કાનમાં નાખવા માટે અપાય છે. ગૈરિકાદિ લેપ, અર્કાદિ લેપ, જંબ્વાદિ તેલ બહાર લગાડવા માટે અપાય છે.

× આ કર્ણમૂળનું સઘળું વર્ણન મ૦ પદેજીએ સન્નિપાતના વર્ણન નીચે ટીપણીમાં આપેલ છે. એમાં તેમણે " **सन्निपातज्वरस्यान्ते कर्णमूले सुदारुणः । शोथः संजायते तेन कश्चिदेव प्रमुच्यते ॥** " આ શ્લોકનો અર્થ કરવામાં ભૂલ કરી છે. કારણ અહીં **कर्णमूले** નો અર્થ કર્ણમૂળ થતો નથી, પણ "કાનના મૂળ આગળ" એવો થાય છે. માટે કર્ણક સન્નિપાતમાં કાનના મૂળ પાસે (કર્ણમૂળના ઠેકાણે) જે સોજો થાય છે તેને કર્ણમૂળ કહેવાતું નથી; પરંતુ તેને કર્ણકવા તરીકે લોકો ઓળખે છે. આવો દરદી અમે અમારી ઉંમરમાં એકજ વખત જોયો છે. ઘણી મુસીબતે તે બચી ગયો છે; પરંતુ હજી તે સોજાની નિશાની તેને આબાદ છે. આમ છે ત્યારે ખરૂં કર્ણમૂળ કયું ? એ જાણવાની જરૂર દેખાશે તો અમે ચોક્કસ રીતે કહીએ છીએ કે, કેટલાંક ગુમડાં સ્થાનભેદે એવાં ભયંકર થાય છે કે તે પાકી ફુટી પરૂ વગાજ કરે છે અને તેની આજુબાજુની ચામડીને ખાધે જાય છે; તેની ચારે બાજુની કોરે સફેદ રંગનો સુકાઇ ગયેલા પરૂ જેવો પોપડો દેખાય છે,

આ સોજો આવ્યા પછી રોગી ઘણું કરીને બચવો બહુ કઠિન છે. આવો સોજો તાવ આવવા પહેલાં કે પછી અને નહિ તો કદાચ તાવ હોય છે તે વખતે પણ આવે છે. આવો સોજો તાવના આગળ આવે તો અસાધ્ય, તાવની વખતે આવે તો કષ્ટસાધ્ય અને પાછળથી આવે તો સાધ્ય ગણવો, એવો માધવનિદાનકારનો મત છે. તેના ઉપર **ઉપચારઃ**—(૧) વછનાગ લિંબુના રસમાં ઘસી વારંવાર લેપ કરવો. (૨) ધંતુરાનાં બીઆં, રાઇ અને ગોળ એકત્ર કરી તે લગાડવું. (૩) ઇંગોરિયાં, હળદર, સિંધાલૂણ, દેવદાર અને આકડાનું દૂધ, એ ખરલ કરીને તેનો લેપ ઉપરાઉપરી કરવો. (૪) સરગવાની છાલ અને રાઈ પાણીમાં વાટીને તેનો લેપ કરવો એટલે સોજો ઉતરશે. (૫) પુષ્કરમૂળ, દાલચીની, ચિત્રક, ગોળ, કાયફળ, ઉપલેટ અને હીરાકસી, એ ઔષધો આકડાના દૂધમાં વાટી તેનો લેપ કરવો. (૬) દાંતીમૂળ, ચિત્રકમૂળ, થુવેરીઆનું દૂધ, આકડાનું દૂધ, ગોળ, ભીલામાનાં બીઆંમાંનું મગજ અને હીરાકસી, એ બધું ખરલ કરીને લેપ કરવો. (૭) ચૂનો અને ગોળનો ઉપરાઉપરી લેપ કરતા રહેવું. (૮) જળો લાવી વારંવાર લોહી કઢાવવું અને ઘી પાવું. (૯) વજ્રમુષ્ટિ એટલે વગડાઉ સુરણના કાંદા ઘસી ચોપડવા. (૧૦) રાતો રોહીડો, પીલુની છાલ, મોતીની છીપ, ઇંદ્રવરણા, નાની કારેલી, ભારંગમૂળ, મોરથુથુ, હરતાલ, શિરસ, મનશીલ, નવસાર, ગંધક, હીરાકસી, કોઠ, કડવાં પરવળ, રાતી રીસામણી, કાંચકી, ગુગળ અને જવખારનો લેપ કરવો; તેથી તત્કાળ કર્ણમૂળની વેદના દૂર થાય છે. (૧૧) કલગારીનું મૂળ ઘસી લેપ કરવો. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માંઃ—ઇંગોરિયાં-૬, ઉંબરો-૨૩, કાળીવેલ-૧, કિંજળી-૩, રાઇ-૫, વગડાઉ સુરણ-૩, વછનાગ-૧.

પથ્યઃ—ઘઉં, ચોખા, મગ, જવ, ઘી, પરવળ, સરગવો, વંતાક અને કારેલાં. **અપથ્યઃ**—માથા ઉપરનું સ્નાન, વ્યાયામ, કફકારક અને જડ એવા પદાર્થ.

૧૭–कोगळीउं अथवा विषूचिका

કારણઃ—વિષૂચિકા એ એક અજીર્ણનો પ્રકાર છે. જે અજીર્ણની અંદર શરીરે સુઇયો ભોંકાયા જેવી વાયુની પીડા થાય છે; તે રોગને વિષૂચિકા કહે છે. જેનો આહાર પરિમિત છે અને જે વૈદ્યશાસ્ત્રનું પ્રમેય (લક્ષ્ય) જાણે છે, તેને એ રોગ થતો નથી. જે અજ્ઞાની છે અને જેની ઇંદ્રિયો સ્વાધીન

તેમાં ગુદા અને લિંગેદ્રિયની વચ્ચેની નસની નજીક–પાણવીની જગ્યાએ–થનાર ગુમડાને ભગંદર, બન્ને ખભા વચ્ચે પીઠ ઉપર અને ઉભી કરોળ ઉપર થનાર ગુમડાને પાઠું, હૈયા વચ્ચે થનાર ગુમડાને હૈયા હોળી, સ્તન ઉપર થનાર ગુમડાને મનાડી, કાખમાં થનાર ગુમડાને બગલ બલાડી, અને માથાના વચ્ચોવચ ભાગમાં થનાર ગુમડાને ભુંડણ કહે છે. તેવીજ રીતે કાનના મૂળ પાસે થનાર અરુજ ગુમડાને કર્ણમૂળ કહે છે. ત્યારે હવે આ શ્રીમાન્ પદેજીએ આપેલ પીછાણ એ કર્ણમૂળની નથી, પણ કર્ણક વાની છે, એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે. અને તેથી તેમાં આપેલા ઉપચાર કર્ણકવાના છે કે કર્ણમૂળના છે, એ ચોક્કસ વિચાર કરવા જેવું છે. અમે એ બેમાંના એકે દરદની ઉપર ઉપચાર કરી અનુભવ લીધો નથી. માત્ર જૂના ગ્રંથોમાંથી મળી આવતા કર્ણમૂળના ઉપચારો નીચે આપીએ છીએ. ખરૂં જોતાં એ બધાં દરદો જીવલેણ છે.

(૧) ગુમડાના પડેલા રોદામાં કાળા ગધેડાનો કાન કાપીને કાઢેલા લોહીની બત્તીઓ દરરોજ નવી નવી મૂકવી; એથી તે છેક સંકડાઇ જશે. પછી ગંડમાળાના પ્રયોગમાં આપેલા ઉપચારમાંથી ઉત્તમ મલમની પટી મારવી અથવા સિંદૂરીઆ કાળા મલમની પટી મારવી. (૨) ઘોડાવજ, ઉપલેટ અને હિંગ પાણીમાં વાટી ઊનું કરી ભરવાથી કર્ણકવા જાય.

એક હકીમ કહે છે કે "કર્ણમૂળ" નામના ગુમડા ઉપર જળો મૂકાવી લોહી કઢાવવું. જો ગ્લાનિ આવી ઘણોજ આતુર થાય તો ઘી પીવા આપવું. રાસ્ના, સુંઠ, બીજોરાનું મૂળ, દારુહળદર અને કુંવાડીઆનો લેપ કરવો. ઉપર પોટીસ બાંધી પકવવું અને તેના સુરાખમાં જૂના ઘીની અથવા મલમની દીવેટ કરી દરરોજ નાખતા જવી; એટલે પરૂ તમામ નીકળી જઇ માંસ ભરાય છે. એમ નહિ કરવાથી અંદર પાકી નીચે છાતીમાં ઉતરે છે અથવા કાનમાંથી વહેવા લાગે છે."

નથી તથા જે ખાવાનો લાલચુ હોય છે, એવા માણસને આ રોગ અવશ્ય થાય છે. એ રોગ થવાનું મૂળકારણ અજીર્ણજ છે. માંસાહારી લોકોને ખાવાપીવામાં નિયમિતપણું ન હોવાથી તેઓમાં આ રોગનો પ્રાદુર્ભાવ વિશેષ હોય છે. હમણાંના કાળમાં જેને "કૉલેરા" કહે છે * તે રોગ પૂર્વે અહીં આપણા દેશમાં સમૂળગો ન હતો. શીતળાના રોગની પેઠે કૉલેરાનો રોગ પ્રકટ થવાથી હજારો લોક મરણ પામે છે. જે ઠેકાણે અતિશય ગાઢી વસ્તી અને ગંધાતા પદાર્થો હોય છે ત્યાં આ રોગ જલદી ફેલાય છે. એ ઉપરથી યુરોપીયન વૈદ્યોનો એવો મત છે કે, આ રોગનું મૂળ કારણ અસ્વચ્છતા છે; પરંતુ એ કેવળ તેમની ભ્રાંતિ છે. અસ્વચ્છતાજ જ્યારે એ રોગનું કારણ છે ત્યારે ભંગી વગેરે જે લોક હંમેશાં અસ્વચ્છતા અને દુર્ગંધમાંજ કામ કરે છે તેઓને આ રોગનો બાધ કેમ થતો નથી? જ્યારે તેમને રોગ લાગુ પડતો નથી ત્યારે એ કારણ ઘણુંજ લુલું અને શુષ્ક છે. માત્ર એટલું ખરૂં કે, દુર્ગંધ અને અસ્વચ્છતા સહાયભૂત થતાં એનો જલદી પ્રાદુર્ભાવ થાય છે. પરિમિત આહાર કરનારાઓને આ રોગનો ભય રાખવાનું બિલકુલ કારણ નથી.

---

* કોગળીઆનેજ મરાઠીમાં મોરચી, મોડશી આદિ નામોથી ઓળખતા હોવાનું મરાઠી સુબોધ વૈદ્યકમાં જણાવેલું છે; પરંતુ પાલણપુર સ્ટેટ હૉસ્પિટલના મેં૦ આસી૦ સર્જન સાહેબ મોરેશ્વરભાઈનું એના સંબંધમાં એમ કથન છે કેઃ–"મોડશી અને કૉલેરા બન્ને દરદો જુદાં છે. કૉલેરામાં ઝાડો સફેદ રંગનો હોય છે અને એ દરદથી બહુ થોડાં બચવા પામે છે, પણ મોરચી કે મોડશીના દરદીને ઝાડો કૂચાપાણી જેવો અને ઘણા ભાગે પીળા રંગનો હોય છે અને એ દરદથી બહુ થોડાજ પ્રાણમુક્ત થાય છે. બન્ને દરદોની ઉત્પત્તિ તો અજીર્ણથીજ છે." વળી એક ગ્રંથમાં લખેલ છે કેઃ–મૂત્રનો અવરોધ, નિદ્રાનાશ, અન્ન ઉપર અભાવ, ઝાડો, ઉલટી, મોઢું, દાંત, હોઠ અને નખ કાળા થવા, અતિશોષ, એ રીતે લક્ષણો થાય તેને હિંદુસ્તાનમાં "પાનિરસ" કહે છે તેના ઉપરઃ—(૧) લસણ, સંચળ, જીરૂં, સિંધવ, ત્રિકટુ અને હીંગ, એનું ચૂર્ણ કરી લિંબુના રસમાં ચણીબોર જેવડી ગોળીઓ કરી તેમાંથી ૧ ગોળી આપવી; એથી અજીર્ણ, મોરચી અને અગ્નિમાંદ્ય, એ રોગ પણ મટે છે. (૨) સુકું લિંબુ મોઢામાં રાખે તો ફાયદો થાય છે. જો એ ઉપાયથી ફાયદો ન જણાય તો તુરત જાયફળ ટાંક ૧ ખવરાવે અને સુખડ ઘસીને પેટ ઉપર ચોપડે તેથી આરામ થાય. (આ ઉપાય કૉલેરાના દરદીને પ્રાણનાશક છે.) (૩) પટ્કપુરો ટાઢા પાણી સાથે ખાવો. (૪) સુંઠ ટાંક ૧ અને સંચળ ટાંક ૧ ખાંડી બારીક કરી લિંબુની ચીરી ઉપર ભભરાવી, પછી તેને દેવતા ઉપર મૂકી ગરમ કરી ચૂસાડવું. (૫) મોરચી સાથે શૂળ અથવા ચુંક આવતી હોય તો કોલમ (કલંબો) તોલો ॥, સુંઠ તોલો ॥ અને મરી તોલો ၀ ખાંડી બારિક કરી તેમાં અફીણ બે ઘઉંભાર નાખી મધ સાથે ચટાડી તે ઉપર ગરમ પાણીનો ઘુંટડો પાવો. આમ મોડશીના ઉપાય લખ્યા પછી, તે ગ્રંથમાં કૉલેરા માટે નંબર ૧૫ વાળો ઉપચાર જુદો આપી મોડશી અને કોગળીઆનું જુદાપણું બતાવ્યું છે. અમને ખાત્રી થઈ છે કે જાયફળ, જાવંત્રી અને અફીણ આદિ ઝાડાને રોકનાર ચીજો કૉલેરાના દરદીની ઘાતક છે. કૉલેરાને હિંદીમાં હૈજા અને મરાઠીમાં પટકી, તરળ કે મહામારી કહે છે. કફ, પિત્ત અને વાયુ, એ ત્રણે વિકારોમાંથી ક્રમાનુસારે આમ, વિદગ્ધ અને વિષ્ટબ્ધ એવાં ત્રણ પ્રકારનાં અજીર્ણ થાય છે. (૧) આમાજીર્ણથી શરીરમાં જડતા આવે છે. ખાધેલા અનાજનું પાણી પાછું મોઢામાં આવે છે. ગાલ અને આંખ ઉપર સોજો આવે છે અને જેવું અન્ન ખાધું હોય તેવા અવિદગ્ધ ઓડકાર આવે છે. (૨) વિદગ્ધાજીર્ણમાં ભ્રમણા તથા તરસ લાગે છે, મૂર્છા આવે છે, પિત્તને લીધે ઘણી જાતનાં ઓષચોષાદિક દુઃખો થાય છે, અને ખાટી વરાળો જેવા ઓડકાર આવે છે તથા પરસેવો આવે છે અને જઠર તથા છાતીમાં બળતરા થાય છે. (૩) વિષ્ટબ્ધાજીર્ણમાં પેટ ચઢે છે અને શૂળ ઉપડે છે. વાયુની ઘણી જાતની પીડા થાય છે. પવનનું અને ઝાડાનું રોકાણ થાય છે. શરીર જકડી લીધા જેવું થાય છે. વખતે દરદી બેશુદ્ધ પણ બને છે. વળી તેને આમવાયુની કળતરની પેઠે માથામાં કોઇ નસ્તર મારતું હોય તેવું દુઃખ થાય છે. આ ત્રણે અજીર્ણોમાંથી કોગળિયું પ્રકટે છે, એમ આર્ય વૈદ્યોનો અભિપ્રાય છે.

લક્ષણ:—મૂર્છા, ઝાડો, ઉલટી, શોષ, શૂળ, ફેર ચઢવા, પગમાં ગોટલા ચઢવા, બગાસાં, દાહ, શરીરનો વર્ણ બદલાવો, કંપારી છૂટવી, હૃદયમાં દુઃખ થવું અને મસ્તકશૂળ એ લક્ષણો થાય છે. **અસાધ્ય લક્ષણ:**—જેના દાંત, ઓઠ, નખ કાળા થયા હોય, શક્તિ ઘણીજ ક્ષીણ થઈ હોય, ઉલટીએ ઘણીજ પીડા થતી હોય, નેત્ર ઉંડાં ગયાં હોય, સ્વર પણ ઘણો ઝીણો થઇ ગયો હોય, સર્વ સાંધાઓ શિથિલ થયા હોય ઇત્યાદિ લક્ષણોએ યુક્ત જે રોગી તે અસાધ્ય જાણવો. **વિષૂચિકાના ઉપદ્રવ:**—નિદ્રાનાશ, અણગમો, કંપ, મૂત્રનિરોધ અને મૂર્છા, એ પાંચ ઉપદ્રવો થાય છે.

ઉપચાર:—(૧) લિંબુ અજીર્ણનાશક છે. એટલા માટે તે સેવન કરવાથી વિષૂચિકાનો ઉપદ્રવ થતો નથી. (૨) કેસર લિંબુના રસમાં પાવું. (૩) લસણ, જીરૂં, સિંધવ, સંચળ, સુંઠ, મરી, લીંડીપીંપર અને હીંગનું ચૂર્ણ લીમડાના રસમાં કાલવી ખાવું. (૪) અઘેડાનાં મૂળ પાણીમાં ઘસી પાવાં. (૫) કારેલીનો રસ તેલ સાથે પાવો. (૬) છાશમાં શાહુનું (જવનું) ચૂર્ણ નાખી ગરમ કરી જવખાર નાખી તે છાશ પીવા આપવી. (૭) બીલી અને સુંઠનો કાઢો કિંવા બીલી, સુંઠ અને કાયફળનો કાઢો આપવો, એટલે ઓકારી (ઉલટી) અને વિષૂચિકાનો નાશ થાય છે. **લવંગાદિ ચૂર્ણ:**—લવંગ ૮ માસા, એલચી અને જાયફળ, એ અર્ધો તોલો, અફીણ ૧ માસો, એ બધી જણસોનું ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં અર્ધો તોલો પાવું; એટલે દારુણ કૉલેરા, શૂળ, અતિસાર અને વાંતિ-(ઉલટી)નો નાશ થાય છે. (૯) વિષૂચિકા અતિ વધી હોય તો છાશ કિંવા દહીં સમભાગ પાણી નાખી પાવું. (૧૦) ચણાનો ક્ષાર ઠંડા પાણીમાં પાવો. (૧૧) તૃષા કિંવા શોષ ઉપર લવંગ કિંવા જાયફળ અથવા નાગરમોથનું પાણી તપાવી ઠંડુ પાડીને પાવું. (૧૨) લીમડાના રસમાં જૂની આમલી મેળવી પાવી. (૧૩) આદુનો રસ બે તોલા અને ધોળી ડુંગળી(કાંદા)નો રસ બે તોલા મિશ્ર કરી થોડું ઘી નાખી પાવો. પછી વારંવાર બે તોલા કાંદા(ડુંગળી)નો રસ પાતાં જવું. (૧૪) ૩ માસા જાવંત્રી દૂધમાં વાટી પાવી. (૧૫) આમલી ૯ ભાગ અને ભિલામો ૮ ભાગ એકત્ર વાટી, ધોળી ડુંગળીના રસમાં મેળવી ગાળી તે રસ ૨ તોલા પાવો; એટલે ઉલટી અને ઝાડો તત્કાળ બંધ થશે અને સવિષ જંતુ પણ મરી જશે. (૬) હીંગ, બીડલવણ, ઘોડાવજ, સુંઠ, અજમો અને બાળહરીતકીનું ચૂર્ણ ૬ માસા લઈ નવટાંક છાશમાં નાખી તે પાવી. તેથી કોગળીઉં, શૂળ, મૂળવ્યાધિ, અગ્નિમાંદ્ય, મલાવરોધ અને ઉદરરોગ વગેરેનો નાશ થાય છે. (૧૭) મોગલી એરંડાનાં મૂળીઆં છાશમાં ઘસી, હીંગ અને સિંધવ નાખી પાવાં.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડો–૧૪, આમલી–૨૧, આંબો–૧, ૨૭; ઇંગોરિયાં–૮, ઉંબરો–૨૧, કચુરો–૫, કપાસ–૨, કાયફળ–૭, કારેલી–૬, કિંજળી–૨, કેસર–૫, કોલિંજન–૫, ખસખસ ક (અફીણ) ૧, ૪, ૬, ૭; ગરવેલ–૧, ચણા–૬, જવ–૫, જાયફળ–૬, ૮, ૧૩; જેઠીમધ–૨૦, ટીકામાલી–૩, ડુંગળી–૫, નાંદરૂખ–૪, નેપાળો–૪, પાટલા–૪, પુદિનો–૬, બીલી–૨૧, ૨૬, ૨૯; બોરસલી–૫, ભાંગરો–૯, ભોંયકોળું–૯, મરચી–૨, મરી–૭, મોગલી એરંડા–૨, મોરસ કાંદો–૧, લવંગ–૬, ૯, લિંબુડી–૪, વડગુંદો–૨, સાપસન–૩, સોનારવેલ–૧, હરડે–૪૦, હીંગ–૧૪, હેળુ–૩. **કૉલેરામાં હાથે પગે ગોળા ચઢે તે માટે:**—જાયફળ–૧૧. **કૉલેરામાં થતી તરસ અને બકારી માટે:**—લવંગ–૯. **કૉલેરા કદી ન થવા માટે:**—અરડુસો–૫, ડુંગળી–૬, લિંબુડી–૨. જુઓ ગો૦ વૈ૦ માં:—દહીં–૧. જુઓ પ્રા૦ ઔ૦ માં:—ઘોડાની લીંદ—૩.

પથ્યાપથ્ય:—અજીર્ણમાં બતાવ્યા પ્રમાણે.

---

* કૉલેરાના રોગમાં કર્પૂર અર્ક ઉપરાંત કર્પૂરરસ, અહિફેનાસ, કવ્યાદરસ, કર્પૂરાસવ, સંજીવની વટી, ગંધક વટી, મુસ્તાદ્ય વટી, કૃમિકુઠાર રસ વગેરે ખાવા માટે અપાય છે. પેશાબ બંધ હોય તો પેડુ પર બાંધવા માટે કેશુડાં તથા સુરોખાર મેળવીને અપાય છે. તૃષા બહુજ લાગતી હોય તો ગુલાબજળ અને વરિયાળીનું પાણી પીવા માટે અપાય છે. રોગ કાબુમાં આવે ત્યાંસુધી ખાવાની ઔષધિ અર્ધા અર્ધા કલાકે અપાય છે. રોગ ગયા પછી પણ બે ત્રણ દિવસ ખાવા માટે મગનું ઓસામણજ માત્ર આપવું જોઇએ.

૧૮—કોઢ×

કારણ અને સંપ્રાપ્તિ:—વિરુદ્ધ પદાર્થોનું સેવન, મલમૂત્રાદિ વેગો રોકવા, અતિ સ્ત્રીસેવન, મદ્ય, માંસ તથા દુષ્ટ પાણી, એનું અતિ સેવન, દહીં, મીઠું, ખાટું, અડદ, મૂળા, દિવસે ઊંઘ, અતિ વ્યાયામ, અતિ સંતાપ ઇત્યાદિ કારણોએ વાતાદિ દોષ કુપિત થઇ ચામડી, રક્ત, માંસ અને પાણી, એમને દૂષિત કરી કુષ્ઠરોગને ઉત્પન્ન કરે છે. દાદર, ખસ, ખરજવાં ઇત્યાદિ એ

× આપણા પૂર્વાચાર્યોએ ૧ કપાળ, ૨ ઉદુંબર, ૩ મંડળ, ૪ ઋક્ષજીહ્વ, ૫ પુંડરીક, ૬ સિધ્મ (વિભૂતિ) અને ૭ કાકણ, એ સાત મહાકુષ્ઠ; અને ૧ એકકુષ્ઠ, ૨ ગજચર્મ, ૩ ચર્મદલ, ૪ વિચર્ચિકા, ૫ પામા, ૬ દદ્રુ, ૭ વિસ્ફોટક, ૮ વૈપાદિક, ૯ કિટિભ, ૧૦ અલસક અને ૧૧ શતારૂ, એ અગિયાર મધ્યમ કોઢ મળી અઢાર પ્રકારના કોઢ કહ્યા છે. આ સિવાય શ્વિત્રી અને કિલાસ નામના બીજા બે કોઢનું વર્ણન પણ મળી આવે છે. એજ શ્વિત્રીને આપણે ધોળો કોઢ અને કીલાસને ચીતરીતરીકે ઓળખતા હોઇએ એવું તેનાં લક્ષણો ઉપરથી સમજાય છે. ૧૮ કોઢની ઓળખાણ નીચે પ્રમાણે છે:—

(૧) કપાળ કોઢવાળાની ચામડી કાળી, લાલ અને ઠેકાણે ઠેકાણે ફૂટેલી, ઠીબડીની માફક ફાટેલી, લૂખી તથા કઠોર અને સુકી હોય અને તેમાં પીડા ઘણી થાય છે. (૨) ઉદુંબર કોઢમાં ચામડીમાં બળતરા અને લાલાશ ઘણી હોય છે. કોઢની જગ્યાના વાળ કાળા થાય છે. (૩) મંડળ કોઢમાં ચામડી ધોળી તથા લાલ, સ્થિર, ઉંચી, ચીકણી અને હવાયેલી રહ્યા કરે છે. (૪) ઋક્ષજીહ્વ કોઢ ચોતરફ રાતો અને વચ્ચે કાળો વેદનાયુકત રીંછની જીભ જેવો હોય છે. (કેટલાક લોકો એને લોહીમાં રહેલ કાળી દાદર માને છે. એ પોતાની જગ્યાએથી આજુબાજુમાં નહિ પ્રસરતાં ઠેકઠેકાણે નવાં ચકામાં ઉપડે છે, એટલોજ દાદર અને તેના વચ્ચે અંતર છે.) (૫) પુંડરીક કોઢ લગાર ધોળો, કોર ઉપર રાતો અને કાંઇક ઉંચો હોય છે. (૬) સિધ્મ કોઢ બહુધા છાતી ઉપર થાય છે. તે રંગે સફેદ, લાલ, પાતળો અને વલૂરવાથી શીતળાની પેઠે ઉપસી આવે છે. લોકો તેને વિભૂતિ અથવા કરોળિયાના નામથી ઓળખે છે. (૭) કાકણ કોઢ તીવ્ર વેદનાયુક્ત, વચ્ચે લાલ અને કોરે કાળો એટલે ચણોઠી જેવો હોય છે; એ સાત મહાકુષ્ઠ મનાય છે. (૮) જેનું સ્થાન મોટું તથા જેમાં પસીનો આવતો નથી તેમજ માછલીનાં ભીંગડાં સરખો હોય તે એકકુષ્ઠ. (૯) હાથીની ચામડી જેવી જેની ચામડી હોય તે ગજચર્મ. (૧૦) શૂળ સહિત લાલ ચામડી હોય, ચળ છૂટે, ફોડલા ફૂટેલા જેવા હોય અને હાથનો સ્પર્શ સહી ન શકાય તે ચર્મદળ. (૧૧) વલૂર છૂટે એવી કાળા રંગની ઝરતી ફોડલીઓ હોય તે વિચર્ચિકા. (એને લોકો ખરજવું કહે છે.) (૧૨) ઝીણી અને ઘણી ફોડલીઓ હોય તેમાંથી રસી ઝરે અને વલૂર છૂટે તે પામા. (એને ખસ કહે છે.) (૧૩) લાલ રંગની ફોડલીઓ યુક્ત તેમજ રોગ થતાંજ ચામડી ઉપસી આવે, મંડળની સમાન ગોળ હોય તથા ખજવાળ છૂટે તે દદ્રુ એટલે દરાજ કે દાદર. (૧૪) કાળાશવાળી લાલ ફોડલીઓ જે પાતળી ચામડીવાળી ઉત્પન્ન થાય છે તેને વિસ્ફોટક કહે છે. (આ ક્ષુદ્ર કુષ્ઠ છે. આ ઉપરાંત વિસ્ફોટક એક રોગનું નામ છે. તે તે મહાભયંકર રોગ છે, જેનું વર્ણન આ ગ્રંથમાં આગળ કરેલું છે.) (૧૫) હાથપગ વગેરે ફાટી અસહ્ય વેદના થાય છે તે વૈપાદિક. આ રોગને તજાગરમી, બ્યાઉ તથા બ્યાફાડવી વગેરે કહે છે. (૧૬) ચામડીમાં સૂકા વ્રણના સ્થાન માફક કાળો, કઠોર, ખરબચડો અને કઠોર સ્પર્શવાળો હોય તે કિટિભ. (૧૭) ઘણી ખજવાળ આવે અને રાતા ફોડલાથી વ્યાપ્ત હોય તે અલસક. (૧૮) લાલ રંગનો, શૂળયુકત બળતરાવાળો અને જખમો હોય તેને શતારૂ કોઢ કહે છે. કચ્છુ કુષ્ઠ નામે એક પામાનો ભેદ છે, તેનાથી ખસના કરતાં મોટી ફોડલીઓ થઈ તીવ્ર દાહ થાય છે તેને લોકો ઉંટી ખસ કહે છે.

સંગ્રહિત ઉપચારો:—(૧) પહેલાં કાચા એરંડીઆ તેલનો રેચ આપી પછી તલના તેલમાં ગંધક ચોપડવો; અથવા રેવંચીનો શીરો ૪ માસા, તજ ૨૦ ઘઉંભાર, સુંઠ માસો ૧, શીકોતરી ઓળીઓ માસા ૪, એલચીદાણા ૧૫, લીંડીપીંપર ૧ માસો અને નાહવાનો સાબુ ૮ માસા, એ રીતે પહેલી ૭ ચીજો ખાંડી લૂગડાથી ચાળી સાબુ સાથે ખરલ કરવી. તેની ચણા જેવડી ગોળીઓ

કુષ્ટ રોગનાજ ભેદ છે. હમણાંના કાળમાં દૂધ-ઘીનો અભાવ થતો જવાથી આ દેશમાં કુષ્ઠરોગનો ઘણોજ પ્રાદુર્ભાવ થયો છે.×

ચાળી સૂકાયા પછી તેમાંથી રોજ ૩ થી ૭ સુધી રાત્રે સૂતી વખતે ગરમ પાણી સાથે સાત દિવસ આપવી; અથવા ૧૪ દિવસ આપવી. અથવા કાચા દિવેલનો જુલાબ આપ્યા પછી સાથરો તોલો ૦॥, સાકર તોલો ૦॥ અને ઉનાબ દાણા ૭ ઉકાળી તેનો કાવો દરરોજ પાવો; અને બોદારસિંગ તોલો ૧, કપૂર તોલો ૧, કલાઇસફેતો તોલો ૧, આમલસારો ગંધક તોલો ૧, પાપડીઓ કાથો તોલો ૧, અને પારો તોલો ૧ લેવો. તેમાંથી પારા વગરની ચીજો ઝીણી ખાંડી ચાળવી અને પારાને માખણમાં એકરસ થઇ જાય ત્યાંસુધી માખણ તોલા ૫ માં ઘુંટયા પછી એ વાટેલી ચીજો થોડે થોડે નાખતા જવું અને ઘુંટતા જવું. એમ તૈયાર કરેલ મલમને રાત્રે ખૂબ ચોળી સવારે ઊના અથવા ઠંડા પાણીથી નાહવું. દિવસે ચોપડવું ફાવે તો તડકે બેસી ચોપડવું. પરહેજી વાયડું, મરચું કે બીજી ગરમ ચીજ ખાવી નહિ; અથવા ગંધક, સંચળ અને બાવચાનો મલમ ઘી મધ્યે ચોપડવો; અથવા મનસીલ ૩ તોલા લઈ વાટી ઘીમાં કકડાવી ટાઢા પાણીમાં નાખી કાઢી લઇ તે ચોપડવાથી ખસ, વિસ્ફોટક વગેરે જાય. અથવા ગંધક ૧, સંચળ-૧ બાવચો-૩, લીંડીપીંપર-૧, મોરથુથુ-૧, મનસીલ-૧॥, બોદારસીંગ-૧ અને સિંદૂર ૧ તોલો લઇ તલના તેલ અને મીણના ઊના કરેલા મલમમાં મેળવી તે મલમ ચોપડવો. (કોઈ બાવચો અને મનસીલ અડધો અડધો તોલો ઓછો પણ લે છે.) અથવા આમલસારો ગંધક, મરી અને આંબાહળદર સમાનભાગે વાટી ચોપડવું. અથવા ગંધક અને માળવી બાવચો, અગર ગંધક, મોરથુથુ, પારો, બાવચો, મરી, રાળ અને આમળાં સરખે ભાગે વાટી તલના તેલમાં ચોપડવાથી ખસ મટે છે; તેમજ લુખસ પણ મટે છે. કુંવાડીઆનાં બીજને ઝીણાં વાટી કપડાથી ચાળી તેની ઘેટીના દૂધમાં ખીર કરી ચોપડવી. આ ખસને માટે દાક્તરવિનાનો અકસીર ઉપાય છે. (૨) દાદર ઉપર પહેલો ઉપાયઃ—થતી દાદરને કાથાની દોરડીથી સારી પેઠે ચોળીને પછી ગુલાબકળીનાં પાંદડાંમાં મીઠું નાખી ઘુંટીને તેનો રસ કાઢી દિવસમાં બે ત્રણ વાર ચોપડવો. બીજોઃ-રાઈનાં છાલાં કાઢી દહીંમાં ઘુંટી પાતળું કરી ચોપડવું. ત્રીજોઃ-દિવસમાં બે ત્રણ વાર કાથાની દોરડી દાદર ઉપર ઘસી ઉપર આમલસારો ગંધક ઝીણો વાટી ભભરાવવો. ચોથોઃ-દરાજને સવારસાંજ સારા સાબુથી ધોઈ લૂગડે લૂછી નાખી ઉપર ચુનાનું પાણી ચોપડવું. પાંચમોઃ-વાશી થુંક અથવા જીભ ઉપરનો મેલ અથવા બાજરીનાં લીલાં પાંદડાંનો રસ અથવા જુંથરી(કુતેલા)નાં પાંદડાનો રસ દાદરને વલૂરી તે ઉપર ચોપડવો. છઠ્ઠોઃ-એળીઓ દહીંમાં મેળવી ચોપડવો. સાતમોઃ-પાણીમાં મોરથુથુ મેળવી દાદર ઉપર ચોપડવું. આઠમોઃ-વછનાગ, ઝેરકચૂરો અને મોરથુથુ દહીંમાં ઘસી ૧૪ દિવસ લેપ કરવો. નવમોઃ-સો વાર ધોયેલા ઘીમાં રસકપૂર નાખી ખરલ કરી દાદર ઉપર ચોપડવું. દશમોઃ-આંબાનો ગુંદ તાજોજ ચોપડવો. અગીઆરમોઃ-ફુલાવેલો ખડીઓખાર, ગંધક, લોબાન અને રાળ સરખે ભાગે લઈ વાટી ચાળીને મીઠા લિંબુના રસમાં ચોપડવું. બારમોઃ-કાળી રિંગણી (શાકની)નાં પાંદડાંના ૦॥ શેર રસમાં ફોડવાનો દારૂ ઘુંટી કાળી દાદર ઉપર ચોપડવું.

"અરીણુ બીજ કુંવાડ કે નવસાગર અરૂ, ખેર; નિંબુરસમેં ઘોલકેં, કરો દાદસોં બૈર."

(૩) કોઢ ઉપર પહેલો ઉપાયઃ—ઉમરડાના ઝાડની છાંયડે સૂકાવેલી છાલ શેર આઠ તથા બાવચી શેર ૨ લઇ ઝીણી ખાંડી તેની ફાકી હમેશાં ૬ પૈસાભાર ફાકવાથી અઢારે જાતના કોઢ અને ગલતકોઢ પણ જાય છે. પરહેજી અવશ્ય પાળવી. નહિ પાળે તો રોગ નહિ જાય. મિઠાઇ, મીઠું, હલવો, સાકર, ગોળ તથા ચીકણી વસ્તુઓ ખાવી નહિ. મોળું તથા મગ ખાવા. બીજોઃ-સરસિયું તેલ શેર ૧ અને મોરથુથુ શેર ૧ ઉકાળી ગાઢું કરી ખરલ કરી કોઢ ઉપર ચોપડવું. ત્રીજોઃ-હરિણની લીંડીઓ શેર ૫ નો પાતાલયંત્રે ચુવો કાઢી દરેક કોઢ રગડી તે ઉપર ચોપડવાથી ધોળો કોઢ જાય. ચોથોઃ-(કુષ્ઠહરણ ચૂર્ણ) લીમડાનાં પાન, આવળનાં પાન, મીંઢીઆવળ, હળદર, દારુહળદર, જીરૂં, ધાવડી, લીંબોળી, હરડાં, બહેડાં, આમળાં, એ અગીઆર ચીજો સમાન ભાગે લઈ ચૂર્ણ કરી ટાઢા પાણીમાં ફાકવાથી અઢારે કોઢ જાય, બહેર જાય, રક્તપિત્ત જાય અને ઝંઝણી (ખાલી ચઢે તે) રોગ મટે.

× વાતદોષથી કાપાલિક, પિત્તથી ઔદુંબર, કફથી મંડલ અને વિચર્ચિકા, વાતપિત્તથી ઋક્ષ-

ઉપચાર—(૧) જળો લગાડી વારંવાર લોહી કાઢવું. (૨) ખેરની અંતરછાલ, ત્રિફળાં, કડવા લીમડાની છાલ, કડવાં પડવળ (પંડોળાં), ગળો અને અરડુસીનાં પાંદડાંનો કાઢો કરી આપવો; એટલે સર્વ કુષ્ઠ (કોઢ) દૂર થાય છે. (૩) આમળાં અને ખેરની અંતરછાલનો કાઢો કરી, તેમાં બાવચીનું ચૂર્ણ ૩ માસા મેળવી પાવાથી ધોળો કોઢ દૂર થાય છે. (૪) ખેરનાં પંચાંગ (મૂળ, પાંદડાં, ફૂલ, છાલ અને ફળ) નો કાઢો કરી રાખવો. તેનાથી સ્નાન, પાન, ભોજન, ઉદ્વર્તન (મર્દન) અને લેપ કરવાથી સર્વ કોઢ દૂર થાય છે. (૫) શુદ્ધ ગંધક, પારો, મનશીળ, હરતાળ, મરી, હળદર, આંબાહળદર, સિંદૂર, મોરથુથુ, કુંવાડીઆનાં બીઆં, બાવચો, જીરું અને કડુજીરું, એ તેર ઔષધનું બારિક ચૂર્ણ કરી તેમાં લીમડાનો રસ અને ઘી નાખી લોખંડના તાવેતાએ ૪ પહોર સુધી ઘુંટવું. પછી ચોપડવું; એટલે દદ્રુ, પામા, કંડૂ ઇત્યાદિ રોગ સારા થાય છે. (૬) ધોળી ગોકર્ણી (ગરણી)નાં મૂળ પાણીમાં ઘસી લેપ કરવો; તેથી શ્વેત કોઢ દૂર થાય છે. (૭) લીંડીપીંપર, જાઇ, હીરાકસી, વાવડીંગ, મનશીળ, ગોરોચન અને સિંધવને ગોમૂત્રમાં વાટી લેપ કરવો; એટલે શ્વેત કોઢ દૂર થશે. (૮) કાકોલી, કુંવાડીઆનાં બીઆં, કોષ્ઠ અને લીંડીપીંપર એ બોકડાના મૂત્રમાં વાટી લેપ કરવો એટલે ધોળો કોઢ દૂર થશે. (૯) લાખ, વિશેષ ધૂપ (ગંધબીરોજા), કિંવા વાવડીંગ, હળદર, દારુહળદર, ધોળા સરસવ, સુંઠ, મરી, લીંડીપીંપર, મૂળાનાં બીઆં અને કુંવાડીઆનાં બીઆં, એ સમભાગ લઇ ચૂર્ણ કરવું; અને કુષ્ઠ, કરોળિયા, કિટિભકુષ્ઠ તથા ખરજવા ઉપર પાણીમાં અથવા બોકડાના મૂત્રમાં લેપ કરવો. (૧૦) મનશીળ, હીરાકસી અને મોરથુથુ, ગોમૂત્રમાં વાટી લેપ કરવો. તે કિટિભ, વિસર્પ (રતવા) અને સર્વ કોઢનો નાશ કરે છે. (૧૧) ધંતુરાનાં બીઆં અને સિંધવનો પાણીમાં કલ્ક કરી, સરસવના તેલમાં પચન કરી, તે તેલ વૈપાદિક કોઢ એટલે જેના યોગે હાથ-પગ ફાટી ચીરા પડે છે તે ઉપર ચોપડવું. (૧૨) કુંવાડીઆનાં બીઆં, આમળાં, રાળ અને થોરીઆનું દૂધ, એ કાંજીમાં વાટી તેનો દદ્રુ નામના કોઢ ઉપર લેપ કરવો. (૧૩) હિંગળોક, ગંધક, પારો, લીંડી-પીંપર, વછનાગ, વાવડીંગ, હળદર, ચિત્રક, મરી, હરડે, સુંઠ, નાગરમોથ, સમુદ્રફીણ, બાવચો, કડુ, ગરમાળો અને કુંવાડીઆનાં બીઆં, એ પદાર્થો સમભાગ લઈ તેનો લીમડાના રસમાં ખરલ કરવો. તેનો લેપ કરવાથી દદ્રુ, ખરજ, વિસર્પ (રતવા), લૂતા, ભગંદર અને મંડળકુષ્ઠ, એ સર્વનો જલદી નાશ થાય છે. (૧૪) પારો, ગંધક અને નાગકેસર સરસવના તેલમાં ખરલ કરી શરીરે ચોળવું; એટલે સર્વ કુષ્ઠોનો નાશ થાય છે. (૧૫) કરંજાનાં બીઆં, કોષ્ઠ અને કુંવાડીઆનાં

જિહ્વ, વાતકફથી વિપાદિકા, સિધ્મ, એકકુષ્ઠ, કિટિભ, ગજચર્મ અને અલસક; પિત્ત અને કફથી દદ્રુ, પામા, વિસ્ફોટક, ચર્મદલ, પુંડરીક અને શતારૂ અને ત્રિદોષથી કાકણ કોઢ ઉત્પન્ન થાય છે. ચિતરી વાતિક, પૈત્તિક અને શ્લેષ્મિક છે. જો કોઢ રસમાં પ્રાપ્ત હોય તો અંગમાં વિવર્ણતા અને રૂક્ષતા હોય છે તથા પસીનો બહુજ આવે છે. લોહીમાં પ્રાપ્ત થયા પછી ખાજ તથા રસી થાય છે. માંસમાં જવા પછી માંસ પુષ્ટ દેખાય છે. શોષ, શરીરમાં કર્કશતા, મોટા મોટા ફોડકા તથા સોઇ લાગવા જેવી તીવ્ર વેદના થાય છે. મેદમાં પ્રાપ્ત થવા પછી ચાલવાની શક્તિ નષ્ટ થાય છે તથા ઘા ફેલાય છે. હાડકાં તથા મજ્જામાં પ્રાપ્ત થવા પછી નાક બેસી જાય છે, આંખ લાલ થઇ જાય છે અને ઘામાં કીડા પડે છે. શુક્રમાં પ્રવેશ કરવા પછી જે સંતાન પેદા થાય તેને પણ કોઢ થાય છે. રસ, લોહી અને માંસમાં પ્રાપ્ત થયેલા તેમજ વાતકફથી થયેલા કોઢ સાધ્ય છે. મેદમાં પ્રાપ્ત થયેલ તેમજ બે દોષથી ઉત્પન્ન થયેલા કષ્ટસાધ્ય કહેવાય છે. મજ્જા અને અસ્થિમાં પ્રાપ્ત થયેલા તેમજ ત્રિદોષથી થયેલ અસાધ્ય છે. સિધ્મ, એકકુષ્ઠ, ગજચર્મ, વિપાદિકા, કિટિભ અને અલસક વાત તથા કફથી થયેલા હોવાથી સાધ્ય છે. વાતદોષથી થયેલ કોઢ કાળા અથવા લાલ, રૂક્ષ અને વેદનાયુક્ત હોય છે. પિત્તથી થયેલ હોય તેમાં દુર્ગંધ, દાહ, ભીનાપણું, લાલ અને સ્રાવયુક્ત હોય છે. કફથી થયેલામાં સ્નિગ્ધતા, ખાજ, શીતળતા અને ભારીપણું હોય છે. બે દોષથી થયેલ કોઢમાં બેનાં લક્ષણ તથા ત્રિદોષજનિતમાં ત્રણેનાં લક્ષણ જોવામાં આવે છે. ફાટેલા અંગવાળા, લાલ નેત્રવાળા, સ્વરભંગવાળા તથા વમન વિરેચનાદિ પંચ કર્મ જેને ગુણ ન કરે તેને કુષ્ઠ નષ્ટ કરે છે.

બીઆં ગોમૂત્રમાં વાટી લેપ કરવો. તે કુષ્ઠ ઉપર પ્રશસ્ત છે. (૧૬) ધોળી કરેણીનો રસ, વાવડીંગ અને ચિત્રકમૂળની છાલ, એ તેલમાં નાખી કઢવી તે શરીરે ચોપડવું. (૧૭) ત્રિફળાં, વાવડીંગ અને લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં ચાટવું; એટલે કોઢ, કૃમિ, પ્રમેહ, નાડીવ્રણ અને ભગંદરનો નાશ થાય છે. (૧૮) પારો, ગંધક, એની કજલી સરસવના તેલમાં ખરલ કરી પછી ભાંગરાના રસમાં ખરલ કરી લેપ કરવો; એટલે સર્વ કુષ્ઠોનો નાશ થાય છે. (૧૯) ધોળી કણેરનાં મૂળ, કોષ્ઠ અને કરંજની છાલ, દારુહળદર અને જાઇનાં પાંદડાંનો લેપ કરવો. (૨૦) શિલાજિત, કપિલો, જેઠીમધ, ફટકડી, રાળ અને મનશીલ, એ દરેક ૪ તોલા લઈ, તેને માખણમાં ખરલ કરી સાવ-વાળા કુષ્ઠ ઉપર લેપ કરવો. (૨૧) ખેરના ઝાડ નીચે ખાડો કરીને તેમાં વાસણ રાખી ખેરનું મૂળિયું છુંદી તે ઉપર અગ્નિ કરવો એટલે તેનો રસ ઝમે છે; તેમાં આમળાંનો રસ અને મધ નાખી આપવો. તે કોઢનો નાશ કરે છે અને રસાયન પણ છે. (૨૨) લીમડાનાં ૧૦૦ પાંદડાં, લિંબોળીઓ, આમળાં, વાવડીંગ અને બાવચીનો કલ્ક પ્રાશન કરવો. (૨૩) મોરથુથુના પાણીમાં સાત વખત માલકાંકણીનું તેલ પચન કરવું. તે શરીરે ચોપડવાથી ધોળો કોઢ જાય છે. (૨૪) **વજ્રતેલ:**—સાતવીણુ, કરંજ આકડો, જાઇ, કરેણ, થુરીઓ તથા સરસડાના ઝાડનાં મૂળીઆં, તેમજ ચિત્રક અને રાનમોગરીનાં મૂળીઆં, કરંજનાં બીઆં, હરડાં, બહેડાં, આમળાં, સુંઠ, મરી, લીંડીપીંપર, હળદર, દારુ હળદર, શ્વેત સરસવ, વાવડીંગ અને કુંવાડીઆનો ગોમૂત્રમાં કલ્ક કરી તેમાં તેલ સિદ્ધ કરવું. એ શરીરે ચોપડવાથી કોઢ, નાડીવ્રણ તથા દુષ્ટવ્રણનો નાશ થાય છે.×

સફેદ કોઢ ઉપર:—સોમલનાં ફૂલ મુનકામાં ગળાવી ઉપર બકાન લીંમડી, લીંમડો, દાંતી-મૂળ, ચિત્રકમૂળ તથા ભોરિંગણીના મૂળનો કવાથ પીવરાવવો. તેમજ હરતાલ, બાવચી, સોનાગેરૂ તથા મનશીલને ગોમૂત્રમાં ચાર પ્રહર ખરલ કરી સોગઠી કરી રાખવી. આ સોગઠીને ગોમૂત્રમાં ઘસી લગાડવી. પથ્ય:–ચણાના ખાખરા તથા ઘી, મગની દાળ, ધોળું સિંધાલૂણ નાખેલું હોય તેવી ખાવી. દૂધ, દહીં, માખણ છાશ કાંઈ પણ ન ખાવું. ઘી ખૂબ ખાવું તો ૪૦ દિવસમાં અવશ્ય મટે છે.

વિશેષ ઉપચાર જુઓ વર્નૌંમાં:-કાસુંદરો–૭, કોશિંબ–૨, ખેર–૨, ૧૩, ગરણી–૧, ગરમાળો–૧, નાગરવેલ–૪, મજીઠ–૬, લીમડો (કડવો)–૨૩, ૩૪. **રક્તકુષ્ઠ** માટે:—મંદાર–૨. **સિધ્મકુષ્ઠ** માટે:—સહદેવી–૭. **મહાકુષ્ઠ** માટે:—કડવી કવઠ–૪. **મંડળકોઢ** માટે:–ચિત્રક–૧૧.

ખરજ, ખસ, દાદર ઇત્યાદિક ઉપર ઉપચાર:—(૧) પારો, ગંધક, કાથો, મોરથુથુ, પાષાણભેદ અને મુરદારશિંગ એ સમભાગ, અને એથી ચોગણું ઘી લઇ તાંબાના વાસણમાં ખરલ કરી તે ચોપડવું; એટલે ખરજવાં, ખસ, દાદર, વિસ્ફોટક, નાયટાં (ચાંદાં) અને ખસ દૂર થાય છે. (૨) આમલસારો ગંધક અને મરી, એનાથી ચોગણું ઘી લઇ તાંબાના વાસણમાં ખરલ કરી તેનો લેપ ત્રણ દિવસ કરવો અને લેપ કર્યા પછી કેટલીક વાર તડકામાં બેસવું. (૩) નાળીએરની કાચલીનું તેલ પાડી લેપ કરવો; એટલે ખરજવું અને દાદરનો નાશ થાય છે. (૪) ચંદનતેલ, લિંબુનો રસ તથા કપૂરનો ખરલ કરી તે ચોપડવું. (૫) આમલસારો ગંધક, કપૂર, ટંકણખાર અને કિંચિત્ મીણને કોપરેલમાં ખરલ કરી તે મલમ ચોપડવો; એટલે ખસ અને દાદરનો નાશ થાય છે. (૬) મુરદારશિંગ અને ફુલાવેલી ફટકડીને એકત્ર કરી શતધૌત (સો વખત ધોયેલા)

× આ ઉપરાંત પંચનિંબક અવલેહ, સ્વાયંભૂ ગુગળ, એકવિંશતિકો ગુગળ, અમૃતભલ્લાતક અવલેહ, મહાભલ્લાતક અવલેહ, મંજીષ્ટાદિ કવાથ, તાલકેશ્વર રસ, ગલિત કુષ્ઠાદિ રસ, માણિક્ય રસ, પંચતિક્ત ઘૃત, ખદિરાષ્ટક કષાય, ગંધક રસાયન, આરોગ્યવર્ધની, ખદિરાદિ વટી, ખદિરાસવ, કુષ્ઠ કાલાનલ રસ, હરતાલ ભસ્મ વગેરે ખાવા અપાય છે. કુષ્ઠ કાલાનલ તેલ, આરગ્વધાદિ તેલ, કરવીર તેલ, કસ્તૂરાક્ષસ તેલ, સોમરાજી ઘૃત, ચિત્રક તેલ, ગંધકાદિ લેપ, ગુંજાદિ લેપ, ચક્રમર્દાદિ લેપ, કંદર્પસાર તેલ વગેરે ચોપડવા માટે તથા મર્દન કરવા માટે અપાય છે. ચોપચીન્યાદિ બાષ્પ પસીનો લાવી રોગ કાઢી નાખવા અપાય છે.

ઘીમાં ખરલ કરી તે ચોપડવું. (૭) શતધૌત ઘીમાં રસકપૂર ખરલ કરીને ચોપડવું; એટલે ખરજવાં, ખસ, દાદર, ખોડો, નાયટાં અને ચળનો નાશ થાય છે. (૮) પારો અને ગંધકની કજલી માખણમાં ખરલ કરી ચોપડવી (૯) કંકોલ, ગેરૂ, કોષ્ઠ, મોરથુથુ, જીરૂં અને મરી, એ દરેક તોલો તોલો; મનશીલ, ગંધક અને પારો એ ૭ ૭ તોલા; તથા ઘી ૨૦ તોલા લઇ તાંબાના વાસણમાં નાખી ખરલ કરવો. એનો ત્રણ દિવસ લેપ કરવો, એટલે તીવ્ર ગજકર્ણની વ્યથા પણ દૂર થશે. (૧૦) ચણોઠી, ચિત્રક, શંખભસ્મ, હળદર, ધરો, હરડે, કલગારી, થુરીઓ, સિંધવ, કુંવાર, નાગરમોથ, આકડાનું દૂધ, ધુંવાસ, પારો, બાવચો, કુંવાડીઓ, વાવડીંગ અને મરીને મધમાં ઘુંટી લેપ કરવો; એટલે કંડૂ અને દાદરનો નાશ થાય છે. (૧૧) ધરો, હરડે, સિંધવ, કુંવાડીઆનાં બીઆં, અજવલો અને કાંજી એકત્ર કરી વાટી લેપ કરવો; એટલે ત્રણ લેપથી બદ્ધમૂલ એવાં દરદ અને કંડૂનો નાશ થાય છે. કુષ્ઠરોગ ઉપર લગાવેલાં અથવા ચોપડેલાં ઔષધો બીજે દિવસે અરિઠાં લગાવી સાફ ધોઇ નાખવાં; અને પછી તેના ઉપર ઔષધો ચોપડવાં. (૧૨) ગંધક, ટંકણખાર, માયફળ (માયાં) અને કપૂરને મેંઢીના દૂધમાં ખરલ કરી ચોપડવાં. (૧૩) આવળનાં અથવા કુંવાડીઆનાં બીઆ, લસણ અને કડવા લીમડાનાં પાંદડાંને તેલમાં શેકવાં. બળી જાય એટલે તેનો મલમ કરી ચોપડવાં. *

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**ખરજ** માટે:—આંબાહળદર-૧, ઇંદ્રજવ,-૨૨, કેતકી-૧, કોશિંબ-૩, ખસખસ क (અફીણ)-૧૦, ગજકર્ણી-૪, ચિત્રક-૧૩, નાગચંપો-૩, પીલુ-૬, મરી-૨, મુગવેલ-૧, ૨, મોરવેલ-૧, વાપુંબા-૧. **ખસ માટે:**—અરડુસો-૬, આમળાં-૫, આંબાહળદર-૧, ઉંદણ-૩, કડવી કવઠ-૨, કણઝી-૨, કરમદી-૨, કોશિંબ-૨, ખરશિંગી-૩, ખરસાંણી-૫, ગરમાળો-૧, ૫, ગુગળ-૮, ચિત્રક-૧, ૭, ચિત્રો-૭, તુવેર-૨, ધંતુરો-૧૨, ધોળો ચંપો-૭, નાગચંપો-૩, નાળીએરી-૧૦, ૧૧, નિંબારા-૧, પીંપળો-૫, પીળો ધંતુરો-૯, બાવચી-૧, ૨, માલકાંકણી-૨, મુગવેલ-૧, ૨, મેંઢાશિંગ-૩, મોરવેલ-૧, લીમડો (કડવો)-૩, ૧૨, ૧૫, શિરદોડી-૫, સુખડ-૨, સોપારી-૮. **દાદર** માટે:—અઘાડી-૫, એરંડો-૬, કાસુંદરો-૧, ૭, ડીકામાલી-૨, કુંવાડીઓ-૩, ખાખરો-૨, ખાજકોલતી-૩, ગજકર્ણી-૨, ગરમાળો-૧, ગવર-૧, ગુગળ-૮, ચંબેલી-૨, જાનવેલ-૨, તુલસી-૮, ૧૪, થુવર-ત્રણ ધારીઓ-૬, નાગદમની-૩, નાળીએરી-૧૦, પારિજાતક-૭, પેપૈયો-૩, પુદિનો-૫, બોળ (હીરાબોળ)-૧, ભીલામો ૨૨, ભોંયમગ-૧, મીઠીઆવળ-૩, લસણ-૧૯, વછનાગ-૫, વાપુંબા-૧. **શરદીથી શરીરને ખરજ આવે** તે માટે:-ઉંદરકની ग-૪.

જુઓ ગો૦વૈ૦માં **ખરજ** (ચેળ) જવા માટે:-છાણ-૪. જુઓ પ્રા૦ ઔ૦ માં **દાદર માટે:**-હરિણ-શૃંગ-૪. **સડેલા કુષ્ઠ (કોઢ)** માટે:—અસ્થિવર્ગ-૪. **ખરજ (ચેળ)** જવા માટે:-ગોરોચન-૪, સમુદ્રફીણ-૪, હરિણશૃંગ-૪.

જુઓ **અનુભૂત** ઔષધ:-**દાદર** માટે ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં-નં. ૧૨, ૧૩, ૧૯, ૨૭, ૩૪. **ખસ માટે:**—નં. ૩૦-૩૬.

ખરજવા ઉપર ઉપચાર:—× (આ રોગ હાથ અને પગ ઉપર પ્રથમ ખરજયુક્ત ઉત્પન્ન

---

* આ સિવાય તજાગરમી (વિપાદિક) આદિ ઉપર કેટલાક ઉપચાર મ૦ પટેજીએ ક્ષુદ્ર રોગમાં આપ્યા છે માટે તે ત્યાં જોવા.

× સંગ્રહિત ઉપચાર:-(૧) ભેંસના શિંગડાની સંપુટમાં ખાખ કરી આકડાનાં પીળાં પાંદડાંની રાખમાં મેળવી લૂગડાથી ચાળી ગાયના ઘીમાં મલમ કરી ચોપડવો. (૨) મનુષ્યનાં હાડકાં તથા શેળાના કાંટાની સંપુટથી કરેલી ખાખ અને કેરડાના કોલસાનો ઘીમાં મલમ કરી ચોપડવો. (૩) શેળાના કાંટાની ખાખ, કેરડાના કોલસા અને થોડું મોરથુથુ સો વાર ધોયેલા ગાયના ઘીમાં મેળવી ચોપડવું. (૪) કાગડાંની અંદરની મીંજને, ફુલાવેલું મોરથુથુ અને આમલસાર ગંધકને લિંબુના રસમાં ખરલ કરી ચોપડવું. એમ ચાર પાંચ દિવસ ચોપડયા પછી ઉપર હીરાદખણ અને ચામડાની રાખ ચોપડવાં. (૫) ગામડી ગાડાના પૈડામાંની મરી, ઘોડાનો બાળેલો નખ અને એરં-

થઇ, લોહીને દૂષિત કરી ઉપર ને ઉપર પ્રસરતો જાય છે. એમાં અતિશય દાહ અને ખરજ હોય છે. એને મહારાષ્ટ્ર ભાષામાં "ઇસબ" કહે છે.) (૧) ઘેટાની લીંડીઓનું પાતાળયંત્રવડે તેલ પાડી ચોપડવું. (૨) મોરથુથુ અને કળીચુનો એકત્ર કરી લેપ કરવો. (૩) ગાયના મૂત્રમાં રોજ પગ ધોઇ નાખવા. (૪) ભિલામો અને રાળ તેલમાં કઢવી તે તેલ ચોપડવું. (૫) શતધૌત ઘૃતમાં મોરથુથુ, મુરદારશિંગ અને કપીલો, એ થોડું થોડું નાખી તાંબાની કથરોટમાં તાંબાના વાસણવડે ખરલ કરી તે ચોપડવું. (૬) શતધૌત ઘીમાં રસકપૂર ખરલ કરી ચોપડવું; એટલે ખરજવું, ખસ, દ્રાદર, ચાંદી, ખોડો, ફોલ્લા, ઉંદરી વગેરેનો નાશ થાય છે. (૭) ગાજર પીસી કિંચિત્ મીઠું નાખી તેને જરા બાફ આપી તે ખરજવા ઉપર બાંધવું. એ પ્રમાણે ૩ દિવસ કરવું. (૮) કુંવાડીઆનાં બીઆં ૩ ભાગ, બાવચો ૨ ભાગ અને ગાજરનાં બીઆં ૧ ભાગ લઈ ગોમૂત્રમાં આઠ દિવસ પલાળી રાખવાં. પછી તેનો લેપ કરવો; એટલે ત્વરિત ગુણ આવે છે. આ ઔષધમાં ઉપરાઉપરી ગોમૂત્ર નાખી સૂકાવા ન દીધાથી વર્ષભર ટકે છે. (૯) પિત્તપાપડો, હરતાલ અને વછનાગને સમભાગે જૂના ઘીમાં ઘસી ચોપડવાં. (૧૦) મનશીળ, રસકપૂર, નેપાળો અને ગંધક એ એકેક ભાગ, ફુલાવેલું મોરથુથુ અર્ધો ભાગ તથા એ બધાં ઔષધોથી દુપ્પટ આકડાનું દૂધ અને દૂધથી બમણું માખણ લઈ કાંસાના વાસણમાં ખરલ કરી લેપ કરવો. (૧૧) વેંગણ શેકી લેપ કરવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અઘાડી–૫, અરલુ–૯, કપૂર–૩, કલગારી–૧૦, કાળીજીરી–૮, કુંવાડીઓ–૧, ૭, ખજૂરી–૩, ખાખરો–૭, ખીજડો–૧, ગાજર–૧, ગૌરીનો ફણો–૨, જાનવેલ–૧, ધરો–૩, પારિજાતક–૨, પેંડકુંળી–૧, ભીલામો–૨૧, રતાંદળી–૮, વડ–૧૪, શરપુંખો–૩, સિવણ–૧, સુગ્રીણ–૧.

જુઓ પ્રા૦ ઔ૦ માંઃ—**ખરજવા માટેઃ**—ગધેડાની લીંદ–૨.

પથ્યઃ—જવ, ઘઉં, ચોખા, ઘી, મગ, તુવેર, મસુર, પડવળ (પંડોળાં), લસણ, ચાકવત (ટાંકો), ગલકાં, કડવા પદાર્થ. **અપથ્યઃ**—પરસેવો કાઢવો, મૈથુન, શેલડી, ગોળ, દહીં, દૂધ, ખાટા પદાર્થ, તલ, અડદ, મધ અને ભાત.

१९–कंठमाळ, अपची अने लापोटीउं

ગંડમાલાની સંપ્રાપ્તિ—નાના બોર જેવડી, મોટા બોર જેવડી અને આમળા જેવડી ગાંઠો, કાંખ, બાહુમૂળ, બોચી અને ગળું એવા ઠેકાણે, કફથી મેદ દુષ્ટ થઈ જાય છે તેને **ગંડમાલા** (કંઠમાળ) કહે છે. તે ગંડમાલા ઘણીક ગાંઠોએ યુક્ત હોઈ ઘણા કાળે કરી હલકી પાકદશા પર જાય છે એવું જાણવું. પૂર્વોક્ત ગંડમાલાની ગાંઠો કેટલીક પાકી ફુટી વહે છે; અને નહિ જેવી થઇ ફરી બીજી ઉત્પન્ન થાય છે અને તેનો સંબંધ ઘણો હોય છે, એ રોગને **અપચી** કહે છે.×

ડીઉં તેલ મેળવી ચોપડવું. (૬) ડામર ચોપડી ઉપર પાટો બાંધી એ પાટો પંદર દિવસ સુધી છોડવો નહિ, તેમ દરદને પણ પાણીથી પલાળવું નહિ. (૭) પારા ગંધકની સમાનભાગે કરેલી કાજળી તોલા ૨, મોરથુથુ તોલો ૧ અને સોનાગેરૂ તોલો ૧ વાટી ગાયના સો વખત ધોયેલા ઘીમાં મલમ કરી ચોપડવો. કોઇ કોઇ એમાં રસકપૂર તોલો ०॥, મનસીલ તોલો ०।, શંખજીરૂં તોલો ૧, હિંગ તોલો ०।, લોદર તોલો ०॥ અને વાંસકપૂર તોલો ૧ વધારે મેળવે છે.

× ગળામાં વૃષણ જેવી એક ગાંઠ હોય તે ગલગંડ, નાની નાની કેટલીક થાય તેને ગંડમાળા, તેમાંથી પાકે, ફૂટે, મટે તથા પુનઃ થાય તેને અપચી કહે છે.

ગલગંડ ૩ પ્રકારના થાય છે. કાળી શિરાથી વ્યાપ્ત, તીક્ષ્ણ, પીડાયુક્ત અને કઠણ હોય તે વાતજ; સ્થિર, ત્વચાના સમાન વર્ણવાળો, ભારી, ખાજયુક્ત, શીતળ, મોટો અને મંદ પીડાયુક્ત હોય તે કફજ; તથા જે ગલગંડ નરમ, પાંડુવર્ણ, દુર્ગંધયુક્ત, ખાજવાળો, પીડારહિત અને તુંબડીની સમાન લટકતો રહે તે મેદ સંબંધી જાણવો. ગલગંડનો રોગ એક વર્ષ પછી અસાધ્ય થાય છે. અપચી જે ઉપદ્રવરહિત હોય તે સાધ્ય છે; પણ જેની સાથે પીનસ, પાર્શ્વશૂળ, ઉધરસ, તાવ તથા વમન થયા કરે તે અસાધ્ય રોગ જાણવો.

ગલગંડની સંપ્રાપ્તિ:—બોચી, ગળું અને હડપચી, એની સંધિના ઠેકાણે ફણગા જેવી ગ્રંથિ-રૂપ સોજો થવા લાગે છે; અને તે સોજો નાનો અથવા મોટો હોય છે તેને ગલગંડ કહે છે. તે ગલગંડ વાયુ અને કફ ગળાને ઠેકાણે દુષ્ટ થવાથી થાય છે.

ગંડમાળા પર ઉપચાર:—(૧) આકડાના દૂધમાં હીરાકસી ઘસી લેપ કરવો. (૨) લીમડાના રસમાં વછનાગ ઘસી લેપ કરવો. (૩) કડવી પાકેલી તુંબડીમાં પાણી નાખી રાખી પછી તે પાણી ૭ દિવસ સુધી પાવું. (૪) ચિત્રક, ભીલામો, હીરાકસી અને થોરનાં મૂળ આકડાના દૂધમાં વાટી લેપ કરવો. (૫) કંચનારના ઝાડની છાલનો કાઢો કરી તેમાં સુંઠનું ચૂર્ણ નાખી આપવો. (૬) વાયવરણાની છાલનો કાઢો કરી તેમાં મધ નાખી આપવો. (૭) એરંડમૂળ અને ખાખરાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી લેપ કરવો. એનાથી ગલગંડ પણ દૂર થાય છે. (૮) કડવી તુંબડીનો રસ તથા સરસિયું એકત્ર કરી દેવતા પર કડવી રસ બળી જાય એટલે તે તેલ લઇ ચોપડવું. (૯) શરપુંખાનાં મૂળ અને હળદર ગાયના દૂધમાં ઘસી લેપ કરવો. (૧૦) કડવા સરગવાની છાલ અને ઇંદ્રવરણાનાં મૂળની છાલ સમભાગ એકત્ર કૂટી તે ભૂકી હોકામાં પીવી. (૧૧) આકડાનું દૂધ, સિંધવ, સમુદ્રફળ અને ખાખરાનાં બીઆં, એ સર્વને લીમડાના રસમાં ખરલ કરી ચોપડવાં. (૧૨) મૂળાનાં બીઆં, સરસવ, સરગવાનાં બીઆં, સણનાં બીઆં, જવ અને અળશી, એ ખાટી છાશમાં વાટી ચોપડવાં; એટલે ગંડમાલા અને ગલગંડનો નાશ થાય છે. (૧૩) ભોંયચંપાનાં મૂળ, ઝેરકોચલાનાં બીઆં અને વછનાગ ટંડા પાણીમાં ઘસી લેપ કરવો. આ લેપથી ખેંચ લાગે છે. એથી કરી ગંડમાલા, ગલગંડ કિંવા કોઈ પણ ગાંઠ તુરત બેસે છે. ફુટેલી ગાંઠો ભરાઇ આવવા માટે મલમની પટ્ટીઓ લગાવવી. (૧૪) ચંદન, હરડે, લાખ, ઘોડાવજ અને કઠથી તેલ સિદ્ધ કરી પ્રાશન કરવું; એટલે અપચીનો નાશ થાય છે. (૧૫) ગરમાળાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી સુંઘવાં તથા તેનો લેપ પણ કરવો. (૧૬) કળથી અને મરીનો કાઢો આપવો.* ÷

વિશેષ ઉપચાર જુઓ:-વનૌ૦માં-આકડો-૧૫, ઇંદ્રવરણા-૧૪, ઉંબરો-૨૪, એરંડો-૨૪, કડવી દૂધી (તુંબડી)-૪, કણઝી-૩, કપાસ-૪, કપૂરભેંડી-૬, કલગારી-૩, કળથા-૨, કંચનાર-૧, ૪, કુકરપાડાનો વેલો-૪, ગરમાળો-૯, ગોરખમુંડા-૨, ચણોઠી-૨૧, જીયાપોતો-૧, પીલુ-૬, બ્રહ્મદંડી-૨, ભારંગી-૪, ભીલામો-૭, ભુંયશિરડ-૩, મૂળા-૧૦, રીસામણી-૧, વછનાગ-૧, વાયવરણો-૩, ૧૪, વાંકેરી-૩, વિંછુડા-૨, શરપુંખો-૪, સરગવો-૭, સહદેવી-૫. **અપચી માટે:**-કપાસ-૪, કલગારી-૨, કુંવાર-૨, દેવદાર-૩, રીસામણી-૧, વાયવરણો-૩, સરસવ-૨.

કંઠમાળા માટે જુઓ અનુભૂત ઔષધ ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં-નં. ૨૧.

ગલગંડ ઉપર ઉપચાર—(૧) હરતાલ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો. (૨) ચુનો, ગોળ અને ધુંવાસ એકત્ર કરી લેપ કરવો; એથી કરી ગાલની સૂજ પણ દૂર થાય છે. (૩) ધંતુરાનાં પાંદડાં વાટી તેમાં ચુનો મેળવી તે ઉપર બાંધવો.

---

* (૧) ધોળી ગરણીનું મૂળ, ત્રુંસડાનું (ઇંદ્રવરણાનું) મૂળ, ઘોડાવજ, દેવદાર અને સરસવનું મૂળ, એ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો. (૨) મગ શેર ૦॥ આકડાના દૂધમાં દિવસ ૭ ભીંજવી છાયામાં સૂકવી ઘીમાં મલમ કરી લગાડવાથી કંઠમાળ અને હૈયાહોળી આદિ દરદો જાય.

÷ પ્રકરણમાં આપવા ઉપરાંત કાંચનાર, ગુગળ, વિડંગ અરિષ્ટ, સોમલનાં ફૂલ, ગંડમાળા કંડન રસ, ત્રિગુણાખ્ય તામ્રયોગ, ત્રિફલા ગુગળ વગેરે ખાવા માટે અપાય છે; તથા ગુંજાદિ તેલ, ચંદનાદિ તેલ, તુંબી તેલ, સિંદૂરાદિ તેલ, ગંધકાદિ લેપ વગેરે ચોપડવા માટે અપાય છે તથા કડવા તુરીઆંનો રસ લીંડીપીંપરનું ચૂર્ણ મેળવેલો, લીમડાનું તેલ, ઘોડાવજ અને દાંતીમૂળનું ચૂર્ણ તથા નગોડની જડને પાણીમાં ઘસી તૈયાર કરેલું પાણી વગેરે નાકમાં નાખવા માટે અપાય છે.

મનુષ્યની ખોપરીને બહુજ બારીક ખાંડી પછી માંખીની વિષ્ઠા (માંખી જે દોરીના ઉપર બેસી હગાર મૂકે છે તે) સમાન ભાગ મેળવી મનુષ્યના મૂત્રમાં ખરલ કરી જ્યારે બહુજ ચેપદાર (ચીકણું) થઈ જાય ત્યારે કપડા ઉપર ચોપડી ગાંઠ પર બે ત્રણ વાર લગાડવાથી ગલગંડ બેસી જાય છે. અનેક પ્રકારની ગાંઠો આ ઔષધિથી બહુજ થોડા સમયમાં સારી થઇ જાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—ઉંબરો-૬, કડવી દુધી (તુંબડી)-૧, કાકડી-૫, ખાખરો-૪, જીયાપોતો-૧, જેઠીમધ-૧૭, ધંતુરો-૧, ૯, પારિજાતક-૩, પાણકુંભા-૧, મૂળા-૧૦, રીસામણી-૧, વછનાગ-૧, વાયવરણો-૩, શિરદોડી-૧, સોપારી-૯. **કફ ગલગંડ ઉપરઃ**-દેવદાર-૨. **વાતગલગંડ માટેઃ**-જળજાંબવો-૨, સમેરવો-૫.

જુઓ પ્રા૦ ઓ૦ માંઃ-**લાપોટીઆ** માટે-સાબરસીંગ-૧. **અપચી** માટે સાબરસીંગ—૭.

પથ્ય—જૂની રાતી ડાંગર, જવ, મગ, પડોળાં, સરગવો, કારેલી, શેલડી; તથા રૂક્ષ, તીખા અને અગ્નિદીપક પદાર્થ. **અપથ્ય**-દૂધ અને શેલડીથી જે પદાર્થ થાય છે તે, મિષ્ટાન્ન, ખાટાં, મધુર, જડ અને કફકારક અન્ન.

૨૦—ગળતી (શોષરોગ)

કારણ અને લક્ષણઃ—શોષરોગ એ ક્ષયનોજ ભેદ છે. (૧) અતિ સ્ત્રીસેવનથી, (૨) શરીરના વ્રણ કિંવા આગંતુક વ્રણથી, (૩) રસ્તે ઘણું ચાલવાના શ્રમે કરી, (૪) શરીરને ઘણી મહેનત પડ્યાથી, (૫) શરીર જર્જરીભૂત થવાથી અને (૬) કોઇ પણ પ્રકારનો શોક થઇ તેનાથી થયેલો, આ પ્રકારે છ જાતનો **શોષરોગ** જાણવો. રસાદિ ધાતુનું શોષણ થઇ શરીર ક્ષીણ થાય છે તેને પણ **શોષ** કહે છે.

ઉપચાર—(૧) જેઠીમધ, આમળાં, લવંગ, ખડીસાકર અને ધાણાનો કાઢો આપવો. (૨) ડાંગરની ધાણીનો કાઢો આપવો. (૩) વાવડીંગ, આમળાં અને જેઠીમધનો કાઢો આપવો. (૪) પિત્તપાપડાનો કાઢો આપવો. (૫) કોઇ, જેઠીમધ, નીલકમળ અને વડની કુંપોનું ચૂર્ણ કરી મધ નાખી ચાટણ કરી તે ઉપરાઉપરી ચાટતાં જવું; એટલે તૃષા શાંત થશે. (૬) **આમલકાદિ ગુટિકા**—આમળાં, કમળ, કોઇ, મરમરા (ચોખાની ધાણી) અને વડની કુમળી વડવાઇઓની કુંપોનું ચૂર્ણ મધમાં મેળવી ગોળી કરી મોઢામાં રાખવાથી તરસ છીપી મોઢામાં અમી રહે છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ-આલુ-૩, ડાંગર-૬, દાડમ-૧૩, પિત્તપાપડો-૪, બીજોરૂં-૧૮.

પથ્યાપથ્ય—ક્ષયરોગમાં કહ્યા પ્રમાણે.

૨૧—ગાંઠ (ગ્રંથિરોગ) અને અર્બુદરોગ

ગ્રંથિરોગની સંપ્રાપ્તિઃ—વાતાદિ રોગ, માંસ અને લોહી દુષ્ટ થઇ મેદ અને શિરાઓને દૂષિત કરી, ગોળ ઉંચો અને ગાંઠ જેવો સોજો ઉત્પન્ન કરે છે; તે રોગને ગ્રંથિ કહે છે.

અર્બુદરોગની સંપ્રાપ્તિઃ—શરીરના ઠેકાણે વાતાદિ દોષ કુપિત થઈ લોહી અને માંસને દૂષિત કરી ગોળ, સ્થિર, મંદ પીડાયુક્ત, મોટો, અંદરથી ઉંડો ગયેલો, લાંબા કાળે વધનારો અને પાકનાર એવો માંસનો ગોળો થઈ ઉઠે છે; તેને અર્બુદ કહે છે.

ઉપચારઃ—(૧) વ્રણ (ગુમડા) ઉપર જે ઉપચાર કહેલા છે તે યોજવા. (૨) સાજીખાર, હળદર અથવા મૂળાનો ખાર અને શંખચૂર્ણને પાણીમાં વાટી લેપ કરવો. (૩) હળદર, લોધર, પતંગ અથવા રક્તચંદન, ધુંવાસ, ગોળ અને મનશીળને મધમાં વાટી લેપ કરવો. (૪) કોઇ અને તમાલપત્ર વડના દૂધમાં વાટી લેપ કરવો અને ઉપર વડનાં પાંદડાં બાંધવાં; એટલે સાત દિવસમાં અર્બુદનો નાશ થાય છે. (૫) સરગવાનાં બીઆં, મૂળાનાં બીઆં, સરસવ, તુલસી અને ઇંદ્રજવને ભેંસની છાશમાં વાટી લેપ કરવો.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ-અંકોલ ૧૬, ચણોઠી-૭, ધંતુરો-૯, મયાળ-૧.

---

* **શોષરોગમાં સીતોપલાદિ ચૂર્ણ, પ્રવાળભસ્મ, મૌક્તિકભસ્મ, બંગભસ્મ, સુવર્ણભસ્મ, એલાદિચૂર્ણ, દ્રાક્ષાસવ, તેમજ ક્ષયના પ્રકરણમાં કહેલી ઔષધિઓ અપાય છે.**

× **ગ્રંથિ (ગાંઠ) તથા અર્બુદ (રસોળી)ના ઉપર અર્બુદહરરસ, ત્રિફળા ગુગળ, કાંચનાર ગુગળ, વિડંગારિષ્ટ વગેરે ઔષધિ ખાવા માટે અપાય છે. તેની ઔષધિ પ્રકરણમાં લખેલી છે.**

જુઓ પ્રા૦ઓ૦માં:—સાગરશિંગ-૭. જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં-નં. ૩૫.

પથ્યાપથ્ય:—કંઠમાળ* પ્રમાણે.

२२–गांठीओ वा–अंगनुं अकडाइ जवुं (वातरक्त)

કારણ:—ખારા, ખાટા, તીખા, ખારવાળા, સ્નિગ્ધ, ઉષ્ણ, અપક્વ, ઉબાઈ ગયેલા, શુષ્ક, એવા પદાર્થોનું સેવન તથા મત્સ્યાદિકોનું માંસ અને ખોળ, મૂળા, કળથી, વાલ ઇત્યાદિ ઠંડાં ધાન્યો, શાકાદિક, શેકેલા તલ, શેલડીનો રસ, દહીં, કાંજી, છાશ, મદ્ય, વિરુદ્ધ અન્ન, અધ્યશન (અતિભોજન) ઇત્યાદિ પદાર્થોનું સેવન, ક્રોધ અને દિવસે નિદ્રા તથા રાત્રે જાગરણ, એ કારણોએ તેમજ ઘણું કરી સુકુમાર પુરુષ અને મિથ્યા આહારવિહાર કરનાર અને સ્થૂલ (જાડા) તથા સુખી એવા માણસનું વાતરક્ત કુપિત થાય છે.

સંપ્રાપ્તિ:—હાથી, અશ્વ તથા ઉંટ ઉપર ગમન કરનાર અને વિદાહજનક અન્નભક્ષણ કરનાર, એવા માણસનું આખા શરીરમાંનું રક્ત દૂષિત થઇ પગમાં એકઠું થાય છે. પછી દુષ્ટ વાયુમાં મળે છે. આ રોગમાં વાયુનું પ્રાબલ્ય છે, એટલા માટે એને વાતરક્ત કહે છે.×

પૂર્વરૂપ:—ઘણો પરસેવો આવે છે, કિંવા સમૂળગો આવતોજ નથી. શરીર કાળાશ પર જણાય છે. સ્પર્શનું અજ્ઞાનપણું, ક્ષતની અંદર ઘણાજ સણકા, આળસ, અંગ ગળી જવા જેવું થવું, શરીર ગળ્યા જેવું થવું, ઢીંચણ, કોણી, ફૂલા, કમ્મર, ખાંધ, હાથ, પગ ઇત્યાદિની સંધિમાં શૂળ, અંગનું સ્ફુરણ, સણકા, શરીરે બહેરાપણું, કંડૂ, સંધિમધ્યે શૂળ, વારંવાર દાહ થઇ મટે છે અને પુન: દાહ થાય છે, વર્ણ બદલાય છે અને અંગ ઉપર મંડળની ઉત્પત્તિ, એ વાતરક્તનાં પૂર્વરૂપો જાણવાં.

---

* મરાઠી ગ્રંથમાં અહીં ભૂલથી ગુલ્મ લખાયેલ છે. સંસ્કૃત ગ્રંથોમાં કંઠમાળ, ગ્રંથિ અને અર્બુદ એકજ પ્રકરણમાં કહેલ છે. પથ્ય પણ સર્વનું એકજ કહેલું હોવાથી સુધારી લીધેલ છે.

× શરીરે દાહ, ભારેપણું, પીડા, તોડ, ચળ-ચકામાં, ઢગરા ઉપર ફોડલા, સોજો એ વાતરક્તનાં લક્ષણ છે. વિશેષ કરી એ રોગ પગે થાય છે. વાતરક્તનો શબ્દાર્થ એવો છે કે, વાયુથી ઘેરાયલું લોહી; તે વાત, પિત્ત, કફ, વાતપિત્ત, વાતકફ, પિત્તકફ, ત્રિદોષ અને લોહીથી એ પ્રમાણે ઉત્પત્તિના કારણસર આઠ પ્રકારનો થાય છે.

રા. ત્રિભોવન મોતીચંદ શાહે એ રોગના મથાળા સાથે "નજલો" શબ્દ પોતાના શારીરિક અને વૈદ્યકશાસ્ત્રમાં આપ્યો છે. તેમજ નજલાનું વર્ણન કરતાં એક ગ્રંથકાર લખે છે કે:—"એ રોગ ઘણોખરો પુરુષનેજ થાય છે. તે ઘણું કરીને ગરમીમાંથી થાય છે. એનું જોર જુવાની કરતાં વૃદ્ધાવસ્થામાં વધારે હોય છે. તેની નિશાની એ છે કે, એ રોગ પગના અંગુઠામાંથી ઉત્પન્ન થઈ પગની પાટલી તથા ઘુંટણ સૂજે છે અને તેમાં બહુ દરદ કરે છે. તે ઘણી મુદત થયાથી હાથના પોંચામાં તથા આંગળાંમાં દાખલ થઈ સાંધાઓ રહી જાય છે. પછી તે સાંધાઓ પોતાની મેળે ફાટી તેમાંથી પરુના ઠેકાણે સફેદ ચૂના જેવો સૂકો મવાદ નીકળે છે. માટે એ રોગવાળાને જુલાબ આવે એવું ઔષધ આપવું. બીજું:—મહુડાં શેર ૧ અને સાજીખાર તોલા ૨, એ બન્નેને બારિક કરી તેમાં માખણ નાખી મલમ જેવું કરવું. પછી ગરમ કરી તેનો પાટો બાંધવો. એથી આ રોગ મટે છે. એ આજારવાળાને ગંધકની ખાણવાળા ગરમ પાણીમાં નવરાવેથી તથા બેસાડવાથી ઘણો ગુણ થાય છે. એ ખાણનું પાણી સુરત જીલ્લામાં વાંસદા તથા નવસારીની હદમાં ઉનાઇની જ્યાં જાત્રા ભરાય છે ત્યાંના કુંડમાં તથા વજરાબાઈમાં તથા મલબાર કોસ્તામાં છે. ગુજરાતમાં ડાકોર અને ગોધરા વચ્ચે 'ટુવા' નામે સ્ટેશનથી અર્ધો માઇલ દૂર એ જાતના કુંડ છે, તથા કપડવંજ તાલુકાના એક ગામમાં પણ છે. કદાપિ ત્યાં જવાને ન બને તો તેમાંનું પાણી ઘેર મંગાવી ગરમ કરી નવરાવે તોપણ ગુણ થાય છે."

અસાધ્ય લક્ષણ:—ઢીંચણપર્યંત વ્યાપ્ત થયેલો, સમૂહ થયેલો, સ્રાવ થનાર અને બલ, માંસ કે ક્ષયાદિ ઉપદ્રવથી યુક્ત જે વાતરક્ત તે **અસાધ્ય**; અને એક વર્ષ ઉપર થએલો વાતરક્ત **કષ્ટસાધ્ય** તથા ફાટ કે ચીરા પડયા વગરનો **સાધ્ય** જાણવો.

ઉપચાર:—(૧) ગળોના કાઢામાં શુદ્ધ કરેલું શિલાજિત નાખી તે કાઢો પાવો. (૨) **મંજિષ્ઠાદિ કાઢો:**—મજીઠ, કડાછાલ, ગળો, નાગરમોથ, વજ, સુંઠ, હળદર, દારૂહળદર, અરડુસો, પિત્તપાપડો, ઉપરસાળ, અતિવિષ, ધમાસો, ઇંદ્રવરણા, વાળો, ભોરિંગણી, કડવા લીમડાની છાલ, કડવાં પંડોળાં, ઉપલેટ, કડુ, ભારંગમૂળ, વાવડીંગ, ચિત્રો, મોરવેલ, દેવદાર, ઇંદ્રજવ, ભાંગરો, લીંડીપીંપર, મેંદી, પહાડમૂળ, શતાવરી, ખેર, ત્રિફળાં, કરિયાતુ, બકામ લીમડો, અસાણા, ગરમાળો, કાળું નસોતર, બાવચો, ચંદન, વાયવરણા, કરંજ અને સાગ, એ સર્વ સમભાગ ઔષધોનો કાઢો કરી નિત્ય પાવાથી ત્વચાનો દોષ, અઢાર પ્રકારના કોઢ, વાતરક્ત (સુનબહિરિ), વિસર્પ, વિદ્રધિ અને સર્વ દોષનો જલદી નાશ થાય છે. (૩) **લઘુ મંજિષ્ઠાદિ કાઢો:**—મજીઠ, ત્રિફળાં, કડુ, વજ, દારૂહળદર, ગળો અને કડવા લીમડાની છાલનો કાઢો વાતરક્ત, ખસ, કાપાલિક કુષ્ઠ અને રક્તમંડળનો નાશક છે. (૪) અરડુસી, ગળો અને કડુનો કાઢો આપવો. (૫) ગળોના કાઢામાં એરંડતેલ નાખી તે આપવો. (૬) સુરવારી હરડેનું ચૂર્ણ ગોળમાં મેળવી આપવું. (૭) મીણ, મજીઠ અને રાળના તેલ વડે કિંવા રાતા બોળના તેલ વડે અભ્યંગ કરવો; એટલે વાતરક્તની પીડા દૂર થશે. (૮) એરંડમૂળ, અરડુસી અને ગળોનો કાઢો આપવો. (૯) ખેરનો કાઢો બે વાર આપવો. ઉપર ઘી ભાત ખાવાં તથા **નિર્વાત** (વિશેષ વાયુના ઉપદ્રવથી રહિત) સ્થાનમાં રહેવું એ **પથ્ય** કરવું; એટલે કુષ્ઠાદિ સર્વ રોગોનો નાશ થાય છે. (૧૦) શુદ્ધ કરેલો કલગારીનો કંદ, સુંઠ, મરી, લીંડીપીંપર અને મીઠાનું ચૂર્ણ એકત્ર મિશ્ર કરવું. તે મધ અને ગાયના ઘીમાં ૧૦ માસા આપવું; એટલે અનેક પ્રકારના રક્તવિકાર, પાદદોષ (પગ ફૂટે છે તે), માથાનું દુઃખ, અસાધ્ય વાતરક્ત અને કોઢનો નાશ કરે છે. (૧૧) ગોરખમુંડી અને કડુનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. (૧૨) કડવા લીમડાનાં પાંદડાંનો અંગરસ કિંવા તેનાં પાંદડાં ગાયના દૂધમાં વાટી રસ કાઢવો અને તે પાવો. (૧૩) ખજૂરનો બલક કાઢી તેમાં એરંડતેલ નાખી તે આપવાથી વાતરક્ત અને ધનુર્વાત દૂર થાય છે. (૧૪) મોગલી એરંડાનાં બીઆંનું તેલ રોગગ્રસ્ત એવી સર્વ જગ્યાએ દિવસમાં ચાર પાંચ વાર ચોપડતા જવું. (૧૫) ધોળી ગુલબાશીનો કંદ ૧ તોલો ગાયના તાજા દૂધમાં દિવસમાં ત્રણ વાર લેવો. એ ઔષધ હમેશાં ૩ મહિના આપવું. (૧૬) **અમૃતાઘૃત:**—ગળો લાવી થોડી કૂટી તેમાં તેનાથી ચારગણું પાણી નાખી ચોથો ભાગ પાણી રહે ત્યાંસુધી કાઢો કરી તેમાં કાઢાના ચતુર્થાંશ જેટલું ઘી નાખવું, અને ઘીનો ચતુર્થાંશ ગળોનો કલ્ક કરી અને ઘીથી દૂધ ચોગણું તેમાં નાખી ઘી શેષ રહે ત્યાં સુધી પાક કરી, પછી તે ગાળી લઇ પીવું. તેણે કરી વાતરક્ત અને કોઢ જલદી દૂર થાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આમળાં-૯, ઉંબરો-૧, એરંડો-૧૪, કપૂરભેંડી-૫, કાસાળુ-૨, કોલિંજન-૩, ખજૂરી-૧૨, ખટખટી-૩, ગળો-૧૫, નગોડ-૨, પાંડેરવો-૨, મજીઠ-૬, મરી-૧, માંકડી-૧, મોગલી એરંડો-૧૦, રાળ-૧૫, હરડે-૧. જુઓ પ્રા૦ ઔ૦માં ઘૃતવર્ગ-૨.

પથ્ય:—રાતા ચોખા, ઘઉં, ચણા, મગ, તુવેર, મઠ; બકરી, મેંઢી, ભેંસ અને ગાયનું દૂધ; મયાળ, કાકોલી, નેતરના અંકુર, લાંબડી, ચાકવત, કારેલાં, તાંદળજો, પડવળ (પંડોળાં), આમળાં, આદુ, સુરણ, સરગવો, સાકર, દ્રાક્ષ, જૂનું કોળું, માખણ, તાજું ઘી, કડવા પદાર્થ. **અપથ્ય:**—દિવસે નિદ્રા, શેક લેવો, ઉદ્યોગ, મૈથુન, અડદ, કળથી, વાલ, વટાણા તેમજ માંસ, વિરુદ્ધ ભોજન, દહીં, શેલડી, મૂળા, મદ્ય, માંસ, પાન, કાંજી, તલ; તીખા, ઉષ્ણ, તૂરા, ચીકટા, મીઠું અને લોટના પદાર્થ.

---

* વાતરક્ત રોગમાં અહીં લખ્યા ઉપરાંત અમૃતાદિ ક્વાથ, રાસ્નાદિ ક્વાથ, નિંબાદિ ચૂર્ણ, ચંદ્રપ્રભાવટી, પુનર્નવા ગુગળ, કિશોર ગુગળ, રસાભ ગુગળ, વાતરક્તાંતક રસ, મહાતાલેશ્વર રસ, ગુડૂચ્યાદિ લોહ, વિશ્વેશ્વર રસ, અમૃતભલ્લાતક અવલેહ, લાંગુલી ગુટિકા, વગેરે ખાવા માટે અપાય છે; તથા ગુડૂચી તેલ, રુદ્ર તેલ, મહાપિંડા તેલ વગેરે મર્દન કરવા માટે અપાય છે.

૨૩–ગોથું અથવા વાઇ (મૃગી, અપસ્માર)

સ્વરૂપઃ—વાતાદિ દોષ દુષ્ટ થઇ આંખો આગળ અંધારાં આવી સ્મૃતિરૂપ જ્ઞાન અને અનુભવજન્ય જ્ઞાન નષ્ટ થાય છે. નેત્ર અને હાથપગ વિકલ થાય છે. હૃદયને કંપ, શરીરે પરસેવો ઇત્યાદિ લક્ષણો થાય છે. એનો કોપ કદી દશ દિવસે, કદી પંદર દિવસે, કિંવા મહિને બે મહિને દોષસંચય થઇને થાય છે.* જે વાઇના દરદીનું શરીર વધારે ફરકે છે તેમજ શરીર ક્ષીણ, નેત્ર વિકૃત અને ભમર ચલાયમાન હોય તે અસાધ્ય જાણવું. વાતદોષયુક્ત વાઈ ૧૨ દિવસે, પિત્તની ૧૫ દિવસે તથા કફયુક્ત ૧ મહિને ઉત્પન્ન થાય છે. વચ્ચે પણ કોઇ કોઇ વખત વેગ આવે છે. વાઇના વેગ આવવા પહેલાં અથવા વેગ આવે ત્યારે તરત અરીઠાનું ફીણ આંજવાથી વેગ રોકાઇ જાય છે. વાઇના ઉપર શાસ્ત્રીય ઔષધિ બ્રાહ્મીઘૃત, કલ્યાણ ચૂર્ણ, સારસ્વત અરિષ્ટ, કુષ્માંડ ઘૃત, ભૂતભૈરવ રસ, વાતકુલાંતક રસ, ચંડભૈરવ રસ વગેરે અપાય છે. મલયચંદ્રોદય રસ વાઇમાં બહુજ સારૂં કામ કરે છે. સાથે સુંઘવા માટે નવસાર મેળવેલો કેળનો રસ આપવો કે જેથી નાકમાંથી કેટલાક કીડા નીકળી જાય.

ઉપચારઃ—(૧) થુરીઆનાં પાંદડાંને આકડાના દૂધમાં ૨૧ પુટો આપી સૂકવી ચૂર્ણ કરવું અને તે છીંકણી પ્રમાણે સુંઘવું; એટલે નાકમાંના કીડા ખરી પડી રોગી સારો થશે. (૨) દેવડાંગર(કુકડવેલ)નો રસ અને થુરીઆનું દૂધ એકત્ર કરી નસ્ય આપવું. (૩) માલકાંકણી, ખુરાસાની અજમો, અક્કલગરો, જાયફળ, લવંગ, એલચીદોડા, અજમો, વાવડીંગ અને નાગકેસર, એ સમભાગે લઈ ભાંગરાના રસમાં બોર જેવડી ગોળી કરી તે દરરોજ એક ગોળી પાણી સાથે આપવી; એટલે અપસ્માર, ચિત્તભ્રમ ઇત્યાદિ દૂર થાય છે. (૪) અગથીઆનાં પાંદડાંના રસમાં ગોમૂત્ર અને મરીની ભૂકી નાખી તેનું નસ્ય આપવું. (૫) વાંઝકંકોડાંનાં મૂળ ઘીમાં ઘસી તેમાં સાકર નાખી તેનું નસ્ય આપવું. (૬) જેઠીમધ, હીંગ, ઘોડાવજ, તગર, શરસડો અને લસણ, આ પદાર્થો બકરીના દૂધમાં અથવા મૂત્રમાં ઘસી અંજન કરવું. (૭) નગોડના રસમાં અખોડ ઘસી તેનું નસ્ય કિંવા અંજન કરવું. (૮) રાઈ ગોમૂત્રમાં વાટી તેનો શરીરે લેપ કરવો. (૯) ધોળી ડુંગળીનો રસ નાકે સુંઘવો અને અંજન કરવું (૧૦) વગડાઉ છાણાંની રાખ આકડાના દૂધમાં ભીંજવી, સૂકાયા પછી તપકીર પ્રમાણે સુંઘવી. (૧૧) અરીઠાં લિંબુના રસમાં ઘસી તેનું નસ્ય આપવું. (૧૨) ગંધકની ધૂણી નાકમાં લેવી. (૧૩) હાથીનું મૂત્ર બન્ને નાકનાં છિદ્રોમાં નાખવું;

* ગોથુ–વાઇ ચાર પ્રકારની છે. તે પૈકી (૧) કંપારો થાય, દાંત કકડાવે, મોઢે ફીણ આવે, શ્વાસ થાય, કાળું પીળું દેખે તે વાયુની; (૨) મોઢે પીળું ફીણ આવે, શરીરની ચામડી, મોઢું અને આંખો પીળાં પડી જાય, સર્વત્ર લાલ પીળું દેખાય, તરસ લાગે અને શરીર ગરમ રહે તે પિત્તની; (૩) મુખમાં સફેદ ફીણ આવે, શરીરની ચામડી, આંખ અને મુખ ધોળાં પડી જાય, ટંડ લાગે, રોમાંચ થાય અને સર્વત્ર ધોળું જણાય તે કફની; અને (૪) ત્રણે દોષનાં લક્ષણ જણાય તે સન્નિપાતની વાઇ–મૃગી જાણવી. વળી વાયુની વાઇ ૧૨ દિવસે, પિત્તની ૧૫ દિવસે, કફની એક મહિને અને સન્નિપાતની વારંવાર અથવા અનિયમિત વખતે આવે છે. ઉપચારઃ—(૧) ભાદરવા માસમાં ઝીલના છોડવા ઉપર દિવસ ઉગતી વખતે જે થુંકના જેવું જામેલું દેખાય છે તેને ખડવેલો કહે છે. તેમાં મરી શેર ૦ાા એક મહિના સુધી પલાળી રાખી છાંયે સૂકવી ૨ દિવસ સુધી (૧૬ પહોર) વાટી ભૂકી કરી તેમાંથી ૨ વાલ દરરોજ અથવા દરદ આવવાના ટાઇમે ફકાવે તો ગોથું અને દમનું દરદ જાય. (૨) જવાન ચુવર કોગીને તેમાં કોથળીમાં નાખેલાં મરી અથવા લવંગ તોલા પાંચ નાખી તેનાજ કકડાથી બંધ કરી છ માસ રાખી મૂકવું; પછી તે કાઢી લઇ દરદીને એકેક સુંઘાડવું અને દરરોજ એકેક ખવરાવવાથી ગોથું જાય. આ લવંગનો બળદના નાકમાં ધૂમાડો આપવાથી બળદની કંમોડી (સિંગડુ સડીને વળી જઇ ભાગી જાય છે તે) મટે. (૩) અમરવેલનો રસ નાકમાં નાખવો.

એટલે માથામાંના કીડા દૂર ખરી પડી રોગી સારો થાય છે. (૧૪) ઘોડાવજ, ગળો, સુંઠ, મરી, લીંડીપીંપર, મહુડાનો ગુંદર, રુદ્રાક્ષ, સિંધવ, રિંગણીનાં ફળ, સમુદ્રફળ અને લસણ, એ સર્વ એકત્ર વાટી નાકે સુંઘવું; એટલે અપસ્માર, વાયુ, કફ, મસ્તકશૂળ, ભકભક, મોહ, સન્નિપાત અને પીનસ (નાકનાં છોડ) દૂર થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અક્કલકરો-૬, અખરોડ-(નાનાં)૨, અગથીઓ-૯, અરિઠાં-૧૦, આકડો-૭, ઉંદરકની ક-૧, ઉંદરકની ગ-૬, કંકોડી-૧૦, કેવડાનું ઝાડ-૨, જેઠીમધ-૧૨, ડુંગળી-૨૩, તલ-૬, બીજોરૂં-૩, મહુડો-૧, મોથ-૮, ૧૦, રાયણ-૧, લસણ-૧૧, લીંડીપીંપર-૨, ૧૮, વજ-૨, શણપુષ્પી-૧, શતાવરી-૯, શંખાવળી-૧, હીંગ-૩. **પિત્તાપસ્માર માટે:**—કારિવણા-૩. **ચિત્તભ્રમ અપસ્માર** માટે:—કારિવણા-૯, કાસાળું-૬. **ભમરી આવે તેના માટે:**—કારિવણા-૧, ધાસ પિત્તપાપડો-૧, વાવડીંગ-૪.

જુઓ ગો૦વૈ૦માં:-ઘી-૯. જુઓ પ્રા૦ઔ૦માં:-મૂત્રવર્ગ-૨.

પથ્ય:—મગ, ઘઉં, ઘી, દૂધ, પંડોળાં, જૂનું કોદરું, ચાકવત, દાડમ, સરગવો, દ્રાક્ષ, આમળાં, ચોખા. **અપથ્ય:**—ગરમ પદાર્થ, વિરુદ્ધાન્ન, અતિમૈથુન, મહેનત, ભાજીપાલો, ટીંડોરાં અને જડ પદાર્થો.

૨૪–ગોળો (ગુલ્મ)

કારણ અને સંપ્રાપ્તિ:—મિથ્યા આહાર તથા વિહાર, એથી વાતાદિક દોષ કુપિત થઇ પેટમાં ગ્રંથિરૂપ પાંચ પ્રકારના ગુલ્મ ઉત્પન્ન કરે છે. તે ગાંઠો ગોટલા જેવી હોય ચલ અથવા અચલ અને ગોળ હોય છે; અને કદી મોટી અને કદી નાની હોય છે. આ રોગને ગુલ્મ કહે છે. **પૂર્વરૂપ:**—ઘણા ઓડકાર, મલબદ્ધતા, અન્ન ઉપર અરુચિ, આંતરડાં કડકડ વાગે તથા દુઃખે છે, પેટ ચઢે છે અને અગ્નિમાંદ્ય, એ ગુલ્મરોગનું પૂર્વરૂપ જાણવું.*

ઉપચાર:—(૧) લીંડીપીંપર અને જવખારનું ચૂર્ણ, આદુનો રસ અને મધમાં આપવું; એટલે ગુલ્મ તથા શ્વાસકાસ દૂર થાય છે. (૨) ચિરફળ, સિંધવ, સંચળ, બિડલોણ, અજમોદ, એરંડમૂળ, જવખાર, બાળહરડે, શેકેલી હીંગ અને વાવડીંગ, એ દશ ઔષધો સમભાગ લેવાં અને નસોતર ૩ ભાગ, બધાનું ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં આપવું; એટલે ગુલ્મ, શૂળ, પેટનું ચઢવું અને ઉદરના સર્વ રોગો દૂર થાય છે. (૩) હીંગાષ્ટક ચૂર્ણ આપવું. (૪) જાસુંદીનાં પાંદડાંનો રસ દરેક વખતે નવટાંક પ્રમાણે ૭ દિવસ આપવો. (૫) આસુંદરાનાં પાંદડાંના રસમાં મરીની ભૂકી અને તલનું તેલ ૭ ટીપાં નાખી ૩ દિવસ આપવું. (૬) સરગવાનાં પાંદડાંનો રસ પાશેર, તેમાં બે તોલા ખડીસાકર મેળવી ૩ દિવસ આપવો. આ ત્રણ ઉપચારોથી વાતગુલ્મ દૂર થાય છે. (૭) ભોરિંગણી મૂળીઆં સહિત સૂકવવી. પછી તેનું ચૂર્ણ કરી ગરમ પાણીમાં રોજ ૧૦ માસા સુધી દિવસમાં બે વખત પ્રમાણે ૭ દિવસ આપવું; એટલે પેટમાં કોઈ પણ આજારની ગાંઠ હશે તો તે દૂર થશે. (૮) કાચકું (કાંકસ) શેકી તેનું ચૂર્ણ ગોળમાં આપવાથી પ્રસૂતકાળે ઉત્પન્ન થયેલો વાયુનો ગોળો શમે છે. (૯) દશમૂળના કાઢામાં જવખાર અને સિંધવ નાખી આપવો; એટલે ગુલ્મ, શૂળ, હૃદ્રોગ અને શ્વાસનો નાશ થાય છે. (૧૦) શરપુંખાનો ક્ષાર અને હરડેનું ચૂર્ણ, એ

* ગોળાનો રોગ પ્રસિદ્ધ છે. એ બહુધા સ્ત્રીઓને થાય છે, પરંતુ કોઇ કોઇ પુરુષને પણ એ દરદ જોવામાં આવે છે. એ મિથ્યા આહાર-વિહારના કુપથ્યથી વાયુ, પિત્ત, કફ દુષ્ટ થઇ પુરુષ અથવા સ્ત્રીના હૈયાથી લઇ પેડુ સુધી ગોળાના આકારે એક ગાંઠ ઉત્પન્ન કરે છે. તે વાત, પિત્ત, કફ, સન્નિપાત અને રક્ત(લોહી)નો, એમ પાંચ પ્રકારનો થાય છે. એના ઉપર મેદો તથા હળદર એકઠું કરીને તેની રોટલી ચાર માસ સુધી ખાવી. અનુભૂત ઉપાય:-સંચળ, મીઠું, સિંધવખાર, કાળાં મરી અને કાળી જીરી સમાનભાગે લઇ ઝીણું વાટી લિંબુ નંગ ૦॥ ઉપર ખૂબ ભભરાવી; આંગળીથી દાબી તેને ગરમ કરવું. એ દવા ગરમ થઇ લિંબુના રસમાં રસબસ થયા પછી દરદીને ચૂસાડવું. આમ બબ્બે કલાકે કરવાથી ઉદરનો વાગોળો સત્વર બેસી જાય છે. આ અનુભવસિદ્ધ છે.

અને ચાર ચાર માસા એકત્ર કરી ગરમ પાણીમાં આપવું.+

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આદુ–૩૧, એરંડો–૪૦, કઠ–૨, ખેરેતી–૭, ગુગળ –૧૮, ચુકો–૧, તુવરફળ–૧, નાકછીંકણી–૩, પીલુ–૧, બીલી–૨, બીવલો–૪, મરી–૧૩, મિરજોળી–૪, લવંગ–૧૦, લીંડીપીંપર–૧૪, ૨૭, વસુ–૨, ૭, શરપુંખો–૭, શિકેકાઇ–૧, સમેરવો–૧, સાટોડી–૭, ૧૭, સાત્વીન–૩, હરડે–૪૪.

રક્તગુલ્મનાં લક્ષણ:—સ્ત્રી નવી સુવાવડી હોવાથી અથવા અપક્વ ગર્ભપાત થવાથી કિંવા ઋતુકાળે અપથ્ય પદાર્થ સેવવાથી, વાયુ તેના ગર્ભાશયને ઠેકાણે લોહીને જમાવી શૂળ અને દાહથી યુક્ત એવા ગુલ્મને ઉત્પન્ન કરે છે. આ ગુલ્મ ઘણા દિવસ પિંડીભૂત હોવા છતાં અવયવ નહિ એવા ગર્ભ જેવાં દુખણાં કરે છે; શૂળયુક્ત હોય છે; ગર્ભનાં લક્ષણો, જેમકે આર્તવપ્રતિબંધ, સ્તનની ડીંટડી ઉપર કાળો વર્ણ, ઈત્યાદિથી યુક્ત હોય છે. એની ચિકિત્સા દશ મહિના પછી કરવી.

રક્તગુલ્મ ઉપર:—(૧) દંતીમૂળ, હીંગ, જવખાર, કડવી તુંબડીનાં બીઆં, લીંડીપીંપર અને ગોળને થુરીઆના દૂધમાં ખરલ કરી તોલા પ્રમાણે ગોળી કરી ભક્ષણ કરવી; એટલે રક્તગુલ્મનો નાશ થાય છે અને ગયેલો અટકાવ પણ આવે છે. (૨) ખાખરાના ક્ષારવડે ઘૃત સિદ્ધ કરી તે પ્રાશન કરવું. (૩) શતાવરી, કરંજાની છાલ, દારુહળદર, ભારંગમૂળ અને લીંડીપીંપરનું ચૂર્ણ તલના કાઢા સાથે પાવું. (૪) તલનો કાઢો, ગોળ અને ઘી, એમાં સુંઠ, મરી, લીંડીપીંપર અને ભારંગમૂળનું ચૂર્ણ નાખી પાવો; એટલે રક્તગુલ્મ અને નષ્ટાર્તવનો નાશ થાય છે. (૫) ભારંગમૂળ, લીંડીપીંપર, કરંજાની છાલ, પીંપળીમૂળ અને દેવદારનું ચૂર્ણ, તલના કાઢા સાથે પાવું. (૬) મુંડી અને વંશલોચનનું ચૂર્ણ સાકર અને મધમાં મેળવી રક્તગુલ્મ ઉપર રેચ માટે આપવું. (૭) અરીઠાના પાણીમાં કડવી ઇંદ્રવરણીનાં મૂળીઆં ઘસી આપવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**રક્તગુલ્મ માટે:**—અરિઠા–૧૨, આકડો–૨૮, ઇંદ્રવરણાં–૧૭, તલ–૨૦. **વાતગુલ્મ માટે:**—અળવી–૪, આશેત્રી–૧, ઇંદ્રજવ–૨૨, કાંચકી–૫, તજ–૫, પીંપર–૧, મોરવેલ–૩, રતનજોત–૧, લીંડીપીંપર–૨, સરગવો–૫, હિંગ–૧. **પિત્તગુલ્મ માટે:**—નસોતર–૬, રેણુકા–૩, હરડે–૧૧. **કફગુલ્મ માટે:**—અજમો–૭. **ત્રિદોષગુલ્મ માટે:**—અરણી–૬, ગોરખમુંડી–૭, વાયવરણો–૨.

પથ્ય:—જૂના ચોખા, દૂધ, કળથી, દાડમ, આમળાં, લિંબુ, છાશ, લસણ, કુમળો મૂળો, ચાંકવત, સરગવો, હિંગ અને ગરમ અન્ન. **અપથ્ય:**—અડદ, જવ, મીઠાં ફળ, વેંગણ, કોહળું, મૂળા, દ્વિદલધાન્ય (કઠોળ), જડ અન્ન અને તેલવાળા પદાર્થ.

૨૫–ચાંદી–ગરમી–ટાંકી (ઉપદંશ)

કારણ:—જે સ્ત્રીઓ ઘણા પુરુષોથી સંગ કરે છે એવી સ્ત્રીઓનો સંગ થવાથી; મૈથુન પછી શિશ્ન ન ધોવાથી; રજસ્વલા, સુવાવડી અને રોગી સ્ત્રીઓનો સંગ કરવાથી; અથવા શિશ્નની જગાએ હાથ, નખ અને દાંત એનો કઠોર સ્પર્શ થવાથી આ રોગ થાય છે.†

+ ગુલ્મરોગમાં વજ, ક્ષાર, કુમારી આસવ, હિંગાદિ ચૂર્ણ, વચાદિ ચૂર્ણ, દંતી હરીતકી, કાંકાયન ગુટીકા, ગુલ્મકાલાનલ રસ, પંચાનન રસ, નારાચ ઘૃત, અગ્નિકુમાર રસ, ગુલ્મકુઠાર રસ, તામ્રભસ્મ, ચિત્રકાદ્ય ઘૃત વગેરે ખાવા માટે અપાય છે. ગુદામાં રાખવા માટે નીચે લખેલી ગુલ્મહરીવર્તિ અપાય છે:–

ગુલ્મહરીવર્તિ:—ગુલ્મરોગમાં જ્યારે મલાવરોધ હોય ત્યારે મીઠું, આદુ, સરસવ અને કાળાં મરીનું બારીક ચૂર્ણ કરી ગોમૂત્રમાં બત્તી બનાવી સુકાવી લેવી અથવા ગોળમાં બત્તી બનાવી ઉપયોગમાં લેવી.

† યદ્યપિ આ રોગને લોકો "ગરમી"ના નામથીજ ઓળખે છે, પરંતુ તેના ઉપર ઠંડા ઉપચાર

લક્ષણો:—ઇંદ્રિય ઉપર અને અંદરની બાજુએ ચાંદી પડવી અને મણિનો કડો (ઉપરનો ભાગ) સૂજવો, બંને બાજુની જંઘાનાં મૂળોમાંના નળની મુખની નીચેની ગાંઠ સૂજી મોટી થવી, એટલે જેને બદ કહે છે તે થવું અને તે પકવદશાએ આવી ફુટયા પછી સર્વ શરીરમાં લોહીનું દુર્ગંધ-યુક્ત રસી થઈ વહી જવું, ધાતુસ્થાન બગડવું તથા તે યોગે બધા શરીરમાંનું લોહી દૂષિત થઇ સર્વ શરીર ઉપર અને હાથ, પગ, અંડ તથા મુખ ઉપર નાયટાં જેવી ચાંદીઓ પડી તેનું પરિણામ દુસ્તર વ્યાધિ જેવું (મહારોગ જેવું) થવું અને અતિશય દુઃખે (ગરમીએ) લિંગનાશ, કૃમિ, મૂત્રસંકોચ, મૂત્રનું ઝરવું, ગાંઠ ઇત્યાદિ વિકાર અને તણુખા ઇત્યાદિ લક્ષણો થાય છે.

ઉપદંશથી થનારાં પરિણામ:—આ રોગ ઉપર તુરત ઉપચાર કરવા. ઉપદંશના યોગે મુખત્વે કરી શરીરમાંનું શુક્ર અને શોણિત (ધાતુ અને લોહી) બગડી પહેલાં સર્વ વીર્યનો નાશ થાય છે, પછી લોહી શોષણ થાય છે. સંતતિનો અભાવ થાય છે. શક્તિ ક્ષીણ થયા પછી શરીર ધોળું નિસ્તેજ થાય છે. અરુચિ, અત્યાહાર એ લક્ષણો થઇ શરીરમાં તાવનો સંચાર થાય છે, તેમજ ઉધરસ ઉત્પન્ન થાય છે અને સર્વ હાડકાંમાંનું તેજ નષ્ટ થઈ ક્ષયરોગ ઉત્પન્ન થાય છે. બદ થયેલું હોય તેજ વખતે યોગ્ય ઉપચાર થઇ ન બેસી જાય અથવા ફુટી તેમાંનો દમ નીકળી જઇ તેનો ઉપશમ ન થાય, તો ગરમી શરીરમાં મરી બધું અંગ, વૃષણ અને ઇંદ્રિયે ચાંદી પડી, તે ફુલવા લાગી તેમાંથી દુર્ગંધયુક્ત પરૂ અને પાચનો સ્રાવ થાય છે, તે યોગે શરીરનું સર્વ લોહી બળી જઇ શોષણ થાય છે. શરીરને દુર્ગંધી આવવા લાગે છે, દાંતો ઉપર મળ ચોંટે છે, પેટમાં કીડાનો સંચય થાય છે, જ્વરોદ્ભવ થાય છે, પગે સોજો આવે છે અને તેવાંજ પરિણામ થાય છે.

ફિરંગોપદંશની સંપ્રાપ્તિ અને લક્ષણ:—ફિરંગ નામના દેશમાં એ રોગ ઉત્પન્ન થાય છે. ફિરંગી લોક આ દેશમાં આવ્યાથી એ રોગનો પ્રાદુર્ભાવ થયો. આ રોગ જે સ્ત્રીને અથવા જે પુરુષને થયો હોય તેનો અતિ સહવાસ કરનારાં જે માણસ હોય તેમને પણ એ થાય છે. **તેના પ્રકાર:-બાહ્યફિરંગ**—શરીર ઉપર વિસ્ફોટકના જેવા ફોડકા અને તેને ઠેકાણે વેદના મંદ, તે ફોલ્લા ફુટવાથી વ્રણ જેવા જણાય છે. એ સુખસાધ્ય છે. **આભ્યંતર ફિરંગ:**—એમાં શરીરની અંદર સંધિને ઠેકાણે ફોલ્લા થઇ ફુટી વ્રણ થાય છે અને તે ઘણા દિવસ રહે છે; તેથી વેદના ઘણી થાય છે. આ રોગ કષ્ટસાધ્ય જાણવો. એ બંનેનાં લક્ષણે જે યુક્ત હોય છે તે બાહ્યાભ્યં-તર જાણવો. ફિરંગોપદંશના સાધારણ ઉપદ્રવ:-કૃશપણું, બલક્ષય, અગ્નિમાંદ્ય, દુર્ધર વ્રણ, નાકનું ઝરવું અને હાડકું વાંકું થવું, એ ઉપદ્રવો જાણવા.*

કરવાથી હાથપગના સાંધા ઝલાઇ જઈ રોગી વાયુની સખત બિમારી ભોગવે છે; માટેજ એના ઉપર ગરમ ઉપચારો કરવા. એ રોગવાળાને મૂત્રરેચ પણ અવશ્ય આપવા.

વાતોપદંશથી કાળા રંગની ફોડલીઓ થઇ પીડા થાય છે તે ફોડલીઓ ફૂટે છે અને તેનું સ્ફુરણ થાય છે. પિત્તોપદંશથી પીળા રંગની ફોડલીઓ થઇ બળતરા બળી તેમાંથી પાણી ઝરે છે. કફોપદંશથી સફેદ રંગની મોટી ફોડલીઓ ઉઠી વલૂર છૂટે છે, સોજો આવે છે અને જાડું પરૂ વહે છે. સન્નિપાતોપદંશથી ઘણા પ્રકારની વેદના થાય છે અને પરૂ ઝરે છે. રક્તોપદંશથી ફોડલીઓ માંસના જેવી લાલ રંગની થાય છે. એમ એ રોગ પાંચ પ્રકારનો છે.

ચાંદી અને ટાંકી એ બન્નેને ઘણા ખરા વૈદ્યો એકજ માને છે; પણ તે ભૂલ છે. તેની જુદી જુદી ઘણી જાતો છે. જે ચામડી શિશ્નના મણિછત્ર પર ઢંકાયેલી રહે છે, તેમાં ચાંદી થઇ તે સૂજી જાય છે તેને સોભગ (નરમ ચાંદી) કહે છે. મણિછત્ર પર થયેલાં ચાંદાં તે પ્રસરતી ચાંદી નામથી ઓળખાય; અને તે મણિછત્રનાં ચાંદાંથી જ્યારે ઇંદ્રિયમાં આરપાર ઝીણા શાર પડી જાય તેજ ટાંકી અથવા સડાવાળી ચાંદી કહેવાય છે. આ ત્રણે દરદીને એકબીજાથી વધારે સતાવનાર છે.

* ભાવમિશ્રે ભાવ પ્રકાશમાં ઉપદંશરોગ ઉપરાંત "ફિરંગ"નું વર્ણન કરેલ છે. જે ઉપદંશ રોગમાં પ્રથમ વીર્ય તથા લોહી ખરાબ થઇ પછી સર્વ ધાતુઓને દુષ્ટ કરે છે તેને "ફિરંગ" કહેલ છે. આ ફિરંગ રોગ અંદર અને બહાર બંને પ્રકારથી ઉત્પન્ન થયેલ ક્ષીણ શરીરવાળા મનુષ્યનો જૂનો થાય તથા ઉપદ્રવયુક્ત હોય તો અસાધ્ય છે.

ઉપદંશ ઉપર ઉપચારઃ—પહેલાં રેચ આપવો. (૧) વરધારા, ભીલામા નંગ ૩, સુંઠ, બાળહરડે, આસગંધ અને ચોબચીનીનું ચૂર્ણ કરી ૧ તોલો છાશમાં નાખવું; અને તેમાં ૧ તોલો ગોળ મેળવી આપવું. (૨) કાચકીનાં પાંદડાંનો રસ કાઢી તેમાં ઘી નાખી તે ૭ દિવસ આપવો. (૩) રાતી ચણોઠીનાં પાંદડાંના રસમાં જીરાની ભૂકી અને ખડીસાકર નાખી તે ૭ દિવસ આપવો, પથ્ય ઘઉં અને તુવેરની દાળ અલૂણી. (૪) કડવા લીમડાનાં પાંદડાં અને ખડીસાકર એકત્ર વાટી સવારે ૭ દિવસ ખાવા આપવાં. પથ્ય ઉપર મુજબ. (૫) અઘેડાનાં ઝાડ મૂળસુદ્ધાં ઉપાડી લાવી પછી તેનાં મૂળ કાપી નાખવાં અને રહેલા છોડનો રસ ૪ તોલા કાઢી તેમાં જીરાની ભૂકી પૈસાભાર નાખી ૭ દિવસ આપવો. પથ્ય ઉપર મુજબ. **ઉતારઃ**—જાસવંદ (જાસુંદી) અથવા બોરનાં પાંદડાં-

---

ઉપદંશરોગમાં કહેલાં ઔષધિ ફિરંગ રોગમાં અપાય છે. ભાવ પ્રકાશમાં રસકપૂર, સમશાલિ વટી તથા તેવા પ્રકારની અન્ય ઔષધિ આપવાનું લખેલ છે. ફિરંગ રોગ જવા પછી પણ ચોપચીનીનું ચૂર્ણ, પાક અથવા અવલેહ બનાવી લોહી સારી રીતે શુદ્ધ થાય ત્યાંસુધી સેવન કરવાની જરૂરત રહે છે. લોહીમાં દોષ રહી જાય તો જીવનપર્યંત સાંધાઓમાં દરદ રહે છે. તેમજ દાંત અને હાડકાં નબળાં થઈ જાય છે.

× (૧) ઇંદ્રિયને જખમ થયો હોય તો કપીલો સરસીઆ તેલમાં મેળવી ચોપડવો, અથવા મેંદી સરસીઆ તેલમાં મેળવીને ચોપડવાથી રૂઝ આવે છે; અથવા ચોમાસામાં મનાડીના ટોપ જેને ફારસીમાં સમારગો અને સિંધીમાં ખુંભો કહે છે તે ટોપ લીલો હોય છે ત્યારે સફેદ હોઇને સૂકાયા પછી કાળો થએલો હોય છે, તે સમૂળ ઉખેટી લાવી તેનો ભૂકો લીલા જખમ ઉપર મૂકે તો આરામ થાય. (૨) પહેલોઃ—ચાંદીનાં ગમે તેવાં મોટાં ધારાં પડયાં હોય અને મોટા ફોડલા થયા હોય તે ઉપર હીમજી હરડે તોલા ૮, રસકપૂર તોલા ૪, દાડમનાં સૂકાં ફૂલ તોલો ૧, બોદારસિંગ, જાયફળ, એલચી, ધાણા, લવંગ અને મરી, એ સર્વે એકેક તોલો લઇ ખાંડી ઝીણાં કરી ૧૦૦ લિંબુના રસમાં ખરલ કરવું. લિંબુનો રસ ખરલ કરતાં સૂકાય ત્યારે સોપારી જેવડી મોટી ગોળીઓ વાળી તેમાંથી એકેક ગોળી સવાર સાંજ ખાય તો આરામ થાય. એ ઉપર મીઠું ખાવું નહિ, મોળું ખાવું. બીજોઃ—બોદારશિંગ તોલો ૧, દાડમની છાલ તોલો ૧ અને ગોળ તોલા ૨, લઇ પહેલી બે વસ્તુઓને ખાંડી ઝીણી કરી તેની ગોળી ૮, ગોળમાં વાળી એકેક ગોળી સવારસાંજ ખાય અને ઉપર ગાયનું ઘી શેર ॥ ખાય તો દિવસ ૧૪માં આરામ થાય છે. ત્રીજોઃ—હીમજી હરડે ૨ તોલા, ફુલાવેલું મોરથુથુ ૧ તોલો અને સાકર ૧ તોલો લઇ ખાંડી લિંબુ ૧૦૦ના રસમાં ખરલ કરી ચણીબોર જેવડી ગોળીઓ વાળી, તેમાંથી ગોળી ૧ ટાઢા પાણી સાથે ગળાવવી. બીજા દિવસે બે, અને ત્રીજા દિવસે ત્રણ લેવી. એમ જયાંસુધી એ દવાથી ઉલટી ન થાય ત્યાંસુધી એકેક ગોળી વધારતાં જવી. જેટલી ગોળીથી ઉલટી થાય તેથી એક ગોળી ઓછીની દરરોજની માત્રા સમજવી. થએલ ઉલટી બંધ કરવાને તુરત શેકેલા ચણા ખવરાવવા. એથી ટાંકીનો આજાર તથા શરીરમાં ગમે તેવા ફોડલા કે નારૂ (કાણું) હોય તે મટે. જો ઉલટી થાય, તો ઉલટી રોકવા માટે શેકેલા ચણા ખાવા. ટાંકીના દરદમાં મોઢું આવે તો ઘણો ફાયદો થાય. દરદને જડમાંથી કાઢે. ચોથોઃ—લવંગ તોલો ૧, બોદાર તોલો ૧, ખરેંટીનાં પાંદડાં તોલા ૩, માણસની હાડકી તોલો ૧, એ સર્વનો પાતાળયંત્ર વડે અર્ક કાઢી ચોપડવો. એ ઇંદ્રિયની તથા શરીરની ચાંદીને આરામ કરે છે. પાંચમોઃ—રસકપૂર તોલો ૧, લવંગ તોલો ૧, ખુરાસાની અજમો તોલો ૧, સોપારી ચીકણી તોલો ૧, નાગરવેલનાં પાન ૨૫, એલચી તોલો ૧, એ સર્વેને ખરલમાં વાટી ચણા જેવડી ગોળી કરી બકરીના દૂધ સાથે ગોળી ૧ ખવરાવવી. એથી હાથ, પગ, જીભ, મોઢું વગેરે અંગોમાં ગરમી નીકળશે નહિ. છઠ્ઠો પ્રકારઃ—રૂમી મસ્તકી તોલા ૨॥ અને આવળનાં સૂકાં ફૂલ તોલો ૦॥ વાટીને ચાળી ચાંદી ઉપર ભભરાવવું. સાતમો પ્રકારઃ—ઝીલડાને બાળી ભભરાવે તો મટે. અથવા માણસના હાડકાની રાખ ટાંક ૫ અને બેરજો ટાંક ૫ વાટી કાગળથી ચોપડે તો શાંતિ થાય. આઠમો પ્રકારઃ—રાળ, કાથો, મનુષ્યની હાડકી, કોડી, મોરથુથુ, હીરાદખણ, એ સરખે ભાગે લઇને ઘી સાથે મલમ કરી ચોપડવો. નવમો પ્રકારઃ—મોરથુથુ અને જૂની ઈંટને વાટી ચાંદી ઉપર ભભરાવવી.

નો રસ આપવો. એટલે આગ મટશે. (૬) ઝિંઝરૂટીનાં પાંદડાં એક મુઠી વાટી તેમાં થોડું જીરૂં અને ધાણા નાખી ૭ દિવસ આપવાં. (૭) શિવલિંગીના વેલાનો રસ ગાયના દૂધમાં ૪ તોલા-પર્યંત મેળવી તેમાં જીરૂં અને સાકર નાખી આપવો. (૮) કડવાં પરવળ, કડવો લીમડો, હરડે, આમળાં અને કરીઆતાનો કાઢો આપવો, કિંવા ખેર અને અસાણાનો કાઢો ત્રિફળાં સહિત કિંવા ગુગળ સાથે પાવો; એટલે સર્વ પ્રકારના ઉપદંશનો નાશ થાય છે. (૯) આંબાની છાલનો ૪ તોલા સ્વરસ લઇ ૧૬ તોલા બકરીના દૂધમાં નાખી ૭ દિવસ પ્રાશન કરવો. તે ઉપદંશ-વ્રણને હિતકારક થાય છે. (૧૦) જાઇનાં કુમળાં પાંદડાંનો સ્વરસ ૨ તોલા, ગાયનું ઘી બે તોલા અને કિંચિત્ રાળ નાખી તે સવારે સેવન કરવું; એટલે પાંચે પ્રકારના ઉપદંશનો નાશ થાય છે. એ ઉપર ઘઉં અને ઘીની પથ્ય કરવી. (૧૧) આકડાનાં અને રિંગણીનાં મૂળની છાલ, હિંગળોક, હરતાલ અથવા ભીલામો એકત્ર કૂટી ચલમમાં નાખી હોકામાં પીવા આપવી, એટલે મોઢું આવશે. પછી રોગ સારો થયા પછી ફટકડી અથવા ખેરની છાલ અને બાવળીઆની છાલ ઈત્યાદિનો કાઢો કરી તેને લૂગડાથી ગળી કોગળા કરાવવા.

શરીરમાં જામેલી ગરમી નીકળી જવા માટે:—ખાવાની ઔષધિઃ-(૧) ગોખરૂ ૧ તોલો, કંકોલ ૦।। તોલો અને ખડીસાકર ૧ તોલો, એનો અષ્ટમાંશ કાઢો આપવો. (૨) સતત એક વર્ષપર્યંત વાંકેરીનું બીજું ગાયના દૂધમાં ઘસી દરરોજ એક વખત સેવન કરવાથી, શરીર ઉપર ઉઠેલા ડાઘ અને સાધારણ ચાંદીઓ સારી રીતે સારાં થઇ શરીરમાંનું લોહી શુદ્ધ થાય છે; એટલુંજ નહિ પણ ક્ષય, નાડીવ્રણ ઇત્યાદિ વિકારો ઉપર એ દિવ્ય ઔષધ છે. જે રોગીના શરીર પર ચાંદીઓ ઉઠતી હોય તેને આજ ઔષધ ઠંડા પાણીમાં ઘસી ઉપર ચોપડવું. (૩) ઉંબરાનાં મૂળ સાધારણ જંઘા જેવડાં મોટાં હોય તે જગ્યા ખોદી મૂળ મોકળાં કરવાં. તે મૂળ નીચે એક વાસણ રાખી કરવતથી તે મૂળ વહેરવું. એ પ્રમાણે સાંજે કરવાથી ચાર પહોર રાત્રિમાં તે વાસણમાં ઉંબરાનો દ્રવ ટરશે, તે વસ્ત્રગાળ કરી બાટલીમાં ભરી રાખવો અને રોગીની શક્તિ અનુસાર ૪ તોલાપર્યંત લઇ તેમાં જીરાની ભૂકી અને ખડીસાકર ૧।। તોલા પર્યંત નાખી સૂર્યોદય થયા પછી સવારે અને સૂર્યાસ્ત થયા પહેલાં બે ઘડી દિવસ હોય તે વેળા સાંજે, એ પ્રમાણે એક અઠવાડીઉં આપવાથી સારો ગુણ આવે છે. રોગી સશક્ત અને ઉષ્ણ પ્રકૃતિનો હોય તેનેજ આ ઔષધ આપવું. એ ઔષધથી તણુ-ખીઓ પ્રમેહ પણ જાય છે. પથ્ય—ફક્ત ઘઉંની રોટલી, ઘી અને સાકર. (૪) ધોળા કમળનો કંદ લાવી સ્વચ્છ ધોવો અને કૂટવો; એટલે તેમાંથી જે રસ નીકળે તે શક્તિ અનુસાર પાશેરપર્યંત લઇ તેમાં આસુંદરાની અંતરછાલનું ચૂર્ણ અને ગાયનું દૂધ નાખી સર્વ મિશ્રણ સરખું કરવું. પછી જીરૂં અને ખડીસાકરનું ચૂર્ણ નાખી આપવું. (૫) ચોપચીનીનું ચૂર્ણ આપવું. (૬) ચોપ-ચીનીનો પાક આપવો.

ગરમીની ચાંદી (ઉપદંશ) ઉપર ઉપચાર (લગાડવાની ઔષધિ):—(૧) કરેણનાં મૂળ વાટી તેનો શિશ્ન ઉપર લેપ કરવો; એટલે ઉપદંશ સંબંધી અસાધ્ય પીડા પણ દૂર થાય છે. (૨) વિલાયતી ધંતુરાનું અથવા મોગલી એરંડાનું દૂધ (રસ) ચાંદી ઉપર ચોપડવું; એટલે ચાંદી જલદી ભરાઇ આવે છે. (૩) ત્રિફળાંના કાઢાએ અથવા ભાંગરાના રસે વ્રણ ધોવું. (૪) મોચરસ, ચીકણી સોપારીની રાખ, બોરડીની છાલનું ચૂર્ણ, શંખજીરૂં, એ ઔષધો ઝીણાં વાટી તેનું ચૂર્ણ ક્ષત ઉપર લગાવી બાંધવું. (૫) ધોળો કાથો અને ચીકણી સોપારીની રાખનું ચૂર્ણ ક્ષત ઉપર નાખવું. (૬) રસકપૂર, ધોળો કાથો, મુરદારશિંગ, શંખજીરૂં, માયફળ (માયાં) અને સોપારીના કોલસા, એ ઔષધો ઝીણાં કરી ઘીમાં ખરલ કરી ચોપડવાં. (૭) મોહળનું મીણ, સિંદૂર અને બોડી અઘાડીનો ક્ષાર એકેક તોલો લઇ આઠ તોલા ઘીમાં કઢવી, જાડું થયા પછી ઉતારવું. એ મલમ ચોપડ-વાથી ગરમીની ચાંદીઓ, વ્રણ, નાડીવ્રણ (હાડવ્રણ) સારાં થાય છે. (૮) ગોપીચંદન અને મોરથુથુ પાણીમાં ખરલ કરી ચોપડવું. (૯) શંખજીરૂં લિંબુના રસમાં વાટી ચોપડવું; અને ગોખરૂની ભૂકીની ધૂણી આપવી. (૧૦) હિંગળોક, આકડાનાં અને રિંગણીનાં મૂળની છાલ, એની ધૂણી આપવી

અથવા ધૂમ્રપાન કરાવવું; એટલે સર્વ વ્રણ, ઉપદંશવ્રણ, પ્રમેહ અને અમ્લપિત્તનો નાશ થાય છે.×*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**ઉપદંશ** માટે:—અઘેડો-૧૮, અળઇ-૩, આવળ-૫, આંબો-૧૪, ઉંબરો-૧૩, કરેણુ-૨, કારિંદા-૩, કાંચકી-૩, ખેર-૧, ચણોઠી ૧૩, ૧૮, ચંબેલી-૭, ચોપચીની-૧, ઝિંઝરૂટ-૨, દાડમ-૧૫, નાઉળ-૩, પીંપળો-૧, બાવળ-૧૮, ભાંગરો-૧, મંદાર-૨, રતનજોત-૯, રેમફળ-૨, લીમડો (કડવો)-૩૬, વાંકેરી-૧. **ઉપદંશ વ્યાધિએ સાંધા પકડાય તે માટે**:—વાસનવેલ-૮. **ગરમી‡** માટે:—અજમો-૫, ઉપરસાલ-૩, કાકડી-૭, કાતરવેલ-૧, કારિવણા-૪, કાંડોળી-૪, ખીજડો-૭, ગોખરૂ મોટા-૧૧, ડમરો-૨, ડુંગળી-૧૧, ધોળો મરવો-૧, લીમડો (કડવો)-૬, વાંકેરી-૩, શિમળો-૪. **આગંતુક ગરમી** માટે:—ગોમેટો-૧, ચણકબોબા-૪, મરવો-૯, સાગ-૪, સુખડ-૭. **સર્વ પ્રકારની ગરમી** દૂર થવા માટે:—અરલુ-૭, આંબો-૧૮, કમળ-૨, કરિયાતું-૧, કાંડવેલ-૧, કેવડાનું ઝાડ-૫. **ગરમીના યોગે શરીરે ચાંદાં થાય તે માટે**:—અરલુ-૮, અરિઠા-૭, કડવી કવઠ-૧, કપૂર-૬, કાંટી ગોખરૂ-૪, ખપાટ-૨, ગલકી-૪, ગોરખ આમલી-૫, પીળો ધંતુરો-૩, મુગવેલ-૨, મોગલી એરંડો-૫, મોરવેલ-૧, લસણ-૧૯, શરસડો-૬, સોનારવેલ-૨, હરડે-૧૮. **ઇંદ્રિય લાલ થાય કે ઉપર ચાંદીઓ થાય** તે માટે:—આમળાં-૩૪, તરબુચ-૪.

જુઓ **અનુભૂત** ઔષધ:—ઔષધિક્રિયાની ગુટિકાપ્રયોગની ટીપણીમાં નં. ૫, રસાયનની ટીપણીમાં નં. ૧, મલમની ટીપણીમાં નં. ૯, ૧૦, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૬.

બદ:—ગરમી અંદર થઇ શિશ્નની ઉપરની સંધિમાં લાંબી ગાંઠો આવે છે તેને બદ કહે છે.

× આ પ્રયોગમાં કોઇ કોઇ રિંગણીના મૂળને બદલે ચણકબોબા વાપરવાનું કહે છે. જે પ્રયોગમાં હિંગળોક, રસકપૂર વગેરે વાપરવા બતાવેલ છે, તે પ્રયોગોથી મોઢું આવી મોઢેથી અત્યંત લાળ પડે છે, રોગી ભારે હેરાન થાય છે; અને જેમ જેમ લાળ પડે છે, તેમ તેમ તેના શરીરમાંથી વ્યથા નીકળતી જાય છે. વખતે અનાડીના હાથથી એ પ્રયોગ થવા પામે તો દરદીનો જીવ પણ જાય છે. એથી એમાં ધૂમાડો આપવાની કે ધૂણી પાવાની રીત ગ્રંથકારો બતાવતા નથી. કેમકે એ પ્રયોગ ઘણો સાવચેતીથી કરવા જેવો છે; માટે ગુરુની રૂબરૂ અનુભવ મેળવ્યા સિવાય એવા પ્રયોગો કરવા નહિ. કેટલાક હિંગળોક, ઘી અને એલચીની ધૂણી પણ આપે છે, એનો ઉતાર તાંદળજાથી થાય છે. કોઇ પણ રસાયનપ્રયોગથી મોઢું આવેલું હોય તો આંબો, જાંબુ, બોરડીનાં મૂળ, બાવળ, આમલી, ગુંદી અને લીમડો, એ સાતની છાલના ઉકાળાના કોગળા કરાવવા. એ સાતમાંથી લીમડો અડધ ભાગે અને બાકી સમાન ભાગે લેવાં. એકલી બોરડીમૂળની છાલના કોગળાથી પણ શાંતિ થાય છે.

* (૧) ઉપદંશના નવા થયેલા દરદમાં દારૂડીના મૂળને પાણીમાં ઘુંટી પાણી ગાળી પીવું તથા દારૂડીનું દૂધ ચાંદી ઉપર ચોપડવું. આવી રીતે કરવાથી ૭ દિવસની અંદર ચાંદી નિર્મૂળ થાય છે. (૨) કેશરાદિ ગુટિકા જે રસકપૂરની ટિપ્પણમાં આપી છે તે લેવી. (૩) પારદ ભસ્મ ગંધકના તેજાબથી બનાવેલી લેવી. (૪) સોમલનાં ફૂલ શીરામાં ખાવાં અથવા દૂધની તરમાં ગોળી કરી ગળી જવી. (૫) પંચવલ્કલ ક્વાથથી, ત્રિફલા ક્વાથથી, ભાંગરાના રસથી અથવા રસકપૂરના પાણીથી ચાંદી વારંવાર ધોવી. રસકપૂર ૧ રતીમાં ૨૦ તોલા પાણી મેળવવું. આ ઉપરાંત ઉપદંશોપસિંહ રસ, નિંબપત્રાદિ ચૂર્ણ, ઉપદંશકુઠાર રસ, ચોપચીન્યાદિ ચૂર્ણ, રસશેખર, વરાદિ ગુગલ, ગંધકયોગ, ચોપચીની પાક વગેરે ખાવા માટે અપાય છે; તથા જાત્યાદિ તેલ, જાતિફલાદિ લેપ, તુત્થાદિ લેપ, તુત્થાદિ મલમ, કરંજાઘૃત, ગોજી તૈલ લગાડવા માટે અપાય છે તથા પ્રકરણમાં આપેલ ધૂમાડો અપાય છે.

‡ શરીરની અંદરની આતસને પણ ગરમી કહે છે, તેમજ આ ગ્રંથમાં મૂત્રાઘાતને પણ ગરમી કહેલ હોય એમ જણાય છે; પરંતુ ગરમી શબ્દથી ઉપદંશ (ચાંદી) જ ગ્રહણ કરવાનો બહુધા રિવાજ ચાલુ છે; તેથીજ અમે ગરમી શબ્દના ઉપાયોને વનૌ૦માંથી અહીં જુદા અનુસંધિત કર્યા છે; માટે સુજ્ઞ બંધુઓએ એ ઉપાયો વિચારીનેજ કરવા.

તેની ઉપેક્ષા થવાથી મોટા કષ્ટે અને ઘણા કાળે પાકે છે અને વેદના અતિ દુઃસહ થાય છે. બદ ઉપર ઉપચારઃ—(૧) સારી ગાંઠ બંધાય તોજ તેને પુષ્કળ જળો લગાડી લોહી કઢાવવું અને કડવા લીમડાનાં પાંદડાં થોડું પાણી નાખી વાટી તેમાં હળદર અને ઘી નાખી, ગરમ કરી ઉપર બાંધવું. (૨) ચુનો, પથ્થર, પાષાણભેદ અને ભીલામો એકત્ર બાળી તેની પટી લગાવવી. (૩) લસણ, ભીલામો અને શેકટાની છાલ એકત્ર વાટી ઉપર બાંધવી. (૪) ચિત્રાનાં મૂળ લિંબુનાં રસમાં ઘસી ચોપડવાં. (૫) ધૂપ, ગુગળ, એળીઓ, વછનાગ અને ચણોઠીની દાળ પાણીમાં ઘસી કિંચિત્ ગરમ કરી લેપ લગાવી તે ઉપર અસાળીઓ ચોપડવો. આ ઔષધ ઘણુંજ આકર્ષણ કરનાર અને ગાંઠ વેરનાર છે. (૬) ચીકણાના ઝાડનાં લાલ વર્ણનાં કુમળાં પાંદડાં લાવી ચંદન પ્રમાણે બારિક વાટી તેનો ગોળો કરી બદ પર લગાવી તે ગોળા ઉપર વારંવાર ઠંડુ પાણી નાખતા રહેવું. એ ઔષધથી કેટલીએક ગરમ ગાંઠ હોય તોપણ તે તુરત પાકી નરમ થાય છે અને તે ઉપર સળ પડે છે. (૭) ગાંઠ કઠણ હોય તો તેને કાથો અને રેવંચીનો શીરો, આકડાના દૂધમાં ઘસી દિવસમાં બે વખત ત્રણ દિવસ લેપ કરવો; એટલે ગાંઠ બેસે છે. (૮) ત્રિધારી થોરીઆનાં ઝાડનાં મૂળનો રસ ચોપડી, ઉપર તેજ ઝાડનાં મૂળ પાસેની માટી ચોપડવી; એટલે ત્રણ દિવસમાં ગુણ આવે છે. (૯) સાબુ, ચૂનો અને ભીલામો ઘસી લેપ કરવો; એટલે સર્વ પ્રકારની ગાંઠો બેસે છે.

પથ્યઃ—વમન, રેચન, જવ, ચોખા, મગની કણકી, ઘી, કારેલાં, પરવળ, કુમળા મૂળા, કડવા અને તૂરા પદાર્થ, મધ, તલનું તેલ. **અપથ્યઃ**—દિવસે નિદ્રા, મૂત્રરોધ, જડ અન્ન, મૈથુન, ગોળ, મહેનત, ખાટા પદાર્થ, તેલવાળા પદાર્થ, વાતુલ પદાર્થ.

२६–चित्तभ्रम (उन्मादरोग)

કારણઃ—ભય, શોક, કામ, ઇચ્છિત સ્ત્રી અગર પુરુષ એમની પ્રાપ્તિ ન થવી, વિરુદ્ધ ભોજન, બળવાન પુરુષાદિથી મસ્તી કરવી વગેરે કારણોથી અલ્પસત્ત્વગુણી પુરુષના વાતાદિ દોષ કુપિત થઇ પોતાનો નિત્યનો માર્ગ છોડી અન્ય મનોવાહિની જે નાડી, ત્યાંસુધી જઇ જ્યારે ચિત્તનો વિભ્રમ કરે છે ત્યારે તે રોગને ઉન્માદ+ એટલે ચિત્તભ્રમ કહે છે.

+ (૧) જે ઉન્માદથી રોગી વાતચીત સહન કરી શકતો નથી, ચીડાય છે, શરીરે અર્ધો નગ્ન ફરે છે, ઘડીમાં ભય પામે છે, નાસે છે, શરીર ગરમ રહે છે, શીતળ છાયામાં બેસવું ગમે છે, ઠંડા પદાર્થની ઇચ્છા કરે છે અને શરીરનો રંગ પીળાશ પકડે છે તે પિત્તોન્માદ. (૨) ઉપવાસાદિક કારણોથી વધી ગયેલો વાયુ, મનને ચિંતાતુર અને દુષ્ટ કરી બુદ્ધિ અને યાદશક્તિને નહિ જેવી કરી નાખે છે; એથી દરદીને કારણ વિના હસવું, પ્રસંગ વિના નાચવું, ગીત ગાવું, હસવું અને ભાષણ કરવું, હાથના ચાળા કરવા, લટકા કરવા અને રડવું વગેરે વિચિત્ર હાવભાવ પ્રગટે છે. રોગીનું શરીર ખરબચડું, પાતળું, તાંબાના રંગ જેવું થાય છે અને અનાજ પચ્યા પછી દરદ વધારે દેખાય છે તે વાતોન્માદ. (૩) જેનાથી રોગી વધારે બોલતો નથી, અનાજ ઉપર અભાવો, સ્ત્રીસંગ અને એકાંત ગમે છે, ઉંઘ ઘણી અને ઉલટી થાય છે, મોઢેથી લાળ પડે, જમ્યા પછી રોગ વધારે દાખવે અને જીભ, મૂત્ર, નેત્રાદિક સફેદ હોય તે કફોન્માદ સમજવો. (૪) ત્રણેનાં મિશ્ર લક્ષણવાળો ઉન્માદ સન્નિપાતોન્માદ કહેવાય છે. એ કેવળ અસાધ્ય છે. (૫) ભય કિંવા પ્રિય વસ્તુના વિયોગથી થયેલો ઉન્માદ શોકોન્માદ કહેવાય છે. એમાં દરદી ઇચ્છા પ્રમાણે બકે છે. વખત પર મનની ગુપ્ત વાત કહી દે છે; અક્કલ ઉલટાઇ જાય છે, ગાય છે, હસે છે અને છેક મૂર્ખ બને છે. આમ પાંચ પ્રકારના ઉન્માદ ચરકે બતાવ્યા છે. માધવનિદાનમાં જે રોગીની આંખો બહુજ લાલ–ઘટ્ટ લાલ બને છે; બળ, ઇંદ્રિયો અને શરીરની કાંતિ નાશ પામે છે; અત્યંત રાંક જેવો બને છે; મુખ કાળું પડી જાય છે અને બરાબર શુદ્ધિ રહેતી નથી તેને છઠ્ઠો વિષોન્માદ અને સાતમો ભૂતોન્માદ બતાવ્યો છે; તેમજ ભૂતોન્માદના પણ પંદર ભેદો બતાવ્યા છે. ચરકે તેને બદલે દેવોન્માદનો ઇસારો આપ્યો છે.

ઉપચારઃ-(જૈન ગ્રંથમાંથી) (૧) રાસના ટાંક–૨, બ્રાહ્મી ટાંક–૯, કરિયાતું–ટાંક ૨, ચવક ટાંક–૨,

લક્ષણ:—કારણ નહિ છતાં હસવું, ગાવું, નાચવું, પ્રીતિ કરવી, લજ્જા છોડવી, બુદ્ધિવિપર્યય થાય, રોવું, ઉંઘનો નાશ, એકાંતે જઈ કંઇ કહેવાથી ઉદ્વેગ કરવો અને ભ્રમ, એ લક્ષણો હોય છે. અસાધ્ય લક્ષણ:—જે રોગી મોઢું ઉપર કિંવા નીચે રાખી રહે છે, સર્વકાળ જાગ્રત રહે છે અને ક્ષીણ થઈ ગયો હોય તેને અસાધ્ય જાણવો.

ઉપચાર:—(૧) ગોથા (વાઈ) ઉપરનાં ઔષધો આપવાં. (૨) નવસાર અને ચુનો એકત્ર કરી દાબડીમાં ભરી તે સુંઘવાને આપવું. (૩) ધોળી ડુંગળીના રસનું અંજન કરવું. (૪) સુંઠ, મરી, લીંડીપીંપર, હીંગ, સિંધવ, ઘોડાવજ, કડુ, સરસવ, કરંજબી, ધોળો શિરસ, એ સમભાગ લઇ ગોમૂત્રમાં વાટી ગોળી કરી તેનું અંજન કરવું; એટલે ચોથીઓ તાવ, ઉન્માદ (ઉન્મત્ત વાયુ) અને ગોથું (વાઇ) દૂર થાય છે. (૫) રોગીને બાંધી રાખવો. સર્પ ઇત્યાદિ ભયંકર જનાવરો દેખાડી બીવરાવવો અને શરીરે સરસવનું તેલ ચોપડી ગરમીમાં બેસાડવો અથવા જમીન પર સુવાડવો. ગરમ પાણી તેના શરીર પર છાંટવું; કિંવા લોહાદિક તપાવી ડામ દેવાનો ભય દેખાડવો. (૬) બ્રાહ્મી, કોળું, ઘોડાવજ અને શંખાવળીનો અંગરસ જુદો જુદો કાઢી તેમાં મધ અને કોઠનું ચૂર્ણ મેળવી પાવાથી બધા ઉન્માદરોગ દૂર થાય છે. (૭) ધંતુરાનાં પાંદડાંનો રસ અથવા બીઆં ૪ અથવા ૫ ઘીમાં આપવાં. (૮) ધમાસાનો અથવા બાળહરડેનો કાઢો ઘી નાખી આપવો. (૯) દશમૂળનો કાઢો ઘી નાખી આપવો.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અગથીઓ-૩, કારિવાણા-૯, ડુંગળી-૨, તુવેર-૫, ધંતુરો-૧૦, પટોલકટુ-૯, બીજોરૂ-૧૫, ૨૦, બ્રાહ્મી-૧, મહૂડો-૧, મોથ-૯, વજ-૪, શંખાવળી-૧. જુઓ ગો૦ વૈ૦માં:-ઘી ૯.

પથ્ય:—ઘઉં, મગ, ચોખા, ધારોષ્ણ દૂધ, ઘી, જૂનું કોળું, પડવળ, ચાકવત, તાંદળજો, નાળિયેર, કોઠું અને ફણસ. અપથ્ય:—ગરમ ભોજન, મદ્ય (દારૂ), વિરુદ્ધાશન; તથા નિદ્રા, ક્ષુધા અને તૃષાનો રોધ કરવો, વ્યાયામ કરવો, કારેલાં અને ભાજીપાલો.

૨૭–જૂનો ઝાડો (संग्रहणी)

કારણ:—અતિસાર બંધ થવા છતાં અગ્નિ મંદ હોય છે. તેમાં વિરુદ્ધાહાર થાય તો તેથી

માલકાંગણી ટાંક-૨, લીંડીપીંપર ટાંક-૨, સુંઠ ટાંક-૨, પીંપળીમૂળ ટાંક-૨, અજમો ટાંક-૨ લઇ, પડીકાં ૭ વાળી એકેક પડિકું પાણી શેર ૧ માં ઉકાળી નવટાંક પાણી રહેથી ઉતારી ગાળીને પાવું. (૨) બ્રાહ્મીઘૃત:—બ્રાહ્મીનો રસ શેર પાંચ અને ઘી શેર ૫ ગાયનું, એ બેને એકત્ર કરી બરણી કે બાવટાના ધાનની કોઠીમાં દિવસ ૭ દાબી રાખવું. પછી ચૂલા ઉપર તાપે ચઢાવી રસ બળી જઈ એકલું ઘી રહે ત્યારે તેને ઉતારી લેવું. ઘી સિદ્ધ કરતી વખતે તેમાં દેવદાર ટાંક-૨, લવંગ ટાંક-૨, કાયફળ ટાંક-૨, ભારંગ ટાંક-૨, કાકડાશિંગ ટાંક-૨, ચવક ટાંક-૨, ખુરાસાની વજ ટાંક-૨, કાળીપાટ ટાંક-૨, મોથ ટાંક-૨, હરડે ટાંક-૨, બહેડાં ટાંક-૨, આમળાં ટાંક-૨, પીંપળીમૂળ ટાંક-૨, શતાવરી ટાંક-૨, અક્કલકરો ટાંક-૨, કંકોલ ટાંક,-૨, સુંઠ ટાંક-૨, લીંડીપીંપર ટાંક-૨, મરી ટાંક-૨, ચિત્રાછાલ ટાંક-૨ અને વરધારો ટાંક-૨ લઈ ઝીણાં ખાંડી કલ્ક કરીને નાખવાં. પછી તે ઘી રોજ ખાવું. (૩) અમે તો કહીએ છીએ કે "માલવાળા થવું હોય તો માલકાંગણી ખાઓ."

× ઉન્માદના રોગીને રોજ સવારે ૫ તોલા ઘી નવશેકું કરી પીવરાવવું. એક કલાક પછી ધંતુરામાં ૫ બીઆં શોધેલાં ખવરાવી ઉપર તાજું ગાયનું દૂધ પીવરાવવું. ત્રણ કલાક પછી ભોજન કરાવવું. બપોરના તાપ બહુ હોય ત્યારે શંખાવળીને બારીક ચટણી માફક વાટી સાકર તથા પાણી મેળવી ગાળીને પીવરાવવું. ભોજનમાં ઘી દૂધ વધારે આપવું. આવી રીતે ઔષધિ આપવાથી ઉન્માદરોગ થોડા દિવસમાં ચાલ્યો જાય છે. દારૂ અથવા તમાકુ પીવાનું વ્યસન હોય તો તે છોડાવી દેવું.

આ રોગમાં સારસ્વત ચૂર્ણ, સારસ્વત અરિષ્ટ, ઉન્માદગજાંકુશ રસ, ઉન્માદભંજન રસ, ભૂતાંકુશ રસ, બ્રાહ્મી ઘૃત, ક્ષીરકલ્યાણ ઘૃત, અશ્વગંધા અરિષ્ટ, ચ્યવનપ્રાશ અવલેહ, ચતુર્મુખ રસ વગેરે ખાવા માટે અપાય છે. અંજન તથા નસ્ય પ્રકરણમાં આપેલ છે.

કરી આમાંશ થઈ અગ્નિનું સ્થાન દુષ્ટ થાય છે. એથી આમરૂપ મળ પડવા લાગે છે, તેને સંગ્રહણી કહે છે. અતિસાર સિવાય પણ મિથ્યા આહારાદિકે કરી સંગ્રહણી થાય છે. જે સંગ્રહણી પ્રતિદિવસ આમનો સંગ્રહ કરી વારંવાર શૂળયુક્ત ક્ષુભિત થઇ આમ છોડે છે, તેનું નામ ન્યાસ ગ્રહણી.×

લક્ષણ:—આમ પડે છે તે આમને દુર્ગંધી તથા મરડો હોય છે, અને વાયુ વડે કરી ક્ષણે ક્ષણે બંધ પડે છે. પિત્તના યોગે ક્ષણે ક્ષણે પડવા લાગે છે. તે કાચો આમજ પડે છે અથવા તે આમનો પાક થઈ પડે છે.

પૂર્વરૂપ:—તરસ, આળસ, શક્તિક્ષીણતા, એ લક્ષણો થાય છે. જઠરાગ્નિ મંદ થાય છે તેટલા માટે અન્ન વિદગ્ધ થાય છે, એટલે બળતરા થયા જેવું થાય છે; તેથી તે અન્નોનો પાક જલદી થતો નથી અને શરીરને જડપણું ઇત્યાદિ લક્ષણો થાય છે.

ઉપચાર:—(૧) સુંઠના કલ્કમાં ઘી નાખી અગ્નિ ઉપર સિદ્ધ કરવું. તે વાયુનું અનુલોમન કરે છે અને સંગ્રહણી, પાંડુરોગ, બરોળ, ઉધરસ તથા જ્વરનો નાશ કરે છે. (૨) સંગ્રહણીની શાંતિને અર્થે સુંઠનું ચૂર્ણ નાખી છાશ પીવી. અન્ન હળવે હળવે કમી કરવું અને છાશ વધારતાં જવું; એટલે સુધી કે એકલી છાશનોજ અન્ન સિવાય આહાર થઇ શકે. મૈથુન અને ક્રોધ એ વર્જવાં. (૩) હીંગ, જીરૂં અને સિંધવ એણે યુક્ત કેવળ દહીં ભાગેલી છાશ આપવી; તે સંગ્રહણી, અર્શ, અતિસાર અને વાયુનો નાશ કરે છે. (૪) કુમળા બીલાના કલ્કમાં સુંઠનું ચૂર્ણ અને ગોળ નાખી આપવું અને છાશ તથા ભાત પથ્યને માટે આપવાં. (૫) અજમો, પીંપળીમૂળ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, સુંઠ, ધાવડીનાં ફૂલ, આમલી, લીંડીપીંપર તથા વાળો, એ એકેક તોલો અને

× અતિસાર થઇ મટી ગયા પછી જ્યારે રોગી ખાવા પીવાનો વિચાર રાખતો નથી, ત્યારે તેનો જઠરાગ્નિ બિગાડ પામી સંગ્રહણી રોગ ઉત્પન્ન કરે છે, તેને સંધરણી કે ગ્રહણી કહે છે. એનાથી તરસ, આળસ, દાહ, અપચો, શરીરનું ભારેપણું વગેરે થવા માંડી બળનો ક્ષયથાય છે. પછી જે ખાધું હોય તેનો આમ (કાચો ઝાડો) થઇને તે ગુદા વાટે પડે છે. વખતે પક્વ થઇને પણ પડે છે અને વખતે તે કઠણ કે પાતળો હોય છે. ઝાડો થતાં મરડો થાય છે.

એ રોગ વાત, પિત્ત, કફ, સન્નિપાત અને આમ, એ દોષોના કારણથી પાંચ પ્રકારનો છે. વાતાદિ દોષથી ઉત્પન્ન થયેલા સંગ્રહણીરોગમાં તે તે દોષનાં લક્ષણો જોવામાં આવે છે. (હવે પછીના 'ઝાડા'ના પ્રકરણમાં આ લક્ષણ જોવાં.) તે ઉપરથી કયા પ્રકારનો ગ્રહણી રોગ છે તે સમજાય છે. ત્રિદોષ સંગ્રહણીમાં ત્રણે દોષનાં લક્ષણ મિશ્ર હોય છે. આમસંગ્રહણીમાં આંતરડાં બોલે, આળસ અને દુર્બળતા થાય, ઝાડો નરમ, જાડો, ચીકણો, ધોળો, શબ્દ સહિત, કેડમાં વેદના સહિત અને થોડા મરડાસહિત આમવાળો થાય, દિવસે રોગ વધે અને રાત્રે શાંતિ માલમ પડે.

સુતેલા રોગીના પાસામાં શૂળ અને જળઘંટીયંત્ર જેવો શબ્દ થાય તેને ઘંટીયંત્ર નામે અસાધ્ય સંગ્રહણી રોગ કહે છે.

યુનાનીના મતથી એ રોગ બે પ્રકારનો છે. એકને આબી અને બીજાને આતસી કહે છે. જો આબી હોય તો તરસ થોડી હોય. કદી ઝાડો થાય અને કદી બંધ થાય. એના ઉપર (૧) રાળ ૬ પૈસાભાર, બુરાની ખાંડ ૩ પૈસાભાર, બાવચો ૨ પૈસાભાર, સુંઠ ૩ પૈસાભાર અને કંતાનનાં બીજ ૩ પૈસાભાર લઈ ઝીણું ખાંડી બબ્બે પૈસાભાર સવાર–સાંજ ફાકે તો આબી સંગ્રહણીનો રોગ મટે. (૨) એ દરદમાં ભાંગ પીએ તો ઠીક છે. (૩) ખસખસની પોસ્ત (જીંડવાં) હથેળી ભરીને ફાકે તો ફાયદો થાય. (૪) આ રોગમાં અફીણ ગુણકારક છે. જો આતસી હોય તો:—તેનું દિલ પાણી વાસ્તે તરફડે. દિલ તથા છાતીમાં બળતરા થાય. રાતદિવસ પાણીના જેવો ઝાડો થયા કરે. એ રોગને ઔષધિ ફાયદો ન કરે.

ચાંદી તોલો ૧ અને પરવાળાં તોલો ૧ લઇ ચાંદીનાં કંટકવેધી પતરાં કરી, એ બન્નેને ગોલીવાડનાં પાંદડાંના છુંદામાં લપેટી કુલડીમાં કપડમટી કરી ગજપુટ આપી ભસ્મ કરવી. એની યોગ્ય માત્રા માખણ સાથે આપવાથી દુરાગ્રહી સંગ્રહણી પણ નાશ પામે છે. સંગ્રહણી ઉપર કેટલાક લોકો ઘોડાચોળી અથવા અશ્વચોળી નામની ગોરખનાથજીની ગોળીઓ આપે છે.

સાકર ૭ ભાગ, એ બધાંનું ચૂર્ણ કરી રોજ એક તોલો આપવું. અને ઉપર બકરીનું દૂધ પાવું; એટલે સંગ્રહણી, પિત્તસંગ્રહણી અને પ્રવાહિકાનો નાશ થાય છે. (૬) જેને કષ્ટ વડે તથા કઠિન એવો મળ થાય છે તેને ઘીમાં મીઠું નાખી પાવું. (૭) **તાલીસાદિ વટી:**—તાલીસપત્ર, ચવક, મરી, એ ચાર ચાર તોલા; લીંડીપીંપર અને પીંપળીમૂળ એ આઠ આઠ તોલા, સુંઠ બાર તોલા, ચાતુર્જાત અને વાળો, એ એકેક તોલો, એ બધાંનું ચૂર્ણ તથા ચૂર્ણથી ત્રણગણો ગોળ મેળવી બે તોલાની ગોળી કરવી. તે ભક્ષણ કરવાથી કષ્ટતર સંગ્રહણી, ઉલટી, ઉધરસ, દમ, જ્વર, અરુચિ, સોજો, ગુલ્મ, ઉદર અને પાંડુરોગનો નાશ થાય છે. (૮) કાળી મુસળી છાશમાં કિંવા ચોખાના ધોવરામણમાં વાટી એક તોલો આપવી અને પથ્યને માટે છાશ તથા ભાત આપવાં. (૯) શંખભસ્મ અને સિંધવ સમભાગ લઈ ત્રણ માસાપર્યંત મધમાં ચટાડવું; એટલે મોટો સંગ્રહણીરોગ પણ નાશ પામે છે. (૧૦) કાંકાયન ગુટી આપવી. (૧૧) સાટોડીનાં મૂળીઆં, મરી, શરપંખો, સુંઠ, ચિત્રાનાં મૂળીઆં, બાળહરડે, કરંજની છાલ અને કાચાં બીલાંનો કાઢો કરી પાવો; એટલે દુઝણમસ, ગુલ્મ અને સંગ્રહણી, એ બધાંનો નાશ થાય છે. (૧૨) અતિવિષ, નાગરમોથ, વાળો, ધાવડીનાં ફૂલ, કડાની છાલ, લોદર અને પહાડમૂળનો કાઢો પાવો; એટલે સંગ્રહણી, સર્વ પ્રકારનો તાવ, અરોચક અને અગ્નિમાંદ્યનો નાશ થાય છે. (૧૩) **તાલીસાદિ ચૂર્ણ:**—તાલીસપત્ર, વજ, હળદર, ત્રિકટુ, પીંપળીમૂળ, ચિત્રકમૂળ, ચવક, આંબાહળદર, બીલાં, અજમોદ, કચોરાં, ચાતુર્જાત, લવંગ, ધાવડીનાં ફૂલ, અતિવિષ, જાયફળ, અજમો, પહાડમૂળ, મોચરસ, કોકમ, પંચલવણ (કાચલવણ, બીડલોણ, સિંધાલૂણ, સંચળ અને મીઠું), જીરૂં, શહાજીરૂં, વાવડીંગ, અમ્લવેતસ, આમલી, ત્રિફળાં, પિત્ત-પાપડો, જટામાંસી, આવળ, વાળો, એલચી, બ્રાહ્મી, જવાસા, ભોંયઆમળી અને કોઠ, એ સમભાગ તથા એ બધાંની બરોબર હરડે અને તે સુદ્ધાં બધાંની બરાબર સાકર મેળવી ચૂર્ણ કરવું. તે ૧૫ દિવસ લેવાથી **સંગ્રહણી, ક્ષય, ઉધરસ, દમ, અરુચિ, પ્લીહા, દુઝણમસા (હરસ)–દુઝતા મસા, ઝાડો, તાવ, વાયુ, સ્થૂલતા, પ્રમેહ, ગોથું, પાંડુ, ગોળો, ઉદરરોગ, કફજ વ્યાધિ, પિત્તજ વ્યાધિ, ચિત્તભ્રમ, આફરો, વિષૂચિકા, અગ્નિમાંદ્ય વગેરે સંપૂર્ણ રોગનો નાશ કરે છે. વળી તે પુષ્ટિ, આયુષ્ય, બળ, કાંતિ, બુદ્ધિ, સ્મૃતિ, ધારણા અને વાચાને** આપનારૂં છે. (૧૪) મસૂરના કાઢામાં બીલાંનું મગજ બાફીને આપવું. તે સંપૂર્ણ **કુક્ષિરોગ, સંગ્રહણી, પાંડુ અને કમળાનો** પણ નાશ કરે છે. (૧૫) દશમૂળ અને સુંઠનો કાઢો, સોજો તથા આમસંગ્રહણીનો નાશ કરે છે. (૧૬) **ભલ્લાતક ક્ષાર:**—બીલામો, ત્રિફળાં, ત્રિકટુ, સિંધાલૂણ, સંચળ, મીઠું અને ધુંવાસ, એ આઠ તોલા લઇ છાણાના દેવતામાં બાળવું. તેનો ક્ષાર ઘીમાં અથવા ભોજનમાં આપવો; એટલે **હૃદ્રોગ, પાંડુરોગ, સંગ્રહણી,** ગુલ્મ. **ઉદાવર્ત અને શૂળનો** નાશ થાય છે. (૧૭) ચવક, ચિત્રક, બીલાં અને સુંઠનું ચૂર્ણ છાશ સાથે આપવું; એટલે તે ઘણી દુષ્ટ સંગ્રહણીનો નાશ કરશે. (૧૮) સંચળ, ચિત્રક અને મરીનું ચૂર્ણ છાશ સાથે સેવન કરવું; એટલે સંગ્રહણી, ઉદર, ગુલ્મ, દુઝણમસ, અગ્નિમાંદ્ય અને બરોળનો નાશ થાય છે. (૧૯) **કપિત્થાષ્ટક ચૂર્ણ:**—કોઠું ૮ ભાગ, સાકર ૮ ભાગ તથા દાડમની છાલ, આમલીની છાલ, કુમળાં બીલાં, ધાવડીનાં ફૂલ, અજમોદ અને લીંડીપીંપર એ ત્રણ ભાગ અને મરી, જીરૂં, ધાણા, પીંપળીમૂળ, વાળો, સંચળ, અજમોદ, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, ચિત્રક, સુંઠ, એ તેર ઔષધો એક એક ભાગ, એ બધાંનું ચૂર્ણ કરવું અને તે આપવું. એ ચૂર્ણ કંઠરોગ, અતિસાર, ક્ષય, ગુલ્મ અને સંગ્રહણીનો નાશ કરે છે.*

* સંગ્રહણી રોગમાં ચિત્રકાદિ વટી, કલ્યાણગુડ, કૂષ્માંડ કલ્યાણગુડ, રસાંજનાદિ ચૂર્ણ, જીર-કાદિ ચૂર્ણ, કામેશ્વર મોદક, ગ્રહણીકપાટ રસ, ગ્રહણીગજેંદ્ર વટિકા, અગ્નિકુમાર રસ, મહાગંધક, ચાંગેરી ઘૃત, દુગ્ધવટી, લોહપર્પટી, સુવર્ણપર્પટી, રસપર્પટી, પંચામૃતપર્પટી, અભયારિષ્ટ, કંચટ અવલેહ, તામ્ર રસાયન વગેરે અપાય છે.

અરલુની છાલને સાફ કરી ચોખાના પાણીમાં વાટી પુટપાક વિધિથી રસ કાઢવો. રોજ એકેક તોલો દિવસમાં ત્રણ વખત જીર્ણ સંગ્રહણીવાળાને પીવરાવવો. ખાવા માટે માત્ર ઘીની પુરી તથા મૂળાનું શાક આપવું. આ ઔષધિ પથ્યપાલનની સાથે ૭ દિવસમાંજ પૂરો લાભ બતાવી આપે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અતિવિષ-૫, ૧૦, અરડુસો-૩, આદુ-૮, આંબો-૨૨, ઈંદ્રજવ-૧૬, ખસખસ ક (અફીણ)-૨, ગાંજો-૬, ચણકબાબા-૫, ઝેરકોચલાં-૯, દાડમ-૬, પાઢ (કાળીપાડ)-૧૨, પીલુ-૧, બીવલો-૧, મરી-૧૩, મુસળી-૫, મોથ-૬, રાળ-૧, લવંગ-૧૦, સમેરવો-૧૫, સાલમ-૩. **આમ સંગ્રહણી** માટે:-બીલી-૭. જુઓ ગો૦વૈ૦માં:-દૂધ-૨૧, છાશ-૨, ૬, ૭. જુઓ પ્રા૦ ઔ૦માં:-છાશ વર્ગ-૧.

જુઓ **અનુભૂત** ઔષધ:—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગની ટીપમાં નં. ૯.

પથ્ય:—જૂના સાઠીચોખા, મસૂર, તુવેર અને મગની દાળ, નિઃશેષ માખણ કાઢી લીધેલી છાશ, દૂધ, માખણ, દહીં, તલનું તેલ, મધ, ફણસ, દાડમ, કેળફૂલ, જૂનાં કેળાં, કોઠું, જાંબુ, ઘોળું કોળું (દુધી), તૂરા પદાર્થ. **અપથ્ય:**—ઘઉં, વટાણા, અડદ, જવ, ચોળા, મયાળ, ચાકવત, કોળું, સરગવો, કંદ, નાગરવેલનાં પાન, શેલડી, બોર, કેરી, કાકડી, સોપારી, ગોળ, નાળીએર, ભાજીપાલો, ખાર, દ્રાક્ષ અને ખાટું, મીઠું જડાન્ન.

૨૮—झाडो [अतिसार] अने मरडो*[प्रवाहिका]

કારણ:—પ્રમાણ કરતાં અધિક ખાવું, જડ પદાર્થનું સેવન કરવું, અતિ સ્નિગ્ધ, અતિ તીક્ષ્ણ, અતિ રૂક્ષ, અત્યંત પાતળું, એવા પદાર્થ ખાવા; વિરુદ્ધાશન (અપથ્ય પદાર્થનું સેવન), અન્ન પાચન થયા સિવાય તે ઉપર પુનઃ ભોજન કરવું, અપક્વ અન્ન ખાવું, અતિ મદ્યપાન કરવું, દુષ્ટ પાણી અથવા પ્રકૃતિને ગમે નહિ એવા પદાર્થનું ભક્ષણ કરવું, મળમૂત્રનો અવરોધ કરવો અને કૃમિનો

---

* વાત, પિત્ત, કફ, સન્નિપાત, શોક અને આમ, એમ ૭ પ્રકારનો ઝાડો છે. ભયાતિસાર, રક્તાતિસાર અને મરડો પણ એ સર્વના પેટામાં આવી જાય છે. ૧-ઝાડો કાંઇક લાલાશ ઉપર ઉતરે અને ઝાડામાં ફીણ મળેલું હોય તથા લૂખો અને થોડો થોડો વારંવાર આમસહિત આવે અને ઝાડો થતી વખતે પેઢુમાં પીડા થાય તે વાયુનો. ૨-ઝાડો પીળો, લાલ, કાળો તથા દુર્ગંધયુક્ત પાતળો થાય તથા ગુદા પાકી જાય, શરીરમાં પરસેવો આવે, તરસ લાગે, શરીરમાં દાહ તથા મૂર્છા થાય, એ પિત્તનો. ૩-ઝાડો ચીકણો, સફેદ, દુર્ગંધવાળો, શીતળ, થોડી પીડાની સાથે ઉતરે તથા શરીર ભારે રહે અને ભોજનમાં અરુચિ હોય તે કફનો. ૪-ઝાડો ભુંડના માંસ સરખો હોય, અનેક રંગનો હોય, નેત્રમાં તંદ્રા રહે, તરસ, મુખશોષ, ભ્રમ અને મોહ થાય તે ત્રિદોષનો. જો એવાં લક્ષણ બળહીણ, વૃદ્ધ કે બાળક રોગીને થાય તો તે અસાધ્ય છે. ૫-પુત્ર, મિત્ર, ધન, સ્ત્રી આદિના નાશથી શોક કરે; આ શોક પેટના અગ્નિને મંદ કરે છે તથા શરીરની બહારનું તેજ પેટમાં જઈને રુધિરને બગાડે છે; જેથી લોહી ઝાડા સાથે જાય છે. અથવા માત્ર લોહી ચણોઠીના સમાન લાલ રંગનું નીકળે તો તેને શોકનો અતિસાર જાણવો; અને તે શોક દૂર થવા પછી જાય છે. એવીજ રીતે કોઇ પણ પ્રકારના ભયથી થાય તેને ભયાતિસાર જાણવો. ૬-આમાતિસારથી પ્રથમ ભોજનનું અજીર્ણ થાય અને પછી ન પચે એવા ભારે પદાર્થો ખાય તો તેથી કોઠામાંના વાત, પિત્ત, કફ, આ ત્રણ દોષો રસરક્તાદિ ધાતુઓને તથા ઝાડાને બગાડે છે. એમાં ઝાડો શૂળસંયુક્ત, દુર્ગંધ સાથે અનેક રંગનો હોય છે. જે મળ પાણી ભરેલા વાસણમાં નાખવાથી ડૂબી જાય છે, અત્યંત દુર્ગંધીવાળો તથા ચીકણો હોય તે કાચા આમવાળો છે. પણ જો મળ પાણીમાં તરે, બહુ દુર્ગંધ તથા ચીકાશ ન હોય તો પક્વ આમવાળો મળ જાણવો. રક્તાતિસાર એ પિત્તાતિસારનો ભેદ છે. એમાં અત્યંત ગરમ વસ્તુઓ ખાવાથી પિત્ત વધી જઇ લોહીને બગાડે છે, જેથી ઝાડો રુધિર સાથે ઉતરે છે. મરડો (પ્રવાહિકા)—અતિસારનો ભેદ મરડો છે. કુપથ્યના કરનારા પુરુષને વાયુ વધીને કફમાં મળી મરડો કરે છે. ક્ષણ ક્ષણમાં અમળાઇને થોડો અથવા ઘણો ઝાડો ઉતરે તેને મરડો કહે છે. એને કોઇ આંકડી પણ કહે છે. એ મરડો વાયુનો, પિત્તનો, કફનો અને લોહીનો, એમ ચાર પ્રકારનો છે. જેમાં ઘણી પીડા થઇ ઝાડો ઉતરે તે વાયુનો; દાહ હોય તે પિત્તનો; કફસંયુક્ત ઝાડો થાય તે કફનો અને લોહી સંયુક્ત ઝાડો હોય તેને લોહીનો મરડો કહે છે.

કોપ ઇત્યાદિ કારણોએ અતિસાર ઉત્પન્ન થાય છે. **લક્ષણો:**—હૃદય, નાભિ, ગુદા, ઉર અને કુક્ષિમાં બાધા થવી; હાથપગનું ગળવું, અપાનવાયુનો અને મલનો અવરોધ થવો; પેટનું ફૂલવું, અન્ન સારૂં પાચન ન થવું; ઇત્યાદિ લક્ષણો થાય છે. જે અતિસારમાં આમ પડે છે તેને આમાતિસાર અને જે અતિસારમાં લોહી પડે છે તેને રક્તાતિસાર કહે છે. **ઉપદ્રવ:**—ઉલટી, મૂર્ચ્છા, ઉચકી, સોજો, શૂળ, દમ, ઉધરસ અને અન્નદ્વેષ, એ ઉપદ્રવ સંપૂર્ણ થવાથી આ અતિસાર અસાધ્ય થાય છે. **આમાતિસાર ઉપર:**—કોઇ પણ અતિસાર ઉપર ઉપચાર કરવાના હોય તો પ્રથમ આમ પાકા થયેલા છે કે નહિ એની ચોકસી કરી, આમ પાકા થયા હોય તો **દોષ પ્રમાણે ચિકિત્સા** કરવી. (૧) બાળહરડે અને લીંડીપીંપરનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; કિંવા આમનો ઝાડો થવા માટે એરંડતેલ અથવા ઘી ગરમ પાણીમાં આપવું. (૨) સુંઠનું ચૂર્ણ કરી તેમાં લગારેક ઘી નાખી ગોળો કરવો અને તેને એરંડાનાં પાંદડાં વિંટાળી ઉપર છાણમાટીએ લીંપી અંગારામાં બાફવું. માટી બળવા લાગે એટલે બહાર કાઢી અંદરનું ઔષધ કાઢી લેવું; અને તે સાકર સાથે અથવા ગોળ સાથે ત્રણ માસાથી ૭ માસાપર્યંત આપવું; એટલે આમાતિસાર બંધ થઈ જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. (૩) સુંઠ, ગોળ અને ઘીની ગોળી× કરી આપવી; તેથી કરી આમનું પાણી થઈ જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. (૪) કુમળા ચીભડામાં સિંધવ અને થોડીક હીંગ ભરી, એરંડાનાં પાંદડાંમાં વિંટાળી ભુંભરેટમાં શેકી તે ખાવાં; તેથી આમનું પાણી થઇ આમાતિસાર બંધ થાય છે. (૫) સુંઠ, વરીઆળી અને ખસખસ, અથવા સુંઠ અને વરીઆળી ઘીમાં શેકી ઝીણી વાટવી અને તેની ફાકી લેવી. (૬) ધાણા અને સુંઠનો કાઢો આપવો. (૭) સુંઠ, અતિવિષ, શેકેલી હીંગ, નાગરમોથ, ઇંદ્રજવ અને ચિત્રકનું ચૂર્ણ કરી તે ચોગણા પાણીમાં આપવું. (૮) બાળહરડે, અતિવિષ, સિંધવ, સંચળ, ઘોડાવજ અને હીંગનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૯) સૂરણને સૂકવી ચૂર્ણ કરવું અને ઘીમાં તળી આપવું. (૧૦) જાયફળ, સુંઠ, રાળ, માયફળ (માયાં) અને ખજૂર, એ દરેક ૭ ૭ માસા લઇ ચૂર્ણ કરવું; અને તે ચૂર્ણના વજન જેટલી તેમાં વગડાઉ છાણાની રાખ મેળવી, ચોખાના ધોવરામણમાં દરેક વખત દોઢ માસા પ્રમાણે બે વખત આપવાથી જીર્ણાતિસાર, આમાતિસાર અને શૂળ દૂર થાય છે. (૧૧) લસણની કળીમાં અડદના દાણા જેટલું અફીણ ભરવું અને અંગારા ઉપર શેકી ખાવી. એટલે આમાતિસાર તરત દૂર થાય છે. **રક્તાતિસાર ઉપર ઉપચાર:**—(૧) જાંબુ, કેરી અને આમલીનાં પાંદડાંનો અંગરસ કાઢી તેમાં મધ, ઘી અને દૂધ નાખી લેવાથી મહાન રક્તાતિસાર મટી જાય છે. (૨) લસણ ૪ તોલા અને થોડાં આકડાનાં કુમળાં પાંદડાં એકત્ર વાટી તેનો રસ ગરમ કરી ૩ દિવસ આપવો. (૩) બીલું જરા ભાંગી બાફવું અને તેના ગરમાં ગોળ ઘાલી વાટી ગરમ પાણીમાં સરબત કરી પાવું. (૪) ડુંગળી બારિક ચીરી ચાર પાંચ વખત ધોઇ નાખવી અને તે ગઠાદાર ચોખ્ખા દહીં સાથે ખાવા આપવી. (૫) ગાયના

ઝાડા ઉપર ઉપચાર:—(૧) જીરૂં અને દહીં પાવાં. (૨) લીંડીપીંપર તોલો ૦॥, પીંપળીમૂળ તોલો ૦॥, જાવંત્રી તોલો ૧, જાયફળ તોલો ૧, લવંગ તોલો ૧, તજ તોલો ૧, અફીણ તોલો ૦॥, સર્વને વાટી ઝીણું કરી ઠળીઓ કાઢી નાખેલી ખારેકમાં ભરી ઘઉંની કણકથી લપેટી આટાનો દડો કરી, દેવતાના ભાઠામાં પકવી પછી તેમાંથી ખારેક કાઢી લેવી અને તેને ખુબ લસોટીને પછી ચણા જેવડી ગોળીઓ વાળવી. એનાથી લોહીવા એટલે રક્તાતિસાર જાય. (૩) રાળ અને અમતુ જીરૂં દહીંમાં ખાવું. (૪) બાવળીઓ ગુંદ, ખસખસ અને સાકર ઝીણાં વાટીને ખાવાં. (૫) બોડી અજમો, મોચરસ, સુંઠ, ધાવડીનાં ફૂલ એ સર્વ સમાનભાગે લઇ ઝીણાં વાટી ગાયના ઘોળવામાં ટાંક ૨॥ ના અંદાજે આપવું. ઉપર દહીં અને લાપસી જમાડવી. (૬) કોઠી, અબલેઠી, ઉશીર (વાળો) અને સાકરની ફાકી આપવી. (૭) સુંઠ, હળદર, લીંડીપીંપર, દારુહળદર, કરંજબીજ અને બીજોરાની જડ સમાનભાગે લઇ વાટી કાંજીના પાણી સાથે મરી જેવડી ગોળીઓ કરવી. એ ચોખાના ધોવરામણમાં આપવાથી ઝાડો મટે, વાસી પાણી સાથે આપવાથી વાસી વિકાર મટે. ઘોડાની ચુંક પર એજ ગોળી ૨૧ ઉષ્ણોદક સાથે આપવી.

× આને અવેળી કહે છે.

ચાખણુમાં તલની ભૂકી મિશ્ર કરી ઉંબરાનાં પાંદડાં ઉપરની ૫ ફોડ અને સાકર નાખી આપવું. (૬) કડાની છાલ, અતિવિષ, બેલકાચરી, વાળા અને નાગરમોથનો કાઢો આપવો. (૭) દાડમની છાલ અને કાચાં બીલાંનો કાઢો મધ નાખી આપવો. (૮) ચોખાના ધોવરામણમાં ચોખ્ખું ચંદન ઘસી તેમાં મધ અને સાકર નાખી આપવું; એટલે રક્તાતિસાર, દાહ, શોષ અને મોહ દૂર થાય છે. (૯) કાચાં બીલાંનું ચૂર્ણ ગોળ સાથે આપવાથી રકતાતિસાર, પેટશૂળ અને આમશૂળ દૂર થાય છે. (૧૦) આંબાની ગોટલી છાશમાં અથવા ચોખાના ધોવરામણમાં ઘસી આપવી. (૧૧) શતાવરીનો રસ સાકર નાખી આપવો. **સર્વાતિસાર તથા મરડા ઉપર ઉપચાર:**—(૧) અફીણ અને કેસર સમભાગ ખરલ કરી અર્ધા ગુંજા(ચણોઠી)ભારના પ્રમાણની ગોળીઓ કરવી અને એક ગોળી મધ સાથે આપવી. (૨) લિંબુ કાપી અંદર રાઇ ભરી ગરમ કરી આપવું. (૩) કાંદાના રસમાં અફીણ મેળવી આપવું. (૪) નિષ્કંટક મોટા બાવળીઆનાં પાંદડાંનો અથવા છાલનો રસ કિંવા અરલુની છાલનો રસ અથવા કડાની છાલનો રસ, એમાંનો કોઈ પણ અંગરસ લેવાથી સર્વ અતિસાર દૂર થાય છે. (૫) અજમોદ, મોચરસ, સુંઠ અને ધાવડીનાં ફૂલનું ચૂર્ણ ગાયના દહીંમાં આપવું, એટલે અતિસાર દૂર થાય છે. (૬) વાળો, કાળો વાળો, નાગરમોથ, ધાણા, મજીઠ, કાચાં બીલાં, ધાવડીનાં ફૂલ, લોધર અને સુંઠનો કાઢો આપવો. (૭) કુમળાં બીલાં અને આંબાની ગોટલીનો કાઢો અથવા બીલાનો ગર અને ગોટલીમાંનું મગજ, સાકર અને મધ નાખી આપવું. (૮) આંબાની અંતરછાલ અથવા ગોટલી દહીંમાં વાટી આપવી, એટલે દાહ અને અતિસાર દૂર થાય છે. (૯) જાયફળ, અફીણ અને ખારેક, સમભાગ લઇ નાગરવેલના રસમાં ખરલ કરી વાલ વાલની ગોળીઓ કરી નવટાંક છાશમાં આપવી. (૧૦) અંકોલના મૂળની છાલ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી આપવી, એટલે દુર્ધર અતિસારનો પણ નાશ થાય છે. (૧૧) વડની વડવાઇઓ ચોખાના ધોવરામણમાં વાટવી અને તેમાં છાશ નાખી તે આપવી. (૧૨) રાળ, સાકરમાં નાખી આપવી. (૧૩) પહાડમૂળ દહીંમાં વાટી આપવાં. (૧૪) અફીણ શેકી ખાવું. (૧૫) કાયફળ મધમાં ઘસી આપવું. (૧૬) સોળ તોલા કડાની છાલ ચોખાના ધોવરામણમાં વાટી ગોળો કરવો; તે પછી જાંબુડીનાં પાંદડાંમાં વિંટાળી તેને સૂતરથી બાંધી ઉપર ઘઉંના લોટનો લેપ કરી તે ઉપર માટીનો લેપ કરવો. પછી તે ગોળાની ઉપર છાણાં મૂકી દેવતા સળગાવી ગોળાની માટી લાલ થાય ત્યાંસુધી અગ્નિ કરવો. પછી ગોળો બહાર કાઢી પાંદડાં અને માટી દૂર કરી પીલી, રસ કાઢી તે ઠંડો થયા પછી તેમાં મધ મેળવી પાવો. આ કૃતિને પુટપાક કહે છે. (૧૭) અરલુની છાલનો પુટપાકવડે રસ કાઢી તેમાં મધ અને મોચરસનું ચૂર્ણ નાખી તે આપવું. (૧૮) પાકા દાડમનો પુટપાક વડે રસ કાઢી મધ નાખી આપવો. (૧૯) જીરૂં, ભાંગ, બીલીનો ગરભ અને અફીણ, એ સમભાગે લઇ દહીંના નીતર્યા પાણીમાં ખરલ કરી વાલ બરોબર ગોળી વાળી મધમાં આપવી. (૨૦) **આર્દ્ર કુટજાવલેહ:**—કડાનાં મૂળીઆંની છાલ તાજી એકતુળા (૪૦૦ તોલા) પ્રમાણમાં લાવી તેમાં પાણી એક દ્રોણ (૧૦૨૪ તોલા) પ્રમાણમાં નાખી ચોથો હિસ્સો પાણીનો રહે ત્યાંસુધી કાઢો કરી ગાળી, પછી લાજાળુ, ધાવડીનાં ફૂલ, કુમળાં બીલાં, પહાડમૂળ, મોચરસ, નાગરમોથ અને અતિવિષ, એ સાત ઔષધો પલ (૪ તોલા) પ્રમાણે લઇ ચૂર્ણ કરી તે કાઢામાં નાખી હલાવી લેપ થાય એવું ઘટ્ટ કરવું. પછી આ અવલેહ પાણીમાં અથવા બકરીના દૂધમાં આપવો; તેથી કરી વેદનાયુક્ત અને નીલપીતાદિક નાના પ્રકારના વર્ણ જે અતિસારમાં હોય છે, તે અને ઘોરરૂપ એવા સંપૂર્ણ અતિસાર દૂર થાય છે, તથા સ્ત્રીઓને સંપૂર્ણ પ્રકારની ધુપણી (પ્રદર) થાય છે તે અને સંપૂર્ણ મૂળવ્યાધિ તથા પ્રવાહિકા (મરડો) વગેરે રોગ દૂર થાય છે.*

---

* અતિસાર રોગમાં લઘુ ગંગાધર ચૂર્ણ, વૃદ્ધગંગાધર ચૂર્ણ, ચંદનકલ્ક, અંકોટ વટક, શંખપોટલી રસ, વિજયા અવલેહ, અતિવિષ અવલેહ, પ્રાણેશ્વર રસ, અમૃતાર્ણવ રસ, કર્પૂર રસ, અહિફેનાસવ, આનંદભૈરવ રસ, કુટજા અરિષ્ટ, કંચટાદિ ચૂર્ણ, જાતીફલાદિ વટી, ગંગાધર રસ વગેરે ઔષધિ અપાય છે.

અતિસારનો ઉત્તમ ઉપાય ઉપવાસ છે. પિત્તાતિસાર તથા રક્તાતિસાર સિવાય અન્ય જાતના

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦ માંઃ—અંકોલ–૧, ૧૦, અજમોદ–૩, અરલુ–૨, આદુ–૧૧, આમલી–૧૦, આંબો–૧૧, ૧૩; ઇંદ્રજવ–૨, ૧૬, ૧૯; એખરો–૧, કરંબળ–૩, કળથી–૩, કાકડાશિંગ–૩, કાયફળ–૮, કારિંદા–૪, કાંડોળી–૨, ખટખટી–૪, ખસખસ क (અફીણ)–૪, ૬, ૧૬, ખાખરો–૧૭, ગાંજો–૪, ૬; ગોરખઆમલી–૩, ચીણો–૧, ચેર–૧, જાયફળ–૯, ૧૪; જાંબુ–૮, ડુંગળી–૧૭, દીપમાળ (ગલગોટા)–૧, ધામણુ–૧, પાઢ (કાળી પાડ)–૪, ફુદિનો–૬, બાવળ–૪,૯, બીલી–૧૧, ૧૫, ૧૬; બીવલો–૧, ૨; બોરસળી–૧, મગ–૨, મીંઢીઆવળ–૭, મેદાલકડી–૮, રાળ–૩, રોમફળ–૩, વડ–૧૧, વડગુંદો–૧, વેલતુર–૧, શિમળો–૧૪, શેમટ–૧, સમેરવો–૧૫. **આમાતિસાર માટે:**—અરડુસો–૩, આદુ–૩૭, આંબો–૧, ઉંબરો–૯, ખસખસ–૧, ખસખસ क (અફીણ)–૧, ૨, ૨૦; જાયફળ–૯, પાઢ (કાળીપાડ)–૧૧, લીંડીપીંપર–૮, વજ–૧૦, વરીઆળી–૧, હરડે–૪૦. **જ્વરાતિસાર** માટેઃ—ઓથમીજીરૂં–૩, ૮. **પકવાતિસાર** માટેઃ—ખસખસ क (અફીણ)–૧૪. **પિત્તાતિસાર** માટેઃ—અતિવિષ–૩. **રક્તાતિસાર** માટેઃ—અરજુનસાજડ–૧૧, અરલુ–૪, અળઇ–૫, આમળાં–૩૫, આંબો–૧૨, ૧૫, ૧૯, ૨૩; ઉંબરો–૧૦, ઓથમીજીરૂં–૩, કનક–૧, કારિંદા–૫, ખસખસ क (અફીણ)–૨, ૨૦; ચારોળી–૧, જાંબુ–૨, તલ–૨૧, તુલસી–૫, દાડમ–૧૪, પાઢ (કાળી પાડ)–૭, પીંપળો–૧૬, ફણુસ–૫, બીલી–૧૦, બોરડી–૩, ૮; મંદાર–૨, મેથી–૪, મેંદી–૫, રતનજોત–૭, વજ–૧૦, શતાવરી–૧૪, સારફળ–૩, ૪; સુખડ–૩. **શૂળયુક્ત અતિસાર** માટેઃ—તજ–૬, મોથ–૧૨. **મરડા** માટેઃ—ઓથમીજીરૂં–૭, આદુ–૪૫, સાબરશિંગ–૩. અળશી–૮, ગુલાબ–૬, મરડાશિંગ–૩, કાંચકી–૮, કોથમરી–૩, ઝેરકોચલાં–૯, બીવલો–૧, મેથી–૨, હરડે–૪૧. **લોહીના મરડા ઉપર:**—બીલી–૧૩, લસણ–૬, કોકમ–૨, રાનતુલસી–૧. **જીર્ણાતિસાર** માટેઃ—ઓથમીજીરૂં–૧૩, શિમળો–૧૩. જુઓ ગો૦વૈ૦માંઃ—છાશ–૨. **રક્તાતિસાર** માટેઃ—માખણ–૮. જુઓ પ્રા૦ઔ૦માંઃ—**રક્તાતિસાર** માટેઃ—માખણવર્ગ–૩, સાબરશિંગ–૩. જુઓ **અનુભૂત ઔષધોઃ**—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં–નં. ૫, ૧૬, ૧૭, ૨૩; તથા ચૂર્ણપ્રકરણની ટીપમાં નં. ૧, ૨, ૨૦.

પથ્ય:—ઉલટી, લાંઘણ, નિદ્રા, જૂના ચોખા, મસૂર, તુવેર, ઘી, મધ, દહીં, તેલ, દૂધ, છાશ, માખણ, કેળફૂલ, જાંબુ, આદુ, કોઠી, બોર, દીપન અને લઘુ એવાં અન્ન તથા પેય પદાર્થ. **અપથ્ય:**—મૈથુન, મલમૂત્રાવરોધ, ઘઉં, અડદ, જવ, ચાકવત, વાલ, પાકી કેરી, દૂધી, ગોળ, ભાજીપાલો, રાતું કોળું, જડ અને સ્નિગ્ધ ભોજન, વ્યાયામ, પાન, કાકડી, મીઠું અને ખાટા પદાર્થ.

૨૯–झेर (विष)

વિષ ત્રણ પ્રકારનું છે. **સ્થાવર, જંગમ** તથા **દૂષિવિષ.** મૂળાદિક વિષ તે **સ્થાવર**; સર્પા-

---

અતિસારમાં લંઘન અતિ લાભદાયક છે. તૃષા શમન કરવા માટે લંઘન કરનારને ધાણા તથા વાળાનું ઉકાળી ઠંડુ કરેલું પાણી પીવા આપવું; તેવીજ રીતે ધાણા તથા સુંઠનું, મોથ તથા ધાસ પિત્તપાપડાનું અથવા મોથ અને વાળાનું પાણી ઉકાળી ઠંડુ કરેલું આપી શકાય છે. અજીર્ણ તથા આમનો ઝાડો હોય તો ઉપવાસ કરાવ્યા પછી હલકું ભોજન આપવું તથા આમને પકાવે તેવી દીપનપાચન અને સ્તંભન ઔષધિ આપવી.

મરડામાં મોટા આંતરડામાં સોજો થાય છે, જેથી તેની ચામડી લાલ બને છે. ત્યારપછી મરડાનો રોગ જૂનો થવાથી તેમાં લાંબાં અને ગોળ ચાંદાં પડે છે. ચાંદાં પડયા પછી પરૂ પડે છે. આ તીક્ષ્ણ મરડો એક માસ કરતાં વધારે વખત રહે તો કષ્ટસાધ્ય બની જાય છે.

મરડા ઉપર અફીણવાળી બનાવટ રામબાણ જેવું કામ કરે છે. તેમાં જાતીફલાદિ વટી, કર્પૂર રસ, અહિફેનાસવ મુખ્ય છે. હિંગાષ્ટક ચૂર્ણની સાથે પણ અફીણ આપી શકાય છે. તેવીજ બીલાનો મુરબ્બો અથવા બીલાવાળી કોઇ પણ ઔષધિ તરત લાભ બતાવે છે; તેમજ શીશીના જૂના બુચને બાળી કોલસા કરવા. તે કોલસા ૨ વાલ દહીંની સાથે દિવસમાં ત્રણ વખત આપવાથી લોહી અને પરૂમિશ્રિત ભયંકર મરડો થોડા સમયમાં મટી જાય છે.

દિક વિષ તે જંગમ; તથા વિષનાશક ઔષધિઓનાં હતવીર્ય થયેલાં વિષ કિંવા ગરમી વગેરેથી શોષાઇ ગયેલાં, જે સ્વભાવમાં તથા ગુણમાં કમી છે અને જૂનાં થયેલાં એવાં સ્થાવર-જંગમાત્મક વિષ તે દૂષીવિષ જાણવાં. વિષાદ એટલે ખેદ ઉત્પન્ન કરે છે, માટે તેની વિષએવી સંજ્ઞા છે. **સ્થાવરવિષ:**—મૂળ, પાંદડાં, ફળ, ફૂલ, છાલ, દૂધ, સાર (મજ્જા), ગુંદર, ધાતુ અને કંદ, એવી રીતે ૧૦ પ્રકારનાં સ્થાવર વિષ છે. **જંગમ વિષ:**—દૃષ્ટિ, નિઃશ્વાસ, દંત, નખ, મૂત્ર પુરીષ, શુક્ર, લાળ, કેશ, ચિમટા (મોઢાની પકડ), પાદવું, ગુદા, અસ્થિ, પિત્ત, શુક (ડંખ અથવા કાંટા) તથા શવ, એવાં સોળ પ્રકારનાં જંગમ વિષ છે. **દૂષીવિષ:**—દેશ, કાળ, અન્ન અને દિવાનિદ્રા, એ વડે વારંવાર દૂષિત થયેલ વિષ શરીરધાતુને દુષ્ટ કરે છે; તેને દૂષીવિષ કહે છે. એ બે પ્રકારનું છે. એક કૃત્રિમ અને બીજું ગરસંજ્ઞક. સવિષ પદાર્થોથી જે ઉત્પન્ન થાય છે તે કૃત્રિમ વિષ; તથા નિર્વિષ દ્રવ્યોના સંયોગથી જે વિષ ઉત્પન્ન થાય છે તે ગરસંજ્ઞક વિષ જાણવું.

વિષ પીવામાં આવ્યું છે તે જાણવાનાં લક્ષણો:—વાતયુક્ત અને ધુંવાસ જેવો મળનો અતિસાર થાય છે તથા મોઢા વાટે ફીણની ઉલટી થાય છે, તે લક્ષણોવાળાએ વિષ પીધું છે એમ જાણવું. **સ્થાવર વિષનાં સામાન્ય લક્ષણ:**—સ્થાવર વિષથી જ્વર, હેડકી, દાંત બંધાઇ જવા, ગળું અકડાઇ જવું, મોઢામાંથી ફીણનો સ્રાવ, ઉલટી, અરુચિ, શ્વાસ, મૂર્ચ્છા ઇત્યાદિ ઉપદ્રવ થાય છે. **કંદવિષનાં લક્ષણો:**—ઉગ્રવીર્ય એવાં કંદવિષ તેર પ્રકારનાં છે. એ સર્વ દશગુણ જાણવાં. જે સ્થાવર, જંગમ તથા કૃત્રિમ વિષ દશ લક્ષણોએ યુક્ત હોય છે, તે તત્કાળ મરણ પામે છે. **જંગમ વિષનાં લક્ષણો:**—જંગમ વિષના યોગથી ડોલાં આવવાં, મૂર્ચ્છા, ગ્લાનિ, દાહ, અન્નનો અપાક, રોમાંચ થવાં અને સોજો તથા અતિસાર, એ લક્ષણો થાય છે. **વિષનાં દશ લક્ષણો:**—રૂક્ષ, ઉષ્ણ, શીત, સૂક્ષ્મ, આશુકારી, વ્યવાયી, વિકાશી, વિષદ, લઘુ તથા અપાકી, એ દશ વિષના ગુણ જાણવા. **મૂળાદિ વિષનાં લક્ષણો:**—**મૂળોનાં** વિષ વડે હાથે-પગે રેષાઓ ઉત્પન્ન થાય છે, બડબડે છે અને મોહ પામે છે. **પાંદડાંના** વિષવડે બગાસાં, કંપ, શ્વાસ, મોહ ઇત્યાદિ વિકારો થાય છે. ફળના વિષ વડે મોઢું સૂજી જાય છે. દાહ, અન્નદ્વેષ, એ લક્ષણો થાય છે. **પુષ્પના** વિષવડે ઉલટી, પેટ ચઢવું, શ્વાસ, એ લક્ષણો થાય છે. **છાલ, સાર, ગુંદ**, એ ત્રણ પ્રકારના **વિષથી** મોઢામાં દુર્ગંધી, અંગને ખડબચડાપણું, માથું દુખવું, મોંમાંથી કફસ્રાવ, એ લક્ષણો થાય છે. **ક્ષીર** વિષથી મોઢામાં ફીણ આવે છે, રેચ લાગે છે અને જીભ જડ થાય છે. **ધાતુના વિષથી** ઉરની અંદર દુઃખે છે, મૂર્ચ્છા આવે છે તથા તાળવાનો દાહ થાય છે. **દૂષીવિષનાં લક્ષણો:**—દૂષિવિષ એ **અલ્પવીર્ય** છે. એ તત્કાળ મારક થતું નથી. દૂષિવિષ વડે પીડિત થયેલા માણસને ઝાડો થાય છે. તેનો રંગ (વર્ણ) બદલાય છે, મોઢામાંથી વાસ આવે છે, મુખમાં સ્વાદ રહેતો નથી, તરસ લાગે છે, મૂર્ચ્છા આવે છે, અંધારી આવે છે, ભાગ્યા-તૂટયા શબ્દો બોલે છે, ઉલટી થાય છે અને ગાંડાનાં જેવાં લક્ષણો કરે છે. દૂષિવિષવાળા માણસને કોઇ પ્રકારનું ચેન પડતું નથી. **દૂષીવિષનાં બીજાં લક્ષણો:**—દૂષિવિષવડે ડોલાં, બગાસાં, જડપણું, અંગે શિથિલતા અને રોમાંચ ઉભાં થવાં, અંગ મરડાઇ જવું, એવું પ્રથમ થઇ જમ્યા પછી હર્ષ વધવો, અન્ન પાચન ન થવું, અરુચિ, અંગ ઉપર નાના પ્રકારનાં ઢીમણાં ઉઠવાં, માંસક્ષય, હાથેપગે સોજો, મૂર્ચ્છા, ઉલટી, ઝાડો, શ્વાસ, તરસ, જ્વર, ઉદરરોગ એ વગેરે વિકારો થાય છે; અને વળી એકાદ વિષથી દાહ, એકાદ વિષથી ઉન્માદ, એકાદ વિષથી નપુંસકત્વ, દાહ, ખેદ, કોઢ, વિસર્પ, મોટા ફોલ્લા, એવા નાના પ્રકારના રોગો ઉત્પન્ન થાય છે. પોતાના હાથમાં સર્વ મિલ્કત કિંવા અધિકાર આવે એ હેતુથી અથવા પતિ પોતાની આજ્ઞા પ્રમાણે ચાલે એટલા માટે બાયડીઓ પોતાના પતિને વિષારી પ્રાણીનો પરસેવો, વિટાળ (રજસ્વલા સ્ત્રીનું નીકળેલું લોહી), શરીર ઉપરનો ઠેકઠેકાણાનો મળ અન્નમાં મસળી તે અન્ન ખાવા આપે છે, તેથી કિંવા શત્રુ ગરવિષનો પ્રયોગ કરે છે તે યોગે કરી પુરુષ ધોળો, સફેદ અને કૃશ થાય છે, તેનો અગ્નિ મંદ થાય છે, તાવ આવે છે, મર્મસ્થાને પીડા થાય છે, પેટ ચઢે છે, હાથેપગે સોજા આવે છે; ઉદરરોગ, ગ્રહણીરોગ, રાજયક્ષ્મા, પાંડુ, ગુલ્મ, ક્ષયજન્ય જ્વર, એ વ્યાધિનાં તથા બીજા અનેક પ્રકારના વ્યાધિનાં લક્ષણો થાય છે.

સ્થાવર-જંગમ વિષ ઉપર સામાન્ય ઉપચાર:—સિંધવ અને મરી સમભાગ તથા એ બન્નેના બરાબર શિંગોડીઓ લાવી વાટી મધ અને ઘી સાથે ખાવી; એટલે સ્થાવર જંગમ વિષોનો નાશ થાય છે.*†

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અંકોલ-૧, અરડુસો-૮, અરિઠા-૧, આકડો-૧૦, ઇંદ્રજવ-૬, કડવાં તુરિયાં-૬, કડવી ગલકી-૧, કડવી દુધી (તુંબડી)-૨, નાગદમની-૧, પીળો ધંતુરો-૧, લીમડો (કડવો)-૨૮, વિંછુડા-૨. શરસડો-૩, ૫, શિરહોડિ-૭, સાપસન-૨. **પેટમાં વિષ ગયું હોય તે માટે:**—કેળ-૧. **વિષારની પરીક્ષા:**—કરમદી-૧. **વિષાર માટે:**—કંકોડી-૬, પટોલકટુ-૧૦. **અંગ ઉપર વિષ ફુટી નીકળવા માટે:**—વિષમોગરી-૨. **વિષના ફોલ્લા માટે:**—જીયાપોતા-૧. **દૂષિવિષ માટે:**—જીયાપોતા-૩. **વિષ ઉપર વમન માટે:**—રાઈ-૧.

જુઓ પ્રા૦ ઔ૦ માં:—વિષબાધા દૂર થવા માટે:—મોરપીછાં-૪.

क—स्थावर झेर (विष) अने तेना उपाय

(૧) સોમલનું વિષ

લક્ષણો:—સોમલ પેટમાં ગયા પછી અર્ધા કલાકમાં કિંવા એક કલાકમાં વિષયોગ પ્રાપ્ત થયાનાં લક્ષણો જણાય છે, ગ્લાનિ આવે છે, પેટમાં આગ થવા માંડે છે, ઉલટી થવા લાગે છે, પેટમાં અતિશય દુખવા લાગે છે, પછી જુલાબ થવા લાગે છે અને અતિશય તરસ લાગે છે. પેશાબ બરાબર નહિ થતાં બે-ત્રણ ટીપાં પડે છે, આખા શરીરે બળતરા થઈ દર્દી ઉપરનીચે થઇ જાય છે, આંખો લાલ થયેલી હોય છે અને જીભ ધોળી થઈ જાય છે.

ઉપચાર:—(૧) ઉલટી થવાના ઉપાય યોજવા. એક અથવા બે તોલા રાઇની ભૂકી અને થોડું મીઠું, પાશેર ગરમ પાણીમાં નાખી તે પાણી પીવા આપવું; એટલે ઉલટી થવા લાગે છે, સારી રીતે ઉપરાઉપરિ ઉલટી થવાને માટે ગરમ પાણી પીવા આપવું. પેટમાંની બળતરા કમી થવા માટે દૂધ કિંવા દહીં પીવા આપવું અને તે ઉલટીના યોગે પાછું કાઢી નખાવવું. (૨)ઉંટિયું જીરૂં (ઇશબગોળ) પાણીમાં વાટી ગાળી તેમાં એદાણા, દહીં અને ગુલાબજળ મિશ્ર કરી પાવું; એટલે સોમલનું વિષ ઉતરે છે. (૩) સરગવાની છાલનો રસ ૪ પૈસાભાર અને દૂધ અર્ધો શેર એ બન્ને એકઠાં કરી પાવાં. (૪) કાથાનું પાણી કરી વારંવાર પાતા જવું. (૫) તાંદળજાનો રસ સાકર નાખી પાવો. (૬) કડવા લીમડાનાં પાંદડાંનો રસ પાવો. (૭) નવટાંક માખણમાં ૬ માસા મરીનું ચૂર્ણ નાખી તે આપવું. (૮) **ઢોરને સોમલનું વિષ ચઢયું હોય તો:**—ઢોરચણોઠી(આસોંદ)નાં મૂળ છાશમાં વાટી તેમાં શિકેકાઇનાં બે-ચાર બીઆંનું ચૂર્ણ નાખી તે પાવું. (૯) કેળનો પાશેર રસ પાવો. (૧૦) કાથો ગાયના દૂધમાં ઘસી પાવો.×

---

* સર્વાંજન ગુટિકા:—સુંઠ, લીંડીપીંપર, મરી, ફટકડી, મોરથુથુ, હીંગ અને લસણ સમાનભાગે લઇ લિંબુના રસમાં મર્દન કરી મરી જેવડી ગોળી કરવી. એ ગોળી લિંબુના રસમાં અંજન કરવાથી પરડ, સાપ, કૂતરૂં અને શિયાળ આદિકના દંશનું તથા અફીણનું ઝેર ઉતરે.

† અઘેડાનાં બીજ, સરસડાનાં બીજ, બંને ગરણી (અપરાજિતા) તથા પીલુડીને ગોમૂત્રમાં વાટી કલ્ક કરવો. કલ્કથી ચારગણું ઘી તથા ઘીથી ૪ ગણું દૂધ લઇ ઘી સિદ્ધ કરવું. આ ઘીના પીવાથી સ્થાવર તથા જંગમ સર્વ પ્રકારનાં વિષની શાંતિ થાય છે. સુશ્રુતમાં લખેલ છે કે, વિષથી મરેલો પણ આ "અમૃતાખ્ય ઘી"ના સેવનથી જીવતો થાય છે.

આ ઉપરાંત અજેય ઘૃત, મહાસુગંધિ અગદ, મૃતસંજીવની, વિષઘ્ન યવાગૂ, ક્ષારાગદ વગેરે કહેલ છે.

× ટંકણખાર ઘી સાથે પીવરાવવાથી સોમલનું ઝેર નાશ થાય છે. ટંકણખાર સર્વ પ્રકારના વિષનો નાશ કરે છે. ઘી પીવરાવી વમન કરાવવાથી વિષ ઘીમાં મળી તરત નીકળી આવે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-ઉંબરો-૪, ઓથમીજીરૂં-૧, કેળ-૭, કૌચ-૬, બેર-૪, મરી-૧૦, લીમડો (કડવો)-૨૧, સરગવો-૧૩. જુઓ ગો૦ વૈ૦માં:-દૂધ-૩. પ્રા૦ ઔ૦માં:—કુકડાની વીઠ-૩.

(૨) તાંબાનો કાટ

લક્ષણો:—જે તાંબાના વાસણને કલાઇ નથી હોતી તે વાસણમાં અન્ન રાખવાથી તે કટાઈ જાય છે; અને તે અનાજ ખાધાથી જીભ સૂકી અને કકરી થઈ જાય છે, પેટમાં ઘણુંજ દુઃખે છે, લોહીનો ઝાડો થાય છે અને ઉલટી થાય છે. એ ઉપર ઉલટી થવાનો ઉપાય યોજવો.×

(૩) જંગાલનું વિષ

જંગાલ એ લીલા રંગની ભૂકી છે. એમાં સોમલ હોવાથી તે પેટમાં ગઈ હોય તો સોમલના જેવા વિકારો થાય છે. **જંગાલના વિષ ઉપર:**—સોમલનાજ ઉપચાર કરવા.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—દ્રાક્ષ-૩.

(૪) હડતાલ અને મનશીળનું વિષ

આ બંને પદાર્થોમાં સોમલ હોય છે. એના વિષનાં લક્ષણ સોમલના વિષ પ્રમાણે થાય છે. **હડતાલ, મનશીળ અને જંગાલના વિષ ઉપર ઉપચાર:**—(૧) સોમલ ઉપરના ઉપચાર કરવા. (૨) જીરૂં અને સાકર ૭ દિવસ ખાવા આપવાં. (૩) કોળાનો રસ આપવો. (૪) ધમાસો, રાજહંસ, પીળી જુઇ, કરીઆતુ, એમાંથી એકનો કાઢો પીવા આપવો. (૫) સર્પાક્ષીનો (નોળવેલનો) રસ સાકરમાં આપવો. (૬) ધોળી ગરણીનાં પાંદડાંનો રસ પીવા આપવો. (૭) અળશીનાં બીઆં અને મરવાનાં બીઆંને ઉકાળી મધ નાખી પાવાં; એટલે ઉલટી થાય છે. ઉલટી થયા પછી દૂધ અને બેદાણાનો લુઆબ પીવા આપવાં. (૮) નવટાંક દૂધમાં ૫ તોલા ઘી અને તેટલીજ સાકર નાખી તે પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કરિયાતું-૬, ગરણી-૫, જીરૂં-૬, દ્રાક્ષ-૩, ધમાસો-૭, નોળવેલ-૨, મરી-૯, રાજહંસ-૨. જુઓ ગો૦ વૈ૦ માં:-દૂધ-૪.

(૫) રસકપૂરનું વિષ

આ વિષથી સોમલના જેવાજ વિકારો થાય છે. વધારામાં જુલાબ માત્ર થાય છે અને આજારીની જીભને ખાટા-ખારાનો સ્વાદ જણાય છે.*

અંદરની બળતરા પણ ઘી તરત શાંત કરે છે. ઘી પીવરાવ્યા પછી વમન ન થાય તો પક્ષીનું પીછું ગળામાં ફેરવવું.

સોમલના ઝેરવાળાને ઠંડુ પાણી અતિહાનિકર છે. પીવા માટે, સ્નાન માટે અથવા માથા પર છાંટવા માટે ઉપયોગમાં ન લેવું

× (૧) કોઇ શખસે તાંબાના વાસણમાં કટાઈ ગયેલી વસ્તુ ખાધી હોય અથવા પિત્તળના વાસણમાં કટાઈ ગયેલી વસ્તુ ખાધી હોય અગર જંગાલ કે જે તાંબામાંથી બને છે તેવી વસ્તુ ખાધામાં આવી હોય, તો તેના ઝેરથી ગળામાં બળતરા બળે, પેટમાં વાઢ થાય, તાવ આવે અને ઉબકા આવે છે. એવું થાય કે તરતજ તે માણસને ગળામાં આંગળી નાખીને અથવા ગરમ પાણી ખૂબ પાઇને ઉલટી કરાવવી; અથવા ગરમ પાણી, બદામનું તેલ, માખણ, ગાયનું ઘી, એ સર્વ એકઠું કરી વારંવાર પાવું અને ઉલટી કરાવતા જવું. ઉલટી થયા પછી બાવળનો સફેદ ગુંદર તોલા ૩ લઇ ઝીણો ખાંડી ગરમ પાણી શેર ૧ માં મેળવી કલાકમાં દશ-બાર વાર પાવું. (૨) અળશીના બીજની ચહા બનાવી ટાઢી પાડી પાવી. (૩) ગાયનું ઘી માખણ કે દૂધ છૂટથી આપવું. જે માણસના ખાધામાં પારો કે હડતાલ આવી હોય તેને પણ આ તાંબાના ઝેર માટે કહેલા ઉપચારો કરવા.

* પારો, હિંગળોક અને રસકપૂર એ રસાયન કહેવાય છે. કેટલાંક દરદો ઉપર એ ત્રણમાંના એકાદના ઉપયોગથી મોઢું લાવી લોહીમાંનો વિકાર મોઢાની લાળ વાટે બહાર કાઢવામાં આવે છે.

ઉપચાર:—(૧) પુષ્કળ દૂધ પીવા આપવું અને તે ઉલટીના યોગે બહાર કાઢી નખાવવું. ઉલટી થયા પછી આયાનું અથવા આમળાંનું ચૂર્ણ ગરમ પાણીમાં નાખી તે પાવું. (૨) ઘી પુષ્કળ પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—રોહીસ (ઘાસ)–૨. જુઓ ગો૦વૈ૦માં:–ઘી–૬.

(૬) કાચની ભૂકી

લક્ષણ:—કાચની ઝીણી ભૂકી પેટમાં જવાથી વિષયોગ પ્રમાણે વિકાર થાય છે. કાચના કકડાઓને ઘણીજ તીક્ષ્ણ ધાર હોય છે, તે પેટમાંનાં આંતરડાંમાં વાગવાથી તેને ઇજા થાય છે. ઉલટી, જુલાબ, પેટ ચઢીને દુ:ખવું, તાવ, તરસ, દાહ ઇત્યાદિ વિકારો થાય છે.

ઉપચાર:—(૧) પુષ્કળ દહીં, દૂધ, આમલી વગેરે પાવાં અને તે ઉલટી કરી કાઢી નખાવવાં. (૨) એરંડાનાં મૂળ પાવાં. (૩) નવસાર અથવા ગોપીચંદન ઘસી પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:–એરંડો–૩૨. જુઓ ગો૦વૈ૦માં:–દૂધ–૬, દહીં–૨. પ્રા૦ ઔ૦ માં:–ગધેડાની લીંદ–૩.

(૭) વછનાગનું વિષ

†**ઉપચાર:**—(૧) ગાયનું દૂધ, ઘી, માખણ અને એદાણાનો લુઆબ (એદાણા ઉકાળી ગાળી* કાઢવા તે) એ જણસો ખવરાવવી. (૨) કપૂર પાણીમાં નાખી તે પાણી પાવું. (૩) ગરમ ગરમ દૂધ પાવું. (૪) ઉંબરાની છાલનો રસ દૂધમાં નાખી ગરમ કરી પાવો. (૫) પિઠવણનો રસ ૪ તોલા સાકર નાખી પાવો. (૬) મૂળસુદ્ધાં તાંદળજાના રસમાં ગાયનું દૂધ નાખી તે પાવો.×

એનાથી દરદીનો રોગ નાશ થાય છે ખરો; પરંતુ કેટલીક વખતે એવાં ઔષધો ઉંટવૈદ્યના હાથથી લેવામાં આવતાં જ્યારે પારો અથવા પારાનો કાંઇ પણ અંશ શરીરમાં રહી જાય છે, ત્યારે દરદી ઘણી સખ્ત પીડા ભોગવે છે; અને રીબાઇ રીબાઇ મરણ પામે છે. આવા દરદીને એ ખાધેલો પારો નીકળી જાય તોજ આરામ થાય છે. એ પારો બહાર કાઢવા માટે લોલાડાવાળા શાહ પોપટ ઉજમશી પોતાની પાસેના ગોરજીના હાથના લખેલા એક ગ્રંથ ઉપરથી અનુભવ સાથે બતાવે છે કે:–"એવા દરદીને પ્રથમ ત્રણ દિવસ સુધી જુલાબ આપવો. પછી પેશાબના રેચ માટે દૂધ, સુરોખાર, એલચી, સોનાગેરૂ અને દગડી પાષાણભેદના જુલાબ ચાર દિવસ આપવા. જળભાંગરાનો રસ પહેલા દિવસે તોલા ૫, બીજા દિવસે તોલા ૧૫ અને ત્રીજા દિવસે તોલા ૨૦ સુધી દરદીની પ્રકૃતિ અનુસાર આપવો. આ ત્રીજા દિવસે દરદીને પાણીના કડાયામાં તળીએ પાટલો નાખી બેસાડીને દરદીથી સહન થાય તેટલું પાણી ઉનું કરવું. પછી તે પાણી ઠરી પણ ન જાય તેમ વધારે ગરમ પણ ન થઈ જાય તેટલી આંચ કડાયા નીચે રાખવી. દરદીને પેશાબ થાય તોપણ તે પાણીમાં થવા દેવો. આ પ્રમાણે રોજ રોજ ચાર દિવસ સુધી પ્રયોગ કરવો અને તે પછી પાછો દરરોજ ભાંગરાનો રસ તોલા ૫ સુધી પાવો. શરીર ઉપર ચાંદાં હોય તો બોરડીના મૂળની છાલ વાટી જળભાંગરાના રસમાં મેળવી ચોપડવી. ખોરાક હલકો બંટીના તાંદળા જેવો એક ટંક આપવો અને જો દૂધ ઉપરજ રહે તો વધારે સારૂં."

રસકપૂર જ્યારે કાચો ખાધામાં આવે છે, ત્યારે દરદીને કોઠામાં અંગારા નાખ્યા હોય એવી બળતરા ઉઠીને તે મરણને શરણ પણ થાય છે.

† વછનાગથી ગળું પકડાય છે. મળમૂત્ર તથા નેત્ર પીળાં થાય છે. શરીર શિથિલ થાય છે. પેટ ફૂલે છે તથા બળતરા થાય છે.

* એદાણાને પાણીમાં એકાદ કલાક ભીંજાવી રાખવાથી લુઆબ તૈયાર થાય છે. તેમાં સાકર નાખી તે પીવરાવવો.

× સ્થાવર વિષ વછનાગ, અફીણ વગેરે વિષ ખાનારને જ્યારે કોઇ પણ ઉપાયથી આરામ થતો ન જણાય ત્યારે છેલ્લી સ્થિતિમાં સાપને કરડાવવો. કારણ શાસ્ત્રમાં લખેલ છે કે **"विषस्य विषमौषधम्"** વિષની ઔષધિ વિષ છે. એવીજ રીતે સાપ વગેરે જંગમ વિષમાં સ્થાવર વિષ અપાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—ઉંબરો-૩, કપૂર-૪, જાંબુ-૯, તાંદળજો-૮, પિઠવણ -૨, હીંગ-૨૨. જુઓ ગો૦વૈ૦માંઃ-દૂધ-૩.

(૮) મુરદાડશિંગ (બોદારશિંગ)નું વિષ

ઉપચારઃ—(૧) ઉલટી કરાવવી. (૨) જુલાબનાં ઔષધ આપવાં. (૩) મૂળા અને સુવા ખવડાવવા. (૪) ગાયનું દૂધ સાકર નાખી પાવું. (૫) દાડમનો રસ પાવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—દાડમ-૧૦, મૂળા-૨. જુઓ ગો૦ વૈ૦માંઃ-દૂધ-૩.

(૯) સિંદૂરનું વિષ

ઉપચારઃ—(૧) અક્કલકરો અને ઘોડાવજને પાણીમાં ઘસી પાવો. (૨) લિંબુનો રસ સાકર નાખી પાવો. (૩) ચણોઠીનાં પાંદડાં ૭ દિવસ ચાવી ખાવાં. (૪) ગળું બેસી ગયું હોય તો માફક આવે તેણે પાનમાં સવાર-સાંજ ભિલામો ખાવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અક્કલકરો-૩, ચણોઠી-૧૪, ભીલામો-૨૦.

(૧૦) મોરથુથુનું વિષ

ઉપચારઃ—(૧) ઈડલિંબુનો રસ સાકર નાખી પાવો. (૨) ધાણીનો મંડ (ચૌદગણું પાણી નાખી બાફી સાર કાઢી લેવાય છે તે), એલચીની છાલની રાખ અને સાકર નાખી પીવા આપવો. (૩) વમન કરાવવું. (૪) કાથાનું પાણી કરી પાવું. (૫) બિલાડાની વિષ્ઠા પાણીમાં મેળવી પાવી. (૬) દૂધમાં સાકર આપવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—ઇડલિંબુ-૪. જુઓ ગો૦વૈ૦માંઃ-દૂધ-૩.

(૧૧) હિંગળોકનું વિષ

ઉપચારઃ—અર્ધો શેર આમલીને ચાર શેર પાણીમાં કઢવી, તેના ૭ દિવસ કોગળા કરાવવા.‡

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આમલી-૧૪.

(૧૨) પારાનું વિષ

અશુદ્ધ પારોઃ—ઊંટવૈદ્યો ઔષધમાં નાખી આપે છે, તે અંગ ઉપર ફુટી નીકળી તેમાંથી કેટલાકના હાથ-પગ રહી જાય છે, શરીરપર ચાંદીઓ પડે છે, સોજો અને ચળ ઉત્પન્ન થાય છે, શરીરમાં ઠેકાણે ઠેકાણે ચમકાટ દેખાય છે, કાળાં ચાઠાં થાય છે વગેરે ઘણા વિકારો ઉત્પન્ન થાય છે.

ઉપચારઃ—(૧) શુદ્ધ ગંધક દૂધમાં નાખી તે પીવું. (૨) નાગરવેલનાં પાનના રસમાં એક માસો ગંધક નાખી તે પાવો. (૩) ગળજીભીના રસમાં ગંધક નાખી આપવો. (૪) નાગરવેલ, ભાંગરો અને તુળસીનો રસ ૬૪ તોલા એકત્ર કરી શરીરે મર્દન કરવો અને બે પહોર પછી સ્નાન કરવું. એમ ૩ દિવસ કરવું. (૫) વાંસનાં પાંદડાંનો રસ, સાકર નાખી પાવો. (૬) કારેલીનાં મૂળ પાણીમાં વાટી પ્રાશન કરવાં. (૭) અગથીઆનાં પાંદડાંનો રસ, ભાંગરાનો રસ અને સુરોખાર, એ છાશમાં વાટી તે છાશ ૪ તોલા પાવી; એટલે મૂત્રમાર્ગે પારો નીકળી જાય છે. (૮) કાસુંદરાનાં પાંદડાંનો રસ કાઢી પાવો. (૯) ગળજીભીનાં મૂળનો રસ પાવો, શરીરે ચોપડવો અને ગળજીભીની ભાજી કરી ખાવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—**પારો શરીરમાં ફૂટી નીકળ્યો હોય** તે માટેઃ—કારેલી ૪, નાગરવેલ-૪, ભાંગરો-૭. **પારા ઉપર ઉતારઃ**—કાસુંદરો-૪, ગળજીભી-૧. **પારો શરીરમાં રહે** તે માટેઃ—વાંસ-૨. **રસાયનો** માટેઃ—કુંવાર-૮, કોઠી-૭, તાંદળજો-૧૫. **અશુદ્ધ અભ્રકભસ્મ ખાવાથી થનાર** વિકાર માટેઃ—આમળાં-૭.

(૧૩) ગંધકનું વિષ

ઉપચારઃ—દૂધમાં ઘી નાખી પાવું.

વિશેષ ઉપચાર—જુઓ ગો૦વૈ૦માંઃ-દૂધ-૭.

‡ હિંગળોક અને પારાના વિકાર ઉપર ગંધકનું સેવન સર્વોત્તમ ઇલાજ છે.

(૧૪) અફીણનું વિષ

લક્ષણ:—અફીણ ઘણું ખાવામાં આવવાથી માણસ બેશુદ્ધ થઇ જાય છે; શ્વાસોચ્છ્વાસ ઘણોજ સાવકાશ અને હળવો આવવા માંડે છે; આંખમાંની કીકી સંકુચિત થઇ ઘણીજ ઝીણી સોયની અણી જેવી બારિક થાય છે; હાંક મારી ઉઠાડવા છતાં માણસ ઉઠતો નથી; એ વગેરે વિકારો થાય છે.*

ઉપચાર:—(૧)વમન કરાવવું. (૨) ફટકડીનું ચૂર્ણ અને કપાસીઆનું ચૂર્ણ એકત્ર કરી પાવું. (૩) હીંગ પાણીમાં મેળવી તે પાણી પાવું. (૪) માલકાંગણીનાં પાંદડાંનો રસ પાવો. (૫) નરમા-(હીરવણ કપાસ)નાં પાંદડાંનો રસ પાવો. (૬) અરીઠાનું પાણી કરી પાવું. ÷

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માં:—કપાસ-૧૧, કિંજળી-૧, ખસખસ (ક) અફીણ-૨૧, (તેમાં જુદા જુદા ૨૨ ઉપચારો છે), ખાટીલુણી-૧, પિલુડી-૩, પીંપળો-૮, માલકાંગણી-૧, લીમડો (કડવો)-૨૨, હીંગ-૫.

(૧૫) નેપાળાનું વિષ

× **ઉપચાર:**—(૧) એલચીના દાણા દહીંમાં વાટી આપવા. (૨) ધાણાનું ચૂર્ણ, સાકર અને દહીં એકત્ર કરી આપવું.

---

* કોઈ કોઇ વખતે અફીણ ખાઇને તેના પર તરતજ તલનું તેલ પીધેલું હોય છે અથવા તલના તેલમાંજ અફીણ ઘોળી પીધેલું હોય છે. એથી અફીણના ઝેરની ઘણી સખત અસર થાય છે. અફીણ ૮ માસાના વજને ખાવામાં આવ્યું હોય તો બહુ ઝેર ચઢે છે, તે એવું કે તેને સુસ્તી અને બેહોશી થાય, જીભ ખેંચાઈ જાય, બોલાય નહિ, હોઠ કાળા થાય, હાથે-પગે ઝંઝણી અને ગોટલા ચઢે, આંખોમાં ફૂવા પડે, ટાઢો પરસેવો થાય, આંખે દેખાય નહિ; એવી અનેક ચેષ્ટા જોવામાં આવે છે. ઉપચાર:-(૧) સુવા, મૂળાનાં બીજ, મીઠું અને મધ દરેક બબ્બે તોલા લઈ તેમાં પાણી શેર ૦ાા નાખી ઉકાળતાં અડધું રહેથી તેને ચોળી ગાળી લઇને પાવું. એથી કદાપિ ઉલટી ન થાય તો કુકડાનું પીછું ગળામાં ફેરવી ઉલટી કરાવવી. એ ઔષધ પાયા પછી તેના પગ ઊના પાણીથી ઘુંટણ સુધી ઝારવા અથવા ઊનનાં લૂગડાં પગે લપેટવાં. (૨) મધ અને પાણી ઉકાળી તેમાં સારી હીંગ માસો ૧ બારિક વાટેલી નાખી પાય તો આરામ થાય. (૩) સર્વોત્તમ અનુભૂત ઉપાય:—ખાધેલા અફીણના વજનથી બમણું એરંડાનું મૂળ ખાંડી ફકાડવું. એનાથી ઝેર બિલકુલ બાધા નહિ કરતાં અફીણ હજમ થઈ જાય છે. (૪) ગોલીવાડનાં પાંદડાંનો રસ શેર ૦। પાવો. (૫) ખાખરાનાં મૂળની છાલનો રસ પાવો. (૬) છાશમાં ચોખા વાટીને પાવા.

અફીણના વ્યસનીએ અફીણનું વ્યસન છોડી દેવું હોય તો:—અફીણ તોલા ૨, શોધેલો વચ્છનાગ તોલો ૦ાાા, જાયફળ, જાવંત્રી, લીંડીપીંપર, ગાંજો, કેસર અને અક્કલકરો, એ ૭ ચીજો દરેક પા પા તોલો, એ સર્વને બારીક વાટીને નાગરવેલનાં ૫૦ પાનના રસમાં એક પહોર સુધી ખૂબ ખરલ કરીને ચોળા જેવડી ગોળીઓ બનાવવી. પાન ન મળે તો એજ પ્રકારે આદુના રસમાં અને તે પણ ન મળે તો પછી મધમાં ગોળીઓ બાંધવી, અથવા તો શોધેલો વચ્છનાગ, સંખીઓ, સોમલ, હિંગળોક અને લીંડીપીંપર સમાનભાગે લઇ વાટી આકડાના દૂધમાં રાઇ જેવડી ગોળી બનાવવી. દરરોજ એકેક ગોળી શીરા સાથે ખવરાવવી.

÷ ઘી પીવરાવી વમન કરાવવાથી બધું ઝેર વમનમાં બહાર આવી જાય છે.

અફીણના ઝેરની અસર દરેક નાડીમાં પહોંચી ગઈ હોય તો રોગીને સુવા ન આપવો, માથા ઉપર ટંડુ પાણી છાંટતા રહેવું. પા પા કલાક પછી કાફી પીવરાવવી. "તિબ્બે અકબરી"માં લખે છે કે તેજ જુલાબ આપવો. મધ તથા પાણી મેળવી તેમાં હીંગ, તજ તથા ઉપલેટ મેળવી પીવરાવવું. બેહોશ હોય તો છીંક લાવનારી ઔષધિ સુંઘાડવી તથા પરસેવો લાવનારી ઔષધિ આપવી.

× નેપાળો વધારે પ્રમાણમાં લેવાથી ઘણા જુલાબ લાગે છે, તેમજ વમન થાય છે. આંતરડામાં ચાંદાં, પેટમાં સખ્ત દરદ, તથા હાથપગમાં ખેંચતાણ થાય છે. ઉપચાર:-(૧) થોડું અફીણ ખવરાવી ઉપર ઘી મેળવેલું દૂધ પીવરાવવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એલચી-૩, કોથમીર-૧૧.

(૧૬) ભાંગ અને ગાંજાનું વિષ

ઉપચાર:—(૧) દહીં કિંવા છાશ અને ભાત ખાવો. (૨) જાયફળ ખાવાં. (૩) તુવેરની દાળ વાટી ખાવી. (૪) ગાયનું દહીં સુંઠનું ચૂર્ણ નાખી આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ભાંગ માટે:—આદુ-૩૩, આમલી-૨૦, જાયફળ-૨, ડાંગર-૫, તુવેર-૧, લાંબડી-૨. ગાંજા માટે:—લાંબડી-૨.

(૧૭) કરેણનું વિષ

લક્ષણ:—કરેણના સર્વ ભાગોમાં વિષ હોય છે. કરેણના વિષથી કૉલેરાના આજાર પ્રમાણે લક્ષણો થાય છે. ×

ઉપચાર—(૧) માખણની પરાશ આપવી. (૨) દૂધમાં અથવા દહીંમાં સાકર નાખી તે પાવું.

વિશેષ ઉપચાર જુઓ ગો૦વૈ૦માં:—દૂધ-૨, દહીં-૪, માખણ-૭.

(૧૮) ઝેરકોચલાનું વિષ

ઉપચાર:—કાળી પાનવેલીના ડીંટાનો રસ પાશેર ૩ દિવસ પાવો.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-નાગરવેલ-૩, બાવળ-૬. જુઓ પ્રા૦ ઔ૦માં:-મધ-૧૧.

(૧૯) ધંતુરાનું વિષ

લક્ષણ:—ધંતુરાનાં પાંદડાં કિંવા બીઆં પેટમાં જવાથી ગળામાં શોષ થાય છે, આંખોમાંની કીકીઓ મોટી થાય છે, સ્મૃતિ નાશ થઇ માણસ બડબડ કરે છે, દીવાનો પ્રકાશ જોવામાં આવે તો કેફ વધારે ચઢે છે. એ લક્ષણો થાય છે.† ‡

ઉપચાર:—(૧) સમુદ્રફળ ગોમૂત્રમાં ઘસી આપવું. (૨) દહીં, ભાત અને ધોડાવજ ખાવા આપવાં. (૩) દૂધમાં સાકર નાખી પાવી. (૪) તલનું તેલ અને ગરમ પાણી એકત્ર કરી પાવું. (૫) દૂધમાં દ્રાક્ષનો શિરકો નાખી તે પાવો. (૬) લાલ એરંડાનાં મૂળ પાણીમાં વાટી પાવાં. (૭) ઘી પાવું. (૮) રિંગણીનો રસ ૪ તોલા કાઢી આપવો. (૯) કપાસનાં બીઆં અને ફૂલનો કાઢો આપવો.

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માં:—એરંડો-૧૦, કપાસ-૧૬, ચુકો-૪, તલ-૬, દ્રાક્ષ-૨, ધંતુરો-૪, વજ-૫, વંતાકડી-૫, સમુદ્રફળ-૯. જુઓ ગો૦વૈ૦માં:—દૂધ-૨, ઘી-૬.

(૨૦) મદ્ય(દારૂ)ની કેફ

ઉપચાર:—(૧) ઘી અને સાકર ચાટવાં. (૨) માથાપર ટંડુ પાણી રેડવું. (૩) કોહોળાનો રસ ગોળ નાખી પાવો. (૪) કોઠાનો ગર્ભ, દ્રાક્ષ, દાડમનો રસ અને દહીં, એ સમભાગ લઇ

× કરેણ ખાવાથી ગળા તથા આમાશયમાં બળતરા, જીભ પર સોજો, મોઢા પર લાલાશ, પેશાબ રોકાવો, પેટમાં મરડો, આફરો, શ્વાસ રોકાવો તથા બેહોશી ઉત્પન્ન થાય છે. ઉપચાર:-(૧) વમન કરાવવું. પછી દૂધ અથવા માખણ ખવરાવવું. (૨) શીતળ જલથી ભરેલા હોજમાં રોગીને બેસાડવો.

* ઝેરકોચલાની ઝેરી અસરથી ધનુર્વાતની માફક શરીરમાં ખેંચાણ થાય છે. પેટમાં મરડો, ગળામાં શોષ, દાંત બંધ થવા, તૃષા લાગવી, હાથપગમાં કંપ, મોંઢાપર લાલાશ વગેરે ચિહ્ન દેખાય છે. ઉપચાર:-(૧) ઘી પીવરાવી વમન કરાવવું. (૨) આમાશયમાં ઝેર ગયું હોય તો તેજ જુલાબ આપવો. (૩) વમન વિરેચન કરાવ્યા પછી કપૂરનું પાણી પીવરાવવું.

† (૧) ધંતુરના વિષ ઉપર કપાસીઆની મીંજનો ઉકાળો આપવો. (૨) તળાવમાં થનારા નાળાનાં પાંદડાંનો રસ બે તોલા સુધી પાવાથી ધતુરો, અફીણ, સોમલ, વછનાગ વગેરેનું ઝેર ઉતરી જાય છે. (૩) આકડાનું મૂળ પાણીમાં ઘસી પાવાથી અફીણનું ઝેર ઉતરે છે.

‡ ધંતુરાનું ઝેર દૂર કરવા તરત ઉલટી કરાવવી. શીતળ જળ મસ્તક પર છાંટવું. શંખાહુલીની જડ પાણીમાં વાટી પાણી ગાળી પીવરાવવું.

તેમાં ધાણાની ભૂકી અને સાકર નાખી તે આપવું. (૫) મધ, ખજૂર, દ્રાક્ષ, કોકમ, ફાલસા અને દાડમ એકત્ર કરી આપવું. (૬) કાકડી ખાવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કાકડી-૩, ખજૂરી-૧૫, બીજોરૂં-૧૬, માઠ-૨, વડ-૧. જુઓ ગો૦વૈ૦માં:-ઘી-૭.

(૨૧) મેણા-કોદ્રાનું વિષ*

ઉપચાર:—(૧) કહોળાનો રસ ગોળ નાખી આપવો. (૨) ઠંડું દૂધ પાવું. (૩) પારિજાતકનાં પાંદડાંનો રસ કાઢી ઢોરોને પાઇ દેવો.

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માં:—આગીઓ-૧, પારિજાતક-૧. જુઓ ગો૦વૈ૦માં:-દૂધ-૫.

(૨૨) સોપારી લાગે તો

ઉપચાર:—(૧) ગોળ ખાવો અથવા સાકરનું પાણી પીવું. (૨) ઠંડું પાણી પીવું. (૩) નખલાનું ચૂર્ણ ચાવવા આપવું.

(૨૩) થુરીઆનું વિષ

ઉપચાર:—(૧) ઠંડા પાણીમાં સાકર નાખી પાવી. (૨) આમલીનાં પાંદડાં વાટી લેપ કરવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આમલી ૧૫.

(૨૪) કૌચનું (કુહીલીનું) વિષ

ઉપચાર:—ઘી, સાકર અને મધ એકત્ર કરી પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કૌચ ૨.

(૨૫) ભીલામા ઉપર

ઉપચાર:—(૧) સરસવ, તાંદળજો અને માખણનો લેપ કરવો. (૨) દારુહળદર, સરસવ, નાગરમોથ અને માખણનો લેપ કરવો. (૩) માખણ, તલ અને દૂધનો લેપ કરવો. (૪) બકરીનું દૂધ અથવા કોપરેલ ચોપડવું. (૫) કોથમીર વાટી ચોપડવી. (૬) બદામ ઘસી ચોપડવી. (૭) દૂધની મલાઇ અને સાકર ચોપડવી. (૮) તલ વાટી તેમાં કાળી માટી નાખી, ફોલ્લો ઉઠેલી જગાએ લેપ કરવો. (૯) જેઠીમધ, તલ, માખણ અને દૂધનો લેપ કરવો. (૧૦) અરજુન સાજડની છાલ અને પાન વાટી લેપ કરવો.×

---

* જે જાર અથવા છાસટો વાવ્યા પછી ઉગી નીકળી તેના ઉપર કાચું યા પાકું કણુસલું એડું ન હોય (નિંઘલી ન હોય) ત્યાંસુધી તેની છેલ્લી કાત્રીની (સરાળી નીકળનાર) ગાંઠમાં એક કેદ્રી જીવડો હોય છે. એ લીલું ધાન મોહવશ થઇને થોડું અથવા ઘણું જ્યારે ઢોર ખાય છે, ત્યારે તેને મેણો ચઢે છે. એનાથી ઢોરને આફરો થઈ થોડી વારમાં પ્રાણ જાય છે. લીલા એરંડાનાં પાંદડાં, એરંડાની માળો, સૂકા એરંડાના પોપટાની કાતરી વગેરે ખાવાથી પણ એજ પરિણામ આવે છે. આ રોગ ઘોડાને થતો નથી; કારણ મેણાવાળી કાતરી ખારી હોવાથી એટલો ભાગ ઘોડું કદી ખાતુંજ નથી.

જ્યારે ઢોરને મેણો ચઢે ત્યારે પ્રથમ તો એટલીજ સાવચેતી રાખવી કે, તેને ભૂલેચૂકે પહોર ૪ સુધી કે વધારે વખત સુધી પાણી પાવું નહિ અને તેના શરીર પર પુષ્કળ પાણી રેડવું. જ્યારે ઢોર પેશાબ અને ઝાડા વારંવાર કરે ત્યારે જાણવું કે હવે તેને જલદી આરામ થશે. એ બે વાનાં ન થાય ત્યાંસુધી તેને જોખમમાં સમજવું. આવો મેણો ઘણી ચીજોમાં રહેલો કહેવાય છે.

× ભીલામાના અધિક સેવનથી મોઢું, તાળું તથા દાંતમાં સોજો, ગળામાં ફોડલા, ચિંતા, દાહ, રક્તવિકાર વગેરે દોષ ઉત્પન્ન થાય છે. કેટલીક વખત દાંતને હલાવીને પાડી નાખે છે. શરીરપર ભીલામાનો ધુમાડો લાગે તો શરીરપર સોજો, ખાજ તથા ચાંદાં થઈ જાય છે.

(૧) ભીલામા ખાવાથી વિકાર થયો હોય તો:—અખરોટ અથવા ટોપરૂં અથવા ચારોળી ખૂબ ખાવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરજુન સાજડ–૧, કાસુંદરો–૮, કાશ્મીર–૧, ગરમાળો–૧૦, ગોમેટો–૩, નાળીએરી–૬, બહેડાં–૯, બીલામો–૩. જુઓ ગો૦વૈ૦માં:-માખણ–૬.

(૨૬) ચણોઠીનું વિષ

ઉપચાર:—તાંદળજાનો રસ સાકર નાખી આપવો. **વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—તાંદળજો–૯.

(૨૭) આકડાનું વિષ

ઉપચાર:—આમલીનાં પાન વાટી લેપ કરવો.§

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આકડો–૪, આમલી–૧૮.

(૨૮) ખરસાંણીનું વિષ

‡**ઉપચાર:**—(૧) પાણીમાં મધ નાખી પાવું. (૨) માખણ ખાવું અને લેપ કરવો. (૩) દહીં કિંવા ખાટી છાશ પીવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ખરસાંણી–૩. જુઓ ગો૦વૈ૦માં:—માખણ–૬. પ્રા૦ ઔ૦-માં:-મધ–૧૦.

(૨૯) કેરોસીન તેલ પેટમાં ગયું હોય તો

ઉપચાર:—બાવળના ગુંદનું નવટાંક પાણી કરી પાવું; પછી પાશેર દૂધ પાવું અને મીઠા તેલના કોગળા ઉપરાઉપરી કરાવવા; એટલે મોઢામાં ફોલ્લા અને ચાંદીઓ થશે નહિ.

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:-બાવળ–૧૨.

ख–झेरी डंख (जंगम विष) अने तेना उपाय

(૧) સાપનું ઝેર–સર્પવિષ

સર્પની જાતિ અને તેનાં લક્ષણો:—ભોગી, મંડળ, રાજીલ, એઓ અનુક્રમે વાત, પિત્ત અને કફ એવી પ્રકૃતિના છે. **દ્વયંતર** એટલે બન્નેનાં લક્ષણો જેમાં વિશેષ છે એવા. ઉદાહરણ:-કાળા **સર્પથી મંડળ** કિંવા **ઘોણસમાં** ઉત્પન્ન થએલા સર્પ, કિંવા ઘોણસાથી થયેલા સર્પ, અથવા **કાળી નાગિણીની** અંદર **ઘોણસાથી** ઉત્પન્ન થએલા સર્પ. એ પ્રમાણે બીજી મિશ્ર જાતિ કલ્પવી, તે દ્વંદ્વપ્રકૃતિના સર્પ. **ભોગીનાથ** એટલે જે સર્પને ફેણ ન હોઈ રંગે કાળો હોય છે તે. **રાજીલ** એટલે જે ઉપર ચિત્રવિચિત્ર રેષાઓ હોય છે તે. **ચક્ર, નાંગર, છત્ર, સ્વસ્તિક, અંકુશ** એઓને ધારણ કરનારા તથા ફેણ કરનારા અને શીઘ્ર ગમન કરનારા એવા સર્પ હોય છે તેઓને **દર્વીકર** (નાગ) કહે છે. સર્પોમાં અનેક જાતો છે; પરંતુ તે બધા સર્પ **વિષારી** હોતા નથી. **વિષારી** સર્પને ઉપરના જડબાની અંદરની બાજુએ એક બિલાડીના નખ જેવી એક દાંતની દાઢ હોય છે. એ દાઢ હમેશાં બંધ થયેલી રહે છે અને તે દાંતનો મધ્યભાગ પોલો હોય છે તથા અણીએ એક છિદ્ર હોય છે. દાંતની પાછળની બાજુએ તાળવામાં એક કોથળી હોય છે. તે કોથળીનું મુખ દાંતની સાથે જોડાયલું હોય છે. એ કારણથી સાપ જ્યારે દંશ કરે છે, ત્યારે એ દાંત બહાર કાઢી જોરથી માણસની નસ પર દબાવે છે. તેની અણીવાળી દાઢવડે ચામડીમાં જખમ થાય છે તથા વિષની કોથળી-માંનો પાતળો પદાર્થ દાંતમાંના છિદ્રની વાટે જખમમાં પડે છે; તેથી માણસના શરીરમાં વિષ

---

(૨) દહીંમાં સાકર મેળવી ખાવી જેથી તરત ગરમી શાંત થાય છે.

(૩) બહારના ફોડલા, સુજન તથા ચાંદા ઉપર:—કાળા તલને દૂધ અથવા દહીંમાં વાટી લેપ કરવો.

§ આકડાનું દૂધ લગાડવાથી ચાંદામાં વિકાર થયો હોય તો પલાશનો કાઢો કરી ચાંદાં ધોવાં તથા સૂકી છાલનું ચૂર્ણ ઉપર ભભરાવવું. ખાવાથી ઝેર ચઢયું હોય તો કાઢો પીવરાવવો.

‡ ખરસાણીનું દૂધ અથવા અન્ય થોરનું દૂધ વધારે પ્રમાણમાં ખાવામાં આવે તો તેથી જુલાબ લાગે છે તથા વારંવાર લોહી પડે છે. તેને માટે માખણ અથવા દૂધ સાકર મેળવી પીવું.

પ્રવેશ કરે છે. **ફેણી, રાજીલ, ઇ૦ સર્પોએ કરેલા દંશનાં લક્ષણો:**—કૃષ્ણ સર્પે કરેલો દંશ કાળો હોય છે તથા સર્વ પ્રકારના વાતવિકારોને ઉત્પન્ન કરે છે. મંડળનો દંશ પીળો અને સોજા-યુક્ત હોય છે તથા સર્વ પ્રકારના પિત્તવિકારોને ઉત્પન્ન કરે છે. રાજીલ સર્પનો દંશ પરપોટા-વાળો હોય છે અને તડતડતો હોય છે. તેનો સોજો સણુકાસહિત હોય છે અને તે દંશથી જાડું લોહી નીકળે છે તથા સર્વ પ્રકારના કફના વિકારો થાય છે. **કુરસા** (બારેલો સાપ)—એ સર્પ વેંત–દોઢ વેંત લાંબો હોઇ અંગુઠા જેટલો જાડો હોય છે. એનો રંગ કાળો જાંબુડી રંગનો હોય છે. એ બારેલા સર્પના દંશના વિકારો રાજીલના દંશ પ્રમાણેજ થાય છે. કાંડરાને (કોડિયું) ફેણ હોતી નથી. એ સર્પના જેવોજ હોય છે. એના દંશ વડે આખા શરીરમાંના લોહીનો કફ થાય છે અને તે કફ ગળાપર્યંત આવી ગળાને ભરી નાખે છે. ઘોણસ કરીને ચિત્રા જેવો સર્પ થાય છે, તે **લીલા** રંગનો હોય છે. એમાં આગીઓ ઘોણસ અને કુસડો ઘોણસ એવી બે જાત છે. આગીઆ ઘોણસના દંશથી સર્વાંગે અગ્નિ લગાડયા પ્રમાણે દાહ થાય છે. શરીર પર મોટી મોટી ગાંઠો થઈ આવે છે, મૂત્રસ્થાને ઘણોજ સોજો આવે છે અને વારંવાર ટીપું ટીપું પેશાબ થાય છે. કુસડા-ઘોણસાના વિષથી પ્રથમ દંશસ્થાને ખરજ ઉત્પન્ન થાય છે અને ચાર પહોરમાં તે જગ્યા ખરજવા જેવી થઈ, દિવસે દિવસે તે ફેલાતું જઈ અંગ પણ ફૂલી જાય છે. **મણીઆર** કરીને સર્પ થાય છે, તે એક વેંતથી બે વેંતપર્યંત લાંબો અને હાથના અંગુઠા જેવડો હોય છે. તેનો રંગ લીલો જાંબુડી હોય છે. **મણીઆર** સર્પમાં ત્રણ–ચાર જાત છે. એક જાતનો **મણીઆર** છે તે રાત્રે શરીર પર થઇને જાય અથવા તેની છાયા શરીર ઉપર પડી હોય તો સૂર્યોદય થવાની સંધિમાં મનુષ્ય નિશ્ચેષ્ટ માલૂમ પડે છે. બીજી જાતનો મણીઆર થાય છે તેણે અંગ ચાટવાથી કિંવા કોઇ પણ પદાર્થ ઉપર તેની લાળ પડી હોય અને તે પદાર્થ ખાવામાં આવે, અથવા તે લાળ શરીરના કોઇ ભાગ પર લાગવાથીજ વિષ બાધ કરે છે. એ વિષના યોગે ઉંઘ આવે છે; પરંતુ તેની છાયા બાધક થતી નથી. ત્રીજી જાતના મણીઆર સર્પનો દંશ દિવસે થાય તો રાત્રિ થયા પહેલાં અને રાત્રે થાય તો સૂર્યોદય થયા પહેલાં માણસને વિષ બાધ કરે છે.

સર્પદંશ ઓળખવાની યુક્તિ:—ખાવાનું એક પાન દંશ ઉપર દાબી રાખવું; એટલે **વિષાર દંશ** હશે તો પાન ઉપર દંશ જેટલોજ અને અગ્નિએ શેકવાથી પડેલા ચાઠા પ્રમાણે ડાઘ પડશે; અને એજ પાન દંશ ઉપર ચોળવાથી દંશ કાળો થશે. **વિષાર દંશ** નહિ હોય તો ઉપર કહ્યો તે પ્રકાર થશે નહિ. સર્પદંશ થયેલા માણસને **મરચાં, મીઠું** અને કડવા **લીમડાનાં પાંદડાં** ખાવા આપવાથી તે માણસ એ પદાર્થોનો સ્વાદ બિલકુલ જાણતો નથી. તેને એ પદાર્થો ઘણા મીઠા લાગે છે. એ ઉપરથી પણ સર્પદંશ થયો છે કે નહિ એ સમજાય છે. વળી **કાળી માટી** દંશ થયેલા માણસને ખાવા આપવી. તે માટી જો તીખી લાગે તો **સર્પદંશ** અને મીઠી લાગે તો ઉંદરનું વિષ જાણવું. **કરમદીનાં મૂળીઆં** પાણીમાં ઘસી થોડાં પાઈ જોવાં. જો દંશ વિષારી હશે તો **વમન** (ઉલટી) થશે નહિ. સર્પદંશ થયેલા માણસને ઔષધ આપી ઉતાર થવા સાથેજ તેને ઉપલા ત્રણ પદાર્થો ખવરાવવામાં આવે તેથી સ્વાદ સમજાય છે; એટલા માટે એ પદાર્થો ખાવા આપી, ઔષધથી ગુણ થયો કે નહિ તે અવશ્ય જોવું. સર્પ કરડે કે તુરતજ **પહેલો ઉપાય** એ કરવો કે, તત્ક્ષણ સર્પ જેટલો ચઢયો હોય તે જગ્યાથી ચાર આંગળને છેટે ઉપરની બાજુએ એક **દોરડી** અથવા **કપડું** લઇ જોરથી તાણી બાંધવું; તેથી વિષવડે મિશ્રિત થએલું રક્ત (લોહી) ત્યાંનું ત્યાંજ રહે છે, આખા શરીરમાં વ્યાપી જતું નથી. જખમને જરા છેદી તેમાંનું લોહી કાઢી નાખવું; એટલે માણસને વિષ ચઢવાની બહુ ભીતિ રહેતી નથી. લોહી સારી રીતે નીકળી ગયા પછી તે જગ્યા અંગારા વડે શેકી નાખવી; એટલે ત્યાં લાગેલું વિષ બળી જાય છે.

અસાધ્ય લક્ષણો:—પીંપળાની નીચે, રાફડા નજીક, દેવળમાં, બાગમાં, જૂના વહેળામાં, વડ નીચે, સુકાએલાં ઝાડ નીચે, સ્મશાનમાં, ઝાડ ઉપર, એ સ્થાનોએ અને સંધ્યાકાળે, ચોકઠામાં (ચાર રસ્તા જ્યાં મળે છે ત્યાં), ભરણી નક્ષત્રમાં તથા મર્મસ્થાનમાં સર્પદંશ થયો હોય તો તે અસાધ્ય જાણવો. આર્દ્રા, મઘા, મૂળ, કૃત્તિકા, ભરણી, શ્રવણ, વિશાખા, પૂર્વા, ચિત્રા, એ નક્ષત્રો;

પંચમી, અષ્ટમી, અમાવાસ્યા, પૂર્ણિમા, ચતુર્દશી, એ તિથિ; મધ્યાહ્ન, સાંજ, સવાર, મધ્યરાત્રિ, એ વખતે તથા મર્મસ્થાનમાં દંશ થયો હોય તો અન્ય મનુષ્યાદિકની સહાયતા હોય તોજ મોટા કષ્ટ વડે બચી શકે છે. અજીર્ણ, પિત્ત, સૂર્યના સંતાપ વડે પીડા પામેલો, બાળ અને વૃદ્ધ, કૃશ થયેલો, મધુરોગી, મેહી, કોઢવાળો, રૂક્ષ, નિર્બળ તથા સગર્ભા–ગર્ભવંતી સ્ત્રી, એઓને સર્પદંશ થવાથી તેઓ તત્કાળ મરણ પામે છે. જેના આખા અંગમાં વિષ પ્રસરી ગયું હોય તેને કાપવાથી લોહી નીકળતું નથી, મારવાથી તેને સોળ પડતા નથી અને શરીર ઉપર ઠંડુ પાણી નાખવા છતાં રોમાંચ થતાં નથી; તે રોગી સાધ્ય નથી એમ જાણવું. જેનું મુખ વાંકું થઇ જાય છે, વાળ ગરી પડે છે, નાકનો અગ્ર ભાગ વાંકો થઇ જાય છે, ગળું ભાગી જવાથી ડોક સીધી રહેતી નથી અને જે જગાએ લાલ તથા કાળો સોજો આવે છે, હાલતું ચાલતું નથી, એવાં લક્ષણોએ યુક્ત રોગીઓને વૈદ્યોએ ચિકિત્સા કરવાના કામથી તજવા. જે માણસના મુખવાટે જાડી લાળ વહે છે અને નાક, મોઢું તથા ગુદામાંથી રક્ત નીકળતું હોય; અને જેઓને દંશસ્થાને ચાર દાંત લાગેલા હોય તે માણસ અસાધ્ય જાણવો. અત્યંત ઉન્મત્ત થયેલો અને જ્વર, અતિસાર ઇત્યાદિ ઉપદ્રવો વડે વ્યાપ્ત, જેને બોલવાની શક્તિ નથી એવો અને કાળો ઠીકરા જેવો વાંકો થઇ કુલક્ષણોએ યુક્ત થએલો અને જેનો વેગ તથા ગોળો ઉછળતો નથી એવો વિષરોગી, કિંવા મળમૂત્રાદિના વેગરહિત એવો વિષરોગી માણસ અસાધ્ય જાણવો.

સર્પદંશ ઉપર ઉપચાર:×—(૧) વાંઝણી કંકોડીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં તથા લેપ

× સાપ અનેક જાતના હોય છે. તેમાં કેટલાક વિષરહિત, કેટલાક થોડા ઝેરવાળા અને કેટલાક તો એવા ઝેરી હોય છે કે જેનો દંશ થયા પછી માત્ર અર્ધા કલાકમાંજ પ્રાણ જાય છે; માટે જેમ બને તેમ તાત્કાલિક ઉપાય લેવા જોઇએ. આ બાબતના અમને અનેક જગ્યાએથી મળી આવેલા ઉપાયો નીચે મુજબ છે:—

ઉપચાર:—(૧) દંશ થતાંજ દંશની ઉપરની બાજુએ બે આંગળને છેટે દોરી એવી તાણીને બાંધવી કે તે માંસમાં ખુંચી જાય. (૨) આંગળીએ કરડવાથી કેટલાક માણસોએ સુડીથી તત્કાળજ આંગળી કાપી નાખવાથી બચી જવાના દાખલા મળી આવે છે. (૩) બળતા લાકડાથી કે અંગારાથી દંશ થએલા ભાગને સારી પેઠે બાળી નાખવો. (૪) તે જગ્યાનું માંસ કાપી કાઢી લોહી વહેતું કરવું કે જેથી તે વાટે ઝેર નીકળી જાય. (૫) કેટલાક માણસો દંશને ચૂસીને થુંકી નાખે છે ખરા, પરંતુ એમ કરતાં વખતે ચૂસનારનો જીવ જવાનો વખત આવી જાય છે; કારણ એજ કે, ચૂસેલું ઝેર મોઢામાં વધારે થઈ જવાથી થુંકની સાથે પેટમાં પણ જતું રહેવા સંભવ છે. (૬) સાબરશિંગનો ત્રણ તોલા ભૂકો લઇ તેને પાણીમાં ખૂબ ઉકાળી તે પાણી પાવું; અથવા તો પાણીમાં ઘસી ગરમ કરી પાવું. (૭) બીજોરાનાં બીજ તોલો ૧ ખોખરાં કરી ખળખળતા પાણીમાં ભીંજવી ઠંડું થયે તે ચોળી લુગડે ગળી પાવું. બીજોરાનાં બી તમામ જનાવરોનાં ઝેર ઉપર ઘણો ફાયદોકર્તા છે. (૮) લસણને છુંદી ગાયના ઘીમાં મેળવી ડંખ ઉપર બાંધવું. (૯) આમલસારો ગંધક નાના બાળકના મૂત્રમાં મેળવી ડંખ ઉપર ચોપડવો તેથી ઝેર ઉતરશે. (૧૦) ઘોડાવજ, આકડાની જડ તથા સિંધવ, એ ત્રણે સમાનવજને લઇ વાશી પાણીમાં ઘસીને પાવું અને ઉપર ગાયનું પુષ્કળ દૂધ પાવું; અથવા ૫ પૈસાભાર મરી ઝીણાં ખાંડી ગાયના ઘી શેર ૧ માં પાવું; અથવા ખાંડ અને ઘી પેટપૂર પાય તો ઝેર જલદી ઉતરી જાય. (૧૧) કાળો વછનાગ માસો ૧ ઘસીને ગળામાં રેડે તો વછનાગના ઝેરથી સાપનું ઝેર ઉતરે; પણ કરડતી વેળા તુરત પાય તોજ ફાયદો કરે. ઝેર ફરી વળ્યા પછી આ ઇલાજ ફાયદો નહિ કરે. એમાં કાળા સિવાય બીજો વછનાગ ગુણ નથી કરતો. આવા પ્રયોગો ઉપરથીજ પૂર્વાચાર્યોએ " **विषस्य विषमौषधम्** " કહેલું હોવું જોઇએ. (૧૨) મરી ગયેલા તાજા સાપના મોઢામાં સોમલ તોલો ૧ ભરી તે સાપને જાંબુ, આમલી, આંબા, બોરડી તથા પીંપરના ઝાડનાં બબ્બે શેર છોડાં લઈ તે વડે અડધું માટલું ભરી પછી તે ઉપર તે સાપને ગોઠવી બાકીનાં છોડાં તે ઉપર ભરી માટલાને કપડમાટી કરી ભસ્મ કરવી. ઠંડું થયેથી કમરપૂર પાણીમાં લઈ જઇ બે જણાએ સામસામા પકડી રાખેલા

કરવો; એટલે સર્પ, ઉંદર, બિલાડી, વિંછી ઇત્યાદિનાં વિષનો નાશ થાય છે. (૨) તાંદળજાનાં મૂળીઆં ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. (૩) ઘી, મધ, માખણ, લીંડીપીંપર, આદુ, મરી અને સિંધવ એકત્ર કરી ખાવાં. (૪) શિરસ (સરસડો) વૃક્ષનાં ફૂલના રસમાં મરીને સાત ભાવનાઓ આપી તેનું સેવન અને અંજન કરવું. (૫) કરંજાનાં ફળ, સુંઠ, મરી, લીંડીપીંપર, બીલીનાં મૂળ, હળદર, દારુહળદર, તુંબરૂનાં (તિરફળાનાં) ફૂલ અને બકરીના મૂત્રનું અંજન કરવું. (૬) કલગારીનો કંદ પાણીમાં વાટી નસ્ય કરવું, (૭) આકડાનાં મૂળીઆં પાણીમાં ઘસી પ્રાશનાર્થ આપવાં. (૮) પાણીમાં ટંકણખાર નાખી પ્રાશનાર્થ આપવો. (૯) ફટકડીનો ગાંગડો આ ખોમાં ફેરવવો અને પાણી કરી પાવું. (૧૦) અરીઠાનું પાણી કરી પાવું અને અંજન પણ કરવું. (૧૧) પારેવા-(કબુતર)ની હગાર, માણસના કેશ, ગાયનું શિંગડું, મોરની પીછીનું ચાંદલું, જવ, ધાણા, તુસ, કપાસનું જીંડવું અને શિળામાળાનો ધૂપ ઘરમાં કરવો; તેથી કરી સર્પ અને ઉંદર ઘરમાંથી જતા રહે છે. (૧૨) ધોળી ચણોઠીનાં મૂળીઆં પાણીમાં ઘસી પાવાં. (૧૩) સાપસૂતનાં મૂળીઆં ઘસી પાવાં. (૧૪) નાગદમણીનાં મૂળીઆં ઘસી પાવાં. (૧૫) ધોળા કરેણનાં મૂળીઆં પાણીમાં ઘસી શક્તિ પ્રમાણે પાવાં. (૧૬) દેવડાંગરી (કુકડવેલ)નાં ફળ પાણીમાં વાટી પાવાં. (૧૭) નાગરવેલીનાં મૂળીઆં ખાવાના પાનમાં ઘાલી ૨-૩ બીડાં કરી ખાવા આપવાં. (૧૮) કડવી ઇંદ્રવરણીનાં મૂળીઆં પાનમાં ઘાલી ખાવાં. (૧૯) ગળો પાણીમાં વાટી પાવી; એટલે ઉલટી થઇ વિષ ઉતરે છે અથવા ગળોના કંદા અગર મૂળીઆં સર્પવિષથી મૂર્ચ્છિત થયેલા માણસના તાળવા ઉપર સારી પેઠે ચોળવાં એટલે વિષ ઉતરે છે. ઢોરોને માટે તેનો ઉપયોગ કરવો હોય તો જીભ ઉપર તે ચોળવાં. (૨૦) લસણના રસમાં સમુદ્રફળ ઘસી અંજન કરવું. (૨૧) ધોળા ચંપાની અને બીલીની છાલ એકત્ર કૂટી તેનો રસ પાવો. (૨૨)એરંડાનાં પાંદડાંનો રસ કાઢી તેમાં થોડું પાણી નાખી પાવો. (૨૩) દવણાનાં (ડમરાનાં) મૂળનો રસ પાવો. (૨૪) કડવા લીમડાનાં પાંદડાં કડવાં ન લાગે ત્યાંસુધી ખવરાવવાં. ઝેરની અસર હશે ત્યાં-સુધી મીઠાં લાગશે.*

જુઓ **અનુભૂત** ઔષધ:—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગમાં નં. ૨.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અનંત-૨, આકડો-૨૧, ઇન્દ્રવરણા-૧, ઉટકટારી-૪, ઉંદરકની ક-૨, ઉપરસાલ-૮, એરંડો-૨૨, કપાસ-૩, કપૂરભેંડી-૧, કરમદી-૪, કરેણ-૧, ૭; કલગારી-૯, કંકોડી-૫, કાયફળ-૧, કાંસકી (પેટારી)-૧, કુકરપાડાનો વેલો-૧. ખાખરો-૨૦, ગળજીભી-૩, ગળો-૨, ૧૭, ૨૫; ચિત્રક-૩, ડમરો-૧, તંબાકુ-૬, તાંદળજો-૧, તુવેર-૯, ધંતુરો-૩, ધોળો ચંપો-૩, ૬; નાગફણી-૧, નાગરવેલ-૧, નેપાળો-૨. નોળવેલ-૧, પારિજાતિક-૬, બીલી-૩, ભારંગી-૫, મરવો-૧, મહૂડો-૪. માલકાંકણી-૭, મીંઢીઆવળ-૭, મ્હાંદ-૧, લીમડો

લૂગડામાં તે ભસ્મને નાખી પાણી સાથે મસળવી; એટલે તેમાની રાખ પાણીમાં ધોવાઇ જાય જે કણીઓ લૂગડામાં રહી જાય તેને સોની પાસે ગળાવી ઢાળકી પડાવી રાખવી. આ ઢાળકી ગરમ કરી પાણીમાં છાંટી. (છમકારી, બોળી) તે પાણી પાવાથી સાપનું ઝેર તુરત ઉતરી જાય છે; એમ જૈન ગ્રંથોમાં લખ્યું છે. (૧૩) લીમડાનાં બે તોલા પાંદડાંમાં આકડાની જડની છાલ બે તોલા વાટી પાવાથી સાપનું ઝેર ઉતરે. (૧૪) કંકોડી સારી અથવા કંકોડીની જડ ટાંક ૧॥ પાણીમાં પાવાથી સાપનું ઝેર જાય. (૧૫) હીંગ ટાંક ૫ ખવરાવવાથી સાપનું ઝેર વધુ ચઢી શકતું નથી. (૧૬) ઘોડાવજની ધૂણી ઘરમાં કરવાથી સર્પ ઘરમાં ન રહે. (૧૭) કડવી તુંબડીનાં લીલાં પાંદડાં ખવરાવવાથી સાપનું ઝેર જાય.

* **સર્પવિષ ઉપર ઉપચાર:**—(૧) નેપાળાને ઘીમાં વાટી ઠંડા પાણી સાથે પીવરાવવો, તથા નેપાળાને લિંબુના રસમાં ઘસી આંખમાં અંજન કરવું. (૨) ટંકણખાર ખવરાવી ઉપર ઘી પીવરાવવું. (૩) જહરમોહરો પાણીમાં ૧ રતી આશરે ઘસી ચટાડવો, તથા ડંખપર ચોપડવો. ચાટવાથી ઉલટી થાય ત્યાર પછી ફરીથી ચટાડવો એવી રીતે વારંવાર કરતા રહેવું. (૪) મોરથુથુ પાણીમાં મેળવી પીવરાવવું. આ ઉપરાંત શાસ્ત્રકારોને મહાઅગદ, અજિત અગદ, મૃત્યુપાશાપહ ઘૃત, નાગદંત્યાદિ ઘૃત, ચંદ્રોદય અગદ, અજેય ઘૃત, ભીમરુદ્ર રસ, શિરીષાદિષ્ટ વગેરે અનેક ઔષધિ કહેલી છે.

(કડવો)-૪, વિખમોગરી-૧, વિંછુડા-૨, સરસડો-૧, સમુદ્રફળ-૧, સરગવો-૨, સાગ-૨, સાપસૂત-૧, સોનારવેલ-૧, ફુરા-૧.

ફુરસાના× વિષ ઉપર ઉપચાર:—(૧) વાસનવેલનાં મૂળીઆં ઘસી પાવાં. (૨) રાતા

× ફુરસા નામનો નાગ ઘણો નાનો હોય છે. આ નાગ પક્ષીની પેઠે ઉડીને રસ્તે ચાલતા માણસ કે પશુને કરડે છે; અને પાછો તરતજ તે કૂદી જાય છે, જેથી ઘણી વખતે તો દરદીને શું કરડ્યું તેની પણ ખબર પડતી નથી. ફુરસાના કરડવા પછી દરદી બચતો નથી.

ફુરસા વગેરેની ઓળખાણ આપતાં એક મરાઠી ગ્રંથમાં લખ્યું છે કે:—

ફુરસા—આ પ્રાણી શુમારે એક વેંતથી લાંબું નથી હોતું. મોટામાં મોટો હાથના અંગુઠા જેવડો જાડો હોય છે. રંગ છેક કાળો હોઈ તેના શરીર ઉપર સફેદ વર્ણના ડાઘ હોય છે. તેના નજીક મનુષ્ય જવાથી તે મોટા અવાજથી ફુંફાડો મારે છે. શાકનો વઘાર કરતાં અવાજ થાય તેવો તેનો અવાજ થાય છે. એના દાંત બેસવાથી જે ખાડા પડે છે તે બારિક સોયે ઘોંચ્યા પ્રમાણે હોઇ તેમાંથી લોહી વહેવા લાગે છે અને તે ઠેકાણે સોજો આવે છે; મસ્તક ભારે થાય છે, તેલનો દીવો જોવામાં આવે અથવા કાળાં વસ્ત્ર પહેરેલી સ્ત્રીનો સ્પર્શ થવાથી ઝેરનું જોર તેજ વખતે વધારે થઇ દરેક વાળનાં છિદ્રોમાંથી લોહી વહેવા લાગે છે. આમ થાય ત્યારે ઝેર ઉભર્યું એમ કહેવાય છે. એમાં બે મુખ્ય જાતો છે. એક ઘણુસા ફુરસા અને બીજો વાતેરો ફુરસા. વળી તે દરેકમાં પણ પેટાભેદ છે તે તો જુદા, પરંતુ તેમાં વિશેષ ફરક ન હોવાથી અમે તે છોડી દીધા છે.

ઘણસા ફુરસા—રંગે કાળાશ પર, મોઢું મોટું અને વેંત જેટલો લાંબો હોઇને પગના અંગુઠા જેટલો જાડો તથા અંગ ઉપર ઘણાં મોટાં ચાઠાં ચાઠાંવાળો હોય છે. એનો દંશ થતાંજ ઔષધોપચાર થાય તો મનુષ્ય દબાઈ જવાની બીક રહેતી નથી.

વાતેરો ફુરસા—એ ઘણું કરીને નાની આંગળી જેવો જાડો અને લંબાઇમાં દોઢ હાથ સુધી હોય છે. તેના શરીર પર ધોળાં ચાઠાં અને વર્ણ કાળો હોય છે. એનું ઝેર જરા વધારે હોય છે. આ પ્રાણી ડુંગરાળ પ્રદેશમાં અને કોંકણ પ્રાંતમાં ઘણાં હોય છે. એનું ઝેર ૬-૭ દિવસ અને કદી કદી વધુ પણ રહે છે.

મણિયારો—આ જનાવરની ત્રણ જાતિ સાંભળવામાં આવે છે. લંબાઇ શુમારે બે-અઢી હાથ હોઇ જાડાઇ બારિક નેતરની સોટી જેટલી, વર્ણ કાળાશપડતો અને પીઠ ઉપર ચાઠાં હોય છે. ત્રણ પૈકીની એક જાત તો એવી ઝેરી હોય છે કે, તે જો રાત્રે શરીર ઉપર થઇને ગયેલ હોય અથવા તેની છાયા પણ શરીર ઉપર પડી હોય તો સૂર્યોદય થવા પહેલાંજ મનુષ્ય મરે છે. એ જાતને કાળો મણિયાર કહે છે. હવે બીજી જાત:-એણે જો શરીર ચાટયું હોય અગર એની લાળ પડેલો પદાર્થ ખાવામાં આવે અથવા તે લાળ કે ઝેર શરીરને લાગે તો તેથી પણ ઝેર ચઢીને ઘેન આવે છે. એની છાયા વગેરેનો બાધ નથી. ત્રીજી જાત:-એનો દંશ દિવસે થવાથી રાત્રિ પડતા પહેલાં અને રાત્રે થવાથી દિવસ ઉગતા પહેલાં મનુષ્ય મૃત્યુ પામે છે.

ઘણસ કે ઘોણસ—આ જનાવરમાં ઘણાજ પ્રકાર હોય છે. એનું ઝેર પ્રાણઘાતક નથી; પણ ઘણા દિવસ સુધી રહેનાર છે. આ દોઢ હાથ સુધી લાંબો હોઇ વચ્ચેથી જાડો હોય છે. રંગે ભુરાશ પડતો અને શરીર ઉપર ધોળાં ચાઠાં ચાઠાંવાળો હોય છે. એનો દંશ થતાંજ અગ્નિથી દાઝયા પ્રમાણે બળતરા થાય છે. શરીર ઉપર ગાંઠો થાય છે; પેશાબે બળતરા થાય છે; સોજો આવે છે અને પેશાબ ટીંપે ટીંપે ઉતરે છે. કયારેક કયારેક તો એક મહિના સુધી એના ઝેરની અસર રહે છે. એ અસર મટતાં સુધી ઔષધ ચાલુ રાખવું જોઇએ. કુપથ્ય કરવાથી ગરમી (ઉપદંશ) પ્રમાણે વિકાર થાય છે. આગિયો ઘોણસ—જરા ચપળ, વિશેષ લાંબો અને કરડવાથી બળતરા થાય છે. કાબરો ઘોણસ—ઉપર પ્રમાણેજ વિકાર થાય છે. ડુર્યો ઘોણસ—જાડો હોય છે. ઝેરી પ્રાણીઓમાં એવડો જાડો બીજો નથી એમ કહીએ તો ચાલે. એના શરીર ઉપર ચાઠાં હોય છે. રંગ તપખીરી, જાડું મોઢું, ગમે તે જગ્યાએ કરડનાર, ઉડીને મસ્તકે પણ કરડનાર અને એકાદ

કુંભાની જાતનો રસ, મરીની ભૂકી નાખી આપવો. ઉતાર—કાળી તુળસીનો રસ. (૩)ધાવડીનાં મૂળ પાણીમાં ઘસી પાવાં અને ઇંદ્રવરણાનાં મૂળ ઘસી દંશ તથા અંગ ઉપર ચોપડવાં. (૪)કાંગળાનાં અથવા ચીટવેલીનાં મૂળ ઘસી ૩ તોલાપર્યંત પાવાં. (૫) ફાંજીના વેલાનાં મૂળ ઘસી પાવાં. (૬)ખર-સાંણીની ડુંખો પાનમાં વિંટાળી અંગારામાં બાફી કઢવી, તેનો રસ બે પળીઓપર્યંત પીવા આપવો અને થોડો તાળવા ઉપર અને દંશસ્થાને ચોળવો. (૭) કાળા કડાનાં મૂળીઆં ઘસી પાવાં. (૮)

માણસથી તો મારવો પણ ભારે પડે એવો છે. તેના ઉપર મોટા મોટા પથ્થર નાખીએ અગર મોટાં મોટાં લાકડાં ઘોચીએ તોપણ એને કાંઈ ઇજા થતી નથી; એવી એની ચામડી મજબૂત હોય છે. રાયઘોણુસ—ઉપર પ્રમાણે; પરંતુ પૂંછડેથી ઝીણો હોય છે. આ કરડવાથી બળતરા થતી નથી, કફ વધે છે અને તે કફ ગળા સુધી આવે છે. કુસડયા ઘોણુસ—આ કરડે ત્યારે દંશસ્થાન પાસેનું શરીર સડી જાય એજ તેની પરીક્ષા છે.

કાંડર—એ સર્પ પ્રમાણેજ લાંબો અને જાડો હોય છે, પરંતુ તે ફણા ચઢાવતો નથી. એના દંશથી જે ખાડા પડે છે તે જ્યારે સર્પના દંશ પ્રમાણે હોય છે ત્યારે દંશ થયા પછી એક ઘડીમાં તે ભરાઇ આવે છે. તેના ઝેરથી આખા શરીરમાં લોહીનો કફ થાય છે, તે કફ ગળા સુધી આવ્યા પહેલાંજ ઔષધ આપવું જોઇએ; કેમકે ગળું ભરાય ત્યાંસુધી માણસ શુદ્ધિમાં હોય છે. આ માણસનું એઠું બીજાના ખાવામાં આવે તો તેને પણ દંશ થયા પ્રમાણેજ ઝેર ચઢે છે. સર્વ પ્રમાણે તે થોડો વખત દ્વેષ રાખે છે. જો રાત્રે કરડયો હોય તો દિવસ ઉગ્યા પહેલાં અને દિવસે કરડયો હોય તો સૂર્યાસ્ત પહેલાં મનુષ્ય મરણ પામે છે. આથી ઉપચાર તાબડતોબ કરવા જોઇએ.

નાનેટી—આ પ્રાણીના અંગનો રંગ રતાશ પડતો હોઇ પીઠ ઉપર કાળાં ચાઠાં હોય છે અને તે શુમારે દોઢ હાથ લાંબો હોય છે.

નાનેટા—નાનેટા એ એક સર્પના આકારનું લાંબું ઝેરી પ્રાણી છે. જે પ્રમાણે ચાબૂક હોય છે તે પ્રમાણેજ એ મોઢા આગળ કાંઇક જાડો અને છેવટે બહુજ પાતળો તથા શુમારે અઢી-એક હાથ સુધી લાંબો, હાથની આંગળી જેટલો જાડો અને કાળાશ પડતા રંગનો હોય છે. આ ઝાડ ઉપર જવામાં ઘણો ચપળ હોઈ કેટલીક ઉંચાઈ સુધી ઉડીને જાય છે. કોંકણ પ્રાંતમાં તે પુષ્કળ થાય છે. બીજા દેશોમાં તે ક્વચિતજ હોય છે. તાળવાની જગ્યાએ દંશ કરવામાં આની વિશેષ પ્રખ્યાતિ છે.

અગ્રેલા—આ પ્રાણી એક વામ જેટલું લાંબું અને હાથના કાંડા જેટલું અથવા તેથી પણ જાડું હોય છે. આ કોઇને કરડતું નથી, પરંતુ અહીંતહીં રખડે છે. માહિતગાર ન હોય તેજ એનાથી ડરે છે. એને ઓળખવાનું સાધન એવું કે, એ વારંવાર જીભથી પોતાના હોઠ ચાટે છે અને ચાલમાં ધીમો હોઇ સર્પના પ્રમાણે વેગવાળો નથી. એના અંગ ઉપર બંગડી પ્રમાણે બબ્બે આંગળના અંતરે લીટા હોય છે. આ જનાવરની પેઠે કોઇ પણ પ્રાણી હોઠ ચાટતું નથી. આજ લક્ષણ ઉપરથી તેનાથી બ્હીવાનું કે તેને મારવાનું કારણ નથી. તે મનુષ્ય તરફ બિલકુલ જતો નથી.

અજગર—જમીનની ઉપર સર્પની પ્રમાણે ચાલનાર પ્રાણીઓમાં આના જેટલું મોટું અને સુસ્ત પ્રાણી કોઈજ નથી. અજગર અતિશય મોટો અને ક્વચિતજ ફરતો હોય છે. આ દંશ કરતો નથી; કારણ કે એને દાંતજ નથી. જ્યારે મનુષ્ય અગર કોઇ એના મોઢામાં આવી પડે ત્યારેજ કામ કથળે છે; કારણ કે મનુષ્ય ગમે તેવડો હોય તોપણ તેને તે આખોજ ગળે છે અને પછી તે કોઇ એક ઝાડને વિંટાઇ જોર કરે છે, એટલે ખાધેલો મનુષ્ય પેટમાં ગળવા માંડે છે; એવું આ પ્રાણી ભયંકર છે. એક મનુષ્યને ગળતાં એને ચાર ઘડી વાર લાગે છે; અને મનુષ્ય એક વાર એના મોઢામાં આવ્યા પછી છૂટી શકવો અશક્ય છે. એના ઉપર ઉપાય એકજ છે. તે એ કે, એ ગળવાની શરૂઆત કરે કે બીજો પગ પહોળો કરી છેટો રાખવો એટલે તેને એકજ પગ ગળવા મળે; અને આપણું જોર ન ફાવે તો બીજા મનુષ્યોએ શસ્ત્રવતી એને બંને બાજુથી ઉભો ચીરવો; એટલે મનુષ્ય બચી જશે. આ બીજી કોઈપણ પ્રકારની ઇજા કરતો નથી, જેથી તેનાથી બ્હીવાનું કારણ નથી. તેનો રંગ તપખીરી તથા કાળાશ પડતો હોય છે. શરીર ઉપર ક્વચિત્ ટપકાં હોય

મોળવેલનો રસ પાવો. (૯) સર્પદંશ ઉપરના ઉપચાર કરવા. કુરસાના વિષથી મૂત્રાવરોધ થાય તો:—પાખરાનાં ફૂલ બાફી ડુંટી નીચે બાંધવાં. વિષ ઉકળી રક્ત વહેવા લાગે તો સાગના કુમળા અંકુરો લાવી તેને બારિક વાટી પાણીમાં મેળવી તે પાણી ૭ તોલાપર્યંત પીવા આપવું અથવા ધાવડીના કુમળા અંકુરો અને ૭ મરી એકત્ર વાટી ગોળી કરી ખાવા આપવી. સોજો આવે તો:—ધંતુરાનાં પાંદડાંનો રસ કાઢી ગરમ કરી એનાંજ મૂળીઆં ગોમૂત્રમાં ઘસી ઉપર ચોપડવાં. ડોક ઉપર ભાર લાગે તો:—કાળા કડાનાં મૂળીઆં ઘસી ડોક ઉપર લેપ કરવો. પેટ દુખતું હોય તો:—તેજ મૂળ ખાવાં. શોષ લાગે તો:—આમળાંની છાલ ખાવા માટે આપવી. પેટમાં વિષનો ગોળો થાય તો:—અગથીઆના ઝાડની ઉત્તર બાજુની છાલ પાણીમાં ઘસી પાવી. અંગ ઉપર વિષ ફુટે તો:—કડવી કારેલીનાં પાંદડાં ગરમ કરી અંગે પાટો બાંધવો અથવા તેનોજ રસ અંગે ચોળવો.

કોઢીઆ(કાંડરા)ના વિષ ઉપર ઉપચાર:—(૧) અરીઠાનું પાણી કરી વારંવાર પાવું. (૨) બે-ત્રણ ગુંજા મોરથુથુ ફુલાવી દહીંમાં આપવું.

ચિત્રા(ઘોણસા)ના વિષ ઉપર ઉપચાર:—(૧) ઘોણસીના રસમાં ધણુસરીનાં મૂળીઆં, અરીઠાં અને કડવાં કારેલાં વાટી, ગોમૂત્ર નાખી દંશ ઉપર લેપ કરવો. (૨) કાળા કડાનાં મૂળ પાણીમાં ઘસી થોડી થોડી વારે પાવાં. (૩) ધણુસરીનાં મૂળ અને સુંઠ ઘસી પાવી; અને ગાંઠો વગેરે થઈ આવાં હોય તો તે ઉપર લેપ કરવો. (૪) ભારંગમૂળ પાણીમાં ઘસી પાવાં. (૫)ઢોરોને ઘોણુસાનો રસ શેરભાર પાવો.

મણીઆરીના વિષ ઉપર ઉપચાર:—(૧) કાળી તુલસીનો રસ પીવા આપવો, મસ્તક ઉપર પણ તે રસનો લેપ કરવો અને દંશ ઉપર પણ ચોળવો. (૨) કાજુની છાલનો રસ શક્તિ પ્રમાણે પાશેરથી અર્ધાશેર પર્યંત પાવો; અને તે ઉપર દૂર્વાનો (ધરોનો) રસ પાવો તથા તાળવા ઉપર તે રસ ચોળવો. (૩) સર્પદંશ ઉપરના ઉપચાર કરવા. (૪) ધાવડાના પાલાનો રસ પાવો અને માથે ચોળવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**કુરસાના** વિષ માટેઃ-અગથીઓ-૪, અળવી-૧, ઇંદ્રજવ-૪, કાળાંવેલ-૧, ખરસાંણી-૮, ધણુસરી-૧, ઘોલી (ગિલોડી -૩, પાટલા-૨. ફાંગળો-૧, ભમરડીનો વેલો-૨, સાગ-૭, **આગીઆ ઘણુસના** વિષ માટેઃ—અંબાડો-૨, તાંદળજો-૫. **ઘોણુસ** એટલે ઘોયડા કે મંડળ માટેઃ—ધણુસરી-૧, ઘોણસી (ગોનસી)-૨, દાડમ-૯, ભારંગી-૨, હુરા-૨. **કુરસા** કિંવા **ઘોણુસાના** વિષથી આવેલ સોજા માટેઃ—ઉક્ષી-૪. **મણીઆરીના** વિષ માટેઃ-કાજૂ-૩, તુલસી-૨, ધાવડી-૭, પારસપીંપળો-૨. **આગિમણીઆરીના** વિષ માટેઃ—કંકોડી-૩. **સર્પનું વિષ કદી ન ચઢવા** માટેઃ—લીમડો (કડવો)-૧૮. **કાંડરા** એટલે **કોઢીઆના** વિષ માટેઃ-ડુકરકંદ-૧.

જુઓ પ્રા૦ ઔ૦માંઃ—અસ્થિ-૧૨, ગાંડુળ-૨, મૂત્રવર્ગ-૩, મોરનાં પીછાં-૨.

(૨) કૂતરાનું ઝેર—શ્વાનવિષ

હડકાયલાનાં લક્ષણો:—કૂતરાના કફાધિક દોષ, જ્ઞાન વહન કરનારી નાડીમાં રહી જ્ઞાનનો નાશ કરે છે તથા ધાતુક્ષોભ કરે છે; તે યોગથી મોઢામાંથી લાળ પડે છે, તે આંધળો અને બહેરો થઈ અહીં તહીં દોડે છે; તેના પગ, ખાંધ, ડોકું વગેરે લૂલાં થઇ જાય છે અને ડોક નીચી નમી પડે છે.‡

છે. એનું તેલ કાઢે છે. તે હાડકાના દુખતા ભાગ પર અથવા બીજે કયાંય દુખતું હોય તેના ઉપર અતિ ઉત્તમ ઔષધ છે.

ઇંગળી—એને સંસ્કૃતમાં ઉચ્ચિટીંગ કહે છે. એ વિંછીની એક જાત છે; પરંતુ અતિશય મોટો હોઇ તેનો રંગ ઘણું કરીને કાળો હોય છે. ઘણું કરીને તે વગડામાં પથ્થર નીચેથી મળી આવે છે.

‡ ઉપાયઃ—(૧) કંકોડાનું મૂળ ઘસીને પાવું. (૨) પેનોલીની જડ જમીનમાંથી કાઢી કાપી ઝીણા કકડા કરી છાયામાં સૂકવી ખાંડી ઝીણો લોટ કરીને ઊના પાણીમાં નાખી પાવાથી વિષની

દંશનાં લક્ષણો:—હડકાયું કૂતરું કરડે એટલે મોઢાનો ચહેરો બદલાઇ જાય છે, તેમાંથી કાળું લોહી વહે છે, તે રોગ વડે છાતીમાં અને મસ્તકમાં દુઃખ થાય છે, તાવ આવે છે, અંગ ધ્રૂજે છે, તરસ લાગે છે, મૂર્છા આવે છે; બુદ્ધિભ્રંશ, સંતાપ, શ્વાસ, કાસ, આંખોમાં પીળાશ, મૂત્રમાં કીડા, ઉન્માદ, કૂતરાના જેવું ભસવું અને બીજા માણસને કરડવા જવું ઇત્યાદિ લક્ષણો થાય છે. તેના ઉપાયને કાળાતિક્રમ થયા પછી, ચોમાસાના પ્રારંભમાં તે વિશેષ વિકળ થાય છે અને અસાધ્ય પણ થાય છે. આ પ્રકારનું કૂતરાનું વિષ કેવળ વાતપ્રધાન હોઇ સર્વ દોષમાત્રને કોપાવે છે. જે રોગી પાણીના શબ્દ, સ્પર્શ અને અવલોકનના યોગથી ભયભીત થાય છે, તેને વૈદ્યકમાં **"જલસંત્રાસ"** એવું નામ આપેલું છે; એ રોગ **અસાધ્ય** જાણવો. ઉપર કહેલાં લક્ષણો ઉપરથી દંષ્ટ્રપ્રહાર કરનાર શિયાળ, ખચ્ચર, ઘોડા, અસ્વલ, ચિત્તા, વાઘ, વરૂ, બિલાડી, ઇત્યાદિકોનાં દંશનાં લક્ષણો જાણવાં.

સવિષ અને નિર્વિષ દંશનાં લક્ષણો:—કંડૂ (ખરજ), ચટકા થવા, રંગ બદલાવો; જ્વર, ભ્રમ, દાહ, રતાશ, સણકા, સોજા, ગુમડાં પાકવાં, ગાંઠો ઉત્પન્ન થવી, ગુમડું ફાટવું, ફોલ્લા, કર્ણિકા, ઢીમણાં, એ લક્ષણો સવિષ દંશનાં જાણવાં. એ લક્ષણોથી વિપરીત લક્ષણો નજરે પડે તો નિર્વિષ છે એમ જાણવું. હડકાયલું કૂતરૂં જેને કરડયું છે એવો રોગી નીરોગી માણસને કરડે તો તેને પણ તે દંશ ઉપાધિ કરે છે.×

અસાધ્ય લક્ષણો:—જે પ્રાણીનો દંશ જેને થયો છે તે, તે પ્રાણી જેવી ચેષ્ટા કરે છે; બરાડા પાડે છે; આરસા, પાણી વગેરે પદાર્થોમાં તેનું પ્રતિબિંબ વારે વારે જોઇ ખુશી થાય તે રોગી નિશ્ચય નાશ પામશે એમ જાણવું.

ઉપચાર:—(૧) કાળા ઉંબરાનાં મૂળ અને ધંતુરાનાં ફળ ચોખાના ધોવરામણમાં વાટી આપવાં. (૨) ઝેરકોચલાનાં બીઆં ઘીમાં શેકી, તે દૂધમાં ઘસી સેવન કરવાં. ઝેરકોચલાનાં બીઆં

ઝાળ છાતીએથી મટે. (૩) કડવી તુંબડીનો ગરભ ટાંક ૫, મરી ટાંક ૫, હીંગળો ટાંક ૫, નેપાળાનાં મીજ ટાંક ૨॥, ટંકણખાર ટાંક ૨॥, એ સર્વની ગોળ ટાંક ૧૬ માં, ટાંક ત્રણ પ્રમાણે ગોળી વાળવી. તે ગોળી હડકાયું કૂતરૂં કરડયા પછી ૭ મા દિવસે આપવી. ઉપર ઊનું પાણી પાવું. એથી ઝાડો-ઉલટી થઇ વિષ નીકળી જશે.

× **હડકાયા કૂતરાના કરડવાની પરીક્ષા:**—(૧) અખરોટનો ગર્ભ દંશ પર એક કલાક રાખવો. પછી કુકડાની પાસે નાખવો. જો કુકડો ન ખાય અથવા ખાવાથી મરી જાય તો સમજવું કે હડકાયું કૂતરૂં કરડયું છે. (૨) એક રોટલાનો ટુકડો દંશ પર રાખી દંશના લોહીથી ભરી કૂતરા તરફ ફેંકવો જો કૂતરો ન ખાય અથવા ખાવાથી મરી જાય તો હડકાયાનો દંશ સમજવો.

હડકાયા કૂતરાના ઝેરના ઉપાય:—(૧) કરડવાની સાથેજ લોહી આજુબાજુથી કાઢી નાખવું. દંશસ્થાનનો ઘા વધારે પહોળો કરવો. ૪૦ દિવસ સુધી ભરાવા ન દેવો. રોગીને વારંવાર ખૂબ દોડાવવો કે જેથી પરસેવા દ્વારા ઝેર બહાર નીકળતું રહે. મૂત્રલ ઔષધિ આપવાથી પાણીનો ભય નહિ રહે. (૨) દંશસ્થાનમાંથી બની શકે તેટલું લોહી કાઢી નાખી પછી ગરમ ઘી રેડીને બાળવું. (૩) આકડાના દૂધનો દંશસ્થાન પર લેપ કરવો તથા આકડાના દૂધવાળી ઔષધિનો જુલાબ આપવો. (૪) દંશસ્થાન પર કેરોસીન તેલ ચોપડી ઉપર લાલ મરચાંનો ભૂકો ભરવો. પછી ઉપર કરોળીઆનું સફેદ જાળું મૂકી મજબૂત બાંધી લેવું. (૫) કુકડવેલનો રસ પીવરાવવાથી ઉલટી તથા દસ્ત થઇને વિષવાળા જંતુ મરેલા નીકળી જાય છે. (૬) શુદ્ધ ઝેરકોચલાં, વછનાગ તથા ટંકણખાર સમાન ભાગ લઇ બારીક ચૂર્ણ કરી આકડાના દૂધમાં ગોળી એકેક રતીની કરવી. ૨૧ દિવસ સુધી ખવરાવવાથી આરામ થશે. (૭) શરીર પર કોઢનાં જેવાં ચકતાં થઈ ગયાં હોય તો ગંધક, મોરથુથુ તથા જમાલગોટા ત્રણેને વાટી ઘીમાં મેળવી દેવું. પછી ઘીને ત્રાંબાના વાસણમાં રાખી ૧૦૧ વાર ધોવું. આ ઘીથી મર્દન કરી સૂર્યના તાપમાં બેસવું. બીજે દિવસે છાણ મસળીને સ્નાન કરવું. આ ઘીને ગળાથી ઉપરના ભાગમાં લગાડવું નહિ. (૮) દંશસ્થાન પર ઝેરકોચલું મનુષ્યના મૂત્રમાં અથવા દારૂમાં ઘસી લગાડવું.

ઘસી દંશ ઉપર લેપ કરવો. (૩) અઘેડાનાં મૂળ એક તોલો વાટી મધ સાથે ખાવાં; અને દંશ ઉપર કુંવારનું લાબું અને સિંધવ બાંધવો, એટલે ત્રણ દિવસમાં કૂતરાના વિષનો નાશ થાય છે. (૪) ગરમાળાના પાનના રસમાં કસ્તૂરી નાખી તે પ્રાશનાર્થ આપવી. (૫) દેવબાવળીઆનાં તાજાં મૂળ ઠંડા પાણીમાં એક તોલાથી ચાર તોલાપર્યંત ઘસી, તેમાં થોડું થોડું પાણી નાખી સવાર-સાંજ ૭ દિવસ પીવા આપવું. (૬) કૂતરું કરડે કે તુરતજ કરડેલી જગો અગ્નિવડે બાળી નાખવી, એટલે રોગીને નુકસાન થશે નહિ. (૭) શતાવરીનાં મૂળનો રસ અને ગાયનું ઘી એકત્ર કરી પ્રાશનાર્થ આપવું. (૮) ગોળ, તેલ અને આકડાના દૂધનો દંશ ઉપર લેપ કરવો. (૯) તલનું તેલ, ખોળ, ગોળ, આકડાનું દૂધ, એ સમભાગ લઈ એકત્ર કરી પાવું. (૧૦) કુકડાની હગારનો લેપ કરવો. (૧૧) બકામ લીમડીનાં મૂળનો રસ કાઢી તે રસ પાવો. (૧૨) જૂનો ગોળ, કડવી દુધી, હોકાનું પાણી અને ઝીંઝરૂટીનાં બીઆં એકત્ર કૂટી ૩ દિવસ પાવાં. (૧૩) કડવાં તુરીઆંની અંદરના રેષા પાણીમાં મસળી તે પાણી પીવા આપવું. વિષનું જોર જેમ જેમ કમી થતું જશે તેમ તેમ એ ઔષધથી ઉલટી થતી જશે. (૧૪) પાકેલાં વગડાઉ કેળાંનાં બીઆં વાટી પાણીમાં મેળવી પાવાં અને દંશ ઉપર પણ લેપ કરવો. (૧૫) અંકોલમૂળનો કાઢો ઘી નાખી પાવો. (૧૬) ઘોડાનાં લીંડાં બે અને મરી અઢી તોલા, પાશેર પાણીમાં મેળવી તે પાણી પાઇ દેવું. (૧૭) બાવળનાં પાનનો રસ ચાર પૈસાભાર ત્રણ દિવસ સુધી આપવો. (૧૮) સાટોડીનો રસ આપવો. (૧૯) રિંગણીનો રસ ઘી નાખી આપવો. (૨૦) ગળજીભીનો કાઢો ઘી નાખી આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અંકોલ-૧૫, અઘેડો-૩, આકડો-૮, ઈંગોરિયાં-૭, કાળો ઉમરડો-૧, ગળજીભી-૫, ઝિંઝરૂટ-૩, ઝેરકોચલાં-૨, તલ-૮, પીલુ-૩, બકામલીમડો-૧, બોરિંગણી-૧૫, મરચી-૪, લસણ-૯, વગડાઉ મરચીવેલ-૨, વસુ-૮, શતાવરી-૫, સાટોડી-૨૦. **હડકાયા** કૂતરાના વિષ માટે:—કડવાં તુરીઆં-૨, કેળ-૨, દેવબાવળીઓ-૧. જુઓ પ્રા૦ ઔ૦માં:—અસ્થિવર્ગ-૫, કુકડાની વિષ્ઠા-૨.

(૩) લૂતા (કાંતરણ) વિષ

લક્ષણો:—લૂતાએ દંશ કરવાથી તે જગા સડે છે અને તેમાંથી રક્ત વહે છે; તથા જ્વર, દાહ, અતિસાર અને ત્રિદોષ રોગ, નાના પ્રકારના ફોડા, મોટાં ગચીઆં અને મોટો મૃદુ, રાતો, લીલો, નીલ અને ચંચળ એવો સોજો આવે છે. **દૂષિવિષ દંશલક્ષણો:**—દંશનો મધ્યભાગ કાળો, રાતો, બળેલા જેવો, ઉપર ઉપસેલો, વારંવાર પાકનારો અને પરૂ વહેનારો હોય છે; તેથી કરી અંગ ઉપર ઢીમણાં અને તાવ આવે છે. **પ્રાણહર લક્ષણ:**—સર્પના મળમૂત્રમાંથી કિંવા મરી ગએલો સર્પ સડી કોહી જાય છે તેમાંથી દૂષિવિષવાળા કીડા થાય છે, તે પ્રાણનાશનું કારણ છે. તેનો દંશ સૂજે છે અને તે ધોળો, કાળો, રાતો અને પીળો થાય છે. તે ઉપર પરૂ આવે છે અને રોગીને તાવ આવે છે. દાહ થઇ ઉચકી (હેડકી) થાય છે અને કપાળે શૂળ થાય છે.

ઉપચાર:—(૧) હળદર, દારુહળદર, મજીઠ, પતંગ અને નાગકેસરને ઠંડા પાણીમાં વાટી દંશ ઉપર લેપ કરવો. તે તત્કાળ લૂતાવિષનો નાશ કરે છે. (૨) કાળી અને ધોળી ગરણી, ગુંદી, કાળીપાટ, રાતી અને શ્વેત સાટોડી, કોઠ અને સરસડાના ઝાડનાં બીઆંને વાટી લેપ કરવો. (૩) કાળી તુળસીનાં પાંદડાંના રસમાં ધોળી ચણોઠી અને ધોળી ગરણીનાં મૂળ ઘસીને પાવાં-૩.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં—આગીઓ-૩, વંતાકડી-૩.

(૪) ઉંદરનું વિષ

લક્ષણો:—વિષવાળો ઉંદર કરડયો હોય તો તેના દંશમાંથી લોહી વહે છે તે ધોળું હોય છે; અને શરીર ઉપર ગચીઆં થાય છે તથા તાવ, અરુચિ અને અંગે દાહ, એ લક્ષણો થાય છે. **પ્રાણહર લક્ષણ:**—મૂર્છા આવે છે, ઉંદરના અંગ જેવો સોજો આવે છે, રંગ બદલાય છે, ક્લેદ, બહેરાપણું, જ્વર, માથાને જડત્વ અને મુખમાંથી લાળ તથા લોહીની ઉલટી, એવાં લક્ષણો થાય ત્યારે પ્રાણહર ઉંદરનો દંશ જાણવો.

ઉપચાર—(૧) ધુંવાસ, મજીઠ, હળદર અને સિંધવ, એ જાખુસો વાટી લેપ કરવો. (૨) ધોળી મલહીનાં પાંદડાં વાટી લેપ કરવો. (૩) સાપની કાંચળીની ધૂણી ત્રણ દિવસ આપવી અને પથ્ય પાળવું. (૪) ચિત્રકનાં મૂળીઆંનું ચૂર્ણ તેલમાં પચન કરવું અને સળાવડે બ્રહ્મરંધ્ર (તાળવા) ઉપર ક્ષત કરી તે ઉપર ચોળવું; એટલે ઉંદરનું વિષ નાશ પામે છે. (૫) આમલી ૪ તોલા, ધુંવાસ ૨ તોલા, એ જૂના ઘીમાં ખરલ કરીને ૭ દિવસ ખાવું. (૬) પારો, ગંધક, કપાસ, ધુંવાસ અને સરસડો, એ સર્વ પદાર્થો આકડાના દૂધમાં વાટી લેપ કરવો; એટલે તે સર્વ વિષોનો નાશ કરે છે. તેમાં વિશેષે ઉંદરના વિષનો નાશ કરે છે. (૭) સુંઠ, મરી, લીંડીપીંપર. કડવા લીમડાની લિંબોળીઓ અને સિંધવનું ચૂર્ણ ત્રણ માસા સાકર અને મધમાં આપવું. (૮) ઉંદરકનીનાં પાંદડાંનો અંગરસ ૧ તોલાથી ૨ તોલાપર્યંત પાવો અને અંગે પણ ચોળવો; અથવા ઉંદરકનીના કાંદા ગાયના દૂધમાં વાટી તે ૭ દિવસ પાવા. (૯) અઘેડાના કુમળા તોરાઓનો રસ કાઢી મધમાં ૭ દિવસ પાવો અથવા અઘેડાનાં બીઆં મધમાં ખાવા આપવાં. (૧૦) હેદના અંકુરનો રસ ૪ પૈસાભાર અને ઘી બે પૈસાભાર એકત્ર કરી પાવાં. (૧૧) ભારંગમૂળ પાણીમાં ઘસી પાશેરપર્યંત પાવાં અને શરીરે ચોળવાં; તે ચઢે તો તાજું ગાયનું દૂધ પાવું. (૧૨) કડવાં તુરીઆંનો લેપ કરવો. (૧૩) ખોરૂં કોપરૂં મૂળાના રસમાં ઘસી લેપ કરવો. (૧૪) તુલસીના રસમાં અફીણ ખરલ કરી શરીરે તથા દંશ ઉપર ચોળવું.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડો–૨, આમલી–૯. ઉંદરકની ગ–૭, કણઝી–૧, કોઠી–૫, ચિત્રક–૪, નાગફણી–૨, નાળીએરી–૮, નોળવેલ–૧, ભારંગી–૩, મજીઠ–૨. રાતું કોળું–૩, વડ–૩, હુરા–૭, હેદ–૧. **ખડક ઉપરના કોળ એટલે ઘુસ માટે:**—અળઈ–૨. **કોળ, ઉંદર વગેરે કમી થવા માટે:**–ઝેરકોચલાં–૬. જુઓ—પ્રા૦ઔ૦માં:–અસ્થિવર્ગ–૧૧, દૂધ–૧, સર્પની કાંચળી–૫. **ધોળા ઉંદર અંગ ઉપર પડી ગાંઠો થાય છે તે માટે:**—ગધેડાની લીંદ–૧.

(૫) ભમરી અને માખીનું વિષ

ભમરીના વિષ ઉપર ઉપચાર:—મરી, સુંઠ અને સંચળને પાનના રસમાં વાટી લેપ કરવો. **માખી, વનમાખી, મધમાખી અને ભમરી,** એ સર્વના દંશ ઉપર રાફડાની કાળી માટી અને ત્રિફળાંનો ગોમૂત્રમાં લેપ કરવો. **સર્વ કીડાના વિષ ઉપર ઉપચાર:**—ઘોડાવજ, મરી, સુંઠ, લીંડીપીંપર, હીંગ, વાવડીંગ, સિંધવ, ગજપીંપળી, કાળીપાટ, અતિવિષ, એ સર્વ ઔષધોનો કાઢો કરી પાવો. **મક્ષિકા-પિટકા** (માખીના દંશની ફોડકી) **ઉપર ઉપચાર:**—અરીઠા. લઘુ રાળનું ઝાડ, ગળજીભી, હંસપદી, હળદર, દારુહળદર અને ગેરૂનો લેપ માખીના દંશસંબંધી પિટકાનો નાશ કરે છે. **ભ્રમરવિષ ઉપર ઉપચાર:**—(૧) સુંઠ, કણુતરની વિષ્ઠા, હરતાલ અને સિંધવને બીજોરાના રસમાં ખરલ કરી લેપ કરવો. (૨) ભેંસનું માખણ ચોપડવું. (૩) થુરીઓ અને લીંડીપીંપર વાટી લેપ કરવો. **વિષ ઉપર વમન:**—કડવી ગલકીનો કાઢો મધ અને ઘી નાખી પાવો; અથવા કડવી દુધીનાં મૂળ કિંવા પાન પાણીમાં વાટી પાવાં; એટલે વિષ નાશ પામે છે. **ઝેર ઉપર લેપ:**—શરસડાનાં મૂળ, છાલ, પાંદડાં, ફૂલ અને બીજ, એ પંચાંગ લઇ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. તે અત્યંત વિષનાશક છે. **પરિષેક:**—પ્રત્યેક જાતિનાં વિષ અત્યંત ઉષ્ણ અને તીક્ષ્ણ છે; એટલા માટે તે સર્વ પ્રકારનાં વિષ ઉપર ટાંડા પાણીનો અભિષેક કરવો. વિષની અંદર

× ઝેરી ઉંદરના કરડેલા ભાગને પથ્થર અથવા સીસું તપાવી બાળવું. પછી સરસડો, હળદર, ઉપલેટ, કેશર તથા ગળોને વાટી લેપ કરવો; તથા કુકડવેલનો કાઢો પીવરાવી વમન કરાવવા પહેલાં દહીં પીવરાવવું. છાણના રસમાં ત્રિકટુ ઘસીને અંજન કરવું.

ઝેરી ઉંદરના કરડેલા માટે અપથ્ય:—શીતળ હવા, શીતળ ભોજન, શીતળ જળથી સ્નાન, વરસાદમાં બહાર ફરવું, દિવસે સુવું તથા અજીર્ણ કરે તેવા પદાર્થનું ભોજન, એ સર્વ હાનિકારક છે.

અજીર્ણ થઇ જાય ત્યારે ત્રિફલા, નસોતર અથવા દાંતીની જડનું ચૂર્ણ જુલાબ માટે આપવું.

તીક્ષ્ણતા તથા ઉષ્ણતા છે, એટલે તે પિત્તને કોપાવે છે; માટે પ્રથમ વામક ઔષધો આપી પછી અંગપર પાણી રેડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**મધમાખીના** વિષમાટે:-કાળીજીરી-૧, તંબાકુ-૩. **માખીના ઝેર માટે:**-હરડે-૪૬. **ભમરીના** **ડંશમાટે:**-ડુંગળી-૧૪, થુવર-૬, પાન અજમો—૨, હરડે-૪૬.

(૬) નખદંત-વિષ

નખદંત-વિષ-ઉપર ઉપચાર:—કડવો લીમડો, ખીજડી અને વડની વડવાઈઓના કલ્કમાં ગરમ પાણી નાખી તેનો દંશ ઉપર લેપ કરવો, એટલે નખ તથા દાંતના વિષનો સંપૂર્ણ નાશ થશે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં—ઇદ્રવરણા-૧૧, ખીજડો-૨.

(૭) સરડા (કાકિંડા, કાચિંડા)નું વિષ

લક્ષણ:—સરડો કરડ્યો હોય તો શરીરનો રંગ લીલો, કાળો, ઉદો અથવા અનેક પ્રકારનો થાય છે; અને તે રોગીને ભ્રાન્તિ, અતિસાર વગેરે થાય છે.

ઉપચાર:—(૧) આકડાનાં મૂળ ઠંડા પાણીમાં વાટી પાવાં. (૨) નાળીએરીનો કુમળો ગર્ભ પાણીમાં ઘસી તેમાં કોકમ નાખી ગરમ કરી લેપ કરવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—નાળીએરી-૭.

(૮) વિંછીનું વિષ

ઉત્પત્તિ:—સર્પની વિષ્ઠા, મૂત્ર અને મળ, ઉકરડા ઉપર અથવા બીજે ઠેકાણે પડી **કોહી** જવાથી, તેમાંથી (વૃશ્ચિક) **વિંછી, કાળી વિંછણ** ઈત્યાદિ ઝેરી પ્રાણીઓ ઉત્પન્ન થાય છે.

લક્ષણ:—વિંછી કરડવાથી તે જગ્યાએ પહેલાં અગ્નિ અડકાડ્યા પ્રમાણે આગ થાય છે; પછી તે પીડા ઊર્ધ્વ ગતિએ શરીરમાં ભેદ કરે છે. પછી દંશસ્થાન પાસે આવી ચચરે છે.

અસાધ્ય લક્ષણ:—હૃદય, ગુહ્યેન્દ્રિય (શિશ્નાદિ), નાક અને જીભની જગ્યાએ વિંછી કરડવાથી તથા માંસ ગળી જઈ અત્યંત વેદના થવાથી માણસ મરણ પામે છે.

ઉપચાર*:—(૧) કપાસનાં પાન અને રાઈ વાટી તેનો, કિંવા વછનાગનો લેપ કરવો. (૨) ધોળી વસુ કિંવા કપાસનાં મૂળ રવિવારે કાઢવાં. એને ચાવવાથી અથવા લેપ કરવાથી વિંછીનું વિષ ઉતરી જાય છે. (૩) નેપાળો પાણીમાં વાટી લેપ કરવો, એટલે તત્કાળ વિષ ઉતરી જાય છે. (૪) નવસાર અને હડતાલ પાણીમાં વાટી લેપ કરવો, એટલે તત્કાળ વિષ ઉતરી જાય છે. (૫) મોરથુથુ દહીંમાં ઘસી ચોપડવું અને શેકવું. (૬) થોડા અરીઠા ગોળમાં ખાવા અથવા અરીઠાનું ધૂમ્રપાન કરવું. (૭) હીંગ આકડાના દૂધમાં વાટી તેનો લેપ કરવો. (૮) તાંદળજાનો રસ સાકર નાખી પાવો. (૯) ખરસાંણીનો રસ ચોપડવો. (૧૦) કડવા લીમડાનાં પાન ચાવી, બાફ જવા ન દેતાં, દંશના વિષમ ભાગના કાનમાં ફુંક મારવી, અથવા કડવા લીમડાનાં પાનનું ધૂમ્રપાન કરાવવું. (૧૧) હળદરની ભૂકી અને મોરપીંછની ટીલડી ચલમમાં નાખી પીવાં. તે ધૂણી ગળી જવી અને દંશસ્થાને પણ ધૂણી દેવી. (૧૨) આમલીનો કચુકો શેકી ઉપલી છાલ કાઢી નાખવી અને દંશના ઠેકાણે તે જોરથી દબાવવો. (૧૩) પાણીમાં ફટકડીની ભૂકી નાખી તે પાણી આંખોમાં નાખવું. (૧૪) ધોળા શિમળાનાં મૂળ પાણીમાં પલાળી રાખી વિંછી ચઢવા માંડ્યો હોય તે ઠેકાણેથી એક આંગળના અંતર પર પકડી તે વીંછી ચઢેલા ઠેકાણા સુધી વારંવાર ફેરવતા જવું; એટલે વિંછીનો વેગ મૂળ સાથે તુરતજ નીચે ઉતરે છે. આ મૂળ ચઢેલા ઠેકાણેના એક આંગળના અંતરે પકડવું. એટલે વેદના કમી થતી જાય છે. વેદના કમી ન થાય તો મૂળીઉં ઘસી દંશ ઉપર ચોપડવું. (૧૫) ધંતુરાનાં પાંદડાં હાથમાં મસળી દંશ ઉપર તેનો રસ ચોપડવો. (૧૬) અઘેડાનાં

---

* (૧) દંશ ઉપર માખણ મસળવું. (૨) લસણ મસળવું. (૩) ધોળા આકડાની જડ વિંછી કરડે તેજ વખતે બન્ને કાનમાં ખોસવી.

મૂળીઆં ચાવી ખાવાં અને દંશ ઉપર લેપ કરવો.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અઘેડો–૧, અરડુશી–૧૪, અરિઠા–૨, આકડો–૧૮, આમલી–૫, ઉટકટારી–૪, ઉંબરો–૨૦, એરંડો–૧૯, એલચી–૨, કપાસ–૧૦, કપૂર–૧, કરેણ–૧, કંકોડી–૭, કાનફોડી–૪, કાંટાસરીઓ–૧૧, ખપાટ–૭, ખરસાંણી–૧, જાંબુ–૩, ડુંગળી–૮, તંબાકુ –૭, તાંદળજો–૭, તુલસી–૯, ૧૭; ધંતુરો–૮, નેપાળો–૧, નોળવેલ–૧, પાંડેરવો–૩, પીળો ધંતુરો –૧, બોરડી–૧૦, મરવો–૪, મોગલી એરંડો–૩, રતાળુ–૧, રાતું કહોળું–૨, લીમડો (કડવો)–૪૪, વછનાગ–૨, વડ–૩, વસુ–૪, વાલોળ–૧, વાંદો–૮, વિંછુડા–૨, શિકેકાઇ–૩, શિમળો–૩, શિરદોડી–૪, સાટોડી–૧૧, સૂર્યફૂલ–૪, હળદર–૧૮, હંસરાજ–૧, હીંગ–૧૨, હુરા–૩. જુઓ પ્રા૦ ઔ૦માંઃ–મધ–૩.

(૯) કાળી વિંછણનું વિષ

લક્ષણઃ—કાળી વિંછણ કરડવાથી શરીર ઉપર રોમાંચ (રૂંવાડાં ઉભાં) થાય છે, શિશ્ન ફૂલી જાય છે, ઘણીજ વેદના થાય છે અને સર્વાંગ ઉપર હિમ પડયા જેવું જણાય છે.

ઉપચારઃ—(૧) કપાસનું લાકડું ઘસી લેપ કરવો અથવા કપાસનાં પાંદડાં, વછનાગ અને રાખ વાટી લેપ કરવો. (૨) વગડાઉ હુરાનો રસ ચોપડવો.

(૧૦) દેડકાનું વિષ

લક્ષણઃ—દેડકું કરડવાથી તેનો એક દાંત બેસી જાય છે; તે સ્થળે **પીળો** સોજો આવે છે; સણકા, તૃષા, ઉલટી અને નિદ્રા, એ લક્ષણો થાય છે.

ઉપચારઃ—શરસડાના ઝાડનાં બીઆં થુરીઆના દૂધમાં વાટી લેપ કરવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—સરસડો–૨.

(૧૧) માછલાનું વિષ

લક્ષણઃ—વિષયુક્ત માછલું કરડવાથી દાહ, સોજો અને શૂળ, એ લક્ષણો થાય છે.

ઉપચારઃ—(૧) કાળા બરના કલ્કમાં ઘી નાખી કાઢો કરી તેનો લેપ કરવો. (૨) મોરની પીંછીની ધૂણી આપવી.÷

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—નેતર–૧. જુઓ પ્રા૦ ઔ૦માં મોરપીછાં–૩.

(૧૨) ગરોળીનું વિષ

લક્ષણઃ—દાહ થાય છે, સોજો આવે છે, સોયો બોંકાયા જેવું થાય છે, પરસેવો વળે છે અને શરીરપર રાતા રંગની ફોડકીઓ થાય છે.

ઉપચારઃ—કંકોડીના કાંદા પાણીમાં ઘસી પાવા.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—કપાસ–૭, કંકોડી–૧, ઘણુસરી–૪.

× **વિંછીના વિષ પર લેપઃ**—(૧) નિર્મળીના બીને ઘસી ચોંટાડી દેવું. ઝેર ચુસીને પછી ખુલી જશે. (૨) ઘેળો સોમલ પાણીમાં ઘસી ચોપડવો. (૩) નવસાર, કળીચુનો તથા ટંકણખાર એ ત્રણેને સમભાગ હથેળીમાં લઇ મસળીને સુંઘાડવું. (૪) ઉંદરની લિંડી પાણીમાં વાટી દંશસ્થાન પર ચોપડવી. (૫) દારૂડીની છાલ પાનમાં રાખીને ખાવી. (૬)જહર મોહરાને પાણીમાં ઘસી ચોપડવો. (૭) અર્ધી રતી સુધી શુદ્ધ વછનાગ ખવરાવવો અને ઉપર ઘી પીવરાવવું. (૮) ચુનો ચોપડી ઉપર ગંધકના તેજાબનું ટીપું નાખવું; એટલે તરત આરામ થાય છે. (૯) અઘેડાનાં લાલ અને ગોળ પાન ખવરાવવાં.

÷ તેલમાં ઇંદ્રજવ વાટીને લગાડવાં, અથવા અંકોલના પાનનો ધૂમાડો આપવો.

* ગરોળી કરડવાથી દાંત દંશસ્થાનમાં રહી જવાથી કેટલાક વિકારો થાય છે તે માટે પહેલાં તેલ અને રાખ મસળવી અથવા રેશમ મસળવું અથવા ઉનના ટુકડાને ઓથમી છરૂં તથા બાવળના ગુંદનો લુઆબ ચોપડી દંશસ્થાન પર રાખી એકાદ કલાક પછી જોરથી ખેંચવું કે જેથી દાંત નીકળી આવે.

(૧૩) કાનખજુરાનું વિષ

લક્ષણ:—કાનખજુરો કરડવાથી દંશની જગ્યાએ પરસેવો આવે છે, શૂળ થાય છે અને આગ બળે છે.

ઉપચાર:—(૧) બળેલા તેલને ઠંડુ કરી તેનો લેપ કરવો કિંવા દારુહળદર, હળદર અને મનશીળનો લેપ કરવો. (૨) ગુગળની ધૂણી આપવી. (૩) કાળું ખજૂર તેલમાં ઘસી તેનો લેપ કરવો. (૪) ગોળ બાળી લગાવવો. (૫) બદામનું તેલ ચોપડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કાળી ખજૂરી-૩, ગુગળ-૫, બદામ-૪, શેરડી-૯.

(૧૪) મશક(ડાંસ)નું વિષ

દંશલક્ષણો:—સોજો આવે છે, કંડૂ છૂટે છે અને થોડી પીડા થાય છે. ડુંગરો પર વિષારી ડાંસ હોય છે, તે ડાંસના દંશનો ક્ષત **અસાધ્ય** કીડાના ક્ષત પ્રમાણેજ **અસાધ્ય** હોય છે. **સવિષ મક્ષિકાદંશનાં લક્ષણો:**—સવિષ માખી કરડવાથી તે ઠેકાણે કાળું ઢીમણું થાય છે અને તે લાગલું વધવા માંડે છે તથા તે જગ્યાએ આગ થાય છે. તેના યોગથી મૂર્ચ્છા અને જ્વર આવે છે. આ માખોમાં **સ્થાવિક** નામની જે માખ થાય છે તે પ્રાણ લેનારી છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**ચાંચડ** જવા માટે:—ગંગાવતી-૨, ગોરખમુંડી-૫. **માંકણ અથવા માંકડ** નાશ થવા માટે:—તલ-૧૯, ભમરડીનો વેલો-૧, મરચી-૩. **કૃત્રિમ વિષ** માટે:—તાંદળજો-૧૬. **કોલ્હા એટલે શિયાળના** ઝેર માટે:—ખાજકોલતી-૧, નાગરવેલ-૫. **જૂ મરવા** માટે:—કાળીવેલ-૩, ટીંબરું-૧, તંબાકુ-૮, નસોતર-૧, મીંઢળ-૭, સીતાફળ-૧. **વાઘ** કરડયો હોય તે માટે:—અરણી-૩, આવળ-૪, કુંવાર-૭, પાણકાંદા-૩, વાઘાટી-૩. **તમાકુ લાગી** હોય તે માટે:—ડુંગળી-૧૦. **માટી,** ગેરૂ ઇ૦ના વિષ માટે:—જુઓ પ્રા૦ઔ૦માં:-ગધેડાની લીંદ-૩.

(૧૫) વિષોપસંહાર

ચતુષ્પાદાદિકોનાં સાધારણ વિષલક્ષણ:—વ્યાઘ્રાદિક ચતુષ્પાદ જનાવરો અને માણસ, વાનરાદિ દ્વિપાદ એઓના નખોનું અને દાંતોનું વિષ સૂજે છે, વધે છે અને તાવ આવે છે.×

વિષ ઉતરી ગયાનાં લક્ષણો:—જે પુરુષના વાતાદિક દોષ નિર્મળ થયા હોય છે, રક્તાદિ ધાતુ આરોગ્યાવસ્થામાં જે પ્રમાણે હોય તે પ્રમાણે થાય છે, અન્ન ઉપર ઇચ્છા થાય છે, મળ સાફ થાય છે, શરીરની કાંતિ, ઇંદ્રિયો, મન, ઇંદ્રિયોનો વ્યાપાર સારો થાય છે, તે રોગીનું વિષ ઉતરી ગયું છે એમ સમજવું.

વિષ ઉપર પથ્ય:—રિંગણાં શાકનાં, કળથી, ચુકા, આમળાં, શાકભાજી, તાંદળજો, કાલશાક, લસણ, દાડમ, સિંધવ, એ વિષાર્તને પથ્યકારક છે. **અપથ્ય:**—સાઠીચોખા, કોદરા, ચીણો, મગ, વટાણા, તેલ, ઘી, એ કોઈ દિવસ ભોજનમાં આપવાં નહિ; વિરુદ્ધાન્ન, ખાવા ઉપર તરતજ ખાવું, ક્રોધ, ક્ષુધા, ભય, આયાસ, મૈથુન, દિવસે નિદ્રા, એ પદાર્થો વિષાર્ત થયેલાએ છોડવા.

× (૧) બિલાડી કરડે તો ડુંગળી અને ફુદીનો વાટીને ચોપડવો તથા ફુદીનો પાવો. (૨) નોળીઆના કરડવા ઉપર—લસણ અથવા વટાણાનો લોટ અથવા કાચાં અંજીર વાટીને લેપ કરવો. (૩) માણસના બટકાં ભરવા ઉપર—સોજા ઉપર મુરદારશિંગ પાણીમાં ઘસી લેપ કરવો અથવા ગળજીભીનાં પાન મધમાં વાટી તેનો લેપ કરવો. (૪) વાઘ, સિંહ, વરૂ, શિયાળ વગેરે જંગલી પશુઓનાં નખ અને દાંત લાગવાથી તે સ્થાનપર સોજો આવે છે, રસી ઉત્પન્ન થાય છે તેમજ તાવ આવે છે. એટલા માટે પહેલાં લોહી નીકળતું હોય તો સારી રીતે દબાવી લોહી તથા ઝેર કાઢી નાખવું. પછી ચાના પાણીથી ઘા ધોવો. ત્યાર પછી તેલ મર્દન કરવું; અથવા શેરડી, રાળ, સરસવ, ધંતુરાનાં પાન અને આકડાના પાનનો ધુમાડો આપવો. સિંહ અથવા વાઘનો વાળ ખાવામાં આવ્યો હોય તો પેટમાં ભયંકર વ્યથા થાય છે. (એવે વખતે એરંડીના પાન ઉપર પેસાબ કરી પરીક્ષા કરવી. વાળ પેટમાં ગયો હશે તો પાનના ટુકડે ટુકડા થઇ જશે.) તેના ઉપર-કાસુંદરાના પાનનો રસ ૩ દિવસ પીવો.

૨૦–તરસ (તૃષારોગ)

કારણ:—ભય, શ્રમ, બલહાનિ, એણે કરી; અને તીખા, ખાટા પદાર્થોના યોગે, કિંવા ઉપવાસાદિક કરી વાયુસહવર્તમાન જે પિત્ત, તે કુપિત થઇ તાલુસ્થાન પ્રતિ જઈ તૃષાને ઉત્પન્ન કરે છે.

લક્ષણ:—મનુષ્યને ઘણી વખત પાણી પીવાની ઇચ્છા થાય છે તથા પાણી પીતાં છતાં પણ તરસ છીપતી નથી અને પુનઃ ઇચ્છા થાય છે; તેને **તૃષા** કહે છે. ×

ઉપચાર:—(૧) આમળાં, કમળ, કોષ્ઠ, ચોખાની ધાણી અને વડની કુમળી વડવાઇઓની ડુંખોનું ચૂર્ણ કરી તેમાં મધ મેળવી ગોળીઓ કરી મોઢામાં રાખવાથી તૃષા ઘણી લાગે છે તે અને ગળું સૂકાવું એ બંને દૂર થાય છે. (૨) **શ્રીખંડ**—પૂર્વ દિવસે જમાવેલું સુંદર ચકતાંવાળું દહીં ૨ શેર, ધોળી શુભ્ર ખડીસાકર ૧ શેર, ઘી ૪ તોલા, મધ ૪ તોલા, મરી ૨ તોલા, સુંઠ ૨ તોલા, એલચીદાણા ૨ તોલા, એટલા પદાર્થ બારિક કરી સ્વચ્છ કપડામાં નાખી કપૂરના ચૂર્ણે કરી સુગંધિત એવા પાત્રમાં છણવા, એને શ્રીખંડ કહે છે. એ સેવન કરવાથી તૃષા દૂર થાય છે. (૩) સોનું, રૂપું, લોઢું તપાવી પાણીમાં બોળી તે પાણી પીવા આપવું. (૪) પાણીમાં સાકર કિંવા મધ નાખી આપવું. (૫) કાળી દ્રાક્ષ અને જેઠીમધનો કાઢો કરી આપવો. (૬) ચોખાનું ધોવરામણ મધ નાખી આપવું. (૭) ઠંડુ પાણી અને મધ એકત્ર કરી શેરભર પાવું. ઉલટી થશે, પછી તૃષા અને દાહ શમશે. (૮) ઘી અને દૂધ એકત્ર કરી પાવું. (૯) નાના પ્રકારનાં શરબતો પાવાં. (૧૦) જવ શેકી લોટ કરી ઠંડા પાણીમાં–ઘણું પાતળું નહિ અને ઘણું જાડું નહિ એવી રીતે તે મેળવી તેમાં ઘી મેળવી પાવાથી તૃષા, દાહ તથા રક્તપિત્ત દૂર થાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માંઃ—અતિવિષ–૬, કોથમીર–૫, ૧૮, જવ–૧, જેઠીમધ–૨, ડાંગર–૭, દ્રાક્ષ–૫, પાઠ (કાળીપાડ)–૧૦, રતાંદળી–૧૦ શેલડી–૧૩. **ગરમીથી તરસ** લાગે તો તે માટેઃ—ઓથમીજીરૂં–૨. જુઓ ગો૰વૈ૰માંઃ–દહીં–૩, ૬; ઘી–૧૪. જુઓ પ્રા૰ ઔ૰માંઃ–મધ–૯.

પથ્ય:—કોદરા, પાન, ધાણીનો લોટ, શેકેલા મગ અને ચણા, કેળદોડા, કોઠ, બોર, આમલી કહોળું, મયાળ, કંકોડાં, આમળાં, જંગલી લિંબુ, કરમદાં, બીજોરૂં, ગાયનું દૂધ, કડવા અને મીઠા પદાર્થ, ચંદનનું પાણી. **અપથ્ય:**—પરસેવો કાઢવો, અંજન, તૈલાભ્યંગ, ધૂમ્રપાન, વ્યાયામ, નસ્ય, ગરમી લેવી, દંતકાષ્ઠ, જડાન્ન, આમ્લ, લવણ, તુરા અને અતિ તીક્ષ્ણ પદાર્થ, ત્રિકટુ.

૨૧–તાવ અથવા જ્વર

કારણ:—મિથ્યા આહાર તથા મિથ્યા વિહારથી દુષ્ટ થયેલા વાતાદિ દોષ આમાશયનો આશ્રય કરી, કોષ્ઠાગ્નિને બહાર કાઢી રસધાતુને મળી જ્વર (તાવ) ઉત્પન્ન કરે છે. એ જ્વરના અનેક ભેદો વર્ણવેલા છે.

જ્વરનું પૂર્વરૂપ:—બગાસાં, અંગનું દૂખવું, ચિત્તનું અવ્યવસ્થિતપણું, નેત્રનો દાહ, જડતા, અરુચિ, શરીર ઉપર રોમાંચ થવાં, આંખો આગળ અંધારાં, હાથપગ ઠંડા, ચિત્તને આનંદ ન હોવો; શીત, વાયુ તથા ગરમી, એ વિષયોમાં વારંવાર ઇચ્છા તથા વારંવાર દ્વેષ, અન્ન ન પચવું, બળ, શરીર અને કાંતિની હાનિ તથા વાયુનું પ્રાધાન્ય હોવાથી બગાસાં વધારે આવે છે, પિત્તનું પ્રાધાન્ય હોય તો આંખોમાં ઘણો દાહ થાય છે, કફનું પ્રાબલ્ય હોય તો અન્ન ઉપર અરુચિ હોય

× ૧–વાતની, ૨–પિત્તની, ૩–કફની, ૪–ક્ષત (વાગવાની), ૫–ક્ષય (રસ ધાતુનો ક્ષય થયા)ની, ૬–આમની (આમ નામે ચીકણો પદાર્થ વધવાથી થનારી) અને ૭–ભોજનની (ચીકણું, ખાટું, ખારું, ભારે અન્ન ખાવાથી થનારી), એમ તરસ સાત પ્રકારની છે. તેના ઉપર ઉશીર, વાળો, જેઠીમધ, વડવાઇ અને વરુણા(વાયવરણાં)મૂળ, એનો કવાથ દરરોજ કાથો નાખી પીવાથી તરસ મટે છે.

* શાસ્ત્રીય ઔષધ કુમુદેશ્વર રસ, આમલક્યાદિ ગુટિકા, આમ્રાદિ ક્ષાય, તૃષ્ણાહારી રસ, તૃષ્ણાછર્દિહરો રસ, જીરકાદિ ચૂર્ણ, ચંદનાદિ લેપ વગેરે અપાય છે.

છે. દ્વિદોષોનો કોપ હોય તો બંને લક્ષણો થાય છે. ત્રિદોષનો કોપ થવાથી સર્વ લક્ષણો થાય છે.

વાતજ્વરનાં લક્ષણ:—શરીરને કંપ, કંઠ અને હોઠ શુષ્ક થવા, મલાવરોધ, છીંકો ન આવવી, માથું, પેટ, કમ્મર, આંખો અને અંગ દુખવાં, ઉંઘ ન આવવી, તાવ કોઇ વખત ઘણો અને કોઇ વખતે થોડો થવો, અરુચિ, બગાસાં આવવાં, પેટ ચઢવું, અજીર્ણ, ભ્રમ, મોહ અને શૂળ થવું, શરીર ઉપર રોમાંચ થવાં, આંખો ઉપર આળસ, ખાલી ઉધરસ, દાંત કડકડવા વગેરે લક્ષણો થાય છે. **પિત્તજ્વરનાં લક્ષણો:**—શરીર પીતવર્ણ, સર્વ શરીરે દાહ, તૃષા, મૂર્છા, અલ્પ નિદ્રા, મોઢું કડવું, ઉલટી, ચકરી, બડબડવું, અતિસાર, જ્વરનો વેગ તીવ્ર; કંઠ, હોઠ, મુખ અને નાક ઉપર ફોલ્લા, કેફ કર્યા જેવું થવું, ઠંડા પદાર્થો ઉપર ઇચ્છા; મળ, મૂત્ર, નેત્ર તથા ત્વચાએ પીતવર્ણ, એ લક્ષણો પિત્તજ્વરમાં થાય છે. **કફજ્વરનાં લક્ષણો:**—શરીરે જડપણું, ખાલી ઉબકા (બકારી), મોઢું મીઠું, સળેકમ, અરુચિ, ઉધરસ, આળસ, તૃપ્તિ, અંગ ઠંડું; મળ, મૂત્ર તથા નેત્ર શુભ્રવર્ણ; સ્વરભંગ, ઉચકી, શબ્દ જડ, નાકમાંથી પાણી વહેવું, માથું દુખવું, ઉંઘ ઘણી આવવી; શરીર પર રોમાંચ, ઉત્સાહનો અભાવ, આંખ ભારી થવી, અને ચહેરાપર ફિક્કાશ, એ લક્ષણો થાય છે. **વાતપિત્તજ્વરનાં લક્ષણો:**—તરસ, મૂર્છા, ભ્રમ, દાહ, નિદ્રાનાશ, મસ્તકશૂળ, ગળું અને મુખનો શોષ, રોમાંચ, અરુચિ, અકસ્માત્ અંધારામાં પડવા જેવું ભાસવું, સાંધાને ઠેકાણે વેદના તથા બગાસાં, એ લક્ષણો થાય છે. **વાતકફજ્વરનાં લક્ષણો:**—શરીર ભીને કપડે વિંટાળ્યા જેવું ભાસવું. સાંધામાં ફાટ, ઉંઘ ઘણી આવવી, શરીર જડ, માથાપર ભાર, સળેકમ, ઉધરસ, કિંચિત્ પરસેવો આવવો, શરીરનો દાહ અને જ્વરનો વેગ મધ્યમ, એ લક્ષણો થાય છે. **કફપિત્તજ્વરનાં લક્ષણો:**—મોઢું કડવું અને ચીકણું, ઉંઘ, મોહ, ઉધરસ, અરુચિ, તરસ, વારંવાર દાહ થવો અને વારંવાર ઠંડી આવવી, એ લક્ષણો થાય છે. **વિષમજ્વર(ટાઢીઓ તાવ)નાં કારણો અને લક્ષણો:**—તાવે તરતજ છોડેલા માણસને અપથ્ય સેવન થવાથી તેનો દોષ પુનઃ થોડો કુપિત થઇ રસરક્તાદિ ધાતુમાંની કોઈ ધાતુ સાથે મળી વિષમજ્વર ઉત્પન્ન કરે છે અથવા પહેલાંથી પણ વિષમજ્વર થાય છે. એમાં તાવ આવવાના વખતનો નિયમ નથી. કોઇ વખત ઠંડી સાથે મોટા વેગથી આવે છે, કોઇ વખત શરીરને દાહ થઇ મોટા વેગથી આવે છે. એવાં લક્ષણો થાય છે. **વિષમજ્વરનાં નામ અને સંખ્યા:**—*સંતત, સતત, અન્યેદ્યુ (એકાંતરીઓ), તૃતીયક (ત્રીજા દિવસે આવનાર તરિયો), તથા ચાતુર્થિક (ચોથા દિવસે આવનાર, ચોથીઓ); એવા પાંચ પ્રકારના વિષમજ્વર છે. **મધુરા જ્વર(મોતીઝરો તાવ)નાં લક્ષણ:**—×જ્વર, દાહ, મોહ, ભ્રમ, અતિસાર, ઉલટી, તૃષા, નિદ્રાનાશ, મોઢાપર રાતડ (રતાશ), તાળવું અને જીહ્વામાં શોષ, ગળા ઉપર સફેદ મોતી જેવી ફોડકીઓ થવી, આંખો ઉપર ઉંઘ, દાંત અને હોઠ શ્યામવર્ણ અને તાવ આવ્યાથી સાત દિવસ પછી તે દાણા આવવા માંડી ૨૧ દિવસપર્યંતમાં પૂરા થાય છે. મધુરાનો 'કૃષ્ણમધુરો' કરીને એક ભેદ છે; તેમાં રોગીના દાંત, હોઠ, જીભ, કંઠ, મોઢું અને નાક, એ સર્વ કૃષ્ણવર્ણ થાય છે. **આગંતુક જ્વર:**—શસ્ત્ર, માટીનું ઢેફું, મુક્કી, લાકડી ઇત્યાદિકે કરી મારવાથી કિંવા શ્યેનાદિ યાગ કરવાથી અથવા ઉલટસુલટ મંત્રોએ લોખંડની સુચીએ સરસવાદિકનો હોમ કરવાથી કિંવા કામાદિક અને ભૂતાદિકનો ઉપદ્રવ થવાથી, એકાદ ઉગ્ર ઔષધિના વાસથી; અથવા બ્રાહ્મણ, ગુરુ, વૃદ્ધ, સિદ્ધ પુરુષ, એમના શાપથી આગંતુક

---

* સંતત જ્વર—જે તાપ ૭, ૧૦ અથવા ૧૨ દિવસ સુધી રહે, વચમાં ઉતરે નહિ તે સંતત જ્વર

સતત—દિવસરાત્રિમાં મળીને બે વખત આવે તે.

અન્યેદ્યુ—અહોરાત્રમાં એક વખત આવે છે પણ ૨૪ કલાકથી થોડો વખત વધારે થવા પછી આવે તે.

તૃતીયક—વચ્ચે એક દિવસ નહિ આવી ત્રીજે દિવસે આવનારો તાવ.

ચાતુર્થિક—વચ્ચે બે દિવસ નહિ આવી ચોથે દિવસે આવનાર તાવ.

× તાવમાં ઘી ખાવાથી અથવા ખુલ્લા વાયુમાં ફરવાથી મધુરો થાય છે. માધવનિદાનમાં મધુરાનો પિત્તજ્વરમાં સમાવેશ કરેલો છે. આ મોતીઝરા જેવોજ પાણીઝરો પણ થાય છે.

જ્વર ઉત્પન્ન થાય છે; તે આગળ જણાવેલા જે જે દોષ કુપિત થાય તે તે લક્ષણો ઉપરથી જાણવો. **વિષજન્ય આગંતુક જ્વર:**—સ્થાવર, જંગમ વિષ ભક્ષણ કરવાથી જે જ્વર આવે છે તેમાં મોઢું શ્યામવર્ણ થાય છે તથા અતિસાર, અન્નદ્વેષ, તરસ, સોયા વાગ્યા પ્રમાણે પીડા અને મૂર્ચ્છા, એ લક્ષણો થાય છે. **કામજ્વર:**—કામજ્વર એટલે ઇચ્છેલી સ્ત્રીની પુરુષને અથવા પુરુષની સ્ત્રીને પ્રાપ્તિ ન થવાથી જે જ્વર આવે છે, તેથી કરી ચિત્તભ્રંશ, ઉંઘ, આળસ, ખાવા ઉપર ઇચ્છા ન થવી, હૃદયમાં પીડા, એ લક્ષણો થાય છે અને તે પુરુષનું અથવા સ્ત્રીનું શરીર સૂકાતું જાય છે. **ભય, શોક તથા કોપથી થયેલો તાવ:**—ભયથી ઉત્પન્ન થયેલા તાવમાં બડબડ ઘણી હોય છે. શોકથી થયેલા તાવમાં પણ બડબડ હોય છે. કોપથી થયેલા તાવમાં કંપારો છૂટે છે; **ભૂતાભિષંગ જ્વર** (ભૂતજ્વર, ભૂતાવેશ જ્વર):—ભૂતબાધાએ જ્વર આવે ત્યારે ચિત્ત ઉદ્વિગ્ન થાય છે. હસવું, રડવું તથા કંપવું વગેરે લક્ષણો થાય છે. **દુર્જલજનિત જ્વર:**—પ્રવાસમાં અનેક ઠેકાણાનાં પાણી પીવામાં આવે છે; તે પ્રકૃતિને સમાન નહિ હોવાથી જે જ્વર આવે છે તે. **સપ્તધાતુગત જ્વરોનાં નામ:**—રસગત, રક્તગત, માંસગત, મેદોગત, અસ્થિગત, મજ્જાગત અને શુક્રગત જ્વર. **રસગત જ્વર:**—જડપણું, હૃદયસ્થ દોષ ઉલટીથી પડશે એવું જણાવું, ગ્લાનિ, ઉલટી, અન્નદ્વેષ તથા દૈન્ય એટલે મનને ખેદ વગેરે લક્ષણો થાય છે. **રક્તગત જ્વર:**—રકતના ઓડકાર, દાહ, મોહ, ઉલટી, ભય, બડબડ, શરીરપર ગાંઠ, કિંવા ફોલ્લા અને તૃષા, એ લક્ષણો થાય છે. **માંસગત જ્વર:**—પેટનું સૂકાવું, તરસ, મળમૂત્રનો વિસર્પ થવો, તલખી, અંતર્દાહ, હાથપગ તૂટવા અને ગ્લાનિ એ લક્ષણો થાય છે. **મેદોગત જ્વર:**—અત્યંત પરસેવો થવો, તરસ, મૂર્ચ્છા, બડબડ, ઉલટી, શરીરે દુર્ગંધી, અન્ન ઉપર અરુચિ, ગ્લાનિ અને વેદના સહન ન થવી એ લક્ષણો થાય છે. **અસ્થિગત જ્વર:**—હાડકાં તૂટયાં જેવાં, ચુંથારો, શ્વાસ, રેચ, ઉલટી, હાથપગ તૂટવા, એ લક્ષણો થાય છે. **મજ્જાગત જ્વર:**—અંધારાં આવવાં, ઉચકી, ઉધરસ, ઠંડી આવવી, ઉલટી, અંતર્દાહ, મહાશ્વાસ અને મર્મચ્છેદ (હૃદયભેદ), એ લક્ષણો થાય છે. **શુક્રગત જ્વર:**—રસાદિ ધાતુગત જ્વરો પૈકી શુક્રસ્થાને જ્વર જવાથી રોગી મરણ પામે છે. એ જ્વરમાં શિશ્નને તાટપણું હોય છે, શુક્રનો સ્રાવ વિશેષ થાય છે અને બીજા રક્તાદિ પદાર્થનો પણ થોડો થોડો સ્રાવ થાય છે. **પ્રાકૃત તથા વૈકૃત જ્વર:**—વર્ષા ઋતુ, શરદ્ ઋતુ અને વસંત ઋતુ, એમાં વાતાદિકોએ ક્રમે કરી જે જ્વર આવે છે તે પ્રાકૃત જ્વર; એટલે વર્ષાકાળે વાતજ્વર, શરત્કાળે પિત્તજ્વર અને વસંતકાળે કફજ્વર. એ સિવાય જે બીજા જ્વર થાય છે તે વૈકૃત જ્વર. જેમકે વર્ષાકાળે પૈત્તિક, શરત્કાળે શ્લૈષ્મિક અને વસંતકાળે વાતિક, આ વૈકૃત જ્વર દુઃસાધ્ય છે. જ્વરમાં ઋતુ અને દોષ એ તુલ્ય હોય છે. પ્રમેહમાં દૂષ્યો (જેથી વિકાર થાય છે તે) તુલ્ય હોય તથા રક્તગુલ્મ જૂના હોય, એ સુખસાધ્યનાં લક્ષણ છે. **જીર્ણ જ્વર** (જૂનો તાવ, મઠીઓ તાવ, હાડજ્વર, હાડકચ્ચર તાવ)**નાં કારણ અને લક્ષણ:**—પૂર્વે મોટો તાવ આવવાથી તે તાવના ત્રણ અંશ ઔષધિઓથી ગએલા અને એક અંશ તેમનો તેમજ શરીરમાં રહે તો તે આગળ હાડમાં પ્રવેશ કરે છે; અને તેની ઉપેક્ષા કરવાથી તેનું પરિણામ પાંડુ અને ક્ષય, એ થાય છે. એ જીર્ણ જ્વરમાં ઉત્તરોત્તર મંદ ગતિએ આહાર ઓછો ઓછો થતો જાય છે. અન્ન પાચન થતું નથી, બરોળ ઉત્પન્ન થાય છે, મળશુદ્ધિ થતી નથી, હાડકાંમાં ધગારો રહે છે અને મુખમાં પાણી છૂટે છે. એ લક્ષણો થાય છે. **અજીર્ણ જ્વર:**—પૂર્વ દિવસે ચણા, તુરા પદાર્થ, વાલ, પાવટાધાન, સ્નિગ્ધ ધાન્ય, શાક, ફળ, કંદ, એના અતિ ભક્ષણથી અને ભોજન કરવા છતાં લાગલુંજ અતિ ભોજન કરવાથી, જડ અન્ન ખાવાથી તથા અતિ મદ્યપાન કરવાથી અજીર્ણ જ્વર ઉત્પન્ન થાય છે. આ તાવમાં ઓડકાર, ઉલટી, ભ્રમ, મસ્તકમાં પીડા, કટી, બરડો, ગુદા તથા પેટ દુખે છે; અને અન્ન ઉપર અરુચિ, શોષ, મોહ તથા હેડકી, એ લક્ષણો થાય છે. **ઉથલેલા તાવ:**—તાવ જતા રહ્યા પછી અપથ્યથી પુનઃ જ્વર આવી ત્રાસ આપવા લાગે છે તે. **જ્વરના દશ ઉપદ્રવ થાય છે તે:**—શ્વાસ, મૂર્ચ્છા, અરુચિ, તૃષા, ઉલટી, અતિસાર, મલબદ્ધતા, હેડકી, ઉધરસ અને શરીરને દાહ, એ દશ જ્વરના ઉપદ્રવ

છે. ચિકિત્સા કરવા માટે આમ, પચ્યમાન તથા નિરામ જ્વરનાં લક્ષણો:—લાળનો સ્રાવ, ઉલટી થાય એવું જણાવું, છાતીમાં જડતા જણાય, અરુચિ, ઊંઘ, આળસ, અન્ન પાચન ન થવું, મોઢું ફીકું, શરીરે જડપણું, ભૂખ ન લાગવી, વારંવાર પેશાબ થવો, શરીર તાટ જેવું થઈ જવું, શરીરમાં તાવ પુષ્કળ હોવો; એ અપક્વ જ્વરોનાં લક્ષણો જાણવાં. એ તાવ ઉપર ઔષધ આપવું નહિ. અપક્વ જ્વરમાં ઔષધ આપવાથી તાવ વધે છે. શોધન કિંવા શમન ઔષધ આપવું તો વિષમ જ્વર ઉપર આપવું. પક્વ જ્વર કિંવા નિરામ જ્વરનાં લક્ષણો:—ભૂખ લાગવી, શરીર કૃશ થવું, મંદ જ્વર, અધોવાયુની પ્રવૃત્તિ થવી અને મનને ઉત્સાહ જણાવો, એ નિરામ જ્વરનાં લક્ષણો છે. સાધ્ય જ્વર:—બળવાન પુરુષને દોષ અલ્પ હોઈ જે શ્વાસાદિ ઉપદ્રવથી રહિત જ્વર આવે છે તે સાધ્ય જાણવો. અસાધ્ય જ્વર:—જે જ્વર ઘણાંજ પ્રબળ કારણોએ થયેલો અને જેમાં લક્ષણો ઘણાં હોય છે, તે જ્વર પ્રાણાંત કરનારો થાય છે; તથા જે જ્વર ઉત્પન્ન થતાંજ એકાદ ચક્ષુરાદિ ઇંદ્રિયની શક્તિ નષ્ટ (એટલે આંધળો, બહેરો વગેરે) કરે છે, તે અસાધ્ય જાણવો. ક્ષીણ અને સોજો આવેલા પુરુષનો જ્વર અસાધ્ય છે. ધાતુમાં રહેલો, અંદર વેગવાળો અને ઘણા દિવસ રહેનારો તથા જે બળવાન અને જેના યોગે વાળોમાં ભંગ પડે છે, તે પણ અસાધ્ય જાણવો. અંતર્દાહ, તરસ, એ દોષોએ અત્યંત તાટ જેવું દેખાવું; તથા શ્વાસ, ઉધરસની ઉત્પત્તિ, એ લક્ષણોએ ગંભીર જ્વર જાણવો. જેનો તાવ મૂળથી વિષમ થયેલો છે તે; જેનો તાવ ઘણા દિવસનો છે તે; તથા ક્ષીણ અને અત્યંત રૂક્ષ પુરુષનો ગંભીર જ્વર મૃત્યુપ્રદ હોય છે. જે જ્વરમાં બેસાવધ થઈ મોહ પામે છે તથા જે સર્વદા પાથરણાપર પડી રહે છે, એટલે જેનાથી ઉઠાતું નથી, બહારથી ટાઢ વાય અને અંદરથી દાહ થાય, એવા પ્રકારના તાવે રોગી મરે છે. જેના શરીરપર રોમાંચ થયાં કરે છે, આંખો લાલ થાય છે, હૃદયમાં એકાદ ગાંઠ થયા જેવી પીડા થાય અને કેવળ મોઢાથીજ શ્વાસ કાઢે છે, એવા પુરુષને તાવ મારે છે. હેડકી, શ્વાસ, તૃષા, એથી વ્યાધિત થયેલો; મોહ પામેલો, આંખો આમ તેમ ફેરવનારો, નિરંતર શ્વાસે પીડાનારો, એવા માણસને જ્વર મારે છે. જેની ઇંદ્રિયોની શક્તિ નાશ થએલી છે, કિંવા શરીરની કાંતિ નિસ્તેજ થએલી છે તથા ઇંદ્રિયો નષ્ટ થએલી છે, જે કૃશ અને અન્નદ્વેષથી ઘણોજ પીડાએલો તથા ગંભીર અને તીક્ષ્ણ વેગે પીડિત થએલો, એવા તાવવાળા પુરુષને વૈદ્યોએ છોડવો. જે સ્વપ્નમાં પ્રેતો સાથે મદ્ય પીએ છે, કિંવા જેને કૂતરા ખેંચી લે છે, તેને ભયંકર તાવ આવી મ[illegible] છે. જેને પૂર્વે પણ મોટો જ્વર આવે છે, ખાલી ઉધરસ હોય છે તથા બલ અને માસ નષ્ટ થાય છે, તે પ્રેતસમાન જાણવો. જેને સાંજરે જ્વર આવી કફ તથા ઉધરસ ઘણી થાય છે અને બળ તથા માંસનો નાશ થાય છે, તે પ્રેત જેવો જાણવો. અકસ્માત્ જ્વરનો દાહ, તૃષા, મૂર્છા તથા બલક્ષય, સાંધા ઢીલા પડવા, એ લક્ષણો આસન્નમરણનાં થાય. મળસ્કે જેના મોઢા પરથી ઘણો પરસેવો નીકળે છે અને જ્વરે વ્યાપ્ત હોય છે, તેનું બચવું ભાગ્યેજ થાય છે. જેના કપાળ પર ઠંડો ગાર જેવો પરસેવો આવે છે, ટાઢ ઘણી લાગે છે, શરીર ભીંજાયેલું રહે છે તથા ગળાપરનો પરસેવો ઉરઃસ્થાન પર આવતો નથી, તે માણસ યમના ઘેર જલદી જાય છે. જેને ભિંજાય એવો પરસેવો ચારે તરફ સર્વાંગે આવે છે અને શરીર ઠંડું થાય છે ત્યારે તત્ક્ષણ તે રોગીનું મરણ થશે એમ જાણવું. જ્વરમુક્તિનું પૂર્વરૂપ:—દાહ, પરસેવો, દમ, તરસ, ભ્રમ, કંપારો, મળ પાતળો થવો, બેશુદ્ધિ, ચુંથ, શરીરે અત્યંત દુર્ગંધી, એ લક્ષણો તાવ છોડવાથી થાય છે. એ ઉપર કોઇ એવી શંકા કરશે કે, દોષક્ષય થયા સિવાય વ્યાધિ કેમ જશે? તથા દોષક્ષય થયો તો એવાં દાહાદિ લક્ષણો કેમ કરશે? તે ઉપર એવું સમાધાન છે કે, કોઇ કોઇનો એવો સ્વભાવ હોય છે કે ક્ષીણ થતાં પણ વિનાશકાળે પોતાની શક્તિ દાખવે છે. ઉદાહરણ:- દીવામાંનું તેલ બળી જવા લાગે એટલે તેની જ્યોત પહેલાં કરતાં ચાર પાંચ વખત મોટી થઈ પછી તે હોલવાય છે. આ વાત સર્વના જોવામાં છેજ; અથવા દોષોએ પીડેલો ધાતુનો દોષ ગયા પછી ક્ષોભ થઇ દાહાદિક લક્ષણો થાય છે એમ જાણવું. જ્વરમુક્તિનું લક્ષણ:—પરસેવો આવવો, શરીરને હલકાપણું, ગરદને ખંજવાળ, મુખપાક એટલે મોઢું આવવું (જેને બરો મૂતર્યો કહીએ

ઊભે તે), જિહ્વા આવેલી તથા અન્ન ઉપર વાંચ્છના થતી, એ લક્ષણો થયાં એટલે તાવ જતો માંડયો એમ સમજવું. તાવ આવતાંજ પ્રથમ શું કરવું ?—તાવવાળાએ પહેલાં લાંઘણ કરવી અને ભૂખ લાગે ત્યારેજ અન્ન ખાવું; પરંતુ વાતજ્વરી, ક્ષયી, ક્ષુધિત, ગર્ભિણી, દુર્બળ, બાળક, તૃષિત, ઉચ્છ્વાસી એવાં માણસોએ લાંઘણ કરવી નહિ. મગ, મસૂર, ચણા, કળથી, મઠ, એ પાંચ ધાન્યોનો યૂષ કિંવા મંડ (કાઢો) કરી આપવો, અથવા ચોખાનું કિંવા ઘઉંનું થુલું (કંસાર) આપવું. તાવ પર પાચનઃ—સુંઠ, દેવદાર, ધાણા, રિંગણી તથા ડોરલી, એ પાંચ ઔષધનો કાઢો કરી જ્વર આવ્યા પછી બે ત્રણ દિવસ આપવો; એટલે આમજ્વરનું પાચન (અપક્વ જ્વર હોય તે પક્વ) થાય છે.

વાતજ્વર ઉપર ઉપચાર*:—(૧) ગળો, સુંઠ અને પીંપળીમૂળનો કાઢો તથા નિકાઢો

* તાવ ઉપર અમે સંગ્રહ કરેલા કેટલાક ઉપચારો અહીં આપીએ છીએ. (૧) જયારે તાવ આવવાનો વખત થાય તે વખતે લીમડાની લીલી સળીઓની છેલ્લી ગાંઠો નંગ ૨૧, તીખાં નંગ ૨૧, અને એ બન્નેના વજન જેટલો અજમો પાણીમાં વાટી ગરમ કરી ચાટવા જેવો થયેથી ચટાડવું. આ ઉપાય અજમાવેલો છે. (૨) એકાંતરીઆ તાવવાળાને કાળી તુલસીનાં પાંદડાં નંગ ૨ાા ની ગોળમાં ગોળી કરી આવતા તાવે આપવાથી બીજે દહાડે તાવ નહિ આવે. આ પણ અનુભૂત ઉપાય છે. (૩) ભૈરવી ગોળીઃ—દૂધમાં શોધેલો વછનાગ તથા મરીને ઝીણાં વાટી કુંવારના રસમાં મગ જેવડી ગોળી વાળવી. એ ગોળી હરડેમાં ખાવાથી તાવ જાય અને આદુના રસમાં ખાય તો વાયુ જાય. (૪) કરિયાતાનાં સૂકાં પાંદડાં તોલો ૦ા રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે લુગડાથી ગાળીને તે પાવું. (૫) જૂનું ઘી અને જૂની હીંગ એકત્ર કરી તાવ આવવા વખતે આપવાથી ચોથીઓ તાવ જાય. (૬) મોરથુથુ તોલા ૨, ભોંયદુધેલીનો રસ શેર ૦ાા કુલડીમાં નાખી નીચે અગ્નિ કરવો. તે પાણી બળી ગયા પછી મોરથુથુ પાકો થશે. તેને ડબીમાં ભરી લેવો. પછી તેને જીરૂં તોલો ૦ા અને સાકર તોલો અર્ધો સાથે રોજ એક વાલ ૭ દિવસ સુધી આપવાથી તાવ જાય. (૭) તમાકુ શેર ૦ા લઇ આકડાના દૂધમાં પલાળી છાંયડે સૂકવી કુલડીમાં કપડછાણ કરી ૫૦ છાણાંથી ફૂંકી દઈ તે ખાખ નાગરવેલના પાનમાં મોટા માણસને બે વાલ અને નાના માણસને ૧ વાલ આપવાથી તાવ, ચાદી વગેરે રોગો જાય. (૮) મીંઢીઆવળ તથા કરિયાતું એકેક તોલો લઇ ઉકાળી શેર ૦ા રહે એટલે પાવું. એમ બે દિવસ સવાર-સાંજ પાવું. પછી કરિયાતું તથા ધાણાનો કવાથ સાકર નાખી પાવાથી ભૂખ પણ લાગશે. (૯) રામબાણ દવાઃ—આકડાની ટીશીઓ ૭, ભાંગ તોલો ૦ાા, લીમડાની ટીશી ૭, અફીણ જૂનું તોલો ૦ાા, મરી તોલો ૦ાા સર્વેને વાટી ચણી બોર જેવડી ગોળીઓ કરવી. નિત્ય ૧ ગોળી ખાવાથી એકાંતરો તાવ જાય, ખટાશ ખાવી નહિ. (૧૦) ધંતૂરાનાં બીજ તથા મરી સરખા વજને લઈ મરી જેવડી ગોળીઓ બાંધી દિવસ ૩ આપવાથી ટાઢીઓ તાવ જાય. (૧૧) આકડાના ફૂલનાં રવાઇડાં ટાંક ૭ ની ગોળમાં ગોળીઓ કરી રાખી તે તાવવાળાને આપવાથી તાવ જાય. (૧૨) જ્વરારિ રસઃ—પારો ટાંક ૩ અને આમલસારો ગંધક ટાંક ૩ ની કાજળી કરી તેમાં હરતાલ ભસ્મ ટાંક ૩, લીંડીપીંપર ટાંક ૩ નાખી તેને પાંચ પહોર સુધી ખરલ કર્યા પછી તેની ૧ રતીની પડીકીઓ કરી કરિયાતાની જડ, ભારંગ તથા હરડેને પાણીમાં ઘસી તેની સાથે આપવાથી જ્વર અને પાંચે જાતના પાંડુ જાય. દૂધ ખાવું નહિ. (૧૩) કાકજંઘા (અઘાડી) વાટી લુગડે ચાળી તાવની વખતે ખવરાવવાથી તાવ જાય. (૧૪) સંખીઓ સોમલ ચોખામાં ઘાલી અગ્નિ ઉપર ચઢાવી પહોર બે સુધી બાફવો. એ ઔષધિ ચોખા ૨ ભાર ખવરાવવી; ઉપર શીરો અને દૂધ ખવરાવવું તો સર્વજ્વર જાય. (૧૫) બાર વરસ સુધીના જૂના તાવ માટેઃ—કડુ, કરિયાતું, પીંપળીમૂળ, હળદર, એ દરેક ત્રણ ત્રણ ટાંક, મીંઢીઆવળ ૧ ટાંક, હિમજીહરડે ટાંક ૫, આંબા હળદર શેર ૦ા, સંચળ ટાંક ૩, આવળની છાલ ટાંક ૩, કાંકચ (શેકલાં) નંગ ૪, ઢીકામાળી ટાંક ૩, એ સર્વેને વાટી તેમાંથી સૂતી વખતે ટાંક ૧ ની ફાકી કરી એ ઉપર ઠંડું પાણી પાવું. એથી પાચન થઇને એક વખત ઝાડો ઉતરે છે તથા તાવ જાય છે. ઉનું પાણી પાવાથી થોડો રેચ લાગીને બહાર નીકળી જશે અને તાવ જશે; તથા નળબંધ વાયુ, પાણીવિકાર, પિત્તપાંડુ, શીળો અને બરોળ

તૈયાર કરી તેમાં મધ નાખી તાવના સાતમા દિવસથી ત્રણ દિવસ, સવાર–સાંજ આપતા જવું; એટલે જ્વરનું પચન થાય છે. (૨) ધમાસો, સુંઠ, નાગરમોથ અને ગળોનો કાઢો આપવો. (૩) નિદ્રા ન આવતી હોય તો પીંપળીમૂળનું ચૂર્ણ ગોળમાં આપવું કિંવા પીલુડીની વેલનાં મૂળીઆં હાથે બાંધવાં.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:–ઇંદ્રજવ–૧૭, પિત્તપાપડો–૯, શતાવરી–૧૦.

પિત્તજ્વર ઉપર ઉપચાર:—(૧) કાયફળ, ઇંદ્રજવ, પહાડમૂળ, કડુ તથા નાગરમોથનો કાઢો દશ દિવસ પછી, જ્વર પાચનાર્થ ત્રણ દિવસ આપવો.× (૨) પિત્તપાપડો, વાળો, રક્તચંદન, ધાણા તથા સુંઠનો અથવા એકલા પિત્તપાપડાનો કાઢો આપવો. (૩) ઉંબરાનાં મૂળનું ઓવેલું પાણી સાકર નાખી આપવું.‡

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ઉપરસાલ–૭, ઉંબરો–૧૧, કમળ–૫, કોથમીર–૮, ધાસ પિત્તપાપડો–૨, દ્રાક્ષ–૧૨, પટોલ કડુ–૮, પિત્તપાપડો–૧, ૮; રતાંદળી–૧૦, લીમડો (કડવો)–૧, વરીઆળ –૪, સિત્રણુ–૩. જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં–૩.

કફજ્વર ઉપર †ઉપચાર:—(૧) નાગરમોથ, સુંઠ, ધમાસો તથા અરડુસીનો કાઢો બાર દિવસ પછી પાચનાર્થે આપવો. આ કાઢો તાવ, ઉધરસ, શ્વાસ તથા શૂળનો નાશ કરે છે. (૨) નાગરમોથ, ધમાસો, સુંઠ, ભારંગમૂળ અને અરડુસીનાં પાંદડાંનો કાઢો આપવો. (૩) ત્રિકટુ-(સુંઠ, મરી, લીંડીપીપર)નું ચૂર્ણ આદુના રસ અને મધ સાથે આપવું. તે ઉધરસ, શ્વાસ, ઉલટી, અરુચિ, શરદી, વાયુ અને કફજ્વરનો નાશ કરે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડો–૨૩, અરડુસી–૧૩, ૨૧; મોથ–૧૧, રતાંદળી–૧૦.

વાતપિત્તજ્વર ઉપચાર:—(૧) ગળો, પિત્તપાપડો, નાગરમોથ, કરીઆતું તથા સુંઠનો કાઢો આપવો. (૨) મનુક્કા (દ્રાક્ષ), કરીઆતું, ગળો, અરડુસી તથા પટકચૂરાનો કાઢો આપવો.×

પણ મટે. (૧૬) તાવ ગયા પછી મંદાગ્નિ તથા નબળાઇને માટે કરિયાતાની પાંદડી તોલો ૧, ધાણા તોલો ૧ અને સાકર તોલો ૧ લઈ ઉકાળીને એ પાણી ગળીને સવારસાંજ પીએ તો શક્તિ આવે અને ભૂખ લાગે. તાવવાળાએ કોઇપણ જાતનો શરબત પીવો નહિ અને ખોરાક પાચન થઇ શકે તેવો હલકો આપવો. (૧૭) મનસીલ તોલો ૧, આમલસાર ગંધક તોલો ૧ અને કળીચુનો તોલો ૧, એ ત્રણને બારિક કરી એક કુલડીમાં નાખી મોઢું બંધ કરી કપડમાટી કરી છાણાં ૫૦ ની ભઠ્ઠીમાં વચ્ચે મૂકી પકવવું. ભઠ્ઠી ઠંડી પડયા પછી કુલડી ખોલી તેમાંની ખાખ કાઢી ખરલ કરી રાખી મૂકવી. તેમાંથી ૨ ચોખાભાર બરફી સાથે અગર સાકરના શીરામાં આપવી. તો દરેક જાતના તાવ જાય. જો તે માણસ કૌવતવાળો હોય તો એ દવા જીભ ઉપર મૂકીને, સાકર તોલા ૨ થી ૩ સુધી ટાઢા પાણીમાં ઓગાળી સરબત કરી તે સરબતવડે દવા ગળે ઉતારી જવી, જેથી જલદીથી તાવ ઉતરી જશે. આ દવાની માત્રા આદમીના કૌવત પ્રમાણે લેવી. આ ઔષધ નાના બાળકને તથા સ્ત્રીઓને આપવું નહિ. એના ઉપર તેલ, મરચાં, હીંગ, આમલી વગેરે ચીજો ખાવી નહિ.

* વાતજ્વર પર સિદ્ધૌષધિ—મહાજ્વરાંકુશ રસ, શીતારિ રસ, નવજ્વરેભસિંહ રસ, ત્રિભુવનકીર્તિ રસ, હિંગુલેશ્વર રસ, જ્વરકેશરી વટી, મૃત્યુંજય રસ, કલ્પતરુ રસ, દશમૂલાદિ ક્વાથ, શુંઠ્યાદિ ક્વાથ વગેરે.

× આ કાઢો મધ ચાટીને પીવો તેમજ પીધા પછી પણ મધ ચાટવું; નહિતર ગળું પકડાય છે.

‡ પિત્તજ્વર ઉપર બીજાં ઔષધ:—અભયાદિ ક્વાથ, અમૃતાદિ ક્વાથ, કલિંગાદિ ક્વાથ, અમૃતારિષ્ટ, પ્રવાલભસ્મ, મૌક્તિક ભસ્મ, જ્વરકેશરી વટી, કિરાતાદિ ક્વાથ, ગુડૂચીસ્વરસ, ધનચંદનાદિ, ચંદ્રસુધા રસ વગેરે.

† કફજ્વર ઉપર બીજાં ઔષધ:—ત્રિફલાદિ કષાય, ત્રિકંટકાદિ કષાય, તામ્રભસ્મ, જ્વરકેશરી વટી, ચંડેશ્વર રસ, મહાજ્વરાંકુશ રસ, જ્વરમુરારિ રસ, આરગ્વધાદિ ક્વાથ, કફકુઠાર રસ, પિપ્પલ્યાદિ ક્વાથ, પિપ્પલ્યવલેહ, અષ્ટાંગ અવલેહ વગેરે.

× વાતપિત્ત જ્વર ઉપર બીજાં ઔષધો:—જ્વરકેશરી વટી, નવજ્વરેભસિંહ રસ, મૃત્યુંજય રસ, આરગ્વધાદિ ક્વાથ, કિરાતાદિ ક્વાથ, ખર્જૂરાદિ ક્વાથ, મહાજ્વરાંકુશ રસ વગેરે અપાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ડાભ-૩, ધાવડી-૫.

વાતકફજ્વર ઉપર ઉપચાર:—(૧) રિંગણી, સુંઠ, ગળો અને એરંડમૂળનો કાઢો આપવો. (૨) રિંગણી, અજમો અને ગળોનો કાઢો લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવાથી કફ, વાતજ્વર, શ્વાસ, શૂળ, સળેકમ તથા ઉધરસનો નાશ થાય છે. પરસેવો અતિશય આવતો હોય તો કળથી શેકી, તેનો લોટ શરીરે લગાડવો એટલે પરસેવો બંધ થાય છે +

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—મૂળા-૧૨, લીંડીપીંપર-૨૨.

કફપિત્તજ્વર ઉપર ઉપચાર:—(૧) રિંગણી, ગળો, સુંઠ, કરીઆતું, પુષ્કરમૂળ અથવા કોષ્ઠનો કાઢો આપવો. તે સર્વ જ્વરોને તત્કાળ દૂર કરે છે. (૨) અરડુસીનાં પાંદડાંનો ફૂલસહિત રસ કાઢી, તેમાં સાકર અને મધ નાખી આપવો; એટલે કફ, પિત્તજ્વર, રક્તપિત્ત અને કમળો દૂર થાય છે. આ કાઢો સાકર નાખ્યા વિનાનો આપવાથી શ્વાસ અને ઉધરસ જાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરડુસી-૨, કડુ-૪, કારેલી-૨, પાઢ (કાળીપાટ)-૧૩.

વિષમજ્વર ઉપર ઉપચાર:—(૧) મીંઢીઆવળ, બાળહરડે, કાળી દ્રાક્ષ અને જીરાનો કાઢો, વિષમજ્વરને પાચનાર્થ આપવો. (૨) કુંવારના કાંદા ૧૦ માસા સુધી લઇ તે કોકરવરણા પાણીમાં આપવા; એટલે ઉલટી થઇ કફાશયનું શોધન થાય છે અને વિષમજ્વર દૂર થાય છે. (૩) નિંબાદિ ચૂર્ણ:—કડવા લીમડાનાં પાંદડાં ૪ તોલા; સુંઠ, મરી અને લીંડીપીંપર ૧૨ તોલા, જવખાર તથા સાજીખાર એ આઠ તોલા અને અજમો ૨૦ તોલા એનું ચૂર્ણ કરવું. તે ઐકાહિક (દિવસરાત્રિમાં બે વખત આવનાર), દ્વયાહિક(રોજ એક વખત આવનાર), ત્ર્યાહિક (તરિયો), ચાતુર્થિક (ચોથીઓ)અને સંતત-જ્વરવાળાને આપવો. (૪) અગથીઆનાં પાંદડાંનો રસ કાઢી નાકમાં નાખવો; એટલે ચાતુર્થિક-જ્વર અને આદાશીશી દૂર થાય છે. (૫) રવિવારે સહદેવીનાં મૂળ રોગીના હાથે અથવા ગળે બાંધવાં. (૬) ધોળાં કરેણનાં મૂળીઆં રવિવારે કાને બાંધવાં. (૭) ધોળો મંદાર, ધોળી ગરણી અને સહદેવીનાં મૂળનો રસ કાઢીને બે તોલા સુધી આપવો. (૮) ધોળા ચંપાની કળીઓ ડીંટાંસુદ્ધાં નાખી ત્રણ પાનબીડીઓ કરી તાવ આવના પહેલાં એક એક ઘડીના અવકાશે પાનનું બીડું ખાવું. (૯) જૂના ટાટની રાખ મધમાં અગર ઘીમાં આપવી. (૧૦) ચીકણાનાં મૂળ અને સુંઠનો કાઢો આપવો. (૧૧) બાળહરડે અને ઇંદ્રજવનું ચૂર્ણ ગોળમાં આપવું. (૧૨) પટોલ, ઇંદ્રજવ, દેવદાર, ત્રિફળાં, નાગરમોથ, દ્રાક્ષ, જેઠીમધ, ગળો અને અરડુસીનો કાઢો મધ નાખી આપવો; એટલે નવજ્વરાદિક સર્વ જ્વર દૂર થાય છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરડુસો-૩, કચૂરો-૧, કડુ-૨, કપૂરીમધુરી-૨, કરમદી-૫, કરેણ-૩, કાંસકી (પેટારી)-૫, કુઓ-૧, કુંવાર-૧, કેસરીચંપો-૩, કોથમીર-૬, ખરસાણી-૭, ખુરાસાની અજમો-૧, ગરણી-૯, ગળો-૧, તાંદળજો-૪, તુલસી-૩, ૧૬; ત્રાયમાણ-૧, દુધેલી-૩, ધંતુરો-૧૫, નાગચંપો-૧, નાગલાદુધેલી-૧, નેગળવેલ-૩, પતુર-૨, પદ્મકાષ્ઠ-૨, ફુદીનો-૧, બીલી-૧૭, બ્રહ્મદંડી-૧, મરી-૫, મંદાર-૧, લસણ-૧૭, લીમડો(કડવો)-૧૩, ૪૧, ૪૨; લીંડીપીંપર-૩૪, વજ-૧૩, વાલેળ-૪, વાંદો-૬, સરગવો-૨૦, સહદેવી-૧. **વિષમજ્વરમાં શુદ્ધિ નષ્ટ થઇ ભ્રમ થાય** તો તે માટે:—વાયવરણો-૭.

+ વાતકફજ્વર ઉપર બીજાં ઔષધો:—મહાજ્વરાંકુશ રસ, મૃત્યુંજય રસ, જ્વરકેશરી વટી, નવજ્વરેભસિંહ રસ, મુસ્તાદિ ક્વાથ, કંટકાર્યાદિ ક્વાથ, ચંડેશ્વર રસ, શીતારિ રસ, દશમૂળ ક્વાથ, સૂર્યશેખર રસ વગેરે અપાય છે.

*પિત્તકફ જ્વર ઉપર બીજાં ઔષધ:—પટોલાદિ ક્વાથ, અમૃતાષ્ટક, જ્વરકેશરી વટી, મહાજ્વરાંકુશ રસ, મૃત્યુંજય રસ, જ્વરારિ રસ, અમૃતાષ્ટક ક્વાથ વગેરે અપાય છે.

× તીજારા તથા ચોથીઆ તાવમાં વમન-વિરેચન આપ્યા પછી ઔષધિ આપવી. વિષમજ્વર માટે બીજાં ઔષધ:—ગુડૂચી મોદક, ભૂતભૈરવ ચૂર્ણ, મહાજ્વરાંકુશ રસ, પટોલાદિ ક્વાથ, સુદર્શન ચૂર્ણ, સર્વજ્વરહર લોહ, જયમંગળ રસ, કલ્પતરુ રસ, ત્ર્યાહિકારિ રસ, ચાતુર્થકારિ રસ, અમૃતારિષ્ટ વગેરે અપાય છે.

મધુરા(મંથરો કે મોતીઝરો)જ્વર ઉપર ઉપચારઃ—(૧) નાગરમોથ, પિત્તપાપડો, જેઠીમધ તથા કાળી દ્રાક્ષનો કાઢો મધ નાખી આપવો. (૨) વડનાં પાકાં પાંદડાં અને બાજરીના લોટનો કાઢો કરી આપવો. (૩) ફુદિનો, રાનતુલસી અને કાળી તુલસીનો અંગરસ કાઢી તેમાં ખડીસાકર નાખી તે ત્રણ કિંવા સાત દિવસ આપવો. (૪) ગરદન અને ગળા ઉપર ફોલ્લા આવે છે, તેના પ્રતીકાર માટે મોતીનો હાર ગળામાં નાખવો. આ ઉપચાર અમોએ અહીં કહ્યો છે ખરો, પરંતુ મોતીને બદલ છીપો પણ મળવાની હમણાં મારામાર છે; એટલી પરદેશીઓએ આપણા હિંદુસ્તાનમાંની સંપત્તિ લૂંટી અને ધોઇ લીધી ! ! (૫) અજમોદનું ચૂર્ણ કરી મધમાં આપવું. (૬) અરડુસી, દ્રાક્ષ અને હરડેનો કાઢો મધ અને સાકર નાખી આપવાથી રક્તપિત્ત, જ્વર, દમ, ઉધરસ અને મંથરજ્વરને દબાવે છે. (૭) જંગલી શેરડીનો રસ આપવો. (૮) નાગરમોથ, રાનતુલસી, પિત્તપાપડો અને સુંઠનો કાઢો આપવો.÷

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અજમોદ–૧, કપૂરીમધુરી–૨, કુકરપાડાનો વેલો–૫, ગળો–૧૧, ડાંગર–૧૧, તુલસી–૨, ફુદિનો–૨, મોથ–૧, રતાંદળી–૧, રુદ્રાક્ષ–૧, વડ–૯, શેલડી–૨.

જીર્ણજ્વર ઉપર ઉપચારઃ—(૧) કડુ, કરીઆતુ, નાગરમોથ, પિત્તપાપડો અને ગળોનો કાઢો સતત સેવન કરવાથી અસાધ્ય જ્વર પણ દૂર થાય છે. (૨) કાયફળ, નાગરમોથ, કડુ, કચોરા, કાકડાશિંગી, પુષ્કરમૂળ અથવા કોષ્ટનું ચૂર્ણ મધમાં અથવા આદુના રસમાં આપવું. તે જીર્ણજ્વર, ઉધરસ, દમ, અરુચિ, વાયુ, શૂળ, ઉલટી અને ક્ષયનો નાશ કરે છે. (૩) તાલિસાદિ ચૂર્ણ આપવું. (૪) મધમાં લીંડીપીંપર આપવી; એટલે તે મેદ, શ્વાસ, ઉધરસ, જ્વર, પાંડુરોગ અને બરોળનો નાશ કરે છે. (૫) સાકર, ઘી, સુંઠ, ખારેક અને કાળી દ્રાક્ષ, એ સર્વ ઔષધો ગાયના દૂધમાં નાખી ઉકાળી આપવાં. એથી સંપૂર્ણ જ્વર દૂર થાય છે અને શક્તિ આવે છે. (૬) ગળોનું સત્ત્વ, ઘી–સાકર સાથે કિંવા મધ–સાકર સાથે આપવું. (૭) જીરાનું ચૂર્ણ જૂના ગોળમાં આપવું. (૮) જીર્ણજ્વર ઉપર દુગ્ધપાન અમૃતસમાન છે. ગાયના દૂધમાં લીંડીપીંપર ૫–૭ નાખી, તે દૂધ ગરમ કરી ૨૧ દિવસ આપવું. (૯) એલચીદાણા, બીલાં, પુનર્નવા (વસુ), દૂધ અને પાણી એકત્ર કરી દૂધ શેષ રહે ત્યાંસુધી કઢવી પ્રાશન કરવું; એટલે તે સર્વ જ્વરનો પરિહાર કરે છે. (૧૦) તુલસીનો રસ મરીની ભૂકી અને મધ નાખી આપવો. (૧૧) દ્રાક્ષ, ગળો અને સુંઠના કાઢામાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવું; એટલે શ્વાસ, શૂળ, કાસ, અગ્નિમાંદ્ય, જીર્ણ જ્વર અને તૃષાનો નાશ થાય છે. જુઓ **અનુભૂત ઔષધઃ**—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં. ૧૧.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અજમોદ–૮, અરજુનસાજડ–૭, અરણી–૫, આદુ–૧૭, ઇંદ્રજવ–૮, ૧૬; એલચી–૧૨, કચૂરો–૧, કરીઆતું–૧, ખજૂરી–૯, ગળો–૧૪, ૨૪; ચંબેલી–૬, જીરૂં–૩, ૭, ૧૧; પતુર–૧, બીલી–૨૮, ભોંય આમળી–૨, ૪, ૫; ભોરિંગણી–૧૨, લોધર–૪, વાસનવેલ–૩, વાંકેરી–૩, સમેરવો–૧૪. જુઓ ગો૦ વૈ૦માંઃ-દૂધ–૯.

ભૂતાવેશ જ્વર ઉપર ઉપચારઃ—(૧) તુલસીનાં આઠ પાન લઇ તેના રસમાં થોડી ત્રિકટુની ભૂકી નાખી તે રસ નાકમાં સુંઘાડવો. (૨) ગંધક અને આમળાંનું ચૂર્ણ ઘીમાં આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—ખપાટ–૩, ખિલખિલા–૧, ગાંજો–૮, ધોળી પીલુડી–૮, શિરદોડી–૧૩, સૂર્યફૂલ–૧.

વિષજન્ય આગંતુક જ્વર ઉપર ઉપચારઃ—પિત્તશામક અને વિષ ઉપરના ઉપચાર કરવા.

કામજ્વર ઉપર ઉપચારઃ—સુરવરૂપ, શૃંગારિત, સુગંધચર્ચિત, રસિક, કામવડે રસરસેલી

÷ મધુરા પર બીજાં ઔષધઃ—ચંદનાદિ પાચન, ચંડેશ્વરો રસ, ચિંતામણિ રસ, મહાજ્વરાંકુશ રસ વગેરે અપાય છે.

× જીર્ણજ્વર પર બીજાં ઔષધઃ—સુદર્શન ચૂર્ણ, સુવર્ણમાલિન વસંત, જ્વરભૈરવ ચૂર્ણ, ગુડુચ્યાદિ ક્વાથ, સર્વજ્વરહર લોહ, જયમંગળ રસ, કલ્પતરુ રસ, અમૃતારિષ્ટ, વાસાઘૃત, પિપ્પલ્યાદ્ય ઘૃત, ત્રૈલોક્યચિંતામણિ રસ, જીર્ણજ્વરાંકુશ રસ, વગેરે ખાવા માટે અપાય છે; તેમજ લાક્ષાદિ તેલ, કિરાતાદિ તેલ, અંગારક તેલ વગેરે મર્દન કરવા માટે અપાય છે.

અને શૃંગારિક ભાષણ કરનારી એવી તરુણ સ્ત્રીઓનું આલિંગન, સંભાષણ, સ્પર્શાદિ કરવાથી કામજ્વર શાંત થાય છે. નિર્મળ સ્થળો, કમળો, સુગંધિત ફૂલ ઉપરનો આવેલો વાયુ, જલક્રીડા, સુંદર બાગમાં ફરવું, સુસ્વરૂપ સ્ત્રીઓનો સમાગમ, એ ઉપચારોએ કામજ્વર જાય છે. કામજ્વરિત પુરુષે સ્ત્રીસંગ કરવો નહિ.

દુર્જલજનિત જ્વર ઉપર ઉપચાર:—(૧) કડવાં પંડોળાં, નાગરમોથ, ગળો, અરડુસી, સુંઠ, ધાણા, કરીઆતું અને કડુનો કાઢો મધ નાખી આપવો. (૨) સુંઠ અને જવખારનું અથવા હળદર અને જવખારનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૩) બાળહરડે, કડવા લીમડાનાં પાન, લીંડીપીંપર, સિંધવ અને ચિત્રકનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આદુ–૫૦, હળદર–૧૯.

સપ્તધાતુગત જ્વર ઉપર ઉપચાર:—ગળોનું સત્ત્વ, આમળાં, જીરૂં, લીંડીપીંપર, ચિત્રકમૂળ, કૌવચબીજ તથા હરડેનું ચૂર્ણ કરી મધમાં અથવા એક વર્ષના જૂના ગોળમાં ગોળીઓ કરી તે ગાયના દૂધમાં આપવી.÷

અજીર્ણ જ્વર ઉપર ઉપચાર:—(૧) રિંગણી અને પિત્તપાપડાનો કાઢો આપવો. (૨) નાગરમોથ તથા સુંઠનો કાઢો આપવો. (૩) કરીઆતું, ગળો, સુંઠ, મોથ તથા લીંડીપીંપરનો કાઢો આપવો. (૪) અજમોદ, હરડે, કચૂરા તથા સંચળનું ચૂર્ણ આપવું. (૫) આમળાં, ચિત્રક, બાળહરડે, લીંડીપીંપર તથા સિંધવનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; એટલે સર્વ જ્વર દૂર થાય છે અને મલાદિકનો ભેદ થાય છે, રુચિ આવે છે, કફ દૂર થાય છે, અને અગ્નિ પ્રદીપ્ત થઈ અન્ન પાચન થાય છે.×

---

* દુર્જલજનિત જ્વર પર દુર્જલજેતા રસ અમૃતારિષ્ટ તથા જીર્ણજ્વરની ઔષધિ અપાય છે. નવીન તાવ હોય તો જ્વરકેશરી વટી, મહાજ્વરાંકુશ રસ, પટોલાદિ ક્વાથ, વૈદ્યનાથ વટી, અશ્વચોળી રસ વગેરે અપાય છે.

જીર્ણજ્વર તથા દુર્જલજનિત જ્વર પર સંશમની ગુટિકા અતિ લાભદાયક ગણાય છે. સંશમની બનાવવાની વિધિ નીચે મુજબ:—

સંશમની ગુટિકા—લીલી ગળોના કટકા કરી ખાંડી ખુંદી ચારગણા પાણીમાં ત્રણ કલાક ભીંજાવી રાખવા. ત્યાર પછી સારી રીતે ચોળી કૂચા જેવો ભાગ બહાર કાઢી નાખવો અને જલ રહે તેને કપડેથી ગાળી ધીમા તાપ પર ચઢાવી અવલેહ જેવો પાક બનાવવો. નીચે ઉતારી ઘનનો દશમો ભાગ લોહભસ્મ મેળવી ઘુટાઇ કરવી. ગોળી બાંધવા લાયક થાય ત્યારે ઘીવાળો કરી એકેક રતીની ગોળી કરવી. સવારસાંજ પાણી અથવા દૂધ સાથે ૨ થી ૪ ગોળી લેવાથી થોડા દિવસમાં જીર્ણજ્વર, દુર્જલજનિત જ્વર, નબળાઈ, મંદાગ્નિ, દાહ, ક્ષય, હૃદ્રોગ, પાંડુ વગેરે દૂર થાય છે.

બીજી બનાવટ:—લોહભસ્મને બદલે સુવર્ણમાક્ષિકની ભસ્મ નાખીને ગોળી ઉપર મુજબ બનાવવી. સ્ત્રીઓ માટે આ બનાવટ વધારે લાભદાયક છે. સફેદ પ્રદરને પણ દૂર કરે છે.

ત્રીજો પ્રકાર:—ભસ્મ નાખ્યા વિના ઉપર મુજબ ગોળી બનાવવી. સુવાવડી તથા બાળકોના તાવ માટે આ બનાવટ ઉપયોગી છે.

ચોથો પ્રકાર:—ઉપર મુજબ ગળોનું ઘન તૈયાર કરી તેમાં દશમો ભાગ અભ્રક ભસ્મ, દશમો ભાગ લોહભસ્મ, વીસમો ભાગ સુવર્ણમાક્ષિક ભસ્મ તથા વીસમો ભાગ પ્રવાલ ભસ્મ મેળવી ગોળી બનાવવી. આ બનાવટ સ્ત્રીપુરુષો બંનેને માટે જીર્ણજ્વર, દુર્જલજનિત જ્વરની સાથે ધાતુક્ષીણતા, વીર્યસ્રાવ, સ્વપ્નદોષ વગેરેમાં પણ હિતકર છે.

÷ સપ્તધાતુગત જ્વર ઉપર જયમંગલરસ તથા વિષમજ્વરમાં કહેલી ઔષધિ આપવામાં આવે છે.

× અજીર્ણ જ્વર ઉપર બીજી ઔષધિ જ્વરકેશરી વટી, વૈદ્યનાથ વટી, અશ્વચોલી રસ, નારાયણ ચૂર્ણ, કિરાતાદિ ક્વાથ, નારાયણ જ્વરાંકુશ, તામ્રભસ્મ, જીરકયોગ, ચંદ્રમુરારિ રસ, ચિંતામણિ રસ વગેરે અપાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ભોરિંગણી-૧૧.

ઉથલેલા (ઉથલો ખાઇ આવેલા) તાવ ઉપર ઉપચાર:—(૧) રોગી બલિષ્ઠ હોય તો લાંઘણ કરવી. કડુ, નાગરમોથ, પિત્તપાપડો અને ગળોનો કાઢો આપવો. (૨) કડુ, પીંપળીમૂળ, નાગરમોથ, બાળહરડે અને ગરમાળાની શિંગોમાંના મગજનો કાઢો આપવો. (૩) કડુ, વાળો અને નાગરમોથનો કાઢો ૩ દિવસ આપવો.

સર્વ જ્વર ઉપર ઉપચાર:—(૧) ગળો, પીંપળીમૂળ, લીંડીપીંપર, હરડે, લવંગ, કડવા લીમડાની છાલ, શ્વેતચંદન, સુંઠ, કડુ અને કરીઆતાનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૨) આમળાં, ચિત્રક, બાળહરડે અને લીંડીપીંપરનો કાઢો આપવો; અથવા એ ચાર જણસોમાં સિંધવ નાખી તેનું ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં આપવું, એટલે સર્વ જ્વર દૂર થાય છે. (૩) સુદર્શન ચૂર્ણ આપવું. (૪) પટોલ, સુંઠ અને કરીઆતાનો કાઢો મધ નાખી આપવો. (૫) કરીઆતું, સુંઠ અને ટીકામાલીનો કાઢો એકીવારે કરી રાખવો; અને રોજ સવારે, ત્રીજા પહોરે અને સાંજે એ પ્રમાણે ત્રણ વખત લેવાનો ક્રમ રાખવો; એટલે સાધારણ પ્રકારના સર્વ આગંતુક જ્વર અને જીર્ણ-જ્વર દૂર થાય છે. (૬) ગોરોચન, મરી, રાસ્ના, કોષ્ઠ અને લીંડીપીંપરનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૭) ધમાસો, વાળો, નાગરમોથ, સુંઠ અને કડુનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; એટલે તે સર્વ જ્વરનો નાશ કરી અગ્નિને પ્રદીપ્ત કરે છે. (૮) ભારંગમૂળ, કાકડાશિંગી, ચવક, તાલિસ-પત્ર, મરી અને પીંપળીમૂળ, એ દરેક આઠ આઠ તોલા, સુંઠ ૨૪ તોલા અને લીંડીપીંપર, ચાતુ-ર્જાત, વાળો તથા સાકર ચાર ચાર તોલા; એ સર્વ ચૂર્ણો એકત્ર કરવાં. એ ભારંગાદિ ચૂર્ણ આઠ પ્રકારના જ્વર, ઉધરસ, શ્વાસ, સોજો, ઉદરરોગ, પેટનું ચઢવું તથા ત્રિદોષનો નાશ કરે છે.+

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અતિવિષ-૫, અરડુસી-૨૨, ૨૪; આગિયો-૨, આમળાં-૨, ઇંદ્રજવ-૨૨, ઉંદરકની ગ-૨, એલચી-૧૨, ઓથમીજીરૂં-૩, કરિયાતું-૨, કાળીજીરી-૧૧, કાંચકી-૭, ૧૨; ગળાં-૧, ગળો-૧૮, ઘાસપિત્તપાપડો-૩, જીરૂં-૧૦, ટીકામાળી-૩, ધરો-૮, પટોલ-કડુ-૩, ૪; પાટલા-૪, ફુદિનો-૧, ભોરિંગણી-૫, મગ-૨, મરી-૧૫, મસૂર-૨, મોથ-૯, લવંગ-૧૦, લીંડીપીંપર-૨૩, વાવડીંગ-૩, વાંદો-૫, ૭; શતાવરી-૬, શીળીંદ-૩, સતાપા-૭, સમેરવો-૧૫, સહદેવી-૬, સાટોડી-૯, સાત્વીન-૩, સોમવલ્લી-૨. **દાહજ્વર માટે:**—અંકોલ-૧૩, વડ-૭. **ચોથીઆ તાવ માટે:**—અગથીઓ-૧, અઘેડો-૧૧, ૨૪; કુબો-૫, ખપાટ-૪, ગળો-૨૩, ગાંજો-૭, ચોધારી-૧, ધંતુરો-૧૫, બીજી-૧૭, મોથ-૫, વસુ-૬, શરસડો-૮, સાટોડી-૧૫, હીંગ-૮. **આગંતુક જ્વર માટે:**—કપાસ-૨૦, તુલસી-૧૮, સુગંધી (લીલી) ચ્હા-૩. **રાત્રિના એટલે લેસો-ડિયા તાવ** માટે:—કુકરપાડાનો વેલો-૭. **અષ્ટગુણ મંડજ્વર** માટે:—ડાંગર-૨. **શીતજ્વર** માટે:—અરણી-૨, આકડો-૧૩, કાકડી-૧૧, કાનફોડી-૩, કીડામારી-૫, ખજૂરી-૮, ગળજીભો-૪, જીરૂં-૯, ઝેરકોચલાં-૭ ૯; ધોળો ચંપો-૫, ૮; પટોલ કડુ-૪, પાઠ (કાળીપાડ)-૩, પીળો ધંતુરો-૨, ફુદિનો-૧, રાસ્ના-૬, શતાવરી-૩, સુગંધી (લીલાં) ચ્હા-૩, હરડે-૩૯. **ઉષ્ણ એટલે ઉના જ્વર** માટે:—આંબો-૧૦, લીમડો (કડવો)-૧૦. **હાડીઓ એટલે હાડજ્વર કે હાડકસર** માટે:—કુંવાર-૮. **ધાતુગત જ્વર** માટે:—લીંડીપીંપર-૩૫. **તાવથી ઘણો પરસેવો થાય એટલે સેદીઆ** માટે:-અગરૂ-૪, આંબો-૫, કળથી-૪, ખસખસ ક (અફીણ)-૧૨, ચણા-૩, નાગકેસર-૯, મીંઢીઆવળ-૪. **તાવ ઉપર પાચન** માટે:-કોથમીર-૭. **તાવમાં શોષ પડે** તે માટે:-આમળાં-૧૫. **તાવમાં અરુચિ** માટે:-આમળાં-૧૬. **તાવમાં માથાના દુખાવા** માટે:—આશેત્રી-૬, ચણોઠી-૧૨. **તાવથી અતિશય બળતરા થાય** તે માટે:—એરંડો-૪૧, **તાવથી શરીર ઉપર કંડુ એટલે ખરજ આવે** તે માટે:-કપાસ-૮. **પરસેવો આવવા** માટે:-વડ-૮, સહદેવી-૪, સુગંધી (લીલી) ચ્હા-૧, ૪. **હોઠ ઉપર તાવનું ઉઠવું એટલે બરો મૂતરે** તે માટે જીરૂં-૧. **શરદી** માટે:-

---

+ સર્વ જ્વર ઉપર (કયી જાતનો તાવ છે તે જાણ્યા વિના સર્વ પ્રકારના તાવ ઉપર):-જ્વર-કેસરી વટી, જ્વરઘ્ની ગુટી, અમૃતારિષ્ટ, ચિંતામણિ રસ, સૂતમણિ રસ, તાલીસાદિ ચૂર્ણ, સુદર્શન ચૂર્ણ, જ્વરભૈરવ ચૂર્ણ, અમરચોળી રસ, ગડુચીસત્વ, વગેરે અપાય છે.

અગથીઓ-૧, અજમોદ-૮, મોરવેલ-૩, રાઇ-૪, લવંગ-૧, સુગંધી (લીલી) ચ્હા-૩. **શરદ ગરમી-માટેઃ**—ડાંગર-૩, મેંદી-૪. **ભુખ લાગે તે માટેઃ**—ઈંદ્રજવ-૧૦, કાયફળ-૩, ખડબુચું-૧, બાંજો-૧, ડુંગળી-૨, મેથી-૬. **ભુખ ન લાગવા માટેઃ**—કોથમીર-૧૬, ડુંગળી-૯. **પરસેવો લાવવાને માટેઃ**—હરડે-૩૫. **ઉષ્ણકાળમાં શરીરમાંનો દાહ શાંત થઇ ઠંડી આવવા માટેઃ**—લીમડો (કડવો)-૩૫.

જુઓ અનુભૂત ઔષધોઃ—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગની ટીપમાં **તાવ ઉતરી ગયા પછીની નબળાઇ ઉપરઃ**—નં-૮. **તાવ ઉપર ચૂર્ણપ્રયોગની** ટીપમાં નં-૪. ગુટિકાપ્રયોગની ટીપમાં નં-૭, ૮. ક્વાથપ્રયોગની ટીપમાં નં-૪, ૧૧. **ચોરિયા તાવ ઉપરઃ**—ક્વાથપ્રયોગની ટીપમાં નં-૩. મલમપ્રયોગની ટીપમાં નં-૩૧. **ચોથીઆ તાવ ઉપરઃ**—ચૂર્ણપ્રયોગની ટીપમાં નં-૧૭. **ટાઢીઆ તાવ** ઉપરઃ—ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૧૭.

પથ્યઃ—તાંદળજો, ચાકવત, કુમળા મૂળા, પિત્તપાપડો, પડવળ, વાયવરણા, ગળો, કાલશાક, માઠ, ગળજીભી, ચુકો, વેંગણ, કંચુકશાક, તુરીઆં, પંડોળાં, કંકોડાં, એક વર્ષના જૂના ચોખા. **અપથ્યઃ**—વિરુદ્ધ અન્ન, વિદાહી અને જડ પદાર્થ, ક્ષાર, ખટાશ, ભાજીપાલો, પાંદડાં, કાલીંગડું, ફણસ, નવું ધાન્ય, લોટનો પદાર્થ અને પૌષ્ટિક પદાર્થ છોડવા; તેમજ મહેનત, સ્ત્રીસંગ, સ્નાન, ક્રીડા ઇત્યાદિ જ્વરયુક્ત રોગીએ શક્તિ આવ્યા સિવાય કરવું નહિ. ભારે પદાર્થ ખાવા નહિ.

સન્નિપાત જ્વર અથવા મુંઝારો*

કારણઃ—ખાટા, સ્નિગ્ધ, ઉષ્ણ, વિદાહી, તીખા, મધુર, અતિ રૂક્ષ અને જડ પદાર્થનું આકંઠ ભોજન, મદ્ય, તડકો, શેક લેવો, કામ, ક્રોધ, માંસભક્ષણ, શીત પદાર્થનું સેવન, શોક, શ્રમચિંતા, પિશાચબાધા, અતિ સ્ત્રીસંગ, એ કારણે ઘણું કરીને ચૈત્ર, વૈશાખ, આશ્વિન, કાર્તિક, ભાદ્રપદ, એ મહિનાઓમાં સન્નિપાતનો પ્રકોપ થાય છે. સન્નિપાત જ્વર એટલે ત્રિદોષ જ્વર. આ કેવળ મૃત્યુજ છે.+ સન્નિપાતને જે વૈદ્ય મટાડે છે, તેને મૃત્યુંજય એટલે સાક્ષાત્ પરમેશ્વરજ સમજવો જોઇએ. તેને રોગી ઉપકારાર્થે સર્વસ્વ દાન કરે તોપણ વધારે નથી. વાતાદિ ત્રિદોષ કોઇ

---

* કર્ણક સન્નિપાતમાં કાનના મૂળ પાસે જે સોજો આવે છે તેને કર્ણમૂળતરીકે માની શ્રીમાન્ પદેજીએ અહીં ટીપમાં ઉલ્લેખ કર્યો હતો, તે વાત કર્ણમૂળતરીકે કાનના રોગોમાં આ આવૃત્તિમાં નાખેલી છે માટે ત્યાં જોવું.

સન્નિપાતની ૫૨ જાતોમાં ૧૩ મુખ્ય છે, એમ અમૃતસાગરમાં લખ્યું છે. યદ્યપિ સન્નિપાત ત્રણે દોષોના એકત્ર થવાથી થાય છે, તોપણ ઘણી વખતે તેમાં વાતાધિક્ય કે પિત્તાધિક્ય પણ જોવામાં આવે છે. તેનો ઈલાજ એ છે કેઃ-(૧) ટંકણખાર ટાંક ૨, મરી ટાંક ૨, લીંડીપીંપર ટાંક ૩, અક્કલકરો ટાંક ૨, પારાથી બમણો ગંધક લઈ વાટેલી કજ્જલી ટાંક ૬, ચિત્રાની છાલ ટાંક ૧, સુંઠ ટાંક ૨ અને ચીનીકબાબા ટાંક ૨, એ સર્વને ખાંડી લુગડે ચાળી ભાંગરાના રસમાં પહોર ચાર સુધી ખરલ કરી, તેની ચણોઠી જેવડી ગોળીઓ કરી છાંયામાં સૂકવી લેવી. એ ગોળી સન્નિપાતના ન બચે એવા દરદીને [illegible]ળી ૧ ખવરાવી જોવી. જો ગળામાં તે ગોળી ઉતરે તો આરામ થાય. (૨) સોનાનો વરખ ૧, લીંડીપીંપર ટાંક ૧, કાળાં મરી ટાંક ૧, નાગરવેલનાં પાંદડાં નંગ ૪, એ સર્વે ફુદિનાના રસ સાથે ઘુંટી લુગડે ગળી તેમાં સોનાનો વરખ મેળવી ચોળી નાખી સવારસાંજ પાવાથી આરામ થાય. (૩) જો વાયુથી સન્નિપાત હોય તો ગધેડીનું દૂધ શેર ૦। થી ૦।। સુધી લુગડે ગાળી થોડે થોડે પાઈ દેવું; અથવા ગધેડીનાં લીંડાં નંગ ૪, સૂવા તોલા ૫, તજ તોલો ૧, સંચળ તોલો ૧, એ સર્વને ઉકાળી લુગડે ગળી તેમાં હિંગ નાખી પાવું. (૪) કફાધિક્ય હોય તો કફના ઉપાયો પણ યોજવા.

કેટલાક સન્નિપાતમાં આંખોનો રંગ લાલ કે પીળો હોય છે. લાલ આંખવાળો ભાગ્યેજ બચે છે. સન્નિપાતના દરદીને મા[illegible]મ લ કરતાં પણ વધારે ઝેરી છે.

\+ सन्निपातस्य कालस्य काश्चि[illegible] न विद्यते ।
चिकित्सको जयेच्चैतं तस्योकोऽस्ति प्रतापवान् ॥ १ ॥

નમિત્તે પ્રક્ષુબ્ધ થવાથી જે જ્વર આવે છે, તે સન્નિપાત જ્વર. એ કષ્ટસાધ્ય છે; કારણ ત્રણેનો પ્રકોપ છે. એકના ઉપશમનાર્થે ઔષધ આપે તો બીજા અધિક થાય છે.

સન્નિપાત જ્વરનાં લક્ષણ:—ક્ષણમાં દાહ અને ક્ષણમાં ઠંડ; હાડ, સંધિ અને મસ્તક એ ઠેકાણે શૂળ; આંખોમાં પાણી આવવું અને તે ડોવાયલું લાલ અને આંખ ફાટેલી હોય છે; કાનમાં શબ્દ થાય છે અને શૂળ થાય છે; ગળામાં ડાંગરનું ફોતરૂં ભરાઇ રહે તેમ દુખે; ડોલાં, મોહ, બડબડ, ઉધરસ, શ્વાસ, અરુચિ, ભ્રમ અને જીભ કેટલીક બળેલા જેવી અને સાગનાં પાંદડાં જેવી ખરખરી; અત્યંત શરીર ગળવું, રક્તપિત્તમિશ્રિત એવા કફના ઓડકાર આવવા અને માથાનું ડોલવું, તરસ, ઉંઘ ન આવવી, ઉરમાં દુખવું, પરસેવો, મૂત્ર, ઘણી વારે અને થોડાં થાય છે; ગાત્રો અત્યંત કૃશ થતાં જાય છે; નિરંતર ગળું ઘુરઘુર વાગે છે; મધમાખ કરડયા પછી દંશસ્થાનમાંથી જે ગંધ આવે છે તેના જેવી ગંધ આવે છે; કાળાં અને રાતાં ચકામાં ઉઠે છે અને વાચા તોતડી થાય છે; કાન, નાક, મોઢું, એ ઠેકાણે ફોલ્લા થાય છે અને પેટ જડ થાય છે; કાળે કરી વાત, પિત્ત અને કફનો પાક થાય છે. એ સન્નિપાત જ્વરનાં લક્ષણો જાણવાં. સન્નિપાત જ્વરના તેર પ્રકાર છે અને તે જુદા જુદા પ્રકારના વર્ણવેલા છે.

સન્નિપાતનાં નામો:—સંધિક, અંતક, રુગ્દાહ, ચિત્તવિભ્રમ, શીતાંગ, તંદ્રિક, કંઠકુબ્જ, કર્ણક, ભુગ્નનેત્ર, રક્તષ્ઠીવી, પ્રલાપક, જીહ્વક અને અભિન્યાસ.

તેમની દિનમર્યાદ:—સંધિકને–૭, અંતકને–૧૦, રુગ્દાહને–૨૦, ચિત્તવિભ્રમને–૨૪, શીતાંગને–૧૫, તંદ્રિકને–૨૫, કંઠકુબ્જને–૧૩, કર્ણકને–૯૦ (ત્રણ મહિના), ભુગ્નનેત્રને–૮૦, રક્તષ્ઠીવીને–૧૦, પ્રલાપકને–૧૪, જીહ્વકને–૧૬ અને અભિન્યાસને–૧૬ દિવસ આયુષ્યની પરમાવધિ કહેલી છે; પરંતુ રોગી તત્ક્ષણે મરે છે. સન્નિપાતજ્વરના અંતમાં કાનના મૂળની પાસે ભયંકર સોજો આવે છે જેને કર્ણક અથવા "કર્ણમૂળ" કહે છે. એને કર્ણસન્નિપાત પણ કહેવાય છે. એ સોજો આવે તો ઘણું કરીને રોગી બચતો નથી. જ્વરની શરૂઆતમાં સોજો આવે તો સાધ્ય, વચ્ચેના સમયમાં સોજો આવે તો કષ્ટસાધ્ય તથા છેવટના સમયે આવે તો રોગ અસાધ્ય જાણવો. બીજા પ્રકારના તાવમાં પણ જો આવી જાતનો સોજો આવે તો તે સાધ્ય અને કોઈ વખત તો સુસાધ્યજ થાય છે. (આના ઉપર ઔષધિ કાનના રોગના પ્રકરણમાં લખેલ છે.)

સાધ્યાસાધ્ય વિચાર:—* સંધિક, તંદ્રિક, કર્ણક, કંઠકુબ્જ, જીહ્વક અને ચિત્તવિભ્રમ, એ છ

---

* સન્નિપાત જ્વરમાં પ્રથમ લંઘન, વાલુકાસ્વેદ, નસ્ય, નિષ્ઠીવન, અવલેહ તથા અંજન ઈત્યાદિ પ્રયોગ કરવા. લંઘન ૩ થી ૧૦ દિવસ સુધી અથવા જ્યાંસુધી આરોગ્ય ન થાય ત્યાંસુધી કરાવવું. વાત અને કફની અધિકતાવાળાને સૂકા પદાર્થનો શેક કરવો. માત્ર વાતથી ઉત્પન્ન થયેલા જ્વરને બાદ કરતાં બાકીના સર્વ જ્વરમાં સ્નિગ્ધ પદાર્થનો શેક આપવો નહિ; તેમજ સિંધાલૂણ, સરગવાનાં બીજ, સરસવ અને ઉપલેટ, એ સર્વને બકરાના મૂત્રમાં વાટી નસ્ય કરાવવાથી તંદ્રા દૂર થાય છે. દ્રાક્ષને મધમાં વાટી ઘીમાં મેળવી જીભ પર મસળવાથી જીભ રસયુક્ત તથા નરમ થાય છે. આ ક્રિયાને "નિષ્ઠીવન" કહે છે. એવીજ રીતે કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશિંગી, સુંઠ, મરી, લીંડીપીંપર, જવાસા અને કલૌંજી જીરા, એ આઠ વસ્તુ સમાનભાગે લઈ ખાંડી બારીક ચૂર્ણ કરી મધમાં ચટાડવાથી હિચકી, શ્વાસ, ખાંસી તથા કંઠના રોગ નષ્ટ થાય છે. આ ક્રિયાને "અવલેહ" કહે છે; તેમજ તંદ્રા નાશ કરવા માટે સરસડાનાં બીજ, લીંડીપીંપર, મરી, સિંધાલૂણ, લસણ, મનસીલ અને ઘોડાવજને ગોમૂત્રમાં વાટી અંજન કરવું. આ ઉપરાંત બેહોશી હોય તો પારો, વછનાગ, કાળાં મરી, મોરથુથુ અને નવસાર, એ સર્વને ધંતુરાના રસમાં અને લસણના રસમાં મર્દન કરી, મસ્તકના વચ્ચેના ભાગમાં હજામત કરાવીને લેપ કરવો તેમજ જે જે હાડકામાં દરદ થતું હોય ત્યાં ત્યાં લેપ કરવો.

સન્નિપાતમાં પહેલાં આમદોષ અને કફની ચિકિત્સા કરવી. ત્યાર પછી પિત્ત અને વાયુને ઉપશમ કરવા; અથવા વાત, પિત્ત અને કફ એમાંથી જે દોષ વધારે પ્રબળ હોય તેનું શમન પહેલું કરવું.

આમ: બાકીના રહેલા સાત તે મારક છે. સન્નિપાતનાં ભિન્ન ભિન્ન લક્ષણો—સંધિક:—જેના પૂર્વરૂપમાં શળ, શોષ, વાયુની ઘણી વેદના, શ્લેષ્મોદ્રેક, સંતાપ, બલહાનિ અને જાગરણ એ લક્ષણો થાય છે, તેને સંધિક સન્નિપાત જાણવો. અંતક:—દાહ કરે છે, સંતાપને વધારે છે, મોહ કરે છે, શિર કંપાવે છે, હેડકી કરે છે તથા ઉધરસ વધારે છે; સંન્નિપાતકેત્તાઓએ છોડેલો એવો આ અંતક સન્નિપાત જાણવો. રૂગ્દાહ:—બડબડ, સંતાપ, ઘણો મોહ, સંદાહ, અનાયાસે શ્રમ, ચકરી એ વેદનાએ યુક્ત: કંઠ, ગરદન, હડપચી, એ ઠેકાણે વેદના; નિરંતર તૃષા લાગવી; શ્વાસ, કાસ તથા ઉચકી એ લક્ષણોએ વ્યાપ્ત એવો આ રૂગ્દાહ કષ્ટસાધ્ય છે. આ સન્નિપાત મારે છે. ચિત્તવિભ્રમ:—કોઇ પણ પ્રકારે શરીરે પીડા થતી હોય એવો ભ્રમ, ધંતુરો ખાધા જેવી અવસ્થા, સંતાપ, મોહ, વિકળપણું, આંખો વ્યાકુલ થવી, હસવું ગાવું, નાચવું તથા બડબડ કરવું, એ લક્ષણો થાય છે. આ સન્નિપાતને કોઇ અસાધ્ય કહે છે. શીતાંગ:—શરીર બરફ જેવું ઠંડુ, કંપ, શ્વાસ, હેડકી, સંપૂર્ણ અંગ ઢીલું થવું, સ્વર બેસી જવો, અભ્યંતરે ઉગ્ર સંતાપ, અનાયાસે શ્રમ, મનને સંતાપ, ઉધરસ, ઉલટી, અતિસાર એ લક્ષણોએ યુક્ત થયેલા સન્નિપાતને શીતગાત્ર કહેવો; એ પ્રાણનો તુરત નાશ કરે છે. તંદ્રિક:—તંદ્રિક સન્નિપાતમાં ઉંઘ ઘણી હોય છે. શૂળ, કફ, જ્વર, તરસ, એથી રોગી ઘણો પીડિત થાય છે; જીભ શ્યામવર્ણ, જાડી, કઠિન તથા કાંટાવાળી હોય છે; અને અતિસાર, શ્વાસ, ગ્લાનિ, તલખી, કર્ણશૂળ, ગળામાં જડત્વ તથા રાતદિવસ ઉગ્ર એ લક્ષણો થાય છે. આ રોગ અસાધ્ય છે. કંઠકુબ્જ:—કપાળ દુઃખવું, ગળું દુખવું, દાહ, બેસાવધપણું, કંપ, જ્વર, રક્તવાતસંબંધી પીડા, હડપચી જખડવી, સંતાપ, બડબડ તથા મૂર્ચ્છા, એ લક્ષણોએ યુક્ત થયેલા સન્નિપાતને કંઠકુબ્જ કહેવો. આ કષ્ટસાધ્ય છે. કર્ણક:—બડબડ, બહેરાપણું, ગળું પકડાવું, શરીરમાં દુખાવો, શ્વાસ, ઉધરસ, લાળ ગળવી, જ્વર, સંતાપ, કાન અને ગાલ એ ઠેકાણે પીડા, એ લક્ષણોએ યુક્ત તેને કર્ણક કહે છે. એ કષ્ટસાધ્ય છે. ભુગ્નનેત્ર:—તાવ, બલક્ષય, સ્મૃતિનાશ, વક્રદૃષ્ટિ, બેસાવધપણું, બડબડ, ભ્રમ. કંપ તથા સોજો, એ લક્ષણો ભુગ્નનેત્ર સન્નિપાતમાં થાય છે. આ રોગી જલદી મરે છે. રક્તષ્ઠીવી:—રક્તની ઉલટી, જ્વર, ઉલટી, તૃષા, મૂર્ચ્છા, શળ, અતિસાર, હેડકી, પેટ ચઢવું, ચક્રના ભ્રમણ જેવું ભમવું, તલખાં, શ્વાસ, સંજ્ઞાનાશ, જીભ કાળી કિંવા લાલ હોય છે અને તેના પર મંડલો ઉઠે છે, એ લક્ષણોએ યુક્ત જે સન્નિપાત તેને રક્તષ્ઠીવી જાણવો. એ પ્રાણનો નાશક છે. પ્રલાપક:—કંપ, બડબડ, સંતાપ, કપાળ દુઃખવું, પ્રોઢવાનો કહેવી તથા રોગી સ્વચ્છંદપણા વિષે આસક્ત, બીજાની કાળજી કરનાર, બુદ્ધિનાશ થયેલો, વિકળ અને પુષ્કળ બડબડ કરનાર એવો આ પ્રલાપક સન્નિપાત રોગી યમસદને જાય છે. જીહ્વક:—ઉધરસ, દમ, સંતાપ તથા વિહ્વળ, કઠિન અને કાંટાએ વ્યાપ્ત થયેલી જીહ્વા, બહેરાપણું. મુંગાપણું તથા બલહાનિ, એ લક્ષણોએ યુક્ત એવો જીહ્વક સન્નિપાત કષ્ટસાધ્ય છે. અભિન્યાસ:—ત્રિદોષના કોપે મોઢા પર ચળકાટ મારવો, નિદ્રા, વિકળપણું, નિશ્ચેષ્ટ પડવું, મોટા પ્રયાસે એકાદો શબ્દ બોલવો, બલનાશ, શ્વાસાદિકનો અવરોધ, એ લક્ષણો અભિન્યાસ સન્નિપાતમાં થાય છે. આ રોગ કેવળ ભયંકર મૃત્યુતુલ્ય છે. હારિદ્રક:—દેહ, નખ. નેત્ર, હાથ, પગ, એ હળદર ચોપડયા જેવા પીળા હોય; જ્વર, થુંક તથા ઉધરસ, એ લક્ષણોએ હારિદ્રક સન્નિપાત ઓળખવો. આ જ્વરરૂપી કાળજ છે. એ વૈદ્યોને સાધ્ય થતોજ નથી. આ "હારિદ્રક" ત્રયોદશ સન્નિપાત સિવાયનો છે. એ વિરલ જોવામાં આવે છે. સન્નિપાત થયા પછી તત્કાળ ત્રણ, પાંચ, સાત, દશ તથા બાર કે એકવીસ દિવસ થઇ જાય, એટલે શુદ્ધ થઈ સન્નિપાત રોગી બચી જાય છે.

ત્રિદોષ જ્વરની સાધારણ મર્યાદા:—ત્રિદોષ થયેલા દિવસથી ૭ કિંવા ૧૪ તથા ૯ કિંવા ૧૮ તેમજ ૧૧ કિંવા ૨૨ દિવસપર્યંત એ ત્રિદોષની મર્યાદા જાણવી. એ પછી જ્વર જાય છે કિંવા મૃત્યુ આવે છે. ૭, ૯ કિંવા ૧૧, એ મર્યાદા વાતાધિક, પિત્તાધિક તથા કફાધિક સન્નિપાતની અનુક્રમે જાણવી. પિત્ત, કફ તથા વાયુની વૃદ્ધિએ ક્રમે કરી દશ દિવસે, બાર દિવસે તથા સાત દિવસે ત્રિદોષજન્ય ધાતુપાક થવાથી મારે છે અથવા મલપાક થવાથી રોગીને છોડે છે.

ધાતુપાકનાં લક્ષણો:—નિદ્રાનાશ, હૃદય ટાટ જેવું થવું, મૂત્ર તથા ઝાડાનો અવષ્ટંભ, શરીરને જાડપણું, અન્નદ્વેષ, અસ્તરથપણું તથા બળનો નાશ, એ લક્ષણો ધાતુપાક થવાથી થાય છે. ધાતુપાક એટલે ઉત્તરોત્તર રોગોની વૃદ્ધિ તથા બળની હાનિ થઈ શુક્રાદિ ધાતુસહિત મૂત્રાદિકોનો જે પાક થવો તેને ધાતુપાક કહે છે. **મળપાકનાં લક્ષણ:**—દોષોનો સ્વભાવ બદલાવો તથા હલકો થવો, ઇંદ્રિયોની નિર્બળતા, એ મળપાકનાં લક્ષણો જાણવાં. ધાતુપાક તથા મળપાક થવો એ કેવળ દૈવ ઉપર છે. આ વિષયમાં બીજો કંઈ હેતુ દેખાતો નથી. **સન્નિપાતનાં અસાધ્ય લક્ષણો:**—મળાદિક અને પિત્તાદિક દોષ બદ્ધ થવાથી અને અગ્નિ શાંત થવાથી સન્નિપાત જ્વર અસાધ્ય થાય છે; તથા એથી ઉલટું એટલે દોષપ્રવૃત્તિ હોઈ અગ્નિ લગારેક પ્રદીપ્ત થઈ, સર્વનાં લક્ષણો થોડાં થોડાં થવાથી સન્નિપાત જ્વર કષ્ટસાધ્ય થાય છે.

સંધિક સન્નિપાત ઉપર ઉપચાર:—(૧) રાસ્ના, સુંઠ, ગળો, કાંટાસરીઓ, નાગરમોથ, શતાવરી, હરડે, દેવદાર, કડુ, કચૂરા, અરડુસી, એરંડમૂળ અને દશમૂળનો કાઢો, સંધિક સન્નિપાત, મન્યાસ્તંભ, અંત્રવૃદ્ધિ, સર્વ પ્રકારના જ્વર, ફોડલી, કમ્મર અને સંધિનું શૂળ તથા સર્વાંગમાંના સણકાનો નાશ કરે છે. (૨) દેવદાર, કચૂરા, ગળો, રાસ્ના અને સુંઠનો કાઢો ગુગળ નાખી આપવો; એટલે સંધિક સન્નિપાત અને વાયુનો નાશ થાય છે. (૩) ઘોડાવજ, ધમાસો, ગળો, ભારંગમૂળ, કાંટાસરીઓ, દેવદાર, નાગરમોથ, સુંઠ, વરધારો, રાસ્ના, ગુગળ, અશ્વગંધ, એરંડમૂળ અને શતાવરીનો કાઢો આપવાથી સંધિક સન્નિપાત, જડતા, ગ્લાનિ, ચકરી અને પક્ષઘાત મટે છે. (૪) ગળો, એરંડમૂળ, સુંઠ, દેવદાર, રાસ્ના અને હરડેનો કાઢો સવારે આપવાથી સર્વ વાતરોગનો નાશ થાય છે. (૫) નગોડ, ગુગળ, રાઈ, કડવા લીમડાનાં પાંદડાં અને રાળનો ધૂપ સંધિક સન્નિપાતનો નાશ કરે છે.

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માં:—હરડે-૩૩.

અંતક સન્નિપાત ઉપર:—(૧) નાચણીનો લોટ લસણના રસમાં મેળવી, તેની ભાખરી તેલમાં કિંવા ઘીમાં અથવા એરંડતેલમાં શેકી, તે ગરમ ગરમ મસ્તક ઉપર બાંધવી. (૨) હરડે, અરડુસી, ફાલસા, રાસ્ના, દેવદાર, ગળો, કડુ અને કોઈનો કાઢો આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—હરડે-૩૭.

રુગ્દાહ સન્નિપાત ઉપર:—(૧) નાગરમોથ, રક્તચંદન, સુંઠ, વાળો, કાળો વાળો અને પિત્તપાપડાનો કાઢો ઠંડો થયા પછી આપવો. (૨) હરડે, પિત્તપાપડો, નાગરમોથ, કડુ, ગરમાળાનું મગજ અને દ્રાક્ષનો કાઢો આપવો. (૩) નાગરમોથ, કડુ, ત્રિફળાં, ચીકણા, કડવો લીમડો, કડવું તુરીઉં, ઘોડાવજ, ગરમાળો, વાળો, દશમૂળ અને કરીઆતાનો કાઢો સકલ વાતવ્યાધિ અને રુગ્દાહ સન્નિપાતનો નાશ કરે છે. (૪) કૃષ્ણાગરૂ, કપૂર, સાલઈ (કુંદરનું ઝાડ), નખલા, તગર, વાળો, ચંદન અને રાળનો ધૂપ આપવો. (૫) બોરડીનાં પાંદડાં દહીંમાં મેળવી શરીરે લેપ કરવો અથવા કપૂર, ચંદન અને લીમડાનાં પાંદડાંને છાશમાં વાટી તેનો લેપ કરવો; એટલે દાહ શમે છે. (૬) દાહ અને ઉલટીએ કરી કૃશ થયેલો, અન્ન ભાવે નહિ અને તૃષાર્ત એવા રોગીને ધાણીનો લોટ, સાકર અને મધ નાખી આપવો. (૭) સુરૂપ, પીનસ્તની અને વિલાસચતુર એવી સ્ત્રીનું આલિંગન કરાવવું એટલે રુગ્દાહ શમે છે. મૈથુન વર્જ્ય. (૮) હરડેનું ચૂર્ણ ઘી અથવા મધમાં આપવું; એટલે દાહ, જ્વર, કાસ, રક્તપિત્ત, વિસર્પ, શ્વાસ અને ઉલટીનો નાશ થાય છે.

ચિત્તભ્રમ સન્નિપાત (ગેલીઓ મુંઝારો) ઉપર:—(૧) મહૂડાની છાલ, નખલા, શેમળાની છાલ, લીંડીપીંપર, અરજુન સાજડની છાલ, હરડે, મોરમાંસી, અગર અને રક્તચંદનનો કાઢો આપવો. (૨) દ્રાક્ષ, દેવદાર, નાગરમોથ, આમળાં, ગળો, હરડે, ગરમાળાનો મગજ, કરીઆતું, પિત્તપાપડો અને કડવાં પંડોળાંનો કાઢો આપવો. (૩) બ્રાહ્મી, દ્રાક્ષ, કડવાં પંડોળાં, વાળો, હરડે, પિત્તપાપડો, ગરમાળાનું મગજ, કડુ અને શંખાવળીનો કાઢો ચિત્તભ્રમ શમાવે છે. (૪) હરડે, પિત્તપાપડો, કાળી દ્રાક્ષ, શંખાવળી, નાગરમોથ, દેવદાર, ગરમાળાનું મગજ અને બ્રાહ્મીનો કાઢો આપવો. (૫) લીંડીપીંપર, મરી, સિંધવ, ઘોડાવજ, કરંજનાં બીજાં, હળદર, આમળાં, હરડે,

બહેડાં, રાઈ, સુંઠ અને હીંગના ચૂર્ણને બકરાના મૂત્રમાં ખરલ કરી ગોળીઓ કરી રાખવી. એનું આંખોમાં અંજન કરવાથી ચેતન આવે છે; અને ચિત્તભ્રમ, ગોથું, ઉન્માદ, ભૂતબાધા, મસ્તકરોગ, નેત્રરોગ અને ભ્રમનો નાશ કરે છે. (૬) અગથીઆનાં પાંદડાંનો રસ, ગોળ, સુંઠ અને લીંડીપીંપર નાખી આપવો. (૭) મોરમાંસી, જેઠીમધ, ચંદન, દેવદાર, મધ, નખલા, પિત્તપાપડો, વાળ (કેશ), અગરૂ, પીળો (સુગંધ) વાળો અને એલચીદાણાનો ધૂપ ચિત્તભ્રમ, સન્નિપાત અને ગ્રહદોષનો નાશક, લક્ષ્મીપ્રદ અને કાંતિપ્રદ છે. **શીતાંગ સન્નિપાત ઉપર:**—(૧) આકડાનાં મૂળ, જીરૂં, ત્રિકટુ, ભારંગમૂળ, રિંગણી, કાકડાશિંગી અને પુષ્કરમૂળનો કાઢો ગોમૂત્રમાં સિદ્ધ કરી આપવો અગર પાણીમાં સિદ્ધ કરી ગોમૂત્રમાં નાખી આપવો. (૨) બીજોરૂં, કરીઆતું, પીંપળીમૂળ, દેવદાર, દશમૂળ, અજમોદ અને સુંઠનો કાઢો આપવો. (૩) કંકોડીના કાંદા, પિત્તપાપડો, કળથી, લીંડીપીંપર, ઘોડાવજ, કાયફળ, શહાજીરૂં, કરીઆતું, ચિત્રક, કડવી દૂધી અને હરડે, એનું ચૂર્ણ શરીરે ચોળવાથી માત્ર શીતાંગ સન્નિપાતનો નાશ થાય છે.

તંદ્રિક સન્નિપાત ઉપર:—(૧) ભારંગમૂળ, ગળો, નાગરમોથ, રિંગણી, હરડે, પુષ્કરમૂળ અને સુંઠનો કાઢો આપવો. (૨) ગળો, કડવાં પંડોળાં, અરડુસી અને ત્રિકટુનો કાઢો આપવો. (૩) લીંડીપીંપર, મનશીળ અને હરતાલનું અંજન કરવું. (૪) ગળો અને કડવાં પંડોળાંનો કાઢો ત્રિકટુનું ચૂર્ણ નાખી આપવો.

કંઠકુબ્જ સન્નિપાત ઉપર:—(૧) ત્રિકટુ, ઇંદ્રજવ, કડુ, ત્રિફળાં, દારુહળદર અને હળદરનો કાઢો આપવો. (૨) લીંડીપીંપર અને અઘેડાનો રસ, કિંવા ત્રિકટુ અને કડવી દુધીનાં બીઆં પાણીમાં ઘસી તેનું નસ્ય આપવું. (૩) કરીઆતું, કડુ, લીંડીપીંપર, ઇંદ્રજવ, રિંગણી, કચૂરા, બહેડાં, દેવદાર, હરડે, મરી, કાયફળ, નાગરમોથ, અતિવિષ, આમળાં, પુષ્કરમૂળ, ચિત્રક, કાકડાશિંગી, અરડુસી અને સુંઠનો કાઢો આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘેડો-૨૧.

કર્ણક સન્નિપાત ઉપર:—(૧) રાસ્ના, આસગંધ, નાગરમોથ, રિંગણી, ભારંગમૂળ, ઘોડાવજ, પુષ્કરમૂળ, કડુ, કાકડાશિંગી અને હરડેનો કાઢો આપવો. (૨) દશમૂળ, કડુ, લીંડીપીંપર, મરી, ત્રિફળાં, સુંઠ અને કરીઆતાનો કાઢો આપવો. (૩) ગરમ પાણીમાં મરી, લીંડીપીંપર અને સિંધવ ઘસી તેનું નસ્ય આપવું.

ભુગ્નનેત્ર સન્નિપાત ઉપર:—(૧) દારુહળદર, નાગરમોથ, કડવાં પંડોળાં, કડુ, હળદર, કડવો લીમડો અને ત્રિફળાંનો કાઢો આપવો. (૨) લીંડીપીંપર, કડવાં પંડોળાં, નાગરમોથ, કડુ, રિંગણી, કડવો લીમડો અને દેવદારનો કાઢો, પિત્તજ્વર અને ઉગ્ર સન્નિપાત જ્વરનો નાશ કરે છે. (૩) કરીઆતું, લીંડીપીંપર, ઘોડાવજ, મરી, લસણ અને રાઇનું ચૂર્ણ મધમાં આપવું તથા સિંધવ અને લીંડીપીંપરનું અંજન કરવું.

રક્તષ્ઠીવી સન્નિપાત ઉપર:—(૧) પિત્તપાપડો, ધમાસો, અરડુસી અને સુગંધ રોહિસ ઘાસનો કાઢો સાકર નાખી આપવો તથા ત્રિફળાંના કાઢાનું નસ્ય આપવું. (૨) નાગરમોથ, પદ્મકાષ્ઠ, પિત્તપાપડો, ચંદન, જાઇ, શતાવરી, જેઠીમધ, મધ, કડવો લીમડો, વાળો ચિત્રક અને રક્તચંદન(રતાંદળા)નો કાઢો આપવો. (૩) દૂર્વાના રસનું, કાંદા(ડુંગળી)ના રસનું કિંવા દાડમના રસનું નસ્ય આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ચણકબાબા-૩.

પ્રલાપક સન્નિપાત ઉપર:—(૧) નાગરમોથ, વાળો, દશમૂળ, સુંઠ, પિત્તપાપડો, રક્તચંદન, ધાવડીની છાલ અને અરડુસીનો કાઢો આપવો. (૨) તગર, આસગંધ, કુંભાની છાલ, શંખાવળી, દેવદાર, બ્રાહ્મી, જટામાંસી, નાગરમોથ, ગરમાળો, હરડે અને દ્રાક્ષનો કાઢો આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—તગરગંઠોડા-૧.

જીહ્વક સન્નિપાત ઉપર:—(૧) ઘોડાવજ, રિંગણી, ધમાસો, રાસ્ના, ગળો, સુંઠ, કડુ, કાકડાશિંગી, પુષ્કરમૂળ, બ્રાહ્મી, ભારંગમૂળ, કરીઆતું, અરડુસી અને કચૂરાનો કાઢો આપવો.

(૨) રિંગણી, સુંઠ, પુષ્કરમૂળ, કડુ, રાસ્ના, ગળો, ભારંગમૂળ, કાકડાશિંગી, કચૂરા, ધમાસો, અરડુસી, નાગરમોથ, બ્રાહ્મી, ઘોડાવજ અને કરીઆતાનો કાઢો આપવો. (૩) દેવદાર, કડવો લીમડો, બહેડાં, હરડે, કડવાં પંડોળાં, હળદર, દારુહળદર, સુંઠ, રિંગણી, પુષ્કરમૂળ, નાગરમોથ, ગળો અને અરડુસીનો કાઢો આપવો.

અભિન્યાસ સન્નિપાત ઉપર:—(૧) ભોરિંગણી, ઉભી ભોરિંગણી, ગળો, દ્રાક્ષ, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીંપર, કાકડાશિંગી અને વાવડીંગનો કાઢો કરી તે કાઢાને ચોખ્ખા ઘીમાં શેકી તેની રાબડી કરવી અને તે ગરમ ગરમ પાવી; એટલે શ્વાસ, ઉધરસ, હેડકી, અભિન્યાસ સન્નિપાત તથા વાયુ અને મળમૂત્રનો અવરોધ દૂર થાય છે. (૨) કડવાં વૃંદાવન, ત્રિફળાં, કડુ અને ગરમાળાના મગજનો કાઢો જવખાર નાખી આપવો. તે રેચક અને સર્વ જ્વરનાશક છે. (૩) રિંગણી, ધમાસો, કચૂરાં, કાકડાશિંગી અને પુષ્કરમૂળનો કાઢો આપવો; એટલે કફ, પેટનું દુખવું અને અભિન્યાસ સન્નિપાત દૂર થાય છે. (૪) કાકડાશિંગી, ભારંગમૂળ, હરડે, જીરૂં, લીંડીપીંપર, કરીઆતું, પિત્તપાપડો, દેવદાર, ઘોડાવજ, કોઇ, ધમાસો, કાયફળ, સુંઠ, નાગરમોથ, ધાણા, કડુ, ઇંદ્રજવ, પહાડમૂળ, રેણુકબીજ, ગજપીંપળી, અઘેડો, પીંપળીમૂળ, ચિત્રક, કડવું ઇંદ્રવરણું, ગરમાળાનું મગજ, કડવો લીમડો, કચૂરા, બાવચીનાં બીઆં, વાવડીંગ, હળદર, દારૂહળદર, અજમો અને કિરમાણી અજમાનો કાઢો કરી તેમાં હીંગ અને આદુનો રસ નાખી તે લેવાથી તેર પ્રકારના સન્નિપાત, ઘેન (ઝોકાં ખાવાં), મોહ, કર્ણમૂળ, હેડકી, શ્વાસ, ઉધરસ અને જ્વરના ઉપદ્રવનો નાશ થાય છે.

તેર પ્રકારના સન્નિપાત ઉપર ઉપચાર:—(૧) સન્નિપાત ઉપર પહેલાં કફનાશક ઔષધ આપવાં. પછી પિત્ત શમાવવાં. દેવદાર, કાયફળ, ત્રિફળાં, રતાંદળી, ફાલસા, કડુ, પદ્મકાઇ અને વાળાનો કાઢો આપવો. તે ત્રિદોષ, દાહ અને તૃષાને શમાવે છે અને દીર્ઘકાળના તાવને કેવળ અમૃતોપમ થાય છે. (૨) મધ, ઘી અને દ્રાક્ષ એકત્ર ખરલ કરી તેનો જીભે લેપ કરવો; એટલે જીભ સારી રસયુક્ત મૃદુ થાય છે. (૩) સિંધવ અને ત્રિકટુની આદાના રસમાં ગોળીઓ કરી મોઢામાં રાખવી, એટલે ગળામાં દબાયેલો કફ બહાર પડી જઇ શરીરને હલકાપણું આવે છે; અને જ્વર, મૂર્છા, શ્વાસ, ગલરોગ તથા મોઢામાંથી પાણી છૂટવું એ વ્યાધિ દૂર થાય છે. (૪) કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશિંગી, ત્રિકટુ, ધમાસો અને અજમોદનું ચૂર્ણ મધમાં આપવું; જેથી દારુણ સન્નિપાત, હેડકી, શ્વાસ, ઉધરસ અને કંઠરોગ મટે છે. (૫) સમુદ્રફળ પાણીમાં ઘસી અંજન કરવું. (૬) ધાણીનો લોટ સિંધવ નાખી આપવો. તે જો નિર્વિઘ્નપણે પચે તો રોગી નિશ્ચય બચશે. એકલો ધાણીનો લોટ ટાઢો છે, માટે સન્નિપાત ઉપર કોઈ દિવસ આપવો નહિ, તેમજ ટાઢું પાણી પણ આપવું નહિ. (૭) કરીઆતું, કડુ, કોઇ, અજમો, ઇંદ્રજવ અને કચૂરાનું ચૂર્ણ શરીરે ચોળવું અને સંધિના ઠેકાણે વિશેષ ચોળવું, એટલે કફથી થયેલો કંઠાવરોધ અને સન્નિપાત જ્વરનો નાશ થાય છે. (૮) ધમાસો, ગોખરૂ અને રિંગણીના કાઢામાં સિદ્ધ કરેલો આહાર આપવો; તેથી કરી દોષશાંતિ થાય છે તથા બલ અને અગ્નિ વધે છે. ત્રિદોષયુક્ત રોગીને તે હિતકારક છે. (૯) શરસડાની છાલ, લીંડીપીંપર, મરી અને સિંધવને ગોમૂત્રમાં ઘસી અંજન કરવું; અથવા મનશીલ અને ઘોડાવજનું લસણના રસમાં અંજન કરવું. (૧૦) કાયફળ, નાગરમોથ, ઘોડાવજ, પહાડમૂળ, પુષ્કરમૂળ, જીરૂં, પિત્તપાપડો, દેવદાર, હરડે, કાકડાશિંગી, લીંડીપીંપર, કરીઆતું, સુંઠ, ભારંગમૂળ, ઇંદ્રજવ, કડુ, કચૂરાં, રોહીસઘાસ અને ધાણાનો કાઢો કરી તેમાં હીંગ અને આદુનો રસ નાખી તે આપવો; એટલે કર્ણમૂળ, ગરદન અને ગળાસંબંધી સોજો, કફવાતજ્વર, શ્વાસ, ઉધરસ, હેડકી, હનુગ્રહ, ગલગંડ, ગંડમાલા, કફથી થયેલો સ્વરભેદ, મસ્તકની જડતા, બહેરાપણું, કફ અને મેદની વૃદ્ધિ, દશ પ્રકારના તાવ, સન્નિપાત, અભિન્યાસ તથા સંજ્ઞાનાશ મટે છે. (૧૧) કચૂરાં, પુષ્કરમૂળ, રિંગણી, કાકડાશિંગી, ધમાસો, ઇંદ્રજવ, કડવાં પંડોળાં અને કડુનો કાઢો આપવો. તે સન્નિપાતજ્વર, દમ, ઉધરસ, દિવસે નિદ્રા, રાત્રે જાગરણ, મુખશોષ, તરસ તથા ત્રિદોષનો નાશ કરે છે. (૧૨) ભારંગમૂળ, કરીઆતું, કડવો લીમડો, નાગરમોથ, કડુ, ઘોડાવજ, ત્રિકટુ, અરડુસી, કડવાં ઇંદ્રવરણાં, રાસ્ના, ધમાસો, કડવાં પંડોળાં, દેવદાર, પહાડમૂળ, ઝેરકોચલાં, બ્રાહ્મી, દારુહળદર,

ગળો, નસોતર, અતિવિષ, પુષ્કરમૂળ, ત્રાયમાણુ, ભોરિંગણી, ઉભી ભોરિંગણી, ઇંદ્રજવ, ત્રિફળાં અને કચૂરાંનો કાઢો કરવો. એનું નામ "બત્રીસો કાઢો." એ તેર પ્રકારનો સન્નિપાત, શૂળ, ઉધરસ, હેડકી, દમ, પેટ ચડવું, ઉરુસ્તંભ, અંત્રવૃદ્ધિ, ગલરોગ, અરુચિ અને સંધિગ્રહનો, સિંહ જેમ હાથીઓની પંક્તિનો નાશ કરે છે તે પ્રમાણે નાશ કરે છે. (૧૩) કરીઆતું, દેવદાર, દશમૂળ, સુંઠ, નાગરમોથ, કડુ, ઇંદ્રજવ, ધાણા અને ગજપીંપળીનો કાઢો કરી આપવો. આ "અષ્ટાદશાંગ કાઢો" ઘેન (ઝોકાં ખાવાં), બડબડ, ઉધરસ, અરુચિ, દાહ, મોહ, દમ, એણે યુક્ત સર્વ જ્વરનો નાશ કરે છે. આ કાઢો મૃત્યુતુલ્ય જ્વરનો પણ નાશ કરે છે. (૧૪) દશમૂળ, પુષ્કરમૂળ અને લીંડીપીંપરનો કિંવા એકલાં દશમૂળ અને ગળોનો કાઢો આપવો; એટલે દમ, ઉધરસ અને સન્નિપાતનો નાશ થાય છે. (૧૫) સુંઠ, દેવદાર, કચૂરાં, પિત્તપાપડો, રિંગણી, કડુ, કરીઆતું, નાગરમોથ અને ધમાસાનો કાઢો લીંડીપીંપરનું ચૂર્ણ અને મધ નાખી આપવો; એટલે તે સન્નિપાત, જીર્ણજ્વર અને ઉધરસનો નાશ કરે છે. (૧૬) આકડાનાં મૂળ, ધમાસો, કરીઆતું, દેવદાર, રાસ્ના, નગોડ, ઘોડાવજ, અરણી, સરગવો, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, અતિવિષ તથા ભાંગરાનો કાઢો આપવો. આ "અર્કાદિ કાઢો" તીવ્ર એવા ત્રિદોષ, ધનુર્વાત, વાયુએ દાંત ચોટી જાય છે તે તથા શરીરમાંથી ઠંડી, શ્વાસ, ઉધરસ અને સુવારોગનો નાશ કરે છે. (૧૭) દેવદાર, સુંઠ, કરીઆતું, ધાણા, કડુ, ઇંદ્રજવ, ગજપીંપળી, દશમૂળ અને નાગરમોથ એ અઢાર ઔષધોનો કાઢો આપવો. આ "દેવદાર્વાદિ કાઢો" અત્યંત કઠિન જ્વર, મૃત્યુ જેવો સન્નિપાત, જ્વર, ઉધરસ, હૃદયશૂળ, પાર્શ્વપીડા, દમ, હેડકી તથા ઉલટીનો નાશ કરે છે. (૧૮) પીંપળીમૂળ ઇંદ્રજવ, ગુગળ, વાવડીંગ, ભારંગમૂળ, ભાંગરો, ચિત્રક, કાયફળ, પુષ્કરમૂળ, રાસ્ના, હરડે, રિંગણી, ડોરલી, અજમો, નગોડ, કરીઆતું, ચવક અને પહાડમૂળ, એનો કાઢો બધા સન્નિપાત, બુદ્ધિભ્રંશ, પરસેવો, શૈત્ય (શીતળતા, ઠંડી), બડબડ, પેટ ચડવું, વિદ્રધિ, કફવાત, વાતરોગ અને સૂતિકારોગનો નાશ કરે છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરડુસી-૧૮, કચૂરો-૧, જેઠીમધ-૧૪, મહુડો-૧, મિરજોળી-૩, મોથ-૬, ૧૪, સમુદ્રફળ-૧૦, સમેરવો-૩, ૬. **સન્નિપાત જ્વરમાં જીભે કાતરા** થાય છે તે માટે:—દ્રાક્ષ-૭. **સન્નિપાત** જ્વરમાં મૂર્છા એટલે તંદ્રા થાય છે તે માટે:—આદુ-૪૯, શરસડો-૭.

જુઓ ગો૦વૈ૦માં:—શરીરમાંના ઝીણા તાવ ઉપર:—માખણ-૩. જુઓ પ્રા૦ઔ૦માં:—**ચાતુર્થિક** જ્વર માટે:—કાંતણીનું ઘર-૫. **જ્વરમાં શોષ પડે તો:**—કસ્તૂરી-૪. **મધુરા ઉપર:**—ગધેડાની લીંદ-૪, ભેંસનું છાણ-૨. **સન્નિપાત જ્વરમાં તંદ્રા (મૂર્છા) થાય તે:**—કસ્તૂરી-૩. **શીતાંગ સન્નિપાત** ઉપર:—કસ્તૂરી-૫. વિષમજ્વરાદિ ઉપર:—સર્પની કાંચળી-૬.

૩૨—દમ (શ્વાસરોગ)

કારણ:—જે કારણો કાસરોગ ઉત્પન્ન થવાનાં કહેલાં છે તેજ કારણો શ્વાસરોગનાં પણ જાણવાં.

પૂર્વરૂપ:—હૃદયને પીડા, શૂળ, પેટ ચડવું, પેટ તણાઇ જવા જેવું થવું, મોઢું, હડપચી તથા ગરદન, એ ઠેકાણે સોયો ભોંકાયા જેવી પીડા, એ શ્વાસરોગનું પૂર્વરૂપ જાણવું.‡

× સન્નિપાત જ્વરમાં બીજી ઔષધિ:-દશમૂળક્વાથ, મૃતસંજીવની વટી, ત્રિનેત્ર રસ, અગ્નિકુમાર રસ, પંચવક્ત્ર રસ, શીતભંજી રસ, યોગરાજ ક્વાથ, શૃંગ્યાદિ ક્વાથ, લક્ષ્મીવિલાસ રસ, કસ્તૂરીભૈરવ રસ, કફકેતુ રસ, સ્વચ્છંદનાયક રસ, કાલાનલ રસ, સૂચિકાભરણ રસ, ઘોર નૃસિંહ રસ વગેરે અપાય છે, મર્દન કરવા માટે જ્વાલાદિ તેલ તેમજ અન્ય તેલ અપાય છે. ધૂપ, નસ્ય, અંજન વગેરે ઉપર લખેલ છે.

‡ ઘણું કરીને ઉધરસ, દમ અને ક્ષય, આ ત્રણે એકબીજાની નજીકનાં દરદો હોઇ ઉત્તરોત્તર એકબીજાથી વધારે બળવાન છે. એમના ઉપરના ઉપચારો પણ ઘણે ભાગે મળતાજ છે, તોપણ એમાં ચોક્કસ જુદાપણું છે.

ઉધરસના દરદમાં શ્વાસ ચઢવાનો બનાવ ક્વચિતજ નજરે પડે છે; પરંતુ દમ અને ક્ષયનું

સંપ્રાપ્તિ:—જે વખતે વાયુ કફયુક્ત થઇ પ્રાણ-ઉદક વહન કરનાર સ્રોતસોના માર્ગનો રોધ કરી ચારે તરફ જાય છે ત્યારે તે શ્વાસને કોપાવી ઉત્પન્ન કરે છે. મહાશ્વાસ, ઊર્ધ્વ, છિન્ન, તમક અને ક્ષુદ્ર, એ ભેદોએ શ્વાસરોગ પાંચ પ્રકારનો છે.*

પૂર્વરૂપજ ઉધરસ છે. ઉધરસ જૂની થવાથી આ બે રોગનો જન્મ થાય છે. ઉધરસ જૂની થવા પછી તે પોતાનાજ સ્વરૂપમાં ઉત્તરોત્તર વધારો કરી ફેફસાંને સડાવવાનું શરૂ કરે છે ત્યારેજ તે ક્ષય કહેવાય છે. ક્ષયરોગથી ફેફસાંમાં જખમ પેદા થઇ તેથી ખાંસી વધારે થાય છે. ખાંસીની સાથે કફ અને પરૂ બહાર નીકળે છે, જીવ ગભરાય છે, નાડી ઘણી જાડી અને સખ્ત ફૂટે છે, થુંકની જગ્યાએ લોહી અને પરૂ બહાર આવે છે. એ રોગ થતાંવેંતજ ગધેડીનું દૂધ આપવું જોઇએ; કેમકે એ રોગ જૂનો થયા પછી મટવો મુશ્કેલ થઈ પડે છે. લોકો એનું વધારેમાં વધારે આયુષ્ય ૧૦૦૦ દિવસનું માને છે; પણ એવો કશો મેળ નથી. આ રોગ થતાંવેંત સોનાની ખાખ અથવા વરખ મધમાં આપવાથી ઘણાકોને આરામ થાય છે. કપૂરના રસથી પણ ફાયદો થાય છે.

દમના દરદીને પ્રથમ તો ઉધરસમાંથી બોલતાંચાલતાં હાંફણ શરૂ થઇ દમ ચઢે છે. એનો જેમ જેમ વધારો થતો જાય છે, તેમ તેમ શરીર નિર્બળ થતું જાય છે, ચાલવાથી અને બોલવાથી શ્વાસ ભરાઇ આવે છે અને શ્વાસ જોરથી ચઢી આવે ત્યારે જીવ નીકળી જાય, એવી ગભરામણ થઇ આવે છે; છતાં ક્ષયના રોગી કરતાં ઘણું વધારે આયુષ્ય દમનો રોગી ભોગવી શકે છે.

* **દમના પાંચ પ્રકાર:—(૧) ક્ષુદ્રશ્વાસ:**—એમાં ઉપર બતાવેલી સ્થિતિ હોય છે. એમાં દરદી ખુશીથી હરી ફરી શકે છે. એમાં બીજા પ્રકારના શ્વાસો જેવી એની પીડા થતી નથી, તેમ તે ઇંદ્રિયોને પણ કોઇ જાતની વ્યથા આપતો નથી. જ્યારે તે એકદમ વધી જાય છે, ત્યારે તેની જાતિ બદલાઇને છિન્ન, ઊર્ધ્વ અને મહાશ્વાસ નામ ધારણ કરે છે. **(૨) છિન્નશ્વાસવાળો** રોગી રહી રહીને તેનામાં જેટલી શક્તિ હોય તેટલી શક્તિથી શ્વાસ લે છે અને મૂકે છે; અથવા દુઃખ પામી શ્વાસોચ્છ્વાસ લેતો મૂકતો નથી, હૃદયની પીડાથી ગભરાય છે, પેટ ચઢે છે, પરસેવાના રેલા ચાલે છે, મૂર્ચ્છા આવે છે, ટગર ટગર જોઇ આંખો ચારે તરફ ફેરવે છે, મનને ઉદ્વેગ, મોઢું લુખું, શરીરનો રંગ બદલાતો અને શરીરના સાંધાઓ છૂટી જઈ શિથિલ થાય છે. આવો છિન્નશ્વાસનો રોગી પ્રાણ ગયેથીજ રોગમુક્ત થાય છે. **(૩) ઊર્ધ્વશ્વાસનો** રોગી શ્વાસને જલદીથી નીચે ઉતારી શકતો નથી. તેનું મુખ અને શ્વાસોચ્છ્વાસ લેવાના અન્ય માર્ગો કફથી લેપાય છે. કોપાયમાન વાયુથી તે રીબાય છે, નેત્ર ઉંચાં ચઢાવી ચંચળ દૃષ્ટિથી તે અહીં તહીં જોયા કરે છે, મૂર્ચ્છા અને વેદનાથી તે ગભરાયલો રહે છે; મોઢું સૂકાય છે અને અત્યંત બેચેની રહે છે. **(૪) મહાશ્વાસના** રોગીનો વાયુ ઉપર ચઢી આવવાથી તે દુઃખ પામી તેનો શ્વાસ કષ્ટથી અને શબ્દયુક્ત ચાલે છે; ખીજવાયલા કે વગરઆંકેલા સાંઢની માફક તે રોગી રાતદિવસ શ્વાસથી રીબાય છે; તેની જ્ઞાનશક્તિ અને માનસિક શક્તિઓ નષ્ટ થાય છે; મોઢું અને આંખ બાસ મારે છે; મળમૂત્ર કબજ થાય છે; તે પરાણે બોલે તોપણ શબ્દ સ્પષ્ટ સંભળાતો નથી અને દૂરથીજ તેનો શ્વાસ વર્તાય છે. આવી દશાવાળો રોગી થોડી વાર પણ જીવી શકતો નથી. **(૫) તમકશ્વાસ** કષ્ટસાધ્ય છે. જે સમયે વાયુ ડોક અને મસ્તકને જકડી લઇ કફને ખેંચી ઉપર સ્રોતસો સુધી પહોંચે છે, ત્યારે તે કફ રૂંધાવાથી સળેખમ અને ગળામાં 'ઘરઘર' શબ્દ ઉત્પન્ન કરે છે અને ઘણા તીવ્ર વેગવાળો તથા પીડાકારક શ્વાસ પેદા કરે છે, શ્વાસના વેગથી તથા ઉધરસ ખાતાં ખાતાં પણ રોગી વારંવાર બેભાન થાય છે અને ત્રાસ પામે છે, ગળામાં ચેળ ફૂટે છે અને ગળફો પરાણે કાઢી શકે છે; ઇત્યાદિ લક્ષણો થાય છે.

ઉપચાર:—(૧) બેળાઓ મધ સાથે ખાવો. (૨) સૂતી વખતે ભાવે તેટલી સાકર ખાઇ ઉપર પાણી પીધા વિના સુઇ રહેવું. (૩) મોથ, ખેરસાર, મરી, લીંડીપીંપર, વાવડીંગ, ચિત્રાછાલ અને સુંઠ સમાનભાગે ખાંડી દરરોજ એકેક પૈસાભાર ફાકવાથી શ્વાસ, પાંડુરોગ, કમળો, શૂળ અને વાયુ-ગોળો મટે. (૪) સાકર, વંશલોચન, લીંડીપીંપર, એલચી અને તજ, એ અનુક્રમે એક એકથી અડધા પ્રમાણમાં એકંદર ૩૧ તોલા લઈ ઝીણું ખાંડવું. તેને સિતોપલાદિ ચૂર્ણ કહે છે. એ ચૂર્ણ

ઉપચાર:—(૧) શૃંગ્યાદિ ચૂર્ણ:—કાકડાશિંગ, સુંઠ, મરી, લીંડીપીંપર, ત્રિફળાં, રિંગણી, ભારંગમૂળ, પોખરમૂળ, જટામાંસી, સિંધવ, સંચળ, બીડલોણ, કાચલવણ અને મીઠાનું ચૂર્ણ ગરમ પાણી સાથે ખાવું; એટલે તે હેડકી, શ્વાસ, ઊર્ધ્વવાત, ઉધરસ અને અરુચિનો નાશ કરે છે. (૨) સુંઠ ૬ ભાગ, લીંડીપીંપર ૫ ભાગ, મરી ૪ ભાગ, નાગરવેલનાં પાન ૩ ભાગ, તજ ૨ ભાગ અને એલચી ૧ ભાગ, એ પ્રમાણે લઇ ચૂર્ણ કરી, ચૂર્ણ બરોબર સાકર નાખી ખાવાથી હરસ, અગ્નિમાંદ્ય, ઉધરસ, અરુચિ, શ્વાસ, કંઠરોગ અને હૃદ્રોગનો નાશ થાય છે. (૩) કૌવચનાં બીઆંનું ચૂર્ણ મધ અને ઘી સાથે ચાટવું. (૪) ભારંગમૂળ અને સુંઠનું ચૂર્ણ આદુના રસમાં આપવું; એટલે કઠિન શ્વાસનો પણ નાશ થાય છે. (૫) **વાવડીંગાદિ ચૂર્ણ:**—વાવડીંગ, તજ, લીંડીપીંપર, એલચી, એ એક એક તોલો, મરી ૨ તોલા અને સુંઠ ૧૬ તોલા એ સર્વેના સમાન સાકર નાખી ૧ તોલો આપવું. તે શ્વાસ, કાસ, જ્વર, બરોળ અને પાંડુરોગનો નાશ કરે છે. (૬) બેહેડાં મોઢામાં રાખવાં એટલે ઉધરસ અને શ્વાસનો નાશ થાય છે. (૭) અરડુસીનો રસ અને ગાયનું માખણ એકત્ર કઢવી તેમાં ત્રિફળાંનું ચૂર્ણ નાખવું અને તે પાવું. (૮) રિંગણી, જીરૂં અને આમળાંનું ચૂર્ણ મધમાં આપવું, એટલે સર્વ પ્રકારનો શ્વાસ ક્ષણમાં નાશ થાય છે. (૯) આદુનો સ્વરસ મધ નાખી પ્રાશન કરવો; એટલે શ્વાસ, કાસ, સળેખમ અને કફ, એ રોગો દૂર થાય છે. (૧૦) બહેડાંનું દળ બકરીના મૂત્રમાં પચન કરી પછી તેનું ચૂર્ણ મધમાં આપવું; એટલે શ્વાસ, કાસ ઇત્યાદિ રોગો દૂર થાય છે. (૧૧) કાળી દ્રાક્ષ, હરડે, નાગરમોથ, કાકડાશિંગી અને ધમાસાનો લેહ મધ અને ઘી નાખી કરવો. તે ખાવાથી ઘણો ભયંકર શ્વાસ પણ દૂર થાય છે. (૧૨) દશમૂળનો કાઢો કરી તેમાં એરંડાનાં મૂળનું ચૂર્ણ નાખી પ્રાશન કરવાથી શ્વાસ અને પાર્શ્વશૂળ નાશ

મધ અને ઘીમાં દરરોજ સવારસાંજ બબ્બે માસા આપવાથી ક્ષય, ઉધરસ, દમ, મંદાગ્નિ, અરુચિ, વાતશૂળ, તાવ અને સળેખમ, રક્તપિત્ત તથા હાથપગની બળતરા વગેરે રોગો મટે છે. (૫) લીંડીપીંપર, ધોળાં મરી, હરડેદળ, જીરૂં, સિંધવ, સંચળ, જવખાર અને ચિત્રો, એ સર્વ સમાનભાગે લઈ ખાંડી ઝીણું કરી દરરોજ ફાકે તો શ્વાસ મટે. (૬) કારેલાંના ૦। શેર રસમાં ૦॥ પૈસાભાર સિંધવ નાખી દરરોજ પીએ તો શ્વાસ અને ઉધરસ મટે. (૭) કાળાં મરી શેર ૦। આકડાના દૂધમાં ભીંજાવી છાંયે સૂકાવવાં. આવી ૩ થી ૭ ભાવના આપી ભરી રાખવાં. પછી રોજ સવારે ૫ થી ૧૦ દાણા ગળી ઉપર ઘી ૨ થી ૪ તોલા પીવું. (૮) દમ અને ક્ષયવાળાને ગાયના દશ તોલા દહીંમાં થોડું મીંઢળ નાખી પાવાથી ઉલટી થઇ કોથળી નીકળે. ઉતારમાં સાકર અથવા કાથો પાવો. (૯) રાતી ફટકડી ત્રણવારા થુવરમાં નાખી ભઠ્ઠી કરી ખાખ બનાવીને તેમાંથી ૧ થી ૩ રતી પ્રમાણે પાનમાં આપવી. એજ ખાખ માખણમાં આપવાથી ઉલટી મટે અને વડના દૂધમાં આપવાથી મરદાઈ આવે છે. (૧૦) કુકડવેલાનાં કંકોડાં જેવાં ફળ થાય છે. તે ફળની ભુકીની એરંડાના પાણી સાથે ફાકી લેવાથી ઉલટી થઇ દમની કોથળી કાઢી નાખે. (૧૧) ભાદરવાના ખડવલામાં શેર ૦॥ પલાળી ૧ માસ રાખી મૂકેલાં મરીને છાયામાં સુકવી બે દિવસ સુધી ખરલ કરી ભૂકી કરવી. તે ભૂકી વાલ ૧ ફકાવે તો દમ અને ગોથું મટે. (૧૨) થડમાંથી કાપી આણેલી ભોરિંગણી, અજમો શેર ૦। અને સંચળ શેર ૦। હાંડલામાં નાખી કપડમાટી કરી ગજપુટમાં ભસ્મ કરવી. એ ખાખ પહેલે દિવસે તોલો ૦॥, બીજા દિવસે તોલો ૦॥।, ત્રીજે દિવસે તોલો ૧ અને પછી દરરોજ ૧ તોલા પ્રમાણે ફાકવાથી દમ તથા ઉધરસ જાય. (૧૩) શ્રીફળના ગોળામાં ટંકણખાર તોલા ૫ તથા ધંતુરાનાં બીજ તોલો ૧ ભરી, કપડમાટી કરી ખાખ બનાવીને તે દરરોજ ૧ વાલ આપવી. (૧૪) હરડે, સુંઠ, મોથ, લીંડીપીંપર, દેવદાર, ભારંગ અને સિંધવ, એ આઠ ચીજોને સમાનભાગે લઈ ચૂર્ણ કરી મધમાં ચાટવું અથવા કાઢો કરીને આપવાથી ઉધરસ અને દમ મટે. (૧૫) શ્વાસનકોશ વિધિ:—સુંઠ, લીંડીપીંપર, ફૂલાવેલ ટંકણખાર, વછનાગ, એ બબ્બે ટાંક લઇ ઝીણું વાટી રતી ૧ પ્રમાણે પાનમાં લેવાથી શ્વાસ, કફ અને દમ મટે. (૧૬) ઈંટોનો છટવા પાકતાં ઉપર ધૂમાડાની સાથે ફૂટી નીકળેલો ધોળા રંગનો ખાર, કાથો નાખેલા પાનની સાથે વાલ ૪ પ્રમાણે ખાવાથી દિવસ ૮ માં દમ અને ઉધરસ જાય.

પામે છે. (૧૩) ગોળ અને સરસવનું તેલ ખાવું. (૧૪) કાકડાશિંગ, સુંઠ, લીંડીપીંપર, નાગરમોથ, એરંડમૂળ, કચોરૂં અને મરીનું ચૂર્ણ સમભાગ કરી ગળો, અરડુસી અને પંચમૂળનો કાઢો કરી કાઢામાં ચૂર્ણ અને સાકર નાખી પ્રાશન કરવાથી, મોટો ઘોરરૂપ શ્વાસ ત્રણ દિવસમાં નાશ પામે છે. (૧૫) સુંઠ અને ભારંગમૂળનો કાઢો પાવો. (૧૬) કહોળાનાં મૂળનું ચૂર્ણ કોકરવરણા પાણીમાં પ્રાશન કરવું. (૧૭) હળદર, મરી, દ્રાક્ષ, લીંડીપીંપર, રાસ્ના, સુંઠ અને ગોળનું ચૂર્ણ સરસવના તેલમાં ચાટવાથી પ્રાણનાશક એવો શ્વાસ અને ઉધરસ પણ નાશ પામશે. (૧૮) દ્રાક્ષ, ગળો અને સુંઠના કાઢામાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવું; એટલે શ્વાસ, ઉધરસ, શળ, અગ્નિમાંદ્ય, જીર્ણજ્વર અને તૃષાનો નાશ થાય છે. (૧૯) કળથી, અરડુસી, સુંઠ, રિંગણી અને પુષ્કરમૂળનો કાઢો પ્રાશન કરવો. (૨૦) અરડુસી, હળદર, લીંડીપીંપર, ગળો, ભારંગમૂળ, નાગરમોથ, સુંઠ અને રિંગણીનો કાઢો મરીનું ચૂર્ણ નાખી પાવો. (૨૧) ગોળ, દાડમ, દ્રાક્ષ, લીંડીપીંપર અને સુંઠનું ચૂર્ણ બીજોરાના રસમાં આપવું. (૨૨) **વાસાદ્યવલેહ:**—અરડુસી ૪૦૦ તોલા અને પાણી ૩૨૦૦ તોલા લઈ ચતુર્થાંશ કાઢો કરી, તેમાં હરડેનું ચૂર્ણ ૨૫૬ તોલા અને સાકર ૨૫૬ તોલા નાખી પુનઃ પચન કરવું. જાડું થાય એટલે ઉતારી ઠંડું થયા પછી મધ ૩૨ તોલા, વંશલોચન ૮ તોલા, લીંડીપીંપર ૨ તોલા અને ચાતુર્જાત ૪ તોલા નાખી તેમાંથી બે તોલા દરરોજ લેતા જવું; એટલે શ્વાસ, કાસ, ક્ષય, રક્તપિત્ત, કફ, સળેખમ, હૃદ્રોગ, કૃશતા, વિદ્રધિ, ઉરઃક્ષત અને લોહીની ઉલટીનો નાશ થાય છે. (૨૩) **લવંગાદિ વટી:**—લવંગ, મરી અને ત્રિફળાંનું ચૂર્ણ સમભાગ અને એ ત્રણેના સમાન ખેરસાર એકત્ર કરી બાવળીઆની છાલના કાઢામાં ગોળી કરવી.* તે શ્વાસ અને કફનો નાશ કરે છે. (૨૪) ત્રિફળાં અને ફુલાવેલા તેલીઆ ટંકણખારનું (ખડીઓ ખાર) ચૂર્ણ સમભાગ લઇ એકત્ર કરી, તેને ખાવાનાં પાનના રસમાં ઘુંટી મરી જેવડી ગોળી કરવી અને તે આપવી. (૨૫) બે વાલ થુરીઆનું દૂધ લઈ ગોળમાં ખાવું, એટલે ઉધરસ, શ્વાસ, ક્ષય અને હૃદ્રોગનો નાશ થાય છે. (૨૬) આકડાના ફૂલમાંની કળીઓ લઇ તેના સમભાગ મરીની ભૂકી નાખી ખરલ કરી ચાર ચાર વાલની ગોળીઓ કરવી અને તે ગોળી આપવી; એટલે શ્વાસ, કાસ દૂર થાય છે. (૨૭) કોઠ, સિંધવ, નાગરમોથ, જીરૂં, શાહજીરૂં, જવખાર, સાજીખાર, ચિત્રાનાં મૂળ, અજમોદ, અજમો અને હરડે તથા એ બધાંથી બમણો જૂનો ગોળ લઇ એનો અવલેહ કરી મધ નાખી આપવો; તેથી શ્વાસ, કાસ, અગ્નિમાંદ્ય, કમળો, પાંડુ, ગુલ્મ, હેડકી, રાજયક્ષ્મા, જ્વર, હરસ, બરોળ, ઊર્ધ્વવાત અને આનાહવાયુનો નાશ થાય છે. (૨૮) સુંઠ, બાળહરડે, નાગરમોથ, એ ઔષધો કૂટી તેમાં બમણો ગોળ નાખી ગોળીઓ કરીને મોઢામાં રાખવી; તેથી શ્વાસ, કાસ એ રોગો દૂર થાય છે. (૨૯) અરડુસીનો કાઢો, સાકર અને મધ નાખી પાવો. (૩૦) કેળાની અંદરનો કેસરયુક્ત ભાગ કાઢી, તેમાં મરીનું ચૂર્ણ ભરી રાત્રિએ રાખી મૂકવું અને સવારે મંદાગ્નિ ઉપર શેકી તે ખાવું; એટલે **શ્વાસ**, કાસ દૂર થાય છે. (૩૧) બે પૈસાભાર ગરમ પાણીમાં ચોખ્ખું ઘી, મધ, સાકર અને થોડો સિંધવ નાખી પાવું. એ પ્રમાણે બે–ચાર દિવસ કરવાથી કફ પાતળો થઇ પડે છે અને શ્વાસ, કાસ એ રોગો દૂર થાય છે. (૩૨) ધમાસો, કાળો ધંતુરો, તમાકુ અને અજમો, એ સમભાગ લઈ એનું ચૂર્ણ સાધારણ કૂટી હોકામાં નાખી પાવું અને ધૂણી ગળી જવી. આ યોગવડે ત્વરિત ગુણ આવે છે. (૩૩) પાશેર દૂધમાં ૭ માસા સમુદ્રફળ અને તેટલાંજ ઘોળી અરણીનાં મૂળ ઘસીને પાવાં. એક ઉલટી કિંવા રેચ થઈ શ્વાસ ત્વરિત છૂટો થાય છે. (૩૪) અરડુસીનો રસ ૪ તોલા કાઢી તેમાં અઘેડાનાં મૂળની રાખ ૪ માસા અને મધ બે તોલા એકત્ર ઘુંટી ચાટણ કરી રાખી, તે દિવસમાં ૨–૩ વાર આપવું. (૩૫) આકડાનાં ફૂલ, અઘેડાનાં અને અરણીનાં મૂળ, સમભાગે લઇ ચૂર્ણ કરી તેને ત્રિધારી થુરીઓ અંગારામાં શેકી તેનો રસ કાઢી, તે રસના ૧૪ પુટ આપી ભસ્મ કરવી; અને નિત્ય ત્રણ માસા મધમાં બહેડાં ઘસી તેમાં બે ગુંજા પ્રમાણે આપવી. (૩૬) આકડાના કુમળા તોરા અને ફૂલ એકત્ર વાટી

* લોલિંબરાજે તો આ ગોળી માત્ર લવંગ, મરી અને બહેડાંની છાલ લઈ, એ ત્રણેની બરાબર ખેરસાર નાખી બાવળની છાલના ઉકાળામાં બાંધવા કહેલ છે.

કોળમાં સારો પાક કરવો. નિત્ય સવારે સોપારી જેટલો આ પાક સતત સેવન કરવો. (૩૭) લીંડીપીંપર ૬૪ પહોર ખરલ કરી તેનું ચૂર્ણ મધમાં આપવું. (૩૮) અઘેડાની રાખ મધમાં આપવી.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અતિવિષ-૪, અંજીર-૩, અરડુસી-૧, ૫, ૧૦, ૧૨, ૨૨, ૨૪; આકડો-૨, ૨૫, ૩૫; આદુ-૯, ૧૯, આમળાં-૮, એરંડો-૨૧, કાયફળ-૪, કાસુંદરો-૨, કેળ-૩, કોળમીર-૬, કૌચ-૮, ગરમાળો-૧, ગંગેટી-૩, ગાંજો-૫, ગોરખ આમલી-૧, જવ-૭, ટીમરૂ-૨, થુવેર-૧૩, થુવેર (ત્રણ ધારિયો)-૫, પારસપીંપળો-૩, પીંપળો-૨૬, પુષ્કરમૂળ-૧, બહેડાં-૨, ભારંગી-૧, ભોરિંગણી-૧૪, રાસ્ના-૬, લીંડીપીંપર-૧, ૫, ૭, ૩૪, ૩૫; સમેર-વો-૧, ૧૪, ૧૬; સરસવ-૧, સુરપીણુ-૪, હરડે-૨, ૨૩, ૩૮; હેળુ-૪. જુઓ પ્રા૦ ઔ૦માં:—પેદુ અઝાર-૧, બીરબહોટી-૩, સાબરસિંગ-૭.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં:—નં. ૧, ૯.

પથ્ય:—જૂના સાઠીચોખા, કળથી, ઘઉં, જવ, દૂધ, પંડોળાં, વંતાક, લસણ, તાંદળજો, કુરીઆ, અને ગરમ પાણી. **અપથ્ય:**—લોહી કાઢવું, બકરીનું દૂધ, ઘી, કંદ, રાઇ, રૂક્ષ અને જડ અન્નપાન.

૩૩–नाकना रोगो

કારણ:—કપાળમાં ચોટ લાગવી, વાયુ, અતિ ભાષણ, અતિ નિદ્રા, અતિ જાગરણ, નિર્વાતિક અને ઉંચાં એવાં ઉપધાન, દુષ્ટ ઉદકનું પ્રાશન, જલક્રીડા, ઉલટી અને રડવાનો નિગ્રહ તથા વાતપ્રધાન દોષોનો કોપ થઇ, તે નાસારોગને ઉત્પન્ન કરે છે. એ નાસિકારોગ ૩૪ પ્રકારના છે.*

× શ્વાસરોગીને સોમલ આપવાથી વીસ વરસનું જૂનું દરદ પણ નાબુદ થાય છે. આપવાની રીત સોમલની ટીપણીમાં લખેલી છે.

શ્વાસરોગ પર બીજી ઔષધિ:—શ્વાસકુઠાર રસ, અભ્રકભસ્મ, ઉદયભાસ્કર ચૂર્ણ, સૂર્યાવર્ત રસ, કુલત્થ ગુડ, કુલત્થ ષટ્પલ ઘૃત, યોગવાહક રસ, ભાર્ગી ગુડ, શૃંગી ઘૃત, મહાશ્વાસારિ લોહ, શ્વાસચિંતામણિ રસ, કનકાસવ, તામ્ર રસાયન વગેરે અપાય છે.

* નાકના ૩૪ રોગો આ પ્રમાણે છે:-૧-પીનસ, ૨-પૂતિનાસ, ૩-પૂયરક્ત, ૪-ક્ષવથુ (વારંવાર છીંકોનું આવવું તે), ૫-ભ્રંશથુ (છીંકો નહિ આવવી), ૬-દીપ્ત (નાકનું બળવું), ૭-પ્રતિનાહ, ૮-નાસાસ્રાવ, ૯-નાસાશોષ, ૧૦-નાસાપાક, ૧૧-૧૫ વાત, પિત્ત, કફ, સન્નિપાત અને રક્તજ; એમ પાંચ પ્રકારના પ્રતિશ્યાય (શરદી), એ પંદર પૈકી નં. ૧, ૨, ૩, ૯ અને ૧૦ આમાં બતાવેલ પાંચ રોગોનું નિદાન આગળ આપ્યું છે. ૪, ૫, અને ૬ નું શબ્દાર્થથી સિદ્ધ છે. ૭ પ્રતિનાહમાં કફ શ્વાસ લેવાના માર્ગને રૂંધે છે. નાકના સ્વરની ગતિ સરળ રહેતી નથી. ૮ નાસાસ્રાવમાં નાકમાંથી કહણ અને પીળો અથવા ધોળો પાતળો સ્રાવ વહે છે. ૧૧-૧૫ પાંચ પ્રકારના પ્રતિશ્યાયને સળેખમ કહે છે. તે મળમૂત્રાદિકની અતિ રોકવાથી, અજીર્ણથી, ધૂળ જવાથી, બોલ બોલ કરી માથાકૂટ કરવાથી, ગુસ્સે થવાથી, ઋતુના ફેરફારથી, માથું દુખવાથી, જાગરણ કરવાથી, દિવસે ઉંઘવાથી, નવા (કાચા) પાણીથી, ટાઢ લાગવાથી, ઝાકળથી ઇત્યાદિ કારણોથી મસ્તકમાં ઘટ રીતે સંચય થઇ રહેલો કફ કુપિત વાયુને લીધે નાકવાટે ગળવા માંડે છે. હવે બાકી રહેલા ૧૯ પૈકી ૭ પ્રકારના અર્બુદ (ફોડકા), ચાર પ્રકારના સોજો, ચાર પ્રકારના અર્શ અને ચાર પ્રકારનાં રક્તપિત્ત નાકમાં પણ થાય છે. તેનું નિદાન તે રોગ પ્રમાણે જાણવું. વળી કોઇ કોઇના મતથી પીનસના રોગને નાકનું છોડ કહે છે.

ઉપચાર:—(૧) કીંદરૂ, અફીણ, મજીઠ અને કરેણીઆનાં પડ, એ ચારે ચીજો સરખા ભાગે લઇ ઝીણી વાંટી તેની દીવેટ કરી નાકમાં રાખે તો કોઇ પણ પ્રકારથી નાસકોરી ફૂટી હોય તે બંધ થાય. (૨) નાક બંધાય તો બધેડાના પેશાબમાં કલીંજી મેળવી હમેશાં નાકમાં મૂકવું. બકાલનો રસ અથવા પુરુષનો પેશાબ નાકમાં મૂકવાથી પણ ફાયદો થાય છે. (૩) સળેખમ ગરમીથી (પિત્તથી) થયું હોય તો કફ પાતળો અને ગરમ નીકળે છે. જો જાડો અને પરાણે નીકળતો હોય તો શરદીથી

પૂતિનાસઃ—ગળું અને તાળવું એમાં દુષ્ટ થયેલા દોષોમાં વાયુમિશ્રિત થઈ નાક અને મોઢું એ માર્ગે દુર્ગંધયુક્ત શ્લેષ્મ બહાર નીકળે છે, તેને **પૂતિનાસ** કહે છે. **નાસાપાકઃ**—નાસિકાશ્રિત પિત્ત દુષ્ટ થઇ નાકમાં વ્રણ (ગુમડું) ઉત્પન્ન કરે છે તથા નાક અંદર પાકે છે, ગંધયુક્ત લીંટ વહે છે, તેને **નાસાપાક** કહે છે. **પૂયરક્તઃ**—મસ્તકમાં વાતાદિ દોષ પોતપોતાના કારણે કુપિત થવાથી અથવા તે ઠેકાણે કાષ્ટાદિકોનો અભિઘાત થવાથી, નાકમાંથી પરૂએ યુક્ત રક્ત વહે છે તેને **પૂયરક્ત** કહે છે. **પીનસઃ**—કફવાતના કોપે કરી માણસનું નાક સુકાયા જેવું થઈ ફરી ફરી નીતરે છે, વળી બંધ થાય છે. સુગંધ દુર્ગંધનું જ્ઞાન રહેતું નથી, ધૂમાડા જેવો શ્વાસોચ્છ્વાસ નીકળે છે અને સળેખમના લક્ષણે કરી યુક્ત હોય છે; એ રોગને **પીનસ** રોગ કહે છે. **નાસાપરિશોષઃ**—નાકનું દ્વાર વાયુએ અત્યંત તપી સુકાવાથી માણસ મોટા કષ્ટે નીચે-ઉપર શ્વાસ નાખે છે, તેને નાસાપરિશોષ કહે છે.

પીનસરોગ ઉપર ઉપચારઃ—(૧) કોઇ પણ પીનસ થવાથી દહીંમાં મરીની ભૂકી અને ગોળ નાખી ભક્ષણ કરવું, એટલે દુર્નિવાર પીનસનો નાશ થાય છે. **પથ્યઃ**—ઘીયુક્ત ઘઉંનું અન્ન. (૨) મરીની ભૂકી અને ઘઉંનું અન્ન ખાઇ ઉંઘતી વેળાએ ઠંડુ પાણી પીવું, એટલે પીનસ દૂર થાય છે. (૩) કેસર ઘીમાં ખરલ કરી નસ્ય કરવું; એટલે પીનસ અને આદાશીશી વગેરે મસ્તકરોગનો નાશ થાય છે. (૪) જૂની છીંકણી સુંઘવી. (૫) **પાઠાદિ તૈલઃ**—પહાડમૂળ (કાળીપાડ), હળદર, દારુહળદર, મોરવેલ, લીંડીપીંપર, જાઇનાં પાંદડાં, દાંતીનાં મૂળ, એ સાત ઓષધો સમભાગ લઇ તેનો કલ્ક કરી તેનાથી ચોપટ તલનું તેલ લઇ તેમાં તે કલ્કનો પાક સારો થવા માટે તેલથી ચોપટ પાણી નાખી, તેલ શેષ રહે ત્યાંસુધી પાક કરી તેલ ગાળીને આપવું. તે તેલ નાકે સુંઘવું; તેથી કરી મોટો દુર્ધર પીનસરોગ પણ દૂર થાય છે. (૬) જાયફળ, પુષ્કરમૂળ, કાકડાશિંગી, સુંઠ, મરી, લીંડીપીંપર, ધમાસો અને વરીઆળીનો કાઢો કિંવા ચૂર્ણ, આદુના રસમાં આપવું; એટલે પીનસ, સ્વરભંગ, તમકશ્વાસ, હલીમક, સન્નિપાત, કફ, વાત, ઉત્રરસ અને દમનો નાશ થાય છે. એરંડતેલ વારંવાર નાકે સુંઘવું. **પૂતિનાસ ઉપર ઉપચારઃ**—(૧) **વ્યાઘ્રી તૈલઃ**—રિંગણી, દંતીમૂળ, વજ, સરગવાની છાલ, તુલસીનાં પાંદડાં, રાસ્ના, સુંઠ, મરી, લીંડીપીંપર અને સિંધવ સમભાગ લઇ કલ્ક કરી પાઠાદિ તેલ પ્રમાણે સિદ્ધ કરી નાકે સુંઘવું. (૨) **શિગ્રુ તૈલઃ**—સરગવાની છાલ, રિંગણી, તજ, બળબીજ, સુંઠ મરી, લીંડીપીંપર અને બીલીનાં પાંદડાંના રસમાં તેલ સિદ્ધ કરી (તેલમાં કાકડો પલાળી સળગાવવો, તડતડે નહિ તો તેલ સિદ્ધ થયું સમજવું.) નાકે સુંઘવું. **નાસાપાક ઉપર ઉપચારઃ**—(૧) રાળ, અરજુન સાજડ, ઉંબરો અને કડાની છાલનો કાઢો કરી નાસાપાકને ધોવો અને એના કાઢા અને કલ્કમાં ઘૃત સિદ્ધ કરી નાકે સુંઘવું. **પૂયરક્ત ઉપર ઉપચારઃ**—ભાંગરો, લવંગ, જેઠીમધ, કોષ્ઠ અને સુંઠના કાઢામાં ઘી સિદ્ધ કરી તેનું નસ્ય કરવું, એટલે તે આસ્યગત રોગ અને પીનસનો નાશ થઇ બીજા શિરોગત રોગો પણ મટશે. **નાસાપરિશોષ ઉપર ઉપચારઃ**—સાકર નાખી દૂધ પ્રાશન કરવું. **નાકમાંથી લોહી પડે તે ઉપર ઉપચારઃ**—(૧) ઠંડા પાણીમાં કપડું પલાળી તે તાળવા પર મૂકવું. (૨) દાડમનાં ફૂલનો અથવા આંબાની

થયેલુ જાણવું. એના ઉપર ખસખસનાં જીંડવાં ૨ પૈસાભાર, સુંઠ ૧ પૈસાભાર અને ધાવડીનાં ફૂલ ૧ પૈસાભાર; ત્રણેને પાણી શેર ૧ માં ઉકાળી છઠ્ઠો ભાગ રહેથી ઉતારી ગળી લઇ સૂતી વખતે રાત્રે ત્રણ દિવસ સુધી દરરોજ પીવાથી મટે; અથવા એળીઓ અને લવંગ સમાન લઇ મોઢામાં રાખે તો શરદીથી થયેલ સળેખમ મટે; અથવા સરસીઉં તેલ અગર કલોંજી જીરૂં કેટલાક દિવસ સુંઘવું. વળી સળેખમ ઉપર દૂધ ગરમ કરી તેમાં સાકર સાથે મરીનો ભૂકો અથવા જાયફળ નાખી આપવું; અથવા શેકેલા ચણા સૂતી વખતે ખવરાવવા; ઉપર પાણી ન પાવું. (૪) મીંઢળ તથા મધ સુંઘવાથી મુરદાલ લોહી નીકળી નાકનું નાસુર મટે. (૫) અરડુસીનો રસ મધ સાથે પાવાથી નાકમાંથી વહેતું લોહી મટે. (૬) ખેતરની માટી અથવા ચાકડાની માટી અગર નદીની સેવાળ મગજ (તાળવા) ઉપર મૂકે તો નાકમાંથી પડતું લોહી અટકે. (૭) કોડી બાળી રાખ કરી ઝીણી વાટી લિંબુના રસમાં મલમ કરી ચોપડવાથી નાસૂર મટે છે.

ઓટલીનો, કુંવળીનો કે ધરોનો રસ, એમાંનો એક રસ નાકમાં નાખવો. (૩) ઘીમાં આમળાં શેકી વાટી તેનો માથા ઉપર લેપ કરવો. (૪) કુંભારના ચાકડા ઉપરની માટી લાવી પાણીમાં કાલવી માથા ઉપર લેપ કરવો. **સળેખમ ઉપર ઉપચારઃ**—(૧) ઉંઘતી વેળાએ તાજા શેકેલા વટાણા કે ચણા ખાવા અને ઉપર પાણી પીવું નહિ. (૨) આમળાં, સુંઠ, મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ ઘી અને ગોળમાં આપવું. (૩) અફીણ ઘસી નાક પર લેપ કરવો. (૪) સુંઠ, તજ અને મરીનો કાઢો કરી સફેદ સાકર નાખી ઉંઘતી વેળાએ આપવો. (૫) વાકાંઠી (ખરખેર) કિંવા નાકછીંકણીનાં પાંદડાં સુંઘાડવાં. (૬) નવસાર અને ચૂનો હાથ પર ચોળી સુંઘવો, એટલે સળેખમ અને મસ્તકશૂળ દૂર થાય છે. (૭) કડવા તુરીઆની ભૂકી સુંઘાડવી. (૮) આકડાના દૂધમાં રાખ પલાળી તે સૂકવી નાકે સુંઘવી, એટલે છીંકો આવી માથું હલકું થાય છે. (૯) જાયફળ દૂધમાં ઘસી કિંચિત્ ઉષ્ણ કરી માથે લેપ કરવો. (૧૦) સુંઠ અને તજનો લેપ માથે કરવો. (૧૧) લીલી ચ્હા, આદુ અને તજને કઢવી તેનો ચ્હા પાવો. (૧૨) ઘી, તેલ એણે યુક્ત જવનો ધૂમાડો પ્રાશન કરવો. તે સળેખમ, ઉધરસ અને હેડકીનો નાશ કરે છે. (૧૩) વજનું કિંવા અજમાનું ચૂર્ણ કરી તે કપડામાં બાંધી સુંઘવું. (૧૪) ઝેરકોચલું, ભોંયઆમળાં, સુંઠ, મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ ઘી અને ગોળમાં આપવું. તે મહા ઘોર સળેખમનો અને પીઠ, હૃદય તથા બસ્તિ, એ ઠેકાણેના શૂળનો પણ નાશ કરે છે. (૧૫) અરણીનાં પાંદડાંનો પુટપાક રીતે રસ કાઢી, તલનું તેલ અને સિંધવ નાખી સંપૂર્ણ પ્રતિશ્યાય ઉપર ભક્ષણાર્થે આપવો. આ પરમ ઉત્કૃષ્ટ ઔષધ છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—**નાસારોગ** માટેઃ—અડદ–૮, આદુ–૨૧, માયફળ (માયાં)–૧. **નાસાર્શ** માટેઃ—અઘેડો–૨૫. **સળેખમ** માટેઃ—અજમો–૩, આદુ—૯, ૨૨, ખસખસ ક (અફીણ)–૮, ચણા–૪, જાયફળ–૪, ડુંગળી–૨૫, મરી–૧૧, વજ–૧, શિરદોડી–૮, સમેરવો–૧૪, સુગંધી (લીલી) ચ્હા–૩, ૫, હળદર–૯. **નાકના વ્રણ** માટેઃ—શણપુષ્પી–૩. **છીંકો લાવવા માટેઃ**—શિરદોડી–૮. **નાકમાંથી લોહી પડે છે તે** માટેઃ—આમળાં–૧૯, ૨૯, આંબો–૯, કપાસ–૧૩, ગલતુરો–૧, ગહું–૬, ચિત્રક–૧૦, ડુંગળી–૪, ધરો–૧, શેવાળ–૨. **ગરમીના લીધે નાકમાંથી લોહી પડે તે માટેઃ**—દાડમ–૭. **પીનસ એટલે નાકના છોડ** માટેઃ—એરંડો–૨૭, કેસર–૩, તંબાકુ ૪, પાદ (કાળીપાડ)–૨, ફુદિનો–૪, મરવો–૬, શણપુષ્પી–૩. જુઓ ગો૦વૈ૦માંઃ—**સળેખમ** માટેઃ—દૂધ–૧૮. **નાકમાંથી લોહી પડે તે** ઉપરઃ—ઘી–૨. પ્રા૦ઔ૦માંઃ—**પીનસ** માટેઃ—અસ્થિવર્ગ–૨. જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં **નાસુર** માટેઃ—નં.૨૨.

३४—नामर्दाइ रोग अने धातुपुष्टिनां औषधो×

વાજીકરણ અને ધાતુપુષ્ટિનાં ઔષધોઃ—જે ઔષધો ધાતુને વધારી પુરુષોને સ્ત્રીઓવિષે તથા સ્ત્રીઓને પુરુષોવિષે હર્ષ આપે છે તે **વાજીકરણ** ઔષધો જાણવાં. **+ધાતુપુષ્ટિનાં ઔષધો**—(૧)

---

* નાકના વ્યાધિમાં ખાવા માટે શાસ્ત્રીય ઔષધિઃ—વ્યોષાદ્ય ચૂર્ણ, ચિત્રક હરીતકી, લક્ષ્મીવિલાસ રસ વગેરે અપાય છે.

× સુશ્રુતાદિકે વર્ણન કરેલા આસેક્ય (મુખયોનિ), સાગંધિક (નાસ્તયોનિ), કુંભિક, ઈર્ષ્યક અને મહાષંઢ, એ પાંચ પ્રકારના ષંઢત્વ તરફ દૃષ્ટિ ન કરીએ તો પુરુષોને ધાતુસંબંધી ત્રણ પ્રકારના રોગો જોવામાં આવે છે. (૧) ધાતુનું પાતળું પડવું, સ્વપ્નમાં, પેશાબમાં કે લૂગડામાં ઇત્યાદિ રીતે ધાતુનું જવું. તેના માટે ધાતુપુષ્ટિની દવાઓ આપવી જોઇએ. (૨) પુરુષને સ્ત્રીસંગની ઈચ્છા થાય, પરંતુ શિશ્નમાં જાગૃતિ ન આવે અને કદાચ આવે તોપણ વીર્ય છૂટેજ નહિ, આવી અનેક ચેષ્ટા નજરે આવે છે. આના માટે પુરુષત્વ લાવવાના ઉપાય કરવા જોઇએ. (૩) કામક્રિયા થઇ શકે,

(અનુસંધાન પૃષ્ઠાંક ૫૩૩–૫૩૪માં જુઓ)

+ ધાતુપુષ્ટિરૂપે ઔષધિ લેવા ઇચ્છનારે પ્રથમ શરીરમાંથી સર્વ પ્રકારના રોગ દૂર કરી વમન-વરેચનથી શરીર શુદ્ધ કરીને દેશકાલ અને શરીરનો વિચાર કરીને લેવી.

ધોળા ભોંયકહોળા(ક્ષીરવિદારી)નું ચૂર્ણ કરી, તે ઘી અને સાકરમાં ખાવા આપવું અને ઉપર સાકર નાખી દૂધ પાવું; એટલે ઉત્તમ પ્રકારે ધાતુપુષ્ટિ થાય છે. (૨) તાલીમખાનું (એખરો) અને કૌચબીજનું ચૂર્ણ સાથે ખાવા આપવું અને ઉપર ધારોષ્ણ (તુરત દોહેલું) દૂધ પાવું. (૩) મોચ-

---

પરંતુ સ્ત્રીને રજદ્રાવણ થયા પહેલાં પુરુષનું વીર્ય સ્ખલિત થઈ જાય તો તેથી સ્ત્રીનો મદ શાંત થાય નહિ; તેમ સંતાનપ્રાપ્તિનો એવો નિયમ છે કે, પુરુષથી પ્રથમ સ્ત્રીરજ દ્રવીભૂત થવું જોઇએ માટે તેમ ન થવાથી સંતાનપ્રાપ્તિમાં પણ ખામીજ રહે. તેના માટે સ્તંભન ઉપચારોની જરૂર બતાવી શ્રીમાન્ પદેજીએ નામર્દાઈ ઉપરના ઉપચારો ત્રણ ભાગમાં વહેંચી નાખ્યા છે.

ઉપચારઃ—(૧) અક્કલકરો, મોચરસ, કાળી મુસળી, ધોળી મુસળી, જંગલી બહુફળી, ઇંદ્રજવ, મીઠાં ગોખરૂ, ગળોનું સત્ત્વ, સૂકાં વડગુંદાં, શોધેલાં કૌચ, ઉટંગણ, બળબીજ, એખરો, ચણકબોબા અને બાવચી, એ સર્વે વસાણાં બરાબર વજને લઇ ઝીણું ખાંડી તે વસાણાંથી બમણી ખાંડ ભેળી, એ એેાસડ હથેળી ૧ ભરીને સવારે ખાય તો નબળાઈ જાય અને મર્દાઇ ઘણી આવે. (૨) મુસળી તથા કાળા તલ સરખે વજને લઇ બારિક ખાંડી ગોળમાં બબ્બે ટાંકની ગોળીઓ કરી એકેક ગોળી સવાર–સાંજ ખાઇ, ઉપર ગાયનું દૂધ શેર ૦।। પીએ તો મર્દાઈ આવે. (૩) સુંઠ ટાંક ૧, શેહેરી લોબાન ટાંક ૧ તથા સાકર ટાંક ૧, એ પ્રમાણે દરરોજ ખાય તો મર્દાઈ આવે અને કમ્મર દુખતી બંધ થાય તથા પગતોડ બંધ થાય. (૪) લવંગ ટાંક ૫, લીંડીપીંપર ટાંક ૫, અક્કલકરો ટાંક ૫ અને ઉપલેટ ટાંક ૫ લઈ, જો વીર્ય બળતું હોય તો તેમાં ભાંગ ટાંક ૫ ભેળી, ખાંડી, બારિક કરી મધ શેર ૦।। માં મેળવી દિવસ ૭ ખાય તો ગયેલી મર્દાઈ આવે. (૫) જાયફળ ટાંક ૨, જાવંત્રી ટાંક ૨, લવંગ ટાંક ૨।।, મસ્તકી ટાંક ૧।।, કેસર ટાંક ૧।।, સૂકું કોપરૂં ટાંક ૨૪, અને તજ ટાંક ૨।। લઇ ખાંડી બારિક કરી મધ શેર ૧। અને સાકર શેર ૧ ની ચાસણી કરી તેમાં તે નાખી એકરસ કરી તેમાંથી સવાર–સાંજ દરરોજ ટાંક ૨ પ્રમાણે ખાય તો કૌવત વધે. (૬) રાતી ફટકડી ત્રણધારા થુવરમાં નાખી ભઠ્ઠી કરી ખાખ કરવી. એ ખાખ વડના દૂધમાં ખાય તો મર્દાઈ આવે. (૭) ધાવડીનાં ફૂલ તોલો ૧, સુંઠ તોલો ૧ તથા ખસખસ તોલો ૧ લઇ પાણી શેર ૬ માં ઉકાળી શેર ૧ રહ્યે ઉતારી, સ્ત્રીસંગની પૂર્વે એક પહોર પહેલાં ૧૦ તોલા પીવાથી તાકાત ઘણી આવે. (૮) ધોળા તલનું તેલ શેર ૨।।, ચોખ્ખું મધ શેર ૨।।, છોરી ખારેક શેર ૨।।, કેમર તોલો ૦।, જાવંત્રી તોલો ૦।।, જાયફળ તોલો ૦।, એ ચીજોને ઘીવાળા રીઢા માટીના વાસણમાં ભરી ઢાંકણ ઢાંકી ઘઉંના લોટથી મીણકપડ કરી રાંધવાના ચૂલામાં સાધારણ ઉંડુ ખોદી જમીનમાં દાટવું. તે ઉપર રાખ તસુ ૫ રાખવી. ઉપર દેવતા કરી રાંધણું રાંધતા જવું. આમ દરરોજ ૪૦ દિવસ કર્યા પછી બહાર કાઢી દરરોજ ૩ તોલા પ્રમાણે ૪૦ દિવસ ખાવું. બે માસ સ્ત્રીસંગ ન કરવો. આને આથો કહે છે. (૯) ભાંગ તોલો ૧, જાવંત્રી તોલો ૧ તથા ધંતુ-રાનાં મૂળ વાલ ૪ ની તુવેરની દાળ જેવડી ગોળીઓ કરવી. તે ખાઇ ઉપર દૂધ શેર ૦।। પીવું. આથી ૪ ઘડીમાં કામદેવ જાગે. (૧૦) ગોખરૂ તોલો ૨।।, એખરો તોલા ૨, આસન તોલા ૨, શતાવરી તોલા ૨, ધોળી મુસળી તોલા ૨, જેઠીમધ તોલા ૨, ખરેંટીનાં બીજ તોલા ૨, ગંગેટીની છાલ તોલા ૨ અને વિદારી કંદ તોલા ૨, એ સર્વનું ચૂર્ણ કરી યોગ્ય માત્રાથી સાકર સાથે દરરોજ સાંજે દૂધમાં ઉકાળી પાવું. (૧૧) શતાવરી તોલા ૨, ગોખરૂ તોલો ૧, કૌચબીજ તોલા ૨, તાલીમખાનાં (એખરો) તોલા ૨, એ સર્વનું ચૂર્ણ કરી તેમાં સાકર શેર ૦। નાખવી. એમાંથી યોગ્ય માત્રાથી ગાયના દૂધ સાથે પાવું. (૧૨) ધંતુરાનાં બીજ ટાંક ૧, મરી ટાંક ૧, રૂમી મસ્તકી ટાંક ૧, ભાંગ ટાંક ૧, સર્વની ગોળી મરી પ્રમાણે કરીને ગોળી ૧ સવાર–સાંજ ખાવી. ખટાશ ખાવી નહિ. (૧૩) ધાતુ જતી હોય તોઃ—સમુદ્રશીણને વાટી લિંબુના અડધા ફાડીઆમાં ભરી, દેવતા ઉપર તપાવી ૩ દિવસ ચુસાડવું, અથવા દૂધેલી તોલો ૦।। લઈ સાકર તોલા ૦।। સાથે આપવી. અમતુંજીરૂં તોલો ૦।। દરરોજ ખાવાથી ધાતુ બંધ થાય અથવા ભોંયબહુફળી તોલો ૦।। દરરોજ ખાવાથી ધાતુ બંધ થાય. (૧૪) ધંતુરાનાં બીજ શેર ૧, તેલ શેર ૦। માં ભીંજવી પાતાળયંત્ર તેલ કાઢી શરીરે મર્દન કરવાથી નામર્દપણું મટે. (૧૫) ધંતુરાનાં પાકાં જીંડવાં ૭, ગાય દોહતી વખતે વાસણમાં મૂકી ઉપર ગાય

રસનું ચૂર્ણ અર્ધો તોલો, સાકર અને દૂધ પાકો પાશેર (૨૦ તોલા) એકત્ર કરી આપવું. (૪) ગાયના તરત દૂધમાં ગાયનું ઘી અને સાકર નાખી તે પાવું. આના જેવો પથ્ય, તેજોવર્ધક અને પુષ્ટિકારક પ્રયોગ બીજો નથી. (૫) મોચરસના ઝાડનાં તાજાં મૂળ ૪ તોલા કચરી ગાયના પાશેર દૂધમાં રાત્રે પલાળી રાખી, સવારે ગાળી તેમાં સાકર ૧ તોલો નાખી સાત દિવસ પીવાથી ધાતુપુષ્ટિ થઇ વીર્યસ્રાવ બંધ થાય છે. (૬) સાલમમિશ્રી, ધોળી મુસળી, કાળી મુસળી, ગોખરૂ, તાલિમખાનું, બળબીજ અથવા બળદાણાનાં પાંદડાં અને ખારેકના મગજનું ૬ માસા ચૂર્ણ, ૧ તોલો સાકર અને પાશેર દૂધમાં પાવું; એટલે ધાતુપુષ્ટિ થઈ સ્વપ્નાવસ્થામાં થતો વીર્યસ્રાવ બંધ થાય છે. (૭) ઉટકટારીનાં મૂળની છાલ સૂકવી ખાંડી રાખવી. રાત્રે મોગલી એરંડાણા ૧ તોલો અને સાકર બે તોલા મળી પાશેર પાણીમાં ભીંજવી રાખી સવારે તેનો કલ્ક વસ્ત્રથી ગાળી કાઢવો. પછી તેમાં તે છાલનું ૬ માસા ચૂર્ણ નાખી પાવું; એટલે વીર્યવૃદ્ધિ અને પુષ્ટતા થઈ ઘણા દિવસોનો પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર અને મૂત્ર સાથે ધાતુ જતી હશે તો તે બંધ થશે. (૮) આમળાં અને ગોખરૂનું ૩ માસા ચૂર્ણ, ગળોનું સત્ત્વ ૧ માસો, એ ૨ તોલા ઘી અને ૨ તોલા સાકરમાં મેળવી આપવું; એટલે ઉત્તમ પ્રકારની ધાતુપુષ્ટિ થશે અને ધોળા વાળ કાળા પણ થશે (૯) સફેદ

દોહવી. પછી તે જીંડવાંસહિત દૂધ ઉનું કરી રીત પ્રમાણે મેળવી દહીં કરવું. તે દહીં વલોવી ઘી કરી તે ઘીનો પગે લેપ કરવાથી સ્તંભન થાય. (૧૬) ખેરી ગુંદ ૧૫ પૈસાભાર, મેંદાલકડી ૩ પૈસાભાર, રાતી જુરાની (બંગાળી) ખાંડ ૧૫ પૈસાભાર; એનો ઘીમાં અવલેહ કરી ખાવાથી ધાતુ જતી અટકે. (૧૭) આસોંદ, ગોખરૂ, બન્ને મુસળી, સમુદ્રશોક, ખાખરાનો ગુંદ, એખરો અને માલકાંગણી સમાનભાગે લઇ બમણી ચીનાઇ ખાંડ સાથે વાસી પાણીમાં ફાકવી અથવા દૂધમાં લેવું. એથી ધાતુ જતી હોય તે અટકે છે. (૧૮) મર્દાઇનો ઉપાયઃ—અક્કલકરો ટાંક ૨, આસંધ ટાંક ૦॥ અને શોધેલો વછનાગ ટાંક ૨ લઇ ઝીણું વાટી, કાળા ધંતુરાના ડોડા(જીંડવાં)માં ભરી ગાય અથવા બકરીના દૂધમાં નાખી દિવસ ૭ રાખી ડોડાસમેત ખૂબ વાટવું. પછી શિશ્નનું ફૂલ બચાવીને ડાંડી ઉપર લેપ કરવાથી ઇંદ્રિય દઢ થાય, ભાગી નસો સંધાય, ગયેલ પુરુષાર્થ પુનઃ પ્રાપ્ત થાય અને વીર્યસ્તંભન થાય. (આ પ્રયોગ જૈન ગ્રંથમાંથી મળી આવ્યો છે. એ હાથદોષથી થયેલ નબળાઇને માટે હોવો જોઇએ.) (૧૯) શીમળાનાં ફૂલ અને સાટોડીની જડ ગાયના દૂધમાં ઘસી આપવાથી નપુંસકપણું જાય. (૨૦) એખરાનાં બીજ ટાંક ૩, હળદર ટાંક ૧, પારો ટાંક ૩, એ આઠ ભાગ એખરાનાં પાંદડાંના રસથી ૪ પહોર મર્દન કરી ગોળી કરી, ગોળી મોઢામાંજ રાખવાથી સ્તંભન થાય છે. (૨૧) ધંતુરાનાં બીજ શેર ૦। તથા ધોળી કનેરની જડ શેર ૦। લઈ છાયામાં સૂકવી તેનું પાતાળયંત્રવડે તેલ કાઢવું. તે તેલ રતિ ૧ પાનમાં ખવરાવી ઉપર મિઠાઈ ખવરાવવાથી સ્તંભન થાય. (૨૨) મર્દાઇ માટેઃ—જૂની કૌવચનું મૂળ લાવી દરરોજ તોલો ૧ પાણીમાં પલાળી રાખીને તેમાં સાકર તોલા ૨ નાખી પાવું. આમ ૭ દિવસ કરવું અને ૧૪ દિવસ ખાટું ખારૂં ખાવું નહિ. આથી કામ ઘણો વ્યાપે. (૨૩) પુષ્ટિઃ—મજીઠ ૧ પૈસાભાર, બળબીજ ૧ પૈસાભાર, એખરો ૧ પૈસાભાર અને સાકર ૩ પૈસાભાર લઈ ઝીણું ખાંડી તેમાંથી ટાંક ૨ ની ફાકી લઇને ઉપર ગાયનું ધારોષ્ણ દૂધ શેર ૦॥ પીવાથી ધાતુ જતી અટકે તથા પ્રમેહ મટે. (૨૪) નપુંસકપણાનો ઉપાયઃ—ચિત્રક શેર ૧, આસંધ શેર ૧, ઘઉં છડેલા શેર ૧, શેકેલા તલ શેર ૧, છડેલા અડદ શેર ૧, એ સર્વને દળી આટો કરી ઘી શેર ૨ અને ગોળ શેર ૨ માં મેળવી લાડુ શેર ૦। ના કરી દરરોજ ખાવાથી સ્ત્રી તથા પુરુષને બળ વધે. (૨૫) તલ શેર ૪ તથા ખજૂર શેર ૪ ને ખાંડી થેપલાં–વડાં કરી ઘીમાં તળી તે ટાંક ૯, દૂધ શેર ૧ માં ચોળી રાત્રે પીવાથી વીર્ય સબળ થાય. (૨૬) વડનું કુંપળ ટાંક ૨ ચીનાઇ ખાંડમાં ખવરાવવાથી ધાતુ જતી અટકે. (૨૭) જાયફળ ૨ પૈસાભાર, મોચરસ ૩ પૈસાભાર અને જૂનો ગોળ ૬ પૈસાભાર, એની ગોળી ૨૧ કરી, દિવસ ૨૧ ખાવાથી ધાતુ જતી અટકે. (૨૮) લીંડીપીંપર ૧ ભાગ, પીંપળીમૂળ ૧ ભાગ, અને તુલસીનાં બીજ ૨ ભાગ લઈ ૧૬ પહોર સતત ખરલ કરી યોગ્ય માત્રા આપી ઉપર દૂધ પાવાથી ધાતુપુષ્ટિ થાય.

મુસળી, સાલમમિશ્રી, કૌચબીજ, ગોખરૂ, શતાવરી અને આમળાંનું ચૂર્ણ ૧ તોલો, ગાયનું પાશેર દૂધ અને ૧ તોલા ઘીમાં પાવું. (૧૦) અડદનો કાઢો કરી તેમાં બકરીનું દૂધ અને ગાયનું ઘી તથા સાકર નાખી પાવો. (૧૧) શતાવરી, બળદાણા, કૌચબીજ, તાલીમખાનું, ગોખરૂં, તલ અને અડદનું ચૂર્ણ ઉકાળેલા ગાયના દૂધમાં સાકર નાખી પાવું. (૧૨) જેઠીમધનું ચૂર્ણ મધ અને ઘી નાખી આપવું. ઉપર દૂધ પાવું. (૧૩) ભોંયકોળાના ચૂર્ણને તેના અંગરસની સાત ભાવનાઓ આપી તે ચૂર્ણ ઘી અને મધમાં આપવું. (૧૪) ઉટકટારી, ગોખરૂ અને કૌચબીજનો દૂધમાં પાક કરી પાવો. (૧૫) ઉટકટારીનાં મૂળની છાલનું ચૂર્ણ કરી દૂધમાં નાખી પક્વ કરી તેમાં સાકર નાખી પાવું; એટલે ઉત્કૃષ્ટ પુરુષત્વ આવે છે. (૧૬) તાલીમખાનું, મુસળી, ગોખરૂ અને સાકર એ ગાયના દૂધમાં આપવું. (૧૭) ઓથમીજીરૂં ૨ ભાગ, એલચીદાણા ૧ ભાગ અને સાકર ૩ ભાગ, એ રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે ખાવા આપવું; કિંવા એની ફાકી મારી ઉપર ગાયનું થોડું દૂધ પાવું. (૧૮) માલકાંકણી, સાકર અને એલચીદાણા સમભાગ લઇ એકત્ર કૂટી પછી તેમાંથી ૪ માસા ભૂકી લઇ, ચાર માસા એરંડબીજમાં વાટી સવારે દાતણ કર્યા પછી ખાવું. પ્રકૃતિનું પ્રમાણ જોઇ વજન અધિક વધારવું. એ લેવાથી મસ્તકની અને આંખોમાંની ગરમી જઇ આંખોનું તેજ વધે છે. (૧૯) બદામ ૧ ભાગ, એરંડબીજ ૨ ભાગ અને એલચીદાણા ૧ ભાગ લઇ એકત્ર ખાંડી, તેમાં ૪ ભાગ સાકર તથા ૪ ભાગ ગાયનું ચોખ્ખું ઘી નાખી તે સારૂં એકત્ર મેળવી, રાત્રે પૂર્ણિમાના પ્રકાશમાં રાખી સવારે લાવવું. રોજ સવારે ૪ માસા કિંવા ૬ માસા ખાવું. એથી મગજમાંની ગરમી જઇ નેત્રવિકાર દૂર થઈ તેજ આવે છે. (૨૦) જવનો લોટ, ચોખ્ખું ઘી અને સાકર, એ દરેક શેર શેર અને ધોળાં મરી એક તોલો તથા એલચીદાણાની ભૂકી ૨ તોલા, એ બધાં ઔષધો એકત્ર કરી સારી રીતે મેળવી એકરૂપ થાય એટલે કલાઈ દીધેલા વાસણમાં તપાવી પૂર્ણિમાની રાત્રિએ પ્રકાશમાં મૂકી સવારે લેવું. રોજ સવારે ૪ કિંવા ૫ તોલા ખાવા આપવું. ઉપર ગાયના દૂધનો એક ઘુંટડો પાવો. (૨૧) આસોંદપાક, કુષ્માંડપાક, ગોખરૂપાક, સાલમમિશ્રીપાક અને ભોંયકોળાપાક ખાવા આપવા. (૨૨) ડુંગળીનો રસ અને મધ એકત્ર કરી સેવન કરવું. (૨૩) ઘી અને મધમાં આસોંદનું ચૂર્ણ ખવરાવવું. (૨૪) ચણોઠીનાં મૂળ મધમાં બાફી સાકરમાં ખાવા આપવાં. (૨૫) આમળાંનો રસ અને ઘી એકત્ર કરી પાવું. (૨૬) ઘી અને મધ વિષમ ભાગે એકત્ર કરી પાવું. (૨૭) ધોળી સાંવરીના (મોચરસના ઝાડના) નાના છોડવાના કંદ સૂકવી બારિક ભૂકી કરવી તથા દરરોજ સવારે અર્ધો તોલો ભૂકી ઘીમાં ગાયના દૂધમાં સીજવી તેમાં સાકર, બેદાણા અને બદામ નાખી નિત્ય સવારે એક વાર સેવન કરવાથી, અનેક પ્રકારના ધાતુસંબંધી રોગ શમી જઇ મગજ તર થાય છે અને સ્મરણશક્તિ વધે છે. (૨૮) ધોળી ગુલબાશીના કાંદા ગાયના તાજા દૂધમાં ઘસી ૮ દિવસ આપવા. (૨૯) કાળી મુસળીનું ચૂર્ણ દૂધ અને સાકર સાથે આપવું. (૩૦) આસોંધ અને વરધારાનું ચૂર્ણ દરરોજ અર્ધો તોલો, ગાયના અર્ધો શેર દૂધમાં ઘી અને સાકર સાથે આપવું; એટલે વીર્યવૃદ્ધિ ઉત્તમ પ્રકારે થાય છે. (૩૧) મહૂડાની અંતરછાલનું ચૂર્ણ સવારસાંજ દર વખતે ૨–૩ માસા પ્રમાણે ગાયના ઘી અને મધમાં આપી, ઉપર પાશેર ગાયનું ગરમ દૂધ, ઘી અને સાકર સાથે પાવું. એથી કરી કામોત્પત્તિ ઘણીજ સરસ થાય છે. (૩૨) સફેદ મુસળી, ગળોનું સત્ત્વ, કૌચબીજ, ગોખરૂ, ધોળી સાંવરીના કંદ, મૂળ કિંવા છાલ અને આમળાં, આ ઔષધિનું ચૂર્ણ સમભાગ કરી, સર્વની બરાબર સાકર મેળવી (આ ચૂર્ણને " વૃદ્ધદંડચૂર્ણ" કહે છે.) આ ચૂર્ણ અર્ધા તોલાપર્યંત ગાયના ધારોષ્ણ કિંવા ગરમ કરેલા દૂધમાં ઘી નાખી આપવું; એટલે ધાતુની વૃદ્ધિ થઇ કામોદ્દીપન થાય છે અને ષંઢત્વ પણ દૂર થાય છે. આ ચૂર્ણ ખાવાથી કમ્મરમાં ઉત્તમ પ્રકારનું બળ આવે છે. (૩૩) આમળાંના ચૂર્ણને આમળાંના રસના ૨૧ પુટો દઇ છાયાશુષ્ક કરી તે ૨ માસા ચૂર્ણ સાકરમાં આપી, ઉપર દૂધ પાવાથી વીર્યવૃદ્ધિ થઇ કામોત્તેજન થાય છે. (૩૪) બળદાણાનું ઝાડ મૂળસુદ્ધાં લાવી, ધોઇ, પાણી નાખી, કચરી, રસ કાઢવો; તે વસ્ત્રગાળ કરી સાકર નાખી દરરોજ કાચા પાશેર પ્રમાણે ૭ દિવસ પાવો; એટલે વીર્યપતન બંધ થાય છે. (૩૫) ગોખરૂ, વરીઆળી અને સાકરનો કાઢો કરી બે વખત આપવો, એટલે ૭ દિવસમાં

વીર્યપતન બંધ થાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ધાતુપુષ્ટિ માટે:—અસાળીઓ–૬, આમળાં–૪૦, એખરો–૩, એલચી–૩, ઓથમીજીરૂં–૬, કોઠી–૪, કૌચ–૫, ખજૂરી–૭, ચણા–૫, ચીકુ–૧, જવ–૪, બાવળ–૫, બીલી–૮, ૨૪, બેહેડાં–૧, ભીંડા (શાક)–૧, ભોંયકોહળું–૧૩, મહૂડો–૩, મુસળી–૧, ૨, વડ–૬, શિમળો–૫, શિરકસિયો–૧. **પુષ્ટતા એટલે પુષ્ટિ** માટેઃ—અડદ–૭, અંજીર–૨, ઉટકટારી–૫, એખરો–૬, કુંવાડીઓ–૫, ખટખટી–૧, ખસખસ–૫, ગુલબાશી–૨, ગોખરૂ બોડા–૪, ગોમેટા–૪, તરણુચ–૧, બળ (બોળ)–૧, બાવળ–૧૯, બીવલો–૩, ભોંયકોળું–૭, મુસળી–૧, મૈદાલકડી–૧, રતનજોત–૬, રાતું કોહળું–૨, શતાવરી–૮, સાલમ–૨, ૪, હરણુસુરી–૨. **ધાતુ જતી હોય તેના** માટેઃ—અડદ–૬, આદુ–૫૨, આશેત્રી–૫, કપાસ–૧૨, કમળ–૨, કંકોડી–૨, કેસર–૧૦, ગુલબાશી–૩, ગોમેટા–૨, ચણોઠી–૩, બીલી–૧૮, શિમળો–૯, શેલડી–૪, ૭. **પેશાબમાં ધાતુ જાય** તેના માટેઃ—ખીજડો–૬, શિમળો–૧૫, સાલમ–૧. **ધાતુક્ષય માટે:**—આસંધ–૧૧, દ્રાક્ષ–૪, લીંડીપીંપર–૩૫, હરણુસુરી–૧. **ધાતુસ્થળની** ઉષ્ણુતા માટેઃ—કાંટીગોખરૂ–૫, કુંવાર–૮, ખીજડો–૪, ધોળી પીલુડી–૬, સાગ–૪, ૫. **વીર્યવૃદ્ધિ માટે:**—આદુ–૨૭, આમળાં–૨૬, આસંધ–૧, ૧૦, ઉટકટારી–૨, ચણોઠી–૩, જેઠીમધ–૬, ડુંગળી–૧૩, ૨૨, શતાવરી–૮. **ધાતુવિકાર માટે:**—આસંધ–૯, કાંટીગોખરૂ–૫, કાંડોળી–૩, કેળ–૧૭, ગુલાબ–૭, પાંડેરવો–૨, પિસા–૧, બળ (બોળ)–૨, બીવલો–૧, બોરસળી–૪, રતનજોત–૮, ૯, ૧૧; રાન ભીંડા–૨, સાલમ–૧, હરણુસુરી–૨. **સ્વપ્નાવસ્થા વગેરેના ધાતુવિકારો** માટેઃ—દુદરલી–૧. **મગજ તર થઇ ધાતુપુષ્ટિ પ્રાપ્ત થવા** માટેઃ—બદામ–૩, ૭, ૮. **બળ અને પુષ્ટિ પ્રાપ્ત થવા** માટેઃ—ભોંયકોહળું–૧. **વીર્યસ્રાવ એટલે પતન** માટેઃ—ઉંદરકની ग–૩. કાંટાસરીઓ–૨, તલ–૧૧.

જુઓ ગૌ૦ વૈ૦માં:—**ધાતુપુષ્ટિ માટે:**—દુધી ૮, ૧૨. **વીર્યસ્રાવ અને ધાતુક્ષીણુતા** ઉપરઃ—દૂધ–૩. **બળ અને વીર્યવૃદ્ધિ** માટેઃ—દૂધ–૮.

જુઓ પ્રા૦ઔ૦માંઃ—**પુરુષત્વ કમી થયું હોય તો:**—કસ્તૂરી–૭, ગાંડૂળ–૩. **પુષ્ટતા, બળ અને વીર્યવૃદ્ધિ** માટેઃ—કસ્તૂરી–૮. **ધાતુવૃદ્ધિ** માટેઃ—સાબરશિંગ—૬.

પુરુષત્વ આવવાના ઉપાયો×:—(૧) ધોળી ડુંગળીના રસમાં અજમો પલાળી તે દરરોજ ઘી ૧ તોલો અને સાકર ૨ તોલામાં ૨૧ દિવસ ખાવા આપવો, એટલે પુરુષત્વ આવશે. (૨) ખાખરાનાં મૂળ ચીરી રીઢા માટલામાં નાખી ઉપર અગ્નિ સળગાવવો; એટલે માટલામાં અર્ક પડશે. તે અર્ક ખાવાના પાનને ચોપડી તે પાનમાં મરાડીનું જીંડવું ઘાલી ખાવા આપવું; એટલે એકજ દિવસમાં પુરુષત્વ આવશે. ઉતાર—આસંગ. (૩) કાળા ધંતુરાનાં મૂળ બશેર, માલકાંગણીનાં બીઆં બશેર, ઉટકટારીનાં મૂળ બશેર, એમનું પાતાળયંત્રવડે તેલ કાઢી, માસો કે અર્ધો માસો પાનમાં ૭, ૧૪ અગર ૨૧ દિવસ ખાવા આપવું. (૪) પથરાએલાં મોટાં પાંદડાંવાળી દારૂડીની છાલ ૧ માસો અને વડનું દૂધ ઉકાળી તેની ચણા જેવડી ગોળી કરી પાનમાં ખાવા આપવી. પાનમાં લવંગ, જાયફળ, જાવંત્રી વગેરે મૂકી સવારસાંજ આપવું; એટલે સાત અથવા ચૌદ દિવસમાં પુરુષત્વ આવશે. (૫) વગડાઉ ભેંડીનાં મૂળનું ચૂર્ણ ૧ તોલો પાશેર દૂધમાં પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**શિથિલત્વ દૂર થવા અને પુરુષત્વ આવવા** માટેઃ—ઉંદરકની क–૧૦, ખાખરો–૬, ડુંગળી–૨૦, દારૂડી–૨, ધંતૂરો–૧૮, રાનભીંડી–૧. **શક્તિ આવવા**

---

* વાજીકરણ ઔષધિઃ—મદનમંજરી વટી, શ્રીરતિવલ્લભપૂગ પાક, કામેશ્વર મોદક, મન્મથાભ્ર રસ, આમ્રપાક, વાનરી વટિકા, ચંદ્રોદય રસ, સુવર્ણભસ્મ, અશ્વગંધારિષ્ટ, શુક્રમાતૃકા, નારસિંહ ચૂર્ણ, શતાવરી ઘૃત, ચ્યવનપ્રાશ અવલેહ, લક્ષ્મીવિલાસ રસ, વસંતકુસુમાકર રસ, શુક્રવલ્લભ રસ, ગોખરૂપાક વગેરે અપાય છે.

× પુરુષત્વ આવવા માટે (ઇંદ્રિયની શક્તિ પ્રબળ કરવા માટે) વાનરી વટિકા, મન્મથાભ્ર રસ, અષ્ટાવક્ર રસ, મહાલક્ષ્મીવિલાસ રસ, શુક્રવલ્લભ રસ, રતિવલ્લભ મોદ તેમજ ઉપર કહેલી વાજીકરણ ઔષધિ ખાવા માટે અપાય છે, તથા અનેક પ્રકારના લેપ (તિલા) ઇંદ્રિય પર લગાડવા માટે અપાય છે.

માટેઃ—ખસખસ-૫, નાગલી-૧, ભીંડા (શાક)-૧. **શરીર બળવાન થવા માટેઃ**—શિમળો-૬. **શરીરની કાંતિ સારી થવા માટેઃ**—આમળાં-૨૫, ૨૮. **કદી કોઈ પણ રોગ ન થવા માટેઃ**—વસુ-૩, સાટોડી-૧૦, હરડે-૪. **જરા એટલે વૃદ્ધપણું ન આવવા માટેઃ**—આમળાં ૧૨, ૨૭, આસંધ-૩, વસુ-૩. **સર્વ રોગ દૂર થવા માટેઃ**—આસંધ-૬, લાણો-૧.

સ્તંભન ઔષધોઃ—(૧) લવંગ, જાવંત્રી, તજ, અફીણ, અક્કલકરો અને સમુદ્રશોકનાં બીઆં, એ સર્વ ચૂર્ણો બરાબર લઈ, તે બધા જેટલી સાકરની ભૂકી નાખી, મધમાં ખરલ કરવો તથા એક વાલ પ્રમાણે ગોળીઓ કરવી. તેમાંથી સાંજના ચાર વાગતાં એક ગોળી પાણીના અથવા દૂધના ઘુંટડામાં ગળવી તથા એક કલાક પછી ગાયનું ધારોષ્ણ દૂધ પીવું અને મૈથુન પહેલાં કસુંબીના તેલમાં આકડાનાં મૂળનું ચૂર્ણ ખરલ કરી, તેનો પગતળિયામાં લેપ કરવો; એટલે વીર્યનું પતન થતું નથી. ઉતાર–લિંબુ ચૂસવું. (૨) કસ્તૂરી, કેસર, જાયફળ, લવંગ, અફીણ, ભાંગ, સુંઠ અને એલચીદાણાની વસ્ત્રગાળ ભૂકી એકત્ર કરી વાલ વાલ સવારસાંજ મધમાં આપવી, તથા ઉપર ધારોષ્ણ દૂધ પાવું. (૩) કૌચબીજ, શતાવરી, ગોખરૂ, ગંગેરી, બળદાણા અને તાલીમખાનાનું ચૂર્ણ તાજા દૂધમાં રાત્રે પ્રાશન કરવું. (૪) જાયફળ, ખુરાસાની અજમો, અજમોદ અને અફીણ સમભાગ લઈ ચૂર્ણ કરી, ચૂર્ણસમાન ત્રણ વર્ષનો જૂનો ગોળ મેળવી, અર્ધા અર્ધા વાલની ગોળીઓ કરી, તે સાંજે ખાવા આપવી. ઉતાર—લિંબુ.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આસંધ-૧૦, ખસખસ ક-અફીણ-૧૩.

જુઓ **અનુભૂત** ઔષધઃ—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૧૧. મલમપ્રયોગની ટીપમાં નં. ૩૨. બૃહત્પાકના પાકપ્રયોગની ટીપમાં નં-૨.

૩૫–પથરી (अश्मरी)

કારણઃ—વાત, પિત્ત, કફ અને શુક્ર થકી પથરીનો રોગ થાય છે; તોપણ તે ઘણું કરી કફાશ્રિત હોય છે. એની સારી રીતે ચિકિત્સા ન થાય તો તે પ્રાણ હરણ કરે છે.*

સંપ્રાપ્તિઃ—જે વખતે વાયુ બસ્તિમાંનું શુક્રયુક્ત કિંવા પિત્તયુક્ત મૂત્ર અથવા કફ એને શોષે છે, ત્યારે અશ્મરી થાય છે. જેમ ગાયના પિત્તમાં ગોરોચન એકઠું થાય છે, તેમ બસ્તીમાં શુક્રાદિક એકઠું થઇ ગઠ્ઠો બંધાય છે.

પૂર્વરૂપઃ—સર્વ અશ્મરી અનેક દોષાશ્રિત છે. બસ્તિ ફૂલવી, બસ્તીની આસપાસ અત્યંત પીડા થવી, મૂત્રની ગંધ બોકડાના મૂત્રની ગંધ જેવી આવવી, મૂત્રકૃચ્છ્ર, જ્વર તથા અરુચિ, એ અશ્મરીનું પૂર્વરૂપ છે.

સામાન્ય લક્ષણોઃ—નાભિ, શિવણ તથા બસ્તિ(મૂત્રાશય)ના આગળ શૂળ થાય છે.

× શાસ્ત્રીય ઔષધ સ્તંભન માટે કામેશ્વર રસ, કેશરાદિ વટી, કસ્તૂર્યાદિ ગુટિકા, જાતીફલાદિ વટી, મદનાનંદ મોદક, શુક્રવલ્લભ રસ, કામિનીવિદ્રાવણ રસ, ચંદ્રોદય રસ વગેરે અપાય છે.

* વાત, પિત્ત, કફ અને શુક્રની એમ ચાર પ્રકારની પથરી છે. વળી જેમાં નાના નાના કકડા હોય તે શર્કરા અને જેમાં રેત હોય તેને સિકતા કહે છે. એ બે પણ પથરીનાજ ભેદ છે.

ઉપચારઃ—હરડાં, બહેડાં, પાષાણભેદ, ધમાસો, ધાણા, ગોખરૂ અને કાકડીનાં બી સમાનભાગે લઇ જરા ખોખરાં કરી, પાણીમાં ઉકાળી એ પાણી હંમેશાં સવારે પીએ તો પથરીનો ભૂકો થઇ ઝરી જાય અને આરામ થાય. એ ઉપર મૂળા ખાવાથી પણ ફાયદો થાય છે. (૨) ટંકણખાર ઝીણો કરી ટાઢા પાણી સાથે ખાય તો રાખની માફક પથરીના ચૂરેચૂરા થઈ જાય. આ રોગીને દૂધ, ગોળ, મિઠાઇ, ઘી એવી ભારે ચીજો ખાવા આપવી નહિ. (૩) તલસરાની રાખ તોલો ૧ મધમાં અવલેહ કરી આપવાથી પથરી જાય. (૪) બીજોરાનું મૂળ વાટી ભૂકો કરી વાસી પાણીમાં આપવાથી પથરી જાય. (૫) તેલીઓ દેવદાર, સંચળ, તલ, તલસરાની રાખ, એ સર્વ મધ અને દૂધમાં અવલેહ કરી આપવાથી પથરી મટે.

અશ્મરીના યોગે મૂત્રનો માર્ગ રોકાય એટલે મૂત્રની ધાર ફાટે છે. અશ્મરી મૂત્રમાર્ગ થકી પેલી તરફ જાય એટલે મૂતરવાને ઇજા થતી નથી તથા મૂત્ર સ્વચ્છ ગોમેદ (પાણી) જેવું થાય છે. અશ્મરીના યોગે બસ્તિમાં ક્ષત થવાથી રક્તમિશ્રિત મૂત્ર થાય છે; અને મૂતરતાં જોર કરે તો ઘણો ક્લેશ અને પીડા થાય છે. ત્રિદોષજ અશ્મરી બહુધા બાળકોનેજ થાય છે. શુક્રાશ્મરી માત્ર મોટા માણસનેજ થાય છે.×

ઉપચાર:—(૧) કડાની છાલ દહીંમાં ઘસી આપવી. (૨) ધોળો એરંડો, બેઠી ભોંયરિંગણી, ઉભી ભોંયરિંગણી, ગોખરૂ અને કાળી શેલડીનાં મૂળ દહીંમાં વાટી પાવાં. (૩) શિલાજિત મધમાં આપવું. (૪) ગોખરૂના કાઢામાં જવખાર નાખી આપવો. (૫) હીંગ, એલચીદાણા, દૂધ અને ઘી એકત્ર કરી પાવાથી મૂત્રરોગ તથા શુક્રરોગનો નાશ થાય છે. (૬) આદુ, જવખાર, હરડે, દારુહળદર અને કાળો સરગવો, એ બકરીના દૂધમાં વાટી પાવાં, એટલે મૂત્રાશ્મરી ફૂટી જાય છે. (૭) તલ, અઘેડો, કારેલી, જવની સળીઓ, ખાખરાનું લાકડું, એ સર્વ સમભાગ લઇ માટલામાં નાખી પુટ દઇ બાળવાં; પછી તેની ચાર માસા રાખ લઇ બકરીના મૂત્રમાં ગોળી કરી ખાવી. એ પ્રમાણે સાત દિવસ ખાવાથી અશ્મરીનો નાશ થાય છે. (૮) ગોખરૂનું ચૂર્ણ મધ સાથે મેંઢીના દૂધમાં નાખી સાત દિવસ પાવું. (૯) જૂના ઘીમાં કેસર નાખી ત્રણ દિવસ પ્રાશન કરવાથી શર્કરાનો નાશ થાય છે. (૧૦) તલના ફૂલનો ક્ષાર, મધ અને દૂધને એકત્ર કરી ત્રણ દિવસ પાવું; અથવા સિંધવ અને બીજોરાનું સેવન કરાવવું. (૧૧) ચીભડાનાં મૂળ ઠંડા પાણીમાં વાટી પાવાં. તે ઔષધ ત્રણ દિવસમાં અશ્મરીનો નાશ કરશે. (૧૨) અર્કપુષ્પી એટલે જેને શિરદોડી કહે છે એનાં મૂળ ગાયના દૂધમાં વાટી સવારે ત્રણ દિવસ પાવાં, એટલે દાહયુક્ત તીવ્ર અશ્મરીનો નાશ થાય છે. (૧૩) શતાવરીનાં મૂળનો રસ ગાયના દૂધમાં પાવો, એટલે ઘણા દિવસની અશ્મરીનો પણ નાશ થશે. (૧૪) વાયવરણાની છાલ, સુંઠ, ગોખરૂ, જવખાર અને ગોળનો કાઢો કરી ઠંડો થયા પછી તે કાઢો પાવો. તે મૂત્રાશ્મરી, શર્કરા, મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાતનો નાશ કરે છે. (૧૫) વાયવરણાની છાલનો કાઢો ગોળ નાખી પાવો. (૧૬) સરગવાનાં મૂળનો કાઢો તીખો, ઉષ્ણ અને અશ્મરીનો નાશ કરનાર છે; અથવા ગંડોડાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી પાવાં. દૂધ ભાત ખાવાં. (૧૭) તુષોદક(જવની કાંજી)માં હળદર અને ગોળ નાખી પ્રાશન કરવું. (૧૮) મેંઢીનું દૂધ મધમાં મેળવી પાવું. (૧૯) નસોતર અને ઇંદ્રજવ, એ બન્નેનું ચૂર્ણ દૂધમાં કિંવા ચોખાના ધોવરામણમાં આપવું. (૨૦) કળથીનો કાઢો ૮ તોલા, શરપુંખાનું ચૂર્ણ અને સિંધવ બે માસા નાખી આપવો. (૨૧) કોહળાનો રસ, હિંગ અને જવખાર, એ એકત્ર કરી પાવું.

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:—અક્કલકરો-૫, અરલુ-૬, ૧૦, ઇંદ્રજવ-૩, ૨૦, ઉંદરકની ગ-૩, ઉંબરો-૧૧, કડવી ગલકી-૨, કળથી-૭, કાકડી-૪, કાસ-૧, કાંટી ગોખરૂ-૭, ગોખરૂ બોડા-૧૦, ચિભડું-૧; તલ-૧૫, ૨૨, તુરીઆં-૩, દ્રાક્ષ-૧૮, ધમાસો-૬, નસોતર-૨, પાષાણભેદ-૪, પાઢ (કાળીપાડ)-૯, પિત્તપાપડો-૬, બીજોરૂં-૨૧, મુસળી-૩, મૂળા-૩, મોરશિખા-૧, લાંબડી-૧, વાયવરણો-૬, ૧૦, શતાવરી-૫, શિરદોડી-૬, સમેરવો-૧૮, સરગવો-૨૧, સાગ-૧, હળદર-૧૪. **શુક્રાશ્મરી** માટે:—તલ-૫, પાષાણભેદ-૩, મૂળા-૧૧. **મૂત્રશર્કરા** માટે:—અઘેડો-૨૯, વાયવરણો-૬.

જુઓ ગો૦વૈ૦માં:—**શર્કરા** માટે:—દૂધ—૧૦. પ્રા૦ઔ૦માં:—**પથરી** માટે:—કબુતરની હગાર-૩.

પથ્ય:—જવ, કળથી, જૂના ચોખા, જૂનું કોહળું, આદુ, વાંસનો કાઢો. **અપથ્ય:**—મૂત્ર, મળ અને શુક્રનો અવરોધ તથા વિષ્ટંભકારક જડ એવાં અન્નપાન તથા વિરુદ્ધાન્ન.

× અશ્મરી, શર્કરા તથા સિકતારોગમાં નાભિ અને અંડકોષમાં સોજો, મૂત્રરોધ અને શૂળતી માફક પીડા થાય તો અસાધ્ય રોગ સમજવો. શાસ્ત્રીય ઔષધ અશ્મરીભેદક રસ, ત્રિવિક્રમ રસ, કુલત્થાદ્ય ઘૃત, વરુણાદ્ય ઘૃત, તિલાદિ ક્ષારયોગ વગેરે અપાય છે.

૩૯– પરમિયો અથવા પ્રમેહ

કારણ:—એક ઠેકાણે નિશ્ચષ્ટ બેસવું, નિદ્રા, દધિભક્ષણ, ગામમાંના અને પાણીમાંના જીવના માંસના રસ અને દૂધ, નવું અન્ન, નવોદક(વરસાદનું પાણી)નું સેવન, ગોળ વગેરે પદાર્થ અને કફકારક પદાર્થ, એ પ્રમેહ થવાનું કારણ જાણવું.

સામાન્ય લક્ષણો:—મૂત્ર ધાળું હોઇ ડોળાયલા જેવું હોય છે. મૂત્રના વર્ણભેદથી પ્રમેહના ૨૦ ભેદ* કલ્પેલા છે. વ્યવહારમાં પેશાબની વખતે જે પ્રમેહમાં અતિશય આગ થાય છે તેને

---

* મૂત્રના જુદા જુદા રૂપ ઉપરથી પરમિયાના વીસ ભેદ કર્યા છે. તેમાં ૧ ઉદક, ૨ ઇક્ષુ, ૩ સાન્દ્ર, ૪ સુરા, ૫ પિષ્ટ, ૬ શુક્ર, ૭ સિકતા, ૮ શીત, ૯ શનૈ:, ૧૦ લાલા, એ દશ પ્રમેહો કફથી થાય છે અને તે સાધ્ય છે. ૧૧ ક્ષાર, ૧૨ નીલ, ૧૩ કાળો, ૧૪ હારિદ્ર, ૧૫ મંજિષ્ઠ, ૧૬ રક્ત, એ પિત્તથી થનારા ૭ પ્રમેહો કષ્ટસાધ્ય છે; અને ૧૭ વસા, ૧૮ મજ્જાભ, ૧૯ સાર તથા ૨૦ હસ્તી, એ ચાર વાયુથી થનારા અસાધ્ય પ્રમેહો છે. તેના ઉપદ્રવો ઉપરથી તેને ઓળખવા.

અપચો, અરુચિ, બકારી, ઉંઘ, ખાંસી, સળેખમ ઇત્યાદિ કફના; પેડુ અને લિંગમાં તોડ, અંડકોશમાં ફાટ, તાવ, દાહ, તરસ, મૂર્ચ્છા, ભાગો ઝાડો ઇત્યાદિ પિત્તના; તથા ઉદાવર્ત, કંપ, હૃદ્ગ્રહ, શૂળ. નિદ્રાનાશ, શોષ, ખાંસી ઇત્યાદિ વાયુના ઉપદ્રવો છે.

આત્રેયના મત પ્રમાણે ૧ પૂય, ૨ તક્ર, ૩ પિટકા, ૪ શર્કરા, ૫ ક્ષૂત અને ૬ અતિમૂત્ર, એમ ૭ પ્રમેહો બીજા પણ છે. તે મેળવતાં કુલ ૨૬ ભેદ થાય છે.

ઉપચાર:—(૧) પેશાબ ઘણો થતો હોય તો કાળા તલ ૯ પૈસાભાર સવારના પહોરમાં હમેશાં ખાય તો હમેશાં પેશાબ ટપકતો હોય અથવા થોભતો નહિ હોય તેને આરામ થાય. (૨) મારેલું લોઢું તથા સુંઠ બરાબર વજને લઈ ખાંડી ઝીણું કરી તેથી બમણી તેમાં સાકર ભેળવી દરરોજ સવારે નયણે કોઠે ફાકે તો પેશાબ ગળતો હોય અથવા ઘણો થતો હોય કે થોભતો ન હોય તે મટે. (૩) સુવા શેર ૧, મેંદો શેર ૦।।, ગુંદ શેર ૦।।, રાતી ખાંડ શેર ૧।। અને ઘી શેર ૦।।।, એ સર્વે વસાણાં ખાંડીને એના લાડુ બનાવવા. તેમાંથી સવારસાંજ એકેક ખાય તો પેશાબ ગળતો હોય તે મટીને ધાતુ વધે. (૪) ગવારનો આટો શેર ૧ અને સાકર શેર ૦।।, ખાંડી ઝીણું કરી ગાયના ઘી સાથે સવાર–સાંજ દિવસ ૧૦ સુધી ખાય તો આરામ થાય. (૫) પાકી ઇંટ ઘણી જૂની હોય તેને ખાંડી ઝીણી કરી સવારે ટાઢા પાણી સાથે ફાકે તો પરમો મટે. (૬) સરવાળા નામનું ઘાસ જેને ઉખદરા કહે છે, અને છોકરાં જેને કૂતરા કહે છે, તે લૂગડા ઉપર ચોંટાડવાથી ચોંટી જાય છે, તે જડ સુદ્ધાં ઉખેડી લાવીને છાયામાં સૂકવી ખાંડી તેની બરાબર ખાંડ ભેળવી સવારસાંજ એકેક હથેળી ભરીને ખાય તો ભાત ભાતના પરમીઆ મટે. (૭) ધોળો ગુંદર શેર ૦।, શિંગોડાં શેર ૦।, બુરા ખાંડ શેર ૦।।, મેંદો શેર ૦।।, એ બધાં વસાણાં એકઠાં કરી એક કાચના વાસણમાં ભરી તેમાં ઘી શેર ૦। તથા તેટલું દૂધ ભેળવીને તેમાંથી ૫ પૈસાભાર દરરોજ સવારે કેટલાક હફતા સુધી પીએ તો ભાત ભાતના પરમીઆ મટે અને મરદાઇ વધે. (૮) કેવડાની જડનો રસ શેર ૦। માં ૫ પૈસાભાર સાકર નાખી પીએ તો આરામ થાય. (૯) આમળાંનો ઉકાળો બે માસા હળદર તથા મધ નાખી આપવો.(૧૦) ગળોનો રસ મધ નાખી આપવો. (૧૧) છુહારી ખારેકો દૂધમાં બાફી તેમાંથી ઠળીઓ ખેંચી કાઢી તેની જગાએ લોબાન અને ભેંસાગુગળ સમાનભાગે લઈ વાટીને ભરવો. તે દરેક જુદી જુદી ખારેક ઉપર ઘઉંના લોટની કણક ચઢાવી અંગારા ઉપર શેકી, પછી તે ખારેકો અંદરના ઔષધસહિત કાઢી લઈ વાટીને ચણા જેવડી ગોળીઓ કરી દરરોજ એક એક આપવી. અંગારામાં શેકતાં તે ખારેકમાંથી ગુગળનો ધૂમાડો બહાર નીકળવો નહિ જોઇએ; એટલે કે અંગારાની ભરસાળમાં ભારી રાખીને શેકવું. (૧૨) ગળોનું સત્ત્વ તોલો ૦।।, પિત્તપાપડો તોલો ૧, આમળાં તોલો ૧, બહેડાં તોલો ૧, હરડાં તોલો ૧ અને ધરો વાલ ૨ લઈ ૧।। શેર પાણીમાં ઉકાળી પાંચ તોલા રહેથી તેમાં તોલો ૧ મધ નાખી પાવું. (૧૩) કાંસકીનાં પાંદડાં તથા ચણકબોબા વાટી પાણીમાં પાવાં.

તણુખીઓ (મ૦ તિક્ક) **પ્રમેહ** કહે છે. પેશાબના વખતે આગ થતી નથી તેને ઠંડો (મ૦ હિં૦ શીત) **પ્રમેહ** કહે છે. પેશાબના આરંભે તંતુ કિંવા ગોળી પડે છે અને તે સળીથી ઉંચકીએ તો હાથ–બે હાથ લંબાઇનો તાર થાય છે, તેને **તંતુમેહ, તારમેહ** કિંવા **લાલમેહ** કહે છે. જે પ્રમેહમાં ધાત પડે છે તેને **ધાતુપ્રમેહ** કહે છે. જેમાં પરૂ પડે છે તેને **પુપ્રમેહ** કહે છે. કંઇક તૂરો અને મધુર એવો જે પ્રમેહ પેશાબ સાથે પડે છે તેને **મધુમેહ** કહે છે. મધુમેહી પુરુષ જે ઠેકાણે પેશાબ કરે છે, તે ઠેકાણે ધાત જમે છે. અહીંઆં પ્રમેહરોગનો ઘણોજ પ્રાદુર્ભાવ થયેલો છે. પ્રમેહનો રોગ પુરુષોનેજ થાય છે. સ્ત્રીઓને પ્રતિમાસે રજઃપ્રવૃત્તિ થાય છે, તેથી કરી શરીર-સંબંધી સર્વ દોષો શુદ્ધ થાય છે; એટલે સ્ત્રીઓને પ્રમેહ થતો નથી.

અસાધ્ય પ્રમેહલક્ષણ—માતાપિતાની પરંપરાથી પ્રમેહ થયેલ હોય તે અસાધ્ય પ્રમેહ છે; તેમજ સર્વ પ્રકારના પ્રમેહ વિશેષ સમય સુધી ચિકિત્સા વિના રહે તો મધુપ્રમેહ રૂપમાં આવી જઈ અસાધ્ય બને છે.

જનનેંદ્રિયના દરદવાળી દુષ્ટ સ્ત્રીઓના તેમજ રજસ્વલા સ્ત્રીઓના સંબંધથી પ્રમેહ (સુજાક) થાય છે તે અહીં કહેલા પ્રમેહથી જુદી જાત છે. (અથવા પુપ્રમેહ કહી શકાય. પ્રમેહનાં પૂરાં લક્ષણ મળતાં નથી.) સુજાકમાં પેસાબરસ્તે પરૂ નીકળે છે કે જે પરૂ ચેપી છે; તેમજ મૂત્રેંદ્રિયમાં સોજા તથા દાહ થાય છે. પેશાબની નળીનું મોં લાલ થઈ જાય છે. વારંવાર ઘણી બળતરા સાથે થોડો થોડો પેસાબ થાય છે. સખ્ત વ્યાધિમાં શરીરમાં તાવ પણ આવી જાય છે. આ રોગ મટી ગયા પછી પણ વારંવાર ઉથળે છે. આ રોગમાં કેટલાકને બદ થાય છે તેમજ દરેક સાંધા ઝલાય છે.

સુજાક પર ઉપચારઃ—(૧) જૂના રોગ માટે ચંદ્રપ્રભા વટી સર્વોત્તમ ઇલાજ છે. (૨) તીક્ષ્ણ

---

(૧૪) દાડમ અને જાંબુનાં પાંદડાંનો સરબત કાઢી પાવો. (૧૫) વડનું દૂધ પતાસાં ૪ ભરી દિવસ ૭ આપવું. (૧૬) ફટકડી તોલો ૧, ઇલાયચી તોલો ૧ તથા સાકર તોલા ૨ નાં પડીકાં ૩ કરી આપવાં. (૧૭) શંખાવળી, સાકર, ધાણા અથવા વરીઆળી ત્રણે વાટી રાત્રે હવામાં રાખી સવારે ઘુંટીને પાવું. (૧૮) સુરોખાર ટાંક ૧, એલચી ટાંક ૧, લીંડીપીંપર ટાંક ૧, પાષાણભેદ ટાંક ૧, ગોળ ટાંક ૪ માં ગોળી વાળી ચોખાના ધોવરામણમાં આપવી. (૧૯) એખરો ૧ પૈસાભાર, બળબીજ ૧ પૈસાભાર, પાષાણભેદ ૧ પૈસાભાર, તવખીર ૧ પૈસાભાર અને સાકર ૪ પૈસાભાર, એની ફાકી બકરીના દૂધમાં લેવી. (૨૦) ગાયના ૧૦ તોલા દૂધમાં અર્ધો લિંબુનો રસ નાખી તરત પાવાથી તણુખીઓ પરમીઓ મટે. (૨૧) કુંવારની જડ જાડી હોય તે દેવતામાં શેકી તેને છોલી નાખી તેના ગરભના જેટલી સાકર નાખી દરરોજ ટાંક ૨ાા લેવાથી પ્રમેહ જાય. (૨૨) વછનાગ ટાંક ૧, ધંતુરાનાં બીજ ટાંક ૧, ખુરાસાની અજમો ટાંક ૧, ભાંગ ટાંક ૧, ચણકબાબા ટાંક ૧, જાય-ફળ ટાંક ૧, ગહુંલા ટાંક ૧, મુસળી ટાંક ૧ લઈ, પોસ્તના પાણીથી ગોળી વાલ ૧ પ્રમાણે વાળી દરરોજ એક એક આપવી. (૨૩) હરડેદળ ટાંક ૨, આમળાં ટાંક ૨ અને બહેડાં ટાંક ૨ વાટી, શેરડી-ના રસમાં ૭ પુટ આપી તડકે સૂકવવાં. તે ચૂર્ણ ટાંક ૨, સાકર ટાંક ૨ માં મધ નાખી ચટાડવું. ઉપર દૂધ શેર ૦ાા પાવું. આથી પ્રમેહ મટી વીર્ય વધે. (૨૪) હરડાં, બહેડાં, આમળાં, લોહચૂર્ણ, શિલાજિત, મોટી હરડે, એ સર્વનું ચૂર્ણ કરી મધમાં અવલેહ કરી ૭ દિવસમાં ખવરાવવું. અલૂણું ખવરાવવું. (૨૫) મુસળી ટાંક ૪, ચણોઠીનું મૂળ ટાંક ૪ વાટી, ફાકી કરી ઉપર દૂધ પીવાથી ધાતુપ્રમેહ જાય. (૨૬) રાસ્ના ટાંક ૫, લીંડીપીંપર ટાંક ૧ અને સાકર ટાંક ૭ ભેળાં વાટી ત્રણ દિવસ ખવરાવવાથી સાન્દ્ર પ્રમેહ જાય. કેસુડાં પલાળી પાણીમાં બંગાળી સાકર નાખી પાઇએ તો પ્રમેહપીડા જાય. (૨૭) ધંતુરાનાં બીજ બંગ, મારેલ પારો, હિંગળોક, આમલસાર ગંધક, એની પાનના રસમાં ગોળી વાળી આપવાથી સર્વ પ્રમેહ જાય. (૨૮) સાકર અને જવખાર ગાયની છાશમાં ફકાવવાથી ઉનવા (મૂત્રકૃચ્છ) જાય. (૨૯) કસુંબો ગાયના દૂધમાં સાકર સાથે આપવાથી પ્રમેહ જાય. (૩૦) ડમરાનો રસ તોલો ૧ાા, સાકર તોલો ૦ાા નાખી પીવાથી રગતીઓ (રક્ત) પ્રમેહ મટે. (૩૧) દાડમના બીજનો રસ સાકર તોલો ૧ નાખી પીવાથી રક્તપ્રમેહ તથા તણુ-ખીઓ પ્રમેહ જાય.

નવા રોગમાં પ્રથમ ફ્રુટસૉલ્ટ લેવો. ગરમ પાણીથી શેક કરવો. કમરબૂડ ગરમ પાણીમાં બેસવું. (૩) પ્રમેહાંતક વટી—વંશલોચન, શિલાજિત, રૂમી મસ્તકી, ખરેશ, રાળ, ચણકબાબ, ઇલાયચી તથા હળદર, એ આઠ વસ્તુ સમભાગ લઇ બારીક ચૂર્ણ કરી ચંદનના તેલમાં ઘુંટી વટાણા જેવડી ગોળી બનાવવી. બબ્બે ગોળી દિવસમાં ત્રણ વખત લેવાથી પેશાબમાં બળતરા થવી, રસી વગેરે પીડા માત્ર ૧ દિવસમાંજ શાંત થઇ જાય છે. (૪) જૂના રોગમાં ચંદ્રપુરી પ્રવાલ તો. ૨ તથા ચાંદીના વરક તોલો ૧ મેળવી ખરલ કરવી. માત્રા ૩ થી ૬ રતી મલાઇ(તર)ની સાથે દિવસમાં બે વખત લેવાથી પ્રમેહ, સુજાક, સ્વપ્નદોષ, પ્રદર, નબળાઇ વગેરે દૂર થાય છે. (૫) બાવળની કાચી ફળી સુકાયલી, ચણકબાબ તથા શંખજીરૂ દરેક એકેક તોલો લેવાં, અને કમળકાકડીનાં બીજની ગિરી, ઇલાયચી તથા ઇંદ્રજવ દરેક અર્ધો અર્ધો તોલો લેવાં અને ફુલાવેલી ફટકડી ૪ માસા લેવું. એ સર્વને બારીક ખાંડી ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૭ માસા દિવસમાં બે સમય દૂધની લસ્ત (દૂધ પાણી મેળવેલાં હોય તે)ની સાથે લેવાથી ત્રણ દિવસની અંદર સુજાક નષ્ટ થાય છે. (૬) સુજાક પર પીચકારી—મુરદારસિંગ, ફટકડી, રસાંજન, સુરમો તથા કાથો દરેક દશ દશ તોલા, મોરથુથુ તથા રસકપૂર સવા સવા તોલો સર્વ ઔષધિ ખાંડી મેળવવી. પછી પાણી તો. ૧૦૦(૨॥ શેર)માં મેળવી શીશીમાં ભરવી. આ પાણી ૦॥ તોલો ૧૦ તોલા પાણીમાં મેળવી દિવસમાં ત્રણ વખત પીચકારી મારવાથી નવો તથા જૂનો પ્રમેહ (સુજાક) ૧૦–૧૫ દિવસમાં મટી જાય છે. (૭) જૂના રોગમાં ગોખરૂ, ગુગળ અથવા ગોખરૂનો અવલેહ સેવન કરવો.

તણખીઆ પ્રમેહ ઉપર ઉપચાર:—(૧) ધોળી ગોકર્ણી(ગરણી)નાં મૂળ ઠંડા પાણીમાં ઘસી આપવાં. (૨) ગાયના ચોખ્ખા દૂધમાં ભીલામો ઘસી પાવો. (૩) આમળાંના ઝાડની છાલનો રસ બે તોલાપર્યંત કાઢી તેમાં કિંચિત્ હળદર અને મધ નાખી તે આપવો. (૪) ઉંબરાનો દ્રવ દર વખતે બે તોલા લઈ તેમાં કિંચિત્ જીરાનું ચૂર્ણ અને ખડીસાકર ૧ તોલો નાખી, તે બે વખત આપવો.

વિશેષ ઉપચાર:—જુઓ વનૌ૦માં:—કમળ–૩, ખેર–૬, ગરણી–૪, ગોખરૂ બોડા–૫, ચિત્રક–૧૨, તલ–૧૭, ૧૮, દુદરલી–૨, ભીલામો ૧૬.

મધુમેહ ઉપર ઉપચાર:—(૧) જાંબુડીની છાલ નિત્ય ૨ તોલાપર્યંત ખાવી, કિંવા પાકાં જાંબુ અથવા જાંબુડાંની ભૂકી ખાવી. (૨) કડાનાં મૂળ ઉપરની છાલ, અસાણાની છાલ, નાગરમોથ અને ત્રિફળાંનો કાઢો કરી આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અળઇ–૪, જાંબુ–૬, દુદરલી–૨.

બહુમૂત્ર ઉપર ઉપચાર:—ત્રિફળાં, વાંસનાં પાંદડાં, નાગરમોથ અને પહાડમૂળનો કાઢો મધ નાખી આપવો; એટલે તે તુરત બહુમૂત્રનો નાશ કરશે. (૩) આદુનો રસ, ખડીસાકર નાખી બે વખત આપતા જવું. (૪) વાંસનાં સૂકાયલાં પાંદડાંનો કાઢો બે વખત આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અજમો–૪, અનનસ–૩, આદુ–૪૦, આમળાં–૨૧, કોલિંજન–૭, ખસખસ क (અફીણ)–૫, ભોંયકોહળું–૬, મેથી–૩, વાંસ–૬.

સર્વ પ્રમેહો ઉપર ઉપચાર:—(૧) ગળોનો અંગરસ મધમાં આપવો. (૨) ત્રિફળાં, દેવદાર, દારુહળદર અને નાગરમોથનો કાઢો મધ નાખી આપવો. (૩) ખાખરાનાં ફૂલનો કાઢો સાકર નાખી આપવો. (૪) વડના અંકુરનો કાઢો મધ નાખી આપવો. (૫) વાવડીંગ, હળદર, જેઠીમધ, સુંઠ અને ગોખરૂનો કાઢો મધમાં આપવો. તે દુસ્તર પ્રમેહનો પણ નાશ કરશે. (૬) ભોંયઆમળી, તજ, એલચીદાણા, તમાલપત્ર, ચણકબોબા અને ૨૦ મરી એકત્ર વાટી ખાવાં; એટલે અસાધ્ય પ્રમેહનો પણ નાશ થશે. (૭) નિર્મળીનાં બીઆં એકેક તોલો છાશમાં વાટી પાવાં. (૮) બકામલીમડીની લિંબોળીઓ ચોખાના ધોવરામણમાં વાટી ઘી નાખી ખાવી, એટલે પ્રમેહનો ત્વરિત નાશ થશે. (૯) બાવળનાં અથવા ખીજડીનાં કુમળાં પાંદડાં અને થોડું જીરૂં બારિક વાટી ગાયના ચોખ્ખા દૂધમાં મેળવી, તેમાં ૧ તોલો ખડીસાકર નાખી સવારસાંજ આપવું. (૧૦) ચણકબોબા

૧ તોલો લઈ કાઢો કરી તેમાં ચંદનના તેલનાં ચાર ટીપાં નાખી તે આપવો. (૧૧) વંશલોચન ૧ તોલો, એલચીદાણા ૧ તોલો, ચણકબોબા ૧ તોલો, ધોળો કાથો ૧ તોલો અને માયફળ ૧ તોલો લઈ, તેનું ચૂર્ણ કરી તેનું ચૂર્ણ પલળે એટલું તેમાં સુખડનું તેલ નાખી નાની બોર જેવડી ગોળીઓ કરવી. પછી તે ગોળી સવારસાંજ ૪ તોલા ઠંડા પાણીમાં મેળવી તેમાં ખડીસાકર અર્ધો તોલો નાખી તે પાણી પાવું. એ ઔષધથી પ્રદર પણ જાય છે. (૧૨) ત્રિફળાંનું ચૂર્ણ ૩ ભાગ, હળદરનું ચૂર્ણ ૧ ભાગ અને ખડીસાકર ૩ ભાગ, એ સઘળું મધમાં આપવું, એટલે સાત દિવસમાં દુસ્તર પ્રમેહનો પણ નાશ થાય છે. (૧૩) નવટાંક ઘઉં રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે વાટી વસ્ત્રગાળ કરી, તે પાણીમાં ૧ તોલો ખડીસાકર નાખી તે ૭ દિવસ આપવું.× **પ્રમેહપિટકાઃ**—પ્રમેહની ઉપેક્ષાએ ફોડકી થાય છે. તે સર્વ સંધિના ઠેકાણે થાય છે. તૃષ્ણા, શ્વાસ, માંસનો સંકોચ, પ્રમેહ, હેડકી, મદ, વિસર્પ, મર્મસંરોધ (મર્મસ્થાનની પીડા), એ પિટકાના ઉપદ્રવ જાણવા. **પ્રમેહપિટકા ઉપર ઉપચારઃ**—(૧) ઉંબરાના દૂધનો લેપ કરવો. (૨) બાવચો વાટી લેપ કરવો. (૩) વ્રણ ઉપરની ચિકિત્સા કરવી.

જુઓ **અનુભૂત** ઔષધઃ—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં. ૨૭. ક્વાથપ્રયોગની ટીપમાં નં. ૧૩.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—**સર્વ પ્રમેહ માટેઃ**—અંકોલ-૧૩, અરલુ-૫, અળશી-૬, આમળાં-૧૧, ૨૨, આશેત્રી-૨, ઉટકટારી-૨, ઉંબરો-૧, એખરો-૪, ઓથમીજીરૂં-૩, કાંકઠ-૩, કાંડોળી-૩, ૪, કુંવાર-૮, કેવડાનું ઝાડ-૪, કેળ-૨૫, ખાંખરો-૯, ખીજડો-૩, ખેર-૯, ગહું-૭, ગળો-૩, ગોખરૂ બોડા-૨, ૭, ચણકબોબા-૨, ૪, ચણોઠી-૯. ચિત્રક (ચિત્રો)-૪, તલ-૧૧, નિર્મળી-૬, પાષાણભેદ-૨, પિસા-૧, પીળો ધંતુરો-૭, બકામ લીમડી-૫, બળ (બોળ)-૨, બાવળ-૧૬, બિહી-૧, ભોંયઆમળાં-૩, ભોંયકોળું-૪, મેંદી-૬, મૈદાલકડી-૨, રતનજોત-૯, રાનભીંડા-૨, લવંગ-૩૦, લીમડો (કડવો)-૧૪, ૩૯, વડ-૨, વાંસ-૪, શતાવરી-૧૯, શરપુંખો-૨, શિરદોડી-૨, શિસમ-૧, શેરણી-૩, સુખડ-૬, હરડે-૧૯, ૩૪, ૪૨, હરણસુરી-૨, હાશા-૩. **ઠંડા એટલે શીતપ્રમેહ** માટેઃ—આમલી-૨, કમળ-૩, પાટલા-૮, પાઢ (કાળીપાડ)-૫, બોળ (હીરાબોળ)-૪, રતનજોત-૮, વાંસ-૫, શિમળો-૧૨. **તંતુ કે લાલાપ્રમેહ માટેઃ**—કાંટી ગોખરૂ-૫, ચણોઠી-૭, દુદરલી-૧, મેંદી-૨, વગડાઉ તુરિયું-૧. **ધાતુપ્રમેહ** માટેઃ—કાયફળ-૫. **પૂયપ્રમેહ** માટેઃ—કપૂરી મધુરી-૧, સુખડ-૫. **વસામેહ** માટેઃ—અરણી-૭, કુંવાઠીઓ-૮, શિસમ-૨. **રક્તમેહ** માટેઃ—એલચી-૫, બોળ (હીરાબોળ)-૭. **વિષમેહ** માટેઃ—હળદર-૧૨. **શનૈર્મેહ** માટેઃ—હરડે-૨૦. **સાન્દ્રમેહ** માટેઃ—સાતીન-૩. **નીલમેહ** માટેઃ—પીંપળો-૨૧. **ઇક્ષુ અને સિકતામેહ** માટેઃ—લીમડો (કડવો)-૩. **સુરામેહ** માટેઃ—શિમળો-૧૧. **હરિદ્રામેહ** માટેઃ—ગરમાળો-૬. **ઉષ્ણમેહ** માટેઃ—ગોખરૂ-૫, મેંદી-૨. **ઉદકમેહ** માટેઃ—નિર્મળી-૬, પારિજાતક-૪, રતનજોત-

---

× પ્રમેહરોગ પર વધુ ઔષધિઃ-મેહકુલાંતક રસ, વસંતકુસુમાકર રસ, શિલાજિત વટી, બૃહત્ બંગેશ્વર, સોમનાથ રસ, એલાદિ ચૂર્ણ, ચંદ્રપ્રભા વટી, ખદિર ગુટિકા, ચંદનાદિ ક્વાથ, ગોક્ષુરાદિ ક્વાથ, ગોક્ષુરાદિ ગુગલ, ગોક્ષુરપાક, ચંદનાસવ, ગંધકયોગ, ચંદ્રપ્રભા રસ, ચંદ્રોદય રસ વગેરે ખાવા માટે અપાય છે. પ્રમેહ મિહિર તેલ મર્દન કરવા માટે અપાય છે.

પ્રમેહપિટકા ૧૦ પ્રકારની થાય છે. જે મનુષ્યની હોજરી દોષવાળી હોય તેને પ્રમેહ વિના પણ થાય છે. ગુદા, હૃદય, શિર, કાંધ તથા પીઠના મર્મસ્થાનોમાં ઉત્પન્ન થયેલી અતિ વેદનાવાળી મંદાગ્નિવાળાને થાય તો અસાધ્ય સમજવી. પ્રમેહસંબંધી પિટકા થઈ હોય તો પ્રથમ લોહી કઢાવવું. જો પાકી ગઈ હોય તો શસ્ત્રથી ચીરાવવી. ત્યારપછી બકરાના મૂત્ર અથવા કોઈ ક્વાથથી ધોઈ ઉમરડાનું દૂધ અથવા બાવચ્યાનાં બીજ વાટી લેપ કરવો; તથા ઉપલસરી, મુનક્કા, નસોતર, ચીંઢીઆવળ, કડુ, હરડે, અરડુસાની છાલ, લીમડાની છાલ, હળદર, દારૂહળદર તથા ગોખરૂનાં બીજ સમભાગ લઈ કાઢો કરી પીવરાવવો. શાસ્ત્રીય ઔષધ શારિવાદિ લોહ, શારિવાદ્યાસવ, મકરધ્વજ રસ વગેરે અપાય છે.

૧૦. મંજિષ્ઠમેહ માટેઃ—મજીઠ-૪. તરત્તના પ્રમેહ માટેઃ—આંબો-૮.

જુઓ પ્રા૦ઔ૦માં:-ઉંદરની લીંડીઓ-૩. તણખીઆ પરમા માટેઃ—ભેંસનું છાણુ-૩.

પથ્થ:—ચોખા, જવ, સામો, મઠ, ઘઉં, કળથી, મગ તુવર અને ચણાની દાળ, સરગવો, પંડોળાં, લસણ. અપથ્ય:—મૂત્રવેગનો અવરોધ, ધૂમ્રપાન, દિવસે ઉંઘવું, મૈથુન, વાલ, મિષ્ટાન્ન, તેલ, છાશ, ગળપણ, દુધી, કોહળું, શેલડી, ખાટા અને ખારા પદાર્થ.

૩૭—પાંડુ

કારણ અને સંપ્રાપ્તિ:—અતિ મૈથુન, અત્યમ્લ પદાર્થ, ખારા અને તેલવાળા પદાર્થોનું અતિ સેવન, અતિ મદ્યપાન, મૃત્તિકાભક્ષણ, દિવસે ઉંઘવું, અત્યંત તીખા પદાર્થ, દૂધ, અડદ, મિષ્ટાન્ન, તલ, માછલાનું અતિ ભક્ષણ, એ પદાર્થો સેવન કરનારાઓનું લોહી દોષોએ કરી દુષ્ટ થઇ શરીરની ત્વચા પાંડુવર્ણ થાય છે. એ રોગને પાંડુરોગ કહે છે. વાત, પિત્ત, કફ, સન્નિપાત અને મૃત્તિકા-ભક્ષણજન્ય, એમ પાંચ પ્રકારનો પાંડુરોગ થાય છે.

પૂર્વરૂપ:—ચામડી ફાટવી, મોંમાં વારંવાર થુંક આવવું, શરીર ગળવું, મૃત્તિકાભક્ષણની ઇચ્છા, નેત્ર અને ગાલોએ સોજા, મળમૂત્રનું પીળાપણું, અન્નનું પાચન ન થવું, એ લક્ષણો પાંડુરોગ થવા પહેલાં માણસને થાય છે.

વાતપાંડુ:—ચામડી, મૂત્ર, આંખો ઇત્યાદિને રૂક્ષતા, કાળાપણું, કંપ, સોય ભોંકવા જેવી પીડા, પેટનું ફુલવું, ભ્રમ ઇત્યાદિ થાય છે. **પિત્તપાંડુ:**-મૂત્ર, વિષ્ઠા અને આંખો પીળાં થાય છે; દાહ, તૃષા અને જ્વરે પીડિત હોય છે. મળ પાતળો થાય છે અને શરીરકાંતિ અત્યંત પીળી થાય છે. **કફપાંડુ:**—મુખમાંથી કફનો સ્રાવ, સોજો, ડોળાં, આળસ, શરીરે ભાર, ત્વચા, આંખો અને મોઢે શ્વેતત્વ, એ પ્રમાણે થાય છે. **સન્નિપાત પાંડુ:**—ઉપર કહેલાં ત્રણ લક્ષણોએ યુક્ત હોય છે. **મૃત્તિકાભક્ષણ-જન્ય પાંડુ:**—માટી ખાવાની જેને ટેવ પડેલી છે, તેના વાતાદિકો પૈકી એકાદો દોષ કુપિત થાય છે. માટી તુરા રસની હોય તો વાયુ કુપિત થાય છે, ખારી હોય તો પિત્ત કોપે છે, મીઠી હોય તો કફ કુપિત થાય છે. તે માટી પેટમાં ગયા પછી રસાદિક ધાતુને રૂક્ષ કરે છે અને રૌક્ષ્ય ગુણ પ્રબળ થયો એટલે જે અન્ન ખાવામાં આવે તે રૂક્ષ થઈ જાય છે. તે માટી કોષ્ટાદિકોના અગ્નિએ પચન થયા સિવાય રસ વહન કરનાર માર્ગમાં જામે છે અને તેનો રોધ કરે છે; તેથી કરી ઇંદ્રિયોનું બળ એટલે સ્વવિષયગ્રહણશક્તિ નષ્ટ થાય છે. શરીરની દીપ્તિ, શક્તિ અને ઓજ એટલે સર્વ ધાતુનો સાર (હૃદયમાં [illegible]ય છે તે) એને ક્ષીણ કરી પાંડુરોગ ઉત્પન્ન થાય છે. તેમાં બળ, અગ્નિ અને વર્ણનો નાશ થાય છે. **વિશેષ લક્ષણ:**—નેત્ર, ગાલ, ભ્રૂકુટિ, પગ, નાભિ, શિશ્ન એ ઠેકાણે સોજો, કોઠામાં કૃમિ અને રક્તકફમિશ્રિત દસ્ત, એ લક્ષણો થાય છે. આ પ્રકારને કોઈ "કૃમિપાંડુ" પણ કહે છે. **અસાધ્ય લક્ષણો:**—ઘણા દિવસનો પાંડુરોગ ઘણો કાળ થવાથી જડ થાય એટલે સાધ્ય થતો નથી. બધા શરીરે સોજો આવેલો હોઈ જે રોગી સર્વ પદાર્થ પીળા જુએ છે તે, જે માણસનો બંધાયલો થોડો મળ લીલા રંગનો કફમિશ્રિત પડે તે; જે પુરુષ દીન એટલે દુ:ખી થાય છે અને ધોળો પુણી જેવો થાય છે તથા ઉલટી, મૂર્છા અને તૃષાની પીડા પામે છે તે, રક્તક્ષય થકી જે પાંડુરોગી ધોળો થાય છે તે, જેના દાંત, નખ, આંખો પીળાં થયેલાં છે તે; જે પાંડુરવર્ણના પદાર્થસમૂહ જુએ છે; અને હાથ, પગ, ડોક એ ઠેકાણે સોજા, મધ્યદેહ જેનો શુષ્ક થયો છે તે અસાધ્ય છે. એથી ઉલટો સાધ્ય જાણવો. મધ્યદેહને સોજા; હાથ, પગ અને ડોક, એ શુષ્ક થએલાં; ગુહ્ય અને શિશ્ન એ ઠેકાણે સોજો; મૃતઃપ્રાય થએલો તેમજ અતિસાર અને તાવે કરી પીડાએલો રોગી વૈદ્યોએ છોડવો. **પાંડુરોગમાં કમળો થાય છે:**—જે પાંડુરોગી અત્યંત પીળાં દ્રવ્યો સેવન કરે છે; તેનાં પિત્ત રક્તમાંસને બાળી દુષ્ટ કરી કમળારૂપ રોગ કરવાને સમર્થ થા[illegible] છે; તેની આંખો અત્યંત પીળી થાય છે; ઇંદ્રિયોની શક્તિ નષ્ટ થાય છે; ત્વચા, નખ, મુખ, એ અત્યંત પીળાં થાય છે; મૂત્ર, પુરીષ લાલ અને પીળાં થાય છે; તે પુરુષ ચોમાસામાંના દેડકા જેવો પીળો થાય છે. દાહ, અન્ન ન પચવું, દુર્બળતા, અંગગ્લાનિ અને અન્નદ્વેષે તે રોગી પીડિત થાય છે; જેમાં

પિત્તપ્રબળ એવો કમળો એક કોષ્ઠાશ્રય તથા બીજી શાખા-(રક્તાદિ ધાતુ)-શ્રિત હોય છે. જેમ રાજયક્ષ્મા સ્વતંત્ર હોય છે તેમ કમળો પણ સ્વતંત્ર હોય છે. એનીજ બીજી અવસ્થા કુંભકમળો:×— કાળાંતરે જડ થયેલો જે કમળો જઠરાગ્નિને જ્યારે રોકી લે છે જેથી કુંભ (ઘડા) સમાન પેટ મોટું થઈ જાય છે, ત્યારે કુંભકમળો કહેવાય છે. પાંડુરોગમાં હલીમક રોગ થાય છે:— શરીરમાં વાત અને પિત્ત વધવાથી જે વખતે પાંડુરોગનો વર્ણ લીલો, નીલ કિંવા પીળો થાય છે અને બળ તથા ઉત્સાહનો નાશ, ઉંઘ, અગ્નિમાંદ્ય, જીર્ણો તાવ, સ્ત્રીભોગની ઇચ્છાનો અભાવ, અંગ મરડાઈ આવવું, દાહ, તૃષ્ણા, અન્નદ્વેષ, ભ્રમ, એ ઉપદ્રવ થાય છે ત્યારે વાતપિત્તથકી રોગીને હલીમક રોગ થયો છે એમ જાણવું.

ઉપચાર:—(૧) લોઢાના વાસણમાં તપાવી રાખેલું દૂધ સાત દિવસ પાવું અને પથ્ય પાળવું; એટલે પાંડુરોગ, ક્ષય અને સંગ્રહણી રોગ દૂર થાય છે. (૨) દશમૂળ અને સુંઠનો કાઢો આપવો; એટલે કફયુક્ત પાંડુ, જ્વર, અતિસાર, સોજો, સંગ્રહણી, ઉધરસ, અરુચિ, કંઠરોગ અને હૃદ્રોગનો નાશ થાય છે. (૩) ત્રિફળાં, ગળો, અરડુસી, કડુ, કરીઆતુ અને કડવા લીમડાનો કાઢો મધ નાખી પાવો; એટલે પાંડુરોગ અને કમળો નાશ થાય છે. (૪) સાટોડી, કડવો લીમડો, કડવાં પંડોળાં, સુંઠ, કડુ, ગળો, દારુહળદર અને હરડેનો કાઢો–સર્વાંગના સોજા, ઉદર, પાંડુ, સ્થૂલતા, મુખમાં હમેશાં ગફ્ખા આવવા અને કફરોગનો નાશ કરે છે (૫) અરડુસી, ગળો, કડવો લીમડો, કરીઆતુ અને કડુનો કાઢો મધ અને ઘી નાખી આપવો; એટલે કમળો, પાંડુ, રક્તપિત્ત, હલીમક અને કફાદિક વ્યાધિનો નાશ થાય છે. (૬) શિલાજિત, મધ, વાવડીંગ, હરડે અને સાકરનું સમભાગ ચૂર્ણ કરી મધમાં આપવુ; એટલે પંદર દિવસમાં દેહ બળવાન થાય છે. (૭) ચિત્રકચૂર્ણને આમળાં-ના કાઢાની ત્રણ ભાવના આપવી; પછી તે ગાયના ઘીમાં રાત્રે લેવું. (૮) દેવદારનાં પંચાંગનું ચૂર્ણ દૂધમાં કિંવા પાણીમાં ચાર માસા લેતા જવું, એટલે એક મહિનાની અંદર પાંડુરોગનો નાશ થશે. (૯) હરડે ગોમૂત્રમાં ૨૧ દિવસ ભીંજવી રાખવી અને તેમાંથી એકેક ભક્ષણ કરવી. (૧૦) મૂળસહિત કાંસાળુ લઇ તેનું ચૂર્ણ કરી તે આપવું. (૧૧) માટીને નાગકેસર, જેઠીમધ, લીંડીપીંપર અને નસોતરનો કાઢો કરી તેની ભાવના આપવી; પછી તે ભાવના આપેલી માટી ખાવા આપવી, એટલે ખાધેલી માટી નીકળી જઈ વિકાર દૂર થાય છે. (૧૨) હરડેનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. (૧૩) ગોખરુનો કાઢો મધ અને સાકર નાખી પાવો. (૧૪) ગળોનું સત્વ મધ અને ઘીમાં આપવું. (૧૫) હીંગાષ્ટક ચૂર્ણ ચારગણા ઘીમાં પ્રથમ ગ્રાસમાં ભોજનની અંદર આપવું; એટલે અગ્નિ વધે છે. (૧૬) પ્રવાળ ભસ્મ દૂધસાકરમાં આપવી. (૧૭) સુંઠ, મરી, લીંડીપીંપર, ચિત્રક-મૂળ અને બાળહરડેનું ચૂર્ણ કરી તેમાં બમણો ગોળ નાખી ત્રણ ત્રણ માસાની ગોળીઓ કરવી અને તે પાણીમાં આપવી; એટલે પાંડુરોગ અને હરસનો નાશ થાય છે. (૧૮) વાંકેરીનું બીયું ઠંડા પાણીમાં અગર દૂધમાં ઘસી દરેક બે વખત પ્રમાણે સતત ત્રણ મહિના આપવું; એટલે પાંડુરોગ, જીર્ણજ્વર, નાડીવણ, ભગંદર, ગંડમાળ, જામેલી ગરમી વગેરે અનેક રોગોનો નાશ થાય છે.‡

× કુંભકમળા રોગમાં વમન, અરુચિ, ઉબકા, તાવ, પરસેવો, શ્વાસ, ઉધરસ અને મળ પાતળો થાય છે ત્યારે રોગ અસાધ્ય બની જાય છે.

‡ પાંડુરોગ, કમળા તથા હલીમક રોગમાં શાસ્ત્રીય ઔષધિ:-પુનર્નવાદિ મંડૂર, નવાયસ ચૂર્ણ, અષ્ટાદશાંગ લોહ, ત્ર્યૂષણાદિ મંડૂર વટક, અમૃતલતાદિ ઘૃત, હરિદ્રાદિ ઘૃત, દશમૂળારિષ્ટ, ચંદ્રપ્રભા વટી, લોહાસવ, પાંડુપંચાનન રસ, ત્રિફલારિષ્ટ, ત્રૈલોકયસુંદર રસ વગેરે ખાવા માટે અપાય છે. તેમજ પુનર્નવાદિ તેલ મર્દન કરવા માટે તથા ચંદ્રપ્રભા ગુટી અંજન કરવા માટે અપાય છે. સુંઘવા માટે કુકડવેલના ફળનું ચૂર્ણ આપવાથી પણ ઉપરના રોગોમાં ફાયદો કરે છે.

બાળકો માટે મંડૂરની બનાવટ તથા મોટી ઉંમરવાળા માટે લોહભસ્મવાળી ઔષધિ ચ્યવનપ્રાશ અવલેહ સાથે આપવી વિશેષ લાભદાયક છે.

સ્ત્રીઓને રક્તપ્રદરથી અથવા હરસથી પાંડુરોગ થયો હોય તો મૂળ રોગ દૂર કરવા માટે પ્રથમ પ્રયત્ન કરવો જોઇએ.

જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૨૩.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આમલી-૩, ઇંદ્રજવ-૧૬, ઉક્ષી-૩, કાસાળું-૭, કુકરપાડાનો વેલો-૮, ગોખરૂ બોડા-૧, ચિત્રક-૯, પિસા-૨, ભાંગરો-૧૩, ભોય આમળી-૪, ૫. મીંઢીઆવળ-૬, લીંડીપીંપર-૩૫, વાંકેરી-૩, શ્રાવડ-૩, સમેરવો-૧૫, સાટોડી-૧૯, હરડે-૮. **મૃત્તિકાજન્ય પાંડુરોગ** માટેઃ—કેસર-૬.

જુઓ ગો૦વૈ૦માંઃ—દૂધ-૨૧, ગોમૂત્ર-૬. પ્રા૦ઔ૦માંઃ—મૂત્રવર્ગ-૧.

પથ્યઃ—જૂના જવ, ઘઉં, ભાત, મગ, તુવર અને મસુરની દાળ, પરવળ, જૂનાં કોહળાં, જૂનાં કેળાં, ગળો, કાળી શેરડી, તાંદળજો, પુનર્નવા, વંતાક, ડુંગળી, લસણ, પાકી કેરીઓ, ઘીસોડાં, આમળાં, છાશ, ઘી, તેલ, જવ અને ઘઉંની કાંજી, માખણ, હળદર, તૂરા પદાર્થ અને કેસર.

અપથ્યઃ—રક્તસ્રાવ, ધૂમ્રપાન, ઉલટી, મળમૂત્રાદિકોના વેગનું ધારણ, પરસેવો, મૈથુન, શીંગો અને પાનની ભાજી, હિંગ, અડદ, પેંડ (તેલમાં તળેલી પુરી), તાંબુલ, સરસવ, મદ્ય, ખાટા પદાર્થ, વિરુદ્ધાન્ન, જડ અને વિદાહી અન્ન.

૩૮—बळतरा (दाहरोग)

કારણ અને લક્ષણઃ—અતિ ઉંષ્ણ પદાર્થોનું સેવન, પિત્તકારક પદાર્થોનું ભક્ષણ. મર્માભિઘાત, મહાશસ્ત્રાદિકોનો પ્રહાર, એ કારણવડે આ રોગ થાય છે. શરીર શુષ્ક અને તપ્ત થવું, નેત્ર આરક્ત કિંવા પીતવર્ણ, એ દાહરોગનાં લક્ષણો જાણવાં.*

ઉપચારઃ—(૧) ધાણા અથવા ધાણા અને વરીઆળી અધકચરી કૂટી રાત્રે ૨૪ તોલા પાણીમાં પલાળી રાખી સવારે તે પાણી ગાળી લઇ તેમાં ખડીસાકર ૪ તોલા નાખી પાવી. (૨) સો વખત ધોએલું ઘી શરીરે ચોપડવું. (૩) અરિઠાનું ફીણ કિંવા કડવા લીમડાનાં પાંદડાં વાટી તેનું ફીણ શરીરે ચોળવું. (૪) ચંદનાદિ ચૂર્ણ દૂધમાં આપવું; એટલે દાહ, પિત્ત અને ઉનવા દૂર થાય છે. (૫) ચોખાની ધાણી અને ખડીસાકરનો કાઢો કરી તે વારંવાર આપતા જવું. (૬) ખજૂરનું સરબત કરી આપવું. (૭) ગળોનું સત્ત્વ જીરૂં અને ખડીસાકરમાં આપવું. ગોવરૂ અને શીતળાના રોગના દાહ ઉપર પણ એ આપવું. (૮) ચોખાના ધોવરામણમાં રક્તચંદન (રતાંદળી) ઘસી તેમાં થોડી ખડીસાકર નાખી તે પાવું.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અગરુ-૨, આંબો-૧૧, ઉંબરો-૨૬, કમળ-૪, કંચનાર-૩, કેળ-૧૩, કોકમ-૬, કોથમીર-૫, ૮, ૯; ખજૂરી-૧૦, ખાટીલૂણી-૪, જવ-૧, ડાંગર-૧૨, તરબુચ-૨, પદ્મકાષ્ઠ-૧, પાઠ (કાળીપાડ)-૪, ફાલસા-૨, બીજોરૂં-૫, બહેડાં-૩, મગ-૨, મરવો-૨, મોથ-૯, ૧૪, રતાંદળી-૧, ૧૦, વાળો-૨, ૪, શતાવરી-૨, સીતાફળ-૩, સિવણ-૭, સુખડ-૧. **રક્તજન્ય દાહ** માટેઃ—વાંસ-૩.

જુઓ ગો૦વૈ૦માંઃ—છાશ-૧, ઘી-૧૫. **હાથપગમાં થતા દાહ** માટેઃ—ઘી-૪. **તાવ વગેરે કારણોથી અતિ બળતરા થાય તોઃ**—ઘી-૫.

જુઓ પ્રા૦ઔ૦માંઃ—ઘૃતવર્ગ-૨. **હાથપગમાં થતા દાહ** માટેઃ—ઘૃતવર્ગ-૧.

* અગ્નિ વડે દાઝવાથી, સૂર્યના તાપમાં ફરવાથી, ગરમ પદાર્થનું સેવન કરવાથી કે પિત્તના પ્રકોપ વગેરેથી અંતર્દાહ (શરીર અંદરની બળતરા) અને બહિર્દાહ (બહાર અગન બળે તે) કે કેવળ દાહ નામે બે દાહ ઉત્પન્ન થાય છે. તેના ૧-રક્તપિત્તદાહ, ૨-રક્તદાહ, ૩-પિત્તદાહ, ૪-તૃષ્ણાદાહ, ૫-રક્તપૂર્ણોદર દાહ, ૬-ધાતુક્ષય દાહ, ૭-મર્મઘાતદાહ, આ સાતે પ્રકાર અને તેમનાં લક્ષણો નામ ઉપરથીજ સમજાય તેવાં છે.

× દાહરોગમાં સિદ્ધ ઔષધિ દાહાંતક રસ, સુધાકર રસ, ચંદનાદિ ક્વાથ, ચંદ્રકલા રસ, ચંદનાદિ અવલેહ વગેરે ખાવા માટે તથા કાંજીક તેલ તથા ચંદનાદિ લેપ શરીર પર લગાડવા માટે અપાય છે.

પથ્ય:—ચોખા, મગ, મસૂર, ચણા, જવ, સાકર, ઘી, દૂધ, માખણ, કાકડી, કોહળું, દાડમ, અડાળાં, મીઠા રસ. **અપથ્ય:**—રસ્તે ચાલવું, ખારા અને પિત્તકર એવા પદાર્થ, ગરમી લેવી, છાશ, પાન, હીંગ, મૈથુન, કડવા, તીખા અને ઉષ્ણ પદાર્થ.

૩૯–बालरोग

કારણ:—માતાનું જડાન્નાદિ ભક્ષણ, વિષમાશન અને દોષકારક અન્નભક્ષણને લીધે દેહમાં પ્રકોપ થઈ શરીર ઉપરનું દૂધ વિકૃત થાય છે, તે કારણોએ બાળકને વ્યાધિ ઉત્પન્ન થાય છે; તેમજ માતપિતાનાં ઉત્પત્તિસ્થાનો વ્યથિત હોય, બાળકોનો અનિયમિત આહાર, ઘણીજ વખત ઉંઘાડવું, ઘણીજ વખત પાણી પાવું, ગરમીમાં બહાર લઇ જવું, દુગ્ધાદિ પદાર્થ ઉઘાડા રાખવાથી વિકૃત થયેલાં એવાં પેય પાવાં, વગેરે કારણોએ બાલરોગ ઉત્પન્ન થાય છે. દૂધ પીનારાં, દૂધ અને અન્ન ખાનારાં અને કેવળ અન્ન ખાનારાં, એવાં ત્રણ પ્રકારનાં બાળકો હોય છે. તે અન્ન અને દૂધ દુષ્ટ ન હોય તો બાળક નીરોગી હોય છે. દંતોદ્‌ભવ એ સર્વ બાલરોગોનું કારણ છે; પરંતુ તેના ઠેકાણે વિશેષ કરી જ્વર, વિડભેદ (ઝાડો, હગામણ), કૃશત્વ, ઉલટી, કપાળ દુખવું, અભિષ્યંદ, શોથ અને વિસર્પ એ ઉપદ્રવ થાય છે.

બાળકોની અંતર્ગત વેદના જાણવાનો ઉપાય:—બાળકના રડવા ઉપરથી તેની કમીજાસ્તી પીડા સમજવી. તે બાળક વારંવાર જે ઠેકાણે હાથ હલાવે તે ઠેકાણે અને જ્યાં આપણને હાથ અડકાડવા દે નહિ તે ઠેકાણે તેને કંઇ પણ દુઃખ છે એવું સમજવું. આંખો મીંચાવા ઉપરથી મસ્તક દુખે છે, એવું સમજવું. મલાવરોધ, ઉલટી, સ્તન ચાટવા અને પેટમાં ગડગડવું, પેટનું ચઢવું અને પેટનું ઉંચું થવું, એ લક્ષણોએ તેના ગળામાં પીડા છે એમ સમજવું. મળમૂત્ર બંધ થવું, ડચકણાં તથા ચારે તરફ જોવું, એ લક્ષણોએ તેની બસ્તીમાં તથા ગુહ્ય સ્થાને પીડા થાય છે એમ સમજવું. વૈદ્યોએ તેની સ્રોતસો (નાક, મુખ, કાન વગેરે દ્વારો), હાથ, પગ વગેરે અવયવ તથા સાંધા વારંવાર જોવા. **બાળકને ઔષધ આપવાનું પ્રમાણ:**—બાળક ઉત્પન્ન થાય એટલે તેને વાવડીંગના ફળ જેટલું અથવા ગુંજાના પ્રમાણમાં ઔષધ આપવું; તેમજ બાળક મોટું થતું જાય તેમ વધારતા જવું. એકેક માસો વધારતાં જવું. **કુકુણક** (બાળખુપર્યા):—× આ રોગ દૂધના દોષે કરી થાય છે. તેના યોગે પાંપણની નીચે ખાજ આવે છે, બાળકની આંખો દુખે છે અને પિયા લાગે છે. તે આંખોને ખૂબ લાગે એટલે બાળક કપાળ, નાક તથા આંખો ચોળે છે અને તેનાથી ગરમીમાં જોવાતું નથી કે આંખો ઉઘડતી નથી. **પારિગર્ભિક (પરિભવ, પારોગડું. મ૦ અવથણે, આયનેર):**—ગર્ભિણી માતાનું દૂધ બાળકને પાવાથી તેને ઉધરસ, અગ્નિમાંદ્ય, ઉલટી, ઝાંપડ, અરુચિ તથા ભ્રમ થાય છે; તે રોતું થાય છે અને તેનું પેટ મોટું થઇ તગતગતું દેખાય છે. આ રોગને પારિગર્ભિક અથવા પરિભવ કહે છે. એ ઉપર અગ્નિદીપન ઔષધ આપવાં. **તાલુકંટક** (તાળવું પડવું, ગળું પડવું, મ૦ ટાળુ, તાન.):—તાળવાના માંસમાં કફ કુપિત થઇ તાલુકંટક રોગ થાય છે, તેથી કરી તાળુને ખાડો પડે છે અને તાળવું નીચે લટકે છે, બાળક થાન લેતું નથી, મહાકષ્ટે ધાવે છે, પાતળો મળ થાય છે, તૃષા લાગે છે, આંખો, ગળું અને મોઢું દુખે છે, ગળું ચોખ્ખું રહેતું નથી તથા જે દૂધ પીએ તે ઓકી કાઢે છે. **મહાપદ્મ વિસર્પ** (રતવા—મ૦ ધાવરે, રક્તબાઉ, મોનેરક્ત):—બાળકના ગળાને કિંવા બસ્તીને ધાવરૂં થાય છે,

× બાળકોની આંખોમાં ઘણું કરીને ૪ રોગ થાય છે. ૧–કુકુણક, ૨–અભિષ્યંદ (આંખો લાલ થવી, ઉઠવી), ૩–ખીલ (ઉપરની પલકની નીચે ફોડકી થવી) અને ૪–ફૂલું (કીકી ઉપર ફૂલ થાય છે તે). કુકુણક (પલકની નીચે થતી ખાજ) માટે અહીં ઉપાય બતાવેલ છે. બાકીના ત્રણ રોગ માટે "આંખના રોગ"ના પ્રકરણમાં જોઇ લેવું. ખીલ ઉપર:—મરી, મનસીલ, રસાંજન, શંખ અને સિંધાલૂણનું ચૂર્ણ કરી મધ મેળવીને આંખમાં આંજવું.

ફૂલા ઉપર—(૧) અઘેડાની જડનો રસ મધ મેળવી આંખમાં આંજવો. (૨) અફીણ, શુદ્ધ નવસાર અને ફુલાવેલી ફટકડી એ ત્રણ વસ્તુ સમભાગ લઇ અઘેડાના રસમાં ઘુંટી અંજન કરવું.

તેથી કરી બાળક જાગતું નથી. તે ધાવરૂં રાતા કમળનાં પાંદડાં પ્રમાણે લાલ હોય છે. આ મહાપદ્મરોગ ત્રિદોષજ છે. એ આંખો ઉપર ઉત્પન્ન થઈ ઉરપર્યંત આવે છે, અથવા હૃદય ઉપર થઈ ગુદાપર્યંત જાય છે. **સસણી (વરાધ્ર, ગધેડી, ભુંડી. મં૦ સુશી, ઉડતે)**:—નાના બાળકની પ્રકૃતિ કફપ્રધાન હોય છે, તે કારણથી તેને પ્રાયઃ કફાશ્રયના રોગ થાય છે. કફકારક પદાર્થ સેવન કરવાથી આ રોગ થાય છે. પેટમાં કફનું જાળું થઇ તે વાયુની નૈસર્ગિક ગતિનો અવરોધ કરે છે અને તે ઉપર ચઢતું ચઢતું કાળજાએ વ્યાપી આગળ કંઠાવરોધ થાય છે. પેટ એકસરખું ઉડતું હોય છે. એ સસણી જેવો અતિ સત્વર વર્ધિષ્ણુ એવો પ્રાણઘાતક બીજો રોગ નથી. **આંકડી** (આંચકી, તાણ):—માતાએ ઉષ્ણ અને વાતુલ પદાર્થો સેવન કરવાથી તેનું દૂધ દૂષિત થાય છે. તે બાળકે પ્રાશન કરવાથી તેના મેંદુ તપ્ત થઈ પ્રાણવાહક તંતુ (મજ્જાતંતુ) ક્ષુબ્ધ થાય છે; તેથી હસ્તપાદાદ્યવયવ થરથર થઇ આંખો સૂકાઇ જાય છે, હાથપગને વારંવાર આંચકા આવે છે, શુદ્ધિ નષ્ટ થાય છે અને સ્તનપાનાદિક વ્યાપાર બંધ થાય છે. આંકડી એ મોટો ભયંકર અને પ્રાણનાશક રોગ છે. આ રોગમાં અપસ્મારનાં સર્વ લક્ષણો થાય છે. આ રોગવાળાં છોકરાં નભાવવાં ભારે કઠિન હોય છે. જે બાળકના મસ્તકમાં ઉષ્ણતા ઘણી હોય છે, તેને પ્રાયઃ આંકડીનો રોગ થાય છે. **ભાર**:—આ રોગ દૂધની મલાઇ કિંવા એવા પ્રકારના પદાર્થોનું સેવન થવાથી પેટમાં મલાઇ જેવો કિંવા દેડકા જેવો આકાર થઇ આંતરડામાં ચિટકાઇ રહે છે. પછી ઉત્તરોત્તર તે ઉપર મલાઇ જેવા પુટ ચઢી ચઢી તે વધતો જાય છે. પછી તેનો આકાર ડબ્બા જેવો જામે છે. તેને નીચે કિંવા બાજુએ અથવા ઉપર છિદ્ર હોય છે; તે તેનું મુખ. તેમાં જે ઊર્ધ્વમુખ હોય તે સાધ્ય, બાજુએ મુખ હોય છે તે કષ્ટસાધ્ય તથા અધોમુખ હોય છે તે બહુધા અસાધ્ય. આ રોગ છ મહિનાની ઉપરના બાળકને થાય છે. **કવલુ** (બરોળ):—આ રોગ પાનથરી (બરોળ) જેવો પેટમાં ડાબી બાજુએથી ઠીકરાના કકડા જેવો થાય છે. **ઉત્ફુલ્લિકા**:—જેમાં પેટ ફૂલે છે અને દમ, સોજો એણે યુક્ત એવી બાળકની જમણી કૂખમાં ઉત્ફુલ્લિકા થાય છે.

બાળખુપરા ઉપર ઉપચાર:—(૧) ત્રિફળાં, લોધર, સાટોડી, આદુ, રિંગણી અને ઉભી ભોરિંગણી, એ વાટી કઢવી તે કલ્કનો સુખોષ્ણ લેપ કરવો. (૨) જસતનાં ફૂલ આંખોમાં આંજવાં. (૩) કુરૂંદના પથ્થર ઉપર લોખંડ ઘસી તે ભૂકી વસ્ત્રગાળ કરી ખુપરા પર નાખવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—હીંગ-૯.

પારિગર્ભિક ઉપર ઉપચાર:—(૧) લીંડીપીંપર મધમાં નાખી ચાટવા આપવી. બાળક પોતાની મેળે ચાટી ન શકે તેમ હોય તો તેની માતાએ ચટાડવું. (૨) સુરવારી હરડે અને તજ ઠંડા પાણીમાં ઘસી આપવી. (૩) અજમો, બોડીઅજમો, જીરૂં, શહાજીરૂં અને સુંઠનું ચૂર્ણ મધમાં આપવું. (૪) પ્રવાળભસ્મ ગુલકંદમાં અથવા મધ અને ઘીમાં આપવી. (૫) મરી પાણીમાં ઉકાળી તેમાં સાકર નાખી તે પાણી આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—પાઢ (કાળીપાડ)-૭, લીંડીપીંપર-૨૪, હરડે-૩૧. જુઓ પ્રા૦ઔ૦માં:—દૂધ-૪.

તાલુ કંટક-તાળવું (ગળું) પડે છે તે ઉપર ઉપચાર:—†(૧) હરડે, વજ અને ઉપલેટનો કલ્ક કરી મધ નાખી તે માતાના દૂધમાં પાવું. (૨) સાબરશિંગ ગાયના દૂધમાં કિંવા ઘીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવો; અને ગાયના દૂધમાં સાબરશિંગ ઘસી પાવું. (૩) વજ અને જાય-

---

† તાલુકંટક(તાળવું પડે છે તે)ની પરીક્ષાઃ—બાળકના તાળવાના ખાડામાં ૧ થી ૨ માસા ગોળનો ટુકડો રાખી ઉપર ઘઉંના લોટની ટીકડી રાખી વસ્ત્રથી બાંધવું. ત્રણ ચાર કલાક પછી ખોલીને જોવું. જો ગોળ ઉડી જાય તો રોગ છે. જો તાલુકંટક નહિ હશે તો ગોળ પડયો રહેશે. તાલુકંટકની ઔષધિઃ-(૧) મહામરિચાદિ તેલ જે ભાવપ્રકાશમાં કુષ્ઠ પ્રકરણમાં કહેલ છે તેનું મર્દન કરવું; તેમજ નારાયણ તેલનું મર્દન પણ લાભદાયક છે. (૨) શેકેલી હીંગ ૧ સરસવ જેટલી, આદુનો રસ, તુલસીનો રસ, ભેંસના છાણનો રસ તથા મધ ચાર ચાર ટીપાં લઈ, સર્વ મેળવી દિવસમાં બે વખત ચટાડવાથી એક માસની અંદર તાલુકંટક દૂર થાય છે.

મૂળ દૂધમાં અગર ઘીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવો તથા સાબરશિંગ ઘસી પાવું. (૪) વાસનવેલ અગર પાડળીના વેલાનાં પાંદડાં બારિક વાટી પેંડી કરી તે તાળવા ઉપર લગાવવી. (૫) કડવાં કારેલાં અને આંબાહળદરનું ચૂર્ણ માખણમાં મેળવી તેની પિંડી તાળવા ઉપર લગાવવી અને ઉપર એરંડાનાં પાંદડાં ૩ દિવસ બાંધવાં. (૬) કારીવણાનાં પાંદડાંનો અથવા ડુંગળીનો રસ કાઢી તેમાં જીરાની ભૂકી અને ખડીસાકર નાખી તે પાવો. (૭) ડુંગળી શેકી વાટી તેનો લેપ કરવો અને સાંજે તે કાઢી તાળવા ઉપર ગાયનું ઘી ચોપડવું. (૮) જવખાર અને મધ આંગળી પર લઇ તાળવા ઉપર ચોળવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એરંડો–૭, કદંબ–૧, કારિવણા–૮, ડુંગળી–૨૬, પાટલા–૧૦, વજ–૧૧, વાસનવેલ–૬, શિરદોડી–૯, હરડે–૧૩, હળદર–૧૭. જુઓ પ્રા૦ ઔ૦માં:—સાબરશિંગ–૪.

ધાવરાં (રતવા) ઉપર ઉપચાર:—(૧) રાતી કરેણનાં ફૂલ તથા ચોખા અને તેના સમભાગ વજ લઇ રાત્રે ઠંડા પાણીમાં ભીંજવી રાખી તે વાસણ ઝાકળમાં ઉઘાડું રાખવું. સવારે વાટી તેનો લેપ કરવો. (૨) ધોળી ચણોઠીનાં પાંદડાં વાટી તેનો લેપ કરવો. (૩) ગુલાબનું મૂળ પાણીમાં ઘસી લેપ કરવો. (૪) સાગનાં પાંદડાં અને કામળાના કકડાની રાખ કરી તેલમાં ખરલ કરી ચોપડવી. (૫) ગોપીચંદન ઘસી ચોપડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કરેણ–૫, કાળીવેલ–૧, ગુલબાશી–૧, ગૌરીનો ફણો–૧, ચણોઠી–૮, દુદરલી–૩, ધાવડી–૬, મીંઢળ–૬, સાગ–૪, હુરા–૬.

સસણી‡(વરાધ, ગરત્રણી) ઉપર ઉપચાર:—(૧) સુરવારી હરડે, બહેડાં અને જેઠીમધ, એ ઉષ્ણોદકમાં ઘસી તેમાં લગાર સિંધવ અને મધ નાખી તે ચટાડવું. (૨) નાગરવેલનાં પાકેલાં પાનને એરંડતેલ ચોપડી તે પેટ ઉપર મૂકી પેટ શેકવું. (૩) બાળગોળીમાં ચણાની દાળ કરતાં પણ કમી પાપડખાર અથવા સાજીખાર નાખી તેમાં થોડું બાળકની માતાનું દૂધ નાખી તે પાઇ દેવું, તેથી ઉલટી થશે. (૪) ગોરોચન અને હળદર નાગરવેલના પાનના રસમાં આપવી. (૫) પાન સાથે કાળીજીરી અને હળદર નાખી રસ કાઢી આપવો. (૬) કારેલીનાં પાનનો રસ કાઢી તેમાં હળદર નાખી તે રસ પાવો. (૭) બાવળીનાં બીઆં નાગરવેલના પાનના રસમાં, દૂધમાં અગર પાણીમાં ઘસી પાઈ દેવાં. (૮) સતાપાના પાનનો રસ મધ નાખી આપવો. (૯) ગોમૂત્ર એક–બે વખત ગાળી હળદર નાખી પાઇ દેવું. (૧૦) ડીકામાલી, રેવંચીનો શીરો અને એળીઓ ગરમ પાણીમાં વાટી ડુંટી છોડી પેટ ઉપર લેપ કરવો.

જુઓ ગો૦વૈ૦માં:—ગોમૂત્ર–૪. પ્રા૦ઔ૦માં:—બીર બહોટી–૩, સસલાનું લોહી–૧.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એરંડો–૧૭, કાળીજીરી–૪, કેસરીચંપો–૨, ડીકામાલી–૬, થુવેર–૮, નાગકેસર–૪, નાગદમની–૫, બાકળી (હીંગોત્રી)–૧, સતાપા–૬, સોનવેલ–૧. હળદર–૮,૧૦.

આંકડી* (આંચકી, તાણ) ઉપર ઉપચાર:—(૧) ધોળી ડુંગળી લગારેક ચીરી, નાકમાં ધરી,

‡ આ દરદ બહુધા બાળકને પેટમાં ભાર રહેવાથી થાય છે. એથી કાળજા પાસે દબદબો ભરાઇ રહેલો હાથથી તપાસતાં જણાઇ આવે છે; તેમ તે થયા પછી બાળકને ઝાડાની કબજીઅત રહે છે. માટે એમાં બનતી સાવચેતીથી તાકીદે ઝાડો ઉતરે તેવા ઉપાય લેવા. કેટલાક વૈદ્યો ત્રિફળાંનો ઉકાળો પણ અપાવે છે.

* કેટલીક જગ્યાએ જે અતિસારનો ભેદ મરડો છે, તેને પણ આંકડી કહે છે, કે જેમાં દરદી ફરાગત જતાં મહાન કષ્ટ ભોગવવા છતાં ઝાડો ઉતરતો નથી; પરંતુ આ જગ્યાએ આંકડી શબ્દનો એ અર્થ થતો નથી. જ્યાં મરડાને આંકડી બોલવાનો રિવાજ છે, એવી જગ્યાએ આ દરદને આંચકી કહે છે. આ દરદીથી બાળક બચવું ઘણું મુશ્કેલ હોય છે. એ દરદ શરૂ થયા અગાઉ કોઇ બાળકને ઉલટી થતી માલૂમ પડે છે. આ ઉલટી બંધ કરવી નહિ જોઇએ; કેમકે એને ગરમ દવાઓથી બંધ કરતાંની સાથેજ આ દરદ દેખાઈ આવે છે અને પછી નિરૂપાય થવાનો વખત આવે છે. માટે આ ઉલટી થતાંજ બાળકને ઉપરાઉપરિ પાટીઓ ટંકણખાર ફુલાવી વાલવાલના શુમારે અથવા યોગ્ય માત્રાથી માતાના ધાવણમાં અગર પાણીમાં આપતા રહેવું. એથી ઉલટીમાં ચીકણા

રાખવી અને સુંઘાડવી. (૨) તાળવા સિવાય સર્વ મસ્તકે, નાક આગળ અને કપાળ ઉપર તથા આંખો ઉપર ગુલાબજળ ચોપડવું. (૩) સુરવારી હરડે ઠંડા પાણીમાં ઘસી હૈયાને, જીભ નીચે અને લગારેક જીભને પણ ચોપડવું. એટલાથી ઉપશમ ન થાય તો હરડે, આમળાં તથા ખડીસાકર ઘસી અંજન કરવું; તથા ડુંગળીનો ઉપાય આસ્તે આસ્તે ચાલુ રાખવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ડુંગળી-૧, મરડાશિંગ-૧, હરડે-૯.

ભાર ઉપર ઉપચાર:—(૧) કડુવૃંદાવન (ઇંદ્રવરણું) ભેંસના મૂત્રમાં બાફી તે મૂત્રસુદ્ધાં ખરલ કરી, પછી તે વાલભાર લઇ એક ચણોઠીભાર પાપડીઓખાર અથવા સંચળની ભૂકી સાથે મધમાં આપવું. (૨) ગોમૂત્રમાં સાકર તથા મીઠું સમભાગ નાખી તે પાવું. (૩) એળીઓ અને ડીકામાળી એકત્ર કરી પાવી. (૪) કબુતરની અથવા પારેવાની હગાર મધમાં ચટાડવી. (૫) તોલાભાર પાપડખાર અને એક મોટું વતાક કલાઈવાળા વાસણમાં બાફી તેનો ગોમૂત્રમાં ખરલ કરી તેમાંથી બે વાલ લઈ ગોળના પાણીમાં પાવું. (૬) બેઠી ભોરિંગણી અને ઉભી ભોરિંગણીના કાઢામાં તોલાભાર પાપડખાર ખરલ કરી બેએક આંગળી ચટાડવું. (૭) કડવી પંડોળીનાં મૂળ ગધેડીના દૂધમાં ઘસી મધ્ય રાત્રે પાવાં. (૮) જંગલી શેલડીનો રસ થોડા દૂધમાં પાવો. (૯) સૂર્યકમળનાં ફૂલનો રસ દશ ટીપાં શક્તિ અનુસાર દૂધમાં આપવો. (૧૦) ખેરેતીની છાલ, પાણીશોક અને નાળીએરની કાચલી ગોમૂત્રમાં ઘસી દરરોજ બે વખત શક્તિ પ્રમાણે ૨૧ દિવસ આપવી. (૧૧) ખેરેતીની છાલ, ચિત્રકનાં મૂળ અને અઘેડાનાં મૂળ ગોમૂત્રમાં ઘસી આપવાં. રેચ થયે ઉતાર—દહીં અને ભાત.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ઇંદ્રવરણા-૪, ૧૩, કારેલી-૯, કાંચકી-૧૧, કુંવાર-૧૪, ખેરેતી-૩, ૪, ૬, ડીકામાલી-૫, બોળ (હીરાબોળ)-૩, ભાંગરો-૬, ભીલામો-૨૫, ભોરિંગણી-૮, વંતાકડી-૪, સરગવો-૧૨, સૂર્યફૂલ-૩, હેદ-૧.

જુઓ પ્રા૦ ઔ૦માં:—અસ્થિવર્ગ-૯, કબુતરની હગાર-૪, બીરબહોટી-૧, ૨.

કવલુ (બરોળ) ઉપર ઉપચાર:—ભાર ઉપરના ઉપચાર કરવા.×

ઉત્ફુલ્લકા રોગ ઉપર ઉપાચાર:—(૧) જળો લગાડી રક્ત કઢાવવું; અને કંકોડી, સુંઠ, નાગરમોથ, ચણકબાબા તથા અતિવિષનું ચૂર્ણ માતાને પાવું; એટલે દુગ્ધદોષનું નિવારણ થાય છે. (૨) પેટ શેકવું અને બીલીનાં મૂળ, નાગરમોથ, પહાડમૂળ, ત્રિફળાં, બેઠી ભોરિંગણી તથા ઉભી ભોરિંગણીનો કાઢો ગોળ નાખી પાઇ દેવો.

દંતોદ્ભવ (દાંત આવવા) ઉપર ઉપચાર:—(૧) દાંત આવવાની વખતે ધાવડીનાં ફૂલ, લીંડીપીંપર અને આમળાંના રસમાં મધ નાખી દાંતના માંસવાળા ભાગને ચોળવું; એટલે બાળકને દંતપીડા થતી નથી. (૨) દાંતની પીડા ઘણી થઇ હોય તો ધોળી નગોડનાં પૂર્વબાજુનાં મૂળ લાવી ગળામાં બાંધવાં; એટલે દાંત સંબંધી ઉપદ્રવ અને કુરંડ એટલે એક અંડ ઉતરે છે તેનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કેળ-૧૪, ધાવડી-૩.†

બાળકના તાવ ઉપર ઉપચાર:—*(૧) પદ્મકાષ્ઠ, કડવો લીમડો, ધાણા, ગળો અને રક્તચંદનનો કાઢો બાળકને તથા તેની માતાને આપવો, એટલે સર્વ પ્રકારના તાવનો નાશ થાય છે. (૨) જેઠીમધ, વંશલોચન, ધાણી અને રસાંજનનો લેહ બાળકોને આપવો. તે સર્વ જ્વરનો નાશ

તાંતા નીકળી જશે અને આ આચકીનું દરદ થઇ આવવાની ધાસ્તી રહેશે નહિ.

આંચકીવાળા બાળકને "માળવી ગોખરૂ ૫ અને સૂકી આમલી (આમલીનાં ફળ) પાણીમાં એકઠાં વાટી લૂગડાથી ગાળી બે તોલા પાણી પાવું." આ ઉપાય અજમાવી ખાત્રી કરેલો છે.

× બાળકોના બરોળ ઉપર ઉપચાર:—શરપંખા અને ગોરખમુંડીનો રસ કાઢી મધ મેળવી દિવસમાં બે વખત પીવરાવવાથી યકૃત તથા પ્લીહારોગ દૂર થાય છે.

† બાળકોના દાંત આવતી વખતે થતા દરદ માટે દંતોદ્ભેદ ગદાંતક અપાય છે.

* બાળકોના તાવ ઉપર બીજી ઔષધિ કુમારકલ્યાણ રસ, બાલરોગાંતક રસ, ગોદંતી ભસ્મ વગેરે અપાય છે. જીર્ણજ્વરમાં લાક્ષાદિ તેલ મર્દન કરવા માટે અપાય છે.

કરે છે. (૩) નાગરમોથ, પિત્તપાપડો, વાળો, કાળો વાળો અને પદ્મકાષ્ઠનો કાઢો ઠંડો થયા પછી આપવો; તે દાહ, ઉલટી તથા જ્વરનો નાશ કરે છે. (૪) ભદ્રમોથ, હરડે, કડવો લીમડો, કડવાં પંડોળાં અને જેઠીમધનો મંદોષ્ણ કાઢો આપવો. તે બાળકના નિઃશેષ જ્વરનો નાશ કરે છે. (૫) દશમૂળનો કાઢો કરી તેમાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવો; તે મોહ, ઘેન તથા સન્નિપાત જ્વરનો નાશ કરે છે. (૬) નાગરમોથ, રક્તચંદન, અરડુસી, સુંઠ, જેઠીમધ અને ગળોનો કાઢો પિત્ત, તૃષા, દાહ તથા જ્વરનો નાશ કરે છે. (૭) અરડુસી, પિત્તપાપડો, વાળો, કડવો લીમડો તથા કરિયાતાનો કાઢો આપવો; તે ઉલટી, દમ, ઉધરસ, પિત્ત અને જ્વરનો નાશ કરે છે. (૮) લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં આપવું; એટલે જ્વર, દમ, ઉધરસ, કમળો તથા અગ્નિમાંદ્યનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ–અતિવિષ–૧, ૨, એરોદસ–૨, કાકડાશિંગી–૧, લીંડીપીંપર–૨૦. **જીર્ણજ્વર** માટે—માયફળ (માયાં)–૬.

બાળકના અતિસાર (ઝાડો, હગામણ) ઉપર ઉપચારઃ—(૧) લીંડીપીંપર, મજીઠ, કાકડાશિંગી અને નાગરમોથનું ચૂર્ણ મધમાં આપવું; એટલે જ્વર, ઉધરસ, ઉલટી અને અતિસારનો નાશ થાય છે. (૨) દાડમપાક આપવો. (૩) કડાનાં મૂળના ઉપરની છાલ છાશમાં વાટી હીંગ નાખી આપવી. (૪) કડાપાક આપવો; એટલે સંગ્રહણી અને અતિસારનો નાશ થાય છે. (૫) ધાણી, સિંધવ તથા આંબાની ગોટલીનું સમભાગ ચૂર્ણ મધમાં આપવું; તે ઉલટી અને અતિસારનો નાશ કરે છે. (૬) લીંડીપીંપર, રસાંજન અને આંબાની ગોટલીનું ચૂર્ણ મધમાં આપવું; તે ઉલટી તથા અતિસારનો નાશ કરે છે. (૭) ધાવડીનાં ફૂલ, બીલાં, ધાણા, લોધર, ઇંદ્રજવ અને વાળાનું ચૂર્ણ મધમાં આપવું; તે જ્વર અને અતિસારનો નાશ કરે છે. (૮) લોધર, લીંડીપીંપર અને વાળાનું ચૂર્ણ આપવું. (૯) વાવડીંગ, અજમોદ અને લીંડીપીંપરના તાંદુળનું ચૂર્ણ ગરમ પાણીમાં આમાતિસાર ઉપર આપવું. (૧૦) વાળો, સાકર અને મધ, એ ચોખાના ધોવરામણમાં આપવું; એટલે રક્તાતિસાર, ઉધરસ, દમ અને ઉલટીનો નાશ કરે છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અતિવિષ–૮, આમળાં–૩૭, ઇંદ્રજવ–૧૨, કપાસ–૧૭, કારિવણા–૭, કોલિંજન–૮, તુલસી–૭, દાડમ–૨, માયફળ (માયાં)–૩, રાળ–૨, લીંડીપીપર–૨૦, વાળો–૩, સુરપીણુ–૨. **શરદીની હગામણ** માટેઃ—જાયફળ–૩. **રક્તાતિસાર એટલે લોહીના** માટેઃ—ધાવડી–૨, રાળ–૨, વાળો–૩. **આમાતિસાર** માટેઃ—અતિવિષ–૭.

બાળકોને આપવાના સૂક્ષ્મ રેચઃ—(૧) સોનામુખીનો (મીંઢીઆવળનો) કાઢો ગોળ નાખી શક્તિ પ્રમાણે આપવો. (૨) સુરવારી હરડે ગરમ પાણીમાં ઘસી પાવી. (૩) રેવંચીનો શીરો ચણોઠીભાર અથવા બે ચણોઠીભાર મધમાં અથવા ગોળમાં આપવો. (૪) ગુલાબકળી, બાળહરડે અને સોનામુખીનો કાઢો આપવો. (૫) એરંડા અને ઉંદરની લીંડીઓનું ચૂર્ણ લિંબુના રસમાં ખરલ કરી ગુદા અને નાભિ ઉપર લેપ કરવો.

બાળકના ઝાડા અને પેશાબના બંધ ઉપરઃ—ઉંદરની લીંડીઓ–૧.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ–એરંડો–૩૧, રેવંચી–૪, હરડે–૧૭. જુઓ પ્રા૦ઔ૦માંઃ–ઉંદરની લીંડીઓ–૪.

બાળકની સંગ્રહણી ઉપર ઉપચારઃ—(૧) અજમો, જીરૂં, મરી, લીંડીપીંપર, ઇંદ્રજવ અને સુંઠનું ચૂર્ણ મધમાં આપવું. (૨) લીંડીપીંપર, ભાંગ તથા સુંઠનું ચૂર્ણ મધમાં આપવું. (૩)

---

* ગંગેટીની જડ, ખારેકનો ઠળીઓ અને અતિવિષ અથવા સુંઠ સમાનભાગે ઘસી પાવાથી બાળકનો અતિસાર જાય.

લવંગ નંગ ૭ અને શેકેલા મોટા ચણાનાં ફોતરાં ટાંક ૨ ને ઝીણાં વાટીને નદીની છીપ ૫ લાવી ચૂલામાં બાળી પછી પાણીમાં ઉકાળવી. તે પાણીમાં પડીકી ૧ બાળકને આપવાથી બાળક દૂધ ઓકતું હોય તો શાંત થાય.

બાળકોના અતિસાર, મરડો તથા સંગ્રહણી ઉપર બાલકુટજાવલેહ, સિંદૂરાદિ ચૂર્ણ, બાલચાંગેરી ઘૃત, લાજાદિ ચૂર્ણ વગેરે અપાય છે.

લીંડીપીંપર, સુંઠ, બીલાં, નાગરમોથ તથા અજમાનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. (૪) સુંઠ અને બીલાંનું ચૂર્ણ ગોળમાં આપવું. એથી ત્રિદોષ સંગ્રહણીનો નાશ થાય છે. (૫) નાગરમોથ, અતિવિષ, બીલાં અને ઇંદ્રજવનું ચૂર્ણ મધમાં આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-દાડમ-૨, બીલી-૨૦, માયફળ (માયાં)-૩, લસણ-૧૦. **આમસંગ્રહણી** માટે:-આદુ-૨૫, ફણસ-૩. **રક્તસંગ્રહણી** માટે:—આમલી-૧૯, એથમીઝરૂં-૫, તલ-૧૬, નાગકેસર-૩, માયફળ (માયાં)-૨.

બાળકોના શ્વાસ, કાસ ઉપર ઉપચાર:—(૧) ધાણા અને ખડીસાકર ચોખાના ધોવરામણમાં આપવાં. (૨) ધમાસો, લીંડીપીંપર, દ્રાક્ષ અને હરડેનું ચૂર્ણ મધમાં આપવું. (૩) લીંડીપીંપર, ધમાસો, દ્રાક્ષ, કાકડાશિંગી અને કુંવાડીઆનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. એ શ્વાસ, કાસ અને જ્વરનો નાશ કરે છે. (૪) કાકડાશિંગી, નાગરમોથ તથા અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. તે ઉધરસ, જ્વર અને ઉલટીનો નાશ કરે છે. (૫) વંશલોચનનું ચૂર્ણ મધમાં આપવું. (૬) અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું; એટલે તે શ્વાસ, કાસ, જ્વર, ઉલટી અને સૂતિકારોગનો નાશ કરે છે. (૭) ધોળી અરડુસીનાં પાંદડાં ચોખ્ખા કપડામાં વિંટાળી શેકી રસ કાઢવો; અને તેમાં મધ, લીંડીપીંપર તથા તેલીઆ ટંકણખારની ફુલાવેલી ભૂકી નાખી ચાટણ આપવું. (૮) અરડુસી, સુંઠ, રિંગણી અને ગળોનો કાઢો મધ નાખી આપવો.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**ઉધરસ** માટે:—અતિવિષ-૧, એરોદસ-૨, કાકડાશિંગી-૧, ૨, કાંટાસરીઓ-૧, કોથમીર-૧૭, ગોંડાળ-૨, દક્ષણી થુરીઓ-૧, દાડમ-૧, બોરસલી-૭, રાજહંસ-૧, લીંડીપીંપર-૨૦, વાવડીંગ-૫, વાળો-૩, વાંસ-૭, શિરદોડી-૩, સતાપા-૫, ૮, સુરપીણ-૩. **શ્વાસ એટલે દમ** માટે:—અતિવિષ-૧, કોથમીર-૧૭, વાવડીંગ-૫, વાળો-૩, વાંસ-૭.

હેડકી ઉપર ઉપચાર:—(૧) સોનાગેરૂનું ચૂર્ણ મધમાં આપવું. (૨) લીંડીપીંપર અને રેણુકબીજના કાઢામાં હીંગ અને મધ નાખી આપવું. (૩) કડુનું ચૂર્ણ મધમાં આપવું; તે હેડકી અને ઘણા દિવસની ઉલટીનો પણ નાશ કરે છે. **ઉલટી ઉપર ઉપચાર:**—(૧) હરડેનું ચૂર્ણ મધમા આપવું. (૨) પીંપળાની છાલની રાખ પાણીમાં નાખી તે પાવી. (૩) આંબાની ગોટલી, ધાણી અને સિંધવનું ચૂર્ણ મધમાં આપવું. દૂધ પી ઉલટી કરનારા બાળકને પીંપર, પીંપળીમૂળ, ચવક, ચિત્રક અને સુંઠ, એ પંચકોલનું ચૂર્ણ મધમાં આપવું. (૪) મહાળુંગ(બીજોરા)નાં મૂળ દૂધમાં ઘસી પાવાં. (૫) બાળ આંબો, જેઠીમધ અને લીંડીપીંપર મધમાં ઘસી ચાટણ આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અજવલો-૨, અતિવિષ-૧, ૨, કાકડાશિંગી-૧, તુલસી-૬, ૭, બીજોરૂં-૪, રાનતુલસી-૨, લીંડીપીંપર-૧૦, વાળો-૩.

તૃષા (તરસ) **ઉપર ઉપચાર:**—લીંડીપીંપર, જેઠીમધ અને આંબાનાં પાંદડાંનું ચૂર્ણ મધમાં આપવું. (૨) કાળી દ્રાક્ષ અને જેઠીમધનો કાઢો આપવો. **આનાહવાયુ (આફરા) ઉપર ઉપચાર:***—(૧) સિંધવ, સુંઠ, એલચી અને ભારંગમૂળનું ચૂર્ણ ઘીમાં આપવું; તે આનાહ અને

× (૧) બાળકોના શ્વાસકાસ ઉપર બીજી ઔષધિ:-કંટકારી ઘૃત, કુમારકલ્યાણ રસ, મુસ્તકાદિ સ્વરસ, દ્રાક્ષાદિ ચૂર્ણ વગેરે અપાય છે. (૨) ઉટાંટીઓ (મોટી ઉધરસ) જે દૂધપીતા બાળકને થાય તેની માને લીંડીપીંપર અને ઘીથી વઘારેલું અડદનું યૂષ પીવરાવવાથી ધાવણ ગુણદાયક બને છે. બાળકને લીંડીપીંપર, મુનકા તથા સુંઠનું ચૂર્ણ ઘી તથા મધ મેળવી ચટાડવું અથવા ધાવણમાં મેળવી પીવરાવવું. (૩) બાળકોને કેટલીક વખત ઉધરસની સાથે ગળાનો કાકડો ઢીલો થઇ જાય છે તેના ઉપર કાળાં મરી તથા ચૂલાની માટી પાણીમાં વાટી લગાડવું. અથવા માયફળ પાણીમાં ઘસી કાકડા પર ચોપડવું.

* આફરા ઉપર ઔષધિ:—(૧) એળીઓ તથા સાણુ સમભાગ લઇ પાણીમાં વાટી નવસેકુ કરી દૂધપીતા બાળકના પેટ અને પેડુ ઉપર લેપ કરવાથી દસ્ત આવીને સોજો તથા આફરો દૂર થાય છે. (૨) હીંગ પાણીમાં ઘોળી ગરમ કરી નાભિની ચારે તરફ લેપ કરવો અથવા સરસવના ખોળ-(ખલી)નો લેપ કરવો. (૩) સિંધાલૂણ અને હીંગની મધમાં પાતળી બત્તી બનાવી ઘીમાં બોળવી બાળકની ગુદામાં રાખવાથી ઉદાવર્ત (ચકર) તથા આફરો દૂર થાય છે.

વાતરક્તનો નાશ કરે છે. **રડતા બાળકને માટે:**—ત્રિફળાં અને લીંડીપીંપરનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. **×બાળકની ક્ષીણતા ઉપર ઉપચાર:**—(૧) ભોંયકોહળું, ઘઉં અને જવનું ચૂર્ણ કરી તેમાં ઘી નાખી આપવું અને પછીથી લાગલુંજ સાકર અને મધ નાખી દૂધ આપવું. (૨) ઉંબરફળ(ઉંબરા)નું ચૂર્ણ ઉપલેટ અને વજનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું; કિંવા કાકોલી, શંખાવળી તથા ઉંબરાનું ચૂર્ણ મધ અને ઘી નાખી આપવું; અથવા અર્કપુષ્પી(સૂરજમુખી)ને ઉંબરાનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું કિંવા ઉંબરાનું ચૂર્ણ કાયફળ અને ઘોળી ધરોનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. એ ચાર પ્રાશ્ય બાળકનાં દેહ, બળ તથા પુષ્ટિને વધારે છે. (૩) આસગંધનો કલ્ક એક ભાગ તથા દૂધ આઠ ભાગ, એમાં ઘી નાખી પચન કરી તે બાળકને આપવું, એટલે પુષ્ટિ કરે છે તથા બળને વધારે છે. **સોજા ઉપર ઉપચાર:**—(૧) નાગરમોથ અને કોળાનાં બીઆં, દેવદાર અને ઈંદ્રજવના પાણીમાં વાટી લેપ કરવો. (૨) સાટોડીનાં મૂળ વાટી લેપ કરવો. (૩) ડુંટીને સોજો આવ્યો હોય તો માટીનું ઢેકું તપાવી તે ઉપર દૂધ નાખવું અને ગરમ હોય તેના વડે નાભિ પર શેક કરવો. **નાભિપાક ઉપર ઉપચાર:**—(૧) હળદર, લોધર, ગહુલા અને જેઠીમધના કાઢામાં તેલ સિદ્ધ કરી તે ઉપર ચોપડવું અને એનુંજ ચૂર્ણ કરી તે ઉપર નાખવું. (૨) બકરીની લીંડીઓ દૂધમાં વાટી લેપ કરવો. (૩) તજ તથા ચંદન અથવા ક્ષીરવૃક્ષ(ઉંબરા)નું ચૂર્ણ ઉપર નાખવું. **ગુદાપાક ઉપર ઉપચાર:**—§(૧) પિત્તનાશક ક્રિયા કરવી. બાળકોને વિશેષે કરી પ્રાશન અને લેપન એ વિષયમાં રસાંજન હિતકારક છે. (૨) શંખ, જેઠીમધ અને રસાંજનનું ચૂર્ણ ઉપર ચોપડવું. **ક્ષત, ફોલ્લા ઈત્યાદિ ઉપર ઉપચાર:**—(૧) કડવાં પંડોળાં, ત્રિફળાં, કડવા લીમડાની છાલ અને હળદરનો કાઢો આપવો; એટલે ક્ષત, ફોલ્લા અને જ્વર શાંત થાય છે. (૨) પીંપળાની છાલ, રક્તચંદન (રતાંદળી) અથવા રેવંચીનું લાકડું પાણીમાં ઘસી લેપ કરવો. **ખસ ઉપર ઉપચાર:**—(૧) ધુમાસ, હળદર, ઉપલેટ, રાઈ અને ઈંદ્રજવ, એ છાશમાં વાટી લેપ કરવો; તે કરોળીઆ, ખસ અથવા ખરજ અને કોઢનો નાશ કરે છે. (૨) ગંધક અને કપૂર કોપરેલમાં ખરલ કરી લેપ કરવો. (૩) રેચ આપવો. **મુખપાક ઉપર ઉપચાર:**—† (૧) જાઈનાં પાંદડાં, દૂધ, દ્રાક્ષ, પહાડમૂળ અને ત્રિફળાંના કાઢાએ ગલફોરાં ભરવાં. (૨) પીંપળાની છાલ અને પાંદડાંના ચૂર્ણનો લેપ કરવો. (૩) તપખીર લગાડવી. **ખરજવા ઉપર ઉપચાર:**—(૧) ખીજડીનાં પાંદડાં ગાયના દહીંમાં વાટી લેપ કરવો. (૨) ચોખાના દાણા ધરોના રસમાં વાટી લેપ કરવો. (૩) કપીલો અગર સોનાગેરૂ દહીંમાં વાટી લેપ કરવો. (૪) ગોપીચંદન ઘસી ચોપડવું. **માથા ઉપર ફોલ્લીઓ થઈ આવે છે તે ઉપર ઉપચાર:**—(૧) ચંદન અને અગર ગુલાબજળમાં વાટી તેનો લેપ કરવો. (૨) ગોપીચંદનનો લેપ કરવો. (૩)સોનાગેરૂ, રક્તચંદન (રતાંદળી) અને ગુલેઅરમાનીને ઠંડા પાણીમાં અથવા ગુલાબજળમાં વાટી લેપ કરવો. એનાથી ખરજવું પણ જાય છે. **અળઈયો ઉપર ઉપચાર:**—(૧) ચંદન, ધાણા અને વાળાનો ગુલાબજળમાં લેપ કરવો. (૨) આમળાં, ધાણા વાળો અને નાગરમોથનો લેપ કરવો. (૩) ચણાનો લોટ ઠંડા પાણીમાં મેળવી ચોપડવો અને સૂકાયા પછી સ્નાન કરવું. **પેટપીડ (ઉદરશૂળ) ઉપર ઉપચાર:**—×(૧) એક લિંબુ ચીરી તેની એક ફાડ

× બાળકોની ક્ષીણતા ઉપર વધુ ઔષધિઃ—કુમારકલ્યાણ ઘૃત, અશ્વગંધા ગંધ અને અષ્ટમંગલ ઘૃત વગેરે અપાય છે.

§ જે બાળકની ગુદા પાકે તે બાળકની માનું દૂધ પિત્તકફનાશક ઔષધિથી શુદ્ધ કરવું જોઈએ; તેમજ વ્રણની ચિકિત્સા પિત્તકફનાશક ઔષધિદ્વારા કરવી.

† મુખપાક ઉપર—ગેરુ, સોહગાનું ફૂલું, ફટકડીનું ફૂલું તથા શંખજીરૂ, એનું ચૂર્ણ કરી લગાડવું. એટલે ચાંદા, બળતરા તથા લાળ ટપકતી બંધ થાય છે. (૧) કપૂર, ચણકબાબ તથા કાથાનું ચૂર્ણ પાણીમાં ઘુંટીને ચોપડવું.

× પેટપીડ (ઉદરશૂળ) ઉપરઃ—(૧) કાળા તલને પાણીમાં વાટી ગરમ કરી પોટલીમાં બાંધી પેટ ઉપર શેક કરવો. (૨) ઇલાઇચી, ભારંગી, સિંધાલૂણ, સુંઠ તથા તળેલી હીંગ સમભાગ

ઉપર ઠીકામાલી ભરી, બીજી ફાડનો રસ તે ઉપર નીચોવી, ઠીકામાલી ભરેલી ફાડ અંગારા પર રાખી ખદખદાવવી; પછી કાઢી લઇ ચૂસાડવી એટલે પીડ બંધ થાય છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને કોઠો શુદ્ધ થાય છે. **બાળકોની ઉલટી, ઝાડા તાવ તથા ઉધરસ ઉપરઃ**—(૧)પીપલ્યાદિ ચૂર્ણ (લીંડીપીંપર, નાગરમોથ, અતિવિષ, અને કાકડાશિંગીનું ચૂર્ણ) મધમાં ચટાડવુ. (૨) ચુનાનું નીતર્યું પાણી, ગાયનું દૂધ તથા વરીઆળીનો અર્ક મેળવી થોડું થોડું પીવરાવતા રહેવાથી દૂધ પાચન થઇ જાય છે. (૩) પેટ ઉપર સરસવનું તેલ ચોપડી ફલાલીન અથવા ગરમ કપડાથી પેટ ઢાંકી રાખવાથી દૂધની ઉલટી બંધ થાય છે. **બાળકને કોગળાઃ**—પાનમાં ચમચાભાર અજમો, અર્ધી મૂઠી વરીઆળી, થોડી હરડે અને થોડો સંચળ નાખી પાન સારી પેઠે ચાવી, સર્વે જણસોનું એકરૂપ થયા પછી તે રસ હથેળીમાં કાઢી બે–ત્રણ આંગળાં પાવો. આ કોગળા આઠદશ દિવસે આપવાનો ક્રમ રાખવો; એટલે કફવાતજન્ય વગેરે વિકાર થઈ શકતા નથી. **મૂત્રકૃચ્છ્ર (ઉનવા) ઉપર ઉપચારઃ**—(૧) ગાયના ગરમ દૂધમાં ગોળ નાખી પીવરાવવું. (૨) એરંડીના તેલમાં દૂધ અથવા ગોમૂત્ર મેળવી પછી તેમાં શુદ્ધ ગુગળ નાખી પીવરાવવું એટલે મૂત્રરોધ તથા વાતરોગનો નાશ થાય છે. **મૂત્રનિગ્રહ (મૂત્ર પેડુમાં ભરાયલું રહે તે) ઉપરઃ**—લીંડીપીંપર, સુંઠ, મરી, એલચીદાણા અને સિંધવનું ચૂર્ણ કરી તેનો સાકરના પાકમાં લેહ કરી આપવો.‡ **ગંડમાળ** (કંઠમાળ) **ઉપર ઉપચારઃ**—(૧) વછનાગનો ગોમૂત્રમાં લેપ કરવો. (૨) વગડાઉ કપાસનાં મૂળ ચોખામાં મેળવી તેનો લોટ કરી રોટલી કરી ખાવી. **અપસ્માર** (ગોથું) અને **ઉન્માદ** (ચિત્તભ્રમ) **ઉપર ઉપચારઃ**—(૧) શિરસ-વૃક્ષ અને કરંજનાં બીઆં ઘસી આંખોમાં આંજવાં; એટલે ઉન્માદ, અપસ્માર અને અપતંત્રકનો નાશ થાય છે. (૨) કોળાના રસમાં જેઠીમધનું ચૂર્ણ નાખી તે સાત દિવસ પ્રાશન કરવું. (૩) ગાયનું ઘી, દૂધ, દહીં અને છાણના રસમાં ઘી સિદ્ધ કરી આપવું; એટલે અપસ્માર, ઉન્માદ અને ચાતુર્થિક જ્વરનો પણ નાશ થાય છે. **મૂર્ચ્છા** (બેશુદ્ધિ) **ઉપર ઉપચારઃ**—+(૧) બીલાનો ગર, પદ્મકાષ્ઠ, વાળો, ચંદન અને નાગકેસરનું ચૂર્ણ મધમાં આપવું. (૨) દ્રાક્ષ અને આમળાં બાફીને વાટવાં તથા મધમાં આપવાં; એટલે સંપૂર્ણ દોષથી થયેલી જ્વરયુક્ત મૂર્ચ્છા પણ દૂર થાય છે. (૩) ધમાસાનો કાઢો ગાયનું ઘી નાખી પાવો. **દાહ ઉપર ઉપચારઃ**—(૧) પદ્મકાષ્ઠ, ચંદન અને વાળાનું ચૂર્ણ દૂધમાં આપવું (૨) કપૂર, ચંદન, વાળો અને કાયફળનું ચૂર્ણ શરીરે લગાવી પછી પલ્લવ(પાંદડાં)ના બિછાના ઉપર ઉંઘાડવું. **શીતળા ઉપર ઉપચારઃ**—(૧) ગધેડીનું દૂધ પાવું કિંવા તુલસીનાં પાંદડાંનું ભક્ષણ કરાવવું. (૨) રક્તચંદન, અરડુસી, નાગરમોથ, ગળો અને દ્રાક્ષનો કાઢો ઠંડો કરી આપવો. (૩) કડવા લીમડાની છાલનો હિમ કરી આપવો. તેથી અંતર્દાહક જ્વર, જીર્ણજ્વર, શીતળાના યોગે શરીરમાં ભરેલી કડકી (ગરમી) દૂર થાય છે. **બાળકો માટી ખાઇ રોગી થાય છે તે ઉપર ઉપચારઃ**—માટીના બદલે સોનાગેરૂ ખાવા આપવો, એટલે રેચ થઈ માટી ખાવાથી થયેલા વિકાર દૂર થાય છે. **બાળઘુંટીઃ**—સુરવારી હરડે, બહેડાં, અતિવિષ, નાગરમોથ, ઇંદ્રજવનો એક દાણો, વાવડીંગના ત્રણ દાણા, અક્કલગરો, જેઠીમધ, એ ઔષધો અર્ધી મૂઠી, વરીઆળી અને સુવા ચમચાભાર, એ સર્વ લઇ અધકચરાં કૂટી પાણીમાં ઉપલી જણસો ઘસી તેમાં થોડો સિંધવ અને મધ નાખી તે ચાંગળાભર પાઇ દેવું. એ પ્રમાણે બાળક એક મહિનાનું થયા પછી નિત્ય ચાલુ રાખવું. બાળક ૭ મહિનાનું થયા પછી ઘુંટડો બે–અઢી ચાંગળાંપર્યંત વધારવો. નાના બાળકને ખારેક ઘસી પાવી નહિ; કારણ કે તેથી પેટમાં જાળું બંધાય છે અને કોઠામાં ગરમી થાય છે ×

લઇ ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૧ થી ૪ રતી સુધી નવસેકા જલમાં ઘોળીને પીવરાવવું, જેથી ઉદર-શૂળ તથા આનાહ દૂર થાય છે, તેમજ પાચન શક્તિ વધે છે.

‡ મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર અને પથરી ઉપરઃ—કપૂરને પાણીને મેળવી તેમાં પાતળા વસ્ત્રના ટુકડાને ભીંજાવી બત્તી કરી મૂત્રેંદ્રિયના છિદ્રમાં પ્રવેશ કરાવવાથી દારુણ મૂત્રાવરોધ તરત દૂર થાય છે.

+ મૂર્ચ્છારોગમાં કસ્તૂરી અને મકરધ્વજ, અથવા એકલી કસ્તૂરી મધમાં મેળવી ચટાડવી.

×બાળાગોળીઃ—જાયફળ, જાવંત્રી, તજ, લવિંગ, ઇલાયચી, અજમોદ, સફેદ મરી, વાવડીંગ, સુવા, સંચળ, હરડે, કરીઆતું, કાંકચ (શેકેલા), અતિવિષ, દાડમના ફળની છાલ, પીપળામૂળ,

વિશેષ ઉપચાર જુઓ વનૌષધિઓમાં:—ઉટાંટીઆ માટે:—ઉટકટારી-૧, કોલિંજન-૧, રીસામણી-૫, હેજુ-૨. **બાળકને કાંટા આવે છે તે માટે:**—કાળીજીરી-૧૦. **આમ માટે:**—કોથમીર-૧૪, ખસખસ-૨, બીલી-૧, લસણ-૧૦. **અજીર્ણ માટે:**—કોથમીર-૧૪. **પેટપીડ એટલે પેટમાંના દુખાવા માટે:**—આશા-૧, કોથમીર—૧૪, નાની અરણી-૧, પાટલા-૬, સમુદ્રફળ-૩. **કૃમિ એટલે કરમિયા માટે:**—આશા-૧, એરંડો-૧૮, કપૂર-૮, ખાખરો-૧૧, ડુંગળી-૭, નાની અરણી-૧, સાપસૂત-૪, સુરપીણુ-૩. **શક્તિવર્ધન એટલે શક્તિ આવવા માટે:**—આસધ-૪, ખજૂરી-૧૩, ખસખસ-૭, તવખીર વૃક્ષ-૩, નાગલી-૧, ૩. **અશક્ત, દુબળા અને અનાજ નહિ પચે તેવા બાળક માટે:**—ભોંયકોળું-૧૨. **સળેખમ માટે:**—કાંટાસરીઓ-૧, ખસખસ-ક (અફીણ)-૧૫, સુરપીણુ-૩. **શરદી માટે:**—અગથીઓ-૮, ખસખસ-ક (અફીણ)-૧૫, ભાંગરો-૧૩, સતાપા-૨, ૪. **કફવિકાર માટે:**—અરડુસી-૯, કુઓ-૪, થુવેર ત્રણધારીઓ-૪, નાગદમની-૫, રાનમોગરો-૩, સમુદ્રફળ-૧. **કફવિકાર વાયગમન માટે:**—રાનમોગરો-૨, વજ-૧૨. **મોડશી માટે:**—આવળ-૩, ઇંદ્રજવ-૧૩, ડુંગળી-૭, **છાતીના દરદ માટે:**—ગલફી-૧. **વાંગ માટે:**—આંબાહળદર-૫, ગરમાળો-૪, મજીઠ-૩, વાયાવરણા-૧૧. **વિદ્રધિ એટલે ગળુંબે થાય છે તે માટે:**—દક્ષણી થુરીઓ-૨. **ઠંડી હવા હોય કે બાળકને શરદીવિકાર હોય ત્યારે તેને આપવાનો ખોરાક:**—ખજૂરી-૧૪. **દૂધરોગ માટે:**—થુવેર ત્રણધારીઓ-૩. **મુબારકી માટે:**—કાંડાળી-૧૦, ખેર-૫, દુધેલી-૨. **આંખ દુખવા આવી હોય તે માટે:**—કોથમીર-૧૫. **શીતળા અને ઓરી માટે:**—ઉંબરો-૧૪, કાંટી ગોખરૂ-૫, ખાખરો-૧૨, તુલસી-૧૫, દ્રાક્ષ-૧૩, પીંપળો-૬. **હુંટીઉં આવે તે માટે:**—ઇક્ષી-૬. **મળ સાફ થવા માટે:**—કીડામારી-૪. **નાના બાળકને માથામાં ગરમીથી ફોલ્લીઓ થાય છે તે માટે:**—કડવી કવઠ-૩, **પેટ ચઢે તે માટે:**—કારેલી-૫. **બાળક જલદી વધવા માટે:**—ડુંગળી-૧૫. **બાળકને જન્મથી બાર દિવસ અંદર રાતી ફોલ્લીઓ થાય છે તે માટે:**—ગુલછબુ (ગુલછડી)-૧. **ગરમીથી થતી ગાંઠો માટે:**—કારિવણા-૫. **બાળકને શબ્દોચ્ચાર સ્પષ્ટ થવા માટે:**—કારિવણા-૨. **પેટમાં લોહીની ગાંઠ બને છે તે માટે:**—કાંચકી-૯, રતાંદળી-૫, સમુદ્રફળ-૩. **નવા બાળકનું ગળું કફથી બંધાઈ જાય તે માટે:**—થુવેર-

---

વંશલોચન, એળીઓ, હીરાબોળ, ખસખસ, લોબાન તથા કેસર આ સર્વ વસ્તુ સમભાગ લેવી. મધની સાથે ઘુંટી મગના દાણા જેવડી ગોળી બનાવી સૂકાવી ભરી રાખવી. માત્રા ૬ માસ સુધીના બાળક માટે ૧ થી ૨ ગોળી. ૭ માસથી ૧૨ માસ સુધીના બાળક માટે ૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત માતાના દૂધ સાથે આપવી. આ ગોળીના સેવનથી બાળકના તમામ રોગ દૂર થાય છે, દૂધ પાચન થાય છે, દસ્ત સાફ આવે છે; તાવ, ખાંસી, વમન, દસ્ત, વાયુ, અજીર્ણ વગેરે દૂર થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે. નિત્ય પ્રતિ ઉપયોગ કરવાથી બાળક મજબૂત થાય છે.

બાળકો માટે ચાટણ:—અભ્રકભસ્મ ૧ તોલો, મંડૂર ભસ્મ તોલા ૨॥, ગળોનું સત્ત્વ તોલા ૨॥, અતિવિષ, વંશલોચન, મરી, સુંઠ, લીંડીપીંપર, વાવડીંગ એ ૭ વસ્તુ એકેક તોલો, જેઠીમધ ૨॥ તોલા તથા શેકેલ કાંકચનો મગજ ॥ તોલો લઈ સર્વને બારીક ખાંડી ૩૦ તોલા મધમાં ઘુંટી ડબામાં ભરી લેવું. માત્રા ૧ થી ૪ વાલ સુધી દિવસમાં બે વખત આપવાથી જીર્ણજ્વર, રતવા, ખાંસી, ઝાડા, મંદાગ્નિ, ઉલટી, કબજીઆત, ઉદરશૂળ, સોજો, રક્તવિકાર વગેરે દરદ દૂર થઇ બાળક પુષ્ટ બને છે.

બાળકના તોતડાપણા ઉપર:—(૧) અજમો, ઉપલેટ, લીંડીપીંપર, ઘોડાવજ, જેઠીમધ, જીરૂં, સિંધાલૂણ, સુંઠ અને હરડે દરેક બબ્બે તોલા લેવી તથા ગાયનું ઘી ૧ શેર અને દૂધ ૪ શેર લેવાં. પછી ઉપરની ઔષધિને દૂધની સાથે ચટણી માફક વાટી ચટણી, દૂધ તથા ઘી એક કડાઈમાં નાખી ધીમી આંચ પર પાક કરવો. જયારે દૂધ બળી જઇ ઘી શેષ રહે ત્યારે ઉતારી ગાળી લેવું. આ ઘીના સેવનથી બાળકની વાણી શુદ્ધ બને છે. (૨) સારસ્વત ઘૃત આપવું.

અહીં આપેલા રોગ ઉપરાંત બાળકોને ઓરી (ગોવરૂ), અછબડા વગેરે થાય છે તેના ઉપાયો ક્ષુદ્રરોગમાં જોવા. ગુમડાં તથા શીતળાના વિશેષ ઉપચાર વિદ્રધિ તથા શીતળાના પ્રકરણમાં જોવા.

ચોધારી-૭. **રક્તમૂળ વ્યાધિ** માટેઃ—નાગકેસર-૧. **બાળકની બોબડી વાચા શુદ્ધ થવા** માટેઃ—પીંપળો-૨. **મોઢું આવી ચાંદીઓ પડે છે** તે માટેઃ—પીંપળો-૭. **ચામડીના રોગ** માટેઃ—જેઠીમધ-૯. **બાળકના શરીરે ફોડલીઓ થાય છે** તે માટેઃ—પીંપળો-૨૦, રતાંદળી-૭, રેવંચી-૩. **બાળકને લાળ પડે તે** માટેઃ—માયફળ (માયાં)-૮, વાઘાટી-૪. **બાળક નીરોગી થવા** માટેઃ—વાવડીંગ-૨. **બાળકની બગલ ઉઠે તે** માટેઃ—સતાપા-૩. **બાળકને અળાઈ થાય તે** માટેઃ—સુખડ-૪.

જુઓ ગો૦વૈ૦માંઃ—**છોકરાંઓની છાતીમાં કફનો ગટ્ટો બાઝે તે** માટેઃ—ઘી-૧૨. જુઓ પ્રા૦ ઔ૦માંઃ—**ઉલટી, વરાધ વગેરે બાળકના રોગો** માટેઃ—ગોરોચન-૧. **બાળકને શીતળા હલકા આવવા** માટેઃ—ગોરોચન-૩. **કફ, ઉધરસ, શ્વાસ, અશક્તિ વગેરે બાળરોગ** માટેઃ—દૂધ-૨.

જુઓ **અનુભૂત** ઔષધ-ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં. ૧૬ અને ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૧૫, ૧૬.

૪૦-बेशुद्धि (मूर्च्छारोग)

કારણ અને સંપ્રાપ્તિ—ક્ષીણ થયેલા, પુષ્કળ દોષસંચય થયેલા, વિરુદ્ધ આહાર સેવન કરનારા, એવા પુરુષે મળમૂત્રાદિ વેગ ધારણ કરવાથી, અભિઘાતથી અથવા જે પુરુષનો સત્ત્વગુણ ક્ષીણ થયો હોય એવા પુરુષના બહારના અને અંદરના મનોવહ સ્રોતસોમાં જ્યારે દોષ પ્રવેશ કરે છે, ત્યારે મનુષ્યને મૂર્ચ્છા આવે છે; એટલે સંજ્ઞા વહન કરનાર નાડી વાતાદિકોએ આવૃત થવાથી, સુખ-દુઃખનું જ્ઞાન નષ્ટ કરનારૂં એવું અજ્ઞાન અકસ્માત્ પ્રાપ્ત થાય છે. સુખ-દુઃખનું જ્ઞાન નષ્ટ થયું એટલે મનુષ્ય કાષ્ઠવત્ પડે છે. આ રોગને **મોહ** કિંવા **મૂર્ચ્છા** કહે છે. મૂર્ચ્છામાં **પિત્ત** એ વ્યાપક હોય છે.×

પૂર્વરૂપઃ—હૃદયમાં પીડા, બગાસાં, ગ્લાનિ, ભ્રાંતિ, એ થાય છે; **મૂર્ચ્છા, ભ્રમ,** તંદ્રા અને નિદ્રા, એના **ભેદઃ—મૂર્ચ્છામાં પિત્ત** અને **તમોગુણ** અધિક હોય છે. **રજોગુણ, પિત્ત** અને **વાયુથી ભ્રમ** થાય છે. **તમોગુણ, વાયુ** અને **કફથી તંદ્રા** તથા **તમોગુણથી નિદ્રા** ઉત્પન્ન થાય છે. મૂર્ચ્છાદિ રોગથી **સંન્યાસ** જુદો રોગ છે. તે દોષોનો વેગ જવાથી મદ મૂર્ચ્છાદિક પોતે પોતાની મેળે શાંત થાય છે; પરંતુ **સંન્યાસ** પોતે પોતાની મેળે શાંત થતો નથી. **સંન્યાસે** પીડાએલો **મનુષ્ય** કાષ્ઠવત્ થઇ મરી ગયા જેવો પડે છે. તેને સોયો ભોંકવી, કૌચ લગાડવી વગેરે ઉપાય **કરવાથી** તે શુદ્ધિમાં આવે છે.

ઉપચારઃ—(૧) શરીરપર પાણી છાંટવું, સ્નાન કરાવવું, રત્નો તથા રત્નોનો હાર અને ઠંડા લેપનું ધારણ, વિંઝણાથી નાખેલો વાયરો, સુગંધ અને શીત એવાં પાંદડાં, એ ઉપચારોએ મૂર્ચ્છા દૂર થાય છે. (૨) ધમાસાનો કાઢો ઘી નાખી આપવો; એટલે ભ્રમની શાંતિ થાય છે. (૩) પંચમૂળનો કાઢો મધ અને સાકર નાખી આપવો; જે જ્વરનાશક કષાય તે પણ દોષ જોઇ આપવો. (૪) રિંગણી, ગળો, પીંપળીમૂળ, સુંઠ અને વાયવરણાનો કાઢો આપવો. (૫) કાળી દ્રાક્ષ, સાકર, દાડમની છાલ, લાજાળુ તથા રાતાં, લીલાં અને ધોળાં કમળનો કાઢો આપવો. (૬) બોરના ઠીલામાંનું મગજ, લીંડીપીંપર, વાળો અને નાગકેસર પાણીમાં વાટી પાવાં અથવા મધમાં લીંડીપીંપર

× વાત, પિત્ત, કફ, સન્નિપાત, રુધિર, વિષ અને દારૂની એમ સાત પ્રકારની મૂર્ચ્છા છે. મૂર્ચ્છાવાળાને (૧) દ્રાક્ષ, ગળો, સુંઠ, પુષ્કરમૂળ, પીંપળીમૂળ, એનો ઉકાળો કરી તેમાં લીંડીપીંપર અને મધ નાખી આપવો. (૨) ધમાસાનો ઉકાળો ઘી નાખી આપવો. (૩) નવસાર અને ચૂનો એકત્ર કરી એક શીશામાં ભરી તેનું મોઢું બંધ કરી રાખવું. જરૂર પડેથી તે શીશાનું મોઢું ઉઘાડી તેની વાસ સુંઘાડવી. (૪) વચ્છનાગ ૨ પૈસાભાર, લીંડીપીંપર ૦॥ પૈસાભાર અને સોનાગેરૂ ૧॥ પૈસાભાર લઇ, વાટી રતિ ૧ ની માત્રા આપવાથી શરદી મટે અને વાયુની મૂર્ચ્છા જાય.

પાવી. (૭) રાત્રે મધમાં ત્રિફળાં આપવાં અને સવારે આદુ અને ગોળ એકત્ર કરી તેમાં ત્રિફળાંનું ચૂર્ણ આપવું. (૮) નાળીએરના પાણીમાં જવનો લોટ અને સાકર નાખી પાવું. એટલે હૃદયમાંનો કફ, તૃષ્ણા, મૂર્ચ્છા અને ભ્રમ, એ જો ભયંકર હશે તોપણ તેનો નાશ થશે. (૯) લસણ, મનશીલ અને વજનું અંજન કરવું. ×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરીઠા-૧૧, આદુ ૩, આમળાં-૩૨, ઉંદરકની-૪, કૌચ-૭, તુવેર-૫, દ્રાક્ષ-૬, ધમાસો-૫, બીલામો-૨૭, લવંગ ૨, લીંડીપીંપર-૨૫, હરડે-૧૦, હળદર-૧૩.

પથ્ય:—રેચન, ઉલટી, લાંઘણ, મૃદુ-કડવો રસ, ધાણીનો મંડ, જૂના જવ, રાતી ડાંગર, મગ અને વટાણાનો યૂષ, દૂધ, સાકર, જૂનું કોળું, પંડોળાં, દાડમ, નાળીએર અને તાંદળજો.

અપથ્ય:—તાંબુલ, ભાજીપાલો, દાંત ઘસવા, ગરમી સેવી, વિરુદ્ધ ભક્ષણ-પ્રાશન, મૈથુન, તીખા પદાર્થ, મળમૂત્રનો રોધ અને છાશ.

४१–भगंदर रोग

કારણ:—મૂળવ્યાધિના પ્રકરણમાં કહેલાં કેટલાંક કારણોથી, તથા ગરમી ભરેલી છતાં તેના ઉપશમાર્થે અતિ દુઃસહ ઔષધો સેવવાથી, તીખા પદાર્થોના અતિ ભક્ષણથી અને અતિ જાગવાથી ભગંદર રોગ થાય છે.

લક્ષણો:—ગુદાથી બે આંગળ ઉપર, વૃષણથી બે આંગળ નીચે, પીડા કરનારી એવી ફોલ્લી ઉત્પન્ન થઇ ફુટી ગુદા, બસ્તિ અને ભગનું વિદારણ કરે છે તેને ભગંદર કહે છે. કમરના કપાલાસ્થિને સૂયા લાગવા જેવી વેદના થાય, આગ થાય, કંડૂ છૂટે, સણકા લાગે, એ લક્ષણો ભગંદર થવાનું હોય ત્યારેજ થાય છે.*

ઉપચાર:—(૧) સોનાની સળી તપાવી છિદ્ર મોટું કરવું; પછી અગ્નિત્રણ ઉપરના ઉપચાર

× મૂર્ચ્છા, ભ્રમ તથા સંન્યાસ રોગમાં રસસિંદૂર, મૂર્ચ્છાંતક રસ, અશ્વગંધારિષ્ટ, સારસ્વત અરિષ્ટ વગેરે અપાય છે.

* ભગંદર રોગ પાંચ પ્રકારનો છે. તેમાં (૧) શતપોનિ-એ વાયુથી થાય છે. એમાં થયેલી ફોડલીનો તાત્કાલિક ઉપાય ન કરવાથી તે પાસાને પીડા કરી છિદ્ર પડતાં તેમાંથી પરૂ સાથે મળમૂત્ર અને વીર્ય પણ નીકળે છે. (૨) ઉષ્ટ્રગ્રીવ-એ પિત્તથી થાય છે. તેમજ એ ગુદાની ચારે તરફ બબ્બે આંગળ ફરતી ચામડીમાં લાલ ફોડલી થઈ તત્કાળ પાકી જાય છે, તેમાંથી ગરમ પરૂ વહે છે અને તે ઉંટની ગરદનની માફક ઉંચી હોય છે. (૩) પરિસ્રાવી-એ કફથી થાય છે, તેમાં ચેળ ઘણી, પરૂ જાડું, પીડા થોડી અને ફોડલી ધોળી હોય છે. અને તે હમેશાં વહ્યા કરે છે. (૪) શંબુકાવર્ત—એ સન્નિપાતથી થાય છે, તેમાં ઘણા પ્રકારની પીડા, ઘણા પ્રકારના રંગ હોય, વહ્યા કરે અને એ ફોડલી કાળી દ્રાક્ષ જેવી હોય છે તથા એનો આકાર શંખની નાભિ જેવો હોય છે. (૫) ઉન્માર્ગિ ભગંદર-એ શસ્ત્રાદિકની ચોટથી થાય છે. એ ચેપી હોય છે.

ઉપાય:—(૧) લોહી કઢાવવું. (૨) સોનાના જાડા વાળાથી ડામ આપી છિદ્ર કરી તેમાં દારૂહળદરની દીવેટ થોર અને આકડાના એકઠા કરેલા દૂધમાં બોળી તે એ છિદ્રમાં નાખવી. (૩) બાળેલા માણસનાં હાડકાં શેર ૦। ઝીણાં વાટી, લૂગડે ચાળી ઉંબરાના ઝાડના મૂળમાંથી કાઢેલા રસમાં નાખી મલમ કરી રૂનાં પેલ મૂકી પાટો બાંધવો. (૪) તલનું તેલ ટાંક ૬ કઢાઇમાં કકડાવી નીચે ઉતારી તેમાં ખાપરીઓ ટાંક ૫ અને મીણ ટાંક ૧૪ નાખી ઠરવા દઈ એ મલમ જરા હલાવી ચોપડે તો ધારાં, ચાંદી અને ભગંદર જાય. (૫) જાસુંદનાં ફૂલ, વડનાં પાંદડાં, ગળો, સુંઠ અને સિંધવનો છાશથી લેપ કરવો. (૬) દાંત, અરણી અને હળદરનો લેપ કરવો. (૭) વેર નામનો વેલો થાય છે તેનાં પાંદડાં ૭ પુષ્યાર્કયોગે આમંત્રીને લાવી વાટી, તે થેપલી ભગંદરે બાંધે તો જેમ થેપલી સૂકાય તેમ ભગંદર પણ સૂકાતું જાય. (૮) જુવાર તોલા ૫, સિંદૂર તોલા ૩ એકત્ર કુલડીમાં નાખી કપડછાણ કરી ભસ્મ કરી, એ ભસ્મ ચોપડી ઉપર એરંડાનું પાંદડું બાંધવાથી ભગંદર જાય.

કરવો. (૨) ખેર, હરડે, બહેડાં અને આમળાંનો કાઢો ભેંસનું ઘી અને વાવડીંગનું ચૂર્ણ નાખી આપવો. (૩) ચિત્રક, આકડો, નસોતર, પહાડમૂળ, બાવચી, કરેણ, થુવેર, ઘોડાવજ, કલગારી, હરતાળ, સાજીખાર અને માલકાંગણી, એ ઔષધો નાખી તેલ કઢવવું; એને **સ્પંદન** તેલ કહે છે. તે ભગંદર ઉપર ચોપડવું. એ શોધન, રોપણ અને વર્ણ્ય છે. (૪) હળદર, આકડાનું દૂધ, સિંધવ, ચિત્રક, શરપુંખો, મજીઠ અને કડુમાં સિદ્ધ કરેલું તેલ ભગંદરનાશક છે. એને **નિશાદિ** તેલ કહે છે. (૫) **કરવીર તેલ:**—ધોળી કરેણનાં મૂળ, હળદર, દાંતીમૂળ, કલગારી, મીઠું, ચિત્રક, બીજોરાનો રસ તથા આકડાનું દૂધ નાખી તેલ પચન કરી ભગંદર ઉપર ચોપડવું. (૬) ઉપલેટ, નસોતર, તલ, દાંતીમૂળ, લીંડીપીંપર, સિંધવ, મધ, હળદર, હરડે, બહેડાં, આમળાં અને મોરથુથુનો લેપ કરવો. (૭) ધોળો અજવલો, ઈંટ, સુંઠ, ગળો અને સાટોડીનો લેપ કરવો. (૮) તલ, નસોતર, મોટી દાંતી, ઘી તથા સિંધવનો મધ નાખી લેપ કરવો. (૯) તલ, હરડે, લોધર, કડવા લીમડાનાં પાંદડાં, હળદર, વજ, ઉપલેટ અને ધુંવાસનો લેપ કરવો. તે ભગંદર, નાડીવ્રણ, ઉપદંશવ્રણ અને દુષ્ટવ્રણનો શોધક તથા રોપણ છે. (૧૦) પાણકણસા (પાનબાજરીઉં) ઉપરની કુસો રંધ્રમાં ભરવી, એટલે જખમ ભરાઈ આવે છે. (૧૧) મોગલી એરંડાના તેલમાં રૂ ભીંજવી વ્રણ ઉપર લગાડવું.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કપૂરભેંડી–૩, ખેર–૩, દારુહળદર–૫, નગોડ–૬, મોગલી એરંડો–૧૦, રામબાણ–૨, હરડે–૨૯, ૪૨. જુઓ પ્રા૦ઔ૦માં:—અસ્થિવર્ગ—૧, ૭, ૧૦.

પથ્ય:—ચોખા, મગ, પંડોળાં, સરગવો, સર્વ કડવા પદાર્થ, ઘી, દૂધ. **અપથ્ય:**—વ્યાયામ, મૈથુન, વાહન ઉપર બેસવું અને જડાન્ન. તે એક વર્ષ સુધી વર્જ્ય કરવાં.

૪૨–भस्मक रोग

જઠરાગ્નિના પ્રકાર:—જઠરાગ્નિના વિકાર ચાર પ્રકારના છે. વાતદોષે કરી §વિષમાગ્નિ, પિત્તદોષે કરી તીક્ષ્ણાગ્નિ, કફદોષે કરી મંદાગ્નિ, વાતપિત્તદોષે કરી ભસ્મકાગ્નિ એનેજ તીક્ષ્ણાગ્નિ પણ કહે છે. ભૂખ ઘણી લાગે છે એટલે વારંવાર અન્ન ભક્ષણ કરે છે અને તે પચન થાય છે; પરંતુ શરીરને લાગે નહિ અને શરીર કૃશ થાય તેને ભસ્મકાગ્નિ જાણવો.

ભસ્મક રોગનાં કારણો:—ગાંજો, હીંગ, રાઈ, ગંધક ઇત્યાદિ અતિ તીક્ષ્ણ પદાર્થોનું અને તામ્રભસ્મનું અતિ સેવન; અને કાકમાંસ તથા માંજારમાંસના ભક્ષણથી પિત્ત અને કુપિત થાય છે, તેણે કરી તીક્ષ્ણાગ્નિ થાય છે. ગમે તેટલું ખાવા છતાં તે ખાધેલું પચન ન થતાં ભસ્મ થઇ જાય અને અગ્નિ દરરોજ પ્રદીપ્ત હોય છે, તેજ **ભસ્મક રોગ.** તે વાત, પિત્ત અને કફ એ ક્રમે કરી વૃદ્ધ, અતિ વૃદ્ધ અને ક્ષીણ થવાથી ઉત્પન્ન થાય છે. **ઉપચાર:**—(૧) ભેંસનું દહીં, દૂધ અને ઘીનું સેવન કરાવવું. (૨) વારંવાર ખીર ખવરાવવી. (૩) કાળું અથવા ધોળું નસોતર નાખી ઉકાળેલું દૂધ રેચનાર્થે આપવું. (૪) બોરના ઠળિયાની અંદરનું મગજ પાણીમાં વાટી પાવું. (૫) સ્ત્રીના દૂધમાં ઉંબરાની છાલ વાટી પાવી. (૬) ધોળા ચોખા, ધોળાં કમળ અને બકરીના દૂધની ખીર કરી ઘી નાખી ૧૨ દિવસ ખાવી. (૭) ત્રિફળાં, નાગરમોથ, વાવડીંગ, લીંડીપીંપર, સાકર અને ધોળા અઘેડાનાં બીઆંએ કરેલો લેહ આપવો. (૮) અઘેડાનાં બીઆં છડીને સ્વચ્છ કરી તેની દૂધમાં ખીર કરી ખાવી. (૯) ૪૮ દિવસપર્યંત સવારે ૨૪ તોલા પાકેલાં કેળાં ઘીમાં ખાવાં; એટલે તે અગ્નિની સંપૂર્ણ તીવ્રતા અને ભસ્મક રોગનો નાશ કરે છે. (૧૦) ભોંયકોળાનો

* ભગંદર રોગમાં ખાવા માટે સપ્તવિંશતિ ગુગલ, નવકાર્ષિક ગુગલ, વ્રણગજાંકુશ, તામ્રભસ્મ વગેરે અપાય છે. લગાડવાની ઔષધિ પ્રકરણમાં આપેલી છે.

§ વિષમાગ્નિમાં પેટ ભરેલુંજ માલૂમ પડે છે. તીક્ષ્ણાગ્નિમાં ભૂખ ઘણી લાગે છે અને ખોરાક વધી જાય છે. મંદાગ્નિમાં ખોરાક ઉપર અરુચિ થાય છે અને ભસ્મકાગ્નિથી ખાધેલું હજમ થઇ જાય છે; પણ શરીરના ધાતુઓને તેથી પોષણ મળતું નથી.

રસ દૂધ અને ઘી નાખી આપવો. (૧૧) કેળનું પાણી પાવું. (૧૨) ઉંબરાનાં મૂળીઆંનું પાણી પાવું; એથી કરી રક્તવિકાર, અંગમાં જામેલી ગરમી અને કડકી, એ વિકાર પણ દૂર થશે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આમલી–૧૩, ઉંબરો–૧૭, એરંડો–૨૦ કેળ–૧૦, ડાંગર–૯, નસોતર–૪, બોરડી–૬, ભોંયકોળું–૫.

પથ્યાપથ્ય:—અજીર્ણ પ્રમાણે.

૪૩–भारे शरीर (मेदरोग)

કારણ:—કફકારક પદાર્થ, મધુર અન્ન, મધુર રસ, સ્નિગ્ધ અન્ન એટલે ઘૃતપક્વ, ખીચડી વગેરેનું સેવન કરવાથી મેદ વધે છે.

લક્ષણો:—મેદ વધવાથી અન્ય ધાતુ જે અસ્થિ વગેરે તેનું પોષણ થતું નથી તથા મેદ વધવાથી માણસ સર્વ કાર્યને વિષે અશક્ત થાય છે. તૃષા, અલ્પ શ્વાસ, મોહ, નિદ્રા, શ્વાસાવરોધ, નિદ્રા વખતે ઘણું ઘોરવું, શરીરને વિષે ગ્લાનિ, છીંકો, દુર્ગંધી પરસેવો, થોડા પ્રમાણમાં વ્યાયામ, અલ્પ મૈથુન ઇત્યાદિ ઉપદ્રવ થાય છે અને તેના ઉદરની પ્રાયઃ વૃદ્ધિ થાય છે. વાયુ અગ્નિને પ્રદીપ્ત કરી આહારને શોષે છે; તેથી ભક્ષણ કરેલું અન્ન જલદીથી પચી જઇ બીજા આહારની ઇચ્છા કરે છે. કદાપિ જમવાનો વખત ચૂકી જાય તો મોટો ઘોર વિકાર થઈ પ્રમેહ, પિટકા, જ્વર, ભગંદર, એમાંથી એકાદો રોગ થાય છે તથા એ અગ્નિ અને વાયુએ ઉપદ્રવ કરતા મેદો–રોગીનું શરીર બાળે છે.

ઉપચાર:—(૧) ત્રિફળાંના કાઢામાં એક તોલો મધ નાખી તે પાવો. (૨) સવારે ઠંડુ અને સ્વચ્છ પાણી ૪ તોલા લઈ મધ નાખી પાવું; અથવા ગરમ પાણી ઠંડુ કરી મધ નાખી પાવું. એટલે શરીર કૃશ થાય છે. (૩) ચવક, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીંપર, હીંગ, સંચળ અને ચિત્રાનું ચૂર્ણ મધમાં ખાવું; તે મેદનું નાશક અને અગ્નિદીપક છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—બીલી–૨૩, ભાંગરો–૧૧, સમેરવો–૯, સાગ–૬, સાટોડી–૧૯, હરડે–૨૫. જુઓ પ્રા૦ઔ૦માં:—મધ–૪.

પથ્ય:—ચિંતા, શ્રમ, જાગરણ, મૈથુન, વ્યાયામ, ચોખા, જવ, ચણા, મસુર, કળથી, મગ, તુવેર, તીખું, છાશ, તેલ, ભાજીપાલો. **અપથ્ય:**—ઘઉં, શેલડી, અડદ, દિવસે ઉંઘવું, સુગંધી પદાર્થ, મધુરાન્ન, વમન.

૪૪–माथाना रोग

કારણ:—ધૂમાડો, તાપ, તુષાર, જળક્રીડા, અતિ નિદ્રા, અતિ જાગરણ, ઉંચી જગાનો પૂર્વ દિશાનો વાયરો, આંસુનો નિગ્રહ, રડવું, અતિ જળ કિંવા મદ્યનું પ્રાશન, કૃમિ, મળ–મૂત્રના વેગનો અટકાવ, દોડવું, કૂદવું, એકી નજરે ઘણી વાર સુધી અવલોકન કરવું, દુષ્ટ ગંધ, દુષ્ટ અન્ન અને ઘાંટો પાડી ભાષણ કરવું, એ કારણોએ મસ્તકરોગ ઉત્પન્ન થાય છે. વાત, પિત્ત અને કફે કરી, સન્નિપાત વડે, રક્ત વડે, ક્ષય વડે, કૃમિ વડે, સૂર્યાવર્ત, અનંતવાત, અર્ધાવભેદક, શંખક, એમ **અગીઆર પ્રકારના શિરોરોગ** (મસ્તકશૂળ) થાય છે.

કૃમિજશિરોરોગ:—માથામાં ભાલા મારવા જેવી પીડા થાય છે અને માથામાંનું મગજ કીડા ખાય છે એવું જણાય છે. નાકમાંથી પરૂ, લોહી અને કીડા પડે છે, તેને **કૃમિજ શિરોરોગ** કહે છે. આ મોટો ભયંકર રોગ છે. **સૂર્યાવર્ત:**—સૂર્યોદય સાથેજ કપાળ દુખવાનો હળવે હળવે આરંભ થઇ જેમ જેમ સૂર્ય ચઢે છે, તેમ તેમ તે શૂળ આંખો અને ભ્રમરોમાં અધિક થવા માંડે છે; તથા સૂર્ય નમ્યા પછી ઓછું થવા માંડી, સૂર્ય આથમ્યા પછી સમૂળગું બંધ થાય છે. શીત કિંવા ઉષ્ણ ઉપચારોવડે માણસને સુખ થાય છે. એ વિકારને **સૂર્યાવર્ત** કહે છે. **અનંતવાત**—

× મેદરોગમાં અમૃતાદિ ગુગળ, નવક ગુગળ, ત્ર્યુષ્ણાદિ લોહ, ત્રિમૂર્તિ રસ, ગુડૂચ્યાદિ યોગ વગેરે અપાય છે; તથા ત્રિફલાદિ તેલ પીવા, સુંઘવા, મર્દન તથા બસ્તિકાર્ય માટે અપાય છે.

ત્રણે દોષ દુષ્ટ થઈ ગળાની પાછલી શિરાને પકડી, આંખો અને ભમરોને ઠેકાણે રહી અત્યંત તીવ્ર વેદના કરે છે અને કાનના આગળના ભાગપર કંપ થાય છે, હનુવટી પકડાઈ જાય છે, નેત્રરોગ થાય છે. આ ત્રિદોષજન્ય મસ્તકરોગને **નંદવાયુ એમ પણ કહે છે. અર્ધાવભેદક (આદાશીશી, આદાશીશી):**—રૂક્ષાન્ન, અતિ ભક્ષણ, અધ્યયન (બહુ વાંચવું, ગોખવું), પૂર્વ દિશા તરફનો પવન, બરફ, મૈથુનવેગધારણ, આયાસ, વ્યાયામ, એ કારણોએ કુપિત થયેલો કેવળ વાયુ કિંવા કફયુક્ત વાયુ, અર્ધું મસ્તક પકડી ગળાની શિરા (નસ), ભમરો, આંખ, કાન, ડોળા, કપાળ સર્વ એક બાજુ ભણીનાં પકડી કુહાડી વડે ઘા માર્યા જેવી વેદના કરે છે, તેને **અર્ધાવભેદક (આદાશીશી)** કહે છે. આ રોગ ઘણો વધવાથી તે બાજુની આંખ જાય છે, કિંવા કાન પણ બહેરો થાય છે. **શંખક:**—દુષ્ટ થયેલાં પિત્ત, રક્ત તથા વાયુ ઘણો વધી આંખો ઉપર ભયંકર સોજો ઉત્પન્ન કરે છે; તેથી ઘણાજ સણકા આવે છે, બળતરા બહુ બળે છે, તેનાથી તે ભાગ ઘણો રાતો થાય છે, તે વિષવેગ પ્રમાણે વધી ગળા સુધી જઈ ત્વરિત તેનો રોધ કરે છે. આ શંખક રોગ વડે ત્રણ દિવસમાં પ્રાણનાશ થાય છે.

વાતજ શિરોરોગ* ઉપર ઉપચાર:—(૧) કોઠ, એરંડાનાં મૂળ અને સુંઠ, એ

---

* માથાના રોગો માટે સંગ્રહિત ઉપચારો:—(૧) ઘોડાવજ, મરી, લીંડીપીંપર અને સુંઠ પાણીમાં ઘસી લૂગડે ગાળી નાકમાં સુંઘે તો આદાશીશી મટે અને વાયુની હોય તો શતાવરીના તેલથી મટે. (૨) સુંઠ માસા ૨ાા અને કેસર માસા ૨ાા ઝીણું વાટી ગાયના ૬ાા પૈસાભાર ઘીમાં મેળવી નાકમાં સુંઘવાથી માથાના અનેક જાતના રોગ મટે. (૩) જો વાથી માથું દુખતું હોય તો એરંડાની જડ છાંયે સૂકવી પાણીમાં ઘસી કપાળે અને પગના તળીએ ચોપડવું. ગરમીથી અને પિત્તથી દુખતું હોય તો સુખડ પાણીમાં ઘસીને અગર ગાંજાનાં બીઆં પાણીમાં વાટીને કપાળે ચોપડવાં. મરી ઘસીને ચોપડવાથી પણ ફાયદો થાય છે અથવા ચિત્રાછાલ ઘસીને ચોપડવી. (૪) નગોડનાં પાંદડાં અને ચોખ્ખી હીંગ બે ચણાભાર વાટી પોટલી કરી નાકમાં ટીપાં પાડે તો આદાશીશી જાય. (૫) અરીઠાની છાલ, ધોળાં મરી, કળીચૂનો, સુંઠ તથા નવસાર ઝીણાં વાટી છીંકણી કરી સુંઘવાથી ઝામરવાયુ જાય. (૬) જરાંબડો નામનું ઘાસ થાય છે તેનો રસ કાઢી નાકમાં ટીપાં પાડવાથી જીવડો નીકળી ઝામરવાયુ મટે. (૭) નાળીએરના ગોળામાં ખાંડેલી સુંઠ ભરી ઘઉંના આટામાં લપેટી અગ્નિમાં પકવી, ખાંડી, ગોળ-ઘી ભેળવી ખવરાવવાથી ઝામરવાયુ જાય. (૮) ધાણા, જીરૂં અને સાકર સમાનભાગે વાટી વાસી પાણીમાં ફાકી આપવાથી પિત્તથી માથું દુખતું મટે. (૯) લીંડીપીંપર, મરી, લોધર, સાકર અને મનશીલ પાણીમાં વાટી નાસ આપવાથી આદાશીશી જાય. (૧૦) ગોળના પાણીમાં સુંઠ ઘસીને નાકમાં ટીપાં ૩ પાડવાથી આદાશીશી મટે. (૧૧) ઉંઘ લાવવાનો ઉપાય:—જીરાની પોટલી ખાદીના મજબૂત લૂગડામાં બાંધી રોગીને ગંધ લેવરાવવાથી ઉંઘ આવે અથવા કસ્તૂરી ઘોડાની લાદના રસમાં આંખે આંજે તો નિદ્રા આવે; અગર શેકેલી ભાંગ વાલ ૨ાા, લીંડીપીંપર ટાંક ૧ અને ગોળ ટાંક ૧ લઈ તેની ૩ ગોળીઓ કરી ગોળી ૧ ખવરાવવાથી ઉંઘ આવે. (૧૨) માથાના વાળ કાળા કરવાનો કલ્પ:—શેલડીનો રસ શેર ૧૦, મોટી હરડે ૨૫, કાળો ભાંગરો ટાંક ૧૫, કમળની જડ ટાંક ૨૨, દાડમની જડ ટાંક ૩૭, એ સર્વે ભેગું કૂટી લોઢાના વાસણમાં નાખી ઢાંકીને પૃથ્વીમાં માસ ૧ દાટી રાખવું. પછી બહાર કાઢી માથે ચોપડી મોઢામાં ચોખા રાખવાથી ચોખા કાળા રંગના થઈ જાય છે. જો એમ ન થાય તો ભૂમિમાં ફરી ૧૫ દિવસ વધારે દાટી રાખવું. એમ જ્યારે મોઢામાંના ચોખા કાળા રંગના થઇ જાય ત્યારે કલ્પ પાકો થયો જાણવો. એ એક વાર બાલ ઉપર ચોપડવાથી ૭ માસનો અને બે વાર ચોપડવાથી એક વર્ષનો કલ્પ થાય છે; અથવા બહેડાં શેર ૦। પાણીમાં દિવસ ત્રણ ચીનાઇ માટીના વાસણમાં પલાળી રાખવાં. પછી હિમજી હરડે શેર ૦। તલના તેલ તોલા ૫ માં તળી, દિવસ ૩ સુધી રાખમાં રાખી પછી કોરી કરવી. પછી તેને હીરાકસી માસા ૩, મોરથુથુ માસા ૩ તથા સિંધવ માસા ૩ નાખી લોઢાની તાવડીમાં બહેડાના પાણીથી વાટવી. આ મિશ્રણ દિવસ ૩ ચોપડવાથી કેશ કાળા થાય છે. (૧૩) ફરાંમોશી નામનું દરદ

ક્વાથમાં વાટી ગરમ કરી માથે લેપ કરવો. (૨) મુચકુંદનાં ફૂલનો લેપ કરવો. (૩) સુંઠ અથવા તજ ઘસી ગરમ કરી લેપ કરવો. (૪) નવસાર અને ચૂનો શીશીમાં નાખી તે શીશી સુંઘવા આપવી. **પિત્તજ શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) સાકર, દૂધ અને પાણી મસ્તક ઉપર સિંચન કરવું અથવા ઠંડા પાણીની ગડી મૂકવી. (૨) ગાયનું ઘી ચોળવું અથવા શતધૌત ઘીનો લેપ કરવો. (૩) ચંદન, વાળો, કમળ, જેઠીમધ, ચિકણામૂળ, થુરીઆનાં મૂળ, એ જણસોને દૂધમાં વાટી લેપ કરવો. **કફજ શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) ચંદનનો લેપ કરવો. (૨) રેણુકબીજ, તગર, શિલાજિત, નાગરમોથ, એલચી, કૃષ્ણાગર, દેવદાર, જટામાંસી અને એરંડાનાં મૂળનો મંદોષ્ણ લેપ કરવો. (૩) સુંઠ, કોઠ, કુંવાડીઆનાં મૂળ, દેવદાર અને બેસાગુગળને ગોમૂત્રમાં વાટી ગરમ કરી સુખોષ્ણ લેપ કરવો. **સન્નિપાતજ શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) મીંઢળ, તિલવણીનાં બીઆં, નાકછિંકણીનાં પાંદડાં, એ સમભાગ; વડનાં બીઆં અને છાલનું ચૂર્ણ અર્ધો ભાગ લઈ તેનું બારિક તપખીર જેવું ચૂર્ણ કરી સુંઘવાને આપવું; એટલે તત્કાળ મસ્તકશૂળ, પ્રલાપ, ઘેન, કફ અને સન્નિપાતનો નાશ થાય છે. **રક્તજ શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) શતધૌત ઘૃત માથાપર ચોળવું. (૨) સુંઠના કલ્કમાં દૂધ નાખી તેનું નસ્ય આપવું, તે અનેક દોષોથી ઉત્પન્ન થયેલા તીવ્ર મસ્તકશૂળનો નાશ કરે છે. (૩) કમળ અને રાસ્ના વાટી તેનો લેપ કરવો. (૪) ઉંબરાનાં પાકેલાં ફળ લઈ ઘીમાં સાકર નાખી તે સાથે પચાવવાં; તેમાં એલચી અને મરી નાખી ભક્ષણને માટે આપવાં એટલે રક્તસ્રાવની શાંતિ થાય છે. (૫) રિંગણીનાં ફળનો રસ કાઢી તેનો મસ્તક ઉપર લેપ કરવો, તે મસ્તકશૂળનો નાશ કરે છે. **કૃમિજ શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) સુંઠ, મરી, લીંડીપીંપર, કરંજની છાલ અને સરગવાની છાલ, એ સર્વેને બકરીના મૂત્રમાં વાટી તેનું નસ્ય આપવું. (૨) વાવડીંગ, સાજીખાર, દંતીમૂળ અને હીંગને ગોમૂત્રમાં વાટી તે કલ્કમાં સરસવનું તેલ નાખી પચન કરી તેનું નસ્ય કરવું. (૩) કાંટાસરીઆનાં પાંદડાંનો રસ અને ઘી એકત્ર કરી નાકમાં પાડવાં. (૪) રિંગણીના ફળની બીડી કરી નાકમાંથી ધૂમાડો કાઢવી અને બે-ત્રણ દિવસ થયા પછી કુકરપાડા(કડવાં તુરીઆં)નું ચૂર્ણ નાકે સુંઘવું. એટલે બધા કૃમિ પડશે. (૫) કડવા લીમડાનાં પાંદડાં અને મરી વાટી તે રસ નાકમાં નાખવો. **સૂર્યાવર્ત શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) ગોળ નાખી ઘી પાવું અને તલ દૂધમાં વાટી તેનો લેપ કરવો. આ ઔષધ ત્રણ દિવસમાં સૂર્યાવર્ત રોગને શાંત કરે છે. (૨) દૂધ તથા ઘીનું ભક્ષણ અને નસ્ય કરાવવું તથા તેનોજ રેચ આપવો. (૩) દશમૂળનો કાઢો કરી તેમાં ઘી અને સિંધવ નાખી તેનું નસ્ય કરવું. તે આદાશીશી, સૂર્યાવર્ત અને મસ્તકશૂળનો નાશ કરે છે. (૪) ઉપરસાલ, નીલકમળ, કોઠ, વજ, લીંડીપીંપર અને જેઠીમધને કાંજીમાં વાટી તેમાં ઘી અને તેલ નાખી તેનો **સૂર્યાવર્ત** અને **આદાશીશી** ઉપર લેપ કરવો. (૫) ભાંગરાના રસમાં સમભાગ બકરીનું દૂધ નાખી સૂર્યનાં કિરણોમાં તપાવવું અને તેનું નસ્ય કરવું. (૬) સરસડાના ઝાડનાં મૂળ કિંવા

વાયુથી માથામાં થાય છે તેથી માણસોની સ્મરણશક્તિ ઓછી થાય છે તથા ગફલત થાય છે, તે ઉપર:—મોથ ટાંક ૩॥, બાલછડ (છડીલો) ટાંક ૩॥, સુંઠ ટાંક ૩॥, ખેર ટાંક ૧૦, એ સર્વનો ભૂકો કરી મધ શેર ૫ માં મેળવી માટીના ઘીવાળા રીઢા વાસણમાં ઘાલી, દિવસ ૪૦ સુધી જવની કોઠીમાં અને તે ન હોય તો ઘોડાની લાદ જે જગાએ નાખતા હોય તેની નીચે તે વાસણ દાટવું. ૪૦ દિવસ પૂરા થયે ત્યાંથી તે વાસણ કાઢી લઈ દરદીને કૌવત પ્રમાણે તેમાંથી દરરોજ સવારે ચાર માસસુધી ખવરાવવું. એનાથી યાદદાસ્ત ઘણી વધે છે. (૧૪) ઓથારથી માણસને ઉંઘમાં એવું માલમ પડે કે, મારે માથે ભારે બોજો પડયો છે, તેનો દમ બંધાય (ગુંગળાય), મોઢે બોલાય નહિ, દમ લેવાય નહિ, દમ બંધ થાય તો જીવ નીકળી જાય. એના રોગીને બાસલીક રગ મૂકાવે. એ રગ નાની આંગળી પ્રમાણે હોય છે. ત્યાર પછી તેને મીંઢળ ટાંક ૧ મધ સાથે આપે તેથી છાતી ઉપરનો કફ બહાર નીકળે. ત્યાર પછી પેટના બલગમ માટે નસોતર ટાંક ૬ આપે. પછી હફતા બે સુધી મસ્તકી ટાંક ૧ ખાય તો ઓથારનો રોગ મટે. જેને ઓથાર હમેશાં થતો હોય તેણે તેલ, અડદ, લસણ, બાજરી તથા બાકળા (રાંધેલું આખું કઠોળ) ખાવાં નહિ.

ફૂલોની અથવા જવ અને લીંડીપીંપરની પોટલી સુંઘવાને આપવી. (૭) ચણોઠીનું મૂળ ઘસી તેનું નસ્ય આપવું; એટલે સૂર્યાવર્ત, રતાંધળાપણું, નેત્રમાં પડળ આવે છે તે અને મસ્તકશૂળ, એ રોગો દૂર થાય છે. **અનંતવાત શિરોરોગ ઉપર ઉપચાર:**—(૧) **સૂર્યાવર્તનાશક** વિધિ કરવી. (૨) મધ, દહીં ઉપરની તર, ઘેબર, ઘી, પુરી વગેરે વાતપિત્તનાશક આહાર આપવો. (૩) અનંતના ઝાડની ઉત્તર દિશા ભણીની મૂળાડી કાઢી ઠંડા પાણીમાં ચંદન પ્રમાણે ઘસી આખા મસ્તકે લેપ કરવો; અને તાળવા ઉપર ચોળતા રહેવું તથા મૂળનો એક કકડો વાળે બાંધી રાખવો અને શક્તિ પ્રમાણે ઠંડા પાણીમાં મૂળીઉં ઘસી પાવું. (૪) કાળા કાસાળુના કાંદા પીસી તેની પોટલી તવી પર ગરમ કરી તેનો મસ્તકે શેક કરવો; પછી કેટલીક વારે તેજ પોટલીમાંના કાંદા ગરમ કરી તેનો મસ્તકે પાટો બાંધવો. (૫) અરીઠા હાથમાં ચોળી તેના ફીણનું અંજન કરવું. વાયુ ઉતરી ગયા પછી આંખોમાં માખણ આંજવું. આ અંજનથી મહાન સર્પનું પણ વિષ ઉતરે છે. (૬) બંટીના તાંદળાનો ભાત કરી ખાવા આપવો. એ ભાત વિષમજ્વર અને વિષ ચઢેલા માણસને પણ હિતકર છે. **આધાશીશી ઉપર ઉપચાર:**—(૧) બકરીના દૂધમાં અથવા પાણીમાં સુંઠ ઘસી તેનું નસ્ય આપવું; તે **મસ્તકશૂળનો** નાશ કરે છે. (૨) સરગવાનાં પાંદડાંના રસમાં મરી ખરલ કરી તેનો લેપ કરવો. (૩) લીંડીપીંપર અને સિંધવનું ચૂર્ણ તેલમાં કિંવા ઘીમાં પાચન કરવું અને નસ્ય આપવું અથવા પાણીમાં ઘસી નસ્ય આપવું. (૪) કોઇ, એરંડમૂળ અને કુંવાડીઆનાં મૂળ કાંજીમાં વાટી તેનો લેપ કરવો. (૫) અગથીઆનાં પાંદડાંનો કિંવા ફૂલનો રસ જે ભાગનું કપાળ દુખતું હોય તેના બીજા ભાગના નાકમાં પ્રથમ બે ટીપાં વધારે નાખી પછી બીજા નાકમાં નાખવાં; એના યોગથી **ચાતુર્થિક જ્વરનો** પણ નાશ થાય છે. (૬) કેસર અને ઘી એકત્ર ખરલ કરી તેનું નસ્ય આપવું, તે તત્ક્ષણ આધાશીશીનો નાશ કરે છે. (૭) રિંગણી તથા જટામાંસીના કલ્કમાં ઘી નાખી પચન કરવું. તેનું નસ્ય આપવાની સાથેજ આધાશીશીનો નાશ થાય છે. (૮) સહેવાતું હોય તેણે ભીલામાનું તેલ બારિક સળી ઉપર લઇ, જે બાજુનું કપાળ દુખતું હોય તેની બીજી બાજુ આંખમાં નાકની પાસે જ્યાં રાતી જગ્યા હોય છે તે જગ્યા ઉપર ટપકું પાડવું. બહારની બાજુએ ઘી ચોપડવું કે જેથી આંખમાંથી પાણી નીકળી બહાર લાગીને સોજો ન કરે. આ યોગ વડે **દુઃસહ** આધાશીશી પણ દૂર થાય છે. (૯) તુવેરનાં પાંદડાં અને ધરોનો રસ એકત્ર કરી તેનું નસ્ય આપવું, તે તુરત આધાશીશીનો નાશ કરે છે. (૧૦) વાવડીંગ અને કાળા તલ સમભાગે લઇ વાટી તેનો લેપ કરવો અને નસ્ય આપવું. (૧૧) મરી અને ચોખા ભાંગરાના રસમાં વાટી તેનો લેપ કરવો. (૧૨) ગરણીનાં ફળ કિંવા મૂળ પાણીમાં વાટી તેનું નસ્ય કરવું કિંવા મૂળ કાને બાંધવાં. (૧૩) દૂધ કિંવા નાળીએરનું પાણી સાકર નાખી પાવું કિંવા ઠંડુ પાણી પાવું અથવા ઘીનું નસ્ય આપવું. (૧૪) ખડીસાકર અને મીંઢળ ગાયના દૂધમાં ઘસી સૂર્ય ઉગ્યા પહેલાં તેનું નસ્ય આપવું. (૧૫) કરંજાનાં બીઆં ઘસી તેમાં ગોળ નાખી તેનું નસ્ય આપવું. (૧૬) રાસ્ના, સુંઠ, વાવડીંગ, એરંડાનાં મૂળ, ત્રિફળાં, દશમૂળ અને હરડેનો કાઢો આપવો. તે વાતરોગ, આધાશીશી, આઢયવાયુ, અર્દિતવાયુ, ખંજવાયુ, નેત્રરોગ, મસ્તકશૂળ, જ્વર અને અપસ્મારનો નાશ કરે છે. (૧૭) કુકરપાડા(કડવા તુરીઆ)ની ભૂકી નાકે સુંઘવી; એટલે શ્લેષ્માદિક ભાગ નીકળી જઇ આધાશીશી દૂર થાય છે. (૧૮) મોટા પરોઢીએ બે કિંવા ત્રણ નેપાળાનાં બીઆંમાંનું મગજ લઇ, લિંબુના રસમાં ઘસી, જે બાજુનું મસ્તક દુખતું હોય તે બાજુની આંખની ભમર ઉપર સળી વડે ચોપડવું એટલે આધાશીશી જલદીથી દૂર થાય છે.* (૧૯) નગોડના રસમાં મરી ઘસી તેનું નસ્ય આપવું. (૨૦) આમળાંનું ચૂર્ણ ઘી અને સાકર સાથે ખાવા આપવું. (૨૧) દૂધનો માવો સાકરમાં ખાવો. (૨૨) આદુ અને ગોળ એકત્ર કૂટી ગોળી કરી તેનો રસ નાકમાં પાડવો. (૨૩) સવાર-સાંજ ગાયનું ચોખ્ખું તાજું ઘી નાકમાં નાખવું, એટલે સાત દિવસમાં આધાશીશી દૂર થાય છે. (૨૪) સમુદ્રફળ બકરીના મૂત્રમા ઘસી તેનું નસ્ય આપવું. (૨૫) નાકછીંકણીનું ચૂર્ણ પ્રથમ વિષમ

* આ ઉપાય કરનારાઓએ શિરદર્દ જતાંની સાથેજ ભીના કપડાથી લેપ લૂછી નાખી તરત ઘી ચોપડી લેવું; નહિ તો સોજો આવશે.

બાજુના નસકોરામાં સુંઘી પછી બીજા નસકોરામાં સુંઘવું. (૨૬) અરીઠા ઘીમાં ઘસી નસ્ય કરવું. (૨૭) દૂધમાં બદામની ખીર કરી આપવી.

વિશેષ ઉપચાર જુઓ વર્ના૦માં:—અગથીઓ-૨, આકડો-૬, આદુ-૨૯, આસંધ-૧૮, કડવાં તુરીઆં-૪, કણુઝી-૮, કુંભો-૮, કેસર-૪, ગરણી-૩, ૬, ગંગાવતી-૪, ચણોઠી-૧, ડાંગર-૧૦, તંબાકુ-૫, તલ-૭, તાંદળજો-૧૧, તુવેર-૬, નેપાળો-૩, ફુદિનો-૮, ભાંગરો-૨, બીલામો-૯, મરી-૧૪, મીંઢળ-૫, મુચકંદ-૨, મોથ-૧, લસણ-૪, લીંડીપીંપર-૩૩, વજ-૩, સમુદ્રફળ-૬, સમેરવો-૮, સોપારી-૫, હીંગ-૧૫, હેદ-૬. જુઓ ગો૦વૈ૦માં:—દૂધ-૧, ઘી-૧.

શંખક શિરોરોગ ઉપર ઉપચાર:—(૧) કેસર અને સાકર સમભાગ અને બન્નેના સમાન ઘી અને ઘીથી ચોગણું પાણી નાખી ઘી શેષ રહે તે પર્યંત તે સર્વેનું પચન કરવું અને પછી તે ઘીનું નસ્ય આપવું; એટલે શંખક, મસ્તક અને નેત્રની જગ્યાનું શૂળ નાશ પામે છે. (૨) ઠંડુ પાણી મગજ પર સિંચતા જવું. (૩) દારુહળદર, મજીઠ, કડવો લીમડો અને પદ્મકાષ્ઠનો લેપ કરવો. (૪) ચીકણા, નીલાં કમળ, ધરો, કાળા તલ અને સાટોડીનો લેપ કરવો. તે શંખક, અનંતવાત અને સર્વ પ્રકારના મસ્તકરોગનો નાશ કરે છે. (૫) કરંજ અને સરગવાનાં બીઆં, તમાલપત્ર, સરસડો અને તજનું નસ્ય આપવું, તે સર્વ પ્રકારના શિરોરોગ ઉપર પ્રશસ્ત છે. (૬) ગોળ, આદુનો રસ, લીંડીપીંપર અને સિંધવ પાણીમાં ઘસી તેનું નસ્ય આપવું; એટલે **ભુજસ્તંભાદિક રોગ અને સર્વ પ્રકારના શિરોરોગ** દૂર થાય છે. (૭) સાકર તથા કેસર ઘીમાં તળી તેનું નસ્ય આપવું; તેથી વાયુ અને રક્તથી થયેલ તેમજ ભ્રમર, આંખ, કાન, ડોળા એ ઠેકાણાંનું શૂળ, અર્ધમસ્તકશૂળ અને સૂર્યાવર્ત, એ રોગો દૂર થાય છે. (૮) દેવદાર, તગર, કોઠ, વાળો અને સુંઠ, એ કાંજીમાં વાટી તેમાં તેલ નાખી લેપ કરવો, એટલે મસ્તકશૂળનો નાશ થાય છે. (૯) શરપુંખો અને નવસાર એકત્ર ખરલ કરી સુંઘવા માટે આપવાં, એટલે મસ્તકની વાયુસંબંધી પીડાનો નાશ થાય છે. (૧૦) સુંઠ, મરી, લીંડીપીંપર, પુષ્કરમૂળ, હળદર, રાસ્ના, દેવદાર અને વજનો કાઢો નાક વડે પ્રાશન કરવો, તે મસ્તકરોગનો નાશ કરે છે. (૧૧) ગોળ અને સુંઠના કલ્કનું નસ્ય આપવું, તે મસ્તકશૂળનો નાશ કરે છે અને સુંઠના કલ્કમાં દૂધ નાખી તેનું નસ્ય આપવું; તે અનેક પ્રકારના દોષવડે થયેલી મસ્તકપીડાનો નાશ કરે છે. (૧૨) એરંડમૂળ, તગર, શતાવરી, જીવંતી, રાસ્ના, સિંધવ, ભાંગરો, વાવડીંગ, જેઠીમધ, સુંઠ, કાળા તલનું તેલ અને બકરીનું દૂધ, એ સઘળું એકત્ર કરી તેમાં ભાંગરાનો રસ નાખી પચન કરવું. આ સિદ્ધ થયેલા તેલનાં ૭ ટીપાં નાકમાં નાખવાં; તે બધા પ્રકારના મસ્તકવિકાર દૂર કરશે, ગરી ગયેલા કેશ અને હાલનારા દાંતને ધટ્ટ કરશે તથા ગરુડના જેવી દૃષ્ટિ કરી બાહુઓમાં અધિક બળ આપશે. (૧૩) ત્રિફળાં, કરીઆતું, હળદર, કડવો લીમડો અને ગળોનો કાઢો ગોળ નાખી પાવો; તે ભ્રકુટિ, આંખ અને કાન, એ ઠેકાણાંનું શૂળ, આદાશીશી, સૂર્યાવર્ત, શંખક, દંતશૂળ, રતાંધળાપણું, પડળ અને નેત્રપીડાનો નાશ કરશે. (૧૪) કડવા લીમડાનાં પાંદડાંના રસમાં મરી નાખી નસ્ય આપવું, તેથી મસ્તકશૂળ અને અપસ્મારના રોગો દૂર થાય છે અને કૃમિ પણ પડે છે. **ક્ષયજ શિરોરોગ** (મસ્તકમાંનો મગજ શુષ્ક થઇ ભયંકર મસ્તકશૂળ થાય છે તે) **ઉપર ઉપચાર:**—(૧) ગોળ, ઘી અને પૂરીઓ ખાવા આપવી અને દૂધ તથા ઘીનું નસ્ય આપવું અને પાવું. (૨) દૂધમાં બદામ વાટી ખીર કરી ચોખ્ખું ઘી અને સાકર નાખી ખાવી તથા માથા પર બદામનું તેલ ચોપડતાં જવું.×

× શિરોરોગ વાયુથી ઉત્પન્ન થયો હોય તો સ્નેહન, સ્વેદન તથા મસ્તક ઉપર તેલનું મર્દન કરવું. **શાસ્ત્રીય ઉપચાર** શિરોબસ્તી આપવાનો છે. પિત્તથી થયેલ શિરોરોગમાં ચંદનાદિ શીતલ ઔષધિનો લેપ તથા શીતલ પવન, જલ, પુષ્પ વગેરે સેવન કરે; તથા શ્વાસકુઠાર રસ, કપૂર, કેશર, સાકર, સફેદ ચંદન આ સર્વ વસ્તુને બકરીના દૂધમાં ઘસી સુંઘે. લોહીથી શિરોરોગ થયો હોય તો પિત્તજ શિરોરોગની સમાન ઇલાજ કરે. કફથી શિરોરોગ થયો હોય તો ઉપવાસ કરાવે તથા ગરમ, રૂક્ષ અને ઉષ્ણ પદાર્થોથી સ્વેદન (પરસેવો કઢાવવો) આપે. સન્નિપાતથી શિરોરોગ ઉત્પન્ન થયો હોય તો જૂનું ઘી પીવું તથા ષડ્બિંદુ તેલ સુંઘવું. ક્ષયથી થયેલ હોય તો પુષ્ટિકારક

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**મસ્તકરોગ** માટે:—અઘેડો-૧૩, અરીઠા-૫, ઉંદરકની-ક-૧, ગ-૫, એરંડો-૩૪, કરેણુ-૧, કેશર-૭, ચણોઠી-૧૫, બદામ-૬, સાટોડી-૯. **મસ્તકવાયુ** માટે:—આકડો-૫, ચણા-૨. **મસ્તકશૂળ** એટલે મસ્તકસંબંધી પીડા—માથાનું દુખવું, એના માટે:—અગથીઓ-૧, અજમો-૩, અનંત-૪, આમળાં-૩૦, ઉંદરકની-ક-૩, ઉપરસાલ-૯, કઠ-૧, કપાસ-૧૮, કાયફળ-૯, ખાટીલૂણી-૨, ગરણી-૩, ચુકો-૫, જાયફળ-૧, તમર-૧, બદામ-૬, બોરસળી-૯, ભોંયકોળુ-૮, મરી-૬, મર્યાદવેલ-૨, વજ-૧, સમેરવો-૧૪, સરગવો-૨૨, ૨૪, હરડે-૩૬. **માથું ચઢેલું ઉતરવા** માટે:—આકડો-૭, કોલિંજન-૨, ખજૂરી-૪, ખસખસ-ક (અફીણ)-૯, ગુગળ-૧, નાકછીંકણી-૧, પિત્તપાપડો-૩, ભૂતાકશીશી-૧. **શૈત્યથી મસ્તક ચઢયું હોય** તે માટે:—૫૫નસ-૨. **શરદીથી માથું દુખતું હોય** તો તે માટે:—તજ-૩. **ઉષ્ણતાથી કપાળ દુખે તે** માટે:—કેવડાનું ઝાડ-૩, ડુંગળી-૩. **માથે વાયુ ચઢયો હોય** તો તે માટે:—નાંદરૂખ-૨. **વાતજ મસ્તકશૂળ** માટે:—કંકોડી-૧૧, મુચકંદ-૧. **મસ્તકના તાપ** માટે:—પિત્તપાપડો-૫. **રકતજ અને પિત્તજ શિરોરોગ** માટે:—શિરદોડી-૧૨. **માથામાં દારુણ રોગ થાય** તે માટે:—આંબો-૨૧. **મગજમાંથી ગરમી દૂર થવા** માટે:—ઉંદરકની-૧. **માથામાંથી ગરમી અને પિત્તવિકાર શમન થઇ મગજ સુધરવા** માટે:—દ્રાક્ષ-૧૪. **મગજ સાફ થવા** માટે:—ઉંદરકની-ક-૪. **મગજ શાંત થવા** માટે:—કપાસ-૧૮. **મસ્તકશૂળથી નાકમાંથી લોહી ટપકતું હોય તે** માટે:—ઉંબરો-૨૫. **આગંતુક મસ્તકશૂળ** માટે:—ભારંગી-૬. **સૂર્યાવર્ત શિરોરોગ** માટે:—ભાંગરો-૨, વજ-૩, શરસડો-૧૦, શેલડી-૬. જુઓ ગો૦વૈ૦માં:—**રકતજ પિત્તજ શિરોરોગ** માટે:—દૂધ-૧૯, ઘી-૧૧. **માથાના દુખાવા** ઉપર:—દૂધ-૨૫. **સૂર્યાવર્ત** માટે:-દહીં-૫.

જુઓ પ્રા૦ઔ૦માં:—**માથાના દુખાવા** માટે:—સાબરશિંગ-૨. **શિરોભ્રમણ** માટે:—ધૃતવર્ગ-૧. **કેશ આવવા** માટે:—હસ્તિદંત-૧. જુઓ અનુભૂત ઔષધ ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં:-નં.-૧૪, ૩૨. મલમપ્રયોગની ટીપમાં નં-૮.

પથ્ય:—ઘી, દૂધ, ચોખા, પટોળ, સરગવો, ચાકવત, કારેલાં, પાકી કેરી, આમળાં, દાડમ, તુવેર, ઘઉં, મગ. **અપથ્ય:**—મળમૂત્રનો અવરોધ, દુષ્ટ પાણી, વિરુદ્ધાન્ન, દિવસે નિદ્રા.

૪૫-मूत्रबंध (मूत्राघात×)

કારણ:—મૂત્રપુરીષાદિના વેગોના વિઘાતને લીધે વાતાદિ દોષ કુપિત થવાથી વાતકુંડલિકાદિક ત્રયોદશ પ્રકારના મૂત્રાઘાત થાય છે. **મૂત્રકૃચ્છ્ર** અને મૂત્રાઘાત, એ ઉભયનો ભેદ એટલોજ કે,

---

ઔષધિ સેવન કરવી, તથા વાયુનો નાશ કરવાવાળા મધુર પદાર્થોથી સિદ્ધ કરેલ પીવું તથા સુંઘવું. કૃમિજન્ય શિરોરોગમાં નસ્ય લેવાનું પ્રકરણમાં બતાવેલું છે. સૂર્યાવર્તરોગમાં પણ પહેલાં નસ્ય આપે. ત્યારપછી અન્ય ઔષધિ આપવી. કુમારી તેલનું મર્દન કરવું. ભાંગનો રસ તથા બકરીનું દૂધ સમાનભાગ લઈ સૂર્યના તાપમાં ગરમ કરી નાકમાં નાખવું. અર્ધાવભેદક (આદાશીશી) ઉપર પ્રથમ સ્નેહન, સ્વેદન, વિરેચન, અન્ય રીતિથી શરીરનું સંશોધન, ધૂપ તથા સ્નિગ્ધ અને ઉષ્ણ ભોજન, એ ઉપચારો કરવા. અનંતરોગમાં સૂર્યાવર્તની માફક ઉપચાર કરવા, તથા નસને વિંધી લોહી કઢાવવું તેમજ પિત્ત અને વાતનાશક ભોજન કરાવવું. શંખક રોગમાં શીતલ જલનું સિંચન, ઠંડા દૂધનું સેવન તથા દૂધવાળા વડાદિ વૃક્ષના કલ્કનું લેપન કરવું.

શિરોરોગ માટે:-વિશેષ ઔષધિ શિરઃશૂલાદિ વજ્ર રસ, ચંદ્રકાંત રસ, શ્વાસકુઠાર રસ, આનંદભૈરવ રસ વગેરે ખાવા માટે અપાય છે. સુંઘવા માટે ષડ્બિંદુ તેલ, મહાદશમૂળ તેલ, અપામાર્ગ તેલ વગેરે અપાય છે. ઉપરનાં તેલો મસ્તક પર મર્દન કરવા માટે પણ અપાય છે.

× મૂત્ર, વીર્ય, ઝાડો વગેરે રોકવાથી કોપાયમાન થયેલા વાતાદિક દોષથી તેર પ્રકારનો મૂત્રાઘાત રોગ થાય છે. (૧) મળદ્વારનો કુપિત થયેલો વાયુ વેદનાયુક્ત થઈ મૂત્રને રોકી સ્વાભાવિક ગતિમાં વિરુદ્ધ બની ઘૂમતો ફરે છે; તેથી મૂત્ર પરાણે થોડું થોડું થાય અને તણખા નાખે, તેને

મૂત્રકૃચ્છ્રને ઠેકાણે ક્લેશ અધિક હોય છે અને મૂત્રાઘાતને ઠેકાણે નિબંધ હોઈ ક્લેશ અલ્પ હોય છે.*

ઉપચાર:—મૂત્રકૃચ્છ્ર, મૂત્રાશ્મરી ઉપર જે ઔષધો કહેલાં છે, તે દેશ અને કાળ જોઇ સર્વ મૂત્રાઘાત ઉપર યોજવાં. (૧) સુંઠ, મરી, લીંડીપીંપર, ત્રિફળાં, એ સમભાગ અને સર્વના સમભાગ શુદ્ધ ગુગળ લઈ તેની ગોખરૂના કાઢામાં ગોળી કરવી. એ ગોળી ખાવા છતાં કોઇ પણ પ્રકારના

વાતકુંડલા કહે છે. (૨) શિશ્નના છિદ્ર અને મળદ્વારને ફૂલાવી તેના માર્ગને રોકી કઠણ, ઉંચી અને ચંચળ ગાંઠ કરે છે; તેથી મૂત્ર રોકાઈ તીવ્ર વેદના થાય છે તેને અષ્ટીલા કહે છે. (૩) મૂત્રની હાજત થયા છતાં મૂત્ર નહિ કરવાથી પેડુનો વાયુ પેડુનું મોઢું બંધ કરી મૂત્રને રોકે છે, તેને વાતબસ્તિ કહે છે. (૪) મૂત્રની હાજતને પરાણે રોકવાથી તે જલદી ન થતાં ધીરે ધીરે થાય છે તેને મૂત્રાતીત કહે છે. (૫) મૂત્રનો વેગ દાબી રાખવાથી અપાનવાયુ કુપિત થઈ પેડુને ચઢાવે છે અને નાભિની નીચે આધ્માન ઉત્પન્ન કરી તેમાં વેદના કરે છે, તેને મૂત્રજઠર કહે છે. (૬) મૂત્ર મળદ્વારમાં આવી એકદમ અટકી પડે છે તેને પરાણે ગતિ આપવા જતાં વાયુથી શિશ્નનું છિદ્ર ફાટી જઈ ધીરે ધીરે થોડું થોડું રક્તમિશ્રિત મૂત્ર ઉતરે છે અને તેની સાથે તણખા લાગે તેને મૂત્રોત્સંગ કહે છે. (૭) રૂક્ષ શરીરવાળા પુરુષના શરીરમાંનો અપાનવાયુ મૂત્રનો ક્ષય કરે છે તેને મૂત્રક્ષય કહે છે. (૮) પેડુની વચ્ચે ગોળ અને સ્થિર નાની વાયુની ગાંઠ એકાએક થાય છે તેને મૂત્રગ્રંથિ કહે છે. (૯) મૂત્રની પહેલાં અને મૂત્રની પછી અડાયા છાણાની રાખના પાણી જેવું પ્રવાહી નીકળે તેને મૂત્રશુક્ર કહે છે. (૧૦) હળદરના જેવું અથવા લોહીસહિત બહુકષ્ટે મૂત્ર ઉતરે તેને ઉષ્ણવાત કહે છે. (૧૧) મૂત્ર અત્યંત કષ્ટે પીળું કે લાલ, ધોળું, ઘણું જાડું, ગરમ, ગોરૂં, શંખ જેવું, ચૂનાની રાખ જેવું થોડું ઉતરે અને શરીર સુકાઇ જાય તેને મૂત્રસાદ કહે છે. (૧૨) જે મૂત્ર મળસહિત ઉતરે અને જેના મૂત્રમાં મળ જેવી વાસ આવે, ઘણા કષ્ટે મૂત્ર ઉતરે તેને વિડ્વિઘાત કહે છે. (૧૩) બસ્તિ પોતાનું સ્થાન છોડી ગર્ભની માફક મોટી થાય છે, જેથી દાહ–કંપ થાય, પીડા કરે, શૂળ ચાલે, ગર્ભ માફક રહે–ફરકે, હાથથી તેને દાબે તો મૂત્રનું બુંદ ઉતરે, પીડા બહુ થાય તો ધારે છૂટે; તેને બસ્તિકુંડળ કહે છે.

સંગ્રહિત ઉપચાર:—(૧) ઇંદ્રવરણાની જડ ૧ પૈસાભાર આપે તો ત્રણ કલાકમાં મૂત્ર અને ઝાડો બન્ને છૂટે. (૨) ગુંદાનાં બીઆં, ગોખરૂ, કપાસ અને કાકડીનાં બીઆં તોલા ૨ લઇ ખોખરાં કરી, પાણી ૬ શેર મધ્યે ઉકાળી ૧ શેર રહે ત્યારે તેમાં સાકરની ચાસણી નાખીને પાય તો પહોર ૧ પછી મૂત્ર છૂટે. નાભિની નીચે ગાંઠ બંધાઇ હોય તો મોતની નિશાની છે. (૩) ઇંદ્રિના છેદમાં કપૂર મૂકે તો ઘડી ૧ માં મૂત્ર છૂટે. વળી એજ પ્રમાણે સુરોખાર પણ મુકાય છે. (૪) કળથી ઉકાળી પાય તો આરામ થાય. (૫) સાકર ૦। શેર અને કેળનો રસ ૦। શેર મેળવી પાય તો મૂત્ર છૂટે. (૬) મૂત્રબંધમાં પથરી ઉપર કહેલા ઉપચાર કરવા. (૭) લવારની કોઢમાંથી ધમણની ફુંક લાગે તે ઠેકાણાની રાખ લઇ પાણીમાં મેળવી પેડુ ઉપર જાડો લેપ કરવો. (૮) શિરકસિયા(સુઠીઆના વેલા)ની ગોટલી પાવી. (૯) પેડુ ઉપર નદીની શેવાળ બાંધવી. (૧૦) ગુંદી, બાવળ અને રાબેરડીનાં પાંદડાં રાત્રે પાણીમાં નાખી, ઝાકળમાં રાખી, સવારે વાટી ગાળીને તે પાણી પાવું. (૧૧) સુરોખાર તોલો ૦। અને જવખાર તોલો ૦। ગોમૂત્રમાં વાટી પાવાં. (૧૨) સાકર અને જવખાર અર્ધો અર્ધો તોલો લઈ ફાકવાં. (૧૩) સુરોખાર તાંદળજાના રસમાં પાવો. (૧૪) સાંભરલૂણ બાળકના પેશાબમાં વાટી નાભિમાં ભરવું. (૧૫) બાળકના પેશાબમાં બકરીની લીંડી પલાળી ગરમ કરી પેડુ ઉપર બાંધવું.

* મૂત્રકૃચ્છ્ર અને મૂત્રાઘાત એ બંને રોગમાં ફેર એ છે કે, મૂત્રકૃચ્છ્ર રોગમાં મૂત્રમાર્ગ સંકોચ પામે છે, જેથી પેશાબ વારંવાર થોડો થોડો ઉતરે છે. પણ મૂત્રાઘાતમાં મૂત્રાશય બગડી જાય છે અથવા પેશાબની ઉત્પત્તિ બહુજ ઓછી થઇ જાય છે. મૂત્રાશય ચૈતન્યરહિત થવાથી મૂત્રાઘાત થાય તો પેડુ ભરાઇ આવે છે, પણ પેશાબ ઉતરતો નથી. મૂત્રાઘાતમાં પેશાબ રોકાઇને થોડો થોડો આવે છે. પ્રમેહ થવા પછી પણ કેટલીક વખત મૂત્રાઘાત રોગ ઉત્પન્ન થાય છે. મૂત્રકૃચ્છ્રમાં તીવ્ર વેદના

ખાવાપીવાનો પ્રતિબંધ નથી. એ પ્રમેહ, વાતરોગ, વાતરક્ત, મૂત્રાઘાત, મૂત્રદોષ અને પ્રદરનો નાશ કરે છે. (૨) ગરમ કરી ઠંડું કરેલું દૂધ, જટામાંસી, ચંદન, ચોખાનું ધોવરામણ અને સાકર એકત્ર કરી પીવાથી રક્તસહિત ઉષ્ણવાતનો નાશ થાય છે. (૩) ધમાસો કિંવા અરડુસીનો કાઢો આપવો. (૪) દશમૂળનો કાઢો શિલાજિત અને સાકર નાખી આપવો. (૫) ગોખરૂનો કાઢો શિલાજિત અને ગુગળ નાખી આપવો. (૬) વાયવરણા, ગોખરૂ અને સુંઠનો કાઢો ગોળ તથા જવખાર નાખી આપવો; એટલે તે પથરી, મૂત્રાઘાત અને મૂત્રશકરાનો નાશ કરે છે. (૭) તાડનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી તેમાં સાકર નાખી આપવાં. (૮) કેસર રાત્રિએ પાણીમાં ભીંજવી રાખી સવારે તેમાં મધ નાખી હલાવી પાવું. (૯) શુદ્ધ શિલાજિત, સાકર અને કપૂર એકત્ર કરી ખાવું. (૧૦) કાકડીનાં બીઆં, સિંધવ અને ત્રિફળાંનું ચૂર્ણ ગરમ પાણીમાં પાવું. (૧૧) કાળો વાળો, તમાલપત્ર, ઉપલેટ, આમળાં, વાળો, ધોળી મુસળી, એલચીદાણા, રેણુકબીજ, દ્રાક્ષ, કેસર, નાગકેસર, કમળમાંનું કેસર, કપૂર, ચંદન, રક્તચંદન, ત્રિકટુ, પીંપળીમૂળ, આસગંધ, શતાવરી, ગોખરૂ, કાકડાશિંગી, જાઇ, કંકોળ અને ડાંગરની ધાણી સમભાગ લઇ ચૂર્ણ કરવું અને એક ભાગ ચૂર્ણ, બે ભાગ ઘી અને સાકર એ પ્રમાણે ખાવું; અથવા ખડીસાકર અને મધની સાથે સવારે સેવન કરવાથી તે ક્ષય, રક્તપિત્ત, પાદદાહ, અસૃગ્દર (રક્તપ્રદર), મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર, રક્તસ્રાવ વગેરે એંશી પ્રકારના વાયુ અને વિશેષે કરી પ્રમેહનો નાશ કરશે. (૧૨) એલચી, પાષાણભેદ, લીંડીપીંપર, શિલાજિત, એ સર્વ એકત્ર કરી ચોખાના ધોવરામણમાં આપવું.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અંકોલ-૧૪, અરડુસી-૨૩, આકડો-૨૩, આવળ-૭, કપૂર-૧૧, કાકડી-૧, કારેલી-૮, કેસર-૯, કેળ-૧૬, કોથમીર-૧૦, ખાખરો-૧૫, ગોખરૂ બોડા-૫, ગોંડાળ-૧, તલ-૧, ધમાસો-૭, નળ-૨, નાઉળ-૧, નેવારી-૧, ફાંગળો-૩, બિહી-૧, બોરિંગણી-૪, મરી-૧૨, મૂળા-૧૩, રાનતુલસી-૬, લાંબડી,-૧, વાયવરણો-૬, વાંસ-૧, સીતાફળ-૨, સાગ-૧, સિત્રણ-૪, સોપારી-૩. **મળમૂત્રવડે આજારી થએલાને માટે:**—સરગવો-૬. **મળમૂત્ર બંધ થયાં હોય તે** માટે:—વડ-૧૫. **મૂત્રશુદ્ધિ** માટે:—ગળજીભી-૭, ડાભ-૨. **લિંગેન્દ્રિયથી લોહી પડે તે માટે:**—અળશી-૯.

પથ્ય:—રાતી ડાંગર, છાશ, દૂધ, દહીં, જૂનું કોળું, પંડોળાં, ચીભડાં, ખજૂર, નાળીએર અને તાડફળ. **અપથ્ય:**—વિરુદ્ધાન્ન, માર્ગ ચાલવો; રૂક્ષ, વિદાહી, વિષ્ટંભી એવા પદાર્થ, મૈથુન, મૂત્રાદિકોનો વેગ ધારણ કરવો, વાંસના અંકુર અને વમન.

૪૬-मूत्ररेचननी आवश्यकता अने औषधो×

જેને ગરમી, પ્રમેહ, મૂત્રાઘાત વગેરે રોગ થએલા છે તેને મૂત્રરેચન આપવું. **મૂત્રરેચનમાં આપવાનાં ઔષધો:**—(૧) સુરોખાર, ચણકબાબા, એલચીદાણા અને રેવંચી, એ સમભાગ લઇ

થાય છે, પણ મૂત્રાઘાતમાં ક્લેશ અલ્પ હોય છે. મૂત્રાઘાત રોગનાં સાધારણ લક્ષણ:—ટીપે ટીપે પેશાબ થવો. મૂત્રની સાથે લોહી જવું, મૂત્રાશય ફૂલવું, આફરો, તીવ્ર વેદના, બસ્તીમાં પથ્થરના જેવી ગાંઠ થવી, પેશાબ જાડો થવો, મલની દુર્ગંધવાળો અથવા મલમિશ્રિત પેશાબ થવો વગેરે લક્ષણ મૂત્રાઘાત રોગમાં જોવામાં આવે છે. સર્વ પ્રકારના મૂત્રાઘાત અતિશય કષ્ટદાયક અને કષ્ટસાધ્ય છે.

અસાધ્ય બસ્તિકુંડલ લક્ષણ:—જે મૂત્રાશય પિત્તથી ઊંચું થઇ ગયું હોય તેમજ મૂત્રાશયનું મુખ કફથી રોકાઇ ગયું હોય તે અસાધ્ય બને છે.

* મૂત્રાઘાત રોગમાં શાસ્ત્રીય ઔષધ:-વિદારી ઘૃત, ધાન્યગોક્ષુરક ઘૃત, ક્ષૌદ્રાર્દ્ધભાગ ઘૃત, કુશાવલેહ, તારકેશ્વર રસ તથા મૂત્રકૃચ્છ્ર રોગમાં કહેલ ઔષધિ અપાય છે.

× (૧) શંખજીરૂ, જીરૂ અને સુરોખાર દૂધમાં નાખી પાણી મેળવી પાવું. (૨) સોનાગેરૂ ૦। તોલો, સુરોખાર ૧ તોલો, ઇલાયચી ૦। તોલો, મજિઠ ૦। તોલો, દૂધ ૨ શેર અને પાણી ૪ શેર નાખી એકત્ર કરી પાવું.

ચૂર્ણ કરી તે ૬ માસા ચૂર્ણ, પાશેર દૂધ અને પાશેર પાણી એકત્ર કરી તેમાં આપવું. (૨) સોનામુખી (મીંઢીઆવળ) ૨ તોલા રાત્રે પાશેર પાણીમાં પલાળી રાખી સવારે તે ગાળી તેમાં સાકર ૧ તોલો નાખી તે આપવી. એથી કરી રેચ પણ થાય છે. (૩) ગાયનું દૂધ ઉકળતું રાખી તેમાં લિંબોળીઓનો રસ નાખી પછી સાકર મેળવી ૭ ગણા કપડામાંથી ગાળીને, તે પાણી સાત વાર ઉલટાપાલટી કરી પાવું. (૪) એક શેર દૂધમાં એક શેર પાણી મિશ્ર કરી તેમાં ૨ માસા સુરોખાર અને ૬ માસા સોનાગેરૂ નાખી તે હલાવી ઉભા રહી પેટભર પીવું અને ફરતા રહેવું; એટલે મૂત્રરેચ થાય છે. (૫) દૂધ બશેરસુધી લઇ કલાઈના વાસણમાં સારૂં ગરમ કર્યા પછી તેમાં ફટકડીની ભૂકી ૨ માસાપર્યંત નાખવી એટલે તે દૂધ ફાટી જાય છે. પછી દેવતા ઉપરથી ઉતારી ગાળી લઈ તેમાં એલચીદાણાની ભૂકી અને ખાંડ નાખી તે ઠંડુ થયા પછી પ્રાશન કરવું. (૬) ખાખરાનાં સુકાએલાં ફૂલ શુમારે ૧૦ તોલાપર્યંત લઇ તે ધોઇ તેમાં પાણી નાખી ઉપર ઢાંકણું દઇ મંદાગ્નિ ઉપર વરાળ થાય ત્યાંસુધી બાફવાં. પછી તે પીલી તેનું પાણી પાશેર સુધી લઇ તેમાં ૨ માસા સુરોખાર નાખી તે પાવું અને બાકી રહેલા પાણીમાં તે બાફેલાં ફૂલ મેળવી પેટ પર બાંધવાં. (૭) કાળી દ્રાક્ષ ૪ તોલા રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી સવારે તે મસળી, તેનું પાણી ગાળી લેવું અને તે પાણીમાં થોડી જીરાની ભૂકી નાખી શક્તિ પ્રમાણે એક શેરપર્યંત પ્રાશન કરવું; એટલે મૂત્રદ્વારે શરીરમાંની ગરમી નીકળી જાય છે; એથી કોઈને રેચ પણ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌંમાં:—કાકડી-૯, ખાખરો-૧૫, ડાંગર-૪, દ્રાક્ષ-૮, રેવંચી-૨.

પથ્ય—ચોખા, દૂધ, ઘી, તુવેરની દાળ, સાકર, ઘઉં. **અપથ્ય:**—ગોળ, તીખા, ખાટા, તેલકટ અને વાયુ કરે એવા પદાર્થ.

૪૭–मोढाना रोग (मुखरोग)

કારણ:—જળચર પ્રાણીનું માંસ, દૂધ, દહીં, અડદ વગેરે પદાર્થોના સેવનથી કુપિત થયેલા કફાદિક દોષો મુખમાં રોગ ઉત્પન્ન કરે છે; તેમજ દાંત ન ઘસવા, ધૂમ્રપાન એ કારણોથી પણ આ રોગ થાય છે.

મુખરોગની સંખ્યા:—દંતરોગ-૮, ઓષ્ટરોગ-૮, દંતમૂળરોગ-૧૫, તાળવાના રોગ-૯, જીભના રોગ-૫, કંઠરોગ-૧૭ તથા સર્વસર રોગ ૩ મળી કુલ ૬૫ પ્રકારના મુખરોગ છે.*

---

* ૧-દાંતમાં કાળાં છિદ્ર પડી જઇ નિમિત્ત વગર પીડા થાય તે કૃમિદંત. ૨-દાંતની નસોમાં પીડા થાય તે દાલન. ૩-ટાઢું, ઉનું, ખાટું, પવન વગેરે સહન ન થાય તે દંતહર્ષ. ૪-ધીમે ધીમે વાયુ દાંતને મોટા અને બેડોળ કરે તે કરાલ. ૫-દાંતનો મેલ કઠણ થઇ જાય છે તે દંતશર્કરા. ૬-દાંત કાળો પડી જાય તે શ્યામદંત. ૭-મોઢું વાંકું અને દાંત ભાગી જાય તે ભંજનક. ૮-દંતશર્કરા વધીને ગાલને નડે તે કપાલિકા. એ દાંતના આઠ રોગો છે. વાત-૧, પિત્ત-૨, કફ-૩, સન્નિપાત-૪, લોહીનો-૫, માંસનો-૬, મેદનો-૭ અને ચોટ લાગવાનો એમ આઠ ઓષ્ટ(હોઠ)ના રોગો છે.

(૧) કારણવિના અકસ્માત્ પારામાંથી દુર્ગંધયુક્ત લોહી પડે તે શિતાદ. (૨) કફલોહીના કોપથી બે ત્રણ પારામાં ઘણો સોજો થાય તે દંતપુટપુટ. (૩) પારાને સોજો થઈ પીડા થાય, લાળ પડે અને ચળ આવે તે સૌષિર. (૪) પારામાં દાંત હાલવા લાગે અને તાળવું બેસી જાય કે છિદ્ર પડે તે મહાસૌષિર. (૫) પારામાંથી પરૂ સહિત લોહી નીકળી દાંત હાલે તે દંતવેષ્ટ. (૬) પારા વીખરાઇ ગયા છતાં લોહી ન નીકળે તે પરિદર. (૭) પારામાં બળતરા થઇ દાંત હાલવા લાગે, ઔષધ ઘસતાં લોહી નીકળે અને પીડા થાય તે ઉપકુશ. (૮) ચોટ લાગવા કે ઘસાવાથી સોજો ચઢી દાંત હાલી પીડા કરે તે વૈદર્ભ. (૯) પારામાં બીજા કરતાં એક દંત વધારે વધે તે ખલીવર્દ્ધન. (૧૦) નીચેની દાઢના અંતમાં સોજો હોય, લાળ પડે અને પીડા થાય તે અધિમાંસ. આ દશ સિવાય પારાની નસોમાં વાયુ, પિત્ત, કફ તથા સન્નિપાતથી અને ચોટ લાગવાથી એમ પાંચ પ્રકારે નસોના રોગો થાય છે;

દંતરોગ ઉપર ઉપચારઃ—(૧) સુંઠ અને ધોળા શરપંખાના કિંવા ત્રિફળાંના કાઢાએ ગલફોરાં ભરવાં; એટલે અવાળુમાંથી લોહી નીકળે છે, માંસ ભરેલું કાઢી નાખે છે અને અવાળુ પાકે છે તેને મટાડે છે. (૨) લોધર, પતંગ, જેઠીમધ અને લાખનું ચૂર્ણ કરી તેમાં મધ નાખી તેનો કોગળો કરવો; એટલે દાંતમાંથી લોહી અને પરૂ વહે છે તે બંધ થઇ હાલનારા દાંત ઘટ્ટ થાય છે. (૩)

તે મળી પંદર પારાના રોગો છે. વળી દાંતના પારામાંથી પરૂસહિત લોહી નીકળે, ઘણો સોજો હોય અને તેમાં દાહ તથા પીડા હોય તે દંતવિદ્રધિ કહેવાય છે. દાંતના મૂળનેજ દાંતના 'પારા' કહે છે.

વાત ૧, પિત્ત ૨, કફ ૩, અલાસ (જીભ નીચે કફ તથા લોહીના પ્રકોપથી દારુણ સોજો થાય તે) ૪, ઉપજીહ્વ (જીભ, કફ તથા લોહીના પ્રકોપથી સુજીને જાડી થઇ જાય છે તથા લાર ગળવી, દાહ તથા સોજો થાય છે તે) ૫, એમ પાંચ જીભના રોગો છે.

તાળવાના રોગ—(૧) ગલસુંડી, (૨) તુંડીકેરી, (૩) અધ્રૂષ, (૪) કચ્છપ તથા (૫) તાલુ અર્બુદ, એ પાંચ પ્રકારના તાળવામાં થતા સોજા, (૬) માસસંઘાત (ભેગું થયેલું દુષ્ટ માંસ), (૭) તાલુપુપ્પુટ (બોરના જેવડી ગાંઠ), (૮) તાલુશોષ તથા (૯) તાલુપાક.

ગળાના રોગ—(૧ થી ૫) વાતવિદ્રધિ, પિત્તવિદ્રધિ, કફવિદ્રધિ, ત્રિદોષ તથા રક્તદોષયુક્ત વિદ્રધિ (ફોડકી) તથા (૬) કંઠશાલુક, (૭) ગલાયુ (કઠણ ગાંઠ), (૮) અધિજિહ્વક, (૯) વલય, (૧૦) બલાસ, (૧૧) એકવૃંદ, (૧૨) વૃંદ, (૧૩) કંઠવિદ્રધિ, (૧૪) ગલૌઘ, (૧૫) માંસતાન, (૧૬) વિદારી (ગળામાં થતા સોજા), (૧૭) શતઘ્ની (માંસ અંકુરમાંથી થએલી બત્તી), (૧૮) સ્વરઘ્ન (સ્વર બગાડનાર રોગ). એકવૃંદ તથા વૃંદનો કોઇ આચાર્યોએ એકમાંજ સમાવેશ કરેલ છે.

(૧) મુખમાં સર્વત્ર ફોડલા થઇ ઘણી પીડા થાય તે વાયુનો, (૨) લાલ કે પીળા ફોડલા થાય, દાહ હોય તે પિત્તનો, (૩) પીડાવિના પણ ચેળયુક્ત ધોળા ફોડલા હોય તે કફનો; એમ ત્રણ પ્રકારના સર્વસર રોગ છે, તેનેજ મુખપાક કહે છે. વળી જે હોઠમાં તથા પારામાં લોહીના કોપથી અથવા ત્રિદોષથી થએલા ફોલ્લા હોય, તે સન્નિપાતનો અસાધ્ય મુખપાક રોગ કહેવાય છે.

સંગ્રહિત ઉપચારઃ—(૧) દાંતની જડમાં કીડા થયા હોય તો હિંગનો ગાંગડો ગરમ કરી દાંત નીચે રાખે તો કીડા મરી જાય. (૨) ફટકડીનો ઝીણો ભૂકો કરી તેમાં થોડું મીઠું નાખી, પછી એક રૂનું પુમડું પાણીમાં પલાળી તે ઉપર ભભરાવી તે દાઢ ઉપર મૂકવાથી દાઢ દુખતી મટે. (૩) મુખપાક ઉપર કસ્તુરી, વાંસકપૂર, નિસાસતો (ઘઉંનો બનાવે છે), એ ત્રણે બરાબર લઇ ખાંડી બારિક કરી મોઢામાં ભભરાવે અને લાળ નીતરવા દે તો મટે; અથવા સરકો અને ગુલાબના કોગળા કરાવવા, અગર હિમજ મોઢામાં રાખવી અથવા જીરૂં ખાંડી તેના પાણીમાં રતાંજળી ઘસી તેમાં એલચીનો ભૂકો અને ફૂલાવેલી ફટકડી નાખી કોગળા કરાવવા; અથવા બાવળ તથા જાંબુડીની અંતરછાલનો ઉકાળો કરી તેમાં ફૂલાવેલી ફટકડી નાખી કોગળા કરાવવા; અથવા ચોખાના ઓસામણમાં વાટેલી ફટકડી નાખી કોગળા કરાવવા. (૪) મોઢું ગંધાતું હોય તો કસ્તૂરી, અગર અને લવંગ, એ ત્રણેને બારિક ખાંડી કેટલાક દિવસ સુધી દાંત ઉપર ઘસવું. (૫) ગળામાં કાકડી થાય તે એવી રીતે કે ગળામાં થુંક ન ઉતરે; એ રોગ પિત્ત, લોહીવિકાર કે વાયુથી થાય છે. ગળામાં ઘણું દુખે તો એ રોગ લોહીવિકારથી જાણવો. તેના ઉપરઃ—બેઉ હાથની કેફાલ રગનું લોહી કઢાવવું. વાયુની કે પિત્તની હોય તો મોઢામાંથી ફીણ નીકળે અને દુખે નહિ; ત્યારે અંજીર ઉકાળી તેનું પાણી એક અઠવાડિયા સુધી રાતદહાડો પીએ તો મટે. પાણીને બદલે પણ એજ પાણી પીએ તો વધારે ફાયદો થાય. (૬) બલગમ ગંધાતી હોય તો લસણ મધ સાથે ખાવું. (૭) રાતી અરડુસી ૧ તોલો ૦। શેર મધમાં નાખી એકઠું કરી સવારે પીએ તો મોઢામાંથી લોહી પડતું હોય તે મટે. (૮) આકડાનું દૂધ ૦। શેર કુલડીમાં ભરી મીણકપડ કરી છાણાં ૫ શેર માં ભઠ્ઠી કરી ખાખ કરવી; એ ખાખ દાંતે ઘસવાથી દાંત હાલતા હોય તો મજબૂત થાય અથવા માયાં અને ફટકડી ઘસવી. (૯) ખડીઓખાર ફૂલાવી મધમાં ચટાડવાથી મુખપાક મટે. (૧૦) ફટકડી ૧ તોલો, કાળાં મરી ૧ તોલો અને સોપારી કાળી ૪ તોલા, એમની ભસ્મનું ચૂર્ણ દાંતે ઘસવું અથવા ઈલાયચી ટાંક ૧, કાથો ટાંક ૧, ફૂલાવેલી ફટકડી ટાંક ૧ અને હીરાકસી ટાંક ૧, સવારમાં દાંતે ઘસવાથી

કાંટાસરીઆનો રસ અને મધ દાંતે ઘસવું; એટલે રક્તવિકાર બંધ થાય છે. (૪) તુવેરની દાળ, બીલામો અને કાંટાસરીઆનાં મૂળીઆંને માટલામાં નાખી રાખ કરી દાંતે લગાડતા રહેવાથી દંતરોગ દૂર થાય છે. (૫) લોહચૂર, એલચીદાણા, હિરાકસી અને માયફળનું ચૂર્ણ કરી રોજ દાંતે ઘસવું. એથી કરી સર્વ દંતરોગ શમે છે. (૬) મોગલી એરંડાના તાજા દાતણે દાંત ઘસવા અને તેનો રસ દાંતે ચોપડવો. (૭) જીરૂં, મીઠું, હરડે અને શીમળાના કાંટાના ચૂર્ણવડે દાંત ઘસવા; એટલે દંતમૂળના ક્ષતો, ચીરા પડે છે તે, સણુકા, રક્તસ્રાવ, દાંત હાલવા અને સોજાનો નાશ થાય છે. (૮) લીંડીપીંપર, સિંધવ અને જીરાનું ચૂર્ણ દંતમૂળને ઘસવું. (૯) ફટકડીની ભૂકી મધ અને ઘીમાં કાલવી ચોપડવી; એટલે રક્ત બંધ થાય છે અને મુખપાક દૂર થાય છે. (૧૦) જાઇનાં પાંદડાં, મીંઢળ, ગોખરૂ, બહેડળ, મજીઠ, લોધર, ખેરની છાલ અને જેઠીમધનો કાઢો કરી તેમાં તેલ નાખી પચન કરવું અને તે લગાવવું. તે દંતનાડીનો નાશ કરે છે. (૧૧) ગળો પાણીમાં વાટી તેમાં આકડાનું દૂધ નાખી કઢવવી; તેના વડે દાંત ઘસવા એટલે હાલનારા દાંત ઘટ્ટ થાય છે. (૧૨) જાઇનાં પાંદડાં, સાટોડી, ગજપીંપળી, કાંટાસરીઓ અને ઘોડાવજ, સુંઠ, અજમો, હરડે અને તલનું ચૂર્ણ મોઢામાં રાખવાથી દુર્ગંધ, દાંતના સણુકા, દાંત હાલવા, વ્રણ, સોજો, કંડૂ અને કૃમિનો નાશ થાય છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ઉપરસાલ-૬, કાયફળ-૧૧, કોલિંજન-૧૦, તુવેર-૪, બોરસળી-૮, મોગલી એરંડા-૧૧, લીંડીપીંપર-૨૯, લોધર-૩, સાટોડી-૧૨.

દંતકૃમિ ઉપર ઉપચાર:—(૧) કપૂર અથવા શેકેલી હીંગ દાઢની નીચે રાખવી. (૨) કાંટાસરીઆનાં પાંદડાં અથવા મૂળીઆં ચાવવાં. (૩) અક્કલકરો દાઢમાં રાખવો એટલે દંતશૂળ બંધ થાય છે. (૪) સુંઠ ૧ ભાગ અને ફુલાવેલી ફટકડી ૨ ભાગ લઇ એકત્ર કરી તે ૨-૩ વખત ચોપડવી; એટલે દંતશૂળ તુરત બંધ થઈ જાય છે. (૫) રિંગણીનાં સૂકાયલાં ફળ અંગારા પર નાખી તે ઉપર નળીવાળું ઢાંકણુ મૂકી નળી વડે મોઢામાં ધૂણી આપવી એટલે કૃમિ દૂર થાય છે. કાનમાં પણ આ ધૂણી આપવાથી કર્ણકૃમિ દૂર થાય છે. (૬) લીલી નગોડ, ઓઢી અઘાડી અને કડવી તુમડી, એ દરેકનાં મૂળીઆંનું ચૂર્ણ કરી દાંતમાં રાખવું; એટલે કૃમિને પાડી નાખે છે. (૭) ધોળી ઉપરસાલનાં પાંદડાં વાટી ગોળી કરી દાંતમાં રાખવી, એટલે કૃમિ પડી દાંત ઘટ્ટ થાય છે. (૮) હિરાકસી, હીંગ, ફટકડી અને દેવદાર પાણીમાં વાટી ગોળી કરી દાંતમાં રાખવી; એટલે કૃમિજ દંતશૂળનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ઇદ્રવરણાં-૩, ઉંદરકની-ક-૪, કડવાં તુરીઆં-૩, કેપૂર-૯, કાંટાસરીઓ-૮, પાષાણભેદ-૬, ભોરિંગણી-૩, હીંગ-૨૧.

દાંત બળવાન થવા માટે ઉપચાર:—(૧) બકુલી(બોરસલી)ની અંતરછાલ રોજ ચાવવી એટલે દાંત ઘટ્ટ થાય છે. (૨) બદામનાં છોડીઆં બાળી તેણે દાંત ઘસવા. (૩) નાગરમોથ, હરડે, સુંઠ, મરી, લીંડીપીંપર, વાવડીંગ અને કડવા લીમડાનાં પાંદડાં, એ ગોમૂત્રમાં વાટી ગોળી કરી છાયામાં સૂકવી, તે રાત્રે મોઢામાં રાખી ઉંઘવું, એટલે દાંત વજ્રતુલ્ય ઘટ્ટ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**દંતશૂળ** માટે:-અઘેડો-૪, આદુ-૪૮, કપૂર-૯, કેરંડા-૧, ખેરેતી-૮, નાકછીંકણી-૪. **દાંત દુખતા હોય** તે માટે:-અક્કલકરો-૧, ગુંદી-૧, લવંગ-૫.

દાંત દુખતા મટે. (૧૧) મોરથુથુ ફૂલાવી જ્યારે સફેદ થાય, ત્યારે તેમાં સોનાગેરૂ નાખી મોઢામાં રાખે તો મોઢાનાં ચાંદાં મટે. (૧૨) દંતમંજનઃ—માયાં ૯ ભાગ, લોહચુર ૧૦ ભાગ, હીરાકસી ૨ ભાગ, ફટકડી ૨ ભાગ, સોનાગેરૂ ૨ ભાગ, હીમજ ૨ ભાગ, કાથો ૨ ભાગ, સુરમો ૨ ભાગ અને મોરથુથુ ફૂલાવેલો ૨ ભાગ, સર્વને લઇ ઝીણું વાટી દાંતે ઘસવાથી દાંત મજબૂત થાય. (૧૩) પડજીભી ઉપર:—એલચી, જાવંત્રી, સિંધવ, જાયફળ અને ધુંવાસ, એ સમાનભાગે લઇ પાણીમાં ગોળી કરી મોઢામાં રાખવું.

× દંતરોગ પર શાસ્ત્રીય ઔષધિ:-મુસ્તાદિ વટી, સહચરાદ્ય તેલ, જાત્યાદિ તેલ, લાક્ષાદિ તેલ વગેરે મોંમાં રાખવા માટે અપાય છે. દશનસંસ્કારચૂર્ણ તથા અન્ય દંતમંજન દાંત ઘસવા માટે અપાય છે.

દાંતનાં પેઢાં દુખતાં હોય તે માટેઃ-મોગલી એરંડો-૯. **દાંત કઠણ એટલે મજબૂત થવા** માટેઃ-તુવેર-૪, બદામ-૫, બોરસળી-૨. **દાંત હાલતા હોય** તે માટેઃ-ખેરેતી-૮, માયફળ (માયાં) -૫. **દાંતમાંથી લોહી આવે તે** માટેઃ-કાંટાસરીઓ-૭. **દુખતી દાઢ હોય તે** માટેઃ-કાંટાસરીઓ-૪, ગુગળ-૩, ડુંગળી-૩૩, બોળ (હીરાબોળ)-૫, હીંગ-૨૧.

જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાંઃ-નં-૭, ૮.

કંઠ (ગળાના) રોગ ઉપર ઉપચારઃ—(૧) જવખાર, તેજબળ, પહાડમૂળ, રસાંજન, દારુહળદર અને લીંડીપીંપરના ચૂર્ણની મધમાં ગોળી કરી મોઢામાં રાખવી. (૨) દારૂહળદર, તજ, કડવો લીમડો, રસાંજન અને ઇંદ્રજવનો કાઢો આપવો કિંવા હરીતકીનો કાઢો મધ નાખી આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—કેવડાનું ઝાડ-૬, પાઢ (કાળીપાડ)-૧, ફણુસ-૪, શણપુષ્પી-૨, સમેરવો-૧૫.

જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાંઃ-નં. ૩૭.

કંઠસર્પઃ—ગળામાં કફને લીધે ઉંચી, લાંબી એવી ગાંઠ ઉત્પન્ન થાય છે; તેથી કરી ગળાનો અવરોધ થાય છે, અન્નપાણી જતું નથી, બોલવું ભારે કઠિન પડે છે અને કફનો અતિશય પ્રકોપ થઇ પ્રાણાંતક સ્થિતિ થાય છે. એને વૈદ્યકશાસ્ત્રમાં **"વલય-કંઠરોગ"** અને મ૦ 'ઘાંટસર્પ' એવાં નામો આપેલાં છે. એ ઉપર **ઉપચારઃ**—(૧) વગડાઉ બોરડીની છાલ ૧ તોલો વાટી પીવા આપવી. (૨) વાસનવેલીનાં મૂળ વાટી પાવાં. (૩) મહૂડાનાં ફળમાંનાં બીઆં પાણીમાં ઘસી પાવાં. (૪) બહેડાના ઝાડની અંતરછાલ પાણીમાં વાટી તે પાણી પાવું. (૫) ઇંદ્રવરણા, શિસમના લાકડાનો વહેર કિંવા કડવું તુરીઉં હોકામાં નાખી પીવું. (૬) કરોળીઆનું ઘર અને મલીઆગરુનું સમભાગ ચૂર્ણ કરી ચલમમાં નાખી પીવું. (૭) કેવડાનાં કણસમાંનું ફૂલ ચલમમાં નાખી પીવું. (૮) તોરણીનાં પાંદડાં ચોળી મોઢામાં ભરી રાખવાં અને ચાવીને થોડો રસ ગળામાં જવા દેવો; એટલે કફ પડી ગળું મોકળું થાય છે. (૯) ખુળખુળાનું ફળ ચલમમાં નાખી પીવું. (૧૦) ખુળખુળા, શરસડાની શિંગોની છાલ અને પરિપાઠ (ધાણાના ઝાડ જેવું ઝાડ થાય છે), એ ચલમમાં નાખી પીવું.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—**ગળામાં અને જીભ પાસે સૂજી આવ્યું હોય તે** માટેઃ—અંજીર-૪. **પડજીભ** એટલે ગળામાંના સોજા માટેઃ—આમલી-૪, કાસાળું-૯, બીલ્લામો-૮, ૧૫. **ગળશોથ** માટેઃ—બોરસળી-૬, વિષ્ણુક્રાન્તા-૧. **પિત્તથી ગળામાં બળતરા થાય તે** માટેઃ—રાઈ-૭. **કંઠવિકાર** માટેઃ—પરિપાઠ-૩. **કંઠસર્પ** માટેઃ—આકડો-૩૬, કડવાં તુરીઆં-૭, ગોલણુ-૧, તોરણ-૩, દીપમાળ (ગલગોટા)-૩, નળ-૩, પરિપાઠ-૩, બહેડાં-૬, બોરડી-૫, મહૂડો-૨, વાસનવેલ-૧. **ગળામાં દુખે તે** માટેઃ—બીલી-૯. જુઓ પ્રા૦ઔ૦માંઃ-કાંતણીનું ઘર-૬.

મુખપાક (મોઢામાં ચાંદીઓ પડે તે) **ઉપર ઉપચારઃ**—(૧) પંચવલ્કલો અથવા બાવળની છાલ કિંવા ત્રિફળાંના કાઢાના કોગળા કરવા. (૨) ફુલાવેલી ફટકડી પાણીમાં નાખી તેના કોગળા કરવા. (૩) જાઇનાં પાંદડાં રોજ ચાવવાં. (૪) ચણકબાબા અને ખડીસાકર દાઢની નીચે રાખી રસ ગળી જવો. (૫) ફુલાવેલી ફટકડી અને એલચીદાણાની ભૂકી મોઢામાં નાખી લાળ ગળવી. (૬) અક્કલકરાની ભૂકી મોઢામાં જીભ વડે ફેરવવી. (૭) ધોળી ચણોઠીનાં પાંદડાં ચાવવાં. (૮) અરડુસીના રસમાં મધ નાખી તેમાં ઉપરસાળનાં મૂળ ઘસી તેનો મોઢામાં લેપ કરવો (૯) શંખજીરૂં માખણમાં કાલવી તેનો મોઢામાં લેપ કરવો. (૧૦) ભાંગરાનાં અથવા તુવેરનાં પાંદડાં ચાવી લાળ પાડવી, એટલે ત્વરિત ગુણ આવે છે. (૧૧) લીંડીપીંપર, મરી, ઉપલેટ અને ઇંદ્રજવનું ત્રણ દિવસ ચર્વણ કરવું, એટલે મુખપાક તથા દુર્ગંધની શાંતિ થાય છે. તલ ખાવા અથવા તલના તેલના કોગળા કરવા. (૧૨) ખેરની છાલ ૪૦૦ તોલા લઈ તેનો ૧૦૨૪ તોલા પાણીમાં અષ્ટમાંશ કાઢો કરી ગાળીને આપવો; તેમાં જાયફળ, કપૂર, ચીકણી સોપારી, તજ, એલચી, તમાલપત્ર, નાગ-

---

× ગળાના તથા તાળવાના રોગ ઉપર ક્ષાર ગુટિકા, યવક્ષારાદિ ગુટી, ખદિરવટી, પીતકચૂર્ણ વગેરે મોંમાં રાખવા માટે અપાય છે. ગળાના રોગમાં નસ્ય આપવાની ઔષધિ પ્રકરણમાં લખેલી છે.

કેસર, કસ્તુરી, એ એકેક તોલો લઇ ચૂર્ણ કરી તે કાઢામાં મેળવવું; તેની ચણા જેવડી ગોળી કરી તે મોઢામાં રાખવાથી સર્વ મુખપાકરોગ, જિહ્વારોગ, ઓષ્ઠરોગ, દંતરોગ, ગલરોગ અને તાલુરોગનો નાશ થાય છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**મુખરોગ** માટે:—અરડુસી-૨૦, અળઇ-૨, એલચી-૧૦, કદંબ-૩, ખાખરો-૧૮, ૨૧, ચણકબોબા-૧, જાંબુ-૭, જીરૂં-૮, દાડમ-૧૩, બાવળ-૧૪, વડ-૧૩, સહદેવી-૩. **મુખપાક** માટે:—અરડુસો-૯, અરલુ-૧૨, કારિંદા-૧, કાળીખજૂરી-૨, કાંટાસરીઓ-૫, ચંબેલી-૮, તલ-૫, તુવેર-૭, બાવળ-૧, બિહી-૨, બીલી-૧૨, બોરસળી-૬, ભાંગરો-૧૨. **મુખવિકાર** માટે:—તોરણ-૧, વરીઆળી-૨. **લાલાસ્રાવ એટલે લાળ પડવા** માટે:-માયફળ (માયાં)-૮. **મુખમાધુર્ય** માટે:-અક્કલકરો-૭, ચણકબોબા-૬. **મોઢા પરની કાળાશ દૂર થવા** માટે:-આકડો-૧૯. **મોઢું ફાટયું હોય તે** માટે:-ફણસ-૧. **મુખદુર્ગંધ દૂર થવા** માટે:-કોલિંજન-૯. **મોઢામાં ચાંદીઓ પડે છે તે** માટે:-જેઠીમધ-૭, પીલુ-૪. **ગરમીથી મોઢામાં ફોડલીઓ થાય તે** માટે:-ચણોઠી-૬, તવખીરવૃક્ષ-૧. **મુખસંબંધી કફવાત રોગ દૂર થવા** માટે:-બીજોરૂં-૧૮. **હોઠમાં ચીરા પડે તે** માટે:-એરંડો-૩૬, કોકમ-૫. **જીભ શુદ્ધ થવા** માટે:-અક્કલકરો-૨, ૭. **જીભે કાતરા પડે તે** માટે:-કાંચકી-૧૦, કેળ-૮, ચંબેલી-૧, સરગવો-૧૦. **જીભ ઉપર બુખાર એટલે છારી આવે તે** માટે:—કચૂરો-૨. **તાવના યોગે જીભ બળતી હોય તો** તે માટે:-કાળી ખજૂરી-૨. **જીભ, ગળું અને તાળવાનો શોષ શાંત થઇ મોઢામાં રુચિ આવવા** માટે:—દ્રાક્ષ-૧૧. **જીભ કાળી થાય છે તે** માટે:-ભીલામો-૧૪. **જીભ નીચેનો ભાગ સૂજ્યો હોય તો** તે માટે:—મરેઠી-૨. **ગરમીથી જીભ ઉપર કાંટા આવ્યા હોય તો** તે માટે:—ઉંબરો-૧૫. **તાળવામાં કાત્રા પડે છે તે** માટે:—ધમાસો-૨.

જુઓ પ્રા૦ઔ૦માં:—**મુખરોગ** માટે:—મધ-૫.

પથ્ય:—ચોખા, જવ, મગ, કળથી, કારેલાં, પંડોળાં, કુમળા મૂળા, પાન, તીખા અને કડવા રસ.

અપથ્ય:—ખાટું દહીં, દૂધ, ગોળ, અડદ, રૂક્ષાન્ન, કઠિનાન્ન, જડ અને પૌષ્ટિક અન્ન, દિવસે નિદ્રા.

૪૮–रगतपित्त (रक्तपित्त)

કારણ અને સ્વરૂપ:—તાપ, અગ્નિનો શેક, પરિશ્રમ, શોક, મુસાફરી કરવી, મૈથુન ઇત્યાદિકોના અતિસેવનને લીધે તેમજ તીક્ષ્ણ, ઉષ્ણ, ખારા તથા ખાટા, એ પદાર્થોના અતિસેવનને લીધે પિત્તનો ક્ષોભ થઇ તે રકતને કોપાવે છે; પછી મુખવાટે અને ગુદાવાટે રકત પડવા લાગે છે, એને રકતપિત્ત§ કહે છે.

રકતપિત્તના ઉપદ્રવ:—અન્ન પચન ન થવું, ઉલટી, તૃષા, શ્વાસ, ઉધરસ, બલહાનિ, પાંડુરતા (શરીરનો વર્ણ પીળો થવો), ભોજન કરવા છતાં પણ દાહ, ભ્રમ, માથાનું દુ:ખવું, અતિસાર, ક્ષુધાનાશ ઈત્યાદિ ઉપદ્રવ થાય છે. મુખવાટે લોહી પડે છે તે **સાધ્ય**; ગુદાવાટે પડે છે તે **કષ્ટસાધ્ય**;

---

* મુખપાક તથા જીભના રોગમાં સપ્તચ્છદાદિ કાઢા, ખદિરવટી, જાતિપત્રાદિ ચૂર્ણ, ગુંજાદિમૂલયોગ, તિલાદિ ગંડૂષ વગેરે અપાય છે. હોઠ ફાટવા, ગાલ ફાટવા વગેરે પર જીવંત્યાદિ લેપ, તથા અન્ય તેલ અને મલમ ચોપડવા માટે અપાય છે. મોઢા પર થતા ખીલ (મુખદૂષિકા) ઉપરના ઉપચાર ક્ષુદ્ર રોગમાં આપેલ છે.

§ રગતપિત્તનું દરદ ઘણુંજ ખરાબ છે. એનાથી હાથપગ ફાટી લોહી નીકળે છે, નખ કાળા થઇ ખરી પડે છે અને કોઇ કોઇ માણસના શરીર ઉપર રૂપીઆ જેવડાં ચકરડાંની માફક ચાંદાં પડે છે. તેના ઉપર:—(૧) સાપની કાંચળી માસા ૨ ખજૂર સાથે ખાય તો જલદી આરામ થાય. (૨) રગતપિત્તનાં ચાંદાં તથા પગની પાટલી નીચે તળીઆમાં નાસૂર પડે છે તેના ઉપર:—હળદર માસા ૧૦, પારો માસા ૫, ગાયનું ઘી માસા ૩૦, એ સર્વેને ચાર પહોર સુધી સારી પેઠે ખરલ કરી પછી વિલાયતી રેસાને ચોપડી ચાંદાં તથા નાસૂર ઉપર મૂકી, ઉપર કાળા મલમની પટી મૂકવી.

મુખદ્વારે અને ગુદાદ્વારે બન્ને ઠેકાણેથી પડે છે તે અસાધ્ય જાણવો.

ઉપચાર:—(૧) અરડુસીનો રસ અને મધ સમભાગ કરી આપવાં. (૨) બકરીના દૂધમાં મધ અને સાકર નાખી તે દૂધ આપવું. (૩) અરડુસી, મુનકા દ્રાક્ષ અને બાળહરીતકીનો કાઢો આપવો. (૪) ગાયના દૂધમાં પાંચગણું પાણી કઢવવું. પાણી બળી જાય એટલે તે દૂધ પીવું. (૫) આમળાંનો અથવા હરીતકીનો મુરબ્બો આપવો. (૬) આમળાંનું ચૂર્ણ સાકર અને ઘી એકત્ર કરી આપવું; અથવા આમળાં ઘીમાં શેકી તાળવા ઉપર તેની થેપલી કરી મૂકવી. (૭) જેઠીમધ, ધાણા, રતાંદળી, અરડુસી અને વાળાનો કાઢો મધ અને સાકર નાખી આપવો; એટલે શોષ, દાહ, રક્તપિત્ત તથા જ્વરનો નાશ થાય છે. (૮) શંખજીરું, ઘી અને સાકર એકત્ર કરી આપવું. (૯) દૂધની મલાઇ આપવી. (૧૦) દ્રાક્ષ, એદાણા અને ધાણાનો કાઢો સાકર નાખી આપવો. (૧૧) ઉંબરાનાં પાકેલાં ફળ ગોળમાં કિંવા મધમાં ખાવા આપવાં.÷

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અડદ–૩, અરજુન સાજડ–૭, અરડુસી—૧,૨,૩,૧૦,૧૯, ૨૨; આમળાં–૩૩, ઉંબરો–૨, કેસર–૧, કોથમીર–૧૩, ગરમાળો–૮, જવ–૧, તુવેર–૮, દ્રાક્ષ–૧૭, નાળીએરી–૧૭, પદ્મકાષ્ઠ–૧, પીંપળો–૨૪, પીળો ધંતુરો–૮, બીવલો–૧, રાયણ–૨, લીંડીપીંપર– ૩૬, વડ–૧૨, વાંકેરી–૬, સ્વિવણ–૫. જુઓ ગો૦વૈ૦માં:—દૂધ–૧૬. **પિત્ત મસ્તકે ચઢી ગયું હોય તો:**—ઘી–૩. **પ્રવાહિકા અને રક્તપિત્તાદિક માટે:**—દૂધ ૨૦. પ્રા૦ઔ૦માં:—રક્ત-પિત્ત માટે:—મધ–૮.

પથ્ય:—જૂના સાઠીચોખા, કોદરા, રાઇ, દેવડાંગર; જવ, મગ, મસૂર, ચણા, તુવેર, મઠ, તૂરા પદાર્થ, દૂધ, ઘી, ફણસ, કેળું, તાંદળજો, પંડોળાં, જૂનું કોળું, દુધી, કાળિંગડું, શેલડી તથા સાકર. **અપથ્ય:**—વ્યાયામ, મુસાફરી કરવી, તાપ વેઠવો, મલમૂત્રના વેગનો અટકાવ, ઘોડા ઉપર બેસવું, બફારો, ધૂમ્રપાન, મૈથુન, કળથી, ગોળ, તલ, અડદ, દહીં, ખારા પદાર્થ, તાંબુલ, લસણ, કઠોળ, ધાન્ય, વિરુદ્ધાશન, કડવા અને ખાટા પદાર્થ, મીઠું.

४९–रतवा (विसर्प)

કારણ:—ખારું ખાટું, કડવું, ઉષ્ણ અને લીલાં શાક વગેરે પદાર્થો ભક્ષણ કરવાથી વાતાદિ દોષ કુપિત થઈ સાત પ્રકારના‡ વિસર્પ રોગને ઉત્પન્ન કરે છે. આ રોગ શરીર ઉપર સર્પની પેઠે પ્રસરે છે; માટે તેને વિસર્પ કહે છે. એને મરાઠીમાં "ધાવરે" કહે છે.×

અગ્નિવિસર્પ:—વાતપિત્તથી ઉત્પન્ન થયેલો વિસર્પરોગ–જ્વર, ઉલટી, મૂર્છા, અતિસાર, તૃષા, ભ્રેન, હાડ ફુટવાં, અગ્નિમાંદ્ય, અંધારાં, ભ્રમ ઇત્યાદિ લક્ષણોએ યુક્ત હોય છે. એનાથી આખું શરીર અંગારા સળગાવ્યા પ્રમાણે થાય છે. જે જે ઠેકાણે તે વિસર્પ પ્રસરતો જાય છે, તે ઠેકાણે કોલસા પ્રમાણે કાળો, નીલ, રાતો રંગ થઇ ત્વરિત સોજો આવે છે. અગ્નિથી દઝાયા પ્રમાણે ઉપર ફોલ્લા થાય છે. તેની શીઘ્ર ગતિ હોવાથી તે ઝડપથી હૃદયસુધી પહોંચી જઈ અત્યંત બળવાન થાય છે. એ શરીરે વ્યથા કરે છે, સંજ્ઞા તથા નિદ્રાનો નાશ કરે છે, શ્વાસ વધારે છે અને

÷ રક્તપિત્તમાં એલાદિ ગુટિકા, કુષ્માંડખંડ, ખંડકાદ્ય લોહ, રક્તપિત્તાંતક લોહ, વાસાઘૃત, હ્રીબેરાદ્ય તેલ (મર્દન કરવા માટે), ચંદનાદિ લેપ, ચંદનાદિ ક્વાથ, વાસાવલેહ, કેશર લેહ, ઉશીરાસવ, ચ્યવનપ્રાશાવલેહ, કપર્દક રસ વગેરે અપાય છે.

‡ વાત, પિત્ત, કફ, વાતપિત્ત, પિત્તકફ, કફવાત અને સન્નિપાત એ સાત, તથા આઠમા ક્ષતજ વિસર્પનો સમાવેશ પિત્તમાં કરેલો છે.

× વિસર્પના ઉપદ્રવ—જ્વર, અતિસાર, ચામડી ફાટવી, માંસ ફાટવું, ગ્લાનિ, અરુચિ તથા પાક એટલા ઉપદ્રવ વિસર્પના રોગમાં થાય છે. વિસર્પનાં અસાધ્ય લક્ષણ:–સાન્નિપાતિક તથા ક્ષતજ અસાધ્ય છે. પિત્તથી ઉત્પન્ન થયેલ જે કાળા રંગનો રોગ હોય તે પણ અસાધ્ય, તેમજ અન્ય જે સાધ્ય વિસર્પ છે તે પણ મર્મસ્થાનમાં ઉત્પન્ન થાય તો અસાધ્ય.

ઉચકી (હેડકી) ઉત્પન્ન કરે છે. એવા અસ્વસ્થપણાના કારણથી પથારી ઉપર સૂવાથી કિંવા બેસી રહેવાથી પણ સુખ થતું નથી. હાલચાલ કરવાથી ક્લેશ થાય છે; મનને અને દેહને ક્લેશ થવાથી ઉત્પન્ન થનારી એવી દુર્બોધ નિદ્રા (મરણ) તેને પ્રાપ્ત થાય છે. આ રોગને અગ્નિવિસર્પ (આગીઓ રોગ) કહે છે.

ગ્રંથિવિસર્પ:—સ્વકારણે કોપેલા કફવડે વાયુ કુપિત થઇ કફનો ભેદ કરી અથવા વધેલા લોહીનો ભેદ કરી ત્વચા, શિરા, સ્નાયુ તથા માંસ સુધી લાવી દુષ્ટ કરી લાંબી, નાની, ગોળ, મોટી, રાતી, ગાંઠોની માળા કરે છે. તે ગાંઠોમાં સણકા ઘણા થાય છે; ઘણો કડક તાવ આવે છે; શ્વાસ, ઉધરસ, અતિસાર, મોઢામાં સૂકાપણું, ઉચકી (હેડકી), ઉલટી, ભ્રાંતિ, વર્ણ બદલાવો, મૂર્છા, અંગ ભાંગી જવું, અગ્નિમાંદ્ય, એ લક્ષણો થાય છે. આ રોગને ગ્રંથિવિસર્પ રોગ કહે છે. આ રોગ કફ-વાયુના કોપથી ઉત્પન્ન થાય છે.

ક્ષતજ વિસર્પ:—બાહ્ય કારણોએ (શસ્ત્રાદિકના આઘાતથી અથવા સિંહાદિના દાંત અથવા નખ લાગવાથી) ક્ષત (ચાંદી) થઇ તેથી વાયુ કુપિત થઇ, તે રક્તસહિત પિત્તને વ્રણમાં લાવી વિસર્પ ઉત્પન્ન કરે છે. તે ઉપર જારના દાણા જેવી ફોલ્લીઓ થાય છે, સોજો આવે છે, તાવ આવે છે, સણકા થાય છે તથા દાહ થાય છે. તેનું લોહી કાળું હોય છે.

ઉપચાર:—(૧) સન્નિપાતજ વિસર્પ ઉપર વારંવાર શતધૌત ઘૃતનો લેપ કરવો. (૨) શરસડાનાં ફૂલ અથવા છાલ કિંવા મૂળ, જેઠીમધ, તગર, ચંદન, એલચી, જટામાંસી, હળદર, દારુહળદર, કોષ્ટ તથા વાળો, એ દશ ઔષધોનો કલ્ક કરી તેમાં ઘી નાખી તેનો લેપ કરવો. તે વિસર્પ, કોઢ, વ્રણ તથા સોજાનો નાશ કરે છે. (૩) જટામાંસી, રાઈ, લોધર, જેઠીમધ, રેણુકબીજ, મોરવેલ, લીલાં કમળ અને શરસડાનાં ફૂલનો લેપ કરવો. તે અગ્નિવિસર્પનો નાશ કરનાર છે. (૪) વડ, ઉંબરો, પીંપળો, પીંપળી અને વેતસ (નેતર), એ પાંચેની છાલનો કલ્ક કરી તેમાં શતધૌત ઘી નાખી લેપ કરવો, તે દાહયુક્ત વિસર્પનો નાશ કરે છે. (૫) વડની વડવાઇઓ, ચણોઠી, કેળનો ડોડો, એનો શતધૌત ઘૃતયુક્ત લેપ કરવો; એટલે તે ગ્રંથિવિસર્પનો નાશ કરે છે. (૬) શરસડાના ઝાડની છાલનું ચૂર્ણ શતધૌત ઘીમાં નાખી તેનો લેપ કરવો; એટલે કર્દમ વિસર્પનો નાશ કરે છે. (૭) કરંજ અને સાતવિણની છાલ, કળગારી, થુરીઓ અને આકડાનું દૂધ, ચિત્રો, ભાંગરો, હળદર અને વછનાગનો કલ્ક તથા ગોમૂત્રમાં ઘી સિદ્ધ કરવું. તે ઘી વિસ્ફોટક, વિસર્પ તથા વિચર્ચિકાનો નાશ કરે છે. (૮) પટોલ, અરડુસી, કરિયાતું, કડવો લીમડો, કડુ, હરડે, બહેડાં, આમળાં અને ચંદનનો કાઢો ગુગળ નાખી આપવો. તે સંપૂર્ણ દોષોથી ઉત્પન્ન થયેલો ઉગ્ર વિસર્પ, ઉલટી, દાહ, જ્વર, સોજો, ખરજ, વિસ્ફોટક, ભ્રાંતિ તથા તરસનો નાશ કરે છે. (૯) ધમાસો પિત્તપાપડો, ગળો અને સુંઠને રાત્રે પલાળી રાખી વાટી કલ્ક કરી આપવો. તે તૃષ્ણા અને વિસર્પની શાંતિ કરે છે. (૧૦) એરંડો, કડવી દુધી, કડવો લીમડો, કુંવાડીઆનાં બીઆં, બાવચો અને અંકોલનાં બીઆં એ સમભાગ લઈ પાતાળયંત્રવડે તેલ કાઢી ચોળવું; તેથી વિસર્પાદિકનો નાશ થાય છે. (૧૧) ચણોઠીનાં પાંદડાંના રસનો લેપ કરવો.+

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એરંડો-૬, કિંજળી-૫, વછનાગ-૫, શરસડો-૫, સોપારી-૬, હરડે-૩૮. **કર્દમ વિસર્પ** માટે:—શરસડો-૯. જુઓ ગો૦વૈ૦માં:-સન્નિપાત વિસર્પ માટે ઘી ૧૭ તથા પ્રા૦ઔ૦માં ઘૃતવર્ગ ૨.

પથ્ય:—ઘઉં, સાઠી ચોખા, મગ, મસૂર, ચણા, તુવેર, કારેલાં, પરોલ, દ્રાક્ષ. **અપથ્ય:**—જડાન્ન, જડપાન, લસણ, કળથી, તલ, અડદ, મીઠું, ખાટા તથા તીખા પદાર્થ અને મદ્ય.

+ વિસર્પ રોગ પર કુષ્ટ, સ્ફોટ અને મસૂરિકા રોગમાં કહેલી ચિકિત્સા કરવી. ખાવા માટે અમૃતાદિ કષાય, નવકષાય ગુગલ, કાલાગ્નિરુદ્રરસ, સિંહનાદ ગુગળ, વૃષાદ્ય ઘૃત, ત્રાહિમાણ્યાદિ ક્વાથ વગેરે અપાય છે. કરંજ તેલ, એરંડાદિ તેલ વગેરે મર્દન કરવા માટે અપાય છે.

૫૦—રેચનની આવશ્યકતા અને ઔષધો.*

×જીર્ણજ્વર, વછનાગાદિ વિષદોષ, વાતરક્ત, ભગંદર, હરસરોગ, પાંડુરોગ, ઉદરરોગ, હૃદ્રોગ, પ્રમેહ, ગુલ્મ, ઉલટી, બરોળ, વિષૂચિકા, કોઢ, ઉપદંશ, કૃમિ, વાતરોગ, શૂળ, મૂત્રાઘાત એટલામાંથી એકાદા રોગે કરી વ્યાપ્ત જે માણસ તે રેચ આપવાને યોગ્ય છે, એમ જાણવું. અશક્ત, નાનું બાળક અને ગર્ભિણીને રેચ આપવો નહિ. **રેચ આપવાનાં ઔષધો:**—(૧) જેનો કોઠો મૃદુ છે તેને ત્રિફળાંના કાઢામાં કિંવા સુંઠના કાઢામાં ૧ તોલો એરંડતેલ આપવું કિંવા બાળહરીતકી અને સોનામુખી(મીંઢીઆવળ)નું ૬ માસા ચૂર્ણ થોડો ગોળ નાખી ગરમ પાણીમાં આપવું. (૨) જેનો કોઠો મધ્યમ છે તેને નસોતર અને સાકર, એ સમભાગ લઈ ચૂર્ણ કરી તે ચૂર્ણમાં તોલાએ ૪ વાલ, એ પ્રમાણથી લીંડીપીંપરનું ચૂર્ણ મેળવી તે ચૂર્ણ શક્તિ પ્રમાણે ૬ માસા સુધી આપવું. (૩) ઉપલા ચૂર્ણ પ્રમાણેજ દંતીમૂળનું ચૂર્ણ પણ આપવું. (૪) રેવંચીનો શીરો શક્તિ પ્રમાણે ૧ માસા સુધી સાકરમાં આપવો. (૫) જેનો કોઠો કઠોર છે, તેને દારુડીનાં મૂળનું ચૂર્ણ ૧ તોલાપર્યંત ગરમ પાણીમાં સાકર નાખી આપવું. (૬) **સર્વસાધારણ રેચકો:**—ગરમાળાનું મગજ પાણીમાં કઢી શક્તિ પ્રમાણે તે પાણી પાવું. (૭) ગુલાબનાં ફૂલ, કાળી દ્રાક્ષ, મીંઢીઆવળ (પાનનાં દીટાં કાઢી નાખેલી) તથા હીમેજના ચૂર્ણને રાત્રે પાણીમાં ભીંજાવી સવારે ઉકાળી તે પાણી પાવું. (૮) સુરવારી હરડે, બહેડાં અને આમળાંનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું અથવા એનો કાઢો આપવો, એટલે રેચ થાય છે. (૯) **સુખેથી ઝાડો થવા માટે અભયાદિ મોદક:**—હરીતકી,

* સંગ્રહિત ઉપચારો:—(૧) અડધા મણ ગોમૂત્રમાં લીંડીપીંપર તોલા ૫ નાખી કપડમાટી કરી ચૂલા ઉપર મૂકી મૂત્ર બળી જતાં સુધી તેને ઉકાળવું. પછી થુવરના લીલા ડોડાને કોચી તેની અંદર ઝેરકોચલાં ૧ તોલો, ખુરાસાની અજમો ૧ તોલો, સિંધવ ૧ તોલો, એ ત્રણે ભરી મીણકપડ કરી ભરસાળમાં શેકવું. તે શુદ્ધ થયે ખરલ કરી તેમાં ઉપરની ગોમૂત્રવાળી પીંપર નાખી આદાના રસથી સોપારી જેવડી ગોળીઓ કરવી. તે ગોળી દિવસમાં ત્રણ આપવી. ઘી, સાકર, રોટલી વગર બીજું ખાવું નહિ. આથી ઉદરના રોગ મટે; પૂંઠનો બંધ છૂટે. (૨) બાજરીનો આટો થુવરના દૂધમાં અથવા આકડાના દૂધમાં અગર ખરસાણીના દૂધમાં પલાળી તેનો ટેઠો (જાડી થેપલી) પકવવો, તેને વાટી પાણીમાં પાવાથી જુલાબ લાગે. (૩) મીંઢીઆવળ ટાંક ૮, હળદર ટાંક ૯, કરીઆતું ટાંક ૮, ગરમાળો ટાંક ૮, કાળી દ્રાક્ષ ટાંક ૧૦, લીંડીપીંપર ટાંક ૫, મોથ ટાંક ૫, કડુ ટાંક ૫, પિત્તપાપડો ટાંક ૫, વાવડીંગ ટાંક ૨, સિંધવ ટાંક ૨, કીરમાણી અજમો ટાંક ૨, ને વાટી પડીકાં કરી દિન ૧૦ સુધી આપવાથી મળશુદ્ધિ થઇને સર્વ રોગ જાય.

રેચ બંધ થવા માટે કાથો પાણીમાં આપવો એ સર્વોપરિ છે.

× શાસ્ત્રીય સિદ્ધાંત મુજબ જુલાબ આપવા પહેલાં પ્રથમ સ્નેહન (સ્નેહપાન) કરાવવવું. પછી સ્વેદન કરવું (સ્વેદ આપવો). ત્યાર પછી વમન (ઉલટી) કરાવવી. આટલી ક્રિયા કર્યા પછી (અને વ્યાધિ પૂરો મટયો હોય નહિ તોજ) જુલાબની ઔષધિ આપવી. એ પ્રમાણે બીજી ક્રિયાઓ કરાવ્યા વિના જો વિરેચન આપે તો અગ્નિ મંદ થાય છે; તથા શરીરમાં જડતા આવે છે. અથવા મરડો ઇત્યાદિ રોગ ઉપજે છે. શરીરશુદ્ધિ માટે વસંત અને શરદ ઋતુમાં જુલાબ હિતકારી છે. અને રોગ દૂર કરવા માટે બીજી ઋતુઓમાં પણ વિચાર કરીને જુલાબ આપવો હિતકારી છે. મંદાગ્નરોગ, મદાત્યય, બાણ અથવા અન્ય શસ્ત્રથી ઘાયલ થયેલાને, રૂક્ષ શરીરવાળાને, તૃષાથી પીડિતને, અત્યંત સ્થૂળ શરીરવાળાને, ભયભીતને, સગર્ભા સ્રીને, ક્ષતથી ક્ષીણ મનુષ્યને, બાલકને, અતિવૃદ્ધને, નવા તાવવાળાને, અને પ્રસૂતા (સુવાવડી) સ્રીને, એટલાંઓને જુલાબ આપવો નહિ

વિરેચન આપવા માટે ઇચ્છાભેદી રસ, નારાચ રસ, વૈદ્યનાથ વટી, નારાયણ ચૂર્ણ, અશ્વચોળી વટી, નારાચચૂર્ણ વગેરે પણ અપાય છે.

જુલાબ લેનારે બે ત્રણ દિવસ સુધી વિશેષ વાયુ, ટંડુ પાણી, તેલ મર્દન, અજીર્ણ કરે એવા પદાર્થ, વ્યાયામ તથા મૈથુનનો ત્યાગ કરવો.

મરી, સુંઠ, વાવડીંગ, આમળાં, ચીંઢીપીપર, પીપરામૂળ, તજ, તમાલપત્ર અને નાગરમોથ, એ દશ ઔષધો સમભાગ; દાંતીનાં મૂળ ત્રણ ભાગ, નસોતર આઠ ભાગ અને સાકર છ ભાગ, એ પ્રમાણે લઇ ચૂર્ણ કરી મધમાં ૧૦ માસા વજનની ગોળીઓ કરવી. એ ગોળી સવારે ખાઇ ઉપર થોડું ઠંડુ પાણી પીવું. આ મોદકથી ઉષ્ણુ પાણી ન પીયે ત્યાંસુધી દસ્ત થયા કરે છે. માટે જ્યાંસુધી મળ સાફ ન થાય ત્યાં સુધી ઉષ્ણુ પદાર્થોનું સેવન કરવું નહિ. નિયમિત વર્તન કરવું; તેથી કરી વિષમજ્વર, અગ્નિમાંદ્ય, પાંડુરોગ, ઉપ્તરસ, ભગંદર, કોઢ, ગુલ્મ, અર્શ (હરસ), ગલગંડ, ભ્રમ, ઉદર, વિદાહ, અરોળ, પ્રમેહ, રાજયક્ષ્મા, નેત્રરોગ, વાતરોગ, પેટ ચઢવું, મૂત્રકૃચ્છ્ર, અશ્મરીરોગ; અને પાર્શ્વ (પડખાં) પીઠ, કમર તથા ઉદર એ ઠેકાણે જે પીડા થાય છે તે સર્વ રોગ દૂર થાય છે. આ અભયાદિ મોદક નિરંતર સેવન કરવાથી ધોળા કેશ કાળા થાય છે અને આ મોદક ઉત્તમ રસાયનરૂપ છે એમ જાણવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અખરોડ-૬, અમ્બ (આબુવો)-૨, અસાળીઓ-૨, આમળાં-૨૩, આલુ-૨, એરંડો-૮, કોશિંબ-૧, ખજૂરી-૧, ૧૭, ગરણી-૨, ગુલાબ-૧, ધણુસરી-૨, દારૂડી-૧, દાંતી-૧, ધોળો ચંપો-૪, નસોતર-૩, પીળો ધંતુરો-૬, બાવળ-૧૫, બીજોરૂં-૧૦, મીંઢીઆવળ-૧, રાયઆમળી-૧, રેવંચી-૧, સૂર્યફૂલ-૫, હરડે-૨૧, ૩૦, હુરાં-૫. **સુખ એટલે સૂક્ષ્મ રેચ** માટેઃ—ગરમાળો-૧૧.

જુઓ **અનુભૂત** ઔષધઃ—ઔષધક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં—નં. ૯, ૩૦. ગુટિકાપ્રયોગની ટીપમાં-નં. ૨, ૧૭, ૨૨, ૨૪ અને રસાયનપ્રયોગની ટીપમાં-નં. ૨.

રેચ બંધ થવા માટે ઉપચારઃ—(૧) ખડીસાકર પાણીમાં ઓગાળી પાવી. (૨) ઠંડે પાણીએ શરીર ભીંજાવવું. (૩) ચોખાના ધોવરામણમાં મધ મેળવી હલકી ઉલટી કરાવવી. (૪) આંબાની છાલ ગાયના દહીંમાં વાટી નાભિ ઉપર લેપ કરવો. (૫) બકરીનું દૂધ પાવું. (૬) દાડમ વગેરે શીતળ પદાર્થોનું સેવન કરવું. **પથ્ય**-ઘી અને ભાત કિંવા દહીં અને ભાત ખાવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—મોગલી એરંડો-૧, લીમડો (કડવો)-૩૫, શેલડી-૧૫.

૫૧-વધરાવળ× અથવા (અંતરગળ) (અંડવૃદ્ધિ)

× વાત, પિત્ત, કફ, સન્નિપાત, રક્ત, મૂત્ર અને આંતરડાંની, એમ સાત પ્રકારની વધરાવળ કહેલ છે. એક ગ્રંથકાર લખે છે કેઃ—"અંતરગળની ચાર જાતિ છે. (૧) એક કોઇને આંતરડું ગોળીમાં ઉતરે છે. (૨) કોઇને પવન ગોળીમાં ઉતરે છે. (૩) કોઇને રસ એટલે નઠારો મવાદ ગોળીમાં ઉતરે છે. (૪) કોઇને પાણી ગોળીમાં ઉતરે છે. એ ચારમાંથી કોઇ પણ દરદ થવાથી પેટની અંદરનો પડદો ફાટે છે, તેથી રોદાનું શર પડદામાંથી બહાર નીકળે છે, એટલે અંડ દરરોજ મોટા થાય છે અને તેમાં રસ ઘણો ઉતરતો જાય છે. જો પડદો ઘણો ફાટે તો તેને આરામ થતો નથી. પડદો થોડો ફાટયો હોય તો લોઢાનો હલકો બનાવી તે રોદાના શરપર રાખવો અથવા લોઢાનું જંતર રાખવું, તેથી અંડ મોટા થતા બંધ પડે છે. જો જોર આવે તો પડદો ફાટે તેથી અંડમાં દુઃખ ઘણું થાય તો તે મટવાનો ઇલાજઃ—

(૧) હાથના અંગુઠાની નીચે એક જાડી મોટી રગ છે. તે રગ ઉપર લોઢાનો ડામ દે તો અંડવૃદ્ધિ મટે; પરંતુ ડાબી બાજુનો અંડ વધતો હોય તો જમણા હાથની રગે ડામ દેવો. જમણો વધતો હોય તો ડાબા હાથે ડામ દેવો, તેથી ફાયદો થાય. (કોઇ કોઇ આજ પ્રમાણે પગની અંદરની બાજુએ પગના કાંડામાં એડીથી ઉંચા ઢુંચા(વેઢા)થી ચાર આંગળ ઉપર સોયા વડે આડો ડામ પણ દે છે.) (૨) કિંદરૂ તો. ૦ાા તથા ખાંડ તો. ૧ હમેશાં ગાયના દૂધ સાથે ખાય તો ફાયદો થાય. (૩) સુવા તોલા ૩, મેથી તોલા ૪ ને કૂવાના મીઠા પાણી ૮ શેરમાં ઉકાળી તેનું ૧ શેર રહે ત્યારે લુગડે ગાળીને તેમાં મધ અથવા બકરીનું ઘી કે ગાયનું ઘી તોલા ૫ નાખીને આઠ દિવસ અથવા વધારે દિવસ સુધી સવારે ઉભે ઉભે પીએ તો નવો થતો અંતરગળ મટે; જૂનો અંતરગળ ન મટે.

આંતરડું ગોળીમાં ઉતરે ત્યારે ગોળી કઠણ થાય ને એવું જણાય કે, જાણે એક પથ્થર ગોળી

કારણ:—વાયુને કુપિત કરનારા એવા જે આહાર તેણે કરી શીતોદકમાં ડૂબકી મારીને સ્નાન કરવાથી, મૂત્રાદિકનો પ્રાપ્ત થયેલો વેગ અટકાવ્યાથી, શરીર પર ઘણો ભાર લેવાથી, ઘણો માર્ગ ચાલવાથી, ચઢ ઉતર કરવાથી, અવઘડ જગાની શિરા(નાના આંતરડા)ને ઉપદ્રવ થઇ તે સરી જવાથી અને બળવાનની સાથે અંગયુદ્ધ કરવાથી તથા અતિ સ્ત્રીસંગ ઇત્યાદિ કારણોએ આ

સાથે ટાંગેલો છે. એ રોગવાળો પોતે ચતો સૂઈ જઈ પોતાના હાથે ધીમે ધીમે ગોળીને દાબી આંતરડાને પાછું ઉપર ચઢાવે તો ચઢી જાય છે. ચઢી જતી વેળા કડ કડ બોલે છે. કદાપિ એ રીતે ધીમે દાબ્યાથી ઉપર ન ચઢે તો ગોળી ઉપર તથા પેઢુ ઉપર ગરમ પાણી રેડવું અથવા ગરમ પાણીમાં બેસવું; અને સુવા બારી વાટી તેનો લેપ ગોળી ઉપર બાંધવો કે જેથી ગોળી નરમ થાય. પછી ધીમેથી ગોળીને દાબ્યેથી આંતરડું ચઢી જાય છે. ચઢી ગયા પછી નીચલા ઔષધની પટ્ટી મારવી કે ફરી ઉતરી ન શકે.

મસ્તકી, હીરાદખણ, શીંકાતરી, એળીઓ અને હીરાબોળ, એ સરખા વજને લઇ બારિક ખાંડી મધની ચાસણી કરી તેમાં મેળવી ગોળી ઉપર રહે એવડું લૂગડું લઇને, તે ઉપર મલમની પેઠે તે દવા ચોપડી. પછી અંડ ઉપરના વાળ કાઢી નાખી તે પટ્ટી ગાળી ચોટાડવી અને ઉપર લંગોટ વાળવો. દરદીએ દિવસ ત્રણ સુધી ચતા સૂઇ રહેવું; હાલવું-ચાલવું નહિ. ત્રણ દિવસ પછી ચાલવું હોય તો ધીમે ધીમે ચાલવું. ધાંટો કાઢીને બોલવું નહિ, તેમ ઉગ્રરસ પણ ખાવી નહિ. બન્ને તરફની ગોળી મોટી થતી હોય તો બે તરફ જંતર બાંધેલું રાખવું અને સ્ત્રીસંગ કરવો નહિ. આ દરદીને નીચે લખ્યા મુજબનો જીરાપાક જાથુ ખાવાને આપવો. સફેદ જીરૂં ૫ તોલા લઇને શેલડીના રસમાં ૮ પહોર પલાળી રાખી છાંયડે સૂકવી ખાંડી બારિક કરવું; પછી ઝીણી ખાંડેલી સુંઠ તોલા ૨॥ તેમાં મેળવી મધની ચાસણીમાં નાખી પાક કરી રાખવો. તેમાંથી તોલો ०॥ સવારસાંજ ખવરાવવો. હમેશાં ખાટા ઓડકાર આવતા હોય અને પેટ દુખ્યા કરતું હોય તેને એ જીરાપાક ઘણો ગુણકારી છે.

પવન ગોળીમાં ઉતર્યો હોય તો તે ગોળી દાબ્યાથી તરત પાછો ઉપર ચઢી જાય છે. ચઢતી વેળા કડકડ બોલે છે. એ આજારવાળાએ મજબૂત કચ્છો (લંગોટ) બીડી રાખવો અને ઉપર જે જે પરહેજીઓ કરવા કહી છે તે સઘળી આ આજારવાળાએ પણ કરવી જોઇએ તથા તેમાં કહેલો જીરાપાક પણ ખાવો જોઇએ.

જેને રસ એટલે નઠારો મવાદ ગોળીમાં ઉતર્યો હોય તેની ગોળી કઠણ થાય અને ગોળીની આસપાસ એક માંસના લોચા જેવું વળગેલું રહે તે રોજ રોજ વધતું જાય. તેણે પણ આ મજબૂત કચ્છો બીડી રાખીને ઉપર કહ્યા પ્રમાણે બધી વાતની સાવધાની રાખવી. જુલાબ લઇ કોઠાને સાફ રાખવો. (૧) ઇંદ્રવરણાની જડ અથવા રેવંચીની ખટાઇનો જુલાબ રાતે સૂતી વેળાએ ગરમ પાણી સાથે લેવો. (૨) શિલારસને તમાકુનાં પાંદડાં ઉપર ચોપડી જરા ગરમ કરી તે પાંદડું ગોળી ઉપર મૂકી કચ્છો બીડવો.

પાણી ગોળીમાં ભરાય છે, તેમાં ગોળી દાબવાથી કડકડ અવાજ થતો નથી અને મૂત્ર થોડી થોડી વારે આવ્યા કરે છે. આ દરદવાળાએ પાણી થોડું પીવું જોઇએ. એના ઉપર મોથ, જવનો આટો તથા ગાયનું છાણ, એ ત્રણે મેળવી અંડ ઉપર ચોપડવું. અંડમાં પાણી ઘણું ભર્યું હોય અને અંડ મોટા થતા હોય ત્યારે હોશિયાર દાક્તર પાસે અંડ ચીરાવી પાણી કઢાવવું જોઇએ. પછી આતશી અથવા કામની દવા પીચકારી ભરી પેલા ચીરેલા છેદમાં પીચકારી મારી દવાનો કામ મૂકવો. ન મૂકે તો થોડી મુદતમાં પાણી પાછું અંડમાં ભરાયા વિના રહે નહિ.

એક હસ્તલિખિત પુસ્તકમાં લખ્યું છે કે:—"(૧) કાંકચનાં બીંજ વાલ ૩, ઇંદ્રજવ વાલ ૩, કડુ તોલો ૧॥ એને દૂધ તોલા ૨૪ માં ઉકાળી તોલા ૪ રહેથી ઉતારી ગાળી લઇને પીવું. એમ બે-ત્રણ આઠવાડીઆં કરવાથી વધરાવળ જાય. (૨) રાતી અઘેડીનું મૂળ લાવી વિધિપૂર્વક કેડે બાંધવાથી વધરાવળ જાય. (૩) ઘઉંનો લોટ પકવી અંદરનો ગરભ ગાડરનાં દૂધમાં ચોળી ઉનું કરી લેપ કરવાથી વધરાવળ જાય."

રોગ થાય છે. જે પ્રદેશમાં પાણી સારૂં ન હોઈ હવા ખરાબ અને નબળી થાય છે, તે પ્રદેશમાં આ રોગનો પ્રાદુર્ભાવ ઘણો થાય છે.

સંપ્રાપ્તિ:—વાયુ કંઈ કારણે કુપિત થઈ સોજો, શળ એને ઉત્પન્ન કરતો છતાં અધોભાગી થઈ અંડસંધિના દ્વારે વૃષણ સુધી જઈ, વૃષણવાહિની શિરાને દૂષિત કરી, વૃષણમાંની ગોળીઓ અને કોશ–એટલે તે ઉપરની ચામડીની વૃદ્ધિ કરે છે; તે રોગને વૃદ્ધિ એમ કહે છે. અંત્રવૃદ્ધિ (આંતરગાંઠ) વગેરે આ રોગનાંજ નામ છે. **ઉપચાર:**—(૧) પગના અંગુઠાને ચપટ બેસે એવી વિંટીઓ પહેરવી. (૨) વૃષણ ઉપર એરંડતેલ નિત્ય ચોપડવું. (૩) એરંડતેલમાં બાળહરડેનું ચૂર્ણ આપવું. (૪) દૂધ અને એરંડતેલ એકત્ર કરી એક મહિના સુધી આપવું. (૫) દારુહળદરનું ચૂર્ણ ગોમૂત્રમાં દોઢ–બે માસા આપવું. (૬) રાસ્ના, ગળો, બળ (બેળ), જેઠીમધ, ગોખરૂ અને એરંડ-મૂળના કાઢામાં એરંડતેલ નાખી આપવું. (૭) લઘુ ઈંદ્રિવરણા(ખારી કોઠીંબી)નાં મૂળનું ચૂર્ણ કરી એરંડતેલમાં ખરલ કરી ચોપડવું અને તે ચૂર્ણ ગાયના દૂધમાં આપવું; એટલે ત્રણ દિવસમાં રોગી સારો થાય છે. (૮) ઘોડાવજ અને રાઈ એકત્ર વાટી લેપ કરવો. (૯) તંબાકુનાં પાંદડાં એકલાં કિંવા શિલારસ ચોપડી બાંધવાં. ઘણી ખરજ થાય તો છોડી નાખવાં. (૧૦) ઉંડણીના ઝાડની અંતરછાલ બારિક કૂટી વધેલા ભાગ પર બાંધી સતત ત્રણ દિવસ પાટો રાખવો; એટલે ગુણ જણાય છે. પછી નક્કી ગુણ આવતાંસુધી આ પાટો ૧૦ દિવસ બાંધવો. (૧૧) ઉંચી છીંકણી અને કળીનો (નવો પાણી મેળવેલો) ચૂનો એકત્ર કરી અગર ગોમૂત્રમાં લેપ કરવો અને સહેવાય તેટલો શેક કરવો, એટલે ઉલટી થઈ શિરામાંથી પાણી પડશે. પછી ઉંડણીની અંતરછાલનું ચૂર્ણ લગાવી સતત ત્રણ દિવસ પાટો બાંધવો. (૧૨) ભીલામો અને હળદરનો ગાંઠીઓ એકત્ર ઘસી તેનો લેપ કરવો અને છાણાંના દેવતાએ શેકવું. (૧૩) વેંગણીનાં મૂળ ઘસી લેપ કરવો. (૧૪) ત્રિફળાં (હરડે, બહેડાં, આમળાં) દૂધમાં આપવાં. (૧૫) નાંદરૂખીનાં અને કાળી તુલસીનાં પાંદડાંનો રસ કાઢી તે રસમાં તેટલુંજ ઘી નાખવું અને અગ્નિ પર મૂકી સર્વ રસ બાળી ઘી શેષ રાખવું. એ પ્રમાણે ૨૧ પુટો આપી ઘી તૈયાર કરવું. આ ઘી દિવસમાં ચાર પાંચ વખત ચોળી જીરવવું; અને જૂની ઇંટ, કાળો પથ્થર અગર નળીઉં તપાવી કપડામાં વિંટાળી સહેવાય તેટલો શેક કરવો. આ ઉપાયથી વૃદ્ધિમાંનું દુ:ખ તરત બંધ થાય છે. (૧૬) લાજાળુનાં પાંદડાં વાટી ગરમ કરી બાંધવાં. (૧૭) ગાયના ઘીમાં સિંધવ નાખી વૃષણ પર વારંવાર લેપ કરવો. (૧૮) ભીલામાના ઝાડનાં પાંદડાં થોડાંક ચુંટી તેમાં થોડી હળદર નાખી ગરમ કરી વૃષણ ઉપર ૭ દિવસ બાંધવાં.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરણી–૪, આંબો–૨૪, ઈંદ્રવરણાં–૯, ઉંડણ–૫, એરંડો–૧૩, કણઝી–૩, કાનફોડી–૭, ખપાટ–૬, ચિત્રો–૫, તંબાકુ–૨, દારુહળદર–૪, નળ–૧, નાંદરૂખ–૩, પીલુ–૬, ભારંગી–૪, ભીલામો–૨૬, રાસ્ના–૨, રીસામણી–૨, વજ–૯, વંતાકડી–૬, વાઘાટી–૧, શરપુંખો–૯, હરડે–૨૨, ૪૧. **વૃષણના સોજા માટે:**—હરડે–૨૮. **વૃષણવાયુ માટે:**–આદુ–૧૦. જુઓ પ્રા૦ઔ૦માં:—સાબરશિંગ–૭.

પથ્ય:—ચોખા, ઘઉં, મગ, વટાણા, ઘી, દૂધ, પરવળ, લસણ, શેકટો. **અપથ્ય:**—દહીં, અડદ, ખરાબ અન્ન, ઘણું જમવું, ઉપવાસ, જડ અન્ન, વેગનો અવરોધ, મિષ્ટાન્ન અને મૈથુન.

૫૨–वायुना रोग

કારણ:—રૂક્ષ, શીત, અલ્પપ્રમાણ તથા લઘુ એવાં અન્ન ભક્ષણ કરવાથી, અતિ મૈથુનથી, અત્યંત જાગરણ કરવાથી, વિષમ ઉપચાર કરવાથી, દોષ (કફ, પિત્ત, મળ, મૂત્ર ઇત્યાદિ) તથા રક્તનો સ્રાવ કરવાથી, એકાદો ખાડો વગેરે ફલંગ મારી ઓળંગવાથી, નદી વગેરેમાં તરવાથી,

* અંડવૃદ્ધિ રોગ ઉપર વૃદ્ધિબાધિકા વટી, વૃદ્ધિનાશન રસ, ભક્તોત્તરીય, વાતારિ રસ, શતપુષ્પાદ્ય ઘૃત, ગંધર્વહસ્ત તેલ, ચવિકાસવ વગેરે ખાવા માટે અપાય છે; અને ચંદનાદિ લેપ, ત્રિફલાદિ લેપ, સિંધવાદિ ઘૃત ચોપડવા માટે આપવામાં આવે છે.

અત્યંત માર્ગક્રમ કરવાથી, અત્યંત આયાસ કરવાથી, અત્યંત વિરુદ્ધ ચેષ્ટા કરવાથી, રસરક્તાદિ ધાતુનો ક્ષય થવાથી, ઘણી ચિંતાથી, શોક વગેરે કારણોથી, કૃશત્વ આવવાથી, મળમૂત્રાદિકોનો અભિઘાત થવાથી; હાથી, ઉંટ, ઘોડા ઇત્યાદિ શીઘ્ર વાહન ઉપર બેસવાથી, કુપિત થયેલો બળવાન વાયુ ખાલી સ્રોતસોમાં ભરાઇ સર્વાંગમાં કિંવા એકાંગ વ્યાપનારા અનેક તરેહના વ્યાધિ ઉત્પન્ન કરે છે.

પૂર્વરૂપ:—ઉપર કહેલા વાતવ્યાધિનું જે અસ્પષ્ટ લક્ષણ, તેનેજ પૂર્વરૂપ કહે છે. તે જ્વરાદિક પ્રમાણે વિશિષ્ટ નથી તથા જે રૂપે વ્યક્ત થાય છે, એટલે દોષાદિ ભેદે કરી સ્પષ્ટ દેખાવામાં આવે છે, તેજ તેનું લક્ષણ જાણવું. અપાનવાયુના ચંચલત્વથી સ્તંભ, સંકોચ, કંપાદિકનો કદાપિ અભાવ થાય છે; તથા શરીરની લઘુતા વાયુએ શોષણ કરવાથી અથવા અપાય લઘુતા એટલે સર્વ વાતવિકારોનો અપાય એટલે કે અભાવ થાય છે તથા વાતવિકારની લઘુતા એટલે અલ્પત્વે કરી સ્થિતિ (આ સર્વ વાતવ્યાધિનું પૂર્વરૂપ અસ્પષ્ટ રહેવામાં હેતુ છે) તોપણ નિઃશેષ નિવૃત્તિ થતી નથી. **નાના પ્રકારના વ્યાધિ કરે છે એવું કહ્યું તે વ્યાધિ:**—સંધિનો સંકોચ તથા સ્તંભ, અસ્થિનો તથા સંધિનો ભંગ એટલે હાડકું ભાગ્યા જેવી પીડા, રોમાંચ, અસંબદ્ધ ભાષણ, હાથ, પગ તથા મસ્તક સ્તબ્ધ થવું એટલે ડોક હાલતી–ચાલતી રહી જવી, ખંજત્વ પાંગળાપણું, કુબડાપણું, અંગે સોજો, નિદ્રાનાશ, ગર્ભધારણ ન થવો, શુક્ર તથા રજ(સ્ત્રીનો આર્તવ)નો નાશ, કંપ, અંગનો સોજો, મસ્તક, નાસિકા, આંખો, જત્રુ તથા ગરદન, એનું અંદર જવું કિંવા વાંકું થઇ જવું, ભેદવત્ પીડા, સોયો ભોંકયા પ્રમાણે પીડા, શૂળ, આક્ષેપ, મોહ, શ્રમ, કુપિત થએલો વાયુ, એ પ્રમાણે લક્ષણો કરે છે, તે હેતુ તથા સ્થાનના ભેદ વડે વિશિષ્ટ રોગ ઉત્પન્ન કરનારો થાય છે. જેમકે કફથી આવૃત થાય એટલે મન્યાસ્તંભ કરનારો થાય છે. પકવાશયમાં હોય એટલે આંત્રકુજનાદિ (આંતરડામાં ગડગડાટ) કરે છે. વાયુરોગ ૮૦ પ્રકારનો છે. તેનાં નામ અને લક્ષણ આગળ આપેલાં છે.*

* વાતરોગ વાયુ ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે તેમજ વાતપ્રકોપ થવાથી પણ ઉત્પન્ન થાય છે. શરીરમાં એ સર્વ રોગોને ત્રણ વિભાગમાં વહેંચી શકાય છે. (૧) જ્ઞાનતંતુને નિર્બળ બનાવવાથી થતાં દરદ. (૨) કોઠમાં વાયુ પ્રકોપ વધવાથી થતાં અનેક પ્રકારનાં દરદ. (૩) વાતક્ષયથી ઉત્પન્ન થતાં સાંધાઓના પકડાવાને લગતાં દરદો.

વાતવ્યાધિમાં પેટમાં લેવાની વાતનાશક ઔષધિ ઉપરાંત નસ્ય, નિદ્રા, ફસ ખોલાવવી, સૂર્યનો તાપ, શેક, સ્વેદ, વિરેચન, બસ્તિ, તર્પણ, તેલમર્દન, લેપ તથા ડામ દેવા વગેરે અનેક પ્રકારથી ઉપાય કરવા પડે છે. શરીરની સાત ધાતુમાં જે ધાતુનો વાયુ આશ્રય કરે છે તેને અનુસરીને ઇલાજ કરવો જોઇએ. જેમકે રસધાતુમાં હોય તો તેલમર્દન તથા સ્વેદ, લોહીમાં હોય તો લેપ, વિરેચન તથા ફસ ખોલાવવી. માંસ અને મેદમાં હોય તો વિરેચન તથા બસ્તિ. હાડકાં તથા મજ્જામાં હોય તો ઘૃતપાન, તેલપાન તથા તેલમર્દન. શુક્રમાં હોય તો ધાતુપૌષ્ટિક ઔષધિ આપવી.

વાયુના તીક્ષ્ણ દરદમાં એરંડી અને રાસ્નાવાળી ઔષધિ અતિ લાભદાયક ગણાય છે. એવી ઔષધિ લેવાથી શૂળ, સોજો, સાંધાનું દરદ, નાડીઓની નિર્બલતા વગેરે દૂર કરે છે. જીર્ણ દરદમાં ગુગળ ઉત્તમ ઔષધિ છે. ગુગળવાળી ઔષધિનો ઉપર લેપરૂપે તેમજ ખાવાતરીકે બંને રીતે ઉપયોગ કરાય છે. ગુગળથી વાયુ નાશ થવાની સાથે શરીરને શક્તિ પણ આપે છે. એવીજ રીતે શુદ્ધ વછનાગ, ઝેરકોચલાં, સતાવરી તથા માલકાંકણીનો પણ અનેક ઔષધિઓમાં ઉપયોગ કરેલો છે. ખાવાની વસ્તુઓમાં લસણ, અડદ તથા મેથી વાયુના દરદમાં અતિ હિતકર ગણાય છે; તેમજ ઔષધરૂપે પણ ખાવા માટે તથા મર્દન કરવાના તેલમાં ઉપયોગ કરાય છે.

સિદ્ધ ઔષધિરૂપે વાતગજાંકુશ રસ, વાતારિ રસ, વિષપુષ્ટિ ગુટિકા, અમરસુંદર વટી, રાસ્નાદિ ક્વાથ, અજમોદાદિ ચૂર્ણ, યોગરાજ ગુગળ, ચંદ્રપ્રભા ગુગળ, ત્રયોદશાંગ ગુગળ, રાસ્નાદિ ગુગળ, દશમૂલારિષ્ટ, કલ્યાણ અવલેહ, સ્વલ્પ રસોનપિંડ, દશમૂલાદ્ય ઘૃત, જ્યોતિષ્મતી ગુટિકા, ચિંતામણિ ચતુર્મુખ રસ, યોગેંદ્ર રસ, ત્રિપુર ભૈરવ રસ વગેરે ખાવા માટે અપાય છે; તેમજ નારાયણ તેલ, વિષગર્ભ તેલ, સિદ્ધાર્થક તેલ, હિમસાગર તેલ, પ્રસારિણી તેલ, વાયુચ્છાયા સુરેંદ્ર તેલ, માષબલાદિ તેલ વગેરે શરીર પર મર્દન કરવા માટે અપાય છે.

૧-આક્ષેપક:—વાયુ કોપ કરી આખા શરીરમાં પ્રસરી હાથી પર બેસવાથી જેમ માણુસનું શરીર ડોલે છે, તેમ વારંવાર શરીરને જે વાયુ ડોલાવે છે તે.

૨-હનુસ્તંભ:—વાયુ કોપ કરી હનુવટી(દાઢી)નો સ્તંભ કરે છે અને મોઢું ફેરવી પકડી રાખે છે અથવા મોઢું વાંકા જેવું કરે છે તે.

૩-ઉરૂસ્તંભ:—વાયુ, કફ તથા મેદમાં મળી પગની ઘુંટીઓમાં પ્રસરી, ઘુંટીઓ જડ કરી સજ્જડ પકડી રાખે છે; તેથી કરી ઘુંટીઓ અચેતન થઇ ચાલવાનું સામર્થ્ય રહેતું નથી તે.

૪-શિરોગ્રહ:—જે વાયુ રક્તાશ્રિત થઇ, મસ્તકને પકડનાર જે રેષાઓ તેને નિસ્તેજ કરી વેદના ઉત્પન્ન કરે છે તે. આ વાયુ અસાધ્ય છે. (કોઈ આચાર્ય શિરોગ્રહ કહે છે.)

૫-બાહ્યાયામ:—જે વાયુ માણુસને પીઠ આગળથી ધનુષ્ય જેવો વાળી દે છે તે.

૬-અભ્યંતરાયામ:—જે વાયુ ઉર પાસેથી માણુસને ધનુષ્યની પેઠે વાળી દે છે તે.

૭-પાર્શ્વશૂળ:—જે વાયુ કોષ્ઠને ઠેકાણે કોપ કરી પાસામાં શળ ઉત્પન્ન કરે છે તે.

૮-કટિગ્રહ:—જે વાયુ કંમરનો સ્તંભ કરે છે તે.

૯-દંડાપતાનક:—જે વાયુ દંડની માફક ગાત્રોનો સ્તંભ કરે છે તે.

૧૦-ખલ્લી:—જે વાયુ પગ, પેટ, પેઢુ, કૂલા, જંઘા, પિંડી, ઘુંટીઓ અને હાથ, એ ઠેકાણે ક્રમે કરી પ્રસરી શળ ઉત્પન્ન કરે છે તે **ખલ્લી**. એને ખાલી પણ કહે છે.

૧૧-જિહ્વાસ્તંભ:—જે વાયુ શબ્દવાહિની શિરા સુધી જઇ જીભનો સ્તંભ કરે છે તેથી કરી અન્નપાણી મોટા કષ્ટે ગળામાં ઉતરે છે અને બોલાતું નથી તે.

૧૨-અર્દિત:—જે માણુસ ઉંચા પદાર્થોને હસ્તાદિક વડે પકડી લે છે, ઘણા કઠિન પદાર્થોનું ભક્ષણ કરે છે, ઘણું હસે છે, અંગ ઉપર ઘણો ભાર ઉંચકે છે અને વિષમ શયન કરે છે એટલે ઉંઘમાં માણુસનું ગળું, માથું અથવા શરીર વાંકું ચુકું, નીચું રહી જાય; ઇત્યાદિ કારણે વાયુ કોપ કરી મસ્તક, નાક, ઓઇ, ગાલ, લલાટ અને આંખોની સંધિમાં મોઢું વાંકું ફેરવી નાખે છે; તેથી કરી ગળું પણ વાંકું થાય છે, મસ્તક કંપે છે, મોઢામાંથી શબ્દ નીકળી શકતો નથી, ભમરો અને આંખો વાંકી થાય છે તે.

૧૩-પક્ષઘાત:—વાયુ અર્ધા અંગમાં જઈ શિરા (રેષા) અને સ્નાયુનું શોષણ કરી, સંધિનાં બંધનો શિથિલ કરતો અર્ધું અંગ ચેતનરહિત કરે છે તે. તેને **અર્ધાંગવાયુ** પણ કહે છે.

૧૪-ક્રોષ્ટુશીર્ષ:—વાયુ રક્તાશ્રિત થઈ જાંઘમાં પ્રસરી, સોજો ઉત્પન્ન કરે છે; તેથી કરી તે સોજાથી જાંઘ શિયાળના મસ્તક જેવી મોટી થાય છે તથા એની અંદર વેદના ઘણી થાય છે તે.

૧૫-મન્યાસ્તંભ:—જે વાયુ કફાશ્રિત થઇ ગળું સ્તંભ જેવું સ્તબ્ધ કરે છે, તેથી કરી ગળું અહીં-તહીં ફેરવાતું નથી તે.

૧૬-પંગુ વાયુ:—વાયુ કંમરમાં પ્રસરી ઘુંટીઓની મોટી શિરા સુધી જઈ માણુસના બન્ને પગ લૂલા કરે છે તે.

૧૭-કલાયખંજ:—જે વાયુ વડે માણુસ ચાલતી વેળાએ શરીરે કંપે છે તથા ચાલતાં ચાલતાં પગ વાંકાચુંકા કરી ચાલે છે તે.

૧૮-તૂની:—જે વાયુવડે પક્વાશય અને મૂત્રાશયને ઠેકાણે બળતરા ઉત્પન્ન થઈ ગુદા અને ઉપસ્થને ઠેકાણે બળતરા ઉત્પન્ન થાય છે તે.

૧૯-પ્રતિતૂની:—જે વાયુના યોગે ગુદા અને ઉપસ્થને ઠેકાણે બળતરા ઉત્પન્ન થઇ પક્વાશય અને મૂત્રાશયનાં સ્થળોએ બળતરા ઉત્પન્ન થાય છે તે.

૨૦-ખંજ:—જે વાયુ પંગુ વાયુના લક્ષણે યુક્ત થઇ માણુસનો એક પગ લૂલો કરે છે તે.

૨૧-પાદહર્ષ:—જે વાયુ કફાશ્રિતે કરી પગોમાં ઝંઝણી કરે છે તે.

૨૨-ગૃધ્રસી:—જે વાયુ કૂલા, પીઠ, કમર, જંઘા, ઘુંટીઓ, પિંઢી અને પગ, એ સ્થળોએ અનુક્રમે પ્રવેશ કરી, આ સ્થાનમાંથી આ સ્થાનમાં એમ વારંવાર થોડો થોડો ફરતો છતાં સ્તંભ, શૂળ અને ક્લેશ કરે છે તે.

૨૩–વિશ્વાચી:—જે વાયુ હાથને ઠેકાણે હાથેલી પાસેની જે આંગળી તે ઉપરની મોટી શિરાસુધી પ્રવેશ કરી, બાહુપર્યંત તે શિરામાં વ્યાપી વાયુના કર્મનો ક્ષય એટલે હાથ ઉંચો નીચો થતો નથી, વગેરે કરે છે તે.

૨૪–અપબાહુક:—જે વાયુ બાહુમાં જઈ બાહુસંબંધી નસોનું આકર્ષણ કરી, બાહુને સ્તંભ કરે છે એટલે બાહુને જોરથી પકડી રાખે છે તે.

૨૫–અપતાનક:—જે વાયુના હૃદયમાં જવાથી દૃષ્ટિનો સ્તંભ, તથા જ્ઞાન નષ્ટ થાય છે, અને કંઠમાંથી વિલક્ષણ શબ્દ થાય છે; તથા તે વાયુ હૃદયમાંથી નીકળવાથી માણુસ સાવધ થાય છે અને ફરી હૃદયમાં જવાથી પુનઃ માણુસ મોહ પામે છે તે.

૨૬–વ્રણાયામ:—જે વાયુ અભિઘાત નિમિત્તે કરી ઉત્પન્ન થયેલા વ્રણમાં જઇને પીડા કરે છે તે.

૨૭–વાતકંટક:—માણુસનો પગ ચાલતાં ચાલતાં ઉંચો–નીચો અથવા વાંકો–ચૂકો પડવાથી અથવા ચાલવાનો શ્રમ થવાથી જે વાયુ પગોની ઘુંટીમાં જઇ વેદના કરે છે તે.

૨૮–અપતંત્રક:—જે વાયુ ઊર્ધ્વગતિ થઇ હૃદય, મસ્તક, શંખ (કાનપટી) તથા ગાત્રોને પીડિત કરી, ધનુષ્યની પેઠે શરીરને નમાવે છે અને તેથી કરી દૃષ્ટિ સ્તબ્ધ થાય છે, મોહ થાય છે અને માણુસ કપોત (કબુતર) પક્ષી જેવો શબ્દ કરે છે તે.

૨૯–અંગભેદ:—જે વાયુ સર્વ અંગને પીડા કરે છે તે.

૩૦–અંગશોષ:—જે વાયુ આખા શરીરનું શોષણ કરે છે તે.

૩૧–મિણમિણ:—જે વાયુ વડે માણુસ નાકમાં (ગુંગણું) બોલે છે તે.

૩૨–કલ્લતા:—જે વાયુ વડે કરી કંઠમાંથી શબ્દ સ્પષ્ટ નીકળતો નથી તે.

૩૩–અષ્ઠીલિકા:—જે વાયુએ કરી ડુંટીના નીચલા ભાગમાં પાષણ જેવી હોઇ ઉંચી, ગોળ અને સંચાર કરનાર અથવા સ્થિર અને ઘન એવી ગાંઠ ઉત્પન્ન થાય છે અને મળ, મૂત્ર તથા વાયુનો નિરોધ કરે છે અને અન્ય સ્થળોએ વેદના મંદ હોય છે તે.

૩૪–પ્રત્યષ્ઠીલા:—જે અષ્ઠીલિકા વાયુની ગાંઠ વાંકી, તિરકસ લાંબી હોઇ તેમાં વેદના ઘણી હોય છે અને મળમૂત્ર તથા વાયુનો નિરોધ પણ થાય છે તે.

૩૫–વામનત્વ:—જે વાયુ દુષ્ટ થઇ ગર્ભમાં મળી ગર્ભને વિકૃતિ કરે છે તેથી બાળક નાનું ઉત્પન્ન થાય છે તે.

૩૬–કુબ્જત્વ:—શિરાગત વાયુ દુષ્ટ થઇ તેમાંથી પીઠે અથવા છાતીએ (ખુંધ) આવે છે તે.

૩૭–અંગપીઠ:—જે વાયુએ કરી સર્વાંગે પીડા ઉત્પન્ન થાય છે તે.

૩૮–અંગશૂળ:—જે વાયુ સર્વાંગે શળ ઉત્પન્ન કરે છે તે.

૩૯–સંકોચ:—જે વાયુએ કરી સર્વાંગનો સંકોચ થાય છે એટલે શિરાદિક શુષ્ક થાય છે તે.

૪૦–સ્તંભ:—જે વાયુએ કરી શરીર સ્તબ્ધ થાય છે તે.

૪૧–રૂક્ષ:—જે વાયુ શરીરને નિસ્તેજ કરે છે તે.

૪૨–અંગભંગ:—જે વાયુથી અંગમાં સણકા થાય છે તે.

૪૩–અંગવિભ્રંશ:—જે વાયુ વડે શરીરનો એકાદો અવયવ કાષ્ઠ જેવો ચેતનરહિત થાય છે તે.

૪૪–વિડ્ગ્રહ:—જે વાયુએ કરી મળ સાફ થતો નથી તે.

૪૫–બદ્ધવિટ્કતા:—પકવાશયમાં વાયુ કુપિત થઇ મળને જાડો કરે છે તે.

૪૬–મૂકત્વ:—જે વાયુએ કરી કંઠમાંથી શબ્દાક્ષર મૂળેજ નીકળતો નથી (મુંગો) તે.

૪૭–અતિજૃંભા:—જે વાયુ દુષ્ટ થઇ તે વિકારથી બગાસાં આવે છે તે.

૪૮–અત્યુદ્ગાર:—આમાશય મધ્યે વાયુ કુપિત થવાથી ઓડકાર ઘણા આવે છે તે.

૪૯–આંત્રકૂજન:—જે વાયુ પકવાશયમાં રહી આંતરડામાં જઇ શબ્દ કરે છે તે.

૫૦–વાતપ્રવૃત્તિ:—જે વાયુ ગુદામાર્ગે ઘણોજ નીકળે છે તે.

૫૧–સ્ફુરણ:—જે વાયુથી અંગ ફરકયા કરે છે તે.

૫૨–શિરાપૂરણ:—જે વાયુ શિરાગત થઇ નસોને ફુલાવે છે તે.

૫૩-કંપ:—જે વાયુ આખા શરીરને કંપાવ્યા કરે છે તે.
૫૪-કાર્શ્ય:—જે વાયુ આખા શરીરને કૃશ કરે છે તે.
૫૫-શ્યાવતા:—જે વાયુથી શરીરનો વર્ણ કાળો થાય છે તે.
૫૬-પ્રલાપ:—જે વાયુના યોગે કરી માણુસ અસંબદ્ધ ભાષણ કરે છે તે.
૫૭-ક્ષિપ્ર મૂત્રતા:—જે વાયુથી માણુસને પેશાબ ઘણો અને વારંવાર થાય છે તે.
૫૮-નિદ્રાનાશ:—જે વાયુ પ્રકટવાથી ઉંઘ આવતી નથી તે.
૫૯-સ્વેદનાશ:—જે વાયુથી શરીરને પરસેવો આવતો નથી તે.
૬૦-દુર્બલત્વ:—જે વાયુના યોગે માણુસ દુર્બળ એટલે શક્તિહીન થાય છે તે.
૬૧-બલક્ષય:—જે વાયુના યોગે માણુસ ઘણોજ શક્તિહીન થાય છે તે.
૬૨-શુક્રાતિપ્રવૃત્તિ:—જે વાયુ શુક્ર-ધાતુગત થઈ ધાતુને ઘણીજ પાતળી કરી વારંવાર બહાર કાઢી નાખે છે તે.
૬૩-શુક્રકાર્શ્ય:—જે વાયુ શુક્ર-ધાતુને કિંચિત્ ક્ષીણ કરે છે તે.
૬૪-શુક્રનાશ:—જે વાયુ શુક્ર-ધાતુને ઘણીજ ક્ષીણ કરે છે તે.
૬૫-અનવસ્થિતચિત્તત્વ:—જે વાયુના યોગે ચિત્ત સ્વસ્થ રહેતું નથી તે.
૬૬-કાઠિન્ય:—જે વાયુથી શરીર કઠિન થાય છે તે.
૬૭-વિરસતા:—જે વાયુના યોગથી મુખમાંનો સ્વાદ જતો રહે છે તે.
૬૮-કષાયવક્ત્રતા:—જે વાયુથી મોઢું તૂરૂં થાય છે તે.
૬૯-આધ્માન:—જે વાયુ પક્વાશયમાં રહી ધમણના જેવું પેટ ફુલાવી ગડગડ શબ્દ કરી પીડા કરે છે તે.
૭૦-પ્રત્યાધ્માન:—જે વાયુ આમાશયમાં જઈ કફને મળી પેટ ફુલાવી પીડા કરે છે તે.
૭૧-શીતતા:—જે વાયુના યોગે શરીર ઠંડુ થઈ જાય છે તે. (શીતાંગ)
૭૨-રોમહર્ષ:—જે વાયુ ત્વચાગત થઈ શરીરની અંદર રોમાંચ કરે છે તે.
૭૩-ભીરુત્વ:—જે વાયુના યોગે ભય ઉત્પન્ન થાય છે તે.
૭૪-ભેદવાયુ:—જે વાયુના યોગે સોય ભોંકાવા જેવી પીડા થાય છે તે.
૭૫-કંડૂ:—જે વાયુ શરીરે ખરજ ઉત્પન્ન કરે છે તે.
૭૬-રસાજ્ઞતા:—જે વાયુથી રસાદિ પદાર્થોનો સ્વાદ સમજવામાં આવતો નથી તે.
૭૭-શબ્દાજ્ઞતા:—જે વાયુથી કાને શબ્દ સંભળાય નહિ તે.
૭૮-પ્રસુપ્તિ:—જે વાયુથી ચામડીપર સ્પર્શ કરવા છતાં સમજાતું નથી તે.
૭૯-ગંધાજ્ઞત્વ:—જે વાયુના યોગે સુગંધ કે દુર્ગંધનું જ્ઞાન થતું નથી તે.
૮૦-દૃષ્ટિક્ષય:—જે વાયુના યોગે દૃષ્ટિનો નાશ થાય છે તે.

સાધ્યાસાધ્ય વિચાર:—**હનુસ્તંભ, અર્દિત, આક્ષેપક, પક્ષાઘાત, અપતાનક** એ વાતવ્યાધિ ઘણા દિવસોએ મોટા પ્રયત્ને સાધ્ય થાય છે અથવા કદી સાધ્ય થતા પણ નથીજ; પરંતુ બળવાન પુરુષને એ વ્યાધિ નવો થયેલો હોઈ ઉપદ્રવરહિત હોય તો તે સાધ્ય જાણવો; એટલે ચિકિત્સા કરવી.

અસાધ્ય લક્ષણ:—જે પક્ષાઘાતાદિક વાયુની અંદર **વિસર્પ, દાહ, શૂળ, મૂર્ચ્છા, અરુચિ, અગ્નિમાંદ્ય** એ ઉપદ્રવથી માણુસનું બળ અને માંસ ક્ષીણ થાય છે તે વાયુ અસાધ્ય જાણવો. જે વાતરોગમાં સોજો, ચામડીને સ્પર્શ ન સમજાય, નાના પ્રકારની પીડા, શરીરની વક્રતા, કંપ, પેટ ચડવું, એ લક્ષણો થાય છે તે અસાધ્ય જાણવા.

વાતરોગ ઉપર ×ઉપચાર:—(૧) પીળો કાંટાસરીઓ, દેવદાર અને સુંઠનો કાઢો એરંડતેલ

× સંધિવાયુ ઉપર:—એને સાંધિયો વા, સંગ વા તથા ગંઠીઓ વા પણ કહે છે. તે માણુસના શરીરના સાંધાઓમાં થાય છે તેથી તે દુખે છે અને કોઇ કોઇને સાંધાઓમાં સોજો પણ હોય છે; તેમ તે કોઇને ગાંઠો પણ ઘાલે છે. એ રોગ બે જાતનો થાય છે. એકમાં તાવ આવે છે અને

નાખી આપવો, એટલે વાયુથી શરીર અકડાઈ ગયેલું હશે તે સારૂં થઈ જોઇએ તેવી રીતે ચાલશે. **(૨) મહારાસ્નાદિ કાઢો:**—રાસ્ના, એરંડમૂળ, ગળો, વજ, પીળો કાંટાસરીઓ, ચવક, કરિયાતું, નાગરમોથ, ભારંગમૂળ, અજમો, રાતો ધમાસો, કિરમાણી અજમો, પહાડમૂળ, દેવદાર, વાવડીંગ, કાકડાશિંગી, સુંઠ, બળ(બોળ)નાં મૂળ, મોરવેલ, કડુ, મજીઠ, કાળું અને ધોળું અતિવિષ, કચૂરાં, ત્રિફળાં, લીંડીપીંપર, જવખાર, રક્તચંદન (રતાંદળી), ગરમાળાની શિંગોનું મગજ, કાયફળ, કડાનાં મૂળની છાલ, રાતી સાટોડી અને દશમૂળ, એ સર્વ સમભાગ લઈ તેનો અષ્ટમાંશ

રાતદિવસ દુખાવો થાય છે. એ જાતના સંધિવાયુ ઉપર ઔષધ અસર કરી શકે છે. બીજી જાતનો સંધિવાયુ તાવવગરનો હોય છે. એમાં દહાડે દરદ થોડું થાય છે અને રાત્રે વધારે થાય છે તથા તાવ મુદ્દલ આવતો નથી. એ જાતના સંધિવાયુ ઉપર ઔષધ લાગુ થવું કઠિન છે. તાવવાળા સંધિવા ઉપર ઉપચાર:—(૧) જો લાલ સોજો હોય તો તે દરદીની ફસ ખોલાવવી અને લોહી કમી કરાવવું. એથી આરામ થાય છે. (૨) જો વ્યાધિ વાથી હોય તો લીંડીપીંપર ટાંક ૧, દેવદાર ટાંક ૧, એ બન્ને ખાય અને દેવદારનું તેલ ચોળે તો આરામ થાય.

વગર તાવવાળા સંધિવાનો ઈલાજ:—શીકોતરી એળીઓ તોલો ૧ અને રેવંચીની ખટાઇ તોલા ૨, એકઠાં કરી ખાંડી ઝીણાં કરી રાત્રે સૂતી વેળા અથવા સવારે તોલો ૦॥ ગરમ પાણી સાથે ફાકવું; અથવા તેની ગોળીઓ વાળીને એટલાજ પ્રમાણમાં ગળવી. એથી હલકો જુલાબ લાગશે. એ રોગવાળાને ગરમ પાણીમાં છાતી સુધી બેસાડવો. ગંધકની ખાણના પાણીમાં એટલે કુદરતી ઉના પાણીના કુંડમાં બેસી નહાય તો ઘણો ફાયદો થાય.

ધંતુરાનાં બીઆંનું ચૂર્ણ કરી પારોર ગુગળમાં આખો દિવસ મર્દન કરી ચણા પ્રમાણે ગોળીઓ વાળવી. એ ગોળી દિવસ ૧૪ અથવા ૨૧ માં સંધિવાને મટાડે છે.

ધનુર્વા ઉપર:—કાળી તુલસી, ડુંગળી, આદુ તથા લસણનો રસ ભેળો કરી ત્રણ માસા પીવા આપવો અને બાકી રહેલો રસ અંગે ચોળવો. ધનુર્વા બે જાતનો થાય છે. તે બન્નેનું સ્થાન મગજમાં હોય છે. એક માદા અને બીજો નર છે. જે માદા છે તે ખુશ્ક છે. એ દરદથી આદમીનું શરીર કમાનની પેઠે વળી જાય છે, તમામ રગો ખેંચાય છે અને કમ્મર, પીઠ તથા જાંઘ તૂટે છે. એને કોઈ ધનકવા પણ કહે છે.

લકવો:—જેને લોકો પક્ષાઘાત કે અર્ધાંગ વાયુ અથવા વાણ ફરી ગયું એમ પણ કહે છે, તેનાં લક્ષણ એ છે કે:—એકજ તરફનો હાથ અથવા હાથ, પગ અને અર્ધું અંગ રહી જાય છે અને લૂલું થઈ જાય છે. કોઇનું મોઢું પણ બંધ થઇ જાય છે ને બોલતું નથી; અને કોઇને એકલું ડાચુંજ ફરી જાય છે. એકલું ડાચું ફરવાના રોગને લકવો કહે છે. એ લકવો અને અર્ધાંગ બે પ્રકારનો થાય છે. એક તો હવામાં ખુલ્લું સૂવાથી અથવા બેઠાથી અને નઠારો વાયુ શરીરને લાગવાથી થાય છે. એ રોગવાળાનો ઝાડો કબજ હોય છે અને બીજી જાતનો અર્ધાંગ મગજમાંથી રસવિકારના ઉપદ્રવથી થાય છે. એ બન્ને જાતના રોગના ઉપાય એકજ રીતના છે તે:—રેવંચીનો શીરો માસા ૪, તજનો ભૂકો માસા ૪, શીકોતરી એળીઓ માસા ૪ અને વિલાયતી સાબુ માસા ૮, એ સર્વેને ખાંડી કપડછાણ કરી તેમાંથી ૬૦ ગોળીઓ વાળવી. પછી દરરોજ ૨ થી ૭ સુધી રાત્રે સૂતી વેળા ગળાવવી. કદાપિ એટલાથી ઝાડો સાફ ન આવે તો વધારે ગળાવવી. તેથી ઝાડો સાફ આવી ફાયદો થાય છે. વળી નીચલાં ઔષધો શરીર ઉપર ચોપડવાં. રાઇ છાલાં કાઢેલી તોલા ૨॥, તલનું તેલ તોલા ૧૦ અને ટરપેન્ટાઇન તેલ તોલા ૨॥ એ ત્રણેને મેળવી જે હાથ કે પગ રહી ગયો હોય તે ઉપર દિવસમાં બે-ત્રણ વાર ખૂબ જોરથી મસળવું. કેટલાક કહે છે કે, એ રોગ થતાંની સાથેજ તેને શક્તિ ઉપરાંત તલનું તેલ પાતા રહેવું જોઇએ; જેથી બીજી દવાની જરૂર પડતી નથી.

કંપવા ઉપર:—પીંપળાની વડવાઈ વાલ ૪, શંખનો કીડો વાલ ૧, એ દિવસમાં બે વખત પાવું.

કેડ દુખે તે ઉપર:-(૧) ખજૂર ટાંક ૬ અને ઘી ટાંક ૬ એકઠું કરી ખાય તો કેડમાંનો વાયુ જાય. (૨) હાડાફળી કે જેની ફળીઓ લવંગના જેવી થાય છે તે દરરોજ દિવસ ૭ સુધી ખાવાથી કેડનો દુખાવો મટે. (૩) એરંડાનાં બીંજની ખીર ગાયના દૂધમાં રાંધીને ઘી અને ખાંડ

કાઢો કરવો. આ કાઢો સર્વાંગવાત, એકાંગવાત, શ્વાસ, કાસ, પરસેવો, શૈત્ય, અતિ તંદ્રા, શૂળ, તૂની, પ્રતિતૂની, ગલરોગ, સર્વ અંગોની અંદર સણકા, કંપવાત, ખલ્લીવાત, વિશ્વાચી, શ્લીપદ, આમવાત, સંપૂર્ણ સુવારોગ, સુપ્તિવાત, જીહ્વાસ્તંભ, અપતાનક, દુખાવો, ક્લીબવાત, આક્ષેપક, કુબ્જવાત, સોજો, આટોપ, અપતંત્ર, અર્દિત, ખુડવાત(વાતકંટક), હનુગ્રહ, ગૃધ્રસી, પાદશૂળ અને વાતશ્લેષ્મ વ્યાધિનો નાશ કરે છે. (૩) **બીજો પ્રકાર:**—રાસ્ના ૨ ભાગ, ધમાસો ૧ ભાગ, બળદાણા, એરંડમૂળ,

---

નાખી આપવી. પ્રથમ ટાંક ૪ ના પ્રમાણથી આપવી. પછી થોડે થોડે ચઢતાં દરરોજ શેર ૦ા સુધી આપવી; તેથી કેડનું દુઃખ ટળે.

કાળો રસ સર્વ વાયુ ઉપર:—પારો ટાંક ૩ અને આમલસાર ગંધક ટાંક ૩ ની કાજળી, વચ્છનાગ ટાંક ૩ અને મરી ટાંક ૬ ની કાજળી, અક્કલકરો ટાંક ૬, ટંકણખાર ટાંક ૫, સુંઠ ટાંક ૬, ધંતુરાનાં બીઆં ટાંક ૩, લીંડીપીંપર ટાંક ૧૦, જાયફળ ટાંક ૩ અને લવંગ ટાંક ૩ લઇ ૨૪ પહોર સુધી આદાના રસની ભાવના આપતા જઈ ખરલ કરવું. પછી તેની ગોળીઓ વાલ ૧ પ્રમાણે વાળવી. એ ગોળી ૮૪ પ્રકારના વાયુ, શ્વાસ, કફ, સુસ્તી, મંદાગ્નિ, ધાતુક્ષય, અઢારે પ્રમેહ અને નિર્બળતા, એ રોગોનો નાશ કરે છે.

ચોરાશી વાયુ ઉપર ગોળી:—આમલસારો ગંધક ટાંક ૧ અને પારો ટાંક ૧ ની કાજળી, વચ્છનાગ ટાંક ૧ અને મરી ટાંક ૧ ની કાજળી; રાયવાગી લવંગ ટાંક ૧, લીંડીપીંપર ટાંક ૧, ફુલાવેલો ટંકણખાર ટાંક ૧, જાવંત્રી ટાંક ૧, અક્કલકરો ટાંક ૧ એ સર્વને ઝીણાં વાટી નાગરવેલના પાનના રસના તથા આદાના રસના ત્રણ ત્રણ પુટ આપવા. પછી તેની ગોળીઓ ચણા જેવડી વાળવી. તે નાગરવેલનાં કાથા-ચૂનાસહિત બે પાનમાં ગોળી બે મૂકી ચવરાવવી. એથી ૮૪ પ્રકારનો વાયુ, સંધિવા, ચિત્તભ્રમ અને સુવારોગ જાય, ક્ષુધા લાગે, ધાતુ પુષ્ટ થઇ નિર્બળતા જાય.

સર્વ વાયુ ઉપર:—(૧) લીંડીપીંપર, અજમોદ, જીરૂં, શહાજીરૂં, સિંધવ, વાવડીંગ, આગરીઉં મીઠું, સંચળ, જવખાર, ચિત્રકછાલ, ગજપીંપર, પીંપળીમૂળ, અજમો, સુંઠ અને હીંગ સમાનભાગે લઇ લિંબુના રસમાં વાટી ગોળી ૧ા પૈસાભારની વાળી તે વાયુ ઉપર ખાવી. (૨) સુંઠ ટાંક ૯, હીંગ ટાંક ૪, સંચળ ટાંક ૬, ખુરાસાની વજ ટાંક ૬ અને લવંગ ટાંક ૦ાા નું ચૂર્ણ કરી યોગ્ય માત્રાથી આપવાથી વાયુમાત્ર જાય અને મરડો પણ બંધ થાય.

વાતવિધ્વંસક તૈલ:—કંટાળો થુવેર, ધંતુરો, આકડો, કરેણ, કડવો લીમડો, સરસવ, કાળો ભાંગરો, એરંડો, અરણી, રિંગણી, ભોરિંગણી, ખાખરો, સંદેશરી, કારેલી, નગોડ, ઘોડાવજ, એ ઔષધોનાં લીલાં પાંદડાં લાવી દરેકનો રસ એકેક શેર કાઢવો; તથા લોદર, માલકાંગણી, આસોદ, એ ઔષધોનો જુદો જુદો કરેલો કાદો એકેક શેર લેવો. એ બધાંની બરાબર ગાડરનું દૂધ અને થોડો કુંવારનો લુઆબ તથા તલીઉં તેલ શેર ૩ લેવું. લીલા સરસવ ન મળે તો સરસવનું તેલ શેર ૧ લેવું. એ સઘળું એકત્ર કરીને કઢાઇમાં નાખી તેલ સિદ્ધ કરવું. એ તેલ તૈયાર થયે જાડા લુગડાથી ગાળી લઇ તેમાં કપૂર તથા કસ્તૂરી નાખવી. આ તેલ હરેક જાતના વાના દુખાવા ઉપર શરીરે ચોળવું, તેમજ સોજા ઉપર ચોળી ઉપર શેક કરવો. એ તેલ કાનમાં નાખવાથી તે વહેતો હોય અથવા વાયુથી દુખતો હોય તોપણ રામબાણ જેવી અસર કરે છે.

નખતેલ (ટરપેન્ટાઇન), દેવદારનું તેલ, એરંડીઉં, અળશીનું તેલ, સરસીઉં અને મીઠું તેલ, એ સઘળી જાતનાં તેલથી વાયુ મટે છે. કેરોસીન તેલમાં વાટેલી રાઇ મેળવી શરીરે સારી પેઠે ચોળી તડકો સેવવાથી પણ આબાદ અસર થાય છે; પરંતુ કસુંબીનું (કાબરીનું) તેલ ઠંડુ હોવાથી તે મસળે તો શરદી પેદા કરે છે.

ગુગળપાક:—પ્રથમ ખુદારી ખારેકો શેર ૦ાા લઇ રાત્રે પાણીમાં પલાળી રાખીને સવારે તે ખારેકોને ભાગ્યા વગર ઝીણી સાણસી કે ચીપીઆ વડે તેમાંથી ઠળીઆ ખેંચી કાઢવા. પછી તેમાંથી સારી જોઇને ૭ ખારેક લઇ તેમાં સમાય તેટલો શુદ્ધ ગુગળ ભરી તેને બીજી ખારેકના કકડાની બંધબેસતી ડગળી બેસાડી તેના દરેકના ઉપર ઘઉંનો લોટ જુદો જુદો ચઢાવવો. ત્યારપછી એકજ

દેવદાર, કચોરૂં, વજ, અરડુસી, સુંઠ, હરીતકી, ચવક, નાગરમોથ, સાટોડી, ગળો, વરધારો, સુવા, ગોખરૂ, આસગંધ, અતિવિષ, ગરમાળો, શતાવરી, લીંડીપીંપર, કાંટાસરીઓ, ધાણા, રિંગણી અને ઉભી રિંગણી. એ સમભાગ નાખી અષ્ટમાંશ કાઢો કરી અંદર સુંઠનું ચૂર્ણ કિંવા લીંડીપીંપરનું ચૂર્ણ અથવા યોગરાજ ગુગળ, અજમોદ કિંવા એરંડતેલ નાખી આપવો; એટલે **સર્વાંગવાત, કુબ્જવાત, પક્ષાઘાત, અપબાહુક, ગૃધ્રસી, આમવાત, શ્લીપદ, અપતાનક, અંત્રવૃદ્ધિ, આધ્માન, જંઘાવાત, જાનુવાત, અર્દિત, શુક્રદોષ, મેઢ્વાત, વંધ્યાના યોનિરોગ,** એટલા રોગનો આ કાઢો નાશ કરે છે. આ કાઢો **ગર્ભધારક** છે. (૪) ખરેંટીનાં મૂળ અને સુંઠનો કાઢો લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવો, જેથી **શીતવાત, કંપવાત** અને **દાહનો** બે દિવસમાં નાશ થાય છે. (૫) પંચમૂળનો અથવા દશમૂળનો કાઢો **મન્યાસ્તંભ** વાયુ ઉપર આપવો. (૬) આસગંધ, ચિકણા, મોટી ચિકણા, લઘુ ચિકણા, બોર, લઘુ બોર, રાસ્ના એ ચીજોનો કાઢો પાવો. તે **વાતનાશક** છે. (૭) બીલામાના ટુકડા દોઢ તોલો અને ૧૬ તોલા પાણીનો કાઢો **ચતુર્થાંશ** શેષ રહે એટલે ઉતારી તેમાં સાકર અર્ધો તોલો, ઘી ૨ તોલા અને ગાયનું દૂધ ૪ તોલા નાખી પાવું; એટલે **સર્વ વાયુનો** નાશ થાય છે. એ કાઢાનું **સમીદાવાનળ** એવું નામ છે.+ (૮) કડવી ઈંદ્રવરણી અથવા કવંડળી નાની(મોટી ઈંદ્રવરણી)નાં મૂળ, લીંડીપીંપર અને ગોળ એકત્ર કરી ૧ તોલાભાર ભક્ષણ કરવાં; એટલે **સંધિવાત નામે** વાયુનો નાશ થાય છે. (૯) દશમૂળનો કાઢો પ્રાશન કરવો અથવા એનુંજ નસ્ય કરવું એટલે **ધનુર્વાતનો** નાશ થાય છે. (૧૦) એરંડમૂળ, બીલીનાં મૂળ, રિંગણી, ઉભી રિંગણી, સંચળ, મરી, સુંઠ, લીંડીપીંપર, હીંગ, બીજોરાનાં મૂળ અને સિંધવનો કાઢો આપવો; એટલે **ધનુર્વાતનો** (તાણનો) નાશ થાય છે. (૧૧) અડદ, કૌચનાં મૂળ, એરંડમૂળ અને બળ (બોળ)નાં મૂળ, એ સર્વનો કાઢો હીંગ અને સિંધવ એકેક માસો નાખી આપવો; એટલે **પક્ષાઘાતનો** નાશ થાય છે. (૧૨) અડદ, બળ (બોળ)નાં મૂળ, કૌચનાં મૂળ, લઘુરોહિસ ઘાસ, રાસ્ના, આસગંધ અને એરંડનો કાઢો, હીંગ અને સિંધવ નાખી સવારે આપવો. તે **પક્ષાઘાત, મન્યાસ્તંભ, કર્ણનાદ** અને **અર્દિતવાયુનો** ૭ દિવસમાં નાશ કરે છે. (૧૩) રાળનું ચૂર્ણ કરી તેનું નલિકાયંત્ર વડે તેલ કાઢવું અને અંગે મર્દન કરવું; એટલે **પક્ષાઘાત** વાયુનો નાશ થાય છે. (૧૪) કડવા ધોળા કોળાનાં બીઆં વાટી તેનો કિંવા કડવા લીમડાનાં બીઆંના તેલનો લેપ કરવો; એટલે **પક્ષવાયુનો** નાશ થાય છે. (૧૫) સુંઠનું ચૂર્ણ ૨૮ તોલા, ૨૮ તોલા ઘીમાં શેકવું. પછી લસણ

બાખડી ભેંસનું દૂધ શેર ૫ થી ૮ સુધી હોય તેટલું લઇ કઢાઇમાં નાખી ચૂલા ઉપર મૂકી ગરમ થયા પછી ઉપરનાં લોટ ચઢાવેલી ૭ ખારેકો એક પછી એક એમ છૂટી છૂટી એકી વખતે નાખવી. ત્યારપછી તે ખારેક દાઝે નહિ તે રીતે ધીમે ધીમે હલાવતા રહીને માવો કરી નાખવો. માવો કરતાં જો ખારેક ફુટીને તેમાંના ગુગળનો કસ દૂધને લાગશે તો દૂધ બગડી જશે અને એ બધું નકામું જશે, માટે તેમ નહિ થવા બાબતની ખાસ કાળજી રાખવી. તે માવો તૈયાર થયા પછી ખેરીગુંદ શેર ૧ (પણ સ્ત્રીઓ માટે હોય તો બાવળીઆનો ગુંદર લેવો), સુંઠ શેર ०ા, પીંપળીમૂળ તોલા ૫, લીંડીપીંપર તોલા ૨ા, જાયફળ નંગ ૧, તીખાં તોલા ૨ા, તજ તોલા ૨ા, જાવંત્રી તોલો ०ા, અક્કલકરો તોલો ०ા, ધોળી મુસળી તોલા ૫, (સ્ત્રીઓ માટે હોય તો કાળીમુસળી લેવી), પંજાબી સાલમ તોલા ૫, ચોપચીની શેર ०, (સ્ત્રીઓ માટે હોય તો આ બે ચીજો ન નાખવી), લોધર તોલા ૨ા, એ સઘળી ચીજો ખાંડી માવા અને ખારેકને જુદી જુદી ફેંદી નાખી તેમાં ભેળવી તેમાં સાકર શેર ૨ ખાંડેલી નાખવી. પછી ગોળ શેર ૨ અને ઘી શેર ૩ મેળવી, તેમાં તે નાખીને લાડુ શેર ० થી ०ા સુધીના વજને બાંધી દરરોજ એકેક ખાવો. પરહેજી—ખાય તેનાથી બમણા દિવસ સુધી ખાટું, ખારૂં, તેલ, મરચું તથા ગચરકાં આવે તેવી ચીજો તજવી. ગરમ વસ્તુ વિચારીને ખાવી. આ પાક શિયાળામાં ઉપયોગી છે. એ વાયુનાં તમામ દરદો નાબુદ કરી ધાતુની પુષ્ટિ કરે છે.

+ આ કાઢો કરતી વખતે બીલામાવાળી વરાળ ન લાગે તે સંભાળવું; કારણ કે બીલામાની અસર થવાથી શરીર પર સોજો આવે છે તથા ચાંદાં પડે છે.

ભેળી વાટી ૨૮ તોલા તેમાં નાખવું અને અગ્નિબળ જોઈ તે આપવું; એટલે **પક્ષઘાત, હનુસ્તંભ, કટિભંગ, બાહુપીડા** અને **વાતરોગનો** નાશ થાય છે. (૧૬) અડદનો લોટ કિંવા વડાં માખણ સાથે ખાઈ દશમૂળનો કાઢો પીવો. (૧૭) લસણનો કલ્ક તલનું તેલ મેળવી પાવો. (૧૮) ત્રિફળાં, કડવા લીમડાની લંબોળીઓ, અરડુશી અને કડવાં પંડોળાંનો કાઢો કરી તેમાં ગુગળ નાખી તે કાઢો આપવો; એટલે **અર્દિતવાયુનો** નાશ કરે છે. (૧૯) ચાર તોલા કિંવા બે તોલા લસણના રસમાં હીંગ, જીરૂં, સિંધવ, સંચળ અને ત્રિકટુ, એ દરેક એકેક માસો લઈ ચૂર્ણ કરી રાખવું. પછી યથાશક્તિ ભક્ષણ કરવું. એનું અનુપાન એરંડમૂળનો કાઢો. ઉપરનું ઔષધ પ્રાતઃકાળે દરરોજ એક મહિનો સેવન કરવાથી **સામાન્ય વાતરોગ, અર્દિત, અપતંત્રક, એકાંગ વાત, સર્વાંગ વાત, ઉરૂસ્તંભ, ગૃધ્રસી, શૂળ, હૃદ્રોગ, કૃમિ, કટિરોગ, પૃષ્ઠરોગ** અને **પેટના અંદરના** વાયુનો નાશ થશે (૨૦) **હનુગ્રહ, હનુસ્તંભ** અને **માન(ગળુ)નો સ્તંભ** તથા **અર્દિતવાયુ** એ ઉપર દશમૂળ અને લીંડીપંપરનો કાઢો આપવો; કિંવા પીપળાના રસમાં લીંડીપીંપર નાખી તે રસ આપવો. (૨૧) લસણ ફોલી તેની કળીઓ તલના તેલમાં વાટી સિંધવ નાખી તે લસણ ખાવું; એટલે **હનુસ્તંભ** દૂર થાય છે. (૨૨) એરંડતેલ ગોમૂત્રમાં નાખી એક મહિનાપર્યંત સેવન કરવું; એટલે તે **ગૃધ્રસી** અને **ઉરૂસ્તંભનો** નાશ કરશે. (૨૩) તેલ કિંવા ઘીમાં આદુ અને વગડાઉ લિંબુનો રસ પાવો કિંવા ખાટી આમલી અને ગોળ એકત્ર કરી પાવાં; એટલે ઘુંટણ, પીઠ અને હાડ એ ઠેકાણાનું શૂળ, ગુલ્મ, ઉદાવર્ત અને ગૃધ્રસી વાયુનો નાશ થશે. (૨૪) એરંડીઆ છોલી કૂટી તેની દૂધમાં લાપસી બાફી સેવન કરવાથી **કમરનું શૂળ** અને **ગૃધ્રસીનો** નાશ થશે. (૨૫) બકામલીમડીનાં મૂળનો અથવા છાલનો કલ્ક કરી આપવો, એટલે **ગૃધ્રસીનો** નાશ થશે. ૨૬) અરડુસી, દંતીમૂળ અને ગરમાળાનો કાઢો એરંડાઉં મિશ્ર કરી પાવો; એટલે જેનું **ચાલવું બંધ થયું હોય, સ્પર્શ જણાતો નહિ હોય** એવો **ગૃધ્રસી વાયુનો રોગી** શીઘ્ર ગમન કરનારો થશે. (૨૭) **મંદાગ્નિ ઉપર** કહેલો કાળી નિર્ગુંડીનાં પાંદડાંનો કાઢો પાવો; એટલે ગૃધ્રસીનો નાશ થશે. (૨૮) આસગંધ અને ખડીસાકરનું ચૂર્ણ ઘીમાં આપવું; એટલે **કટિશૂળનો** નાશ થશે. (૨૯) ગળો અને ત્રિફળાંના કાઢામાં ગુગળ નાખી તે પાવો; અથવા ૪ તોલા દૂધમાં ૧ તોલો એરંડતેલ અથવા વરધારાનું ચૂર્ણ સેવન કરવું; એટલે **ક્રોષ્ટુશીર્ષનો** નાશ થાય છે. (૩૦) દૂધ, તેલ, ઘી, કિંવા સાઠીચોખાના ભાત સાથે બે બે તોલા લસણ ચઢતા ક્રમથી સાત દિવસ ભક્ષણ કરવાથી વાયુથી થયેલો **વ્યાધિ, વિષમજ્વર, શૂળ, ગુલ્મ, અગ્નિમાંદ્ય, પ્લીહા** અને **હાથ, પાસુ (પડખાં) તથા મસ્તકની અંદરનું શૂળ** અને **શુક્રદોષનો** નાશ થાય છે. (૩૧) સુંઠ, એરંડમૂળ, દેવદાર, કાંટાસરીઓ અને ગળોનો કાઢો પીવાથી **અસ્થિગત** અને **સંધિગત** વાયુનો નાશ થાય છે. (૩૨) અસાળીઓ, ખસખસ, ખારેક, મેથી, તલ, સુવા, વરીઆળી, ગોડંબી (બીલામાનાં બીજ), બદામ, ગુંદર અને ચારોળી એ દરેક ૪ તોલા, ગોળ અને ઘી એ દરેક ૩૨ તોલા લઈ એના બબ્બે તોલાના લાડુ કરવા. તેમાંથી રોજ સવારે એક ભક્ષણ કરવો. તે **કટિવાયુનો** નાશ કરે છે અને ધાતુનું સ્તંભન તથા ધાતુની વૃદ્ધિ કરે છે. (૩૩) પીંપળીમૂળ દૂધમાં વાટી તેમાં અરડુસીનો રસ નાખી આપવો; એટલે ઊર્ધ્વવાત (ઘણા ઓડકાર આવવા) નાશ પામે છે. (૩૪) **લઘુરાસ્નાદિ કાઢો:**—રાસ્ના, એરંડમૂળ, દેવદાર, વજ, સુંઠ, ધમાસો, હરડે, અતિવિષ, નાગરમોથ, શતાવરી અને અરડુસીનો કાઢો પ્રાશનાર્થ આપવો; એટલે **ઉધરસ, આમવાત, શ્લેષ્મવાત, સંધિવાત** અને **મજ્જા, અસ્થિ** અને **સ્નાયુનો વાયુ** તથા **સર્વાંગ વાયુ**, એ નક્કી નાશ પામે છે. (૩૫) **આભાદિ ચૂર્ણ:**—બાવળનાં બીઆં, રાસ્ના, ગળો, શતાવરી, મહાશતાવરી, સુંઠ, વરીઆળી, આસગંધ, શેરણી, વરધારા, અજમો અને અજમોદ, એ સર્વ સમભાગ લઈ તેનું ચૂર્ણ કરી યૂષ, છાશ, ગરમ પાણી, ઘી અને દહીંના કૂચા એમાંના એક અનુપાનમાં ૨ તોલા પ્રમાણે ખાવું; એટલે **અસ્થિ, સ્નાયુ, મજ્જા અને કમરનો વાયુ, ગૃધ્રસી, મન્યાસ્તંભ, હનુગ્રહ** અને **કોષ્ઠગત રોગનો** નાશ થશે. એ ચૂર્ણ સર્વવ્યાધિનાશક છે. (૩૬) **અજમોદાદિ ચૂર્ણ** આપવું. (૩૭) **અજમોદાદિ ગોળી:**—અજમો, લીંડીપીંપર, વરીઆળી, નાગરમોથ, મરી અને

સિંધવ એ દરેક એકેક ભાગ, હરડે ૫ ભાગ, સુંઠ ૧૦ ભાગ, વરધારા ૧૦ ભાગ અને ભારંગમૂળ ૩૭ ભાગ એ પ્રમાણે ઔષધોનાં ચૂર્ણો લઈ ગોળના પાકમાં ગોળીઓ બનાવવી. તે ગરમ પાણીમાં ખાવી; એટલે સંધિવાત, આમવાત, સંપૂર્ણવાત, આઢયવાત, હનુસ્તંભ, શિરોવાત, અપતાનકવાત અને ભ્રકુટી, આંખ, કાન, નાક તથા જીભનો સ્તંભ, પંગુવાત, સર્વાંગવાત, એકાંગવાત, અર્દિત, પાદહર્ષ અને પક્ષાઘાતનો નાશ થાય છે. (૩૮) **મરીનું ચૂર્ણ**, ઘી તથા તુલસીના રસને લઘુ મૃગાંક કહે છે. એ સંપૂર્ણ વાતરોગનો નાશ કરે છે. (૩૯) **લસણપાક:**—લસણની કળીઓ છોલી ૬૪ તોલા લઇ ૧૦૨૪ તોલા દૂધમાં ૧૬ તોલા ઘી લઇ તેમાં તે લસણ બાફવું. તેનો સારો પાક થઈ મધુવર્ણું થાય એટલે તેમાં ૧૨૮ તોલા સાકર, સુંઠ, મરી, લીંડીપીંપર, ચવક, ચિત્રકમૂળ, હળદર, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, પીંપળીમૂળ, વાવડીંગ, દારુહળદર, શેરણી, વરધારા, પુષ્કરમૂળ, અજમો, લવંગ, દેવદાર, સાટોડી, ગોખરૂ, કડવો લીમડો, રાસ્ના, સુવા, શતાવરી, કચોરૂ, આસગંધ અને કૌચનાં બીજ, એ દરેકનાં તોલા તોલા પ્રમાણે ચૂર્ણો લઇ તેમાં નાખી તૈયાર કરવો. આ લસણપાક અગ્નિ અને બળ જોઇ સેવન કરવો; એટલે સંપૂર્ણ વાતરોગ, શૂળ, અપસ્માર, ઉરઃક્ષત, ઉદરરોગ, ઉલટી, બરોળ, ગોળો, અંડવૃદ્ધિ, કૃમિ, મળબંધ, આનાહવાત, સોજો, અગ્નિમાંદ્ય, બલક્ષય, હેડકી, દમ, ઉધરસ, અપતંત્રકવાયુ, ધનુર્વાત, અંતરાયામ, પક્ષાઘાત, અપતાનકવાયુ, અર્દિતવાયુ, આક્ષેપકવાયુ, કુબ્જવાયુ, હનુગ્રહ, શિરોગ્રહ, વિશ્વાચી, ખલ્લી, ગૃધ્રસી, પંગુ, સંધિવાત, બધીરપણું અને સંપૂર્ણશૂળ એ સર્વ રોગોનો આ લસણપાક અતિ ત્વરાથી નાશ કરે છે. વળી આ લસણપાક વાતવ્યાધિરૂપ હાથીનો સિંહની પેઠે નાશ કરે છે તથા કફવ્યાધિને શાંત કરીને બળ અને પુષ્ટિ આપે છે. (૪૦) **વાતવ્યાધિ ઉપર:**—નિર્ગુંડીનાં પાંદડાંની થેપલી બાંધવી. (૪૧) ઇંદ્રજવ, ચિત્રો અને સુંઠનું ચૂર્ણ ઘીમાં આપવું. તે સંપૂર્ણ વાતવિકારોનો નાશ કરે છે. (૪૨) દશમૂળના કાઢામાં કિંવા કલ્કમાં તેલ સિદ્ધ કરી તે અંગે ચોપડવું; એટલે અનેક પ્રકારના વાયુનો નાશ થાય છે. (૪૩) માલકાંગણી, ચંદ્રસર (વગડાઉ મેથી), કલોંજી જીરૂં, અજમો, મેથી અને તલનું ચૂર્ણ કરી તેનું યંત્રમાં તેલ કાઢવું અને અંગે ચોપડવું; એટલે સર્વ પ્રકારના વાતવ્યાધિનો નાશ થાય છે. (૪૪) **નારાયણ તેલ:**—શતાવરીનાં મૂળનો રસ, તેલ અને દૂધ એ દરેક ૬૪ તોલા અને વાયવરણા, અરલુ, દેવદાર, શિલાજિત, જટામાંસી એ પ્રત્યેક ૪ તોલા લઈ તેનો કલ્ક કરી તે કલ્ક તેલ વગેરેમાં નાખી તેલ સિદ્ધ કરવું. એ સિદ્ધ થયેલા તેલને નારાયણ તેલ કહે છે. એ અનેક પ્રકારના વાતવ્યાધિ ઉપર અભ્યંગાર્થ (મર્દન કરવા અર્થે) યોજવાથી ઘણુંજ હિતકારક અને ગુણાવહ થાય છે. (૪૫) આકડાના દૂધનો જાડો લેપ કરી તે ઉપર રાઇની ઝીણી ભૂકી લગાવી પાટો બાંધવાથી ચમક થવો, અંગ પકડાઇ જવું વગેરે વાતવિકારો દૂર થાય છે. (૪૬) વાયવરણાનાં પાંદડાં બારિક વાટી લેપ કરવો અને ઉપર કેળનાં પાંદડાં બાંધવાં; એટલે ઢીંચણ, સાંધા વગેરે અકડાઇ ગએલાં હોય તે છૂટે છે અને ચમક તથા બળતરા પણ બંધ થાય છે. (૪૭) વિશેષ ધૂપ અને ગુગળ એકત્ર વાટી પાણીમાં કાલવી ગરમ કરી લેપ કરવો અને તે ઉપર અસાળીઓ ચોંટાડવો; એટલે તેના લેપ વડે અનેક પ્રકારની વાતવેદના અને સોજો, એ રોગો ત્વરિત દૂર થાય છે. (૪૮) બાવળીઆની અને સરગવાની છાલ બારિક કૂટી અંગનો જે ભાગ વાયુથી અકડાઇ ગયો હોય તે જગાએ તેની થેપલી બાંધવી. એમ બે–ત્રણ વાર પાટો બાંધવાથી ગુણ આવે છે. (૪૯) **માષતૈલ:**—અડદ ૬૪ તોલા લઇ તે ૨૫૬ તોલા પાણીમાં બાફવા. ચતુર્થાંશ શેષ રહે એટલે તેમાં તલનું તેલ ૬૪ તોલા અને જીવનીય ગણનાં આઠ ઔષધો (ઋદ્ધિ વૃદ્ધિ, મેદ, મહામેદ, કાકોલી, ક્ષીર કાકોલી, વગડાઉ મગ અને વગડાઉ અડદ), વરીઆળી, સિંધવ, રાસ્ના, કૌચનાં બીઆં, જેઠીમધ, બળદાણા, સુંઠ, મરી, લીંડીપીંપર અને ગોખરૂ, એ પ્રત્યેક ચીજો તોલો તોલો લઇ તેનો કલ્ક કરી તે વડે તેલ સિદ્ધ કરવું. તે તેલ પક્ષાઘાત, અર્દિતવાયુ, કર્ણશૂળ, બાધિર્ય (બહેરાપણું), તિમિરરોગ, સન્નિપાતજ રોગ, હસ્તકંપ, શિરઃકંપ, બાહુશોષ, અપબાહુક અને કલાયખંજ, એ રોગો ઉપર પીવું અથવા શરીરે લગાડવું. બસ્તિકર્મ એ વિષયમાં પણ યોજવું. એ માષતૈલ ઊર્ધ્વજત્રુગત રોગ નાશ કરવામાં શ્રેષ્ઠ છે. (૫૦

લઘુમાષતેલઃ—અડદ, સિંધવ, બળ(બોળ)નાં મૂળ, દશમૂળ, હીંગ, વજ શતાવરી અને સુંઠ, એ પદાર્થો લઇ તેલ સિદ્ધ કરવું. તે સર્વ વાતનાશક છે. (૫૧) **કલ્યાણકાવલેહઃ**—હળદર, ઘોડાવજ, ઉપલેટ, લીંડીપીંપર, સુંઠ, જીરૂં, અજમોદ, જેઠીમધ અને મીનો લેહ (ચાટણ) એક દિવસ સેવન કરવાથી તે **બહેરાપણું, તોતડાપણું** અને **બોબડાપણાનો** નાશ કરી નોબત જેવો ગંભીર અથવા **કોકિલ** જેવો મંજુલ શબ્દ કરે છે. (૫૨) આદુનો રસ ૧ ભાગ, સરગવાનો રસ ૧ ભાગ, બકરીનું દૂધ ૧ શેર, પાણી ૪ શેર, એ સર્વ એકત્ર કરી તેલ એક શેર નાખી કઢવવું. પાણી બળી જઇ તેલ શેષ રહે એટલે ગાળી નાખવું. એ તેલ વાયુના દરદ ઉપર ઘણુંજ ગુણકારક છે. (૫૩) પીંપળીમૂળ, ચિત્રક, લીંડીપીંપર, સુંઠ, રાસ્ના અને સિંધાલૂણનો કલ્ક કરી અડદના કાઢામાં તેનું તેલ સિદ્ધ કરી શરીરને ચોળવું, એટલે **પક્ષાઘાતનો** નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—**વાયુ, સર્વાંગવાયુ અને વાતવિકાર** માટેઃ—અજમોદ-૪, ૭, અરજુનસાજડ-૧૨, અરડુસો-૬, આકડો-૨૭, ૨૯, ૩૧; આસંધ-૧૪, ૧૭, ઇંદ્રજવ-૨૨, કઠ-૪, કાસાળું-૧૧, કાળીજીરી-૭, કાંટાસરીઓ-૯, કાંડોળી-૫, ગળો-૨૨, ગોરખમુંડી-૩, ચણોઠી-૧૬, ચિત્રક-૧૮, તજ-૧, ઝેરકોચલાં ૧૧, તુલસી-૪, ૧૦, નારી (પ્રસારિણી)-૧, નાળીએરી-૧૩, પીલુ-૨, ફુદિનો-૩, બાફળી (હિંગોત્રી)-૨, માંકડી-૨, માલકાંગણી-૩, મોરવેલ-૩, રાઇ-૨, રાસ્ના-૩, ૪, ૫; લસણ-૭, ૧૭, લીંડીપીંપર-૧, ૩૧, વગડાઉ અજમો-૧, વછનાગ ૭ની ટીપમાં નં. ૧,૨; વાયવરણો-૧, ૨, સમુદ્રશોક-૧, સરગવો-૧૬, સવા-૧, હરડે-૪૪, હાડસાંખળ-૨. **આક્ષેપક** અને **સમેશ્રાનુગત વાયુ** માટેઃ—રાસ્ના-૪. **હનુસ્તંભ** એટલે **મોઢું રહી ગયું** હોય તે તથા **હનુગ્રહ** માટેઃ—આદુ-૩૧, ચુકો-૧, પીંપળો-૨૩. **ઉરૂગ્રહ** અને **ઉરૂસ્તંભ** માટેઃ—આકડો-૩૨, આસંધ-૧૬, એરંડો-૩૦, કણઝી-૧૦, દેવદાર-૧, નાળીએરી-૧૪, લીમડો (કડવો)-૩૮. **પૃષ્ઠ, ઉરૂ, ત્રિક એટલે બરડો, કટીમાંના વાયુ** માટેઃ—આદુ-૩૧, ચુકો-૧. **ખાલી (મોહરી)** માટેઃ-કણઝી-૪, કપૂર-૭, ગજકર્ણી-૩, ચણોઠી-૧૦, ચુકો-૧, ધરો-૪. **જીહ્વાસ્તંભ, બુદ્ધિજાડય** અને **મૂકત્વ**, એ માટેઃ—બીલામો-૧૯. **અર્દિતવાયુ** માટેઃ—રાસ્ના-૧, લસણ-૧૧. **પક્ષાઘાત એટલે લકવો કે અર્ધાંગ વાયુ** માટેઃ—અરણી-૯, આદુ-૩૫, કરેણ ૯, ખસખસ-૮, ધંતુરો-૧૪, બીલામો-૨૯, રાઈ-૯, રાસ્ના-૧, રેણુકા-૨, સમેરવો-૧૨, સાજડ-૫. **મન્યાસ્તંભ** માટેઃ—રાસ્ના-૧. **પગ વળે છે તે** માટેઃ—કરંબળ-૨. **ગુડધી એટલે ઢીંચણના સોજા** માટેઃ—આકડો-૧૬, કાકડી-૨, દક્ષણી થુરીઓ-૩, નાગલી-૪, શેલડી-૧૬. **ઘુંટણ રહી જવા** માટેઃ—આકડો-૧૧, ભુયશીરડ-૨. **ગૃધ્રસી વાયુ** માટેઃ—અસાળીઓ-૪, આદુ-૩૧, એરંડો-૧૬, ૩૦, ચુકો-૧, બકામલીમડી-૨, હરડે-૪૧. **અપતંત્રક વાયુ** માટેઃ—મહુડો-૧. **ધનુર્વાત એટલે તાણ આવે છે તે** માટેઃ—અરડુસો-૧૦, ખજૂરી-૧૨, તુળસી-૨૨, ભાંગરો-૪, સમેરવો-૧૩. **સંધિવાયુ** માટેઃ—અરણી-૯, ઇંદ્રવરણા-૮, એરંડો-૧૧, કાસાળુ-૩, ગોરખમુંડી-૬, થુવેર ત્રણધારીઓ-૧, નગોડ-૨, પીલુ-૫, બાંબ-૧, બીલામો-૨૯, માંકડી-૩, વછનાગ-૧, વાસનવેલ-૮, શ્રાવડ-૧, સારફળ-૨, હાડસંધિ-૩. **વાયુથી અગર શરદીથી સણકા આવે તે** માટેઃ—આકડો-૧, ગુગળ-૪, ફાંગળો-૬, બીલામો-૧૮. **વાયુથી હાથે પગે કળતર થાય** તે માટેઃ—પરિપાઠ-૧, મેથી-૧. **કટિશળ એટલે કેડના ફાટવા** માટેઃ-અસાળીઓ-૪, એરંડો-૩૮, સરગવો-૧૫. **શરીર વાંકું થાય** તે માટેઃ—ઉંદરકની-क-૧, ग-૬. **પેટમાંના વાયુ** માટેઃ—એરંડો-૧૫, ખસખસ-૪. **વાયુએ અતિશય જોર માર્યું હોય** તે માટેઃ—કુબો-૩. **દુખતા ભાગની વેદના શમન થવા અને દુખતા ભાગ** માટેઃ—કપૂર-૧૨, કાનફોડી-૫, ખસખસ-૩. **પગના સાંધા પકડાઇ ગયા હોય** તે માટેઃ—ખાખરો-૧૦. **વાયુના યોગે અંગ બહેરૂં થયું** હોય તે માટેઃ—ધોળો ચંપો-૧. **કળતર થાય** તે માટેઃ—ઘુવરફળ-૨. **અંગમાં કળ લાગે તે** માટેઃ—મિરજોળી-૨. **તિડક એટલે શૂળ** માટેઃ—અળવી-૩. **કંપવા** માટેઃ—કરિયાતુ-૪. **વાયુનો વિકાર કદી ન થવા** માટેઃ—કળથી-૧, મરી-૧૬. **વાયુબદ્ધ શરીર હોય તે** માટેઃ—અગથીઓ-૭.

જુઓ પ્રા૦ઓ૦માંઃ—**અર્ધાંગ, અર્દિત, પક્ષઘાત અને બીજા વાયુ** માટેઃ—**બીર-બહોટી**-

૫. સાંધિવાયુ માટેઃ—વાઘની ચરબી–૨. વાયુથી અંગે સણકા નાખે તે માટેઃ—સાબરશીંગ–૧.

જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નળબંધ વાયુ ઉપર નં. ૧૮. ક્વાથપ્રયોગની ટીપમાં શૂન્યવાયુ ઉપર નં. ૧. સંધિવા ઉપર નં. ૬.

પથ્યઃ—દૂધ, ઘી, તેલ, મીઠા રસ, નવા તલ, ઘઉં, અડદ, એક વર્ષના જૂના સાઠીચોખા, કળથીનું કઠણ, પંડોળાં, સરગવો, લસણ, દાડમ, પાકી કેરી, સ્નિગ્ધ અને ઉષ્ણ એવા ભક્ષ્ય પદાર્થ. **અપથ્યઃ**—ચિંતા, જાગરણ, મળમૂત્રનો અવરોધ, વમન, શ્રમ, ઉપવાસ, ચણા, વટાણા, બંટી, કોદરા, સામો, રાજાંબુ, કાંગ, ચોળા, મગ, જાંબુ, સોપારી, વાલ, તાડફળ, કારેલાં, ઠંડુ ધાન્ય, પત્રશાક, ઉંબરાં, ઠંડુ પાણી, વિરુદ્ધાન્ન, ક્ષાર, શુષ્ક માંસ, રક્તસ્રાવ, તૂરા, કડવા અને તીખા રસ, મૈથુન, વાહન પર ફરવું.

૫૩—વાઇ

જુઓ ગોથું પૃષ્ઠ ૪૭૪.

૫૪—વાળો[×] (स्नार)

વાળાની ઉત્પત્તિનું કારણઃ—જેમાં ઘણું જીવતું પાણી નથી હોતું, જેનો પ્રવાહ નથી અને જેમાં કપડાં વગેરે ધોવાતાં જાય છે, એવાં જે નાનાં તળાવ અથવા વહેળાનું અને ગંદકીવાળું

× જ્યારે શરીરમાંથી વાળો નીકળવાનો હોય છે, ત્યારે પ્રથમ જ્યાં વાળાનું ગુંચળું હોય તે ઠેકાણે નાની ગાંઠ દેખાય છે; પછી બે-ત્રણ દિવસમાં તેને આખા શરીરે શીળસ થઇ આવી વાળાની જગ્યાએ દેવતાથી દાઝ્યા હોય એવા દેખાવની નાની ફોડલી થાય છે. એ ફુટયા પછી તેમાંથી વાળો નીકળે છે. એ સંપૂર્ણ નીકળી જાય તો તો ઠીક; પરંતુ જો તે સંપૂર્ણ નીકળી ગયા પહેલાંજ તૂટી જાય તો તે અંદરથી પીડા વધારી બીલાં (ગાંઠો) ઉત્પન્ન કરે છે, જે લાંબી મુદ્દત સુધી રૂઝાતાં નથી. એ બીલાંની બિમારીથી કેટલાકના શરીરે ખોડ પણ આવે છે અને કેટલાક મૃત્યુવશ પણ થાય છે; માટે વાળાના દરદમાં જેમ બને તેમ તાત્કાલિક ઉપાય લેવા જોઇએ.

ઉપાયઃ—(૧) શીળસ દેખા દે તેજ વખતે દરદીને ઘી શેર ૦। માં મરી તોલા ૪ નાખી પાઇ દઇ ખૂબ ઓઢાડી સૂવાડી રાખવો. એથી વખતે ઉલટી થઇ દવા નીકળી જશે તો તેની અડચણ નહિ; પણ તેને આખા શરીરે પરસેવો વળશે એટલે તમામ વાળા બળી જઇ આખી ઉંમરમાં તેને ફરીથી એ દરદ થશે નહિ. (૨) વાળો નીકળ્યા પછી પણ પહેલોજ ઉપાય સર્વોપરી છે, અથવા તે વાળાને ત્રાંબાના પતરા ઉપર રાખી વિંછીનો ડંખ લગાડવો એટલે વાળો તુરતજ નીકળી જશે. (૩) બીલીપત્ર ૧૦, ધંતુરાનું પાંદડું ૦॥ અને ફટકડી ૭ આનીભાર લઇ, એ પ્રમાણે ત્રણ દિવસ સુધી ગાયના દહીંમાં આપવું. (૪) શીકોતરી એળીઓ ધાણાની ભાજીના રસમાં અથવા ગળીનાં પાંદડાંના રસમાં ઘસી ગરમ કરી વાળો નીકળ્યા અગાઉના ફોડલા ઉપર ચોપડવો; અથવા ગુલાબનું તેલ તે જગોએ મસળી તે પછી ઇસબગોળનાં બીઆં સરકામાં કે ગુલાબમાં ઘસી ચોપડવાં, અથવા ઇસબગોળનાં બીજ દૂધમાં કે ગુલાબમાં મેળવીને ચોપડવાં. (૫) શીકોતરી એળીઓ, ગળીનાં પાંદડાંના પાણીમાં ઘોળીને પાય તો વાળાનો રોગ જડમૂળથી જાય અને ફરીથી થાય નહિ; પણ તે એવી રીતે કરવું કે પહેલે દિવસ શીકોતરી એળીઓ માસા ૨ લઈ રાત્રે ગળીનાં પાંદડાંના રસમાં ભીંજવી મૂકવો. તે સવારે ઘોળી ગાળી પાઇ દેવો. વળી એજ રીતે બીજે દિવસે માસા ૪ અને ત્રીજે દિવસે તોલો ૦॥ એળીઓ લેવો અને ઉપર લખ્યા પ્રમાણે કાસનીનાં પાંદડાંના રસમાં પાવો; એથી આરામ થાય છે. (૬) હરડેપાક—મોટી હરડેનું દળ, બહેડાંની છાલ અને આમળાંની છાલ, સુંઠ, ભુંભળીઓ નસોતર, એ સર્વેને બરાબર વજને લઈ ખાંડી ઝીણે લુગડે ચાળી મધ અથવા સાકરના શીરામાં મેળવી પાક કરી રાખવો. તેમાંથી દિવસ ૨૦ સુધી લાગટ માસા ૮ ના પ્રમાણથી સવારે ગરમ પાણી સાથે ખાવાથી વાળાનો રોગ જઇને કદી થશે નહિ. (૭) હમેશાં હીંગ ખાનારને વાળો નીકળતો નથી. (૮) કુકડવેલાના ડોડા વાટી ઝીણા કરી

પાણી પીવાથી અથવા તે વાપરવાથી શરીરમાં વાળો ઉત્પન્ન થાય છે. વાળાના યોગે સોજો ઉત્પન્ન થાય છે, તે ફુટે છે અને તેમાંથી સૂતર જેવો લાંબો અને ધોળો જીવ ઉત્પન્ન થાય છે, તે પેલા ક્ષતથી હળવે હળવે બહાર નીકળે છે અને તે તૂટવાથી વધારે કોપ પામે છે. પુનઃ સ્થાનાંતરે ઉત્પન્ન થાય છે અને બહાર નીકળવાથી સોજાની શાંતિ થાય છે. આ રોગને સ્નાયુક (વાળો) કહે છે. વાળો હાથના કિંવા પગના ધક્કાએ દુખાવાથી કિંવા તૂટવાથી અંગ બગડે છે કિંવા વાંકુ કરે છે. વાળો શરીરમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે પહેલાં કોઇ કોઇના અંગ ઉપર પિત્ત જેવી લાલ ફોલ્લી ઉત્પન્ન થાય છે અને તેથી કરી શરીરમાં ઘણી આગ થાય છે. એને શીળસ (શીતપિત્ત) પણ કહે છે.

સ્નાયુકનું રૂપ:—વાતાધિક વાળો કાળો અને રૂક્ષ હોય છે; તેમાં સણકા આવે છે. પિત્તે કરી લીલો અને પીતવર્ણ હોઈ દાહયુક્ત હોય છે. કફે કરી જાડો, મોટો જડ, એવો હોય છે. દ્વિદોષ ઉત્પન્ન થાય છે તે બે દોષોના લક્ષણોએ યુક્ત હોય છે. લોહીથી થાય છે તે આરક્તવર્ણ હોય છે. તેમાં દાહ ઘણો થાય છે તથા ત્રિદોષથકી થાય છે તે ત્રણે દોષોનાં લક્ષણોએ યુક્ત હોય છે. વાળા ઉપર વિસર્પ ઉપરના ઉપચાર કરવા.

ઉપચાર:—(૧) **વાતજ વાળા ઉપર:**—દક્ષણી થોરનાં મૂળ ગોમૂત્રમાં વાટી તેનો લેપ કરવો. (૨) **પિત્તજ વાળા ઉપર:**—વડ, ઉંબરો, પીંપળો, નાંદરૂખ અને વાંસની છાલનો કલ્ક કરી લેપ કરવો. (૩) **કફજ વાળા ઉપર:**—કંચનારની છાલનો કલ્ક કરી લેપ કરવો. (૪) **દ્વંદ્વજ** (જે દ્વિદોષથી ઉત્પન્ન થાય છે તે) **વાળા ઉપર:**—પૂર્વે કહેલાંમાંથી બે ઔષધોનો લેપ કરવો અને **ત્રિદોષજ ઉપર** એ ત્રણે ઔષધોનો લેપ કરવો.(૫) **રક્તજ વાળા ઉપર:**—વડ અને આમલીની છાલનો લેપ કરવો. (૬) કોષ્ઠ, હીંગ, સુંઠ તથા સરગવાનું ચૂર્ણ વાટી પાવું અને લેપ પણ એનોજ કરવો. (૭) સરગવાનાં મૂળ અને બીઆં વાટી, સિંધવ અને કાંજી સહિત એકત્ર ખરલ કરી લેપ કરવો; અથવા લસણ, ચિત્રક અને રાઇનો લેપ કરવો; તેથી સ્નાયુકપિંડિકા એટલે શિરાગત વાળો ઇત્યાદિ શાંત થાય છે. (૮) બાવળીનાં બીઆં ગોમૂત્રમાં વાટી તેનો લેપ કરવો. (૯) ચૂનો અને બીડલોણ પાણીમાં મેળવી તેનો લેપ કરવો. (૧૦) તાણ(વાસનવેલી)નાં મૂળ પાણીમાં વાટી પાવાં. (૧૧) છાશમાં કિંવા તેલમાં આસગંધનો અથવા ધોળી ગરણીનો કિંવા સરગવાનાં મૂળનો લેપ કરવો. (૧૨) પુરુષના મૂત્રમાં હળદર વાટી તેનો લેપ કરવો. (૧૩) ઉભી રિંગણીનાં મૂળ પુરુષના મૂત્રમાં કિંવા પીંપળાનાં પાંદડાંમાં વાટી ગરમ કરી તેનો પાટો બાંધવો. (૧૪) ગળોના રસમાં ટંકણખાર પાવો. (૧૫) શણનાં બીઆં અને ઘઉંનો લોટ એકત્ર કરી ઘીમાં તળી ગોળ સાથે ત્રણ દિવસ ખાવો. (૧૬) નગોડનાં પાંદડાંનો રસ ૨ તોલા, તેમાં ગાયનું ઘી ૨ તોલા નાખી તે ૭ દિવસ આપવો. (૧૭) હીંગ અને ટંકણખાર, એ દરેક ત્રણ ત્રણ માસા લઇ ચૂર્ણ કરી સાત દિવસ સવાર-સાંજ આપવું; એટલે નક્કીપણે મોટા વધેલા વાળાનો પણ નાશ થશે. (૧૮) અતિવિષ, નાગરમોથ, લીંડીપીંપર, ભારંગમૂળ અને બહેડાંનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૧૯) પારેવાની હગાર મધમાં મેળવી ગોળી કરી ગળી જવી. તે મોટા વધેલા વાળાનો પણ નાશ કરે છે. (૨૦) વંતાક શેકી દહીંમાં ભરત કરી સાત દિવસ વાળા ઉપર બાંધવું. (૨૧) ધંતુરાનાં પાંદડાંનો રસ ૨ તોલા અને ઘી ૨ તોલા એકત્ર કરી આપવું. એથી કેફ આવશે. તેનો બીજે દિવસે ઉતાર-દહીં ભાત આપવો. (૨૨) આકડાના અથવા ખરસાંણીના દૂધનો લેપ કરવો. (૨૩) ધંતુરાનાં પાંદડાં ૨॥ ખાવાના પાનમાં આપવાં. (૨૪) પાપડીઆ ખારાનું ચૂર્ણ ૩ માસા નવટાંક દહીંમાં નાખી દિવસમાં ત્રણ-ચાર વખત આપવું. દિવસે ભોજન વર્જ્ય, રાત્રે ભોજન કરવું. આ પ્રમાણે એક દિવસ કરવું. (૨૫) એક નાળીએર કોચી તેના છિદ્રમાં નવસારની ભૂકી ૩ માસાથી ૬ માસા સુધી ભરવી અને છિદ્ર બંધ કરી નાખવું. બીજે દિવસે સવારે તેમાંનું બધું પાણી પાવું

પિંડી બાંધવી (૯) કારેલી વાટીને બાંધવી. (૧૦) ઇંગોરાની જડ ખાટી છાશમાં વાટી વડી કરી તે બાંધવી અને દિવસ ૩ સુધી પાટો છોડવો નહિ. પછી છોડીએ ત્યારે તે વાળો નીકળી પડે અથવા બળી જાય પણ પીડા ન કરે.

અને ટોપરૂં ખાવા આપવું. સાંજસુધી પાણી ન પીતાં ઉપોષિત રહેવું. સૂર્યાસ્ત પછી શરીરે છાશ ચોપડી ગરમ પાણીથી સ્નાન કરવું. પછી દહીં સાથે ભાત ખાવો; એટલે અંગમાંના સર્વ વાળા મરી જાય છે. (૨૬) વાળાના ફોલ્લા ઉપર:—કલગારીનો કાંદો ઘસી તેનાં ઝીણાં ટપકાં કરવાં; એટલે ફોલ્લા ફૂટે છે. પછી તેના છિદ્ર ઉપર સળીવડે ઉપલાજ ઔષધનું એક ટપકું નાખવું. (૨૭) કૂકડાની હગાર, કબુતરની હગાર અને હીંગ, એ ત્રણે સમભાગ લઈ થેપલી કરી તે વાળા ઉપર મૂકી પાટો બાંધવો. (૨૮) પાનમાં અથવા ગોળમાં કરોળીઆનું ઘર અથવા સર્પની કાંચળી એક, બે કે ત્રણ દિવસ ખાવી. (૨૯) ઝેરકોચલાનાં બીઆં અથવા તેની સાથે સોમલનો ત્રણ દિવસ લેપ કરવો. (૩૦) સરગવાની છાલ ફૂટી બાંધવી. (૩૧) શણનાં બીઆં વાટી ગરમ કરી સહેવાય એટલાં ગરમ ગરમ વાળા ઉપર બાંધવાં. (૩૨) સાબણુ (સર્વ ક્ષાર) અને કાંદાની કળીઓ ઘીમાં તળી વાળા ઉપર બાંધવી. (૩૩) રિંગણીનાં મૂળ અને હીંગને વાટી તેની પેંડી કરી ત્રણ દિવસ બાંધવી. (૩૪) વાળો ફૂટયા પછી અરીઠા અને ધોળો કાથો સમભાગ લઇ પાણીમાં ઘસી તેનો લેપ કરવો અગર નાગરવેલનાં ચાર પાંચ પાનને ચોપડી તે પાન એક ઉપર એક એવી રીતે વાળા ઉપર મૂકી બાંધવાં અને ત્રણ દિવસ છોડવાં નહિ; એટલે વાળો મરી જાય છે. (૩૫) લસણ, ચિત્રક અને રાઇને પાણીમાં વાટી તેની પેંડી કરી વાળા ઉપર બાંધવી. (૩૬) નવસારની ભૂકી અર્ધો તોલો ઘી અને ભાતમાં ખાવી. (૩૭) ૬ ગુંજા હીંગ અગ્નિ પર શેકી દિવસમાં ત્રણ વખત ખાવા આપવી. (૩૮) ૩ માસા ફૂલાવેલી ફટકડી ગોળમાં મેળવી ૩ દિવસ આપવી; એટલે શરીરમાંના સર્વ વાળા બળી જાય છે અને પુનઃ જન્મભર વાળો થવાની ધાસ્તી રહેતી નથી. (૩૯) વાળો તૂટે એટલે તે ઉપર રામેઠાનાં તાજાં પાંદડાં વાટી બાંધવાં; એટલે વાળો ચાર પહોરમાં મરી બહાર આવે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અડદ–૫, અરડુસો–૪, અરિઠા–૯, આકડો–૨૬, આસંધ–૧૯, ઇંગોરિયાં–૧, ઉભી રિંગણી–૪, કપૂર–૧૩, કલગારી–૧, ખસખસ–ક–(અફીણ)–૧૮, ખાખરો–૧૪, ખાજકોલતી–૨, ગરણી–૧૧, ગહું–૫, ઝેરકોચલાં–૮, તલ–૨૩, ધંતુરો–૫, ૭, નાગદમની–૨, નાળીએરી–૫, નીપાણી–૨, પાણુકાંદા–૨, બાવળ–૩, ભમરડીનો વેલો–૩, લસણ–૧૬, લીમડો (કડવો)–૩૭, લીંડીપીંપર–૩૮, વંતાકડી–૧, વાવળા–૨, વાસનવેલ–૭, સણ–૨, સરગવો–૮, હળદર–૨૨, હાડસંધિ–૨, હીંગ–૧૭, હેદ–૭. **વાયુથી ઉત્પન્ન થયેલ વાળા** માટેઃ—દક્ષણી થુરીઓ–૬. **કફથી થયેલ વાળા** માટેઃ—કંચનાર–૨. **રક્તજ વાળા** માટેઃ—વડ–૧૬. **શરીરમાં વાળો મર્યો હોય** તે માટેઃ—ઝેરકોચલાં–૩. જુઓ ૨. વૈ. મોરથુથુ–૯ ની ટીપમાં નં–૧

જુઓ પ્રા૦ઔ૦માંઃ—કસ્તૂરી–૨, કબુતરની હગાર–૨, કાંતણીનું ઘર–૧, ગાંડુળ–૧.

૫૫–વિદ્રધિ રોગ×(ગડાં ગુમડાં)

કારણો અને લક્ષણોઃ—પોતપોતાના દોષે કરી વાતાદિ દોષ કુપિત થઇ ત્વચા, રક્ત, માંસ અને મેદને દૂષિત કરી અસ્થિ એટલે હાડકાં સુધી જઇ, હળવે હળવે મોટાં ઘેર અને જેનાં મૂળ ઘણાં ઉંડાં અને ઉત્પત્તિકાળથીજ પીડાયુક્ત અને ગોળ અથવા લાંબા એવા ગ્રંથિમય શોથ (સોજા) ઉત્પન્ન કરે છે; તે રોગને **વિદ્રધિ** કહે છે.*

× વાત, પિત્ત, કફ, સન્નિપાત અને અભિઘાતથી થયેલા તથા રક્તજ અને અંતર્વિદ્રધિ, એમ વિદ્રધિના ૭ પ્રકાર છે. વિદ્રધિ ઘણું કરીને મળદ્વાર, ઇંદ્રિયનું મુખ, નાભિ, કુખ, આડસંધિ, કુક્ષિપિંડ, તલ્લી (બરોળનું સ્થાન), કલેજું, હૃદય, પિપાસાસ્થાન, એ જગા પર થાય છે. મુઠી જેટલો લાગે ત્યાંસુધી તે ગુલ્મ જેવો લાગે છે; પણ તેથી મોટો થાય એટલે તેને વિદ્રધિ જાણી તે પ્રમાણે ચિકિત્સા કરવી. ગુલ્મ કોઠામાં થાય છે અને વિદ્રધિ માંસ તથા લોહીમાં થાય છે અને તેથી વિદ્રધિ પાકે છે પણ ગુલ્મ પાકતો નથી.

* હૃદય, નાભિ અને બસ્તિમાં થયેલ અંતર્વિદ્રધિ તથા સાન્નિપાતિક વિદ્રધિ અસાધ્ય છે. ગુદાદ્વાર, કાંખ, જંઘા, મૂત્રપિંડ, પ્લીહા, યકૃત, ફેફસાં, એ સ્થાનોમાં થયેલ અંતર્વિદ્રધિ જે પાકીને ફૂટે છે તે કદાચિત્ સાધ્ય થાય છે. બાકી રહેલા પાંચ વિદ્રધિ સાધ્ય છે.

ઉપચાર:—(૧) વડ, ઉંબરો, પીંપળો, પીંપર તથા બરૂ, એ પંચવલ્કલની છાલ સરગવાના રસમાં વાટી લેપ કરવો. (૨) હીરાકસી, સિંધવ, શિલાજિત અને હિંગના ચૂર્ણવડે મિશ્રિત વાયવરણાનો કાઢો અંદરથી અપકવ અને મોટા શોથયુક્ત એવા વિદ્રધિનો નાશ કરે છે. (૩) શ્વેત સાટોડી અને વાયવરણાનાં મૂળનો કાઢો આપવો. (૪) ધમાસાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી મધ નાખી તે પાવાં. (૫) હરડે, સિંધવ અને ધાવડીનાં ફૂલનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. (૬) સરગવાનો ગુંદર, હીંગ અને સિંધવનું ચૂર્ણ સેવન કરતા જવું. (૭) સરગવાનું મૂળ પાણીમાં ઘસી તેમાં મધ નાખી તે આપવું અને તેજ રસમાં વછનાગનું ચૂર્ણ નાખી લેપ કરવો; એટલે અંતર્વિદ્રધિનો નાશ થશે. (૮) **વિદ્રધિ પાકવા માટે:**—અળસી, ઘઉં, મગ, જવ, શણ એમાંથી એકનો લોટ બાફી તેની પોટીસ બાંધવી. એટલે થોડા સમયમાં અપકવ વિદ્રધિ પકવ થાય છે. (૯) ચિકણાનાં પાંદડાં વાટી ઉપર બાંધવાં; એટલે વિદ્રધિ પાકીને ફૂટશે. (૧૦) મોરથુથુ અને ટંકણખાર ઘસી લેપ કરવો; એટલે પાકો થયેલો સોજો ફૂટશે. (૧૧) પુંગળવેલનાં પાંદડાં વાટી ઉપર બાંધવાં એટલે પાકો થયેલો સોજો ક્ષણવારમાં ઉતરશે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એરંડો-૫, કાળો ઉમરડો-૪, ખપાટ-૧, ચિત્રક ૨૦ ની ટીપમાં ૧, દિંડા-૧, ધાવડી-૧, નસોતર-૫, લસણ-૨, વાયવરણા-૪. **અંતર્વિદ્રધિ માટે:**—સરગવો-૧૮, સાટોડી-૧૩, હરડે-૪૩.

જુઓ પ્રા૦ઔ૦માં:—મીણ-૩. **ગુમડું ફૂટવા માટે:**—હરિણશૃંગ-૨.

પથ્ય:—સામો, ચોખા, કળથી, લસણ, વાલ, કારેલાં, ઘી, તેલ, મગ, પંડોળાં, તપાવી ઠંડુ કરેલું પાણી. **અપથ્ય:**—સુકાએલું શાક, ગોળ, દહીં, ખીચડી, ખાટી, ધાણી, ઘણું ખાવું, દાહક પદાર્થ, મૈથુન.

५६–विस्फोटक रोग*(फोला)

કારણ:—તીખા, ખાટા, તીક્ષ્ણ (રાઈ વગેરે), ઉષ્ણ, વિદાહી, રૂક્ષ અને ક્ષાર એવા રસ

× વિદ્રધિ તથા વ્રણરોગમાં ખાવાની ઔષધિરૂપે વરુણાદિ ઘૃત, સપ્તાંગ ગુગળ, ગુગલવટી, ત્રિફલાગુગળ, મંજીષ્ઠાદિ ક્વાથ, ચંદ્રપ્રભા વટી, કાંચનાર ગુગળ વગેરે અપાય છે. ઉપર લગાડવા માટે દશાંગ લેપ, જાત્યાદ્ય ઘૃત, ગૌરાદ્ય ઘૃત, વિપરીતમલ્લ તેલ, કરંજાદ્ય ઘૃત, સર્જીકાદ્ય તેલ વગેરે અપાય છે.

* જેને પ્રથમ ચાંદી અથવા પરમીઓ થયો હોય અને તેની અસર શરીરમાં રહી ગઇ હોય, બરાબર ઓસડ થઇ શક્યું ન હોય, તેથી તમામ શરીરનું લોહી બગડી જવાથી આ વિસ્ફોટકનો આજાર થાય છે.

ઉપાય:—(૧) રસકપૂર તોલા ૪ લઇ આઠ પહોર સુધી ખરલ કરવો; પછી ગાયનું ઘી ૧૦૮ વાર ધોઇ તેમાં નાખી મેળવી તમામ શરીર ઉપર ચોપડવું; તેથી તમામ રોગ બન્ને જાતના મટી જશે; પણ એ ઓસડ ચોપડયા પછી સાત દિવસ સુધી પાણી શરીરને બહારથી અડવા દેવું નહિ. (૨) મનશીલ તોલા ૨ ખરલ કરી માખણમાં મેળવી ચોપડવો. તેલ, મરચાં તથા હરેક ગરમ ચીજ ખાવાની મનાઇ કરવી. (૩) વિસ્ફોટક ઉપર પ્રથમ રેચ આપવો. એરંડીઉં ઘીમાં આપવું. કરીઆતું, કડુ, જેઠીમધ, વાળો, પિત્તપાપડો, અરડુસી, મોથ, ત્રિફળાં અને કડાની છાલનો ઉકાળો આપવો. (૪) સુખડ, નાગકેસર, તાંદળજો, શીરસ (સરસડો)ની છાલ અને જાઇનાં પાંદડાં, એ ઓસડો વાટી લેપ કરવો. (૫) શરપુંખો અને ભોડી અઘેડી સમાનભાગે લઈ વાટીને પીવાથી વિસ્ફોટક જાય. (૬) આકડાની જડની છાલ, બોરડીની જડની છાલ, લીમડાની અંતરછાલ, બાવળની છાલ અને હિંગળો ટાંક ૦॥ લઇ ગળીએલ લૂગડામાં મૂકી હોકામાં પાવું; તેથી મોઢું આવી વિસ્ફોટક જાય. ઉતાર-બોરડીનાં મૂળના કોગળા કરાવવા. મોઢું લેવરાવવાથી ઘણાઓ બહુ દુઃખી થઇ માર્યા પણ જાય છે; માટે બહુ અનુભવીની પાસેજ લેવરાવવું અને છેક છેવટના ઉપાયતરીકેના ઉપાયેજ લેવરાવવું.

સેવન કર્યાથી અને અજીર્ણ, અધિક ભોજન, ઉનું, ઋતુદોષ એટલે શીતોષ્ણાતિયોગ અને ઋતુ-વિપર્યાય (ઋતુનું બદલાવું), ઇત્યાદિ કારણોએ વાતાદિ દોષ કુપિત થઇ, ત્વચાનો આશ્રય કરી રક્ત, માંસ તથા અસ્થિ, એમને દૂષિત કરી ભયંકર વિસ્ફોટક (ફોલ્લા) ઉત્પન્ન કરે છે. તે રોગ થયા પહેલાં જોરાવર તાવ આવે છે. **સન્નિપાતજ** અને **રક્તજ** વિસ્ફોટક સેંકડો અનુભવી ઔષધો કરે તોપણ સાધ્ય થતા નથી.†

સ્વરૂપ:—રક્તપિત્તથી થયેલા એવા અગ્નિએ દઝાયેલા જેવા ફોલ્લાઓ શરીર પર કોઇ કોઈ ઠેકાણે કિંવા આખા શરીરે પણ થઇ આવે છે અને તે કારણથી તાવ આવે છે તેને વિસ્ફોટક કહે છે.

ઉપચાર:—(૧) કરીઆતું, કડવો લીમડો, જેઠીમધ, નાગરમોથ, પિત્તપાપડો, પટોલ, અરડુસી, વાળો, ત્રિફળાં અને ઇંદ્રજવનો કાઢો આપવો અને પથ્ય પાળવું; એટલે **દ્વંદ્વજ**, **ત્રિદોષજ** અને **રક્તજ** એવા વિસ્ફોટકનો નાશ થાય છે. (૨) ગળો, અરડુસી, પટોળ, નાગરમોથ, સાતવીણ, ખેરની છાલ, કાષ્ઠાગરુ, નેતરની ટીશીઓ, કડવા લીમડાનાં પાંદડાં, હળદર અને દારુહળદરનો કાઢો વિસર્પ, કોઢ, વિસ્ફોટક, કંડૂ, મસૂરિકા અને પિત્તજ્વરનો નાશ કરે છે. (૩) પટોલ, ગળો, કરીઆતુ, અરડુસી, કડવો લીમડો, પિત્તપાપડો, ખેરની છાલ અને નાગરમોથનો કાઢો વિસ્ફોટક-જ્વર-નાશનાર્થે આપવો. (૪) ધરો, વજ, ઉંબરો, જાંબુઓ, અરજુનસાજડ, સાતવીણ અને પીંપળાનો કાઢો બાળી, તેમાં સિદ્ધ કરેલું ઘી મર્દન કરવાથી સર્વ પ્રકારના તાવ, દાહ, પાક, વિસ્ફોટક અને શોથનો નાશ થાય છે. (૫) કડવા લીમડાની છાલ, ખેરની અંતરછાલ, ગળો અને ઇંદ્રજવનો કાઢો મધ નાખી પાવો. તે વિસ્ફોટક અને તાવનો નાશ કરે છે. (૬) કરીઆતું, અરડુસી, કડુ, પટોલ, ત્રિફળાં, ચંદન અને કડવા લીમડાનો કાઢો, વિસર્પ, દાહ, જ્વર, સોજો, કંડૂ, વિસ્ફોટક, ભ્રાંતિ, તરસ તથા ઉલટીનો નાશ કરે છે. (૭) ચંદન, નાગકેસર, શરસડાની છાલ, જાઇનાં પાંદડાં, એને તાંદળજાના રસમાં વાટી લેપ કરવો. તે દાહનો નાશ કરે છે. (૮) બોરડીનાં અને બાવળીઆનાં કુમળાં પાંદડાં પાણીમાં વાટી જીરૂં અને સાકર નાખી ખવરાવવાં; એટલે વિસ્ફોટક અ દાહનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કિંજળી-૫, શરસડો-૫. જુઓ **અનુભૂત ઔષધ:**—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં-નં. ૧૨, ૧૩, ૩૧. જુઓ ર. વૈ. મોરથુથુ ૯ની ટીપમાં નં-૪

પથ્ય:—ભાત, જવ, મગ, તુવેર અને મસુરના કાઢામાં સુંઠ નાખીને આપવું. નેતરના અંકુર, તાંદળજો, કંટોલા, પરવળ, શતાવરી, પિત્તપાપડો, વટાણા, કારેલાં, કડવા લીમડાનાં પાંદડાં, બીલીનાં પાંદડાં તથા કડવા એવા યૂષનું ભોજન કરાવવું. **અપથ્ય:**—તલ, અડદ, કળથી, મીઠું, ખાટા, તીખા, દાહકારક, રૂક્ષ તથા ઉષ્ણ પદાર્થ.

૫૭–व्रणरोग (जख्म अने गुमडां)

કારણ:—વ્રણ બે પ્રકારનાં છે.* શરીરજ અને આગંતુક. પહેલો રોગ શરીરદોષે થાય છે અને

† વિસ્ફોટક રોગ નવ પ્રકારનો છે. આઠ પ્રકારનો બાહ્ય તથા એક આંતર. બાહ્ય વિસ્ફોટક વાતજ, પિત્તજ, કફજ, કફપિત્તજ, વાતપિત્તજ, વાતકફજ, ત્રિદોષજ, તથા રક્તજ, એ આઠ પ્રકાર છે. અંદરના વિસ્ફોટકમાં તીવ્ર પીડા તથા તાવ પણ હોય છે. વિસ્ફોટક રોગમાં હેડકી, શ્વાસ, અરુચિ, તૃષા, શરીરમાં તૂટ થવી, હૃદયમાં વ્યથા, વિસર્પ, ઉબાક તથા તાવ, એ ઉપદ્રવ જણાય છે. એક દોષથી ઉત્પન્ન થયેલ સાધ્ય, બે દોષથી થયેલ કષ્ટસાધ્ય તથા સર્વ દોષોના લક્ષણથી યુક્ત અનેક ઉપદ્રવ જેમાં થાય તે રોગ અસાધ્ય ગણાય છે.

બીજાં ઔષધ:-કાલાગ્નિરુદ્ર રસ, નવકષાય ગુગલ, અમૃતાદિ ગુગલ, અમૃતાદિ કષાય વગેરે અપાય છે. બહાર ચોપડવા માટે કરંજ તેલ અપાય છે.

* વ્રણરોગ ૬ પ્રકારનો છે:-વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષજ, રક્તજ તથા આગંતુક. વિદ્રધિ તથા વ્રણરોગ બંને એકજ જાતના રોગ છે. ફરક માત્ર એટલો કે, વિદ્રધિ રોગની જડ બહુ ઉંડી

બીજો શસ્ત્રાદિકનો ઘા લાગવાથી થાય છે. વાતાદિ દોષ પોતપોતાને કારણે કરી કુપિત થઈ ત્વચા, રક્ત, માંસ, મેદ એઓને દૂષિત કરી વ્રણને ઉત્પન્ન કરે છે. **નાડીવ્રણ:**—જે માણસ પાકેલું ગુમડું અપક્વ છે એમ ધારી ફોડતો નથી, કિંવા પુષ્કળ પરૂ થયેલા વ્રણની ઉપેક્ષા કરે છે તેનું તે પરૂ (પાચ–લોહી), ત્વચા, માંસ, નાડી ઇત્યાદિનું વિદારણ કરી અંદર જવા માટે રસ્તો કરે છે. અને અંદર લાંબુ ઘર કરે છે તથા તે પરૂ નાડી જેવું વહે છે, એટલા માટે તેને નાડીવ્રણ (હાડવ્રણ) અથવા નાસુર કહે છે.

ઉપચાર×:—ગુમડાને પહેલાં **વિમ્લાપન** (પકાવવાની ક્રિયા કરવી), પછી **અવસેચન** (રક્ત કાઢવું), **ઉપનાહ** (થેપલી બાંધવી), **પાટન** (ફોડવું), **શોધન, રોપણ** (ભરાવવું) અને સાતમો ઉપાય **વિકૃતિનો** નાશ કરવો; એવા સાત ઉપચાર અનુક્રમે કરવા. **વિમ્લાપન:**—અભ્યંગ કરી તે જગાએ કપડું તપાવી તેણે શેકવી અને અંગુઠા વડે તેલ ચોપડી ચોળતાં જવું. **રક્તાવસેચન:**—જ્યારે વ્રણને ઘણોજ સોજો તથા સણુકાના વિકારો હોય ત્યારે પ્રથમ લોહી કઢાવવું. પ્રથમ રક્તને વિકાર થાય છે, તે રક્ત કાઢવાથી તે સંબંધી વિકાર શાંત થાય છે; એટલા માટે સંપૂર્ણ ક્રિયા કરતાં રક્ત કાઢવું એ ક્રિયા સારી છે. **ઉપનાહ:**—અળશી, જવ, ઘઉં, શણ, એ પૈકી એકના લોટમાં થોડું તેલ કિંવા ઘી નાખી ખદખદાવી, તેની થેપલી કરી તે ગરમ ગરમ સોજા પર બાંધવી; એટલે સોજો નાશ પામે છે. **પાટન** (ફોડવું):—વ્રણના મુખમાં પરૂ થાય અથવા બાજુના ઠેકાણે પરૂ થએલું માલૂમ પડે અથવા વ્યાધિ પ્રસરવા લાગે કે તે ગુમડું ફોડવું. (૧) કરંજ, ચિત્રક અને દાંતીનાં મૂળીઆંનો કિંવા પારેવાની હગારનો લેપ કરવો એટલે ગુમડાનો સોજો ફુટે છે. (૨) જવખાર, સાજીખાર, ટંકણખાર ઈત્યાદિ ક્ષારનો લેપ કરવો, એટલે ગુમડું ફાટે છે. (૩) પીસોળાનાં

હોય છે, તેમજ શરીરમાં ભયંકર વેદના ઉત્પન્ન કરે છે. ભાવપ્રકાશકારે બંનેને અલગ જણાવવા માટે વિદ્રધિની જડ હાડકામાં હોય છે એમ જણાવેલ છે. પણ વ્રણરોગની જડ ત્વચાથી થોડી ઉંડી અથવા નાડીમાં હોય છે. શાસ્ત્રીય ઔષધ વિદ્રધિરોગ અને વ્રણરોગ બંનેમાં સમાન છે.

× સંગ્રહિત ઉપચાર:—(૧) મીણ, રાળ, કપીલો, મોદાર, હીરાદખણ, આમળાં, સિંદૂર, માયાં, એ સર્વનો રીતસર મલમ બનાવી વ્રણ ઉપર ચોપડવો. (૨) સરસિયું તેલ તોલા ૪, મીણ તોલો ૧, કપીલો તોલો ૧, બેરજો તોલો ૧, સિંદૂર ટાંક ૨, સુરોખાર ટાંક ૨, મુરદારશિંગ ટાંક ૨, લઇ પિત્તળના વાસણમાં મધુરી આંચે પકવી ફીણીને વ્રણ ઉપર ચોપડવું. (૩) હીરાકસી, ચૂનો, સાજીખાર, સિંદૂર, કડુ, સુરોખાર, શેકેલો મોરથુથુ, મરી એ બધાંને સમાનભાગે લઇ વાટી તેલ શેર ાા અને મીણ તોલા ૨ ના મલમમાં મેળવી વ્રણ ઉપર ચોપડવું. (૪) હરડાં, બહેડાં, આમળાં, ધાણા અને સુખડ, એ પાંચ ચીજોને માટીના વાસણમાં નાખી તેને મીઠા કૂવાના પાણીમાં ભીંજવાં રાખી તે પાણી ગુમડાં થયાં હોય તેને પીવાના પાણીને બદલે પાયા કરવાથી ગુણ થાય છે. પછી છ માસ સુધી તેલ, મરચાં, ગોળ તથા કોઇ પણ ગરમ ચીજો ખાવી નહિ.

અગ્નિદગ્ધ વ્રણ ઉપર:—(૧) કોઇ માણસ દેવતાથી, ગરમ પાણીથી કે ઘી, તેલ અથવા બીજી હરેક ગરમ વસ્તુ શરીર ઉપર પડવાથી દાઝે તો તેજ વેળા તે માણસને તલનું અથવા કોપરાનું તેલ ચોપડવું. કેટલાક છાશ કે દહીં ચોપડાવે છે, પરંતુ એ તાત્કાલિક ઠંડક આપી પાછળથી દાઝેલ જગાએ ફોલ્લા ઉત્પન્ન કરે છે. (૨) કળીચૂનો પાણીમાં પલાળી તે ઉપરનું નીતર્યું પાણી કાઢી નાખી, વળી ફરીથી બીજું રેડી પલાળવો. એ રીતે સાત વાર તે ચૂનાનું પાણી બદલવું. પછી તે ધોએલો ચૂનો કાઢી સૂકવી લૂગડાવડે ચાળીને તેમાંથી થોડો ચૂનો લઇ તલના કે કોપરાના તેલમાં અથવા અળસીના તેલમાં કે ગાયના ધોયેલા ઘીમાં મેળવી નરમ મલમ જેવો કરી તે મલમ દાઝેલા જગાએ કુકડાના પીંછાવડે ચોપડવો; અથવા જૂના રૂના પેલ ઉપર એ મલમ ચોપડી તે પેલ દાઝેલી જગાએ બાંધવો. દાઝેલી જગાએ પરૂ થાય તો ગરમ પાણીથી સાફ ધોઇ ઝીણા લૂગડાથી ઉપરનું પાણી ખેંચી લેવું. પછી ઉપરનો મલમ ચોપડવો. એ મલમમાં સારી ઉંચી જાતની ગળી નાખવાથી તે ઘણી સારી અસર કરે છે. (૩) જૂની મુંજની દોરી બાળી તે તલના તેલમાં અગર ધોયેલા ઘીમાં મેળવી ચોપડવું.

મૂળનો લેપ કરવો. (૪) શણુ, મૂળા, સરગવાનાં બીઆં, તલ, સરસવ, જવ અને અળસીને એકત્ર વાટી તેનો લેપ કરવો. તે વ્રણુશોથને ફોડનાર છે. (૫) દંતીમૂળ અને ચિત્રકમૂળની છાલ, થોરનું દૂધ, આકડાનું દૂધ, ગોળ, ભિલામાનું ચૂર્ણ, હિરાકસી અને સિંધવનો લેપ કરવો. (૬) હસ્તીદંત પાણીમાં ઘસી સોજાના મોઢા પર એક બિંદુ મૂકવું એટલે ઘણા કઠિન સોજાને પકવીને ફોડે છે. (૭) જવ અગર ઘઉંના લોટમાં ક્ષાર નાખી લેપ કરવો, કિંવા હળદરની રાખ અને ચૂનો અથવા બકરીની લીંડીઓની રાખનો ક્ષાર અને વડાગરૂં મીઠું એકત્ર કરી તેનો લેપ કરવો. તે ગુમડું ફોડવા વિષે ઉત્તમ છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આસંધ-૧૩, દારુડી-૩, નાગલા દુધેલી-૩, પાણુકાંદા-૨, પુંગળવેલ-૧, માઠ-૧, રાજગરો-૧, શેવાળ-૧, સમુદ્રશોક-૨. જુઓ પ્રા૦ઔ૦માં:—કબુતરની હગાર-૧, કુકડાની વીઠ-૧.

શોધનઃ—(૧) તલ, સિંધવ, જેઠીમધ, કડવા લીમડાનાં પાંદડાં, હળદર તથા નસોતરનું ચૂર્ણ મધમાં ઘુંટી તે વડે લેપ કરવો; તે વ્રણુનું શોધન કરનાર છે. (૨) તલનો કલ્ક, મીઠું, હળદર, દારુહળદર, નસોતર, ઘી, જેઠીમધ તથા કડવા લીમડાનાં પાંદડાંનો લેપ વ્રણુને શુદ્ધ કરે છે. (૩) કડવો લીમડો અને બોરડીનાં પાંદડાં વાટી લેપ કરવો; કિંવા લીમડાનાં પાંદડાં અને તલના કલ્કનો મધમાં લેપ કરવો; અથવા લીમડાનાં પાંદડાં, તલ, દંતીમૂળ, નસોતર, સિંધવ તથા મધનો લેપ કરવો. (૪) હરડે, નસોતર, દાંતી, કલગારી, મધ, સિંધવ, કારેલીનાં પાંદડાં, ધંતુરાનાં પાંદડાં, બાવચાનાં પાંદડાં તથા અજવલ્લાનો પૃથક્ પૃથક્ લેપ કરવાથી તે ગંભીર વ્રણુનું પણુ શોધન કરે છે. (૫) કડવા લીમડાનાં પાંદડાં અને મધનો લેપ વ્રણુનું શોધન કરે છે; કિંવા એકલાં ઉપરસાલનાં મૂળ વાટી લેપ કરવો એટલે વ્રણુની શુદ્ધિ થાય છે. (૬) કડવા લીમડાનાં પાંદડાં, ઘી, મધ, દારુહળદર અને જેઠીમધનું ચૂર્ણ એકત્ર કરી તેનો લેપ કરવો અથવા તેની બત્તી કરી ઘાલવી એટલે તે શોધન કરી ભરી લાવે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કાયફળ-૧૦.

રોપણુઃ—(૧) વડ, ઉંબરો, પીંપળો, કદંબ, પીંપર, નેતર, કરેણુ, કપાસ તથા કડુના કાઢાવડે વ્રણુ ધોવું એટલે વ્રણુ જલદી રૂઝાઇ આવે છે. (૨) સાતવીણુની છાલ દૂધમાં વાટી લેપ કરવો. તે દુષ્ટ વ્રણુનો શામક છે. (૩) શરપુંખાનાં મૂળનું ચૂર્ણ મધમાં ચોપડવું એ સર્વ વ્રણોને ભરી લાવે છે. (૪) પંચવલ્કલનું ચૂર્ણ, છીપનો ચૂનો, ધાવડીનાં ફૂલ અને લોધરનું ચૂર્ણ ઉપર ચોપડવું. (૫) તલના કલ્કનો લેપ કરવો. (૬) તલ તથા જેઠીમધનું ચૂર્ણ ઉપર ચોપડવું. (૭) કડવો લીમડો અને કડવા પંડોળાના કાઢા વડે અથવા આસુંદરાના કાઢાવડે વ્રણુ ધોવું; એટલે જલદી ભરાઇ આવે છે.

વ્રણુમાંના કીડા નીકળી જવા માટે ઉપચારઃ—(૧) કરંજ, કડવો લીમડો તથા નગોડનો રસ વ્રણુમાંના કૃમિનો નાશ કરે છે. (૨) લસણુ વાટી તેનો લેપ કરવો. (૩) લીમડાનાં પાંદડાં, વજ, હીંગ, ઘી, મીઠું અને સિંધવનો ધૂપ ગુમડાને આપવો; એટલે તે કૃમિ, રાક્ષસવ્રણુ તથા કંડૂનો નાશ કરે છે. (૪) ફાંગળાનાં પાંદડાંનો રસ વ્રણુ ઉપર ચોળવો અને તેનાંજ પાંદડાંની થેપલી કરી વ્રણુ ઉપર લગાવવી. (૫) કપૂરના પાણી વડે વ્રણુ ધોવું. (૬) કડવો લીમડો, ગરમાળો, જાઇ, આકડો, સાતવીણુ, ધોળી કરેણુ તથા ગોમૂત્રવડે વ્રણુ ધોવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કણુઝી-૬, કરમદી-૩, કુંવાર-૧૦, પારસપીંપળો-૧, ફાંગળો-૨, મરવો-૮, લસણુ-૮, વગડાઉ અળવી-૨, હીંગ-૧૩.

અગ્નિદગ્ધ વ્રણુ ઉપર ઉપચારઃ—(૧) શિરગોળા (દૂધીઓ પાષાણુ) શેકી બારિક વાટી તેલમાં ખરલ કરી તે મલમ ચોપડવો. (૨) જવ અથવા જવની સળીઓ બાળી તેલમાં ખરલ કરી લેપ કરવો. (૩) ડાંગરના કુશકાની રાખ ઘીમાં ખરલ કરી તેનો લેપ કરવો. (૪) કુંવારનો ગર્ભ અથવા મધ ચોપડવું એટલે આગ શાંત થાય છે. (૫) તેલમાં ચતુર્થાંશ ચૂનાનું નીતર્યું પાણી નાખી હલાવવું એટલે મલમ જેવું થશે, તે મોરના પીછાવડે વ્રણુ ઉપર ચોપડવું. (૬) શંખજીરૂં માખણુમાં ખરલ કરી ચોપડવું. (૭) ધાવડીનાં ફૂલ તથા જવાસાનું ચૂર્ણ તેલમાં ખરલ કરી ચોપડવાથી

અગ્નિદગ્ધ વ્રણ, વિસર્પ, કીટવ્રણ, સણકા, લૂતાવ્રણ, ઘણા દિવસનું દુષ્ટ નાડીવ્રણ, એ જલદી સારાં થાય છે. (૮) કડવાં પંડોળાંનો કાઢો તથા કલ્કમાં સરસવનું તેલ સિદ્ધ કરવું. તે અગ્નિદગ્ધ વ્રણ, સણકા, આવ, દાહ તથા ફોડને હઠાવી નાશ કરે છે. (૯) ગાયનું ઘી ચોપડવું.* (૧૦) શીમળાનું રૂ વાટી તેનો પાણીમાં લેપ કરવો. (૧૧) ત્રિફળાં અને રેશમની રાખ તેલમાં ચોપડવી. (૧૨) મીણ, જેઠીમધ, લોધર, રાળ, મોરવેલ, ચંદન અને મજીઠના કલ્કમાં ઘૃત સિદ્ધ કરી તે ચોપડવું. (૧૩) પીંપળાની સૂકાયેલી છાલનું ચૂર્ણ ઘીમાં મેળવી ચોપડવું. (૧૪) કેશ બાળી તેની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. (૧૫) રાળ બારિક વસ્ત્રગાળ કરી તેમાં તલનું તેલ અને પાણી નાખી ખરલ કરી પીછાવડે તે રૂ વડે ચોપડવું. (૧૬) ગુંદીની છાલ, ત્રિફળાં અને દારુહળદરના કાઢામાં ગોરોચન નાખી તેણે કરી આંખો ધોવી. પછી આંખોને ગાયનું ઘી અથવા માખણ ચોપડવું; એટલે આંખો બળતી હશે તે તથા થુવેર અને આકડાના દૂધ વડે આંખ બગડેલી હોય તે સારી થાય છે. (૧૭) રસકપૂર તથા ધોળો કાથો એકેક ભાગ અને અર્ધો ભાગ સિંદૂર, એ ત્રણ જણસોનો એકત્ર ખરલ કરી તેથી ચોગણું ઘી લઇ તેને ૨૧ વાર પાણીવડે ધોવું અને તે કાંસાના વાસણમાં નાખી તેમાં ખરલ કરેલું ઔષધ નાખી કાંસાની વાડકી વડે સારો ખરલ કરવો અને તે મલમ દાઝેલા ભાગપર ચોપડવો. એ મલમથી આગંતુક વ્રણ, ઉપદંશ વ્રણ, કર્ણ સંબંધી વ્રણ અને ખરજવાં, એ રોગ પણ સારા થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અળશી–૩, ઉક્ષી–૫, કાયફળ–૬, કુંવાર–૯, જવ–૩, ટાંકો–૨, ડાંગર–૮, તલ–૩, તાંદળજો–૧૩, થુવેર–૧, પટોલ કટુ–૨, પીંપળો–૧૧, પોફળો–૧, ભાંગરો–૧૦, મરવે–૧૨, રતાંદળી–૪, રાળ–૪, ૬, લીમડો ૪૫, શિમળો–૭. **તેલથી દાઝેલ** માટે:–સમેરવો–૧૧.

જુઓ પ્રા૦ઔ૦માં:—ઘૃતવર્ગ—૧, મધ—૬.

આગંતુક વ્રણ ઉપર ઉપચાર:—(૧) આગંતુક વ્રણ ઉપર જેઠીમધનું ચૂર્ણ અને ઘીનો કિંચિત્ ઉષ્ણ લેપ કરવો તથા શક્તિ અનુસાર કિંચિત્ પિત્તકારક, રક્તશોધક ઉષ્ણ એવા પદાર્થો અને ઘી તથા મદ્ય રાત્રે સેવન કરવાં. (૨) છિન્ન, ભિન્ન તથા વિદ્ધ, એવા પ્રકારના વ્રણને પ્રથમ રેશમવડે બાંધવું તથા રોગી વારંવાર જેમ દુઃખ પામે નહિ તેમ ઉપચાર કરવા. (૩) **જાત્યાદિ તેલ:**—જાઇ, કડવો લીમડો, કડવાં પંડોળાં અને કરંજનાં પાંદડાં, મીણ, જેઠીમધ, ઉપલેટ, હળદર, દારુહળદર, કટુ, મજીઠ, પદ્મકાષ્ઠ, લોધર, હરડે, નીલકમળ, મોરથુથુ, ઉપરસાળ તથા કરંજનાં બીઆં સમભાગ લઇ તેના કલ્કમાં તેલ સિદ્ધ કરવું. તે તેલ વિષવ્રણ, સંપૂર્ણ સ્ફોટ, ખસ, કંડુ, વિસર્પ, કૃમિનો દંશ, શસ્ત્રપ્રહાર, દગ્ધ અને વિદ્ધ એવાં ક્ષતો તથા નખ-દંતથી થએલાં ક્ષતો અને માંસનું ઘર્ષણ ઇત્યાદિ ઉપર ભરાઇ આવવા વિષે હિતકારક છે. (૪) ધરોના રસમાં કિંવા અરલુના રસમાં કિંવા દારુહળદરની છાલના કલ્કમાં તેલ સિદ્ધ કરવું. તે વ્રણ ભરાઇ આવવા વિષે ઉત્તમ છે. (૫) મોગલી એરંડાનાં બીઆંના તેલમાં રૂ ભીંજવી, તે વ્રણ ઉપર બેસાડતા જવું. એણે કરી સર્વ પ્રકારનાં વ્રણ ભરાઇ આવે છે. (૬) રાળ, મીણ, તલનું તેલ, એ સમભાગ લઇ તેમાં થોડું સિંદૂર નાખી સર્વનો એક મેળાપ થાય ત્યાંસુધી કઢવવું અને એ મલમની પટ્ટી લગાવવી. (૭) **ઢોરનું શિંગડું ભાગી ગયું હોય તે ઉપર:**—તેલ, સિંદૂર, માણસના વાળ, એ સર્વ એકત્ર કચરી બાંધવાં અથવા થોરના ૧ શેર દૂધમાં ૪ તોલા સિંદૂર નાખી શિંગડાને ચોપડવું અને ઉપર કપડું લપેટવું. (૮) વિંછુડા કરીને એક નાની વનસ્પતિ છે તે વાટી ચોપડવી કિંવા તેનું ચૂર્ણ ચોપડવું; એટલે જખમ તુરત સારો થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરલુ–૩, કપૂરભેંડી–૨, ગંગાવતી–૧, જેઠીમધ–૩, દારુહળદર–૩, ધમાસો–૩, ધરો–૯, પાઠ (કાળીપાડ)–૧૪, બીલામો–૩૦, લીમડો (કડવો)–૪૩, વડ–૩, વિંછુડા–૧, સાજડ–૧.

નાડીવ્રણ ઉપર ઉપચાર:—(૧) જાઈ, આકડો, ગરમાળો, કરંજ, દંતીમૂળ, સિંધવ, સંચળ,

---

* આગડીનાં દરદો ઉપર બીજાં ઔષધોની સાથે અથવા તો એકલુંજ ઘી ચોપડવા માટે વાપરવાનું હોય ત્યારે તેને ૧૦૮ વખત ધોયા સિવાય વાપરવું નહિ. પરંતુ ખોરાકમાં તો ધોયેલું ઘી ગેરજ છે.

જવખાર એ સર્વ એકત્ર ખરલ કરી તેની દીવેટ કરી તે નાડીવ્રણમાં ઘાલવી; અથવા થોરનું દૂધ અને સિંધવ એકત્ર ખરલ કરી તેની દીવેટ કરી ઘાલવી; તેથી કરી નાડીવ્રણ સારૂં થાય છે. (૨) મૂળ અને પાંદડાં સુદ્ધાં નગોડનું ઝાડ કૂટી તેનો રસ કાઢી તેના બરોબર તેલ લઈ એકત્ર કઢવી, તેલ સિદ્ધ કરી તે ચોપડવું. (૩) ગરમાળા, હળદર અને બોરડીની છાલનું ચૂર્ણ કરી તેમાં મધ અને ઘી નાખી તેમાં સૂતરની દીવેટ ભીંજવી તે વ્રણમાં ઘાલવી. (૪) ગુગળ, ત્રિફળાં, સુંઠ, મરી, લીંડીપીંપર, એ સમભાગ વાટી એનો લેપ કરવો. તે દુષ્ટ નાડીવ્રણનો તથા ભગંદરનો નાશ કરે છે. (૫) **શલ્યજ નાડીવ્રણ ઉપર:**—તલ, મજીઠ, મધ તથા ઘીનો વારંવાર લેપ કરવો. (૬) રસાંજન, દારૂહળદર, હળદર, મજીઠ, કડવા લીમડાનાં પાંદડાં, નસોતર, માલકાંગણી અને દંતીમૂળના ચૂર્ણનો લેપ કરવો. ભગંદર ઉપર પણ આ ઉપાય યોજવો. (૭) ત્રિફળાં, વાવડીંગ અને લીંડીપીંપરનું ચૂર્ણ મધ સાથે ચાટવું; એટલે નાડીવ્રણ, ભગંદર, કોઢ, કૃમિ અને પ્રમેહનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વ૦ૌં૦માં:—ગવાર-૨, તુવેર-૩, થુવેર-૯, રાયઆમળી-૩, હરડે-૪૨.

જુઓ પ્રા૦ઔ૦માં—અસ્થિવર્ગ ૧, ૪, ઘૃતવર્ગ-૩, વાઘની ચરબી-૧. જુઓ રસવૈદ્યમાં સોમલના ઉપયોગ ૩ ની ટીપમાં નં. ૪

સર્વ પ્રકારના વ્રણ ઉપર ઉપચાર:—(૧) **પારદાદિ મલહર ઘૃત:**—પારો અને ગંધકની કાજળી, એ કાજળી બરાબર મુડદાડશિંગ અને એ બધાના બરાબર કપીલો, કિંચિત્ મોરથુથુ (ફુલાવેલું), એ સર્વ એકત્ર ખરલ કરી તેમાં ચારગણું જૂનું ઘી નાખી ખરલ કરવો; અને એ મલમ રૂની ગડી ઉપર નાખી ચોપડવું એટલે સંપૂર્ણ વ્રણ અને નાડીવ્રણનો નાશ થાય છે. જે વ્રણ સેંકડો ઔષધોએ શાંત થતાં નથી, તે એના યોગ વડે અલ્પ કાળમાં સારાં થાય છે. (૨) પારો, ગંધકની કાજળી, સિંદૂર, રાળ, કપિલો, મુરદાડશિંગી, મોરથુથુ અને કાથો, એ સર્વનું એકત્ર ચૂર્ણ કરી તેમાં ચોગણું ઘી નાખી તેનો ખરલ કરવો; અને તે રૂની ગડી ઉપર ચોપડી તે વ્રણ ઉપર લગાવવી; એટલે સંપૂર્ણ વ્રણોનો નાશ થાય છે. (૩) ચિકણ, પાક, સ્રાવ અને ગંધે યુક્ત તથા મોટું તેમજ સણકા તથા સોજાએ વ્યાપ્ત જે વ્રણ તેનો નાશ થવા માટે ત્રિફળાંના કાઢામાં ૩ માસા શુદ્ધ ગુગળ નાખી આપતાં જવું; અથવા ત્રિફળાંના ચૂર્ણસમાન ગુગળ લઇ તેની ગોળીઓ કરી તેમાંથી એકેક આપવી; એટલે તે મલબદ્ધતાનો નાશ કરે છે અને વ્રણને શુદ્ધ કરી રૂઝવી નાખે છે. (૪) **જાત્યાદિ ઘૃત:**—જાઇનાં પાંદડાં, કડવાં પંડોળાંનાં પાંદડાં અથવા ફળ, કડવા લીમડાનાં પાંદડાં, કડુ, દારુહળદર, ઉપરસાળ, મજીઠ, કાળો વાળો, સિંધવ, મોરથુથુ, જેઠીમધ અને કરંજનાં બીઆંના કાઢામાં ઘી નાખી સિદ્ધ કરવું અને તેમાં રૂ ભીંજવી તેનો લેપ કરવો; એટલે તે ઝીણા મોઢાનું, મર્મ ઉપરનું, વહેનારૂં, અંદર ઘર કરનારૂં તથા પીડા કરનારૂં, હરકોઈ વ્રણ હોય તેને શુદ્ધ કરે છે અને ભરી લાવે છે. એ ઘૃત સિદ્ધ કરતી વેળાએ તેમાં મીણ નાખવું એવો પણ પાઠ છે. (૫) **સ્વર્જિકાદિ ઘૃત:**—સાજીખાર, જવખાર, કપિલો, રેણુકબીજ, ટંકણખાર, ધોળો કાથો, મોરથુથુ, એ સર્વનું ચૂર્ણ એકત્ર કરી ગાયના ઘીમાં એક પહોર સુધી ખરલ કરવું. આ સ્વર્જિકાદિ ઘૃત સંપૂર્ણ વ્રણોનો નાશ કરે છે, વ્રણને ભરી લાવે છે તથા કૃમિ અને કંડૂનો નાશ કરી ચામડીનો રંગ સારો કરે છે. (૬) **સિંદૂરનો કાળો મલમ:**—સિંદૂર ૧૨ તોલા, મીણ ૦ાા તોલો અને તલનું તેલ નવ તોલા, એ પ્રમાણે લઇ પ્રથમ મીણ અને તેલ એક વાસણમાં નાખી હેવતા સળગાવી ચૂલા ઉપર મૂકવું. અગ્નિ મંદ સળગાવવો. મીણ ઓગળ્યા પછી તેમાં થોડું થોડું સિંદૂર નાખી લાકડીવડે હલાવતા જવું એટલે સિંદૂર કાળું થવા માંડે છે. ત્રણ ચાર ઉભરા આવ્યા પછી આંગળીવડે તપાસવું. ગોળી થવા જેવું થાય કે તુરત નીચે ઉતારવું. પછી આ તૈયાર થયેલા મલમની પટ્ટી વ્રણ ઉપર લગાડવી. (૭) તીપાનીના વેલાનાં પાંદડાં બાળી તેની રાખ કરી ઘીમાં ખરલ કરી તે ચોપડવી. (૮) કાંગ(ખોડી અઘાડી)નાં પાંદડાં બાળી તેની રાખ કરી ઘીમાં ખરલ કરી તે ચોપડવી. (૯) ગુમડાને ઘીનો લેપ કરી તે ઉપર આસુંદરાની છાલનું ચૂર્ણ ચોપડવું. (૧૦) મીણ ૧ તોલો, સિંદૂર ૧ તોલો, કાંગનો રસ ૪ તોલા અને ઘી ૪ તોલા લઇ પકવ કરી જાડું થયા પછી નીચે ઉતારવું અને મલમની પટ્ટી લગાવવી; એટલે ઉપદંશવ્રણ, નાડીવ્રણ, (હાડવ્રણ) અને સર્વ પ્રકારનાં વ્રણ જલદીથી સારાં થાય છે. (૧૧) સિંદૂર ૬ તોલા, ગેરૂ ૧ તોલો,

મુડદાર્શીંગ ૧ તોલો, મોરથુથુ ના તોલો અને મીણુ ૧ તોલો લેવાં. પ્રથમ તલનું તેલ ૬ તોલા લઇ તેમાં મીણુ નાખવું તથા અગ્નિ ઉપર તે મૂકી પાતળું થાય એટલે તેમાં સિંદૂર નાખવું અને મંદાગ્નિ ઉપર રાખી ઉભરા આવવા દેવા. ચીકટું થાય એટલે બાકીનાં ઔષધો અંદર નાખવાં. એ મલમની પટ્ટી લગાવવાથી વ્રણુ, સદ્યોવ્રણુ, નાડીવ્રણુ, ગડું, ખાંડુક, બદ, એ સર્વ સારાં થાય છે. (૧૨) વાંકેરીની સોટી દૂધમાં ઘસી તે પીવું. પથ્ય—અલુણી કરવી. એટલે નાડીવણુ, ભગંદર, મૂળવ્યાધિ, જીર્ણજ્વર, પાંડુ, ક્ષય, ગંડમાળ, ઇત્યાદિ રોગો દૂર થાય છે. (૧૩) કડવા લીમડાનાં પાંદડાં, ઘોડાવજ, હીંગ, ઘી, મીઠું અને સિંધવની ધૂણી આપવી; એટલે કૃમિ, કંડૂ અને વ્રણુનો નાશ થાય છે. (૧૪) મનશીળ, ગુગળ, સરસવ, દેવદાર, પુષ્કરમૂળ, કલગારી, રાળ અને ઘીની ધૂણી આપવી; એટલે અર્શ, ભગંદર, પીનસ અને દુર્ગંધીયુક્ત વણુનો નાશ થાય છે. (૧૫) વડની છાલ, પીંપર, અંબાડા, નેતર અથવા જળજાંબવો, બોરડીની છાલ, નાંદરૂખ, જેઠીમધ, ચારોળી, રાતો લોધર, ઉંબરો, પીંપળાની છાલ, મહૂડાની છાલ, પારસ પીંપળો, સાળી (ધુપેડો), અરલુ, નાનાં જાંબુ, મોટાં જાંબુ, કેરી, બાળહરડે, કદંબની છાલ, આસુંદરો, ભિલામો, એ ૨૩ ઔષધોમાંથી જે મળે તે મેળવી, તેનો કાઢો કરી પાવાથી મળનો અવષ્ટંભ કરનાર વાયુ દૂર થઈ **વ્રણુરોગ** અને **અસ્થિભંગ** દૂર થાય છે; અને **યોનિદોષ, દાહ, મેહરોગ** તથા **વિષદોષનો** પણ નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અંકોલ–૫, અઘાડી–૧, ઇસેસ–૧, ઉપરસાલ–૪, ઉક્ષી–૨, કપૂર ભેંડી–૪, કલગારી–૩, કાંકડ–૧, કોશિંબ–૨, ખપાટ–૧, ગલકી–૪, ગોરખ આમલી–૫, ગોરખમુંડી–૪, (ગૌરીનો ફણો) ગંગેટી–૧, ધાપાન–૨, ચંબેલી–૩, ડુંગળી–૨૧, તિપાની–૧, તોરણુ–૬, નગોડ–૬, પુંગળવેલ–૨, મીંઢળ–૬, મોગલી એરંડો–૧૦, રાનતુલસી–૪, રામબાણુ–૧, રાળ ૮ ની ટીપમાં, લીમડો (કડવો)–૧, ૨૯, ૪૩; લેંડી–૧, વાંકેરી–૧, ૨, ૩: વિછુડા–૧, શરપુંખા–૬, શરસડો–૫, સણુ–૨, સરગવો–૨૩, હરડે–૧૮. **વ્રણુ બેસી જવા** માટેઃ—હાશા–૨. **વ્રણુ રૂઝવવા** માટેઃ—બળ (બોળ)–૩, લીમડો (કડવો)–૨, શરસડો–૬. **વ્રણુ ભરાઈ આવવા** માટેઃ—અઘેડો–૩૦, અરજુનસાજડ–૨, કપાસ–૯, ધવ–૧, સાત્વીન–૪, હાશા–૧. **જખમમાંથી રક્તસ્રાવ થાય તે** માટેઃ—તુલસી–૨૦. **ગૂમડાં વગેરે ગાંઠો બેસી જવા** માટેઃ—ધોળો ચંપો–૨. **નવીન વ્રણુની ગાંઠ** માટેઃ—લસણુ–૨. **વ્રણુ ધોવા માટ** કાઢોઃ—પટોલ કટુ–૧. **જખમ** રૂઝવવા માટેઃ–ગંગેટી–૨, ધામરી–૧, મખમલી–૩, મરડાશિંગ–૪, રામબાણુ–૧. **ગરદનના ભાગ ઉપર થયેલ વ્રણુ** માટેઃ—ખેરેતી–૫. **માર પડવાથી બંધાએલ લોહી** માટેઃ—રગતરોહીડો–૫. ગુમડું કઠણુ **હોય તો તે પાકવા** માટેઃ—અળશી–૨, નાગચંપો–૫, બળ (બોળ)–૪, શતાવરી–૨૧. **મસ્તકમાંહેના વ્રણુ** માટેઃ—વાયવરણો–૧૩.

જુઓ ગો૦વૈ૦માં:—છાણુની રાખ–૨. જુઓ પ્રા૦ઔ૦માં:—ઘૃતવર્ગ–૩. **દુષ્ટવ્રણુ** માટેઃ—અસ્થિવર્ગ–૧૦. **જખમ** ઉપરઃ—સાબરશિંગ–૧.

પથ્યઃ—જૂના ચોખા, જવ, ઘી, મસૂર, તુવેર, પંડોળાં, કારેલાં, ઘઉં, તાંદળજો, ચીલ, સિંધવ; મીઠા, કડવા, તૂરા એવા પદાર્થો અને તપાવી ઠંડુ કરેલું પાણી. **અપથ્યઃ**—નવું ધાન્ય, તલ, વટાણા, અડદ, કળથી, ખીચડી, ઠંડુ પાણી, દૂધ, શેલડી, ગોળ, ભાજીપાલો, તીખા, ખાટા, ખારા, ઠંડા પદાર્થ, મૈથુન, શ્રમ, દિવસે નિદ્રા, તાંબુલ.

૫૮–शीळस* अथवा पित्तनुं उपडवुं (शीतपित्त)

કારણુ અને લક્ષણુઃ—શીતળ વાયુના સંપર્કે કરી કફ અને વાયુ દુષ્ટ થઇ પિત્તને મળી અભ્યંતરમાં રક્તાદિ ધાતુને ઠેકાણે અને બહાર ચામડીમાં મધમાખીના દંશથી જેવું ઢીમણું થાય

* કરોળીઆની જાળ પેટમાં જવાથી પણુ શીળસ થાય છે. એ વ્યાધિ મટે છે અને પાછો થઇ આવે છે. થોડો દેશી ચૂનો થોડી વાર સુધી પલાળી રાખી તેના ઉપરથી પાણીની આછ ઉતારી લઇ તે આછ આશરે તોલા ૫ દરરોજ પાવાથી આ દરદ મટે છે. આ ઉપચારનો અમે અનુભવ લીધેલો છે. કેટલાક વૈદ્યો આવા દરદીને રેચ આપે છે, પણુ એથી ઉલટી ખરાબી થાય છે.

છે, તેવાં ઢીમણાં થાય છે. તેમાં ખરજ, પીડા અને દાહ ઉત્પન્ન થાય છે.

ઉપચાર:—(૧) સિંધવ ઘીમાં વાટી ચોપડવો. (૨) ત્રિફળાંનું ૬ માસા ચૂર્ણ એક તોલા મધમાં આપવું. (૩) મરીની ભૂકી ઘીમાં મેળવી શરીરે ચોળવી. (૪) નગોડનાં પાંદડાંનો રસ ૨ તોલા કાઢી તેમાં ગાયનું ઘી એક તોલો નાખી ત્રણ દિવસ પાવું. (૫) કોઠીનાં પાંદડાં બારિક વાટી તેનો લેપ કરવો અને કોઠીનાં પાંદડાંનો રસ દૂધમાં પાવો. (૬) શિવણીનાં સૂકાં ફળ બાળી તે વાટી તેનો કલ્ક દૂધમાં આપવો અને પથ્ય પળાવવું. (૭) ગળો, હળદર, કડવો લીમડો અને ધમાસો, એ દરેકનો કાઢો શીતપિત્ત ઉપર આપવો; તે પ્રાણનું સંરક્ષણ કરે છે. (૮) ગોળ તથા અજમો એકત્ર કરી સાત દિવસ આપવું. (૯) કુંવાડીઆનાં મૂળનું ચૂર્ણ ઘીમાં પ્રાશનાર્થ આપવું. (૧૦) તુલસીનો રસ શરીરે ચોળવો. (૧૧) કડવા લીમડાનાં પાંદડાં વાટી ઘી સાથે કિંવા આમળાં સાથે ખાવાં; તેથી વિસ્ફોટક, કોઢ, ક્ષત, શીતપિત્ત, કંડૂ અને રક્તપિત્ત નાશ પામે છે. (૧૨) ગલકીનાં પાંદડાંનો રસ ઘીમાં નાખી તેનો લેપ કરવો. (૧૩) ગરમાળીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં એટલે કંડૂ અને શીતપિત્ત ત્રણ દિવસમાં દૂર થાય છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**શીતપિત્ત** માટે:—અજમો–૨, અરણી–૮, આમળાં–૨૪, કુંવાડીઓ–૧૧, કોકમ–૩, ખાટીલૂણી–૩, ગળો–૨૦, ચારોળી–૨, તુલસી–૧૩, ધમાસો–૭, મરી–૩, રાય આમળી–૨, લીમડો(કડવો)–૨૭, સાગ–૮, સિવણ–૬.***પિત્ત** માટે:–અઘેડો–૯, અરજુનસાજડ–૪, ૬, અળવી–૫, આમલી–૨૨, ૨૩, આમળાં–૩, ૧૪, એરંડો–૩૩, કાંટાસરીઓ–૩, કેળ–૧૯, કોકમ–૪, ગળો–૭, ગોમેટો–૫, જાંબુ–૪, તવખીરવૃક્ષ–૨, દાડમ–૧૨, પિત્તપાપડો–૨, પિલુડી–૨, બીજોરૂં–૫, લીમડો (કડવો)–૨૪, શતાવરી–૨. **પિત્તવિકાર** માટે:—આદુ–૩૯, ૪૧, આમળાં–૩૮, કારેલી–૧, કાસાળું–૬, ખેર–૧૨, ગળો–૭, જાંબુ–૧૦, ડુંગળી–૩૨, દ્રાક્ષ–૧૬, પાટલા–૭, ફાલસા–૩, બીજોરૂં–૧૯, ૨૦, વાસનવેલ–૫. **ભ્રમયુકત પિત્ત** માટે:—આદુ–૪૨, ૪૩, કાંટી ગોખરૂં–૧. **પિત્ત પાડવા** માટે:—કણઝી–૫, કાળી ખજૂરી–૨, મીંઢળ–૨, લીમડો (કડવો)–૫. **પિત્ત શમન થવા માટે** કોઠી–૧, રતનજોત–૨, લિંબુડી–૬. **પિત્તથી શરીરે ઉઠેલા ફોડલા** માટે:—કોઠી–૬, તલ–૧૦. **પિત્તથી શરીર ક્ષીણ થાય તે** માટે:—હરડે–૫. જુઓ ગો૦વૈ૦માં:—**પિત્તવિકાર** માટે:—દૂધ–૧૩.

પથ્ય:—ચોખા, મગ, કળથી, કારેલાં, દાડમ, ગરમ પાણી, કફ, પિત્તહારક પદાર્થ.

અપથ્ય:—સ્નાન, ગરમી (તાપ), ખાટું તથા જડાન્ન.

× સિદ્ધ ઔષધિ હરિદ્રાખંડ, આર્દ્રકખંડ, પટોલાદિ ક્વાથ, અગ્નિમંથ ચૂર્ણ વગેરે અપાય છે. વમન માટે કડવાં પરવળ તથા લીમડાની છાલનો ક્વાથ; જુલાબ માટે ત્રિફલા, લીંડીપીંપર તથા ગુગળનું ચૂર્ણ; તથા મર્દન કરવા માટે સરસવ અથવા કરંજનું તેલ અપાય છે.

* પિત્તના જુદા જુદા વિકારો ઉપર વનૌષધિના પ્રકરણમાંથી ઉપચારો મળી આવે છે; પરંતુ પિત્તના તે તે વિકારો વિષેની માહિતી આ ગ્રંથમાં નહિ આપેલી હોવાથી નીચે આપી છે:—

મહર્ષિ ચરકાચાર્યે પિત્તના ૪૦ વિકાર આ પ્રમાણે દર્શાવ્યા છે:—૧ જુવાનીમાં ધોળા વાળ થવા, ૨ લાલ આંખો રહે, ૩ મૂત્ર લાલ રહે, ૪ આંખો પીળી રહે, ૫ મૂત્ર પીળું ઉતરે, ૬ ઝાડો પીળો રહે, ૭ નખ પીળા રહે, ૮ શરીર પીળું રહે, ૯ અંધારાં આવ્યા કરે, ૧૦ દાંત પીળા રહે, ૧૧ સર્વત્ર પીળું દેખ્યા કરે, ૧૨ ઉંઘ થોડી આવે, ૧૩ મોઢું સૂકાય, ૧૪ મુખમાં દુર્ગંધી આવે, ૧૫ મુખ તીખું રહે, ૧૬ ગરમ શ્વાસ નીકળે, ૧૭ મોઢું ખાટું રહે, ૧૮ ઓડકારમાં ધૂમાડા નીકળે, ૧૯ ચકરી આવે, ૨૦ ઇંદ્રિયો શિથિલ થઈ જાય, ૨૧ ક્રોધ ઘણો આવે, ૨૨ દાહ રહે, ૨૩ અતિસાર રહ્યા કરે, ૨૪ ગરમી ગમે નહિ અને શીતળતા ગમે, ૨૫ કોઈ પણ વસ્તુની તૃપ્તિ થાય નહિ, ૨૬ સર્વ વસ્તુમાં અપ્રીતિ રહે, ૨૭ ભોજન કર્યા પછી બળતરા થાય, ૨૮ ભૂખ ઘણી લાગે, ૨૯ નસકોરી આદિક ફુટે, ૩૦ ઝાડો પાતળો હોય, ૩૧ ઝાડો ગરમ ઉતરે, ૩૨ મૂત્ર ગરમ ઉતરે, ૩૩ ઉનવા હોય, ૩૪ વીર્યની અલ્પતા હોય, ૩૫ શરીર ગરમ રહે, ૩૬ પસીનો ઘણો આવે, ૩૭ પસીનામાં દુર્ગંધ આવે, ૩૮ હાથ–પગમાં સેગ બહુ હોય, ૩૯ શરીરમાં હાડકળતર થાય અને ૪૦ ફોડલા ફોડલીઓ ઘણી થાય.

५९–शीतळा* (मसूरिका) अने गोवरु अथवा ओरी [रोमांतिका]×

કારણ:—તીખું, ખાટું, ખારું, ઠંડુ અને ઉભાઇ ગયેલું અન્ન તથા વિષાદિકોએ દુષ્ટ થયેલું અન્ન સેવન કરવાથી વાતાદિ દોષ કુપિત થઈ, દુષ્ટ થયેલા રક્ત(લોહી)માં મળી, શરીરને ઠેકાણે મસૂર જેવી અને અડદ જેવી ફોડકીઓ ઉત્પન્ન કરે છે, તેને મસૂરિકા કિંવા શીતળા કહે છે. એ રોગમાં તાવ, કંડૂ, અંગ ફૂટવું, ભ્રમ, ચામડીના ઠેકાણે સોજો, એ લક્ષણો થાય છે. જેમ શીતળા આવે છે, તેમ ગોવરું એટલે ઓરી પણ આવે છે. ગોવરું એ ફક્ત બાળકનેજ આવે છે. શીતળા મોટા માણસને પણ આવે છે. શીતળાના રોગોમાં સ્વચ્છતા વધારે રાખવી.+

ઉપચાર:—(૧) કડવાં પંડોળાં, કડવો લીમડો, કડુ, નાગરમોથ અને અરડુસીનો કાઢો આપવો; એટલે અપક્વ શીતળા હશે તો પાકી થઈ તેનું શોધન થાય છે. (૨) બોરડીનાં પાંદડાંનો રસ ભેંસના દૂધમાં આપવો. (૩) ગોરોચન ભેંસના ઘીમાં અથવા ભેંસના દૂધમાં શક્તિ પ્રમાણે ૩ દિવસ આપવું; અથવા ગધેડીનું દૂધ પાવું એટલે શીતળા સારા નીકળે છે. (૪) રાળ, હીંગ અને લસણની ધૂણી આપવી; એટલે ક્ષતમાં કીડા પડતા નથી. (૫) ગોવરું અને શીતળાનો બાળકના શરીરે દાહ ઉઠે છે, તે નીકળી જવા માટે ગુલકંદ આપવો;ગોખરૂનું ચૂર્ણ ઘી સાકરમાં આપવું. ગાયના ચોખ્ખા દૂધમાં ઘી અને ખડીસાકર નાખી તે આપવું; ગાયના માખણમાં જીરાની ભૂકી અને ખડીસાકર નાખી તે આપવું. (૬) ગારા(બરફ–કરા)નું પાણી અથવા પોઇસરના પાન ઉપરનું પાણી આપવું. (૭) શીતળામાંના ફોલ્લા ફુટી દાહ થાય છે તેના ઉપર છાણાની રાખ, વટાણા અને રાતા રોયડાનું ચૂર્ણ લગાવવું; એટલે સૂકાય છે. (૮) કડવાં પંડોળાં, ગળો, નાગરમોથ, અરડુસી, ધમાસો, કરીઆતુ, કડવો લીમડો, કડુ અને પિત્તપાપડાનો કાઢો આપવો. આ કાઢો આમમસૂરિકાને શમાવે છે અને પાક થયો હોય તો તેનું શોધન કરે છે. તેમજ દાહ, જ્વર, વિસર્પ, વ્રણ અને પિત્તવ્રણ ઉપર પણ આપવો. શીતળાનો તાવ શાંત કરવા માટે આના જેવું બીજું ઉત્તમ ઔષધ નથી. (૯) આંખોમાં શીતળા આવવાથી કાસડાનાં બીઆં અને જેઠીમધના કાઢાએ આંખો ધોવી. (૧૦) કડવા લીમડાનાં પાંદડાંના કાઢાથી શીતળાનાં વ્રણ ધોવાં. (૧૧) વડ, ઉંબરો, પીંપળો, પીંપર અને નાંદરૂખીનું ચૂર્ણ, વહેનાર શીતળા ઉપર નાખવું, કિંવા છાણાની રાખ અથવા છાણાનું ચૂર્ણ નાખવું. (૧૨) ચાકવત(ચીલ)નો અથવા બ્રાહ્મીનો રસ મધમાં આપવો. (૧૩) શીતળાએ આંખમાં ફૂલ

---

* શીતળાના ફોડલા મસૂરની દાળ જેવડા થાય છે. કોઈ કોઇને એથી નાના અથવા મોટા પણ થાય છે. એ નાનાં છોકરાંથી માંડી ૮૦ વરસના ડોસાને પણ આખી ઉંમરમાં એકાદ સમય થાય છેજ. તેને માતા પણ કહે છે. માતાનો ભેદ ઓરી અને અછબડા છે. ઓરીના દાણા અળઇ જેવા પણ સફેદ રંગના હોય છે. અછબડા પણ તેનેજ મળતા, પરંતુ કાંઇક તફાવતવાળા હોય છે. આ બે દરદો બહુધા ૧૬ વર્ષની ઉંમર થયા પહેલાંજ થાય છે.

× શીતળા રોગમાં કુષ્ટરોગ પર કહેલ લેપ તેમજ કફપિત્તથી ઉત્પન્ન થયેલ વિસર્પ પર કહેલી ચિકિત્સા કરવી. સિદ્ધ ઔષધિ એલાદ્યરિષ્ટ, નિંબાદિ ક્વાથ; ઉષણાદિ ચૂર્ણ, સર્વતોભદ્ર રસ, ઇંદુકલા વટી, પટોલાદિ ક્વાથ, ખદિરાષ્ટક, મસૂરિકાહર રસ, રુદ્રાક્ષ યોગ (રુદ્રાક્ષ અને મરીનું ચૂર્ણ) વગેરે અપાય છે.

+ ઓરી(રોમાંતિકા)નો રોગ થવા પહેલાં સળેખમ થાય છે. પછી તાવ, તૃષા, બેચેની, ગળામાં દરદ, માથામાં દુ:ખાવો, ઝાડા, પરસેવો, શ્વાસ વગેરે ઉપદ્રવ જોવામાં આવે છે. ત્યારપછી ચામડીનો વર્ણ બદલાઇ જાય છે. આવી રીતે ત્રણ ચાર દિવસ જવા પછી મોઢા ઉપર ઓરીના દાણા દેખાયા પછી આખા શરીર પર અળાઇ જેવા ગોળ દાણા થાય છે. ઓરી ઘણું કરીને ૭ મે દિવસે સૂકાવા માંડે છે; તેમજ તાવ પણ ઓછો થઇ જાય છે. ઓરીનું પૂર્ણ રૂપ પ્રકટે છે ત્યારે દાણા જાંબુડીઆ રંગના થાય છે. આવે વખતે શીતળાના રોગમાં કહેલા ઉપચારો સંભાળપૂર્વક કરવા જોઇએ.

પડ્યું હોય તોઃ—ભોગળી એરંડાના રસમાં ધોળી ચણોઠી ઘસી અંજન કરવું. (૧૪) આમલીના કચુકાનું અને હળદરનું ચૂર્ણ સમભાગે ઠંડા પાણીમાં કિંવા અરડુસીનો રસ અને જેઠીમધ અથવા અંબેલાંનો રસ અને જેઠીમધ, એમાંનું એક ઔષધ શીતળાની શરૂઆત ગામમાં થતાંજ આરંભે ત્રણ કિંવા ૭ દિવસ પ્રાશન કરવું; એટલે તે પ્રાશન કરનારને શીતળા કોઇ દિવસ થતા નથી.

વિશેષ ઉપચાર જુઓ જ્નૌ૦માંઃ—**શીતળા** માટેઃ—કારિવણા-૧૦, ટાંકો-૧, બ્રાહ્મી-૩, શતાવરી-૨૨. **શીતળા એટલે માતા હલકાં આવવા માટેઃ**—ઉંબરો-૧૮, કેળ-૧૫, તોરણ-૪, નાગણી-૨, બોરડી-૭, વાંદો-૨, સુમીણ-૨. **શીતળા કદી પણ ન થવા માટેઃ**—શિમળો-૧૭. **શરીરમાંથી શીતળાની ગરમી નીકળી જવા માટેઃ**—કોથમીર-૨. **શીતળાનો આજાર ન આવવા માટેઃ**—અરડુસી-૧૫, આમલી-૮. **શીતળાના ક્ષતમાં કીડા ન પડવા માટેઃ**—લસણ-૩. **શીતળાથી આંખોમાં ફૂલ પડ્યું હોય તે માટેઃ**—ચણોઠી-૨. **શીતળા અને ગોવરું પેટમાં ન જવા માટેઃ**—પુગ-૨. **શીતળા અને ગોવરૂથી શરીર ઉપર કાંટા ન ઉઠે તે માટેઃ**—આંબાહળદર-૩. **શરીરમાંથી ગરમી અને ગોવરાનું દુઃખ નીકળી જવા માટેઃ**—પરિપાઠ-૨.

જુઓ ગો૦વૈ૦માંઃ—**શીતળા ફુટી નીકળેલા ફોલ્લા** માટેઃ—છાણાંની રાખ-૧. **શીતળાના તાવ માટેઃ**—દૂધ-૧૪, માખણ-૪.

જુઓ પ્રા૦ઔ૦માંઃ—**શીતળા થોડા આવવા માટેઃ**—વાઘની ચરબી-૨. **શીતળાથી આંખમાં ફૂલ પડે તે ઉપરઃ**—ગધેડાનો દાંત-૧.

પથ્યઃ—ચોખા, ચણા, મગ, મસૂર, જવ, પંડોળા, કારેલાં, સરગવો, દાડમ, ધાતુવર્ધક અન્નપાન, શેલડી અને ઘી. **અપથ્યઃ**—ગરમ, તીખું, ખાટું, શ્રમ, હવા.

૬૦—शूळरोग

કારણઃ—ઉદરમાં વાયુનો પ્રકોપ થાય એટલે તે હૃદય, કુક્ષી, પીઠ, પાંસળી, ઘુંટી અને પેટની જગાએ શૂળ ઉત્પન્ન કરે છે.

શૂળના પ્રકારઃ—પૃથક્ દોષો વડે ત્રણ, સન્નિપાત વડે એક, આમ વડે એક તથા દ્વંદ્વજ વડે ત્રણ મળી આઠ પ્રકારનાં શૂળ થાય છે. આ બધાં શૂળની અંદર ઘણું કરી વાયુ પ્રબળ હોય છે. શૂળના **પરિણામશૂળ** અને **અન્નદ્રવશૂળ** એવા બીજા પણ ભેદ છે.×

× લૌકિકમાં શૂળ બે પ્રકારનાં મનાય છે, હુક અને ચૂંક. જેથી પેટના ભાગ સિવાય બીજી જગાએ સોયો ઘોંચ્યા જેવી પીડા થાય છે, તેને શૂળ અથવા હુક કહે છે; અને જ્યારે પેટના ભાગમાંજ એવી પીડા થાય છે ત્યારે તેને ચૂંક કહે છે. એ ચૂંકનેજ આ ગ્રંથમાં પેટપીડના નામથી ઓળખાવેલ છે.

શૂળના રોગમાં ઘણે ભાગે ઝાડો કબજ હોય છે, માટે પ્રથમ તેનો ખુલાસો કરાવવો. શૂળ જ્યારે વાયુ અને કફના જોરથી થાય છે ત્યારે તેની સાથે ઉધરસ પણ ઉપડી આવે છે. આવા પ્રસંગે પ્રથમ ઉધરસને શાંત પાડવી.

સંગ્રહિત ઉપચારઃ-(૧) સુંઠ તોલો ૦ાા, સંચળ તોલો ૦ા, સિંધવ તોલા ૨, મરી તોલો ૦ાા અને લીંડીપીંપર તોલો ૦ાા લઈ ખાંડી એના બે ભાગ કરી તેમાંથી એક ભાગ મધમાં મેળવી ચટાડવો અને ઉપર ગરમ પાણી અથવા ફુદિનાનો રસ પાવો; એથી શૂળ મટે છે. (૨) ચુંક ઉપરઃ—હીરાહીંગ ટાંક ૧, સુંઠ ટાંક ૪, બોડી અજમો ટાંક ૨ અને સંચળ ટાંક ૨, ખાંડી વાસી પાણી સાથે ફાકી આપવી; અથવા પીંપળીમૂળ, ઇંદ્રજવ, કાળીજીરી, મરી અને ઘોડાવજ, એ સર્વે એકેક પૈસાભાર લઇ ખાંડી ફાકી કરવી. તે મધ સાથે ચટાડવું અથવા સુંઠ, સંચળ, હીંગ અને અજમો સમાનભાગે લઇ ખાંડી ગોળમાં ગોળી કરી ખાવી; અથવા કળથીના ઉકાળામાં સુંઠ, હીંગ અને વડાગરું મીઠું, એનું ચૂર્ણ નાખી તે ઉકાળો પીવો. (૩) એરંડાનાં પાંદડાંનો રસ વાલ

શૂળના ઉપદ્રવ:—વેદના, તૃષા, મૂર્છા, મલબદ્ધતા, કફ, શ્વાસ, હેડકી એ ઉપદ્રવો થાય છે.

ઉપચાર:—(૧) દશમૂળના કાઢામાં એરંડતેલ, હીંગ અને સંચળ નાખી પાવો; એટલે પેટનું ચઢવું અને શૂળનો નાશ થાય છે. (૨) સુંઠ અને એરંડમૂળના કાઢામાં હીંગ અને સંચળ નાખી પાવો; એટલે તત્કાળ શૂળનો નાશ થાય છે. (૩) સંચળ, ગરમાળો, બીડલોણ, સિંધવ, અતિવિષ અને ત્રિકટુનું ચૂર્ણ બીજોરાના રસમાં આપવું એટલે ગુલ્મ અને શૂળનો નાશ થાય છે. (૪) એરંડમૂળ, ધાણા, બીડલોણ, અળસી, હરડે અને હીંગનું ચૂર્ણ પાણીમાં આપવું; એટલે શૂળ અને ગુલ્મનો નાશ થાય છે. (૫) પંચલવણ (બીડલોણ, કાચલવણ, સિંધાલૂણ, સંચળ અને મીઠું) સમભાગ લઈ આદાના રસમાં પંદર દિવસ પચન કરવું. પછી તેની ચણા જેવડી ગોળી કરી તે વાતશૂળ ઉપર આપવી. (૬) હીંગ, તેલ અને સિંધવને ગોમૂત્રમાં પચન કરી તેનો ડુંટી ઉપર લેપ કરવો. તે વેદનાયુક્ત શૂળનો નાશ કરે છે. (૭) રિંગણી, ગોખરૂ, એરંડમૂળ, કુશ, કાસ અને શેરડીનાં મૂળનો કાઢો પાવો. (૮) ત્રિફળાં અને ગરમાળાના મગજનો કાઢો સાકર અને મધ નાખી પાવો; તેથી કરી દાહ, પિત્તશૂળ અને પ્રદર દૂર થાય છે. (૯) બીજોરાના રસમાં ગોળ નાખી પાવો; તે કફશૂળ, હૃદ્રોગ, વાતશૂળ અને ગુલ્મનો નાશ કરે છે. (૧૦) કાયફળ, પોખરમૂળ, કાકડાશિંગ, નાગરમોથ, સુંઠ, મરી, લીંડીપીંપર અને કચોરૂનું ચૂર્ણ આદુનો રસ કિંવા મધમાં આપવું; એટલે શૂળ, વાયુ, ઉલટી, કાસ, શ્વાસ અને ક્ષય, એ રોગો દૂર થાય છે. (૧૧) ચિત્રક, પીંપળીમૂળ, એરંડમૂળ, સુંઠ અને ધાણાનો કાઢો, હીંગ, સિંધવ અને બીડલોણ નાખી આપવો. (૧૨) રાઈ અને ત્રિફળાંનું ચૂર્ણ મધ અને ઘીમાં આપવું. એ સર્વ રોગનું નાશક છે. (૧૩) અજમો, સિંધવ, હરડે અને સુંઠનું ચૂર્ણ આપવું. તે મંદાગ્નિ અને શૂળનો નાશ કરે છે. (૧૪) શતાવરીનો રસ મધમાં આપવો. (૧૫) એલચી, હીંગ, જવખાર અને સિંધવનો કાઢો એરંડતેલ નાખી આપવો. તે કમ્મર, હૃદય, ઉદર, નાભિ, પીઠ, કુક્ષી, મસ્તક અને કર્ણ, એ ઠેકાણેના શૂળનો અતિ વેગથી નાશ કરે છે. (૧૬) સુંઠના કાઢામાં એરંડતેલ, હીંગ અને સંચળ નાખી પાવો. (૧૭) બહેડાં ૧ ભાગ, સુંઠ ૧ ભાગ અને કાચકાનો મગજ ૩ ભાગ એનું ચૂર્ણ એરંડતેલમાં ઘુંટી આપવું; એટલે સર્વ પ્રકારના શૂળનો નાશ થશે. (૧૮) **નારાયણ ચૂર્ણ** આપવું. (૧૯) **ક્ષારયોગે** ખાખરાનાં મૂળ, આસુંદરાની છાલ, ધાવડીની છાલ, અઘેડો, કેળનો ડોડો, તલ, હરણદોડી, ધંતુરો, હળદર, કોહળાનો વેલો, અરડુસી અને સુરણ એકત્ર કરી માટલામાં ઘાલી જમીનમાં ખાડો ખોદી તેમાં છાણાં મૂકી રાખ કરવી. તે રાખ પાણીમાં મેળવી, પાણી ગાળી તે પ્રાશનાર્થ આપવું; એટલે હરસ, આનાહવાયુ, મલબંધ, ગુલ્મ, કફસંબંધી રોગ, કમળો, વિદ્રધિ, હૃદયશૂળ, પાંડુ, સંગ્રહણી, સોજો, શૂળ, સળેકમ, અગ્નિમાંદ્ય, ઉદરરોગ, પીનસ, પ્લીહા અને પ્રમેહ ઇત્યાદિનો નાશ થાય છે. જડ પથ્થર જેવું ભક્ષણ કર્યું હોય તથાપિ આ ક્ષાર ભસ્મ કરી નાખે છે. (૨૦) સુંઠ, સાજીખાર અને હીંગનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું; તે ક્ષણમાં સંપૂર્ણ શૂળનો નાશ કરે છે. (૨૧) સંચળ, હીંગ અને સુંઠનું ચૂર્ણ સમભાગ લઇ ગરમ પાણીમાં આપવું. તે કફ-વાતથી હૃદય, કૂખ, પીઠ અને પેટમાં થયેલું શૂળ તથા વિષૂચિકાનો નાશ કરે છે. મળબંધ ઉપર જવના કાઢામાં આપવું. (૨૨) **ચિત્રકાદિ વટી:**—ચિત્રકમૂળ, મીઠું, પહાડમૂળ, સુંઠ, મરી, લીંડીપીંપર, કાચલવણ, સિંધવ, બીડલોણ, સંચળ, જીરૂં, ધાણા, જટામાંસી, પીંપળીમૂળ અને અજમો સમભાગ લઈ તેનું સૂક્ષ્મ ચૂર્ણ કરવું. તે એકત્ર કરી તેને લિંબુના રસમાં ખરલ કરી ગોળી કરવી; તે હૃદયશૂળ, પાર્શ્વશૂળ,

---

૩, જવખાર વાલ ૧ અને હીંગ વાલ ૧ મેળવી આપવું. (૪) હરિણના શિંગડાની અથવા સાબરશિંગની ભસ્મ ગાયના દૂધમાં પાવાથી સર્વાંગ શૂળ જાય. (૫) બીજોરાનો રસ ટાંક ૪ અને સિંધવ ટાંક ૨ પાવાથી છાતીનું શૂળ જાય. (૬) સુંઠ, સિંધવ અને હીંગ વાટી પાણી સાથે આપવું અથવા ગળોનો રસ ટાંક ૪, મરી ટાંક ૧ નો ભૂકો નાખી પાવાથી છાતીનું શૂળ જાય. (૭) પાણીમાં પલાળી રાખવાથી નરમ થયેલી એક ખારેક લઇ તેમાંથી તેને ભાગ્યા તોડયા વિના અંદરનું બીજ (ખખી) કાઢી નાખી, તેમાં સાબરશિંગ ઉપરથી ચપ્પુ વડે ઉતારેલી ઝીણી છોલ ભરી બીનું કપડું વિંટી અગ્નિની ભોભરમાં શેકી દરદીએ તે ખારેક ખાવી.

આમશૂળ, અરુચિ અને ૮૦ પ્રકારના વાયુના વ્યાધિ, એ સર્વનો તુરત નાશ કરે છે. (૨૩) સુંઠ, તલ અને ગોળનો કલ્ક દૂધમાં કરી પાવો; એટલે પરિણામશૂળ, અને આમવાતનો નાશ થાય છે. (૨૪) ઇંદ્રવરણીનાં મૂળ પાણીમાં ઘસી તેમાં સુંઠ, મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ નાખી પાવું. એ અત્યંત દુઃસહ શૂળનો નાશ કરે છે. (૨૫) એરંડમૂળ, ચિત્રો, નાનો શંખ, સાટોડી અને ગોખરૂ, એ સમભાગ લઈ પુટમાં બાળી તેની ભસ્મ કરી પાણી સાથે પાવી. (૨૬) પાણી ભરેલું નાળીએર લઈ તેના મુખ પર કાણું પાડી તેમાં મીઠું ભરી બહાર માટી ચોપડી સૂકવી છાણાંના દેવતામાં બાળવું. પછી બારિક ચૂર્ણ કરી લીંડીપીંપરના ચૂર્ણ સાથે તે ચૂર્ણ શક્તિ પ્રમાણે ખાવું; એટલે પરિણામશૂળનો તથા વાત, પિત્ત, કફ અને સન્નિપાતથી ઉત્પન્ન થયેલા શૂળનો નાશ થાય છે. (૨૭) ક્ષુદ્ર શંખની ભસ્મ ગરમ પાણીમાં આપવી. તે તુરત પંક્તિશૂળનો નાશ કરે છે. (૨૮) મીંઢીઆવળનાં મૂળ ગરમ પાણીમાં પાવાં. (૨૯) મીંઢળ અને કડુ પાણીમાં વાટી કિંચિત્ ગરમ કરી ડુંટી ઉપર લેપ કરવો. (૩૦) એકલી કાંકચ ત્રણસેં શૂળનો નાશ કરે છે, તો પછી તેમાં સિંધવ, લસણ અને હીંગનું ચૂર્ણ મળવાથી તે શૂળનો નાશ કરે એમાં શું સંશય! (૩૧) અડદનાં વડાં સિંધવ-યુક્ત, મૃદુ, તૈલપક્વ એવાં ઘી સાથે ખાવાં; એટલે અન્નદ્રવશૂળનો નાશ થાય છે. (૩૨) ઘોડીની લાદ પીલી તેનો રસ કાઢી તેમાં હીંગ નાખી તે રસ પાવો; કિંવા કળથીના કાઢામાં હીંગ, સુંઠ અને બીડલોણનું ચૂર્ણ નાખી આપવું; એટલે મહાન શૂળનો નાશ થાય છે. (૩૩) સામો, કોદરા અને કાંગના તાંદળાની ખીર કરી ખાવી. તે અન્નદ્રવશૂળ ઉપર હિતકારક છે. (૩૪) ઘઉંના લોટનો ગોળ અથવા સાકરનો શીરો દૂધ સાથે ૪૮ દિવસ ખાવો; એટલે અન્નદ્રવશૂળનો નાશ થાય છે. (૩૫) વિષ્ણુક્રાંતાનાં મૂળનો કલ્ક સાકર, મધ અને ઘી નાખી પાવો; એટલે પરિણામશૂળ દૂર થાય છે. (૩૬) શંખભસ્મ અથવા આમલીની છાલની ભસ્મ ગરમ પાણી સાથે પાવી. (૩૭) બીલી, એરંડો અને ચિત્રકનાં મૂળ, સુંઠ, હીંગ, સિંધવ, એ સર્વનું ચૂર્ણ આપવાથી તત્કાળ શૂળનો નાશ કરે છે.*

જુઓ **અનુભૂત** ઔષધઃ—ઔષધિક્રિયાના ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૧૮. મલમપ્રયોગની ટીપમાં નં. ૭.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ-**શૂળ એટલે હુક** માટેઃ-અજમોદ-૫, આદુ-૭, ૩૧, ૫૧; આમલી-૭, આશેત્રી-૧, ઇંગોરિયાં-૫, ઇંદ્રવરણાં-૭, એરંડો-૧, એલચી-૧૧, કલોંજી જીરૂં-૧, કળથી-', કુમો-૨, ગુગળ-૧૮, ઝેરકોચલાં-૭, તુવરૂફળ-૧, દ્રાક્ષ-૧૦, નાગલા દુધેલી-૬, નાળીએર -૧૬, બીજોરૂં-૮, ૧૩, ભોંયઆમળી-૫, મીંઢીઆવળ-૯, લસણ-૧૮, શતાવરી-૨,૪, સમુદ્રફળ-૨, સમેરવો-૧, ૧૭, ૨૦; સાત્વીન-૩, હરડે-૨૪. **પેટપીડ એટલે પેટમાં દુખાવો કે પેટના શૂળ માટેઃ**-અઘેડો-૧૯, અજમો-૧, અજમોદ-૨, અજવલા-૧, ઉપરસાલ-૧૦, કપૂરવેલ-૧, કરિયાતુ-૩, કારિંદા-૪, કાળી ખજૂરી-૪, કાંચકી-૧, કીડામારી-૩, ખરશિંગી-૧, ચણા-૬, ચુકો -૧, ઝેરકોચલાં-૯, ૧૦, ઢીકામાળી-૧, નાળીએરી-૧૨, પાટલા-૪, ફુદિનો-૭, બાફળી (હીંગોત્રી) -૪, ૫, બાવળ-૯, મરચી-૧, મરવો-૧૦, મેંઢાશિંગ-૧, મોગલી એરંડો-૭, મોરસકંદો-૧, રાઈ-૩, વાસનવેલ-૪, સુગંધી (લીલી) ચ્હા-૨. હિવર-૧, હીંગ-૬, ૭. **આગંતુક પેટશૂળ** માટેઃ—મીંઢળ-૧. **ઉદરપાણીથી થયેલ શૂળ** માટેઃ—આદુ-૧૯. **વાતશૂળ** માટેઃ—આદુ-૩૬, ઇંદ્રજવ -૧૪, ગળો-૨૧, મંદાર-૩. **પિત્તશૂળ** માટેઃ—આમળાં-૩૧, શતાવરી-૪. **આમશૂળ** માટેઃ—લીંડીપીંપર-૧૬. **પરિણામશૂળ** માટેઃ—આદુ-૨૪, ઇંદ્રજવ-૧૧, જીરૂં-૫, લીંડીપીંપર-૩૨, વિષ્ણુકાન્તા-૨, હીંગ-૨૦. **અન્નદ્રવશૂળ** માટેઃ—કાંગ-૧, કોદરા-૧, સામો-૧. **હૃદયશૂળ** માટેઃ-ગળો-૨૧, વાળો-૬, શતાવરી-૪, સમેરવો-૨. **કુક્ષિશૂળ** માટેઃ-એરંડો-૨, શતાવરી-૪, **પાર્શ્વશૂળ** માટેઃ—સમેરવો-૧૬. **પૃષ્ઠશૂળ અને કટિશૂળ** માટેઃ—આસંધ-૨૦, સમેરવો-૨. જુઓ પ્રા૦ ઔ૦માં સાબરશિંગની ટીપમાં નં. ૩ રસ વૈદ્યમાં ચૂનો ૧૦ની ટીપમાં નં. ૨

---

*શૂળરોગ પર સિદ્ધ ઔષધિઃ-શૂલગજ કેશરી, શૂલવજ્રિણી વટી, શૂલગજેંદ્ર તેલ (મર્દન માટે), શંખવટી, આમલકી ખંડ, ધાત્રીલોહ, તામ્રભસ્મ, ત્રિફલાલોહ, ગંધક રસાયન વગેરે અપાય છે.

જુઓ પ્રયોગોમાંઃ—શૂળ માટે—ઘોડાની લીંદ—૧. વાતશૂળ માટેઃ—સાબરશિંગ—૫. કટિશૂળ, સંધિશૂળ અને હૃદયશૂળ માટેઃ—હરિણશૃંગ—૧.

પથ્યઃ—એક વર્ષના જૂના ચોખા, ગરમ દૂધ, પટોલ, સરગવો, કારેલાં, સીડું, સુવા, લસણુ, કળથી અને કેરી. અપથ્યઃ—વિરુદ્ધ અન્નપાન, જાગરણુ, વિષમાશન, રૂક્ષ, કડવા, તૂરા, ઠંડા, ગુરુ એવા પદાર્થોનું સેવન, ઉદ્યોગ, મૈથુન, મદ્ય, દ્વિદલ ધાન્ય (તુવેર, વટાણા ઈત્યાદિ), તીખા પદાર્થ, શોક અને ક્રોધ.

૬૧—સોજો (શોથ)

કારણુઃ—વમન, વિરેચનાદિ શોધન, જ્વરાદિ રોગ તથા ઉપવાસથી કૃશ અને દુર્બલ થયેલાં માણસને ખાટા, ખારા, તીખા, ઉષ્ણુ તથા જડ એવા પદાર્થોનું સેવન; દહીં, અપક્વ અન્ન, મૃત્તિકા, ભાજી, સમુદ્રમાંના મચ્છ, વિષ વડે દૂષિત થયેલા અન્નનું સેવન, મૂળવ્યાધિ, અવ્યાયામ, શોધન કરવા યોગ્ય દોષો થાય તોપણુ તેનું શોધન નહિ કરવું, હૃદયાદિ મર્મસ્થાનને દોષોએ કરેલો ઉપઘાત, આમ, ગર્ભપતનાદિ ખરાબ પ્રસૂતિ, વમનાદિ પંચકર્મનો મિથ્યાયોગ, એ સર્વે દોષો સોજાનાં કારણો છે. ‡

લક્ષણુઃ—અંગે જડપણું, ચિત્ત સ્વસ્થ ન હોવું, સોજો દાહ, શિરા બારિક થવી, રોમાંચ ઉભાં થવાં તથા અંગનો રંગ બદલાવો એ સોજાનાં **સામાન્ય** લક્ષણો છે.

ઉપચારઃ—(૧) સાટોડી, દારુહળદર, હળદર, સુંઠ, બાળહરડે, ગળો, ચિત્રો, ભારંગમૂળ અને દેવદારનો કાઢો સર્વાંગનો સોજો દૂર કરે છે. (૨) વછનાગ, સુંઠ અને સાટોડીનાં મૂળને ગોમૂત્રમાં વાટી લેપ કરવો. (૩) ગલકીનાં પાંદડાંનો રસ ગોમૂત્રમાં નાખી ગરમ કરી ચોપડવો. (૪) કાચકી, આકડો અને એરંડાનાં પાંદડાંને વાટી ગરમ કરી સોજા ઉપર લેપ કરવો; એટલે ત્રણુ દિવસમાં સોજા ઉતરે છે. (૫) આદુનો રસ કિંવા સુંઠનો કાઢો દૂધ નાખી પાવો તથા તે પચી ગયા પછી ત્રિફળાંનો કાઢો શિલાજિત નાખી પાવો; એટલે ત્રિદોષજ સોજાનો નાશ થશે. (૬) સંચળ અને રાઈ એકત્ર વાટી લેપ કરવો. (૭) કાળી નગોડ, ચિત્રો, સુંઠ, નાગરમોથ, જીરૂં, રિંગણી, કાળીપાટ, હળદર, લીંડીપીંપર, ગજપીંપળી અને જટામાંસીનું ચૂર્ણ મંદોષ્ણ પાણીમાં મેળવી આપવું. આ સર્વોત્તમ ઉપાય છે. (૮) ગોળ, લીંડીપીંપર અને સુંઠનું ચૂર્ણ સોજો, આમાજીર્ણ અને શૂળનું

---

‡ વાત, પિત્ત, કફ, વાતપિત્ત, વાતકફ અને કફપિત્ત, સન્નિપાતનો, વાગવાનો અને ઝેરનો, એમ સોજો નવ પ્રકારનો ગણાય છે.

સંગ્રહિત ઉપચારઃ—(૧) એરંડાની જડ, ઇંદ્રજવ, સુંઠ, લીંડીપીંપર, સાજીખાર, જવખાર, હળદર, દેવદાર, એ સમાનભાગે લેવું. એ સર્વનો ત્રીજો ભાગ મંડૂર અથવા લવારની કોઢનો કાટોડો લઇ ખાંડી લૂગડે ચાળી તેની ફાકી સવારે ટાંક ૧ ની લેવી; તેથી અનેક જાતના સોજા, પિંડરોગ તથા દમ, એ મટે. એ ઔષધ એક માસ સુધી લાગટ ફાકવું. ખટાઈ, બાદીની શરદી કરે એવી ચીજ, તમામ મિઠાઈ, મઠ તથા મીઠી ચીજની પરેજી રાખવી. (૨) એરંડીઉં સોજા ઉપર મસળે તો વાયુનો સોજો જાય; પણુ ગરમીનો હોય તો વધારે થાય. (૩) નવો વાંસ, સિંધવ અને હળદર, એ સર્વેને ઘસી સોજા ઉપર ચોપડે તો આરામ થાય. (૪) સોજો લાલ રંગનો હોય તો લોહીથી થયો છે, એમ જાણવું. સોજામાં બળતરા થતી હોય તો જળો મૂકાવી લોહી કમી કરાવવું અને નીચલો મલમ ચોપડવો:-મહૂડાં શેર ૦।, હળદર ૨ પૈસાભાર, સાજીખાર ૨ પૈસાભાર, નીમક ૧ પૈસાભાર, એ સર્વેને મીઠા તેલમાં ઘુંટી મલમ કરવો અને તે દરદ ઉપર ચોપડવો અથવા સોજાવાળા ભાગ ઉપર તેની પટી મારવી; તેથી લોહીવિકારનું દરદ મટી જશે. લાગટ ૧૦—૧૫ દિવસ સુધી એ ઉપાય કરવાથી જલદી આરામ થાય; પણુ લોહીવિકારનું દરદ ન હોય તો લોહી કઢાવવું નહિ. જો કઢાવે તો નુકસાન થાય. સોજા ઉપર કુંવારનો ગરભ મસળે તો સોજો ઉતરે. (૫) એરંડાનું મૂળ, હિંગળ, સિંધવ અને ગુંસડાનું મૂળ સમાનભાગે તોલો ૦॥ લઈ પાણી સાથે ફકાડવાથી હાથપગનો સોજો ઉતરે. પથ્ય—બાજરીનો રોટલો, શેકેલા ચણા.

નાશક તથા અસ્થિશોધક છે. (૯) ત્રિફળાનો કાઢો ભેંસનું ઘી નાખી પાવો; એટલે સોજો, પ્રમેહ, નાડીવણ અને ભગંદરનો નાશ થાય છે. (૧૦) અરડુસી, ભોંયરિંગણી તથા ગળોનો કાઢો મધ નાખી આપવો; એટલે દુર્ધર સોજો, શ્વાસ, કાસ, તાવ અને ઉલટીનો નાશ થાય છે. (૧૧) સાટોડી, ચિત્રો, નગોડ, સુરજળ, એરંડાનાં પાંદડાં અને કાંટાસરીઓ પાણીમાં નાખી ઉકાળવું અને તેની વરાળની બાફ આપવી. (૧૨) ઠીકરાનો કકડો તપાવી તે ઉપર ગોમૂત્ર અને કારેલું તથા આંબાહળદરની ભૂકી નાખી તેની ધૂણી સોજાને આપવી.‡

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અંકોલ-૧૧, અગથીઓ-૬, અરડુસી-૨૪, અરણી-૧, ૯, આકડો-૯, ૨૭, ૪૦, આદુ-૩૦, આવળ-૨, આશેત્રી-૯, આસંધ-૧૩, ઉંદરકની-ક-૬, ઉંબરો-૮, કડવી ગલકી-૨, કારિવણુ-૬, કાસુંદરો-૩, કાળો ઉમરડો-૫, કાંચકી-૨, કાંટાસરીઓ-૧૦, ક્રીડામારી-૭, કુબો-૭, કેળ-૬, ખસખસ-૪, ગલકી-૨, થુવેર-૧૦, થુવેર ત્રણ ધારીઓ-૨, ધંતુરો-૬, નગોડ-૫, પાઠ (કાળીપાઠ)-૬, બાવચી-૨, બીલી-૨૬, ભાંગરો-૮, ભીલામો-૧૦, શર્ઈ-૧૨, લીંડીપીંપર-૧૬, વગડાઉ સાટોડી-૧, વછનાગ-૪, વસુ-૧, વાંદો-૪, શરસડો-૫, સમેરવો-૧૫, ૨૦; સાટોડી-૫, ૧૬, ૧૯, ૨૧, ૨૩ ની ટીપમાં નં. ૩, હળદર ૨૨ ની ટીપમાં નં. ૪. હરડે-૪૨. **વાયુથી શરીર સૂજે તે** માટે:—અંકોલ-૭. **વાયુથી આવેલા સોજા** માટે:—અખરોડ-૩, તુલસી-૨૪. **દાહયુક્ત સોજા** માટે:—લીમડો (કડવો)-૮. **સર્વાંગ સોજા** માટે:—ઉંદરકની-ક-૨.

જુઓ ગો૦વૈ૦માં:-ગોમૂત્ર૭ની ટીપમાં નં. ૨. જુઓ પ્રા૦ઔ૦માં:— બીરબહોટી-૭, સાબરશિંગ-૧.

પથ્ય:—રેચન, ઉષ્ણોદકનો શેક, જૂના ચોખા, કળથી, જવ, મગ, કારેલાં, લસણ, ગાજર, પડવળ, દૂધ; કડવા, તીખા, અગ્નિ પ્રદીપ્ત કરે એવા પદાર્થ અને ઉનું પાણી. **અપથ્ય:**—નવું અન્ન, જડાન્ન, સૂકાયલું શાક, ગોળ, આટો, દહીં, ખીચડી; ખાટા, દાઝેલા તથા દાહક પદાર્થ અને મૈથુન.

૬૨-સ્ત્રીઓના રોગ

(૧) પ્રદર* (ધૂપણી, વાંધું, લોહીવા, રક્તસ્રાવ)

કારણ:—વિરુદ્ધ ભક્ષણ, મદ્ય, અધ્યશન (ભોજન ઉપર ભોજન), વિરુદ્ધાહાર, અજીર્ણ, ગર્ભપાત, અતિ મૈથુન, ઘણું ચાલવું, અતિશોક, ઘણા ઉપવાસ કરવા, જડ ભાર ખેંચવાથી, કાષ્ઠાદિકના પ્રહાર વડે, દિવસે સૂઇ રહેવાથી, એ સર્વ કારણોથી કફ, પિત્ત, વાયુ અને સન્નિપાત એ ચાર ભેદોએ પ્રદરરોગ (પેશાબમાં ધાતુનું જવું) થાય છે.

પ્રદરનો ઉપદ્રવ:—સર્વ પ્રકારના પ્રદરમાં અંગ મરડાઈ જાય છે અને હાથપગ તોડાય છે તે પ્રદર અતિ વધવાથી શક્તિ કમી થાય છે, ચકરી આવે છે, મૂર્ચ્છા આવે છે, તૃષા લાગે છે, દાહ થાય છે, રોગી સ્ત્રી બડબડ કરે છે અને અંગ ધોળું સફેદ થાય છે, આંખે છારી વળે છે તથા વાતજરોગ આક્ષેપકાદિ લાગે છે. **કફજ પ્રદર:**—ખાટો, ઘટ્ટ, પરપોટાવાળો, કિંચિત્ ધોળો, ચોખાના ધોવરામણ જેવો સ્રાવ થાય છે. એને **શ્વેતપ્રદર** કહે છે. **પિત્તજ પ્રદર:**—કિંચિત્ પીળો,

---

‡ શોથ રોગમાં પુનર્નવા અષ્ટક, પુનર્નવા મંડૂર, શોથારિ મંડૂર, સુધાનિધિ રસ, દુગ્ધવટી, તક્રમંડૂર, શોથકાલાનલ રસ, ચિત્રકાદિ ઘૃત વગેરે ખાવા માટે અપાય છે. મર્દન માટે પુનર્નવાદિ તેલ, શુષ્કમૂલાદ્ય તેલ વગેરે અપાય છે.

* ગોરખ આમલી નંગ ૧ આખી લઇ તેના ગર્ભનો આટો તથા સાકર શેર ૦॥ અને કાગદી એલચી ૨ પૈસાભાર એકત્ર કરી દિવસ ૧૪ પાણીમાં આપવાથી મહાપ્રદર જાય. આ ઉપાય જૈન ગ્રંથમાં છે. કપાસીઆનાં બીજ દરરોજ તોલો ૧ લઇ સાકર સાથે ૧૫ દિવસ સુધી ખાય તો પ્રદરરોગ નિશ્ચય જાય છે. આ પ્રયોગ અમે જાતે અજમાવેલો છે.

નીલ, કાળો, રાતો અને કાઢા જેવો પ્રદર વહે છે; તેમાં દાહ, ચચરવું ઈત્યાદિ પિત્તની પીડા થાય છે; અને તે પ્રદરનો વેગ ઘણો હોય છે. **વાતજ પ્રદર:**—રૂક્ષ, રાતો, ફીણવાળો, થોડો થોડો માંસ ધોયેલા પાણી જેવો પ્રદર વહે છે અને તેમાં વાયુની પીડા થાય છે. **ત્રિદોષજ પ્રદર:**—જે પ્રદર મધ, ઘી, હરતાલ અને મજ્જાના રંગ જેવો અને દુર્ગંધીયુક્ત હોય છે તે ત્રિદોષજ જાણવો; એ અસાધ્ય છે. લોકો આ રોગના શ્વેત પ્રદર અને રક્ત પ્રદર એવા બે પ્રકાર માને છે.

શ્વેત પ્રદર ઉપર ઉપચાર:—(૧) કાળા ઉંબરાના ફળનો રસ કાઢી મધમાં પાવો; એટલે **ધોળો અને રાતો પ્રદર** દૂર થાય છે. પથ્ય—દૂધ અને ભાત. (૨) બોઠી અઘાડીનાં મૂળનો રસ, લોધર અને મધ નાખી આપવો. (૩) અરડુસીનાં પાંદડાંનો કિંવા ગળોનો રસ મધમાં આપવો. (૪) રગતરોહીડાનાં મૂળનો કલ્ક મધમાં આપવો. (૫) કપાસનાં મૂળ ચોખાના ધોવરામણમાં બે વખત ઘસી પાવાં અથવા ફળ કે મૂળ આપવાં. (૬) આમળાંનો રસ કિંવા ચૂર્ણ મધમાં આપવું. (૭) દરરોજ સવારે અને રાત્રે ઉંઘવાની વખતે ગાયના ૧૪ તોલા દૂધમાં ૨૧ તોલા પાણી અને ૪ માસા સુંઠ નાખી કઢવી, પાણી બાળી ફક્ત દૂધ શેષ રાખવું અને તેમાં ખડીસાકર નાખી પાવું. (૮) ખડીસાકર અને જીરાનું ચૂર્ણ ચોખાના ધોવરામણમાં આપવું. (૯) કાકડીનાં બીઆંમાંનું મગજ ૧ તોલો અને ધોળા કમળની કળીઓ ૧ તોલો બારિક વાટી તેમાં જીરૂં અને ખડીસાકર નાખી તે સાત દિવસ આપવું. (૧૦) અડદનો લોટ, જેઠીમધનું ચૂર્ણ, ભોંયકોળાનું ચૂર્ણ, મધ, સાકર અને ગાયનું દૂધ, એ એકત્ર કરી આપવાં. (૧૧) આમળાંનાં બી પાણીમાં વાટી, તેમાં સાકર અને મધ નાખી ૩ દિવસ આપવું. (૧૨) નાગકેસર છાશમાં વાટી ત્રણ દિવસ આપવું અને છાશ-ભાત ખાવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અઘાડી-૭, અબોલી-૧, અરડુસી-૮, આદુ-૨૬, આમળાં-૧, ૩૧, કાકડી-૬, રગતરોહીડો-૩. **કફપ્રદર** માટે:—કાળો ઉમરડો-૩.

રક્તપ્રદર ઉપર ઉપચાર:—(૧) અશોકની છાલનો કાઢો દૂધ અને પાણી મેળવી દુગ્ધાવશેષ કરી ઠંડો થયા પછી પાવો. તે **તીવ્ર રક્ત પ્રદરનો** નાશ કરે છે. (૨) શુદ્ધ સ્થાન ઉપરની વાઘાટીનાં ઉત્તર દિશા ભણીનાં મૂળ ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં કાઢી લેવાં અને તે કમ્મરે બાંધવાં. (૩) કેવડાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઘસી સાકર નાખી આપવાં. (૪) તવખીર, રાળ અને ગેરૂનું ચૂર્ણ ઘીમાં આપવું. (૫) નાગકેસરની ભૂકી ઘીમાં પલાળી રાખી સોપારી જેવડી ગોળી કરી બે વખત આપવી. (૬) બાવળની શિંગો, બાળકેરી (કાચી કેરી), મોચરસના ઝાડની છાલ અને ગુંદીનાં બીઆંનું ચૂર્ણ, એ એકત્ર કરી દૂધમાં આપવું. (૭) ઉંદરની લીંડીઓ બલાબલ જોઈ દૂધમાં મેળવી ૨-૩ દિવસ આપવી. (૮) ખેરી ગુંદ રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે સાકર નાખી આપવો; એટલે રક્તપ્રદર અને પ્રમેહનો નાશ થાય છે. (૯) જૂની ઈંટનું ચૂર્ણ ૬ માસા, માયફળ ૩ માસા અને ગાયનું ઘી એક તોલો એકત્ર કરી ૭ દિવસ આપવું. (૧૦) ખપાટનાં પાંદડાંનો રસ ૨ તોલા કાઢી તેમાં નાગકેસરનું ચૂર્ણ ૨ માસા નાખી ૭ દિવસ આપવું. (૧૧) કેસર, એલચી, જાયફળ, વંશલોચન, નાગકેસર અને શંખજીરૂં, એ સર્વનું સમભાગ ચૂર્ણ કરી તે ૨ માસા ચૂર્ણ, ૨ માસા મધ, ૬ માસા ગાયનું ઘી અને ૩ માસા સાકરમાં સેવન કરવું; એટલે **રક્તપ્રદર, રક્તપ્રમેહ, રક્તાર્શ,** એ રોગો દૂર થાય છે. આ ઔષધ બે વખત લઇ ઉપર ગાયનું તપાવેલું દૂધ સાકર નાખી પાવું. (૧૨) પાકેલું કેળું એક અર્ધા તોલા ઘીમાં દરરોજ સવાર-સાંજ ખાવું. એ ખાવાથી કોઇને ટાઢું પડે તો તુરતજ કેળાંની અંદર મધ નાખી લેવું; એટલે **રક્તપ્રદર** અને **ધાતુવિકાર** દૂર થાય છે. સાખરૂંઢનાં (પડવાસનાં) ફળ તલના તેલમાં ૩ માસા આપવાં, એટલે સર્વ પ્રકારના પ્રદરોનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આસોપાલવ-૧, ઉંબરો-૨૭, એલચી-૫, કાળો ઉમરડો-૩, કેવડાનું ઝાડ-૧, તવખીર વૃક્ષ-૪, નાગકેસર-૪, ૬, નાની અરણી-૧, બાવળ-૧૧, કડવો લીમડો-૩૦. જુઓ પ્રા૦ઔ૦માં:—મીણ-૪.

સર્વ પ્રદરો ઉપર ઉપચાર:—(૧) નવા થયેલા પ્રદર ઉપર એરંડતેલનો રેચ આપવો અને

દરરોજ સૂઈ રહેતી વેળાએ ગાયના ગરમ કરેલા દૂધમાં ખાંડ અને થોડી સુંઠની ભૂકી નાખી તે પાવું. (૨) ડાભનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી ત્રણ દિવસ પાવાં. (૩) ત્રિફળાં, સુંઠ, દારુહળદર અને લોધરનો કાઢો મધ અને લોધરનું ચૂર્ણ નાખી આપવો; તે ત્રિદોષજ પ્રદરનો નાશ કરે છે. (૪) ઉંબરાનાં ફળનું ચૂર્ણ કરી, તેમાં સાકર અને મધ નાખી મોદક કરી તે આપવા. (૪) દારુહળદર, રસાંજન, અરડુસી, નાગરમોથ, કરીઆતુ, બેલકાચરી (સૂકાં બીલાં) અને બીલામાનો કાઢો મધ નાખી પાવો. (૬) ભોંયઆમળીનાં મૂળ ચોખાના ધોવરામણમાં ત્રણ દિવસ પાવાં; એટલે તે દુઃસાધ્ય પ્રદરની શાંતિ કરે છે. (૭) ધાવડીનાં ફૂલનો કાઢો ત્રણ દિવસ પાવો અથવા પાનનો રસ સાકરમાં પાવો. (૮) ત્રિફળાં, દેવદાર, વજ, અરડુસી, ધરો, પીઠવણ અને બળદાણાનો કાઢો મધ નાખી પાવો. (૯)કાંટાસરીઆનાં મૂળ, મહૂડાની છાલ, ધોળું ચંદન અને જેઠીમધ, એ વાટી ચોખાના ધોવરામણમાં પાવું. (૧૦) કોઠી અને વાંસનાં પાંદડાં વાટી તે કલ્ક મધ નાખી આપવો. (૧૧) તાંદળજાનાં મૂળીઆં અથવા અશોકની છાલ ચોખાના ધોવરામણમાં વાટી તેમાં મધ અને રસાંજન નાખી તે આપવું. (૧૨) ઉંદરની લીંડીઓ, ધાવડીનાં ફૂલ અને હીરાબોળ સમભાગ લઇ ચૂર્ણ કરી તે એક તોલો આપવું; એટલે સાત દિવસમાં સર્વ પ્રકારના પ્રદરનો નાશ થશે. (૧૩) શેરણીનાં પાંદડાંનું ચૂર્ણ ઘીમાં આપવું, એટલે શળયુક્ત પ્રદર દૂર થશે. (૧૪) દારુહળદર, બીલાંમો, લાજાળુ, તલનાં ફૂલ અને રસાંજનનો કાઢો આપવો. (૧૫) મોચરસના ઝાડની છાલનું ચૂર્ણ દૂધમાં આપવું. (૧૬) દારુહળદરના કાઢામાં ૩ માસા શિલાજિત નાખી ૭ દિવસ આપવું. (૧૭) ખારેકો ભાગી ઘીમાં તળી તેમાં ગોપીચંદનની ભૂકી નાખી તે આપવી. (૧૮) જાસુંદીનાં ફૂલની કળીઓ, સવાર-સાંજ ચાર-પાંચ લઈ ૬ માસા ખડીસાકરમાં આપવી અને ઉપર ૭ તોલા દૂધ સાકર નાખી પાવું; એટલે પ્રદર અને ધાતુવિકાર દૂર થઇ પુષ્ટિ આવે છે. (૧૯) આસોંદનું ચૂર્ણ ગાયના દૂધમાં સાકર નાખી બે વખત આપવું; એટલે પ્રદર અને ધાતુવિકાર દૂર થઈ શક્તિ આવે છે. (૨૦)જાસુંદીનાં મૂળ ગાયના દૂધમાં ઘસી સાકર નાખી સવાર-સાંજ બે વખત આપવાં; એટલે પ્રદર, ધાતુવિકાર, રક્તાર્શ એ રોગો દૂર થઇ પુષ્ટિ આવે છે. (૨૧) ગુલાબનાં તાજાં ફૂલ સવાર-સાંજ ૫ લઇ સાકર સાથે ખાઇ ઉપર ગાયનું દૂધ પીવું; એટલે પ્રદર, ધાતુવિકાર, મૂત્રવિકાર, પિત્ત અને રક્તાર્શ, એ દૂર થઇ ઝાડો સાફ થાય છે. (૨૨) બકુલના (બોરસલીના) ઝાડનાં તાજાં ફૂલ એક તોલો લઇ તેમાં ત્રણ ચાર બદામ નાખી સાકર સાથે તે બે વખત ખાવા આપવાં અને તે ઉપર ઠંડું પાણી ૧ તોલો પાવું; એટલે પ્રદર અને ધાતુવિકાર, એ રોગો દૂર થાય છે. (૨૩) સવાર-સાંજ સાલમમિશ્રી, સફેદ મુસળી અને પંજાબી મિશ્રીનું સમભાગ ચૂર્ણ ૩ માસા લઇ દૂધમાં સાકર નાખી આપવું; એટલે પ્રદર અને ધાતુવિકાર, એ રોગો દૂર થાય છે. (૨૪) ધોળી જાસુંદીનાં મૂળ, કમળકંદ, ધોળી શેમળનો કંદ અથવા છાલ, એની ૭ માસા વસ્ત્રગાળ ભૂકી નિત્ય સવાર-સાંજ ગાયના દૂધમાં સાકર નાખી આપવી; એટલે પ્રદર અને ધાતુવિકારનો નાશ થાય છે. (૨૫) કુલડીમાં ૪ ભાગ ગોપીચંદન અને ૧ ભાગ ફટકડી નાખી તેની ભસ્મ કરવી. તે ચણોઠીભાર જેટલી ચોખાના ધોવરામણમાં મધ અગર સાકર નાખી આપવી.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અજવલ્લા-૩, આસંધ-૯, આસોપાલવ-૨, આંબો-૪ ૨૫, કપાસ-૧, કાંટીગોખરૂ-૫, કાંડોળી-૪, કાંસકી-૪, કેસરીચંપો-૧, કેળ-૧૧, ૧૭, ૨૩, કોઠી-૩, ખજૂરી-૧૬, ગુલાબ-૭, ગોરખઆમલી-૩, ગૌરીનો ફણો-૪, જીરૂં-૪, ડાભ-૧, તાંદળજો-૨, તોરણ-૨, દારુહળદર-૨, ધાવડી-૪, ધોળી પીલુડી-૨, નાગકેસર-૭, પીંપળો-૨૫, બિઠી-૧, બીવલો-૧, બોરસળી-૪, બોળ (હીરાબોળ)-૭, ભોંયઆમળી-૧, મુસળા-૪, રતનજોત-૬, ૯, ૧૧, લીમડો (કડવો)-૩૦, લોધર-૧, વરી (મોરીઓ)-૧, શરસડો-૧, શિમળો-૧, સારફળ-૩, સાલમ-૧, સુખડ-૬. **પિત્તપ્રદર** માટેઃ—અરડુસી-૭, જેઠીમધ-૮, શતાવરી-૭. **વાતપ્રદર** માટેઃ—મળો-૧૬. **વાતપિત્ત પ્રદર** માટેઃ—દારુહળદર-૮, રાયણ-૨. **શૂળયુક્ત પ્રદર**

× **પ્રદર માટે સિદ્ધ ઔષધઃ**—અશોકઘૃત, શીતકલ્યાયણ ઘૃત, કુટજાષ્ટક અવલેહ, ચંદનાદિ ચૂર્ણ, પુષ્પાનુગ ચૂર્ણ, પ્રદરાંતક લોહ, પ્રદરારિ રસ, શતાવરીઘૃત, દાર્વ્યાદિ ક્વાથ, ફલ, ઘૃત વગેરે.

ચારઃ—શેરણી–૧. જુઓ પ્રાઓૌઓમાઃ—ઉંદરની લીંડીઓ–૨.

પથ્યઃ—જૂના ચોખા, જવ, મગ, મસુર, ચણા, તુવેર, દૂધ, ઘી, તાંદળજો, પંડોળાં, દુધી અને ઠંડુ પાણી. **અપથ્યઃ**—વ્યાયામ, મુસાફરી કરવી, તડકો, મૈથુન, કળથી, રિંગણાં, ગોળ, તલ, અડદ, દહીં, ક્ષાર પદાર્થ, તાંબુલ, કઠોળ (દ્વિદલ ધાન્ય), ખાટા પદાર્થ અને મીઠું.

(૨) સોમરોગ (જળપ્રદર)

કારણઃ—સ્ત્રીઓને મૈથુનનો અતિ પ્રસંગ, શોક, શ્રમ, અતિસાર કિંવા વિષદોષે કરી સંપૂર્ણ શરીરમાંનું ઉદક ક્ષોભ પામી, તે મૂત્રમાર્ગ સુધી આવી મૂત્રદ્વારે સ્રવે છે. **શ્વેત પ્રદર** જેવોજ આ એક પ્રકારનો રોગ છે.

લક્ષણ અને નિરુક્તિઃ—તે વખતે તેના વેગનું ધારણ ન થવાથી કાંઇ પણ સુખ જણાતું નથી અને તેનું મસ્તક શિથિલ થાય છે; મોઢું અને તાળવું સુકાય છે; મૂર્છા, બડબડ તથા શરીરની ચામડીને અતિ રૂક્ષતા આવે છે અને ભોજન કે પ્રાશનીય પદાર્થોએ કરી તેની તૃપ્તિ થતી નથી. ઉદકો શરીરનું ધારણ કરે છે; એટલે તે ઉદકને પણ **સોમ** સંજ્ઞા આપેલી છે, તે **સોમનો** ક્ષય થાય છે; એટલા માટે એ વ્યાધિને **સોમરોગ** કહે છે. **મૂત્રાતિસાર**—તે ઉદકરૂપ સોમનો ક્ષય થાય છે તેથી દેહને નિશ્ચેષ્ટતા આવે છે. તે સોમરોગ જે વખતે વેદનાયુક્ત સ્રવે છે તથા સોમ-લક્ષણો થઇ ઘણા દિવસ જાય છે અને તે કાંજી જેવો વારંવાર મૂત્રમાર્ગે સ્રવે છે, ત્યારે તેને મૂત્રાતિસાર કહે છે. આ રોગ બળનો નાશ કરે છે. **સોમલક્ષણઃ**—ઘણોજ સ્વચ્છ, ઠંડો, ગંધ તથા વેદનાથી રહિત, ધોળો એવો અતિસ્રાવ થાય છે, તેમાં તે સ્ત્રી અતિ દુર્બળ થાય છે.*

ઉપચારઃ—(૧) કાળી મુસળી, ખારેકો, જેઠીમધ તથા ભોંયકોળાનું ચૂર્ણ મધ અને સાકરમાં આપવું. (૨) કુંવાડીઆનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી સવારે પ્રાશન કરવાં. (૩) પાકેલાં કેળાં અને આમળાંનો રસ એકત્ર કરી તેમાં સાકર નાખી તે આપવું.

વિશેષ ઉપચાર—જુઓ વનૌ૦માંઃ—કુંવાડીઓ–૪, નાગકેસર–૨.

રજોદોષઃ—કેટલીક સ્ત્રીઓને એવો રોગ થાય છે કે દરેક મહિનામાં બે વાર રજસ્વલા થાય છે; અને રજસ્વલા થયા પછી આઠ આઠ દિવસપર્યંત નિત્ય સ્રાવ થતો રહે છે; તે કારણથી ક્ષીણતા, ગ્લાનિ, હાથપગનો દાહ, એ વિકારો થાય છે.

શુદ્ધાર્તવનાં લક્ષણોઃ—જે આર્તવ (અટકાવ) પરપોટાવાળો નથી હોતો, જેની અંદર દાહ, શૂળ ઇત્યાદિ હોતાં નથી, જે મહિનામાં પાંચ દિવસ સુધી નિયમ પ્રમાણે હોય છે; ઘણો વધારે તેમ ઘણો થોડો પણ નહિ એવો મધ્યમ સ્રવે છે, તે શુદ્ધ એમ સમજવું; તથા જે **સસલાના** લોહી જેવો કિંવા અળતા જેવો લાલ હોય છે અને જેમાં વસ્ત્ર પલાળી ધોઇ નાખવાથી ડાઘ રહેતો નથી તે આર્તવ શુદ્ધ સમજવો.

રજોદોષ પર ઉપચારઃ—(૧) કાંડવેલ અંગારામાં શેકી ૨ તોલાપર્યંત રસ કાઢી તેમાં તેટલુંજ ઘી, ગોપીચંદનની ભૂકી ૧ તોલો અને સાકરની ભૂકી ૧ તોલો નાખી તે પાવો. (૨) શંખજીરૂં અને પાષાણભેદનું ચૂર્ણ દૂધમાં આપવું. **માસિક ધર્મ (અટકાવ) આવતી વખતે પેટ અને કમરમાં દુઃખાવો થવો તથા અટકાવ સાફ ન આવવા ઉપરઃ**—ઘી ૪॥ તોલા, ગોળ ૨॥ તોલા, અજમાનું ચૂર્ણ ૬ માસા, સુંઠનું ચૂર્ણ ૬ માસા, હળદરની ભૂકી ૨ માસા, એ પ્રમાણે સર્વ વસ્તુ લઈ તેના બે હિસ્સા કરવા. તેને પ્રથમ ૨૦ તોલા પાણીમાં ઉપર કહેલ ગોળ મેળવી પછી બાકીની ઔષધિ નાખી તે મિશ્રણ ચૂલા ઉપર મૂકી શેકવું. (અર્ધો ભાગ એક દિવસ માટે લેવો, અર્ધો ભાગ બીજા દિવસ માટે રાખવો. એક દિવસમાં પણ બે વખત લેવું. ભોજનથી પહેલાં.) આ ઔષધનો અનુભવ કરેલો છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—કાંડવેલ–૨.

---

* સોમરોગ મૂત્રમાર્ગ અથવા મૂત્રનળીમાં થાય છે. પણ પ્રદરરોગનું મૂળ ગર્ભાશયમાં હોય છે.

(૩) યોનિરોગ×

***યોનિરોગ ઉપર ઉપચાર:**—(૧) વડ, પીંપળો, ઉંબરો, પીંપળી, વાંસ, પારસપીંપળો, મહૂડો, અંબાડા, નાંદરૂખ, કદંબ, અરજુનવૃક્ષ અને બોરડીની છાલ, જેઠીમધ, ચારોળી, રાતો અને ધોળો લોધર, ધુપેડો, અરલુ, નાનાં જાંબુ, મોટાં જાંબુ, કેરી, બાળહરડે અને અસાણા, એમાંથી જે મળે તે મેળવી તેનો કાઢો કરી આપવો; એટલે **યોનિરોગ, વ્રણ, અસ્થિભંગ, દાહ, મેદારોગ, પ્રમેહ અને વિષદોષ** દૂર થાય છે. (૨) સિવણુ, ત્રિફળાં, દ્રાક્ષ, કાસુંદરો, આંબાહળદર, હળદર, ગળો, કાંટાસરીઆનાં મૂળ, શતાવરી, સારોઠી, ફાલસા, એ ઔષધો તોલો

× કેટલાક ગ્રંથોમાં યોનિરોગ ૨૦ પ્રકારના બતાવેલ છે, તે આ પ્રમાણે:—૧–રજસ્વલા થતાં ઘણા કષ્ટથી ફીણસહિત લોહી છોડે તે **ઉદાવૃત્તા યોનિ.** ૨–રજસ્વલા ન થાય તે વંધ્યા અથવા **વાંઝણી** યોનિ. ૩–યોનિમાં હમેશ પીડા રહે તે **વિપ્લુતા યોનિ.** ૪–યોનિ કઠોર હોય અને યોનમાં શૂળ ચાલે તે **વાતલા.** ૫–યોનિમાં બળતરા રહે અને લોહી નીકળ્યા કરે તે **લોહિતક્ષયા.** ૬–જે યોનિ પોતાના સ્થાનથી હટી જાય તથા પ્રસવ થતાં કષ્ટ થાય છે તે **પ્રસ્રંસિની.** ૭–યોનિમાંથી પવનયુક્ત લોહીની સાથે વીર્ય નીકળે તે **વામિની.** ૮–ગર્ભ રહે અને નીકળી જાય તે **પુત્રઘ્નિ.** ૯–જે યોનિમાં બળતરા ઘણી રહે, પાકી જાય તથા શરીરમાં તાવ રહે તે **પિત્તલા.** ૧૦–જેને પુરુષના સંગથી–મૈથુનથી સંતોષ ન થાય તે **અત્યાનંદા.** ૧૧–જે યોનિમાં કફ તથા લોહી વિકારથી ગાંઠ બની જાય તે **કર્ણિની.** ૧૨–જે યોનિમાં વીર્ય ન ટકે એટલે પુરુષના પહેલાં દ્રવિત થાય તે **અચરણા.** ૧૩–જે યોનિ પુરુષથી પહેલાં દ્રવિત થઈ જાય તે **અતિચરણા** યોનિ કહેવાય છે. યોનિના આ બે દોષો સંતાનપ્રાપ્તિમાં બાધક છે. ૧૪–જે યોનિ અત્યંત ચીકણી, શીતલ તથા ખાજયુક્ત હોય તે **શ્લેષ્મલા.** ૧૫–જે યોનિ રજરહિત રહેતી હોય તથા મૈથુન કરતી વખતે ખરદરી જણાય તે **ષંઢી.** આવી સ્ત્રીઓના સ્તન પણ નાના હોય છે. ૧૬–જે યોનિનું મોઢું નાનું હોય તથા વૃષણની સમાન બહાર લટકી આવે તે **અંડિની.** ૧૭–જે યોનિનું મુખ મોટું હોય તે **મહાવિવૃતા.** ૧૮–સોય સરખું ઝીણું છિદ્ર હોય તે **સૂચિવક્ત્રા.** ૧૯–વાતલા, પિત્તલા, શ્લેષ્મલા વગેરેના દોષોના કોપનાં સર્વ લક્ષણ થાય તે **સન્નિપાતિકા યોનિ.** ૨૦–જે સ્ત્રીને સ્ત્રીધર્મ પ્રાપ્ત થતાં કે મૈથુનસમયમાં ઘણી પીડા થાય તેને પરિપ્લુતા યોનિ કહે છે. એ પ્રમાણે સ્ત્રીઓને મિથ્યા આહારવિહારે કરીને વાયુ, પિત્ત તથા કફ દુષ્ટ થઈ સ્ત્રીઓની યોનિમાં વીસ પ્રકારના રોગો ઉપજાવે છે.

ઋતુપ્રાપ્તિ માટે:—(૧) સરસવફૂલ અને સરસવ દાણા જાવેલ તેલમાં કાલવી પાવાથી ઋતુ આવે. (૨) કાળું તેલ પાણીમાં ઉકાળી દિવસ ૩ પાવાથી ઋતુ આવે. આ બે પ્રયોગ જૈનગ્રંથોમાંથી મળ્યા છે.

* યોનિરોગ કેટલાક કષ્ટસાધ્ય છે તથા કેટલાક અસાધ્ય છે. યોનિરોગમાં વિશેષ કરીને વાતનાશક ઉપચાર કરવા. બસ્તિ, મર્દન, પરિષેક (કાઢાથી ધોવું), લેપ તથા તેલથી ભીંજાવેલ વસ્ત્રનો કાકડો યોનિમાં રાખવો. આ ઉપરાંત ખાવાની ઔષધિ પણ આપવી.

શતાવરી ઘૃત તથા ફલઘૃત યોનિરોગની ઉત્તમ ઔષધિ છે. અંદર લગાડવા માટે બલા તેલ, ગુડુચ્યાદિ તેલ, ધાતક્યાદિ તેલ, નતાદ્ય તેલ, પ્રિયંગ્વાદિ તેલ અપાય છે. (૧) કડવા લીમડાની લીંબોળીને લીમડાના પાનના રસમાં વાટી યોનિમાં લેપ કરવાથી યોનિશૂળ મટે છે. (૨) માંદોળ, કપૂર અને મધને વાટી યોનિમાં લગાડવાથી વાંકી થયેલી નસ સીધી થાય છે તથા યોનિ સંકોચાય છે. આવીજ રીતે માયફળ, કપૂર તથા મધ મેળવીને પણ લગાડાય છે. (૩) **કષ્ટાર્તવ માટે:**—એળીઓ, હીરાબોળ, શુદ્ધ હીંગ શેકેલી, ટંકણખાર ફૂલાવેલો, હીરાકસી તથા જટામાંસી વગેરે એકેક તોલો લેવાં તથા શુદ્ધ સોમલ ૫ રતી મેળવી સારી રીતે ખરલ કરી કેળના રસમાં વટાણા જેવડી ગોળી બનાવવી. ઋતુ આવ્યા પહેલાં ૮–૧૦ દિવસ આગળથી દિવસમાં બે વખત બબ્બે ગોળી પાણી સાથે આપવાની શરૂઆત કરવી, જેથી ઋતુ સાફ આવે છે અને મગજની નબળાઇ તથા શરીરમાં રહેલા વાતદોષને દૂર કરે છે.

તોલો લઈ એ બધાંથી સોળગણું પાણી નાખવું. અષ્ટમાંશ પાણી બાકી રહે એટલે તેમાં શેરભર ઘી નાખી ઘૃત સિદ્ધ કરવું. તે નિત્ય ભક્ષણ કરવાથી યોનિસંબંધી સર્વ રોગ દૂર થાય છે તથા ગર્ભ રહે છે. (૩) લીંડીપીંપર, મરી, શતાવરી, અડદ, કોઠ અને સિંધવની આંગળી જેવી જાડી દીવેટ કરી યોનિમાં રાખવી. (૪) ગળો, ત્રિફળાં અને દંતીમૂળનો કાઢો કરી તેનાથી યોનિ ધોવી એટલે કંડૂની શાંતિ થાય છે. (૫) **યોનિસ્રાવ ઉપર:**—મગનાં ફૂલ, કાથો, હરડે, જાયફળ, પહાડમૂળ તથા સોપારીનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી યોનિમાં રાખવું; એટલે તે ઘટ્ટ થઈ તેમાંથી પાણી વહેશે નહિ. (૬) આમળાંનો રસ સાકર નાખી આપવો એટલે યોનિદાહ શાંત થશે. **નષ્ટાર્તવ:**—કોઈ કોઈ વખતે આ રોગને લીધે તરુણ અવસ્થામાં તેમજ પાકી ઉંમરે પણ સ્ત્રીને અટકાવ આવતો નથી, ફરી અતિશય ક્ષીણતા પ્રાપ્ત થઈ કદી પ્રાણનો પણ નાશ થાય છે.

યોનિશૂળ ઉપર ઉપચાર:—(૧) રાસ્ના, આસોંદ, અરડુસી, એ ચીજો નાખી દૂધ સિદ્ધ કરવું અને તે પાવું. (૨) ગળો, ત્રિફળાં અને દંતીમૂળના કાઢાવડે યોનિને શેક કરવો. (૩) તગર, રિંગણી, કોઠ, સિંધવ, દેવદાર એ પદાર્થોના કાઢામાં તેલ સિદ્ધ કરી તેમાં રૂ ભીંજવી યોનિમાં ધારણ કરવું. (૪) રૂ લઈ ઘીમાં બોળી તે ઉપર ચંદનનું પાણી સિંચી યોનિમાં ધારણ કરવું. (૫) જૂની ઈંટની અથવા મીઠાની ભૂકીની પોટલી વડે શેક કરવો. (૬) સુંઠ, મરી અને લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં ચાટવા આપવું. (૭) બીલીનાં પાંદડાં અથવા કાચરી, કલોંજી જીરૂં, અરડુસી, સુંઠ, મરી, લીંડીપીંપર, પીંપળીમૂળ, એ ઔષધો વાટી ગરમ પાણીમાં મેળવી ગાળી તે પાવું. (૮) સુંઠની ભૂકી એરંડતેલમાં કાલવી અથવા સુંઠ અને એરંડમૂળ પાણીમાં ઘસી લેપ કરવો. (૯) સિંધાલૂણ, અફીણ, હીરાબોળ અને આંબાહળદર, એ ઔષધો કૂટી પાણીમાં વાટી ગોળી કરી તે યોનિમાં રાખવી. (૧૦) કડવી ઇંદ્રવરણીનાં મૂળ મેંઢીના ઘીમાં કિંવા દૂધમાં ઘસી અંદર લેપ કરવો. (૧૧) કાળા ધંતુરાનાં બે-ત્રણ પાંદડાં બારિક વાટી સિંધવ અને ઘી નાખી પોટલી કરી તે યોનિમાં રાખવી; એટલે સર્વ પ્રકારનું શૂળ બંધ થઈ જાય છે. (૧૨) બીડલોણ, બાવચો, અરડુસીનાં મૂળ, લીંડીપીંપર, વજ, મરી, પીંપળીમૂળ અને સુંઠનો કલ્ક કરી કોકરવર્ણા પાણીમાં આપવો. (૧૩) કલગારી, અઘેડો, કિંવા ઇંદ્રવરણાનાં મૂળ યોનિમાં ધારણ કરવાં; એટલે યોનિશૂળ અને પુષ્પાવરોધનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આદુ-૪, ઇંદ્રવરણા-૧૨, એરંડો-૨૮, કલગારી-૭, ધંતુરો-૧૧, લીમડો (કડવો)-૨૫, સમેરવો-૬.

રજોદર્શનના ઉપાય:—(૧) કાળા તલના કાઢામાં ગોળ નાખી ઠંડો કરી પાવો. (૨) તલ, વડગુંદાં અને વરીઆળીનો કાઢો ઠંડો કરી ગોળ નાખી પાવો. (૩) ધોળી ધરોના રસમાં દાડમની મોટી મોટી કળીઓ ચિંટી, તે રસ વાસી પેજમાં આપવો. (૪) કડવી દુધીનાં બીઆં, દંતીબીજ, લીંડીપીંપર, ગોળ, મીંઢળ, દારૂ કરવા માટે સડાવીને તૈયાર કરે છે તે કિણ્વ, યવક્ષાર અને થુરીઆનું દૂધ એકત્ર કરી તેની દીવેટ તૈયાર કરી તે યોનિમાં ધારણ કરવી; એટલે રજને ઉત્પન્ન કરે છે. (૫) કાંજી, તેલ, અડદ, દહીંમાં પાણી નાખ્યા સિવાય કરેલી છાશ અને દહીંનું સેવન કરવું; તથા માલકાંગણીનાં પાંદડાં વાટી તે તથા રાઈ, ઘોડાવજ, અસાળીનું ચૂર્ણ દૂધમાં ત્રણ દિવસ આપવું. (૬) પીંપળાની અને આમલીની છાલ પાણીમાં ઘસી તે પાવી. (૭) કડવી ઇંદ્રવરણીનાં મૂળ યોનિમાં રાખવાં અથવા કડવી ઇંદ્રવરણીનાં ફળ માખણમાં ખાવાં. (૮) તલના કાઢામાં સુંઠ, મરી, લીંડીપીંપર, હીંગ અને ભારંગમૂળનું ત્રણ માસા ચૂર્ણ નાખી તે આપવો; એટલે અટકાવ આવશે અને રક્તગુલ્મ પણ દૂર થશે. (૯) ભારંગમૂળ, સુંઠ, મરી અને લીંડીપીંપરનો કાઢો ગોળ નાખી આપવો. (૧૦) રાયણનાં બીઆંમાંનું મગજ કાઢી તેની પોટલી યોનિમાં રાખવી. (૧૧) ગાજરનાં બીઆં પાણીમાં વાટી પાંચ-સાત દિવસ આપવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—**યોનિદાહ** માટે:—આમળાં-૨૦. **પુષ્પાવરોધ એટલે ઋતુપ્રાપ્તિ** માટે:—અઘેડો-૧૬, ઇંદ્રવરણા-૫, કલગારી-૭, ખેરેતી-૯, ગાજર-૨, તલ-૪, ૨૦, ધરો-૫, પીંપળો-૧૭, માલકાંગણી-૪. **નષ્ટપુષ્પ** એટલે અટકાવ યોગ્ય વખતે અથવા બરાબર ન

થતો હોય તે માટે:—કપાસ-૧૪, નાકછીંકણું-૨. પુષ્પાવરોધ એટલે ઋતુપ્રાપ્તિ કે આર્તવદોષ થવા માટે:—ખાખરો-૫, બોળ (હીરાબોળ)-૬, મજીઠ-૫, રાયણ-૩. સ્ત્રીઓની કેડે કળતર થાય તે માટે:—નાગદમની-૪. જુઓ રસવૈદ્યમાં:—ફટકડી-૮-અ

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગમાં નં. ૧૨. મલમપ્રયોગમાં નં.-૨૦, ૨૪.

(૪) યોનિકંદ

દિવસે ઉંઘવાથી, અત્યંત ક્રોધ કરવાથી, અતિ મૈથુનથી, યોનિમાં નખ દાંતવડે ક્ષત થવાથી, વાતાદિ દોષ કુપિત થઈ પરૂ અને રક્તના રંગ જેવા રંગનો, અંગુઠા જેવડો ગોળ એવો માંસનો ગોળો યોનિમાં ઉત્પન્ન થાય છે, તેને યોનિકંદ કહે છે.

ઉપચાર:—(૧) ગેરૂ, આંબાની ગોટલીની અંદરનું મગજ, હળદર, સુરમો અને માયાનું ચૂર્ણ મધમાં કાલવી યોનિમાં ધારણ કરવું તથા ત્રિફળાંના કાઢામાં મધ નાખી સેવન કરવું. (૨) ગળો, ત્રિફળાં અને દંતીમૂળના કાઢામાં લીંડીપીંપર, મરી, અડદ, શતાવરી, કોષ્ઠ અને સિંધવ વાટી તેની આંગળી જેવડી દીવેટ કરી યોનિમાં રાખવી; એટલે તે યોનિમાંનું દર્દ કાઢી યોનિ સ્વચ્છ કરશે. (૩) નાંદરૂખી અને પીળા લોધરને કૂટી આમલી સાથે પકવ કરી તેનો લેપ કરવો. (૪) પિત્તપાપડો કૂટી કણુકમાં મેળવી, હાથેળાં જેવડી પુરી કરી તે ગોળા ઉપર બાંધવી. (૫) કડવા લીમડાનાં બીઆં તેલમાં તળી તેમાંજ ખરલ કરવાં; તથા તેમાં થોડી મોરથુથાની ફુલાવેલી ભૂકી નાખી તે મલમ કંદ ઉપર ચોપડવો; એટલે કંદ ગરી પડે છે. આ ઔષધ મૂળવ્યાધિના મસા ઉપર પણ ચોપડવું; એટલે તેનો પણ નાશ થશે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-ખાખરો-૧૬, નાંદરૂખ-૧, રીસામણી-૩, શિરકસિયો-૨, સહદેવી-૨.

(૫) ગર્ભિણીરોગ

ગર્ભધારણ થયેલી સ્ત્રીનાં લક્ષણો:—ગર્ભધારણ થવાની સાથેજ સ્ત્રીને તૃપ્તિ અને આનંદ જણાય છે. ડૂંટી પર ઠંડુ પાણી રેડવું; જો તેને તાવ આવ્યા જેવું જણાય તો ગર્ભ ધારણ થયો છે એમ સમજવું. રહેતે રહેતે તેના અંગે જડપણું આવે છે, સૂર્યનાં કિરણ જોતાં ત્રાસ આવે છે, આળસ આવે છે, મુખમાં મોળાશ છૂટે છે, કોઈ પણ પદાર્થ ઉપર પ્રીતિ થાય છે, અન્ન પચન થતું નથી, હૃદય ધડકવા લાગે છે, ગ્લાનિ અને અંગ ઉપર પ્રસ્વેદ આવે છે, એ લક્ષણો સાધારણ ગર્ભિણીને થાય છે. ગર્ભિણીના શરીર ઉપર સફેદાઈ આવવા માંડે છે અને તેના સ્તનનો અગ્રભાગ કાળાશ પકડતો જાય છે. ગર્ભિણી સ્ત્રીએ પોતાનો ખોરાક સાત્ત્વિક રાખવો, ઘણી મહેનત કરવી નહિ તેમ ઘણુંજ બેસી રહેવું પણ નહિ. શક્તિ પ્રમાણે કામ કરવું, એટલે પ્રસૂતિસમયે વધારે પીડા થશે નહિ. ગર્ભિણી સ્ત્રીએ ૭ મહિના થયા પછી **પુરુષસહવાસ** અને **પ્રવાસ** કરવો નહિ તથા પાન ખાવાં નહિ.

ગર્ભિણીના હૃદયમાં બળતરા થાય તે ઉપર ઉપચાર:—(૧) આમળાં અને દ્રાક્ષનું ચૂર્ણ ખડીસાકર સાથે આપવું. (૨) ગાયના દૂધમાં ખડીસાકર નાખી તેમાં ગળોનું સત્ત્વ અથવા પ્રવાલ આપવી. **જ્વર ઉપર:**—(૧)ચંદન, ઉપરસાળ, લોધ્ર અને દ્રાક્ષનો કાઢો સાકર નાખી ગર્ભિણીના તાવ ઉપર આપવો. (૨) દુધી, ઉપરસાળ, પહાડમૂળ, વાળો અને નાગરમોથનો કાઢો ઠંડો કરી પાવો. (૩) મહૂડાની છાલ, ચંદન, વાળો, ઉપરસાળ, જેઠીમધ અને પદ્મકાષ્ઠનો કાઢો મધ નાખી આપવો. **પિત્તજ્વર ઉપર:**—દ્રાક્ષ, પદ્મકાષ્ઠ, વાળો, સાલવણ, ચંદન, જેઠીમધ, દુધી, ઉપરસાળ અને આમળાંનો કાઢો કરી પાવો. **વિષમજ્વર ઉપર:**—સુંઠ બકરીના દૂધમાં વાટી પાવી. **જ્વરાતિસાર ઉપર:**—મજીઠ, જેઠીમધ અને લોધરનું ચૂર્ણ સાકરના પાકમાં નાખી આપવું; એટલે ગર્ભિણીની પ્રવાહિકા (મરડો) તથા રક્તાતિસારનો નાશ થાય છે. **સાધારણ અતિસાર ઉપર:**—(૧) આંબાની ગોટલી શેકી ખાવા આપવી. (૨) બાળબીલાં, જાયફળ અને મરડાશિંગને પાણીમાં ઘસી આપવાં. (૩) ધાવડીનાં ફૂલ, મોચરસ અને ઇંદ્રજવ, એ સર્વ સમભાગ લઇ ચૂર્ણ

કરી તે ૨ માસા પાણીમાં આપવું. (૪) પાકેલાં ઉંબરાં મધમાં આપવાં અથવા પાકેલાં જાંબુ આપવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આંબો-૭, ઉંબરો-૧૬, જાંબુ-૫, ધાવડી-૨, બીલી-૧૯, ૩૦, મજીઠ-૧.

સંગ્રહણી ઉપરઃ—આંબો અને જાંબુઆની છાલના કાઢામાં ચોખાની ધાણી તથા જવનું ચૂર્ણ નાખી ચાટવાને આપવું. **શ્વાસકાસ ઉપરઃ**—(૧) પીઠવણ, બળદાણા અને અરડુસીનો રસ પ્રાશન કરવો; એટલે શ્વાસ, કાસ, રક્તપિત્ત, કમળો, સોજો અને જ્વરનો નાશ થાય છે. (૨) ભારંગમૂળ, સુંઠ અને લીંડીપીંપરનું ચૂર્ણ ગોળમાં આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—પિઠવણ-૧, ભારંગી-૮.

ઉલટી ઉપરઃ—(૧) ધાણાનો કલ્ક અથવા કોથમીરનો રસ ચોખાના ધોવરામણમાં પ્રાશનાર્થ આપવો. (૨) બીલાંની અંદરનો ગર્ભ અને ધાણીનું પાણી એકત્ર કરી આપવું. (૩) તરવડનાં (આવળનાં) ફૂલ ૧ તોલો, ગાયના ૮ તોલા દૂધમાં વાટી તેમાં ખડીસાકર ૧ તોલો નાખી તે આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આવળ ૧, કોથમીર ૧૨, બીલી-૧૪, ૧૯.

વાયુ ઉપરઃ—બીલાં, કુંવાડીઓ કિંવા પહાડમૂળ તથા સુંઠ નાખી કાઢો કરી તે ટાંડો થયા પછી આપવો. **ગર્ભિણીના સોજા ઉપરઃ**—(૧)ચંદન, જેઠીમધ, વાળો, નાગકેસર, તલ, મેઢાશિંગી, મજીઠ, આકડાનાં મૂળ અને સાટોડીનો લેપ સોજાનો નાશ કરે છે. તેમાં ગર્ભિણીના સોજાનો વિશેષ કરી નાશ કરે છે. (૨) શહાજીરૂં, ધોળું જીરૂં અને કડુ, એ વસ્તુઓનો કાઢો ગર્ભિણીના સોજાનો નાશ કરે છે. (૩) આસોંદનાં તાજાં મૂળ ગોમૂત્રમાં અગર પાણીમાં ઘસી ગરમ કરી લેપ કરવો. (૪) ધોળી સાટોડીનાં (વસુનાં) મૂળીઆં ઘસી લેપ કરવો; અને એનોજ કાઢો કરી પીવા માટે આપવો. **ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થવા માટેઃ**—અજમોદ, સુંઠ, લીંડીપીંપર અને જીરાનું સમભાગ ચૂર્ણ કરી, તે ગોળ અને મધમાં આપવું. **ગર્ભિણીના શૂળ ઉપરઃ**—(૧) દાભ, કાસ (કાસંડા), એરંડો અને ગોખરૂનાં મૂળ લઇ તેનો દૂધમાં કાઢો કરી સાકર નાખી આપવો. (૨) ગોખરૂ, જેઠીમધ અને દ્રાક્ષ દૂધમાં વાટી તેમાં સાકર નાખી પાવું. (૩) કચરા, શિંગોડાં, પદ્મકાષ્ઠ, નીલકમળ, વગડાઉ મગ અને જેઠીમધનો કાઢો સાકર નાખી પાવો. ભાત અને દૂધ ખવડાવવું એટલે ગર્ભિણીનું શૂળ અને અતિસારનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—કેસર-૧૨, ગોખરૂ બેઠા-૯.

ગર્ભિણીના પ્રદર (ધૂપણી) ઉપરઃ—(૧) કુંભારના ઘરની માટી (કુંભારના ચાકડાની માટી), મોગરાનાં પાંદડાં, લાજાળુ, ધાવડીનાં ફૂલ, ગેરૂ, રસાંજન અને રાળ, એમાંથી મળે તે પદાર્થો લઈ તેનું ચૂર્ણ કરી મધમાં આપવું. (૨) વાળો, અતિવિષ, નાગરમોથ, મોચરસ અને ઇંદ્રજવનો કાઢો ગર્ભનું ચલન, પ્રદર અને શૂળ ઉપર આપવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—કપૂરસાલ-૧, કાટીગોખરૂ-૨, કેસર-૧૨, ખીજડો-૩, ગલુલા-૧, તલ-૧૪, તાંદળજો-૬, મોગરો-૨, શિંગોડાં-૧.

ગર્ભિણીના આનાહ(મળમૂત્રબદ્ધ રોગ)વાયુ ઉપરઃ—વજ અને લસણ નાખી દૂધ ગરમ કરવું. તેમાં હીંગ અને સંચળ નાખી તે પ્રાશનાર્થ આપવું એટલે સુખી થશે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—વજ-૭.

ગર્ભિણીનું મૂત્ર બંધ થાય તે ઉપરઃ—(૧) સાળી (ચોખા), શેલડી, ડાભ, કાસ અને શરતૃણ, એ તૃણ-પંચમૂળનો કલ્ક નાખી દૂધ કઢવવું અને તે પ્રાશન કરવું; એટલે મૂત્રબંધ, તૃષા, દાહ અને રક્તપિત્તનો નાશ થાય છે. (૨) ખાખરાનાં ફૂલ બાફી પેઢુ પર બાંધવાં. (૩) સુરોખાર પાણીમાં વાટી ડુંટી પર લેપ કરવો. **ગર્ભિણી અને સુવાવડીના રક્તસ્રાવ ઉપરઃ**—(૧) વાળો, કમળ, રતાંદળી અને ક્ષીરવૃક્ષપંચક (વડ, ઉંબરો, પીંપળો, પીંપળી, જાંબુઓ)ની છાલ, એ ઔષધો પાણીમાં કુટી ઘી નાખી તેમાં કટકડી પલાળી યોનિમાં રાખવી અને ડુંટી ઉપર લેપ કરવો. (૨) શતધૌત ઘૃત શરીરે ચોળવું. (૩) ખડીસાકર, મધ, નીલકમળ, રાતું કમળ અને નાગકેસરનો કાઢો કરી તેમાં ઘી અને મધ નાખી આપવો. (૪) શિંગોડાં અને કચરાની ભૂકીમાં

આમરસી કરી અવરાવવી. (૫) મહુલા, કમળકંદ અને કુમળાં ઉમરાંને દૂધમાં બાફી તે દૂધ પાવું. (૬) તાંદળજાનાં મૂળ ચોખાના ધોવરામણમાં વાટી આપવાં. (૭) સાકર, તલ, જવ અથવા પદ્મકાષ્ઠનું એક તોલો ચૂર્ણ મધમાં આપવું. (૮) ધાણા, નાગરમોથ, કાળો વાળો, ધોળો વાળો, લાજાળુ, ગળો, વાવડીંગ, પિત્તપાપડો અને ધમાસાનો કાઢો કરી તે ઠંડો થયા પછી પાવો; એટલે રક્તસ્રાવ અને અતિસાર દૂર થાય છે. (૯) કણુતરની હગાર નાગરવેલીના રસમાં અથવા ચોખાના ધોવરામણમાં નાખી પાવી. (૧૦) નીલ કમળ, રાતાં કમળ, કલ્હાર (ગોરખમુંડી), કુમુદ (પોયણી), શ્વેત કમળ, મહૂડાનાં ફૂલ,× એ ઉત્પલાદિ ગણનો કાઢો કરી આપવો; એટલે રક્તસ્રાવ, દાહ, તૃષા, હૃદ્રોગ, રક્તપિત્ત, મૂર્ચ્છા, ઉલટી અને અરુચિનો નાશ થાય છે. **ગર્ભિણી સ્ત્રી રજસ્વલા થાય તો:**—આમળાંનાં બીજ ચોખાના ધોવરામણમાં વાટી તે ધોવરામણ પાશેર સુધી પાવું. **ગર્ભિણીના સ્તને ક્ષત અને દાહ થાય તે ઉપર:**—(૧) કુંવારનાં મૂળ, હળદર, માયફળ અને ફટકડીને પાણીમાં ઘસી ગરમ કરી લેપ કરવો. (૨) ફટકડીના પાણીવડે સ્તનની ડીંટડીઓ ધોવી અને કરોળીઆનું પડ ઘસી લેપ કરવો, એટલે દાહનું શમન થાય છે. **ગર્ભિણીને પુષ્ટિકર યોગ:**—આસોંદનાં મૂળનો કાઢો કરી આપવો; એટલે ગર્ભિણી પુષ્ટ થઇ બાળક સુદૃઢ જન્મે છે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ગર્ભિણીના સોજા ઉપર:—કાળીજીરી-૫. **સગર્ભાને પહેલે મહિને ઉલટી અને ચક્કર આવે તે** માટે:—અળશી-૯. **ગર્ભિણીના વિષમજ્વર** માટે:—આદુ-૧૪. **ગર્ભિણીના તાવ અને કમળા** માટે:—પિંડવણ-૧. **ગર્ભિણીને વાયુના ઉપદ્રવ ન થવા અને પ્રસૂતિ વખતે કષ્ટ ન થવા** માટે:—એરંડો-૪૩, સાટોડી-૨૩ની ટીપમાં નં. ૧. **ગર્ભિણીનો જઠરાગ્નિ પ્રદીપ્ત થવા** માટે:—અજમોદ-૬. **ગર્ભિણીને અધુરા માસે રજોદર્શન થાય તે** માટે:—ઘોલી (ગિલોડી)-૨. **ગર્ભિણીને પુષ્ટિકર યોગ:**—આસંધ-૨. **ગર્ભિણીના રક્તસ્રાવ** માટે:—જુઓ ગો૦વૈ૦માં:—ઘી-૮. પ્રા૦ઔ૦માં:—ઘૃતવર્ગ-૨, કસ્તૂરી-૯ની ટીપમાં નં. ૨.

(૬) ગર્ભચલન

સ્ત્રીના પેટમાં ગર્ભ ચલન પામે છે, તે યોગે કરી તેની કમ્મર, પીઠ, પેઢુ દુખવા લાગે છે, પેટમાં દુખે છે અને તેથી કરી સ્વસ્થ ન રહી તે માંદી પડે છે તથા કોઇ વખતે બેશુદ્ધ થઇ પડે છે. ગર્ભચલનનો આવો પ્રકાર ગર્ભિણીએ શક્તિ કરતાં ઘણું કામ કરવાથી કિંવા ગર્ભાશયમાં ઉષ્ણતા પ્રબળ થવાથી અથવા ગર્ભિણીને જે વાત વર્જ્ય કહેલી છે તે કરવાથી થાય છે.

ઉપચાર:—પ્રથમ માસમાં ગર્ભનું ચલન થાય તો:—(૧) દ્રાક્ષ, જેઠીમધ, ચંદન અને રતાંદળી ગાયના દૂધમાં વાટી તેમાં ઘી નાખી તે પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ સ્થિર થાય છે. (૨) નીલ કમળ, વાળો, શિંગોડાં અને કચરાને ઠંડા પાણીમાં વાટી દૂધમાં મેળવી પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ પડતો નથી અને શૂળની શાંતિ થાય છે. **બીજા માસમાં:**—ગર્ભ ચલન થવા લાગે તો કમળના તંતુઓ અને નાગકેસરને વાટી દૂધમાં પાવું. શૂળ થતું હોય તો તગર, કમળ, બીલું અને કપૂરને બકરીના દૂધમાં વાટી દૂધમાં કાલવી પાવું. **ત્રીજા માસમાં:**—નાગકેસર વાટી દૂધમાં મેળવી સાકર નાખી પ્રાશનાર્થ આપવું; અને શૂળ હોય તો પદ્મકાષ્ઠ, ચંદન, વાળો અને કમળની ડાંડીને ઠંડા પાણીમાં વાટી દૂધમાં કાલવી પ્રાશનાર્થ આપવું; એટલે ગર્ભ પડતો નથી અને શૂળની શાંતિ થાય છે. **ચોથા માસમાં:**—ચલન, તૃષા, શૂળ, દાહ તથા જ્વર હોય તો કેળના કાંદા, લીલાં કમળ અને વાળો વાટી દૂધમાં પ્રાશનાર્થ આપવાં. **પાંચમા માસમાં:**—દાડમનાં પાંદડાં તથા ચંદન વાટી તેમાં દૂધ અને દહીં નાખી પ્રાશનાર્થ આપવું; અને નીલ-કમળ,

× મહૂડાના ફૂલને બદલે કોઇ જેઠીમધ લે છે.

* ગર્ભિણીના જ્વર, શૂળ તથા મલાવરોધ માટે ગર્ભવિલાસ રસ, ગર્ભપિયૂષ વલ્લી તથા એરંડાદિ-ક્વાથ અપાય છે. જ્વર, દાહ અને પ્રદર માટે ગર્ભચિંતામણિ રસ, રક્તાતિસાર, સંગ્રહણી, વમન, દુર્બલતા, શ્વાસ, કાસ તથા જ્વર ઉપર ઇંદુશેખર રસ તથા ગર્ભસ્થાન ભ્રષ્ટ થાય તો ગર્ભવિલાસ તેલ મર્દન કરવા માટે અપાય છે. આ ઉપરાંત ગર્ભપાલ રસ, ગર્ભવિનોદ રસ ગર્ભિણીના સંપૂર્ણ રોગ ઉપર અપાય છે.

કમળમાંનું કેસર, બોરડીનાં પાંદડાં, નાગકેસર તથા પદ્મકાષ્ઠને પાણીમાં વાટી દૂધમાં પીવા માટે આપવું; એટલે ગર્ભ સ્થિર થઈ શૂળની શાંતિ થાય છે. **છઠ્ઠા માસમાં:**—ગેરૂ, ગાયનાં છાણાંની રાખ, લીંડીપીંપર અને ગોપીચંદનનો કાઢો કરી ઠંડો થયા પછી તેમાં દૂધ, સાકર અને ચંદન નાખી આપવો. **સાતમા માસમાં:**—વાળો, ગોખરૂ, નાગરમોથ, લાજાળુ કંદ, નાગકેસર અને પદ્મકાષ્ઠનો કાઢો સાકર નાખી પાવો. **આઠમા માસમાં:**—લોધર અને લીંડીપીંપરનું ચૂર્ણ મધમાં આપવું. **નવમા માસમાં:**—પ્રસૂતિ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-ધોલી-૨.

(૭) ગર્ભસ્રાવ અને ગર્ભપાત*

ચોથા માસ સુધી ગર્ભ પાતળો હોય છે, એટલે વહન થવા લાગે છે તેને સ્રાવ કહે છે. તે પછી પાંચમા મહિનાથી છઠ્ઠા મહિનાપર્યંત કઠિન થઈ દેહરૂપ થવા માંડે છે. તે પડે તો તેને ગર્ભપાત કહે છે. સાતમા મહિનાથી પ્રસૂતિ થાય છે.

ગર્ભસ્રાવ અને પાતનાં લક્ષણો:—ભય, અભિઘાત, વિષમાશન, ઉંચેથી નીચે પડવું, અતિશય ચઢ-ઉતર કરવું, ક્રોધ કરવો, અત્યાનંદ જણાવો, તીક્ષ્ણ અને ઉષ્ણ પદાર્થોનું સેવન, ભાર ઉંચકવો, અતિશય શ્રમ કરવો, તીવ્ર રેચન ઈત્યાદિ કારણોએ સ્રાવ અથવા પાત થાય છે. ગર્ભસ્રાવ થવા લાગે એટલે દાહ, પાર્શ્વ (પાસું) અને પીડમાં શૂળ; પ્રદર, આનાહ (આફરો) તથા મૂત્રબંધ, એ ઉપદ્રવો થાય છે. **ગર્ભપાત થવાથી ગર્ભકોષ્ઠશુદ્ધિ કરવા તથા દુઃખ વિસારે પડવા માટે ઉપચાર:**—(૧) બેઠી ભોરિંગણી, ઉભી રિંગણી, સાલવણ, પીઠવણ તથા ગોખરૂનો કાઢો કરી તેમાં બાફેલી પેજ ઘી નાખ્યા સિવાય આપવી. (૨) કળથી બાફી તેનું કઢણ પીવા આપવું. **પહેલા માસમાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—જેઠીમધ, સાગનાં બીઆં, શતાવરી અને દેવદાર, એ ઔષધો દરેક તોલો તોલો લઈ ઠંડા પાણીમાં વાટી ૪ તોલા દૂધમાં નાખી પ્રાશન કરવાં. **બીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—આસુંદરાની છાલ, કાળા તલ, તામ્રવલ્લી (ચિત્રકૂટ ઉપર મળશે. ન મળે તો મજીઠ લેવી) અને શતાવરીનું ઉપર પ્રમાણે સેવન કરવું. **ત્રીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—ગળો, શતાવરી, ગહુલા અને ઉપરસાળનું ઉપર પ્રમાણે સેવન કરવું. **ચોથા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—ધમાસો, ઉપરસાળ, રાસના, કમળનું દીંટું અને જેઠીમધનું ઉપર પ્રમાણે સેવન કરવું. **પાંચમા માસમાં ગર્ભ પડતો હોય તો:**—ભોરિંગણી, ઉભી રિંગણી, શિવણ, ક્ષીરવૃક્ષોની (વડ, ઉંબરો, પીંપળો, પીંપળી, જાંબુઓ) છાલ, કાકડાશિંગ અને તજનો કાઢો અથવા ચૂર્ણ ઘૃતયુક્ત કરી આપવું અને ઉપર દૂધ પાવું. **છઠ્ઠા મહિનામાં:**—પીઠવણ, બળદાણા, સરગવો, ગોખરૂ અને સિવણનો કાઢો અથવા ચૂર્ણ દૂધમાં આપવું. **સાતમા મહિનામાં:**—શિંગોડાં, કમળતંતુ, દ્રાક્ષ, કચરા અને જેઠીમધના ચૂર્ણની દૂધ અને સાકર નાખી લાપસી કરી આપવી. **આઠમા મહિનામાં:**—કોઠીનાં મૂળ, બીલાં, ઉભી રિંગણીનાં મૂળ, પટોલ, શેલડીનાં મૂળ અને રિંગણનો કાઢો કરી તેમાં દૂધ નાખી પુનઃ ઉકાળી તે દૂધ પાવું. **×નવમા મહિનામાં:**—જેઠીમધ, ધમાસો શતાવરી અને ઉપરસાળનો કાઢો દૂધ નાખી દૂધ શેષ રાખી પાવો. **દશમા મહિનામાં:**—સુંઠનો, શતાવરીનો અથવા સુંઠ, જેઠીમધ અને દેવદારનો દુગ્ધશેષ કાઢો કરી પાવો. **અગીઆરમા મહિનામાં:**—રાયણની છાલ, નીલકમળ, લાજાળુના કાંદા અને આવળકંટી(આમળાં)ને દૂધમાં વાટી પાવા; એટલે અગીઆરમા માસમાં શૂળની શાંતિ થાય છે. **બારમા મહિનામાં:**—ધોળી ભોંયકોળી, આસોંદ, શતાવરી અને કમળના તંતુને વાટી બારમા માસમાં શૂળની શાંતિને માટે આપવું; એટલે ગર્ભ પુષ્ટ થાય છે અને તીવ્ર શૂળ શાંત

---

* ઉટકટારીની જડ સ્ત્રીની કેડે બાંધે તો છોરૂં ખસે નહિ, એમ એક હસ્તલિખિત પુસ્તકમાં લખી છેવટે તેમાં લખ્યું છે કે આ અનુભૂત છે.

× નવથી બાર માસ સુધી પ્રસૂતિ થવાના ઉત્તમ મહિના છે. નવ મહિના પછી પ્રસૂતિ ન થાય તો ગર્ભ અને ગર્ભિણીનું રક્ષણ થવા માટે આ યોગ આગળ કહેલા છે.

થાય છે. **ગર્ભપાત ઉપરઃ**—(૧) લાજાળુ, ધાવડીનાં ફૂલ, નીલકમળ, જેઠીમધ અને લોધરનો કાઢો સ્ત્રીએ પાણીમાં બેસી પીવો; એટલે ગર્ભપાતનું નિવારણ થાય છે. (૨) કુંભારના હાથની નિરપણ માટી બકરીના દૂધમાં મેળવી મધ નાખી આપવી; કિંવા ધોળી ગરણીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. (૩) સાકર, કમળના તંતુ તથા તલ, એ સમભાગ લઈ વાટી મધમાં ભક્ષણાર્થે આપવાં. (૪) અતિબળાનાં મૂળ કુમારિકાએ કાંતેલા સૂત્રમાં વિંટી કમ્મરે બાંધવાં. (૫) કસ્તૂરી ૧ ગુંજાભાર, જાવંત્રી ૩ ગુંજા, જાયફળ ૨ ગુંજા અને પીંપળાનાં બીજ ૬ ગુંજા પ્રમાણે લઇ ગોળી કરી દર મહિને એક આપતા જવી. એ પ્રમાણે સાત મહિના કરવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌષધિમાં:—**ગર્ભસ્રાવની** ખોડ માટેઃ—તલ-૧૨. **ગર્ભપાત થતો સ્તંભન કરવા** માટેઃ—જવ-૨, તાંદળજો-૩. **ગર્ભપાત થવા ઉપર** ઉપચારઃ—કાંસકી (પેટાળી)-૨, ગરણી-૧૦, સમેરવો-૧૦. **બીજા મહિનામાં ગર્ભસ્રાવ થતો હોય તો:**—આશેત્રી ૭.

(૮) ગર્ભજ રોગ

શાર્ઙ્ગધર વૈદક ગ્રંથમાં ગર્ભજ રોગ આઠ પ્રકારના કહેલા છે. તેમનાં **નામોઃ—ઉપવિષ્ટક, નાગોદર, મક્કલ, મૂઢગર્ભ, વિષ્ટંભ, ગૂઢગર્ભ, જરાયુદોષ તથા ગર્ભપાત.**

ઉપવિષ્ટકઃ—ગર્ભિણીએ અત્યંત વિદાહી પદાર્થોનું ભક્ષણ કરવાથી રક્તસ્રાવ ઘણો થાય છે. તે કારણથી તે ગર્ભ મોટો થતો નથી, પણ માત્ર હાલચાલ થયા કરે છે. એવા ગર્ભને ઉપવિષ્ટક કહે છે. આ એક સલનો (છોડનો) ભેદ છે. **નાગોદરઃ**—સંયોગકાળે વાયુના યોગે કરી ગર્ભનો આકાર સર્પ જેવો થાય છે; તેને **નાગોદર** કહે છે. **મક્કલઃ**—આ રોગનો પ્રકાર વાયુગોળા જેવો હોય છે. **મૂઢગર્ભઃ**—કુટિલ ગતિ જેવો વાયુ ગર્ભને આડો કરે છે અને યોનિ તથા પેટમાં શૂળ ઉત્પન્ન કરે છે તથા મૂત્રાવરોધ કરે છે. **વિષ્ટંભ** (છોડ):—ગર્ભિણીએ અકાળે ભોજન કરવાથી અથવા ખરાબ પદાર્થો ખાવાથી વાયુ કુપિત થઈ ગર્ભને શુષ્ક કરે છે; તેથી કરી તેનું ચલનવલન અને વૃદ્ધિ બંધ પડવા માંડે છે તથા કાળે કરી તેને વાયુની પીડા થઇ છોડ થાય છે. **મૂઢગર્ભ, ગર્ભ ઝરવો, અસાધ્ય મૂઢગર્ભ તથા અસાધ્ય ગર્ભિણીનાં લક્ષણો:**—જેની ગરદનનો મેર તૂટવા જેવો થઇ ગરદન બરોબર રહેતી નથી અને અંગ ઢલું થઇ જાય છે, લાજ રહેતી નથી, જેની કુખો ઉપર કાળી લીલી એવી શિરાઓ ઉત્પન્ન થાય છે, તે ગર્ભિણી અને ગર્ભ એક માસમાં મરે છે, એમ જાણવું. **પેટમાં ગર્ભ મરી ગયાનાં લક્ષણો:**—ગર્ભની હાલચાલ બંધ પડે છે, પ્રસવવેદના બંધ થાય છે, અંગ કાળું અગર લીલું થાય છે તથા શ્વાસોચ્છ્વાસ સાથે દુર્ગંધ આવે છે; અને અંદર બાળક મરી જઇ ફૂલવાથી પેટ ફૂલી જાય છે. માતાનાં માનસિક અને આગંતુક દુઃખનાં કારણોએ કિંવા વ્યાધિએ કુખમાં ગર્ભ મરે છે. **ગર્ભિણીનાં બીજાં અસાધ્ય લક્ષણો:**—વાયુના યોગે યોનિનો સંકોચ થવો, કુખમાં ગર્ભ અડકી રહેવો, મક્કલશૂળ, આક્ષેપક, કાસ-શ્વાસાદિ ઉપદ્રવ તથા મૂઢગર્ભ, એ થાય એટલે તે ગર્ભિણી બચતી નથી. **યોનિસંવરણ વ્યાધિ:**—વાતકારક ખાનપાન, મૈથુન અને જાગરણનું અતિ સેવન કરનારી ગર્ભિણીના યોનિમાર્ગમાં વાયુ કોપે છે તથા યોનિદ્વારને બંધ કરે છે. માર્ગ બંધ થયા પછી યોનિગત વાયુ ગર્ભાશય-દ્વાર રોકે છે અને ગર્ભાશયને પીડા કરે છે; તેથી ગર્ભનું મોઢું, નાક બંધ થઇ શ્વાસોચ્છ્વાસ બંધ થઇ ગર્ભ નાશ પામે છે. આ કાળ જેવો વાયુ મારનારો છે. એ ઉપર **ચિકિત્સાનો** આરંભ કરવો નહિ.

સુખે પ્રસવ થવા માટે ઉપચારો:—(૧) સર્પની કાંચળી કિંવા તગર અથવા માથાના કેશની ધૂણી યોનિને આપવી. (૨) કલગારીનાં મૂળ સૂતરમાં બાંધી તે હાથે-પગે બાંધવાં. (૩) સૂર્યવલ્લી, આકડો કિંવા કડવા વૃંદાવનનાં મૂળ ધારણ કરવાં. (૪) લીંડીપીંપર અને વજ પાણીમાં વાટી તેમાં એરંડતેલ નાખી, તેનો ડુંટી ઉપર લેપ કરવો; એટલે અનેક પ્રમાદોવડે ઘણી પીડા પામેલી સ્ત્રીને સુખેથી પ્રસવ થાય છે. (૫) બીજોરાનાં મૂળ અને જેઠીમધનું ચૂર્ણ ઘીમાં નાખી પાવું અથવા બીજોરાનાં મૂળ કમ્મરે બાંધવાં. (૬) શેલડીની ઉત્તર બાજુનાં મૂળ લઈ તે અથવા (૭) તાડની

ઉંદર બાજુનાં મૂળ લઇ તે સ્ત્રીના શરીર જેટલા લાંબા સૂતરવડે બાંધી કમ્મરે બાંધવાં. (૮) પીપળો બાંધેલ અથવા કડવો તીતડો કિંવા ભોંયઆમળીનાં મૂળ કમ્મરે બાંધવાં. (૯) ઉટકટારીનાં મૂળ ચોટલે બાંધવાં; અને તે પ્રસવ થતાંની સાથે છોડી નાખવાં. (૧૦) કેળના કાંદાની શેતરંજ નાભિ નીચે બાંધવાં. (૧૧) ગાયનું દૂધ પાકો પાશેર (વીસ તોલા) લઇ તેમાં ગાયનું છાણ એક તોલાથી બે તોલાપર્યંત મેળવવું અને વસ્ત્રગાળ કરી તે આપવું; એટલે ત્વરિત છૂટકો થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌમાં:—અરડુસી-૪, ઉટકટારી-૩, એરંડો-૨૫, કલગારી-૪, કેળ-૪, ધોળી પીલુડી-૧, બીજોરૂં-૨, વજ-૮. **જલદી પ્રસવ ન થતો હોય તો તે માટે:—** અઘેડો-૨૦, આકડો-૨૨, આશેત્રી-૩, ઇંદ્રવરણું-૧૬, કાસુંદરો-૫, ગડૂં-૩, બીજોરૂં-૧૨, મીંઢળ-૩, લીમડો (કડવો)-૨૦, સરગવો-૧૧, સૂર્યફૂલ-૨. જુઓ પ્રા૦ઔ૦માં:—**સુખપ્રસૂતિ માટે:—** કેશ-૨, ચિત્રક-૨૦ની ટીકામાં નં. ૨, હારુડી-૫. **શીઘ્રપ્રસૂતિ માટે:—**સર્પની કાંચળી-૨.

છોડ વધારવા× માટે:—(૧) ધાણા, નાગરમોથ, વાળો, લાજાળુ, ગળો, વાવડીંગ, પિત્તપાપડો અને ધમાસાનો કાઢો આપવો. (૨) વરધારા અને ધોળી જાસુંદીનાં ફૂલ ગાયના દૂધમાં વાટી તેમાં ખડીસાકર નાખી તે સવારે પાવાં. (૩) આમળાનાં બીઆં, આંબાહળદર અને કોઢીનાં પાંદડાં ગાયના ઘીમાં વાટી સાત દિવસ આપવાં. (૪) શિંગોડાં અને કચરાની લાપશી દૂધમાં કરી ખાવી. (૫) ગહુલા કમળકંદ અને ઉંબરાનાં કુણાં ફળ દૂધમાં બાફી તે દૂધ પાવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ગ્રોલી (ગિલોડી)-૪, પિત્તપાપડો-૭, વરધારો-૨.

મૂઢગર્ભ ઉપર:—(૧) ફાલસાનાં મૂળનો અથવા સાલવણીનાં મૂળનો લેપ નાભિ, બસ્તિ અને ભગને ઠેકાણે કરવો; એટલે ગર્ભ સારો થાય છે. (૨) મોરવેલ, વજ, આસોંદ, મજીઠ, નીલ (ગળી) અને બોરડીનાં મૂળનો ચતુર્થાંશ કાઢો ૧ તોલો ગોળ નાખી પાવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ફાલસા-૧, સમેરવો-૪, શિંગોડાં-૧.

મૃતગર્ભ બહાર પડવા માટે:—(૧) દોઢ પાશેર પાણીમાં પાંચ તોલા ગાયનું છાણ મેળવી ગાળી તે પાવું. (૨) રાઈ અને હીંગનું ૩ માસા ચૂર્ણ કાંજીમાં નાખી આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ફાલસા-૧, રાઇ-૮. જુઓ ગો૦વૈ૦માં:—છાણુ-૧.

ગર્ભપાતકારક ઔષધો:—(૧) ગાજરનાં બીઆં, કલગારી, નગોડ, ચિત્રાનાં મૂળ, દેવડાંગરી (કુકડવેલ)નાં ફળ, કડવંચીનો કંદ, હીંગ અને પિત્તપાપડાની રાખ, એ ગર્ભપાતકારક ઔષધો છે. (૨) ગાજરનાં બીઆં, કાળા તલ અને કલોંજી જીરૂં ગોળમાં ખાવાથી ગર્ભ પતન પામે છે. **પ્રસૂતા સ્ત્રીની ઓર પડતી ન હોય તો:**—(૧) ઓર નહિ પડવાથી શૂળ, પેટનું ચઢવું અને અગ્નિમાંદ્ય, એ ઉપદ્રવો થાય છે. ઓર પડવાને માટે આંગળીએ કેશ વિંટાળી તે વડે તેનો કંઠ ઘસવો તથા સર્પની કાંચળી, કડવી દૂધી, નાગરમોથ તથા સરસડાનું ચૂર્ણ રાઇના તેલમાં ભીંજવી તેની ધૂણી યોનિને આપવી. (૨) કલગારીના કંદનો કલ્ક કરી તે હાથ-પગને ઘસવો તથા લેપ કરવો; એટલે ઓર પડે છે. **યોનિ ક્ષતરહિત થવા માટે:**—કડવી દુધીનાં અથવા ધોળા કોળાનાં પાંદડાં અને લોધર, એ સમભાગ લઇ બારિક વાટવું અને તેનો લેપ યોનિએ કરવો.

ગર્ભસ્થાન શુદ્ધ થવા માટે:—**વિશેષ ઉપચાર** જુઓ વનૌ૦માં:—બીજોરૂં-૬, લાણો-૨.

યોનિ દૃઢ અને સંકુચિત થવા માટે:—(૧) પિત્તપાપડો અને ઉંબરાનાં ફળ વાટી તલના તેલમાં મેળવી તેનો યોનિમાં લેપ કરવો. (૨) માયફળનું ચૂર્ણ અને પુલાવેલી ફટકડી એકત્ર કરી બારિક વસ્ત્રમાં પોટલી બાંધી અંદર રાખવી. (૩) માયાં અને કપૂર મધમાં ખરલ કરી અંદર લેપ કરવો. (૪) તાલીમખાનાના કાઢામાં તેનુંજ ચૂર્ણ નાખી અંદર લેપ કરવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—એખરો-૫, કડવી દુધી(તુંબડી)-૬, માયફળ (માયાં)-૪.

નિર્લોમકરણ ઉપચાર:—(૧) હડતાળ ૧ ભાગ, રાળ ૨ ભાગ તથા ચૂનો ૪ ભાગ એમાં પાણી નાખી કિંચિત ગરમ કરી લેપ કરવો. (૨) હરતાળ ૧ ભાગ, શંખચૂર્ણ ૬ ભાગ અને

× આસોંદ ટાંક ૧૮, સુંઠ ટાંક ૧૮, ગોખરૂ ટાંક ૧૮ અને ખાંડ શેર ૧ લઈ તેમાંથી દરરોજ ટાંક ૫ ઘીમાં લેવાથી છોડ વધે.

ખાખરાની ભસ્મ ૧ ભાગ લઈ એકત્ર કરી ચોળવું. (૩) ગુલખાશીના કાંદા પાણીમાં ઘસી તેનો લેપ કરવો, એટલે કેશ મરી પડે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં—ગુલખાશી-૫. અનંત એટલે નંદવાણુ માટે:-અનંત-૧, અરિઠા-૬, કાસાળુ-૧૦.

મક્કલશૂળ:—*બાળક પૃથ્વી ઉપર છાયા પડ્યા પછી, યોનિને મસળી અંદર વાયુ પ્રવેશ કરે નહિ એવી રીતે તેનું સંરક્ષણ કરવું; નહિ તો યોનિગત વાયુ કોપી સ્રાવ થતા રક્તને અટકાવે છે; અને સુવાવડીને હૃદય, મસ્તક તથા બસ્તિમાં શૂળ ઉત્પન્ન કરે છે. તેને મક્કલશૂળ કહે છે. **મક્કલશૂળ ઉપર:**—(૧) જવખારનું ચૂર્ણ કરી તે કોકરવર્ણા પાણીમાં અથવા ઘી સાથે આપવું. (૨) **પિપલ્યાદિગણ:**—લીંડીપીંપર, મરી, ગજપીંપર, સુંઠ, ચિત્રો, ચવક, રેણુકબીજ, તજ, અજમોદ, શરસડો, હીંગ, ભારંગમૂળ, કાળીપાટ, ઇંદ્રજવ, જીરૂં, બકાયણીમડી, મોરવેલ, અતિવિષ, કુટકી (કડુ) અને વાવડીંગ, આ પિપલ્યાદિગણ કફ, વાયુ, ગુલ્મ, શૂળ અને જ્વરનો નાશ કરે છે. આ ગણ દીપન, પાચન એવો છે. એનો કાઢો કરી તેમાં મીઠું નાખી પ્રાશન કરવાથી મક્કલશૂળ, ગુલ્મ અને કફવાતનો નાશ થાય છે. (૩) સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર અને ધાણાનું ચૂર્ણ જૂના ગોળ સાથે ખાવા આપવું. (૪) હીંગ શેકી ઘીમાં કાલવી ખાવી. **સુવાવડીને પથ્ય:**—પ્રસૂતા સ્ત્રીએ યુક્ત એવો આહારવિહાર કરવો તથા વ્યાયામ, મૈથુન, ક્રોધ અને ઠંડા પદાર્થ વર્જ્ય કરવા. પ્રસૂતા સ્ત્રીના અપથ્યકારક આહારોએ કરી કષ્ટસાધ્ય કિંવા અસાધ્ય વ્યાધિ થાય છે; એટલા માટે પથ્ય અવશ્ય કરવું.

ગર્ભધારણ ઉપાય×:—ગર્ભધારણના ઉપચાર કર્યા પહેલાં શરીરમાંના બીજા વ્યાધિ કાઢી નાખવાના ઉપચાર પ્રથમ કરવા. શિવલિંગીનાં ફળ ચોથા દિવસે ભક્ષણ કરવાં. નાગકેસરનું ચૂર્ણ ઘીમાં આપવું. **ગર્ભધારણ કરનારા ઉપચાર:**—(૧) એરંડાનાં તથા બીજોરાનાં બીઆં વાટી ઘી સાથે પ્રાશનાર્થ આપવાં. (૨) લક્ષ્મણામૂળ (ધોળી રિંગણીનાં મૂળ) ગળામાં બાંધવાં તથા તે ઘીમાં અગર દૂધમાં ઘસી નાકે પાવાં, એટલે અત્યંત વીર્યવાન પુત્ર ઉત્પન્ન થાય છે; અથવા લક્ષ્મણાનાં મૂળ પુષ્ય નક્ષત્રમાં કાઢી, તે કુમારિકાના હાથવડે દૂધમાં વટાવી ઋતુસ્નાતા સ્ત્રીને પ્રાશનાર્થ આપવાં. (૩) તલનું તેલ, દૂધ, કાકડી, દહીં, ઘી, એ પદાર્થો એકત્ર કરી, હાથ વડે મસળી એમાં લીંડીપીંપરનું ચૂર્ણ નાખી પ્રાશનાર્થ આપવું. (૪) એક આખા બીજોરાનાં બધાં બીઆં દૂધમાં

---

* ભાવપ્રકાશકારે મક્કલશૂળનું લક્ષણ કાંઇક અંતરવાળું કહેલ છે. ભાવપ્રકાશમાં પ્રસૂતા સ્ત્રીઓના રૂક્ષ કારણથી વધેલો વાયુ તીક્ષ્ણ અથવા ઉષ્ણ કારણોથી શોષણ થયેલ લોહીને રોકીને નાભિની નીચે પાંસળીમાં, મૂત્રાશયમાં અથવા મૂત્રાશયના ઉપરના ભાગમાં ગાંઠ ઉત્પન્ન કરે છે. આ ગાંઠથી નાભી, મૂત્રાશય તથા પેટમાં શૂળ ચાલે છે, પક્વાશય ફૂલે છે તથા મૂત્ર રોકાઇ જાય છે. વૈદ્યોએ આ લક્ષણ મક્કલશૂળનાં કહેલાં છે. કોઇ સુવાવડમાં ગરમ કાટલું (સુંઠ આદિ) નહિ ખાવાથી આ દરદ થવાનું પણ બતાવે છે.

× સંગ્રહિત ઉપાય:-(૧) કોઇ (ઉપલેટ) મૂળ ટાંક ૧, વરધારો ટાંક ૨, નાગકેસર ટાંક ૨, જીરૂં ટાંક ૨, તમાલપત્ર ટાંક ૨, એલચી ટાંક ૨, એ ઔષધો ભેળાં કરી તેમાં શિવલિંગનું બીજ ૧ નાખી પડીકાં ૭ કરવાં. પછી એક પડીકું માખણમાં લઈ ઉપર દૂધ પીવું અને શીરો કરી જમવો. (૨) પતંજરાની જડ યોનિમાં રાખે અથવા મોઢામાં ફેરવી સાફ કરેલી સાકર રાખે તો સંતાન થાય. (૩) કોઠીનું મૂળ, વરધારો, નાગકેસર, તમાલપત્ર, સાકર અને એલચી, એ સર્વને વાટી ભૂકો કરી ઘી તોલા ૨ સાથે ચટાડવું; તેથી સંતાન થાય. (૪) પારસપીંપળાનાં બીજ, એરંડાનાં બીજ, સફેદ સાકર, પટોલ, સુખડ અને કેસરની ગોળી કરી દિવસ ૩ આપવાથી સંતાન થાય. (૫) ધોળા આકડાનું મૂળ દૂધમાં ઘસી પાવું. (૬) એખરાનાં બીજનો લેપ લિંગે કરી સંભોગ કરે તો સંતાન થાય. (૭) ભાંગ ૧ ભાગ તથા ચાયાં ૪ ભાગ ઝીણાં વાટી તેમાંથી થોડી ભૂકી યોનિમાં નાખી સંભોગ કરે તો નિશ્ચય ગર્ભ રહે.

વાટી ઋતુમતી સ્ત્રીને પ્રાશનાર્થે આપવાં; એટલે પુત્રપ્રાપ્તિ થાય છે. (૫) આસોંદનો કાઢો નાખી દૂધ ઉકાળવું તથા તેમાં ઘી નાખી તે ઋતુસ્નાતા સ્ત્રીને પ્રાશનાર્થ આપવું. (૬) કાંટાસરીઆનાં મૂળ, ધાવડીનાં ફૂલ, વડની વડવાઈઓ તથા નીલકમળ, એ વાટી દૂધમાં પ્રાશનાર્થ આપવું. (૭) પારસપીંપળો અને જીરાનું ચૂર્ણ ખાઇ પથ્ય કરવું; એટલે પુત્રોત્પત્તિ ખચિત થાય છે. (૮) કૌચનાં મૂળ તથા કોહાનો ગર્ભ એ પદાર્થો દૂધમાં પાવા અથવા શિવલિંગીનાં બીઆંથી પુત્ર ઉત્પન્ન થાય છે; કન્યા ઉત્પન્ન થતી નથી. (૯) ખાખરાનાં બીઆંની રાખ કરી તે પાણીમાં પીવા માટે આપવી. (૧૦) અજમો, રિંગણી, લીંડીપીંપર અને નાગકેસરનું ચૂર્ણ ગાયના ઘીમાં આપવું. (૧૧) કેળું ૧, કપૂર ૧ તોલો અને વંશલોચન (વાંસકપૂર) ૧ તોલો, એ ઓષધો કેળના પાંદડાંમાં વિંટાળી આગલે દિવસે સાંજે તુલસીના ઝાડ નીચે પૂરી રાખવાં. બીજે દિવસે સાંજે કાઢી ખરલ કરી તેની ત્રણ ગોળીઓ કરવી. ચોથા દિવસથી ત્રણ દિવસપર્યંત રોજ એકેક ખાવી તથા સંભોગ કરવો, એટલે ગર્ભ રહેશે.*

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આસંધ-૮, કાંટાસરીઓ-૬, કૌચ-૪, ખાખરો-૩, નાગકેસર-૫, બીજોરું-૧૪, મીંઢીઆવળ-૫, રતનજોત-૩, વડ-૪, વાંદો-૩.

ગર્ભવારણને માટે ઔષધોપચાર કરનારને અગત્યની સૂચના:—કોઇએ કંઇ ઔષધ કહેતાંજ કોઈ સુજ્ઞ માણસ પાસે શોધ કરાવ્યા સિવાય તે કદી પણ લેવું નહિ; કારણ કે કોઇ એકાદા દુષ્ટ હેતુએ કિંવા અજ્ઞાનમાં અથવા પ્રકૃતિનું પ્રમાણ ધ્યાનમાં ન લાવતાં તરતજ ઔષધ બતાવે છે; અને તેથી કરી કોઈ વખતે જીવનું નુકસાન થાય છે; એટલા માટે તીક્ષ્ણ, ભેદક, ઉષ્ણ કિંવા પૌષ્ટિક છતાં પણ શરીરપ્રકૃતિ વાતાદિ દોષે કરી વિશેષ દૂષિત થયેલી હોય તો એમ ને એમ આવાં ઔષધો લેવાં નહિ. નીચેનાં ઔષધો **ગર્ભનિવારક** છે એવી શોધ છે:-(૧) લીંડીપીંપર, વાવડીંગ તથા ટંકણખારનું સમભાગ ચૂર્ણ મધમાં ઋતુકાળે જે સ્ત્રી પ્રાશન કરશે તેને કદી પણ ગર્ભધારણ થશે નહિ. (૨) જે રજસ્વલા સ્ત્રી જાસુંદીનાં ફૂલ કાંજીમાં વાટી પ્રાશન કરી ઉપર ૪ તોલા જૂનો ગોળ ખાશે તેને ગર્ભધારણ થશે નહિ. (૩) જે સ્ત્રી સિંધવનો ટુકડો તેલમાં બોળી યોનિમાં ધારણ કરી, પછી પુરુષની સાથે રમશે તો તેને કદી પણ ગર્ભધારણ થશે નહિ. (૪) તાંદળજાનાં મૂળ ચોખાના ધોવરામણમાં ઋતુસ્નાતા સ્ત્રી ત્રણ દિવસમાં પ્રાશન કરશે તો તે વાંઝણી થશે. આવાં ઔષધો યોગ્ય ખબરદારી રાખી ઉપયોગમાં લેવાં.

(૯) સૂતિકારોગ (સુવારોગ)

લક્ષણ અને કારણ:—અંગ મરડાઇ જવું, જ્વર, કંપારી, તૃષા, અંગે જડપણું, સોજો, શૂળ તથા રેચ, એ લક્ષણો થવાથી સૂતિકા રોગ થયો છે એમ જાણવું. સુવાવડીને સમજ્યા વિનાના ઉપચારોએ કિંવા દોષજન્ય અન્નપાન સેવન કરવાથી અથવા વિષમાશન, અજીર્ણ ભોજનાદિકે કરી જે રોગ થાય છે તે આ પ્રમાણે:—જ્વર, રેચ (ઝાડો), સોજો, શૂળ, પેટનું ચડવું તથા અશક્તિ અને કફવાતજન્ય રોગો થઈ ઉત્પન્ન થનાર તંદ્રા, અન્નદ્વેષ તથા મોઢામાં પાણી છૂટવું ઇત્યાદિ વિકાર, અશક્તિ અને અગ્નિમાંદ્ય હોવાના કારણને લીધે કષ્ટસાધ્ય થાય છે; તે સર્વ જ્વરાદિ રોગને સૂતિકા રોગ કહે છે. એ પૈકી એકાદો રોગ પ્રધાન થઈ બાકીના ઉપદ્રવરૂપે હોય છે. સૂતિકારોગ મટે નહિ તો તે અગીઆર માસમાં રોગીને મારે છે.

સૂતિકા રોગ ઉપર ઉપચાર:×—(૧) **વાતનાશક** ક્રિયા કરવી. પાટો બાંધવો. (૨) દશમૂળનો કાઢો ઘી નાખી પાવો. (૩) **અમૃતાદિ કાઢો:**—ગળો, સુંઠ, કોરાંટા, ચાંદવેલ (નારી),

---

* ગર્ભ ધારણ થવા માટે સિદ્ધ ઔષધિ:-ફલઘૃત, કલ્યાણઘૃત, શતાવરીઘૃત વગેરે ખાવા માટે તથા પ્રિયંગ્વાદિ તેલ મર્દન કરવા માટે અપાય છે.

× અહીં આપેલી છે તે ઉપરાંત સિદ્ધ ઔષધ સૂતિકારિ રસ, સૂતિકાવિનોદ રસ, સૂતિકાંતક રસ, યવાદિ ઘૃત, પીપલ્યાદિ ઘૃત, સૂતિકાહર રસ, પ્રતાપલંકેશ્વર રસ, સૂતિકાગજકેસરી રસ વગેરે ખાવા માટે તથા હેમસુંદર તેલ મર્દન કરવા માટે અપાય છે.

ઉત્કટારી, પંચમૂળ અને નાગરમોથનો કાઢો કરી તે ઠંડો થયા પછી મધ નાખી પાવો. (૪) **દેવદાર્વાદિ કાઢો:**—દેવદાર, વજ, કોઠ, લીંડીપીંપર, સુંઠ, કાયફળ, નાગરમોથ, કરીઆતું, કડુ, ધાણા, હરડે, ગજપીંપર, રિંગણી, ગોખરૂ, ધમાસો, ભોરિંગણી, અતિવિષ, ગળો, બાલી અને શહાજીરાનો કાઢો કરી તેમાં સિંધવ અને હીંગ નાખી સુવાવડીને પાવો; એટલે શૂળ, કાસ, જ્વર, શ્વાસ, મૂર્છા, કંપ, મસ્તકપીડા, બડબડ, તૃષા, તંદ્રા, અતિસાર, ઉલટી એટલા ઉપદ્રવોએ યુક્ત અને ત્રિદોષાત્મક એવા સૂતિકારોગનો નાશ થશે. (૫) કોરાંટા (કાંટાશેરીઓ), કળથી, પુષ્કરમૂળ, દેવદાર તથા નેતરનો કાઢો હીંગ અને મીઠું નાખી આપવો; એટલે સૂતિકાના શૂળ અને જ્વરનો નાશ થાય છે. (૬) પંચમૂળનો કાઢો કરી તેમાં લોખંડ તપાવી છમકારી તે કાઢો પાવો. (૭) અતિવિષનું ચૂર્ણ મધમાં આપવું. (૮) આકડાનાં મૂળ, ધમાસો, દેવદાર, કરીઆતું, રાસ્ના, નગોડનાં પાંદડાં, વજ, નાની અરણીનાં મૂળ, સરગવાની છાલ, લીંડીપીંપર, પીંપળીમૂળ, જીરૂં, ચવક, સુંઠ, અતિવિષ અને ભાંગરાનો કાઢો પાવો; તેથી કરી સન્નિપાત, ધનુર્વાતાદિ વાતરોગ, દાંતખીલી (દાંત બીડાઈ જવા), અંગમાંનું શૈત્ય, શ્વાસ, કાસ, સૂવારોગ, એ રોગો દૂર થાય છે. (૯) **બાફ આપવાનો:**—જૂના લીમડાની અંતરછાલ કાઢી લાવવી. તેના બારિક ટુકડા કરી તે પાણીના માટલામાં નાખવા અને ઉપર ઢાંકણું બેસાડવું. એવું ત્રણ માટલાં પાણી આધણ આવે ત્યાંસુધી ગરમ કરવું. પછી જે સ્ત્રીને સૂવારોગ થયેલો છે તેને એક ખાટલા ઉપર સૂવાડી, પ્રથમ એક માટલું લાવી તેના મસ્તકની નીચે રાખવું. તેમાંથી વરાળ કમતી થયા પછી બીજું માટલું લાવી તે માથ નીચે મૂકવું; અને પ્રથમનું માટલું કમ્મરનીચે મૂકવું. પછી ચૂલા ઉપરનું ત્રીજું માટલું મસ્તક નીચે મૂકવું. માથા તળેનું પ્રથમ કમ્મર નીચે અને કમ્મર નીચેનું પગ નીચે મૂકવું. આ પ્રમાણે ત્રણ દિવસ બાફ આપવો; એટલે શરીરમાંથી પરસેવાના રૂપે સર્વ વ્યાધિ નીકળી જઈ રોગ દૂર થાય છે. (૧૦) દશમૂળ કૂટી તેમાં પાણી નાખી એક રાત્રિ પલાળી રાખવાં. પછી બીજે દિવસે નલિકાયંત્ર વડે એનો અર્ક કાઢી હમેશાં બે વખત બે તોલાપર્યંત સેવન કરવો. (૧૧) **પંચજીરક પાક:**—જીરૂં, શહાજીરૂં, વરીઆળી, સુવા, અજમો, અજમોદ, ધાણા, મેથી, સુંઠ, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચિત્રો, હપુષા (શેરણી), કોળાનું ચૂર્ણ, ઉપલેટ અને અગલુ, એ દરેક ચાર તોલા, ગોળ ૪૦૦ તોલા, મધ ૧૨૮ તોલા અને ઘી ૧૬ તોલાનો પાક સિદ્ધ કરવો. તે સૂવારોગ, યોનિરોગ, જ્વર, ક્ષય, ઉધરસ, દમ, પાંડુરોગ, કૃશતા અને વાતરોગનો નાશ કરે છે. (૧૨) **સૌભાગ્યસુંઠીપાક:**—સુંઠ ૩૨ તોલા, ઘી ૮૦ તોલા, દૂધ ૨૫૬ તોલા, સાકર ૨૦૦ તોલા, શતાવરી, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, એલચી, તમાલપત્ર, અજમો, વરીઆળી, સુવા, ચવક, ચિત્રક અને નાગરમોથ, એ પ્રત્યેકનું ચૂર્ણ ૪ તોલા નાખી પાક પચન કરવો; લેહ જેવો થાય એટલે સિદ્ધ થયો એમ સમજવું. તે ઘીના વાસણમાં ભરી રાખવો અને પછી તે અગ્નિ અને બળ જોઈ પ્રકૃતિ પ્રમાણે આપવો. આ પાક સુવાવડીને આપવાથી બળ, વર્ણ અને પુષ્ટિ આપે છે અને વલિપલિતનો નાશ કરે છે; તથા તે વયસ્થાપક, હૃદ્ય, મંદાગ્નિ મટાડનાર અને આમવાત, મક્કલશૂળ તથા સૂવારોગનો નાશ કરે છે. (૧૩) **મહારાસ્નાદિ કાઢો:**—રાસ્ના, એરંડમૂળ, ગળો, વજ, પીળો કોરાંટો (કાંટા શેરીઓ), ચવક, કૌચબીજ, નાગરમોથ, ભારંગમૂળ, અજમો, કિરમાણી અજમો, પહાડમૂળ, દેવદાર, વાવડીંગ, કાકડાશિંગી, સુંઠ, બળદાણાનાં મૂળ, મોરવેલ, કડુ, મજીઠ, કાળું અને ધોળું અતિવિષ, કચોરાં, ત્રિફળાં, લીંડીપીંપર, જવખાર, રતાંદળી, ગરમાળો, માયાં, કડાછાલ, સાટોડી અને દશમૂળ, એ સર્વ સમભાગ લઈ એનો કાઢો કરી પાવો; એટલે સૂતિકારોગ, ૮૦ પ્રકારના વાયુ, શ્વાસ, કાસ, પરસેવો, શૈત્ય, અતિતંદ્રા, શૂળ, ગલરોગ, બધા અંગમાં થતા સણકા, કંપ, શ્લીપદ, આમવાત, નપુંસકત્વ અને સોજાનો નાશ થાય છે. (૧૪) કોરાંટા (કાંટીશેરીઓ)નો કાઢો લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવો અથવા કોરાંટાનાં મૂળ ચાવી ખાવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—સુવાવડીના કાઢા માટે:—નીપાણી-૧. સુવારોગ માટે:—અતિવિષ-૯, અરડૂસો-૧, કચૂરો-૧, કાંચકી-૧, કાંટાસરીઓ-૧૨, કેરડી-૧, માંકડી-૩, લીમડો (કડવો)-૧૬, સમેરવો-૩. **પ્રસૂતા સ્ત્રીઓના મસ્તકશૂળ માટે:**—અનંત-૩, ભારંગી-૧૦.

સુવાવડીના સ્તનસ્રાવ માટે:—તલ-૧૪, તાંદળજો-૬. પ્રસૂતાના ચકર ઊતરે તેર અને શૂળ માટે:—હીંગ-૧૧.

જુઓ ગ્રા૰ઔ૰માં:—ગોમૂત્ર-૭ ની ટીપમાં નં. ૧. જુઓ પ્રા૰ઔ૰માં:—કાંતફળ પર-૪. જુઓ અનુભૂત ઔષધ:-બૃહત્પાકસંગ્રહના પાકપ્રયોગની ટીપમાં નં. ૧.

(૧૦) સ્તનરોગ

કારણ:—વાતાદિ દુષ્ટ દોષ, ગર્ભિણી અથવા પ્રસૂતા સ્ત્રીને દૂધથી ભરેલાં અથવા ખાલી સ્તનો સુધી આવી, તે ઠેકાણાના માંસને અને રક્તને દૂષિત કરી સ્તનરોગ-કફ, વાત, પિત્ત, સન્નિપાત અને આગંતુક એવા પાંચ પ્રકારના રોગ ઉત્પન્ન કરે છે. તે પાંચેનાં લક્ષણો રક્તવિદ્રધિ સિવાય બાહ્યવિદ્રધિના સરખાં હોય છે; એટલે સ્તનના ઉપર સોજો ઉત્પન્ન કરે છે. તે વેદના, દાહ, ખરજ ઇત્યાદિ લક્ષણોએ યુક્ત ાય છે તથા વિદ્રધિસરખી વેદના થઈ પાકી ફુટે છે; અથવા હલકો સોજો હોય ને ઉપચાર કરે તો પાક્યા સિવાય બેસી જાય છે.

સ્તનરોગ ઉપર *ઉપચાર:—સ્તનને સોજા વગેરે આવવાથી વિદ્રધિ ઉપરની ચિકિત્સા કરવી. (૧) જળો લગાડી રક્ત કાઢવું અને પાટો બાંધવો. (૨) કવંડળ (મોટી ઇંદ્રવરણી) અથવા કડવી ઇંદ્રવરણીનાં મૂળ ઘસી લેપ કરવો. (૩) નરમાના છોડનાં મૂળ તથા દુધાઉ કેળું (દુધી) કાંજીમાં વાટી લેપ કરવો. (૪) હળદર તથા લોધરના કલ્કનો લેપ કરવો. (૫) કડવી ઇંદ્રવરણીનાં મૂળ, કુંવારનાં મૂળ અને હળદર, એ ઘસી ગરમ કરી લેપ કરવો. (૬) સમુદ્રશોકનાં પાંદડાં ગરમ કરી બાંધવાં. (૭) વાંઝણી કંકોડીનાં મૂળ ગરમ પાણીમાં ઘસી લેપ કરવો. (૮) પીંપળાની છાલ શેકી પાણીમાં નાખવી અને તેમાં લોખંડનો ટુકડો વારંવાર તપાવી છમકારવો તથા તે પાણી ગાળી સવારે અને સાંજે પીવા આપવું. (૯) એરંડમૂળ, બીજોરાનાં મૂળ, ગોખરૂ, રિંગણી, મોતરિંગણી અથવા ઉભી રિંગણી, લકડી પાષાણભેદ અને બીલીનાં મૂળ; આ સાત ઔષધોનાં મૂળનો કાઢો કરી એરંડીઉં અને શેકેલી હીંગ સિંધવ અને જવખારનું ચૂર્ણ નાખી તે પાવો એટલે સ્તનરોગ તથા કમ્મર, આંત્ર, શિશ્ન, છાતી, એ ઠેકાણે જે વાયુસંબંધી પીડા થાય છે, તે દૂર થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—ઇગોરીઆં-૩, ઇંદ્રવરણા-૬, કપાસ-૬, કંકોડી-૪, કાળી વેલ-૧, કુંવાર-૬, ચિત્રો-૬, પીંપળો-૧૪, મીંઢળ-૮, મીંઢીઆવળ-૧૦, મોથ-૨, વાકેરી-૭, હળદર-૫, ૨૨ ની ટીપમાં નં. ૩.

સ્તન્ય (દૂધના) રોગ:—જડ અને દુષ્ટ એવા પ્રકારનાં અન્નોએ દુષ્ટ થઇ માતાનું અથવા ઉપમાતાનું દૂધ માફક આવતું ન હોવાથી બાળકને નાના પ્રકારના રોગો થાય છે. **વાતાદિકોએ પિત દૂધનાં લક્ષણો:**—જે દૂધ તૂરૂં અને પાણી ઉપર તરનારૂં હોય છે તે વાતદૂષિત જાણવું. જે તીખું, ખાટું તથા ખારૂં હોઈ જેના ઉપર પીળી રેષાએ દેખાય છે તે પિત્તદૂષિત સમજવું. જે દૂધ ઘટ્ટ અને પરપોટાવાળું હોય પાણીમાં નાખવાથી તળીએ બેસે છે તે કફદૂષિત જાણવું. બન્ને દોષનાં લક્ષણો જેમાં દેખાય તે બન્ને દોષથી દૂષિત જાણવું તથા જેમાં ત્રણે દોષોનાં લક્ષણો હોય છે તે ત્રિદોષદુષ્ટ જાણવું. **શુદ્ધ દૂધનાં લક્ષણો:**—જે દૂધ પાણીમાં નાખવાથી તેમાં મળી જાય અને ધોળું તથા મધુર હોઈ બેરંગી નથી હોતું તે શુદ્ધ દૂધ સમજવું. **દુગ્ધશોધક કાઢો:**—પહાડમૂળ, મોરવેલ, કરીઆતું, દેવદાર, સુંઠ, ઇંદ્રજવ, ઉપલસરી, તગર તથા કડુનો કાઢો આપવો. તે સ્તન્યશોધન કરનારો છે. ઉપલા કાઢામાં તગર જેટલી ગળો નાખી તે પીવાથી સ્તનમાં દૂધ વધારે આવે છે. **સ્તનમાં દૂધ વધારે આવવા માટે:**—(૧) ભોંયકોળા (વિદારીકંદ અથવા ક્ષીરવિદારી કંદ)નો રસ દૂધમાં સાકર નાખી પાવો. (૨) શતાવરીનાં મૂળ દૂધમાં વાટી પાવાં. (૩) મદોષ્ણ દૂધમાં લીંડીપીંપર નાખી તે દૂધ પાવું. (૪) નરમો તથા શેલડી અથવા પિત્તપાપડાનાં મૂળ કાંજીમાં વાટી પાવાં. (૫) અસોંદ, ભોંયકોળું અને જેઠીમધનો કાઢો કરી તેમાં ગાયનું

* ઇંદ્રવરણાનું મૂળ પાણીમાં ઘસી લેપ કરવાથી સ્તનપીડા મટે.

ઘી નાખી પાવો. (૬) ગધોનાં મૂળમાં કાઢો દૂધ નાખી ત્રણ દિવસ પાવો. (૭) દૂધમાં અસાળી-ઓની ખીર કરવી; તેમાં થોડું ઘી અને સાકરની ભૂકી નાખી દરરોજ સવારે એક વખત એ પ્રમાણે ૧૪ કિંવા ૨૧ દિવસપર્યંત ખાવા આપવી. (૮)+મેથીની અથવા અળવીની ભાજી ખાવી. (૯) સૂર્ય રહેતી વેળાએ પાનમાં અર્ધી મુઠી સુવા ખાવાનો મહાવરો રાખવો અને સવારે પણ ખાવા એટલે દૂધ નિર્વિકાર થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અખરોડ-૪, અળવી-૬, આસંધ-૧૨, કપાસ-૫, ગળો-૧૨, નાની અરણી-૨, ભોંયકોળું-૩, ૧૧, મેથી-૫, લાણો-ની ટીપમાં નં. ૪, લીંડીપીંપર-૬, શતાવરી-૧. સ્તનમાં દૂધ કફદોષથી દૂષિત થયું હોય તે માટે:—જેઠીમધ-૧૬. સ્ત્રીઓના દૂધવિકાર માટે:—રાજહંસ-૩.

સ્તનવર્દ્ધન:—(૧) શિવણીનો રસ અને કલ્કમાં તલનું તેલ સિદ્ધ કરવું. તે તેલ રૂના પેલ ઉપર સિંચી તે પેલ સ્તન ઉપર બાંધવું, એટલે બેસી ગયેલા સ્તન ઉપર તરી આવે છે તથા હાથીના ગંડસ્થળ જેવા ઉંચાઇમાં જણાય છે. (૨) નાગબલાનાં મૂળ પાણીમાં વાટી સ્તનને ચોળવાં; એટલે સ્તન કઠિન, પુષ્ટ અને ઉંચાં થાય છે. (૩) કમળાક્ષ (કમળકાકડી) વાટી, તે દૂધ અને સાકર સાથે પ્રાશનાર્થ આપવું; એટલે સ્ત્રીઓના સ્તન એક મહિનામાં ઘટ્ટ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ પ્રા૦ઔ૦માં:—બીરબહોટી-૮.

પથ્ય:—રક્તપિત્ત ઉપર જે પથ્ય કિંવા અપથ્ય કહેલું છે, તે પ્રદર ઉપર પણ રાખવું. વાતવ્યાધિ ઉપર જે પથ્ય કહેલું છે તે; અને સાઠીચોખા, ઘઉં, જવ, ઘી, દૂધ, મધ, સાકર, કેળાં, આમળાં, દ્રાક્ષ, આલુ તથા મીઠા, શીતળ એવા પદાર્થ; કસ્તુરી, ચંદન, કપૂર, પ્રિય એવાં અન્નપાન. **અપથ્ય:**—શેક, ઉલટી, વાસી અન્ન, વિષમાસન, અતિમૈથુન, ક્ષાર પદાર્થ, આયાસ, ભાર ઉંચકવો, તીખા, ખાટા, કડવા, તુરા અને વાતુલ પદાર્થો ગર્ભિણીએ વર્જ્ય કરવા; કારણ વાતુલ પદાર્થ ભક્ષણ કરવાથી ગર્ભ જડ, ખુંધો થાય છે. પિત્તલ પદાર્થો ભક્ષણ કરવાથી ગર્ભનું માથું વાળરહિત થાય છે અને તે પીળા વર્ણનો થાય છે; તથા કફકારક પદાર્થો ભક્ષણ કરવાથી ગર્ભ શ્વેતકુષ્ઠી અને પાંડુરોગી થાય છે.

૬૩—स्वरभेद

કારણ:—અતિશય ખાટા પદાર્થ ખાવા, મોટા સ્વરથી ગાયન કરવું, સિંદૂર ખાવું, કપૂર ખાવું, કંઠ ઉપર લાકડી આદિનો પ્રહાર થવો, ઝેર ખાવું ઇત્યાદિ કારણોથી કંઠના સ્વરનો ભેદ થાય છે.× **ઉપચાર:**—(૧) ગાયના દૂધમાં આમળાંનું ચૂર્ણ આપવું. (૨) જમ્યા ઉપર ઘીમાં મરી નાખી પીવા આપવું. (૩) લીંડીપીંપર, પીંપળીમૂળ, મરી અને સુંઠનું ચૂર્ણ ગોમૂત્રમાં આપવું. (૪) ત્રિફળાં, ત્રિકટુ અને જવખારનું ચૂર્ણ આપવું. (૫) કોલિંજન અથવા પુષ્કરમૂળ કિંવા બોરડીનું મૂળ મોઢામાં રાખી રસ ગળે ઉતરવા દેવો. (૬) બોરડીનાં પાંદડાં શેકી વાટી તેમાં સિંધાલૂણ નાખી આપવાં. (૭) જેઠીમધ, આમળાં અને સાકરનો કાઢો આપવો. (૮) ગાયના ગરમ દૂધમાં સાકર અને મરીની ભૂકી નાખી તે પાવું.*

+ કેટલાક સ્ત્રીઓ અને દાઇઓ એમ માને છે કે સુવાવડમાં મેથી દૂધને સૂકવી નાખે છે.

× સ્વરભેદ વાતજ, પિત્તજ, કફજ, સન્નિપાતજ, મેદોજ અને ક્ષયજ, એવી રીતે છ પ્રકારનો છે. સારસ્વત ઘૃત, ભૃંગરાજઘના ઘૃત, મૃગનાભ્યાદિ અવલેહ, નિદિગ્ધિકાવલેહ વગેરે સ્વરભંગની સિદ્ધ ઔષધિ છે.

* જાવંત્રી, લીંડીપીંપર, લાજાળુ, બીજોરૂં, એલચી, જેઠીમધ, લવંગ અને અક્કલગરો સમાન-ભાગે ચૂર્ણ કરી તે ચૂર્ણ મધમાં ચાટવાથી સ્વર ઉઘડે. (૨) સિંધવ, વજ, બાવચી, ખાહીી, ભાંગરો, હળદર, મરી અને લીંડીપીંપર બરાબર વજને લઇ ખાંડી મધ સાથે કેટલાક દહાડા ચાટાડે તો આરામ થાય છે. (૩) એક હિંદી કવિ કહી ગયો છે કે "હડ કોલિંજન લાઇચી, સાઈ પીંપર પાન; ખટ મિલાઇ ગોળી કરે, કંઠ કોકિલસમાન." એમાં હડ તે હરડે, લાઇચી તે ઇલા-ઇચી અને પીંપર તે લીંડીપીંપર સમજવાં.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આમળાં–૬, આંબો–૨૬, કારિવણા–૧૨, કોલિંજન–૪, જેઠીમધ–૨૨, નાગકેસર–૮, પુષ્કરમૂળ–૨, બોરડી–૨, ભાંગરો–૧૪, મરી–૧૭, હળદર–૧૧. **ગળાનો અવાજ ખુલવા માટે અને સાફ થવા માટેઃ**—ચણોઠી–૫, ધોળી પીલુડી–૩.

૬૪–संग्रहणी

જુઓ જૂનો ઝાડો–પૃષ્ઠ ૪૮૨

૬૫–हरस–मसा (अर्श)

કારણઃ—વાતાદિ દોષ ત્વચા, માંસ તથા મેદને અને તે ઠેકાણાના રક્તને દૂષિત કરી, ગુદાસ્થાને નાના પ્રકારની આકૃતિના માંસના અંકુર ઉત્પન્ન કરે છે. તે અંકુરને અર્શ (મૂળવ્યાધિ) કહે છે. અર્શના બે ભેદ છે. એક સહજ એટલે દેહની સાથે ઉત્પન્ન થનાર; બીજો ઉત્તરજન્મ, એટલે જન્મ થયા પછી મિથ્યા આહારવિહારાદિકે કરી વાતાદિક કુપિત થવાથી ઉત્પન્ન થાય છે તે. વળી શુષ્ક અને આર્દ્ર એવા પણ બે પ્રકાર છે. ગુદાદ્વારની બહાર હોનાર રક્તસ્રાવ-રહિત જે અર્શ તે શુષ્ક; એને લોકો "મૂળવ્યાધિ" કહે છે. બીજા ગુદાદ્વારની અંદરની બાજુએ થનારા અથવા લોહી ટપકાવનાર હરસ તે આર્દ્ર; એને લોકો 'દૂઝણુ મસ' અથવા 'રક્તમૂળ-વ્યાધિ' કહે છે. દૂઝતા મસા ગુદાદ્વારની અંદરની બાજુએ ઇંચ દોઢ ઇંચ ઉપર હોવાથી દેખાતા નથી; પરંતુ શૌચની વખતે જોર કરવાથી અંદરની વલો નીચે આવે ત્યારે તે કદી કદી બહાર પડે છે ત્યારે માત્ર દૃષ્ટિએ પડે છે. રક્તસ્રાવરહિત અર્શ ગુદાની બાજુએ હોઈ તે જાડા અને કઠિન હોય છે. તે લગરેક કઠોર, સ્થિર ખીલાના જેવા હોય છે તેને સંસ્કૃતમાં ચર્મકીલ કહે છે. *

પૂર્વરૂપઃ—સોજો, અગ્નિમાંદ્ય, અન્ન ન પચવું, ફૂલાનું દુઃખવું, અલ્પપુરીષત્વ, સંગ્રહણી, પાંડુરોગની પીડા, ઉદરરોગની આશંકા, રક્તનાશ, બલહાનિ, પેટમાં ગડગડ શબ્દ, ઓડકાર, એ પૂર્વરૂપનાં લક્ષણો જાણવાં. ×**ઉપચારઃ**—(૧) ગંગાવતીનો રસ એક તોલો અને ઘી એક તોલો એકત્ર

---

* ગુદાની અંદર ૪॥ આંગળ જેટલા ભાગમાં દોઢ દોઢ આંગળનાં ત્રણ વલો છે. એ વલોમાં કેટલાક પ્રકારના દોષોના કારણથી માંસાંકુર ઉત્પન્ન થાય છે તેને અર્શ (હરસ) કહે છે. દૂઝતા હરસમાં બે–ચાર ટીપાંથી એક શેર સુધી લોહી પડતું જોવામાં આવે છે. સહજ હરસ જન્મની સાથે થાય છે તે ઔષધથી મટતા નથી.

× (૧) આંબાહળદર અને ફટકડીની થેપલી કરી બાંધવાથી મસા ખરી પડે છે. (૨) કેરડાના મૂળની છાલ તોલા ૫ દોઢ શેર પાણીમાં ઉકાળી તે પાંચ તોલા રહે ત્યારે ગાળીને દિવસ ૩ પાવું. (૩) કુકડવેલનાં પંચાંગનો ધૂમાડો આપવો. (૪) લિંબોળીની મીંજ તથા એળીઓ લઈ પાણીમાં ચણોઠી જેવડી ગોળી કરી આપવાથી લોહી બંધ થશે. એ ગોળી રસવંતીના પાણી સાથે વાળવી. (૫) બોરિંગણીનાં પાંદડાં છાયામાં સૂકવી સૂકામાં બેળવી ચલમમાં પાવાથી મસા મટે. (૬) ઇન્દ્રજવ, માલકાંગણી તથા કાળીજીરી વાટી દરરોજ ફાકી કરવાથી ગુદામાંના દૂઝતા મસ મટે. (૭) માણસનાં હાડકાં ૧ તોલો, શેકેલો મોરથુથુ ૧ તોલો અને દાલચીકના ॥ તોલો લઈ ૫ તોલા ધોયેલા ઘીમાં મલમ કરી મસા ઉપર ચોપડવાથી મસા ખરી પડે. આ અનુભૂત છે. (૮) હરસ ઉપર ઉભી કાંગસીનાં પાંદડાંને ખાંડી તેમાં થોડું પાણી નાખી ખૂબ ખાંડી તેમાંથી કપડે ગાળી કાઢેલો રસ તોલા ૫ લઈ તેમાં માફકસર સાકર, પતાસાં અથવા ખાંડ, એ ત્રણમાંથી એક વસ્તુ નાખી તે પાવો. (૯) હરસ ઉપર, બે વરસનો જૂનો કપાસ વાડમાં ઉગેલો હોય તેના મૂળને પાણી સાથે પથ્થર ઉપર ઘસી તૈયાર કરેલો રસ માફકસર પાવો. (૧૦) હીમજ તોલા ૫ લઈ કાચા એરંડીઆ તેલમાં તળી તેને ખૂબ ઝીણી ખાંડી ચૂર્ણ કરી દરરોજ અર્ધા તોલા પ્રમાણે ફાકવી. આ દવા રેચક હોવાથી તે ઉદરસંબંધીનાં બીજાં ઘણાં દરદોને હઠાવે છે. ઉદરમાં જામી રહેલા સૂકા મળને પીગળાવી ઝાડા વાટે બહાર કાઢે છે અને હરસનો નિઃસંદેહ નાશ કરે છે.

કરી આપવું. (૨) મૂળાનો કંદ પીશી તેનું પાણી ૨ તોલા કાઢવું અને તેમાં ગાયનું ઘી ૧ તોલો નાખી આપવું. (૩) શરપુંખાનાં મૂળ દહીંમાં આપવાં. (૪) હરડે, સુંઠ અને ચિત્રકના કાઢામાં તજ અને જવખારનું ચૂર્ણ આપવું. (૫) હરડે, મરી, વાવડીંગ, અજમો, ચિત્રક અને સુંઠનો કાઢો આપવો. (૬) અરલુ, ચિત્રકમૂળ, ઈંદ્રજવ, કરંજ, સિંધવ અને સુંઠનું ચૂર્ણ સાત દિવસ-પર્યંત પ્રાશન કરવાથી ગુદામાંના અર્શ ગરી પડે છે. (૭) કડવા લીમડાનાં ૨૧ પાંદડાં બારિક વાટી ચોખ્ખા મગની વાટેલી દાળમાં મિશ્ર કરી તેને બાખડી ગાયના ઘીમાં શેકી તે ૨૧ દિવસ ખાવું; એટલે સર્વ અર્શ ગરી પડે છે. મીઠું ખાવું નહિ. સિંધવ થોડો ખાવો. (૮) બાળહરડે, તલ અને ભિલામાના ચૂર્ણમાં દુપટ ગોળ નાખી ગોળીઓ કરવી. તે અનુપાન જોઈ આપવી; એટલે મૂળવ્યાધિ, જ્વર, કુષ્ઠ, કાસ, શ્વાસ અને પથરી વગેરે રોગો દૂર થાય છે. (૯) મલાવષ્ટંભ થયો હોય તો અજમો અને બીડખારયુક્ત છાશ પીવાથી ગુદામાંનો રોગ દૂર થાય છે. તે કદી ઉત્પન્ન થતો નથી. છાશ પીવાથી વાહિનીમાંનું લોહી શુદ્ધ થઇ રસ, બલ, પુષ્ટિ અને વર્ણ સારો થાય છે અને આનંદ પણ થાય છે; તથા વાત અને કફના સેંકડો વિકારો નાશ પામે છે. (૧૦) સુરણ ૧૬ ભાગ, ચિત્રક ૮ ભાગ, સુંઠ ૧ ભાગ અને મરી ૧ ભાગ લઇ તેનું ચૂર્ણ કરી તેના સમાન ગોળ લઇ ગોળીઓ કરી આપવી. (૧૧) સુરણના કંદને માટીનો લેપ કરી પુટપાક રીતે અગ્નિમાં શેકી તેમાં તલનું તેલ અને સિંધવ નાખી ખાવું. (૧૨) સિંધવ, ઈંદ્રજવ, કરંજ અને કડવા લીમડાની છાલ, એ ઔષધો વાટી આપવાં. (૧૩) વરધારો, ભીલામો અને સુંઠ, એ ત્રણ ઔષધો સમાન લઈ તેનું ચૂર્ણ કરી તેમાં તેનાથી બમણો ગોળ નાખી ગોળીઓ કરીને ખાવી. (૧૪) લીંડીપીંપરનું ચૂર્ણ છાશમાં આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—અખરોડ-૧,૫, અરલુ-૧૧, આકડો-૧૨, આદુ-૨૦, આંબો-૧૭, ઉંડણ-૬, ઉંબરો-૨૨, કડવાં તુરીઆં-૫, કનક-૧, કપાસ-૧૯, કરેણ-૪, કારિંદા-૨, કુકરપાડાનો વેલો-૩, ૬, કોકમ-૭, ૯, ખજૂરી-૨, ગળી-૨, ગંગાવતી-૩, ગાંજો-૨, ગોરખ-મુંડી-૯, ચિત્રક-૧૫, ૧૬, ડુંગળી-૩૧, ૩૪, દક્ષણી થુરીઓ-૪, દિંડા-૩, દુધી-૧, દુધેલી-૧, નાગચંપો-૨, પીલુ-૧, પીળો ધંતુરો-૩, પોપૈયો-૨, ફુગ-૪, બીલી-૨૬, ભીલામો-૨, ભોંયકોળું-૨, મરી-૧૩, મૂળા-૪, ૮, રતનજોત-૭, રાળ-૮, રીસામણી-૬, લીમડો (કડવો)-૧૪, ૧૭,૧૯, ૩૬, લીંડીપીંપર-૩૦, વગડાઉ સુરણ-૨, વડ-૧૪, વિંછુડા-૨, વિષ્ણુક્રાન્તા-૩, શર-પુંખા-૧, સુરણ-૧,૩, હળદર-૩,૭. જુઓ ગો૦વૈ૦માંઃ—માખણ-૯, છાશ-૨,૫. જુઓ પ્રા૦ઔ૦-માંઃ—બીરબહોટી-૪, હરિણશૃંગ-૩.

જુઓ **અનુભૂત ઔષધઃ**—ઔષધિક્રિયાના ચૂર્ણપ્રયોગની ટીપમાં નં. ૫, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫. ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૧૦. રસાયનપ્રયોગની ટીપમાં નં. ૧. મલમપ્રયોગની ટીપમાં નં. ૫, ૬. પાકની ટીપમાં નં. ૩૩.

રક્તાર્શ (ફ્લુઝંતામસ) ઉપર ઉપચારઃ—(૧) અઘેડાનાં બીઆંનો કલ્ક કરી તે ચોખાના ધોવરામણમાં પાવો. (૨) તલ વાટી માખણમાં મેળવી ખાવા. (૩) નાગકેસર વાટી માખણ અને ખડીસાકરમાં મેળવી આપવું. (૪) એકેરી મખમલીનાં શુમારે ૪૦ ફૂલ લાવી ફૂલના નીચેની લીલી રજ કાઢી નાખી વાટીને રસ કાઢવો. આ રસ એક તોલો અને તેમાં તેટલુંજ ગાયનું ઘી નાખી થોડું ગરમ કરી તે આપવું. એ પ્રમાણે ત્રણ દિવસ લીધા પછી સર્વ પ્રકારનો રક્તસ્રાવ બંધ થાય છે. (૫) વિષ્ણુક્રાંતાનાં પાંદડાં વાટી તેની વડી ગુદા ઉપર બાંધવી. (૬) તાજું માખણ ખાવું. (૭) ઇસબગોળ (ઓથમી જીરૂં) રાત્રે પાણીમાં ભીંજવી રાખી સવારે હાથે ચોળી તે ગાળી લઇ તેમાં ખડીસાકર નાખી પાવું. સર્વ પ્રકારના રક્તસ્રાવ, જ્વર અને દાહ એથી શમી જાય છે. (૮) ઘી તોલા ૪ લઈ તેટલાજ ગરમ પાણી સાથે પાવું. (૯) ગાયનું માખણ ૮ તોલા, પાણી ૧૬ તોલા અને ખડીસાકર ૨ તોલા, એકત્ર કરી ઘી સિદ્ધ કરી આપવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં—અઘેડો-૧૨, અરીઠા-૧૫, આમલી-૧, આંબો-૪, એલચી-૫, ઓથમીજીરૂં-૩, કંકોડી-૯, કારેલી-૭, ગુલાબ-૭, તલ-૧૩, દારૂહળદર-૯, નાગલા દુધેલી-૬ની ટીપમાં,

આંબેરે-૧૪ની ટીપમાં "અંગરાજવટી," અભયવટી-૨, આલકાંગણી-૫, રતનજોત-૯, સાટોડી-૬. જુઓ૦ રસ તેલમાં સોમલ-૩ની ટીપમાં નં. ૧; હરતાલ ભસ્મ-૬ની ટીપમાં નં. ૨. ગુદામાં કરવાના મસા સહજ ત્રાસ આપતા હોય તે માટેઃ—અળશી-૫. જુઓ પ્રા૦ઔ૦ માંઃ—માખણ-૨.

લેપ અને ધૂણીઃ—(૧) કડવા લીમડાનાં બીઆં તેલમાં તળી તેમાંજ ખરલ કરવાં અને તેમાં થોડી મોરથુથાની ભૂકી નાખી તે મલમ અર્શને ચોપડવું; તેથી બળતરા શમે. (૨) સિંધવ અને દેવડાંગરી(કુકડવેલ)નાં બીઆં કાંજીમાં વાટી લેપ કરવો. (૩) શંખજીરૂ, કલાઈસફેતો, સોનાગેરૂ, ફટકડીની લાહી, મરડાશિંગ, મીણ અને હળદર, એ માખણમાં ખરલ કરી ચોપડવું. (૪) સુરોખાર અને રસકપૂરનો માખણમાં લેપ કરવો. (૫) મોરથુથુ લાવી શિંગુના રસમાં ઘસી તેમાં માખણ મેળવી તેનો લેપ કરવો. (૬) ભિલામાના લોહાનો લેપ કરવો. (૭) સરગવાનાં મૂળનો રસમાં સોમલ ઘસી તેનો લેપ કરવો. (૮) થોરના અને કરંજાના રસમાં હરતાલ ઘસી લેપ કરવો. (૯) મનુષ્યકેશ, સર્પની કાંચળી, વાવડીંગ, આકડાનાં મૂળ, ખીજડીનાં પાંદડાં, જૂનાં શિંગડાંના ઉગેલા અંકુર અને હીંગની ધૂણી આપવી. (૧૦) શિળાનું ચૂર્ણ, શિરસ અને તેલ એકત્ર કરી ધૂણી આપવી. (૧૧) ખારેકનાં બીઆં ઝીણાં કરી તેની ધૂણી આપવી. (૧૨) કડવાં તુરીઆંનાં બીઆં અને આમલીની છાલની ધૂણી આપવી. (૧૩) શ્વેત કરેણ અને જટામાંસીનો લેપ કરવો. (૧૪) વાનરની વિષ્ઠા, અજમાનાં ફૂલ અને કળીચૂનાની ધૂણી ૭ દિવસ આપવી; એથી અર્શ ગરી પડે છે. (૧૫) પોપૈયાનાં કાચાં ફળનો ચીકણો રસ મસાને ૩ દિવસ ચોપડવાથી મસા ગરી પડે છે.×

પથ્યઃ—સાઠી ચોખા, મગ, કળથી, સુવા, તુવેર, ચાકવત, ચીલ, ઘીલોડાં, કોળું, પરવળ, કારેલાં, સુરણ, રાઈ, છાશ, ઘી, કુમળો મૂળો અને કુમળાં વેંગણ. **અપથ્યઃ**—ચણા, મઠ, મસૂર, પાવટા, ચોળી, શેલડી, કેળ, ફણસનો ગર અને શાક, જડ પદાર્થ, સામો, દૂધ અને ગોળ.

સૂચનાઃ—જેને ભીલામો ઉપડતો હોય તેણે ભીલામાના ઉપાય કરવા નહિ. બીજાઓએ કરવા.

૬૬—હાથીપગો (શ્લીપદ)

સંપ્રાપ્તિઃ—જે સોજો જ્વર સહિત તથા સાથળના મૂળમાં અત્યંત પીડાયુક્ત ઉત્પન્ન થાય છે; પછી ક્રમે કરી માણસના પગોમાં ઉતરે છે, તે રોગને "શ્લીપદ" કહે છે. કોઈ એને (મ૦) વારૂળ પણ કહે છે. જે દેશમાં સર્વ કાળ ઘણું પાણી એકઠું થઈ રહે છે તે દેશમાં અને જે દેશમાં બધી ઋતુઓમાં ઠંડીજ હોય છે તે દેશમાં ઘણું કરીને આ રોગ ઉત્પન્ન થાય છે.

ઉપચારઃ—(૧) લોહી કઢાવવું. (૨) ધંતુરો, એરંડમૂળ, નગોડ, સાટોડી, સરગવો અને સરસવનો લેપ, ઘણા વખત ઉપરનો શ્લીપદ હશે તો તેનો પણ નાશ કરશે. (૩) વરધારાનું ચૂર્ણ કાંજી કિંવા ગોમૂત્ર સાથે લેવાથી મોટો કષ્ટસાધ્ય શ્લીપદ વર્ષ ઉપરનો હશે તોપણ તેનો નાશ થશે. (૪) ખાખરાનાં મૂળનો અંગરસ અને ધોળા સરસવનું તેલ, બન્ને સમાન લઈ પાવાં. (૫) ધોળા

× અર્શરોગમાં સિદ્ધ ઔષધિ કર્પૂરાદ્ય ચૂર્ણ (વાતાર્શ માટે) કરંજાદિ ચૂર્ણ, ભલ્લાતક પાક, ભલ્લાતકામૃત યોગ, બૃહત્ સુરણ મોદક, કુટજાવલેહ, દંતી અરિષ્ટ, અભયારિષ્ટ, ચવ્યાદિ ઘૃત, બાહુશાલગુડ, વિજય ચૂર્ણ, અર્શકુઠાર રસ, ચક્રેશ્વર રસ, ચવ્યાદિ લોહ, તીક્ષ્ણમુખ રસ વગેરે ખાવા માટે તથા કાશીશાદિ તેલ, ચિત્રકાદ્ય તેલ વગેરે લગાડવા માટે અપાય છે.

અનુભૂત ઔષધઃ—(૧) નાગલા દૂધેલી અથવા ચમાર દૂધેલીનાં પાન ૨ તોલા લઈ ઘીમાં તળીને ખાવાથી લોહી પડતું બંધ થાય છે. (૨) રસાંજન તથા કપૂર સમભાગ મેળવી પાણીની સાથે ઘુંટી ચાર ચાર રતીની ગોળી બનાવવી. એક અથવા બે ગોળી પાણી સાથે લેવાથી લોહી પડતું બંધ થાય છે. (૩) અરીઠાનાં છોતરાંને બાળી રાખ કરવી. પછી કાથો સમાન ભાગ મેળવી ખરલ કરી ચૂર્ણ તૈયાર કરી ૧ રતી માખણ અથવા દૂધની મલાઈમાં મેળવી ૭ દિવસ ખાવાથી દૂઝતા મસાનો નાશ થાય છે. આ ઉપાય ૭ ૭ માસને અંતે ત્રણ વખત કરવો. (૪) હરતાલ તો. ૨ તથા કાથો તો. ૪ બાઈ ધોયેલા ઘી તો. ૬ માં મેળવી મલમ તૈયાર કરવો. આ મલમ મસા ઉપર લગાડવાથી મસા મરી જાય છે.

એરંડાના તેલ વડે હરડે તળી ગોમૂત્ર સાથે ૭ દિવસ ખાવી; એટલે શ્લીપદનો નાશ થાય છે. (૬) સાગની છાલનો કાઢો કરી ગોમૂત્ર નાખી આપવો. એટલે શ્લીપદ અને મેદોરોગ દૂર થાય છે.+

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આકડો-૧૭, જીયાપોતો-૨, વરધારા-૧, સાગ-૬, હરડે-૧૨, હળદર-૨.

પથ્ય:—ચોખા, જવ, કળથી, લસણ, પંડોળાં, સરગવો, કારેલાં, કડવા, તીખા અને અગ્નિદીપન કરનાર પદાર્થ. **અપથ્ય:**—પિષ્ટાન્ન, ગોળ નાખી જે દૂધના પદાર્થ કર્યા હોય તે, મીઠા, ખાટા પદાર્થ, જડ અને કફકારક પદાર્થ.

૬૭–हेडकी* अथव उचकी (सं० हिक्कारोग)

કારણ:—જડ અને મલબદ્ધ કરનારા પદાર્થોનું સેવન, ઠંડુ પાણી પીવું, ઠંડા પાણીથી સ્નાન કરવું, ઠંડુ અન્ન ખાવું, ધૂમાડી અને ધૂળ નાકમાં જવી, ગરમી અને વાયુનું અતિ સેવન, ઉપવાસ કરવા ઇત્યાદિ કારણોથી આ રોગ થાય છે.

ઉપચાર:—(૧) લીંડીપીંપરનું ચૂર્ણ અને મોરનાં પીછાંની ભસ્મ મધમાં કાલવી વારંવાર ચટાડવાં; એટલે ઉચકી અને ઉલટીનો તુરત નાશ થાય છે. (૨) જેઠીમધનું ચૂર્ણ મધમાં આપવું. (૩) નગોડનાં બીઆં અને લીંડીપીંપરના કાઢામાં શેકેલી હીંગ એક માસાભાર નાખી તે આપવું. (૪) અલીત્સનું નસ્ય આપવું. (૫) બીજોરાના રસમાં મધ અને સંચળ નાખી આપવું. (૬) ધમાસાના કાઢામાં મધ નાખી આપવું. (૭) સોનાના વરખ માખણમાં આપવા. (૮) નાગરમોથનાં બીઆં લઇ તે આઠગણા પાણીમાં ભિંજવી રાખવાં; અને મૃદુ થાય એટલે વસ્ત્રથી ગાળી તેનું પાણી ૪ તોલા પ્રાશન કરવું. (૯) આમળાં, લીંડીપીંપર અને સુંઠનો કાઢો સાકર નાખી લેવાથી પ્રાણનો નાશ કરનારી ઉચકીનો નાશ થાય છે. (૧૦) કોઠીનો કિંવા આમળાંનો અંગરસ મધ અને લીંડીપીંપર સહિત લેવાથી તે હેડકી અને શ્વાસને નિવારણ કરે છે. (૧૧) ધૂણીવગરના અંગારા ઉપર હીંગ અને અડદનું ચૂર્ણ નાખી તેની ધૂણી પ્રાશન કરવી. (૧૨) કઢેલું દૂધ અથવા શેલડીનો રસ પાવો. (૧૩) ઉધરસ ઉપરના અને ક્ષય ઉપરના સર્વ ઉપચાર વાત, ઉધરસ, ઉચકી તથા શ્વાસ ઉપર યોજવા.÷

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અડદ-૪, અસાળીઓ-૫, કડુ-૩, કાસુંદરો-૨, કેળ-૫, કોઠી-૮, જાયફળ-૫, જેઠીમધ-૪, ધમાસો-૪, ધરો-૨, નાળીએરી-૯, પાટલા-૧, પીંપળો-૩, ૧૫, પુષ્કરમૂળ-૧, બીજોરૂં-૭, ભારંગ-૯, મૂળા-૧, મોથ-૩, રતાંદળી-૧, રેણુકા-૧, લીંડીપીંપર-૭, શેલડી-૫, ૧૨, સરગવો-૩, સુખડ-૮, હરડે-૨, હીંગ-૪. જુઓ ગો૦વૈ૦માં:—દૂધ-૧૨, ઘી-૧૬. પ્રા૦ઔ૦માં:—ઘોડાની લીંદ-૨, મોરનાં પીછાં-૧.

+ શ્લીપદ રોગમાં શ્લીપદ ગજકેસરી, નિત્યાનંદ રસ, સૌરેશ્વર ઘૃત, કૃષ્ણાદિ મોદક, પિપ્પલ્યાદિ ચૂર્ણ, નિર્ગુંડ્યાદિ સંધાન, દંત્યાદિ ઘૃત, વાતરક્તાંતક રસ વગેરે ખાવા માટે તથા પુનર્નવાદિ લેપ, વિડંગાદિ તેલ, વૃદ્ધદારકાદિ તેલ વગેરે ચોપડવા માટે કામ આવે છે.

* (૧) હેડકી ઘણું ખાવાથી થયેલી તે અન્નજા, (૨) બે-ત્રણ હેડકી સાથે આવે છે તે યમલા, (૩) ધીમે ધીમે આવે છે તે ક્ષુદ્રિકા, (૪) નાભિમાંથી ઉત્પન્ન થતી ઘોર અવાજવાળી હોય તે ગંભીરા અને (૫) આખા શરીરને કંપાવે તે મહતી, એમ પાંચ પ્રકારની છે.

ઉપાય:—(૧) અજમાની સુખડી (માવર) કરીને ખવરાવવી. એ હેડકીને સત્વર અટકાવનાર અનુભૂત ઉપાય છે. (૨) બકરીના દૂધમાં સુંઠ નાખી પકવી તે બન્ને ખાવાં. (૩) લવંગ ટાંક ૧, અક્કલકરો ટાંક ૧, લીંડીપીંપર ટાંક ૧, સુંઠ ટાંક ૧ અને સિંધવ ટાંક ૧, લઇ કુંવારના ગર્ભ સાથે ખરલ કરવું. તેની વડબોર જેવડી ગોળીઓ કરી આપવી. (૪) સરગવાનું મૂળ ગાયની છાશમાં ઘસી હીંગ નાખી પાવાથી હેડકી મટે.

÷ હિક્કારોગ પર પિપ્પલ્યાદિ લોહ, સૂંઠ્યાદિ ચૂર્ણ, મેઘડંબર રસ, યોગવાહક રસ તથા શ્વાસરોગમાં કહેલી સર્વ ઔષધિ અપાય છે.

જુઓ અનુભૂત ઔષધ:—ઔષધિક્રિયાના ક્વાથપ્રયોગની ટીપમાં નં. ૧૦. મલમપ્રયોગની ટીપમાં—નં. ૨.

પથ્ય:—ઘઉં, કળથી, ચોખા, જવ, લસણ, પરવળ અને મૂળા. અપથ્ય:—વાલ, અડદ, ટીનું દૂધ, પેંઠ, ખાટા પદાર્થ અને દુધી.

૬૮—हृदयना रोग अथवा हृद्रोग

કારણ:—અતિ ઉષ્ણ, ખાટા, તૂરા, કડવા પદાર્થોના અતિસેવને કરીને તથા શ્રમ, અભિઘાત, અધ્યશન, (ભોજન પર ભોજન), મૈથુન, મળમૂત્રાદિ વેગોનું ધારણ, ચિંતા ઇત્યાદિ કારણોથી હૃદ્રોગ ઉત્પન્ન થાય છે.

સંપ્રાપ્તિ:—વાતાદિ દોષ કુપિત થઈ હૃદયમાં રહેલ રસ ધાતુને કુપિત કરી, હૃદયને ઠેકાણે પીડા ઉત્પન્ન કરે છે, એ વ્યાધિને હૃદ્રોગ કહે છે.*

ઉપચાર:—(૧) નસોતર, કચોરાં, બળદાણા, રાસ્ના, સુંઠ, હરડે અને પુષ્કરમૂળનો કાઢો કંવા ચૂર્ણ ગોમૂત્ર સાથે પાવું. (૨) વાવડીંગ અને ઉપલેટનું ચૂર્ણ વાવડીંગના કાઢામાં આપવું; એથી હૃદયમાંના અસાધ્ય કૃમિ પણ પડશે. (૩) ગાયનું દૂધ ૯૬ તોલા લઈ મંદાગ્નિ સળગાવી અર્ધું બળી જાય ત્યાંસુધી ઉકાળવું; અને ઠંડુ થયા પછી સાકર, મધ, ઘી, એ બબ્બે તોલા અને લીંડીપીંપરનું ચૂર્ણ ૧ તોલો નાખી પાવું; તેથી કરી સર્વ પ્રકારના દોષોથી થયેલો હૃદ્રોગ, જ્વર, ઉધરસ અને ક્ષયનો નાશ થાય છે. (૪) દશમૂળનો કાઢો જવખાર અને સિંધવ નાખી પાવો; તેથી કરી હૃદ્રોગ, ગુલ્મ, શૂળ, શ્વાસ અને કાસનો નાશ થાય છે. (૫) એરંડમૂળ ૮ તોલા આઠગણા પાણીમાં કઢવી, તે કાઢો જવખાર સાથે પાવો; એટલે હૃદય, કુક્ષી અને કમ્મરના ઠેકાણાનું શૂળ દૂર થાય છે. (૬) સુંઠનો ગરમ કાઢો પ્રાશન કરવો. તે અગ્નિવર્ધક છે અને દમ, ઉધરસ, વાયુ, શૂળ અને હૃદ્રોગનો નાશ કરે છે. (૭) સહદેવી અથવા તુપકડી(ગંગેટી)નાં મૂળ ગાયના દૂધમાં પચન કરવાં; અને તે દૂધ પાવું. તે હૃદ્રોગ, દમ તથા ઉધરસનો નાશ કરે છે. (૮) શીમળાની છાલ દૂધમાં બાફી એક મહિનો આપવાથી તે રસાયન, ઉત્કૃષ્ટ બળકારક અને વાતનાશક છે. એજ એક વર્ષપર્યંત લાગલાગટ સેવન કરનાર સો વર્ષપર્યંત કોઇ પણ રોગનો ભોગ થતો નથી. (૯) પુષ્કરમૂળનું ચૂર્ણ મધમાં ચાટવાથી હૃદ્રોગ, દમ, ઉધરસ અને ઉચકી-(હેડકી)નો જલદીથી નાશ થાય છે. (૧૦) ઘી, મધ કે ગોળનું પાણી, એમાંથી એક સાથે અરજુન-વૃક્ષની છાલનું ચૂર્ણ જે પીશે તે હૃદ્રોગ, જીર્ણજ્વર અને રક્તપિતને જીતી ચિરંજીવ થશે. (૧૧) કડુ અને જેઠીમધનું ચૂર્ણ ગરમ પાણીમાં પાવું. તે જીર્ણજ્વર, રક્તપિત્ત અને હૃદ્રોગનો નાશ કરે છે. (૧૨) હરડે, વજ, રાસ્ના, લીંડીપીંપર, સુંઠ, નાગરમોથ અને પોખરમૂળનું ચૂર્ણ આપવું. (૧૩) ઘઉં અને અરજુનસાજડનું ચૂર્ણ બકરીના દૂધમાં ગાયનું ઘી નાખી બાફવું અને મધ તથા સાકર સાથે આપવું; એટલે શૂળ, હૃદ્રોગ અને ક્ષય, એ રોગો દૂર થાય છે.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—અરજુનસાજડ-૪, ૫, ૭, ૮, ૧૩; આદુ-૧૯, એરંડો-૩૮, ગંગેટી-૩, જેઠીમધ-૧૯, નાળીએરી-૧૪, પુષ્કરમૂળ-૧, ફાલસા-૩, બીજોરૂં-૧૩, ઓરસળી-૩, લીંડીપીંપર-૨૩, ૩૪, વાવડીંગ-૬, શિમળો-૧૬, સમેરવો-૧, ૧૫. **ઉરમાં સંચય થયેલું રક્ત શુદ્ધ થવા** માટે:—પીંપળો-૪. **ઉરોઘાત એટલે છાતી દુખે તે** માટે:—દાડમ-૮, બોરડી-૯. **છાતીમાં દુખતું હોય કે લોહી બગડેલું હોય તે** માટે:—રગતરોહિડો-૨. જુઓ ગો૦વૈ૦માં:-દૂધ-૧૫. જુઓ પ્રા૦ઔ૦માં:—હરિણશૃંગ-૧.

પથ્ય:—ઘણાજ જૂના રાતા ચોખા, પંડોળાં, કેળાં, જૂનું કોળું, કેરી, દાડમ, ગરમાળો,

---

* હૃદ્રોગ વાતજ, પિત્તજ, કફજ, ત્રિદોષજ તથા કૃમિજ મળી પાંચ પ્રકારના થાય છે.

× હૃદ્રોગમાં સિદ્ધ ઔષધિ:—કલ્યાણસુંદર રસ, ચિંતામણિ રસ, હૃદયાર્ણવ રસ, અર્જુન ઘૃત, શ્વદંષ્ટ્રાદિ ઘૃત, ક્ષીરપિપ્પલી પંચસાર રસ વગેરે.

જૂનો ગોળ, લસણ, ધાણા મધ, પાન વગેરે. **અપથ્ય:**—તૃષા, ઉલટી, મૂત્ર, વાયુ, ઉધરસ અને ઓડકાર, શ્રમ, શ્વાસ, મળ અને રુદનના વેગનું ધારણ. મેંઢીનું દૂધ, તૂરો ખારો રસ અને રક્તમોક્ષ.

૬૧–ક્ષયરોગ

કારણ:—અતિ મૈથુન, અતિ માર્ગ ચાલવો, અતિ શ્રમ કરવો, વ્રણ, શોક, જ્વર, વિષમાશન (અકાળે થોડું કિંવા ઘણું ખાવું), મળમૂત્રાદિ વેગોનો અવરોધ, એથી કરી કફ, વાત અને પિત્ત કુપિત થઇ તે રસાદિ ધાતુને શુષ્ક કરી ક્ષયને ઉત્પન્ન કરે છે. તે ત્રિદોષમાં કફનું આધિક્ય હોય છે.

સંપ્રાપ્તિ:—કફપ્રધાન, વાતાદિ દોષોએ રસવાહિની શિરાઓ રૂંધાઇ ગયાથી, બધો રસ એક ઠેકાણે સૂકાય છે. પછી અનુક્રમે રસ, રક્ત, માંસ ઇત્યાદિ સપ્તધાતુ ક્ષીણ થાય છે. આ અનુલોમ ક્ષય જાણવો. અતિ મૈથુન કરનાર પુરુષનું વીર્ય ક્ષીણ થવાથી વાયુનો કોપ થાય છે તથા તત્સમીપસ્થ મજ્જાદિ સર્વ ધાતુઓ ઉલટા ક્રમે ક્ષીણ થાય છે, તેને પ્રતિલોમ ક્ષય કહે છે. આવી રીતે સપ્ત ધાતુ ક્ષીણ થવાથી માણસ શુષ્ક થાય છે. આ રોગને "રાજયક્ષ્મા" પણ કહે છે.

પૂર્વરૂપ:—શ્વાસ, અંગગ્લાનિ, તાલુશોષ, કફનો સ્રાવ, ઉલટી, અગ્નિમાંદ્ય, સળેખમ, ઉધરસ અને નિદ્રા ઇત્યાદિ લક્ષણો ક્ષય ઉત્પન્ન થવા પહેલાં થાય છે. રોગીની આંખોને ધોળાપણું, કોઇને માંસભક્ષણની ઇચ્છા, સ્ત્રીસહવર્તમાન ક્રીડાની ઇચ્છા ઇત્યાદિ લક્ષણો થાય છે.

લક્ષણ:—ખભા અને પડખાંને ઠેકાણે દુઃખ, હાથે પગે આગ, સર્વાંગે જ્વર, એ લક્ષણો થાય છે. **અસાધ્ય લક્ષણો:**—ઉધરસ, અતિસાર, પાર્શ્વશૂળ, સ્વરભેદ, અરુચિ અને જ્વર, એ છ લક્ષણો જેમાં છે તે અસાધ્ય જાણવો. રક્તસ્રાવ, ઉધરસ, જ્વર, એ ત્રણજ લક્ષણો જેમાં છે અને જેના બળ તથા માંસનો ક્ષય થયેલો છે તે પણ અસાધ્ય જાણવો. જે રોગીનાં નેત્ર શુક્લવર્ણ, અન્નદ્વેષ કરનાર, ઊર્ધ્વશ્વાસી અને કષ્ટવડે ઘણું મૂતરનાર એવા રોગીને ક્ષયરોગ મારે છે. ક્ષય ઉત્પન્ન થયેલા રોગીનું એક હજાર દિવસની અંદર મૃત્યુ થાય છે. **સાધ્ય લક્ષણો:**—જે રોગીને તાવ ન હોતાં બળવાન હોય, ચિકિત્સા સહન કરનાર, વિચારવાન અને એનો અગ્નિ પ્રદીપ્ત તથા કેવળ કૃશ ન હોય એવા રોગીને ઉપચાર કરવા.×

× ક્ષયરોગ ત્રિદોષથી ઉત્પન્ન થાય છે. ક્ષય પ્રકટ થાય છે ત્યારે ખંભા તથા પાંસળીઓમાં વેદના, હાથપગના તળીઆમાં બળતરા તથા તાવ રહે છે. આ ક્ષયની પહેલી સ્થિતિ કહેવાય છે. બીજી સ્થિતિમાં અન્ન પર અરુચિ, તાવ, શ્વાસ, ખાંસી, કફમાં લોહી પડવું, સ્વરભેદ એ લક્ષણો દેખાય છે. આ બીજી સ્થિતિથી જ્યારે રોગ આગળ વધે છે ત્યારે છાતીમાં ક્ષત, મંદજ્વર, બલ તથા માંસનો ક્ષય, પાંસળીઓમાં દરદ, શરીર પર સોજો, અતિસાર, ઉધરસનો અતિવેગ, મૈથુનની ઇચ્છા, અવાજ બહુજ મંદ થવો એ ત્રીજી સ્થિતિ છે. પહેલી સ્થિતિ સાધ્ય, બીજી કષ્ટસાધ્ય તથા ત્રીજી અસાધ્ય છે.

ક્ષયરોગ છ પ્રકારનો છે, વ્યવાયશોષ (અતિમૈથુનથી થાય છે), શોકશોષ (બહુ શોક કરવાથી થાય છે), વાર્ધક્ય શોષ (વૃદ્ધાવસ્થાથી થતો દોષ), વ્યાયામશોષ (અતિ કસરતથી થતો રોગ), અધ્વશોષ (બહુજ ચાલવાથી થાય તે), વ્રણ (ચાંદાં થવાથી) આ છ પ્રકાર ઉપરાંત ઉરઃક્ષત (છાતીમાં ચાંદાં થવાથી થાય છે). રોગનું વર્ણન શાસ્ત્રમાં અલગ કહેલ છે; પણ ચિકિત્સામાં ભેદ નથી.

ક્ષયરોગમાં મળ અને વીર્યનું રક્ષણ કરવું જોઇએ. કારણ કે શરીરબળ મળને આધીન છે તથા જીવન વીર્યને આધીન છે. માટે જુલાબની કોઇ પણ ઔષધિ ક્ષયવાળાને આપવી નહિ.

રાજયક્ષ્મા તથા ઉરઃક્ષતક્ષય ઉપર વધુ ઔષધિઃ—સીતોપલાદિ ચૂર્ણ, ચ્યવનપ્રાશ અવલેહ, અભ્રકભસ્મ, સુવર્ણભસ્મ, કુષ્માંડ અવલેહ, તાલીસાદિ ચૂર્ણ, લવંગાદિ ચૂર્ણ, વાસાવલેહ, દ્રાક્ષાસવ, જાતીફલાદિ ચૂર્ણ, કર્પૂરાદ્ય ચૂર્ણ, ક્ષયકેસરી, મૃગાંક રસ, હેમગર્ભપોટલી રસ, કુમુદેશ્વર રસ, એલાદિ ગુટિકા વગેરે ખાવા માટે તથા ચંદનાદિ તેલ તથા લાક્ષાદિ તેલ શરીરપર મર્દન કરવા માટે અપાય છે.

ક્ષયરોગીની આસપાસ પાંચદશ બકરી બાંધી રાખવી. એ પણ હિતકર છે; કારણ કે ક્ષયનાં જંતુ બકરીને લાગતાં નથી. તેમજ બકરીનું દૂધ તથા બકરીનું ઘી ખાવું.

ક્ષયરોગ ઉપર ઉપચાર—(૧) બકરીનું દૂધ, ઘી અને સાકર, એ સેવન કરવાં. (૨) આમળાં, સાકર અને મધમાં એક ચણોઠીભાર સોનાના વરખ સેવન કરવાથી ક્ષયનો નિશ્ચય નાશ થાય છે. (૩) સીતોપલાદિ ચૂર્ણ આપવું. (૪) લવંગાદિ ચૂર્ણ આપવું. (૫) અશ્વગંધાદિ ચૂર્ણ આપવું. (૬) **એલાદિ ચૂર્ણ:**—એલચીદાણા, તમાલપત્ર, નાગકેસર અને લવંગ એકેક ભાગ, ખારેક બે ભાગ, કાળી દ્રાક્ષ, જેઠીમધ, સાકર, લીંડીપીંપરના ચાર ભાગ, એ સર્વ એકત્ર કરી ચૂર્ણ કરી મધમાં આપવું. (૭) **દ્રાક્ષાદિ ચૂર્ણ:**—કાળી દ્રાક્ષ, ચોખાની ધાણી, સાકર, જેઠીમધ, ખારેક, ઉપલસરી, વંશલોચન, વાળો, આમળાં, નાગરમોથ, ચંદન, તગર, ચણકબાબા, જાયફળ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લીંડીપીંપર અને ધાણા, એ સમભાગ અને સર્વેના બરાબર સાકર નાખી, એ ચૂર્ણ સવારે સેવન કરવાથી પિત્ત, પિત્તદાહ, મૂર્ચ્છા, ઉલટી અને અરુચિને શમાવે છે તથા શરીરને કાંતિવાન કરે છે; અને પાંડુ, કમળો, રક્તપિત્ત, ઉદર, દાહ, અરુચિ, રાજયક્ષ્મા, રક્તમેહ, યોનિદોષ, રક્તાર્શ, અંત્રવૃદ્ધિ અને વિદ્રધિનો નાશ કરે છે. આ દ્રાક્ષાદિ ચૂર્ણ સર્વ પ્રકારનાં ચૂર્ણોમાં અતિ ઉત્તમ છે. (૮) જવ અને ઘઉંનું ચૂર્ણ દૂધમાં બાફી તેમાં ઘી, મધ અને સાકર નાખી આપવું. (૯) **કર્પૂરાદિ ચૂર્ણ:**—ભીમસેની કપૂર, તજ, ચણકબાબા, જાયફળ અને જાવંત્રી, એ સમભાગ (એકેક ભાગ) અને લવંગ ૧ ભાગ, જટામાંસી ૨ ભાગ, મરી ૩ ભાગ, લીંડીપીંપર ૪ ભાગ અને સુંઠ ૫ ભાગ, એ પ્રમાણે લઈ ચૂર્ણ કરી, ચૂર્ણ જેટલી સાકર નાખી તે ચૂર્ણ આપવું, તે હિતાવહ છે. એ દાહ, ક્ષય, કાસ, વૈવર્ણ્ય, પીનસ, દમ, ઉલટી અને કંઠરોગ ઉપર અનુપાનમાં આપવું. (૧૦) લીંડીપીંપર, દ્રાક્ષ, સાકર, મધ અને સરસવના તેલનો લેહ આપવો. (૧૧) મધ, આસોંદ, લીંડીપીંપર અને સાકરનો લેહ આપવો. (૧૨) અરડુસીનાં પાંદડાં, અશ્વગંધ (આસોંદ), શરસડાનાં મૂળ અને સાટોડીનો કાઢો આપવો. (૧૩) અરજુનસાજડની છાલ, સુંઠ, બળદાણાના ઝાડનાં મૂળ, આમળાં અને એરંડાનું ચૂર્ણ ઘી અને મધ નાખી આપવું. તે ક્ષય અને કાસનો નાશ કરે છે. (૧૪) આસોંદ, ગળો, શતાવરી, દશમૂળ, બળદાણા, ગંગેટી, પુષ્કરમૂળ અને અતિબલા(ખપાટ)નું ચૂર્ણ આપવું અને પથ્યને માટે દુગ્ધાદિક આપવું. (૧૫) તાલીસાદિ ચૂર્ણ આપવું. (૧૬) સાકર, મધ તથા માખણ આપવું; કિંવા દૂધ, મધ અને ઘી એકત્ર કરી આપવું એટલે પુષ્ટિ આવે છે. (૧૭) પત્રીની સાકર, લીંડીપીંપર, દ્રાક્ષ, ખારેક, જેઠીમધ, કાગદી એલચી, લવંગ, તમાલપત્ર અને નાગકેસરનું ચૂર્ણ મધમાં આપવું; એટલે તે ભ્રમ, દાહ, મસ્તકશૂળ તથા ક્ષયરોગનો નાશ કરે છે. (૧૮) પુટપાકકૃતિએ અરડુસીનાં પાંદડાંનો રસ કાઢી તે મધમાં આપવો; એટલે રક્તપિત્ત, શ્વાસ અને ક્ષય દૂર થાય છે. (૧૯) કોળાના ગરનો રસ લઇ તેમાં બે તોલા લાખનું ચૂર્ણ નાખી આપવો; એટલે રક્તક્ષયનો નાશ થાય છે. (૨૦) દશમૂળ, બળદાણા, રાસ્ના, પોખરમૂળ, દેવદાર અને નાગરમોથનો કાઢો પાવો; એટલે કુક્ષી, ખાંધ અને ડોકના ઠેકાણાનું શૂળ, ઉરઃક્ષત, ઉધરસ તથા શ્વાસ શાંત થાય છે. (૨૧) બળદાણા, ભોંયકોળું, સિવણ, કાંટેશેવતી અને સાટોડીને વાટી દૂધ તથા મધ સાથે પાવું; એટલે ઉરઃક્ષતક્ષયનો નાશ કરશે. (૨૨) **એલાદિ** ગુટિકા આપવી. (૨૩) ઉરઃક્ષતક્ષયી માણસને દૂધ અને મધમાં ધાણી ભક્ષણ કરવા આપવી. તે પચી ગયા પછી સાકર નાખી દૂધ પાવું. (૨૪) **ક્ષયથી ઉલટી થાય તે ઉપર:**—લાખનું સારું બારિક ચૂર્ણ, મધ, ઘી તથા દૂધ એકત્ર કરી આપવું. (૨૫) **ઇક્ષ્વાદિ મોદક:**—ચણોઠીનાં મૂળ, શેલડીનો રસ, મધ અને વંશલોચન એ દરેક ૬૪ તોલા, સાકર ૨૦૦ તોલા તથા કૌચબીજ, મરી, તજ, તમાલપત્ર અને એલચી, એ દરેક ૧૬ તોલા લઇ એનું ચૂર્ણ કરી તેમાં નાખી રવૈયાથી મથન કરી, તેના ચાર તોલાના મોદક કરી ભરી રાખવા. તેમાંથી બે વેળા અથવા એક વખત તે મોદક અગ્નિબળ જોઇ આપવા. એ ઉપર પથ્ય સારી રીતે પાળવું, જિતેંદ્રિય રહેવું અને બ્રહ્મચર્ય પાળવું; એટલે તે મોદક સંગ્રહણી અને અગીઆર પ્રકારના ક્ષયનો નાશ કરે છે. એ વૃદ્ધ, વ્યાકુળ અને ધાતુક્ષીણ થયેલાને વાજીકરણ છે અને વાંઝણીને પુત્ર આપે છે; તથા યુદ્ધ, સ્ત્રી, મદ્ય અને ભારથી શ્રમિત થયેલા પુરુષોના બળને વધારે છે; અને હૃદ્રોગ, પ્લીહા, સંગ્રહણી, મૂત્રકૃચ્છ્ર, અપતંત્રક, અપસ્માર, વિષ અને ઉન્માદનો

નાશ કરે છે. આ રસાયન છે. (૨૬) દ્રાક્ષ, સાકર, મધ અને લીંડીપીંપર કિંવા આસોદ, સાકર, મધ, ઘી અને લીંડીપીંપર એકત્ર કરી તે આપવું; એટલે ધાતુક્ષય દૂર થાય છે. (૨૭) મુસળીનું ચૂર્ણ ઘીમાં તળવું તથા તેમાં કૌચબીજ, ગોખરૂ અને શતાવરીનું સમભાગ ચૂર્ણ મિશ્ર કરવું; અને એ બધા જેટલી સાકરની ભૂકી અને બકરીનું ઘી નાખી સવા તોલા પ્રમાણના લાડુ કરી રાખવા. નિત્ય સવારે એક લાડુ ખાવા આપવો અને ઉપર પાંચ તોલા બકરીનું દૂધ સાકર નાખી પાવું.(૨૮) **અગસ્ત્ય હરીતકી:**—જવ એક આઢક (૨૫૬ તોલા) પ્રમાણના વજને લઈ ખાંડી તેમાં પાણી ચોપટ નાખી, ચોથો ભાગ પાણી રહે ત્યાંસુધી કાઢો કરી ગાળી તેમાંથી જવ કાઢી નાખી રાખવું; પછી દશમૂળનાં ઔષધો સર્વ મળીને ૮૦ તોલા, ચિત્રો, પીંપળીમૂળ, અઘેડો, કચોરા, કૌચબીજ, શંખપુષ્પી, ભારંગછાલ, ગજપીંપર, બળદાણા અને પુષ્કરમૂળ, એ દશ ઔષધો આઠ આઠ તોલા પ્રમાણે લઇ થોડાં થોડાં ખાંડી તેમાં પાણી પાંચ આઢક (૧૨૮૦ તોલા) નાખી, ચોથો ભાગ પાણી રહે ત્યાંસુધી કાઢો કરી ગાળી તે જવના કાઢામાં મેળવી, તેમાં મોટાં હરડાં ૧૦૦ નાખી, ઘી અને તલનું તેલ બત્રીસ બત્રીસ તોલા અને ગોળ ૧ તુલા (૪૦૦ તોલા) તે કાઢામાં નાખી લચકો થાય ત્યાંસુધી પાક કરી, ઠંડુ થયા પછી લીંડીપીંપરનું ચૂર્ણ અને મધ એ સોળ સોળ તોલા પ્રમાણે લઈ પાકમાં મેળવવું. આ અવલેહમાંથી રોગીએ દરરોજ ૨ હરડાં લેહ સાથે ખાવાં; તેથી કરી ક્ષય, કાસ, જ્વર, શ્વાસ, ઉચકી (હેડકી), મૂળવ્યાધિ, અરોચક, પીનસ અને સંગ્રહણી, એ રોગો દૂર થાય છે. શરીરે કરચળીઓ પડે તે જતી રહે છે, કેશ ધોળા હોય છે તે કાળા થાય છે તથા બળ અને કાંતિ આવે છે. આ અવલેહ રસાયન છે; એથી કરી સર્વ પ્રકારના રોગો દૂર થાય છે. આ અવલેહ **અગસ્ત્ય** ઋષિએ કહેલો છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—અરજુનસાજડ–૬, અરડુસી–૧૦, ૧૭, ઈંદ્રજવ–૨૨, કાંચકી–૧, જવ–૭, થુવેર–ચોધારો–૧૩, પીંપળો–૧૮, બીજોરૂં–૧૩, લીંડીપીંપર–૨૩, ૩૪, વાકેરી–૩. **કફક્ષય** માટે:—અરડુસી–૧. **ઉરઃક્ષત ક્ષય** માટે:—જેઠીમધ–૧૧, ડુંગળી–૨૨, પીંપળો–૯. **રક્તક્ષય** માટે:—બોરડી–૯. જુઓ ગો૰વૈ૰માં:—દૂધ–૨૧, માખણ–૧. જુઓ પ્રા૰ઔ૰માં:—મૂત્રવર્ગ–૧, સાબરશિંગ–૭.

પથ્ય:—ઘઉં, મગ, ચણા, બંટી, માખણ, દૂધ, ઘી, કેળાં, ફણુસ, પાકી કેરી, આમળાં, નાળીએર, સરગવો, તાજી દ્રાક્ષ, સાકર, શરીરે સુગંધી તેલનું અભ્યંગ, ઉત્તમ, સુંદર અને મનોરમ્ય એવાં સ્થાનો અને ગૃહોમાં નિવાસ, માલાધારણ, ગાવું, કથા અને પુરાણનું શ્રવણ, મૃદુ અને શીત પવન, નાચ, ચાંદરણી, વીણાવાદન, સ્ત્રીનું દર્શન અને સુવર્ણ, મોતી તથા રત્નના અલંકારનું ધારણ. **અપથ્ય:**—વિરેચન, મળમૂત્રાદિના વેગનું ધારણ, શ્રમ, સ્વેદન, અંજન, જાગરણ, સાહસકર્મ, રૂક્ષપાન, રૂક્ષાન્ન, વિષમાશન, પાન, કાલિંગડું, લસણ, હીંગ, ખાટા, તીખા, તૂરા અને કડવા રસ, ભાજીપાલો, ક્ષાર, વિરુદ્ધાશન, અધ્યશન, ઘોલાં કે ટીંડોરાં, કંકોડાં, દાહકારક પદાર્થ, રાતી અને શ્વેત સાટોડી.

૭૦–ક્ષુદ્રરોગ–ફોલા, ફોલીઓ વગેરે

શાર્ઙ્ગધર ગ્રંથમાં ક્ષુદ્રરોગ સાઠ પ્રકારનો કહેલો છે. તે પૈકી જરૂર જણાય તેટલાનુંજ અહીં વર્ણન કરેલું છે.× **વલ્મીક** (રાફડો):—ગળું, ખાંધ, હાથ, પગ અને સાંધાને ઠેકાણે ત્રણે દોષોથી

× સંગ્રહિત ઉપચાર:—(૧) લોઢાના વાસણમાં લિંબુના રસથી હિમજ ઘસી ચોપડવાથી દાદારસી તથા ચાંદી મટે. (૨) મહુડાં શેર ૦।, હળદર ૨ પૈસાભાર અને મીઠું ૧ પૈસાભાર, ત્રણેનો તલીઆ તેલમાં મલમ કરી ચોપડવાથી લોહીવિકાર મટે. (૩) ચીણીઓ કપુર ટાંક ૧, ફુલાવેલો ટંકણખાર ટાંક ૧ અને સોપારી ૧, એ ત્રણેને લિંબુના રસમાં ઘસી ૧૪ દિવસ ચોપડવાથી કરોળીઆ મટે. (૪) મીણ તોલો ૧, રાળ તોલો ૦॥, કાથો તોલો ૦॥, મરી તોલો ૦॥, સિંદૂર તોલો ૦॥, બરાસ તોલો ૦। અને મોરથુથુ તોલો ૦॥ લઈ ઘી શેર ૦। માં મલમ કરી ચોપડવાથી તજાગરમી જાય. (૫) રાળ, કાથો અને મરી એકેક તોલો, સિંદૂર તોલો ૦॥, મીણ તોલા ૨ અને ઘી

રાફડા (મ૦ વારૂળ) જેવી ગાંઠ ઉત્પન્ન થાય છે. તેનો ઉપાય નહિ કરવાથી તે હળવે હળવે મોટી થાય છે, તેને પુષ્કળ છિદ્રો પડે છે, તેમાંથી સ્રાવ થાય છે, શૂળો ફૂટે છે અને તેનું મુખ ઉપર ઉપસી આવેલું હોઈ વિસર્પ પ્રમાણે પ્રસરે છે. **કક્ષા** (કાખમાંજરી, બાંબલાઈ):—બાહુ, કાખ, ખાંધ અને બરડાની જગાએ પિત્તકોપથી થયેલી, કાળા ફોલ્લાએ વ્યાપ્ત અને વેદનાયુક્ત ગ્રંથિ થાય છે. **અગ્નિરોહિણી**:—કાખની આજુબાજુએ માંસ ફાડનારાં જે ગુમડાં થાય છે તેના યોગે અંતર્દાહ અને તાવ આવે છે; અને તે અંગારા જેવાં લાલ થાય છે; તેમાં વાયુ અધિક હોય તો સાત દિવસે, પિત્તાધિક્ય હોય તો બાર દિવસે અને કફાધિક્ય હોય તો પંદર દિવસે રોગી મરે છે. એ ત્રિદોષજ અગ્નિરોહિણી અસાધ્ય છે. **પાદદાહી** (તજાગરમી, બ્યાઉ ફાટવા):—જે માણસ સ્વભાવતઃ ઘણું ફરે છે, તેના પગો ફુટી વાયુના યોગે અત્યંત બળતરા થાય છે, તળીઆમાં ભગ પડે છે, ખાલ નીકળી જાય છે અને હાથેપગે દાહ થાય છે; તેને પાદદાહી અને મરાઠીમાં જાળવાત કહે છે. એ હાથને પણ થાય છે. **ઓસાર (અલસ)**:—કહોવાણનો કચરો પગની આંગળીઓમાં ભરાવાથી તે આંગળીઓની વચલી જગામાં ચળ ઉત્પન્ન થાય છે, બળતરા થાય છે, ચામડી સૂજી જાય છે અને બળતરા થઈ સણકા આવે છે એને ઓસાર કહે છે. **દારુણા**:—કફવાયુના યોગે કેશની જમીન અતિ કઠિન થઈ ચેળ આવે છે, ચરચર થાય છે અને ઝીણી ફોડકીઓ થઈ પાકે છે તેને દારુણક કિંવા દારુણા કહે છે. **વ્યંગ** (વાંગ):—શ્રમ તથા ક્રોધ વડે કોપેલો વાયુ પિત્ત સાથે મળી મુખ ઉપર આવે છે તથા એક મંડળ ઉત્પન્ન કરે છે. તે દુખતું નથી અને પાતળું તથા શ્યામવર્ણું હોય છે તેને વ્યંગ કિંવા વાંગ કહે છે. **ગુદભ્રંશ** (આમળ, ઝુલું. મ૦ આગેરૂ):—રૂક્ષ તથા અશક્ત પુરુષોની ગુદા કથળવાથી કિંવા અતિસારના યોગથી બહાર આવે છે તેને ગુદભ્રંશ કહે છે. **સૂકરદંષ્ટ્ર**:—જે ગુદભ્રંશ દાહયુક્ત, કોરો, લાલ, જેની ચામડી પાકેલી, તીવ્ર વેદનાયુક્ત, કંડુયુક્ત અને જ્વર કરનાર હોય તથા જેમાં સોજો કિંવા વ્રણ થાય છે તેને સૂકરદંષ્ટ્ર (ડુકરદાઢ) કહે છે.

વલ્મીક (રાફડા) **ઉપર ઉપચાર**:—મનશીળ, ભીલામો, કાગદી એલચી, અગરૂ ચંદન અને જાઈનાં પાંદડાનો કલ્ક કરી તેમાં કડવા લીમડાની લિંબોળીઓનું તેલ પચન કરવું તે બહુજ છિદ્રોના અનેક વ્રણયુક્ત વલ્મીકનો નાશ કરે છે.

વિશેષ ઉપચાર જુઓ વર્નો૦માં:—સાગ-૬.

કક્ષા (કાખમાંજરી) **ઉપર**:—(૧) વડના દૂધનો કિંવા વછનાગનો વારંવાર લેપ કરવો. (૨) ગુમડું ફાટવાને માટે પુંગળવેલીનાં પાંદડાં વાટી બાંધવાં અથવા રાઈ અને કાચ એકત્ર વાટી પાટો બાંધવો. (૩) ધોળી કલગારીનો કંદ ઘસી ચોપડવો.

તોલા ૧૦ માં મલમ કરી ચોપડવાથી તજાગરમી જાય. (૬) કડુ, કરિયાતું, ઇંદ્રજવ, ત્રિફળાં, લીમડાની છાલ, પિત્તપાપડો, ઉસબો, ગળો, સુંઠ, લીંડીપીંપર, મરી અને કાળીજીરી ઉકાળી પાવાથી લોહીવિકાર મટે. (૭) ત્રુંસડું લઈ બે ફાડો કરી ગર્ભ કાઢી, વડાગરૂ મીઠું તે પર ભભરાવી તેને ગરમ કરી, દરદ ઉપર મૂકી ઉપર તેનીજ છાલ મૂકી પાટો બાંધવો. ત્રીજા દિવસે છોડવાથી કીડીઆનગરૂં જાય. (૮) આમલસાર ગંધક ટાંક ૧, મોરથુથુ ટાંક ૧, લોધર ટાંક ૧, લિંબુના રસમાં ખરલ કરી ચોપડવાથી કરોળીઆ જાય. (૯) મલમઃ-પારો માસા ૫ અને આમલસાર ગંધક માસા ૫ તથા ગંધક ઉંટીઓ માસા ૫ લઈ તેની કાજળી કરવી. પછી મરી માસા ૫, કપીલો માસા ૫, રાળ માસા ૫, કાથો માસા ૫, ફુલાવેલો મોરથુથુ માસા ૫, મેંદી માસા ૫, માલકાંગણી માસા ૫, મીણ ૩ પૈસાભાર અને ગાયનું ઘી ૩ પૈસાભાર લઈ પ્રથમ ઘી ગરમ કરી તેમાં મીણ નાખી, પછી બાકીની સર્વ ચીજો ઝીણી વાટેલી નાખી ગરમ કરતાં ઉભરા બે આવેથી ઉતારી પછી આંગળાથી ચાંદાં ઉપર ચોપડવાથી નાસુર, ચાંદાં, કીડીઆનગરું (પગની એડીની નીચે કીડીના દર જેવું થાય છે તે દરદ), પાઠું વગેરે જાય. (૧૦) શરીરપરના કરોળીઆ માટેઃ—કોરવાડીઓ નામની વેલ થાય છે, જેનાં પાંદડાં લીમડા જેવાં પણ નાનાં હોય છે, તેને શિંગોડા જેવા ત્રણ ખૂણાવાળા પોપટામાં કાળા રંગના ત્રણ ત્રણ દાણા થાય છે. તે દાણાની માળા કરી દોરામાં પરોવી ગળામાં પહેરવી.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કલગારી-૧, કૌચ-૯, ગુગળ-૨, બીલામો-૫, રાઈ-૧૧, લસણ-૨, વછનાગ-૭, વડ-૩.

અગ્નિરોહિણી (કાળપુળી-પાઠા) ઉપર:—(૧) કુંવાડીઆનાં પાંદડાં વાટી સાત દિવસ બાંધવાં. (૨) ઇંદ્રવરણી અને કડવી (લઘુ) ઇંદ્રવરણીનાં મૂળ ઠંડા પાણીમાં ઘસી વારંવાર લેપ કરવો. (૩) વગડાઉ સરગવાનાં મૂળ, તાનવડીનાં (પાતાળ તુંબડીનાં) મૂળ, દિંડીનાં મૂળ અને કલગારીના કાંદાને પાણીમાં એકત્ર ઘસી અથવા ફક્ત કલગારીનો કાંદો ઘસી લેપ કરવો. (૪) ઝાડ ઉપરના કાસાળુના કાંદા પાણીમાં ઘસી પાઠા ઉપર લેપ કરવો. પથ્ય અલૂણી. (૫) ગરમાળાનું મૂળ છાશમાં ઘસી પાઠા ઉપર લેપ કરવો અને તિવતીનાં મૂળ દૂધમાં ઘસી પાવાં. (૬) સાતવર્ષી ધાવડીનાં મૂળની ભૂમિમાંની ગાંઠ ગાયના તાજા દૂધમાં ઘસી પાવી અને તેના ઉપર લેપ કરવો. (૭) પુત્રજીવ (જીયાપોતા) ઝાડની અંતરછાલ પાણીમાં ઘસી ચોપડવી; એટલે કાળપુળી(પાઠું),વિષના ફોલ્લા, ગંડમાળ, ગલગંડ અને કાખમાંજરીનો નાશ થાય છે. (૮) વિષ્ણુક્રાંતા તથા પેટારી, એ બંને કાંજીમાં વાટી લેપ કરવો;એટલે તે કાળપુળી, સર્વ પ્રકારની ગાંઠો અને ગુમડાંનો નાશ કરશે. આ ઔષધ કાળપુળીનો નાશ કરવા માટે મોટું સમર્થ ઔષધ છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ઇંદ્રવરણા-૧૮, કલગારી-૩, કાસાળું-૧, કુંવાડીઓ-૨, ખપાટ-૧, ગરમાળો-૩, ચિત્રો-૩, જીયાપોતો-૧, વાલોળ-૨, વાંકેરી-૫, વિષ્ણુક્રાંતા-૪.

કાળપુળી જેવુંજ બીજા પ્રકારનું મોટું ભયંકર ગુમડું થાય છે. તેનાં લોકોમાં ચાલતાં નામો, લક્ષણો અને ઉપચારો નીચે આપેલાં છે. **જાળપુળી:**—જે ગુમડાંમાંથી અગ્નિથી દાઝયા પ્રમાણે દાહ થાય છે તે. **ચારપુળી:**—જે ગુમડાંથી ચાળણી પ્રમાણે છિદ્રો પડતાં જાય છે અને કેટલાએક ઉપચારો કર્યા છતાં તે પોતાનો ક્રમ ન છોડતાં ઉપર ને ઉપર છિદ્રો પાડતું જાય છે તે. **દેંઢપુળી:**—ઉપર પ્રમાણે વિકાર થઈ શરીરના ભાગ ઉપર નખ જેવી કઠિન ચામડી વધારતું જાય છે તે. ×**પાઠું:**—આ કાળપુળીનો પ્રકાર હોઇ એ બહુધા પીઠ ઉપર જે ઠેકાણે દૃષ્ટિ પહોંચતી નથી એવા કરોડના ભાગપર થાય છે. **ઉપચાર:**—(૧) કડવા લીમડાનાં પાંદડાં પાણીમાં વાટી ગુમડા ઉપર વારંવાર બાંધતા રહેવું; એટલે દાહ શાંત થશે. (૨) કાળપુળી ઉપર કહેલા ઉપચારો સર્વ પ્રકારનાં ગુમડાં ઉપર કરવા. (૩) વાંકેરીની જડ ઠંડા પાણીમાં ઘસી પાવી અને ગુમડાં ઉપર લેપ કરવો; કિંવા વાંકેરીનાં પાંદડાં પાણી નાખ્યા સિવાય વાટી ઉપર બાંધવાં. (૪) ત્રિધારી કાંડવેલનો રસ કાઢી તેમાં વાંકેરીની જડ અને શંખજીરૂં ઘસી તેનો ચારપુળી ઉપર વારંવાર લેપ કરવો.

માંડપુળી (બદ) એટલે સાથળ ઉપર ભયંકર ફોડલી થાય છે તે **ઉપર:**—(૧) મર્યાદવેલીનો કંદ અથવા ફળ વાટી ચોપડવું. (૨) કોહળું શેકી તેમાં મીઠું નાખી તે બાંધવું. (૩) મખમલીનાં પાંદડાં અને દુધીનાં પાંદડાં મીઠું નાખી વાટી બાંધવાં. **પથ્ય** અલૂણી.

× **પાઠું (ઇં૦ કાર્બંકલ) અદીઠ:**—આ રોગમાં તીવ્ર પીડા થાય છે, જેથી શરીરમાં તાવ રહે છે તેમજ રાત્રે નિદ્રા પણ આવતી નથી. આ રોગ પાછળના ભાગમાં ગળાથી કમર સુધીના સ્થાનમાં થાય છે. પાઠું કાચબાની પીઠ જેવું, કાળા રંગનું, ઉપસેલું તથા ગોળ દેખાય છે. સોજો આવ્યા પછી નાની નાની ફોડકીઓ થાય છે. તે ફૂટીને પાઠામાં છિદ્ર પડે છે અને રસી નીકળ્યા કરે છે. થોડા દિવસ જવા પછી મોટો ખાડો થઇ જાય છે. પછી સડેલું માંસ અને ગંધાતું પરૂ નીકળ્યા કરે છે. **તેવા પાઠા ઉપર ઉપચાર:**—પારો ૨ તોલા, ગંધક ૨ તોલા, મુરદારશિંગ ૪ તોલા, કપીલો ૮ તોલા, મોરથુથુ ફૂલાવેલો ૨ માસા તથા ધોયેલું ઘી સર્વના વજનથી ૪ ગણું પારા ગંધકની પ્રથમ કજલી કરી પછી બીજી ઔષધિ મેળવવી. સારી રીતે મળી જવા પછી ઘી મેળવી મલમ તૈયાર કરવો. આ મલમ લગાડવા પછી પહેલા દિવસથીજ રોગીને આરામ જણાય છે. રોજ સવારે કાતરથી સંભાળપૂર્વક મરેલું માંસ કાપી લેવું; તથા આ ઔષધિ સારી રીતે લગાડવી, જેથી થોડા દિવસમાં આરામ થઇ જશે. આ ઉપાય કરવાની સાથે ખાવા માટે રક્તશોધક ઔષધિ બૃહદ્ મંજીષ્ટાદિ ક્વાથ જેવી આપવાથી જલદી લાભ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—આકડો-૨૪, ઉંબરો-૭, કલગારી-૩, કાકડી-૨, કૌચ-૯, ખપાટ-૧, ખસખસ-ફ (અફીણ)-૧૭, ગલકી-૪, ગહું-૧, ગુલછબુ-૨, ચિત્રક-૬, તુરીઆં-૧, થુવેર ત્રણધારીઓ-૭, દિંડા-૨, નરાંબા-૧, પીંપળો-૧૯, બાવળ-૭, બીલામો-૬, ૧૨, મખમલી-૪, મર્યાદવેલ-૧, લીમડો (કડવો)-૩૯, વછનાગ-૬, વાવળા-૧, વિંછુડા-૨, સણુ-૨. **બદ પાકવા માટે:**-અળસી-૨, કાળો ઉમરડો-૪, ડુંગળી-૨૮, શિમળો-૧૦, હેળુ-૧. **બદ ફુટવા માટે:**—કાજૂ-૪, કાસાળું-૪, કુંવાડીઓ-૯, ઝાડ શેવાલ-૧, મિરજોળી-૧. **બદ રૂઝાવા** માટે:-પીંપળો-૧૨, મોગલી એરંડો-૪, વાંકેરી-૪.

જળવાત (તજાગરમી, હાથપગનું ફાટવું) **ઉપર ઉપચાર:**—(૧) ગાયના ઘીનું હમેશાં મર્દન કરવું એટલે દાહ શાંત થશે. (૨) આમળાંનો રસ કાઢી તેમાં ગાયનું ઘી નાખી પક્વ કરી તે સેવન કરવું; એટલે પિત્ત અને તજાગરમીનો નાશ થશે. (૩) એનના (અરજુન સાજડના) અંકુર બોરડીનાં પાંદડાં અને આમળાંને વાટી તેનો રસ હાથમાં અને પગતળીએ મર્દન કરવો. (૪) લીલા પોપૈયા લાવી પીસી તે પીસેલા પોપૈયા પતરાળામાં વિંટી તે પાણીથી ભરેલા ઢાંકણ દીધેલા વાસણમાં મૂકી, મંદાગ્નિ વડે બાફ દઈ તે પીસેલા બફાયેલા પોપૈયા હાથતળીઆમાં અને પગતળીઆમાં બાંધવા. આ પ્રમાણે ચાર-પાંચ વખત કરવું; એટલે એ વિકાર નાશ પામે છે. (૫) મીંઢળ, સિંધવ, ઘી, ગુગળ, ગેરૂ અને વાળાનું ચૂર્ણ મધમાં અને ઘીમાં કાલવી તેનો લેપ કરવો. (૬) મધ, મીણ, સિંધવ, ગોળ, ગુગળ, રાળ તથા ગેરૂને એકત્ર કરી તેનો લેપ કરવો. (૭) મોટાં માયફળ, શરસડો, કડવો લીમડો, મોચરસ, રાતું કોળું, કાકડી, રાખનું પાણી, તેલ અને મીઠું એકત્ર કરી પચન કરી તે ચોપડવું; એટલે તજાગરમીનો ત્વરિત નાશ થાય છે. (૮) છીપો બાળી તેની ભસ્મ કરી માખણમાં ખરલ કરી ચોપડવી. (૯) કડવી દૂધી ચીરી કોરી તેમાં કડવા લીમડાનાં પાંદડાં અને તેલ નાખી કઢવી તે તેલ ચોપડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—નાગલાદૂધેલી-૪, પોપૈયો-૫, ભીંડી-૩, સાજડ-૩.

ઓસાર (અલસ) ઉપર:—(૧) ડાંગર(ચોખા)નાં ફોતરાં બાળી પગને કાળો રંગ જણાઇ આવે ત્યાંસુધી ધૂણી કરવી. (૨) કરંજનાં બીઆં, હળદર, હિરાકસી, પદ્મકાષ્ઠ, મધ, ગોરોચન અને હરતાલનો લેપ કરવો તે હિતકારક છે. (૩) ધોળા કાથાની અથવા શંખજીરાની ભૂકી ઉપર ચોપડવી. (૪) વૃક્ષ પડવરીનાં પાંદડાંનો રસ ચોપડવો.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—કાજૂ-૧, ગોરખમુંડી-૮, ડાંગર-૧, ધંતુરો-૧૨, બીલામો-૨૩, વિખરી-૧.

દારુણક ઉપર:—(૧) દૂધમાં ખસખસ વાટી તેનો લેપ કરવો. (૨) રિંગણીના રસમાં કિંવા જાસુંદીનાં ફૂલના રસમાં સમભાગ તેલ નાખી પચન કરી તે તેલનો લેપ કરવો. (૩) આંબાની ગોટલીનું અથવા હરડેનું ચૂર્ણ સમભાગ દૂધમાં વાટી તેનો લેપ કરવો. (૪) **ભૃંગરાજ તેલ:**—ભાંગરાનો રસ, લોહકાટ, ત્રિફળાં અને ઉપરસાળના કલ્કમાં તેલ નાખી પચન કરી તેનો લેપ કરવો; એટલે દારુણક, અકાળે વાળ ધોળા થાય છે તે-પલિતરોગ, કંડૂ અને ઇંદ્રલુપ્તનો નાશ થાય છે. (૫) ભાંગરાનો રસ અને ચણોઠીના કલ્કમાં તેલ સિદ્ધ કરવું; તે કંડૂ, દારુણક, કુષ્ઠ અને મસ્તકવ્યાધિનો નાશ કરે છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:—ખસખસ-૬, ૯.

વ્યંગરોગ ઉપર:—(૧) વડની વડવાઇઓ અને મસૂરનો કિંવા મધમાં મજીઠ નાખી તેનો લેપ કરવો. (૨) અરજુનસાજડની છાલ, મજીઠ, અરડુસી અને મધનો લેપ કરવો. (૩) વાયવરણાના કાઢાથી મોઢું ધોવું એટલે વ્યંગરોગનો નાશ થશે. (૪) જાયફળનો લેપ કરવો. (૫) મસૂરા દૂધમાં અને તેમાં ઘી નાખી તેનો સાત દિવસ લેપ કરવો; એટલે મોઢું કમલપત્ર જેવું થાય છે.

તારુણ્યપિટકા (ખીલ) ઉપર:—(૧) બીજોરાનાં મૂળ, ઘી, મનશીળ અને ગાયના છાણના રસનો લેપ કરવો. તે મુખનો ઉત્તમ વર્ણ કરે છે; અને તારુણ્યપિટકા, વાંગ તથા કાળાપણાનો નાશ કરે છે. (૨) જાયફળ, ચંદન અને મરી એકત્ર વાટી તેનો લેપ કરવો. (૩) લોધર, ધાણા

અને વજનો કિંવા ગોરોચન અને મરીનો લેપ કરવો. (૪) અરજુનવૃક્ષની છાલ દૂધમાં વાટી લેપ કરવો. (૫) મજીઠ મધમાં વાટી લેપ કરવો. (૬) મોચરસના ઝાડના (શીમળાના) કાંટા દૂધમાં વાટી તેનો લેપ કરવો.§

વિશેષ ઉપચાર જુઓ વનૌમાં:—અરજુનસાજડ-૧૪, ઇંગોરીઆં-૨, જાયફળ-૭, તલ-૨, રતાંદળી-૩, લોધર-૨.

ગુદભ્રંશ (આમળ)*ઉપર:—(૧) કમલિનીનાં કુમળાં પાંદડાં શર્કરાયુક્ત ભક્ષણ કરવાં. (૨) ચુકો, બોર, દહીં, કેરી, સુંઠ તથા ક્ષાર, એમાં ઘી સિદ્ધ કરવું અને લેપ કરવો; એટલે ગુદભ્રંશનો નાશ થશે. (૩) કોકમ, ચિત્રો, ચુકો, બીલાં, પહાડમૂળ અને જવખારને છાશમાં વાટી પ્રાશન કરવાં. (૪) ગાયનું છાણ ગરમ કરી તે વડે શેક કરવો.×

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—કમળ-૧, ચુકો-૨, મુચકંદ-૪, સહદેવી-૨.

સૂકરદંષ્ટ્ર ઉપર:—(૧) ભાંગરાનાં મૂળ અને હળદરના કલ્કનો લેપ કરવો. (૨) રાતાં કમળનાં મૂળનો કલ્ક ગાયના ઘીમાં પ્રાશન કરવો. તે, નિયમવડે સૂકરદંષ્ટ્રથી ઘોર તાવ ઉત્પન્ન થાય છે તેનો પણ નાશ કરે છે. (૩) હળદર અને ભાંગરાનાં મૂળ પાણીમાં વાટી તેનો લેપ કરવો; તેથી કરી વિસર્પ અને સૂકરદંષ્ટ્રનો નાશ થાય છે.

ઇંદ્રલુપ્ત એટલે માથા ઉપર ટાલ થાય છે તે (ઉંદરી, ટાલ) ઉપર ઉપચાર:—(૧) રિંગણીનો સ્વરસ કિંવા ચણોઠીનાં મૂળ અથવા ફળનો કિંવા ભિલામાંના રસનો મધમાં લેપ કરવો. (૨) હાથીદાંત શેકી તેની ભૂકી, બકરીનું દૂધ અને રસાંજન એકત્ર ખરલ કરી લેપ કરવો. (૩) કડવી પંડોળીનાં પાંદડાંનો રસ ચોળવો. (૪) ગોખરૂ, તલનાં ફૂલ, મધ અને ઘી, એ પદાર્થો સમાન લઇ મસ્તકે લેપ કરવો. (૫) જાઇ, કરંજ, વાયવરણા અને કરેણના રસમાં તેલ નાખી પચન કરવું અને તે તેલ ચોપડવું. (૬) રાતી જાસુંદીનાં ફૂલ અથવા પાંદડાં ચોળવાં. (૭) મોટાં કમળ, જેઠીમધ, લીંડીપીંપર, ચંદન અને નાનાં કમળ એકેક ભાગ, તેલ ૧૬ ભાગ, આમળાંનો રસ ૩૨ ભાગ કઢવી તેલ સિદ્ધ કરી ચોપડવું; એટલે સર્વ પ્રકારના મસ્તકરોગ અને વાંગ વગેરે દૂર થશે. તાંદળજાનું શાક ભક્ષણ કરવું. (૮) નેપાળો પાણીમાં ઘસી ચોપડવો. (૯) પોપૈયાનું દૂધ ચોપડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—ગોખરૂ બેઠા-૮, ચણોઠી-૪, ૨૩, તાંદળજો-૧૨, પટોલ કડુ-૫, બોરડી-૧, ભીલામો-૨૮, ભોરિંગણી-૨, રતનજોત-૫, સુરૂ-૧.

નખોરીઆ (એટલે નવેલો એ રોગ નખ અને આંગળી વચ્ચે થવાથી નખ ઉપરની બાજુએ ઉપસી આવે છે તે) અને પેરૂ (સં૰ ચિપ્પ તથા કુનખ) ઉપર:—(૧) છીપનો ચૂનો અને સિંદૂર માખણમાં ખરલ કરી તેની પટ્ટી લગાવવી. (૨) શસ્ત્રવડે યથાયોગ્ય કાપી વ્રણોક્ત ચિકિત્સા કરવી. (૩) શિવણીનાં કુમળાં સાત પાંદડાં લઇ આંગળીએ બાંધવાં. (૪) નખની બાજુએ ટંકણખારનું ચૂર્ણ ભરવું; એટલે ત્વરિત ગુણ આવે છે. (૫) કઢાયેલા મીણની લુગદી નખ ઉપર બાંધવી. (૬) કડવા લીમડાનાં પાંદડાં મીઠું નાખી વાટી ઘીમાં શેકી તેનો પાટો બાંધવો. (૭) રેવંચીનો શીરો ઘસી ચોપડવો એટલે સોજો ઉતરશે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૰માં:—લીમડો (કડવો)-૪૦

---

§ તારુણ્યપિટકા ઉપર—ધોએલા ઘીમાં ફૂલાવેલા મોરથુથાની થોડી ભૂકી મેળવીને ચોપડવાથી ખીલ મટે છે.

* (૧) ખેરી ગુંદર અને મગનું પીઠું ઘી નાખી આપવાથી આમળ ન નીકળે. (૨) કલાઇ સફેતો અને માયાં ઝીણાં વાટી આમળ ઉપર ભભરાવી લૂગડાના ડૂચાથી અથવા જૂના ખાસડાથી હળવે હળવે દાબી આમળને બેસાડવી. આમ માસ ૬ સુધી કરે તો ૪૦ વર્ષનું જૂનું દરદ પણ મટે.

× ગુદભ્રંશ ઉપર—જૂના જોડાને બાળી રાખ કર તે રાખથી દાબીને બેસાડવી.

અરૂંષિકા એટલે ખોડા *ઉપર:—(૧) જૂની પેંડ અને કુકડાની હગારને ગોમૂત્રમાં ખરલ કરી લેપ કરવો; એટલે ખોડો ત્વરિત જશે. (૨) લિંબુનો રસ ઉપર ચોળવો અને ઘોડાના મૂત્રમાં અથવા લીંદના રસમાં સિંધવ નાખી તેનો લેપ કરવો. (૩) ખેર, કડવો લીમડો, કડાછાલ અને જાંબુઆના ઝાડની છાલ વાટી, ગોમૂત્ર અને સિંધવમાં મેળવી તેનો લેપ કરવો. (૪) હળદર, દારુહળદર, કરિયાતું, ત્રિફળાં, કડવો લીમડો તથા ચંદનના કાઢામાં કિંવા કલ્કમાં તેલ નાખી પચન કરી તેનો લેપ કરવો. (૫) ભિલામો તેલમાં ઘસી ચોપડવો. (૬) બોડી અઘેડીના ઝાડની રાખ તેલમાં ખરલ કરી ચોપડવી. (૭) મેંદી વાટી તેનો એક આંગળ જાડો લેપ કરી ચાર પહોર પછી તે ધોઇ તે ઉપર તલના તેલમાં નાળિયેરનાં છોડાંની રાખ મેળવી તે ચોપડવી.(૮) શંખજીરૂં, ચીકણી સોપારી અને ધોળા કાથાનું ચૂર્ણ માખણમાં ખરલ કરી ચોપડવું. (૯) ગજકર્ણીનાં કિંવા ગરમાળાનાં પાંદડાં વાટી ઉપર ચોળવાં. (૧૦) ગેરૂ અને કાળી તુલસીનાં પાંદડાં એકત્ર વાટી ચોળવાં. (૧૧) કળીચૂનો અને હરતાલ પાણીમાં વાટી તેનો લેપ કરવો. (૧૨) તલનાં પાંદડાંની રાખ તલના તેલમાં ખરલ કરી ચોપડવી અને એજ રાખ સૂકી ખરજ ઉપર લિંબુનાં રસમાં ચોપડવી. (૧૩) લિંબુ અને મરવાનાં પાંદડાંનો રસ ચોપડવો. (૧૪) ગોળને તવા ઉપર બાળી તેની રાખ માખણમાં ખરલ કરી ચોપડવી. (૧૫) મોરથુથુ પાણીમાં કાલવી તેમાં તેલ કઢવી તે ચોપડવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માં:-ઇંદ્રજવ-૫, ઉંદણુ-૪, કઠ-૩, કડવી કવર-૨, કણગ્રી-૯, કાળીવેલ-૧, પીંપર-૨, ભીલામો-૨૨, ભીંડી-૨, મરવો-૩, મુગવેલ-૨, મેંઢાશિંગ-૩, મેંદી-૭, સરગવો-૧૯.

પલિતરોગ (અકાળે કેશ ધોળા થાય છે તે) ઉપર ઉપચાર:—(૧) લોહચૂર્ણ, ભાંગરો, ત્રિફળાં અને કાળી માટીને શેલડીના રસમાં વાટી એક મહિનો લેપ કરવો; એટલે કેશ કાળા થાય છે. (૨) આમળાં ૮ તોલા, બહેડાં ૪ તોલા, હરડાં ૮ તોલા, આંબાની ગોટલીમાંનું મગજ ૨૦ તોલા અને લોહચૂર્ણ ૧ તોલો એકત્ર વાટી તે કલ્ક લોહપાત્રમાં મૂકવો અને રાત્રે તેનો લેપ કરવો. (૩) કડવા લીમડાનાં બીઆંનું તેલ કાઢી તે વાળને ચોપડવું, નસ્ય આપવું તથા દૂધ અને ભાત જમવો. એટલે એક મહિનામાં બધા કેશ કાળા થાય છે. (૪) શિવણીનાં મૂળ, કાંટાસરીઆનાં ફૂલ, કેતકીનાં મૂળ, લોહચૂર્ણ, ભાંગરો, એને ત્રિફળાંના કાઢામાં તેલ નાખી પચન કરવું, તે એક મહિનો જમીનમાં પૂરી રાખવું. પછી લેપ કરવો; એટલે ધોળા થયેલા કેશ કાળા ભ્રમર જેવા થશે.×

અહિપૂતન એટલે બાળકની ગુદા પાકે છે તે ઉપર ઉપચાર:—(૧) પહેલાં માતાના દૂધનું શોધન કરવું; પછી ખેર અને ત્રિફળાંના કાઢાવડે વ્રણ ધોવું. (૨) શંખ, સુરમો અને જેઠીમધનો લેપ કરવો. (૩) કડવા પંડોળાનાં પાંદડાં, ત્રિફળાં અને રસાંજનના કલ્કમાં ઘૃત સિદ્ધ કરી તે પ્રાશનાર્થ આપવું; એટલે કષ્ટસાધ્ય રોગ પણ દૂર થાય છે. **ટાંચરૂસ (એડીના સોજા) ઉપર:**—ભેંસનું છાણ ઉનું કરી બાંધતા જવું. **હાથના પાસાને સોજો આવે છે તે ઉપર:**—(૧) અરણીનાં પાંદડાંમાં મીઠું નાખી વાટી પાટો બાંધવો. (૨) કુંવારનાં પાંદડાંને હળદર નાખી ગરમ કરી બાંધવાં. (૩) આકડાના દૂધમાં કણક મેળવી પોટીસ બાંધવી. (૪) ઝેરકોચલાંનાં બીઆં ઘસી ચોપડવાં. **ઘુંટણ ઉપર મોટો સોજો આવે છે તે ઉપર:**—(૧) ફણી થુરીઆનાં પાંદડાં અંગારામાં શેકી તે ઉપર હળદર નાખી ગરમ ગરમ બાંધવાં. (૨) અરણીનાં પાંદડાં તથા સોમલને થુંકમાં ખરલ કરી લેપ કરવો; એટલે હાથનો સોજો પણ જાય છે. (૩) કાળા ગોળનો લેપ કરવો. (૪) આકડાનું દૂધ ચોપડવું. (૫) મોટી કાકડીની જાડી છાલ બે-ત્રણ દિવસ બાંધવી. (૬) ભેંસના છાણમાં નાચણી (નાગણી) અને કળથીનો લોટ મેળવી જાડો રોટલો કરી શેકી ગરમ કરી બાંધવો.

---

* કપીલો ૧ પૈસાભાર, સિંધવ ૧ પૈસાભાર અને સાબુ ૧ પૈસાભાર લઇ ઝીણાં વાટી, ૪ પૈસાભાર ઉના કરેલા ઘીમાં નાખી પહોર એક સુધી ખૂબ ઘુંટી મલમ કરી માથા ઉપર ચોપડવાથી ખોડો, દાદર વગેરે માથાનાં દરદ જાય.

× કલ્કથી ૪ ગણું તેલ લેવું. લોઢાના વાસણમાં તૈયાર કરવું. જમીનમાં દાટવા માટે પણ લોઢાનુંજ વાસણ લેવું.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આકડો–૧૬, કાકડી–૨, દક્ષણી થુરીઓ–૩, નાગલી–૪, શેલડી–૧૬.

શોફોદરઃ—આ રોગમાં સોજાનું પ્રાધાન્ય છે. નાના બાળકને પણ આ રોગ થાય છે. પ્રથમ હાથે અને પગે સોજો આવી મોઢાપર્યંત જાય છે, કિંવા મુખે પ્રથમ સોજો આવી હાથપગપર્યંત જાય છે. એવા એના બે પ્રકાર છે. આ રોગમાં આખા શરીરે સોજો આવવાથી રોગી નિસ્તેજ થાય છે. રોગીના સોજામાં બળતરા હોઇ ગળફા પડે છે, તે રોગી અસાધ્ય જાણવો. બાળકોને આ રોગ થવાથી તેમાંથી તે બચવું કઠિન છે. **ઉપચારઃ**—(૧) આસોદરો, ગંગાવતી, કારેલી અને ભાંગરાનાં પાંદડાંનો રસ એકત્ર કાઢી તેમાં મરીની ભૂકી અને ઘી નાખી તે ૩ દિવસ પાવો; કિંવા અસોદરો, કારેલી અને ભાંગરાના રસમાં રાફડા ઉપરના કડાનાં મૂળ ઘસી પાવાં. ઔષધ લાગે તો ઉતાર–ઘી અને ભાત. (૨) ધોળી વસુનો કાઢો સાત દિવસ આપવો; કિંવા વસુનાં મૂળનો લેપ કરવો. (૩) ગલકીનાં પાંદડાંનો રસ ૨ તોલા ઘીમાં પાવો અને પાંદડાં સોજા ઉપર વાટીચોપડવાં. (૪) ગોરાડુનો કંદ કચરી મજબૂત કપડામાં ઘાલી જોરથી પીલવું. તેનો જે રસ આવે તેમાં ધોળીગરણીનાં મૂળ ઘસી તેનો લેપ સર્વાંગે કરવો. આ યોગથી સોજો ઉતરી જાય છે. (૫) રાફડા ઉપરના કડાનાં મૂળ ગરમ પાણીમાં ઘસી દરરોજ બે વખત પાવાં. (૬) રોગીની કમ્મરે ધોળી ગરણીનો વેલો બાંધવો. (૭) ખેરેતીની છાલનો રસ ૪ પૈસાભાર ગાયના દૂધમાં ત્રણ દિવસ આપવો. (૮) ઝેરકોચલાના ઝાડ ઉપરની શિંગોની ડાળ કાઢી કળથીમાં નાખી કાઢો કરી પાવો. (૯) પાડળીનાં મૂળ ગાયની છાશના નીતર્યા પાણીમાં ઘસી બે વખત આપવાં. પથ્યઃ–કળથીનું કઢણ અને મીઠા વગરનો ભાત. એજ વેલ કમ્મરે બાંધવી. (૧૦) કાળા ઉમરડાના ફળના ૪ પૈસાભાર રસમાં જીરાની ભૂકી નાખી તે આપવો અને ડુંટી ઉપર ચોપડવો. (૧૧) નગોડનાં પાંદડાંનો રસ ૪ પૈસાભાર કાઢી તેમાં લીંડીપીંપરની ભૂકી અને પસાભાર મધ નાખી તે પાવો. (૧૨) ત્રિફળાંનું ચૂર્ણ ગાયના દૂધમાં અથવા ગાયના મૂત્રમાં આપવું. (૧૩) સાટોડી, કડવા લીમડાની છાલ, કડવાં પંડોળાં, સુંઠ, કડુ, દારુહળદર, ગળો અને બાળહરડેનો કાઢો આપવો; એટલે સર્વાંગસૂજ, ઉદર, પાંડુ, સ્થૂલતા અને કફનો નાશ થાય છે.

વિશેષ ઉપચાર જુઓ વનૌ૦માંઃ—આકડો–૩૩, આશેત્રી–૪, ૮, ઇંદ્રજવ–૧૮, કરમદી–૬, કાનફોડી–૮, કાળો ઉમરડો–૨, ખેરેતી–૧, ગરણી–૮, ગલકી–૩, ગોરાડુ–૧, ઝેરકોચલાં–૫, ધંતુરો–૧૭, નાગલાદુધેલી–૫, નારી (પસારણી)–૨, પાટલા–૫, પિલુડી–૧, ફણસ–૨. સાટોડી–૫, હેદ–૪.

જુઓ અનુભૂત ઔષધઃ—ઔષધિક્રિયાના મલમપ્રયોગની ટીપમાં **કીડીઆનગરૂં** માટે નં. ૧૮. ગુમડાં માટે ચૂર્ણપ્રયોગની ટીપમાં નં. ૨૯. મલમપ્રયોગની ટીપમાં નં. ૧, ૪, ૨૫, **૨૯**, ૩૩, ૩૬. **વાસી વિકારથી શરીર ઉપરનાં ચાંદાં** માટેઃ—ગુટિકાપ્રયોગની ટીપમાં નં. ૬.

પરચુરણ ઉપચારઃ—જુઓ વનૌ૦માંઃ–**ત્વચા(ચામડી)ના રોગો** માટેઃ-અંકોલ–૬, અગરૂ–૧, આસંધ–૭, ગળજીભી–૬, ગુલાબ–૮, ૯, ૧૧; મીંઢીઆવળ–૧૧. **શરીરની દુર્ગંધી જવા** માટેઃ—બીલી–૨૫. **વલ્મીક** માટેઃ—અગરૂ–૩. **નીલિકા (શરીર ઉપરના કાળા ડાઘ)** માટેઃ—વાયવરણો–૪. **કરોળીઆ** માટેઃ—અઘેડો–૧૭, મજીઠ–૩, મૂળા–૯. **તાપમાં ફરી આવવાથી પગે બળતરા થાય તે** માટેઃ—આંરઠા–૮, મેંદી–૧. **કોઇ પણ પ્રકારની ગાંઠ** માટેઃ—અળાઈ–૧, આકડો–૨૪, કૌચ–૯, ચિત્રક–૨, મર્યાદવેલ–૧. **જાળપુળી** માટેઃ—પુંગળવેલ–૨. **બાલતોડો (રૂતોડીઉં ગુમડું) ન થવા** માટેઃ—રતનજોત–૧૨. **કીટીભ** માટેઃ—કાસુંદરો–૭. **અળાઇ** માટેઃ—જાંબુ–૧. **માથા ઉપર ભયંકર ગાંઠ થાય છે તે** માટેઃ—દીપમાળ (ગલગોટા)–૨. **ગલગ્રંથી** માટેઃ—આસંધ–૧૩. **ગાંઠ કે ફોલ્લાના દાહ** માટેઃ—ઇંદ્રવરણાં–૧૦. **ફોલ્લા** માટેઃ—ગંગેટી–૧, નાગચંપો–૩, પેંડકુળી–૨. **ફોલ્લા ફુટવા** માટેઃ—અળવી–૮, સાજડ–૪. **કંઠીએ ગાંઠ થાય છે તે** માટેઃ—ગ્રીંઝરટ–૧, ફુગ–૩. **વિચર્ચિકા (ચઠ્ઠાં ચાઠાં)** માટેઃ—અઘાડી–૫, ગજકર્ણી–૧, ગરમાળો–૧, ૨, ચંબેલી–૨, લીમડો (કડવો)–૩૯, સોપારી–૬. **અગ્નિએ દાઝ્યા જેવા ફોડલા થાય તે** માટેઃ—રતાંદળી–૨. **શરીરમાં ગરમીનો આજાર મરવાથી**

કાખમાં કે ઝાંઝના ખાંચામાં ચાંદીઓ પડે તે માટેઃ—ગુરીઆં–૨. **રક્તશુદ્ધિ** માટેઃ—ચણોઠી–૬, ગુલબાશી–૪, શતાવરી–૧૧, ૧૨, ૧૩. **શરીરમાંથી લોહી ઘણું ગયું હોય તો** તે માટેઃ—કેસર–૨. **શરીરે ઘણી આગ બળતી હોય** તો તે માટેઃ—અગરૂ–૭. **નિદ્રા આવવા** માટેઃ—અઘાડી–૬, વંતાકડી–૭. **ચેતનાપ્રાપ્તિ** માટેઃ—ખજૂરી–૧૧. **મુસળરોગ માટેઃ**—કેતકી–૨, કેવડાનું ઝાડ–૭, ધાપાન–૧. **ઉંઘ ન આવતી હોય તો** તે માટેઃ—અળશી–૧, એરંડો–૨૩, ગાંજો–૬, જાયફળ–૨, દક્ષણી થુરીઓ–૫, ધોળી પીલુડી–૮, લીંડીપીંપર–૪, સહદેવી–૮. **નિદ્રા ન આવવા** માટેઃ—થુવેર–૩. **વાતભ્રમ** માટેઃ—આદુ–૪૪, તુવરફળ–૪, વાયવરણો–૯. **ઠંડીને લીધે પગ ચોટી જાય** તે માટેઃ—આંબો–૬. **શરીરમાંથી ગરમી નીકળી જવા** માટેઃ—ગુલબાશી–૪, થુવેર–૫, **ઉઠાણું (અફુટ ગુમડા)** માટેઃ—ઉંડણુ–૨, કંકોડી–૮, ઝેરકોચલાં–૪, બીલામો–૧૧, લસણ–૨. **શરીરમાં થએલી ગરમી** માટેઃ—ઉપરસાલ–૧, એરંડો–૯, કાંટીગોખરૂ–૩. **મૂત્રદોષ અને શુક્રરોગ** માટેઃ–એલચી–૧, ખપાટ–૫. **સીણ (થાક) ઉતારવા** માટેઃ—કચૂરો–૪, કાંડોળી–૫, ખેર–૮, બીવલો–૪. **ગર્ભમાંની ગરમીથી બાળકના અંગની ચામડી જાય** તે માટેઃ—કરંબળ–૧. **અંગમાં ગરમી થઈ લોહી રહેતું નથી** તે માટેઃ—કુંવાડીઓ–૫. **અંગમાં જામેલી ગરમી** માટેઃ—કુંવાર–૮, કેળ–૨૫. **ઉષ્ણુપિત્ત** માટેઃ—દાડમ–૪. **જડત્વ (જડપણા)** માટેઃ—બીજોરૂં–૧૮. **મળમૂત્રવડે આજારી** માટેઃ—બ્રાહ્મી–૨. **પિત્તાંશ** માટેઃ—ભીંડી–૧. **ઉષ્ણતાના લીધે થયેલી ગાંઠ** માટેઃ—મેંદી–૩. **કોઇ પણ રોગ કદી ન થવા** માટેઃ—લીમડો (કડવો)–૩૩. **શરદી અને ગરમીથી પગ વળી જાય તે** માટેઃ—વિખમોગરી–૩. **મલાવરોધ થાય** તે માટેઃ–હળદર–૨૧. **અસ્ત્રો (સજાયો) ઉઠે** તે માટેઃ—નાળીએરી–૬.

જુઓ ગો૦વૈ૦માંઃ—**મહેનત અને થાક** માટેઃ—દૂધ–૨૪. **દાઝેલા શરીર** ઉપરઃ—ઘી–૧૦. **શરીરમાં ગરમીથી લોહી બગડવા** ઉપરઃ—ઘી–૧૩. **તજાગરમી** માટેઃ—ઘી–૧૮. **ગુદભ્રંશ (આમળ)** માટેઃ—છાણ–૨. **પરસેવો નહિ થવા** માટેઃ—છાણ–૩.

જુઓ પ્રા૦ઔ૦માં—**કરોળીઓ શરીર ઉપર મસળવાથી ઉઠેલા ફોડલા માટેઃ**—ઉંદરની લીંડીઓ–૫. **ચામખીલ (મસ) થયા હોય** તોઃ—ઘોડાનો વાળ–૧, સર્પની કાંચળી–૪. **નવેલા (નખ ઉપડવા)** માટેઃ—ભેંસનું છાણ–૧, મીણ–૧. **તજાગરમી (પગ ફાટવા)** માટેઃ—મીણ–૨. **અંગ ઉપર પિત્ત ઉઠે** તે માટેઃ—સર્પની કાંચળી–૧. **બદ** માટેઃ—સર્પની કાંચળી–૩. **ઘણા દિવસની નિદ્રાનાશ** માટેઃ—કસ્તૂરી–૯

२–गोवैद्यक

॥ गावः कामदुघा मताः ॥

વિષયોપન્યાસઃ—મનુષ્યોનું જીવન શાંતિ, સુખ અને સરળતાપૂર્વક વ્યતીત થાય એટલા માટે પહેલાંથીજ સર્વ અનુકૂળ સાધનોની તજવીજ કરી લેવી, એ બુદ્ધિવાનોનું કર્તવ્ય છે. આ પ્રમાણે કરવાનું ફળ માત્ર મહેનત કરનારનેજ મળે એમ નહિ; પરંતુ તેનું ફળ ભવિષ્યની પ્રજાને તેમજ સર્વ જનસમાજને પણ મળે એવી સુજ્ઞ જનોના હૃદયમાં ઉદાર ભાવના રહેલી હોય છે. આપણા પૂર્વજોએ એ પ્રમાણે અતિ પ્રયાસથી અને મહાન કષ્ટ સહન કરીને જે વિદ્યાકળાનો સંગ્રહ કરી રાખેલો છે; તેઓએજ ગાય સરખા પરમ ઉપયુક્ત પ્રાણીનો આપણા ધર્મકર્મમાં સ્થાન સ્થાન પર સંબંધ જોડી આપીને, તે પ્રાણી વિષે આપણા હૃદયમાં વિલક્ષણ પ્રેમ ઉત્પન્ન કરી આપેલો છે. આ પ્રકાર માત્ર ધર્મસંબંધનો છે, એટલાજ કારણથી આપણે ગાયનાં ગીત ગાઇએ છીએ, એવું નથી; પણ તેની ઉપયોગિતાને લીધે વ્યાવહારિક દૃષ્ટિથી વિચાર કરીએ તોપણ આનંદ થઈ એટલું બધું ઉપયોગીપણું દેખાય છે કે પરમેશ્વરે જાણે સર્વ સુખદાયક સ્વર્ગીય અમૃતજ આપણા કલ્યાણ માટે ગાયના રૂપમાં ઉત્પન્ન કરેલું છે.

ગાયના વિષયમાં મનુષ્ય કોઈ પણ દૃષ્ટિથી વિચાર કરે તો તેને આશ્ચર્યકારક ફાયદો થશે. તેનું દૂધ, દહીં, ઘી, છાશ, માખણ, મૂત્ર, છાણ ઇત્યાદિ પદાર્થોમાં વૈદ્યકશાસ્ત્રના આધારે કેટલી બધી ઉપયોગિતા દેખાય છે; એ જો લખવા બેસીએ તો એક મહાભારતજ થાય. આથી થોડામાં સારાંશ-રૂપે એ વિષે મેં જે વિવેચન કરેલું છે તે માત્ર વૈદ્યકીય છે. આ ઉપરાંત ખેતી, શરીરરક્ષણ, સ્વચ્છતા, વ્યાપાર ઇત્યાદિ ઘણા મુદ્દા બાકી રહેલા છે. આ સર્વ વાતનો વિચાર કરવાથી ગાયનું ઉપયોગીપણું કેટલું વ્યાપક છે, એ સ્પષ્ટ જણાઇ રહે તેમ છે.*

આપણે પૂર્વજોનો મોટો આભાર માનવો જોઇએ કે, આવા ઉપયોગી પ્રાણીની સેવા કરવાનું તેઓ આપણને શીખવી ગયા છે. તેઓએ જ્યાં ત્યાં ગાયનું ઉપયોગીપણું દર્શાવી આપેલું છે. એ ઉપયોગિતા આપણી દૃષ્ટિમાં વારંવાર આવે એટલા માટે તેઓએ સુંદર યોજના કરેલી છે. જેમકે ગાયનું છાણ શરીરે ચોળી શરીરશુદ્ધિ કરતી વખતે આપણા ધર્મકર્મમાં છાણની મહત્તા ધ્યાનમાં રહે અને તેના ગુણ સાથે માણસની પોતાની ભાવના પણ ભળી વિશેષ લાભ થાય એટલા માટે ધર્મશાસ્ત્રમાં છાણ ચોળતી વખતે નીચેનો શ્લોક બોલવાનો રિવાજ ચાલતો આવે છેઃ—

अग्रमग्रं चरंतीनां, औषधीनां रसं वने ।
तासां ऋषभपत्नीनां, पवित्रं कायशोधनम् ॥
यन्मे रोगांश्च शोकांश्च, पापं मे हर गोमय ।

અર્થઃ—વનમાંની અનેક ઔષધિઓના રસનું ભક્ષણ કરનારી જે ગાય, તેનું પવિત્ર અને શરીરશોધન કરનાર છાણ! તું મારા રોગ અને માનસિક શોક તેમજ પાપનો નાશ કર.

આ શ્લોકમાં ગાયની મહત્તા વિષે કેટલો સારાંશ રહેલો છે! આ શ્લોક તો માત્ર છાણ વિષેજ

---

* મુવા પછી પણ આપણને એ ગાય ગોરોચન જેવું વ્યાધિનાશક અમૃત આપે છે તો આપણે એના ઉપકારનો બદલો શું આપી શકીએ!

છે; તો પછી તેના દૂધ, ઘી વગેરેનો લાભ કેટલો બધો હશે; તેનો વિચાર કરવાનું વાંચનારાઓની કલ્પના ઉપરજ રાખું છું. હકીકત આવી હોવાથી તેની અનેકવિધ ઉપયોગિતાનો અને તેમાં રહેલા અનેક પ્રકારના આપણા હિતનો જેઓ વિચાર કરતા નથી, તેઓ પોતાનું એટલું બધું હિત ગુમાવશે કે જાણે તેઓ આપઘાતજ કરે છે.

કેટલાકો કહે છે કે, જેટલી ગાયની ઉપયોગિતા છે તેટલી સર્વ જાનવરમાં પણ હોવી જોઇએ; પણ તો પછી ગાયનેજ શ્રેષ્ઠ શા માટે કહેવી? બીજાં જાનવરોના ગુણ અને ઉપયોગની સાથે ગાયના ગુણો અને ઉપયોગોની સરખામણી કરી જોઇએ તો ગાયનેજ શ્રેષ્ઠતા મળશે; એમ એ અનાદિસિદ્ધ અનુભવથી ઠરેલું છે.

ગાયના દૂધ ઘીના તેમજ છાણમૂત્રના જે જે ગુણો કહેલા છે, તેની સરખામણીમાં બીજાં જાનવરોમાં ગુણ ઓછા છે. સર્વ દૂધમાં ગાયના દૂધ જેટલું શુદ્ધ, ઔષધમાં ઉપયોગી, સતેજ, ગુણ-કાંતિકર બીજું કોઇ દૂધ નથી. ભેંસનું દૂધ ગાયના દૂધ કરતાં જડ, આલસ્ય કરવાવાળું, કફકર અને ઔષધરૂપે પણ ઓછા ગુણવાળું છે. મતલબકે, ભેંસનું દૂધ ગાયના દૂધના કરતાં ઓછા ગુણવાળું છે. એવીજ રીતે ગાયના બીજા ગુણોથી પણ અન્ય પશુઓના ગુણોની સરખામણી કરીશું તો અન્ય દરેક પશુઓ માટે નીચલો વર્ગ કબૂલ કરવો પડશે. ઉદાહરણાર્થ ઘોડીનું મૂત્ર ઉષ્ણ, વ્રણદાહક, મંદપ્રજ્ઞ અને કાંતિહારક છે. તો ગાયના મૂત્ર કરતાં અતિ કનિષ્ઠ કહેવાય. આમ છતાં પૃથ્વીમાંનો કોઇ પણ પદાર્થ જો યુક્તિપૂર્વક ઉપયોગમાં લેવામાં આવે તો તે લાભદાયક હોવાથી ઉત્તમજ છે; અને એવી ગુણગ્રાહી દૃષ્ટિથી તો હું સર્વ પદાર્થનો આદર કરૂં છું. પરંતુ સર્વમાન્ય થવા યોગ્ય તો સાધારણ રીતે ગાયના સમાન આદરણીય પ્રાણી અન્ય કોઈ પણ મળી શકશે નહિ; એટલાજ માટે આટલો ઉલ્લેખ લોકોની પાસે વિચાર કરવા માટે મૂકેલો છે. આપણા સમાજની સ્થિતિ અત્યાર સુધી આ વિષયમાં બાલ્યાવસ્થા જેવી થઇ રહેલી છે.

ગાયની ઉપયુક્તતા આટલી બધી હોવા છતાં, તેના અમૃતસમાન દૂધ, દહીં, ઘી, છાશ, માખણ વગેરેનો આપણા દેશમાં અભાવ થતો ચાલ્યો છે એ શું? આવી રીતના ઉપયોગ ઉપરથી યક્ષે ધર્મરાજ યુધિષ્ઠિરને પ્રશ્ન કર્યો હતો કે "પૃથ્વી ઉપર અમૃત કયું છે?" ધર્મરાજે પ્રત્યુત્તર આપ્યો કે "દૂધ." પણ એજ દૂધ આપણને કેટલું દુષ્પ્રાપ્ય થઇ ગયું છે તે જુઓ!!!

घृतं न श्रूयते कर्णे, दधि स्वप्ने न दृश्यते ।
दुग्धस्य तर्हि का वार्ता, तक्रं शक्रस्य दुर्लभम् ॥

અર્થ:—"ઘી" સાંભળવામાં પણ આવતું નથી; અને દહીં સ્વપ્નમાં પણ દેખાતું નથી, તો પછી દૂધની વાતજ કેવી! અને છાશ તો ઇંદ્રને પણ દુર્લભ થઇ છે!!

આ સંબંધમાં વધુ નહિ લખતાં છેવટે સર્વ કોઇને એટલીજ વિનંતિ કરૂં છું કે, ગાય વિષે ધાર્મિક બુદ્ધિ કદાચ બાજુએ મૂકો; તો માત્ર વ્યાવહારિક દૃષ્ટિથી પણ ગાયની પાસેથી અનેક પ્રકારે લાભ લઇ શકાય છે. માટે આ પ્રાણી તરફ લક્ષ આપો! અને તેની પાસેથી આગળ લખ્યા પ્રમાણે વૈદ્યકીય દૃષ્ટિથી સંક્ષેપમાં જણાવેલા મહાન લાભ અને વ્યાવહારિક દૃષ્ટિથી થનારા બીજા અનેક લાભ મેળવવા પ્રયત્ન કરો.

દુગ્ધ-દૂધ જેવો પૌષ્ટિક અને અત્યંત ગુણવાળો એવો બીજો પદાર્થ નથી. દૂધ એ મૃત્યુલોકનું અમૃત છે. સર્વ દૂધમાં પોતાની માનું દૂધ શ્રેષ્ઠ છે અને માનું દૂધ ખૂટયું, ત્યાંથી ગાયના દૂધથી શ્રેષ્ઠ એવું બીજું કોઈ પણ દૂધ મળનાર નથી. માણસને બાળકથી તે વૃદ્ધપણાસુધી હમેશાં ગાયના દૂધની અત્યંત જરૂર છે. માણસની શક્તિ અને બળ વધારનાર ગાયના દૂધથી શ્રેષ્ઠ એવો બીજો કોઇ પદાર્થ ત્રિભુવનમાં મળનાર નથી. ×ગોમાંસભક્ષક લોક આ દેશમાં આવ્યાથી આ દેશમાં ગાયનો ઘણોજ સંહાર થઇ રહ્યા છે; તેથી તેનો વધારો થવાને બદલે ઉલટો ઘટાડો થયો અને જ્યાં

× અહીંથી આ પારેગ્રાફ પૂરો થતાં સુધીનો લેખ ગુજરાતી પહેલી આવૃત્તિથી ઉમેરાયો છે, મૂળ મરાઠીમાં નથી.

આં ગાયનું દૂધ નહિ મળવાથી લોકોમાં બળ અને શક્તિ કમી થયાં તથા તેથી સાહજિક રીતે હત-વીર્યપણું પ્રાપ્ત થયું; તેમજ જમીનનું ઉત્તમ ખાતર જે તેનું છાણુ, તે ભરપૂર મળવાનું સાધન કમી થવાથી, જમીનની અંદર ધાન્ય થોડું અને ઓછા કસવાળું ઉત્પન્ન થવા માંડયું; તેથી લોકોની શક્તિ કમી થઇ આયુષ્ય પણ કમી થયું. પહેલાંના વખતમાં ધન, ધાન્ય અને દૂધ-ઘીની વિશેષતા હોવાથી, અહીંના લોકોને બીજા દેશમાંના લોકો આગળ દીન થવાને પ્રસંગ કોઈ દિવસ આવેલો નહિ; પરંતુ હમણુાંના કાળમાં તે સર્વ વાતની અત્યંત ન્યૂનતા થવાથી પરદેશના લોક પાસે જવાની (માગવાની) હીન સ્થિતિ પ્રાપ્ત થઈ છે ! આ દેશમાં હમણાં જે હીન સ્થિતિ પ્રાપ્ત થઇ છે, તેનું મુખ્ય કારણ ગાયનો હમેશ થઈ રહેલો સંહાર એજ છે. એટલા માટે ખરા દેશહિતચિંતકોએ ગાયનો સંહાર કમી થાય એવા કામમાં નિત્ય શરીર, મન અને વાણી વડે કરી મંડવું; એટલે આ દેશનો ઉદયકાળ આવશે. જો હાલ છે એવીજ સ્થિતિ કાયમ રહેશે, તો આ દેશને કદી પણ ઉદયકાળ પ્રાપ્ત થનાર નથી. અસ્તુ. (વિચારી જનો માટે આટલું બસ ધારી આપણા મૂળ વિષય તરફ વળીએ.)

ગાયનું દૂધઃ—(સં૦ દુગ્ધ. મ૦ હિં૦ બં૦ દૂધ. ક૦ હાલુ. તૈ૦ પાલુ. ફા૦ શીરે. અ૦ લબનુલ. ઈં૦ મીલ્ક. લા૦ લકટસ.) સ્વાદવાળું, રુચિકર, સ્નિગ્ધ, બળકર, અતિ પથ્ય, કાંતિકારક; બુદ્ધિ, પ્રજ્ઞા, મેધા, કફ, તુષ્ટિ, પુષ્ટિ, વીર્ય અને શુક્રને વધારનાર; વયસ્થાપક, હૃદ્ય, રસાયન, ગુરુ, પુંસ્ત્વપ્રદ, મીઠું; અને વાત, પિત્ત, વિષ, વાતરક્ત, દાહ, રક્તપિત્ત, અતિસાર, ઉદાવર્ત, ભ્રમ, કાસ, મદ, શ્વાસ, મનોવ્યથા, જીર્ણજ્વર, હૃદ્રોગ, પિપાસા, ઉદર, અપસ્માર, મૂત્રકૃચ્છ્ર, ગુલ્મ, અર્શ, પ્રવાહિકા, પાંડુ, શળ, અમ્લપિત્ત, ક્ષયરોગ, અતિશ્રમ, વિષમાગ્નિ, ગર્ભપાત, યોનિરોગ, નેત્રરોગ અને વાતરોગનો નાશ કરે છે. કાળી ગાયનું દૂધ વિશેષ કરીને વાતનો નાશ કરે છે. લાલ અને ચિત્ર વર્ણની ગાયનું દૂધ વિશેષે કરી વાતનાશક છે. પીળી ગાયનું દૂધ વાતપિત્તનો નાશ કરે છે. શ્વેત (ધોળી) ગાયનું દૂધ વિશેષે કરી કફ કરનાર છે. મરી ગયેલા વાછરડાની અને બાળક વાછરડાની માનું દૂધ ત્રણે દોષ (વાત, પિત્ત, કફ) નો નાશ કરનાર છે. બાખડી ગાયનું દૂધ જાડું, બળ વધારનાર, તર્પણ, કફવર્ધક અને ત્રણે દોષનો નાશ કરનાર છે. ખોળ અને ખાણુ ખાનારી ગાયનું દૂધ કફ કરનાર છે; અને કડબ, ઘાસ, પરાળ ઇત્યાદિ ખાનારી ગાયનું દૂધ સર્વ રોગો ઉપર હિતકર છે. જુવાન ગાયનું દૂધ મધુર, રસાયન અને ત્રિદોષનાશક છે. ઘરડી ગાયનું દૂધ દુર્બળ છે અને ગાભણી ગાયનું ત્રણ મહિના ઉપરાંતનું દૂધ પિત્તકારક, ખારાશ પડતું, મધુર અને શોષ કરનાર છે. પહેલી વાર વિયાએલી ગાયનું દૂધ નિઃસાર (સારવિનાનું) અને ગુણહીન છે. નવી વિયાએલી ગાયનું દૂધ લૂખું, દાહકારક, રક્તદોષકારક અને પિત્તવાળું છે. વિયાએ ઘણા દિવસ થઈ ગયેલા હોય એવી ગાયનું દૂધ મધુર, દાહકારક અને ખાટું છે. ધારોષ્ણ-તરતનું દોહેલું દૂધ વૃષ્ય, ધાતુ વધારનાર, નિદ્રાકારક, કાંતિકર, પથ્ય, સ્વાદવાળું, અગ્નિ પ્રદીપ્ત કરનાર, અમૃત જેવું અને સર્વ રોગ દૂર કરનાર છે. ઠંડુ દૂધ (કાઢ્યાને એક પહોર થયેલું) ત્રિદોષકારક છે. ગરમ કરી ઠંડુ પાડેલું દૂધ પિત્તનાશક છે. ઉકાળેલું દૂધ પીવાથી કફનો નાશ થાય છે અને ઊનું કર્યા વગરનું ઠંડુ દૂધ બળવૃદ્ધિકર, વૃષ્ય, દોષકર, અપાચક અને મલસ્તંભક છે. સવારમાં ગાયનું દૂધ સાકર નાખી પીએ તો તે હિતકારક છે. **દૂધની મલાઈ (તર):**-શીતળ, સ્નિગ્ધ, વૃષ્ય, બળકર, શુક્રવાળી, તર્પણ, રુચિકર, કફવર્ધક અને ધાતુવર્ધક છે; અને પિત્ત, વાયુ, રક્તપિત્ત, દાહ અને રક્તરોગનો નાશ કરે છે. **ગાયના દૂધનો ઔષધિમાં ઉપયોગ:**—(૧) **આદાશીશી ઉપર:**—ગાયના દૂધનો માવો ખાવો અથવા ગાયના દૂધની ખીર બદામ સાથે કરી તેમાં સાકર નાખી ખાવા આપવી. (૨) **ધંતુરા અથવા કરેણુના વિષ ઉપર:**—પાશેર દૂધમાં સાકર એક તોલો નાખી પાવું. (૩) **સોમલ,** મોરથુથુ, વછનાગ, મુરદારશિંગ ઈત્યાદિના વિષ ઉપર ઉલટી થાય ત્યાંસુધી દૂધ પાવું અથવા દૂધમાં સાકર નાખી તે પાવું. (૪) **મનશીળના વિષ ઉપર:**—દૂધમાં મધ નાખી ત્રણ દિવસ પાવું. (૫) **કોદરાના વિષ ઉપર:**—ઠંડુ દૂધ પાવું. (૬) **કાચની ભૂકી** અન્નની સાથે ખાવામાં આવી હોય તો તે ઉપરઃ—દૂધ પાવું. (૭) **ગંધકના**

વિષ ઉપર:—દૂધમાં ઘી નાખી પાવું. (૮) પુષ્ટિ, બળ અને વીર્યવૃદ્ધિ માટે:—ગરમ કરેલા દૂધમાં ગાયનું ઘી અને સાકર નાખી પાવું. આના જેવો પથ્ય, તેજોવર્ધક અને પુષ્ટિકારક પ્રયોગ બીજો નથી. (૯) જીર્ણજ્વર ઉપર:—દૂધમાં ગાયનું ઘી, સુંઠ, ખારેક અને કાળી દ્રાક્ષ નાખી તે દેવતાથી ઉકાળી પાવું. (૧૦) મૂત્રકૃચ્છ્ર અને શર્કરા ઉપર:—દૂધમાં ગોળ અથવા ઘી-સાકર નાખી તે કાંઈક ગરમ કરી પાવું અથવા ગરમ કરેલું દૂધ ઘીસહિત બરોબર સાકર નાખી પાવું. (૧૧) આંખો બળતી હોય તે ઉપર:—ગાયના દૂધમાં રૂનું પેલ કરી, ઉપર ફટકડીની ભૂકી નાખી આંખો ઉપર બાંધવી. (૧૨) પુષ્ટિ આવવાને માટે:—ગાયનું દૂધ, ઘી અને મધ એ એકઠું કરી પાવું. (૧૩) પિત્તવિકાર ઉપર:—સાત તોલા દૂધ લઈ, તેમાં અર્ધા તોલાથી એક તોલા સુધી સુંઠ ઉકાળી માવો કરી સાકર નાખી, ગોળી કરી તે દર રાત્રે સૂતી વેળાએ ખાવા આપવું, ઉપર પાણી પીવું નહિ. એ પ્રમાણે ઘણા દિવસ એ ઔષધ આપવું. (૧૪) શીતળા અથવા શીળી આવવાથી છોકરાંના શરીરમાં આવતા તાવ ઉપર:—તુરતનું દોહેલું દૂધ અને ઘી એકઠું કરી તેમાં ખડીસાકર નાખી પાવું. (૧૫) છાતી અથવા હૃદયરોગ ઉપર:—દૂધમાં ભીલામાંનું તેલ ૧૦ થી ૧૫ ટીપાં સુધી નાખીને પાવું. (૧૬) રક્તપિત્ત ઉપર:—દૂધમાં પાંચગણું પાણી નાખી તે સારી પેઠે ઉકાળવું અને પાણી બળી જાય એટલે દૂધ પાવું. (૧૭) હાડકું ભાગ્યું હોય તે ઉપર:—સવારમાં બાખડી ગાયનું દૂધ સાકર નાખી ગરમ કરવું. તેમાં ઘી અને લાખની ભૂકી નાખી ટંડુ થયા પછી પાવું; એટલે અસ્થિભંગનો નાશ થશે. બીજો પ્રકાર:—લાખ, ઘઉં અને અરજુનસાજડની છાલનું ચૂર્ણ દૂધમાં ઘી નાખી તે છૂટા પડેલા સાંધા અથવા ભાગેલા હાડકા ઉપર હાડ સંધાવા આપવું. (૧૮) સળેખમ ઉપર:—ગાયનું દૂધ ગરમ કરી તેમાં ખડીસાકર અને મરીની ભૂકી નાખી પાવું. (૧૯) માથાના રક્તજ અને પિત્તજ રોગ ઉપર:—રૂની જાડી થેપલી કરી તે ગાયના દૂધમાં પલાળી માથા ઉપર રાખવી, તે ઉપર પાટો બાંધી રાખવો અને વારંવાર દૂધ રેડતા રહેવું. આ પ્રમાણે સવારથી સાંજસુધી રાખી સાંજે માથું ધોઈ નાખી માખણ ચોળવું. એ પ્રમાણે બે-ત્રણ દિવસ કરવું. (૨૦) પ્રવાહિક અને રક્તપિત્તાદિક ઉપર:—અર્ધું પાણી અને અર્ધું દૂધ એકઠું કરી, દૂધ એકલું રહે ત્યાંસુધી ઉકાળવું. તે પેટની અંદર વાયુ રહેલો હોય ત્યારે શૂળ, પ્રવાહિકા, રક્તપિત્ત, તરસ વગેરે રોગો ઉપર પાવું. જેવું અમૃત તેવુંજ એ દૂધ છે. એ સર્વ રક્તવિકારના રોગ ઉપર ઉપયોગમાં લેવું. (૨૧) પાંડુરોગ, ક્ષય અને સંગ્રહણી ઉપર:—લોઢાના વાસણમાં તપાવી રાખેલું દૂધ સાત દિવસ પાવું અને પથ્ય પાળવું; એટલે એ રોગ દૂર થશે. (૨૨) હેડકી ઉપર:—ઉકાળેલું દૂધ પાવું. (૨૩) મૂત્રાવરોધથી થયેલા ઉદાવર્ત વાયુ ઉપર:—દૂધપાણી એકઠું કરી પાવું. (૨૪) મહેનત કરી આવેલા થાકી ગયેલા માણસને ગરમ કરેલું દૂધ પાવું; એટલે થાક ઉતરી જઈ હુંશિયારી આવે છે. થાકી ગયેલા માટે આ અપ્રતિમ ઔષધ છે. (૨૫) માથું દુખતું હોય તે પર:—ગાયના દૂધમાં સુંઠ ઘસી માથા ઉપર તેનો લેપ કરવો અને ઉપર રૂ લગાવવું. એટલે સાત આઠ કલાકમાં ચાહે તેટલી ભયંકર પીડા હોય તે પણ દૂર થશે.

ગાયનું દહીં:—(સં૦ દધિ. મ૦ દહીં. હિં૦ દહી. ક૦મોસરૂ. તૈ૦ પરગુ. ફા૦ દોગ. અ૦ જુગરાન. ઈં૦ કર્ડલ્ડ મીલ્ક.) સ્વાદુ, બળ વધારનાર, રુચિકારક, તેજસ્વી, દીપન, પૌષ્ટિક, મીઠું, ગ્રાહક, ટંડુ અને વાતાર્શનું નાશક છે. દહીં મંદ, સ્વાદુ, સ્વાદ્વમ્લ, ખાટું અને અતિ ખાટું એમ પાંચ પ્રકારનું છે. **મંદ દહીં**:—એ જાડું, સ્વાદે દૂધ જેવું, મૂત્ર ઉત્પન્ન કરનાર, સારક, દાહક અને ત્રિદોષકારક છે. **સ્વાદુ દહીં**:—જાડું, મીઠું, વૃષ્ય, પાકકાળે મધુર, અભિષ્યંદકારક, મેદ, વાયુ અને કફનો નાશ કરનાર, લોહીને સ્વચ્છ કરનાર તથા પિત્તને શમાવનાર છે. **સ્વાદ્વમ્લ દહીં**:—જાડું, મીઠું, કિંચિત્ ખાટું અને તૂરું છે. બીજા ગુણ સ્વાદુ દહીં જેવાજ છે. **ખાટું દહીં**:—લોહી, પિત્ત, કફને કરનાર અને દીપન છે. **અતિ ખાટું દહીં** દીપન, ગળામાં દાહ કરનાર, શરીર ઉપર રૂવાં ઉભાં કરનાર, રક્તપિત્ત કરનાર અને દાંતને ખટાવનાર છે. **તપાવેલા દૂધનું દહીં**:—શીતળ, લઘુ, વિષ્ટંભકારક, વાતલ, દીપન, મધુર, રુચિકર અને થોડું પિત્તકારક છે. **તપાવી મલાઈ કાઢી લીધેલા દૂધનું દહીં**:—ટંડુ, લઘુ, વિષ્ટંભકારક, વાતલ, ગ્રાહક, દીપન, મધુર, રુચિકર અને

થોડું પિત્તકારક છે. **સાકરમિશ્રિત દહીં:**—ખાવાથી પિત્ત, દાહ, તૃષા અને રક્તદોષનો નાશ થાય છે. **ગોળમિશ્રિત દહીં:**—તર્પણ, ધાતુવર્ધક, ગુરુ અને વાનો નાશ કરનાર છે. **દહીંનું નીચોવેલ પાણી:**—બળ વધારનાર, તૂરૂં, પિત્તકારક, સારક, ગરમ, રુચિકર, ખાટું, લઘુ, સ્રોતઃશોધક અને પ્લીહોદર, તૃષા, કફાર્શ, વાયુ, વિષ્ટંભ, પાંડુરોગ, શૂળ અને શ્વાસનું નાશક છે. **દહીં ઉપરની તોર (તર):**—સારક, ગુરુ અને રક્તપિત્ત, કફ તથા વીર્યને વધારનાર અને જઠરાગ્નિ મંદ કરનાર તેમજ વાતનાશક છે. બીજા ગુણ દહીં જેવા છે. **ઉપયોગ:**—(૧) **કોગળીઆ ઉપર:**—ગાયનું દહીં અથવા છાશ સરખે ભાગે પાણી નાખી પાવું; એટલે અતિ વધી ગયેલા કોગળીઆથી જીવનું રક્ષણ થશે. (૨) **કાચની ભૂકી અનાજ સાથે ખાવામાં આવી હોય તે ઉપર:**—ગાયનું દહીં પાવું. (૩) **તૃષ્ણારોગ ઉપર:**—જૂની ઇંટ સ્વચ્છ ધોઇ, અગ્નિમાં નાખી લાલચોળ થાય ત્યાંસુધી તપાવી ગાયના દહીંમાં નાખવી અને તે દહીં થોડું થોડું પાવું. (૪) **કરેણના વિષ ઉપર:**—ગાયના દહીંમાં સાકર નાખી પાવું. (૫) **સૂર્યાવર્ત રોગ ઉપર:**—સૂર્યોદય થયા પહેલાં દહીં અને ભાત ૩ દિવસ જમવા આપવો. (૬) **તૃષ્ણા(તરસ)રોગ ઉપર:**—ગાયનું મધુર દહીં ૧૨૮ ભાગ, સાકર ૬૪ ભાગ, ઘી ૫ ભાગ, મધ ૩ ભાગ, મરીનો ભૂકો ૨ ભાગ, સુંઠની ભૂકી ૨ ભાગ, એલચીદાણા ૨ ભાગ, એ સર્વ એકત્ર કાલવી કલાઇના વાસણમાં રાખી તેમાંથી થોડું થોડું પાવું. **બીજો પ્રકાર:**—પ્રથમ દહીં વસ્ત્રમાં ગાળી પછી તેમાં સાકર આદિ સર્વ મશાલા નાખી ઘોળી રાખવું. એને **શ્રીખંડ** કહે છે. તે તૃષા, દાહ અને પિત્તશામક હોઇ મધુર છે.*

ગાયનું માખણ:—(સં૦ નવનીત. મ૦ લોણી. હિં૦ મખ્ખન. ક૦ બેણ્ણે. તૈ૦ પેન્ના. ફા૦ મસકા. અ૦ જુબ્દ. ઇં૦ બટર. લા૦ બુટિરમ.) શીતળ, ધાતુવર્ધક, વૃષ્ય, કાંતિ વધારનાર, ગ્રાહક, બલપ્રદ, બાળક અને વૃદ્ધને માટે જડ, રુચિકર, મધુર, સુખકારક, આંખનું તેજ વધારનાર, પુષ્ટિકારક અને વાત, પિત્ત, કફ, અર્શ, ક્ષય, રક્તવિકાર, અર્દિતવાયુ, સર્વાંગશૂળ, થાક અને ઉધરસનો નાશ કરે છે. **ઠંડું માખણ:**—બળ વધારનાર, વીર્યકારક, ગુરુ, કફકર, મેદોવર્ધક, આંખોને હિતકર, ધાતુ વધારનાર, અપ્રિય, અનભિષ્યંદી તથા બે-ત્રણ દિવસનું હોય તો ખારૂં, તીખું, ખાટું; અને વાંતિ, અર્શ, કોઢ, એ દોષસિવાય નેત્રરોગ અને બીજા સર્વ રોગનો નાશ કરનાર છે. **ઉપયોગ:**—(૧) **ક્ષય મટી શક્તિ આવવા માટે:**—ગાયનું માખણ, ખડીસાકર, મધ અને સોનાના વરખ, એકઠું કરી ખાવા આપવું. (૨) **આંખોએ દાહ થતો હોય તે ઉપર:**—ગાયનું માખણ આંખો ઉપર ચોપડવું. (૩) **શરીરમાંના ઝીણા તાવ ઉપર:**—ગાયનું માખણ અને ખડીસાકર ખાવા આપવાં. (૪) **શીતળા અથવા શીળીના યોગથી થયેલા છોકરાંના ઝીણા તાવ ઉપર:**—ગાયનું માખણ અને ખડીસાકર એકઠું કરી તેમાં જીરાની ભૂકી નાખી, નાની સોપારી જેવડી ગોળી કરી હમેશાં સવારમાં આપવી. (૫) **કાનમાં અતિશય બળતરા થતી હોય તો:**—ગાયનું માખણ થોડું ગરમ કરી કાનમાં નાખવું. (૬) **ખરસાંણી, ભીલામો ઇત્યાદિ** ઉડયાં

---

* **સાપના ઝેર ઉપર:**—દહીં, મધ, માખણ એ દરેક ત્રણ ત્રણ તોલા લેવાં; તથા પીપર, સુંઠ, મરી, વજ અને સિંધવ સમભાગ લઈ બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૩ તોલા લઇ ૧૨ તોલા મિશ્રણ તૈયાર કરવું. તેમાંથી ૪ તોલા એક વખત સાપ કરડયો હોય તેને પીવરાવવું. દશ મિનિટ પછી વમન અને વિરેચન ન થયાં હોય તો બીજી વખત પીવરાવવું. જરૂર પડે તો ત્રીજી વખત પણ પીવરાવી દેવું. આવી રીતે ત્રણ માત્રા પહોંચવા પછી અવશ્ય વમન વિરેચન થઇને રોગી રોગમુક્ત થઇ જશે. કાઇ ઔષધિ નવી લેવી જોઇએ. નવી વનસ્પતિ હોય તો શાસ્ત્રકાર લખે છે કે તક્ષક, વાસુકી અથવા બીજા એથી પણ વિશેષ બળવાન સર્પના ઝેરથી પણ આ ઔષધિ લેવાથી રોગ મુક્ત થઈ જાય છે. સર્પના કરડવા પછી બની શકે એટલી જલદી દવા આપવી જોઇએ.

(૨) **સોજો, વ્રણની તીક્ષ્ણ પીડા તથા દાહ ઉપર:**—દહીંને કપડામાં બાંધી પાણી કાઢી નાખવું. પછી દરદવાળી જગા ઉપર બાંધવાથી દરદ દૂર થાય છે. શૂળ તથા દાહ મટી જાય છે, નીકળતાં ગુમડાં બેસી જાય છે અને નીકળેલાં ગુમડાંને ફોડીને ભરી આપે છે.

હોય અથવા આંખમાં પડયાં હોય તો ગાયનું માખણ ચોપડવું. ખરસાંણી ભૂલથી કદી ખાવામાં આવ્યાથી શરીરમાં દાહ થાય તો ગાયનું માખણ પુષ્કળ ખાવા આપવું. (૭) **કરેણના વિષ ઉપરઃ**—ગાયનું માખણ થોડું ઊનું કરી આપવું. (૮) **રક્તાતિસાર ઉપરઃ**—ગાયના દૂધનું માખણ કાઢી તેમાં મધ અને ખડીસાકર નાખી પાવું. (૯) **મૂળવ્યાધિ ઉપરઃ**—ગાયનું માખણ અને તલ ખાવા આપવાં; એટલે દાંતને મજબૂતી આવી પુષ્ટતા પણ પ્રાપ્ત થશે.

ગાયની છાશઃ—(સં૦ તક્ર. મ૦ તાક. હિં૦ છાછ. ક૦ તૈ૦ મજ્જિગે. ફા૦ મસ્ત, મઠા. અ૦ હમીજ. ઈં૦ બટર મીલ્ક, વ્હે.) જઠરાગ્નિ પ્રદીપ્ત કરનાર અને ત્રિદોષ તથા અર્શની નાશક છે. **સાધારણ છાશઃ**—સ્વાદુ, ગ્રાહી, ખાટી, તૂરી, લઘુ, ગરમ, પાક વખતે મધુર, તીખી, લૂખી, અવૃષ્ય, બળપ્રદ, તૃપ્તિકર, હૃદ્ય, વિકાસી, રુચ્ય, શરીરને કૃશ કરનાર; અને કમળો, મેહ, મેદ, અર્શ, પાંડુ, સંગ્રહણી, મલસ્તંભ, અતિસાર, અરુચિ, ભગંદર, ઉદર, પ્લીહા, ગુલ્મ, સોજો, કફ, કોઢ, કૃમિ, પરસેવો, ઘીનું અજીર્ણ, વાયુ, ત્રિદોષ, વિષમજ્વર અને શૂળનો નાશ કરે છે. છાશ મધુરપાકી છે એટલે પિત્તનો કોપ કરતી નથી. લૂખી, ગરમ (ઉષ્ણ) અને તૂરી છે, એટલે કફનો નાશ કરે છે. ખાટી અને મધુર છે માટે વાનો નાશ કરે છે. **મધુર (મીઠી) છાશઃ**-કફ કરનાર અને વાતપિત્તનાશક છે. **ખાટી છાશઃ**-રક્તપિત્ત અને કૃમિનો નાશ કરે છે. **ખાટી છાશ મીઠા સાથે** પાઈ હોઇ તો વાનો નાશ કરે છે. **મીઠી (મધુર) છાશ** સાકર સાથે પાવાથી પિત્તનો નાશ કરે છે. મીઠું અને સુંઠ, મરી, લીંડીપીંપરની સાથે મેળવી પાવાથી તે રૂક્ષ અને કફનાશક છે. પેટમાં વાયુ હોય તે ઉપર લીંડીપીંપર અને મીઠું નાખી આપવી. પિત્ત થએલાને સાકર અને મરી સાથે આપવી. **કફોદર ઉપરઃ**—ત્રિકટુ, અજમો, જીરૂં અને સિંધવ નાખી આપવી. ત્રિકટુ, મીઠું (સિંધવ), જવખાર વગેરે નાખી તે છાશ સન્નિપાતોદર ઉપર આપવી. ક્ષય, દૌર્બલ્ય, મૂર્ચ્છા, ભ્રમ, દાહ, તૃષા અને રક્તપિત્ત ઉપર છાશ આપવી નહિ. **માખણવાળી છાશ** ઉંઘ અને અંગની જડતા કરનાર તથા જડ છે. **માખણ કાઢી લીધેલી છાશ** લઘુ (હલકી) અને પથ્યકર છે. **ઘોળવું** (પાણી નાખી હલાવેલું દહીં-મઠો) ઉષ્ણ અને ત્રિદોષનાશક છે. (૧) **દાહ (બળતરા) ઉપરઃ**—ગાયની છાશથી કપડું ભીંજવી તે વસ્ત્રથી રોગીને સ્પર્શ કરતા રહેવું; એટલે દાહનો નાશ થશે. (૨) **સંગ્રહણી, અતિસાર અને મૂળવ્યાધિ ઉપરઃ**—ગાયની છાશ પાવી; તેથી શરીરમાંનું લોહી શુદ્ધ થઇ રસ, બળ, પુષ્ટિ અને વર્ણ (રંગ) સરસ થાય છે, આનંદ પ્રાપ્ત થાય છે અને વાત તથા કફના સેંકડો રોગોનો નાશ થાય છે. (૩) **મલાવષ્ટંભ (બદ્ધકોષ્ઠ) થાય તોઃ**—અજમો અને બિડલોણ નાખી ગાયની છાશ પાવી. (૪) **મૂળવ્યાધિ ઉપરઃ**—ચિત્રકમૂળની છાલ વાટી તેના રસને એક વાસણમાં નાખવો અને તેમાં ગાયનું દહીં અથવા છાશ નાખી પાવું. (૫) **મૂળવ્યાધિ ઉપરઃ**—સુંઠ, મરી, લીંડીપીંપર અને બીડલોણ નાખી ગાયની છાશ પાવી. (૬) **સંગ્રહણી ઉપરઃ**—ગાયની છાશમાં એક તોલો ધોળી મુસળી વાટી પાવી અને પથ્ય છાશ તથા ભાતનું રાખવું. (૭) **બીજો પ્રકારઃ**—ગાયની છાશમાં સુંઠ અને લીંડીપીંપરની ભૂકી નાખી પાવી. સંગ્રહણી રોગને માટે છાશ દીપન, ગ્રાહક અને લઘુ છે. (૮) મગફળી ખાધા પછી છાશ પાવી, એટલે નડશે નહિ; તેમજ તેથી થનાર અજીર્ણને માટે પણ છાશ ફાયદો કરનાર છે.

ગાયનું ઘીઃ—રસ વખતે અને પાક વખતે સ્વાદુ, શીત, ગુરુ, જઠરાગ્નિને પ્રદીપ્તકારક, સ્નિગ્ધ, સુગંધી, રસાયન, રુચ્ય, નેત્ર્ય, કાંતિકારક, વૃષ્ય અને મેધા, લાવણ્ય, તેજ તથા બળને આપવાવાળું, વયઃસ્થાપક, બુદ્ધિપ્રદ, શુક્લ, સ્વર્ય, હૃદ્ય, મનુષ્યને હિત કરનાર અને બાલ, વૃદ્ધ, ક્ષતક્ષીણ એમને જડ; અને અગ્નિદગ્ધ વ્રણ, શસ્ત્રક્ષત, વાત, પિત્ત, કફ, ભ્રમ, વિષ અને ત્રિદોષનો નાશ કરે છે. એ નિરામજ્વરને હિતકારક અને આમજ્વરવાળાને વિષસમાન છે. **માખણમાંથી તાજું કાઢેલું ઘીઃ**—તૃપ્તિકારક, દુર્બળ માણસને હિતકારક, ભોજનમાં સ્વાદવાળું; નેત્રરોગ, પાંડુ અને કમળા ઉપર પ્રશસ્ત છે. કૉલેરા, અગ્નિમાંદ્ય, બાલ, વૃદ્ધ, ક્ષયરોગ, આમવ્યાધિ, કફરોગ, ત્યય, બદ્ધકોષ્ઠ અને અને ત [illegible] ડુંજ આપવું. **જૂનું ઘીઃ**—તીક્ષ્ણ, સારક, ખાટું, લઘુ,

તીખું, ઉષ્ણવીર્ય, રંગ કરનાર, છેદક, લેખન, સાંભળવાની શક્તિને વધારનાર, અગ્નિદીપક, ધાતુ-સંશોધક, વ્રણ રૂઝાવનાર (સાંધનાર) અને ગુલ્મ, યોનિરોગ, મસ્તકરોગ, નેત્રરોગ, કર્ણરોગ, સોજો, અપસ્માર, મદ, મૂર્છા, જ્વર, શ્વાસ, ઉધરસ, સંગ્રહણી, મૂળવ્યાધિ, સળેખમ, કોઢ, ઉન્માદ, કૃમિ, વિષ, અલક્ષ્મી અને ત્રિદોષનો નાશ કરે છે. એ બસ્તિકર્મ અને નસ્યવિષયમાં પ્રશસ્ત છે. આ ઘી દશ વર્ષ સુધીનું જૂનું સમજવું. દશ વર્ષ ઉપરાંત જૂનું થયેલું તે સો, હજાર વર્ષ સુધીનું **કૌંભ** નામનું જાણવું. અગીઆરસેં વર્ષ ઉપરનું તે **મહાઘૃત** જાણવું. એ જેમ જૂનું હશે તેમ ગુણમાં વધારે હશે, એમ જાણવું. ×**શતધૌત ઘૃત** (સો વાર ધોયેલું ઘી) દાહ, મોહ અને જ્વરનો નાશ કરે છે. બીજા ગુણ દૂધ જેવા. માખણ, દહીં, ઘી ઇત્યાદિક ગાયનાં ઘણાં ઉત્તમ છે અને બકરીનાં ઘણાંજ નિંદ્ય છે.

ઉપયોગ:—(૧) **આદાશીશી ઉપર:**—ગાયનું ચોખ્ખું ઘી સવાર-સાંજ નાકમાં નાખવું; એટલે સાત દિવસમાં આદાશીશી તદ્દન દૂર થઈ જશે. (૨) **નાકમાંથી લોહી પડે છે તેના ઉપર:**—ગાયનું ચોખ્ખું ઘી નાકમાં નાખવું. (૩) **પિત્ત મસ્તકે ચઢી ગયાં હોય તો** ગાયનું ચોખ્ખું ઘી માથે ચોળવું; એટલે ચઢેલું માથું તત્કાળ ઉતરી જશે. (૪) **હાથ-પગમાં દાહ** (બળતરા) **થતો હોય તો:**—ગાયનું ચોખ્ખું ઘી ચોળવું. (૫) **તાવ વગેરે કારણથી શરીરે અતિશય બળતરા થતી હોય ત્યારે:**—ગાયનું સો વાર અથવા હજાર વાર ધોયેલું ઘી શરીરે ચોળવું. (૬) **ધંતુરાના અથવા રસકપૂરના વિષ ઉપર:**—ગાયનું ઘી પુષ્કળ પાવું. (૭) **દારૂ ઉતારવાને માટે:**—ગાયનું ઘી ૨ તોલા અને સાકર ૨ તોલા એકઠી કરી પાવી. (૮) **ગર્ભિણીના રક્તસ્રાવ ઉપર:**—ગાયનું શતધૌત ઘી શરીરે ચોળવું. (૯) **ચોથીઓ તાવ, ઉન્માદ અને અપસ્માર ઉપર:**—ગાયનું ઘી, દહીં, દૂધ અને છાણનો રસ, એમાં ઘી સિદ્ધ કરી પાવું. (૧૦) **દાઝેલા શરીર ઉપર:**—ગાયનું ધોયેલું ઘી ચોળવું. (૧૧) **માથાના દરદ ઉપર:**—ગાયનું દૂધ અને ઘી એકઠું કરી અંજન કરવું; એટલે નેત્રની શિરાઓ લાલ થઇને રોગ જતો રહે. (૧૨) **છોકરાંઓની છાતીમાં કફનો ગઠ્ઠો બંધાઇ ગયો હોય તે ઉપર:**—ગાયનું ઘી છાતી ઉપર ચોળી સારી રીતે મર્દન કરવું. (૧૩) **શરીરમાં ગરમી** થયાથી લોહી ખરાબ થઇ શરીર ઉપર તાંબા જેવા રંગનાં ચાઠાં થઇ પછી તે કાળાં થઇ, તેની ગાંઠો બની શરીર ઉપર ફૂટી નીકળે છે તે ઉપર:—પહેલાં જળો મૂકાવી લોહી કઢાવવું. પછી પિત્તળની કથરોટમાં ગાયનું ઘી તોલા ૧૦ અથવા અર્ધું ગાયનું અને અર્ધું બકરીનું લઇ, તેમાં પાણી નાખી હાથથી ખૂબ ફીણવું અને પાણી કાઢી બીજું પાણી નાખવું. એ પ્રમાણે સો વાર પાણીથી ધોઈ, તેમાં ફુલાવેલી ફટકડીની ભૂકી અઢી તોલા નાખી, ઘુંટીને તે મિશ્રણ માટીના વાસણમાં ભરી રાખવું. એ નિત્ય સૂતી વખતે ચાઠાં થયેલી સર્વ જગાએ ચોળ્યાથી જામી ગયેલી શરીરમાંની ગરમી ઓછી થઇ, કેટલાક દિવસોમાં શરીરમાંથી બળતરા મટી જઇ લોહી શુદ્ધ થાય છે અને આ દુષ્ટ રોગ નહિ જેવો થાય છે. (૧૪) **તૃષ્ણારોગ ઉપર:**—ગાયનું ઘી અને દૂધ એકઠું કરી પાવું. (૧૫) **દાહ (બળતરા) રોગ ઉપર:**—ગાયનું સો અથવા હજાર વાર ધોયેલું ઘી શરીરે ચોળવું. (૧૬) **હેડકી ઉપર:**—ગાયનું કોકરવણું ઘી પાવું. (૧૭) **સન્નિપાતજ વિસર્પ ઉપર:**—ગાયના શતધૌત ઘીનો વારંવાર લેપ કરવો. (૧૮) **તજાગરમી ઉપર:**—ગાયના ઘીમાં છીપની ભસ્મ નાખી તેનો ખરલ કરી લેપ કરવો.†

× યાદ રાખવું કે, ગુમડાં આદિ ચામડીની ઉપરનાં દરદો માટે ચોપડવાને ધોયા વગરનું ઘી ઝેરસમાન છે, માટે તે કદી ચોપડવું નહિ; તેમજ ધોયેલું ઘી ખાવામાં ઝેરનુંજ કામ કરતું હોવાથી તે ભૂલેચૂકે ખાવું નહિ.

† **સૂચના**—જ્વર, મલબદ્ધતા, વિષૂચિકા, અરુચિ, મંદાગ્નિ અને મદાત્યય રોગમાં નવું ઘી અપકારી છે. જૂનું ઘી જે એક વરસથી ઉપરનું હોય તે મૂર્છા, મૂત્રકૃચ્છ્ર, ઉન્માદ, કર્ણશૂળ, નેત્રશૂળ, શોથ, અર્શ, વ્રણ અને યોનિદોષ ઇત્યાદિ રોગમાં વિશેષ હિતકારી છે. (૧) **સર્પના ઝેર ઉપર:**—૧૦ થી ૨૦ તોલા ઘી પ્રથમ પીવરાવવું. પા કલાક પછી નવસેકું પાણી જેટલું પી શકાય તેટલું પીવરાવવું. આથી ઉલટી તથા દસ્ત થઇ વિષદોષ દૂર થશે. જરૂર પડે તો બીજી વખત પણ એજ પ્રમાણે ઘી અને પાણી આપવાં.

ગોમૂત્રઃ—(સં૦ મ૦ હિં૦ ક૦ ગોમૂત્ર. તે૦ ઉચ્ચા. ઈ૦ યુરીન. લા૦ યુરીના.) તુરૂં કડવું, તીખું, લઘુ, ખારૂં, ગરમ, તીક્ષ્ણ, પાચન, અગ્નિદીપન, ભેદક, પિત્તલ, મેધાકારક, કિંચિત્ મધુર, સારક, લેખન, બુદ્ધિપ્રદ; અને કફ, વાયુ, કુષ્ઠ, ગુલ્મ, ઉદર, પાંડુ, ચિત્રી, શૂળ, અર્શ, કંડૂ, દમ, આમ, ભ્રમ, જ્વર, આનાહવાયુ, ઉધરસ, મલસ્તંભ, સોજો, મુખરોગ, નેત્રરોગ, ત્વચારોગ, સ્ત્રીઓના અતિસાર અને મૂત્રરોધ, એ સર્વનો નાશ કરે છે. સર્વ મૂત્રોમાં ગોમૂત્ર ગુણમાં અધિક છે. (૧) **કફરોગ ઉપરઃ**—એકલું ગોમૂત્ર પાવું. (૨) **રેચ થવા માટેઃ**—ગોમૂત્ર જેટલી વાર કપડામાં ગાળી પાવામાં આવે તેટલા રેચ થાય છે. (૩) **ઉદરરોગ અને ભાર ઉપરઃ**—ગોમૂત્રમાં સાકર અને મીઠું સમભાગ ઝીણું વાટી નાખી તે પાવું; અથવા ગોમૂત્રમાં સિંધવ અને રાઇની ભૂકી નાખી તે આપવું. (૪) **વરાધ ઉપરઃ**—ગોમૂત્ર એક-બે વખત ગાળી તેમાં હળદર નાખી પાવું. (૫) **ઉદરરોગ અને છોકરાંના પેટમાંના ડબ્બા (ભાર) ઉપરઃ**—ગાયનું મૂત્ર ૪ તોલા લઇ, તેમાં નાળીએરની કાચલી ૧ પૈસાભાર અને ખરવતીનાં (ખેરેતીનાં) સૂકાં પાંદડાં એક પૈસાભાર ઘસી પાવાં. એથી પેટમાંના સર્વ રોગો જુદા પડી મલદ્વારે તેનો નિકાલ થાય છે. છોકરાંઓને આ ઔષધ અષ્ટમાંશ અથવા ચતુર્થાંશ પ્રમાણમાં આપવું. (૬) **પાંડુરોગ ઉપરઃ**—હમેશાં સવારમાં શક્તિ અનુસાર ગાયનું મૂત્ર વસ્ત્રમાંથી ગાળી રોગના કમી-જાસ્તી જોર પ્રમાણે ૨૧ અથવા ૪૨ દિવસ સેવન કરવું. (૭) **કર્ણસ્રાવ ઉપરઃ**—ગોમૂત્ર થોડું ગરમ કરી તેવડે કાન ધોવો.*

ગાયનું છાણ—(સં૦ ગોમય. મ૦ શેણ. હિં૦ ગોબર. ક૦ ગોમય. તે૦ આઉપી.) દુર્ગંધનાશક, શોધક, સારક, શોષક, બીજવર્ધક, પોષક, રસવાન, કાંતિકર અને લેપને માટે સ્નિગ્ધલ તથા મળ વગેરે કાઢનાર છે. (૧) **મૃતગર્ભ બહાર પાડવા માટેઃ**—ગાયના છાણનો રસ સાત તોલા કાઢી તે ગાયના દૂધમાં પાવો. (૨) **ગુદભ્રંશ (આમળ) ઉપરઃ**—ગાયનું છાણ ઊનું કરી તેનાથી શેક કરવો. (૩) **પરસેવો નહિ થવા માટેઃ**—ગાયનું સૂકાએલું છાણ અને મીઠાનું જૂનું વાસણ, એ બેનો ભૂકો કરી શરીરે ચોપડવો. (૪) **ખરજ (ચેળ) જવા માટેઃ**—છાણ શરીરે ચોળી ઉના પાણીથી સ્નાન કરવું.

છાણની રાખઃ—શોધક, વ્રણરોપણ કરવાવાળી, રોચક, દુર્ગંધનાશક, ધાન્યવર્ધક, કૃમિકીટઘ્ન, શોધક અને શીતનિવારક છે. (૧) **શીતળા ફુટી નીકળેલા ફોલ્લા ઉપરઃ**—રાખને કપડાથી ચાળી તે ભરવી. આજ ઉપાય એ ઉપર મુખ્યત્વે કરી શ્રેષ્ઠ છે. (૨) **સાધારણ વ્રણ ઉપરઃ**—ઘીમાં રાખ ભેળવી ચોપડવી. (૩) **ધાન્ય રાખમાં ભરી રાખવાથી** ઝુંડ, કિલ્લાં વગેરે પડતાં નથી.×

---

* (૧) સ્ત્રીઓને સુવારોગ થવા પછી અથવા કોઇ કારણથી ગર્ભાશયમાં ગાંઠ થઈ હોય અથવા શરીરપર સોજો આવેલો હોય તેના ઉપરઃ—ગોમૂત્ર રોજ દિવસમાં બે વખત ચાર ચાર તોલા પીવરાવવું. (૨) જીર્ણજ્વર, પાંડુ તથા સોજા ઉપરઃ—ગોમૂત્ર કરીઆતાના ફાંટમાં મેળવી દિવસમાં બે વખત ૭ દિવસ પીવરાવવું. (૩) ઉદરરોગ ઉપરઃ—ગોમૂત્રનો ક્ષાર ૧ માસા પ્રમાણમાં દિવસમાં બે વખત ઘીની સાથે આપવો કે જેથી જૂનો ઉદરરોગ પણ નિશ્ચયપૂર્વક દૂર થશે. (૪) મૂત્રકૃચ્છ્ર ઉપરઃ—રોજ સવારે ૨ તોલા ગોમૂત્ર જલમાં મેળવી પીવરાવવું. (૫) આંખોની બળતરા, સુસ્તી, કબજીઆત અને અરુચિ ઉપરઃ—ગોમૂત્રમાં થોડી સાકર મેળવી પીવરાવવું. (૬) ચિત્રી તથા ચાઠાં ઉપરઃ—હરતાલપત્રી, બાવચી તથા માલકાંગણી ગોમૂત્રમાં ૧ દિવસ ભીંજાવી પછી ખરલ કરી સોગઠી બાંધવી છાંયે સૂકવી પછી લિંબુના રસમાં ઘસી ચોપડવી.

× (૧) **પેટમાં નાનાં જંતુ (કૃમિ)** થયાં હોય તેના ઉપરઃ—છાણની રાખ સફેદ હોય તે તોલા ૨ લઇ ૧૦ તોલા પાણીમાં મેળવી પછી પાણી કપડેથી ગાળી લેવું. સવારે તથા સાંજે ૩ દિવસ આ પાણી પીવું. (૨) **દાંતમાંની દુર્ગંધી, જંતુ તથા પેઢાના દરદ ઉપરઃ**—ગાયના છાણાને બાળતાં જ્યારે તેમાંનો ધુમાડો નીકળી જાય ત્યારે બળતા છાણાને પાણીમાં ઠારી કોયલા કરવા. પછી ખાંડી કપડછાણ કરી મંજન ડબ્બીમાં ભરી રાખવું. રોજ સવારે આ મંજનથી દાંત સાફ કરવાથી દાંતના સર્વ રોગ દૂર થાય .

३–प्राणिज औषधि

इत्यग्रं यत्प्रोक्तं रोगाणामौषधं शमायालम् ।
तद्देशकालबलतो विकल्पनीयं यथायोगम् ॥

१–अस्थि (हाडकां)

(૧) **નાડીવ્રણુ અને ભગંદર ઉપર:**—તરસનાં હાડકાં પાણીમાં ઘસી પાવાં અને લેપ કરવો. (૨) **પીનસરોગ ઉપર:**—તરસનું હાડકું પાણીમાં ઘસી નાકમાં નાખવું. (૩) **જલોદર ઉપર:**—માણુસની (કપાળ) ખોપરી પાણીમાં ઘસી પાવી; એટલે સોજો જલદી ઉતરે છે. (૪) **હાડવ્રણુ અને સડેલા કુષ્ઠ (કોઢ) ઉપર:**—માણુસનાં હાડકાં બારિક વાટી વસ્ત્રગાળ કરી તે ચાંદીઓ પર ચોપડવું; એટલે ક્ષત જલદી ભરાઈ આવે છે. (૫) **હડકાયા શિયાળ તથા કૂતરાના વિષ ઉપર:**—કૂતરાનો અથવા વાઘનો સુળો દાંત અને કપાળની ખોપરીનું હાડકું પાણીમાં ઘસી આપવું. (૬) **ઢારના ગળામાં હાડકું અટકયું હોય તો:**—તરસના નાકનું હાડકું પાણીમાં ઘસી તે પાણી ઉપરાઉપરી પીવરાવતા રહેવું. (૭) **ભગંદર ઉપર:**—ત્રિફળાંના કાઢામાં બિલાડીનું હાડકું ઘસી લેપ કરવો. (૮) **નાસુર ઉપર:**—ખવલ્યા બિલાડીનું હાડકું, કાચબાની ખોપરી અને તરસનું હાડકું ઘસી ચોપડવું. (૯) **બાળકોના પેટમાંના ભાર ઉપર:**—કાચબાના કપાળનું હાડકું ઘસી પાવું. (૧૦) **ભગંદર અને દુષ્ટ વ્રણુ ઉપર:**—બિલાડીના અને કૂતરાના હાડકાની ભસ્મ કરી ઘીમાં ખરલ કરી લેપ કરવો. (૧૧) **ઉંદરના વિષ ઉપર:**—ખવલ્યા બિલાડીનું હાડકું ઘસી ચોપડવું. (૧૨) **સર્પના વિષ ઉપર:**—ગરુડપક્ષીનો પગ પાણીમાં ઘસી આપવો.‡

२–उंदरनी लींडीओ

(૧) **બાળકનો પેશાબ અને ઝાડો બંધ થયો હોય તો:**—ઉંદરની લીંડી પાણીમાં કાલવી ડુંટી અને પેડુ ઉપર લેપ કરવો. (૨) **પ્રદર ઉપર:**—ઉંદરની લીંડીઓ ચોખાના ધોવરામણુમાં વાટી આપવી. (૩) **પ્રમેહ ઉપર:**—ઉંદરની ૩–૪ લીંડીઓ દૂધમાં આપવી. (૪) **નાના બાળકને રેચ થવા માટે:**—ઉંદરની લીંડીઓ અને એરંડાનું ચૂર્ણ લિંબુના રસમાં ખરલ કરી તેનો ગુદા ઉપર અને ડુંટી ઉપર લેપ કરવો. (૫) **કરોળીઆ શરીર પર મસળવાથી ઝીણી ઝીણી ફોલ્લીઓ થાય છે તે ઉપર તથા ઉંદરના વિષ ઉપર:**—ઉંદરની લીંડીઓ ઘસી ચોપડવી.

३–कस्तूरी

કસ્તૂરી—(સં૦ મ૦ હિં૦ કસ્તૂરી. બં૦ મૃગનાભી. તે૦ કાસ્તુરી. ફા૦ મુષ્ક. અ૦ મિસ્ક તીબતી. ઈં૦ મસ્ક. લા૦ મોસ્કસ.)ની ઉત્પત્તિ નેપાળ દેશમાં થાય છે. કસ્તૂરી હરિણુની તથા જવાદી બિલાડાની ડુંટીમાંથી નીકળે છે. બિલાડાથી થનાર કસ્તૂરીને જવાદી કસ્તૂરી કહે છે. એ મૃગકસ્તૂરી

---

‡ (૧) **પથરી ઉપર:**—બગલાના હાડકાનું ચૂર્ણ ૩ થી ૬ માસા પાણી સાથે પીવરાવવું. આ ઈલાજથી પથરીમાંથી રેતી બની પેશાબ દ્વારા નીકળી જાય છે. (૨) **મૃગી ઉપર:**—મનુષ્યની ખોપરીની રાખ ૩ થી ૬ માસા રોજ સવારે ૨ દિવસ પાણી સાથે આપવી.

કરતાં હલકી ગણાય છે. તે સુવાસિક તથા થોડી ઉત્પન્ન થવાથી મોંઘી મળે છે. કસ્તૂરી ઓછા પ્રમાણમાં મળતી હોવાથી તેમાં ભેળસેળ બહુ થાય છે. કસ્તૂરી રંગમાં કાળાશ પડતા લાલ રંગની હોય છે. કસ્તૂરી બહુજ ઉષ્ણ છે. કસ્તૂરી ખુલ્લી રહેવાથી તેની સર્વ સુગંધ હવામાં ઉડી જાય છે. એટલા માટે બહુજ સંભાળથી રાખવી જોઇએ. શુદ્ધ કસ્તૂરી સુંઘવાથી નાકમાંથી લોહી પડે છે. **કસ્તૂરી:**—ચક્ષુષ્ય, તીખી, કડવી, સુગંધી, ઉષ્ણ, શુક્રપ્રદ, ગુરુ, વૃષ્ય, ક્ષાર અને રસાયન છે. તે કિલાસકુષ્ઠ (ચિત્રી), મુખરોગ, કફ, દુર્ગંધ, અલક્ષ્મી, મળ, વાયુ, તૃષા, ઉલટી, શોષ અને વિષનો નાશ કરે છે. જે કામરૂ દેશમાં ઉત્પન્ન થએલી કાળા રંગની તે ઉત્તમ અને નેપાળમાં થનારી તામ્રવર્ણ તે મધ્યમ અને કાશ્મીરમાં થનારી કપીશ (કાળા લાલ રંગની) વર્ણની તે કનિષ્ઠ જાણવી. **લતા કસ્તૂરી:***—સ્વાદુ, વૃષ્ય, શીતળ, લઘુ, નેત્રને હિતકારક, કડવી, છેદક, તીક્ષ્ણ અને બસ્તિશુદ્ધિ કરનારી છે; તથા બસ્તિરોગ, કફ, તૃષા, મુખરોગ, લાલાસ્રાવ, ઉલટી, વાયુ, દુર્ગંધ, મેદ અને અલક્ષ્મીનો નાશ કરે છે. એ દક્ષિણ દેશમાં થાય છે. **જવાદી કસ્તૂરી:**—ચક્ષુષ્ય, ઉષ્ણ, સુખાવહ, સુગંધી, સ્નિગ્ધ, વાયુ ઉપર પ્રશસ્ત, પુષ્ટિકર અને શુક્રવૃદ્ધિકારક છે; તથા કંડુ, કિટિભકુષ્ઠ, (કાળા રંગનાં સખ્ત ચાઠાંઓ), પરસેવો, દુર્ગંધ, વિષ, કંઠરોગ અને કુષ્ઠનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **કાન વહે છે તે ઉપર:**—થોડી કસ્તૂરી કપાસમાં વિંટાળી કાનમાં રાખવી. (૨) **વાળા ઉપર:**—૧ રતીથી ૨ રતી સુધી કસ્તૂરી ઘીમાં નાખી પ્રાશન કરવી; એટલે વધેલો વાળો હશે તો તે પણ સારો થશે. (૩) **સન્નિપાત જ્વરમાં તંદ્રા (મૂર્ચ્છા) આવે છે તે ઉપર:**—કસ્તૂરી અને મરી, એ ઘોડાની લાળમાં ઘસી મધ નાખી આપવાં.‡ (૪) **જ્વરમાં શોષ પડે છે તે ઉપર:**—પાણીમાં કસ્તૂરી નાખી આપવી. (૫) **શીતાંગ સન્નિપાત ઉપર:**—કસ્તૂરી આપવી. (૬) **કસ્તૂર્યાદિ ગુટિકા:**—કસ્તૂરી અને શુદ્ધ કપૂર એક તોલો, લવંગ ૨ તોલા, મરી, લીંડીપીંપર, બહેડાં અને કોલિંજન, એ અર્ધો તોલો તથા દાડમની છાલ ૪ તોલા, એ સર્વ કાથાના પાણીમાં ખરલ કરી મગ જેવડી ગોળીઓ કરવી. એ મોઢામાં રાખવાથી કફ દૂર થાય છે. એના સેવનથી શ્વાસનું નિવારણ થાય છે. (૭) **પુરુષત્વ કમી થયું હોય તો:**—કસ્તૂરીનું સેવન કરવું. (૮) **વીર્યવૃદ્ધિ અને પુષ્ટતાને માટે:**—ત્રણ ભાર સુવર્ણભસ્મ અને એક ભાર કસ્તૂરીને એકત્ર કરી તેનું ૧ થી ૨ ગુંજાપર્યંત ચૂર્ણ મધ, સાકર અને ઘી સાથે સેવન કરવું; એથી શરીરમાં પ્રફુલ્લિતપણું આવી કમ્મરનું દુખવું વગેરે આજાર પણ દૂર થાય છે. પુષ્કળ અમીર લોક એનું નિત્ય સેવન કરે છે. (૯) **ઘણા દિવસનો નિદ્રાનાશ દૂર થવા માટે:**—સ્ત્રીના અથવા ગાયના દૂધમાં કસ્તૂરી વાટી અંજન કરવું.†

---

* લતા કસ્તૂરી એ એક પ્રકારના સુગંધયુક્ત નાનાં ફળ છે. તેને હિંદીમાં મુશ્કદાના, બં० લતા કસ્તૂરી, કાલકસ્તૂરી, તૈ० તકકોલફલમુ, કર્પૂરવેંડ, તા० કઠે કસ્તૂરી, મ० લતાકસ્તૂરી, કસ્તૂરવેંડ તથા લા० હિબિસ્કસ એ બેલમોરકસ કહે છે.

‡ આ પાઠ નિઘંટ રત્નાકરનો છે. "કસ્તૂરી તથા મરી ઘોડાની લાળમાં ઘસી મધ મેળવી આંખમાં અંજન કરવું." આ ઔષધ ખાવા આપવી નહિ.

† (૧) **બાળકોના સસણી રોગ ઉપર:**—કસ્તૂરી મધમાં ચટાડવી. (૨) **પ્રસૂતા સ્ત્રીનું કષ્ટ ઓછું કરવા માટે:**—કસ્તૂરી પાનના બીડામાં નાખી ખવરાવવી. જરૂરત પડે તો એકેક કલાક પછી ત્રણ વખત આપવી. (૩) **હૃદ્રોગની તીક્ષ્ણ સ્થિતિ દૂર કરવા માટે:**—કસ્તૂરી ૧ રતી તથા પીંપરનું ચૂર્ણ ૨ રતી મધમાં મેળવી ચાટવું. (૪) **શ્વાસ, કાસ તથા સળેખમ ઉપર:**—કસ્તૂરી, અફીણ તથા આકડાનાં રવાઇડાં સમભાગ મેળવી મધમાં મગના જેવડી ગોળીઓ કરવી. તે એકેક ગોળી દિવસમાં બે ત્રણ વખત આપવી. (૫) **તાવ, કૉલેરા, ક્ષય, વૃદ્ધાવસ્થા અથવા અન્ય રોગથી થયેલી નિર્બળતા ઉપર:**—કસ્તૂરી ૧ ભાગ, સુવર્ણના વર્ક ૨ ભાગ, ૬૪ પહોરી પીંપર ૩ ભાગ મેળવી મધમાં મગના જેવડી ગોળીઓ કરવી. રોજ બે વખત એકેક ગોળી આપવી.

૪–*कबूतरनी हगार

(૧) **પાકેલું ગુમડું ફૂટવા માટે:**—કબૂતરની હગાર લાવી લેપ કરવો. (૨) **વાળા ઉપર:**—૨ થી ૩ માસા સુધી કબૂતરની હગાર મધમાં મેળવી ગોળી કરી ગળી જવી; તે મોટા વધેલા વાળાનો પણ નાશ કરે છે. (૩) **પથરી ઉપર:**—કબૂતરની હગાર અને કાકડીનાં બીઆં ચોખાના ધોવરામણમાં વાટી આપવાં; એટલે પથરી ઝરી પડશે. (૪) **ભાર ઉપર:**—કબૂતરની હગાર મધમાં આપવી.

૫–कांतणी(करोळीआ)नुं घर

(૧) **વાળા ઉપર:**—કાંતણીનું ઘર બારિક કરી શક્તિ અનુસાર પાનમાં અથવા ગોળમાં ખાવા આપવું. સાંજસુધીમાં કંઇ ખાવું નહિ. સાંજે જમવું. **પથ્ય:**—અલૂણી ત્રણ દિવસ. (૨) **આગંતુક જખમો ઉપર:**—કાંતણીનું ઘર લગાવવું. (૩) **ઢોરોને કાંઈ વાગી જખમ પડી કીડા પડે છે તે ઉપર:**—કાંતણીનું ઘર રોટલીમાં આપવું; એટલે ચાર-પાંચ દિવસમાં કીડા નાશ થઇ જખમ ભરાઇ આવે છે. (૪) **બાળંતરોગ (સુવારોગ) ઉપર:**—કાંતણીનું ઘર બારિક કરી તેને ગોળમાં કૂટી ગોળી કરી સાત દિવસ આપવી. પથ્ય પાળવું. (૫) **ચાતુર્થિક જ્વર ઉપર:**—કાંતણીનું ઘર ગોળમાં મેળવી આપવું. (૬) **કંઠસર્પ ઉપર:**—કાંતણીનું ઘર અને અગરૂ-ચંદન, એ સમભાગ લઇ બારિક કરી ચલમમાં નાખી પાવું.

૬–कुकडीनी विष्ठा (हगार)

(૧) **પાકેલું ગુમડું ફૂટવા માટે:**—કુકડીથી અથવા કબૂતરની વિષ્ઠાનો ગુમડા ઉપર લેપ કરવો. (૨) **હડકાયા કૂતરાના વિષ ઉપર:**—કુકડીની વિષ્ઠાનો લેપ કરવો. (૩) **સોમલના વિષ ઉપર:**—કુકડીની હગાર પાણીમાં મેળવી પાવી; એટલે ઉલટી થઇ વિષ નીકળી પડશે.

૭–केश

(૧) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—કેશ બાળી તેલમાં ખરલ કરી તેનો મલમ કરી ચોપડવો. (૨) **સુખપ્રસૂતિને માટે:**—જનનેંદ્રિયને કેશની ધૂણી આપવી.

૮–गांडूळ

ગાંડૂળ-(સં૦ ભૂનાગ. મ૦ ગાંડૂળ, દવણા, કાડવે. ગુ૦ અળસીઆં. હિં૦ કેચવે. ક૦ નેનોલળે.) ચોમાસામાં એની ઉત્પત્તિ થાય છે. એનો રંગ તાંબા પ્રમાણે લાલ હોઇ એ વેંતભર લાંબાં હોય છે. એના રંગમાં તાંબુ હોવાથી એનો રંગ લાલ હોય છે. ભૂનાગ એટલે ગાંડૂળ-આ અનેક વિજ્ઞાનકારક છે. પારાની બાખ કરવાના જારણ વિષયમાં એનું સત્ત્વ કહેલું છે. એના સત્ત્વથી જરા-વ્યાધિ દૂર થાય છે. એ સ્વર્ણાદિ ખનીજ ભેદથી ચાર પ્રકારનું છે. તેમાંનું સુવર્ણ-ખાણમાંનું દુર્લભ છે. **ભૂનાગસત્ત્વ:**—ગાંડૂળ, હળદર, ગોળ, ગુગળ, લાખ, લોંકર, મચ્છ, પેંડ અને ટંકણખાર, એકત્ર કરી ખરલ કરવો અને કુલડીમાં ઘાલી દેવતા પર ફુંકવું; એટલે તાંબા જેવું સત્ત્વ નીકળે છે. એ શીત છે અને સંપૂર્ણ કુષ્ઠ, વ્રણ અને સ્થાવર-જંગમ વિષનો નાશ કરે છે. એનો પારામાં યોગ કરવાથી પારો અગ્નિમાં સ્થિર થાય છે. એના સત્ત્વની રવિવારે વિંટી કરી તે પાણીમાં બોળી તે પાણી પીવાને આપવું; એટલે તત્કાળ વિષ નાશ થાય છે, દુઃખી થતી સુવાવડીનો છૂટકો જલદી થાય છે; તેમજ પાણીમાં વિંટી ધોઇ, આગળ લખેલા મંત્રે તે પાણી મંત્રી આપવાથી મોટું શૂળ, ત્રિદોષની પીડા, ભૂતબાધા અને ગ્રહબાધાનો નાશ થાય છે તથા સ્ત્રી જલદી પ્રસૂતા થાય છે, ગુમડાને ભરી કાઢે છે અને નેત્રરોગને માટે નેત્રમાં નાખવાથી

* પારેવું અને કબૂતર એ એકજ જાતિનાં છે; સબબ બેમાંથી ગમે તેની વિષ્ઠા લેવી.

ક્તિ થાય એવું ભાલુકીએ કહેલું છે. मंत्रः—"रामवत्सोमसेनानी मुद्रितेति तथाक्षरम् । हिमालयोत्तरे पार्श्वे स्वकर्णश्च महद्रुमः । तत्र शूलं समुत्पन्नं तत्रैव विलयं गतम् ।।" એ વીંટી તેલમાં નાખી તે કઢવું; પછી તે તેલ જ્યાં શૂળ કિંવા પીડા થતી હોય ત્યાં ચોપડવું; એટલે તત્કાળ પીડા દૂર થાય છે. ઉપયોગઃ—(૧) વાળા ઉપરઃ—ગાંડૂળ સૂકવી રાખી દરરોજ શુમારે એક વાલભાર ગોળમાં ગોળી કરી તે આપવી. એ પ્રમાણે ત્રણ દિવસપર્યંત લઇ, પથ્ય અલૂણી કરવી; એટલે શરીરમાંના સર્વ વાળા બળી જાય છે. (૨) સર્પના વિષ ઉપરઃ—ગાંડૂળ અને કાળાં મરી એ પાણીમાં વાટી આપવાં એટલે તત્કાળ વિષ દૂર થાય છે. (૩) પુરુષત્વ આવવા માટેઃ—અશેર ગાંડૂળ લાવી છાશમાં ધોઇ, પછી તે શેકી નલિકાયંત્રે અર્ક કાઢવો; આ પાનના બીડામાં બિંદુમાત્ર ચોપડી ૩ દિવસ ખાવા આપવો.

૯–गधेडानी लींद

(૧) ધોળા ઉંદર અંગ ઉપર પડી ગાંઠો ઉત્પન્ન થાય છે તે ઉપરઃ—ગાંઠ શસ્ત્રે ફોડી, તે ઉપર ગધેડાની લીંદ ૮ દિવસ બાંધવી. (૨) ખરજવા ઉપરઃ—ગધેડાની લીંદનો પાતાળ-યંત્રવડે અર્ક કાઢી તે ખરજવા ઉપર ચોપડવો. (૩) કાચ, માટી અને ગેરુ ઈત્યાદિકોના વિષ ઉપરઃ—ગધેડાની લીંદનું પાણી પાવું. (૪) મધુરા ઉપરઃ—ગધેડાની લીંદ પાણીમાં મેળવી તે પાણી પીવા આપવું.*

૧૦–गधेडानो दांत

ઉપયોગઃ—(૧) શીતળાથી આંખમાં ફૂલું પડ્યું હોય તોઃ—ગધેડાનો દાંત ઘસી અંજન કરવું.+

૧૧–गोरोचन

(સં૦ ગોરોચના. મ૦ હિં૦ ક૦ ગોરોચન. બં૦ ગોરોચના. તૈ૦ ગોરોચનમુ. અ૦ હજરૂલ વક્કર. ઇં૦ ગોલેસ્ટોન બીમ્મેર. લા૦ બોસ્ટોરમ.)

ગાયના અથવા બળદના પિત્તાશયમાં એક જાતનો જાયફળ જેવડો ગાંગડો ઉત્પન્ન થાય છે;* તેને "ગોરોચન" કહે છે. ગોરોચનઃ—અતિ શીત, રુચિકર, મંગળદાયક, વશકર, કાંતિકારક, વૃષ્ય, કડવું; અને પિશાચબાધા, ગ્રહપીડા, વિષદોષ, કુષ્ઠ, કૃમિ, ઉન્માદ, ગર્ભસ્રાવ, ક્ષત, રક્તવિકાર અને નેત્રરોગનો નાશ કરનાર છે. (૧) ઉલટી, વરાધ(બારામાં)વગેરે બાળકોના અનેક રોગો ઉપરઃ—ગોરોચન અને હળદર, એ બન્ને ખાવાના પાનના રસમાં આપવાં. (૨) મધુરા ઉપરઃ—મધુરા થયેલા માણસને બીજા દિવસે ફક્ત એક વખત બે તોલા ભેંસના દૂધમાં અડદ જેટલું ગોરોચન મેળવી આપવું. આ યોગથી મધુરા પેટમાં ન પડતાં બહાર પડે છે. (૩)

---

* ચોટ લાગવાથી હાડકું મરડાઈ ગયું હોય તથા સોજો આવી લોહી બંધાઈ ગયું હોય તે ઉપરઃ—૧ રતલ ગધેડાની લાદ લઇ તેમાં થોડો સાજીખાર આશરે ૧ થી ૨ તોલા મેળવવો. પછી ૮–૧૦ તોલા સરસવનું તેલ મેળવી બે ભાગ કરવા. અરધો ભાગ ચૂલા પર તવો રાખી તે ઉપર રાખવો. અરધા ભાગની પોટલી બાંધી શેક કરવો. પોટલીની ઔષધિ ઠંડી થાય ત્યારે તે તવા પર નાખી તવા પરની ઔષધિથી શેક કરવો. આવી રીતે એકાદ કલાક શેક કરવો. પછી બંને ભાગ મેળવી થોડું બીજું સરસવનું તેલ નાખી રોટલાના જેવી પોટીશ કરી કપડાથી બાંધી દેવી. એક દિવસમાંજ હાડકાનું દરદ દૂર થઇ જશે.

\+ હસ્તલિખિત ગ્રંથોમાં એજ પ્રમાણે એજ દરદ ઉપર બિલાડીનું હાડકું અથવા બળદનું શિંગડું ઘસી આંજવાનું લખેલ છે.

* એ પિત્તાશયમાં નાળીએર જેવડા એક ગોળામાં પીળા રંગના પાણી સાથે એવી નાની મોટી દશ બાર ગાંઠો મળી આવે છે.

બાળકોને શીતળા હલકા આવવા માટે:—ગોરોચન ગાયના દૂધમાં ઘસી પાવું; એટલે શીતળા અંગ ઉપર તત્કાળ ઉઠે છે. (૪) **ખરજ ઉપર:**—ગોરોચન અને ચંદન ઘસી લેપ કરવો.

૧૨–ઘૃતવર્ગ

(સં૦ ઘૃત. મ૦ તૂપ. હિં૦ ઘી. ક. તૂપ્પ. તે૦ નેઈ. ફા૦ રોગને જર્દ. બં૦ ઘિ. અ૦ સમન દુલનુલ, બકર. ઈં૦ કલેરીફાઈડ બટર. લા૦ બુટીરમ ડેપ્યુરેટમ.)

સર્વ ઘીમાં ગાયનું ઘી શ્રેષ્ઠ છે. સર્વ ઔષધોમાં તાજા ઘીની યોજના કરવી. ઘીના સેવનથી માણસના અંગમાં ધાતુની વૃદ્ધિ થઇ શક્તિ વધે છે;× અને મગજ શાંત રહે છે. ઘીના સેવનથી શરીરમાંની અશક્તિ અને ગરમી દૂર થાય છે તથા લોહી શુદ્ધ થાય છે. અતિશય શારીરિક શ્રમ કરનારાઓને ઘીનું સેવન તો અત્યંત હિતકારક છે. હાલના વખતમાં દુર્દૈવથી દૂધ-ઘીની અછત થવાથી ચરબી જેવા નિષિદ્ધ પદાર્થની ઘીમાં ભેળસેળ થવા લાગી છે ! એ ભેળસેળનું ઘી સેવન કરવાથી અનેક વિકાર થવાનો સંભવ છે. એટલા માટે સર્વેએ અવશ્ય સાવચેતી રાખવી. ઘી સંબંધે વિસ્તાર "ગોવૈદ્યક" ભાગમાં કહેલો છે તે જુઓ. **બકરીનું ઘી:**-ચક્ષુષ્ય, દીપન, બળવર્ધક, વૃષ્ય, પાક વખતે તીખું અને કાસ, શ્વાસ, ક્ષય, કફ, અર્શ અને રાજયક્ષ્માનો નાશ કરનાર છે. **મેંઢીનું ઘી:**—તિખટ તથા ગરમ છે; અને કફ, વાત, યોનિદોષ, પિત્ત અને શોષનું નાશક છે. **ભેંસનું ઘી:**—સૌખ્યદ, વર્ણકારક, હૃદ્ય, કાંતિકર, રુચ્ય, કફકર, મીઠું, શીતળ, વિષ્ટંભકારક, બલપ્રદ, ધૈર્ય આપનારૂં તથા ગુરુ છે; અને અર્શ, સંગ્રહણી, વાત, રક્તપિત્ત, ભ્રમ તથા પિત્તનો નાશ કરે છે. **હાથણીનું ઘી:**—કડવું, લઘુ, તૂરૂં તથા અગ્નિદીપક છે; અને કુષ્ઠ, કૃમિનું નાશક તથા મળ અને મૂત્રનું સ્તંભક, કફનાશક, પિત્તકારક અને વિષ તથા રક્તવિકારનું નાશક છે. **ઘોડીનું ઘી:**—કિંચિત્ મધુર, અગ્નિદીપક, તૂરૂં, તીખું, મળમૂત્રરોધક, કિંચિત્ વાતલ, ઉષ્ણ, પાકકાળે લઘુ તથા તૂરૂં છે અને કફ તથા મૂર્ચ્છાનું નાશક છે. **ઉંટડીનું ઘી:**—અગ્નિદીપક, ખારૂં, પાકવખતે તીખું અને વિષ, અર્શ, કૃમિ, સોજો, વાયુ, કફ, કોઢ, ગુલ્મ, ઉન્માદ, મોહ, મૂર્ચ્છા, અપસ્માર અને બડબડનો નાશ કરે છે. **ગધેડીનું ઘી:**—બળકર, બુદ્ધિપ્રદ, વામક (ઉલટી કરનાર), અગ્નિદીપક, ઉષ્ણવીર્ય, પાકકાળે લઘુ, તૂરૂં અને ગ્લાનિકારક છે. એ મૂત્રદોષ અને કફનો નાશ કરે છે. **સ્ત્રીઘૃત:**—રુચિપ્રદ, નેત્ર, પાક વખતે લઘુ તથા અગ્નિદીપક છે; અને વાત, પિત્ત, કફ તથા વિષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **અગ્નિદગ્ધ વ્રણ, હાથ-પગનો દાહ, શિરોભ્રમણ અને આંખોમાંની બળતરા ઉપર:**—ગાયનું ઘી ચોપડવું. (૨) **ગર્ભિણીનો રક્તસ્રાવ, દાહયુક્ત વાતરક્ત, સન્નિપાતજ વિસર્પ અને દાહરોગ ઉપર:**—ગાયનું શતધૌત અથવા સહસ્રધૌત ઘી ચોળવું; એથી કરી તાવથી થયેલો દાહ પણ શાંત થાય છે. ઘી જૂનું હોય તો ઘણું ઉત્તમ. (૩) **વ્રણ તથા નાડીવ્રણ ઉપર:**—જૂના ઘીનો લેપ કરવો. (૪) **આંખમાં ખુપરો નાખતો હોય** તો સ્ત્રીઘૃત આંજવું.

૧૩–ઘોડાની લીંદ

ઉપયોગ:—(૧) **શૂળ ઉપર:**—ઘોડાની લીંદ પાણીમાં મેળવી તે પાણી ગાળી લઈ તેમાં થોડી શેકેલી હીંગનું ચૂર્ણ નાખી તે પાવું; એટલે કઠિન શૂળ પણ ત્વરિત શમશે. **બીજો પ્રકાર:**—ઘોડાની લીંદનો અર્ક કાઢી આપવો. (૨) **ઉચકી ઉપર:**—ઘોડાની સુકાએલી લીંદની ધૂણી આપવી; એટલે કઠિન એવી ઉચકીનો નાશ થશે. (૩) **કોગળીઆ ઉપર:**—ઘોડાની લીંદ છાશના પાણીમાં મેળવી વસ્ત્રગાળ કરી અજમો ૭ માસાપર્યંત નાખી પુનઃ વસ્ત્રગાળ કરી ઠીકરી લાલ તપાવી તે પાણીમાં છમકારી પાવું.

× અમને ખાસ અનુભવથી જણાવ્યું છે કે, ધાતુના દરદીએ સ્ત્રીસંગ કર્યા પછી શ્વાસ શાંત પડયા પહેલાં પાંચ તોલા ગાયનું તાજું ઘી પી જવું; એથી ધાતુની વૃદ્ધિ અને પુષ્ટિ થાય છે. સાજા મનુષ્યે કસરત કર્યા પછી એ પ્રમાણે ઘી લેવું. એ દૂધ પીવાથી અત્યંત ફાયદાકારક છે.

૧૪-ઘોડાનો વાળ

ઉપયોગ:—(૧) ચામખીલ (મસ) થાય છે તે ઉપર:—ઘોડાના વાળથી તેને બાંધવો એટલે ખરી પડે છે.

૧૫-છાશ

આ સંબંધે ગોવૈદ્યક ભાગમાં માહિતી છેજ. તે સિવાયનો બાકીનો ભાગ અહીં લખ્યો છે. **ભેંસની છાશ:**—કફકર, સાંદ્ર, શોકકારક તથા ગુરુ છે; અને ગુલ્મ, અતિસાર, પ્લીહા, અર્શ સંગ્રહણી, પાંડુરોગ, વિષમજ્વર અને મૂત્રરોગની નાશક છે. **બકરીની છાશ:**—લઘુ તેમજ સ્નિગ્ધ છે અને દાહ, ગુલ્મ, અર્શ, ત્રિદોષ, સોજો, સંગ્રહણી અને પાંડુરોગનો નાશ કરે છે. **ઉપયોગ:-(૧) સંગ્રહણી ઉપર:**—ગાયની છાશમાં સુંઠ અને લીંડીપીંપરનું ચૂર્ણ નાખી આપવું.

૧૬-દહીં

ગાયના દહીંસંબંધી વિચાર ગોવૈદ્યક ભાગમાં છે; બીજી માહિતી અહીં અપાય છે. **ભેંસનું દહીં:**—રક્તપિત્ત-પ્રસાદન, વૃષ્ય, સ્નિગ્ધ, મધુર, શોધક, કફકારક, ગુરુ, અભિષ્યંદી, બલકર તથા શુક્રકારક છે; અને પિત્ત, વાત તથા શ્રમનું નાશક છે. **બકરીનું દહીં:**—દીપન, પાચન, લઘુ, રુચિકર, ગરમ તથા ગ્રાહક છે; અને નેત્રરોગ, ક્ષય, અર્શ, કાર્શ્ય, ત્રિદોષ, શ્વાસ, કાસ અને વાયુનું નાશક છે. **હાથણીનું દહીં:**—તૂરૂં, કાંતિકારક, રુચિકર, પાક વખતે તીખું, લઘુ, ઉષ્ણ, બળપ્રદ તથા વીર્યવર્ધક છે; અને પરિણામશૂળ, કફ તથા વાયુનો નાશ કરે છે. **ઘોડીનું દહીં:**—મધુર, તૂરૂં, કિંચિત્ વાતકર, રુચિકર, આંખોને હિતાવહ તથા દીપન છે; અને કફ, મૂર્છા, નેત્રરોગ, કોઢ, મૂળવ્યાધિ, પેટમાંના કૃમિ, એ સર્વનો નાશ કરે છે. **ગધેડીનું દહીં:**—રૂક્ષ, ઉષ્ણ, દીપન, પાચક, મધુર, ખાટું, રુચિકર અને વાતનાશક છે. **ઉંટડીનું દહીં:**—તીખું, ખારૂં, ભેદક, રસ-વખતે મધુર તથા ખાટું છે; અને વાતાર્શ, કૃમિ, કુષ્ઠ, શૂળ અને ઉદરરોગનો નાશ કરે છે. **સ્ત્રીનું દહીં:**—બળકર, તર્પણ, જડ, પાક વખતે મધુર, ખાટું, આંખોને હિતકારક, તૂરૂં, પાકકાળે લઘુ, રૂક્ષ, ઉષ્ણ તથા કફનાશક છે; અને પરિણામશૂળ, મલસ્તંભ, ત્રિદોષ અને મૂત્રદોષનો નાશ કરે છે.

૧૭-દૂધ

દૂધ જેવો પૌષ્ટિક, શક્તિવર્ધક અને આયુષ્યવર્ધક એવો બીજો પદાર્થ નથી. બધી જાતનાં દૂધોમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ છે. ગાયના દૂધમાં કોઈ પણ પ્રકારનો અવગુણ નથી. એ બાળકથી વૃદ્ધ-સુધી સર્વને અત્યંત હિતકારી છે. આગળના વખતમાં દૂઝણી ગાયોનો અત્યંત જથો હતો; તેથી કરી લોકો શક્તિવાન, નીરોગી અને શૂરવીર હતા. હાલના વખતમાં દૂઝણી ગાયોની દિવસે દિવસે અછત થતી જાય છે. દુષ્કાળને લીધે ઢોરની અછત થઈ જમીનમાં તેનાથી મળનારૂં ખાતર કમી મળવા લાગવાથી ધાન્યની ઉત્પત્તિ પણ ઘટવા લાગી છે; અને જે ધાન્ય ઉત્પન્ન થાય છે તે પણ ઓછા કસવાળું હોય છે; જેથી તે ખાનારને યોગ્ય તુષ્ટિપુષ્ટિ આપી શકતું નથી. એટલાજ માટે સઘળાએ ગાયનું રક્ષણ થાય એવો યત્ન મન, વાચા અને કાયાએ કરવો ઘટે છે. નીચે દૂધસંબંધી જે લખવામાં આવ્યું છે, તે સિવાય બીજી માહિતી આ ગ્રંથના ગોવૈદ્યક પ્રકરણમાંથી મળી આવશે. **ભેંસનું દૂધ:**—મધુર, પૌષ્ટિક, સ્નિગ્ધ, બળકર, ગુરુ તથા વૃષ્ય છે; અને શુક્ર, નિદ્રા, કફ, આળસ તથા રુચિને કરનારૂં અને પિત્ત, દાહ, શ્રમ તથા જઠરાગ્નિનું નાશક અને મંદાગ્નિમાં અપથ્ય છે. એ તીવ્રાગ્નિવાળા પુરુષોને ગરમ કરી પાવાથી બળ, પુષ્ટિ અને સર્વ ધાતુની પુષ્ટિ કરે છે. **બકરીનું દૂધ:**—તૂરૂં, મધુર, ગ્રાહક, લઘુ તથા શીતળ છે અને જ્વર, ક્ષય, ઉધરસ, રક્તપિત્ત, સર્વવ્યાધિ અને અતિસારનો નાશ કરે છે. **મેંઢીનું દૂધ:**—મધુર, ગરમ, સ્નિગ્ધ, કેશ્ય, પુષ્ટિકર, ગુરુ, કફકર અને મેદોવર્ધક છે. **હાથણીનું દૂધ:**—મધુર, અગ્નિને મંદ કરનાર, શીતળ, વૃષ્ય,

ચક્ષુષ્ય, વીર્યવર્ધક, મેદોવર્ધક, સ્નિગ્ધ, તૂરૂં, બળકર, કફકર, તૃપ્તિકર અને પિત્તનાશક છે. **ઘોડીનું દૂધ:**—ખારૂં, અગ્નિદીપક, રૂક્ષ, ઉષ્ણ, કાંતિકર, દેહસ્થૈર્યકર, લઘુ, બળકર, ખાટું તથા સારક છે; અને સંધિવાત, ત્રિદોષ, ઉદરવાયુ, કુષ્ઠ અને દમનો નાશ કરે છે. **ગધેડીનું દૂધ:**—મધુર, બળકર, રૂક્ષ, ખાટું, હીન, બુદ્ધિમાંદ્યકારક, પથ્ય, રુચિપ્રદ તથા ખારૂં છે; અને કફ, વાયુ, બાળરોગ, કાસ અને દમનો નાશ કરે છે. **ઉંટડીનું દૂધ:**—મધુર, બળકર, રૂક્ષ, શોધક, કિંચિત્ ખારૂં, દીપન, ભેદક, સારક, તીક્ષ્ણ તથા ઉષ્ણ છે; અને સોજો, કફ, કુષ્ઠ, આનાહવાયુ, પ્રમેહ, નળવાત, કૃમિ, ગુલ્મ, કાસ, અર્શ, ઉદરરોગ તથા શૂળનો નાશ કરે છે. **માનુષ્ય દુગ્ધ:**—મધુર, શીતળ, લઘુ, ચક્ષુષ્ય, તૂરૂં, પથ્યકર, દીપન, પાચક, ધાતુવર્ધક, રુચિકર, જીવન અને સ્નેહન છે. એ રક્તપિત્ત ઉપર નસ્ય માટે અને નેત્રશૂળ ઉપર આંખોમાં નાખવા માટે ઉત્તમ ઔષધ છે; અને નેત્રરોગ, અભિઘાત, વાત તથા પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **ઉદરરોગ ઉપર:**—ઉંટડીનું દૂધ પાવું. (૨) **કફ, ઉધરસ, શ્વાસ અને અશક્તિ વગેરે બાળરોગો ઉપર:**—ગધેડીનું દૂધ પાવું. (૩) **વીર્યસ્રાવ, ધાતુક્ષીણતા વગેરે ઉપર:**—દૂધ ગરમ કરી તેમાં ખડીસાકર નાખી તે આપવું. (૪) **નાનાં બાળકોને પાલુડો લાગે છે તે ઉપર:**—કૂતરીનું દૂધ સ્ત્રીના દૂધમાં મિશ્ર કરી આપવું.*

૧૮–पेद्रुबाजार

પેદ્રુબાજાર:—બકરીના પેટમાં એક જાતનો ગાંગડો ઉત્પન્ન થાય છે તેને "પેદ્રુબાજાર" કહે છે.× **પેદ્રુબાજાર:**—ધાતુવર્ધક છે અને સંપૂર્ણ મેહ, વિષ, કફ, પિત્તરોગ, નેત્રરોગ, મેદોરોગ તથા વાતશૂળનો નાશ કરે છે. એ કસ્તૂરી, કેસર, ઘી, આદુનો રસ કિંવા યથોક્ત અનુપાનમાં અથવા લીંડીપીંપર, જાયફળ અને મધમાં ભક્ષણ કરવાથી ઘરડો માણસ તરુણ પુરુષ જેવો થશે. **શ્વાસ ઉપર:**—૧ રતી પેદ્રુબાજાર મધ અને લીંડીપીંપરમાં આપવો.

૧૯–बीरबहोटी (गोकळगाय)

બીરબહોટી—(સં૰ ઈંદ્રગોપ. બં૰ છોટ કેલુઈ, હિં૰ મખમલી.) મૃગ નક્ષત્રમાં રાતા રંગના ઝીણા કીડા ઉત્પન્ન થાય છે; તેઓને ઉર્દુ ભાષામાં **બીરબહોટી** કહે છે. ચોમાસામાં આ કીડાઓની હારોની હારો લાગેલી હોય છે. વૈદ્ય વગેરે લોકો એ કીડા એકઠા કરી વેચે છે. **ઉપયોગ:**—(૧) **ભાર ઉપર:**—કાળી તુલસીનાં પાંદડાંનો અંગરસ ૪ માસા અને મધ ૪ માસા એકત્ર કરી તેમાં બીરબહોટી એક અથવા બે બારિક ઘસી ચાટણ તૈયાર કરી, એ સર્વ ચાટણ પ્રથમારંભે એકદમ ચટાડવું. એ પ્રમાણે ૩–૫–૭ દિવસ આપવું; પરંતુ જેમ જેમ રોગનું જોર કમી થતું જાય, તેમ તેમ ઔષધનું પ્રમાણ પણ કમી કરતાં જવું. એનાથી ત્રણ દિવસમાં ગુણ સમજાય છે. (૨) **સર્વ પ્રકારના ઉદરરોગ, ડબ્બા (ભાર) અને નાના બાળકના પેટમાંના સર્વ રોગો ઉપર:**—કાળી તુલસીનાં પાંદડાંનો રસ અને ભાંગરાનો અંગરસ ૧ તોલાપર્યંત લઈ, તેમાં બે પર્યંત બીરબહોટી ઘસી તથા અર્ધી રતી ગોરોચન ઘસી મધ નાખી આપવું. બાળકને અર્ધી બીરબહોટી આપવી. (૩) **દમ, ઉધરસ અને વરાધ ઉપર:**—બીરબહોટી પાનમાં આપવી. (૪) **મૂળવ્યાધિ ઉપર:**—બીરબહોટી અને ધોળા કાથાની રાખનો મધમાં ખરલ કરી લેપ કરવો. (૫) **અર્ધાંગ, પક્ષાઘાત, અર્દિત અને બીજા વાયુ ઉપર:**—બીરબહોટી પાનમાં આપવી. (૬) **પેટશૂળ ઉપર:**—જાયફળ અને બીરબહોટીનું ૧ વાલ ચૂર્ણ

* બાળકના મોંમાં ચાંદાં પડે છે તે ઉપર:—ગધેડીના દૂધની અથવા બકરીના દૂધની મોંમાં શેળ નાખવી.

× જેમ બકરીના પેટમાંથી "પેદ્રુબાજાર" અને ગાયના પિત્તાશયમાંથી 'ગોરોચન' નીકળે છે, તેમ ઉંટના ઉદરમાંથી "હજરત હાઉ" મળી આવે છે. એને કૉલેરા ઉપર વાપરવાનું યૂનાની ગ્રંથકારો બતાવે છે.

આપવું. (૭) સોજા ઉપર:—બીરબહોટી મીણમાં મેળવી લેપ કરવો. (૮) બેસી ગયેલા સ્તન કઠિન થઈ ઉપર આવવા માટે:—બીરબહોટી દૂધમાં વાટી સ્તન ઉપર લેપ કરવો.

૨૦—ભેંસનું છાણ

ઉપયોગ:—(૧) નવેલો—નખ ઉખડયો હોય તો:—ભેંસનું તાજું છાણ ગરમ કરી બાંધવું. (૨) અધુરા ઉપર:—ભેંસનું છાણ પાણીમાં મેળવી ઢીંચણપર્યંત અને જંઘાપર્યંત પગે ચોળી ધોઇ નાખવું. (૩) તણખીઆ પ્રમેહ ઉપર:—ભેંસનું છાણ પાણીમાં ગાળી લઇ તેમાં સાકર નાખી તે પાવું. ગાયના છાણ સંબંધી ગોવૈદ્યકમાં જુઓ.

૨૧—મધ

મધ:—સં૦ મધુ. મ૦ મધ. હિં૦ શહદ. ક૦ જેનતુપ્પ. તૈ૦ તેની. ફા૦ શહદ અગબીન. અ૦ અસલુલ નહલ. ઈં૦ હની. લા૦ મેલ.

સામાન્ય મધ:—શીત, લઘુ, સ્વાદુ, રૂક્ષ, ગ્રાહક, નેત્રોને હિતાવહ, અગ્નિદીપક, વર્ણશોધક, નાડીની શુદ્ધિ કરનારૂં, સૂક્ષ્મ, રોપણ, મૃદુ, વર્ણકારક, મેધાકર, વિશદ, વૃષ્ય, રુચિકારક, આનંદકારક અને તૂરૂં છે; તથા સહેજ વાતકર, કોઢ, અર્શ, ઉધરસ, પિત્ત, રક્તદોષ, કફ, મેહ, કૃમિ, મદ, ગ્લાનિ, તૃષ્ણા, ઉલટી, અતિસાર, દાહ, ક્ષતક્ષય, મેદ, ક્ષય, હેડકી, ત્રિદોષ, આધ્માનવાયુ, વિષ તથા મલબંધનો નાશ કરે છે. સર્વ જાતિનું મધ:—વ્રણરોપણ, શોધક અને અસ્થિને સાંધનાર છે. મધ તપાવવાથી કિંવા ઉષ્ણ કાળમાં ઉષ્ણ પદાર્થોમાં ભક્ષણ કરવાથી વિષ જેવું દુઃખ કરે છે. ઔષધોમાં જૂનું મધ આપવું. જેમ જેમ જૂનું થતું જાય, તેમ તેમ તે ગુણકારી છે. ઘી અને મધ સરખે ભાગે લેવાં નહિ. એમ લેવાથી તે વિષસમાન થાય છે. રંગે ગાયના ઘી જેવું, રુચિકર, સુગંધી એવું મધ ઉત્તમ જાણવું. ઉપયોગ:—(૧) કાન વહે છે તેને માટે:—ઝાડોએ ઝીણી માખોનું મધ બેસે છે તેનું મધ કાનમાં નાખવું. (૨) કાનમાં બગઇ વગેરે ગઈ હોય તે ઉપર:—કાનમાં મધ નાખવું. (૩) વિંછીના વિષ ઉપર:—દંશ ઉપર મધ ચોપડવું. (૪) મેદરોગ ઉપર:—સવારે ગરમ પાણી ૪ તોલા લઈ તેમાં ૨ તોલા મધ નાખી તે પાવું. (૫) મુખરોગ ઉપર:—મધનો ગંડૂષ (મોઢામાં મધ લઇ તે કેટલીક વાર રાખી કોગળો કરી નાખવો) ધારણ કરવો; એટલે મોઢામાંનાં વ્રણ, ચાંદી તથા દાહ, તૃષા વગેરે રોગ દૂર થઇ મુખને સ્વચ્છતા આવે છે; અથવા મધ અને પાણી એકત્ર કરી તેના કોગળા કરવા. (૬) અગ્નિદગ્ધ વ્રણ ઉપર:—પોવ્યા મહૂડાનું મધ પીછાએ ચોપડવું. (૭) કાનખજુરો કાનમાં ગયો હોય તો:—મધ અને તેલ કાનમાં નાખવું. (૮) રક્તપિત્ત ઉપર:—મધ અને સાકર એ બકરીના દૂધમાં પાવું. (૯) તૃષ્ણારોગ ઉપર:—પાણીમાં સાકર અથવા મધ નાખી તે પાવું. ઠંડુ પાણી અને મધ એકત્ર કરી તે શેરભર પાવું; ઉલટી થશે એટલે તૃષ્ણા અને દાહ શમશે. (૧૦) ખરસાણીના વિષ ઉપર:—પાણીમાં મધ નાખી પાવું. (૧૧) ઝેરકોચલાના વિષ ઉપર:—મધ, ઘી અને સાકર ખાવા આપવાં.

૨૨—માખણ

ભેંસનું માખણ:—તૂરૂં, વાતુલ, ગુરુ, કફકર, મેદોવર્ધક, આંખોને હિતકર, ધાતુવર્ધક, વૃષ્ય, મધુર, શીત, બળકર, દાહકારક તથા ગ્રાહક છે; અને શ્રમ તથા પિત્તનું નાશક છે. એજ તાજું હોય તો ધાતુવર્ધક, બાળ તથા વૃદ્ધને હિતકારક અને બળકર છે. બકરીનું માખણ:—મધુર, તૂરૂં, લઘુ, આંખોને હિતકારક, દીપન, બલકર તથા હિતકર છે; અને ક્ષય, ઉધરસ, ગુલ્મ, પ્રમેહ, શૂળ, નેત્રરોગ, જ્વર, પાંડુરોગ અને શ્વેત કોઢનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) કાનનો દાહ થાય છે તે ઉપર:—માખણ કિંચિત્ દેવતા ઉપર પીગળાવી કાનમાં નાખવું. (૨) રક્તમૂળ વ્યાધિ ઉપર:—માખણ અને તલ ખાવા આપવાં; અથવા માખણ, નાગકેસર અને ખડીસાકર ખાવા આપવાં. (૩) રક્તાતિસાર ઉપર:—માખણ, મધ અને ખડીસાકર ખાવા આપવાં.

२३–मूत्रवर्ग

મૂત્રવર્ગમાં ગોમૂત્ર મુખ્ય છે. ઔષધોમાં એ સર્વ મૂત્રોના અભાવે આપવું. ગોમૂત્રમાં રેચક ગુણ ઘણો ઉત્તમ છે. પુષ્કળ તેલો અને ઘી સિદ્ધ કરવાના કામમાં ગોમૂત્રનો ઉપયોગ થાય છે. નસ્યને માટે ઉંટનું મૂત્ર આપવું; પ્રાશનાર્થે ગાયનું પ્રશસ્ત; અને ગધેડાં, ઘોડાં, બકરાં તથા ભેંસોનું મૂત્ર તેલમાં ઉકાળી લેપ કરવાથી દદ્રૂ, કંડૂ અને વિસર્પનો નાશ કરે છે. **ભેંસનું મૂત્ર:**—તૂરૂં, કડવું, ખારૂં, પિત્તકર, ઉષ્ણ તથા તીખું છે; અને શૂળ, અર્શ, ઉદર, કુષ્ઠ, મેહ, વિષૂચિકા, સોજો, આનાહ, પાંડુરોગ, ગુલ્મ તથા કંડૂનો નાશ કરે છે. **બકરીનું મૂત્ર:**—તીખું, લઘુ, ઉષ્ણ, કડવું, રૂક્ષ, સ્વાદુ, તૂરૂં, તીક્ષ્ણ, પથ્યકર તથા વાતુલ છે; અને દમ, ઉધરસ, સોજો, કમળો, ઉદર, પાંડુ, કફ, ગુલ્મ, પ્લીહા, નાડીવ્રણ, વિષ અને કર્ણશૂળનો નાશ કરે છે. **હાથણીનું મૂત્ર:**—ખારૂં, કડવું, ભેદક, પિત્તલ, તૂરૂં, તીક્ષ્ણ, સારક, તીખું તથા વિદારણ છે; અને શૂળ, હેડકી, દમ, વાયુ, કિલાસ-કુષ્ઠ (ચિત્રી), કંડૂ, મંડળકુષ્ઠ, કૃમિ, અર્શ, વિષ, ગુલ્મ અને કફનો નાશ કરે છે. **ઘોડીનું મૂત્ર:**—ઉષ્ણવીર્ય, ખારૂં, તીખું, રૂક્ષ, તીક્ષ્ણ તથા પિત્તલ છે; અને કુષ્ઠ, ઉન્માદ, કૃમિ, મોહ, કફ, વાયુ, દદ્રૂ, શૂળ, વિષ, કિલાસકુષ્ઠ અને મોહનો નાશ કરે છે. **ગધેડાનું મૂત્ર:**—અગ્નિદીપક, કડવું, ખારૂં, તીખું તથા તીક્ષ્ણ છે; અને કફ, વાયુ, સંગ્રહણી, કૃમિ, ભૂતબાધા, કંપ, ઉન્માદ અને ચિત્તભ્રમનો નાશ કરે છે. **ઉંટનું મૂત્ર:**—તીખું, કડવું, ઉષ્ણ, દીપન, પિત્તલ, ખારૂં, તીક્ષ્ણ તથા બળકર છે; અને કોઢ, અર્શ, ઉદર, કૃમિ, ઉન્માદ, વાતરોગ તથા મનોવ્યાધિનો નાશ કરે છે. **નરમૂત્ર:**—રેચક, ખારૂં, ઉષ્ણ, રસાયન, કડવું તથા રૂક્ષ છે; અને વિષ, આમ, કૃમિ, રક્તદોષ, વ્રણ, ભૂતબાધા, ત્વગ્દોષ, વાયુ, મોહ, કફ તથા પિત્તનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **કફ, ક્ષય અને પાંડુરોગ ઉપર:**—જૂના લોહકાટને ગરમાળાના અગર બહેડાના લાકડાના કોલસામાં તપાવી, ગોમૂત્રમાં ૧૦૦ વાર ભીંજવી, પછી તેનો ખરલ કરી તેમાંથી ૧ વાલ ચૂર્ણ મધ અને લીંડીપીંપરમાં આપવું. એ ચૂર્ણને "મંડૂર" કહે છે. (૨) **અપસ્માર ઉપર:**—માંકડના રક્તમાં ચિંથરૂં ભીંજવી સૂકવી, તે ગધેડીના મૂત્રમાં ભીંજવી તેનું ત્રણ દિવસ નસ્ય આપવું; એટલે ફેફરૂં દૂર થાય છે. (૩) **વિષારી સર્પના દંશ ઉપર:**—માણસનું મૂત્ર પાવું એટલે ઉલટી થઇ વિષ ઉતરશે.

२४–मीण

મીણ:—પિચ્છલ (ચિકટુ), સ્વાદુ, તીખું, સ્નિગ્ધ, મૃદુ, અસ્થિસંધાનકારક તથા વ્રણને હિતકર છે; અને વાયુ, કોઢ, વિસર્પ, રક્તદોષ, વાતરક્ત, ભૂતદોષ અને લેપ કરવાથી ચામડી ફાટે છે તેનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **નવેલા ઉપર:**—તપાવેલા મીણની લુગદી નખ પર બેસાડવી અને પાટો બાંધવો; તેથી ચાર-પાંચ દિવસમાં ગુણ આવે છે. (૨) **પગ ફાટે છે તે ઉપર:**—તપાવેલું મીણ ચોપડવું. (૩) **ગુમડા ઉપર:**—ઘીમાં મીણ તપાવી તે ચોપડવું. (૪) **રક્તપ્રદર ઉપર:**—મીણમાં ઇંટનું ચૂર્ણ ખરલ કરી ખાવા આપવું.

२५–मोरनां पीछां

ઉપયોગ:—(૧) **હેડકી અને ઉલટી ઉપર:**—મોરનાં પીછાંની રાખ અને લીંડીપીંપર, એ મધમાં આપવાં. (૨) **સર્પદંશ ઉપર:**—મોરનાં પીછાં તંબાકુ સાથે ચલમમાં નાખી પાવાં; એટલે વિષ ઉતરશે. (૩) **માછલાના વિષ ઉપર:**—મોરનાં પીછાંની ધૂણી આપવી. (૪) **વિષબાધા દૂર થવા માટે:**—જે પ્રમાણે ગાંડુળમાંથી તામ્રસત્ત્વ નીકળે છે, તેજ ક્રિયાથી મયૂરપિચ્છમાંથી તામ્રસત્ત્વ નીકળે છે. એ તામ્રસત્ત્વની વિંટી કરી તે પાણીમાં બોળી તે પાણી આપવું; એટલે વિષબાધા દૂર થશે.

२६–वाघनी चर्बी

ઉપયોગ:—(૧) **હાડવ્રણ ઉપર:**—બે-ત્રણ દિવસ વાઘની ચરબી ઉપર લગાવવી. (૨)

શીતળા થોડા આવવા માટેઃ—વાઘનો સૂળો દાંત પાણીમાં ઘસી એક વખત આપવો. (૩) **સંધિવાયુ ઉપરઃ**—વાઘની ચરબી રાત્રે ઉંઘતી વેળાએ શરીરે ચોળવી.

૨૭–समुद्रफीण

સમુદ્રફીણ એ એક જાતિના માછલાના પેટમાંનું હાડપિંજર છે. એ સફેદ રંગનું હોય એ ઉપર ઝીણાં ઝીણાં છિદ્રો હોય છે. એ બસરેથી અહીં આવે છે. **સમુદ્રફીણઃ**—રુચિકર, તૂરૂં, લઘુ, ચક્ષુષ્ય, શીતળ, પટલાદિ દોષનાશક, સારક તથા વિષઘ્ન છે; અને કર્ણશૂળ, કફ, કંઠરોગ અને પિત્તનો નાશ કરે છે. અશુદ્ધ સમુદ્રફીણ અંગભંગ કરે છે; એટલા માટે તેનું શોધન કરવું. **શોધનઃ**—સમુદ્રફીણ લિંબુના રસમાં ખરલ કરવું એટલે શુદ્ધ થાય છે. ઉપયોગઃ—(૧) **રતાંધળો અને અહિર ઉપરઃ**—સમુદ્રફીણ અને ખડીસાકરની ભૂકી સવાર-સાંજ આંખોમાં નાખવી; એટલે અહિર, રતાંધળો, રતાશ, ગળ, (નેત્રમાંથી પાણી ગળવું), કંડૂ (ખાજ) વગેરે વિકાર ત્વરિત દૂર થાય છે. (૨) **કાનમાંના સણકા વગેરે ઉપરઃ**—સમુદ્રફીણની વસ્ત્રગાળ ભૂકી કાનમાં નાખવી તથા તે ઉપર લિંબુનો રસ નાખવો. (૩) **કર્ણસ્રાવ, વ્રણ અને ચિકટા ઉપરઃ**—સમુદ્રફીણનું ચૂર્ણ કાનમાં નાખવું. (૪) કંડૂ **ઉપરઃ**—સમુદ્રફીણ વાટી ચોપડવું.

૨૮–सर्पनी कांचळी

જેને ફેણ છે એવા સર્પની કાંચળી ગુણકારી છે. સર્પની કાંચળી પુસ્તકમાં રાખવાથી તેને ઉધઇ લાગતી નથી. ઉપયોગઃ—(૧) **અંગ ઉપર પિત્ત ઉઠે છે તે ઉપરઃ**—સર્પની કાંચળી બાળી તલના તેલમાં ખરલ કરી ચોપડવી. (૨) શીઘ્ર **પ્રસૂતિ થવા માટેઃ**—સર્પની કાંચળી બાળી તેની ધૂણી આપવી. (૩) **બદ ઉપરઃ**—સર્પની કાંચળી અને અફીણની વડી કરી ઉપર બાંધવી; અથવા સર્પની કાંચળી બારિક કરી ગોળમાં ત્રણ દિવસ ભક્ષણ કરવી. (૪) **ચામખીલ (મસ) ઉપરઃ**—સર્પની કાંચળી બારિક કરી ગોળમાં ત્રણ દિવસ ભક્ષણ કરવી. **બીજો ઉપાયઃ**—સર્પની કાંચળી પાણીમાં ખરલ કરી લેપ કરવો. (૫) **ઉંદરના વિષ ઉપરઃ**—સર્પની કાંચળીની ધૂણી ત્રણ દિવસ આપવી. (૬) **વિષમ જ્વરાદિકો ઉપરઃ**—સર્પની કાંચળી, શીરસ, હીંગ અને કડવા લીમડાનાં પાંદડાં, એનું સમભાગ ચૂર્ણ કરી તેનો ધૂપ આપવો. એ રાક્ષસ અને ડાકિની એમનો પ્રતિબંધ કરી વિષમજ્વરનો નાશ કરશે.

૨૯–ससलांनुं लोही

ઉપયોગઃ—(૧) **સુસી (વરાધ) ઉપરઃ**—સસલાના લોહીમાં કપડું ભિંજવી રાખવું અને તે કપડું દૂધમાં મસળી તે દૂધ સુસી થયેલા બાળકને પાવું.

૩૦–सावरशिंग*

ઉપયોગઃ—(૧) **સોજો, જખમ, લાપોટીઉં અને વાયુએ અંગમાં સણકા આવે છે તે ઉપરઃ**—સાબરશિંગ ઘસી લેપ કરવો. (૨) **માથું દુખતું હોય તે ઉપરઃ**—દૂધમાં સાબરશિંગ

---

* **સાબરશિંગનું શોધન તથા મારણઃ**—(૧) સાબરશિંગના પ્રથમ સોપારી સોપારી સમાન ટુકડા કરવા. પછી ખાટી છાશમાં ત્રણ દિવસ ભીંજાવી રાખવા. ચોથે દિવસે કાઢી પાણીથી ધોઇ સૂર્યના તાપમાં સૂકાવી લેવાથી શુદ્ધ થાય છે. ત્યાર પછી ૪ શેર આકડાના પાનને મોટાં મોટાં ખાંડી, એક કપડાને માટી અને છાણમાં ભીંજાવી તેના ઉપર ૧ શેર જેટલાં બિછાવવાં. આશરે ૦॥ ઇંચ જેટલી જાડાઈ રાખવી. તેના ઉપર સાબરશિંગના શુદ્ધ સુકાયલા ટુકડા પાથરવા. પછી ઉપર આકડાના ખાંડેલા પાનનો થર કરવો. તેના ઉપર બીજા સાબરશિંગના ટુકડા પાથરવા. બધા મળી આશરે ૧॥ શેર સાબરશિંગના ટુકડાને આકડાના પાનની લુગદીની વચમાં ગોઠવી દેવા. કોઇ પણ જગાએથી ટુકડા બહાર ન દેખાય એ સંભાળી લઈ કપડાની ચોખંડી પોટલી

ઘસી લેપ કરવો. (૩) **રક્તાતિસાર અને આમાંશ ઉપર:**—સાબરશિંગ ઘીમાં ઘસી આપવું. (૪) **બાળકને ગળું પડે તે ઉપર:**—સાબરશિંગ ગાયના દૂધમાં કિંવા ઘીમાં ઘસી તાળવા ઉપર લેપ કરવો અને તે ઉપર મીઠા એરંડાનાં પાંદડાં લગાવવાં; તેમજ ગાયના દૂધમાં સાબરશિંગ ઘસી પાવું. (૫) **વાતશૂળ ઉપર:**—સાબરશિંગની અર્ધો માસો ભસ્મ ૧ તોલા ઘીમાં આપવી. (૬) **ધાતુવૃદ્ધિ ઉપર:**—સાબરશિંગની ભસ્મ દૂધમાં આપવી; એટલે ધાતુવૃદ્ધિ થઈ ધાતુસ્થાનની કડકી નીકળી જાય છે. (૭) **ઉધરસ, દમ, ક્ષય, ગ્રંથિ, અપચી અને અંડવૃદ્ધિ ઉપર:**—૧ વાલ સાબરશિંગની ભસ્મ મધમાં આપવી. (૮) **સાબરશિંગની ભસ્મ કરવાની કૃતિ:**—સીતાફળીનાં પાંદડાં બારિક ચંદન પ્રમાણે વાટી તેનો લાંબો ગોળો કરી, તેમાં સાબરશિંગનો કકડો મધ્યભાગે રાખવો તથા તેને વગડાઉ છાણાંના પુટ આપવા એટલે તેની ભસ્મ થશે. એજ રીતે કપાસમાં સાબરશિંગ નાખી પુટ આપવાથી ભસ્મ થશે.×

બાંધવી. ઉપર માટી(છાણ તથા લાદ મેળવેલી)થી સંપુટ કરી સૂર્યના તાપમાં સૂકાવી લેવું. સૂકાઇ ગયા પછી પાતળો બીજો થર કરવો તથા જ્યાં તડ પડી હોય તે જગ્યા સાવધાનીથી બંધ કરવી. બીજો થર સૂર્યના તાપમાં સારી રીતે સુકાય ત્યારપછી ગજપુટ અગ્નિ આપવો. અગ્નિ સ્વાંગ શીતળ થયેથી સંભાળપૂર્વક સંપુટ કાઢી તોડી સફેદ સાબરશિંગની ભસ્મના ટુકડા કાઢી લેવા. જો કદાચ ટુકડાની અંદર કાળો ભાગ જોવામાં આવે તો કાળા ભાગવાળા ટુકડાને આકડાનાં પાનના રસમાં ૩ કલાક ખરલ કરી એક એક તોલાની ટીકડી બાંધી સૂર્યના તાપમાં સૂકવવી. સુકાઇ ગયા પછી શરાવસંપુટ કરી અર્ધો ગજપુટ આપવો. ઘણું કરીને એકજ પુટમાં ભસ્મ તૈયાર થઇ જાય છે. કોઇ વખતે શિંગ વધારે સખ્ત હોય તો કોઇ કોઈ ટુકડા કાચા રહી જાય છે. માત્ર કાચા રહેલા ટુકડાનેજ બીજો પુટ આપવો. આવી રીતે કરેલી ભસ્મ કળી ચુના જેવી સફેદ થાય છે.

(૨) સાબરશિંગના ટુકડાનું ઉપરની રીતેજ શોધન કરી આકડાના પાનને બદલે કુંવારના ગરભમાં ઉપરની રીતેજ સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવાથી ભસ્મ થાય છે. કદાચ કાચી રહે તો કાચા ટુકડાને કુંવારના ગર્ભના રસમાં ખરલ કરી નાનો પુટ આપવો.

(૩) સાબરશિંગના અરધા અરધા તોલાના અનુમાને કકડા કરી એરંડીઆ તેલમાં ૧૫ દિવસ પલાળી રાખી બહાર કાઢી લઈ દશાંશ ભાગે એરંડીઆ તેલ સાથે માટીના પાત્રમાં કપડછાણુ કરી ગજપુટ આપવાથી એકજ પુટમાં સાબરશિંગની ભસ્મ થાય છે. સાબરશિંગની ભસ્મની માત્રા ૨ થી ૪ રતી સુધી છે. દિવસમાં બે વખત સવારે તથા સાંજે યોગ્ય અનુપાનની સાથે આપવી.

૧–શ્વાસ તથા ઉધરસ ઉપર:—કફ બહાર પાડવા માટે ૨ માસા સાકરમાં મેળવી ખાઇ ઉપર થોડું દૂધ પીવું. કફ સુકાવવા માટે ભસ્મ મધમાં મેળવી ચાટવી.

૨–હૃદ્રોગ ઉપર:—સાબરશિંગ ભસ્મ ૨ રતી તથા પીંપરનું ચૂર્ણ ૪ રતી મેળવી મધની સાથે ચાટવું.

૩–ન્યુમોનીઆ (વાતશ્લેષ્મ જ્વર) પાર્શ્વશૂળ તથા વાયુથી શરીરના કોઈ પણ ભાગમાં નીકળતા શૂળ ઉપર:—ઘી તથા મધ સાથે મેળવી ચાટવી.

૪–ધાતુવિકાર તથા પેશાબમાં ધાતુ જવી:—મોગલી એદાણા ૬ માસા લઈ પાણીમાં ભીંજાવા દેવા. બે ત્રણ કલાક પછી ભીંજાઇ જાય ત્યારે થોડી સાકર મેળવી તેની સાથે સાબરશિંગ ભસ્મ લેવી. આકડાના પાનના રસથી કરેલી સાબરશિંગભસ્મ કુંવારના રસમાં કરેલા મારણની અપેક્ષા કફનો નાશ કરવા માટે વધારે બળવાન છે. ધાતુવિકાર તથા હૃદ્રોગમાં કુંવારના રસવાળી વિશેષ હિતકારક છે.


× સાબરશિંગને પ્રથમ આકડાના દૂધમાં, પછી કુંવરના રસમાં, પછી અરણીમાં, ખારી જાળના રસમાં, અફીણમાં, ગાયના છાણના રસમાં અને બોરડીનાં પાંદડાંના રસમાં, એમ ૭ સૂક્ષ્મ પુટ

૩૧—हरिणशृंग

ઉપયોગઃ—હૃદ્રોગ, કટિગ્રહ, સંધિશૂળ અને હૃદયશૂળ ઉપરઃ—હરિણના શિંગડાના કકડા કરી કોઠીઆમાં નાખી, છાણાંનો અગ્નિ કરી ભસ્મ કરવી. તે અર્ધો માસો ગાયના ઘીમાં આપવી.

૩૨—हस्तिदंत

ઉપયોગઃ—(૧) **કેશ આવવા માટેઃ**—હાથીદાંતના વ્હેરને દારુહળદરના રસની ભાવના આપવી અને તે ઉપર ચોપડવી. (૨) **ગુમડું ફુટવા માટેઃ**—હાથીદાંત ઘસી ગુમડાના મોઢા પર એક બિંદુ કરવું. (૩) **મૂળવ્યાધિ ઉપરઃ**—હાથીદાંતની ધૂણી આપવી. (૪) **ખરજ, ગજકર્ણ વગેરે ઉપરઃ**—હાથીદાંતનો વ્હેર બાળી તે રાખનો ઘીમાં ખરલ કરી લેપ કરવો. (૫) **દંતવર્તી (નેત્રના ફૂલ માટે)ઃ**—હાથીદાંત, કુક્કરના દાંત, ઉંટના દાંત, બળદના દાંત, બોકડાના દાંત, ગધેડાના દાંત, શંખ, મોતી અને સમુદ્રફીણનું ચૂર્ણ કરી પાણીમાં ખરલ કરી સળી જેવડી લાંબી ગોળી કરવી. એ પાણીમાં ઘસી આંખમાં અંજન કરવું; એટલે આંખમાંનું ફૂલ ઘણુંજ જલદી દૂર થાય છે. આ પ્રયોગ ફૂલ દૂર થવા માટે ઘણોજ ઉત્તમ છે.



આપી છેવટે આઠમો થુવરના દૂધમાં ગજપુટ આપવાથી ઉત્તમોત્તમ સાબરશિંગભસ્મ થાય છે. આ ભસ્મ કફથી થયેલ દરેક ઉદરરોગનું નિકંદન કરે છે; એટલુંજ નહિ પણ એ તાવનો પણ કટ્ટો શત્રુ છે.

સાબરશિંગના નાના નાના કકડાને તલની સાથે સંપુટમાં નાખી કપડમાટી કરીને અથવા સાબરશિંગ ઉપર દારુડીનાં બીજ અથવા અડદની મોગર દાળનો લોટ ચોપડી કુલડીમાં નાખી કપડમાટી કરી અડધા મણ છાણામાં ભઠ્ઠી (ગજપુટ) કરે તો મરે, એમ હસ્તલિખિત પુસ્તકો-માંથી મળી આવે છે. વળી લખનૌના એક ચુનીલાલ (ઉર્ફે કવિજી) નામના વૈદ્યના એક સાગ્રીતનું કહેવું છે કે, તેઓ સાબરશિંગના ઝીણા બોર જેવડા કકડા કરી સાદી રીતે બાળી તે રાખને તેના બરોબર ગાયના દહીંમાં ખૂબ ઘુંટી થેપલાંઓ કરી મોટાં છાણાં ૪૦ માં બાળી ખાખ કરતા હતા.

૪—रसवैद्य

१—अभ्रक

(સં૦ મ૦ હિં૦ ક૦ અભ્રક. ૨૦ ભોડલ. ફા૦ સિતારાજમીન. અ૦ તલ્લક. ઈં૦ ટાલ્ક ગ્લિમર. લા૦ માઇકા. બં૦ અભ્ર, અકભર.) ધોળો, રાતો, પીળો અને કાળો, એમ ચાર પ્રકારના અભ્રક છે. ઔષધોમાં ધોળો અને કાળો વપરાય છે. કાળો અભ્રક ગુણોએ શ્રેષ્ઠ છે. ***શોધન**—(૧)**કાળો અભ્રક**:—અગ્નિ ઉપર તપાવી ગાયનું દૂધ, ત્રિફળાંનો ઉકાળો, કાંજી અને ગાયના મૂત્રમાં સાત વાર બોળવો એટલે શુદ્ધ થશે. (૨) અભ્રક દેવતા ઉપર તપાવી બોરડીના કાઢામાં બોળવો અને હાથથી મસળવો તથા ઉપરનું પાણી કાઢી નાખી સૂકો કરી આપવો. તે ધાન્યાભ્રક કરતાં સારો થશે. **ધાન્યાભ્રક કરવાની રીત**:—અભ્રકને તેના ચોથા ભાગમાં ડાંગરમાં મેળવી કામળામાં બાંધી ત્રણ દિવસ પાણીમાં પલાળી રાખવો અને હાથથી પુષ્કળ મસળવો; પછી પાણીમાં પડયો હોય તે અભ્રક યુક્તિથી બહાર કાઢી સૂકવી આપવો. **અભ્રક**:—તૂરો, મધુર, ઠંડો, આયુષ્ય આપનાર અને ધાતુવર્ધક છે; તથા ક્ષય, ત્રિદોષ, ગુમડાં, પ્રમેહ, કોઢ, બરોળ, ઉદર, ગાંઠ, વિષ અને કૃમિનો નાશ કરનાર છે. **મારણ**:—(૧) ધાન્યાભ્રક ૧ ભાગ અને ટંકણખાર ૨ ભાગ એકત્ર કરી, ખરલ કરી અંધમૂષા યંત્રમાં ઘાલી તીવ્રાગ્નિએ પચન કરવું. પછી દૂધમાં ખરલ કરી પુટ આપવો; એટલે ભસ્મ નિશ્ચંદ્ર થશે. એ ભસ્મ સ્વભાવે શીતળ છે તેથી બધા રોગો ઉપર યોજવી.× (૨) ધાન્યાભ્રક

---

* કાળા રંગના અભ્રકમાં પણ ૪ પ્રકાર છે. (દર્દુર, નાગ, પિનાક તથા વજ્ર.) દર્દુર અભ્રક અગ્નિમાં નાખવાથી દેડકાની માફક શબ્દ થાય છે. **નાગ** નામના અભ્રકને અગ્નિમાં નાખવાથી ફૂત્કારની માફક શબ્દ નીકળે છે. **પિનાક** અભ્રકનો શબ્દ ધનુષના ટંકાર જેવો હોય છે. અને **વજ્રાભ્રક** અગ્નિમાં જરા પણ શબ્દ કરતો નથી. રાજપૂતાનામાં કાળા રંગના અભ્રકમાંથી ત્રણ જાત જોવામાં આવે છે. દર્દુર, પિનાક અને નાગ. એ ત્રણ જાતના અભ્રક સેવન કરવાથી શરીરમાં નાના પ્રકારની વ્યાધિ ઉત્પન્ન થાય છે. માત્ર વજ્રાભ્રક શરીરને માટે કાંઇ પણ નુકસાન નહિ કરતાં લાભ પહોંચાડે છે.

અભ્રકનું શોધન કરતી વખતે જ્યારે તપાવેલા અભ્રકના કડછાને ઔષધિના રસમાં બુઝાવવામાં આવે ત્યારે ઉપર એક ગુણપાટનો કટકો વારંવાર ઢાંકતા જવું; નહિ તો અભ્રક સૂક્ષ્મ રજકણરૂપે કેટલો ઉડી જશે. ગુણપાટના કટકાને છેવટે પાણીમાં ધોઇ પાણીમાંથી અભ્રક કાઢી લેવો.

ધાન્યાભ્રક કરવા પહેલાં યુક્તિથી શુદ્ધ કરેલા અભ્રકને સૂર્યના તાપમાં સૂકવી, પતરાં અલગ અલગ કરી ખાંડીને બારીક ચૂર્ણ કરી લેવું. પછી ચૂર્ણનો ચોથો ભાગ ડાંગર મેળવી ઉપર કહેલી રીતિથી ધાન્યાભ્રક તૈયાર કરવો. બોરડીના કાઢાની રીતિવાળું શોધન શાસ્ત્રમાં લખેલ છે; પરંતુ વૈદ્યો પ્રાયઃ ધાન્યાભ્રક કરીને પછી મારણ કરે છે. બોરડીના કાઢામાં શોધન કરતા નથી.

× નં. ૧ માં લખેલ રીતિથી બનાવેલી ભસ્મ કાળા રંગની થાય છે. તે સાધારણ ગુણવાળી છે. નં. ૩ મુજબ બનાવેલી ભસ્મ ગેરૂ જેવા રંગવાળી બને છે, તેમજ ગુણ પણ વધારે આપે છે. નં. ૧ વાળી ભસ્મની માત્રા ૨ થી ૬ રતી છે. નં. ૩ વાળાની માત્રા ૧ થી ૨ રતી છે. નં. ૩ મુજબ બનાવેલી ભસ્મનો શ્વાસ તથા ન્યુમોનીઆ પછીની ફેફસાંની નિર્બલતામાં ઉપયોગ કરેલો છે. બહુજ જલદીથી ફાયદો બતાવે છે.

કેટલાક વૈદ્યો અભ્રક ભસ્મ કરતી વખતે ધાન્યાભ્રકને ઔષધિના રસમાં ઘુંટી ટીકડી કરી

કાસુંદરાના રસમાં મસળી પુટ આપવો. એ પ્રમાણે દશ પુટ આપવા; એટલે તેની ભસ્મ થશે. (૩) ધાન્યાભ્રક લઇ આકડાના દૂધ(રસ)માં એક પહોર સુધી ખરલ કરી, ગોળ ચક્રાકાર વડી કરી તેની આસપાસ આકડાનાં પાન વિંટાળી માટીના કોડીઆના સંપુટમાં ઘાલી વગડાઉ છાણાનો ગજપુટ અગ્નિ કરવો. આ પ્રમાણે આકડાના દૂધમાં એકેક દિવસ ખરલ કરી સાત ગજપુટો કરવા. પછી વડની વડવાઇઓનો ઉકાળો કરી તેમાં અભ્રક એકેક દિવસ ખરલ કરી ત્રણ ગજપુટો કરવા; એટલે અભ્રકની ભસ્મ સારી થશે. એ ભસ્મથી સર્વ રોગ દૂર થાય છે, અલ્પમૃત્યુ દૂર થાય છે. ધોળા વાળના કાળા વાળ થાય છે અને જેવું જેવું અનુપાન આપે તેવો તેનો ગુણ થાય છે. (૪) ધાન્યાભ્રક અને નાગબલા (ગંગેટી), ભદ્રમોથ, વડનું દૂધ અથવા વડવાઇઓનો રસ, હળદરનું પાણી, મજીઠનો કાઢો, આ બધાં ઔષધોની અનુક્રમે ભાવના આપવી અને પ્રત્યેક ભાવનાને સારા પુટ દેવા; એટલે અરુણવર્ણ ભસ્મ થશે. શતપુટી અને સહસ્રપુટી* અભ્રક કરવો હોય તો કુંવારના રસમાં ખરલ કરી પુટ આપવા; એટલે રંગદાર

સૂકવી સંપુટમાં ભરી અગ્નિ આપી દે છે. સંપુટ પર કપડમાટી કરતા નથી; કારણ કે અભ્રકમાં કોઇ ઉડી જનારૂં તત્ત્વ છે નહિ.

* અભ્રકનો રસ કરવાની યુક્તિ કાકચંડેશ્વર રસમાં આપી છે. અભ્રક ભસ્મ શતપુટી અને સહસ્રપુટી વગેરે થાય છે. પરંતુ કહેલું છે કે **दशादिस्तु शतांतः स्यात् पुटो वै व्याधिनाशने। शतादिस्तु सहस्रांतः पुटो देतः रसायने ॥१॥** (અર્થાત્ રોગનો નાશ કરવાને દશાથી સો સુધીના પુટો આપવા જોઇએ; અને સોથી લઇ હજાર સુધી પુટ રસાયનને માટે છે.) વળી એમાં પણ હજાર પુટમાં તો રસની ભાવનામાત્રનેજ પુટ કહેલ છે. એમાં મર્દન નહિ કરવું એમ વૈદ્યો કહે છે; પરંતુ શતપુટીમાં મર્દન અવશ્ય કરવું. વળી રસની ભાવના આપી ૩ કલાક ખરલ કરી સૂર્યના કડક તાપમાં સુકાવી લેવી. પછી બીજે દિવસે પુનઃ ઔષધિના રસની ભાવના આપવી. એમ દશ ભાવના આપ્યા પછી એક ગજપુટ અગ્નિ આપવો, એવો પણ કેટલાક વૈદ્યોનો મત છે. કેટલાક વારંવાર ગજપુટ આપવાનું કહે છે. બજારમાં મળતી સહસ્રપુટી અભ્રક તો સો પુટની પણ છે નહિ. એથી શાસ્ત્રમાં કહેલ લાભ આજકાલ જોવામાં આવતો નથી. દશપુટી અભ્રક ભસ્મઃ—નાગરમોથના રસમાં અગર તાંદળજાના રસમાં દશ દશ પુટ આપવાથી થાય છે. વીસપુટી અભ્રક ભસ્મઃ—વડવાઇની છાલનો કાઢો, પાનનો રસ, અરડુસી, મત્સ્યાક્ષી (રતવેલીઓ), ધોળી કનેર, લાલ સાટોડી અને વડનું દૂધ, એ પ્રત્યેક વનસ્પતિઓમાં પુટ આપી અગ્નિ આપવો. આમ ૨૦ પુટ આપવાથી સિંદૂરના સમાન લાલ રંગની થાય છે. એકતાળીસપુટી ભસ્મઃ—ધાન્યાભ્રકને ૩ દિવસ મોથના કાઢામાં મર્દન કરવો. પછી સાટોડીનો રસ, કાસુંદરાનો રસ, નાગરવેલનાં પાંદડાંનો રસ અને સુરોખાર, એમાં જુદા જુદા ત્રણ ત્રણ પુટ આપવા. ત્યાર પછી વડની વડવાઇના રસમાં ત્રણ પુટ આપી શુવરના દૂધમાં, ગોખરૂના કાઢામાં, કૌંવચના રસમાં, કદલીકાંદા(કેળકાંદા)ના રસમાં, એખરાના રસમાં ત્રણ ત્રણ પુટ અને ગાયના દૂધમાં આઠ પુટ દેવા. ત્યારપછી દહીં, માખણ, મધ, ધોળી (ચિનાઇ) સાકર, એ દરેકનો એક એક પુટ આપવો. (પ્રથમ ૩ કલાક ઔષધિના રસની સાથે ખરલ કરી એક એક તોલા આશરાની ટીકડીએ બનાવી સૂર્યના તાપમાં સૂકવવી. સૂકાયા પછી સંપુટ કરી પુનઃ સંપુટની માટીને તાપમાં સૂકાવી લેવી. ત્યારપછી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયેથી સંપુટ કાઢી ભસ્મને બીજા રસની ભાવના આપવી. એ પ્રમાણે દરેક પુટો અપાય છે.) એ પ્રમાણે એ સર્વ ઔષધઓના પુટ આપવાથી અભ્રકની દિવ્ય ભસ્મ થાય છે. એ સર્વ રોગનો નાશ કરનારી છે. સર્વ પ્રયોગોમાં નાખવા યોગ્ય છે. વળી સ્ત્રીઓના મદને હરણ કરનારી, મૃત્યુને જીતનાર, વીર્યવૃદ્ધિ કરનાર અને આયુષ્યને વધારનાર છે. એને ખાવાથી સંતાનની વૃદ્ધિ થાય છે. સાઠપુટી અભ્રકભસ્મઃ–ધાન્યાભ્રકમાં હરતાલ, આમળાંનો રસ અને ખડીઓખાર મેળવી ઘુંટી ટીકડી બનાવી અગ્નિ આપે. આ પ્રમાણે ૬૦ વખત અગ્નિ આપવાથી સિંદૂરના સમાન લાલ ભસ્મ થાય છે. આ ભસ્મ ક્ષયાદિક સર્વે રોગનો નાશ કરે છે. શતપુટી અભ્રક ભસ્મઃ–વડ, થુવેર અને આકડાનું દૂધ, કુંવારપાઠાનો રસ, નાગરમોથ, મનુષ્યનું મૂત્ર, વડવાઇનો રસ અને બીલીના પાનનો રસ અથવા કાઢો, આ દરેકમાં કાળા ધાન્યાભ્રકને ઘુંટી ૧૦૦ પુટ આપવાથી પોખરાજ-

ભસ્મ થશે.‡ **અભ્રક ભસ્મનું અમૃતીકરણ:**—અભ્રકભસ્મના બરાબર ગાયનું ઘી મેળવી લોઢાના વાસણમાં પચન કરાવવું. ઘી પચી જાય એટલે તે ભસ્મ બધાં કામોમાં યોજવી. જે અભ્રક ભસ્મ નિશ્ચંદ્ર અને કાજળ જેવી બારિક થાય તે મૃત જાણવી. તેજ જો સચંદ્ર ધોળાશ અને ચળકતી રહી તો વિષ પ્રમાણે મૃત્યુ, વ્યાધિ અને રોગને પેદા કરે છે. +**અભ્રકસત્વપાતન:**—અભ્રકની ભૂકી એક દિવસ કાંજીમાં

મણિના જેવી ભસ્મ થાય છે. **સહસ્રપુટી અભ્રકભસ્મ:**—વજ્રાભ્રકને ખરલમાં નાખી વાટી પછી અગ્નિમાં તપાવી ગાયના દૂધમાં નાખવી (છાંટવી). પછી લોઢાના વાસણમાં ઘી નાખી તેમાં એ અભ્રક નાખી તે મંદાગ્નિથી પચાવે. પછી અભ્રકથી ચોથા ભાગનું ધાન (ડાંગર) લઇ બન્નેને કામળીના લૂગડાની કોથળીમાં નાખી ભીંજવે. પછી એક મોટી કથરોટમાં એ અભ્રકને નાખીને કોથળીને ખૂબ મસળે. બે પહોર પછીથી સઘળો અભ્રક નીકળી પાણીમાં આવી જાય ત્યારે પાણીને નીતારી અભ્રકને કાઢી લે, ત્યારે ધાન્યાભ્રક શુદ્ધ થાય છે. પછી એને ખરલમાં નાખી ૧ આકડો, ૨ વડ, ૩ થુવેર, એ ત્રણેનું દૂધ, ૪ કુંવાર પાઠાનો રસ, ૫ એરંડાનાં મૂળનો રસ, ૬ કડુ, ૭ મોથ, ૮ ગળો, ૯ ભાંગ, ૧૦ ગોખરૂ, ૧૧ રિંગણી, ૧૨ સાલવણ, ૧૩ પિઠવણ, ૧૪ ધોળા સરસવ, ૧૫ ખરમંજરી (અઘેડો), ૧૬ વડવાઇ, ૧૭ બીલીના પાનનો રસ અથવા કાઢો, ૧૮ બોરડી, ૧૯ અરણી, ૨૦ ચિત્રક, ૨૧ ટીંબરૂ, ૨૨ હરડે, ૨૩ પડોળનો રસ, ૨૪ ગોમૂત્ર, ૨૫ આમળાં, ૨૬ બહેડાં, ૨૭ જલકુંભી, ૨૮ તાલિસપત્ર, ૨૯ મુસલી, ૩૦ અરડુસી, ૩૧ આસગંધ, ૩૨ અગથીઆનો રસ, ૩૩ ભાંગરો, ૩૪ કેળાંનો રસ, ૩૫ સાત્વીન, ૩૬ ધંતૂરો, ૩૭ લોધર, ૩૮ દેવદાર, ૩૯ તુલસી, ૪૦ બન્ને ધરો, ૪૧ કાસુંદરો, ૪૨ મરી, ૪૩ દાડિમદાણાનો રસ, ૪૪ પીલુડી, ૪૫ શંખાવળી, ૪૬ બાલછડ, ૪૭ નાગરવેલનાં પાંદડાંનો રસ, ૪૮ સુંઠ, ૪૯ બ્રાહ્મી, ૫૦ ત્રંસડાં, ૫૧ ભારંગ, ૫૨ કુકડવેલ, ૫૩ કાથો, ૫૪ શિવલિંગી, ૫૫ કડુ, ૫૬ પલાશનો રસ, ૫૭ કડવાં તુરીઆં, ૫૮ ઉંદરકની, ૫૯ જવાસા, ૬૦ મત્સ્યાક્ષી, ૬૧ કલોંજી જીરૂં, ૬૨ તેલપર્ણી, ૬૩ ઘી, ૬૪ દૂધ, ૬૫ મધ, (કોઇ કોઇ એમાં પંચાંગુલનો રસ, ટુંટક, ગોળ, ખડીઓખાર, માલતી, સાલવણ, નાગબલા, અતિબલા, મહાબલા, શતાવરી, કૌચની જડનો રસ, ગાજર, ગર્જરકુંગળી લસણ, ઉંટકણ, અમરવેલ, હિલમોચકા, બુદ્ધિ, પાતાળ ગરુડી, જટામાંસી, દહીં, ખાંડ, એટલી ચીજો વધારે લેવાનું બતાવે છે. એ દવાઓના રસમાંથી એકેકમાં દિવસે ઘુંટી, સૂર્યના તાપે સૂકવી રાત્રે અડાયાં છાણાંમાં ફુંકવી. એ પ્રમાણે દરેકમાં સોળ વખત ફુંકવાથી સહસ્રપુટી અભ્રક ભસ્મ થાય છે.

‡ **અભ્રકને નિશ્ચંદ્ર કરવાની સરળ વિધિ:**—૨૦ તોલા સુરોખાર તથા ૨૦ તોલા ગોળ થોડું પાણી નાખી મેળવી લેવાં. પછી તેમાં ૪૦ તોલા શુદ્ધ અભ્રક મેળવી એક હાંડલામાં ભરવું. પછી તેજ અગ્નિ પર રાખવું. અગ્નિ સખ્ત હોવાથી સુરોખાર કોઈ કોઇ વખત અવાજની સાથે ઉડે છે અને હાંડલામાંથી અગ્નિની જ્વાળા નીકળે છે, પણ તેથી કોઇ પ્રકારની હાનિ થતી નથી. આવી રીતે ૬ કલાક અગ્નિ આપવાથી એકજ વખતમાં અભ્રક ચમક વગરની થઇ જાય છે. કેટલીક વખત સુરોખાર ઉડી જવાથી થોડો ઉપરનો ભાગ ચમકવાળો રહી જાય છે તેને જુદો કાઢી એવીજ રીતે આંચ આપવી. ત્યારપછી આ અભ્રકમાંથી સુરોખાર કાઢી નાખવા માટે ખાંડી પાણીમાં મેળવી હાથથી સારી રીતે મસળવું. ત્યાર પછી ૬ કલાક રહેવા દઈ જે અભ્રક વાસણમાં નીચે બેસી જાય તે ઉપરથી સંભાળપૂર્વક પાણી કાઢી નાખી ઉપયોગમાં લેવી. આ ભસ્મ બહુજ થોડા પુટમાં કામ લાયક બની જાય છે.

અભ્રકભસ્મ ત્રણપુટી:—ઉપરની રીતે નિશ્ચંદ્ર કરેલી અભ્રકને આકડાના પાનના રસમાં ઘુંટાઇ કરી ૩ વખત ગજપુટ અગ્નિ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ શ્વાસ, જ્વરાદિ સર્વ રોગ ઉપર તેમજ શરીરબળ વધારવા માટે આપવી.

§ કાળા રંગની અભ્રક ભસ્મને સફેદ રંગની કરવી હોય તો જાંબુની અંતરછાલમાં તેને ખૂબ ઘુંટી સંપુટમાં કપડમટી કરી ગજપુટ આપવો.

+ (૧) **અભ્રક સત્વપાતન વિધિ:**—કાળા અભ્રકમાંથી કરેલો ધાન્યાભ્રક ૪૦ તોલા, ટંકણખાર ૧૦ તોલા, સાદો ગુગળ ૧૦ તોલા, ઘી ૧૦ તોલા, મધ ૧૦ તોલા અને ચણોઠી ૧૦

અને એક દિવસ સુરણના રસમાં રાખવી. પછી કેળના કાંદાના રસની ભાવના આપવી અને ચોથો ભાગ ટંકણખાર ક્ષુદ્ર મત્સ્યમાં મેળવી, ભેંસના છાણમાં મૂઠીઆં કરી સૂકવી વાસણમાં નાખી ખૂબ અગ્નિ કરવો; એટલે અભ્રકનું સત્ત્વ પડશે. તે સર્વ ગોળો કરી મિત્રપંચક (ઘી, મધ, ગુગળ, ગુંજા અને ટંકણખાર) મેળવી કુલડીમાં ઘાલી અગ્નિ કરવો; એટલે તેની કાંસા જેવી લગડી થશે. તે પારાને બાળવાને યોગ્ય છે અને સર્વ લોહ કરતાં ગુણોથી અધિક છે. **અભ્રકસત્ત્વગુણ:**—શીત, ત્રિદોષનાશક, રસાયન, પુરુષત્વ લાવનાર અને વયસ્થાપક છે. આ અભ્રકસત્ત્વ જેવાં બીજાં ઔષધો ભૂમંડળમાં નથી. **અભ્રક દ્રાવણ:**—અભ્રક દ્રાવણ ભાગ્યોદય વિના કોઇ દિવસ સિદ્ધ થતું નથી, એમ શાસ્ત્રમાં કહેલું છે. કોઇ ઠેકાણે ભાગ્યયોગે સિદ્ધ થયું હશે પણ જણાયું નથી. (૧) ધાન્યાભ્રક લઇ અગથીઆનાં પાંદડાંના રસમાં મર્દન કરવો. પછી સુરણની અંદર ઘાલી માટીનો લેપ કરી ગોઇ(જાનવરોના વાડા)માં હાથભર ઉંડું એક મહિના સુધી પૂરી રાખવું. પછી કાઢવાથી પારા જેવું પાતળું થશે. **અભ્રકભસ્મનાં અનુપાન:**—(૧) અભ્રકભસ્મ ૧ ગુંજાથી ૪ ગુંજાસુધી

તોલા લઈ તમામને ખાંડી એકત્ર કરી તેમાં ૧૦ તોલા આમલીનું પાણી નાખીને નાના નાના ગોળા બનાવવા. સુકાયા બાદ કોષ્ઠીયંત્રમાં મૂકી કોયલાના તેજ અગ્નિપર રાખી ધમાવવું. એટલે સત્વ ગળવા માંડે છે. સત્વ ગળવા માંડે છે ત્યારે પીળી જ્વાળા નીકળે છે, અને સત્ત્વપાતન થઇ જશે ત્યારે વીજળી જેવી જ્વાળા ધોળી નીકળશે. ખાસ કરીને કોલસા હોલવાઇ જાય ત્યારે સમજવું કે સત્ત્વપાતન થઈ ગયું છે. ૪૦ તોલા અભ્રકમાંથી સત્ત્વપાતન થતાં ૨ા થી ૩ કલાક લાગે છે. સત્ત્વ પ્રથમ રવાના આકારમાં પડે છે. એટલે તેને લોહચુંબકથી પકડી એકઠું કરવું. આવી રીતે એકત્ર કરેલા રવાને ફરીથી કોષ્ઠીયંત્રમાં મૂકી આશરે અર્ધો કલાક સખત આંચ આપવાથી રવા પીગળી જઇ એક ઢાળીઓ બની જાય છે. ૪૦ તોલા અભ્રકમાંથી ૩ થી ૫ તોલા સુધી સત્ત્વ નીકળે છે. આવીજ રીતે અભ્રક ભસ્મમાંથી મિત્રપંચકના યોગે સત્ત્વપાતન થાય છે. (૨) **અભ્રકસત્વની ભસ્મવિધિ:**—ઉપર મુજબ કાઢેલા સત્ત્વનું ખાંડીને બારિક ચૂર્ણ કરવું. પછી ૧૦ મો ભાગ હિંગળોક મેળવી કુંવારના રસથી અથવા ત્રિફળાંના કાઢાથી એક પ્રહર ઘુંટવું. પછી ટીકડી બનાવી શરાવસંપુટમાં મૂકી કપડમાટી કરી ગજપુટ અગ્નિ આપવો. આવા ૨૦ અથવા તેથી અધિક પુટો આપવા. વારંવાર હિંગળોક મેળવતા જવું. (૩) **અભ્રકસત્વ રસાયન:**—અભ્રકસત્વ ખાંડી બારિક ચૂર્ણ કરી ઘીનો કરમો આપી લોઢાના તવા પર શેકવું. લાલ ચોળ થાય ત્યારે લોઢાની ખરલમાં નાખી ઘુંટવું. આવી રીતે ત્રણ વખત કરવું. ત્યાર પછી ૮ મો ભાગ શુદ્ધ ગંધક મેળવી વડની જટાના ક્વાથમાં ખરલ કરી ટીકડીઓ બનાવી સૂકવી શરાવસંપુટ કરવી. ત્યાર પછી ગજપુટ આપવો. આવી રીતે વારંવાર ગંધક નાખી વડવાઇના ઉકાળામાં ખરલ કરવું. આવા ૫૦ ગજપુટ આપવા. ત્યાર પછી ૫૦ ગજપુટ ત્રિફલાંના ક્વાથના આપવા. ત્રિફલાંના ક્વાથમાં ખરલ કરતી વખતે પણ વારંવાર ગંધક મેળવતા જવું. આવી રીતે એકંદર ૧૦૦ ગજપુટ આપવાથી સત્વાભ્ર રસાયન તૈયાર થાય છે. માત્રા ૧ ચોખાભાર, ત્રિકટુ તથા વાવડીંગના બેઆનીભાર ચૂર્ણની સાથે આપવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે; સંગ્રહણી જેવો ભયંકર રોગ નિર્મૂળ થાય છે; તેમજ ક્ષય, પ્રમેહ, પ્રદર વગેરે રોગો ઉપર પણ આ રસાયન અતિલાભદાયક છે. (૪) **અભ્રક સત્વભસ્માવધિ:**—અભ્રક સત્ત્વ ખાંડી ચૂર્ણ કરી શુદ્ધ પારો સમભાગ તથા બમણા શુદ્ધ ગંધકની કજ્જલી મેળવી ઘુંટવું. સારી ઘુંટાઈ થયા પછી કુંવારનો રસ નાખી ફરીથી સારી રીતે ઘુંટાઇ કરવી. ત્યારપછી ખરલમાં સૂકવી ચૂર્ણ કરવું. આ ચૂર્ણને કપડમાટી કરેલ અગ્નિશીશીમાં ભરી વાલુકાયંત્રમાં ૧૬ પ્રહરની સખ્ત આંચ દેવી; એટલે શીશીના ગળામાં રસસિંદૂર જામશે તથા તળીએ અભ્રકસત્ત્વની ભસ્મ તૈયાર થશે. માત્રા ૧ રતી. પીપર અને મધમાં ચાટવાથી ક્ષય, શોષ, ઉધરસ, પ્રમેહ, પાંડુ તથા હઠીલા જૂના સર્વ રોગ તરત મટી જાય છે. (આ ચારે વિધિ વૈદ્યકલ્પતરુ પરથી લીધેલી છે.)

(તા ૨૫-૧-૩૦ના રોજ અમદાવાદમાં મળેલી વૈદ્ય સભામાં સત્ત્વપાતન કરેલું હતું તે મુજબ 'વૈદ્યકલ્પતરુ' પરથી)

મધ અને લીંડીપીંપર સાથે આપવી; એટલે પ્રમેહ, શ્વાસ, વિષરોગ, કોઢ, વાયુ, પિત્ત, કફ, કફક્ષય, ક્ષતક્ષય, સંગ્રહણી, પાંડુરોગ, ભ્રમ, કમળો, ગુલ્મ વગેરે રોગ દૂર થાય છે. (૨) વાવડીંગ, સુંઠ, મરી અને લીંડીપીંપરના ચૂર્ણમાં વાલભર આપવી; એટલે ક્ષય, પાંડુ, સંગ્રહણી, શૂળ, આમ, કોઢ, શ્વાસ, પ્રમેહ, કાસ, મંદાગ્નિ અને ઉદરસંબંધી વ્યથા, એ રોગો દૂર થાય છે, બુદ્ધિ સારી થાય છે અને શુક્રધાતુની વૃદ્ધિ થાય છે. (૩) વીસ પ્રકારના પ્રમેહને સારૂ મધ, લીંડીપીંપર અને શિલાજિતમાં આપવી. (૪) ક્ષયરોગમાં સોનાના વરખ સાથે આપવી. (૫) ધાતુવૃદ્ધિ માટે સોનાના અને રૂપાના વરખ સાથે અથવા ભસ્મ સાથે આપવી. (૬) રક્તપિત્તને સારૂ હરડે, ગોળ અથવા એલચીદાણા અને સાકરની સાથે આપવી. (૭) ક્ષય, પાંડુ તથા મૂળવ્યાધિ માટે ત્રિકટુ, ત્રિફળાં, ચાતુર્જાત, સાકર અને મધની સાથે આપવી. (૮) પ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર ઉપરઃ—એલચીદાણા, ગોખરૂ, ભોંયઆમલી, ખડીસાકર અને ગાયના દૂધની સાથે આપવી. (૯) પ્રમેહમાં ગળોનું સત્ત્વ અને ખડીસાકર સાથે આપવી. (૧૦) જીર્ણજ્વરને માટે મધ અને લીંડીપીંપરમાં આપવી. (૧૧) નેત્ર-રોગ અને ધાતુપુષ્ટિને સારૂ ત્રિફળાંના ચૂર્ણ સાથે મધમાં આપવી. (૧૨) ગુમડાને માટે મોરવેલના સત્ત્વ સાથે ત્રિકટુના ચૂર્ણમાં આપવી. (૧૩) બળવૃદ્ધિને માટે ગાયનું દૂધ અને ભોંયકોળામાં આપવી. (૧૪) મૂળવ્યાધિને માટે ભીલામા સાથે આપવી. (૧૫) વાયુરોગને માટે સુંઠ, પુષ્કરમૂળ, ભારંગમૂળ અને આસગંધના ચૂર્ણ સાથે મધમાં આપવી. (૧૬) કફરોગને માટે કાયફળ, લીંડીપીંપર અને મધમાં આપવી. (૧૭) જઠરાગ્નિ પ્રદીપ્ત થવા માટે તથા મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર અને મૂતરખડામાં સર્વ ક્ષારો સાથે આપવી. (૧૮) ધાતુસ્તંભનને માટે ભાંગમાં આપવી. (૧૯) ધાતુવૃદ્ધિ માટે લવંગ તથા મધમાં આપવી. (૨૦) પિત્તરોગને માટે ગાયના ઘી સાથે સાકરમાં આપવી. બાકીના રોગોના માટે ઉચિત અનુપાનો મુજબ આપવી.†

२–अंबर

અંબર એ એક ખનીજ પદાર્થ છે. એના ગાંગડા થાય છે. એ પૃથ્વીની ફાટોમાંથી અથવા સમુદ્રમાં તરતું અગર સમુદ્રકિનારા ઉપર ઘણે ઠેકાણે મળે છે. એ વિશેષે કરી બાલ્ટિક સમુદ્ર, પર્શિયન સમુદ્ર ઈત્યાદિના કિનારા ઉપર અને પોલાંડ, જર્મની, સ્વીડન, સિસીલી, પ્રશિયા ઇત્યાદિ દેશોની જમીનમાં મળે છે. અંબર પીળું, કાળું અને ધોળું તથા તે ઉપર ટપકાં હોઇને ગોળ અરગજા જેવું પીળા રંગનું હોય છે. પીળું અંબર શ્રેષ્ઠ છે. કાળું સર્વથી ઓછી કિંમતનું છે. ખરૂં અંબર મોંઘું વેચાય છે, એટલે કેટલાક લોક બનાવટી પણ કરે છે. જે ખરૂં અંબર છે તેના બે ગાંગડા લઈ એક ઉપર એક ઘસવાથી, તે ગરમ થતાંજ સૂક્ષ્મ પદાર્થોને લોહચુંબક જેવું આકર્ષણ કરે છે. દાંત નીચે ચાવવાથી થોડો અવાજ થાય છે, પણ પીગળતું નથી; માત્ર નરમ થાય છે અને તેમાં થોડી ચીકાશ આવે છે. અંબરને દેવતામાં નાખવાથી તેના ધૂમાડાની સુગંધી સારી આવે છે. અંબર સુગંધી પદાર્થમાં નંખાય છે. **અંબરઃ**—ધાતુવર્ધક, તૃપ્તિકર, પુષ્ટિકારક, કામોત્તેજક, ઇંદ્રિયોને શક્તિ આપનાર, સ્ત્રીસમાગમના વિષયમાં ઈચ્છા ઉત્પન્ન કરનાર, અગ્નિવર્ધક, કોઠામાંની શરદી અને ગરમીની ઇજા દૂર કરનાર, યુવાન તથા ઘરડાને હિતકારક છે. **ઉપયોગઃ**—(૧) **કંપવાયુ ઉપરઃ**—૧ ચણોઠીભાર અંબર મધની સાથે આપવું. આમ સાત દિવસ આપવાથી કંપવાયુ દૂર થાય છે; તેમજ તેથી કોઠા અને સાંધામાંનો રોગ પણ દૂર થાય છે. (૨) **સ્થાવર જંગમ વિષ ઉપરઃ**—અંબર પાણીની સાથે આપવું. (૩) **વિષૂચિકા (કૉલેરા) ઉપરઃ**—અંબરની ધૂણી આપવી તથા અંબર અને કસ્તૂરી થોડી ખાવા પણ આપવી. **ક્ષીણતા ઉપરઃ**—ઘી અને સાકર સાથે અંબરનું સેવન કરવું; એટલે ક્ષીણતા દૂર થઇ શરીરે તેજ આવે છે અને મગજ શાંત થાય છે.

† અશુદ્ધ (શોધ્યા વગર), અસિદ્ર (ચંદ્રિકા રહેલા કાચા), અભ્રકની ભસ્મ મનુષ્યના શરીરમાં અનેક પ્રકારની પીડા કરે છે. એ કોઢ, ક્ષય, પાંડુરોગ, સોજો, હૃદય અને પસવાડામાં પીડા તથા ભારે સંતાપ આપનાર છે. અભ્રકના વિકારની શાંતિ ત્રણ દિવસ આમળાં પાણીમાં વાટી પીવાથી થાય છે, એમ કહેલું છે.

૩–કપીલો

સં૦ ક૦ કપિલ્લક. મ૦ કપિલા. હિં૦ કમીલા. ફા૦ કન્બિલાય. અ૦ કિન્બીર. ઈં૦ કમિલા રોટલીરા. લા૦ રોટલીરા ટિંકટોરીઆ. બં૦ કમલાગુંડી.

કપીલો એ રંગે તામ્રવર્ણ હોઇ ઈંટના ભૂકા જેવો હોય છે. એ સુરત પાસે ઉત્પન્ન થાય છે. **કપીલો:**—રેચક, તીખટ અને ઉષ્ણ છે; તથા વ્રણ, કફ, ઉદરરસ, જંતુ અને કૃમિનો નાશ કરે છે. **ઉપયોગ:—(૧)રેચ થવા માટે તથા પિત્તગુલ્મ ઉપર:**—મધમાં કપીલો ખરલ કરી આપવો એટલે રેચ થાય છે અને પિત્તગુલ્મ નિર્બળ થાય છે. **(૨) કૃમિ ઉપર:**—કપીલાચૂર્ણ અર્ધો તોલો ગોળ સાથે ખાવા આપવું, એટલે સંપૂર્ણ કૃમિનો નાશ થશે.

૪–કલાઇ (કથીર)

સં૦ ત્રપુ. મ૦ કથીલ. હિં૦ રાંગા. ક૦ તગર. તૈ૦ તાગારામુ. ફા૦ અરજીજ. અ૦ રૂસાસ. ઈં૦ ટીન. લા૦ સ્ટેનમ.

શોધન:—×કલાઇ પાતળી કરી નગોડના રસમાં હળદરનું ચૂર્ણ નાખી તેમાં રેડવી. આ

× **કલાઇનું શોધન તથા મારણ:**—(૧) કલાઇને ચુલા પર કડાઇમાં તપાવી રસ કરી તેલ, છાશ, ગોમૂત્ર તથા કાંજીમાં ત્રણ ત્રણ વખત ઠારવાથી કલાઇ શુદ્ધ થાય છે. કલાઇનો રસ તેલ વિનાના બીજા પ્રવાહીમાં નાખવાની સાથેજ ઉછળી બહાર આવે છે. એટલા માટે છાશાદિ પદાર્થોના વાસણને એક ખાડામાં રાખી ઉપર ઘંટીનું પડ અથવા નાના છિદ્રવાળો ૩–૪ મણ વજનવાળો પથ્થર ઉપર રાખી છિદ્રમાંથી સંભાળપૂર્વક કલાઇના રસને નાખવો. અથવા એક નાની કડછી લઇ એકેક તોલા બબ્બે તોલા કલાઇનો રસ લેતા જઇ એકેક મિનિટ બહારનો વાયુ લાગવા દઈ શોધન કરવા માટેના ઔષધિના રસમાં નાખતા જવું. આ રીતે કરવાથી ઉડવાનો ભય રહેતો નથી, તેમજ મોટા પથ્થરની પણ જરૂરત રહેતી નથી. જેટલું શોધન સારૂં થાય તેટલીજ ભસ્મ વધારે ગુણવાળી બને છે. ઉપર મુજબ ૧૨ વખત ગરમ કરી બુઝાવવાથી કલાઈ શુદ્ધ થાય છે. ત્યારપછી છેવટે કલાઇને ગરમ કરી ઉતારી તરત તેમાં થોડું તેલ નાખી દેવું કે જેથી પતરાં કરવા માટે એક ગોળ ઢાળકી બની જાય છે. ઠંડી થયા પછી કલાઇને શુદ્ધ જલથી ધોઇ બારીક કાગળ જેવાં પતરાં તૈયાર કરાવવાં. આ પતરાંના ટુકડા ઇંચના ચોથા ભાગની લંબાઇ પહોળાઈના અથવા તેથી નાના તૈયાર કરવા. ત્યારપછી બે સુકાયલાં છાણાંની વચમાં સંપુટ કરવાની છે. આ છાણાં એકેક પાંચ સાત શેર વજનવાળાં હોવાં જોઇએ. બંને સમાન ગોળાકારનાં બનાવવાં. ઉપરનો ભાગ ૪–૬ દિવસે સુકાય ત્યારે ઉલટાવી એકેક ઈંચ ચારે બાજુની જગા છોડી વચ્ચે ૧॥ થી ૨ ઇંચ સુધી ઉંડો ખાડો વચ્ચેનું છાણ કાઢી નાખીને બંને છાણાંમાં કરવો. આ છાણાં સારાં સુકાઈ જવા પછી સંપુટ માટે ઉપયોગમાં લેવાં. એક છાણાની વચ્ચે ખાડામાં તલ તથા આમલીની છાલનું જવકુટ ચૂર્ણ મેળવી એક આંગળ જેટલું પાથરવું. ઉપર કલાઇનાં પતરાંના ટુકડા પાથરવા. પુનઃ ઉપર તલ અને આમલીની છાલનું ચૂર્ણ પાથરી કલાઇના પતરાના ટુકડા રાખવા. આખરે ઉપર આમલીની છાલનું ચૂર્ણ તથા તલ પાથરી બંને છાણાંની વચ્ચે જગ્યા પૂરી કરી આપવી. આ બે છાણાંની વચ્ચે કલાઈ ૧૦–૧૨ તોલા તથા તલવાળું ચૂર્ણ ૧॥ શેર આશરે રાખવું. ત્યારપછી છાણથી સાંધો બંધ કરી સંપુટ સુકાવી લેવું. સુકાયા પછી નિવાત સ્થાનમાં એક કડાઈ અથવા કોઇ પહોળા વાસણમાં ૩૦–૪૦ છાણાં નીચે ઉપર આજુબાજુ ગોઠવી વચ્ચે સંપુટ રાખી સળગાવવું. સ્વાંગ શીતળ થયેથી સંભાળપૂર્વક ઉપરના છાણાની રાખ કાઢી નાખી વચમાંથી કલાઇની ચોખાની ધાણી જેવી ભસ્મ વીણી લેવી. આ ભસ્મમાં કોઇક અંશ કાચો રહી જાય છે એટલા માટે થોડી ખરલ કરી ભસ્મ કપડેથી ગાળી લેવી. ઉપરનો કાચો ભાગ અલગ કાઢી નાખવો. બારીક ગાળવામાંથી નીકળેલી ભસ્મ નિર્ભયરૂપે સર્વ કાર્યમાં યોજવી. આ ભસ્મ સફેદ રંગની, વજનમાં હલકી તથા બહુજ મુલાયમ હોય છે. નં. ૬ માં ટાટમાં તૈયાર કરવાનું લખ્યું છે, પણ

પ્રમાણે ત્રણ વખત રેડવું એટલે શુદ્ધ થશે. કલાઇ શરીર પર ઉઠી આવે છે માટે સાવચેતી રાખવી.*
મારણ:—(૧) શુદ્ધ કરેલી કલાઈ કઢાઇમાં ઘાલી ચૂલા ઉપર મૂકવી અને નીચે દેવતા કરવો. કલાઇ પાતળી થયા પછી તેમાં ચોથો ભાગ અઘેડીનું ચૂર્ણ નાખી આંબાના લાકડાથી જ્યાં સુધી ભસ્મ થાય ત્યાંસુધી ઘુંટવું. ચૂર્ણ વારંવાર થોડું થોડું નાખતા જવું. જ્યાં સુધી કલાઇની ભસ્મ થાય ત્યાંસુધી અઘેડીનું ચૂર્ણ નાખતા જવું. પછી તે ભસ્મ એકત્ર કરી ઉપર કોડીઆનું સારૂં ઢાંકણુ કરી લાલ થાય ત્યાંસુધી નીચે તીવ્રાગ્નિ કરવો અને ઠંડુ થયા પછી કાઢી લેવું. (૨) અજમાનું ચૂર્ણ, શિલાજિત, અઘેડીની ભસ્મ અથવા આમલીના કચુકાનું ચૂર્ણ, એ પ્રત્યેક કલાઇને મારવાના પદાર્થ છે; એટલે એમાંના એકથીજ ઉપરની રીત પ્રમાણે કલાઈ કઢાઈમાં નાખી પાતળી થયા પછી તેમાં એકનું થોડે થોડે ચૂર્ણ નાખતા જવાથી કલાઇભસ્મ થશે. પછી પૂર્વોક્ત કલાઇભસ્મ લઈ શુદ્ધ હરતાલ સમાન અથવા ચતુર્થાંશ અગર અષ્ટમાંશ તેમાં મેળવી, લિંબુના અથવા કુંવારના રસમાં પહોર–બે પહોર ખરલ કરી તેનો ગોળો બાંધવો. તે કોડીઆના સંપુટમાં પીંપળાની છાલમાં રાખી પછી ગજપુટ અગ્નિ આપવો. આ પ્રમાણે સાત વખત પુટો આપવા, એટલે સર્વોત્તમ ખડી જેવી બંગભસ્મ થશે. એ સર્વ કાર્યો કરે છે. એથી વૈદ્યોનું જીવન થશે. બીજા પુટોને તાલક દેવી નહિ; ફકત કુંવારના તાજા રસમાં ઘુંટવી અને વારંવાર પુટ આપવા. (૩) કલાઇ શુદ્ધ કરી તેનાં સારાં પાતળાં પતરાં કરવાં અને ઔષધિસહિત તે ૩૨ તોલા પતરાં યંત્ર ઉપર રાખવાં. તે ઔષધિ–બકરીની લીંડીઓ ૪ શેર અને હળદર ૪ શેર, એ બધાંનું એકત્ર ચૂર્ણ વસ્ત્રગાળ કરી વાસણમાં થોડો ચૂર્ણનો થર કરી તે ઉપર કલાઇનાં પતરાં, તે ઉપર ચૂર્ણ, તે ઉપર પતરાં, તે ઉપર ચૂર્ણ નાખી યંત્રને કપડમાટી કરી ગજપુટ આપવો. સારૂં ઠંડુ થયા પછી કાઢી લઇ વાલ અથવા અર્ધો વાલ દેહનું બળ જોઈ આપવી. એ યથાયોગ્ય અનુપાનોમાં આપવાથી સંપૂર્ણ રોગનો નાશ કરે છે. (૪) કલાઇ ઠીકરાના વાસણમાં ઘાલી ચૂલા ઉપર પાતળી કરી ખીજડાના લાકડાથી ઘુંટવી એટલે ભસ્મ થશે.+ (૫) હળદરનું ચૂર્ણ કરી તે નીચેના કોડીઆમાં ઘાલી તે ઉપર કલાઇનાં પતરાં મૂકી ઉપર બાકીનું ચૂર્ણ નાખી કપડમાટી કરી અગ્નિ કરવો એટલે કલાઇની ભસ્મ થશે. તે ભસ્મ લઈ ભસ્મથી ચોથે ભાગે સુરોખાર મેળવી કોડીઆના સંપુટમાં ઘાલી એક ઘટિકા મંદ અગ્નિ કરવો અને ઠંડુ થયા પછી ધોળા શંખ અથવા કુંદપુષ્પ જેવી ભસ્મ લેવી અને સર્વ રોગ ઉપર અનુપાનમાં આપવી. (૬) ટાટનો કકડો લઇ તે ઉપર તલ અને આમલીની છાલ એકત્ર મેળવી તે ચૂર્ણ તે ટાટ ઉપર અર્ધો આંગળ પાથરી, તે ઉપર કલાઇનાં પતરાં ઝીણાં કરેલાં નાખી તે ઉપર ફરીથી ચૂર્ણ નાખવું; અને તે ઉપર ફરી કકડો મેલવો, વળી ચૂર્ણ નાખવું. આ પ્રમાણે સર્વ મૂકી બાંધી માટીનો લેપ કરી ગજપુટ કરવો. ઠંડુ થયા પછી યુક્તિઓથી કાઢી લેવી. તે જેવી ભાતની ધાણી થાય છે, એ

તેમાં ભસ્મ બહુજ ઓછી હાથમાં આવે છે. (૨) તલ અને આમલીના ચૂર્ણને બદલે ભાંગમાં પણ તૈયાર થાય છે. રીતિ ઉપર મુજબ. ભાંગમાં તૈયાર કરેલી ભસ્મ ઉપરની ભસ્મ કરતાં વિશેષ ગુણ કરે છે. બને રીતિથી ઘણી વખત ભસ્મ તૈયાર કરાવેલી છે. (૩) **બંગભસ્મનો વિધિ:**—લોઢાની કડાઇમાં શુદ્ધ કલાઇનો રસ કરી તેમાં કલાઇના સમાન વજને હળદરનું ચૂર્ણ, અજમાનું ચૂર્ણ, જીરાનું ચૂર્ણ, આંબલીની છાલનું ચૂર્ણ અને પીપળાની છાલનું ચૂર્ણ અનુક્રમે એક પછી એક ધારે ધારે થોડું થોડું કરી નાખતા જવું અને હલાવતા રહેવું. ચૂર્ણ સમાપ્ત થયા પછી જ્યારે કલાઇ ભસ્મનો સફેદ રંગ થાય ત્યારે ભસ્મ તૈયાર થઇ જાણવી.

* શોધન કરતી વખતે કલાઈનો મેલ નીકળે તે એક બાજુ ભેગા કરતા જવો. છેવટે નવસાર તથા ગોળ મેલમાં મેળવી અગ્નિ પર કડાઇમાં ગરમ કરવાથી કેટલીક કલાઇ નીકળી આવે છે. તે ઉપયોગમાં લઇ શકાય છે.

\+ આ રીતે તૈયાર કરેલી ભસ્મ મિત્રપંચકથી તપાસતાં કાચી જણાય છે. ચાર કલાક સખ્ત અગ્નિ આપ્યો હતો. બીજી વખત ફરી ચૂલે ચઢાવી ત્યારે ચૂલા ઉપરજ નાની ગોળીઓ વળી ગઇ. એથી બધી મહેનત નકામી થઈ છે, માટે આ રીતે વિચાર કરીનેજ ભસ્મ કરવી.

પ્રમાણે હોય ચોળવાથી બારિક થશે અને સર્વ કાર્ય કરશે. આ પૂર્વોક્ત ભસ્મને પ્રાચીન વૈદ્યોએ તાલકાનની ઉપેક્ષા કરી છે. (૭) શુદ્ધ કરેલી કલાઇનો દશમો ભાગ પારો લઈ તેમાં ખરલ કરી આકડાના દૂધમાં ખરલ કરવો; અને ઠીકરામાં ઘાલી પાતળી કરી નીચે તીવ્રાગ્નિ કરી દાડમના સોટાથી ઘુંટવું એટલે ભસ્મ થશે. (૮)* હરતાલ ખાખરાનાં પાંદડાંમાં ખરલ કરી તેનો કલાઇનાં પતરાંને લેપ કરવો અને ગજપુટ કરવો; એટલે ભસ્મ થશે. (૯) કલાઇનાં પાતળાં પતરાં કરી તે ×દૂધમાં અથવા ભાંગમાં થર ઉપર થર દઇને છાણાંનો પુટ આપવો; એટલે ભસ્મ થશે÷ બંગ (કલાઇ) ભસ્મના ગુણઃ—શુદ્ધ તૈયાર કરેલી બંગભસ્મ બળકર, દીપન, પાચન, રુચિકર, બુદ્ધિપ્રદ, શીતળ, કાંતિકારક, જરાનાશક, નીરોગતાકારક, ધાતુને સ્થિર કરનાર અને ક્ષય તથા સંપૂર્ણ પ્રમેહનો નાશ કરનાર છે. બંગ ભક્ષણ કરનાર પુરુષોને સ્વપ્નમાં પણ શુક્રક્ષય થનાર નથી. એ નિત્ય ૧ અગર ૨ ગુંજા આપવી. **બંગનાં અનુપાનોઃ**—(૧) મુખગંધ માટે કપૂર સાથે. (૨) પુષ્ટિને માટે જાયફળમાં અથવા દૂધમાં. (૩) પ્રમેહને માટે તુલસીનાં પાંદડાં સાથે અથવા મધ અને સાકરમાં. (૪) પાંડુરોગને માટે ઘીમાં. (૫) ગુલ્મરોગ માટે ફુલાવેલા ટંકણખારમાં. (૬) રક્તપિત્ત અને ઊર્ધ્વ શ્વાસને માટે હળદરમાં. (૭) બળવૃદ્ધિને માટે મધમાં. (૮) પિત્તને માટે સાકરમાં. (૯) વીર્યસ્તંભનને માટે નાગરવેલનાં પાનમાં અથવા ભાંગમાં અગર કસ્તૂરીમાં. (૧૦) અગ્નિમાંદ્યને માટે લીંડીપીંપરમાં. (૧૧) દુર્ગંધીને માટે ચંપાના ફૂલના રસમાં. (૧૨) દાધ થયો હોય તો લિંબુના રસમાં. (૧૩) ચર્મપક્ષ એટલે પાંપણોના રોગને સારૂ બોરની છાલના ઉકાળામાં. (૧૪) અજીર્ણને માટે આમળાં સાથે અથવા સોપારીમાં. (૧૫) અસ્થિગત જ્વરને માટે માખણમાં. (૧૬) વાયુને માટે લસણમાં ‡ (૧૭) કોઢને માટે સમુદ્રફળમાં અથવા નગોડના રસમાં. (૧૮) ષંઢત્વ નાશ થવાને માટે અઘેડીનાં મૂળમાં. (૧૯) લિંગવૃદ્ધિને માટે લવંગ અને સમુદ્રફળ નાગરવેલીના રસમાં ઘસી ઉપર લેપ કરવો. (૨૦) મોહનીને માટે ગોરોચન અને લવંગમાં તિલક કરવું. (૨૧) મસ્તકરોગને માટે એરંડાનાં મૂળ ઘસી તેમાં બંગ નાખી લેપ કરવો. (૨૨) બરોળ રોગને માટે ટંકણખારમાં. (૨૩) વાયુને માટે અજમો અથવા આસંધમાં. (૨૪) જળોદરને માટે બકરીના દૂધમાં. (૨૫) અર્શ ઉપર કાથામાં અથવા ગધેડીના દૂધમાં. (૨૬) મસ્તકરોગ ઉપર અઘેડીમાં. (૨૭) ધાતુવિકૃતિ ઉપર જાયફળ, જાવંત્રી અને લવંગમાં. (૨૮) કમ્મરની વ્યથાને માટે જાયફળ અને અષ્ટગંધમાં. (૨૯) નાડીવ્રણને માટે નાગરવેલી સાથે. (૩૦) પેટમાં પીડ આવતી હોય તો હરડે સાથે. (૩૧) વાતગુલ્મને માટે છાશ સાથે. (૩૨) ફેફરૂં (ગોતું) આવે છે તેમાં લસણના તેલમાં નસ્ય કરવું. (૩૩) શ્વાસને માટે જાયફળ, લવંગ અને મધમાં. (૩૪) શરીર બળવાન થવા માટે તુલસીના રસમાં †

---

* આવા દશપુટ આપવા માટે શાસ્ત્રકારોએ લખેલ છે. પહેલી વખત સમાન તપકીઆ હરતાલ લેવી; પછીના પુટોમાં હરવખત દશમો ભાગ હરતાલનો લેવો. બીજા પુટથી હરતાલ તથા કલાઇને ખાખરાનાં પાંદડાંના રસમાં ઘુંટી કરી ગોળો કરવો. ગોળો સૂર્યના તાપમાં સુકાય ત્યાર પછી મજબૂત સંપુટ કરી ગજપુટ આપવો. સંપુટ સારૂં નહિ હોય તો હરતાલ સંપુટને તોડી નાખશે.

× દૂધ શબ્દ લખેલ છે તે છાતલા દૂધેલી જોઇએ. દૂધેલીપંચાગ સુકાવી તેમાં ભસ્મ બની શકે છે. દૂધમાં તો કલાઇ ઉડી સંપુટને તોડી બહાર નીકળી જશે. છાપવામાં દોષ થઈ ગયેલો જણાય છે.

÷ રસગ્રંથોમાં લખ્યું છે કે, અશુદ્ધ કલાઈ અથવા સીસાથી આક્ષેપક, કંપવાત, કિલાસકુષ્ઠ, ગુલ્મ (ગોળો), કોઢ, શૂળ, વાત, શોથ, પાંડુ, પ્રમેહ તથા ભગંદર, એ રોગો ઉત્પન્ન થાય છે, તેમજ તે વિષતુલ્ય છે. રક્તવિકારના સર્વ રોગ, ક્ષય, મૂત્રકૃચ્છ્ર, તાવ, પ્રમેહ, પથરી, વિદ્રધિ અને અંડવૃદ્ધિ ઇત્યાદિ રોગ ઉત્પન્ન કરે છે. વળી મંદાગ્નિ, પાંડુરોગ અને નિર્બળપણું પણ પ્રકટ કરે છે. એના દોષની શાંતિ માટે કાકડાશિંગ સાકર સાથે ત્રણ દિવસ ખાવી.

‡ લસણ ઘીમાં તળીને પછી બંગભસ્મ સાથે ખરલ કરી ચાટી જવું.

† (૧)**પ્રમેહના દરદ ઉપરઃ**—બંગભસ્મ તથા અવિંધ મોતી સમભાગ લઇ ગુલાબજળમાં

५–काचलवण (बंगडीखार)

સં૦ ક૦ કાચલવણ. મ૦ બાંગડખાર. હિં૦ કચનોન. ફા૦ નમકે શીશા. અ૦ મિલ્હેજુજાજ.

કાચલવણ કાચની ભઠ્ઠીમાં ઉત્પન્ન થાય છે. એનો રંગ ધોળો હોય છે. **કાચલવણ:**—પિત્તકારક, કિંચિત્ ખારૂં, રૂક્ષ, અગ્નિદીપક, ઉષ્ણ, ચક્ષુષ્ય તથા દાહકારક છે; અને શળ, ગુલ્મ, કફ, વાયુ તથા પિત્તનું નાશક છે. **ઉપયોગ:—અજીર્ણ ઉપર:**—કાચલવણનું માસો દોઢ માસો ચૂર્ણ ગરમ પાણીમાં આપવું.

६–कादीखार

કાડીખારને અંગ્રેજીમાં "નૈટ્રેટ ઑફ સીલ્વર" અને "લ્યુવર કાસ્ટિક" કહે છે. એ રૂપામાંથી બનાવાય છે. કાડીખારની પેન્સીલ જેવી ધોળી લાકડી હોય છે. કાડીખાર ગરમ પાણીમાં પીગળે છે. એ ચામડીને લાગવાથી કાળા ડાઘ પડે છે અને ફોલ્લો ઉઠે છે. ઉપયોગ:—(૧) **આંખોનો દાહ, આંખો દુખવા આવે તે ઉપર અને ખટકા ઉપર:**—†કાડીખાર ગરમ પાણીમાં પીગળાવી તેનું ટીપું પીંછાંવડે આંખમાં નાખવું. (૨) **ગરમીનાં ચટ્ટાંઓ (ચાઠાં) ઉપર:**—ચાંદી થતાંજ તે ઉપર કાડીખાર ચોપડવો એટલે ચટ્ટાં પ્રસરતાં નથી અને તે ઉપરનું વિષ બળી જાય છે. (૩) **શરીરમાંનો સોજો, અચાળુ અને મસ (ચામખીલ) ઉપર:**—કાડીખાર ચોપડવો. (૪) **એક વર્ષની અંદરના આંખમાંના ફૂલ ઉપર:**—મૃગનક્ષત્રનું અથવા હસ્તનક્ષત્રનું પાણી લઇ બાટલીમાં રાખી તેમાં ૧૮ તોલાએ ૧ રતી÷ કાડીખાર નાખી તેને મજબૂત બાંધી રાખવું. ૧૦–૧૨ દિવસ થયા પછી તે પાણી પીછાંથી આંખમાં નાખવું. નાખતી વેળાએ હલાવવું જોઇએ.

७–कांतीलोढुं (कांतलोह)

કાંતીલોઢું એ લોહચુંબકમાંથી થાય છે. એમાં ભ્રામર અને ચુંબક એવા પ્રકાર છે. કાંતીલોઢું મળવું કઠિન છે. એ સર્વ લોઢામાં શ્રેષ્ઠ છે. **કાંતીલોઢું:**—કાંતીલોઢાના વાસણમાં પાણી ભરી તેમાં તેલનું ટપકું નાખવાથી પ્રસરતું નથી અને પાણીને હીંગનો વાસ આવે છે તથા લિંબુનો રસ

ખરલ કરી લેવાં. પછી એ ચૂર્ણ ૨ રતી, વંશલોચન, નાના ઇલાઇચી તથા ચાંદીના વરખસાથે મેળવી મધમાં ચાટી જવું. થોડા દિવસ સેવન કરવાથી પ્રમેહરોગ તથા ધાતુદોષ દૂર થઈ શરીર નીરોગી બને છે. **બહુમૂત્ર માટે:**—બંગભસ્મ, સિતોપલાદિ ચૂર્ણ, ઘી તથા મધની સાથે ચાટવી અથવા બંગભસ્મ મધમાં ચાટી ઉપર ગોખરૂનો ક્વાથ પીવો. **સ્વપ્નદોષ માટે:**—ઇસબગોલ (ઓથમીજીરૂ)ની ભૂસી (ઉપરનાં છીલટાં) ૪ માસા, સાકર ૪ માસા તથા બંગભસ્મ ૨ થી ૩ રતી મેળવી ખાઇ ઉપર દૂધ પીવું. સ્વપ્નદોષવાળાએ અજીર્ણમાં ભોજન, ગોળ, નવા ભાત તથા ખટાઇનો ત્યાગ કરવો.

† કાડીખાર ગરમ પાણી(પાણીની વરાળ–ડીસ્ટીલ્ડ વૉટર)માં અથવા વરસાદમાં અદ્ધરથી લીધેલા વરસાદના પાણીમાં મેળવવામાં આવે છે. ૨॥ તોલા પાણીમાં સાધારણ રીતે ૧ થી ૧॥ રતી મેળવાય છે. આ મિશ્રણ નીલા રંગની શીશીમાં રાખવું જોઇએ. સફેદ કાચમાં રાખેલ મિશ્રણ કમજોર થઈ જાય છે. સફેદ કાચની શીશી હોય તો ઉપર નીલા રંગનો કાગળ ચારે બાજુએ ફરતો ચોંટાડી દેવો.

કાડીખાર ઉપદંશ, ચાંદી, સડેલાં ધારાં, હડકાયા કૂતરાનો દંશ તથા બીજાં ઝેરી જાનવરોના જખમને બાળી નાખવા માટે ઉપયોગી છે. નાના નાના મસા અથવા મસાના અંકુરોના મૂળમાં લગાડવાથી તે બળીને ખરી જાય છે. બાળવાની જગ્યા પાણીથી થોડી ભીની કરી કરવી, જેથી કાસ્ટીક જલદી લાગે છે. કાસ્ટીક લગાડવા પછી બળતરા વધારે થાય તો પાણીથી ધોઇ નાખવું. પ્રદર તથા પ્રમેહમાં પીચકારીથી ધોવા માટે કાડીખારનો ઉપયોગ થાય છે.

÷ કાડીખાર ૧ માસો જોઇએ. ભૂલથી ૧ રતી લખાયેલ હોય એમ અનુમાન થાય છે.

કાંતીલોઢાના વાસણમાં નાખવાથી કડવો થાય છે અને વાસણમાં દૂધ ગરમ કરવાથી ઉભરા આવી બહાર નીકળી જતું નથી; ઉંચું વધે છે. કાંતીલોઢાનું વાસણ તપાવી તેમાં પાણીમાં પલાળેલા ચણા નાખવાથી છાલ બળે છે, તેને કાંતીલોઢું કહે છે. **મારણ:**—કાંતીલોઢાનું મારણ પોલાદના મારણ પ્રમાણે કરવું. એની ભસ્મ પોલાદની કરતાં સોગણી વધારે ગુણવાળી છે.×

૮—कांसु

સં૦ કાંસ્ય. મ૦ કાંસે. હિં૦ કાંસા. ક૦ તૈ૦ કંચુ. ફા૦ રોઇન. અ૦ તાલિકૂન ઈં૦ બેલ મેટલ બ્રાંઈઝ.

કાંસુ એ મિશ્ર ધાતુ છે. આઠ ભાગ તાંબુ અને બે ભાગ કલાઈ, એમ બે ધાતુ રસ કરી એકત્ર કરવાથી કાંસુ થાય છે. તેનાં ભોજનપાત્ર શુભકારક છે. કાંસુ બે પ્રકારનું છે. એક પુષ્પક અને બીજું તૈલક. તેમાં પુષ્પક ધોળું હોય છે અને તૈલક કફ કરે છે. પહેલું રોગશાંતિ માટે આપવું. ધોળું ચકચકિત, મૃદુલ, શબ્દ થનાર, સ્નિગ્ધ, નિમળ, ઘનાંગી અને સરળ એવું કાંસુ ઉત્તમ જાણવું. **શોધન:**—(૧) કાંસાનાં પતરાં કરી તપાવી તે તેલ ગાયનું મૂત્ર, કાંજી અને કળથીના કાઢામાં ત્રણ ત્રણ વખત પલાળવાં એટલે શુદ્ધ થાય છે. (૨) કાંસાનાં પાતળાં પતરાં કરી ગોમૂત્રમાં પહોરભર બાફવાં કિંવા અમ્લદ્રવ્યમાં (ખાટા પદાર્થોમાં) બાફવાં; એટલે કાંસુ શુદ્ધ થાય છે. **મારણ:**—કાંસુ અને પિત્તળનું મારણ તાંબા જેવુંજ કરવું. **તાંબું, પિત્તળ અને કાંસાના મારણ વિષે:**—(૧) સમાનભાગ ગંધક લઇ તે આકડો, વડ, ગાયનું દૂધ અને નગોડના રસમાં જુદું જુદું મર્દન કરી પતરાંને લેપ કરી જુદા જુદા બે ગજપુટ દેવા, એટલે ભસ્મ થાય છે. (૨) કાંસુ કિંવા પિત્તળના સમભાગ ગંધક લઇ આકડાના દૂધમાં ખરલ કરવો અને સારાં શુદ્ધ કરેલાં પતરાં લઈ તેને તે ગંધક વડે લેપ કરવો અને સૂકવી કોડીઆમાં ઘાલી કપડમાટી કરી ગજપુટ આપવો. એ પ્રમાણે બે પુટે કાંસાની અને પિત્તળની ભસ્મ થાય છે. **કાંસ્યભસ્મના ગુણ:**—તે તુરી, કડવી, ઉષ્ણ, લેખન, સ્વચ્છ, સારક, જડ, નેત્રને હિતાવહ તથા રૂક્ષ છે અને કફ તથા પિત્તની નાશક છે.*

૯—कोडी

સં૦ કપર્દક, વરાટિકા. ક૦ મ૦ કવડી. હિં૦ કૌડી. ઈં૦ કવરીઝ.

× **(૧) કાંતલોહ(ચુંબક પાષાણ)ના સત્વપાતનની વિધિ:**—૧૦ તોલા કાંતલોહનો ભૂકો કરી ચોથો ભાગ ચૂનો તથા ચોથો ભાગ ટંકણખાર મેળવવો. પછી ખટાઈમાં ઘુંટી નાની નાની ગોળીઓ બનાવવી. પછી કોષ્ઠી યંત્રમાં મૂકી કોયલાના તેજ અગ્નિ પર એક પ્રહર ધમાવવું એટલે સત્ત્વ પડશે. પ્રથમ પાંડુર અને ધૂસરવર્ણ જ્વાળા નીકળે છે. પછી અભ્રક સત્ત્વ મુજબ જ્વાળાઓ નીકળે છે. સત્ત્વ નીકળ્યા પછી લોહચુંબકની માફક બીજા લોઢાને ખેંચવાનો ગુણ તેમાં રહેતો નથી. આ સત્ત્વની ભસ્મ કરવી હોય તો લોહભસ્મની વિધિથી કરી લેવી. **(૨) કાંતરસાયન (દિવ્યામૃત રસાયન):**—કાંતલોહના સત્ત્વને બારીક ખાંડી ચૂર્ણ કરવું. પછી ચૂર્ણથી અર્ધો ગંધક એક કોડીઆમાં પાથરી ઉપર આ ચૂર્ણ મૂકવું તથા ચૂર્ણની ઉપર બીજો અર્ધો ગંધક પાથરી બીજું કોડિયું બંધબેસતું ઢાંકી કપડમાટી ગજપુટમાં ફૂંકવું. આવા ૧૦ ગજપુટ આપવા. ત્યાર પછી ૧૨ મો ભાગ શુદ્ધ હિંગળોક મેળવી કુંવારના રસમાં ખરલ કરી ટીકડીઓ બનાવી શરાવસંપુટ કરી ગજપુટ આપવો. આવા ૧૦ ગજપુટ આપવા, જેથી લાલ કીરમજી રંગની ભસ્મ તૈયાર થશે. આ ભસ્મની માત્રા ૧ ચોખાભાર. ત્રિકટુ તથા વાવડીંગના બેઆનીભાર ચૂર્ણ સાથે મેળવી પછી ચારઆનીભાર ઘી તથા બેઆનીભાર મધ મેળવી ચાટવાથી અસાધ્ય પાંડુરોગનો નાશ થાય છે, તેમજ જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે. ("વૈદ્યકલ્પતરુ" ઉપરથી)

* કાંસુ, પિત્તળ આદિ મિશ્ર ધાતુઓમાં દોષો તે તે ધાતુઓના મિશ્ર હોય છે; માટે તેઓની શાંતિ પણ એજ મુજબ મિશ્ર યોજવી જોઇએ.

કોડી અરબીસમુદ્રમાં અને લખદ્વીપ તથા માલદ્વીપ એ બેટા પાસે જડે છે. ધોળી, રાતી અને પીળી, એવી ત્રણ પ્રકારની કોડી છે; તેમાં પીળી તીક્ષ્ણ તથા ચક્ષુષ્ય છે, રાતી ઠંડી અને ગુમડાંને હિતકારક છે અને જે ઉપર ધોળાં ઘણાં બિંદુ અને રેષા હોય છે, તે બાળગ્રહનાશક અને નાના પ્રકરનાં કૌતકોને ઉપયોગી છે. જે રંગે પીળી, પીઠ ઉપર ગાંઠવાળી, તે રસયોગને ઠેકાણે આપવી. જે વજને દોઢ તોલો હોય તે ઉત્તમ, તોલાભાર તે મધ્યમ અને પોણો તોલો કનિષ્ઠ જાણવી. કોઇના મતમાં જે પીળી કોડી, પીઠ ઉપર ગાંઠાવાળી, લાંબી, વજને છ માસા હોય તે ઉત્તમ, ચાર માસા હોય તે મધ્યમ અને જે ત્રણ માસા હોય તે કનિષ્ઠ જાણવી. **કોડી:**—તીખટ, ઉષ્ણ, વૃષ્ય, અગ્નિ-દીપક, કડવી તથા શીત છે; અને કર્ણશૂળ, વ્રણ, નેત્રરોગ, સંગ્રહણી, ગુલ્મશૂળ, પરિણામશૂળ, ક્ષય, વાયુ તથા કફનો નાશ કરે છે. **શોધન:**—કોડી કાંજીમાં પચન કરવાથી શુદ્ધ થાય છે; અથવા એક રાત્રિ છાશમાં અથવા લિંબુના રસમાં પલાળી રાખે એટલે શુદ્ધ થાય છે. **મારણ:**—(૧) કોડી કોલસાના દેવતામાં સારી ફૂલે ત્યાંસુધી તપાવી ઠંડી થાય એટલે બારિક ખરલ કરી ઔષધ અર્થે યોજવી. (૨) કોડી ખાંડી વસ્ત્રગાળ ભૂકી કરવી અને તે એક કાચ કે માટીના વાસણમાં ભરી સર્વ ભૂકી પલાળ્યા પછી એક આંગળ ઉપર રહે એટલો લિંબુનો રસ રેડવો અને તડકામાં મૂકવું. એ પ્રમાણે નિત્ય લિંબુનો રસ ઘાલી ૭ પુટ આપવા. આઠમે દિવસે તેને બે પહોર સુધી ખરલ કરી તડકે સૂકવી રાખવું અને ઉપયોગમાં લેવું. એ બે ગુંજાથી એક માસા સુધી આપવી. એ સર્વ રોગો ઉપર અનુપાનપરત્વે આપવી. (૩) કોડી દેવતામાં લાલ થયા પછી લિંબુ અથવા કુંવારના રસમાં ચૂનાની કળી પ્રમાણે પલાળવી. પછી તેને સૂકવી ખરલ કરી રાખવી. **ઉપયોગ:**—(૧) **કાન વહેતો (પરૂ નીકળતું) હોય તે ઉપર:**—કોડીની ભસ્મ લિંબુના રસમાં અથવા હુક્કાના પાણીમાં કાનમાં પાડવી અથવા અડધી કોડીની ભસ્મ કાનમાં નાખી ઉપર લિંબુનો રસ રેડવો. (૨) **અપસ્માર ઉપર:**—કાંદાની ચીરી (ડુંગળીની ફાડ) ઉપર કોડીની ભસ્મ નાખી તેની પોટલી કરવી અને તે વારંવાર સુંઘવી. (૩) **ક્ષય ઉપર:**—કોડીની ભસ્મ ૨ ગુંજાભાર, સાકર ૧ તોલો, મધ એક તોલો અને માખણ એક તોલામાં આપવી. (૪) **ધાતુવિકાર ઉપર:**—કોડીની ભસ્મ ઘી અને સાકર સાથે આપવી. (૫) **શૂળ ઉપર:**—કોડીની ભસ્મ ઊના પાણીમાં અથવા સાકરમાં આપવી. (૬) **શ્વાસ, કાસ અને જ્વર ઉપર:**—કોડીની ભસ્મ દૂધ અને સાકરમાં આપવી અથવા મધમાં આપવી. (૭) **પ્રમેહ અને પ્રદર ઉપર:**—કોડીની ભસ્મ ઘી ને સાકર અગર ગાયનું દૂધ અને સાકરમાં આપવી. (૮) **દાદર, કંડૂ, ખસ અને ચઠ્ઠા ઉપર:**—તલનું તેલ નવટાંક, કોડીભસ્મ ૧ તોલો અને ગેરૂ ા તોલો એકત્ર ખરલ કરી લેપ કરવો.×

૧૦—खडी

સં૦ ખટિકા. મ૦ ખડી, ખડૂ. હિં૦ ખડીઆ. ક૦ બેણ્ણે બહૂ. ફા૦ ગિલેસુફેદ. અ૦ તિને અબીઅદ. ઇં૦ પાઈપ કલે. લા૦ કાર્બોનેટ ઑફ કેલ્સ્યમ. બં૦ ખડીમાટી.

ખડી ધોળી અને મલિન એ ભેદ વડે બે પ્રકારની છે. તેમાં મલિન ખડી કઠિન હોય છે તથા ગૌર ખડી મૃદુ પાષાણ જેવી, ઘણી શુભ્ર અને જડ, તે સારી હોય છે. **ખડી:**—દાહ, રક્તવિકાર, વિષ, શોષ, કફ અને નેત્રવિકારનો નાશ કરે છે; તથા ઠંડી, મધુર, લેખન અને બાળકોને હિતાવહ છે. **પાષાણ ખડી:**—વ્રણ, પિત્ત અને રક્તવિકારની નાશક હોઇ શીત અને લેપાદિકોમાં ગુણ-કારક તથા ભક્ષણ કરવાથી માટી જેવી લાગે છે.+

× કેટલાક કોડીને હવામાંજ (ખુલ્લા) બાળે છે; પરંતુ ખાવાના માટે તો તે કાચી રહે છે; માટે તે શોધીને સંપુટમાં બાળવી. વળી આકડાના દૂધમાં તે સર્વોપરિ થાય છે.

+ ખડી(ચાક માટી)નો ઉપયોગ દંતમંજનમાં થાય છે; તેમજ અતિસારના દરદમાં બીજી ઔષધિ મેળવીને અપાય છે. ખડી શુદ્ધ કરીને ઉપયોગમાં લેવી જોઇએ. ખડીને પહેલાં બારીક ખાંડી પાણીમાં રાત્રે ભીંજાવી દેવી. સવારે પાણી મસળી કપડેથી ગાળી લેવું. ગળાઇને જે પાણી-

૧૧–ખાપરિયું

સં૦ ખર્પર તુત્થ, ખર્પરી. મ૦ કલખાપરી. હિં૦ ખાપરીઆ. ક૦ ખર્પરી. તે૦ ખપરે. ફા૦ સંગબસરી. અ૦ તુતિયા કિરમાની મકસૂલ. ઇ૦ કેલેમાઇન. લા૦ ઝીંક કાર્બોનેટ. બં૦ ખાપર. તા૦ માદાળતૂનમ્. ઇરાની૦ કલખૂમ્રિ.

આ ઉપધાતુ ખાણમાંથી મળે છે અને બનાવટી પણ થાય છે. ઝિન્ક સલ્ફાઇટ જેને ઇ૦ બ્લેન્ડ અને સં૦ પાષાણ ભરસક, અને ગન્ધયશદ કહે છે તેને ખાંડી ઉંધા તવા ઉપર ધીરે ધીરે ગરમ કરે છે અને પછી તેમાં સાજીખાર મેળવી તપાવે છે. ત્યારપછી ધોઈ સાફ કરે છે. આ ખાપરિયો ગુગળા રંગની ભૂકી હોય છે. તેમજ ધોળા અથવા પીળા ધોળા, રૂચિરહિત ને માટી જેવો દેખાતો ગોળ ટીકડું કરી મુહિયાના આકારે વાળી આપેલ હોય છે. આ મુહિયું પથ્થર ઉપર જરા ઘસી સુંઘવાથી સુવાસ આપે છે. આ પાણીમાં પીગળતો નથી. ગન્ધયશદ પણ ખાણમાંથી મળે છે. અને બનાવટી પણ તૈયાર થાય છે. બનાવટીમાં શીશું અને સોખંડ આવે છે. ખાપરિયું જસતમાંથી થાય છે. એનો રંગ રાતો હોય છે.= **શોધન:**—ખાપરિયું મનુષ્યના મૂત્રમાં, ઘોડાના મૂત્રમાં કિંવા ગોમૂત્રમા દોલાયંત્રવડે સાત દિવસ પચન કરાવવું એટલે શુદ્ધ થશે. **ખાપરિયું:**—સંપૂર્ણ મોહનાશક છે; તથા કફ, પિત્ત, નેત્રરોગ અને ક્ષયનો નાશ કરે છે; તથા લોઢું અને પારાને રંગે છે. **લઘુમાલિની વસંત:**—ખાપરિયું બે ભાગ અને મરી એક ભાગ એકત્ર કરી તેનો ગાયના માખણમાં ખરલ કરવો. પછી તેને તેમાંનું માખણ ન દેખાય ત્યાંસુધી લિંબુના રસની ભાવના આપવી. આ વસંત તાવ ઉપર બે વાલ પ્રમાણે મધ અને લીંડીપીંપરમાં આપવું. આ જીર્ણજ્વર, ધાતુગતજ્વર, અતિસાર, રક્તાતિસાર, લોહીથી થયેલા વિકાર, મોટો પિત્તવિકાર, પ્રદર, અર્શસંબંધી લોહી, વિષમજ્વર. નેત્રરોગ અને સર્વ રોગનો નાશ કરે છે. અરણીના ફૂલમાં ગર્ભિણીને આપવાથી સંપૂર્ણ જ્વરનો નાશ કરી ગર્ભનું ઉત્તમ પાલન કરે છે. એમાં પથ્ય–દૂધ અને ભાત.

૧૨–ગેરુ

સં૦ ગૈરિક. મ૦ હિં૦ ગેરૂ. ક૦ જાજુ. ફા૦ ગીલેસુર્ખ. ઇં૦ રેડઓલ, ઑકે. બં૦ લાલ ગિરિમાટી.

ની સાથે નીકળશે તે ખડી ધીરે ધીરે તળીએ જામી જશે. ઉપરનું પાણી ધીરે ધીરે કાઢી નાખતા જવું. છેવટે સૂર્યના તાપમાં સુકાવી લેવી.

દંતમંજન:—ખડી ૧૦ તોલા, માયાં ૨॥ તોલા, લોદર ૨॥ તોલા, શંખજીરૂં ૧૦ તોલા, ઇલાઇચીના દાણા ૧ તોલો, કપૂર ૧ તોલો, ફુલાવેલી ફટકડી ૧ તોલો, લવિંગ ૧ તોલો, ચણુ-કબાબ (કંકોલ) ૨॥ તોલા, સફેદ કાથો ૨॥ તોલા આ સર્વ વસ્તુઓનું બારીક વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. આ મંજનના ઉપયોગથી દાંતમાંના કીડા, દાંત હાલવા, દુર્ગંધી વગેરે દોષ દૂર થાય છે.

=શાસ્ત્રમાં વર્ણન કરેલ છે તેવા પ્રકારનું ખાપરિયું બજારમાં મળતું નહિ હોવાથી જસત ભસ્મ ખાપરિયાને બદલે વાપરવાનો સાધારણ રિવાજ છે. શાસ્ત્રમાં લખેલ છે કે, શોધન કર્યા પછી ખાપરિયાને લોઢાની કડાઇમાં નાખી અગ્નિપર ગળાવી થોડું થોડું સિંધાલૂણ નાખતા જવું અને ખાખરાની લાકડીના સોટાથી હલાવતા જવું. આવી રીતે ખર્પર ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મ વધારે માત્રામાં લેવાથી વમન થાય છે. હમણાંના સમયમાં બજારમાં જે ખાપરિયું મળે છે તે અગ્નિપર પીગળતું નથી, તેમજ વધારે માત્રામાં લેવાથી પણ વમન થતી નથી, જેથી કેટલાક વૈદ્યો પ્રતિનિધિતરીકે જસત ભસ્મનો ઉપયોગ કરે છે. કોઇ વૈદ્ય વમન કરાવવાનો ગુણ તેમજ "તુત્થ ભેદ" શાસ્ત્રમાં લખેલ છે જેથી મોરથુથાની ભસ્મ વાપરવાનું કહે છે. વૈદ્યક ચિકિત્સાસાર ગ્રંથમાં શ્રી. ગોપાલજી ઠકકુર લખે છે કે, ખાપરિયાને બદલે "કેલેમેના પેપ્રેટા" નામની ઇંગ્રેજી ઔષધિ આવે છે જે જસતની કાચી ધાતુ છે તે ખાપરિયાના જેવા ગુણવાળી છે તેથી તે વાપરવી.

ગેરૂને "સોનકાવ અથવા સોનાગેરૂ" પણ કહે છે.* શોધન:—ગેરૂ ગાયના દૂધમાં ખલવાથી શુદ્ધ થાય છે કિંવા કિંચિત્ ઘી નાખી શેકવાથી શુદ્ધ થાય છે. ગેરૂ:—રક્તપિત્ત, રક્તવિકાર, કફ, ઉચકી તથા વિષમજ્વરનો નાશ કરે છે; અને ચક્ષુષ્ય તથા બલ્ય છે. ઉપયોગ:—(૧) ઉચકી ઉપર:—ગેરૂનું ચૂર્ણ મધમાં આપવું. (૨) બાળક માટી ખાય છે તેને માટે:—બાળકને ગેરૂ ખાવા આપવો એટલે વધેલું પેટ ઉતરી જઈ બાળક સશક્ત થાય છે.†

૧૩—ગોપીચંદન

સં૦ સૌરાષ્ટ્રી. મ૦ હિં૦ ક૦ ગોપીચંદન. લા૦ સિલિકેટ ઑફ અલ્યુમિના.

ગોપીચંદનને "સોરઠી માટી" પણ કહે છે. ગોપીચંદનની ઉત્પત્તિ સૌરાષ્ટ્ર દેશ (કાઠિયાવાડ)માં થાય છે.÷ એ એક જાતની માટી છે. ગોપીચંદનનો રંગ ધોળો હોય છે. ગોપીચંદન દાહ, ક્ષત, રક્તવિકાર, પિત્ત, કફ અને પ્રદરનો નાશ કરે છે. બીજા ગુણ ફટકડી જેવા છે. ઉપયોગ:—(૧) હીરાકસીના વિષ ઉપર અને અન્નમાં કાચની ભૂકી ગઈ હોય તે ઉપર:—ગોપીચંદન ઘસી પાવું (૨) ગરમીની ચાંદીઓ ઉપર:—ગોપીચંદન ઘસી ચોપડવું. (૩) બાળકોના માથા ઉપર પરૂ આવે છે તે ઉપર:—ગોપીચંદન ઘસી લેપ કરવો. (૪) પ્રદર ઉપર:—ગોપીચંદન ૧ તોલો અને ફટકડી ત્રણ માસા એકત્ર ખરલ કરી કપડમાટી કરી ગજપુટ આપવો. પછી તે એક ગુંજા (ચણોઠીભાર) પ્રમાણે સાકરમાં આપવું. (૫) ખરજવા અને રતવા ઉપર:—ગોપીચંદન ઘસી લગાડવું. (૬) મુખરોગ ઉપર:—ગોપીચંદન દૂધમાં ઘસી ચોપડવું.

૧૪—ગંધક

સં૦ મ૦ હિં૦ ક૦ ગંધક. તે૦ ગંધકમુ. ફા૦ ગોગિર્દ. અ૦ કિબ્રિત. લા૦ ઇં૦ સલ્ફર.

ગંધક:—રાતો, પીળો, ધોળો તથા કાળો, એમ ચાર પ્રકારના છે. તેમાં રાતો સ્વર્ણક્રિયામાં અને પીળો રસાયનવિષે ઉત્તમ હોઈ ધોળો લેપમાં કિંવા લોહ મારવા માટે આપવો. કાળો ગંધક દુર્લભ છે; તે જરા અને મૃત્યુનો નાશ કરે છે. ઔષધોમાં આમલસારો ગંધક લેવો. શોધન:—§દૂધના વાસણ પર

---

* ગેરૂ તથા સોનાગેરૂ બંને લગભગ એકસરખી જાતની માટી છે. ગેરૂના કરતાં સોનાગેરૂ વધારે ચીકણો, વજનમાં હલકો તથા શુદ્ધ લાલ રંગનો હોય છે.

† સોનાગેરૂમાંથી સત્વપાતન કરવાની વિધિ:—૧૦ તોલા સોનાગેરૂને ઘીમાં શેકી તેમાં ૧ાા તોલો ટંકણ, ૨ાા તોલા ગુગળ, ૨ાા તોલા મધ અને ૨ાા તોલા ચણોઠી મેળવી ખાંડી ચૂર્ણ કરી પછી ખાટા પાણીથી નાના નાના ગોળા બાંધવા. પછી કોષ્ઠીયંત્રમાં મૂકી કોયલાના અગ્નિ ઉપર ધમાવવું. પહેલાં ધુસર રંગની જ્વાળા નીકળે છે. પછી અભ્રક સત્વમાં બતાવ્યા પ્રમાણે થાય છે. આનું સત્વ રવાના આકારમાં નીકળે છે. તે રવાને એકઠા કરી કોષ્ઠીયંત્રમાં ફરીથી અર્ધો કલાક ધમાવી ઢાળીઓ કરી લેવો. ૧૦ તોલાનું સત્વ કાઢવામાં આશરે બે કલાક લાગે છે. સત્વ ૪ થી ૫ તોલા નીકળે છે. સત્વની ભસ્મવિધિ:—સત્વનો ભૂકો કરી ઘીમાં શેકવો. પછી ત્રિગંધ (ઇલાયચી, તજ તથા તમાલપત્ર) દશમો ભાગ મેળવી ત્રિફળાંના ક્વાથથી અગર કુંવારના રસથી ઘુંટાઇ કરી ટીકડી કરવી. પછી શરાવસંપુટમાં મૂકી ગજપુટ આપવો. આવા ૧૦ ગજપુટ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. (માર્ચ ૧૯૩૦ ના "વૈદ્ય કલ્પતરુ" ઉપરથી)

÷ કાઠિયાવાડમાંના ગોપી તળાવની માટીને ગોપીચંદન કહે છે. ગોપીચંદન એ નામ પણ એજ તળાવના નામ ઉપરથી પડેલું હોવાનું સિદ્ધ છે. ગોપીતળાવ ભાગવતના દશમસ્કંધમાં પ્રસિદ્ધ છે. વળી ચિત્રકૂટ અને પ્રયાગરાજના લોકો પણ ગંગાજીના આરામાંથી સારી સારી માટીની કાંકરીઓ વીણી કાઢી તેને ગોપીચંદન કહે છે. ચિત્રકૂટનું ગોપીચંદન ચૂના જેવા સફેદ રંગનું હોય તે ચિત્રકૂટીના નામથી પણ ઓળખાય છે.

§ દૂધ ગંધકથી ચારગણું લેવાનો રિવાજ છે.

કપડું બાંધી તે ઉપર ગંધક પાથરી, ગંધકને ના અડે એવા વાસણને ઢાંકી તે ઉપર અગ્નિ કરવો; એટલે ગંધક પાતળો થઇ દૂધમાં પડશે. તે શુદ્ધ જાણવો. (૨) લોઢાની કઢાઇમાં ઘી નાખી અગ્નિ ઉપર પાતળું કરવું. પછી તેના સમાન ગંધક ઝીણો કરી તેમાં નાખવો. ગંધક પાતળો થયા પછી વસ્ત્ર ઉપર ગાળવો. તે એવી રીતે કે વસ્ત્રમાંનો બધો ગંધક દૂધમાં પડે. તે ઠંડો થયા પછી કાઢી ધોવો અને સુકવવો. એ પ્રમાણે ત્રણ વખત જુદા જુદા દૂધમાં શોધવો; એટલે ભક્ષણ કરવાને તથા યોગમાં યોજવાને શુદ્ધ થાય છે. **ગંધક:**—‡રસાયન, મધુર તથા પાકકાળે કડવો છે; અને ઉષ્ણ, અગ્નિદીપન, પાચક, આમનો શોષક તથા પાડનાર, પારદને વીર્ય આપનારો હોઇ તેનું સત્ત્વ પારદગંધક છે; અને કંડૂ, કુષ્ઠ, વિસર્પ, ખસ, વિષ અને કૃમિનો નાશ કરે છે.* **ગંધકનાં અનુપાનો:**—ચાર માસા શુદ્ધ ગંધક દૂધમાં સેવન કરવાથી કફવિકાર, વાતવિકાર, પિત્ત, વિષ, કમળો અને કોઢનો નાશ થાય છે તથા કામવૃદ્ધિ કરી નેત્રરોગને દૂર કરે છે. આ ત્રિફળાં, ઘી અને ભાંગરાના રસમાં આપવાથી નેત્ર સારાં થાય છે. રોગનાશ અને આયુષ્યની વૃદ્ધિ થાય છે. ચાર માસા ગંધક અને દૂધ એક મહિનો લેવાથી શૌર્ય અને વીર્યની વૃદ્ધિ થાય છે. અને ૭ મહિના લેવાથી સંપૂર્ણ રોગનો નાશ થાય છે તથા દિવ્ય દૃષ્ટિ થાય છે અને આયુષ્ય વધે છે. **ગંધક:**—કેળામાં ત્વગ્દોષનાશક છે. ચિત્રકમાં બળદાયક છે. ક્ષયકાસ ઉપર અરડુસીના કાઢામાં અને મંદાગ્નિ ઉપર તથા સંપૂર્ણ ઊર્ધ્વવિકારો ઉપર ત્રિફળાંના કાઢામાં આપવો. **ઉપયોગ:**—(૧) **ખસ ઉપર:**—ગંધક કહોળામાં અથવા કેળામાં ખાવા આપવો એટલે સર્વ ખસ બહાર પડે છે. વળી સાંજે ભેંસનું છાણ શરીરે ચોપડી સ્નાન કરાવવું. **બીજો પ્રકાર:**—(૨) શુદ્ધ ગંધક ઘીમાં અથવા છાશમાં આપવો. (૩) **રક્તવિકાર ઉપર:**—શુદ્ધ ગંધક દૂધમાં આપવો. (૪) **કરોળીઆ રોગ ઉપર:**—ગંધક અને જવખાર સરસીઆમાં મેળવી લેપ કરવો. (૫) **અપસ્માર ઉપર:**—ગંધકની ધૂણી નાકમાં આપવી. (૬) **કંડૂ અને ગજકર્ણ (દાદર) ઉપર:**—ગંધક, ટંકણખાર, કપૂર, માયફળ (માયાં) અને મધપુડાનું મીણ, એ સર્વ કોપરેલમાં ખરલ કરી તેનો લેપ કરવો. (૭) **ભૂતજ્વર ઉપર:**—શુદ્ધ ગંધક અને આમળાંનું ચૂર્ણ ૧૦ માસા આપવું અથવા ગંધક અને ત્રિકટુનું ચૂર્ણ ઘીમાં આપવું. (૮) **પ્રમેહ અને પિટકા ઉપર:**—શુદ્ધ ગંધક ગોળ સાથે ખાવા આપવો અને તે ઉપર દૂધ પાવું. (૯) **કુષ્ઠ, ખરજ અને ખસ ઉપર:**—ગંધક ગરમાળાના મૂળના રસમાં ઘુંટી તેનો લેપ કરવો. (૧૦) **ગંધક રસાયન:**—૪ તોલા ગંધક અને ૨ તોલા પારાની કજ્જલી કરી કુંવારના રસમાં એક દિવસ ખરલ કરવો અને× કુલડીમાં નાખી સંધિલેપ કરી અગ્નિની આંચ કરવી તથા શીત થયા પછી કાઢી લેવું; તે એક મહિનો મધ અને ઘીમાં લેવાથી જરા, વ્યાધિ અને દારિદ્ર્યનો નાશ કરે છે. (૧૧) **બીજો પ્રકાર:**—ગંધક અને મરી સમભાગ અને ત્રિફળાં ૭

‡ એક હસ્તલિખિત ગ્રંથમાં ગંધકનું જારણ આ પ્રમાણે લખ્યું:—આમલસાર ગંધક ૩ પૈસાભાર ખરલ કરી ભાંગરાના રસથી ૭, ચણા ખારથી ૭ અને આકડાના દૂધથી દિવસ ૭ ખરલ કરવું. પછી લિંબુના રસથી અને ચૂકાના રસથી જુદું જુદું ખરલ કરી ઘીમાં ખૂબ શેકવું; નિર્ધૂમ કરી ઉતારીને ૨ થી ૪ રતિ દરરોજ પાનમાં ખાવાથી ૮૪ વાયુ જાય, મૃતાવસ્થા જાય અને મૂત્રકૃચ્છ્ર જાય.

* **ગંધકનું તેલ કરવાની વિધિ**—એક હાથ ખાદીને પ્રથમ આકડાના દૂધમાં તથા થુવરના દૂધમાં સાત સાત વાર ભીંજાવી સુકવવો. ગંધકને માખણમાં ખરલ કરી તે કપડા ઉપર લેપ કરવો. પછી અગ્નિની સામે રાખવાથી ધીરે ધીરે ગંધકનું તેલ ટપકે છે તે સ્વચ્છ વાસણમાં ભેગું કરવું. તેલ પૂરેપૂરું નીકળી ગયા પછી શીશીમાં ભરી રાખવું. કોઈ કોઇ વસ્ત્રને વિંટીને નીચેથી સળગાવે છે. ઉપર એક સાંકળથી બાંધી દે છે. પછી જે તેલ ટપકે તેનો ઉપયોગ કરે છે. પહેલાના કરતાં આ તેલ વધારે ગુણવાળું થાય છે.

× કુલડી અગ્નિપર લાલ થાય ત્યારે ઉતારી લેવી. નહિતર ગંધક બળી જશે અને પારો ઉડી જશે. અશુદ્ધ ગંધક ખાવાથી કાંઇ પણ શરીરપર વિકાર થાય તો ગાયના દૂધમાં ઘી મેળવી પીવરાવવું. ભોજન કરવા ન આપવું. આવી રીતે કરવાથી ૭ રોજમાં સર્વ દોષની શાંતિ થશે.

ભાગ લઇ ગરમાળાના મૂળના રસમાં મર્દન કરવો અને તે આપવો; † એટલે સંપૂર્ણ રોગ નાશ કરે છે. ગંધક ખાનારે ખારૂં, ખાટું, ભાજી, દ્વિદલ ધાન્ય (કઠોળ), સ્ત્રીગમન અને ઘોડા વગેરે ઉપર આરોહણ કિંવા પગે ચાલવાનું વર્જવું.×

૧૫–ચૂનો

સં૦ સુધા જર્મન૦ કલ્ક. ઇં૦ લાઇમ્. મ૦ કળી, કળીચા ચૂના. હિં૦ કલિક ચુના. તા૦ કરચન્નમ્બુ. તે૦ રલ્લ, સુન્નમુ.

ચૂનો મુખ્યત્વે કરી બે પ્રકારનો છે. એક ખડીનો ચૂનો અને બીજો છીપનો ચૂનો. તેને ભઠ્ઠીમાં પકવે એટલે તેનો ચૂનો થાય છે. ઉપયોગઃ—(૧) **ગર્ભિણીના અતિસાર ઉપરઃ**—ચૂનાનું નીતર્યું પાણી નાના ચમચાભાર દૂધમાં આપવું. (૨) **વ્રણ અને બદ બેસાડવા માટે તથા કર્ણમૂળ અને લાપોટીઆ ઉપરઃ**—કળીચૂનો, ગોળ અને ધુંવાસનો લેપ કરવો અને ઉપર પાતળો કાગળ કિંવા રૂ ચોટાડવું. (૩) **આંખો દુખતી હોય તોઃ**—મસ્તક અને આંખો પર ઉપર કહેલ લેપ કરવો. (૪) **અજીર્ણ ઉપરઃ**—ચૂનાની વાલ જેટલી ગોળી ખાવા આપવી. (૫) **કમળા ઉપરઃ**—કળીનો બીજવેલો ચૂનો ચણા જેટલો ચાર તોલા દહીંમાં કાલવી ૭ દિવસ આપવો. પથ્ય–દહીં-ભાત. (૬) **ભીલામો ઉઠે છે તેને માટેઃ**—નવો ચૂનો અને દહીં એકત્ર કરી ચોપડવું. (૭) **અંડ-વૃદ્ધિ ઉપરઃ**—કળીનો બીંજવેલો ચૂનો એક તોલો લઇ તેમાં બે તોલાપર્યંત ઉંચી તપખીર (સુંઘવાની તમાકુ, છીંકણી) કાલવવી. ઘટ્ટ થાય તો થોડું ચૂનાનું પાણી નાખી મિશ્રણ જેવું તૈયાર કરવું અને વધેલા અંડને તેનો લેપ કરી મંદ અગ્નિનો સહેવાય તેટલો શેક આપતા રહેવું; એટલે કેટલીક વારે મસ્તક જડ થયા જેવું જણાઇ ઉલટી થાય છે અને માથાનું પાણી ઉલટીએજ પડે છે. એ પ્રમાણે બે–ત્રણ દિવસ કરવાથી ગુણ આવે છે. જેને તંબાકુ લાગવાથી ઘણીજ ચકરી આવતી હોય તેને કાંદો (કુંગળી) સુંઘાડવો તથા ખાવા આપવો. (૮) **અગ્નિદગ્ધ વ્રણ ઉપરઃ**—તલના તેલમાં કળીના ચૂના ઉપરનું નીતર્યું પાણી ૭ ભાગ મિશ્ર કરી શુમારે ૧ ઘડી સુધી સળીથી હલાવતાં રહેવું; એટલે જાડો મલમ થશે. તે મોરના પીંછાવડે ઘણા હલકા હાથથી બે–ત્રણ વખત ચોપડવો. એથી કરી દાહનું શમન થઇ ત્વચાને ઠેકાણે કઠિનપણું આવે છે અને જલદી ગુણ આવે છે. (૯) **કરોળી-આની જાળ પેટમાં જવાથી થએલ શીળસ ઉપરઃ**—ચૂનાની આછ ૫ તોલા પીવી. (૧૦) **ચામડી ઉપરના મસા‡ ઉપરઃ**—મસાને ચામડીના લાગમાંથી ઘોડાના બાલવડે મજબૂત બાંધી રાખવો; એટલે પાંચ–સાત દિવસમાં તે નિર્જીવ થાય છે. તેને કાપી નાખી તેના ઉપર સૂકા કળીચૂનાનો ભૂકો ભભરાવતા જવું એટલે તેનો નાશ થશે.×

---

† આ ગંધક રસાયનની માત્રા ૩ માસા છે. રસ રત્નાકર ગ્રંથમાં લખેલ છે કે, આ રસાયન સેવન કરે તથા ગરમાળાના મૂળને પીસી શરીરે લેપ કરે તો સર્વ પ્રકારના કુષ્ઠરોગનો નાશ થાય છે.

× દાદરની ઔષધિઃ—ગંધક, ફટકડી તથા ટંકણખાર સમભાગ લઇ બારીક ખાંડી લિંબુના રસમાં ૩ કલાક ઘુંટાઇ કરી મલમ તૈયાર કરવો. રાત્રે આ ઔષધિ સૂતી વખતે લગાડવી. સવારે ગરમ પાણીથી સાબુ લગાડીને ધોઇ સાફ કરવું. આ ઔષધથી સર્વ જાતની દાદર થોડા દિવસમાંજ મટી જઇ ચામડી સ્વચ્છ બને છે.

‡ નાગરવેલના પાનનાં દીંટડાં અને ચૂનો હાથમાં મેળવી મસા પર ઘસવાથી કાંઇપણ દુઃખ વિના પા અર્ધા કલાકમાં મસા નીકળી જાય છે; તેમજ જરા પણ લોહી નીકળી દુઃખ થતું નથી.

× (૧) **બાળકના પેટમાં દૂધ ન ટકતું હોય તે માટેઃ**—દૂધની સાથે કળીચૂનાનું નીતરેલું પાણી મેળવી પીવરાવવું. આથી ઉલટી થતી બંધ થાય છે. (૨) **શૂળ ઉપરઃ**—કળીચૂનો મધમાં મેળવી દુખતા ભાગ ઉપર લગાડી ઉપર રૂ દબાવી દેવું, જેથી થોડા વખતમાં દરદ શાંત થાય છે. (૩) **નહિ રૂઝાતા વ્રણ ઉપરઃ**—કળીચૂનો એરંડતેલમાં મેળવી મલમ જેવો કરી જે વ્રણ અનેક ઇલાજોથી પણ સારા થયા નથી તેવા વ્રણ પર બાંધવાથી થોડા દિવસમાં આરામ થાય છે.

૧૬—છીપ

સં૦ શુક્તિ. મ૦ શિંપ. હિં૦ શીપ. ક૦ સિંપુ. ઇં૦ ઓઇસ્ટર શેલ.

છીપની ઉત્પત્તિ સમુદ્રમાં અને નદીમાં થાય છે. છીપો પકવી તેનો ચૂનો કરે છે. જે છીપને પાછળની બાજુએ રેખા હોય છે તેને છીપલી કહે છે. એ છીપલી પણ સમુદ્રમાં થાય છે. ***છીપ:**—તીખી, સ્નિગ્ધ, દીપન, પાચક, રુચિકર તથા બલપ્રદ અને આંખોને હિતાવહ છે; તથા ગુલ્મ, વિષદોષ અને શૂળની નાશક છે. **શુદ્ધિ અને મારણ:**—શંખ પ્રમાણે. **ઉપયોગ:**—(૧) **અજગલ્લિકા એટલે નાનાં બાળકોના શરીરપર બારિક મગ જેવી ફોલ્લીઓ ઉઠે છે તે ઉપર:**—છીપ અને ફટકડી ઘસી લેપ કરવો. (૨) **વિસર્પ, વિસ્ફોટક અને શ્લીપદ** ઉપર:—છીપો ૨॥ તોલાભાર બાળી ચૂનો કરી કપાસના રસમાં ખરલ કરી લેપ કરવો. (૩) **નવેલો:** (આંગળી અને નખ વચ્ચે થાય છે તે) **અને પેરા** ઉપર:—છીપનો ચૂનો અને સિંદૂર માખણમાં ખરલ કરી તેની પટ્ટી બેસાડવી. (૪) **ઉંદરના વિષ** ઉપર:—સમુદ્રછીપ પકાવી ચૂનો કરવો અને તે ચૂનો ખાવાના પાનમાં ચોપડી રોગીએ ચાવી તેનો રસ લઈ તે સર્વ સાંધાઓને અને વિષ જે સ્થળે ફૂટેલું હોય તે સ્થળે ચોળતાં રહેવું. (૫) **સર્વ ઉદરરોગ** ઉપર:—સમુદ્રછીપો છાણાંના દેવતામાં પકાવવી; એટલે ચૂનો થાય છે. તે ચૂનો, સિંધવ અને જવખાર ગાયના દહીંમાં આપવાં અથવા શકિત પ્રમાણે ચૂનો દૂધ સાથે પાવો.×

૧૭—जवखार

સં૦ યવક્ષાર. મ૦ જવખાર. હિં૦ જવાખાર. અ૦ નુતરૂન. ક૦ તૈ૦ યવક્ષારં. ઈં૦ કારબોનેટ ઑફ પોટાશ. લા૦ પોટાસ્યમ કાર્બોનાસ.

જવનાં નવાં તાજાં પંચાંગ બાળી તેનાથી આ ક્ષાર ઉત્પન્ન કરે છે. એની પાતળી પત્રીઓ હોય છે, એનો રંગ ધોળો હોય છે. **જવખાર:**—સારક, ઉષ્ણ, તીખો, અગ્નિદીપક, સૂક્ષ્મ તથા લઘુ છે; અને વાયુ, કફ, શૂળ, અશ્મરી, વાતરોગ, કંઠરોગ, આમશૂળ, યકૃત્, પ્લીહા, મૂત્રકૃચ્છ્ર, ગુલ્મ, શ્વાસ, અર્શ, આનાહવાયુ, હૃદ્રોગ, આમ, પાંડુ અને સંગ્રહણીનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **સુવાવડીને મક્કલશૂળ થાય છે તેને માટે:**—જવખાર ગાયના ઘીમાં અથવા ઉષ્ણોદકમાં આપવો. (૨) **મૂત્રકૃચ્છ્ર, અશ્મરી અને વીર્ય પડે છે તે ઉપર:**—છાશમાં જવખાર નાખી આપવો. (૩) **બાળકને ગળું (તાળવું) પડે છે તે ઉપર:**—જવખાર અને મધ આંગળી ઉપર લઇ તેનો લેપ કરવો. (૪) **ઉદાવર્ત રોગ ઉપર:**—જવખાર અને સાકર એકત્ર કરી આપવાં. (૫) **ગુલ્મ ઉપર:**—જવખાર ૩ માસા અને ગોળ ૩ માસાની ગોળી આપવી. (૬) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—જવખાર પાંચ માસા લઇ સાકરમાં ખાવા આપવો; અથવા એક માસો જવખાર, કોળાનો રસ ૪ તોલા અને સાકર ૧ તોલો એકત્ર કરી આપવું. (૭) **દમ અને ઉરસ્તસ ઉપર:**—જવખાર મધમાં આપવો. (૮) **કટિશૂળ, હૃદયશૂળ, કુક્ષિશૂળ અને બસ્તિશૂળ ઉપર:**—જવખાર, હીંગ અને સિંધવનું ચૂર્ણ કરી એરંડતેલમાં નાખી આપવું. (૯)**મૂત્રાવરોધ ઉપર:**—જવખાર દોઢ માસો ચોખાના ધોવરામણમાં આપવો.

૧૮—जसत÷

સં૦ જસદ, તુત્થ, યશદ. હિં૦ જસ્ત, દસ્તા. મ૦ જસ્ત, ખર્પરતુત્થ. બં૦ દસ્તા. ક૦ સત્તુ. તા૦ તૂતૂનાગમ્. તે૦ તુતુનગમ્. મલા૦ નગમ્. તંબગપુતિ. ચીન૦ તૂનેનગુએ. નેપા૦ દસ્ત. પં૦

---

* છીપ સમુદ્રમાં થાય છે અને જેમાંથી મોતી નીકળે છે તેની ભસ્મ બીજી છીપોના કરતાં વધારે ગુણવાળી છે. મોતીની છીપોની ભસ્મ મોતીને બદલે ઉપયોગમાં લેવામાં આવે છે.

× છીપનો ચૂનો ઘીમાં મેળવીને ખાવાઆપવો ઉપર દૂધ પાવું; નહિંતર મોઢામાં છાલાં પડે છે.

÷ રસાર્ણવના પૃષ્ઠ ૧૦૩ માં જસતને **તામ્રરંજક** કહેલ છે. એટલે એની સહાયથી સોના જેવી દેખાતી મિશ્રધાતુ થાય છે તેને પિત્તળ કહે છે.

જસ્ત. લેટિ૦ ઝીંક. અં૦ ખોટ. ઈરાની૦ તુતીઆ.

શોધન:—જસત પાતળું કરી દૂધમાં રેડવું. એ પ્રમાણે ૨૧ વખત કરવું; એટલે શુદ્ધ થાય છે.× **જસત ભસ્મ:**—જસત કલેડામાં નાખી રસ કરવો અને લીમડાના લાકડાવડે ઘુંટવું. નીચે તીવ્રાગ્નિ લગાડવો એટલે ભસ્મ થાય છે. *તે લઈ તેને ત્રિસંધિ, કુંવાર, ત્રિફળાં અને ભાંગરો એ પ્રત્યેકની બત્રીસ બત્રીસ ભાવનાઓ આપવી; તથા પ્રત્યેક ભાવનાને અગ્નિપુટ આપવા. પછી તેને ઉપર કહેલી ઔષધિનો એક પુટ આપવો; તથા એક પંચામૃત પુટ આપવો. ઠંડુ થયા પછી કાઢી ખરલ કરી વાસણમાં ભરી રાખવું. અને સર્વ રોગ ઉપર અનુપાનવડે બે ગુંજા આપવું. જસતની ભસ્મ ગાયના જૂના ઘીમાં આપવાથી આંખોને હિતાવહ અને તાંબુલ સાથે આપવાથી પ્રમેહનાશક; અરણી(જયંતા)માં આપવાથી અગ્નિવર્ધક; તથા તજ, તમાલપત્ર અને એલચીમાં આપવાથી ત્રિદોષનાશક છે. **જસતનાં ફૂલ:**—જસત કડાઈમાં નાખી લોખંડની કડછીથી ઘુંટવું એટલે તેની ભસ્મ થાય છે. તેને જસતનાં ફૂલ કહે છે. **જસતભસ્મ:**—તુરી, કડવી તથા શીતળ છે; અને કફ, પિત્ત, પ્રમેહ તથા શ્વાસનો નાશ કરે છે; તેમજ આંખોને હિતકારક છે. **ઉપયોગ:**—(૧) **આંખો ઉપર છારી આવે છે તેને માટે:**—જસતનાં ફૂલ અને ખડીસાકરનો સારો ખરલ કરી તે ભૂકી રાત્રે ઉંઘતી વેળાએ આંખમાં આંજવી, કિંવા ૧ ભાગ ફટકડી અને તેનો ચોથો હિસ્સો જસતનાં ફૂલનો સારો ખરલ કરી તે ભૂકી ૨ ગુંજા લઇ તેમાં ૧। તોલો પાણી નાખી દિવસમાં બે વખત પીછાવડે આંખમાં નાખવું; એટલે આવેલી આંખો, ગળ, પિયા અને લાલીની શાંતિ

× શોધન કરતી વખતે જસતમાંથી મેલરૂપે ઘણું જસત નીકળી જાય છે તે જસતની ભસ્મ કરી નેત્રાંજનમાં ઉપયોગ કરવો. બાકી જે શોધન કરતાં છેવટે બચી છે તેની ભસ્મ ખાવા માટે ઉપયોગમાં લેવી.

જસતભસ્મની વિધિ:—૨ શેર શુદ્ધ જસતને કડાઇમાં નાખી તેજ અગ્નિ આપવો. લોઢાના કડછાથી ચલાવતા રહેવું. જ્યારે આગની લપટ ઉઠવા માંડે ત્યારે લીમડાના પાનનો રસ થોડો થોડો નાખતા જવું. ત્રણ ચાર સમય મળીને ૨ શેર રસ નાખવો. ત્યારપછી કડછાથી ખૂબ હલાવતા રહેવું. એકથી બે કલાક તેજ આંચ આપીને અગ્નિ વધારે આપવી બંધ કરો. ઠંડી થયા પછી ભસ્મ કાઢી કપડેથી ચાળી લેવી. ત્યાર પછી આ ભસ્મને કુંવારના ગર્ભના રસમાં ૩ કલાક ખરલ કરી ટીકડી એક એક તોલાની કરી સૂર્યના તાપમાં સૂકાવી લેવી. સૂકાયા પછી સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવાથી ઉત્તમ ભસ્મ તૈયાર થાય છે. નેત્રાંજન માટે ભસ્મ ઉપયોગમાં લેવી હોય તો કુંવારનો પુટ દેવાની જરૂર નથી. જસતભસ્મની માત્રા ૧ થી ૩ રતીની છે.

* જસતના કકડા કરી એક માટીના પાત્રમાં રાખી તેની નીચે કોલસા રાખી ધમણથી ફુંકતા જવું અને ઉપરથી કુંવારપાઠાના મૂળથી હલાવતા જવું; એટલે જસતની ભસ્મ તૈયાર થાય છે. તોલમાં પણ બરાબર ઉતરે છે. અશુદ્ધ જસતના વિકાર કલાઇના જેવા છે; અને તેની શાંતિ હીમજનું ચૂર્ણ સાકર સાથે ત્રણ દિવસ ખાવાથી થાય છે. જસત પાકી કુલડીમાં મૂકી અગ્નિ આપી ગાળવું. ગાળ્યા પછી તેમાં દશમો ભાગ મનશીલ નાખી કુંવારના પાઠાના રસનો પુટ આપવો. પછી કાળા ભાંગરાના ૭ પુટ આપવાથી ભસ્મ થાય છે. તે શુદ્ધ રાતી થાય છે. તેની ગોળી રતી ૪ ના પ્રમાણની જાયફળ સાથે આપવી. તેના ગુણ:—ગોળી એક સવારે અને એક સાંજે આપવાથી વીર્યવૃદ્ધિ થાય, બળવાન થાય, મહાકામી થાય, ભોગી થાય; કાસ, શ્વાસ હરે; હરસ રોગ જાય; ૧૮ પ્રકારના પ્રમેહ, દાહ, જ્વર અને ઉદરરોગ જાય; વીર્યસ્તંભન થાય; તેમજ મસ્તકરોગ, વાતપિત્ત, સન્નિપાત, રોમાંચ, પ્રસ્વેદદોષ, મૂત્રરોગ, સંગ્રહણી, પાર્શ્વશૂળ, પીનસ, કટિરોગ, બાળકના સર્વ રોગ, વિષમ જલંદર, કફ, કમળો, ફિરંગરોગ, શોફોદર, કર્ણરોગ, નેત્ર-રોગ (અંજન કરવાથી) આદિ સર્વ રોગો જાય. તેજ જસત કાજળતરીકે સ્ત્રીઓના દૂધમાં આંજે તો નેત્રરોગ જાય; તથા થુંકમાં આંજે તો ધુધલવાત જાય. આંખ ઉઘડતી ન હોય તો ઉઘડે અને ચંદ્રસમાન જ્યોત થાય, એમ એક હસ્તલિખિત પુસ્તકમાં લખેલું છે.

થાય છે. (૨) ખુપરા (ખીલ), છારી આવેલી આંખો વગેરે નેત્રરોગ ઉપર:—જસતનાં ફૂલ, સાકર, કાથો તથા ફટકડી, એ સમભાગ અને અષ્ટમાંશ મોરથુથુનો ખરલ કરી દિવસે અને રાત્રે આંખમાં આંજવું.

૧૯–(પાટીઓ) ટંકણખાર

સં૦ ટંકન. મ૦ ટાંકણખાર, સ્વાગીખાર, સવાગી. હિં૦ સોહાગા. ક૦ ટંકણખાર. ફા૦ તીશાર. અ૦ બુષ્ગ. તૈ૦ એલ્ગિારં. ઇં૦ બોરાકસ, બાઇબોરેટ ઑફ્ સોડા. લા૦ સોડાસ બાઇબોરા.

કેટલાંક તળાવોમાં આ ક્ષાર પાણી સુકાઇ ગયા પછી એકઠો થયેલો મળે છે. એને "સ્વાલાગી" પણ કહે છે. **શોધન:**—ટંકણખાર ગાયના છાણમાં રાખી પછી ધોઈ નાખવો; એટલે શુદ્ધ થાય છે; કિંવા ટંકણખાર ફુલાવવો એટલે શુદ્ધ થાય છે. **ટંકણખાર:**—અગ્નિકારક, સોનારૂપાને શુદ્ધ કરનાર, સારક તથા વિષદોષ, વાયુ અને કફનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **કર્ણશૂળ ઉપર:**—ટંકણખાર ફુલાવી તે કાનમાં નાખવો. (૨) **પાપણી ઝડેલી હોય તો:**—ટંકણખાર લિંબુના રસમાં ઘસી પાપણી ઝડેલી જગ્યાએ લગાવવો. (૩) **ધાત જતી હોય તે ઉપર:**—ફુલાવેલો ટંકણખાર ૭ માસા અને સાકર ૭ તોલા એકત્ર કરી તે ચૂર્ણ રોજ એક તોલા પ્રમાણે સાત દિવસ આપવું. (૪) **બહુમૂત્ર ઉપર:**—ફુલાવેલો ટંકણખાર નવટાંક પાણીમાં નાખી આપવો. (૫) **કૉલેરા અને ઉલટી ઉપર:**—દૂધમાં ફુલાવેલો ટંકણખાર નાખી આપવો. (૬) **ચાતુર્થ્યાદિ સર્વ વિષમજ્વરો ઉપર:**—ફુલાવેલો ટંકણખાર બે ગુંજા પાનમાં આપવો; એટલે તેનો રસ જેમ જેમ પેટમાં જાય છે, તેમ તેમ જ્વર તત્કાળ નીકળી જાય છે. (૭) **જીભને ખર પડે કિંવા મેઢુમાં ક્ષત પડે તો તે માટે:**—ફુલાવેલો ટંકણખાર મધમાં કાલવી લગાવવો. (૮) **નખ સંબંધી માંસ ઠોકરાવાથી તે દુખતું હોય તે અને નવેલા ઉપર:**—નખની બાજુએ ટંકણખારનું ચૂર્ણ પાણીમાં ચોપડવું. (૯) **સોમલ, વછનાગ, કૃત્રિમ વિષો અને સર્પના વિષ ઉપર:**—ઘીમાં ફૂલાવેલ ટંકણખારની ભૂકી ૨ માસા નાખી આપવી. ઝાઝું વિષ પેટમાં ગયું હોય તો તે પ્રમાણે વધારે ટંકણખાર ઘીમાં નાખી આપવો. (૧૦) **ડૂંટીમાં ફોલ્લી થઇ આવી હોય તો:**—ટંકણખાર અને મોરથુથાને ફુલાવી મધમાં ખરલ કરી ફોલ્લી ઉપર ચોપડવું. (૧૧) **વાળા ઉપર:**—ગળોના રસમાં ફુલાવેલો ટંકણખાર નાખી પાવો અથવા હીંગ અને ટંકણખાર એ પ્રત્યેક ત્રણ ત્રણ માસા લઇ ચૂર્ણ કરી તે સાત દિવસ સવારસાંજ આપવું. (૧૨) **ત્વગ્દોષ ઉપર:**—ટંકણખાર અને ગંધક ઘસી ચોપડવો. (૧૩) **મોઢું આવ્યું હોય તો:**—ફુલાવેલો ટંકણખાર પાણીમાં નાખી કોગળા કરવા. (૧૪) **ધોળી માખ કરડે તો:**—ટંકણખાર ભેંસના માખણમાં કઢવી ચોપડવો.*

૨૦–(તેલીઓ–×ખડીઓ) ટંકણખાર (ફુલાવેલો)

ઉપયોગ:—(૧) **દમ અને ઉધરસ ઉપર:**—ટંકણખાર ૧ માસો આદુનો રસ અને ખડી-

---

* પાટીઓ ટંકણખાર ફૂલાવી આંચકીવાળાં બાળકોને આંચકી જણાઇ આવ્યા પહેલાં ઉલટીની શરૂઆતમાં ધાવણ સાથે કે પાણીમાં દર કલાકે કલાકે આપવાથી સારો ગુણ થાય છે. ઉલટી એકદમ અટકાવ્યા સિવાય ઉલટી સાથે કે આંચકીના મૂળરૂપ હૃદયની ચીકણી જાળ કાઢી નાખી આંચકીનો અંશ પણ હૃદયમાં રહેવા દેતો નથી. આ પ્રયોગ અમે જાતે અજમાવી ખાત્રી કરેલો છે.

આગંતુક કારણોથી જ્યારે જ્યારે શરીર ઉપરની ચામડી એકાએક ચીરાઇ તેમાંથી લોહી નીકળતું હોય છે, ત્યારે ખડીઆખારને ફૂલાવ્યા વગર ઝીણો વાટી તેના ઉપર ભભરાવી દેવતાથી શેકતા જવું. જ્યારે લોહી તે ખાર ઉપર ટપકી આવે ત્યારે ફરી એજ ખડીઆખારની ભૂકી ભભરાવી ઉપર શેક ચાલુ રાખવો. આમ લોહી બંધ થતાં સુધી શેક કરવાથી એ જલદી જાય છે; તેમજ પાકીને પરૂ થવાથી બિલકુલ ધાસ્તી રહેતી નથી. આ ઉપાય પણ અનુભવેલો છે.

× ખડીઓખાર સોની લોકો ઉપયોગમાં લે છે. તે ખાવાના કામમાં વધારે હિતકર છે. તે ન મળે ત્યારે પ્રતિનિધિ તરીકે પાટીઆ ટંકણખારને ફૂલાવી ઉપયોગમાં લેવાય છે.

સાકરમાં આપવો. (૨) ઉલટી ઉપર:—ટંકણખાર દૂધમાં કિંવા મધમાં આપવો. (૩) પ્રદર, ગરમી અને મૂળવ્યાધિ ઉપર:—ખડીસાકર ૩ માસા અને ટંકણખાર ૧ માસો એકત્ર વાટી ગાયના ધારોષ્ણ દૂધમાં નાખી, પછી તેમાં લિંબુનો રસ નાખી તે પ્રાશન કરવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવું.

૨૧–તાંબુ

(સં૦ તામ્ર. મ૦ તાંબે. હિં૦ તાંબા. ક૦ તામ્ર. તૈ૦ રાગી, શંખ. ફા૦ મિસ. અ૦ નુહાસ. ઇં૦ કૉપર. લા૦ કુપ્રમ. જર્મ૦ કફ્ફર. બં૦ તાંમ. કાનડી૦ તાંમ્ર. અ૦ નોહાસ. ફા૦ મિસ્. તુલુ૦ સંબુ. બ્રહ્મ૦ કૈયેનિ. ભૂતાન૦ ઝંગ. તુ૦ મિસ્સ.) **શોધન:**—ઉલટી, ભ્રાંતિ, ગ્લાનિ, દાહ, શૂળ, કંડૂ, રેચ અને વીર્યનાશ, એ તાંબાના આઠ દોષ છે; એટલા માટે એનું શોધન કરવું જોઇએ. ×**શોધન:**—(૧) ગોમૂત્રમાં આમલી અને મીઠું નાખી તેમાં તાંબાનાં પતરાં નાખી અગ્નિ ઉપર પહોરપર્યંત

× તાંબાનું શોધનઃ—પ્રથમ તાંબાના પાતળા તાર લઇ તેનાં જાડા કાગળ જેવાં પતરાં કરાવવાં. પછી તીવ્રાગ્નિમાં તપાવી લાલ થાય ત્યારે તેલ, છાશ, ગોમૂત્ર, કાંજી, કળથીનો ક્વાથ, લિંબુનો રસ, આંમલીનો રસ, કુંવારના ગર્ભનો રસ તથા આકડાના પાનના રસમાં સાત સાત વખત ઠંડાં કરવાં. ત્યાર પછી ગોમૂત્રમાં આંમલી તથા મીઠું નાખી ત્રણ કલાક સુધી તેમાં પતરાં સીજવવાં. આટલું શોધન કર્યા પછી ત્રાંબાના નાના નાના નખ જેવડા ટુકડા કરવા અથવા ખાંડી ચૂર્ણ કરવું. (આવી રીતના શોધન પછી સહેલાઇથી ચૂર્ણ થઇ જાય છે.) આ ચૂર્ણને લિંબુના રસમાં ભીંજાવી સૂર્યના તાપમાં રાખવું. બે ત્રણ દિવસે લિંબુના રસનો નીલો રંગ થાય ત્યારે રસ કાઢી નાખી નવો રસ ભરવો. આવી રીતે ૭ દિવસ સૂર્યના તાપમાં રાખ્યા પછી જલથી સારી રીતે ધોઈ લેવાથી તાંબુ શુદ્ધ થાય છે. આવી રીતે શોધન કરેલા તાંબાની ભસ્મના સેવનથી વમન અથવા બીજો કોઈ દોષ શરીરમાં ઉત્પન્ન થતો નથી. જેટલું શોધન વધારે થાય તેટલી ભસ્મ વધારે લાભદાયક બને છે. (૧) તાંબાનું મારણઃ—તાંબાના શુદ્ધ ચૂર્ણને ચોથા હિસ્સા શુદ્ધ પારાની સાથે લિંબુના રસમાં ત્રણ કલાક ખરલ કરવું. ત્યાર પછી જલથી ચૂર્ણ ધોઇ નાખવું. પારો તાંબાને લાગી જવાથી ચાંદીના જેવું ચૂર્ણ થઇ જશે. આ ચૂર્ણથી બમણા વજને શુદ્ધ ગંધક લઇ લિંબુના રસમાં ઘુંટી તૈયાર કરવો. ત્યાર પછી આ ગંધકની લુગદીમાંથી પોણો ભાગ તાંબાના ચૂર્ણની સાથે ખરલ કરી ગોળો કરવો. અને બાકી જે ગંધકનો ચોથો ભાગ રાખેલો છે તેનો ગોળાની ઉપર લેપ કરવો. ત્યાર પછી સાટોડી અથવા ચુકાની ખાટી ભાજીના પાનને ચટણી માફક પીસી તાંબાના ગોળા ઉપર એક આંગળ જાડો લેપ કરવો. પછી એક માટલામાં આ ગોળો મૂકી ખાલી જગ્યા રેતીથી ભરી માટલાનું મોઢું શરાવથી બંધ કરી સાંધાને રાખ અને મીઠું મેળવી બંધ કરવો. પછી ચૂલા ઉપર રાખી મંદ, મધ્યમ અને તેજ અગ્નિની આંચ અનુક્રમથી બરાબર ૧૨ કલાક આપવી. ઠંડુ થયા પછી ગોળો બહાર કાઢી સુરણ(ઝેરી સુરણ હોય તો વધારે સારૂં)ના રસમાં ખરલ કરી ગોળો બનાવવો. આ ગોળાને સુરણની અંદર ખાડો કરી રાખવો. અથવા ગોળાની ઉપર ગોળાથી અરધો ગંધક લઇ ઘીમાં વાટી લેપ કરવો. સુરણમાં પેક કરવો હોય તો સુરણને કપડમાટી કરી ઉપર એકથી દોઢ આંગળ માટીનો લેપ કરવો. પછી એક ગજપુટ દેવાથી તાંબાની ઉત્તમ પ્રકારની ભસ્મ બને છે. (નં ૧ માં આપેલી વિધિ સ્પષ્ટ સમજાવા સારૂ અહીં ટીપમાં ફરી આપી છે.) **(નં ૧ માં આજ વિધિ લખેલ છે વધારે સ્પષ્ટ લખેલ નથી, જેથી લંબાણથી લખેલ છે જે વાંચી બીનઅનુભવી પણ તાંબાની ભસ્મ તૈયાર કરી શકે.)** (૨) તામ્રભસ્મ કરવાની વિધિઃ—શુદ્ધ તાંબાના ચૂર્ણથી બમણા વજને હિંગળોકની સાથે ખરલ કરી લિંબુનો રસ અથવા લીમડાના રસની ભાવના દઇ ડમરૂ યંત્રમાં રાખી ચૂલે ચઢાવી એ હિંગળોકમાંનો પારો કાઢી લેવો. નીચે તળીઆમાં રહેલા ચૂર્ણને એવીજ રીતે બમણા શુદ્ધ હિંગળોકની સાથે મેળવી પુનઃ પારો કાઢી લેવો. આ પ્રમાણે બે વખત કરવાથી ડમરૂયંત્રમાં તળીએ તામ્રભસ્મ તૈયાર થશે, તેમજ શુદ્ધ પારો પણ તૈયાર થઇ જશે. એક સાથમાં બે કાર્ય થાય છે. ઉપર મુજબ તૈયાર થયેલી

સીજવવાં; એટલે તાંબુ સારૂં શુદ્ધ થાય છે. (૨) તેલ, છાશ, ગોમૂત્ર અને કુલિત્થના કાઢામાં શુદ્ધ કરેલું તાંબુ લઇ, તેના આઠ દોષ જવા માટે પ્રાજ્ઞ પુરુષોએ વિશેષ શોધન કહેલું છે. તે એવી રીતે કે થુરીઓ, આકડાનું દૂધ અને મીઠું, એ પદાર્થો એકત્ર ખરલ કરી તે કલ્ક વડે તાંબાનાં પતરાંને લેપ કરવો તથા અગ્નિ ઉપર તપાવી નગોડના રસમાં ત્રણ વાર બૂઝાડવું, એટલે તાંબાની શુદ્ધિ થાય છે. **મારણ:**—(૧) નાનાં નાનાં અને તે ઘણાં પાતળાં એવાં તાંબાનાં પતરાં કરી તેમને લિંબુના રસમાં નાખી ત્રણ દિવસપર્યંત હલકો હલકો અગ્નિ કરી પચવવાં. પછી તે પતરાં કાઢી તેનો ચતુર્થાંશ પારો લઈ, બંને ખલમાં નાખી લિંબુના રસમાં એક પ્રહરપર્યંત ખરલ કરી તે પતરાં ખલમાંથી કાઢી, તેથી દુપ્પટ ગંધક લઈ તે ગંધક લિંબુના રસમાં ઘુંટી, તેનો તે પતરાં-ને લેપ કરી એક ગોળો કરવો; પછી મીનાક્ષી અથવા આમલી અગર સાટોડી, એમાંથી એક વનસ્પતિ લઇ વાટી તે ગોળાની આસપાસ એક આંગળ જાડો લેપ કરી માટલામાં તે ગોળો મૂકી તે ઉપર માટીનું કોડીઉં ઉંધું મૂકી, તે ઉપર રેતી માટલાના મોઢાપર્યંત નાખી, પછી રાખ અને મીઠું પાણીમાં મેળવી, તેની માટલાના મોઢાને મુદ્રા કરી, તે માટલું ચૂલા ઉપર મૂકી ક્રમે કરી હલકો, મધ્યમ અને મોટો એ પ્રમાણે ચાર પ્રહર અગ્નિ કરી ઠંડા થયા પછી તે ગોળો બહાર કાઢી, સુરણના રસમાં એક દિવસપર્યંત ખરલ કરી તેનો ગોળો કરી તેનાથી અર્ધો ગંધક લઇ ઘીમાં વાટી, તેનો તે ગોળાને લેપ કરી માટીનાં બે કોડીઆં લાવી, એકમાં તે ગોળો મૂકી તે ઉપર બીજું ઉંધું ઢાંકી કપડમાટી કરી, વગડાઉ છાણાનો ગજપુટ આપવો. ઠંડુ થયા પછી તે શરાવસંપુટ કાઢી, તેમાંથી તામ્રભસ્મ કાઢી લેવી. આ ભસ્મ ઘણો સારો ગુણ આપનારી છે. એનાથી ઉલટી, ભ્રાંતિ, ગ્લાનિ અને મૂર્છા, એ કોઇ દિવસ પણ થતાં નથી. (૨) પારો ૦ા ભાગ અને ગંધક ૨ ભાગ લઈ દુધેલીના રસમાં ખરલ કરી તાંબાનાં શુદ્ધ કરેલાં પતરાં ૧ ભાગ લઇ તેને લેપ કરવો તથા ગજપુટ આપવો; એટલે ભસ્મ થાય છે. (૩) શુદ્ધ કરેલો તાંબાનો ચૂરો લઈ સમાનભાગ પારામાં, જંબીરરસમાં મર્દન કરવો; પછી બંનેના સમભાગ ગંધકમાં ખરલ કરવો તથા એક ગજપુટ આપવો; એટલે ભસ્મ થાય છે. (૪) પારો ૧ ભાગ, ગંધક ૧ ભાગ, હરતાલ ૦ા ભાગ અને મનશીળ અષ્ટમાંશ, એ પદાર્થો એકત્ર ખરલ કરી બારિક કજ્જલી કરવી. પછી તામ્રપત્ર ૧ ભાગ લઈ તેનો તે કજ્જલીના પર્યાયે લેપ કરવો તથા તેને વાલુકાયંત્રમાં ચાર પહોર પચન કરવું; ઠંડુ થયા પછી કાઢી લેવું. આ તામ્ર દરરોજ બે વાલ, જે જે રોગો ઉપરના અનુ-પાનમાં આપે, તે તે રોગોનો નાશ કરે છે તથા પરિણામશૂળ, ઉદરશૂળ, પાંડુ, જ્વર, ગુલ્મ, પ્લીહા, ક્ષય, મંદાગ્નિ, શ્વાસ, કાસ અને સંગ્રહણીનો નાશ કરે છે, એને **સોમનાથી તામ્ર** કહે છે.+

તામ્રભસ્મને સમાન ગંધકની સાથે મેળવી લિંબુના રસમાં ખરલ કરી એક ગજપુટ આપવાથી ઉત્તમ પ્રકારની ભસ્મ બને છે. આ ભસ્મમાં કોઇ પણ પ્રકારનો દોષ રહેતો નથી. (૩) તામ્રભસ્મ-વિધિઃ—મંદારના દૂધમાં ત્રણ ભાવના આપેલી શુદ્ધ હરતાલને સમાન ભાગ શુદ્ધ તામ્રના ચૂર્ણની સાથે મેળવી દેવી. થોડી હરતાલ ઉપરની હરતાલમાંથી બાકી રાખવી, જે શરાવમાં નીચે તથા થોડી તામ્ર અને હરતાલના ચૂર્ણના મિશ્રણની ઉપર નાખી સંપુટ કરવું. રેતી, ચીકણી માટી અને મીઠું મેળવી તૈયાર કરેલી માટીથી સાત કપડમાટી કરી સંપુટ સૂકાવી લેવું. સંપુટ પર કપડમાટી કરતી વખતે ઉપર નીચે ન થઈ જાય તેમજ વધારે આમતેમ હાલે નહિ તે સંભાળવું. સૂકાઇ જવા પછી સંપુટને ચૂલા પર રાખી ત્રણ પ્રહર મંદાગ્નિ આપવો. ત્યાર પછી ભસ્મ કાઢી એક વરાહ-પુટમાં ફૂંકવાથી તામ્રભસ્મ તૈયાર થાય છે (રસાયનસાર ગ્રંથમાંથી)

+ પ્રથમ થોડી કજ્જલી બિછાવી ઉપર તાંબાનાં પતરાં રાખવાં; ફરીને ઉપર કજ્જલી બિછાવી પતરાં રાખવાં. સર્વની ઉપર તથા નીચે કજ્જલી રાખવી. આ ભસ્મ નીચે લખ્યા પ્રમાણે ગર્ભયંત્રમાં માત્ર ૩ કલાક પાચન કરવાનું રસપ્રદીપ તથા રસરત્ન સમુચ્ચય લખ્યું છે. ગર્ભયંત્ર બનાવવાની વિધિઃ—ચાર આંગળ લાંબી તથા ત્રણ આંગળ પહોળી માટીની મૂષ બનાવવી. મોઢું ગોળ બનાવવું. જ્યારે સૂકાઇ જાય ત્યારે ૨૦ ભાગ લોઢું અર્ધું બળેલું તથા એક ભાગ ગુગળ મેળવી ખૂબ મર્દન કરી ઉપર વાળી મૂષ ઉપર ૭, ૮ વખત લેપ કરવો. વારંવાર લેપ કર્યા પછી મૂષ સૂકાવી

તામ્રભસ્મપરીક્ષાઃ—તામ્રભસ્મ રંગે મોરના કંઠ જેવી દેખાય છે અને તેનું ચૂર્ણ સહજ થાય છે; તથા પારાનો યોગ હોવાથી ચકચકિત દેખાય છે. તામ્રભસ્મ દહીંમાં નાખવા છતાં રંગ કાયમ રહે તો તે પાકી છે, એમ સમજવું. **તામ્રગુણઃ**—શુદ્ધ રીતિએ કરેલી તામ્ર કોઢ, પ્લીહા, જ્વર, વાયુ, કફ, શ્વાસ, કાસ, મૂર્છા, શૂળ, કૃમિ, ઉલટી, પાંડુ, મેહ, અતિસાર, મૂળવ્યાધિ, ગુલ્મ, ક્ષય, ભ્રમ, મસ્તકવ્યાધિ અને મોહનો નાશ કરે છે તથા અગ્નિને વધારે છે. **અશુદ્ધ તામ્રઃ**—સંપૂર્ણ ધાતુનો શોષ, નાના પ્રકારના રોગ, કાંતિનાશ અને કુષ્ઠ, વિષ, જ્વર, ઉલટી, રેચ, સંતાપ તથા અનેક વ્યાધિને સહાય કરે છે અને પ્રાણનાશ કરે છે.*

ત્રિવિધ તામ્રગુણઃ—મોરથુથુ× કડવા કરંજના તેલમાં એક દિવસ રાખી તેનો ચતુર્થાંશ ટંકણખાર લઈ કુલડીમાં ઘાલી ભુંગળીથી ફુંકવું કિંવા માણસના કાળા કેશ મેળવી ફૂંકવું; એટલે રક્ત જેવું લાલ તાંબુ નીકળે છે. એજ પ્રમાણે ગાંડૂલ(અળસીઆં)નું સત્ત્વ પણ નીકળે છે. મોરથુથુ કિંવા તાંબુ એના સત્ત્વની રવિવારે વિંટી કરવી તથા તે પાણીમાં બોળી તે પાણી પીવા

લેવી. છેવટે ૧ ભાગ માટી તથા બે ભાગ સિંધાલૂણને મેળવી પાણીમાં ઘુંટી ઉપર લેપ કરવો. ઉપરનું ઢાંકણુ પર આવીજ રીતનું મજબૂત તૈયાર કરવું. ઔષધિ ભર્યા પછી પણ સંધિ મજબૂત રીતે બંધ કરવી. આવશ્યકતા હોય તો મૂષ મોટી પણ બનાવી શકાય છે. માત્રા ૨ વાલની વર્તમાન સમયમાં ઘણીજ વધારે છે. ઔષધિનો ઉપયોગ કરતી વખતે દરદીની શક્તિ, સમય તથા ઔષધિના બળનો વિચાર કરીને આપવી. તામ્રભસ્મની માત્રા ૦॥ રતીથી ૧ રતી છે. સફેદ રંગની તામ્ર ભસ્મ કરવાની વિધિઃ—લાલ અઘાડાનાં પંચાંગ ૧ શેરની ચટણીના જેવી લુગદી કરી તેની વચમાં શોધન કરેલ તાંબાનો પૈસો મૂકી સાત કપડમાટી ઉપર કરવી. પછી સારી રીતે સંપુટ સૂકાય ત્યારે ૧૦ શેર છાણાંની આંચ આપવી એટલે સફેદ રંગની ભસ્મ તૈયાર થશે. (આ વિધિ આર્યવૈદ્ય કલાનિધિ ગ્રંથમાંથી લખેલ છે. અનુભવ કરેલ નથી.)

* અશુદ્ધ અથવા અપકવ તામ્રભસ્મ ખાવાથી ઉલટી, રેચ, સંતાપ, ભ્રમ, મૂર્છા, પ્રમેહ આદિ રોગો અને બળ, વીર્ય તથા આયુષ્યનો નાશ થાય છે. તંત્રાંતરમાં અને રસાર્ણવમાં કહ્યું છે કે, વિષ એ વિષ નથી; પરંતુ તામ્ર એજ વિષ છે; કારણ કે વિષમાં એકજ દોષ છે, પરંતુ તાંબામાં ભ્રમ, ઉલટી, રેચ, પરસેવો, મોળ, મૂર્છા, દાહ અને અરુચિ, એ આઠ દોષ રહેલા છે. તામ્રભસ્મના દોષની શાંતિ સાંઉ(સામો)નો પાતળો ખીરના જેવો ભાત બનાવી સાકર મેળવી પીવો. તૃષા લાગે ત્યારે ધાણા તથા સાકરવાળું પાણી પીતા રહેવું. બીજું કાંઇ પણ ખાવું નહિ. આવી રીતે કરવાથી જલદી વિકાર શાંત થઇ જાય છે.

× **મોરથુથામાંથી તાંબુ કાઢવાની રીતઃ**—૫ શેર મોરથુથુના બારીક ચૂર્ણને એક લોઢાની કડાઇમાં નાખવું. ચૂર્ણ ઉપર એક કપડું ઢાંકી દેવું. પછી આ કડાઇને એક મોટી કડાઇમાં મૂકવી. ત્યાર પછી ૨૦ શેર ત્રિફળાં ઉપર મૂકવાં, કે જેથી નાની કડાઇ ઢંકાઇ જાય. પછી બે મણ પાણી ભરી ખુલ્લા મકાનમાં રાખી દેવું, જેથી સૂર્યનો તાપ તથા રાત્રિની શીતળતા લાગતી રહે. એક મહિના પછી ત્રિફળાં કાઢી સૂકવી ક્ષાર બનાવી લેવો. પાણી મળે તે ઉત્તમ પ્રકારની શાહીના રૂપમાં કામ આપે છે, તથા નાની કડાઇમાં નીચે ૧ શેર તાંબુ ચોંટેલું મળશે. એને ખોતરીને કાઢી લેવું.

મોરથુથુમાંથી કાઢેલા તાંબાનું શોધન તથા મારણઃ—૧ શેર તાંબાને અગ્નિમાં તપાવી ૭ વખત આકડાના પાનના રસમાં ઠંડુ કરવું. પછી ૨ શેર આમલીનાં પાન તથા ૧ શેર સિંધાલૂણ ગોમૂત્રમાં મેળવી ૬ કલાક શીજવવાથી તાંબુ શુદ્ધ થાય છે. પછી ૧ હાંડી (જાડું હાંડલું) લઇ તેમાં ૧ શેર ગંધકનું ચૂર્ણ બિછાવવું. ઉપર તાંબાનું ચૂર્ણ રાખવું. પછી ઉપર ૧ શેર ગંધકનું ચૂર્ણ નાખી તાંબુ ઢાંકી દેવું. ત્યાર પછી હાંડીના ઉપર ઢાંકણું બંધ કરી કપડમાટી કરી લેવી. ઢાંકણામાં ધૂમાડો નીકળવા માટે બેઆની જેટલું મોટું છિદ્ર કરવું. ત્યારપછી હાંડીને ચૂલા પર ચઢાવવી. ક્રમથી મંદ મધ્યમ, તીવ્રાગ્નિ બરાબર ૧૨ કલાક આપવાથી નીલા રંગની તામ્રભસ્મ તૈયાર થાય છે. કદાચ દોષ રહી જાય તો આકડાના પાનના રસમાં ખરલ કરી ગોળો બનાવી સાત કપડમાટી કરી વારાહપુટમાં ફૂંકી લેવું.

આપવું; એટલે તત્કાળ વિષનાશ થાય છે અને દુઃખી થતી ગર્ભિણીનો પણ જલદી છુટકો થાય છે. તેમજ હાથ ધોઈ હાથનો સ્નેહ (મેલ) रामवत्सोमसेनानीमुद्रितेति तथाक्षरम् । हिमालयोत्तरेपार्श्वे स्वकर्णश्च मरुद्रुमः।। तत्रशूलं समुत्पन्नं तत्रैव विलयं गतम्।। એ મંત્રવડે મંત્રવાથી મોટું શૂળ, ત્રિદોષની પીડા, ભૂતબાધા અને ગ્રહબાધાનો નાશ થાય છે તથા સ્ત્રી સદ્યઃ પ્રસૂત થાય છે; વ્રણને ભરી કાઢે છે અને નેત્રમાં નાખવાથી હિત થાય છે, એવું પૂર્વે ભાલુકિએ કહેલું છે.

મયૂરપિચ્છાદિથી તામ્રોત્પાત્ત:—મોરનાં પીછાં લઈ બકરીના ઘીમાં શેકવાં; તથા ગોળ, ગુગળ, માછલું, ઊન, ટંકણખાર, સાજીખાર, મધ, ચણોઠી, લીંડીપીંપર, લાખ અને ઘી, એકત્ર મેળવી અંધમૂષા યંત્રમાં ઘાલી ફુંકવું; એટલે મયૂરપિચ્છ અને અળસીઆનું તામ્ર થાય છે; તેમજ નાનું અળસીઉં લઈ ગોમયમાં પિંડ કરી કુલડીમાં ઘાલી ફુંકવાથી તાંબુ ઉત્પન્ન થાય છે. **ભૂનાગ અને મયૂરપિચ્છનાં સત્વોનો ગુણ:**—શીત, સંપૂર્ણ કોઢ, વ્રણ તથા સ્થાવર-જંગમ વિષનો નાશ કરે છે; અને પારાનો યોગ કરવાથી તે અગ્નિમાં સ્થિર રહે છે. **તામ્રભસ્મનાં અનુપાનો:**—નિત્ય એક ચણોઠીભાર તામ્રભસ્મ આપવી. (૧) શ્વાસકાસને માટે મધ અને લીંડીપીંપરમાં. (૨) પિત્ત ઉપર સાકરમાં. (૩) વિષમજ્વર ઉપર મરી અને તુલસીના રસમાં. (૪) વાતગુલ્મ ઉપર હીંગમાં. (૫) ઉદરરોગ ઉપર ગુગળમાં સાત દિવસ આપવી. (૬) મૂત્રકૃચ્છ્ર ઉપર હળદર અને મધમાં. (૭) પથરી ઉપર જવખારમાં. (૮) મૂળવ્યાધિ ઉપર મરી અને લવંગનું ચૂર્ણ નાખી સુરણના રસમાં. (૯) સંગ્રહણી અને વાતપ્રમેહ ઉપર ગળોનું સત્ત્વ, અજમો, સાકર અને મધમાં. (૧૦) પુષ્ટતા માટે મધ, સાકર અને ઘીમાં આપવી. એ ઉપર **પથ્ય:**—ખાટા અને તેલકટ પદાર્થો વર્જ્ય કરવા.

२२–दगडी पाषाणभेद

આ એક પથ્થરની જાત છે. એ જીભને લગાડવાથી ચીકટાય છે. એમાં ધોળો અને રાતો એવી બે જાત છે. **પાષાણભેદ:**—હિમ, સ્વાદુ તથા ઉષ્ણ છે; અને પ્રમેહ, મૂત્રરોધ, અશ્મરી, શૂળ, પિત્ત તથા ક્ષયનો નાશ કરનાર છે. ઉપયોગ:—(૧) **પ્રદર અને પ્રમેહ ઉપર:**—૩ માસા પાષાણભેદનું ચૂર્ણ મધમાં આપવું. (૨) **ગરમીએ શિશ્ન સૂજ્યું હોય તો:**—પાષાણભેદ, મનશીળ અને થોડું મોરથુથુ પાણીમાં ઘસી લેપ કરવો. (૩) **કમરનું દરદ, અસ્થિભંગ, ઉધરસ, વ્રણ અને ધાતુપુષ્ટિ ઉપર:**—પાષાણભેદ ગાયના દૂધમાં આપવો. (૪) **બદ ઉપર:**—ભિલામો અને પાષાણભેદનો લેપ કરવો. (૫) **પ્રદર ઉપર:**—પાષાણભેદ અને શંખજીરાનું ચૂર્ણ ઘી-સાકરમાં આપવું.

२३–धूंवास

ચૂલા ઉપર ધૂમાડાથી જે કાજળ એકઠું થાય છે તેને "ધૂંવાસ" કહે છે. **ઉપયોગ:**—(૧) **લાપોટીઉં, સોજો ઇત્યાદિ ઉપર:**—ધૂંવાસ, ગોળ અને ચૂનો ખરલ કરી લેપ કરવો. (૨) **આંખો આવે છે તેને માટે:**—ધૂંવાસ, ગોળ અને ચૂનાની લમણા ઉપર બે પટી લગાવવી. (૩) **મૂળવ્યાધિ ઉપર:**—ધૂંવાસ, દહીંમાં અથવા ઘીમાં ખરલ કરી મસાને લેપ કરવો અને તેના ઉપર વગડાઉ છાણાંનો શેક કરવો.

२४–नवसागर (नवसार)

સં૦ વજ્રક્ષાર. મ૦ નવસાગર. હિં૦ नौसादर. બં૦ નિશાદલ. અ૦ નવસાદર, ખુરાશાની. ઇં૦ એમોનીઅમ ક્લોરાઇડ. લા૦ એમોનીઅમ મ્યુરીઅસ. જર્મની૦ સૅાલમિઆક્. ક૦ નવસાગર. તા૦ નવચરમ્, નવાચ્છારમ્. તે૦ નવાસાગરમ્, નવાચારમ્. મલા૦ નવસાગરમ્. અ૦ મિલહુમાર, અર્મિના. ફા૦ નોષાદર. બ્ર૦ ઝરસ.

નવસાગરની ક્ષારમાં ગણના છે. એ માણસની વિષ્ઠાથી અને મૂત્રમાંથી તૈયાર થાય છે; તેમજ અન્ય પ્રકારે પણ તૈયાર થાય છે. એ ધોળો સફેદ હોઈ રેષામય છે. એ સ્વાદે ખારો હોય

છે. ×નવસાગર:—અતિ ઉગ્ર, તીક્ષ્ણ, સારક અને નેત્રોને હિતાવહ છે; તથા ગુલ્મ, ઉદર, વિષ્ટંભ, શૂળ, શોષ, માંસાજીર્ણ અને ત્રિદોષનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **મૂર્ચ્છા, મસ્તકશૂળ, સળેખમ, ઉન્માદ અને વિંછીના વિષ ઉપર:**—નવસાગર અને કળીચૂનો એક શીશીમાં ભરી તેનું મોઢું બંધ કરી રાખવું અને જરૂર પડે ત્યારે તે શીશીનું મોઢું ઉઘાડી સુંઘાડવી; એટલે ઉપલા દોષ નાશ થશે. (૨) **હિરાકસીના વિષ ઉપર અને કાચની ભૂકી અન્નમાં ગઈ હોય તો તે ઉપર:**—નવસાગર ઘસી પાવો. (૩) **વાળા ઉપર:**—નવસાગરની ભૂકી કરી તે અર્ધો ટાંક ઘીમાં નાખી પાવી. (૪) **અપસ્માર ઉપર:**—નવસાગર લિંબુના રસમાં ખરલ કરી તેનું નસ્ય આપવું. (૫) **યકૃત્ અને બરોળ ઉપર:**—માસો અગર બે માસા નવસાગર, ૪ તોલા ઠંડા પાણીમાં ઓગાળી તે પાણી પાવું; એટલે એ રોગ ત્વરિત દૂર થાય છે. (૬) **શૂળ ઉપર:**—નવસાગર ગોળમાં આપવો. (૭) **કાચ, માટી, ગેરૂ ઇત્યાદિના વિષ ઉપર:**—નવસાગરનું ભક્ષણ કરવું.

૨૫–परवाळां

સં૦ ક૦ પ્રવાલ. મ૦ પોંવળે. હિં૦ મુંગા. તૈ૦ પ્રવાલકં, પાગડાલુ. ફા૦ મિરજાન, બેખમિરજાં. અ૦ બેહમદ્દબુસ્સુદ. ઈં૦ રેડ કોરલ. લા૦ કૉરેલીઅમ રૂબ્રં.

સમુદ્રમાં રહેનારા એક જાતિના કીડા હોય છે. તે સમુદ્રના તળીઆથી ઉચીર કાઢી પ્રવાળના ખડક બનાવે છે. એ ખડક વેલા પ્રમાણે હોય છે; એટલે તેને પરવાળાંના વેલા પણ કહે છે. પરવાળાંનો રંગ લાલ હોય છે. જે પાકેલાં ગિલોડાં જેવાં લાલ, ગોળ, લાંબાં, સરળ, સ્નિગ્ધ અને અવ્રણ, મોટાં એવાં પરવાળાં હોય છે તે સારાં. જે રંગે પિત્તળ જેવાં, પોલાં, બારિક, સછિદ્ર, રૂક્ષ, કાળાં, નાનાં તથા ધોળાં હોય છે તે ખરાબ; તે લેવાં નહિ. **પ્રવાલ:**—મધુર, ખાટાં, વીર્યપ્રદ, કાંતિકર, લઘુ, અગ્નિદીપક, રુચિકર, પૌષ્ટિક, પાચક, સારક, નેત્ર્ય, ધાતુવર્ધક તથા ક્ષયનાશક છે; અને વાયુ, ઉધરસ, કફ, પિત્ત, પાંડુ, તાવ, પ્રમેહ, દમ, વિષ, રક્તપિત્ત તથા ભૂતોન્માદનો નાશ કરે છે. **પ્રવાલનું શોધન:**—(૧) મણિ, મોતી અને પરવાળાં, એ જયંતીના (અરણીના) રસમાં દોલાયંત્રવડે ૧ પહોર પચન કરવાં એટલે શુદ્ધ થાય છે. (૨)* પરવાળાં લિંબુના રસમાં ૧ પહોર ભીંજવી રાખવાં અથવા (૩) દૂધમાં ૧ પહોર દોલાયંત્રવડે પચન કરવાં અગર (૪) ત્રિફળાંના કાઢામાં બાફવાથી શુદ્ધ થાય છે. **પ્રવાલનું મારણ:**—(૧) કુંવાર, તાંદળજો અને સ્ત્રીના દૂધમાં પરવાળાં તપાવી બોળવાં. એ પ્રમાણે પ્રત્યેક રસે કરી સાત સાત ભાવના આપવી એટલે ભસ્મ થાય છે. આ પ્રમાણેજ સૂર્યકાંતમણિ અને મોતીની ભસ્મ થાય છે. (૨) પરવાળાંનું બારિક ચૂર્ણ કરી તેને લિંબુના રસમાં ઘુંટી વાસણમાં સૂકવવું. આ પ્રમાણે લિંબુના રસની ત્રણ કિંવા સાત અને ગુલાબજળની સાત ભાવનાઓ આપવી; એટલે પરવાળાંની ભસ્મ થાય છે.§ (૩) પરવાળાંના ચૂર્ણને લિંબુના રસના સાત, કુંવારપાઠાના સાત

× નવસાગર ખાવા માટે આપવો હોય તો પહેલાં શોધન કરવો જોઇએ. શોધનવિધિ નીચે મુજબ:—નવસાગરનું ચૂર્ણ કરી થોડો સમય ગરમ પાણીમાં ભીંજાવી રાખવું. પછી જાડા કપડાથી ગાળી ચૂલે ચઢાવી પાણી બાળી નાખવું. એટલે નવસાગર વાસણમાં નીચે રહી જશે તે શુદ્ધ જાણવો. **યકૃત્ અને બરોળ ઉપર:**—શુદ્ધ નવસાગર ૮ તોલા, સંચળ ૧ તોલો તથા સોનાગેરૂ ૧ તોલો મેળવી ખરલ કરી ચૂર્ણ શીશીમાં ભરી લેવું. આ ચૂર્ણ એકેક માસો દિવસમાં બે વખત ઠંડા પાણી સાથે આપવું. ગોળ, ચણાની વસ્તુ અને ખટાઈ ખાવા ન આપવી. ઔષધિ ખાઇને ઉપર ચૂનો ચોપડેલું પાન ન ખાવું. પથ્ય પાલન કરવાથી આ સાદી ઔષધિથી ભયંકર યકૃત અને બરોળ નાશ પામે છે.

* પરવાળાંને ખાંડી ચૂર્ણ કરી લિંબુના રસમાં નાખી સૂર્યના તાપમાં રાખવાં જોઇએ, કે જેથી અંદરનો દોષ પણ નીકળીને શુદ્ધ થાય.

§ આવી રીતે કરેલી પ્રવાલભસ્મને રાત્રે અગાશીમાં ખુલ્લી રાખવાનો રિવાજ છે. આ ભસ્મ ચંદ્રપુટી કહેવાય છે. આ ભસ્મની માત્રા—૩થી ૬ રતી છે. **અનુપાન**—માખણ ૪ તોલા અને સાકર ૨ તોલા અથવા મલાઇ અને સાકર સાથે દિવસમાં બે વખત આપવી.

અને ગુલાબજળના સાત એ પ્રમાણે સૂર્યપુટો આપવાથી ભસ્મ થાય છે. (૪) પરવાળાંના ચૂર્ણને ગુલાબજળના ૨૭ પુટો આપવા એટલે ભસ્મ થાય છે.* એને લેવાનું પ્રમાણ ૨ ગુંજા છે.÷ **પ્રવાલભસ્મનાં અનુપાનો:**—(૧) **જીર્ણજ્વર, કાસ, શ્વાસ, હેડકી તથા કોષ્ઠગત વાયુ** વગેરે રોગોમાં મધ અને હરડેમાં આપવી. (૨) **તાવ ઉપર:**—કરિયાતુ, કડુ અને હરડેમાં આપવી. (૩) **પિત્ત ઉપર:**—દૂધ અને સાકરમાં આપવી. (૪) **ધાતુક્ષય ઉપર:**—પાકેલાં કેળાંમાં. (૫) **કૃશતા ઉપર:**—પાનમાં. (૬) **તણુખિયા પ્રમેહ ઉપર:**—ચોખાના ધોવરામણ અને સાકરમાં અથવા ત્રિફળાં અને મધમાં. (૭) **ધાતુપુષ્ટિને** માટે ઘી-સાકરમાં. (૮) **પ્રદર ઉપર:**—ગાયના ધારોષ્ણ દૂધમાં. (૯) વાયુ **ઉપર:**—તુલસીનો રસ તથા મધ અને સાકરમાં. (૧૦) **પિત્તકાસ ઉપર:**—આદુનો રસ અને સાકરમાં. (૧૧) **રતાંધળા ઉપર:**—ઉંદરની લીંડીઓ તુલસીના રસમાં ઘસી તેમાં ભસ્મ નાખી અંજન કરવું. (૧૨) **અસ્થિભંગ અને સંધિભંગ** ઉપર:—પ્રવાલભસ્મ મધમાં આપવી. (૧૩) **પિત્તરોગ અને ભ્રમ ઉપર:**—આમળાંના મુરબ્બામાં ઘી અને સાકર નાખી તેમાં આપવી. (૧૪) **ઉરઃક્ષતક્ષય ઉપર:**—ઘી અને મધમાં. (૧૫) **કફ તથા મૂત્રકૃચ્છ્ર ઉપર:**—ચોખાના ધોવરામણમાં. (૧૬) **ગર્ભિણીની ઉલટી ઉપર:**—તાંદળજાના રસમાં. (૧૭) **ધાતુસ્થાનની** કડકી **ઉપર:**—ગાયના દૂધમાં સાકર નાખી તેમાં આપવી. (૧૮) **દાહ ઉપર:**—વંશલોચન અને સાકરમાં. (૧૯) **ઉષ્ણતા, દાહ અને ઇંદ્રિયની બળતરા ઉપર:**—ચોખાના ધોવરામણમાં મધ અને સાકર નાખી આપવી. (૨૦) **આંખોમાંની ગરમી અને શરીર ઉપરની સૂકી ખસ ઉપર:**—ઘી અને સાકરમાં અથવા ધારોષ્ણ દૂધમાં સાકર નાખી આપવી. (૨૧) **મસ્તકશૂળ ઉપર:**—બદામની ખીરમાં આપવી. **ખીર કરવાનો પ્રકાર:**—બદામ દશ-બાર લઇ તે ગરમ પાણીમાં પલાળી રાખી ઉપરનાં ફોતરાં કાઢી વાટવાં અને પાશેર ગાયનું દૂધ લઇ તેમાં બે તોલા સાકર નાખવી; તથા તેમાં વાલભર પ્રવાલભસ્મ નાખી આપવી; એટલે મસ્તકશૂળ, પિત્તવિકાર અને નેત્રસંબંધી રોગ દૂર થઇ આંખોને ટંડક આવે છે અને શક્તિ વધે છે. (૨૨) **પિત્તોદ્ભવ પાંડુ ઉપર:**—પ્રવાલભસ્મ ઘી-સાકરમાં આપવી. **પથ્ય:**—સંપૂર્ણ પિત્તકારક પદાર્થ વર્જ્ય.

---

* પરવાળાં ૪ તોલા લઇ આકડાના દૂધના ૭ સૂર્યપુટ આપી કોરી કુલડીમાં કપડમટ્ટી કરી અડાયાં છાણાંથી ગજપુટમાં અગ્નિ આપવાથી ભસ્મ થાય છે; એમ એક જૈનગ્રંથમાં લખ્યું છે.

÷ **પ્રવાલમારણ વિધિ:**—(૧) એક માટીના હાંડલામાં કુંવારનાં લફરાં પાથરી ઉપર શુદ્ધ પ્રવાલ રાખવી. પછી ઉપર કુંવારના લફરાનો ગર્ભ રાખી પ્રવાલ ઢાંકી દેવી. પછી કપડમાટી કરી ગજપુટ આપવો. સ્વાંગ શીતળ થયેથી ખોલી ભસ્મ કાઢી લેવી. આ ભસ્મને કુંવારના રસમાં ૩ કલાક ખરલ કરી એકેક તોલાની ટીકડી બાંધવી. સૂર્યના તાપમાં સૂકાવી ટીકડીને માટલામાં સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવાથી ઉત્તમ પ્રકારની ભસ્મ બને છે. એક વખત ૧ શેર પ્રવાલની ભસ્મ કરવી. કુંવારનો ગર્ભ બમણો અથવા તેથી વધારે લેવો. (૨) મેંદીનાં સૂકાં પાન તથા સાકર તથા શોધેલી પ્રવાલ, એ ત્રણે સમભાગ લઈ (ખીચડીમાં ચોખા અને મગ મેળવે તેવી રીતે) મેળવી એક માટલામાં ભરવાં. કપડમાટી કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયેથી સંપુટ કાઢી મેંદી અને સાકરની રાખ અલગ કરી પ્રવાલ કાઢી લેવી. બારીક ચૂર્ણ કરી ગાયના અથવા ભેંસના દૂધમાં ત્રણ કલાક ખરલ કરી ટીકડી બાંધી સૂર્યના તાપમાં સૂકવવી. સૂકાયા પછી સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવાથી સફેદ મુલાયમ ભસ્મ તૈયાર થાય છે. દૂધના પુટ વખતે માટલામાં થોડી ખાલી જગ્યા રહેવી જોઇએ; કારણ કે ટીકડી બધી ફૂલીને મોટી થઇ જાય છે. (૩) પરવાળાંને અગ્નિ પર તપાવી સાત વખત કુંવારના રસમાં ઠંડાં કરવાં. તપાવવા પછી પરવાળાંનો રંગ મેલો પીળો થઇ જાય છે. પછી ખાંડી ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૧૬ તોલા, શુદ્ધ પારા તથા ગંધકની કજળી ૪ તોલા મેળવી કુંવારનો રસ નાખી ૬ કલાક ખરલ કરવું. ત્યારબાદ બબ્બે તોલાની ટીકડી બાંધી સૂકાવી શરાવસંપુટ કરવું. શરાવસંપુટની કપડમાટી સૂકાયા પછી ગજપુટ આપવો. ટીકડી જે કાળા રંગની હતી તે અગ્નિ આપવા પછી ગુલાબી રંગની બની જાય છે. આ ભસ્મ બીજી રીતની બનાવેલી ભસ્મ કરતાં વધારે ગુણવાળી છે. માત્રા ૧ થી ૨ રતી સુધી છે.

૨૬—पाणीशोक

એ એક પથ્થરની જાત છે. એનો વર્ણ ધોળો હોય છે. એનાથી જીભને પાણી વળે છે. **વ્રણમાં પાણી આવતું હોય તો** પાણીશોક લગાડવો.

૨૭—पापडिओ खारो (संचोरो)

પાપડખારની ઉત્પત્તિ સિંધ અને કચ્છ દેશમાં થાય છે. એનો રંગ ધોળો હોય છે. **પાપડ ખાર:**—એ ગુણોમાં જવખાર જેવો છે. **ઉપયોગ:—(૧) વાળા ઉપર:**—પાપડખારનું ચૂર્ણ ત્રણ માસા નવટાંક દહીંમાં આપવું. એ પ્રમાણે દિવસમાં ત્રણ-ચાર વખત આપવું. દિવસે ભોજન કરવું નહિ; રાત્રે ભોજન કરવું. એ પ્રમાણે એક દિવસ કરવું. (૨) **બાળકોની સસણી ઉપર:**—ગોળમાં ચણાની દાળ કરતાં પણ કમી પાપડખાર નાખી તેમાં લગારેક ધાવણ નાખી પાવું; તેથી ઉલટી થશે. આ ઔષધ બે-ત્રણ મહિનાના બાળકને આપવું નહિ. (૩) **ભાર ઉપર:**—એક તોલાભાર પાપડખાર અને એક મોટું વેંગણ, એને કલાઈવાળા વાસણમાં બાફી તેનો ગોમૂત્રમાં ખરલ કરી તેમાંથી બબ્બે વાલ લઇ ગોળના પાણીમાં પાતા રહેવું (રોગ શાંત હોય ત્યાં સુધી એકેક કલાકે પીવરાવતા રહેવું). (૪) **પેટદુખી—પીડ ઉપર:**—લિંબુના રસમાં પાપડખાર વાલ કિંવા બે વાલ નાખી આપવો. (૫) **ગંડમાળ અને ખરજવા ઉપર:**—પાપડખાર અને કળીચૂનો એકત્ર ઘસી લેપ કરવો; એથી કરી નવીન થયેલો વિકાર જલદી દૂર થાય છે. (૬) **ગુડઘી (ઘુંટણના દરદ) ઉપર:**—પાપડખાર અને કળીચૂનો એકત્ર કરી સોપારી જેટલી ચાર ગોળીઓ કરી, તે ઘુંટણની ચાર આંખો ઉપર બાંધી, તે ઉપર એક કલાકપર્યંત પાણી ટીપું ટીપું નાખવું. તે પછી તે કાઢી એરંડાનાં પાંદડાંને એરંડતેલ ચોપડી બાંધવું.

૨૮—पारो

સં૦ બં૦ પારદ. મ૦ હિં૦ ક૦ પારા. તે૦ પારદ રસ. ફા૦ સિમાલ. અ૦ જીવક. ઇં૦ મર્ક્યુરી. લા૦ હાઇડ્રાર્જીરમ.

પારો ખાણમાંથી નીકળે છે. પારામાં કલાઇ, સીસું, મળ, અગ્નિ, ગિરિદોષ, ચાંચલ્ય અને વિષ, એ અસહ્ય દોષ સ્વાભાવિકજ રહે છે. તેમાં જડતા ગિરિદોષથી, અંગ ઉપર ગડગુમડ તથા નપુંસકતા સીસાથી, કલાઇનો યોગ હોવાથી કોઢ, મળથી મૂર્ચ્છા, વિષથી મૃત્યુ, અગ્નિથી શરીરમાં ભયંકર દાહ તથા ચપળતાથી વીર્યનો નાશ એવા દોષ અશુદ્ધ પારો સેવન કરવામાં ઉત્પન્ન થાય છે. પારામાં એ અસહ્ય દોષ છે. એટલા માટે તેનું શોધન અવશ્ય કરવું જોઇએ; તેમજ પારામાં ઔપાધિક સપ્તકંચુક (કાંચળી) છે.× **શોધન:**—પારાની શુદ્ધિ કરવાને મુખ્ય આઠ સંસ્કાર

× **પારાનું શોધન:**—એક શેર પારો શુદ્ધ કરવો હોય તો બશેર શુદ્ધ આમળસાર ગંધક લેવો. ગંધકનું બારીક ચૂર્ણ કરી ૨૦ શેર પાણી રહે તેવડી લોઢાની કડાઈમાં નાખી મંદાગ્નિ પર ચઢાવવો. જ્યારે ગંધક પીગળી જાય ત્યારે તેમાં વચ્ચોવચ્ચ પારો નાખી દેવો.પારો ઉડશે નહિ, વચ્ચેજ રહેશે; અને પારાની આસપાસ ગંધક ફરી વળશે. જ્યારે ગંધક કડાઈના કિનારા તરફ લાલ દેખાય કે તરત કડાઈ ઉતારી લઇ નીચે રાખવી. ઠંડુ થયા પછી સંભાળપૂર્વક ગંધકને તોડી વચ્ચેથી ચમકતો સાફ પારો કાઢી લેવો. આ પારો સર્વ દોષથી મુક્ત થયેલો સમજવો. કેટલોક પારો ગંધકની વચ્ચે રહી જાય છે. જે સીધી રીતે નીકળી શકતો નથી તેને ડમરૂયંત્રથી અથવા ચીંથરાં વિંટાળી અગ્નિ લગાડી ઉપર વાસણ ઢાંકી હીંગળોકમાંથી કાઢે છે તેવી રીતે પારો કાઢી લેવો. પારાનું વજન આ શોધનમાં ઘટતું નથી. આ પારાનો ઉપયોગ નિઃસંદેહ કરવો.

સૂચના—થોડો વધારે સમય કડાઇ ચૂલા પર રહેશે તો ગંધકમાં આગ લાગી જશે. કદાચ આગ લાગે તો નહિ ગભરાતાં તરત ગંધક ઉપર થાળી ઢાંકી દેવી. પછી કડાઇમાંની ખાલી જગ્યા ધૂળથી ભરી દેવી, જેથી આગ શાંત થઈ જશે.

હીંગળોકમાંથી સરલ રીતે પારો કાઢવાની રીતિ હિંગળોકની ટીપણીમાં લખેલ છે ત્યાંથી જોઈ લેવી.

કહેલા છે તેઃ—સ્વેદન, મર્દન, મૂર્ચ્છન, ઉત્થાપન, પાતન, બોધન, નિયમન, સંદીપનઃ—અનેક જાતિનાં ધાન્યો લઇ છડી ફોતરાં કાઢી પાણીમાં નાખી માટીના વાસણમાં ભરી, ખાટાં થતાંસુધી રાખવાં; તથા ખાટા થયેલા પદાર્થમાં તાંદળજો, મુંડી, વિષ્ણુક્રાંતા, સાટોડી, મત્સ્યાક્ષી, મોટી મુંગસવેલ (સર્પાક્ષી), મહાબલા, શતાવરી, ત્રિફળાં, ગરણી, હંસપદી અને ચિત્રક, એમાંથી જે મળી આવે તે વનસ્પતિનું પંચાંગ ચૂર્ણ કરી તે ધાન્યામ્લમાં નાખવું. એ ધાન્યામ્લ પારાની સ્વેદનાદિ ક્રિયાઓને ઠેકાણે યોજવું; અથવા એના અભાવે અત્યંત ખાટી કાંજી યોજવી. પારદ-સ્વેદનઃ—સુંઠ, મરી, લીંડીપીંપર, રાઈ, મીઠું, હળદર, ત્રિફળાં, આદુ, બળદાણા, ગંગેટી, તાંદળજો, સાટોડી, મેંઢાશિંગ,‡ ચિત્રક અને નવસાગર, એ સર્વ પદાર્થો પારાના ષોડશાંશ કિંવા યથાલાભ લઇ ધાન્યામ્લમાં વાટવા તથા કલ્કવડે વસ્ત્ર ઉપર આંગળભર જાડો લેપ કરવો. પછી તેમાં પારો બાંધી ધાન્યામ્લમાં દોલાયંત્ર કરી એક દિવસ બાફવો; એટલે સ્વેદિત થાય છે. મર્દનઃ—લાલ ઇંટનું ચૂર્ણ, હળદર, ધૂંવાસ, કામળાની રાખ અને લિંબુના રસમાં પારો ત્રણ દિવસ મર્દન કરવો; એટલે નિર્મળ થાય છે. તે વસ્ત્રમાં બાંધી કાંજીવડે ધોઇ નાખવો. મૂર્ચ્છનઃ—પારાના મળનો કુંવાર નાશ કરે છે તથા ત્રિફળાં દાહનો નાશ કરે છે. ચિત્રકનાં મૂળ વિષનો નાશ કરે છે એટલા માટે પ્રયત્ન વડે મિશ્રિત પારો, એકેકના રસમાં સાત સાત વખત મર્દન કરવો; એટલે મૂર્ચ્છિત પારો દોષરહિત છે. કંચુકનિર્મોકઃ—કુંવાર, ચિત્રક, રાતી રાઇ, રિંગણી અને ત્રિફળાંનો કાઢો કરી, તેમાં ત્રણ દિવસ પારો મર્દન કરવો; એટલે સપ્તકંચુકોથી મુક્ત થાય છે. ઉત્થાપનઃ—પારો લિંબુના રસમાં નાખી ગરમીમાં રાખી ઘુંટવો તથા સૂકાયા પછી ડમરૂયંત્રમાં ઊર્ધ્વપાતન કરવું. ઊર્ધ્વપાતનઃ—ત્રણ ભાગ પારો અને એક ભાગ રાઈનું ચૂર્ણ, એ કિંચિત્ લિંબુના રસમાં નાખી ગોળો થાય ત્યાંસુધી ઘુંટવું; તથા ડમરૂયંત્રમાં ચાર પહોર મધ્યમાગ્નિ આપવો અને યુક્તિએ ઉપરના વાસણને લાગેલો પારો કાઢી લેવો. અધઃપાતનઃ—પારો, ત્રિફળાં, ચિત્રક, સરગવો, મીઠું અને રાઈ, એ સર્વ એકત્ર કરી ખરલ કરવો. પારો તેમાં મળી ગયા પછી ડમરૂયંત્રનાં બે પાત્રો લઇ ઉપરના પાત્રને લેપ કરવો. નીચેના વાસણમાં પાણી નાખવું તથા સંધિ-લેપ કરી જમીનમાં પૂરવું અને ઉપર અગ્નિ કરવો; એટલે પારો નીચેના પાણીવાળા વાસણમાં એકઠો થાય છે. તિર્યક્પાતનઃ—બે સોરકુલા (ઘડીઆ) જેવી માટલી લઇ, એકમાં પારો અને એકમાં પાણી નાખી આડી કરી જોડી દેવી તથા સંધિલેપ કરી, પારો જેમાં નાખેલો છે એ માટલાને ચૂલા ઉપર આડું યુક્તિએ રાખી તે નીચે અગ્નિ કરવો; એટલે પારો પાણીમાં પ્રવેશ કરે છે. બોધનઃ—પૂર્વોક્ત પ્રકારોએ શોધિત પારો ષંઢ થાય છે; વાસ્તે તેની શક્તિ વધારવા માટે ભૂર્જપત્ર, સિંધવ તથા પાણીમાં પચન કરવો. નિયમનઃ—મોટી મુંગસવેલ (સર્પાક્ષી), આમલી, વાંઝણી કંકોડી, ભાંગરો, નાગરમોથ અને ધંતુરાના રસમાં કિંવા કાઢામાં એક દિવસ મંદાગ્નિ ઉપર પચન કરવાથી નિયમ વડે સ્થિર થાય છે. સંદીપનઃ—હિરાકસી અને પંચલવણ લઈ તે ઉપર વારંવાર લિંબુનો રસ નાખવો; પછી સિંધવના ગાંગડાને કોરી તેમાં સિંધવયુક્ત પારો નાખી તે ઉપર પૂર્વોક્ત સિંધવ અને લિંબુ લગાવી, તે ઉપર આઠ આંગળ માટી ચોપડવી. પછી રાઇ, મરી, સરગવો અને કવા સરગવાનાં બીઆં તથા ટંકણખારને એકત્ર વાટી કાંજીમાં મેળવી તે કાંજીમાં દોલાયંત્ર વડે ત્રણ દિવસ પચન કરવો; એટલે તે પારાના જારણસંસ્કારમાં દીપન થાય છે. અનુવાસનઃ—દીપન કરેલો પારો મૃત્પાત્ર કિંવા પથ્થરના પાત્રમાં લિંબુના રસમાં નાખી એક દિવસ ગરમીમાં રાખવો. મુખોત્પત્તિઃ—(૧) વગડાઉ થુરીઆમાં ત્રણ દિવસ પારો નાખી રાખવો, એટલે તેને મુખ થાય છે. તે ગંધક, સુવર્ણ અને અભ્રકસત્ત્વને ક્ષણમાં ભક્ષણ કરે છે. (૨) આકડો, થોર, ધંતુરો, કળલાવી, કરેણ, ચણોઠી અને અફીણ, એ સાત ઉપવિષો-માંથી એકેકને લઇને તેના રસમાં પારો સાત સાત દિવસ ખરલ કરી પારો ધોવો. પછી બીજા સાથે ૭ દિવસ ખરલ કરી ધોવો. એવી રીતે જુદોજુદો બધાંઓ સાથે ધોવો. તેથી કરી પારાને પક્ષચ્છેદન થાય છે; એટલે તે ઉડી જતો નથી અને તેને મુખ ફુટી તે સ્વર્ણાદિ ધાતુનો ગ્રાસ કરે

‡ મેંઢાશિંગ ન મળે તો કાકડાશિંગી લેવી (ભાવપ્રકાશ ઉપરથી.)

છે. (૩) બીરબહોટી (ગોકળગાય) લાવી તેમાં લિંબુનો રસ અને સિંધવ મેળવી પારાનો ત્રણ દિવસ ખરલ કરવો; એટલે પારાને મુખ ફૂટે છે. **જારણ:**—પારાની શક્તિ વધવા માટે ગંધકાદિ પદાર્થ પારામાં પચાવવા એ ક્રિયાને જારણ કહે છે. ષડ્ગુણ-ગંધક-જારણ સિવાય આ પારો રોગ હરણ કરવા સમર્થ થતો નથી. જો પારાથી મોટા ફળની ઈચ્છા કરવી હોય તો સુવર્ણ અને ગંધકજારણ-સિવાય અભ્રકસત્ત્વ જારણ કરવું નહિ. પારો સમાન ભાગ લઇ ગંધકજારણ કરવાથી, ગુણોએ શુદ્ધ કરતાં સોગણો વધારે થાય છે. દ્વિગુણ ગંધકજારણ વડે સંપૂર્ણ જાડયનો નાશ કરે છે. ચતુર્ગુણ ગંધકજારણવડે વલીપલિત(વાળ ધોળા થઇ જવા)નો નાશ કરે છે. પંચગુણ ગંધકજારણથી ક્ષયનો નાશ કરે છે. ષડ્ગુણ ગંધકજારણે સંપૂર્ણ રોગહારક થાય છે. પારો ષડ્ગુણગંધકજારણ કરતાં, અભ્રકસત્ત્વ સમભાગ જીર્ણ કરવાથી શતગુણ અધિક થાય છે; તથા સ્વર્ણમાક્ષિક કલખાપરી (ખાપરીઉં) ઇત્યાદિકોએ જીર્ણ કરવાથી ગુણપ્રદ થાય છે; અને સુવર્ણ જીર્ણ કરવાથી એક હજાર ગુણ આપનારો થાય છે તથા હીરકાદિ જીર્ણ પારાનો ગુણ સ્વતઃ શિવજ જાણે છે. **સિંદૂરાદિ જારણ:**—પારો તથા પારાથી છ ગણો ગંધક, એ બન્ને એકત્ર ખરલ કરી વાલુકાયંત્રમાં શીશીમાં નાખી હળવે હળવે પચન કરી જેમ ગંધક બળી જાય એવી રીતે વારંવાર ષડ્ગુણ ગંધકજારણ કરવો; એટલે સિંદૂરાદિક જેવો પારો થાય છે. **ષડ્ગુણગંધક જારણ:**—માટીના કુંડામાં પાણી નાખી તેમાં કોડીઉં મૂકવું; તથા આખા કુંડા ઉપર ઢાંકણું મૂકવા માટે તે કુંડાને મેખલા જોઇએ. તે મેખલાનો (કટિબંધનો) મધ્યભાગ લીંપી કોડીઆમાં પારો નાખી તે ઉપર ગંધક નાખવો. ઉપર ઢાંકણ દઇ ચાર વગડાઉ છાણાંનો અગ્નિ કરવો. (આ યંત્રને કચ્છપ યંત્ર કહે છે.) આ પ્રમાણે પુનઃ પુનઃ ષડ્ગુણ ગંધક જારણ થાય એટલે પારો તીક્ષ્ણ અગ્નિ જેવો થાય છે તથા સર્વ કાર્ય કરે છે. **વડવાનલ બીડ:**—શંખનું ચૂર્ણ આકડાના દૂધમાં નાખી ત્રણ દિવસ ગરમીમાં રાખવું; તેમજ લિંબુના રસમાં ત્રણ દિવસ ગરમીમાં રાખવું અને એક દિવસ ધૂંવાસમાં (ચૂલા ઉપરના ધૂમાડામાં) નાખી ગરમીમાં રાખવું, તથા સંચળ અને બકરીનું મૂત્ર એની ચાર પહોર ભાવના આપવી, તેમજ અંતર્જિહ્વારહિત નેપાળો અને સરગવાનાં મૂળના રસની એક ભાવના આપવી તથા ટંકણખાર અને ચણોઠીની એક દિવસ ભાવના આપવી. પછી સરગવાનાં મૂળના રસમાં એક દિવસ ભાવના આપવી. પછી સંપૂર્ણ સમભાગ લઈ લિંબુના રસમાં ખરલ કરવું તથા સારી શીશી-માં રાખી મૂકવું; એનું નામ વૈશ્વાનર બીડ. વૈશ્વાનર બીડમાં તપ્ત ખલમધ્યે પારો ઘુંટવાથી સુવર્ણાદિ સર્વ લોહનો ક્ષણમાં ગ્રાસ કરે છે. જમીન પર ખાડો ખોદી તેમાં બકરીની લીંડીઓ નાખી અગ્નિ કરી તે ઉપર ખલ મૂકી અંદર ઔષધ નાખી ખરલ કરે છે; તેને તપ્તખલ કહે છે. **હિંગળોકમાંથી પારો કાઢવાની રીતિ:**—લિંબુના રસમાં હિંગળોક એક પહોર ખરલ કરી ડમરૂયંત્રમાં નાખી નીચે ચાર પહોર અગ્નિ કરવો; એટલે પારો ઉપર જઈ ચોંટે છે, તે શુદ્ધ જાણવો. તેને સંપૂર્ણ કામમાં યોજવો. ×**પારદબંધન:**—(૧) પારો, કેળના કાંદાનો રસ, આકડો, થોર, બકામલીમડી, કંચુકશાક, નાગર-

× (૧) પારદ ગુટિકાઃ—પારો, મોરથુથુ તથા સિંધાલૂણ સમભાગે ત્રણે એકેક શેર લેવાં. મોરથુથુ તથા સિંધાલૂણને ખાંડી બારીક ચૂર્ણ કરી મેળવી દેવું. પછી પારાને લોઢાની મોટી કડાઇમાં નાખી ઉપર મોરથુથુવાળું ચૂર્ણ ઢાંકી દેવું. પછી ઉપર એક કટોરો ઢાંકી દેવો. એટલા માટે કે પાણી નાખતી વખતે ચૂર્ણ પારા ઉપરથી હટી ન જાય. પછી ધીરે ધીરે કડાઈમાં પાણી નાખે. જે કડાઈમાં કટોરો ઉલટો ઢાંકેલો છે તે ધીરેથી ઉપાડી લેવો, કે જેથી ચૂર્ણ વીખરી ન જાય. અગ્નિ આપવા પછી સર્વ પાણીમાં મળી જાય છે. પાણી ૨ મણ નાખવું જોઇએ. નાની કડાઇ હોય અને થોડું પાણી રહે તો પાછળથી વધારી લેવું. જ્યારે એક શેર આશરે પાણી રહી જાય ત્યારે કડાઇ નીચે ઉતારવી. કડાઇ ઠંડી થવા પછી પાણીથી પારો ધોવો. ધોવામાં વખત ઘણોજ લાગે છે; કારણ કે ઉતારવા પછી પારો બિલકુલ દેખાતો નથી. જેમ જેમ ધોતા જાય તેમ તેમ પારો ચમકતો દેખાય છે. જ્યાં સુધી સાફ પાણી ન નીકળે ત્યાં સુધી વારંવાર નવું પાણી નાખી ધોતા રહેવું. ધોવાથી પારો નરમ થઇ જાય છે. પણ જો એક કલાક પાણીમાં રહી જશે તો પાછો સખ્ત થઇ જશે. માટે નરમ પારામાંથી તરત ગોળી, ગ્લાસ, ચમચ અથવા જેવો

ગોય, ગોમૂત્ર, સ્ત્રીનું દૂધ, મત્સ્યાક્ષી અને કાકમાચીના (પીલુડીના) દૂધમાં અને રસમાં ઘુંટવાથી પુનઃ ઉડી જતો નથી. (ચંચલતાનો નાશ થાય છે.) **ખેચરી ગુટી:**—ત્રણ ટાંક (પૈસાભાર) શુદ્ધ પારો લઇ કાળા ધંતુરાનાં બીઆંના ૮ તોલા તેલમાં સાત દિવસ ખરલ કરવો; કે જ્યાંસુધી તેનું એક રૂપ થશે. પછી અદડના લોટમાં તેની દીવેટ કરી સારી સુતળીએ બાંધી તડકામાં સૂકવવી; અને (રાવણના મતે) સરસીઉં તેલ બાળી તે ઉપર પચન કરવી તથા ઉતારી શીતળ જગ્યાએ મૂકવી. ઠંડી થયા પછી તે કાઢી લેવી. તે દૂધથી ભરેલા વાસણમાં નાખવી. જ્યારે સંપૂર્ણ દૂધ સૂકાઇ ગુટિકા રહે ત્યારે તે લઇ વાગોળ પશુના મુખમાં ઘાલવી. એથી તેના અંગને આગ થઇ તે મરે છે; અને આ ગુટિકા જે મુખમાં રાખશે તેને કામ વ્યાકુળ કરશે; તેના દેહ ઉપર સ્થિતિ રહેવાની નહિ. જો એ ગુટિકા મુખમાં ઉતરશે તો તે મરશે. તે ગોળી મોઢામાં એક પહોર રાખવાથી સો યોજન જવાની શક્તિ આવે છે; અને સો સ્ત્રીઓથી ગમન કરવાની શક્તિ આવે છે. એ વીર્યસ્તંભન કરનારી છે. આ ગોળી મોઢામાં એક પહોર રાખવાથી મુખરોગ તથા બીજા–મુખ અને દાંતને ઉપદ્રવ કરનાર–રોગ અને જીહ્વા, તાલુ, કંઠરોગ, ઉપજીહ્વા, અધિજીહ્વા, હૃદ્રોગ અને પીનસ ઇત્યાદિનો નાશ કરે છે. **અન્ય ગુટિકા:**—પારો ધંતુરાના તેલમાં સાત દિવસ મર્દન કરવો એટલે વિષનાશ થાય છે; પછી ગંધક ત્રણ ભાગ લઇ ધંતુરાના તેલમાં ખરલ કરી તેની કુલડી કરવી; તેમાં પારો નાખી મોઢું બંધ કરવું. પછી સાત કપડમાટી કરી તે ગોળો સૂકવવો. પુનઃ મૃત્તિકાપટ વડે સાત વખત વિંટાળી ઉપરથી છાણે લીંપી તે ગોળાની પૂજા કરવી તથા ત્રણ હાથ ખાડો કરી તેમાં છાણાં નાખી તેમાં ગોળો મૂકી પુટ આપવો. ઠંડો થયા પછી કાઢવો તથા તેમાંની કૌતુક દેખાડનારી ગુટિકા લેવી. તે રોગીના મોઢામાં રાખવા આપવાથી શોકનો નાશ થાય છે તથા સુખ થાય છે. જ્યાંસુધી મોઢામાં ગુટિકા હોય છે ત્યાંસુધી વીર્યપાત થતો નથી. **અન્ય પારદબંધન:**—પારો બાંધવા વિષે ઔષધિનું વીર્ય અચિંત્ય છે; એટલે ક્રિયા, મંત્ર અને વિધાન, એણે સબીજ પારો બંધાય છે. તે ક્ષુપ, શાખી, ગુલ્મ, લતા, વૃક્ષ તથા પ્રસર, એવા ૭ પ્રકારનો છે. કાકચંડેશ્વર ગ્રંથમાં પારદબંધક ૬૪ વલ્લી કહેલી છે. તે આ પ્રમાણે:—(૧) જે વલ્લી ધોળા અને રાતા કંદોની મળી બે પ્રકારની છે, જેને શુક્લપક્ષમાં પંદર પાંદડાં આવે છે અને કૃષ્ણપક્ષમાં તે ગરી પડે છે, તેને **સોમવલ્લી** કહે છે. તે પૂર્ણિમાને દિવસે પારો બાંધવા માટે કિંવા રસાયન માટે લેવી. (૨) જલપદ્મિની જેવી વનમાં થનારી **સ્થલ પદ્મિની.** (૩) જેનું અંગ મંડળોએ ચિત્રિત હોય છે અને જે અજગર જેવી દેખાય છે તથા જે રસભરી હોઇ જેને પાંદડાં થોડાં હોય છે તે **અજગરી.** (૪) જે વેલ ઘણુસા જેવી રસભરી હોઈ અલ્પ પાંદડાંની હોય તેને **ઘણુસ કાંડ (ઘોનશી)** કહે છે; તે પારો બંધન કરનારી છે. (૫) જેનો આકાર કુકકરના જેવો હોય છે અને પારાને બાંધે છે, તે **ત્રિજટા.** (૬) **ઈશ્વરી** કિંવા **શિવલિંગીનો** રંગ લાલ છે અને એ લોકોમાં પ્રસિદ્ધ છે × (૭) **ભૂત-**

આકાર બનાવવા ઇચ્છા હોય તેવો આકાર બનાવી લિંબુના રસમાં અથવા આમચુરના પાણીમાં ભીંજાવી દેવાથી કઠણ થઇ જાય છે. આ રીતે ગોળી બનાવી ખાત્રી કરેલી છે.

(૨) પારદ ગુટિકા—શુદ્ધ પારાને નાકછીકણીના રસમાં ત્રણ કલાક ખરલ કરીને નાકછીંકણીની લુગદીમાં પારાને બંધ કરવો. પછી માટીની કટોરીની વચમાં રાખી કપડમાટી કરી સૂકવી લેવી. ઉપરના સંપુટને ૧૦ શેર છાણાંની આંચ આપવી. સ્વાંગ શીતળ થયેથી ત્રણ કલાક લિંબુના રસમાં પારાને ડૂબાડી રાખવાથી ગોળી બની શકે છે. આ ગોળી એક ઘડી દૂધમાં રાખી ગોળી કાઢી લેવી. પછી દૂધ પી જવું. આવી રીતે કરવાથી શરીરમાં શક્તિ વધે છે. (દેશોપકારમાંથી ઉદ્ધૃત)

(૩) પારદ ગુટિકા—શુદ્ધ પારાને પ્રથમ બીલીના પાનના રસમાં ૧ પહોર સુધી ઘુંટાઇ કરવો. પછી એક મોટા પાકા બીલામાં વચ્ચે ખાડો કરી ભરી દેવો. બીજે દિવસે માખણ જેવો પારો થઈ જશે. ત્યાર પછી ગોળી બાંધી તુલસીના સ્વરસમાં એક દિવસ ભીંજાવી રાખવાથી કઠણ ગોળી થઈ જાય છે. (આ પ્રયોગ એક પ્રસિદ્ધ રસવૈદ્ય પાસેથી મળેલો છે.)

× શિવલિંગીની વેલ સર્વત્ર થાય છે. એનાં પાંદડાં એરંડાની માફક ખાંચાવાળાં હોય છે. એને બોર જેવડાં ફળો આવે છે. એના ઉપર ધોળા રંગની રેષા હોય છે. એ ફળ પાક્યા પછી

કેશીનાં પાંદડાં લીમડા જેવાં હોય છે. (૮) જેનાં મૂળ કાળાં હોઇ જેને ચીક ઘણો હોય છે તે કૃષ્ણવલ્લી, તે પારાને બંધન કરે છે. (૯) જેના નીચેની જમીન હમેશાં ભીંજાયલી રહે છે તેને રુદંતી અને સ્રવંતી (લાણો) કહે છે. (૧૦) જેનાં પાંદડાં થોર જેવાં હોઇ ચીકવાળાં હોય છે અને જે વાનરોને પ્રિય હોઇ ક્યાંક ક્યાંક પથ્થર નીચે હોય છે, તેને સર્પેશ કહે છે. (૧૧) જેના કંદ ઉપર કેશ હોઈ વેલાને પાંદડાં આવે છે, તેને વારાહી કિંવા ડુકકરકંદ કહે છે. (૧૨) જેને ચીક હોઇ વેલો હોય છે અને જેનાં પાંદડાં અશ્વત્થ (પીંપળા) જેવાં હોય છે તેને અશ્વત્થપત્રી કહે છે. (૧૩) જે ખાટી હોઇ ઘણી પથરાતી નથી તેને અમ્લપત્રી કહે છે. (૧૪) જેનાં પાંદડાંને ગંધ હોઇ ચીક આવે છે તેને ચકોરનાસા કહે છે. (૧૫) જે વેલો હોઇ પાંદડાં અશોકવૃક્ષ (આસોપાલવ) જેવાં હોય છે અને ચીકવાળાં હોય છે તેને અશોકનામ્ની કહે છે. (૧૬) જેનાં પાંદડાં ઉંડણુ જેવાં હોઇ સુગંધીમય હોય છે અને જેને ચીક આવે છે તે પુન્નાગપત્રિકા. (૧૭) જે સર્પ જેવી અને સચીક હોઇ વૃક્ષ ઉપર થાય છે અને જેની પાસે બહુજ સર્પ રહે છે, તેને નાગિની કહે છે. (૧૮) છત્રાકાર, સચીક અને જેનાં મૂળને એકજ કંદ હોય છે, એવી જે વેલ તેને ક્ષેત્રી કહે છે. તે પારો બાંધવા વિષે મહાપ્રબળ છે. (૧૯) જેનો રસ પીળો, જે ઘણી ઉંચી ન હોઈ ગુલ્મ જાતની અને જેનાં પાંદડાં નાંદરૂખી જેવાં હોય છે, તેને સંવીર કહે છે. તેનાં મૂળ, રસ, ફળ, એણે કરી પારાને ક્ષણમાં બંધન કરે છે. (૨૦) જેનાં પાંદડાં વાળક જેવાં હોઇ રસ પીળો અને જે કોમળ હોય છે, તે દેવીલતા. એનાં પાંદડાં પારદબંધન કરવામાં મહૌષધિ છે. (૨૧) જેનાં પાંદડાં થોરના જેવાં હોઇ રસવાળાં હોય છે, તેને વજ્રવલ્લી કહે છે. (૨૨) રાતો અને કાળો એવો બે જાતનો ચિત્રો છે. તેમાંનો કાળો ચિત્રો ગુપ્ત છે; એ દૂધમાં નાખ્યો હોય તો તે દૂધને કૃષ્ણવર્ણ કરે છે. એ બે જાતના ચિત્રક પારો બાંધવાના વિષયમાં સમર્થ છે. (૨૩) જે ડુંગર ઉપર થાય છે અને જેનાં ફૂલ કાળા રંગનાં હોઇ શોભિતાં નથી હોતાં અને તે ઉપર થોડાં ફળ પણ આવે છે, તે કાલપર્ણી. (૨૪) જેનાં પાંદડાં ખાખરા જેવાં હોઈ કાંદામાંથી પીળો રસ નીકળે છે તે પાલાશતિલકા. (૨૫) જે નીલા કમળ જેવી હોઇ પર્વત પર થાય છે તે નીલોત્પલી. (૨૬) જેનાં પાંદડાં લીલાં હોઈ રસ પીળો હોય છે અને જેનો કંદ કુમારીકંદ જેવો હોય છે તેને રજની કહે છે. (૨૭) જેનાં પાંદડાં કળથી જેવાં અને ફૂલ ધોળાં તથા કંદને ગુંદ આવે છે, તે સિંહિકા. (૨૮) જે વેલીને ચાર પાંદડાં હોય છે અને જેનો ગુંદ સ્નેહયુક્ત હોય છે તથા જેનો કંદ આકારે હાથીદાંત જેવો હોય છે અને જાસુંદીના જેવાં ફૂલ આવે છે, અને જે પર્વત ઉપર ઉત્પન્ન થાય છે તથા જેના કાંદામાંથી દૂધ આવે છે અને જેનાં પાંદડાં ગાયના કાન જેવાં હોય છે તે ગોશૃંગી. (૨૯) જેને ત્રણ ફળ આવે છે અને રાતાં ટપકાં હોય છે તથા જેનાં પાંદડાં લીલાં હોઇ રસ રાતો નીકળે છે, તેને ખદિરપત્રી એમ કહે છે. (૩૦) જે તૃણનાં મૂળ રાત્રે ચળકે છે અને તેથી કરી પર્વત સળગેલા જેવો જણાય છે તે તૃણો પારદબંધક છે.+ (૩૧) જે પથરાયેલી વેલ હોઇ લાલ હોય છે તેને રક્તવલ્લી કહે છે. (૩૨) જેના કંદને ગુંદ આવે છે તે બ્રહ્મદંડી. એ પારદબંધન કરવાને શ્રેષ્ઠ છે. (૩૩) જેને પાંદડાં ન હોઇ મધ જેવો વાસ આવે છે તે મધુતૃષ્ણા. (૩૪) જેનો કંદ કમળકંદ જેવો અને રસવાળો, તે પદ્મકંદા. (૩૫) જે રસસહિત હોઇ કાષ્ઠ પીળાં તથા ફૂલ પણ પીળાં તે હેમદંડી. (૩૬) જે લાલ વેલ હોઈ પાંદડાં આમલીનાં પાંદડાં જેવાં તે વિજયા. (૩૭) જે ધોળી અને પથરાયેલી તથા રસસહિત અને આઢકી(તુવેર)નાં પાંદડાં જેવાં જેનાં પાંદડાં હોય છે તે અજયા. (૩૮) પાંદડાં જેનાં ત્રિકોણાકૃતિ હોઈ ચિત્રવર્ણ હોય છે અને જે વેલ છે તથા જેનો રસ તીખો અને કડવો

લાલ થાય છે. એ ફળમાંનાં બીજની બંને બાજુએ મહાદેવની લિંગસહિત જલાધારી જેવો આકાર હોય છે. એ બીજ ઘણુંજ ઉલટીકારક છે. ગુજરાતમાં લોકો એને આંખપુટામણીના નામથી ઓળખે છે. ઘણું કરીને તે કડવી હોય છે. મીઠી આંખપુટામણીનાં ફળ ચણીબોર જેવડાં થાય છે તેને પણ આંખપુટામણીજ કહે છે. તેના ફળમાં માત્ર બેજ બીઆં હોય છે. એના ઉપર સ્ત્રીની યોનિનો આકાર હોવાથી એને ભગલિંગી કહે છે. આમ એ બે જાતના વેલા લિંગીનીના નામથી પ્રસિદ્ધ છે.

+ પહાડપર પ્રકાશ આપે છે એવી ઘણી વનસ્પતિનું શાસ્ત્રમાં વર્ણન છે.

હોય છે, તે **જયા.** (૩૯) જેને ચંદન જેવી સુગંધ આવી પાંદડાં મોરના ગળાના રંગ જેવાં હોય છે તેને **નલી** કહે છે. (૪૦) જે રસવાળી હોઇ જેનાં મૂળ કડવાં અને માખણ જેવા ગંધવાળી તથા જેનાં ફૂલ આરક્ત હોય છે, તે **શ્રી.** એ ત્રિલોહમાં વેષ્ટન કરી મુખમ રાખવી. (૪૧) જે વેલ રસસહિત હોય છે તથા જેનાં પાંદડાં સરગવાનાં પાંદડાં જેવાં હોય છે, તે **કીટમારી (કીડામારી).** (૪૨) વૃક્ષ ઉપર ચઢનારી અને રસવાળી હોઈ ધોળી દુધી જેવી હોય છે તે **તુંબિકા.** (૪૩) જે રસવાળી હોઇ ભૂમિગર્ભ જેવી હોય છે, તેને **કટુતુંબી** કહે છે. (૪૪) **મયૂરશિખા,** એ પારાને બંધન કરનારી છે. (૪૫) જેનાં મૂળા જેવાં પાંદડાં અને રંગ પીળો હોઈ રસ લાલ નીકળે છે અને ફૂલ પીળાં હોય છે, તે **હેમલતા.** (૪૬) જેનાં પાંદડાં ધોળા એરંડા જેવાં હોય છે અને ફૂલ તુંબડી (તુંબિકા) જેવાં હોય છે તે **આસુરી.** (૪૭) જે વેલ હોઇ પાંદડાં સાતવીણનાં પાંદડાં જેવાં હોય છે, તે **સપ્તપર્ણી.** (૪૮) જેનાં પાંદડાં તલવાર જેવાં હોઈ જે રસયુક્ત હોય તે **ગોમારી.** (૪૯) **પીતક્ષીરા,** એ દિવ્ય હોઈ પારાને બંધન કરે છે. (૫૦) જે વેલ ત્રિદળ હોય છે, તે **વ્યાઘ્રપાદલતા.** (૫૧) જે કોથમી જેવી હોઈ ત્રિદળ હોય છે અને ફૂલ પીળાં આવે છે, તે **ધનુર્વલ્લી.** (૫૨) જે ઘણી ન પ્રસરનારી, મહાવીર્યવાન, દિવ્ય ઔષધિ છે તેને **ત્રિશૂળી** કહે છે. (૫૩) જે વેલો હોઇ, જેને પાંદડાં ત્રણ ત્રણ તથા લાલ હોય છે, તે **ત્રિદંડી.** (૫૪) જે રસ આપનારી હોઇ જેને ફૂલ પીળાં આવે છે તથા આકાર શિંગો જેવો, તે **શૃંગા** જાણવી. (૫૫) જે રસવાળી હોઈ જેને મરી જેવા કાંટા આવે છે તથા જેનાં મૂળમાં કંદ હોય છે, તે **વજ્રનાભવલ્લી.** (૫૬) જે અંગે ધોળી હોઈ પાંદડાં લાલ હોય છે, તે દિવ્ય ઔષધિ છે, તેને **મહાવલ્લી** કહે છે. (૫૭) જેનાં પાંદડાં અને ફૂલ કરેણના જેવાં તથા કંદ લાલ હોય છે, તે **રક્તકંદવતી.** (૫૮) જેનો રસ પેજ જેવો હોઈ કાંદો મસ્તક ઉપર પીળો હોય છે અને જેનો રસ ઘણો અને લાલ હોય છે તથા પાંદડાં બિલ્લી જેવાં હોય છે, તે **બિલ્વદલા.** (૫૯) જે બિલ્વદલ જેવી હોઇ પારદબંધન કરનારી છે, તેને **રોહિણી** કહે છે' (૬૦) જે વેલ હોઇ રસવાળી હોય છે અને જેનાં પાંદડાં રાત્રે સતેજ દેખાય છે, તે **બિલ્વંતકી.** (૬૧) જેનો રસ અને ડાળી ગોરોચન જેવાં હોય છે તેને **ગોરોચના** કહે છે. (૬૨) જે નાની હોઈ કાંદા અને ફૂલયુક્ત વેલ છે, તેને **કંદપત્રિકા** કહે છે. (૬૩) જે નાની હોઇ જેનાં પાંદડાં ડીંટા સિવાય ત્રિકટાં હોય છે, તે **વિશલ્યા.** (૬૪) જેને થોડો અને જલદ રસ આવે છે અને જે પર્વત ઉપર થાય છે, તે **કંદક્ષીરા.** આ ચોસઠ ઔષધિ, જેની દેવ પણ પૂજા કરે છે, તે શુભ દિવસે, શુભ નક્ષત્ર ઉપર, બલિ–પૂજા ઇત્યાદિ કરી, ક્ષેત્રને રક્ષાબંધન આપી, અઘોરાસ્ત્ર કિંવા શક્તિબીજ અથવા અઘોર મંત્રનો જપ કરી કાઢી લેવી. મુનિએ જે સહસ્ર ઔષધિ કહેલી છે તે સમજવું ઘણું કઠિન છે. તે પારદબંધક વનસ્પતિતત્ત્વવેત્તા પાસેજ હોય છે. **પારદભસ્મ, રસસિંદૂર:**—પારો દુધેલીના રસમાં એક દિવસ સરખો ઘુંટવો; પછી પીલુડીના રસમાં ઘુંટવો એટલે તેનો દોષ જાય છે. તે પારો ૧૦ ટાંક, ગંધક ૧૦ ટાંક તથા નવસાગર ૨॥ ટાંક, એ પ્રમાણે લઇ કજલી કરી કાચની કુપીમાં ઘાલી કપડમાટી કરવી તથા તેનું મુખ બંધ કરવું. પછી વાલુકાયંત્રમાં આઠ પહોર પારાને પચન કરવો. એ પ્રમાણે સાક્ષાત્ તરુણ સૂર્ય જેવું અરુણવર્ણ, પ્રવાળ જેવા રંગનું, સંપૂર્ણ કાર્યકારી, માણસોને અત્યંત દુર્લભ એવું સિંદૂર લેવું. તે ૫ ગુંજા મરીમાં આપવું; એટલે અગ્નિને પ્રદીપ્ત કરે છે તથા કામને પ્રદીપ્ત કરે છે. એ સંયોગવડે જ્વરાદિ સર્વ રોગનો નાશ થાય છે તથા એ જે જે રોગો ઉપર યોજવામાં આવે તેનો આ રસરાજ નાશ કરે છે. **ષડ્ગુણગંધક–જીર્ણ સિંદૂર:**—હિંગળોકમાંનો પારો ૧ ભાગ તથા ગંધક ૬ ભાગ લઈ કજલી કરવી તથા કુંવારના રસમાં મર્દન કરવી. સૂકાયા પછી કાચની શીશીમાં ભરી તેને વાલુકાયંત્રમાં મૂકી સાત અહોરાત્ર અગ્નિ આપવો. ઠંડુ થયા પછી એ કાઢી લેવું. આ રસસિંદૂર ૧ વાલ મધમાં આપવું; એટલે સ્તંભન, દંડવૃદ્ધિ, વીર્ય, બળ, તેજ, પુંસ્ત્વ અને પુષ્ટિ આપે છે; અને માતેલા હાથી પ્રમાણે જોર આપે છે; તથા ષંઢત્વ, વંધ્યત્વ અને સંન્યાસ ઇત્યાદિ રોગોનો નાશ કરે છે. એને ભક્ષણ કરનાર એક દિવસમાં ૧૦૦ સ્ત્રીઓ સાથે ગમન કરે છે તથા મનને આનંદ

આપે છે. એ પાંચસો–છસો વ્યાધિનો નાશ કરે છે. આ ષડ્ગુણગંધક–જીર્ણ સિંદૂર વિશ્વામિત્રે ઉત્પન્ન કર્યું છે. **રસસિંદૂર:**—શુદ્ધ પારો ૮ તોલા, શુદ્ધ ગંધક ૨ તોલા તથા નવસાગર અર્ધો તોલો, એની કજળી કરી લિંબુના રસમાં ખરલ કરવી તથા કાચની શીશીમાં નાખી તે શીશીને સાત ફેરા કપડમાટી કરવી. સૂકાયા પછી તે છિદ્રસહિત આકંઠ પૂરી રાખવી; તથા ઇષ્ટદેવતા અને પાંચ કુમારીની પૂજા કરી ચૂલા ઉપર રાખી આઠ પહોર અગ્નિ કરવો. ઠંડુ થયા પછી હિંગળોક જેવું, દેવદૈત્યોને દુર્લભ એવું રસસિંદૂર કાઢી લેવું તથા રોગનાશનાર્થે રોગોક્ત અનુપાનોમાં, વાલ કિંવા બે વાલ મધ અને લીંડીપીંપરમાં આપવું. જે રતિકાળે સ્ત્રીઓને કૌતુક દેખાડનારૂં, વીર્યબંધક અને સ્ત્રીઓના મદનું નાશક છે, એ અગ્નિમાંદ્ય, યક્ષ્મા, ક્ષય, પાંડુ, શોક, ઉદર, ગુલ્મ, પ્રમેહ, શૂળ, પ્લીહા, જ્વર, દુષ્ટવ્રણ, અર્શ, સંગ્રહણી, ભગંદર, ઉલટી તથા ત્રિદોષનો નાશ કરે છે.× **બીજા પારદયોગ:**—(૧) કાળા ઉંબરાના દૂધમાં હીંગ નાખી, વાટી તેની બે કુલડીઓ કરી તે એક કુલડીમાં ઉંબરાના દૂધમાં વાટેલ પારો નાખી, તે ઉપર બીજી હીંગની કુલડી ઉંધી ગોઠવી, બરાબર રીતે સાંધો મેળવી ગોળો કરી, માટીના શરાવસંપુટમાં નાખી તે ઉપર કપડમાટી કરી વગડાઉ છાણાંનો હલકો અગ્નિ કરવો; એટલે પારાની ભસ્મ થાય છે. (૨) નાગરવેલના પાનમાં પારાને ખરલ કરી કંકોડીના કાંદા લાવી એક નાનું અને બીજું મોટું એવાં બે ચકતાં કાપી, તે મોટા ચકતાને કોરી તેમાં પારો ઘાલી તે ઉપર તે કાંદાનો ચૂરો બેસાડી તે ઉપર બીજી ચકતી મૂકી સાંધો મેળવી કપડમાટી કરી, તેને માટીના શરાવસંપુટમાં મૂકી કપડમાટી કરી વગડાઉ છાણાંનો હલકો અગ્નિ કરવો; તેથી કરી પારાની ભસ્મ થાય છે. (૩) પારો અને ગંધક અંકોલનાં મૂળના રસમાં ખરલ કરવાં તથા સાંજે મોઢું બંધ કરી ભૂધરયંત્રમાં પચન કરવું; એટલે ભસ્મ થાય છે. (૪) પારો અને અભ્રક બન્ને બે પહોર વડના દૂધમાં મર્દન કરવાં અને વડનાંજ લાકડાંનો અગ્નિ કરવો; એટલે પારાની ભસ્મ થાય છે. (૫) પારો ૧ તોલો અને ગંધક બે તોલા લઈ, લોખંડની કડાઇમાં નાખી ચૂલા ઉપર કડાઇ મૂકી નીચે અગ્નિ કરવો અને વડના તાજા સોટાએ ઘુંટવો; એટલે થોડીક વારમાં ભસ્મ થશે. તે ભસ્મ ૨ ગુંજા આપવી એટલે વીર્યવૃદ્ધિ અને પુષ્ટતા પ્રાપ્ત થાય છે. (૬) ધોળા અઘેડાનાં બીઆં અને એરંડાનું ચૂર્ણ કરી, તે માટીની કુલડીમાં પારાની ઉપર અને નીચે નાખી સંધિલેપ કરી પુટ દેવો; એટલે ભસ્મ થાય છે. (૭) પારો કાંટાસરીઆના રસમાં નાખી ગરમીમાં મર્દન કરવો; એટલે મૃત થાય છે. તે સર્વ કર્મોમાં યોજવો. (૮) તુષના અગ્નિ ઉપર બકરીના મૂત્રવડે ભરેલું માટીનું વાસણ મૂકી, તેમાં પારો નાખવો અને શુષ્ક કરવો; પછી ખેરના લાકડાનો અગ્નિ સળગાવી ખેરના લાકડાના દાંડાવડે ઘુંટવો; એટલે તે ક્ષારની ભસ્મ થાય છે; તે સર્વ યોગમાં યોજવી. (૯) રિંગણી, કાવળી અને કાળા ધંતુરાના રસમાં પારો એક દિવસ ખરલ કરી માટલામાં ભરવો. તે ઉપર મીઠું નાખવું અને તે ઉપર બીજું માટલું ઉંધું મૂકી સંધિલેપ કરવો તથા તે ઉપર જલપટ ધરવો; અને તેની નીચે દીપ્તાગ્નિ કરવો; એટલે ઉપરના વાસણમાં ભસ્મ જામશે તે કાઢી લેવી. (૧૦) પારો કલેડામાં નાખી તેને દીપ્તાગ્નિ આપવો અને આકડાનાં પાંદડાંના રસનો વારંવાર ચૂવો આપવો; એટલે ત્રણ પહોરમાં ભસ્મ થશે. (૧૧) પારો ચીભડાના રસમાં ખરલ કરી, ઊર્ધ્વપાતન કરવું; એટલે તેની ભસ્મ થાય છે. (૧૨) પારામાં ફટકડી, સિંધવ, અઘેડાનાં મૂળ, એ પદાર્થ ક્રમવૃદ્ધિએ લઇ, ચતુર્થાંશ કાંજી નાખી ઘુંટવો; એટલે

× પારાની ગોળી:—પારાને ધોળા શરપુંખાનાં પાંદડાંના રસમાં ચાર પ્રહર ખરલ કરીને અમે તેની ગોળી બાંધી હતી. વળી એક હસ્તલિખિત પુસ્તકમાં લખ્યું છે કે:–"ઉભો ગોખરૂ કે જેનાં પાંદડાંની કોર ઉપર કરકરી હોય છે, તે ગોખરૂને કાંટા ત્રણ હોય અને લાંબી દાંડી હોય તે ગોખરૂનો છોડ લાવી, પારો તોલો ૦॥ તેટલાજ વજનના તે ગોખરૂના રસમાં પહોર એક સુધી મર્દન કરવાથી માખણ જેવું થઇને તેની ગોળી થાય છે. એ ગોળીની ભસ્મ કરવી હોય તો વગડાઉ છાણાંની રાખમાં તુલસીનો રસ નાખી ખૂબ મર્દન કરી તેની મુસ કરવી. તે મુસમાં તુલસીપત્ર ૨॥ મૂકી તેમાં તૈયાર થયેલો માખણીઓ પારો મૂકી થોડીથી આંચ આપવાથી શુદ્ધ ખાખ થશે. આ કીમીઆગરનું જીવન છે."

બદ્ધ થાય છે. પછી ડમરૂયંત્રમાં ચૂલા ઉપર મૂકી અહોરાત્ર હલકો અગ્નિ આપવો; એટલે ઉપરના વાસણમાં કપૂરના જેવી ભસ્મ જામે છે; તે લઇ સર્વ રોગ ઉપર આપવી. એ વાજીકરણ યોગોમાં સંપૂર્ણ કાર્ય કરે છે તથા કાંતિ અને પુષ્ટિ આપે છે. એનું નિરંતર સેવન કરવું. આ સિદ્ધ–મુખ–રસ, એના કરતાં બીજું રસાયન ઉત્તમ નથી. (૧૩) શુદ્ધ પારો ૧ ભાગ, વછનાગ ચતુર્થાંશ અને ગંધક અષ્ટમાંશ લઇ એકત્ર કરી લિંબુના રસમાં ખરલ કરવો. સૂકાયા પછી થોરના રસમાં ત્રણ પુટ આપવા; પછી આકડાના પુટો જ્યાંસુધી ઘટ્ટ થાય ત્યાંસુધી આપવા; તથા થાળીમાં મીઠું ભરી તેમાં તે પારાનો ગોળો મૂકી ઉપર મોઢાપર્યંત મીઠું ભરવું; અને ઉપર બીજી થાળી ઉંધી ઢાંકી સંધિલેપ કરી ચૂલા ઉપર મૂકી નીચે ચાર પહોર અગ્નિ કરવો. ઠંડુ થયા પછી શુક જેવ ધોળી, ઉપરની થાળીમાં ચોંટેલી ભસ્મ કાઢી લેવી. એ યોગવાહી છે; તે સર્વ રોગો ઉપર આપવી. (૧૪) લોઢાના વાસણમાં પારો અને અર્ધો ગંધક નાખી આઠ પહોર અગ્નિ આપવો; તથા તે ઉપર વારંવાર થોર અને આકડાનું દૂધ નાખતા જવું તથા ખેરના લાકડાવડે ઘુંટતાં જવું; એટલે ભસ્મ થાય છે. તે એક ગુંજાભાર રોગોક્ત અનુપાનોમાં આપવી. એ ભસ્મ રસાયન હોઇ કાંતિ, પુષ્ટિ, બળ, વીર્ય અને અગ્નિને વધારે છે. (૧૫) **ચંદ્રાયુધ રસ:**—પારો, ગંધક અને સિંધવ, એ સમાનભાગે લઈ નાગરવેલના પાનના રસમાં ખરલ કરી ગોળો કરવો અને તેને નાગરવેલીનાં પાંદડાંનું વેષ્ટન કરવું; તથા ઊર્ધ્વપાતનયંત્રમાં મૂકી એક દિવસ અગ્નિ આપવો. પછી ઉપરના વાસણમાંનો પારો લઇ, ત્રણ ગુંજા પાનના બીડામાં એક મહિનો સેવન કરવો; એટલે સોપદ્રવ ક્ષયનો નાશ થાય છે. એમાં પથ્ય મૃગાંક પ્રમાણે પાળવું. (૧૬) ગંધક, ધુંવાસ અને પારાને નગોડ તથા કુંવારના રસમાં ખરલ કરી પુટ આપવો; એટલે કાળી ભસ્મ થાય છે. એ દેવતાઓને પણ દુર્લભ છે. (૧૭) ગંધક અને પારો સમભાગ લઇ કુક્કરકંદના રસમાં મર્દન કરી પુટ આપવો; એટલે પારાની પીતવર્ણ ભસ્મ થાય છે. તે વલીપલિતનો (અકાળે ધોળા વાળ થવાનો) નાશ કરે છે. (૧૮) પારો ૧ ભાગ અને કલાઈ ૨ ભાગ, ઠીબમાં નાખી લીમડાના સોટાએ વારંવાર ઘુંટવો. અગ્નિ ૧૨ પહોર આપવો; એટલે પારાની પીળી ભસ્મ થાય છે. તે રોગો ઉપર અનુપાન જોઇ આપવી. ***પારદભસ્મનાં અનુપાનો:**—શક્તિ પ્રમાણે એ ભસ્મ ૧ ગુંજાથી ૪ ગુંજાપર્યંત આપવી. (૧) **પિત્ત ઉપર:**—આમળાંનું ચૂર્ણ અને સાકરમાં. (૨) **વાયુ ઉપર:**—લીંડીપીંપરમાં. (૩) **કફ ઉપર:**—આદાના રસમાં. (૪) **તાવ ઉપર:**—લીમડાના રસમાં. (૫) **રક્તવિકાર ઉપર:**—મધમાં. (૬) **રુધિરસ્રાવ, પ્રવાહિકા અને અતિસાર ઉપર:**—તાંદળજાના રસમાં આપવી. (૭) **કાસ, શ્વાસ અને શૂળ ઉપર:**—લીંડીપીંપર, સુંઠ, મરી અને ભારંગમૂળનાં ચૂર્ણ તથા મધ સાથે. (૮) **રક્તવિકાર ઉપર:**—હળદર અને સાકરમાં. (૯) **કમળો, પાંડુરોગ અને અગ્નિમાંદ્ય ઉપર:**—ત્રિકટુ, ત્રિફળાં અને અરડુસીમાં. (૧૦) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શિલાજિત, એલચી અને સાકરમાં. (૧૧) **ધાતુવૃદ્ધિ**

---

* **પારદભસ્મવિધિ:**—શુદ્ધ પારો ૧ તોલો લઇ નાની અગ્નિશીશીમાં ભરવો (અગ્નિશીશીને ૭ કપડમાટી પહેલેથી કરી રાખવી જોઇએ). પછી ઉપર ૫ તોલા ગંધકનો તેજાબ (સલ્ફ્યુરીક એસીડ) નાખી બળતા કોલસાની સગડી પર શીશી મૂકી આપવી. શીશીના મોઢામાંથી આશરે એક કલાક સુધી ધૂમાડો નીકળ્યા કરશે. જ્યારે ધૂમાડો નીકળતો બંધ થઇ જાય ત્યારે શીશીને સંભાળપૂર્વક ઉતારી લેવી. શીશી ઠંડી થાય ત્યારે સફેદ રંગની પારદ ભસ્મ કાઢી લેવી. આ ભસ્મની માત્રા ૧ થી ૪ ચાવલ સુધી છે. **ચાંદીના દરદ ઉપર:**—ઉપર મુજબ તૈયાર કરેલી ભસ્મ શીરામાં મૂકી ગોળી કરી લેવી અથવા મુનકા(મોટી દ્રાક્ષ)ની વચ્ચમાં મૂકી ગોળી કરી ગળી જવી. દાંતને ભસ્મ ન લાગે એ સંભાળવાનું છે. આ ભસ્મના સેવનથી કોઇ કોઈ રોગીને ઉલટી તથા દસ્ત થાય છે; અને કોઇને થતા નથી. આતશક(ચાંદી)નો રોગી ચાહે તેટલો સડેલો હોય તોપણ ૩ થી ૭ દિવસની અંદર બિલકુલ નીરોગી બની જાય છે. અપથ્ય—દૂધ દહીંથી બનેલા શીખંડ, પેંડા, બરફી વગેરે પદાર્થ ખાવા નહિ. ઘી ખૂબ ખાવું. પારદભસ્મની પરીક્ષા:–પારદભસ્મ ચૂલા ઉપર મૂકી એક પ્રહર પર્યંત તુષ(ચાવલનું ઘાસ)નો અગ્નિ આપવાથી જો પારાની ભસ્મનું વજન ઓછું ન થાય તો ભસ્મ સારી સમજવી. ("રસ રત્નાકર"માંથી)

ઉપરઃ—લવંગ, કેસર, જાવંત્રી, હિંગળોક, અક્કલકરો, લીંડીપીંપર અને ભાંગમાં. (૧૨) **સર્વજ્વરો ઉપરઃ**—સિંધવ, લવંગ, કરીઆતું અને હરડેના ચૂર્ણમાં. (૧૩) **રેચ થવા માટેઃ**—સિંધવ, ત્રિફળાં, કેસર અને હિંગળોકના ચૂર્ણમાં. (૧૪) **ધાતુવૃદ્ધિ ઉપરઃ**—તાંબુલમાં કિંવા ભોંયકોળામાં. (૧૫) **ઉલટીનાશનાર્થઃ**—ભાંગ અને અજમામાં. (૧૬) **ઉદરરોગ ઉપરઃ**—સિંધવ, હળદર, ભાંગ અને અજમાના ચૂર્ણ સાથે. (૧૭) **કૃમિ ઉપરઃ**—ચાર વાલ ખાખરાનાં બીઆં અને બમણા ગોળમાં. (૧૮) **સર્વ અતિસારો ઉપરઃ**—અફીણ, લવંગ, હિંગળોક અને ભાંગમાં. (૧૯) **અગ્નિમાંદ્ય ઉપરઃ**—સિંધવ અને અજમામાં. (૨૦) **પુષ્ટતાને માટેઃ**—ગળોના સત્ત્વમાં આપવી. **પથ્યઃ**—પારો ભક્ષણ કરનારે પાન અને સ્ત્રી વર્જવાં. ૨૧ દિવસ પારો ભક્ષણ કરવાથી માણુસ કામાંધ થાય છે અને સ્ત્રીસંગ કરવાથી જીવવા વિષે સંશય ઉત્પન્ન થાય છે; એટલા માટે સ્ત્રી સાથે ભાષણમાત્ર કરવું; પરંતુ મૈથુન કરવું નહિ. પારો ભક્ષણ કરનારે પાનભક્ષણ, નિદ્રા, જાગરણ, માર્ગ ચાલવો, ક્રોધ, હર્ષ, દુઃખ અને કોઇ પણ પદાર્થની ઇચ્છા, એ સર્વ અતિશય કરવું નહિ. **પારો ભક્ષણ કરનારેઃ**—સિંધવ, ઘી, ધાણા, જીરૂં, આદુ, તાંદળજો, વેંગણ, પંડોળાં, ધાણીના પદાર્થ, ઘઉં, જૂની ડાંગરનો ભાત, ગાયનું દૂધ, ઘી, દહીં, નદીનું કોરા વાસણમાં ભરી રાખેલું તથા તડકામાં અને ચાંદરણામાં રાખેલું પાણી, મગની દાળ, અભ્યંગ, સુગંધ, માળા, શાલ, નારાયણાદિ તેલ, મસ્તક ઉપર ઠંડા પાણીનું સિંચન અને તરસ લાગવાથી સાકર નાખી નાળીએરનું પાણી કિંવા મગની દાળ, દ્રાક્ષ, દાડમ તથા ખજૂરનું પાણી પીવું; એટલે હિત થાય છે. **પારો ભક્ષણ કરનારને વર્જ્યઃ**—કોળું, કાકડી, કાળિંગડાં, દેવડાંગર, કેળાં, કળથી, અળસીનું તેલ, તલ, અડદ, મસૂર, છાશભાત, કડવા, ખાટા અને તીખા પદાર્થ, મીઠું, પિત્તકારક પદાર્થ, પીળા પદાર્થ અને બોર, નાળીએર, કેરીઓ, જવખાર, સુંઠ, સરગવો, ભાંગસેવન, રાઇ અને વાતુલ પદાર્થ, એ વર્જવાં. (૧) **પારદાદિ લેપ ખસ ઉપરઃ**—પારો, ગંધક અને ધંતુરાનાં બીઆંને તેલમાં ખરલ કરી ચોપડવાં. (૨) **સર્વ વ્રણો ઉપર પારદાદિ મલમઃ**—પારો અને ગંધકની કજલી ૧ ભાગ, મુરદાડશિંગ ૧ ભાગ અને કપીલો ૨ ભાગ તથા કિંચિત્ શેકેલું મોરથુથુ, એ એકત્ર કરી તેમાં ચોપટ જૂનું ઘી નાખી તે મલમ રૂના પેલ ઉપર નાખી વ્રણ ઉપર બેસાડવું; એટલે અંદરના જખમ સ્વચ્છ કરે છે અને સંપૂર્ણ વ્રણોનો નાશ કરે છે. (૩) **પારદાદિ લેપઃ**—પારો, ગંધક, હરતાળ, હિંગળોક અને મનશીળ, એ દરેક એકેક તોલો અને મુરદાડશિંગ તથા શંખજીરૂં એ બબ્બે તોલા, એની બારિક કજલી કરી તે તુલસીના રસમાં ખરલ કરવી; અને તેની ગોળી કરી તે ગરમી ઉપર ગાયના ઘીમાં ઘસી ચોપડવી એટલે તીવ્ર વ્રણને ભરી લાવે છે. **અશુદ્ધ પારો ભક્ષણ કરવાથી અનેક વિકારો થાય છે તે ઉપરઃ**—(૧) કારેલીનાં મૂળ ઘસી પ્રાશન કરાવવાં. (૨) શુદ્ધ ગંધક પાનના બીડામાં સેવન કરાવવો. (૩) દ્રાક્ષ, કોળાના કકડા, તુલસી, એલચી, લવંગ, ઝીણી તજ અને નાગકેસર, એમના સમાન ગંધક લઈ તેઓને બે પહોર સર્વ ગાત્રોએ મર્દન કરી, ઠંડા પાણી વડે સ્નાન કરવા આપવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરવાથી પારાના દોષ શાંત થાય છે. (૪) નાગરવેલીનો રસ, ભાંગરાનો રસ, તુલસીનો રસ અને બકરીનું દૂધ, એ દરેક શેર શેર એકત્ર કરી સર્વ અંગે મર્દન કરાવવું તથા ઠંડા પાણીએ સ્નાન કરાવવું. એ પ્રમાણે ત્રણ દિવસ કરાવવું. (૫) અગથીઓ, ભાંગરાનો રસ અને (સોરો સુરેખાર) એ છાશમાં નાખી તે છાશ પાવાથી પારાથી થયેલો અંતર્દાહ નાશ પામે છે; તથા પારો મૂત્રમાર્ગે બહાર નીકળી જાય છે. **રસાયન શરીરમાં જીર્યું હોય તોઃ**—શરપુંખો, દેવડાંગરી (કુકડવેલ), પરળ(ઝાડ)નાં બીઆં અને પીલુડી, એમાંથી એકનો કાઢો પાવો.×

૨૯—પિત્તળ

સં૦ પિત્તલ. મ૦ પિત્તળ. હિં૦ પીતલ. ક૦ પિત્તલે. તૈ૦ ઈતડી. ફા૦ બિરંજ. ઈં૦ બ્રાસ.

પિત્તળ એ મિશ્રધાતુ છે. એ તાંબુ અને જસતના મિશ્રણથી થાય છે. પિત્તળ બે પ્રકારનું

× પારાના દોષની શાંતિને માટે મૂળાના જેવો બીજો ઉપાય ભ.ગ્યેજ હશે. ચોપડવામાં મૂળાનો રસ, ખાવામાં મૂળાનાં પાંદડાં અને ઔષધતરીકે પણ મૂળાનાં પાંદડાંને સૂકવી તેનું ચૂર્ણ આપવું.

છે. રાજરીતિ અને બીજું કાળતુંડી. પિત્તળ તપાવી કાંજીમાં બોળવું; એટલે રાતું થાય છે. તેને રાજરીતિ–સોના પિત્તળ કહે છે; તથા કાળું થાય છે તેને કાળતુંડી કહે છે; એ કદી પણ ઔષધ માટે લેવું નહિ. **શોધન:**—(૧) પિત્તળનાં પતરાં કરી તપાવવાં; તથા તેલ, છાશ, કાંજી, ગોમૂત્ર અને કળથીના કાઢામાં ત્રણ ત્રણ વાર બુઝાડવાં; એટલે શુદ્ધ થાય છે. (૨) પિત્તળનાં પાતળાં પતરાં કરી તપાવી નિર્ગુંડીના રસમાં બાળહરડેનું ચૂર્ણ નાખી તેમાં અથવા ખાટા દ્રવમાં બાફવાં; એટલે શુદ્ધ થાય છે. **મારણ:**—(૧) પિત્તળ અને કાંસાનું મારણ તાંબા જેવું કરવું. (૨) પિત્તળનાં પતરાં પાતળાં અને શુદ્ધ લઈ તેના સમાન ગંધક આકડાના દૂધમાં ખરલ કરી, તે પતરાંને લેપ કરવો તથા કોડીઆમાં ઘાલી ગજપુટ આપવો. એ પ્રમાણે બે પુટ વડે પિત્તળની ભસ્મ થાય છે. **પિત્તળ-ભસ્મના ગુણ:**—પિત્તળ ભસ્મ સંપૂર્ણ મેહ, વાયુ, અર્શ, સંગ્રહણી, કફ, પાંડુરોગ, શ્વાસ, ઉધરસ, કમળો અને શૂળનો નાશ કરે છે.

૩૦–પોલાદ (ગજવેલ)

સં૦ ક૦ બટલોહ. **મ૦** પોલાદ. **હિં૦** બટલોહા, તિખું. **તૈ૦** ઇનુમુ. **ફા૦** આહન. **અ૦** હદીદ. **ઇં૦** સ્ટીલ. **લા૦** ફેરમ.

લોખંડના કરતાં પોલાદ સોગણું વધારે ગુણકારી છે. લોખંડમાં ઘણા દોષ છે; માટે તે રસાયનક્રિયામાં લેવું નહિ.* **શોધન:**—ચોસઠ તોલા ત્રિફળાં લઇ આઠગણું પાણી નાખી અષ્ટમાંશ

---

* પોલાદની ભસ્મ કરવી હોય તો ૨૦ તોલાથી વધારે પર તોલા સુધી શુદ્ધ પોલાદનું ચૂર્ણ લઇ ભસ્મ કરવી. પોલાદના વિલાયતી છોલ બજારમાં આવે છે તે વૈદ્યો વધારે કરીને ઉપયોગમાં લે છે. એ છોલનું પ્રથમ શોધન કરી ખાંડી ચૂર્ણ કરે છે. (૧) **પોલાદનું શોધન તથા મારણ:**—પોલાદના છોલને અથવા કાનસના બારીક ચૂર્ણને અગ્નિમાં તપાવી તેલ, છાશ, કાંજી, ગોમૂત્ર તથા કળથીના ક્વાથમાં ત્રણ ત્રણ વખત ઠંડુ કરવું એટલે શુદ્ધ થાય છે. ત્યાર પછી ખાંડીને ચૂર્ણ કરવું. આ ચૂર્ણથી દશમો ભાગ હીંગળોક મેળવી કુંવારના રસમાં છ કલાક ખરલ કરી બબ્બે તોલાની ટીકડી કરી સૂર્યના તાપમાં સૂકવી સંપુટ કરી ગજપુટ અગ્નિ આપવો. સ્વાંગ શીતળ થયેથી કાઢી પુનઃ હીંગળોક દશમો ભાગ મેળવી ઉપર પ્રમાણે પુટ આપવો. આવી રીતે સાત પુટ આપવાથી ઉત્તમ પ્રકારની ભસ્મ બને છે. આ ભસ્મનો રંગ કાળો હોય છે. ઘણીજ ગુણ આપનારી બને છે. સંપુટની સંધિ સારી રીતે બંધ કરવી જોઇએ; કારણ કે હિંગળોક મેળવેલો છે. ખરલ કરવા માટે લોઢાની ખરલનો ઉપયોગ કરવો. પથ્થરની ખરલનો ૪ પુટ સુધી ઉપયોગ કરવો નહિ. લોઢાની ખરલ ન મળે તેવા સ્થાનમાં કડાઇથી પણ કામ લઇ શકાય છે. ઘુંટવા માટે લોઢાનો દસ્તો લેવો અથવા વિલાયતી ગોળ ખરલ(મોરટલ ઍન્ડ પેસ્ટલ)નો બત્તો લાકડાના હાથાવાળો ચિનાઈ માટીનો આવે છે તે ઉપયોગમાં લેવો. (૨) શુદ્ધ પોલાદના ચૂર્ણને ગોમૂત્રના ૨૦ પુટ આપવાથી ભસ્મ બને છે. આવી રીતે ગોમૂત્રના ૧૦૦૦ સુધી પુટ આપવાનું શાસ્ત્રમાં લખેલ છે. આ ભસ્મ મેલા રાતા રંગની બને છે. (૩) **સૂર્યપુટી પોલાદ ભસ્મ:**—શુદ્ધ પોલાદના ચૂર્ણને લીલાં આમળાંના રસમાં ખરલ કરી સૂર્યના તાપમાં મૂકવું. સૂકાયા પછી બીજે દિવસે પુનઃ ખરલ કરી તાપમાં મૂકવું. જ્યારે બારિક ભસ્મ થાય અને પાણીપર તરે ત્યાં સુધી રોજ સૂર્યપુટ આપતા રહેવા. ઉન્હાળાના દિવસોમાં આ ભસ્મ આશરે ૧૫ દિવસમાં તૈયાર થઇ જાય છે. આવીજ શેરડી અથવા જાંબુના સરકામાં તૈયાર થાય છે. (૪) શુદ્ધ પોલાદનું ચૂર્ણ ૧ શેર ૮ શેર લીલાં આમળાંનો રસ મેળવી એક ચિનાઇ માટીની બરણીમાં ભરી પેક કરી જમીનમાં બરણી દાટી દેવી. એક વરસ પછી કાઢવાથી પોલાદ ભસ્મ તૈયાર થઇ જાય છે. આ ભસ્મને "લોહ રસાયન" કહે છે. લોહભસ્મ સાથે અભ્રકભસ્મ મેળવીને ખાવાથી વિશેષ લાભ થાય છે. વનસ્પતિના યોગે કરેલી લોહભસ્મના સેવનથી કૃમિદોષ થાય છે. માટે એવી લોહભસ્મ ઉપયોગમાં લેવી હોય તો છેવટે એક પુટ હિંગળોક મેળવીને અથવા પારાગંધકની કજલી મેળવીને અવશ્ય આપવો જોઇએ. અથવા રસસિંદૂર અથવા બીજી પારાવાળી ઔષધિ મેળવી ઉપયોગ કરવો.

કાઢો કરવો; તથા વીસ તોલા લોઢાનાં પતરાં લઇ તપાવી સાત વાર તે કાઢામાં બોળી કાઢવાં એટલે શુદ્ધ થાય છે. **મારણ:**—સંપૂર્ણ લોહને પારદ (પારાની) ભસ્મના યોગવડે કરેલું મારણ ઉત્તમ; મૂલિકા, વનસ્પતિ ઇત્યાદિકોએ મધ્યમ તથા ગંધકાદિ ક્ષારત્રવડે કનિષ્ઠ માનેલું છે. (૧) શુદ્ધ પારો ૧ ભાગ, ગંધક ૨ ભાગ અને લોહચૂર્ણ ૩ ભાગ, એકત્ર કરી બે પહોર કુંવારના રસમાં ખરલ કરવો. પછી તેનો ગોળો કરી એરંડાનાં પાંદડાંમાં ગોળો વિંટવો; તથા સૂતળીવડે બાંધી તાંબાના ડબામાં મૂકી ઉપર ઢાંકણું લગાવી મૃત્તિકાવડે સંધિલેપ કરી સૂકવી તે ડાંગરના ઢગલામાં ત્રણ દિવસ પૂરી રાખવો. ચોથે દિવસે કાઢી ખરલ કરી કપડા ઉપર ગાળી લેવું. આ વસ્ત્ર ઉપર ગાળેલું લોહ, જળ ઉપર હંસની માફક તરે છે. આ લોહભસ્મને **સોમામૃતલોહભસ્મ** કહે છે.§ (૨) પોલાદનું ચૂર્ણ, પારો અને ગંધક, એ પદાર્થો કુંવારના રસમાં ખરલ કરવા અને કાંસાના વાસણમાં તાપમાં મૂકવા એટલે પોલાદની ભસ્મ થશે. (૩) પોલાદનું ચૂર્ણ ચીનાઇ માટીના પ્યાલામાં નાખી તે ઉપર જાંબુનાં પાંદડાંનો રસ નાખવો અને ગરણીમાં રાખવું. આ પ્રમાણે સાત દિવસ કરવું; એટલે ભસ્મ બને છે. (૪) દાડમનાં પાંદડાંનો રસ કાઢી તેમાં લોઢાનું ચૂર્ણ નાખી ગરમીમાં (તાપમાં) સાત દિવસ નાખવું. દરરોજ રસ નવો નાખવો. આઠમા દિવસે તેજ રસમાં ખરલ કરી બે ગજપુટો આપવા. આ પ્રમાણે કરે એટલે તે લોહભસ્મ શુદ્ધ, પાણી ઉપર તરનારી થાય છે. એ ભસ્મ સંપૂર્ણ રોગમાં યોજવી. (૫) ગાયના દહીંમાં પોલાદનું ચૂર્ણ નાખી તે દહીં સૂકાઇ જાય ત્યાંસુધી તેમજ રાખી પછી ધોઇ તે ચૂર્ણ કાઢી લેવું; તથા તેને ત્રિફળાંના કાઢામાં ખરલ કરી ગજપુટ આપવો. આ પ્રમાણે ૩ ગજપુટ આપવાથી પાણી ઉપર તરનારી એવી ભસ્મ થશે.× **લોહભસ્મના ગુણ:**—લોહામૃત રંગે કાજળ જેવું અને પારદયુક્ત એવું જો ભક્ષણ કર્યું તો તે ભક્ષણ કરનારના દેહમાં પણ રોગ થવાનો નહિ તથા ગયેલું વીર્ય પુનઃ આવશે. **લોહભસ્મ:**—જંતુવિકાર, પાંડુરોગ, વાયુ, ક્ષીણતા, પિત્તવ્યાધિ, સ્થૂલતા, મૂળવ્યાધિ, સંગ્રહણી, કફ, સોજો, પ્રમેહ, ગુલ્મ, બરોળ, વિષ, આમવાત, કુષ્ટ, વલિપલિતરોગ, વાતરક્ત, જરા, મરણ, કમળો, ક્ષય અને પાંડુરોગ થકી પાંડુર થયેલો દેહનો વર્ણ, એમનો નાશ કરે છે. એ બળકર, સ્ત્રીપ્રસંગને વિષે હિત કરનાર, સુખકારક, રસાયન, મૃત્યુહર, દૃષ્ટિ અને કાંતિને સારી કરનારી એવી છે. લોહભસ્મ ૧ અથવા બે ગુંજા નિત્ય સેવન કરવી. **લોહભસ્મનાં અનુપાનો:**—(૧) **શૂળ ઉપર:**—હીંગ તથા ઘીમાં આપવી. (૨) **જીર્ણજ્વર ઉપર:**—મધ અને લીંડીપીંપરમાં. (૩) **વાયુ ઉપર:**—લસણ અને ઘીમાં. (૪) **શ્વાસ ઉપર:**—સુંઠ, મરી, લીંડીપીંપર અને મધમાં. (૫) **ઠંડક ઉપર:**—મરી અને ખાવાના પાનમાં. (૬) **પ્રમેહ ઉપર:**—ત્રિફળાં અને ખડીસાકરમાં. (૭) **ત્રિદોષ ઉપર:**—આદાનો રસ અને મધમાં. (૮) **વાતજ્વર ઉપર:**—ઘીમાં. (૯) **પિત્તજ્વર ઉપર:**—મધમાં. (૧૦) **કફપિત્ત ઉપર:**—આદાના રસમાં. (૧૧) **એંશી પ્રકારના વાયુ ઉપર:**—નગોડના રસમાં. (૧૨) **વાત ઉપર:**—સુંઠમાં. (૧૩) **પિત્ત ઉપર:**—સાકરમાં. (૧૪) **કફ ઉપર:**—મધ અને લીંડીપીંપરમાં. (૧૫) **સંધિરોગ ઉપર:**—તજ,

---

§ આ ગોળાવાળો ૬ કલાક સૂર્યના તાપમાં રાખી પછી ધાન્યના ઢગલામાં રાખવો જોઇએ, એમ ભાવપ્રકાશમાં લખેલ છે; તથા અર્ધો પ્રહર સૂર્યના તાપમાં રાખવો, એમ રસ રત્નાકરમાં લખેલ છે. સૂર્યના તાપમાં ૬ કલાક રહે તો સારી રીતે ગરમ થઇ જાય, જેથી સહજ ભસ્મ બની શકે છે.

× એક હસ્તલિખિત ગ્રંથમાં લખેલ છે કે:—"શુદ્ધ ગજવેલને અતરડેથી ઘસી ભૂકી કરી હીકરામાં નાખી અગ્નિ આપવો. પછી ભાંગરાનાં પાંદડાંનો રસ, આકડાનાં પાંદડાંનો રસ, થોરના દૂધનો રસ, એરંડાનાં પાંદડાંનો રસ, લિંબુનો રસ અને કુંવારપાઠાનો રસ, એ ૭ વસ્તુના જુદા જુદા પુટ આપવા. ઉપર બળે તે કાઢી નાખવું. સિંદૂરવર્ણ થાય ત્યારે શુદ્ધ થાય. તેની જાયફળ, લવંગ અને આદાના રસથી અથવા એખરાના રસથી ગોળી ૪ રતિ પ્રમાણની વાળવી. તેના ગુણ:—બળ, કાંતિ અને વીર્યવૃદ્ધિ થાય. કાસ, શ્વાસ, શ્લેષ્મ (કફ), ઉદરરોગ અને પ્રમેહ, કટિવાયુ, સંધિવાયુ, વાતભ્રમ, પિત્ત અને અગીઆર પ્રકારના તાવ મટે, ક્ષુધા ઉઘડે અને વીર્યસ્તંભન થાય.

એલચી અને તમાલપત્રમાં. (૧૬) **પ્રમેહ અને વાલપલિત ઉપર:**—ત્રિફળાંમાં. (૧૭) **રક્તપિત્ત ઉપર:**—ખડીસાકર અને ચાતુર્જાતમાં. (૧૮) **બળવૃદ્ધિ ઉપર:**—સાટોડી અને ગાયના દૂધમાં. (૧૯) **પાંડુરોગ ઉપર:**—સાટોડીના રસમાં. (૨૦) **વીસ પ્રમેહ ઉપર:**—હળદર, લીંડીપીંપર અને મધમાં. (૨૧) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શિલાજિતમાં. (૨૨) **પંચકાસ ઉપર:**—અરડુસી, લીંડીપીંપર, દ્રાક્ષ અને મધમાં. (૨૩) **અગ્નિમાંદ્ય ઉપર:**—તાંદુલમાં. (૨૪) **સર્વરોગ ઉપર:**—ત્રિફળાં અને મધમાં. (૨૫) **યથોક્ત ગુણ ઉપર:**—બાળહરડે અને સાકરમાં આપવી. આ લોહભસ્મના ગુણ વધારે શું કહેવા ? પરંતુ જે મૃત રૂપાના ગુણ તે આ કાંતભસ્મમાં છે. જ્યારે કાંતભસ્મ ન મળે ત્યારે રૂપાની ભસ્મ આપવી. **પથ્યાપથ્ય:**—કોળું, તલનું તેલ, અડદ, રાઇ, મધ, ખાટા પદાર્થ, મત્સ્ય, જીવશાક, કળથી, કારેલાં, વ્યાયામ તથા તીખા પદાર્થ, એ વર્જવાં. **અશુદ્ધ લોહદોષ:**—અશુદ્ધ લોહ ષંઢત્વ, કુષ્ઠ, મૃત્યુ, હૃદ્રોગ, શૂળ, અશ્મરી, નાના પ્રકારના રોગ, હલ્લાસ કરનારૂં, જીવહારી, મદકર, દેહને વિષે અશુદ્ધપણું, મસ્તકને અશક્તપણું અને હૃદયને વિષે દારુણ વ્યથાને ઉત્પન્ન કરે છે. પારા સિવાય કિંવા અભ્રક સિવાય લોહનું શરીરમાં એકત્વ થતું નથી; કિંવા લોહનું દેહને વિષે બંધન થતું નથી; માટે લોહને પારો અને અભ્રકના સંસ્કાર કરવા. જે વૈદ્ય પારા સિવાય લોઢાની ભસ્મ કરે છે, તે લોહભસ્મથી રોગીના ઉદરમાં કીટ ઉત્પન્ન થાય છે, એમાં સંશય નથી. **લોહજ દોષચિકિત્સા:**—શરીરમાં લોહભસ્મથી વિકાર થયો હોય તો, અગથીઆના રસમાં વાવડીંગ વાટી અગથીઆના રસમાંજ ભક્ષણ કરવાં અને તડકામાં ઘણી વાર રહેવું; એટલે લોહભસ્મના દોષને પાતળો કરે છે. અભ્રકભસ્મ, વાવડીંગના ચૂર્ણમાં અથવા વાવડીંગના સ્વરસમાં લેવાથી, લોહભસ્મના અજીર્ણથી થયેલા શૂળનો ત્વરિત નાશ થાય છે. જો લોહભસ્મથી કૃમિ થાય તો ગરમાળાનું મગજ રેચ માટે આપવું; એટલે કૃમિનો નાશ થશે. રેચ વધારે થવા લાગે તો દૂધ પાવું તથા ઔષધ છોડવું. **લોહભસ્મપરીક્ષા:**—સંપૂર્ણ લોહભસ્મ લઇ મિત્રપંચકમાં મેળવી મુસમાં નાખી તીવ્રાગ્નિમાં ફુંકવી. જો તેમાં લોઢાની બાજરી જેવી કણીઓ ઉત્પન્ન ન થાય તો ભસ્મ પરિપક્વ થઇ સમજવી તથા નિરૂત્થ અને પાણી પર તરે એવી થાય ત્યારે તે ઉપયોગમાં લેવી; અથવા મધ, ઘી, મૃતલોહ અને રૂપું, એ પદાર્થો એકત્ર કરી કઢાઇમાં નાખી એક પ્રહરપર્યંત તીવ્રાગ્નિ આપ્યા પછી રૂપું જેટલું નાખ્યું હોય તેટલુંજ નીકળે તો લોહમૃત થયું એમ સમજવું; નહિ તો પુનઃ મારણ કરવું. **લોહદ્રાવણ:**—(૧) લિંબુના રસમાં હિંગળોક નાખી લોહ તપાવી તેમાં ઝબોળવું. આ પ્રમાણે ઘણી વખત કરવાથી લોહનું દ્રાવણ થાય છે. (૨) દેવદાલી(કુકડવેલ)ની રાખ પુરુષના મૂત્રમાં ૨૧ વાર ગાળવી તથા તેનો ક્ષાર કાઢી, કાંતિલોઢું તપાવી તે ઉપર તે ખાર નાખવાથી લોહને પાતળું કરે છે. (૩) ગંધકને દેવદાલીના રસની ૭ ભાવનાઓ આપવી; તે ગંધક, લોહ તપાવી તે ઉપર નાખવાથી લોહ પારા જેવું પાતળું થાય છે. (૪) તીખા લોઢાનો દર્પ લઇ આમળાંના રસમાં સાત દિવસ ભીંજવી રાખી તડકામાં રાખવો; તેમજ ક્ષીરવૃંદાના રસ વડે ભીંજવી સાત દિવસ તાપમાં રાખવો; પછી કુલડીમાં ઘાલી દેવતામાં તે કુલડી ગોઠવી ગાળવાથી, ઘણા દિવસ પારા જેવું પાતળું રહે છે. (૫) એક ટાંક લોહનું ચૂર્ણ કણસના રસમાં મેળવી સાત દિવસ તાપમાં રાખવું. પછી ખાટા પદાર્થોમાં મર્દન કરવું અને કુલડીમાં ઘાલી રસ કરવો; એટલે લખવાજોગ પાતળું દ્રવરૂપ રહે છે, એમાં સંશય નથી. **સપ્તધાતુભસ્મપરીક્ષા:**—સંપૂર્ણ મૃત ભસ્મને મિત્રપંચકમાં તપાવી, જ્યારે ધાતુ ઉત્પન્ન થાય નહિ તથા પાણી પર તરે તો તે સેવન કરવી. **મિત્રપંચક:**—ગુગળ, ચણોઠી, ઘી, મધ અને ટંકણખાર, એ પદાર્થો મૃત ધાતુના જીવનરૂપે છે. **નિરૂત્થાન:**—તૈયાર થયેલી ભસ્મ અને ગંધક સમાન લઇ કુંવારના રસમાં એક દિવસ ખરલ કરી કુલડીમાં નાખી કપડમાટી કરી જગપુટ આપવો. એ પ્રમાણે સર્વ લોહનું નિરુત્થાન કરવું. **અપક્વ ધાતુમારણ:**—ઘોડાના નખ, હસ્તિદંત, ભેંસનાં શિંગડાંનું મૂળ, બકરી અને સસલાના નખ, મેંઢાનું શિંગડું, મધ, ઘી, ગોળ, ચણોઠી, ટંકણખાર, તેલ અને મીઠું, એ સર્વ પદાર્થો સમભાગ એકત્ર ખરલ કરી તેમાં સર્વ લોહમારણ કરવું. **ભસ્મવર્ણ:**—સુવર્ણભસ્મનો તથા પિત્તળભસ્મનો વર્ણ કબૂતરના કંઠના રંગ જેવો,

અથવા પીળી કોડીના રંગ જેવો, તાંબાની ભસ્મનો વર્ણ મોરના કંઠ જેવો નીલવર્ણ, રૂપાની અને કલઈની ભસ્મો સફેદ, સીસાની ભસ્મ કાળા સર્પના વર્ણની અને તીખા લોહની ભસ્મ કાજળ જેવી કાળી થઇ એટલે શુદ્ધ થઇ એમ સમજવું. એણે કરી વાંતિ અથવા ભ્રાંતિ થતી નથી. એ સમજીને જે કરે છે, તેના બરોબર કોઇથી પણ થવાવાનું નથી. **ભસ્મસેવનપ્રમાણ:**—સોનું, રૂપું અને તાંબુ ૧ ચણોઠીભાર તથા તીખું લોહ, કલાઇ, સીસું અને પિત્તળ, એ દોઢ વાલ આપવી. એ ભસ્મ સાથે લીંડીપીંપર અને મધ શરદ અને ગ્રીષ્મ ઋતુમાં યોજવું.

૩૧—ફટકડી

સં૦ સ્ફટીકી, તુવરી. મ૦ તુરટી, ફટકી. હિં૦ ફિટકડી. ક૦ ફટકી. તૈ૦ ફાટિકે. ફા૦ જાક્ સફેત. અ૦ જાજ કલકતાર. ઈં૦ વીટ્રીલ બ્લાઇટ, એલમ. લા૦ હાઈડ્રીર્જીરમ્. સલ્ફ્યુરેટમ્. બં૦ ફટકારિ.

ફટકડી એ સોરઠ દેશના અરણ્યમાંની મૃત્તિકા છે. એ વસ્ત્રાદિકોને લગાવવાથી લાલ ડાઘ પડે છે. એ પારદબંધક છે. ઔષધોમાં એને ફુલાવી લેવી.× ફટકડી:—તીખી, કડવી, તુરી, ઉષ્ણ, ખારી, લેખન, ખાટી, ગ્રાહક, આંખોને હિતાવહ, પારદબંધક, કેશ્ય, કંઠ્ય, વ્રણનાશક તથા યોનિસંકોચનકારક છે; અને વિષૂચિકા, ધોળો કોઢ, નેત્રરોગ, ત્રિદોષકુષ્ઠ, પિત્ત, ઉલટી, વિસર્પ તથા તાવનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **મુખરોગ ઉપર:**—ફુલાવેલી ફટકડી પાણીમાં નાખી તેના કોગળા કરવા. (૨) **કાનમાંથી પરૂ વહે છે તેને માટે:**—ફુલાવેલી ફટકડીના પાણીની પિચકારી મારવી અથવા ફુલાવેલી ફટકડીનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી નાખવું. (૩) **સર્પના વિષ ઉપર:**—ફટકડીનો ગાંગડો આંખમાં ફેરવવો અથવા અર્ધો તોલો ફટકડી પાણીમાં વાટી આપવી. (૪) **ગરમીની ચાંદીઓ ઉપર:**—ફટકડી ફુલાવી ચાંદીઓ ઉપર ચોપડવી. (૫) **બીજી રીત:**—ફુલાવેલી ફટકડી પાણીમાં ઓગાળી તેમાં કાથો નાખી પિચકારી મારવી. (૬) **અગ્નિદગ્ધ વ્રણ ઉપર:**—ફટકડીના પાણીની પટ્ટી લગાવવી. (૭) **વિંછી ચઢતો બંધ થવા માટે:**—ફટકડીનો ગાંગડો દીવા ઉપર તપાવી રસ થવા લાગે એટલે લાગલોજ જ્યાં ચઢતો હોય ત્યાં રસ પાડવો; એટલે ત્વરિત વેગ શમે છે. (૮) **ગર્ભિણીના સ્તનની ડીંટડીએ દાહ થતો હોય તો:**—ફટકડીનું પાણી કરી તે પાણીએ સ્તનની ડીંટડીઓ ધોવી. (૯) **યોનિદાહ ઉપર:**—ફટકડીના પાણીની પિચકારી મારવી. (૧૦) **આંખોમાંથી પાણી ગળે છે અને પીઆ આવે છે તે ઉપર:**—ફુલાવેલી ફટકડીની બે ગુંજાભાર વસ્ત્રગાળ ભૂકી, સવા તોલો પાણીમાં નાખી, તે સવાર–સાંજ પીંછાવડે આંખમાં આંજવી. (૧૧) **દાંતમાંથી રક્તસ્રાવ થતો હોય અને દાઢ દુખતી હોય તેના ઉપર:**—ફુલાવેલી ફટકડીની ભૂકી, મધ અને ઘીમાં કાલવી દાંતનાં મૂળમાં દિવસમાં બે ત્રણ વાર લગાવવી. (૧૨) **પ્રમેહ ઉપર:**—ફુલાવેલી ફટકડી ૧ ચણોઠીભાર લઈ ૨॥ તોલા ત્રિફળાંના કાઢાના પાણીમાં ઓગાળી તેની પિચકારી મારવી. (૧૩) **વાળા ઉપર:**—નાળીએરના અર્ધા શેર પાણીમાં ફુલાવેલી ફટકડી ૧ માસો નાખી આપવી; અથવા ફુલાવેલી ફટકડી ગોળમાં આપવી. (૧૪) **કફ, ક્ષય, કાસ અને શ્વાસ ઉપર:**—ફુલાવેલી ફટકડી મધમાં આપવી. (૧૫) **અજીર્ણ ઉપર:**—ફટકડી અને સરકી (કપાસીઆ, કપાસનાં બી) એકત્ર કરી વાટી ખાવા આપવું. (૧૬) **પ્રમેહ ઉપર:**—ફુલાવેલી ફટકડી, પ્રકૃતિનું માન જોઇ યોગ્ય પ્રમાણથી દૂધમાં ખડીસાકર નાખી આપવી; એથી ઉલટી થશે.

૩૨—બીડ(લો)લૂણ

સં૦ ક૦ બિડલવણ. મ૦ બિડલોણ. હિં૦ બિરિયા સંચર નોન, કટીલાનોન. બં૦ બિટલૂણ.

બીડલૂણ:—લઘુ, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક, વાતાનુલોમન, રૂક્ષ તથા વ્યવાયી છે; અને

× સફેદ ફટકડી ઉપરાંત ગુલાબી તથા લાલ રંગની ફટકડી આવે છે. હિંગળોકની ભસ્મ કરવા માટે એ બંને જાતની ફટકડીનો ઉપયોગ કરેલો છે.

શૂળ, વાયુ, મેહ, ગુલ્મ, અજીર્ણ, મલાવષ્ટંભ, આનાહવાયુ, હૃદ્રોગ, જડતા, કફ અને દદ્રૂનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **અજીર્ણ, શૂળ તથા વાયુ ઉપર:**—બીડલુણ લિંબુના રસમાં આપવું. (૨) **વાળા ઉપર:**—ચૂનો અને બીડલૂણ પાણીમાં વાટી લેપ કરવો.

૩૩–મનશીલ

સં૦ મનઃશિલા. મ૦ મનશીલ. હિં૦ મનસિલ, મૈનસિલ. ક૦ મનશિલે. તૈ૦ માનુશિલા. ફા૦ જરનિખ અહેમર. ઇં૦ રિઅલગાર, રેડ આર્સેનિક્. લા૦ આર્સેનિકં સલફાઇડમ્. બં૦ મનછાલ.

મનશીલ એ હરતાળનો ભેદ છે. એનો રંગ રાતો હોય છે. **મનશીલ:**—ગુરુ, વર્ણકારક, સારક, ઉષ્ણ, લેખન, તીખું, કડવું અને સ્નિગ્ધ છે; તથા વિષ, શ્વાસ, ઉધરસ, ભૂતબાધા અને રક્તવિકારનો નાશ કરે છે. **અશુદ્ધ મનશીલ:**—બળનાશક, મળબંધક તથા મૂત્રરોગ, શર્કરા અને મૂત્રકૃચ્છ્રને ઉત્પન્ન કરનાર છે. **શુદ્ધિ:**—(૧) મનશીલ હળદરના કાઢામાં દોલાયંત્રવડે પચન કરવાથી શુદ્ધ થાય છે. (૨) મનશીલને અગથીઆનાં પાંદડાંની સાત ભાવના આપવી; અથવા આદાના રસની સાત ભાવના આપવી એટલે શુદ્ધ થાય છે. *__ઉપયોગ:__—(૧) **ખસ, દાદર, ચાંઠા ઈત્યાદિ સર્વ કુષ્ઠવિકારો ઉપર:**—મનશીલ, હીરાકસી અને મોરથુથુ ગોમૂત્રમાં વાટી લેપ કરવો. (૨) **સન્નિપાત ઉપર અંજન:**—મનશીલ અને ઘોડાવજને લસણના રસમાં અથવા મનશીલને ઘોડાની લાળમાં ઘસી અંજન કરવું; એટલે અંધારાં દૂર થાય છે. (૩) **ઉધરસ ઉપર:**—મનશીલ, મરી, જટામાંસી, નાગરમોથ અને હિંગણબેટ (ઇંગોરીઆં) એ ઔષધોમાં ગોળ મિશ્ર કરી, તેને ચલમમાં નાખી તેની સુખોષ્ણ ધૂમાડી પાવી; એટલે દોષજ, દ્વંદ્વજ, સન્નિપાતજ અને સેંકડો ઔષધો વડે સારી નહિ થનારી ઉધરસ આ ઔષધના ધૂમ્રપાન વડે શાંત થાય છે. **બીજો પ્રકાર:**—એરંડીનાં પાંદડાંને મનશીલ ઘસી ચોપડવું અને તે પાંદડાંને ચલમમાં અથવા હોકામાં નાખી પાવાં; એટલે સર્વ શ્વાસકાસ દૂર થાય છે.

૩૪–મીઠું

સં૦ સમુદ્રલવણ. મ૦ મીઠ. હિં૦ સમુદ્રનોન, પાંગા. બં૦ કરકચલન. ક૦ ઉપ્પુ. તૈ૦ ઉપ્પુ. ફા૦ નમક. અ૦ મિલ્હશોરી. ઇં૦ સૉલ્ટ. લા૦ સોડીઅમ્ મ્યુરાસ. મીઠું એ સમુદ્રના પાણીમાંથી ઉત્પન્ન થાય છે. આપણા હંમેશના ભોજનમાં આવનાર આ એક પદાર્થ છે. મીઠા સિવાય માણસને

---

* એક હસ્તલિખિત ગ્રંથમાં મનશીલનો ઉપયોગ નીચે પ્રમાણે છે:—મનશીલ તોલો ૦ાા અથવા ૧ લઇને તેને ૭ વખત ગોમૂત્રમાં ખરલ કરી સૂર્યના તાપમાં સૂકવી શુદ્ધ કરવું. પછી તેને ભાંગરાના રસમાં પુટ ૭, આદાના રસમાં ૭, છાશના ૭ અને કુંવારના ૭, આકડાના દૂધના ૭, ત્રિફળાંના રસ અથવા ઉકાળાના ૭, દર્ભાંના ૭, વનકુકડાના રસના ૭ અને કેળના રસના ૭ પુટ આપવા. પછી તેને વાટવું. બહુજ રાતું થાય એટલે એમાં લવંગ, જાયફળ અને જાવંત્રી મેળવી સર્વને ખરલ કરીને નાગરવેલના પાનના રસમાં રતિ ૧ અથવા ૨ પ્રમાણે ગોળી કરવી અને સવાર-સાંજ એકેક ખવરાવવી. તેના ગુણ:-રાતો ગૌર વર્ણ થાય, બળવંત થાય, તેજસ્વી થાય, મહાકામી થાય, પુષ્ટ થાય, નેત્ર તેજસ્વી થાય, બળવીર્ય દિન દિન વૃદ્ધિ પામે, સ્ત્રીસંગમાં બહુ સમય સુધી તૃપ્તિ ન થાય; કાસ, શ્વાસ, નિર્જળતા, શીતાંગ, ઉદરરોગ, ફિયો, ગોળો, શૂળ, ચિત્તભ્રમ, કફ, અરુચિ, શૂળ, ધોળો કોઢ, બહેરજ્વર, નાકરોગ, પીનસ, પથરી, રક્તપિત્ત, સંધિરોગ, નિદ્રા ઘણી આવવી, શીતળતા, કંઠશોષ, આફરો, ઉદરના સર્વ વિકાર, વાત, પિત્ત, કફ અને રુધિરના વિકાર જાય, કાયા કલ્પ થાય, રતાંધળાપણું જાય, બાળક મોટો થાય, મહાજોદ્ધો થાય, ભૂખ ઘણી લાગે, ધોળા વાળ કાળા થાય.

સોમલની ચાર જાતોમાં મનશીલને રાતો સોમલ ગણ્યો છે; કારણ તે ૧૯૮ ભાગ ધોળો સોમલ અને ૧૧૨ ભાગ ગંધક એકત્ર કરી તપાવે છે એટલે ગંધક બળી જાય તે પછી બાકી રહે તે મનશીલ છે.

ક્ષણ વાર પણ ચાલે નહિ. મીઠું ન મળે તો અશક્તિ થાય. મીઠાથી સર્વ પદાર્થમાં સ્વાદ આવે છે. **મીઠું:**—રુચિપ્રદ, હૃદ્ય, અગ્નિદીપક, વાળને ધોળા કરનાર, ભેદક, અવિદાહક, કફકર, પાકકાળે મધુર, તીખું, કડવું, ગુરુ, કિંચિત્ ઉષ્ણ, પિત્તલ, ખારટ, સ્નિગ્ધ, શૂળનાશક, વાતનાશક અને સ્વાદુ છે. **ઉપયોગ:**—(૧) **ઉલટી થઇ કફ અને પિત્ત પડવા માટે:**—૧૦ તોલા ગરમ પાણીમાં મીઠું નાખી આપવું. ઉતાર—ઘી અને ભાત. (૨) **બરોળ અને કૉલેરાનો ઉપદ્રવ ન થવા માટે:**—જમવામાં મીઠું વધારે ખાવા આપવું. (૩) **અવાળુ સૂજ્યા હોય તો:**—મીઠાના ગાંગડા-વડે સૂજેલા અવાળુ ફોડી પછી ફુલાવેલી ફટકડીની ભૂકી ચોળવી. (૪) **સોપારી લાગી હોય તો:**—ઠંડું પાણી પાઈ મીઠાનો ગાંગડો મુખમાં રાખવા આપવો. (૫) **વિષમજ્વર ઉપર:**—ઉના પાણીમાં મીઠું ઉકાળી આપવું. (૬) **વાળા ઉપર:**—ત્રણ તોલા મીઠું આટામાં નાખી તેની એક થેપલી શેકી તે સાંજરે ખાવી અને આખી રાત જાગવું; એટલે વાળો બળી જાય છે.

૩૫–मुरदारशिंग (बोदार*)

સં० કં० કંકુષ્ઠ. મ० કંકુષ્ઠ, મુરદાંડશિંગ. હિં० કંકોઠ, મુરદાસંગ. બં० પાર્વતીય મૃત્તિકાવિશેષ. ફા० મુરદારસંગ. ગુ० પીળીઓ. અં० લીથાર્જ. લા० પ્લંબી ઓકસીડમ્.

બોદાર એ સીસાનો ક્ષાર છે. બોદારના ભૂખરા રંગના ચળકતા સોના જેવા ટુકડા થાય છે. મુરદારશિંગ હિમાલય પર્વતના પ્રદેશ પાસેના ટેકરાઓમાં, આબુના પહાડમાં અને ગુજરાત પ્રાંતમાં ઉત્પન્ન થાય છે. એ બે પ્રકારની છે. એક નાલિકાખ્ય અને બીજી રેણુકા. તેમાં જે પીળી, જડ, ચીકણી, તે શ્રેષ્ઠ; તથા શ્યામ, પિત્ત, લઘુ, અને જેમાંનું સત્ત્વ નીકળી ગયેલું તે રેણુકા. **મુરદારશિંગ** ફલાર્દની ઉપધાતુ છે. **મુરદારશિંગ:**—સારક, ઉષ્ણ, કડવી, કાંતિકર, ભેદક, વ્રણરોપણ; અને ઉલટી, મળ, મૂત્ર તથા પ્રમેહને કરનાર છે; તથા કફ, વાયુ, વ્રણ, શૂળ, ઉદર, કૃમિ, સોજો, આધ્માનવાયુ, ગુલ્મ, આનાહ, સોજાથકી આવેલો તાવ તથા ઉદાવર્તનો નાશ કરે છે. **શોધન:**—મુરદારશિંગને સુંઠના કાઢાની ત્રણ ભાવના આપવી; એટલે શુદ્ધ થાય છે. **ઉપયોગ:**—(૧) **ગરમીની ચાંદીઓ ઉપર:**—મુરદારશિંગ અર્ધો તોલો અને રાળ ૨ તોલા, એનો ઘીમાં મલમ કરી લેપ કરવો; એટલે વ્રણ જલદી ભરાઈ આવે છે; અથવા એનું અતિશય બારિક ચૂર્ણ કરી તે ચોપડવું, કિંવા એ ચૂર્ણ મધમાં ખરલ કરી તે ચોપડવું. (૨) **મૂળવ્યાધિ ઉપર:**—મુરદારશિંગ માખણમાં ખરલ કરી મસાને ચોપડવી અને શેકવું. (૩) **પ્રમેહ અને ઉપદંશ ઉપર:**—શુદ્ધ મુરદારશિંગ અર્ધો માસો પાનમાં આપવી.

૩૬–मुलतानी माटी

× એ પંજાબમાં ઉત્પન્ન થાય છે. એનો રંગ પીળો હોય છે. એ રંગના ઉપયોગમાં આવે

---

* બોદાર બનાવવાની રીત:—નાના મોઢાવાળાં ગોળ માટીનાં બે હાંડલાં લઇ તેના તળીએ માટીનો લેપ કરવો. એક માટલામાં સીસું નાખી ઉઘાડી ભઠ્ઠીમાં તેને ગળવા આપવું. એક મણ સીસામાં ઉત્તમોત્તમ ૦॥ શેર સુરોખાર નંખાય છે. સીસું છેક પીગળી જઇ રસ થઈ જાય એટલે હલાવતાં હલાવતાં થોડો થોડો (ચપટી ચપટી) સુરોખાર નાખતા જવો. સુરોખાર મળી ગયો એટલે સીસું ભુસા રંગવાળું દેખાશે. એવું દેખાવા લાગે એટલે માટલું અગ્નિ ઉપરથી ઉતારી લઇ ઠંડુ થવા આવી સીસાને બીજા હાંડલામાં નાખવું. પછી બીજી ભઠ્ઠી જે બંધ મોઢાથી થાય છે તેના ઉપર ઘુંમટ થાય છે અને સામસામાં કાણાં હોય છે. આ ભઠ્ઠીમાં લોઢાની કુંડલી બેસાડેલી હોય છે, અને તેના ઉપર હાંડલું ઠેરાવે છે. સળીથી એકસરખું સીસું હલાવતા રહે છે. આ ક્રિયાથી મેલ અને સીસું નીચે રહે છે, અને બોદાર ઉપર રહે છે. શુમારે સીસાનો અર્ધો ભાગ એકદમ મશીકૃત થાય છે.

× મુલતાની માટી મુલતાનની આસપાસમાંથી નીકળે છે. તેબહુજ ચીકાશવાળી હોય છે. સિંધ તથા પંજાબમાં સાબુને બદલે વાળ ધોવા માટે તથા શરીર ધોવા માટે ઉપયોગમાં લે છે. કોઇ

છે. ઉપયોગ:—(૧)બાળકની ડુંટી સૂજી આવી હોય તો:—મુલતાની માટીનો કકડો અગ્નિમાં તપાવી લાલ કરી બહાર કાઢવો અને તે ઉપર ગાયનું દૂધ નાખવું; એટલે તે કકડામાંથી વરાળ નીકળે છે; તે વરાળ વડે ડુંટીને શેક આપવો. એમ દિવસમાં બે વાર કરવું. (૨) ગર્ભિણીને અધુરા માસે રજોદર્શન થાય તે ઉપર:—મુલતાની માટી ૧ તોલામાં ૬ તોલા પાણી નાખી, રાત્રે કાચના વાસણમાં પલાળી રાખવી. પ્રાતઃકાળે તે માટી તેજ પાણીમાં સારી મેળવી કપડાથી ગાળવી. પછી તેમાં થોડી જીરાની ભૂકી નાખી આપવી. (૩) કોરી ખસ ઉપર:—મુલતાની માટી દહીંમાં અથવા ખોપરાના તેલમાં ખરલ કરી લગાવવી.

૩૭–मोती

સં૦ ક૦ મૌક્તિક. મ૦ હિં૦ મોતી. તૈ૦ મોત્યાલુ. ફા૦ મરવારિદ. અ૦ લોલા. ઇ૦ પર્લ. લા૦ માર્ગરિટા. બં૦ મુક્તા.

* મોતીની ઉત્પત્તિ છીપ, શંખ, હાથી, ડુક્કર, સર્પ, વાંસ, દેડકો અને કાચબામાંથી થાય છે, એવું કહેલું છે. જે મોતી ફિક્કાં, વ્યંગ, છીપને લાગેલાં, આરક્તવર્ણ, મત્સ્યાક્ષવડે ચિહ્નિત, રૂક્ષ અને ઉખર એવાં હોય છે, તે બુદ્ધિમંતે ધારણ કરવાં નહિ; તે દોષકારક છે. જે મોતી નક્ષત્ર જેવાં ગોળ, સ્નિગ્ધ, સ્થૂળ, નિર્મળ અને જડ હોય છે, તે મોતી મહામૂલ્યવાન સિદ્ધિસાધક છે. મોતી:—મધુર, વૃષ્ય તથા શીત છે; અને વીર્ય, બળ તથા પુષ્ટિ અને આયુષ્યને આપનારાં અને નેત્રરોગ, વિષ, પિત્ત, કાસ, શ્વાસ, અગ્નિમાંદ્ય તથા દાહનો નાશ કરે છે. શોધન:—મણિ, મોતી અને પરવાળાં, એ જયંતિના (અરણીના) રસમાં દોલાયંત્રવડે ૧ પહોર પચન કરવાં; એટલે શુદ્ધ થાય છે. બીજો પ્રકાર:—મોતી અમ્લવર્ગમાં, કાંજી, લિંબુનો રસ, ગોમૂત્ર તથા દૂધમાં દોલાયંત્ર વડે શોધવાં. મારણ:—(૧) કુંવાર, તાંદળજો અને સ્ત્રીના દૂધમાં મોતી તપાવી ડુબાડવાં. એ પ્રમાણે પ્રત્યેક રસવડે સાત સાત વખત સિંચન કરવું એટલે ભસ્મ થાય છે. (૨) માક્ષિકના મારણ પ્રમાણે:—મોતી અને પરવાળાંનું મારણ કરવું. એ અર્ધગુંજ પ્રમાણે આપવું. અનુપાનો:—(૧)પિત્ત અને પુષ્ટતા ઉપર:—દૂધ અને ખડીસાકરમાં. (૨) ઉરઃક્ષતક્ષય નેત્રરોગ ઉપર:—ઘી અને મધમાં આપવાં.

કોઇ સ્ત્રીઓ (સગર્ભા સ્ત્રીઓ) મુલતાની માટી ખાય છે; પણ માટી ખાવાથી સુવાવડ વખતે વધારે દુઃખ પામે છે. સોજા ઉપર મુલતાની માટી પાણીમાં ભિંજાવી ચોપડવાથી આરામ થાય છે.

* મોતીની પરીક્ષા કરીને મોતીને ઉપયોગમાં લેવાં જોઇએ. શાસ્ત્રમાં મોતીની પરીક્ષા નીચે મુજબ લખી છેઃ-૨ શેર ગોમૂત્રમાં ૫ તોલા સાંભર નીમક મેળવી એક હાંડીમાં ભરવાં. પછી દોલાયંત્રથી મોતીને બાંધી ૬ કલાક અગ્નિ આપવી. ત્યારપછી પોટલી કાઢી ધોઇ મોતીઓને ચોખાના ભુસામાં મસળવાં. અસલ મોતી હશે તો રંગરૂપ બદલશે નહિ. ખરાબ હશે તો રંગ બદલાઈ જશે. (૧) મોતીનું શોધનઃ—એક ઉંડા વાસણમાં મોતીને તપાવી સાત વખત કુંવારના રસમાં ડુબાવવાં. મોતી તપતી વખતે ઉછળે છે. માટે વાસણ ઉંડું લેવું, તેમજ સાવધાનીથી શોધન કરવું. (૨) મોતીનું શોધન તથા પિષ્ટિઃ—મોતી ગરમ પાણીથી ધોઇ સૂકવી ખાંડી ભૂકો કરવો. પછી ચીનાઇ માટીના પ્યાલામાં નાખી બરાબર બૂડે તેટલો લિંબુનો રસ નાખવો. બીજે દિવસે વળી થોડો રસ નાખવો. ત્રીજે દિવસે પણ રસ સૂકાઈ ગયો હોય તો થોડો નાખવો. ત્યારપછી ખરલમાં નાખી ઘુંટાઈ કરવી. જ્યારે લિંબુનો રસ સૂકાઇ જાય ત્યારે ગુલાબજળ નાખી સાત દિવસ સુધી ઘુંટાઇ કરવાથી મુક્તાપિષ્ટિ તૈયાર થાય છે. માત્રા ૧ થી ૨ રતી મલાઇ, માખણ અથવા મધની સાથે દિવસમાં બે વખત આપવી. (૩) મૌક્તિક ભસ્મ:—ઉપરની પિષ્ટિને સ્ત્રીના દૂધમાં ઘુંટી ટીકડી બનાવવી. પછી ૨૦ છાણાંની આંચ આપવાથી ઉત્તમ ભસ્મ બને છે. (૪) મૌક્તિક ભસ્મ-વિધિઃ—શુદ્ધ મોતીથી આઠમો ભાગ પારો તથા આઠમો ભાગ ગંધકની કજ્જલી લઇ બંનેને ખરલ કરી કુંવારના રસની ભાવના આપવી. પછી ટીકડી બનાવી શરાવસંપુટ કરી ૩૦ છાણાંની આંચ આપવાથી મૌક્તિક ભસ્મ તૈયાર થાય છે.

૩૮–મોતીની છીપ

સં૦ મુક્તાશુક્તિ. મ૦ મોત્યાચી શિંપ. હિં૦ મોતીકે સીપ. ક૦ મુક્તિન શિંપુ. ઇં૦ ઓઇસ્ટર શેલ.

હિંદુસ્તાનની દક્ષિણમાં સિંહલદ્વીપ પાસેના સમુદ્રમાં અને ઇરાની અખાતમાં મોતીની છીપો ઘણી મળે છે. એ છીપો પાણીમાં બૂડનાર લોક સમુદ્રમાં ડૂબકી મારી બહાર કાઢે છે. એ છીપોમાંથી મોતી નીકળે છે. **મોતીની છીપ:**—કડવી, સ્નિગ્ધ, રુચ્ય, મધુર અને દીપન છે; તથા શ્વાસ, હૃદ્રોગ અને શૂળનો નાશ કરે છે. **શુદ્ધિ:**—મોતીની છીપ છાશમાં એક રાત્રિ પલાળી રાખવી એટલે શુદ્ધ થાય છે. **મારણ:**—×મોતીની છીપ કોલસાના દેવતામાં સારી ફુલાવી ઠંડી થયા પછી ખરલ કરી રાખવી. મોતીની ભસ્મના અભાવે આ ભસ્મ આપવી. એના ગુણ પણ તે પ્રમાણેજ પણ તેનાથી ઓછા છે.

૩૯–મોરથુથુ

મોરથુથુ તાંબાથી ઉત્પન્ન થાય છે.+ એની વિષમાં ગણના છે. ***શોધન:**—(૧) મોરથુથાના સમભાગ બિલાડાની વિષ્ઠા લઇ તેમાં મધ અને ટંકણખાર નાખી ખરલ કરી તેને કુલડીમાં નાખી કપડમાટી કરી હલકો પુટ આપવો. એ પ્રમાણે ત્રણ પુટો આપે એટલે શુદ્ધ થાય છે. (૨) મોરથુથુ ખાટા પદાર્થોમાં નાખી તેલવડે સિંચન કરવું તથા તે ઘોડાના મૂત્રમાં દોલાયંત્રવડે એક દિવસ પચન કરવું એટલે શુદ્ધ થાય છે.† **મારણ** §—ગંધક, ટંકણખાર તથા ચુકાનો રસ એકત્ર કરી તેમાં મોરથુથુ ખરલ કરી ઉંધી કુલડીમાં ઘાલી બે કિંવા ત્રણ નાના પુટો આપવા; એટલે ભસ્મ થાય છે. **મોરથુથાનું ÷સત્વ:**—મોરથુથુ અને ટંકણખારને લિંબુના રસમાં ખરલ કરી ઉંધી કુલડીમાં નાખી ભુંગળી વડે સળગાવવું; એટલે તામ્રરૂપ સત્વ ઉત્પન્ન થાય છે. **મોરથુથુ:**—તીખું, ખારૂં, વિષદ, લઘુ, લેખન, રેચક અને ચક્ષુષ્ય છે; તથા કંડૂ, કૃમિ અને વિષનો નાશ કરે છે. ઉપયોગ:—(૧) **વિદ્રધિ ગુમડાં ઈત્યાદિ પકવવા માટે:**—મોરથુથુ અને સાબુ ઘસી લેપ કરવો. (૨) **વિંછીના વિષ ઉપર:**—મોરથુથુ દહીંમાં ઘસી ચોપડવું. (૩) **આંખમાંના ખિલ ઉપર:**—આંખમાં મોરથુથુની સળી ફેરવવી. (૪) **વમન થવા માટે**—મોરથુથુ ફૂલાવી તે ચોખા જેટલું મધમાં આપવું અને ઉપર

× બાળવાની ક્રિયા ખુલાસાવાળી જગ્યામાં કરવી; કારણ કે તેમાંથી દુર્ગંધ નીકળે છે, જે શરીરને હાનિકર છે.

+ તાંબુ અને ગંધક એકત્ર તપાવી તૈયાર થયેલ ઉપરસ ઉપર વરસાદનું પાણી છાંટવાથી કેટલાક વખત પછી મોરથુથુ તૈયાર થાય છે.

* (૧) **મોરથુથાનું શોધન:**—બનાવટી મોરથુથાને પાણીમાં ધોળી માટીના વાસણમાં રાખવું. પાણી સ્થિર થઇ જાય ત્યારે મોરથુથુ નીચે બેસી જશે, તથા લિંબુનો રસ અને નવસાર જે તાંબામાંથી બનાવતી વખતે મેળવેલ છે તે પાણીની સાથે મળી જાય છે. તે પાણીને ધીરે ધીરે કાઢી નાખવું. પછી મોરથુથાને સૂર્યના તાપમાં સૂકાવી ઉપયોગમાં લેવું.

(૨) ખાણમાંથી જે મોરથુથુ નીકળે છે તેને ગાયના મૂત્ર, ભેંસના મૂત્ર અને બકરીના મૂત્રમાં એક એક પ્રહર ઉકાળવાથી શુદ્ધ થાય છે.

† મોરથુથુને તેના જેટલાજ દૂધમાં દિવસ ૫ પલાળી રાખી લોઢાની કઢાઇમાં ઘીમાં બાળવું અને ઘીને ઉડાવવાથી એની ભસ્મ થાય છે.

§ **મોરથુથાની ભસ્મવિધિ:**—શુદ્ધ મોરથુથાને સમાન ભાગ ગંધક તથા ટંકણખારની સાથે મેળવી ફણસના રસમાં ઘુંટી કુકુટ પુટમાં ફૂંકવાથી ભસ્મ બને છે.

તુત્થ(મોરથુથુ)ના વિકાર ઉપર:—ચાવલની ધાણી (મરમરા) નેપાણીમાં પીસી તેમાં જંબીરી લિંબુનો રસ મેળવી પીવો. અથવા વાળો (ખસ) પાણીમાં નાખી રાખી તે પાણી પીવું.

÷ ટંકણખાર આઠમો ભાગ મેળવવો જોઈએ. પછી લિંબુના રસમાં ઘુંટી મૂષમાં બંધ કરી તેજ અગ્નિ પર ધમણ અથવા ફૂંકણીથી ફૂંકવું. એટલે સત્વ નીકળી આવે છે.

ગરમ પાણી પુષ્કળ પાવું. (૫) **અમ્લપિત્ત માટે:**—મોરથુથુ ફુલાવી ચોખાભાર મધમાં આપવું. (૬) **ખરજવા ઉપર:**—મોરથુથુ પાણીમાં ઘસી લેપ કરવો અથવા મોરથુથુ અને કળીચૂનો એકત્ર કરી લેપ કરવો. મોરથુથુ વધારે ઉઠે તો ધોળો કાથો પાણીમાં ઘસી ઉપર લેપ કરવો. (૭) **કાંડરાના વિષ ઉપર:**—મોરથુથુ બે કિંવા ત્રણ ગુંજાપર્યંત લોખંડની તવી ઉપર સાધારણ શેકી દહીંમાં કાલવી આપવું; એટલે ઉલટી થઇ કાંડરાના વિષથી છાતીમાં બાઝેલો કફનો ગઠ્ઠો પડે છે. વિશેષ ઉલટી કિંવા રેચ થવા લાગે તો ઉતાર કાથાની ભૂકી પાણીમાં મેળવી તે પાણી થોડું થોડું પાવું. (૮) **ગરમીની ચાંદીઓ માટે:**—ચાંદીઓ થતાંજ તે ઉપર મોરથુથુ અને ગોપીચંદન ઘસી ચોપડવાં. (૯) **અફીણના વિષ ઉપર:**—ફુલાવેલું મોરથુથુ અને ફુલાવેલો ટંકણખાર, એ બન્ને ઘીમાં આપવાં. †

૪૦—रसकपूर*

સં૦ રસકર્પૂર. મ૦ રસકાપૂર. હિં૦ રસકપૂર. ઇં૦ પરક્લોરાઇડ ઑફ મરક્યુરી, માઇલ્ડ મ્યુરિએટ ઑફ મરક્યુરી. તે૦ મલારોસકર્પૂરમ્. પંજાબ૦ રસકપૂર. તા૦ રશકરૂપ્પુરમ્.

શુદ્ધિ:—પારો, ફટકડી, હીરાકસી અને સિંધાલૂણ, એ સમભાગ તથા વીશાંશ નવસાગર ખલમાં નાખી ખરલ કરવો અને કુંવારના રસની ભાવના આપવી. પછી ડમરૂયંત્રમાં ક્રમ પ્રમાણે મોટો અગ્નિ સળગાવી પચન કરવું; એટલે શુદ્ધ રસકપૂર થાય છે. બજારમાંના અશુદ્ધ રસકપૂરની વિષમાં ગણના છે. એક તોલો અશુદ્ધ રસકપૂરને એક શેર ગાયનું ઘી નાખી પચન કરવું; પછી કાઢી ખરલ કરી રાખવું; એ એક કિંવા બે ગુંજા નવા ગોળમાં આપવું. અનુપાન યોજી આપવાથી સર્વ રોગ દૂર થાય છે. **પથ્ય:**—દૂધ, ભાત અને તાંબુલ. **શુદ્ધ રસકપૂર:**—એ ફિરંગોપદંશરૂપ હાથીને સિંહ જેવું, સંપૂર્ણ કુષ્ઠોને પ્રલયના અગ્નિ પ્રમાણે તથા સંપૂર્ણ વ્રણનાશક હોઇ કામોત્પત્તિકર; સુવર્ણ જેવી કાંતિ, બળ, અગ્નિ અને તેજને કરનાર તથા સંપૂર્ણ રોગોને હરણ કરનાર છે. **ઉપયોગ:**—(૧) **ખરજવાં, વિસર્પ, ચાઠાં, ખસ ઇત્યાદિ ઉપર:**—શતધૌત ઘીમાં રસકપૂર ખરલ કરી ચોપડવું. (૨) **અગ્નિદગ્ધ વ્રણ, ગરમીની ચાંદી, શસ્ત્રના જખમ, ખરજવાં વગેરે રોગો**

---

† (૧) **વાળાનો ઇલાજ:**—રૂ ની નાની ગાદી કરી તેના ઉપર દહીં ચોપડવું. પછી ઉપરથી મોરથુથુનું ચૂર્ણ ભભરાવવું. આ ગાદીને વાળાના મોઢાપર બાંધવાથી વાળો બહાર નીકળતો ન હોય અથવા બહાર નીકળીને તૂટી ગયો હોય અથવા ચાહે તેવી પીડા આપતો હોય તો એક અથવા બે દિવસમાં અંદર ગળીને પાણી થઇ વહી જાય છે. (૨) **અપસ્મારને ઉપર:**—મોરથુથુ ૦। થી ૦॥ રતી સાકરની સાથે ખાવા આપવું. (૩) **આંખની લાલી, ખીલ, પાણી પડવું, મેલ આવવો વગેરે માટે:**—મોરથુથુ ૧ રતી ૨॥ તોલા ગુલાબજળમાં મેળવી આંખમાં દિવસમાં બે વખત ટીપાં નાખવાં. (૪) **વિસ્ફોટકનાં કચકચતાં ઘારાં તથા દુષ્ટ વ્રણ ઉપર:**—બીજી ઔષધિ લગાડવા પહેલાં મોરથુથુ ૧ વાલ, ૫ તોલા પાણીમાં મેળવી ધોઇને પછી બીજી ઔષધિ લગાડવાથી જલદી આરામ થાય છે. (૫) **પ્રમેહ માટે**—મોરથુથુ ૨ રતી તથા પાણી ૫ તોલા મેળવી પીચકારીથી અંદરનો ભાગ ધોવો.

* રસકપૂર ઉડે ત્યારે એ ભયંકર દશા કરનારૂં છે; માટે એ દવા દેખાદેખેથી વાપરવા જેવી નથી. અશુદ્ધ રસકપૂરથી કોઢ, સંધિવાત અને કફાદિક રોગ થાય છે; તેમજ પ્રબળ દાહ ઉત્પન્ન કરી મૃત્યુ કરે છે. એની શાંતિ—ભેંસના છાણનું પાણી સાકર સાથે આપવું અથવા ધાણાને પાણી સાથે વાટી સાકર નાખી પાય તો રસકપૂરના વિકારથી મુક્ત થાય છે.

એક તોલો રસકપૂર તથા લવંગની નીચેની ડાંડી કાપી નાખેલાં ઉપલાં ફૂલ તેની ઉપરના પોચા બોરસહિત લેવાં. પછી તેને કાળી બકરીના દૂધમાં ૮૪ પહોર સુધી ખરલ કરી, ડમરૂયંત્રમાં નાખી બોરડીના મંદ અને મધ્ય અગ્નિથી ૪ પહોર સુધી પકવવું. ડમરૂયંત્ર ઉપર માટીની પાળ બાંધી પાણી માંહી પાણી રાખવું; એટલે ઉપરની હાંડલીમાં રસકપૂરની ભસ્મ ચોંટશે. એને રસકપૂરનાં ફૂલ કહે છે.

ઉપર:—રસકપૂર અને કાથો એકેક ભાગ, સિંદૂર અર્ધો ભાગ અને સર્વનાથી ચોગણું ગાયનું ઘી નાખી કાંસાની થાળીમાં કાંસાની વાડકી વડે બે પહોર ખરલ કરી, તે મલમને ૨૧ વાર પાણીએ ધોઈ તે ચોપડવું. (૩) **ખરજવાં અને ગરમીની ચાંદીઓ ઉપર:**—રસકપૂર મોગલી એરંડાના દૂધમાં ખરલ કરી આપવું. (૪) **મૂળવ્યાધિને માટે:**—રસકપૂર લિંબુના રસમાં ખરલ કરી ચોપડવું અને બોરડીના અંગારા વડે શેકવું. (૫) **ઉપદંશ ઉપર:**—શુદ્ધ રસકપૂર, કેસર, સાકર, ચંદન, લવંગ અને જાવંત્રી, એ સમભાગ લઇ ખરલ કરી મગ જેવડી ગોળીઓ કરવી. એ સવાર-સાંજ બન્ને વખત રાતદિવસ આપવી, એટલે ઉપદંશવિકાર દૂર થાય છે.*

૪૧—રૂપું

(સં૦ રૌપ્ય. મ૦ રૂપેં. હિં૦ રૂપા, ચાંદી. ક૦ વલ્લી. તૈ૦ એંડી. ફા૦ નુકરા. અ૦ ફિદા. ઇં૦ સીલ્વર. લા૦ આર્જેન્ટમ્.) ×**શોધન:**—(૧) સીસું દઇ શોધેલા રૂપાનાં કંટકવેધી પતરાં કરવાં અને તે આમલી તથા દ્રાક્ષના રસમાં જુદાં જુદાં શોવવાં; એટલે ઉત્તમ પ્રકારનાં શુદ્ધ થાય છે. (૨) રૂપાનાં પાતળાં પતરાં કરી તે અગ્નિમાં તપાવી અગથીઆના રસમાં બોળવાં. એ પ્રમાણે ત્રણ વખત કરવું; એટલે શુદ્ધ થાય છે. +**મારણ:**—(૧) રૂપાનાં ઘણાં પાતળાં પતરાં કરી, તેના સમભાગ પારો અને ગંધક એ બન્નેના સમભાગે હરતાલ, એ સર્વ એકત્ર કરી કુંવારના રસમાં ખરલ કરવો; તથા તે કલ્કવડે લેપ કરવો અને કોઠીઆના સંપુટમાં મૂકી તેને ૩૦ છાણાંનો દેવતાનો પુટ આપવો. એ પ્રમાણે બે પુટ આપવાથી તે રૂપાની ભસ્મ થાય છે. (૨) સુવર્ણમાક્ષિક તથા હિંગળોકનું ચૂર્ણ કરી તે નીચે ઉપર મૂકી વચમાં રૂપાનાં પતરાં મૂકવાં તથા ગજપુટ આપવો. એ પ્રમાણે બે-ત્રણ ગજપુટો આપવા એટલે ભસ્મ થાય છે. (૩) રૂપાનાં પતરાં ગરમ કરી દુધેલીના રસમાં સાત વાર બુડાડવાં. પછી દુધેલીની લુગદીમાં મૂકી ૪ છાણાંનો અગ્નિ કરવો. આ પ્રમાણે સાત વાર કરવું. દુધેલીના રસમાં તેનો ખરલ કરી ૨ લઘુ પુટો આપવા એટલે ભસ્મ થાય છે. (૪) ૧ તોલો રૂપાનાં પતરાં લઈ તે એક છાણા ઉપર મૂકવાં અને તે પતરાંના નીચે ઉપર ૬ તોલા અજમો નાખવો. પછી બીજું છાણું ઉપર

---

* આ વટીને "કેશરાદિ વટી" કહે છે. માત્રા ૨ થી ૪ ગોળી દિવસમાં બે વખત ઘીમાં ગોળી લપેટી ગળી જવી, ચાવવી નહિ. ચાવવાથી અથવા દાંતને લાગવાથી દાંતને નુકસાન પહોંચે છે, માટે સંભાળીને ઉપયોગ કરવો. આ ઔષધિ સાથે ગંધકરસાયન તેમજ મહામંજીષ્ટાદિ ક્વાથ અથવા અન્ય કોઈ પણ રક્તશોધક ગુગળ (ત્રિફલાગુગળ, કિશોરગુગળ, કાંચનારગુગળ વગેરે) અને ત્રિફલા સાથે ગંધક મેળવીને લેવાથી તરત ફાયદો જણાય છે, તથા મોઢું આવ્યા સિવાય જીર્ણરોગ દૂર થાય છે. પથ્ય બરાબર પાળવું; એટલે લોહીબિગાડ, ઉપદંશ, ચાંદી, વિસ્ફોટક, સંધિવા, ગુમડાં, ગંભીરવ્રણ, કુષ્ઠરોગ, ગલગંડ વગેરે લોહી તથા ચામડીના જૂનાં અને હઠીલાં દરદો આ ઔષધિના સેવનથી દૂર થાય છે.

× સીસું ૧૬ મો ભાગ તથા ટંકણખાર મેળવી ચાંદીનો રસ કરવો. પછી ઢાળી કંટકવેધી પતરાં તૈયાર કરાવવાં એટલે શુદ્ધ થાય છે. (રસ રત્નાકર) ચાંદીશોધનનો વિધિ—તેલ, છાશ, કાંજી, ગોમૂત્ર અને કળથીના કાઢામાં ચાંદીનાં પતરાંને આગ પર તપાવી લાલ કરી ત્રણ ત્રણ વખત ઠંડાં કરવાથી ચાંદી શુદ્ધ થાય છે. આવી રીતના શોધનથી ભસ્મ વધારે લાભવાળી બને છે.

+ રૌપ્યભસ્મવિધિ:—પાંચ તોલા શુદ્ધ ચાંદીનો તેજ અગ્નિ પર રસ કરી (પીગળાવી) તેમાં તરત ૫ તોલા શુદ્ધ પારો મેળવી ખરલ કરવી. ઘુંટવામાં વિલંબ ન કરવો. જ્યારે સારી રીતે મળી જાય ત્યારે તેમાં શુદ્ધ આમલસારો ગંધક તોલા ૫ મેળવવો. ઘુંટાઈ કર્યા પછી તેમાં તોલા ૫ શુદ્ધ તપકીઆ હરતાલ મેળવવી. પછી સારી રીતે ઘુંટાઇ કરી કજ્જલી તૈયાર થાય ત્યારે સાત કપડમાટી કરેલી અગ્નિશીશીમાં ભરી વાલુકાયંત્રમાં બાર કલાક આંચ આપવી. સ્વાંગ શીતળ થાય ત્યારે શીશીને કાઢી તોડી નાખવી. તળીઆમાંથી ચાંદીની ભસ્મ મળશે તથા ઉપર ગળામાંથી "તાલસિંદૂર" મળશે.

બેસાડી તેનું મોઢું છાણુ વડે બંધ કરી લેવું અને તે છાણુ સૂકાયા પછી તેને અગ્નિ આપવો. આ પ્રમાણે ૧૨ પુટો આપવા; એટલે રૂપાની ભસ્મ ઉત્તમ થશે. રૂપું*:—તૂરૂં, મીઠું, અગ્નિદીપક, વીર્યકર, મેધ્ય, આયુષ્ય વધારનારૂં, પુષ્ટિકર તથા બળકર છે; અને પાંડુ તથા ક્ષયનું નાશક, કાંતિકારક અને વૃદ્ધોને તરુણ કરનારૂં, મંગળદાયક, પ્રીતિકર, આરોગ્યપ્રદ, પુષ્ટિકર, શ્રેષ્ઠ; તેમજ દેહ, અગ્નિ તથા બળને આપનારૂં છે. રૂપાની ભસ્મનાં અનુપાનો×:—એ ૧ ગુંજાભાર આપવું. (૧) દાહ થતો હોય તો:—સાકરમાં આપવું. (૨) વાત અને પિત્ત ઉપર:—ત્રિફળાંમાં. (૩) પ્રમેહ ઉપર:—તજ, તમાલપત્ર અને એલચીમાં. (૪) પિત્તવિકારોમાં:—આમળાંના મુરબ્બામાં આપવું. (૫) શતાવરીમાં લીધાથી બળ, વીર્ય વધશે અને ભૂખ સારી લાગશે. (૬) એલચીદાણા, સાકર અને ઘીમાં આપવાથી ઉન્માદ, શિરોરોગ, પ્રમેહ, જ્વર, પિત્ત અને ગરમીના સર્વ રોગ દૂર થઇ પુષ્ટતા પ્રાપ્ત થશે.

૪૨–रौप्यमाक्षिक (रूपामुखी)

સં૦ તારમાક્ષિક. ક૦ મ૦ રૌપ્યમાક્ષિક. હિં૦ રૂપામખી. તૈ૦ રૂપામાખી. અ૦ મુર્કશીશાફિદા.

રૌપ્યમાક્ષિક એ રૂપા પ્રમાણે ધોળું દેખાય છે. એમાં કેટલાક ગુણ રૂપાના જેવા છે. એ રૂપાના અભાવે લેવું. એ કસોટી ઉપર ઘસવાથી કસ વડે રૂપા જેવું લાગે છે. જડ, સ્નિગ્ધ અને ધોળું રૌપ્યમાક્ષિક તે શુદ્ધ જાણવું. રૌપ્યમાક્ષિક‡:—રૂપા જેવું, સોના જેવું અને તેજસ્વી, એ શોધવાથી અતિ ગુણ આપનારૂં તથા સેવન કરવાથી પ્રમેહ, કુષ્ઠ, કૃમિ, સોજો, પાંડુ, અપસ્માર અને અશ્મરીનો નાશ કરે છે. સુવર્ણમાક્ષિક જેવાજ રૌપ્યમાક્ષિકના ગુણ જાણવા. શોધન અને મારણ:—માક્ષિકનું ચૂર્ણ કરી કંકોડી, મેંઢાશિંગી અને જંબીરી લિંબુ, એ ત્રણેના રસમાં એકેક દિવસ ખરલ કરી તપાવવાથી રૌપ્યમાક્ષિક શુદ્ધ થાય છે. એનું મારણ સોનામુખી પ્રમાણે જાણવું.

૪૩–लुणारखार

સં૦ લવણક્ષાર. મ૦ લોણારખાર. હિં૦ ક૦ લોણખાર. "લુણાર" કરીને વર્હાડ પ્રાંતમાં એક સરોવર છે; ત્યાં એની ઉત્પત્તિ થાય છે. લુણારખાર:—અતિ ઉષ્ણ, તીક્ષ્ણ તથા પિત્તકર છે; અને વાત, ગુલ્મ ઇત્યાદિ રોગોનો નાશ કરે છે.

---

* હાડસાંખળના રસમાં તપાવીને ગાળેલી ચાંદી તોલો ૧ ઠારવી. એમ સાત વાર શોધીને પછી હાડસાંખળને વાટી કુલડીમાં નાખી વચ્ચે ચાંદીનું પતરૂં મૂકી મીણકપડ કરી છાણાં મણ ૦॥ ની ભઠ્ઠીમાં આપવાથી ભસ્મ થાય છે, એમ હસ્તલિખિત ગ્રંથોમાં છે; અથવા શોધેલી ચાંદીનું પતરૂં તોલો ૧ લઇ તેના ઉપર નેપાળાનાં બીજ શેર ૦। (દશ તોલા) વાટી ચોપડીને ગોળ લૂગદી કરી સંપુટમાં ગજપુટ આપવાથી પણ ભસ્મ થાય છે; તેમજ દાડમના રસમાં પણ ભસ્મ થાય છે.

મધ સહિત સાકરને ત્રણ દિવસ ખાવાથી ચાંદીના દોષથી મુક્ત થવાય છે.

× શોધેલી ચાંદીના એક તોલાભાર પતરાંનો અતરડા વડે ઘસી ઝીણો ગર કરી તેને દાડમના બીજના રસમાં ૧૬ પહોર સુધી સારી રીતે ખરલ કરી જ્યારે ચાંદીની કરચો નજરે ન આવે અને એકરસ દેખાય ત્યારે તેને શરાવસંપુટમાં કપડમાટી કરી, જંગલી (અડાયાં) છાણાંમાં ગજપુટ આપવાથી સર્વોત્તમ ભસ્મ સિદ્ધ થાય છે. એની માત્રા ૧ રતી માખણ સાથે આપવી. પરેજી બાર માસ સુધી મધ અને કેરી અથવા તેનાથી બનેલા કોઇ પણ પદાર્થ બિલકુલ ખાવા નહિ. આ પ્રયોગ એક માણસે અમારી રૂબરૂ કરી બતાવેલો અનુભૂત છે.

‡ રૂપામુખી અને સોનામુખી એ બંને ઉપધાતુ ૧ ભાગ લોખંડ અને ૨ ભાગ ગંધકથી તૈયાર કરે છે. કેટલાક એમ કહે છે કે, સોનામુખી અને સુવર્ણમાક્ષિક બન્ને જુદી ઉપધાતુ છે. સુવર્ણમાક્ષિક એ ત્રાંબાની ઉપધાતુ હોઇ તેમાં તાંબુ ૨ ભાગ, ગંધક ૧ ભાગ અને લોખંડ ૨ ભાગ તથા ગંધક ૩ ભાગ એવાં મિશ્રણ છે.

૪૪—लोहकीट (काटोडो)

સં૦ ક૦ લોહકિટ્ટ. મ૦ લોહકીટ, મંડૂર. હિં૦ મંડૂર, લોહસિંહાનિકા, કિટ્ટિ. જે કીટ થોડો રંગદાર, જડ, સ્નિગ્ધ હોય તે મુંડ લોઢાનો; જે કાજળ જેવો કાળો, જડ અને જેને છિદ્ર નથી તે તીખા લોઢાનો; તથા જે પીળો, જડ, જે ઉપર ચારણી જેવાં છિદ્રો ન હોય અને જે ફોડવાથી કાંઈક રૂપા જેવો દેખાય છે તે કાંતિલોઢાનો કીટ જાણવો. લોહકીટથી મંડૂર થાય છે. અચ્છિદ્ર, જડ, સ્નિગ્ધ, ઘટ્ટ, સો વર્ષ ઉપર થયેલો, ઘણા દિવસ ખુલ્લો રહી ઝાકળ પડેલ હોય તે જગ્યાનો કીટ લેવો. સો વર્ષ ઉપર થયેલો કીટ ઉત્તમ, એંશી વર્ષનો મધ્યમ, સાઠ વર્ષનો કનિષ્ઠ તથા એ કરતાં કમી વર્ષનો તે વિષ જેવો જાણવો.* **મંડૂર કરવાનો પ્રકાર:**—બહેડાનાં લાકડાંના કોલસા કરી તેમાં જૂના લોઢાનો કીટ નાખી ભુંગળીવડે ફુંકી લાલ થયા પછી તે કીટ ગોમૂત્રમાં ઝબોળવો. આ પ્રમાણે સાત વાર તપાવી ગોમૂત્રમાં ઝબોળી પછી તે કીટનું બારીક ચૂર્ણ કરી ગોમૂત્રમાં ખરલ કરી શરાવસંપુટમાં ઘાલી અથવા ચૂર્ણનાથી બમણાં ત્રિફળાંનો કાઢો કરી માટલામાં નાખી તેમાં ચૂર્ણ નાખી સારી રીતે ઢાંકી માટલાના મોઢા પર કપડમાટી કરી વગડાઉ છાણાંનોજ ગજપુટ અગ્નિ કરવો. ઠંડુ થયા પછી તે માટલું બહાર કાઢી તેમાંથી તે કીટનો શુદ્ધ મંડૂર થાય છે તે કાઢી લેવો.× **બીજો પ્રકાર:**—શુદ્ધ કરેલા લોહકીટને ત્રિફળાંના કાઢાના પુટો ૨૧, ગોમૂત્રના પુટો ૨૧, કુંવારના રસના પુટો ૨૧ અને પંચામૃતના પુટો ૨૧, કુલ ૮૪ પુટો આપવાથી મંડૂર સર્વોત્કૃષ્ટ થાય છે. **મંડૂર:**—તૂરો તથા શીતળ છે; અને પાંડુ, સોજો, હલીમક, કમળો અને કુંભકમળાનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **કમળો અને પાંડુરોગ ઉપર:**—ચાર ગુંજાથી ૬ ગુંજાસુધી મંડૂર ગોમૂત્રમાં કિંવા મધ અને લીંડીપીંપરમાં આપવો. (૨) **સોજા ઉપર:**— મંડૂર સાટોડીના કાઢામાં આપવો. (૩) **સંગ્રહણી ઉપર:**—મંડૂર છાશમાં મરીની ભૂકી નાખી તેમાં આપવો. (૪) **શક્તિ આવવા માટે:**—મંડૂર ઘી અને સાકરમાં આપવો. (૫) **કૃમિ ઉપર:**—મંડૂર મધ અને વાવડીંગની ભૂકીમાં આપવો. (૬) **જીર્ણજ્વર ઉપર:**—મંડૂર મધ અને લીંડીપીંપરમાં આપવો. (૭) **પાંડુરોગ ઉપર:**—મંડૂર છાશમાં આપવો. (૮) **શૂળ ઉપર:**—મંડૂર ગોમૂત્રમાં શીજવી તેમાં ત્રિફળાંનું ચૂર્ણ નાખી, તે મધ અને ઘીમાં આપવો.

૪૫—लोहचुंबक

સં૦ ચુંબક. મ૦ લોહચુંબક. હિં૦ ચુંબક. લોહચુંબક એ એક પથ્થરની જાત છે. લોહચુંબક લોઢાનું આકર્ષણ કરે છે. એમાં કાંતીલોહપાષાણના ચુંબક અને ભ્રામક, એવા બે ભેદ છે. **લોહચુંબક:**—લેખન, શીતળ તથા લોઢાને આકર્ષણ કરનાર છે; અને મેદ, વિષ, જરા, કંડુ, ક્ષીણતા, મોહ તથા મૂર્ચ્છાનો નાશ કરે છે. **શોધન:**—લોહકચુંબક સરગવાનો રસ અને ખાટા

---

* લુહારની કોઢમાં લોઢું વારંવાર તપાવવાથી તે જગાએ બળેલા લોઢાનો જે ગઠ્ઠો બંધાય છે તેને લોહકીટ અથવા કાટોડો કહે છે. કચ્છ તાલુકામાં એક પુરાતનીય ઉજ્જડ થયેલ ગામનું ખંડેર છે. ત્યાંથી આ ઘણા જૂના મળી આવે છે. અમદાવાદ પાસેના નરોડા ગામમાં પણ આવો લોહકીટ અથવા મંડૂર મળે છે, એમ સાંભળ્યું છે.

× મંડૂર કરવા માટે લોહકીટથી બમણાં ત્રિફલાં લઇ આઠગણા પાણીમાં કાઢો કરવો. ચોથો ભાગ પાણી રહે ત્યારે ઉતારી ગાળી લેવો. પછી કાઢાને એક કડાઇમાં નાખી તેમાં લોહકીટનું બારીક ચૂર્ણ નાખી પાણી સૂકાઇ જઈ કડાઇ અને મંડૂર લાલ થાય ત્યાંસુધી બહેડાનાં લાકડાંની આંચ આપવી. મંડૂર લાલ થયા પછી અગ્નિ આપવાનું બંધ કરવું. ઠંડી કડાઇ થયેથી મંડૂર ભસ્મ કાઢી બારીક ખરલ કરી લેવી. બહેડાનાં લાકડાં ન મળે તો બાવળનાં લાકડાંનો ઉપયોગ કરવો. જે બાળકોની માટી ખાવાની બૂરી આદતથી પેટ વધે છે, ચહેરો નિસ્તેજ થઇ જાય છે, અનાજ પચતું નથી, હાથ પગ પાતળા દોરડી જેવા થઇ જાય છે તેવા બાળકો માટે મંડૂરભસ્મ અથવા મંડૂરભસ્મની બીજી કોઈ બનાવટ આપવાથી સારો લાભ થાય છે.

પદાર્થમાં પચન કરવાથી શુદ્ધ થાય છે અને પારાની ક્રિયામાં ઉપયોગી થાય છે. **ઉપયોગ:**—(૧) **પથરી ઉપર:**—લોહચુંબકનો ગાંગડો ચોખાના ધોવરામણમાં ઘસી ત્રણ માસા આપવો, એટલે પથરી ગળી જાય છે.

૪૬–शिरगोळ (दुधियो पथ्थर)

સં૦ વજ્રાભ, દુગ્ધપાષાણ. મ૦ શિરગોળા. હિં૦ શિરગોલા. ક૦ રંગબાલિય હરેલ. બં૦ ફૂલખડી.

શિરગોળ એ સફેદ રંગનો અને કાચ પ્રમાણે ચળકનારો પાષાણ છે. જમીનમાં શિરગોળના થર ને થર થાય છે. શિરગોળ કૂટી તેની (કસોટી) રંગોળી કરે છે. **શિરગોળ:**—કિંચિદુષ્ણ તથા રુચિકર છે; અને હૃદ્રોગ, જ્વર, શૂળ, ઉધરસ, આધ્માન અને પિત્તનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **અગ્નિદગ્ધવ્રણ ઉપર:**—શિરગોળ પકાવી બારિક કરવો; પછી તેમાં તેલ નાખી ખરલ કરી તે ચોપડવું. (૨) **પ્રદર ઉપર:**—શિરગોળ પકાવી ચોખાના ધોવરામણમાં આપવો. (૩) **ઉલટી તથા દાહ ઉપર:**—નાળીએરનું પાણી અને પતાસામાં શિરગોળ પકાવી આપવો. (૪) **પેટમાં શૂળ આવતું હોય તે ઉપર:**—શિરગોળ પાણીમાં ઘસી આપવો.

૪૭–शिलाजित

સં૦ બં૦ શિલાજતુ. મ૦ હિં૦ શિલાજિત. ક૦ કલુબેવર, કલંટુ. ઇં૦ આસફૉલ્ટ જ્યુઝપીચ. લા૦ આસફૉલ્ટમ્ પંજાબીનમ્. પર્વત ઉપર મોટી મોટી શિલાઓ હોય છે તે ગ્રીષ્મ ઋતુમાં તાપ વડે ઘણી તપી રસ ઝરી એકઠો થાય છે તેને શિલાજિત કહે છે. શિલાજિત બે પ્રકારનું છે. એક પર્વતોત્પન્ન તથા બીજું ખારી ભૂમિમાં માટી અને પાણીના સંયોગથી થાય છે તે. શિલાજિત સૌવર્ણ, રાજત, તામ્ર તથા આયસ, એ ભેદ વડે ચાર પ્રકારનું છે; તે પીત અને શ્વેત ઇત્યાદિ ભેદ વડે ઓળખવું. સૌવર્ણ શિલાજિત જાસુંદીના ફૂલ જેવું લાલ હોય છે; તે મધુર, કડવું, શીતળ તથા પાકવખતે તીખું હોય છે. રૌપ્ય શિલાજિત ધોળું, ઠંડુ, તીખું તથા પાકવખતે મીઠું હોય છે; તામ્ર શિલાજિત રંગે મોરના કંઠ જેવું, તીક્ષ્ણ અને ઉષ્ણ હોય છે; તથા લોહ શિલાજિત રંગે ગરધણ(ગીધ)ની પાંખ જેવું, કડવું, ખારૂં, પાકવખતે તીખું અને ઠંડું હોય છે, તે શ્રેષ્ઠ છે. સૌવર્ણ શિલાજિત વાયુ અને પિત્ત ઉપર, રૌપ્ય શિલાજિત કફ અને પિત્ત ઉપર, તામ્ર શિલાજિત કફરોગ ઉપર અને લોહ શિલાજિત ત્રિદોષ ઉપર આપવું. શિલાજિતમાં અનેક તરેહના મેલ મળેલા હોય છે, એટલા માટે શોધન કરવું. †**શોધન:**—(૧) લોહ શિલાજિત લાવી બહારનો મળ જવા માટે કેવળ

† (૧) **શિલાજિતશોધન વિધિ:**—૧ શેર ત્રિફલાં મોટાં મોટાં ખાંડી ૬૪ ગણા પાણીમાં ઉકાળવાં. જ્યારે ચોથો ભાગ પાણી શેષ રહે ત્યારે ઉતારી પાણી ગાળી લેવું. પછી તેમાં ૧॥ શેર શિલાજીતનું ચૂર્ણ નાખી ૨૪ કલાક ભીંજાવી દેવું. પછી પાણીને નીતારી લેવું. આ નીતરેલા પાણીને કડાઈમાં અગ્નિ પર ગરમ કરવું. જ્યારે રાબડીના જેવું થઇ જાય ત્યારે ઉતારી લેવું. આ શિલાજિત અગ્નિપુટી કહેવાય છે.

(૨) સૂર્યપુટી તથા મલાઈ શિલાજિત—ઉપર મુજબ નીતારેલા પાણીને સૂર્યના તાપમાં ૪૦ દિવસ રાખવું. જેમ જેમ ઉપર મલાઈ આવતી જાય, તેમ તેમ ઉતારતા જવું. આ ઉપરથી ઉતરેલા ભાગને મલાઇ કહે છે. પાછળથી જે શિલાજિત રાબડી જેવું થઇ જાય તે સૂર્યપુટી કહેવાય છે.

ઉપર મુજબ અગ્નિપુટી, સૂર્યપુટી તથા મલાઇ સર્વ વૈદ્યો વ્યવહારમાં લે છે. ઉપર મુજબ તૈયાર થયેલા શુદ્ધ શિલાજિતને નં. ૨ અથવા નં. ૩ માં કહેલી રીતિથી પુનઃ શોધન કરે તો વધારે ગુણદાયક બને.

રસ, ઉપરસ, પારા, રત્ન અને લોહામાં જે જે ગુણ રહેલા છે તે સર્વ ગુણ શિલાજિતમાં રહેલા છે; કારણ કે શિલાજિત ધાતુઓનો સાર છે. શિલાજિત વૃદ્ધાવસ્થા તથા મરણને જીતે છે. તાત્પર્ય કે, શિલાજિત નિયમપૂર્વક સેવન કરનારનું શરીર છેવટ સુધી સુદૃઢ અને નીરોગી રહે છે. પ્રમેહ ઉપર તો શિલાજિત પહેલા નંબરની ઔષધિ ગણાય છે. બાકી સર્વ રોગ ઉપર શિલાજિત-

પાણીએ ધોવું. (૨) × લોહપાત્રમાં કડવો લીમડો, ગળો અને ઘીની ભાવના આપવી. (૩) શિલાજિત ગાયના દૂધમાં, ત્રિફળાંના કાઢામાં અને ભાંગરાના રસમાં જુદું જુદું એકેક દિવસ ખરલ કરી ગરમીમાં રાખી કોરૂં કરવું; એટલે શુદ્ધ થાય છે. જે શિલાજિત દેવતા ઉપર નાખવાથી ધૂમાડો આવતો નથી, પાકકાળે લિંગાકાર થાય છે, સળી વડે પાણીમાં નાખવાથી તંતુ જેવું, તળીઆપર્યંત ગળતું રહે છે અને ગોમૂત્રના જેવો ગંધ આવે છે, તે શુદ્ધ જાણવું. એ અનુપાનપરત્વે સર્વ રોગ ઉપર આપવું. **શિલાજિત:**—તીખું, કડવું, ઉષ્ણ, પાકકાળે તીખું, રસાયન, છેદી, એવું છે; તથા કંપ, પ્રમેહ, અશ્મરી, શર્કરા, મૂત્રકૃચ્છ્ર, ક્ષય, શ્વાસ, વાયુ, અર્શ, પાંડુરોગ, અપસ્માર, ઉન્માદ, સોજો, કોઢ, ઉદર અને કૃમિનો નાશ કરે છે. **સોરક શિલાજિત:**—શ્વેતવર્ણ કિંવા અગ્નિવર્ણ હોય છે. તે મૂત્રરોગવિષે હિતકારક છે. **ધોળું શિલાજિત:**—મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, પ્રમેહ, કમળો અને પાંડુરોગનો નાશ કરે છે. એલચીના પાણીમાં મેળવે એટલે તે શુદ્ધ થાય છે. **ઉપયોગ:—(૧) મૂત્રકૃચ્છ્ર, મૂત્રાવરોધ, પ્રમેહ અને ક્ષય ઉપર:**—એક માસો શિલાજિત એલચી અને લીંડીપીંપરમાં ભક્ષણ કરાવવું. (૨) **મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શિલાજિત એક ચણોઠીભાર ચાર તોલા ઠંડા પાણીમાં ઓગાળી તેમાં તેટલુંજ ગાયનું દૂધ અને સાકર નાખી આપવું; અથવા શિલાજિત, લાકડપાષાણભેદ, લીંડીપીંપર અને એલચીદાણાનું ચૂર્ણ પાણી સાથે અથવા ચોખાના ધોવરામણ સાથે કિંવા ગોળ સાથે ખાવા આપવું; એટલે જો મૂત્રકૃચ્છ્રી આસન્નમૃત્યુ (મરણપથારીએ) હશે તોપણ બચશે. (૩) **કુંભકમળા ઉપર:**—શિલાજિત ગોમૂત્રમાં પાવું. (૪) **મૂત્રાઘાત વગેરે મૂત્રરોગ ઉપર:**—શુદ્ધ શિલાજિત, સાકર અને કપૂર એકત્ર કરી ખાવા આપવું. (૫) **અશ્મરી (પથરી)** અને **અશ્મરીયુક્ત મૂત્રકૃચ્છ્ર ઉપર:**—શિલાજિત મધમાં આપવું. (૬) **પ્રમેહ અને પ્રદર ઉપર:**—શિલાજિત મધમાં અથવા દૂધ–સાકરમાં આપવું.*

૪૮—શંખ

સં૦ મ૦ હિં૦ ક૦ શંખ. તે૦ શંખમુ. ઇં૦ કોંચ. શંખની ઉત્પત્તિ સમુદ્રમાં થાય છે. નદીમાં અથવા સમુદ્રમાં ઉત્પન્ન થનારા જે બારિક શંખ તેને ક્ષુદ્ર શંખ અથવા શંખલા કહે છે. શંખ

નો ઉપયોગ શાસ્ત્રમાં લખેલ છે. શાસ્ત્રમાં એટલે સુધી લખેલ છે કે, જે ૪૦૦ તોલા શિલાજિત ખાય તે પૂર્ણ ૧૦૦ વરસ સુધી જીવે છે. વાગ્ભટે લખેલું છે કે, મધુપ્રમેહનો દરદી જેનો વૈદ્યોએ ત્યાગ કરી આપેલ હોય, અસાધ્ય દરદ થઇ ગયું હોય, ઔષધિ લઇને કંટાળી ગયો હોય તે પણ જો નિયમપૂર્વક શિલાજિતનું સેવન કરશે તો અવશ્ય નીરોગી અને સુદૃઢ શરીરવાળો બની જશે.

× લોઢાની કડાઇમાં શિલાજિત નાખી અનુક્રમે રાત્રે કડવા લીમડાની તથા ગળોના ક્વાથની અને ઘીની ભાવના આપવી. રાત્રે ભાવના આપવી તથા દિવસમાં સૂર્યના તાપમાં કડાઇ મૂકવી જોઇએ. આવી રીતે ત્રણ ભાવના આપવાથી શિલાજિતની શુદ્ધિ થાય છે.

* (૧) વાગવાથી લોહી જામી જઇ સોજો આવે છે તે ઉપર:—શિલાજિત કપડા પર ચોપડી બાંધી દેવું.

(૨) પ્રમેહ તથા પ્રદર ઉપર:—(શિલાજતુ વટી) શુદ્ધ શિલાજિત ૨ તોલા તથા લોહભસ્મ અને સુવર્ણમાક્ષિક ભસ્મ એકેક તોલો મેળવી ખરલ કરી બબ્બે રતીની ગોળી બનાવવી. એકેક ગોળી દિવસમાં બે વખત માખણ અથવા દૂધની મલાઇ(તર)ની સાથે આપવી, જેથી થોડા દિવસમાં પ્રમેહ તથા પ્રદર રોગ દૂર થશે.

(૩) પ્રમેહાંતક વટી (પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર તથા પેસાબની બળતરા માટે)—શુદ્ધ શિલાજિત ૧॥ તોલો, બંગભસ્મ ૧ તોલો, લોહભસ્મ ૧ તોલો, અક્કલગરો ૩ માસા, ટોપરૂં ૧ તોલો, ખારેક ૧ તોલો, કેશર ૧ તોલો, બદામનો મગજ ૧ તોલો, જાયફળ ૧ તોલો તથા સાકર ૩ તોલા; પહેલી ત્રણ ઔષધિ અલગ રાખી બાકીની સર્વ વસ્તુ બારીક ખાંડી લેવી. પછી ખરલમાં નાખી મેળવી પાણીથી અર્ધા અર્ધા માસાની ગોળી બાંધવી. માત્રા ૧ થી ૨ ગોળી દિવસમાં બે વખત ખાઈ ઉપર દૂધ પીવું. આ ઔષધિ થોડા દિવસ સેવન કરવાથી પ્રમેહરોગનો નાશ થાય છે.

દક્ષિણાવર્ત્ત અને વામાવર્ત્ત, એ ભેદ વડે બે પ્રકારના છે. દક્ષિણાવર્ત્ત શંખ પુણ્યયોગે મળે છે. તે જેને ઘેર હોય ત્યાં લક્ષ્મી વાસ કરે છે. તે ત્રિદોષશામક, શુદ્ધ અને નવનિધિમાંનો એક નિધિ છે; તથા ગ્રહ અને અલક્ષ્મીની પીડા, ક્ષય, વિષ, કૃશતા અને નેત્રરોગનો નાશ કરવા માટે સમર્થ છે. જે શંખ ધોળા ચંદ્રકાંત જેવો તે ઉત્તમ જાણવો. અશુદ્ધ શંખ ગુણકારી થતો નથી. શુદ્ધ કરી લેવા થકી ગુણ કરે છે. **શંખ:**—પૌષ્ટિક, બળકર, તીખો, ખારો, શીત, ગ્રાહક, ચક્ષુષ્ય અને વર્ણ્ય છે; તથા શૂળ, ગુલ્મ, સંગ્રહણી, રેચ, આંખોનું ફૂલ અને ફોડકીઓનો નાશ કરે છે. **ક્ષુદ્રશંખ:**—શીત, ગ્રાહી, દીપન અને પાચન છે; તથા નેત્રરોગ, ફોલ્લા અને શીતજ્વરનો નાશક છે. **શોધન:**—શંખ આમ્લવર્ગ અને કાંજીમાં દોલાયંત્ર વડે પચન કરવાથી શુદ્ધ થાય છે; અથવા છાશમાં એક રાત્રિ પલાળી રાખવો; એટલે શુદ્ધ થાય છે. **ક્ષુદ્રશંખનું શોધન** શંખ પ્રમાણે કરવું; અને મારણ છીપ પ્રમાણે કરવું. ‡**મારણ:**—×શંખના કકડા કોલસાના દેવતામાં લાલ થાય ત્યાંસુધી તપાવી લિંબુના રસમાં ઝબોળવા તથા બારિક ખરલ કરી રાખવા. **ઉપયોગ:**—(૧) **શૂળ ઉપર:**—અર્ધો તોલો ઘી અને એક ચણોઠીભાર શેકેલી હીંગમાં બે ગુંજા શંખભસ્મ આપવી. (૨) **અજીર્ણ ઉપર:**—શંખભસ્મ લિંબુના રસમાં સાકર નાખી તેમાં આપવી. (૩) **ઉધરસ ઉપર:**—એક ગુંજાભાર શંખભસ્મ પાનમાં આપવી. (૪) **આમાતિસાર ઉપર:**—જાયફળનું ચૂર્ણ અર્ધો માસો, ઘી અર્ધો તોલો, એમાં બે ગુંજાભાર શંખભસ્મ આપવી. (૫) **અહીંરા ઉપર:**—+શંખ મધમાં ઘસી અંજન કરવું. (૬) **ત્રિદોષશૂળ ઉપર:**—શંખભસ્મ, સિંધવ, હીંગ અને ત્રિકટુનું ચૂર્ણ ગરમ પાણીમાં આપવું. (૭) **પરિણામશૂળ ઉપર:**—શંખની ભસ્મ ગરમ પાણીમાં આપવી. (૮) **પ્લીહોદર ઉપર:**—સારાં પાકેલાં લિંબુના રસમાં શંખભસ્મ ૯-૧૦ માસા નાખી તે પાવી, એટલે કાચબા જેવી વધેલી પ્લીહાનો પણ જરૂર નાશ થશે. (૯) **સન્નિપાત સંગ્રહણી ઉપર:**—શંખભસ્મ અને સિંધવ ત્રણ માસાપર્યંત મધમાં આપવું; એટલે કઠિન સંગ્રહણીનો પણ નાશ થશે.

४९–शंखजीरूं

મ० શંખજીરેં. ફા० સંગેજરાહત. બ० ચુરીભાઠા. ઇં० સોપ સ્ટોન. લા० સ્લીકેટ ઑફ મેગ્નેશિયા. રા० સેલખડી. શંખજીરૂં એ એક પથ્થરની જાત હોઈ એનો રંગ ધોળો હોય છે. એ અતિશય મૃદુ હોય છે. **ઉપયોગ:**—(૧) **ક્ષત-કાસ અને રક્તપિત્ત ઉપર:**—શંખજીરાની ભૂકી ઘી અને સાકરમાં આપવી. (૨) **ઉપદંશાદિ સર્વ વ્રણ ઉપર:**—ગરમીવડે અંગ ઉપર લાલ અને પ્રસરનારાં ચાંદાં થાય છે તે ઉપર શંખજીરૂં ઘી કે માખણમાં ખરલ કરી ચોપડવું. (૩) **ઘાચાળ વ્રણ ઉપર:**—શંખજીરૂં અને પાષાણભેદ ઘીમાં અથવા માખણમાં ખરલ કરી ચોપડવું. (૪) **ગુમડું, જખમ, ભગંદર અને બદ ઉપર મલમ:**—શંખજીરૂં ૨ તોલા, ગેરુ ૧ તોલો, રાળ ૧ તોલો, મુરદારશિંગ ૧ તોલો, મીણ ૩ તોલા અને ઘી ૫ તોલા લઇ

---

‡ એક મહાત્મા શંખના નાના કકડા કરી તેને આકડાનું દૂધ, કુંવારપાઠાનો ગર્ભ, ગરજિભિ, મધ, અરીણનો કસુંબો, ગાયનું દૂધ અને ખાખરાનાં પાંદડાંના સૂક્ષ્મ અગ્નિથી જુદા જુદા સાત પુટ આપી, આઠમો થુવરના દૂધમાં ગજપુટ આપી શંખભસ્મ કરતા હતા.

× આ પ્રમાણે ત્રણ વખત કરવાથી નરમ ભૂકો થઇ જાય છે. આ ચૂર્ણને (ભસ્મને) એક કુંવારના રસની અથવા લિંબુના રસની ભાવના આપી ટીકડી બનાવી સૂકવી સંપુટ કરી એક ગજપુટ આપવાથી સુંદર સફેદ રંગની ભસ્મ થાય છે. તે ભસ્મ ૩ થી ૬ રતી સુધી દિવસમાં બે વખત સર્વ પ્રકારના નવા તથા જૂના ઉદરરોગપર આપવી.

(૧) શંખભસ્મની બીજી વિધિ—લિંબુના રસમાં ઝબોળેલા શંખના ચૂર્ણને ત્રણ દિવસ આકડાના પાનના રસમાં ભીજાવી ખરલ કરી ટીકડી કરવી. સૂર્યના તાપમાં સુકાવી ગજપુટ અગ્નિ આપવાથી ભસ્મ બને છે. આ ભસ્મ વાળો-જેને નીકળ્યો હોય તેને ત્રણ દિવસ ગોળમાં આપવી. ઉધરસ તથા દમના રોગમાં તેમજ ઉદરરોગમાં આ ભસ્મ ઉપરની ભસ્મ કરતાં વધારે બળવાન છે.

+ નેત્રરોગમાં શંખની નાભીનો ઉપયોગ શંખના કરતાં વધારે સારો કહેવાય.

પહેલાં મીણ અને ઘી કઢવી પછી તેમાં બાકીનાં ઔષધો નાખી મલમ તૈયાર કરવો. વ્રણને પાણીથી ધોઇ નાખી, તેનાપર પટ્ટી બેસાડવી. (૫) **ખોડા ઉપર:**—શંખજીરૂં, ચીકણી સોપારી અને ધોળા કાથાની ભૂકી માખણમાં ખરલ કરી ચોપડવી. (૬) **કર્ણસ્રાવ ઉપર તથા કાનમાં દાહ થતો હોય તે ઉપર:**—શંખજીરૂં તથા ધોળા કાથાની વસ્ત્રગાળ ભૂકી કરી માખણની પરાશમાં નાખી તે કાનમાં નાખવું. (૭) **મુખરોગ ઉપર:**—શંખજીરાનું ચૂર્ણ માખણમાં કાલવી મોઢામાં ચોપડવાથી મુખરોગ સારો થાય છે; અથવા શંખજીરૂ અને ગેરૂનું ચૂર્ણ ચોળવું. (૮) **ઓસાર ઉપર:**—ધોળા કાથાની અથવા શંખજીરાની ભૂકી વારંવાર ઘસવી. (૯) **અટકાવ ઘણો પડતો હોય તે ઉપર:**—શંખજીરૂં અને પાષાણભેદનું ચૂર્ણ દૂધમાં આપવું.

૫૦–साजीखार

સાજીખાર:—સં૦ સ્વર્જિક્ષાર. મ૦ સજીખાર. હિં૦ સજી. ક૦ સાજીખાર. ફા૦ સંજાર-કાલીઆ. અ૦ કલીબ, શબુલ અસ્ફર. ઈ૦ કારબોનેટ ઑફ સોડા. લા૦ આરટોકનેમન ઇંડિકમ્.

એ પંજાબમાં ઉત્પન્ન થાય છે. એનો રંગ કાળાશપર હોય છે. **સાજીખાર:**—તીખો, ઉષ્ણ તથા તીક્ષ્ણ છે; અને ગુલ્મ, શૂળ, વાયુ, કફ, કૃમિ, આધ્માનવાયુ તથા પેટમાંના વાયુનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **બાળકોના પેટમાંના વરાધ વગેરે રોગ ઉપર:**—સાજીખારનું ચૂર્ણ ગોળમાં આપવું. (૨) **પેટમાંના વાયુ અને શૂળ ઉપર:**—સાજીખાર, સંચળ અને મધ એકત્ર કરી તેમાં હીંગ નાખી તે આપવું. (૩) **ગુમડું ફુટવાને:**—સાજીખાર અને જવખારનું એક બિંદુ ગુમડાના મોઢાપર મૂકવું; એટલે ગુમડું ફૂટશે. (૪) **પેટશૂળ ઉપર:**—સાજીખાર એક માસો ઠંડા પાણીમાં આપવો. (૫) **અજીર્ણ ઉપર:**—સાજીખાર અને સંચળ આપવો.

૫૧–सीसुं

સીસું:—સં૦ સીસક. મ૦ શિસેં. હિં૦ ક૦ સીસા. તૈ૦ રાગી. ફા૦ સુબે. અ૦ રૂસાસુલ અખદ. ઈ૦ લીડ. લા૦ પ્લંબમ. **શોધન:**—(૧) સીસું અગ્નિ ઉપર પાતળું (રસ) કરી છિદ્રવાળા માટલામાં આકડાનું દૂધ નાખી તેમાં નાખવું. આ પ્રમાણે ત્રણ વખત સીસાનો રસ કરી આકડાના દૂધમાં નાખવો એટલે શુદ્ધ થાય છે. એ તપાવી આકડાના દૂધમાં નાખતાં, સીસું અંગ ઉપર ઉડી આવવાની ધાસ્તી હોય છે; માટે સાવચેતી રાખવી.÷ (૨) લોઢાના વાસણમાં સીસું પાતળું કરી ત્રિફળાંના કાઢામાં કિંવા કુંવારના રસમાં અથવા હાથીના મૂત્રમાં સાત વાર ગાળવું એટલે શુદ્ધ થાય છે. **મારણ:**×—(૧) સીસામાં શુદ્ધ મનશીલ મેળવી મજબૂત કઢાઇમાં નાખી

÷ માટીનું વાસણ હશે તો ફૂટી જવાનો ભય રહે છે. ખુલ્લા મોંના વાસણ ઉપર ઘંટીનું પડ રાખી શોધન કરવું જોઇએ. કલાઇ નીચે ટીપણી આપેલી છે તેવી રીતે તેલ, છાશ, ગોમૂત્ર તથા કળથીના ક્વાથમાં શોધન થાય તો વધારે લાભદાયક બને છે.

× (૧) નાગભસ્મ કરવાની વિધિ:—નં. ૧ માં જણાવેલી રીતે કડાઈમાં ત્રણ કલાક ઘુંટાઈ કરી ભસ્મ કરી લેવી. પછી શુદ્ધ ગંધક સમભાગ મેળવી લિંબુના રસની ભાવના આપી ઘુંટાઈ કરવી. પછી ગોળો બનાવી શરાવસંપુટમાં રાખી ગજપુટ અગ્નિ આપવાથી ભસ્મ બને છે. આ ભસ્મ રંગમાં કાળી હોય છે. મિત્રપંચકથી પરીક્ષા કરી જોતાં પાકી જણાયલી છે. પ્રદરરોગ તેમજ ઉદરરોગ પર ઉપયોગ કરવાથી તરત લાભદાયક જણાઇ છે.

(૨) નાગભસ્મની બીજી રીતિ—કડાઇમાં સીસું અને જવખાર મેળવી ચઢાવવું. અગ્નિ મંદ આપવી. એક કડછીથી હલાવતા રહેવું. જ્યાંસુધી સીસાની ભસ્મ ન થઇ જાય ત્યાંસુધી વારંવાર જવખાર નાખતા જવું અને હલાવતા રહેવું. જ્યારે લાલ પીળા રંગની ભસ્મ થઇ જાય ત્યારે અગ્નિ આપવાનું બંધ કરવું. કડાઇ ઠંડી થયા પછી ભસ્મને પાણીથી ધોવી. ધોવાથી ભસ્મનો રંગ ગુલાબી જેવો જણાશે. પછી એ પાણીવાળી ભીની ભસ્મને અગ્નિ પર સૂકાવી લેવાથી સુંદર પીળા રંગની ભસ્મ બની જાય છે.

નીચે દેવતા કરવો અને થોડે થોડે દેવતા વધારતા જવું; તથા અરડુશીના દાંડાવડે ઘુંટવું એટલે ભસ્મ થવા લાગે છે. સારી ભસ્મ થાય ત્યાંસુધી સારી રીતે દેવતા કરવો, કે જેથી સર્વ સીસાની ભસ્મ થશે. (૨) સીસુ તથા અગથીઆની છાલ એક જગ્યાએ કૂટી સીસાનાં પતરાં કરવાં તથા તે કલેડામાં નાખી પાતળાં કરી અરડુસીના લાકડા વડે ઘુંટવું. બધા સીસાની ભસ્મ થાય એટલે એકત્ર જમાવી પુનઃ લાલ અગ્નિ જેવું તપાવવું. પછી કલેડામાંથી કાઢી અષ્ટમાંશ મનશીલ મેળવી, અરડુશીના રસમાં ખરલ કરી ગજપુટ આપવો. એ પ્રમાણે સાત પુટો આપવા; એટલે સીસાની સિંદૂર જેવી ભસ્મ થાય છે. (૩) સીસું અને મનશીલનું ચૂર્ણ અરડુસીના રસમાં ખરલ કરી ગજપુટ આપવો. આ પ્રમાણે ત્રણ પુટો આપવાથીજ સીસાની ભસ્મ સારી થાય છે. (૪) સીસું કડાઇમાં નાખી તેનું પાણી કરી કેવડાના સોટા વડે આખો દિવસ નિરંતર ઘુંટતા રહેવું; એટલે લાલ ભસ્મ થાય છે. એ નિત્ય ૧ અથવા ૨ ગુંજ પ્રમાણે આપવી. (૫) સીસાના સમાન સુરોખાર લઈ સીસાને કડાઇમાં નાખી નીચે તીવ્રાગ્નિ કરવો અને સીસા ઉપર થોડો થોડો સુરોખાર નાખી લોઢાની સળી વડે ઘુંટવું. બધા સુરોખારનું ચૂર્ણ થઇ રહ્યા પછી કડાઈમાંથી ભસ્મ કાઢી વાટી રાખવી. (૬) પાશેરપર્યંત સીસું કડાઇમાં નાખી તીવ્રાગ્નિ કરવો અને કડાઇ-માં કુંવારનો ગર્ભ નાખતા જવું. એ પ્રમાણે ૨ મણ ગર્ભ બળી જાય ત્યાંસુધી અગ્નિ કરવો. એટલે સીસાની ભસ્મ ઉત્તમ થશે. **કલાઈ, જસત અને સીસાની ભસ્મ:**—એ સર્વ મળી ૨ તોલા લઈ કડાઈમાં નાખી રસ કરી તેને ગાયના ઘીમાં છમકારવું. પછી માટીના પાત્રમાં નાખી ચૂલા ઉપર મૂકી રસ કરવો અને તેમાં ત્રણ અધોળ પોસ્ત(ખસખસનાં જીંડવાં)નું ચૂર્ણ કરી તે વારંવાર નાખતા જવું. બધાની ભસ્મ થાય એટલે તે ઉતારી તેને ખાટા દહીંમાં ખરલ કરી તેની થેપલી કરવી અને તે કલેડામાં મૂકી તીવ્રાગ્નિ કરવો. તેને સારો વસંતી રંગ આવે એટલે નીચે ઉતારી લેવી. તે ભસ્મ ધાતુક્ષય ઉપર ૧ ગુંજાભાર આપવી.× **નાગભસ્મના ગુણ:**—સીસાની ભસ્મ સો હાથીનું બળ આપે છે, વ્યાધિનાશ કરે છે તથા જીંદગી વધારે છે; અને ક્ષય, વાયુ, ગુલ્મ, પાંડુ, કૃમિ, કફ, શૂળ, પ્રમેહ, ઉધરસ, સંગ્રહણી, ગુદરોગ તથા અગ્નિમાંદ્યનો નાશ કરે છે તથા કામ વધારે છે. **નાગભસ્મનાં અનુપાનો:**—(૧) **કફ, વાયુ અને જલોદર ઉપર:**—અજમો, લીંડીપીંપર અને મધમાં. (૨) **ઉપદંશ ઉપર:**—શીતળચીની અને એલચીમાં. (૩) **ધાતુક્ષીણતા ઉપર:**—માખણ અને ખડીસાકરમાં. (૪) **પ્રદર ઉપર:**—વંશલોચન, જીરૂં, એલચી અને ખડીસાકરમાં. બાકીના સર્વ રોગો ઉપર અનુપાન યોજી આપવી.

૫૨–સુરમો

સુરમો:—સં૦ સૌવીરાંજન, સ્રોતાંજન. મ૦ કાલા સુરમા. હિં૦ કાલા સુરમા. ક૦ કરિ સુરમા. તૈ૦ સુરમા. ફા૦ સુર્મે અસ્ફહાનિ. અ૦ કુહલ ઇસમુદ. ઇં૦ સલ્ફ્યુરેટ ઑફ એન્ટીમની. લા૦ એન્ટીમોની સલ્ફ્યુરેટમ.

સુરમો શ્વેત તથા કૃષ્ણ (કાળો) એ ભેદવડે બે પ્રકારનો છે. એમાં કાળો તે સ્રોતાંજન તથા શ્વેત તે સૌવીરાંજન, તે શ્રેષ્ઠ છે.‡ **સુરમો:**—મૃદુ, મીઠો, ચક્ષુને હિતાવહ, તૂરો, લેખન, સ્નિગ્ધ, ગ્રાહી

× એક હસ્તલિખિત ગ્રંથમાં લખેલ છે કેઃ—"સીસું ઠીકરીમાં ગાળી મંદ મંદ અગ્નિ આપવો, કુંવારના રસથી મર્દન કરવો, ઉપર હળદર ભભરાવવી અને તે પછી પાતાળગરુડીનો રસ, રતનજોતનો રસ, ગોરખમુંડીનો રસ, આમળાંનો રસ, એ પાંચના જુદા જુદા પુટ આપવા. અને રાતો વર્ણ થાય ત્યારે રતિ ૩ પ્રમાણે ભેંસના દૂધમાં ગોળી બાંધવી. એકેક ગોળી સવાર-સાંજ આપવાથી યૌવનવાળો, બળવાન, ભોગી તથા વીર્ય, રૂપ–કાંતિ પ્રકટ થઇ રાજરોગ, ઊર્ધ્વવાત, અધોવાત, પ્રસૂતવાત, કટિરોગ, મસ્તકરોગ, પ્રમેહ, જ્વર, હસ્તરોગ, ફુક, ઝાડો, મૂત્રકૃચ્છ્ર અને સંગ્રહણી રોગ જાય છે અને ઘણો કામી થાય.

‡ સુવીર નામની નદીની આસપાસમાંથી જે પદાર્થ મળે છે તેને સૌવીરાંજન કહે છે.

તથા શીત છે; અને પિત્ત, કફ, ઉલટી, વિષ, હેડકી, ક્ષય તથા રક્તવિકારનો નાશ કરે છે. **શુદ્ધિઃ**—(૧) ત્રિફળાંના કાઢામાં કિંવા ભાંગરાના રસમાં પચન કરવો; એટલે સુરમો શુદ્ધ થાય છે. (૨) સુરમાનું ચૂર્ણ કરી જંબીરી (છડ) લિંબુના રસમાં ખરલ કરી એક દિવસ તાપમાં રાખવાથી શુદ્ધ થાય છે. એ પ્રમાણે ગેરુ, હીરાકસી, ટંકણખાર, કોડી, શંખ, ફટકડી અને મુરદારશિંગની શુદ્ધિ કરવી. **સર્વ નેત્રરોગો ઉપર સૌવીરાંજન ચૂર્ણઃ**—સુરમો અગ્નિ ઉપર તપાવી, ઉપર ત્રિફળાંના કાઢાનું પ્રોક્ષણ કરી સુરમો ઠંડો કરવો. આ પ્રમાણે સાત વાર સુરમો તપાવી, સાત વાર તે કાઢાનો છમકો મારી ઠંડો કરવો. એજ રીતે તે સુરમા ઉપર સ્ત્રીના દૂધના સાત વાર છમકા મારવા; પછી એજ પ્રમાણે વારંવાર ગોમૂત્રના છમકા મારવા; ત્યારપછી ફરીથી પાંચ વાર સ્ત્રીના દૂધના છમકા મારી, પછી તેનું કાંસાના ખરલમાં કાંસાના ઘુંટણાથી ઘુંટી બારિક ચૂર્ણ કરી આંખમાં અંજન કરવું. તે અંજન આંખોને ઘણું હિતકારક છે; તેથી સર્વ નેત્રવિકાર દૂર થાય છે. **બીજો પ્રકારઃ**—સુરમાને ત્રિફળાંના કાઢાની અથવા કેળના પાણીની ૨૭ દિવસ ૨૭ ભાવનાઓ આપવી. તેનું અંજન કરવું એટલે તે નેત્રોને ઘણો હિતાવહ થાય છે.

५३–सुरोखार*

સુરોખારઃ—સં૦ રોમક ઔદ્ભિદ. મ૦ સોરા, ખારાભેદ. હિં૦ સૂર્યાખાર, સોરા રહેગવા, વાજી, રેહમાનોન રેહકા નીમક. ક૦ બેલુ ગટ્ટગે ઉપ્પુ. તૈ૦ વિટલુ ભરમમુ. ફા૦ શોરા. અ૦ અબકેર. ઇં૦ નાઇટ્રે સૅાલ્ટ પીટર. લા૦ પોટાસ નાઈટ્રાસ.

જે માટીમાં લૂણો (એક પ્રકારનો ખાર) ઘણો હોય છે એવી માટીમાંથી સુરોખાર (સારો) તૈયાર કરે છે. દારૂના કામમાં સુરોખારનો ઘણો ખપ થાય છે. **શુદ્ધિઃ**—કાળાશવાળો સુરોખાર ગરમ પાણીમાં ગાળી નાખવો અને ઘણીક વાર સુધી તે તેમજ રાખવો; એટલે તેના ગાંગડા થાય છે તે કાઢી લેવા. **સુરોખારઃ**—તીક્ષ્ણ, અતિ ઉષ્ણ, રેચક, તીખો, કડવો, અગ્નિદીપક, સૂક્ષ્મ, ખારો, લઘુ, દાહક, શોષક, ગ્રાહક, વાતનાશક તથા પિત્તકારક છે; અને પ્લીહા, મૂત્રકૃચ્છ્ર, નેત્રરોગ, વાતરક્ત, કુંભકમળો, દમ, નાસાપાક, પિટકા, મોઢાનું દુખવું, શૂળ અને આધ્માનનો નાશ કરે છે. **ઉપયોગઃ**—૧) **મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—મૂળાનાં પાંદડાંના રસમાં સુરોખાર નાખી આપવો. (૨) **મૂત્ર છૂટે છે તે ઉપરઃ**—લિંબુ કાપી તે ઉપર સુરોખાર નાખી તે પેઢુ ઉપર ચોળવું અથવા સુરોખાર ગરમ પાણીમાં આપવો. (૩) **શરીરમાંની ગરમી ઉપરઃ**—સુરોખાર છાશમાં આપવો. (૪) **વાળા ઉપરઃ**—ત્રણ માસા સુરોખાર છાશમાં નાખી ૩ દિવસ પાવો. (૫) **દમ ઉપરઃ**—૧૦ તોલા સુરોખાર લઈ તે ૮૦ તોલા ગરમ પાણીમાં નાખવો. પછી તેમા જુન્નરી અગર અમદાવાદી કાગળ બે ત્રણ મિનિટપર્યંત રાખવો. પછી બહાર કાઢી ગરમીમાં સૂકવવો. એ કાગળની બીડી કરી પાવી; એટલે દમ જલદી નાશ પામે છે. (૬) **મૂત્ર થોડું થતું હોય તોઃ**—સુરોખાર પાણીમાં મેળવી પાવો.×

આકાર ઉધઈની દિવાલ જેવો હોય છે. તોડવાથી અંદરનો રંગ નીલો દેખાય છે. ઉત્તરહિંદુસ્થાનમાંના મુસલમાન લોકો આંખોમાં નિત્યપ્રતિ આ સુરમાનું અંજન કરે છે. સૌવીરાંજનની અપેક્ષા સ્રોતાંજન વિશેષ લાભદાયક ગણાય છે, એમ ભાવપ્રકાશમાં લખેલ છે.

* એક માટલીમાં વાલુકાયંત્રે ભસ્મ કરેલો ટંકણખાર સારી રીતે ચોપડી તેમાં સુરોખાર શેર ૧ નાખી બીજી માટલી તેના ઉપર ઢાંકી મજબૂત કપડમાટી કરી ચૂલા ઉપર મૂકવી. નીચે મંદાગ્નિ કરવો અને તે માટલી ઉંચી ઉપડી ન આવે માટે તે ઉપર ઘણો ભાર (પથ્થરનો) મૂકવો; એટલે તેની સારી ભસ્મ થશે. આ એક રમતા ફકીરનો અખતરો છે.

× બહુ નબળા શરીરવાળાને સુરોખાર આપવો નહિ; કારણ કે સુરોખારના સેવનથી જ્ઞાનતંતુ નિર્બળ થાય છે. સુરોખારને તપાવી તેની પતરી કરી જવખાર તરીકે બજારમાં વેચાય છે. વાસ્તવમાં તે ખરો જવખાર નથી. તાવમાં પસીનો લાવવા માટે કેટલાક ડૉક્ટરો સુરોખારનો ઉપયોગ કરે છે.

૫૪–સ્વર્ણમાક્ષિક (સોનામુખી ધાતુ)

સં૦ ક૦ સુવર્ણમાક્ષિક. મ૦ સુવર્ણમાક્ષિક, દગડી સોનામુખી. હિં૦ સોનામાંખી. તે૦ સ્વર્ણમાખી. બં૦ સ્વર્ણમાક્ષિક. અ૦ મુર્કશીશા જહવી. ઇં૦ આયર્ન પાયરાઇટીસ. લા૦ ફેરી સલ્ફ્યુરેટમ્.

માક્ષિક ત્રણ પ્રકારનું છે. સુવર્ણમાક્ષિક, રૌપ્યમાક્ષિક અને કાંસ્યમાક્ષિક. સુવર્ણમાક્ષિક એ તાપી નદીમાં થાય છે. એનો રંગ સુવર્ણ જેવો હોય છે. એ કિંચિત્ સુવર્ણના ગુણોથી સમાન છે. એટલા માટે સુવર્ણના અભાવે સુવર્ણમાક્ષિક આપે છે. તાપી નદીના તીરપરનું સુવર્ણમાક્ષિક પંચવર્ણ હોય છે અને જે કાન્યકુબ્જ (કનોજ) દેશમાં થાય છે તે સુવર્ણવર્ણ હોય છે. સુવર્ણમાક્ષિક એ સુવર્ણવર્ણ, કોણરહિત, જડ તથા હાથ ઉપર ઘસવાથી કાળાશ જણાય છે. જે સુવર્ણમાક્ષિક સુવર્ણવર્ણ, જડ, સ્નિગ્ધ, કિંચિત્ નીલવર્ણ, કસોટી ઉપર સોના જેવો કસ જણાવનાર, તે ઉત્તમ જાણવું. **સુવર્ણમાક્ષિકઃ**—સ્વાદુ, કડવું, વૃષ્ય, રસાયન અને ચક્ષુષ્ય છે; તથા લિંગવર્તી, કંઠરોગ, પાંડુ, મેહ, વિષ, ઉદર, મૂળવ્યાધિ, સોજો, વિષ, કંડૂ, ક્ષય અને ત્રિદોષનો નાશ કરે છે. **શોધનઃ**—×(૧) ત્રણ ભાગ સુવર્ણમાક્ષિક, એક ભાગ સિંધવ નાખી ચૂલા પર કડાઇમાં મૂકી તેમાં લિંબુનો તથા મહાળુંગનો (બીજોરાનો) રસ નાખી પચન કરવું; અને લોખંડની કડછી અથવા તવેતા વડે ઘુંટવું. વાસણ રાતું દેખાવા લાગે એટલે શુદ્ધ થયું સમજવું. (૨) એરંડતેલમાં, બીજોરાના રસમાં કિંવા કેળના કાંદાના પાણીમાં સુવર્ણમાક્ષિક બે ઘટિકા પચન કરવું; અથવા તપાવી ત્રિફળાંના કાઢામાં બોળવું એટલે શુદ્ધ થાય છે. **મારણઃ**—(૧) સુવર્ણમાક્ષિકનું ચૂર્ણ, લોઢાની કડાઇમાં નાખી તેમાં અનુક્રમે કળથીનો કાઢો, છાશ તથા બકરાનું મૂત્ર નાખી લોખંડની કડછીવડે હલાવી ઘુંટવું; એટલે ભસ્મ થાય છે. (૨) સુવર્ણમાક્ષિકનું ચૂર્ણ કરી કલેડામાં નાખી ચૂલા ઉપર મૂકી, લિંબુનો રસ વારંવાર નાખી લોઢાની કડછી વડે બે પહોરસુધી ઘુંટવું. લાલ દેખાવા લાગે એટલે ભસ્મ તૈયાર થઈ એમ સમજવું. સુવર્ણમાક્ષિકને ત્રિફળાં, ત્રિકટુ, મરી અને ઘી, એ અનુપાનો યોજવાં. **ઉપયોગઃ—(૧) આંખોમાં ધોળાં ફૂલાં પડે છે તે ઉપરઃ**—સુવર્ણમાક્ષિક મધમાં કિંવા દૂધમાં ઘસી અંજન કરવું. (૨) **પાંડુરોગ, કમળો, વાતપિત્ત અને હલીમક ઉપરઃ**—૩ વાલ સુવર્ણમાક્ષિક ભસ્મ મધ અને લીંડીપીંપરમાં આપવી. (૩) **ક્ષીણતા, સ્વપ્નાવસ્થા, જીર્ણજ્વર, મસ્તકશૂળ, પ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર ઉપરઃ**—૧ વાલ સુવર્ણમાક્ષિક ભસ્મ

ક્ષાર પર્પટી—(અમ્લપિત્ત, અજીર્ણ તથા મંદાગ્નિ માટે):—સાફ કરેલ શુદ્ધ સુરોખાર ૧૬ તોલા તથા ફટકડી ૪ તોલા બંને મેળવી ચૂર્ણ કરવું. પછી સાફ કરેલી લોઢાની કડાઇમાં નાખી ધીમા તાપ પર ગરમ કરવું. જ્યારે ચૂર્ણ રસરૂપ (પાણી) થાય ત્યારે કઢાઇ ઉતારી કડછીથી દવાને કડાઈમાં ફેલાવી દેવી. થોડા વખતમાં તે દવા સુકાઇ જાય તથા કડાઈ ઠંડી થાય ત્યારે પર્પટી ઉખેડી લેવી. સૂચના—આ દવાવાળી કડાઈમાં પાણીનું ટીપું ન પડવું જોઇએ; કારણ કે પાણી અડતાંજ મોટો અવાજ થઇ કડાઈ ફાટી જશે. આ ઔષધિ ભોજન પછી દિવસમાં બે વખત ૩ થી ૬ રતી સુધી પાણી સાથે આપવી, જેથી અમ્લપિત્ત, બરોલ, યકૃત, શૂળ, અજીર્ણ, હોજરીનો વરમ, ગુલ્મ, મંદાગ્નિ, તાવ, જળોદર વગેરે દૂર થાય છે. અમ્લપિત્ત રોગમાટે આ ઉત્તમ ઔષધિ છે.

× લિંબુનો રસ ૫ ભાગ નાખવો, કે જેથી સારી રીતે સુવર્ણમાક્ષિક ડૂબી જાય. અગ્નિ ખૂબ તેજ આપવી તથા કડછીથી હલાવતા રહેવું. જ્યારે કડાઇ લાલ થાય ત્યારે આગ્ન આપવી બંધ કરવી. ઠંડી કડાઈ થાય ત્યારે ઉતારી લેવી.

ઉપર મુજબ શોધન કરેલી સોનામુખીને પાણીમાં નાખી ખૂબ મસળી પાણી કાઢી નાખવું. વળી બીજી વખત પાણી નાખી મસળી પાણી કાઢી નાખવું, કે જેથી સિંધાલૂણનો અંશ ન રહે. કદાચ બીજી વખત પણ પાણી વધારે ખારૂં જણાય તો બીજી વખત પાણીથી ધોઈ સોનામુખી સાફ કરવી. આવી રીતે ધોયા પછી ભસ્મ કરવા માટે ઉપયોગમાં લેવી.

માખણ અને ખડીસાકરમાં અથવા મધ અને ખડીસાકરમાં આપવી.+

૫૫–સોનું

સં૦ સુવર્ણ. મ૦ સોને. હિં૦ સોના. ક૦ સ્વર્ણ. તૈ૦ બંગાર. ફા૦ તિલાજર. અ૦ જહબ. ઇં૦ ગોલ્ડ. લા૦ ઑયમ. **શોધન:**—(૧) ઉત્તમ સોનાનાં પતરા કરી અગ્નિમાં તપાવી તલનું તેલ, છાશ, કાંજી, ગોમૂત્ર, કળથીનો કાઢો અને ત્રિફળાંનો કાઢો એ પ્રત્યેકમાં ત્રણ ત્રણ વાર બોળવાં; એટલે શુદ્ધિ થાય છે. એ રીતે રૂપું, તાંબુ આદિ સપ્ત ધાતુની શુદ્ધિ કરવી. (૨) સોનું અગ્નિ ઉપર પાતળું કરી કાંચનારના રસમાં ત્રણ વાર રેડવું એટલે શુદ્ધ થાય છે.† **મારણ:**—(૧) સંપૂર્ણ ધાતુનાં

+ સોનામુખીભસ્મની પરીક્ષા:—સોનામુખીની ભસ્મને સૂર્યના તાપમાં રાખીને જોવી. જો ચમક ન દેખાય તો શુદ્ધ સારી ભસ્મ સમજવી. ચમક દેખાય તો ફરીને ભસ્મ કરવી.

અશુદ્ધ સોનામુખીના વિકારની શાંતિ માટે:—દાડમના ફળની છાલનો કાઢો પાવો અથવા કળથીનો કાઢો કરી પાવો.

વારંવાર જે સ્ત્રીને ગર્ભપાત અથવા કસુવાવડ થતી હોય તે સ્ત્રી માટે સોનામુખીભસ્મનું સેવન હિતકર છે. સુવર્ણમાક્ષિકનો ગુણ લોહભસ્મના જેવો છે. લોહભસ્મના કરતાં સોનામુખી-ભસ્મ પાચનમાં લઘુ તથા શીતવીર્ય છે. લોહભસ્મ કબજીઆત કરે છે, પણ સોનામુખી ભસ્મથી કબજીઆત થતી નથી.

હિકમતમાં લખેલ છે કે, સોનામુખી ગરમ તથા રૂક્ષ છે, ફેફસાંને હાનિ પહોંચાડે છે. બદામનું તેલ એના દર્પનો નાશ કરે છે. પ્રતિનિધિ મોરથુથુ છે. માત્રા ૧ જવ બરાબર આપવી. નેત્રરોગ, નખના રોગ, મસ્તકના રોગ તથા બરોળનો નાશ કરે છે અને હૃદયને મજબૂત કરે છે. **સુવર્ણમાક્ષિકના સત્ત્વપાતનની વિધિ:**—સોનામુખીની ભસ્મ ૧૦ તોલા લઈ તેમાં ૨ા તોલા ટંકણ નાખી આમલીના પાણીથી ઘુંટી નાની નાની ગોળીઓ બનાવી કોષ્ઠીયંત્રમાં મૂકી ૧ કલાક ધમાવવું. પ્રથમ લીલા રંગની જવાળા નીકળવા માંડે છે. પછી પીળી અને વિદ્યુત્ રંગની જવાળા નીકળે છે. આમાંથી તાંબાના જેવું સત્ત્વ નીકળે છે. ૧૦ તોલામાંથી આશરે ૧ાા તોલો સત્ત્વ નીકળે છે. **સત્ત્વભસ્મ વિધિ:**—સત્ત્વ ૧૦ તોલા લઇ તેનો ભૂકો કરવો. પછી ગંધક ૧ તોલો મેળવી લિંબુના રસમાં એક પ્રહર ઘુંટી શરાવસંપુટ કરી ગજપુટ આપવો. આવી રીતે ૨૦ આંચ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. અસાધ્ય દરદોમાં આ ભસ્મ સારૂં કામ કરે છે.

(માર્ચ ૧૯૩૦ ના "વૈદ્ય કલ્પતરુ"માંથી)

સુવર્ણમાક્ષિક રસાયન:—સુવર્ણમાક્ષિકનું સત્ત્વ તાંબા જેવું નીકળે છે, માટે તેનો અતરડા વડે ભૂકો કરી સમભાગ પારો મેળવી ઘુટવું. પછી બમણો આમલસાર ગંધક નાખી કજલી કરવી. પછી સુવર્ણમાક્ષિક સત્ત્વના જેટલું અભ્રકસત્ત્વ નાખી ૪ કલાક કુંવારના રસમાં ઘુંટી ટીકડી બનાવવી. સુકાયા પછી શરાવસંપુટ કરી ૫ શેર મીઠું રહે તેવડા એક માટલામાં ૨ાા શેર મીઠું નાખી ઉપર સંપુટ મૂકી બાકીનો ખાલી ભાગ મીઠાથી ભરી આપવો; પછી ચૂલા પર ચડાવી ૧૨ કલાક મંદ મંદ અગ્નિ આપવી. સ્વાંગ શીતળ થયેથી લાલાશ પડતા ઘેરા, પીળા અને કાળા રંગની ટીકડીઓ મળશે. વધારે અગ્નિ આપેલ હશે તો કોઠીઆની ઉપર ધોળાં મીઠા જેવાં ગંધકનાં ફૂલ લાગી જાય છે તે પણ ઉખેડી ટીકડીઓની સાથે મેળવી બારીક ખરલ કરી શીશીમાં ભરી રાખવાં. માત્રા ૧ ચોખાભાર બેઆનીભાર ત્રિકટુ તથા વાવડીંગના ચૂર્ણની સાથે મેળવી પછી મધમાં મેળવી ચાટી જવું. પછી ઉપર ધાવાળો પદાર્થ ખાવો, જેથી ઉબાક-ઉછાળા થાય નહિ. આ રસાયનનું સેવન ૭ દિવસ કરવાથી જીર્ણજ્વર, ધાતુગત જ્વર, હૃદયની નિર્બળતા, ક્ષય અને જૂની ખાંસી મટે છે.

આવીજ રીતે કાચા સત્ત્વને બદલે સત્ત્વની ભસ્મ નાખવાથી સત્ત્વની ભસ્મનું રસાયન તૈયાર થાય છે. તેના ગુણ પણ ઉપર પ્રમાણે છે. (માર્ચ ૧૯૩૦ ના "વૈદ્ય કલ્પતરુ"માંથી)

† (૧) સુવર્ણભસ્મવિધિ:—૨ તોલા સુવર્ણનાં શુદ્ધ પતરાંના કાતરથી નાના નાના ટુકડા

પતરાં કરી તે પતરાંના ભારોભાર પારો અને ગંધકની કજ્જલી લઇ તે પતરાંના મધ્યોમધ્ય મૂકી, વાલુકાયંત્રમાં પૃથક્ પૃથક્ બાર બાર ઘટિકાપર્યંત દીપાગ્નિ આપવો; એટલે સુવર્ણાદિક સંપૂર્ણ ધાતુની ભસ્મ થાય છે. (૨) પારો અને ગંધક સમાનભાગ લઇ કાંચનવૃક્ષની (કાંચનારની) છાલના રસમાં ખરલ કરી બારિક કજ્જલી કરી તે કજ્જલીના સમભાગ સોનાનાં પતરાંને કજ્જલીનો લેપ કરવો. પછી કાંચનારની છાલ વાટી, તેનો કલ્ક કરી તેની બે કુલડીઓ કરવી. તેમાં એક કુલડીમાં તે સોનાનાં પતરાં મૂકી તે ઉપર બીજી કુલડી ઢાંકી સાંધો મેળવી લેપ કરી એક ગોળો કરી માટીના કોડીઆમાં મૂકી બીજું કોડીઉં તે ઉપર ઢાંકી, કપડમાટી કરી સૂકવી, વગડાઉ છાણાંનો મોટો તેજી અગ્નિ કરવો. એ પ્રમાણે ત્રણ અગ્નિપુટો આપવાથી સોનાની ભસ્મ સારી થાય છે; ફરી જીવતી થતી નથી. એ ભસ્મ તમામ રોગો ઉપર યોજવી. આજ પ્રકારે કલગારી, જાંબુ અને મનશીલમાં પણ સોનાની ભસ્મ થાય છે. (૩) મનશીલ અને સિંદૂર સમભાગ લઈ બારીક ચૂર્ણ કરી આકડાના દૂધમાં ખરલ કરી ગરમીમાં સૂકવવું; એ પ્રમાણે સાત પૂટો તે ચૂર્ણને દઇ, પછી સોનાનો રસ કરી તેના સમભાગ ચૂર્ણ તેમાં નાખી, મેળવી, ચૂર્ણ બળી જાય ત્યાંસુધી ભુંગળીવડે અતિશય ફુંકી, ફરી તે રસમાં ચૂર્ણ નાખી ફરી ફુંકવું. આ પ્રમાણે ત્રણ વાર કરવાથી સોનાની ભસ્મ થાય છે. **સુવર્ણભસ્મના *ગુણ:**—સુવર્ણભસ્મ કાંતિકારક છે તથા ક્ષત, શ્વાસ, કાસ, ક્ષય, પિત્ત, વાયુ, પ્રમેહ, સંગ્રહણી, અતિસાર, કુષ્ઠ, જ્વર, ષંઢત્વ અને સર્વ રોગોનો નાશ કરે છે. સુવર્ણભસ્મનું નિત્ય ભક્ષણ કરવાથી તે જરા અને અપમૃત્યુનો નાશ કરે છે, દેહને દૃઢ કરે છે અને સ્ત્રીઓનો રતિસમયે ગર્વ ભંગ કરે છે. **સોનાના વર્ક:**—સંપૂર્ણ વિષ, શૂળ અને અમ્લપિત્તનાશક તથા હૃદયને પ્રિય અને પુષ્ટિકર છે; તેમજ ક્ષય, વ્રણ, અગ્નિમાંદ્ય, હેડકી, આનાહવાયુ અને વધેલા કફનો નાશ કરે છે. તે સર્વદા નેત્રોને પ્રિય તથા કોઇ પણ રોગ ઉપર અનુપાન યોજી લેવાથી સંપૂર્ણ વ્યાધિનો નાશ કરે છે. **સુવર્ણભસ્મનાં અનુપાનો:**—(૧) એક કે બે ચણોઠીભાર સુવર્ણભસ્મ, ત્રિકટુ અને ઘીમાં લેવાથી ક્ષય, અગ્નિમાંદ્ય, શ્વાસ, કાસ અને અરુચિનો નાશ કરે છે, ધાતુને વધારે છે; તેમજ તે બળકર, પાંડુનાશક અને પથ્યકારક છે; તથા સર્પવિષ, સંપૂર્ણ વિષો તથા સંગ્રહણીનો નાશ કરે છે. એ દૂધમાં લેવાથી બળ આપે છે; સાટોડીમાં આંખોને હિતકારક, ઘીમાં આપવાથી જરા અને વ્યાધિનો નાશ કરે છે, વજસાથે લેવાથી બુદ્ધિપ્રદ, કેસરમાં લેવાથી કાંતિકારક, દૂધમાં આપવાથી ક્ષયનાશક, નિર્વિષી સાથે આપવાથી વિષનાશક; અને સુંઠ, મરી તથા લવંગમાં આપવાથી ત્રિદોષ અને ઉન્માદનો નાશ કરે છે. **પથ્યાપથ્ય:**—દૂધ તથા સાકરયુક્ત,

---

કરવા. પછી સમભાગ પારાની સાથે લિંબુના રસમાં મર્દન કરી એક ગોળો બનાવવો. પછી એક માટીના કોડીઆમાં સોનાના વજન જેટલું ગંધકનું ચૂર્ણ રાખી ઉપર ગોળો મૂકવો. પછી ઉપર તેટલુંજ ગંધકનું ચૂર્ણ નાખવું કે જેથી ગોળો બરાબર ઢંકાઈ જાય. પછી બીજું કોડીઉં ઉપર ઢાંકી આમ તેમ ન હાલે તેમ સંભાળપૂર્વક મજબૂત કપડમાટી કરી ૩૦ છાણાંનો અગ્નિ આપવો. ઠંડું થાય ત્યારે કાઢી પુનઃ ઉપર મુજબ પુટ આપવા. આવા ૧૪ પુટ આપવાથી ઉત્તમ સુવર્ણભસ્મ તૈયાર થાય છે.

(૨) બીજો પ્રકારઃ—સોનાના પતરાના ટુકડાને સમભાગ પારાની સાથે ત્રણ ચાર કલાક ઘુંટવો કે જેથી બરાબર બંને મળી જાય. પછી સોનાના વજન જેટલો શુદ્ધ ગંધક નાખી ખરલ કરવું. ગંધક સારી રીતે મળીને કજ્જલી તૈયાર થાય ત્યારે શુદ્ધ મનશીલ સોના બરાબર મેળવી ઘુંટાઈ કરવી. સારી રીતે સર્વ મળી જાય ત્યારે, કપડમાટી કરેલી અગ્નિશીશીમાં ભરી વાલુકાયંત્રમાં રાખી ૧૨ કલાક આંચ આપવી. પહેલાં મંદી આંચ, પછી થોડી તેજ અને ધૂમાડો નીકળી ગયા પછી વધારે તેજ અગ્નિ આપવો. આવી રીતે કરવાથી શીશીના ગળામાં "શિલા સિંદૂર" તથા નીચે સોનાની ભસ્મ તૈયાર થાય છે. મનશીલને બદલે સોમલ નાખવાથી "મલ્લ સિંદૂર" બને છે તથા હરતાલ નાખે તો "તાલસિંદૂર" બને છે. એ ત્રણેમાંથી કોઇ પણ એક ઇચ્છા મુજબ મેળવી શકાય છે.

* અપક્વ અને અશુદ્ધ સોનું બળ તથા વીર્યનો નાશ કરે છે, ઘણા રોગોને ઉત્પન્ન કરે છે અને મૃત્યુ પણ કરે છે. એના વિકારોની શાંતિને માટે ત્રણ દિવસસુધી હરડેમાં સાકર ખાવી.

સ્નિગ્ધ અને ચીકણું એવાં અન્ન. વલીપલિત નાશ થવા માટે સુવર્ણ ખાનારે પથ્ય યોજવું. વળી જેના નામનો આદ્યાક્ષર 'ક' હોય એવાં અનાજ, શાક અને માંસ, એ સોનાની ભસ્મ ખાનારે તજવાં.

૫૬—સોમલ

સં૦ આખુ પાષાણ, મલ્લ. મ૦ ક૦ સોમલ. હિં૦ સોમલ, સંખીઆ. ફા૦ મર્ગમૂરા નિર્ગવ. મૂષ. અ૦ સુબુલફાર, કરનુમંબુલ. ઇં૦ ઓકસાઇડ ઑફ આર્સેનીક. લા૦ ઑકસીડમ આર્સેનીકમ.

×સોમલ બે પ્રકારનો છે. ધોળો અને પીળો. તેમાં ધોળો શંખ જેવો હોય છે, તેને શંખીઓ સોમલ પણ કહે છે. પીળો દાડમના વર્ણ જેવો હોય છે. ધોળો સમલ કૃત્રિમ હોય છે તથા પીળો પર્વતમાંથી થાય છે. પીળો સોમલ ઘણો મોંઘો હોઇ અતિ વિષારી છે. સોમલ પ્રાણઘાતક છે એટલા માટે અજ્ઞાનીના હાથમાં કદી પણ આપવો નહિ.+ **સોમલ:**—પારદબંધક, સ્નિગ્ધ, દોષઘ્ન, લોહભેદક, વીર્યકારક તથા કાંતિવર્ધક છે; અને ત્રિદોષ તથા સર્વવ્યાધિનો નાશક છે. એ અશુદ્ધ હોય ત્યારે સપ્ત ધાતુનો નાશ કરનાર અને દાહ, ચિત્તભ્રમ, લાલાસ્રાવ, મૃતિ, અનેક વેદના, બહુ વ્યાધિ તથા તૃષાને કરે છે. **શોધન:**—(૧) તાંદળજાના રસમાં દોલાયંત્રવડે મંદાગ્નિ ઉપર સોમલ એક દિવસ પચન કરવો; એટલે શુદ્ધ થાય છે. (૨) કાંજીમાં અથવા ટંકણખારમાં કિંવા ગાયના દૂધમાં સોમલ દોલાયંત્રવડે બે ઘટિકાપર્યંત પચન કરવો એટલે શુદ્ધ થાય છે. **સત્ત્વપાતન:**—બન્ને સોમલ આમ્લવર્ગ, ક્ષારવર્ગ, ગોમૂત્ર, ગેરૂ અને ‡વિમલમાં એકત્ર કરી અગ્નિની આંચ દેવી એટલે તેનું સત્ત્વ પડે છે. ***મારણ**—(૧) ચંદનબટવાના રસમાં સોમલ ૩ દિવસ ભીંજવી

× સોમલમાં ૪ જાત છે. ધોળો, પીળો, લાલ અને કાળો. આ ચારે જાત બજારમાં મળી શકે છે. સફેદ સોમલ ટંકણખારને મળતો દેખાય છે. નવો સોમલ હોય ત્યાંસુધી તેમાં ચમક દેખાય છે, જૂનો થયા પછી ચમક રહેતી નથી. સોમલમાં કોઇ પણ પ્રકારનો સ્વાદ આવતો નથી, જેથી ઝેર આપનારાઓ રાયતા જેવી વસ્તુમાં, પાનમાં અથવા પીવાના પદાર્થમાં મેળવીને આપી દે છે. સોમલ વધારે ખાવામાં આવે તો એક કલાકમાંજ પેટમાં ભયંકર દરદ ઉલટી, બળતરા, ગભરાટ, ગળામાં શોષ, તરસ તથા દસ્ત થવા શરૂ થઈ જાય છે. શરીર પર પસીનો આવે છે તથા શરીરમાં કંપ થાય છે. કોઇ કોઇ વખત પેશાબ રોકાઇ જાય છે. કોઈ વખત પેશાબમાં લોહી પડે છે. આવી સ્થિતિમાં સોમલનું ઝેર દૂર કરવા માટે ઘી દહીંમાં મેળવી પીવરાવી ઉલટી કરાવવી એ સર્વોત્તમ ઇલાજ છે. બીજા ઈલાજ ઝેરના પ્રકરણ પરથી જાણી લેવા.

+ સોમલને તાંદળજાના રસમાં દોલાયંત્રે શોધી વેંગણ ચીરી તેમાં તે નાખી બંધ કરી કપડમાટી કરી ભઠ્ઠી કરવાથી ભસ્મ થાય છે. તે યોગ્ય અનુપાનથી રતિ ૦। થી ૦॥ સુધી આપવી.

સોમલ અને શંખજીરૂં બન્ને દેખાવમાં એકસરખાં હોય છે. તેની પીછાણ એ છે કે, સોમલની ભૂકી દેવતા ઉપર નાખવાથી દેવતા ઉપર પીળો ડાઘ પડે છે અને શંખજીરાનો પડતો નથી.

યાદ રાખવું કે, સોમલનો ધૂમાડો આંખને લાગવાથી માણસ તેમજ પશુ પણ નેત્રાંધ થાય છે.

‡ વિમલના ૪ અર્થ થાય છે. પદ્મકાષ્ઠ, રૂપું, સિંધાલૂણ તથા રૂપામુખી. અહીં સિંધાલૂણ લેવું જોઈએ. વળી કોઇ કહે છે કે, વિમળને સોનામુખી કહે છે. રૂપામુખી અને સુવર્ણમાક્ષિક એનાથી જુદાં છે.

* વાલુકાયંત્રમાં સંપુટ મૂકી ઉપર રેતી ભરી દેવી. રેતી ઉપર થોડા જુવારના દાણા નાખવા. ધાણી થઇ જાય ત્યારે ભસ્મ થઇ ગઇ છે એમ સમજવું. સંપુટ મજબૂત કરવું, નહિ તો સંખીઓ ઉડી જાય છે.

સોમલને આકડાના દૂધમાં તે દૂધ પી શકે ત્યાંસુધી છુંદી લુગદી કરી એક હાંડલામાં મૂકી તેનાપર બીજું હાંડલું ઉંધું વાળી બંનેનાં મુખ કપડમાટીથી જોડી દઇ ચુલા ઉપર મૂકી ધીમી આંચ આપતા જવી અને ખાદીનું કપડું ચોવડું કરી તે ભીંજવીને ઉપરના હાંડલા ઉપર મૂકી તે સુકાઈ ન જાય તેમ થોડું થોડું પાણી છાંટતા જવું. આમ કરવાથી ઉપરના હાંડલામાં સફેદ

રાખી, ચંદનબટવાની લુગદીમાં મૂકી કપડમાટીના પાંચ પટ કરી, તેને વાલુકાયંત્રમાં મૂકી, મોઢું બંધ કરી ત્રણ પહોર સુધી આંચ આપવી, એટલે ભસ્મ થશે એ એક ચોખાભાર ખાવા આપવી. (૨) દુધેલીના રસમાં એક દિવસ સોમલ પલાળી રાખી, દુધેલીની લુગદીમાં મૂકી વ લુકાયંત્રમાં સિદ્ધ

રંગની ભૂકી ચોટશે. ઠંડુ થયે તે સાચવીને લઈ લેવું. એને સોમલનાં ફૂલ કહે. છે. લેતી વખતે કે ચુલા પરથી ઉતારતી વખતે તે ફૂલ ઉડી ન જાય એનાં ચીવટ રાખવી. (૧) સોમલની ભસ્મ કરવાની વિધિઃ—સફેદ સોમલ, સુરોખાર, છીપનો ચુનો, ટંકણખાર ફૂલાવેલો એ સર્વ બબ્બે તોલા તથા નવસાગર ૧૬ તોલા મેળવી બારીક પીસી આકડાના ૮ તોલા દૂધમાં ઘુંટવું. જ્યારે ટીકડી બાંધવા લાયક તૈયાર થાય ત્યારે બબ્બે તોલાની ટીકડી બાંધી સૂર્યના તાપમાં સુકાવી લેવી. પછી સંપુટ કરી મજબૂત કપડમાટી કરી સુકાવી ૫ શેર છાણાંની આંચ આપવી એટલે ભસ્મ તૈયાર થાય છે. માત્રા ાા થી ૧ રતી સુધી. સર્વ વસ્તુ ૨૪ તોલા પહેલાં હતી. ભસ્મ તૈયાર થઇ ત્યારે ૧૩ તોલા આશરે રહેશે. કારણ કે નવસાર અને સુરોખાર વજનમાં ઘટી જાય છે. આ ભસ્મ આદુનો રસ તથા મધ મેળવી આપવાથી અર્ધાંગવાયુ, ઉપદંશ, ગડીઆ વા, જીર્ણજ્વર, નવો તાવ, વાતવ્યાધિ, સન્નિપાત, પ્રમેહ વગેરેને નિર્મૂળ કરે છે. ન્યુમોનીઆમાં પસીનો લાવી જલદી તાપને કમી કરી નાખે છે; તેમજ ગલગંડ અને હરસના મસા ઉપર પણ આ ભસ્મ લાભદાયક છે. (૨) બીજો પ્રકારઃ—સફેદ સંખીઓ ૧ તોલો તથા ફટકડી ૨ તોલા લેવી. ફટકડી ૧ તોલાના ચૂર્ણને એક કુલડીમાં પાથરી ઉપર સંખીઆનું ચૂર્ણ નાખવું. પછી બાકી રહેલી ફટકડી ઉપર નાખી સંખીઆને ઢાંકી દેવો. કુલડી વધારે હાલીને સંખીઓ ખુલ્લો ન થઇ જાય એવી સંભાળ-પૂર્વક મજબૂત કપડમાટી કરવી. સુકાયા પછી ૪ શેર છાણાંની આંચ આપવી. સ્વાંગ શીતળ થયા પછી ભસ્મ કાઢી લેવી. આશરે ૧ તોલો મળે છે. આવી રીતે ભસ્મ કરવામાં ફટકડીનો રસ થઇ ઉડી જાય છે, તેમજ કેટલોક સોમલ પણ ઉડી જાય છે. કેટલોક ફટકડીના ફૂલામાં મળી જાય છે. માત્રા ાા રતી સાકરમાં મેળવી તાવ આવવા પહેલાં એક કલાક અગાઉ આપવાથી તાવ રોકાઇ જાય છે. વિષમજ્વર, આંતરે આવનારા તાવ, તરીઓ, ચોથીઓ વગેરે દૂર થાય છે. (૩) ત્રીજો પ્રકારઃ—સફેદ સોમલ ૨ તોલા તથા પાપડખાર ૮ તોલા લેવો. બીજા પ્રકારમાં લખેલી રીત મુજબ ભસ્મ કરવી. આ ભસ્મ રંગે કાળી થાય છે. ન્યુમોનીઆના દરદમાં ઘણી વખત આપી જોઇ છે. તરત ફાયદો બતાવે છે. માત્રા ાા થી ૧ રતી આદુના રસ તથા મધની સાથે આપવી. ઉધરસ તથા દમ પર પણ અપાય છે. આ ભસ્મ કરતી વખતે છાણાં ૨૦ શેર લેવાં. (૪) ચોથો પ્રકારઃ—સંખીઓ ૨ તોલા તથા કળીચૂનો ૨ તોલા લઇ કુંવારના રસમાં ખરલ કરી ટીકડી બનાવી, સુકાવીને શરાવસંપુટ કરી ૮ શેર છાણાંની આંચ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. માત્રા ૧ ચોખાભાર જેટલી ઘી તથા મધમાં આપવી. વિષમજ્વર, ઉધરસ, શ્વાસરોગ તથા ચર્મરોગનો નાશ કરે છે. ઉપર લખેલ ચારે પ્રકારની ભસ્મ અગ્નિપર નાખી પરીક્ષા કરવાની જરૂર નથી. જે ભસ્મ વાલુકાયંત્રમાં સોમલની ડલી રાખીને કરવામાં આવે છે, તેની અગ્નિ પર નાખીને પરીક્ષા કરવી પડે છે. (૫) સોમલનાં ફૂલ ઉડાડવાની વિધિઃ—સફેદ સોમલ, રસકપૂર, દાલચિકણા તથા હીંગળોક, એ ચારે વસ્તુ એકેક તોલો લઇ ત્રણ દિવસ તેજ દારૂમાં ઘુંટી ટીકડી બનાવી માટીના પ્યાલામાં નાખી ડમરૂયંત્રની રીતિથી ઉપર બીજો પ્યાલો રાખી બંનેની સંધિ મજબૂત રીતે બંધ કરવી. સુકાઇ જવા પછી એક નાના ચૂલા ઉપર રાખી બોરડીના લાકડાની આંચ આપવી. અંગુઠા જેટલાં જાડાં બે લાકડાં ચુલામાં રાખવાં. ચાર કલાક સુધી આંચ આપવી. ઉપરના પ્યાલા ઉપર ભીનું કપડું રાખવું. ચાર કલાક પછી સંપુટ ખોલી ઉપરની પ્યાલીમાં લાગેલાં ફૂલ સંભાળપૂર્વક કાઢી લેવાં. (જાડી હાંડી હોવાથી એક જગ્યાએ બાર કલાક અગ્નિ આપવાની જરૂર પડી હતી. નાનો સારો ચુલો તથા હિસાબસરના માટીના પ્યાલા હોય તો થોડા વખતમાં થઇ જાય છે.) આ ફૂલ ૧ ચોખાભાર પ્રમાણ માખણ અથવા મલાઇમાં આપવાં. દાંતને ન લાગે એ સંભાળવાનું છે. મલાઇમાં ગોળી કરી ગળી જવી અથવા શીરામાં ગોળી કરી ગળી જવી અથવા એક મુનક્કા દ્રાક્ષમાં નાખી બંધ કરી ઉપર બીજી મુનક્કા રાખી ગોળી ગળી જવી. પછી ઉપર માખણ, અથવા મલાઇ અથવા શીરો ખાવો. આ ઔષધિના સેવનથી

કરવો. સોમલની ભસ્મ નિર્ધૂમ થશે. તેજ ઔષધમાં યોજવી. એ વાત, કફ, શીત ઇત્યાદિ ઉપર આપવી. ઉપયોગ:—(૧) મૂળવ્યાધિ ઉપર:—સોમલ ઘીમાં ઘસી લેપ તેનો કરવો અને થોડો શેક આપવો. (૨) વિંછીના વિષ ઉપર:—સોમલ પાણીમાં ઘસી લેપ કરવો. (૩) ચાંદી, દાદર અને

ઉપદંશ, ગઠીઆ વાયુ, કુષ્ઠ, ગલગંડ, રક્તવિકાર, વિસ્ફોટક વગેરે રોગો નિર્મૂળ થાય છે. (૬) સોમલની ભસ્મ કરવાનો ૫ મો પ્રકાર:—મૂળા પંચાંગ બાળી ૨ શેર રાખ તૈયાર કરવી. ૧ શેર રાખ એક હાંડીમાં નાખી ઉપર બે તોલા સોમલની ડલી રાખવી. પછી ઉપર હાંડીમાં બીજી ૧ શેર રાખ નાખી દબાવી હાંડી ભરી લેવી. પછી ઢાંકણુ ઢાંકી મોઢા ઉપર કપડમાટી કરી લેવી. ત્યારપછી ચુલા પર ચઢાવી ૧૨ કલાક મંદ મંદ આંચ આપવી. ચુલામાં હાથના અંગુઠા જેટલી જાડી બે લાકડીની આંચ આપવી. ૧૨ કલાક પછી અગ્નિ આપવી બંધ કરવી. સ્વાંગ શીતળ થયેથી સોમલ કાઢી અગ્નિમાં નાખી પરીક્ષા કરી લેવી. કસર જણાય તો ફરીથી થોડો સમય અગ્નિ આપવી. માત્રા ૦॥ ચોખાભાર શીતજ્વર, ઉપરસ, શ્વાસ, કોઢ, લકવો અને નામર્દી આદિ અનેક રોગોને દૂર કરે છે. આ ભસ્મ ૪ તોલા મલાઈની સાથે શ્વાસરોગમાં આપવી. શીતજ્વર માટે સફેદ મરીના ૧ રતી ચૂર્ણમાં મેળવી ૬ માસા મધ મેળવી ચાટી જવી. ઉપર દૂધ પીવું. કુષ્ઠરોગ માટે મરીના ચૂર્ણ તથા ઘીમાં મેળવી ચાટી જઇ ઉપર મંજીષ્ઠાદિ ક્વાથ પીવરાવવો. ભોજન વખતે ઘી સારી રીતે ખવરાવવું. ચણાના ખાખરા તથા મગની દાળ ખાવા આપવી. દાળમાં થોડું સિંધાલૂણ નાખવું. (૭) સોમલનું ઘી—(નપુંસકતા માટે):—સફેદ સોમલ ૧૦ તોલાના ટુકડા લઈ આકડાના દૂધમાં ભીંજાવી દેવા. આઠમે દિવસે કાઢી ૨૦ તોલા ગાયનું ઘી મેળવી ત્રણ દિવસ બરાબર ઘુંટાઇ કરવી. ચોથે દિવસે નાની કડાઈમાં નાખી ચુલા ઉપર ચઢાવી મંદાગ્નિ આપવી. જ્યારે ઘી બિલકુલ નીતરીને ઉપર આવી જાય તથા સોમલ તળે બેસી જાય ત્યારે કડાઈ નીચે ઉતારી લેવી. પછી હાથ લગાડવા જેટલી કડાઇ ગરમ રહે ત્યારે હાથની હથેળીથી ધારે ધારે ઉપર ઉપરથી સંભાળપૂર્વક લુઇને બીજા કટોરામાં લેતા જવું. સંખીઆના પરમાણુ ન આવે તે સંભાળવાનું છે. આશરે પાંચેક તોલા સ્વચ્છ ઘી કાઢી એક શીશીમાં અલગ ભરી લો. બાકીના ઘીને અલગ રાખો. સ્વચ્છ ઘી ૫ તોલામાં કેસર તથા કસ્તૂરી દશ દશ રતી તથા જાયફળ, જાવંત્રી, લવંગ તથા બીરબહોટી પાંચ પાંચ માસા ખરલ કરી મેળવી લેવાં. બે દિવસ બરાબર ઘુંટવું. આ ઘૃત એક ચણા પ્રમાણે લઈ રાત્રે સૂતી વખતે ઇંદ્રિપર સોપારી તથા સીવનનો ભાગ બચાવી માલીશ કરવું. થોડા દિવસ માલીશ કરવાથી નપુંસકતા દૂર થાય છે. હસ્તમૈથુન અને ગુદામૈથુનથી ઉત્પન્ન થયેલી નામર્દાઇ માટે આ ઘૃત માલીશ કરે તથા ઉપર નાગરવેલનું પાન અથવા એરંડીઆનું પાન અથવા ભોજપત્ર અગ્નિ પર જરા ગરમ કરી લપેટી લે તથા ઉપર કપડાથી બાંધી લેવું. પાંચમે છઠ્ઠે દિવસે ઇંદ્રિના ઉપર નાની ફૂનસી થાય તો ગભરાવું નહિ. એવે વખતે ત્રણ ચાર દિવસ સોમલના ઘીની માલીશ બંધ કરી ધોયેલા ઘીની માલીશ દિવસમાં ત્રણ ચાર વખત કરવી. જ્યારે ફૂનસી મટે ત્યારે પુન: સોમલ ઘૃત માલીશ કરે. એવી રીતે ૧૫–૨૦ દિવસમાં આશાહીન રોગીઓને ચીરસ્થાયી લાભ થશે. બીજું ઘી અલગ રાખેલું છે તે કાચના પ્યાલામાં ભરી સૂર્યના તાપમાં રાખવું. એટલે ઉપરથી કેટલુંક નીતરી જશે. તે સંધિવાત ઉપર માલીશ કરવું. એકદમ નીચેનું રહે તે ઝેરી જંતુના ડંખ ઉપર લગાડવા માટે ઉપયોગમાં લેવું. (૮) સોમલનું તેલ:—(નપુંસકતા માટે) સફેદ સંખીઓ ૫ તોલા તથા કાગદી બદામનો મગજ ૧ શેર લેવો. કાગદી બદામને ગરમ પાણીમાં થોડો વખત ભીંજાવી ઉપરથી છોતરાં કાઢી નાખવાં. પછી થોડું પાણી છાંટી ચટણીની માફક બારીક બદામ વાટી લેવી. સારી રીતે વટાઇ જાય ત્યારે સંખીઆંનું ચૂર્ણ નાખી ૩ કલાક ખરલ કરવી. ત્યારપછી નાની નાની ગોળી બાંધી સૂર્યના તાપમાં રાખી સુકાવી લેવી. પછી કપડમાટી કરેલી અગ્નિશીશીમાં ગોળીઓ નાખી મોઢા પર લોઢાના બારીક તારની ગોળી કરી બુચની માફક લગાડી દેવું. ત્યારપછી પાતાલયંત્રથી તેલ કાઢી લેવું. આ તેલ ૧ સળી જેટલું પાનમાં ખાવા આપવું તથા એક આંગળી પર લઇ ઇંદ્રીપર રાત્રે માલીશ કરવી, જેથી નપુંસકતા થોડા દિવસમાં દૂર થાય છે. સંધિવા ઉપર માલીશ કરવાથી

આમડીની કાળાશ ઉપર:—જુમડ ઘસી તેમાં સોમલ ઘસી ચોપડવો.§

૫૭–સંચળ

સં૦ ક૦ સૌવર્ચલ. મ૦ પાદેલોણ, સંચળ. હિં૦ સોચરનોન, કાલા નીમક. બં૦ સચલ લવણ. તે૦ માલુ ક્પ્પુ. ફા૦ નમક સિયા. અ૦ મલા અસ્વદ. ઈં૦ ઉનાક્યા સોડીઅમ. લા૦ ઉનાક્યા સોડીઆઈ ક્લોરેડમ. એ જમીનમાંથી મળે છે. એનો રંગ રાતો હોય છે. સંયોગ:—રેચક, ખારો, તીખો, લઘુ, અપિત્તલ, ભેદક, રુચિકર, અગ્નિદીપક, પાચક, વિશદ, ઉષ્ણ, સૂક્ષ્મ, સ્નિગ્ધ, સુગંધી, ઉદ્ગારશુદ્ધિકારક, તીક્ષ્ણ તથા મલસ્તંભક છે; અને જંતુ, ઊર્ધ્વવાત, ગુલ્મ, આમશૂળ, આનાહ અને

સંધિવા દૂર થાય છે. શ્વાસના રોગીને એક સલાઇ પર લઇ પાનમાં એક ટીપું આપવું. આ તેલનું સેવન કરનારે ઘી ખૂબ ખાવું જોઇએ. સૂર્યનો તાપ તથા અગ્નિનું સેવન નહિ કરવું. ખટાઇ તથા ગોળ નહિ ખાવાં. (પાતાળયંત્રની સરળ રીતિ યંત્રની ટીપણીમાં આપેલી છે. તે મુજબ તેલ કાઢવાથી પુરેપૂરૂં તેલ થોડી મહેનતે નીકળે છે)

§ (૧) દૂઝતા હરસ ઉપર:—સોમલ ૧ રતી, રસાંજન (રસવંતી) ૩૦ રતી, સફેદ કાથો ૩૦ રતી, એ સર્વ વસ્તુનું બારીક ચૂર્ણ કરી લીંમડાના પાનના રસમાં ૬૦ ગોળી કરવી. રોજ એકેક ગોળી માખણમા મેળવી ખાવાથી લોહી પડતું હોય તે બંધ થઇ જાય છે. ઔષધિ સેવન કરનારે ઘી વધારે ખાવું તથા દૂધ નહિ ખાવું.

(૨) શ્વાસરોગ ઉપર:—શુદ્ધ સોમલ ૧ માસો લઇ બારીક ખરલ કરવો. પછી સફેદ મરીનું ચૂર્ણ ૧૧ માસા સારી રીતે ખરલ કરી મેળવવું. આ ચૂર્ણ શ્વાસના રોગીને આપવા પહેલાં ઘી તોલા ૨॥ થી ૪ સુધી શરીરની શક્તિ પ્રમાણે પીવરાવવું. અર્ધો કલાક પછી ઉપરની ઔષધિ ૧ રતી ૬ માસા મધમાં મેળવી ચાટી જવી, તથા ઉપર દૂધ પીવું. સવારે એકજ વખત આ દવા આપવી. વધારે જરૂરત જણાય તો રાત્રે આપવી; પણ રાત્રે ઘી પીવરાવવું નહિ કોઇકોઇને ઘીના સેવનને લીધે ચાર છ દિવસ પછી મરડો થાય છે, તો તેથી નહિ ગભરાતાં ૩-૪ દિવસ દવા બંધ કરી દેવી. પછી ફરીથી ચાલુ કરવી. આવી રીતે કરવાથી ૧૫ દિવસમાં જૂનો હઠીલો શ્વાસનો રોગ બિલકુલ નિર્મૂળ થાય છે. રોગ જવા પછી પણ રોજ સવારે ઘી પીવાનું અથવા મલાઇ ખાવાનું એક બે માસ સુધી ચાલુ રાખવું, જેથી ફેફસાં બળવાન બની જાય. તમાકુના વ્યસનીને આ દવા આપતાં પહેલાં તમાકુ છોડાવી દેવી. આ દવાની ગરમી વધારે જણાય ત્યારે મલાઇ ખાવા આપવી અથવા સિતોપલાદિ ચૂર્ણ અથવા ચ્યવનપ્રાશ અવલેહ આપવો.

(૩) શીતજ્વરહર ગુટિકા:—સફેદ સંખીઓ ૧ તોલો, સફેદ મરી ૧ તોલો તથા સોનાગેરૂ ૧ માસો, આ ત્રણે ઔષધિને બારીક ખરલ કરી કારેલાંના સ્વરસમાં ઘુંટી સરસવના જેવડી ગોળી બનાવવી. તાપ આવવાથી ૩ કલાક અગાઉ બે ગોળી પતાસામાં આપવી. એક કલાક પછી પાછી બે ગોળી એવીજ રીતે આપવી. વળી ત્રીજી વખત આપવી, તથા હાથ અને પગ ઉપર આકાશવેલની લુગદી જરૂરત જણાય તો બાંધવી. આવી રીતે આ ઔષધિ આપવાથી ઠંડી સહિત આવનાર તાવ બે ત્રણ દિવસમાં ચાલ્યો જાય છે.

(૪) નાડીવ્રણની ઔષધિ:—સફેદ સંખીઓ, સફેદ કાથો તથા ચૂનો સમભાગ મેળવી ખૂબ બારીક ખરલ કરી લેવું. પછી નાસુરની અંદર થોડું થોડું રોજ નાખવું. મોઢું જ્યારે પહોળું થાય ત્યારે સંખીઆ અને કાથાનું ચૂર્ણ ભરવું. આથી થોડા દિવસમાં જૂના નાડીવ્રણનો ઘાવ પણ ભરાઇને દરદ દૂર થાય છે.

(૫) મૃગીના દરદ ઉપર:— શુદ્ધ સોમલ, રસસિંદૂર તથા સોનાના વરક કલ્યાણઘૃતમાં મેળવીને ચાટવા આપવું. તથા કેળના રસમાં નવસાગર નાખી દિવસમાં બે ત્રણ વખત સુંઘાડવું. મૃગી આવે તેથી થોડા વખત પહેલાં કે તેજ વખતે અરીઠાનું ફીણ આંખમાં આંજવું. આવી રીતે એકાદ માસ સંભાળપૂર્વક ઇલાજ કરવાથી મૃગીરોગ દૂર થાય છે.

અરુચિનો નાશ કરે છે. ઉપયોગઃ—(૧) અજીર્ણ ઉપરઃ—સંચળ, આદુ અને લિંબુના રસમાં આપવો. (૨) શૂળ ઉપરઃ—સંચળ ઘીમાં આપવો. (૩) મળશુદ્ધિ ઉપરઃ—સંચળ અજમામાં આપવો અથવા અજમો મુંહમાં આપવો.

૫૮–सांबरलूण

સં૦ સાંભર. મ૦ સાંભરલોણ, ગડલોણ. હિં૦ સાંભરનોન. ક૦ ગાઢલવણું. ફા૦ મિલહે અવકીર.

એ સાંબર નામના સરોવરના પાણીથી ઉત્પન્ન થાય છે. સાંબરલુણઃ—દીપન, ઉષ્ણ, કોષ્ઠ-શુદ્ધિકારક, લઘુ, કિંચિત્ ખાટું, અભિષ્યંદિ, પાકકાળે તીખું, તીક્ષ્ણ, પિત્તકારક, ભેદક, વ્યવાયી, કફનાશક તથા સૂક્ષ્મ છે; અને અર્શ, કફ, આનાહવાયુ તથા મળ અને વાયુનો નાશ કરે છે. ઉપયોગઃ—ગુલ્મ, વાત, બરોળ, અજીર્ણ અને શૂળ ઉપરઃ—સાંબરલુણ અને ગોળને ગરમ પાણીમાં આપવું.

૫૯–सिंदूर

સં૦ સિંદૂર. મ૦ શેંદૂર. હિં૦ તે૦ સિંદૂર. અ૦ ઉતરંજ. ઇં૦ મીનીઅમ, રેડ લેડ. લા૦ પ્લંબં ઓકસાઇડમ્.

સિંદૂર એ સીસાની ઉપધાતુ છે. વિલાયત અને ચીન દેશમાં સિંદૂર તૈયાર કરવાનાં મોટાં મોટાં કારખાનાં છે. સિંદૂરનો પ્રયોગ ખાવાનાં ઔષધોમાં ક્યાંય પણ કહેલો નથી. *એ લેપાદિ કામમાં યોજવું.‡ હિમાલયાદિ પર્વત ઉપર નાના પાષાણોમાં રહેનારો પારો સુકાઇ લાલ થાય છે તેને ગિરિસિંદૂર કહે છે. આ ગિરિસિંદૂર સિંદૂર કરતાં ઘણીજ ભિન્ન જાતનું છે. સિંદૂરઃ—તીખું, કડવું, ભગ્નસંધાનકારક, વ્રણરોપણ તથા ઉષ્ણ છે; અને કંડૂ, વિષ, વિસર્પ, કુષ્ઠ, ત્વગ્દોષ તથા વ્રણનો નાશ કરે છે. ગિરિસિંદૂરઃ—ત્રિદોષશામક, ભેદક, પારદબંધક, રંગે અગ્નિ જેવું, લોહને આરક્ત કરનાર અને આંખોને હિતાવહ છે. ઉપયોગઃ—(૧) કાનમાંથી પરૂ વહે છે તે ઉપરઃ—સિંદૂર મધમાં મેળવી કાનમાં નાખવું. (૨) આંજણી ઉપરઃ—સિંદૂર ચોપડવું. (૩) ગુમડું, જખમ, ભગંદર, બદ અને ઉપદંશ ઉપર મલમઃ—સિંદૂર ૩ તોલા, મુરદારશિંગ ૧ તોલો, મોરથુથુ ૧ તોલો, મીણ ૧ તોલો અને તલનું તેલ ૬ તોલા; એમાંથી તલનું તેલ અને મીણ કઢવી તેમાં બીજા સર્વ પદાર્થો નાખી તાર આવે ત્યાંસુધી અગ્નિ ઉપર રાખવું. પછી તેની પટી લગાડવી. (૪) સિંદૂરનો કાળો મલમઃ—×સિંદૂર ૧૨ તોલા, મીણ ૦ાા તોલો અને

---

* સિંદૂરનો ખાવાની ઔષધિરૂપે ઉપયોગ કરવાથી કોઈ કોઇ વખત તાત્કાળિક લાભ જણાવાથી અનેક મૂર્ખ લોકો ઉપયોગ કરે છે, પણ એક લાભ થવાની સાથે બીજા નાના રોગનું કારણ શરીરમાં પ્રવેશ કરે છે. સિંદૂરને બદલે ખાવા માટે નાગભસ્મ આપે તો વધારે લાભદાયક કહેવાય. યુનાની મત મુજબ સીસાના પતરાને અથવા કલાઈના પતરાને સમભાગ સાકરની સાથે ત્રણ કલાક ખરલ કરવાથી જે ચૂર્ણ તૈયાર થઇ જાય છે તેનો ભસ્મની રીતે ઉપયોગ કરે છે. બંગ પ્રમેહવાળાને તથા સીસું પ્રદર ઉપર આપે છે. એથી તાત્કાલિક લાભ પણ જણાય છે. આ યુનાની રીતિ મુજબ ઇલાજ છે. આયુર્વેદના સિદ્ધાંતથી વિરુદ્ધ છે. જે વસ્તુના ઉપયોગથી શરીરમાં લાંબા વખત પછી હાનિ થાય તે વસ્તુનો ઉપયોગ આયુર્વેદમાં ક્યાંય પણ જોવામાં આવતો નથી.

‡ બાળકોને જ્યારે દાંત આવતા હોય ત્યારે દાંતિયું ગળું પડી તેનાથી બાળક ઝાડાના દરદમાં બેજાર થાય છે ત્યારે તેને ગાયની છાશમાં થોડું સિંદૂર નાખી પાવાથી આરામ થવાના ઘણા દાખલા અમારી નજરે આવ્યા છે; એટલુંજ નહિ પણ લિંબુની ચાર ઉભી ચીરીઓ જુદી ન પડી જાય તેવી (અથાણાની) રીતે કરી તે પર થોડું સિંદૂર ભભરાવી દેવતા ઉપર શેકીને જ્યારે તે સીજાઇ જાય ત્યારે તેનો રસ નીચોવી લઇ થોડો પાવાથી બાળકનો તો શું, પરંતુ મોટા માણસનો પણ જળપ્રવાહ પ્રમાણે વહેતો ઝાડો એકદમ બંધ થાય છે.

× આ મલમ તૈયાર કરતી વખતે અગ્નિ બહુજ મંદ આપવી. કડાઇ મોટી રાખવી, કે જેથી

મીઠું તેલ ૯ તોલા લઈ પ્રથમ મીણ અને તેલ, એ એક વાસણમાં નાખી ચૂલા ઉપર મૂકવું. મીણ ઓગળે એટલે તેમાં થોડું થોડું સિંદૂર નાખી તેને ચપટી સળી વડે હલાવવા માંડવું; એટલે કેટલીક વારે તેમાંનું સિંદૂર કાળું થાય છે. પછી તે મિશ્રણને ઉભરો આવવા માંડે છે. એવા ત્રણ–ચાર ઉભરા આવ્યા પછી સળીવડે તેનાં બે–ત્રણ ટીપાં પાણીમાં નાખવાં તથા તેની બે આંગળાઓની ચીમટી-વડે ગોળ ગોળી બને છે કે નહિ તે જોવું. ન થાય તો તે મિશ્રણ ગોળી થાય ત્યાંસુધી તેમજ ઘુંટતાં રહેવું. દેવતાની આંચ માત્ર મંદ કરવી. આ મલમની પટી આપવાથી વ્રણ જલદી ભરાઈ આવે છે. (૫) **ઢોરનું શિંગડું ભાગી ગયું હોય તો:**—તેલ, સિંદૂર અને માણસના કેશ એકત્ર કૂટી બાંધવા; કિંવા થોરનો રસ ૧ શેર, તેમાં ૪ તોલા સિંદૂર નાખી શિંગડાને રસથી ભીંજવી ઉપર કપડું લપેટવું.

६०–सिंधालुण

સં૦ ક૦ સૈંધવ. મ૦ શેંધેલોણ. હિં૦ સૈંધાનિમક, સૈંધાનોન, લાહોરી નિમક. બં૦ સૈંધવ લવણ. તે૦ સિંધુ ઉપ્પુ. ફા૦ નમકે સંગ, બિલોરી, નમકે સેંધ. અ૦ મિલહે હિંદી. ઇં૦ કલોરાઇડ ઑફ સોડીઅમ. લા૦ સોડીઆઇ કલોરીડમ. સિંધાલુણ ખાણમાંથી ઉત્પન્ન થાય છે. એનો વર્ણ ઘણોજ શુભ્ર હોય છે. એ સર્વ ક્ષારોમાં શ્રેષ્ઠ છે. જ્યાં મીઠું વર્જ્ય કરવું એવી પથ્ય હોય ત્યાં સિંધાલુણ થોડું ખાવા આપવું. એ પથ્યકર છે. **સિંધવ:**—રુચિકર, વૃષ્ય, ચક્ષુષ્ય, અગ્નિદીપક, શુદ્ધ, સ્વાદુ, લઘુ તથા સ્નિગ્ધ, પાચન, શીતળ, અવિદાહી સૂક્ષ્મ, હૃદ્ય, ત્રિદોષનાશક તેમજ વ્રણદોષ, મલસ્તંભ તથા હૃદ્રોગનો નાશ કરનાર છે. ઉપયોગ:—(૧) **શીતપિત્ત ઉપર:**—સિંધવ ઘીમાં અથવા તલના તેલમાં ઘસી ચોપડવું; અને કેટલીક વારે ગરમ પાણીવડે સ્નાન કરવું. (૨) **કર્ણશૂળ ઉપર:**—બકરીના મૂત્રમાં સિંધવ નાખી કોકરવર્ણું કરી કાનમાં નાખવું. (૩) **કર્ણમૂળ ઉપર:**—ઘેટીના મૂત્રમાં સિંધવ ઘસી કાનમાં નાખવો. (૪) **ઉલટી ઉપર:**—સિંધવ ઘીમાં ખરલ કરી આપવો. (૫) **ઉરૂસ્તંભ ઉપર:**—ગોમૂત્ર-માં સિંધવ નાખી ઉકાળી તેની બાફ આપવી. (૬) **અંડવૃદ્ધિ ઉપર:**—ગાયના ઘીમાં સિંધવનું ચૂર્ણ સાત દિવસ આપવું. (૭) **મૂળવ્યાધિ ઉપર:**—સિંધવ અને દેવડાંગરી(કુકડવેલ)નાં બીઆં કાંજીમાં વાટી મસાને લેપ કરવો; એટલે મોડ ગરી પડે છે. (૮) **કૂતરાના વિષ ઉપર:**—કુંવાર-ના રસમાં સિંધવ નાખી ગરમ કરી ૩ દિવસ પાવો.

३१–हरताल

સં૦ ક૦ હરિતાલ. મ૦ હિં૦ હરતાલ. તે૦ હરિતાલમુ. અ૦ જરનિખ અસ્ફર. ઇં૦ ઓર્પિ-મેન્ટ. લા૦ યલો આર્સેનિક સલ્ફાઇડમ્. હરતાલની ગણના ઉપરસમાં છે. ફટકડી અને અભ્રકમાંથી હરતાલ થાય છે. હરતાલ આઠ પ્રકારની છે. +એ સર્વમાં ગોદંતી હરતાલ ઉત્તમ છે. તેના અભાવે પત્રી લેવી; આ વયસ્થાપક છે. જે હરતાલ સોના જેવી ચકચકિત, અભ્રક જેવાં પતરાં છૂટવાવાળી, તે પત્રી હરતાલ; એ રસાયનાવસ્થે ઉત્તમ ગુણકારક છે. જે પિંડ જેવી હલકી અને જેમાં સત્ત્વ થોડું હોય છે તે પિંડહરતાલ. એ સ્ત્રીઓના પુષ્પનો નાશ કરે છે. **શુદ્ધ †હરતાલ:**—કાંતિ અને

ઉભરો આવી અગ્નિમાં તેલ અને ઔષધિ ન પડે. એક પંખો તૈયાર રાખવો, કે જેથી ઉભરો આવે ત્યારે પંખાથી વાયુ નાખવો. એક પણ પાણીનું ટીપું કડાઇમાં ન પડે તે સંભાળવું. કડાઇમાં પાણી પડવાથી તેલમાં આગ લાગી જાય છે. ચાસણી કદાચ કડક થઇ જાય તો ફરીથી બીજું અર્ધા વજને તેલ નાખી ઉકાળી મલમ તૈયાર કરી લેવો.

+ અહીં ભૂલથી ઉલટું લખાયેલું છે. પત્રી હરતાલ ઉત્તમ છે. અભાવમાં ગોદંતી લેવી, એમ લખવું જોઇએ. હરતાલનું શોધન અને મારણ આપેલ છે તે પત્રી હરતાલનુંજ આપેલ છે, ગોદંતીનું અપાયેલ નથી.

† હરતાલને પીળો સોમલ કહે છે; કેમકે એ સોમલ ૨ ભાગ અને ગંધક ૩ ભાગ લઇ તૈયાર કરે છે.

વીર્યને વધારે છે તથા કુષ્ઠ, કફરોગ, જરા અને મૃત્યુનો નાશ કરે છે. **અશુદ્ધ હરતાલ:—** આયુષ્યનો નાશ કરે છે તથા કફ, વાયુ, મેહ, તાપ, ફોલ્લા તથા અંગનો સંકોચ, એ વિકારો કરે છે.× **શોધન:—**હરતાલના બારિક કકડા કરી તેની કપડામાં પોટલી બાંધી દોલાયંત્રમાં ધાલી કાંજીમાં એક પહોરપર્યંત શીજવવી; તેમજ કોળાના રસમાં એક પહોર, તલના તેલમાં એક પહોર અને ત્રિફળાંના કાઢામાં એક પહોર શીજવવી; એટલે શુદ્ધ થાય છે. ***હરતાલ ભસ્મ:—**

× ભૂરા કોળાનો રસ અથવા નોખવેલ(નાકુલી)નો રસ અથવા જીરૂં અને સાકરનું સેવન કરવાથી હરતાલના દોષથી મુક્ત થવાય છે.

* (૧) **હરતાલભસ્મ કરવાની વિધિ:—**પાંચ તોલા હરતાલને પ્રથમ દહીંમાં ૭ દિવસ પડી રહેવા દેવી. પછી કાઢી કુંવારના અર્કમાં ખરલ કરી ટીકડી બનાવી સુકાવી લેવી. પછી પીપળાનાં લાકડાં બાળી ૨ાા શેર રાખ તૈયાર કરવી. રાખ કપડેથી ચાળી લેવી. પછી માટીના એક જાડા હાંડલામાં ૧ાા શેર રાખ ભરી ઉપર હરતાલની ટીકડી રાખવી. પછી ઉપર બાકીની ૧ાા શેર રાખ નાખી દબાવી હાંડલું ભરી આપવું. ત્યારપછી ચૂલા ઉપર ચઢાવી નીચે બોરડીનાં લાકડાંની આંચ આપવી. અગ્નિ બહુજ ઓછી હોવી જોઇએ. રાખના ઉપર પણ વારંવાર જોતા રહેવું. જો કોઈ જગ્યાએ ફાટ પડે તો થોડી રાખ નાખી દબાવી દેવું. જો સંભાળવામાં નહિ આવે તો હરતાલ ઉડી જશે. આવી રીતે ૧૮ કલાક અગ્નિ આપવી. પછી સ્વાંગ શીતળ થાય ત્યારે હાંડી ઉતારી ટીકડીઓ કાઢી લેવી. ટીકડીઓના ઉપર થોડી રાખ ચોટેલી હશે તે ચાકુથી છોલી નાખવી એટલે નીચેથી સફેદ હરતાલ ભસ્મ મળશે. કદાચ પીળો રંગ રહી જાય તો ફરીને આજ રીતે ૬ થી ૧૨ કલાક સુધી મંદાગ્નિ આપવી (આવી રીતે સોમલ પણ અઘેડાની રાખમાં તૈયાર થાય છે.)

(૨)બીજો પ્રકાર:—ભોંઇ રિંગણી પંચાંગ ૨૦ તોલા તથા ઇંડાના ટપર (છોતરાં) ૨૦ તોલા બંનેને વાટી ચટણી કરી વચ્ચે ૨ તોલા હરતાલનો ટુકડો રાખી ઉપર સાત કપડમાટી કરવી. ત્યાર પછી ૧૦ શેર છાણાની અંદર ફુંકી આપવાથી ભસ્મ તૈયાર થાય છે.

(૩) ત્રીજો પ્રકાર:—કાયફળ ૧૦ શેરને એક લોઢાના વાસણમાં બાળી સફેદ રાખ કરવી. આ રાખને ચાળી લેવી. પછી તેમાંથી અર્ધો ભાગ એક નાની જાડી હાંડલીમાં ભરી ઉપર બે તોલા હરતાલ રાખવી. પછી હરતાલ ન દેખાય એટલી રાખ ભરી એક સફેદ અભ્રકનું પતરું ગોળાકાર કાપી ઉપર રાખવું. ત્યાર પછી બાકીની રાખ ઉપર દબાવી હાંડલી ભરી આપવી. ત્યાર પછી નાના ચૂલા ઉપર મૂકી નીચે અંગુઠા જેવડાં બે લાકડાંની ૩ કલાક અગ્નિ આપવી. સ્વાંગ શીતળ થયેથી કાઢી લિંબુના રસમાં ખરલ કરી ટીકડી બાંધી ઉપરની રાખમાં દબાવી ફરીથી ત્રણ કલાક અગ્નિ આપવાથી સફેદ ભસ્મ બની થાય છે. પીળો રંગ જણાય તો એક વખત ફરીથી અગ્નિ આપવી.

(૪) **હરતાલનાં ફૂલ ઉડાવવાની વિધિ:—**પાંચ તોલા શુદ્ધ તપકીઆ હરતાલ લઇ મોટી મોટી ખાંડી લેવી. પછી એક નાની હાંડલીમાં નાખી હાંડલીના મોઢા ઉપર જાડા કાગળની ટોપી ચોંટાડી દેવી. કાગળની ટોપી હોવી જોઇએ કે પંજાબી સિપાઇ સાફાની અંદર ટોપી રાખે છે તેવા આકારવાળી બનાવવી. હાંડલી પર એવી રીતે ચોંટાડવી કે જરા પણ જગ્યા વાયુ આવવા જવાની ન રહે, તેમજ ટોપીમાં ઉપર પણ ન રહે. યંત્ર આવી રીતે તૈયાર કર્યા પછી નાના ચૂલા પર ચઢાવી સાવધાનતાપૂર્વક ૧૨ કલાક અગ્નિ થોડી થોડી આપવી. ટોપીમાંથી ધુમાડો ન નીકળે તે સંભાળવું. ધૂમાડો કોઇ પણ જગ્યાયેથી નીકળતો જણાય તો તે સ્થાન તરત બંધ કરી આપવું. સ્વાંગ શીતળ થયેથી કાતરથી ટોપીને કાતરી અલગ કરવી. હાંડીના ગળામાં તથા ટોપીની નીચેના ભાગમાં રવાદાર શ્વેત ફૂલ જે દેખાય તે ખોતરી લેવાં. ટોપીના ઉપરના ભાગમાં જે પીળો ભાગ લાગેલો હોય છે તે વિશુદ્ધ ગંધક છે તે પણ ઉપયોગી છે. કુષ્ઠ, ઉપદંશ તથા રક્તવિકારમાં લાભદાયક છે; આ હરતાલનાં ફૂલ ા રતી પ્રમાણે સર્પ કરડેલા મનુષ્યને પા પા કલાકે આપતા રહેવું. વધારે ગરમી જણાય તો દૂધમાં ઘી મેળવી પીવરાવવું. માથા ઉપર ઠંડા પાણીનો છંટકાવ વારંવાર કરતા રહેવું. એટલે ભયંકર સર્પવિષના ઝેરથી પણ મુક્ત થઇ જશે.

(શ્રી. કવિરાજ પ્રતાપસિંહજી રસાયનાચાર્યના લેખમાંથી)

(૧) શુદ્ધ હરતાલ એકવીસ દિવસ પીંપરના રસમાં ખરલ કરવી; તથા ગોળો કરી પીંપળાની રાખ વડે અર્ધો ભરેલા માટલામાં તે ગોળો મૂકી પછી મોઢાપર્યંત તેજ રાખ ભરી ઉપર ઢાંકણું બેસાડી કપડમાટી કરી હજાર છાણાંનો પુટ આપવો; એટલે ચાર પહોરમાં ભસ્મ થાય છે. એ ભસ્મ તપેલા લોઢા ઉપર નાખવા છતાં ધૂણી નીકળતી નથી અને શુભ્રવર્ણ થાય છે. (૨) એક ભાગ શુદ્ધ હરતાલ અને બે ભાગ ધૂંવાસ લઇ, માટલામાં આમલીની કિંવા પીંપળાની રાખોડી અર્ધી ભરી, તે ઉપર અર્ધો ધુવાસ ભરવો. તે ઉપર હરતાલ મૂકી પુનઃ ધૂંવાસ ઉપર નાખી તે ઉપર રાખોડી કંઠપર્યંત ભરી, મુખ ઉપર ઢાંકણું મૂકી, કપડમાટી કરી ચૂલા ઉપર મૂકવું અને ચાર પહોર અગ્નિ કરવો; એટલે હરતાલની ભસ્મ શુદ્ધ અને નિર્ધૂમ થાય છે. જે હરતાલની ભસ્મ અગ્નિ ઉપર નિર્ધૂમ રહે છે, તે ભસ્મ સારી થઈ એમ સમજવું; તે ધૂમાડાસહિત જણાય તો તે કાચી જાણવી. (૩) હરતાલ ૨ ભાગ, પારો ૧ ભાગ અને ફટકડી ૫ ભાગ, એ સર્વ ઔષધો એકત્ર કરી, ધોળી સાટોડીના રસમાં ખરલ કરવો. સૂકાયા પછી તેની થેપલી કરી શરાવસંપુટમાં ઘાલી સંધિલેપ કરવો અને ગજપુટ આપવો; એટલે સુંદર ભસ્મ થાય છે. એ ચોખા જેટલી આપવી. (૪) શુદ્ધ હરતાલ, કુંવાર, કોળું અને દહીંમાં ત્રણ ત્રણ વાર ઘુંટી ગોળો કરી સૂકવવી. પછી માટલામાં છ આંગળ મીઠું ભરી, તે ઉપર હરતાલ લોખંડની દાબડીમાં ભરી, બત્રીસ પહોર (ચાર દિવસ ને ચાર રાત્રિ) ક્રમથી (પ્રથમ મંદ, પછી મધ્યમ, અંતમાં તેજ) અગ્નિ કરવો; એટલે ચૂના જેવી ભસ્મ થાય છે. એ ચોખાભાર સાકરમાં આપવાથી વાતરક્ત અને જ્વરનો નાશ કરે છે. **હરતાલસત્વપાતનઃ**—(૧) હરતાલ તથા લાખ, રાઈ, તલ સરગવાની છાલ, ટંકણખાર, મીઠું અને ગોળ, એ પદાર્થો હરતાલના અર્ધા વજને લઈ તેમાં હરતાલ ખરલ કરી સચ્છિદ્ર કુલડીનું મોઢું બંધ કરવું; તથા પાતાળયંત્રવડે પુટ દેવો એટલે સત્ત્વ નીકળે છે. (૨) હરતાલ અને ટંકણખાર, ભેંસનું ઘી, મધ અને કળથીના કાઢાની ભાવના આપી, તે હાંલ્લીમાં ભરી, તે ઉપર સચ્છિદ્ર ઢાંકણું બેસાડી સંધિલેપ કરવો; અને છિદ્રને નળી બેસાડવી તથા ચાર પહોર અગ્નિ કરવો. નળીમાંથી ધોળી ધૂમાડી જવા લાગે એટલે અગ્નિ બંધ કરવો; પછી ઉપરની થાળી કાઢી સત્ત્વ લેવું. (૩) નેપાળાનાં બીઆં અને એરંડામાં હરતાલ ખરલ કરી શીશીમાં ભરવી; અને વાલુકાયંત્રમાં મૂકી સિદ્ધ કરી, શીશીના કંઠસ્થિત સત્ત્વ લેવું. **હરતાલસત્વ** દુઃસાધ્ય વાતરક્ત ઉપર એક ચોખાભાર આપવું: તથા પથ્યને માટે ચણા અને ઘી યોજવું; એટલે ચૌદ દિવસમાં રોગવર્જિત થશે. **હરતાલભસ્મનાં અનુપાનોઃ**—અર્ધી ચણોઠીભાર હરતાલભસ્મ છ વાલ ખડીસાકરમાં લેવાથી

---

(૫) **ગોદંતી હરતાલનું શોધન તથા મારણ:**—ગોદંતી હરતાલ સફેદ રંગની હોય તેને લાવી ગોમૂત્રમાં એક બે કલાક ઉકાળી સાફ પાણીથી ધોઇ લેવી. પછી આકડાના પાનને ખાંડી તેની વચ્ચે ગોદંતીના ટુકડાને રાખી કપડમાટી કરી ગજપુટ અગ્નિ આપવાથી ભસ્મ તૈયાર થાય છે. ગોદંતી ૧ શેર લેવી. આકડાનાં પાન લગભગ ૨ શેર લેવાં જોઇએ. આવી રીતે કુંવારના ગર્ભમાં કરી શકાય છે. ગોદંતી ભસ્મ સફેદ રંગની મુલાયમ બને છે. તે કપડેથી ચાળી શીશીમાં ભરી લેવી. ગોદંતી ભસ્મ ૩ રતીથી ૧ માસા સુધી દિવસમાં બે વખત આપવી. મધમાં મેળવી ચાટવા આપવી અથવા સાકરમાં મેળવી ખાઇ જવી. ઉપર એક ઘુંટડો પાણી પીવું. ગોદંતી ભસ્મ માથાનો દુખાવો, જીર્ણજ્વર, સ્ત્રીઓને થતો રક્તપ્રદર, ઉધરસ, શરીરની નિર્બળતા વગેરે પર અપાય છે. મેલેરીઆ ઉપર પણ સારૂં કામ આપે છે. નાનાં દૂધપીતાં બાળકોને પણ ૦ાા થી ૧ રતી પ્રમાણમાં માતાના દૂધની સાથે અથવા મધમાં તાવ, ઉધરસ, અજીર્ણ તથા કબજીઆત માટે અપાય છે.

(૬) **સંખીઆ ગોદંતી ભસ્મ:**—ગોદંતી ૫ તોલા, સોમલ સફેદ ૨ તોલા લઈ બારીક ચૂર્ણ કરી કુંવારના રસમાં ત્રણ કલાક ખરલ કરી ટીકડી બાંધવી. પછી શરાવમાં મૂકી મજબૂત ત્રણ કપડમાટી કરી ૧૫ શેર છાણાંની અગ્નિ આપવાથી ઉત્તમ પ્રકારની ભસ્મ બને છે. માત્રા ૧ રતી મલાઈ ૪ તોલાની સાથે આપવાથી શ્વાસ, જીર્ણજ્વર અને નિર્બળતા દૂર થાય છે. આ ભસ્મ લેનારે ઘી ખૂબ ખાવું તથા ખટાશ બિલકુલ નહિ ખાવી.

એંશી પ્રકારના વાયુ, કફ, પિત્ત, કુષ્ઠ, પ્રમેહ અને અર્શનો નાશ કરે છે. હરતાલભસ્મ એક ચણોઠીભાર ગળોના કાઢામાં લેવાથી ઉપદ્રવયુક્ત વાતરક્ત અને ૧૮ કુષ્ઠોનો નાશ કરે છે. હરતાલભસ્મ વછનાગ અને જીરામાં અપસ્માર ઉપર, આંબાહળદરમાં રક્તવિકાર ઉપર, સમુદ્રફળમાં જલોદર ઉપર, દેવદાલી(કુકડવેલ)ના રસમાં ભગંદર ઉપર અને ફિરંગોપદંશ, વિસર્પ, મંડળ, કંડૂ, ખસ, ફોલ્લા, વાતરક્તસંબંધી વિકાર, વિષ, પિત્ત, કફ અને વ્રણ ઉપર અનુપાનપરત્વે આપવી. જ્વર, ક્ષય તથા પાંડુરોગને માટે ખડીસાકરમાં આપવી. વાયુ, શૂળ અને બાળંત (સૂવા) રોગ ઉપર આદાના રસમાં આપવી. સન્નિપાત, અર્ધાંગવાયુ અને વાયુગોળા ઉપર એજ અનુપાનમાં આપવી. નિર્બળ માણસને જાયફળમાં, ક્ષય ઉપર પાનમાં, વીર્યવૃદ્ધિ ઉપર પાકેલાં પાન સાથે, ઊર્ધ્વશ્વાસ ઉપર હરડે સાથે, સુસ્તાઇ(નિર્બળતાને)ને માટે નગોડ સાથે, દુર્ગંધી ઉપર ચંપાનાં ફૂલમાં અથવા સુગંધી પદાર્થો સાથે, વાયુ ઉપર આદાના રસમાં, પ્રમેહ ઉપર તુલસીના રસમાં, જલોદર ઉપર બકરીના મૂત્રમાં, શૈત્ય ઉપર કેસર અને જાવંત્રીમાં, અગ્નિમાંદ્ય ઉપર મધ અને લીંડીપીંપરમાં, સ્તંભનને માટે લવંગ તજ તથા કપૂરની સાથે, અષ્ટાદશ કુષ્ઠો ઉપર નિગુંડી સાથે અને કામવૃદ્ધિ ઉપર ગાયના દૂધ સાથે આપવી. **પથ્ય:**—ઘી, ભાત અથવા ગાયનું દૂધ. **ઉપયોગ:**—(૧) **વિંછીના વિષ ઉપર:**—હરતાલ અને નવસાગર પાણીમાં વાટી લેપ કરવો અથવા એની ગોળી કરી તે ઘસી ચોપડવી; એટલે વેદના તત્કાળ નાશ થાય છે. (૨) **કર્ણકીટ દૂર થવા માટે:**—હરતાલ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો. (૩) **ગંડમાલા અને ગલગંડ ઉપર:**—હરતાલ ગોમૂત્રમાં ઘસી લેપ કરવો. (૪) **નિર્લોમકરણ:**—હરતાલ ૧ ભાગ, શંખચૂર્ણ ૫ ભાગ અને ખાખરાની ભસ્મ ૧ ભાગ એકત્ર કરી લેપ કરવો. (૫) **ફોડા ઉપર:**—હરતાલ અને કળીચૂનો પાણીમાં વાટી લેપ કરવો.* (૬) **મૂળવ્યાધિ ઉપર:**—થુરીઆના અને કરંજના રસમાં હરતાલ ઘસી લેપ કરવો; એટલે સોજાયુક્ત વાતાર્શનો નાશ થાય છે.×

૬૨-हिराकसी

સં૦ કા૦ કાસીસ. મ૦ હિરાકસ. હિં૦ કસીસ. ફા૦ જાકે સબ્જ. અ૦ જાજે અખદર, જાજે અસ્ફદર ઇં૦ સલ્ફેટ ઑફ આયર્ન. લા૦ ફેરી સલ્ફાસ. હિરાકસીની ઉપરસમાં મણના છે. હિરાકસી વાલુક અને પુષ્પવાલુક એમ બે પ્રકારની છે. હિરાકસીનો રંગ લગારેક ધોળો અને નીલ (કાળો, ગળીવરણો) હોય છે. જે કિંચિત્ પીળા રંગની હિરાકસી હોય છે; તેને પુષ્પવાલુક કહે છે. **હિરાકસી:**—અતિ પ્રશસ્ત, ઉષ્ણ, તૂરી, ખાટી તથા નેત્રોને હિતાવહ છે; અને વિષ, વાયુ, કફ, વ્રણ, શ્વેત કોઢ. ક્ષય, કેશ, નેત્ર, કંડૂ, મૂત્રકૃચ્છ્ર તથા અશ્મરીનો નાશ કરે છે. **શોધન:**—હિરાકસી એક વાર

---

* હરતાલ તથા ચુનો લગાડવાથી વાળ પણ ચાલ્યા જાય છે. માટે આ ઉપાય વિચારપૂર્વક કરવો.

×૧) **હરસના મસા ઉપર:**—(અર્શોહર દ્રાવ) તપકીઆ હરતાલ ૧ તોલો, ઝેરકોચલાં ૧ તોલો તથા અફીણ ૧ તોલો લઇ બારીક વાટી ૨ શેર પાણીમાં મેળવી ક્વાથ કરવો. જ્યારે પાણી આશરે ૭-૮ તોલા રહે ત્યારે ઉતારી ઉપરથી પાણી નીતારી શીશીમાં ભરી લેવું. હરસવાળાને પહેલે દિવસે જુલાબ આપી મસાને ઘોડાના વાળથી મજબૂત બાંધી આપવો. પછી ત્રણ દિવસ સુધી ઉપરનું પાણી ચોપડવું. ચોથે દિવસે મસો મરી ગયો હોય તો ચીપીઆથી ખેંચી લેવો. મસો મરી ન ગયો હોય તો ફરીને એક બે દિવસ પાણી ચોપડવું. પછી મસો ખેંચી લેવો. જે વ્રણ થાય તેના ઉપર જસતની ભસ્મ અથવા સફેદો માખણમાં મેળવી ચોપડતા રહેવું. એટલે થોડા દિવસમાં નવી સારી ચામડી આવી જાય છે. ઔષધિનો પ્રયોગ ચાલતો હોય ત્યાંસુધી વધારે ફરવું નહિ, તેમજ વધારે મહેનતવાળું કામ ન કરવું.

(૨) **સફેદ કુષ્ઠ ઉપર લેપ:**—પતરી હરતાલ તોલા ૫, બાવચી તોલા ૧૦, મનશીલ તોલો ૧, ચિત્રકમૂળ તોલા ૨ તથા હલદર તોલા ૨ લઇ સર્વ વસ્તુઓને ખાંડી બારીક ચૂર્ણ કરી ગોમૂત્રમાં ૩ દિવસ ભીંજાવી દેવું. પછી ખરલ કરી સોગઠી બાંધવી. સુકાઇ ગયા પછી ગોમૂત્રમાં ઘસી કુષ્ઠના ઉપર લેપ કરવાથી થોડા દિવસમાં ફોલ્લા ઉઠી પાકી જઇ રૂઝ આવી જાય છે.

ભાંગરાના રસમાં પચન કરવી, એટલે શુદ્ધ થાય છે. મારણ:—ગંધક તથા હિરાકસીનો એકત્ર પુટ આપવો એટલે ભસ્મ થાય છે. ઉપયોગ:—(૧) ગંડમાલા ઉપર:—હિરાકસી અને ભિલામો અથવા માત્ર હિરાકસી આકડાના દૂધમાં ઘસી લેપ કરવો. (૨) વૃષણકૃચ્છ્ર (વૃષણને ખંજવાળવાથી ફોલ્લાઓ થાય છે તે) અને અહિપતન (બાળકોની ગુદા ન ધોવાથી તેમાં કંડૂ ઉત્પન્ન થઇ ફોલ્લીઓ થાય છે તે) ઉપર:—હિરાકસી, ગોરોચન, મોરથુથુ, હરતાલ અને રસાંજનનો લિંબુના રસમાં ખરલ કરી લેપ કરવો. (૩) પાંડુ, ક્ષય, ગુલ્મ, બરોળ, શૂળ અને સંપૂર્ણ નેત્રરોગ ઉપર:—હિરાકસીની ભસ્મ, ત્રિફળાં અને મરી એકત્ર કરી તે ૦। તોલો ઘી અને મધમાં એક મહિનો આપવું.

६३–हिंगळोक

સં૦ બં૦ હિંગુલ. મ૦ હિંગુળ. હિં૦ સીંગરફ. ક૦ હિંગુલીયક. તૈ૦ હંગિલા કામુ ફા૦ સીંગ્રફ. અ૦ અંજફર. ઇં૦ રેડ સલ્ફયુરેટ ઑફ મરકયુરી, નેટીવ સીનાબાર. લા૦ હાઈડ્રાર્જિરી સલફયુરેટમ.

હિંગળોકની ઉત્પત્તિ:—અશુદ્ધ પારો ૧ ભાગ અને ગંધક ૪ ભાગને લોઢાના વાસણમાં કઢવી એકત્ર કરી તેના કકડા કરી, કાચની શીશીમાં ભરી તેને એક આંગળ કપડમાટીનો લેપ કરી છાયામાં સૂકવી, વાલુકાયંત્રમાં એક દિવસ અગ્નિ આપવો; પછી પાંચ દિવસ સુધી ક્રમવૃદ્ધિએ અગ્નિ કરી સાતમે દિવસે કાઢી લેવો. તે હિંગળોક ઘણો ઉત્તમ હોય છે.* **શોધન:**—(૧) હિંગળોક ખલમાં નાખી મેંઢીના દૂધના સાત પુટો તથા લિંબુના રસના સાત પુટો એવા ચૌદ પુટો આપવા; એટલે હિંગળોક શુદ્ધ થાય છે. (૨) હિંગળોક આદાના રસમાં સાત વાર, મોટા ચુકાના

---

* બજારમાં હિંગળોક આવે છે તેમાં "રૂમી સીંગરફ" સર્વથી સારો કહેવાય છે. કારણ કે ૧ શેર રૂમી હિંગળોકમાંથી પોણા શેરથી વધારે પારો નીકળે છે.

હિંગળોકમાંથી પારો કાઢવાની વિધિ:—(૧) પ્રથમ હિંગળોકને લીમડાના પાનના રસમાં અથવા લિંબુના રસમાં ૩ કલાક ખરલ કરી નાની નાની ટીકડી બનાવવી. પછી સૂકાવી ડમરૂયંત્રમાં ટીકડી ભરી મજબૂત પેક કરી ચુલા પર રાખી બાર કલાક અગ્નિ આપવી. ઉપરના ઘડા પર ભીના કપડાની ગડી વારંવાર બદલતા રહેવું. નીચેની હાંડી પર પાણીનું ટીપું ન પડે તે સંભાળવું. બાર કલાક અગ્નિ આપ્યા પછી હાંડી ઠંડી થાય ત્યારે સાવધાનીથી સંપુટ આડું રાખીને ખોલવું તથા ઉપરની હાંડીમાં તળીએ ચોંટેલો પારો કાઢી લેવો. નીચે રહેલી સીંગરફની રાખમાં કદાચ પારો રહી ગયો હોય તો ફરીથી પેક કરી આવીજ રીતે કાઢી લેવો.

(૨) બીજો પ્રકાર:—ડમરૂયંત્રની રીતે પેક કરવાને બદલે નીચેની હાંડલીથી બે મોટી તાવડી બરાબર સરખા રીતે હાંડલીના ઉપર રહે જેમાં વચ્ચે સાંધો ખુલ્લો ન જણાય તેવી લેવી. એક તાવડી વારંવાર પા પા કલાકે ઉતારી બીજી તાવડી ઉપર રાખી આપવી. તાવડીના ઉપર ભીનું કપડું રાખવું. વારંવાર લાગેલો પારો ખોલતા જવું. આવી રીતે કરવાથી પણ ૮–૧૦ કલાકમાં સર્વ પારો નીકળી આવે છે.

(૩) **ત્રીજો પ્રકાર:**—પ્રથમ પ્રકારમાં કહેલી રીતે હિંગળોકની ટીકડી બનાવી હિંગળોકના વજનથી બમણાં ચીંથરાં લઇ પાથરી તેમાં હિંગળોક એકસરખી લાઇનમાં રાખી પડદાની માફક કપડાને વિંટી લેવાં. પછી એક પહોળા વાસણમાં રાખી દિવાસળીથી સળગાવવાં. ઉપર એક માટીનું કુંડું ઉલટું ઢાંકી દેવું, પણ માટીનું કુંડું થોડું ઉંચુ રહે હવા આવવા માટે ઇંચ જેટલી જગ્યા નીચે ખાલી રહે એવી રીતે રાખવા માટે નીચે ત્રણ ઇંટ રાખી તે ઉપર મૂકવું. જ્યારે કપડાં બળી રહે ત્યારે ઉપરના કુંડા નીચે લાગેલા પારાને ખોલી લેવો. નીચેના વાસણમાં રહી ગયો હોય તેને પાણીથી ધોઇને કાઢી લેવો. કદાચ હિંગળોકને લિંબુના રસની ભાવના ન આપે એમ ને એમ ચૂર્ણ કરી પાથરી કપડાં લપેટી દે તોપણ પારો નીકળી આવે છે.

રસમાં સાત વાર એવી રીતે ભાવનાઓ આપી સૂકવવું; એટલે નિર્દોષ થાય છે. **મારણ:**—(૧) એક વાલ હરતાલની ભૂકી કોડીઆમાં નાખી તે ઉપર એક તોલો હિંગળોકનો કાંકરો મૂકી બે તોલા આદાનો રસ નાખવો તથા તેની આસપાસ ૩ માસા લવંગ પાથરવાં; પછી તે ચૂલા ઉપર મૂકી મંદાગ્નિવડે ત્રણ ઘટિકા પચન કરવું; પછી ઉતારી વાટી રાખવું. તે પાનમાં એક ગુંજાભાર આપવું. આ ભસ્મ પુષ્ટિકારક છે. એ પાંડુ, શૂળ, ક્ષય તથા સર્વરોગ ઉપર આપવી. (૨) હિંગળોકના ચણા જેવડા કકડા કરી ચંદ્રકાંતના અથવા લોખંડના વાસણમાં નાખી ફૂંકવા. તે ગરમ થાય એટલે તેમાં મેંઢીના દૂધવડે દશ વાર, આકડાના દૂધ વડે દશ વાર, દીપ્તવર્ગ વડે દશ વાર, કપીલા વડે પાંચ વાર અને દુગ્ધવર્ગ વડે ૫ વાર એવી રીતે વાસણમાં ભાવનાઓ આપવાથી તૈયાર થાય છે. આ શતાર્ક હિંગળોક અનેક રોગોનો નાશ કરે છે તથા ભૂખ વધારે છે. એ અનુપાન વડે સર્વ રોગો ઉપર આપવી. **હિંગળોક:**—કડવું, તૂરૂં અને તીખું છે; તથા નેત્રરોગ, કફ, પિત્ત, હલ્લાસ, કોઢ, જ્વર, કમળો, પ્લીહા અને આમવાતનો નાશ કરે છે. **ઉપયોગ:**—(૧) **ઉપદંશ ઉપર:**—આકડાનાં મૂળની છાલ અને હિંગળોકની ધૂણી શિશ્નને આપવી; એટલે ચાંદી તથા સોજા ત્વરિત દૂર થાય છે. (૨) **વ્રણ ઉપર:**—ઇસબંદ અને હિંગળોકની ધૂણી આપવી.†

† (૧) **હિંગળોકની ભસ્મ કરવાની વિધિ:**—૨ તોલા હિંગળોક (રૂમીસીંગરફ) તથા ૪ તોલા લાલ અથવા ગુલાબી ફટકડી લઈ બંનેને અલગ અલગ બારીક વાટવાં. પછી એક શરાવમાં ૨ તોલા ફટકડીનું ચૂર્ણ નાખી ઉપર હિંગળોકનું ચૂર્ણ મૂકવું. ત્યારપછી બાકી રહેલ ફટકડીનું ચૂર્ણ ઉપર નાખી હિંગળોક દબાવી દેવો. પછી બરાબર બંધબેસતું બીજું શરાવ ઉપર રાખી મજબૂત કપડમાટી કરવી. કપડમાટી કરતી વખતે શરાવ આમ તેમ હાલીને ફટકડી ઉપરથી પડી જઇને હિંગળોક ખુલ્લો ન થઇ જાય તે સંભાળવાનું છે. કપડમાટી સારી સુકાય ત્યારે ૪ શેર છાણાંની આંચ આપવી. સ્વાંગ શીતળ થયેથી કાઢી વાટી શીશીમાં ભરવી. આ ભસ્મ ગુલાબી રંગની થાય છે. વજન આશરે બે તોલા રહેશે. ફટકડીનો ઘણો ભાગ બળી જાય છે, તેમજ હિંગળોકમાંથી કેટલોક પારો ઉડી જાય છે. જે ફટકડીના ફૂલાના રૂપમાં ભસ્મ મળે છે. તેમાં હિંગળોકના સંયોગથી કેટલોક ગુણ આવી ગયો છે. આ ભસ્મની માત્રા ૧ થી ૩ રતી છે. દિવસમાં બે વખત આપવી. પિત્તજ્વર ઉપર સાકર સાથે. વિષમજ્વરમાં નાની હરડે(હીમજ)ના ચૂર્ણ સાથે. નિર્બલતા દૂર કરવા તથા પ્રમેહ ઉપર મલાઇ તથા સાકર સાથે આપવી. ખાંસી તથા દમ ઉપર નાગરવેલના પાનમાં આપવી.

(૨) **બીજો પ્રકાર:**—૪ તોલા રૂમી સીંગરફ લઇ એક રિંગણા(માર બેંગન)માં ભરી ઉપર ઘઉંના આટાથી પેક કરવું. પછી બાટી શેકે છે તેવી રીતે ગરમ રાખમાં રિંગણું સારી રીતે બફાઇ જાય ત્યાં સુધી દબાવી રાખવું. પછી ખોલી કાઢી બીજા રિંગણામાં ઉપર મુજબ પેક કરી બાફવું. આવી રીતે ૨૧ રિંગણાંમાં હિંગળોકને બાફવાથી ભસ્મ તૈયાર થાય છે. આ ભસ્મનો ઉપયોગ રસસિંદૂર દ્વિગુણગંધકની રીતની બદલીમાં કરવો. માત્રા ૧ થી ૨ રતી, નિર્બળતા તથા પ્રમેહ દૂર કરવા માટે મધ તથા લીંડીપીપરની સાથે. તાવ, ઉધરસ, વાતરોગ, ઉદરરોગ વગેરે રોગમાં આપી શકાય છે.

५–औषधिक्रिया

रसायन चूर्ण, गुटी, क्वाथ, योग, लेप, अर्क, आसव, अंजन, तेल, धृत, क्षार अने मलमनो विधि, गुण तथा उपयोग ईत्यादि.

अल्पस्यापि महार्थत्वं प्रभूतस्याल्पकर्मणाम् ॥
कुर्यात्संयोगविश्लेषान् कालसंस्कारयुक्तिभिः ॥ १ ॥

१–रसायन

(१) रसोपयोगी विषये।

१ **अग्निना प्रकार:**—रसायनोने माटे धूम्राग्नि, दीप्ताग्नि, मंदाग्नि, मध्यमाग्नि, खराग्नि अने भडाग्नि, एम छ प्रकारनो अग्नि छे. जे लाकडां अग्नि आपवामां वापरवां, ते झाडीमां सारां सूकायलां मूठीमां आवी शके तेवां जाडां अने खेर आदिकनां होय तेने **काष्ठमान;** एटले के अग्नि आपवा माटे जाडाई वगेरेमां योग्यतावाळां कहे छे. ज्वाळा नहि नीकळतां जे अग्निमांथी मात्र धूमाडोज नीकळे तेने **धूम्राग्नि** कहे छे. मूठीमां आवी शके तेटला जाडा लाकडानी आठमा भागनी चीरीने सळगावी जे अग्नि करे ते **दीप्ताग्नि;** अने चोथा भागनी चीरी वडे जे अग्नि करे तेने **मंदाग्नि** जाणवो. एक लाकडानी बे चीरीएा साथे सळगावीने करेला अग्निने **मध्यमाग्नि** अने एवी पांच चीरीएा साथे सळगवा मूकीने करेलो अग्नि ते **खराग्नि** छे; ए सर्व काममां योग्य छे. वळी जे अग्निथी पात्रना मथाळा सुधी चोतरफ ज्वाळाएा प्रसरे तेने **भडाग्नि** जाणवो.

२ **पुट आपवाना प्रकार:**—(१) लांबो, पहोळो अने उंडो बब्बे हाथ खाडो खोदी तेमां अडधां अडायां छाणां भरी तेना उपर कपडमाटी करेल शराव अथवा मूस गोठवी, उपर छाणां भरी पुट आपे ते **महापुट.** (२) दोढ हाथ लांबो, पहोळो अने उंडो खाडो खोदी उपर कहेली रीते पुट आपे ते **गजपुट** अथवा **माहींषपुट.** (३) एक हाथ जेटलो लांबो, पहोळो अने उंडो खाडो खोदी तेमां पुट आपे ते **वराहपुट.** (४) एक वेंत लांबो, पहोळो अने उंडो खाडो खोदी पुट आपे ते **कुक्कटपुट.** (५) वेंतभर खाडामां मात्र सात अथवा आठ छाणां मूकी पुट आपे ते **कपोतपुट.** (६) भूमि उपर छाणांनो अडधो चूरो (गोबर) नाखी तेना उपर शराव ईत्यादि राखी, उपर बाकीनो गोबर नाखी ढांकीने उपर अग्नि आपे ते **गोबरपुट.** आ पुटमां खाडानुं अने गोबरनुं प्रमाण नथी; माटे मृदु अथवा कठिन द्रव्य होय तेना प्रमाणमां १०० अथवा ५० अथवा ३० अडायां छाणांमां पुट आपवो. (७) माटीनी गागर लई तेने हाथनी आंगळी आवे तेवां ४० थी ५० काणां पाडी तेमां अडधा कोलसा भरी तेना उपर कपडमाटी करेलुं शराव अथवा मूस राखी तेना उपर बीजा कोलसा नाखी माटीना अथवा ईंटोना चूला उपर गोठवी सळगाववुं; अने ए अग्नि त्रीजा दिवसे ठरी गया पछी मांहेनुं औषध काढी लेवुं; तेने **कुंभपुट** कहे छे.

(૨) યંત્રો

૧ ડમરૂયંત્ર:—(૧) નીચેનું માટલું નાનું અને ઉપરનું એનાથી બમણું મોટું એવાં બે માટલાં લાવી તેની અંદર અને બહાર ખડીનો અથવા ગોપીચંદનનો સારો લેપ કરી સૂકવી નાખવો. પછી નાના માટલામાં લિંબુના રસમાં ખરલ કરેલ હિંગળોક રાખી તેના ઉપર મોટી માટલી ઉંધી વાળવી; અને બન્ને માટલીઓના મોઢાના સાંધાને ચૂનો ૧ ભાગ અને ઘઉંની કણક બે ભાગ લઈ પાણીથી એકત્ર કાલવી તે વડે ચોકસીથી બંધ કરવાં; અથવા ગોપીચંદનથી કપડ-માટી કરવી; એને ડમરૂયંત્ર કહે છે. આ યંત્ર ચૂલા ઉપર ગોઠવીને નીચે ચાર પ્રહર અગ્નિ આપવો અને ઉપરના માટલાના તળીઆપર ભીંજવેલા લૂગડાની આઠ કે સોળ પટ કરેલી ગડી મૂકી તે સૂકાઇ ન જાય તેટલા માટે વખતોવખત તેના ઉપર પાણી નાખતાં જવું, સૂકાવા દેવું નહિ; એટલે હિંગળોકમાંથી પારો ઉડી ઉપરના મટકાના તળીઆને જઈ ચોંટે છે. તેને યુક્તિથી કાઢી લેવો. આજ પ્રમાણે નાનું યંત્ર કરીને કપૂરનાં ફૂલ પાડવાં; પરંતુ નીચે ચૂલામાં બળતણના બદલે ઘીમાં ભીંજવેલો કાકડો સળગાવવો એટલે ફૂલ સારાં પડશે.

૨ ઊર્ધ્વનલિકા યંત્ર:—એક તપેલામાં ઔષધો નાખી તેના મોઢા પર ઢાંકણું વચ્ચોવચ્ચ અંગુઠા જેવડા છિદ્રવાળું મજબૂત બેસાડી તે છિદ્રમાં નળી બેસાડી તે તપેલું ચૂલા ઉપર મૂકી નીચે તાપ કરવો; અને તે નળીનો બીજો છેડો વાસણ તરફના છેડા કરતાં નીચો રહે તેમ કરીને તે બીજા છેડા નીચે ખુલ્લા મુખવાળું એક બીજું વાસણ મૂકવું. નળીવાટે તે વાસણમાં અર્ક પડે છે. તે અર્ક ઉપર તેલ તરી આવે છે, તેને **અત્તર** કહે છે.

૩ વાલુકાયંત્ર:—ગોળ આતસી (અગ્નિ સહન કરે તેવી) શીશી લાવી ગોપીચંદનની માટીથી સાત કપડમાટી કરવી; પછી પહોળા મોઢાનું માટીનું હાંડલું લઇ તેની નીચે હાથનો અંગુઠો જાય એવડું છિદ્ર પાડવું;+ અને જે રસાયન કરવાનું હોય તેની કાજળી તે આતસી શીશીમાં નાખી, તે શીશી તે હાંડલામાં છિદ્ર ઉપર સીધી ઉભી પકડી રાખીને, તેની નીચે પાણીથી કાલવેલી માટી અથવા ઘઉંના લોટના લોંદાથી તે હાલે નહિ એવી રીતે ગોઠવવી. પછી મીઠા પાણીની એટલે નદીની (સમુદ્રકિનારાની નહિ) રેતી શીશીના ગળા સુધી ચોતરફ ભરવી; અને તે હાંડલું ચૂલા ઉપર ચઢાવીને જેવો અગ્નિ કહેલો હોય તેવો તેની નીચે કરવો. શીશીમાં કાજળી સૂકીજ ભરવી; લીલી અથવા ભેજવાળી નહિ ભરવી.×

૪ ભૂધરયંત્ર:—સવા હાથ ચારે ખૂણે સરખો ખાડો કરી તેની વચ્ચે એક વેંતની ચારે ખૂણે સરખી એવી નાની ખાડી કરી, તેમાં ઔષધ નાખેલો સરવો અથવા મૂસ મૂકીને બે અથવા ત્રણ આંગળ માટી અગર રેત તે પર પાથરી બાકીના ભાગમાં છાણાં નાખી અગ્નિ આપે તે **ભૂધર યંત્ર.**

૫ દોલાયંત્ર:—ઔષધિથી મિશ્ર પારો લઈ તેને ત્રણ ભોજપત્રથી લપેટી પછી તેની લૂગડા-થી પોટલી બાંધવી; અને એક મજબૂત સળી લઈ તેને માટલાના મોઢા ઉપર આડી મૂકવી. એ સળીની વચ્ચોવચ્ચ દોરા બાંધી તેને બીજે છેડે તે પોટલી એટલે ઉંડે ટાંગવી કે જેથી માટલામાંના પદાર્થમાં તે પોટલી ડૂબેલી રહે.* પછી તે માટલું ચૂલા ઉપર ચઢાવી કહ્યું હોય તેવી રીતે અગ્નિ

+ આ છિદ્રના ઉપર એક ઠીકરી અથવા અભ્રકનું પતરૂં રાખવાનો રિવાજ છે.

× વાલુકાયંત્રમાં જ્યારે કોઈ પણ જાતનો સિંદૂર બનાવવો હોય ત્યારે એક લોહશલાકા (છત્રીની લોઢાની દાંડી) તૈયાર રાખવી. જ્યારે જ્યારે મોં બંધ થઈ જાય ત્યારે ત્યારે વારંવાર છત્રીની ડાંડી અંદર નાખવાથી મોં ખુલ્લું થઇ જાય છે. કોઈ વખત અગ્નિ આપવામાં ભૂલ થવાથી શીશી તૂટી જાય તો એકદમ ત્યાંથી ભાગી જવું; કારણકે એ શીશીમાંથી જે ગંધકનો ધૂમાડો નીકળે છે તે અતિ હાનિકારક છે. ઘણે ભાગે જ્યાંસુધી ગંધક બળતો રહે ત્યાંસુધી આંચ મંદ મંદ આપવી પડે છે. ગંધક બળી જાય ત્યાર પછી અગ્નિ તેજ કરવામાં શીશી ફુટવાનો ડર રહેતો નથી.

* પોટલીનું કપડું માટલાના તળીઆને અડતું ન રહે તે સંભાળવું; નહિ તો કપડું બળીને અંદરની વસ્તુ માટલામાં પડી જશે.

આપવો. એને **દોલા** અથવા **સ્વેદન** યંત્ર કહે છે.

૬ ગર્ભયંત્રઃ—અર્ક કાઢવાનો હોય તો એક વાસણમાં પ્રથમ ઈંટ મૂકીને પછી તેના ઉપર વાડકી ગોઠવવી; અને આજુબાજુ વાસણમાં તે તે ઔષધો નાખીને તે વાસણના મોઢા ઉપર પાણીના ઘડીઆળ જેવી બીજી વાડકી ચત્તી ઢાંકી, માટી લગાડીને સાંધો બંધ કરવો. તે પછી તે ચત્તી વાડકીમાં પાણી નાખી યંત્ર ચૂલા ઉપર મૂકી નીચે અગ્નિ કરવો. પછી ઉપરની વાડકીમાંનું પાણી તપી જાય તેમ તેમ તેને ઉલેચી નાખતા જઈને બીજું ઠંડુ પાણી તેને બદલે ભરી મૂકતા રહેવું. એમ કરવાથી ઉપરની વાડકીને તળીએ વરાળના જેવાં બિંદુ જામીને યંત્રની અંદર ઈંટના ઉપર રાખેલી વાડકીમાં અર્ક અથવા તેલ ટપકશે.‡

૭ પાતાળયંત્રઃ—એક હાથ લાંબો, પહોળો અને ઉંડો ખાડો ખોદી તે ખાડામાં એક વાસણ ગોઠવવું; અને એક બીજા વાસણમાં જોઈએ તે ઔષધો નાખી તેના મોં ઉપર સૂયો જઈ શકે તેવડું છિદ્ર પાડેલું ઢાંકણું મજબૂત બેસાડી સાંધો કપડમાટીથી બંધ કરવો અને પછી સૂકાયા પછી તે વાસણને નીચેના હાંડલા ઉપર ઉંધું વાળી બંને વાસણો વચ્ચેનો સાંધો ચૂના તથા લોટવડે મજબૂત બંધ કરવો. પછી ઉપરના માટલાના ગળાસુધી પહોંચે તેટલે ઉંચે સુધી તે બંને વાસણોની આસપાસ માટી ભરવી અને મટકા તથા ઉપલા વાસણની પીઠ પર અગ્નિ કરવો એટલે તેમાંનાં ઔષધોનું તેલ નીકળી ઢાંકણામાંના છિદ્રવાટે નીચેના વાસણમાં આવી પડશે. આ યંત્રને **પાતાળયંત્ર** કહે છે. (આનાથી ધૂપેલ આદિ તેલ તૈયાર થાય છે.)×

૮ તેજોયંત્ર (લંબક)ઃ—એક ઉભા ગળાનું તપેલું લઈ તેમાં અર્ધા સુધી ઔષધો નાખી પછી પાઠમાં કહ્યા પ્રમાણે પાણી નાખી તેના મોઢા ઉપર બે નળીઓનું લંબક મૂકી પછી તેના સાંધા લોટ તથા ચૂનાથી મજબૂત બંધ કરવા અને ઉપરના લંબકમાં પાણી ભરવું. પછી યંત્ર ચૂલા ઉપર મૂકી હેઠે ધીમો તાપ લગાડવો. ઉપરના લંબકમાં પાણી ઉનું થાય એટલે ઉપરની નળીથી તે પાણી કાઢી બીજું ટાઢું પાણી નાખતા જવું. બીજી નળી નીચે મોટા મોઢાનો શીશો રાખી તેમાં અર્ક પડે તે લેવો. આ યંત્રને **લંબક** પણ કહે છે. કોઈ એને **નલિકાયંત્ર** અને **સરપોસ** પણ કહે છે.

---

‡ આ યંત્રને **"આકાશપાતન યંત્ર"** પણ કહે છે. ઉપરના ભાગમાં વાડકી રાખવાને બદલે પહોળા મોઢાનો તાંબા અથવા પિત્તળનો ઘડો રાખવો એ વધારે અનુકૂળ રહે છે; કારણ કે ઘડામાં પાણી વધારે રહી શકે છે, જેથી વારંવાર બદલવું પડતું નથી.

× પાતાળયંત્રની બીજી રીતઃ—ચૂલા પર એક નાંદ રાખી તેના ઉપર એક મોટું ઢીબરૂં રાખવું. ઢીબરામાં તથા નાંદમાં બરાબર વચ્ચે એક એવું છિદ્ર કરવું કે જેથી અગ્નિશીશીનું મોં અથવા બીજી કોઈ શીશી જેમાં ઔષધિ ભરીને તેલ કાઢવું હોય તે બરાબર તેમાં આવી શકે. પછી કપડમાટી કરેલી શીશીમાં ઔષધિ નાખી શીશીના મોઢા ઉપર લોઢાના તારની ગોળી અથવા આટો ચાળવા માટે ચાળણી આવે છે તેનો ટુકડો લપેટી ફસાવી દેવો, જેથી ઔષધિ નીકળી ન જાય તથા તેલ ટપકતું રહે. આવી રીતે શીશી તૈયાર કરી ઢીબરામાં ઊંધી રાખવી. શીશીના મોઢાની આસપાસ થોડી માટી લગાડી પછી ચારે બાજુ બબ્બે આંગળ રેતી પાથરી એક લોઢાનું પાતળું પતરૂં (કેરોસીન તેલના ડબા આવે છે તેનું) આસપાસ તારથી બાંધી દેવું. પછી ઢીબરામાં પતરાંની આસપાસ ખાલી રહેલી જગ્યામાં છાણાં અથવા કોલસાનો અગ્નિ આપવો. નીચે ચૂલામાં એક વાડકી રાખવી, જેથી તેલ તેમાં ટપકીને ભેગું થાય. આશરે એક કલાક પછી તેલ ટપકવું શરૂ થાય છે. જ્યાં સુધી તેલ ટપકતું રહે ત્યાંસુધી અગ્નિ આપવો. તેલ ટપકતું બંધ થાય ત્યારે અગ્નિ આપવો બંધ કરી દેવો. વધારે કિંમતી તથા ઝેરી વસ્તુઓનું તેલ આવા યંત્રથી કાઢવામાં અનુકૂળતા વિશેષ રહે છે.

(૩) રસ*

૧ બોળબદ્ધ રસ:—પારો, ગંધક, ગળોનું સત્ત્વ એ સમાનભાગે અને રાતો બોળ (હીરાબોળ) ત્રણ ભાગ લઇ શીમળાના રસમાં અગર કાઢામાં ખરલ કરી ગોળીઓ વાળવી. **પ્રમાણ અને અનુપાન:**—ચારથી આઠ રતિ માખણ અને સાકરમાં. **ગુણ:**—સ્તંભક. **ઉપયોગ:**—નાક, બાહ્ય જનનેંદ્રિય અને ગુદામાંથી થનાર રક્તસ્રાવ, એના સેવનથી સારા થાય છે. રક્તપિત્ત, ધોળા આમ, અત્યાર્તવ (રાતો પ્રદર), એના ઉપર પણ એ અતિ ગુણદાયક છે; તેમજ પ્રમેહ અને મૂત્રકૃચ્છ્ર એના ઉપર પણ ચાલશે. **પથ્ય:**—વાતકર અને પિત્તકર પદાર્થો ખાવા નહિ. આહાર મિષ્ટ અને થોડો લેવો.

૨ મહાજ્વરાંકુશ રસ:—પારો, ગંધક, વછનાગ, એ એકેક ભાગ અને ધંતુરાનાં બીજ ૩ ભાગ તથા સુંઠ, મરી, લીંડીપીંપર એ દરેક બબ્બે ભાગ લઇ બહુજ બારિક થાય ત્યાંસુધી ખરલ કરતા જઇ આદુ અને લિંબુના રસના પુટ આપવા તથા ગોળીઓ બાંધવી. શાર્ઙ્ગધરમાં એમાં દારૂડીનાં મૂળ નાખવાનું કહેલું છે. તે પ્રમાણે કરવાથી આ રસાયન સારક થાય છે. **પ્રમાણ અને અનુપાન:**—એકથી દોઢ રતિ સુધી આદાનો રસ અને મધ સાથે. **ગુણ:**—જ્વરઘ્ન અને દીપક. **ઉપયોગ:**—ટાઢ ચઢયા સિવાય આવનારા કોઈ પણ જ્વરમાં તેમજ સતત રહ્યા કરતા જ્વરમાં તથા ચઢઉતર થતા જ્વરમાં આનો ઉપયોગ ઉત્તમ છે. અપચો, પેટમાં દુખવું, પેટમાં વાયુ વધવો, એવા વિકારો જે જ્વરની સાથે થતા હોય તે જ્વરમાં આ વિશેષ ઉપયોગી છે. જૂના સંધિવાયુ ઉપર પણ એ આપવો. સર્વ તાવ ઉપર એનો ઉપયોગ થાય છે; એટલે એ ગ્રહણ કરવાયોગ્ય છે. અશક્ત મનુષ્યને તથા બાળકને આ રસ આપવો નહિ. એ વધુ માત્રામાં આપવાથી આંખોના ડોળા મોટા દેખાય છે. દિવસમાં સાંજ–સવાર બેજ વખત આ રસ આપવો. બપોરને સમયે એકાદ ઠંડા ઔષધની યોજના કરવી. જુદી જુદી જાતના જ્વરને માટે કહેલા કાઢા સાથે તે તે જ્વરમાં આ રસ અપાય છે. **પથ્ય:**—જ્વરના પ્રકરણમાં કહ્યા પ્રમાણે.

---

* એક મિત્રે આપેલા અનુભૂત ઉપચાર:—

શંખદ્રાવ રસ:—આકડાનું મૂળ, થોરનું મૂળ, ખરસાંણી થોરનું મૂળ, આમલીનાં છોડાં, ખાખરાની છાલ, કેળનો સ્તંભ, તલના છોડ, અઘાડી, મોથ, કોડી અને શંખ, એ અગીઆર ચીજોની ખાખમાંથી પૃથક્ પૃથક્ તૈયાર કરેલા ખાર, પંચલવણ (સિંધાલુણ, સંચળ, બીડલવણ, વડાગરૂં મીઠું અને ઘસીઉં એટલે નદી કે સમુદ્રનું મીઠું), પાંચ ક્ષાર એટલે સાજીખાર, જવખાર, નવસાર, ખડીઓખાર અને પાટીઓ ટંકણખાર તથા પારો એ સઘળાં સમાનભાગે લઇ પ્રથમ પારામાં તેનાથી ત્રણગણો ગંધક મર્દન કરી કાજળી તૈયાર કરી પછી તેમાં બાકીની ચીજો ભેળી વાટી નાખી, સર્વના સમાન ફટકડી, સુરોખાર, હીરાકસી અને નવસાર નાખી, લિંબુના રસમાં ખૂબ મર્દન કરી તેનો અર્ક પાડવાના નલિકાયંત્રમાં નાખી ચૂલે ચઢાવી ચાર પહોર સુધી આંચ આપવી. એનાથી તૈયાર થયેલા રસને શંખદ્રાવ રસ કહે છે. એ રસમાં સોય નાખવાથી તે તેમાં ગળી જાય છે એવો એ અદ્ભુત રસ પાણીની સાથે એક અથવા બે વાલ આપવાથી તે ગુલ્મ (ગોળો), હરસ, બરોળ, યકૃત્ અને ઉદરના અનેક વિકારોને જલદીથી આરામ કરે છે. સૂચના:—આ રસ પીતી વખતે આખા મોંમાં અને વિશેષે કરીને દાંતોને સારી પેઠે મધ ચોપડી એ રસ દાંતોને ન અડકે એવી રીતે નાગરવેલના પાનની ભુંગળી મોંમાં રાખી તેના વાટે પાવો; કારણ કે એ રસ દાંતને અડવાથી દાંત પણ ખરી પડે છે.

જુલાબ:—પારો તોલો ૦। અને ગંધક તોલો ૦॥ ખૂબ વાટી કાજળી થયે તેમાં મરી તોલો ૦।, ટંકણખાર તોલો ૦।, સુંઠ તોલો ૦॥ તથા શોધેલો નેપાળો તોલા ૨ નાખી ખૂબ વાટી બાવળની છાલના ઉકાળામાં ઘુંટી તેની ચણા જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી સવારે ૧ આપી ઉપર ગરમ પાણી પાવું. વારણ:—સાકરનું પાણી પાવું અથવા ઠંડા પાણીથી નાહવું અથવા મગ–ચોખાની ખીચડી ઘી નાખી ખાવી.

૩ **બીજા પ્રકારનો મહાજ્વરાંકુશ રસ:**—પારો, ગંધક, તામ્ર અને સુવર્ણમાક્ષિક ભસ્મ, શુદ્ધ કરેલો નેપાળો, કડુ, હરડે, નસોતર, શુદ્ધ કરેલાં ઝેરકોચલાં, એ સર્વેને સમાનભાગ લઇ થુવરના દૂધમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. (થુવેરના દૂધમાં ખરલ કરવાથી તીવ્ર રેચક થાય છે, તેથી અશક્ત મનુષ્યથી સહન થઇ શકે નહિ; માટે એને ભાંગરો, આદુ અને તુલસીના રસમાં ખરલ કરવાથી આ રસાયનનો ગુણધર્મ ઓછો નહિ થતાં કામ પણ સારૂં થાય છે.) **પ્રમાણ અને અનુપાન:**—એક રતિ ઊના પાણી સાથે. (એક રતિથી વધારે ન આપવું.) **ગુણ:**—સારક, ઉષ્ણ, વાતહર અને જ્વરઘ્ન. **ઉપયોગ:**—આંતરીઆ (આંતરે આવનાર) ટાઢીઆ તાવ ઉપર અને કાર્તિક, માગશરમાં આવનારા તાવ ઉપર આનો ઉત્તમ ઉપયોગ છે. નાનાં બાળકો અને અશક્ત મનુષ્યને આપવો નહિ. આના પ્રભાવથી વિષમજ્વરમાં થનાર તીવ્ર લક્ષણો કમી થાય છે; અને બરોળ, યકૃત્ અને પેશાબમાં જનારો ક્ષાર કમી થઇ યકૃતની વિકૃતિ કમી થાય છે. **પથ્ય:**—દૂધ અને કાંજી.

૪ **ત્રીજા પ્રકારનો મહાજ્વરાંકુશ રસ:**—પારો ૧, ગંધક ૨, ટંકણખાર ૨, મનશીલ ૦॥, શુદ્ધ હરતાલ ૧, વછનાગ ૨, ઝેરકોચલાં ૧, માક્ષિકભસ્મ ૨, સુંઠ ૩, મરી ૩, લીંડીપીંપર ૩ અને હરડાં, બહેડાં તથા આમળાં બબ્બે તોલા; કાંકચનો મગજ (શેકેલ) ૨ તોલા, કડુ ૨ તોલા, ધંતુરાનાં બીજ ૩ તોલા, જેઠીમધ ૨ તોલા, પુષ્કરમૂળ ૨ તોલા, એ પ્રમાણે લઇ પ્રથમ પારા ગંધકની ઉત્તમ કાજળી કરવી; પછી તેમાં હરતાળ ખલવી. ઉત્તમ ખરલ કર્યા પછી તેમાં મનશીલ અને ટંકણખાર નાખી તે પછી બીજાં ઔષધોનું ચૂર્ણ મેળવવું; અને તે પછી અગથીઆનાં પાંદડાંનો રસ, ધંતુરાનાં પાંદડાંનો રસ, તુલસીનો રસ અને આદુના રસના અનુક્રમે પુટ આપવા. **પ્રમાણ અને અનુપાન:**—૧ રતિ આદુના રસ અને મધમાં. **ગુણ:**—દીપન અને જ્વરઘ્ન. **ઉપયોગ:**—ટાઢીઆ તાવ ઉપર એનો ઘણોજ ઉપયોગ થાય છે. એ આપ્યા પહેલાં હરડે અથવા મીંઢીઆવળ જેવું એકાદ હલકું સારક ઔષધ આપવું. કફજ્વર તથા સન્નિપાતના ઉપર પણ આ રસાયન આપવાથી ફાયદો થાય છે. ભેજવાળી જમીનમાં રહેવાથી તથા ખરાબ હવાપાણીથી આવનારા તીવ્ર તાવમાં પણ એ આપવું. શ્રાવણથી દિવાળી સુધીમાં આવતો (મેલેરીઆ) જ્વર આનાથી નક્કી જાય છે. **પથ્ય:**—જ્વર માટે કહ્યું હોય તે.

૫ **મૃત્યુંજય રસ:**—સુંઠ, મરી, લીંડીપીંપર, હરડાં, બહેડાં, આમળાં, પારો, ગંધક, ટંકણ, વછનાગ, જેઠીમધ, હળદર, કાંકચનાં શેકેલાં ફળનાં મીજ, નેપાળાનાં મીજ, એ સર્વ ઔષધો સમાનભાગે લઇ ભાંગરાના રસમાં ત્રણ દિવસ ખરલ કરી ગોળીઓ બાંધવી.

૬ **મૃત્યુંજય રસ બીજો:**—પારો ૧, ગંધક ૧, ધંતુરાનાં બીજ ૩, સુંઠ ૨, મરી ૨, લીંડીપીંપર ૨, હરડાં ૧, બહેડાં ૧, આમળાં ૧, વછનાગ ૧, નેપાળો ૨, રેવંચીનો શીરો ૨, શેકેલ કાંકચનાં મીજ ૧, ટંકણખાર ૧ અને જેઠીમધ ૧ તોલો, એ પ્રમાણે વજનથી લઇ ભાંગરાના રસમાં ૧૪ દિવસ ખરલ કરી ગોળીઓ બાંધવી. **પ્રમાણ અને અનુપાન:**—એકથી બે રતિ ઊના પાણી સાથે. **ગુણ:**—સારક. **ઉપયોગ:**—સર્વે પ્રકારના જ્વરમાં અને વિશેષ કરીને વાતજ્વરમાં આપવું. તાવનું જોર વધી જાય નહિ તેટલા માટે પ્લેગ અને તીક્ષ્ણ જ્વરમાં એ અપાય છે. **પથ્ય:**—ગરમ પદાર્થ તજવા.

૭ **પ્રમેહરસાયન:**—કલાઇ, સીસું, અભ્રક, લોઢું, કાંતલોહ, પારો, તાંબુ, પોલાદ, હિંગળોક, ગંધક, ટંકણખાર, ખાપરીઓ, એ દરેક વસ્તુ સમાનભાગે લેવી; (એમાંની કહેલી ધાતુઓની તો ભસ્મોજ લેવી.) અને તેને લિંબુના રસની ભાવના આપવી. પછી લુગદી કરી શરાવસંપુટમાં નાખી અગ્નિનો પુટ આપવો. પછી તે ઠંડુ થયે કાઢી લઈ ખરલ કરી તેમાં કપૂર, કેસર, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, સુંઠ, જાયફળ અને જાવંત્રી, એ સર્વને ઉપલાં ઔષધોના સમાનભાગે લઇને કડવા લીમડાની અંતરછાલના રસમાં ત્રણ દિવસ ખરલ કરવું. પછી તેની ગોળીઓ કરી છાયામાં સૂકવવી. **પ્રમાણ અને અનુપાન** ૧ થી ૧॥ રતિ માખણ અને સાકર સાથે. **ગુણ**—પૌષ્ટિક.

૮ આનંદભૈરવ રસ:—શુદ્ધ હિંગળોક, શુદ્ધ વછનાગ, સુંઠ, મરી, લીંડીપીંપર, ટંકણખાર અને શુદ્ધ કરેલો ગંધક સમાનભાગે લઇ જંબીરી લિંબુના રસમાં બે પહોર સુધી ખરલ કરીને એક રતિ પ્રમાણે ગોળીઓ કરવી. એ ગોળીઓ યોગ્ય અનુપાન સાથે ઉધરસ, દમ, ઝાડો (અતિસાર), સંગ્રહણી, સન્નિપાત, મૃગી (ગોતું), વાતરોગ, પરમીઓ, અજીર્ણ અને અગ્નિમાંદ્ય ઉપર આપવી; તેમજ જ્વરાતિસાર ઉપર ચોખાના ઓસામણમાં આપવી.

૯ સમીરગજકેસરી (વાતારિ) રસ:—અફીણ, ઝેરકોચલાં અને મરી ત્રણે સમભાગ લઇ આદુના રસમાં રતિ પ્રમાણે ગોળીઓ કરી તે એકલી અથવા ગરમ પાણી સાથે આપવી અને ઉપર નાગરવેલના પાનની બીડી ખાવી; એટલે કુબ્જાપણું, પાંગળાપણું, ગૃધ્રસી, આમવાયુ, શૂળ, કફયુક્ત વાયુ, અપબાહુક વાયુ, શોષ, કંપવાયુ, પ્રતાનકવાયુ, કટિશૂળ, કૉલેરા, અરુચિ, મૃગી અને સંગ્રહણી રોગ દૂર થાય છે.

૧૦ બૃહત્ ઇચ્છાભેદી રસ:—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, ટંકણખાર અને મરી, એ ચારે સમાન ભાગ; સુંઠ અને નસોતર એ બબ્બે ભાગ; અને શુદ્ધ કરેલો નેપાળો નવ ભાગ લઇ ચૂર્ણ કરી વિધિ પ્રમાણે આકડાનાં પાંદડાંના રસમાં બે પહોરસુધી ખરલ કરી ગાયનાં છાણાંના અગ્નિ ઉપર મંદ આંચ આપવી. પછી તેને ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. એ ઠંડા પાણી સાથે આપવાથી જુલાબ થાય છે. એના ઉપર દહીં-ભાતનું પથ્ય કરાવવું. એનાથી ઝાડો થઈ આમદોષ, અજીર્ણ, ઉદરરોગ, ગોળાનો રોગ અને કફ વગેરે સર્વ રોગનો નાશ થાય છે તથા અગ્નિ પ્રદીપ્ત થાય છે. ઉનું પાણી પાવાથી એનો રેચ બંધ થાય છે.

૧૧ લોકનાથ રસ:—શુદ્ધ અને બુભુક્ષિત (ગંધક જારણ કરેલો) એવો પારો બે ભાગ અને શુદ્ધ ગંધક ૨ ભાગ લઇ, એ બન્નેને એક જગ્યાએ ખરલ કરી કાજળી કરી પારાથી ચારગણી કોડી લઇ તેમાં તે કાજળી ભરવી. ત્યારપછી ટંકણખાર ૧ ભાગ લઈ ગાયના દૂધમાં ખરલ કરી તે કોડીનાં મોઢાં તે વડે બંધ કરવાં. ત્યાર પછી શંખના કકડા આઠ ભાગ વજને લઇ માટીનાં બે શરાવ (ચપણાં) લઈ તેમાં શંખના અડધા કકડા નીચે નાખી તેના ઉપર તે કોડીઓ ગોઠવી, તેની ઉપર શંખના બાકી રહેલા અડધા કકડા પાથરી દઈ તેના ઉપર બીજું શરાવ ઉંધું વાળી, શરાવની ઉપર કપડમાટી કરી એક હાથ ઉંડો ખાડો કરી જંગલી છાણાં(અડાયાં)નો ગજપુટ અગ્નિ આપવો. પછી ઠંડુ થયે બહાર કાઢી સર્વ ઔષધ એકત્ર વાટી રાખવું; એને **લોકનાથ રસ** કહે છે. એ રસ શક્તિ પ્રમાણે ૫ થી ૨૦ મરીના ચૂર્ણ સાથે ૨ થી ૬ રતિની માત્રામાં વાયુના રોગો ઉપર ઘીમાં, પિત્તના રોગ ઉપર માખણમાં અને કફના રોગો ઉપર મધમાં આપવો. ક્ષય, અરુચિ, ઝાડો, સંગ્રહણી, ઉધરસ, મંદાગ્નિ, કૃશતા (દુબળાપણું), શ્વાસ અને ગોળા ઉપર આ લોકનાથ રસ પ્રશસ્ત છે.

૧૨ ઉદયભાસ્કર રસ:—પારો ૧ અને ગંધક બે ભાગ, તામ્રભસ્મ ૮ ભાગ, શિલાજિત ૩ ભાગ, હરતાળ ૨ ભાગ, એ સર્વે શુદ્ધ લઇ એકત્ર કરી ખરલ કરી પછી મરી ૩ ભાગ, વછનાગ ૨ ભાગ, તેમાં મેળવી નગોડ, આદુ, ભાંગરો અને નાની અરણીના રસમાં સાત સાત દિવસ ખરલ કરી તેને તડકે સુકવવી. ત્યારપછી તે એક ચણોઠી પ્રમાણે લઈ આદુના રસ અને સુંઠ, મરી, લીંડીપીંપર એમાં સેવન કરાવવું; એટલે પાંડુરોગ, કમળો, ક્ષય, શ્વાસ, ઉધરસ, આમવાત, કૃમિ (કરમ), શૂળ, ગોળો, પ્રમેહ, બરોળ, જલોદર, સંગ્રહણી, કોઢ, ધનુર્વાત ઇત્યાદિ રોગોનો નાશ થાય છે. **પથ્ય:**—સાઠીચોખા દહીંમાં આપવા તેમજ છાશ અને ભાતનું પણ સેવન કરાવવું. આ ઉદયભાસ્કર રસ પ્રસિદ્ધ થાય છે.

૧૩ લઘુવાતવિધ્વંસન રસ:—પારો અને ગંધક એકેક ભાગ અને વછનાગ ૧૬ ભાગ લઈ, તેને ચિત્રકના રસમાં ખરલ કરી વાલના વજને ગોળીઓ કરવી. એ મૃગી, ઉન્માદ, વાતરોગ, સર્વાંગવાત, દાંતખીલી ઇત્યાદિ રોગ ઉપર આપવી.

૧૪ કફકુઠાર રસ:—શુદ્ધ પારો ૦। તોલો, શુદ્ધ વછનાગ ૦। તોલો, શુદ્ધ ગંધક ૦। તોલો, લોહભસ્મ ૦॥। તોલો, ધંતુરાનાં બીજ ૧ તોલો, ફુલાવેલો ટંકણખાર ૦॥ તોલો તથા જાવંત્રી,

અક્કલકરો, સુંઠ અને કલાઈની ખાખ એકેક તોલો લઇ આદુના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળી કરી તે મધ, આદુનો રસ અથવા તુલસીના રસમાં આપવી; એટલે જો કદાપિ ગળા સુધી કફ આવી ભરાયો હશે તોપણ તેનો નાશ થશે.

૧૫ વૃદ્ધિનાશન રસઃ—પારો, ગંધક એકેક ભાગ અને બે ભાગ સુવર્ણમાક્ષિકને હરડેના કાઢામાં ૩ દિવસ અને એરંડીઆમાં ૧ દિવસ ખરલ કરી તેને હરડેનું ચૂર્ણ અને એરંડીઆ સાથે વાલ પ્રમાણે સેવન કરાવે અથવા તક્ષવણના રસમાં આપે એટલે અંડવૃદ્ધિનો નાશ થાય.

૧૬ ભાસ્કર રસઃ—સુંઠ, મરી, લીંડીપીંપર, સિંધાલુણ, સંચળ, બીડલવણ, બંગડીખાર, મીઠું, ટંકણખાર, સાજીખાર, એ સર્વ સમાનભાગે લઇ, એ સર્વેના બરાબર નેપાળો લઇ તેને દંતીમૂળના કાઢાની અને બીજોરાના રસની ત્રણ ત્રણ ભાવનાઓ આપવી; અને ખૂબ મર્દન કરી છાંયે સૂકવવું. આ તૈયાર થયેલો રસ નાગરવેલના પાનમાં અડધી રતિ આપવાથી પ્લીહોદર (બરોળ), ગોળો, વિષ્ટંભ, શૂળ, આફરો, હરસ, દંતશૂળ, કર્ણશૂળ, ખસ અને દાદર, એનો નાશ થાય છે, અંજન કરવાથી સર્પદંશની પીડા દૂર થાય છે.

૧૭ સમીરપન્નગ રસઃ—અભ્રકભસ્મ, ગંધક, વછનાગ, ત્રિકટુ, પારો, ટંકણખાર, એ સર્વ સમભાગે લઇ તેને ભાંગરાના રસમાં સાત ભાવનાઓ આપવી. આ રસ આદુના રસમાં અગર ત્રિકટુના ચૂર્ણમાં એક વાલ આપવાથી મોટા વાયુનો પણ ક્ષણમાં નાશ કરે છે અને તેનું નસ્ય (નાકમાં સુંઘવું) આપવાથી બેશુદ્ધિ મટે છે.

૧૮ અર્શકુઠાર રસઃ—શુદ્ધ પારો ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ, લોહભસ્મ અને અભ્રકભસ્મ ૬ ભાગ, બીલી, ચિત્રક, ત્રિકટુ, હરડાં, નેપાળો, એ દરેક એકેક ભાગ, ટંકણખાર, જવખાર અને સિંધાલુણ એ પાંચ ભાગ; સર્વે એકત્ર કરી ૩૨ ભાગ ગોમૂત્રમાં પાચન કરી પછી થુવરનું દૂધ ૩૩ ભાગ નાખી ફરીથી પાચન કરી તેની બબ્બે માસાની ગોળી કરી આપવી. આ હરસના મસા છેદન કરવા માટે કુહાડી સમાન છે.

૧૯ અગ્નિસૂત રસઃ—કોડીની ભસ્મ ૨ ભાગ, શંખભસ્મ ૨ ભાગ, અને પારાની કાજળી ૧ ભાગ, મરીનું ચૂર્ણ ૩ ભાગ, એ સઘળું એકત્ર કરી લિંબુના રસમાં ખરલ કરવું. આ રસ ઘી–સાકર સાથે આપવાથી મંદાગ્નિ અને દુબળાપણાનો નાશ કરે છે. એ લીંડીપીંપરના ચૂર્ણ અને ઘીમાં સંગ્રહણી ઉપર આપવું. શોષ, તાવ, અરુચિ, શૂળ, ગોળો, પાંડુ, ઉદરરોગ, અર્શ, સંગ્રહણી, એ રોગો ઉપર છાશમાં આપવું. આ પ્રમેહનો પણ નાશ કરે છે.

૨૦ આદિત્ય રસઃ—હિંગળોક, વછનાગ, ગંધક, ત્રિકટુ, ત્રિફળાં, જાયફળ, લવંગ, બંગડીખાર, સિંધાલુણ, મીઠું, બીડલવણ અને સંચળ, એ સર્વ એકત્ર કરી તેને લિંબુના રસની સાત ભાવનાઓ આપી અર્ધ રતિ પ્રમાણે ગોળીઓ કરવી. આ આદિત્ય રસ અજીર્ણનો નાશક હોઇ જે ખાય તે પચાવનાર અને અગ્નિ પ્રદીપ્ત કરનાર છે.

૨૧ કૃમિકુઠાર રસઃ—કપૂર ૮ ભાગ; કડાછાલ, ત્રાયમાણ, અજમોદ, વાવડીંગ, હિંગળોક, વછનાગ, નાગકેસર, ખાખરાનાં બીજ; એ એકેક ભાગ લઇ તેને ભાંગરાના, ઉંદરકનીના અને બ્રાહ્મીના રસની એક પછી એક ભાવનાઓ આપવાથી કૃમિકુઠાર રસ સિદ્ધ થાય છે. એની વાલ વાલની ગોળી કરી નાગકેસરમાં આપવી; એટલે સર્વ પ્રકારના કૃમિનો નાશ થાય છે.

૨૨ સુવર્ણમાલિની વસંત રસઃ—સોનું ૧ ભાગ, મોતી ૨ ભાગ, હીંગળોક ૩ ભાગ, મરી ૪ ભાગ અને ખાપરીઓ ૮ ભાગ લઇ પ્રથમ માખણમાં ખરલ કરી પછી લિંબુના રસમાં માખણની ચિકાશ જતાં સુધી ખરલ કરવું. આ રસ બે રતિ મધ અને લીંડીપીંપરમાં આપવાથી સર્વ રોગનો નાશ કરે છે.×

× સુવર્ણમાલિની વસંતમાં ગાયનું માખણ લેવું. ભેંસનું નહિ; કારણ કે ભેંસના માખણમાં ચીકાશ વધારે હોય છે જેથી જલદી ચીકાશ જતી નથી. ૧ તોલો સોનું હોય તો ૨॥ તોલા માખણ લેવાય છે. કેટલાક વૈદ્ય ૪ તોલા માખણ લેવાનું કહે છે. ૪ તોલા માખણ લેવાથી ૮–૧૦ દિવસ વધારે ઘુંટવું પડે છે. તેમજ ગોળીમાં થોડી ખટાશ (લિંબુના રસનો ખાટો સ્વાદ) આવે

૨૩ લઘુમાલિની વસંત રસ:—શુદ્ધ કરેલો કલખાપરીઓ ૨ ભાગ અને પીળાં મરી ૧ ભાગ એકત્ર કરી, તેમાં દૂધ ઉપરની તર ચોથો ભાગ નાખી ખરલ કરવું; ત્યારપછી તેમાં જીની ચિકાશ ન રહે ત્યાંસુધી લિંબુના રસમાં ઘુંટવું; એટલે આ લઘુમાલિની વસંત રસ સિદ્ધ થાય છે. આ રસ તાવ ઉપર બે વાલ પ્રમાણે મધ અને લીંડીપીંપરમાં આપવો. જીર્ણજ્વર, ધાતુગત જ્વર, અતિસાર, રક્તાતિસાર, લોહીવિકાર, મોટો પિત્તવિકાર, પ્રદર, અર્શ સંબંધી લોહી, વિષમ-જ્વર અને નેત્રરોગ, એનો નાશ કરે છે. આ રસ જયંતી(નાની ખપાટ)નાં ફૂલોમાં ગર્ભિણીને આપવાથી બધા તાવોનો નાશ કરે છે અને ગર્ભનું ઉત્તમ પાલન કરે છે. નાનાં બાળકોના સર્વ રોગ ઉપર પણ આ રસ આપવો. **પથ્ય:**—દૂધ અને ભાત.÷

૨૪ શૂલકુઠાર રસ:—ટંકણખાર, પારો, ગંધક, ત્રિફળાં, ત્રિકટુ, હરતાલ, વછનાગ, તામ્ર-ભસ્મ અને નેપાળો, એ સર્વ એકત્ર કરી ભાંગરાના રસમાં ખરલ કરી તેની વાલ (૨ રતી) પ્રમાણે ગોળીઓ કરી, તેમાંથી ૧ ગોળી મરીમાં અથવા આદુના રસમાં આપવી. આ રસ શૂળનો નાશ કરવામાં કુહાડાના જેવો છે.

૨૫ શ્વાસકુઠાર રસ:—પારો, ગંધક, વછનાગ, ટંકણખાર અને મનશીલ, એ દરેક એકેક તોલો, મરી ૮ તોલા, ત્રિકટુ ૬ તોલા, એ સર્વને ખરલ કરી કાચની શીશીમાં ભરી રાખવું. આ રસ રતિ પ્રમાણે નાગરવેલના પાનમાં આપવાથી દમ, ઉધરસ, મંદાગ્નિ અને વાત-કફસંબંધી રોગોનો નાશ કરે છે. સન્નિપાત, મૂર્ચ્છા, ગોતું અને અતિ મોહ પામેલા રોગીને આ રસ સુંઘા-ડવો. આ શ્વાસકુઠાર સંપૂર્ણ શ્વાસરોગનો નાશ કરે છે.

૨૬ સૂતશેખર રસ:—શુદ્ધ પારો, સુવર્ણભસ્મ, ટંકણખાર, વછનાગ, સુંઠ, મરી, લીંડી-પીંપર, ધંતુરાનાં બીજ, ગંધક, તામ્રભસ્મ, તજ તમાલપત્ર, એલચી, નાગકેસર, શંખભસ્મ, બીલાનો મગજ, કચૂરો, આ સર્વ સમાનભાગે લઇ તેને ભાંગરાના રસમાં ૧ દિવસ ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરી તે મધ અને ઘીમાં આપવી. એનાથી અમ્લપિત્ત, ઉલટી, શૂળ, પાંચ પ્રકારના ગોળા, સંગ્રહણી, ત્રિદોષ, ઝાડો, શ્વાસ, મંદાગ્નિ, હેડકી, ઉદાવર્તરોગ અને ક્ષયરોગનો ૧ મંડલ(૪૮ દિવસ)માં નાશ થાય છે.

૨૭ પ્રતાપલંકેશ્વર રસ:—શુદ્ધ પારો ૧ ભાગ, અભ્રકભસ્મ ૧ ભાગ, ગંધક ૧ ભાગ, મરી ૩ ભાગ, લોહભસ્મ ૪ ભાગ, શંખભસ્મ ૮ ભાગ, અડાયાં છાણાંની રાખ ૧૬ ભાગ અને વછનાગ ૧ ભાગ લઇ આદુના રસમાં ખરલ કરવું; અને બબ્બે રતિની ગોળીઓ કરી તે આદુના રસમાં આપવી; એટલે સુવાવડીનો વાયુ, વાતરોગ, દાંતખીલી, એનો નાશ થાય છે. વાતરોગ, કફરોગ, હરસ એના ઉપર ગુગળ, ગળો અને ત્રિફળાંમાં આપવો. આદુના રસમાં આપવાથી ઉગ્ર સન્નિ-પાત નાશ થાય છે. સર્વાતિસાર અને સંગ્રહણી ઉપર યોગ્ય અનુપાન યોજીને આપવો અને પથ્ય પળાવવું; એટલે તેનો નાશ થાય છે. આ પ્રતાપલંકેશ્વર નામનો રસ સુવાવડીના રોગોનો નાશ કરવા માટે પ્રસિદ્ધ છે.

છે. લિંબુનો રસ પણ કાઢી બાટલીમાં ભરી લેવો. બીજે અથવા ત્રીજે દિવસે ઉપર સાફ નીતરી આવેલ હોય તે ગાળી લેવો. ફરીથી એ રસ ત્રીજે દિવસે ગાળવો. આવી રીતે ત્રણ ચાર વખત ગાળવાથી રસ શુદ્ધ અને જલદી ચીકાશ દૂર કરનારો થાય છે. ખાપરીઆને બદલે કોઈ વૈદ્ય જસતની ભસ્મનો ઉપયોગ કરે છે. કોઈ વૈદ્ય બજારમાં મળે છે તેનોજ ઉપયોગ કરે છે. તેમજ એક ગ્રંથકાર "કેલેમેના પેપ્રેટા" (જસતની કાચી ધાતુ) ઇંગ્રેજી દવા આવે છે તેનો ખાપરીઆને બદલે ઉપયોગ કરવાનું કહે છે. ખાપરીઆના સંબંધમાં હજીસુધી વિદ્વાનોમાં એક મત થયો નથી. સુવર્ણને બદલે કોઇ વરક ઉપયોગમાં લે છે તો કોઇ વૈદ્ય સુવર્ણભસ્મ ઉપયોગમાં લે છે. મરી સફેદ તથા મોતીની પિષ્ટી કરીને ઉપયોગમાં લેવાય છે.

÷ લઘુમાલિની વસંતમાં કેટલાક વૈદ્યો ૮ તોલા ખાપરીઉં, ૮ તોલા હીંગળોક તથા ૪ તોલા સફેદ મરીનું ચૂર્ણ મેળવે છે. પછી ગાયનું માખણ ૨ તોલા મેળવી ૧૦૦ લિંબુના રસમાં ખરલ કરી બબ્બે વાલની ગોળીઓ બનાવે છે.

૨૮ ગુલ્મકુઠાર રસઃ—સીસાની ભસ્મ, કલાઇની ભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, એ સમાનભાગે અને એ સર્વના બરાબર તામ્રભસ્મ લઈ તેને જંબીરી લિંબુના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. એ ગોળીઓ મધ, આદાનો રસ અને જવખાર તથા સાજીખારમાં આપવાથી અજીર્ણ, અમ્લપિત્ત, હૃદયશૂળ, પડખાનું શૂળ, પેટમાંનો દુખાવો (પેટશૂળ) અને સર્વ પ્રકારના ગુલ્મરોગનો નાશ કરે છે.

૨૯ મૃત્યુંજય રસ (ત્રીજો):—વછનાગ, મરી, લીંડીપીંપર, ગંધક, ટંકણખાર, એ સર્વ સમાનભાગે લઇ, બે ભાગ શુદ્ધ હિંગળોક લેવો અને આદુના રસમાં સર્વને ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. અજીર્ણજ્વર ઉપર આ ગોળી જંબીરી લિંબુના રસમાં આપવી. સર્વ પ્રકારના તાવ ઉપર મધમાં આ ગોળી આપવી. આ ગોળીના સેવનથી મૃત્યુરૂપી તાવ દૂર થાય છે; એથી એ રસનું નામ 'મૃત્યુંજય' રસ છે.

૩૦ શીતભંજી રસઃ—પારો, હિંગળોક, ગંધક, એ સમાન ભાગે અને એ ત્રણેના બરાબર નેપાળો લઇ સર્વને દંતીમૂળના કાઢામાં ખરલ કરી વાલ વાલ(બબ્બે રતી)ની ગોળીઓ કરીને તે આદુના રસમાં આપવી; એટલે મહાઘોર નવ પ્રકારના તાવનો પણ નાશ થાય છે. સાકર, દહીં, ભાત એનું પથ્ય આપવું. ઠંડુ પાણી પાવું. મગનું ઓસામણ અને શેરડીનો રસ પાવો. આ શીતભંજી રસ સર્વ તાવનો નાશ કરે છે.

૩૧ નાગરસાયન:—પારો ૧ ભાગ, ગંધક ૦॥ ભાગ, ઝેરકોચલાં ૧ ભાગ, મરી ૨ ભાગ અને એ સર્વ ઔષધોની બરાબર વછનાગ લઇ તેને ચિત્રકના કાઢાની અને આદુના રસની ભાવનાઓ આપી ચણોઠી પ્રમાણે ગોળીઓ કરી પાનબીડીમાં આપવી; એટલે સર્વ જાતના વાત, કફ, ઉધરસ, આઠ પ્રકારના તાવ, જળદોષ, મંદાગ્નિ, સંગ્રહણી, ગોળો અને શૂળનો નાશ થાય છે.

૩૨ મેહકુઠાર રસઃ—કલાઈની ભસ્મ, લોહભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, અભ્રકભસ્મ, ગળોનું સત્ત્વ અને રસસિંદૂર, એ સમભાગે લઈ, તેને કુંવારના રસમાં ખરલ કરી વાલ(બે રતી)ના પ્રમાણમાં ગોળીઓ વાળવી અને મધ તથા સાકરમાં સેવન કરાવવી. આ સવાર–સાંજ ૧૨ દિવસ આપવી; એટલે પ્રમેહ, ધાતુક્ષય, રક્તપ્રદર, ક્ષયરોગ, જીર્ણજ્વર અને પાંડુરોગ વગેરે રોગોનો નાશ થાય છે.

૩૩ સિદ્ધામૃત રસઃ—ફટકડીનું ફૂલું ૩ ભાગ અને સોનાગેરૂ ૧ ભાગ લઇ ચૂર્ણ કરી તે ૧ માસા જેટલું ચૂર્ણ ગાયના દૂધમાં પ્રાતઃકાળે સેવન કરાવવું અને ખાટા, તેલવાળા એ પદાર્થ વર્જ્ય કરાવવા; એટલે શિરોભ્રમણ, મસ્તકશૂળ, અમ્લપિત્ત અને સર્વ પ્રકારના પિત્તથી થયેલા રોગો દૂર થાય છે.

૩૪ કાસકુઠાર રસઃ—હિંગળોક, મરી, ગંધક, ત્રિકટુ, ટંકણખાર, એ સમાનભાગે લઈ આદુના રસમાં ખરલ કરી બબ્બે રતિની ગોળીઓ કરવી. એ આદુના રસમાં આપવાથી અનેક પ્રકારની ઉધરસ, દારુણ સન્નિપાત અને શિરોરોગનો નાશ કરે છે.

૩૫ અમૃતમંજરી રસઃ—હિંગળોક, વછનાગ, લીંડીપીંપર, મરી, ટંકણખાર અને જાવંત્રી સમાનભાગે લઇ સર્વને જંબીરી લિંબુના રસમાં ખરલ કરી ચણોઠી પ્રમાણે ગોળીઓ કરવી. એ ગોળી આદુના રસમાં ૨ અથવા ૩ આપવાથી દારુણ સન્નિપાતનો નાશ થાય છે. વળી મંદાગ્નિ, અજીર્ણ, આમવાત, પાંચ પ્રકારની ઉધરસ, શ્વાસ, સર્વાંગ વાત, જીર્ણજ્વર, ક્ષય ઇત્યાદિ સર્વ વ્યાધિનો નાશ કરે છે. આ ઊના પાણીના અનુપાનથી આપવી.

૩૬ અગ્નિકુમાર રસઃ—ટંકણખાર, પારો, ગંધક, શંખભસ્મ એ સમાનભાગ, વછનાગ ૩ ભાગ અને મરી ૮ ભાગ લઈ, તેને વાટી ચૂર્ણ કરી ભાંગરાના રસમાં ખરલ કરી ચણોઠી પ્રમાણે ગોળીઓ કરી યોગ્ય અનુપાન સાથે આપવાથી સર્વ પ્રકારના વાતરોગ, શ્વાસરોગ, મંદાગ્નિ, કફરોગ, પ્લીહોદર (બરોળ), ઉધરસ અને શૂળ, એ દૂર થાય છે.

૩૭ કફકેતુ રસઃ—ટંકણખાર, લીંડીપીંપર અને શુદ્ધ વછનાગ, એ સમાનભાગે લઈ, તેને આદુના રસની ૩ ભાવના આપી, ચણોઠી પ્રમાણે ગોળીઓ કરી, યોગ્ય અનુપાન સાથે આપવી; એટલે

પીનસ, શ્વાસ, ઉધરસ, ગળાના રોગ, ગલગ્રહ, દંતરોગ, કર્ણરોગ, નેત્રરોગ ઇત્યાદિ નાશ પામે છે.

૩૮ વાતગજસિંહ રસ:—પારો, ગંધક, ચિત્રક, ત્રિકટુ, નાગરમોથ, વછનાગ અને ત્રિફળાં, એ સમભાગ લઈ ભાંગરાના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરી આપવી; એટલે અઢાર પ્રકારના કોઢ, પ્રમેહ, કફરોગ, વાતરોગ અને ક્ષયરોગનો નાશ થાય છે.

૩૯ કુષ્ટકુઠાર રસ:—પારદ ભસ્મ ૧ ભાગ, ગંધક ૧ ભાગ, લોહભસ્મ, તામ્રભસ્મ, ગુગળ, ત્રિફળાં, બકામ લીમડો, ચિત્રક અને શિલાજિત, એ દરેક ૧૬ ભાગ, કરંજનાં બીજ ૬૪ ભાગ અને અભ્રકભસ્મ ૬૪ ભાગ લઇ, ચૂર્ણ કરી તે મધ અને ઘીમાં મેળવીને માટીના રીઢા વાસણમાં ભરી રાખવું. એ નિત્ય અડધો તોલો ખવરાવે એટલે ગલત્કુષ્ઠ અને સર્વે કોઢનો નાશ થાય છે.

૪૦ કપર્દક રસ:—મૃત અથવા મૂર્ચ્છિત પારો કપાસનાં ફૂલના રસમાં એક દિવસ ખરલ કરી કોડીમાં ભરવો. પછી ટંકણખારને દૂધમાં ખરલ કરી તે વડે કોડીનું મોઢું બંધ કરવું. પછી તેને અંધમૂષા યંત્રમાં રાખી ગજપુટ આપવો. ઠંડું થયે બહાર કાઢી, પારાથી બમણું મરીનું ચૂર્ણ તેમાં મેળવી, એ રસ એક રતી ઘીની સાથે આપવાથી રક્તપિત્તનો નાશ થશે. તેના ઉપર ઉંબરાનાં પાકાં ફળ ઘી અને સાકરમાં પકવી સેવન કરવાં.

૪૧ ગુડૂચ્યાદિ લોહ:—ગળોનું સત્વ, ત્રિફળાં, ત્રિકટુ, એ સર્વનું ચૂર્ણ સમાનભાગે અને એ સર્વની બરાબર લોહભસ્મ નાખવી. આ રસનું સેવન કરવાથી સર્વ પ્રકારના વાતરક્ત રોગ દૂર થાય છે.

૪૨ હુતાશન રસ:—ગંધક, પારો અને ટંકણખાર, એ એકેક ભાગ, વછનાગ ૩ ભાગ અને મરી ૮ ભાગ લઇ તેના ચૂર્ણને જંબીરી લિંબુના રસમાં ૧ દિવસ ખરલ કરીને મગ જેવડી ગોળીઓ કરવી. એ ગોળી આદુના રસમાં આપવાથી શૂળ, અરુચિ, ગોળો, કૉલેરા, અગ્નિમાંદ્ય, અજીર્ણ, સન્નિપાત, થાક, જડતા અને મસ્તકશૂળ, એ રોગોનો નાશ થાય છે.

૪૩ પ્રતાપમાર્તંડ રસ:—વછનાગ ૧ ભાગ, હિંગળોક ૨ ભાગ, નેપાળો ૩ ભાગ અને ટંકણખાર ૪ ભાગ લઈ કુંવારના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરીને યોગ્ય અનુપાન સાથે આપવી; એટલે સત્વર નવ પ્રકારના તાવનો નાશ થાય છે.

૪૪ માર્તંડોદય રસ:—હિંગળોક ૨ ભાગ, નેપાળો ૧॥ ભાગ, ટંકણખાર ૧ ભાગ અને વછનાગ ાા લઇ સર્વને આદુના રસમાં ખરલ કરી વાલ (બે રતી) પ્રમાણે ગોળીઓ કરવી, એનું નામ માર્તંડોદય કહેવાય છે. તાવ, શ્વાસરોગ, ઉદરરોગ, આધ્માન, પાંડુ અને અજીર્ણ, એ ઉપર અનુપાન યોજી એ રસ આપવા યોગ્ય છે. **પથ્ય:**—છાશ, ભાત, આ રસ સુંઠ, મરી, લીંડીપીંપર, આદુનો રસ અને સાકરમાં આપવાથી દારુણ જ્વર, મંદાગ્નિ, ગોળો, કફ, વાયુ, શૂળ, શોફોદર, વાતરક્ત, સ્વરભેદ, વર્ણકુષ્ટ, હરસ ઇત્યાદિ સર્વ રોગનો નાશ કરે છે.

૪૫ નારાચ રસ:—શુદ્ધ પારો, ગંધક, નેપાળો, ત્રિફળાં અને ત્રિકટુને એકત્ર ખરલ કરી મધ સાથે ચાટી તે ઉપર ઉનું પાણી પીવાથી ગુલ્મરોગનો નાશ થાય છે.

૪૬ જય રસ:—પારો, ગંધક, હિંગળોક અને નેપાળો એ અનુક્રમે ૧–૨–૩–૪ ભાગ લઈ દંતીમૂળના કાઢામાં ખરલ કરી એક રતિ પ્રમાણે ગોળીઓ કરવી. એ ગોળી સવારે સાકરમાં આપી ઉપર ઠંડુ પાણી પાવાથી શીતજ્વર ૧ દિવસમાં દૂર થાય છે.

૪૭ પ્રવાલપંચામૃત:—પરવાળાં ૧ ભાગ, મોતી ૧ ભાગ, શંખ ૧ ભાગ, છીપ ૧ ભાગ અને કોડી ૧ ભાગ લઈ ચૂર્ણ કરી તેમાં આકડાનું દૂધ નાખી માટલામાં રાખી માટલું બંધ કરી તેને સાધારણ પુટ આપવાથી ભસ્મ થાય છે. એ ભસ્મ નિત્ય ૧ વાલ (૨ રતી) સેવન કરાવવી અને પથ્ય પળાવવું; એટલે આફરો, ગોળો, તાવ, બરોળ, ઉધરસ, શ્વાસ, મંદાગ્નિ, કફ, વાતરોગ, અજીર્ણ, ઉદાવર્તરોગ, હૃદ્રોગ, સંગ્રહણી, ઝાડો, પ્રમેહ, મૂત્રરોગ, મૂત્રકૃચ્છ્ર અને પથરી વગેરે રોગોનો નાશ થાય છે.

૪૮ કાસકેસરી રસ:—મરી, નાગરમોથ, કોઇ, ઘોડાવજ અને વછનાગ, એ સરખા ભાગે લઈ ચૂર્ણ કરી આદુના રસમાં ચણા જેવડી ગોળી કરવી. તેનું સેવન કરવાથી ઉધરસ, શૂળ, કફ-

રોગ, સૂતિકારોગ અને સંગ્રહણીનો નાશ થાય છે.

૪૯ સૂર્યાવર્ત રસ:—પારો ૧ ભાગ અને ગંધક અર્ધો ભાગ લઇ બન્નેને કુંવારપાઠાના રસમાં ૧ પહોર ખરલ કરી એ બંનેના વજન જેટલાં શુદ્ધ તાંબાનાં કંટકવેધી પતરાં ઉપર તેનો લેપ કરી ધટીયંત્રમાં તેને ૪ પહોર અગ્નિ આપવાથી આ રસ સિદ્ધ થાય છે. એ ૨ રતિ પ્રમાણે ગંધક, મરી અને ઘીમાં આપવાથી કફ અને શ્વાસરોગનો નાશ થાય છે.

૫૦ ગુલ્મકુઠાર રસ બીજો:—પારો, ગંધક, ટંકણખાર, ત્રિફળાં, ત્રિકટુ, હરતાલ, વચ્છનાગ, તામ્રભસ્મ અને નેપાળો, એ સર્વ સમાનભાગે લઇ ભાંગરાના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી અને તે આદુના રસમાં આપવી, એટલે સર્વ પ્રકારના ગુલ્મનો નાશ થાય છે.

૫૧ મહાચંદ્રકલા રસ:—શુદ્ધ પારો, તામ્રભસ્મ અને અભ્રકભસ્મ, એ દરેક તોલો તોલો અને ગંધક ૨ તોલા લઇ કાજળી કરવી. પછી તેને નાગરમોથનો કાઢો, દાડમનો રસ, કેવડાનાં મૂળનો કાઢો, સહદેવીનો કાઢો, કુંવારપાઠાનો રસ, પિત્તપાપડાનો કાઢો, વાળાનો કાઢો, કાળી મુસળીનો કાઢો, શતાવરીનો કાઢો, એઓની વારાફરતી ભાવનાઓ આપી; પછી તેમાં કડુ, ગળોનું સત્ત્વ, પિત્તપાપડો, વાળો, લીંડીપીંપર, સુખડ અને ઉપલસરીનું સમાનભાગે ચૂર્ણ નાખી પછી તેને કાળી દ્રાક્ષના કાઢાની ભાવના આપી છાંયે સૂકવી ચણા જેવડી ગોળીઓ કરવી. તે યોગ્ય અનુપાન સાથે આપવાથી સર્વ પ્રકારના મૂત્રકૃચ્છ્ર રોગ અને દુસ્તર પ્રમેહ રોગનો નાશ થાય છે.

૫૨ વમનામૃત રસ:—ગંધક, કમળકાકડી, જેઠીમધ, શિલાજિત, રુદ્રાક્ષ, ટંકણખારની ભૂકી, સાબરશિંગની ભસ્મ, એને બીલીના મૂળના કાઢામાં એક પહોરસુધી ખરલ કરી તેની વાલ પ્રમાણેની ગોળી આપવાથી ઉલટી, મંદાગ્નિ અને મેદોરોગનો નાશ થાય છે.

૫૩ વડવાનળ રસ:—શુદ્ધ હરતાલ ૧ ભાગ, પારો ૧ ભાગ, સીસાની ભસ્મ ૧ ભાગ, શુદ્ધ ગંધક ૨ ભાગ અને મરી ૧૬ ભાગ, એનું ચૂર્ણ કરી લિંબુના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. તે ઘીની સાથે ભક્ષણ કરવાથી કૉલેરા, સર્વ પ્રકારનાં શૂળ, બરોળ, ઉદરરોગ, ગોળો, સંગ્રહણી, શ્વાસ, ઉધરસ, વાયુ અને મંદાગ્નિ, એ રોગોનો નાશ થાય છે.

૫૪ હેમગર્ભ પોટલીરસ:—ચાર ભાગ પારો અને ચાર ભાગ સોનું લઇ બન્નેને ઘુંટીને પછી તેમાં બાર ભાગ ગંધક મેળવી કાજળી કરવી. પછી તેમાં મોતી ૧૬ ભાગ, શંખ ૨૪ ભાગ અને ટંકણખાર ૧ ભાગ નાખી સર્વને પાકેલાં લિંબુના રસમાં ખરલ કરી ગોળો કરવો. પછી તે ગોળાને શરાવસંપુટમાં નાખી કપડમાટી કરી એક હાથ ચોરસ ગજપુટમાં છાણાંની ભઠ્ઠી કરી પુટ આપવો. ઠંડુ થયે બહાર કાઢી તેમાંથી ૪ રતિ પ્રમાણે લઈ તે ઔષધ મરીના ૨૯ કણના ચૂર્ણ અને ગાયના ઘી સાથે આપવું તથા લોકનાથ રસ પ્રમાણે પથ્ય રખાવવું. તેનાથી ઉધરસ, ક્ષય, વાત, કફ, સંગ્રહણી અને અતિસારનો નાશ થાય છે.

૫૫ બીજા પ્રકારનો હેમગર્ભ પોટલી રસ:—શુદ્ધ પારો ૪ ભાગ, ગંધક ૨ ભાગ, સોનું ૧ ભાગ અને તામ્રભસ્મ ૩ ભાગ લઇ સર્વને કુંવારપાઠાના રસમાં સાત દિવસ ખરલ કરી ગોળો કરવો. પછી તેને મજબૂત વસ્ત્રમાં બાંધીને તેના ઉપર નીચે થોડોક ગંધક નાખી તેના પર ફરીથી પાકી પોટલી વસ્ત્રથી બાંધવી. ત્યારપછી સર્વ ઔષધના સમાનભાગે ગંધક લઇ માટીના વાસણમાં નાખી તેમાં તે પોટલી મૂકી તે માટલીનું મુખ માટીના કોઢીઆથી બંધ કરીને સાંધાઓ પણ બંધ કરી દેવા. અંદર ગંધકનો દ્રવ થયો કે નહિ તે સળી વડે જોવાને ખાતર ઉપલા ચપણમાં એક છિદ્ર પાડવું. ત્યાર પછી તે માટીના વાસણને વાલુકાયંત્રમાં મૂકીને તેને અર્ધો પહોરસુધી મંદાગ્નિ આપવો. પછી તે ઠંડુ થયેથી તેમાંની માત્રા કાઢી તે ઉધરસ, શ્વાસ, ક્ષય, વાત, કફ, સંગ્રહણી અને સર્વ રોગ ઉપર અનુપાનપરત્વે આપવી.

૫૬ ત્રીજા પ્રકારનો હેમગર્ભ પોટલીરસ:—શુદ્ધ પારો ત્રણ ભાગ, તામ્રભસ્મ ત્રણ ભાગ, ગંધક એક ભાગ અને સોનું અર્ધો ભાગ લઇ તેને સાત દિવસ ખરલ કરી કાજળી કરવી. પછી તેમે ૭ દિવસ નગોડના રસમાં અથવા ધંતુરાના રસમાં ખરલ કરી ગોળો કરવો. પછી વસ્ત્રની અંદર થોડોક ગંધક નાખી તેમાં ગોળો રાખી મજબૂત બંધનથી બાંધવું. આ પ્રમાણે

ઉપરાઉપરિ ત્રણ વખત બાંધી માટીના વાસણમાં નીચે ઉપર ગંધક અને મધ્યમાં એ પોટલી રાખી, નિર્વાત જગ્યા ઉપર વેંતભર ખાડો ખોદી તેમાં તે પોટલીવાળું વાસણ રાખી તેના ઉપર એક અંગુઠાપૂર માટી ચઢાવી તેના ઉપર અર્ધો પહોર અગ્નિ કરવો; એટલે **હેમગર્ભ પોટલીરસ** સિદ્ધ થશે. આ રસ અનુપાનપરત્વે સર્વ રોગ ઉપર આપવો.

૫૭ ચોથા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—પારો અને ગંધક સમભાગે લઇ કાજળી કરી પારાની સમાનભાગે સોનું લઇ તેમાં મેળવી તેને બારિક અને ટકાઉ વસ્ત્રમાં પોટલી બાંધીને તે પોટલીને કડાઇમાં રાખી તેમાં ઉપર નીચે ગંધક નાખી પકવવી. નીચે મંદાગ્નિ કરવો. આસમાની (આકાશના જેવો) રંગ થયા પછી કડાઇ નીચે ઉતારવી. આ **હેમગર્ભ રસ** શ્વાસ અને ઉધરસનો નાશક હોઇ અનુપાનપરત્વે સર્વ રોગોનો નાશ કરે છે.

૫૮ પાંચમા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—શુદ્ધ કરેલો પારો ચાર તોલા, શુદ્ધ સોનું ૧ તોલો અને ગંધક ૧ માસો લઇ તેનું ચૂર્ણ કરી તેને બારિક ખરલ કરવું. પછી તેને એક વસ્ત્રમાં બાંધી તે પોટલીને લોઢાની કડાઇમાં રાખી તેના ઉપર ૪ તોલા ગંધક નાખવો અને તે ઉપર ફરીથી વસ્ત્ર બાંધી મુખમુદ્રા કરી તેને ભૂધરયંત્રમાં પુટ આપવો. ત્યારપછી ઠરી ગયેથી બહાર કાઢી ચૂર્ણ કરી તેને ફરીથી વસ્ત્રમાં બાંધી પારાના સમાન ગંધક લઇ ઊનના વસ્ત્રમાં મુદ્રા કરી આગળ પ્રમાણે પુટ આપવો, એટલે આ **હેમગર્ભ રસ** સિદ્ધ થાય છે.

૫૯ છઠ્ઠા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—સોનું એક ભાગ અને પારો ત્રણ ભાગ લઈ તેને લિંબુના રસમાં ખરલ કરી ગોળો કરવો અને વસ્ત્રમાં કિંચિત્ ગંધક નાખી તે ગોળો તેમાં રાખી પુનઃ તે પર વસ્ત્ર બાંધવું. આ પ્રમાણે ત્રણ વાર કરવું. પછી લોઢાના વાસણમાં સમાન ગંધક નાખી તે મધ્યે પોટલી ઠેરવવી. પછી તે સાત વાર કપડમટ્ટી કરી એક વેંત ખાડો ખોદી તેમાં તે વાસણને રાખી તે ઉપર એક અંગુઠાપૂર માટી નાખી તેના ઉપર એક પહોર અગ્નિ કરવો; એટલે **હેમગર્ભ પોટલીરસ** સિદ્ધ થાય છે. તે અનુપાનપરત્વે સર્વ રોગ ઉપર આપવો.

૬૦ સાતમા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—શુદ્ધ પારો ૪ ભાગ, શુદ્ધ સોનું ૧ તોલો અને શુદ્ધ ગંધક ૧ માસો લઇ તેનું બારિક ચૂર્ણ કરી વસ્ત્રથી બાંધવું; અને પારાની બરાબર ગંધક લઇ તે ઉપર નાખવો. પછી તે પર ફરીથી વસ્ત્ર બાંધવું અને તે પોટલીને શરાવસંપુટમાં નાખી સાંધા બંધ કરવા. પછી તે સંપુટને ભૂધરયંત્રમાં રાખી તેને અગ્નિ આપવો; અને તે શીતળ થયા પછી ઉપરથી ગંધક કાઢી નાખી અંદરના ઔષધનું ચૂર્ણ કરીને મજબૂત વસ્ત્રમાં બાંધી ઉપર ગંધક નાખી ફરીથી ભૂધરયંત્રમાં અગ્નિ આપવો. આ પ્રમાણે સાત પુટો આપવાથી પણ **હેમગર્ભ રસ** સિદ્ધ થાય છે.

૬૧ આઠમા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—શુદ્ધ પારો ૧ ભાગ, પ્રવાલ ૦ા ભાગ, રૂપું ૦ા ભાગ, સોનું ૦ા ભાગ અને પારાનો આઠમો ભાગ ગંધક લઇને સર્વનું બારિક ચૂર્ણ કરી તેની પોટલી બાંધવી. પછી કડાઈમાં ગંધક નાખી તેમાં એક પહોર સુધી પચવવી. પછી બહાર કાઢી ઉપરનું વસ્ત્ર કાઢી નાખી તેમાંનો **હેમગર્ભ રસ** આપવો. આ રસ અનુપાનપરત્વે અનેક રોગો ઉપર અપાય છે.

૬૨ નવમા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—પારો ૯ તોલા, તામ્રભસ્મ ૩ તોલા, ગંધક ૪ા તોલા, મોતી ૫ માસા, ગોરોચન ૨ા તોલા, સોનું ૩ તોલા, પ્રવાલભસ્મ ૩ તોલા, એને કુંવારપાઠાના રસમાં ૩૦ દિવસ ખરલ કરી છાયામાં સૂકવી રેશમના કપડામાં પોટલી બાંધી ગંધકમાં શીજવવું. પછી તેમાં કસ્તૂરી ચાર માસા ભેળવવી; એટલે **હેમગર્ભરસ** સિદ્ધ થાય છે.

૬૩ દશમા પ્રકારનો હેમગર્ભ પોટલીરસઃ—શુદ્ધ હિંગળોક ૧ તોલો, સોનું ૧ માસો, પારો ૧ માસો અને ગંધક અર્ધો માસો લઈ ચૂર્ણ કરી તેનો ગાયના દૂધમાં ખરલ કરી વસ્ત્રમાં પોટલી બાંધી ભૂધરયંત્રમાં કુક્કુટપુટ આપવો. વળી તેને વસ્ત્રમાં બાંધી તેના ઉપર ગંધક નાખી ફરીને ઉપર પ્રમાણે પુટ આપવો. એટલે આ રાતા રંગનો **હેમગર્ભ રસ** સિદ્ધ થાય છે. આ સર્વ રોગ ઉપર આપવો. એક દોષ, દ્વિદોષ, ત્રિદોષના ઉપર આદુના રસ અગર મધમાં એને આપવો.

૨—ચૂર્ણો×

૧ અજમોદાદિ ચૂર્ણ:—અજમોદ, વાવડીંગ, સિંધવ, દેવદાર, ચિત્રકમૂળ, વરિયાળી, લીંડીપીંપર અને મરી એકેક તોલો, બાળહરડે ૫ તોલા, વરધારો ૧૦ તોલા અને સુંઠ ૧૦ તોલા; એ સર્વનું ચૂર્ણ કરી ઉષ્ણોદકમાં પાવાથી સોજો, આમવાયુ, સાંધા દુખે છે તે વાયુ, ગૃધ્રસી વાયુ;

× એક મિત્રે આપેલા અનુભૂત પ્રયોગો:—

૧ અતિસાર ઉપર:—સુંઠ તોલો ૧ ગરમ કરી તેમાં સાકર તોલો ૧ તથા અફીણ બે થી ત્રણ રતિ નાખી ઝીણું વાટી તેની સરખા વજને ત્રણ પડીકીઓ કરવી. તેમાંની દરરોજ એકેક પડીકી લઇ ફાકવી.

૨ અતિસાર ઉપર બીજી ફાકી:—બાવળીઓ ગુંદર, ખસખસ અને સાકર સરખાભાગે લઈ તેનું ચૂર્ણ કરી તોલા ૨ ના અંદાજે સવારે આપવું.

૩ પિત્તજ્વર ઉપર:—હીમજ તોલો ૦। અને અગરિયું મીઠું તોલો ૦। લઈ ઝીણું વાટી તેની રાત્રે સૂતી વખતે ગરમ પાણીથી ફાકી કરવી. એનાથી સૂક્ષ્મ રેચ લાગશે. રેચ વાળવા જરૂર નહિ પડે.

૪ તાવ ઉપર:—શંખજીરાની ભૂકી દૂધમાં આપવાથી ટાઢીઓ તાવ જાય અને દહીંને કપડામાં બાંધી રાખી તેમાંનું પાણી નીતરી ગયા પછી તેમાં ખાવાથી ઊનો તાવ જાય.

૫ હરસ ઉપર:—કણુતરની વીઠ અને આવળનાં ફૂલની જરદી (પાંદડી) સમાનભાગે લઇ તેનું ચૂર્ણ બનાવી ગુલકંદમાં એક માસો ખાવું.

૬ વહેતા કાન ઉપર:—ટંકણખારને ઝીણો વાટી કાનમાં ભભરાવી તેના ઉપર લિંબુના રસનો છાંટો પાડવાથી પરૂ બંધ થઇ પીડા મટી જશે.

૭ દંતમંજન:—બદામનાં છોતરાંના કોયલા (રાખ થવા ન દેવી), જાંબુનાં પાંદડાંની રાખ, દુધેલીને છાયામાં સૂકવીને ઝીણી ખાંડવી; તે, માયાં નંગ ૩, હરડે નંગ ૦॥, જવખાર તોલો ૦॥, એ છએ ચીજો ઝીણી ખાંડી કપડાથી ચાળી દાંતે ઘસવાથી દાંતનો દુખાવો મટે. (પ્રથમની ત્રણ વસ્તુ દશ દશ તોલા લેવી.) દાંત ઘસીને તરત કોગળા કરી લેવા નહિ તો છાલાં થઇ આવશે.

૮ હાલતા દાંત ઉપર:—ફટકડી અને માયાં સમાનભાગે ખાંડી કપડાવડે ચાળી દાંતે ઘસવાથી હાલતા દાંત મજબૂત થાય.

૯ ગરમીના દરદીને આપવાનો રેચ:—મીંઢીઆવળ તોલા ૬, તાવડીમાં થોડી શેકેલી વરીઆળી તોલા ૨॥, ઘીમાં તળેલી હિમજ તોલા ૨॥, એલચી તોલો ૧, એ ચીજો ઘી તોલા ૧ માં તળીને તેમાં ખાંડ તોલા ૫ નાખી ખાંડીને ભૂકો કરવો. એ ફાકી દરરોજ તોલા ૦॥। પ્રમાણે લેવી.

૧૦ દાલી ઉંદરસ ઉપર:—મરી, હિમજ, અજમો, તજ, સુંઠ, સુવા, લીંડીપીંપર અને પાનની જડ, એ આઠ ચીજો દરેક એકેક તોલો, મોટી હરડે નંગ ૧ અને સાકર તોલા ૫ એકત્ર વાટી તેની ફાકી તોલા ૦॥ ના આશરે કરવી.

૧૧ જીર્ણજ્વર (ધખલી) ઉપર:—કડુ, કરીઆતું, ઈંદ્રજવ, કાળીજીરી, ગળો અને સંચળ સરખા વજને લઈ ઝીણું ખાંડી કપડછાણ કરવું. એ ચૂર્ણ દરરોજ તોલો ૦॥ ફાકવું. પરેજી પાળવી.

૧૨ વિસ્ફોટક ઉપર:—મીંઢીઆવળ તોલા ૨૦, હિમજ તોલા ૩, હરડે તોલા ૩, બહેડાં તોલા ૨, આમળાં તોલા ૨, મજીઠ તોલો ૧, કાળાં મરી તોલો ૧, સફેદ નસોતર તોલા ૨, સિંધવ તોલા ૨, એ નવ વસ્તુઓને ઝીણી ખાંડી તેમાંથી દરરોજ સવારસાંજ ઊના પાણી સાથે ૭ આનીભાર ફાકવી. (રેચક છે.)

૧૩ વિસ્ફોટક ઉપર (બીજો):—મીંઢીઆવળ તોલા ૧૦ અને સુંઠ, વરીઆળી, સિંધાલુણ અને મજીઠ, એ દરેક તોલા ૨॥ પ્રમાણે લઈ ઝીણું ખાંડી તોલા ૧ ના વજનથી સવારસાંજ ફાકી કરવી. (રેચક છે.)

૧૪ ઝામરવાયુ ઉપર:—(૧) બાવળનાં છોડાં બાળી તેની રાખને આકડાના દૂધનો પુટ આપી છાયામાં સૂકવી ઝીણું કરી કપડાથી ચાળી નાકે તપખીરની માફક સુંઘવું. આથી તરત કેટલીક છીંકો

અને કેડ, પીઠ, ગુદા, પેટ એ ઠેકાણે શળ થાય છે તે, તૂની વાયુ, પ્રતિતૂની, વિશ્વાચી વાયુ અને કફવાયુનો વિકાર વગેરે તમામ વાયુરોગ દૂર કરે છે.

૨ અશ્વગંધાદિ ચૂર્ણ:—આસોદ ૪૦ તોલા, સુંઠ ૨૦ તોલા, લીંડીપીંપર ૧૦ તોલા, મરી ૮ તોલા, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર) ૧ તોલો, તજ ૧ તોલો, ભારંગમૂળ ૧ તોલો, તાલીસપત્ર ૧ તોલો, કચૂરા ૧ તોલો, અજમો ૧ તોલો, માયાં ૧ તોલો, જટામાંસી ૧ તોલો, ચણકબોબા ૧ તોલો, મોથ ૧ તોલો, રાસ્ના ૧ તોલો, કડુ ૧ તોલો, ગળો ૧ તોલો અને કોઠ ૧ તોલો લઇ ચૂર્ણ કરવું. આ બધા ચૂર્ણના જેટલી સાકર નાખી તે દરરોજ એક તોલો

આવી નાકમાંથી પાણી પડશે. (૨) કુકડવેલના ફળના ગરભની પણ છીકણી કરી સુંઘવાથી પીળા રંગનું પાણી નીકળી જઇ આરામ થશે.

૧૫ રોમનાશક ચૂર્ણ:—કળીચુનામાં તેનો ચોથો ભાગ હરતાલ નાખી કપડછાણ કરી રાખવું. આ ચૂર્ણ પાણી સાથે મેળવી વાળ ઉપર ચોપડી થોડી વાર પછી ધોઇ નાખવાથી વાળ ખરી પડશે.

૧૬ બાળકની ખાંસી તથા બકારી ઉપર:—ભોરિંગણીનાં ફૂલ નંગ ૪ અને કેસર વાલ ૧ નું ચૂર્ણ મધ સાથે ચટાડવું.

૧૭ ચોથીઆ તાવ ઉપર:—હિંગના ચૂર્ણનો જૂના ઘી સાથે ન્યાસ લેવો.

૧૮ નળબંધ વાયુ ઉપર:—અજમો તોલા ૬, સંચળ તોલા ૨, સિંધવ તોલો ૧, સુંઠ તોલો ૧, લવંગ તોલા ૨, તજ તોલા ૨, ખોડી અજમો તોલો ૧ તથા મોથ તોલા ૨।। લઇ ઝીણાં વાટી તેમાંથી તોલા ૦। પ્રમાણે દરરોજ સવારસાંજ ફાકી કરાવે તો ઉદરવાયુ અને નળબંધ વાયુ મટે.

૧૯ કૃમિ (કરમિયા) ઉપર:—ઘોડાવજ, અજમો, વાવડીંગ, પિત્તપાપડો, કચૂરો, હિંગ અને નસોતર સરખા ભાગે વાટી ચૂર્ણ કરી ઉના પાણી સાથે ફાકી લેવાથી કરમ નીકળી પડે અને દરદ મટે.

૨૦ અતિસાર ઉપર:—ખોડી અજમો, મોચરસ, સુંઠ અને ધાવડીનાં ફૂલ સરખાભાગે લઇ ખાંડી ચૂર્ણ કરી ગાયની છાશમાં પીએ તો ઘણો પાતળો ઝાડો થતો હોય તોપણ બંધ થાય.

૨૧ હરસ અને લોહી ઝરતા હરસ (દૂઝણ મસ) ઉપર:—મરી તોલા ૧૦, સુવા તોલા ૨૦, હીરાદખાણ તોલો ૧ અને ધાવડીનાં ફૂલ તોલા ૧ નું ચૂર્ણ કરી દરરોજ એક તોલા પ્રમાણે મધમાં ચટાડવું.

૨૨ હરસ ઉપર:—ગંધકનાં ફૂલ અથવા શોધેલો ગંધક, મીંઢીઆવળ અને મરીનું ચૂર્ણ ૪ થી ૬ માસા સુધી મધમાં ચાટવું; અથવા એરંડીઆ તેલમાં તળેલી હિમજનું ચૂર્ણ મધ સાથે લેવાથી દસ્ત સાફ આવશે અને હરસના દરદની પીડા થશે નહિ.

૨૩ દૂઝતા મસા ઉપર:—નાગકેસરનું ચૂર્ણ તોલો ૦। તથા સાકર તોલો ૦।। મેળવી પછી એક તોલા માખણમાં મેળવી દરરોજ સવારે ખાવું.

૨૪ દૂઝણ મસા ઉપર (બીજો):—મરી ૧ ભાગ, સુંઠ ૨ ભાગ, ચિત્રાનું મૂળ ૪ ભાગ, સૂકવેલું સુરણ ૮ ભાગ, વાવડીંગ ૪ ભાગ, વરધારો ૬ ભાગ, ત્રિફળાં (હરડાં, બહેડાં અને આમળાં) ૪ ભાગ અને લીંડીપીંપર ૪ ભાગ લઈ, ખાંડી કપડછાણ ચૂર્ણ બનાવી તેમાં ૨૦ ભાગ ગોળ મેળવી, તેમાંથી દરરોજ સવારમાં એકેક તોલો ખાવાથી હરસ, સોજો અને બરોળના રોગીને ફાયદો થાય.

૨૫ દૂઝણ મસા ઉપર (ત્રીજો):—રસવંતી રંગે કાળી અને ખાધે કડવી હોય છે તે દરરોજ સવારે એક વાલ પાણીમાં ઘસીને પાવી; અને તે પીધા પછી ત્રણ કલાકે ખાવું અને અડધો વાલ પાણીમાં ઘસી મસા ઉપર લેપ કરી મીઠાની પોટલીથી શેકવું એટલે હરસ કરમાઇ જશે.

૨૬ જલોદર ઉપર:—રાઇ તોલો ૧ ના ઝીણા કરેલા ચૂર્ણને ગાયના ઝરણ(ગોમૂત્ર)માં પાવું.

૨૭ પ્રમેહ ઉપર:—ઈલાયચી તોલો ૧ શુદ્ધ કરીને તેમાં સાકર તોલા ૪ અને ફટકડી ફૂલાવેલ તોલા ૨ નાખી ઝીણું વાટી સમાનવજને ત્રણ પડીકાં કરવાં. દરરોજ એક પડીકું બકરીના એક શેર દૂધમાં પાવું. પરેજી સખત પાળવી. માત્ર ઘઉં, મગ અને દૂધ, એ ત્રણજ વસ્તુઓ ખાવી.

સવારે આપવું. ક્ષય ઉપર ઘી અને સાકરમાં આપવું. પ્રમેહ ઉપર માખણમાં; શિરઃભ્રમણ અને ચિત્તવ્યાધિ ઉપર ગોખરૂમાં આપવું. આ ચૂર્ણ જેનો દેહ ક્ષીણ થયેલો છે તેના બળની વૃદ્ધિ કરે છે; અને મેદ, ઉદર, મંદાગ્નિ અને કુક્ષિશૂળનો તથા અનુપાનથી બધા રોગોનો નાશ કરે છે.

૩ **અક્કલકરાદિ ચૂર્ણઃ**—અક્કલકરો, સિંધવ, ચિત્રો, આમળાં, મરી, લીંડીપીંપર, અજમો અને હરડે એકેક ભાગ અને સુંઠ ૨ ભાગ; એનું ચૂર્ણ કરી તેને બીજોરાના રસની ભાવના આપી ચૂર્ણ અથવા ગોળી કરવી. એ મંદાગ્નિ, અરુચિ, ઉધરસ, ગલરોગ, દમ, સળેખમ, પીનસ, ફેફરું, ઉન્માદ અને સન્નિપાત ઉપર હિતકારક છે.

૪ **આમલક્યાદિ ચૂર્ણઃ**—આમળાં, ચિત્રો, બાળહરડે, લીંડીપીંપર અને સિંધવ સમભાગ લઇ ચૂર્ણ કરવું. એ લેવાથી સર્વ પ્રકારના તાવ દૂર થાય છે, મલાદિકનો ભેદ થાય છે, રુચિ થાય છે, કફ દૂર થાય છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે અને અન્નનું પચન થાય છે.

૫ **એલાદિ ચૂર્ણઃ**—એલચીદાણા, જટામાંસી, લવંગ, સુંઠ, લીંડીપીંપર, નાગરમોથ, ચંદન, ધાણા, ખારેક, તમાલપત્ર, જેઠીમધ, કાળો વાળો, ધોળો વાળો અને દાડમની છાલ, એ સમભાગ લઇ તે ૬ માસા ચૂર્ણ પાશેર દૂધ અને ૨ તોલા સાકરમાં આપવું; એટલે ઉચકી, કમળો, પાંડુરોગ, મૂત્રકૃચ્છ્ર અને ૨૦ પ્રકારના પ્રમેહનો નાશ થઇ ધાતુ પુષ્ટ થાય છે.

૬ **ચંદનાદિ ચૂર્ણઃ**—અગર ૧ ભાગ, તગર ૧ ભાગ, વંશલોચન ૧ ભાગ, ધોળું ચંદન ૧ ભાગ, વાળો ૧ અને સાકર ૫ ભાગ લઇ ચૂર્ણ કરીને ૩ થી ૬ માસા પાશેર દૂધમાં પાવું; એટલે દાહ, પિત્ત અને ઉનવા એ રોગો દૂર થાય છે.

૭ **ચોપચીની ચૂર્ણઃ**—ચોપચીની ૧૬ તોલા, સાકર ૪ તોલા, લીંડીપીંપર, પીંપળીમૂળ, મરી, લવંગ, અક્કલકરો, ખુરાસાની અજમો, સુંઠ, વાવડીંગ અને તજ, એ દરેક તોલો તોલો લઈ ચૂર્ણ કરી તે ૬ માસા ચૂર્ણ ગરમ પાણીમાં અથવા ઘી અને મધમાં આપવું; એટલે પ્રમેહ, વ્રણ, કોઢ, ઉપદંશ, ક્ષીણતા અને ગરમીનાં દરદોથી સાંધા પકડાય છે તે, વગેરે રોગોનો નાશ કરે છે.

મગ અને દૂધ એ બે સાથે કદી ખાવાં નહિ; નહિ તો ન સમજાય તેવું રસાયણી નુકસાન થાય છે.

૨૮ સારણગાંઠ ઉપરઃ—આંબાહળદર, સાજીખાર, મેદાલકડી અને હજરતબેર, એ ચારે એકેક તોલો લઈ ઝીણું ખાંડી ઇંદ્રવારુણી(ત્રુંસડા)ના ફળને ડગળી કાપી તેમાં ભરી તેને ડગળી બેસાડી તડકે સૂકવવું. તે સુકાઇ ગયા પછી બારિક ખાંડી તેની વાલ ૨ ના અંદાજે સવાર–સાંજ ફાકી લેવાથી પેટમાં ચઢતી હોય તે સારણગાંઠ મટે. (આ રેચક છે.)

૨૯ ગુમડાંનાં ચાંદાં ઉપરઃ—કાથો અને રાળ સરખા ભાગે લઇ વાટીને ચાંદાં ઉપર ભભરાવે તો ૩ દિવસમાં મટે.

૩૦ અજાયબ રેચઃ—ગોમૂત્ર શેર ૧ નો ક્ષાર, મોટી હરડેનું દળ તોલો ૧॥, નેપાળો તોલો ૧॥, એરંડાનું મૂળ તોલો ૧॥, ગંધક તોલો ૧॥, એળીઓ તોલો ૧॥, થુવેરનું દૂધ તોલો ૧॥, મરી તોલો ૧॥ અને સુંઠ તોલો ૧॥, લઇ ઝીણું વાટી મધમાં ખરલ કરવું. એ હાથપગના નખો તથા નાભી ઉપર ચોપડવાથી રેચ લાગશે અને સાફ ધોઇ નાખવાથી બંધ થશે.

૩૧ વિસ્ફોટક ઉપરઃ—હરડાં, બહેડાં, આમળાં, ધોળું નસોતર, સિંધવ, એ બબ્બે તોલા, મરી અને મજીઠ એ એકેક તોલો, મીંઢીઆવળ દશ તોલા અને હીમજ ૩ તોલા લઇ ઝીણાં ખાંડી કપડછાણ કરી દરરોજ સવારે દશઆનીભાર અને સાંજે ૧ તોલા પ્રમાણે ફાકી કરવી.

૩૨ ઝામરવાની દવાઃ—ખારી તુંબડીના સૂકા ફળનો ગર્ભ તોલા ૨॥, આગરિયું મીઠું તોલો ૧ અને હિંગ તોલો ૦॥ લઇ ઝીણું વાટી કપડછાણ કરી રાખવું. આ ચૂર્ણ છીંકણીની માફક નાકે સુંઘાડવાથી ઝામરવાનું દરદ મટે.

૩૩ વાતવિધ્વંસન ચૂર્ણઃ—લવંગ ૧, પીંપળીમૂળ ૨, લીંડીપીંપર ૬, સિંધાલુણ ૬, સંચળ ૧૨ અને અજમો ૧૬ ભાગ પ્રમાણે લઈ સર્વ વસ્તુઓ ઝીણી ખાંડી કપડાથી ચાળી ઇંદ્રવરણા-(ત્રુંસડા)ના રસના ૨૧ પુટ આપવા. એ ચૂર્ણ દરરોજ ૦। તોલાના પ્રમાણ મુજબ આપવાથી ઉદરરોગ, શૂળ, આનાહ (આફરો), બરોળ આદિ રોગ દૂર થાય છે.

આ રોગમાં થોડું ગરમ કરેલું પાણી પીવા માટે આપવું, એ હિતકર છે. ખાવા માટે સાઠીચોખા, તુવરની દાળનું પાણી, ઘી, મધ, ઘઉં, સિંધવ, સરગવો, તુરીઆં, આદુ વગેરે ઉપયોગમાં લેવા. ×

૮ **તાલિસાદિ ચૂર્ણ**:—તાલીસપત્ર ૧ તોલો, મરી ૨ તોલા, સુંઠ ૩ તોલા, લીંડીપીંપર ૪ તોલા, વંશલોચન ૫ તોલા, એલચીદાણા ૦।। તોલો, તજ ૦।। તોલો અને ખાંડ ૩૨ તોલા, એ બધાંનું ચૂર્ણ કરી તે ત્રણ માસા આપવું; એટલે અરુચિ, અજીર્ણ, ઉધરસ, શ્વાસ, જ્વર, ઉલટી, અતિસાર, શોષ, પેટ ચઢવું, પથરી, પાંડુ અને સંગ્રહણી, બરોળ, એ રોગો દૂર થાય છે.

૯ **ત્રિફળાં ચૂર્ણ**:—હરડાં, બહેડાં અને આમળાં, એ ત્રણ ઔષધો સમભાગ લઈ ચૂર્ણ કરવું; એને ત્રિફળાં કહે છે. એ ત્રિફળાંચૂર્ણ આપવાથી પ્રમેહ, સોજો, વિષમજ્વર, કફ, પિત્ત અને કુષ્ઠરોગો દૂર થાય છે, અગ્નિ પ્રદીપ્ત થાય છે. આ ત્રિફળાં રસાયની છે. ઘી અને મધમાં ત્રિફળાં મેળવી ખાવાથી તમામ નેત્રરોગ દૂર થાય છે.

૧૦ **ત્રિફળાં પીંપર ચૂર્ણ**:—હરડાં, બહેડાં, આમળાં અને લીંડીપીંપરનું ચૂર્ણ કરી મધમાં ચાટવા આપવું તેથી કરી મળનો ભેદ થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે. શ્વાસ, કાસ અને તાવ દૂર થાય છે.

૧૧ **ત્રિફળાદિ ચૂર્ણ**:—હરડાં, બહેડાં, આમળાં, તજ, જેઠીમધ અને મહૂડાનાં ફૂલ સમભાગ લઇ તેનું ચૂર્ણ ૬ માસા, મધ ૧ તોલો અને ઘી ૧।। તોલામાં સાંજરે આપવું; એટલે સર્વ પ્રકારના નેત્રરોગ, ગળા ઉપરના ભાગના સર્વ રોગ, વલીપલિત રોગ, હરસ, ભગંદર, પ્રમેહ, કુષ્ઠ, હલીમક અને કિલાસકુષ્ઠ, એ રોગો દૂર થઇ નવી દૃષ્ટિ આવે છે, કેશ કાળા થાય છે.

૧૨ **દાડિમાષ્ટક ચૂર્ણ**:—દાડમની છાલ ૮ તોલા, સાકર ૮ તોલા, લીંડીપીંપર, પીંપળીમૂળ, અજમોદ, મરી, ધાણા, જીરૂં અને સુંઠ એકેક તોલો, વંશલોચન ૩ માસા; તજ, તમાલપત્ર એલચીદાણા અને નાગકેસર દોઢ દોઢ માસા પ્રમાણે લઈ ચૂર્ણ કરવું. એ ચૂર્ણ ખાવાથી અતિસાર, ક્ષય, ગુલ્મ, સંગ્રહણી, કંઠરોગ, અગ્નિમાંદ્ય, સળેખમ અને કાસરોગ દૂર થાય છે.

૧૩ **બીજું દાડિમાષ્ટક ચૂર્ણ**:—દાડિમના દાણા ૩૨ તોલા, તજ, તમાલપત્ર અને એલચી, એ ત્રણે મળીને ૪ તોલા; સુંઠ, મરી અને લીંડીપીંપર મળીને ૪ તોલા; પીંપળીમૂળ ૪ તોલા, વંશલોચન અને વાળો એક એક તોલો અને સાકર ૩૨ તોલા, એ સર્વનું વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. એના સેવનથી આમાતિસાર, ઉધરસ, હૃદયશૂળ, પડખાનું શૂળ, હૃદ્રોગ, અરુચિ, ગોળો, સંગ્રહણી અને મંદાગ્નિનો નાશ થાય છે.

૧૪ **દ્રાક્ષાદિ ચૂર્ણ**:—કાળી દ્રાક્ષ, ખારેક અને લીંડીપીંપરનું એક તોલો ચૂર્ણ, મધ ૧ તોલો અને ઘી દોઢ તોલામાં આપવું; એટલે જ્વર, ઉધરસ અને સોજાનો નાશ થાય છે.

૧૫ **બીજું દ્રાક્ષાદિ ચૂર્ણ**:—કાળી દ્રાક્ષ, જેઠીમધ, ચોખાની ધાણી, ધોળું કમળ, શતાવરી, ખારેક, વંશલોચન, વાળો, આમળાં, ગળોનું સત્ત્વ, નાગરમોથ, ધોળું ચંદન, તગર, કોષ્ઠ, કપૂરચીની, એલચીદાણા, તમાલપત્ર, તજ, નાગકેસર, ધાણા અને ગોખરુનું ચૂર્ણ કરી, સમભાગ સાકર નાખી તે ત્રણ માસા આપવું; એટલે ક્ષયરોગ, દાહ અને પિત્ત દૂર થાય છે.

૧૬ **ધાન્યાદિ ચૂર્ણ**:—લીંડીપીંપર, ધાણા, જીરૂં, અજમો, સંચળ, વાળો, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, સુંઠ, મરી, ચિત્રો અને પીંપળીમૂળ એકેક ભાગ; દાડમની છાલ, લીંડીપીંપર, ધાવડીનાં ફૂલ, અજમોદ, આમલી અને કુમળાં બીલાં ૩ ભાગ, સાકર ૬ ભાગ અને કોઠાનો ગર્ભ ૮ ભાગ; એનું ચૂર્ણ કરી તે ૬ માસા આપવું; એટલે અરુચિ, ગુલ્મ, ક્ષય, સળેખમ, અતિસાર, હરસ, અગ્નિમાંદ્ય, સંગ્રહણી, કંઠરોગ, શ્વાસ અને કાસ, એ રોગો દૂર થાય છે.

૧૭ **નારાયણ ચૂર્ણ**:—ચિત્રકમૂળ, ત્રિફળાં, સુંઠ, મરી, લીંડીપીંપર, જીરૂં, શેરણી, વજ, અજમોદ, પીંપળીમૂળ, વરીઆળી, વગડાઉ તુલસી, અજમો, કચૂરા, ધાણા, વાવડીંગ, કાળું જીરૂં, ચોક, પોખરમૂળ, સાજીખાર, જવખાર, સિંધવ, વરાગડું મીઠું, સંચળ, બીડલોણ, સમુદ્રનું મીઠું

× શ્રી. પદેજીએ બે પાઠ આપ્યા છે. એક પાઠમાં છેલ્લી નવ વસ્તુ અર્ધો અર્ધો તોલો લેવાનું લખ્યું છે.

અને કોષ્ઠ, એ ૨૭ ઔષધો એકેક ભાગ, પહેલા ઔષધના બે ભાગ, કડવી ઇંદ્રવરણીનાં ફળ ત્રણ ભાગ, નસોતર ત્રણ ભાગ, દાંતીનાં મૂળ ચાર ભાગ, પીળા થુરીઆનાં મૂળ અથવા પાન (તે ન મળે તો તેના અભાવે થુરીઓ લેવો), એ બધાં ઔષધો કચરી ચૂર્ણ કરવું. પછી તે ચૂર્ણ પાચને કરી તથા સ્નેહાદિકે કરી જેનો કોઠો સ્નિગ્ધ થયેલો છે, તેને રેચ થવા માટે આપવું; તેથી કરી તમામ રોગ દૂર થાય છે. હૃદ્રોગ, પાંડુ, શ્વાસ, કાસ, ભગંદર અને અગ્નિમાંદ્યના રોગો ઉપર આ ચૂર્ણ અનુપાનની યોજના કરી આપવું. પેટ ચઢયું હોય તો મધમાં આપવું. ગુલ્મરોગ ઉપર બોરડીના કાઢામાં આપવું. ગુદાની અંદર કાતરા પડે છે તેને આમલીની છાલના કાઢામાં આપવું. ઉદરરોગ ઉપર ઉંટડીના દૂધમાં અથવા ગાયની છાશમાં આપવું. વાતરોગીને ઘીમાં આપવું. મૂળવ્યાધિ ઉપર દાડમના રસમાં આપવું. આ ચૂર્ણ ઘીમાં આપવાથી સ્થાવર તથા જંગમ વિષ દૂર થાય છે. આ ચૂર્ણથી સર્વ પ્રકારના દુષ્ટરોગ દૂર થાય છે.

૧૮ પાચક ચૂર્ણ.—એલચીદાણા, હરડાં, બહેડાં, આમળાં, સુંઠ, મરી, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચિત્રક, શેકેલી હીંગ, જીરૂં, વરીઆળી, અજમો, લવંગ, વાવડીંગ, સિંધવ, સંચળ, બિડલોણ, બંગડીખાર અને વરાગડું મીઠું સમભાગ લઇ ચૂર્ણ કરી લિંબુના રસની ભાવના આપી તે ત્રણ માસા આપવું; એટલે અગ્નિ પ્રદીપ્ત થાય છે, મોઢામાં રુચિ આવે છે અને અજીર્ણ તથા પેટ ચઢયું હોય તે ઉતરી જાય છે.

૧૯ પાચક અને રેચક ચૂર્ણ:—ખારેક ૧૦ ભાગ, લીંડીપીંપર ૨ ભાગ, જીરૂં ૧ ભાગ, સાકર ૧૦ ભાગ, મરી ૨ ભાગ, સિંધવ ૧ ભાગ, સુંઠ ૨ ભાગ, જાયફળ ૧ ભાગ અને તજ ૧ ભાગ લઈ ચૂર્ણ કરી તે લિંબુના રસમાં કડાઇમાં ગરમ કરી રાખી મૂકવું. એ ત્રણ માસા આપવું એટલે અન્નનું પાચન થઇ મોઢામાં સ્વાદ આવે છે.

૨૦ પિપ્પલ્યાદિ ચૂર્ણ:—લીંડીપીંપર, અતિવિષ, નાગરમોથ અને કાકડાશિંગનું ચૂર્ણ મધમાં આપવું; તેથી કરી બાળકોનો જ્વરાતિસાર, શ્વાસ, કાસ અને ઉલટી એ રોગો દૂર થાય છે.

૨૧ મળશુદ્ધિનું ચૂર્ણ:—સુરવારી હરડે બે ભાગ, સોનામુખી બે ભાગ, રેવંચી બે ભાગ, સિંધવ ૨ ભાગ, સંચળ ૦ાા ભાગ, મરી ૦ાા ભાગ અને સુંઠ ૦ાા ભાગ, એનું ચૂર્ણ ૩ માસા રાત્રે ગરમ પાણીમાં આપવું.

૨૨ મળશુદ્ધિનું ચૂર્ણ બીજું:—સોનામુખી (મીંઢીઆવળ), બાળહરડે અને લીંડીપીંપર અથવા વરીઆળી એકેક ભાગ તથા સિંધવ અથવા સંચળ અર્ધો ભાગ લઇ તે સર્વનું ચૂર્ણ કરી તે ત્રણ માસા ચૂર્ણ રાત્રે ગરમ પાણીમાં પાવું.

૨૩ મહાખાંડવ ચૂર્ણ:—મરી, નાગકેસર, તાલીસપત્ર, સિંધવ, સંચળ, બીડલોણ, સમુદ્રનું મીઠું અને બંગડીખાર એકેક ભાગ, પીંપળીમૂળ, ચિત્રો, તજ, લીંડીપીંપર, આમલીની છાલ અને જીરૂં બબ્બે ભાગ, અમ્લવેતસ (ન મળે તો ચુકો અથવા ચણાનો ક્ષાર), સુંઠ, મોટા એલચીદાણા, ચણીબોર, અજમોદ અને નાગરમોથ ત્રણ ત્રણ ભાગ; અને બધાં ઔષધોનો ચોથો ભાગ દાડમનાં ફળ લેવાં. પછી બધાંનું ચૂર્ણ કરી, તે ચૂર્ણથી અર્ધી સાકર લઇ મેળવવી. આ ચૂર્ણનું સેવન કરવાથી મોઢામાં સ્વાદ ઉત્પન્ન થાય છે, તથા અગ્નિ પ્રદીપ્ત થાય છે. એ હૃદયને હિતકારક અને કાસ, અતિસાર, હૃદ્રોગ, કંઠરોગ, ઉદરરોગ, મુખરોગ, મોડશી (કોગળીઉં), પેટ ચઢવું, હરસ, ગુલ્મ, જંતુવિકાર, પાંચ પ્રકારની ઉલટી અને શ્વાસરોગ દૂર કરે છે.

૨૪ યવાનીખાંડવ ચૂર્ણ:—અજમોદ ૨ ભાગ, દાડમની છાલ ૨ ભાગ, સુંઠ ૨ ભાગ, આમલીની છાલ ૨ ભાગ, અમ્લવેતસ ૨ ભાગ, ખાટાં બોર ૨ ભાગ,× લીંડીપીંપર ૫ ભાગ, મરી ૧ાા ભાગ, તજ ૧ ભાગ, સંચળ ૧ ભાગ, ધાણા ૧ ભાગ, જીરૂં ૧ ભાગ અને સાકર ૩૨ ભાગ લઇ ચૂર્ણ કરી તે ૬ માસા આપવું; એટલે પાંડુ, હૃદ્રોગ, સંગ્રહણી, જ્વર, ઉલટી, શોષ, અતિસાર, બરોળ, મલબંધ (બંધકોશ), અરોચક, શળ, મંદાગ્નિ, મૂળવ્યાધિ, જીભના રોગ અને કંઠરોગ દૂર થાય છે.

× બોર તથા આંમલી બંનેના ઠળીઆ કાઢીને છાલ માત્ર લેવી.

૨૫ લઘુગંગાધર ચૂર્ણ:—નાગરમોથ, ઇંદ્રજવ, કુણાં બીલાં, લોધર, મોચરસ અને ધાવડીનાં ફૂલનું ચૂર્ણ કરી તે છાશમાં ગોળ નાખી આપવું; તેથી અતિસાર દૂર થાય છે.

૨૬ લવંગાદિ ચૂર્ણ:—લવંગ, ભીમસેની કપૂર, એલચીદાણા, તજ, નાગકેસર, જાયફળ, વાળો, સુંઠ, શહાજીરું, કૃષ્ણાગરૂ, વંશલોચન, જટામાંસી, નીલકમળ, લીંડીપીંપર, વાળો, ધોળું ચંદન, તગર અને ચણકબાબા સમભાગ લઇ ચૂર્ણ કરી તેનાથી અર્ધી સાકર લઇ એ સર્વ એકઠું કરવું. એ ચૂર્ણ ખાવાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, મોઢામાં સ્વાદ આવે છે, શરીર પુષ્ટ થાય છે, સ્ત્રીવિષયમાં ઇચ્છા થાય છે; વાત, પિત્ત અને કફનો પ્રકોપ દૂર થાય છે; શક્તિ આવે છે, હૃદ્રોગ, કંઠરોગ, શ્વાસ, હેડકી, સળેખમ, ક્ષય, તકમશ્વાસ, અતિસાર, ઉરમાં ક્ષતરોગ થાય છે તે, પ્રમેહ, અરુચિ, ગુલ્મ અને સંગ્રહણી રોગ દૂર થાય છે.

૨૭ બીજું લવંગાદિ ચૂર્ણ:—૮ માસા લવંગ, એલચી અને જાયફળ એ અર્ધો તોલો અને અફીણ ૧ માસો તે સર્વનું એકત્ર ચૂર્ણ કરી તે ગરમ પાણીમાં અર્ધો માસો આપવું; એટલે દારુણ મોડશી (કૉગળીઉં), શૂળ, અતિસાર અને ઉલટીનો નાશ કરે છે.

૨૮ ત્રીજું લવંગાદિ ચૂર્ણ:—લવંગ, ચણકબાબા, વાળો, સુખડ, તગર, નીલકમળ, એલચી, કૃષ્ણાગરૂ, તજ, નાગકેસર, લીંડીપીંપર, સુંઠ, જટામાંસી, નાગરમોથ, શુદ્ધ કપૂર, જાયફળ અને વંશલોચન, એ દરેક સમાન ભાગે લઈ અને ખડીસાકર ૮ ભાગ લઇ સર્વનું ચૂર્ણ કરવું. આ લવંગાદિ ચૂર્ણ રુચિકારક, અગ્નિદીપક, તૃપ્તિકારક, બળદાયક, વૃષ્ય અને ત્રિદોષનાશક હોઇ છાતીના રોગ, તમકશ્વાસ, ગલગ્રહ, ઉધરસ, હેડકી, અરુચિ, ક્ષયરોગ, પીનસ, સંગ્રહણી, અતિસાર, ભગંદર, અર્બુદ, પ્રમેહ અને ગોળાનો નાશ કરે છે.

૨૯ ચોથું લવંગાદિ ચૂર્ણ:—લવંગ, લીંડીપીંપર અને જાયફળ દરેક એકેક તોલો, મરી બે તોલા, સુંઠ ૧૬ તોલા અને એ સર્વના સમાન સાકર લઈ ચૂર્ણ કરી આપવાથી તે ઉધરસ, તાવ, પ્રમેહ, અરુચિ, શ્વાસ, મંદાગ્નિ, સંગ્રહણી અને ગુલ્મરોગનો નાશ કરે છે.

૩૦ પાંચમું લવંગાદિ ચૂર્ણ:—લવંગ, ચણકબાબા, લીંડીપીંપર, સુંઠ, સુખડ, એલચી, નાગરમોથ, વંશલોચન, વાળો, કૃષ્ણાગરૂ, નાગકેસર, ત્રિફળાં, જાયફળ, બરાસ. કપૂર, જટામાંસી, શતાવરી, ગોખરૂ, આસંધ, ગળોનું સત્ત્વ અને તગર, એ સમાનભાગે લઇ ચૂર્ણ કરી તે સાકર સાથે લેવું; એટલે ૨૦ પ્રકારના પ્રમેહનો નાશ થાય છે.

૩૧ વડવાનલ ચૂર્ણ:—સિંધવ ૧ ભાગ, પીંપળીમૂળ ૨ ભાગ, લીંડીપીંપર ૩ ભાગ, ચવક ૪ ભાગ ચિત્રક ૫ ભાગ, સુંઠ ૬ ભાગ અને બાળહરીતકી ૭ ભાગ, આ પ્રમાણે લઇ ચૂર્ણ કરવું. એ લેવાથી અજીર્ણનો નાશ થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે.

૩૨ વૈશ્વાનર ચૂર્ણ:—સિંધવ ૨ ભાગ, જવખાર ૨ ભાગ, અજમો ૨ ભાગ, સુંઠ ૫ ભાગ અને હરડે ૧૦ ભાગ, એનું ચૂર્ણ કરી તે ૪ માસા ચૂર્ણ દહીં, છાશ અથવા ઉના પાણીમાં આપવું; એટલે આમવાત, ગુલ્મ, હૃદ્રોગ, ઇંદ્રિયમાંના રોગો, બરોળ, શૂળ, આનાહ અને મૂળવ્યાધિનો નાશ થાય છે.

૩૩ શૃંગ્યાદિક ચૂર્ણ:—કાકડાશિંગ, અતિવિષ અને લીંડીપીંપરનું ચૂર્ણ કરી મધમાં બાળકને આપવું; એટલે તાવ, ઉધરસ, એ રોગો દૂર થાય છે અથવા એકલું અતિવિષ મધમાં આપવું; તેથી કાસ, તાવ તથા ઉલટી એ રોગો દૂર થાય છે.

૩૪ શુંઠયાદિ ચૂર્ણ:—સુંઠ, અતિવિષ, શેકેલી હીંગ, મોથ, ઇંદ્રજવ, ચિત્રક એ ૭ ઔષધોનું ચૂર્ણ કરી ચૂર્ણથી ચોગણું ગરમ પાણી લઈ તેમાં પાવાથી આમાતિસારનો નાશ થાય છે.

૩૫ બીજું શુંઠયાદિ ચૂર્ણ:—સુંઠ ૬ ભાગ, લીંડીપીંપર ૬ ભાગ, મરી ૪ ભાગ, ખાવાનાં પાન ૩ ભાગ, તજ ૨ ભાગ અને એલચીદાણા ૧ ભાગ લઇ, ચૂર્ણ કરી ચૂર્ણ બરોબર સાકર નાખી આપવું; એટલે તે હરસ, અગ્નિમાંદ્ય, ઉધરસ, અરુચિ, શ્વાસ, કંઠરોગ અને હૃદ્રોગનો નાશ કરે છે.

૩૬ સામુદ્રાદિ ચૂર્ણ:—મીઠું, સંચળ, સિંધવ, જવખાર, અજમો, અજમોદ, હરડે, લીંડી-પીંપર, સુંઠ, હીંગ અને વાવડીંગ, એ સમભાગ લઈ ચૂર્ણ કરી તે ચાર માસા ચૂર્ણ ભોજનસમયે

પ્રથમ પાંચ ગ્રાસ સાથે ખાવા આપવું; એટલે અજીર્ણવાત, ગુદવાત, ગુલ્મવાત, વાતપ્રમેહ, વિષમવાત, વિષૂચિકા, કમળો, પાંડુ, શ્વાસ અને કાસનો નાશ થાય છે.

૩૭ **સિતોપલાદિ ચૂર્ણ:**—સાકર ૧૬ ભાગ, વંશલોચન ૮ ભાગ, લીંડીપીંપર ૪ ભાગ, એલચીદાણા ૨ ભાગ અને તજ ૧ ભાગ લઈ ચૂર્ણ કરવું. આ ચૂર્ણ ૩ માસાથી ૬ માસાપર્યંત ૬ માસા મધ અને એક તોલા ઘીમાં ખાવા આપવું; એટલે કાસ, શ્વાસ, ક્ષય તથા હાથેપગે દાહ થાય છે તે, અગ્નિમાંદ્ય, જીભ શૂન્ય પડે છે તે, કુક્ષિશૂળ, અરોચક જ્વર, જીર્ણજ્વર, માથામાં રક્તવિકાર થાય છે તે અને મગજ ખાલી થવાથી થનારા રોગ, તેમજ પિત્તવિકાર તથા ઉપદંશ (ગરમીવિકારથી ઘણા દિવસ પ્રમેહાદિક વિકાર શરીરમાં રહેવાથી ઉત્પન્ન થનાર બીજા વિકારો), એ પણ શમી જઈ સર્વ રોગનો નાશ થાય છે.×

૩૮ **લઘુસુદર્શન ચૂર્ણ:**—ગળોનું સત્ત્વ, લીંડીપીંપર, બહેડાં, સુરવારી હરડે, ધોળું ચંદન, કડુ, કડવા લીમડાની અંતરછાલ, સુંઠ અને દેવદાર, એ એકેક ભાગ, કરીઆતુ ૪॥ ભાગ, એ સર્વનું ચૂર્ણ કરી તે ઠંડા પાણીમાં આપવું, એટલે સર્વ પ્રકારના તાવ જાય છે.

૩૯ **હીંગાષ્ટક ચૂર્ણ:**—સુંઠ, મરી, લીંડીપીંપર, સિંધવ, અજમો, જીરૂં, શહાજીરૂં અને સંચળ, એ સમભાગ લઇ તેનો આઠમો હિસ્સો હીંગ લઇ બધાંઓનું ચૂર્ણ કરી છાશમાં અથવા ભોજનસમયે પ્રથમ ઘી અને ભાતમાં આપવું; એટલે ગુલ્મ, આમ, અગ્નિમાંદ્ય અને મોડશી (કોગળીઉં) નાશ થાય છે.

૪૦ **હિંગ્વાદિ ચૂર્ણ:**—શેકેલી હીંગ, પહાડમૂળ, બાળહરડે, ધાણા, દાડમની છાલ, ચિત્રક, કચૂરા, અજમોદ, સુંઠ, મરી, લીંડીપીંપર, શેરણી, અમ્લવેતસ, વગડાઉ તુલસી, આમલીની છાલ, જીરૂં, પુષ્કરમૂળ, વજ, ચવક, સાજીખાર, જવખાર, સિંધવ, સંચળ, બીડલોણ, બંગડીખાર, વડાગરૂ મીઠું અને સમુદ્રનું મીઠું, એનું ચૂર્ણ ૩–૪ માસા ભોજનના પહેલાં અથવા ભોજનના મધ્યમાં આપવું; અથવા છાશમાં કિંવા ગરમ પાણીમાં આપવું; એટલે ગુલ્મ, હૃદ્રોગ, અષ્ઠિલા નામે પેટમાં રોગ ઉત્પન્ન થાય છે તે; હૃદય, ઇંદ્રિય અને કુક્ષી એ ઠેકાણાનું શૂળ, ગુદાશૂળ, યોનિશૂળ, ઉનવા, મલબદ્ધ, પાંડુ, અરુચિ, હેડકી, યકૃત્, બરોળ, શ્વાસ, કાસ, કંઠરોગ, હરસ અને સંગ્રહણી વગેરે રોગો દૂર થાય છે.

૪૧ **મરીચાદિ ચૂર્ણ:**—મરી, ચિત્રા અને સંચળનું ચૂર્ણ કરી તે નિત્ય છાશમાં પાવું; એટલે સંગ્રહણી, ઉદરરોગ, મંદાગ્નિ, ગુલ્મ અને હરસ વગેરે રોગો દૂર થાય છે.

૪૨ **કલ્યાણ ચૂર્ણ:**—સુંઠ, મરી, લીંડીપીંપર, ચવક, ચિત્રક, ત્રિફળાં, બીડલોણ, સિંધવ, પીપરામૂળ, લીંડીપીંપર, વાવડીંગ, કરંજ, અજમો, ધાણા અને જીરાનું ચૂર્ણ કરી ગરમ પાણીમાં પાવું; એટલે વાત, કફ, અપસ્માર, ઉન્માદ, હરસ, સંગ્રહણી અને અગ્નિમાંદ્યનો નાશ થાય છે.

૪૩ **નારાચ ચૂર્ણ:**—લીંડીપીંપર ૧ તોલો, નસોતર ૪ તોલા અને સાકર ૪ તોલા લઇ તેનું ચૂર્ણ કરી મધસાથે એક તોલો ખાવું. એ આધ્માન, બંધકોશ, ઉદર, કફ, પિત્ત અને શૂળનો નાશ કરે છે.

૪૪ **સમશર્કર ચૂર્ણ:**—એલચીદાણા ૧ ભાગ, તજ ૨ ભાગ, તમાલપત્ર ૩ ભાગ, નાગકેસર ૪ ભાગ, મરી ૫ ભાગ, લીંડીપીંપર ૬ ભાગ અને સુંઠ ૭ ભાગ તથા સાકર ૨૮ ભાગ લઇ ચૂર્ણ કરી આપવું; એટલે હરસ, અગ્નિમાંદ્ય, ગોળો, અરુચિ, શ્વાસ, કંઠરોગ અને હૃદયના રોગનો નાશ થાય છે.

૪૫ **ચંદનાદિ ચૂર્ણ:**—ધોળી સુખડ, વાળો, કોઇ, નાગરમોથ, આમળાં, પીંપળીમૂળ, નીલકમળ, જેઠીમધ, મહૂડાનાં ફૂલ, કાળી દ્રાક્ષ, ખારેક, એનું ચૂર્ણ કરીને તે ચૂર્ણ તેટલીજ સાકર સાથે સવારે ઠંડા પાણી સાથે પીવરાવવાથી રક્તપિત્ત, શ્વાસ, પિત્તરોગ ગોળો, અંગદાહ, માથાની અંદરનો

× ઔષધિમાં ઘી તથા મધ મેળવવાં હોય ત્યારે પ્રથમ ઘી સારી રીતે મેળવી લેવું, ત્યાર પછી મધ મેળવવું. બંને સાથે નાખવાથી ઔષધિની સાથે ઘી બરાબર મળતું નથી.

દાહ, માથાનું ભમવું, કમળો, પ્રમેહ અને પિત્તજ્વરનો નાશ થાય છે.

૪૬ એલાદિ ચૂર્ણ:—એલચી ૧ ભાગ, તજ ૨ ભાગ, મરી ૩ ભાગ, સુંઠ ૪ ભાગ, લીંડીપીંપર પાંચ ભાગ અને નાગકેસર ૬ ભાગ લઇ ચૂર્ણ કરી તે સર્વના જેટલી સાકર મેળવવી. એના સેવનથી ક્ષયરોગ, હરસ, સંગ્રહણી, ગોળો, રક્તપિત્ત, રાજયક્ષ્મા, કંઠરોગ, અરુચિ અને બરોળનો નાશ થાય છે.

૪૭ એલાદિ ચૂર્ણ બીજું:—એલચી, લવંગ, નાગકેસર, બોરના ઠળીઆનો ગર્ભ, ચોખાનો આટો, ગહુંલો, નાગરમોથ, ચંદન અને લીંડીપીંપરનું ચૂર્ણ કરી તે મધ અને ખડીસાકર સાથે આપવું; એટલે ત્રિદોષથી થયેલ ઉલટી દૂર થાય છે.

૪૮ લવણભાસ્કર ચૂર્ણ:—મીઠું ૮ તોલા, સંચળ ૫ તોલા, બીડલવણ, સિંધાલૂણ, ધાણા, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચિત્રક, શહાજીરૂં, નાગકેસર, તાલીસપત્ર અને અમ્લવેતસ, એ બબ્બે તોલા; મરી, જીરૂં, સુંઠ, એ એકેક તોલો, દાડમની છાલ ૪ તોલા,× તજ અર્ધો તોલો, એલચીદાણા અર્ધો તોલો, એ સર્વને ખાંડી વસ્ત્રગાળ કરવું. એને લવણભાસ્કર ચૂર્ણ કહે છે. દહીંના ચાર તોલા ઘોળવા સાથે અથવા છાશ સાથે એ ચૂર્ણ આપવાથી વાતશ્લેષ્મથી થયેલ ગોળો, વાયુ, બરોળ, ઉદરરોગ, ક્ષય, હરસ, સંગ્રહણી, કુષ્ટ, વિબંધ, ભગંદર, શોફ, શૂળ, શ્વાસ, ઉરસ, આમદોષ, હૃદ્રોગ અને મંદાગ્નિનો નાશ થાય છે. એ અત્યંત દીપન અને પાચન છે.

૪૯ કપિત્થાષ્ટક ચૂર્ણ:—કોઠાનો ગર્ભ ૨ તોલા, ખડીસાકર ૧॥ તોલો, બોડીઅજમોદ, લીંડીપીંપર, બીલાનો ગર્ભ, ધાવડી, દાડિમના દાણા અને કોકમ, એ પોણો પોણો તોલો, સંચળ, અજમો, પીંપળીમૂળ, વાળો, મરી, જીરૂં, ધાણા, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, ચિત્રક, સુંઠ, એ દરેક પા પા તોલો લઇ ચૂર્ણ કરવું. એના સેવનથી ગલરોગ, ઝાડો, ક્ષય, ગોળો અને સંગ્રહણીનો નાશ થાય છે.

૫૦ નારાચ ચૂર્ણ બીજું:—ખડીસાકર ૪ તોલા, નસોતર ૪ તોલા અને લીંડીપીંપર ૧ તોલો લઇ ચૂર્ણ કરી તે જમવા પહેલાં ૬ માસા મધમાં ચાટવાથી બંધકોશ, વાતરોગ અને પિત્તરોગનો નાશ થાય છે.

૫૧ સારસ્વત ચૂર્ણ:—કોષ્ઠ, આસોંદ, સિંધાલૂણ, અજમો, જીરૂં, શહાજીરૂં, ત્રિકટુ, પહાડમૂળ, શંખાવળી, ઘોડાવજ, એ સર્વ સમાનભાગે લઇ ચૂર્ણ કરી તેને બ્રાહ્મીના રસની પુષ્કળ ભાવના આપવી. આ ચૂર્ણ બ્રહ્માએ કહેલું છે. તે મધ અને ઘીમાં સાત દિવસ સેવન કરવાથી ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત થાય છે.

૫૨ ન્યગ્રોધાદિ ચૂર્ણ:—વડ, ઉંબરો. પીંપળો, એ દરેકની છાલ, અરલુ, ગરમાળો, આસંધ, આંબાની ગોટલી, કોઠાનો ગર્ભ, જાંબુના ઠળીઆ, ચારોળી, ધોળો એન (સાજડ), ધાવડી, જેઠીમધ, લોધરની છાલ, વાયવરણો, લીમડાની છાલ, કડવાં પડવળ, મેઢાશિંગીની છાલ, દાંતીનાં મૂળ, ચિત્રક, પહાડમૂળ, કરંજની છાલ, ત્રિફળાં, ઇંદ્રજવ અને ભીલામા, એ સર્વ સમાનભાગે લઇ ઝીણું ચૂર્ણ કરવું. એ મધમાં સેવન કરવું અને તેના ઉપર ત્રિફળાનો કાઢો પીવો. એટલે મૂત્રદોષની શુદ્ધિ થાય છે અને વીસ પ્રકારના પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર અને પ્રમેહપિટકાનો નાશ થાય છે.

૫૩ સાખરૂંઠ ચૂર્ણ:—ભાંગ, સાકર, પડવાસ અને જીરૂં, એનું ચૂર્ણ દહીંમાં નાખી આપવું; એટલે આમાતિસાર અને રક્તાતિસાર એ તુરત દૂર થાય છે.

૫૪ મુસલ્યાદિ ચૂર્ણ:—કાળી મુસળી, તાલીમખાના અને ગોખરૂ એ અનુક્રમે ૧, ૨ અને ૩ ભાગ લઇ ચૂર્ણ કરી તે પ્રાતઃકાળે અર્ધા તોલાથી ૧ તોલા સુધી ગરમ દૂધમાં સાકર નાખી તેમાં ૨૧ દિવસ સેવન કરવાથી વાજીકરણ (સ્ત્રીસંભોગની શક્તિ) થાય છે.

૫૫ ગોક્ષુરાદિ ચૂર્ણ:—ગોખરૂ, તાલમખાના, સતાવરી, કૌચબીજ, નાગબલા (ગંગેરણી), બળબીજ, એ સર્વનું ચૂર્ણ કરી રાત્રિના વખતે ગરમ દૂધમાં સાકર નાખી ૧ તોલો ચૂર્ણ તેની સાથે લેવાથી વાજીકરણ થાય છે.

× દાડમની છાલને બદલે કેટલાક વૈદ્યો ખાટા દાડમના દાણા (અનારદાણા) નાખે છે.

૫૬ દંતરક્ષક ચૂર્ણ:—ફુલાવેલું મોરથુથુ અર્ધો ભાગ, ફુલાવેલો ટંકણખાર ૨ ભાગ, ફુલાવેલી ફટકડી ૩ ભાગ, ચાક ૮ ભાગ, કાથો ૨ ભાગ, માયાં ૨ ભાગ, કપૂર ૧ ભાગ અને સિંધવ ૪ ભાગ, આ સઘળાનું ચૂર્ણ કરી તે વડે નિત્ય સવારે દાંત ઘસવાથી દાંત મજબૂત થઈ દંતશૂળ, દાંતમાંથી લોહીનું પડવું, પેઢાંનું સડવું ઇત્યાદિ સર્વ વિકાર દૂર થાય છે.

૫૭ વમનકારક ચૂર્ણ:—લીંડીપીંપર, સિંધાલૂણ અને મીંઢળ, એનું ચૂર્ણ કરીને તે ૩ માસા ચૂર્ણ ઉંમરે પહોંચેલાં મનુષ્યોને પાણીમાં આપવાથી ઉલટી થઇ કફદોષ, અજીર્ણ ઇત્યાદિનો નાશ થાય છે.

૫૮ વરાધ (સસણી) નાશક ચૂર્ણ:—પાપડીઓ ખારો અને થોડી લીંડીપીંપર એનું ચૂર્ણ ૧ રતિ લઇને ગોળમાં ગોળી કરી આપવી; એટલે ઉલટી અને ઝાડો થઇ કફ પડશે.

૨–ગુટિકા (ગોળીઓ) અથવા વટી×

૧ ગુડાદિ ગુટિકા:—સુંઠ, બાળહરીતકી અને નાગરમોથના ચૂર્ણમાં દુપ્પટ ગોળ નાખી

× એક મિત્ર આપેલ અનુભૂત પ્રયોગો:—

(૧) દમ (શ્વાસરોગ) ઉપર:—ખરસાંણી થુવેરનું જાડું લાકડું લીલું લઇને તેને કોચી તેમાં લવંગ નંગ ૨૫ ભરી, તેજ લાકડાનો બુચ બેસાડી, કપડમાટી કરીને નિર્ધૂમ અંગારામાં ભારી રાખવું. શીજાઇ ગયા પછી બહાર કાઢી તેમાંનાં લવંગ કાઢી લઈ તેની સાથે જવખાર ૨॥ તોલા અને હળદર ૧॥। તોલા નાખી ઝીણાં વાટી મીઠી જાળ(પીલુ)ના રસમાં જંગલી બોર જેવડી ગોળીઓ વાળવી. એમાંની એકેક ગોળી રોજ સવારસાંજ આપવાથી દમ શાંત પડે.

(૨) રેચ તથા ઉલટી કરાવવાની ગોળીઓ:—મોરથુથુ ફુલાવેલો, શોધેલો નેપાળો, સિંધવ અને સંચળ, એ સર્વ જણસો સમાનભાગે લઇ ઝીણી વાટી આદાના રસમાં ચણોઠી જેવડી ગોળીઓ બાંધવી. એ સાકર સાથે આપવાથી ઉલટી તથા રેચ લાગી શરીરના તમામ રોગો નીકળી જાય અને માથું દુઃખતું મટે. ઉતાર ખીચડી અને ઘી.

(૩) ત્રિદોષ ઉપર:—હળદર તથા ફટકડીની ગોળમાં ગોળી કરીને આપવાથી ત્રિદોષ અને કાળજાના ચુંક મટે; વળી ફેફરૂં ફુલ્યું હોય તો કુંવારના રસમાં આપવાથી મટે.

(૪) અતિસાર ઉપર:—હિંગ વાલ ૬ અને અફીણ વાલ ૨ લઈ ઝીણાં વાટી ખારેક નંગ ૪ માંથી ઠળીઆ કાઢી નાખી તેમાં ભરવું. તેના ઉપર ઘઉંની કણક ચઢાવી દેવતાના નિર્ધૂમ અંગારા ઉપર પકવવી. પાકી રહે ત્યારે લોટ કાઢી નાખી બાકીનું સમગ્ર ઝીણું વાટી તેની ઝીણાં જંગલી બોર જેવડી ગોળીઓ વાળવી. એ ગોળીઓ દરરોજ સવારસાંજ એકેક આપવી.

(૫) ઉપદંશ ઉપર:—મોરથુથુ તોલો ૧ લઈ ઠીકરીમાં નાખી દેવતા ઉપર મૂકી ખૂબ શેકવો. તે જ્યારે પોતાનો મૂળ રંગ બદલી સફેદ થાય ત્યારે તેને આરસપહાણના ખરલમાં નાખી ઝીણું વાટી, તેમાં લિંબુનો રસ નાખીને ખૂબ ઘુંટવું. તે રસ એ મોરથુથુ પી જાય એટલે તેમાં બીજાં લિંબુ નીચોવી વળી ઘુંટવું. એ પ્રમાણે ઉપરાઉપરી લિંબુનો રસ તેમાં નીચોવતાં જતાં પૂરેપૂરાં ૧૦૦ લિંબુનો રસ પચન કરાવી નાખવો. પછી તેની મરી જેવડી ગોળીઓ વાળવી. એ ૧૦૦ લિંબુનો રસ પાતાં વધારે દિવસો લાગે તેની હરકત નહિ; પરંતુ તેને શોષાઇ જવા માટે કદી તડકે મૂકવું નહિ. એ તૈયાર થયેલી ગોળીઓ યોગ્ય માત્રાથી આપવાથી ઉપદંશ (ચાંદી) અને વિસ્ફોટક આદિ રોગો જાય. પરેજી પાળવી. ઘઉંની રોટલી, ઘી, દૂધ અને સાકર સિવાય કશું ખાવું નહિ. વળી એનાથી ઉલટી થાય તો તે રોકવા માટે શેકેલા ચણા–ફોતરાં કાઢી નાખેલા–ખવરાવવા. એની માત્રાનું પ્રમાણ જાણવાની રીત:—દરદીએ પહેલા દિવસે એક ગોળી ગળી જવી. બીજા દિવસે બે, ત્રીજા દિવસે ત્રણ, એમ જ્યાં સુધી તેને ઉલટી ન થાય ત્યાંસુધી તેને દરરોજ એકેક વધારે આપતા જવી. જ્યારે ઉલટી થાય તે દિવસે જેટલી ગોળીઓ ગળાવી હોય તેનાથી એક ઓછી ગોળી તે દરદીના માટે દરરોજ આપવાની માત્રા છે, એમ સમજવું. થયેલી ઉલટી રોકવાને શેકેલા ચણા આપવાનું ભૂલવું નહિ.

ગોળીઓ કરવી. આ ગોળી મોઢામાં રાખવાથી સર્વ પ્રકારના કાસ અને શ્વાસરોગ દૂર થાય છે.

૨ મરીચાદિ વટિકા:—મરી ૧ ભાગ, લીંડીપીંપર ૧ ભાગ, જવખાર ૦। ભાગ અને દાડમની છાલ ૨ ભાગ, એનું ચૂર્ણ કરી, ગોળ આઠ ભાગ લઈ તેમાં તે ચૂર્ણ નાખી ૪ માસાની ગોળીઓ કરવી. તે ગોળી મોઢામાં રાખવી; એટલે બધા પ્રકારના કાસરોગ દૂર થાય છે.

---

(૬) વાસી વિકારથી થતાં શરીર ઉપરનાં ચાઠાં ઉપર:—ઈંદ્રવારુણી (ત્રુંસડા) નંગ ૨, લીંડીપીંપર (અંબર આશરે ૬૦ રૂ. તોલાની વસ્તુ લખી છે. તે સમજવામાં ભૂલ થવાથી લખેલ જણાય છે; એમ સમજીને લીંડીપીપર સુધારી લીધેલ છે.) તોલા ૩, મીઢીઆવળ તોલા ૪, એળીઓ તોલા ૪, નસોતર તોલા ૪, હરડાંની છાલ તોલા ૩, બહેડાંની છાલ તોલા ૩, ગરમાળાનો ગર્ભ તોલા ૩, ગુલાબનાં ફૂલ તોલા ૩, કડવો ગુંદ તોલા ૩, ગુગળ તોલા ૩, મધ તોલા ૩, અને ગાયનું ઘી તોલા ૩, એ તેરે ચીજો એકત્ર વાટી તેની જંગલી બોર જેવડી ગોળીઓ વાળવી. એ ગોળીઓ દરરોજ સવારે ૨ અને સાંજે ૨ ગળી જવી.

(૭) તાવ ઉપર:—કાળાં મરી, એળીઓ અને લીમડાની લિંબોળીમાંહેનો મગજ, એ ત્રણે સરખાવજને લઈ કુંવારના રસમાં ઘુંટી ચણા જેવડી ગોળીઓ વાળવી. દિવસમાં ત્રણ વખત બબ્બે ગોળી આપવાથી તાવ જાય.

(૮) તાવ સાથે બકારી, ઝાડો, પેટપીડ અને અનાજ ન ભાવતું હોય તેના ઉપર:—ઈંદ્રજવ તોલા ૩ અને હીંગ તોલો ૦। (એક બાજુએથી શેકેલી) લઇ ઝીણાં વાટી ગોળમાં ચણા જેવડી ગોળીઓ વાળવી. એમાંથી દરરોજ સવારસાંજ બબ્બે ગોળીઓ આપવી.

(૯) દમ (શ્વાસ) રોગ ઉપર:—ખાદીના જાડા કપડાને આકડાના દૂધના સાત વખત પુટ આપી વખતોવખત છાયામાં સૂકવતા જવું. તે સૂકાયા પછી બાળી ખાખ કરવી; એની મધની સાથે વાલ વાલની ગોળીઓ વાળી તે ગોળી આપવી.

(૧૦) હરસ ઉપર:—હળદર, બહેડાંની છાલ અને આમળાં, એ ત્રણે મળીને ૧૦ ભાગ, છીપનો ચુનો ૧ ભાગ, સાબરશિંગની ભસ્મ ૧ ભાગ, અજમો ૩ ભાગ, શુદ્ધ ગુગળ ૪ ભાગ, એ સર્વેને ખરલ કરી તુવર જેવડી ગોળીઓ કરી દરરોજ ૧ થી ૨ ખાવી.

(૧૧) પરમોત્કૃષ્ટ ધાતુપુષ્ટિકર્તા:—ત્રણ ખારેકોને પાણીમાં પલાળી તેમાંની ઠોટલી કાઢી નાખી, તેમાં ચામેડનાં બીજ તોલો ૧, તુલસીનાં બીજ તોલો ૧, શુદ્ધ ગુગળ તોલો ૧, કેસર બેઆનીભાર અને વડનું દૂધ તોલા ૨॥ એકત્ર કરેલું ભરી, કપડમાટી કરી ધૂમાડાવિનાના અંગારામાં પકવી પછી એ સર્વને ઝીણું વાટી તેની ૩૨ ગોળીઓ કરવી. તેમાંથી દરરોજ બબ્બે ગોળીઓ ખાઇ ઉપર સાકર નાખી ગરમ કરેલું ગાયનું દૂધ પીવું. દવા ખાય તેથી બમણા દિવસ તેલ, મરચું, આમલી વગેરે ખાવું નહિ; સાકર, દૂધ, ઘી, ઘઉંની રોટલી અવશ્ય ખાવાં.

(૧૨) આમવાત વિધ્વંસિની ગુટિકા:—જાયફળ અને કેસર સમાનભાગે લઇ ત્રુંસડા (ઈંદ્રવરણી)ના રસના ૨૧ પુટ આપી ચણા પ્રમાણે ગોળી વાળવી. એ ગોળી દરરોજ એકેક ખાવાથી ઉદરરોગ, આનાહ (આફરો) શૂળ, મળબંધ, આદિ વિકારો દૂર થાય છે. તાવની આજારીથી થયેલ પાણીના જમાવનો એ ગોળી સત્વર નાશ કરે છે.

(૧૩) અતિસાર ઉપર:—સુંઠ ભાગ ૪, તલ ભાગ ૨, કેસર ભાગ ૦।, બીલીનો ગર્ભ ભાગ ૪ અને અમતું જીરૂં ભાગ ૨ લઇ સર્વને ઝીણાં વાટી તેની સાથે દાડમનાં ફૂલ વાટી તોલા ૦। પ્રમાણે ગોળી વાળી અતિસારવાળાને આપવાથી આરામ થશે.

(૧૪) અતિસાર ઉપર:—અરડુસા(અરલુ)ની છાલ, મોથ, ધાવડીનાં ફૂલ, બીલીનો ગર્ભ, પઠાણી લોધર, ઈંદ્રજવ, મોચરસ, અતિવિષની કળી, નેત્રવાળો, કાળીપાટ તથા આંબાની ગોટલી સરખા ભાગે લઇ ઝીણાં વાટી મધમાં ગોળીઓ કરવી. એ ગોળી સાઠીચોખાના ઓસામણમાં આપવાથી કફ તથા પિત્તવાયુ અને તેમના કોપવાથી થયેલા ઘણા દિવસનો જૂનો અતિસાર, મરડો અને સંગ્રહણીનો નાશ થાય છે.

(૧૫) બાળકની ઉલટી (ઓકે છે તે) ઉપર:—કેસર અને બોરિંગણીનાં ફૂલ સમાનવજને લઇ

૩ **આમલક્યાદિ ગુટિકા:**—આમળાં, કમળ, કોષ્ટ, ચોખાની ધાણી અને વડની કુમળી વડવાઇઓની કુંપોનું ચૂર્ણ મધમાં મેળવી ગોળીઓ કરી મોઢામાં રાખવાથી ઘણી તૃષા લાગે છે તેનો અને મોઢું સુકું રહે છે તેનો નાશ થાય છે.

વાટીને મધમાં ગોળી કરી આપવી.

(૧૬) બાળકને વરાધ (બારામી) થાય છે તેના ઉપરઃ—હીંગ, જાયફળ, ત્રુંસડાંનો ભૂકો અને એળીઓ, એ ચારે સમાનવજને લઇ ચણા જેવડી ગોળીઓ કરવી. એ ગોળી એક વરસની અંદરના બાળકને એક અને એથી મોટા બાળકને બે ઉના પાણી સાથે આપવી.

(૧૭) રેચની ગોળીઓઃ—શુદ્ધ આમળસાર ગંધક તોલો ાા અને પારો તોલો ાા ભેગાં વાટી કાજળી કરી તેમાં શુદ્ધ નેપાળો તોલો ૧ અને બીજામાં નંગ ૨ ઝીણાં વાટી એકરસ કરી, લિંબુના રસમાં ૧૨ કલાક ઘુંટાઇ કરી મગના દાણા જેવડી ગોળીઓ વાળવી. એ માણસની ઉંમર અને બળાબળ જોઇ ગોળી ૧ થી ૪ સુધી ઠંડા પાણીની સાથે આપવી, રેચ લાગશે. રેચ વાળવાને માટે મગચોખાની ખીચડી ઘી નાખીને ખવરાવવી; એથી ન વળે તો સાકરનું પાણી કરીને પાવું.

(૧૮) પેટપીડ તથા ચુંકનો ઉપાયઃ-ગોમૂત્રમાં શોધેલાં ઝેરકોચલાં તોલો ૧ લઇ તેને એરંડીઆ તેલમાં તળવાં. તે તથા મરી તોલો ૧ અને સિંધવ તોલો ૧ ઝીણાં વાટી નાગરવેલના પાનના રસમાં ચણા જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી પાણી સાથે આપવાથી ચુંક, મોરચી અને અપચો મટે અને ભૂખ લાગે. વળી એજ ગોળી ચિત્રાછાલ અને કરીઆતાની સમાનભાગે કરેલી ફાકી તોલા ૦। સાથે આપવાથી ગુલ્મરોગ (ગોળો) અને ગોળાની ચૂંક મટે. એ ગોળી ઉપર ખાટું, ખારૂં, હીંગ, ખટાશ અને તેલ વગેરે ખાવું નહિ. વધારે ગરમી જણાય તો ઘીનો શીરો ખવરાવવો. એ ઓસડ દિવસ ૧૧ આપવું.

(૧૯) કૃમિ (કરમિયા) ઉપરઃ-નસોતર તોલા ૨ાા, આમળાં તોલા ૨ાા અને વાવડીંગ તોલા ૮ લઇ ઝીણાં ખાંડી ગોળમાં ચણા જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી આપીને ઉપર સિંધાલૂણ અને લીંડીપીંપરની ફાકી પાણી સાથે લેવરાવવી.

(૨૦) અતિસાર ઉપરઃ—કેસર, કપૂર, અફીણ, રાળ અને હિંગળોક સમાનભાગે વાટી પાણીથી ખૂબ ઘુંટીને મરી જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી એક પાણી સાથે આપવાથી ઝાડો મટે. અમતાજીરા અને સાકર સાથે આપવાથી રક્તાતિસાર (લોહીવાનો ઝાડો) મટે. વળી એજ પ્રમાણે એ ગોળી આમલીની ફળી ઉપરની છાલ સાથે આપવાથી અથવા બીલીના ગર્ભ સાથે, અથવા ઝીલડાનાં મૂળ તથા સાકર સાથે અથવા આવળનાં મૂળ તથા બોરડીનાં મૂળ સાથે ઘસીને આપવાથી ઝાડો મટે.

(૨૧) મુંઝારા ઉપરઃ—ધોળું નસોતર, મીંઢીઆવળ, સુંઠ, હીમજ, સંચળ, એળીઓ, રેવંચીનો ગોળ અને એલચી સમાન ભાગે લઈ ઝીણું વાટી, મધમાં વગડાઉ મોટાં બોર જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી ૧ કૌચના પાણી સાથે આપવાથી રેચ લાગી મળ છૂટે. રેચ લાગે ત્યારે સુંઠની ફાકી ભરાવવી; એટલે મુંઝારો કે જેને ત્રિદોષ અથવા સન્નિપાત કહે છે તે મટે તથા જીર્ણજ્વર જાય. જેને રેચ ન લાગે અને પેટ ઘણું સજ્જડ થઈ ગયું હોય તેને માટે કાંટાળા થુવરનાં ડોડવાંને ચીરીને તેમાં સંચળ ભરી કપડમાટી કરી નિર્ધૂમ અંગારામાં નાખી રાખવું. તે બફાઇ રહે ત્યારે છુંદી તેનો રસ કાઢી તેમાં એરંડીઉં તેલ તોલો ૦ાા નાખી તેમાં ગોળી ૧ આપવાથી રેચ લાગે અને મૂગો મુંઝારો મટે.

(૨૨) રેચઃ—કિરમાણી અજમો તોલો ૦ાા, શુદ્ધ નેપાળો તોલા ૩, નસોતર તોલા ૩, કડુ ટાંક ૩, ભોરંગડી (અહીં હાથના લખેલા ગ્રંથમાં ભોરંગી લખ્યું છે; ત્યાં હસ્તદોષ થયો હશે એમ માની અમે તેને ભોરંગડી માની છે એ ભોરંગડીજ ભોરિંગણી કહેવાય છે. વખતે ભારંગી લખતાં ભોરંગી લખાયું હોય તો પણ નવાઇ જેવું નથી.) તોલો ૦ાા, જલભાંગરાના રસમાં દિવસ ૩ ખરલ કરવું અને ત્યારપછી તેની મગ જેવડી ગોળીઓ કરવી. એ ઉના પાણી સાથે આપવાથી રેચ લાગે. મગચોખાની ખીચડી અને ઘી ખવરાવવાથી બંધ થાય.

૪ ગુડચતુષ્ટય વટિકા:—સુંઠનું ચૂર્ણ કરી તેમાં ગોળ મેળવી ગોળી કરી આપવી; એટલે આમ દૂર થાય છે. અજીર્ણ થયું હોય તો ગોળ અને લીંડીપીંપરનું ચૂર્ણ એકત્ર કરી ખવરાવવું. ગોળ અને જીરૂં એકઠું કરી ખાવાથી ઉનવા દૂર થાય છે. ગોળ અને બાળહરડે એકઠાં કરી લેવાથી હરસ દૂર થાય છે.

૫ લવંગાદિ વટિકા:—લવંગ, બહેડાંની છાલ અને મરી એ સમાન; અને એ ત્રણેના સમાન ખેરસાર કિંવા ધોળો કાથો નાખી બાવળની અંતરછાલના કાઢામાં ગોળીઓ ત્રણ માસા વજનની કરી હંમેશાં ત્રણ ગોળીઓ મોઢામાં રાખવી; એટલે ઉધરસ અતિ ત્વરાથી નાશ પામે છે.

૬ વૃદ્ધદારુ ગુટિકા:—વરધારા, ભીલામો અને સુંઠ સમાન લઇ ચૂર્ણ કરી તેમાં બમણો ગોળ નાખી ગોળીઓ કરી આપવી; એટલે ૭ પ્રકારના હરસ દૂર થાય છે.

૭ લશુન વટિકા:—લસણ, સંચળ, જીરૂં, સિંધવ, હીંગ અને ત્રિકટુ લિંબુના રસમાં ખરલ કરી બોરના ઠળીઆ જેવડી ગોળી કરી આપવી; એટલે અજીર્ણ અને મોડશી (કોગળીઉં) રોગ દૂર થાય છે.

૮ કડાપાકની ગોળીઓ:—કુડા(ઇંદ્રજવનાં ઝાડ)નાં મૂળ ધોઇ તે ઉપરની છાલ કાઢવી. તે બારિક વાટી પાણીમાં કાલવી તે પાણી ગાળી લેવું. આ પ્રમાણે એ ક્રિયા ઘણી વાર કરવી; એટલે છાલનો ઘણોખરો અંશ પાણીમાં મળે છે. પછી તે પાણી કલાઇના વાસણમાં નાખી જાડું થાય ત્યાંસુધી ઉકાળવું અને નીચે ઉતારી તેમાં સુંઠ, મરી, લીંડીપીંપર, જાયફળ, માયફળ, જાવંત્રી, લવંગ, વાવડીંગ, મરડાશિંગ, બાળબીલાં, બહેડાંનું દળ અને નાગકેસરનું ચૂર્ણ પ્રમાણસર નાખી કાલવી તેની વાલ વાલની (બબ્બે રતીની) ગોળીઓ કરવી. સંગ્રહણી અને અતિસાર ઉપર આ ગોળી છાશની પરાશમાં કિંચિત્ હીંગનું ચૂર્ણ નાખી તેમાં અથવા મીઠા અવમર્યા દહીંમાં સુંઠના કાઢામાં કિંવા ઘીમાં આપવી. પાંડુ અને જીર્ણજ્વર ઉપર મધમાં અથવા ગોમૂત્રમાં આપવી. નાના બાળકને પણ ઔષધ ઘણુંજ ગુણાવહ છે.

૯ જાતિફલાદિ વટી:—જાયફળ, ખારેક અને અફીણ સમભાગ લઇ એની નાગરવેલના રસમાં વાલ વાલની ગોળીઓ કરી છાશમાં ખાવા આપવી; એટલે કઠણ અતિસારનો પણ નાશ થશે.

૧૦ વ્યોષાદિ વટી:—સુંઠ, મરી, લીંડીપીંપર, ચિત્રકનાં મૂળ, તાલીસપત્ર, આમલી, અમ્લવેતસ, ચવક અને જીરૂં, એ સમભાગ; અને એલચી, તજ, તમાલપત્ર એ ચતુર્થાંશ; એનું ચૂર્ણ કરી તેની જૂના ગોળમાં ગોળીઓ કરી આપવી. તે સળેખમ, સ્વરભંગ, શ્વાસ, કાસ અને અરુચિનો નાશ કરે છે.

૧૧ અજમોદાદિ વટી:—અજમોદ, લીંડીપીંપર, વાવડીંગ, વરીઆળી, નાગરમોથ, મરી અને સિંધવ, એ એકેક ભાગ; હરડે ૫ ભાગ, સુંઠ ૧૦ ભાગ, વૃદ્ધ દારૂ ૧૦ ભાગ અને ભારંગમૂળ ૩૬ ભાગ, આ પ્રમાણે બધાનું ચૂર્ણ કરવું; અને ચૂર્ણથી બમણો ગોળ લઇ તેના પાકમાં બોરના ઠળીઆ જેવડી ગોળીઓ કરવી. એ ગોળી ગરમ પાણીમાં આપવી; એટલે સર્વ પ્રકારના વાયુ દૂર થાય છે.

૧૨ દાડમપાકની ગોળીઓ:—જાવંત્રી ૩ માસા, ખસખસ ૧ તોલો, એલચીદાણા ૩ માસા,

---

(૨૩) પાંડુરોગ ઉપર:—આંબાહળદર, દારુહળદર, હળદર, સંચળ, સિંધવ, ટંકણખાર, જવખાર, બંગડીખાર, એ આઠ ચીજોને ખાંડી ફટકડી નાખી કુંવારપાઠાના રસમાં જંગલી મોટાં બોર જેવડી ગોળી વાળવી. એ ગોળીથી પિત્તપાંડુ રોગ, પીળીઓ (કમળો કે જેમાં શરીર પીળું પડી જાય છે તે) તથા શરીર ફીકું હોય તે મટે અને બરોળ જાય.

(૨૪) વાતભ્રમ ઉપર:—મીંઢીઆવળ, મનશીલ, બહેડાંની છાલ, કંટકમોથ, એ ચારે એકેક તોલા પ્રમાણે, ઘોડાવજ ૨ તોલા, મરી, લીંડીપીંપર અને હરડેદળ પાંચ પાંચ તોલા, એ પ્રમાણે સર્વ ચીજો ઝીણી વાટીને બકરીના દૂધમાં ચણા જેવડી ગોળી વાળવી. એ ગોળી સવારસાંજ એકેક આપવાથી વાતભ્રમ જાય.

વરાંઆળી ૧ તોલો, અફીણ ૧ વાલ, જાવંત્રી અને સુંઠ એક ભાગ, લીંડીપીંપર અર્ધો માસો; એનું ચૂર્ણ દાડમની અંદર ભરી, ઉપર એરંડાનાં તાજાં પાંદડાં વિંટાળી અંગારામાં પકવી, તે દાડમમાંનાં ઔષધોસુદ્ધાં વાટવું તથા તેની ચણા જેવડી ગોળીઓ કરવી. તે ગોળી બાળકના અતિસાર ઉપર છાશમાં અથવા ચોખાના ધોવરામણમાં રોજ એક વાર અથવા સવાર-સાંજ આપવી.

૧૩ કાંકાયન વટી:—હરડે ૨૦ તોલા, અને જીરૂં, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, સુંઠ, મરી, લીંડીપીંપર, એ દરેક ચાર ચાર તોલા; અને જવખાર ૮ તોલા, ભિલામો ૩૨ તોલા, સુરણ ૬૪ તોલા અને બધા ચૂર્ણથી બમણો ગોળ નાખી તેની એકેક તોલાની ગોળીઓ કરવી અને સવારે એક ખાવા આપવી. ઉપર ખાટી છાશ પીવા આપવી; એટલે તે અગ્નિદીપન કરે છે અને સંગ્રહણી તથા પાંડુરોગનો નાશ કરે છે. આ ગોળી કાંકાયન ઋષિએ પોતાના શિષ્યોને શસ્ત્રકર્મ કે ક્ષાર-કર્મ સિવાય હરસ અને ગુદરોગ નાશ કરવા કહેલી છે.

૧૪ એલાદિ ગુટિકા:—એલચીદાણા, તમાલપત્ર, તજ, દ્રાક્ષ અને લીંડીપીંપર, એ દરેક બબ્બે તોલા; સાકર, જેઠીમધ, ખારેક, દ્રાક્ષ, એ દરેક ચાર ચાર તોલા લઈ તેમાં મધ નાખી ખરલ કરી ૧ તોલા પ્રમાણની ગોળીઓ કરવી. તેમાંથી દરરોજ એક ખાવી, એટલે ઉરઃક્ષતક્ષય, જ્વર, કાસ, શ્વાસ, હેડકી, વમિ, ભ્રમ, મૂર્ચ્છા, મદ, તૃષા, શોષ, પાર્શ્વશૂળ, અરોચક, પ્લીહા, આઢ્યવાત, રક્તપિત્ત, જ્વર અને ક્ષયનો નાશ થશે. એવીજ આ એલાદિ ગુટિકા વૃષ્ય અને તૃપ્તિકારક છે.

૧૫ દ્રાક્ષાદિ ગુટિકા:—કાળી દ્રાક્ષ ૦॥ શેર (બીજ કાઢેલી લેવી), સોનામુખી ૪ તોલા, સુરવારી હરડે ૪ તોલા, સાકર ૪ તોલા, જાવંત્રી ૬ માસા અને કેસર ૩ માસા; એનું ચૂર્ણ કરી ૭ માસા જેટલી ગોળીઓ બાંધવી; એથી મળશુદ્ધિ અને મલાશ્રિત વાયુ, અમ્લપિત્ત, પિત્તવાયુ વગેરે વાયુના રોગો સારા થાય છે. આ ગોળી રેચક છે.

૧૬ અક્કલકરાદ ગુટિકા:—અક્કલકરો, સિંધાલૂણ, ચિત્રક, આમળાં, મરી, લીંડીપીંપર, હરડે અને અજમો, એ સમાનભાગે અને સુંઠ બે ભાગ લઇ સર્વનું ચૂર્ણ કરી બીજોરાના (અથવા દાડમના) રસમાં ગોળીઓ કરવી. એ ગોળીઓના સેવનથી મંદાગ્નિ, અરુચિ, ઉધરસ, પીનસ, શ્વાસ, ગળાના રોગ, સળેખમ, મૃગી, ઉન્માદ અને સન્નિપાતનો નાશ થાય છે.

૧૭ ચંદનાદિ ગુટિકા:—વંશલોચન, એલચીદાણા, ચણકબાબા, એ સમાનભાગે લઈ ચૂર્ણ કરી તે ચૂર્ણ પલળે તેટલું તેમાં સુખડનું તેલ નાખી નાની ગોળીઓ કરી ૩ વખત એકેક ગોળી ખડીસાકર અને ઠંડા પાણી સાથે આપવી. એનાથી પ્રમેહ, પ્રદર, ગરમી(મૂત્રકૃચ્છ્ર કે ઉનવા)નો તુરત નાશ થાય છે. આ ગોળીઓ શીતળ છે.

૧૮ ચંદનાદિ ગુટિકા બીજી:—ઘઉંનો મેંદો અને સાકર સમાન લઇ તેમાં ઉંચું ચંદનનું તેલ નાખવું અને થોડું પાણી છાંટી ગોળો કરવો. પછી તેમાંથી વાલ વાલની ગોળીઓ કરી ચાર અથવા ૭ ૭ ગોળીઓ દિવસમાં ત્રણ વખત ભૂકો કરી આપવાથી ઉપર કહેલા રોગોમાં પહેલા દિવસથીજ ફાયદો દેખાવા માંડીને ત્રણ અથવા ૭ દિવસમાં મટી જાય છે.

૧૯ કફનાશક ગુટિકા:—ટંકણખાર ફુલાવેલો, જવખાર, લીંડીપીંપર, હરડેદળ, એનું ચૂર્ણ કરી તેમાં બમણો ગોળ નાખી ગોળી કરી તે મોઢામાં રાખવી. રસ ગળવાથી કંઠમાં રહેલ કફનો નાશ થાય છે, તેમજ એના સેવનથી હેડકી, શ્વાસ, ઉધરસ, શૂળ અને આધ્માનરોગનો નાશ થાય છે.

૨૦ દુર્નામકુઠાર ગુટિકા:—મરી, લીંડીપીંપર, કોષ્ઠ, સિંધાલૂણ, જીરૂં, સુંઠ, ઘોડાવજ, હીંગ, વાવડીંગ, હરડે, ચિત્રક, અજમોદ એ સર્વ સમાન લઈ સર્વ ઔષધોથી બમણો ગોળ નાખી ગોળી ૧ તોલાની કરી ઉના પાણી સાથે આપવી; એટલે વાયુથી ઉત્પન્ન થયેલા સર્વ પ્રકારના હરસનો નાશ થાય છે.

૨૧ હિંગ્વાદિ વટી:—શેકેલી હીંગ ૧ ભાગ, ઘોડાવજ ૨ ભાગ, વાવડીંગ ૩ ભાગ, સિંધાલૂણ ૪ ભાગ, જીરૂં ૫ ભાગ, સુંઠ ૬ ભાગ, મરી ૭ ભાગ, લીંડીપીંપર ૮ ભાગ, કોષ્ઠ (ઉપલેટ) ૯ ભાગ, હરડેદળ ૧૦ ભાગ, ચિત્રક ૧૧ ભાગ, અજમો ૧૨ ભાગ અને સર્વ ઔષધોથી બમણો ગોળ નાખી ગોળીઓ કરવી. એના સેવનથી અનેક પ્રકારના વાતરોગ, હરસ, ગોળો અને પ્રમેહ,

એ રોગનો નાશ થાય છે.

૨૨ રસકેશ્વર વટી:—કલખાપરી (ખાપરીઓ), સિંધાલૂણ, મોરથુથુ ફૂલાવેલ, ટંકણખાર, સુંઠ, મરી, લીંડીપીંપર, એમને લિંબુના રસમાં ખરલ કરી ગોળીઓ બનાવી છાંયે સૂકાવી રાખવી; એ મધમાં ઘસી આંખમાં આંજવી એટલે સર્વ નેત્રરોગનો નાશ થાય છે. તેમજ રૂક્ષત્વ, વડસ (અર્મ-માંસનું વધવું), આંજણી, ફુલાં, તિમિર, અધિર, પડળ, નેત્રવ્રણ, કાચબિંદુ આદિ મોટા મોટા રોગોનો નાશ થાય છે.

૨૩ અહિફેનાદિ ગુટિકા:—અફીણ, અક્કલકરો, લવંગ, કેસર, જાવંત્રી, જાયફળ, ભાંગ, હિંગળોક એ સમાન ભાગે લઈ આદુના રસમાં વાલ વાલ(બબ્બે રતી)ની ગોળીઓ કરી આપવી અને ઉપર દૂધ પાવું; એટલે વીર્યવૃદ્ધિ થઈ સ્તંભન થાય છે, બળ પ્રાપ્ત થાય છે અને ક્ષય, ઝાડો, ઉધરસ ઇત્યાદિ રોગો દૂર થાય છે.

૨૪ શંખવટી:—આમલીનો ખાર× ૪ તોલા, પંચલવણ (સિંધાલૂણ, સંચળ, બંગડીખાર, બીડલવણ અને મીઠું) ૪ તોલા, એને લિંબુના રસમાં વાટી તે રસમાં ચાર તોલા શંખને ગરમ કરી તેમાં તે બળી જતાં સુધી વારંવાર છમકારવો. પછી હીંગ, સુંઠ, મરી, લીંડીપીંપર એ દરેક એકેક તોલો અને પારો, ગંધક, વછનાગ, એ ત્રણ પા પા તોલો લઈ સર્વને લિંબુના રસમાં ખરલ કરી વાલ વાલની ગોળીઓ કરવી. એના સેવનથી ક્ષયરોગ, સંગ્રહણી, ઝાડો, અજીર્ણ, મંદાગ્નિ, શૂળ, પરિણામશૂળ, ઇત્યાદિ રોગોનો નાશ થાય છે.

૨૫ સંજીવની ગુટિકા:—વાવડીંગ, સુંઠ, લીંડીપીંપર, હરડે, ચિત્રક, બહેડાં, ઘોડાવજ, ગળો, ભીલામાં અને વછનાગ, એ ૧૦ સમાન લઇ ગોમૂત્રમાં ખરલ કરી, ચણોઠીના વજન પ્રમાણે ગોળીઓ કરવી અને તે આદુના રસમાં આપવી. અજીર્ણમાં એક ગોળી, કૉલેરા ઉપર બે ગોળી, સર્પદંશ ઉપર ત્રણ અને સન્નિપાત ઉપર ચાર ગોળી આપવાથી મનુષ્યને સજીવન કરે છે; એથી એને સંજીવની ગુટિકા કહે છે.

૨૬ જાતિફલાદિ ગુટિકા:—જાયફળ, સિંધાલૂણ, હિંગળો, કોડીની ભસ્મ, સુંઠ, અફીણ, ધંતુરાનાં બી, લીંડીપીંપર, એ આઠે સમાનભાગે લઈ લિંબુના રસમાં અથવા ધંતુરાના કાઢાની અથવા ભાંગના કાઢાની ભાવના આપી રતિ રતિ પ્રમાણે ગોળીઓ કરવી. કોગળીઆ ઉપર ૧ પૈસા-ભાર છાશ, શેકેલી હીંગની ચણા જેવડી કાંકરી અને સિંધાલુણ એક માસો એકત્ર કરી તેમાં એ ગોળી એક આપવી; એટલે તત્કાળ ઝાડોઉલટી બંધ થાય છે. આ ગોળી નાગરવેલના પાનની બીડીમાં આપવાથી વીર્યવૃદ્ધિ થાય છે.

૨૭ અશ્વચોળી ગુટિકા:—શુદ્ધ પારો, ગંધક, ટંકણખાર, વછનાગ, સુંઠ, મરી, લીંડી-પીંપર, હરડાં, બહેડાં, આમળાં, હરતાલ, એ સર્વ સમાનભાગે લઇ સર્વના સમાન શોધેલો નેપાળો નાખી ભાગરાના રસની તેને ૨૧ ભાવના આપી ચણોઠી જેવડી ગોળીઓ વાળવી. એ ગોળી આદુના રસમાં અથવા ઉના પાણી સાથે અથવા યથાયોગ્ય અનુપાન સાથે આપવાથી વાતશૂળ, ઉદરરસ, શ્વાસ, ક્ષયરોગ, વગેરે ૭૨ રોગોનો નાશ કરે છે.*

× મોટાં ઝાડોની છાલ અને નાનાં ઝાડોનાં પંચાંગને બાળી તે રાખ પાણીમાં પલાળી રાખી તે પછી ઠરવા દઇ ઉપર ઉપરનું તેનું પાણી નીતારી લઇ તે પાણી ઉકાળવાથી વનસ્પતિનો ખાર નીકળે છે.

* એને 'ઘોડાચોળી' પણ કહે છે. એના ઉપર કેટલાક ગ્રંથોમાંથી આ પ્રમાણે અનુપાનો મળી આવે છે:-(૧) સંગ્રહણી ઉપર ૧ ગોળી ગાયના દહીંના ઘોળવા સાથે આપવી. ત્રણ દિવસ સુધી બરાબર એકેક ગોળી છાશની સાથે ખાવી અને બીજી ખાટી અને મીઠી ચીજ ન ખાવી. (૨) જેને અજીર્ણ હોય અને પેટમાં દુખતું હોય તેને એક ગોળી ઘીની સાથે આપવી. (૩) સાપના ઝેર ઉપર દરદીના પગની પિંડીને છેદી થોડું લોહી કાઢી તે ગોળીને પાણીમાં ઘસી તે જગ્યાએ ચોપડવી. (૪) કૃમિવાળાને આદુના રસની સાથે તે ગોળી ખાવા આપવી. (૫) વિંછીના વિષવાળાને સુંઠના પાણીમાં એક ગોળી ઘસી ડંખ ઉપર ચોપડવી. (૬) જેના શરીરમાં દાહ થતો હોય તેને

૨૮ ઉપદંશકુઠાર ગુટી:—કંકુષ્ઠ અથવા મુરદારશિંગ અને કોષ્ઠ એ એકેક તોલો અને મોરથુથુ અરધો તોલો લઇ તેને આદુના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળી કરીને તે સવારે અને સાંજે આદુના રસમાં આપવી; અને મીઠી કે ખાટી ચીજ, માંસ, દૂધ, કોળું એ ચીજો ખાવી નહિ; એટલે ઉપદંશનો નાશ થાય છે.

આમળાંના રસમાં એક ગોળી ઘસી તેની આંખમાં આંજવી. (૭) દરરોજ પ્રાતઃકાળે એકેક ગોળી ખાય તેનું શરીર નીરોગી રહે; પરંતુ ઉપરથી ઘી–દૂધ ઘણું ખાવું. (૮) એકેક ગોળી મધની સાથે ૩ દિવસસુધી દરરોજ ખાય તો વિષયાસક્તિ ઘણીજ વધે. (૯) જેની આંખો બહુજ રાતી થઇ જાય તેને એકેક ગોળી પાણીમાં ઘસી આંખમાં ચોપડવાથી રતાશ જતી રહે છે. (૧૦) કુકડાનાં ઇંડાંની સફેતીને પાણીમાં મેળવી તેમાં એક ગોળી ઘસી શિશ્ને લેપ કરી સ્ત્રીસંગ કરવાથી સ્ત્રી વશ થાય. (૧૧) ઉપદંશનો દરદી જવખારની સાથે એક ગોળી ખાય તો આરામ થઇ જાય. (૧૨) જેનું માથું દુખતું હોય તેણે એક ગોળી તલીઆ તેલમાં મેળવી ચોપડવી. (૧૩) જલંધર રોગવાળાને નવ માસા બ્રહ્મદંડીની સાથે એક ગોળી આપવી. (૧૪) એકેક તોલો ચીનાઈ સાકરની સાથે ચાળીસ દિવસસુધી એકેક ગોળી ખાય તો શરીરના સર્વે રોગ જાય. (૧૫) અજીર્ણવાળો પાનની સાથે એક ગોળી ખાય. (૧૬) મંત્રની સાથે એક ગોળી ખાવાથી બંધેજ, બહુ થાય. (૧૭) જેનું માથું ભમતું હોય અને ચક્કર આવતાં હોય તેણે એક તોલા ઘોડાવજની સાથે ઘસીને એક ગોળી ખાવી. (૧૮) મોઢાની દુર્ગંધી ઉપર નવ માસા ખસખસની સાથે એક ગોળી ખાવી. (૧૯) નાસુર ઉપર બિલાડીના હાડકા સાથે ઘસીને ચોપડવી. (૨૦) ઉંદરી ઉપર થોડીક ચણોઠીની સાથે ગોળીને ઘસી ચોપડવાથી વાળ ઉગી આવે છે. (૨૧) ગાયના દૂધ સાથે ખાય તો અજીર્ણથી આવેલો તાવ જાય. (૨૨) આ ગોળી સ્ત્રી રજસ્વલા થયા પછીથી સ્ત્રીપુરુષ બન્ને પાનની સાથે ખાય તો ગર્ભ રહે. (૨૩) દહીં અને દાડમના દાણા સાથે ખાય તો સંગ્રહણી જાય. (૨૪) જેનું પેટ પથ્થર જેવું કઠણ હોય તેણે આ ગોળી પાણીમાં ઘસી પેટ ઉપર ચોપડવી; જેથી પેટની પીડા અને કઠણાશને દૂર કરે છે. (૨૫) આદુના રસ સાથે ખાય તો સર્વ જાતના વાતરોગ જાય. (૨૬) વિંછીના ડંખ ઉપર આ ગોળી સુંઠ સાથે ઘસી ચોપડવી. (૨૭) અળશીના ચૂર્ણ સાથે ખાય તો ઉનો તાવ જાય. (૨૮) જીરા અને સાકર સાથે ખાય તો જીર્ણજ્વર (જૂનો તાવ) જાય. (૨૯) મરીમાં ઘસી સુંઘવાથી મૃગી અને નાકના રોગનો આ ગોળી નાશ કરે છે. (૩૦) ચીભડાનાં બીજ સાથે આ ગોળી ખાય તો મૂત્રરોગ જાય; પેશાબ છૂટે. (૩૧) અક્કલકરા સાથે ખાય તો ઇંદ્રિયની પથરી ગાળે–કાઢે. (૩૨) પાનના રસ સાથે ૧૫ દિવસ ખાય તો ભૂખ ઉઘડે. (૩૩) ખસખસના રસસાથે આ ગોળી ખાય તો વાતશૂળ જાય. (૩૪) મોચરસ અને બદામની સાથે આ ગોળી ખાય તો લોહી નીકળતું બંધ થાય. (૩૫) સુંઠ અને સ્ત્રીના દૂધ સાથે ઘસી આ ગોળી કાનમાં નાખે તો કાનના રોગ જાય. (૩૬) તુલસીના રસ સાથે ખાય તો તરીઓ તાવ જાય. (૩૭) ભાંગરાના રસની સાથે ખાય તો શરીરની સુસ્તી જાય. (૩૮) નગોડના રસ સાથે ખાય તો પ્રમેહ જાય. (૩૯) લીંડીપીંપર અને ગળો સાથે આ ગોળીનો લેપ કરે તો સન્નિપાત જાય. (૪૦) જૂના ગોળ સાથે ખાય તો મુખદુર્ગંધ જાય. (૪૧) આમળાંના ચૂર્ણ સાથે ગોળી ખાય તો સર્વે જાતની ગરમી જાય. (૪૨) આમળાના ચૂર્ણ સાથે એક વરસ દિવસ ખાય તો નીરોગી થાય. (૪૩) મધ સાથે ખાય તો બળ ઘણું થાય. (૪૪) મંત્રની સાથે ઇંદ્રિય ઉપર લેપ કરે તો સ્ત્રી બહુજ પ્યાર કરે. (૪૫) ખારેકના ઠળીઆ સાથે આ ગોળી ખાય તો વાંઝણીને ગર્ભ રહે. (૪૬) લીંડીપીંપર અને હીંગ સાથે આ ગોળી ખાય તો તે હરસનો નાશ કરે છે. (૪૭) છાશની સાથે આ ગોળી ખાય તો શરીરના સોજા જાય. (૪૮) સુંઠના ચૂર્ણ સાથે આ ગોળી ખાય તો હસ્તક્રિયા (હાથના પ્રયોગવડે વીર્ય કાઢવાથી થયેલ ના-મરદાઇ)નો રોગ જાય. (૪૯) જાવંત્રી સાથે ખાય તો વાંઝણીને પુત્ર થાય. (૫૦) ઉટકટારીની સાથે ખાય તો પેટમાંનો દાહ તુરત શાંત કરે. (૫૧) ધોળી ચણોઠી સાથે ઘસીને આંખમાં આંજે તો આંખના રોગો જાય. (૫૨) લીમડાનાં ફૂલની સાથે આ ગોળી ખાય તો સાપનું ઝેર ઉતરે. (૫૩) લીમડાનાં પાંદડાં સાથે ખાય તો તાવ જાય. (૫૪) લીંડીપીંપર સાથે ખાય તો અવલેહ રોગ જાય. (૫૫) સંચળ સાથે ખાય તો પેટનો મળ ઉતરે. (૫૬) ભાંગરાના રસ સાથે ખાય તો સન્નિપાત જાય.

૨૯ જ્વરકેસરી ગુટી:—શુદ્ધ કરેલો પારો, વછનાગ, સુંઠ, મરી, લીંડીપીંપર, ગંધક, ત્રિફળાં, નેપાળો, એ સર્વ સમાનભાગ લઈ ભાંગરાના રસમાં ખરલ કરીને રતિના પ્રમાણથી ગોળીઓ કરવી. એ ગોળી બાળકોને સરસવના આકાર જેવડી આપવી. નાળીએરના પાણી સાથે આપવાથી એ ગોળી સર્વ જ્વરનો નાશ કરે છે; નાળિયેરનું પાણી દરરોજ ૩ તોલા પીવું. સાકર સાથે લેવાથી એ પિત્તજ્વરનો નાશ કરે છે; મરીની સાથે લેવાથી સન્નિપાતજ્વર હરે છે; લીંડીપીંપર અને જીરા સાથે દાહજ્વરની નાશક છે. વળી આ જ્વરકેસરી ગોળી વિષમજ્વર, ભૂતજ્વર, ખરોળ, અગ્નિમાંદ્ય, અજીર્ણ, સોજો, શૂળસહિત અજીર્ણ, ગોળો, અઢાર પ્રકારના કોઢ અને પિત્તરોગનો નાશ કરનારી છે.

૩૦ ચંદ્રપ્રભા ગુટિકા:—કચૂરો (નર કચૂરો), ઘોડાવજ, નાગરમોથ, કરિયાતું, દેવદાર, હળદર, અતિવિષની કળી, દારુહળદર, પીંપળીમૂળ, ચિત્રક, ધાણા, હરડાં, બહેડાં, આમળાં, ચવક, વાવડીંગ, ગજપીંપર, સુંઠ, મરી, લીંડીપીંપર, સુવર્ણમાક્ષિક ભસ્મ, જવખાર, સાજીખાર, સિંધાલૂણ, સંચળ અને બીડલવણ, આ ૨૭ ઔષધો ત્રણ ત્રણ માસાના વજને લેવાં: અને નસોતર, દંતીમૂળ, તમાલપત્ર, તજ, એલચી અને વંશલોચન, એ ૭ ઔષધો એકેક તોલો લઇ એ સર્વેનું ચૂર્ણ કરવું; અને લોહભસ્મ ૨ તોલા, ખડીસાકર ૪ તોલા, શિલાજિત ૮ તોલા અને ગુગળ ૮ તોલા લઇ, એ તમામ ઔષધોને ત્રિફળાંના કાઢામાં ખરલ કરી ગોળીઓ કરવી. આ ચંદ્રપ્રભા ગુટિકા સર્વ રોગનો નાશ કરે છે.

૩૧ વત્સનાગ ગુટી:—કલાઇની ભસ્મ ૩ ભાગ, મરી ૫ ભાગ અને વછનાગ ૭ ભાગ લઈ ચૂર્ણ કરી તેને આદુના રસમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરી તે આદુના રસમાં આપવી; એટલે વાતરોગ અને કફનો નાશ થાય છે.

૩૨ કુચલા ગુટી:—ઝેરકોચલાંને રાત્રે પાણીમાં પલાળી રાખી સવારે તેને ચોળી તેના ઉપરથી છોતરાં કાઢી નાખી તેને ઘીમાં તળી નાખવાં, બળવા દેવાં નહિ. પછી તેનું ચૂર્ણ કરી તે ૧૦ તોલા લેવું. પછી સુંઠ ૧ તોલો, મરી ૧ તોલો, ધાણા ૧ તોલો, ધાવડીનાં ફૂલ ૨ તોલા, સિંધાલુણ ૧ તોલો, અતિવિષની કળી ૧ તોલો, આમળાં ૧ તોલો, એ સર્વને એકત્ર કરી ખાંડી ચૂર્ણ કરી ઝેરકોચલાંના ચૂર્ણમાં મેળવવું. પછી સર્વથી ત્રણગણી ખડીસાકર લઈ ચાસણી કરી તેમાં તે ચૂર્ણ નાખી ગોળીઓ જંગલી બોર જેવડી કરી તે દરરોજ સવારસાંજ સેવન કરવી. એથી

---

(૫૭) જીરાસાથે ખાય તો શરીરને પુષ્ટ કરે. (૫૮) મધની સાથે ખાય તો વાનો ગોળો જાય. (૫૯) આમલીના રસ સાથે ખાય તો પિત્તજ્વર જાય. (૬૦) તુલસી અને દાડમના દાણાના રસ સાથે ખાય તો શૂળ જાય. (૬૧) તુલસીના રસમાં ઘસીને આંજે તો રતાંધળાપણું જાય. (૬૨) ઘોળી ચણોઠીમાં ઘસી આંખમાં આંજે તો ફૂલું જાય. ઈત્યાદિ ઇત્યાદિ.

આ ગોળીની બનાવટ પણ જુદી જુદી રીતે જુદા જુદા ગ્રંથોમાં બતાવેલી જણાય છે. ઉક્ત ગોળીમાં ૧૧ ચીજો સમાન અને એ બધાની બરાબર નેપાળો લેવાનું લખેલ છે, ત્યાં બીજા ગ્રંથોમાં નેપાળો દરેક ચીજની બરાબર નાખવાનું કહેલ છે. ઓછોવત્તો નાખવાનું જણાતું નથી. એક ગ્રંથકાર પારો, ગંધક, હરતાલ, ઘોડાવજ, સુંઠ, મરી, લીંડીપીંપર, કડુ, હરડેની છાલ, ટંકણખાર, વછનાગ, ધોળો સોમલ, નેપાળો, હીંગ અને ગોખરૂ, આ પંદર ચીજો સમાન લેવાનું કહે છે. વળી બીજા ગ્રંથમાં પારો, સુંઠ, નેપાળો, હરડાં, બહેડાં, આમળાં, નસોતર, કડુ, વછનાગ, હરતાલ, હળદર, મરી, ટંકણખાર, અફીણ, લવંગ, જાયફળ, જાવંત્રી, મધુપીંપર, વાવડીંગ, આ ઓગણીસ ચીજો ભાંગરાના રસમાં ૭ દિવસ સુધી ખરલ કરવાનું કહે છે. વળી એક ચોપાઇ અમારા સાંભળવામાં આવેલ છે કે:—"રસ વિષ ગંધક અરૂ હરતાલ, ત્રિકટુ ત્રિફલા ઔર જમાલ; ભંગરાજ રસ બાંધે ગોળી, કહે ગેરખ યહ ઘોડાચોળી." આ પ્રમાણે બનાવટ, વસ્તુઓનું માપ અને અનુપાનો અનેક પાઠાંતરવાળાં વાંચવામાં આવે છે. કેટલાક લોકોને વાપરતા જોઇએ છીએ, પણ પોતાની ચોરસ્થિતિના પ્રભાવે તેઓ છુપાવતાજ રહે છે; પરંતુ એવા મનુષ્યોએ લોકહિતની ખાતર પોતાના અજમાવેલ અખતરા પ્રસિદ્ધિમાં મૂકવા જોઇએ.

અગ્નિમાંદ્ય, તાવ, સંગ્રહણી, અતિસાર, શૂળ અને વાતરોગ એ દૂર થાય છે.

૩૩ **શીતજ્વરારિ વટી:**—હરતાલ અને ચુનો સમભાગ લઈ તેને કેળના પાણીની ત્રણ દિવસ ભાવના આપીને પછી મગ જેવડી બારિક ગોળીઓ કરી, તે ગોળી સાકરમાં ૧ કે ૨ અથવા ૩ દિવસ આપવી; એટલે શીતજ્વર દૂર થાય.

૩૪ **ભલ્લાતક વટી:**—અજમો ૨, ખુરાસાની અજમો ૨, કિરમાણી અજમો ૨, બોડી-અજમો ૨, શેકેલા કાંકચના ગોળા ૮ તોલા, ભીલામાં ૧૦ તોલા તથા એ બધાં ઔષધોની બરાબર અથવા બમણો જૂનો ગોળ લઈ સર્વ ઔષધો ખાંડી ગોળીઓ નાનાં બોર જેવડી કરવી.

કૉલેરામાં ૧ ગોળી આદુના રસમાં આપવી; એટલે ઝાડો અને ઉલટી અટકશે. કૃમિરોગમાં વાવડીંગના કાઢામાં આપવી. ઉપદંશ(ચાંદી)વાળાને દરેક વખતે એક ગોળી ગળાવી ઉપર પાન, સોપારી, ચુનો, લવંગ અને જાયફળવાળી પાનબીડી ખવરાવવી. એમ સાત દિવસ આપવાથી ઉપદંશ મટે છે. પથ્ય પાળવા જરૂર નથી; પણ સ્ત્રીસંગ ૧ મહિનો વર્જ્ય કરવો.

૩૫ **પુરંદર વટી:**—પારો ૧ ભાગ અને ગંધક ૨ ભાગ લઇ કજ્જલી કરવી. પછી ત્રિકટુ ૩ ભાગ અને ત્રિફળાં ૩ ભાગ લઇ સર્વને બકરીના દૂધમાં ખરલ કરી રતિ પ્રમાણે ગોળીઓ કરવી. એ આદાના રસમાં આપવી. તેના ઉપર ટંડુ પાણી પીવું. એના સેવનથી ઉષ્ણરસ અને શ્વાસનો નાશ થઇ અગ્નિ પ્રદીપ્ત થાય છે. એ નિત્ય સેવન કરવાથી વૃદ્ધ પુરુષ પણ જુવાનની પેઠે સ્ત્રીસંભોગમાં સમર્થ થાય છે.

૩૬ **વૃદ્ધિબાધિકા વટી:**—શુદ્ધ પારો, શુદ્ધ ગંધક, લોહભસ્મ, કલાઇની ભસ્મ, તામ્રભસ્મ, કાંસાની ભસ્મ, શુદ્ધ હરતાલ, મોરથુથુ, શંખભસ્મ, કોડીની ભસ્મ, ત્રિકટુ, ત્રિફળાં, ચવક, વાવડીંગ, વરધારો, કચૂરો, પીંપળીમૂળ, પહાડમૂળ, શેરણી, ઘોડાવજ, એલચી, દેવદાર, મીઠું, સિંધાલુણ, સંચળ, બીડલવણ, બંગડીખાર એ સર્વે સમાનભાગે લઇ ચૂર્ણ કરી હરડેના કાઢામાં ખરલ કરી ગોળીઓ ત્રણ ત્રણ માસાની કરી તે પાણીમાં આપવી. એટલે અસાધ્ય અંડવૃદ્ધિ(વધરાવળ)નો પણ નાશ થશે.

૩૭ **નાગાર્જુની ગુટિકા:**—પારો, વછનાગ, ગંધક, સીસાની ભસ્મ એ સમાન ભાગ અને મરી ૩ ભાગ લઇ તેને આદુના રસમાં ખરલ કરવું. પછી રતિ પ્રમાણે ગોળીઓ કરીને તે આપવી; એટલે વાતરોગ, વિષમજ્વર, કફ, અજીર્ણદોષ, સન્નિપાત, શૂળ, આધ્માન (આફરો) અને અરુચિનો નાશ થાય છે.

૪—ક્વાથ*

૧ **મંજિષ્ઠાદિ ચતુ:ષષ્ઠી ક્વાથ:**—૧ મજીઠ, ૨ હરડાં, ૩ બહેડાં, ૪ આમળાં, ૫ ગહુંલો,

---

* એક મિત્ર આપેલા અનુભૂત પ્રયોગો:-

(૧) શૂન્ય વાયુ ઉપર:-પીંપળીમૂળ તોલા ૨, ઇંદ્રજવ તોલા ૨ દેવદારનું લાકડું તોલા ૨, ગુગળ તોલા ૪, વાવડીંગ તોલા ૨, ભારંગી તોલા ૨, જળભાંગરો તોલા ૨, સુંઠ, લીંડીપીંપર અને કાળાં મરી, એ ત્રણ મળીને તોલા ૪, ચિત્રાછાલ તોલા ૨, કાયફળ તોલા ૨, પોકરમૂળ (પારસ એરંડાનું મૂળ) તોલા ૨, ભોરિંગણી અને ઉભી રિંગણીનાં મૂળ તોલા ૪, બોડી અજમો તોલા ૨, ભૂનાકેશી તોલા ૨, કરિયાતું તોલા ૨, ઘોડાવજ તોલા ૨, ચાણુક તોલા ૨, કાળીપાઠ તોલા ૨, એ પ્રમાણે સર્વ ઓસડો લઇ તેને અધકચરાં ખાંડી તેના ભાગ પાડી એકેક ભાગનો ઉકાળો કરી પાવાથી વાયુથી થયેલ શૂન્યકારપણું મટી શરીરમાં સ્ફૂર્તિ આવે.

(૨) અફીણના ઝેર ઉપર:-સુવા, મૂળાનાં બીજ, આગરીઉં મીઠું અને મધ, એ ચારે બબ્બે તોલા પ્રમાણે લઇ પાણી શેર ૦ાા માં ઉકાળતાં પાણી શેર ૦। રહે ત્યારે ઉતારી ટંડુ થએ ખૂબ મસળી લુગડાથી ગાળીને પાવું; એથી ઉલટી થઈ ઝેર નીકળી જશે. કદાપિ ઉલટી ન થાય તો કુકડાનું પીછું ગળામાં નાખવું; એટલે ઓકી કાઢશે. તેના હાથ-પગ ઉપર કામળા નાખવા.

(૩) ચોરીઓ તાવ ઉપર:—ગળો ટાંક ૪ાા, ભોરિંગણી ટાંક ૪ અને સુંઠ ટાંક ૪ લઇ પાણી

૬ ગળો, ૭ પ્હાડી, ૮ ઘોડાવજ, ૯ પુષ્કરમૂળ, ૧૦ ભાંગરો, ૧૧ સુંઠ, ૧૨ મરી, ૧૩ લીંડીપીંપર, ૧૪ કરિયાતું, ૧૫ અતિવિષની કળી, ૧૬ નગોડ, ૧૭ ગરમાળાનો મગજ, ૧૮ ત્રાયમાણ, ૧૯ ખેરસાર, ૨૦ અરલુમૂળ, ૨૧ મોટી શંખાવળી, ૨૨ કાળી ઉપલસરી, ૨૩ ધોળી ઉપલસરી, ૨૪ મોટી સિવણ (કાયફળ), ૨૫ કડૂ, ૨૬ પિત્તપાપડો, ૨૭ બાફળી (હિંગુપત્રી), ૨૮ ઈંદ્રજવ, ૨૯ વાઘાટી(ગોવિંદ)નાં મૂળ, ૩૦ વાસનવેલનાં મૂળ, ૩૧ કડવી ઇંદ્રાવનીનાં મૂળ, ૩૨ ધાવડી (લઘુ), ૩૩ એરંડમૂળ, ૩૪ કડવા લીમડાની છાલ, ૩૫ ચિત્રકમૂળ, ૩૬ શતાવરી, ૩૭ ભારંગ-

---

શેર એમાં ઉકાળતા તોલા ૫ બાકી રહે ત્યારે કપડાથી ગાળી લઈ તેમાં લીંડીપીંપર નંગ ૩ વાટેલી નાખીને પીવાથી જે તાવ ઘડીમાં શરીર ઉપર દેખાય અને ઘડીમાં શરીરની અંદર છુપાઇ જાય એવો ચોરીઓ તાવ જાય.

(૪) જીર્ણજ્વર ઉપરઃ–કરિયાતું તોલો ૧ાા, દેવદાર તોલો ૧ાા, ભોરિંગણી તોલો ૧ાા, સુંઠ તોલો ૧ાા, ધાણા તોલો ૧ાા, લીંડીપીંપર તોલો ૧ાા, મોથ તોલો ૧ાા, દશમૂળ તોલા ૩ અને ઉટકંટો તોલા ૧ાા લઇ ખાંડી ચૂર્ણ કરી ૭ ભાગ કરવા. દિવસમાં બે વખત એકેક ભાગનો ઉકાળો કરી પીવરાવવો. એવી રીતે ઉકાળો કરી સાત દિવસ સુધી પાવો.

(૫) ઉનવા અને મૂત્રકૃચ્છ્ર ઉપરઃ–હળદર, ગોખરૂ, ગરમાળાનો ગર્ભ, પાષાણભેદ અને ધમાસો સમાનભાગે લઇ તોલા પાંચ પાંચનાં પડીકાં કરી રાખવાં. તે દરરોજ એકેક પડીકાનો ઉકાળો કરી મધ નાખી ૩ દિવસ પાવો.

(૬) સાંધવા (સાંધિયા વા) ઉપરઃ–ઉસબો તોલા ૧૦ અને પોટાસ આયોડાઈડ દશઆનીભાર લઇ દરેકનાં જુદાં જુદાં સરખા ભાગે દશ દશ પડીકાં કરી રોજ ઉસબો તો. ૧ પાણી તોલા ૧૦ માં ઉકાળી તોલા ૫ રહે ત્યારે ઉતારી કપડેથી ગાળી પછી પોટાસ આયોડાઇડ મેળવીને સવારે પાવું; તો સંધિવા જાય. પરેજી પાળવી.

(૭) કમળા તથા પાંડુરોગ ઉપરઃ–હરડાં, બહેડાં, આમળાં, અરડુસી, નેપાળી કરિયાતું, લીમડાની અંતરછાલ, કડુ અને ગળો, એ સમાનભાગે લઇ પાણીમાં ઉકાળી લુગડાથી ગાળી લઇને તેમાં ચોખ્ખું મધ તોલા ૨ નાખીને પાવાથી કમળો તથા પાંડુરોગ જાય.

(૮) તાવ ઉતરી ગયા પછીની નબળાઇ ઉપરઃ–કરીઆતાની પાંદડી, સાકર અને ધાણા એકેક તોલો લઇ ઉકાળીને તે પાણી સવારસાંજ પાવાથી તાવ ગયા પછીની નબળાઇ મટી કૌવત આવે, ભૂખ ઉઘડે, પણ એ માણસને ગોળનું પાણી પીવા આપવું નહિ.

(૯) સંગ્રહણી અને મરડાના ઝાડા ઉપરઃ—હાલાર ગોળ તોલા ૩, મરડાશિંગ તોલો ૦ાા, ધોળાં મરી તોલો ૦ાા, ચીમેડ તોલો ૧ અને હિમજ તોલો ૧, એ સર્વે પાણી શેર ૧ાા માં ઉકાળીને પાય તો મરડો, સંગ્રહણી અને અતિસાર જાય.

(૧૦) વાયુની હેડકી ઉપરઃ—કાંકચના કકડા કરી પાણીમાં ઉકાળી ગાળીને પાવું.

(૧૧) તાવ ઉપરઃ–કડુ, કરીઆતું અને ઇંદ્રજવનો ઉકાળો કરી બાટલીમાં ભરી રાખવો. તેમાંથી દરદીને આપતી વખતે દરદીના બળાબળ પ્રમાણે વધારેમાં વધારે વાલ ૧ સુધી નવસાર નાખીને પાવું.

(૧૨) સ્ત્રીઓના મૂત્રબંધ ઉપરઃ—સ્ત્રોનાં મૂળ, કાસનાં મૂળ અને દાભડાનાં મૂળ સમાનભાગે પાંચ પાંચ તોલા લઈ તેમાં હિંગ અને સંચળ પા પા તોલો નાખી પાણી શેર પાંચમાં ઉકાળતાં તેનું સવાશેર રહે ત્યારે તેમાં બકરીનું દૂધ શેર ૧ નાખીને પાવું.

(૧૩) પ્રમેહ ઉપરઃ–ખરેંટીનાં મૂળ શેર ૦ા લઇ પાંચગણા પાણીમાં ઉકાળતાં તે પાણી તોલા ૫ રહે ત્યારે તેમાંથી તોલો ૧ લઇ બકરીના એક શેર દૂધમાં નાખી પાવું. પરેજી પાળવી.

(૧૪) પાણીવિકાર માટેઃ—ભેંડા શેર ૧, મરી તોલા ૨, સવા શેર ૧, સુંઠ તોલા ૪, આંબાહળદર તોલા ૪, દારુહળદર તોલા ૪, થુવરનાં પાંદડાં નંગ ૪, એ સઘળી ચીજો પાણી શેર ત્રણમાં નાખી ઉકાળતાં શેર ૦ા રહેથી ઉતારી લઇ કપડાથી ગાળી તેમાં મધ નાખી આપવાથી પાણીવિકાર (પરદેશનું પાણી લાગવાથી થએલ વિકાર) મટે. પરેજી પાળવી.

મૂળ, ૩૮ ભોંયઆમળાં, ૩૯ ઇંદ્રવરણાનાં મૂળ, ૪૦ બીલીનાં મૂળ, ૪૧ બીલામો, ૪૨ ધાવડીનાં મૂળ, ૪૩ પહાડમૂળ, ૪૪ પાડળમૂળ, ૪૫ માલકાંગણી, ૪૬ વાળો, ૪૭ દંતીમૂળ, ૪૮ પલાશમૂળ, ૪૯ સુખડ, ૫૦ રતાંદળી, ૫૧ ગોરખમુંડી (કલ્હાર), ૫૨ વાવડીંગ, ૫૩ આકડાનાં મૂળ, ૫૪ એરંડમૂળ, ૫૫ કરંજનાં મૂળ અને પાંદડાં, ૫૬ ધાવડીનાં મૂળ અને પાંદડાં, ૫૭ રિંગણી, ૫૮ નાગરમોથ, ૫૯ ભદ્રમોથ, ૬૦ દેવદાર, ૬૧ પીળો વાળો, ૬૨ શ્વેતોત્પલ, ૬૩ કડવાં પડવળ, ૬૪ વાલોળનાં મૂળ; એનો અષ્ટમાંશ કાઢો કરી સેવન કરાવવો; તેથી રક્તપિત્ત, ૧૮ પ્રકારના કોઢ અને વાતરક્તનો નાશ થાય છે.

૨ **રાસ્નાદિ ચતુઃષષ્ટી ક્વાથઃ**—૧ રાસ્ના, ૨ દેવદાર, ૩ ઇંદ્રવરણાનાં મૂળ, ૪ ચવક, ૫ પીંપળીમૂળ, ૬ ચિત્રકમૂળ, ૭ ભારંગમૂળ, ૮ હળદરના ગાંઠીઆ, ૯ સુંઠ, ૧૦ પુષ્કરમૂળ, ૧૧ સુગંધી અજવલો, ૧૨ હરડેદળ, ૧૩ સવા, ૧૪ કોષ્ટ, ૧૫ બ્રાહ્મી, ૧૬ ઘોડાવજ, ૧૭ ગોખરૂ, ૧૮ અરડુસી, ૧૯ ધોળા એરંડાનાં મૂળ, ૨૦ ખરેંટીમૂળ, ૨૧ ભદ્રમોથ, ૨૨ નાગરમોથ, ૨૩ શેવતી, ૨૪ પહાડમૂળ, ૨૫ ગળો, ૨૬ રેણુકબીજ (નગોડનાં બી), ૨૭ સાટોડી, ૨૮ થી ૩૭ દશમૂળ (સાલવણ, પીઠવણ, ગોખરૂ, રિંગણી, ઉભી રિંગણી, બીલી, એરંડ, અરલુ, સિવણ, પહાડ એનાં મૂળ), ૩૮ વરધારો, ૩૯ શેરણી, ૪૦ ગોરખમુંડી, ૪૧ અજમો, ૪૨ નસોતર, ૪૩ આસંધ, ૪૪ રગતરોહીડાની છાલ, ૪૫ કાળી ઉપલસરી, ૪૬ ધોળી ઉપલસરી, ૪૭ ગુગળ, ૪૮ કરિયાતું, ૪૯ લીંડીપીંપર, ૫૦ વાળો, ૫૧ ત્રાયમાણ, ૫૨ રિંગણી, ૫૩ રોહિસઘાસ, ૫૪ કડુ, ૫૫ ગરમાળાનો ગર્ભ, ૫૬ કુડાની છાલ, ૫૭ કોરાંટા (કાંટાસરીઓ), ૫૮ નગોડનાં મૂળ, ૫૯ વાવડીંગ, ૬૦ ધુવરફળ, ૬૧ શતાવરી, ૬૨ ધાણા, ૬૩ પટોળ અને ૬૪ ઇંદ્રજવ; એનો અષ્ટમાંશ કાઢો કરીને તે એરંડતેલ અને સિંધાલુણ નાખી નિત્ય સવારે સેવન કરે તો અર્ધાંગ વાયુ, અપતાનાક-વાયુ, હનુગ્રહ, કંપવાત, અર્દિતવાયુ, ઢીંચણનો વાયુ, વિશ્વાચી, કટિગ્રહ, બરડાનો વાયુ, તૂની, પ્રતિતૂની, લંગડાપણું, કુબ્જવાત (કુબડાપણું), હાડગત વાયુ, સંધિવાત, એ સર્વ પ્રકારના વાતરોગ, ગોળાનો રોગ, શૂળ, બંધકોશ ઇત્યાદિ રોગ નાશ પામે છે.

૩ **શૃંગ્યાદિ ચતુઃષષ્ટી ક્વાથઃ**—૧ કાકડાશિંગી, ૨ હીંગ, ૩ કરિયાતું, ૪ હળદર, ૫ કોષ્ટ, ૬ રેણુકબીજ (નગોડનાં બી), ૭ કડુ, ૮ રાસ્ના, ૯ એરંડમૂળ, ૧૦ લસણ, ૧૧ દારૂહળદર, ૧૨ ગરમાળાનો ગર્ભ, ૧૩ રાઈ, ૧૪ ત્રાયમાણ, ૧૫ નસોતર, ૧૬ ચિત્રકમૂળ, ૧૭ માલકાંગણી, ૧૮ ઉપલસરી, ૧૯ ગળો, ૨૦ દાંતીનું મૂળ, ૨૧ ચિરફળ, ૨૨ વાવડીંગ, ૨૩ એલચી, ૨૪ તજ, ૨૫ પડોળ, ૨૬ ગુગળ, ૨૭ અરડુસી, ૨૮ ઇંદ્રજવ, ૨૯ કડાનાં મૂળ, ૩૦ આમળાં, ૩૧ ચીકણા-મૂળ, ૩૨ શતાવરી, ૩૩ મરી, ૩૪ બ્રાહ્મી, ૩૫ ભારંગમૂળ, ૩૬ ગજપીંપર, ૩૭ સુંઠ, ૩૮ હરડેદળ, ૩૯ અરડુસી, ૪૦ મોરવેલ, ૪૧ કાળો નસોતર, ૪૨ પીંપળીમૂળ, ૪૩ લીંડીપીંપર, ૪૪ નાગરમોથ, ૪૫ બોડીઅજમો, ૪૬ અજમો, ૪૭ સવા, ૪૮ અગર, ૪૯ સુખડ, ૫૦ ઇંદ્રવરણું, ૫૧ ચવક, ૫૨ ધોળી ગરણી, ૫૩ ઘોડાવજ, ૫૪ કાયફળ, ૫૫ થી ૬૪ દશમૂળ; એનો કાઢો કરીને આપવો; એટલે આઠ પ્રકારના તાવ, સન્નિપાતજ્વર, વાતરોગ, સર્વાંગવાતરોગ ઇત્યાદિ રોગનો નાશ થાય છે.

૪ **અશ્મરીનાશક ક્વાથઃ**—વાયવરણા(વરણા)ની છાલનો કાઢો ગોળ નાખી પાવો; એટલે પથરી અને વાતશૂળનો નાશ થાય છે.

૫—योग

૧ **વર્ધમાન પિપ્પલીપ્રયોગઃ**—પીંપરની સંખ્યા ત્રણ, પાંચ, સાત અથવા દશ આ પ્રમાણે દિવસ ૧૦ સુધી વધારતા જઈને તેજ ક્રમેથી દરરોજ પાછી ઘટાડતા જવું. એ પીપરને દરરોજ દૂધમાં ઉકાળીને ટંડુ થયે તેમાંજ વાટી મધ નાખી એ સર્વ પાવું. ઉપર દૂધભાતનું ભોજન કરવું; એટલે શ્વાસ, ઉધરસ, જીર્ણજ્વર, ઉદરરોગ, હરસ, વાતરક્ત તેમજ અગ્નિમાંદ્ય, અજીર્ણ, અરુચિ, હૃદ્રોગ, પાંડુરોગ અને કૃમિ એનો નાશ થાય છે.

૨ અશ્મરીનાશક યોગ:—વાયવરણા(વરણાની)ની છાલનો કાઢો ગોળ નાખી પાવાથી પથરી અને વાતશૂળનો નાશ થાય છે.

૩ કૃચ્છ્રહારક યોગ:—ખડીસાકર અને જવખાર સમાન લઇ સેવન કરવાથી મૂત્રકૃચ્છ્રનો નાશ થાય છે.

૪ કતકબીજ યોગ:—૧ તોલો નિર્મળીનાં બીજ છાશમાં વાટી મધ નાખી પાવાં; એટલે પ્રમેહનો શીઘ્ર નાશ થાય છે.

૫ આકુલ્યાદિ યોગ:—અંકોલની સૂકવેલી કળીઓ અથવા મૂળની છાલ, પીસ્તાં, આમળાં, હળદર, એનું ચૂર્ણ મધમાં આપવું; એટલે વીસ પ્રકારના પ્રમેહનો નાશ થશે.

૬ શ્લીપદનાશક યોગ:—સુંઠ નાખી પાચન કરેલું દૂધ અને દુગ્ધાન્ન સેવન કરવાથી શ્લીપદ (હાથીપગાનો રોગ), અર્બુદ અને ગ્રંથિ(ગાંઠ)નો રોગ, એનો નાશ થાય છે. **બીજો પ્રકાર:**—કાસંદરાનાં મૂળ વાટી ગાયના ઘીમાં પાવાં; એટલે દારુણ શ્લીપદ (હાથીપગા) રોગનો પણ નાશ થશે.

૭ અજીર્ણ અને કૉલેરાને માટે:—સુંઠ, કુડાનાં (કડાનાં) મૂળ, ઝેરી નાળીએર, કુલંજકાચરી (કલંબો), એ સર્વને છાશની બે તોલા આછમાં ૧ તોલો ઘસી તેને તપાવેલી ઠીકરીથી ઝમી, તેમાં વાલભર હિંગ અને વાલ એક સિંધાલુણ નાખી તે પાવાથી કૉગળીઉં, અજીર્ણ અને કૃમિવિકાર જાય અને અગ્નિ પ્રદીપ્ત થાય.

૮ વિસર્પ કુષ્ઠનાશક યોગ:—એરંડ, કડવી તુંબડી, કડવો લીમડો તથા કુંવાડીઓ, બાવચી અને અંકોલ, એ સર્વનાં બીજ સમાનભાગે લઇ પાતળયંત્રથી તેલ કાઢી તેનો લેપ કરવાથી વિસર્પ, કોઢ, ફોડલા, ખરજ ઇત્યાદિનો નાશ થાય છે.

૯ મૂત્રાઘાતહર યોગ:—કાકડીનાં બીજ, ત્રિફળાંનું ચૂર્ણ અને સિંધાલૂણ, એ ઉના પાણીમાં પાવાથી મૂત્ર છૂટશે.

६—लेप

૧ ઉપદંશશામક લેપ:—શુદ્ધ ગંધક, એલચી, મરી, લવંગ અને શુદ્ધ પારો નાગરવેલના પાનના રસમાં ઘી સાથે ખરલ કરી તેનો શરીરે લેપ કરાવે અને નાગરવેલના પાનમાં તે સવાર-સાંજ સેવન કરાવે; દૂધ-ભાતનું પથ્ય કરાવે; એટલે સર્વ ઉપદંશનો નાશ થઇ વિસ્ફોટકનો પણ નાશ થાય છે.

૨ કુરંડનાશક લેપ:—ભારંગમૂળ ચોખાના ધોવરામણમાં સુખડની પેઠે બારિક ઘસીને ગંડમાળા (કંઠમાળા) અને અંતર્ગળ ઉપર લેપ કરવો; એટલે તેનો નાશ થાય છે; તેમજ વાંઝણી કંકોટીનું મૂળ ઘસી લેપ કરવો, એટલે અંતર્ગળ રોગનો નાશ થાય છે.

૩ કર્ણમૂળ ઉપર લેપ:—વછનાગ, ઝેરકોચલાં, સુંઠ, કાયફળ અને કાળીજીરી, એ સર્વને પાણીમાં વાટીને લેપ કરવો; એટલે કર્ણમૂળનો નાશ થાય છે.

૪ કુરંડનાશક લેપ બીજો:—હિરાકસી અને સિંધાલુણને એરંડીઆ તેલમાં મેળવી તેનો અંડ ઉપર લેપ કરી વસ્ત્રથી બાંધવું, તેથી અંડવૃદ્ધિ નાશ થાય.

૫ ગ્રંથ્યર્બુદનાશક લેપ:—સાજીખાર, મૂળાનો ખાર અને શંખભસ્મ એનો લેપ કરવો; એટલે ગ્રંથી (ગાંઠ) અને આર્બુદરોગનો નાશ થાય છે.

७—अर्क

૧ ભીલામાનો અર્ક:—ભીલામાનો અર્ક પાતાળયંત્રથી કાઢવો. પછી તેમાં રાળ નાખી પચની ગોળીઓ કરવી. આ ગોળી સર્વવાત અને કટિવાત ઉપર આપવી; તેમજ ઉપદંશવાત, શળ, દૂષિત જ્વર, રક્તદોષ અને કોઢરોગ ઉપર પણ આપવી.

૨ કુચલાનો અર્ક:—ઝેરકોચલાં એક રાત ભિંજવી રાખવાં અને ખાંડવાં; પછી પાતાળયંત્રથી અર્ક કાઢવો અને નાગરવેલની પાનબીડીમાં વાયુ, પક્ષઘાત ઈત્યાદિ ઉપર આપવો.

૩ પુષ્પાર્ક:—શેવતી (કાંટાવિનાનો) ગુલાબ અને ગુલાબ, મધુમાધવી, ગુલદાવરી, જાઈ, જુઈ, પીળો ચંપો, બકુળ, કદંબ, એનાં ફૂલો પર કેતકીનાં પાંદડાં પાથરીને તેનો ગુરુ સંપ્રદાય પ્રમાણે અર્ક કાઢવો. આ પ્રસિદ્ધ પુષ્પાર્ક છે. એનું સેવન ૪૮ દિવસ કરવાથી નપુંસક પણ પુરુષત્વને પામે છે અને એક વર્ષ સેવવાથી ક્ષયનો નાશ થાય છે.

૮—आसव*

૧ કુમારી આસવ:—કુંવાર પાઠાનો રસ ૨૦૪૮ તોલા, ગોળ ૪૦૦ તોલા, ભાંગ ૧૦૦૦ તોલા અને પાણી ૧૦૨૪ તોલા લઈ તેનો કાઢો કરવો. તે ચતુર્થાંશ રહે એટલે ગાળી લેવો અને તેમાં મધ ૨૫૬ તોલા અને ધાવડીનાં ફૂલ ૬૪ તોલા નાખી ઘીના રીઢા વાસણમાં નાખી, તેમાં જાયફળ, લવંગ, ચણુકબોબા, કબાબચીની, જટામાંસી (બાલછડ), ચવક, ચિત્રક, જાવંત્રી, કાકડાશિંગી, બહેડાં, પુષ્કરમૂળ, એ દરેક ઔષધિનો કલ્ક ચાર ચાર તોલા; અને તામ્રભસ્મ તથા લોહભસ્મ, એ બે તોલા નાખી માટલાનું મોઢું બંધ કરી પૃથ્વીમાં અથવા ધાન્યની કોઠીમાં ૨૦ દિવસ દાટી રાખી તેમાંથી કાઢ્યા પછી, તે આસવ રોગીનું બળ અને અગ્નિ જોઇને આપવાથી પાંચ પ્રકારના શ્વાસ, ઉધરસ, અસાધ્ય ક્ષય, ૮ પ્રકારના ઉદરરોગ, ૬ પ્રકારના હરસ, એનો નાશ કરે છે. આ વાતવ્યાધિ, અપસ્માર અને બીજા રોગો ઉપર પણ યોજવો; એના સેવનથી જઠરાગ્નિ પ્રદીપ્ત થઇ શૂળ, ૮ પ્રકારનો ગુલ્મ, નષ્ટપુષ્પ, એ રોગો ૧૫ દિવસમાં નાશ થાય છે. આ કુમારી આસવ બૃહસ્પતિએ કહેલ છે.×

---

* આસવ અથવા અરિષ્ટની વસ્તુઓનો ક્વાથ અથવા સ્વરસ તૈયાર કરી તેમાં મધુર પદાર્થ (સાકર, ગોળ અથવા મધ) મેળવી ચીનાઇ માટીની બરણીમાં ભરી મોઢું થોડું ખુલ્લું રાખી ખમીર આવે ને બેસી જાય ત્યાંસુધી એક જગ્યાએ રહેવા દેવું. ૧૦થી ૧૫ દિવસમાં ખમીર આવીને બેસી જાય છે. ખમીર (આથો) આવ્યો છે કે નહિ તે જોવા માટે એક શીશીમાં થોડું પ્રવાહી લઇ હલાવવાથી જણાઇ આવે છે. ખમીર બેસી ન જાય ત્યાંસુધી એકદમ ફીણ આવી ઉભરાઇને પ્રવાહી હલાવવાથી બહાર નીકળી જાય છે. જ્યારે આવી રીતનો ઉભરો આવતો બંધ થાય ત્યારે પ્રક્ષેપરૂપે જે કલ્ક નાખવાનો કહેલો હોય તે નાખી બરણી પોણી ભરી મજબૂત બંધ કરી કહેલી મુદત સુધી બંધ કરી રાખી મૂકવી. આવી રીતે કરવાથી બરણી ફૂટવાનો ડર રહેતો નથી; તેમજ આસવ અને અરિષ્ટ સારાં બને છે. મધુર પદાર્થ હાલનાંના વૈદ્યો મૂળ વસ્તુના ક્વાથથી ત્રીજો ભાગ નાખે છે. શાસ્ત્રમાં તો વધારે નાખવાનું કહેલું છે, પણ વધારે નાખવાથી આલ્કોહોલ (દારૂ) વધારે સારો થતો નથી. કોઇ કોઈ વૈદ્ય તો મધુર વસ્તુ ચોથો ભાગજ નાખે છે. જે દ્રવ્ય સખ્ત હોય તેનો અરિષ્ટ બનાવવો જોઇએ; તેમજ જે પદાર્થ સૌમ્ય, તેલયુક્ત, સુગંધીવાળો હોય તેમાંથી આસવ બનાવવો; કારણ કે તેલવાળા અથવા સુગંધી પદાર્થ ઉકાળે તો સુગંધી ઉડી જાય. આસવ બનાવવા માટે મુખ્ય વસ્તુઓ નવસેકા પાણીમાં મેળવવી. ઠંડુ લેવાથી ખમીર થવામાં બે–ચાર દિવસ વધારે લાગે છે.

× કુમારી આસવ શ્રી. પદેજીએ આપેલ છે તેમાં ભાંગ મોટા પ્રમાણમાં હોવાથી કેટલાક વૈદ્યો યોગરત્નાકરના પાઠ મુજબ તૈયાર કરે છે. તેમાં નીચે મુજબ વસ્તુઓ લખેલી છે:–કુંવારના લક્રાનો રસ તોલા ૧૦૨૪, ગોળ તોલા ૪૦૦, હરડે તોલા ૧૦૦, પાણી તોલા ૧૦૨૪ એ સર્વને ઉકાળી ચતુર્થાંશ પાણી રહે ત્યારે ઉતારી ગાળી તેમાં મધ તોલા ૨૫૬, ધાવડીનાં ફૂલ તોલા ૬૪, જાયફળ, લવીંગ, ચણકબાબ, કંકોળ (ચણકબાબમાંની જાત), જટામાંસી, ચવક, ચિત્રકમૂળ, જાવંત્રી, કાકડાશિંગી, બેહેડાં, પુષ્કરમૂળ દરેક ચાર ચાર તોલાનું ચૂર્ણ તથા તામ્રભસ્મ અને લોહભસ્મ બબ્બે તોલા નાખી મોં બંધ કરી ૨૦ દિવસ જમીનમાં અથવા અનાજના ઢગલામાં દબાવી રાખવું. પછી ગાળી ઉપયોગમાં લેવો. માત્રા ૨ થી ૪ તોલા ભોજન પછી દિવસમાં બે વખત સમાન ભાગ પાણી મેળવીને લેવો. સ્ત્રીઓનાં રક્તગુલ્મ, ઉધરસ, શ્વાસ, ક્ષય, હરસ, વાતરોગ, અપસ્માર, મંદાગ્નિ,

૨ જંબીરાસવ:—પાકેલાં લિંબુ ૧૦૦ નો રસ કાઢી તેમાં હીંગ ૧૨ તોલા, સિંધાલુણ ૪ તોલા, બીડલવણ ૪ તોલા, ત્રિકટુ ૪ તોલા, સંચળ ૧૬ તોલા, રાઈ ૮ તોલા અને અજમો ૮ તોલા નાખી તે સર્વ મિશ્રણ માટીના રીઢા વાસણમાં નાખી તે વાસણ ઘોડારમાં ૨૧ દિવસ દાટી રાખવું. ત્યારપછી બહાર કાઢી આ રસ બળાબળ જોઇ ૪ તોલા સુધી સેવન કરાવવાથી યકૃત્ (પેટમાંની ગાંઠ), બરોળ, ગોળો, વિદ્રધિ, અષ્ઠીલિકા, વાતગુલ્મ, ઝાડો, શૂળ, પડખાનું શૂળ, હૃદ્રોગ, નાભિશૂળ, બંધકોશ, આફરો, વાતરોગ અને કફરોગનો નાશ થાય છે. એનાથી લાકડું પણ બળી જાય છે.÷

૯—અંજન*

૧ નયનામૃત:—પારો અને સીસું સમાનભાગે લેવું. પછી સીસું તેજ અગ્નિ પર ગરમ કરી રસ કરવો. રસ થયેથી એક ખરલમાં પારો નાખી તેની સાથે સીસું મેળવી તરતજ ઘુંટવાનું શરૂ કરવું. (થોડો સમય જશે તો સીસું પ્રવાહી રૂપમાં રહેશે નહિ.) ત્યાર પછી તેનાથી બમણો શુદ્ધ સુરમો અને પારાનો ચોથો ભાગ ભીમસેની કપૂર નાખી સર્વ ખરલ કરવું. એનું અંજન કરવાથી તિમિર (અંધકાર), પડળ, કાચબિંદુ, શુક્ર (ફુલું), અર્મ (માંસ વધવું), અહિરા વગેરે સર્વ નેત્રરોગનો નાશ થાય છે.

૨ નેત્રરોગો ઉપર અંજન:—સિંદૂર ૦। તોલો, કપૂર ૦। તોલો, ફુલાવેલા મોરથુથુની ભૂકી ૧ માસો, ધોળો કાથો ૦। તોલો, મુરદારશિંગ ૦। તોલો, એ ઔષધો ગાયના માખણમાં ખરલ કરી ભીલામાના તેલનાં ૧૦ અથવા ૧૨ ટીપાં પાડવાં; અને તાંબાના વાસણમાં ખરલ કરી તેને વીસ-પચીસ વેળા પાણીમાં ધોઇ પછી ડબ્બીમાં ભરી રાખવું. આ નિત્ય રાત્રે કાજળ પ્રમાણે આંખમાં અંજન કરવાથી ખુપરી, રતાશ, ખરજ, ઝરવું આદિ સર્વે નેત્રરોગ દૂર થશે.

૩ પ્રચેતન ગુટિકા:—(અંજન) ત્રિકટુ, ત્રિફળાં, હીંગ, સિંધવ, કડુ, ઘોડાવજ, કરંજનાં બીજ અને શિરસ, એનું ચૂર્ણ કરી તેને બકરાના મૂત્રમાં ખરલ કરી ગોળીઓ કરી છાંયડામાં

ઉદરશૂળ, ગુલ્મ (ગોળો), બરોળ વગેરે દૂર થાય છે (સંસ્કૃત પાઠમાં 'વિજયા' શબ્દ છે તેનો અર્થ ભાંગ તથા હરડે થાય છે, જેથી કેટલાક વૈદ્યો હરડેનો ઉપયોગ કરે છે, કેટલાક ભાંગ ઉપયોગમાં લે છે.)

÷ માત્રા ૪ તોલાની મૂળગ્રંથકારે લખેલ છે, પણ વર્તમાન સમય માટે વધારે જણાય છે. માટે વિચાર કરીને લેવી.

* અનુભૂત પ્રયોગો:—

(૧) કમળા ઉપર:—સોનાગેરૂ, આમળાં અને હળદર ઝીણાં વાટી કાંસાની થાળીમાં ખૂબ ઘુંટી આંખમાં આંજવાથી કમળો મટે.

(૨) આંખમાં ફુલું પડે તે ઉપર:—ધોળાં મરી પાણીમાં ઘસી આંખમાં આંજવાં. ઉપર મગચોખાની ખીચડી બાંધવી.

(૩) આંખો રાતી થઇ થોડું દેખાતું હોય તે ઉપર:—આકડાનું પીળું પાન દેવતા ઉપર તપાવી મસળીને તેનો રસ કાઢી, તેમાં સુંઠની કાંકરી ઘસી ટીપાં ૩ થી ૪ નાકમાં પાડવાથી આંખમાંની રતાશ મટે.

(૪) જસતનાં ફૂલ પાડવાની રીત:—જસતનાં ઝીણાં પતરાં કરીને તેને લોઢાની કઢાઇમાં નાખી ચૂલા ઉપર મૂકી નીચે બળતું કરવું અને આકડાના લીલા લાકડાથી હલાવતા જવું; એટલે તે પતરાં ગળી જશે. પછી તેમાં લીમડાનાં પાંદડાં નાખવાં; તેથી ફૂલ પડશે. તેને ઝીણાં વાટવાં. એનેજ લોકો ધોળી કાંસાંજણી (કાંસાંજન) કહે છે. એ ધોળી કાંસાંજણી પાણી સાથે મેળવી શીશીમાં રાખવી. એનાં ટીપાં દરરોજ આંખમાં નાખવાથી આંખનો દુખાવો, આંખના ખીલ, વગેરે મટી જશે.

(૫) આંખની દવા:—રસવતી અને હળદર એકેક તોલો લઈ ઝીણાં વાટી લીમડાના રસમાં ગોળી બાંધવી. એ ગોળી પાણીમાં ઘસી આંખમાં આંજવી.

સૂકવવી. એનું અંજન કરવાથી અપસ્માર (મૃગી), ઉન્માદ, સ્મૃતિભ્રંશ, મૂર્છા, ભૂતદોષ, એકાંતરીઓ તાવ, વિષમજ્વર અને તિમિર (અંધારાં), કાચબિંદુ, રતાંધળાપણું, શિરોરોગ અને સન્નિપાતનો નાશ થાય છે.

૧૦—તૈલ

૧ કોશાતકયાદિ તૈલ:—કડવાં તુરિયાંનો રસ ૪ શેર, તલનું તેલ ૧ શેર અને કડવી તુંબડીનાં બીજ તથા સુંઠ બન્ને મળીને ૦ા શેર લઈ, કલ્ક કરીને મંદાગ્નિથી તેલ સિદ્ધ કરવું. એનો લેપ કરવાથી સડેલ માંસ, જીવડા પડી ગયેલા ઉપદંશ, દુષ્ટ વ્રણ અને ભગંદર રોગનો નાશ થાય.

આ તેલમાં મીણ, સિંદૂર, કપીલો, બોદારશિંગ, એ વસ્તુઓ મેળવી મલમ કરવાથી ઘણુંજ ગુણદાયક થાય છે.

૨ કાસીસાદિ તૈલ:—હિરાકસી, સિંધવ, લીંડીપીંપર, સુંઠ, કોષ્ઠ, કલગારી (દુધીઓ વછનાગ), મનશીલ, મરી, વાવડીંગ, દંતીમૂળ, ચિત્રકમૂળ, હરતાળ, પીળા ધંતુરાનાં મૂળ, એ સમાનભાગે લઇ, તેનાથી ચારગણું તલનું તેલ લઇ તેમાં આકડાનું દૂધ નાખીને સર્વ ઔષધો વાટેલાં નાખવાં; પછી તેલથી ચારગણું ગોમૂત્ર નાખી એકત્ર પાચન કરાવવું; અને તેલ સિદ્ધ થાય એટલે તે હરસના મસા ઉપર ચોપડવાથી ક્ષાર પ્રમાણે મસાને બાળી નાખે છે, અને ગુદા ઉપર કાંઇ વિકાર કરતું નથી.

૩ ગંધર્વહસ્ત તૈલ:—૬૪ તોલા એરંડાનું તેલ લઈ તેમાં ૧૬ તોલા એરંડમૂળ, ત્રિફળાં અને આદુ, એ ત્રણે વાટેલાં નાખી તેલ પકવવું. એ તેલ પ્રાતઃકાળે પીવું અને દૂધ–ભાત ખાવો એટલે અંડવૃદ્ધિનો નાશ થશે.

૪ અર્બુદાદિનાશક તૈલ:—વાંઝણી કંકોડીનો કંદ, પહાડમૂળ, રિંગણી, કોઇ, પંડોળ, અંકોલમૂળ, ગલકીનો પાલો, હરતાલ, ગંધક, સિંધાલુણ, મજીઠ, એકલકંટો (એકવીર), હળદર, હીંગ, સંચળ, ઘોડાવજ અને શિરસ, એ સમભાગે લઈ પાણીમાં વાટી કલ્ક કરી કલ્કથી ચારગણું તેલ અને તેલથી ચારગણું દૂધ લઇ સર્વ એકત્ર કરી અગ્નિ ઉપર પચાવી તેલ સિદ્ધ કરવું. એનો લેપ કરવાથી દુષ્ટ વ્રણ, અર્બુદ, ગંડમાલા અને ગંભીર વ્રણનો નાશ થાય છે.

૫ મહાપટબિંદુ તૈલ:—એલચી, તજ, તમાલપત્ર, દેવદાર, સિંધાલુણ, નાગરમોથ, કરંજબીજ, રાસ્ના, તગર, ગરમાળાનો ગર્ભ, હળદર, એરંડમૂળ, સુખડ, વાળો, મરડાશિંગ, ધમાસો, ઘોડાવજ, ભીલામાં, કમળ, ચિત્રક, સુંઠ, મરી, લીંડીપીંપર, ગળો, પીંપળીમૂળ, મજીઠ, પીળું ચંદન, ત્રિફળાં, પહાડમૂળ, ખેરસાર, દ્રાક્ષ, વાવડીંગ, જેઠીમધ, કસુંબી, અષ્ટવર્ગ (જીવક, ઋષભક, મેદા, મહામેદા, કાકોલી, ક્ષીરકાકોલી, ઋદ્ધિ અને વૃદ્ધિ), એ સર્વ સમાનભાગે લઈ કલ્ક કરવો; અને તેનાથી ચારગણું તેલ, તેલથી ચારગણું બકરીનું દૂધ અને સરખે ભાગે ભાંગરાનો રસ નાખી મંદાગ્નિથી પચાવતાં તેલ સિદ્ધ થાય એટલે એ તેલનું નસ્ય આપવાથી તેમજ અભ્યંગ કરાવવાથી રતાંધળાપણું, તિમિર (અંધારાં આવવાનો) રોગ, કાચબિંદુ (મોતીઓ), પડળ, ફુલાં, માથું દુઃખવું, કર્ણશૂળ, ભમર (ભમરોટાંનું) શૂળ અને નાક તથા મુખનું શૂળ, એ રોગોનો નાશ થાય છે; તેમજ બીજા પણ શિરોરોગનો નાશ થઈ દૃષ્ટિ ગીધ જેવી થાય છે.

૬ લાક્ષાદિ તૈલ:—×લાખનો ઉકાળો કરી તેમાં સમાનભાગે તલનું તેલ નાખી તેલથી ચારગણી દહીંની તર અને આસંદ, દારુહળદર, દેવદાર, રાળ, કોષ્ઠ, સુખડ, મોરવેલ, કડુ, રાસ્ના, સવા અને જેઠીમધ, એ સમભાગે નાખી સર્વનો કલ્ક કરી તે કલ્ક તેલના ચોથા ભાગ જેટલો નાખી તેલ સિદ્ધ કરવું. એ શરીરે ચોપડવાથી સર્વ પ્રકારના તાવ, ક્ષય, ઉન્માદ, શ્વાસ, અપસ્માર, વાતરોગ, ક્ષય અને રાક્ષસ તથા ભૂતની પીડાનો નાશ થાય છે. આ તેલ ગર્ભિણી સ્ત્રીને માટે પણ પ્રશસ્ત છે.

× લાખનો ચારગણા પાણીમાં ઉકાળો કરી ચોથો ભાગ પાણી રહે ત્યારે કપડેથી ગાળી લઇ પછી તેલ મેળવવું.

११-घृत, क्षार, मलम*

૧ સારસ્વતઘૃત (બ્રાહ્મી ઘૃત):—મૂળસહિત આણેલી બ્રાહ્મીને પાણીથી ધોઈ ખાંડી લુગડામાં નાખી રસ કાઢવો. આ રસ ૨૫૬ તોલા લઇ તેમાં ઘી ૬૪ તોલા નાખવું અને તેને ચૂલા ઉપર રાખી તે પછી તેમાં હળદર, જાઇનાં પાંદડાં, કોઠ, નસોતર અને હરડે, એ દરેક ચાર ચાર તોલા અને લીંડીપીંપર, વાવડીંગ, સિંધાલૂણ, સાકર, ઘોડાવજ એ એકેક તોલો લઇ પાણી-

---

* મલમ, પાટો, પટી ઈત્યાદિના અનુભૂત પ્રયોગોઃ—

(૧) ભગંદર, હૈયાહોળી ઈત્યાદિ ઉપરઃ—તલના તેલ શેર ૧ માં ખરેંટીનાં પાંદડાં શેર ૧ તથા લીમડાનાં પાંદડાં શેર ૧ નાખી ખૂબ તળીને પાંદડાં કાઢી નાખવાં. ત્યારપછી તેમાં સિંદૂર તોલો ૦। નાખવું. ત્યાર પછી રાળ તોલો ૦। નાખવી. ત્યારપછી મીણ તોલા ૫ નાખી કડાઇ નીચે ઉતારી તેમાં બરાસ કપૂર તોલા ૨ નાખી મલમ તૈયાર કરી તેની પટી મારવાથી હૈયાહોળી, પાઠું, ભગંદર વગેરે ભયંકર ગુમડાં મટે.

(૨) પિત્ત(ગરમી)ની હેડકી ઉપરઃ—માથા ઉપર પાણીથી પલાળેલું લૂગડું રાખવું. સૂકાઇ જાય તો ફરીથી પલાળતા રહેવું.

(૩) પેટમાંના બગાડ ઉપરઃ—કુંવારના પત્તાના જાડા કકડાને ચપટ ચીરા કરી તેમાં આંબાહળદર, મેંદાલકડી અને સાજીખાર ખૂબ વાટી ઝીણાં કરેલાં નાખી ઉપર ભીનું કપડું વિંટી નિર્ધૂમ અંગારામાં દાટી પકવવું. પાકી રહેથી તે બન્ને ભાગ જુદા પાડી, સહેવાય તેવું બાંધવાથી પેટમાંનો બગાડ, ગાંઠ ઇત્યાદિ મટી આરામ થાય.

(૪) નાડીવ્રણ (ભરનીંગળ) ઉપરઃ—ગંધક તોલો ૦। અને પારો તોલો ૦। ભેગાં વાટી એકત્ર થયે તેમાં મનશાલ તોલો ૦। અને માયાં નંગ ૧ ખૂબ વાટીને ગાડરના માખણ તોલા ૨ ને ૧૨૧ વાર ધોઈ તેમાં મેળવી ચોપડવું અથવા પટી ઉપર ચોપડી તે પટી મારવી.

(૫) હરસ ઉપરઃ—પ્રથમ સારી ભાંગ તોલા ૫ લાવી શુદ્ધ કરી પાણીથી ધોઇ સૂકવીને તેને જરા ઘીમાં શેકવી. તેમાંથી જોઇએ તેટલી લઈ પાણી સાથે વાટી લુગદી કરવી; ત્યારપછી એક કુંગળાનો ગાંઠીઓ લઈ અડધો અડધથી ચીરી બે ફાડો કરી, તેમાં પેલી લુગદી રહે તેટલો ગર્ભ વચ્ચેથી કાઢી નાખી અંદર લુગદી રાખી બન્ને ફાડો પાછી હતી તેમ એકત્ર કરી તેના ઉપર કપડમટ્ટી કરી અંગારામાં બાફવી. તે બફાઇ રહ્યા પછી બહાર કાઢી સહેજસાજ ગરમ રહે તેવી એ ભાંગસહિત ફાડોમાં ભાંગની અંદર હરસના મસા રહે તેવી રીતે ત્રણ ચાર દિવસ સુધી બાંધી ઉપર મજબૂત લંગોટ રાખતા જવો; એથી હરસ દુઃખ આપશે નહિ અથવા ગળજીભીને વાટી લુગદી કરી બાંધવાથી આરામ થશે.

(૬) હરસ ઉપર લેપઃ—હળદર, પાડાવેલાનું મૂળ, આકડાનું પાન અને સરગવાનું મૂળ, એ ચારે સમાનભાગે લઇ કાંજીના પાણીમાં વાટી લેપ કરવાથી હરસને ફાયદો થાય.

(૭) શૂળ ઉપરઃ—સાબરશિંગ, હિંગ, અફીણ અને ચણોઠી પાણીમાં ઘસી એકત્ર કરી કાગળ ઉપર ચોપડી શૂળથી દુખતા ભાગ ઉપર તે પટી ચોપડવી.

(૮) માથામાંની જૂઓ જવા માટેઃ—પારાને નાગરવેલના પાનના રસમાં ઘુંટી કપડા ઉપર ચોપડી માથે બાંધવાથી જૂઓ નાશ પામે છે.

(૯) ઉપદંશ (ચાંદીનો) ઉપાયઃ—માણસના માથાની તુંબલીની સંપુટમાં ભઠ્ઠી કરીને ખાખ કરવી. તે ખાખ બાળેલી કાળી સોપારી તથા બાળેલો ધોળો કાથો સમાનભાગે લઇ ઘોડીના મૂત્રમાં મલમ કરી ચોપડવું.

(૧૦) ઉપદંશ(ચાંદી)નો બીજો ઉપાયઃ—કાથો ભાગ ૪, મરડાશિંગ ભાગ ૧૬, મોદારશિંગ ભાગ ૧, પારો ભાગ ૬, ગંધક ભાગ ૬, મીણ ભાગ ૪, મોરથુથુ ભાગ ૨, રાળ ભાગ ૪, મનશીલ ભાગ ૪, હરતાલ ભાગ ૪ અને ગાયનું ઘી તોલા ૧૦ લઇ પ્રથમ ગંધક પારાની કાજળી કરી, એક પછી એક બીજાં ઓસડો તેમાં નાખતા જવું અને ખૂબ વાટતા જવું. ત્યારપછી ગાયના ઘીને ૧૦૮ વાર ધોઇ તેમાં મેળવી મલમ કરવો. પ્રથમ ચાંદી ઉપર વાસી થૂંક ચોપડીને

માં વાટી ગોળો કરી તેનાં નાખી મંદાગ્નિથી પકવી ઘી સિદ્ધ કરવું. એનું સેવન કરવાથી વાચા શુદ્ધ થાય છે. ૧૨ દિવસ સેવન કરવાથી ચંદ્ર પ્રમાણે કાન્તિ થાય છે. ૭ દિવસ સેવન કરવાથી ગંધર્વ પ્રમાણે સુંદર સ્વર (કંઠ) થાય છે. એક મહિનો સેવન કરવાથી તે સંપૂર્ણ શાસ્ત્રમાં

એ મલમ ચોપડવો. આ મલમ શરીરના કોઈ પણ ભાગપરનાં ચાંદાં અને ખરજવાનો નાશ કરે છે.

(૧૧) ઉપદંશ ઉપર ત્રીજો ઉપાયઃ—ગુગળ, સિંદૂર અને રસાંજન, એ ત્રણે દોઢ દોઢ તોલો લઇ ઝીણું વાટી, દશ તોલા સરસીઆ તેલમાં નાખી હલાવીને મલમ કરવો. એ મલમ ચાંદીને મટાડે છે.

(૧૨) કાળી દાદર ઉપરઃ—ગંધક, ગુગળ અને સાકર સમાનભાગે લઇ પાણી સાથે ઝીણું વાટી દાદર ઉપર ચોપડવું.

(૧૩) દાદર ઉપરઃ—એરંડાનાં બીજ, એળીઓ અને સાજીખાર લિંબુના રસમાં ઝીણાં વાટી ચોપડવાથી રાતી અને કાળી બંને જાતની દાદર મટે.

(૧૪) ઉપદંશ (ચાંદી) ઉપરઃ—કપીલો સરસીઆ તેલમાં મેળવી ચોપડવો.

(૧૫) ઉપદંશ ઉપર (બીજો ઉપાય):—મેંદી સરસીઆ તેલમાં મેળવી ચોપડવી.

(૧૬) ઉપદંશ ઉપર (ત્રીજો ઉપાય):—ફુગ જેને બિલાડીના ટોપ કહે છે તે ચોપડવાથી મટે.

(૧૭) ટાંકીનો ઉપાયઃ—શંખ તોલો ૧, સમુદ્રફેણ તોલા ૨ અને ઘી તોલો ૧ કુલડીમાં નાખી કપડમટ્ટી કરી તેની ગજપુટ ભઠ્ઠીમાં ખાખ કરી તે ચોપડવું.

(૧૮) કીડીઆ નગરા (રાફડા) તથા ગડગુમડનો મલમઃ-સિંદૂર, રસકપૂર, ગુગળ, લોબાન અને હીંગળો, એ પાંચ ચીજો એકેક તોલો લઈ ખાંડી તેના વજનથી ચારગણું ધોયેલું ગાયનું ઘી ખરલમાં નાખી ૮-૧૦ કલાક સુધી ખૂબ ઘુંટી મલમ કરવો અને તેની પટી મારવી.

(૧૯) દાદર ઉપરઃ-ઉપલેટ, વાવડીંગ, કુંવાડીઆનાં બીજ, સિંધાલૂણ અને સરસવ, એ પાંચ ચીજો ખટાશમાં ખરલ કરી ચોપડવી.

(૨૦) સ્ત્રીઓને યોનિ ઉપર ચળ થાય તે ઉપરઃ-કાથો, મીંઢીઆવળ અને હીરાદખણ સરખે ભાગે પાણીમાં વાટી ચોપડવી.

(૨૧) કંઠમાળ ઉપરઃ-ભીલામો, ચિત્રાછાલ, વજ્રદંતી(કાંટાસરીઆ)નાં મૂળ અને જૂનો ગોળ શુવેરના દૂધ સાથે ખૂબ વાટી કંઠમાળ ઉપર લેપ કરવો.

(૨૨) નાસુર ઉપરઃ-મેંદીનાં પાંદડાં વાટીને ચોપડવાં.

(૨૩) બહેરાપણાનો ઉપાયઃ-કાનમાં ઉંટનું મૂત્ર રેડવું.

(૨૪) સ્ત્રીઓની ગરમી (ચાંદી) ઉપરઃ-હીરાદખણ, બોદારશિંગ, બાળેલો મોરથુથુ અને પીળી કોડી નંગ૧ની ખાખ લઇ ઝીણાં વાટી સો વખત ધોયેલા ગાયના ઘીમાં મેળવી મલમ કરી ચોપડવું.

(૨૫) ગડગુમડાં ઉપરઃ-તેલ શેર બેમાં મીણ શેર ૦ાા નાખી ગરમ કરી ઉતારવું. પછી તેમાં ફુલાવેલો મોરથુથુ, બાળેલું સિંદૂર, બેરજો અને લોબાન, એ ચારે એકેક તોલો લઈ ઝીણાં વાટી તેમાં મેળવવાં. એ નહિ રૂઝાતાં ચાંદાં ઇત્યાદિ ઉપર રામબાણ ઉપાય છે.

(૨૬) ગરમી (ચાંદી) ઉપરઃ—પારો અને સોનાગેરૂ એકેક તોલો લઇ ભેગાં ખૂબ વાટી એકજીવ કરીને સાઠ વખત ધોયેલા ગાયના એક તોલા ઘીમાં નાખી મલમ કરવો. એ ઉપદંશ ઉપર ચોપડવાથી ચાંદી મટી જશે.

(૨૭) દાદર ઉપરઃ—બરાસકપૂર, ફટકડી, ગંધક અને કાથો સમાનભાગે લઇ લિંબુના રસમાં ખરલ કરી ચોપડવાથી કાળી દાદર પણ મટી જાય છે; તો પછી રાતીનું તો કહેવુંજ શું ?

(૨૮) સ્ત્રીઓને યોનિ ઉપર ચળ થાય તે ઉપરઃ—મીંઢીઆવળ તોલા ૬, એલચી તોલો ૧, વરીઆળી તોલા ૨ાા, ખાંડ તોલા ૫ અને ઘીમાં તળેલી હિમજ તોલા ૨ાા વાટીને ચોપડવું.

(૨૯) વ્રણ ઉપર મલમઃ—તલના તેલ તોલા ૧ માં બેરજો તોલો ૧ અને મીણ તોલો ૧ નાખી ઉનું કરી તેનો મલમ કરવો. તે ઠરવા દઈ તેની પટી ગુમડાં ઉપર ચોઢવાથી રૂઝ આવે.

(૩૦) ખસ ઉપરઃ—માંકડી ગાયના ઘી તોલા ૨૦ માં ઝીણો વાટેલો મનશીલ તોલા ૨ નાખી ચૂલા ઉપર મૂકી નીચે કેરડાની જૂની ડાખળીઓનું બળતું કરવું. જ્યારે તે કકડીને એકરસ

પ્રવીણ થાય છે. (અર્થાત્ સ્મરણશક્તિ અને બુદ્ધિ પ્રબળ થાય છે.) એના સેવનથી ૧૮ પ્રકારના કોઢ, હરસ, ગુલ્મ (ગોળો), પ્રમેહ અને ઉધરસ દૂર થાય છે. વાંઝણી સ્ત્રીઓને પુત્ર થાય છે. ક્ષીણવીર્ય પુરુષને વીર્ય પ્રાપ્ત થાય છે અને બળ તથા અગ્નિની વૃદ્ધિ થાય છે.

૨ વજ્રક્ષારઃ—મીઠું, સિંધાલૂણ, બંગડીખાર, જવખાર, સંચળ, ટંકણખાર અને સાજીખાર, એ સમાનભાગે લઇ ચૂર્ણ કરી તેને થુવરના અને આકડાના દૂધના ત્રણ સૂર્યપુટ (ભાવના) આપ્યા પછી આકડાના પાનમાં રાખી, માટલામાં ઘાલી ચૂલા ઉપર ચાર પહોર સુધી અગ્નિ આપવો. ટંડુ થયે તેનું ચૂર્ણ કરીને તેને ત્રિફળાં, ત્રિકટુ, અજમો, જીરૂં, ચિત્રક એના ચૂર્ણ સાથે અગ્નિબળ જોઇ પાણીમાં સેવન કરાવવું; એટલે ગોળો, શૂળ, અજીર્ણ, સોજો, સર્વ પ્રકારના ઉદરરોગ, મંદાગ્નિ, ઉદાવર્ત અને બરોળ, એનો નાશ થાય છે. આ ઔષધ વાતાધિક્યમાં ઊના પાણીમાં આપવું, પિત્તાધિક્યમાં ઘીમાં આપવું, કફાધિક્યમાં ગોમૂત્ર સાથે આપવું અને ત્રિદોષમાં કાંજી સાથે આપવું. આ **વજ્રક્ષાર** બ્રહ્મદેવે કહેલ છે.

૩ વ્રણનાશક મલમઃ—પારો અને ગંધક સમાનભાગે લઇ બન્નેની બરાબર મુરદારશિંગ અને સર્વની બરાબર કપીલો લઇ તેમાં થોડી મોરથુથુની ભૂકી નાખી એકત્ર વાટી તેમાં ચારગણું જૂનું ઘી નાખી તાંબાના વાસણમાં ખરલ કરી મલમ કરવો. આ મલમ રૂના પેલ ઉપર ચોપડી વ્રણ ઉપર બાંધવો; એટલે દુષ્ટવ્રણ પણ રૂઝાશે; તેમજ નાડીવ્રણ અને સર્વ પ્રકારનાં વ્રણ સારાં થશે.

થઇ જાય ત્યારે તેને એક પાણીથી ભરેલા મોટા થાળમાં નાખી દેવું. ત્યારપછી તે પાણી ઉપર તરતો મલમ હાથથી ઉતારી લઇ એ મલમ દરરોજ શરીરે મર્દન કરવો.

(૩૧) ચોરીઆ તાવ ઉપરઃ—સાટોડો અને ભમરીના દરની માટી ઘસીને નાભિ ઉપર લેપન કરવું; એટલે ઘડી ઘડીમાં છુપી જતો ચોરીઓ તાવ જાય.

(૩૨) મરદાઇને માટે પટીઃ—લવંગ, તજ, મૂળાનાં બીજ તથા નાગરવેલનાં પાન, એ સર્વ સમાનભાગે ઝીણાં વાટીને પટી ચઢાવીએ તો પુરુષાતન આવે. પટી ચઢાવવાની રીતઃ—ઉપર લખેલી દવાઓ ઇંદ્રિય ઉપર ફૂલ સિવાયના ભાગ પર ચોપડી તેના ઉપર શુદ્ધ ધોળું કપડું વિંટવું. તેના ઉપર નાગરવેલનું પાકું પાન વિંટી ફરી તેના ઉપર ધોળું કપડું વિંટવું; અને તેના ઉપર દોરો વિંટવો. આને પટી ચઢાવી કહેવાય છે.

(૩૩) ગુમડાં ઉપરઃ—કાંગસીની વેલનાં પાંદડાં વાટી તેની લુગદી ગુમડાં કે પાઠા વગેરે પર બાંધવી.

(૩૪) કાળી અને લાલ દાદર ઉપરઃ—સવાસો વખત પાણીથી ધોયેલા ઘીમાં થોડો ધોળો સોમલ મેળવી તે ચોપડવું; પણ યાદ રાખવું કે, આ ઝેરી છે; માટે તે દવાવાળો હાથ મોંએ અડવો નહિ જોઇએ. દરદવાળી જગ્યાએ ખણાઇ જવાયું હોય તોપણ હાથ ધોઇ સાફ કરી નાખવા.

(૩૫) પ્લેગની ગાંઠ, અર્બુદ રોગ અને બીજી ગાંઠોનાં દરદ ઉપરઃ—જેઠીમધના ઝાડનાં પાંદડાંને પાણી સાથે કુલડીમાં બાફી તે પાંદડાં ગાંઠો ઉપર વાટીને અગર વાટયા વગર બાંધવાં. એથી થયેલ દરદ પાકશે તેમજ તેનાથીજ ફુટીને રૂઝ પણ આવશે.

(૩૬) ગુમડાં અને ખસનાં ગુમડાં ઉપર—૫૦ વરસની જૂની ઇંટને ઝીણી ખાંડી કપડછાણ કરી, તેમાં તલિયું તેલ તથા મોરથુથુ તોલો ૦॥ નાખી દેવતા ઉપર ખૂબ કકડાવી ગુમડાં અને ખસથી થયેલ ફોલ્લાઓ ઉપર ચોપડવું.

(૩૭) જીભ અટકી જવાથી થયેલ બોબડાપણા ઉપરઃ—ખડીઓખાર, ટંકણખાર, સાજીખાર, બંગડીખાર, સંચળખાર, જવખાર, સુરોખાર, નવસાર, પાપડીઓખાર, એ નવ ખાર સમાનભાગે લઈ ખરસાંણીના જાડા લાકડાને ઉભું રાખી રૂપિયા જેવડું પહોળું પણ ઉંડું શારી, તેમાં ભરી તેજ લાકડાનો બુચ મારી ઉકરડાના ખાતરમાં દિવસ ૧૫ દાટી રાખી મુદત વીત્યા પછી બહાર કાઢી તે લાકડું દવા સહિત બાળી નાખવું. એ તૈયાર થયેલ ખાર વાલ ૧ થી ૨ ની માત્રાથી દરરોજ આપવો અને બોલાવવાનો મહાવરો રાખવો, એટલે જીભ ખુલશે.

६—बृहत्पाकसंग्रह

પાક કરવાની રીતિઃ—પાક બે પ્રકારના થાય છે. એક પાતળો અને બીજો ઘન (જાડો). પાતળા પાકને સંસ્કૃતમાં **અવલેહ** નામ આપ્યું છે અને ઘન હોય તો તેને પાક કહે છે. પાક ગળ્યો અને મધુર હોવાને લીધે રોગીને પાકનાં ઔષધો સેવન કરતાં કંટાળો આવતો નથી. રોગને દૂર કરવો તથા શરીરમાં શક્તિ લાવવી, એ બે મોટા ગુણો પાકમાં રહેલા છે. પાકમાં નાખવાની કાષ્ઠૌષધિ જેટલી હોય તેટલીનું જુદું ચૂર્ણ કરવું; તેમજ સુગંધી ઔષધોનું ચૂર્ણ પણ જુદું કરવું. દ્રાક્ષ, નાળીએર, બદામ, ચારોળી, પીસ્તાં, ખસખસ અને અખોડ વગેરે ઔષધોનું ચૂર્ણ વસ્ત્રથી ચાળવાની જરૂર નથી. એ પદાર્થો થોડા ખાંડીને પાકમાં નાખવા. પાકમાં પ્રથમ કાષ્ઠૌષધિ નાખવી, પછી સુગંધી પદાર્થ નાખવા અને પછી દ્રાક્ષાદિ પદાર્થ નાખવા. સર્વના પછી કિંચિત્ કેસર ઘીમાં વાટી નાખવું. જ્યાં અફીણ નાખવાનું કહેલું હોય ત્યાં દૂધમાં ગરમ કરી નાખવું. ભાંગ નાખવાની હોય તો તે સારી પેઠે ધોઇ શેકીને નાખવી. પાકમાં ભસ્મો નાખવાની હોય તો તે પણ પાછળથીજ નાખવી. પાક તૈયાર થયા પછી તે ઘી ચોપડેલા ખુમચા(થાળ)માં પહોળો કરી સુખડીની માફક ચોસલાં કરવાં અને ઠંડો થયા પછી તે સારા ઉત્તમ વાસણ (બરણી) વગેરેમાં ભરવો. વર્ષાઋતુમાં પાક ઘણો કરવો નહિ. વર્ષાઋતુમાં કરેલો પાક અને અવલેહ સૂર્યના તડકામાં વારે વારે મૂકતા રહેવું; તેથી તેમાં કૃમિ ઉત્પન્ન થશે નહિ. શિયાળામાં પાકનું સેવન કરવાથી ઘણોજ ફાયદો છે. પાક ખાધા પછી તે ઉપર દૂધ અવશ્ય પીવું અને મધુર રસનું ભોજન કરવું. પાક ખાવાનું પ્રમાણ ચાર તોલા સુધી છે.

ખાંડનો પાક એટલે ચાસણી બનાવવાની રીતઃ—૧શેર ખાંડમાં દોઢ શેર પાણી કલઈ કરેલા વાસણમાં નાખી ચૂલા ઉપર મૂકવું. એક ઉભરો આવ્યા પછી ગાળી પુનઃ તે ચૂલા ઉપર મૂકી દૂધ ૬ તોલા તથા પાણી ૬ તોલા એ બંને એકત્ર કરી, તે ચૂલા ઉપરના પાક ઉપર થોડું થોડું છાંટતા જવું; એથી મેલ ઉપર આવશે તે કાઢી નાખવો; એટલે પાક સ્વચ્છ થશે. પછી તે પાકમાંનું એક ટીપું જમીન ઉપર પાડવું. તે ટીપું ન પ્રસરતાં તેમનું તેમજ રહે તો પાક સારો થયો છે એમ સમજવું. પાકમાં ખાંડ નાખવી તે ચૂર્ણ-ઔષધોનો વિચાર કરી તેના માપ પ્રમાણે સર્વ ચૂર્ણોથી બમણી, ત્રમણી અથવા ચોગણી જેટલી જોઇતી હોય તેટલી નાખવી. પાકમાં સાકર નાખવાની હોય તો મેલ કાઢવાની જરૂર રહેતી નથી.

૧—पाक×

૧ અશ્વગંધપાકઃ—આસંધ ૪૦ તોલા, સુંઠ ૨૦ તોલા, લીંડીપીંપર ૧૦ તોલા અને મરી,

---

× અનુભૂત પ્રયોગોઃ—

(૧) **સ્ત્રીઓના સુવારોગ ઉપરઃ**—બકરીના દૂધ શેર ૨ા નો માવો કરી તેમાં સુંઠ શેર ૦ા તથા એકલકળિયુ લસણ શેર ૦ાા ખાંડીને મેળવવું તથા હાલાઇ ગોળ શેર ૦ાા મેળવવો. આ પાક દરરોજ થોડો થોડો ખાવા આપવાથી સ્ત્રીઓનો સુવાવડ સંબંધથી થયેલો સુવારોગ જાય.

(૨) **ધાતુપુષ્ટિ માટે અડદીઆ લાડુઃ**—સાલમ, નગોડ, મુગલાઈ દાણા, ધોળી મુસળી, સતાવરી, જંગલી બહુફળી, ખસખસ, એખરો, ગોખરૂ, પિસ્તાં અને બળબીજ એ અગિયાર

તજ, એલચી, તમાલપત્ર તથા લવંગ એ પ્રત્યેક ચાર ચાર તોલા; ભેંસનું દૂધ ૪૦૦ તોલા, મધ ૨૦૦ તોલા, ગાયનું ઘી ૧૦૦ તોલા અને સાકર ૧૨૦ તોલા, એ પ્રમાણે મેળવી પહેલાં દૂધ તપાવી, તેમાં ઉપર કહેલી જણસોનું ચૂર્ણ નાખી પચન કરવું; અને તે દૂધમાં સાકર, મધ તથા ઘી મેળવી પુનઃ તે પચન કરવું. જાડું થયા પછી તજ, એલચી, તમાલપત્ર તથા નાગકેસરનું ચૂર્ણ નાખી ચોખાના જેવું દાણાદાર થઇ ઘી છૂટું પડવા લાગ્યા પછી ઉતારી તેમાં પીંપળીમૂળ, જીરૂં, ગળો, લવંગ, તગર, જાયફળ, વાળો, કાળો વાળો, ચંદન, બીલાં, કમળ, ધાણા, ધાવડીનાં ફૂલ, વંશલોચન, આમળાં, કાથો, કપૂર, સાટોડી, આસગંધ, ચિત્રો અને શતાવરી; એ એકવીસ જણસોનું અર્ધો અર્ધો તોલો ચૂર્ણ નાખી એકત્ર કરી ઠંડુ થયા પછી ઘીથી નીવડેલા વાસણમાં ભરી રાખવું. આ પાકને આસનપાક કહે છે. તેમાંથી બે તોલા જેટલો દરરોજ એક મહિના સુધી ખાવા આપવો. તે ઉપર યથેચ્છ ભોજન કરવું; એટલે ઉધરસ, દમ, અજીર્ણ, વાતરક્ત, પ્લીહા, ઉન્માદ, મેદ, આમવાત, સોજો, શૂળ, વાતાર્શ, પાંડુરોગ, કમળો, સંગ્રહણી, ગુલ્મરોગ અને વાતકફજનિત રોગનો નાશ થાય છે. આ પાક મંદાગ્નિવાળાને અને બાળકને હિતકારક, બલ્ય અને પૌષ્ટિક છે; તથા સ્ત્રીઓને પુષ્ટ કરી, પ્રસૂત થયા પછી દૂધ ન આવતું હોય તો જેટલું દૂધ કમી આવતું હોય તેટલા દૂધમાં મેળવી ભક્ષણ કરવું એટલે દૂધ આવે છે; અને ક્ષીણ તેમજ અલ્પવીર્યવાળાને હિતકારક તથા કામાગ્નિને વધારનાર તેમજ સંપૂર્ણ વ્યાધિનો નાશ કરનારો આ સર્વોત્તમ પાક છે.

૨ **અશ્વગંધપાક બીજો:**—આસંધ ૩૨ તોલા, ગાયનું દૂધ ૭ શેર, તજ, એલચી, તમાલપત્ર અને નાગકેસર, એ પ્રત્યેક એકેક તોલો, જાયફળ, કેસર, વંશલોચન, મોચરસ, જટામાંસી, ચંદન, સીસમની છાલ, જાવંત્રી, લીંડીપીંપર, પીંપળીમૂળ, લવંગ, ચણકબાબા, મરડાશિંગી, અખોડનું મગજ, ભીલામાં, શિંગોડાં, ગોખરૂ, રસસિંદૂર, અભ્રકભસ્મ, સીસાની ભસ્મ, કલાઇની ભસ્મ અને લોહભસ્મ દરેક ત્રણ ત્રણ માસા નાખી મંદ અગ્નિથી પકવી ચોસલાં કરી રાખવાં. તે પાક શક્તિ પ્રમાણે ખાવા આપવો; એટલે સર્વ પ્રમેહ, જીર્ણજ્વર, શોષ, ગુલ્મ, પિત્તરોગ અને વાતરોગનો નાશ થઈ શુક્રવૃદ્ધિ, પુષ્ટિ, અગ્નિદીપન, કાંતિ અને અંતઃકરણને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

૩ **અશ્વગંધપાક ત્રીજો:**—૬૪ તોલા આસંધનું ચૂર્ણ લઇ તે ૪૦૯૬ તોલા દૂધમાં પચન કરવું. પછી તે ૧૨૮ તોલા ઘીમાં શેકી નાખવું. પછી ૧૯૨ તોલા સાકરનો પાક કરી તેમાં આસંધનું ચૂર્ણ નાખવું. તેમજ તલનું ચૂર્ણ ૩૨ તોલા, અડદનો લોટ ૩૨ તોલા અને સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, તમાલપત્ર, એલચીદાણા, શેરણી, વરીઆળી, શતાવરી, અજમોદ,

---

ચીજો દરેક પાંચ પાંચ તોલા પ્રમાણે, મરી, ગંઠોડા, તજ, લીંડીપીંપર અને આસોંદ, એ પાંચે અઢી અઢી તોલા પ્રમાણે, ચારોળી અને બદામનાં મીંજ દશ દશ તોલા પ્રમાણે, જાયફળ, પુરવી-દાણા ને જાવંત્રી, એ ત્રણ એકેક તોલો, અક્કલકરો બે તોલા અને કેસર ૦। તોલો એ ત્રેવીસ ચીજો લઇ ઝીણી ખાંડી ૪ શેર સફેદ સાકરની ચાસણીમાં નાખી તેમાં અડદની મોગરદાળનો આટો એક શેર ઘીમાં તળીને તથા ઘી શેર ૩ ઉપરથી નાખી દશ દશ તોલાના અનુમાને લાડુ કરવા. એ દરરોજ સવારે એકેક લાડુ ખાવો. તેલ, મરચાં અને ખટાશનો ત્યાગ કરી દૂધનું સેવન રાખવું.

(૩) હરસ ઉપરઃ—નવો ચોખ્ખો ગુગળ તોલા ૫ લઈ એક શેર પાણીમાં પીગળાવી લુગડાથી ગાળી તેમાં સાકર તોલા ૧૫ નાખી ઉકાળી ચાસણી જેવું કરીને તેમાં હીમજ તોલા ૩ અને મોટી હરડે તોલા ૩ ઝીણાં વાટેલાં નાખી પાક બનાવવો. તેમાંથી તોલો ૦ાા મધ સાથે ખાવાથી ઝાડો સાફ આવશે. અર્શ મટાડવા માટે આ ઉત્તમ ઉપાય છે.

(૪) વાત જલોદર (જેમાં તરસ ઘણી લાગે છે અને પેટ મોટું થાય છે તે રોગ) ઉપરઃ—લસણની શુદ્ધ કરેલી કળીઓ સમાન વજને મધમાં આથવી. પછી બે દિવસ રહેવા દઇને આથો જળોદરના રોગીને આપવો.

પુષ્કરમૂળ, જીરૂં, સુંઠ, ગોખરૂ, બળદાણા, અજમો, પીંપળીમૂળ, લોહભસ્મ, સીસાની ભસ્મ તથા તામ્રભસ્મ, એ ચાર ચાર તોલા તેમાં નાખી પાક તૈયાર કરી તે અગ્નિબળ જોઈ આપવો; એટલે સર્વ પ્રકારનો વાતરોગ, કમ્મર, પીઠ અને ગુદા, એ સ્થળોનો વાયુ; અસ્થિભંગ, સોજો, દારુણ સંધિવાત, અંડવૃદ્ધિ, હૃદ્રોગ, પ્લીહા, શ્વાસ, કાસ અને પ્રમેહનો નાશ થઇ કાંતિ, પુષ્ટિ અને બળ પ્રાપ્ત થાય છે. આ પાક ઘોડા અને હાથી એ જનાવરોને પણ હિતકર છે.

૪ **અશ્વગંધ પાક ચોથો:**—આસંધ ૩૨ તોલા; તજ, એલચી, નાગકેસર, તમાલપત્ર, જાયફળ, જાવંત્રી, નવીન કેસર, વંશલોચન, જટામાંસી, મોચરસ, ચંદન, કાળો અગર, ચિત્રક, લીંડીપીંપર, પીંપળીમૂળ, લવંગ, એખરાનાં બીઆં, અખોડ, શિંગોડાં, ગોખરૂ, શતાવરી, સુંઠ, મરી અને રૂમીમસ્તકી, એ એકેક તોલો લઇ ચૂર્ણ કરવું. પછી ગાયનું ૪ શેર દૂધ લઇ તેનો માવો કરી તેમાં તે ચૂર્ણ નાખી ચૂર્ણથી બમણી સાકરનો પાક કરી તેમાં તે નાખ્યા પછી ધુંટી ઘીથી ચોપડેલી તાસકમાં નાખી સરખું કરી ચકતાં કરવાં. એ પાક નિત્ય ૨ તોલા સેવન કરવો; એટલે પુષ્ટિ થઈ અનેક રોગનો નાશ થાય છે.

૫ **અહિફેન પાક:**—૪ તોલા અફીણ લઇ તે ૧૦૨૪ તોલા ગાયના દૂધમાં બાફવું. પછી તેમાં સમભાગ સાકર અને તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, સુંઠ, મરી, લીંડીપીંપર, લવંગ, જાવંત્રી, જાયફળ, ચણકબાબા, અક્કલકરો, ધોળી મુસળી, કાળી મુસળી, તાલીમખાનું (એખરાનાં બીજ), કેસર, ચવક અને ચિત્રાનાં મૂળ, એ પ્રત્યેક અર્ધો અર્ધો તોલો ઠંડુ થયા પછી નાખવું. દરરોજ બે વાલ પ્રમાણે આ પાક ખાવા આપવાથી પ્રમેહ, મધુમેહ, પાંડુરોગ, હલીમક, ઉધરસ, દમ, ક્ષય, અગ્નિમાંદ્ય અને સંગ્રહણીનો નાશ થઈ બળ અને વર્ણની વૃદ્ધિ થાય છે તથા ઉત્તમ પ્રકારે ધાતુપુષ્ટિ થાય છે.

૬ **બીજા પ્રકારનો અહિફેન પાક:**—અક્કલકરો, કેસર, લવંગ, જાયફળ અને હિંગળોક એ તોલો તોલો લેવું. પછી અફીણ ૩ તોલા લઇ તે ચાર શેર દૂધમાં પચન કરવું. પછી એ સર્વથી ચોગણી સાકર લઇ સર્વ પદાર્થ એકત્ર કરી, બે અથવા ચાર વાલની ગોળી કરી, તે રાત્રે મુખમાં ધારણ કરવા આપવી; એટલે સો સ્ત્રીઓ ભોગવવા જેટલું સામર્થ્ય આવે છે. એ ગોળીનું નિત્ય સેવન કરવાથી શરીર દૃઢ થઇ ક્ષયાદિક રોગ દૂર થાય છે અને હાથીના જેટલું બળ થઇ અનેક સ્ત્રીઓ ભોગવવાનું સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

૭ **ત્રીજા પ્રકારનો અહિફેન પાક:**—શુદ્ધ કરેલું અફીણ ૧૬ તોલા, દૂધ ૨૦૪૮ તોલા અને ઘી ૬૪ તોલા એકઠું કરી મંદાગ્નિ ઉપર પચન કરવું. ઠંડુ થયા પછી તેમાં સાકર ૬૪ તોલા નાખવી; તેમજ જાયફળ, જાવંત્રી, કેસર, લવંગ, આમળાં, સમુદ્રશોકનાં બીઆં, ભીમસેની કપૂર, ધોળું ચંદન, સુંઠ, મરી, લીંડીપીંપર, શુદ્ધ કરેલાં ધંતુરાનાં બીઆં, તગર, કાળી મુસળી, શુદ્ધ કરેલો હિંગળોક, ચવક, કાચકામાંનું મગજ, ચિત્રકમૂળ, પીંપળીમૂળ, જીરૂં, શાહજીરૂં, અજમો, બળદાણા, ગોખરૂ અને ગુંદ તોલો તોલો, ભાંગ ૧૬ તોલા; કલઇની ભસ્મ, તાંબાની ભસ્મ, લોહભસ્મ, રસસિંદૂર તથા અભ્રકભસ્મ, એ સર્વ મળી ૪ તોલા નાખવી. પછી સુગંધ આવવા માટે કસ્તૂરી અને અગરૂ તેમાં નાખી, અવલેહ તૈયાર થયા પછી તે સારા વાસણમાં ભરવો. આ પાક રોજ રાત્રે ખાવા આપવો; તે ઉપર ભેંસનું દૂધ પાવું. આ પાકનું સેવન કરવાથી વાંઝણી સ્ત્રીઓને ગર્ભોત્પત્તિ થાય છે અને નપુંસકને પુરુષત્વ પ્રાપ્ત થાય છે. વળી આ પાકનું સેવન કરવાથી ઉધરસ, દમ, શૈત્ય, અપસ્માર, ઉરઃક્ષતરોગ, એંશી પ્રકારના વાયુરોગ, કફરોગ, ઉન્માદરોગ, પાંચ પ્રકારનો પાંડુરોગ, ભગંદર, ઉચકી, સોજો, પ્રમેહ, કફવાતથી થનાર રોગ, આમવાત અને અતિસાર દૂર થાય છે.

૮ **આમ્રપાક:**—પાકેલી અને મીઠી કેરીઓનો રસ ૨૦૪૮ તોલા, સાકર ૨૫૬ તોલા, ઘી ૧૨૮ તોલા, સુંઠ ૩૨ તોલા, મરી ૧૬ તોલા, લીંડીપીંપર ૮ તોલા અને પાણી ૫૧૨ તોલા, એ સર્વ પદાર્થો એકત્ર કરી, માટીના વાસણમાં મંદાગ્નિ વડે પચન કરવું; અને લાકડાના ચાટવા વડે વારંવાર હલાવવું. જાડું થયા પછી તેમાં ધાણા, જીરૂં, તમાલપત્ર, ચિત્રો, નાગરમોથ, તજ,

કલોંજી જીરૂં, પીંપળીમૂળ, નાગકેસર, એલચીદાણા, લવંગ અને જાયફળ પ્રત્યેક ૪ તોલા લઈ તેનું ચૂર્ણ કરી તેમાં નાખવું. પછી તે વાસણ નીચે ઉતારી, ઠંડુ થયા પછી તેમાં ૬૪ તોલા મધ નાખી, તેમાંથી નિત્ય સવારમાં ૪ તોલા પાક આપવો અથવા શક્તિ જોઇ તે પ્રમાણે આપવો. આ પાકના સેવનથી માણસ બળવાન, હર્ષયુક્ત, પુષ્ટ અને નીરોગી થાય છે; તેમજ એના સેવનથી સંગ્રહણી, ક્ષય, શ્વાસ, અરુચિ, અમ્લપિત્ત, પિત્ત, રક્તપિત્ત અને પાંડુરોગનો નાશ થાય છે.

૯ બીજા પ્રકારનો આમ્રપાકઃ—સારી પાકેલી કેરીઓનો રસ ૨૦૪૮ તોલા, સાકર ૫૧૨ તોલા, ઘી ૨૫૬ તોલા, સુંઠ ૧૨૮ તોલા, મરી ૬૪ તોલા, લીંડીપીંપર ૩૨ તોલા અને પાણી ૫૧૨ તોલા લઇ સર્વ એકત્ર કરી માટીના વાસણમાં નાખી લાકડાના ચાટવાથી હલાવવું. તે પછી તેમાં પીંપળીમૂળ, નાગરમોથ, ચવક, ધાણા, જીરૂં, શહાજીરૂં, એલચીદાણા, નાગકેસર, તજ અને તાલીસપત્ર, એ ઔષધોનું ૧૬ તોલા ચૂર્ણ નાખવું. પાક તૈયાર થયા પછી તેમાં મધ ૧૨૮ તોલા નાખી, તે પાક સારા વાસણમાં ભરી રાખવો. દરરોજ જમ્યા પહેલાં આ પાક ૪ તોલા આપવો; એટલે એ અરુચિ, ઉગ્ર શ્વાસ, ઉધરસ, ક્ષય, પીનસ (સળેખમ), પથરી, યકૃત્, અમ્લપિત્ત, રક્તપિત્ત, મુખરોગ, સ્વરભંગ, સર્વ પ્રકારનો મૂળવ્યાધિનો રોગ, પાંડુરોગ, કમળો, હૃદ્રોગ, મસ્તકશૂળ, આનાહ (મલબદ્ધ અને મૂત્રબદ્ધ રોગ), ખસ અને શીતપિત્તનો નાશ કરે છે. એ પાકના સેવનથી વૃદ્ધ પુરુષ તરુણ જેવો થાય છે. મૃતગર્ભ અને ગર્ભપાત થવાથી ખોડ જે સ્ત્રીમાં હોય તેને અને વાંઝણી સ્ત્રીઓને પુત્રોત્પત્તિ થાય છે. વૃદ્ધ સ્ત્રીઓ તરુણ થાય છે. આ ઔષધ દરરોજ સેવન કરવાથી સેવન કરનાર પુરુષ મારુતિના જેવો પરાક્રમી થાય છે. આ ખંડામ્રપાક બ્રહ્મદેવતાએ ભાર્ગવ મહર્ષિને કહેલો હતો. આ પાક વીર્યવર્ધક, બુદ્ધિવર્ધક, આયુષ્યવર્ધક, શરીરની વૃદ્ધાવસ્થા દૂર કરવાવાળો એવો; તથા ગ્રહ, યક્ષ, પિશાચ અને અપસ્મારની હરકત દૂર કરનાર છે.

૧૦ ત્રીજા પ્રકારનો આમ્રપાકઃ—૨૫૬ તોલા સારી પાકેલી કેરીનો રસ, ૯૬ તોલા સાકર, ૬૪ તોલા ઘી, ૪ તોલા સુંઠ, ૧ તોલો મરી, ૨ તોલા લીંડીપીંપર, ૨ તોલા પીંપળીમૂળ, ૫ તોલા નાગરમોથ, ૨ તોલા ચવક, ૨ તોલા ધાણા, ૨ તોલા જીરૂં, ૨ તોલા એલચીદાણા, ૨ તોલા નાગકેસર, ૨ તોલા તજ અને ૨ તોલા તાલીસપત્ર, એ ઔષધો વસ્ત્રગાળ કરી કેરીના રસનો માવો કરી તેમાં તે ઔષધ મેળવી, ત્યાર પછી સાકરના પાકમાં નાખી ચોસલાં પાડી, તે ૪ તોલા પાક દરરોજ ભોજનના મધ્યમાં ખાવો. આ **પક્વામ્રપાકથી** અરુચિ, શ્વાસ, કાસ, ક્ષય, પીનસ (સળેખમ), બરોળ અને યકૃત્ ઇત્યાદિનો નાશ થાય છે.

૧૧ આર્દ્રકપાકઃ—બારિક કરેલા આદાના કકડા, ગાયનું ઘી અને ગોળ, એ સમભાગ લઇ લોખંડની કડાઇમાં અથવા માટીના વાસણમાં મંદાગ્નિ ઉપર પચન કરવું. ચોંટી જાય એવું જાડું થયા પછી નીચે ઉતારી સુંઠ, જીરૂં, મરી, નાગકેસર, જાવંત્રી, એલચીદાણા, તજ, તમાલપત્ર, લીંડીપીંપર, ધાણા, શહાજીરૂં, પીંપળીમૂળ અને વાવડીંગનું ચૂર્ણ ઉપરનાં સર્વ ઔષધો કરતાં ચોથા ભાગનું નાખવું. પછી તે પાક ઘીથી નીવડેલા વાસણમાં ભરી રાખવો. આ પાક શીતકાળમાં રોજ બબ્બે તોલા ખાવા આપવો; એટલે દમ, ઉધરસ, ભ્રમ, સ્વરભંગ, અરુચિ, કર્ણરોગ, નાસિકારોગ, મુખરોગ, ક્ષય, ઉરઃક્ષતરોગ, હૃદ્રોગ, સંગ્રહણી, શૂળ, ગુલ્મ અને શોષનો નાશ કરે છે.

૧૨ બીજા પ્રકારનો આર્દ્રકપાકઃ—ગોળ ૬૪ તોલા, આદાનો રસ ૧૨૮ તોલા અને ઘી ૩૨ તોલા એ એકઠું કરી પચન કરવું. પછી તેમાં ચાતુર્જાત, લવંગ અને ત્રિકટુનું એકેક તોલો ચૂર્ણ નાખી, પાક તૈયાર કરી, તે અગ્નિબળ જોઇ સવારમાં સેવન કરવો; એટલે અગ્નિ પ્રદીપ્ત થઈ વાતરોગ, શ્વાસ, ઉધરસ, અરુચિ, શૈત્ય, ક્ષયરોગ અને પીનસરોગનો નાશ થાય છે.

૧૩ ત્રીજા પ્રકારનો આર્દ્રકપાકઃ—અજમો, લોહભસ્મ, નાગરમોથ, ધાણા, તજ, તમાલપત્ર, એલચીદાણા અને જીરૂં, એ ઔષધો બબ્બે તોલા લઈ ચૂર્ણ કરવું; તથા ૨૦૦ તોલા ગોળ અને ૨૦૦ તોલા આદુના કકડા એકત્ર કરી તેનો લેહ કરી તેમાં ઉપલાં ઔષધોનું ચૂર્ણ

નાખવું. આ અવલેહ–સળેખમ, સોજો, શૂળ, ઉધરસ, મૂળવ્યાધિ, ક્ષય, ગુલ્મ અને તાવ ઉપર યોજવો.

૧૪ એરંડપાકઃ—એરંડાના છોલેલા ગોળા લઇ તે આઠગણા દૂધમાં પચન કરવા. પછી સૂકવી બારિક વાટી ઘીમાં મંદાગ્નિ ઉપર પચન કરવું; તથા તેમાં સુંઠ, મરી, લીંડીપીંપર, લવંગ, એલચી, તજ, તમાલપત્ર, નાગકેસર, આસંધ, વરીઆળી, રાસ્ના, ષડગંધા (પીંપરામૂળ), રેણુકબીજ, શતાવરી, લોહભસ્મ, સાટોડી, હરડે, વાળો, જાવંત્રી, જાયફળ તથા અભ્રકભસ્મ, એ સઘળાં સમભાગે લઇ ચૂર્ણ કરી તે તથા પહેલાંના દૂધનો માવો તેમાં નાખી, સાકરના પાકમાં મેળવી તૈયાર કરવો. આ વાતારિ નામનો પાક સવારે ઉઠી ભક્ષણ કરવો; એ એંશી પ્રકારનો વાતરોગ, ચાળીસ પ્રકારનો પિત્તરોગ, આઠ પ્રકારનો ઉદરરોગ, વીસ પ્રકારનો મેહ, છ પ્રકારનો નાડીવ્રણ, અઢાર પ્રકારનો કોઢ, સાત પ્રકારનો ક્ષય, પાંચ પ્રકારનો પાંડુરોગ, પાંચ પ્રકારનો શ્વાસ, ચાર પ્રકારની સંગ્રહણી, હૃદ્રોગ, ગલગ્રહ અને અનેક પ્રકારના વાયુનો નાશ કરે છે. આ પાકને શુક્લપાક રસાયન કહે છે. આ પાક સર્વ રોગનો નાશક છે.

૧૫ બીજા પ્રકારનો એરંડપાકઃ—૬૪ તોલા એરંડાના ગોળા ૧૦૨૪ તોલા દૂધમાં મંદાગ્નિ ઉપર પકવ કરવા; પછી તેમાં ૬૪ તોલા ઘી, ૧૨૮ તોલા ખડીસાકર, ત્રિકટુ, તજ, એલચીદાણા, તમાલપત્ર, નાગકેસર, પીંપળીમૂળ, ચિત્રો, ચવક, વરીઆળી, સુવા, કચોરા, બીલું, અજમો, અજમોદ, જીરૂં, શાહજીરૂં, દારુહળદર, હળદર, આસંધ, બળદાણા, કાળીપાટ, શેરણી, વાવડીંગ, પુષ્કરમૂળ, ગોખરૂ, કોઇ, ત્રિફળાં, દેવદાર, કાળો અને ધોળો વરધારો, એળીઓ અને શતાવરી, એ દરેકનું તોલો તોલો ચૂર્ણ કરી તેમાં નાખી એકત્ર કરી પુનઃ પકવ કરવું. આ પાક વાતવ્યાધિ, શૂળ, સોજો, ઉદરરોગ, આનાહવાયુ, બસ્તિવાત, ગુલ્મ, આમવાત, કટિગ્રહ, ઉરૂસ્તંભ અને હનુસ્તંભનો નાશ કરનારો છે.

૧૬ ત્રીજા પ્રકારનો એરંડપાકઃ—૬૪ તોલા એરંડા લઈ તેમાંના ગોળા કાઢી તેમાંની અંતર્જિહ્વા કાઢી નાખી દાળને વાટવી; ત્યાર પછી ૨૫૬ તોલા દૂધમાં નાખી અવટાવી માવો કરવો. પછી તે ઘીમાં તળવો. પછી સાકર ૧૬૦ તોલા લઇ તેનો પાક કરી તેમાં સુંઠ, મરી, લીંડી-પીંપર, તજ, તમાલપત્ર, નાગકેસર, એલચી, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, ગળોનું સત્ત્વ, કચોરા, અજમો, ખોડી અજમો, હળદર, દારુહળદર, આસંધ, બળબીજ, પહાડમૂળ, શેરણી, વાવડીંગ, ગોખરૂ, કુડાના મૂળની છાલ, દેવદાર, વરધારો અને ભોંયકોળું, એ એકેક તોલો લઇ ચૂર્ણ કરી નાખવું. પછી પાક તૈયાર કરી ત્રાંસમાં નાખવો. તેનાં ખપતરાં પાડી વાસણમાં ભરવાં. રોજ એકેક ખપતરૂ ખાવું; તેથી વાતવ્યાધિ, શૂળ, સોજા, અંડવૃદ્ધિ, ઉદરરોગ, આફરો, ગોળો, આમ-વાત, કટિગ્રહ, હેડકી, શ્વાસ, કાસ, પક્ષાઘાત પાંગળાપણું, આદિ તાદિક વાતરોગ, પથરી અને હરસ, એ રોગ સારા થાય છે તથા બળ, વીર્ય અને પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

૧૭ કૌચપાકઃ—કૌચનાં બીઆંમાંનું મગજ ૮૦ તોલા, સાકર ૧૨૦ તોલા, ઘી ૩૨ તોલા અને દૂધ ૫૧૨ તોલા, એ સઘળું એકઠું કરી મંદાગ્નિ ઉપર પચન કરવું. હલાવવાની કડછીને ચોંટે એવું જાડું થયા પછી તેમાં જાયફળ, ત્રિકટુ (સુંઠ, મરી, લીંડીપીંપર), ત્રિગંધ (તજ, તમા-લપત્ર, એલચી), લવંગ અક્કલકરો, જાવંત્રી, તાલીમખાનું, કેસર, સાટોડી, બળદાણા, નાગબલા (ગંગેટી), કાળી મુસળી, અફીણ, પારાની ભસ્મ, લોહભસ્મ તથા અભ્રકભસ્મ, એ પ્રત્યેક બબ્બે તોલા અને ચંદન, અગર, કસ્તૂરી તથા ભીમસેની કપૂર, એ પ્રત્યેક ચાર ચાર માસા નાખી પાક સિદ્ધ કરવો. એમાંથી રોજ બબ્બે તોલા પાક સેવન કરવા આપવો; એટલે બળ તથા વીર્યની વૃદ્ધિ થાય છે. સર્વ પ્રકારનો પ્રમેહ શમન થાય છે, કામ ચોગણો વધે છે અને ક્ષીણ થયેલા પુરુષને પણ બળ, પુષ્ટિ અને કામ પ્રાપ્ત થાય છે.

૧૮ કૌચપાક બીજોઃ—૧૨૮ તોલા કૌચનાં બીઆં લઈ, તે ગરમ પાણીમાં ચાર પહોર ભીંજવી રાખવાં. પછી બહાર કાઢી જાડા કપડાથી ઘસી ઉપરની છાલ કાઢી નાખી નિર્મળ કરવાં. પછી છાંયે સૂકવીને તેનું ચૂર્ણ કરવું અને પછી તે ચૂર્ણ ૨૦૪૮ તોલા દૂધમાં નાખી ચતુર્થાંશ દૂધ શેષ રહે ત્યાંસુધી ઉકાળવું. પછી તેમાં ૨૫૬ તોલા ઘી નાખી મંદાગ્નિ ઉપર પચન કરવું. પછી

તેમાં અગર, જાવંત્રી, જાયફળ, સુંઠ, લવંગ, અક્કલકરો જીરૂં, લીંડીપીંપર, તજ, તમાલપત્ર એલચી-દાણા, નાગકેસર, ભીમસેની કપૂર, ચણકબાબા, સમુદ્રશોફનાં બીઆં, ભીલામાં, કેસર, શુદ્ધ કરેલો હિંગળોક, દૂધમાં શોધન કરેલો વછનાગ, કાચકાં, ખુરાસાની અજમો, ચણકબાબા અને તાલીમખાનું એ પ્રત્યેક બબ્બે તોલા; નાગભસ્મ (સીસાની ભસ્મ) બે તોલા, કલાઇની ભસ્મ ૨ તોલા, કાળી મુસળી ૪ તોલા, લોહભસ્મ ૪ તોલા, કાચકાં ૪ તોલા, અફીણ ૪ તોલા અને સાકર ૧૨૮ તોલા, એ પ્રમાણે ચીજો નાખવી. પાક તૈયાર થઈ ઠંડો થયા પછી અથવા અર્ધો ઠંડો થયા પછી તેમાં ૬૪ તોલા મધ નાખી, તે પાક સુગંધી ધૂપ દીધેલા ઉત્તમ વાસણમાં ભરી રાખવો; અને અગ્નિબળ જોઇ સેવન કરવો. આ પાક ઉપર દ્રાક્ષ, કેળાં, ચારોળી, સાકર, ઘી અને તલનું ભક્ષણ કરવું. ખાટા પદાર્થ ખાવા આપવા નહિ. આ પાકનું સેવન કરવાથી કામુક સ્ત્રીઓ પાક સેવન કરનાર પુરુષ ઉપર હમેશ લુબ્ધ થઇ રહે છે, બુદ્ધિ વધે છે, પુષ્ટિ પ્રાપ્ત થાય છે અને સર્વ પ્રકારના રોગો દૂર થાય છે; તેમજ શ્વાસ, પાંડુરોગ, ક્ષય, ઉધરસ, હેડકી, સોજો, મેદ અને સર્વ પ્રકારના વાયુ-રોગનો નાશ થઇ સામર્થ્ય પ્રાપ્ત થાય છે. ક્ષીણવીર્ય, નષ્ટવીર્ય અને ખંજવાયુથી પીડિત એવા પુરુષોના વિકાર દૂર થઇ તે પુરુષો પરાક્રમી થાય છે.

૧૯ કૌચપાક ત્રીજો:—૬૪ તોલા કૌચબીજ, ૧૬ તોલા આસંધ, ૧૬ તોલા ધોળા એનની છાલ, ૩૨ તોલા તલ, ૨૫૬૦ તોલા દૂધ અને ૧૨૮ તોલા ઘી, એ જણસો લઇ પચન કરવું. ઠંડુ થયા પછી તેમાં ૧૯૨ તોલા સાકર નાખવી; અને ચાતુર્જાત, ષટ્કટુ (લીંડીપીંપર, પીપરામૂળ, ચવક, ચિત્રક, સુંઠ, મરી), જાવંત્રી, કાચકામાંનું મગજ, જાયફળ, લવંગ, ભીમસેની કપૂર, તગર, કાળી મુસળી, સુવા, અક્કલકરો, ધાણા, જીરૂં, હળદર, જટામાંસી, ત્રિફળાં, શેરણી, પુષ્કરમૂળ તથા અજમો એ ચાર ચાર તોલા; વંશલોચન, લોહભસ્મ, અભ્રકભસ્મ, કલાઇની ભસ્મ, એ પ્રત્યેક આઠ આઠ તોલા; રસસિંદૂર, તામ્રભસ્મ અને અફીણ, એ ચાર ચાર તોલા અને ભાંગ ૩૨ તોલા નાખી અવલેહ સિદ્ધ કરવો. આ અવલેહ રોજ ચાર ચાર તોલા સેવન કરાવવો; તેથી કરી વીસ પ્રકારના પ્રમેહ, શ્વાસ, ઉધરસ, પાંડુરોગ, હરસ, ક્ષીણતા, વાતરોગ, ઉરુસ્તંભ, હેડકી, સોજો, કટિશૂળ, શૂળ, હૃદ્રોગ, મંદાગ્નિ, ક્ષય, પીનસ અને પ્રદરના રોગોનો જલદીથી નાશ થઈ વીર્યવૃદ્ધિ થાય છે. આ આત્મગુપ્તાવલેહ અમૃત અને રસાયન છે.

૨૦ કૌચપાક ચોથો:—કૌચનાં બીજ માંહેના ગોળા ૧૨૮ તોલા, ગાયનું દૂધ ૨૫૬ તોલા, ગાયનું ઘી ૧૨૮ તોલા તથા અગરુ, જાવંત્રી, સુંઠ, લવંગ, અક્કલકરો, જીરૂં, લીંડીપીંપર, તજ, તમાલપત્ર, એલચી, કેસર, ચણકબાબા, સમુદ્રશોફનાં બીઆં, ભીલામાં, ખુરાસાની અજમો, શુદ્ધ વછનાગ, તાલીમખાનાં, મુસળી, અજમોદ, અફીણ અને હરડે દરેક બબ્બે તોલા તથા જાયફળ પાંચ તોલા અને કપૂર ૨ માસા લેવું. મધ ૧૬ તોલા અને સાકર સર્વ ઔષધોથી બમણી લેવી. **પાક કરવાની રીત:**—કૌચનાં બીજ ઉના પાણીથી ધોઇ લૂછી સૂકવી ચૂર્ણ કરી દૂધમાં નાખી માવો કરવો. પછી અર્ધો ભાગ ગાયનું ઘી તેમાં નાખી શેકી દાણો પાડવો. પછી તેમાં ઔષધિનું ચૂર્ણ નાખી કાલવવું. સાકરની ચાસણી કરતી વખતે તેમાં કેસરનું પાણી અને બાકીનું ઘી નાખી ઘુંટવું. તાર થવા માંડે એટલે તેમાં ઉપલું સર્વ ભેળવી તાસકમાં નાખી ઠરવા દઇને ચોસલાં પાડવાં અને એકેક ચોસલું રોજ ખાવું. એનો **ગુણ:**—કામ, મેધા, ધાતુ, કાંતિ અને બળની વૃદ્ધિ કરે છે. વળી શ્વાસ, પાંડુરોગ, રાજયક્ષ્મા, કાસ, હેડકી, સોજો, મેદ, વાયુરોગ, ધાતુક્ષય, લૂલાપણું અને બહુમૂત્રરોગને દૂર કરે છે.

૨૧ કસેરૂ પાક:—કસેરૂ ૧૬ તોલા, ગાયનું ઘી ૩૨ તોલા અને ગાયનું દૂધ ૫૭૨ તોલા લઇ સારી રીતે પચન કરવું. પછી ૧૨૮ તોલા સાકર લઇ તેનો પાક કરવો અને તેમાં તે કસેરૂ અને ૧૬ માસા ગુંદરનું ચૂર્ણ નાખવું; તેમજ કાષ્ઠપાષાણભેદ, સુંઠ, મરી, લીંડીપીંપર, લોધર, જાયફળ, શતાવરી, મજીઠ, ધાવડીનાં ફૂલ, માયાં, બીલાની અંદરનું મગજ અને મોચરસ, એ પ્રત્યેક બબ્બે તોલા નાખી ચાર ચાર તોલાના લાડુ બાંધી સેવન કરવા. આ સેવનથી સ્ત્રીઓના પ્રદર અને યોનિરોગનો નાશ થાય છે.

૨૨ કામસુંદરપાકઃ—શતાવરી, કાળી મુસળી, ગોખરૂ, તજ, લવંગ, ખારેક, એલચીદાણા, લીંડીપીંપર, આમળાં, કમળ, ધોળું ચંદન, કૌચબીજ, તમાલપત્ર, નાગરમોથ, સુંઠ, તાલીમખાનું, (એખરો), ધોળી સોપારી અને ધાણા, એ પ્રત્યેક બબ્બે તોલા, સોપારી ૮ તોલા, સાકર ૮૦ તોલા, કસ્તૂરી અને ભીમસેની કપૂર ૭ ૭ માસા અને ભાંગ ૬ તોલા, એ પ્રમાણે લઇ એનો રીતપ્રમાણે પાક કરવો. આ કામસુંદર પાક પ્રમેહ તથા તાવનો નાશ કરી રસાયન અને પુષ્ટિકર થાય છે.

૨૩ કામેશ્વર પાકઃ—ઉત્તમ રીતે મારણ કરેલી અભ્રકભસ્મ, કાયફળ, કોષ્ઠ, આસંધ, ગળોનું સત્ત્વ, મેથી, મોચરસ, ધોળું ભોંયકોળું, કાળી મુસળી, ગોખરૂ, તાલીમખાનું, કેળનો કંદ, શતાવરી, અજમોદ, અડદની દાળનો લોટ, તલ, ધાણા, જેઠીમધ, નાગબલા, કચોરા, કસ્તૂરી, જાયફળ, કેસર, ભારંગમૂળ, કાકડાશિંગી, ત્રિકટુ, જીરૂં, શહાજીરૂં, ચિત્રાનાં મૂળ, ચાતુર્જાત, સાટોડી, દ્રાક્ષ, ગજપીંપર, અરડુસી, કૌચબીજ અને ત્રિફળાં, એ ઔષધો સમભાગે લેવાં. બધાં ઔષધોથી ચતુર્થાંશ (કોઇના મતમાં દ્વિતીયાંશ) સાકર લેવી. એ બધાં ઔષધોના ચતુર્થાંશ જેટલું ઘી લેવું. પછી અર્ધા તોલાની અથવા તોલાની ગોળીઓ કરી રાખવી. ગોળી ખાધા પછી સાકર નાખેલું દૂધ પાવું, તેથી કરી માણસોને વીર્યપ્રાપ્તિ થઇ સ્તંભન થશે; ક્ષીણ પુરુષોને પુષ્ટના પ્રાપ્ત થાય છે અને ક્ષયરોગનો નાશ થાય છે. આ પાકના સેવનથી સર્વ રોગો નિર્મૂળ થઇ જાય છે. ઉધરસ, દમ, મોટો અતિસાર, અગ્નિમાંદ્ય, હરસ, સંગ્રહણી, પ્રમેહ, કફ અને રક્તપિત્ત, એ રોગો દૂર થાય છે. એના સેવનથી મનને નિત્ય આનંદ થાય છે અને કવિપુરુષોને ઉત્તમ વાણી પ્રાપ્ત થાય છે. આ પાકના સેવનથી સર્વ ગુણો પ્રાપ્ત થશે. વધારે શું કહેવું ? આ પાક કેવળ અમૃતજ છે. આ કામેશ્વર પાક નિત્યપ્રતિ લગભગ એક વર્ષપર્યંત સેવન કરવાથી અકાળ મૃત્યુ અને વલીપલિત રોગ દૂર થાય છે. સર્વે લોકનો હિત કરનાર એવો આ પાક શ્રીવૈદ્યનાથ વૈદ્યે કહેલો છે.

૨૪ લઘુ કામેશ્વર પાકઃ—ત્રિફળાં, ત્રિકટુ, જાયફળ, જાવંત્રી, તજ, લવંગ, એલચીદાણા અને અભ્રકભસ્મ, એ સર્વ ઔષધો સમભાગે લેવાં. એ ચૂર્ણના અર્ધોઅર્ધ ભાંગ લેવી. પછી સર્વથી બમણી સાકર લઇ, મધ અને ઘી નાખી પાક કરી એકેક તોલાના લાડુ બાંધવા. આ લાડુ પ્રાતઃકાળે ભક્ષણ કરાવવા અને સંધ્યાકાળે જમ્યા પછી દૂધ પીને ઉપર પાન ખાવું; એટલે કામવૃદ્ધિ થઈ ધાતુનું સ્તંભન થાય છે; તથા શ્વાસ, ઉધરસ, ક્ષય, પ્રમેહ એ રોગો દૂર થાય છે. આ ઔષધ ગોરક્ષનાથે નિર્માણ કરેલું છે.

૨૫ કુબેરપાકઃ—૧૪ તોલા કાચકાં રાત્રે પાણીમાં પલાળી રાખી, સવારમાં ફોડી તેની અંદરની બીજ કાઢવી. પછી તે બીજથી ચોગણું દૂધ લઇ તેમાં ઘી નાખી મંદાગ્નિ ઉપર પચન કરવું. તે ઉકળી રહી ઠંડુ થયા પછી તેમાં મધ નાખવું; તેમજ તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, સુંઠ, મરી, લીંડીપીંપર, જાવંત્રી, જાયફળ, લવંગ, વાવડીંગ, વરીઆળી, જીરૂં, નાગરમોથ, ચીકણનાં મૂળ, હળદર, લોહભસ્મ, તામ્રભસ્મ અને બંગભસ્મ, એ પ્રત્યેક બબ્બે તોલા નાખવી. પાક તૈયાર થયા પછી રોજ આ પાક ૪ તોલા પ્રમાણે ભક્ષણ કરાવવો; એટલે સંપૂર્ણ પ્રકારના વાતરોગ, અગ્નિમાંદ્ય, બળક્ષય, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, અશ્મરી, ગુલ્મ, પાંડુરોગ, પીનસ, સંગ્રહણી, અતિસાર અને અરુચિનો નાશ કરે છે. આ મધુપક્વ કુબેરપાક ખાવાથી કામવૃદ્ધિ, ધાતુવૃદ્ધિ, કાંતિ, પુષ્ટિ અને બળ આવે છે.

૨૬ કંદર્પપાકઃ—૩૨ તોલા ધોળી ડુંગળી, ૯ તોલા મધ, ૧ તોલો તજ, ૧ તોલો જાયફળ, ૦॥ તોલો લવંગ, ૦॥ તોલો કેસર, ૦॥ તોલો જાવંત્રી, ૯ તોલા સાકર, ૪॥ તોલા શુદ્ધ કૌચબીજ, એ વસ્તુઓ લઇ દૂધ તોલા ૧૨૮ માં તેને નાખી ઉકાળીને માવો કરવો; અને તે ઘી તોલા ૧૬ માં શેકવો. પછી સાકર તોલા ૧૨૮ની ચાસણી કરી તેમાં તે માવો નાખી ઘુંટી તાસકમાં ઘી ચોપડી તેમાં નાખી ઠરવા દઇને ચકતાં પાડવાં. એ પાક રોજ ૨ અગર ૪ તોલા સેવન કરવાથી નપુંસકને પણ વીર્ય પ્રાપ્ત થાય. ઉપર જણાવેલી વસ્તુઓમાંથી મધથી માંડીને જાવંત્રી સુધીની સર્વ ચીજો માવો કરવામાં ન નાખતાં પાક તૈયાર થયા પછીજ તે સર્વ મેળવવી જોઇએ.

૨૭ કુમારીપાકઃ—કુમારી(કુંવાર)ના કંદ ૮૦ તોલા અને ગાયનું દૂધ ૩૨ તોલા, એ

બંને એકત્ર કરી મંદ અગ્નિ ઉપર દૂધ બળી જાય ત્યાંસુધી ઉકાળી પછી તેને છાંયામાં સૂકવી ચૂર્ણ કરવું. પછી લીંડીપીંપર, મરી અને સુંઠ, એ પ્રત્યેક બાર બાર તોલા; જાયફળ, જાવંત્રી, લવંગ, ગોખરૂ, કાકડીનાં બી, ચાતુર્જાત અને ચિત્રો, એ ચાર ચાર તોલા, એ બધાનું સૂક્ષ્મ ચૂર્ણ કરી તેના ભેગું મસળવું. પછી સાકર ૮૦ તોલા, ગાયનું ઘી ૪૦ તોલા, ભેંસનું દૂધ ૪૦ તોલા અને મધ ૪૦ તોલા નાખી એ સર્વ લોખંડના વાસણમાં ભરી મંદ અગ્નિ ઉપર પચન કરવું. પછી તેમાં સર્વ પ્રકારનાં ચૂર્ણ નાખી હલાવતા જઈ સારી પેઠે શેકવું. જ્યાંસુધી ઘી દેખાતું રહે ત્યાંસુધી પચન કરી, પછી તેમાં લોહભસ્મ, સોનું તથા રસસિંદૂર, એ પ્રત્યેક એકેક તોલો નાખી એકેક તોલાની ગોળીઓ કરવી. તે પાક સેવન કરવાથી જીર્ણજ્વર, ક્ષય, ઉધરસ, દમ, સંતાપ, શૂળ, અજીર્ણ, આમવાત અને પ્રદરનો નાશ કરે છે અને સ્ત્રીઓનું વંધ્યત્વ તથા પુરુષોનું ષંઢત્વ દૂર કરી શક્તિ આપે છે. આ કુમારીપાક અશ્વિનીકુમારે કહેલો અને અતિ ગોપ્ય છે.

૨૮ કુમારીપાક બીજો:—ચોસઠ તોલા કુંવારપાઠાનો ગર્ભ, ૧૨૮ તોલા સાકર, ૨૫૬ તોલા દૂધ, ૩૨ તોલા ગાયનું ઘી, એલચી, લવંગ, ચિનીગોંદ, સુંઠ, સમુદ્રશોષનાં બી, જાયફળ, વંશલોચન, કેસર, સાલમ, અક્કલગરો, ખારેક, બદામ, અજમો અને ખુરાસાની અજમો એકેક તોલો અને કસ્તૂરી ०। તોલો લઇ એનો પાક કરી ચોસલાં પાડવાં. એના સેવનથી અમ્લપિત્ત દૂર થઈ શરીર અને ધાતુની પુષ્ટિ થાય છે.

૨૯ ખર્જૂરપાક:—ખારેકો ૪૮ તોલા, ગુંદર ૩૨ તોલા, સાકર ૨૮ તોલા, સુંઠ ૪ તોલા, લીંડીપીંપર ૨ તોલા, મરી ૩ તોલા, તજ, તમાલપત્ર તથા એલચી, એ પ્રત્યેક તોલો તોલો, ચવક ૧ તોલો, ચિત્રક ૧ તોલો અને શેરણી અર્ધો તોલો, એ સર્વ ઔષધિ એકત્ર કરી એનો રીત પ્રમાણે પાક કરવો. આ પાક બળવૃદ્ધિ કરનારો હોઇ ક્ષય, કાસ, કંપવાત, હેડકી, શ્વાસ, ઉધરસ, પ્રમેહ અને પ્રદરનો નાશ કરે છે; તથા બાળકને પુષ્ટ કરે છે. તેમજ આ પાકના સેવનથી શરીરની કાંતિ ઉત્તમ થઈ ધાતુવૃદ્ધિ અને કામવૃદ્ધિ થાય છે.

૩૦ બીજા પ્રકારનો ખર્જૂરપાક:—ખારેકો ૧૨૮ તોલા લઇ પાટીઆ ઉપર બારિક વાટવી. પછી લોખંડની કડાઈમાં દૂધ ૨૦૪૮ તોલા નાખી તેમાં તે ખારેકો પચન કરવી. દૂધ બળી જાય એટલે ખારેકોથી બમણી સાકર નાખવી; અને તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવંગ, તવખીર, હળદર, દારુહળદર, મરી, જાવંત્રી, જીરૂં, શાહજીરૂં, બહેડાં, સુંઠ, ચિત્રક, લીંડીપીંપર, ધાણા, જાયફળ તથા કપૂર, એ તોલો તોલો અને કસ્તૂરી એક માસો લઈ સાકરના પાકમાં નાખવી. પછી મધ ૩૨ તોલા અને ઘી ૩૨ તોલા નાખવાં. આ પાકના સેવનથી પ્રમેહ, મધુમેહ, કમળો, પાંડુરોગ, કોઢ, ખસ, દાદર, વિસર્પ અને ત્રિદોષ વગેરે રોગો દૂર થઇ ધાતુ પુષ્ટ થાય છે.

૩૧ ત્રીજા પ્રકારનો ખર્જૂરપાક:—ખારેક બશેર, ગાયનું દૂધ ૨૦૪૮ તોલા તથા ગાયનું ઘી ૩૨ તોલા અને એ સર્વના પાકની બરોબર સાકર લેવી. જીરૂં, શાહજીરૂં, વાવડીંગ, ચાતુર્જાત, કેસર, રસસિંદૂર, કલાઈની ભસ્મ, તાંબાની ભસ્મ, ભીમસેની કપૂર, સુવર્ણના વર્ક, અભ્રકભસ્મ, વાળો, લોહભસ્મ, ગળોનું સત્ત્વ અને શિલાજિત, એ દરેક ઔષધ ચાર ચાર તોલા લઇ એ સર્વ સહિત પાક તૈયાર કરવો. આ પાકના સેવનથી વાત, પિત્ત, રક્ત, અંતર્દાહ, ધાતુક્ષય, મંદાગ્નિ અને સર્વ પ્રકારના વ્યાધિ દૂર થાય છે.

૩૨ ખર્જૂરપૂરણ પાક:—ખારેક ૮૦ તોલા લાવી એમાંના ઠળીઆ કાઢી નાખવા; અને તેમાં તાલીમખાનાં દૂધમાં વાટીને ભરીને તેની ઉપર સૂતર બાંધી લેવું. ત્યારપછી ૩૨૦ તોલા દૂધમાં તે ખારેકો મંદાગ્નિએ પકવવી. દૂધ ઉકળતી વખતે તે વાસણના મોઢા ઉપર લુગડું બાંધી તેના ઉપર એક તોલો અફીણ બારીક વાટીને ભભરાવી ઉપર બીજું લુગડું બાંધી તેના ઉપર ઢાંકણુ ઢાંકવું. દૂધની વરાળથી પીગળીને તે અફીણ દૂધમાં ઉતરી જશે. ત્યારપછી દૂધનો માવો કરી તેમાં ૧૬૦ તોલા સાકરની ચાસણી તથા જાયફળ, જાવંત્રી, લવંગ, ગોખરૂ, તજ, તમાલપત્ર, નાગકેસર, એલચીદાણા, સમુદ્રશોષનાં બી, ખુરાસાની અજમો, અજમો, ધોળી મુસળી, કાળી મુસળી, કપૂર, સાલમ, ચણકબાબા, કૌચબીજ, અક્કલકરો, ખસખસ, લોધર, ત્રિફળાં ભોંયકોળું,

બદામ, આસંધ અને ધોળી ચણોઠી, એ ઔષધો નાખી ઠરવા દઇ તેનાં ચોસલાં પાડવાં. એ ધાતુક્ષય, ધાતુસ્રાવ, બિંદુસ્રાવ, નપુંસકપણું, અલ્પવીર્ય ઈત્યાદિ રોગો ઉપર બહુજ પ્રશસ્ત છે.

૩૩ કુષ્માંડપાક:—કોળાની છાલ અને અંદરનો તંતુમય ગર્ભ કાઢી નાખી ચીરીઓ કરીને અગ્નિ ઉપર બાફ આપી, પછી તેને ચોવડા લૂગડા પર સૂકવવાથી તેમાંના પાણીનો અંશ નીકળી જશે. પછી સાકરનો પાક કરી તેમાં કેસર, જાયફળ, એલચી, જાવંત્રી, ચારોળી, બેદાણા વગેરે મસાલો નાખી કોળાની ચીરીઓના ટુકડા કરી તે પાકમાં નાખવા. આ પાક દરરોજ પ્રાતઃકાળે સેવન કરવાથી કોઠામાંની ગરમી અને ધાતુસ્થાનની પીડા બંધ થાય છે.

૩૪ ગોખરૂપાક:—ગોખરૂનું ચૂર્ણ ૬૪ તોલા લઇ ૫૧૨ તોલા દૂધમાં નાખી ઉકાળવું; પછી લવંગ, મરી, લોહભસ્મ, જાયફળ, ત્રિફળાં, સમુદ્રશોષ, લીંડીપીંપર એલચી, કપૂર, ઉટકટારી, જાવંત્રી, હળદર, આમળાં, કાચકાંનો મગજ અને અફીણ, એ પ્રત્યેક તોલો તોલો અને સર્વ ઔષધોથી અર્ધી ભાંગ લેવી; તથા ગાયનું ઘી ૧૨૮ તોલા અને સર્વ ઔષધોના બરાબર સાકર લઇ તેનો પાક કરી, તેમાં તે સર્વ ઔષધો નાખી પાક તૈયાર કરવો. આ પાક રોજ સવારમાં ૧ તોલો ભક્ષણ કરવો; એટલે તે પ્રમેહનો નાશ કરે છે અને ધાતુવૃદ્ધિ તથા તેજને વધારે છે.

૩૫ બીજા પ્રકારનો ગોખરૂપાક:—ગોખરૂ અથવા છાયામાં સૂકાવેલ કાંટીગોખરૂ ૬૪ તોલા, ભોંયકોળું ૪ તોલા, કાળી મુસળી, શતાવરી, બદામની મીંજ, બેદાણા, ચારોળી, પીસ્તાં, આસંધ, કેસર, બળબીજ, અરજુનવૃક્ષની છાલ, કાળી દ્રાક્ષ, કમળકાકડીની મીજ, લીંડીપીંપર, તજ, એલચી, પંજાબી સાલમ, ચોપચીની, એખરાનાં બીજ, ધોળી મુસળી, ગળોનું સત્ત્વ, પીંપળીમૂળ, અખોડ, લવંગ, ચણકબાબા, રૂમીમસ્તકી, શીંગોડાં, તવખીર, ભીલામાં, ખસખસ, વંશલોચન, ટોપરૂં, અસાળીઓ, જાયફળ અને જાવંત્રી, એ ૩૪ ઔષધ દરેક ચાર ચાર તોલા; ભીમસેની કપૂર ૪ માસા અને કસ્તૂરી ૧ માસો, ગાયનું દૂધ ૨૫૬ તોલા, એ પ્રમાણે સર્વ વસ્તુઓ લઇ પ્રથમ દૂધમાં ગોખરૂનું ચૂર્ણ નાખી માવો કરીને ઘીમાં શેકવો. સઘળા ચૂર્ણથી બમણી સાકર લઇ તેની ચાસણી કરવી. કેસરનું પાણી કરી તે ચાસણી કરવામાં નાખવું. ત્યારપછી ઉપલાં ઔષધિઓ અને સુગંધી દ્રવ્યો તેમાં નાખી તેનાં ચોસલાં પાડવાં. આ પાક દરરોજ ૨ થી ૪ તોલા સુધી આપી ઉપર દૂધ પાવું. એનાથી ધાતુસ્રાવ, પ્રમેહ, શરીરમાંની કડકી, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, કટિશૂળ, એ દૂર થઈ ધાતુવૃદ્ધિ અને પુષ્ટિ થાય છે.

૩૬ ત્રીજા પ્રકારનો ગોખરૂપાક:—ગોખરૂનું ૬૪ તોલા ચૂર્ણ લઈ તે ૫૧૨ તોલા દૂધમાં પચન કરવું. પછી જાવંત્રી, લવંગ, લોહભસ્મ, મરી, ભીમસેની કપૂર, અક્કલકરો, સમુદ્રશોફનાં બીઆં, કરંજનાં બી, અરજુનવૃક્ષની છાલનું ચૂર્ણ, હળદર, આમળાં, લીંડીપીંપર, કેસર, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, અફીણ, ષટ્કચૂરો, કૌંચબીજ અને કાચકાં, એ સર્વ ઔષધો તોલો તોલો લેવાં; સર્વ ઔષધોના બરાબર સાકર લેવી અને સાકરના અર્ધા ભાગે ભાંગ લેવી. પછી ગાયનું ઘી ૬૪ તોલા લઇ, એ સર્વ ઔષધો તેની અંદર નાખી, મંદ અગ્નિ ઉપર પાક તૈયાર કરવો. આ પાક નિત્ય સવારે સેવન કરવો; એટલે મૂળવ્યાધિ, સર્વ પ્રકારના પ્રમેહ અને વાતરોગનો નાશ થાય છે. એના સેવનથી ઉત્તમ પ્રકારે વીર્યસ્તંભન થઈ તુષ્ટિ અને પુષ્ટિ પ્રાપ્ત થાય છે.

૩૭ ચોથા પ્રકારનો ગોખરૂપાક:—૪૦૦ તોલા ગોખરૂનાં પચાંગ લઈ તેથી ચોગણા પાણીમાં ચતુર્થાંશ પાણી શેષ રહે ત્યાંસુધી ઉકાળો કરવો. પછી તેમાં ૨૦૦ તોલા સાકર નાખી પચન કરવી. જાડું થયા પછી તેમાં સુંઠ, લીંડીપીંપર, નાગકેસર, તજ, એલચીદાણા, જાવંત્રી, અરજુનવૃક્ષની છાલ અને કાકડીનાં બી, એ પ્રત્યેક આઠ આઠ તોલા તથા વંશલોચન ૩૨ તોલા નાખી લેહ સિદ્ધ કરવો. આ લેહ રોજ ચાર તોલા પ્રમાણે સેવન કરવો; એટલે વીર્યપતન, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, પથરી, રક્તપ્રમેહ અને મધુમેહ રોગો દૂર થાય છે.

૩૮ ચોપચીની પાક:—ચોપચીનીનું ચૂર્ણ ૪૮ તોલા અને પીંપળીમૂળ, લીંડીપીંપર, મરી, સુંઠ, તજ, અક્કલકરો અને લવંગ, એ પ્રત્યેક એક એક તોલો તથા સર્વ ચૂર્ણની બરોબર સાકર નાખી તેનો પાક કરવો. તેમાંથી એક તોલો પાક સવારે અને સાંજે ખાવા આપવો. પથ્ય

ચોપચીની ચૂર્ણની માફક રાખવું; એટલે ઉપદંશ (ગરમી), વ્રણ, કોઢ, વાતરોગ, ભગંદર, ધાતુક્ષયથી થયેલી ઉધરસ, સળેખમ, ક્ષય તથા સંપૂર્ણ વાતરોગનો નાશ કરી પુષ્ટિ આપે છે.

૩૯ જાતિફળ પાક:—(જાયફળપાક) જાયફળ, લવંગ, શતાવરી, ગોખરૂ, વરીઆળી, ભીલામો, અજમો, વાવડીંગ, જાવંત્રી, પીંપળીમૂળ, ચિત્રો, ચવક, અક્કલકરો, હળદર અને ત્રિફળાં, એ ઔષધો સમભાગ લઇ તેનું ચૂર્ણ કરવું. સાકરનો પાક કરી તેમાં આ ઔષધોનું ચૂર્ણ, પંચામૃત રસ ૧ તોલો અને મધ ૩૨ તોલા નાખવું. આ પાક બળ આપનાર હોઈ વાતરોગ, કફરોગ, સોજો, દમ, પીડ, કંમર અને બરડાના ઠેકાણાનો વાયુ, ઉદરરોગ, અર્દિત વાયુ, અપબાહુક, ખંજવાયુ, પાંડુરોગ, અપતંત્રક અને અપતાનક વાયુ તથા વલિપલિતનો નાશ કરે છે. આ પાક સ્ત્રીઓને હિતાવહ છે. સિંહ જેમ હાથીના સમૂહનો નાશ કરે છે, તેમ આ પાક વાયુ સંબંધી રોગ તથા રક્ત સંબંધી રોગનો નાશ કરે છે.

૪૦ બીજા પ્રકારનો જાતિફળ પાક:—૫૦૦ જાયફળ લઈ તે ૨૦૪૮ તોલા દૂધમાં પચન કરવાં. પછી સાકર ૪૦૦ તોલા, ઘી ૮૮૦ તોલા, વંશલોચન ૧૬ તોલા તથા ભીમસેની કપૂર, ચણકબાબા, લવંગ, તજ, તમાલપત્ર, એલચીદાણા અને મોચરસ; એ પ્રત્યેકનું ચાર ચાર તોલા ચૂર્ણ લઇ પાકમાં નાખી પાક તૈયાર થયા પછી રોજ એક તોલો આપવો; એટલે શ્વાસ, ઉધરસ, સંગ્રહણી, પ્રમેહ, મૂળવ્યાધિ, ક્ષીણતા, કૃશત્વ અને સર્વ રોગનો નાશ થાય છે.

૪૧ જીરાપાક:—૬૪ તોલા જીરૂં ૨૫૬ તોલા દૂધમાં બાફી તેનો માવો કરી ઘીમાં શેકવો. ત્યારપછી ૧૨૮ તોલા સાકરની ચાસણી કરીને તેમાં એ માવો મેળવ્યા પછી તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લીંડીપીંપર, સુંઠ, જીરૂં, નાગરમોથ, વાળો, દાડમની છાલ, રસવતી, ધાણા, હળદર, સાલમ, વંશલોચન અને તવખીર, એ સર્વ બબ્બે તોલા ખાંડીને મેળવવાં. એનાથી પ્રદર, રક્તપિત્ત, મુખરોગ, પ્રમેહ, પથરી, જીર્ણજ્વર, દાહ, સળેખમ અને હરસનો નાશ થાય છે તથા શક્તિ આવે છે.

૪૨ દ્રાક્ષપાક:—દ્રાક્ષ અને સાકર, એ પ્રત્યેક ૬૪ તોલા અને દૂધ ૧૨૮ તોલા એકત્ર કરી પકવ કરવું. પછી તેમાં તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, ત્રિકટુ, કસ્તૂરી, લોહભસ્મ, અભ્રકભસ્મ, કેસર, જાવંત્રી, જાયફળ, મૃગાંક, ચાંદીની ભસ્મ, ધાણા તથા ચંદન, એ પ્રત્યેકનું બબ્બે તોલા ચૂર્ણ નાખી સારો પાક કરવો. આ પાક સવારે બે તોલા પ્રમાણે ખાવા આપવો. તે સ્નિગ્ધ, શુક્રકર, પ્રમેહનાશક, પિત્તરોગનાશક અને મૂત્રાઘાત, વિબંધ, મૂત્રકૃચ્છ્ર, રક્તપીડા, હૃદય તથા હાથપગનાં તળીઆંના દાહનો નાશ કરે છે. એ પ્રાણીઓને સૌખ્યદાયક છે.

૪૩ બીજા પ્રકારનો દ્રાક્ષપાક:—૬૪ તોલા કાળી દ્રાક્ષ લઇ પાણીથી ધોઇને છાંયે સૂકવવી. પછી તે આઠગણા દૂધમાં પચવી તેમાં પિત્તપાપડો, મોરવેલ, અતિવિષ, પટોલપત્ર, ધાણા, વાળો, બાળહરડે અને ભોંયકોળાનું વસ્ત્રગાળ ચૂર્ણ પ્રત્યેક તોલો તોલો નાખી તે સર્વના બરોબર સાકર નાખી આ પાક ઘીની સાથે અથવા માખણની સાથે ભક્ષણ કરવો; એટલે પિત્ત, સંગ્રહણી, પાંડુરોગ, કમળો, અતિતૃષ્ણા, ભ્રમ, મૂર્છા, તૃષા, હેડકી, તમકશ્વાસ, ઉન્માદ, પથરી, પ્રમેહ, પિત્ત અને હરસનો નાશ થાય છે.

૪૪ ધાત્રીપાક:—પાકેલાં આમળાં લઇ સોયથી કોચવાં. પછી આદાનાં પાન સાથે પાણીમાં નાખી બાફવાં. તેમાંથી કાઢી પુનઃ દૂધમાં બાફવાં. પછી પાણીમાં બાફી તે મધના ભરેલા વાસણમાં વીસ દિવસ રાખવાં અને પછી જૂનું થયેલું મધ કાઢી નાખી બીજા નવા મધમાં નાખવાં; અને તેમાં ખાંડ, આમળાં, ગજપીંપર, એલચી, વંશલોચન, લોહભસ્મ અને વંગભસ્મ (કલાઈની ભસ્મ) નાખી શુભ દિવસ જોઇ સવારે ૧ તોલો બળ માટે તથા ક્ષયરોગ ઉપર ખાવા આપવો. તેના ઉપર મધુર અને પથ્ય પદાર્થો ખાવા આપવા; એટલે પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, કોઢ, પિત્તપ્રકોપ, પિત્તજન્ય સર્વરોગ અને રક્તવિકારનો નાશ થાય છે. આ પાક વીર્યવૃદ્ધિ કરનાર અને ઉત્તમ પ્રકારનું વાજીકરણ છે.

૪૫ નારિકેલખંડપાક:—ઝીણું ખમણેલું ૧૬ તોલા ખોપરૂં લઇ, તે ૪ તોલા ઘીમાં સારી

પેઠે શેકી, તેમાં સમભાગ ખાંડ અને ૧૨૮ તોલા નાળીએરનું પાણી નાખી, ગોળના પાક જેવું થાય ત્યાંસુધી ઉકાળી પછી તેમાં ધાણા, લીંડીપીંપર, નાગરમોથ, વંશલોચન, જીરૂં, શહાજીરૂં, એલચી, તજ, તમાલપત્ર અને નાગકેસર, એ પ્રત્યેકનું ચૂર્ણ કરી તે અર્ધો તોલો નાખી ઠંડો થયા પછી ખાવા આપવો; એટલે તે અમ્લપિત્ત, અરુચિ, ક્ષય, રક્તપિત્ત, શૂળ અને ઉલટીનો નાશ કરી ધાતુવૃદ્ધિ કરે છે.

૪૬ બીજા પ્રકારનો નારિકેલખંડપાક:—૧૬ તોલા કોપરું પાટીઆ ઉપર વાટવું. પછી તે ચાર તોલા ઘીમાં શેકી નાખવું. પછી ૧૬ તોલા સાકર લઇ તેનો નાળિયેરના પાણીમાં જાડો પાક કરવો. નાળિયેરનું પાણી ન મળે તો ગાયનું દૂધ લઇ પાક કરવો. પછી તેમાં ધાણા, પીંપળીમૂળ અને ચાતુર્જાત, એ દરેક ચાર ચાર માસા નાખી પાક તૈયાર કરવો. એ પાકમાંથી રોજ ૪ તોલા અથવા બે તોલા પાક ભક્ષણ કરવા આપવો; એટલે પુરુષાર્થ, નિદ્રા, બળ વગેરે પ્રાપ્ત થઇ અમ્લપિત્ત, રક્તપિત્ત, પરિણામશૂળ તથા ક્ષયનો નાશ થાય છે.

૪૭ ત્રીજા પ્રકારનો નારિકેલખંડપાક:—લીલું કોપરૂં ૬૪ તોલા લઇ પાટીઆ ઉપર બારિક કરી, તે ગોળો એક વાસણમાં મૂકી તેમાં તેનું (નાળિયેરનું) પાણી રેડવું. પછી ગાયનું ઉત્તમ ઘી ૩૨ તોલા તથા સાકર ૬૪ તોલા નાખી, મંદ અગ્નિ ઉપર હળવે હળવે પચન કરી ઘુંટતા જઇ પાક કરવો. તે કડછીએ ચોંટવા લાગે એટલે તેમાં જાયફળ, તજ, એલચી, તમાલપત્ર, મરી, સુંઠ, જીરૂં, વાવડીંગ, વરીઆળી અને જાવંત્રી, એ તોલો તોલો નાખી તે પાક ખુમચામાં પહોળો કરવો. ઠંડો થયા પછી તેનાં ચોસલાં પાડી તેને કપૂર, લોબાન વગેરે સુગંધીના ધૂપ દીધેલા ઉત્તમ ઘીના નીવડેલા વાસણમાં ભરી રાખવો. આ પાક હૃદયને હિતકર, વિષ્ટંભી, શીતળ, તૃપ્તિકારક, ગુરુ, સ્નિગ્ધ, વીર્યવર્ધક, બસ્તિશોધક, અગ્નિવર્ધક તથા મધુર; અને રક્તપિત્ત, વિષદોષ, વાતરક્ત, ગૃધ્રસી, નેત્રરોગ તથા વાતપિત્તનો નાશક, કામવર્ધક, બળકારક, શુક્રવર્ધક, ધાતુપુષ્ટિકારક, સુખદાયક, શરીરની કાંતિ ઉત્તમ કરનાર અને કંડૂ (ખસ), હૃદ્રોગ, કંઠરોગ, મૂળવ્યાધિ, ઉન્માદ અને ચાર પ્રકારના પ્રદરનો નાશ કરનાર છે. આ પાક અતિમૈથુનથી ક્ષીણ થયેલા પુરુષમાં મૈથુનવિષયની પુનઃ પ્રાપ્તિ ઉત્પન્ન કરે છે તથા સ્ત્રીઓ, બાળક અને વૃદ્ધને પણ હિતકારક છે. આ પાક રસાયન અને જરાવ્યાધિનાશક હોઈ અમૃતના જેવો ગુણકારક છે.

૪૮ ચોથા પ્રકારનો નારિકેલખંડ પાક:—લીલું કોપરૂં ૬૪ તોલા લઈ તેને પાટીઆ ઉપર બારિક વાટવું અને કોળાની અંદરનાં બીઆં કાઢી નાખી કકડા કરી તે ૧૨૮ તોલા લેવું. પછી ૩૨ તોલા ગાયનું ઘી લઇ તેમાં તે બન્ને શેકી નાખવાં. પછી તેમાં ગાયનું દૂધ ૫૧૨ તોલા નાખવું, સાકર ૧૨૮ તોલા નાખવી અને મંદાગ્નિ ઉપર તેને સારી પેઠે પચન કરવું; પછી ઠંડુ થયા પછી તેમાં બારિક એલચીદાણા, ધાણા, આમળાં, પિત્તપાપડો, નાગરમોથ, વાળો, કાળો વાળો, ચંદન, કાળાં દ્રાક્ષ, શિંગોડાં, કચરો (કસેરૂ) અને તજ, એ દરેક બબ્બે તોલા નાખવું અને પાક નવા વાસણમાં ભરી રાખવો. આ પાક અગ્નિબળ જોઇ સવારમાં ચાર તોલાપર્યંત સેવન કરવા આપવો; તેથી કરી અમ્લપિત્ત, તાવ, રક્તપિત્ત, અરુચિ, વાતરક્ત, તૃષા, પિત્ત, દાહ, પાંડુરોગ, કમળો, ક્ષયરોગ અને પરિણામશૂળનો નિશ્ચય નાશ થાય છે. આ **નારિકેલખંડપાક અશ્વિનીકુમારે** નિર્માણ કરેલો છે અને તે કાંતિકર, શક્તિવર્ધક, પુરુષત્વ આપનાર, નિદ્રાકારક અને બળ આપનાર છે.

૪૯ પાંચમા પ્રકારનો નારિકેલખંડ પાક:—શુદ્ધ કરેલાં ધંતુરાનાં બીઆં, કાળી મુસળી, ખુરાસાની અજમો, તાલિમખાનું અને કૌચબીજનું જુદું ચૂર્ણ કરવું. પછી રૂના કપાસાઆની અંદરનું મગજ કાઢી તેને દૂધમાં વાટી તેના વડે ઉપલા ચૂર્ણને એક ભાવના આપવી; તેમજ દૂધ અને ઘીની પણ સાત ભાવનાઓ આપવી અને તડકામાં સૂકવવું. પછી નાળીએરની અંદરનું કોપરું તથા ઉપલું ચૂર્ણ એ બન્ને બત્રીસગણા દૂધમાં બાફવાં. બફાયા પછી તેને ઘીમાં શેકી નાખવાં. પછી ચાતુર્જાત, લવંગ, જાવંત્રી અને જાયફળ, એ બબ્બે તોલા અને સાકર ૧૬ તોલા નાખી પાક કરવો. પછી તે પાક ખાવા આપી ઉપર દૂધ પાવું; એટલે વાતરોગ, પ્રમેહ, અશક્તિ

તથા ક્ષયરોગ દૂર થાય છે અને વૃદ્ધ પણ તરુણના જેવો શક્તિવાન થાય છે.

૫૦ છઠ્ઠા પ્રકારનો નારીકેલખંડ પાક:—૧૨૮ તોલા નાળીએરની અંદરનું કોપરું, ઘી ૮૦૦ તોલા, ચારોળી ૬૪ તોલા અને ગાયનું દૂધ ૧૬૦૦ તોલા, એ સર્વ એકત્ર કરી પચન કરવું. પછી સાકર ૨૫૬ તોલા લેવી; તેમજ જાવંત્રી, જાયફળ, લવંગ, શિંગોડાં, કૌચબીજ, જાઇ, તમાલપત્ર, ધાણા, કસ્તૂરી, નાગબલા, દાડમની છાલ, ધોળું ભોંયકોળું, અરજુનવૃક્ષ, ગોખરૂ, ષટ્કચૂરો, જટામાંસી, આસંધ, ચાતુર્જાત, શતાવરી, ત્રિકટુ, નાગરમોથ, ભીમસેની કપૂર, ત્રિફળાં, સુવા, ડાભ અને કાસ, એ ઔષધોનું ચૂર્ણ લઇ તેને શીમળાની છાલના રસની ભાવનાઓ આપવી. પછી સર્વેનો પાક તૈયાર કરી, તે ઘીના વાસણમાં ભરી રાખવો. આ પાક રોજ ૨ તોલા સેવન કરવો; એટલે તેજ, અગ્નિવૃદ્ધિ, વીર્ય, બળ વગેરે પ્રાપ્ત થાય છે. આ પાક ખાધા ઉપર યથેચ્છ દૂધ પાવું.

૫૧ પંચજીરક પાક:—જીરું, કલોંજી જીરું, વરીઆળી, સુવા, અજમો, અજમોદ, ધાણા, મેથી, સુંઠ, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચિત્રક, શેરણી, ભોંયકોળાનું ચૂર્ણ, કોષ્ઠ અને કપીલો, એ પ્રત્યેક ચાર ચાર તોલા, ગોળ ૪૦૦ તોલા, દૂધ ૨૫૬ તોલા અને ઘી ૩૨ તોલાનો પાક સિદ્ધ કરવો. તે પાક સુવાવડીના વ્યાધિ ઉપર પ્રશસ્ત છે; તથા સુવારોગ, યોનિરોગ, તાવ, ક્ષય, ઉધરસ, દમ, પાંડુરોગ, કાર્શ્ય તથા વાતરોગનો નાશ કરે છે.

૫૨ બીજા પ્રકારનો પંચજીરક પાક:—જીરું, સેરણી, ધાણા, વરીઆળી, બોર, અજમો, રાઇ, બાવળ, કાસુંદરો, લીંડીપીંપર, પીંપળીમૂળ, અજમોદ, સુવા અને ચિત્રાનાં મૂળ, એ પ્રત્યેક ચાર ચાર તોલા, ધાણા ૧૬ તોલા; કચરો (કસેરૂ), તગર, કોષ્ઠ તથા અજમો, એ ચાર ચાર તોલા; ગોળ ૪૦૦ તોલા, ઘી ૭૪ તોલા અને દૂધ ૧૨૮ તોલા લઇ, તેનો મંદ અગ્નિ ઉપર ધીરે ધીરે પાક સિદ્ધ કરવો. આ પંચજીરક પાક સુવાવડી સ્ત્રીઓને ઘણોજ પ્રશસ્ત છે. આ પાક ગર્ભપ્રદ હોઈ વીસ પ્રકારના યોનિરોગ, વાતરોગ, ઉધરસ, શ્વાસ, ક્ષય, હલીમક, પાંડુરોગ, દુર્ગંધી તથા મૂત્રકૃચ્છ્રનો નાશ કરે છે. આ પાકના સેવનથી સ્ત્રીઓનાં સ્તન પુષ્ટ અને ઉપર ઉપસેલાં થાય છે. આ પાકનો સ્ત્રીઓને નિત્ય ઉપયોગ કર્યાથી અલક્ષ્મી–મળવર્જિત થાય છે,

૫૩ પટવાસપાક:—૬૪ તોલા પડવાસ, દૂધ ૨૦૪૮ તોલા અને ઘી ૧૨૮ તોલા, એ ત્રણે એકઠાં કરી મંદ અગ્નિ ઉપર પચન કરવાં. કિંચિત્ જાડું થયા પછી તેમાં ૬૪ તોલા મધ અને ૧૨૮ તોલા ખાંડ નાખવી. જાડો થયા પછી તે પાકને ઘીના વાસણમાં ભરી, તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવંગ, લીંડીપીંપર, સાટોડી, દુધી, કૌચબીજ અને ગોખરૂ, એ પ્રત્યેક તોલો તોલો તથા મજીઠ અને આસંધ, એ બબ્બે તોલા, અક્કલકરો ૧ તોલો, ગુંદ ૨ તોલા, નગોડનાં પાંદડાં કિંવા મૂળ ચાર તોલા, નાગબલા, કલાઇની ભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ તથા તામ્રભસ્મ, એ આઠ આઠ માસા; ગળોનું સત્ત્વ અને તવખીર, એ બબ્બે તોલા અને વાળો, ધોળું ચંદન, જટામાંસી, ભીમસેની કપૂર, વંશલોચન, જાયફળ, જાવંત્રી, કેસર અને રક્તચંદન (રતાંદળી), એ દરેક ચાર ચાર તોલા નાખવું. આ પાકના સેવનથી દમ, ઉધરસ, પાંડુરોગ, પ્રમેહ, યોનિરોગ, રજોદોષ, પાંચ પ્રકારનો પ્રદર અને બહુમૂત્રરોગનો નાશ થાય છે. સ્ત્રીઓને પુષ્ટતા પ્રાપ્ત થાય છે, બાળકોના અંગની વૃદ્ધિ થાય છે અને પુરુષોને બળ અને વીર્ય પ્રાપ્ત થાય છે.

૫૪ પાષાણભેદ પાક:—પાષાણભેદ ૬૪ તોલા લઇ, વસ્ત્રગાળ ચૂર્ણ કરી ગાયના ૫૧૨ તોલા ઘીમાં નાખી, મંદાગ્નિ ઉપર મૂકી, પાક હલાવતાં હલાવતાં જાડો કરવો. પછી એલચી, લવંગ, લીંડીપીંપર, જેઠીમધ, ગળો, હરડે, રેણુકબીજ, ગોખરૂ, અરડુસી, શરપુંખો, સાટોડી જવખાર, બહેડાં, જટામાંસી, સમાંગુલ, કમળ, કલાઇની ભસ્મ, લોહભસ્મ, અભ્રકભસ્મ, કપૂર, પિત્તપાપડો, ષટ્કચૂરો, તમાલપત્ર, નાગકેસર, તજ તથા શિલાજિત, એ પ્રત્યેક બબ્બે તોલા તથા સાકર ૯૬ તોલા લઈ ચૂર્ણ કરી દૂધ જાડું થયા પછી તે સર્વ તેમાં નાખી, નીચે ઉતારી, ઠંડુ થયા પછી તેમાં ૧૨૮ તોલા મધ નાખી, સ્નિગ્ધ વાસણમાં તે પાક ભરી રાખવો. આ પાક અર્ધા તોલા પ્રમાણે સવારે સેવન કરવો અને તીક્ષ્ણ પદાર્થ, તેલ વગેરે વર્જ્ય કરવું. એટલે પાંચ પ્રકારની અશ્મરી, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, પ્રમેહ, મધુમેહ, અધોરક્ત, બસ્તિગત અને કુક્ષિગત વાત તથા પિત્તનો નાશ

થાય છે. તીવ્ર અશ્મરીથી પીડિત માણસને આ પાક અત્યંત હિતકારક છે. જે ઔષધ બ્રહ્મદેવે બનાવ્યું અને ચ્યવનને કહ્યું, તે આજ ઔષધ છે.

૫૫ પિપ્પલીપાક:—૬૪ તોલા લીંડીપીંપર લઇ તે દૂધમાં વાટવી અને પછી તે લીંડીપીંપર મંદાગ્નિ ઉપર ૨૫૬ તોલા ઘીમાં શેકવી. પછી ૨૫૬ તોલા ખાંડ લઇ તેનો પાક કરી તેમાં તે લીંડીપીંપર નાખવી. પછી તજ, તમાલપત્ર, એલચી તથા નાગકેસરનું ચૂર્ણ બાર તોલા નાખવું અને તેની થેપલીઓ કરવી. આ પાક રોગીના દોષ અને ધાતુબળ જોઇ તે પ્રમાણે આપવો. તે ધાતુવર્ધક, બળકારક, હૃદયને હિતાવહ તથા તેજની વૃદ્ધિ કરનાર છે. આ પાક જીર્ણજ્વર અને ક્ષયથી ક્ષીણ થયેલા પુરુષને પુષ્ટિકારક હોઇ ઉલટી, તૃષા, અરુચિ, શ્વાસ, શોષ, જીહ્વારોગ, કમળો, હૃદ્રોગ, પાંડુરોગ, પ્રદર, ત્રિદોષ, વાતરક્ત, સળેખમ અને આમવાતનો નાશ કરે છે. આ પાક એક વર્ષ સેવન કરવાથી અંગની વૃદ્ધાવસ્થા જઇ તરુણપણું પ્રાપ્ત થાય છે.

૫૬ બીજા પ્રકારનો પિપ્પલીપાક:—૬૪ તોલા લીંડીપીંપરનું ચૂર્ણ લઈ તે ચોગણા દૂધમાં પચન કરવું. પછી તેનો ગોળો થયા પછી તેને ૨૫૬ તોલા ઘીમાં શેકવો. પછી ૨૫૬ તોલા સાકરનો પાક કરી તેમાં લીંડીપીંપરનો ગોળો અને એલચી, તજ, નાગકેસર, લવંગ, જટામાંસી, સુંઠ, મરી, લીંડીપીંપર, નાગરમોથ, ચંદન, તગર, ત્રિકટુ, જાવંત્રી, કેસર, જેઠીમધ, તલ, પારાની ભસ્મ, એ પ્રત્યેક તોલો તોલો નાખી, જાડો થયા પછી નીચે ઉતારવો. પછી તેમાં ૩૨ તોલા મધ નાખી તે પાક અગ્નિબળ જોઇ સેવન કરવો. આ પાક વીર્યવર્ધક, પુષ્ટિકર, રુચિકર, નેત્રોને હિતાવહ, અગ્નિવર્ધક, બળકર, ધાતુવૃદ્ધિકર, વીર્યસ્તંભક અને વાજીકરણ કરનારો હોઇ વીસ પ્રકારનો પ્રમેહ, ત્રિદોષ, ક્ષયરોગ, વાતરોગ અને હૃદ્રોગનો નાશ કરે છે.

૫૭ ત્રીજા પ્રકારનો પિપ્પલી પાક:—ઉપર કહેલા વજન પ્રમાણે પીંપરનું ચૂર્ણ દૂધમાં પાચન કરી ૫૧૨ તોલા ઘીમાં શેકવું; પછી ૨૫૬ તોલા સાકરની ચાસણીમાં મેળવી તેમાં તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, લવંગ, જાવંત્રી, તમાલપત્ર, જાયફળ, સફેદ મુસળી, કાળી મુસળી, કેસર અને વંશલોચન, એ પ્રત્યેક બબ્બે તોલા નાખી, પાક બહુજ જાડો થયા પછી નીચે ઉતારી, ઠંડો કરી ઘીથી નીવડેલા વાસણમાં ભરી રાખવો. આ પાક રોજ સવારમાં અગ્નિબળ જોઇ સેવન કરવા આપવો. આ પાક ષંઢત્વ, વ્રણ, ક્ષીણત્વ તથા દુર્બલત્વનો નાશ કરે છે અને સ્ત્રીસંગ કરનારને, વૃદ્ધને તથા જેનો સ્વર બદલાયેલો છે, એવા પુરુષોને હિતાવહ છે.

૫૮ ચોથા પ્રકારનો પિપ્પલીપાક:—૬૪ તોલા લીંડીપીંપર લઇ તે દૂધમાં વાટી અને ૧૨૮ તોલા ઘી લઈ તેમાં મંદાગ્નિથી શેકવી. પછી ૧૦૨૪ તોલા સાકરની ચાસણી કરી તેમાં તે નાખવી; અને તજ, તમાલપત્ર, એલચી તથા નાગકેસર, એનું ચૂર્ણ ૧૨ તોલા નાખવું અને તેનાં ચોસલાં પાડવાં. આ પાક ધાતુવર્ધક, બળકારક, હૃદયને હિતાવહ અને કાંતિની વૃદ્ધિ કરનાર હોઇ ક્ષય, પાંડુ, શ્વાસ, ઉરઃક્ષત, વાતરક્ત, ઉલટી, તૃષા, અરુચિ, શોષ, જીહ્વારોગ, જીર્ણજ્વર, કમળો, ત્રિદોષ, હૃદ્રોગ, પ્રદર, સળેખમ અને આમવાતનો નાશ કરે છે. આ એક વર્ષ આપવાથી વલીપલિત રોગ જઈ મનુષ્યને તરુણ કરે છે.

૫૯ પીલુપાક:—૨૦૪૮ તોલા પીલુનાં લીલાં ફળોનો રસ લઈ તે વસ્ત્રગાળ કરી વાસણમાં નાખી જાડો થાય ત્યાંસુધી અવટાવવો; પછી તેમાં ગોળ ૧૨૮ તોલા, ઘી ૬૪ તોલા અને ચાતુર્જાત, લવંગ, સુંઠ, મરી, લીંડીપીંપર, જાવંત્રી તથા જાયફળનું ચૂર્ણ એકેક તોલો નાખી, મંદાગ્નિ ઉપર તૈયાર કરવો. આ પાક રોજ ૧ તોલા પ્રમાણે ૨૧ દિવસસુધી ખાવા આપવો; અને ભજીયાં, ખાટા, ખારા તથા તીખા પદાર્થ વર્જ્ય કરવા. એથી વાતરોગ, મૂળવ્યાધિ, શ્વાસ, ઉરઃક્ષત, પિત્તવિકાર, અગ્નિમાંદ્ય, કફરોગ, રક્તવિકાર, પીનસ, શોષ, દાહ, સર્વ પ્રકારના ઉદરરોગ તથા વિદ્રધિ રોગનો પણ નાશ થાય છે. આ પીલુપાક માણસોને સુખદાયી હોઈ સર્વરોગનાશક છે.

૬૦ પૂગપાક:—નાગકેસર, નાગરમોથ, સુંઠ, ચંદન, મરી લીંડીપીંપર, આમળાં, ચારોળી, * તાલીમખાનું, રીસામણી, તજ, તમાલપત્ર, એલચીદાણા, જીરું, શહાજીરું, શિંગોડાં, વંશલોચન, જાવંત્રી, લવંગ, ધાણા અને વરીઆળી, એ પ્રત્યેક એકેક તોલો; તથા સોપારી ૩૨ તોલા લઇ—

ચૂર્ણ કરી ૩૮૪ તોલા દૂધમાં બાફવું. પછી ગાયનું ઘી ૩૨ તોલા, સાકર ૨૦૦ તોલા, આમળાં ૧૬ તોલા અને શતાવરી ૧૬ તોલા, એ પ્રમાણે તેમાં નાખી મંદાગ્નિ ઉપર ફરી શીજવવું. પછી નીતરેલા વાસણમાં એ પાક ભરવો અને શક્તિ પ્રમાણે સવારે સેવન કરવો. આ પાક પ્રમેહ, જીર્ણજ્વર, અમ્લપિત્ત, રક્તસ્રાવ, મૂળવ્યાધિ તથા અગ્નિમાંદ્યનો નાશ કરનારો હોઇ પુષ્ટિ, વીર્ય ને ગર્ભ આપનાર, મદનાશક તથા સ્ત્રીઓનો રક્તદોષ દૂર કરનાર છે.

૬૧ બીજા પ્રકારનો પૂગપાક:—ઉત્તમ દક્ષિણી સોપારી ૪૦ તોલા લઇ કાતરીને તેને પાણીમાં પલાળી રાખવી. તે નરમ થયા પછી સૂકવી વસ્ત્રગાળ ચૂર્ણ કરવું. પછી સોપારીથી આઠગણું દૂધ લઈ તેમાં તેને ઉકાળી ગાયનું દૂધ ૩૨ તોલા અને ખાંડ ૨૦૦ તોલા નાખી તે બધાનો પાક કરવો. પાક સારો સિદ્ધ થયા પછી નીચે ઉતારી તેમાં એલચીદાણા, નાગબલા, બળદાણા લીંડીપીંપર, જાયફળ, શિવલિંગી, જાવંત્રી, તમાલપત્ર, તજ, સુંઠ, વાળો, કાળો વાળો, નાગરમોથ, ત્રિફળાં વંશલોચન, શતાવરી, કૌચબીજ, કાળી દ્રાક્ષ, તાલીમખાનું, ગોખરૂ ઉભી ભોરિંગણીનાં મૂળ, ખારેક, ખીરણી, ધાણા, જેઠીમધ, શિંગોડાં, જીરૂં, કલોંજી જીરૂં, અજમો, જટામાંસી, વળીઆરી, મેથી, ભોંયકોળું, કાળી મુસળી, આસંધ, કચૂરો (કસેરૂ), નાગકેસર, મરી, ચારોળી, શીમળાનાં બી, ગજપીંપર, કમળાક્ષ, ચંદન, રતાંદળી અને લવંગ, એ પ્રત્યેક ચાર ચાર તોલા લઇ તેનું ચૂર્ણ કરી નાખવું; તેમજ પારાની ભસ્મ, કલાઇની ભસ્મ, સીસાની ભસ્મ, લોહભસ્મ, અભ્રકભસ્મ, કસ્તૂરી અને ભીમસેની કપૂર, એ યોગ્ય વિચાર કરી તે પાકમાં નાખી તેના ૪ તોલા વજનના લાડુ બાંધી તે બલાબલ જોઇ સેવન કરવા. જે માણસ રોજ આ રતિવલ્લભ પૂગપાકનું સેવન કરશે, તે વીર્યવાન, બળવાન, હર્ષયુક્ત તથા પુષ્ટ થશે. વૃદ્ધ પુરુષ પણ આ પાકના સેવનથી જુવાન જેવો થઇ પૂર્ણ ચંદ્રના જેવો સુંદર કાંતિમાન થશે. આને **રતિવલ્લભ પૂગપાક** પણ કહે છે.

૬૨ બદામપાક:—બદામ ૩૨ તોલા, માવો ૧૬ તોલા, એદાણા ૪॥ તોલા, લવંગ ०॥ તોલો, જાયફળ ०॥ તોલો, વંશલોચન ०॥ તોલો, કમળકાકડી ०॥ તોલો, એલચી ૧ તોલો, તજ ૧ તોલો, તમાલપત્ર ૧ તોલો, નાગકેસર ૧ તોલો, સાકર ૧૬૦ તોલા, ઘી ૧૬ તોલા, એનો વિધિ પ્રમાણે પાક કરી આપવાથી વીર્યવૃદ્ધિ થઇ પુષ્ટિ થાય છે, વાતરોગ દૂર થાય છે; તાવમાંથી ઉઠેલા માણસને શક્તિ આવવા માટે આ પાક ઘણો ઉપયોગી છે.

૬૩ ભોંયકોળાનો પાક:—ધોળું ભોંયકોળું સૂકવી ખાંડીને તેનું ચૂર્ણ ઘીમાં તળવું અને ધોળી મુસળીનું પાંચ તોલા ચૂર્ણ ૬૪ તોલા દૂધમાં ઉકાળી, માવો કરી તે માવો ઘીમાં શેકવો; પછી સારી સાકર ૩૨૦ તોલા લઇ તેની ચોતારી ચાસણી કરી તેમાં માવા સહિત ભોંયકોળાનો ભૂકો મિશ્ર કરી ખૂબ ઘુંટીને સરખું મિશ્રણ થયા પછી તેમાં લવંગ, એલચી, જાયફળ, જાવંત્રી, સુંઠ, મરી, લીંડીપીંપર, નાગકેસર, કેસર, વંશલોચન અને તજ. એ સમાન ઔષધોનું ચૂર્ણ ૨ તોલા સુધી, શહાજીરૂં એક તોલો અને પીંપળીમૂળ ૪ તોલા મિશ્ર કરી, એ પાકનાં ચોસલાં પાડવાં. એ દરરોજ બે તોલા પ્રમાણે સવારસાંજ સેવન કરવાથી ક્ષયરોગ દૂર થઇ મનુષ્ય ઉત્તમ વીર્યવાન થાય છે.

૬૪ બીજા પ્રકારનો ભોંયકોળાનો પાક:—ભોંયકોળાના કકડા કરી કાંજીમાં પલાળી રાખવા; પછી પાણીથી ધોઇ ૬૪ તોલા દૂધમાં ઉકાળી પછી ઘીમાં તળવા. પીળા થયા પછી સાકરની ચાસણી કરી તેમાં ૪ તોલા લીંડીપીંપર, ૨ તોલા સુંઠ, ૨ તોલા મરી, ૨ તોલા જીરૂં, ૨ તોલા આમળાં, ૨ તોલા તજ, ૧ તોલો એલચી, ૧ તોલો તમાલપત્ર, ૨ તોલા શિંગોડાં, ૨ તોલા કચૂરો, ૨ તોલા પીંપળીમૂળ, ૨ તોલા ચવક, ૨ તોલા ચિત્રક, ૪ તોલા ચારોળી, ૪ તોલા મુસળી અને ૧ તોલો લવંગ એમનું ચૂર્ણ કરી પાકમાં નાખી ચોસલાં પાડવાં. તે પાક ઘીમાં ખાવો. એનાથી રક્તપિત્ત, તાવ, ઉરસ, કમળો, તમકશ્વાસ, ભ્રમ, ઉલટી, તૃષા, પાંડુરોગ, ક્ષતક્ષય, અપસ્માર, શિરોરોગ, યોનિશૂળ તથા યોનિમાર્ગનો રક્તપ્રવાહ (પ્રદર) અને અગ્નિમાંદ્ય એ રોગો દૂર થઇ વીર્યવૃદ્ધિ અને પુષ્ટિ થાય છે.

૬૫ મહાકામેશ્વર પાક:—ઉપરના "રતિવલ્લભ પૂગપાક"માં ખુરાસાની અજમો, શુદ્ધ કરેલાં ધંતુરાનાં બી, અક્કલકરો, સમુદ્રશોષ, માયાં, ખસખસ અને તજનું ચૂર્ણ મેળવવું; અને સર્વ ચૂર્ણના અર્ધે ભાગે ભાંગ મેળવવી; એટલે આ કામેશ્વર પાક સિદ્ધ થાય છે.

૬૬ બીજા પ્રકારનો મહાકામેશ્વર પાક:—ધોળું ચંદન, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, લીંડીપીંપર, સુંઠ, શતાવરી, નાગરમોથ, શિંગોડાં, કમળ, ચારોળી, બોર આમળાં, કમળકાકડી, વંશલોચન, દ્રાક્ષ, જીરૂં, ધાણા, લવંગ, જાવંત્રી, શુદ્ધ લોહભસ્મ, શુદ્ધ કરેલો હિંગળોક, એ બબ્બે તોલા; લીલાં નાળીએરનું કોપરૂં તથા સોપારી ૩૨ તોલા અને ગાયનું દૂધ ૩૮૪ તોલા એ પ્રમાણે લઇ એકત્ર પચન કરવું. પછી આમળાં તથા શતાવરી સોળ સોળ તોલા લઈ ચૂર્ણ કરી તે સર્વ ચૂર્ણ ઘીમાં શેકી નાખવું. કલાઇની ભસ્મ ૨ તોલા અને ખાંડ ૪૦૦ તોલા લઇ તેનો પાક કરી તેમાં ઉપલી સર્વ જણસો નાખી, પાક સિદ્ધ કરી તે સવારે સેવન કરવો. આ પાકના સેવનથી પ્રમેહ, વાતરોગ, પેટ ચઢવું, શૂળ, ક્ષીણત્વ, દૈન્ય, રક્તપ્રદર, મુખરોગ, મૂળવ્યાધિ, કર્ણરોગ, નેત્રરોગ, કેશની અંદરનો રોગ, જરા (વૃદ્ધાવસ્થા), કુષ્ઠ, પિત્ત, અગ્નિમાંદ્ય અને હૃદ્રોગ દૂર થઇ પુષ્ટિ, બળ અને આનંદ પ્રાપ્ત થાય છે.

૬૭ ભલ્લાતક પાક:—૧૨૮ તોલા ભીલામાં લઈ તેના કકડા કરી તે ૨૦૪૮ તોલા દૂધમાં પચન કરવાં. સારાં પાકાં થયા પછી દૂધમાંથી બહાર કાઢી નાખવાં. પછી તેમાં ૨૫૬ તોલા ઘી અને ૬૪ તોલા સાકર નાખવી. હરડે, બહેડાં, આમળાં, નાગરમોથ, મજીઠ, ધાણાજીરૂં, અનુર્જાત, વાળો, જેઠીમધ, પદ્મકાષ્ઠ, કેસર, લવંગ, જાયફળ, ભોંયકોળું, કમળ, વંશલોચન, લોહભસ્મ, તામ્રભસ્મ, ભીમસેની કપૂર અને ખેરસાર, એ સર્વનું મળી ૩૨ તોલા ચૂર્ણ કરવું. પછી સર્વેનો પાક કરી તે રોજ ૪ તોલા ભક્ષણ કરવા આપવો; એટલે રક્તપિત્ત, કોઢ, દાદર, ખસ, ઝીણી ફોડકીઓની ખસ, વાતરક્ત, રક્તસ્રાવી વાતરક્ત, શરીરમાં રોજ સણકા થતા હોય તે, બહેરાપણું, શિથિલતા અને સર્વ પ્રકારના પિત્તરોગનો નાશ થાય છે.

૬૮ બૃહન્મુસલી પાક:—૬૪ તોલા કાળી મુસળીનું ચૂર્ણ લઇ તેનાથી આઠગણા દૂધમાં પચન કરવું. વ્યોષ (સુંઠ, મરી તથા લીંડીપીંપર), ત્રિજાત (તજ, તમાલ પત્ર, એલચી), શેરણી, વરીઆળી, શતાવરી, જીરૂં, અજમો, ચિત્રો, ગજપીંપર, અજમોદ, પીંપળીમૂળ, આમળાં, ષટ્કચૂરો, ગોખરૂ, ધાણા, આસંધ, હરડે, સમુદ્રશોકનાં બી, લવંગ, જાયફળ, જાવંત્રી, નાગકેસર, તાલીમખાનું, બળદાણા, પેટારીનાં (કાંગસીનાં) બીઆં, જીતાવણી (ગંગેટી), કૌચબીજ, જેઠીમધ, મોચરસ, શિંગોડાં, કમળકાકડી, વંશલોચન, વાળો, ચણકબાબા, અક્કલકરો અને ચંદન, એ પ્રત્યેક ચાર ચાર તોલા લેવું. સારા ચોખ્ખા તલ ૩૨ તોલા લેવા. રસસિંદૂર, અભ્રકભસ્મ અને લોહભસ્મ, એ પ્રત્યેક બબ્બે તોલા લેવું. પછી સર્વ ઔષધોથી બમણી સાકર લઇ તેનો પાક કરી તેમાં ઉપરનાં સર્વ ઔષધો નાખી પાક તૈયાર કરી બબ્બે તોલા વજનના લાડુ બાંધવા. પછી શુભ દિવસ જોઇ ઇષ્ટદેવતાનું પૂજન કરી રોજ એક લાડુ સેવન કરવો અને તે ઉપર થોડું દૂધ પ્રાશન કરવું; તેથી કરી અગ્નિમાંદ્ય, ગુલ્મ, પ્રમેહ, મૂળવ્યાધિ, શ્વાસ, ઉધરસ, વ્રણરોગ, ક્ષય, કમળો, પાંડુરોગ, ધાતુક્ષીણતા, દૃષ્ટિમાંદ્ય, વાતરોગ, પિત્તરોગ, કફરોગ, ષંઢત્વ, પ્રદર, શુક્રદોષ, ઉરક્ષત, રજોદોષ, મૂત્રકૃચ્છ્ર, મૂત્રાઘાત, પથરી, પ્રમેહ, મલબદ્ધરોગ, કૃશત્વ, દુર્બલત્વ, ગર્ભિણીના રોગ અને વાતરક્તનો નાશ થાય છે. વળી એના સેવનથી અગ્નિવૃદ્ધિ, કાંતિવૃદ્ધિ, તેજોવૃદ્ધિ અને કામવૃદ્ધિ પ્રાપ્ત થઈ વલીપલિત રોગનો નાશ થાય છે. ક્ષીણવીર્ય પુરુષ અને સ્ત્રીઓને માટે અશ્વિનીકુમારે આ પાક નીર્માણ કરેલો છે, શુક્રવૃદ્ધિ કરનાર આ પાકના કરતાં ઉત્તમ બીજો કોઇ પાક નથી.

૬૯ મુસલી પાક:—૩૨ તોલા કાળી મુસળીનું ચૂર્ણ લઈ તે ૮૦૦ તોલા દૂધમાં પચન કરવું. પછી ઘી ૬૪ તોલા, સાકર ૧૦૦ તોલા, ગુંદર ૧૬ તોલા, કોપરૂં ૧૨ તોલા, બદામ ૧૨ તોલા, ચારોળી ૧૨ તોલા; જાયફળ, લવંગ, કેસર, ત્રિફળાં, જટામાંસી, કૌચબીજ, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, સુંઠ, મરી, લીંડીપીંપર, જાવંત્રી અને કેળનો કંદ, એ પ્રત્યેક

તોલો તોલો લઇ, એ સર્વનો પાક કરી બબ્બે તોલા વજનના લાડુ બાંધી તે ખાવા આપવા; તેથી કરી ધાતુક્ષીણતા, અશક્તિ, અગ્નિમાંદ્ય, ઉધરસ, દમ, અરુચિ, પાંડુરોગ, દુર્બળતા, વિષમજ્વર, સર્વ વાતરોગ, પ્રમેહ અને વલીપલિત રોગ દૂર થઈ, ક્ષીણ થયેલાં ગાત્રો પુષ્ટ થાય છે અને મનોહર કાંતિ થાય છે. આ મુસળીપાકના સેવનથી વાંઝણી સ્ત્રીને પણ પુત્રપ્રાપ્તિ થાય છે.

૭૦ બીજા પ્રકારનો મુસલીપાક:—૩૨ તોલા મુસળીકંદનું ચૂર્ણ, ૬૪ તોલા દૂધ, ૩૨ તોલા સાકર અને સુંઠ, મરી, લીંડીપીંપળ, તજ, તમાલપત્ર, નાગકેસર, શેરણી, વરીઆળી, શતાવરી, જીરૂં, અજમો, જાવંત્રી, ખોડી અજમો, પીંપળીમૂળ, આમળાં, ષટ્કચૂરો, ગોખરૂ, ધાણા, આસંધ, બાળહરડે, મોથ, સમુદ્રશોફનાં બી, લવંગ, જેઠીમધ, મોસરસ, શિંગોડાં, કમળકાકડી, તવખાર, ચણકબાબા, અક્કલકરો, વાળો અને ચંદન, એ ૩૨ ચીજો દરેક તોલો તોલો, ૧૬ તોલા ફોતરાં કાઢેલા તલ અને સર્વથી બમણી સાકર નાખી પાક કરી ૪ તોલાના લાડુ કરવા. એ દરરોજ સવારે એકેક લાડુ ખાઈ ઉપર ૧૬ તોલા દૂધ પીવું. એનાથી મંદાગ્નિ, ગુલ્મ, મેદ, અર્શ, શ્વાસ, વ્રણ, ક્ષય, કમળો, પાંડુ અને શુક્રદોષ વગેરે દૂર થાય છે.

૭૧ મેથીપાક—મેથી અને સુંઠ, એ પ્રત્યેક ૩૨ તોલા લઇ તેનું વસ્ત્રગાળ ચૂર્ણ કરી, ૫૧૨ તોલા દૂધમાં ૩૨ તોલા ઘી નાખી તેમાં તે ચૂર્ણ નાખી એકત્ર જાડું થાય ત્યાંસુધી પાક કરવો. તેમાં ૨૫૬ તોલા ખાંડ નાખી ફરીથી મંદાગ્નિ ઉપર પક્વ કરવું. પાક સારો થયા પછી નીચે ઉતરાવો. પછી મરી, લીંડીપીંપર, સુંઠ, પીપળીમૂળ, ચિત્રક, અજમો, જીરૂં, ધાણા, કલોંજીજીરૂં, વરીઆળી, જાયફળ, ષટ્કચૂરો, તજ, તમાલપત્ર અને નાગરમોથ, એ પ્રત્યેક ચાર તોલા અને મરી ૬ તોલાનું ચૂર્ણ તેમાં નાખી હલાવી રાખી મૂકવું. આ પાકને મેથીપાક કહે છે. આ પાક ચાર તોલા કિંવા શક્તિ પ્રમાણે સવારે ભક્ષણ કરવો. આ પાક આમવાત, અન્ય વાતરોગ, વિષમ જ્વર, પાંડુરોગ, કમળો, ઉન્માદ, અપસ્માર, પ્રમેહ, વાતરક્ત, અમ્લપિત્ત, શિરોરોગ, નાસારોગ, નેત્રરોગ, ધૂપણી (પ્રદર) અને સૂતિકારોગ, એ સર્વ રોગોનો નાશ કરે છે, એમાં સંશય નથી. આ પાક શરીર પુષ્ટ કરનાર, બળ દેનાર અને વીર્યવૃદ્ધિ કરનાર છે.

૭૨ બીજા પ્રકારનો મેથીપાક:—૮૦૦ તોલા દૂધ અને ૧૨૮ તોલા ઘીમાં ૬૪ તોલા મેથીનું ચૂર્ણ નાખી મંદાગ્નિ ઉપર પચન કરવું. મધના જેવું જાડું થયા પછી તેમાં સાકર ૧૯૨ તોલા તથા મધ ૬૪ તોલા નાખવું; તેનો સારો પાક થયા પછી તેમાં ચાતુર્જાત ૪ તોલા તથા પંચકોળ ૫ તોલા અને મરી ૬ તોલા નાખવું; અને અગ્નિબળ જોઇ રોજ ૪ તોલા પ્રમાણે ખાવા આપવો; તેથી કરી આમવાત, સર્વ પ્રકારના વાતરોગ, જ્વર, વિષમજ્વર, પાંડુરોગ, કમળો, ઉન્માદ, અપસ્માર, પ્રમેહ, વાતરક્ત, અમ્લપિત્ત, શીતપિત્ત, શિરોરોગ, નેત્રરોગ તથા સુવારોગનો નાશ થાય છે અને શરીરની પુષ્ટિ થઇ બળવીર્યની વૃદ્ધિ થાય છે.

૭૩ લવંગ પાક:—૬૪ તોલા લવંગ લઇ તે ૪૦૯૬ તોલા ગાયના દૂધમાં મંદાગ્નિ ઉપર દૂધ ઉકળે ત્યાંસુધી શીજવવું. પછી નીચે ઉતારી તેમાં સાકર ૬૮ તોલા અને જાયફળ, ચણકબાબા, લીંડીપીંપર, સુંઠ, મરી, ત્રિફળાં, હળદર, દારુહળદર, એલચી, તગર, કેસર, જાવંત્રી આસંધ, પુષ્કરમૂળ, પીંપળીમૂળ, બળદાણા, અફીણ, લવંગ, અતિવિષ, ગોખરૂ, ભીમસેની કપૂર, ખુરાસાની અજમો, ચવક અને નાગકેસર, એ દરેક તોલો તોલો તથા પારદભસ્મ (પારાની ભસ્મ), તાંબાની ભસ્મ, એ દરેક ચાર ચાર માસા નાખી, આ પાક બબ્બે તોલા સેવન કરવો તથા તે ઉપર ગાયનું દૂધ પ્રાશન કરવું; એટલે તુષ્ટિ અને પુષ્ટિ પ્રાપ્ત થઈ વીર્યસ્તંભન થાય છે; તેમજ પાંચ પ્રકારની ઉધરસ, શ્વાસ, ગુલ્મ, પાંડુરોગ, પ્રમેહ, પથરી, મૂત્રકૃચ્છ્ર, વાતરોગ, અર્બુદ, પિત્તપ્રદર, કુષ્ઠ, હેડકી, નેત્રરોગ, મસ્તકરોગ અને વાતરોગનો નાશ થાય છે. આ અનંતદેવ બ્રહ્મ.જીએ નિર્માણ કરેલો અને સર્વ પાકોમાં શ્રેષ્ઠ છે. આ પાકના સેવનથી શૈત્ય તત્કાળ દૂર થાય છે

૭૪ બીજા પ્રકારનો લવંગપાક:—લવંગ ૩૨ તોલા, ગાયનું દૂધ ૫૭૨ તોલા, ઘી ૩૨ તોલા અને ખાંડ ૬૪ તોલા લઇ મંદાગ્નિ ઉપર હળવે હળવે પચન કરવું. પછી તેમાં નીલકમળ ૪ તોલા, એલચીદાણા અને ચંદન બબ્બે તોલા; રસકપૂર (શુદ્ધ), અગર અને તગર, એ તોલો તોલો

નાખવું; તેમજ પંચામૃત (સુંઠ, કાળીમુસળી, ગળોનું સત્ત્વ, શતાવરી અને ગોખરૂ), એ પદાર્થો નાખી પાક તૈયાર કરવો. રોગથી અતિ જર્જર દેહ થયેલો હોય એવા પુરુષે આ પાકનું સેવન કરવાથી ક્ષય, મહાશ્વાસ, પાંચ પ્રકારની ઉધરસ, વલીપલિત અને અન્ય રોગનો નાશ થાય છે.

૭૫ લશુનપાક:—૬૪ તોલા લસણુ ગંધ જવા માટે રાત્રે છાશમાં પલાળી રાખી, સવારે તેમાંથી કાઢી વાટી ગાયના ૫૧૨ તોલા દૂધમાં બાફવું. પછી તે જાડું થયા પછી તેમાં ઘી ૩૨ તોલા, રાસ્ના, શતાવરી, અરડુસી, ગળો, ષટ્કચૂરો, સુંઠ, દેવદાર, વરધારા, અજમો, ચિત્રક, સુવા, સાટોડી, ત્રિફળાં, લીંડીપીંપર અને વાવડીંગ, એ પ્રત્યેકનું તોલો તોલો ચૂર્ણ નાખી, ઠંડુ થયા પછી ૩૨ તોલા મધ નાખી પાક તૈયાર કરવો. પછી તેમાંથી ખાંડની સાથે થોડો ખાવા આપવો. તે પાક આઢ્યવાત, હનુગ્રહ, આક્ષેપક, ભગ્નવાત, કટિવાત, ઉરૂસ્તંભ, હૃદ્રોગ, સર્વાંગવાત, સંધિભંગવાત તથા ૮૦ પ્રકારના વાયુનો નાશ કરે છે. આ પથ્યકારક લસણુપાક વર્ણકર છે અને આયુષ્ય તથા પુષ્ટિ કરે છે.

૭૬ બીજા પ્રકારના લશુનપાક:—લસણુ સારૂં છોલી તે ૬૪ તોલા લઇ ૨૦૪૮ તોલા દૂધમાં ૧૬ તોલા ઘી નાખી શીજવવું. તેનો સારો પાક થઇ મધ જેવું થાય એટલે તેમાં ૧૨૮ તોલા ઘી નાખી ૧૨૮ તોલા ખાંડ તથા સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, પીંપળીમૂળ, ચવક, ચિત્રાનાં મૂળ, વાવડીંગ, હળદર, દારુહળદર, શેરણી, વરધારા, પોખરમૂળ, અજમો, લવંગ, દેવદાર, સાટોડી, ગોખરૂ, કડવો લીમડો, રાસ્ના, સુવા, શતાવરી, ષટ્કચૂરો, આસંધ અને કૌચબીજ, એ પ્રત્યેકનું એક એક તોલો ચૂર્ણ નાખી પાક તૈયાર કરવો. આ લશુનપાક અગ્નિબળ જોઇ સેવન કરવો. એ સંપૂર્ણ વાતરોગ, શૂળ, અપસ્માર, ઉરક્ષત, ગુલ્મ, ઉદરરોગ, ઉલટી, પ્લીહા, અંડવૃદ્ધિ, કૃમિ, મલબદ્ધતા, આનાહવાત, સોજો, અગ્નિમાંદ્ય, બળક્ષય, હેડકી, દમ, ઉધરસ, અપતંત્રકવાત, ધનુર્વાત, અંતરાયામ, પક્ષાઘાત, અપતાનકવાયુ, અર્દિતવાયુ, આક્ષેપકવાત, કુબ્જવાત, હનુગ્રહ, શિરોરોગ, વિશ્વાચી, ગૃધ્રસી, ખલ્લીવાત, પુંગુવાત, સંધિવાત, બહેરાપણું અને સંપૂર્ણ પ્રકારનાં શૂળનો અતિ જલદી નાશ કરે છે. આ લસણુપાક વાતવ્યાધિરૂપ હાથીનો સિંહની પેઠે નાશ કરે છે તથા કફવ્યાધિને શાંત કરી બળ અને પુષ્ટિ આપે છે. આ પાક એક વર્ષ સેવન કરવાથી વાતાદિ રોગોનો નાશ કરે છે.

૭૭ સાલમપાક:—૩૨ તોલા પંજાબી સાલમ, ૩૨ તોલા પિસ્તાં, ૧૬ તોલા બદામગોળા, ૧૨૮ તોલા સાકર, ૯ તોલા ધોળી મુસળી, ૪ તોલા ગોખરૂ, ૨ તોલા આસંધ, ૨ તોલા તાલીમખાનાં, ૨ તોલા શતાવરી, ૨ તોલા કૌચબીજ, ૧ તોલો કેસર, ૨ તોલા રૂમીમસ્તકી, ૧ તોલો જાયફળ, ૧ તોલો જાવંત્રી, ૧ તોલો લવંગ, ૧ તોલો તજ, ૧ તોલો ચણકબાબા, ૧ તોલો વંશલોચન, ૧ તોલો એલચીદાણા, ૯ તોલા ચારોળી અને ૧ તોલો અખોડ, એનો પાક કરી દરરોજ ૨ તોલા પ્રમાણે આપવો. ઉપર ૧૬ તોલા દૂધ પાવું. આ પાક ઉત્તમ પુષ્ટિકારક અને વીર્યવૃદ્ધિકારક છે.

૭૮ વિજયાપાક:—ભાંગ સારી રીતે ધોઇ નાખી તેનો કાઢો કરી તે ૮૦૦ તોલા લેવો અને દૂધ ૫૦૦ તોલા લઇ તેમાં નાખી કઢવી, જાડું થયા પછી નીચે ઉતારી તેમાં ખાંડ ૮૦ તોલા; ચાતુર્જાત, લવંગ, ત્રિકટુ, (સુંઠ, મરી, લીંડીપીંપર), અક્કલકરો, જાયફળ, જાવંત્રી, આસંધ, સાટોડી, દૂધી, કૌચબીજ અને ચવક, એ પ્રત્યેકનું ચાર ચાર તોલા ચૂર્ણ નાખવું અને સારી પેઠે કઢવી એ સર્વનો અવલેહ જેવો જાડો પાક થયા પછી સારા વાસણમાં ભરી રાખવો. પછી તે રોજ બે તોલા પ્રમાણે સેવન કરવો. આ પાકના સેવનથી ધાતુ પુષ્ટ થઈ પુષ્કળ વીર્ય પ્રાપ્ત થાય છે; અને દુસ્તર પ્રમેહ, સર્વ પ્રકારનો અતિસાર, ઉધરસ, દમ, ક્ષય, સ્ત્રીઓનો પ્રદર અને યોનિશૂળ ઇત્યાદિ સર્વ રોગોનો નાશ થઇ વીર્યસ્તંભન થાય છે. કોઈ કોઈ સ્થાને ચવકને બદલે બળદાણા લેવાનો રિવાજ છે.

૭૯ વિદારી પાક:—૬૪ તોલા ધોળા ભોંયકોળા(છુંદવાથી જેમાંથી સફેદ દૂધ નીકળે છે તે)નું ચૂર્ણ લઈ તે ૨૫૬ તોલા ઘી અને ૧૫ ગણા દૂધમાં પચન કરવું. મધના જેવું લાલ થયા પછી તેમાં જાવંત્રી, જાયફળ, લીંડીપીંપર, એલચીદાણા, સુંઠ, ધાણા, જીરૂં, અગર, કેસર, વાવ-

હીંગ, શિંગોડાં, ગોખરૂ, શતાવરી, બલદાણા અને ચણોઠીનાં મૂળ એ સર્વ તોલો તોલો નાખવાં અને ઠંડુ થયા પછી તેમાં ૬૪ તોલા સાકર નાખવી. આ પાક રોજ ચાર ચાર તોલા આપવો અને તે ઉપર જૂના ચોખાનો ભાત કરીને ખાવા આપવો; તેથી કરી પુષ્કળ બળ પ્રાપ્ત થાય છે; તેમજ સ્ત્રીઓના પ્રદર, મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ અને બહુમૂત્રના રોગો દૂર થાય છે.

૮૦ **શતાવરીપાક:**—શતાવરીનાં મૂળનો કલ્ક કરી લેવો અને કલ્કથી ચોગણું દૂધ, દૂધના સમભાગ ગાયનું ઘી અને કલ્કના સમભાગ સાકર લઇ ઘી શેષ રહે ત્યાંસુધી પચન કરવું. પાક તૈયાર થયા પછી રોજ તે બે તોલા પ્રમાણે સેવન કરવો; એટલે રક્તપિત્ત, અમ્લપિત્ત, ક્ષય અને શ્વાસનો નાશ થાય છે.

૮૧ **શાલપાક:**—દૂધ ૨૦૪૮ તોલા અને અરજુનવૃક્ષની છાલનું ચૂર્ણ ૧૧૬ તોલા. એ બે એકત્ર કરી મંદાગ્નિ ઉપર પક્વ કરવું. પછી તેમાં ૬૪ તોલા ગોળ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવંગ, જાયફળ, નાગરમોથ, વંશલોચન, ધાણા, સુંઠ, મરી, લીંડીપીંપર, આસંધ, હરડે અને લોહભસ્મ મિશ્ર કરી સેવન કરવું; એટલે હૃદ્રોગ, ક્ષય, શોષ, વાતરોગ, હિક્કા, રક્તદોષ, વીસ પ્રકારનો પ્રમેહ, શિરોવિપાક ઇત્યાદિ સર્વ રોગનો નાશ થશે.

૮૨ **સુંઠીપાક:**—સુંઠ ૩૨ તોલા, ગોળ ૧૨૮ તોલા અને ઘીથી ચોગણું દૂધ લઇ, સર્વનો મંદાગ્નિ ઉપર પાક કરી તે પાક ઘટ્ટ થયા પછી સેવન કરવો; એટલે મસ્તકશૂળ, અર્દિતરોગ, સૂર્યાવર્ત, હનુકંપ, મન્યાસ્તંભ, ગલગ્રહ, વાતરોગ અને કફાદિક અન્ય રોગોનો નાશ કરે છે.

૮૩ **બીજા પ્રકારનો સુંઠીપાક:**—૪૦૦ તોલા સારી દળદાર સુંઠ લઇ, ચૂર્ણ કરી ચોગણા ગાયના અથવા બકરીના દૂધમાં કઢવી તેનો ગોળો કરવો. પછી ચાતુર્જાત લવંગ, કેસર, લીંડીપીંપર, અમ્લવેતસ, જીરૂં અને શાહજીરાનું ચાર ચાર તોલા ચૂર્ણ નાખવું. આ પાક શક્તિ પ્રમાણે સેવન કરવા આપવો; એટલે ગુલ્મ, અરુચિ, સોજો, શૂળ, કૃમિ, નપુંસકત્વ અને અતિસારનો નાશ થાય છે.

૮૪ **ત્રીજા પ્રકારનો સુંઠીપાક:**—૩૨ તોલા સુંઠનું ચૂર્ણ લઈ તે ૨૫૬ તોલા દૂધમાં પચન કરી ગોળો કરવો. પછી સાકર ૬૪ તોલા લઇ પાક કરી તેમાં તે સુંઠનો ગોળો અને લવંગ તથા ચાતુર્જાત બબ્બે તોલા નાખવું. આ પાકના સેવનથી મસ્તકરોગ, પીનસ અને સંગ્રહણીનો નાશ થાય છે.

૮૫ **શેવંતીપાક:**—ધોળી શેવંતી(ગુલાબ)નાં ફૂલ એક હજાર લઇ તે ૧૨૮ તોલા ઘીમાં શેકવાં. પછી સાકર ૨૫૬ તોલા, ચાતુર્જાત ૧૬ તોલા, કાળી દ્રાક્ષ ૨૪ તોલા, મધ ૩૨ તોલા; ગળોનું સત્ત્વ, તવખીર, ધોળું જીરૂં, સીસાની અને કલાઈની ભસ્મ, એ પ્રત્યેક બબ્બે તોલા પ્રમાણે લઇ સર્વ ઔષધો એકત્ર કરી વાલભાર ભીમસેની કપૂર તેમાં મેળવીને વાસણમાં ભરી રાખવો. પછી તેમાંથી રોજ અર્ધો તોલા પ્રમાણે પાક સેવન કરવો. પથ્ય પાળવું. એના સેવનથી જીર્ણજ્વર, રાત્રિજ્વર, મસ્તકરોગ, રક્તપ્રદર, રક્તજરોગ, કોઢ, નેત્રરોગ અને મુખરોગનો નાશ થાય છે. (આજ રીતે ગુલાબનાં ફૂલનો પાક કરવાથી તેના ગુણ પણ ઉપર પ્રમાણે થાય છે.)

૮૬ **બીજા પ્રકારનો શેવંતીપાક:**—કાંટે શેવતી(શેવતી ગુલાબ)નાં ફૂલ એક હજાર લઇ ૧૨૮ તોલા ઘીમાં તળવાં. ત્યારપછી સાકર ૨૫૬ તોલા અને તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર, એ દરેક ચાર ચાર તોલા, દ્રાક્ષ ૨૪ તોલા, મધ ૩૨ તોલા અને ગળોનું સત્ત્વ ૨ તોલા, એ સર્વ એકત્ર કરી તેનો અવલેહ અથવા પાક કરવો; અને તે એક તોલો સવારે આપવો. આ શેવંતીપાક જીર્ણજ્વર, ક્ષય, ઉધરસ, અગ્નિમાંદ્ય, પ્રમેહ, પ્રદર, રક્તવિકાર, કુષ્ઠ, અર્શ, દુઃસાધ્ય નેત્રરોગ અને મુખરોગનો નાશ કરે છે.

૮૭ **બીલીપાક અથવા શ્રીફળપાક:**—બીલાની ઉપરની છાલ કાઢી નાખી, તે ૬૪ તોલા લઈ દૂધ ૨૦૪૮ તોલા અને ઘી ૬૪ તોલામાં તે પક્વ કરવું. પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીપર, તજ, તમાલપત્ર, એલચી અને લવંગ અર્ધો અર્ધો તોલો તથા સર્વ ઔષધોના સમાન સાકર લઇ પાક તૈયાર કરી તે રોજ બે તોલા સેવન કરવો. એના સેવનથી લોહી પડે છે તે તથા રક્તપિત્ત, વાતરોગ, ક્ષય, રક્તપ્રમેહ, ત્વગ્દોષ અને યોનિરોગ દૂર થાય છે. તુષ્ટિ અને પુષ્ટિ થઈ કામ પ્રદીપ્ત થાય છે અને ધાતુપુષ્ટિ થાય છે; તથા પીડાકારી પથરીનો નાશ થાય છે. આ પાક સેવન કરનારે

દુગ્ધપાન અવશ્ય કરવું; તથા મધુર આહાર સેવન કરવો.

૮૮ **સુરણપાક:**—ઈંદ્રવરણીનાં મૂળ અથવા ફૂલ, નાગરમોથ, સુંઠ, દંતીમૂળ, હરડે, નસોતર, ષટ્કચૂરો, વાવડીંગ, ગોખરૂ, ચિત્રક અને માલકાંગણી, એ દરેક બબ્બે તોલા લેવું. સુરણ ૩૨ તોલા, વરધારો ૧૬ તોલા અને ભીલામાં ૧૬ તોલા લઇ ૨૦૪૮ તોલા પાણીમાં સર્વનો ચતુર્થાંશ કાઢો કરવો. પછી ૨૫૮ તોલા ગોળ લઈ તે કાઢામાં નાખી પુનઃ પકવ કરવો. સારો પાકો થયા પછી ચિત્રાનાં મૂળ, નસોતર, દંતીમૂળ તથા માલકાંગણી એ પ્રત્યેક ચાર ચાર તોલા અને વ્યોષ (સુંઠ, મરી, લીંડીપીંપર), એલચી, મરી તથા તજ એ પ્રત્યેકનું બાર બાર તોલા ચૂર્ણ નાખવું. પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં મધ ૧૨૮ તોલા નાખવું. આ પાકને 'બાહુ શાલગુડ પાક' કહે છે. આ પાકના સેવનથી સર્વ પ્રકારના મૂળવ્યાધિનો રોગ, ગોળો, ઉદરરોગ, આમવાત, સળેખમ, સંગ્રહણી, ક્ષય, પીનસરોગ, હલીમક, પાંડુરોગ અને પ્રમેહનો નાશ થાય છે. આ પાક રસાયન (જરાવ્યાધિ દૂર કરનાર) છે.

૮૯ **બીજા પ્રકારનો સુરણપાક:**—નસોતર, માલકાંગણી, દંતીમૂળ, ગોખરૂ, ચિત્રાનાં મૂળ, સુંઠ, ષટ્કચૂરો, ઇંદ્રવરણીનાં મૂળ, સુંઠ, નાગરમોથ અને હરડે, એ પ્રત્યેક ચાર ચાર તોલા તથા ભીલામાં ૩૨ તોલા, વરધારો ૩૨ તોલા અને સુરણ ૬૪ તોલા લઇ તે સર્વનો ૪૦૯૬ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો કરી તેમાં ૫૧૨ તોલા ગોળ નાખવો અને કડછીને ચોંટે ત્યાંસુધી તે પાક કરવો. પછી નીચે ઉતારી તેમાં નસોતર, માલકાંગણી, સુરણ અને ચિત્રકમૂળ, એ પ્રત્યેક આઠ આઠ તોલા અને એલચી, તજ, મરી તથા નાગકેસર, એ પ્રત્યેક ૨૪ તોલા નાખવું. આ પાકના સેવનથી અજીર્ણ, ક્ષીણત્વ, પાંચ પ્રકારનો ગુલ્મ, પ્રમેહ, પાંડુરોગ, હલીમક અને સર્વ પ્રકારના ઉદરરોગ નાશ પામે છે. આ રસાયન બુદ્ધિની પુષ્ટિ કરનારૂં છે અને મૂળવ્યાધિ રોગને નાશ કરનારૂં છે. આ પાકને 'બાહુ શાલગુડ' પણ કહે છે.

૯૦ **મહાભલ્લાતક પાક:**—કડવો લીમડો, ધોળી ઉપલસરી, જાસુંદી, કડુ, ત્રાયમાણ, હરડે, બહેડાં, આમળાં, નાગરમોથ, પિત્તપાપડો, બાવચી, ધમાસો, વજ, ખેરસાર, ચંદન, કાળી પાટ, સુંઠ, ષટ્કચૂરો, ભારંગમૂળ, અરડુસી, કરીઆતું, ઇંદ્રજવ, કાળી ઉપલસરી, કડવાં ઇંદ્રવરણાં, મોરવેલ, વાવડીંગ, અતિવિષ, ચિત્રકમૂળ, કાંસાળું, ગળો અને નાગરમોથ, એ એકેક ભાગ અને પટોલપત્રા, હળદર, દારુહળદર, લીંડીપીંપર, ગરમાળાની શિંગોનું મગજ, સાત્વીણ, શરસડાની છાલ, ચણોઠી, મજીઠ, કલગારી, રાસ્ના, સાટોડી, દંતીમૂળ, બીલાની અંતરછાલ, ભાંગરો તથા કાંટાસરીઓ, એ પ્રત્યેક બબ્બે ભાગ લઇ તેનો ૧૦૨૪ તોલા પાણીમાં અષ્ટમાંશ કાઢો કરી ઉતારી લેવો. પછી ૧૦૦૦ ભીલામાં ફોડી ૨૦૪૮ તોલા પાણીમાં તેનો ચતુર્થાંશ કાઢો કરી, આ કાઢો અને ઉપરનાં ઔષધોનો કાઢો એકત્ર કરવો અને પુનઃ અગ્નિ ઉપર મૂકી તેમાં ગોળ ૪૦૦ તોલા નાખી તેનો લેહ સિદ્ધ કરવો. તેમાં હજાર ભીલામાંનાં બી નાખવાં. પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીંપર, હરડે, બહેડાં, આમળાં, નાગરમોથ, વાવડીંગ, ચિત્રકમૂળ, ચંદન, સિંધવ, કોષ્ઠ અને અજમો, એ પ્રત્યેક ૪ તોલા, તજ, તમાલપત્ર, એલચીદાણા અને નાગકેસર, એ ચાર ચાર તોલા નાખી, ઘીના વાસણમાં ભરી તેમાં શુદ્ધ ગંધકનું ચૂર્ણ ૧૬ તોલા નાખવું. આ ભલ્લાતક અવલેહ પ્રાણીઓના હિતને માટે શ્રીમહાદેવજીએ રચેલો છે. આ અવલેહ ગળોના કાઢાની સાથે સેવન કરવાથી ધોળો કોઢ, ઉદંબરકોઢ, ઋક્ષજીહ્વા, પુંડરીક, ચર્મદળ, વિસ્ફોટક, રક્તમંડળ, કાપાલિક, ખસ, વિપાદિકા, વાતરક્ત, ઉદાવર્ત, પાંડુરોગ, ઉલટી, કૃમિ, ૭ પ્રકારના અર્શ, શ્વાસ, ઉધરસ તથા ભગંદરનો નાશ કરે છે. આ પાક સેવન કરવામાં આવે ત્યાંસુધી ભોજનમાં ગરમ અને ખાટા પદાર્થ વર્જ્ય કરવા; એટલે ગમે તેવા કુષ્ઠો હશે તેનો પણ નાશ કરશે. જેને ભીલામો સદે નહિ તેઓએ આ પાક ખાવો નહિ.

૯૧ **સૌભાગ્યસુંઠી પાક:**—સુંઠ ૩૨ તોલા, ઘી ૮૦ તોલા, ગાયનું દૂધ ૨૫૬ તોલા, સાકર ૨૦૦ તોલા અને સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, એલચી તથા તમાલપત્ર એ પ્રત્યેક ચાર ચાર તોલા નાખી લેહવિધિ પ્રમાણે પાક તૈયાર કરવો. આ પાકને સુંઠી રસાયન કિંવા સૌભાગ્યસુંઠ

કહે છે. આ રસાયન આમવાતનો નાશ કરી કાંતિને સારી કરે છે; તથા ધાતુ, બળ અને આયુષ્ય આપે છે તેમજ વલીપલિત અને વંધ્યત્વનો પણ નાશ કરે છે.

૯૨ બીજા પ્રકારનો સૌભાગ્યસુંઠી પાક:—ઘી ૬૪ તોલા, દૂધ ૧૦૨૪ તોલા અને સાકર ૨૦૦ તોલા, એ પ્રમાણે લઈ અંદર સુંઠનું ચૂર્ણ ૨૦૦ તોલા નાખી ગોળના પાક જેવો પાક કરવો. તેમાં ધાણા ૧૨ તોલા, વરીઆળી ૨૦ તોલા, વાવડીંગ ૪ તોલા, જીરૂં ૪ તોલા અને સુંઠ, મરી, લીંડીપીંપર, નાગરમોથ, તમાલપત્ર, નાગકેસર તથા બારિક એલચી, એ પ્રત્યેકનું ચૂર્ણ ચાર ચાર તોલા નાખવું અને પચન કરવું. આ પાકને **નાગરખંડ** કહે છે. આ પાક સ્ત્રીઓને ઉત્તમ બળદાતા છે. આ પાક તૃષા, ઉલટી, તાવ, દાહ, શોષ, ઉધરસ, પ્લીહા, કૃમિ અને મંદાગ્નિનો નાશ કરે છે.

૯૩ ત્રીજા પ્રકારનો સૌભાગ્યસુંઠી પાક:—સુંઠ ૩૨ તોલા, ઘી ૮૦ તોલા, દૂધ ૫૧૨ તોલા, સાકર ૨૦૦ તોલા તથા શતાવરી, જીરૂં, સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, એલચી, તમાલપત્ર, અજમો, વરીઆળી, સુવા, ચવક, ચિત્રક અને નાગરમોથ, એ પ્રત્યેકનું ચાર ચાર તોલા ચૂર્ણ નાખી પચન કરવું. લેહના જેવું થાય એટલે સિદ્ધ થયું જાણવું. તેને ઘીના વાસણમાં ભરી રાખવો અને અગ્નિ તથા બળ જોઇ સેવન કરવા આપવો. સુવાવડીએ તો વિશેષે કરીને સેવન કરવો. એના સેવનથી બળ, વર્ણ અને પુષ્ટિ પ્રાપ્ત થઈ વલીપલિતનો નાશ થાય છે. આ પાક વયઃસ્થાપક, હૃદ્ય અને અગ્નિને પ્રદીપ્ત કરનાર છે; તથા આમવાત, મક્કલશૂળ અને સુવારોગનો નાશ કરનારો છે.

૯૪ ચોથા પ્રકારનો સૌભાગ્યસુંઠી પાક:—સુંઠનું ચૂર્ણ ૬૪ તોલા લઇ તે ૧૦૨૪ તોલા બકરીના ઉકાળેલા દૂધમાં નાખી તે દૂધ ગોળો થાય ત્યાં સુધી ઉકાળવું. પછી ૪૦૦ તોલા સાકરનો પાક કરી તેમાં તે સુંઠનો ગોળો અને ચાતુર્જાત, નાગરમોથ, વંશલોચન, મરી, ધાણા, જીરૂં, શાહજીરૂં, વરીઆળી, અક્કલકરો, સુંઠ, લવંગ, શતાવરી, કાળી મુસળી, સુંઠ, મરી, લીંડીપીંપર, કૌંચબીજ, ષટ્કટુ (સુંઠ, મરી, પીંપર, પીંપળીમૂળ, ચિત્રક અને ચવક), જાયફળ, જાવંત્રી, શિંગોડાં, વરધારો, નસોતર, કમળકાકડી, ત્રિફળાં, બલાત્રય, વાળો, આસંધ, ધોળું ચંદન, અગર, અજગંધ, ચણકબાબા, વગડાઉ તુલસીનાં બી, કાળી દ્રાક્ષ, અખોડ, કમળ, અજમોદ, બદામ, કોપરૂં, ભીમસેની કપૂર, અભ્રકભસ્મ, લોહભસ્મ, કલાઈની ભસ્મ, તામ્રભસ્મ, શિલાજિત અને સુવર્ણમાક્ષિક ભસ્મ, એ પ્રત્યેક એક એક તોલો નાખી પાક તૈયાર કરવો. આ પાકને નાગરખંડ કહે છે. આ પાક સવારસાંજ શક્તિ પ્રમાણે સેવન કરવો. આ પાક સ્ત્રીઓને ઘણો હિતાવહ છે. એના સેવન ઉપર પથ્યાપથ્યની વિશેષ સંભાળ રાખવાની જરૂર નથી. એના સેવનથી ક્ષય, પાંડુરોગ, ઉધરસ, દમ, મંદાગ્નિ, સંગ્રહણી, રક્તગુલ્મ, પ્રદર, સોમરોગ, દુગ્ધક્ષય, (દૂધ ન આવવું તે), મૂત્રકૃચ્છ્ર, કમળો, ગલરોગ, પિત્તરોગ, વાતરોગ અને સૂતિકારોગનો નાશ થાય છે. આ સૌભાગ્યસુંઠી પાક અશ્વિનીકુમારે નિર્માણ કરેલો છે અને તેનું સેવન કરનારને ઉત્તમ ગુણકારી છે. સ્ત્રીઓને એના સેવનથી પુત્રપ્રાપ્તિ થાય છે.

૯૫ પાંચમા પ્રકારનો સૌભાગ્યસુંઠી પાક:—૧૯૨ તોલા સુંઠનું ચૂર્ણ લઈ તે ૧૯૨ તોલા ઘીમાં શેકી નાખવું પછી તાંબાની અથવા લોઢાની કડાઇમાં ચોગણું દૂધ અને સમભાગ સાકર નાખી તેમાં પચન કરવી. પછી તેમાં જાયફળ, ત્રિફળાં, જીરૂં, શાહજીરૂં, ધાણા, વરીઆળી, એલચી, લીંડીપીંપર, નાગરમોથ, વાળો, દ્રાક્ષ, ભોંયકોળું, ચંદન અને ખારેક, એ પ્રત્યેક બબ્બે તોલા, લીલા નાળીએરની અંદરનું કોપરૂં ૩૨ તોલા, શિલાજિત ૮ તોલા, લોહભસ્મ ૮ તોલા, સુવા ૧૬ તોલા, ચારોળી ૧૬ તોલા અને નસોતર ૩૨ તોલા, એ પ્રમાણે નાખવું. સર્વ ઔષધોનો એક પિંડ થયા પછી તેમાં સુગંધી પદાર્થ, કેસર વગેરે નાખવા. આ સુંઠીપાક મહાદેવજીએ પાર્વતીજી પ્રત્યે કહેલો હતો તથા તેજ પાક નારદે બ્રહ્માના મુખથી સાંભળ્યો હતો. આ પાકના સેવનથી બળ, કાંતિ, સૌભાગ્ય, બુદ્ધિ, સ્મૃતિ, ઉત્તમ વાણી, સૌંદર્ય અને સુકુમારતા પ્રાપ્ત થઇ યોનિશિથિલતા દૂર થાય છે. સ્ત્રીઓનાં સ્તન ધટ્ટ થાય અને ૮૦ પ્રકારના વાતરોગ, ૨૦ પ્રકારના કફરોગ, ૪૦ પ્રકારના પિત્તરોગ, ૮ પ્રકારના જ્વર, ૧૮ પ્રકારના મૂત્રરોગ તેમજ નાસારોગ, નેત્રરોગ, કર્ણરોગ, મુખરોગ, મસ્તકરોગ,

બસ્તીશળ, યોનિશળ અને બીજા સર્વ રોગોનો નાશ થાય છે.

૯૬ હરીતકી પાક:—હરડે ૬૪ તોલા, પાણી ૨૦૪૮ તોલા, દશમૂળ ૧૨૮ તોલા, જવ ૯૬ તોલા અને પીંપળીમૂળ, ચિત્રાનાં મૂળ, ભારંગમૂળ, શંખાવળી, બળદાણા, કચોરાં, સુંઠ, અઘેડી, નાગરમોથ, પુષ્કરમૂળ અને ગજપીંપર, એ પ્રત્યેક ચાર ચાર તોલાનો અષ્ટમાંશ કાઢો કરી તેમાં હરડે વાટી નાખવી. પછી તેમાં ગોળ ૧૯૨ તોલા, ગાયનું ઘી ૨૦ તોલા અને જાયફળ. કેસર, ચાતુર્જાત, આમળાં, અજમો, બહેડાં, જાવંત્રી, તામ્રભસ્મ, લોહભસ્મ, સુંઠ, મરી તથા લીંડીપીંપર, એ પ્રત્યેકનું બબ્બે તોલા ચૂર્ણ નાખવું તથા પાક સિદ્ધ કરવો. આ પાક જીર્ણજ્વરનો નાશ કરે છે અને તત્કાળ પુષ્ટિ, તુષ્ટિ તથા બળ આપે છે. વળી રસકોપ, સંગ્રહણી, ક્ષીણધાતુ, અતિસાર, મૂળવ્યાધિ, દમ, ઉધરસ અને વાતરક્ત ઉપર હિતકારી છે.

૯૭ બીજા પ્રકારનો હરીતકી પાક:—દશમૂળ, ગજપીંપર, કૌચબીજ, ભારંગમૂળ, ષટ્કચૂરો, પુષ્કરમૂળ, સુંઠ, પહાડમૂળ, ગળો, પીંપળીમૂળ, શંખાવલી, રાસ્ના, ચિત્રકમૂળ, અઘેડી, બળદાણા અને ધમાસો, એ પ્રત્યેક બબ્બે પલ (૮ તોલા), જવ ૨૫૬ તોલા અને મોટી હરડે ૧૦૦ લઇ સર્વેનો ૨૦૪૮ તોલા પાણીમાં કાઢો કરી, તેમાંની હરડે જુદી કાઢી તે કાઢો ગાળી લેવો. પછી તેમાં ગોળ ૪૦૦ તોલા, તેલ ૩૨ તોલા, ઘી ૩૨ તોલા તથા લીંડીપીંપર ૧૬ તોલા નાખી પહેલી હરડે અંદર નાખી લેહ સિદ્ધ કરવો. ઠંડો થયા પછી તેમાં મધ ૧૬ તોલા નાખવું. પછી રોજ બે હરડે અવલેહ સાથે ખાવા આપવી; એટલે ક્ષય, સંગ્રહણી, સોજો, અગ્નિમાદ્ય, સ્વરભેદ, પાંડુરોગ, ઉધરસ, મસ્તકરોગ, હૃદ્રોગ, હેડકી અને વિષમજ્વરનો નાશ થઇ બુદ્ધિ, બળ અને ઉત્સાહ પ્રાપ્ત થાય છે. આ હરીતકી પાક ઉપલા દોષો દૂર કરવામાં શ્રેષ્ઠ છે.

૯૮ આર્દ્રક ખંડ:—આદાના બારિક કરેલા કકડા ૬૪ તોલા, ગાયનું ઘી ૬૪ તોલા, ગાયનું દૂધ ૨૫૬ તોલા, સાકર ૬૪ તોલા, પીંપળીમૂળ, મરી, લીંડીપીંપર, સુંઠ, ચિત્રો, વાવડીંગ, નાગરમોથ, નાગકેસર, તજ, એલચી, તમાલપત્ર, એ પ્રત્યેક ચાર ચાર તોલા લેવું. અને તેનો પાકવિધિ પ્રમાણે પાક કરી, તે દરરોજ સવારે સેવન કરવો; એટલે શીતપિત્ત, ઉદર્દ કોઢ અને ઉત્કોઠનો નાશ થાય છે. એ ઉપર લીમડો અને આમળાંનું ત્રણ માસા ચૂર્ણ ૨ માસા ગાયના દૂધ સાથે ખાવા આપવું અને દૂધભાતનું પથ્ય પાળવું; એટલે નવ દિવસમાં ઉપરના સર્વ રોગ દૂર થાય છે.

૯૯ વાસાખંડ:—અરડુસીનાં પાંદડાં ૪૦૦ તોલા લઈ તે આઠગણા પાણીમાં કઢવી, ચતુર્થાંશ શેષ રહ્યા પછી તેમાં હરડેનું ચૂર્ણ ૨૫૬ તોલા અને સાકર ૪૦૦ તોલા નાખી કઢવી, જાડું થયા પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં મધ ૩૨ તોલા, વંશલોચન ૧૬ તોલા, લીંડીપીંપર ૮ તોલા અને ચાતુર્જાત ૪ તોલા નાખી તે રોજ બે તોલા ભક્ષણ કરવો અને તે ઉપર ખુશીમાં આવે તે પદાર્થોનું ભોજન કરવું; એટલે રકતપિત્ત, ઉધરસ, શ્વાસ, ક્ષય, વિદ્રધિ, ઉદરરોગ, ગુલ્મ, તૃષા, હૃદ્રોગ અને પીનસનો નાશ થાય છે. (કોઈક જગ્યાએ વંશલોચન ૮ તોલા નાખવું એવો રિવાજ છે.)

૧૦૦ બીજા પ્રકારનો વાસાખંડ:—અરડૂસી, ભોરિંગણી, હરડે, આમળાં અને દશમૂળ, ઝિંઝરણી, એ ઔષધો લઈ એમાં આઠગણું પાણી લઇ ચતુર્થાંશ કાઢો કરી રાખવો. પછી તેમાં સમભાગ ગોળ નાખવો; તેમજ સુંઠ, મરી, લીંડીપીંપર, બળદાણા, કાળી મુસળી, ચાતુર્જાત, અજમો, શિંગોડાં, બીલાની અંદરનું મગજ, હળદર, ખેરનો ગુંદર, શતાવરી, જાયફળ, માયાં, ચણકબાબા, અક્કલકરો, કાળું નસોતર, અજગંધ, જાવંત્રી, કટકડી, ગુદાં અને ગહુલા, એ ઔષધો ગોળનો પાક થયા પછી તેમાં નાખવાં. પછી ઘી અને મધ નાખી અવલેહ સિદ્ધ કરવો. આ પાકના સેવનથી ઉધરસ અને દમ દૂર થઇ બળ પ્રાપ્ત થાય છે તથા કામવૃદ્ધિ થાય છે.

૧૦૧ ત્રીજા પ્રકારનો વાસાખંડ:—અરડૂસીનો રસ ૧૨૮ તોલા, મધ ૬૪ તોલા, સાકર ૩૨ તોલા, લીંડીપીંપર ૮ તોલા અને ઘી ૮ તોલા, એનો અવલેહ સિદ્ધ કરી તે આપવો. આ અવલેહ બાળકોને હિતકર હોઇ શોષ, ક્ષય, ઉધરસ, દમ અને ઉરઃક્ષત રોગનો નાશ કરે છે.

૧૦૨ ચોથા પ્રકારનો વાસાખંડ:—અરડુસીનાં પાંદડાં ૪૦૦ તોલા લઈ તે આઠગણા પાણીમાં કઢવી ચતુર્થાંશ શેષ રહ્યા પછી તેમાં હરડેનું ચૂર્ણ ૨૫૬ તોલા, સાકર ૪૦૦ તોલા અને લીંડીપીંપરનું ચૂર્ણ ૮ તોલા નાખી કઢવી જાડું થયા પછી નીચે ઉતારી ટંડુ થયા પછી તેમાં મધ ૩૨ તોલા, ચાતુર્જાત (તજ, તમાલપત્ર, એલચી અને નાગકેસર) ચાર તોલા નાખી તે પાક રોજ બે તોલા આપવો; એટલે રક્તપિત્ત, પિત્ત, ક્ષતક્ષય, ઉધરસ, દમ તથા ક્ષયનો વિશેષે કરી નાશ થાય છે.

૧૦૩ સુંઠીખંડ:—સુંઠ ૩૨ તોલા, ઘી ૩૨ તોલા અને દૂધ ૫૧૨ તોલા લઈ કઢવી એનો ગોળો કરવો; પછી સાકર ૨૦૦ તોલા લઇ તેનો પાક કરવો અને સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, તમાલપત્ર તથા એલચી, એ પ્રત્યેક ૪ તોલા લઈ તેનું ચૂર્ણ તેમાં મેળવવું; પછી શકિત પ્રમાણે તે ખાવા આપવું. તે ચૂર્ણ આમવાત શમાવનાર, ધાતુપુષ્ટિ કરનાર; બળ, આયુષ્ય અને તેજને આપનાર અને વૃદ્ધાવસ્થા દૂર કરનાર છે.

૧૦૪ બીજા પ્રકારનો સુંઠીખંડ:—સુંઠ ૪૦૦ તોલા, ઘી ૮૦ તોલા, દૂધ ૪૦૯૬ તોલા, સાકર ૨૦૦ તોલા અને સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, એલચી, તમાલપત્ર, નાગકેસર, પીંપળીમૂળ, કૃષ્ણાગરૂ, જાવંત્રી, જાયફળ,ષટ્કચૂરો, પાષાણભેદ, તામ્રભસ્મ, કલાઈની ભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, મંડૂર, લોહ અને કાંત, પ્રત્યેક ચાર ચાર તોલા નાખી, મંદાગ્નિ ઉપર એનો લેહ સારી રીતે સિદ્ધ કરવો. આ લેહ બળ, વર્ણ અને આયુષ્ય વધારનાર છે. તે વલીપલિત તથા આમવાતનો નાશ કરે છે અને ઉત્તમ કાંતિ બનાવે છે.

૧૦૫ હરિદ્રાખંડ:—હળદર ૩૨ તોલા, ગાયનું ઘી ૨૪ તોલા, દૂધ ૫૧૨ તોલા, ખાંડ ૨૦૦ તોલા; ત્રિકટુ, ત્રિજાત, વાવડીંગ, નસોતર, ત્રિફળાં, નાગકેસર અને નાગરમોથ, એ પ્રત્યેક ચાર ચાર તોલા લેવું. પ્રથમ હળદર અને ઘી દૂધમાં નાખી પચવવું; પછી સાકર નાખવી; અને પછીથી બાકીનાં ઔષધોનું ચૂર્ણ નાખી, પાક કરી તેને ઘીમાં ભરી રાખવો તથા સાત દિવસ પછી તે ખાવા આપવો; એટલે ખસ, વિસ્ફોટક અને દાદરનો નાશ થઇ શરીરકાંતિ સુવર્ણના જેવી થાય છે.

૧૦૬ બીજા પ્રકારનો હરિદ્રાખંડ:—હળદર ૩૨ તોલા, ગાયનું ઘી ૨૪ તોલા, ખાંડ ૧૨૮ તોલા, દૂધ ૮૦૦ તોલા; વ્યોષ, (સુંઠ, મરી, લીંડીપીંપર), ત્રિજાત, (તજ, તમાલપત્ર, એલચી,) નસોતર, નાગરમોથ, જીરૂં, વાવડીંગ, દેવદાર અને જેઠીમધ, એ પ્રત્યેક ૪ તોલા લઇ તેનો રીત પ્રમાણે કડછીને ચોંટે એવો જાડો પાક કરી તે ઉતારી રાખવો. આ પાક અગ્નિબળ જોઇ આપવો; જેથી કોઢ, ખરજ, વિસ્ફોટક, દાદર, ૬ પ્રકારનો મૂળવ્યાધિ રક્તપિત્ત, અમ્લપિત્ત, પાંડુરોગ અને હલીમક રોગનો નાશ થાય છે.

૧૦૭ કામસંદીપન મોદક:—શુદ્ધ પારો, ગંધક, અભ્રકભસ્મ, જવખાર, ચિત્રો, સિંધવ, સંચળ, બીડલોણ, બંગડીખાર, મોઠો ષટ્કચૂરો, અજમો, અજમોદ, વાવડીંગ, તમાલપત્ર, શુદ્ધ વછનાગ, જીરૂં, તજ, તાલીસપત્ર, એલચી, નાગકેસર અને લવંગ, એ પ્રત્યેક એકેક તોલો, જાયફળ ૩ તોલા, ત્રિકટુ ૪ તોલા; ધાણા, જેઠીમધ અને કચૂરો (કસેરૂ), એ ચાર ચાર તોલા, ભોંયકોળું ૨૦ તોલા; દંતીમૂળ, લીંડીપીંપર, બળદાણા, કૌચબીજ, ગોખરૂ, બીજોરૂં અને ઈંદ્રજવ, એ તોલો તોલો; સાકર સર્વ ચૂર્ણના સમાન અને તેટલુંજ મધ લઈ એકેક તોલાના લાડુ કરવા. આ મોદકને કામાગ્નિસંદીપન-મોદક કહે છે. એના સેવનથી વીર્યશુદ્ધિ થઇ, સહસ્ર સ્ત્રીઓ ભોગવવાનું સામર્થ્ય આવે છે, શિથિલતા થતી નથી. વાતરોગ, પિત્તરોગ, કફરોગ, અગ્નિમાંદ્ય, કમળો, ભગંદર, પાંડુરોગ, પ્રમેહ, અતિસાર, કૃમિ, હૃદ્રોગ, સંગ્રહણી, ઉધરસ, તાવ, શ્વાસ, ક્ષય, કફ, સળેખમ, શૂળ, આમવાત વગેરે સર્વ પ્રકારના રોગોનો નાશ થાય છે અને પુત્રપ્રાપ્તિ થાય છે. એ ઉપર પથ્ય પાળવું. આ મોદક બળકારક, વલીપલિત રોગનો નાશક અને રસાયન છે. આ પાક મૂળદેવે કહેલો છે.

૧૦૮ ગુડૂચી મોદક (ગળોના લાડુ):—વાળો, કાળો વાળો, તમાલપત્ર, કોઠ, આમળાં, કાળી

મુસળી, એલચીદાણા, રેણુકબીજ, દ્રાક્ષ, કેસર, નાગકેસર, કમળકંદ, ભીમસેની કપૂર, ચંદન, રતાંદળી, સુંઠ, મરી, લીંડીપીંપર, જેઠીમધ, આસંધ, શતાવરી, ગોખરૂ, તાલીમખાનું, જાયફળ, અણુકબોબા, ગંઠોડા, રસસિંદૂર, અભ્રકભસ્મ, કલાઇની ભસ્મ તથા લોહભસ્મ, એ સર્વ ઔષધો સમભાગે લેવાં; અને ગળોનું સત્ત્વ બે ભાગ લેવું. પછી સાકર, ઘી અને મધ લઇ મોદક (લાડુ) બાંધી તે સવારે સેવન કરવા; તેથી કરી ક્ષય, રક્તપિત્ત, પગની બળતરા, રક્તપ્રદર, મૂત્રાઘાત, મૂત્રકૃચ્છ્ર, વાતકુંડલિકા, પ્રમેહ અને સોમરોગ એ રોગો દૂર થાય છે.

૧૦૯ મદનવર્દ્ધન મોદક:—ગોખરૂ, તાલીમખાનું, આસંધ, શતાવરી, કાળી મુસળી, કૌચબીજ, જેઠીમધ, લેંચી (ગંગેટી) અને બળદાણાનું ચૂર્ણ કરી દૂધમાં નાખી તેનો માવો કરવો અને તેને ગાયના ઘીમાં શેકવો. પછી તેમાં ખાંડ નાખી લાડુ બાંધવા. ચૂર્ણથી આઠગણું દૂધ લેવું. ઘી ચૂર્ણના સમાન લેવું અને બધાંથી બમણી ખાંડ નાખવી. આ પાક બલાબલ જોઈ આપવો; એટલે ઉત્તમ પ્રકારે વીર્યવૃદ્ધિ થાય છે.

૧૧૦ બીજા પ્રકારનો મદનવર્દ્ધન મોદક:—ગોખરૂ, તાલીમખાના, આસંધ, શતાવરી, કાળી મુસળી, કૌચનાં બીજ, જેઠીમધ, નાગબલા અને બળબીજ, એનું ચૂર્ણ કરી તે દૂધમાં નાખી તેનો માવો કરવો. તે ગાયના ઘીમાં શેકવો. પછી તેમાં સાકર નાખી લાડુ બાંધવા. ચૂર્ણથી આઠગણું દૂધ અને ઘી ચૂર્ણની બરાબર નાખવું. સર્વથી બમણી સાકર નાખવી. બલાબલ જોઈ એનું સેવન કરવું એટલે ઉત્તમ પ્રકારે વીર્યવૃદ્ધિ થાય છે.

૧૧૧ મેથીમોદક:—ત્રિકટુ, ત્રિફળાં, મોથ, જીરૂં, શહાજીરૂં, ધાણા, કાયફળ, પુષ્કરમૂળ, કાકડાશિંગી, અજમો, સિંધવ, સંચળ, તમાલપત્ર, નાગકેસર, તાલીસપત્ર, તજ, એલચી, જાયફળ, જાવંત્રી, લવંગ, મોરમાંસી, ભીમસેની કપૂર અને ધોળું ચંદન, આ ઔષધોનું ચૂર્ણ કરવું; અને તે ચૂર્ણના સમાન મેથીનું ચૂર્ણ (ઘીમાં શેકી) લેવું. પછી બધાં ઔષધોથી બમણો જૂનો ગોળ લઇ તેને ભેળવી તેના લાડુ બાંધી અગ્નિબળ જોઇ ખાવા આપવા. એના સેવનથી અગ્નિ પ્રદીપ્ત થઈ મેદરોગ, શ્વાસ, સ્વરભંગ અને વીસ પ્રકારના પ્રમેહનો નાશ થાય છે. આ મેથીમોદક ગહનનાથે કહેલો છે.

૧૧૨ સુરણ મોદક:—ચિત્રકમૂળ ૪ તોલા, સુરણ ૮ તોલા, મરી ૮ માસા; ભીલામાં, પીંપળીમૂળ, વાવડીંગ, ત્રિફળાં, લીંડીપીંપર અને તાલીસપત્ર, એ દરેક તોલો તોલો, વરધારો ૮ તોલા, કાળી મુસળી ૪ તોલા, તજ અને એલચી એ આઠ આઠ માસા, એ સર્વને એકત્ર કરીને તેમાં તે સર્વથી બમણો ગોળ નાખી તેના લાડુ કરવા. આ નિત્ય ૧ તોલો ખાવાથી હરસનો નાશ થાય છે. અને એનાથી અગ્નિ પ્રદીપ્ત થાય છે. નિત્ય સેવન કરવાથી મહાન ગુણકારી થાય છે.

૧૧૩ ચિત્રક ગુડ:—ચિત્રક અને દશમૂળનો ૮૦૦ તોલા કાઢો અને ગળોનો રસ ૨૫૬ તોલા, હરડાં ૨૫૬ તોલા અને ગોળ ૪૦૦ તોલા લઈ તેનો પાક થતાં સુધી કઢવી, તેમાં બીજા દિવસે ૩૨ તોલા મધ અને ૨ તોલા જવખાર નાખવો. આ ચિત્રકગુડ અશ્વિનીકુમારે અગ્નિવૃદ્ધિ માટે કહેલ છે. એ ભક્ષણ કરી તેના ઉપર જે ખાય તે પચે છે. એ દમ, ઉધરસ, કૃમિ, ક્ષય, ગોળો, ઉદરરોગ, અર્શ સર્વે કોઢ અને અંડવૃદ્ધિનો નાશ કરે છે; તેમજ સળેખમનો ત્રણ દિવસમાં નાશ થાય છે.

૧૧૪ આષાઢિ મોદક (અડદીઆ લાડુ):—અડદની દાળનો લોટ ૨૦૦ તોલા લઇ ૧૦૨૪ તોલા દૂધમાં શીજવવો; અને સાકર ૪૦૦ તોલા લઇ તેનો પાક કરવો. ત્યાર પછી જાયફળ, કાંકચ, તજ, જાવંત્રી, શુદ્ધ હિંગળોક, લોહભસ્મ, જેઠીમધ, નાગકેસર, લીંડીપીંપર અને લવંગ એ બબ્બે તોલા લઇ તેનું ચૂર્ણ એમાં નાખી લાડુ વાળવા. તે ખાવાથી પુષ્ટિ અને આનંદ પ્રાપ્ત થઇ આંખોને તેજ આવે છે; તેમજ સર્વ પ્રકારના પ્રમેહરોગ, પાંચ પ્રકારની ઉધરસ, ક્ષયરોગ અને શ્વાસરોગનો નાશ થાય છે.

૧૧૫ આષાઢિ મોદક બીજા પ્રકારના:—અડદની દાળનું ચૂર્ણ, જવનું ચૂર્ણ, ઘઉંનું ચૂર્ણ અને ચોખાનું ચૂર્ણ સમભાગ લઇ તેનાથી અર્ધું ઘી તેમાં નાખી સારી રીતે શેકવું. પછી એ સર્વ

ઔષધોના વજન જેટલી સાકર લઇ તેની ચાસણી તૈયાર કરીને તેમાં એ શેકેલું ચૂર્ણ તથા પીંપરનું ચૂર્ણ નાખીને તેના લાડુ ૪ તોલા વજનના કરવા. આ લાડુ રાત્રે એક ખાઇ ઉપર ૧૬ તોલા દૂધ પીવું અને ખાટા, ખારા પદાર્થો વર્જ્ય કરવા. આ પ્રમાણે કરવાથી ધાતુપુષ્ટિ થાય છે અને ઘણી સ્ત્રીઓ ભોગવે તોપણ બળ ક્ષીણ થતું નથી.

२–अवलेह अथवा चाटण

અવલેહ કરવાની રીત:—ઔષધોના કાઢા, ઉકાળાદિને હલાવીને સાકરના પાકના જેવો ઘન પાક કરે છે, તેને રસક્રિયા કહે છે. તે રસક્રિયાનો પર્યાય શબ્દ અવલેહ, લેહ વગેરે છે. તે અવલેહ સેવન કરવાનું પ્રમાણ ૪ તોલા જાણવું. તેમાં સાકર નાખવાની હોય તો ચૂર્ણથી ચારગણી, ગોળ ચૂર્ણથી બમણો અને પાણી, દૂધ, મૂત્ર તથા બીજા પાતળા પદાર્થ એ ચૂર્ણથી ચારગણા નાખવા; એવો અવલેહ કરવાનો સર્વ સ્થળે નિયમ જાણવો. **અવલેહનો પાક સારો થયો છે કે નહિ તે જાણવાની પરીક્ષા:**—પાક સારો બને એટલે લેહના તાર થાય છે; પાણીમાં ટીપું નાખવાથી બૂડે છે; તે અવલેહ આંગળીઓ વચ્ચે દાબવાથી કઠિન અને ચીકણો જણાય છે અને તે પાકનો ગંધ, વર્ણ અને રસ અપૂર્વ હોય છે. એ પાક તૈયાર થયાનાં લક્ષણો જાણવાં. તે અવલેહનાં અનુપાનો દૂધ, શેલડીનો રસ, અરડુસીનો રસ અને પંચમૂળના કાઢાનો યૂષ ઇત્યાદિ છે. તે રોગનું તારતમ્ય જોઇ યોજવાં.

૧ અગસ્તિ હરિતકયવલેહ:—મોટી હરડે ૧૦૦, જવ ૨૫૬ તોલા, દશમૂળ ૮૦ તોલા; ચિત્રો, પીંપળીમૂળ, અઘેડી, ષટ્કચૂરો, કૌચબીજ, શંખાવળી, ભારંગમૂળ, ગજપીંપળી, બળદાણાના ઝાડનાં મૂળ અને પુષ્કરમૂળ, એ પ્રત્યેક આઠ તોલાનું ચૂર્ણ કરી ૨૫૬૦ તોલા પાણીમાં જ્યાંસુધી પાક થાય ત્યાંસુધી બાફવું. પછી ગાળી લઈ કાઢામાં તે બાફેલી હરડે ૧૦૦ નાખવી; તેમજ ઘી અને તેલ એ પ્રત્યેક ૩૨ તોલા અને ગોળ ૪૦૦ તોલા નાખી પચવી, જાડું થયા પછી નીચે ઉતારી, તેમાં મધ ૩૨ તોલા અને લીંડીપીંપરનું ચૂર્ણ ૧૬ તોલા નાખવું. પછી તેમાંથી દરરોજ બે હરડે એમાંના પાક સાથે ખાવા આપવી; એટલે ક્ષય, ઉધરસ, તાવ, શ્વાસ, હેડકી, મૂળવ્યાધિ, અરુચિ, પીનસ (સળેખમ), સંગ્રહણી અને વલીપલિત રોગોનો નાશ થાય છે. એના યોગથી બળ પ્રાપ્ત થઇ શરીરની કાંતિ સારી થાય છે અને વૃદ્ધાવસ્થા દૂર થાય છે. સર્વ રોગોનો નાશ કરવાવાળો આ અવલેહ અગસ્ત્ય ઋષિએ કહેલો છે. ક્ષયરોગવાળા પુરુષે આ પાક ખાઇને ઉપર સાકર, મધ અથવા માખણનું સેવન કરવું. આ પાક ખાધા પછી દૂધ કિંવા મધ અને ઘી એ સેવન કરવાથી ઉત્તમ પ્રકારની પુષ્ટતા પ્રાપ્ત થાય છે.

૨ બીજા પ્રકારનો અગસ્તિ હરિતકયવલેહ:—દશમૂળ, કૌચબીજ, શંખાવળી, ષટ્કચૂરો, બળદાણાનાં મૂળ, ગજપીંપર, અઘેડી, પીંપળીમૂળ, ચિત્રાનાં મૂળ, ભારંગમૂળ અને પુષ્કરમૂળ, એ પ્રત્યેક આઠ આઠ તોલા અને જવ ૨૫૬ તોલા, મોટી હરડે ૧૦૦, ઘી ૨૫૬૦ તોલા પાણીમાં નાખી, જવ બફાઇ જાય ત્યાંસુધી ઉકાળી તે ગાળી લેવું. પછી તેમાં ૧૦૦ હરડે અને ગોળ ૪૦૦ તોલા, ઘી ૩૨ તોલા, તેલ ૩૨ તોલા અને લીંડીપીંપરનું ચૂર્ણ ૧૬ તોલા નાખવું અને અવલેહ સિદ્ધ કરી તે ઠંડો થયા પછી તેમાં મધ ૧૬ તોલા નાખવું. પછી તેમાંથી દરરોજ બે હરડે ખાવા આપવી; એટલે વલીપલિત રોગનો નાશ થઈ કાંતિ સારી થાય છે તથા આયુષ્ય અને બળની વૃદ્ધિ થાય છે; તેમજ પાંચ પ્રકારની ઉધરસ, ક્ષય, હેડકી, વિષમજ્વર, સંગ્રહણી, મૂળવ્યાધિ, હૃદ્રોગ, અરુચિ અને પીનસરોગનો નાશ થાય છે. આ અવલેહ અગસ્ત્ય ઋષિએ કહેલો છે.

૩ ત્રીજા પ્રકારનો અગસ્તિ હરિતકયવલેહ:—શંખાવલી, દશમૂળ (બીલી, અરણી, અરલુ, ઊભી ભોરિંગણી, બેઠી ભોરિંગણી, સાલવણ, પીઠવણ, ગોખરૂ, સિવણ અને પાડલ), પુષ્કરમૂળ, ષટ્કચૂરો, ધમાસો, કૌચનાં મૂળ, બળદાણાના ઝાડનાં મૂળ, અઘેડી, ગજપીંપર, ગળો, સુંઠ, પહાડમૂળ, ચિત્રાનાં મૂળ, પીંપળીમૂળ (ગંઠોડા), ભારંગમૂળ અને રાસ્ના, એ પ્રત્યેક આઠ આઠ તોલા, મોટી હરડે ૧૦૦ અને જવ ૨૫૬ તોલા લઇ ૨૫૬૦ તોલા પાણીમાં જવ બફાય ત્યાંસુધી કાઢો

કરી, પછી તે ગાળી લઇ તેમાં તે બાફેલી હરડે અને ૪૦૦ તોલા ગોળ નાખવો; તથા લીંડીપીંપર ૧૬ તોલા, તલનું તેલ અને ઘી બત્રીસ બત્રીસ તોલા નાખી લેહ તૈયાર કરવો. પછી તે નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં ૩૨ તોલા મધ નાખવું. એનું સેવન કરવાથી ઉધરસ, મૂળવ્યાધિ, સંગ્રહણી, ક્ષય, જ્વર, વૃદ્ધત્વ, શ્વાસ, સળેખમ અને અરુચિનો રોગ દૂર થાય છે.

૪ અમૃતભલ્લાતકાવલેહ:—જે ભીલામાં પાણી ઉપર તરતાં ન હોય એવાં ૧૨૮ તોલા ભીલામાં લઇ કાપી ૨૦૪૮ તોલા પાણીમાં નાખવાં અને તેમાં તેટલીજ ગળો નાખી ચતુર્થાંશ પાણી બાળી નાખી, ગાળી, તેમાં સુઠ, ગળો, બાવચી, અરણી, કડવો લીંમડો, હરડે, આમળાં, હળદર, રાતું નસોતર, મજીઠ, મરી, સુંઠ, લીંડીપીંપર, અજમો, સિંધવ, નાગરમોથ, તજ, એલચી, નાગકેસર, પિત્તપાપડો, તમાલપત્ર, વાળો, કાળો વાળો, ચંદન, ગોખરૂનાં બીઆં, ષટ્કચૂરો અને રતાંદળી, એ સર્વનું બબ્બે તોલા ચૂર્ણ કરી નાખવું. જાડું થાય ત્યાંસુધી તે અગ્નિ ઉપર મંદાગ્નિથી બાફવું. બફાયા પછી ઉતારી માટીના નવા વાસણમાં સર્વ ઘાલવું. આ અમૃતભલ્લાતક પાક પાણીની સાથે એક પલ (૪ તોલા) પ્રમાણે લેવો. જેનાથી ભીલામાં સહન થઈ શકે તેમ ન હોય તેને આ ઔષધ આપવું નહિ. આ અવલેહ સવિકાર વાતરક્તનો નાશ કરે છે; અને સર્વ પ્રકારના કોઢ, અર્શ, વિસર્પ, મંડળ, કંડૂ, સંપૂર્ણ વાતવિકાર તથા લોહીથી ઉત્પન્ન થયેલા વિકારનો નાશ કરે છે. **અપથ્ય:**—વ્યાયામ, આતપ (તાપ), અગ્નિ, ખટાશ, માંસ, દહીં, સ્ત્રીસંગ, તૈલાભ્યંગ અને માર્ગગમન એ વર્જ્ય કરવું.

૫ બીજા પ્રકારનો અમૃતભલ્લાતકાવલેહ:—પવનના યોગથી ઝાડ ઉપરથી પડેલાં ભીલામાં ૨૫૬ તોલા લાવી ઈંટનો ભૂકો કરી તેમાં ખૂબ મસળવાં. પછી ધોઇ પવનમાં સૂકવવાં. સુકાયા પછી તેના કકડા કરી તેનાથી ચોગણા પાણીમાં ઉકાળવાં. ચતુર્થાંશ પાણી શેષ રહ્યા પછી ગાળી લઈ તેમાં સમભાગ દૂધ નાખી પુનઃ પચન કરવું. પછી તેમાં સાકર ૧૨૮ તોલા નાખવી; સુંઠ, મરી, લીંડીપીંપર, હરડે, બહેડાં, આમળાં, બીમસેની કપૂર, જટામાંસી, વંશલોચન, નસોતર, ખેરસાર, ગળોનું સત્ત્વ, ચંદન, અક્કલકરો, લીંડીપીંપર (બીજી વખત લેવી), ચણકબાબા, લવંગ, ધોળી મુસળી, કાળી મુસળી, મોચરસ, અજમો, અજમોદ, તગર, લીંડીપીંપર (ત્રીજી વખત લેવી), ભોંયકોળું, જાયફળ, નાગરમોથ, જાવંત્રી, કાચકાં, જીરૂં, અગર, સમુદ્રશોષનાં બીઆં, મેદા અને મહામેદા (એના અભાવે શતાવરી લેવી), લોહભસ્મ, પારાની ભસ્મ, કલાઇની ભસ્મ, અભ્રકભસ્મ અને કેસર, એ તોલો તોલો નાખી પાક તૈયાર કરવો. આ પાક તૈયાર કર્યે સાત દિવસ થયા પછી દરરોજ સવારમાં શક્તિ પ્રમાણે સેવન કરવો. આ પાકમાં અનુપાનની જરૂર નથી. ખુશીથી યથેચ્છ આહારવિહાર અને મૈથુન પણ કરવું. એના સેવનથી શરીરની કાંતિ સુવર્ણ જેવી થાય છે; ઉત્તમ બુદ્ધિ પ્રાપ્ત થઇ પુરુષ વીર્યવાન થાય છે; ઇંદ્રિયો બળવાન થઇ નીરોગી થાય છે; દાંત પુનઃ સારી સ્થિતિમાં આવે છે; ધોળા થયેલા કેશ કાળા થાય છે; શરીરે પડેલી કરચલીઓ દૂર થાય છે; નાક, કાન અને અંગુલી આદિ ઇંદ્રિયો પુનઃ સુંદર થાય છે; ચાંદીઓમાં કીડ પડેલી હોય એવો કુષ્ઠરોગી, જેવું સૂકાયેલું વૃક્ષ પાણી રેડવાથી પુનઃ તાજું થાય છે તેવી રીતે પુનઃ સુસ્વરૂપ થાય છે, બૃહસ્પતિના જેવો બુદ્ધિવાન થઇ તેને વિસ્મૃતિ કદી પ્રાપ્ત થતી નથી, કલ્પના પ્રમાણે આયુષ્યવાળો થઇ તેને ઘણું વીર્ય પ્રાપ્ત થાય; અને તે સો વર્ષસુધી સુખેથી જીવે છે.

૬ કંદર્પભૂષણાવલેહ:—ધોળી ડુંગળી લઇ તેને આમળાની પેઠે સુયા વડે ટોચા કરી કાંઇક બાફ આપી લુગડાથી લૂછી તેને મધ નાખેલા વાસણમાં નાખી મોઢું બાંધી તે વાસણને અગ્નિ વિનાના ચુલા ઉપર ચાર મહિના રાખી મૂકવું; પછી તેમાંની એકેક ડુંગળી ખાતા જવી. **પથ્ય:**—મીઠું ભોજન ચૌદ દિવસ ખાવાથી વીર્યવૃદ્ધિ થઇ શરીર પુષ્ટ થાય છે.

૭ અરડુસીનો અવલેહ:—અરડુસીનાં પાંદડાંને કપડમાટીમાં વિંટી અગ્નિની ભરસાડમાં શેકી પછી હાથમાં મસળી રસ કાઢવો. તેમાં સાકર નાખી મધ જેવો પાક કરવો. પછી તેમાં થોડું બહેડાંનું ચૂર્ણ અને હળદરનું ચૂર્ણ નાખવું. આ ચાટણથી શ્વાસ, કાસ, ક્ષય અને રક્ત-

પિત્તનો નાશ થાય છે.

૮ **આર્દ્રકાવલેહ:**—બારિક કરેલા આદુના કકડા ૬૪ તોલા, ગોળ ૬૪ તોલા અને ઘી ૩૨ તોલા લઇ એકત્ર કરી અગ્નિ ઉપર પચન કરવા. પછી ચાતુર્જાત ૪ તોલા, વ્યોષ (સુંઠ, મરી, લીંડીપીંપર) ૩ તોલા, ત્રિફળાં ૩ તોલા; તથા લવંગ, બહેડાં, ભારંગમૂળ, અરડુસી, કરીઆતુ, પુષ્કરમૂળ, દેવદાર, આસંધ, જાવંત્રી, જાયફળ, અગર, ખેરસાર તથા કાળી દ્રાક્ષ એકેક તોલો અને લોહભસ્મ ૨ તોલા તેમાં નાખી અવલેહ સિદ્ધ કરી તે સેવન કરવા આપવો; એટલે ઉધરસ, દમ, ક્ષય, શોષ, કફ, મંદાગ્નિ, ઉદરરોગ, હૃદ્રોગ, રક્તદોષ તથા અગીઆર પ્રકારના ક્ષયનો નાશ થઇ વર્ણ અને જઠરાગ્નિની વૃદ્ધિ થાય છે; તથા બળ અને પુષ્ટિ પ્રાપ્ત થઇ ધાતુની વૃદ્ધિ થાય છે.

૯ **આર્દ્રકાવલેહ-બીજો પ્રકાર:**—૧૬ તોલા આદુ છોલી સુધારી પછી થોડા ઘીમાં શેકી નાખવું. પછી ૬૪ તોલા ગોળ અથવા સાકરનો પાક કરી તેમાં આદાના કટકા નાખી, તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, લવંગ, નાની હરડે, ભારંગમૂળ, અરડુસી, કડવા લીમડાની છાલ, દેવદાર, આસંધ, જાયફળ, જાવંત્રી, અગરૂ, દ્રાક્ષ, એ બબ્બે તોલા નાખી માટીના રીઢા વાસણમાં ભરી રાખવું. એના સેવનથી કાસ, શ્વાસ, ક્ષય, મંદાગ્નિ અને હૃદ્રોગ એની શાંતિ થાય છે.

૧૦ **કંસહરિતકયવલેહ:**—દશમૂળ ૪૦૦ તોલા લઈ તેનાથી આઠગણું પાણી લઇ તેમાં દશમૂળ નાખી, પાણી ચોથો ભાગ શેષ રહે ત્યાંસુધી ઉકાળવું. પછી તે પાણી ગાળી લઈ તેમાં ૪૦૦ તોલા ગોળ અને ૧૦૦ હરડે નાખી લેહ કરવો; તથા ત્રિકટુ, ત્રિજાત અને જવખાર, એ એકેક તોલો અને ૬૪ તોલા મધ નાખી સર્વ એકત્ર કાલવવું. આ અવલેહ સોજો, આમવાયુ, ગુલ્મ, મેહ, કૃશત્વ, શ્વાસ, અમ્લપિત્ત, ઉધરસ, અરુચિ, શરીરનો વિકૃત વર્ણ, તાવ, ધાતુરોગ, મૂત્રરોગ, મૂળવ્યાધિ અને પથરી, એ રોગોને દૂર કર છે.

૧૧ **આમલક્યવલેહ:**—આમળાં યંત્રમાં પીલી તેનો રસ કાઢી તે ૨૦૪૮ તોલા લઇ મંદાગ્નિ ઉપર પચન કરવો. પછી તેમાં લીંડીપીંપર ૬૪ તોલા, જેઠીમધ ૮ તોલા, સુકાયલી દ્રાક્ષ ૬૪ તોલા, આદુ ૮ તોલા, વંશલોચન ૮ તોલા અને સાકર ૨૦૦ તોલા નાખી, જાડું થયા પછી નીચે ઉતારવું. પછી તેમાં ૧૨૮ તોલા મધ નાખવું. આ અવલેહ રોજ ચાર તોલા ભક્ષણ કરાવવો; એટલે હલીમક, કમળો અને પાંડુરોગનો નાશ થાય છે.

૧૨ **કંટકાર્યવલેહ:**—ચિત્રકમૂળ, પીંપળીમૂળ, સુંઠ, મરી, લીંડીપીંપર, નાગરમોથ, ધમાસો, ષટ્કચૂરો, પુષ્કરમૂળ, હરડે, નગોડ, વજ, ભારંગમૂળ, ગળો, રાસ્ના અને કાકડાશિંગી, એ પ્રત્યેક તોલો તોલો તથા ઉભી ભોરિંગણી વાટી તેનો કલ્ક ૮૦૦ તોલા લઇ, તેમાં પાણી ૪૦૯૬ તોલા નાખી ચતુર્થાંશ કાઢો કરી ગાળી લઈ તેમાં સાકર ૮૦ તોલા તથા ઘી ૩૨ તોલા નાખી કઢવી જાડું થયા પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં મધ ૩૨ તોલા, લીંડીપીંપર ૧૬ તોલા અને વંશલોચન ૧૬ તોલા નાખવું. આ અવલેહનું સેવન કરવાથી ઉધરસ, હૃદ્રોગ, શ્વાસ અને ગુલ્મનો નાશ થાય છે.

૧૩ **બીજા પ્રકારનો કંટકાર્યવલેહ:**—૪૦૦ તોલા ભોરિંગણી લઇ તેનો ૨૦૪૮ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો કરી તે ગાળી લેવો. પછી તેમાં ગળો, ચવક, ચિત્રક, નાગરમોથ, કાકડાશિંગી, ત્રિકટુ (સુંઠ, મરી, લીંડીપીંપર), ધમાસો, ભારંગમૂળ, રાસ્ના અને ષટ્કચૂરો, એ પ્રત્યેક ચાર ચાર તોલા; સાકર ૮૦ તોલા; તેલ અને ઘી, એ પ્રત્યેક ૩૨ તોલાં નાખી, એ સઘળું પકવ કરવું. પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં મધ ૩૨ તોલા, વંશલોચન ૧૬ તોલા અને લીંડીપીંપર ૧૬ તોલા નાખી માટીના વાસણમાં તે અવલેહ રાખી રોજ ખાવા આપવો; એટલે ઉધરસ, ઉચકી (હેડકી) અને શ્વાસનો નાશ થાય છે.

૧૪ **ત્રીજા પ્રકારનો કંટકાર્યવલેહ:**—ભોરિંગણીનાં પંચાંગ ૪૦૦ તોલા, પાણી ૨૦૪૮ તોલા અને હરડે નંગ ૧૦૦ લઇ, એ સર્વનો ચતુર્થાંશ કાઢો કરવો. પછી તેમાં ગોળ ૪૦૦ તોલા

નાખી, પક્વ કરી, ઠંડું થયા પછી નીચે ઉતારી, તેમાં ત્રિકટુ તથા ત્રિફળાં બાર બાર તોલા, મધ ૨૪ તોલા, વંશલોચન, ખેરસાર, ભારંગમૂળ, કાકડાશિંગી, કાયફળ, પુષ્કરમૂળ તથા અરડુસી, એ પ્રત્યેક બબ્બે તોલા અને ચાતુર્જાત ચાર તોલા નાખી અવલેહ સિદ્ધ કરવો. એના સેવનથી વાત, પિત્ત, કફ, દ્વિદોષ અને ત્રિદોષથી થયેલો કફ, તેમજ ક્ષત અને ક્ષયથી થયેલી ઉધરસ, પીનસ, શ્વાસ, ઉરઃક્ષતક્ષય અને ૧૧ પ્રકારના ઉગ્ર ક્ષયરોગો દૂર થાય છે. આ રસાયન ભૃગુઋષિએ કહેલું છે.

૧૫ કલ્યાણકાવલેહ:—પહાડમૂળ, ધાણા, અજમો, જીરૂં, શેરણી, ચવક, ચિત્રાનાં મૂળ, સિંધવ, હરડે, અજમોદ, વાવડીંગ લીંડીપીંપર, પીંપળામૂળ, સુંઠ, મરી, લીંડીપીંપર, ત્રિફળાં, એલચીદાણા અને તજ તોલો તોલો લેવાં; તેલ ૩૨ તોલા, નસોતર ૮ તોલા, આમળાંનો રસ ૧૨૦૦ તોલા અને ગોળ ૨૦૦ તોલા લઇ, એ બધાનો જાડો થાય ત્યાંસુધી પાક તૈયાર કરી, તે પાક સવારમાં સેવન કરવો; એથી ઉદરરોગનો નાશ થાય છે.

૧૬ બીજા પ્રકારનો કલ્યાણકાવલેહ:—લીલાં આમળાંનો રસ ૩૮૪ તોલા, ગોળ ૨૦૦ તોલા, નસોતરનું ચૂર્ણ ૩૨ તોલા, તલનું તેલ ૬૪ તોલા, પંચલવણ (સિંધવ, સંચળ, બીડલોણ, વડાગરૂ મીઠું અને સમુદ્રનું મીઠું), અજમો, અજમોદ, શેરણી, જીરૂં, ત્રિફળાં, ષટ્કટુ (સુંઠ, મરી, લીંડીપીંપર, ચવક, ચિત્રક, પીંપળામૂળ), પહાડમૂળ, ધાણા, લીંડીપીંપર અને વાવડીંગ, એ ઔષધો તોલો તોલો લઈ તેનો લેહ કરવો. પછી તજ, તમાલપત્ર અને એલચીદાણાનું ચૂર્ણ નાખી તે અવલેહ સેવન કરવો. તેના સેવનથી વ્રણ, કોઢનો રોગ, શુક્રાર્તવદોષ, ઉદર, મેહ, સંગ્રહણી, પાંડુ-રોગ અને મૂળવ્યાધિનો નાશ થાય છે.

૧૭ કુટજાવલેહ:—કડાછાલ ૪૦૦ તોલા લઇ અધકચરી કરી તેમાં પાણી ૧૦૨૪ તોલા નાખી ચોથો ભાગ અવશેષ રહે ત્યાંસુધી કાઢો કરી લુગડાથી ગળી તેમાં ૧૨ તોલા ગોળ નાખી ફરીથી જાડું ઘટ્ટ થતાં સુધી પાક કરી તેમાં રસવતી, મોચરસ, સુંઠ, મરી, લીંડીપીંપર, હરડાં, બહેડાં, આમળાં, રીસામણી, ચિત્રક, કાળીપાટ, નાનાં (કુમળાં) બીલાંનો ગર્ભ, ઇંદ્રજવ, વજ, ભીલામાં, અતિવિષ, વાવડીંગ અને વાળો, એ અઢાર ઔષધોનું ચૂર્ણ ચાર ચાર તોલા અને ઘી ૧૬ તોલા નાખી ઠંડું થયેથી તેમાં મધ ૧૬ તોલા નાખવું. આ અવલેહ બકરીના દૂધમાં અથવા છાશમાં અગર દહીંમાં અથવા ઘીમાં કે પાણીમાં અનાજ પચી ગયા પછી લેવો અને સારૂં પથ્ય પાળવું. એથી બધી જાતના હરસ જલદી દૂર થાય છે અને ભગંદરાદિ દુષ્ટ રોગ, અતિસાર, અરુચિ, સંગ્રહણી, પાંડુરોગ, રક્તપિત્ત, કમળો, અમ્લપિત્ત, સોજો, દુબળાપણું અને પ્રવાહિકા(મરડો)-રોગ જે અતિસારનો ભેદ છે, તે પણ દૂર થાય છે.

૧૮ કુષ્માંડકાવલેહ:—સાકર ૧૨૮ તોલા, આમળાંનો રસ ૨૫૬ તોલા અને કોળાના કકડા બાફી તેનો રસ ૨૦૦ તોલા, ઘી ૧૨૮ તોલા, બાફેલા કોળાના કકડા ૪૦૦ તોલા અને અરડુસીનો કાઢો ૫૧૨ તોલા, એ સર્વ પચન કરી જાડું થયા પછી હરડે, આમળાં, ભારંગમૂળ, તજ, તમાલપત્ર અને એલચી, એ પ્રત્યેક તોલો તોલો અને તાલીસપત્ર, સુંઠ, ધાણા તથા મરી, એ પ્રત્યેક ચાર ચાર તોલા; અને લીંડીપીંપર ૧૬ તોલા; તથા મધ ૩૨ તોલા નાખી પાક તૈયાર કરી રાખી મૂકવો. પછી આ પાક અગ્નિબળ જોઈ ખાવા આપવો; એટલે ઉધરસ, તાવ, હેડકી, રક્તપિત્ત, હલીમક, હૃદ્રોગ, અમ્લપિત્ત અને સળેખમનો નાશ કરે છે.

૧૯ બીજા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—જૂનું અને મોટું કોળું લઈ તેની છાલ તથા બી કાઢી નાખી તેના કકડા કરવા. તે કકડા ૪૦૦ તોલા લઇ ૧૬૦૦ તોલા પાણીમાં નાખી અર્ધું પાણી બળી જાય ત્યાંસુધી ઉકાળી પછી નીચે ઉતારવું. ઠંડુ થયા પછી તે કકડા કપડામાં બાંધી પીલીને પાણી કાઢી નાખવું. તે પાણી પુનઃ ચૂલા ઉપર મૂકવું અને કોળાના કૂચા સૂકવી ૧૨૮ તોલા ઘીમાં લાલ થાય ત્યાંસુધી શેકી, તે ઉકાળેલા પાણીમાં નાખવા અને તેમાં સાકર ૪૦૦ તોલા નાખી તેનો પાક કરવો. તે પાક લેહ જેવો થાય એટલે તેમાં લીંડીપીંપર, સુંઠ અને જીરૂં, એ પ્રત્યેક આઠ આઠ તોલા અને ધાણા, તમાલપત્ર, એલચી, મરી તથા તજનું ચૂર્ણ બબ્બે તોલા અને મધ ૬૪ તોલા નાખી તેમાં ખાંડ (કોઇના મતમાં મધ કરતાં વધારે, કોઇના મતમાં મધથી

અર્ધાં એ પ્રમાણે છે.) નાખવી અને ૧૬ તોલા દ્રાક્ષ, લવંગ અને કપૂર એકેક તોલો નાખી પછી તે પાક ઘીના વાસણમાં ભરી રાખવો. આ કુષ્માંડક—રસાયન અગ્નિબળ જોઈ આપવું. તે પાક રક્તપિત્ત, ક્ષતક્ષય, ઉધરસ, દમ, ઉલટી, તૃષા અને તાવ ઉપર આપવો. આ પાક વૃષ્ય અને તારુણ્યકારક, બળ, વર્ણને આપનાર, ઉરઃક્ષતનું સંધાન કરનારો, પૌષ્ટિક તથા સ્વર સારો કરનારો છે. આ પાક અશ્વિનીકુમારે શોધી કાઢેલો છે.

૨૦ ત્રીજા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—જૂના અને મોટા કોળાને છોલી તેની અંદરથી બી અને છાલ કાઢી નાખી એના ઘણાજ ઝીણા કકડા કરવા. તે કકડા ૪૦૦ તોલા લઈ ૧૬૦૦ તોલા દૂધમાં મંદ અગ્નિવડે હલાવી હલાવી બાફવા. જાડો થવા લાગે એટલે સાકર ૨૦૦ તોલા, ગાયનું ઘી ૧૨૮ તોલા, મધ ૬૪ તોલા, કોપરું ૧૬ તોલા, ચારોળી ૮ તોલા અને ગોખરૂ ૪ તોલા, એ સર્વ એકત્ર કરી, ચાટવા જેવું થાય એટલે નીચે ઉતારી, તેમાં સુવા ૧ તોલો અને જીરૂં, અજમો, ગોખરૂ, તાલિમખાનું, હરડે, કાચકાંનો મગજ તથા તજ એ પ્રત્યેક બે બે તોલા અને ધાણા, લીંડીપીંપર, નાગરમોથ, આસંધ, શતાવરી કાળી મુસળી, નાગબલા, વાળો, તમાલપત્ર, ષટ્કચૂરો, જાયફળ, લવંગ, બારિક અને મોટી એલચી, શિંગોડાં તથા પિત્તપાપડો, એ પ્રત્યેક ચાર ચાર તોલા; અને ચંદન, સુંઠ, આમળાં તથા નાગકેસર, એ પ્રત્યેક પાંચ પાચ તોલા; વાળો ૨ તોલા અને મરી ૮ તોલા, એ સર્વનું ચૂર્ણ કરી તે નીચે ઉતાર્યા પછી નાખવાં. આ કુષ્માંડકાવલેહ રોજ ચાર તોલા પ્રમાણે ભક્ષણ કરાવવો; કિંવા અગ્નિબળ જોઇ વધારેઓછો ખાવા આપવો. આ પાકના સેવનથી રક્તપિત્ત, શીતપિત્ત, અમ્લપિત્ત, અરુચિ, અગ્નિમાંદ્ય, દાહ, તૃષ્ણા, પ્રદર, રક્તાર્શ પિત્તથી થતી ઉલટી, પાંડુરોગ, કમળો, ઉપદંશ, વિસર્પ, જીર્ણજ્વર અને વિષમજ્વરનો નાશ થાય છે. આ અવલેહ અત્યંત વૃષ્ય, પૌષ્ટિક અને બળ વધારનારો છે; તેમજ એના સેવનથી ષંઢત્વ દૂર થઇ સામર્થ્ય આવે છે. આ અવલેહ માટીના કોરા વાસણમાં ભરી રાખવો.

૨૧ ચોથા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—કોળાનો સ્વરસ ૪૦૦ તોલા. ગાયનું દૂધ ૪૦૦ તોલા તથા આમળાંનું ચૂર્ણ ૩૨ તોલા, એ સર્વ મંદાગ્નિ ઉપર પચન કરી ગોળો થાય એટલે તેમાં સાકર ૩૨ તોલા નાખી પાક તૈયાર કરવો. પછી એ પાકમાંથી રોજ બે તોલા ભક્ષણ કરવો. આ ખંડ-કુષ્માંડકાવલેહ ભક્ષણ કરવાથી રક્તપિત્ત, અમ્લપિત્ત, દાહ, તૃષા તથા કમળાનો નાશ કરે છે.

૨૨ પાંચમા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—પાકેલું કોળું છોલી ગર્ભનું પાણી લુગડામાં ચોળીને કાઢવું. પછી સૂકાવા ઘીમાં શેકવું. લાલ રંગ થાય એટલે ઉતારી તેમાં બદામ તળીને નાખવી—દૂધનો માવો કરીને નાખવો; અને જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, વંશલોચન, તજ, તમાલપત્ર, નાગકેસર અને કમળકાકડી, એ ઝીણાં વાટીને નાખવાં અને હલાવી એકત્ર કરવાં. પછી સર્વ ઔષધોથી બમણી સાકર લઈ કોળાના પાણીમાં પાક કરવો. તેમાં કેસર નાખવું. ચાસણી કરી સર્વ ઔષધો નાખી એકત્ર કરી રાખી મૂકવું. એ નિત્ય બબ્બે તોલા ખાવાથી અમ્લપિત્ત, દાહ, ભ્રમ, શોષ, ક્ષીણતા, અગ્નિમાંદ્ય એ રોગો દૂર થઇ પુષ્ટિ થાય છે.

૨૩ છઠ્ઠા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—જૂના કોળાનો ગર ૨૦૦ તોલા લઈ, તે ૧૨૮ તોલા ગાયના દૂધમા લાલ થાય ત્યાંસુધી શેકવું. પછી ૫૧૨ તોલા અરડુસીનો કાઢો લઇ તેમાં ૪૦૦ તોલા સાકર નાખી પાક કરવો અને તેમાં તે નાખવું; તથા આમળાં, નાગરમોથ, ભારંગમૂળ, તજ, તમાલપત્ર અને એલચી, એ પ્રત્યેક ચાર ચાર તોલા અને લીંડીપીંપર ૧૬ તોલાનું ચૂર્ણ કરી તેમાં નાખી અવલેહ સિદ્ધ કરવો. આ અવલેહ સેવન કરવાથી ઉધરસ, દમ, તાવ, હેડકી, રક્તપિત્ત, હલીમક, હૃદ્રોગ અમ્લપિત્ત અને પીનસનો નાશ થાય છે.

૨૪ સાતમા પ્રકારનો કુષ્માંડકાવલેહ:—જૂનું અને મોટું કોળું છોલી તેના બારિક કકડા કરવા. તે કાંજીમાં અને પાણી વડે ધોવા. પછી ૧૨૮ તોલા દૂધ લઇ તેમાં તે બાફવા. પછી તેને ઘીમાં શેકવા. સારા લાલ થયા પછી તેને ઉતારી, ૪૦૦ તોલા સાકરનો પાક કરી તેમાં તે કોળાના કકડા તથા લીંડીપીંપર, સુંઠ અને મરી આઠ આઠ તોલા; તથા જીરૂં, શાહજીરૂં, આમળાં,

તજ, એલચીદાણા, તમાલપત્ર, શિંગોડાં, ષટ્કચૂરો, પીંપળીમૂળ, ચવક, ચિત્રક, ચારોળી, કાળી મુસળી, લવંગ અને કલાઇની ભસ્મ, એ બબ્બે તોલા નાખી સારી પેઠે ઘુંટી તે પાક અવલેહ સરખો કરવો. પછી તેમાં ઘી નાખી તે પાક બલાબલ જોઇ સેવન કરવો; એટલે રક્તપિત્ત, જ્વર, ઉધરસ, કામીણ, તમકશ્વાસ, ભ્રમ, ઉલટી, તૃષા, શ્વાસ, પાંડુરોગ, ક્ષતક્ષય, અપસ્માર, શિરોરોગ, યોનિશૂળ, રક્તપ્રદર અને અગ્નિમાંદ્યના રોગોને દૂર કરે છે; વૃદ્ધ પુરુષ તરુણના જેવો થાય છે; વાંઝણી સ્ત્રીઓને પુત્રપ્રાપ્તિ થાય છે, અને નપુંસકને પુરુષત્વ આવે છે. આ કુષ્માંડકાવલેહ સર્વ રોગોનો નાશ કરનાર છે.

૨૫ **આઠમા પ્રકારનો કુષ્માંડકાવલેહ:**—કોળું ચીરી તેના કકડા કરી ૪૦૦ તોલા જેટલા લઇ પાણીમાં બાફી પછી વસ્ત્રથી નીચોવી નાખવા. પછી ૧૨૮ તોલા ઘીમાં તે કુચાને શેકવા. બાદ સાકર ૬૦૦ તોલા લઇ તેનો પાક કરી તેમાં તે શેકેલા કોળાને નાખવું; અને તે સાથે સુંઠ, મરી, લીંડીપીંપર, ગરમાળો, જીરૂં, ચિત્રો, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, ત્રિફળાં, બલાત્રય, (બળવૃક્ષ, જીતેલી, અતિબળા), શતાવરી, તાલીસપત્ર, મેથી, નસોતર, દંતીમૂળ, ગજપીંપર, તાલીમખાનું, તલ, દ્રાક્ષ, ગોખરૂ, નાગરમોથ, ચવક, આસંધ, કાળો વાળો, ચારોળી, કૌચબીજ, ષટ્કચૂરો, જેઠીમધ, વંશલોચન, લીંડીપીંપર, પીંપળીમૂળ, કમળાક્ષ, લવંગ, શીમળાની છાલ અથવા ગુંદર, ભાંગ, ચણકબોબા, જાયફળ, જાવંત્રી, ભોંયકોળું, સિંધવ, કાળી મુસળી અને શિંગોડાં, એ સર્વ ઔષધો તોલો તોલો; તથા અભ્રકભસ્મ ૪ તોલા નાખી પાક સિદ્ધ કરવો. ઉત્તમ પ્રકારની કોષ્ઠશુદ્ધિ કરી આ પાક સેવન કરવો. આ પાક ધાતુવર્ધક, અગ્નિવર્ધક અને પુષ્ટિવર્ધક છે; તથા ક્ષયરોગ, રક્તપિત્ત, પાંડુરોગ, શ્વાસ, પિત્ત તથા પ્રમેહ, એ રોગોનો નાશ કરે છે. એના સેવનથી અતિશય બળ પ્રાપ્ત થાય છે; અને આ પાકનું સેવન કરનાર માણસ મોટો બુદ્ધિમાન થાય છે.

૨૬ **નવમા પ્રકારનો કુષ્માંડકાવલેહઃ**—ઉપર પ્રમાણે ઘીમાં શેકવા સુધીની ઉપલેજ વજને ક્રિયા કરી, પછી ૪૦૦ તોલા સાકરનો પાક કરી તેમાં મધ ૬૪ તોલા; ત્રિકટુ, ધાણા, જીરૂં તથા ચતુર્જાત પ્રત્યેક ૮–૮ તોલા નાખી, લેહ કરવો. એના સેવનથી રક્તપિત્ત દૂર થઇ બલપ્રાપ્તિ થાય છે.

૨૭ **દશમા પ્રકારનો કુષ્માંડકાવલેહ:**—કુષ્માંડકાવલેહની પેઠેજ સુરણ લઇ તેનો અવલેહ સિદ્ધ કરી તેનું સેવન કરવું; એટલે મૂળવ્યાધિ, મૂઢવાત અને અગ્નિમાંદ્યનો નાશ થાય છે.

૨૮ **અગીઆરમો કુષ્માંડકાવલેહ:**—જૂનું કોળું લઇ તેમાંનાં બી કાઢી નાખી, તેના કકડા કરી તેમાથી ૪૦૦ તોલા કકડા લઈ, ૧૨૮ તોલા ઘીમાં શેકવા. પછી તજ, તમાલપત્ર, ધાણા, સુંઠ, મરી, લીંડીપીંપર, જીરૂં, એલચીદાણા, ત્રિફળાં, ચિત્રો, પીંપળીમૂળ, ચવક, ગજપીંપર, શિંગોડાં, કચુરો (કસેરૂ), કાળી મુસળી અને નાગરમોથ, એ દરેક ઔષધો ચાર ચાર તોલા; તથા ગોળ ૪૦૦ તોલા લઇ, તે સર્વ એકત્ર પચન કરવું. ઠંડુ થયા પછી તેમાં ૩૨ તોલા મધ નાખવું. આ પાકના સેવનથી કફ, પિત્ત, વાયુ તથા અગ્નિમાંદ્ય દૂર થઈ અગ્નિ પ્રદીપ્ત થાય છે. અશક્તને શકિત પ્રાપ્ત થઇ તે પુષ્ટ થાય છે. ઘોડાના જેવી મૈથુન કરવાની શકિત પ્રાપ્ત થાય છે. અતિશય સ્ત્રીસંગના યોગે જે પુરુષો ક્ષીણવીર્ય થયેલા છે, તેઓને ઉત્તમ પ્રકારની વીર્યપ્રાપ્તિ થાય છે; તેમજ ઉધરસ દમ, તાવ, હેડકી, ઉલટી અને અરુચિનો નાશ થાય છે. આ ગુડકુષ્માંડકાવલેહ કૃષ્ણાત્રેયે શોધેલો છે.

૨૯ **બારમો કુષ્માંડકાવલેહ:**—૮ મા પ્રકારમાં કહેલા વજન પ્રમાણે કોળું બાફી, પછી ૪૦૦ તોલા સાકર લઇ તેનો પાક કરી, તેમાં તે કોળાના કકડા તથા લીંડીપીંપર ૮ તોલા, સુંઠ ૮ તોલા, જીરૂં ૮ તોલા તથા તજ, તમાલપત્ર, એલચીદાણા, ધાણા અને મરી, એ પ્રત્યેક ૨–૨ તોલા નાખવાં. પછી તે પાક નીચે ઉતારી ઠંડો થવા પછી તેમાં મધ ૬૪ તોલા નાખી, સારી પેઠે ઘુંટી તે પાક ઉત્તમ વાસણમાં ભરી રાખવો. એ પાકના સેવનથી ઉધરસ, હેડકી, તાવ, દમ, રક્તપિત્ત અને ક્ષતક્ષય એ રોગો દૂર થઇ હૃદયમાં પડેલી ચાંદીઓ રૂઝાઈ જાય છે; અને બુદ્ધિ, સ્મૃતિ તથા બળ પ્રાપ્ત થાય છે. આ હૃદયને આહ્લાદ આપનાર રસાયન અશ્વિનીકુમારે નિર્માણ કરેલું છે.

૩૦ તેરમો કુષ્માંડકાવલેહ:—જૂનું અને મોટું કોળું લઇ, બારી તેના બારિક કકડા કરી તે કકડા ૪૦૦ તોલા લઇ ૧૬૦૦ તોલા પાણીમાં બાફવા. અધું પાણી બળી ગયા પછી નીચે ઉતારી ઠંડું થયા પછી તે કકડા વસ્ત્રમાં બાંધી તેમાંથી પાણી નીચોવી કાઢવું. તે પાણી પુનઃ ચૂલા ઉપર મૂકવું અને કોળાના કૂચા સૂકવી ૧૨૮ તોલા ઘીમાં શેકી લાલ થયા પછી કોળાના ઉકાળેલા પાણીમાં નાખી, તેમાં સાકર ૪૦૦ તોલા નાખી તેનો પાક કરવો. તે પાક લેહ જેવો થાય એટલે તેમાં લીંડીપીંપર, સુંઠ, જીરૂં અને શહાજીરૂં પ્રત્યેક ચાર ચાર તોલા અને ધાણા, તમાલપત્ર, એલચી, મરી અને તજનું ચૂર્ણ બબ્બે તોલા નાખવું તથા મધ ૬૪ તોલા નાખવું. આ અવલેહ રોજ ચાર તોલા આપવો; એટલે રકતપિત્ત, પિત્તજ્વર, તૃષા, દાહ, પ્રદર, કૃશતા, ઉલટી, સ્વરભેદ, હૃદ્રોગ, ઉધરસ, દમ તથા ક્ષય વગેરે સર્વ રોગોનો નાશ કરે છે. આ પાક વૃષ્ય (વીર્યવર્ધક), બૃંહણ (ધાતુવર્ધક) અને બળવર્ધક છે.

૩૧ ચૌદમો કુષ્માંડકાવલેહ:—કોળું છોલી તેના કકડા ૪૦૦ તોલા લઈ તે પાણીમાં પલાળવા. પછી વસ્ત્રમાં નાખી કોરા કરવા. એ કોરા થયેલા કુચાઓને ૧૨૮ તોલા ઘીમાં મધના જેવા લાલ થાય ત્યાંસુધી શેકી નીચે ઉતારી પછી ૪૦૦ તોલા સાકરનો પાક કરી તેમાં તે શેકેલા કુચા નાખવા; તથા લીંડીપીંપર અને આદુ, એ આઠ આઠ તોલા નાખવાં; તથા જીરૂં, તજ, એલચીદાણા, તમાલપત્ર, મરી, ધાણા, એ બબ્બે તોલા નાખવાં. પછી પાક ઘટ્ટ થાય એટલે નીચે ઉતારી તેમાં મધ ૬૪ તોલા નાખવું. (તેમાં કોઈના મતમાં મધના કરતાં અર્ધી ખાંડ અને ખાંડથી અર્ધી દ્રાક્ષ, નાખવી એમ છે.) દ્રાક્ષ ૧૬ તોલા, લવંગ ૮ તોલા તથા કપૂર ૧॥ તોલો નાખવું. અગ્નિબળ જોઈ આ પાક સેવન કરવો; એટલે રકતપિત્ત, ક્ષતક્ષય, ઉધરસ, દમ, ઉલટી, તૃષા અને જ્વરનો નાશ થાય છે. આ પાક વૃષ્ય, તારુણ્યકારક, બળકર અને વર્ણકર છે. આ પાક અશ્વિનીકુમારે શોધેલો છે.

૩૨ પંદરમો કુષ્માંડકાવલેહ:—કોળું ચીરી તેના બારિક કકડા કરી ઘીમાં શેકવા. પછી સાકરનો પાક કરી તેમાં તે કકડા તથા મરી, લીંડીપીંપર, સુંઠ, જીરૂં, તજ, તમાલપત્ર અને એલચીદાણાનું ચૂર્ણ નાખી અવલેહ સિદ્ધ કરવો. આ પાક બાળકને અને વૃદ્ધને હિતકારક છે. આ પાક વાયુરોગ, રક્તવિકાર, અતિસ્ત્રીસંગથી થયેલી ક્ષીણતા, વ્રણરોગ, તૃષા, ઉધરસ, રક્તપિત્ત, શ્વાસ, મૂળવ્યાધિ અને ઉલટીનો નાશ કરે છે.

૩૩ સોળમો કુષ્માંડકાવલેહ:—સારૂં પાકેલું કોળું લઇ, તેની ઉપરની છાલ અને અંદરનાં બી કાઢી નાખી તેના કકડા કરી, તે કકડા ૪૦૦ તોલા લઇ પાણીમાં બાફવા. પછી પાણી નીચોવી નાખી કુચાને ૬૪ તોલા ઘીમાં શેકી નાખવા. પછી ૪૦૦ તોલા સાકર લઇ કાઢી રાખેલા કોળાના પાણીમાં તેનો પાક કરી તેમાં શેકેલા કકડા, સુંઠ, મરી, લીંડીપીંપર, તજ, તમાલપત્ર, એલચીદાણા, ધાણા, જીરૂં અને નાગકેસર, એ આઠ આઠ તોલા નાખવું. પાક ઠંડો થયા પછી તેમાં ૬૪ તોલા મધ નાખવું. આ પાકના સેવનથી ઉધરસ, શ્વાસ, ઉરઃક્ષત, રક્તપિત્ત, ક્ષય, ઉલટી, નેત્રરોગ, તૃષા અને જ્વર, એ રોગો દૂર થઇ ગળું સાફ થાય છે, વીર્યવૃદ્ધિ થાય છે, શક્તિ આવે છે અને શરીરની કાન્તિ સારી થાય છે. એ પ્રમાણેજ સૂરણપાક કરવો. તે (સૂરણપાક) મૂલવાયુ એટલે અપાનવાયુનો રોગ, અગ્નિમાંદ્ય અને મૂળવ્યાધિ ઉપર સારો ગુણ કરે છે.

૩૪ કેસરકાવલેહ:—ત્રિકટુ, ચાતુર્જાત, ત્રિફળાં લવંગ, કૃષ્ણાગરૂ, ધોળું ચંદન, તાલીમખાનું, અક્કલકરો, જાયફળ, કૌચબીજ, મોચરસ, બળદાણા, આસંધ, ગોખરૂ, કાળી મુસળી, વાવડીંગ, સમુદ્રશોષનાં બી, શુદ્ધ કરેલાં ઝેરકોચલાં, જાઈનાં ફૂલ અને ચણકબોબા, એ ઔષધો સમભાગ લેવાં. કેસર ૨૦ ભાગ, કસ્તૂરી ૧૬ ભાગ અને સાકર ૪ ભાગ નાખવી. બંગભસ્મ (કલાઇની ભસ્મ), પારાની ભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, તાંબાની ભસ્મ અને કાંતભસ્મ, એ ભસ્મો એકેક ભાગ નાખવી. સોનાના વર્કનાં પાન ૨૦૦ અને રૂપાના વર્કનાં પાન ૨૦૦ નાખવાં. ભાંગ શુદ્ધ કરી ૮ ભાગ નાખવી. પછી એ સર્વનો લેહના જેવો પાક કરવો. આ પાક રોજ પ્રાતઃકાળે ૧ તોલો આપવો; તેથી કરી વીર્યવૃદ્ધિ થઇ સર્વ રોગોનો નાશ થાય છે. સર્વ પ્રકારના વાતરોગ,

દુઃસાધ્ય વાતરક્ત, અસ્થિરોગ, શિરોરોગ અને સંધિરોગનો નાશ થાય છે. આ પાકના સેવનથી વૃદ્ધ પુરુષ તરુણ જેવો થઇ આરોગ્ય પામે છે અને બળ તથા કાન્તિની વૃદ્ધિ થાય છે; તેમજ સર્વ પ્રકારના વાતરોગ, દુઃસાધ્ય વાતરક્ત, અસ્થિરોગ અને સંધિરોગનો નાશ થાય છે.

૩૫ **બીજા પ્રકારનો કેસરકાવલેહઃ**—૩૨ તોલા લીંડીપીંપરનું ચૂર્ણ, ૧૬ તોલા કેસર અને ૧૫૩૬ તોલા ગાયનું દૂધ, એ સર્વ એકત્ર કરી, લોખંડની કડાઇમાં મંદ અગ્નિ ઉપર પચન કરવું. પછી તેમાં ઘી ૧૨ તોલા અને સાકર ૪૦ તોલા નાખવી. પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, લવંગ, પીંપળીમૂળ, ચિત્રો, જાયફળ, જાવંત્રી, કાયફળનું મગજ, કૌચબીજ, શતાવરી, આસંધ, ગોખરૂ, શેરણી, કચોરાં, અમ્લવેતસ, સુંઠ, ધાણા, વગડાઉ તુલસીનાં બી, વંશલોચન, શિંગોડાં, નાગરમોથ, મોચરસ, વરધારા, દેવદાર, શણ, અજમો, કૃષ્ણાગરૂ, કમળ અને તાલીમખાનું, એ પ્રત્યેકનું અર્ધો અર્ધો તોલો ચૂર્ણ નાખવું; તેમજ અભ્રકભસ્મ, તામ્રભસ્મ, સીસાની ભસ્મ, કલાઈની ભસ્મ, લોહભસ્મ અને દૂધમાં શોધન કરેલો વચ્છનાગ, એ પ્રત્યેક ઔષધો અર્ધો અર્ધો તોલો નાખવાં. આ કેસરકાવલેહ દુર્બળોને બળ આપનાર, ધાતુપુષ્ટિકર, શક્તિવર્ધક તથા કાંતિવર્ધક છે. વીર્ય, બળ અને માંસ જેનું નષ્ટ થયેલું છે અને જેને મૈથુનની ઈચ્છા થતી નથી, એવા પુરુષની ધાતુની વૃદ્ધિ કરે છે. એના સેવનથી વાતકફથી થનાર રોગોનો જલદીથી નાશ થાય છે.

૩૬ **ખંડકાદ્યવલેહઃ**—શતાવરી, બળદાણાના વૃક્ષનાં મૂળ, ગળો, મુંડી (કલાર), ત્રિફળાં, તજ, પુષ્કરમૂળ, ભારંગમૂળ, અરડુસી, ભોરિંગણી, ઉભી ભોરિંગણી અને ખેરનાં મૂળ, પ્રત્યેક વીસ વીસ તોલા લઇ, એનો કાઢો ૨૦૪૮ તોલા પાણીમાં કરી પછી તેમાં સુવર્ણમાક્ષિક ભસ્મ, સુવર્ણભસ્મ તથા લોહભસ્મ, એ ત્રણ ભસ્મો મળીને ૪૮ તોલા અને સાકર ૬૪ તોલા, એ સર્વ એકત્ર કરી તેનો લોખંડની કડાઇમાં પાક કરવો. તે પાક ગોળ જેવો થાય એટલે તેમાં વંશલોચન, વાવડીંગ, લીંડીપીંપર, સુંઠ, જીરૂં, શહાજીરૂં, કાકડીનાં બી, ત્રિફળાં, ધાણા, મરી, લીંડીપીંપર અને નાગકેસર, એ પ્રત્યેક ચાર ચાર તોલા લઇ, એ સર્વનું ચૂર્ણ કરી પ્રથમના પાકમાં નાખી એકત્ર ખરલ કરવું. પછી સ્નિગ્ધ લોખંડના વાસણમાં આ પાક ભરી રાખવો; અને એ પાકમાંથી એક તોલો પાક પ્રભાતમાં ખાવા આપવો અને ઉપર દૂધ પાવું તથા જડાન્ન ભોજન કરાવવું; એટલે રક્તપિત્ત, રક્તપ્રવાહ, રક્તશૂળ, રક્તાતિસાર, રક્તમેહ, ભગંદર, મૂળવ્યાધિ, સોજો, અમ્લપિત્ત, ક્ષય, કુષ્ઠ, ગુલ્મ, વાતરક્ત, પ્રમેહ, શીતપિત્ત, ઉલટી, કૃમિ, પાંડુરોગ, પ્લીહા, ઉદર, આનાહ અને મૂત્રકૃચ્છ્, એ સર્વ રોગોનો આ પાક નાશ કરે છે; તેમજ તે ચક્ષુષ્ય, પૌષ્ટિક, માંગલ્ય, પ્રીતિકર, આરોગ્યપ્રદ અને પુત્રોત્પત્તિકારક હોઇ કામ, અગ્નિ અને બળને વધારનાર છે. આ પાક ઉપર પૌષ્ટિક ખોરાક ખાવો તથા નાળીએરનું પાણી, લાંબડી, ચાકવતની ભાજી, સૂકા મૂળા, પંડોળાં, વંતાક, પાકેલી કેરી, ખજૂર, મીઠું દાડમ, કોળું, કાકડી, કાલિંગડું, કારેલું, કસુંબી એ પદાર્થ; જળસ્થળનાં જંતુનાં માંસ, આ સર્વ પદાર્થો ખંડકાદ્યવલેહ ભક્ષણ કરનાર પુરુષે વિશેષે કરી વર્જ્ય કરવા.

૩૭ **ચ્યવન પ્રાશ્યાવલેહઃ**—કાકડાશિંગી, ભોંયઆમલી, ત્રિફળાં, બળવૃક્ષનાં મૂળ, ગળો, ભોંયકોળું, પટ્કચૂરો, હરણવેલ, દશમૂળ, ચંદન, નાગરમોથ, નીલકમળ, એલચીદાણા, અરડુસી, કાળી દ્રાક્ષ, અષ્ટવર્ગ (ન મળે તો પ્રતિનિધિ લેવા) અને પોખરમૂળ, એ પ્રત્યેક ઔષધ ૭ ૭ તોલા લેવું. પછી આમળાં નંગ ૫૦૦ લઈ, ઉપલાં સર્વ ઔષધો અને તે આમળાંને ૨૦૪૮ તોલા પાણીમાં નાખી ચોથો ભાગ પાણી બળતાં શેષ રહે એટલે તેને ગાળીને તે આમળાંમાંનાં બી કાઢી લઇ, ચોવીસ તોલા તેલ અને ચોવીસ તોલા ઘી લઇ તેમાં શેકી નાખવું. પછી ગાળી લીધેલા ઉકાળાના પાણીમાં તે મગજ અને ૨૦૦ તોલા સાકર નાખી, સારો જાડો થાય ત્યાંસુધી પાક કરવો. તે પાક ઠંડો થયા પછી તેમાં મધ ૨૪ તોલા, વંશલોચન ૧૬ તોલા, ચાતુર્જાત ૪ તોલા અને લીંડીપીંપર ૮ તોલા નાખી તે અવલેહ પ્રાશન કરવાના ઉપયોગમાં લેવો. એના સેવનથી શોષ, ક્ષીણત્વ, મૂર્ચ્છા, શ્વાસ, ઉલટી અને ઉધરસનો નાશ થાય છે; અને

વિષયાસક્તિ થાય છે.

૩૮ બીજો ચ્યવન પ્રાશ્યાવલેહ:—દશમૂળ, બળમૂળ, નાગરમોથ, જીવક, ઋષભક, નીલકમળ, સાલવણ, પીઠવણ, લીંડીપીંપર, કાકડાશિંગી, મેદા, ભોંયઆમળી, એલચીદાણા, હરણદોડી, કૃષ્ણાગરૂ, દ્રાક્ષ, પોખરમૂળ, ચંદન, ષટ્કચૂરો, સાટોડી, કાકોલી, ક્ષીરકાકોલી, કાંગ, ગળો, ધોળું કોળું, અરડુસી અને પીંપળીમૂળ, એ ઔષધો ચાર ચાર તોલા; આમળાં નંગ ૫૦૦ તથા પાણી ૨૦૪૮ તોલા લઇ, તેમાં ઉપરનાં સર્વ ઔષધ તથા આમળાં નાખી પાણી ચતુર્થાંશ શેષ રહે ત્યાંસુધી ઉકાળો કરી પછી પાણી ગાળી લેવું. તદનંતર આમળાના ઠળિયા કાઢી નાખી તે આમળાં તેલ અને ઘી ૪૮ તોલા લઇ, તેમાં શેકી નાખવાં. પછી સાકર ૨૦૦ તોલા લઇ એ બધાંનો લેહ તૈયાર કરવો. પછી તેમાં મધ ૨૪ તોલા, વંશલોચન ૧૬ તોલા, લીંડીપીંપર ૮ તોલા અને ચાતુર્જાત ૪ તોલા; એ પદાર્થો નાખવા. આ અવલેહ સેવન કરનારે એકાંતવાસ કરી રહેવું અને પથ્ય ભોજન કરવું. આ અવલેહ ચ્યવન ઋષિએ સેવન કરવાથી તેમની જરાવસ્થા દૂર થઇ હતી; તેમજ એથી ઉધરસ, દમ, તાવ, શોષ, હૃદ્રોગ, વાતરક્ત, રક્તપિત્ત, મૂત્રરોગ, વીર્યદોષ અને સ્વરભેદ દૂર થાય છે. બાળક, વૃદ્ધ, ઉરઃક્ષતક્ષયી અને કૃષને પુષ્ટિ પ્રાપ્ત થાય છે; તેમજ બુદ્ધિ, સ્મૃતિ, કાંતિ, આરોગ્ય તથા આયુષ્યની વૃદ્ધિ થાય છે. શરીરસ્થ વાયુની ગતિ યથાયોગ્ય રહે છે. સ્ત્રીભોગ વિષે ઇચ્છા થાય છે. ઇંદ્રિયોને બળ પ્રાપ્ત થાય છે અને જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે.

૩૯ ત્રીજો ચ્યવન પ્રાશ્યાવલેહ:—દ્રાક્ષ, એલચીદાણા, નાગરમોથ, દશમૂળ, હરણદોડી, કાકોલી, ક્ષીરકાકોલી મેદા, મહામેદા, વગડાઉ અડદ, ઋષભક, જીવક, જેઠીમધ, બળદાણા, કાકડાશિંગી, ભોંયઆમલી, લોધર, લીંડીપીંપર, હરડે, કમળ, પોખરમૂળ, ષટ્કચુરો, ગળો, ભોંયકોળું, અરડુસી, સાટોડી અને ચંદન, એ પ્રત્યેક ચાર ચાર તોલા લઇ ૨૦૪૮ તોલા પાણી લઇ તેમાં નાખવાં તથા આમળાં નંગ ૫૦૦ તે પાણીમાં નાખી ઉકાળો કરવો. તે પાણી ૧૨૮ તોલા (લગભગ દશમો ભાગ) શેષ રહે એટલે ઉતારી ગાળી લેવું. પછી તે આમળાંના ઠળીઆ કાઢી નાખી તેને ઘી અને તેલ મળી ૪૮ તોલા લઇ તેમાં શેકવાં. પછી ૨૦૦ તોલા સાકર નાખી પુનઃ પચન કરવું. તેમાં ૨૪ તોલા મધ નાખવું. વંશલોચન ૧૬ તોલા, લીંડીપીંપર ૮ તોલા અને ચાતુર્જાત ૪ તોલા નાખી અવલેહ તૈયાર કરવો. આ અવલેહ જરા તથા મૃત્યુનો નાશક છે; અને ઉધરસ, શ્વાસ, ઉરુસ્તંભ, તાવ, ક્ષય, ઉલટી, હૃદ્રોગ, મૂત્રરોગ તથા શુક્રદોષનો નાશ કરનાર છે.

૪૦ ચિત્રકાવલેહ:—ચિત્રાનાં મૂળ ૪૦૦ તોલા, પીંપળીમૂળ ૪૦૦ તોલા, દશમૂળ ૨૦૦ તોલા, બળમૂળ, ભારંગમૂળ ષટ્કચૂરો, પહાડમૂળ અને પોખરમૂળ, એ પ્રત્યેક વીસ વીસ તોલા લઇ ૧૮૯૨ તોલા પાણીમાં નાખી, ચોથો ભાગ પાણી શેષ રહે તેમ ઉકાળો કરવો. પછી તેમાં ૪૦૦ તોલા ગોળ નાખવો; લીંડીપીંપર ૧૬ તોલા, વંશલોચન ૮ તોલા, તજ, તમાલપત્ર અને એલચીદાણા એ ચાર ચાર તોલા તથા મરી ૪ તોલા, એ સર્વ પદાર્થોને બારિક વાટી પાકમાં નાખી સારી પેઠે ઘુંટી લેહ સિદ્ધ કરવો. આ અવલેહ રોજ ૪ તોલા સેવન કરવો; એટલે પ્લીહા (ગાંઠ-બરોળ), ગુલ્મ, મૂળવ્યાધિ, ક્ષયરોગ, શૈત્ય અને અમ્લપિત્તનો નાશ થાય છે. આ ચિત્રકાવલેહ ભારદ્વાજ ઋષિએ કહેલો છે.

૪૧ જાતીપત્ર્યવલેહ:—(જાવંત્રી અવલેહ):—જાવંત્રી ૬૪ તોલા લઇ ચૂર્ણ કરી, તેમાં ગાયનું દૂધ ૮૦૦ તોલા તથા સાકર ૨૦૦ તોલા લઇ મંદાગ્નિ ઉપર ચીકાશથી ચોટી જાય ત્યાંસુધી પચન કરવું. ત્યારપછી ૧૬ તોલા જાવંત્રી લઇ તેનો કલ્ક કરી(વાટી)ને તેમાં નાખવી. તેમજ સુંઠ, મરી, લીંડીપીંપર, પીંપળીમૂળ, ચિત્રો, ચવક, તજ, તમાલપત્ર, એલચીદાણા, નાગકેસર, લવંગ, રુમીમસ્તકી, તગર, મોચરસ, ધોળી મુસળી, કાળી મુસળી, કૌચબીજ, સમુદ્રશોષનાં બી, કાળા ધંતુરાનાં બી, અફીણ, કલાઇની ભસ્મ, તામ્રભસ્મ, અભ્રકભસ્મ, લોહભસ્મ, ગોખરૂ, કૃષ્ણાગરૂ, કેસર, ભીમસેની કપૂર, ચણકબોબા, વાળો, ધોળું ચંદન, કૌચબીજ, ખુરાસાની અજમો અને કાયફળ, એ ૩૪ ઔષધો તોલો તોલો લઇ તેમાં નાખવાં. પછી અવલેહ સિદ્ધ થયા પછી સારા વાસણમાં ભરી રાખવો. આ અવલેહ દિનપ્રતિદિન ૧ તોલો ભક્ષણ કરવો. તેથી કરી બળ

તથા વીર્ય પ્રાપ્ત થઈ પુરુષ સ્ત્રીઓને આહ્લાદ આપનાર થાય છે. બુદ્ધિ, કાંતિ તથા સ્મૃતિ ઉત્તમ થઇ પુરુષ ઘોડાના જેવો વેગવાન થાય છે. ધાતુવૃદ્ધિ થઇ તેને સો સ્ત્રીઓ ભોગવવાનું સામર્થ્ય આવે છે; તેમજ વીસ પ્રકારના પ્રમેહ, પ્રબળ શ્વાસ, કાસ, જીર્ણજ્વર, ક્ષય, અગ્નિમાંદ્ય અને અરુચિ વગેરે સર્વ રોગોનો નાશ થાય છે. આ જાતીપત્ર્યવલેહ પ્રાણાચાર્યે નિર્માણ કરેલો છે તેમજ તે આત્રેયાદિકોને માન્ય છે.

૪૨ જીરકાવલેહ:—જીરૂં ૬૪ તોલા, દૂધ ૧૦૨૪ તોલા, ઘી ૬૪ તોલા અને લોધર ૩૨ તોલા લઈ, સર્વ એકત્ર કરી મંદાગ્નિ ઉપર પચન કરવું. અવલેહના જેવું જાડું થયા પછી તેમાં સાકર ૧૨૮ તોલા, ચાતુર્જાત, લીંડીપીંપર, સુંઠ, જીરૂં, વાળો, દાડમની છાલ, રસાંજન, ધાણા, હળદર, પડવાસ, વંશલોચન અને તવક્ષીર, એ પ્રત્યેક બબ્બે તોલા નાખવાં. આ જીરકાવલેહ પ્રદર, રક્તપિત્ત, મુખરોગ, પ્રમેહ, મૂત્રકૃચ્છ્ર, પથરી, જીર્ણજ્વર, ક્ષય, દાહ, પીનસ તથા મૂળવ્યાધિનો નાશ કર છે; અને પુષ્ટિ, બળ, આરોગ્ય તથા વીર્યની વૃદ્ધિ કરે છે.

૪૩ બીજો જીરકાવલેહ:—૧૬ તોલા જીરૂં લઇ તેનાથી ચોગણા બકરીના દૂધમાં મંદાગ્નિ ઉપર પચન કરવું. પછી તેમાં મધ, સાકર અને ઘી, પ્રત્યેક ૩૨ તોલા અને અજમોદ, અતિવિષ, વાવડીંગ, હીંગ, સિંધવ, કાચકાનો મગજ, ઇંદ્રજવ, નાગરમોથ, હળદર, ચિત્રાનાં મૂળ, લીંડીપીંપર, જાયફળ, લવંગ, પદ્મકાષ્ઠ, વાળો, લોધર, લોહભસ્મ, અભ્રકભસ્મ તથા તામ્રભસ્મ તોલો તોલો નાખવી. આ જીરકાવલેહ સંગ્રહણી, રક્તપિત્ત, પ્રમેહ, અમ્લપિત્ત, ક્ષયરોગ, જીર્ણજ્વર, પ્રદર, આમાતિસાર અને સોજાનો નાશ કરે છે.

૪૪ ત્રિફલાદ્યવલેહ:—ત્રિફળાં ૩ ભાગ, ત્રિકટુ ૩ ભાગ, ચિત્રાનાં મૂળ ૩ ભાગ, વાવડીંગ ૩ ભાગ, શિલાજિત ૫ ભાગ; તથા રૂપાની ભસ્મ, હરતાલભસ્ત, સુવર્ણમાક્ષિકભસ્મ અને લોહભસ્મ એકેક ભાગ તથા સાકર ૮ ભાગ લઇ, તેનો પાક કરી, તેમાં ઉપલાં સર્વ ચૂર્ણ અને મધ નાખી તે પાક લોહપાત્રમાં ભરી રાખવો. આ પાક રોજ ૧ તોલો સેવન કરવા આપવો અને તે ઉપર રુચિકર પદાર્થોનું ભોજન કરવું. કળથી, કાવળી વગેરે પદાર્થ વર્જ્ય કરવા. આ અવલેહના સેવનથી પાંડુરોગ, વિષમજ્વર, ક્ષય, કોઢ, અજીર્ણ, પ્રમેહ, શ્વાસ, સોજો, અરુચિ, અપસ્માર, કમળો અને મૂળવ્યાધિનો નાશ થાય છે.

૪૫ દાડમાવલેહ:—દાડમનો રસ ૬૪ તોલા લઇ તેને ચારગણા પાણીમાં ઉકાળી ચોથો ભાગ રહે ત્યારે ઉતારી તેમાં સાકર ૬૪ તોલા અને સુંઠ, પીંપળીમૂળ, લીંડીપીંપર, ધાણા, અજમો, જાવંત્રી, મરી, જીરૂં, વંશલોચન, ભાંગ, લીમડાનાં પાદડાં, મજીઠ, કુડાની છાલ, શીમળાની છાલ, અરલુ, અતિવિષ, કાળીપાટ અને લવંગ, એ દરેક ચાર ચાર તોલા અને ઘી તથા મધ એ ૬૪ તોલા નાખી લેહ તૈયાર કરવો. આ જ્વરાતિસારનો નાશકર્તા છે.

૪૬ દ્રાક્ષાવલેહ:—કાળી દ્રાક્ષ દૂધમાં વાટી ઘીમાં તળવી. પછી સાકરના પાકમાં નાખી તેમાં જાયફળ, જાવંત્રી, લવંગ, એલચી, વંશલોચન, તજ, તમાલપત્ર, નાગકેસર અને કમળકાકડી, એનું ચૂર્ણ નાખી રાખવું. આ નિત્ય બે તોલા આપવાથી અમ્લપિત્ત, રક્તપિત્ત, ક્ષય, પાંડુ, કમળો અને અશક્તિ, એ રોગો દૂર થાય છે.

૪૭ ખંડ પિપ્પલ્યવલેહ:—લીંડીપીંપરનું ચૂર્ણ ૧૬ તોલા, ઘી ૬૪ તોલા, સાકર ૬૪ તોલા, શતાવરી ૩૨ તોલા, આમળાનો રસ ૬૪ તોલા અને દૂધ ૫૬ તોલા, એ સર્વનો પાક કરી જરા પાતળો થાય ત્યારે તેમાં તજ, એલચી, તમાલપત્ર, હરડે, જીરૂં, ધાણા, નાગરમોથ, આમળાં તથા વંશલોચન, એ પ્રત્યેકનું તોલો તોલો ચૂર્ણ અને શાહજીરૂં, સુંઠ, નાગકેસર, જાયફળ, મરી તથા ભીમસેની કપૂર, એ સર્વ અર્ધો અર્ધો તોલો નાખી તેમાં ૧૨ તોલા મધ નાખી, આ પાક ઘીથી નીવડેલા વાસણમાં ભરી રાખવો. તેમાંથી સવારે બલાબલ જોઇ ખાવા આપવો. તે પાક અમ્લપિત્ત, મળબંધ, અરુચિ, ઉલટી, તૃષા, દાહ, શૂળ અને હૃદ્રોગનો નાશ કરે છે. આ રસાયન હૃદયને હિતાવાહ છે.

૪૮ બીજો ખંડપિપ્પલ્યવલેહ:—લીંડીપીંપર ૬૪ તોલા, દૂધ ૫૧૨ તોલા અને ઘી ૩૨ તોલા એ ત્રણે પદાર્થો એકઠા કરી કઢાઇમાં ઉકાળી જાડું થયા પછી તેમાં લવંગ, તજ, તમાલપત્ર,

એલચી, નાગકેસર, સુંઠ, મરી, પીપળીમૂળ, ધોળું ચંદન, જેઠીમધ, વાળો તથા જાવંત્રી, એ પદાર્થો તોલો તોલો તથા મધ ૩૨ તોલા નાખી લેહ તૈયાર કરવો. આ પાકના સેવનથી અગ્નિમાંદ્ય અને કૃશત્વ વગેરેનો નાશ થાય છે. આ પાક બળકર અને સ્ત્રી, વૃદ્ધ તથા તરુણને વીર્યવર્ધક છે. તેમજ વિપુલ બળ આપનાર, દીપન અને પાચન એવો હોઇ ઉધરસ, દમ, પ્રમેહ, ક્ષય, અતિતૃષા, કમળો, પાંડુરોગ, ખસ, પ્લીહા, જીર્ણજ્વર, વાતરોગ, કફરોગ અને રક્તરોગનો નાશ કરે છે.

૪૯ ત્રીજો ખંડપિપ્પલ્યવલેહ:—લીંડીપીંપર ૧૬ તોલા, ઘી ૨૪ તોલા, ખાંડ ૬૪ તોલા, શતાવરી ૩૨ તોલા, આમળાંનો રસ ૬૪ તોલા, દૂધ ૩૨૦ તોલા, એ સમગ્ર ઉકાળવું. જાડું થયા પછી તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગરમોથ, ધાણા, સુંઠ, જટામાંસી, જીરૂં, શાહજીરૂં, હરડે અને આમળાં, એ પ્રત્યેક બાર બાર તોલા; મરી અને ખેરસાર, એ ૭ ૭ તોલા નાખી લેહ સિદ્ધ કરવો. આ પાક રોજ ત્રિફળાં અને મધમાં યથાશક્તિ સેવન કરવો; એટલે શૂળ, અરુચિ, હૃદ્રોગ, ઉલટી અને અમ્લપિત્તનો નાશ થાય છે. આ ખંડપિપ્પલ્યવલેહ અગ્નિદીપક અને હિતાવહ છે.

૫૦ પિપ્પલ્યાદ્યવલેહ:—૬૪ તોલા લીંડીપીંપરનું ચૂર્ણ લઈ તે ૨૦૪૮ તોલા દૂધમાં મંદાગ્નિ ઉપર પચન કરવું; પછી તેમાં ઘી ૧૨૮ તોલા નાખી મધના જેવું જાડું કરવું. પછી તેમાં સાકર ૧૯૨ તોલા અને મધ ૬૪ તોલા નાખી જાડું થયા પછી તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, પંચકોલ, (લીંડીપીંપર, પીંપરામૂળ, ચવક, ચિત્રક અને સુંઠ), મરી, તગર, જાયફળ, જાવંત્રી, લવંગ, કાચકા, અકકલકરો, સમુદ્રશોકનાં બી, અગર, જીરૂં, શાહજીરૂં, સુવા, વરીઆળી, પટ્કચૂરો, ધાણા, વાવડીંગ, તામ્રભસ્મ, સુવર્ણમાક્ષિક ભસ્મ, અભ્રક ભસ્મ, વંગ ભસ્મ (કલાઇની ભસ્મ), લોહભસ્મ, વંશલોચન તથા ભીમસેની કપૂર, એ પ્રત્યેક બબ્બે તોલા લઇ ચૂર્ણ કરી નાખવું; પછી તે પાક ઉત્તમ પાત્રમાં ભરી રાખવો. આ પાકનું રોજ સેવન કરવાથી આયુષ્ય અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે. શુક્રવૃદ્ધિ થઇ ઉત્તમ પ્રકારે વાજીકરણ થાય છે. વલીપલિત એટલે કેશ ધોળા થવાથી મુક્ત થઇ ધાતુપુષ્ટિ થાય છે અને સર્વ રોગથી મુક્ત થઇ મોટો બળવાન થાય છે. શરીરની કાંતિ ઉત્તમ થઇ બળ અને પુષ્ટતા પ્રાપ્ત થાય છે. આ પાક યથાશક્તિ સેવન કરવાથી ૮૦ પ્રકારના વાતરોગ, ૪૦ પ્રકારના પિત્તરોગ અને ૨૦ પ્રકારના કફરોગ નાશ પામે છે; તેમજ ૧૮ પ્રકારનો કોઢ, ૨૦ પ્રકારનો પ્રમેહ, અરોચક રોગ, ગુલ્મ, ક્ષય, ઉધરસ, તમકાદિ સર્વ પ્રકારનો શ્વાસ, જીર્ણજ્વર, મૂત્રકૃચ્છ, અંડવૃદ્ધિ, પ્રદર, પાંડુરોગ, વાત, પિત્ત, વાતરક્ત, આઠ પ્રકારના ઉદરરોગ, મેદોરોગ, અપસ્માર, ઉન્માદ વગેરે રોગનો નાશ થાય છે. જેમ દેવતાઓને અમૃત હોય તેમ આ પાક માણસોને અમૃતતુલ્ય છે.

૫૧ બીજો પિપ્પલ્યાદ્યવલેહ:—લીંડીપીપર ૬૪ તોલા, સાકર ૧૨૮ તોલા, ગાયનું ઘી ૬૪ તોલા, મધ ૩૨ તોલા અને દૂધ ૫૧૨ તોલા લઇ, પ્રથમ દૂધમાં ઘી નાંખી તેમાં લીંડીપીપરનું ચૂર્ણ નાખી કઢવી જાડું થયા પછી સાકર અને મધ નાખવું. પછી તજ, તમાલપત્ર, એલચીદાણા તથા નાગકેસર, એ ચાર ચાર તોલા અને લોહભસ્મ ૧ તોલો નાખવાં. આ અવલેહ રોજ બે તોલા ભક્ષણ કરવા આપવો; એટલે ૧૮ પ્રકારના કુષ્ઠ (કોઢરોગ), ૧૧ પ્રકારના ક્ષયરોગ, પાંચ પ્રકારની ઉધરસ, શ્વાસ, પાંડુરોગ, નપુંસકત્વ, અરુચિ અને મંદાગ્નિનો નાશ થઇ ઉત્તમ કાંતિ થાય છે અને ૧૦૦ સ્ત્રીઓ ભોગવવા જેટલું સામર્થ્ય આવે છે. આ શ્રેષ્ઠ રસાયન અશ્વિનીકુમારે કહેલું છે.

૫૨ ભલ્લાતકાવલેહ:—સારાં પાકેલાં અને ફોડેલાં ભિલામાં ૧૦૨૪ તોલા લઇ તેનો ૪૦૯૬ તોલા પાણીમાં ચતુર્થાંશ કાઢો કરી તે ગાળી લેવો; અને તેમાં કાઢાથી ચોગણું દૂધ અને ચોથો ભાગ ઘી નાખી ઘટ્ટ થાય ત્યાં સુધી ઉકાળી તેમાં સાકર ૬૪ તોલા નાખી, ઘુંટી તેમ ને તેમજ સાત દિવસ રાખવો. પછી અગ્નિબળ જોઇ તેનું સેવન કરવું. આ પાકના સેવનથી સંપૂર્ણ ગુદારોગનો નાશ થાય છે, ધોળા વાળ કાળા થાય છે, દૃષ્ટિ ગરુડના જેવી તીક્ષ્ણ થાય છે; કાંતિ ચંદ્રના જેવી, વેગ ઘોડાના જેવો, ઉત્તમ બળ, મોરના જેવો શબ્દ, અગ્નિ જેવી દીપ્તિ તથા સ્ત્રીઓને પ્રિય, નીરોગી અને સૌથી પણ વધારે વર્ષનો આયુષ્યવાન થાય છે. આ પાક સેવન કરનારને અન્ન, પાન, ગરમી અને મૈથુનની બંધી નથી. આ પાક ખાવાથી તે સંપૂર્ણ રોગોનો નાશ

કરે છે. સર્વ પ્રકારના રસાયન મધ્યે આ પાક રાજાધિરાજ છે.

૫૩ ભારંગી હરીતક્યવલેહ:—૪૦૦તોલા ભારંગમૂળ, ૪૦૦ તોલા દશમૂળ અને મોટી હરડે ૧૦૦ તોલા લઇ, તે બધાથી ચોગણા પાણીમાં ચતુર્થાંશ કાઢો કરી, તે સારા નવા વસ્ત્રથી ગાળી લેવો. પછી ૪૦૦ તોલા ઉત્તમ ગોળ નાખી, મંદાગ્નિ ઉપર લેહ તૈયાર કરવો. તે ઠંડો થયા પછી તેમાં મધ ૨૪ તોલા; ત્રિકટુ, ત્રિસુગંધ (તજ, તમાલપત્ર તથા એલચી) એકેક તોલો અને જવખાર બે તોલા, એ પ્રમાણે નાખવું. પછી રોજ તે અવલેહમાંથી એક હરડે અને ૨ તોલા અવલેહ ખાવા આપવો; એટલે દારુણ શ્વાસ અને પાંચ પ્રકારની ઉધરસ દૂર થાય છે.

૫૪ બાજો ભારંગી હરીતક્યવલેહ:—ભારંગમૂળ અને પંચમૂળ ૪૦૦–૪૦૦ તોલા અને પાણી ૨૦૪૮ તોલા લઈ એનો ચતુર્થાંશ કાઢો કરવો. પછી તેમાં મોટી હરડે ૧૦૦ તોલા નાખી પચન કરવી. પછી તેમાં ૪૦૦ તોલા ઉત્તમ જૂનો ગોળ નાખવો. જાડું થાય એટલે નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં મધ ૧૬ તોલા, ત્રિફળાં ૩૨ તોલા; સુંઠ, મરી, લીંડીપીંપર, એલચી, તજ, નાગકેસર અને તમાલપત્ર, એ ચાર ચાર તોલા નાખવાં. એના સેવનથી દમ, ઉધરસ, શોષ, હેડકી, એકાંતરીઓ તાવ અને તીવ્ર પીનસ(સળેખમ)નો નાશ થાય છે. આ રસાયન અશ્વિની-કુમારે ઇંદ્રને કહેલું છે.

૫૫ લક્ષ્મીવિલાસાવલેહ:—જાવંત્રી, લવંગ, એલચી, અંકોલની છાલ, મરી, નખલા, હરડે, નસોતર, સુંઠ, શતાવરી, કેસર, ચંદન, ખુરાસાની અજમો, કચૂરો (કસેરૂ), શિંગોડાં, તજ, મોરમાંસી અને કસ્તૂરી, એ પ્રત્યેક તોલો તોલો લઈ, એ સર્વેનું ચૂર્ણ કરી તેમાં તૃતીયાંશ સુગંધી અત્તર મેળવવું. ૨૦ તોલા શુદ્ધ કરેલી ભાંગ નાખવી. બે માસા લઘુ તૈલ (?) નાખવું. પછી સાકર, ગુલાબનાં ફૂલ અને ગુલાબનું પાણી નાખી અવલેહ સિદ્ધ કરવો. આ અવલેહ વૃષ્ય, બળકર અને અગ્નિદીપક છે.

૫૬ વ્યાઘ્રીહરીતક્યવલેહ:—ભોરિંગણીનાં પંચાંગ ૪૦૦ તોલા, પાણી ૨૦૪૮ તોલા અને મોટી હરડે ૧૦૦ લઇ સર્વનો ચતુર્થાંશ કાઢો કરવો. પછી તે ગાળી લઇ તેમાં ગોળ ૪૦૦ તોલા નાખી પુનઃ કઢવી, નીચે ઉતારી ઠંડુ થયા પછી તેમાં ત્રિકટુ ૧૨ તોલા, મધ ૨૪ તોલા અને ચાતુર્જાત ૪ તોલા, એ પ્રમાણે ચૂર્ણ કરી નાખવું. આ અવલેહ અગ્નિબળ જોઈ સેવન કરવો; એટલે વાત, પિત્ત, કફ, દ્વિદોષ અને ત્રિદોષથી ઉત્પન્ન થએલી ઉધરસ, ક્ષત, કાસ, પીનસ, શ્વાસ, ઉરઃક્ષત અને ૧૧ પ્રકારના ક્ષયનો નાશ થાય છે. આ રસાયન ભૃગુ ઋષિએ કહેલું છે.

૫૭ સુંઠ્યવલેહ:—સુંઠ ૩૨ તોલા, ગોળ ૬૪ તોલા, ઘી ૩૨ તોલા, દૂધ ૨૫૬ તોલા અને જાયફળ, લવંગ, તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર, સુંઠ, મરી, લીંડીપીંપર અને ચિત્રો, એ તોલો તોલો લઇ માટીના વાસણમાં મંદાગ્નિ ઉપર લેહ સિદ્ધ કરવો. તે પાક ઠંડો થયા પછી તેમાં મધ ૩૨ તોલા નાખવું. આ પાક બાળક અને વૃદ્ધને પણ આપવો. આ પાક વીર્ય-વર્ધક, વાજીકરણ; બુદ્ધિ, કાંતિ અને બળને આપનાર હોઈ સૂર્ય જેમ અંધકારનો નાશ કરે છે તેમ તે પ્રમેહનો નાશ કરે છે.

૫૮ શ્લેષ્માતક્યવલેહ:—પાકેલાં ગુંદાંમાંનાં બીઆં કાઢી નાખી, તેને તડકામાં સૂકવી, તેનું ચૂર્ણ કરી તે ૬૪ તોલા લેવું. તેટલીજ સાકર લેવી, તેમજ તાલીમખાનું, ગોખરૂ, કાળી મુસળી, શતાવરી, કૌચબીજ, આસંધ, ધોળા ભોંયકોળાનું ચૂર્ણ, ત્રિકટુ, ત્રિસુગંધ, જાયફળ, લવંગ, કેસર, જાવંત્રી, સમુદ્રશોકનાં બી અને ખુરાસાની અજમો તોલો તોલો અને કસ્તૂરી ૩ માસા લેવી. પછી સર્વનો પાક કરી તે પાક મધ અને ઘીની સાથે સવારે અને સાંજે શક્તિ પ્રમાણે એક અથવા બે તોલા સેવન કરવા આપવો. તેના ઉપર ખોરાક દૂધ અને ઘી સહિત આપવો, તેલ-વાળા અને ખાટા પદાર્થો ખાવામાં વર્જ્ય કરવા. પાન ખાવા આપવું. ઠંડુ પાણી પાવું. આ પ્રમાણે એક મહિના સુધી આ પાકનું સેવન કરવાથી વીર્યવૃદ્ધિ થાય છે, પંઢત્વ દૂર થાય છે, બળ અને પુષ્ટિ પ્રાપ્ત થાય છે; વૃદ્ધ માણસ જુવાન જેવો થાય છે; તેમજ પ્રમેહ, રક્તપિત્ત, ક્ષય, જીર્ણજ્વર, અરુચિ અને ઉલટીનો નાશ થાય છે.

૫૯ પુનર્નવાવલેહ:—પુનર્નવા (સાટોડી), ગળો અને દશમૂળ, એ સર્વ મળી ૩૨ તોલા લઇ, ૫૧૨ તોલા પાણીમાં ઉકાળી તેનો ચતુર્થાંશ કાઢો કરવો. પછી તેમાં આદુનો રસ ૧૨૮ તોલા અને ગોળ ૪૦૦ તોલા નાખી પચન કરવું. પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીંપર, તમાલપત્ર, એલચી, તજ અને ચવક, એ પ્રત્યેક ૧ તોલો લઇ ચૂર્ણ કરી નાખવું. પછી તે અવલેહ નીચે ઉતારી ઠંડો થયા પછી તેમાં મધ ૧૬ તોલા નાખવું. આ પાકના સેવનથી સોજો, શૂળ, ઉધરસ, દમ અને અરુચિનો નાશ થઇ બળ, કાંતિ અને અગ્નિની વૃદ્ધિ થાય છે.

૨—મુરબ્બા

૧ બીજોરાંનો મુરબ્બો:—સાકરનો પાક કરી તેમાં કેસર વગેરે મસાલો નાખી તેમાં બીજોરૂં ચીરી તેની ચીરીઓ નાખવી; એટલે મુરબ્બો થાય. પિત્ત ઉપર આ મુરબ્બો ઘણો પ્રશસ્ત છે. બિહી(મુગલી બેદાણાનાં ફળો)નો પણ આજ પ્રમાણે મુરબ્બો થાય છે. એ પણ પિત્ત ઉપર ઘણો ઉપયોગી છે.

૨ ચંદનના લાકડાનો મુરબ્બો:—ચંદનના લાકડાના બારિક કકડા કરી તેને, અષ્ટમાંશ બંગડીખાર અને પાણી નાખી ચાર પહોર સુધી બાફવાથી સારી રીતે બફાઈ મૃદુ થાય છે. પછી ખાંડની ચાસણી કરી તેમાં નાખવી. આ પ્રમાણે શેલડી, બદામ, આદુ વગેરે ન બફાતા પદાર્થો પણ આ ખાર વડે બફાઇ જાય છે; બાફતી વેળાએ પાણી બળી જવા દેવું નહિ અને વિશેષ નાખવા જરૂર પડે તો ખાર મિશ્રિત કરી ગરમ પાણી રેડવું.*

૩ લિંબુનો મુરબ્બો:—કાગદી (ઝીણી છાલવાળાં) લિંબુ ૧૦૦, દૂધ ચાર શેર અને પાણી એક શેર, એ પ્રમાણે લઇ પહેલાં લિંબુ છોલી પાણી અને દૂધ એકત્ર કરી તેમાં બધાં લિંબુ બે દિવસ સુધી નાખી રાખવાં; પછી જરા સૂકવી પુનઃ તેની છાલ કાઢી નાખવી. એટલું કરી પછી શેર લિંબુએ ત્રણ શેર ખાંડ એ પ્રમાણે લઈ, ખાંડની સારી ચાસણી કરી, તેમાં લિંબુનાં છિદ્રો પાડીને નાખવાં. આ પાક ઠંડો થયા પછી સારી બરણીમાં ભરી ઉપર કપડાથી મોઢું બાંધી ત્રણ મહિનાપર્યંત બંધ કરી રાખી, પછી લિંબુ ભક્ષણ કરવાં. આ મુરબ્બો પિત્ત ઉપર સારી પેઠે હિતકારક છે.

૪ આમળાંનો મુરબ્બો:—એક શેર સારાં મોટાં આમળાં લઇ તેને સોયથી ટોચી દાબી રાખવાં. તેની અંદરનું પાણી નીકળી જાય એટલે તેને ફટકડીના પાણીમાં મધ્યમ રીતે બાફી નાખી શેર ખાંડનો પાક કરી, તેમાં આમળાં કાંઇક શીજવવાં; તથા પચન થયા પછી તેમાંથી આમળાં કાઢી લઇ બીજી ચાર શેર ખાંડનો પાક કરી મેલ કાઢી તે પાક સિદ્ધ થાય એટલે તેમાં આમળાં નાખવાં અને કેસર અર્ધો તોલો નાખવું; એટલે મુરબ્બો થયો. આ મુરબ્બો પિત્તશામક અને પૌષ્ટિક છે.

૫ કેરીનો મુરબ્બો:—કેરીઓ સારી બેરેષો લીલી લઇ, તેને છોલી નાખી દાબી રાખવી. પાણી નીકળી જાય એટલે કિંચિત્ બાફવી અને પછી આમળાંની પેઠેજ મુરબ્બો કરવો.

૬ ગુલકંદ:—ઉંચી જાતના ગુલાબનાં ફૂલ લઇ તેની પાંખડીઓ ચુંટી લેવી. ફૂલથી બમણી સાકર લઇ બરણીમાં પાંખડીના અને સાકરના ઉપરાઉપરી થર કરવા અને તેનું મોઢું બાંધી રાખી ૮ દિવસ ગરમીમાં રાખી મૂકવાથી ગુલકંદ તૈયાર થાય છે. આ ગુલકંદ પિત્ત અને દાહ ઉપર પ્રશસ્ત છે.

૭ મધુપક્વ હરીતકી (હરડેનો મુરબ્બો):—સારી પાકી હરડે વીસ તોલા લઇ તે ૧૨૮ તોલા ગોમૂત્રમાં પચન કરવી. પછી કાંજી, દૂધ અને છાશ, એ પ્રત્યેક ૧૨૮ તોલા લઈ તેમાં જુદી જુદી પચન કરવી. પછી અંદરના ઠીલા કાઢી નાખવા. પછી સુંઠ, મરી, પીંપર, અજમો, ઇંદ્રજવ, નાગરમોથ, વાળો, દાડમની છાલ, અમ્લવેતસ, ધાવડીનાં ફૂલ, જીરૂં, શહાજીરૂં, પીંપર, જટામાંસી,

---

* એક તપેલામાં બંગડીખારવાળું પાણી ભરી તેના ઉપર ચારણી ચંદનના ટુકડાથી ભરેલી રાખી ઉપર ઢાંકણુ ઢાંકવું. અગ્નિ બહુજ ધીરી રાખવી.

ગોચરસ, બીલાંનું મગજ, સંચળ, સિંધાલુણ, પાષાણભેદ, જાંબુ અને કેરીની ગોટલીનું મગજ, અતિવિષ, કાળીપાટ, લવંગ અને જાયફળ, એ સર્વ મળી હરડેના ચતુર્થાંશ લેવું; કોઠાનું મગજ, મંડૂરભસ્મ અને લોહભસ્મ એ દશાંશ લેવી; તથા તમામ ચૂર્ણોથી અડધી સાકર લેવી. પછી એ સર્વે ચૂર્ણ અને સાકરને મેળવી ઉપલી હરડેમા ભરી સૂતરથી સારૂં વેસ્ટન કરવું. પછી એક વાસણમાં ઘાસ નાખી તે ઉપર થોડા પાણીનો છંટકાવ કરી તેમાં તે હરડે ઘાલી મંદાગ્નિ ઉપર એક પહોર સુધી શીજવવી. પછી નીચે ઉતારી ઠંડુ થયા પછી તે હરડે મધમાં રાખી મૂકવી. એના સેવનથી સંગ્રહણી, પ્રમેહ, શ્વાસ, પાંડુ અને આમવાતનો નાશ થઇ અગ્નિ વધે છે, ધાતુવૃદ્ધિ થાય છે અને પુષ્ટતા પ્રાપ્ત થાય છે.

૮ **બીજા પ્રકારની મધુપકવ હરીતકી:**—દશમૂળ, લીંડીપીંપર, ચિત્રો, કોઠું, બહેડાં, કાયફળ, મરી, પીંપળીમૂળ, રક્તરોહીડો, દંતીમૂળ, દ્રાક્ષ, ઝેરૂં, હળદર, દારુહળદર, આમળાં, વાવડીંગ, અઘેડી, કાકડાશિંગી, દેવદાર, સાટોડી, ધાણા, લવંગ, ગરમાળાની શિંગોની અંદરનું મગજ, ગોખરૂ, વરધારા, કાચકાનું મગજ, પુષ્કરમૂળ અને ખુરાસાની અજમો, એ પ્રત્યેક ચાર ચાર તોલા તથા ૨૫૬ તોલા હરડે લઇ ૨૦૪૮ તોલા પાણીમાં સારી શીજવવી.* પછી તે ગુરૂપદેશ પ્રમાણે મધમાં ૩ દિવસ રાખવી. પુનઃ બહાર કાઢી બીજા પાંચ દિવસ મધમાં રાખવી. પછી બહાર કાઢી વળી બીજા ૧૦ દિવસ મધમાં રાખવી. પછી બહાર કાઢી કોરી કરી ઘીના વાસણમાં મધ નાખી તેમાં નાખવી. પછી તેમાં તજ, તમાલપત્ર, એલચી, નાગકેસર અને લીંડીપીંપરનું ૩૨ તોલા ચૂર્ણ અને પૂર્વોક્ત ઔષધોનું ચૂર્ણ નાખવું. આ યોગ માણસોના હિતને માટે ધન્વંતરી મહારાજે કહેલો છે. આ પાકના ભક્ષણથી સર્વ પ્રકારના રોગોનો નાશ થાય છે. શ્વાસ, ઉધરસ, ક્ષય, ઉલટી, મૂર્છા, ભ્રમ, મદ, તૃષા, અરુચિ, અગ્નિમાંદ્ય, યકૃત્, બરોળ, પથરી, અંડવૃદ્ધિ, વિષમજ્વર, મૂત્રકૃચ્છ્, પ્રમેહ, દારુણ વાતરક્ત, વાતરોગ, બદ્ધગુદોદર, રક્તપિત્ત, કફપિત્ત, વિચર્ચિકા, કોઢ, મૂળવ્યાધિ, અપસ્માર, પાંડુરોગ અને કમળો વગેરે રોગો દૂર થાય છે.

૯ **ત્રીજા પ્રકારની મધુપકવ હરીતકી:**—ગાયના છાણનો રસ કાઢી તેમાં ૧૦૦ હરડે દોલાયંત્રથી સારી નરમ થતાં સુધી શીજવવી. પછી તે કાઢી તેને સોયથી ઝીણાં ઝીણાં છિદ્રો પાડવાં. ત્યાર પછી એક ઘીના રીઢા વાસણમાં ૪૦૦ તોલા મધ નાખી, તેમાં તે હરડે નાખી રાખવી અને ઉપરાઉપરી મધ નાખતા રહેવું. જ્યાં સુધી તે મધનું પાણી ન થતાં જેમનું તેમ રહે, ત્યાંસુધી વારંવાર તેમાં મધ નાખવું. એ પ્રયોગથી તે હરડેની તુરાશ જાય. ત્યાર પછી તેમાં સુંઠ, મરી, લીંડીપીંપર, લવંગ અને વંશલોચન, એ દરેક તોલા તોલાનું ચૂર્ણ નાખવું. આ મધુપકવ હરીતકી બળકર અને વર્ણકારક છે. દરરોજ પ્રાતઃકાળે એક એક ખાવી, એટલે દુષ્ટવાત, સંગ્રહણી, આમાંશ, દુષ્ટરક્ત, જીર્ણજ્વર, સળેખમ, વ્રણ, વિસ્ફોટક (ફોડા), વાતશૂળ અને શૂળયુક્ત સંગ્રહણીનો નાશ થાય છે.

૪—સરબત

૧ **ગુલાબનું સરબત:**—ગુલાબજળ અથવા ગુલાબની કળીઓનો નલિકાયંત્રથી અર્ક કાઢી લઇ તેમાં સાકર નાખી જાડો પાક કરવો. આ સરબત સુવાસિક હો· શરીરમાં ઉતરેલી ગરમીનો નાશ કરે છે. તે ઠંડુ છે તથા ઉનાળાના દિવસોમાં સેવન કરવા જેવું છે.

૨ **આમલીનું સરબત:**—આમલી સારી સ્વચ્છ બશેર લઇ એક પથ્થરના વાસણમાં ચાર શેર પાણી નાખી ચાર પહોર ભીજવી રાખવી; અને હાથ વડે ખૂબ મસળી, પાણીનો અને તેનો એકરસ કરીને પાણી માટીના વાસણમાં ગાળી લેવું. પછી તે પાણીને કલાઇવાળા વાસણમાં નાખી ઉભરો આવે ત્યાંસુધી ઉકાળી તેમાં ખાંડ નાખી ત્રણતારી ચાસણી કરી તૈયાર થયા પછી બરણીમાં ભરી રાખવું. આ સરબત બેથી પાંચ તોલાપર્યંત સેવન કરવું. પિત્તપ્રકૃતિના માણસને

* હરડે જ્યારે નરમ થાય ત્યારે કાઢી લઇ તેમાંથી ઠીલા કાઢી નાખવા તથા ક્વાથને ગાળી પુનઃ હરડે નાખી અગ્નિ પર પકાવવું. જ્યારે જાડો પાક થાય ત્યારે ઉતારી ઠંડુ થયેથી મધ મેળવવું.

સાંજે સૂતી વેળાએ આપવાથી શૌચ સાફ થશે. આ સરબતમાં બીજો એવો ગુણ છે કે, ઉનાળામાં સવારે એનું સેવન કરવાથી લૂખ લાગવાની ધાસ્તી રહેતી નથી. જેને બંધકોશનો સંશય રહેતો હોય, તેને આ સરબત ઘણું ગુણકારી છે. એના સેવનથી ઝાડો હંમેશાં સાફ આવે છે.

૩ પાકેલા કોઠાનું સરબત:—આમલીના સરબતની પેઠેજ આ સરબત પણ બનાવવું. આ સરબત શરીરમાં ગરમી ઉપર ઘણુંજ ઉપયોગી છે, સિવાય પિત્તશામક અને રુચિકર પણ છે.

५—सि का

૧ આદુનો સિરકો:—આદુનો રસ ૯ તોલા કાઢી તેમાં તેટલુંજ પાણી નાખવું. પછી ૨૦ તોલા સાકરનો પાક કરી તેમાં કેસર, એલચી, જાયફળ, જાવંત્રી અને લવંગ તોલો તોલો નાખી ભરી રાખવાં. આ સિરકો શ્વાસ, ઉધરસ, અગ્નિમાંદ્ય, અરુચિ ઇત્યાદિ ઉપર પ્રશસ્ત છે.

૨ દાડમનો સિરકો:—૨૦ દાડમ સારાં પાકેલાં અને રસદાર લઇ, તેનો રસ કાઢી કલાઇ-વાળા વાસણમાં ઉકાળવો અને અંદર સાકર એક શેર નાખવી. મધ જેવું જાડું થાય એટલે તેમાં અર્ધો તોલો કેસર અને એક તોલો એલચીનો ભૂકો નાખી શીશીમાં ભરી રાખવો. આ સિરકો પિત્ત અને ઉધરસ ઉપર ઘણો પ્રશસ્ત છે. લિંબુનો સિરકો પણ આ પ્રમાણેજ કરવો.

૩ નાળીએરનો સિરકો:—૫૦ કુમળાં નાળીએરનું પાણી લઇ, કડાઇમાં નાખવું અને મધ્યમાગ્નિથી મધ જેવું જાડું થાય ત્યાંસુધી ઉકાળી તેમાં કેસર અર્ધો તોલો અને લવંગનું ચૂર્ણ એક તોલો નાખી નીચે ઉતારી લેવું. આ સિરકો સારી રીતે રક્તવૃદ્ધિ કરનાર છે અને બીજાં ઔષધોનાં અનુપાનો સાથે સેવન કરવાથી ઉપયોગી થઇ પડે છે અને પુષ્ટિ કરે છે.

६—याकुती

ભાંગ અર્ધો શેર કપડામાં બાંધી તેને સારી પેઠે ધોઈ તેની પોટલી બાંધી ચાર શેર દૂધમાં નાખવી અને તે દૂધ સારી પેઠે ઉકાળવું. તે ઉકાળેલા દૂધમાં ખટાશ નાખી દહીં કરી વલોવી માખણ કાઢી ઘી બનાવવું; પછી તે ઘીમાં બદામ અર્ધો શેર, પીસ્તાં અર્ધો શેર, માવો અર્ધો શેર, દ્રાક્ષ અર્ધો શેર તથા ચારોળી અર્ધો શેર વગેરે મેળવી ત્રણ શેર ખાંડનો પાક કરી તેમાં નાખવો. તેમજ જાયફળ, જાવંત્રી, એલચી, સમુદ્રશોષનાં બી, અફીણ, કેસર, રૂમીમસ્તકી, ચણકબાબા, અક્કલકરો, સુંઠ, મરી, લીંડીપીંપર અને પીંપળીમૂળ, એ સર્વ એકેક તોલો તથા સાલમ, સફેદ મુસળી, કાળી મુસળી, આસંધ, શતાવરી, કૌચબીજ, ગોખરૂ અને તાલીમખાનું, એ બબ્બે તોલા, એ સર્વ ઔષધોનું ચૂર્ણ કરી સારી પેઠે મસળી ભાંગના ઘીની અંદર નાખવું. પછી એ સર્વ પદાર્થોને એકત્ર કરી બરણી ભરી રાખવી. આ યાકુતી અવલેહ જેવી બનાવવી. એના સેવનથી વીર્યસ્તંભન તથા વીર્યવૃદ્ધિ ઉત્તમ થાય છે. એના અંગે માદક શક્તિ વિશેષ છે. એના ઉપર અર્ધો શેર દૂધ પીવું. જેને કેફની ટેવ નથી તેણે એનું સેવન કરવું નહિ. કરવું તો ઘણું થોડું. ઉતાર—લિંબુ, ભાત અને છાશ.



अश्वरोग-परिज्ञान

१-शिरोव्यथा

ઘોડાનું માથું સૂજે છે અને તે નીચે માથું ઘાલે છે; ત્યારે તેને વ્યથા થયેલી છે, એમ જાણવું. **ઉપચાર:**—બોરડીની છાલ, પીંપળાની છાલ, અંકોલની છાલ અને એરંડાનાં મૂળ, એ સર્વ જણસો સમભાગ લઈ, પાણીમાં વાટી ઘોડાના મસ્તક ઉપર લેપ કરવો. ફરવું, તડકો અને બીજી દરેક ત્રાસદાયક ક્રિયાથી તેને દૂર રાખવો.

२-मुखरोग

મોઢું સૂજે છે, લાળ પડે છે, ઘાસ ખાતો નથી, એ મુખરોગ થવાનાં લક્ષણો છે. **મુખ-વાતાદિ સર્વ વાતવિકારો ઉપર ઉપચાર:**—જવખાર, સરસવ, રાઇ, સુવા, હળદર તથા સિંધવ, એ બધી જણસો સમભાગ લઇ આમલીના કચુકાની ખેળમાં ખરલ કરી લેપ કરી કપડાથી બાંધવું.

३-नाकना पडमांथी लोहीनुं वेहवुं

ઉપચાર:—(૧) કાવળીનાં મૂળ દૂધમાં ઘસી નાકમાં મૂકવાં. (૨) **શરદી થઈ નાક અને મોઢામાંથી પાણી વહેતું હોય અને વારંવાર સુંઘતો હોય તો:**—હરડે, કાળીજીરી, હળદર, સુંઠ, મરી, લીંડીપીંપર અને ગોળ, એ બધી જણસો એકત્ર ખાંડી અજમાશે એકથી બે તોલા-પર્યંત સવાર-સાંજ બે વાર એમ ૭ દિવસ સુધી ખવરાવવું.

४-नेत्ररोग

ઉપચાર:—(૧) **ફૂલ** અથવા **પડળ હોય તો:**—બે ત્રણ દિવસના બાળકની વિષ્ઠા આંજવી. (૨) માછલાનું અને બકરીનું પિત્ત મધમાં ખરલ કરી સાત દિવસ અંજન કરવું. (૩) **આંખ રાતી થાય છે, પાણી વહે છે અને સૂજે છે તે ઉપર:**—સિંધવ, સંચળ અને કાચલવણ, એ સર્વ જણસો સમભાગ લઈ કાંજીમાં ખરલ કરી અંજન કરવું. (૪) **આંખો લીલી રાતી થઈ હોય તો:**—ગોળ, કપૂર, પારો અને ગોરોચન, એ સર્વ જણસો સમભાગ મધમાં ખરલ કરી અંજન કરવું. (૫) **આંખો સ્વચ્છ થવા માટે:**—સાજીખાર પોણો માસો, આંબાહળદર દોઢ માસો, ભેંસાગુગળ (શુદ્ધ) પા માસો, ભેંસનાં શિંગડાંની રાખ પા માસો અને માણસની ખોપરીની રાખ પા માસો, એ સર્વનું એકત્ર ચૂર્ણ કરી જૂના ગોળમાં ખવરાવવાથી બીજા પણ રોગ (વાત, શૂળ, મૂત્રરોગ) દૂર થાય છે. (૬) લીંડીપીંપર, સુંઠ અને પારો, એ જણસો સમભાગ લઇ મધમાં ખરલ કરી અંજન કરવું.

५-ज्वर (ताव) सन्निपात

ઉપચાર:—અજમો પા માસો, લસણ પા માસો, હિંગ પા માસો તથા નગોડનાં પાંદડાં પોણો માસો, એ સર્વનું ચૂર્ણ સવાર-સાંજ, ઘીમાં ખવરાવવું અને શેક કરવો. ***આગંતુક જ્વર**

* તાવ કયા પ્રકારનો છે, એ ઓળખવું બહુ કઠિન છે. ઘણું તપેલું, ગ્લાનિ, ખાવા ઉપર ઇચ્છા ન હોવી ઈત્યાદિ પ્રકારોમાં કમી જાસ્તી પ્રમાણ-ચલનવલનાદિ વ્યવહારો ઉપરથી-જોઇ

ઉપર:—ભાંગરાનાં નવ પાંદડાં અને કડવા લીમડાનાં સૂકાયેલાં નવ પાંદડાં લઇ તેમાં ૩ શેર પાણી નાખી એક શેર કાઢો બાકી રહે એટલે તે ૩ દિવસ પાવો. **લંઘન** (દાણા ખાતો ન હોય તે)**જ્વર ઉપર:**—જાવંત્રી, લવંગ, કંકોલ અને જેઠીમધ, એ જણુસો સમભાગ લઇ ચૂર્ણ કરી એક તોલો ચૂર્ણ મધમાં ખવરાવવું. **સંતાપ** (મુખમાં દુર્ગંધ, બન્ને કાન ગરમ, કપાળ ઉપર ગાંઠ, એ લક્ષણોએ યુક્ત) **જ્વર ઉપર:**—કેળનાં મૂળ, કેવડાનાં પાંદડાં, ઉંબરાની છાલ, આમળાં, ધાણા અને ભોંયકોળું, એ સર્વ સમાનભાગે લઇ તેનું ચૂર્ણ કરી ૧ તોલો મધમાં ખવરાવવું. **મન્મથ** (મૂત્રમાં ધાતુનું જવું, મૂત્ર પીળું થવું અને પીચોટી બંધ થવી એવા) **જ્વર ઉપર:**—(૧) શામળાની રાખ અને રાળનો લોટ પાંચ શેર દૂધમાં બાફી ત્રણ દિવસ ખવરાવવું. એથી ૯ પ્રકારનો તાવ જશે. (૨) ગળો, ધાણા, કરીઆતું, સુંઠ અને ખારેક, એ પ્રત્યેક ત્રણ ત્રણ માસા અને એલચાદાણા ૧ માસો, એ પ્રમાણે ચૂર્ણ કરી મધમાં આપવું. (૩) લીમડાનાં પાંદડાં, હરડે, આમળાંનાં મૂળની છાલ તથા લસણ, એ સર્વ જણસોનું સમભાગ ચૂર્ણ એક તોલો ઘીમાં ખવરાવવું.

૬–उदरसंबंधी रोग

ફૂલાનો ભાગ બળવો, પેટમાં ગુડગુડ શબ્દ થવો, પરાણે શૌચ જવું, ઉપરાઉપરિ શ્વાસ કાઢવા, આળસ અને સુકાતા જવું, એ લક્ષણોએ યુક્ત રોગ ઉપર ૨૧ દિવસ સુધી ઘી અને તેલ એકત્ર કરી શરીરે મર્દન કરવું. **મંદાગ્નિ ઉપર:**—હરડે, ચિત્રો, ઉભી ભોરિંગણીનાં મૂળ, જીરૂં, વજ, ભોંયલીમડો, ભોંયઆવળ, રિંગણીનાં મૂળ, સિંધવ, સંચળ, વાવડીંગ, હળદર, નગોડ, અજમો, સુંઠ, પીંપળીમૂળ, લીંડીપીંપર, કરીઆતું અને ભાંગરો, એ સર્વ જણસો સમભાગ લઇ ગોળ સાથે ૧ તોલો ચૂર્ણ આપવું. **મોઢામાંથી પીળું પાણી** વહેતું હોય અને પરસેવો આવતો હોય તે ઉપર:—આસંધ પા તોલો અને લીંડીપીંપર પા તોલો ગાયના દૂધમાં ખવરાવવાં. **વર્તુશૂળ:**—શ્વાસ, ઘાયલ થવા જેવું, કૂખ મરડવી, એ લક્ષણો હોય તો—પિત્તપાપડો ૪॥ માસા, ચોર અજમો ૨॥ માસા, હીંગ ૧॥ માસો અને બીજોરાની છાલ ૨॥ માસા, એ બધાં ઔષધો એકત્ર કરી ઘીમાં આપવાં. **શ્રમવિભ્રમશૂળ** (મંદ ચરવું, ભ્રમના જેવું વર્તન, લાળ વહેવી, એ લક્ષણો થાય તે) **ઉપર ઉપચાર:**—ઘીમાં તલનું તેલ મેળવી ગરમ પાણીમાં નાખી તેમાં ગોળ, હળદર, સુંઠ અને હરડે, એ જણસો સમભાગ લઇ તેનું ૮ તોલા ચૂર્ણ નાખી આપવું; **શરીર ઉંચું નીચું** કરવું, પગનો સંકોચ કરવો તથા પેટ ફૂલવું એ લક્ષણો હોય તો—હીંગ પોણો તોલો, લસણ ૨॥ તોલા, સિંધવ ૧॥ તોલો અને ગોળ ૭॥ તોલો, એ સર્વ ઔષધો મેળવી ખાટા દહીંમાં ખવરાવવાં. **કૃમિશૂળ:**—વજ નવ માસા અને પિત્તપાપડો ૪॥ માસા મેળવી ખવરાવવો. **દારુણ શૂળ:**—ભોંય ઉપર પડવું, કૂદવું અને વ્યથિત જણાવું એ લક્ષણો હોય તો—વજ નવ માસા, પાષાણભેદ ૪॥ માસા અને દંતીમૂળ ૪॥ માસા, એ ઔષધો કાંજીમાં વાટી આપવાં. **અષ્ટાદશ પ્રકારના શૂળ ઉપર:**—સિંધવ, કાચલવણ, સંચળ, ગંધબીડ, મીઠું, મરી, અજમો, લીંડીપીંપર, હરડે, બહેડાં, આમળાં, પીળાં પંડોળાં, કોષ્ઠ, વજ, બાવળનો ગુંદ, ભારંગી, હીંગ, હિંગણા(ઈંગોરીઆં)ની છાલ, પિત્તપાપડો, ઇંદ્રજવ, કાંટાસરીઆનાં બીઆં, આસોદ, રિંગણીનાં મૂળ, નગોડ અને ખુરાસાની અજમો, એ બધાં ઔષધો સમભાગ લઈ, તેનું ચૂર્ણ બે તોલા ઘીમાં અથવા ગોળમાં ૭ દિવસ ખવરાવવું. **પેટ ચઢવું:**—વખતોવખત શરીર જમીન ઉપર નાખવું, તમ થવું એ લક્ષણો થતાં હોય તોઃ—અઘેડાનાં અને કાંગનાં મૂળ તથા ખાખરાનાં બી, એ ઔષધો પ્રત્યેક ૪॥ માસા અને હીંગ ૩ માસા લઇ, સંઘેસરાનાં પાંદડાંના રસમાં ખવરાવવું. **ખડસશાળઃ**—પેટ ચઢવું, ડોલવું અને મળમૂત્રનો પ્રતિબંધ થવો એ લક્ષણો હોય તોઃ—શીમળાની છાલ અને દંતીમૂળ દોઢ તોલો તલના

તાવની સાધારણ અજમાયશ બાંધવામાં આવે; પરંતુ તે ખાત્રી રાખવા લાયક નહિ. હવે જેના આધારે આ માહિતી આપેલી છે તે લેખી પુસ્તકમાં વિશેષ માહિતી ન હોવાથી અને તેનો અમને અનુભવ ન હોવાથી આના કરતાં વધારે વિસ્તારથી સમજ આપવામાં આવી નથી.

તેલમા ઘસી આપવાં. **ઉદકશૂળ** (પાણી પીધા પછી કૂદે છે અને હરાંપરાં થાય છે તે) **ઉપર:**—સુંઠ, લીંડીપીંપર અને વજ, એ ઓષધો પ્રત્યેક ૪ા માસા, ગજપીંપર અને સિંધવ પ્રત્યેક ૨ા માસા અને હીંગ ૧ા માસો, એ સર્વ ઔષધો ઘીમાં ખરલ કરી ખવરાવવાં. **દાંત કચડવા, જમીન ચાટવી, કરડવું, એ લક્ષણો હોય તો:**—ત્રિકટુ ૯ માસા, વાવડીંગ ૯ માસા અને અજમો ૧ માસો, એ બધાનું ચૂર્ણ કરી ઘીમાં ખવરાવવું. **લાદની સાથે કીડા પડે છે તે ઉપર:**—હિંગણાની છાલ ત્રણ માસા અને પિત્તપાપડો ૯ માસા એ ગોળમાં ખવરાવવું. **સંગ્રહણી ઉપર** (લાદ પાતળી થવી અને ઉપરાઉપરી હગવું):—નાનાં બીલાં, લીલા દાડમના દાણા અને ધાવડીનાં ફૂલ, એ જણસો સમભાગ લઇ ૧ા તોલો ચૂર્ણ દહીંમાં સાત દિવસ આપવું. (૨) હરડે, આરંબળીની છાલ, મેથી અને જીરૂં, એ સર્વ જણસો સમભાગ લઇ, ૧ા તોલો ચૂર્ણ દહીંમાં ૩ દિવસ ખવરાવવું. (૩) હરડે, આરંબળીની છાલ અને મેથી, એ સમભાગ લઇ દહીંમાં ૧ા તોલો ચૂર્ણ ખવરાવવું. **ઉપઘાત:**—ઘોડાની આંખોમાંથી પાણી વહેવું, પગ અને ગળું સૂજવું, દાંત ચોંટી જવા, ખાવાનું છોડવું ઇત્યાદિ લક્ષણો હોય તો—સરગવાનાં મૂળ, રાફડાની માટી, આમલીનાં અને નગોડનાં પાંદડાં, એ સર્વ સમભાગ વાટી મસ્તકે લેપ કરવો અને અરણીનાં પાંદડાં ૧ તોલો જૂના ગોળમાં ત્રણ દિવસ ખવરાવવાં.

૭—अग्निमांद्य

ઉપચાર:—ઘોડો દાણો અને ઘાસ ખાતો ન હોય તો—રિંગણીનાં મૂળ, ઉભી ભોરિંગણીનાં મૂળ, લીમડાનાં પાંદડાં, હરડે, સુંઠ, કરીઆતું, વાવડીંગ, અજમોદ, નગોડ, અરણીનાં પાંદડાં, એ ઔષધો પ્રત્યેક દોઢ દોઢ માસો અને અજમો પોણો માસો, એ સર્વ ઔષધોનું ચૂર્ણ કરી જૂના ગોળમાં ૭ દિવસ ખવરાવવું.

૮—पाद (पगना) रोग

ઉપચાર:—પગે **ચક્રાવલી** થઇ હોય તો—છીપ અને કોડી બાળી તેની રાખ સમભાગ મધમાં ખરલ કરી ચોપડવી. પગે **ગાંઠ** થાય છે તે ઉપર:—અણી ગાંઠ કાપી તેમાંનું પરૂ કાઢવું. પછી જવખાર અને સાજીખાર સમભાગ લઈ આમલીની ખોળમાં લેપ કરવો; અને સિંધવ, લસણ, સુંઠ અને વાવડીંગ, એ પ્રત્યેક ત્રણ ત્રણ માસા અને અજમો ૧ માસો, એમનું ચૂર્ણ કરી જૂના ગોળ સાથે પાવું.

९—अंडशोफ (अंड सूजवा)

સુંઠ, ઉભી ભોરિંગણી, એરંડાનાં મૂળની છાલ, સરગવાની છાલ, રિંગણી, મરી, ઉંબરાની છાલ અને વજ, એ સર્વ ઔષધો સમભાગ લઇ, ૧ા તોલો ચૂર્ણ ઘીમાં આપવું અને અંકોલનાં પાંદડાં ઉકાળી અંડ ઉપર તેનો શેક કરવો; તેમજ ઉપલું ચૂર્ણ ઘીમાં ખરલ કરી તે ઉપર થોડું ચોળવું.

१०—मूत्ररोग

મૂત્ર ઉપરાઉપરી થતું હોય તો:—દ્રાક્ષ અને કાકડીનાં બીઆંનું બારિક ચૂર્ણ કરી મધમાં ઇંદ્રિય ઉપર લેપ કરવો. **મૂત્રશૂળ:**—ભોંય ઉપર પગ ઠોકવા, કુક્ષિ ઉપર મોઢું લાવવું, એ લક્ષણો હોય તો—લીંડીપીંપર અને ગજપીંપર મેળવી ૧ તોલો ચૂર્ણ કરી ગોળમાં આપવું. **મૂત્ર સાથે વીર્ય જતું હોય તો**—નાગરવેલીનો કંદ, કેળનો કંદ, ભોંયકોળું અને છીંકણી ૧ા માસો મેળવી તે ચૂર્ણ દૂધમાં આપવું.

११—व्रणादि रोग

હાડી:—(હાડ ઉપર ગોળા જેવો સોજો થાય છે તે) ઉપર **ઉપચાર:**—પ્રથમ ફસ ખોલી લોહી કાઢવું. પછી કડવા લીમડાની સળીઓ એકત્ર બાંધી દેવતા ઉપર ગરમ કરી તે વડે શેકવું

અને લીમડાનાં પાંદડાં, નવસાર, સિંધવ, એ સમભાગ લઈ લીમડાના રસમાં ખરલ કરી લેપ કરવો તથા ઉપર કપડું બાંધી રાખવું. **માંસ સડ્યું હોય અને પીળું પાણી નીકળતું હોય** તો તે ઉપર:—લોહચુર અને હરડે તેલમાં ખરલ કરી લેપ કરવો; અને તે ઉપર એરંડાનાં પાંદડાં બાંધી ઇંટથી શેક કરવો; તેમજ લસણ, નગોડ અને સિંધવ દરેક સાડાચાર માસા અને અજમો ૧ માસો, એ ઔષધનું ચૂર્ણ ગોળ સાથે ૭ દિવસ ખવરાવવું. **ખાંડક, જખમ અને વાળા ઉપર:**—બકરીની લીંડીઓ, સિંધવ અને મીઠાનું સમભાગ ચૂર્ણ કરી, પાણીમાં કિંવા મધમાં લેપ કરવો. **શરીર ઉપર ગાંઠો થઈ તે વહેવા લાગતી હોય તો:**—ધુંવાસ અને વજ એ સમભાગ લઇ મધમાં ખરલ કરી લેપ કરવો; અને સિંધવ, વાવડીંગ, હરડે અને લસણ, એ ઔષધો ત્રણ ત્રણ માસા અને અજમો ૧ માસો, એ રીતે ચૂર્ણ કરી ઘીમાં ખવરાવવું. **ખસ ઉપર:**—કણક અને મીઠું પાણીમાં પલાળી તેનો રોટલો કરી તે બાળવો અને તેલમાં ખરલ કરી ચોપડવો. **ડુંટી સૂજે છે તે ઉપર:**—પ્રથમ હાથપગની નસો દબાવવી એમ કહેલું છે. એનો શું ઉપયોગ હશે તે સમજાતું નથી; પરંતુ આ નીચેનો ઉપચાર સારો જણાય છેઃ—સુંઠ, મરી, લીંડીપીંપર, સરસવ અને હળદર, એ ઔષધો સમભાગ લઇ આમલીના ચીચોડાની ખેળમાં લેપ કરવો અને ઉપર કપડું બાંધવું; તથા સુંઠ ૪ા માસા, એલચી ૦ાા માસો, લવંગ ૧ાા માસો, કાથમી ૨ા માસા, બહેડાં ૨ા માસા અને આમળાં ૨ા માસાનું એકત્ર ચૂર્ણ કરી ઘીમાં ૩ દિવસ આપવું. **આમની બાધા થાય તો:**—શેવાળ અને ઘી એક એક તોલો મેળવી પાવું.

१२—अग्निबाधा

ઉપચાર:—તેલનો જૂનો ઘડો ફોડીને તેના કકડા કરી તેનું પાતાળયંત્રવડે તેલ કાઢી ચોપડવું.

१३—विषबाधा

ઉપચાર:—શુદ્ધ હિંગળોક, સોમલખાર અને ધોળો કાથો, એ ઔષધો સમભાગ લઇ આદુના રસમાં ગોળી કરી ત્રણ દિવસ ખવરાવવી એવું કહેલું છે; પરંતુ એમાંનાં પહેલાં બે ઔષધો શુદ્ધ કરી લેવાં જોઇએ; તોજ કદાપિ આદાનો ગુણ આવે એમ જણાય છે. આ ઔષધનો ઘણો વિચાર કરી અને કોઇને અનુભવ હોય તોજ ઉપયોગ કરવો એવો અમારો મત છે.

१४—तोफानी घोडा माटे

ઉપચાર:—(૧)અન્ને કાનમાં (શુદ્ધ કરેલો) પારો નાખવો. મોઢામાં રૂ ઘાલવું અને પગના બદ પર, પિશાબ (?) ઉપર અને ઢગરાના માંસ ઉપર ગોળ ડામ દેવા. શેક કરવો. ઘેર બાંધી રાખવો. (૨) આર્તવનું (સ્ત્રીના અસ્પર્શ્ય કાળના રક્તનું) ચીથરૂં અને જૂનો ગોળ અર્ધો અર્ધો તોલો એકત્ર ખાંડી ૩ દિવસ આપવું. ગરમ પાણી પાવું. (૩) જુઓ વનૌષધિગુણાદર્શમાં ખેરના વર્ણનમાં નં. ૭ નો ઉપયોગ.

१५—खरीनो कचरो जवा माटे

ઉપચાર:—મીણ, ગુગળ, ભોંયલીમડો, કાળીજીરી, લાખ, સિંદૂર, મરી અને ગોળ, એ સમભાગ લઈ ઘી અને તેલમાં ખરલ કરી ચારે ખરીઓ ઉપર લેપ કરવો; અને લોખંડ ગરમ કરી કિંચિત્ શેકવું.

पशुचिकित्सानी पुरवणी—१

(વનૌષધિગુણાદર્શમાં નીચે આપેલી વનસ્પતિઓના વર્ણનમાં તે તે નંબર જોવો.)

(૧) **ઘોડાને કુરકરી થાય છે તે માટે:**—વંતાકડી (વેંગણી) ૨. (૨) **ઘોડાને પીઠ પડે તો તે માટે:**-અઘાડી (પોપટી કાંગ) ૩, બાજરી ૧. (૩) **ઘોડાને શરદી થઈ હોય તે માટે:**-ખજૂરી ૫.

पुरवणी—२

(૧) **ઢોરોને સર્પદંશ થાય છે તે માટે:**-અરિઠા ૧૪. (૨) **ઢોરોને કોઈપણપ્રકારનું વિષ ચઢ્યું હોય તે માટે:**-આસંધ ૧૫ ઉભી (ભો) રિંગણી ૨, જાળજાંબવો ૧, ઝેરકોચલાનું ઝાડ ૧.

(૩)**ઢોરોને ઘોયડાનું વિષ લાગે છે તે માટે**—ધણુસરી ૧, ધોણુશી ૧. (૪) **ઢોરોને ખાધામાં વિષ આવે તે ઉપર**—શિકેકાઇ ૨. (૫) **ઢોરના ખાધામાં સોમલ આવ્યો હોય તો તે માટે**—કેળ ૧૮, તાંદળજો ૧૦, પાણુકાંદા ૧. (૬) **ઢોરના મુસલરોગ માટે**—ગોરખ આમલી ૪, ધાપાન ૧. (૭) **ઢોરના કુંદરોગ માટે**—ઈંદ્રજવનું ઝાડ ૧૫, મુચકંદ ૩. (૮) **ઢોરને સળેખમ થાય છે તે માટે**—ઉદ (લોબાન) ૩. (૯) **ઢોરને શેંબા** (નાક પાકવાનો) **રોગ થાય છે તે માટે**—ડુંગળી (કાંદા) ૩૦. (૧૦) **ઢોરના લાગ માટે**—કાજૂ ૨. (૧૧) **ઢોરના કર્ણરોગ માટે**—કાનફોડી ૨. (૧૨) **ઢોરના રોગ માટે**—ચંદનબટવો ૧. (૧૩) **ઢોરના મૂત્રાવરોધ માટે**—કેળ ૨૦. (૧૪) **ઢોરનું અંગ બહાર આવે (આશ કાઢે) છે તે માટે**—કલગારી ૫. (૧૫) **ઢોર કે વાછરડાંને કરમ પડયા હોય તો તે માટે**—કુંવાડીઓ ૧૦. (૧૬) **ઢોરને હારીક લાગે તે માટે**—જામફળ ૪, મોગલીએરંડો ૮. (૧૭) **ઢોરના જખમ (ક્ષત) માટે**—ફાંગળો ૫, માંકડી ૪. (૧૮) **ઢોરને ખાંધ પડે છે તે માટે**—વગડાઉ તુરીઉં ૨. (૧૯) **ઢોરના પગને ફાળ લાગી હોય તો તે માટે**—વગડાઉ અળવી ૧. (૨૦) **ઢોરોની આંખોને ભૂર આવે છે તે—ફુલું પડે છે તે માટે**—ભુયશિરડ ૧. (૨૧) **ઢોરનું શિંગડું, હાડકું વગેરે ભાગ્યું હોય તો તે માટે**—થુવેર-ચોધરો (થોર) ૨. (૨૨) **ઢોરને દૂધ વધવા માટે**—ભીંડી ૫. (૨૩) **ઢોરોને ખાણમાં કીડા લાગવાથી રેચ થાય છે તે માટે**—સોપારી ૨. (૨૪) **ઢોરોના ક્ષતમાં કીડા પડે છે તે માટે**—કપૂર ૨, કીડામારી ૧, જાનવેલ ૩, ડીકામાળી ૪, તંબાકુ ૧, પીંપળો ૨૨, બહેડાં ૭, વગડાઉ સાટોડી ૨, હિંગ ૨, હેદ ૨. (૨૫) **બળદની ખાંધ સૂજે છે તે માટે**—ઝિંઝરૂટ ૪. (૨૬) **બળદ કે પાડા (રેલા) લોહી મૂતરે છે તે માટે**—ગાંજો (ભાંગ) ૩, મરવો ૧૧. (૨૭) **બળદને કાંઈ દુઃખ થયું હોય તો**—આસંધ ૨૧. (૨૮) **બળદનો પગ સૂજ્યો હોય તો**—આમલી ૧૬. (૨૯) **પાડાને રેચ થાય છે તે માટે**—ઘોટીવેલ ૧. (૩૦) **પાડાના વાળમાં જૂઓ પડી હોય તો તે માટે**—નિંબારા ૨. (૩૧) **ભેંસના ઝાર (ઓર, મેલી) પડવા માટે**—બકામલીમડી ૪. (૩૨) **ધનુર્વાત જેવો ઢોરને સુરડી કિંવા ધનકી રોગ થાય છે તે માટે**—અરિઠા ૧૩. (૩૩) **નાનાં વાછરડાંને ફોલ્લા થાય છે તે માટે**—ફુગ (મનાડીના ટોપ) ૧. (૩૪) **નાનાં વાછરડાંને દૂધના યોગે પેટમાં રોગ (દૂધરોગ) થાય છે તે માટે** કાળીજીરી (કડવીજીરી) ૯, દુધેલી ૪, સાજડ (એન) ૨. (૩૫) **નાનાં વાછરડાંને ઠંડી અને કૃમિ માટે**—કાંચકી ૬.

(નીચલી બાબતો માટે પ્રાણિજ ઔષધિમાં જુઓ.)

ઢોરના ગળામાં હાડકાં જાય તો:—અસ્થિવર્ગ-૬. **ઢોરને કાંઈ વાગી જખમ થઈ કીડા પડે તો:**—કાંતણીનું ઘર-૩.

સમાપ્ત

વૈદ્યકના સંસ્કૃત ગ્રંથોની નામાવલી

પ્રાચીન કાળમાં વૈદ્યક વિષય ઉપર સંસ્કૃત ભાષામાં ગ્રંથોનો જે જબરદસ્ત સંગ્રહ થયેલો એમાંના સેંકડો ગ્રંથ હવે અપ્રાપ્ય થયા છે, એટલુંજ નહિ પણ સેંકડો ગ્રંથોનું તો નામ પણ રહેલું જણાતું નથી. આથી મ૦ પદેજીને જે ગ્રંથો મળી આવે તેવા સમજાયા, તેવા સાતસો ગ્રંથોની યાદી તેઓશ્રીએ પોતાના **રાજવૈદ્ય** ગ્રંથમાં આપેલી; તેજ અમે અત્રે આપીએ છીએ. તેઓ લખે છે કે:—"પ્રસ્તુત જે યાદી આપું છું, તેને લગતા મારી પાસે બે આધાર છે, એક મોટો આધાર એડીનબરો અને બાનના વિદ્યાલયના સંસ્કૃત ભાષાના માજી પ્રૉફેસર **'થીઓડોર ઑફ્રીથે'** જર્મન ઓરિએન્ટલ સોસાઈટી માટે સંસ્કૃત ગ્રંથોની એક મોટી યાદી નોખાં નોખાં અનેક ઠેકાણાંની યાદીઓ ઉપરથી તૈયાર કરેલી તે છે. એ ઉપરાંત **શામરાવ મોરોજી** કૃત **'ગ્રંથાલય'** પુસ્તકમાંની યાદી તેમજ બીજાં પ્રત્યક્ષ જોવા મળેલાં પુસ્તકો ઉપરથી આ યાદી વાચકો આગળ સાદર કરી છે. હાલ દ્રાવિડ ભાષામાં આ વિષયના ગ્રંથોનો સંગ્રહ ભારે હોવાની બાતમી મળી છે. તેની શોધ કરવાની ખટપટમાં અમે લાગેલા છીએ." સાતસો ઉપરાંત ગ્રંથની યાદી તેમાં એક નામના એકથી વધુ ગ્રંથ છે; તે અનેક ગ્રંથકર્તાના નોખા નોખાજ કરેલા હોવાનો ખુલાસો તેમણે આપ્યો છો પ્રા. ડૉ.

૧ અકારાદિ નિઘંટુ. ૨ અગસ્ત્ય નિઘંટુ. ૩ અગ્નિકર્મ. ૪ અગ્નિવેશ સંહિતા. ૫ અંકોલ કલ્પ. ૬ અજીર્ણ મંજરી-(કાશીનાથ અને કાશીરાજ કૃત). ૭ અજીર્ણ મંજરી ટીકા-રામનાથ વૈદ્યકૃત. ૮ અજીર્ણામૃત મંજરી. ૯ અજીર્ણાગ્નિભસ્મકેશરોગવિધિ. ૧૦ અંજનનિદાન-અગ્નિવેશકૃત. ૧૧. અત્રી. ૧૨ અનંગતિલક. ૧૩ અનંગદીપિકા. ૧૪ અનંગ રંગ. ૧૫ અનંગશેખર (૧૨ થી ૧૫ સુધી કામશાસ્ત્ર ગ્રંથ). ૧૬ અનંતપ્રકાશ. ૧૭ અનાહાર પટલ (દત્તાત્રેયતંત્રાંતર્ગત). ૧૮ અનુપાનતરંગિણી. ૧૯ અનુપાનમંજરી-(પીતાંબર અને વિક્રમજી કૃત). ૨૦ અન્નચિકિત્સા. ૨૧ અન્નપાનવિધિ—સુષેણકૃત. ૨૨ અભિધાનચૂડામણિ અથવા નિઘંટુરાજ કે રાજનિઘંટ-નરહરિકૃત. ૨૩ અભિધાનરત્નમાલા-મલ્લિનાથકૃત અને હલાયુધકૃત. ૨૪ અમરવિનોદ. ૨૫ અમૃતસંજીવનપક્ષપુટી તંત્ર. ૨૬ અર્કચિકિત્સા. ૨૭ અર્કપ્રકાશ. ૨૮ અલંકાર. ૨૯ અલસકાજીર્ણપ્રકાશ. ૩૦ અશીતિવાતનિદાન. ૩૧ અશ્વચિકિત્સા-જયદત્ત. ૩૨ અશ્વશાસ્ત્ર. ૩૩ અશ્વતંત્ર. ૩૪ અશ્વવૈદ્યક-જયદત્ત. ૩૫ અશ્વિનીકુમાર સંન્નિપાતકલિકા. ૩૬ અષ્ટધાતુમારણવિધિ. ૩૭ અષ્ટસ્થાન પરીક્ષા. ૩૮ અષ્ટાંગ નિઘંટુ. ૩૯ અષ્ટાંગહૃદય નિઘંટુ. ૪૦ અષ્ટાંગ સંગ્રહ. ૪૧ અષ્ટાંગ હૃદયસંહિતા. ૪૨ અષ્ટાંગ હૃદય સંગ્રહ. ૪૩ આતંક તિમિરભાસ્કર. ૪૪ આતંકદર્પણ-માધવનિદાનટીકા. ૪૫ આત્રેયસંહિતા (હારીત સંહિતા) પાંચ પ્રકારની-બૃહત, કનિષ્ઠ, મધ્ય, વૃદ્ધ અને કૃષ્ણ. ૪૬ આત્રેયસંહિતા સાર. ૪૭ આયુર્વૃદ્ધિ. ૪૮ આયુર્વેદ. ૪૯ આયુર્વેદદીપિકા. ૫૦ આયુર્વેદપ્રકાશ. ૫૧ આયુર્વેદમહોદધિ-શ્રીસુખકૃત અને સુષેણકૃત. ૫૨ આયુર્વેદરસશાસ્ત્ર-માધવ. ૫૩ આયુર્વેદ રસાયન-અષ્ટાંગહૃદય ટીકા-હેમાદ્રિકૃત. ૫૪ આયુર્વેદ વિજ્ઞાન. ૫૫ આયુર્વેદસર્વસ્વ-ભોજરાજકૃત. ૫૬ આયુર્વેદ સિદ્ધાન્ત સંબોધિની. ૫૭ આયુર્વેદસુધાનિધિ. ૫૮ આયુર્વેદ સૌખ્ય-ટોડરાનંદ. ૫૯ આરોગ્યચિંતામણિ. ૬૦ આરોગ્યદર્પણ. ૬૧ આરોગ્યમાલા. ૬૨ ઇંદ્રજાલ. ૬૩ ઇશ્વરી કલ્પ. ૬૪ ઉડ્ડામેશ્વર. ૬૫ ઉદકમંજરી-ટોડરાનંદ. ૬૬ ઉદકલક્ષણ. ૬૭ ઉન્માદચિકિત્સાપટલ. ૬૮ ઉપચારસાર. ૬૯ ઉપદેવ. ૭૦ ઉપદંશાધિકાર-જ્ઞાનભાસ્કર. ૭૧ ઉપધાતુમારણ. ૭૨ ઉમામહેશ્વરસંવાદ. ૭૩ રૂપનિદાન. ૭૪ રૂપ્ટ્પયઃકલ્પ. ૭૫ ઋતુગણ. ૭૬ ઋતુચર્યા. ૭૭ આર્શસનિદાન. ૭૮ ઔષધિનામાવલિ-રાધાકૃષ્ણકૃત. ૭૯ ઔષધિકલ્પ. ૮૦ ઔષધગ્રંથ. ૮૧ ઔષધપ્રકાર. ૮૨ ઔષધપ્રયોગ. ૮૩ ઔષધિકલ્પલતા. ૮૪ કરટિકૌતુક (હસ્તિરોગ). ૮૫ ગોપાલદાસકૃત-કરભીચિકિત્સા. ૮૬ કરિચિકિત્સા સારોદ્ધાર. ૮૭ કર્મવિપાક. ૮૮ કલાવાદતંત્ર (કામશાસ્ત્ર). ૮૯ કલાશાસ્ત્ર (કામશાસ્ત્ર). ૯૦ કલાશાસ્ત્ર-વિશાખિલકૃત. ૯૧ કલાવિધિતંત્ર. ૯૨ કલાસારતંત્ર. ૯૩ કલ્પખંડ. ૯૪ કલ્પખંડ (બીજો). ૯૫ કલ્પચિંતામણિ. ૯૬ કલ્પતંત્ર. ૯૭ કલ્પતરુ-મલ્લીનાથકૃત. ૯૮ કલ્પદ્રુમ નિઘંટુ. ૯૯ કલ્પૌષધિ સેવાદિપ્રકાર. ૧૦૦ કલ્યાણકારક-ઉગ્રાદિત્યાચાર્યકૃત. ૧૦૧ કલ્યાણકૃત. ૧૦૨ કાકચંડેશ્વરીતંત્ર. ૧૦૩ કાંકાયન વટિકા. ૧૦૪ કામકલાંગનાવિલાસ. ૧૦૫ કામકલાતંત્ર. ૧૦૬ કામકલાવિલાસ. ૧૦૭ કામકલાસૂત્ર. ૧૦૮ કામતંત્ર. ૧૦૯ કામદતંત્ર. ૧૧૦ કામદેવવટી સારસંગ્રહ.

૧૧૧ કામપ્રબોધ–અનૂપસિંહ દેવકૃત. ૧૧૨ કામભૂત. ૧૧૩ કામરત્નતંત્ર–નિત્યનાથકૃત અને શ્રીનાથભટ્ટકૃત. ૧૧૪ કામરત્ન–શ્રીનાથકૃત. ૧૧૫ કામરત્નાકર. ૧૧૬ કામશાસ્ત્ર. ૧૧૭ કામસૂત્ર–વાત્સ્યાયનકૃત. ૧૧૮ કામાખ્યતંત્ર. ૧૧૯ કામેશ્વરતંત્ર. ૧૨૦ કાલજ્ઞાન. ૧૨૧ કાશ્યપસંહિતા. ૧૨૨ કુમારીકલ્પતંત્ર. ૧૨૩ કૂટમુદ્‌ગરાખ્ય. ૧૨૪ કેટદેવ નિઘંટુ. ૧૨૫ કોકશાસ્ત્ર.† ૧૨૬ કૌતુકચિંતામણિ–પ્રતાપરુદ્રદેવકૃત. ૧૨૭ કૌતુકમંજરી (કામશાસ્ત્ર). ૧૨૮ ક્વાથાધિકાર. ૧૨૯ ક્ષેમકુતૂહલ–ક્ષેમરાજકૃત. ૧૩૦ ગજચિકિત્સા, ગજવૈદ્ય, ગજાયુર્વેદ. ૧૩૧ ગણનિઘંટ–મદનાદિનિઘંટ. ૧૩૨ ગદનિગ્રહ–સોઢલકૃત. ૧૩૩ ગણુરત્નમાલા કોશ. ૧૩૪ ગજરાજરત્ન. ૧૩૫ ગદવિનિશ્ચય. ૧૩૬ ગદવિનોદનિઘંટુ. ૧૩૭ ગંધકરસાયન. ૧૩૮ ગંધદીપિકા. ૧૩૯ ગરુડાંજનાદિ. ૧૪૦ ગર્ભકાંડ. ૧૪૧ ગર્ભચિકિત્સા. ૧૪૨ ગુટિકાધિકાર. ૧૪૩ ગુટિકાપ્રકાર. ૧૪૪ ગડૂચ્યાદિ નિઘંટ–ધન્વંતરિકૃત. ૧૪૫ ગુણચંદ્રિકા–ઘનશ્યામસૂરિકૃત. ૧૪૬ ગુણજ્ઞાન. ૧૪૭ ગુણજ્ઞાનનિઘંટુ. ૧૪૮ ગુણપટલ. ૧૪૯ ગુણપાઠ. ૧૫૦ ગુણમાલા. ૧૫૧ ગુણયોગપ્રકાશ. ૧૫૨ ગુણરત્નમાલા–ભાવમિશ્રકૃત. ૧૫૩ ગુણરત્નાકર વ્રજભૂષણકૃત. ૧૫૪ ગુણસંગ્રહ–સોઢલકૃત. ૧૫૫ ગુણાગુણ–સુષેણકૃત. ૧૫૬ ગુરુબોધક હેરંબસેનકૃત. ૧૫૭ ગોરક્ષચિકિત્સા. ૧૫૮ ગોરક્ષસંહિતા. ૧૫૯ ગોવૈદ્યશાસ્ત્ર. ૧૬૦ ગૌરીકાંચલિકાતંત્ર. ૧૬૧ ચક્રદત્ત. ૧૬૨ ચકોરચંદ્રિકા. ૧૬૩ ચમત્કારચિંતામણિ–લોલિંબરાજકૃત. ૧૬૪ ચરકસંહિતા. ૧૬૫ ચર્યાચંદ્રોદય. ૧૬૬ ચર્યાપદ્માકર. ૧૬૭ ચિકિત્સાકલિકા–તિસટકૃત. ૧૬૮ ચિકિત્સાકલિકા–દયાશંકરકૃત. ૧૬૯ ચિકિત્સાકૌમુદી–કાશીરાજકૃત. ૧૭૦ ચિકિત્સાક્રમકલ્પવલ્લી. ૧૭૧ ચિકિત્સાચિંતામણિ. ૧૭૨ ચિકિત્સાંજન–વિદ્યાપતિકૃત. ૧૭૩ ચિકિત્સાતત્ત્વજ્ઞાન–ધન્વંતરિકૃત. ૧૭૪ ચિકિત્સાતંત્ર. ૧૭૫ ચિકિત્સાદર્પણ–દિવોદાસકૃત. ૧૭૬ ચિકિત્સાદીપ. ૧૭૭ ચિકિત્સાદીપિકા–ધન્વંતરિકૃત. ૧૭૮ ચિકિત્સાનાગાર્જુનીય. ૧૭૯ ચિકિત્સાપદ્ધતિ–કાશીરાજકૃત. ૧૮૦ ચિકિત્સાપરિભાષા–નારાયણદાસકૃત. ૧૮૧ ચિકિત્સામાલિકા. ૧૮૨ ચિકિત્સામૃત–ગણેશકૃત. ૧૮૩ ચિકિત્સામૃતસાર–દેવદાસકૃત. ૧૮૪ ચિકિત્સાયોગશત. ૧૮૫ ચિકિત્સારત્ન. ૧૮૬ ચિકિત્સાર્ણવ–સદાનંદ શુક્લકૃત. ૧૮૭ ચિકિત્સાલેશ–ગોવર્ધનકૃત. ૧૮૮ ચિકિત્સાશતશ્લોક. ૧૮૯ ચિકિત્સાસંગ્રહ–ધન્વંતરિકૃત–ચક્રપાણિદત્તકૃત અને શિવદાસ સેનકૃત. ૧૯૦ ચિકિત્સાસર્વસંગ્રહ. ૧૯૧ ચિકિત્સાસર્વસાગર. ૧૯૨ ચિકિત્સાસાગર–વત્સેશ્વરકૃત. ૧૯૩ ચિકિત્સાસાર–ધન્વંતરિકૃત, હરિભારતીકૃત અને ગોપાલદાસકૃત. ૧૯૪ ચિકિત્સાસંગ્રહ–ક્ષેમશર્માચાર્યકૃત અને વંગસેનકૃત. ૧૯૫ ચિકિત્સાસાર–સમુચ્ચય. ૧૯૬ ચિકિત્સાસ્થાનટિપ્પણ–ચક્રપાણિદત્તકૃત. ૧૯૭ ચોપચિની–પ્રકાશ. ૧૯૮ જગદ્વૈદ્યક–વૈદ્યવાચસ્પતિકૃત. ૧૯૯ જરાચિકિત્સા. ૨૦૦ જ્વરકલ્પ. ૨૦૧ જ્વરચિકિત્સા. ૨૦૨ જ્વરતિમિરભાસ્કર. ૨૦૩ જ્વરત્રિંશતિ–શાર્ઙ્ગધરકૃત. ૨૦૪ જ્વરદર્પણમાલા. ૨૦૫ જ્વરનિર્ણય–નારાયણકૃત. ૨૦૬ જ્વરપરાજય–જયરત્નકૃત. ૨૦૭ જ્વરશાંતિ. ૨૦૮ જ્વરાંકુશ. ૨૦૯ જ્વરાદિરોગચિકિત્સા. ૨૧૦ જ્ઞાનભૈષજ્યમંજરી. ૨૧૧ ટોડરપ્રકાશ–ટોડરમલ્લકૃત. ૨૧૨ ટોડરાનંદ–ટોડરમલ્લકૃત. ૨૧૩ ડામરતંત્ર. ૨૧૪ તક્રકલ્પ. ૨૧૫ તક્રકલ્પવિધિ. ૨૧૬ તંત્રરાજ–જાબાલકૃત. ૨૧૭ તંત્રોક્તચિકિત્સા. ૨૧૮ તામ્રવનેમુંડાકૃતિપાષાણકલ્પ. ૨૧૯ તિસટકૃત–વૈદ્યક. ૨૨૦ તુરંગપ્રશંસા–શાર્ઙ્ગધરકૃત. ૨૨૧ તૈલોપવેશનવિધિ. ૨૨૨ ત્રિશતી. ૨૨૩ દક્ષસંહિતાતંત્ર. ૨૨૪ દત્તાત્રેયતંત્ર. ૨૨૫ દત્તાત્રેયસંહિતા તંત્ર. ૨૨૬ દશપરીક્ષા. ૨૨૭ દિવ્યરસેન્દ્રસાર–ધનપતિકૃત. ૨૨૮ દૂતપરીક્ષા. ૨૨૯ દેવદાલીકલ્પ. ૨૩૦ દેવનંદીકૃત વૈદ્યક. ૨૩૧ દ્રવ્યગુણ–ગોપાલકૃત. ૨૩૨ દ્રવ્યગુણ–રાજવલ્લભ નારાયણદાસ કવિરાજકૃત. ૨૩૩ દ્રવ્યગુણદીપિકા–કૃષ્ણદત્તકૃત. ૨૩૪ દ્રવ્યગુણરત્નમાલા–માધવકૃત. ૨૩૫ દ્રવ્યગુણવિવેક. ૨૩૬ દ્રવ્યગુણશતશ્લોકી–ત્રિમલ્લભટ્ટકૃત. ૨૩૭ દ્રવ્યગુણસંગ્રહ–ચક્રપાણિ દત્તકૃત. ૨૩૮ દ્રવ્યગુણાકર. ૨૩૯ દ્રવ્યગુણાદર્શ–નિઘંટુ. ૨૪૦ દ્રવ્યગુણાધિરાજ. ૨૪૧ દ્રવ્યરત્નાકર. ૨૪૨ દ્રવ્યરત્નાવલિ. ૨૪૩ દ્રવ્યશુદ્ધિ. ૨૪૪

---

† આ ગ્રંથ મૂળ સંસ્કૃતમાં છે. એમાં ૧૮૦૦૦ શ્લોકો હોઈ તે કોકદેવનું રચેલું છે. એનોજ સાર લઇ કેટલાંક કોકશાસ્ત્રના નામથી બીજાં જુદી જુદી ભાષાઓમાં પુસ્તકો લખાયાં છે. લોકો આ પુસ્તકને અતિ ગોપ્ય રાખે છે. એથી હજી તે પ્રેસમાં જોવામાં આવ્યું નથી. મૂળ સંસ્કૃત ગ્રંથ પાટણમાં હોવાની ભાળ મળી છે.

દ્રવ્યાદર્શ. ૨૪૫ ધન્વંતરિગ્રંથ. ૨૪૬ ધન્વંતરિનિઘંટુ. ૨૪૭ ધન્વંતરિવિલાસ. ૨૪૮ ધન્વંતરિસારનિધિ–તુલાજીકૃત. ૨૪૯ ધાતુકલ્પ–રુદ્રયામલતંત્રાંતર્ગત. ૨૫૦ ધાતુનિદાન. ૨૫૧ ધાતુમંજરી–સદાશિવકૃત. ૨૫૨ ધાતુમારણ–શાર્ઙ્ગધરકૃત. ૨૫૩ ધાતુરત્નમાલા–દેવદત્તકૃત. ૨૫૪ ધાતુશોધન. ૨૫૫ નક્ષત્રપીડાશાન્તિ. ૨૫૬ નલપાકશાસ્ત્ર. ૨૫૭ નવરત્નધાતુવિવાહ–બલભદ્રકૃત. ૨૫૮ નાગવલ્લીકલ્પ. ૨૫૯ નાગવ્યાધિનિર્ણય. ૨૬૦ નાગાર્જુનતંત્ર. ૨૬૧ નાગાર્જુનીય. ૨૬૨ નાડીગ્રંથ. ૨૬૩ નાડીજ્ઞાન. ૨૬૪ નાડીજ્ઞાનતરંગિણી. ૨૬૫ નાડીજ્ઞાનદીપિકા. ૨૬૬ નાડીનિદાન. ૨૬૭ નાડીપરીક્ષા–દત્તાત્રેયકૃત, માર્કંડેયકૃત અને રાવણકૃત. ૨૬૮ નાડીપરીક્ષાદિ ચિકિત્સાકથન–રત્નપાણિકૃત. ૨૬૯ નાડીપ્રકરણ. ૨૭૦ નાડીપ્રકાશ–ગોવિંદકૃત, રામરાજકૃત અને શંકર સેનકૃત. ૨૭૧ નાડીવિજ્ઞાન–ગોવિંદરામ સેનકૃત. ૨૭૨ નાડીવિજ્ઞાનીય. ૨૭૩ નાડીશાસ્ત્ર. ૨૭૪ નાડીસમુચ્ચય. ૨૭૫ નાનૌષધપરિચ્છેદ–નારાયણદાસ કવિરાજકૃત. ૨૭૬ નાનૌષધવિધિ. ૨૭૭ નામમાલા–ધન્વંતરિકૃત. ૨૭૮ નામાવલીનિઘંટ. ૨૭૯ નારાયણવિલાસ. ૨૮૦ નિઘંટુ–રાધાકૃષ્ણકૃત. ૨૮૧ નિઘંટશિરોમણિ. ૨૮૨ નિઘંટુશેષ. ૨૮૩ નિઘંટુસંગ્રહનિદાન. ૨૮૪ નિઘંટુસાર–અશોકમલ્લકૃત. ૨૮૫ લઘુનિઘંટસાર–કેશવકૃત. ૨૮૬ નેત્રરોગચિકિત્સા. ૨૮૭ નૃસિંહકૃત–માધવનિદાનટીકા. ૨૮૮ પંચકર્મવિધિ. ૨૮૯ પંચકર્માધિકાર–વાગ્ભટ્ટકૃત. ૨૯૦ પંચસાયક. ૨૯૧ પંચસાયક–કવિશેખર જ્યોતિરીશ્વરકૃત. ૨૯૨ પથ્યનિદાન. ૨૯૩ પથ્યાપથ્ય–રઘુદેવકૃત. ૨૯૪ પથ્યાપથ્ય નિઘંટુ–કૈયદેવ પંડિતકૃત. ૨૯૫ પથ્યાપથ્યનિર્ણય. ૨૯૬ પથ્યાપથ્યવિચાર. ૨૯૭ પથ્યાપથ્યવિધાન. ૨૯૮ પથ્યાપથ્યવિધિ–દક્ષરૂપકૃત. ૨૯૯ પથ્યાપથ્યવિનિશ્ચય–વિશ્વનાથ સેનકૃત. ૩૦૦ પથ્યાપથ્યવિબોધ–કૈયદેવકૃત. ૩૦૧ પરિભાષાપ્રદીપ. ૩૦૨ પરિભાષા–નારાયણદાસકૃત. ૩૦૩ પરિભાષાવૃત્તિપ્રદીપ–ગોવિંદસેનકૃત. ૩૦૪ પાકાદિસંગ્રહ. ૩૦૫ પાકાધ્યાય. ૩૦૬ પાકમાર્તંડ. ૩૦૭ પાકાવલિ. ૩૦૮ પાકાવલિ (બીજી). ૩૦૯ પાકકલ્પ. ૩૧૦ પારાશર સંહિતા. ૩૧૧ પાલાશકલ્પ. ૩૧૨ પૂજ્યપાદ નિઘંટુ. ૩૧૩ પ્રમેહગજકેસરી. ૩૧૪ પ્રયોગચિંતામણિ. ૩૧૫ પ્રયોગામૃત—વૈદ્યચિંતામણિકૃત. ૩૧૬ બાલચિકિત્સા–કલ્યાણભટ્ટકૃત. ૩૧૭ બાલતંત્ર–કલ્યાણકૃત. ૩૧૮ બૃહતીકલ્પ. ૩૧૯ ભાલુકીતંત્ર. ૩૨૦ ભાવપ્રકાશ–ભાવમિશ્રકૃત. ૩૨૧ ભાવપ્રકાશકોશ. ૩૨૨ ભિષક્ચક્રચિત્તોત્સવ–હંસરાજકૃત. ૩૨૩ ભિષક્ચક્રનિદાન. ૩૨૪ ભિષગ્રત્ન. ૩૨૫ ભીમવિનોદ. ૩૨૬ ભૃગુસંહિતા. ૩૨૭ ભેડસંહિતા. ૩૨૮ ભેષજકલ્પ. ૩૨૯ ભેષજકલ્પસારસંગ્રહ. ૩૩૦ ભેષજતર્ક. ૩૩૧ ભેષજ્યસર્વસ્વ. ૩૩૨ ભૈષજ્યરત્નાવલિ–વિક્રમકૃત. ૩૩૩ ભૈષજ્યરત્નાવલિ. ૩૩૪ ભૈષજ્યસાર. ૩૩૫ ભૈષજ્યસારામૃતસંહિતા–પ્રાણનાથકૃત. ૩૩૬ ભોજકૃત વૈદ્યક. ૩૩૭ ભોજનકસ્તૂરી. ૩૩૮ ભોજનકુતૂહલ–રઘુનાથસૂરિકૃત (ગ્રંથસંખ્યા ૬૦૦૦). ૩૩૯ મંડૂક બ્રાહ્મીકલ્પ. ૩૪૦ મનિમુકુર. ૩૪૧ મંથાનભૈરવ. ૩૪૨ મદનકામેશ્વર. ૩૪૩ મદનપાલવિનોદ નિઘંટુ (મદનવિનોદ). ૩૪૪ મદનસંજીવની. ૩૪૫ મદનાર્ણવ. ૩૪૬ મધુકોશ ટીકા માધવનિદાન. ૩૪૭ મધુમાલતી. ૩૪૮ મલ્લપ્રકાશ–મલ્લદેવ કૃત. ૩૪૯ મહારસાયનવિધિ–મહાદેવકૃત. ૩૫૦ મહાર્ણવ. ૩૫૧ માત્રાપ્રયોગ. ૩૫૨ માધવચિકિત્સા. ૩૫૩ માધવનિદાન. ૩૫૪ મુગ્ધબોધાખ્યા–જ્વરાદિરોગચિકિત્સા. ૩૫૫ મુંડીકલ્પ. ૩૫૬ મુક્તાવલિ–ચક્રપાણિકૃત. ૩૫૭ મૂત્રપરીક્ષા–નખપરીક્ષાસહ. ૩૫૮ મૂલદેવકૃત કામશાસ્ત્ર. ૩૫૯ મૃતવત્સાચિકિત્સા. ૩૬૦ મૃતસંજીવની. ૩૬૧ યંત્રોદ્ધાર. ૩૬૨ યામલતંત્ર. ૩૬૩ યોગચંદ્રિકા–લક્ષ્મણકૃત. ૩૬૪ યોગચન્દ્રિકાવિલાસ. ૩૬૫ યોગચિકિત્સા. ૩૬૬ યોગચિન્તામણિ. ૩૬૭ યોગતરંગિણી–ત્રિમલ્લભટ્ટકૃત અને કેશવકૃત. ૩૬૮ યોગદીપિકા–ધન્વતરિકૃત. ૩૬૯ યોગપારિજાત. ૩૭૦ યોગપ્રદીપ. ૩૭૧ યોગમાધવ. ૩૭૨ યોગમાલા–યોગસિદ્ધકૃત. ૩૭૩ યોગમુક્તાવલી–વલ્લભદેવકૃત. ૩૭૪ યોગરત્ન. ૩૭૫ યોગરત્નપ્રદીપ. ૩૭૬ યોગરત્નમાલા–ગુણાકરકૃત. ૩૭૭ યોગરત્નાકર—કેશવદેવકૃત. ૩૭૮ યોગરત્નાવલિ. ૩૭૯ યોગશતક–વરરુચિકૃત. ૩૮૦ યોગશતક–મદનસિંહકૃત લક્ષ્મીદાસકૃત અને વિદગ્ધવૈકૃત. ૩૮૧ યોગસંગ્રહ–જગન્નાથકૃત. ૩૮૨ યોગસાર–અશ્વિનીકુમારકૃત. ૩૮૩ યોગસારસંગ્રહ–તુલસીદાસકૃત. ૩૮૪ યોગસારસમુચ્ચય–ગણપતિ વ્યાસકૃત. ૩૮૫ યોગસુધાનિધિ–બંદિમિશ્રકૃત. ૩૮૬ યોગાંજન. ૩૮૭ યોગાધિકાર. ૩૮૮ યોગામૃત–ગોપાલદાસકૃત. ૩૮૯ યોનિવ્યાપદ. ૩૯૦ યંત્રાર્ક. ૩૯૧ રતિરહસ્ય (કામશાસ્ત્ર). ૩૯૨ રતિ-

સંગ્રહવ્યાખ્યા. ૩૯૩ રતિસર્વસ્વ. ૩૯૪ રતિસાર. ૩૯૫ રત્નકલાચરિત્ર–લોલિંબરાજ કૃત. ૩૯૬ રત્નદીપિકા. ૩૯૭ રત્નપરીક્ષા. ૩૯૮ રત્નપ્રદીપનિઘંટુ–કાશીરામકૃત. ૩૯૯ રત્નાવલી–કવિચંદરાજકૃત. ૪૦૦ રત્નસારચિંતામણિ. ૪૦૧ રત્નાકર–વૈદ્યરત્નાકરનિઘંટુ. ૪૦૨ રસકંકાલિ–કંકાલિકૃત. ૪૦૩ રસકલ્પલતા–કાશીનાથકૃત. ૪૦૪ રસકષાય–વૈદ્યરાજકૃત. ૪૦૫ રસકૌતુક. ૪૦૬ રસકૌતુકાખ્ય. ૪૦૭ રસકૌમુદી–માધવાકરકૃત. ૪૦૮ રસકૌસ્તુભ રસકલિકા. ૪૦૯ રસગોવિંદ–ગોવિંદકૃત. ૪૧૦ રસચન્દ્રિકા–નીલાંબર પુરોહિતકૃત. ૪૧૧ રસચિંતામણિ. ૪૧૨ રસતત્ત્વસાર. ૪૧૩ રસદર્પણ–ત્રિમલ્લકૃત. ૪૧૪ રસદીપિકા આનંદાનુભવકૃત. ૪૧૫ રસનક્ષત્રમાલિકા. ૪૧૬ રસનિબંધ. ૪૧૭ રસપદ્ધતિ. ૪૧૮ રસપદ્મચંદ્રિકા. ૪૧૯ રસપારિજાત. ૪૨૦ રસપ્રકાશ. ૪૨૧ રસપ્રકાશસુધાકર–યશોધર કૃત. ૪૨૨ રસપ્રદીપ પ્રાણનાથકૃત. ૪૨૩ રસભસ્મવિધિ. ૪૨૪ રસભેષજકલ્ક–સૂર્યપંડિતકૃત. ૪૨૫ રસભોગમુક્તાવલી. ૪૨૬ રસમંગલ. ૪૨૭ રસમંજરી–કાલીનાથકૃત. ૪૨૮ રસમણિ–હરિહરકૃત. ૪૨૯ રસમુક્તાવલિ. ૪૩૦ રસયામલ. ૪૩૧ રસયોગમુક્તાવલી–નરહરિ ભટ્ટકૃત. ૪૩૨ રસરત્ન–શ્રીનાથકૃત. ૪૩૩ રસરત્નપ્રદીપ. ૪૩૪ રસરત્નપ્રદીપિકા. ૪૩૫ રસરત્નમાલા–નિત્યનાથકૃત. ૪૩૬ રસરત્નસમુચ્ચય. ૪૩૭ રસરત્નાકર–નિત્યનાથ સિદ્ધકૃત. (આ ત્રણ પ્રકારના છે.) ૪૩૮ રસરત્નાકર–ચક્રપાણિકૃત અને રેવણસિદ્ધકૃત. ૪૩૯ રસરત્નાવલિ–ગુરુદત્ત સિંહકૃત. ૪૪૦ રસરત્નસમુચ્ચય. ૪૪૧ રસરસાર્ણવ. ૪૪૨ રસરહસ્ય. ૪૪૩ રસરાજ. ૪૪૪ રસરાજ સુંદર. ૪૪૫ રસરાજલક્ષ્મી–રામેશ્વરભટ્ટકૃત. ૪૪૬ રસરાજશંકર. ૪૪૭ રસરાજશિરોમણિ–પરશુરામકૃત. ૪૪૮ રસરાજહંસ. ૪૪૯ રસવિવેક–કામશાસ્ત્ર. ૪૫૦ રસવૈશેષિક. ૪૫૧ રસશોધક. ૪૫૨ રસસંસ્કાર. ૪૫૩ રસસંકેત. ૪૫૪ રસસંકેતકલિકા–ચામુંડકાયસ્થકૃત. ૪૫૫ રસસંગ્રહ. ૪૫૬ રસસંગ્રહસિદ્ધાંત અચ્યુતકૃત. ૪૫૭ રસસાગર. ૪૫૮ રસસાર–ગોવિંદાચાર્યકૃત. ૪૫૯ રસસારસંગ્રહ–ગંગાધર પંડિતકૃત. ૪૬૦ રસસાર–સમુચ્ચય. ૪૬૧ રસસારામૃત–રામસેનકૃત. ૪૬૨ રસસિદ્ધાંતસંગ્રહ. ૪૬૩ રસસિદ્ધાંતસાગર. ૪૬૪ રસસિદ્ધિપ્રકાશ. ૪૬૫ રસસિંધુ. ૨૬૬ રસસુધાકર. ૪૬૭ રસસુધાનિધિ–વ્રજરાજ શુક્લ કૃત. ૪૬૮ રસસુધાંભોનિધિ. ૪૬૯ રસસૂત્રસ્થાન. ૪૭૦ રસહૃદય–ગોવિંદકૃત. ૪૭૧ રસહેમન–કંદાલીય રસહેમન. ૪૭૨ રસાદિશુદ્ધિ. ૪૭૩ રસાધિકાર હરિહરકૃત. ૪૭૪ રસાધ્યાય. ૪૭૫ રસામૃત-જયદેવકૃત અને કેયદેવકૃત. ૪૭૬ રસાબ્ધિ. ૪૭૭ રસાંભોધિ. ૪૭૮ રસાયનતરંગિણી. ૪૭૯ રસાયનનિદાન. ૪૮૦ રસાયનવિધિ. ૪૮૧ રસાર્ણવ. ૪૮૨ રસાર્ણવકલા. ૪૮૩ રસાલંકાર. ૪૮૪ રસાવતાર. ૪૮૫ રસેંદ્ર. ૪૮૬ રસ કલ્પદ્રુમ–રામકૃષ્ણ ભટ્ટકૃત. ૪૮૭ રસેંદ્રચિંતામણિ–રામચંદ્રકૃત. ૪૮૮ રસેન્દ્રચૂડામણિ–સોમદેવકૃત. ૪૮૯ રસેન્દ્રમંગલ. ૪૯૦ રસેન્દ્રસંહિતા. ૪૯૧ રસેન્દ્રસારસંગ્રહ–ગોપાલકૃષ્ણકૃત. ૪૯૨ રસેશ્વરસિદ્ધાંત. ૪૯૩ રસોપરસ. ૪૯૪ રસોપરસશોધન. ૪૯૫ રાજનિઘંટ–કાશીરાજકૃત. ૪૯૬ રાજનિઘંટ (દ્વિતીય). ૪૯૭ રાજમાર્તંડ ભોજરાજકૃત. ૪૯૮ રાજમૃગાંક–ભોજદેવકૃત. ૪૯૯ રાજવલ્લભ અ૦ પર્યાયરત્નમાલા. ૫૦૦ રાજહંસ. ૫૦૧ રાધાતંત્ર. ૫૦૨ રાવણી ચિકિત્સા. ૫૦૩ રુદંતીકલ્પ. ૫૦૪ રુદ્રતંત્ર. ૫૦૫ રુદ્રદત્ત. ૫૦૬ રુદ્રયામલિય ચિકિત્સા. ૫૦૭ રૂપમંજરી. ૫૦૮ રોગનિર્ણય. ૫૦૯ રોગપ્રદીપ. ૫૧૦ રોગલક્ષણ. ૫૧૧ રોગવિનિશ્ચય–જ્વરનિદાન. ૫૧૨ રોગાન્તકસાર. ૫૧૩ રોગારંભ. ૫૧૪ રોગાવલિ. ૫૧૫ રોલમ્બરાજીય. ૫૧૬ લઘુનિદાન–સુરજિતકૃત. ૫૧૭ લઘુરત્નાકર. ૫૧૮ લંઘનપથ્યનિર્ણય. ૫૧૯ લોલિંબરાજ. ૫૨૦ લોહરત્નાકર. ૫૨૧ લોહશાસ્ત્ર. ૫૨૨ લોહપ્રદીપ. ૫૨૩ વંગસેન. ૫૨૪ વંધ્યાપ્રકરણ. ૫૨૫ વમનકલ્પ (અષ્ટાંગહૃદયાંતર્ગત). ૫૨૬ વસંતરાજચિકિત્સા. ૫૨૭ વાજીકરણ. ૫૨૮ વાજીકરણ કલ્પદ્રુમ. ૫૨૯ વાજીકરણતંત્ર. ૫૩૦ વાજીકરણાધિકાર. ૫૩૧ વાટપવિદણ. ૫૩૨ વાતઘ્નત્વાદિ નિર્ણય. ૫૩૩ વાતનિદાન. ૫૩૪ વાતપ્રમેહચિકિત્સા. ૫૩૫ વાતરોગચિકિત્સા. ૫૩૬ વિચારસુધાકર (અર્શોઘ્નસુધાકર). ૫૩૭ વિજયરક્ષિત. ૫૩૮ વિદ્યાપ્રકાશ ચિકિત્સા–ધન્વંતરિકૃત. ૫૩૯ વિદ્યારત્ન–શિવનંદભટ્ટ ગોસ્વામીકૃત. ૫૪૦ વિમાનકલ્પ–ચક્રપાણિદત્તકૃત. ૫૪૧ વિષતંત્ર. ૫૪૨ વિષમંજરી. ૫૪૩ વિષવૈદ્ય. ૫૪૪ વિષહરચિકિત્સા. ૫૪૫ વિષહરમંત્રૌષધ. ૫૪૬ વીર નરસિંહ. ૫૪૭ વીરસિંહાવલોકન. ૫૪૮ વૃક્ષચિકિત્સારોપણાદિ. ૫૪૯ વૃક્ષદોહદ. ૫૫૦ વૃક્ષાયુર્વેદ. ૫૫૧ વૃત્તરત્નાવલિ–મણિરામકૃત. ૫૫૨ વૃત્તમાણિક્યમાલા–સુષેણકૃત-નિદાન. ૫૫૩ વૃંદમાધવ. ૫૫૪ વૃંદસંગ્રહ. ૫૫૫ વૃંદસિંધુ. ૫૫૬ વૃંદસંહિતા. ૫૫૭ વૃદ્ધવાગ્ભટ

(અષ્ટાંગસંગ્રહ). ૫૫૮ વૃદ્ધશાનક. ૫૫૯ વૃદ્ધ હારીત. ૫૬૦ વૈદ્યકસાર. ૫૬૧ વૈદ્યકદંબ. ૫૬૨ વૈદ્યકપરિભાષા. ૫૬૩ વૈદ્યક યોગચન્દ્રિકા. ૫૬૪ વૈદ્યકરત્નાવલિ. ૫૬૫ વૈદ્યકલ્પતરુ. ૫૬૬ વૈદ્યકલ્પદ્રુમ. ૫૬૭ વૈદ્યકશાસ્ત્ર વૈષ્ણવ. ૫૬૮ વૈદ્યકસંગ્રહ. ૫૬૯ વૈદ્યકસર્વસ્વ નકુલકૃત. ૫૭૦ વૈદ્યકસાર. ૫૭૧ વૈદ્યકસારસંગ્રહ. ૫૭૨ વૈદ્યકાનંદ. ૫૭૩ વૈદ્યકુતૂહલ–બંસીધરકૃત. ૫૭૪ વૈદ્યકુલતત્ત્વ. ૫૭૫ વૈદ્ય કૌમુદી. ૫૭૬ ×વૈદ્યકૌસ્તુભ. ૫૭૭ વૈદ્ય ચન્દ્રોદય. ૫૭૮ વૈદ્યચિકિત્સા. ૫૭૯ વૈદ્યચિંતામણિ. ૫૮૦ વૈદ્યજીવન. ૫૮૧ વૈદ્યતત્ત્વ. ૫૮૨ વૈદ્યત્રિંશટ્ટીકા. ૫૮૩ વૈદ્યદર્પણ–દલપતિકૃત અને પ્રાણનાથકૃત. ૫૮૪ વૈદ્યદર્શન. ૫૮૫ વૈદ્યત્રયબોધિકા. ૫૮૬ વૈદ્યનિઘંટુ. ૫૮૭ વૈદ્ય–પદ્ધતિ. ૫૮૮ વૈદ્યપ્રદીપ–ઉદ્ધવમિશ્રકૃત. ૫૮૯ વૈદ્યબોધસંગ્રહ–ભીમસેનકૃત. ૫૯૦ વૈદ્યમન ઉત્સવ–બંસીધરકૃત. ૫૯૧ વૈદ્યભૂષણનિઘંટુ. ૫૯૨ વૈદ્યમંજરી. ૫૯૩ વૈદ્યમનોરમા. ૫૯૪ વૈદ્યમહોદધિ–વૈદ્યરાજકૃત. ૫૯૫ વૈદ્યમાલિકા. ૫૯૬ વૈદ્યયોગ. ૫૯૭ વૈદ્યરત્ન. ૫૯૮ વૈદ્યરત્નમાલા. ૫૯૯ વૈદ્યરત્નાકરભાષ્ય. ૬૦૦ વૈદ્યરસરત્ન. ૬૦૧ વૈદ્યરસાયન. ૬૦૨ વૈદ્યરહસ્ય. ૬૦૩ વૈદ્યરહસ્યપદ્ધતિ. ૬૦૪ વૈદ્યરાજતંત્ર. ૬૦૫ વૈદ્યવલ્લભ–ઉદયઋષિકૃત, વલ્લભકૃત અને હસ્તિરુચિકૃત. ૬૦૬ વૈદ્યવલ્લભ અથવા ત્રિંશતી કિંવા જ્વરત્રિશંતી. ૬૦૭ વૈદ્યવલ્લભા. ૬૦૮ વૈદ્યવાચસ્પતિ. ૬૦૯ વૈદ્યવિનોદ–શંકરભટ્ટકૃત. ૬૧૦ વૈદ્યવિલાસ–રઘુનાથકૃત. ૬૧૧ વૈદ્યવૃંદ–નારાયણકૃત. ૬૧૨ વૈદ્યશાસ્ત્રસારસંગ્રહ–વ્યાસ ગણપતિકૃત. ૬૧૩ વૈદ્યસંક્ષિપ્ત સાર–સોમનાથ મહામાત્રકૃત. ૬૧૪ વૈદ્યસંગ્રહ. ૬૧૫ વૈદ્યસર્વસ્વ. ૬૧૬ વૈદ્યસાર. ૬૧૭ વૈદ્યસારસંકરાખ્ય. ૬૧૮ વૈદ્યસારસંગ્રહ. ૬૧૯ વૈદ્યસારોદ્ધાર. ૬૨૦ વૈદ્યસૂત્રટીકા. ૬૨૧ વૈદ્યહિતોપદેશ–શિવપંડિતકૃત. ૬૨૨ વૈદ્યામૃત. ૬૨૩ વૈદ્યામૃતસાગર. ૬૨૪ વૈદ્યામૃતલહરી–મથુરાનાથકૃત. ૬૨૫ વૈદ્યાલંકાર. ૬૨૬ વૈદ્યાવતંસ–લોલિંબરાજકૃત. ૬૨૭ વ્યાધિસિદ્ધાંત. ૬૨૮ વ્યાખ્યર્ગલ–દામોદરકૃત. ૬૨૯ વ્રણચિકિત્સા. ૬૩૦ વ્રણમાધવ. ૬૩૧ શતશ્લોકી–અવધાન સરસ્વતીકૃત, ત્રિમલ્લકૃત અને બોપદેવકૃત. ૬૩૨ શરીરલક્ષણ. ૬૩૩ શરીરવિનિશ્ચયાધિકાર–ગંગારામદાસકૃત. ૬૩૪ શરીરસ્થાનભાષ્ય. ૬૩૫ શલ્યતંત્ર. ૬૩૬ શાકનિઘંટુ–સીતારામ શાસ્ત્રીકૃત. ૬૩૭ શાબરતંત્ર. ૬૩૮ શારીરક–શ્રીમુખકૃત. ૬૩૯ શારીરવૈદ્ય. ૬૪૦ શાર્ઙ્ગધર–સંહિતા. ૬૪૧ શાલિહોત્ર–નકુલકૃત. ૬૪૨ શાલિહોત્રસાર. ૬૪૩ શાલિહોત્રોન્નય. ૬૪૪ શાલ્મલીકલ્પ. ૬૪૫ શિલાજતુકલ્પ. ૬૪૬ શ્લેષ્મજ્વર–નિદાન. ૬૪૭ ષડ્રસનિઘંટુ. ૬૪૮ ષડ્રસરત્નમાલા. ૬૪૯ ષાંઢ્યચિકિત્સા. ૬૫૦ સન્નિપાતકલિકા–રુદ્રનાથકૃત, શંભુનાથકૃત. ૬૫૧ સન્નિપાતચન્દ્રિકા. ૬૫૨ સન્નિપાતચિકિત્સા. ૬૫૩ સન્નિપાત–નાડીલક્ષણ. ૬૫૪ સન્નિપાતપટ. ૬૫૫ સન્નિપાતમંજરી. ૬૫૬ સર્વજ્વરવિપાક. ૬૫૭ સર્વવિજયી તંત્ર. ૬૫૮ સર્વસંગ્રહ. ૬૫૯ સહસ્રાક્ષ તથા સર્વ સિદ્ધાંત. ૬૬૦ સારકૌમુદી–રાજા હરિશ્ચંદ્રકૃત. ૬૬૧ સારસંગ્રહ. ૬૬૨ સારસંગ્રહનિઘંટુ. ૬૬૩ સારસિંધુ. ૬૬૪ સિદ્ધ મંત્ર–કેશવકૃત નિઘંટ. ૬૬૫ સિદ્ધમૂલિકા નિઘંટુ. ૬૬૬ સિદ્ધયોગ. ૬૬૭ સિદ્ધયોગમાલા. ૬૬૮ સિદ્ધયોગસંગ્રહ–ગણસેનકૃત. ૬૬૯ સિદ્ધસારસંહિતા. ૬૭૦ સિદ્ધાંતગર્ભ. ૬૭૧ સિદ્ધૌષધસંગ્રહ. ૬૭૨ સિંહનાદ. ૬૭૩ સુધાસાગર. ૬૭૪ સુશ્રુતસંહિતા (અને ટીકાકાર–ડલ્લન જેજ્જટ, ગયદાસ–ભાસ્કર, માધવ, બ્રહ્મદેવ). ૬૭૫ સુશ્રુતસાર. ૬૭૬ સુષેણ. ૬૭૭ સૂતમહોદધિ. ૬૭૮ સૂતાર્ણવ. ૬૭૯ સૂત્રસ્થાન. ૬૮૦ સૂદશાસ્ત્ર. ૬૮૧ સૂપશાસ્ત્ર અથવા પાકશાસ્ત્ર. ૬૮૨ સૌભાગ્યચિંતામણિ. ૬૮૩ સૌભાગ્યરત્નાલંકારતંત્ર. ૬૮૪ સ્મરદીપિકા–કામશાસ્ત્ર. ૬૮૫ સ્મરતત્ત્વપ્રકાશિકા–કામશાસ્ત્ર. ૬૮૬ સ્વપ્નપરીક્ષા. ૬૮૭ સ્વરવિધિ. ૬૮૮ સંદેહભંજનક. ૬૮૯ સન્નિપાતકલિકા. ૬૯૦ હંસનિદાન અથવા હંસરાજ નિદાન. ૬૯૧ હરપ્રદીપિકા. ૬૯૨ હરિતકયાદિનિઘંટ (ભાવપ્રકાશાંતર્ગત). ૬૯૩ હસ્તિવૈદ્યક–વીરસેનકૃત. ૬૯૪ હારીત સંહિતા. ૬૯૫ હિકમતપ્રકાશ–મહાદેવ પંડિતકૃત (આરબી ઉપરથી ભાષાંતર કરેલું). ૬૯૬ હિકમતપ્રદીપ. ૬૯૭ હિક્કાધિકાર. ૬૯૮ હિતોપદેશ (વૈદ્યહિતોપદેશ). ૬૯૯ હૃદયદીપક–બોપદેવકૃત કોશ. ૭૦૦ હૃદ્રોગપ્રતિકાર. ૭૦૧ હેમાદ્રિ–વાગ્ભટ્ટ ઉપર ટીકા. ૭૦૨ હૃદયકૃત વૈદ્યક.

× અથવા સદ્વૈદ્ય કૌસ્તુભ કે જેનો પ્રથમ રત્ન નામનો ભાગ શ્રીમાન પદેજીએ રાજવૈદ્યમાં છેવટે મૂલ માત્ર છપાવ્યો છે. પ્રા. ડો.

શારીરિક સુધારામાં હિંદીઓનું જંગલીપણું

આપણો દેશ છેલ્લી સદી કરતાં જો કે હાલમાં સુધારાવધારામાં વીજળીની ઝડપે આગળ વધતો જાય છે તોપણ હાલની ઓલાદ શારીરિક બાંધામાં અને શક્તિમાં વધુ અને વધુ ઉતરતી જાય છે. એની સાબીતી તેઓને લાગુ પડતાં દર્દો અને તેઓમાં ભરજુવાન વયે નીપજતાં મરણો ઉપરથી મળી આવે છે. ગઈ સદીના આપણા બાપદાદાઓ અને હાલની ઓલાદની તંદુરસ્તી વચ્ચે ઘણો મોટો તફાવત જણાય છે. એ માટેનાં કારણો એક નહિ પણ અનેક છે; જેમાં મુખ્ય આર્થિક અને સંસારી સ્થિતિ છે. પણ એ ઉપરાંત જે મુખ્ય સબબ છે તે શારીરશાસ્ત્રના સિદ્ધાંતનું અજ્ઞાન છે. એના સબબે શું ખાવું અને શું ન ખાવું તે તેઓ સમજી શકતા નથી. વીસમી સદીના સુધારાએ આપણી શારીરિક શક્તિ સુધારવાને બદલે ઉલટી બગાડી નાખી છે. સુધારાએ તેમને ફેશનેબલ જીંદગી ગુજારવાનું શીખવવાથી તેઓ ખોટા સુધારાના ભોગ થઈ પડયા છે અને મરણપ્રમાણ–તે પણ જુવાનીમાં મરણ પામવાનું પ્રમાણ–ભયંકર હદે વધી ગયું છે. બીજા શબ્દોમાં કહું તો હાલનો સુધારો હાલની ઓલાદની સુખાકારી માટે મોટા શાપસમાન થઈ પડયો છે.

જ્યાંસુધી આપણા શરીર પ્રત્યેની ફરજમાં સાવચેત થઇશું નહિ ત્યાંસુધી આપણે હિંદીવાનો સુધરેલી પ્રજાની બરોબરીમાં કદી પણ ઉતરી શકવાના નથી. અમેરિકા, ઇંગ્લંડ અને જર્મનીની દરેક સુધરેલી પ્રજા જે પહેલી ફરજ બજાવે છે તે પોતાની કોમની શારીરિક સુખાકારીમાં ચાલુ અને ચાલુ સુધારોવધારો કરવાની છે. તેમનો મુદ્રાલેખ પહેલી તંદુરસ્તી અને તે પછી બીજા બધાનો બનેલો છે. એવીજ રીતે જ્યાંસુધી હિંદીવાનો તરફથી કામ લેવામાં આવશે નહિ ત્યાંસુધી હિંદીવાનો શારીરિક સુધારાવધારામાં જંગલી પ્રજાઓથી પણ પછાતજ રહેવાના. તેઓ તંદુરસ્તી-ની કદર ત્યારેજ કરે છે, કે જ્યારે તેઓ ભયંકર બિમારીઓથી પટકાઈ બિછાને પડે છે.

આપણા હિંદીવાનોની મુખ્ય ખામી કુદરતી કાયદાકાનુનો અને શારીરિક શાસ્ત્રના સિદ્ધાંતનું કેવળ અજ્ઞાનપણું છે. કેટલા હિંદીવાનો પોતાની તંદુરસ્તી કેમ જાળવવી તેથી જાણીતા છે? હું કહું છું કે, બહુજ થોડા. પોતાની હોજરીને કયો ખોરાક રૂચતો થઈ પડે છે, અને કયો ખોરાક બીનઅનુસરતો થઇ પડે છે, તે જાણવાની દરકાર કેટલા હિંદીવાનોને હોય છે? હું ફરીથી કહું છું કે બહુજ થોડા. કેમકે હિંદીવાનોનો સર્વથી મોટો ભાગ એમજ માને છે કે, આ સઘળા જ્ઞાનની જરૂર તબીબો માટે હોય છે. પણ દરેકની ફરજ શારીરિક શાસ્ત્રના સિદ્ધાંતો જાણવાની છે. કેમકે એવા જ્ઞાનવગર માણસને માણસજ ગણી શકાય નહિ.

કોઇ પણ જાતનું દર્દ કે બિમારી થવી એ બીજું કંઇ નહિ પણ આપણી પોતાની બેદરકારી અને ભૂલનું પરિણામ છે. દર્દ કે બિમારી કુદરતના શારીરિક નિયમો તોડવાની એક પ્રકારની સજા છે. કુદરતના શારીરિક નિયમોને માન આપવામાં આવે તો ઇન્સાન અકસ્માતને બાદ કરતાં કદી પણ બિમારી કે દર્દનો ભોગ થઇ પડે નહિ. જેઓ કુદરતના નિયમને માન આપતા નથી, તેઓ કુદરતની સજાને લાયક બને છે. કુદરતના કાયદાઓનું અજ્ઞાન હોવું એ કાંઇ વાજબી બહાનું કહી શકાય નહિ. કુદરત તેઓ ઉપરજ હસે છે, કે જેઓ તેના કાયદાઓને માન આપે છે.

અસલના વખતમાં આપણા બાપદાદાઓ એજ કારણથી હૃષ્ટપુષ્ટ અને તંદુરસ્તી ભોગવતા હતા કે તેઓ કુદરતના કાયદાઓને જાણીને કે અજાણપણે પણ માન આપીને પોતાની જીંદગી ગુજારતા હતા. તેઓની ગામડાંની જીંદગી આશીર્વાદભરી હતી. તેઓ તાજી હવામાં રહેતા અને સ્વચ્છ પાણી પીતા. તેઓનો ખોરાક મુખ્ય ભાગે કુદરતી અને નિયમિત રહેતો; તેઓનો ખોરાક ફેશન, દેખાદેખી યા તવંગરીનો તોર બતાવનારો હતો નહિ. ગમે તેવાં કામ કે જંજાળને તેઓ જમણ લેતી વખતે બાજુએ મૂકતા અને ચાવી ચાવીને ખાતા; પણ તે વખત આજે રહ્યો નથી. કેમકે હિંદીવાનો પોતાના બાપદાદાની એ શુભ રીતિને બાજુએ ફેંકી દઇ પાશ્ચિમાત્યના સુધારાઓને શરણ થયા છે. પશ્ચિમની રૂઢિઓ જે હિંદીવાનો અને તેમના શારીરિક બાંધાને બીનઅનુસરતી છે તે તેમને ભારે નુકસાનકારક થઇ પડી છે. × × × ×

શક્તિનો કુદરતી ખજાનો

મનુષ્યના જીવનનો આધાર ત્રણ વસ્તુઓ ઉપર છેઃ–પવન, પાણી અને અન્ન, એ ત્રણ વસ્તુઓમાં તેના પ્રાણ રહેલા છે. આ વસ્તુઓમાંથી જીવનશક્તિ મેળવીને મનુષ્ય બળવાન અને નીરોગી થઇ શકે છે; પરંતુ દિલગીરીની વાત એ છે કે, આ શક્તિને પ્રાપ્ત કરવાની યથાર્થ વિધિનું જ્ઞાન બહુ ઓછા માણસોને હોય છે. આજકાલના વૈદ્ય અને ડૉકટરો રોગીઓને હરતાં ફરતાં ઔષધાલયો બનાવવાનોજ પ્રયત્ન કરે છે; પરંતુ કુદરતના અનંત ભંડારમાંથી બળ અને આરોગ્ય પ્રાપ્ત કરવાની વિધિ તેમને નથી બતાવતા. લાહોર મૅડિકલ કૉલેજના પ્રિન્સિપાલ ડૉકટર સદરલૅંડ કહે છે કે, બળવાન થવાને માટે દવાઓનું સેવન કરવું એ એક ભારે ભૂલ છે. કેમકે શક્તિ તો ભોજનાલયમાંથી મળે છે, નહિ કે દવાવાળાની દુકાનેથી.

જ્યારે મનુષ્ય કુદરતના ખોળામાં ખેલતો હતો અને જ્યારે તેનું જીવન આટલું બધું જટિલ અને અસ્વાભાવિક ન હતું ત્યારે તે કુદરતનાં રહસ્યો આજના કરતાં વિશેષ સમજતો હતો. તે દવાઓ ઉપર આધાર નહિ રાખતાં કુદરતમાંથીજ શક્તિ મેળવવા પ્રયત્ન કરતો હતો. પ્રાણાયામ, જળચિકિત્સા, દુગ્ધચિકિત્સા, ઉપવાસચિકિત્સા અને સૂર્યચિકિત્સા વગેરે બાબતો તેજ યુગની શોધખોળ છે. પવન, પાણી અને અન્ન, એ પરમેશ્વરની અનંત શક્તિના ભંડાર છે. તેમાં કોઇ પણ પ્રકારનો બગાડ થતાં જગતમાં ભારે ઉપદ્રવ જાગે છે તેથીજ એ ત્રણેની પવિત્રતા ઉપર ભાર મૂકવામાં આવે છે. પ્રાચીન ગુરુઓ પોતાના શિષ્યોને કુદરતના અનંત ભંડારમાંથી શક્તિ પ્રાપ્ત કરવાની વિધિઓનું જ્ઞાન આપ્યા કરતા હતા તેથી અને તે વખતે દવા–દારૂ ઉપર આટલું જોર દેવાતું નહિ તેથી લોકોનું સ્વાસ્થ્ય પણ વર્તમાન સમય કરતાં કેટલુંય વધારે સારૂં હતું.

પ્રથમ આપણે પવનને લઈએ. પાણી અને અન્ન વિના તો માણસ થોડી વાર પણ જીવી શકે છે, પરંતુ પવન વિના તો તે ક્ષણવાર પણ જીવી શકતો નથી. ભૌતિક વિજ્ઞાન કહે છે કે, પવન એ બે જાતના વાયુઓ–ઑક્સિજન અને નાઇટ્રોજન—નું રાસાયનિક મિશ્રણ છે. ઑક્સિજન આપણા શરીરમાં દાખલ થઇને મળની શુદ્ધિ કરે છે. એજ જીવનનો આધાર છે; પરંતુ એટલેથીજ કંઇ પતતું નથી. પવનમાં ઉપલા બે વાયુઓ ઉપરાંત પણ કોઇએક એવી ચીજ છે કે જેને ભૌતિક વિજ્ઞાન જોઈ શકતું નથી અને જેનો રાસાયનિક પૃથક્કરણ દ્વારા પત્તોજ લાગતો નથી. એ અગમ્ય અને અગોચર ચીજ ઉપરજ પ્રાણીઓના જીવનનો આધાર છે. અમારૂં આ કથન નિરાધાર નથી. પવનમાં ઓકિસજન અને નાઇટ્રોજન જે પ્રમાણમાં ભળેલા છે તેટલાજ પ્રમાણમાં તેમને મેળવીને કૃત્રિમ રીતે પવન તૈયાર કરવામાં આવે અને તેમાં દેડકું, ઉંદર કે બીજા કોઇ પણ પ્રાણીને રાખવામાં આવે તો તે તરતજ મરી જાય છે. આથી સ્પષ્ટ થાય છે કે, કુદરતી વાયુમાં કોઇએક એવી અગોચર વસ્તુ છે કે જેના ઉપર જીવનનો આધાર છે. જો તેમ ન હોત તો કૃત્રિમ વાયુમાં પણ નૈસર્ગિક વાયુ પેઠેજ પ્રાણીઓ જીવી શકત.

આ સમસ્ત વાયુમંડળ એ જીવનશક્તિથી ભરપૂર છે. તેમાંથી પોતાને માટે આ શક્તિને ગ્રહણ કરવાનો એકજ ઉપાય છે અને તે એ કે, બની શકે તેટલા વધારેમાં વધારે પ્રમાણમાં ખુલ્લા શુદ્ધ વાયુને આપણા શરીરમાં દાખલ કરવો. તેને માટે પ્રાણાયામની આવશ્યકતા છે. પ્રાણાયામને નામે અમે કોઇ લાંબી ચોડી ગુંચવણભરી ક્રિયા દર્શાવવા નથી ઇચ્છતા. તેની એક સરળ વિધિ નીચે પ્રમાણે છેઃ—

કોઈ ખુલ્લા સ્થાનમાં–જ્યાંની હવા તદ્દન શુદ્ધ હોય–જ્યાં ધૂળ, ધૂમાડો અને દુર્ગંધ જરા પણ ન હોય ત્યાં સવાર–સાંજ જઇને ટટ્ટાર સીધા ઉભા રહો. આ વખતે તમારૂં પેટ ભરેલું ન હોવું જોઇએ. બન્ને હાથ બન્ને બાજુ કમ્મર ઉપર, અંગુઠા પીઠ તરફ અને ચારે આંગળાં પેટ તરફ રાખો. માથું અને કરોડરજ્જુ સમરેખામાં, ખભા પાછલી તરફ ખસેલા અને છાતી આગલી તરફ ખેંચેલી હોવી જોઇએ. હવે મોં બંધ કરીને નાક વડે ધીમે ધીમે ઉંડા શ્વાસ લઇ શુદ્ધ વાયુ વડે ફેફસાંને

ભરો અને તે એટલે સુધી કે પાંસળીઓ બહારની બાજુએ ફૂલેલી દેખાઇ આવે અને છાતીનો ઉપલો ભાગ તેમજ ખભાની નીચેનો ભાગ પણ બરાબર ફૂલે. હવે જેટલી વાર સુગમતાપૂર્વક રોકી શકાય તેટલી વાર શ્વાસને અંદરજ રોકી રાખો. ત્યારપછી જે પ્રમાણે ધીમે ધીમે શ્વાસ ભર્યો હતો તેજ પ્રમાણે ધીરે ધીરે તેને બહાર કાઢો. બહુ વાર સુધી શ્વાસને અંદર રોકવાનો પ્રયત્ન કરવો યોગ્ય નથી. શ્વાસ બરાબર બહાર નીકળી ગયા પછી તેને શક્તિ પ્રમાણે બહારજ રોકો. પછી પહેલાંની પેઠે ધીરે ધીરે અંદર દાખલ કરીને ફેફસાંને ભરો. આ અભ્યાસ ત્રણ વારથી શરૂ કરીને બહુ ધીમે ધીમે વધારવો જોઇએ. બહુ ઉતાવળ કરવાથી નુકસાન થવાનો ભય છે. અંદર શ્વાસ ભરતી વખતે તમારા મનમાં એવી ધારણા હોવી જોઇએ કે હું મારામાં જીવનશક્તિ ભરી રહ્યો છું. મારા સૌ રોગ દૂર થઇને મારામાં નવજીવનનો સંચાર થઇ રહ્યો છે. આ ભાવનાનો સ્વાસ્થ્ય ઉપર બહુ ઉત્તમ પ્રભાવ પડે છે.

મનુષ્યના શરીરમાં શક્તિનાં કેટલાંય કેન્દ્ર છે અને તે નાડીઓનાં ચક્ર છે. તેમને જાગ્રત કરવાથી શરીરમાં શક્તિનો સંચાર થાય છે. આમાંના એક કેન્દ્રનું નામ મણિપુરચક્ર છે. તે છાતીને પેટથી જુદી પાડનારા પડદા(ડાયાફ્રામ)ની નીચે–જ્યાં છાતીની પાંસળીઓ જમણી અને ડાબી બાજુએ એકબીજાથી જુદી પડે છે ત્યાં–છે. ઉપરોક્ત વિધિ પ્રમાણે પ્રાણાયામ–ઉંડા શ્વાસ લેવાનો અભ્યાસ–કરતી વખતે આ ચક્ર ઉપર માનસિક દબાણ કરવાથી અને પેટને ગતિમાન કરીને ચક્રને હલાવવાથી તે ઉત્તેજિત થાય છે. આ ચક્રને જાગ્રત કરવા માટે કેટલોક સમય અભ્યાસ કરવાની જરૂર છે.

આજ જાતનું એક બીજું ચક્ર ગુદાના મૂળમાં છે. કરોડરજ્જુનું હાડકું નીચેની તરફ જ્યાં પૂરું થાય છે ત્યાં એક નાનો ખાડો છે. તેમાં કરોડરજ્જુની નાનીશી નસ બહારની બાજુએ નીકળેલી છે. કેટલાક લોકો તેને મનુષ્યના પૂછડાનો અવશેષ પણ માને છે. બસ, ત્યાંજ આ ચક્ર આવેલું છે. આ ચક્રને જાગ્રત કરવાની વિધિ એ છે કે, ઉભા રહીને અથવા બેસીને પહેલાં કહેવાયલી વિધિ પ્રમાણે પ્રાણાયામ કરવા અને સાથે સાથે આ ચક્રને ધીરે ધીરે હાથ વડે દબાવવું. આથી શરીરમાં એક પ્રકારનો સુખકારક અનુભવ અથવા ઝણઝણાટ જેવું થશે. વીર્યરક્ષાને માટે આ અભ્યાસ બહુ ફાયદાકારક છે.

ત્રીજું નાડીચક્ર ગરદનના મૂળમાં છે. જ્યાં માથાને ગર્દન સાથે મેળાપ થાય છે ત્યાં એક નાનકડા કૂવા જેવું છે. તેમાંજ આ ચક્ર આવેલું છે. પલાંઠી વાળીને બેસો અને માથાની ખોપરી તથા મેરુદંડને સમરેખામાં રાખો. માથું આગળ ઝૂકતું અને ગરદન પાછળ નીકળેલી ના જોઇએ. પછી ઉંડા શ્વાસ લેવાનો અભ્યાસ કરો. આ ક્રિયા કરતાં કરતાં તમારી બંને હથેળીઓને ચક્રના સ્થાને રાખીને સહેજ દબાવો. આપને એક ખાસ પ્રકારના સુખનો અનુભવ થશે. મગજનો બધોય થાક ઉતરી જશે. મગજનું કાર્ય કરનારાઓને માટે આ અભ્યાસ બહુ ફાયદાકારક જણાશે.

મનુષ્યનું શરીર એક પ્રકારની વીજળીની બૅટરી જેવું છે. માથાની ખોપરી એ તેનો ધનાત્મક ધ્રુવ (પોઝિટિવ પોલ) અને પગનાં તળિયાં ઋણાત્મક ધ્રુવ (નેગેટિવ પોલ) છે. ખોપરીમાંથી ઉપસી આવેલ શિખાસ્થાન દ્વારા આપણું શરીર વાયુમંડળમાંથી જીવનશક્તિ ગ્રહણ કરે છે અને પગનાં તળીઆંને રસ્તે તેના મેલને બહાર કાઢે છે. આજ કારણથી પગનાં તળીઆંમાં મુડદાલ માંસજ હોય છે. આથી પગને હમેશાં ધોઇને સાફ રાખવા જોઇએ, કે જેથી મેલ નીકળવામાં કંઈ અટકાવ થાય નહિ. ખોપરીને પણ આંગળીઓનાં ટેરવાં વડે ધીમે ધીમે મસળવી જોઈએ. આથી કરીને માથામાં એકઠો થયેલો મેલ દૂર થઇને શક્તિને અંદર ગ્રહણ કરવાનો રસ્તો ખુલ્લો થઈ જાય છે.

જીવનશક્તિનો બીજો ભંડાર શુદ્ધ જળ છે. હાઇડ્રોજન અને ઑક્સિજનને વીજળી દ્વારા એકત્ર કરીને જે પાણી પ્રયોગશાળામાં બનાવવામાં આવે છે, તેમાં આ નૈસર્ગિક શક્તિ નથી હોતી અને સ્વાદ પણ એટલો નથી હોતો. માછલાં વગેરે જીવજંતુઓ પણ તેમાં જીવી શકતાં નથી. નદી કે કૂવાના જળને કેટલીક વાર શીશીમાં ભરીને સીલબંધ રાખી મૂકવાથી તે પાણી

પણ સત્વવિનાનું થઈ જાય છે. તેનામાં જીવનશક્તિજ રહેતી નથી; પણ જો એ નિઃસત્વ થયેલા પાણીને એક પ્યાલામાંથી બીજા પ્યાલામાં પંદર વીસ વાર હેરફેર કરવામાં આવે છે તો તેનામાં ફરીથી જીવનશક્તિ દાખલ થાય છે. અને તે પાછું જેવું ને તેવું સ્વાદિષ્ટ બની જાય છે.

જળમાંથી શક્તિ ખેંચવાની વિધિ આ પ્રમાણે છેઃ–દિવસમાં કેટલીયે વાર થોડું થોડું તાજું અને સ્વચ્છ પાણી પીઓ. આખો પ્યાલો એકેસપાટે ગટગટાવી જવાથી કંઇજ લાભ નથી. જેમ ગરમ દૂધ ઘુંટડે ઘુંટડે પીયે છીએ, તેજ પ્રમાણે પાણી પણ ઘુંટડે ઘુંટડે પીવું જોઈએ; અને તોજ પાણીની જીવનશક્તિ શરીરમાં દાખલ થઇ શકશે.

ત્રીજો શક્તિનો ખજાનો એ અન્ન છે. શાસ્ત્રોમાં પણ અન્નને પ્રાણ કહેલ છે. પવિત્ર અન્નથી મન પવિત્ર બને છે; તેથી અન્નશુદ્ધિ× બહુજ જરૂરની બાબત છે. પરંતુ સામાન્ય લોકોની ભોજનપદ્ધતિથી અન્નની પૂરેપૂરી શક્તિ ખેંચી શકાતી નથી અને તેથી કરીને અધુરો લાભ થાય છે. ભોજનમાંથી શક્તિ પ્રાપ્ત કરવાની રીત એ છે કે, ભોજનને ખૂબ ચાવવું જોઇએ અને તે એટલે સુધી કે એથી વધારે ચાવી શકાયજ નહિ. આ પ્રમાણે ચાવીને ખવાયલો સાધારણ ખોરાક જેટલી શક્તિ આપે છે, તેટલી શક્તિ કિંમતી અને સ્વાદિષ્ટ ખોરાક બરાબર ચાવ્યા વિના લેવાથી પ્રાપ્ત થતી નથી. જમતી વખતે તેમજ પાણી પીતી વખતે મનમાં એવી ધારણા રાખવી જોઇએ કે તેમાંથી જીવનશક્તિ ખેંચીને આપણી અંદર ભરી રહ્યા છીએ.

અમને આશા છે કે, વાંચનાર ઉપલી બાબતોને નજીવી નહિ ગણી કાઢતાં તે પ્રમાણે વર્તન કરશે અને તેના સાચાજૂઠાપણા સંબંધી જાતિઅનુભવથી ખાત્રી કરશે.

('માધુરી'માંના શ્રી. સંતરામજીના લેખનો અનુવાદ.)

દાંત વિષે એક અદ્‌ભુત વાત

અમેરિકાના એક ડૉક્ટરે અનુભવ કર્યો છે કે, જો માણસના દાંત ખૂબ સ્વચ્છ રહે તો તેને કોઇ પણ પ્રકારનો રોગ થતો નથી. એજ પ્રમાણે જો એક રોગીના દાંત કોઇ પણ પ્રકારે ખૂબ ચોખ્ખા કરવામાં આવે તો તેના બધા રોગ દાંત સ્વચ્છ કરવાથીજ નાબુદ થઇ જશે, અને તે રોગી સાજો થઇ જશે. આ વિચારો માત્ર પુસ્તકમાંનાજ નથી, પરંતુ ડૉક્ટર સાહેબે તેજ પ્રમાણે ફ્રાન્સના ઘાયલ સૈનિકોની ચિકિત્સા પણ કરી છે. તેઓ દરદીઓના દાંત ખૂબ સાફ કરે છે અને ભાગ્યા તૂટ્યા દાંતમાં પણ સુધારો કરી દે છે. આશ્ચર્યની વાત તો એ છે કે, બીજા ડૉક્ટરોના હાથ નીચેના દર્દીઓ કરતાં આ ડૉક્ટર સાહેબના દર્દીઓ ૯–૧૦ દિવસ પહેલાં સાજા બની જાય છે. અસ્તુ. પરંતુ ડૉક્ટર સાહેબે પોતાની અનુભવેલી વિદ્યાને પ્રત્યક્ષ સિદ્ધ કરીને લોકોને દર્શાવી આપ્યું છે કે, એ કેવળ કપોલકલ્પના નથી, પરંતુ યથાર્થ અને સત્ય વાત છે. ડૉક્ટર સાહેબની એ વિષે યુરોપમાં ઘણીજ પ્રશંસા થઇ છે અને લોકો હવે તેમની ચિકિત્સા પસંદ કરે છે.

ઉપરોક્ત શોધખોળ ઉપર શાળાઓના વિદ્યાર્થીઓ તથા સૌ કોઇએ ધ્યાન આપવું જોઇએ. ઘણા ખરા તો દાતણ કરવુંજ બીનજરૂરી માને છે; અને જો કરે છે તો સહેજસાજ કરીને ફેંકી દે છે. ખરી રીતે તો લીમડો કે બાવળનું દાતણ ચાવીને દાંતને ખૂબ ઘસી સાફ કરવા જોઇએ.

× ઠીકજ કહ્યું છે કે आहारशुद्धौ सत्वशुद्धिः ।

સાદા આહારવિહારથી સર્વ દર્દો દફનાવવાની રીત

ત્રીસ કરતાંએ વધારે વર્ષથી બર્નાર મેકફેડન વૈદ્યકીય ધંધાવાળાઓનો પાકો દુશ્મન થઇ પડયો છે. તેનું નામ લેતાં કોઇ ડૉકટરના મગજમાં કંપારી છૂટવા માંડે છે. તેના તરફ આ ડૉકટરોનો સખત તિરસ્કાર હતો. કારણ ફક્ત એટલુંજ હતું કે, મેકફેડન કુદરતી ઉપાયોથી દરદીઓને સારાં કરવા માગતો હતો. બચપણમાં પોતે એક માંદલો છોકરો હતો. અઢાર વર્ષની ઉંમરે તો દર્દે તેને ઘેરી લીધો હતો; પરંતુ કુદરતી ઉપાયો અને ખોરાકથીજ તેણે પોતાની જીંદગી સુધારી હતી અને ત્યારથી તે કુદરતનો ભક્ત બન્યો હતો.

પ્રચારકાર્ય—ડૉકટરોને આ પાલવે તેમ ન હતું. તે શીતળાની રસી મુકાવવાની પણ વિરુદ્ધ હતો. આ તો જમાનાની મહાન શોધ ગણાતી. વૈદ્યકીય સારવાર વિના સારા થવાય છે, એમ તે લોકોને સમજાવતો. આથી તો ડૉકટરો બળી મરતા અને કહેતા કે, મેકફેડનના વિચારો છોકરવાદી, મૂર્ખાઇભરેલા અને કેવળ નકામા છે. મેકફેડન એકલા વિચારોથી સંતોષ પામે તેવો ન હતો. સાહિત્યના ક્ષેત્રમાં પણ તેણે ઝંપલાવ્યું હતું; પરંતુ તે પોતાના વિચારોના પ્રચારપૂરતુંજ. પુસ્તકો અને માસિકો દ્વારા તે પોતાનું સ્થાન મજબૂત બનાવતો હતો. ગમે તેટલો વિરોધ છતાં તે તો આગળજ ધપ્યે જતો હતો.

ડૉકટરો સામે વાંધો નથી—મેકફેડનને ડૉકટરો સામે કંઇ દ્વેષ નથી. ઉલટું તેમણે માણસજાત માટે દાખલ કરેલ કેટલાક સુધારા માટે તેને માન છે. કેટલાક ડૉકટરો તો તેના મિત્રો છે; છતાં પણ તે છેલ્લાં ત્રીસ વર્ષોથી ઔષધની વિરુદ્ધ સતત પ્રવૃત્તિઓ ચલાવી રહેલ છે. આનું કારણ ફક્ત એટલુંજ છે કે, પદ્ધતિસરનાં ઔષધની સત્તા એક ડૉકટર ઉપર અજબ છે અને તેનાં મૂળ તત્ત્વમાં વ્યાપારી દૃષ્ટિનો સમાવેશ થાય છે. ઉપરાંત કાયદાઓમાં અને રાજદ્વારી ક્ષેત્રોમાં પણ તે ઘુસેલ છે અને આને લઇનેજ મેકફેડન તેની વિરુદ્ધની પોતાની પ્રવૃત્તિઓનો પ્રચાર કરવા માગે છે.

ચુસ્ત હિમાયતી—સકારણ અને વાજબી રીતેજ તેણે આ કાર્ય ઉપાડી લીધેલ છે. પોતાના માસિકનો બહોળો ફેલાવો કરવા માટે સણસણાટીવાળી કોઇ વસ્તુનો ઉપયોગ કરવા તે માગતો નથી. શારીરિક સુધારાનો તે ચુસ્ત હીમાયતી છે. વૈદ્યકીય સુધારાએ લોકોમાંથી જે ખરૂં સત્ય હતું તેનો નાશ કરેલ છે અને તેને બદલે વિચિત્ર દશા ઉત્પન્ન કરેલ છે. આ સ્થિતિ સામાજિક સુધારાઓ અને મનુષ્યજાતિની તંદુરસ્તીની વિરુદ્ધ હોવાથી આ ઝુંબેશ ઉઠાવવાનું તેને કારણ મળેલ છે. ઘણાએ ડૉકટરોની પ્રથાઓ ખોટી છે અને પોતાની કુદરતી રીતો વધારે સારી છે, એમ મેકફેડન માને છે. વર્ષોના અનુભવ પછી ડૉકટરોને પોતાના મતને મળતા થતા તેણે જોયેલા છે. કુદરતના આ હીમાયતીની માગણીઓના અખતરા થવા જોઇએ, પરંતુ વૈદ્યકીય ધંધા તરફથી આમ કદી થવા પામેલજ નથી.

ડૉકટરનો રોલ—ડૉકટરો કોઇ વખત ખરા પડતાં તેઓ મેકફેડનની જાળમાંથી લોકોને મુક્ત કરવા મંડી પડતા. બન્ને બાજુ તરફ જોતાં આ બાબતમાં ખરા-ખોટાનો સવાલ ઉભોજ રહેતો. કોઈ બાજુથી ખરી વસ્તુ બહાર આવતીજ ન હતી. આથી ડૉકટરો તરફથી તેને ઘણુંયે સહન કરવું પડતું. તેના કોઇ પુસ્તક તરફ તેઓ ખુની દૃષ્ટિથી જોતા. મેકફેડન એકાદ વખત જેલજાત્રા કરતાં બચી ગયો હતો અને એકાદ વખત તો બે વર્ષ માટે તે કરી આવ્યો પણ હતો.

ડૉકટરોનું સ્થાન—અમેરિકામાં ડૉકટરો સામે કોઈ વ્યક્તિએ ઝુંબેશ ઉઠાવવી તે એક ખરેખર કઠિન કામ છે. ડૉકટર ને ધર્મગુરુ બન્નેની ત્યાં સરખીજ ગણના થાય છે. આને લીધે સમાજમાં ડૉકટર બીજાઓથી જુદો પડે છે. તેનું જ્ઞાન અગાધ હોય છે; તેની સમજ સંપૂર્ણ છે; આપણે તેને કંઇ સવાલ કરી શકીએજ નહિ; કારણ કે આટલી બધી સત્તા તેમના હાથમાં સંભવીજ શકે નહિ. આપણે આપણી તંદુરસ્તી-આપણી જીંદગી પણ કંઇ પણ શંકા વિના આપણે તેમના હાથમાં સોંપી દઇએ છીએ. આપણે તો ફક્ત તેમના સામું ડાચું ફાડીને જોઇ રહેવાનુંજ છે; કારણ કે આપણે એ ધંધાથી અજ્ઞાન છીએ. મેકફેડન આ ભ્રમણાનો નાશ કરવા માગે છે. ડૉકટરો

કંઇ જાણુતા નથી તેમ તેને ખાત્રી થાય છે. આને લઇનેજ અમેરિકન મેડીકલ એસોસીએશન તેને ચૂપ કરી દેવા માગે છે.

આપણી મનોદશા—માંદા પડતાંજ આપણું મન ડૉકટર તરફ વળે છે. ડૉકટરોમાંથી વિશ્વાસ છોડવા આપણે માગતાજ નથી. મનના સંતોષ અને શાંતિને વાસ્તે ડૉકટરજ છે. આવી નિર્બળ મનોદશાને લઇનેજ આમ બને છે; પરંતુ મેકફેડનના મત પ્રમાણે તમે તમારા શરીરનેજ તક આપો અને તે રોગને આપોઆપ મટાડશે. આટલા માટેજ ડૉકટરો આ માણુસને ભયંકર ગણે છે.

એકજ સિદ્ધાંત—છેલ્લાં ત્રીસ વર્ષોમાં ડૉકટરોએ ઘણી નવી શોધો કરી જૂનીનું સ્થાન તેમને આપેલ છે; જ્યારે મેકફેડનનો સિદ્ધાંત જેનો તેજ રહેલ છે. તેજ સાબીત કરે છે કે, પોતાના વિચારો-માં તે કેટલો મક્કમ અને આગળ વધેલો છે. બહારની અડચણો દૂર થતાં શરીર જે એક જીવંત વસ્તુ છે તેને પોતાની મેળે પોતાની ગોઠવણુ કરી લેવાની શક્તિ છે તેમ મેકફેડન જણાવે છે. શરીરની કુદરતી સ્વતંત્રતામાં આડે આવતી અગવડતાઓ દૂર કરવા માટેનાજ તેના પ્રયાસો છે અને ખોરાકને તેના પાયારૂપ તે ગણે છે.

ખોરાક અને ઉપવાસ—ખોરાક અને ઉપવાસ, આ બે વસ્તુઓ ઉપર મેકફેડનની પદ્ધતિની રચના થયેલ છે. વૈદ્યકીય વર્ગે પ્રથમ તો આની અવગણના કરેલી, પરંતુ અત્યારે મહાન વિજ્ઞાનીઓ-એ અખતરાઓથી સાબીત કર્યું છે કે, ઉપવાસની આવશ્યકતા છે. મેકફેડનના સિદ્ધાંતનો ઠેરઠેર ઉપયોગ થાય છે. ખોરાક વધારે લેવાતાં શરીરની બધી શક્તિઓ તેને પચાવવામાં રોકાઇ જાય છે; માટે જ્યારે ઓછો ખોરાક લેવાય છે ત્યારે આ શક્તિઓને શરીર સુધારવા માટે અવકાશ રહે છે. અત્યારે જે સામાન્ય ટેવ છે તેના કરતાં ઘણા ઓછા ખોરાકની જરૂર છે. ખોરાક શરીરને નુકસાન કરે નહિ તે માટે તે સાદો હોવાની જરૂર વિશેષ છે; અને એટલું તો ચોક્કસ છે કે, થોડું ખાવાથી તેમજ યોગ્ય ખોરાક લેવાથી મંદવાડમાંથી બચી શકાશે અને શરીર અસલ સ્થિતિ પર આવી શકશે. શરીરમાં કાંઇ પણ ગડબડ જણાતાં ઉપવાસ કરો. શરદી પણ ઉપવાસથી મટી જાય છે. પ્રથમ તો આ વિચારોને હાંસીપાત્ર ગણવામાં આવેલ, પરંતુ ૨૪ કલાકના ઉપવાસથી શરદી મટાડી શકાય છે એમ મેકફેડને બતાવી આપેલું છે.

એક દૃષ્ટાંત—શિકાગો યુનિવર્સિટીમાં એક માણસે એક જંતુ જેની જીંદગી ફક્ત ૨૪ કલાકની-જ હોય છે તેના ઉપર ઉપવાસનો અખતરો અજમાવેલો. કેટલાંક આવાં જીવડાંઓને તેણે ખોરાક-વિના પૂરી રાખ્યાં હતાં અને નવાઇ તો એ હતી કે, આથી આ જીવડાંઓ ૧૫ દિવસ જીવ્યાં! સાધારણ રીતે ખોરાક લેતાં તેઓ ૨૪ કલાકમાં મરી જતાં—વગરખોરાકે તેઓની જીંદગી ૧૫ દિવસની થઇ. આવીજ રીતે મનુષ્ય જો ખોરાકના સિદ્ધાંત સમજી જાય તો પોતાની જીંદગી બચાવી શકે. મેકફેડન જણાવે છે કે, ઉપવાસમાંજ તેને કાયમની યુવાનીનું રહસ્ય રહેલું જણાયું છે.

ખોરાકવિના માણસ મરતો નથી—એકદમ ભૂખમરો વેઠવો તે મૂર્ખાઇભરેલું છે; પરંતુ થોડા વખત પહેલાં જેમ લોકો માનતા કે બે કે ત્રણ દિવસ ખોરાક ન લેવાથી માણસ મરી જાય છે તેવું કંઇ નથી. કેદીઓની હડતાળ ઉપરથી સમજાશે કે, એક મહિનો ખોરાક ન લેવા છતાં એવું ખરાબ પરિણામ થતું નથી. ત્રણ દિવસથી ત્રણ અઠવાડિયાં સુધી ઉપવાસ કરવા તે ટેવાઇ ગયેલા માટે કંઇ વિસાતમાં નથી. બર્નાર મેકફેડનેજ આ સૂચન કરેલ છે એટલુંજ નહિ પરંતુ કેટલાએ વિજ્ઞાનીઓએ આને ટેકો આપેલ છે. શિકાગો યુનિવર્સિટીના કલાસમાં એક અખતરો થયો હતો. છોકરા અને છોકરીઓએ એક અઠવાડિયું ખોરાક લીધો નહિ, છતાં તેઓને પોતાના હમેશના કામકાજમાંથી જરા પણ પાછા હટવાની જરૂર જણાઇ ન હતી. ઉલટું તેઓ પોતાનું કામ સરસ અને ઉમંગથી કરી શક્યાં હતાં.

ઉપવાસથી બળ ઘટતું નથી—મેકફેડનને આમાં કંઇ નવીનજ લાગતું ન હતું. આની શોધખોળના ઇતિહાસનો તેણે એક દાખલો આપેલો છે. જ્યોર્જ હેસ્લર નામનો તેનો એક નોકર એક વાર શિકાગોથી પીટર્સબર્ગ એટલે ૫૦૦ માઇલ બે અઠવાડીઆંમાં પગે ચાલીને આવ્યો હતો. આ બે અઠવાડીઆમાં તેણે પાણી સિવાય કંઇ લીધું ન હતું; છતાં પણ તે મુસાફરી પછી આનંદી,

તંદુરસ્ત અને જેવોને તેવો ખડતલ જણાયો હતો. "ફીઝીકલ કલ્ચર"નામના માસિકમાં થોડા વખત પહેલાં આને માટે કેટલાએ અખતરાઓનાં પરિણામ જણાવવામાં આવ્યાં હતાં. ડૉકટરોએ સાબીત કર્યું હતું કે, બે અઠવાડિયાંના ઉપવાસથી એક ૪૦ વરસના માણસના શારીરિક તંતુઓ યુવાન માણસના જેવા થોડા વખતમાંજ બની જાય છે.

ઉપવાસથી ઘણાં દરદો મટે છે—મેકફેડને ઉપવાસનો સિદ્ધાંત પ્રચલિત કરવાથીજ ડૉકટરો તેની સામે ધુરકી ઉઠયા હતા. તે જણાવે છે કે, દવાથી અસાધ્ય એવાં કેટલાંએ દર્દો ઉપવાસથી મટે છે. અગર તો તે મટાડવામાં ઉપવાસથી સહાનુભૂતિ મળે છે. દમ, ઉધરસ, કબજીઆત, પ્રમેહ, સ્ત્રીઓનાં દર્દો, સંધિવા, હોજરીનાં દર્દો વગેરે કેટલાએ રોગો આથી મટાડી શકાય છે. ડૉકટરો આથી રોષે ભરાય તેમાં કંઈ નવાઇ જેવું નથી. બળતામાં ઘી હોમવા જેવું એ થયું કે, મેકફેડને જણાવ્યું કે ઉપવાસથી ગરમી તેમજ કેન્સરના રોગો પણ મટી શકે છે. ઉપવાસ અને દૂધના ખોરાકથી પોતે ઉપલા રોગો દૂર કરેલા છે એમ જણાવતાં તે ડૉકટરો ભભૂકી ઉઠે છે. સેંકડો અખતરાઓ પછીજ મેકફેડન પોતાનો સિદ્ધાંત બહાર પાડે છે, જ્યારે ડૉકટરોનો તો કેવળ બકવાદજ હોય છે.

સિદ્ધાંતનું પૃથક્કરણ ખોરાક બંધ કરતાંજ શારીરિક યંત્રકામ શરીરમાં રહેલ વધારાનાં તત્ત્વોને ખલાસ કરવા માંડશે. વધારાની ચરબી અને જ્યાં રોગ શરીરને પીડે છે તે જગ્યાના ખરાબ પદાર્થને તે હજમ કરી જશે. આથી ઉપવાસમાં દર્દી પાતળો પડવા માંડે ત્યારે એમ નથી સમજવાનું કે તેનું માંસ ઓછું થાય છે; પરંતુ જે દર્દથી તે પીડાતો હોય છે તે દર્દજ ઓછું થવા માંડે છે. ઘણું વજન ઓછું થાય ત્યાંસુધી આ પ્રમાણે ચાલે છે. ત્યારબાદ ચોક્કસ રીત પ્રમાણે દૂધનો ખોરાક આપવામાં આવે છે. વૈદકશાસ્ત્રીઓ આને વિજ્ઞાનથી વિરુદ્ધ હોવાનું જાહેર કરે તેથી શું વળવાનું હતું? મેકફેડનના અખતરા ચોક્કસ છે. આ રીતે તેણે ઘણાઓને સારા કરેલ છે.

દૂધની ઉપયોગિતા-દૂધની બાબતમાં મેકફેડન ચોક્કસ રીતે જણાવે છે કે, તેની શરીર-સુધારક પદ્ધતિમાં તેનો પણ મુખ્ય હિસ્સો છે. કોઇ પણ વસ્તુ કરતાં દૂધ વધારે ઉપયોગી અને ફાયદાકારક છે. આને તે સંપૂર્ણ ખોરાક જણાવે છે. અંગત તેમજ હજારો દર્દીઓ ઉપર અખતરા કર્યા પછીજ તેણે પોતાનો આ મત પ્રદર્શિત કરેલ છે. રોગ મટાડનાર અને શરીરને સુદૃઢ બનાવનારતરીકે દૂધનું પ્રથમ સ્થાન છે. તે એક પૌષ્ટિક અને જગતભરમાં એક સચોટ દવા છે.

કસરતની જરૂર-કસરતની જરૂર તો છેજ એમ તેનું પણ માનવું છે. બધી કસરતોમાં તે ચાલવાની કસરતને મુખ્ય સ્થાન આપે છે. ખોરાક, ઉપવાસ અને કસરત ઉપરાંત સરસ રીતે નાહવાની તેમજ તડકામાં ખુલ્લા શરીરે રહેવાની પદ્ધતિ–આટલી વસ્તુઓ શરીરની સુધારણા માટે મુખ્ય છે. આટલી વસ્તુઓનો સમજપૂર્વક ઉપયોગ થતાં કોઈ પણ રોગ અસાધ્ય રહેતો નથી. પોતાના વાળ ખરી પડવા માંડતાં તે આ કુદરતી પદ્ધતિથી ઉપાય યોજીને વાળ જાળવી શકયો હતો. પ્રૂફના હદ ઉપરાંતના વાચનથી તેની આંખો નબળી પડી હતી; પણ આ ગુમાવેલી શક્તિ તે પાછી મેળવી શકયો હતો. આમાં ડૉકટરો તેમજ દવાનો લેશમાત્ર ઉપયોગ કર્યો ન હતો.

ખરૂં રહસ્ય-મેકફેડને પોતાની આ કુદરતી પદ્ધતિથી કોઇ પણ વસ્તુનો નીવેડો લાવવાનું બાકી રાખ્યું નથી. દરેક રોગને માટે તે કંઇ ને કંઇ ઉપાય બતાવે છેજ. ખોરાક તૈયાર કરવાની આખી રીત તેણે જણાવેલી છે અને તેને સારો આદર મળ્યો છે. આ બધું છતાં ડૉકટર લોકો આ પદ્ધતિથી મેકફેડનના નામને લીધે વિરુદ્ધ હતા. આનું ખરૂં કારણ શું છે તે કહી શકાય તેમ નથી; છતાં એટલું તો સત્ય છે કે, તેમણે મેકફેડનના સિદ્ધાંતો તરફ દુર્લક્ષ કરેલું છે. તેની ચકાસણી કરી જોઇ નથી. કુદરતી પદ્ધતિની અવગણના શામાટે થવી જોઇએ ? એજ મેકફેડનનો વાંધો હતો. આમાં ગમે તેમ હોય. મેકફેડનને આ લોકો તરફથી ઘણુંયે સહન કરવું પડયું હતું; છતાં પણ તેના સતત પ્રયાસ અને અગાધ મહેનતના પરિણામરૂપ જે સરસ અને સાદી તેમજ કુદરતી રોગો મટાડવાની પ્રથા તેણે જનસમાજ સમક્ષ સાદર કરેલ છે, તેનો યથાર્થ ઉપયોગ તેની સાચી કિંમત સમજાવ્યા વિના રહેશે નહિ. (તા. ૮–૨–૧૯૨૯ના દૈનિક "હિંદુસ્થાન"માંથી)

ઉપવાસનો એક ચમત્કારિક ઉપચાર

કયો રોગ

"મારી પત્ની ૨૨ વર્ષની છે. બે છોકરાંની માતા છે. તેણે એક અત્યંત રસિક તેમજ સાહસભરેલો ઉપવાસચિકિત્સાનો પ્રયોગ કર્યો છે. હું એને સાહસિક પ્રયોગ કહું છું; પણ એથી કોઈ એમ ન સમજે કે આ પદ્ધતિમાં કંઈ જોખમ રહેલ છે. માત્ર અકુદરતી ખોરાકને લઈને આપણાં શરીરબંધારણ એટલાં નિઃસત્ત્વ થઈ ગયાં છે કે અપવાસને નામેજ આપણે ભડકીએ છીએ."

"છેલ્લાં બે વર્ષથી મારી પત્નીને ઝીણો તાવ આવતો હતો. ૯૯.૫ થી ૧૦૦ ડીગ્રી સુધી પારો ચઢતો હતો. આંતરડાની નબળાઈથી તેને કાયમની કબજિયાત રહેતી. પરિણામે જીભ હમેશ મેલી અને શ્વાસ ગંધાતો હતો. એની મુખ્ય ફરિયાદ, જેથી એ ખૂબ હેરાન થતી તે માસિકધર્મની અનિયમિતતા અને એ વધારે પ્રમાણમાં થતો એ હતી. કેટલીક વાર રક્તસ્રાવ બાર બાર દિવસ સુધી ચાલતો. એની અતિશય શારીરિક નબળાઈ અને લોહીના અભાવે ચહેરાની પીળાશ રહેતી તેનું મુખ્ય કારણ એજ હતું. એનું હૃદય પણ નબળું હતું. જરા પણ શારીરિક શ્રમ થાય, દાદરો ચડે અથવા ઢાળ ચઢવા પડે તો હૃદય ખૂબ ધડકવા લાગે. આ રોગ એને પરંપરાથી મળેલો હતો. એના પિતાનો અંત પણ એજ રોગે આણ્યો હતો. દાંતનાં પેઢાં બેસી ગયાં હતાં, તેમાં થોડું પરુ થયું હતું અને એ વધવાની ધાસ્તી હતી. લાહોરના ઘણા પ્રખ્યાત દાક્તરોએ એ દરદીને તપાસેલ."

"શરૂઆતમાં ઝીણા તાવનું કારણ 'બેસિલસ કોલાઇ' છે એમ બતાવવામાં આવ્યું. અને એને સારુ એને દવાઓ અને રસીઓ આપવામાં આવી; પણ રોગ ઘટવાને બદલે વધી ગયો. ભુંગળી અને 'એક્સ રે'થી છાતી તપાસતાં ફેફસાંમાં કંઇક બિગાડ જણાયો અને ક્ષયરોગના પ્રારંભની શંકા પડી. જમણી બાજુના ફેફસાના ઉપલા ભાગમાં પ્રવાહી પદાર્થનો પ્રવેશ જણાયો. ડાબા ભાગમાં વાળને ઘસતાં જેવો કરકરાટ થાય છે એવો અવાજ શ્વાસ લેતાં ફેફસાંમાંથી આવતો. ડાબી બાજુના આગલા ભાગમાં અવાજ ખોખરો સંભળાતો અને 'એક્સ રે'ની છબીમાં કેટલીએ છાયાઓ હતી, જેથી દાક્તરોને ચિંતા થવા લાગી અને તેમણે તેને હાંસી હાંસીને ખવરાવવાનું શરૂ કરાવ્યું. ક્ષયરોગનાં મૂળ એના કુટુંબમાં હતાં, અને એની બે બહેનો આ રોગમાં ગુજરી ગઈ હતી એટલે દાક્તરોની ચિંતા વળી વધી. હું ચોંક્યો. સ્થિતિની વિષમતાનું મને પહેલી વાર ભાન થયું અને આધુનિક રોગચિકિત્સાની વિશિષ્ટ પદ્ધતિના અભ્યાસ પાછળ મંડી પડ્યો."

પ્રારંભિક ક્રિયાઓ

"સૌથી પહેલાં તો આધુનિક શાસ્ત્રીય ગણાતી ઉત્તેજક પદ્ધતિઓનો એકસાથે ત્યાગ કર્યો અને ખોરાકસુધારાના અને પાણીના ઉપચાર શરૂ કર્યા; પણ કેટલાક અનિવાર્ય કૌટુંબિક પ્રસંગોને લીધે એમાં જોઈતી નિયમિતતા અને ચોકસાઇ ન રાખી શકાયાં. છતાં આ કુદરતી ઉપચારથી દેખીતો ફાયદો જણાયો. કેટલાક અશાન્તિજનક બનાવો એના કુટુંબમાં બની રહ્યા હતા. એક પ્રિય સંબંધીના મંદવાડથી થયેલા ઉત્પાતને કારણે તે તદ્દન સાજી ન થઇ શકી. પણ આ વિષે વધારે વિગતો હું અહીં નહિ આપું; કારણ કે કુદરતી ઉપચાર મારા આ લેખનો વિષય નથી. એટલું અહીં કહેવું બસ થશે કે, કાચું દૂધ, થુલાવાળા લોટની રોટલી, કાચી શાકભાજી, કુદરતી ક્ષારો અને જીવનતત્ત્વ ઠીક ઠીક પ્રમાણમાં મળે એવાં ફળો લેવાથી એના દાંતના પરુમાં આશ્ચર્યજનક સુધારો થયો. તે દરમિયાન હું ડીવી, રાબાગ્લીએટી, કેરિંગ્ટન, મેકફેડન, પ્યુરિન્ટન અને એરેટ ઇત્યાદિના પ્રયોગો અને શોધોનો ઊંડો અભ્યાસ કરી રહ્યો હતો. આ બધા ઉપવાસચિકિત્સાના પ્રખ્યાત પંડિતો છે અને વર્ષોના અભ્યાસ અને પ્રયોગો પછી તેઓ માનતા થયા છે કે, વિવેકપૂર્ણ અને મર્યાદિત અપવાસ—જેથી શરીર ક્ષીણ થવા છતાં ભૂખમરાને લઇને ક્ષય ન થાય—બધા પ્રકારના શારીરિક ક્રિયાઓના બગાડથી ઉત્પન્ન થયેલા રોગોને મૂળથી મટાડવાનો કુદરતી રાજમાર્ગ છે. મારા અભ્યાસથી ઉપવાસચિકિત્સાની અસર વિષે સિદ્ધાંતરૂપે તો મને ખાત્રી થઈ અને મારી

પત્ની ઉપર એવો પ્રયોગ કરવાનો મેં નિશ્ચય કર્યો. પણ પહેલાં મારી પત્ની ઉપરના પ્રયોગદરમિયાન કાંઈ અણધાર્યો બનાવ બની આવે તો તેને પહોંચી શકાય એ ઇરાદાથી ઉંડાણથી ઉપવાસનું રહસ્ય સમજી લેવા સારૂ જાતે અનુભવ લેવા ધાર્યું. આ હેતુથી મેં એક અઠવાડિયાના ઉપવાસ કર્યા; અને એથી રોગનું તથા એના ઉપાયનું ખરૂં સ્વરૂપ મારી આંખ આગળ ખડું થયું. મારી પત્નીની હિંમત પણ આથી વધી અને તે ઘણી સૂકાયેલી હોવા છતાં તેણે ઉપવાસની વિષમ દેખાતી પરીક્ષામાંથી પસાર થવા કબૂલ કર્યું."

૧૮ દિવસના ઉપવાસ

"છેવટે બીજી ઑક્ટોબર ૧૯૨૮ માં રમણીય કાશ્મીરની રાજધાની શ્રીનગરમાં આશામાં અને ચિંતામાં મારી પત્નીએ લાંબા અપવાસ આદર્યા. મેં પ્રભુ આગળ પ્રાર્થના કરી કે, મારી પત્નીને પ્રેમાળુ કુદરતની અમોઘ શક્તિમાં સંપૂર્ણ શ્રદ્ધા આપો. અપવાસ શરૂ કર્યા પહેલાં એનું વજન ૯૪ રતલ હતું. ઉંડી દૃષ્ટિએ જોતાં બધા શારીરિક વ્યાધિઓનો અર્થ એજ છે કે, શરીર ખોરાકના વ્યભિચારથી એકઠા થયેલા વિકારોત્પાદક દ્રવ્યોને બહાર કાઢવાનો પ્રયત્ન કરી રહેલ છે, એટલે આ શારીરિક શુદ્ધિની ક્રિયાને મદદ આપવી જોઈએ, એ સ્પષ્ટ લાગે છે. આવી સ્થિતિમાં ખોરાક લેવો એ આ ક્રિયાને બાધક નીવડે છે. પણ અપવાસ કરીએ છીએ ત્યારે શરીરની કુદરતી ક્રિયાઓમાં વિઘ્ન નાખનારાં રોગજનક દ્રવ્યોને બહાર કાઢવાને સારૂ આપણા લોહીને અવકાશ મળે છે. એક વાર આપણે આ વસ્તુ સમજી લઇએ તો અપવાસની શરૂઆતમાં થોડા દિવસ શરીરશુદ્ધિની આ તીવ્ર ક્રિયાને લીધે તબિયતમાં વધારે બગાડ લાગે ત્યારે એમાં આશ્ચર્ય નહિ લાગે. મારી પત્નીને કોઈ વિશેષ પીડા ન થઇ. કારણ કે પાણીના અને ખોરાકવિષેના ફેરફારના પ્રાથમિક ઉપચારોથી ઘણાંક વિકારજનક દ્રવ્યો શરીરમાંથી નીકળી ચૂક્યાં હતાં. આ લાંબા ઉપવાસ દરમિયાન મારી પત્નીએ આશ્ચર્ય ઉપજાવે એવી દૃઢતા બતાવી અને તમામ વખત હરતી ફરતી રહી અને થોડીઘણી કસરત પણ લેતી રહી. અપવાસના પહેલા ત્રણ દિવસમાં માણસ વાઘના જેવી અસહ્ય ભૂખ અનુભવે છે. તેના પણ ત્રણ દિવસ આકરા ગયા. પણ તેણે ખૂબ હિંમત બતાવી, અને નિશ્ચયબળથી ભૂખને કાબુમાં રાખીને તેના પર વિજય મેળવ્યો. ચોથે દિવસે ભૂખ પોતાની મેળે મટી ગઇ અને તે પાછી જાગી ત્યારે તેણે અપવાસ તોડ્યો. અપવાસની શરૂઆતથીજ શરીરે મળ તજવા માંડ્યો. ઠંડુ પાણી તેને સારા પ્રમાણમાં પીવા માટે આપવામાં આવતું અને રોજ તેને પીચકારી અપાતી. તેથી તેને નિયમિત દસ્ત થતા અને એ રીતે રોજ પુષ્કળ કાળો ગાંઠાવાળો મળ શરીરમાંથી નીકળતો. પહેલીજ વાર નળામાં કેટલો મળ ભરાયો હતો તેની ખબર પડી. અને રોગનું મૂળકારણ સમજાયું. દાક્તરોનો એવો અનુભવ છે કે, રોજ નિયમિત રીતે બે વાર પાયખાને જતા સાજા કહેવાતા લોકોનાં આંતરડાંની પણ એવીજ સ્થિતિ હોય છે. આંતરડાની આવી ખરાબ સ્થિતિ હોય અને તે રોગનું ઘર બની જાય ત્યારે તેની સફાઇ કર્યા વગર કોઈ પણ રોગનું નિદાન કેમ થઇ શકે? સમાજમાં ગંદે હાથે જતાં આપણે અચકાઇએ છીએ અને ઢગલાબંધ સાબુપાણી અને બીજી વસ્તુઓ શરીરની બાહ્ય સ્વચ્છતાને સારૂ વાપરીએ છીએ, પણ આંતરડાંમાં ગમે એટલી ગંદકી ભરેલી હોય તોયે કચવાતા નથી. પણ આ તો બીજી વાત થઇ. શરીરનાં બધાં મળત્યાગ કરવાનાં અંગો—મૂત્રપિંડ, ફેફસાં, આંતરડાં અને ચામડી–શરીરમાંની વધારાની ચરબીને બહાર કાઢવા લાગ્યાં, તેનો પેશાબ ઘેરા રંગનો હતો અને તેમાં યૂરિક એસિડ અને આલ્બ્યૂમિન સારા પ્રમાણમાં હોવાં જોઇએ."

એનું પરિણામ

"આમ આ ઝેરીલાં દ્રવ્યોના ઝપાટાબંધ નિકાસને પરિણામે સ્વાભાવિક રીતે એનું વજન ઘટવા લાગ્યું. તે સાવ દુબળી પડી ગઈ. અપવાસને અંતે તે કેવળ હાડપિંજર જેવીજ દેખાતી હતી; છતાં તેણે કોઈ વખત અનુભવેલી નહિ એવી પ્રસન્નતા અને સ્ફૂર્તિ અનુભવી. કુદરતનો એ નિયમ છે કે, જ્યારે અપવાસથી શરીર બધા ઝેરી અને રોગજનક પદાર્થોના ત્યાગથી શુદ્ધ થઇ જાય છે ત્યારે પોતાની મેળે ભૂખ લાગવા માંડે છે. એટલે સાધારણ રીતે કુદરતી ભૂખ ફરીથી જાગે

ત્યારેજ અપવાસ તોડવો જોઇએ. અપવાસને એથી વધારે લંબાવવાથી શરીરનો ક્ષય શરૂ થાય છે. અપવાસ અને ભૂખમરામાં આજ ભેદ છે. ૧૯ મી ઑક્ટોબરે–સાંજના ચાર વાગે મારી પત્નીને આ કુદરતી ભૂખ લાગી. અપવાસ બંધ કરવાને કુદરત તરફથી આ સૂચના હતી. તે વખતે એનું વજન ૮૦ રતલ હતું. એટલે ૧૮ દિવસના અપવાસ દરમિયાન એણે ૧૪ રતલ વજન ખોયું. આ અખતરાએ ખોરાક અને શક્તિના સંબંધ વિષે હાલના દાક્તરી સિદ્ધાંતને ખોટો પાડયો. નારંગીના તાજા રસમાં થોડું પાણી ભેળવીને તેનાથી અપવાસ તોડયો. પાછળથી એમ જણાયું કે, આ ભૂખ કુદરતી નહોતી, માત્ર તેનો આભાસજ હતો. આ પ્રયોગને પૂરી રીતે પાર નહિ પાડવામાં આવ્યો એ દિલગીરીની વાત કહેવાય. છતાં સાંજે તેને પાછો થોડો નારંગીનો રસ આપ્યો. તે પછી પણ બે દિવસ સુધી તેને ફળના રસ સિવાય બીજું કંઇ પણ આપ્યું નહિ, અને ત્યારબાદ ધીમે ધીમે છાશ, પાણી મેળવીને દૂધ અને પાણીવિનાનું દૂધ આપવા માંડયું. આમ ૭ દહાડા સુધી તેને પ્રવાહી પદાર્થોનો ખોરાક આપ્યો. પણ અમને બધાને આશ્ચર્ય થયું કે, આ ૭ દિવસોમાં કેવળ પ્રવાહી પદાર્થો લેતાં છતાં તેનું વજન ૧૧ રતલ વધ્યું."

"તેનું એમ કહેવું છે કે, આ અપવાસથી તેને અવર્ણનીય લાભ થયો છે. તે હવે બહુ પ્રફુલ્લિત, પ્રસન્નચિત્ત અને ઉલ્લાસમાં રહે છે; અને પહેલીજ વાર તેને જીવનમાં રસ આવવા લાગ્યો. કબજિયાત તદ્દન મટી ગઈ છે અને દિવસમાં નિયમિત રીતે બે વાર દસ્ત થાય છે. એક ડૉક્ટર જેમણે પહેલાં અનેક વાર તેને તપાસેલી તેમણે ફરીથી તપાસતાં જણાવ્યું છે કે, હવે તેનાં ફેફસાં તદ્દન સાફ થઇ ગયાં છે અને તેમાં પ્રવાહી પદાર્થોનો સંચય નથી. શ્વાસ લેતાં ફેફસાંમાં આકરો અવાજ થતો નથી, અને બધા ભાગોમાં સરખો અવાજ સંભળાય છે. અકસ્માતથી અપવાસ સમાપ્ત થતાંજ તેને દૂર બેસવાનો વખત હતો અને અમે એની ઘડીએ ઘડીએ વાટ જોવા લાગ્યા. ઠીક વખતે એ દૂર બેઠી અને ત્રીજે દિવસે સ્રાવ બંધ થયો. એ જોઇને તેના હર્ષ અને આશ્ચર્યનો પાર રહ્યો નહિ; કારણકે પહેલાં સ્રાવ બાર અને તેથી પણ વધારે દિવસ સુધી ચાલ્યા કરતો. હૃદયની સ્થિતિ અજમાવવાને શંકરાચાર્યની પવિત્ર ટેકરી પર પાંચ ફર્લાંગ ચઢી ગઇ. આ અનુભવ બીજા બધા અનુભવો કરતાં ચઢી જાય એવો હતો. પહેલાં સહેજ પણ મહેનત કરતાં હૃદય ધડકતું, નાડીની ગતિ અનિયમિત રહેતી, ઝીણો તાવ આવતો; તે બધું સાવ બંધ થઇ ગયું. આ કેવી સાદી, સસ્તી અને અમોઘ ચિકિત્સા ગણાય ! પણ આપણી ખાવાની લોલુપતા આ રામબાણ ઉપાયને કયાંથી સર્વવ્યાપી થવા દે ?" કે૦ જી૦ ડી૦

(હું આ કાગળ બે વાર વાંચી ગયો અને તે મને એટલો સાચો અને સરસ લખાયેલો લાગ્યો કે કે. જી. ડી. ની માગણીને સ્વીકાર્યા વિના હું ન રહી શકયો. વાચક જાણે છે કે, હું ઉપવાસને શારીરિક અને આધ્યાત્મિક બન્ને દૃષ્ટિએ લાભકારક ગણું છું. ઉદ્યોગમંદિરમાં હું હમેશ સાથીઓને તેની ભલામણ કરું છું, અને તેથી હમેશ ફાયદાજ થાય છે. મને ખાત્રી છે કે, જો દાક્તરો અને વૈદ્યો હિંમતપૂર્વક લોકોમાં આ ચિકિત્સાનો પ્રચાર કરશે તો હાલ છે તેના કરતાં રોગનું પ્રમાણ ઘણું ઓછું થઇ જશે, અને અસંખ્ય લોકો જે દવાઓથી અને આગ્રહ કરી કરીને ખવડાવવાથી મરી જાય છે તે બચી જશે. પણ હું સૌને ચેતવણી આપી દઉં કે બધા મને આવી જાતના અહેવાલ મોકલશે તો તેને 'યંગ ઇંડિયા'માં સ્થાન મળશેજ એવું નથી. છતાં મારી અંગત જાણ અને સૂચનાને સારૂ તે મને પ્રમાણિક ખબર જરૂર લખી મોકલે. **મો૦ ક૦ ગાંધી**)

(તા. ૧૭ માર્ચ ૧૯૨૯ ના "નવજીવન"માંથી)

કહેવાતા સુધારાના ત્રણ શાપ-ચાહ કૉફી ને તમાકુ

માનનીય ન્યાયમૂર્તિ રમેશમ્‌ના મત પ્રમાણે 'આ પદાર્થો ભોજ્ય નથી પણ વિષ છે.' તેના રોજના સેવનથી એક બે પેઢીમાં તો કુટુંબના માણસોની જીવનશક્તિ ક્ષીણ થઇ જાય છે. ઘણાખરા નાના મોટા વ્યાધિઓ ચા અને કૉફીની ટેવને લીધેજ થાય છે. ડૉ. વિલિયમ ટિમ્સ કહે છે કે જેઓ ચા-કૉફીની આદતવાળા છે તેમનામાં ઘણેભાગે અપચો, હૃદયમાં દાહ, ચહેરાનું કરમાઈ જવું, ગભરાટ, હૃદયની અનિયમિત ગતિ, ધડકવું, માથાનો દુખાવો અને નિદ્રારોગનાં ચિહ્‌ન દેખાઇ આવે છે. એક ડૉકટરે ઉમેર્યું છે કે, કૉફીના એક પ્યાલામાં મૂત્ર કરતાં પણ વધારે યૂરિક ગેસ રહે છે. હજારો સ્ત્રી-પુરુષો જેઓ નિદ્રા, શિથિલતા, અપચો અને બંધકોશની બૂમો પાડ્યા કરે છે તેનું કારણ આ આદતજ છે. ચા અને કૉફી પીનારાઓને કદાચ ખ્યાલ પણ નહિ હોય કે તે ચીજોના સેવનથી તેઓ લોહીનો વેગ વધારી દેનારી માત્રાઓ લે છે.

ઘણા લોકો કહે છે કે, ચા અથવા કૉફી પીધા બાદ તેમનો થાક દૂર થાય છે. આ માન્યતા બહુજ ભૂલભરેલી છે. વાસ્તવિક રીતે આ વસ્તુઓ શિથિલતાને ટુંક સમય માટે જરૂર બંધ કરે છે; પણ તેનો પ્રભાવ સ્થાયી નથી હોતો. ઘણેભાગે ચા અને કૉફી પીનારાઓનેજ સખ્ત અપચો રહ્યા કરે છે. કારણ કે તેના સેવનથી પેટમાં ગાંઠો બંધાઇ જાય છે.

બાળકોને માટે તો તે ખાસ વર્જ્ય છે. તેના સેવનથી તેમની ઉંઘ ઓછી થઇ જાય છે, કે જે ઉંઘ બાળકો માટે ખાસ જરૂરની છે. ચઢતી વયમાં તેનું સેવન કરવાથી આયુષ્ય ઘટવા લાગે છે.

(હિંદી 'માધુરી' ઉપરથી)

"એક પ્રખ્યાત ડેનીશ તબીબ કહે છે કે, સુધરેલી સોસાયટીના જે ત્રણ શાપ છે તે તંબાકુ, ચા અને કૉફી છે. જેમ જલદ દારૂ અને અફીણ માણસજાતના શારીરિક બાંધા ઉપર કાતિલ અસર કરે છે; તેજ પ્રમાણે તંબાકુ, ચા અને કૉફી માટે પણ સમજી લેવું. તેઓ વચ્ચે જે ફરક છે તે એટલોજ કે, તંબાકુ, ચા અને કૉફીની કાતિલ અસર ધીમી પણ નિઃસંશય છે, જ્યારે જલદ દારૂ અને અફીણની અસર એકદમ થાય છે."

"ચા-કૉફી પીવાની ટેવનો ભોગ જેટલો સુધરેલો વર્ગ થઈ પડયો છે તેટલો હજી બીનસુધરેલો વર્ગ થઇ પડયો નથી; પણ કમનસીબે તેનો લખ વિદ્યાર્થીઓમાં બહુ વધી પડયો છે, જેથી સ્કૂલ અને કૉલેજના વિદ્યાર્થીઓનો બાંધો ઘણી હદ સુધી રોગિષ્ટ જણાય છે. ચા પીવાથી કાંઈ ખોરાકની જરૂર સચવાતી નથી. તે માત્ર મગજને ઉશ્કેરનારૂં પીણું છે."

"જેઓને આ કૉફી પીવાની બૂરી આદત પડેલી હોય છે તેઓને તે પીધાથી એમ લાગતું હશે કે એથી જુસ્સો એકદમ વધે છે; પણ આ જુસ્સો બનાવટી હોય છે, કુદરતી હોતો નથી; જેથી થોડીજ વાર પછી મગજના તંતુમાં નબળાઇ દેખાવ દે છે, જે સમજવા જેટલી આપણા ચાના શોખીનોને અક્કલ હોતી નથી. આ નિર્બળતા ચા અને કૉફી પીવાથી થતું નુકસાનજ છે."

વાઇકાઉન્ટ રોધરમિયર લખે છે કેઃ-"મુસોલિનીના જીવતા દાખલા ઉપરથી મેં જ્યારથી ચા-કૉફી અને તંબાકુનો શોખ છોડી દીધો છે ત્યારથી મારી જોખમદારીનાં કામકાજો બજાવવામાં મને ઘણો મોટો લાભ થયો છે."

"જીંદગીની શરતમાં 'હેન્ડીકેપ' તરીકે સીગારેટ, બીડી વગેરે મારફતે શરીરમાં દાખલ થતું તંબાકુનું ધીમું ઝેર છે કે જે આજે આપણા દેશીઓમાં ઘણું વધી પડેલું છે અને આ કારણે તેઓ ભરજુવાન વયે માર્ગે લાગી જાય છે એટલે કે મોતને વશ થઈ પડે છે."

"ઘણાં વર્ષો પર જાપાનની પાર્લામેન્ટમાં એક બીલ લાવવામાં આવ્યું હતું કે જેની રૂએ વીસ વર્ષની અંદરના જુવાનોને તંબાકુનો ઉપયોગ કરતાં અટકાવવાનો હેતુ રાખવામાં આવ્યો હતો. જે જાપાનીસ રાજદ્વારી આ બીલ દાખલ કરવા માગતો હતો તેણે નીચલા સખુનો કહ્યા હતા તે આપણા દેશીઓ માટે ઘણા ઉપયોગી થઈ પડશે. તેણે કહ્યું કેઃ-'ધારાનો આ ખરડો લાવવાનાં કારણો હું ટુંકમાં કહીશ. હાલમાં આપણી સાધારણ સ્કૂલોના છોકરાઓ પણ આપણા દેશમાં આયાત થતી સસ્તી સીગારેટનો ઉપયોગ કરવા લાગ્યા છે; જેનું પરિણામ, હું બ્હીઉં છું કે, આપણા દેશને ચીન અને હિંદુસ્તાનના જેવી કંગાલ સ્થિતિમાં લાવી મૂકશે. કેમકે અફીણની પેઠે તંબાકુમાં નારકો-

टीक ઝેર આવે છે; જે મજ્જાતંતુઓને સુસ્ત બનાવી દે છે અને માનસિક શક્તિને નબળી કરી નાખે છે. આ કારણ આપણી પ્રજાના જીવન ઉપર મરણતોલ ફટકો મારશે."

તંબાકુની અસર કેટલે દરજ્જે બૂરી થઈ પડે છે તેનો એક દાખલો આપણા લોકો માટે ઘણોજ જાણવા જોગ થઈ પડશે કે, એક તપાસ કરનારને બીડી પીનારા ૨૩૩૬ વિદ્યાર્થીઓમાંથી માત્ર અર્ધો ડઝન જેટલાજ વિદ્યાર્થીઓ ચંચળ મગજના માલમ પડયા હતા. બીડી પીનારા વિદ્યાર્થીઓ પોતાની માનસિક શકિતનો નાશ કરે છે; એટલુંજ નહિ પણ પોતાનાં જોર, હિંમત અને દઢતાનો નાશ કરે છે તથા બીડી પીનારાઓની ચાલચલણ ઉપર પણ તંબાકુ માઠી અસર કરે છે.

ચાહ, કૉફી ને કોકો વહેલી પડાવે પોકો!

(લેખકઃ-મ૦ મૂ૦ ત્રિવેદી)

ચામાં મગજની શક્તિને કુદરતના નિયમની વિરુદ્ધ ઉશ્કેરવાનો ગુણ છે. કેમકે તેમાં ટેનીક ઍસીડ જેવું શરીરનો ઘાત કરનારૂં દ્રવ્ય આવે છે. તેમાં પણ હોટલો તથા દુકાનોની ચા તો ઘણીજ ભયંકર છે. કારણકે ત્યાં ચા ઘણા વખતથી ઉકળેલી રહેતી હોઇ તેમાંથી સુવાસિક તથા પૌષ્ટિક પદાર્થો કયારનાએ ઉડી ગયા હોય છે. ખરી વાત છે કે, ચા પીવાથી ક્ષણિક હુશિયારી આવે છે, પણ અંતે તો જઠરાગ્નિ મંદ થાય છે; કમતાકાત આવતી જાય છે; માનસિક સ્થિતિ દુર્બળ થાય છે અને શરીર અનેક વ્યાધિને લાયક બની રહે છે. ચામાં ટેનીક ઍસીડ સિવાય સાકર પણ આવે છે અને તેથી જઠરનું શ્લેષ્મ પડ સૂજી જઈ તેમાંથી એક જાતનો સ્રાવ થાય છે; ખાવું ભાવતું નથી; મોળ આવે છે; ઉલટી થાય છે અને વખતે તાવ પણ આવી જાય છે. વળી ચા પીવાથી લોહીમાં યુરીક ઍસીડનું પ્રમાણ વધી જઇ આંતરડાં તથા જઠરની ક્રિયા મંદ પડે છે.

આ વિષે એક ડૉકટર કહે છે કે—"ચા તથા કૉફી પીનારા, મદ્યપાન કરનારા લોકોના જેવા તોફાની કે કજીયાખોર હોતા નથી; પણ ચા તથા કૉફી તેના પીનારાને મૂર્ખ તો બનાવે છેજ. તેમના પગને નબળા, નિદ્રા અને યાદશકિતનો નાશ, હૃદયમાં થડકો, શરીરમાં કંપ અને હાથમાં અસ્થિરતા કરે છે. વળી એથી માથું દુઃખે છે; જીભ બેસ્વાદ થાય છે; સ્વભાવ ચીડીઓ થાય છે અને મિજાજ ઠેકાણે રહેતો નથી. વળી તેઓ બોલવામાં મંદ અને વિચારોમાં અસ્થિર બની માનસિક શક્તિ ગુમાવે છે. આ વ્યસનથી તેમને અજીર્ણ, આંતરડામાં અવાજ તથા કબજીઆત થાય છે અને પાચન કરનારા રસોનો અટકાવ થાય છે. આ સર્વ કારણોથી જે લોકો ચા તથા કૉફી બહુ પીએ છે તેઓ શરીરે દુબળા રહે છે; તેમના ગાલ બેસી ગયેલા હોય છે; તેમના ચહેરા મેલા હોય છે; તેઓમાં માથાં દુઃખવાનું દરદ વધારે હોય છે; પિત્તનો કોપ થયા કરે છે અને તેમના વાળ જલદી ખરી પડે છે અથવા ધોળા થાય છે. વળી ચા તથા કૉફીનું વ્યસન સર્વત્ર ફેલાવાથી લકવો, અર્દિત વા તથા નબળાઇનાં દરદો હજારોગણાં વધી પડ્યાં છે."

ચા વિષે એક વિદ્વાને નીચેનો એક સુંદર શ્લોક બનાવ્યો છે તે અક્ષરશઃ સત્ય છે કેઃ-

प्रज्ञैरज्ञैस्तरुणजरठैर्ब्राह्मणैरन्त्यजातैः पौरैर्ग्राम्यैर्नरपतिवरैर्निर्गृहैर्निःस्वकैश्च ।
प्रातः सायं नियमिततयाभ्यर्चितो भाक्तिभावाद् हा! हा! चाहा हत कलियुगे कर्षति प्राणवित्तम्॥

અરે ડાહ્યા, મૂર્ખ, જુવાન અને વૃદ્ધ માણસો, બ્રાહ્મણ તેમજ અંત્યજો, શહેરીઓ તથા ગ્રામ્યજનો, રાજાઓ અને ઘરહીન તથા સાધનહીન લોકો! તમારાથી નિયમિતપણે સવાર-સાંજ ભક્તિભાવથી આદરને પામતી ચા આ કલિયુગને વિષે પ્રાણ અને દ્રવ્ય બન્નેની હાનિ કરે છે!

ચાથી થતી આર્થિક ખરાબી

ચાથી આર્થિક ખરાબી પણ પારવગરની છે. સને ૧૯૦૬-૭માં આ દેશમાં પાંચ લાખ અગીઆર હજાર એકરમાં ચા વાવવામાં આવી હતી અને તેમાંથી સાડીત્રેવીસ કરોડ જેટલી ચાનો પાક થયો હતો. તે પાકમાંથી માત્ર ¼ ચા આ દેશમાં વપરાઈ હોય તો પણ કરોડો રૂપીઆની ચા પીવાનું વિનાશકારક ધોરણ ચાલુ થયું ગણાય. ચાની સાથે વાપરવા માટે કરોડો રૂપીઆની ખાંડ પણ પરદેશથી મંગાવવી પડે છે. આ સર્વથી પૈસા તથા તંદુરસ્તીના નુકસાનનો હિસાબ

રહેતો નથી. આ સર્વ આર્થિક બોજો આપણા ગરીબ દેશમાં વધારે પડતો છે, એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. મહાત્મા ગાંધીજીના સદુપદેશથી આજકાલ હૉટલો બંધ થઈ છે અને થતી જાય છે તથા ઘણી જ્ઞાતિઓમાં ચાના બહિષ્કાર માટે સખત પગલાં લેવાય છે અને ઘણાં કુટુંબોમાંથી ચા પીવાનો ચાલ નીકળી ગયો છે. આવા હાનિકારક બોજામાંથી મુક્ત થવા માટે ઉગતી પ્રજા સમક્ષ ચા-કૉફી તથા કોકોનાં પીણાં કેટલાં જોખમકારક છે તે સમજાવવા સઘળા ઉપાયો લેવાની દેશના વિદ્વાનોની ફરજ છે. ચા વિષે એક લેખક નીચલા ભાવનું કહે છેઃ—

"આ હતભાગ્ય હિંદમાં વિદેશીઓની નીતિરીતિની નકલો કરવામાં નિર્વીર્ય દેશી મગજો એટલી હદે ગયાં છે કે હવે તેને અંકુશમાં લાવતાં વિલંબ લાગશે. કેમકે એ મગજો હવે સ્વાત્માભિમાન, દેશાભિમાન અને આત્મગૌરવને છેક ભૂલી ગયાં છે."

"ચા જેવી જે ક્ષુદ્ર ચીજે આપણને નિર્લજ્જ બનાવ્યા છે તે ઝેરી છે અને કોઈ પણ રીતે ફાયદાકારક નથી; એમ જાણ્યા છતાં આપણે હોંસે હોંસે તે પીએ છીએ એટલુંજ નહિ પણ તેને સ્વદેશી ચીજ માનીને વાપરીએ છીએ અને જેઓ સ્વદેશી તથા બહિષ્કારના મેળાવડાઓ અને મંડળીઓ જમાવે છે તેઓ પણ આ ચાની પાર્ટી આપે છે!"

"જો હિંદુસ્તાનમાં ચાનું વ્યસન લાગુ ન પડયું હોત તો વિદેશી ખાંડ આટલી બધી પ્રચલિત થાત નહિ. ખરૂં જોતાં ખાંડનો મુખ્ય વપરાશ આ ડાકિણી ચાનેજ આભારી છે. આ રીતે ચાએ આપણાં ખિસ્સાં ઉપર જબરો બોજો નાખ્યો છે અને ધર્મથી વિમુખ કર્યા છે; તે વાત સમજ્યા પછી પણ ચાને સ્વદેશી કહીને વધાવી લેવી તે શું શરમભરેલું નથી!"

"આટલેથીજ ચાની ખરાબી અટકતી નથી. ચા હિંદુસ્તાનમાં પાકે છે તે વાત ખરી છે, પણ તેના ખેડુતો કોણ છે? તે ચા કેવી રીતે પકવવામાં આવે છે? કોના લોહીના ભોગે કોણ પૈસા મેળવે છે? અને એ માતબર ખેડુતોની નીચતા કેટલી હદસુધી પહોંચી છે? તેનો ચાના વાપરનારાઓએ અને સ્વદેશી ચીજતરીકે ચાનાં વખાણ કરનારાઓએ કદી વિચાર કર્યો છે?"

"ચા બનાવવાના બગીચા આસામ-નીલગિરિ જેવા પ્રદેશોમાં ઘણા છે. તે બગીચાના માલિકો લગભગ અંગ્રેજોજ છે. આ ચા ઉગાડવા, ઉછેરવા અને તેને તૈયાર કરવાના કામ ઉપર જે મજુરો છે તે સઘળા હિંદી છે. તે મજુરોની સખત મહેનત વડે કરોડો રૂપીઆની ચા ઉત્પન્ન થઇ અંગ્રેજ ચાવાળાઓને કરોડો રૂપીઆનો નફો મળે છે."

"તે મજુરોને ઘણો હલકો પગાર આપે છે અને જ્યારે તેઓ ઠરાવેલું કામ કરી શકતા નથી ત્યારે તેઓને નેતરની સોટીવતી નિર્દયપણે એટલે સુધી મારે છે, કે તેમની ચામડીમાંથી લોહી નીકળી ચામડી રંગાઈ જાય છે અને તોપણ શિક્ષા બંધ કરતા નથી! આ સિવાય તે મજુરો ઉપર અનેક પ્રકારનો જુલમ ગુજારવામાં આવે છે. સ્વરૂપવાન સ્ત્રીઓને વિષયાંધ ગોરા દેવોના કામાગ્નિમાં પાતિવ્રત્યપણાની આહુતિ આપવી પડે છે. રાજીખુશીથી તેમ ન કરે તો તેને તેમ કરવાની ફરજ પાડે છે. તે મજુરોના ફોટા લેવામાં આવ્યા હોય છે અને તેમની પાસેથી પાંચ વરસનું એગ્રીમેન્ટ લખાવી લેવામાં આવે છે તેથી તેઓ નાસી જઇ શકતા નથી. જે નાસી જાય છે તેને મજુરોના એજંટો ફોટાની મદદથી પકડી પાડી તેના માલેકોને પાછા સોંપે છે અને ત્યાં તેના પર પહેલાં કરતાં પણ વધારે ત્રાસદાયક જુલમ ગુજારવામાં આવે છે. તે ગોરાની ઉપર ફરિયાદ થઇ શકતી નથી. કારણ કે પોતાની સામે ફરિયાદ કરનારા મજુરના જડજો પોતેજ હોય છે અને સરકારે તેમને થર્ડ ક્લાસ મેજીસ્ટ્રેટની સત્તા આપેલી હોય છે! બંધુઓ! દયા છે? હૃદય છે? તમારી જે ચાને માટે હિંદી મજુરોને-તમારા લાચાર ભાઇઓને મરણશરણ થતાંસુધી ગુલામગીરીની હાડમારી ભોગવવી પડે છે; જે ચાને માટે તેમને શરદીવાળી ગંદી જમીનમાં હલકા ખોરાક ઉપર જીવન ગાળવું પડે છે; જે ચાને માટે તેમને ચામડી ફાટી લોહીની ધારાઓ વહેતાં સુધી માર ખાવો પડે છે; જે ચાને માટે નિરાશ્રિત હિંદી બહેનોને પોતાના પાતિવ્રત્યની આહુતિ આપવી પડે છે; જે ચાને માટે પ્રાણથી પ્યારાં પતિપત્નીને હમેશને માટે બળાત્કારથી ફારગતી આપવી પડે છે; તે ભયંકર ચાને મોટાઇના ડોળની ખાતર સ્વદેશી ચીજ ગણીને તમારા

પેટમાં રેડતાં હજી પણ તમને કમકમાટી આવતી નથી? "મારે ઘેર તો રોજ ૧૦ વખત ચા ઉકળે છે" "મને ચા વિના ચાલતું નથી" "ચા તો મારૂં જીવન છે" "ખાધા વિના ચાલે પણ ચા વિના તો મને નહિ ચાલે" વગેરે શરમભરેલાં વાક્યો બોલતાં હજી પણ કંઇ લાગણી ઉત્પન્ન થશે કે નહિ? શું તમે ચા પીઓ છો? અમે તો કહીએ છીએ કે, **એ ચાનો પ્યાલો નહિ પણ રક્તનો પ્યાલો તમે પીઓ છો!** હિંદી મજુરોની ચામડી ફાટીને જે લોહી નીકળે છે, તે લોહી પીઓ છો! શું ચાના પ્યાલામાં તમે લોહી જેવો રંગ જોતા નથી? અમે તો કહીએ છીએ કે તે ચા નથી પણ પતિવ્રતા સ્ત્રીઓનાં નષ્ટ થતાં પાતિવ્રત્યનાં અશ્રુબિંદુઓ છે. શું તમે ચા-દાનીના ઢાંકણા ઉપર તે બિંદુઓને જોતા નથી? અમે તો કહીએ છીએ કે તે ચા નથી પણ નિર્દોષ મનુષ્યોની હાયવરાળ છે. શું તમારા ચાના ભરેલા પ્યાલામાંથી નીકળતી વરાળ તમને તે વાતનું ભાન કરાવતી નથી? શું તમને ચા પીતી વખતે ગરીબ મજુરોની પીઠ ઉપર પડતા ચાબૂકના મારનું હજી પણ સ્મરણ નહિ થાય?"

"મારા સ્વદેશી બાંધવો! ચાલો, આપણે પ્રતિજ્ઞાઓ કરીએ કે, ધર્મભ્રષ્ટ વિદેશી ખાંડની મોટી મા, દેશીઓનું રક્ત, સતીઓના શાપ, બાળકોની ગાળ અને ગરીબોની હાયથી ભરેલી ચા! અમે અમારી જીંદગીમાં કદી પણ પીશું નહિ! બીજાઓને પીતા અટકાવી સ્વદેશસેવા બજાવવા યત્નો કરીશું. હૃદય વિનાના દેશી શેઠીઆઓની આગળ રહીને, તેમને પગે પડીને, કાલાવાલા કરીને, સમજાવીને, કરગરીને, તેમના હાથથી થતાં આ પાપથી તેમને બચાવવા પ્રયત્ન કરીશું. ઈશ્વિર આ કામમાં અમને સહાયતા આપો! અસ્તુ."

× × × × ×

જેમ લીલી ચા બનાવવા માટે તેની ઉપર રંગ ચઢાવવામાં આવે છે, તેમ કૉફીમાં ઘેરો રંગ લાવવા માટે ચીકોરી નામના મૂળીઆનું મિશ્રણ કરવામાં આવે છે. કૉફીના વેપારી નફો લેવા કૉફીમાં ચીકોરીનો ભેગ મેળવે છે; તેમ ચીકોરીના વેપારી ચીકોરીમાં પણ રંગ, ગાજર અગર ઇંટના ભૂકાનો ઉપયોગ કરે છે.

ડૉ. કેલોગ કહે છે કેઃ–"દારૂના વ્યસન કરતાં પણ હાલમાં ચા–કૉફી વધારે નુકસાન કરે છે; માટે વ્યસનનિષેધક મંડળીઓએ લોકોમાં તે વિષે વિશેષ અજવાળું પાડવાની જરૂર છે."

દર વરસે દશ કરોડ રૂપિયા ચા–કૉફીમાં!

હિંદુસ્તાનમાં ચા પીવાનો શોખ દિવસે દિવસે વધતો જાય છે. ચાના બગીચાવાળાઓ મોટે ભાગે વિદેશી હોય છે અને તેઓએ હિંદમાં ચાનો ખપ વધારવા માટે ૧૯૧૬ માં રૂા. દોઢલાખ નોખા કાઢયા હતા, જેના પરિણામમાં તેજ વર્ષમાં આશરે સાડાત્રણથી ચાર કરોડ રૂપિયાનો ચા હિંદમાં વેચાયો હતો. ૧૯૧૭ માં સવાબે લાખ રૂપિયા બાજુએ મૂકયા હતા, પણ તે વર્ષમાં કેટલો ચા વેચાયો તેનો રિપોર્ટ બહાર પડેલો ન હતો. એવો અડસટ્ટો કાઢવામાં આવે છે કે, ચા પાછળ આશરે ૪ કરોડ અને વિદેશી ખાંડ પાછળ ૬ કરોડ મળી ૧૦ કરોડ રૂપિયા ફક્ત ચા–કૉફી પાછળ ખરચવામાં આવે છે. બદલામાં ચા–કૉફીનું દાસત્વ તથા નબળી પાચનશક્તિ મળે છે. દરેક સમજુ માણસને પોતાના ઘરમાંથી ચા–કૉફી તથા કોકો જેવાં વિનાશકારક પીણાંને જેમ બને તેમ જલદીથી બહિષ્કાર કરી આરોગ્ય તથા ધનનું રક્ષણ કરવું ઘટે છે. જે ધનનો ઉપયોગ પરદેશીઓનાં ખિસ્સાં તર કરવામાં થાય છે, તે ધનનો ઉપયોગ જો દેશમાં વિદ્યાહુન્નર વગેરે વધારવામાં થતો હોય તો કેવું સારૂં!

કોકો

કોકોનો ઉપયોગ આપણા દેશમાં ચાના ઉપયોગ જેટલો વિશાળ પ્રમાણમાં થયો નથી તેનું કારણ તે ચા કરતાં કંઈક મોંઘો છે; તોપણ જે લોકો ચાલુ જમાનામાં પોતાને 'ફેશનેબલ' કહેવડાવે છે, તેવાઓને ત્યાં કોકો પૂર્ણ સત્તા ભોગવે છે. ચાની પેઠે કોકો પણ પાચનશક્તિને મંદ પાડે છે. તેમાં પણ નિશો રહેલો છે. કેમકે જેને તેનું વ્યસન પડે છે, તે તેને મૂકી શકતો નથી. કોકો પીવાથી અંદરની ચામડી બગડે છે, લોહી તથા બળ ક્ષીણ થાય છે અને વીર્ય કે

જેનો સંગ્રહ દરેક મનુષ્યે કરવોજ જોઇએ તેને તે હરી લે છે.

કોકોની ઉત્પત્તિ વિષે જો જાણવામાં આવે તો જેઓનાં હૃદય દયાળુ હોય છે, તેઓ કદી તેનો ઉપયોગ કરેજ નહિ. જે ઠેકાણે કોકો પેદા થાય છે, ત્યાં સીદીઓ ઉપર એટલો બધો જુલમ ગુજારવામાં આવે છે, કે જો તે આપણે નજરે જોઇએ તો ચકરી આવે અને તે પીવાની કદી ઇચ્છા ન કરીએ. કોકોનાં ખેતરોમાં ગીરમીટીઆ મજુરો ઉપર થતાં જુલમો વિષે મોટાં મોટાં પુસ્તકો રચાયાં છે. જે વસ્તુ મનુષ્યોનાં અંતઃકરણો બાળીને તથા રક્ત ચૂસીને પકવવામાં આવે છે, તે વસ્તુ મનુષ્યજાતને પુષ્ટિ આપીજ કેમ શકે?

કોકોમાં ચા-કૉફીના દોષો પણ રહેલા છે. કોકોનો અતિ ઉપયોગ પૈસા તથા આરોગ્યનો નાશ કરવાવાળો છે. જે લોકો ચા-કૉફી અગર કોકોમાં પોતાનાં નાણાંનો વ્યય કરે છે, તે લોકો જો તે વસ્તુને બદલે દૂધ લેવામાં વ્યય કરે તો તેમના આરોગ્યનું ઘણી સારી રીતે રક્ષણ થઇ શકે; તેમ છતાં જે લોકોને તેના વિના ચાલતુંજ ન હોય તે લોકોએ તુલસીનો નિર્દોષ અને પુષ્ટિકારક ચા પીવાનો ચાલ દાખલ કરવો, તેથી જઠરાગ્નિ પ્રદીપ્ત રહેશે અને તુલસીમાં શક્તિ આપવાનો ગુણ હોવાથી શક્તિ પણ મળશે. પરંતુ જેને તે ચા આત ગરમ લાગે, તેણે ઘઉંને બરાબર સાફ કરી ચૂલા પર ખુંદદાણાની માફક શેકી તેનું ચૂર્ણ બનાવી તેનો ચા બનાવી તે પીવો. આવી રીતે બનાવેલો ઘઉંનો ચા પણ પુષ્ટિકારક છે. આ ચાથી તંદુરસ્તી તથા પૈસા બંનેનું રક્ષણ થઇ શકશે.

("વૈદ્યકલ્પતરુ"ની ૨૧મી ભેટમાંથી થોડા સુધારા સાથે)

ચા-કૉફીનો બહિષ્કાર

(૨૩-૮-'૨૮ ના "પ્રગતિ"માંથી)

હિંદુસ્તાનનો નાનો ગામડીઓ પણ હવે ચાથી અજાણ્યો નથી. આપણી માયાળુ બ્રિટિશ સરકારની મહેરબાનીથી આ ઇલાકાના કેળવણી ખાતાને પણ ચાનો લાભ જણાવાથી ગુજરાતી શિક્ષણમાળાની બાળપોથીમાં પહેલાં જ્યાં "બા ભૂ પા" હતું તેને બદલે હવે નવી આવૃત્તિમાં "મા ચા પા" એવું શરૂઆતથીજ નાનાં કુમળાં મગજનાં બાળકોના મનમાં ચાહના મહત્ત્વનાં બીજ રોપવાને આ નવીન ગુજરાતી પાઠય પુસ્તકો તૈયાર કરનાર કમિટિના સભ્યોને સૂઝયું હોવું જોઈએ. ચા એ ચીનની મૂળ પેદાશ હોઇ હવે તે સીલોન અને હિંદુસ્તાનમાં પણ સારી રીતે પેદા થાય છે, અને તેનો મોટો ઉદ્યોગ ચાલે છે. આ ઉદ્યોગમાં મોટે ભાગે અંગ્રેજ થાપણદારો બહુ સારો નફો પેદા કરે છે. હિંદુસ્તાનમાં આસામ, દાર્જીલિંગ, નીલગિરિ અને કાંગરા ખાતે ચાહના બગીચા છે, અને તે ઘણા ખરા સર્વે પરદેશી મુડીદારોની માલેકીના છે.

સો કે સવાસો વર્ષ પહેલાં આ દેશમાં ચાહનું નામ કોઈ જાણતું ન હતું ત્યારે લોકોને તેની ખોટ કે જરૂર જણાઈ નથી. લોક પણ તે સમયે વધારે તંદુરસ્ત, મજબૂત અને નીરોગી હતા. હિંદુસ્તાનમાં સામાન્ય રીતે ગરીબ તેમજ તવંગરનું મુખ્ય પીણું તે સમયે છાશ હતી અને તેથી તબિયતને પણ અનેક લાભ હતા. કચ્છ-કાઠીઆવાડનો ખેડુતવર્ગ તેમજ મજુરીઆત વર્ગ સવારના શિરામણમાં છાશની રાબડી કે કાંજી બનાવીને ઘણે ભાગે પીતો ત્યારે તેમના ચહેરા લાલચોળ અને શરીર હૃષ્ટપુષ્ટ હતાં. જ્યારથી આ દેશમાં આ ચાહરૂપી ચેપી રોગ લાગ્યો છે ત્યારથી તેના વગર કોઇને ચેન પડે નહિ. કોઇનું માથું દુઃખે તો કોઈનો પગ દુખે ને કેટલાકને તો એ પીધા વગર પેટ સાફ ન આવે. આવાં અનેક બહાનાં હેઠળ આ ચાહનું ઝેર વાયુને વેગે ફેલાઇ ગયું છે. કચ્છ, ગુજરાત, કાઠીઆવાડ અને કોંકણને ચાહનો ચેપ એટલો બધો લાગ્યો છે કે જમવા વગર ચલાવી લેવાય પણ ચાહના સ્ટ્રૉંગ કપ વગર ન ચાલે! હવે આનો મજબૂતીથી અટકાવ કરવાની જરૂર છે. તેવી પહેલ બારડોલી તાલુકાના રાયણ ગામના લોકોએ કરી છે. આ ગામનાં લોકો દરવર્ષે લગભગ રૂા. ૫૦૦) ચા-કૉફી પાછળ ખર્ચતા, તેનો તેઓએ સદંતર અટકાવ કરવાનું શુભ પગલું લીધું. ગામમાં જે પણ ચા-કૉફી હતી તે સર્વે કઢાવીને ગામને પાદરે લઈ જઇ પાણીના ખાબોચિયામાં નાખી. અને હવેથી ચા-કૉફી ન પીવાની પ્રતિજ્ઞા લઈ

જે પહેલ કરી છે, તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે. વળી હાલમાં મુંબઇમાં મહારાષ્ટ્રવાસીઓએ છાશથી પ્રગતિ વધારવાના પ્રયત્નો કરવા એક મંડળી ઉભી કરી છે અને ચાહ વગેરે પીણું નહિ પીવાના તેના સભ્યો પાસે સોગંદ લેવરાવે છે. તેથી મુંબઇમાં અને મુખ્યત્વે દક્ષિણીઓથી વસાયલા ગીરગામના લત્તામાં છાશ–દૂધની આઠ દશ નવી દુકાનો ચાલુ થઇ ગઇ છે. તેજ રીતે કચ્છ, ગુજરાત અને કાઠીઆવાડના લોકોએ પણ છાશ–દૂધનો પ્રચાર વધારી ચાહને નાબુદ કરવાનાં તાકીદે મજબૂત પગલાં ભરવાં આવશ્યક છે. નાનાં મોટાં દેશી રાજ્યો આ બાબતમાં તુરત અસરકારક પગલાં લઇ શકે તેમ છે. ચાહની દુકાન રાખનાર ઉપર પરવાનો લેવાનું ફરજીઆત ઠરાવી, તેવા પરવાના માટે ઓછામાં ઓછા માસિક રૂા. ૫૦) નું લવાજમ ઠરાવીને ચાહને પોતાની હદમાંથી સહેલાઇથી દેશપાર કરી શકાશે. અને છાશ–દૂધનાં પીણાંઓને ઉત્તેજન આપવાના અનુકૂળ નિયમો કરી ગાય–ભેંસોની ઉછેરને આડકતરો ટેકો આપવાનું પુણ્યકારક કાર્ય કરી શકાશે.

ગામઠી વનસ્પતિઓની ચ્હા

તુલસી, કલાર, બીલી, લજામણી અને આંબો, આ પાંચે વસ્તુઓનાં પાન લઇ (એમાં આંબાનાં પાન કુમળાં લેવાં) છાંયે સૂકવી અધકચરાં કરી રાખવાં. ભૂખને મારનારી અને લોહીને બગાડનારી હાલની ચ્હાને ઠેકાણે આ આરોગ્યદાયક અને વગરખર્ચે તૈયાર થતા ઘરાળુ વનસ્પતિઓના ભૂકાને થોડી વાર પાણીમાં ઉકાળવાથી જે ચ્હા તૈયાર થાય છે તે ભૂખ લગાડે છે, વાયુ હઠાવે છે, લોહી સુધારે છે અને એકંદરે વાયુ, પિત્ત, કફ, કોઇ પણ પ્રકૃતિવાળાને માફક આવે છે.

જેઓ ગરમાગરમ પીણાની કુટેવ નજ છોડી શકતા હોય તેમને માટેજ ઉપલી ઘરાળુ ચ્હાની સૂચના છે. નહિ તો માણસને માટે એકલું પણ ગરમાગરમ પાણી પીવું એ આંતરડાંને શેકીને નિર્બળ બનાવનારૂં છે. પથારીમાંથી ઉઠયા પછી થોડા કોગળા કરીને લોટામાંનું રાતનું ભરી મૂકેલું અને તે નહિ તો છેવટે તાજું પાણી પણ એક પ્યાલો રોજ પીધા કરવાથી જે ઉત્તમ લાભ થાય છે, તેના અસાધારણ ફાયદાઓ તો આ બાબતની અજમાયશ એક મહિનો ચ્હા અને બીજું ગરમાગરમ પીણું છોડીને કરી જોવાય ત્યારેજ સમજાય તેમ છે.

પરદેશી ખાંડ એટલે ભ્રષ્ટતાનો ભંડાર!

૧. એનસાઇકિલોપીડીઆ બ્રિટાનિકા જેવો વજનદાર અને ઘણાં વર્ષોની શોધખોળને અંતે તૈયાર થયેલો મહાન ગ્રંથ કે જેને આધારે સરકાર ફેંસલો આપે છે, તેને ૬૬૭મે પાને લખેલ છે કેઃ–"ખાંડ સાફ કરતી વખતે તેમાં દરેક જનાવરનું લોહી તથા હાડકાંના કોલસાનો ચૂરો નાખવામાં આવે છે."

૨. ડીક્ષનેરી ઑફ આર્ટસ–૬ ઠ્ઠી આવૃત્તિ લંડન, પાને ૮૨૯ મે લખ્યું છે કેઃ–"ગાંગડા બનાવતી વખતે ૫૪ મણ ખાંડમાં ૨૭ મણ હાડકાંના કોલસાનો ભૂકો નાખવામાં આવે છે; અને ખાંડ સાફ કરવાનાં કારખાનાં ગામમાં છે તેમાં એ વસ્તુ ભારોભાર નાખવામાં આવે છે."

૩. સ્વામી ભાસ્કરાનંદ લખે છે કેઃ–"જ્યારે હું વિલાયત ગયો ત્યારે મેં કેટલાંક ખાંડનાં કારખાનાં જોયાં. તેમાં પહેલે માળે ચઢતાંજ મને ઉલટી થશે એમ લાગ્યું. હું નહોતો જાણતો કે આવી અપવિત્ર ચીજોથી ખાંડ બને છે; પણ નજરે જોતાં સખેદ આશ્ચર્ય થાય છે કે જે ચીજને અડવાથી પણ મહાન પાપ લાગે તે ચીજ હિંદુઓથી ખવાયજ કેમ ?"

૪. ભારતમિત્ર તા૦ ૨૮–૧૦–૧૯૦૫ ના અંકમાં જણાવે છે કેઃ–"સારી ખાંડ બનાવવા માટે જેમ આ દેશમાં દૂધ વપરાય છે, તેમ ત્યાં જનાવરોના લોહીથી ખાંડની અંદરનો મેલ કાપવામાં આવે છે. કારણ કે કસાઇખાનામાં દૂધ કરતાં લોહી સસ્તુ મળે છે. મિ૦ હેરીશ કહે છે કે, ખાંડ સુવરના લોહીથી સાફ થાય છે. એ. જે. ટેલર સી. ઇ. સાહેબના બનાવેલા "સ્યુગર મશીનરી" નામના ગ્રંથમાં લખ્યું છે કે, ઇંગ્લાંડ વગેરે દેશોમાં ખાંડ સાફ કરવામાં પાણી અને ગાયોનું લોહી મેળવે છે. ભાઇઓ ! હિંદુને ગાય અને મુસલમાનને સુવરનું લોહી શું ખાવાલાયક છે ?"

૫. મુંબઈ, જ્ઞાનસાગર સમાચાર તા૦ ૧૫-૧૨-૧૯૦૫ માં લખે છે કેઃ-"પરદેશી ખાંડસાકર નાના પ્રકારના રોગથી ભરેલા સર્વ પ્રકારના જીવોનાં હાડકાં, બળદ અને સુવરનાં લોહી અને મનુષ્યના મૂત્રથી સાફ થાય છે. જેના પવનથી પણ ડરીએ તેવા કોઢ વગેરે રોગવાળા લોકોનું પણ મૂત્ર. અરેરે ! આ હિંદુમુસલમાનને ખાવાલાયક છે ?"

૬. સ્વદેશોન્નતિ દર્પણઃ-"પરદેશી ખાંડ અપવિત્ર છે એટલુંજ નહિ પણ તેની અંદર નાનાં પ્રાણી, કીડી, મકોડી વગેરેનાં આંતરડાં, માંસ, હાડપિંજર અને શરીરની અંદરના રેસા હોય છે. મોરસ ખાંડ તો બીટ, ગાજર, તાડી વગેરેમાંથી બનાવવામાં આવે છે અને તેમાં પણ સડેલું લોહી તથા રોગિષ્ટ જનાવરોનાં હાડકાંનું મિશ્રણ હોય છે."

૭. હિંદી બંગવાસી, કલકત્તાઃ-તા૦ ૩૦-૩-૧૯૦૩ ના અંકમાં લખે છે કેઃ-"હિંદુસ્તાનમાં-થીજ દર વર્ષે ૨૮ લાખ મણ જનાવરોનાં હાડકાં ખાંડ વગેરે ખાવાના પદાર્થો બનાવવા માટે પરદેશ જાય છે. સ્વદેશી ખાંડ કદાચ પરદેશી ખાંડથી સહેજ મોંઘી મળે તોપણ તેનાથી પવિત્રતા જળવાઇ રહે છે. વળી તે ખાંડ પરદેશી કરતાં ગળપણમાં પણ વધારે હોય છે. માટે સ્વદેશી ખાંડજ વાપરવી. કદાચ સ્વદેશી ખાંડ વાપરવાની શક્તિ ન હોય તો ગોળ વાપરવો; પરંતુ પરદેશી ખાંડ તો નજ વાપરવી.

૮. મી૦ ફીનલે નામના ગૃહસ્થ જણાવે છે કેઃ-"વિલાયતી ખાંડ જે હિંદમાં ફેલાઈ છે તે દેખાવમાં સફેદ અને કિંમતમાં સસ્તી પડે છે; પણ તેનાથી ઘણા રોગો હિંદુસ્તાનમાં પેદા થઇ ચૂકયા છે. તે ખાંડ લોહી અને શકિતનો નાશ કરે છે. તે ખાંડ દૂધ આદિ જે જે પદાર્થોમાં નાખવામાં આવે છે તેમાં આપણે ઝેરજ નાખીએ છીએ એમ જાણવું. ઇંગ્લાંડ તેમજ હિંદુસ્તાનના પ્રખ્યાત વૈદ્યડૉકટરોએ સ્પષ્ટ મત આપેલો છે કે, આ ખાંડ હિંદુમુસલમાનને ધર્મના બાધથી તો ખાવાલાયક નથીજ, પણ તેનાથી પ્લેગ, મહામારી ઇત્યાદિ રોગો થાય છે અને બાળકનું તથા મોટાં માણસનું મરણપ્રમાણ પણ વધે છે. માટે ધર્મને ન માનવો હોય, તો આરોગ્યની દૃષ્ટિથી પણ ખાંડ ખાતા અટકવું જોઇએ. કાચના ગ્લાસમાં ગરમ પાણી ભરી તેમાં એ ખાંડ કે સાકર નાખીને ઓગાળતી વખતે સૂક્ષ્મદર્શક યંત્રથી જોશો તો એમાં લોહીનાં રજકણો દેખાશે.

દેશી અને મોરસ ખાંડ જુદા જુદા વાસણમાં મૂકી બન્નેમાં થોડો સલ્ફરીક એસીડ (ગંધક-નો તેજાબ) નાખો. તરતજ દેશી ખાંડમાંથી મીઠી માટી જેવી સુવાસ આવશે અને મોરસમાંથી દુર્ગંધ આવશે. જો આ વાત જરા પણ જૂઠી હોત તો લાગવગવાળા ગોરા વેપારીઓએ આ વિગત પ્રગટ કરનારાઓ ઉપર જરૂર દાવો માંડયો હોત. માટે આ બાબત સાચીજ હોવાથી કોઇ પણ હિંદવાસીને પરદેશી ખાંડ ખાવાલાયક નથી. હિંદુઓની પેઠેજ જે ગોરા લોકોએ માંસાહારનો ત્યાગ કર્યો છે અને જેઓ કેવળ વનસ્પતિના આહાર ઉપર રહે છે; તેઓએ પણ એવાં ખાંડસાકર ખાવાં બંધ કર્યાં છે; તો પછી આપણા હિંદુઓથી તો આવી અપવિત્ર ચીજ ખવાયજ કેમ ?"

("કચ્છી"માં લખનાર એક પ્રજાજન.)

'સેકેરીન' દેશનિકાલ

સાકરથી ૫૫૦ ગણી ગળી 'સેકેરીન'ને બધા ઓળખે છે. આ કોલતારની બનાવટ છે, લાંબો વખત તે વાપરવામાં આવે તો ઝેરી ગણાય છે. સાકરને બદલે ઘણાં માણસો આ ચીજનો ઉપ-યોગ કરે છે. બેલ્જીઅમ સરકારે આ ચીજ મંગાવવાની, વાપરવાની, બહાર ચઢાવવાની કે રાખવાની પણ મનાઈ કરેલ છે. જે જે ચીજોની બનાવટમાં 'સેકેરીન' વાપરવામાં આવેલ હોય તેને પણ આ કાયદો લાગુ પાડયો છે. ખોરાકની ચીજમાંથી તો 'સેકેરીન'ને દેશનિકાલ કરવાની ખરેજ જરૂર છે. લેમોનેડ અને શરબતોમાં એ બહુ વપરાય છે; હૉટેલની ચ્હામાં પણ વપરાય છે, છતાં પ્રજા સમ-જતી નથી અને સરકાર કશું કરતી નથી.

ધૂમ્રપાન કરવાના ફાયદા !

ડૉક્ટરો, રસાયણશાસ્ત્રીઓ વગેરે બધા એકમત છે કે તમાકુ માણુસને ઝેરસમાન છે. એ એક ઝેરજ છે. બીડી–તમાકુ પીનારા, સુંઘનારા તેમજ ચાવનારાની જાણુ માટે નીચેની વિગતો આપી છે. કેમકે જગતનાં અર્ધોઅર્ધ મનુષ્ય એમાં ફસેલાં છે.

તમાકુની અંદર એક તૈલી ચીજ છે, જેમાં મુખ્યત્વે તમાકુની ગંધ રહેલી છે. એ ચીજનું નામ 'નીકોટીન' છે. તે તમાકુમાં સેંકડે ૧ થી ૮ ટકા હોય છે. જેમ તમાકુ જલદ તેમ આ નીકોટીન તેમાં વધુ હોય છે. એમ કહેવાય છે કે એક રતલ સારી તમાકુમાંથી જેટલું નીકોટીન નીકળે તેટલું નીકોટીન માત્ર ત્રણુ મિનિટમાં ૨૫૦૦ કૂતરાંને મારી નાખવા માટે પૂરતું છે. આવું ઝેરી આ નીકોટીન છે. જ્યારે એ નીકોટીન શરીરમાં જાય છે ત્યારે અંદરની શ્વાસનળીને ફરતી ઝીણી ચામડીને અનહદ નુકસાન કરે છે અને અનેક જાતનાં દર્દો ઉત્પન્ન કરે છે.

આ નીકોટીનને પણ ભુલાવે એવું બીજું ઝેર તમાકુમાં 'કોલોડાઇન' કરીને છે. આ કોલોડાઇનને લીધે પણ તમાકુમાં ગંધ આવે છે. આ કોલોડાઈનના એક ટીપાનો વીસમો ભાગ, જેવી રીતે વીજળીના આંચકાથી માણસ તરતજ મરી જાય, તેવી રીતે દેડકાને મારી નાખે છે.

તમાકુના ધૂમાડામાં પ્રુસીક એસીડ હોય છે; તમાકુના રસિયા ધૂમાડો પેટમાં જવા દઈ પાછો નાકવાટે કાઢે છે અને તેના ગોટાની લહેર લે છે, તેમને આ પ્રુસીક એસીડ કાતીલમાં કાતીલ ઝેર છે, તેની ખબર નહિ હોય. આ પ્રુસીક એસીડ શરીરમાં જવાથી માથું દુખવું તથા ચકરી આવે છે. બીડી નહિ પીનારાને બીડી પીતાં જે કડવો અનુભવ થાય છે તે આને લીધે થાય છે.

તમાકુમાં તે સિવાય 'ફરફરોલ' રહેલું છે. દારૂ તે કરતાં પણુ વધારે નુકસાનકર્તા છે. એક સીગારેટમાંથી, પાંચ રૂપીઆભાર વીસ્કી–દારૂના જેટલું ફરફરોલ નીકળે છે.

વળી તમાકુના ધૂમાડામાં કાર્બોનીક એસીડ ગેસ પણુ હોય છે. આ ગેસ ઘણોજ નુકસાનકર્તા છે તે જાણીતી વાત છે. આ હવા ફેફસાંમાં જવા આવવાથી ફેફસાંને નમાલાં કરી નાખે છે અને આ કારણેજ બીડી પીનારા ક્ષયરોગના ભોગ તરતજ થઇ પડે છે.

ઉપલી હકીકત જાણ્યા પછી કયો સમજુ માણસ તમાકુની પડખે ચડશે ? વ્યસનના ગુલામ તો કદાચ એની ટેવ ન પણુ છોડે; પણુ નવું વ્યસન વહોરનાર તો આ વાંચ્યા પછી જરૂર તે ટેવથી દૂર રહેશે.

અમેરિકામાં તો સીગારેટને **ઠાઠડીના ખીલા** કહેવામાં આવે છે અને તે ખરીજ વાત છે. અમેરિકામાં એવી કેટલીએ પેઢીઓ છે જે બીડી પીનારાને નોકર નથી રાખતી. હિંદીઓ પણુ આ ધોરણુ દાખલ કરે તો શું આ બદી ઓછી ન થાય ? તમાકુ સાથે પણુ રાષ્ટ્રીય લડત ચલાવવાની જરૂર છે અને સ્વરાજ મળ્યા પછી તો તમાકુ દેશપાર થશે તેમાં શંકાજ નથી. **'હિંદુસ્થાન' ઉપરથી**

ઘણી વાર કહેવામાં આવે છે કે, જો તંબાકુ આટલી બધી ઝેરી છે તો તેનો ઉપયોગ કરનારા માણસો મરી કેમ જતા નથી ? જવાબ એ છે કે, શરીરમાં તે પરિસ્થિતિને અનુકૂળ થવાનો સ્વભાવ હોવાથી તે ભયંકર ઝેરથી પણ ટેવાઇ જાય છે. વળી તંબાકુનો ઉપયોગ થોડા પ્રમાણુમાં કરવામાં આવે છે. તેથી તેનો પ્રભાવ પડતાં અમુક સમય જરૂર લાગે છે. પરંતુ તેનો ઉપયોગ કરનારાઓ તેના ઝેરથી બીજાઓ કરતાં તો વહેલાજ સ્મશાનને માર્ગે પડે છે–મૃત્યુ પામે છે.

તંબાકુના કડવા અનુભવ

મી૰ એલ. ઇ. એબેન્કસ જે ફિઝિકલ કલ્ચરના વિષયમાં સ્પેશિયાલીસ્ટ ગણાય છે, તેણે તંબાકુથી થતા નુકસાનના અનેક દાખલાઓ જે તેની નજર આગળથી પસાર થયા છે તે–રજુ કર્યા છે; જે આપણા દેશી જુવાનીઆઓ માટે ધડો લેવા જેવા હોવાથી હું તેમાંના બે ત્રણ આજે જાહેરમાં મૂકવાની લાલચ દૂર કરી શકતો નથી. હું તેનાજ શબ્દોમાં જણાવવાનું વાજબી ધારું છું:–

"એક યુવાન ક્લાર્ક ફિઝિકલ કલ્ચરના શિક્ષણુ માટે મારી પાસે આવ્યો. તેની છાતીમાં એક વરસ કરતાં વધુ મુદતથી દુઃખારો ચાલુ રહ્યો હતો. તે સાથે તે ખાંસીથી પણુ વધુ અને વધુ

પીડાતો હોવાથી તેના મનમાં ક્ષયના હુમલાનો મોટો ભય પેસી ગયો હતો. તે બે વરસથી સીગારેટ પીતો હતો. તેના દુઃખનું કારણ સીગારેટ હોવાનો મને પાકો શક હતો. મેં તેને સીગારેટ છોડી દેવાની તાકીદ કરી. ફિઝિકલ કલ્ચરના શિક્ષણના પહેલા માસ દરમિયાન તેને પોતાની તબિયતમાં કાંઇક સુધારો થતો લાગ્યો; પણ છ અઠવાડીઆં પૂરાં થતાં તેણે પોતાને છાતીના દુઃખારા અને ખાંસીના દરદથી સમૂળગો મુક્ત થયેલો જોયો. એ વખત દરમિયાન તેણે કલાર્કની નોકરી છોડી બહારના કામકાજની નોકરી હાથ કરી હતી. તે 'ફિઝિકલ કલ્ચર'ના શિક્ષણની મજબુત તારીફ કરતો હતો; પણ તે સમજી શકયો નહિ કે, બહાર ફરવાની નોકરીથી કે શારીરિક કસરતના શિક્ષણથી તેનું દરદ નાબુદ થયું હતું. કેટલાક મહીના સુધી તેની સાથે મારો મેળાપ થઈ શકયો નહિ. એક દિવસે તે ઓચિંતો મને મળ્યો અને પોતાની આગલી નોકરી પર પાછો જવાથી તેનું દરદ પાછું ઉભરી આવશે કે નહિ તે માટે મને પૂછવા લાગ્યો. મેં તેને સલાહ આપી કે, જો સીગારેટ પીવાની છોડી દેશે તો ગમે તેવી નોકરીથી તેનું અસલ દરદ પાછું ઉભરી શકશે નહિ. હું ખરો પડયો. થોડાક વધુ મહીનાએ મજબૂતપણે સાબીત કર્યું કે તેની છાતીનો દુઃખારો અને ખાંસી સીગારેટનીજ મોહોકાણ હતી.

બીજો દાખલો—હું એક કસરતબાજને ઓળખું છું, જેનો ધંધો સરકસમાં બાઇસિકલ ઉપર અદ્દ્ભુત કાણુ દેખાડવાનો હતો. એ કસરત 'સાઇકલ-વ્હેલ'ના નામથી જાણીતી હોઇ તેનો હેતુ સાઇકલને એકદમ ચક્રાવો આપવાનો છે. આ કસરત ઘણીજ જોખમભરેલી ગણાય છે અને તે માટે દંડાપણા અને મજ્જાતંતુના બળની ઘણી જરૂર છે. આ ધંધો તેણે પોતાની ચાળીસ વરસની વયે છોડી દીધો. કેમકે તેને લાગ્યું કે, આવી મોટી ઉંમરે આ કસરત કરતાં તેને ગભરાટ છૂટતો હતો અને તે બીકણ બનતો જતો હતો. અંતે સીગારેટ છોડી દેવાની સલાહ તેને એક ડૉકટરે આપી. આ સલાહનો અમલ કરતાં તેણે કદી નહિ ધારેલું એવું પરિણામ આવ્યું. તેણે પોતાની બગડેલી તંદુરસ્તી અને તનની શક્તિ એટલી બધી મેળવી કે તે પોતાની આગલી નોકરીમાં પાછો દાખલ થયો અને બાઇસિકલ પર પહેલાંનીજ ફતેહ સાથે ઘણાં વર્ષોસુધી પોતાનો કાણુ ચાલુ રાખ્યો.

ત્રીજો દાખલો ઘણોજ જાણવા જોગ છે. કોલોરેડો ખાતે રહેતી એક અમેરિકન સ્ત્રી ખાસ ભલામણથી મારી સલાહ લેવા માટે મારી મુલાકાતે આવી. મારી પાસે મોકલનારનો હેતુ એ હતો કે, કસરતના શિક્ષણથી તેણીના હાર્ટમાં થોડોઘણો સુધારો થવા પામે. મેં તેણીને સવાલ કર્યો કે, તેણીને હાર્ટનું દરદ છે, એમ તેણીને કેમ માલમ પડયું? તેણીએ મને સમજાવ્યું કે, તે પોતાની ડાબી બાજુએ સૂઇ શકતી નથી. કેમકે સૂતાં આંખની બાજુએ કાનપટી આગળ મજબૂત ધબકારા થાય છે. મેં તેણીની હકીકત પરથી જાણ્યું કે, તેણીને સીગારેટ પીવાની બહુજ બુરી ટેવ પડી ગઇ હતી. અંતે હું તેણીની સખ્ત વેદના દૂર કરવાને ફતેહ પામ્યો; પણ તે ફિઝિકલ કલ્ચરની કસરતથી નહિ. અલબત્ત કસરતે તેણીની સામાન્ય પ્રકૃતિને લાભ કર્યો હતો ખરો; પણ સીગારેટ પીવાનું છોડી દેવાની મેં તેણીને ફરજ પાડી તેથી તેણીનું એ જાલીમ દરદ સમૂળગું દૂર થયું હતું. સીગારેટ પાવાનું છોડ્યા પછી આ દરદ ફક્ત દશ દિવસની ટુંક મુદતમાં ઘણે દરજ્જે દૂર થયું હતું. પાછળથી મને માલમ પડયું કે, સીગારેટ પીવાનો તેણીનો આગલો લખ પાછો ઉભરાઇ આવવાથી તે પાછી આગલાજ દુઃખનો કમનસીબ ભોગ થઇ પડી હતી."

બીજા ઘણાક દાખલાઓ રજુ કરીને મી૦ ઓબેન્કસ જણાવે છે કે, તંબાકુ કોઇના પર ઓછી તો કોઇના પર ઘણી માઠી અસર કરે છે; એટલે કે તંબાકુ દરેકને ઓછું વત્તું નુકસાન તો જરૂરજ કરે છે. તંબાકુની ટેવ છતાં ઘણાંકો પોતાનું જોર ટકાવી રાખે છે તે ઉપરથી એમ સમજવું જોઇતું નથી કે, તંબાકુ તેઓ ઉપર કદી પણ માઠી અસર કરી શકશે નહિ. આવા શખ્સો આ બુરી ટેવ છોડી દે તો તેઓ છે તે કરતાં વધુ તનમનથી આસુદા બનવા પામે. તંબાકુથી થતા નુકસાનની કસોટી કરવા માટે તંબાકુનો એક યા બીજી રીતે ઉપયોગ કરનારાંઓ તંબાકુ છોડી દઇ પોતાની આગલી પ્રકૃતિ સાથે સરખાવી જોશે તો તેઓને તેના કરતાં પાછલી સ્થિતિ વધુ સુખરૂપ લાગશે.

("હિંદુસ્થાન"ના એક અંકમાંથી)

તમાકુ વિષે નામાંકિત ડૉકટરો શું કહે છે?

ડૉ૦ પ્રાઉટ—લખે છે કે, તમાકુ પીવાથી માણસો નબળા પડી જાય છે. લોહીમાંથી લાલાશ ઘટી પીળાશ આવે છે. છીંકણીથી અજીર્ણ, કલેજા તથા જઠરનાં દરદો વગેરે થાય છે અને એવાં દરદોથી મૃત્યુ થયેલા દાખલા મોજુદ છે.

ડૉ૦ ટેલર—લખે છે કે, ૧૮૭૭ માં એક માણસે લાકડાની એક ચલમ સાફ કરી પોતાના છોકરાને રમવા આપી. છોકરાએ તે ચલમનો ઉપયોગ સાબુના પરપોટા ઉડાડવામાં કર્યો, તેથી તમાકુનું ઝેર મોં દ્વારા તે છોકરના શરીરમાં દાખલ થયું. તેની અસરથી છોકરો બેશુદ્ધ થઈ મરી ગયો.

ડૉ૦ ટવીચેલ—કહે છે કે, તમાકુથી ફેફસાં, હૃદય અને જઠરના સ્નાયુ નરમ પડી જાય છે. કોઇ કોઇ વખતે હૃદય ઓચિંતુ બંધ થઈ મરણ પણ થઇ જાય છે.

ડૉ૦ કલન—કહે છે કે, ઘડપણ આવ્યા પહેલાં તમાકુથી સ્મરણશક્તિ નાશ પામેલી, મૂર્ખતા આવેલી અને જ્ઞાનતંતુઓની હારમાળા બગડી ગયેલી; એવા ઘણા દાખલા મારા અનુભવમાં આવ્યા છે.

ડૉ૦ ઑલકોટ—કહે છે કે, તમાકુથી શરીરને બીજાં જે નુકસાનો થાય છે, તેના કરતાં સ્મરણશક્તિને વધારે નુકસાન થાય છે એ વાત ચોક્કસ છે.

ડૉ૦ એલીન્સન—કહે છે કે, ફ્રાન્સદેશમાં ખાસ જોવામાં આવ્યું છે કે, જેમ જેમ તમાકુનો ઉપયોગ વધારે થતો જાય છે, તેમ તેમ ગાંડાં થઇ જતાં માણસોની સંખ્યા પણ વધતી જાય છે.

ગવર્નર સલીવાન—લખે છે કે "તમાકુ મને જડ અને સુસ્ત કર્યા વિના, મારી નિત્યની ચંચળતામાં ખલેલ કર્યા વિના અને મારી માનસિક શકિત નબળી પાડયા વિના કદી રહી નથી."

ફ્રાન્સદેશની શાળાઓમાં તમાકુના ઉપયોગની અટકાયત છે; તેમજ યુનાઇટેડ સ્ટેટસમાં લશ્કરી શાળામાં બીડી પીવાની સખ્ત મનાઇ છે.

તમાકુ વિષેના આ સર્વ અભિપ્રાયો વિદ્વાન અને નામાંકિત ડૉકટરોના છે; માટે તેનો ઉપયોગ કરનારાઓએ તેમના વિચાર ધ્યાનમાં લઇ તેનો જલદીથી નિષેધ કરવો એજ લાભકારી છે.

એક વિદ્વાન એમ. ડી. ડૉકટરે બીડી પીનારા તથા બીડી નહિ પીનારનાં ફેફસાં તપાસ્યાં. પરીક્ષાનું પરિણામ એ આવ્યું કે બીડી પીનારાનાં લગભગ બધાનાં ફેફસાંમાં ઉપદ્રવ જણાયો અને બીડી નહિ પીનારામાં માત્ર સેંકડે સત્તાવીસ માણસોનાં ફેફસાંમાં ઉપદ્રવ માલૂમ પડયો. આ ઉપદ્રવને લીધે "ક્ષય"ના જંતુઓ તરતજ ઘર ઘાલી જાય છે અને નબળાં ફેફસાંવાળા ઉપર હલ્લો કરે છે. તેથીજ બીડી પીનારાઓને ક્ષય સાધારણ રીતે વધારે થાય છે. બીડી પીનારાઓ અને તમાકુના ગુલામો આ ઉપરથી કાંઇ ધડો લેશે કે પછી પોતાનો ઇશ્ક માણ્યાજ કરશે?

લીલનો ઉપાય—ગ્યાસતેલ

થોડા દિવસ ઉપર ઓલપાડ તાલુકાના કુંભારી ગામે ગાયને બચ્ચું આડું આવેલું તેની સારવાર માટે ગયો હતો. બચ્ચું ખેંચી કાઢયા પછી ગામના તળાવે નાહવા ગયો ત્યારે આખું તળાવ લીલથી છવાઈ લીલા રંગનું થઇ ગયેલું; છતાં માણસ અને ઢોરને એ પાણીનો ઉપયોગ કરતાં જોયાં. આખા તળાવમાં એક ડબ્બો કેરોસીન તેલ રેડી ચાર દિવસ તળાવમાં ઢોરને પાણી પાવાનું બંધ કરવાનું મેં ગામના લોકોને સૂચવ્યું. ચાર દિવસ પછી સૌની અજાયબી વચ્ચે આખા તળાવની લીલ કોહી જઇ પાણીને તળિયે બેસી ગઇ ને પાણી નીતરા કાચ જેવું થઇ ગયું.

આવીજ રીતે જાજરૂમાં તથા ગંધાતા ખાબોચિયામાંથી મચ્છરનો ત્રાસ ઓછો કરવો હોય તો કેરોસીનનો પ્રયોગ કરવા જેવો છે.

અહિંસાવાદીઓએ આ પ્રયોગ પોતાની જવાબદારીથી કરવો, કારણ લીલમાં અનેક સૂક્ષ્મ જંતુ હોઇને કેરોસીનનું પડ પાણીની સપાટી ઉપર ફરી વળવાથી તેનો નાશ થાય એ નિર્વિવાદ છે!

("વૈદ્યકલ્પતરુ"માં લખનારઃ-ડૉ૦ મોતીરામ હરિશંકર ભટ્ટ, વેટેરનરી સરજન—ઓલપાડ)

મૃત્યુલોકનું અમૃત—છાશ

મળાવરોધ—કબજીઆત થવાથી શરીરમાંથી કચરો બહાર નીકળી જવાને બદલે અંદર ને અંદર સડ્યા કરે છે; અને પછી હરવખત તેના થોડા થોડા કણુ લોહી સાથે મળી જઇને રક્તવાહિની નાડીઓમાં ભરાઇ બેસે છે, તેથી રક્તવાહિની નાડીઓ ફૂલે છે અને અક્કડ—જડ થઇ જાય છે, એટલે લોહીના ફરવામાં વિઘ્ન આવવાથી શરીરના જુદા જુદા અવયવોને યોગ્ય પ્રમાણમાં લોહી મળતું નથી; તેથી શરીર વૃદ્ધ જેવું દેખાવા લાગે છે અને તેથીજ મગજ, નેત્ર, હૃદય, ઉદર (આમાશય, પકવાશય), જનનેંદ્રિય વગેરે અવયવો વ્યાધિગ્રસ્ત તથા શિથિલ રહે છે. જો ઉત્તેજક (માદક—તામસી) પીણાં હૉટલોમાં કે રખડપટ્ટુ લોકો પાસેથી અઢારે વર્ણના એઠા ઉચ્છિષ્ટ રકાબીપ્યાલા દ્વારા પીવામાં આવ્યાં હોય, તો પીનારાઓ ઉપદંશ, પ્રમેહ આદિ ચેપી વ્યાધિઓના ભોગ પણ થઇ શકે છે. એકની એક સોડાની બાટલી ઢેડ, ભંગી કે મુસલમાને મોઢામાં ખોસેલી તે આજનો સુધરેલો બ્રાહ્મણ વગર સંકોચે પી શકે છે. તેમાં હવે ચેપી રોગોને ઉત્પન્ન થવા માટે અવરોધ શું રહ્યો ? દેશી અને પરદેશી વિદ્વાનો કહે છે કે, જમ્યા પછી ગાયના દૂધની સ્વચ્છ મોળી છાશ પીવામાં આવે તો તેથી બહુ ફાયદા થાય છે. રક્તવાહિનીમાં સંચિત થયેલો જડ પદાર્થ—કણુ પીગળી જાય છે અને તેનો કોઈ પણ અવયવમાં સંચય થતો નથી; તેથી લોહી ફરવામાં સારી મદદ મળે છે, એટલે શરીર હૃષ્ટપુષ્ટ થઇ નાની વયમાં વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતી નથી. છાશમાં જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાનો ગુણુ હોવાથી વિકારી પદાર્થ ઉપજતો નથી અને કોઇ કારણવશાત્ થયો તો છાશનો મળશોધક (દસ્ત સાફ લાવવાનો) ગુણુ તે વિકૃત પદાર્થને બહાર ધકેલી કાઢે છે; એટલે લોહી, માંસ, મેદ, મજ્જા, વીર્ય આદિમાં કોઈ પણ વ્યાધિનો ઉદ્ભવ થવાનો બહુ થોડો સંભવ રહે છે.

અમુક અમુક વ્યાધિવાળાને શાસ્ત્રકારો છાશનોજ ખોરાક લેવાની ભલામણ કરે છે. એકલી છાશ ઉપર ૧૫—૨૦ દિવસ કાઢેલા માણસો મેં ઘણા જોયેલા છે. દરેક વ્યાધિવાળાને તથા નીરોગીને દરેક ઋતુમાં દરેક પ્રકૃતિવાળાને દરેક સ્થળમાં દરેક વખતે છાશને પથ્ય ગણેલ છે. અનુભવ પણુ એ વાતને પુષ્ટિ આપે છે. ખોરાકમાં અથવા ખોરાક તરીકે છાશનો છૂટથી ઉપયોગ થાય છે, તે સિવાય વૈદકશાસ્ત્રમાં છાશથી અમુક અમુક વ્યાધિઓ પણુ જુદા જુદા અનુપાનથી મટી શકે છે, એમ વર્ણવ્યું છે.

એ છાશનું ગામડીઉં વૈદું પણ જાણવા જેવું છે. લખે છે કે, ઔષધિ તરીકે અથવા અનુપાનમાં ઓસડીઆ સાથે વાપરવાની ગાયના દૂધના દહીંમાંથી બનાવેલી છાશ તાજી, મોળી, (કલાઈ દીધેલ પિત્તળની અગર માટીની) સ્વચ્છ ગોળીમાં બનાવેલી વાપરવી. (ખોરાકમાં પણુ એવીજ વાપરવાનું સમજવું.) લીંડીપીંપરનું ચૂર્ણ વાલ ૧ અને છાશથી વાયુ અથવા શરદીનું શૂળ, ચૂંક મટે છે. આદુનો રસ તથા છાશથી ખાંસી તથા છાતીનો કફ મટે છે. અજીર્ણમાં સિંધાલુણુ અને મરી સાથે; ગરમીના તાવમાં સાકર સાથે; જુલાબ ઉપર જીરૂં તથા સાકર સાથે; મગજની ગરમી, મગજનું ખાલીપણું વગેરેમાં જેઠીમધના મૂળ સાથે; નેત્રની ઝાંખ, મગજની ગરમી વગેરેમાં છાશ એકલી પીવી; સાદ બેસી ગયો હોય તો શેકેલી બહેડાંની છાલના ભૂકા સાથે; છાતીના દુખાવામાં તેમજ ધબકારામાં પીંપળીમૂળના ભૂકા સાથે; લોહીના ઝાડામાં બીલાંના ગર્ભ સાથે; સૂકા હરસમાં ગોળ સાથે; દૂઝતા અર્શમાં ઈંદ્રજવ સાથે; સાપના દંશ ઉપર સરસડાની છાલના ક્વાથ સાથે; કમરનો દુઃખાવો, વા વગેરેમાં લસણુના રસ સાથે; છાતીમાંથી પડતા લોહીમાં અરડુસાના રસ સાથે; બધી જાતના તાવમાં કાકચીઆના ભૂકા સાથે; માથાનો દુઃખાવો તથા આદાશીશીમાં જાયફળ સાથે; પેટના કૃમિ—જીવડામાં વાવડીંગના ચૂર્ણ સાથે; સુવારોગમાં ત્રિકટુના ચૂર્ણ સાથે; મૂત્રકૃચ્છ્રમાં જવખારના ભૂકા સાથે; ગુલ્મવાયુમાં વડાગરા મીઠાના ભૂકા સાથે અને શુક્રપ્રમેહમાં ગોખરૂના ચૂર્ણ સાથે છાશ લેવી. દાદર અને ખસમાં કુંવાડીઆંનાં બીજ છાશ સાથે વાટી લેપ કરવો.

ઉપરનાં અનુપાન અથવા ઓસડીઆં સાથે છાશનો ઉપયોગ કરવાથી તે તે વ્યાધિ મટે છે. તે ઉપરાંત સ્ત્રી, બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નીરોગી સર્વને સામાન્ય રીતે સર્વ દેશકાળમાં પથ્યરૂપ છે; તેથીજ તેને **મર્ત્યલોકસુધા** નામ આપેલ છે. છાશ જયારે એવા એવા ફાયદા આપે

છે, ત્યારે અર્વાચીન સુધરેલાં પીણાં તે તે રોગોને ઉત્પન્ન કરનારાં તથા અનેક રોગોનાં બીજ આરોપણ કરી માનવશરીરને હીન દશાએ પહોંચાડનારાં માલમ પડે છે. સુધરેલાં પીણાં પીનારા વર્ગને સ્વપ્ને પણ અનુભવ નહિ હોય કે કકડીને લાગતી ભૂખ કેવી હશે!

જે સુખ અને શરીરબળનો અનુભવ, એક ગરીબ કે સામાન્ય સ્થિતિનો માણસ બાજરાનો ટાઢો રોટલો અને છાશ કે ખીચડીનો ખાનારો જે આનંદ અને આરોગ્ય મેળવી શકતો હશે, તે સુખ ને આરોગ્ય દિવસમાં ત્રણ ચાર વખત ચા, કૉફી, કોકોના ઉકાળા અને સોડાના બાટલા ચઢાવનારા મેળવી શકતા હશે? (ભજનમાળા ભાગ ૫ માંથી)

(છાશ વિષે શુભસંગ્રહ ગ્રંથ ૬ પૃષ્ઠ ૩૫૮ માં છપાયલો મોટો લેખ પણ વાંચજો.)

ટર્પેન્ટાઈન (તરપીટન તેલ)ના ફાયદા

સામાન્ય રીતે તો ટર્પેન્ટાઇન તેલ જેને ગામઠી બોલીમાં "તરપીટન" કહે છે તે રંગવાના, પૉલિશ-ચળકાટ કરવાના વગેરે અનેક કામમાં આવે છે; પરંતુ રોજના ઘરગતુ કામમાં પણ તેની ઉપયોગિતા ઓછી નથી. વાસ્તવમાં એ એક ઘણીજ ઉપકારક વસ્તુ છે. દવામાં, મચ્છરોથી બચવા માટે, હવા શુદ્ધ કરવા માટે તથા કપડાં વગેરેની સફાઇમાં તેનો બહુ સારો ઉપયોગ થઇ શકે છે. તેની ઉપયોગિતા વિચારીને તેના ફાયદા તથા તેના ઉપયોગની વિધિ અત્રે રજુ કરીએ છીએ.

દવા તરીકેના ઉપયોગ

૧-પેટમાં દર્દ થતું હોય તો વરિયાળીનો અર્ક એક ચમચો લઇ તેમાં બાળકો માટે એકથી દોઢ ટીપું અને યુવાનને માટે બેથી ચાર ટીપાં આ તેલ પાવાથી પેટનું દર્દ તરતજ મટી જાય છે.

૨-દાઝયા ઉપર ટર્પેન્ટાઇનમાં ભીંજવેલું રૂ મૂકવાથી આરામ થાય છે.

૩-કપાયલા ભાગ ઉપર ટર્પેન્ટાઈનની પટ્ટી બાંધવાથી તરતજ આરામ થાય છે.

૪-કોઇ અંગ કપાવાથી લોહી નીકળ્યા કરતું હોય તો ટર્પેન્ટાઇન લગાવવાથી તે બંધ થશે.

૫-ફટકો લાગ્યા ઉપર અથવા દુખતા ભાગ ઉપર ટર્પેન્ટાઇનનું માલીસ કરવાથી બહુ લાભ થાય છે.

૬-બરો, વિંછી વગેરે ઝેરી જંતુઓ ડંખે ત્યારે ટર્પેન્ટાઇન લગાવવાથી જલદી આરામ થાય છે.

૭-ચોમાસામાં થતા ખીલ ઉપર ટર્પેન્ટાઇનની પટ્ટી બાંધવાથી સારો ફાયદો થાય છે.

૮-દાદર ઉપર દિવસમાં બે ત્રણ વાર ટર્પેન્ટાઇન લગાવવાથી થોડા દિવસોમાં આરામ થઇ જાય છે.

૯-ચૂંટ (ખુજલી-વલૂર) ઉપર ટર્પેન્ટાઇન ચોળવાથી ફાયદો થાય છે.

૧૦-પેટ ફૂલે ત્યારે હાથથી ધીમે ધીમે પેટ ઉપર ટર્પેન્ટાઇન ચોળવું. આથી બહુ ફાયદો થશે.

મચ્છરોથી બચવા માટે:-સૂતી વખતે ટર્પેન્ટાઇનનાં કેટલાંક ટીપાં પથારીમાં છાંટવાથી મચ્છર ભાગે છે. આ રીત ન ગમે તો નવટાંક તેલમાં એક તોલો ટર્પેન્ટાઇન ભેળવી શરીરે ચોળવું.

વાયુશુદ્ધિ માટે:-કૉલેરા, પ્લેગ, મોસમી તાવ, ઇન્ફ્લુએન્ઝા વગેરે વ્યાધિમાં એક રતલ હવન-સામગ્રીમાં અધોળ ટર્પેન્ટાઇન અને છ માસા કપૂર ભેળવી હવન કરવાથી બિમારીનાં જંતુઓ મરે છે.

શૃંગારતરીકે:-(૧) મોં ઉપરના કરોળિયા તથા યુવાવસ્થાના ખીલ ઉપર સ્નાન પહેલાં બે ચાર મિનિટ સુધી ટર્પેન્ટાઇન લગાવીને મોં ધોતા રહેવાથી ઠીક ફાયદો થાય છે. (૨) વરસાદ અને ગરમીને લીધે શરીર ઉપર નાની મોટી ફોલ્લીઓ થાય છે તે ઉપર ચાર પાંચ મિનિટ ટર્પેન્ટાઇન લગાવીને તે ભાગ ધોઇ નાખવાથી જલદી ફાયદો થાય છે. (૩) નખ વગેરેને ચમકદાર બનાવવા માટે ટર્પેન્ટાઇન બે મિનિટ સુધી લગાવી રાખ્યા પછી ધોઇ નાખવાથી બહુ ફાયદો થાય છે. આ ક્રિયા અઠવાડિયામાં એક વાર કરવી જોઇએ.

કપડાંની સફાઇ માટે:-(૧) મલમલ, સૂતરાઉ, રેશમી કે ગરમ કપડાં ઉપર ડાઘા પડી ગયા હોય તો તેના ઉપર ટર્પેન્ટાઇન લગાવવાથી ડાઘા સાફ થઈ જાય છે. યાદ રાખવું કે, ટર્પેન્ટાઇનથી તે કપડાંના રંગ ઉપર જરા પણ ખરાબ અસર થતી નથી. (૨) એક ગેલન સાબુના પાણીમાં બે ઔંસ (બે અધોળ) ટર્પેન્ટાઇન ભેળવવું. એ પાણીમાં મેલું કપડું એક કલાક રાખવું. પછી તે કપડાને ધોઈ નાખવાથી મેલું કપડું તદ્દન સાફ થઈ જશે.

રાઈમીઠાની મહત્તા

(લેખકઃ-શ્રી. મોહનલાલ માણેકલાલ ઝવેરી.)

કેટલાક કહે છે કે:-"ઘરકી મુરઘી દાલ બરાબર" તેમ ઘણી ચીજો બહુ લાભદાયક હોવા છતાં ઓછી આદરપાત્ર થઇ છે અને તેમાંની એક **"નજર ઉતારવાનાં રાઇમીઠાં"** પણ છે.

"નજર ઉતારવાનાં રાઈમીઠાં"નું નામ વાંચીને હું નથી ધારતો કે કોઇ પણ વાચક હસ્યા વગર આગળ વધે; પણ ઉપકાર માનો એ જર્મન-અંગ્રેજની મોટીમસ લડાઇનો કે મા-દીકરાની જૂની તકરારો બંધ થઇ અમારા ઘરમાં શાંતિનું સામ્રાજ્ય ફેલાયું.

નજર ઉતારવામાં રાઇ અને મીઠું બે ચીજ વપરાય છે. ભલી દુવાના અદૃશ્ય ગુણો તો શ્રેષ્ઠ કોટીવાળા અને ઉંડા અભ્યાસીઓજ જાણે; પણ મારે તો રાઇમીઠાં અગ્નિમાં નાખવાના ગુણદોષ જોવા છે. લડાઇમાં આ બન્ને ચીજોની ગેસ વપરાઈ છે, એ જાણીને બધાને અજાયબી લાગશે. રાઇની અને મીઠાની ધૂણીનાં સીલીંડરો-લોખંડના નળા ને નળા—ભરી ભરીને જર્મનોએ વાપર્યાં છે અને તે વખતે મને રઘુવંશનો પેલો શ્લોક યાદ આવતો કે—

संमोहन नाम सखे ममास्त्रं प्रयोग संहारविभक्तमन्त्रम् ।
गांधर्वमादत्स्व यतः प्रयोक्तुर्न चारिहिंसा विजयश्चहस्ते ॥

શત્રુની હિંસા કર્યા વગર તેના પર વિજય મેળવવાનું સંમોહનાસ્ત્ર કાલિદાસે જણાવ્યું છે, તે આ રાઇમીઠાની ધૂમાડી તો નહિ હોય?

રાઇમીઠાની ધૂમાડીના નળા જર્મનોએ અંગ્રેજો વગેરે રાજ્યો પર ઠાલવ્યા, તે કંઇ નજર ઉતારવા માટે નહિ પણ નજર બાંધવા માટે-તેમને બેહોશ કરવા માટે, અને વધુ પ્રમાણમાં જેને લાગે તેને શારીરિક નુકસાન કરવા માટેજ; પણ આપણને એના નાના પ્રમાણના ગુણોની માહિતી ઘણી ઉપયોગી છે અને તે ડૉક્ટરોએ ભેગી કરી રાખી છે, એટલુંજ નહિ પણ ચિકિત્સામાં એ માહિતીનો ઘણો ઉપયોગ હવે કરવામાં આવે છે.

મીઠાના પૂજારી આપણા લવણાનંદજી મહારાજ જે મીઠા પાછળ સાધુ બન્યા છે, તેઓએ પણ કદી મીઠાનો આટલો સારો ઉપયોગ બતાવ્યો નથી, કે જેટલો ઘેર ઘેર ડોસીઓ જાણે છે!! મીઠું બાળવાથી **ક્લોરીન** ગેસ છૂટી પડી હવામાં મળે છે. એજ હવા શ્વાસમાં લેવાય છે. મનુષ્ય-માત્રના ગળામાં સૌથી વધુ જાતના રોગના જંતુઓ હોય છે એ જાણીતું છે અને હવા ત્યાં થઇનેજ અંદર જાય છે. જો એમાં ક્લોરીનનો અંશ (ઘણોજ થોડો) હોય તો તે ગળામાંના રોગનાં જંતુઓને મારી નાખી આપણને તંદુરસ્ત રહેવામાં મદદ કરે છે. મીઠાની ધૂમાડી ઇન્ફ્લુએન્ઝાની તો એક ઉત્તમમાં ઉત્તમ દવા છે અને મુંબઇના એક ઉત્તમોત્તમ રસાયનવિજ્ઞાનશાસ્ત્રી સ્વ. **પ્રો. ટી. કે. ગજ્જરે** "ટરક્લોરાઇટ"ની મેળવણી ઈન્ફ્લુએન્ઝાની રામબાણ દવાતરીકે એક કંપનીને વેચી તેનો માત્ર નુસખો આપવાના પચાસહજાર રૂપિયા લીધા હતા. લડાઇ દરમિયાન પણ જે સોલ્જરોને "ક્લોરીન ગેસ" (મીઠાની ધૂમાડી) લાગેલી તેમને ઇન્ફ્લુએન્ઝા થતોજ નહિ!! આ તક મને પચ્ચીસેક વર્ષ પરની એક વાત યાદ આવે છે, તે પણ આની પુષ્ટિમાં ઉપયોગી છે. મુંબઇમાં શ્રીગોપાળદાસ તેજપાલ હાઇસ્કૂલથી કાલકાદેવી તરફ જતાં અધવચમાં એક દવાખાનું ડૉ. **જગમોહનદાસ છબીલદાસ મરચંટનું** હતું. અમારા એક સંબંધીને પ્લેગ થયો ત્યારે તેમની દવા કરવા માંડેલી.

તેમણે અમને એક ધૂપ ચાલુ રાખવાનું કહ્યું હતું; તેમાં હું ભૂલતો ન હોઉં તો નીચે પ્રમાણેની ચીજો હતીઃ-

હીરાકસી ૧ શેર, નવસાર ૨ શેર, સાધારણ મીઠું ૩ શેર, ભેગું વાટી જાડા કપડા પર પાથરી તવા પર મૂકી તવો સઘડી પર ચઢાવી દેવો; એટલે એમાંથી ધૂણી નીકળ્યા કરીને હવા શુદ્ધ થાય. આ ધૂપ બળી રહે પછી જે લાલાશ પડતી રાખ રહી જાય તેને પાણી સાથે મેળવી ગાંઠ પર ચોપડવી.

આ પ્રમાણે કરવાથી દરદીને આરામ થયો હતો. સાથે દવા એજ ડૉક્ટરની ચાલતી, પણ આપણે આ બધામાંથી ધૂપની બાબતે પર લક્ષ્ય આપવાનું છે. ધૂપમાંની ચીજો આયર્ન એમોનિયમ ક્લોરાઇડ અને સોડિયમ ક્લોરાઇડમાં પણ આપણા પ્રસ્તુત વિષયની મુખ્ય ગેસ ક્લોરીનજ દેખાય છે અને એનોજ ગુણ થતો હોય તેવું માનવાને કારણ મળે છે. લગાડવામાં બાકી રહેલું આમ આયર્ન ઑક્સાઇડ વગેરે મિક્ષ્ચર ગાંઠને બાળીને ફાડી નાખે–કૉટરાઇઝ કરી નાખે, એ હેતુ હોવો જોઇએ એમ હું ધારું છું.

ઇન્ફ્લ્યુએન્ઝા ઘણો જલદી ફેલાય છે અને ડૉક્ટરો પાસે એનું કોઈ ખાત્રીભર્યું ઔષધ નથી; પણ ત્રણ કરોડ માણસના જીવ જવા પછી લડાઇએ શીખવ્યું કે, હવામાં સહેજ ક્લોરીન મળ્યું હોય તો ઇન્ફ્લ્યુએન્ઝા નષ્ટ થાય અને દરદીના ઓરડામાં થોડું ક્લોરીન છોડયું હોય તો ચોવીસ કલાકમાં દરદી સાજો થઇ શકે. ચેપી રોગ ચાલતા હોય ત્યારે ઇસ્પિતાલો, નાટકશાળા, સ્કૂલો, સીનેમા, સભાગૃહો, ઑફીસો વગેરેની હવામાં ક્લોરીન છોડવુંજ જોઇએ. ક્લોરીનની ટાંકી કે સિલિંડર મળે છે, તેમજ છૂટક રંગવાળાને ત્યાં બ્લીચીંગ પાઉડર વેચાય છે એનું પાણી કરી છાંટવાથી ક્લોરીન મેળવાય છે. મીઠું દેવતા પર નાખો કે ક્લોરીન મળે. મુંબઇ જેવા શહેરના વૉટર વર્ક્સ અને નાહવાના પાણીનાં તળાવોમાં સફાઇ માટે તે વપરાય છે. એથી શુદ્ધ પાણી પીવા મળી શકે. જો કે એનાથી કુદરતી પાણીના થાક ઉતારવાના અને રોગપ્રતિબંધક ગુણો હણાઈ જાય છે, પણ ક્લોરીનથી પાણીમાંના રોગજંતુ નષ્ટ થાય છે.

ઇ૦ સ૦ ૧૯૧૭ માં ફ્રાન્સમાં ખૂબ ઇન્ફ્લ્યુએન્ઝા ચાલતો હતો. લશ્કરની છાવણીમાં પણ એણે ત્રાસ વર્તાવ્યો હતો. બીજી તરફ લગભગ ઘણા સોલ્જરો ક્લોરીન ગેસથી મરણ પામ્યા હતા; પણ અહીં જે ગેસ લાગેલા સોલ્જરો બચી ગયેલા આવ્યા તેમાંના એકેને ઇન્ફ્લ્યુએન્ઝા લાગુજ પડ્યો નહિ!! આજ પ્રમાણે ગેસ (ક્લોરીન) લાગેલાઓને કદી બ્રોંકાઇટીસ (ઉધરસ) અને ન્યુમોનિયા પણ થતો નહિ; તેમજ શ્વાસમાર્ગના કોઇ રોગ થતા નહિ. આ બધાનું કારણ તપાસતાં લડાઈ ખાતાના ડૉક્ટરોને જણાયું કે, એ તો હવામાં સહેજ ક્લોરીન મળેલું હોવાને લીધેજ હતું, એમાં શક નહિ.

હાલમાંજ લશ્કરમાં શરદીનો રોગ ચાલ્યો હતો અને તેમાં ઉધરસ લાગુ પડતી. ડૉક્ટરોએ આ જણાતાંજ લશ્કરની નજર–રાઇમીઠાં–ઉતારવાનું નક્કી કર્યું! તેમણે એક ઓરડો તૈયાર કર્યો અને પચાસ પચાસ જણને તેમાં બેસાડી મીઠાની ધૂમાડી–ક્લોરીન ગેસ–છોડવા માંડી અને બધાને શ્વાસ ચલાવવા હુકમ કર્યો. ચોવીસ કલાકમાં તો બધાંની શરદી અને ઉધરસ મટી ગયાં!! હવે તો એ સિદ્ધાંત થઇ ગયો છે કે, ક્લોરીન–મીઠાની ધૂમાડી અને બીજી રાઇ વગેરેની ધૂણી ચેપી રોગોનાં જંતુઓને નષ્ટ કરે છે અને વધતા અટકાવે છે; માટે તેજ વાપરવી. રાઇની ધૂણી ક્ષયરોગના નાશનું કારણ થશે, એમ ખાત્રી થવા માંડી છે. ૧૯૧૭ માં ઈપ્રીસમાં જર્મનોએ પહેલવહેલી રાઈની ધૂણી વાપરી હતી. આ ધૂણી અપાયલા સિપાઇઓમાં જેટલા ક્ષયના દરદી દર હજારે હતા તે કરતાં બહારના લશ્કરમાં ૧૯૧૮ માં દોઢા દરદી દર હજારે હતા; અને ૧૯૧૯ માં રાઇની ધૂણી ખાધેલા સોલ્જરો કરતાં બહારનામાં ક્ષય બેવડો હતો; એટલે કે ક્ષયરોગ રાઇની ધૂણી લીધેલાને થતો નહિ અને હોય તો ઘટતો જતો હતો.

લડાઇની છેવટ મિત્રરાજ્યોના રણસંગ્રામ પરના લશ્કરીઓમાં ક્ષય વધતો જવો જોઇતો હતો; કેમકે ખાવા–પીવા અને સૂવાની કાયમ હાડમારી હતી અને હવા લાગતી, છતાં ક્ષય ઘટયો!

પાછળથી પ્રયોગો કરતાં જણાયું હતું કે રાઇની ધૂણીના એક ટકાના ઇંજેક્શનથી ક્ષય થતો અટકે છે, તેમજ વધતો પણ અટકે છે.

લડાઇની બીજી લેવીસાઇટ વગેરે ગેસો અને તેના ફાયદાથી આપણને અહીં કશું લાગતું વળગતું નથી તેથી તેનું વર્ણન અહીં નકામું છે; પણ આટલાજ વર્ણન પરથી ડોશીમાનાં રાઇ-મીઠાં ઉતારી બાળવાના વહેમનું મૂળ સમજી શકાશે.

અમેરિકામાં વૉશિંગ્ટનના નેશનલ કેપીટાલમાં સીનેટર્સની શરદી મટાડવા માટે કેમીકલ

વેલ્ફેર સર્વિસની દેખરેખ નીચે એક ઓરડો ક્લોરીન આપવા માટે રાખ્યો છે. અહીં શરદી લાગેલા સીનેટરોને એક કલાકસુધી ક્લોરીનવાળી હવામાં બેસાડવામાં આવે છે અને તેટલામાં તેઓ સંપૂર્ણ તંદુરસ્ત થઇ જાય છે; પણ ક્વચિત્ બબ્બે દિવસને અંતરે ત્રણ વાર ક્લોરીન ગેસ લેવી પડે છે, જેથી ઉધરસ અને શરદી બંને મટી જાય છે. લડાઇ ન થઈ હોત તો શ્વાસનળીના આ બધા રોગો માટે રાઇમીઠાની ધૂણી (ક્લોરીન એન્ડ મસ્ટર્ડ ગેસીસ) એટલી ઉપયોગી છે, એ કેમ જણાત ?

શરદી, ન્યુમોનિયા, ડીફ્થેરિયા (ગળસુણી), ઉધરસ આદિનાં જંતુઓ **જીલેટીન પર** ઉછેરીને તેઓને સહેજ ક્લોરીન મેળવેલી હવામાં રાખવામાં આવ્યાં હતાં અને નાનાં જંતુઓને જરાએ હરકત ન કરે એટલા પ્રમાણમાં ક્લોરીન ગેસ મેળવેલી હવામાં એક કલાક રાખવાથી એ બધાં જંતુઓ સદંતર નષ્ટ થયાં હતાં.

કેમીકલ વેલ્ફેર સોસાઇટીએ લડાઇ ખાતાના ડૉકટરો સાથે મળીને ગેસોના સાધારણ રોગોમાં લાભ લેવા માટેના પ્રયોગો શરૂ કર્યા. એક એર–ટાઇટ ઓરડો બાંધી તેમાં ગેસો દ્વારા પાંચથી છ માણસોનો ઇલાજ કરવાનું ચાલુ કર્યું. શરદી, સળેખમ, નાકમાંનો સોજો, ઉધરસ, ઘોડા ઉધરસ અને ઇન્ફ્લ્યુએન્ઝા વગેરેના દરદીઓને એથી આરામ થવા માંડયો.

ઘણાખરા દરદીઓને એક વાર ગેસ આપવાથીજ ફાયદો થઇ જતો. કેટલાએકને એકથી વધારે વાર પણ "ધૂણાવવા" પડતા, પણ સેંકડે પંચાણું–ખાસ કરી શરદીના તો સોએ સો દરદી સુધરીજ જતા. કોઇકજ એવા હઠીલા નીકળતા જે ગેસથી સુધરતા જણાતા ન હતા.

પણ એ અગવડ પણ અનુભવાઇ છે કે, ઓરડા બાંધવાનું કંઈ બધે પરવડે નહિ. બીજી કોઇ રીત જોઇએ. તેથી કેમીકલ વેલ્ફેર સર્વિસે નાનું સરખું યંત્ર બનાવ્યું છે; જે ડૉકટર પોતાના દરદી માટે ગમે ત્યાં પણ વાપરી શકે. આ યંત્રમાંથી મરજી માફક હવા અને ગેસની મેળવણી છોડાય છે અને હવે વૉશિંગ્ટનના કેપેટોલમાં સીનેટરો માટે એ યંત્રજ વપરાય છે. ક્લોરીનની ટયુબમાંથી મીઠાના પાણીમાં થઇને ક્લોરીન ગેસ થોડે થોડે વખતે હવામાં છૂટયા કરે છે અને દરદી શ્વાસ લીધા કરે છે. દર વખતે ૩૦ કયુબીક સેન્ટીમિટર ક્લોરીન ગેસ છૂટે છે. માણસના શ્વાસમાં **એક લાખ ભાગ હવામાં એક ભાગ ક્લોરીન** મળીને જતી હોય ત્યાંસુધી જરાએ અડચણ આવતી નથી. આથી વધારે થતાં શ્વાસનળીમાં ખવાઇ જવા જેવું–વવળવા જેવું–થાય છે. ક્લોરીનની જે ટયુબો બનાવવામાં આવી છે, તેમાંથી સાત વખતમાં થઇને દશ ફીટ લાંબા, દશ ફીટ પહોળા અને દશ ફીટ ઉંડા ઓરડામાં (દર એક લાખ ભાગે એક ભાગ ક્લોરીન ગેસને હિસાબે) ગેસ પૂરતી થઈ પડે છે. શ્વાસનળીના આખા વિસ્તાર પર જે ભીનાશ હોય છે, તેમાંજ રોગના જંતુઓ રહે અને ઉછરે છે; અને આ ગેસવાળી હવામાં એ ગુણ છે કે, તે એ બધે ઠેકાણે લાગીને બધા પ્રકારના રોગનાં જંતુઓનો નાશ કરે છે. થોડા દહાડામાં એ નવી પદ્ધતિ અહીં પણ પગપેસારો કરશે અને આજ ડૉકટરોને જેમ ઈંજેકશનોના નામે તડાકો પડે છે અને જરૂર કે બીનજરૂરે જેમ ઈંજેકશન દરેક દરદીને બતાવી દેવામાં આવે છે અને હવે દવાના આઠ આના કે બાર આના મોંઘા લાગે છે અને ઇંજેકશનના પાંચ દશ કે પચાસ–સાઠ વહાલા લાગે છે, તેમ ગેસીંગનો નવો બજાર ખુલશે ! કોઈ રાઇમીઠાં ઉતારવાનું નહિ કહે, પણ ગેસ લેવાનુંજ કહેશે અને શનિ કે રાહુની ઉતરીને ડૉકટરોને **શુક્રની દશા બેસશે !!**

ગેસની વાત ચાલતાં લેવીસાઇટ ગેસ પર પણ વિચાર કરવો અસ્થાને નહિ ગણાય. "આર્સેનીક" (સોમલ) અને "એસીટીલીન" (કેલ્શ્યમ કારબાઇડની ગેસ) બન્નેના મિશ્રણથી લેવીસાઇટ બને છે; અને મનુષ્યની ચામડી પર માત્ર લાગે એટલામાં જીવ લે, એટલા માટે લડાઇમાં તે વપરાતી હતી. એક લશ્કરી ડૉકટરે એનાથી ગાંડાઓને સાજા કરવાનું શોધ્યું અને અનેક દરદીઓ સુધાર્યા છે. (તા. ૨૩–૧૧–૨૪ ના 'ગુજરાતી'માંથી થોડા સંશોધન સાથે)

વડની મહત્તા

હિંદુ ધર્મમાં જે જે વૃક્ષો તરફ આદરભાવ અને સન્માનની દૃષ્ટિથી જોવામાં આવે છે, તે બધાં વૃક્ષો ઉપયોગમાં એક એકથી ચઢિયાતાં હોય છે. તે બધાં મનુષ્યના આરોગ્યરક્ષણની રામબાણ ઔષધિઓ હોય છે ! + + + જેમ તુલસી આરોગ્યરક્ષણ માટે ઘણીજ ઉપયોગી છે; તેમ વડનું ઝાડ પણ તંદુરસ્તી માટે કેટલું બધું ઉપયોગી છે તે અમે આ લેખમાં બતાવીશું.

વડનું દૂધ—વડની ડાંખળી અને પાંદડાંને તોડવાથી જે સફેદ રંગનો પ્રવાહી પદાર્થ નીકળે છે તેને વડનું દૂધ કહે છે. તે ઘણુંજ ઉપયોગી છે. તે સંકોચક, સ્તંભક, બળકારક, લોહીવર્ધક, પાચનશક્તિવર્ધક, સ્નાયુઓમાં ઉત્તેજના લાવનાર અને વીર્યાદિ ધાતુઓનું પોષણ કરનાર છે. આંતરડાં અને પેટની દુર્બળતા ટાળી આંતરડાંને મજબૂત બનાવે છે. પક્વાશયના રોગોની તે ઉત્તમ ઔષધિ છે. તે સંકોચક હોવાથી આમાશયના રોગોમાં બહુ લાભકારી છે. જ્યારે અનેક પ્રકારની અત્યંત તીક્ષ્ણ અને ઝેરી દવાઓના સેવનથી આંતરડાંમાં અત્યંત લૂખાપણું અને ઝેરી અસર થઈ આંતરડાંની શક્તિ ઘટી જાય છે, ત્યારે વડના દૂધથી વિશેષ લાભ થાય છે. **આમાતિસાર** અને **રક્તાતિસાર** વગેરે રોગોમાં તેનો ઠીક ઉપયોગ થાય છે. આંતરડાંના કે પેટના જે રોગોમાં **દૂધ પચતું ન હોય** ત્યારે વડનું દૂધ બહુ સરસ કામ આવે છે. **અજીર્ણ**ને લીધે જ્યારે આહાર જરા પણ પચી શકતો નથી અથવા ઉલટી દ્વારા પાછો નીકળી જાય છે; તેવી સ્થિતિમાં વડનું અતિ પુષ્ટિકારક દૂધ પથ્ય તરીકે અપાય છે ! **દૂઝતા હરસમાં** જ્યારે કોઇ પણ પ્રકારે લોહી પડવું બંધ થતું નથી, ત્યારે વડના દૂધનાં ૪–૫ ટીપાં દિવસમાં બે ત્રણ વાર લેવાથી તરત બંધ થાય છે. તે સિવાય લોહી પડે છે તે **મરડાનો વ્યાધિ** પણ તેનો ઉપયોગ કરવાથી મટી જાય છે. અધોગત **રક્તપિત્ત** અને **સ્ત્રીઓના વધુ રક્તસ્રાવ** તેમજ **રક્તપ્રદરમાં** વડનું દૂધ ખાસ ફાયદો કરે છે.

ક્ષીણતા—અનેક પ્રકારનાં કુકર્મોથી જેમનું વીર્ય ક્ષીણ અથવા પાતળું પડી ગયું હોય તેમને પણ તે ઘણું ઉપયોગી છે. શરીરની સાધારણ દુર્બળતામાં પણ તે સેવવાથી શરીર પુષ્ટ થાય છે.

ખાંસી—જૂની ખાંસી–ખાસ કરીને દમની ખાંસીમાં ૫–૭ ટીપાં રોજ ખાવાથી બહુ લાભ થાય છે.

અજીર્ણ—જ્યારે શરીરમાં લોહી ઓછું થઇ જવાથી અજીર્ણ, મંદાગ્નિ વગેરે રોગોની ફરિયાદ હમેશાં રહ્યા કરે છે ત્યારે તેનું સેવન કરવાથી શરીરમાં લોહી અને સૌંદર્યની વૃદ્ધિ થાય છે.

નપુંસકતા—વડનું દૂધ સ્નાયુઓની દુર્બળતાને દૂર કરે છે; તેથી તે નપુંસકતામાં પણ ખાસ ફાયદો આપે છે. ધાતુની નબળાઈ અને સ્વપ્નદોષમાં તે વિશેષ ફાયદાકારક છે.

આંખનું ફૂલ—વડના દૂધ સાથે કપૂર ઘસીને આંજવાથી મટી જાય છે.

ચામડી ફાટવી—હાથ કે પગની ચામડી ફાટે ત્યારે વડનું દૂધ લગાવવાથી જલદી આરામ થાય છે.

ખીલ, કરોળિયા—વડનું દૂધ અને હળદરનું ચૂર્ણ એકત્ર કરીને મોઢા ઉપર ચોળવાથી ખીલ–ડાઘા–કરોળિયા વગેરે વિકાર જલદી દૂર થાય છે.

દાંતની પીડા—આમાં વડનું દૂધ અકસીર છે. રૂના પુમડાથી વડનું દૂધ દાંતમાં લગાવવાથી દાંતની પીડા મટે છે. એમાં મસ્તકીનું ચૂર્ણ મેળવી દાંતે લગાવવાથી પીડા તરત મટી દાંત મજબૂત થાય છે.

આંખો આવવી—આંખો દુઃખવાથી જ્યારે આંખોમાં બહુ લાલાશ આવીને પીડા થાય છે, ત્યારે પોપચાં ઉપર વડના દૂધનાં પોળિયાં મૂકવાથી દર્દ ઓછું થાય છે. અથવા આંખો દુઃખે ત્યારે વડના દૂધનો માણસની કાનપટ્ટીઓ ઉપર લેપ કરવાથી આંખોની પીડા ઓછી થઇ જાય છે.

રસોળી—વડનું દૂધ, કૂટ (આ વસ્તુ કાઠિયાવાડમાં પ્રસિદ્ધ છે.) અને સાંબર મીઠું પીસીને તેની લુગદી બનાવી તેની સાથે વડનું પાન વાટીને રસોળીની શરૂઆત થતી હોય ત્યારે તે ઉપર લગાવવાથી તે બેસી જાય છે.

ગડગુમડ—વડના દૂધમાં ખૂબ ભીંજવેલી પટી મારવાથી જૂનાં ગુમડાંના ઘા જલદી રૂઝાઈ જાય છે.

(“ મનોરમા ”ના ડૉ૦ ગોપાલશરણજીના લેખનો અનુવાદ)

તુલસીના ગુણ અને ઉપયોગ

આપણા પ્રાચીન આચાર્યોએ તુલસીના છોડને પૂજવા યોગ્ય કેમ માન્યો હશે ? પ્રત્યેક હિંદુને ઘેર અને બાગબગીચામાં તે ઉગાડવાની આજ્ઞા શામાટે કરી હશે ? કારણ કે, તે ધર્મકર્મની સહાયક છે અને કઠોર વ્યાધિઓથી રક્ષણ કરે છે. વૈદકશાસ્ત્રમાં નીચે પ્રમાણે ગુણ કહ્યા છેઃ—

श्वेता च कृष्णा तुलसी तिक्तं कटूष्णो कथ्यते । दाहपित्तकरी हृद्या तुवरा ह्यग्निदीपिका ॥
लघ्वी वातकफश्वासकासहिक्का क्रमाज्जयेत् । वान्तिदौर्गंध्यकुष्ठानि पार्श्वशूलविषापहा ॥
मूत्रकृच्छ्रं रक्तदोषं भूतबाधां च नाशयेत् । शूलज्वरं च हिक्कां च नाशयेदिति कीर्तिता ॥

અર્થઃ—સફેદ અને કાળી બેઉ જાતની તુલસી તીખી, કડવી, ગરમ, તીક્ષ્ણ, દાહજનક, પિત્તકારક, હૃદયને હિતકારી, અગ્નિદીપક, હલકી તથા વાત, કફ, શ્વાસ, ખાંસી, હિક્કા, કૃમિ, ઉલટી, દુર્ગંધ, કોઢ, પડખાંનું શૂળ વિષ, મૂત્રકૃચ્છ્ર, રક્તદોષ, ભૂતબાધા, શૂળ, જ્વર અને હેડકીને દૂર કરનારી છે.

વળી કહ્યું છે કે જે મહારોગ ચામડી, માંસ તથા હાડકાંમાં પહોંચી ગયો હોય તેનો પણ ધોળી તુલસીથી નાશ થાય છે તથા કાળી તુલસી રૂપવાન કરનારી તથા શરીર ઉપરના ધોળા ડાઘ અને ચામડીના અન્ય રોગ મટાડનારી છે. વળી—

तुलसीकाननं चैव गृहे यस्यावतिष्ठते । तद् गृहं तीर्थवत्तात्रि नायांति यमकिंकराः ॥
तुलसीगंधमादाय यत्र गच्छति मारुतः । दिशो दश पुनात्याशु भूतग्रामाँश्चतुर्विधान् ॥पद्मोत्तर०

અર્થઃ-જે ઘેર તુલસીના છોડ હોય તે ઘર તીર્થસમાન છે. ત્યાં (વ્યાધિરૂપ) યમદૂતો આવતા નથી. કેમકે તુલસીની સુગંધવાળો વાયુ જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં સર્વ તરફથી સર્વ પ્રકારનાં ભૂતગ્રામને તત્કાળ શુદ્ધ કરે છે.

તાવના જંતુઓને નાશ કરવાનો ગુણ તુલસીમાં ખાસ કરીને રહેલો છે. મેલેરિયાના મચ્છરો તો તુલસીથી દૂરજ રહે છે. સર્પ પણ તુલસીના કયારામાં આવતો નથી. રામતુલસી કરતાં કૃષ્ણ-તુલસી વધારે ઉગ્ર છે. અંગ્રેજી વૈદકવિજ્ઞાન પણ તુલસીના ઉપરોક્ત ગુણો માટે સંમત થયેલું છે. આવા અનેક પ્રકારના ફાયદાઓને લીધે હમેશાં તુલસીને પાણી રેડવું, ફેરા ફરવા અને ધૂપદીપ, પૂજન વગેરે દેવાર્ચનમાં તુલસીની યોજના કરવામાં આવી છે. ચોમાસામાં જ્યારે મેલેરિયાનો ઉપદ્રવ હોય છે, ત્યારે તુળસી-પીપળાનું પૂજન કરવાનું વ્રત લેવાનો આજ ઉદ્દેશ છે.

તુલસીનાં મૂળ, પાન, માંજર વગેરે અનેક રોગ ઉપર થાય છે. જેમકેઃ—

તુલસીનાં પાંચથી દશ પાન પલાળી, ચોળી તેનો રસ જરા સાકર સાથે હમેશાં પાવાથી નાનાં બચ્ચાંઓના સાંધા મજબૂત થઇ જલદી ચાલવા શીખે છે.

તુલસીના મૂળની છાલનું વસ્ત્રગાળ ચૂર્ણ અર્ધીથી એક રતી મધ અગર ધાવણ સાથે આપવાથી બાળકની ભરાણી મટે છે.

તુલસીનાં પાન અને માંજર ઉકાળી ગોળ સાથે પાવાથી બાળકની સસણી મટે છે.

તુલસી તથા આદુનો રસ સહેજ ગરમ કરી થોડા મધ સાથે હમેશાં પાવાથી આફરો, ચુંક, બંધકોષ, કૃમી, અજીર્ણ, ઉલટી, હેડકી, ખાંસી, સળેખમ, તાવ વગેરે મટી દુર્બળ માંદાં બાળકો ખૂબ તંદુરસ્ત અને મજબૂત થશે.

દેશ, ઋતુ, વય અને દર્દના પ્રમાણમાં તુલસીનો રસ તોલો પા થી એક, મરીના બે ચાર દાણા તથા સાકર સાથે થોડા દહાડા લેવાથી જીર્ણજ્વર, ખાંસી તથા છાતીનો દુખાવો મટે છે. તથા તુલસીના એકઆનીભારથી અરધા તોલા રસમાં એક વાલથી બેઆનીભાર એલચીનું ચૂર્ણ તથા એક વાલથી પા તોલો સાકરનો ભૂકો નાખી પાવાથી સખત ઉલટી પણ દબાય છે. અને તુલસીનો રસ તોલો પા થી એકમાં બે ચાર દાણા તીખાંનું ચૂર્ણ મેળવી પાવાથી વિષમજ્વર, મેલેરિયા અને ટાઢિયો તાવ મટે છે. ગરમ પાણી સાથે તે રસ સેવવાથી એકાંતરિયો તાવ મટે છે.

તુલસીનાં પાન, મરી અને સિંધાલુણ ચાવવાથી તેમજ તુલસીનો રસ શરીર પર લગાડવાથી શીળસ મટી જાય છે.

તુલસી અને આદુનો રસ મધ સાથે પીવાથી તાવ તથા ફેફસાંનું અને નાકનું મોટું સળેખમ જશે.

તુલસીનાં પાન, કાળાં મરી, અજમો, લસણુ, સિંધાલુણ બધાં સરખે વજને અને કપૂર ઉંચી જાતનો એક રતીથી વાલ એક એ બધાંને સાથે વાટી ઉંમર અને દર્દના પ્રમાણમાં આપવાથી ઝાડા અને કૉલેરામાં સારો ફાયદો બતાવે છે.

તુલસીનો રસ શરીર પર ચોળવાથી મચ્છર કરડતા નથી.

એક વર્ષસુધી તુલસીનો રસ હમેશાં લેવાથી કોઢ, રક્તવિકાર, ત્વચારોગ તથા ભયંકર રગત કોઢ મટે છે.

તુલસીના રસમાં લિંબુ નીચોવી પીવાથી મૂત્રકૃચ્છ્ર–પેશાબનાં દર્દો મટે છે.

તુલસી અને લિંબુનો રસ મેળવી લગાડવાથી માથાનો સડો, માથાની ઉંદરી, દાદર, વગેરે મટે છે.

તુલસીનાં માંજર છાંયે સૂકાવી તેનું ચૂર્ણ બેએકઆનીભાર મધ સાથે સવારમાં લેવાથી આધાશીશી, શીરે વેદના, સળેખમ તથા માથાનો દુઃખાવો શાંત થાય છે.

તુલસીનો રસ, આદુનો રસ અને બંનેથી બમણો લિંબુનો રસ લઇ તેમાં સાકર નાખીને પીવાથી પિત્તપ્રકોપ, કપાળે પિત્ત ચડવું તથા પિત્તની ઉલટીમાં ફાયદો થાય છે.

તુલસીનાં લીલાં માંજર સહિત તેનાં પાનનો રસ કાઢી બે–ચાર ટીપાં કાનમાં નાખવાથી કાનની અંદરનો સોજો કમી કરી રસી નીકળતી બંધ કરે છે.

તુલસીના રસમાં એકાદ રતી કપૂર મેળવી તેમાં રૂનું પૂમડું પલાળી દાંતમાં કે દાઢમાં જ્યાં દુખાવો થતો હોય ત્યાં રાખવાથી દુખાવો બંધ થાય છે.

કાળી તુલસીનાં પાન ચાવી તે રસ તરત ત્રણ ચાર ટીપાં આંખમાં નાખવાથી રતાંધળાપણું દૂર થાય છે.

તુલસીનાં પાન સુંઘવાથી, ચોપડવાથી તથા ખાવાથી વાયુ અને કફથી થયેલા ઉન્માદમાં અત્યંત લાભ થાય છે.

તુલસીનાં પાન ચવડાવવાથી જીભ અને હોઠનાં ચાંદાં મટી જાય છે, મોઢાની બદબો જતી રહે છે, અવાળાં અને દાંત મજબૂત થાય છે અને દાંતનાં દરદો નાબુદ થઇ કંઠ શુદ્ધ થાય છે.

તુલસીનાં પાન વાટીને પીવાથી પાચનશક્તિ વધે છે, વાયુ શુદ્ધ થાય છે તથા શુદ્ધ ઓડકાર આવે છે.

તુલસીનાં પાનનું ચૂર્ણ ભભરાવવાથી ઘામાં પડેલા કીડા મરી જાય છે.

તુલસીનાં પાન અને કાળાં મરીની ગોળી આપવાથી કૉલેરામાં ઉલટી અને ઝાડા બંધ થાય છે.

સળેખમ, ખાંસી તથા છાતીનાં દરદોમાંઃ—કાળી તુલસીની ચ્હા બહુ ગુણકારી છે.

તુલસીનાં પાન, કાળાં મરી તથા સાકર સાથે ખવડાવવાથી અને તેનો રસ શરીર ઉપર લગાડવાથી પ્લેગમાં બહુ લાભ થાય છે.

તેનાં પાન વાટીને ચોપડવાથી કોઇ પણ ભાગમાં સોજો હોય તે મટે છે અને શાંતિ થાય છે.

કાળાં મરી વાટીને તુલસીનાં પાનના રસમાં ભિંજવી છાંયડે મૂકી રાખવાં. સૂકાઇ જાય ત્યારે ફરી તુલસીના રસમાં ભીંજવવાં. આ રીતે સાત વાર ભીંજવીને છાંયડે સૂકવવાં. પછી ચણા જેવડી ગોળીઓ કરી એક શીશીમાં ભરવી. જેને તાવ આવતો હોય, તેણે તાવ આવતા પહેલાં ત્રણ કલાક અગાઉથી કલાકે કલાકે એક એક ગોળી ગરમ પાણી સાથે ગળવાથી સર્વ પ્રકારનો તાવ જશે.

તુલસીનાં પાન છાંયડે સૂકવીને રાખી મૂકવાં. માથામાં પીડા થાય ત્યારે તેનો નાસ લેવાથી તે પીડા જરૂર દૂર થાય છે.

જેને પિશાબ પહેલાં અથવા પછી ધાતુ જતી હોય અથવા સ્વપ્નમાં ધાતુ જતી હોય તે પર તુલસીનાં પાનનો રસ અને સફેદ ધ્રોનો રસ છ માસા સાત દિવસ પીવાથી જરૂર આરામ થશે.

તુલસીના રસમાં સુંઠ ઘસી જરા ગરમ કરી કપાળે ચોપડી, માથે ઓઢીને સૂઇ જવાથી પરસેવો વળી ટાઢિયો તાવ ઉતરી જશે તથા ચેન મટશે.

તુલસીના પાનનો રસ તથા મધ અરધો અરધો તોલા લઇ એમાં મરીનો ભૂકો નાખી પીવાથી વિષમજ્વર અટકી જાય છે.

ફુદીનો તથા તુલસીનો ક્વાથ પીવાથી રોજીઓ તાવ મટે છે.

કાળાં મરીની ઉપલી છાલ કાઢી નાખી તુલસીનાં પાંદડાંના રસમાં મેળવી ગોળી બનાવવી. તેને મધમાં ઘસી સાંજે અંજન કરવાથી બે દિવસમાં રતાંધળાપણું જતું રહેશે.

તુલસીના પાનનું ચૂર્ણ કે રસ અને સાબરસિંગની ભસ્મ રતી એકથી એક વાલ સુધી મધ સાથે આપવાથી પડખાંનું શૂળ તથા છાતીનાં અને ક્ષયનાં દરદોમાં સારો ફાયદો બતાવે છે.

સાપ કરડે તે પર તુલસીનો રસ તોલા બેમાં કાળાં મરી દાણા દશનું ચૂર્ણ નાખી દર પાથી અર્ધા કલાકે પાવું, તેમજ કરડેલી જગ્યાએ છેકો મૂકી લોહી કાઢી નાખ્યા બાદ તુલસીનાં પાન તથા મૂળ વાટીને તેનો જાડો લેપ કરવો. ઝેર ચૂસીને એ લેપ કાળો પડતાં લેપ બીજો બદલવો.

તંદુરસ્ત માણસ પણ તુલસીનાં દશ વીસ પાનનું હમેશાં સેવન કરે તો કાયમને માટે શુદ્ધ લોહી પેદા થઇ ઉત્તમ તંદુરસ્તી ભોગવવા સાથે કોઇ દિવસ વાયુનાં અને કફનાં દરદ થતાં નથી.

તુલસીનો ચા—તુલસી, આંબો, જાંબુ, બીલી, બીજોરૂં, આસોપાલવ, એ દરેક ઝાડનાં સાધારણ કૂણાં પાત્રાં લાવી વજનમાં સમાન ભાગે લઇ છાંયે સૂકાવી ડબો ભરી રાખવો. આ તુલસીનો ચા ઉકાળી એમ ને એમ અગર સાકર દૂધ નાખીને માફક પડે તેવી રીતે હમેશાં પીવાથી વાત, પિત્ત, કફ ત્રણે દોષોને શાંત કરે છે, દીપન છે, પાચન છે, રુચિ ઉપજાવે છે, ઝાડો મટે છે, હૃદયને હિતકારી છે, પેશાબ સાફ લાવે છે, પ્રદર મટાડે છે, લોહી સુધારે છે અને ઉલટી પણ મટાડે છે.

પૌષ્ટિક પાક—તુલસી તોલા દસ, ચોપચીની તોલા બે, એખરો તોલા બે, પીપરીમૂળ તોલો એક, નાગકેસર તોલા બે, આસન તોલા બે, એ બધી વસ્તુને ખાંડી કપડછાણ ચૂર્ણ કરી જૂનું મધ તોલા વીસ સાથે મેળવી એક દિવસ રાખ્યા બાદ સાકર તોલા પચાસની ચાસણી કરી તેમાં ઉપરની વસ્તુ નાખી તેમાં કેસર, એલચી, જાવંત્રી એકેક તોલાનું ચૂર્ણ ઉપરથી નાખી મેળવી અવલેહના રૂપમાં એક બરણી ભરી રાખી હમેશાં સવારે તોલા એકથી બે ખાઈ, ઉપર સાકર નાખી ગરમ કરેલું ગાયનું દૂધ પાચન થઇ શકે તેટલું પીવાથી ધાતુક્ષીણતા મટી કાંઇ દોષ હશે તોપણ સુધારી કૌવત આપશે. આ પાક ચોમાસા તેમજ શિયાળામાં ખાઇ શકાશે.

આ સિવાય તાવ અને આંચકીનાં દરદો ઉપર અપાતી અન્ય દવાઓ સાથે પણ તુલસીના રસની અનુપાન તરીકે યોજના કરવામાં આવે છે.

તુલસી ચેપી રોગોની નાશક, કૃમિઘ્ન અને મેલેરિયા તાવનો નાશ કરવાના ગુણોવાળી છે. એવું તો આજકાલના અનેક મોટા મોટા ડૉક્ટરોએ અમેરિકા અને વિલાયતની પરિષદોમાં સ્વીકાર્યું છે. જે વાત આપણા ઋષિઓ હજારો વર્ષ પહેલાંથી કહેતા આવ્યા છે, તે જાણવાનું પાશ્ચાત્ય ડૉક્ટરોએ હમણાંજ શરૂ કર્યું છે. ભારતવાસીઓનું સ્વાસ્થ્ય દિનપ્રતિદિન બગડતું ચાલે છે, તેનું કારણ એજ છે કે, જ્યાં પહેલાં પ્રત્યેક હિંદુને ઘેર તુલસીવન શોભતાં હતાં, ત્યાં આજે પ્રત્યેક મહોલ્લામાં તુલસીના પાંચ દશ છોડ પણ દેખાતા નથી !

આવા પ્રકારના અનેક ગુણોવાળી તુલસીના છોડ-ક્યારાઓ ગૃહે ગૃહે અવશ્ય હોવા જોઇએ.

ડોસીમા પ્રસાદ સાથે તુલસીપત્ર શા માટે આપે છે ? તેનો અર્થ હવે સૌ કોઇ સમજશે.

ગુગળના ધૂપનો મહિમા

(લખનારઃ-શ્રી. માસ્તર કાલીદાસ રાજાભાઈ અગસરાકર)

જે સ્થળની હવા જરા પણ બગડી હોય અથવા જ્યાં ચેપી રોગોનું જોર વધ્યું હોય ત્યાં વિદ્વાનો હવનહોમ કરવા ભલામણો કરે છે. આથી વાતાવરણ શુદ્ધ થઈ ચેપી રોગનાં પરમાણુઓ નષ્ટ થઇ ઘણી વખતે રોગનાશક હુમલાઓ તરત બંધ થતા જણાયા છે. જે ઘરમાં "વૈશ્વદેવ" યજ્ઞ નિયમિત થાય છે, તે ઘરના લોકોમાં કોઈ પણ ચેપીરોગ લાગુ પડવાનો ભય રહેતો નથી. સુગંધિત દ્રવ્યોના ધૂપથી વાતાવરણ શુદ્ધ થઇ તે મનુષ્યોને નીરોગી, બળવાન અને સુખી રાખે છે. વિશેષે કરીને ગુગળનો ધૂપ વાતાવરણને એકદમ સુધારે છે. કારણ કે ગુગળ જંતુઓનો નાશકર્તા છે. ગુગળના ધૂપ વિષે અથર્વવેદના કાંડ ૧૯ ના મંત્ર ૩૦ માં લખેલું છે કેઃ-

न तं यक्ष्मा अवरुन्धत नैनं शपथो अश्नुते । यं भेषजस्य गुग्गुलोः सुरभिर्गन्धोऽश्नुते ॥

અર્થાત્-ગુગળ સુગંધિત વાસ ફેલાવે છે તેથી યક્ષ્મા, ક્ષય વગેરે વ્યાધિઓ પીડા કરી શકતા નથી ઇત્યાદિ. વળી વૈદ્યક ગ્રંથમાં લખ્યું છે કેઃ--

कृमिपातभयाच्चापि धूपयेत् सरलादिभिरिति ।
सरलागुरुगुग्गुलुभिरितिचिकित्सासंग्रहे चक्रे वा ॥

ગુગળના ધૂપમાં જંતુનાશક અજબ શક્તિ રહેલી છે. આથી તે શરીરમાં પેઠેલા જંતુનો નાશ કરી રોગ દૂર કરે છે. આજકાલ ભારતવર્ષમાં શ્વાસમાર્ગના અને ક્ષયના રોગની દોડાદોડી છે; તેનું ખાસ કારણ એ જણાય છે કે, આપણે આપણા પૂર્વજ ઋષિમુનિઓની બનાવેલી પ્રણાલિને વિસરતા જઇએ છીએ તેથી તેટલા પ્રમાણમાં નવા નવા રોગ શિર પર વહોરીએ છીએ. ગુગળના ધૂપથી ક્ષય આદિ સંક્રામક રોગોનો પંજો દૂર થાય છે. વળી જે સ્થળમાં એવાં સુગંધિત દ્રવ્યોના ધૂપધૂમાડા થાય છે ત્યાં દેવતાઓનો વાસ થાય છે. વળી વાતાવરણ શુદ્ધ થઈ આનંદનું સ્થળ બને છે. જ્યાંનું વાતાવરણ શુદ્ધ અને આનંદમય રખાય ત્યાં આયુષ્ય પણ વધતું ચાલે છે. જ્યાંનું વાતાવરણ નબળું, મેલું અને દુર્ગંધયુક્ત હોય ત્યાં રહેનારાઓનું આયુષ્ય ઘટતું ચાલે છે. વાયુ શુદ્ધ થવાથી તે દીર્ઘ જીવન આપે છે. બિમાર માણસને સવાર-સાંજ ગુગળની સુગંધિત ધૂણીનો લાભ દેવાથી તેનો રોગ ટુંક મુદતમાં દૂર થઇ તંદુરસ્તી પ્રાપ્ત કરાવે છે. વિશેષે આ ધૂપ ચેપી રોગનાં જંતુઓનો જલદી નાશ કરે છે તેથી જે જે સ્થળમાં ચેપી રોગના હુમલા થતા જણાય ત્યાં ગુગળની ધૂણી બેશક લાભકારી થશે. વળી પ્લેગ, કૉલેરા વગેરે દર્દ લાગુ થયેલા દર્દીને તપાસવા જતાં ચેપી રોગના હુમલાની ચિંતા રહે છે; તે ચિંતા પણ ગુગળના ઉમદા ધૂપથી દૂર થાય છે. આની અમે અનુભવી ખાત્રી કરી છે. વળી ગુગળનો ધૂપ કેટલાક રોગોમાં દવાની પેઠે ફાયદાકારક જોવામાં આવેલ છે. સળેખમ અને ખાંસીમાં ગુગળનો ધૂપ લેવાથી ફાયદો દેખાય છે. ઇન્ફલ્યુ-એન્ઝાના ભારે હુમલા વખતે ગુગળનો ધૂપ મુખમાં લેવાથી તે રોગનું દર્દ મોળું દેખાયું હતું. ગુગળનો ધૂપ તમાકુની પેઠે પીતાં શરૂ થતા ક્ષયનો રોગ તથા શીત, દમ, ખાંસી, હેડકી, સળેખમ વગેરે દૂર થાય છે. વૈદકશાસ્ત્રમાં અનેક સ્થળે ગુગળનું ધૂમ્રપાન કરવા જણાવે છે. તેમાં સીસમ, દેવદાર, ગુગળ, ચંદન, દેવચંદન આદિ સુગંધિત વસ્તુઓનો ધૂપ કીટાદિને હણે છે અને ચેપી રોગના દર્દીને બચાવે છે. ક્ષયમાં કેટલાક ધૂપો ઉપયોગી માલૂમ પડ્યા છે. તે ધૂપથી રોગના હુમલા શાંત થતા જણાયા છે. સુગંધિત દ્રવ્યોની પેઠે તુલસી, ડમરો, ચંદન, દેવચંદન વગેરેનાં વૃક્ષો પણ વાતાવરણ સુધારનારાં માલૂમ પડ્યાં છે. માટે પાઠક બંધુઓએ ધૂપના મહિમાને નહિ વિસારતાં ધૂપપ્રણાલિ જે મંદ થતી ચાલી જાય છે તેને પાછી સતેજ કરવાની જરૂર છે. પ્રત્યેક બંધુના ગૃહમાં ઉમદા ધૂપો થવાથી દેવોનો વાસ રહ્યા કરશે. વળી વાતાવરણના સુધારાથી મગજમાં ઉમદા વિચારો આવીને તથા રોગો દૂર થઇને સુખમાં સર્વદા વધારો થશે.

ગુગળની માફકજ લોબાનનો ધૂપ ન્યુમોનિયાનો ચોક્કસ ઉપાય છે. ડૉકટરો ન્યુમોનિયામાં લોબાનનો ધૂપ વિલાયતી રીતે આપે છે. 'ન્યુમોનિયા કેટલ'માં ટીંકચર બેન્ઝોઇક કંપાઉંડ નાખી તેની વરાળ નળી વાટે ન્યુમોનિયાના દરદીના નાક આગળ છોડવામાં આવે છે. આ દવા અંગ્રેજી

તો નામમાત્રની હોઇ એમાં લોબાનજ મુખ્ય વસ્તુ છે અને તેની મીઠી સુગંધનોજ ગુણ છે. વેપાર પોતાના હાથમાં રાખવા માટે અંગ્રેજી નામે અને દારૂમાં ભેળવીને લોબાનજ વેચાય છે. ડૉક્ટર જો લોબાનનોજ ધૂપ કરવા કહે તો કદાચ લોકો એમ પણ ધારે કે એ તો સાધારણ ચીજ છે. એમાં શું ? પણ મોટું નામ ખિસ્સાં ખાલી કરાવે તે માનવું અને સાદી સમજણની વાત ન માનવી; એ તો બુદ્ધિ વિરુદ્ધની વાત છે. ધરમાં આટલા માટેજ રોજ અગ્નિહોત્ર કરવાનું શાસ્ત્રકારોએ ફરજીઆત ઠરાવ્યું છે. ('ગુજરાતી કેસરી'માંથી થોડા શોધન સાથે)

ગંગાકિનારે કૂવો શામાટે ખોદો છો ?

(સ્વામી વિવેકાનંદનાં કેટલાંક વચનો)

મારૂં હૃદય એટલું બધું ભરાઇ આવ્યું છે કે, મારી લાગણી શબ્દ દ્વારા બતાવી શકતો નથી. જ્યાંસુધી કરોડો માણસો ભૂખ અને અજ્ઞાનમાં જીવન ગાળશે; ત્યાંસુધી જે માણસ તેઓના ખર્ચે ભણી કેળવાયેલો બન્યા છતાં, તેમના તરફ થોડામાં થોડું પણ લક્ષ આપતો નથી; તેવા દરેક માણસને હું દ્રોહી ગણું છું. જે ધનવાનો ગરીબોનો ધાણ વાળી પૈસા મેળવી પોતાના ઠાઠમાઠવાળા પોષાકમાં આમતેમ હરે ફરે છે; તેમને જ્યાંસુધી ભૂખે મરતા, જંગલી કરતાં જેમની સ્થિતિ કોઇ પણ રીતે ચઢીઆતી નથી એવા વીસ કરોડ માણસોને માટે કંઇ પણ કરતા નથી; ત્યાંસુધી હું દુષ્ટો ગણું છું. × × ×

જે ધર્મ કે ઇશ્વર વિધવાનાં આંસુ લૂછી ન શકે અથવા માબાપ વગરનાં નિરાધાર બાળકોના મુખમાં રોટલીનો કટકો મૂકી ન શકે; તેવા ધર્મમાં કે ઇશ્વરમાં મને શ્રદ્ધા નથી. ગમે તેટલાં ઉમદા ધર્મતત્ત્વો હોય; ગમે તેટલું સુગંધિત તત્ત્વજ્ઞાન હોય; છતાં જ્યાંસુધી તે પુસ્તકોમાંજ છે અને મુખમાત્રથી ચર્ચાના વિષયરૂપ છે-એટલે કાર્યમાં ઉતરેલ નથી; ત્યાંસુધી હું તેને ધર્મ કહેતો નથી. * * * 'મારો ધર્મ' એમ કહેવામાં તમે મગરૂરી લ્યો છો તે ધર્મને કાર્યમાં મૂકો, પ્રભુ તમારૂં કલ્યાણ કરશે. × × × ×

શું તમે તમારા જાતિભાઇઓ પર પ્રેમ રાખો છો ? ઇશ્વરને શોધવા તમે ક્યાં જાઓ છો ? શું ગરીબ, દુઃખી અને નિર્બળ બંધુઓ બધા ઈશ્વરો નથી ? તેઓની પૂજા પહેલી શામાટે કરતા નથી ? ગંગાના કિનારા ઉપર શામાટે કૂવો ખોદો છો ?

માનવજાતિને (ખરી અને સંગીન) મદદ કરવાની જેમની ઈચ્છા હોય તેમણે પ્રથમ પોતાનાં સર્વ સુખ-દુઃખ, નામ-કીર્તિ અને સર્વ તરેહના સ્વાર્થનો ગુંડો-પુંડો કરી સમુદ્રમાં ફેંકી દેવો જોઇએ અને ત્યારપછીજ પ્રભુ પાસે આવવું. એજ પ્રમાણે સઘળા સમર્થ આચાર્યોએ કહ્યું છે અને કર્યું છે.

× × × ×

જે જે મહાન કાર્યો થયાં અને થાય છે તે હૃદય ને મગજનાં પરિણામ છે; નહિ કે પૈસાનાં-અર્થાત નાણું કામ કરતું નથી, પણ મગજશક્તિ અને હૃદયબળજ કામ કરે છે.

રાષ્ટ્રનાં મૂળ અને ફળ—સ્ત્રીઓ, બાળકો તથા ગરીબલોકો કે જે રાષ્ટ્ર(દેશ)રૂપી મહાવૃક્ષનાં મૂળ છે; અને જેમની ઉત્તમતા ઉપરજ હરકોઇ દેશનો ખરો આધાર રહેલો હોય છે; તેમનાં શિક્ષણ તથા ઉન્નતિ તરફ તો હિંદુસ્તાનમાં કોઇ લક્ષ્યજ આપતું નથી ! ઉચ્ચ ગણાતો વર્ગ કે જે રાષ્ટ્રવૃક્ષમાં ફળરૂપે કહી શકાય, તે ફળ પણ ઉપયોગમાં ન આવતાં માત્ર શોભાની વસ્તુ તરીકે ઝાડ પર લટકેલાંજ રહે તે પાછળ આપણે સમય ગુમાવવો જોઇએ નહિ. નહિ તો ઉક્ત મૂળિયાં પોષણના અભાવે છેક સૂકાઇ જઇ પરિણામે અને એ શોભાનાં ફળ પણ સૂકાઇ ખરી પડીને સડી જશે ! અને આખું રાષ્ટ્રવૃક્ષ પડી ભાગશે ! માટે **હે ભાઇ ! ગર્વથી બોલ કે**— "પ્રત્યેક ભારતવાસી-ભિખારી, અજ્ઞાની, અંત્યજ અને નિરાધાર બાળક પણ મારો ભાઇ છે... મારા પ્રાણસમાન છે. ભારતભૂમિજ મારૂં શ્રેષ્ઠ સ્વર્ગ છે અને તેનાજ ભલામાં મારૂં ભલું રહેલું છે."

સ્ત્રીજાતિનું હૃદય સમજજો, નહિ તો ગુનેગાર થશો.

સ્ત્રીજાતિ વિષે પુરુષવર્ગમાં તેમજ સ્ત્રીવર્ગમાં પણ પેસી ગયેલા અજ્ઞાનમૂલક હલકા વિચારો દૂર થઇ સ્ત્રીજાતિનો દરજ્જો સમજાય તે સારૂ અનેક પ્રમાણભૂત ગ્રંથો અને સમર્થ વિદ્વાનોના કેટલાક ઉતારા "સરસ્વતી" "સ્ત્રીબોધ" "ગૃહલક્ષ્મી" વગેરે ઉપરથી આ નીચે આપ્યા છે.

મનુસ્મૃતિ—"જે પિતા, ભાઇ, પતિ અને દિયર પોતાનું કલ્યાણ ઇચ્છે તેમણે પોતાની પુત્રી, બ્હેન, સ્ત્રી, માતા કે ભાભીનું કદી અપમાન કરવું નહિ. × × જ્યાં સ્ત્રીઓનું પૂજન થાય છે, ત્યાં દેવતાઓ છે અને જ્યાં તેમનું નથી થતું, ત્યાં બધાં ઉત્તમ કર્મ નિષ્ફળ જાય છે."

હજરત મહંમદ સાહેબ—"તારૂં સ્વર્ગ તારી માતાનાં ચરણો નીચે છે."

સ્વામી દયાનંદ—"ભારતવર્ષનો ધર્મ ભારતવર્ષના પુત્રોથી નહિ પણ પુત્રીઓના પ્રતાપે સ્થિર છે. ભારતીય સ્ત્રીઓએ પોતાનો ધર્મ છોડયો હોત તો ભારતવર્ષ કયારનોયે નષ્ટપ્રાય થયો હોત."

સ્વામી વિવેકાનંદજી કહે છે કે—

" જે દેશમાં, જે પ્રજામાં નારીપૂજા નથી, તે દેશ, તે પ્રજા કદી મહાન કે ઉન્નત થઈ શકે નહિ. નારીરૂપી શક્તિ-મૂર્તિની અવગણના કરવાથીજ આજે તમારૂં અધઃપતન થયું છે."

"અત્યારે પણ આ દેશની કન્યાઓમાં અને સ્ત્રીઓમાં જેવું સદ્‌વર્તન, સેવાભાવ, સ્નેહ, દયા, સંતોષ તથા પતિભક્તિ જોવામાં આવે છે, તેવું પૃથ્વીના બીજા કોઈ ભાગમાં મેં જોયું નથી."

"એકમાત્ર ભારતવર્ષની કન્યાઓને જોવાથી આંખો ઠરે છે. તેમનામાં લજ્જા-વિનય આદિ સદ્‌ગુણો હજી પણ જેવા ને તેવાજ રહી શકયા છે. આવાં સરસ સાધનો હોવા છતાં તમે સ્ત્રી-જાતિની ઉન્નતિ કરી શકતા નથી!"

"મહામાયાની સાક્ષાત્ પ્રતિમા જેવી સ્ત્રીજાતિનો તમે ઉદ્ધાર નહિ કરો અને દેવતુલ્ય ગરીબ વર્ગને જાગ્રત નહિ કરો ત્યાંસુધી તમારા દેશનો ઉદ્ધાર નથી."

" જે જે આદર્શ નારીઓ થઈ ગઇ છે, તે સર્વ પવિત્ર સન્નારીઓનાં જીવનચરિત્રો કન્યા-ઓની નજર આગળ તરતાં રાખવાં જોઈએ."

બંકિમબાબુ કહે છે કે—

" સ્ત્રીઓ એ સાક્ષાત્ ક્ષમા, દયા અને સ્નેહની દેવી મૂર્તિઓ છે."

" શાળાઓમાં ભણ્યા વિના પણ તેમના જ્ઞાનની વૃદ્ધિ થઈ શકે છે."

" કથા અને કીર્તન એ પૂર્વકાળે જ્ઞાનપ્રાપ્તિનો એક મુખ્ય ઉપાય હતો."

" પ્રાચીન સન્નારીઓ કથાકારોના મુખથી પુરાણ તથા ઇતિહાસની વાતો સાંભળતી અને તેથી પુરાણ-ઇતિહાસમાં જ્ઞાનનો જે ઉત્તમ ભંડાર છુપાયલો છે, તે તેમની પાસે ખુલ્લો થઈ જતો."

" અત્યારના આપણા સુશિક્ષિત ગણાતા યુવકો કરતાં અનેક વિષયો પૂર્વકાળની સન્નારીઓ બહુ સારી રીતે સમજી શકતી હતી."

શ્રી. દાદાભાઈ નવરોજજી—"મારી માતાએ મારી ઉપર નજર રાખીને મને મારા સહ-ચરોના બૂરા પ્રભાવથી બચાવ્યો."

શેકસપિયર કહે છે કે:-પુરુષ એજ સ્ત્રીનું સૌભાગ્ય છે એ વાત ખરી; પરંતુ જો તે પતિ સ્ત્રી પર પ્રેમ ન રાખે અને તેની સંભાળ ન લે, તો એવી સ્થિતિમાં તે સ્ત્રીની આંખોનું તેજ મંદ પડી જાય તેના જીવનનો નાશ થાય છે. તેમ છતાં એ સ્ત્રીજાતિની ખુબી એ છે કે, તે પોતાના શોક અને દુર્ભાગ્યને પુરુષવર્ગથી છુપાવી રાખે છે. અને પોતે એવી રીતે ઝૂરી ઝૂરીને મરી જાય છે!

હુરમુજ કહે છે કે:-સદાચારી સ્ત્રી પરમેશ્વરની સૃષ્ટિનું એક સર્વોત્તમ અમૂલ્ય રત્ન છે.

ગોલ્ડસ્મિથ કહે છે કે:-સ્ત્રી તો કાંટાળી ઝાડીને પણ ફૂલવાડીમાં ફેરવી શકે છે! અરે! ગરીબમાં ગરીબ ઘરને પણ એ "સંસારનું સુશીલ સ્વર્ગ" બનાવી દે છે!

લ્યૂથર કહે છે કે:-મેં વારંવાર જોયું છે કે, જો સ્ત્રીઓ કોઈ પણ રસ્તે ધાર્મિક શિક્ષણ મેળવે તો તેમનામાં વિશ્વાસ, ઉદ્યમ, સાહસ અને ભક્તિના ગુણો પુરુષો કરતાં ઘણા વધી જાય છે.

એલેકઝાન્ડર સ્મિથ કહે છે કે:–જ્યારે હું કોઇ દેવીને જોઉં છું, ત્યારે હું જાણે ઈશ્વરની સન્મુખ ઉભો હોઉં, એમ મને લાગે છે. ઇશ્વરે આ સંસારમાં તારાઓ બનાવ્યાને લાખો વર્ષ વીતી ગયાં; પણ સ્ત્રીજાતિ તો તેની છેલ્લામાં છેલ્લી (બહુ ઉત્તમ) કૃતિ જણાય છે. વહાલી પુત્રી! તું ચંદ્રની શાંત રોશની, શીતળ સ્નિગ્ધ કોમળ ચંદ્રિકા અને હૃદયની શાંતિ છે. બચપણમાંજ તું આવી છે, તો મોટી થયા પછી કેવી થઈશ એ તો કલ્પીજ કેમ શકાય ?

પોપ કહે છે કે:–સ્ત્રીઓનું હૃદય સદાય શાંત–કોમળ હોય છે. તેમાં ક્રોધ તો હોતોજ નથી. મને તો વિશ્વાસ છે કે, જો સંસાર સ્ત્રીઓના કહ્યા પ્રમાણે ચાલે તો દુનિયા સ્વર્ગ બની જાય !"

મિલ્ટન કહે છે કે:–શાળાઓનું ઉત્તમોત્તમ શિક્ષણ પણ માતાના શિક્ષણ આગળ તુચ્છ છે; મોટા વિદ્વાન શિક્ષકો પણ તેના આગળ ચકલીના ચીં ચીં જેવા છે. સુયોગ્ય માતાની તુલનામાં એ શિક્ષકની બુદ્ધિ અને શિક્ષણ સાચા મોતી આગળ પથ્થર જેવાં છે. તેનું હૃદય પ્રેમ, સેવા અને શુભેચ્છાનું ધામ છે. તેની દૃષ્ટિમાંથી એટલું અમીતેજ ઝરે છે કે જે જોઇ દેવો પણ તેને વંદે છે.

કાર્લીટન કહે છે કે:–એવી કયી ઉંચાઇ છે કે જ્યાં સ્ત્રી ન ચઢી શકે ? હજારો અપરાધને તે ક્ષમા આપી શકે છે. કોઇ પણ વાતમાં તે એક વાર નિશ્ચય કરી લે એટલે પછી સંસારની કોઈ પણ શક્તિ તેને રોકી શકે તેમ નથી. ઓ દેવિ ! તારા સિવાય સંસારના પુરુષોના શા હાલ થાત ?

લૌવિલ—"વિધાતાએ સ્ત્રીને સુંદર બનાવી છે તેથી નહિ, પણ એટલા માટે પૂજનીય માનું છું કે, મનુષ્યનું મનુષ્યત્વ માત્ર તેનેજ આભારી છે."

રૂસો—"સ્ત્રીનું પુસ્તક તો સંસાર છે. તે સંસારના જેટલું પુસ્તકોમાંથી નથી શીખતી."

આસ્કર વાઇલ્ડ—"સ્ત્રી, એ પરમાત્માનું સૌથી મહાન જાદુ છે."

આટવે—" હે સુકુમારી ! વિધાતાએ તને પુરુષોને ઠેકાણે રાખવા માટે બનાવી છે. તું ન હોત તો અમે પશુ જેવા હોત. સ્વર્ગમાં પણ એવું શું છે કે જે તારામાં નથી ? અદ્ભુત તેજ, પવિત્રતા, સત્ય, અનંત આનંદ અને અમર પ્રેમ, સર્વ કંઈ તારામાં છે."

એડીસન—" પત્ની પ્રત્યેના પ્રેમમાં મનુષ્યની કામના છુપાયલી હોય છે; પુત્ર પ્રત્યેના પ્રેમમાં લોભ છુપાયલો હોય છે; પણ જે પવિત્ર પ્રેમ મને પુત્રી પર આવે છે, તેવો બીજા કોઇ પર નથી આવતો."

જોન્સન—"મારા સૂક્ષ્મ વિચારોનું મૂળ મારી જનનીનાં પ્રેમભર્યાં હાલરડાંમાં છે."

શૉપનહૉર—" મનુષ્યને દૂરદર્શિતા માતાથી અને વીરતા પિતાથી વારસામાં મળે છે."

અબ્રાહમ લિંકન—" હું જે કાંઇ કરૂં છું અને થઇ શકું છું, તે મારી દૈવી પ્રકૃતિવાળી માતાની પ્રસાદી છે."

સર એડમંડ વરટી—"દરેક દેશમાં, દરેક જાતિમાં અને દરેક ધર્મમાં મનુષ્યને તેની માતા જેવો બનાવે છે તેવોજ તે થાય છે."

જોર્જ હર્બર્ટ—" એક આદર્શ જનની સો ઉસ્તાદો કરતાં પણ શ્રેષ્ઠ છે."

નેપોલિયન—કોઇ પણ બાળકની ભાવિ ઉન્નતિ અથવા અવનતિનો આધાર તેની માતા ઉપરજ છે. × × હું મારી કર્તવ્યનિષ્ઠા અને ધૈર્ય મારી માતાના ખોળામાંથી શીખ્યો છું."

મિશલેટ—" હું મારી તમામ ઉન્નતિઓ અને વિજયોમાં મારી માતાનો દેવાદાર છું."

ગેરીબાલ્ડી—"મને મારા દેશ પ્રત્યે જે શુદ્ધ પ્રેમ છે અને જેણે મને મારા અભાગી સ્વદેશબંધુઓના આત્મારૂપ બનાવ્યો છે તેનો પ્રારંભ, જ્યારે હું મારી માતાને દીન જનો પ્રત્યે સહાનુભૂતિ બતાવતી અને દુઃખીઆં લોકો પર દયા કરતી જોતો ત્યારથી થયો છે."

લુલ્વર—" હે સ્ત્રી ! તું મનુષ્ય છતાં મુશ્કેલીના પ્રસંગોમાં અમને માર્ગ દર્શાવનારી સિદ્ધિદાયક દેવી છે. ખરેખર તારામાં ઇશ્વરી અંશ છે."

ફ્રેડરિક હેસ્ટન—" જ્યાં માતાપિતા અને વિશેષે કરીને માતા બુદ્ધિમતી હોય તે ઘર મનુષ્યપણાનું અને સભ્યતાનું મહાવિદ્યાલય છે. કેમકે વિશેષ મહત્ત્વના પાઠો તો એવા ઘરમાંજ મળે છે. માટે દેશમાં મહાન પુરુષો ઉપજાવવા અમારે એવીજ માતાઓની અગત્ય છે, કે જે પોતાનો બધો સમય કઠિન કાર્યો પાછળ ગાળવાની યોગ્યતા રાખતી હોય અને સાથે જેનું હૃદય અને મગજ વિશુદ્ધ હોય.

મોટરગાડી કે મોતગાડી!—એક અદૃશ્ય ગજબ

'સાયન્સ અને ઈન્વેન્શન' નામનું અમેરિકન માસિક જણાવે છે કે હવામાં **એક હજાર ભાગે માત્ર દોઢજ** ભાગ કારબન મોનોક્સાઇડ આવી જાય તોપણ તે ભયંકર નીવડે છે. ૨૩ હૉર્સપાવરની એક મોટરકાર દર મિનિટે ૨૫ ક્યુબીક ફીટ ગેસ છોડે છે; જેમાંથી છ ટકા અથવા ૧॥ ક્યુબીક ફીટ કાર્બન મોનોક્સાઇડ હોય છે. કાર્બન મોનોક્સાઇડ રંગ વગરની, સ્વાદ વગરની અને ગંધ વગરની ગેસ છે, એટલે તે હવામાં મળેલી છે કે કેમ તે જાણવું બહુ મુશ્કેલ છે; અને બીજી તરફ તેને માટે આપણા લોહીમાં એવી સરસ સગવડ છે, કે લોહીમાંનાં લાલ કણમાં રહેલું હીમોગ્લોબીન નામનું તત્ત્વ એને (કાર્બન મોનોક્સાઇડને) ઑક્સીજન (પ્રાણવાયુ) કરતાં ૩૦૦ ગણું જલદીથી ખેંચી લે છે અને લોહીને એકદમ ઝેરી બનાવી મૂકે છે. આમ થવાથી લોહીની મારફત આપણા સ્નાયુઓને પ્રાણવાયુ મળી શકતો નથી અને મરણ નીપજે છે. હજાર ભાગ હવામાં દોઢ ભાગ પણ કાર્બન મોનોક્સાઇડ હોય તો ભયંકર છે, તો પછી મોટરનું એન્જીન તો સેંકડે ૬ ભાગવાળી એટલે હજારે ૬૦ ભાગવાળી ગૅસ છોડે છે. એ કેવી જીવલેણ છે તેનું અનુમાન કરો. ૨૩ હૉર્સપાવરનું મોટર એન્જીન દર મિનિટે એક ચોરસફૂટ કાર્બન મોનોક્સાઇડ છોડે તે હિસાબે ૧૦×૧૦×૨૦ ફુટનો એક મોટર તબેલો તો ત્રણ મિનિટમાંજ એ ઝેરી હવાથી ભરાઈ જઇ મનુષ્યના પ્રાણ લઇ શકે. એનો હુમલો ખબર ન પડે તેમ થઇને ધીમે ધીમે માણસ બેભાન બની જાય છે. આમ ક્લિનર અને શૉફરની જીંદગી જોખમમાં રહે છે. અને મુંબઈમાં એવા તબેલા છે કે જેમાં એકેક મોટરકાર આવી જાય પણ બારી તો એક પણ ન હોય! મોટરનું એન્જીન ચાલુ હાલતમાંજ અંદર જાય અને ચાલુ હાલતમાં મુકાયા પછી થોડીક મિનિટ લગી ધુધવાટ કર્યા બાદજ બહાર નીકળે. એ મોટરના શૉફર અને ક્લિનરની જીંદગીના જોખમનો જવાબદાર કોણ છે? અને આખો દિવસ મુંબાઇના રસ્તાઓમાં એ મોટરવાળા સેંકડોને ઈજા અને કુડીબંધ ખૂન કરતા ફરે અને પાંચ પચાસ દંડ ભરી છૂટી જાય તથા પગે ચાલનાર પોતાના જીવથી જાય એ તો એક ન્યાયનો નમુનોજ છે! હવા બગાડવા માટે એ લોકો પગે ચાલનારને અને ઘરમાં રહેનારને શું નુકસાન ભરપાઇ કરી આપે છે! આપણે રસ્તે ફરતા હોઇએ ત્યારે આપણી બાજુમાંથી એ ભયંકર ચીજ ઝેર રેડતી ચાલી જાય અને આપણે તે ઝેર શ્વાસમાં લેતા ફરતા ફરીએ, એ જીંદગીના જોખમ માટે શું એ ખુનીઓને સજા નથી થવી જોઈતી? હેલ્થ ઑફિસર આ બાબત માટે શું કહે છે? એડલ્ટરેશનની સજા તો પોલ્યુશનની નહિ કે? ચાલી કે બારીમાંથી રસ્તા પર કચરો નાખતાં હવા બગડે; તો આનાથી નહિ બગડે કે? સ્મોક ન્યુસન્સ એક્ટ છે તેના કરતાં મોટરના ઝેરી ધૂમાડા માટે સખત ઍક્ટ થવોજ જોઇએ.

("ગુજરાતી કેસરી"માં લેખકઃ—શ્રી. મોહનલાલ માણેકલાલ ઝવેરી)

પગે ચાલવાના ફાયદા અને ખાસ જરૂર

જે માણસ દરરોજ થોડુંઘણું ચાલવાનું રાખે છે તેને અપચો નથી થતો અને તેના શરીરમાં વધારાની ચરબી પણ રહી શકતી નથી. ચાલવાના જેવી બીજી કોઇ કસરત નથી. એક અમેરિકન ડૉક્ટરે "મેડિકલ રિવ્યુ ઑફ રિવ્યુઝ" માં લખ્યું છે કે, દરેક માણસે સંયોગ અનુસાર રોજ ૩ થી ૧૦ માઇલ સુધી ચાલવું જોઇએ. "ડેલી મેલ"માં એક રોગીનો કિસ્સો પ્રસિદ્ધ થયો છે. તે હમેશાં માંદો રહેતો, રોજ દવાઓ ખાતો, પણ કોઇ દવાથી ફાયદો ન થવાથી તે જીવનથી કંટાળી ગયો હતો. એક ડૉક્ટરની સલાહથી તેણે થોડું થોડું ચાલવાનું શરૂ કર્યું અને થોડાજ મહિનામાં તે પૂર્ણ સાજો તાજો થઇ ગયો! જે માણસ રોજ ચાલી ન શકે, તેણે અઠવાડીઆમાં એક વાર તો જરૂર ૧૦–૧૫ માઈલ ચાલવું જોઇએ. અઠવાડીઆમાં એક દિવસ ૧૦–૧૫ માઇલ ચાલવું, બીજા છ દિવસો માટે પૂરતું છે. દિવસે જમવા પહેલાં ચાલવાથી વધુ લાભ થાય છે. ચાલવાનો ઉત્તમ સમય પ્રાતઃકાળ છે.

વિંછીના કેટલાક ઉપાય

૧–વિંછી ડંખ મારે કે તરત તે જગાએ ઝીણું મીઠું ઘસવાથી ચઢતો નથી.

૨–કડવી ઘીલોડીનાં પાન ચોળીને વિંછી ચઢયો હોય ત્યાંસુધી ચોપડવાથી ઉતરે છે. ડંખ ઉપર એનાં પાનની લુગદી બાંધવી.

૩–ખાટખટુંબો પાણીમાં ઘસી વિંછી ચઢયો હોય ત્યાંસુધી ચોપડી પવન નાખવાથી ઉતરી જશે.

૪–માણસના નખ તથા સોપારીનો ભૂકો બીડીમાં પીવાથી વિંછી ઉતરે છે.

૫–કરોળીઆનું પડ ચલમમાં પીવાથી વિંછી ઉતરે છે.

૬–નાગરવેલનાં બે પાનમાં ચપટી ચપટી મીઠું નાખી ચાવી જવાથી વિંછી ઉતરે છે.

૭–ધંતુરાના પાનનો રસ ડંખ ઉપર ચોપડવાથી અને પાનની લુગદી બાંધવાથી વેદના મટે છે.

૮–ડંખ ઉપર મધ ઘસવાથી ફાયદો થાય છે.

૯–જાંબુડાનાં પાન, પાકાં કેળાં, અથવા ડુંગળીને વાટી લુગદી બાંધવાથી ઝેર ઉતરે છે.

૧૦–આંબલીનો કચુકો ઘસી ધોળો થાય ત્યારે ડંખ ઉપર ચોઢી દેવાથી તે ઝેર ચૂસી ખરી પડશે.

૧૧–તુલસીનાં પાન ચાવી કાનમાં ફૂંકવાથી વિંછી ઉતરશે.

૧૨–પાશેર પાણીમાં ત્રણેક તોલા મીઠું વાટીને નાખવું અને પછી ખૂબ હલાવીને કપડાવતી પાણી ગાળી લઇ તે પાણી શીશીમાં ભરી રાખવું. વિંછીના ડંખ પર આ પાણીમાં રૂનું પોલિયું ભિંજવીને મૂકી દેવું તથા વિંછી ચઢયો હોય ત્યાંસુધી એજ પાણી ચોપડીને જમણા હાથે ઉપરથી નીચેની બાજુ તરફ જરા ભાર દઈને ઘસવું તથા થોડુંક રૂ શીશીના પાણીમાં પલાળીને વિંછી જે બાજુ કરડયો હોય તેની સામેની બાજુના નસ્કોરામાં જોરથી તેમાંનું પાણી સુંઘાડવું તથા એજ (ઉલટી બાજુના) કાનમાં પણ એ શીશીમાંનું પાણી થોડુંક નાખવું. આથી પણ મટે છે.

૧૩–ઠીંકરામાં થોડા અંગારા મૂકી તેના ઉપર હળદરની ભૂકી ભભરાવીને તેનો ધૂમાડો કરડેલા અંગની સામેના નસ્કોરામાં જોરથી લેવરાવવો.

૧૪–પિત્તપાપડાને આકડાના દૂધમાં પલાળી છાંયે સુકવવો. આમ ૨૧ વખત તેને શુદ્ધ કરી વાટી ગોળી કરી રાખવી. તે પાણીમાં ઘસી ડંખ પર ચોપડવાથી તરત વિંછીનું ઝેર ઉતરશે.

દાદરનો સાદો ને બળે નહિ એવો ઈલાજ

મરચાંના છોડનાં લીલાં પાન લાવી પાણી નાખી ખૂબ ઝીણાં વાટી રસ કાઢી એની અંદર થોડુંક મીઠું નાખી થયેલી દાદર ઉપર ખૂબ મસળવાથી પંદર દિવસમાં મટી ચામડી સુંવાળી બને છે. આ દવાથી અગન બળતી નથી, સહેજ લાગે છે. અને દશ વરસની જૂની દાદર હોય અને કાળી કે લાલ હોય તોપણ મટે છે. આ દવાથી ફાયદો લાગે તો બીજા લોકોને પણ બતાવશો. કેમકે એ આપણી ફરજ છે. જેમને દાદર મટે તેમણે યથાશક્તિ કબુતરાંને દાણા અગર કૂતરાંને રોટલા નાખવા.

દેશી પેઈનકીલર

લિંબુનો રસ શેર ૧, આદુનો રસ શેર ૦ાા, સિંધવ તોલો ૧૧, હીંગ તોલો ૦ા, સંચળ તોલો ૧, સાકર શેર ૧, એ બધી વસ્તુ એકત્ર કરી તેને ઉકાળતાં ૩ જોશ આપી. તેને ગાળી લઈ, સારા બુચવાળી બાટલીમાં ભરી રાખવું; અને મસાલો નીચે ઠરી જાય એટલે યુક્તિથી ઉપરનું પાતળું પાણી નીતારી લઇ, બીજી મજબૂત બૂચવાળી બાટલીમાં ભરી લેવું. આ પ્રવાહી ઝાડા બંધ કરવા માટે વાપરવું હોય, ત્યારે તેમાં થોડું કપૂર મેળવી વાપરવું અને માત્ર પેટમાંનો દુઃખાવોજ મટાડવા સારૂ વાપરવું હોય તો કપૂર વિના પાવું. એનાથી અજીર્ણ તથા મરડો મટે છે, વાયુની તથા પિત્તની શાંતિ થાય છે, ઝાડા બંધ થાય છે, ભૂખ લાગે છે અને રુચિ ઉત્પન્ન થાય છે.

કેટલીક ઘરાળુ બાબતોનું જ્ઞાન

માખો નસાડવાનો ઉપાય:—મ્હાનાં સૂકાં પાન બળતા અંગારા પર બાળવાથી માખો જાય છે.

ખાસડાંનો ડંખ:—જોડો કોઇ કારણથી ડંખે તો એક વાસણમાં એરંડિયું રાખીને તેમાં મૂકવો. એરંડિયું ચૂસી લીધા પછી તે ઠીક થઈ જશે.

લિંબુનો રસ:—લિંબુને ચીરતા પહેલાં થોડી વાર ગરમ પાણીમાં રાખવાથી રસ વધુ મળશે.

માકણનો અને ઠંડકનો ઉપાય:—ગાદીતકીઆ ભરતી વખતે રૂમાં થોડું કપૂર ભેળવવાથી ગરમીના દિવસોમાં તે ઠંડા રહેશે અને તેમાં માકણ પણ થશે નહિ.

મીઠું ઉઘાડું ન રાખવું:—મીઠાને હમેશાં ઢાંકીનેજ રાખવું જોઇએ. મીઠા ઉપર ઘરોળી બેસવાથી તે મીઠું ખાનારને કોઢ થાય છે.

શાહીના ડાઘ:—લુગડા પર શાહીથી પડેલા ડાઘ તાજા હોય તો તેના ઉપર બારીક વાટેલું મીઠું ભભરાવીને લિંબુની ફાડ ઘસવાથી તે સહેલાઇથી જતા રહે છે.

કાચનું વાસણ ફાટે નહિ તે માટે:—કાચના વાસણમાં ગરમ ચીજ રાખવી હોય તો તેની નીચે પાણીમાં ભીંજવેલું કપડું મૂકવું જોઇએ. આથી કાચનું વાસણ ફાટી જતું નથી.

ચાકની ભૂકી વડે થતી સફાઇ:—હારમોનિયમ કે પિયાનાના પરદા સાફ કરવા હોય તો તે પર ફ્રેંચ ચાકની ઝીણી ભૂકી ઘસવી.

ધાતુના વાસણની સફાઈ:—શાણી સ્ત્રીઓ નીચોવેલાં લિંબુની છાલ ફેંકી દેતી નથી, પરંતુ તે છાલને મીઠા સાથે વાટીને તેનાથી તાંબાપિત્તળની વસ્તુઓ સાફ કરે છે.

લિંબુથી જોડાની સફાઇ:—પૂના લેધરના જોડા પર પણ લિંબુ(નીચોવેલાં)ની છાલ ઘસીને લુગડાવતી સાફ કરીએ તો જોડા સાફ (પૉલીશ) થાય છે.

શાકભાજીનો સ્વાદ:—શાકભાજી ચઢતી વખતે ચમચો ખાંડ નાખવાથી સ્વાદ વધે છે.

મધની પરીક્ષા:—પાણીમાં મધનું ટીપું નાખીએ અને ફેલાઈ ન જાય પણ એમનું એમજ રહે તો જાણવું કે તે સાચું છે, નહિ તો બનાવટી જાણવું.

સોનીના દગાની પરીક્ષા:—સોનાનાં ઘરેણાં પર નાઇટ્રિક એસિડનાં બે ટીપાં નાખતાંજ ધોળો ડાઘ પડે તો જાણવું કે સોનીએ કારીગરી અજમાવી છે–અર્થાત્ સોનામાં ભેળ કર્યો છે.

અત્તરની પરીક્ષા:—કાગળ પર અત્તરનાં બે ટીપાં નાખી તેને જરા અગ્નિ પર શેકવો; જો ડાઘ ઉડી જાય તો જાણવું કે અત્તર ખરૂં છે અને જો ડાઘ રહે તો જાણવું કે અત્તર બનાવટી છે.

હીંગની પરખ:—હીંગ અગ્નિમાં નાખતાંજ ભભકી ઉઠે તો જાણવું કે સાચી છે; પણ જરા વાર પછી ધૂમાડો નીકળે તો જાણવું કે બનાવટી છે.

કેસરની પરખ:—સલ્ફ્યુરિક એસીડમાં કેસર નાખતાંજ તેનો રંગ કાળો થઇને લાલ થઈ જાય તો જાણવું કે સાચું છે; પણ જો લીલો થાય તો બનાવટી સમજવું.

ટાંક અને સોય માટે:—હોલ્ડરની ટાંક અને સોય બરાબર કામ ન આપે તો તેને દીવા-સળી સળગાવી જરા આંચ આપવી એટલે તુરત કામ આપશે.

શાહીના ડાઘ:—શાહીના ડાઘા ઉપર રાંધેલા ચોખા ઘસવાથી તે સહેલાઇથી જતા રહે છે.

માકણ નસાડવાનો ઉપાય:—ખાટલાના ચારે પાયે કપૂરની પોટલી કે ખાખરાનાં ફૂલ વા અજમો બાંધવાથી માકણ પલાયન કરી જાય છે.

ઉંદર નસાડવાનો ઉપાય:—ટર્પેન્ટાઇન તેલમાં રૂચને ભીંજવી ઉંદરના દર પાસે મૂકીએ તો ઉંદરમામા પલાયન કરી જાય છે.

કાચની સફાઈ:—ચાર શેર ઉના પાણીમાં મોટો ચમચો ધાસતેલ નાખી બરાબર મેળવીને તે પાણીથી બારી-બારણાં તથા શીશા-શીશીઓ ધોવાથી તે સાફ અને તેજદાર થાય છે.

('ચાંદ' નવેમ્બર–૧૯૨૫ ઉપરથી અનુવાદ)

આંખોની સંભાળ—કેવી રીતે વાંચવું?

(૧) આંખો ખેંચવી પડે એવા થોડા અજવાળામાં કદી વાંચવું નહિ.
(૨) વાંચતી વખતે ડોકું નીચું નમાવી કદી વાંચવું નહિ. બરાબર દસ્કત ના ઉકલે તો ચોપડી આંખો પાસે લાવો, પણ વાંચતી યા લખતી વખતે ડોકું તો ટટારજ રાખો.
(૩) આ વાત કદી ભૂલતા નહિ કે, તમારી આંખની કિંમત કોઇ પણ ચોપડી કરતાં વધારે છે અને તમારી આંખ પરજ તમારા રક્ષણ તથા ફતેહનો મુખ્ય આધાર છે.
(૪) વાંચતી વખતે તમારી ચોપડી આંખોથી શુમારે ચૌદ ઇંચ દૂર રાખો.
(૫) જ્યારે જ્યારે તમે બારી આગળ અથવા દીવાના પ્રકાશથી વાંચતા હો, ત્યારે એવી ગોઠવણ કરો કે તે અજવાળું કાં તો તમારા માથા ઉપરથી અથવા તો ડાબી બાજુથી આવે. સામો પ્રકાશ રહેવાથી આંખોનું બળ અને તેજ ઘટે છે.
(૬) થોડી થોડી વારને અંતરે ચોપડીની બહાર જરા વાર જોતા રહીને કે આંખો બિલકુલ બંધ કરતા રહીને તેને આરામ આપવો.
(૭) ચોપડી ઉપર સૂર્યનો પ્રકાશ પડતો હોય એવી રીતે કદી પણ વાંચવું નહિ.
(૮) તમારી આંખો સવારસાંજ ચોખ્ખા અને ઠંડા પાણીથી ધોજો અને ફરવા જાઓ ત્યારે લીલા ઘાસ અને દૂરનાં ઝાડો તરફ લાંબી નજર નાખજો.
(૯) આગગાડીમાં અથવા દોડતી ગાડીએ કદી વાંચવું નહિ.
(૧૦) હીંચકો કે આરામખુરશી પર બેસીને કદી વાંચો નહિ, ટટાર બેસીનેજ વાંચવું.
(૧૧) જે દીવેથી વાંચો તેનો પ્રકાશ પૂરતો અને સ્થિર હોવો જોઇએ અને તે પ્રકાશ આંખો પર ન પડતાં ચોપડી પર પડે તેવી રીતે કાગળ કે કપડાની આડ રાખવી.
(૧૨) સીનેમેટોગ્રાફ તમારી આંખો બગાડશે.

રબરનાં રમકડાંથી બાળકોને લાગુ પડતું ઝેર

જે માબાપો પોતાનાં બચ્ચાંને રબરનાં રમકડાં રમવા આપે છે, તેમને ખબર નથી હોતી કે તેથી તેઓ પોતાનાં વહાલાં બચ્ચાંઓની હાજરીમાં ઝેર દાખલ કરે છે. રબરનાં રમકડાંની બનાવટમાં સીસાનો ક્ષાર (વ્હાઇટ લેડ)—સફેદો વાપરવામાં આવે છે. આ ક્ષાર ઘણોજ ઝેરી ગણાય છે. જ્યારે બચ્ચાંઓ આવાં રમકડાં મોઢામાં નાખે છે ત્યારે તેના પેટની અંદર આ ઝેરી ક્ષાર જાય છે અને બચ્ચાંઓને અનેક દરદો જેવાં કે ખરાબ દાંત, બેવડો વળી ગયેલ બરડો, ગાગર જેવું પેટ વગેરે થાય છે. જે માતાઓ પોતાનાં બચ્ચાંઓને રમવાને માટે રબરની 'ધાવણી' આપે છે તે આનાથી ધડો લેશે કે? જૂના જમાનાની લાકડાની ધાવણીજ ઉત્તમ છે. રબરના કરતાં તે સસ્તી પણ મળે છે. બીજાં રમકડાં પણ લાકડાનાં અગર સફેદ કાચનાં વાપરવાં જોઇએ.

ક્રોધથી માતાના ધાવણમાં ઉપજતું ઝેર

વિદ્વાન ડૉકટરોએ એવી પરીક્ષા કરી છે કે જે માતા બાળકને ધરાવતી વખતે ક્રોધમાં આવેલી હોય તેના ધાવણમાં અમુક પ્રકારનું ઝેર પેદા થાય છે. એક વખત એક માતા પડોશણ સાથે વઢીને ગુસ્સે થઇ હતી. એવી હાલતમાં ઘેર જઈ તરત બાળકને ધવરાવવા બેઠી. બાળક ધાવ્યું કે તરત તેને આંચકી આવવા લાગી અને મરવાનાં ચિહ્નો દેખાયાં. આટલા કારણસરજ આપણી ડોસીઓ શાંત મનથી નીરાંતે બેસીને બાળકને ધવરાવવાની સૂચના કરે છે. હાલની જુવાન માતાઓ આ ડોસીશાસ્ત્રનો અર્થ સમજશે કે પોતાનુંજ ડહાપણ ચલાવશે? ('હિંદુસ્તાન' ઉપરથી)

તમારાં બાળકો માટે ઉત્તમ શિક્ષણ

જાપાનમાં નિશાળે ભણતા પ્રત્યેક બાળક સાથે નીચલા ભાવની વાતચીત શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે એકાદ વખત પણ થાય છેજ.

શિક્ષક—તું આવડો મોટો શાથી થયો ?

વિદ્યાર્થી—ખોરાક ખાવાથી.

શિક્ષક—એ ખોરાક ક્યાંથી ઉત્પન્ન થયો ?

વિદ્યાર્થી—આપણા દેશ–જાપાનની જમીનમાંથી.

શિક્ષક—વારૂ, તારૂં શરીર જાપાનની ભૂમિમાંથી પેદા થયું છે અને એનાથીજ એનું પોષણ થાય છે. પેદા થયું માતાપિતાથી, પરંતુ તેમની શક્તિ પણ જાપાનની બહારની તો નથીજ ને ?

વિદ્યાર્થી—નાજી.

શિક્ષક—ત્યારે તો જાપાનને–આપણી માતૃભૂમિને પૂરેપુરો અધિકાર છે કે જ્યારે જરૂર પડે ત્યારે તારૂં શરીર એના ઉપયોગને માટે લઇ લે !

વિદ્યાર્થી—જી હા, એ વખતે મારૂં કોઇ પણ બહાનું ચાલેજ નહિ.

આવી વાતચીતથી માતૃભૂમિ માટે પ્રાણ આપવાનો ભાવ વિદ્યાર્થીની નસેનસમાં પેસી જાય છે.

ધન્ય છે એ નાનાં નાનાં બાળકોને કે જેમની બુદ્ધિમાં બચપણથીજ આ મહત્ત્વની વાત ઠસાવવામાં આવે છે; ઠસી જાય છે અને આચરણમાં ઉતરવા માંડે છે ! આપણા દેશમાં તો એક બાજુ વિદ્વાન પંડિતજી અને બીજી બાજુ આલિમ ફાજિલ મોલવી સાહેબ, શતાબ્દીઓ વીતી જવા છતાં એટલું સાદું સત્ય પણ નથી સમજ્યા કે આપણે **હિંદુ અને મુસલમાન એકજ ભારત માતાનાં સંતાન છીએ; એકજ માતાનું દૂધ (અન્નપાણી) ધાવીએ છીએ અને તેથી સગા ભાઇઓજ છીએ.**

લાખો જુવાન સ્ત્રીઓનાં ખૂન

સાહેબ ! છોકરીઓને સોળ વર્ષની ઉંમરે પરણાવવા સંબંધી હિંદુ મહાસભાએ ઠરાવ પસાર કર્યો છે, તેના ટેકામાં નીચેની હકીકત લખવાની રજા લઉં છું.

નાની ઉંમરની સ્ત્રી સાથે સંબંધ કરવાથી આ દેશમાં પંદર વર્ષથી વધારે ઉંમરની છોકરીઓનું મરણપ્રમાણ ઘણું વધી જાય છે, એવી ફરિયાદ 'ન્યૂ ઇંડિયા'માં પ્રસિદ્ધ થઇ હતી.

નાની ઉંમરે સાસરે મોકલેલી સંખ્યાબંધ છોકરીઓ ક્ષય વગેરે નબળાઇનાં દરદોથી પીડાઇને વીસ વર્ષની અને ઘણા કેસોમાં તેથી પણ ઓછી ઉંમરે મરી ગયેલી હું જાણું છું.

આ લોક–પરલોકમાં સુખી થવા ઇચ્છતા વિચારવંત પુરુષોએ પોતાની નાની ઉંમરની સ્ત્રીઓની તંદુરસ્તીનો હમેશાં વિચાર કરવો ઘટે છે. તેણીના આશીર્વાદો ઇચ્છવાથી તથા તેણીના શાપથી ડરવાથી પરમેશ્વર તેવા પુરુષો ઉપર પ્રસન્ન રહે છે.

નાની ઉંમરે છોકરીને સાસરે મોકલવાના રિવાજને પરિણામે આ દેશમાં છેલ્લાં આશરે ત્રીસ વર્ષમાં બત્રીસ લાખ છોકરીઓ મરણ પામી હતી. **"બોમ્બે ક્રોનિકલ"** તા. ૨૭–૯–૧૯૨૪

ઉપરની ત્રાસદાયક હકીકતો ધ્યાનમાં લઇને પોતાની દીકરીઓને **પંદર વર્ષ પછીની** ઉંમરે પરણાવવાનો તમામ વિચારવંત હિંદુ માબાપ ઠરાવ કરે અને તેને પરિણામે લાખો બિચારી છોકરીઓ **જીવતે જીવત નરકની** પીડા સહન કરતી બચી જાય એવી મારી પ્રાર્થના છે.

વાંચનાર ! આ અપીલ વાંચીને તમે શું કરશો ? લાખો બિચારી છોકરીઓના આશીર્વાદો લેવા માટે ઉપર પ્રમાણે પ્રજામત કેળવવાની મહેરબાની કરશો ? (શ્રી. લાભશંકર લક્ષ્મીદાસ)

મુડીવાદ અથવા મહેલાતની ફિલસૂફી

વિલાસી રાજવટની કે કોઈ મદાંધ ધનિકની વૈભવવાસના પોષવા ઉભા થયેલા પેલા રાજમહાલયો નિહાળો ! ત્યાં શું છે? વૈભવ, વિલાસ, કપટ, ક્રૂરતા—અરે પાપ અને વિષયવાસના—અર્થાત્ માનવજીવનમાં પશુતા લાવનાર સર્વ સાધનો ત્યાં છે ! એ વૈભવો ગરીબોનાં જીવનલોહીથી ખરડાયલા અને એ વિલાસો નિરાધારનાં આંસુથી તરબોળ છે.

એ મહેલાતોને ઉભી કરતાં કેટલાય ગરીબ મજુરોનાં લોહી વહ્યાં હશે! ઘણાંય દૂધમલ બાળકો માતાની સંભાળ વિના સૂર્યના પ્રખર તાપમાં તરફડી રહ્યાં હશે !—અને તેમાં સૌથીય વધારે ક્રૂર અને ભયંકર ઘટના તો એ હશે કે, કેટલીય મજુરણોનાં શીલ વેચાયાં હશે ! !

રાજમહાલયોની બાહ્ય સુંદરતા અને ભવ્યતાના ઓછાડ નીચે મલિનતા અને કરુણ ઇતિહાસની કેટકેટલી કહાણીઓ છુપાઇ હશે ! * * * * *

શું આ મહેલાતો પવિત્રતા, સ્નેહ અને દયાનાં મંદિરો ન હોવાં જોઇએ ?

("ક્ષત્રિય" ના માગશર—૧૯૮૨ ના અંકમાંથી)

નવું જગત

ગરીબી એ કેવો ગુન્હો ! નિર્ધનતા એ કેવું કલંક ! કોઇ ગરીબ ચોરી કરે અને તેને માટે જેલ તૈયાર છે; કોઇ નિર્ધન ધનને અર્થે ખૂન કરે અને એ ખુનીને માટે ફાંસીનો માંચડો ઉભો છે; પણ શ્રીમંત ? કોઈ શ્રીમંત ચોરી કરે, લૂંટો ચલાવે અને દુનિયા તેની ચાતુરીની સ્તુતિઓ ગાવા માંડે—તે લક્ષ્મીને અર્થે તેના સ્વદેશમાં અને વિદેશમાં માનવીના હત્યાકાંડો રચે અને એ હત્યારો સ્વદેશસેવકનું સુનામ પામે! એવી ચોરીઓ, એવી લૂંટો અને એવી હત્યાઓથી દોલતમંદ બને, એટલે તેને ઉમરાવપદે ચઢાવવામાં આવે; અને જગત તેને ઝૂકી ઝૂકીને સલામો કરે ! ઓ જગત ! તારો કેટલો અધઃપાત થયો છે !

પણ હા, આ જૂની દુનિયાના ખંડેર ઉપરજ નવું જગત રચાશે—અને જરૂર રચાશે. કોઇ જાદુગર એક રાતમાંજ મહેલાતો ઉભી કરી દે; તેમ આજની પવિત્ર ગરીબીના ઉદરમાંથીજ નવી દુનિયા અવતરશે—અને થોડા કાળમાંજ અવતરશે. તે નવા જગતમાં સત્યનાં અજવાળાં ચોમેર રેલાઇ રહ્યાં હશે; પ્રેમની મધુરતા સર્વત્ર મધમઘી રહી હશે; તે દુનિયામાં સર્વની સેવા—પૂજા પામશે; સર્વ સમાન મનાશે અને સન્માનના અધિકારી ગણાશે.

આજે પૃથ્વી તેની પ્રથાઓ અને તેના શિષ્ટાચારોના કાદવમાં ખદબદી રહી છે; આજે ધરતી ઉપર સત્તાલોભ અને ધનતૃષ્ણાની જ્વાળાઓ સળગી રહી છે; આજે એ યુદ્ધનો સેતાન માનવીઓના અંતરમંદિરમાંથી પ્રભુને પદભ્રષ્ટ કરી રહ્યો છે; આજે શ્રીમંતોની લાલસાતૃપ્તિને અર્થે ગરીબોની જીંદગીની હરરાજીઓ બોલાઇ રહી છે અને આજે જગત કદરૂપા દાનવ જેવું બની ગયું છે ! પણ નવો પ્રકાશ અને નવી દૃષ્ટિ, નવો આદર્શ અને નવી આશા એ બધી બદબોને ધોઈ નાખશે; એ બધી કદ્રૂપતાને હરી લેશે; અને આ જૂની કાયામાં નવા પ્રાણ પૂરશે. શુદ્ધિ પામેલા આ જગતમાં પ્રકાશમય, પ્રેમમય અને સુંદર પ્રભુની પુષ્પવાટિકાસમું નવું સ્વર્ગ સર્જાશે. સ્વર્ગના ઓ સુખકર વાયરાઓ ! તમે દેવોના ઉપભોગની એ તમારી વાયુલહરિઓ આ અવની ઉપર વર્ષાવો. અમારા પ્રાણમાં સ્વર્ગનાં અમૃત ભરો અને આ ખુનીઓ તથા હત્યારાઓની એડી તળે ચગદાતા જગતને સેવાની અમીરીથી ઝહળતું, પ્રેમની ખુશબોથી મહેકતું, માનવીની સ્વાધીનતાનું મહારાજ્ય બનાવો !

("મોડર્ન રિવ્યુ"માંના એક સંવાદ ઉપરથી—"સૌરાષ્ટ્ર" તા. ૧૫—૧૧—૨૪)

आ संस्थाना तैयार ग्रंथो

૧–પોસ્ટેજ ઉપરાંત રજીસ્ટર તથા વી. પી. ખર્ચ પણ રૂ. ૧૦) સુધીનું રૂ. ૦। જુદું લાગે છે. ૨–મંગાવેલામાંનાં જે પુસ્તકો ન આવે તે ખલાસ સમજવાં. ૩–પૂરૂં મૂલ્ય પ્રથમ મોકલીને કમમાં કમ ૮–૧૦ રૂા.નાં પુસ્તકો રેલરસ્તે મંગાવવાથી વધારાના પેકીંગ વગેરે બદલ ૦। ચઢશે તોપણ કુલ ખર્ચ બહુ ઓછો આવશે. ૪–અમદાવાદના કાર્યાલય માટે કિંમત ઘટાડેલી, તે ઘણાંખરાં પુસ્તકો માટે હજી જારી છે. ૫–કમમાં કમ રૂ. ૧૦૦)નાં પુસ્તકો એકસાથે લેવાથી કિફાયતી કિંમતમાંથી પણ ૬। ટકા કપાશે. ૬–મુંબઇના કાર્યાલયમાં માર્ગખર્ચ તથા ત્યાંના વધારાના ખર્ચ બદલ બહારગામ મુજબની કિંમત રખાય છે; અને કમમાં કમ ૨૫)નાં લેવાથી રૂપીએ દોઢ આનો કપાશે. ૨૫–૮–૩૧

उत्तम धार्मिक ग्रंथो

ગ્રંથનું નામ	પૃષ્ઠ	કદઈંચ	મુંબઈમાં.	અમદાવાદમાં
સંપૂર્ણ મહાભારત–શુદ્ધ ગુજરાતી ભાષાંતર	૫૨૦૦	૬।।।X૧૦	૩૬)	૩૨)
શ્રીવાલ્મીકિ રામાયણ–૩૨ ચિત્રો સાથે	૧૩૨૦	,,	૬)	૫।
શ્રીતુલસીકૃત રામાયણ–૩૨ ચિત્રો સાથે	૧૩૫૦	,,	૪)	૩।।
મહાભારતનું શાંતિપર્વ–નવી આવૃત્તિ	૯૦૦	,,	૫)	૪।।
ગિરધરકૃત શુદ્ધ રામાયણ	૭૪૮	૫।।X૯	૨।	૨)
શ્રીયોગવાસિષ્ઠ મહારામાયણ–બે ભાગ	૧૯૦૦	૬।।।X૧૦	૧૦)	૮)
શ્રીમદ્દભગવતી ભાગવત–નવી આવૃત્તિ	૮૬૪	,,	૪।।	૪)
શ્રીમદ્દભાગવત–નવી આવૃત્તિ–૧૯ ચિત્રો	૧૦૫૦	,,	૩।।	૩)
શ્રીજ્ઞાનેશ્વરી ભગવદ્દગીતા–નવી આવૃત્તિ	૮૦૦	૫।।X૯	૨)	૨)
શ્રીરામકૃષ્ણકથામૃત–બંને ભાગ ભેગા	૬૫૦	૫।।X૮	૨।।	૨)
મહાભારત અને રામાયણવિષે વિચારો	૨૦૦	૬।।।X૧૦	૦।।=	૦।=
શ્રીમહાભારતવિષે–જાણવાજોગ વિચારો	૩૨૮	,,	૧।।	૧)
ધર્મતત્ત્વ–બંકિમચરિત્ર સાથે	૨૪૮	૫।।X૮	૦।।।	૦।।
યોગતત્ત્વ	૩૮૪	,,	૧।	૧)
સ્વામી રામતીર્થ–ચાર ગ્રંથમાં ભાગ ૧ થી ૧૩	૨૪૨૦	૫।।X૮।	૮)	૭)
સ્વામી વિવેકાનંદ–ગ્રંથ ૧ લો ભાગ ૧–૨–૩	૫૭૫	,,	૨।	૧।।।
,, ,, ગ્રંથ ૨ જો ભાગ ૪–૫	૬૦૦	,,	૨।	૧।।।
,, ,, ભાગ ૬–૭ (સાદુ પૂંઠું) ૦।।।, ભાગ ૮ મો ૧।।, ભાગ ૯ મો ૨)				
,, ,, ભાગ ૧૦ મો (સાદુ) ૦।।।, ભાગ ૧૧ મો ૧।।=, ભાગ ૧૨–૧૩ પત્રો ૧।।				
પ્રભુમય જીવન (સુધારેલી ૫ મી આવૃત્તિ)	૨૦૦	૫X૬।।।	૦।	૦।
શ્રીસુબોધ રત્નાકર–નવી આવૃત્તિ	૨૭૬	૫X૯	૦।।।	૦।।।
શ્રીવિષ્ણુ સહસ્રનામ–ગુ૦ ભાષાંતર સાથે	૯૨	૫X૬।।।	૦)–।।	૦)–।।
ભગવદ્દગીતા–સરલાર્થ સહિત પાકુ પૂંઠું	૨૭૨	૩।।X૫।।।	૦)≡।।,	૦)≡
,, ,, ,, ,, સાદુ પૂંઠું	૨૭૨	,,	૦)=।।	૦)=
,, ,, ,, ,, મોટા અક્ષર	૨૫૬	૫X૬।।।	૦।=।।	૦।=
,, ,, શ્રીધરી અનુસાર અર્થ સાથે	૪૮૦	૩।।X૫।।।	૦।–।।	૦।–

પંચરત્નગીતા–સરલાર્થ સાથે મોટા અક્ષર ....૪૯૨,.... ૫×૯ ....૦।।≈ .... ૦।।
" " " મધ્યમ અક્ષર ...૪૮૦....૩।।×૫।।...૦।– ... ૦।।
ઉપદેશસાર સંગ્રહ ....૩૧૨.... ૫×૯ ....૧) .... ૧)
આર્ય ધર્મનીતિ–નવી આવૃત્તિ ....૨૦૦... ૫×૬।। સાદુ ૦। પાકુ ૦।≈
ભગવદ્‌ગીતા–મૂલમાત્ર–મધ્યમ અક્ષર ૦। અને મોટા અક્ષર....૦।। ....
પંચરત્નગીતા–મૂલમાત્ર–નાના, મધ્યમ તથા મોટા અક્ષર રૂ. ૦।, ૦।≈, ૦।। ....

મુસ્લીમ મહાત્માઓ, ભક્તચરિત્ર, સંતમહાત્માઓની વાણી, સ્વર્ગનાં પુસ્તકો, એ પણ ધર્મગ્રંથો હોઈને તેની વિગત આ પછીનાં મથાળાં નીચે છે.

संत–महात्माओनी वाणी

અખાની વાણી–મનહર પદ સાથે ... ... ૫૦૦...૫×૮... ૧।। .... ૧।
પ્રીતમદાસની વાણી–સર્વથી મોટો સંગ્રહ ... ૪૨૦...૫×૯... ૧।। ... ૧।
છોટમની વાણી–જુદા જુદા ત્રણ ગ્રંથોમાં .... ૯૪૦, ૫×૯... ૩।। .... ૨।।≈
શ્રીભજનસાગર–નવી આવૃત્તિ–સાદુ પૂંઠું.... ૨૦૦ ૫×૬।। ૦।≈ .... ૦।–

पढियारकृत स्वर्गनां पुस्तको

સ્વર્ગનું વિમાન ૧।≈ ... ૧। સ્વર્ગની કુંચી ... ૧।≈ ... ૧।
સ્વર્ગનો ખજાનો ૧।≈ ... ૧। સ્વર્ગનો પ્રકાશ ... ૧।≈ .... ૧।

उत्साह अने चेतनाप्रेरक पुस्तको

આગળ ધસો (નવી આવૃત્તિ) .... ૪૬૮.... ૫×૯....૧।।। ... ૧।।
ભાગ્યના સ્રષ્ટાઓ–સંશોધિત નવી આવૃત્તિ... ૫૬૪... ૫×૯ ....૧।। ... ૧।।
આદર્શ દૃષ્ટાંતમાળા–જુદા જુદા બે ગ્રંથોમાં... ૭૨૮.... ૫।।×૮...૨।≈ .... ૨)≈
બંકિમનિબંધમાળા–ધર્મતત્ત્વ સાથે .... ૫૯૦.... " ...૧।।। .... ૧।।
આર્યોના સંસ્કાર અથવા હિંદની વિદ્યાકળા ૨૫૬....૪।।×૬।। ૦।। .... ૦।।
સુખી જીવનનાં સાધન–તરતમાં શુમારે ૧)માં નીકળશે.
સુખ, સામર્થ્ય અને સમૃદ્ધિ–નવી આવૃત્તિ તરતમાં શુમારે ૧)માં નીકળશે.
શુભસંગ્રહ–ભાગ ૧ લો .... ૨૯૨... ૫×૬।। ૦। .... ૦)≋
શુભસંગ્રહ–ભાગ ૨ જો .... ૭૦૦....૬।।×૧૦ ૨।। .... ૨)
શુભસંગ્રહ–ભાગ ૩ જો .... ૪૩૨.... " ....૧।। .... ૧।
શુભસંગ્રહ–ભાગ ૪ થો .... ૪૧૬.... " ....૧।। .... ૧।।
શુભસંગ્રહ–ભાગ ૫ મો .... ૪૦૦.... " ....૧।। ... ૧।।
શુભસંગ્રહ–ભાગ ૬ ઠ્ઠો ... ... ૬૯૬.... ૫×૯ ...૧।।। ... ૧।।।
શુભસંગ્રહ–ભાગ ૭ મો .... ૬૩૬....૫×૯.... ૧।। .... ૧।।

इतिहास अने वैदक संबंधी पुस्तको

રાજસ્થાનનો ઇતિહાસ–બે મોટા ગ્રંથોમાં ૧૫૩૦... ૬।।×૧૦, ૧૦) .... ૮।।
આર્યભિષક્ અથવા હિંદનો વૈદ્યરાજ .... ૮૪૮... " ૩।। ... ૩)
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન–ગાંધીજીકૃત... ૧૪૦.... ૫×૬।। ૦।– ... ૦।

वाच[illegible]यक उत्तम जीवनचरित्रो

સ્વામી ભાસ્કરાનંદ તથા **વિજયકૃષ્ણ ગોસ્વામી** ૪૩૨ ૫×૯....૧ા .... ૧ા
પરમહંસ શ્રીરામકૃષ્ણનું ચરિત્ર .... ૫૦૦... ૫×૯...૧ા .... ૧ા
ભારતના વીરપુરુષો–બીજી આવૃત્તિ .... ૨૮૮... „ ...૧) ..., ૦ાા=
ભક્તચરિત્ર અથવા **ભક્તિરસામૃત**.... .... ૪૦૮.... „ ....૧ા ... ૧ા
શિવાજી છત્રપતિ .... ૫૨૮... ૫ાા×૯ ....૨ા ... ૧ાા
વીર દુર્ગાદાસ અથવા મારુ સરદારો... ... ૨૪૦... ૫ા×૭...૦ાા .... ૦ાા
ભારતનાં સ્ત્રીરત્નો–ત્રણ ગ્રંથોમાં ... .૨૧૦૦... ૫ાા×૮ા...૬) .... ૫ા
મહાન સમ્રાટ્ અકબર .... ૩૫૨... ૫ાા×૮ા....૧ા ... ૧)
મુસ્લીમ મહાત્માઓ ... ... ૫૯૨.... „ ....૧ાા ... ૧ા
દાનવીર કાર્નેગી .... ૪૦૦.... „ ....૧ા .... ૧ા
કાઉન્ટ ટૉલ્સ્ટૉય ... . ૬૨૦....૫ાા×૮ા....૨ાા .... ૧ાા
નેપોલિયન બોનાપાર્ટ .... ૮૪૦.... „ ....૩) .... ૨ાા
મહાન સાધ્વીઓ–૧૫ ઉત્તમ ચરિત્ર .... ૪૨૦.... ૫×૯ ....૧ા ... ૧ા

बोधप्रद टुंकी वार्ताओ

ટુંકીવાર્તાઓ–ભાગ ૧ થી ૪ ૬૬ બોધપ્રદ વાતો.... ૬૦૦.... ૫×૯ ....૨).... ૧ાા
ટુંકીવાર્તાઓ–ભાગ ૫ મો .... „ ૨૮વાતો.... ૩૦૪.... ૫×૬ાા....૦ાા– ૦ાા=
ટુંકીવાર્તાઓ–ભાગ ૬ ઠ્ઠો ... „ ૨૭ વાતો.... ૩૬૦.... „ ....૧).... ૦ાા
ટુંકીવાર્તાઓ–ભાગ ૭ મો–અનેક વાતો ... ૩૫૦.... „ ....૧ા.... ૧)
દયાળુમાતા અને સદ્‌ગુણી પુત્રી ... . ૧૬૦.... „ ....૦ા.... ૦)≡

बाळको माटे खास उपयोगी पुस्तको

સદ્‌ગુણી બાળકો–૬૯ ટુંકાં બાળચરિત્ર .... ૧૧૮....૫×૬ાા....૦ા .... ૦)≡
બાળસદ્‌બોધ–વાર્તાઓરૂપે ધાર્મિક શિક્ષણ ... ૧૧૨.... „ ....૦ા .... ૦)≡
બાળકોની વાતો–રસિક વાતચિતરૂપે ૨૧ પાઠ .... ૯૬... „ ...૦)≡....૦)≡
સુબોધક નીતિકથા–શ્રી. બીરબલની લખેલી.... ૧૮૪.... „ ....૦ા= .... ૦ા=

चित्रो अने चित्रावलीओ

શ્રીમહાભારત ચિત્રાવલી–૨૬ સુંદર ચિત્રો,... ....૭ા×૧૦.... ૧)... ૦ાા
શ્રીરામાયણ ચિત્રાવલી–૩૬ „ „ .... „ .... ૧).... ૦ાા
શ્રીકૃષ્ણમુરારીનું ત્રિરંગી મોટું ચિત્ર ....૧૪×૨૨... ૦ા–....૦ા
શ્રીદ્રૌપદીવસ્ત્રાહરણ „ „ „ ... . „ ... ૦ા–....૦ા
જ્ઞાનપટ તથા **સોપાનપટ** „ „ ... ... „ .... ૦)–...૦)–

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય { અમદાવાદ અને મુંબઈ–૨